મુંબઈ નો બાહાર

આ ટાપુની આગલી તથા પાછલી હાલતનું વરણન,
જુદી જુદી ન્યાતના લોકોએ આવીને કીધેલો વાશો,
તેઓ માહેલા કેટલાક પરમારથીઓની
જીંદેગીનો જાણવા લાએક અહેવાલ,

અને

તે ઉપરાંત બીજી ઇઆદ રાખવાજોગ બીનાઓ,
સમાવીને તેનાં બે પુસ્તકો કરીઆંછે.

 પુસ્તક ૧ લું.

નોંધ લેણાર

રતનજી ફરાંમજી વાછા.

મુંબઈ મધે,
યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપ્યોછે.

સંવત ૧૯૩૦ વીકરમાદીત. શાકે ૧૭૯૫ શાલીવાન.
સને ૧૨૯૧ હીજરી. શાલે ૧૨૪૩ યઝદેજરદી.
સને ૧૮૭૪ ઈસવી.

પવન સમે દાદાર અન હોમા.

સરૂ કરતાં કોઈબી સુભાખીત કાંમ-લાજેમછે લેવું તે કીરતારનુ નામ.
જે ખાવંદની કુદરતી બરકતથી-બંચેછે સઉ હર* હરકતથી.
કરાંમત તેની અજાએબછે-ન જાંણતાંની નજરથી ગેબછે.
જો મગદુરથી થાશે તેની શેપાસ-તો જીગરથી કરનાર ન રેહશે ઉદાસ.
માગેછે તેહવીજ તોફીક આ દાસ-રબની રેહમતથી પાંમવા ઉજાસ.
તે માટે કલમને છુરીથી ધરી-લીધી તેને લખવા તઈઆર કરી.
પકડતાંજ કર જોડી દેતાં સલાંમ-કરી ઈઆદ લાવીઓ તે ખાલેકનુ નામ.
વીચારતાંજ પેહલવી આવેઊં મોહમા-"પવન સમે દાદાર અન હોમા"
ગુજરાતી ભાશામા જણાવેઊંછે-મથાલું તેનુ ખાસ બણાવેઊંછે.
બોલાએછે જે બનામે યજદ ફારસી-સાચવેછે તેબી જુબાન પારસી.
બીસમીલ્લા કરી કેહછે ઈસલાંમ-સમાએલુંછે તેમાબી ખોદાનુ નામ.
હીંદુના શ્રી ગણેશાએનમા-સલોકછે સંસકરત ગાએનમા.
અંગરેજ લોકમાં કેહવાએછે ગોદ-તેથીજ તેઓની લેવાએછે દાદ.
બીજી કોમબી હંમેસા તેનેજ ભજેછે-જુબાંબી તેઓની તરેહ વજેછે.
પણ સરવેનો સરદાર તો એકજછે-કુદરતી કાંમ જેના નેકજછે.
કઉઅત મંદ કીધી તેણે માહરી કલંમ-મેલવેઓછે તેમા મયાનો મલંમ.
તે વડે લખીને ભરેઆં કાગલ-પીછાંણત કરવા પરજા આગલ.
જે ચારણે રેકેઆંતાં તરણેક સાલ-શોધથી પરવારબી પાંમેઓછું હાલ.
હકીકત ગોઠવીને કીધી તયાર-દીધું નામ આ પુસતકનુ "મુંબઇનો બાહાર."
બોલાશે જેનો નીચે લખાશે-એ હકતાથી બીના સમાપત થાશે.
જે માહેલું આ એક પેહલું કેહવાએચ-દીબાચો તેનો હીંઆંથી જાહેર થાએચ.

હરેક સુભ કાંમની સરૂઆત કરતાં બેકુ જાંહાંનને હસતી બખસનાર પવીતર કીરતારના મુબારક નામની ઈઆદ સઘલા ધરમવાલાઓ રોજે અવલથી જે લેતા આવેચ; તેવોજ પાકાજેહ નીઅમ ધારણ કરીને આ પુસતકના શીનગાર સારૂં પેહલવી ભાસાનો કઉઅત મંદ કલાંમ સર નમાવીને મથાલે જે મેલઓછે, તેને ફારસી જુબાન સાથે સરખાવતાં "બનામે યજદ, બખસાઈ અંદ, બખસાયશગર, વ મેહરબાન"ના સબદો એક મલતા આવેછે; અને તેનો અરથ "ખોદાતાલા આપનાર, અપાવનાર, અને પરમ કીરપાલુ"નો થાએછે. એવીજ મતલબને મલતો મહંમદીઅન ધરમવાલાઓની પવીતર કોરાન અંદર અરબી ભાશામા ("બાસમીલ્લા હર રેહમાને રહીમ")નો કલાંમ દાખલ થએલોછે, એટલુંજ નહીં પણ તે ઉપરાંત હીંદુ લોકો સંસકરતમા "શ્રી ગણેશાયનમા, શ્રી શારદાયેનમા, અને શ્રી ગુરૂભોયેનમા,") તથા ઈસાઈ પંથ-

* ઇઆને અનેક તરેહની આફતથી.

નો૦ લે૦

વાલાઓ માહેલા અંગરેજોમા "ગાદ ઇસ ધી ગાદ આવ આલ મેન"ના લાગતો આસકાર થએલાજછે; અને તેજ મુજબ બીજી ગનાતવાલાઓબી પોત પોતાની ગોઠવણ બંધ બેસાડીને તે જગત કીરતારની પીછાંણત આપતાં જેમ તે કાદરે કારસાજની પણાહ માંગી લાગેછે, તેમ સરવેના એક સરીખા અરથ પરમાણે તે ખાવંદના નેકી ભરેલા નામની બરકતથી કોઇબી કીસમની નડતી હરકત સદા દફે થાએછે; જેની સોકર ગુજારતાં આ પછેના સફાઓને એવી બાગ દમા રોકીએચ કે, તેની એક મીઠી એલમના આસકોને ઘણી જગોએ શોધવા જવાની તમની લેવા કરતાં એકજ ઠેકાંણેથી જોઇતો ખોરાક હાથ આવે; અને વલી હમોએ આટલુંબી કેહવું જોઇએચ કે, વાંચનારા શોખી સજણોને હરેક વાતની પુરાંણી ઇઆદી પણ જારે ચાહે તારે તેમાથી તાજીને તાજી મલતીજ રેહ.

આપણો જમાંનો જારે ઘણું કરીને સુધરાદનો દાવો ધરાવતો દેખાએછે, તારે તેમા આગલા વખતની વહી ગએલી વાતોબી ખચીત સમાઇ રેહવીજ જોઇએ; કારણ કે કોઇબી સદીની પેહલાં તથા પાછલથી બનેલી બીના જાંણવાની આપણને કદાપી ખાએસ થાએચ તો, તેહવો વખત પસાર કરી આવેલા કોઈ હઈઆત બુઢા બાવાને મોહોડેથી કાંઇક સાંભલીને તે ઉપર ભરોસો રાખવાની ફરજબી પડેછે; પછે તેમા ઇઆતો સહમજ સકતીની કંગાલીને લીધે, અથવા ટકા ચહડાવવાની તબે વપડાયાથી જારે વધઘટ બોલાયું હોએ, તારે તેની શાહદત લખેલી તો કેથેથી કશુ મલી સખેજ નહીં; અને તેહનામા હાલ જમનેના કોઈ જવાન સખસ તરકસાસ્ત્રના બલથી ખોડ તથા ખાંપણ કાહડવા બેશે તો તેનુ પરીણામબી અંતે ઉલટુંજ ઉતરે; માટે નેહલા બુજોરગીએ નોહચેનાના મોહડાંની વાતો સાંભલીને તેમના કેહવા ઉપર જોપણ હરેક સુખન લઇ જવો ઘણું ગેર વાજબી ગણાએ, તોપણ જેટલી સાબેતી સાથે તેમની પાશે સચવાઈ રહેલી તેહવી કોઈ પુરાંણી વાતો જે થોડા ઘણાંજ આજે જાંણવામા આવે, તેનો સંગ્રહ કરી ન રાખીએ તો આગલ જતે તેટલી ઇઆદીબી આસતે આસતે વેઆંનમાથી ખચીત બીસતીજ જએ.

એવા એરાદાથી આ કગતરીનની કોશેસ નેહીજ કોઈ ઊંચી બાબદોની શોધમા મશગુલ રેહવા ઉપર દોડી; અને આ પુસતક છાપરમા મોકલિયા આગમજ ઘણુંક ગુજરાતી વરતમાન પતરોમા એક જાહેર ખબર હમોએ છપવીને હાવાં સુભ કામને અજવાલે આણવાની મકસદથી કોઇની પાશે તેઓના નેઆગાનોની કારતી વીગેની ઇઆદી હોએ તે માંગવાની જે અરજ ગુજારી હતી, તેની નકલ એક સાહદત તરીકે હીંઆં દાખલ કરીએછે.

"ગુજરી વાતે અગત ધરાવનાર એક નવાં પુસતકની જાહેરનજર."

"મુંબઈ મધે વસનાર સઘલી ગનેઆતના હીંદુઓ, તથા મુસલમીનો "ઉપરાંત પારસીઓ ઇઆહુદીઓ તથા ઇસાઈ કોમના શેઠ સાહુકારો, શોદાગરો, "શાસ્ત્રીઓ, તથા બીજા વનધાદારીઓની શેવામો અરજ એછે કે આએ "આબાદ શેહર જેઆરથી નેકનામદાર ઈંગરેજી રાજમો પેહલ વેહલું જોડાણુંચ "તેઆરથી તે હવડના વખત સુધીની હકાએત એખીઠી કરીને એક પુસતકના

"આકારમો બાહેર પાડવાની ખાસ્એસ એક ધરહસથે રાખીને કેટલીએક બાબદો
"મેહનત લઈ મેલવીછે, અને બીજીની શોધમાં પણ તે મસગુલ રહેલોછે,
"માટે ઉપર જણાવેલી વરણોના સાહેબોના વડવાવો જે ઠેકાણેથી આવીને પેહલ-
"વેહલા મુંબઈમો વશેઆ, અને જાહોજલાલી સાથે નામદારી ભરેલી કીરતી
"મેલવી મરણ પાંમેઆ, તેઓનાં નેકી ભરેલાં કાંમોની ઈઆદી આવતી
"અઓલાદમો પરબેઆત કરી રાખવાનુ જેઓ ચાહતા હોએ તેઓએ આએ
"તક ઘણીજ ઓતમ વીચારી, તેહવાઓનાં કીરતી પાંમેલાં નામો-કુટુંબોની
"ઓલખ તથા બેહુ વખતના સને સાથે તારીખ વાર અને તે ઉપરાંત દર
"એક કોમના ધરમના પવીતર મકાંનો જેહવાં કે દેહડાંવો, મંદીરો, મસજેદો,
"તથા દવલો વગેરે બંધાવનારાનાં નામ તથા બંધાએઆંની તેરીખ• તથા સને-
"શીકેની એક ચોકસ ટીપ જેમ બને તેમ તાકીદથી લખીને આજથી માસ ૧)
"ની મુદત સુધીમાં મુંબઈ સમાચારનાં છાપાખાનાં મધે "ઉપીયોગી ખબરની
"નોધ લેનાર" ને સરનાંમે જે કોઈ સાહેબ મોકલી આપશે તો તેમનુ મોહોટુ
"હએસાંન માંનીને તેહવા શાહેબોની ઈઆદગારી ભરેલી મોતેબરીને હોરમત
"સાથે નોધેઆમો આવશે.

"દેસાવર ખાતેના સાહેબોનેબી અરજ કીધામો આવેચ કે ઉપર જણાવેલી
"વીગત મુજબ તેમનાં પરાંતમાં થાએલી તેઓના વડવાઓની તેહવી નામદારી
"ભરેલી કીરતી વીશેની ચોકસ ઈઆદી જેઓ પાશે હોએ તેઓએ પણ મોકલી
"આપવાની હાવી શુભ તકને વીઅરથ જવા દેવી નહી-મુંબઈ તારીખ ૨૦ મી
"ડીસેમબર સને ૧૮૭૦ ઇસવી."

ઉપલી જાહેર ખબરની જાહાજી અસર પરજામા જારે નહીં થતી જણાઈ, તારે તે બાબેની ચેતવણી સારૂં હમો ઘણે ઠેકાંણે ફરતા રહેઆ; અને આલમની બેરખાહી ઇછનારા કેટલાક શોખીલા મીતરોની તેમા કીમતી મદદ જારે મલી તારે તેને જાહેરમા આણવાની જે ફરજ ઉતરીચ, તેને માન સહીત અદા કરવા પેહલાં કહીએચકે, જે કાંમની પાછલ હમો તરણ વરસવેર રોકાઈ રહેલા હતા તાંહાંથી લગરીક પરવાર પાંમીને આ પુસતકની મારફતે વાંચનારા સાહે-બોની સનમુખ નમનતાઇ સાથે રજુ થવાની રજા તેઓ દરએક પાશે માંગીએછે.

આ ગરંથ રચવામા ગુજરાતી ભાસા જે લેવાએછે તેની ઉતપંતી વીશે જોકે કેટલાક અનુભવી સખશોતો સારી રવેશે વાકેફ હોવાજ જોઇએ; તો પણ બીજાઓની માહીતકારી માટે હેઠલનો ફકરો ફોકટ કેહવાશેજ નહીં.

ઈનસાંણોના જીગરમા જારે કોઇબી કીસમની ભાસા બીલકુલ પેવસ થાએલી નોહતી, તારે તેહવા વખતપર તેઓની સથીતી જંગલી કરતાંબી નબે-હતર હોએ તેમા કશો સંધે નહીં જાણતાં આપણને શોકર ગુજારવી સજા-વારછે કે, તે પરમ કીરપાલુ•પરમેસવરની અપાર બખશેશે વહી ગએલા કોઈ જમાનાથી આ સરસઠીની સપાટી ઉપર અનેક તરેહની વીદેઆમા બેસુમાર જાહાડો જે બોઈ દીધાંછે તેની ડાહાલીઓ તારપછે દેશદેસ ચોમેર ફેલાવો પાંમી; અને તેનો લાભ લેવા માટે હીંદની સર જમીનેબી કેટલીક કલમો રોપી લઈ

તેના રચીલાં ફલો ચાએલાં માલુમ પડ્યા મુજબ તાંહાંબી જુદી જુદી જાતની કેટલીક ભાસાઓ જે વપડાતી આવીચ, તેમા સંસકરૂત તથા પરાકરૂત સરવેથી ઘણીજ પુરાંણી, અને વલી પુખત ઉચ્ચારવાલી માહભારત ગણાએછે; પણ ગુજરાતી ભાસા જે હવડાં ઘણે થેકાંણે સાધારણ થઇ પડીચ તેનુ મુલ શોધતાં* હેવું માલુમ પડઈચ કે, સંવત ૧૧૦૦ (ઇ૦ સને ૧૦૪૪) મા ઉપર જણાવેલી બેની સાથે તે વખતપર ચાલતી દેશી મલીને તરણ ભાસાઓએ તેને જનમ આપેઓછે; અને તે પછે સંવત ૧૫૦૦ (અથવા ઇ૦ ૧૪૪૪) નુ સાલ આવેઊં તેટલાં સુધી પરથમ વપડાએલી, અને હવડાં ચાલુ રેહેલી ભાસાઓ વચે ઘણોજ ફરક પડેઓ. એનો સબબ એવો સહમજાયોચ કે સંવત ૧૩૫૬ થી મુસલમાની રાજ ગુજરાતમા પંથરાયા પછે ફારસીના લબજોબી તેની અંદર આંમેજ થવા લાગા; અને તેની પુઠે તારબાદ નામવર અંગરેજી અદલ રાજ જેમ ફેલાતું રેહેઊં, તેમ તેની સાથેના સંબંધમા જોડાયાથી તે લોકોની જુબાનના થોડાક બોલો પણ તેમા પેવસ થયા; માટે તેવીજ ઢપ સંગલા લોકોના રેવાજમા જોકે હવડાં તુલીક ચાલુ રેહેલી જણાએછે, તોપણ ગઇ એક સદીની વાત પર એ ભાસા જેવી અધુરી પુરૂથવી પર બીજી કોઇજ નોહતી; અને તેવી ઢપથી હવડાં તે જાહજી નહીં વપડાતી તેનો સંતોસ લોકોમા બહુ ઉપજેછે. ગુજરાતી ભાસામા ઘણો ખરો સુધારો હવડાં જેબી થયોચ, તે વીદેઆના વધારા સાથે જાહેર છાપાખાનાઓના ફેલાવા ઉપરથી પરછી સકાએછે; અને તે ભાસા હાવાં રૂડાં પરીણામે પોંહચવા બાબેનો ઉપકાર તેમા ભલી કોશેસ કરનારાઓનો આપણે માણવોબી જોઇએ; કેમકે તે ભાસાના કાચા અથવા પાકા અભીઆસથી ઘણી તરેહના ગરંથો જે પરગટ થયાંચ, અને થાશે તેમા આ હમારો "બાહાર" બી બીરાજતો રેહ હેવી પરારથના કરીએછે.

ઘણાક દાખલાઓથી જણાઈ ચુકેલુંછે કે, પરાચીણ કાલમા એક વખતે પુર જોર ભરેલી જાહોજલાલીએ પોંહતેલો આ મુંબઇનો ટાપુ, પાછલથી કોક સંજોગના અકસમાત બનાવે વેરાંણ થયા પછે મછીમારની ટેકડી તરીકે સાત ભાગમા વેંહચાઇને ઘણીક મુદત સુધી જુદી જુદી સલતનતના સવાધીનમા જઈ બેઠો હતો; પણ જારે તે બીલતી નોબત પર પાછો આવવાની વકીએ દેખાયો, તારે કેટલેક હાથ ફરતાં ફરતાં હેવાં બલવંત રાજીઅના આસરા હેઠલ શોંફાયોકે, એક કવેસરની કેહવાત મુજબ હવડાં તે ચહડતી દસાબી પાંમેઓ.

ઉજડએરૂ ફરી વશે; ને મુફલેસ ઘર ધન જાએ,
ગયું જોબન નહીં આવે પાછું; મુવો ન જીવતો થાએ.

ઉપલી કવીતાનુ દરસટાંત હેવું મુકરર થડેલુંછે કે, કુદરતના ખાવંદે બાંધેલા અજમતી કાએદા પરમાણે આ દુનીઆં અંદરની ૪ માહેલી બે ચીજને મેલવવાની જે આશેઆ રેહચ, તેમા એકતો વેરાંણ અથવા પાએમાલ પાંમેલો મુલુક વસતી સાથે વણજ વેપારના ભરાવાથી પાછો આબાદીએ પોંહચી સકેછે;

* જોવો શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇને નામનુ ઇનામ મેલવીને શા૦ વીરજલાલ કાશીદાસ સાસતરીએ સંવત ૧૯૨૦ મા રચેલો રીસાલો.

અને બીજી એકે જેની પાશે દરવીઅ ન હોએ તો તેને તાંહાં ગંજના બેસુમાર દરંગબી આવેછે; પણ જવાનીનો બાહાર અને મરી ગએલું પરાંણી મલી બે ચીજ કેભુ પાછી આવતીજ નથી.

આ પુસતકનુ નામ "મુંબઈનો બાહાર" જે રાખ્વામા આવેછેંચ, તેની સહમજ હેવીછે કે, કોઈ ખાલી જમીન ઉપર બાગબાન જેમ અનેક તરેહના જાહાડો ઉગાડીને તેની ઉતપંતીથી તાંહાં ગુલજાર બગીચો બનાવેછે; તેમજ પાછલથી ઉજડ પડેલા આ ટાપુને આબાદી ઉપર લાવનારા આપણા રાજીઅ કરતાઓએ હીકમતી ઉપાએથી એક પાએ તખત જેવું દીપાવી દેખાડેછેછે; અને જાંહાં બનેલી જુદી જુદી બીનાઓ, તથા તે ઉપર જુદી જુદી વરણના સખશો જે આવી વશેઆ, તેઓની જીંદેગીના તરેહવાર હએવાલો હમોએ ભેગા કરીને ખાલી જમીન જેવાં કોરાં કાગલોની ઉપર કલમ સરીખા માલીની મદત મેલ-વીને શીહાઈના સીપનાથી બાગની મીસાલે શીનગારી દેખાડવામા બધી વાતો ઘણીખરી હીંઆંનેજ લગતી લાગુ કીધેલીછે, તેથી એ નામ બંદ બેસતું ધારી તે હમે પસંદ રાખીછેછે.

વાંચનારી આલમને દરેક જાતના કેટલાક સખશોની હકાએત, તેઓની ચાલુ તારીખ તથા સને સાથે મલી સખે, તેહવી ગોઠવણ બંધ બેસાડીને સરવે વાતે સવલ કરવાનો સબબ હેવો સહમજાયેછે કે, હીંદુ લોકો પોતાના વીકરમાંદીત સંવત તથા સાલીવાનના સકની સાથે તથી અને વારને હરેક બાબદોમા જેમ જાથુક વલગી રેહછે, તેમજ ઇસલાંમીઓ હીજરી સનેથી હરગેજ ખીસતા જણાતા નથી; અને તેજ મુઆફક મુસાનીછેમતના યાહુધીઓ અને ઇસાને માનનારા ખરીસટીઓ ઉપરાંત ચીના તથા બીજી બધી વરણવાલાઓ જારે પોતપોતાએ બાહાલ રાખેઆ મુજબના સને ઉપર સંતોસ પકડી બેઠાછે, તારે જરથોસતી કોમના કાબેલ સાહેબોએબી તેઓના વડવાઓથી રેવાજ પામતી આવેલી તારી-ખોને આધીન રહી હરેક કાંમકાજના સંબંધમા તેનો ઉપીઓગ જાથુક કરવોજ જોઇએ; અને તેમ આગલાં વરશો પર બનતુંબી હતું; પણ અજબછે કે કેટલીક મુદત થાઇ અંગરેજી વીદેઆના અભીઆસની સાથે તેઓનીજ તારીખો પર ઘણા ખરા સખશો ઉસતવાર રેહવા લાગાને લીધે હવડાં હેવું દેખાએછે કે પોતાના પદભસટ થાએલા સાહણસાહની ઇઆદગારી દેખાડનારો સને અને ધરમની સાથે તાલુકો રાખતો રોજ માહ જે સચવાએલોછે તેની દરકાર કેટલાકો બીલકુલ રાખતા નથી; માટે તેની હસતીનુ કાએમ પણુ જાલવવાની શોચનાથી તેઓના હએવાલની અંદર અગતીઅ કરી બેહુ પંથોના રેવાજ મુજબના રોજ માહ તથા યજદેજરદી સને જોકે કેટલાક શાહસીક સાહેબોની શોફારસથી આ "બાહાર" મા હમોએ દાખલ તો કીધાચ, તોપણ કોઈ કોઇ જગોપર જરૂરીએત જણાયાથી અંગરેજી તારીખ મહીના તથા સનેબી સમાવેઆછે. ઘણાખરી બાબદોમા ઉપર ચેતાવેલા જે રોજ માહ હમોએ દાખલ કીધેલાછે, તેની મુકા-બલે બીજી હરેક ગણાતની તારીખો જેઓને મેલવવી હોએ, તેઓને વાસતે ગયાં સવાશો વરસની હીંદુ, ઇસાઇ, પારશી હીજરી તથા ચીનાઈ તારીખોથી

સંમપુરણ થએલી "પંચાંગ પોથી" આ પુસતકની આગમજ બાહેર પડી ચુકેલી ઘણે ઘેર ગએલીછે; તેમાથી શેહલ રીતે સરવેને મલી સખશે; પણ એમ કરતાં આ પુસતકને ખરીદનારા સાહેબો માહેલા જેઓની પાશે તે ન હોએ તો તેઓને એટલીજ ભલામણ કરીએચ કે કીરપાની રાહે કીંમત ખરચીને તેના બનાવનાર પાશેથી જરૂર મંગાવી લેલી; કે અડીભીડીએ અગત વેલા સરવેને એક અથીઆર તરીકે તે ઘણીજ કાંમની કેહવાશે; નહીં તર હેઠલના ફકરા ઉપર ધેઆણ પુગાડેઆથી તેહવા સાહેબોની થોડીક સગવડબી સચવાઇ સકશે.

દરેક ગનાતવાલાઓની જીંદેગીના હઅેવાલો તેઓને અનુસરતા સનેના સંબંધ સાથે જે જણાવેલાછે, તે ઉપરથી કોઇબી સાહેબો ઇસવી સને જાણવા, માંગેતો તેઓએ વીકરમાંદીત સંવતની સંખીયામાથી ૫૬ તથા ૫૭ વરસ બાદ કરવાં સાલીવાનના સકની સંખીઆ ઉપર ૭૯ તથા ૭૮ નો, અને યજદેજરદી સાલ ઉપર ૬૩૦ તથા ૬૩૧ નો અંક વધારવો, કે તેથી કરી ઇશાવી સનેની સહમજ તેઓને શેહલ માલુમ પડશે. હવે હીજરી સનેની બાબદમા હમો ચોકસ કરીને એટલા ઉપ-રથી નહીં કહી સકતા કે તેઓનુ વરસ ૩૫૪ દાહાડાનુ હોએછે; અને દર સાલે ઇસવી તારીખ કરતાં ૧૧ દાહાડા જે ઓછા થાએચ, તે હસાબ જોતાં દર તરણ વરશે એક મહીનો અને તરીસ વરશે એક વરસ તેમાથી ઘટી પડેછે. એ બાબે વીશેસ ખોલાશો દીસતોછે કે, ઇસવી સને ૬૨૨ મા હીજરી સનેની સરૂઆત જે થઇ હતી, તેજ સને હવડાં ૧૮૭૪ મા ૧૨૯૧ ના અંક ઉપર આવી ઉભોછે; અને તેટલીજ ગણતરીએ ઇસલાંમીઓના સને મા ૩૯ વરસનો વધારો કરી દીધાથી હવડાં માતરે ૫૮૩ વરસના તફાવત પર દેખાએછે, માટે પંચાંગ જોયા શીવાએ તે બાબેની હધ કોઇથીબી ચોકસ બાંધવાનુ બનેજ નહીં.

આ પુસતકની અંદર સરૂઆતમા જણાઇ ચુકેલી, તથા હવે પછેના બીજાં પુસતકમા આવનારી બાબદોને વાસતે, આગલ થઇ ગએલા કેટલાક માહ પંદીતોની તેજદાર કલમ વડે કોઇ મુદતથી રચાએલા ગરંથોની જલેહ પુરૂથવીના ભાગોમા જે પંથરાઇ પડલીછે, તે માહેલી અંગરેજી તથા ગુજરાતી ભાસામા ઉતારો થએલાં પુસતકો, ચોપાનીઆંઓ, રીસાલાઓ તથા વરતમાન પતરો વીગે-રેનો ઉપીઓગ કરતાં હરેક બાબદામા તેઓની સતા જોકે પુરતી રીતે જાહેરમા જણાવી નથી, તોપણ તે બાબે તેઓના અસલ બનાવનારા, તથા તેનો ઉતારો-લેણારાઓનો સાચા એતેકાદથી અતીઅંત ઉપકાર આ જગોએ સાંમડો માની-એછે; અને તેમ કરતાંબી વાંચનારી આલમ પાશે રાસતીની રાહે આટલુંબી મનાવાની રજા માંગીએચકે, તે ઉપરાંત બીજી ઘણીક બાબદોની શોધ સારૂં આ નોધલેણારને અથાગ મેહનતબી વીશેસ લેવી પડીછે; અને તેમ અસતાંબી પોતાનુ નામ કોઇબી ગરંથકારીની સફમા જોડવાનો દાવો તે બીલકુલ કરતોજ નથી.

પુસતકો વાંચવાના માહવેરા માટે સદા હેવુંજ બોલાતું આવેછે, અને તે વાત સચાઇથી ખાલીબી નથી કે, દેશીઓમા તેની ઘણીજ કોતાઇ જણાએછે. એ બાબેની આલસાઇ દુર થવા માટે "ફલેત્ચર" નામની શાહીનુ એક પતર તા૦ ૫ મી સપ-ટેમબર ૧૮૭૨ ઇસવીના "મુંબઇ સમાચાર" મધે જે છપાઇુંચ, તેમા લખનારે સમાવેલા સુભાખીત વીચારને ઉમદા સહમજી હીંઆં દાખલ કરીએચ કે:—

"જે જગામા માહરાં (ઇઆને મી૰ ફલેન્ચરના) પુસતકો (જે તેમના)
"ઉતમ સાથી છે, તે માહરે મનશે એક મોહભાવાલી મોટી દરબારછે; જાંહાં
"શેઆંણા તથા શીખેલા પુરૂશો સાથે હું વારંમવાર વાતો કરેશ્શું; અને કોઇ કોઇ
"વખતે તો મહજા ખાતર રાજાઓ તથા સાહણસાહો સાથેબી ગોફતેગોમા હું
"ગોવાઇ રેહતાં, તેઓની સલાહ ઉપર દરીઆફત કરી મત બાંધુંશ્શું. તેઓએ
"પોતાની ફતેહને જો ગેરવાજેબી રીતે મેલવેલી માલુમ પડેચ તો, તેઓ ઉપર
"ઘણીજ કડવી નજરે હું જોઉંશ્શું; અને માહરી કલપનામા અઘટીત જગે
"મુકેલાં તેઓના પુતલાંને બદસુરતબી કરેશ્શું. તારે હાવી નીરંતર મહજા શું
"છોડી દઇને નાપાએદાર બદીમા હું લપેટાંઊં? નહીં! દોલતનો ગંજ વધારવાનુ
"કાંમ તમોજ કરો; પણ ગ્નાન જે માહરા અભીઆસમા રેસનીછે, તેને વધાર-
"વાનુજ કાંમ હું તો કરીસ." હાવી વાતો દેશી ગરહસથો જેઓ અઇઆશી પણામા રહીને આલસુ થતા હોએ તેઓ જો સદા વમાશેઆ કરેતો, તેઓ પોતાને, પોતીકા ભાઇ બંદુઓને તથા દેસનેબી અતીઅંત ફાએદા હાંશેલ થયા વીના રેહજ નહીં.

જે જે સખશોની જીંદગીના હએવાલો આ પુસતકની અંદર નોધાએલા છે, તથા તેનેજ લગતાં બીજાં પુસતકમા હવે પછે આવશે, તેઓ માહેલા કેટલાક સાહેબોના કબીલદારોના ભેગાં કીધેલાં નામોની જુદી જુદી વંસાવલી દરએકની બીના સાથે જોડલી જે જણાએ, તેને મથાલે મેલાએલું પેહલું નામ તેઓ દરએકના વડાનું, અને તેની હેઠાંણમા ગોઠવાએલાં એકેકથી ઉતરતાં નામો તેઓના ફરજંદો અથવા પાલકના તથા પડોસમા દાખલ થએલાં નામો ભાઇઓના સહમજવા સંબંધી આટલો ખોલાશો હમેસાં ધેઆણમા રાખવાની એલતેમાસ કરીએછે. એ દરએકની ટીપમા નરવારેશોનેજ સમાવેઆથી તેઓના પરીવારોની પીછાંણત પરછી લેવાની જરૂર જણાઇછે, માટે તેઓ શીવાએ કોઇને તાંહાંની નારીઓના નામો જાહેર કરવાની સલાહ ન જોતાં કેટલાંક નામોની હેઠલ તથા બીજે થેકાણે હમોએ જણાવેલા જાવત ખોલોના ખોલાસાની એક ટીપ જે નીચે ટાંકીએછે, તેમાથી તેની સહમજબી સરવે સાહેબોને સેહેલ રીતે માલુમ પડશે.

કા૰ પા૰	કાકાનો પાલક.	મ૰	મરણ પાંમેલો.
કું૰	કુંપની.	મ૰ પા૰	મમાવાનો પાલક.
ગા૰ વા૰	ગાદીના વારેસ.	મા૰ પા૰	મામાનો પાલક.
ઠા૰	ઠકર અથવા ભાઠીઆ.	મી૰	મીસતર તથા મીશીઉઅરસ.
નો૰ લે૰	નોંધ લેનાર.	સ૰ પા૰	સસરાનો પાલક.
પા૰ પી૰ કા૰	પાલક પીતરાઇ કાકાનો.	ય૰	યજદેજરદી સને.
ભા૰ પા૰	ભાઇનો પાલક.	ઇ૰	ઇસવી સને.

યુરોપખંડના કાબેલ તથા કીરતીવાન સખશો પોતપોતાના જનમારાના હએવાલો જેમ નોધી રાખીને જે કોઇ પરગટ કરનાર જણાએ તેને બીન દે-હસતે આપેછે, તેહવો રવઇઓ ઘણુ કરીને કોઇબી દેશીઓમા ન હોવાને લીધે; આ પુસતક રચવાના એરાદાથી ઉપર જણાવેઆ પરમાણેની જાહેર ખબરો છપાવેઆ ઉપરાંત ઘણાક ગરહસથોને ઘેરે ઘેર હમો ફરેઆ છતાં કેટલાક સાહેબોએતો તેઓના વડીએલો બાબેની કાંઇક બાતમી માગેઆ મુજબ આપી ખરી, પણ

પોતાની કારકીરદીમા બનેલી વાત વીશે અખાડા કરવા માડ્યા; અને કેટલાક સાહેબો તો બે માહેલી એકબી વાતને જારે બાહલ રાખતા નહીંજ જણાયા, તારે હમારી ઉસકેરાએલી ઉલટ પાછી હટાડ્યાને બદલે તે ઉપર વીશેસ લક્ષ દોડાવેશે; અને કેટલીક કોશેસ કરતાં તેહવાઓની આજુ બાજુના બેશીઓ અથવા લાગતા વલગતાઓમા વગ લાગેઆથી તેઓની હુમબાલે દોડતા રહીને તેઓની મારફતે થોડી થોડી બીના જે મેલવવા પાંમેઆ, તેનો શીનગાર વાંચનારા સાહેબોની સાંહમે ધરતી વેલા આટલીબી અરજ ગુજારીએછે કે, આ માહેલા કોઇબી સાહેબના અહેવાલની અંદર તથા સખાવતની રકમોમા જેબી સાહેબને કાંઈ વધઘટ જેવું જણાએ, અથવા કોઇની બાબદ અધુરી માલુમ પડે; અને તે બાબેનો સહી ખોલાશો પોતાને ખરે નામે સફકતની રાહે લખીને પરભારો હમારા ઉપર મોકલાવશે તો તેઓના ઉપકાર સાથે તેહવી ચોકસ બાબદને તેઓનુ નામ જણાવેઆ વીના હમારાં આ "મુંબઇના બાહર"ના બીજાં પુસતકની અંદર વધારા તરીકે સમાવી સખીશું.

હસતીમા આવેલું આ નાદર પુસતક જોકે કોઈ હેવા કાબેલ આલમાની ઉતમ એબારતે સીંનગાર પાંમવું જોઇતું હતું કે, તેના રગીલાં લખાણથી તેહવાં ગરંથકારીની અતીશીઅ વખાણ આલમમા આસકાર થઈ સખતે; પણ હાવાં એક અગતના કાંમની સરજત આ નાકેસ સખસને સર ફરજ તરીકે જે ઉતરી, તેનો હક અદા કરતાં સરવે વરણના સાહેબોને એટલીજ એલતેમાસ ગુજારીએચ કે, આવતા વખત સુધી સચવાઈ રેહવા લાએકના આ પુસતકની ઘણી નહીં તો એકેક નકલબી દરેક સજણોએ જરૂર પોતાના ઘેરની અંદર એક દાગીના અથવા દોસત તરીકે રાખવી; કેમકે જારેબી જેઓ ચાહે તારે તેમાંથી કાંઇજ નહીં પણ અગતનુ અજવાલું તેઓને ખચીત મલેઆજ કરશે.

સમાએલીછે જેમા અગતની બીના—જડાએછે શોનાની ઉપર જેમ મીના..
પડશે જેને જારે જેહવી અગત—જડશે તેને તારે બીશીઆર નગત.
તે માટેજ આ ફીદવીએ કીધી છે શોધ—પુરાંણી વારતાની લીધીછે નોધ.
પાછલી હકાએતબી સાથે મલશે—ઢુંડવાની મેહનતબી તાંહાંજ ફલશે.
માટે જેબી આ પુસતકને પાશે રાખશે—લેહજત તેમાથી તે બહુજ ચાખશે.

સખી દીલના જે જે સરીમંત સાહેબોએ આ બાબદમા લેવાએલી હમારી કસટ ભરેલી કોશેસની કદર, તથા માહભારત મેહનતની મોજની પીછાંણીને નહીં ધારેલો સખીતબેથી સારો આસરો જે આપેઓચ, તથા દયાલુ દીલના કેટલાક પરમાણીક પુરૂશોએ વગર હાંશેલે ઘણીજ કીંમતી મદદ જે વારંમવાર કરેઆ કીધી, તેઓ દરએક જણની ઉપરાંત "યુનીયન પરેસ"ના મયાલુ માલેક મી૰ નાહનાભાઈ રૂસતમજી રાણીનાએ આ પરસંગે બીજીવાર દેખાડેલી બેહદ મેહરબાંની વીશેના બેહદ ઉપકાર હમારે માંથે એટલોતો થયોછે કે, તેનો હક કોઇબી રીતે હમારેથી અદા ન થઈ સકાયાના અવેજમા તેઓ દરએકને વાસતે બારેહકતાલાની બારઘાહથી બીશીઆર બખશેસ ચાહીએચ તે તેઓને આમીન થાએ..

સાંકલીઊં પુસતક પેહેલાંનું.

બાબદો.

હીંદુઓ.

પોરટુગીશો.

પારસીઓ.

સખાવતી શેઠીઆઓની ઇઆદગારીનુ સાંકલીઉ.

(સખાવતમા શોરાબજી[1] હતા સુરા-દાતારમા દાદી શેઠબી પુરા.
જેઓપર દીપતોતો શેઠાઇનો બાહાર-કીરતી તેઓની રહી ઇઆદગાર.
તે સાથે પેસતનજી વાડીઆ સાંમેલ-દરવ ને હીંમતમા પુરા કાંમેલ.
બાઇ બવાડીને ગુજરી ગયા-સખી નામથી જગમા અમર થયા.
સખાવતની વાતમા સારૂં કેહવાએચ-ઇઆદી તેઓની હજી તક લેવાએચ,
મસહુરછે જગતમા સડતાલાં[2]નો કાલ-વરસ તેનુ ચાલેછે તેઆશીમું હાલ.
દેસાવરમા પડીતી વરસાદની તાંણ-ટવલતીતી આલમ મેલવવાને નાન.[3]
તેમા હીંદુ ને મુસલમીનો ઘણા-ભુખમરાથી અતીશે થયા ફના.
બચેઆ જેઓ તાંહાંથી નીકલી ગયા-આવીને મુંબઇની અંદર રહેઆ.
ખબર થઇ જેહવી રેડીમણને-સવાંધીન લીધા બે હજાર જણને.
દાદી શેઠે બી તેટલી સંખીઆ લીધી-સખાવતમા દોલત રેડી દીધી.
દર રોજ દાહાડામા સાંહાંજને સહવાર-ખવાડઉં તેઓને બબેજ વાર.
હેવી હાલતમા મહીના દશેક ગયા-તાંહાં તક તે આસરો પાંમતા રહેઆ.
ખરચની સંખીઆ એબટી લઇએ-તો જુમલો જોઇને અચરત થઇએ.
જો ઓછાંમા ઓછું કેહતા હોઇએ-તો માણસને દર રોજ બે આનાં જોઇએ.
તે હસાબે અડાશો રૂપીઆનો રોજ-ગણતાં જણાંશે હજારોનો બોજ.
તે બેહુઓએ શેહલથી ઉંચકી લીવો-શોધેઓ જીંનતનો મારગ શીધો.
સકરમીના રૂંડાં હેવાંછે કાંમ-ધરમથી તેઓના લેવાએછે નામ.
દુખી દીલને જેઓથી આસરો મલે-આશીરવાદબી અંતકરણના ફલે.
સખાવત તો શોરાબજી લેતા ગયા-તે સાથે દાદી શેઠ નબંચી રહેઆ.
પણ અમર નામે કીરતી રહી બરકરાર-ધરમના ધુંઆંની પાંમેઆ વરાર.
પેસતનજી વાડીઆબી હતા અંદર[4]-સખાવતમા દીધાછે[5] હજાર પંદર.
તે સાથે કંઇક કાંમોમા હીંમત-કરી દીપાવીછે પુરતી કીંમત.
નસરવાંનજી વાડીઆબી જણાએલાછે-સખાવતના સાથીમા ગણાએલાછે.
સુરતમા પડેઓ જારે દુકાલ-પરજાને કરી આપેઓ સુકાલ.
અનાજ ભરી વાંહાંણો મોકલી દીધાં-ટવલતાંને સંતોસ પાંમતાં કીધાં.
હોકમ લખેઓ આડતીઆને હેવો-કુટંબી ગરજવંતા આવે જેઓ.
ખરીદ ભાવની ઉપર રાખીને પુણ-અપાવી તેઓને ચોખાની ગુણ,
નફા પર ન કીધી કાંઇએ નજર-આફતને બેસાડી દીધી સજર.
સંભાલ એટલીજ લેવાડેઓ-તે માટે તાંહાં સંધેશો કેહવાડેઓ.

---

[1] શેઠ શોરાબજી મનચેરજી રેડીમણી.
[2] સંવત ૧૮૪૭ મા ગુજરાત તરફ ગજબનાક દુકાલ પડેઓ હતો.
[3] અનાજ મુલગો ન મલેઆથી રોટલીને વાસતે લોકો ટવલતા હતા.
[4] ઇઆને ઉપલા બેહુ સાહેબો ભેગા એવણબી સાંમેલ હતા.
[5] પંદર હજાર રૂપીઆ.

રકમ બંધ જે ગુણો લેવા આવે—મગદુર સું તેમા તેઓ ફાવે.
ઘણું સુધી લોકોને રાહેત થઇ—આ વાડીઆની કીરતીબી ગવાઇ રઇ.
મલેઓ સઉને અનાજ સસતો—તે દાહાડો તો અંતે ગયો ખસતો.
વરસબી તેને ઘણા વહી ગયાં—પણ પુનવંતાં કાંમો ઇઆદમા રહેઆં.
વશીલાબી તેમનાં ચમન કરેચ—કોઇ તો પઇસાને હઇડે ધરેચ.
ચાહીએચ કે તેઓબી તેહવાજ થાએ—સખાવતી મંડલીમા વેહલા ગણાએ.
સરની સખાવત જે ગણાઇ છે—પાએદારીમા ઉતમ સમાઇછે.
દુણીઆની હસતીશે જોડાઇ ને નામ—દીપતાં રહેઆંચ માહભારત કાંમ.
રૂસતમ માણકે મેલવી શેઠાઇ—સખાવતની સાથે જેહમત વેઠાઇ.
કીરતી જણાશે બયાનમા—રેહશે તે વાંચનારના ધેઆનમા.
બનાજીનુ ખાનદાનબી વખનાયુંછે—બુલંદ નામ સખાવતથી જણાયુંછે.
હતા નબીરાઓ એકેકથી સરસ—ભલાં કાંમમા સાચવેઆં ઘણા વરસ.
કાંમાજી કુટંબના જરદાર નર—સખાવતના સરદાર ને હીંમતના ઠર.
લાખો હજારોનો ખરચ કીધો—એલમ હોનર દીપાવી દીધો.
તે સાથે કંઇકોને રોજી આલી—હતા જેઓ અસલથી હાથે ખાલી.
બીજા સખીબી ઘણા થઇ ગયાચ—દેખાડેઆછે જેટલા યાદમા રયાચ.
ન રાખતાં તેમાં કાંઇએ કસુર—લખેઆચ જેટલા જણાયા મસહુર.
જે ભુલાયા હોએ તેની હજુરમા માફ—માગુંચ કે કરજો રાખી દીલ સાફ.
સર કાવસજી જાંગીર સખાવત કરેચ—ધરમની જગેઆને શોધતા ફરેચ.
સખી દીલની શોચનાને રાખી મકમ—ખરચેછે મોકલે હાથે રકમ.
પેટે તેને નહીં ખાનાર કોઇ—જીંદગી પોતાની અએલી જોઇ.
હજારો રૂપઇઆ ખરચી નાખેચ—સખાવતનો શીરો તેમાથી ચાખેચ.
જીવતાં તો સખી નરમા ગણાએચ—તનદરોસતી[1] તેમની બવે ભણાએચ.
પઇસાનુ તેથીજ પાંમેછે સુખ—પણ લાગુછે દેહ પર ભએંકાર દુખ.
તે કોઇનીબી દુવાથી ટલવું જોઇએ—જીંદગીનુ સુખ તેમને મલવું જોઇએ.
ચાહીએચ કે ઇસવર કીરપા કરી—હર હાલમા તેવનના હાથને ધરી.
રૂડાં કામમા મન તેમનુ રાખજે સદા—ફરજ તેની ઘટતી તે કરે અદા.
અરદેસર વાડીઆબી[2] સખી ગણાએચ,
બેરાંમજી[3] ને તેમના[4] ભાણેજો જણાએચ.
જાહેરમા થોડા ને બાતેન ઘણા—પઇસા વેરેચ જાંણે ધાણી ચણા.
મેરવાનજી પાંડેનો ઉતંમ ધરંમ—દરવવાન બખીલોને દેછે સરંમ.[5]

---

[1] ઇઆને તેવનથી આસરો પામનારા લોકોના આશીરવાદ તેનાને મલેછે.
[2] શેઠ અરદેસર હોરમજજી બમનજી વાડીઆ.
[3] શેઠ બેરાંમજી જીજીભાઇ.
[4] શેઠ દીનસાહજી તથા નસરવાનજી માણેકજી પીટીટ.
[5] આ શેઠના ધરમથી કેટલાક પઇસાવાળાઓ જે બખીલાઇ બતલાવતા હોએ તેને બહુ સરમ પોંહચવી જોઇએ.

કોલાબે ને કહરેલવાડી આગલ-દેખાએછે તે(દુનીઆંની જાંણે ભાગલ.)
એકમા[1] સરીરને સાંણુતી મલેચ-મુસાફરની પીડા બીજાં[2]થી ટલેચ.
શેઠ ફરાંમજી પટેલબી સખાવતીછે-શોદાગરને, વલી નાણાવટીછે.
પારશી અકાબરમા હોરમત ભરેલા-અનજુમને પેઆરથી પસંદ કરેલા.
ધરમના દાંણને તે સહમજેછે બહુ-સખાવતને માટે તાંહાં દોડેછે સઉ.
હીંદુ શેઠીઆબી જણાયાછે-સખાવતના સાથીઓ ગણાયાછે.
હતા જેઓ મોટી દોલતના ધણી-શાહદત આલશે આ પુસ્તક ઘણી.
શા૦ રૂપજી ધનજીના નબીરા કેહવાએચ-સખાવતમા તેઓના નામો લેવાએચ.
અંમદાવાદના સાંતીદાસ શાહ-હેઠેભાઈ શેઠબી હતા દાદખાહ.
કમારાહનું કુટુંબ હતું સરીમંત-તાંહાંબી આવેલું વશીલાનુ અંત.
પરીવારમા જાહજા હવે ન રહેઆ-સખાવતનુ સુખ જોઈ તાંહાંથી ગયા.
મોતીશાહની કીરતીબી પરકાશેછે-જોવી હોએતો પાંજરાપોલ પાશેછે.
જાંહાં પશુ પરાંણીઓ પલેછે બહુ-ચરંદાં ને પરંદાં દુખીઆરાં સઉ.
તેવનની કોશેસથી મંડાંણ થયું-અમર નામ તે સાથે જોડાઈ રહેલું.
માહજનનો તેમાંબી છે કાંઈ હક-પણ સરૂઆત તેનાની મા નથીજ સક.
ગોકલદાસ તેજપાલબી ગવાયાછે-સખાવતથી ધરમીમા વવાયાછે.
તે માટે કુટંબમા ન જોઈએ વીવાદ-સહમજ ફેરનો કરવો કોઈએ નીવાડ.
કે જેથી ધણીનુ સીધ થાએ કામ-દાન પુનથી રેહ તેમનુ અંમર નામ.
બીજાંઓથી સખાવત થએલીજ છે-સખી નરની યાદીબી રહેલીજ છે.
તે ઉપરાંત સખીનો જે સાથી થશે-તેનાજ પુણનો અધીઓબી જીંનત જશે.
આકેબતનો તોરો ગણાશે તાંહાં-બાકી દોલત ને જીંદગી તો અંતે ફણા.
નથી કોઈ જોડ તે રહી પાએદાર-કરોડપતીબી થયાછે ખુહાર.
પઈશો મલેલો પરમાણુ તેને-સારાં કાંમ માટે ખરચેઓ જેણે.
કીરતી તેમાજ તેની ગવાશે સઈ-સંઘરેલું સંધું સચવાશે નહીં.
તે ઉપર સજણો આપી લખસ-ને કેહજો સખાવત કરી સખસ.
તે કહીને અમસથું બેસવું નહીં-ગલું કોઈનુ કવચીત રેહસવું નહીં.
જો સખાવત ન બને તો ઉઠાવજો હાથ-નીતીને જાલવજો તેની સંગાથ.
સખી કરતાં સુહુમ જે ભલો કેહવાએચ-ઉતર તેથી નાનો તતકાલ દેવાએચ.
બીજા પેરે કોઈને તે રવડાવે નહીં-ભરોસા પર હરગેજ ટવલાવે નહીં.
વચણ જેને આપો તો પાલજો સહી-આવે સરણે દુખ તેનુ ટાલજો સહી.
તે માટે હેદાયત ઇસવરની પાસ-માંગજો કે પુરસે તે તમારી આસ. (આંમીન.)

૧ મેહરવાનબાગ.
૨ ઉતારા માટેની ધરમસાલા.

જીંદગીની નાપાએદારી વીશે.

કહુંછું આ દુનીઆંની વાતનો જે સાર-ખુશી હોએતો તે પર કરજો વીચાર.
બરોસા વીનાની છે આ જંદગી-કરી લેવો જીગરથી બંદગી.
ન રહેઉં, ન રહેશે કોઈ પાએદાર-અજલથીજ થાએછે સરવે ખુહાર.
હેડલ એક કવેસરની કેહવાતછે-હીસાબથી જીવની ખરી ઘાતછે.
ઊંમર જેની જાંહાંવેર દસ વીસની હોએ-તાંહાં તક પોતાને તે ગાફેલ જોએ.
તરીસની થાએ જારે પુરી જવાંની-કરે તેતો બંદગી મનની જાંની.
જારે તેની ઉપરબી વરસ જાએ-ચાલીસ પછે પાંણી વલતાંજ થાએ.
પચાસ પોંહચતાં સુખાકારી ઘટે-સરીર દુબલું થાઇને સુસતી વધે.
સાહેઠેક વરશે ગુડા નીપરાએ-શીતેરમા સખતીથી રદજ કેહવાએ.
હેંશી ને નેવું વરસ જારે થાએ-ઇજા ભોગવવાના તે દાહડા ગણાએ.
તાંહાંથી જે જઈ મલે શોને આંકે-તો બરોબર પોંહચે મરણને નાકે.
હવે શો વરસ જીવે ઇઆ એક રોજ-પણ અંતે તો બાંધવોછે હીંઆંથીજ બોજ.
નથી રેહતું કાએમ હીંઆં કોઈ-ડરતા રેહવું કોઈ મરતું જોઇ.
એકની પુઠેછે બીજાની પાલી-છોડી સંવું જાવાનો હાથે ખાલી.
માટે જીંદગી ગુજારતાં રાખી જતન-ભુલવું ન જોઇએ જીંનત વતન.
શોધી લએો ચાર પોહર નેકીની રાહ-માંગો તે માટે ખોદાની પનાહ.
નેકીછે ઉતમ સઉથી સવાઈ-સમાએલીછે તેમા સંઘલી બલાઈ.
નેકીજ સઉપર સરદારછે-ભલાં કાંમથીજ તે જરદારછે.
નેકીનો કરનારછે સરફરાજ-ઊંમરબી થાએછે તેની દરાજ.
નેક નામોને રાખવા સદા આબાદ-તે માટે ચાહેછે ઇસવરની દાદ.

નો૦ લે૦

શબ્દ ફેરની સુચના.

આ પુસતકની અંદર કેટલેક ઠેકાંણે નજર ચુકથી હરફે તથા કાંહાંનો માત્રા હેરફેર થએલા જે માલુમ પડઆય, તેની મતલબ દરોબસત સહમજવા માટેનો ખોલાશો નીચે જણાવીએછે.

સફે.	સતર.	અશુધ શબ્દો.	શુધ વાંચવું.
૩૧	૧૫	વછવાડે.	પછવાડે.
૩૨	૨૬	તેનાતો.	તે વાતતો.
૪૪	૩૨	જીજીભાઈ.	હીરજીભાઈ.
૪૮	૨૬	સાહાંનોબા.	કાંહાંનોબા.
૫૮	૨૬	જણાઉ.	જણાયું.
૮૩	૩૫	જાવણામા.	જાંણવામા.
૮૩	૩૭	ચંદરોકલ.	ચંદરોકાલ.
૯૨	૫	માહસુદી ૧.	ફાગણસુદી ૧.
૯૫	૫	રવીવાર.	શોમવાર.
૧૦૧	૩૦	પોતના.	પોતાના.
૧૦૫	૧૧	દાહોડા.	દાહાડા.
૧૩૩	૨૩	માહરજ.	માહરાજ.
૧૪૯	૩૪	ડુપાઉઠી.	ડુપીઉઠી.
૧૬૩	૫	થએઅ.	થયા.
૧૬૬	૩૪	તબીબી.	તબીબ.
૧૯૩	૨૨	રવાનગીનો.	રવાનગીના.
૧૯૬	૨	પોંતા.	પોતા.
૨૦૫	૧૯	કાલબાદેવીના રસતાપર.	કરેલવાડીની સાંહમે.
૨૧૩	૧	તરતુદ.	તદબીર.
૨૧૭	૧૪	કવચીત.	કદાચજ.
૨૨૯	૨	નાતન.	નાતના.
૨૪૪	૨૬	૧૦૬૯.	૧૦૫૯.
૨૪૮	૨૬	અંગરજી.	અંગરેજી.
૨૯૯	૧૦	રોજ ૧૨ મો.	રોજ ૧૫ મો.
૩૦૯	૩૩	થતું આવેછે.	થતાં આવેછે.
૩૧૮	૧૦	જાલ મદોરે.	જાલમ દોરે.
૩૧૮	નોટની ૨	કામતપન.	કાંમપતન.
૩૪૧	૨૬	ગરથ.	ગુરથ.
૩૫૧	૬	અને.	થઇને.
૩૬૮	૯	૧૨૧૩.	૧૨૧૨.
૩૮૫	૧	અંગરેજાને.	અંગરેજોને.
૩૯૨	૩૦	હજુરમ.	હજુરમા.

સફે.	સતર.	અશુધ શબ્દો.	શુધ વાંચવું.
૩૯૨	૩૬	બડલો.	બદલે.
૪૦૪	૩૬	વરસમા.	વરસની વચ્ચેમા.
૪૦૬	૧૩	વાહાંનો.	વાંહાંણુનો.
૪૦૬	૩૦	અ.	આ.
૪૦૭	૩૦	માહિલ.	માહેલો.
૪૨૭	૯	નાએચ્એ.	નાએચ્ઓ.
૪૩૮	૩૫	પમાડેચ્ઓ.	પમાડેચ્આ.
૪૪૯	૨૪	તે સાથે કોઈકાલેબી.	તે કોઈ કાલેબી.
૪૫૧	૨૦	તેનીચ્ઓન.	તેનીચ્ઓના.
૪૬૧	ત્રીજી નોટ	વરણ.	વરણુન.
૪૬૧	૧૮	ઉપીયોગી.	ઉપયોગી.
૫૨૬	૨૩	કીંમત.	કીંમતી.
૫૬૬	૩૩	જાણવા મલે.	જાણવા મેલે.
૫૬૭	૩૪	સંભલાવામા.	સંભાલવામા.
૫૭૭	૧૭	કીંમતતા.	કીંમતના.
૬૨૩	૩૪	એની.	તરણુની.
૬૩૮	૮	કેહવાયચ.	કેહવાયાચ.
૬૭૧	૩૦	પોતાના તથા.	તથા પોતીકા.
૬૭૨	૩૪	બદલતા.	બદલાતા.
૬૯૭	૧૮	બીજા.	બીજું.
૭૨૨	૪	હુધધરાંણાં.	હુધરાંણાં.
૭૨૨	૧૧	એનીલેલેટ.	એનીવોલેટ.
૭૨૪	૨૯	જાહોલાલી.	જાહોજલાલી.
૭૨૮	૫	૧૮૬૬ ના.	૧૮૬૬ મા.
૭૨૯	૧૫	બીજા.	બીજો.
૭૩૦	૨	તે.	તેમ.
૭૩૯	૧૫	વીરજલલા.	વીરજલાલ.
૭૪૦	૩૦	હલાલો.	હવાલો.
૭૪૧	૧૭	પડવાનુ.	પાડવાનુ.
૭૫૫	૧૯	તેનાચ્એ.	તેનાચ્ઓ.
૭૭૦	૩૪	દોડરાંડાં.	દોદરાં.

સુરતના નાહનપરાંને વસાવનાર તરીકે શેઠ આંનદાનના નબીરા નાહાનાભાઈ બમનજીનુ નામ સફે ૪૪૦ મા જે જણાવેલછે, તે વીશે પાછલથી પકી ખબર એવી માલુમ પડીછે, અને તે ખાતરીથી કેહવાવારા સાહેબોનો ઉપકાર માંની હીંઆં નોધી લેવાની ઢીલ કરતા નથી કે, મજકુર પરાંને હસતીમા આણનારા મરહુમ શેઠ નાહાનાભાઈ નરસંગજી હતા; અને તેજ નામીચા ગરહસથના નેકનાંમની સાથે તાંહાંની કીરતી જોડાઈ રહેલી સરવેમા આસકારછે.

જાહેર ખબર.

સંઘલી વરણના ધંધાદારી તથા સંસારીઓને અગત વેલા ઉપીઓગમા આવનારી, તથા વેપારીએમા વખણાએલી

"પંચાંગપોથી"

બનાવનાર રતનજી ફરાંમજી વાછા.

સંવત ૧૮૦૧થી તે ૧૯૨૭ સુધી ૧૨૭ વરસની હીંદુ, ઈસાઈ, પારશી, ઈસલાંમી તથા ચીનાઈ તારીખો, અને મહીનાઓના જુદા જુદા કોઠાઓ એક બીજાની મુકાબલે મેલવી આપેઆ ઉપરાંત તેને લગતી જાણવાજોગ કેટલીક બીના દાખલ કીધેલી "પંચાંગપોથી"ની થોડીક નકલ વેચવાનીછે, તે જે સાહેબોને જોઈએ તેઓએ દર નકલ એકના રૂ ૫) મોકલી આ નોંધ લેનાર, બાહેરકોટ પેહલી કોલભાટવાડીની લેણ માહેલા આંક ૩૧ મા વાલા ઘેરમા રેહછે, તાંહાંથી કીરપા કરી મંગાવી લેવી. દેસાવરો ખાતેથી મંગાવનારા સાહેબોએ કીંમત ઉપરાંત દર પોથીએ ડાક ખરચનો રૂ ०॥ વધારે વાલવો.

આ પોથીની મોતબરીના ટેકામા હેઠલ જણાવેલાં અંગરેજી તથા ગુજરાતી આબરૂદાર વરતમાન પતરોના વીચારો ઉપરાંત એક નાંમીચા નેઆએધીસનુ મત હીંઆ જાહેર કરીએછે.

(તા० ૧૮ મી એપરેલ ૧૮૭૨ નાં અખબારે શોદાગર, સમાચાર દરપણ તથા મુંબઈ ચાબુક મધેથી.)

પોંહોંચ—"સઘલી વરણના ધંધાદારીઓને અગતવેલા ઉપીઓગમા આવનારી "પંચાંગપોથી" સંવત ૧૮૦૧ થી તે ૧૯૨૭ ની ગઈ દીવાલી સુધી ૧૨૭) વરસની, હીંદુ, ઇસાઇ, પારશી, ઈસલાંમી તથા ચીનાઈ તારીખો અને મહીનાઓનાં જુદા જુદા કોઠાઓ એક બીજાની મુકાબલે મેલવી આપેઆ ઉપરાંત તેને લગતી જાંણવા જોગ કેટલીક બીના દાખલ કીધેલી. "પંચાંગપોથી" ઈઉનીએન પરેસ" મધેથી ગુજરાતી હરૂફે છપાઇને હવડેજ બાહેર પડીછે તેની એક નકલ એ પોથી બનાવનારની તરફથી હમોને હેનાએત થાઇછે તેની પોંહોંચ મોટાં માન સાથે કબુલ રાખીએચ—આ પોથી મોહટી કેતાબનાં જેહવી ૩૨૫ સફાની છે, અને તેમાં ૧૨૭ વરસના મહીનાઓના કોઠા આપેઆછે તે ધેઆંન પોંચાડવા જોગછે—હાવી તારીખો અને દાહડા વારનાં કોઠા જોવાને ઘણાઓને અગત પડતી હશે તે અગત આ કેતાબ ખરીદવાથી ટલી જાશે—હમો હમારા પતરનાં તમાંમ વાંચનારાઓને મજબુત ભલાંમન કરીએચકે જેઓને તાંહાં ઘણા જુનાં પંચાંગો નહીં હોએ તેઓને આ પોથી ઘણી અગતની થાઈ પડશે

માટે હાથ આવેલી ટક જાવા દેવી નહીં કાંજે હેવી પોથીઓ કાંઈ વારેવાર છપાતી નથી—હમો આ પોથી બનાવનારને ઘણી સાબાશી આપીએચ કારણ કે એ ઉપર લીધેલી મેહેનત અને તે ઉપર થાએલા ખરચ ઉપર નજર પોંહચાડતાં હેનો ભાવ જે રાખવામા આવેઓચ તે ઘણોજ મધેઅમછે; માટે જે સાહેબોની મરજી હોએ તેઓએ દરેક નકલના રૂ ૫) રોકડા મોકલીને ધોબીતલાવ ઈઉનીઅન છાપાખાનાં મધેથી મંગાવી લેવી. દેસાવરો ખાતેથી મંગાવનારાઓએ કીંમત ઉપરાંત દર પોથીએ દાક ખરચનો રૂ ૦॥ વધારે વાલવો."

(જામે જમશેદ, તા० ૧૯ મી એપરેલ ૧૮૭૨.)

"ઉપલાં પુસતકની એક નકલ તેના બનાવનારની તરફથી હમુને મલીછે જે મોટાં માંન સમેટ કબુલ રાખીએ છઇએ. વેપારી અને કુલે આલમને આ પુસતક ઘણું અગતનુ થઈ પડવાનું. ઘણીવાર વેપારીઓને તેઓના વેહવારમાં તથા મુકદમાં ચલાવનારાઓને દરએક દીવસના તારીખ વાર ઇતીઆદીકની જરૂર પડેછે, અને તે મેલવવા માટે ઘણુ મુસકેલ પડેછે; પણ આ પુસતક હેવી સઘલી મુસકેલી દુર કરવાનું. સવત ૧૮૦૧ થી તે ૧૯૨૭ સુધી હીંદુ, પારશી, ખરીસતી, મુસલમાંની અને ચીનાઈ તારીઓ હેમાં સમાવવામો આવી છે; અને તેથી કરીને ગોએઆ આ સઘલી ગણીઆતવાલાઓની શેવા આ ગરંથ કરતાએ બજાવીછે. હમો આ પુસતક સઘલી વરણના લોકોને ખરીદવાની ભલાંમન કરીએછેઇએ. કેમકે કોઇ પણ વખતે તે ઘણું ઉપીઓગી અને મદદગાર થાઈ પડવાનું. તેને બનાવવા પાછલ તેનાં કરતાને અતીઘણી મેહનત પડેલી માલુમ પડેછે તે જોતાં તેની રૂપીઆ પાંચની રાખેલી કીંમત કાંઈ પણ મોટી ખીસાદ ધરાવતી નથી. હમો આસા રાખીએ છઇએ કે આ પુસતકને ઘટતો આસરો મલશે. જેઓને તે જોઇતું હોએ તેઓએ ઇઉનીએન પરેસ મધેથી તે મંગાવી લેવું."

(મુંબઈ સમાચાર, તા० ૨૯ મી જુલાઈ ૧૮૭૨.)

"પંચાંગપોથી" એ નામની ચોપડી તેના બનાવનાર મી० રતનજી ફરાંમજી વાછા તરફથી ઘણો વખત થએઓ હમોને હેનાઈઅત થઇછે તેની પોંહોંચ માન સાઠ કબુલ રાખતાં જણાવીએછે કે, તે એક ઘણી અગતની અને જરૂરની ખુટ પુરીપાડનારૂં પુસતકછે તે મધે "સંવત ૧૮૦૧ થી તે ૧૯૨૭ સુધી કુલ વરસ ૧૨૭ ની, હીંદુ, ઇસાઇ, પારસી, મહમદીઆન તથા ચીનાઇ તારીઓ" નો જમાવ "તેમને લગટી કેટલીક જાગુવા જોગ બાબતોની નોધ સાથે" આપવામાં આવીઓછે. તેમા સમાવેલી આ અતીઉપીઓગી બાબત સાથે તેની છપાઇ,અને બંધાઇ પણ તેને જેબ આપે તેવી રાખીઆમા આવેલી દીશેછે. આ ચોપડીથી ગઇ સવા સદી સુધીમાનો કોઈબી જોઇતો દાહાડો વાર, બીજી ગનાતના દાહડા વાર તથા વીગત સાથે આપણે એકીજ વખતે જોવાને

4

સકતીવાન થઇ સકીએછે; અને એક હેવી જરૂરની બાબતછે કે જેનુ કાંમ કોઇ બી સખસો, પછે વેહવારી, કે વેપારી, સરવેને સરખી રીતે ઘણી વખતે પડછે એવી રીતે સગવડ કરી આપનારાં પુસતક તથા સાધણોની ખુટ આજ લાંમબો વખત થએઆ ચાલતી આવીછે, અને તેથી ઘણાં કાંમોમા અદચણ થાઇ પડતી હતી. હેને લીધે કેટલાક સાહેબોને જુનાં પંચાંગો બોલવા માટે અહીંથી તહીં રવડ અને ખુસામતો કરવી પડતી હતી, અને તેમ છતાં વખતે તેમને જે નીસફલ થવું પડતું તેથી ઉપજતી બેજારીનો પાર રેહતો નહી. એવા ઘણા દાખલા જોએલા હમો સારીપેઠે ઇઆદ રાખીએછે, અને તે પછી જારે આ "પંચાંગ પોથી" થી તેવી અડચણો ટલી જવાની અને એક અગતની ખુટ પુરી પાડવાની જાંણીએછે, તીઆરે હમોને ખુશી થએઆ વગર ચાલતું નથી. ઉપલી સઘલી વાત ધેઆનમાં લેતાં આ ચોપડીની નકલ પોતાની પાસ રાખવાની અગત પોતાની મેલે દેખાએછે. વલી એ ચોપડીના પાછલા ભાગમાં "પરથવી ઉપર પર-બેઆત થએલા સને"ની એક જાંણવા જોગ ઇઆદી આપેલીછે, અને તે પછી પરથવી ઉપરની પુરાતન જાણીતી પરજાઓમાં ચાલતી વખતની ગણતરીઓની રીત તેમના ધરમ તથા રેવાજની રૂએ જણાવીઆમાં આવીછે. આ ચોપડીનો દીબાચો તપાસતાં તેમાં વેહવારી વારસીક પંચાંગો કાહડવાનો રવઇઓ અતરે કેવી રીતે પડઓ હતો, તેની ટુક નોધ જોવામાં આવેછે, જે પણ જાંણવા જોગછે."

(હેનીજ એક નકલ તા૦ ૩ જી આગસટ ૧૮૭૨ નાં "લોક મીત્ર" મધેબી છપાઇ ચુકીછે.)

(રાસ્ત ગોફતાર તથા સત્યપ્રકાશ, તા૦ ૧૨ મી જાંનેવારી ૧૮૭૩.)

"પંચાંગપોથી નામનું એક મોટું અને સફાઇદાર પુસતક મી૦ રતનજી ફરાંમજી વાછાએ બાહેર પાડઉછે. આ નજદીક સવા તરણસો સફાના મોહટાં પુસતકમાં તેના બનાવનારે ઘણીક બીનાઓ સમાંવવાની સારી મેહ-નત લીધીછે. આ પુસતકનો મોહોટો ભાગ મુસલમાની, હીંદુ, પારસી, ખરીસટી, તથા ચીનાઇ તારીખ, વાર, તથી સરખાવવામા રોકાએઓછે તેમા સંવત ૧૮૦૧ ના કારતક સુદી ૧ થી તે ૧૯૨૭ના આસોવદી ૩૦ સુધી કુલે ૧૨૭ વરસના ગુદસતે પંચાંગો સમાવેલાંછે. ખચીત આ કોઠા રચવામા બના-વનારને કાંઇ અથાગ મેહનત પડી હશે એ તેના દેખાવ ઉપરથીજ જણાઇ આવેછે. ઉપલાં પંચાંગો પુરાં થવા પછી પુરૂથવી ઉપર પરબેઆત થાએલા અને હીંદુ લોકોના ચાલતા રેવાજોનુ વરણન, વખતની વેંહચણી, જોતીસ સાસતરનું બંધાંણ, તેહવારો એ ઉપરાંત પારસી, હીંદુ અને ખરીસતીઓના તેહવારો વગર ઘણી ઉપોઓગી બીનાઓ સમાવીછે અને હમેસ સુધી આ પુસતક અગતનુ થાઇ પડે એવું કીધુંછે એ પુસતક મી૦ રતનજી જેવા એક બુજોરગ ગરહસથે કાહડતાં તેવણે રાખેલી ધીરજ અને ખમેલી જેહેમતને માટે એમને ધનયછે. એ પંચાંગ દર એક પેહડી તથા દરએક કુટંબે રાખવા લાએક છે અને એ લાએક ગરહસથની મેહનતનો પુરતો બદલો વલી રેહવો જોઇએછે."

જાહેર અભિપ્રાય.

Extract from a letter received from Maneckjee Cursetjee Esquire (then) Second Judge of the Court of Small Causes at Bombay, dated the 15th December 1871.

DEAR SIR,

"I have seen the specimens you left with me of your work on chronology, or rather Table of Comparative dates of upwards of a century of the different Creeds and classes of the Community—European, and Natives of India, with Notes of remarkable events of the time. You must have devoted much time to render the work so easy of reference and I make no doubt of its proving very useful in the public Schools and Judicial and Revenue Cutchirees, particularly in the Guzeratee speaking provinces under Government."

"With every good wishes for the success of your undertaking."

I am,

Your friend and well wisher,

(Signed) MANECKJEE CURSETJEE.

(*Bombay Gazette* 18*th April* 1872.)

"A monster Calendar.—We have to acknowledge the receipt of a Copy of a monster Gujeratee Calendar, containing corresponding dates of the Hindoo, Christian, Parsee, Mahomedan, Chinese eras from A. D. 1744 to 1871, or from Samvat 1801 to 1927, with short memoranda of important events that have occurred during that period. The Book has been compiled at considerable expense by Mr. Ruttonjee Framjee Vacha, who devoted, we are told, two years of his time to collect and arrange the materials. We trust it will meet with sufficient encouragement from those to whom it is likely to be useful, especially from Native Merchants. The latter may at times find it an indispensable Book of reference."

(*Indian Statesman, April 23rd 1872.*)

"We have had sent to us by the Compiler "Panchang Pothi," A Goozeratte Calendar Containing the Corresponding dates of the Hindoo, Christian, Parsee, Mahomedan, and Chinese Eras from A. C. 1744 to 1871. It also Contains short Memoranda of important events that have occurred during the period, besides a brief history of the origin of the various eras. The printing is very clear, and does credit to the "Union Press," from whence it has emanated. It is compiled by Mr. Ruttunjee Framjee Vacha. We hope the book will turn very valuable to all classes, Government Servants, Merchants, and others, and we Commend it to public support. The Calendar can be had at Rs. 5."

(*Times of India 27th April* 1872.)

"We acknowledge with thanks the receipt of a Guzeratti Calendar Containing Corresponding dates of the Hindu, Christian, Parsee, Mahomedan, and Chinese from A. C. 1744 to 1871 (being for the last one hundred and Twenty Seven years); and a discription of the methods in which these eras are reckoned. The work is Compiled by Mr. Ruttunjee Framjee Vacha, late of Hongkong. It will be found a useful and indispensable book of reference in every Merchant's and lawyer's office. Mr. Vacha seems to have bestowed great labour in the Compiling of this Calendar, and we trust he will receive due support from the public. The book is very neatly printed at the "Union Press" and Contains 320 pages."

(*Native Opinion, 8th September* 1872.)

"THE PANCHANG POTHI." *We take blame to ourselves for not having* noticed this neat and useful publication of Mr. Ratanji Frámji Váchhá earlier. Chronological tables explanatory of the Oriental Eras have been available in English for a very long period; but except the scientific contrivance of Mr. Rakhamaji Deoji Muley, we have seen no attempt of this kind in either of the two principal vernacular languages of this Presidency. The present work gives the dates from the commencement of the Samvat year 1801 corresponding with A.C. 1744-45 and extends to Samvat 1927 i. e. A. C. 1870-71. During this period it gives the dates of the Samvat, the Shak, the Christian, the Parsi, the Hijri and the Chinese eras. It also gives separately the new year's dates of the six eras of Vikramaditya Sháliwáhana, Jesus Christ, Yezdijard, the Hizri and the Chinese. Another portion

is devoted to a description of the Hindu festivals which is prefaced with an enumeration of the Sixty names of the Hindu cycle of years beginning with Prabhawa and ending with Kshaya. We wish the Bálabodha character had been adopted in printing this part, but we fear the author has been compelled by the necessities of his position to conform to the vulgar Gujaráthi which unhappily still forms the Gujarathi of the go-a-head Parsees in Bombay. The months, the seasons, the Hindu Astronomical signs of the Zodiac are also described, and the festivals beginning with a enumeration of all the local fairs in Bombay come next, the Mofussil festivals being interpersed here and there. It is curious to find in this book the monsoon constellations which are put down as being eleven, the Maráthi community accepting only nine as the proper number. Mr. Váchha gives us next a brief history of the Christian era which still forms a debatable ground with many writers. The solar and lunar cycles are next noticed, and the Roman and Julian eras are briefly described. A short sketch of the Parsees and their peculiar festivals next follows. The Muhamedans come after the Parsees; while the celestials occupy more room than any of the preceding communities. To our Parsee and Khoja merchants in Canton and Shanghaee this portion will be peculiarly interesting, while the whole work will, we feel sure, be highly useful to the entire Gujarathi reading community who ought practically to evince by liberal patronage their hearty appreciation of the Author's labours."

મુંબઈ નો બાહાર.

મુંબઈની આગલી હાલતનું વરણન.

મુંબઈછે રલીઆમણી, અસલથી સદા હંસતી,
સઘલી વરણનાં લોકે આવી, કીધી તેમાં વસતી.
એ ધરતીનું પેટજ મોહોટું, રેહછે ખીલદ અપાર,
ચોમેરથી આવતાંઓને, મલેછે સુખ સંસાર.
પગતી પગલી ચહડીને, એ શેહર થાએઊં મોહોટું,
અંગરેજી રાજના અંમલ પેહેલાં, તેવું કવચીત નોહતું.
વરણન જેનું હેઠલ આવશે, ચાલુ એબારતમાં,
બનીચ તેટલી શોધ કરીને, સમાવેઊંછે જેમાં.

આએ આબાદ શેહરમાં સંઘલી વરણનાં સખશોએ, કાંહાંકાંહાંથી આવીને રેહઠાણ જે કીધુંચ તે વાતતો સરવે કોઈ અંતકરણથી અંગીકાર કરશે મગર એ ટાપુ દુનીઆંની કઈ લીટી સાથે વલગેલોછે તે વીશેની માહીતી જેમ ભુગોલવીદ્દઆનાં આસકો રાખતા જણાએછે તેમ બાકીની બીજી મોહટી વસતીએઓની વાકેફગારી મેલવવી જોઈએ હેવા હેતુથી તેનું ટુક બએઆંન સહરૂ કરતાં સહમજમો લાવવાની રજા માગીએચ કે નઉકસાસતર પઢેલા ઈઓરોપખંડના નાવીકલોકોએ ગંરીનીચના વરતારાપરમાંણે દુનીઆંની મધીઅ રેખાથી મુંબઈને ૧૮ અંગસ, અને ૫૯ કલ્લાનાં ઓતર ચોહોરાણ તથા ૭૨ અંગસ, અને ૫૭ કલ્લાનાં પુરવ લંબાંણમાં* ગણીને અગણી ખુણાના ભાગપર કલકતાથી ૧૩૦૦, દીલ્લોથી ૯૬૫, તથા મધરાજથી ૭૭૦ મઈલને સુમારેની વેગલાઈએ હુમેલી મુકરર ઠેડવેલીછે.

ઇઉનાનદેશનો રેહવાસી ટાલમી નાંમનો ભુગોલવદ્દઆ જાંણનારો ઈસવીસને ૧૭૧ માં મુંબઈને વાસતે એવું લખી ગયોછે કે અસલમાં હેનાં જુદાજુદા સાત બેટો, જેવાકે કોલાબું, વાલકેસવર, વરલી, માહીમ, સાંવરી, મજગાંમ અને પાંએવોણીની આણીમેરથી તે કોટસુધીના, હતા, જેઓને પ.છલથી

---

* અંગરેજી જુબાંનમાં જેમ અંગસને દીગરી તથા કલ્લાને માઈલ[illegible] તેમજ ચોહોરાંણને લાટીટુદ અને લંબાંનને લાંજીટુદ કેહેછે. નો. [illegible]

ભેગાકરી તેનો એક ટાપુ બનાવવામાં આવેલોછે, તેઉપરથી હાલની હાલત નેધાહમાં લેતાં તેમાં આજે આસમાન તથા જમીન જેટલો ફરક પડીગએલો આપણે જોઇએછે.

"ધી પાસત એંડ પરેઝંટ" નામના એક મહરાઠી પુસતક ઉપરથી હેવું પણ જાણવામાં આવેલછેકે, આગલનાં ઘણાંજ પુરાંના વખતમાં વાલકેસવરના ડુંગરની ઉપર હવડાં હુભેલી વાવટાકાઠીની પાસેથી તે કોલાંબાખાતેની દીવાદાંણડી આગલના ખડકસુધી દરીઆવમાંથી બાંધેલો એક સલગ પુલ હતો, જે વીશે આપણે હવડાં ભુલતા નહોઇએતો, ઘણીજ કકડતી ઓટની વખતે લાંમબી ને લાંમબી ખડકની એક હાંતી હજીસુધી દ્રખાઇઆવેછે, અને તે પુલને "સીરગુંદી" ઇઆનેં સાંકલી ગલીનુ નાંમ જે આપેલું હતું તે "સીરગુંદી" પસાર કરીને વાલકેસવર તરફનાં ઢોરો છેક કોલાબા સુધી ચરવા જતાંહતાં, પણ પાંણીના જોરમારાથી, અને વખત જતે તેઉપર જાથુકની મરાંમત નહી થયાને લીધે, અથવાતો કોઇ બીજા સંજોગથી તે બાંધકાંમ દીનપરદીન ઘોવાઇજીઇને બેહુ છેડાનો અસલ મેલાવડો કેઆરથી છુટો પડેઓછે, તેની તથા તે બાંધકાંમના સને ઉપરાંત તેના બનાવનાર સબબસતી કસીએ હકીગત સોધકરતાં હાથઆવી સકી નથી.

ઉપર જણાવેઆ મુજબ આ ટાપુનાં અસલ સાત બેટોમાં જુદાં જુદાં નાંઘલાં ઘણાંક ગાંમડાંઓ* છાસટી તરફનાં કોઈ રાજાને તાબે હતાં; જેની ઉતપંતી ઘણું કરીને અનેક જાતની માછલીઓ કે જે તે વખતપર ઉકમાંઇથી વખણાતી હતી, તેની ઉપજ સરકારને મલતી હતી અને તે મુજબ હવડેની ઘડીસુધી તે ચીજનો ભખસ કરનારાઓને ખોરાકમો એ માહવરૂ ઉમદા ગણાએછે. એ માછલાંઓ આજે ૮૦૦ વરસની વાતપર હીંઆંને કીનારે નીરભએ આવીને મુહબલ ઇડાં મેલતાં હતાં એટલુંજ નહીં પણ દરીઆવના પાંણીબી વચે ફરી વલેઆને લીવે જેટલાં ગાંમો એકબીજાથી જે જુદાં પડેલાં હતાં તે અંગરેજી હકુમતમાં તેઓની કલાકઉસલથી જોડાઇને કેટલાક હજાર એકરની માંપણીમાં આ આબાદ મુંબઈ નગરી આપણે વાસતે આગમજથીજ તઇઆર થઇને પોતાની આસેપાસે છોલ મારતા દરીઆવની વચે ઊંચી જમીન ઉપર સાંહાંમાસામાં બે મોહોટા ડુંગરોની વચે હસતે મોહડે ઉભેલીછે.

ભીમરાજા જારે છાસટી તથા કોકણ કાંઠાના કેટલાંક ગાંમડાંઓ ઉપર અમલ ચલાવતા હતા તારે કચકાંઈ જુના લેખો ઉપરથી હેવું જણાઇ આવેચ કે, ભુંગોલા જાતના કેટલાક સરદારોની માહીમ તથા મરોલમા રાજધાણી ચાલતી હતી અને આ મુંબઇનો નાહનકરો બેટ પણ તેઓનાજ તાબામા હતો. એ લોકોના રાજીઆની પેહલાં, છાસટી તરફના નાએક લોકો જે ટગર વંસના

---

* ભુગોલવીદેઆ સહમજનારાઓના હેવાં મતો પરશીધ થાએલાં છે કે, ધરતીકંપના સબબથી, અથવા જમીન ફાટવાના ઉતપાતથી આ ટાપુના કોઈ કાલે કકડાઓ પડીને હાલી રીતે જુદા જુદા ભાગો વેહેંચાઈ ગયા હશે, અને હેવોજ અભીપરાએ જાણેઆમેલે મરહુમ ડાકટર બીઉઇસટ, જે પરથમ "મુંબઈ ટાંઇમસ" નામના પતરનો કામેલ અધીપતી હતો અને ઘણાંક શાસ્ત્રોનો અભ્યાસી થાઈ ગયોછે તે પણ નીરાચેપણેથી આપી ગયોછે. નો. લે.

કેહવાએચ તેઓની હકુમત પુર જોરમા હતી, અને તે બાબેની શાહદત થાંણા ખાતેથી હાથ આવેલો તરાંબાનો એક પુરાંનો લેખ હેવી રીતે આપેછે કે, ઈસવી સને ૧૦૧૮ માં ટગર વંસના લોકોજ મુંબઇનુ રાજ ચલાવતા હતા. વલી છાસટી ખાતેથી જે શીલાલેખ મલેઓચ તેમાં હેવું કોતરાએલુંછે કે ઈસવી સને ૧૦૪૭ માં ટગર વંસના કેસોદેવ રાજાએ છાસટી માહેલું ઉતનગાંમ કોઈને ઇનામમાં આપેલ હતું. ઈસવી સને ૧૦૯૯ અથવા ૧૧૦૦ માં હરપાલદેવ નામનાં રાજાએ વીઉરગાંમ વગેરેના લતાઓ પણ ઇનામમાં આપેઆ હતા. આ જુનાં લેખોમાં ભીમરાજાએ માહીમ ખાતે જે રાજીઅ સથાપેલ તેની તથા પાતાણા પરભુઓ ઉપરાંત બીજી ચાર ગનાતીઓની હકાએતબી લખેલી કેહવામાં આવેછે.

ભીમરાજા જાતનો જે શુંદર હતો તેણે છાસટી તથા કોકણ કાંઠાના કેટલાંક દેશો લઇને પોતાનુ રાજ સથાપેલ હતું અને માહીમને પાએતખત કીધું હતું. ઇસવી સને ૧૨૯૫ માં તેણે મુંબઇ પોતાને હસતક કરી લીધું હતું, તારથી તાંહાં ભંડારી લોકો આવી વશેઆછે. ચેઊલના સરદારોએ તેના કુટંબના રાજાઓને રાજીઅપરથી ઉઠાડી પોતે રાજા થયા પણ પાછલથી મુસલમાંન લોકોએ તેઓને જીહતી લીધા બાદ માહીમનુ રાજ ભોંગલ લોકો કરવા લાગા તે પણ ઘણુ સુધી તે પર ટકી સખીઆ નો હતા કેમકે મુસલમાંનોએ તાંહાં પાછા આવી તેઓ પાશેથી રાજ છીનવી લીધું. ઇ૦ સ૦ ૧૨૯૨ માં તેઓએ દખશીણી ઉપર પેહલવેહલો હુમલો કીધો હતો; દેવગડ નામનો દેશ જે હવડાં દોલતાબાદને નામે ઓલખાએછે તાહાંના હીંદુ રાજા રામદેવ જાદવને અલાઉદીને જીતીઆ પછે ઈ૦ સ૦ ૧૩૧૮ માં પોતાની સતા માહીમ, છાસટી, કોકણ કાંઠે અને બીજાં કેટલાંક બંદરોપર બેસાડી, મુબારક બાદસાહે દોલતાબાદ પાશે હરપાલ દેવને શીકસત આપી તેને જાનથી મારી નાખેઓ અને વસાઈનો રાજીઅ કારોબાર બાહદુરખાનને શોંકેઓ.

ભીમરાજા મરણ પાંમેઆ પછે તેનો રાજ કુવર પરતાપશાહ ગાદીએ બેઠો અને મોરબમાં પરતાપપુરી નામની એક રાજધાણી સથાપી. ચેવલના સરદાર નાગરસાહે નાફરમાની કીધી તે ઉપરથી તેની સાંમણે લડાઈ ઉઠાવવાનો પરારંભ કીધો, તો જોકે તે તેનો સાલો થતો હતો, પણ ઉપલાં કારણથી ચાલેલી લડાઇમાં પોતાના બંવેવીને ઘણીવાર શીકસત આપીઆ બાદ પોતે માલેક થઇને નીરાંતથી માંહીમમાં બેશી રાજ ચલાવવા લાગો. આ કાંમમા નાગરસાને જે જે સરદારોએ મદદ કીધી હતી તેઓને ઇનામમાં જારે કાંઈજ નહીં મલેલ, તારે તેઓએ નારાજીપણાના કપટથી મુસલમીન લોકોને પોતાની કુંમકે બોલાવેઆ, અને નાગરસાને જાનથી મારી નખાવી રાજનાં ધણી તેઓ થાઈ બેઠા હતા.

પોરટુગીસનાં અમલની શરૂઆત પેહલાં મુંબઇમાં જે લોકો વસતા હતા તે પાંચ જાતના માલુમ પડેછે જેમા મછીમાર કોલીઓ, ભોંગલા ભંડારીઓ, પલસીઆ જોશીઓ, પાતાણા પરભુઓ, અને પાંચકલશી, જેહવા કે વાડવેલ

તથા સુતારો જાથુકના વતનીઓ કેહવાતા હતા, અને તે ઈ૦ ૧૪ મી સદીની સરૂઆત થયા આગમજના વસનારા ગણાયાછે, અને તે પછે કોઈ ધણીક મુદતે ઈસલાંમી મજહબવાલા કુકણી લોકો આસપાસથી નીકલી આવીને હીંઆંનો વાશો કરી રહેઆ હતા. આ હીંદુ લોકો હીંઆંના અસલ વતનીઓ જે સાબેત થાએછે તેનાં કારણમાં હેવું જણાવેલું જેવામા આવેછે કે તેઓને મલેલી જમીનો, ખેતરો, તથા વાડાઓની માલેકીનો ભોગવાટો તેઓ માહેલા ઘણાઓના હાથમાં વંઉસ પરંપરાથી ઉતરી આવેલો હજી તક સચવાઈ રહેલોછે. શીમની દખણેણે પલસા નાંમની જે એક ડુંગરીછે, તાંહાંનાં વસનારાઓ તેજ નામથી ઓલખાતા જેમ માલુમ પડેછે, તેમજ માહીમની અંદર પરભાદેવીનુ એક ઘણુજ પુરાનું દેહરૂંછે તે નામ ઉપરથીજ તાંહાંના વતનીઓ પરભુ લોકોની અટકથી ઓલખાતા હોએ હેવું અનુમાન થઈ સકેછે, કારણ કે જોશીઓ તથા પરભુઓના વાડા જગે જગે જણાઈ આવેછે, અને ભંડારી તથા મછીમાર કોલી લોકોનાંબી ઘેરા તથા વાડાઓ ધોબીતલાવ, ડુંગરી, અને તેહવાંજ બીજાં ઘણાં ઠેકાંણાઓ ઉપર દેખાઈ આવેછે, અને તેઓમા કેટલાક લોકો અસલથી દોલતમંદો પણ કેહવાતા આવેછે. પાંચકલશી, શુથારો અને વાડવેલ લોકોના અસલી મકાંનોબી ગીરગાંમ, કાંદાવાડી, મજગાંમ, પરેલ અને વરલી તરફ પુસકલ નજર આવેછે. કોલભાટ અને મુગભાટ નામની બીશીઆર જગાઓ મુંબઈમાંછે, અને એ ભાટ સબદ ગોમાતીક કેહછે જેનો અરથ વાડી, ઠેકાંણું અથવા વતનનો થાએછે. એ ઉપરથી હેવો સાર નીકલેછે કે પોરટુગીઝ લોકોની કારકીરદીમાં ગોમાતીકનાં રવઈઆ મુજબ એ લોકોના રેહઠાણોને ભાટ નાંમ આપેલું હશે, જેમકે બીજાં દેશોમાં હાવી મીલકત ધરાવનારાઓને ફરજનદાર, જમીનદાર, અથવા વતનદાર કેહેવામાં આવેછે તેજ પરમાંણે પોરટુગીઝો પણ તેઓને ભાટકર કરી કેહતા હોએ કેમકે ચંદનવાડી તથા કાલબાદેવીનાં ચોરી રસતાઓની વચે આવેલી ચીરાબજારની પાછલથી તે છેક મનીસકુલની થોડીક હધ સુધીની જમીનનો ભાગ હજી તુલીક કોલભાટને નાંમેજ ઓલખાતો રેહછે, માટે એ જગા અસલમાં કોઈ કોલીના વતનની હોએ હેવું લાગેછે. આતમારામ બાબાના ઠાકોર મંદીર આગલ જે મોઠી વાડીછે તે મુંગભાટ કેહવાએછે તેપણ કોઈ મુગા નામના કોલીની જગા હશે કેમકે એ મછીમાર લોકોમા શીમગા, પોસા, ભોગા, મંગલીઆ, બુધયા, જોગઈઆ, મુગા, ભુલા, લકરા, ધરમાં, અને માવેઆ હેવાં નાંમો સાધારણ માલુમ પડેછે.

પાંચકલશી લોકોનો ધંધો ઘણું કરી વાડવેલ અને સુથારનોજ હતો, અને તેવા લોકોની બોહોલી વસતી જેમ આજે છાસઠીઓમા હુબાહુ જાએચ તેમ આગલા વખતપર હીંઆંબી હતી, અને હવડે પણ કાંઈ ઓછુ જણાશે નહી. એ લોકોમાં જેકે હવડાં ચાર અથવા પાંચ તડાં પડેલાં કેહવાએછે તેપણ અસલમાં તેઓ સંધા એખટા હતા. એ ગનાત માહેલો એક હરી કેસવજી નામનો પુરૂસ ઘણોજ વીદવાન થઈ ગયોછે, તે અંગરેજી તથા

મરાઠી ભાશાની સારી માહીતકારી ધરાવતો હતો, એટલુંજ નહી પણ સંસકરૂતનોબી થોડો ઘણો અભિઆસ પાઠ કીધેલો હતો. આ નામાંકીત સખશે સાત અથવા આઠેક અંગરેજી ગરંથોનો મરાઠીમાં તરજુમો કીધેલો કેહવાએછે, અને તે સખસ એકવાર માંજી સદર અદાલતમા ભાસાનતર કરવાની નોકરીપર રહેઆ પછે સંવત ૧૯૧૪ ના સાલમા મરણ પાંમેઓ હતો. એ ગરહસથ ઘણો સાહલેસમનનો અને ઠંડા સવભાવનો, એક મીતર તરીકે સરવેની સાથે મીલન સારી રાખતો હતો; તેણે અસલી વારતાઓની શોધ કરતાં હેવું જણાવેલુંછે કે આ પાંચકલશી લોકો અસલ શોમવંશી ક્ષત્રી હતા, હેવું નીસચે કરીને તેજ જાતનો પોતાનેબી ઠેરવેલોછે પણ તેનો કશો આધાર બરોબર જણાવેલો નથી. એ બાબે કેટલાક હીંદુઓ હેવુંબી ધારેછે કે એ લોકો અસલ પાંડવવંશીછે. પલસા જોશીઓની જાતવાલા ઘણુ કરીને વસઈ તથા કેવલી માહીમમાં પુસકલ વશેછે, અને તાંહાં તેઓના વાડા અથવા વતનો પણ જાથુકનાછે.

પરભુલોકોબી કેહેછે કે- અસલથીજ રાજીઅ કારોબારનાં કાંમો ચલાવતા આવેઆછે; જેમ ભીમરાજાના વખતમાં દરબારી નોકરી કરતા તેમજ પોરટુગીઝોની હકુમત જારે હીંઆં થાઈ તારે તે લોકોની ભાશા શીખીને તેઓ હસતકના રાજ વહીવટમાં પડેઆ હતા, અને તે પછે અંગરેજી અંમલ થયો તારે તે જુબાનનીબી માહીતી મેલવીને તેઓની વેપારી તથા સરકારી ચાકરીઓમા મસગુલ થયા; માંટે એથી કરી એ કોમવાલાઓ ઘણાજ ઉદીઓગી અને ચંચલાઇ ભરેઆ જે ખચીત માલુમ પડેછે, તેની સાબેતીના એકાદ બે દાખલા આપીએચ કે આપણી ટાપુ ખાતે જારે પેહલવેહલો વરલીનો બંદ બંધાયો તારે તેના કાંમનો વહીવટ, કેહચ કે, સંમજી શીવજી નામના એક પરભુનેજ સોંફેલો હતો. ધાકજી દાદાજી નામનો એક પરખેઆત પરભુ જે અસલમાં ઘણો પઈસાદાર થાઇને પેહલે વાંગેના શેઠીઆમા ગણાતો હતો તેણે પોતાની કાબેલીએતથી કેટલીક મુદત સુધી વરોદરાની ગાએકુઆરીમાં દેવાનગીરીની નોકરી બજાવી તાંહાં મોહટી નામવરી મેલવી હતી. આવીશેની વધારે કેફીએત આ પુસતકના બીજા ભાગપર તેમના જનમારામાં જણાવેલી જોવામાં આવશે.

હેવું કેહછે કે પોરટુગીઝોનાં અંમલ સુધી મુંબઈ ખાતે જાહેરાત દરજીઓ ન હતા, તારે તે ઉપરથી એક સાદો સવાલ ઉઠી સખેચ કે તે વખતપર વતની લોકોના બદન ઢાંકવા સારૂં કપડાંઓ કાંહાંથી શીવાઈ આવેઆં હશે? પણ આ નોધ લેનારની ધારના પરમાંણે તે વખતમાં ઘણા નહી તો થોડાબી દરજી અહીયાં હોવાતો જોઇએ-પછે અંગરેજી અંમલમાં બાહેરથી પુસકલ મેરાઇઓ આવીને વધી પરેઆ હોએ તો તેની કશી નવાઇ જણાતી નથી કેમકે જારથી તેઓ દેસના સંભાલ તથા બીજાં કારણ સારૂ શીપાહીઓ રાખવા લાગા તારથી તેઓને માંટે લસકરી પોસાગ બનાવનારા દરજીઓ મંગાવેઆ હતા. જેઓમાહેલા આગલા દરજીઓની તો કશી હકીકત હાથ આવી નથી પણ પાછલા વખતપર છીપી આતમારાંમ બાલાજી નામનો એક ગરહસથ એજ ધંધામો મસગુલ રહીને જે પરખેઆત થાઈ ગએયોછે તે અંગરેજી લસકર ખાતાંનાં

પોસાગ શીવવાનુ મુહબલક કાંમ સરકાર પાશેથી મેલવીને પોતાના હાથ એહલ પુસકલ દરજીઓને રાખી ઇમાનદારીથી શેવા બજાવતો હતો, અને તેજ ધંધામાં જીંદગીના છેડા સુધી પરમાંણીકપણે વલગી રહીને લગભગ ૮૦ વરસની જઇફીએ પોંહોંતો હતો. હાવાં બોહોલાં કામમાં એ સખસ મોટો પઈસાવાલો અને છીપી (ઇઆને દખણી દરજીઓની) ગનાતનો એક શેઠીઓ ગણાતો હતો. પોતાના અઈઆંમમાં દરવીઅનો થોડો ભાગ ધરમદાંનમાં સારી પેઠે વાપરતો હતો, અને તેહવાજ નીએમથી ભુલેસવર આગલ એક મોટું મંદીર અને સભામંડપ બાંધીને પોતાના નામની ઈઆદગારી રાખેઆ પછે પોતાના હકદાર વારેસ માટે મોટો ભંડોલ મેલીને ગુજરી ગયો હતો. તે બાદ તેના વીસવનાથ નામના છોકરાએ લખલુટપણાથી સઘલો પઇશો ઉડાવી દઈને છેક મુફલેસ હાલતમાં તે પણ મરણ પાંમીયોછે.

આ ટાપુએ અસલથીજ મુંબઇનું મુબારક નાંમ જે ધારણ કીધુંચ તે વીશે કોઈ કેહેચ કે મુંબાદેવીનું પુરાંનું દેહરૂં (જેને સંસકરતમાં "માંમબાંમ" કરી કેહેછે) જે ઇસવી સને ૧૩૭૨ માં બંધાઉં હતું તે ઉપરથીછે; વલી બીજાઓ ધારેચ કે પોરટુગીશો પોતાના વાંહાંણો લઇને પેહલવેહલાં બારાંમાં દાખલ થયા તારે એ બારાંને ઘણુંજ સલાંમતી ભરેલું જોયા ઉપરથી તેઓએ તેમની ભાશામાં "બોંમબે" ઇઆને સારૂ બંદર કરી આપેલુંછે; અંગરેજ લોકોએ પોતાની જુબાનમાં "બોંમબે" અને દેશીઓ મુંબઈ કરી બોલવા લાગાછે, પણ આ બીનાની શરૂઆતમાં યુનાની ગરંથ કરતાની સાહદતથી તેનું નામ એટલા ટુક વખતનું પોરટુગાલોએ આપેલું નહીં થડતાં ઘણાજ પરાચીન કાલનું સાબેત થાએછે; અને તે શા ઉપરથી અપાએલું હોએ તેની ચોકસ ઇઆદી ઉપર જણાવેઆ શીવાએ બીજી મલી શકતી નથી.

હેવું કેહવામા આવેલુંછે કે ઇશાવી સને ૧૪૨૯ માં દખણ તરફના રાજા નાંમે બાંહાંમણીએ મુંબઇ તથા તેને લગતી સઘલી છાસઠી પેહલવેહલી કબજ કરી લીધી હતી પણ તે કહેઆ સખસ પાશેથી તેનું કાંઇબી વરણન વીસતારેલું જણાયું નથી.

પોરટુગીસ લોકોના અમલની સરૂઆત.

પાછલથી જારે આ ટાપુ થાંણાનાં કોઇ સરદારની હકુમત હેઠલ હતો, તે વખતે ઇશાવી સને ૧૫૩૦ માં પેહલ વેહલા પોરટુગીસ લોકો યુરોપખંડમાંથી આવેઆ તારે તેઓએ વસવા સારૂ માગેઆ મુજબ તેઓને તે આપેઓ હતો; તે વખતે કેહચ કે પાંચેક હજાર માણસોની વસતીવાળાં નાંધલાં જુપડાં જેવાં ૪૦૦ ઘરો, અને મીઠાંના થોડાંક અગરો હતાં, જેની ઉપજમાં વરસે દાહાડે રૂ૭૦૦) સરકારને પેદાએસ મલતી હતી. હેની વીશેક વરસ આગમજ ગોવાનું ગાંમ જે પોરટુગીશોએ કબજ કરી લીધેલું હતું તેથી તેઓની હકુમત જારે આ ટાપુ ઉપર ચાલવા લાગી તારે તાંહાંના પોરટુગીશો તથા શેણવી જાતના

હીંદુઓએ આવીને અતરે રેહેઠાણ કીધું હતું, અને તેની પુઠે કોકણ કાંઠા તરફથી મુસલમીનો પણ આવવા લાગા તેથી વસતીમાં દીન ઉગત વધારો થતો ચાલિઓ જે વાતને આસરે એકશો વરસ ઉપર વહી ગએઆ પછે સુરત જીલ્લાના મોરા સુમારી ગાંમમાંથી એક પારસી નામે દોરાબજી નાનાભાઇ તેમના ગરીબ કુટંબ સહીત સને ૧૬૪૦ માં આવીને અતરે વતન કરી રહેઆ, માટે એજ વરસથી પારશીઓની મુંબઈ મધે આવી વસવાની શરૂઆત થવા માંડેલી માલુમ પડેછે. આ પારસીની હીંમત તથા કાંમ કરવાની ચાલાકી જણાઈ આવેઆને લીધે તે વખતની પોરટુગીસ સરકારના વહીવટમાં તેઓ દાખલ થયા હતા, અને કેહેછે કે તેઓ સરકારને ઘણાજ મદદગાર થઈ પડીયા હતા; અને તે વખત પર તેઓએ બાંધેલું, પણ હવડાં જુહપડાં સરીખું દેખાતું એક ઘેર, જે આજે પટેલના મોહલામા મરહુમ વાહાડીઆજી નવરોજજી જમશેદજીની હવેલી પાશે રસતાની સપાટી સાથે સરખાઇને ઉભેલુંછે, તે તેમનું પુરાતમપણું બતલાવી આપવાને બસ ધારીએચ. હમારા વીચાર પરમાણે અલબતાં તેમની સંગાથે અથવા પછવાડે બીજા પારશીઓબી બાહેર ગાંમોથી રોજગારને અરથે અતરે આવેલા હોવા જોઇએ; અને વખતે આવેલાબી હશે, પણ એકતો તેઓની કશી નોધ કોઈજ પાશે સાબેત રહેલી જણાતી નથી, અને બીજુંતો તેઓ કોઈ પરકારે જાહેર કાંમોમા પરબેઆત થએલા નહીંજ હશે, તેથી કરીનેજ તેવા સાહેબોને પડતા મુકી આ પટેલ ખાનદાનના એક આગેવાન ગરહસથના નામની નોધ અતરે લઈ રાખવાને વાજબી ધારીએછે.

જે વખતે આ ટાપુ પોરટુગીશોને હવાલે થયો તારે, તે માહેલા કેટલાક કીલ્લાઓ, આગલી હકુમતવાલાઓ હસતકથી બંધાએલા માતરે મજગાંમ, શીવરી, વરલી, માહીમ અને શીમ તરફજ હતા; પણ પરદેશી રાજનો પગ પેસારો થયા ઉપરથી અલબતાં શેહરના સંભાલ માટે કીલ્લા, અને કોટથી મજબુતાઈ આપવી જોઇએ; માટે તેઓની ઢપ પરમાંણે હવડેના ડુંગરી કીલ્લાનું માહભારત કાંમ તેઓએ ઉઠાવેલ હતું, અને તેની અંદર લસકરી ખાતાંનો સઘલો સરણજાંમ તેઓ ભરી રાખતા હતા, એટલુંજ નહી પણ તેની આશેપાશે ફરંગીઓનાં રેહઠાણોબી, બેઠા બંગલાઓના આકારમાં, બાંધેઆં હતાં, અને જે કોઇ આબરૂદાર જાંણીતા દેશીઓ હતા તેઓને રેહવામાંટે પાલવાના (અસલી)* દરવાજાની બાહેરથી તે છેક મસજીદ બંદરની વચે આવેલાં મેદાનની જગા ઠેરવી આપેઆમાં આવી હતી, પણ તે વખતની વસતી ઘણી જુજ હોવાને લીધે, બાકીનો મોટો ભાગ ઉજડ પડી રહેલો હતો. એ લોકોનુ સરવેથી માહભારત કાંમ વાંહાંનોને સારી હાલતમાં સંભાલી રાખવાનુ હતું, કારણ કે તેઓનાં બારકશોની વારંવાર મરાંમત કરવી પડે તેવા હેતુથી થોડીક કામચલાઉ જગા,

---

* અસલી બોલ એટલા માટે વાપરીએચ કે, આ ટાપુના ફરતો કોટમાંથી બાહેર જવાના મોહોટા દરવાજાઓ જે તરણ ઠેકાંણે મુકેલા હતા તે માહેલી પાલવાની ભાગલો દખશીણ તરફ હતી; તે જારે ઈ° સ° ૧૮૬૩ માં સઘલો કોટ ટોડી પાડઆ તારે તેની સાથે બધા દરવાજાઓબી નીકલી ગયાછે. ના. લે.

હાલની આપણી કોટ માહેલી સરકારી ગોદી તરફ, ડેઉવેઆમાં આવી હતી, અને તરીના આયાત માલ ઉપર મેહશુલ હુધડાવવા સારૂ એક માંડવી પણ પેહલવેહલી તેઓએ માંહીમ તરફ સથાપેઆ ઉપરાંત બીજાં કેટલાંક સરકારી જાહેર ખાતાનાં મકાનોબી બાંધેઆં હતાં, તે આજનાં સુધરેલા સમા સાથે તો કવચીત સરખાઇ સકાએજ નહી; પણ તેહવે વખતે તદન નહી હોયા ક-રતાં સઘલાં સારાં અને ગનીમત જેવાં ગણાતાં હતાં. હેવી રીતે એ કાથો-લીક પંથના પોરટુગાલ પાદશાહની ધજા આ ટાપુ ખાતે લગભગ ૧૩૨) વરસ વેર ઘણી જાહોજલાલી સહીત જાથુક ઉડઆ પછે તે રાજીઅનો ભોગવટો, તેમના પડોશી, અને કાએદાથી નેકામા આવેલા બહનેવી અંગરેજ રાજાને સ-પુરદ કરી દીધો હતો.

મુંબઇની હકુમતપર અંગરેજી રાજીઅનો અમલ.

સારી ચીજના શોકીનો જેમ તેને હાથમાં લેવાની લાલુચ કરેછે, તેવીજ ધઉકતી આપણે માંથે રાજ ચલાવનારી ગનાત, જે તે વખત ઉપર સુરત ખાતે વેપારને અરથે રેહતી હતી, તેઓને આ ટાપુ વેપારના મથક માટે ઘણુંજ પસંદ પડઆથી, નાંમદાર ઇસ્ટ ઇંડીઆ કુંપનીના વડા આડતીઆ મી૦ આલીવર કરાંમવેલ, ઇશવી સને ૧૬૫૪ માં ઈંગલાંડ ખાતે હેવું લખી વાલેઊં હતું કે, કોઇબી તદબીર ચલાવીને મુંબઇનો ટાપુ પોરટુગીશો પાશેથી લઈ લેવો, અને તે બાબદની વીશેશ વાતો ચાલતાં લગભગ સાતેક વરસ પસાર થયાં તેટલાં અંગરેજી હકુમતના નસીબ જાગેઆથી હેવું બનેઊં કે ઈંગલાંડના નામદાર રાજા ચારલસ બીજા સંગાથે ઇ૦ સ૦ ૧૬૬૧ માં જુનની ૧૯ મી તારીખે પોરટુગીસના રાજાની બેહન ઇનિફાંનતા કેથેરાઇનના લગનનો સંબંધ જોડાયો તારે, તેના પલ્લાંમો આ મુંબઇનો ટાપુ મુબારક થવા વીશેનાં સતા ભરેઆં લખત પતરકો તેજ મહીનાંની ૨૩ મી તારીખે સહી સાખ થયાં અને તે બાબદમાં રાજાએ તા૦ ૯ મી એપરેલ ૧૬૬૨ ની તેરીખે ગોવા ખાતે પોતાના ગવરનર ઉપર એક દસતાવેજ મોકલીને આ ટાપુ અંગરેજી હકુમતને સવાધીન કરી દેવાની જે તાકીદ ફરમાવી હતી તે દસતાવેજની નકલ નીચે મુજબ માલુમ પડીછે.

"આનટોનીઓ દી મેલો ઇ કાસતરો, ઇતીઆદી.

"**માહરા દોસત**—હું રાજાની સલાંમ વાંચેઆબાદ જાણવું કે માહરી "પેઆરી અને માંનવંતી બેહનના લગનની રીત બાબે માહારા નેક ભાઈ તથા "પીતરાઇ ઈંગલાંડના રાજા સાથે જે કોલકરારો થયાછે, તેની એક નકલ આ "કાગજ મધે બીડલીછે, તે ઉપરથી મુંબઇનો ટાપુ અને તેનું બંદર, તે રાજાની "મીલકત સાથી અને કેમ કેહેવાએ, અને તે તેને સવાધીન કરવા સારૂ તમોને "હું શામાટે ફરમાઊંચ, તે સઘલું જણાશે; વાસતે એ રાજાના કાગલની તમો

"તાકીદથી અમલ કરજો અને મુંબઇ જેના હવાલામો આપવાનું માલુમ પડે
"તેને સવાધીન કરી દેજો, તથા સંભાળ એટલી રાખજો કે સાટાંખતમાં
"બતલાવેલી સરત પરમાણે કામ ચોકસ થાય, અને સઘલાં કામમાં લખત
"પતર રહી ન જાએ. એ સઘલું કાંમ બજાવી રહેઆ પછે તેની વીગત
"માહરી ઉપર લખી મોકલજો કે રીત આપી ચુકા હેવું હું અતરેથી જાહેર
"કરૂં. બીજું લખત જે બીડુંછે તે વાંચેઆથી તમોને માલુમ પડશે કે આ
"સગાઈ જે કીધીચ તે ઉપરથી ઈંગલાંડનો રાજા જરૂરની વખતે મહને મદદ
"આપવા થકી કેહવો બંધાએલોછે."

(સહી) રાજો."

"લીસબોન તા૦ ૯ મી મેએ ૧૬૬૨.

ઉપલો કાગળ આપીને પોરટુગાલના રાજાએ જે કાસદને રવાને કરેઓ હતો તેની સાથે અરલ આવ મારલબોરોની સરદારી હેઠલ પાંચ અંગરેજી મનવારોના એક મજબુત કાફલા ઉપરાંત સર આબરાહાંમ શીંપમેનની હકુમત તલે ૫૦૦) લશકરી માંણશોને ઈંગલાંડથી રાજા બીજા ચારલશે રવાંને કીધાં હતાં, તે મુજબ તારીખ ૧૮ મી સપટેમબર ૧૬૬૨ ને મુબારક રોજે નામદાર રાજા ચારલસ બીજાને નામે આ ટાપુ હવાલે લેવા માટે તેઓ આવી પુગા, પણ કોલકરાર મધે જણાવેઆ ઉપરાંત સર આબરાહમ શીંપમેને છાસટી તથા ઉરણબી માંગેઊં, તે આપવાની પોરટુગીસ ગવરનરે તદન ના પાડી તેથી અરલ આવ મારલબોરો ઉપલા કાફલા સહીત હીંઆંથી પાછો ફરીને ઈંગલાંડ ગયો, અને સર આબરાહમ શીંપમેન પોતાનું લશકર લઈને ગોવાની સાંમણે આંણજી દીવા નામની જગોએ જઈ પડી રહેઓ, પણ તે પછે, કેહચ કે, તે લશકરમા ખરાબ હવા પેઠાથી સર આબરાહમ પોંતે, અને તેના લગભગ ૩૦૦) માણશો ૧૬૬૪ ની આખરી સુધીમા મરણ પાંમેઆ, જે વીશેની ખબર સુરતની કોઠીના વડાને પોંહચતાંવાર તેનો હોકમ આવેઆથી સકરેટેરી મી૦ કુકે પોતાના તથા બાકી બચી રહેલાં માણશોના સંભાલ માટે, પોરટુગીશોના કેહવા મુજબ, તેજ શાળના નવેમબર મહીનામાં નવો કોલકરાર કરીને ફકત મુંબઇનોજ ટાપુ લેવાનું તુરત વેલા કબુલ રાખીઊં, અને પોરટુગીસ રેહવાશીઓમાં વેપાર ચલાવવાની છુટ આપોને ૧૬૬૫ ની સરૂઆતમાં આવીને જે પેહલ વેહલો વાશો કીધો, તે દાહડાથી કીલા ઉપર અંગરેજી ધજાનો "ઇઉનીએન જાક" જેહવી ધાંમધુમથી ઉરાડેઓ, તેહવીજ જાહોજલાલી સહીત જગત કીરતારની કીરપાથી આજ દન સુધી ચહડતી કલાએ ઉડતો રહેઓચ તે જોઈ સઘલી બરીટીસ પરજાને સદા સંતોસ ઉપજેછે પણ તેના દરમીઆનમાં તેજ વખતપર જે હરકતો નડી હતી તે માંહેલી પેહલી એ કે સુરતની મુગલાઈ હકુમતવાલાઓ અદેખાઈની આંખો કાહડી કપટપણાથી આ બનાવતરફ જોવા લાગા, પણ શુરા અંગરેજોની સાહુચેતી સાંમણે તેઓ કાંઇજ ફાવી શકેઆ નોહતા.

ઉપર જણાવેઆ મુજબની પાછલી ગોઠવણ વીશેની ખબર જારે ઈંગલાંડના રાજા પાશે ગઇ, તારે તે વાત સાંભલી તે નામદારે ઘણી નાખુશી બત-

લાવી હતી એટલુંજ નહી પણ તે નવી સરતો સઘલી રદ કરવા માટે સર જારવીસ લીઉકસને મુંબઈનો પેહલવેહલો ગવરનર ઠેડવી તુરત મોકલાવી દીધો, જે તા૦ ૫ મી નવેમબર ૧૬૬૬ ને રોજે સઈસલામત આવી પુગો હતો. અને સરવેથી પેહલાં તો આ કુકની ચાલચલણ તથા કામકાજ વીશેની તપાસ તેણે કરવા માંડી જેથી તેને હેવું માલુમ પડઊં કે રાજાને નામે મેહસુલની વસુલાત કીધેલા ૧,૨૦,૦૦૦) અસરફીનસ નાંમનાં સીકાઓ સરકારમો જમે આપેઆને બદલે પોતાનાં ખાનગી વાપરવાસમાં લઇ લીધા હતા. તેની સજામો મુંબઈની હકુમત ઉપરથી તેને એકેદમ બરતરફ કરી દીધો. તારે તે ગોવા ખાતે જઈને તાંહાંના જેસુટ લોકોનો આસરો પકડી બેઠો રહેઓ. અને આ કુકની જગા જે ખાલી પડી તે ઉપર દેપીઉટી ગવરનર તરીકે સર જરવીશે કપતાન હેનરી ગેરીને ઠેડવેઓ હતો.

પોરટુગીસ સરકાર પાસેથી જેમ આપે ટાપુ લઈ લીધો તેમજ તેની હકુમતની સરકારી સઘલી મીલકતો તથા મીરાસોની સાથે પેલા પરએઆત દોરાબજી નાનાભાઈની નોકરી પણ પોતાને તાબે કીધો, અને તેઆરથી તેવણ અંગરેજી અંમલનાં સરકારી ખાતાંઓ ઉપર કામકાજ ચલાવતા રહેઆ, અને વાંહાંનો બાંધવાની ગોદી જે સારી હાલતમાં નોહતી તેને ૧૬૬૬ માં અંગરેજી કાએદે પેહલવેહલી મજબુત પાએથી સર જારવીસ લીઉકસ નામના ગવરનરે બંધાવી હતી.

તે વખતની વલાણ જાણીને સર જરવીશ લીઉકશે ઈંગલાંડ ખાતે જે કાગજો લખેઆં તેમાં ધાસતી ભરીઊં હેવું જણાવેઊં હતું કે પોરટુગીસ પાસેથી એ ટાપુ લેતી વખતે મી૦ કુકે પુરતા બંદોબસતની ચોકાશી નહી રાખેઆને લીધે, તે ઉપર મુગોલો શેહલથી ચહડી આવીને કોક વખતે અતી મોહટી ખરાબી કરશે. એટલુંજ નહી પણ જારે ખેતીવાડીનું કામ ચાલશે, અને મીલકતનાં માલીકપનાનો હક નકી થાસે તારે ઘણી ગુચવણ પડશે; કેમકે મેહસુલ નકી કરીને વધારવા માટે જેબી મેહનત હવડાં લઊંચ તે સઘલી ફોકટ જાએ છે; અને પરજા માહેલા કેટલાક લોકો જમીનનું ભાડું આપવા જે ના પાડે છે તે ઉપરથી તેઓના ખરા અથવા ખોટા દાવા માલુમ પડી સખતા નથી.

આટલો ઠેડાવ ચોકસ થયા પછે બીજી વાતોનો વીવાદ ચાલતો હતો તેટલાં તા૦ ૨૧ મી મેએ સને ૧૬૬૭ ને રોજે નામદાર ગવરનર સર જરવીસ લીઉકસ એકાએક મરણ પામેયો, અને તેની ગેરહાજેરીનો લાભ લઇને ગોવા ખાતે ભરાઈ બેઠેલા મી૦ કુકે મુંબઈની હાકમી પાછી હાથ કરવાનો દાવો ઉઠાવેઓ હતો પણ કપતાન ગેરીએ તેનો હક નાંમંજુર રાખેઓ જે ઉપરથી તેણે મુંબઈ આવીને વાંદરા તરફનાં પોરટુગીશોની મદદથી એક લશકર ઉભું કરવાની ગોઠવણ ચલાવી. તેમાં તે ફાવેઆનુ કારણ હેવું માલુમ પડઊં હતું કે ઈંગલાંડના રાજાની મુરાદ મુઆંફેક મુંબઈ ઉપરાંત છાસટીઓ સગલી અંગરેજી હકુમતને તાબે થએઆ પછે, કેહચ કે, વાંદરાનાં રેહવાસી જેસુટ લોકોની એક મદરેશા જે હતી તેને માટે તેઓ ઘણી જગા મુફત માંગવા લાગા તે; તથા તેમને બીજા કેટલા

અનધટતા હક આપવાનુ જારે નાપાડવામાં આવેલેં તારે, એ જેસુટ લોકોએ બખેડો બરપા કરવા માંડ્યો હતો; પણ તે ઉપરથી તેઓની અસલી જમીન વટીક સદાબરી જપત થઈ હતી તેનું વેર સર જરવીસ લીઉકસ તથા કપતાન ગેરી ઉપર રાખીને આ કુકને મદદ આપવા નીકલેઆં. પણ તે વાતમાં એ કુક ખરેખરો એક બલવાખોર ઠર્યો માટે હાવા તેના નાલાએક કામોને ઈંગલાડના તાજ, અથવા ઇસટ ઈંડીઆ કુંપનીના સુરતવાલા અમલદારો તરફથી કાંઇબી આસરો મલેઓ નહી હતો.

આએ ટાપુની મેહસુલમાં હાલની સદી સરકારને કરોડો રૂપીઆ જે દેખાડેચ, તેજ જમા આગલી વખતે કેટલું થોડું ઉપજાવી શકતી હતી, તે તેની તવારીખ ઉપરથી જણાઈ આવેછે; કેહેછે કે ઇસવી સને ૧૬૬૭ ની અધવચમાં દેપીઉટી ગવરનર કપતાન ગેરીએ તે સાલના મેહસુલનો એકંદર કોઠો ઉપજાવીને જે વેલાત ખાતે મોકલાવેઓ હતો તેમાં સઘલી કીસમની પેદાસને માટે ૩૬૫૦૦૦) નો અડસટો જણાવેઓ હતો પણ કેહચ કે તે ધારણા જેટલી ઉપજ તારે થાઇ નોહતી.

મુંબઇનો ટાપુ કબજાણમાં આવેઆ પછે, તેને કોઈબી દેશી હકુમતવાલાની ધાસતીમાંથી બંચાવી રાખવાનો વીચાર પોંહચાડી પકી કીલે બંદી કરી લેવા માટે અંગરેજી અંમલદારોની પેહલવેહલી ખાએશ થાઇ, અને તે બાબે વેલાત ખાતેબી તેઓએ લખી વાલેઉં હતું, પણ તેહવી ધારણા જો કે તારે તો કશા ઉપીયોગમાં નહી આવી પણ પાછલથી ૧૬૬૭ માં તરીસ લાખ રૂપીઆ ખરચીને "બોંબે કાશટલ" નામનો કીલો, બાંધીને તેની પાસે દરીઆવ તરફ ૧૫૦૦) ફુટની ફરતી દેવાલ બાંધેઆ ઉપરાંત, મજગાંમ, શીવરી, શીમ, માહીમ તથા વરલીના અસલી કીલ્લાઓને પણ મજબુત કીધા. હાવી રીતે ચોકસ નકશાથી કોટના સંભાલ માંટેનુ બાંધકાંમ જે સુરૂ થાએલેં હતું તે તા૦ ૨ જી એપરેલ ૧૬૬૯ માં સઘલું સરનજામ ઉતરેલેં હતું; પણ મરીન ઈઆને દરીઆઈ લડાએક કાફલાનુ ખાતું તો ૧૬૬૭ નાં ફેબરવારીની પેહલી તારીખથી પેહલવેહલું સ્થાપેઆમાં આવેલેં હતું.

સર જરવીસ લીઉકસના મરણ પછે કપતાન ગેરી જે કામ ચલાઉ હાકમ ઠર્યો હતો તેની સાંમણે મી૦ કુકે ઉઠાવેલા વાંધાની વાત ઈંગલાંડની સરકારને પોંહતી તે ઉપરથી અને એટલા અરસામાં નવાં રાજનું પરીણામ ઉતપંતીના બાબમાં રૂડું નજર નહીં આવેઆને લીધે હીંદુસતાંન ખાતે વેપાર ચલાવનારી ઇસટ ઈંડીઆ કુંપની સંગાથે તા૦ ૨૭ મી મારચ ૧૬૬૮ ને રોજે થયલાં એક લખતની ખુબીથી આ ટાપુની હકુમત તા૦ ૮ મી સપટેમબરે નામદાર ઇસટ ઈંડીઆ કુંપનીના સવાધીનમાં આવી હતી. પાછલથી એજ શેહર આબાદ હાલતે પોંહોંચેઆ પછે, તાજના સવાધીનમે પાછું ખેંચાઇ જવાની વકી તે વખતપર કોઇને સપનેબી હશે નહીં.

જે પટાથી ઇસટ ઈંડીઆ કુંપનીએ આ ટાપુ હાથ કીધો તેના લખતમાં નામદાર રાજાએ એવી કબુલાત દાખલ કીધી હતી કે "પોરટુગાલના રાજ

"તરફથી જેવી હાલતમાં મને એ ટાપુ મલેઆચ તેવીજ હાલતમાં તેના નફા "તથા આવક સુધાં એ કુંપનીને ઈજારે આપી દેવો; અને તેના ભાડાંમાં એ "કુંપની મજકુર દર શાળના સપટેમબરની પેહેલી તારીખે લંડન ચલની પાંઊંડ "૧૦) ઇઆને મુંબઇના રૂ૧૦૦) લેખે રાજાના ખજાનામાં ભરે સહી." એ ઉપરાંત લખતમાં બીજી એવી સરત જણાવી હતી કે એ ટાપુ સઘલો અથવા તે માહેલો હરેક ભાગ કુંપનીએ કોઈને કવચીત વેચવો નહીં, પણ તેમા વસનારાઓને ઈંગલાંડના રાજની રઇએત ગણીને તેઓ મલતા શેહેરના સંભાલ માટે લશકર રાખવું, હાકેમ તથા અમલદારો નેમવા, અને કાએદાઓબી તેઓએજ બાંધવા.

એ પટો નકી થયા વીશેની સઘલી હકીકત ઇસટ ઈંડીઆ કુંપનીના ડાઅરેકટરોની કોરટે સુરત ખાતે પોતાના મુખતેઆર આડતીઆ સર જારજ આકશેનદનને વીરતારી લખી વાલેઆ સાથ તાકીદ ફરમાવી હતી કે મુંબઈની હકુમતને નામદાર રાજાનાં અમલદારો પાશેથી તે આડતીઆએ પોતાના સ્વાધીનમાં લઈ લેવી. અને સુરત ખાતેની સભા માહેલા એક અધીકારીને તાહાનો રાજીઅ વહીવટ સોંપવો. એ વખતની હાલત પરમાણે આ ટાપુની વરશે દાહાડે રૂ૨૮૦૦૦) ની આવકનો અડસટો અટકલીને ઉપલા અંમલદારને બીજું એમબી જાહેર કીધું હતું કે રાજાનું લશકર જો કદાપી કુંપનીની નોકરીમાં રેહવા માંગે તો સુખેથી તેઓને રાખવા પણ તેઓ તથા બીજા શીપાહીઓની સંગાથે ચોકસ બોલી કરવી કે તેઓ જો મુંબઇમાંજ હંમેશાં રહીને ખેતીવાડી ચલાવે તો તે ખેડવા માટે ખાલી જમીન ઉપરાંત અરધો પગાર આપવામાં આવશે. હાવી સરત કરવાનું કારણ એ નવી હકુમતવાલી ઇસ્ટ ઇનડીઆ કુંપનીને કાંઇજ નહી પણ જે તે વાતે મુંબઈમાં વસતી વધારવાનુંજ હતું. અને તે ઉપરાંત ખેતીવાડી તથા વેપાર લાગુ કરવાની મકસદથી સર જારજ ઉપર એવોબી ફરમાન તેઓએ મોકલાવેઓ હતો, કે જે લોકો મુંબઈમાં આવી વશે, તેઓને તેઓના રોજગારમાં મધીઅમ નફો થાએ હેવી ઇઉકતી વાપરવી અને તેટલા માટે તેઓ પાસેથી જડતે નફે માલ ખરીદી લઈને નાહાનાં બતેલા તથા ફતેમારીની મારફતે બસરાની નાલ તથા આફરીકાના કોરાતાઓ તરફ કુંપનીને હસાબે વેચવા મોકલવો કે જેથી કરી એક તો નફો મલેઆથી લોકોને મુંબઇમાં આવી વસવાની ઉલટ છુટે, અને બીજું એ કે કુંપનીનો રોજગાર બીજે આડબંદરે ફેલાવો પામે; આ અને એવીજ મુજબની બીજી રીતીઓ એ બાહદુર કુંપનીએ સનતલેસથી વાપરી તારે આ ઉજડ મુંબઇ આબાદીએ પોંહચવાની નોબતપર આવી હતી.

અંગરેજી હકુમતની અહ્દલ રાજનીતીની આખરે ખરી નોધ જે અતરે દાખલ કરીએચ તે ઉપરથી ચોકસ જણાઈ આવશે કે એ વખતપર નામદાર ઇસટ ઇનડીઆ કુંપનીએ આ ટાપુને અંગરેજી સલતનતનુ સંસથાંણ મજબુત કરવા માટે કેટલાક માઅકુલ કાએદા બાંધીને સતાવાલાઓ ઉપર જે તાકીદે મોકલાવેઆ હતા તેમાં હેવું ફરમાન હતું કે કોટ અને કીલ્લાને મોહટા કરવા,

વગર ધાસતીએ લોકો આવી વશે હેવી સારી ગોઠવણી ઉપર કોટમધે શેહર બાંધવું, અને તેમાં અંગરેજો ઉપરાંત દેશી ગરહસથો આવી વશે તેવું ઉતેજન આપવું, પણ એટલી લાલુચ વીશેસ દેખાડવી કે તેઓ પાશેથી પાંચ વરસ સુધી માડવીની જગાત બીલકુલ લેવીજ નહી. અને તે પછે મેહશુલમાં સુધારો તથા વધારો કરતી વખતે આટલી સંભાલ સાચવી રાખવી કે લોકો નાઉમેદ થાય તેહવા કોઈબી કર તેઓ ઊપર કવચીત નાંખવા નહી. ઈસાઈકોમ માહેલા પરોટિસતંટ પંથવાલાઓને બનતી આબરૂ આપવાનું ફરમાવેઆ સાથે આટલીબી ચેતવણી જણાવી હતી કે જે લોકો બીજા ધરમો પાલતા હોએ તેઓને કશી પાંતીએ ઈજા પોંહચાડવી નહી. જુદા જુદા કારીગરોને ઉતેજન આપવા તથા આવી વસનારાઓને કપડ વણવાના ચરકાઓ પુરા પાડવાનોબી હોકમ તેઓ ભુલેઆ નહી હતા જે માહેલુ કેટલુંક કાંમ કુંપની સરકારના સરવેથી પેહલા ગવરનર સર જારજ આકશેનદનની કારકીરદીમાં પાર ઉતરેઉં અને બીજી સુધરાઇ દાખલ થનાર હતી તેટલા તેનાં મોહતની શીતાબીએ ૧૬૬૯ મા જુલાઈની ૧૪ મી તારીખે મરણ આંણી મુકેઉં તેથી તેના દીલની મુરાદ દીલમાંજ તે રાખી લઈને આ દુનીઆં છોડી ગયો હતો.

હેની ગાદી ઉપર જારે મી૦ જીરાલ આંનજીઅર નામનો નવો હાકેમ ઠરેઓ તારે હકુમત સ્વાધીનમાં લેતાં વાર તે નામદારે એક માહભારત કામ હેવું ઉઠાવેઉં કે જાંહાં રાજીઅ વહીવટ ચાલે, તાંહાં પરજાનાં પ્રમાણીકપણાનો લાભ સાચવવા માટે ઇનસાફ ખાતું હોવું જોઇએ. વાસતે હેવી ધારણાથી અંગરેજી રાજની હકુમત બંધ બેઠા પછે પાંચેક વરસે સને ૧૬૭૦ માં સરકારનાં હસતકથી એક ઇનસાફ ખાતું પેહલવેહલું અતરે હુભું કીધું તારે ફોજદારી મુકરદમાં ચુકવવા સારૂં દેપીઉટી ગવરનર તથા કાઉનશીલના અધીકારીઓ બેસતા હતા; પણ દેવાની મુકદમાં છાંડવા માટે કાઊનશીલ માંહેલા એક અંમલદારની સંગાથે એક અંગરેજ વેપારી, અને દેશી ગરહસ્થોબી સામેલ રહી બેસતા હતા. એ વખત ઉપરબી, કેહચ કે, મુંબઇના બંચાવનું બાંધકાંમ જે નબલું જણાયું તેમાં મી૦ આનજીઅર ગવરનરે કેટલાક સુધારો કીધો હતો; કેમકે જમીનની બાજુ તો જો કે કોટથી ઘેરી લીધેલીજ હતી પણ દરીઆવ તરફના ખોલ્લા મારગપર એક બટેરી બાંધો શેહરને વીશેસ મજબુતી આપી હતી.

ઈસવી સને ૧૬૭૨ થી તે ૧૬૮૧ સુધીની કેટલીક ઇઆદી ઉપરથી હેવું માલુમ પડેછે કે ભંડારી લોકોનો અસલ પેસો ભોંગલ વગાડવાનો હતો, અને પોરટુગીઝોના અંમલ ટાંકને રંણસીંગુ વગાડનારા અને લડવા લાએક સીપાઇઓમાંબી તેઓજ ખપતા હતા. એ સીંગું વગાડવાનો અસલી ચાલ હજીસુધી એજ લોકો પાસે સચવાઈ રહેલોછે, અને તે દરવખતે આપણી કોટની મોહટી કોરટમાં જારે ફોજદારી સેશન ભરાએચ, તે પ્રસંગે નેઆએધીશાની, ગાડી કોરટના દરવાજા આગલ આવતાંવાર, નીશાન ઉઠાવીને તેઓજ રંગસીંગુ વગાડેછે. વલી હેવુંબી નીસચય ઠેડવેઆમાં આવેઉંછે કે પોરટુગીઝોની પેસતર એ ભોંગલા સરદારોએ માહીમનું આખું રાજીઅ જીતી લીધું હતું, એટલુંજ નહી પણ આ

મુંબઈ તથા છાસટીબી તેઓનાજ તાબામાં હતી; માટે ભંડારી લોકો ભોંગલ સરદારોના વંશથી ઉતરેલા કેહવાએછે; પણ પાછલથી ગરીબી અવસ્થામાં આવી પડેઆને લીધે પર રાજીઅઓને માન આપવાના હેતુથી એક અસલી ઈઆદ-ગારી તરીકે નીશાન ઉઠાવીને હાલી વખતે ભુંગલ વગાડવાનો પેસો હજી છોડ-ઓજ નથી.

ઉપલી ગોઠવણી નકી થઈ રહેઆ સંબંધી સને ૧૬૭૩ તથા ૭૪ નો જે રીપોરટ મી૰ આંનજીઅરે વેલાત ખાતે લખી મોકલાવેઓ હતો તેમાં મુંબઈની વસતી ઉપરાંત મુંબઈ તથા માહીમને બે ભાગમો વેંહચી નાખેઆ વીશેની ખબર તથા કીલ્લાઓની હાલતનો હએવાલ આપેઓ હતો અને તેટલા વખ-તમાં કીલ્લાની ઉપર ૧૦૦) ટોપો ગોઠવાઈ ચુકેલી હતી. લશકર મધે બબેશો માણશોની બે ટુકડી જે હતી તેમાં ઘણાખરા તોપરા લોકોને દાખેલ કીધા હતા પણ દરીઆ વરધોના ખાતાંપર માતરે ૧૦૦) માણશો રોકાઈ રેહેતાં હતાં. એજ અહેવાલમાં મી૰ આંનજીઅરે આ ટાપુને સુરતની મીસાલે વેપારનું મુખીઅ મઠક બનાવા સંબંધી દરખાસત પણ ગુજારી હતી અને તેવાજ બીજા સારા ઉપાએથી સરકારી મેહશુલમાં વધારો કરવાની અતીઅંત મેહનત લીધી હતી.

આ ટાપુ જારથી અંગરેજી હકુમતને તાબે થયો તારથી, તે માહેલી કોઈક જમીન સરકારની અને કેટલીક રઈએતોની જે હતી તે વીશે અરસપરસ વાંધો ઉઠેઆ ઉપરથી મી૰ આંનજીઅરે લોકો પાશેના દસતાવેજો અને ખત પતરો જોવા માંગેઆં, કેમકે તે ઉપરથી જે પુરવાર થાએ તો તે જમીન તેના ખરા માલિકને આપો દેવા માટે વેલાતથી તાકીદના હોકમો લખાઈ આવેઆ હતા; પણ તપાસ કરતાં વાંધાની વાત વધારે જણાઈ તારે રઈએત લોકોએ એવો ઠેડાવ કીધો કે તેઓના દસતાવેજો કોઈ ચોકસ કાએદાથી નકી થાએ તો મીલકતોની સલાંમતી સદા જલવાઈ રેહ માટે સરકારને તેનો ઘટતો બદલો આ-પવાની મરજી જારે દેખાડી તારે તા૰ ૧ લી નવેમબર સને ૧૬૭૪ ના રોજે મુંબઈની મીલકતોના સઘલા માલિકોની એક સભા મલી હતી, તાંહાં નામદાર ગવ-રનર તથા બીજા સરકારી હોદેદારો પણ આવીને હાજર થયા હતા, અને એક પકું લખત જે થયું તે મુજબ ચાલવા માટે સઘલાઓ એકમતથી કબુલ થયા, તારે આ જઘડાનું શેવટ શેહલથી આવેલું હતું.

એ વખતપર સરકારનું વડું અને મુખીય મથક જોકે સુરતમાં હતું; પણ આ ટાપુના બંદોબસત માટે જેટલું કામ કરવાનું હતું તેની રોકાણમાં ગવરનર આનજીઅર લગભગ છ વરસવેર હીંઆંજ થોભી રહેઓ હતો. ૧૬૭૫ મા જારે તે નામદાર સુરત ગયો તારે હીંઆંની હકુમત, એક ડેપીયુટી ગવરનર ઠેડવી, તેને શોંફી આપી હતી.

જોકે આ ટાપુ ઉપર હલકી વરણના હીંદુ તથા મુસલમાંનો અસલથીજ વ-સતા હતા તેમાં તારપછે પોરટુગીસ તથા પારશીઓની વસતીએ થોડોક વધારો કીધો પણ તે વખતની હાલત ઉપર નેગાહ પોંહચાડી જોતાં વેપારને અરથે અંગરેજ લોકોએ પાછલથી ઘણી સારી જહડફ દેખાડેલી માલમ પડેછે. વેપાર વધવાની

બાબદમાં મી૦ આંનજીઅર પેહલવેહલાં ઘણી મુશકેલીએત વીચારતો હતો, પણ મેહનતથી તેને સઘલું શેહેલ થતું માલુમ પડેઊં હતું. રઇએતની તરફના વકીલો ચુંટી કાહાડીને તેઓની મારફતે પરજાની ફરીઆદ સાંભલવાનું પેહલ વેહલું કાંમ પણ તેણે આરંભ કીધું હતું. ઇનસાફ ખાતું સંભાલનાર એક જડજની પેહલી અગતખી તેને જારે જણાઈ તાહારે ૧૬૭૬ માં તેહવા એક અલાહેધા નેઆએધીસને નેમાઓ હતો અને તે સાથે એક ઘોડસવાર પલટન પણ નવી ઉભી કીધી હતી. એની કારકીરદીમાં કેહચ કે વણકર લોકોને આસરો મલનારી ઘણી સારી ગોઠવણો થઈ હતી. જે પછે તારીખ ૩૦ મી જુન સને ૧૬૭૭ માં એ મી૦ જીરાલડ આંનજીઅર અજલને ભોગે ચહડીને મુંબઈમાંજ મરણ પાંમેઓ હતો.

કોરટ આવ ડાએરેકટરોની નજરમાં આ ટાપુ ઘણોજ ખરચાલો માલુમ પડઆથી લશક્કર ખાતાંમા તથા સુરતની આડત ખાતાંમા ઘટાડો કરવાનો હોકમ સને ૧૬૭૯ માં તેઓએ લખી મોકલાવેઓ, પણ ૧૬૭૭ માં ગવરનર આકસેનદનના વખતથીજ કેટલીક વાતનું સંકટ શુરૂ થયાને લીધે રાજીયમામલો ઘણોજ સખત અને કચડાએલો દેખાતો હતો, એટલુંજ નહીં પણ સાંમણેના કોરાતાઓ તરફ મરાઠાઓ અતીશીય તોફાંન મચાવતા હતા, તથા થાણાં અને ઉરણ તરફથી પોરટુગીશો ઓરાકી વટીક ગાંમમાં આવવા દેતા નોહતા, અને તે ઉપરાંત કરનાટકથી તે આખાં દખંણ દેશ સુધી શીવાજીની હકુમત પુર જોશપર ચહડેલી હતી, માટે તેની સંગાથે સુરતના મુગલાઈ રાજીઅને ચાલતી લડાઈમાં વખતે ઉતરવું પડવાને સબબે, તેઓના હોકમને અમલમાં લાવવાનું હીઆંના સતાવાળાઓએ ઘટારત જોયું ન હતું; તોપણ તે વાતને થોડી ઘણી અમલમાં લાવવા માટે કેટલાક સરકારી નોકરોનો પગાર ઘટાડેઓ તે ઉપરથી ગેઆરીસન ખાતાંના કમાનદર કપતાંન કેવીને પોતાના માણશો ઉપરાંત કુંપનીના બેદીલ થાએલા બીજા નોકરોને સવાધીનમાં લઇને તા૦ ૨૭ મી ડીસેમબર સને ૧૬૮૩ માં ગાંમ મધે એવો ઢંઢેરો પીટાવેઓ કે મુંબઈનો ટાપુ રાજાનોછે માટે તે ઉપર કુંપનીનું કાંઈજ પોંહચતું નથી, એવું પરજાને જાહેર કરીને હકુમત પોતાના સવાધીનમાં તે લઈ બેઠો, જે વાતની ખબર વેલાત ખાતે પોંહતી તારે તાંહાંના નામદાર રાજાએ તાકીદનું ફરમાન લખી મોકલાવેઊં કે મુંબઇનો ટાપુ કુંપનીને હવાલે કરી દીએ, અને તે કારણ માટે સર ટાંમસ ગરેનથમ વાંહાંણોનો એક કાફલો લઇને ૧૬૮૫ માં અતરે આવી પોંહતો તારે સઘલો બખેડો સમાધાંણીપર આવેઓ અને હીંઆંની હકુમત પાછી કુંપનીને સવાધીન થઈ હતી.

રાતરૂઓના શેતંમથી અંગરેજી વેપારમાં નડતી હરકતના અટકાવ માટે જારે ઇસટ ઈંડીઆ કુંપનીને ૧૬૮૩ માં પુરતી સતા મલી તારે એવી હરેકત કરવા આવનારાઓના બારકશો પકડવાનું કાંમ તેઓએ શરૂ કીધું હતું, અને દરીઆ ખાતાંમાં થતા અપરાધોના મુકરદમા કાંઉનશીલના અધીકારીઓ પેહલાં ચુકવતા હતા, પણ તેજ શાળમાં તે કારણ માટે ડાકટર સેંટ જાંન નામના કાબેલ

નેયાયાધીસની નેમણુક થઇ તારે તેના સવાધીનમાં તે ખાતું સોંફવામાં આવેલ હતું જેનો પગાર કેહય કે તે વખતપર તેને દર મહીને રૂ૧૫૦) નો મલતો હતો અને તે પછે લશ્કરમાંથી પુરતો વધારો કરવાની ફરજ પડી માટે, તેનો ખરચ પુરો કરવા સારૂ, વેપાર ખાતાંના વાંહાંણવાલાઓ પાશેથી ચોકસ કર ઠેરવાનો લેતો કીધો હતો, એટલુંજ નહીં પણ મુંબઇના દરેક દુકાનદારો પાશેથીબી એકેક રૂપીઓ ઉઘડાવતા રહેઆ, તોપણ સરકારનું પુરૂં થવામાં ઘણી મેહનત પડતી હતી.

મુંબઈની આગલી હાલતનું વરણન જેમ હકીગત હાથમાં આવી તેમ અમારે જણાવેલછે; તે ઉપરાંત ડાકટર જાંન ફ્રાએઅર નામના એક અંગરેજ મુસાફરે પોતે નજરે જોએલો અહેવાલ તેણે સને ૧૬૯૮ માં બનાવેલા ઇતીહાસમાં જે દાખલ કીધોચ તેનો અગતજોગ સાર અતરે નોધી લઇએછે.

"મી૰ કુકે જારે મુંબઇને પેહલવેહલી સવાધીનમાં લીધી તારે તેના બં-
"ચાવ માટે કીલ્લા ઉપર માતરે પીતલની ૪ ટોપો ગોઠવાએલી હતી; અને તે
"ઉપરાંત કોઈ કોઈ જગોએ નાહનકરા કીલ્લાઓ બાંધેલા હલા તે એટલાજ
"વીચારથી કે તે વખતપર મલબારી લુટારાઓ આવીને ઢેબડક ઢોરો તથા
"બીજો અસબાબ ચોરી લઇ જતા હતા, તેમાંથી તેઓને અટકાવવાનું બની
"આવે, પણ તે બાદ પાછળથી ઘણુંક ફેરફાર થએલ હતું. કોટ મજબુત
"કરી તે ઉપર હારે દોર ૧૨૦) ટોપો ફરતી ગોઠવાઈ ચુકી હતી. કીલ્લાથી
"શેહર જે થોડેક દુર હતું તેમાં અંગરેજો, ફરંગીઓ તથા સઘળી વરણના બીજા
"દેશીઓ વસતા હતા; જેઓ માહેલા કેટલાકોનો મુખીય રોજગાર માંછીમારોનો
"હતો. આખું મુંબઇ સેહર એક માઇલને આસરેની લંબાઇનું હતું જે ઉપર
"બાંધેલાં ઘરો ઘણાંજ નીચાં અને તેના છાપરાંઓ ઉપર નલીઆંને ઠેકાંણે
"નરદંમ જાહવલીઓ રેહતી હતી, જેમાં માંડવી ખાતાંનું એક ઘેર જરા સારી
"હાલતની એમારત તરીકે દેખાતું હતું, કે જે ચુનાથી બાંધીને બારકી મધે
"કાચની જગોએ કાલુના શીપની કપચાઓ બેસાડેલી હતી. શેહરની પાસે
"એક નાધલું બજાર હતું અને તેની પડાસમાથી ખેતરો લાગેલાં હતાં, જાંહાં
"ગાએ તથા ઢોરો ચારો ચરવા ફરતાં હતાં. ફરંગી લોકોનું એક દેવલ અને બગીચો
"હતો અને અંગરેજોના મુરદાં માટે નાહાનું કબરસતાંન કીધેલું (એ મુસાફરને)
"સઉમાં જોવા લાએક દેખાએલ હતું. મજગાંમ તો (તે વખતપર) ઘણુંજ
"દુર ગણાતું હતું અને તેની કાંઇજ નહીં પણ માંછીમાર કોલીઓના રેહઠાણની
"જગેઆ કેહવાતી હતી અને તાંહાં બુમલા નામની શુકી માછલી પુસકલ
"મળી આવતી હતી. એ મજગાંમ ખાતે ફરંગીઓનું એક બીજું દેવલ બાં-
"ધેલું હતું. મજગાંમની પડોસમાં પરેલ નાંમનાં ગાંમમાં પણ તેઓનું એક
"દેવલ હતું (જે જગાને વાસતે કેહયકે ગવરનરોને રેહવાનો મેહલ તેઆર
"પછે બંધએલો હજી તુલીક મોહટા વીસતારના બગીચા સાથે ઘેરા-
"યને સલાંમત ઉભેલાછે) પરેલ, માહીમ, શીમ તથા મુંબઇની વચે એક ખાડી,
"હતી જેની હજારો એકર જમીન વગર ખેડણીએ ઉજડ પડેલી હતી. વરલી
"તરફ અંગરેજી હકુમતની એક ચોકી અને ચોપાટી તરફ બાબુલનાથના ડુંગ-

"રને મથાલે પારશી લોકોનું માતરે એકજ દોખમું તરતનું બંધાએલું, એ મુસા-
"ફરે જોએલું હતું." અને આટલી કેફીએત ઉપરાંત આખાં મુંબઈ શેહરની
વસતી સઘલી મલીને ૬૦,૦૦૦) માણસોની તેણે લખી દેખાડેલી આપણા વાં-
ચવામાં આવેછે.

હવડના આપણા હાકેમો બબે અને ચારચાર ઘોડાઓની શુંદર ગાડીએ
બીરાજીને જાંહા ભાવે તાંહાં સુખ ચેનથી જેમ ફરતા દેખાએચ તેમ આગલા
વખતાપર તેવું કાંઇજ હતું નહીં, શેવાએ બલદના "એકકા" નામની ગાડી જેમાં
બેશીને ગવરનર સાહેબો ફરતા હતા અને તે ગાડી તારે ઘણીજ ઉંકમાઈની
ગણાતી હતી. પણ તેની સઘલી નીશાંણ આજે કેટલીક મુદત થઇ અતરેથી
જતી રહીછે.

ગામની વસતીનાં લોકો જારે કેથેખી લાંમબે ટપે જઇને પાછા આવતા
તારે પાંએધોણી આગલ તેઓને કીચલથી ખરડાએલા પગ ધોવા પડતા હતા
અને તે ઉપરથીજ એ જગેઆનું નામ "પાયધોણી"નું જે આપેઆમો આવેલુંચ
તે અતારતુલીક છપાઈ ચુકેલું કોઈથી ભુલાતું નથી. એ વખતપર કસોએ
અટકાવ નહોએઆને લીધે દેશી હોડકાંઓ તથા નાંઘલાં બારકસો હાલની સર
જમશેદજી હાસપીટાલ તુલીક નીરભએ ચાલી આવતાં હતાં, તે વરલી તરફનો
બાન ૧૬૮૪ માં બંધાએઆ પછેથી પાણીની આવક બંધ પડવા માંડી અને
ખાડી પુસઇને સપાટ જમીન એટલી તો મુહબલક થઈ કે તાંહાં આજે મોહટ
મોહટી ઈમારતો બંધાઇને અસલી હાલતને તદન ફેરવી નાંખીછે. વાલકેશ્વર
તથા ખંબાલા આગલ હીંમતવાન ઇનશાનોને ઠેકાણે તે વખતપર વાઘો અને
ફાડી ખાનારાં જાનવરોના ઉપદ્રવનો અતીસીઅ ભએ હતો એટલુંજ નહી પણ
નાએગાંમ અને મટુંગાં તો લુંટારાઓના રેહઠાણો જે થાઇ પડ્યાં હતાં તે સર-
વેની હાલત હવડાં નહી મનાએ હેવી રીતે સુધરી ગઇછે.

આ ટાપુ જુદા જુદા ભાગોમાં વેહેંચાઇ પડેઆના સબબથી તેની વસતી
ઘણીખરી વીખરાએલીજ હતી, અને તેથી કરી લુછા વાટપાડાઓને લુટફાંટ કર-
વાની જોગવાઈ શેહલથી મલી શકતી હતી, કારણ કે હાવી હાલતને લીધે તે
વખતપર વસતીના લોકોથી એક બીજાને મદદ મલવી મુસકેલ જણાતી હતી.
એ લુટારૂઓમાં અગત કરીને આસેપાસેના મુસલમાનો અને તે ઉપરાંત મરાઠા
સરદારોબી ધશી આવીને બેધડક દરોરા પાડી જતા હતા. માટે તેઓના ભયંકાર
જુલમાતની ધાસતીથી સાંહેજ પડતાંજ વસતીના લોકો ઘેરના દરવાજાઓ મજ-
બુતાઇથી બંધ કરીને સંભાલ સારૂં ભરાઈ રેહતા, અને તેહવું થાતાંબી ભોગજોગે
કોઈ અકસમાત બાહેર સ્હેલો સપડાએઓ તો તેના બદનપર વસતરનો એક
ટુકડોબી સલામત રહી નહી શકતાં કોકવાર જાનનીબી ખુવારી થઈ જતી
હતી, અને તેહવી આફત નામદાર અંગરેજી સલતનત હીંઆં સરૂ થાઈ તેની
પેસતર તુલીક જે ચાલુ હતી તેના અટકાવ માટે, કેહચ કે, આ દએઆલુ રાજીઅ
કરતાઓએ દર રાતરે એક ટોપ જાહાડીને પરજાને બાહેર નહી નીકલવાની ચેત-
વણી આપવા માટી, અને સહવારનું પરોહડીએ ફાટવાટાકણે ફરીથી એક ટોપ

છોડીને બાહેર ફરવાની રજા આપવાની ચાલ પાડી; તેજ રવઇઓ હજીસધી કાએમ રાખેલોછે. આ ટોપ મારવાની બાબદને, ઇસવી સને ૧૮૬૭ નાં સપટેમબર મહીનાનાં ગ્નાનપ્રસારક ચોપાનીઆમાં, "મુંબઇ સેહરનુ વરણન" લખતાં જે જણાવેલીછે તે અલબતાં સારી સતા ઉપરથીજ હશે તોપણ હમારી પકી તજવીજ ઉપરથી હેવું માલુમ પડેઊંચ કે, રાત તથા સહવારની ટોપ મારવાનો રવઇઓ તો તેની આગમજ પોરટુગીસ લોકોનાં અંમલમાંબી ચાલુજ હતો. અને પરજાના લોકો તો બીચારા ઉપર જણાવેઆ પરમાણે સમી સાંહાંજ પડવાની આગમજથીજ પોતપોતાના રેહેઠાણમાં ભરાઈ બેસતા હતા.

મુંબઈનો ટાપુ જંજીરાના સીધી સરદારે લીધો.

જો કે અંગરેજોએ બનતી કોશેસથી આ ટાપુને સઘલી વાતે મજબુત કરી રાખેઓ હતો તોપણ તેની હકુમતના નામદાર ગવરનર સર જાન ઉઆઇલીબરણના મરણની ખબર પોહોંચતાંવાર જંજીરાનો હબશી સરદાર નામે ઇઆકુબખાને* પચીસ હજાર માણસોની બળવંત ફોજ લઇને તા૦ ૨૨ મી ફેબરવારી સને ૧૬૮૯ ની તેરીએ કોટ માહેલા ડુંગરી કીલ્લાથી તે મજગાંમ, શીવરી, શીમ, વરલી, તથા માહીમ સુધીની સઘલી જગા કબજ કરી લીધી; તે વખતે, કેહેચ કે, સર જાન ચાઇલદ નામનો એક વેપારી હતો તેને રાજાએ બારોનેટનો એતાબ બખશીને મુંબઈની ફોજનો જનરલ તથા ગવરનર બનાવેઓ હતો; તે આ શતરૂ ચહડી આવેઆથી ખરેખરો નકાંમો અને માતરે નામનો જણાયો પણ કશા કાંમનો તથા લડાએક નીવરેઓ નોહતો; તેથી કરી આ સુલેહથી સવાધીન થાએલો ટાપુ થોડુંકસુધી અંગરેજોને હાથથી નીકલીને શતરૂના કબજામા જઈ બેઠો હતો. તો જોકે આ નામના જનરલની પાશે તે વખતે ઓછાંમો ઓછાં ૨૫૦૦ માણસોની ફોજતો તઇઆર હતી; એટલુંજ નહીં પણ બારાંની અંદર કેટલાંક વાંહાણોબી હતાં કે જેથી કરી દરીઆવરધી ખાતાંનું તથા ખુસકીનું લશકર એખીટું થાઈ સીધી સરદારની ફોજને આ ટાપુપર ઉતરતાંજ ફતેહમંદી સાથે અટકાવી રાખતે, પણ તેઓને તેમ કરવાનો કોઈ રીતે હોકમ નહીં મલેઆને લીધે પોતાની હાર જોવા માંટે પડી ભાગવાના સાંધણો જાંણે પોતેજ આપેઆં હોએ એવી દુખ ઉપજાવનારી હાલતમાં તે વખતનું અંગરેજી રાજ આવી પડેઊં હતું. કોટો ઉપર કોટો અને તેની બાહે-

* હીંદુસતાંનમાં જારે મોગલાઈ સલતનત પુર જોસથી ફેલાએલી હતી, તારે તેના પાએતખત શેહેર દીલ્લીની મસનદ ઉપર શાહનશાહ ઓરંગજેબ જે ઇશવી સને ૧૬૫૮ થી બીરાજીને ૧૭૦૭ સુધી રાજભોગવી ગયોચ તેની સતા છેક આપણી પડોસમાં આવેલા જંજીરાના ટાપુ ઉપર ચાલુ હોયાને લીધે તેની તરફથી એ સરદાર હકુમત ચલાવતો હતો. ના. લે.

રની સઘલી જગેઆઓ એકબી ગોલી ફેંકેઆવના શતરૂઓએ જીહતી લીધી જેથી ઇઓરોપીઅન શીપાહીઓ ગાભરા પડી જઇને પાછા હટેઆ, અથવા તો ફતેહ મેલવનારા સીદીની સંફમાં ભેલાઇ ગયા હોએ એવું થાઇ પડેઉં હતું. સીદીઓએ પોતાનું મુખીઅ મથક મજગાંમમો સથાપેઉં હતું, જાંહાં ચઉદ ટોપો ગોઠવેલો એક કીલો, જે મધે ખજાંનાથી ભરી રાખેલી પેઠી ૧૦) ઉપરાંત લડાઇનો બેસુમાર હથીઆરો તથા અસબાબો ભરેલો હતો તે વગર મેહેનતે તેઓના હાથમાં આવી શએઓ એટલુંજ નહીં, પણ એકજ કીલો જે હવડાં તોશાખાંનાના કાંમમાં વપરાએચ તે વતરોગે પોરટુગીશો પાશેથી મલેલું સઘલું જંજીરાના સરદારે સપુરદ કરી લીધેલું હતું. એ વખતપર કેહેછે કે "બામબે ફીઉઝીલીઅર" નામની એક ગોરી પલટન, જે હવડાં નામદાર માહરાંણીની ૧૦૩ જી રીજમીટ ગણાએચ, તેની બેએજ ટુકડી હાજર હતી તેની મદદથી શતરૂના પચીસ હજાર માંણશોની સાંમણે જઇ તેઓને હાંકી કાહાડવાનો હોકમ જોકે કપતાન "પો" ને ઘણો અશુરેથી થયો; અને તે મુજબ આટલાં મુઠીભર માણસો સહીત તે બાહાદર અમલદારે હોમલો તો કીધો પણ જે નહીં બની શકે તેહેવો મામલો હોયાને લીધે કપતાંન પો પોતાની બાહાદુર ટુકડીઓ સાથે પાછો હઠીને હાલના તોશાખાનાવાળા કીલામાં જઇ ભરાયો હતો. એ સીદી સરદાર વીશે એવું કેહેવામાં આવેઉંચ કે તે એક અછો લડાએક હતો, અને જે એતબાર તેના માલિક દીલીવાળા શાહનશાહ ઓરંગજેબે તેના ઉપર રાખેઓ હતો તે મુજબનું આ કાંમ તેણે પુરતી રીતે પાર ઉતારેઉં હતું અને મુંબઇને બંચાવવા માટે અંગરેજોએ આગલથી જે જે જગેઆ મજબુત કરી રાખેલી હતી તે સઘલી શેહેલથી તેઓએ હાથ કરી લીધાબાદ ડુંગરીની ટેકડી જે કીલાની દીવાલથી ૨૦૦ વારને છેટેછે તેની ઉપરબી તેણે ટોપખાંનું ઉભું કીધું હતું પણ એવી તકલીફી હાલતમાં દેખાતું હતું કે જો કદાપી સાંમણા તરફથી ગોલી અથવા ગોલાઓ આવે તો તેથી તેના લશકરનો મોહોટો ઘાંણ નીકલી જાએ, તે છતાં તેના નશીબને જોરે આપણ તરફથી તેવું કશુએ બનેઉ નોહતું અને જે જગો ઉપર સીદીએ તે વખતે પોતાની ટોપો ગોઠવેલી હતી તેનીજ નીચાંણમાં હવડાં જી. આઇ. પી. વાળાઓની ફુંફાડા મારતી આગ ગાડીઓનું મથક થાઇને તાંહાથી વેપારની દોરી એબીલાં હીંદુસતાંનમાંજ નહીં પણ આખાં એશીઆખંડની ચોમેર ફેલાવો પાંમતી આપણે જોઇએચ. જો કદાપી ડુંગરી કીલા ઉપરની ઘુરકેઆ કરતી ટોપોને, શતરૂની ફોજો તેની હદપર આવતાંવારજ, છોડી હોતતો એક કલાકની અંદર મોગોલોના લશકરની ધુલધાંણી આપરે કરી નાખી હોત; અથવા તો પી. તથા ઓ. કુંપનીનો વરાલવાળો કાફલો જે હવડાં મજગાંમની છેટેના બારાંમા નીરભએ જીહલા ખાએચ તે માહેલાં માતરે એકજ બારકસને શતરૂનાં કાફલાની અંદર ઘુસાડવાની થોડીક હીલચાલ કીધી હોતતો એકપણ ગોલી ફેંકેઆવના તેનું આખું લશકર શેહેલથી ડુબી મરતે, પણ ૧૬૮૯ માં મુંબઇની અંગરેજી હકુમતનો દાહાડો એટલોતો નબલો થઇ પડેઓ હતો કે એકતો હાલના જેહવી સુધરાઇ ભરેલી કલાઓ કોઇ અંધકાર ગારમાં આધાર

જુના રહીને નીંદરા લેતી હતી, અને બીજું એકે તેઓ પાશે કોઈ હીંમતવાન હાકમ નહીં હોવાને લીધે થોડુંકસુધી જાંન બંચાવવાની ધાસતીમાં તેઓ હેવાતો ફશી પડ્યા હતા કે જો કદાપી તેઓને દરીઆઈ મદદ નહીંજ મલી હોત તો બેસક ભુખમરાથી સઘલું લોક શતરૂના તાબામાં થયાવીના રેહેત નહીં. તો જોકે તે મોસમના ચોમાસાંમાં અંગરેજ લોકોના દુખનો કશો પારજ હતો નહીં, કેમકે તે વેલાએ સઉથી બીકટમાં બીકટ તંગાસ તેઓએ બેંચી હતી, પણ મોસમ જારે ખોલ્લી થઈ અને નામદાર કુંપનીના બારકશો લાંગરવારીપરથી હીલચાલ કરવા લાગાં તારે દુખદાએક દેખાવ ફેરવાતો જણાયો, એટલે મોગોલોના દજનના દજન વાંહાંણો જીહતી લઈને તે માહેલા સાંમાંનથી ઘેરાઈ રહેલાં લશકરની તંગાસ પુરી પાડવામાં આવી, તોપણ તેટલાંથી કાંઇ અંગરેજોની હાલત સુધરેલી દેખાએઆવના ભએભરેલીજ રહેલી હતી, કારણકે અંગરેજોએ પાછી હીલચાલ કરવા માંડી તારથીજ સીધીઓ લશકર વધારવાની પેરવીમાં એટલાતો મશગુલ રહ્યા કે ઓરંગજેબના સરવેથી સરસ અને લડાએક માણસોની સંખ્યા ચાલીસ હજારથીબી વીશેસ બોલાવીને કીલ્લાની દેવાલ આગલ ઉભી રાખી, એટલુંજ નહીં પણ વાંદરાં તરફના રેહેવાશીઓએબી દગલબાજી રમીને સીધીઓને જોઈતી ખોરાકી સારી રીતે પુરી પાડી તેથી ફરી તેઓને કોઇબી રીતે મોહતાજ રેહવું પડેઊં નોહતું.

તે વખતના અંગરેજી ગવરનરે હાવી સંકટ ભરેલી હાલત જોઈ, અને છુટકો પાંમવાનો કોઇજ એલાજ જારે તેના હાથમાં નહીં રહ્યો તારે શુતરો મારગ શોધીને સુલેહ ચાહાવા સારૂં દીલ્લી તરફ એક એલચીખાતું મોકલાવેઊં અને દરેક જાતની નાંમોશીને આધીન રહ્યા પછે કાંઈજ નહીં પણ એક નવી પરવાંનગી મેલવવામાં તે ફાવેઓ હતો તો જોકે કોલકરારોની બોલીઓ એવીતો શરમ ભરેલી કેહવાતી હતી કે તે અંગરેજ જેહેવાઓને કવચીત છાજે નહીં, પણ સંકટનો કબજો છોડવવામાં લાચારે તેમબી તે વખતે કબુલ કરવાની તેઓને ફરજ પડી હતી,(તે એવી રીતે કે સર જાંન ચાઈલડે તતકાલ હીંદુસતાંન છોડી જવું, મુગોલની સરકારે જે કાંઈ ખોટ ખમી હોએ તેનો પુરતો બદલો વાલી આપવો; અને કુંપનીના શીપાઇઓને રઇએત તરીકે નહીં પણ આવતા વખતના ગોલાંમ દાખલ ગણવા) હાવી રીતના હીનપસતી ભરેલા કોલકરારો જોકે ૧૬૯૦ ના એપરેલ મહીનામાં નકી થયા અને તે સંબંધી શાહનશાહી ફરમાણ દીલ્લીથી લખાઇ આવેઊં તોપણ તેવા હોકમને થોડુંકસુધી ઢીલમાં નાખેઆ પછે તા૦ ૮ મી જુન સને ૧૬૯૦ માં સીધી સરદાર ઇઆકુબખાન પોતાની ફોજ લઈને તાંહાંથી કુચ કરી ગયો, પણ તેની આગમજ મજગાંમનો કીલ્લો ઉરાડી મેલ્યો અને હેવીતો શકત મરકી મુકીને ગયો કે તલવારથી જેટલાં માણશો કપાઇ મરતે તે કરતાં વધારે પરાંણીઓ થોડાજ મહીનામાં મરણ પાંમેઆં હતાં. અંગરેજી હકુમતની હીંદમાં થએલી લડાઈના હોનરની અજમાંએસ તેઓને પેહેલ વેહેલી આજ માલુમ પડીઆથી તેના નોકરો પડી ભાગા અને શરંમ પોંહોંચેઆ ઉપરાંત પચાસ લાખ રૂપીઆનો દંડ

ખમવો પડ્યો માટે હાવી રીતનો ભએ ભરેલો ધડો તેઓને હેવોતો અશરકારક મલ્યો કે હકુમત ચલાવવામાં હવે નભરવસપણું બતાવ્યા કરતાં પોતાના રાજની કીરતી આગલ વધારવાની કોશેસમાં મસગુલ રહ્યા અને તે પછેના બંચાવ માટે ફરતા કોટ તથા બીજી જગેઆઓને મરાંમતથી મજબુતાઈ આપી એટલુંજ નહીં પણ તે વખતના ગવરનરને તેના ઓધા ઉપરથી બરતરફ કીધો હતો અને પેલો પરબેઆત પારસી દોરાબજી નાનાભાઈ તે વખતની થોડુંક આગમજ મરણ પાંમ્યાને લીધે તેનો દીકરો નામવર રૂસતમ દોરાબ જે બાપની જગેઆ સાચવી સરકારનું કામકાજ ચલાવતો હતો તેને સુરતની કોઠીના વડાએ મુંબઈની હાકમી ઉપર મવકલ કીધો તારથી તે રાજ વહીવટ ઘણીજ ચાલાકીથી ચલાવવા લાગો હતો.

સીધી લોકો બીજીવાર મુંબઈપર ચહડી આવ્યા* અને સીકસતખાઈ પાછા પરાગંદે થયા.

ઉપલી હકાએતમાં જણાવ્યા મુજબ સીધીઓનાં લશકરમાંથી ઉડેલી મરકીનો રોગ આ ટાપુને હેવોતો જબરો લાગુ પડ્યો હતો કે લગભગ બે વરસના અરસામાં સઘલા યુઓરોપીઅનો તથા લશકરી શીપાહીઓ વધારે ઓછા મરણ પામીઆને લીધે ગરજ વખતે ટાપુ સંભાલવાના હેતુથી આપણા માનવંતા પારસી હાકેમ રૂસતમ દોરાબે* કેટલાક માછીમારો, જે ઘણાજ ઉભાઈ જતા હતા; તેઓને ભેગા કરીને લશકરની ફોજમાં મેલવી લીધા અને કવાએદ આપી થોડીક મુદતમાં લડાએક શીપાહીઓ બનાવી દઈને તેઓની મદદથી ટાપુની ચોતરફ અછો બંદોબસત રાખવા માંડીઓ. એવાંમાં વલી બીજો એકાએક બનાવ એવો બન્યો કે પેલા જંજીરાવાળો શીધી સરદાર જે એક વખતે અછી લુટ મેલવીને તથા બીજી રીતે ફાવી ગયો હતો તે હીઆંની મરકીમાં માણસો મરણ પાંમ્યાં વીશેની ખબર મળ્યા ઉપરથી, લોભનો માર્યો,

---

* આપણી વસતીમાં વખણાએલા ચંચલ જેહનના વીદવાન શેઠ ડોસાભાઈ ફરાંમજી કરાકાએ ઈંગલાંડમાં બનાવેલાં પુસતકમાં આ બાબે લખેલો હએવાલ જોકે હમારી બીના સાથે આબેહુબ મલતો આવેછે, મગર ફરક માતરે એટલોજ જણાએછે કે જંજીરાવાલો જે બેવાર તરાપ મારવા માટે ચઢાઈ લાવ્યો હતો, તેમાં પેહેલે પરથંમ તો તે ફતેહ પાંમીને ઘણું સુધી આ ટાપુ કબજ રાખી બેઠા પછે દીલ્લી તરફથી જારે હોકમ આવ્યો તારે જીહતેલો ટાપુ અંગરેજી હકુમતને સવાધીન કરી ગયો, તેટલી વાત એ સાહેબ લખવામા લાવ્યા નથી, અને આ પટેલે જારે તેને મારી હટાડ્યો તે બીનાતો ઘણું કરી બીજી વાર બનેલી ચોકસ માલુમ પડેછે, જુઓ ૧૮૬૩ ના મારચની ૧૧ મી તારીખનું "દખણ હારલડ" નામનું અંગરેજી વરતમાંન પતર. નો. લે.

બીજીવાર દીલ્લીનો હોકમ મેલવેઆવના સને ૧૬૯૨ માં પાછો ચહડી આવેઓ, તેની સાંમણે આ સુરો પેહેલવાંન શુપેહશાલાર થઈ પોતાની કોલી પલટન સહીત એવોતો ભીડી પડઓ કે પેલો સીધી સરદાર જેવી ફતેહ પેહેલાં મેલવી ગયો હતો તે કરતાંને સરસ શીકસતે હાલતમાં નાહાશી ગયો તારથી તે આજ દીન તુલીક આપણી બલવંત ટેકડીને જીહતી લેવાની કોઇએબી તાકાદ રાખેલી જણાઇ નથી. આ કીરતી ભરેલી ફતેહની વધાંમણી સુરતની કોઠી ખાતેના વડા આડતીઆ ઉપર નામવર રૂસતમ દોરાબે કાસદની મારફતે વગર ઢીલે પોંહચાડીને મુંબઇની હકુમતને માટે કોઇ બીજા અમલદારની માંગણી કીધી તે મુજબ તાંહાંના વડાએ આવીને આ ઇરાંની તોખમથી ઉતરી આવેલા પારસી બચાની હીંમત માટે ઘણીક શાબાસી આપી, ટાપુની હકુમત ઉપર અંગરેજ અમલદારને મવકલ કીધો અને રૂસતમ દોરાબને તેની કીંમતી ચાકરીના બદલામાં કાંઈ આપવું જોઈએ એવી ધારણાથી કુંપની સરકારે મેહરબાંન થઇને મુંબઈ ટાપુની પટેલાઈ તેના વઊંશાપરંમપરા તુલીક ઉતરતી રેહે એવી સનદ સાથે, કેહેચ કે, લખી આપી હતી. આ પટેલનો અરથ ગાંમનાં માછી મારોના વડાનો કીધામાં આવેઓ, અને તેઓનીજ મદદ એ સાહેબને જે ઉપીઓગી થઈ તેની ઇઆદગારીમા સરવે માછી મારોને તેમના સવાધીનમાં સોંફી આપેઆ, તેથી તેઓના ધંધાની ઉપજ દર માણસ દીઠ વરશે દાહાડે ૩ ૬।૩૩ રેશ લેખે સરકારને હસાબે તેવણ હુધ્રડાવે, અને તેના બદલામા કાંઈક લવાજમો તેમને મુકરર ઠેડવી આપેઓ હતો. આમ હોવાથી દરસાલે આ પટેલને પલ્લે ઘણી સારી હાંશેલ પડવા લાગી; એટલુંજ નહીં પણ સઘલા કોલી લોકોનો વેહવાર તથા ધરંમ સંબંધાનો ઈનસાફબી તેમને સવાધીન રાખેલો હતો અને તે ઉપરાંત અંગરેજ સરકારને હીંદુસતાંનમાં લડાઇ ઉઠતી, તારે લશકરને એકથી બીજી જગોએ મોકલવા માટે જોઇતાં વાંહાંણોબી એજ પરમાણીક પટેલ મેલવીને સઘલું આસાંન કરી આપતા હતા. ત હકુમત રૂસતમ દોરાબના દોતરાઓનીજ હઇઆતી સુધી ચાલુ રહેઆ પછે પાછલથી ભાંગી પડવાનો સબબ તેઓના વારેસોની બેપરવાહી અથવા અઈઆશીપણાનો માલુમ પડેછે, નહીંતર હાવી મોતબર સતા તેઓના પરીવારમાંથી કવચીત રૂખસત પાંમતેજ નહીં; તોપણ જે બેતાબ તેઓના કપાલ ઉપર ચોંટી બેઠોચ તેતો તેમનાં ખાંનદાંનની ઓલખ તરીકે હજીસુધી જોડાઈ રહેલો આપણે સંતોશાથી જોઇને મુંબઈ ખાતે આવેલા પેહેલા પારસીમાં તેમના વડવાઓનેજ પીછાંનતા રહેઆ છીએ.

ગવરનરો તથા તેઓના ઓધાની હદ.

---o---

આપણી ટાપુ આતે અંગરેજી હકુમતની શરૂઆતમાં વેલાત તરફથી ફેડવાઈ આવેલા; તથા અતરેજ રહીને એવો મેલવેલા હાકેમો, જેને ગવરનર કરી કેહછે તેઓની નેમણુક અને મુદત પુરી થયા પછે તેઓ પાછા પોતાને વતન શીધારેઆ અથવા હીંઆંજ મરણ પાંમેઆ તેની ઈઆદીનો આ કોઠો ઉપજાવેઓછે. એ માહેલા પેહેલે પરથમના ૪ જણા પાદશાહની તરફથી અને તે પછે ઈસટ ઈનડીઆ કુમપની તરફથી આવી ગએલા ૪૬ જણાઓ હતા, પણ ૧૮૫૮ મા જારે હીંદની સઘલી સલતનત નામદાર માહરાંણીના સવાધીનમાં પાછી સોપાઈ તારથી તાજની તરફના નેમાએલા જાણવા.

હકુમત લીધાની તારીખ.			હાકેમોના નાંમો.	ઓધો છોડેઆની તરીખો.			હકુમતની હદ.			ઈઆદદાસત.
							વરસ.	મહીના.	દાહડા.	
			પાદશાહ તરફથી નેમાએલા.							
૧૮	સપટેમબર.	૧૬૬૨	અરલ આવ મારલબરો	...	...	...	...	...	...	મુંબઈ હાથમા નહીં આવેઆથી ઓધો લીધાવના પાછો વેલાત ગયો હતો.
		૧૬૬૫	મી૦ કુક	...	...	...	...	...	...	સર આબરાહાંમ સીપમેનનો સેકરેટેરી હતો પણ તેની અનઘટઠી ચાલને લીધે બરતરફ થયો.
૫	નવેમબર.	૧૬૬૬	સર જારવીસ લીઉકસ	૨૧	મેએ.	૧૬૬૭	૦	૬	૧૭	મુંબઈમાં મરણ પાંમેઓ હતો.
૨૨	મેએ.	૧૬૬૭	કપતાંન હેનરી ગેરી (કામ ચલાઉ)							
			નામદાર ઈસટ ઈનડીઆ કુ૦ તરફના.							
		૧૬૬૮	સર જારજ આકશોણ્ડન	૧૪	જુલાઈ.	૧૬૬૯	...	...	...	મુંબઈમાં મરણ પાંમેઓ હતો.
૧૫	જુલાઈ.	૧૬૬૯	જીરાલડ આંગણજીઅર	૩૦	જુન.	૧૬૭૭	૭	૧૧	૧૬	,,
૧	,,	૧૬૭૭	ટાંમસ રાલટ	...	...	...	...	...	...	
		૧૬૮૮	સર જાંણ ઉઆઈલી બરણ	...	...	૧૬૮૮	...	...	...	મુંબઈમાં મરણ પાંમેઓ હતો.

હકુમત લીધાની તારીખ.	હાકેમોના નાંમો.	આેધો છોડેઆની તેરીખો.			હકુમતની હધ.			ઈઆદદાસત.
					વરસ.	મહીના.	દાહાડા.	
૧૬૮૯	સર જાંણ ચાઈલ્ડ બારોનેટ	...	...	૧૬૯૦	..	...	...	જજીરાવાલાનાં હાથમો મુંબઈ જવા દીધાના અનેઆમે સર બરતરફ કીધામો આવેઆ હતો.
૧૬૯૦	રૂસતમ દોરાબ*	...	...	૧૬૯૨	..	..	...	મુંબઈ બચાવીને કીરતી મેલવેઆ પછે પટેલાઈ લઇને હાકમીપણું છોડી દીધું હતું.
૧૬૯૨	સાંમીઉએલ આંણિસલી							
૧૬૯૮	સર જાંણ ગાએઅર†							
૧૭૦૨	સર નીકોલાસ ઉએટ‡							
૧૭૦૭	સર હેચ આકશેનદન બારોનેટ							
૧૭૦૯	ઉલીએમ અએસલેબી							
૧૭૨૨	ચારલસ બુન							
૧૭૨૩	ઉલીએમ ફીપસ							
૧૭૩૨	રાબરટ કોવાંણસ							
,,	જાંન હારન							
૧૭૩૯	સટીફેન લાઅ							
૧૭૪૨	ઉલીએમ ઉએક							
,,	જાંણ ગીકી							
૧૭૫૦	રીચરડ બઆેચીઅર							
૧૭૬૦	ચારલશ કરોંમીલીન							
૧૭૬૭	ટાંમસ હાડજસ							
૧૭૭૬	ઉલીએમ હારંબી							
૧૭૮૪	રાશાંણ હોર બાદંમ							
૧૭૮૮	એનદરૂ રાંમશે							

* અનાએબ જેવુંછે કે આ શુરા મરદે લગભગ બે વરસેવેર હાકેમી ચલાવેલી આસકારાં હોયા છતાં કોઈબી શાળની અંગરેજી કેઆલનદરો બનાવનારાઆેા તરફથી ગવરનરોની ટીપમાં તેનું નામ નોધવામાં લાવેઆ નહીં. ને. લે.

† ઈનડીઆ ખાતે જુદી જુદી બે કમપનીઓ જે વેપાર કરતી હતી, તેઆે વચ્ચે ચાલુ રહેલા જઘડાઆેા કેહેચ કે દેશી લોકોને ઘણાજ નુકસાંણ કારક હતા; કારણ કે તે બેહુ બાજુવાલાઆે સુરતના દેશી શનાવાલાઆેને લાંચ રૂસવત આપવાની એટલીતો ચહડા ચહડી કરતા કે તેઆે માહેલા સર નીકોલાસ ઉએતે અને ફતેહમંદી મેલવીને આ ગભીર ગવરનરને તેની સાથના બીજા કાંઉનશીલરો સહીત હાથમા બેડીઆે ઘાલાને ઔરંગજેબ સાહુનશાહના હોકમથી સને ૧૭૦૨ માં કેદ કરાવી પોતે ગવરનર થયો; તો જોકે તે પછે ખાલી પડલી જગોએ તો તે બેસનારજ હતો તોપણ લાંચ રૂસવતની સખાવતથી દેશી સનાવાલાઆેને ઉલટપાલટ સહુ મજાવતો રહી સર જાંન ગાએરને વધારે વખતસુધી કેદખાંનેજ રખાવેઆે હતો. ને. લે.

‡ આ ગવરનરની દગતબાજી કમપણીના દેશી દલાલ શેઠ રૂસતમ માંણિકે સને ૧૭૦૫ માં શોધી કાડ ડેઆ ઉપરથી જો કે ઈંગલાંડની જનરલ કોરટના ફરમાંન મુજબ સર જાંન ગાએરને છોડીતો મુકેઆે, પણ તાંડુંવાલાઆેની સતાનો તીરસકાર કરી ૧૭૦૭ સુધી હાકેમીપણા પરથ પોતે ખોશેઆે નોહતો. ને. લે.

		૧૭૮૮	સર ઉલીએમ મેદોસ							
૧	મેએ.	૧૭૯૦	સર રાબરટ આબરકરંબી							
		૧૭૯૩	જારજ દીક							
		૧૭૯૫	જાંણ ગરીફ્ફીઠસ							
		,,	જોનાથન દંકેન	૧૧	આગસટ.	૧૮૧૧	૧૬	૦	૦	મુબઈમાં મરણ પાંમેઓ હતો.
૧૨	આગસટ.	૧૮૧૧	જારજ બરાઉણ							
		૧૮૧૨	સર ઈવેન નેપીએન બારોનેટ							
૧	નવેમબર.	૧૮૧૯	ધી હાંનરેબલ માંઉનટ સટુઅરટ એલફીનસટન	૯	નવેમબર.	૧૮૨૭	૮	૦	૯	વેલાત સીધારેઓ હતો.
૧૦	,,	૧૮૨૭	સર જાંણ માલકમ બારોનેટ	૨૨	,,	૧૮૩૦	૩	૦	૧૨	,,
૨૩	,,	૧૮૩૦	સર ટી. એસ. બીકુઈઠ બારોનેટ	૧૫	ડીસેમબર.	,,	૦	૦	૨૩	કાંમ ચલાઉ હતો તે મામબલેસર ખાતે વરસ ૬૦ ની ઉમરે મરણ પાંમેઓ.
૨૧	જાનેવારી.	૧૮૩૧	સર જાંણ રેમર બારોનેટ	૨૦	મારચ.	૧૮૩૧	૦	૨	•	કાંમ ચલાઉ.
૨૧	મારચ.	,,	અરલ આવ કલેર	૧૭	,,	૧૮૩૫	૪	૧	૨૫	વેલાત સીધારેઓ હતો.
૧૭	મારચ.	૧૮૩૫	સર રાબરટ ગરાંટ બારોનેટ	૯	જુલાઈ.	૧૮૩૮	૩	૩	૨૩	દાહપોરી ખાતે મરણ પાંમેઓ હતો.
૧૦	જુલાઈ.	૧૮૩૮	હાંનરેબલ જેમસ ફ્રીરીસ	૩૦	મેએ.	૧૮૩૯	૦	૧૦	૨૧	કાંમ ચલાઉ, એના વખતમાં પારસીના બે નાદાન પોરીઆઓ ઈસાઈ ધરમમાં વટલી ગયા હતા.
૩૧	મેએ.	૧૮૩૯	સર જેમસ રીવેટ કેઆરનાક બારોનેટ	૨૮	એપરેલ.	૧૮૪૧	૧	૧૦	૨૯	આજારી પડેઆથી એધો છોડી વેલાત ગયો.
		૧૮૪૧	સર ઉલીએમ હેનરી મેકનાટન બારોનેટ	૨૩	ડીસેમબર.	૧૮૪૧	૦	૦	૦	હકુમત ભોગવેઆ આગમજ કાબુલમો કટલ થયો હતો.
૨૮	એપરેલ.	,,	હાંનરેબલ જે. ડબલીઉ આંનદરસન	૮	જુન.	૧૮૪૨	૧	૧	૧૨	કાંમ ચલાઉ.
૯	જુન.	૧૮૪૨	સર જારજ આરથર બારોનેટ	૪	આગસટ.	૧૮૪૬	૪	૧	૨૭	વેલાત ગયો હતો.
૫	આગસટ.	૧૮૪૬	હાંનરેબલ એલ. આર. રીડ	૨૨	જાનેવારી.	૧૮૪૭	૦	૫	૧૮	કાંમ ચલાઉ.
૨૩	જાનેવારી.	૧૮૪૭	મી૦ જારજ રસલ કલારક	૩૦	એપરેલ.	૧૮૪૮	૧	૩	૮	પાછળથી બારોનેટ થયો હતો.
૧	મેએ.	૧૮૪૮	વાઈકાઉનટ ફાકલાંડ	૨૯	ડીસેમબર.	૧૮૫૩	૫	૬	૨૯	હેની કારકીરદીમાં મુસલમાંનોએ મુબઈના પારસીઓ સાંમણે બલવો ઉઠાવેઓ હતો.
૨૬	ડીસેમબર.	૧૮૫૩	રાઈટ હાંનરેબલ જાંન લારડ એલફીનસટન	૭	નવેમબર.	૧૮૫૮	૪	૧૦	૧૩	કુંપનીની કારકીરદી હીંદ ઉપરથી એ દાહડે ખતમ થાઈ.
			હીંદનું રાજ નામદાર માહરાંણી વીકટોરીઆના તાજને સપુરદ થયું તારથી નેમાએલા હાકેમોની ટીપ.							
૮	નવેમબર.	૧૮૫૮	રાઈટ હાંનરેબલ જાંન લારડ એલફીનસટન	૧૦	મેએ.	૧૮૬૦	૧	૬	૩	નામદારી મેલવીને લનડન સીધારેઓ હતો.
૧૧	મેએ.	૧૮૬૦	સર જારજ રસલ કલારક બારોનેટ (બીજીવાર.)	૨૪	એપરેલ.	૧૮૬૨	૧	૧૧	૧૪	ઓધો છોડીને વેલાત સીધારેઓ હતો.
૨૫	એપરેલ.	૧૮૬૨	સર હેનરી બારટલ એડવરડ ફરીઅર બારોનેટ	૬	મારચ.	૧૮૬૭	૪	૧૦	૧૦	,, ,,
૬	મારચ.	૧૮૬૭	સર ઉલીએમ રાબરટ વેસી સીમોર ફીટઝરલડ બારોનેટ	૬	મેએ.	૧૮૭૨	૫	૨	૦	
૬	મેએ.	૧૮૭૨	સર ફીલીપ એડમંડ વોડહાઉસ બારોનેટ કે. શી. બી.	..	...	..	...	...	..	તે નામદારની હકુમત ખોદા સંભાલે.

ઉપલી ટીપ મધે જણાવેલા નામવર હાકેમો માહેલા કેટલાક તો હેવાબી થઈ ગયાછે કે તેઓની હકુમતથી પરજાને થયલા લાભ અને પરજાના લોકોના હીતપર નજર રાખીને તેઓએ પરજા પાલકના મેલવેલા વાજબી દાવાનું વરણન દાખલ થવું જોઈએ, પણ તેવી કોઈ ચોકસ ઇઆદી હાથમાં નહીં આવેઆને લીધે તેઓના ઓધાની અધ સાથે માતરે નામજ ટાંકી લઇને સંતોસ પામેઆ ઉપરાંત, એ માહેલા એકજ પરમારથી પુરૂસની જીંદગીનો ટુક સાર જે નોધી લઇએચ તે માનવંતો કોઈજ નહીં પણ હાંનરેબલ જોનાથન ડંકંન સકુઆએર, જે ઈસવી સને ૧૭૫૫ માં લંડન ખાતે જનમ પામેઆ પછે ૧૭ વરસની ઊંમરનો થઈને પેહલવેહલો ૧૭૭૨ માં બંગાલ ખાતે સાધારણ લખનાર તરીકે સરકારી ચાકરીપર આવેઓ હતો; એ અમલદાર પોતાની ચંચળાઇથી રફતે રફતે પદવીએ ચહડતાં છેક મુંબઇના હાકેમને ઓધે પોંહોંચેઓ; તારબાદ ૧૬ વરસ સુધી માન ભરી કારકીરદી ચલાવેઆ પછે તેણે પોતાને શવદેશ શીધા-રવાની તઈઆરી કીધી; પણ તેટલાં જાલમ મોહોતે શીતાબી કીધાથી તારીખ ૧૧ મી આગસટ ૧૮૧૧ ને રોજે વરસ ૫૫ ની ઊંમરમા ૩૮ વરસવેર હીંદને માયા લગાડીને અતરેજ મરણ પામેઓ હતો. આપણી ટાપુ ખાતે વખણાઇ ગએલા આગલા તોજાર શેઠ દાદીભાઇ નોશેરવાંનજી, અને તેમના બરખુરદાર બેટા શેઠ અરદેસર દાદી, ઉપરાંત હીંદુ માહજનના વડાનગર શેઠ રાંમદાસ મનોરદાસ, જેઓ આપણી વસતીમાં જાણીતા થયલા ધી હાંનરેબલ શેઠ મંગલદાસ નથુભાઈ સી. એસ. આઈ. ના બપાવા, તથા જરથોસતી ટોલા માહેલા કદીમ પંથના વડા દસતુર બેહસતબેહેરે મુલાંફીરોઝની* સંગાથે એ ના-મદાર ગવરનરે એટલીતો મોહબત રાખેલી હતી કે જાંણે એકેકનાં સગા ભા-ઇઓ હોએ એવો સંબંધ જોડી રાખીને તે વખતને અનુસરતાં પરજા ઉપીયોગી હરેક કાંમ એ નામદાર શેહલથી પાર ઉતારી શકતો; અને હાવી લાંમબી મુદતસુધી એકજ ઠેકાંણેની હાકેમી ઉપર જાથુક જોડાઈ રેહેઆમા સઘલી વર-ણની રીતભાંત સંબંધી અછી માહીતી મેલવી તેઓ તરફ એ નામદારે હંમેસાં મોહોબત ભરેલી મેહેરબાની દેખાડેલી માલુમ પડી આવીછે. એ નામદાર મ-રણ પાંમેઓ તેને જોકે ૬૨ પુરાં થઇને ૬૩ મું વરસ હવડાં ચાલેચ તેટલા અરસામાં આપણી આ મુંબઈ ટાપુની રોણક ઘણી રીતે ફેરફાર થઇને આબા-દીએ પોંહતીછે તોપણ તેના નામની બે માહભારત ઇઆદગારીએ જારથી પરારંભ કીવો હતો તારથી, તેની હસતી તેહવાજ આકારમાં જે સલાંમત રહે-લીછે તેનું વરણન નીચલી કવીતાથી સઘલા સાહેબોને શેહેજમાં માલુમ પડશે.

જે બે ચીજ દેખાડેચ તેના કાંમની યાદ—રહીચ તેથી નેકનાંમી કમ યા જીઆદ.
એકતો તેના નામનો રસતો થયો†—તે બાંધીને બીચારો ખસતો ગયો.

---

* આ કામેલ અને ફીરદોશ નીસાંનના માહપંડીત દસતુરના એખલાસ ઉપર તે નામદાર એટલો ફીદા હતો કે, પોતાની સંગાથે તે બુજોરગને છેક વેલાતવેર લઈ જવા માટે તઈઆર કીધા, પણ અફસોસછે કે, અજલની દોરીએ તે બેહુ સાહેબોની નેક મોરાદ પેસ પડવા દીધીજ નહીં. નો૦ લે.

† એ રસતો નલના બજારની ડાહવી બોરદુએથી થઇને ભાંએખલે જ-વાના નાકાં સુધીનો જે "ડંકનરોડ" કેહવાએછે તે. નો૦ લે.

જેને આપરે ડંકન રોડ કહીએચ—વાપરવાસમાં રાતને દંન લઇએચ.
ગયોછે તે નળને નાકેથી લાંમબો—મલેચ તેને ભીંડીબજારા સાંમબો.
બીજી તે નાંમવરની યાદી ગણાએચ—કીંગ બરાકને તે નામે જણાએચ.
જે દંકનના ખરચથી બંધાએલીછે—કીરતી તેમાં તેની સંધાએલીછે.
હતો જારે ગાદીપર તરીજો જારજ—ભોગવતોતો મુંબઈમા ડંકન રાજ.
તે વખતે ઉઠાવેલું નાંદર કાંમ—ખરચેઆંછે તેમાં સુહબલક દાંમ.
એહલી હોમજીનાં મોહલાને મલેલીછે—તાંહાં કીલ્લા જેહવી એક હવેલીછે.
તે બાંધીને આપીછે રાજાને ભેટ—નીમખહલાલીનું દેખાડી હેટ.
ઓલખાએછે તારથી તે કીંગજ બરાક—નથી શક રહેલો તેમાં જરાક.
તેથી ડંકનનું રોસન નાંમ જહલકેચ—તે જાહેરમાં કેહવાથી મન મલકેચ.

એની આગમજના બીજા બે ગવરનરોને નામની થોડીક યાદી જે આપણી ટાપુ સાથે જોડાઈ રહીચ તે માહેલા નામદાર હારંબીની એક હવેલી જે કોટની ગોદી સાંમણે આવેલી હાઈ કોરટના કારણસર હજીસુધી વપરાતીછે તે સને ૧૭૮૦ માં બંધાઇને તઈઆર થએલી કેહવાએછે, અને બીજો કોટે કોટ આગલનો (હારંબી રો નાંમનો) રસતો પણ તેજ સાલમાં અથવા એકાદ બેએ વરસ આગલ પાછલ બાંધેઆમાં આવેઓ હતો. હવેલી તો છેક ૧૮૬૪ ના સપટેમબરની આખેરી સુધી એજ નામદારના મરણ પછેથી તેના વારેસોની વતી મી૦ રીમીંગટન કુંપનીના સવાધીનમાં હતી તે ઉપલે સાલ રૂ ૭,૦૦,૦૦૦ ની કીંમતે જારે વેચાઈ તારે, આપણી ટાપુનાં માંનવંતા મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈએ પોતાની જાહોજલાલીનાવખતપર ખરીદ કરી લીધાથી અસલી માલિકની હસતી ખતમ થઈ હતી પણ તે લેનાર સાહેબના હાથમાંબી બરગસતે બખતની ગીરદશીએ જાહાજો વખત નીભી નહીં રેહેતાં સને ૧૮૬૭ ના જુલાઈ મહીને પાછી વેચાઈ તે ઈઆહુધી ગનાતના તોજાર શોદાગર તે વખતના ધી હાંનરેબલ અને હાલના સર અબદલા દાઉદ સાસુન નાઇટે રૂ૩,૮૫,૦૦૦) વાસતે ખરીદ કીધી તારથી તેની મીલકત ગણાયા પછે કોરટના કારણસર આપણી સરકારે પાંચ વરસની મુદતે દર મહીને રૂ ૩૦૦૦) ને ભાડે રાખીછે પણ સરકારી રસતો જે તે નામદારને નામે જોડાઈ રહેઓચ તેની હસતી હજીતક કોઈજ ભુલતું નથી. એની પછી થઈ ગએલા એક બીજા ગવરનર નાંમદાર મી૦ ડીકને નામનો એક તલાવ જે ભાંએખલા આગલ સર જમશેદજી હાસપીટાલની પડોસમાં આવેલોછે તે ઈરાવી સને ૧૭૯૪ માં પરજાની સગવડ માટે એ નામદારે બંધાવેઓ હતો; પણ પાછળથી જારે ઘણી ખીસમાર હાલતમાં આવેલો જણાયો તારે તે ઉપરથી આપણી વસતીમાં વખણાઈ ગએલા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટની પરમારથી ધણી-આણી શેઠાંણી બાઈ લેડી આંવાંબાઇએ મોહટી રકમ ખરચીને પથરની ફરસબંદીશીકે બાંધવાનું કાંમ સને ૧૮૪૯ થી જે શરૂ કીધું હતું તે લગભગ બે વરસે સને ૧૮૫૧ માં સમપુરણ થયા પછેબી તે દીકને નામે ઓલખાતો તલાવ એ બેહુની કીરતી સંબંધી જહલકાટની યાદી આપતો પરજાની કુવા લીએછે.

ગવરનર મી૦ દીકની આગમજ થાઈ ગએલા સર ઉલીઅમ મેદ્રાસને નામનીબી એક યાદી આપણી પાશે જે રહેલીછે તે કોટનાં અંગરેજ બજારમાં ઓરીએંટલ બેંકના પાછલાં બારથી તે હાલનાં બોંમબે ગેઝેટના છાપખાના સુધી "મેદ્રાસ સ્ત્રીટ" નામનો સલગ રસતોછે, જે ઇશિવી સને ૧૭૮૯ માં બંધાઇને તઈઆર થયો હતો, અને ઉપલાં છાપખાંનાવાળી જગેઆપર તે વખતે બાંધેલી એમારતમાં કેહચ કે તે નામદાર પોતે રેહેતો હતો તેથી તે રસતાને તેનાજ નામ સાથે હસતીમાં રાખેલો માંણુવામાં આવેછે.

એ પછે પરજાની પરીતી મેલવી ગએલા ગવરનર માંઊંટ સ્ટુઅરટ એલફીનસટન સાહેબનેબી આલમ ઘણા હરખથી યાદ કરતી જણાએછે, કારણ કે જારથી તેની હકુમતનો પરકાસ આપણી ટાપુપર પડવા માંડઓ તારથી અનેક બાબદમાં પરજાની જોઈતી સગવડો તે નામદાર સાચવતો હતો અને જેનીબી ફરીઆદ તેને કાંને આવતી તો તે ઉપર ખંતીપણાથી તતકાલ ધેઆંન આપી તેહવાઓની દાદ સરંજાંમ પોંહોંચાડવાનું હરગેજ ભુલતો નહતો. એજ સાહેબના અમલમાં ઇનસાંનોની કેળવણી માટે સારા પાયાપર જે સ્કુલ પેહલ વેહલી ચાલુ થઈ તેને હજીતક તે નામદારની યાદમાં ચહડતે દરજજે ઉભેલી આપણે દરરોજ જોતા રહીએચ કે તાંહાંથી સેંકડો લોકો વીદ્દઆધન હાંસેલ કરી રાહત પાંમેછે; એજ માનવંતા હાકેમની કારકીરદીમાં આપણી ટાપુ ખાતે વરસાદની કોતાઇને લીધે પાંણીની અતીઅંત ટીપણી પડી હતી તેઆરે સઘલી પરજાને સેહલથી પાણી મલી શકે તેવા ટાકીદના ઉપાએ લઇને ઘણાક કુવા તથા તળાવો જોઇએ તેવે ઠેકાણે ખોધવાની છુટ પરજાને બખશી હતી એટલુંજ નહીં પણ કોટની બાહેર જવા માટે દેવલની મોહટી ભાગલનો મારગ ગાડી ઘોડાઓના ધસારાને લીધે પણીઆરીઓને ઘણો અગવડ ભરેલો જારે જણાયો તારે દયા બાઇને તેઓના સુખ માટે સાલીપોરટ નામનો એક નાંધલો દરવાજો કોટેકોટ જાંહાં હવડે "એલેકઝાંડરા ગેઅરલસ સ્કુલ" છે તેની સાંમણે જે કોટ હતો તે ફોડીને, એ સાહેબે કરાવી આપેઓ હતો. જો કે તે સઘલું આજે નહીં હોયા જેવું થઈ રહેઊંચ તોપણ એ નામવરની કીરતી તવારીખના સફા ઉપર જે ચપટ ચોંટી બેઠીચ તે કવચીત ભુસરાઈ જનાર નથી અને તેહવી તેની નેકનાંમીના બદલામાં પરજા તરફથી એક શુંદર બાહાવલું એ સાહેબનું જે વેલાતથી બનાવી મગાવેઊં હતું તેને આપણી ટાંઉન હાલની પાદશાહી જગોએ મોહટા આદરમાંનથી ગોઠવી બેસાડઊંછે તેજ તેની સાદત આપવાને બસ ધારીએછે.

અંગરેજી હકુમતની ચહડતી દશા.

લગભગ પાઅ સદીના અરસા સુધીતો હીંઆંની અંગરેજી હકુમત, અનુભવની ગેરહાજરીને લીધે, ઘણી ડાંમાડોલ હાલતમાં ચાલેઆ કીધો, તે સતરમી સદીનાં શેવટ સાથે તેબી ખતંમ થયા પછે, નાંમવર રૂસતમ દોરાબની ઉતમ નોકરીની બરકતથી, પાછલનો જુગ સારે પાએ બેસતો ચાલેઓ, માટે

અંગરેજી હકુમતના મુબારક પગલાં સજર ચોંટી બેઠાથી, આ ટાપુની જગેઆ ઘણીજ અગતની ગણાઈ એટલુંજ નહીં, પણ વખત જતાં તેમા સુધરાઈના કીરણોબી પરકાસવાની વકી રખાઇ હતી, કારણ કે હીંદખાતે તેઓના વેપારનું અસલ મથક જે સુરત શેહેરમાં* હતું પણ તાંહાંની રાજદુવારી બાબદો ગેરકાએદે હોવાને લીધે જોકે વેપાર ચલાવવાની મુગલાઈ સલતનતથી તેઓને છુટ મળેલી હતી તોપણ તેના લાલચુ અમલદારો મોટી રકમનું નાંણું હરેક બાંહાંને બખેડા મચાવીને તેઓ પાશેથી કહડાવતા હતા; અને વલી તે ઉપરાંત મરાઠા લોકોબી તેઓની આંખ વીચાંમનીનો લાભ લઇને ઘણીક વાર હોમલો લાવતા હતા વાસતે તેઓના સંકટમાંથી મોકલા રેહવાની કોઇક અલાહેદી જગેઆ જે શોધતા હતા તે ઇચ્છા જારે સમપુરણ થાઈ તારે નીરઉપીઓગી પડી રહેલી આ ટાપુને રોણકદાર કરવાની કુદરતી ઊલટ તેઓમાં ઉસકેરાઈ હતી.

કોટની બાહેરનું મેદાન જે અસલમાં ઘીચ વસતીથી ઘણુંજ ઘેરાઈ રહેલું હતું તાંહાંથી થોડીક વસતીને પેહલવેહલાં સને ૧૭૦૭ માં ખીસાડીને તાંહાં એક માઇલ સુધીનું ખોલું મેદાન કીધામાં આવેલું હતું.

શેહરનાં સંભાલમાટે સને ૧૬૬૯ થી ફરતો કોટ બાંધવાનું કાંમ જે સરૂ થએલું હતું તે સઘલું નામદાર ગવરનર ચારલસ બુનની કારકીરદીમા ૧૭૧૬ ના જુનની ૧ લી તારીખે પુરૂં કીધામાં આવેલું, અને છેલ્લે પાલવા તરફના બે દરવાજાઓ બંધાઈ રહેઆ તેની ઈઆદદાસતમાં ફતરની એક તખતી તેને મથાલે કોતરીને જે ચોંટાડેલી હતી તે ઉપરથી આ નોધ મેલવાએલી હતી; પણ તેની સાબિતી આજે જોવા જશું તો તાંહાં નહીં તે કોટ, કે નાં તેના દરવાજાઓ, કાંઈ સલાંમત રહેલા દેખાશેજ નહીં.

ગાંમમાં વારંમવાર મરકીનો રોગ જે ઉતપણ થતો હતો તેનું કારણ શોધતાં ખેતીવાડીનાં ખાતરમા માછલાંના કુટા નાખવાનું માલુમ પડી આવીઆ ઉપરથી ૧૭૨૦ માં તેની સાંમણે સરકારે જારે સકત મનાઇ કીધી તારે ખેડુત લોકોએ નારાજી થઇને વેલાત ખાતે છેક કોરટ આવ ડાએરેકટરોને એવી અરજી કીધી હતી કે, કુટાનું ખાતર તેઓના ખેતરોમા વાપરવાની મનાઈ જો કાહાડી નખાવો તો દરશાળે સરકારને દશ હજાર રૂપીઆ તેઓ આપે; પણ હકુમતના સાહેબોને તો પઇસાની લાલુચ કરતાં પરજાની સુખાકારી તથા જીંદગીની દરાજીનો લાભ સાચવવો જોઇએ તેથી તેઓની અરજ નામદાર કોરટે બાહાલ રાખીજ નહીં. પોરટુગીસ લોકોએ વાંદરા તથા મુંબઇ વચેનો સંઘેશો બંધ પાડઆ ઉપરથી નામદાર કુંપની સરકારે તા૦ ૫ મી જુન ૧૭૨૦ માં એક હોકમનામું જાહેર કરી કોટમાં વસનારા લોકોને એકવીસ દાહાડામાં માહીમ તરફ જઈ રેહેવાનું ફરમાવેલું હતું, પણ તે હોકમ અમલમા આવેઓ અથવા નહીં તેની શાહદત અંધારાંમાજ પડેલી જણાએછે.

---

* જાંહાં સને ૧૫૯૧ થી પેહલવેહલા તેઓએ આવવા માંડેલું હતું. નો૦ લે૦

દેવલના મોહોલા આગલની ભાગલ બાહેર આટો દલવાની પવનથી ફરતી એક ઘંટી હતી. એ ઘંટી ૧૭૨૫ માં ગોઠવેલી હતી; જેથી તે તરફના મેદાનનું નામ "પવન ચકી" ને નામે હજીતક પરખ્યાત થઈ રહેલુંછે, અને તાંહાં દરરોજ સેંકડો ખાંડી અનાજ દલાતો હતો; પણ તાંહાંથી તે કેહારે ઉંચકાઈ ગઈ તેની ચોકસ ઇત્યાદી કોઇને ખબર નથી.

આ વાત એક અચરતી ભરેલી નોંધિઆમાં આવેછે કે, વાલકેશવર તથા કોલાબા ખાતે જમીન ખેડણીની ઉપજ દરશાલે ૩૧૩૦) લેખે સને ૧૭૨૮ સુધી જે સરકાર લેતી હતી, તેજ સરકાર આજે તે જગેઆ પાશેથી હજારો રૂપીઆની મેહેસુલ હાંશલ કરતી જણાએછે.

આપણી ટાપુ ખાતે પોરટુગીસનાં અમલ વખતથી વાંહાંણો બાંધવાની કાંમ ચલાઉ ગોદી તો હતીજ પણ વખત જતાં સમપુરણ હાલતમાં તે નહી જણાએઆને લીધે સને ૧૭૩૫ મા મરીન ખાતાંનાં વડા મી૰ દડલી નામનાં અંગરેજી નાવીકની ભલાંમણ મુજબ મનવારો તથા શોદાગરી માટેનાં સફરી વાંહાંણો બાંધવા સારૂ મજબુત પાએ ગોદી સથાપવામાં આવી હતી; અને તે કાંમની પુરવીણતાઈમાં પંકાએલા સુથારો જે જોઈતા હતા તે સુરતની ગોદી ખાતેના વાહાડીઆ સબાંઓરાના શોરાબજીના હાથ એઠલ લવજી નોશેરવાંનજી ચાકરીમાં હતા તેઓને પસંદ કરીને પેહલ વેહેલાં મુંબઈ ખાતે બોલાવી લીધા, તારથી સરકારી ગોદીનું કાંમ હીંઆં ધુમધોકાર ચાલવા માંડેઉં, અને જેમ ધમાલ વધતી ગઈ તેમ તે મકાનને એવું તો મચાવી મેલેઉંછે કે આજસુધી સરવેથી સરસ કારખાનામાં તેને સમાએલી આપણે જોઇએછે. વાહાડીઆ ખાનદાંનનો પાયો રચનારા શેઠ લવજીની દેખરેખ ઉપર નામદાર સરકારે પેહલ વેહલાં મી૰ ડદલીને સુપરીનટેનડેંટ ઠેડવીને તેમની સાથે મી૰ વારડવીક પીટ નામના એક ઇનજીનીઅરનેબી રાખેલો હતો, પણ વાહાડીઆજીની ચંચલાઇ, અને વાંહાંણ બાંધવાની હીકમત એવી તો પુખત રીતે માલુમ પડી કે તે બેહુ અમલદારોની કાંઈજ અગત નહીં રહેઆથી વડાપણાનો ઓહદો તેમનેજ સોંફવામા આવેઓ હતો, તારથી તે આજ દીન સુધી આ પાદશાહી ગોદી ખાતે વાહાડીઆજીના ખાનદાનનુંજ વઉરા જે વડાપણાનો હક ભોગવતા આવેછે, તેજ ધોરણ મુજબ તેમના નબીરાઓ માહેલા જે એક સાહશીક ગરહસથ આજ સુધી તાંહાં પોતાના માન ભરીઆ ઉદમના હોધા ઉપર ટકી રહેલા આપણે જોઇએછે તે કોઈજ નહીં પણ મી૰ જમશેદજી ધનજીભાઈજછે. આગલા વખતપર બંધવાઓને રાખવાનું અલાહેદું કેદખાનું જારે નોહતું તારે તેવી એક મજબુત જગેઆ પણ આએજ ગોદીમાં કીધેલી હતી; અને તાંહાંથી કેઆરે કાહાડી નખાઈ તેની ચોકસ બીનાં સરકારી જાહેર બાંધકાંમોની ટીપ આ નોધમાં નોખી આપેલીછે તાંહાંથી તેની વાકેફગારી વાંચનારા સાહેબોને મલી આવશે.

મરાઠાઓની ધાસતીને લીધે અતરેના દેશી વેપારી તથા સાહુકારોએ મલીને પોત પોતામાં હુંધરાવેલા ૩૩૬,૦૦૦ ની એક રકમ, નામદાર કુંપની સરકારને

૧૭૩૯ માં આપીને ગામના સંભાલ માટે કોટની બાહેર ફરતી ચરો ખોદાવી હતી જે ૧૨૩ વરસ વેર નીભી રહેઆ પછે કોટ જારે ટોડી પાડીને શેહરની રોણક શોભાવી, તારે તેપણ સદાબરી પુરી નાખવામા આવેઆથી તેનીબી જરાએ નીશાંણી હવે રહેલી દેખાતી નથી.

કોટની બાહિરના મેદાંનમાંથી થોડીક વસતી ૧૭૦૭ માં બીસાડઆથીબી સરકારની સગવડ નહીં સચવાવાને લીધે મોહટ મોહટા લોકોનાં ઘરો, બાગ બગીચાઓ, દેવલો, મસજીદો, અને મંદીરો વગેરેની એમારતો જે હતી તેની કીંમત દરેક ધણીને ઇસવી સને ૧૭૫૩ માં આપીને મેદાંન સઘલું ખુલ્લું રાખવાની સરૂઆત એ વરસથી એકેદમ કીધામાં આવી હતી. પણ સમો બદલાયાની સાથે રીતભાંતોબી ફેરવાએચ તેમ હવડે આપણે જોઇએચ તો તેજ મેદાંન મધે અગાઉના કરતાં ઊંચી બાંધણીની સરસ એમારતો જોનારાઓને સંતોશ પમાંડેછે.

ઇશવી સને ૧૭૬૫ સુધી કોટ મધે હવડાં માલ ભરવા માટેની જે વખારો હોએચ તેહવાં નીચા બંગલાઓ મધે અંગરેજ લોકો રેહતા હતા અને તે બંગલાઓની વછવાડે (જાંહાં હવડાં સેકરેટરી આફીસછે તેમાં) સરકારી ઘેરની એમારત સરવેથી મસ મોહોટી કેહવાતી હતી, અને કાંઉનશીલનો બીજો અધીકારી જે ઘેર મધે રેહતો હતો તેને તો "સેકંડ હાઉસ" ઇઆને સરકારી એમારતથી ઉતરતું બીજું ઘેર કરી કેહવામાં આવતું હતું. શીવીલ પે ડીપારટમેંટ, ચીફ સેકરેટેરીની આફીસ તથા તેની પડએ કેમીસરી અને બીજાં જાહેર સરકારી ખાતાંઓને વાસતે વપરાએલી મોહટી હવેલી જે સેંટ ટાંમસના મોહટાં દેવલની ઉતર બાજુએ હોરાબજારને નાકે હતી તે તો હવડેના વખત પર નહીં સરીખી થઇને તેની જગોએ આગલી તરફ નેસનાલ ફીનાનશીઅલ વાલાઓએ લઇને તેનો સઘલો આકાર ફેરફાર કરી નાખેઓ એટલુંજ નહીં પણ તેની બોરદુથી તે પાછલીગમ સુધી ધી આનરેબલ સર અબદલ્લા દાઉદ સાસુન તથા તેને પડએ મી○ એદલજી ફરાંમજીના છોકરાઓએ મોહટ મોહટી હવેલી બાંધીને અસલી એમારતની ઇઆદદાસત જે ભુલાવી દીધીચ તેની માતરે નોધ અતરે લઈ રાખીએછે તે અણજાંણેઆ સાહેબોના તો ખેઆલમાંબી નહીં આવશે લેકીન જેનાઓએ અસલમાં જોઇચ તેઓ માહેલા કોઇબી હઇઆત રહેલા શાહેબો તો તેની થોડીકબી ઇઆદી કવચીત ભુલસે નહીં.

બારૂત બનાવવાનું સરકારી કારખાંનું અસલથી દેવલ તથા પાલવાના દરવાજાની વચેનાં કોટની અંદર જે રાખેલું હતું તાંહાંથી વસતીના તથા મીલકતોના વધારાને લીધે ધાસતી જેવું જણાઇ આવેઆથી ઇસવી સને ૧૭૭૨ માં તદન કાહાડીને મજગાંમ ખાતે લઈ ગએઆ હતા, જાંહાં લગભગ ૮૨) વરસ તુલીક સાચવી રાખેઆ પછે ૧૮૬૪ નાં આગસટની ૨૫ મી તારીખે તાંહાંથી પણ કાહાડીને પેસવાઇની પુરાંણી રાજધાંણીના શેહર દખણ માહેલાં ખીરકી ગાંમ મધે જાંહાં લસકરી મોહટી છાંવણી કીધેલીછે તાંહાં તે દારૂખાંનાની કાએમ જગેઆ ગોઠવી બેસાડી, અને મજગાંમ વાલું મકાંન તેજ સાલની

તા૦ ૨૫ મી આગસટે કલેકટરની આફીસમો જાહેર લીલાંઉ કરીને વેચી ના-ખેઉં તે સતોરીઆના શાહ૦ પરેમચંદ રાએચંદે ૩૪૦) લાખની કીંમત આપી ખરીદ કીધું હતું તેથી જો કે નામદાર સરકારને તો સજર ટડાકો પડ્યો હતો પણ લેનારના લાભે તેમા એકેદમ ઉછાલો કરી તે જગેઆનું દાંમ એક કરોડ રૂપીઆ સુધી ઉપજાવીને પોતાના ગલાંની ટોક આલમને ગલે એોલવી હતી, જેથી કરી તે વખતપર પરએઆત થઈ પડેલા મજગાંમના ખાડાનો જે સટો ફેલાયો હતો તેમાં હજારો લોકો ભાગીદારો થઈને આકેબત એવાતો તેમાં પુરાઈ ગયા હતા કે તેમાંથી કેટલાક જણાઓ હજુતક ઉપર આવી સકેઆજ નથી.

બાહેરનાં બંદરો તરફથી જલમારગ કાપીને આવનારાઓને વાસતે, કીનારે ઉતરવાની માતરે એકજ જગેઆ કોટની ગોદી પાશે આગલા વખતમાં હતી, અને પાલવાનો ધકો જે તારબાદ ઘણે વરશે બંધાએઓ તાંહાંસુધી બારાં મા-હેલાં દરીઆવના તથા પશ્છમ (જે "બેઆકબે"ના નામથી એોલખાએછે) ની ખારીના પાંણીઓ પુર ભરતી વખતે એક બીજાને સદા મલતાં હતાં, અને તેથી કરી મુંબઈ તથા કોલાબાની વચેના ખડકો થોડાકવારવેર ડુબત રહેઆને લીધે હોરકાંઓ તથા બંદરબોટોની મારફતે લોકોની આવનજાવન થાતી હતી. તે સાથે વલી એક વખત એવોબી હતો કે દેશાવરોના સફરી મોટાં વાંહાંણો ભુલથી પશ્છમ કીનારા તરફ બારે સહમજી દાખલ થતાં તો તેહવેસમે તેઓને વેહલી મદદ મલવા માટે ભરતી ટાંકણે તેહવા ખડકવાલા મારગમાથી શેહલ રીતે પસાર થવાઈ સકાતું હતું, અને તેથી કરી તેહવાં અંજાંણેઆં બારકસ-વાલાઓ તારે વાલકેશવરના પોંણટાની માહીતી મેલવી સકતા હતા, પણ જારથી પાલવાનો ધકો બંધાએઓ અને તે માટે કેટલીક તરફ પુરણી કરવામા આવી તારથી તે તરફના પાંણી જોકે ઘટતાં ચાલેઆં તે છતાંબી ઈ૦ સ૦ ૧૮૩૭ સુધી ભરતી વખતે કોલાબે જવાનો મારગ બોટોનીજ મદદથી જે મલતો હતો, તે બીજે સાલ પુલ બંધાઇને ચાલુ થીઓ તે દાહાડાથી મુંબઇ સાથે કોલાબું જોડાઈ રહેઉં અને કીનારે ઉતરવાનાં બીજા ઘણા મારગોથી સરવેની સગવડ સચવાએચ તેનાતો પુલ બંધાએઆની ઘણા વરશો આગમજની છે.

કોલાબે જતાં કોપરખાનાની આગલ દેખાતું મોટું જાહાડ લગભગ ૧૫૦) વરસને સુમારેની ઊંમરનુ હવડાં કેહવાએછે, અને તેસાથે હેવુંબી બોલાએચ કે એ કોપરખાના આગલથી તે હાલના "ફરીઅર ટાંઉન"માં જે અતી રલીઆં-મની તથા શોહાંમની એમારતો બંધાઈચ તાંહાંતુલીક અસલમાં મજબુત બેઠાં ઘરો, ઊંદા કુવાઓ અને બાગબગીચાઓથી મકાંણ એટલુંતો ધીચ હતું કે કોપરખાનાથી તે છેક પસછમ તરફના કીનારા સુધીની સપાટ જમીન દરોબ-સત દેખાઈ સકાતી નોહટી તે સઘલું બાંધકાંમ ઈ૦ સ૦ ૧૭૯૪ માં જારે ફરેંચોને ઉતરી આવવાની ધાસતી માલુમ પડી તારે તે વખતની આપણી સરકારે લડાઇ માટે બોલું મેદાંણ બનાવવાની ધારનાથી કહડાવી નાખેઉં હતું તે બનાવ તરીજી વારનો હતો કેમકે તેની આગમજ ઉપર જણાવેઆ મુજબ ઉતર તરફનો ભાગતો સફાઈ પાંમી ચુકેલોજ હતો. અને તેથી કરી ફરતા

કોટની સફીલથી તે ૧૫૦૦ વારની પોહલાઈ સુધીના મેદાંણની અંદર અગત વખતે તંમબુઓ શેવાએ કોઇબી એમારત બાંધવાની પરવાંણગી જે કોઈનેબી મલતી ન હતી તે ઠેકાંણે તાર પછે લગભગ પોણોશો વરશે આગલ કરતાં સરસ મીલકતો તાંહાં બીરાજવા માંડીછે. એ વખત ઉપર મરીન ખાતાનાં ડાકટર સાણવીચની એક એમારત તાંહાં હતી તેનો સઘલો કાટ પોતે કાહડી લઇને કોલાબા ખાતે જે જગેઆપર ગોઠવેઓ હતો તાહાંબી તારપછે ઘણી મુદતે માણેકજી પીટીટની રૂઉની શોભાવંતી વખારો બંધાઈને વેપારનુ મોટું મથક થાઈ પડઉંછે.

ઉપર જણાવેલું કોપરખાનું માજી જનરલ જોનસના બાપે ઈ૦ સ૦ ૧૭૨૦ માં સથાપેલું હતું, અને તે ઉપરથી આ ગરહસથ "જાહાંન સાહેબ કોપર" ને નામથી તે વખતે પરએઆત થએલો હતો. આ ગરહસથનું કાંમકાજ, જારે આડમીરાલ સર એડવરડ હાંઉજરાની સરદારી હેઠલ પાદશાહી લડાઈનાં મોટાં બારકસનો કાફલો ઈંડીઆ ખાતે ઘણા વરશો સુધી ફરતો હતો તારે, ઘણુંજ મનમાંનતું, અને નફા ભરેઊં ચાલેઆ કીધું હતું.

કોપરખાનાની પાસે દરીઆવરધી ખાતાંની જે જગેઆ કેહવાએચ તાંહાંથી તે છેક દેવલના દરવાજાની બાહેર સુધીના રસતાની હારે બેસુમાર વડના મોટાં જાહાડો તે વખતપર આટો દલવાની પવનચકીને ગેહરામાં લઈને ઉભેલાં હતાં તેપણ પાછલથી રસતાની સફાઈ માટે તદન કાપી કાહાડેઆમાં આવેઆંછે.

મુંબઈનાં બંચાવ માટે કેહચ કે તે વખતના ગવરનર ડંકને ઘણાખરા ગોવેગરી બબરચી તથા બટલરોને બોલાવી મંગાવી તેઓની "વાલેનટીઅર" પલટણ બનાવીને દરરોજ તેઓને લડાઈની કવાએદ શીખવી તઈઆર કીધા, પછે તેનું કલનલપણું પોતે ચલાવતાં તે વખતના કેટલાક અંગરેજ વેપારીઓને મેજર, કપતાંન અને લફટનેંટો તરીકે અમલદાર ઠેડવેઆ હતા. પણ તે ફોજ થોડુંકસુધી નીભાવી રાખેઆ પછે અગત નહીં જણાયા ઉપરથી વીખરી નાખી હતી.

જાંહાં હવડાં મી૦ ફારબસની કુંપનીની નામીચી પુરાંણી પેહેડીછે તે જગેઆથી તે છેક એલફીનસટન સરકલ સુધીનો રસતો ભીંડીના અને તેહ-વાંજ બીજાં મોટાં જાહાડોથી ઘેરાઇ રહેલો હતો તે માહેલો થોડાક ભાગ તે વખતના મી૦ જાંન ફારબશે ઉપલાં કારણસર ખરીદી લઇને તાંહાં હવેલી બાંધી તેની ઊંમરબી સોથી વધારે વરસની કેહવાએછે.

આગલા વખતના ગવરનરો ઘણાખરા કોટમાજ રહેઆને લીધે પરેલવાલો સરકારી મેહેલ કોઈ જાહેર કારણસરજ વાપરવામા આવતો હતો, અને તેજ મકાણ અંદર દરશાળની તા૦ ૪ થા જુને તરીજા જારજ રાજાની, તથા જાને-વારીની ૧૮ મી તારીખે તે નામદારની રાંણીની વરસગાંઠને દાહાડે બાલ આપવામા આવતા હતા, જે વખતે નાચના ઓરડામા ગોઠવેલા કોચોની ઉપર

ઘોઘારી છીંટ જડવામા તથા ઉજાસ માટે હાંડીઓની અંદર ગોવાની બનાવેલી મીનબતીઓ વાપરવામા લેતા હતા અને રાતના બાનાપર ચંપીન તથા કલારતના દોરોબી દેખાતા નોહતા, એટલુંજ નહીં પણ જે કોઈ નવો મેહમાંન વખતે તાંહાં અશુરો આવતો તારે તેની ગંમત માટે ચાલતો નાંચ અટકાવીને પેહેલેથી પાછો સહરૂ કરતા, અને તે સાથે ગાંમઠી નાચોબી તાંહાં થતા હતા. પણ તે વખત એવોતો કંગાલીઅતમાં દેખાતો કે હાવી રામસણીને રોણક આપનારૂં એકુ વાજું તથા તેને લગતાં વજંતરો મુતલગ હતાંજ નહીં; શેવાએ માહીમ તરફથી અરધો ડજન ગોવેગર ફરંગી લોકો પાંચેક શીશાલી, ઉપરાંત "વાઇઓલીનશીલો" નામનું એક વજનતર લઇને હાજર થતા હતા. જાંહાં ગાએણ માટે ચોપડી વટીકનીબી ખુટ જણાતી હતી તાંહાં વખત બદલાયા પછેથી આજે તરેહવાર સણગારની સાથે નહીં સાંભલેલા નવા અખતરા જોવામા આવેછે.

કીલ્લાના દરવાજા આગલથી તે છેક હાલની ટાંઉનબારકની અડાઅડસુધી (ટંકશાળને ઢાંકતી) બેઠી બાંધણીની હારબંધ બરાઓ અને લશકરી અમલદારોને રેહેવાના મકાંણો અસલમાં પેહેલ વેહેલાં જે જણાતાં હતાં, તે એમારતોબી સને ૧૮૦૩ ની મોટી આગ પછે કીલ્લો મોકલો રાખવા માટે કાહાડી નાખીને તાંહાં શેહાંમનું ચોગાંણ બનાવેલું, અને તેમાંબી તારબાદ જોઇતો સુધારો દાખલ કરી આજ સુધીમાં રલીઆંમનો દેખાવ દીપાવી દીધોછે.

અંગરેજ બજારમાં "ફારબસ સ્ત્રીટ" નામના મોહલામાં જાંહાં "દાદી બીલડીંગ" નામની મસ મોટી ગંજાવર હવેલી જે મેદો સ્ત્રીટને નાકેથી તે છેક એપાલો સ્ત્રીટ સુધીનો લગભગ પા ભાગ ઘેરીને ઉભેલીછે, તે ઠેકાંણે સો વરસની આગમચ એક તલાવ હતો, અને તેની આસેપાસે ઉગતી દરોઇની હલીઆરી ભોંએપર સાદડી અથવા શેતરંજી બીછાવીને કેહચ કે શેહેરના શેઠીઆઓ તથા પરજાના ઘણા ખરા લોકો સાંહાંજની વખતે આવી બેસતા હતા, તાંહાં વસતીના વધારાએ આજે કોઇને નકાંમો ઉભો રેહેવા જેટલીબી ખાલી જગેઆ રાખેલી દેખાતી નથી. ઉપલી નામીચી હવેલી ઇ૦ સ૦ ૧૮૦૪ અથવા ૧૮૦૫ માં મરહુમ તોજાર શેઠ અરદેશર દાદીશેઠે બંધાવી હતી, પણ તેમના ગુજરેઆ પછે જારે વેચાઈ તારે પારકે હાથ ફરતાં ફરતાં ૧૮૬૮ થી સર અબદલ્લા દાઉદ સાસુન નાઈટ શી. એસ. આઈને હાથ આવીચ તે છતાંબી આગલાં મુબારક નામથીજ મેહલને મીસાલની તે એમારત આજસુધી ઓલખાએછે.

દુનીઆંની ગીરદેશી કેટલાક સંજોગથી આફત લાવીને હરેક મુલકોની અફડાતફડી જેમ કરેચ તેમ હમારા વીચાર પરમાંણે કોઈ જુગ એવોબી વહી ગયો હોએ કે, તે અરસામા આપણી આ ટાપુ એકવાર બુલંદીએ પોંહોંચીને તેની અવધ સાથે ઉજડ થઈ ઘણીક સદીઓ સુધી વેરાંણ હાલતમાં દરીઆવના મોજાઓની છોલ ખાતી પડી રેહેઆ પછે, આ બીનાની સરૂઆતમાં જણાવેઆ મુજબ તે ઉપર કેટલાક હીંદુ રાજાઓ ઉપરાંત પોરટુગીશો

હકુમત ભોગવી રેહેઆબાદ ગરીબી હાલતમા પાછી ઉધરેલી મુંબઈ નગરીને ચહડતી દશાપર આંણવા માટે અંગરેજી અદલ રાજીઅને। અમલ પરકાસવાની સરજત ઉતરેલી બચીત માલુમ પડેછે; અને તે ઉપર એક કવેસરની કેહેવત જે બંધબેસતી લાગુ પડેચ તેને આ વરણનમાં ફેરફાર ઢપથી પણ તેહવીજ મતલબને સાચવી હીંઆં નોંધી લઈએછે કે—

ઉજડ એડું ફરી વશે, નહીં ધનયો ધન જોએ,
ગઈ જવાંની નહીં આવે, તેમ મુઓ ન જીવતો હોએ.

એની સહમજ એવી ઉડેચ કે, આ દુનીઆંમાં બે ચીજ પાછી હાથ આવવાની જે આશેઆ રખાવેચ તે માહેલી એકતો સારી હાલત ભોગવેઆ પછે વેરાંણ થએલું ગાંમડું કોક વખતે પાછું વસતું થાએછે; અને બીજી બોવાએલી દોલતબી રૂડા ઉદીયોગથી પાછી હાથ આવી જાએ; પણ બાકીની બે ચીજો ઉપર ઈનસાંનોને। કશો એખતેઆરજ નથી તે એકે જવાંનીને। બાહાર એકવાર વહી ગએલો જેમ ફરીથી પાછો આવતો નથી, તેમજ મરણ પાંમેલો સખસબી જીવતો થઈ શકતો નથી; માટે છેલ્લી બે ચીજો ઉપર નભરવસ નહીં રેહેતાં, પેહેલી બાબદોનેજ વલગી રેહવાનું વીચારી જોઈશું તો તે માહેલું આપણને હવડાં પનાહ આપનારૂં આ ગુલજાર શેહેર બચીત માલુમ પડેછે કે જે પાછલા જમાના પછેથી દનપરદન એવી સુધરાઈ પામતું ઉછલેછેચ કે તેથી કરી તેની આગલી અવસથાને સદંતર ભુલાવી નાખવા જેવો સંજોગ હોનર તથા હીકમતનાં બલે બનાવી દેખાડઓચ, તેનું વરણન તો આ નોધમાં દાખલ કરવાનું હજી રેહેછે.

સરસુબાઓના નામોની ટીપ.

———0———

હીંઆંસુધી આપણી ટાપુના સરકારી વંહીવટ સવતંતરપણાથી ચાલિઆ પછે, પારલામેંટની પાદસાહી સભાએ એક ધારો પસાર કરીને બંગાલ પરાંતને હીંદની અંગરેજી હકુમતનું પાએતખત ઠેરવીઉં અને તે માટે વાઈસરાએ તથા ગવરનર જનરલના એક મોહોટા ઓધાની નવી નેમણુક ૧૭૭૩ થી પરશીધ કીધામાં આવી તે મુજબ મધરાજ તથા મુંબઈના મઠકો તેના તાબામાં સોંફાએઆં તે દાહાડાથી કલકતા ખાતેની હકુમતપર આવતા સરસુબાઓની એક ટીપ હેઠલ દાખલ કરીછે.

હકુમત સીધાની તારીખ			સરસુબાઓના નાંમો.	ઓધો છોડ્યાની તારીખ.			હકુમતની હદ.			ઈઆદદાસત.
							વરસ.	મહીના.	દહાડા.	
૧૬	જુન.	૧૭૭૨	વારણ હેસતીંગસ................................	...	...	...	...	...	...	
		૧૭૮૧	મી૦ ઉહીલર. (કાંમ ચલાઉ)	...	...	...	...	...	...	
		૧૭૮૫	સર જાંન મેકફરસન બારોનેટ....................	...	...	...	...	...	...	
	જાનેવારી.	૧૭૮૬	મારકુઈસ કારનવાલીસ..................	...	...	...	...	...	...	
		૧૭૯૨	મી૦ સપીક. (કાંમ ચલાઉ)..................	...	...	...	...	...	...	
		૧૭૯૮	સર જાંન સોર બારોનેટ..................	...	...	...	...	...	...	પાછલથી લારડ ટાંઈનમાઉઠ થયો હતો.
		,,	મી૦ સપીક. (વાઈસ પરેસીડેંટ)	...	...	...	...	...	...	
	મારચ.	,,	સર એલીઉઅરડ કલારક બારોનેટ	...	...	...	...	...	...	
૧૭	મેએ.	,,	અરલ આવ મારનીંગટન..	...	...	...	...	...	...	પાછલથી મોસત નોબલ મારકુઈસ આવ વેલેસલી થયો.

	ડીસેમબર.	૧૭૯૮	સર એ. ક્લારક બારોનેટ (વાઈસ પરેસીડેંટ)......	...	...	...	...	...	...	
		૧૮૦૪	સર જારજ હીલેરો બારલો બારોનેટ (વાઈસ પરેસીડેંટ)	...	...	...	...	...	...	
૩૦	જુલાઈ.	૧૮૦૫	મારકુઈસ આવ કારનવાલીસ. (બીજીવાર)......	૫	અકટોબર.	૧૮૦૫	...	૨	૬	મરણ પામેઓ.
૫	અકટોબર.	૧૮૦૫	સર જારજ હીલેરો બારલો બારોનેટ.........	...	...	...	...	...	..	
		૧૮૦૫	મી૦ અદની. (કાંમ ચલાઉ.)	...	...	...	...	...	..	
૩	જુલાઈ.	૧૮૦૭	ધી રાઈટ હાંનરેબલ ગીલબરત અરલે આવ મીનટો..	૯	જાનેવારી.	૧૮૨૨	૯	૩	૬	રાજી નામુ આપી વેલાત ગયો.
૪	અકટોબર.	૧૮૧૩	મારકુઈસ આવ હેસતીંગસ.....................	૨૧	જુલાઈ.	૧૮૨૩	...	૬	૨૨	
૧૦	જાનેવારી.	૧૮૨૩	મી૦ જાંન આદમ	...	...	...	...	...	...	
૧	આગસટ.	૧૮૨૩	ધી રાઈટ હાંનરેબલ અરલ આવ આમહરસટ.....							
૪	જુલાઈ.	૧૮૨૮	ધી રાઈટ હાંનરેબલ લારડ ઉલીએમ કેવેણડીસ બેનટીક	૨૦	મારચ.	૧૮૩૫	૬	૮	૧૭	
૨૦	મારચ.	૧૮૩૫	ધી હાંનરેબલ સર સી. ટી. મેટકાફ. (કાંમ ચલાઉ)...	૪	મારચ.	૧૮૩૬	...	૧૧	૧૪	
૫	,,	૧૮૩૬	અરલ આવ આકલાંડ	૨૭	ફેબરવારી.	૧૮૪૨	૫	૧૧	૨૨	
૨૮	ફેબરવારી.	૧૮૪૨	અરલ આવ એલનબરો.........................	૧૫	જુલાઈ.	૧૮૪૪	૨	૪	૧૬	પાછો બોલાવી લીધો હતો.
૧૫	જુલાઈ.	૧૮૪૪	મી૦ ડબલીઉ. ડબલીઉ. બરડ. (કાંમ ચલાઉ.)....	૪	આબસટ.	૧૮૪૪	...	...	૨૧	
૫	આગસટ.	૧૮૪૪	સર હેનરી હારડીંજ બારોનેટ	૧૧	જાનેવારી.	૧૮૪૮	૩	૫	૭	પાછલથી અરલ થઈને વેલાત ગયો અને તે પછે તાંહાં વાઇકાંઉંટની પદવી મેલવી હતી.
૧૨	જાનેવારી.	૧૮૪૮	અરલ (પાછલથી મારકુઈઝ) આવ ડીલહાઉસી ..	૨૮	ફેબરવારી.	૧૮૫૬	૮	...	૧૭	
૨૯	ફેબરવારી.	૧૮૫૬	અરલ આવ કાનીંગ.........................	૧૨	મારચ.	૧૮૬૨	૬	...	૧૨	
૧૩	મારચ.	૧૮૬૨	અરલ આવ એલગીન તથા કીનકારડાઈન	૨૦	નવેમબર.	૧૮૬૩	૧	૮	૮	કાંગરાવાલી તરફ મુસાફરી કરતાં તાપના ઉપદરવથી મરણ પામેઓ.
૨	ડીસેમબર.	૧૮૬૩	સર ઉલીએમ ડેનીસન બારોનેટ. (કાંમ ચલાઉ.) ..	૧૧	જાનેવારી.	૧૮૬૪	૧	૧	૧૦	મધરાજની હાકમીપરથી તાંહાં ગયો હતો.
૧૨	જાનેવારી.	૧૮૬૪	સર જાંન લેઅરડ મેઅરડ લારેનસ બારોનેટ	૧૧	જાનેવારી.	૧૮૬૯	૫	...	...	
૧૨	,,	૧૮૬૯	અરલ આવ મેઓ	૮	ફેબરવારી.	૧૮૭૨	૩	...	૨૮	પોરટ બલૈર ખાતે શેહેરઅલી નામના ચંડાલ ખુની બંધવાને હાથે છરીના જખમથી મારેઓ ગયો હતો.
૧૪	ફેબરવારી.	૧૮૭૨	હાંનરેબલ સર જાંન સત્રાચી. (કાંમ ચલાઉ)	૨૩	ફેબરવારી.	૧૮૭૨	...	...	૧૦	
૨૪	,,	૧૮૭૨	ધી રાઈટ હાંનરેબલ ફ્રગંસીસ બેરણ લારડ નેપીઅ આવ મરચીસટુન. (કાંમ ચલાઉ)	૩	મેએ.	૧૮૭૨	...	૨	૧૦	મધરાજની હાકમીપરથી તાંહાં ગયો હતો.
૩	મેએ.	૧૮૭૨	બારણ નારથબરૂક	...	...	...	...	...	...	ખોદા તે નામવરને સલાંમત રાખે.

એ માહેલા જે જે સરસુબાઓએ આપણી ટાપુ ખાતે પછે ઓધાની રૂએ, અથવા પરોહના તરીકે ભેટ લીધી હતી તેઓમાં સરવેથી પેહલ વેહલો બાએગરાલી મી૰ જાંન આદંમ માલુમ પડએછે, કેમકે તે નામદાર તા૰ ૧૨ મી ડીજેમબર ૧૮૨૩ માં કલકતેથી ફરતો ફરતો આવેઓ હતો, અને તરણ દીવસ તુલીક રહીને ૧૫ મી તારીખે પોતાની રાજધાની તરફ પાછો શીધારેઓ.

આ વાતને પા શદી ઉપર જારે ગુજરી ગઈ તારે નામદાર અરલ આવ ડાલહાઉશી આખાં હીંદુસતાંનનો ચકરાવો લઈને કરાંચીની રાહે તા૰ ૨૬ મી જાનેવારી ૧૮૫૦ ને રોજે આવી પોંહતો, એ માનવંતા ઊંમરાવના દરસણથી આપણી વસતીને તે વખતે એટલા ઉપરથી મોટી રાહેત હાંશેલ થઈ હતી કે, કેટલાએક સાહેબોની અટકલ મુજબ આ નામવરે એક સરસુબા તરીકે પોતાનું પણોતું પગલું પેહલ વેહલું મુબારક કીધુંછે, પણ ઉપલી હકીકતથી ચોકસ થએઊંચ કે એ સાહેબ બીજો હતો; અને તે નામદાર પરોહનાએ લગભગ પાંચ દાહડા આપણી હજુર મેહેમાંનીમાં ગુજારેઆ, તેટલા અરસામાં સઘલાં સરકારી ખાતાંઓ, તથા બાંધકાંમોની ખંતીપણે તપાસ લઈ રેહેઆ પછે તારીખ ૨ જી ફેબરવારીએ માજી નામદાર કુંપણીની સ્ટીમ ફરીગેટ "ફીરોઝ"માં સવાર થઈને સીંગાપોર તરફ હંકારી શીધારેઓ હતો.

તરીજો સરસુબો નામદાર વાએકાંઊંટ કાંનીંગ પોતીકી હકુમતની જગોએ જવા માટે વેલાતથી નીકલેલો પેહલવેહલાં તા૰ ૨૮ મી જાનેવારી ૧૮૫૬ ની સાંહાંજરે આગબોટની મારફતે આપણને દરસન આપવાના હેતુથી પધારેઓ હતો; જાંહાં આડેક દીવસ સુધી પરજાને પેઆર દેખાડઆ પછે તા૰ ૬ ઠી ફેબરવારીએ કલકતા તરફ રવાંના થયો હતો.

ચોથો સરસુબો નામદાર અરલ આવ મેઓ પણ વેલાતથી રવાંને થઈને પરભારો હીંઆજ તા૰ ૨૦ મી ડીજેમબર ૧૮૬૮ ની બાંમદાદે આપણી મુલાકાત માટે પેહલ વેહલો આવેઓ હતો, જાંહાં દશ દાહાડામાં મોહોટું માંન હાંશેલ કીધા પછે રૂખસત લઈને તા૰ ૩૦ મીએ મધરાજીની રાહ ધરતો પોતીકી હકુમતની જગોએ શીધારેઓ હતો. જે પછે તે નામવરને આપણી વસતીએ જીવતો જોયો નહીં, મગર એક ચંડાલ ખુનીને હાથે કટલ થયા પછે તેના પવીતર રવાંનને વેલાત લઈ જવા માટે ૧૮૭૨ માં અતરે લાવેલું માલુમ પડઊં હતું.

આપણો હાલનો સરસુબો નામદાર બારન નારઠબરૂક સ્ટીમ ફરીગેટ "ગલાસગો" ની મારફતે અતરે આવીને તારીખ ૨૬ મી એપરેલ ૧૮૭૨ ની સંવેઆકાલે મોહોટા પેઆરથી આપણને ભેટેઓ હતો, અને પાકા તરણ દીવસ સુધી અછી મોહબત બતલાવીને તા૰ ૩૦ મી એપરેલની સહવારે પોતીકી હકુમતના મઠકપર પોંહોંચવા માટે આગ ગાડીમાં સવાર થઈને રૂખસત પાંમેઓ હતો, માટે તેની કારકીરદીની ફતેહ સઘલી અંગરેજી પરજાએ ઈછવી જોઈએ.

આજ કેટલાંક વરસો થયાં આપણું રલીઆંમનું મુંબઈ શેહેર હીંદની અંગરેજી હકુમતનું પાએતખત થવા લાએકનું જે જણાતું આવેચ તેને ટેકો આપનારી એક વાત આપણા માજી સરસુબા મરહુમ અરલ આવ એલગીને

૧૮૬૨ માં કલકતે જતાં જણાવેલી, ૧૮૭૨ ના સાલમાં પરશીધ થએલાં "લેટરસ એંડ જરનલસ આવ લારડ એલગીન". એવે નામના એક પુસતક મધે જે છપાઇછે તેનો તરજુમો હેઠલ જણાવેઆ મુજબ તારીખ ૧૯ મી જુન સને ૧૮૭૨ ના જામે જમશેદ પતર મધે દાખલ કીધો હતો તાંહાંથી ઉતારી લીધોછે.

"ફેબ્રવારી તા૦ ૨૭ મી-શેલાનની પડાસ-હમારો કપતાંન જે મુંબઇથી "હંકારી આવેઓય તેને આપેલા વીચાર પરમાણેએ જગાનો ગવરનર ઘણીજ "સારી હવામા રેહેવો જોઇએ. ખુદ મુંબઈ મધેજ તેને દરીઆવનો પવન "મલવાનો, પુણું ૨૦૦૦) ફુટની ઉંચાંણમાં આવેલુંછે; અને મુંબઇથી બે દીવ-"સમાં ૫૦૦૦) ફુટની ઉંચાઈના પાહાડ ઉપર જવાએ એમછે. એથી કરીને "તેનું કુટુંબ હંમેસાં ઠંડીની રૂતુમાં રેહઇ રાખે, અને જારે તે પોતીકા કાંમથી "ફરાગત પાંમે તારે તેમને તે જઈ મલે. મુંબઇનું શેહર સગવડ ભરેલી "જગાએ આવેલુંછે, તે ઈંગલાંડની ઘણીજ નજદીકીમાંછે. ઇતીઆદી, ઇતી-"આદી. તે જોતાં તો કોઈ કાલે તાંહાં ગવરનર જનરલની બેઠક આવે ખરી, "પણ એવું આપણા (ઇઆને ગરંથ કરતાના) વખતમાં તો કવચીત બન-"વાનું નથીજ."

હાલનો આપણો માનવંતો સરસુબો લારડ નારથબરૂક ૬ા મહીનાની ટુક મુદતમાં પોતાનો રોસન મુખડો પરજાને પાછો દેખાડવા માટે તા૦ ૧૪ મી નવેમબર ૧૮૭૨ ને રોજે બીજીવારની મોહોબત બતલાવવા અથવા તેમાં વધારો કરવા આવેઓ હતો તારે તે વખતની રચનાં ખરેખરી કોઈ સાહન-શાહની શેઆદી થતી હોએ તેહેવા આકારમાં અતીઅંત રલીઆંમણી અને શોહાંમણી થઇ પડી હતી; કેમકે તે નામદારની પધરાંમણાને માન આપવાસારૂ આપણી સરકાર તરફથી થએલાં નોતરાં મુજબ નામદાર માહરાંણીના ઇસટ મીતર દેશી રાજાઓ, રાઓ, ઠાકોરો, અને નવાબો વગેરે મલીને લગભગ ૬૭ જણાઓ પોતાની હકુમતની જગેઆ છોડી મોહોટી ધાંમધુમ સાથે ચાર પાંચ દીવસ આગમજથી આવીને ૧૫ દાહાડા તુલીક અંગરેજ સરકારના મેહમાંન તરીકે રહેઆ હતા, અને પરજાએ પોતાને માથે હકુમત ચલાવનારનો પુર વીસવાસ મેલવવા માટે વફાદારીથી જે ઘટતી ફરજ બજાવી હતી તેટલી વાતતો ખચીત કરીને હીંઆં નોંધાઈ રેહેવીજ જોઇએચ કે એની આગમજ આવી ગએલા કોઈબી સરસુબાને આવું અતીશય માન કેથેથીબી કદી મલેઉંજ નોહતું, કેમકે એ નામદાર સાહેબને આવેઆની થોડાજ દીવસ આગમજ સઘલી વરણનાં રેહેવાશીઓની એક દબદબા ભરેલી મોહોટી જાહેર સભા ટાંઉન હાલમાં ભેગી મલી હતી તારે તેની કોઈ રૂડી યાદગારી આપણામાં સદા કાએમ રેહે એવા હેતુથી ઉંઘરાંણાની મારફતે એક થાપણ ભેગી કરી તે રકમને સઘ-લાઓના એકમતથી એ નામદારને નામનો "નારથબરૂક બાગ" પરજાની ગમત માટે કોઇ નજદીકની લાએક જગોપર બનાવવાનો ચોકસ ઠેડાવ થઇ ચુકોછે તે મુજબ નાંણાં પુરતાં ભરાએઆ પછે કામ ચાલશે. આવાં સુભ કામને એ

નામદારે મોહોટી ખુશી સાથે બાહાલ રાખેઆ પછે અતરેથી તારીખ ૨૨ મી નવેમબર ૧૮૭૨ ને રોજે રવાંના થતી વખતે એ કારણ માટે થતી થાપણ મધે ઊમેરવા સારૂ પોતે પાંચ હજાર રૂપીઆ કાંમ ચલાઉ મીઉનીશીપલ કમીસનર ડાકટર હીઉલેટને સોંફી ગયોછે.

સરકારી મેહેસુલની બાબદમાં.

નામદાર કુંપનીનો અમલ આ ટાપુ ઉપર જારથી ચાલિઓ, તારથી ઘણાક વરસો સુધી તેના સંભાલ સારૂ લાએક ખાતાંઓ રાખવાનો જે કાંઈ ખરચ થતો તેના ચોથા ભાગ જેટલી ઉપજબી દરશાળે મલી શકતી નોહતી; તેનો એકજ દાખલો એવો જણાઈ આવેઓચ કે, સને ૧૬૮૦ માં કેહેચ કે તેની આગલના શાળો કરતાં આઠ ઘણી પેદાએસ જારે વધી તારે તે વખતપર કાંઉનશીલના અધીકારીને દરશાળે અપાતો પાંઉંડ ૭૦) અથવા રૂ૭૦૦) નો ઘણોજ હલકો મુસારો વટીક ઉપજમાંથી નીકલી સખતો નોહતો, પણ તે પછેથી દર વરસો વરસ વધતાં વધતાં ૧૮૪૨ માં ફકત એજ ટાપુમાંથી પચાસ લાખ રૂપીઆની પેદાએસ સરકારને હાથ આવી; એટલુંજ નહીં પણ તેમાં કોકણ તથા ગુજરાત સુધાં ઊમેરતાં સરકારી ખજાંનામાં કુલે આંમદાંની ૩૧૮,૦૭,૯૮,૬૫૦) ની આવી પડી હતી; અને તે પછેનાં સઘલાં શાળો આંમદાંનીમાંજ ભરપુર થવા લાગાને લીધે એક ઉજડ ટાપુનું આબાદ શેહેર બની રહેઊછે.

માંડવી ખાતાંની જાહોજલાલી જેવી હવડે ભરચકર માલુમ પડેછે, તેવીજ આગલા વખતો ઉપરબી ચાલતી હતી; પણ તેની રીતભાંતમાં જે ફેરફાર હતો તેનું થોડુંક વરણન એક યાદગારી માટે અતરે નોધી લઇએચ કે, આયાત તથા નીકાસ માલની જગાત દર સેંકડે ટકા ૬ાા લેખે સગાસરી લેવાનો ઠેડાવ હતો, તે મુજબ બજારની કીંમત જાચીને વેપારી લોકોની પંચાએત માલનો જે ભાવ ઠેડવી આપે, તે ઉપર લેવાતી હતી; પણ કોઈવાર ગલતા ભાવને લીધે બે ટકાથી ઓછી જગાત તો આપવી પડતીજ નોહતી. ફુરજાની મેહસુલ ઉઘડાવનારા અમલદારોને ઠેડવેલો પગાર નહીં પણ જે વસુલાત થાએ, તે ઉપર સેંકડે કેટલાક ટકાનો લવાજમો બાંધી આપતા હતા. એ માંડવી ખાતાંની ચાકરીમાં આપણી ટાપુ ખાતે પરએઆત થઈ ગએલા મી૰ વીનોબા શંકર સંઝગીરી નામના એક શેનવી પરભુએ સને ૧૭૯૬ થી હલકે મુસારે કાપી બોએ દાખલ રહીને પછે સઉની ઉપર વડાપણું ચલાવેઊં હતું; તે બાબેની બીના તેમના જનમારાનો અહેવાલ વાંચેઆથી જણાઈ આવશે. એ માંડવી ખાતે દરરોજનું કાંમકાજ પેહલાં સહવારે આઠથી તે બપોરના બાર વાગતાં સુધી, ચાલેઆ પછે સઘલા કાંમદારોને જમવા જવાની છુટી મલતી હતી તે પાછા બે વાગેઆથી આવીને કાંમમાં રોકાતાં છેક સાંજના ૬ વાગતે છુટકો

પાંમતા હતા, તે રીતનો રવાજ઼ો છેક સને ૧૮૦૦ ની શરૂઆત સુધી ચાલુ રહેલો હતો, અને તારપછેથી તેમાં જે ફેરફાર થવા માંડેઊં તે વખતે વખત રેવાજ બદલાઇને હાલની સુધરેલી હાલત ઉપર આવેલો દેખાઍછે.

પારકાં દેસવાલાઓની આવનજાવન વીશેસ હોયાને લીધે આપણાં બંદરના વેપારમાં અગાઉ કરતાં જે વધારો થતો જણાયોચ તેમાં ૧૮૬૩ થી ૧૮૬૬ સુધીના માતરે આરજ વરશે એવું દેખાડી આપેઊં હતું કે તેટલા અરસામાં દર સાલે ૭૫ થી ૮૦) કરોડ રૂપીઆ તુલીકની આંમદરફત થાઈ હતી, પણ તે પછે રૂઉ તથા બીજી કેટલીક જીણશોની કીંમત ઘટી પડઆને લીધે ૧૮૬૬ તથા ૧૮૬૭ ના શાળનો વેપાર છેક ૪૬) કરોડ રૂપીઆને ઉતરતે આંકે જઈ પોંહોંતો હતો જેમાં પારકાં દેસાવરોથી આવેલો માલ ૨૨ અને તે તરફ થએલી નીકાસનો માલ ૧૯ કરોડનો કેહેવાયા ઉપરાંત બારાંમાં દાખલ થાઇને તાંહાંથીજ બાહરે બાહેર પાછો ગએલો માલ રૂપીઆ પાંચ કરોડનો જણાયો હતો. અને એજ શાળમે માંડવી ખાતાંની જગાતનાં માતરે ૭૨ લાખ રૂપીઆ આપણી સરકારને મલેઆ સંભલાયાછે. અંગરેજી હકુમતની આગલી હાલત સાથે હાલની જાહોજલાલી સરખાવવા માટે છેલાં પંદરજ વરસની સરકારી આયપતનો કોઠો અતરે નોધી લઇશું તો તેજ તેની સલતનત સંબંધી મોહટાઇનું માંપ કરવાને બસ થાશે. એટલા અરસામાં એ નામદાર સરકારની તરેજુરી અંદર આખી હીંદુસ્થાનની મેહેસુલમાં જેટલા રૂપીયા જમાં થાએઆ હતા તેની વીગત હેઠલા કોઠાથી માલુમ પડશે.

વરસ.	ઉપજના રૂપીઆ.	વરસ.	ઉપજના રૂપીઆ.	વરસ.	ઉપજના રૂપીઆ.
૧૮૫૬-૫૭	૩૩,૯૭ ૪૦,૦૦૦	૧૮૬૧-૬૨	૪૨,૯૦,૩૨,૩૪૦	૧૮૬૬-૬૭	૪૪,૬૦,૦૦,૦૦૦
૧૮૫૭-૫૮	૪૦,૨૫,૧૦,૦૦૦	૧૮૬૨-૬૩	૪૫,૧૪,૩૦,૦૦૦	૧૮૬૭-૬૮	૪૮,૪૨,૯૬,૪૪૦
૧૮૫૮-૫૯	૫૦,૪૮,૦૦,૦૦૦	૧૮૬૩-૬૪	૪૪,૭૫,૦૦,૦૦૦	૧૮૬૮-૬૯	૪૯,૨૮,૭૦,૦૦૦
૧૮૫૯-૬૦	૪૬,૪૧,૭૦,૦૦૦	૧૮૬૪-૬૫	૪૫,૬૫,૨૮,૯૭૦	૧૮૬૯-૭૦	૫૦,૯૦,૧૦,૮૧૦
૧૮૬૦-૬૧	૪૫,૪૧,૭૦,૦૦૦	૧૮૬૫-૬૬	૪૮,૯૩,૫૨,૨૦૦	૧૮૭૦-૭૧	૫૧,૦૪,૮૯,૦૦૦
		૧૮૭૧-૭૨	૪૯,૦૯,૮૯,૦૦૦		

બાકીની બીના પાછલા સફાઓમાં દાખલ થશે.

મુંબઈના માલેકો.

આ ટાપુની હકુમત અંગરેજી તાજને સવાધીન થઈ તારથી ગરેટ બરીટણની ગાદીએ બીરાજી ગએલા રાજાઓ, તથા એ તખતને હાલ જેબ આપતી બેઠેલી નામદાર માહરાંણી શીકેની એક ટીપ હેઠલ જણાવીએછે.

ગાદીનસીનના દીવશો.			રાજા અથવા રાણીનાં નામો.	હકુમતનાં			મરણ પાંમેઆની તારીખ.			ઉમર વરસ.
				વરસ.	મહીના.	દાહાડા.				
૨૯	મેએ.	૧૬૬૦	ચારલસ બીજો.	૨૪	૮	૯	૬	ફેબરવારી	૧૬૮૫	
૬	ફેબરવારી	૧૬૮૫	જેમસ બીજો. (૧૬૮૯ મા રાજીનામું આપેઉં)	૪	૨	૬				
૧૧	એપરેલ.	૧૬૮૯	વીલીએમ તરીજો	૧૨	૧૦	૨૭	૮	મારચ.	૧૭૦૨	
૮	મારચ.	૧૭૦૨	હીંઆં કોઈ રાજા યા રાંણી હોવી જોઇએ							
૧૮	સપટેમ્બર	૧૭૧૪	જારજ પેહેલો..	૧૨	૮	૨૫	૧૧	જુન.	૧૭૨૭	
૧૧	જુન.	૧૭૨૭	જારજ બીજો..	૩૩	૪	૧૦	૨૫	અકટોબર	૧૭૬૦	
૨૨	સપટેમ્બર	૧૭૬૧	જારજ તરીજો..	૫૯	૯	૨૮	૧૯	જુલાઈ.	૧૮૨૧	૮૩
૧૯	જુલાઈ.	૧૮૨૧	જારજ ચોથો..	૮	૧૧	૮	૨૬	જુન.	૧૮૩૦	૬૮
૨૮	જુન.	૧૮૩૦	વીલીએમ ચોથો.	૬	૧૧	૨૪	૨૦	જુન.	૧૮૩૭	
૨૮	જુન.	૧૮૩૮	વીકટોરીઆ રીજાંઇના પેહેલી.							

ઉપલી વીગત પરમાણે એ શદીના અરસામા ૯ રાજ કરતાઓ આપણા શેહેરને માથે થાઇ ગયા, અને દસમી નેક નામદાર માહરાણી વીકટોરીઆ (ખોદા તેણીને સલાંમત રાખે) ના રક્ષણ હેઠલ પરમેસવરની કીરપાથી આપણ સવતંતરપણું ભોગવીએ છઇએ. આ મલકાંને મલીકાનો જનમ ૧૮૧૯ ના મેની ૨૪ મી તારીખે થયો હતો, તે ગણતરી મુજબ હવડાં ૫૫ મું વરસ તેણીને ચાલતું માલુમ પડેછે. ઈંગલાંડના રાજીઅ પરકરણના કાએદા પરમાણે રાજાનો વડો દીકરો તેની પછે ગાદીનશીન થઈ શકેછે; પણ જેને તાંહાં તેના મરણ ટાંકણે કોઈબી વારેસ નહીંજ હોય તો તે રાજાથી ઉતરતો ભાઈ અથવા તેનું હઇઆત રહેલું ફરજંદ હોય તેને ભાગ્યેગે ગાદીનો ભોગવાટો ચોંટેછે, માટે હાવા બંદોબસતની ખુબી ઉપરથી જારે આપણી માહરાંણી ૧૮ વરસની વએ પસાર કરી ચુકી તારે, તે નામદારનો કાકો ચોથો વીલીએમ વગર વારશે મરણ પામેઆથી તેજ દાહાડે રાજની પવીતર લગાંમ તેણીએ જાહાલીને (કેમકે મર-

હુમ રાજાની પછે તેણીનો બાપ ડીઉક આવ કેંટ, જે તરીજા જારજ રાજાનો તરીજો દીકરો હતો તેને તખત મલતે, પણ તે આગમજથી ગુજરી ગયાને લીધે ધારા મુજબ આ તેની દીકરીને રાજ મલીઉંછે) ઉપર જણાવેલાં શાળમાં તાજ પેહેરેઉં હતું તેથી તેણીના રાજનું હવડાં ૩૬ મું વરસ ચાલેછે. ૨૧ વરસની ભર જવાંની આવી તારે જરમનીના શાહજાદા નામદાર પરીંનસ આલબરટની સંગાથે તારીખ ૧૦ મી ફેબરવારી ૧૮૪૦ ને રોજે પરણેઆથી પરમેસવરે ઈંગલાંડ દેશની ગાદી હવે પછે સાચવનારી વસતી તે નામવરને તાંહાં એટલી તો બખશેલીછે કે જેથી તેની વફાદાર પરજાને જેટલો સંતોસ ઉપજેચ તેટલી યાદદાસત ચાલુ રેહેવાના હેતુથી દરેક છોકરાંઓનાં સાંમઠાં નામોની ટીપને હીંઆં નોધી લેવાનું વાજબી વીચારીએછે.

જનમેઆનો દાહડો.			નામો.	કેહારે પરણેઆં.			કોણની સંગાથે.
૨૧	નવેમબર.	૧૮૪૦	પરીનશેસ રાએલ લુઈઝા; બેટી.	૨૬	જાનેવારી.	૧૮૫૮	પુરૂસીઆના શાહાજાદા ઉલીએમ ફરેડરીક સાથે.
૯	નવેમબર.	૧૮૪૧	આલબરટ એડવરડ (શાહજાદો.)	૧૦	મારચ.	૧૮૬૩	ડેનમારકના શાહાજાદા કરીશચીઅનની દીકરી અલેકઝાંનડરા સાથે.
૨૫	એપરેલ.	૧૮૪૩	પરીનશેસ એલીસ માડમેરી; બેટી	૧	જુલાઈ.	૧૮૬૨	બેલજીએમના રાજકુવર શાહાજાદા આરેનજ સાથે.
૬	આગસટ.	૧૮૪૪	આલફ્રેડ અરનેસટ આલબરટ. (શાહજાદો.)				
૨૫	મેએ.	૧૮૪૬	પરીનશેસ હેલીના આગસટા; બેટી	૫	જુલાઈ.	૧૮૬૬	સેલસવીગ હોલસટીનના શાહજાદા કરીશચીઅન સાથે.
૧૮	મારચ.	૧૮૪૮	લુઈઝા કેઆરોલાઈન આલબરટા; બેટી	૨૧	મારચ.	૧૮૭૧	ડીઉક આવ આરગાઈલના દીકરા મારકુઈઝ આવ લારન સાથે.
૧૦	મેએ.	૧૮૫૦	આરથર વીલીએમ પેત્રીક આલબરટ (શાહાજાદો)				
૭	એપરેલ.	૧૮૫૩	લીઓપોલડ જારજ ડેંકન આલબરટ (શાહાજાદો)				
૧૪	એપરેલ.	૧૮૫૭	બીત્રીસ મેરી વીકટોરીઆ ફીઓદોર: બેટી...............				

ઉપલાં ૯ ફરજંદોમા પાંચ દીકરીઓ, અને ચાર દીકરાઓ માહેલાં જે જે પરણેઆંચ તેઓને તાંહાં થએલી વસતી વાડીની આબાદીએ આપણી નાંમવર માહરાણી સાહેબને મમાઈ તથા બપાઈને દરજજે પુગાડીછે, અને બીજાંઓ જારે પરણશે તારે તેઓને તાંહાંના છંઈઆંઓથી તેમાં સુહબલક વધારો થાશે.

ઈંગલાંડ તરફ અસલથી ચાલતા આવેલા રેવાજ મુજબ પાદશાહી કુટંબની સગાઈ ઘણું કરી રાજવંશી સંગાથેજ જોડાએછે; પણ ઓગણીસમી સદીના સુધારાએ એક અચરત સરીઓ દાખલો એવો તો બંધ બેસાડેલો દેખાઈ આવેઓચ કે આપણી નામદાર માહરાંણીએ પોતાની ચોથી દીકરીના લગન તે નામદારની પરજા માહેલા એક ઉંમરાવ નામે ડીઉક આવ અરગાઈલના દીકરા મારકુઈસ આવ લારન સંગાથે કરી આપીને શાહજાદી અથવા રાણીના વરગમાંથી એક ઉમરાવજાદી અથવા શેઠાંણી બનાવીછે.

આ નામવર માહરાણીને સરવેપાંતીનું અપાર સુખ છતાં એક વાતનું દુખ એવુતો મોહોટું એકાએક આવી પડેલ હતું કે તે મેહરબાંન મલીકાનો પેઆરો ભરથાર નેક નામદાર પરીનસ આલબરટ તા૦ ૧૪ મી ડીજેમબર ૧૮૬૧ ને રોજે લંડનમાં ૪૨ વરસ, ૩ મહીના અને ૧૯ દાહાડાની ભર જવાંન ઊંમરે આવીને મરણ પામેઓ તારથી તેણીએ સંસાર તજીને એકાંત રેહેવાનો વેરાગ પકડેઓ હતો, પણ પોતાની વફાદાર પરજાને ઘણી ગમગીની નાપસંદ આવેલી જોએઆ ઉપરથી હવડે હવડે રાજપાટના સંબંધમાં પાછી જોડાઈ રહી આલમને અતીઅંત સંતોરા પમાડેછે.

વસતીનો વાસો.

આવેઓ આ ટાપુ ફરંગીને હાથ, ચહડા ચહડી ખાતર લેવાઈછે બાડ.
વરેઆતા પેહલાં પોરટુગીશો, અંગરેજે લઈ લીધો તેનો હીશો.
પેહલી હકુમત ફરંગીની થઇ, તે અંગરેજના હાથમાં આજતક રહી.
તે વખતની વસતીમા માછી મારો, તેહવાજ બીજાબી લોકો ઇઆરો.
રહીને ગુજારો તે કરતા હતા, મેહનત કરી પેટ ભરતા જતા.
તાંહાં ફરંગીને આવેલા પેહલા કહીએ, તેઓની પછેના બીજા લઈએ.
એકેકની પુઠે સઉ આવતા રહેઆ, હીંદુ મુસલમીનબી ભેગા થયા.
પારસી તો માતર એકજ જણાતો, ઝહવેરાતમા અનમુલો હીરો ગણાતો.
તે નામવર દોરાબજી નાનાભાઈ, પારસીની સરૂઆત તાંહાંથી થઈ.
રેહેઠાણ જેનું હતું સુરત બંદર, વતણ કીધું મુંબઇની ટાપુ અંદર.
તે આગમજ પારસીની હસતી નહીં, અંગરેજના રાજમાજ વધતી ગઈ.
વરણન તેનાનું થોડુંક કરૂં, કવીતાથી વાંચનારની આગલ ધરૂં.
તે જોવો કેહવા શીરીમંત થયાચ, નેકનામીની યાદી મેલી ગયાચ.
કહુંછું કે હીંમતે બાહાદુર હતા, લડાએકમાં બાધીતી નોહતી ખતા.
તે પુરાંણી વસતીમા ગણાએલાછે, બુજોરગીમાં સરખાબી જણાએલાછે.
તેના દીકરા રૂસતમની જાહોજલાલી, દેખાડી આપીતી નીમખહલાલી.
જંજીરાવાળો જારે મુંબઈ ઉપર, બીજીવાર ચહડીને આવેઓ કુફર.
હીંમતથી તેની સાંમણે થઈ, કાહાડેઓ હટાવી હરોલમાં જઇ.
રહી તેથી મુંબઇ આજતક સલાંમત, નથી પોંહચી તેને કોઇબી અલાંમત.
ઇનામમાં મેલવીતી તેણે પટેલી, સતા તેમના વંશો જોએછે હેટેલી.
અમર નામ રહેઊંચ તેની કીરતીની સાથ, જોડાએલોછે એલકાબ વશીલાને હાથ.
બીજા પારસી શોરાબજી કરવાજી નામ, તેની પુઠે તીજા ભીખા બેહરાંમ.
જીજીભાઈ મોદીબી આવેઆ અસલ, તેમની પછેના જે હોય તે નકલ.
એ ચારો કુટંબોના દરમેઆનમા, હશે બીજા પણ નથી ધેઆનમાં.
હોએલા તેઓમા ન કોઈ પરબેઆત, નહીંતર કીરતી રેહતે હએઆત.
રતનજી જશા પુરાણાં કેહેવાએચ, ઓલખ જેથી જશાવાળાની લેવાએચ.

મેહરજી વાછાબી આવતા હતા, દોલી વેચીને નોસારી જતા.
આ નોધ લેનારના તે વડવા કેહવાએચ, ઓલખ તેમના બાપથીજ વાછા લેવાએચ.
કીરતી તો તેમની કાંઇએ નથી, પણ યાદીમાં અટકલથી રાખીચ તથી.
સાતમાં બનાજી ભીમજી લઇએ, વસતી તેના પરીવારની કહીએ.
તો સેંકડોની સંખેઆ જરૂર જણાએચ, નાધલાં મોહટાં સઉ સાથે ગણાએચ.
શેઠખાંનદાંનની વસતીબી પુરાંણીછે, કીરતીબી તેઓની નુરાંણીછે.
નોશીરવાન, બેહલી, જીજી, હોમજી હતા, દાદીશેઠના બાવા ને કાકા થતા.
માંહે હોમજી તરીજા કાકા, રહી નહીં તેણાની કોઇબી શાકા.
શેઠખાંનદાંનની આગમજ તેવણ આએઆ, સકરમી સપુતની વધાઇ લાએઆ.
કાંહાંરે ગયા પેલા લવજી વાહાડીઆ, પમરતાં પરીવારને ઉગાડીઆ.
કુટંબ જેનું બેહોલું ચમન કરેછે, તેનાજ નામની હસતીને હઇડે ધરેછે.
ગોદીનો નાખેઓછે તેણે પહાંણ, જાંહાં વશીલાઓ બાંધેછે મનવાર ને વાંહાંણ.
કોઇએક કરેછે સોદાગરી, કોઇતો ધરેછે દલદેરારી.
રચાએલાછે કોઇને તાંહાં આડત વેપાર, કોઇતો બેઠાચ થઇ મલેકુલ તોજાર.
સબકતાં પગલાંની પાઇછે નીશાંણ, સવાસદી ઉપરની થઇછે પીછાંણ.
કાંમાંજીબી આવેઆતા લવજીની સાથ, ઓલખ જેની રહીચ તેના કુટંબને હાથ.
કાવસજી હીરજીભાઇ ધાંધી, મુસાફરી તેઓની સાથે બાંધી.
એકી દાહડે આવેઆ એ તરણે જણા, તે વખતપર પારસીઓ હતા ઘણા.
ગાંમડીઆબી તેની પેહલાં લેવાએચ, ફરાંમજી પટેલના તે વડવા કેહેવાએચ.
પુરાંણાછે હીરજી રેડીમની શેઠ, સખાવતને ખાતર જે કરતાતા વેઠ.
વારેસ જેનાને હતો નહીં, દીલમાંની ઉમેદ તે દીલમાં રહી.
પણ દીકરીના દીકરાને ખોલે લીધો, પરાચો હતો તેને પાલક કીધો.
વડી દીકરી નામે સુનાબાઈ, તેને પેટે આવેઓ તો ઝાંહાંગીરભાઇ.
બનાજીના ખાંનદાનની હતી તોખંમ, રેડીમનીના વઉશપર લીધો જોખંમ.
જેને તાંહાં હીરજી ને કાવસજી બે, દાદીશેઠના મંમસારથી કેહવાએછે તે.
શોરાબજી મનચેરજી રેડીમણી, થયાતા મોહોટી દોલતના ધણી.
સખાવતમાં ગણાતા તેવણ સુરા, શોદાગરી કરવામાં હતા પુરા.
શેઠ મનચેરજી મનાજોગી હતા, દારૂખાનાવાળા તેવણ કેહવાતા.
બંદુખનો બારૂત બનતોતો જાંહાં, રખેવાલપનાપર રેહેતાતા તાંહાં.
નોકરી કીધામા હતા હલાલ, કુટંબ જેનું થાએઉંછે તાંહાંથી કમાલ.
સરની* સખાવતનો પારજ નહીં, દયાદાંનનો તેમને તો વારજ નહીં.
હજારો ને લાખો વેરી નાખેઆ, વાવણીના સફલ તેને ચાખેઆં.
સખાવતથી કેહેવાએઆ ધરમી દાતાર, સખીનો બેરો કીધો તેણેજ પાર.
તેહવાઓબી અંતે ન જીવતા રહેઆ, સખાવતની શાહદતને મેલી ગયા.
રેહીછે જે દુનીઆની હસતી સંગત, દેછે દુઆ તેને સારી જગત.
હેની જોડે લઇએછે હીંદુની જાત, સરૂઆતમાં શોભેછે કપોલ ગણાત.

---

* મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ.

વતન જેનું હતું ગાંમ ઘોઘળામા, ગણાતાતા માહજણના ચોગલામાં.
શાકરમી તે શા૦ રૂપજી ધનજીનું નામ, કરતાતા દીવમાં ઈજારાનું કામ.
લઈ નશીબાને મુંબઈમાં આવિઆ વેહલા, ગુજરાતી હીંદુમા તેવણ પેહલા.
વઊંશ જેમનું આજે ચમંન કરેછે, એતાબ તેનો દોતરો* બધે ધરેછે.
કાઠીઆવાડના રેહેવાશી શા૦ રામદાશ, વતન કીધું મુંબઇમા આવીને ખાસ.
કપોલ નાતનો એ બીજો પુરસ, થયાં તેને પોણી બસો વરસ.
વઊંસ જેનું ઓલખાએછે નવલખીનું, વેહેવાર વધારી થએઊં સખીનું.
હેની પુઠે લઈએ સખીદાસ નાગર†, તેમણેજ કહીએ સખાવતનો સાગર.
સચવાઈ રહેઊંચ જાંહાં સદાવરતું, કુટંબ જેનું બેઠુંચ ધરમ કરતું.
સાંભલીએચ હીંઆંથી શીમની અંદર, સખાવતનો ઉગાડઓછે ચંદર.
મુફલેસ મુસાફરો આવેછે તાંહાં, ધરમ પત્રી ઉતારી લાવેછે જાંહાં.
તે દરએક જણને શીધો મલેચ, પીડા તેમની તેથી દન રોજ ટલેચ.
બશેર આટો ને પાશેર દાર, અપાએછે સરવેને એકેકવાર.
તોલાભાર ઘી ને બલતનની જુહુર‡, લઇને રીહેછે તેઓ ભરપુર.
જીગર જેઓના તરૂપત થાએચ, અંતની§ દુઆ તેઓ દેતાબી જાએચ.
દરશાળ ખરચાએછે આડેક હજાર¶, સખાવતથી દીપેચ તેમનું બજાર.
દોલતતો કેહચ કે ઘસડાઈ ગઈચ, દાંન પુનમા તેવણની કીરતી રહીચ.
એવા નરનું નામ તો સદાછે અંમર, વશીલાબી તેપર કશેછે કંમર.
ગુજરાતીઓમા એ તરણે જુના, કચકાંઈ વેપારી હતા રૂઉના.
તેમાં શેણવીને શોનારો આવિઆ આગલ, ગુજરાતી માહજનો તેની પાછલ.
ઊંબાજી રાંણા મરાહઠા હતા, ખબર નથી કેઆરના તે રહેઆ જતા.
પાંડુરંગ શીવાજી હતા શોનાર, બાબુલનાથનાં દેહડાંને પેહલું બોનાર.
પાંડુરંગ, ને દાંમુલજી શીવાજી એ, ધારેઆમો આવેછે બેહુ ભાઈઓ તે.
માંધોજી માંણકોજી શેનવી વરણ, ગુપત દાહાડે તેવણબી પાંમેઆ મરણ.
શેનવી સદાશીવ મંગેસ શેઠ, રાંમાજી કાંમટેબી પુરાંના ઠેઠ.
કાંહાંનોબા વીઠોજીબી જાણીતાછે, ગંબાજી પુતલાજી માંણીતાછે.
યાદગારી રહીછે તેની થાવી, કોટમાં ઉભેલીછે ગંબાચી બાવી.+
કોટમાજછે ચીમનાજીનો કુવો, કોનજાંણે તબી કેઆરનો મુવો.
પરસોતમ ચીમાજી ફરજંનદાર, પીઠાંનો મોહલો રહેઓચ યાદગાર.
મુસલમાનની કોમબી કેહવાએછે જુની, કોઇએક શીહા ને કોઇતો શુની.
વતન જેનું પરાએઆં દેશો તરફ, કુકણીએ બતાવી પેહલી જહરફ.
બીજા પછે બાહેરના દેશાથી આએઆ, મુંબઇમાં પઇસાબી સારા કમાએઆ.

---

* ધી હાંનરેબલ શેઠ મંગલદાસ નથુભાઈ. સી. એસ. આઈ.

† શા૦ સખીદાસ નાગરદાસ અમદાવાદી, જેવણ સખીઆ નાગરની અટકથી પરશેઆત થઇ ગયાછે.

‡ બાલવાના લાકડાંની જુહુરી. § અંતકરણની.

¶ રૂપૈઆ. + જે ગંબાના કુવાને નામે ઓલખાએછે. નો૦ લે૦

થાહુધી લોકેખી હીંઆં કીધું વતન, દીપેઆછે થોડાક નવમાં રતન.
એક વર્ણીશીતો ખરી પાદશાહી કરેચ, સરાફીને સોદાગરીમાં ફરેચ.
તે બખતાવર દાઉદ સાસુનનું નામ, ઉઠાવેછે તેણેખી ધરમનું કાંમ.
એવા ખીજાખી થાએલા હશે ઘણા, કેહવાતું નહીં ખીના મલેઆવણા.
થયાચ તેટલા હીંયાં સમાતા નથી, કવીતાની હારમાં જણાતા નથી.
પણ ચાલુ એબારતમાં આવેલાછે, કીરતીમાં તેઓખી ફાવેલાછે.
વરણન તેઓનું કેહવા થકી, રાખીતી ધારણા તે બાબે નકી.
વખત આવેઓ તારે કલંમ ધરી, બએઆંન તેનું હીંઆંથી સહરૂ કરી.
જણાવીએછે વસતીની વાતાવરંણ, સમાવીએછે હઇઆત ને થએલાં મરણ.
તેમાં હીંદુની માહજણને પેહેલાં કહીએ, તે પછે પારશી ને બીજા લઇએ.

આ ટાપુની માંપણી લંબાઇએ કોલાબાની દીવાદાંડીથી તે શીમના છેડા સુધી ૧૫ માઇલ; અને પોહોલાઇમાં વાલકેશવરની વાઉતાકાહી આગલથી માહીમની ખાડી તુલીક ૧૨ માઇલની જે ગણવામાં આવીછે, તે હસાબે એનો વીસતાર એકવીસ માઇલનો ચોકસ ઠેરવાએલોછે, જાંહાં પરાચીનકાળથી કેહેચ કે પેહલવેહલાં કેટલાક લંગોટીવાલા કોલી લોકો જે માછલાં મારતા હતા તેઓજ માતરે ઘણાજ સંકટ અને કંગાલ હાલતમાં રેહેતા એટલુંજ નહીં પણ તેઓને માટેના મકાંણોખી ફકત કુડ કાંમરાં તથા જાહવલીના જુફડાંઓ હતાં તે શેવાએ બીજું કાંઇખી જોવા તથા જાંણવા લાએકનું તે વખતપર હીંઆં હતુંજ નહીં. પણ વખતની વલાંણ જારે બદલાઇ તારે તે ઉપર આવી મલેલી પંચ ભેલી વસતી એટલી તો થાઇ પડી કે દરોબસત સંખેઆમાં ચોકસ ગણાઇ શકાઇ નહીં; તેનું કારણ અશલથી એવું માલુમ પડતું આવેછે કે વેપારની મોસમ જારે ચાલે તારે છેક દુરદરાજ વેરના દેરાથી વેપારી, ધંધાદારી તથા કાંમદારો વગેરે આવતા; અને થોડુંક સુધી રહીને પાછા તેમને વતન જતા હોયાને લીધે મોસમ સુધી તો હજારોની ગણતરી ગણાએ, પણ સદાના જાથુક રેહેનારા યુરોપીઅનો તથા ખીજી ગનાતનાઓને જોઇએ તો બે ત્રીતીઆંઉસની વસતી ચોકસ કેહેવામાં આવે. આગલાં વરશોપર સરકાર તરફથી સતા ભરી ગણતરીઓ લેવામાં આવીચ તેની નોધ દાખલ કરેઆ આગમજ બાહેર ગાંમો તરફના જે જે લોકોએ પેહલ વેહલાં આંવીને હીંઆં રેહેઠાંણો કીધાં હતાં તેઓની જીંદેગીના અહેવાલો જે હાથ આવેઆચ તેને સમાવવાની રજા લેવી વેલા સરવેથી પેહલાં હીંદુ ગણાતનો મેલાવડો મેલવવા ચાહીએછે.

હીંદુઓની હીલચાલ.

માછલાંઓથી ઉભાઇ જતી આ મુંબઇની અસલી ઉજડ ટેકડી ઉપર માછીમાર કોલી લોકોનુંજ રેહેઠાણ સરવેથી પુરાણું કેહેવામાં આવેઆ છતાં, તેઓમાં અસલ વતણી કોણ, અને કેઆરથી વાશો કરી રહેઆ તેના વરશોની વીગત જોકે ખાતરી ભરેલી જણાતી નથી, તોપણ ધરમના એએક મંદીરો

ઉપરથી તેઓ માહેલા કોઇ સખ્શોનું પુરાતમપણું સાબેત થઈ શકેછે. એ કોલી લોકોનીજ સંગાથે કેટલાક વાડવેલો, અથવા ભંડારીઓબી, જે વસતા હતા તેઓની હસતી વીશેનું વરણનબી ઘણું ખરૂં અંધારાંમાજ રહી ગએલું જણાએ છે; પણ તે પછે સંવત ૧૫૮૯ માં જારે આ ટાપુ પેહેલ વેહેલો પોરટુગીશોના સવાધીનમાં સોંપાયો, તારથી ઘણાખરા તેઓની રાજધાનીના શેહેર ગોવા તરફથી શેનવી તથા શોનાર લોકોએ અતરે આવી રેહવાનું મંડાણ કીધું હતું, અને તેઓ સઘલાઓ જુદા જુદા વરગોના પણ જાતે હીંદુજ હોયાને લીધે પેહેલ વેહેલા વતનીઓ તેઓનેજ મુકરર કીધા, અને તેઓનાજ વંશસથી ઉતરેલાઓ કહેઆ શાળથી હીંઆં જાહેરમાં આવેઆ, તેઓનાં નામોની એક ટીપ ટુકમાં હેઠલ આપીએછે.

સંવત ૧૭૦૦ ની શાળમા બાપાજી માહતરે.

„ ૧૭૩૦ માં માધોજી માણકોજી મીલકતની માલેકી ધરાવતા; તે વીશે એક સરકારી દસતાવેજ ઉપરથી એવું જણાઈ આવેછેચ કે, જારે જંજીરાવાલાઓ મુંબઈ ઉપર બીજીવાર ચહડી આવેઆ તે વખતે સરકારની તરફ દેખાડેલી બેવફાઈના અનેઆએમા સપડાએઆને લીધે તેમની સઘલી મીલકત જપત કીધામાં આવી હતી; પણ પાછલથી તે વાતની પકી તજવીજાતે જારે તે બીન તકશીર થઉઆ તારે તારીખ ૨ જી અકટોબર સને ૧૬૯૪ ઇશવીએ સતા ભરેલી સનદ સાથે તેની મીલકત તેમને પાછી હવાલે કીધી હતી. શેનવી બાપુ તબકે નામનો સખસ પણ એજ શાળથી સરાફી ધંધો ચલાવતો હતો.

„ ૧૭૫૦ મા શેણવી રામાજી કામતે એક ધંધાદારી હતા.

„ ૧૭૮૯ મા શેનાર ગણાતના માધવજી તાનકોજી સરાફી ધંધો કરતા હતા. શેણવી દાંમુલજી શીવાજી, તથા સોનાર પાંડુરંગ શીવાજી, એઓ કહેઆ શાળમા હતા તેની શોહધ હાથ આવી નહીં.

„ ૧૮૦૦ મા સહાંનોબા વીઠોજી (તે વીઠોબા કાંહાંનોજીના બાવા) તથા પુતલાજી પરભુ ધંધાદારીમા ગણાતા હતા. ગંબાજી પુતલાજી નામનો એક ભંડારીબી પરએઆત હતો, અને તેના નામની યાદી તરીકે કોટમા તેનાએ બાંધેલો "ગંબાનો કુવો" સાખશી આપેછે.

„ ૧૮૦૨ મા સદાશીવ મંગસશેઠબી ધંધાદારી હતા.

„ ૧૮૦૯ મા શેણવી પાંડુરંગ શીવાજી રોજગારી હતા.

પુરાતમ વતણીઓ માહેલા આટલાજ સાહેબોનાં નામો જે હાથ આવેઆં છે, તેઓના વંશસથી ઉતરેલા કોઇબી સખશો હજીતક આપણી વસતીમા પરકાસતાજ હશે, પણ તે વીસેની હકીકત જાહેરમા માગેઆ છતાં કોઈબી ઠેકાણેથી મલી સકી નહીં, તેથી થોડીજ બીનામા તેઓને સમાપત કીધા પછે બાહેરના દેશાવરો તરફથી આવી વસનારાઓના વરતાંત ઉપર હવે વલાંણ લેઇએછે.

સંવત ૧૭૪૭ મા કરસના જોશી નામનો કાબેલ દેશી વઈદ કેવલી માહીંમથી.

સંવત ૧૭૪૮ મા શા રૂપજી ધનજી (ધી હાંનરેબલ શેઠ મંગળદાસ નથુભાઇ સી. એસ. આઇ, તથા શેઠ વરજીવનદાસ માધવદાસના વડવા) દીવ બંદરથી.

" ૧૭૫૬ મા શા૦ વીઠલદાસ કેશવદાસના બપાવા શેઠ રાંમદાસ કાઠીઆવાડના પરાંતમાથી.

" ૧૭૭૧ મા પાથારી પરભુ શેઠ ધાકજી દાદાજીના બપાવા ધાકજી થાનેથી.

" ૧૭૭૫ મા શા૦ સખીદાસ નાગરદાસ ઉરફે સખીઆ નાગર અમદાવાદથી.

" ૧૭૯૦ મા શેનાર ગણાતના શેઠીઆ (મરહુમ) ધી હાંનરેબલ જગંનનાથ શંકરશેઠના બપાવા બાબુલશેઠ ગંબાશેઠ, પોરબંદરથી.

" ૧૮૦૦ મા પરી૦ પીતાંબર ચતરભોજ, તથા વરીજભુખનદાસ તાપીદાસ સુરત તરફથી આવીને સરાફી ધંધો ચલાવતા હતા, તે પેહેડી છેક સંવત ૧૮૪૭ ના શાળ સુધી ચાલુ રહેઆ પછે નાદાર થઇને બંધ પડી હતી.

" ૧૮૦૦ માં પરી૦ જહવેરચંદ આતમારાંમ (કાકા પારેખ) ની ઘણી મોહોટી સરાફી પેહેડી સુરતથી આવી હતી અને. તે છેક ૧૯૨૭ ના આશાડ વદી ૦))) સુધી ચાલુ રહેઆ પછે નાદારી હાલતે પોંહોંચીને નીકલી ગઇ તે વીશેની દુખ ભરેલી નોંધ લેતાં ખરેખરી દલગીરી ઉપજેછે.

" ૧૮૧૪ મા શા૦ અમીરચંદ શાકરચંદ (મરહુમ શેઠ મોતીશાહના બાવા) ખંભાએતથી અને શા૦ મેઘજી અભેચંદની સરાફી પેહેડી રાએધનપોરથી.

" ૧૮૨૮ મા રઘુનાથ જોશીના બાવા કરસના નારાએણ, વસાઇની પડોસના વીરારગાંમમાંથી વઇદિકના ધંધાસર આવેઆ હતા.

" ૧૮૪૦ મા શેણવી ગનાતના વીનોબા સંકર સંઝગીરી (આપણી માંડવી ખાતાંનો કારભારી) બાળ વએમા થાના તરફથી.

" ૧૮૪૧ મા ભાટીઆ ગનાતના ઠા૦ જીવરાજ બાલુ, રાંમજી ચતુર, ધારશી મોરાર તથા સુળજી વઇદ, કછ તથા તેને લગતાં પરગણાંઓ તરફથી.

" ૧૮૪૩ મા ઠા૦ લખમીદાસ ખીમજીના બપાવા ઠા૦ ગોવીંદ પરશોતમ કછ તરફથી.

" ૧૮૪૫ મા શા૦ નાનજી જેએકરણ માંગરોલ તરફથી.

" ૧૮૪૭ મા હેઠલ જણાવેલા સખશોની પેહેડી હસતીમાં હતી.

વેપારી.	સરાફી.
શા૦ નાગરદાસ કરસનદાસ.	*પરી૦ મનોરદાસ દુઆરકાંદાસ.
લાલા જેરાંમ.	નરોતમદાસ મોતીચંદ.
ભુખન શુંદરદાસ.	ગોપાલદાસ મનોરદાસ.
*નાથા સંભુ.	*ગોરધનદાસ જગજીવનદાસ.
હેમરાજ ગોકલદાસ.	*રાંમદાસ ભગવાનદાસ.
પાંડુશેઠ શીવાજીશેઠ.	મોરલીધરદાસ સંભુદાસ.
સાંમુ શીનાઈની કું૦	મોરલીધર પરસોતમ.
	*નારણદાસ નરોતમદાસ.
	*જગજીવનદાસ અનુપરાએ.

સંવત ૧૮૫૬ મા શા૦ નરશી નાથા, કછ તરફથી; અને ઠા૦ પુજા જીવરાજ તેજ પરાંતમાંથી.

" ૧૮૫૭ મા ઉપર જણાવેલી આ * નીસાણીવાલી પેહેડીઓ ઉપરાંત બીજા નવા ગરહસથોને નામની પેહેડીઓ ચાલતી હતી.

કાંહાંનદાસ બુલાખીદાસ.	રશીકદાસ મોરારદાસ.
ત્રવાડી અરજુનજી નાથજી.	વીજલાલ ભગતીદાસ.
પરસોતમદાસ તુલશીદાસ.	નરશીદાસ નાગરદાસ.

" ૧૮૫૭ મા વીસનઓના માહારાજ શ્રી ગોપાનાથજી પેહલવેહલા પધારેઆ હતા.

" ૧૮૫૯ મા ઠા૦ તેજપાલ ખટાઉ, તથા નાનજી ખટાઉ, કછ માહેલા મોજે કોઠારા ગાંમમાંથી.

" ૧૮૬૫ મા મારવાડી અંમરચંદ બીદરીચંદ જેપોર ખાતેથી સરાફી પેહેડી લઈને મોહોટા દરવીઅ સાથે આવેઆ હતા.

" ૧૮૬૬ મા રાઘોબા વીઠલશેઠ, કેવલી માહીમથી.

" ૧૮૬૭ મા વીસનઓના શ્રી ગોસવામી શ્રી ગોકુલનાથજી માહારાજ પેહેલવેહેલા પધારેઆ.

" ૧૮૭૫ માં શેઠ વખતશાહ ખુશાલચંદની શોદાગરી તથા સરાફી પેહેડી અમદાવાદથી.

" ૧૮૭૬ મા શેઠ કરંમચંદ પરેમચંદ અમદાવાદીની સરાફી તથા સોદાગરી પેહેડી અમદાવાદથી.


" ૧૮૭૭ મા શા૦ વેલજી માલુ કછ તરફથી.

" ૧૮૮૦ માં શેઠ હઠીસીંગ કેસરીસીંગની સરાફી પેહેડી અમદાવાદથી.

" ૧૮૮૧ મા શેઠ સુરજમલ વખતચંદની સરાફી પેહેડી અમદાવાદથી.

" ૧૮૮૫ મા આપણી વસતીપર વખણાએલા ડાકટર ભાઉ દાજી પોતીકા બાપ વીઠલ રામકરસના સાથે માંદરા ખાતેથી.

હરજોશીના વડવા તથા વારેશો.



કરસના જોસી.

યુરોપખંડના કાબેલ તબીબોની આવક આ ટાપુ ખાતે જારે નહીં હતી, અથવાતો તે ધંધાદારીઓ ઘણાજ થોડા આવતા હતા. તે વખતની આગમજથી દેશી વઈદોની માહીતગારીએ સારો પગ પેસારો કીધેલો કેહેવામાં આવેછે; તે સખસોની ચોકસ યાદી હાથ આવી નથી. મગર તે પછેના દાહાડાઓ ઉપર આ ગનાતના કાબેલ જોશી લોકો એટલા તો પરખ્યાત થઈ પડ્યા હતા કે તેઓની સલાહ માટે સઘલી વરણના દેશીઓ તો સું પણ ઘણાંક અંગરેજો વટીક તેઓને તાંહાં આવતા હતા; અથવા તો જુજરાતવાલાઓ પોતાને તાંહાં બોલાવીને દરદનું નીવારણ કરવતા હતા; અને જેઓના કુટુંબો વગેરા દરવગેરા ઉતરતા આવીને વઇદક શાસતરનું ગનેઆંન જે મેલવતા હતા તેનો પાયો રચનારા બે માહાભારત વઈદરાજોના નામોની નોંધ હીંઆં જણાવીશું તો તેમાંથી તેઓએ ઘણાક બીમારોને આરાંમ પમાડ્યા વીશેની કીરતી સાંભલવાનું કોઈબી સાહેબોને અનગમતું લાગશે નહીં.

એ જોશી લોકો જે પલશીઆ બરાંહમણની વરણનાછે તેઓ કાંઈ તેવા ધંધામા મસગુલ રહેલા નોહતા પણ વઈદકની વીદેઆ હાંશેલ કરવા માટે તે બાબે રચાએલાં સાસતરો શાખેઆ ઉપરથી હાવા એલકાબે જે પોંહોંચેઆ તેઓ માહેલો મથાલે જણાવેલો વઈદરાજ અસલ કેવલી માંહીમમા રેહેતો હતો; તાં-હાંથી પોતાનું પરીવાર લઈને સંવત ૧૭૪૭ ના શાકે ૧૬૧૨ મા પેહેલ વેહેલો આવેઓ અને પોતાના વઈદકપણાનું સારૂ ગનેઆન હીંઆંના રેહેવાશીઓમાં વાપરવા માડેઉં તે વાતને પોણાબસેથી લગરીક વધારે વરસ વહી ગયાંછે.

આ વઈદરાજ જોકે સાંભલેઆ પરમાણે કાંઈ દરવીઅવાન તો હતાજ નહીં; તોપણ પોતાની કાબેલીએત વાપરીને જેમ શકતીવાલાઓ પાશેથી રોજી શોધતા હતા તેમજ ગરીબ ગુરબાંઓને ધરંમ ખાતે અઉશદ પાંણીની મદદ આપતા; એટલુંજ નહીં, પણ કોઈબી મુફલેસ દરદીઓ છાસતી તરફના હરેક ભાગમાંથી આવતા તેઓને આરાંમ પમાડ્યા ઉપરાંત વાટ ખરચનું નાણું દઈ વીદાએ કરતા હતા અને તેથી કરીને મુંબઈની આસપાસ કરસના જોશીની કીરતી સજર પંથરાઈ પડી હતી.

એમણે તાંહાં ધરંમ જોશી નામનો એક દીકરો જે સંવત ૧૭૫૭ ના શાકે ૧૬૨૨ મા જનમ પામેલો હતો તે વીશેક વરસનો થયો તેટલાં કેહેચ કે તે લગભગ ૬૦ વરસની ઉંમર ભોગવીને સંવત ૧૭૭૭ ના શાકે ૧૬૪૨ ના સુમારમા મરણ પામેઓ હતો.

ધરમ જોશી જે ઉધરતી વએથીજ બાપની શાહેતામાં સમાઈ રહીને વઇદક સાસતરની વીદેઆના અભેઆસ સાથે દરદીઓની માહાવજતમા મસ-ગુલ હતો તેથી કરી તેની હઈઆતી છતાં જે અનુભવ તેણે મેલવી લીધો તેની મદદ પોતાના ધંધામા ઘણીજ કામ આવી, અને બાપના નામને રાજીવન રાખી લોકો પાશેથી જસનો ઓતમ અધોઓ લઇને ૭૫ વરસની જંદગી ગુ-જરેઆ પછે સંવત ૧૮૩૨ અથવા શાકે ૧૬૯૭ મા કઈલાસવાશી થયા હતા.

એ ધરંમ જોશી પોતાની પાછલ તરણ દીકરાઓ જે મેલી ગયો હતો તે માહેલો ગોવીંદ નામનો નાહાનો તો પોતાના અસલી વતન કેવલી માંહીમમા જઈ રહેઆને લીધે તેની બાબદો તો કાંઇજ જાંણવાજોગ જાહેરમા આવેલી નથી, મગર વડા દીકરા હરજોશીએ બીજા ભાઇ સદાશીવને પણ તબીબપણાના ધંધા માટે સાંમેલ રાખેઆથી તેમનું પરખેઆતપણું આ ટાપુમા આસકાર પાંમેલુંછે તેનીજ યાદદાસતને આલમની હજુર ધરીએછે, કે તે વખણાએલા તબીબનો જનમ સંવત ૧૭૯૨ ના શાકે ૧૬૫૭ મા મુબારક થયો હતો અને બાપ તથા દાદાથી ઉતરી આવેલા વઈદાંના વારસાને ચીવટથી સાચવીને પોતાની કાબેલીએતમાં એટલો તો વધારો કરેઓ હતો કે તેથી ગાંમ ખાતાંના હજારો દરદી લોકોની તનદરોસતી જલવાએઆ ઉપરાંત બીજા સેંકડો લોકો બાહેરના દેશાવરો તરફથી પણ તેમની સલાહ માટે અતરે ઉતરી પડતા હતા; તેઓ માહેલા જેબી ગરીબી હાલતમા જણાતા તેઓને પોતીકા વડવાઓનીજ મુઆફેક સુકરતની માવજતથી સંતોશીઆ પછે વીદાએ કરતી વેલા ગાંઠના ગુરથથી તેમના દેશ ખાતે પાછા રવાંના કરી દેવામા, કેહેચ કે તેનાએ કાંઇજ કોતાઈ રાખેલી નોહતી. એ ઉપરથી એક ટીલંગા બરાંહમણે તેમની ઉપર સંસકરૂત ભાશામાં જે શલોક પતર લખી મોકલાવેઓ હતો તે આ જણાવેલી બાબદની શાહદતમાં ધણોજ ઉપીયોગી થતે પણ સાંભલેઆ પરમાણે તેમના વારેશો પાસેથી તે કેથે ગુમ થઈ ગયાને લીધે હાથ આવી શકેઓ નહીં, તે છતાં તે માહેલી થોડીક યાદો તેમના વંશી માહેલા એક ભલા મીતરે જે કહીચ તેટલાજ અડસટાને એઠલ જણાવેલી કવીતામા અતરે દાખલ કરીએછે કે—

જે દુરી દેશનો ગરીબ દરદમાં ફશે-તે મુંબઇમાં હરજોશી પાશે જશે.
માહવજત જેની જાંહાં પીતા પેરે થાય-રેહે તાંહાંસુધી તે સુફતનું ખાએ.
ધણાઓએ તેવણનો આસરો લીધો-વતન જાએ તારે તો સામણ સીધો.
તે સાથે રસતાનો જોઇતો ખરચ-લઇને જાલવતા પોતીકી ગરજ.
જેઓ દેશમા જાઇને માંગતા દુવા-હરજોશીને માટે લાંમબા ઉવા.
એવા નરની કીરતીબી ગવાએલીછે-સખાવતની ડાહાલી હીંઆં વવાએલીછે.

આ સંસારની સરજતમાં જેબી સબસથી હરેકોઈ રીતના પણ રૂડાંજ કામો જો થઇ શકે તો તેની ઉપર ગરીબોના અંતકરણની દુવા પરમેશાવરની પરમકુરપા સાથે સદા ઉતરતીજ રેહેછે માટે આ હરજોશી જોકે પોતે કાંઈ મોહોટો દરવીયવાનમા તો ગણાતો નોહતો પણ બાપદાદેથી ઉતરતો આવેલો વઈદકપણાનો પવીતર ધંધો સમારગે વાપરેઆથી એક શીરીમંત સરીખો વખણાઈને વલી ગરીબોની દુવાથી તેણે લગભગ ૮૦ વરસની જઈફી ધણાં સુખ સાથે જે ગુજારી હતી તેમાં કશોએ સંદે નહીં આણતાં જણાવીએછે કે તે બુજેરગ તબીબની જીંદગી છેક પરાછંમને છેડે જારે જઈ પોંહોંતી તારે સંવત ૧૮૭૨ મા શાકે ૧૭૩૭ ના પોશવદી ૯ ને મંગલવારે પોતાનો પરાંણ પરમેશાવરને સવાધીન કીધા પછે આ દુનીઆંથી સદંતર દુરી પકડી વઇકુંઠ તરફ કુચ કરી ગયો તે વાતને હવડાંજ ૫૭ વરસ પસાર થઈ ચુકાંછે. હાલમાં

ઓલખાતા કાલબાદેવીના રસતાપર આગલા વખતનાં એ જોશીનાં ઘેરો શેવાએ બીજી કોઈબી માહભારત હવેલીઓ તો જણાતી નોહતી. તારથીજ, અને વળી ઉપલાં નામનું દેહેરૂં તાંહાં આવી ગોઠવાયા આગમજ તે મારગ હરજોશીના રસતાને નામે જે ઓલખાતો હતો તેને હમો ધારીએચ કે પુરાંણી વએના ઈનસાંનોના ધેઆંનમાંથી હજીતક ભુલાએલો તો હશેજ નહીં.

હરજોશી જારે મરણ પાંમેઓ તારે તેનો હકદાર વારેસ કરસનારાવ માતરે ૧૩ વરસની ઊંમરનો હતો; તેણે પણ સાંભલેઆ પરમાંણે પોતીકાં સગાં સમદીની સાહેતાથી વઈદકપણાનું થોડુંક ગનેઆન હાથ કરી લઇને બાપીકાં ઘરાકો માહેલા કેટલાક લોકોની સંભાલમાં ફરવું રાખેઊં હતું; પણ તેમના જેવી નામદારી મેલવી શકેલા તેવણ સંભલાયા નથી. એ બીચારો ૩૯ વરસની જવાંનીપર આવેઓ તેટલાં હરીચંદ નામના એક દીકરાને માતરે તરણેક વરસનો બાલ અવસથામાં મેલીને સંવત ૧૮૮૫ ના શાકે ૧૭૫૦ ના અસાડવદી ૨ ને વાર ભોંમે કઇલાસવાશી થઈ ગયા, તેને લીધે હરજોશીને તાંહાંની વઇદકપણાની અસલી કીરતી ભરેલી જાહોજલાલી ખરેખરી ખતમ થઈ હતી; કારણ કે તેમની તરફથી ઉતરતી આવેલી ગાદીને તતકાલ ટેકવી રાખનારો ઉપલા બાલક શેવાએ કોઈજ વારસ હાજર રહેલો નોહતો તેથી કરી તેમને તાંહાંની ઘરાકી તેમના બીજા બેશીઓ જેવા કે વીઠોબા, ભવાંનીશંકર અને જગંનનાથ વગેરે બીજા ઘણાક દેશી વઇદોમાં વેંહેચાઈ ગએલી સાંભલવામાં આવેછે.

ઉપર જણાવેલા મી૦ હરીચંદ કરસના જોશી જે સંવત ૧૮૮૨ નાં શાકે ૧૭૪૭ ના ભાદુરવાવદી ૧૦ ને મંગલવારે જનમ પામેઆ હતા; તેવણ બીચારા વીધવા માતા તથા બેશી તરફના બીજા ગરહસથોની સંભાલપનામા ઉધરીને મોહોટા થયા તેટલાં પોતીકા વડવાઓને તાંહાંની સઘલી ઘરાકી તો સાબદી સફાઈ પામેલીજ હતી; તોપણ વઈદક સાસતરનું જેટલું ભંડોલ મેલવાએઊં તેવતે ગરીબ ગુરબાઓમા પોતાનો અસલી રોજગાર લઇ બેઠા હતા, તેમા જારે ગુજારો દરોબસત થાતો નહીં જોયો તારે કોઇક સોફારસથી માંડવી ખાતાંમા પેહેલવેહેલા સંવત ૧૯૦૭ ના ભાદુરવા મહીનાથી હલકી જેવી ચાકરીપર જઈ બેઠા; અને તે પછે રફતે રફતે વધતાં સંભલાએછે કે આ ગરહસથ હવડાં આપરાઇઝરના ખાતાંપર ૩૧૫૦) નો પગાર મેલવેછે અને બાપદાદાએ મેલવેલાં નામની થોડીક યાદી ખાતર દેશીઓમાં વઇદાંનીબી થોડીક ઘરાકી રાખેલીછે, પણ તેમાં દમ જેવું જણાતું નથી.

આ ગરહસથને તાંહાં હવડાં તુલીક નાંહાંનાં મોહોટા મલી ચાર દીકરાઓ છે તે પેહલા કરસના જોશીના વઊંસથી ૧૮૨ વરસના અરસામાં છઠી પેહેડીએ તેઓ ઉતરેલા ચોકસ થઉઆચ તેની વીગત આ બીનાના સંબંધમાં દાખલ કરેલાં તેમના કુટંબી જાહાડ ઉપરથી માલુમ પડશે.

શા૦ રૂપજી ધનજી.

હીંદુઓની ઊંચી વરણના શેઠ સાહુકારો તથા રાજદરબારીઓની સંક્રમા બીરાજનારા કેટલાક નબીરાઓના આ વડવા અથવા મોટા બાવા શા૦ રૂપજી ધનજીએ પેહલવેહલાં સંવત ૧૭૪૮ મા આપણી ટાપુ બાતે પનોતું પગલું જારે મેલેઊં તારે, તેમના સપનાણામાંબી નહીંજ આવેઊં હશે કે તેમની અઓલાદ માહેલા થોડાક સાહેબો નામવર નીવરીને બાપદાદાની હસતીને પમરતી રાખશે; પણ તેમના નામની રૂડી વલાણ એવીતો અસરકારક હોવી જોઇએ કે સયોબ્ર-ડીઆંના સારા આશીરવાદથી પરમેશાવરે તેવીજ લેહર અને મેહર ઉતારેઆને લીધે તેમનો વશીલો આપણી વસતી ઉપર બરેબરો શોભી રહેઓછે.


ઉપર જણાવેલા શા૦ રૂપજી ધનજીનું અસલ વતન કેહેચ કે પોરટુગીસની હકુમત હેઠલના દીવની પાશે ઘોઘલા ગાંમમા હતું, પણ પોતાના કુટંબનું પાલણ કરવા માટે ઘણા બરા દીવમાં રહીને તાંહાંની સરકાર તરફથી જે જે કાંમોના મકતા મલતા તેને રૂડી પેરે પાર ઉતારીને તેમાથી શેજ સાજ રોટલા પેદા કરી શકતા હતા; જે પછે અન અને જલની સરજત આ ટાપુના નશીબા સાથે જોડાએલી હશે તેથી તાંહાંનું રેહેઠાણ એકેદંમ ઊંચલીને મથાલે જણાવેલાં સાલમા આવી મુંબઇવાશી થઈ પડેઆ તે વાતને આજે પોણી બશેથી લગ-રીક વધારે મુદત વહી ગઈછે. ધારેઆમેલે આ શેઠીઆની આગમજ ગુજ-રાતી હીંદુઓ માહેલા કોઈ જુજ લોકોબી અતરે હશે બરા પણ તેઓની ચોકસ યાદીની ગેરહાજરીને લીધે કશી નોંધ નહીં આપી સખતાં એજ કુટંબની પેહેલવેહેલી પધરાંમની સહમજીએ છઇએ.

આ હઅેવાલના સંબંધમાં નામોનો જે કોઠો આપેલોછે તે ઉપરથી જણાઈ આવેચ કે શેઠ રૂપજી ધનજી તરણ દીકરાઓને હઈઆત મેલી મરણ પાંમેઆ હતા; તેઓ માહેલા બે સાહેબોની તો કાંઇબી હકીકત હાથ આવી નથી. મગર સરવેથી વડા શેઠ મનોરદાસ રૂપજીની જીંદેગાનો થોડાક હઅેવાલ જે માલુમ પડેઓચ તેજ હીંઆં નોંધી દેખાડીએછે.

મુંબઇમાં આવીને વેપારના મંડાણમા ઘણું બરૂં કાંમ આપણી સરકારને જોઈતો થોડાક સરણજામ પોંહચાડવાનું મરહુમ શેઠ રૂપજી ધનજી ચલાવતા હતા, અને તેજ ધંધો તેમની પછે આ મનોરદાસ શેઠેબી ચાલુ રાખેઓ તેમાં લીલાં લેહર જોયા ઉપરથી જેમ વખત મલેઓ તેમ તેની વલાંણ બદલીને તેની સાથે સરાફી ધંધોબી હાત કરી લીધો, અને પંચ લોકોમાં ઘણું માન મેલવતા રહીને નગરશેઠમા ગણાવા લાગા તારથી તે આજ તુલીક એ નામીચો ઓહદો તેમના વારેશોએ મોહોટી જાહોજલાલી અને પરમાંણીકપણે જાલવી રાખેલો આપણ જોઇએછે.

હાવી નામીચી કીરતી ને, લાખો રૂપીઆના દઈવત સાથે શેઠ હરજીવનદાસ તથા રણછોડદાસ જેઓ આગમજથી ગુજરી ગયા હતા તેઓ વતરોગે બીજા તરણ દીકરાઓ ઉપરાંત બે દોતરાઓને સુખવાશી હાલતમા પોતાની પાછલ

શા.રૂપજીધનજી, અને તેમનું કુટુંબ.



હઇઆત મેલીને આ મનોરદાસ શેઠજી સંવત ૧૮૪૮ ના સરાવણ સુદી ૧૨ ને શોમવારે ૬૫ વરસની પુખ્ત ઉંમરે કઇલાસવાસ થયા હતા.

મનોરદાસ શેઠના પાંચ દીકરાઓ ઉપલા કોઠા મધે જે જણાવેલાછે, તે માહેલા નાગરદાસ નામના છેલ્લા ભાઇ તો બીચારા નાહનપણથીજ અપંગ હોયાને લીધે હઇઆત રહેલા બીજા ભાઇઓના આસરા હેઠલ બાપીકા વારસાનું થોડુંક સુખ જોઇને વગર વારશે સંવત ૧૮૬૬ માં ગુજરી ગયા હતા, પણ તે આગમજ એ તરણે ભાઇઓ તથા ભતરીજાઓએ ભેગા રહીને શેઠ કેશુરદાસ રણછોડદાસને નામે તથા અટકે સરાફી આંટ સાચવેઆ ઉપરાંત ગુજરાત તથા હીંદુસતાંન માહેલાં બીજાં દેશો સંગાથે માલમતા સંબંધી આડતની પેહેડી ચલાવીને લાખો રૂપીઆનો ભંડોલ ભેગો કરી બાપીકી દોલત વધારી દીધી હતી, તે છતાં પણ શેઠ રાંમદાસ પોતીકા ભતરીજા શેઠ દેવીદાસની મજમુમા રામદાસ હરજીવનદાસને નાંમની એક જુદી પેહેડી જે ચલાવતા હતા તેમાંથી કરજીઆની રેહેલછેલ મેલવી લીધેલી જાંણવામાં આવેછે; અને તેપછે એ માહેબ રાંમદાસ શેઠ સંવત ૧૮૬૪ ના માંહાવદી ૬ ને વાર બુધે ગુજરી ગએઆ; તારે તેવન સાહેબ પોતાની પાછલ રાંમકોર બાઇ નામની વીધવા, અને બે દીકરાઓ મેલી ગએઆ હતા, જેમાંહેલા શેઠ નથુભાઇની ૬॥, અને શેઠ વીઠલદાસની ૩ વરસની બાલવય તે વખતપર હતી.

આ બાપડાઓ નાહનાં હતા તેથી તેઓના સંભાલ માંટે રાંમદાસ શેઠે પોતીકા બે ભતરીજાઓ નામે શેઠ દેવીદાસ હરજીવનદાસ તથા માધવદાસ રણછોડદાસને વશીએત નામાંના વકીલો ઠેડવેઆ હતા પણ માઠાં ભાગ્યેગે એ મરહુમ શેઠની વીધવા સંગાથે તેઓને હેવાતો મીનાકેશો બની ગએઓ કે તેના તોફેલથી શેઠ નથુભાઈ પુરતી વએ પોંહતા તેટલા અરસામાં કેહચ કે દોલતની મોટી ખરાબી થાઇ, જે વાશેની વહી ગએલી બાબદને અતરે જાહેરમાં લાવવાનુ મુનાશેબ જોતા નથી.

હરજીવનદાસ શેઠતો પોતાના બાપની હઇઆતીમાંજ સંવત ૧૮૨૮ નાં ફાગણ વદી ૧૦ ને સનીવારે મરણ પાંમેઆં તારે દેવીદાસ નાંમનો એકજ દીકરો પોતાની પાછલ મેલી ગએઆ હતા, જેવન વીશે સાંભલવામાં આવેઉંછે કે, અંગરેજી વીદ્દઆમાં તે વખતની હાલત પરમાંણે ઘણા પુરવીણ ગણાતા હોએઆને લીધે કેલવણી ખાતાંની જાહેર મંડલીમાં એક ખાસ અધીકારી થડેઆ હતા, કેમકે ઇસવી સને ૧૮૧૮ માં જારે સરકાર તરફથી "નેટીવ ઇડીઉકેસન શોસાઇટી" નાંમની અંગરેજી સ્કુલ, આપણી ટાપુ ખાતે પેહલવેલી સથાપાઇ તારે, તેનો કારોબાર બીજા દેશી ગરહસથોની સંગાથે આગેવાંનીમાં સાંમેલ રહીને એ સાહેબ સારી ચાલાંકીથી ઘણા વરશો સુધી ચલાવતા હતા. અને તેથી કરી પેહલે વાંધેના ઘણા અંગરેજો સંગાથે એવણને મીતરાચારીબી બંધાએલી હતી. એ ઉપરાંત એક સતા ભરેલા પુરાના દસતાવેજ ઉપરથી હેવું જાંણવામા આવેઉંચ કે સંવત ૧૮૬૮ ની સાલમાં જારે કાઠીઆવાડ તરફ ભારે દુકાલ પડેઆથી તાંહાંનાં હજારો લોકો ભુખમરાને લીધે આ ટાપુ તરફ

ઉતરી આવેઆ હતા તે વખતે તેઓના પાલણ માટે મરહુમ શેઠ પેસતનજી વાડીઆ તથા શેઠ નાગરદાસ હીરજી મોદીની સંગાથે આ શેઠ દેવીદાશે ઘણી સારી મદદ કીધી હતી, એટલુંજ નહી પણ જાહેરના હુશરાંનામાં લોકો પાશેથી ઘેરેઘેર ફરીને લાખો રૂપીઆ ભેગા કીધા તેમાં પોતે પણ શેઠ રૂપજી ધનજીના પુત માટે રૂપીઆ ૭૫૦૦) ની સખાવત આપી હતી.

હાવી ઉદારતા ઉપરથી આ પરમારથી પુરૂસને હાથે બીજાં ઉપીઓગી કાંમો ઘણાંબી થએલાં જોઇએ પણ એમ કરતાં એટલાંથીજ તેવણ અટકેઆ હોએતો વાંચનારા સાહેબોએ બચીત કરી માંનવું કે તેમનાં માતરે ઉપલાં એકજ માંહભારત કાંમથી મોટી કીરતી જે હાંશીલ થાઈ હતી, તેનો પમરાટ ઘણુંસુધી પમાડેઆ પછે એ સાહેબ ૬૦) વરસની જીંદગી ગુજારીને સંવત ૧૮૯૨ નાં માંગશર સુદી ૭ ને ગુરૂવારે જારે વઇકુંઠવાસ થીઆ તારે, તરણ દીકરાઓ નાંમે વલભદાસ, મનમોહનદાસ, અને નરશીદાસ તેમનાં વારેસ તરીકે ...ર્ત હતા, જેમાહેલા વડા મરણ પાંમતાં બાકીના બે ભાઇઓ વસતી વાડી સાટે તેમના નામની ઇઆદી માટે સલાંમત રહેલા દેખાએછે.

રણછોડદાસના એકજ દીકરા માધવદાસ શેઠની કીરતી વીશે કાંઇ નોંધ રહેલી જાણવામાં આવી નથી, પણ વેપાર વણજ તથા લેણ દેણની બાબદમા સઘલી મંડલીઓ સાથે પરમાંણીક પણે ચાલનારા એક સવતંતર શેઠીઆ ગણાતા હતા, એટલુંજ નહી પણ સરકાર દરબારમાંબી ઓલખાંણ પીછાંન તેનાએ ઘણી પાંથરેલી હતી; જેની જાહોજલાલીમાં અમણો અમાંણુ સહીત સારી જીંદગી ગુજારેઆ પછે સંવત ૧૮૯૩ નાં ચઇતર સુદી ૮ ને ગુરૂવારે ૬૬) વરસની ઉમરમાં જારે સવરગવાસી થીઆ, તારે તે વખતના સતાવાલાઓએ તેમની હકુમતના મથકમાથી લાએકીવાલો એક શેઠીઓ જે બોહેઓ તેવીશેની દલગીરી ભરેઓ પતર લખી તેમના દીકરાઓ, શેઠ મોહનદાસ, મુલજીભાઈ, ગોપાલદાસ, નરોતંમદાસ તથા વરજીવણદાસ વગેરે કુટંબીઓને દેલાશો આપેઓ હતો; એટલુંજ નહીં પણ તે પાંચે ભાઇઓને નામદાર ગવનરે પોતાને તાંહાં બોલાવીને તેઓ માંહેલા પેહલા તથા બીજાને એકકી સાલ પોતીકે હાથે હોડાડી, અને બીજાઓને એકકી પાગડીની ભેટ કરી સારા ચાહની ઉતમ ઇઆદગારી બતાવી હતી.

મનોરદાસ શેઠનાં બીજા દીકરા તથા દોતરાઓનાં નાંમો જે કોઠામાં જણાવેલાંછે તેઓની બાબદમાં લખવાજેવી હકાએત જોવા તથા જાંણવામાં આવી નથી.

શેઠ માધવદાસની પછે તેમનાં બે દીકરાઓ નાંમે મોહનદાસ તથા મુલજીભાઈ, બાપીકી પેહડીનો સઘલો વહીવટ પોતાના બીજા ભાઇઓને પખસમાં સંભાલી રાખીને પરમાંણીકપણે ચલાવતા હતા પણ તેઓની કારકીરદીમાંબી કાંઇ ઇઆદગારી નોંધાઈ રેહવાજોગ માહભારત કીરતી ભરેઆં કાંમો બનેલાં સંભળાએઆં નથી, તોએ માહજન તથા બીજી સારી મંડલીઓમાં પોતાની અશીલાઇ તથા મીલનસારીને લીધે મોહટું માંન પાંમતા હતા. એઓ માંહેલા

મુલજીભાઈ સંવત ૧૮૯૬ ના આશો વદી ૧૦ ને મંગળવારે ૪૫ વરસની વએમાં વગર વારશે અને મોહનદાસ શેઠ સંવત ૧૮૯૯ નાં કારતક સુદી ૧૧ ને સોમવારે વરસ ૫૨) ની ઊંમર ભોગવીને, કલાંણદાસ નામનો એક દીકરો મેલી કઈલાસવાશી થાએઆ હતા.

એ પછે બાપીકી દોલતનો વારશો બાકીના તરણ ભાઇઓ ઉપરાંત તે વખત પર હએઆત રહેલા ભતરીજાઓ મલીને સરખે હીશે સલાહ સંપજથી વાંટી લીધા પછે એકેકથી સવતંતરપણે નોખા રહીને પોતપોતાનો વહીવટ અલાહેદો ચલાવવા માંડયો. એ માહેલા શેઠ ગોપાલદાસ વડા હોએઆથી પેહડીથી ઉતરતી આવેલી રસંમ પરમાંણે તેમની નાતના વડા, અને હીંદુ માંહજનના નગર શેઠના એલકાબથી પરકાસતા રહી નેઆતજાતનો બંદોબસત સારી રીતે જાલવતા સંભલાએછે, એ શેઠીઆનો જનમ સંવત ૧૮૬૬ નાં કારતીક સુદી ૯ ને બુધવારે થએલો કેહેછે અને ઘણાં એકાંતપણે પોતાનો વખત અમનમાં ગુજારતા દેખાએછે.

બીજા બે ભાઇઓ શેઠ વરજીવનદાસ તથા નરોતમદાસ પાછલથી ભેગા રહીને વેપારવનજમાં જે પંતીઆલું સાંધી રાખી બેઠાછે તેઓ પણ સાહલેરાહીમાં અસરાફ, સવભાવે ધીરા, બુધીના ચપલ, વેહેવારે ચોખા, અને સંમપુરણ નીતીમાં એવાતો ભરપુર દેખાએચ કે તેટલી ખુબીઓથી સઘલી વરણના શેઠ સાહુકારો વચે સારી પરીતી મેલવી લઇને જાહેર મંડલીઓમાં માંન પામેછે. મી૦ ગરાંહમ કુંપણીની ઘણીજ નાંમીચી પેહેડી સંગાથે એ સાહેબો આજ કેટલાંક વરશો થયાં દલાલીપણાના સંબંધમાં જોડાયાથી બેહુ બોરહુઓપર અરસપરસનો અછો લાભ જલવાઈ શકાએછે. એ માહેલા શેઠ વરજીવનદાસ સંવત ૧૮૭૩ ના માહાશુદી ૧૦ ને મંગલવારે જનમ પામેલા કેહછે, અને સંસારી સંબંધમા જોડાયા પછે કેટલીક જાહેર મંડલીઓના સભાસદમાં રહીને રૂડી વરતણુકથી વખણાવા લાગા તે ઉપર આપણી નામદાર સરકારે નેઘાહ પોંહચાડીને ઠરાવી સને ૧૮૫૩ થી સુલેહના અમલદારનું માંન ભરેલ કમીસન એ સાહેબને જે એનાએત કીધુંછે તેઆરથી, તેને હોરમત સાથે જાલવી રાખીને પરજાના લાભ સંભાલનારી સભાનો અધીકાર બજાવતાં કોઈબી રીતની ભુલ કીધેલી જણાઇ આવેલી જાહેરમાં માલુમ પડીજ નથી; માટે આવા પરમાંણીક પુરૂસોનો સંબંધ સરકારની સંગાથે નીસબત રાખનારી સભામાં પરજાની પખસ ખેંચવા સારૂ જેમ લાંબી મુદત સુધો જોડાઈ રેહે તેમ વીસેસ રાહેત સરવેને હાંસેલ થાએ. આ બેહુ ભાઇઓ સવભાવે જોકે ઘણાજ એકમારગી, દેખાએચ તોહોપણ પરજા ઉપયોગીનાં જાહેરાંત કાંમોમાં આગેવાંની લેવાની પોતાથી બનતી કોસેસ કરવાને ચુકતા નથી, અને તે બાબે જાહાજો ઘોંઘાટ મચાવેઆવણા પોતા તરફથી પછે થોડી ઈઆ ઘણી જેબી સખાવત અપાએચ તેને જેમ બનેચ તેમ છુપી રાખવા ચાહેછે, અને તેથી કરી આલમની જાંણમા તે સાહેબોએ ખરચેલો પઇસો આવી શકતો નથી; માટે છુપેઆ ધરમનું જેટલું પુન તેઓને હાંશેલ થાએચ તે ઉપરજ તેઓ

સંતોશ પાંમતા માલુમ પડેછે; તોપણ વાંચનારા સાહેબોએ એટલું તો માંનવું જોઈએચ કે જાહેરના અને છુપેઆં કોઈબી ધરમખાતાંઓ તેઓના થોડા ઉપકારમાથીબી ખાલી રહેલાં નથી.

ઉપર જણાવેલા શેઠીઆઓના ભતરીજા શેઠ કલાંણદાસ મોહનદાસ (જે કલીશેઠના નામથી અતરે મસહુર હતા તે) જો કે ઊંમરે અને કદે નાહનાં પણ બુધી બલમાં એટલા તો અપાર હતા કે, તેની તારીફ જેટલી કરવા માંગીએ તેટલી થોડીજ કેહવાએ. બાપનો વારશો હાથ આવેઆ પછે, સરકારી કેમીસરી ખાતાં સંગાથે કેહેચ કે ઘણા સખસોની પાંટીમા મકતાના રોજગારનો સારો ઉપીયોગ કરતા હતા; અને તેપછે વેપારવણજના કાંમોમાં સાંમેલ રહીને થોડુંક સુધી છેક ચીનમાંબી પોતાના અશીલ નામની અધ લંબાવી હતી. પણ પાછળથી સેર સટાના દેવાનાપણામાં એ શેઠીઆનો લોભ લલચાઈ પડઆને લીધે તેની ફસાંનમાં રહીને દોલતનો મોહોટો ભાગ બરબાદ [illegible] કહેવાએછે. એ કલીશેઠબી પોતાના વડવાઓની પેઠે માહજનોમાં માન મેલવીને મંડલીઆની શોભા પણ સારી રીતે હાંશેલ કરેતા હતા. જાતે ઘણાજ રાંક અને અમીરી ખવાસના એક સાહશીક પુરૂસ હતા. એટલુંજ નહીં પણ તે સાથે કોઈનું કેવુંબી ગુચવારા ભરેઊં કાંમ તેમની સાહેતા હેઠલ આવતું તો તેને સારી સહમજ વાપરીને સેહેલાઈથી સફાઈ કરી આપતા હતા; તેહવા પરોપકારી પુરૂસની સાથેબી તેની જીંદગીએ જાહાજી વફાદારી નહીંજ દેખાડઆથી વરસ ૪૨ સુધીનીજ ઉમર જાહોજલાલીમા ભોગવીને સંવત ૧૯૨૪ ના જેઠસુદી ૩ ને વાર સોમે પરાંણજીવનદાસ નામના એક નાહાનકરાં બાલકને મેલીને દેવગત પોંહતા.

શેઠ નથુભાઈ રાંમદાશે પોતાની ઘણી ખરી હઈઆતી જોકે બાપની મીરાસ મેલવવા માટે કુટંબીઓ સંગાથે કજીઓ લડવામા કોરટેજ રોકી રાખી હતી, અને તાંહાંથી ફારેગ થયા પછે પોતાને હાથ આવેલા થોડાક દરવીયને સારી સંભાલથી વધારવા શીવાએ તેવણ બીજું કાંઈ કરી સખેઆ હોય એવું જણાઊં નથી; તેઓએ વાલકેશવર ખાતે એક ધરમશાળા, ને શીવનું દેહેરૂં જે બંધાવવા માડીઊં હતું તે કાંમ પુરૂ થયા આગમજ મોહોતે એટલી તો તાકીદ દેખાડી કે ૪૧ વરસની વએ પોંહોંચાડતાંજ સંવત ૧૮૯૯ ના ભાદુરવા સુદી ૯ ને સનીવાર પછે, આ દુનીઆમા તેનાને વધારે જીવતા રેહેવા દીધાજ નહીં. આ સાહેબ પોતાની પાછલ હાલમા "સતાર આવ ઈંડીઆ" નો માન ભરેલો એલકાબ પાંમેલા ધી હાંનરેબલ શેઠ મંગલદાસ, અને એક દીકરીને પરકાસતાં રાખી ગયા હતા, પણ તેઓ બાલવએના હોવાને લીધે, પોતાની મીલકત તથા વસતીના સંભાલ માટે શા૰ ધરંમશી કલાંણજી, તથા પાંચકલશી અરજુનજી યાધવજીને વશીએતનામાના વકીલો ઠેડવેઆ હતા. આ શેઠીઆના એ બાલકો માહેલી બાઈતો બાપડી પરમેશવરે સરજેલી બખશેસ પરમાંણે પારકે ઘરની વર રાંણી થઈ પડઆને લીધે પીએરના પેઆરમાંથી તેણીને અલગ રાખી એક હકદાર વારેસનીજ ઉતપંતીને અજવાલે આંણવું વાજબી ધારીએછે.

ધી હાનરેબલ શેઠ મંગલદાસ નથુભાઈ સી. એસ. આઈ.

આ શેઠના જનમનો દીવસ શોધ કરતાં સંવત ૧૮૮૮ ના આશો વદી ૧૧ ને સુકરવારનો સુભ દાહાડો જે માલુમ પડ્યોચ તે તેમણે જેજેકાર ભરેઓ ફલદરૂપ થયોછે.

બાપના મરણ વખતે આ સાહેબ ૧૧ વરસની વએ પોંહચેલા હતા; તાંહાં તુલીકતો સાંભલેઆ પરમાંણે તે વખતના ગુજરાતી પંતુજીની નીશાલે જતા રહેઆ, અને તે વાતને ૧।। વરસ ગયા પછે, અંગરેજીનો અભીઆસ કરવા માટે મી૦ મેણવારીંગની સ્કુલમા પેહેલવેહલા દાખલ થયા હતા, જાંહાં થોડુંકસુધી મસગુલ રહેઆ તેટલાં એમના મરહુમ પીતાજી ડેડવી ગએલા વકીલોની આડી આલ જણાઈ આવેઆને લીધે અંગરેજીની પુખત કેલવણી પામેઆવના સ્કુલ છોડવાની તેમને ફરજ પડી; જે વખતે માતર ૧૬ વરસની ઊંમરમાં આવેલા હતા; તેથી બાપીકી મીરાસનો સઘલો વહીવટ સંવત ૧૯૦૬ ના શાલમાં પોતાને સવાધીન લઈ લીધો. સંવત ૧૯૦૪ ની સાલમાં સકલ ગુણી શેઠાંણી રૂખમણીબાઈ વરે પોતીકી નેઆતની રસમ પરમાંણે ધાંમધુમથી લગણ કીધાં તારે, ૩૦,૦૦૦ ના ખરચથી પેહલવેહલા દીપી નીકલેઆ હતા; અને તે પછે સાંભલેઆ પરમાણે પોતાના બપાવાની દોલત જે તેવણના પીતા પોતાની આખી ઊંમર સુધી લઈ શકેઆ નોહતા તે, આ સાહેબે નેઆવની દરબારની મદદથી મેલવી લીધી.

દરવીયવાનોના કેટલાક દીકરાઓ આઈતું મલેલું જોઈ જેમ છકી જતા આપણે સદા સાંભલતા આવીએચ, તેથી નીરાલોજ મારગ આ માનવંતા શેઠ મંગલદાશે ઉધરતી વએથી એવોતો રૂડો ધારણ કીધેલો હતો કે, એક હાથપર સવાધીનમાં આવેલી મીરાસનો સંભાલ રાખવો, અને બીજી તરફ સારી નીતી વરતીને વેહવારીક પણાને વધારવો, એટલુંજ નહીં પણ તેની સાથે વીદેઆ જેહેવા અમુલીય ધનની સંગતમાં સમાઈ રેહેવું, અને તેટલાજ માટે જે અંગરેજી એલમ અધુરો મુકીને આગલી સ્કુલથી દુર થયા હતા તેને તો તેમજ રેહેવા દઈને સંવત ૧૯૦૭ ના શાલથી ઊંચી કેલવણીના ઉતમ ફાએદા હાંશેલ કરવા માટે આપણા "ઓરીએંટલ ટરાંનસલેટર" મી૦ વીનાએકરાવ વાસુદેવજીની સાગીરદી હાથ કરી લીધી હતી; જે સાહેબને પોતીકે દોલતખાંણે દરરોજ ટેડાવીને એકાંત ડેડવેલી જગોએ ધડા પાઠ કરતા હતા અને થોડીક મુદત સુધી તેમની રૂડી સંગત મલેઆથી ઘણી વાતનો લાભ મેલવી તેઓ આજ આસાનીથી પોતાના સંસાર વેહેવારનાં કામો બજાવીઆ જાએછે.

સુધરાઈના કાંમની પેહેલવેહેલી આગેવાંણી, ધરમને બાંહાંને સઘલા હીંદુઓ હોલીને ટાંકણે સરમ છોડીને હીનપસતી ભરેલી જે ચાલો ચલાવતા હતા, તે ટાલવા માટેની રૂડી કોશેસ એ શેઠે માંથે ઉઠાવી લીધી હતી, તે વીશે વાંચનારી આલમ ભુલતી તો નહીંજ હશે કે, આગલાં વરસોપર હોલી ટાંકણે આપણી

તરફ જે ઘણોજ માંઠો, અને કમકમાટ ઉપજાવનારો નીલાજરો રકાસ નીકલતો હતો તે વાત કેટલાક મીતરોની સલાહથી એ સાહેબે બાલકુલ નાપસંદ થેડવીને સંવત ૧૯૦૮ ના હોલીના હીંગામ ઉપર પોલીસ ખાતાંના વડા કોટવાલ કપતાંન બેનસને જાહેરાંત મદદ આપી સતા ભરેલી રીતે એ માંઠો રેવાજ બંધ પાડ્યો, તે બાબેનું મોહોટું માન ખચીત કરી તેણાને ઘટેછે; તો જો કે તેથી કરી એ તેહવારમા ભરાએલી નજીસાત હજીસુધી સઘલી સફાઈ તો થઈજ નથી, પણ તે દાહાડા પછેથી ચાંનાક પકડીને કેટલાક સારાં માણસોનો મોટો ભાગ તદન નીકલી ગએલો માલુમ પડેછે, અને બાકીના સરવેથી હલકી વરણના હીંદુઓ જે આવી ભુંડી રમતને હજી વલગી રહેઆચ તેમાં કાંઈજ દંમ જેવું જણાતું નથી; તોબી એટલું સતાવાલાઓ બંધ કરી દીએ તો અબલા જાતીઓની હોરમતનો રૂડી પેરે સંભાલ થાએ.

સુધારાના કાંમોમાં આ શેઠનું બીજું પગલું, સંવત ૧૯૦૮ ની શાલે "સ્ટુડેંટ લીટરેરી એંડ સાઈનટીફીક સોસાયટી" સભાની સાહેતાથી બાહેરકોટ તરફ ઉભી થાએલી હીંદુ છોકરાઓના અભીઆસ માટેની નીસાલને બનતો આસરો આપવા ઉપર ભરેલું માલુમ પડેછે.

આ શેઠના શુભ કાંમોના કીરણો જેમ પરકાસતાં ચાલિઆં, તેમ તેણાના મરતબામા વીસેસ વધારોબી મેલાતો રહેઓ, તેની યાદી એવી હાથ લાગીછે કે પોતાની ૨૧ વરસની પુગતી ઊંમરે સંવત ૧૯૦૯ માં અતરેની "રાએલ એશીઆટીક સોસાયટી" ની ~~સાભા મધે તથા "રાએલ જીઓગરાફીક સોસાયટી"~~ ના એક અધી~~કારી~~ થયા; અને તેની વલતે સાલ ૧૯૧૦ માં સુલેહના અમલદાર તથા તે વખતપર ચાલતી "ગરાંડ જુરી" ની સંફમાં નામદાર સરકારે તેણાને દાખલ કીધા હતા.

સંવત ૧૯૧૬ ના સાલમાં આ શેઠે "સ્ટુડેંટ લીટરેરી એંડ સાઇનટીફીક સોસાયટી" ના સંબંધમાં ચાલતી હીંદુ છોકરીઓની સઘલી (પાંચ) નીસાલોનું "એકઝીબીસન" ગીરગાંમ મધે પોતાના રેહેવાના બંગલામાં કીધું હતું, તાંહાં આપણા માજી મરહુમ ગવરનર લારડ એલફીનસટને બીરાજીને એ બાલકીઓને ચોપડીઓ, કપડાં તથા શીવવાના બાકસોના જે ઇનામો વેંહેંચી આપેઆં હતા તેનો સરવે ખરચ આ ઉદાર મંનના શેઠીઆ તરફથીજ થએલો કેહેવામાં આવેછે.

આપણી ટાપુ ખાતે "ઇનિકમ ટાકસ" યાને ઇનસાંણોની આએપત ઉપર ઠેડવાએલો કંટાલા ભરેલો કર પેહલવેહલો હીંદુસતાંન ખાતે સંવત ૧૯૧૬ ની સાલમાં જે લાગુ પડ્યો તારે તેની વસુલાત મેલવતાં સરકારી અમલદારથી અણજાણપણાને સબબે પરજાના લોકો તરફ કોઈ રીતનો ગેરઇનસાફ ન થાએ માટે તેવા હોદેદારને મસલહત આપવા કીજે, તે વખતના ગવરનર સર જારજ રસેલ કલારકની માનવંતી સરકારે, હાલના સર કાવસજી જાંગીર રેડીમની નાઇટની સંગાથે આ જવાંન શેઠીઆને કમીસનરો ઠેડવેઆ હતા, પણ સાંભલેઆ પરમાણે તે હોદો થોડુંએકમાં તેણાએ છોડી દીધો હતો.

ઉપર જણાવેલી "સ્ટુડેંટ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટી"ની નીસાળમા શીખનારી હીંદુ છોકરીઓને ઈનામો આપવાની એક બીજી મોહોટી સભા સંવત ૧૯૧૮ ની સાલમાં ગીરગાંમના મેહલની અંદર જે મલી હતી તેમા સાંમેલ રેહેવા સારૂ તે વખતના આપણા નામદાર માજી ગવરનર સર બારટલ ફ્રીઅર ઉપરાંત બીજા ઘણાક ઈંગરેજ ગરહસથ તથા લેડીઓ, તથા દેશી શેઠીઆઓ દબદબાથી તાંહાં બીરાજેઆ હતા, અને તેઓની હજુરમાં નામવર લેડી ફ્રીઅરે શીખેલી સદગુણી છોકરીઓની પરીખસા લઈ તેમને ઠેરવેલાં ઈનામો પોતીકે નાજુક હાથે અને હસતે ચેહેરે જેમ વેંહેંચી આપેઆં તેમ તે દરએક છોકરીઓએ તેવાજ હેતુથી હાથમા લેતાં તે નેકબખત બાંનુનો અતીઅંત પાડ માંનેઓ હતો; જે વાતને ખચીત કરી હીંઆં નોંધી રાખવી જોગીય વીચારીએ છઈએ.

આ ગરહસથની ધણીઆંણી સંવત ૧૯૨૦ ના ભાદુરવા વદ ૪ ને સોમવારે કઈલાસવાશી થયાં તેની ગંમખારી કુદરતના બનાવથી અલબતાં તેમના જીગરમાં ઘણીજ પેઠી હશે તોપણ જે બનેઊં તે સંતોસથી સહન કરી તેણીના પુન માટે કલીઆંણી ખાતે ધરમ ખાતાંની એક ડીસપેનસરી સથાપી, તેનું મકાંણ બંધાવા ઉપર એ શેઠે રૂ૫૦,૦૦૦) ખરચીને તેમા જાથુક દવાઈ પોંહોંચતી પાડવા સારૂ નામદાર સરકારના સવાધીનમાં બીજા રૂ૨૦,૦૦૦) જે સોંપી આપેઆચ તેના વીઆજમાંથી ગરીબ રોગીશેને દવાઈ દારૂ મલેઆ કરેછે, અને એજ બાઈના પુન માટે બીજું એક કાંમ એવું કીધુંચ કે પુણા ખાતે "સાસુન ઈનફરમેટોરી" મધે હીંદુઓની લાચાર બાએડીઓને રેહેવા સારૂ તરણ હજાર રૂપીઆ આપીને એક અલાહેદુ મકાંણ રખાવેઊંછે તેથી કરી એ ~~મરહુમ~~ શેઠાંણીનું નામ તાંહાંની વસતીમાં જાગતું રહેલું કેહેવામા આવેછે.

હીંદની સરજમીન ઉપરથી નામદાર ઈસટ ઈંડીયા કુંપણીનું રાજીય ખતમ થઈને ગરેટ બરીટન દેસની આપણી બખતાવર મલકાંનેમલીકા માહરાંણીના તાજને સવાધીન સોંફાએઊં તારથી સરકારી ખાતાંમાં બદલાએલા રેવાજ પરમાણે તરણો મથકોના દરએક ઠેકાંણાપર ધારા બાંધવા માટે એકેકી કાંઉનશીલની સથાપણા જે થઈ તેમા કેટલાક પેહેલે વાધેના દેશી શેઠીઆઓને સાંમેલ કરવા સંબંધી ઠેરવાએલા કાએદા મુજબ આપણી ટાપુ માહેલી હીંદુ પરજા તરફથી પેહેલ વેહલા મરહુમ શેઠ જગંનનાથ સંકરશેઠ બીરાજેઆ હતા, પણ તેમના મરણ પછે ખાલી પડેલી જગેઆ પુરવા માટે મોહોટી - વસતીમાથી આએજ નામીચા નરને જારે સરવે વાતના લાએક પીછાંનીને તે વખતના નામદાર ગવરનરે મોહોટી ખુશી સાથે ઠેરવેઆ, તારે તે માન ભરેલા ઓહધા ઉપર પેહલવેહલા સંવત ૧૯૨૨ ના ફાગણ વદી ૫ ને મંગલવારથી બીરાજી પોતીકાં તીખસન શીતારાના નામની સાથે "ધી હાંનરેબલ"નો નામીચો એલકાબ જોડી લીધો, એટલુંજ નહીં પણ તે ઓહધાની પેહેલી મુદત જારે પુરી થઈ તારે, બીજી, તેની પુઠે તેજ પરમાણે તરીજી અને તે પછે ચોથીવાર તે દબદબા ભરેલી દરબારની બેઠકમા તેમનીજ નેમણુક બાહાલ રહી જે સ-

ઘણી મુદતમાં એ શેઠે પોતાને માન મલે એવી રીતે રાજા અને પરજા વચેના દરેક ધારાનાં કામોમાં પોતાની રૂડી સલાહનો લાભ પોતાના ભાઈબંધ કાઉનશીલરોને આપીને બનતી રીતે પરજાને ઉપયોગી થવાની તેવણે જે ઉલટ દેખાડીછે તેનોજ પરજા ઉપર થયલો આભાર જેવો તેવો ગણાવો ન જોઈએ. કેટલીક બાબદોના ધારા બંધાઇને પસાર થતી વખતે એ સાહેબે પુરબલથી સવતંતરપણું વાપરીને તે રાજ્ય સભામાં જેટલાં ભાસાંણો કરી વાલિઆંછે તે સઘલાંનો સમાસ આ હમારી નાંધલી નોંધમા પુરતી રીતે થઈ સકતો નહીં તેથી બચીત દલગીર છઇએ. તે છતાં આટલું તો કેહવાને સખતીવાન થઇએચ કે ઉપર જણાવેલી સભામાં પોતાની કારકીરદી, આ શેઠે જે સવતંતરપણે દીપાવીચ, તે વીશે આપણ જો સંતોસથી એમજ કહીએ કે આ માનવંતા શેઠનો દેખાવ પોતાને જેબ આપનારોછે તો, તેમાં કાંઇબી સહરાગત વાપરેલી કોઇથી ગણાશેજ નહીં; કારણ કે એટલા અરસામા ધારાના જે જે ખરડાઓ કાઉનશીલમા ઘડાયા તે ઉપર આ સાહેબની તકરારે તથા તપાસે ઉલટ ભરેલી હોશીઆરી, અને ઉતમ આપઓખતેઆરીથી ભાગ લીધેલો જણાઈ આવેઓછે, અને વલી આટલુંબી વધારે ખુશી ઉપજાવવા જોગ એ થઉંછે કે, તેમના મતને સઘલી વખતે ઘણું નહીં તો થોડું વજણ પણ મલતુંજ રહેલું હતું. દેશી લોકોના લાભની સાથે અતલગનો એલાખો રાખનારી કેટલીક અગતની બાબદોમાં આ શેઠીઆ કાંઈજ નહીં પણ લગભગ એખીલે હાથે તકરારોનાં તીરની લહડત લડીઆછે, તથા પોતીકા પાએદાર પુરાવાથી ઘણી વખતે સાંમણી બોરદના સભાસદો વઠીકનેબી પોતા તરફ તેવણ મેલવી સકેઆછે. આ સરવે વાતોની સાબેતી મેલવવાના ઠેકાંણાઓ આપણ જો સોધવા ચાહીએ તો, તેમા એક શીલેકટ કમેટીના કાંમકાજના રીપોરટો, અને બીજો કાંઉનશીલ ખાતે થએલા વહીવટના અહેવાલો જોયાથીજ માલુમ પડી આવે, પણ પેહલી બાબતને લગતા રીપોરટો, તો મુલગા છપાતાજ નથી, અને પાછલી મંડલીના સભાસદોની વચે આમણ સામણ થએલી તકરારો માતરે જાહેરમાં આવતી રહીચ, તે વીશે ફરીનેબી દલગીરી સાથે જણાવીએચ કે, તેટલી વીગતનેબી આ નોંધમાં હમો દાખલ કરી સકતા નથી.

ઉપલા અહેવાલમાં આ શેઠની મનસખતીનો કેટલેક દરજે સમાસ થએલો વાંચનારા સાહેબો જોઈ સખશે, મગર તેમને હાથ આવેલા દરવીઅનો થોડાક ભાગ જે રૂડા ઉપીયોગમા તેનાએ વાપરેલો કેહવાએચ તેના સંખશેપનો જુમલો નીચે નોધી લઈએછે.

વાલકેશ્વર ખાતે હીંદુ ધરમના ફરમાંણ પરમાણે આ શેઠના મરહુમ પીતાએ પરથમ બાંધવા માંડેલું શીવનું દેહેરું તેમના ગુજરી ગયાથી અધુરૂં રહેલું હતું તે સંમપુરણ કરી આપવા સારૂ સંવત ૧૯૦૬ માં ખરચેલા .... રૂ ૧૦,૦૦૦

પોતીકા વકીલના એક ગરીબ કલારકે તેનાનું કાંમ જીગરની કાલજી રાખીને બજાવેલ હશે તેના બદલામાં આ શેઠે એક ઘેર લઈ તેને ૧૯૦૭ માં વાપરવા આપેલું કેહવાએછે-તે ઉપર થએલી બેઠક	રૂ ૫,૦૦૦
કેટલાંએક કેલવણી ખાતાંમાં સંવત ૧૯૧૦ થી ૧૯૨૮ સુધી ખરચેલા..............................	રૂ ૪૯,૫૦૦
પરચુટણ જાહેર કાંમો માટે સંવત ૧૯૧૫ થી તે ૧૯૨૮ સુધી આપેલી મદદની રકમનો અડસટો..................	રૂ ૧૪,૦૫૦
અશાકત લોકોને આસરો આપવાની મકસદથી ખરચેલા....	રૂ ૧૧,૦૦૦
દરદીઓની દવા દારૂથી દાદ લેવા માટે પોતાની મરહુમ ધણીઆંણીના પુન સારૂ આપેલા તથા બીજાં ખાતાંઓમા ખરચેઆ તે મલીને	રૂ ૭૪,૭૫૦
કેટલાક પરખેઆત પુરૂશોને માન પતરો અપાએઆં તેઓની ટીપ મધે એક યાદદાસત તરીકે બેરણ બેરણે ભેટ કીધા તે.	રૂ ૧૦,૦૦૦
પરચુટણ પુસતક ખાનાઓની મદદ માટે ભેટ આપેલા....	રૂ ૩,૭૦૦

હાવી રીતે જાહેરાંતમા થએલી સખાવતની સંખીઆ રૂપીઆ ૧,૭૮,૦૦૦ ઉપરાંત ભુલ ચુકની કોઇ બીજી રકમો જો રહી ગએલી હોય તો હમારી અટકલ પરમાણે એ શેઠ હસતકથી કદાપી બે લાખ રૂપીઆનો ધરમ થએલો તેમના દરવીય તથા દરજ્જાનો મુકાબલો મેલવતાં કાંઈ ઘણો કેહવાઇ સકાશે નહીં તોપણ તેમનીજ ગણાતના બીજા સખતીવાલા સખશો જે હવડાંછે તેઓ કરતાં આ નામવર શેઠને સરસ નીવરેલા હમો ગણીએછે તો જોકે ઉપલી સંખેઆમા માતરે એક દવાઈ ખાનાનો આસરો બધી વરણના અસકત લોકોને કાંમનો હોવા છતાં બાકીની સખાવત આ સરીમંત સાહેબની નજરમાં જેમ રૂડી આવી તેમ કરીને કીરતી મેલવેલી માલુમ પડેછે.


આ ટાપુ ખાતે પરજાના હક સંભાલનારી "બોમબે આશોસીએસન" નામની એક સભા પરથમ ઉભી થએલી કોક સંજોગથી સુસત હાલત ભોગવીને બંધ પડી હતી; તેને પાછી સજીવણ કરવાની અગતીય જણાએઆ ઉપરથી આપણા આ હાંનરેબલ શેઠે પોતાના મુરબીગીરીપણા હેઠલ એજ નામની સભા સંવત ૧૯૨૩ થી પાછી ચાલુ કીધી, અને તેના પરમુખ્ખી એજ સાહેબ સરૂઆતથી ચેડવાઇને અતાર તુલીક સાબેત કદંમપર કાએમ રહેલા જણાએછે અને ઘટતે વખતે પરજાની જે શેવા બજાવેલી કેહવાએચ તેની ખુબી તો એ ખાતાંથી લાભ મેલવનારા શેવાએ બીજા સાહેબોને માલુમ પડેજ નહીં.

હીંદનું રાજ, તાજને સવાધીન થયા પછે "કંપેનીએન આવ ધી સ્ટાર આવ ઈંડીયા" નો માન ભરેલો નવો બેતાબ, આપણી નેક નાંમદાર માહરાંણી વીકટોરીઆએ પોતાના દેશની નીમકહલાલીથી નોકરી બજાવનારાઓ માટે જે

ઉમો કીધોછે તેમાં નીયાતજાતનો કશોએ ફરક રાખેઆ વગર સઘલી વરણના દેશી રાજાઓ ઉપરાંત પોતાની વફાદાર પરજા માહેલા પરમાંણીક ગરહસથોનેબી સાંમેલ કીધામાં આવેઆછે તે મુજબ આ હાંનરેબલ શેઠ મંગલદાશે રાજ્ય તરફ ઘણી સારી વફાદારી અને પરમાણીકપણું દેખાડીને સાત વરસ સુધી ધારા બાંધનારી સભામા તન અને મનની હીંમત સાચવેઆ સાથે આપએ-બતેઆરીથી મેહનત કીધી તે વીશેનું ઊંચું મત બાંધીને ઉપર જણાવેલો એલકાબ તે માનવંતી મલીકાએ ખુશી દીલથી મોકલાવેલો પેહલવેહલો સંવત ૧૯૨૭ ના વર્ષસાક મહીને જાહેર થીઓ હતો, તે વાતની વધાંમણી જાણે-આથી આ ટાપુની સઘલી વસતીને ઘણો આંણંદ ઉપજેઓ હશેજ. એ એતા-બનો અરથ ગુજરાતી ભાસામાં "હીંદના ઝહલકતા તારાના સરીગત" નો થયોગ્ય તે તેમના માંન તથા મરતબાને ઘણોજ છાજતો જણાએછે; હમો ભુલતા નહીં હોઇએ તો એ એલકાબનો ઉતંમ મરતબો ધરાવનારા આપણા વતણીઓમા આ શેઠીઆ તરીજા ગણાયાછે, અને એજ દાહાડાથી એ સાહેબ "ધી હાંનરેબલ મંગલદાસ નથુભાઈ, શી. એસ. આઈ." કરી કેહવાતા આ-વેઆછે, માટે એનો ભોગવાટો રૂડીપેરે હાંશેલ કરવા સારૂ પરમકીરપાળુ પરમે-શવર તેમને ઘણી લાંબી મુદત સુધી સુખચેનથી સંભાલીને સલાંમત રાખે. એ એતાબની ધારા પરમાણે સતા ભરેલી કીરીઆ જે થવી જોઇએ તે અંતે આપણા માજી ગવરનર નેક નામદાર સર શીમોર ફીટઝીરલડ અતરેથી રૂખ-સત લીધાની થોડાક દીવસ આગમજ આવી પોંહોંચેલા નવા ગવરનર સર ફીલીપ વોડહાઉસને ભેગો રાખીને પરેલવાલા પાદસાહી મેહેલ મધે સંવત ૧૯૨૮ ના ચઈતર વદી ૯ ને બુધવારે એક દબદબા ભરેલી દરબાર મેલવીને તેની હજુર રૂડા આશીરવાદ સાથે એનાએત કરતી વેલા "સ્ટાર આવ ઈંડીયા" નો સુંદર ચાંન તેમની છાતી ઉપર પોતીકે પણોતે હાથે વલગાવીને તે વાપરવા માટે સારા સબદોથી ભરેઆ આશીરવાદ તે નામદારે જારે કહી સંભલવેઆ, તારે તેનો ઘટતો જવાબ વાલીને આ શેઠ મેહરબાંન માહરાંણીનો મોહટો ઉપકાર અંતકરણથી માંનેઓ હતો તેની સાખશીમા નીચલી કવીતાથી આ નામદારનો અહેવાલ હીંઆં સમાપત કરીએછે.

જેજેકાર થજો મલેલો એતાબ—વધુ માનની આશેઆ રાખજો શેતાબ.
સુખન આપો કોઇને તે સંભારજો સહી—દીલાસો દઈ દીલને દુખારજો નહીં.
રૂડાં મનથી રેહશો સદા સરફરાજ—તો ભગવાન કરશે ઉમરદરાજ.
નીધેહબાનછે માલેક જગત કીરતાર—સંભાલેચ તે ખાવંદ સઉના પરીવાર.
નેકીથી ચાહેલી તે બખશેચ મોરાદ—સલાંમતબી રાખેચ તે સઉની અઓલાદ.
જેમા રૂપજી ધનજીનું અમર નામ—જાલવતાને પોંહોંચજો હમારી સલાંમ.

શેઠ નાગરદાશ હીરજી મોદીના મમશારો તથા વશીલાઓ.



શા૦ નાગરદાસ હીરજી મોદીના મમસારો તથા વસીલાઓનું વરણન.

આ વંશાવલીના વડા શા૦ રાંમદાસ શેઠ અસલ કાઠીયાવાડના પરાંતમા રેહેતા હતા, તાંહાંથી રોજીને અરથે પેહેલવેહેલા સંવત ૧૭૫૬ મા મુંબઈ ખાતે આવેઆ તારથી તેમનું પરીવાર હીંઆંજ થરીથામ રહેલું માલુમ પડેછે. આ સાહેબના દીકરા શેઠ કેસવદાસનો જનમ, કેહેવ કે, સંવત ૧૭૬૬ માં મુંબાઈમાં થયો હતો, પણ એ બાપ તથા બેટા એકેકની પુંઠે કેવારે મરણ પાંમેઆ, તેઓની યાદી તેમના પરીવાર પાશે ન હોવાને લીધે અતરે દાખલ કરી સકતા નથી. કેસવદાસ શેઠ જારે ગુજરી ગયા તારે તેમને તાંહાં બે દીકરાઓની વરધી થએલી હતી; જે માહેલા વડા શેઠ હરજીવણદાસનો જનમ સંવત ૧૭૮૬ માં, અને નાંધલા વીઠલદાસ શેઠનો જનમ સંવત ૧૭૮૮ મા થએલો ધારેઆમાં આવેઓછે. વીઠલદાસ શેઠના વખતથી તેમને તાંહાંના વેપાર વનજનું સારૂ કાંમ જે શુરૂ થએલું હતું તેમા તેમની નીતી ઉસતવાર હોવાથી જેબી કાંમ તેવણ ઉઠાવતા, તે ફતેહમંદીથી પાર ઉતારતા હતા; અને તેજ દાહાડાથી શા૦ વીઠલદાસ કેસવદાસનું નાંમ વેપારી તથા સરાફી મંડલીમાં પરખેઆત થાતું આલેલું હતું. આ સાહેબ સંવત ૧૮૨૦ ની સાલમા જારે ૩૨ વરસની ભર જવાંણી વએમાં ગુજરી ગયા તારે, તે વખતે તેમને ઘેરે છોકરાંઓ તદન નહીં થયાને લીધે પોતીકા વડા ભાઈ હરજીવનદાસ, જે તેમની અગાઉ દેવગત પોંહચેઆ હતા તેમના દીકરા શેઠ પરશોતમદાસને પોતીકો પાલક કરી આપેઓ, અને તે દાહાડાથી તેણાની કારકીરદીએ સરૂઆત લીધી હતી; પણ તેવણબી (ખબર નથી કે કહેઆં સાલમાં) વગર ફરજંદે મરણ પાંમેઆ, તારે મરહુમ વીઠલદાસની બેનના દીકરા શેઠ નાગરદાસ હીરજી મોદીને દતક કરી લઈ સરવે મીરાસ તેમને સોંફી આપી હતી તારથી રાંમદાસ શેઠની અઓલાદ ખતંમ થઈ, તોપણ નાગરદાસ શેઠે તે વાતનું કશુંબી અમેમાન દીલમાં વસાવેઆવના શેઠ વીઠલદાસ કેશવદાસનુજ કીરતી ભરેલું નામ ઘણાંક વરસો સુધી વેપારી તથા સરાફી વહીવટમા માન સહીત સાચવી રાખેલું હતું, એટલુંજ નહીં પણ પોતાની જાતી ચંચલાઇથી સઘલી માહજનોમા મીલનસાર રહીને નવલખીના ખરા બેતાબથી વખાણાયા તથા માહજણના એક વડા શેઠીઆ તરીકેબી ગણાયા હતા. એ નાગરદાસ શેઠ સંવત ૧૮૨૫ માં જનમ પામેઆ હતા; અને જાહોજલાલી ભોગવીને જારે સંવત ૧૮૯૦ ને સાલ વઇકુંઠવાસ થયા તારે તેમની ઉંમર માતરે ૬૫ વરસની જણાઇ હતી.

આગલા વખતમાં સોદાગરો તથા સાહુકારોની વસતી આ ટાપુ ખાતે ઘણી થોડી હોવાને લીધે એ સાહેબે જેબી વહીવટ ચલાવેઓ તેમાં પરમાંણીકપણું વાપરેઆથી બોહોલો દરજ્જો ભેગો કીધો હતો, અને તે પછે સરાફી આંટમા સારી નામદારી મેલવી હતી. એ આંનદાંનવાલા સાહેબોના ઘર સંગાથે અવ-


લમા મરહુમ દાદીશેઠ અને તેવણ પછે તેમના નેકબખત બેટા અરદેસર શેઠ ઘણે મોહોટો ઘરોબો રાખતા હતા જેથી કરી અરસપરસની મોહબતે હરેક બાબદમાં એકબીજાને લાભ પરાપત થતો હતો એટલુંજ નહીં પણ સરકાર દરબારમાંબી તે વખતપર સારો વગ અને મોહભો તેવણ ધરાવતા હતા. પણ વખતની વલાંણે આજે તેહેવી જાહોજલાલીએ જોકે એ ઘેરમાથી રૂખસત લીધેલી જણાએચ તોપણ પરમેસવરની કીરપા તથા એ મરહુમ શેઠીઆઓના પુન પરતાબથી તેમના હઇઆત રહેલા દોતરઓ હજીતક સારી હાલતમા સંતોસ પાંમીને અમન ચમનમાં રેહેતા માલુમ પડેછે.

આ શેઠીઆની સખતી પરમાણે સખાવતના કાંમોબી અલબત થએલાં જોઇએ, પણ મુદત ગુજરી ગયાને લીધે તેટલી યાદી સચવાએલી માલુમ નહીં પડયા છતાં, એક પુરાંણો દસતાવેજ હમારે હાથ આવેલોચ તે ઉપરથી આટલુ તો ચોકસ પરશીધ થએલુંછે કે, સંવત ૧૮૬૮ ની સાલમા વરસાદની બીલકુલ ગેરહાજરીથી, ઉતર તરફ ગજબનાક દુકાલ જે પડીઓ હતો, તેને અગણોતેરના કાલથી હજીસુધી જાંણીતા સખસો યાદ કરતા હશે, તેહવા વખતમા તાંહાંથી ભુખમરો પાંમેલા હજારો લોકો અતરેના આસરા માટે આવી પડયા, તારે તે વખતના વાહાડીઆજી શેઠ પેસતનજી બમનજી તથા નગરશેઠ દેવીદાસ હરજીવનદાસની સંગાથે આ ભલા શેઠેબી સાંમેલ રહીને, પોતાના ભાઇબંદોની પરવરશી થાએ તેટલી થાપણ ઉભી કરવાના હેતુથી, ઘેરઘેર ફરીને હુધરાંનામા મોહોટી રકમ લોકો પાસેથી ભેગી કરી હતી, અને પોતે પણ શેઠ વીઠલદાસ કેસવદાસના પુન માટે રૂ ૫૨૫૦) ની એક રકમ એ પરોપકારી ઉઘરાણાની ટીપમાં ભરી આપી હતી.

ઉપર જણાવેલા સાલમા નાગરદાસ શેઠ ગુજરી ગયા તારે, મોહટા દરવીયની સાથે તેનો રૂડો ઉપીયોગ કરનાર તરણ દીકરાઓ પોતાની પાછલ હઇઆત મેલી ગયા હતા; જેમા વડા શેઠ પરમાણુંનદાસ, વચલા શેઠ ગોપાલદાસ અને સરવેથી નાહાના શેઠ નથુભાઇ હતા. શેઠ પરમાણનદાસની પોછાંણત એટલીજ માલુમ પડીછે કે, તે સાહેબ મરહુમ શેઠ દોરાબજી હોરમજજી લસકરીની સંગાથે પરમાણનદાસ દોરાબજીને નામે ચીન ખાતાંનો મોહોટો વહીવટ ચલાવતા હતા, પણ માઠાંભાએગે તેમા અતી ઘણી ખોટ નીપજેઆથી તે બાપડાઓનો વહીવટ તદન બંધ થઇ પડયો હતો; જે પછે સંવત ૧૮૯૪ ની સાલમા પોતે, અને તેની પુઠે સંવત ૧૮૯૮ મા શેઠ ગોપાલદાસ વગર વારશે ગુજરી ગયા; પછે શેઠ નથુભાઇ જે નાંધલા કેહવાતા હતા તેમની નોબત શીરૂ થઈ.

શેઠ નથુભાઇનો જનમ સંવત ૧૮૬૬ મા થએલો કેહવાએછે. બાપથી ઉતરેલા વારસાની જે પુંજી તેઓને હીશેની હતી તે હાથ આવી તારે તેનો વહીવટબી તેઓએ સારી રવેશે સાચવેઓ હતો, અને સરવે માહજનોમાં રૂડી વરતણુંકથા અતીઅંત માંનબી તેવણે મેલવીઉં હતું, પણ ઉંમરે જાહાજી વફાદારી ન કીધાથી માતરે ૪૩ વરસ સુધી પોંહચીને સંવત ૧૯૦૪ મા વઈકુંડવાસ જઈ પડયા.

શેઠ ધાકજી દાદાજીનું કુટુંબ.



આ કુટુંબના વડવાઓ હસતકથી થએલાં સખાવતોના કાંમ માહેલાં એકની કેફીઅત ઉપર જણાવી ચુકા છઈએ; અને બીજાંની નોંધ હીંઆં દાખલ કરીએછે:— મુંબાદેવીનું અસલી દેહેરૂં મેદાંનમાથી જારે ઊંચકાઈને હાલની જગાપર આવી કાએમ થએલૂં તારે, હીંદુ લોકોને સનાન કરવા માટે એક તલાવની જે અગત જણાઈ હતી તે અગત પુરી પાડવા માટે, મરહુમ શેઠ હરજીવણદાસની વીધવા શેઠાંણી પુતલીબાઈએ, સંવત ૧૮૩૦ ની સાલમાં એક તલાવ ખોદાવીને પાકી ફરસબંદીથી તે બંધાવી આપેઓ હતો; અને તરીજી સખાવત એકે કોટની બાહેરના મેદાંનમાં, મરહુમ શેઠ વીઠલદાસ કેસવદાશે બનાવેલો "પાંણવાડી" નામનો ઓહોલો બગીચો જે હતો તે, જોકે આપણી માજી ઈસ્ટ ઈંડીયા કુંપની સરકારે તેજ વરસમાં, મેદાન માહેલી સઘલી એમારતોની સાથે કહડાવી નાખેઓ, તે વાતને આજે એક સદી થઈ તોપણ, તેની આગમજ તાંહાંના જાહાડપાંણોના પોસણ માટે એ શેઠીઆએ જે કુવો ખોદાવેલો હતો તેજ માતરે, તેમની યાદગારી તરીકે સરકારે રેહેવા દીધોછે, જે આજસુધી પરજાના ઉપોયોગમાં "પાંણવાડીના કુવા" ને નામે વપરાતો આવેછે; અને મી૦ જાંગીર મેરવાંનજી પલીડરે બાંધેલા ઘેરની ઉતર બાજુપર દેખાતા તરણ કુવાઓ માહેલો તે એકછે. એ કુવો ઘણો પુરાંણો હોવાને લીધે એકવાર માંઠી હાલતમાં આવેઓ હતો તેને મરહુમ શેઠ નથુભાઇ નાગરદાસે સંવત ૧૯૦૦ ના પરથમ સરાવણ સુદી ૨ ને બુધેને રોજે ફરીથી દરૂસત કરાવીને પરજાના ઉપયોગ માટે વપરાતો રાખેઓછે. એજ શેઠીઆએ મુંબાદેવીના દેહેડાંની ફરસબંદીબી કરાવી આપેલી કેહેવામો આવેછે.

શેઠ નથુભાઇને તાંહાં પુરાતમ ખાંનદાનની કીરતી દીપાવનારા બે દીકરાઓ પરમેસવરે દીધેલા તેઓના પરીવાર સાથે જે હઈઆતછે તેઓ માહેલા વડા શેઠ ત્રીભોવણદાસ સંવત ૧૮૯૭ મા, અને નાંધલા શેઠ કેસવદાસ સંવત ૧૮૯૯ ની શાલમા એકેકની પછે જનમ પાંમીને આબરૂથી સંસાર ચલાવતા સંભલાએછે તેઓની જેજેકારી અંતકરણથી એટલા માટે ઇછીએચ કે, એજ શેઠીઆઓના વશીલાથી કુટંબીઓનો પાએઓ રચી જનારા શેઠ રાંમદાસના નામની ચોકસ યાદી સચવાઇ રેહે.

શેઠ ધાકજી દાદાજીનું કુટુંબ.

આપણી ટાપુ ખાતે પરખેઆત થઇ ગએલા પાથારી પરભુ ગણાતના સરીમંત શેઠ ધાકજી દાદાજીના બપાવા ધાકજી, ઉરફે રાવ સાહેબ, અસલ થાંણા મધે રેહેનાર હતા. એ સાહેબના વડવાઓનો પુરાંનો ધંધો ઘણું કરી ખેતીવાડી કરવાનો હતો, અને તે કારણસર કેહેચ કે, થોડીક જગેઆ પણ પોતીકા વતણમાં તેઓ ધરાવતા હતા. સંવત ૧૭૭૧ ને સુકાબલે શાકે ૧૬૩૬ માં જારે તેમના અન જલની સરજત તાંહાંથી ઉઠી તારે

પોતે પોતાની બાએડી સહીત પેહેલવેહેલા મુંબઈમાં આવી વશેઆ તે વાતને આજે ૧૫૮ વરસ થયાં તારથી તે તેમનું વશેરા હીંઆંનુંજ વતણદાર ગણાઇ રહેલું જણાએછે. એ સાહેબે હીંઆં આવીને કહેઆ ધંધામાં વખત ગુજારેઓ તેની ચોકસ હકીકત કેહેનારો કોઇબી દોતરો જીવતો રહેલો નથી; અને જે અ-તલગના થોડાક એશીઓછે તેઓ તદંન અનજાંણેઆ હોવાને લીવે આગલી હકાએત અજવાલામાં આવતી અટકી પડીછે. પણ આટલું તો ચોકસછે કે ધાકજીને તાંહાં દાદાજી નામનો એકજ પુતર મુંબઇ ખાતે સંવત ૧૭૯૬ અથવા શાકે ૧૬૬૧ માં જનમ પાંમેઓ હતો, અને તેવણબી કેહેવી હાલતમા કાલ કાહડેઆ પછે, અને કેઆરે ગુજરી ગયા તે વાત પણ ઉપરનીજ મુઆફેક અંધારાંમા રહીચ વાસતે તેવણના ફરજંદોની કારકીરદીનું થોડુંક વરણન જે શોધ કરતાં હમારે હાથ આવેછે તેનીજ માતરે નોધ ઉપર નેધાહ પોહચાડવાની એલતેમાસ વાંચનારા સાહેબોને ગુજારીએછે.

દાદાજી શેઠને તાંહાં ચાર દીકરાએ અવતરેઆ હતા. એઓમાં આ બીનાના સંબંધમાં આપેલી વંશાવળીમાં જણાવવા મુજબ, સરવેથી પેહલા આપણા ધાકજીશેઠ સંવત ૧૮૧૬ ને મુકાબલે શાકે ૧૬૮૧ મા આ ટાપુ ખાતે જનમ પાંમેલા જણાયાછે; અને તેમની પુઠે બીજા દીકરાએ કેઆરે અવતરેઆ, તેના શાલની સનદ હાથ આવી નથી, પણ આટલું તો સંભલા-એછેચ કે, સરવે કરતાં પેહલા અને બીજા ભાઇઓનીજ કીરતી મુંબઇમાં પરકાસતી હતી, તેમાં રગુનાથ દાદાજીનું નામ માતરે કોટ ખાતેના એક મોહલાથી હજીસુધી કાએમ થઇને જોડાઇ રહેલું જોવામા આવેછે, અને એ સાહેબબી આગલા વખતપર એક દરવીયવાન વેપારી તથા વાંહાંણવટીના વરગમાં વખણાઇ ગયા હતા.

શેઠ ધાકજીએ, પોતાને વખતના રેવાજ મુજબની જોઇતી કેલવણી હાંસલ કીધા પછે, પેહલવેહલી ચાકરી પોલીસ ખાતામા મેલવી હતી; થોડુંક સુધી તાંહાં રહેઆ પછે તાંહાંથી નીકલીને કોઇ વેપાર ખાતાંની અંગરેજી પે-હેડીમાં તેઓ લાગુ પડઆ હતા, જાંહાંથી તેમના નશીબની વલાંણ ચહડતી કલાએ પોંહચવા માંડી તેનું મુખતેસર બએઆંન હેઠલ આપીએછે.

વેપારના કાંમનો અનુભવ હાથ આવતાંજ મી॰ રીવેટ વીલકીનસનની કુંપની જે હીંઆં તરતની ઉભી થઇ હતી તેની દલાલી કરવામા આ શેઠ પેહે-લવેલા મસગુલ થયા હતા. એ શેઠે તે પેહેડીના માલિકોનોવીસવાસ પોતાની ઉપર ખેંચી લીધા પછે, મલબાર ખાતે રહેલા તેમના તરીજા ભાઇ પાંડુરંગ દા-દાજી, તથા એક જાંની દોસત મી॰ શોમીત્ર લાડકોબાની ભલાંમણ ઉપરથી, તાંહાંવાલા માપલા મુસા કાકા, મી॰ રાબરટ ટોરીન તથા મી॰ બેલ તરફનું મુહબલક કાંમ આ ધાકજી શેઠની આડત હેઠલ આવવા માંડેઉં હતું.

ધાકજીશેઠ પાશે જેમ પઇસો પુસકલ ભેગો થયો તેમ તેના ભોગવટા સારૂ જે વસતીવારીની ઉછેદ રહી હતી તે પણ, પરમેશાવરની કુરપાથી, એકએક પછે જન-

મેલા તરણ બેટાઓની બરખતથી, પાર પડી હતી. એ તરણ બેટાઓમાં વડો વીનાએક-રાવ, વચલો હરીચંદ, અને નાંધલો મોરેસવર હતો,* અને તે તરણે ભાઈઓ એવાતો ચાલાક તથા ચંચલ નીકલા હતા કે, જો કદાપી, જીંદગીની બેવકુફાઈના ફાંદામા તેઓ ફશીઆ ન હોત તો તેમના બાપનું સુખ સારી રીતે સચવાતે, પણ કુદરતનો બનાવ તેપછે એવો બનેઓ કે આ તરણે દીકરાઓ ખીલતી જવાંણીના બાહારપર ચહડીને જેમ પુગતીવએ પોહોંચેઆ તેમ એકેકની પુંઠે ચાલતા રહીને તેઓએ, નવ વરસના અરસામાં ખીચારા આશીઆમા ચકચુર રહેલા બાપનું વસાએલું ઘર, ઉજડ કરી મેલીઉં; તેમા વડો સંવત ૧૮૭૧ માં, વચલો ૧૮૭૫ માં અને નાધલો ૧૮૮૦ માં મરણ પાંમેઆ હતા. એ માહેલો વડો અને નાધલો મુંબઈમા; બાકી વચલો, કેહેચ કે, વરોદરા ખાતે કઇલાસ-વાસ થએઓછે.

હાવો અકસમાત નીપજેઆની આગમજ જારે મી૦ જેમસ રીવેટ, કુંપ-ણીના વેપાર ખાતાંનો વડો (જેને શીનીઅર મારચેંટ કરી કેહેવામા આવતા હતા) ઓહદો ચલાવતો હતો તારે તેણે પોતાના આ બેરખાહ દલાલની ઉપર મેહેરબાંન થાઇને, સરકારને હસાબે, વેપાર ખાતાંને વાસતે જથાબંધ રૂઉની ખરીદીનું કાંમ, આ ધાકજીશેઠને સોંપ્યું હતું, અને તે ઉપરાંત જેબી મોહોટાં વાંહાંણો જેને "ઇસ્ટ ઈંડીયામેન" કરી કેહેતા તે બારાંમાં આવે તારે તેની આડત તથા દલાલી ઉપરબી એજ ગરહસથને મુકરર કીધા હતા. આ વાતની ખબર વેલાત સુધી પોહોંચેઆથી, તાંહાંવાલાઓ તરફના વાંહાંણોબી એઓની આડત હેઠલ પરભાડાં આવવા માંડેઆં હતાં. જેનું કાંમ પણ પોતે પરમાં-ણીકપણે પાર ઉતારીને તેના માલિકો તરફથી જસ અને હોરમત મેલવવામાં કાંઈજ કસુર કરતા નોહતા.

કોટ મધે હારંબી રોની પાછલ "રગુનાથ દાદાજી સ્ટ્રીટ" નાંમનો જે મો-હોલોછે, તાંહાં આ ગરહસથે પેહેલવેહેલાં સુખવારી હાલતે પોહોંચતાંજ પોતે પોતાના પઇસાથી બાંધેલાં ઘેર (જેનું મોહડું હારંબી રો તરફબી આવેલું દેખા-એછે) મધે સંવત ૧૮૭૧ મા તેઓ આવી રહેલા હતા,† પણ જારે ઉપર જણા-વેઆ જેટલાં કાંમોથી વધારે માતબર થયા, તારે કાલબાદેવીના રસતાપર એક મોહોટી જમીન લઇને તાંહાં તેની વચેવચ એક સુંદર એમારત બાંધીને જાથુ-કના આવી રહેઆ હતા; તે મીલકત જોકે તેમના મરણબાદ ઘણા વરસો થયાં વેચાઇને હવડાં પારકે હાથ પડીછે, તોપણ વાકેફકાર લોકોની પીછાંણમાંથી હજી સુધી નહોંજ ખીસતાં "ધાકજીવાલું ઘર" ઓલખાતું રહેઉછે.

* એ ઉપરાંત તેમને તાંહાં તરણ દીકરીઓ જે હતી; તેમાં વડીને કરસનારાવ ભવાંણજી સંગાથે, વચલીને કરસનાજી નારાએણ વરે, અને નાધલીને નારાએણ રાવ લખશીમનજી જોડે પરણાવેલી કેહેવામા આવીછે; અને વડા દીકરા વીનાએકને તાંહાં જનમેલી એક દીકરીને હરીચંદ નારાએણ સાથે જે પરણાવી દીધી તેણીને પેટે અવતરેલા મી૦ વીનાએકરાવ હાલમાં આપણી હાઈ કોરટ ખાતે સનદી વકીલનો માંન ભરેલો ધંધો ચલાવતા માલુમ પડેછે. નો૦ લે૦

† એ ઘર તારપછે વેચાએલું એક હાથ ફરીને હવડાં મરહુમ શેઠ ફરાંમજી પે-સતનજી પાટકના દોતરાઓ પાશે રહેલુંછે. નો૦ લે.

આપણી ટાપુના આગલા માલેતોજાર પારશી શેઠ અરદેસર દાદી જારે ગુજરી ગયા તારે તેમના અતીઘણા બોહોળા વેપાર ખાતાંના વહીવટનો ગુચવારો સફાઈથી પાર ઉતારવા માટે તે મરહુમ સરીમંત સાહેબે પોતાના વશીએત નામાં મધે બે દીકરાઓ ઉપરાંત બીજા ચાર ઘરહસથોને* જે તરસટીઆે ઠેડવેઆ હતા તેમાં એક નામ આ પરમાંણીક શેઠનુંબી જાંણવામાં આવેઊછે; તે કાંમ પોતાના બીજા તરસટી ભાઈબંધોની સંગાથે એકમત રહીને એવીતો ચંચલાઈથી સરણજાંમ પોંહોચાડી દીધું હતું કે સરવે સાથેના ફેસલો કરતાં તે મરહુમ શેઠના વારેશોના પોસન વાસતે સારી પુંજી ફાજલ પારી આપવાની ઘણીજ રૂડી નેમ સાચવી હતી; અને તેટલા માટે કોઈ બાહોસ બારીસતરનું જારે કાંમ પડઊ તારે તે વખતના મુંબઈવાલાઓને પડતા મેલી મી० હરબરટ કાંપતન† જે કલકતા ખાતે હતો તાંહાંથી તેને મોહોટા ખરચ કરીને અતરે બોલાવી મંગાવવાની આગેવાંની આ ગરહસથેજ લીવેલી સાંભલવામાં આવીછે. તે બાહોસ હીમાએતી આવેઆથી ફડચાનું સરવે કાંમ ફતેહમંદીથી પાર ઉતરેઊ હતું અને તે દાહાડાથી આ કાબેલ સખસની સંગાથે મોટી દોસલીનો ગાંઠબી મજબુત બંધાએલો હતો.

વેપાર વણજની બરકતથી ધાકજીશેઠ પાસે દોલતનો ભરાવો જે થયો તેના સંભાલ માટે કેટલીક મીલકતો તેનાએ જે ખરીદ કીધેલી હતી તેમા બેઆંકબે તરફનો એક બંગલો જે હવડાં શેઠ મનચેરજી બમનજી પંથકીની મીલકત કેહેવાએછે તે, ભાંએખલા ખાતેની વાડી, મોઠ, મજગાંમ, ગુરપદેવ, મારકીટ, (જાંહાંની એક ચાલ જોકે પારકે હાથ ગએલીછે તોપણ હજીસુધી તે "ધાકજીની ચાલી" ને નાંમે ઓલખાતી રહીચ તે) અને બેતવાડી (જાંહાં ધાકજી દાદાજીના નામનો એક મોહલોછે તે) સુધીના એકવાર સવતંતર માલેક તેવણ થએલા હતા, અને તે ઉપરાંત થાંણા તથા છાસતી તરફબી મોહટાં ઘેરો તથા બગીચાઓ બનાવીને તેની ઉપજ પોતે ખાતા હતા. અને તાંહાંથી આગલ વધતાં છેક વરોદરા ખાતેબી મીલકતો બાંધી હતી પણ વખતે કોઇને જેમ પાએદારી આપી નહીં તેમજ આ શેઠ પાસેનુંબી સરવે નહીં સરીખું થઈ ગએલું માલુમ પડઊ તે ઉપર ખરેખરી દલગીરી ઉપજેછે.

આ ધાકજી દાદાજીએ પોતાની જાહોજલાલીના દીવસો ઉપર મોહટો વગ અને દરવીય ધરાવેઆ છતાં, સરવેની સંગાથે મીતરાચારી સાંધી રાખીને તેઓએ અશીલપણાથી લોકોનો ઘણોક ચાહ પોતા ઉપર મેલવી લીધો હતો; અને પેહલા વરગની પદવીએ તેઓ પોંહચેઆ તોપણ ગરીબાઈની કદરને સારી રવેસથી પીછાંણવામાં કવચીત પછાત નહીં રહેઆને લીધે સઘલી વરણની મંડલીઓમાં સારૂ

* બે દીકરાઓ મધે શેઠ ખરશેદજી તથા જાંગીરજી, અને બીજા ચાર ગરહસથોમાં, મીશીઅરસ ઉલીએમ સાટણ, જેમસ કાલદર, લુક આસબરનર અને આ શેઠ ધાકજી દાદાજી હતા. નો० લે०

† પાછલથી એ સાહેબ મુંબઇના વડા નેઆએશોસનો માન ભરેઆ ઓહદો લઈને ઇસવી સને ૧૮૩૧ માં સર હરબરટ એબીંગદન દરેપર કાંપતન નાઇટને નામે આવેઆ હતો. નો० લે०

માંન પાંમી પરએઆત થએઆ હતા. આંગરીઆના કોલાબાવાલા તરફનું સરકારી કાંમકાજબી એ સાહેબે એક આડતીઆ તરીકે થેડુંકસુધી બજાવેલું સાંભલવામાં આવેલછે. જારે એલફીનસટન સ્કુલનો પેહલવેહલો પરારંભ આ ટાપુ ખાતે થયો તારે તે કેલવણીના ઉતમ કાંમની આગેવાંની પણ બીજા સદગુણી ગરહસથોની સાથે ભેગા રહી તેઓએ કીધી હતી અને તેની થાપણમાં રૂ૫૦૦૦) ની બખસેસબી તેનાએ દીધી હતી. મુંબઈ ખાતે પીટીટ અને તે પછે ગરાંડ જુરીમાં સેહેરના શેઠીઆઓને નામદાર સરકારે પેહલ વેહલા જારે દાખલ કીધા તારે તેઓની સંફમા આ શેઠ ધાકજીબી સાંમિલ થયા હતા અને સુલેહના અમલદારનું કમીસનબી પેહલાં એનાએજ મેલવેલું હતું.

પોતીકા ધરમ ઉપર એ સાહેબ ઘણાજ ચુસત હતા, અને તેને આધારે ગરીબ ગુરબાંઓમાં ખેરખેરાતબી દરરોજ ઘણે મોકલે હાથે ચાલુ રાખતા હતા, જેમા ઘણું કરી ગણપતીને પુંજનારા ધરમઆચારી બરાંહમણોની પરવરશી કરવામાં ઘણુંજ પુન સહમજતા હતા; ભાગવત ગીતાની માહીતી મેલવીને ધ-રમસાસતરનું સારૂં ગનેઆન ધરાવેઆથી ઘણાક પંડીતો તથા સાસ્ત્રીઓની સાથે વખતે વખત રૂડી વરતણુકથી વાદવીવાદ ચલાવીને કેટલીક વેહમ ભરેલી બાબદો ઉપર તેઓને કાએલબી કરતા. પણ તેમની પખસ ખેંચનારા તે વખતપર કો-ઈજ નહીં હોયાને લીધે હીંદુઓમાં હાલ દેખાતો કેટલોક સુધારો પછાત રહેલો હતો.

વરોદરા ખાતેનો માજી દેવાન ગંગાધર સાસ્ત્રી જારે પેસવાઈ રાજના પંઢરપુર તરફ કોઈ સતરૂના દગાથી મારેઓ ગયો તારે તેની ખાલી પડેલી મા-નવંતી જગેઆ પુરવા માટે, તાંહાંના રેસીડેંટ કપતાન જેમસ રીવેટ કેઆરનાકે, આ ધાકજીશેઠને પસંદ કરીને સંવત ૧૮૭૨ ની સાલમાં તાંહાંથી એ શેઠ ઉપર લખી વાલેલ કે આ દેવાંનગીરી તમોએ બાહાલ રાખવી, અને તે બાબેની મનજુરીએત આપણી નામદાર સરકાર પાસેથી જેવી મેલવી આપો તેવાજ, તે સાહેબ પોતાના વેપાર વણજનું કાંમ મોરેસવર નામના નાઘલા દીકરાના સવા-ધીનમાં સોંફીને, તેજ શાલના અઈતર મહીનામાં વરોદરા ખાતેનો રાજદુઆરી વહીવટ સંભાલવા માટે સીંહાજીરાવ ગાએકુઆરની શેવામો રવાને થયા; જાંહાં મનની ચંચલાઈ તથા રૂડી બુધીનું બલ વાપરીને વડા પરધાન તરીકે રાજીય વહીવટ એવી વરતણુકથી ચલાવવા માંડેઓ કે, તે વાતમાં ગાએકુઆર સર-કાર તેવણ ઉપર ઘણીજ ફીદા થવા લાગી, એટલુંજ નહીં પણ ચારેક વરસના અરસામા તેની ભલી કોસેસથી જે ફાએદા પોતે જોયો તેની સાબશીમાં નામ-દાર સીંહાજીરાવ શ્રીમંત માહારાજાએ તે વખતના નામદાર ગવરનર સર ઈવાન નેપીઅન બારોનેટ ઉપર એક પતર સંવત ૧૮૭૬ ના ફાગણ સુદી ૯ ને સુક-રેની તેરીખે લખીને તે બાબેની મુબારકબાદી જે જણાવી હતી તેના તરજુ-માનો સાર એવોછે કે "તમો નામદાર સારી પેઠે જાણોછ કે, હમારી સરકારના "વહીવટમાં કેટલીક વાતનો ગુચવારો જે ઘુમાઈ રહેલો હતો, તે આ માનવંતા "ધાકજીના આવેઆથી તેણાની નીતી ભરેલી કોસેસવટે બીલકુલ નીકલી ગયો "છે, અને તેમની નેમણુકથી માહારાં રાજપરકરણની મજબુતાઈ માટે આવા

"વખતપર જે પરમાંણીક પુરૂસની મને જરૂર હતી તેવોજ મલેઆને "લીધે આપણી બેહુ સરકાર વચે મીતરાચારીનું મોહોબત ભરેલ નાતુ પણ "સારી રીતે સંધાએલ, તેની ખુસાલી જાહેર કરતાં અતીઅંત સંતોશ ઉપજેછે."

શેઠ ધાકજીએ ગાએકુઆરી રાજનું પરધાનપણું ચલાવવા માટેલ તેના બદલામાં નામદાર સીંહાજીરાવ માહરાજાએ રૂ ૬૦,૦૦૦) નું સાલીઆનું બાંધી આપેઆ ઉપરાંત દર શાલ રૂ ૩૦,૦૦૦) ની આએપત ઉપજે તેવી એક જાગીર સરકારી મેહેસુલની માફી સાથે ગુજરાત જીલ્લામા તેણાને વંસપરમપરા જે બખશીનદા કીધી તે બાબેની મનજુરીએત, કેહય કે તાંહાંના રેશીડંટની મારફતે મુંબઈની અંગરેજી સરકારે પણ બાહાલ રાખી હતી; અને તે સંબંધી જે સતા ભરેલી સનદ સંવત ૧૮૭૫ ના ભાદુરવે મહીને માહરાજાએ કરી આપી હતી તેનો સારાંસ એઠલ જણાવેઆ મુજબનો માલુમ પડેઓછે.

"હમારી રાજ્ય ગાદી, તથા સરકારની શેવામાં પરધાંનપણું મેલવીને "પરમાંણીકપણાથી હમોને સરવે પાંતીની જોઈતી મદદ તમો આપોછો, અને "તમારી રૂડી ઈચ્છાથી હમો જે અગણીત ફાએદા જોઈએચ, એટલુંજ નહીં "પણ નામદાર અંગરેજી તથા હમારી સરકાર વચે સુલેહ ભરેઆં નાતાં જા-"લવી રાખવાને તમો બનતી સંભાલ લીઓછો તેના બદલામા ઠેડવી આપેલાં "સાલીઆંના ઉપરાંત એક જાગીર તમોને હમારી સરકાર તરફથી જે વંસ-"પરમપરા બખશીનદા કીધામાં આવીછે, તેનો ભોગવાટો તમો તથા તમારા "વારેસ વકીલો ચંદરોકાલ સુધી મેલવતા રેહેજો અને જેવી દીલસોજી અતાર "લગે સાચવેલીછે, તેવીજ કાલજી સદા રાખીને હમારાં રાજ્યની રૂડી શેવા "બજાવેઆ કરજો. એ બાબેની જાંમીનગીરી હમારી તરફથી નામદાર કુંપની "સરકારની તમોને આપીએછે."

સીંહાજીરાવ
સરકારની હીંઆં
મોહોર કીધેલીછે.

ઉપલી સનદ નામદાર ગાએકુઆરે જાહેર દરબારની અંદર, અને અંગ-રેજી રેશીડંટની હજુરમા ધાકજીશેઠને સપુરદ કરતી વખતે તે બાબેની જાંમી-નગીરી તથા તેમની નેમણુક મુંબઈની તથા વડી સરકાર પાશે બાહાલ રખા-વવાની રેશીડંટ સાહેબને અરજ પણ કીધામાં આવી હતી.

હીંઆંસુધીજ આ ધાકજી શેઠના ચહડતા શીતારાની હધ આવી અટકી, અને તેટલાં તુલીક જોકે તેઓની મેહનતથી ગાએકુઆરને દરસાલે એક કરોડ ને ૩૦ લાખ રૂપીઆનો બંચાવ કરી દેખાડેલો કેહવામાં આવેછે તે છતાં તે ખીચારાના ધરેહ જારે વકરવા માંડેઆ તારે બનેલ એવું કે આગલો નામીચો રેશીડંટ મી૰ કેઆરનાક ઓહવો છોડીને વેલાત ગયો, અને તેની જગોએ મી૰ ઉલીએમસ આવી બેઠો.

ધાકજી શેઠે જારથી સરકારી લખલુટ ખરચનો, તથા શેહેરમાં ચાલતી અનેક તરેહની બેદાદીના અટકાવનો બંદોબસત કરવા માંડ્યો તારથી, તાંહાંના કેટલાક ઓહદેદારોએ પોતાની આડી રીતે મેલવાતી કમાંણી એકેદમ બંધ પડેલી જોઇને, આ પરધાણની પાએમાલી કરવા ઉપર, મી° કારનાકના વખતથીજ કંમરતો કશી રાખી હતી, પણ તે અમલદારની એકતો સાહુચેતી સારી, અને બીજું તેઓ વચે મીતરાચારીનો સંબંધ વીશેસ જોડાએલો તેથી કરી, લાઇલાજ થઇને દાવ શોધવા માટે કોઈ બીજી જોગવાઇસુધી તેઓ થોભી રહેઆ; અને તેની બદલીપર આવી બેઠેલો નવો રેશીડેંટ, જે તેઓના ફીતુરથી તદન અજાંણેઓ હતો, તે તાંહાંના રાહધાતથી પુરો વાકેફ થાએ તેની આગમજ, તેઓએ પોતાની ફરેબબાજી એવી તો બંધ બેસાડી કે, તે યુકતી અંતે તેઓની મુરાદ માફક ફતેહમંદ ઉતરી.

આટલી વાતતો ચોકસ હતી કે આ શેઠના હાથમાં પરથંમથીજ મલેલું ઇસ્ટ ઈંડીયા કુંપનીના વેપાર ખાતાંની આડતનું ઓહોલું કાંમ પરધાંણ થયા તારેખી સચવાઈ રહેલું હતું; અને તે કારણસર તાંહાંના વેપારીઓ સંગાથે લેણ દેણનો વહીવટ જે નીરભએથી તેવણ ચલાવતા હતા, તે વાતની ખબર રાજા તથા રેશીડેંટને હોએ અથવા નહીં, પણ પેલા ફીતુરીઆ ઓહદેદારોએ તો હીકમત લગાવીને, તથા કેટલાક ખોટા પુરાવા રજુ કરીને, માહારાજાની હજુરમા એવી ફરીઆદ ગુજારી કે, આ ધાકજી ગાંમના લોકો પાસેથી બેહદ લાંચ લઇને પોતાના ભલાંકાજે રાજીયની ખરાબી કરતો ફરેછે. દેશી રાજાઓ ઘણું કરીને પઇસાના જેટલા લોભી કેહવાએચ, તેટલા સારાં અથવા નરસાં કામોની પીછાંન રાખી સખતા માલુમ પડતા નથી; અને તેટલાંજ કારણથી વખતે વખત મતલબીઆ લોકોની તરકતી વાતો સાંભલી ઉતાવલમા મીજાજ બદલી નાખેછે; તેમજ ગાએકુઆર માહારાજેબી આ ધાકજી શેઠની રૂડી કોશેસથી મોહોટો ફાએદો મેલવેઆ છતાં, અને ઉપલી વાતની તેહકીક કીધાવના રેશીડેંટ સાથે એક વીચાર થઈ આ નીરદોસ પરધાંણને સાતેક વરસની ટુક મુદતમાં તેના ઓહધા ઉપરથી એકેદંમ કાહડી મુકેઓ; તેને લીધે ડેઢવાએલો લવાજમ તો બંધ પડેઓ, પણ તે સાથે વશેંસ પરમપરા મલેલી ઇનામી જાગીરબી જપત થઇ. આ કારણ માટે માહારાજાને હાથ બીજું બાંહાંનું એવું જડેઉં હતું કે, એ દીવાન ગાદીનો નોકર થઇને દરબારની દરકાર કીધાવના વારંમવાર માલેકની સાંહાંમણે બોલતો હતો; અને તે વાત ઘડીભર કબુલબી રખાઈ કે, સાચવટપણાપર મુસતાક રહીને કદાપી રાજનું ભલું ચાહવા સારૂ તેમનાથી તેમબી થએઉં હોએ તો, એ શેઠના બીજા રૂડા ગુણો તરફ નીગાહ પુગાડીને તેની દરગુજર કરવી સજાવાર હતી, પણ તેવું કશું ન કરતાં ગાયકવાડ સરકારે તરકતીઆઓએ ઉઠાવેલાં તોહમત ઉપર એકદમ ઇતબાર મેલી ધાકજી શેઠને હાવી મુશીબતે પોંહચાડી દીધા.

ઉપર જણાવેલા બખેડાની બાબદમા અરસપરસની ભાંજગડ જે વધી પડી તેની સમાંધાંણી માટે, સાંભલેઆ પરમાણે, અંગરેજી રેશીડેંટની મારફતે

એવો ચુકાદો થયો કે લાંચ ખાધાંના બદલામા ધાકજીએ સાહડા સાત લાખ રૂપીઆ ગાએકુઆર સરકારને વગર ઢીલ ભરી દેવા. આ હોકમ માટે જોએઉં કે અંગરેજી રશીડેંટજ જારે વીરૂધ જઈને ફરજ પાડય તારે ધાકજીએ, અંતે માગેલી રકમ તતકાલ સરકારને ચુકવી આપી, અને તે લીધા છતાં જે આપતું કીધેલું સાલીઆંણું બંધ પાડેઉં, તે તો વાજબીજ હતું કે જે ઘણી ચાકરીથી બરતરફ થયો તેને પગાર મલવો જોઈએજ નહીં, પણ જે ગાંમ અંગરેજોની જાંમીનગરીમાં બખશીનદા કીધેલું હતું તેબી તેમના હાથમાંથી છીનવી લીધું.

એ પછે મી૰ ઉલીઅમસની ગેરહાજરીમાં મી૰ નારીસ જે કાંમ ચલાઉ રશીડેંટ થયો હતો તેણે આ બાબદમાં એવો અભીપરાએ જણાવીઓ કે, જાગીર જે ઈનામમાં એકવાર બખસીદા કીધેલી, તે, કોઈ મોહટો ગુના પુરવાર થયાવીના પાછી છીનવી લેવાનું કામ ઘણું ગેરકાયદાનું તથા ગેરલાયકીનુંછે, અને એ બાબદમાં જેમ હીંદુનો ધારા કાએદો બંધાએલોછે, તેમજ અંગરેજી કાએદામાંબી ફરમાવેલુંછે. માટે એ જાગીર ધાકજીને હવાલે કરી દેવાનું ગાએકુઆરને લખી વાલેઉં હતું. પણ સરકાર શ્રીમંતે તે ઉપર કશુએ લખસ દીધું નહીં.

દાહાડોજ જેનો પડતો બેશે તેને એક પીડાની પુઠે અનેક દુખ નડતાં દેખાએછે; તેહવો સંજોગ બીચારા એકવાર પુર સુખવાશી હાલતમા આવેલા આ ધાકજીને સરજત થયો, જેથી એકતો તેનું પરધાંણપણું જતું રહેઉં, અને ઉપરથી નાણાની મોટી રકમનો દંડ પડીઓ, બીજી તો તેણાને બખશેસ થએલી જાગીર છીનવાઈ ગઈ, અને તરીજો ગજબ એવોતો સખત ઉતરી આવેઓ કે મુંબઈમા વેપાર ખાતાંનો વહીવટ ચલાવતો તેઓનો મોરેશ્વર નામનો નાંધલો દીકરો સંવત ૧૮૮૦ ના શાલમાં માંદગીથી એકાએક એવો તો બેહાલ થઈ પડીઓ કે તે બાબે અતરેથી ઘણાજ હેતુ મીતરો નામે ધી હાંનરેબલ જનરલ કાલવીલ, અને હાંનરેબલ મી૰ નીઉનાહાંમે તેઓને વગર ઢીલે મુંબઈ આવવાનું લખી વાલેઉં. આ કારણથી ધાકજી શેઠ રાજીય વહીવટમાં ઉડેલી ભાંજગડનો નીવારો જેમનો તેમ રેહેવા દઈને મુંબઈ માટે તાંહાંથી નીકલી પડીઆ, અને આવીને જોએઉં તો તેમનો દીકરો છેક મરણ કાંઠે જણાયો; પણ ભાએગ એટલાંજ સારાં કે બાપ તથા બેટાની એકવાર છેલી મુલાકાત થઈ, કેમકે તે પછે થોડેજ દાહાડે તે બીચારો મોરેશ્વર આ દુનીઆંની રચણાં જોવાથી એકેદમ દુરી પકડીને કઈલાસવાસ થયો. એની પાંચ વરસ આગમજ વચલો દીકરો વરોદરા ખાતે, અને વડો દીકરો તો તેનીબી ૪ વરસ પેહેલાંજ મુંબઈમા ગુજરી ગયો હતો તે મલીને આ શેઠના તરણે નામીચા દીકરાઓ નવ વરસના અરસામાં નહીં સરીખા થઈ પડેઆથી બીચારાને ઘડપણના વખતે જે દુખ૰ઉપજેઉં તે કાંઈ જેહવું તેહવું નોહતું.

હાવો ગજબ ઉતરેઆથી એકતો તેઓની બાજુ સાબદી તુટી ગઈ, અને બીજુંતો વરોદરાની મોહટી ખટપટનું કાલું વાદલ માથે ભમતું રહેઉં, તેની વેદનામાં વેપાર વણજ માટે જે ચોકસ ધેઆંણ હોવું જોઈએ તે એકાએક

ફરાંમોસ થયાને લીધે બીચારાએ સઘલો વેપાર એકેદંમ બંધ કરી નાખીને માતરે મી૰ અલેકઝાંનદર મેકીનટોસની કુંપની, મી૰ રાનકીન અને સાનદરસ, જોસેફ મેકગરીગર પાત્રીક સટુઅરટની કુંપની, એ ઈંગલીસની કુંપની તથા બેકઉઈઠની કુંપની (આ છેલી બે પેહેડીઓ ખાતે એવણ પેહલાં ભાગીઆ હતા) ઓને તાંહાં વેપાર ખાતાંની દલાલીનું કાંમ અખતેઆર કરી લીધું હતું; અને તે ઉપરાંત આપણી માજી સુપરીમ કોરટના બીજા નેઆએધીસ સર રાલફ રાઈસ, સર ચારલસ હારકોરટ ચાંમબરસ, અને તે પછે વડા નેઆએધીસ સર હરબરટ કાંપતનનું નાણા સંબંધી કાંમકાજ એક આડતીઆ તરીકે બજાવેલ હતું, એટલુંજ નહીં પણ તે ઉપરાંત ઘણા સારા સારા યુરોપીઅનો સંગાથે અતલગનો સંબંધ તેઓએ આવા વખતમાંબી રૂડીપેરે જોડી રાખેલો હતો.

આપણે ઉપર જોઈ વલેઆચ કે, આ ધાકજીશેઠ પોતાના આગલા વખતમાં દરવીયના જોરથી ઘણીક બેરબેરાતો કરતા હતા, પણ તેવોજ નીએમ પાછલે દાહાડે સચવાઈ રેહેવામાં જે અડચણ નડતી જણાઈ, અને દરવીયના વાસાએબી જારે તેવણ પાસેથી વીદાએગીરી લેવા માડી, તારે પોતાના જીગરમાં એક રૂડી સોચના જે સમાવી તેને બંધ બેસાડવાના હેતુથી પાસે જે સચવાઈ રહેલું હતું તેમાથી એક સારી રકમ ખરચીને માહલખસમી ખાતે “ધાકલેશ્વર” નામનું એક સોભઈતું દેહેરું બંધાવીને સંવત ૧૮૮૭ ના શાલમાં હીંદુઓની ભગતી, તથા ધરમનીમના કાંમો માટે બોલું મેલણ, જેની જાતરા દર વરસના વઇશાક સુદી ૧૫ ને દીવશે થતી આપણે હમેસાં જોતા રહીએછે; અને તે દેહડાંના જાથુક ખરચ સારૂ કેહેચકે કાંઈક નાણાબી અલાહેધાં રાખવાનું એ સાહેબ વશીએત કરી ગયા હતા પણ સાંભલેઆ પરમાંણે તેવણના મરણ પછે તેવું કાંઈજ બનેલ નોહતું, તોબી એવું માનવામાં આવેછે કે, તેનો ખરચ તેમના બેશીઓથી પુરો પડેછે.

આ દેહરું બંધાએઆની ઘણા વરસો આગમજ મરહુમ વીઠોબા કાંહાંનોજીએ કોક બાબદનાં મતફેરથી પાથારી પરભુની નાતમાં બે તડ પાડેલી હતી તેની ભાંજગડનું શેવટબી કેહચ કે ધાકજીશેઠે સમાંધાંણીથી હાવે અવસરે લાવીને જુદા પડેલાઓને પાછા મેલવી લીધા, અને સરવે સખશો સાથે બેશીને એકપંગતે જમેઆ તારથી ઘણા વરશોનો મીનાકેશો દફે કરીને તેઓ સલાહ સંપજમાં રહેલા જણાએછે, માટે હાવાં રૂડાં કાંમની સાબાશી એ ગરહસથે જે હાંશેલ કીધી તે માહાપુણની વખણાઈછે.

પોતાના પાહડ સરીખા તરણ પુતરો મરણ પાંમેઆને લીધે બીચારા ધાકજીશેઠ જઈફીને વખત વારેસવીનાના થઇ પડેઆ તેથી પોતાની વચલી દીકરીના દીકરા કાશીનાથ કરસનાજીને પોતાના નામ સાથે જોડી લેવા માટે હીંદુઓની રસમ મુજબ દતક કરી લેવાની જે ફરજ હતી તે તેનાશે પોતાના અંતકરણથી અદા કીધી, અને તેથીજ તેના વંશનો વેલો જે હવડાંસુધી ઉતરી રહેઓચ, તેમા ગણપત તથા બાપુજી કાશીનાથ નામના બે ભાઈઓબી ગણાએછે.

બીચારા ધાકજી દાદાજીના દુખનું વરણન હીંઆંથી પાછું સહરૂ કરીએચ

કે વરોદરા ખાતેથી જે અપમાંન તેઓને મલેઊં હતું તે વાતમાં ચુપકીદી ધ-રેઆ કરતાં વેલાત ખાતે નામદાર કોરટ આવ ડાઅેરેકટરો ઉપર વીસતારીને સઘલી ફરીઆદ લખી મોકલાવવાનું તેનાઅે મુનાશેબ જાંણેઊં, અને તે કેફી-એત ઉપર નામદાર સાહેબોઅે પુરતું ધેઆન આપીને ઇનસાફની રૂએ પોતાનો વાજબી ચુકાદો, કેહેચ કે, તા૦ ૫ મી નવેમબર ૧૮૨૩ ના કાગલ મધે મુંબ-ઇની સરકાર ઉપર લખી વાલેઓ હતો, પણ તે હોકમ અમલમાં આવે તે-ટલાં આ ખટપટ સંબંધી ધાકજીની સાંમણે બીજી નવી સાખશી રજુ થઈ, અને તે ભાંજગડ વલી પાછી વેલાત ખાતે ગઈ, તારે તાંહાંથી બીજીવારનો ચુકાદોબી, તારીખ ૧૨ મી નવેમબર ૧૮૨૮ ના કાગલમાં ધાકજીની તરફે-ણમાં થઈ આવેઓ હતો, તે ઉપરબી જારે પાંણી ફેરવાએલું દેખાએઊં, તારે વલી ૧૮૩૨ ના ડીસેમબરની ૨૦ મી તારીખે નામદાર કોરટે તરીજી-વારના ચુકાદામાં ૪ થો ફકરો જે જણાવેઓ હતો તેની મતલબ એવી માલુમ પડીછે કે, "ધાકજીના મુકદમાની ઉપર જે સખતાઇ ગુજારવામાં "આવીછે, તે બાબે હમો હમારો અભીપરાએ આગમજથીજ આપી ચુકા છ-"ઇએ, તે કાંઇજ નહીં પણ અંગરેજી રશીડંટની મારફતે કુંપની સરકારની "જાંમીનગીરી હેઠલ જે ગાંમ તેને ઇનામમાં મલેલુંછે, તે તેના સવાધીનમાં "સોંફી દેવા બાબેની ફરીઆદ ઉપર ચોકસાઈથી ખબર લીધીછે." જોકે હાવા સફાઈ ભરેઆ સમાચાર મલેઆ તે છતાંબી હીંઆંની સરકારે કેહેચ કે તેની બાબદમાં નામેહરબાંનીજ દેખાડેઆ કીધી, તે ઉપર વલી ચોથીવારનો ચુકાદો નાંમદાર કોરટે તા૦ ૨૬ મી આગસટ ૧૮૩૫ ના પતરમાં જારે લખી મોકલા-વેઓ તારે, તેમાંથી આટલી બાબદ વધારે જણાઇ આવી કે "રશીડંટના વચે "આવેઆથી સીંહાજીરાવને-સાડા સાત લાખ રૂપીઆ આપવાની ધાકજી ઉપર "જે ફરજ ઉતરી હતી, તે નાણાબી તેને જરૂર કરી પાછાં મલવાં જોઇએ." આ છેલ્લા સંદેસામા નામદાર કોરટે કેહચ કે મુંબઇની સરકારને એટલીતો તાકીદ ફરમાવી હતી કે, "નામદાર ગાએકુઆર પાશેથી ધાકજીને તેની ઇનાંમી જમીન "ચહડેલી સઘલી ઉપજ શીકે વગર ઢીલે સપુરદ કરાવી દેવી;" અને તેમ જો તે નહીંજ કરે તો વલી એવુંબી ફરમાવેઊં હતું કે "માંહીકાંઠા તથા કાહીઆવા-"ડના પરગણાઓની મેહસુલ ગાએકુઆરને હસાબે મુંબઈની સરકાર જે વસુલ "કરેચ તેમાંથી કાપી લઈને જારથી તેની જાગીર જપત કીધીચ તારથી તેની "ચહડેલી આએપત, તથા તે પછે થનારી ઉપજની રકમ ધાકજીને તતકાલ "ચુકવી આપવી."

ઉપર જણાવેલો સતા ભરેઓ સંદેશો જોકે મુંબઇની સરકારને ૧૮૩૬ ના ફેબરવારીની ચોથી તારીખે મલેઓ, તોપણ તે વાત જેમની તેમજ પડતી રહી, અને તે બાબે વલી ફરીથી નામદાર કોરટ ઉપર ધાકજી તરફથી લખાઈ ગયું; જેના જવાબમાં તાંહાંના સતાવાલા સાહેબોએ તા૦ ૬ ઠી એપ-રેલ ૧૮૩૮ ની તેરીખના કાગલ મધે મુંબઈની સરકારને પડતી મેલીને બંગા-લાની વડી સરકાર ઉપર તેઓનું આગલું ફરમાંન અમલમાં આણવા સંબંધી

સરવે સમાચાર વીસતારી લખીને તાકીદ ફરમાવી, અને તે ઉપરથી હીં
સતાવાલાઓ તરફથી પડલી ઢીલનો હવે છેડો આવેલો જણાયો કે, તે વ
માજી સરસુબા લારડ આકલાંડની કાંઉનશીલે એકેદમ વરોદરા ખાતેજ લ
વાલેશે કે હમારી નામદાર કોરટના ચુકાદા ભરેઓ હોકમ જો હવે ઢી
રેહેશે તો તે દુરસત પડશે નહીં. હાવો ધસારો જારે થયો તારે તે
થએલી જાગીરની ચહડેલી ઉપજના રૂપીઆ લાખ પાંચ, (વગર વીઆજે
અને ઈનામી ગાંમ વડી સરકારના સતા ભરેઆં લખાંણથી લ
વરશે વાજબી ઈનિસાફની રૂહે ધાકજીને હાથ આવેશે તો ખરૂં;
લાંમબી મુદતમાં લાખો રૂપીઆ બારેવાટ થએઆને લીધે બીઆરા કર
મોહટાં દબાંણમાં ફશી પડલા હતા તેના ભરણામો પાંચ લાખ પેસી જતાંબી
કેહચ કે તેમનું દેવું તો પુરેપુરૂં સફાઈ થાઈશેંજ નોહતું પણ જે ગાંમ પાછું
હાથ આવેશે, તેનાજ આધાર ઉપર સઘલો મદાર તેવણ રાખી બેઠા હતા.

મોઠી મુશીબત ખમતાં આટલું તો ધાકજી શેઠે હાશેલ કીધું પણ પેલા સાહડાસાત લાખ જે દંડનેમશે તેવણ પાસેથી માહારાજાએ કહડાવીઆ હતા, તેનો ચુકાદો જેમનોતેમ રહી ગએઆથી તે વાતબી તેનાએ નામદાર કોરટની હજુર તાજીનેતાજીજ રાખી હતી.

ઈશવી સને ૧૮૩૯ ની શરૂઆતમાં સર જેમસ રીવેટ કેઆરનાક બારોનેટ, જે પરથમ ગાએકુઆરીમાં રશીડેંટ હતો, અને તેનીજ મેહરબાનીથી આ ધાકજી શેઠે તાંહાંનું પરધાણપણું બાહાલ રાખેલું હતું, તે નામવર નરની નેમણુક મુંબઈના ગવરનર તરીકે થએઆ વીશેની વાત જારે સીહાજીરાવને માલુમ પડી તારે, તે ગાએકુઆરની ગુમરાહી એકાએક ઠેકાણાપર આવેઆથી પોતાના ખજાનચી ગોપાલરાવ મહીરાલને હેવી અરજ કીધી કે કોઈબી તરહુદથી ધાકજી સાથે પેલા સાડાસાત લાખ રૂપીઆના દાવાની સફાઈ તેની વતી કરી આપવી, જે ઉપરથી ગોપાલરાવે ધાકજીને તદબીરથી સહમજાવી લઈ મુદલ તથા વીઆજ મલી ઉધડા દસલાખ રૂપીઆમાં સઘલો દાવો માંડી વાલિઓ, તે હેવી સરતથી કે ૩,૪,૯૦,૦૦૦) રોકડા આપેઆ, અને બાકીના સર જેમસ વરોદરા ખાતે આવીને પાછો ફરેઆથી ચુકાવી દેવાની કબુલાત કીધી.

પણ ધાકજીનું ભાગ્યેગજ ધાસતીમાં ચોંટી બેઠેલું તેથી હેવું વધણ જણાએશે કે નામદાર સર જેમસ પોતાની હાકેમી ઉપર બેઠા પછે વરોદરેબી ફરી આવેઓ તાંહાંતુલીક બાકીની હુધરાની વાએદા ઉપર લટકાએઆ કીધી, તેટલાં ગવરનરની તબીએત બીગડતી ચાલિઆ ઉપરથી તેને પોતાનો માન ભરેલો ઓહદો છોડી દઈને વેલાત ખાતે પાછું જવું પડશે, અને તેના ગએઆ વીશેની ચોકસ ખબર સાંભલીને ગાએકુઆરે પેલા બાકી દેવા ચુકવી આપવાની સાંહમને અટકાવ ભરેઓ હોકમ કીધો.

ઉપર જણાવેઆ મુજબ ગાએકુઆર તરફની જફા સોસવાથી જો કે ધાકજીશેઠ એટલા તો કનટાલિઆ કે તેમાથી મોકલાસ મેલવવાની કાંઈક પેરવી કરતા હતા, તેટલાં આપણી નામદાર સરકાર તરફનો એક સેતમ એકાએક

ઉભો થાએઆ કે તે સઘલી આફતને એકકોરે બેસાડવા લાએકનો જણા- ા, અને તેમાં કોઇ સતરૂની સામેલગીરીથી હેવું કાવતરૂં પેસ પડઉં કે મા- જા પાસેથી દસલાખ રૂપીઆ જે સને ૧૮૪૧ ના હુનાલામાં ધાકજીએ ા તે સર જેમસ રીવેટ કેઆરનાકને લાંચ તરીકેના હતા; જેમા પાંચ લાખ પોંહચાડેઆ અને બાકીના ધારેલું કામ પાર ઉતરેઆ પછે આપવાની ત કીધામાં આવીછે. હેવો રીપોરટ કોઇ કાવતરાંબાજે કીધા ઉપરથી એકમારગી શેઠ ધાકજીના ઘેર તથા આફીશના જાહાડા લેવા માટે ડીજેમબર મહીનાની ૮ મી તારીખે વારંટ નીકલેઆં હતાં, અને થી કોટવાલી ખાતાનો વડો ન્યાયાધીશ, કોટવાલ, આડવોકેટ જ- ુખી પરબેઆત પારશી શેઠીઆ મલી ચાર જણાએ ઉપલાં મકા- નરલ, અને એક સઘલા ચોપડાઓ તથા એકેએક કાગલીઆંઓ સવાધી- ણોમાં બેધડક પેસી નમા લઈ લીધાં, અને તે સીપીચાપીને તપાશી વાલવામાં તે સાહેબો એવાતો મશગુલ રહેઆ કે તેમાથી ગવરનર કેઆરનાકે લીધેલી લાંચના પાંચ લાખ રૂપીઆ અથવા તે માહેલો કોઈબી ભાગ શોધી કાહાડે; અને તેજ ટાંકણે ત- પાસનો બોલાશો મેલવવાની બોટી રેહેઆવીનાં વરોદરા ખાતે લખીને તેની ઇનાંમી જાગીરની વસુલાતનો અટકાવ કરાવેઆ ઉપરાંત, સુબેહના અમલદારનું લાંમબાં વરસથી બખશેલું કમીસનબી તેની પાશેથી છીનવી લઇને બીચારા બુજોરગ શેઠીઆની અતીઅંત બેહોરમતી કરી મેલી હતી, પણ ખરૂંછે કે સાંચના સંગાથીને કોઈ રીતની આંચ લાગતી નથી તેમ ધાકજીશેઠે પોતાના વાજબી લેણાને પેટે ગાએકુઆર પાસેથી જે રકમ મેલવેલી હતી, તેજ રીતની તેમના ચોપડા મધેથી જમે થએલી મલી આવી એટલુંજ નહીં પણ તે રકમો પો- તાના ખરા માગનારાઓને દરએકના લેણાને પેટે આપેલી ચોકસ રીતે જાહેર પડી.

આ દુખ ભરેલી બાબદ સારૂ ધાકજીએ આગલ કરતાં ઘણાજ કડવાં દીલથી ફરીઆદ ઉઠાવીને થેઠ કોરટ આવ ડાએરેકટરની નામદાર સભાને વી- સતારી જણાવી, તારે તે સાહેબો જે અસલથીજ તેમના ઉપર રેહેમ રાખતા આવેલા હતા તેઓએ વાજબીની રાહે મોહટી મેહરબાંની કરીને એ બાબદસર મેલાએલાં સઘલાં તોહમતમાથી તેઓને હોરમતની રાહે એકેદમ આજાદી બખશી, અને દરશાલે ત્રીસ હજાર રૂપીઆની ઉપજ આપનારી તેઓની ઇનામી જમીન જે પાછલથી જપતીમાં જહટકાઈ હતી તે સંકત પણ ઉઠાડી દેવા સંબંધી ઘણીજ તાકીદનો હોકમ લખી વાલેઆ હતો; જે બાબે તે નામવર સાહેબોનો અતીઅંત આભાર માણીને થોડુંકસુધી જાગીરનો સુખચેનથી ભોગ- વાટો ગુજારેઆ પછે, પાથારી પરભુની ગણાતનો આ પરમારથી શેઠીઆ, અને સાહુકારોની સંફનો એક સુરો મીતર ધાકજી દાદાજી ૮૯ મું વરસ પુરૂ કીધા આગમજ કુદરતી હલકારો નોતરૂં લાવેઆથી સંવત ૧૯૦૨ ને મુકાબલે શાકે ૧૭૬૭ ના પોસ વદી ૧૪ ને સોમવારે કઇલાસવાસ થઇને, પોતા ઉપર સુખની પાછલ નીપજેલાં દુખની એક ખરી યાદગારી હવે પછેના જમાંના માટે જે મેલી ગએઆચ તે ઉપર થોડોક હમારો વીચાર કવીતામાં જણાવવાની રજા લઇએછે.

શેવા કરવી એવાની ઈચ્છારે–કે કદર જેથી બુજાએ,
સારા ખવાસનો શેઠીઓ હોય તો–દુખ તેનું રેહજાએ.
લોભી લોકથી સાવધમને–સદા ડરતા રહીએ,
નહીંતર બાપરા ધાકજી શેઠની–હાલત પાંમતા થઈએ.
કેહવી આ શેઠની ચલગત હતી–નીતીથી ભરપુર,
સીંહાજીરાવની સલતનતે, બખશેઉંતું નુર.
કરોડ રૂપીઆનો ફાએદો કરી, થએઆ નીમખહલાલ,
કુંપનીના વેપાર માટે–રહેલા હતા દલાલ.
સાહઠ હજારનું સાલીઆંનું–ને ત્રીસની જાગીર મેલવી,
અદેખા ને ચુગલીખોરે–ફાંચર તેમાં ભેલવી.
તે કોઈજ નહીં પણ ગાએકુઆરી–હતા શુબા સરદાર,
ગાંમની ઉપજ ગાંઠે બાંધી–ને બનેઆતા જરદાર.
પણ ધાકજી શેઠની દેવાંનગીરીમાં–કેમ દેખી સકાએ,
કીધી કોશેસ એવી કે, ઉપજ એકઠી થાએ.
એવું કરીને ગાએકુઆરનું–ભરી દીધું ઘેર,
તેજ લોકોની દુસમેનાઈએ–ઉતારીતી કેહર.
જો સીંહાજીરાવમાં શેઆનપત હોત–તો નજર કરી જોતે,
સહમજ લઈને બાંધતે–આ દીવાંનજીને તોતે.
પણ કેહવતછે કે લોભીઓ જારે–તેહવા લખસપર પરે,
મલી આવે ધુતારો તારે–બુધી તેની ફરે.
તેહવીજ રાહપર ચાલેઆતા–આ લોભી ગાએકુઆર,
દેશને ફાએદો દેખાડેઓ–તેનેજ કીધો ખુહાર.
પણ સચાઈ જેની સાથે હતી–તેનુંજ થએઉં સારૂં,
કલેસ કરાવેઓ જેણે–તેનુંજ મોહડું કારૂં.
આફત તેપર ગુજરીચ જોવા–કેટલી અપરંમપાર,
થાકવનાની મેહનત માટે–વરસ કાહાડેઆં અઢાર.
પાછું મેલવી લેતાં પાસે–પઈશો નથી રહેઓ,
વેદના ભોગવી અનેક તરેહની–ને દેવાદારખી થયો.
બરાકર બાપુ વાછા–હવે બરાકર હાવી કાંહાંની,
ઉંમરે તું અઢાર થયો–પણ બુધી રાખી નાહની.
જાંણતો નહીં તું હજી; આ દુનીઆનો ચાલુ દોર,
ગમે એવા સરીમંતોખી–તોડેછે તે મરોર.
પણ આટલું કેહવું વાજેખીછે કે–ચાકરી જોઈને કરવી,
શેઠ મલે કીરપાલુ તોજ–પનાહ તેની ધરવી.

આ મરહુમ શેઠ ધાકજીને જે જાગીર ઈનામમા મલી હતી તેંનો ભોગવાટો વઉંસ પરંમપરા બખસાએલો ગાએકુઆરી સનદથી જોકે ચોકસ સાબેત થઈ ચુકેલોછે, પણ એકતો તેની સંગાથે લાંખી મુદત સુધી રાજીય તરફથી


બીગાડો ચાલિઓ, અને બીજું એકે તેઓનો કોઈજ દીકરો હઈઆત નહીં રહેઆને લીધે જે દતક. તેનાએ કરી લીધો તેને હકદાર વારેસ કબુલ નહીં રાખતાં તે જાગીર પોતાના સવાધીનમાં લઈ લીધા સાથે પેલા દસ લાખ રૂપીઆ માહેલા બાકી લેણા ઉપરથી કેહચ કે પાંણી ફેરવી વાલીને પાલક થએલાના હાથ ધોવારી દીધા.

શા૦ સખીઆ નાગરની વસતીનું વરણન.

ગુજરાતી હીંદુઓમાં તરીજું કુટુંબ સખીઆ નાગરનું હીંઆં વાશો કરી રહેલું જે કેહવાએચ તેના વડવા જારોલા ગણાતના શા૦ સખીદાસ નાગરદાસ શેહર અમદાવાદથી સંવત ૧૭૭૫ ની સાલને સુમારે સતર વરસની ઉમરમાં પેહલવેહલા પધારેઆ હતા; અને અસલથીજ ગરીબી હાલતમાં હોવાને લીધે સંપતી પરમાણે ખજુર વેચવાના વંધાથી રોજીની સરૂઆત તેનાએ કીધેલી જાણવામાં આવીછે; જેમાં પરમાણીકપણું વાપરીને થોડાક નફો મેલવેઆ પછે જેમ વખત પોંહોંચતો ગએઓ તેમ નજર પુગાડી રોજગાર રચાવતાં, અને પગતી દરપગતી વધતાં તે વખતપર એક પરખેઆત વેપારીમા ગણાવા લાગા, એટલુંજ નહીં, પણ જીગરની અશીલાઈના બલે કરી સઘલી વરણના લોકો સંગાથે હેવાતો પરોટાઇ પડેઆ કે આ ટાપુની આખી વસતી અંદર મથાલે જણાવેલી અટક જે ફેલાવી દીધી, તેજ ઓલખથી તેમનો પાંચમી પેહડીએ ઉતરેલો વશીલો આપણ વચે હજીસુધી જાણીતો રહેલોછે. દેશી લોકોમાં પોતીકાં કુટંબીઓના જનમારાની નોધ રાખવાનો રેવાજ બીલકુલ ન હોવાને લીધે આ શેઠ સખીદાસની હીલચાલનાં વીશેસ વરણન સાથે તેમના મરણની ચોકસ ઇઆદદાસત હાથ આવી નથી, પણ અટકલથી હેવું સાંભલેંએચ કે પચારોક વરસની વએ પોંહતા તારે તેમને તાંહાં ભાઈદાસ નામના દીકરાએ પેહલવેહલો જનમ લીધો હતો, અને તેની પુઠે તરણેક વરસના અરશામા બીજા બે દીકરા અવતરેઆ પછે લગભગ પોણોસો વરસની ભરઠીએ પુગીને મરણ પામેઆ હતા તે સુમાર પકડી જોઈએચ તો પુરાણા વખતના આબી એક સાહસીક ગરહસથ સંવત ૧૮૩૩ માં, અથવા તેની એકાત બે વરસ આગલ પાછલ આ દુનીઆમાથી અસબાબ ઉઠાવી ગએલા માલુમ પડેછે.

આ ગરહસથના મરણ ટાકણે તરણ દીકરાઓ જે હતા તેઓમા વડા ભાઈદાસશેઠ, પચાસ વરસની વએના હોવાથી બીજા બે નાંધલા ભાઈઓને પોતાની પખરામા રાખીને બાપીકો ધંધો તેનાએ ધુમધોકાર ચલાવેઓ, અને તેમા હેવો તો વધારો કીધેલો કેહવાએચ કે, તેની મુહબલક હાંસલમાથી પોતે, ભાઈઓ, તથા તેઓના વારેસોએ મલીને ધરમ નીમના કેટલાંક ઉતમ કામો ઉપર લાખો રૂપીઆ સખી તબેહપનાથી ખરચવામા કશીએ કસુર રાખી નોહતી જેની હીંઆં દાખલ કીધેલી ટીપ હીંદુ ગરહસથોનું ઉતેજન ઉરાકેરાવા નકામી કેહવાશે નહીં.

શાા.સખીઆ નાગરની વંશાવલી.



સંવત ૧૮૫૭ ની શાલમા જુનાઘડ ખાતે ઈમિજાના દેવનો ગોખ કરાવેઓ, તે કામ સરવેથી પેહેલ વેહેલું સહર થએલું સહમજાએછે.

શીમ મધે માહદેવનું એક દેહેરૂં, તથા તેને પડખે ધરમશાલા બાંધવાનો પરારંભ સંવત ૧૮૭૮ ની શાલથી કીધો-હતો; તે કાંમ ૧૮૮૪ મા જારે સમાપત થએઉં, તારે તેની સથાપના વઈશાખ સુદી ૧૫ ને મંગલવારે કરીને આ બેહુ મકાંનો હીંદુઓના ઉપીયોગ સારૂ ખોલ્લાં મેલવામાં આવેઆં.

કોટના ઠાકોરદુઆરના મકાંનની અંદર બે મંદીરો હતાં, તેની પાશે હનુમાનનું દેહેરૂં બંધાવેઉં, ઓટલા ઉપર તથા માહેલા ચોકમાં પથરની લાદીઓ જડાવી, ઓટલાપર લાકડાંના કટેરા કરાવેઆ, તથા અંદર એક કુવો બંધાવીને આટલાં કાંમો ધરંમ માટે અરપણ કરી દીધાં.

વસાઈ આગલ નીરમલના તલાવને મથાલેની ટેકડી ઉપર જે દેહેરૂંછે, તેના મલાહેજા માટે ફરસબંદીની ફરતી દીવાલ બંધાવીને તેને લગતું બીજું કામ સંવત ૧૮૮૦ ની સાલમા સંમપુરણ કરાવી આપેઉં હતું.

ભુલેસવરમા તલાવની જે ખુટ હતી, તે પુરવા માટેનું કાંમ, આ ગરહસથોની સંગાથે પરી૦ મોરલીધર સંભુ તથા છીપી આતમારામ બાલાજી મલી તરણે ગરહસથોએ જે ચલાવેઉં હતું, તે ૧૮૮૮ મા જારે સમાપત થએઉં તારે તે ઉપર ખરચાએલી રકમ સરખી રીતે અપાએઆ મુજબ તરીજી પાંતી આ સાહેબોએ ચુકાવી, એટલુંજ નહીં પણ તે ઉપરાંત મંદીરના મુખરા આગલ એક સોભઈતો દરવાજો, તથા તેને મથાલે નોબતખાણાનું મકાંન પોતે બંધાવી આપવાનો ખાનગી ખરચ કીધેલો જુદો કેહેવાએઓછે.

નાસક મધે રાંમકુંડની સાંમણે બે ધરમશાળાઓ તીરથવાશી હીંદુ લોકોના વીસાંમા માટે બંધાવી આપી, તથા તે કુંડની ઉપર ગગાનો આરો બંધાવી દીધો હતો.

સંવત ૧૯૦૫ ની શાલમાં બેટ દુઆરકાંમા ગોરધનનાથના દેહેડાંના બારણા ઉપર રૂપાંના સોભઈતાં પતરાંઓ જડાવી આપેઆં હતાં; વેરાવલ અને વરભાસની વચે એક ધરમશાળા બંધાવી, તથા જુનાધડમા ઈમજાનું દેહેરૂં જે ઘણુંજ બીસમાર થયું હતું તેને નવેસરથી બંધાવી દઈને એકજ વરસમાં આટલાં કાંમો સરંજાંમ પોંહચાડઆં હતાં.

સંવત ૧૯૦૭ ની શાલમાં કોટ ખાતેના ઠાકોરદુઆરમા માહદેવજીની જલાધારી, પંચ ધાતુની બનાવીને બેસડાવી હતી; આ સુધાં ચાર મંદીરો તે મકાનમા બીરાજેછે.

સંવત ૧૯૨૫ મા શીમ ખાતે માહદેવજીનું એક બીજું દેહેરૂં બંધાવીને તેની સ્થાપના ફાગણવદી ૨ ને રવીવારે કરાવી હતી.

એ ઉપરાંત કેટલેક ઠેકાંણે કુઆઓ તથા તલાવો બંધાવેઆચ તેની ચોકસ યાદી જોકે મલી શકી નથી તોપણુ શીમમા એક મોહોટો તલાવ, ચીમોર ખાતે એક, અને કોટના બજારગેટની સાંમણેના મેદાંનમાં, જાંહાં બેંસોને

નહવડાવાના ચોરસ ઓવારાવાલા બે કુવાછે, તેઓ માહેલો એક મલીને તે બેહુ કુવાઓ પરાણીઓ તથા પસુઓની પેઆસ માટે બંધાએલા આ કુટંબીઓની સખાવત સંબંધી સાખશી આપતા સલાંમત ઉભેલા દેખાએછે.

એ માહેલા ૧૯૦૦ ના સંવત પછે થએલાં કાંમો હાલ હઈઆત રેહેલા શેઠ પરભુદાશે બજાવેલાં અને તેની આગમજના મરહુમ ભાઈદાસ શેઠને હાથે થએલાં માલુમ પડઆંછે. પણ એ સાહેબ જારે સંવત ૧૮૮૮ ની શાલમાં ૮૦ વરસની જઈફીએ પોંહચી ગુજરી ગયા, તારે કેટલાંક કાંમો જે અધુરાં રહેલાં હતાં તે તેમના નાઘલા ભાઈ કાંહાંનદાસના દીકરા પ્રાણજીવનદાશે સંમપુરણ કરી દીધાં હતાં; કેમકે ભાઈદાસ શેઠના બે દીકરાઓ ઉપરાંત બે ભાઈઓ જાહોજલાલીનો ભોગવટો જાલવવા માટે જીવતા રહેલા નોહતા તેથી કુટંબનો કારોબાર અને પરીવારની પરવરેશીનો વારશો પ્રાણજીવનદાસને પલે બંધાએઆ મુજબ સઘલો વહીવટ તેવણ આટોપી લેતા હતા. એટલુંજ નહીં પણ ધરંમના કાંમોની અંદરથી પોતાના નામની કીરતીને હીંઆંથી સમાવતા છેક નાસક સુધી પોંહોંચાડીને તાંહાંના રાંમમંદીરના દેહેડાંને મથાલે સોનાનો એક કલસ ચહડાવેઓ હતો; જે હજીસુધી તેમના નામની ઈઆદ લેતો તાંહાં બીરાજેછે.

શેઠ પ્રાણજીવનદાસની જીંદેગી ૪૦ વરસ ને ૬ મહીનાનીજ ઊંમરમાં જારે ખતમ થઈ તારે હેઠલ જણાવેલા દીકરાઓની વસતી સાથે દરવીયનો સારો ભંડાલ મેલીને સંવત ૧૮૯૫ ના વઈશાક સુદી ૧ ને રવીવારે વઈકુંઠવાસ થઈ ગયા. જે વખતપર હઈઆત રહેલા માતરે તરણજ દીકરાઓ હાજર હતા અને છેલ્લો છોકરો જે માના ગરભ અંદર ઉધરતો હતો તે તારબાદ અવતરેલો માલુમ પડઓછે. તે મલી ચારો દીકરાઓનો જનમ દીવસ તથા તેઓના નાંમો જાહેર કરીએછે.

વડા, પ્રાણવલભદાસ	સંવત	૧૮૮૪ ના માગસરવદી ૧૦ ને ગુરૂવારે	જનમ પામેઆ.
બીજા, પરભુદાસ	,,	૧૮૮૬ ના કારતકવદી ૧૦ ને સનીવારે	,,
તરીજા, ઈછાલાલ	,,	૧૮૮૮ ના સરાવણવદી ૫ ને ગુરૂવારે	,,
ચોથા, હરગોવનદાસ	,,	૧૮૯૫ ના આસો સુદી ૨ ને બુધવારે	,,

આ માહેલા તરીજા ઈછાલાલ સંવત ૧૯૨૫ ના ચઈતર વદી ૫ ને ગુરૂવારે ૩૬ વરસ ને ૮ મહીનાની ઊંમરમાં ગુજરી ગયાચ, હવે બાકીના તરણ ભાઈઓ, જે સલાંમતછે તેઓ માંહેલા શેઠ પ્રાણવલભદાસને તાંહાં સંવત ૧૯૦૬ ના માગસર સુદી ૧૩ ને બુધવારે અવતરેલા દીકરા લલુભાઈ, તથા શેઠ હરગોવનદાસને તાંહાં સંવત ૧૯૨૪ ના કારતક સુદી ૧ ને સોમવારે જનમેલા દીકરા ત્રીભોવનદાસ મલી સખીઆ નાગરની વઊંસાવલીના માતરે પાંચ વારેસો શેહલથી ગણાઈ સખાએછે.

આ કુટંબીઓએ કીધેલાં ધરંમના જાહેર કાંમો જે ઉપર જણાવેઆંચ તે તો માંતરે (કુવા તથા તલાવો વતરોગે) હીંદુઓનાજ ઉપીયોગમા આવનારાં માલુમ પડછે, પણ તે ઉપરાંત સરવેથી ઉતંમ અને જરૂરીઆત જોગ એક

કાંમ સઘલી વરણને વાસતે એ સાહેબોએ કરીને અતારસુધી નીભાવી રાખેલું છે, તે માહભારત સખાવતનું કીરતન હીંઆં નોંધી લેવાથી જે ખુશી હમોને ઉપજેછે, તેમાં આશેઆછે કે, વાંચનારા સાહેબોબી સાંમેલ થયાવના રેહેશેજ નહીં, કેમકે તેની પાછલ નાણાની જે રાખસી રકમ ખરચાઈ ચુકીચ તેજ તેની તારીફ ગાવાને એટલી તો પુરતી દેખાઈ આવેચ કે તે માટે હવે બીજી સાખશીની કશી અગત નહીં જોતાં, સરવેને સંતોશ પમાડનારાં માહ પુણનાં કાંમની કેફીએત જાહેર કહીએછે. સંવત ૧૮૭૮ ની શાલથી તેઓએ શીમ તરફ જે એક સદાવરતું સથાપણ કીધુંચ તે, બાહેરના દેસાવરોથી હરકોઈ ગનાતના મુફલેસ મુસાફરો, ઉપરાંત વેરાગી બાવાઓ, તથા સાંઈમવલા ફકીરો ઇતીઆદીઓ આવે તેઓની સગવડ માટે કેહવાએછે. આ વરગનો જેબી સખસ તાંહાં ઉતારો લઇને જેટલા દાહાડા રેહે તાંહાં તુલીક, દરએક જણને દનરોજ બશેર આટો, પાશેર દાલ, તોલાભાર ઘી, મીઠું, મરચાં, તથા બલતનના લાકડાંની જુહુરી શીકે પોંહચતું પાડવામા આવેછે, તેમા જે કોઈ હીંદુ હોએ તો તાંહાં એજ સાહેબોએ બાંધેલી ધરમશાળામાં આસરો પાંમીને, તથા બીજી વરણનાઓ તેની આસેપાસે રાખેલી અલાહેધી જગેઆપર બેશીને મલતા શીધાથી સેંકડો માણશો ધરમ ખાતાંનું ભોજન મેલવી સખેછે, જેની સરૂઆતને આજે ૫૧ વરસ વહી ગયાંછે તેટલા અરસમાં દરશાલે ૩૮૦૦૦ ને સુમારે ખરચાઇ ચુકેલાનો જે અડસટો જાણવામાં આવીઓછે તેનો સરવાલો લઈએ તો ચાર લાખની ઉપરનો થઈ જાએછે; એ સદાવરતનું સુભ કાંમ જાવેદાનસુધી ચાલુ રાખવાનો સંભાલ હેઠલ જણાવેલા બંદોબસતથી થેડવાએલો સાંભલવામા આવેછે.

સંવત ૧૮૨૫ ની સાલમા મરહુમ શેઠ સખીદાસ નાગરદાશે "પરમાનંદની વાડી" ને નામે ઓલખાતી કુંભારટુકડા આગલથી ઠાકોરદુઆરના રસતા પર જતાં ડાહવી બાજુએ આવેલી મીલકત જે વેચાતી લીધી હતી તે માહેલા કેટલાક ભાગપર હીંદુઓની નાત માટે જમનશાળા, તથા હવન પુંજાલો કરાવા તથા સપતાઓ બેસડાવાના મકાંનો બાંધીને ધરમ ખાતે વાપરવા આપેલી બાદ કરતાં બાકીના સઘલા ભાગપર થતી ઉપજ.

આ સાહેબોએ બીનગરજે ઘણે ઠેકાંણે કુવાઓ તથા તલાવો બંધાવીને અંગરેજી પરજાના સઘલા લોકોને અતીઅંત સુખ કરી દેખાડેલ હતું તેનું અહેસાંન દોલતમદાર સરકારે વાજબી રીતે વાલી આપવાના હેતુથી માહવલ તરફની જાગીર સંવત ૧૮૮૬ મા ચંદરોકાલ સુધીના થોકાની માંફી સહીત વંસ પરંપરા ઇનામમાં આપીચ તેની ઉપજબી એજ કારણસર લેવાતી રેહેછે.

આટલી ઉપજથી ઉપલું મોટા ખરચનું સદાવરત સચવાઈ રેહે નહીં, એવી અટકલ ધારીને એ બાબે વીસેસ સોધ કરતાં એવું જાવણામા આવેલછે કે, એ શેઠીઆના દોતરાઓએ સંપજ પરમાણેની એક થાપણ જે અલાહેધી રાખેલીછે તેમાથી જેમ લાંમબી મુદત થઈ ચાલતું આવેચ તેવીજ સોચનાથી ચંદરોકલ સુધી નીભાવી રાખવાની કાલજી તેઓ પણ બતાવતા બેઠાછે.


આ કુટુંબના હઈઆત રહેલા વારેસો, કેહમ કે, બાપદાદેથી ઉતરી આવેલા પરમાણીકપણાના રોજગાર ઉપર જાંહાંસુધી વલગી રેહેલા હતા, તાંહાં લુલીકતો દરવીયની રેલછેલ સારી રવેશે સમવાએલી હતી, પણ જારથી સેર સટાના લોભની અંદર એક બીજાની દેખાદેખીએ તેઓ વીટલાઈ પડ્યા, તેમાં એકવાર તો મોહોટા દોલતવનબી ગણાએઆ હતા, પણ પાછલા સંજોગે એવાં પરીણામપર તેમને ઉતારેઆ કે, હાથ આવેલો દગલબાજ દલ્લો ઘેરમા સંતાઈ રહેલાંનેબી સાથે શેહારી લઈ ગયો, અને તે દાહાડેથી, જણાવવાને બરેબર દલગીર છઇએ કે, તે સાહેબો અસલી વેપારના વહીવટથી તદન દુરી પકડીને જે થોડુંક રહેઊં હોય તેને જાલવી બેઠેલા માલુમ પડેછે, અને ધરમદાનના નેક કાંમ ઉપર સારી નજર કરતા દેખાયાના પરતાપથી પરમેસવરની કીરપા હજી રૂડી રહેલી સંભલાએછે.

ધી હાંનરેબલ જગંનનાથ સંકરશેઠના વડવા તથા વારેસો.

સોનાર ગનાતના આ નાંમીચાં કુટુંબની અસલ અટક મુરમાડ કેહવાએછે, અને તેઓનું વટણ છાસટીને છેક નાકે આવેલાં ઘોરબંદરમાં પરસીધ થાએલું હતું; જાંહાંથી બાબુલશેઠ પોતે સંવત ૧૭૯૦ ના શાકે ૧૬૫૫ મા પેહલ વેહલા મુંબઈ આવેઆ તારથી તેમના વસીલાની ઓલખ થાઈ રહેલી સંભલાએછે. જોકે આ સાહેબો ગનાતે સોનારછે પણ તેમનો ધંધો કાંઇ તેવોતો મુલગો નહી હોતાં પોતીકા વતનમા બેતીવાડીની ઉતપંતીમાથી બંચાવેલી થોડીક પુંજી સાથે લાવીને હીઆં વેઆજ વટાવમા રોકવા માડી, અને વેહવાર સારો ચાલતાં પરમેસવરની કીરપાથી તેમને તાંહાં લક્ષમીની વરધીબી રૂડી પેરે થાતી રેહતાં જેમ વખત હાથ આવેઓ તેમ સરાફી આંટમા સારો વધારો કરીને આ ટાપુખાતે એક નાણાવટીની નોબતે ચહડ્યા હતા. આ ગરહસથ કેહેઆ સાલમા ગુજરી ગએઆ તેની ચોકસ નોંધ રહેલી માલુમ પડી નથી મગર એટલુંજ જાંણવામાં આવેઊછે કે, તેમના નામ લેણાંમા માતરે બે ફરજંદો જે પોતાની પાછલ મેલી ગયા હતા તેમા વડા સંકરશેઠ, અને નાધલા ગંબાશેઠ હતા. આ છેલ્લા છોકરાને તાંહાં કોઈ વારેસ નહીં હોએઆને લીધે સંકરશેઠના વડા દીકરા રાંમચંદરને દતક કરી દીધો હતો, તે પણ પાછલથી વગર ફરજંદે મરણ પાંમેઆને લીધે ગંબાશેઠનો વસીલો આગલ વધી સકેઓાજ નહી.

સંકરશેઠનો જનમ સંવત ૧૭૯૭ ના શાકે ૧૬૬૨ મા મુંબઈખાતે થાએલો કેહવાએછે. એ સાહેબે બાપના મરણ પછે નાણાવટીનો રોજગાર એટલોતો વધારી લીધો કે તેથી કરીને સરાફી મંડલીમા પેહલા વરગના શેઠીઆ ગણાએઆ હતા. હીંદુઓની રસમ પરમાંણે આ શેઠ સંવત ૧૮૫૯ ના શાકે ૧૭૨૪ મા શ્રી નાસક ત્રીંબકની તીરથ કરવાસારૂં મોહટો સંઘ સાથે લઇને

ધી હાંનરેબલ નગીનનાથ શંકરશેઠના વડવાહ્યા વારેશો.



સીધારેઆ હતા; જે વખતપર તાંહાંનો મારગ હેવાતો દીકટ અને ધાસતી ભરેઓ કેહવાતો હતો કે, હજારો રૂપીઆના ખરચવીના સલાંમતી સાથે શેહલથી જવાઈ સકાતું નોહતું, અને તેટલા કારણસર આ સખી શેઠને પોતાની સંપતી મુજબ મોટો દરવીઅ ખરચવો પડઓ હતો. ધારેલી મુરાદા મુઆફેકની તીરથથી ફરાગત થએઆ પછે મુંબઈમાં પધારીને ગોવાલીઆ તલાવ આગલની પોતાની વાડીનાં ચોકમાં "ભવાંણીસંકર" નામનુ એક સુંદર દેહેરું એજ સાહેબે જે બંધાવેલ તેની સથાપણા સંવત ૧૮૬૨ ના શાકે ૧૭૨૭ માંગસર સુદી ૧૫ ને શુકરવારે કીરીઆ કરમથી કીધી હતી; જે મંદીર, આજસુધી મોટી જાહોજલાલી સહીત સંકરશેઠ તથા તેમની ધંણીઆંની ભવાંનીબાઇના નાંમની ઈઆદીમા સલાંમત ઉભું રહીને, દરસાલની તેજ તથીએ આ વસતીનાં હજારો લોકોનો મેલાવડો પોતાની હજુરમા મેલવેછે. આ નામવર સંકરશેઠથી ધરમનાં જેખી રૂડાં કાંમો થએઆંય, તે સઘલાં તેમનીજ ગણાતને વાસતે માલુમ પડઆંછે પણ કોઈ જાહેર ઉપાઓગના કાંમમા પોતાનુ નાંમ જોડઆવના એક નાણાવટી તરીકે આપણી ટાપુપર પરખેઆત થાઇને સંવત ૧૮૭૯ ના શાકે ૧૭૪૪ પોસવદી ૫ ને બુધવારે પોતાના જનમથી ૮૨ વરસની વએ સુખમા ગુજારેઆ પછે તરણ દીકરાઓને સલામત મેલી મરણ પાંમેઆ હતા; જેઓ માહેલા પેહલા તથા બીજા બેટાઓનાં કાંમો તથા મરણની કાંઈખી નોંધ રહેલી જણાઈ નથી; પણ સરવેથી નાંધલા દીકરાના જનમારાનો હએવાલ આપણી હજુરમા કીરતી સહીત જે પસાર થાએઓય તેની કેફીએત માન સાથે હેઠલ નોધી લઈએછે.

ધી હાંનરેબલ શેઠ જગંનનાથ શંકરશેઠ.

આ સકરમી અને સકલ ગુણી શેઠ સાધારણ રીતે સંકરશેઠના નાહનાને નાંમે જે પરખેઆત થએલા હતા, તેમનો જનમ સંવત ૧૮૬૦ ના શાકે ૧૭૨૫ માંહાવદી ૧૩ ને ગુરૂવારના શુભ મહુરતે આ માનવંતી ટાપુ ખાતે મુબારક થએલો સાંભલવામા આવેઓછે. બાલ વએનો વખત પોતીકા પણોતા પીતાની પખરામા પલોટાઈને રમતમા ગુજારવા સાથે વીદેઆના અભેઆસ ઉપર, કેહય કે, એ સાહેબ ઘણીજ ઉલટથી સદા ગુતાએલા રેહતા હતા, અને તેથી કરી જારે ઊંમરની પુર બાહારમાં આવેઆ તારે, બાપીકો નાંણાવટીનોજ ધંધો આટોપી લેવામા કશીએ અડચણ નહી જોતાં સુધા સાહુકારોની સંફમા એક સરદાર તરીકે બીરાજવા લાગા, એટલુંજ નહી પણ પોતાના નમનતાઈ ભરેલા અને ગંભીરી ખવાસથી સઘલી વરણના શેઠીઆઓમાખી સારી રીતે માન પાંમતા હતા.

પોતાની જાતી મરાહઠી જબાંનમાં જોકે એ સાહેબે અછી કેલવણી લીધેલીતો હતીજ, અને વલી તે ઉપરાંત સંસકરૂતની માહભારત બારાાનુ ગના-

નબી સારી રવેશે ધરાવતા હતા, તોપણ તેઓને અંગરેજી વીદ્દેઆ ઉપર એટલીતો મમતા દોડતી હતી કે પોતીકાં સંસારી કાંમોની રોકાંણ છતાંપણ ઘણોક અવકાસ તેમાટે ફાજલ પાડીને તે વખતપર વખણાએલા મી. મરફી તથા મેણવારીંગ જેવા નાંમીચા ઉસતાદોને પોતાને તાંહાં બોલાવીને ખાનગી રીતે એલમનો અભેઆસ હાંસેલ કરતા હતા. અને તે સાથે દરરોજ ઘણાક નાંમીચા અંગરેજ મીતરોની થાતી મુલાકાતમા બોલવા ચાલવાનો અતી માહ-વેરો હોયાને લીધે અંગરેજી જુબાનની અછી સકતી હાંસલ કરી હતી.

આવી રીતના એલમનો કેટલોક લાભ મેલવુવા બાદ, તેના રશીલાં ફલો પરજાની તરફ જાહેરમા ફેંકવાની સોચના જારે તેઓએ કીધી તારે તેમની ઊંમરના જોકે અઢારેક વરસ પસાર થએલાં હતાં, તેવી બચગીપણાંની હાલ-તમાબી એક દાનાવ સખસના જેટલી કાલજી રાખીને પેહલવેહલા તેઓ બાહેર પડેઆ તે વાતને આજે ૫૧ વરસ વહી ગયાંછે, તોપણ એવાંતો મજબુત પાયાના ખાતાં સંગાથે તેઓનો સંબંધ જોડાએઓ હતો કે તે વીશેની યાદી કોઈ કાલેબી આપણથી ભુલાઈ જવાશે નહીં, તેવું એક અતી ઉપીયોગી કાંમ, તે આપણી તરફ પરકાશી રહેલી હવડાંની "એલ-ફીનસટન હાઈસ્કુલ"નું હમો કહીએછે, જે પેહેલવેહેલું "નેટીવ એદીઉકેસન સોસાઇટી"ને નામે સંવત ૧૮૭૮ ના શાકે ૧૭૪૪ ના ભાદુરવા સુદી ૫ ને બુધવારથી, પેહેલે વાંગેના હીંદુઓ, મુસલમીનો તથા પારશીઓ મલી જણ ૧૨ ના આસરાથી ચાલુ થયું હતું. આ કામમાં મરહુમ શેઠ ફરાંમજી કાવસજી બનાજીની સંગાથે સામેલ રહીને જગનનાથ શેઠ, બીજા કારોબારીઓ કરતાં વધારે આગેવાંની કરવામાં મુખીય હતા અને કેલવણીના કીરણો જેમ જેમ ફેલાવો પાંમેઆં તેમ તેણાનો સંબંધ જાથુક એવોતો જોડાઈ રહેઓ હતો કે તે બાબેની રૂડી સોચના એ સાહેબે પોતીકી હઈઆતીની છેલ્લી ઘડીસુધી તાંહાંથી ખીશેડી નોહતી.

ઉપલાં કેલવણી ખાતાંનાં સંબંધમાં "સ્કુલ બુક સોસાએટી" નામની એક મંડલી સંવત ૧૮૮૦ ના શાકે ૧૭૪૬ મા નામદાર સરકારની સાહેતાથી જે અતરે ઉભી થઈ હતી, તેમાં પણ આ સકલગુણી નાહાનાશેઠ એક માનવંતા સભાસદ દાખલ બીરાજવા લાગા, ને તેથી કરી એ ખાતાંનેબી સારો આસરો એવણથી સદા મલેઆ કીધો હતો.

આ શેઠની કાબેલીએતનો પરકાસ એટલો તો ચમકવા લાગો કે પાદસાહી ફરમાનની સતાથી હીંઆંની માજી સુપરીમ કોરટ ખાતે ફોજદારી મુકદમાઓ ચાલતી વખતે પીટીટજુરીમાં બેસવા માટે જારે શેહેરના શેઠીઆઓને સંવત ૧૮૮૪ ના શાકે ૧૭૫૦ ના વઇસાખ સુદી ૧૧ ને સુકરવારથી પેહલવેહલા દાખલ કીધા તારે તેની સંફમાં આ નાહાનાશેઠનેબી નામદાર સરકારે સામેલ કીધા હતા.

આ વાતબી કવચીત ભુલવી નહીં જોઇએ કે આપણી વસતીમો વખણાઈ ગએલો પરજાહીતુ ગવરનર નામદાર માંઊંનટ સ્ટુઅરટ એલફીનસટનના ભલાં

કાંમોની યાદગારી માટે કેલવણીની બાબદમાં તે માનવંતા હાકેમને નામે પરજા તરફથી ઉભી થએલી થાપણના ટરસતી દાખલ એ સાહેબ પોતાના મરણની છેલ્લી ઘડીસુધી કાએમ રહેલા હતા, અને તેટલા વખતમાં સરવેથી સરસ રીતની ચાલાકી દેખાડીને તે ખાતાંનો લાભકારક વહીવટ બજાવેઆમા કશી ખાંમી રાખી નોહતી.

હેબીઅસકારપસના પાદસાહી હોકમનામાની સાંમણે આપણા માજી ગવરનર સર જાંન મલકમે ઉઠાવેલી દુખ ભરેલી ભાંજગડને ભોગે ચહડેલા તે વખતના સુધા અને સવતંતર નેઆએધીસ સર જાંન પીતર ગરાંટને તેના પવીતર ઓહધા ઉપરથી બરતરફી મલેઆ વીશેની ખબર જારે પરજામો ફેલાઈ તારે સુપરીમ કોરટના અદલ ઇનસાફથી સરવે દેશીઓને જે છુટાપણું મલેલ તેની સોચના હઈડે ધરી, તે નામદાર જડજની રવાંનગી ટાંકણે, તેના અપખસપાતી ઇનસાફની યાદીમાં, જે માંનપતર સઘલા દેશી રેહેવાશીઆએ એનાએત કીધું હતું તેની આગેવાંણીબી આએજ આપણા સુરા નર નાહાનાશેઠે અંગેજી લઇને તે બાબેની એક દબદબા ભરેલી માહભારત સભા સંવત ૧૮૮૬ ના શાકે ૧૭૫૨ ના ભાદુરવા વદી ૮ ને સુકરવારે ભેગી કરવા માટે, બીજા શેઠીઆઓને પોતાની સંગાથે સાંમેલ કીધા હતા; અને તે વલી એવી સંનતલેસથી, કે અદાલતના એક સુધા જડજને જેવું ઓતમ માન મલેલ તેવીજ હોરમત નામદાર સરકારનીબી જાલવવામો અછી કાબેલીએત વાપરી હતી; અને તેથી કરી નહી ગવરનરનો, કે ના તેની સરકારનો કશોએ ઓફ પોતાને આંગે લાગવા દીવો.

ઇનિસાફના બાબમાં શેહરના કેટલાક શેઠીઆઓની રૂડી વરતણુક વખણાએઆ ઉપરથી તેઓને જારે ગરાંડ જુરીના અધીકારીઓ ઠેડવેઆ તારે તેમાંબી પેહલવેહલો ભાગ લેનાર આએ શેઠ જગંનાથજી જણાએઆ, અને તેની ખુબીથી સંવત ૧૮૮૯ ના શાકે ૧૭૫૫ ના આસાડ વદી ૩ ને વાર સુકરેથી બીરાજવા લાગા હતા; જે વાતને આડેક મહીના પસાર થયા તેટલાં નામદાર મરહુમ રાજા ઉલીએમ ચોથાની હુકમતના તરીજા ધારા મુજબ, મુંબઇના ગવરનરની કાંઉનશીલે, ઇસવી સને ૧૮૩૪ ના જાનેવારીની ૨૯ મી તારીએ, સતા ભરેલ જાહેરનામું પરશીધ કરીને, ગરાંડજુરીના સઘલા દેશી સભાસદોને, સુલેહના અમલદારો, તથા પેટી સેસનની કોરટના અધીકારીઓ જે મુકરર કીધા, તેમાં પણ આ ભાએગસાલી શેઠ ભેલાઇને સંવત ૧૮૯૦ શાકે ૧૭૫૫ ના ફાગણ વદી ૯ ને શુકરવારથી સાંમેલ થયા હતા; અને તેજ દાહડાથી સઘલા શેઠીઆઓ ભેગા એવંણબી "સ્કુઆએર" ના એલકાબથી સરકારી તથા વેહવારીક સંબંધમા લખાવા લાગા હતા.

સ્ત્રી કેળવણીનાં કામને એ શેઠ અવલથીજ પસંદ કરનારુ હોવાથી, આપણી ટાપુમા પરએઆત થએલા મીશીનેરી ડાકટર જાંન વીલસનને સંવત ૧૮૯૧ ના શાકે ૧૭૫૬ મા છોકરીઓની સ્કુલ માટે પોતાને રેહેવાના મકાંન માહેલી એક અલાહેદી જગેઆ ઘણેજ સસતે ભાડે આપી હતી; તેમજ

પોતાની દીકરીઓને તેણીની જાતી ભાશામા એવીતો પુખ્ત રીતે પાહવ-રદી કરાવી હતી કે તેના બલથી તે અબલાજાદીઓ કેહય કે, ઘણું સુધ લખી તથા વાંચી સએછે. એ ઉપરાંત "સ્ટુડેંટસ લીટરેરી એંડ સાએનટીફીક સોસાએટી"ના હસતકથી સ્થાપેલી કનેઆશાળાઓને પેહલવેહલું ઉતેજન આપ-નારાઓમાં એ નાના શેઠ પણ એક માલુમ પડઆછે, એટલુંજ નહીં પણ દેશી છોકરાઓ માટે નીકલેલી નીસાલોની મદદગારીનું માનબી એનાનેજ હાંશેલ થઇઊં હતું. વલી કેટલાએક હીંદુઓના છોકરાઓ, જેઓ "ગરાંટ મેડીકાલ કાલેજ" માં તબીબપણાની તાલીમ લેવા જવાની ખાએસ રાખતા દેખા-એઆ, તેઓને પણ ઘણીવાર બનતી કોશેસથી આસરો આપી તાંહાં દાખલ કરી દીધા હતા.

પોતાના જનમારામો માતરે બેવાર મુંબઇની બાહેર મુસાફરીએ ફરવાસારૂ આ શેઠીઆએ જે મન કીધું હતું, તે કાંઇજ નહીં પણ ધરંમનીમનું હેત હઇડે ધરીને જુદી જુદી જગેઆઓની તીરથોનું પુન મેલવવા, તથા તાંહાંના લોકોના અસલી રેવાજોનું પુરાતંમપણું તપાસવા માટે તેમની ઉલટ જારે ઉસકેરાઈ તારે શ્રી પંઢરપુર અને બીજાં કેટલાંક પવીતર મકાંનોનાં મંદીરોની પેહલવેહલી ભેટ સંવત ૧૮૮૩ ના શાકે ૧૭૪૮ માં પોતે લઇ આવેઆ હતા, જે વાતને બારેક વરસ વહી ગએઆ પછે તેવીજ સુભ ધારણા પાછી ધેઆંણમા ઉતારીને બીજીવાર પોતાના કબીલાસહીત સંવત ૧૮૯૫ ના શાકે ૧૭૬૦ ના કારતકસુદી ૭ ને ગુરૂવારે શીધારેઆ હતા અને પરમેસવરે બખશેલી સંપતી પરમાણે બેહુ ટાંકણે સારો દરવીય બેરબેરાત તથા સરસોગાતમાં ખરચી આવેઆ હતા; અને એવાજ વખતપર એ સાહેબ પેસવાઇની પુરાતમ રાજધાંણીના સેહર પુણા ખાતે ગયા હતા તાંહાંબી સરકારી સરીમંતો તથા સોદાગરો વગેરેના વતણીઓની મુલાકાત લેતાં પોતાની લાએકી મુજબ મોહટું માન તેઓ પાશેથી મેલવીને અતરે પાછા પધારેઆ પછે બાહેરની કોઈબી મુસાફરીએ.આ સાહેબ ગએલા સંભ-લાએઆ નોહતા.

આપણી ટાપુખાતે કોઈ ઘણા પુરાંણા વખતથી એક નાટકસાલાનું ઘર, જેને અંગરેજીમાં "થીએટર, અથવા પલેહાઉસ" કરી કેહેય; તે કોટખાતે જાંહાં હવડાં એલફીનસતન સરકલને નાંમે ઓલખાતી એમારતો બંધાએલીછે તે માહેલા ઉતરભાગમા જુના બુમબા ખાંનાની પાશે હતું, તે મકાંન સરકારે વેચી નાખેઆથી તે વખતના અંગરેજ લોકોની ગમત લગભગ સાત વરસ સુધી તદન બંધ થાઈ પડઆનો દલગીરી ભરેઓ આવાજ આ શેઠીઆના કાંનપર પોંહચેઓ તારે, તે રમુજ આપનારાં કાંમને ઉતંમ વીચારી ગરાંટરોડના લતા તરફ પોતાની ખાલી જગેઆ હતી તે ઉપર એક નાટકસાલાની સુંદર એમારત તે વખતના ઇનજીનીઅર કપતાંન કરકસાંકના ઉપરીપણા હેઠલ સંવત ૧૮૯૮ની સાલમાં જે બંધાવી આપી, તેમા બે મતલબ હેવી સચવાઇ કે, એકતો જેની ખુટ પડી તે તતકાલ પુરાઇ, અને બીજું એ કે તે મકાંણનું ભાડું મલેઆથી તેના માલેકે રોકેલાં નાણાની તેરીખ ઉપજતી થાઇ, માટે

શોભીલા સખશોની એકેદંમ બંધ પડી ગએલી રસુજ પાછી ચાલુ કરી આપી તેની આ એક સાંરી ઇઆદગારી રહેલી માલુમ પડેછે.

રાએલ એશીઆટીક શોસાઇટી નામની એક માંનવંતી માહભારત મંડલી જે લંડનખાતે ચાલુછે તેનાં સંબંધમા અતરે ઉભી થાએલી સાખામધે આગલા દાહાડાઓ ઉપર કોઈબી દેશીને સાંમેલ કરવાનું જેઓ નાપાડતા હતા, તેઓએ જારે દેશીઓની ખુબીને પરકાસતી જોઈ તારે તેટલી અડચણને પોતાની મેલે સદનતર ટાલી નાખીને પેહલે વાંગેના પરમાંણીક પુરૂશોને દાખલ કરવાનો જે ઘેડાવ એ મંડલી વચે બાહલ રાખેઓ તે મુજબ આપણા શેહરના આ સુધા શેઠીઆનેબી સંવત ૧૯૦૧ નાં શાકે ૧૭૬૬ માં સાંમેલ કરી લીધા હતા; જેની આગમજ બે દેશી ગરહસથો દાખલ થાઈ ચુકેલા હતા તેમાં એવન તરીજા અધીકારી ઠરેલા કેહવાઈને તેમની હઇઆતીના છેલ્લા વખત સુધી લાગુ રહેઆ હતા.

પરજાનો હક સંભાલનારી "બાંમબે આસોશીએસન" નામની એક જાહેર સભા, સરકાર તરફથી થતાં કાંમકાજો ઉપર નીઘેદાસતી રાખવા માટે પેહલવેહલી સંવત ૧૯૦૮ ને મુકાબલે શાકે ૧૭૭૪ મા ઉભી થઈ હતી, તેને જનમ આપનારા પીતા પણ એજ સાહેબ માલુમ પડેઆછે; તો જોકે તે સભા પાછલથી બીચારી ઘણીજ ઝુહફતી હાલતે પોંહતી તોપણ તેની આગેવાંની મરણ સુધી પોતે બીલકુલ છોડી નોહતી.

કેલવણીના કાંમની કાલજી અસલથીજ તેવણ રાખતા આવેઆ, તેની ઇઆદગારી પરજા વચે પમરતી રેહેવાના હેતુથી ગીરગાંમના રસતાપર પોતીકાં નામની "જગંનનાથ સંકરશેઠના ધરમ ખાતાંની સ્કુલ" સંવત ૧૯૦૯ ને મુકાબલે શાકે ૧૭૭૫ ની સાલમા આ સખી નરે જે ચાલુ કીધીચ, તેમાં ગરીબ માબાપના દેશી છોકરાઓ તરબીએત પાંમીને આ ધરમી દાતારના હકમાં આશીરવાદ દેતા માલુમ પડેછે; એટલુંજ નહીં પણ તે વાતને આજે વીસ વરસ વહી ગએઆં તેના દરમીઆનમાં કચ કાંઇ છોકરાઓ તેમાથી એલંમ હાંશેલ કરીને રોજીએબી લાગી ચુકાછે, માટે સરવે કરતાં આ પુણને માહભારત વીચારવું જોઇએ.

આપણા શેહર ખાતેની કેળવણીના સંબંધમા ઉભું થયલું "યુનીવરશીટી" નું મોહોટું ખાતું જે ચાલુછે, તેમાં પણ આ સખી શેઠીઆએ પોતાની ઉદારતા સમાવીને સંસકરૂતની ઉતમ વીદઆ હાંસલ કરનારાઓને માટે પોતાને નામની ૬ સકાલરશીપની ભેટ ચાલુ રાખીચ, અને તે કારણસર રૂપીઆ ચાલીસ હજારની એક મોહોટી રકમ યુનીવરસીટીને સપુરદ કરવામાં આવેલી જણાઈછે.

જેહવી કાલજી કેલવણીના બાબમાં આ સાહેબ ધરાવતા હતા, તેથી વીશેસ દએઆ દરદીઓને દવા દારૂ પોંહચતી પાડવા ઉપર રાખીને પોતીકા ત્રેકબખત મરહુમ પીતાના નામથી "સંકરશેઠ ચારીટેબલ ડીસપેનસરી" ઇઆને સંકરશેઠના ધરમખાતાંનું દવાખાનું, તારદેવ તરફ જવાના રસતાપર એ સાહેબે સંવત ૧૯૧૪ ના શાકે ૧૭૮૦ ના ભાદુરવા સુદી ૨ ને ગુરૂવારથી પોતાને ખાસ ખરચે,

સઘલી વરણના ગરીબ દરદીઓનું દુખ નીવારણ કરવા માટે, ડાકટર સાંમરાવ નારાએણના ઉપરીપણા હેઠલ પેહલવેહલું જે ચાલું કીધું હતું તેનો લાભ પરમેસવરની કીરપાથી હજીતક તેહવા વેઆધી લોકો લઇને તેના સ્થાપનારના હકમો આશીરવાદ દેતા જણાએછે.

હીંદ બાતેની અંગરેજી સલતનત માજી ઇસ્ટ ઈંડીયા કુંપણીના સવાધીનમાંથી નીકલીને ઈંગલાંડના તાજને સપુરદ થઈ તારે રાજનું બંધાંણ બદલાએઆને લીધે દરેક પરેશીડેંનશી બાતે ધારા બાંધનારી જુદી જુદી સભા જે ઉભી કીધામાં આવી, તેમાં પેહલે વાંગેના અંગરેજ વેપારીઓની સાથે તેવીજ કીસંમના દેશીઓનેબી સભાસદો થેડવવાની નામદાર પારલામેંટથી મલેલી સતા મુજબ, આપણી ટાપુ બાતેની લેજીસલેટીવ કાઉનશીલ મધે, હીંદુઓની તરફના વકીલ દાખલ આએજ નરને નામદાર સરકારે પેહલવેહલા ચુંટી કાહાડેઆ હતા; અને તેની ખુબીથી, "ધી હાંનરેબલ" નો નાંમીચો એલકાબ ધારણ કરીને, સંવત ૧૯૧૮ ના શાકે ૧૭૮૩ ના પોસ વદી ૭ ને બુધવારથી, કાંઉનશીલમાં પરજાનો હક સંભાલનારા એક માંનવંતા સભાસદ તરીકે, બીરાજવા લાગા; જાંહાં હરેક બાબદમાં પોતાના પુખત અને ઉમદા વીચારો સઘલા સભાસદોની હજુર એવાતો બાહલ રેહતા કે તેઓની આ શેવા સરકાર તથા પરજાને વારમવાર ઘણીજ કીંમતી થએલી જણાઈ હતી; અને તેટલા માટે જારે પેહલી ગોઠવણની બાંધેલી હધ મુજબ બે વરસની મુદત પુરી થઈ તારે બીજી મરતબે તેજ કાંઉનશીલ બાતે સંવત ૧૯૨૦ ના શાકે ૧૭૮૫ ના પોસ સુદી ૮ ને સનીવારે એજ હાંનરેબલ સાહેબને પસંદ કરી પાછા ચુંટી કાહાડેઆ, તે પવીતર જગેઆ પોતાના મરણસુધી મોહોટી હોરમત સાથે જાલવી રાખી હતી.

જેવી રીતે બીચારા હોરાજીઓ ઉપર કછ બાતે ઘોડે બેશી ફરવામા હીંદુ માહાજન તરફની સકત મનાઇ હતી, તેવોજ જુલમાંત કેહચ કે પોરટુગીસ સંસથાનના ગોવા બાતેના રેહવાશી રથકાર સોનાર જાતના હીંદુઓને પાલખીએ બેશીને મસાલો સાથે રસતે ફરવાના અટકાવમા હજીતક રહેલોછે. એ વાત જારે આ માનવંતા શેઠના કાંન ઉપર આવી તારે તે ગનાતના એક વડા તરીકે પોરટુગીસના રાજા ઉપર એક અરજી કરી મોકલાવી હતી, અને તેનો જવાબ જોકે તેઓની તરફેણમાં તાંહાંથી ફરી વલેઓ, તે છતાંપણ એ અંધેર રાજના એંટાલ અમલદારોએ કોણ જાંણે તે સતા ભરેલો ફરમાંન કહે ખુણે દાબી રાખેઓ તેનો કશો થાગ આ હાંનરેબલ શેઠના મરણની છેલ્લી ઘડીસુધી નીવરેઓ નહીં; અને તેથી કરી બીચારા રથકારો ઉપરની જાલમી મનાઇ જેમની તેમજ રહેલી સંભલાએછે. જો કદાપી એ સાહેબની હઈઆતી એટલી તાકીદ બતમ થઇ ન હોત તો માથે ઉઠાવેલું આ કાંમબી હરેક તરદુદ બનાવીને પાર ઉતારી આપવાથી તેવણ કવચીત પછાત રેહેતે નહીં.

પરજાના પઈસાથી આપણી તરફ બનાવેલો ચીચપોકલી બાતે "વીકટોરીઆ તથા આલબરટ ગારડન" નામનો બગીચો જે સંવત ૧૯૧૯ ના કારતક વદી ૧૩ ને બુધવારે ખુલ્લો મેલવામા આવેઓ, અને તેજ વખતે તેની અંદર

(હવડાંજ બંધાઇને તઇઆર થાએલી) સંઘરહસથાન માટેની એમારત જેને મીઉઝીએમ કરી કેહછે, તેનો પાએઓ જારે નખાએઓ તારે તે બાબે થાએલાં જાહેર હુઘરાંણાંની ટીપમાં આ શેઠે ૩૨૫૦૦૦) ની સખાવત કીધેલી સંભલાઇછે.

આપણા આ નાહાંનાશેઠે તેમની જીંદગીમાં પછે શું જાહેરાંત, અથવા ખાંનગીરીતે બજાવેલાં કાંમો જોકે અતી ઉપીઓગી, તથા ઘણાજ ફાએદાકારક જણાઈ ચુકાંછે, તોપણ એક બાબદમાં જે માહભારત પુણનુ કાંમ પોતાની ભલી કોશેસ અને રૂડી વરતણુકથી પાર ઉતારી આપેઉં હતું તેબાબે હીંદુઓ, મુસલમીનો તથા પારશીઓનો આઓ ટોલો આ સાહેબના ઉપકારમાં એટલોતો આવેઓચ કે તેના બદલામા એ તરણે વરણના દરએકજણ તેઓની ઇઆદ- ગારીનુ જેખી કરવા ચાહેતો તે ખચીત કરીને થોડુંજ થાએલું કેહવાએઆવીના રેહજ નહીં, કારણ કે શેહર સુધરાઈ ખાતાંના કેટલાક અંગરેજ અંમલદારોની ઉસકેરણીથી આપણા સતાવાલાઓએ મસાંણો, કબરસતાંણો, અને દોખમાઓની એકાંત જગેઆઓ, જે થોડી વસતીવાલી આપણી મુંબઇ જારે ઉજડજેવી હતી તારથી, તેઓનાવપરાસ સારૂં કાએમ રહેલીછે, તે હાલની વસતીના વધારાને લીધે સુખસાંતીના બાબમાં હરકત પુગાડનારછે એવું બાંહાંનું વચે લાવીને તાંહાંથી તે મકાંનોખીશેડી નાખવાના ઉપાએ લેવા માંડઆ, તે વખતે કેહચકે સદર અદાલત ખાતેનાં કોઈ હીંદુ સાસ્ત્રીએ યાતો ધરંમ સંબંધી ટુકી સહમજ ધરાવેઆથી, અથવા તો સતાલાવાઓને રાજી રાખવાની મકસદથી હીંદુઓનાં મુડદાંઓ દુર કાહાડવાની તરફેણ ફતવો આપતાં હેવી દલીલ દેખાડી હતી કે મુએલી લાથને લઈજવા માટે જે ગાડી બનાવે, અને તેના તલીઆંમા જડાએલાં પાટીઆંની ઉપર છાએનો કોબો કરી લીધેલો હોએતો પછે તે બાબેની કાંઇજ હરકત નડે નહીં. આ બાબદ કાંઉનશીલમાં જારે રજુ થાઈ તારે ઉપર જણાવેલી સગલી એકાંત જગાઓની વીરૂધ બોલનારાઓની સાહમણે કોઈજ નહીં પણ આ શુરા નાહના- શેઠે ઘણીજ બલતવારીથી માકુલ દાખલા આપીને સભાસદોને હેવુ દેખાડઉં હતું કે એ એકાંત જગેઆઓથી કોઇના જીવનેતો શું, પણ શુખાકારીનેબી કાંઇજ હરકત પોંહચતી નથી; અને તે સાથે દેશીઓની લાસને તેઓનીજ કોમવાલાઓએ ખાંધે ઊંચલીને લઇ જવાનું ફરમાન દરએકના સાસ્ત્રમા આ- વેલુંછે, તે બાબેની જારે પુરતી સહમજ પોતે આગલ રહીને આપી તારેજ આપણા સરવે દરબારીઓની મનપતીજ થાઇ, અને તે ઉપરથી તાર પછે એ- બીલા ઈસાઈ કોમના લોકોને માટેની આગલી જગેઆઓ બંધ પાડીને દુરની જગેઆ ઠેડવતાં તકરારમાં પડેલાં મકાંનો તેઓની અસલી જગેઆપર જે કાએમ રહેઆં, અને જેને આપરે હવડાં સંતોસથી જોઇએચ તે રૂડાંવાના ફરીથીબી કહી સખીએચ કે કોઇનાજ નહીં, પણ આપણા આ મરહુમ શેઠ જગનનાથજીની કીરતીના વખણાએઆંછે, અને તેની ફતેહ ભરેલી નીસાંણીમાં એટલી ઇઆદગારીને હીંઆ ખુશી સાથે નોધી રાખાએછે.

પોતાની જીંદગીનો પોંણો ભાગ આ સરીમંત શેઠીઆએ સઘલી કીસમના જાહેર કાંમો માટે રોકીને સરકાર તથા પરજાની ખાતેરી ભરેલી શેવા બીનગરજે

બજાવેઆનો બદલો કોઇ ઓતંમ ઉપાએની ઇઆદગારીથી વાલી આપવાનો હેતુ ધુંછીને સરવે વરગના અંગરેજ તથા દેશી ગરહસથોની એખીઠી મલલી એક મંડલીએ, તે વખતના આપરા સરીફ ડાકટર બરડઉદ ઉપર, ટાંઉન હાલ મધે જાહેર સભા બોલાવવા બાબે જે અરજ ગુજારી હતી, તે મુજબ સંવત ૧૯૨૦ ના શાકે ૧૭૮૫ ના માહા શુદી ૧ ને બુધવારે હાજર રેહવાનાં નોતરાં વરતમાંન પતરોની મારફતે ફરેઆં હતાં, જેને માંન આપીને નાંહના મોહટા મલી ઘણાક સખશો ડેઉવેલે વખતે બીરાજીને તાંહાંનું પાદશાહી દેવાંણખાનું શોભા ભરેઊં દીપાવેઊં હતું, પણ તેમાં એક કાલી વાદલીએ થોડીક ઝાંહાંખ પાડેલી જે દેખાઈ હતી તેની નોંધ લેતાં અતીઅંત દલગીરી ઉપજેછે કે, ટુકી સહમજનાં કેટલાક ચીબાવલા અંગરેજોએ બોલવામા ઘટતી સંભાલ નહી લીધાથી થોડાકવાર સમાંધાણીમા બેજાલત પડેલી જણાઇ હતી, તેહવી ચાલ કદાપી કોઇ દેસીએ તાંહાં ચલાવી હોતતો તેને તોડી પાડવા અથવા ધીકારી કાહડવામા ઘણાક અંગરેજો તતકાલ ઉતરી પડતે, પણ હાવા લોકોને વાસતે તેઓ જારે અખાડા કરી ગએઆ, તારે એક શુરા પારસી ગરહસથે, તેઓએ નાંખેલી ભાંજગડનો સભીઅતાથી સારો સવાદ ચખાડેઓ હતો તેજ વાત સંતોસ પમાંડનારી માલુંમ પડીછે.

સભા જારે ભેગી થાઈ તારે તેના સરનસીનનું ઊંમદા માંન સરવેનાં એક વીચારથી આપણા બીજા બારોનેટ સર જંમશેદજીને આપવામો આવેઊં હતું, અને તેનાએ તે કબુલ રાખેઆના ઉપકારમો એક સુભાખીત ભાસાંન કીધા પછે આ મરહુમ શેઠ જે તે વખતપર પુર તંદરોસતી સાથે હઈઆત હતા તેમનું સંગેમરમરનું એક સુંદર બાહવલું બનવાવી મંગાવીને આ શેહરના કોઈ જાહેર મકાંનમા ગોઠવી બેસાડવાની દરખાસતો થાઈ, જે ઘણીજ ભાંજગડો ઉડેઆ પછે વધુ મતથી અંતે બાહાલ રહી હતી. એજ બાબદમા ઉપર જણાવેઆ પરમાંણે ચીબાવલાપણું કરનારાઓ માહેલા એક બારીસતર અને બીજો સખસ વરતમાન પતરનો અધીપતી મલી બે જણાઓ બાહવલાંની વીરૂધમાં બોલતાં જારે ઘણા આડા ફાટા તારે તેઓની હુલેરાઈનો જવાબ મી૰ હોરમજજી દાદાભાઇ પટીડરે ડાહાપણની રાહે આપીને સભાનું સાંણ સારી રવેશે જાલવેઊં હતું.

ઉપલાં કારણ માટે સભાની અંદર ફરતી કીધેલી હુંધરાંણાની ટીપમા સભાસદોએ સઘલા મલીને રૂ૨૫૦૦૦) ભરેઆ હતા અને તેપછે સાબાસીના પેહલા તરણ પોકારો નામદાર સરનસીન સર જંમશેદજી જીજીભાઈ બારોનેટને વાસતે, અને તારપછેનાં તેટલાંજ હાંનરેબલ શેઠ જગણનાથ સંકરશેઠની ખુસાલીના પોકારોથી મુબારકબાદી જણાવી સરવે પોતપોતાને થાંમે સીધારેઆ હતા.

ઉપલી ગોઠવણ મુજબ બાહાવલું તઈઆર થઇને આવેઆથી વાકટોરીઆ તથા આલબરટ મીઉઝીએમ અને ગારડનવાલી રલીઆંમની જગેઆના ચોકમા મેલવાનો વીચાર, અવલ ભરાએલી સભામાં થએઓ હતો, પણ પાછલથી તે વાત ફેરવીને ટાઉન હાલમા બીરાજતું કરવાની જારે ઉલટ ઉસકેરાઇ, અને તે

બાબે નામદાર ગવરનર સર શીમોર ફીટઝરલડની પરવાંનગી માંગી તારે, કેહવાને દલગીરી ઉપજેચ કે, તે સાહેબે રજા નહીં આપેઆ ઉપરથી, એ બાહાવલું તઇઆર બનીને સંવત ૧૯૨૬ ના ભાદુરવા માસમા વેલાતથી આવેલું હકબંધ પેટીની અંદર ટાંઉન હાલના એક ખુણામા જે પડી રહેલું હતું, તેને પરજાએ પસંદ કીધેલાં છેલ્લાં પાદસાહી મકાંનમા ગોઠવવાની પરવાંનગી, હાલના આપણા માનવંતા ગવરનર સર ફીલીપ ઓડહાઉસની શેઆંની સરકારે આપેઆથી, આ નામીચા નરની શોભાવંતી શીકલ, ટાંઉનહાલની લાએક જગેઆપર ખોલ્લી મેલવાની તઈઆરી થતી સંભલાએછે; માટે આસા રાખીએચ કે, આ પુસતક બાહેર પડેઆ આગમજ, આપણી પાસેથી ઓહવાઇ ગએલા મેહરબાંન મીતરનો આબેહુબ આકાર દીપતો દેખી સઘલાઓ સંતોસ પામશે.

આ હાંનરેબલ સાહેબ પેસવાઇ રાજધાંણીના પુરાતંમ પાએતખત શેહેર પુણા ખાતે પોતાનું પનોતું પગલું એકવાર મેલી આવેઆ હતા; તેની યાદગારી જીગરમાં સમાવીને રૂ ૧૫૦૦૦) ની સખાવતથી તાંહાંની નીઉતરાલ પેઠીસતાફ લાઇનથી તે છેક પારવતી સુધી એક ધોરી રસતો બાંધીને પરજાની સગવડ માટે આપણી સરકારને જે સોંફી દીધો, તે સાંભલેઆ પરમાંણે સંવત ૧૯૨૦ ના સાલથી "ધી હાંનરેબલ જગંનનાથ સંકરશેઠ રોડ" નું નામ ધારણ કરીને જાહેરમાં વપરાતો થયોછે; અને તેજ સાલમાં એ શેહર ખાતે રેલવેના મઠક આગલ બંધાએલી ધરમશાળા ઉપર એક મોહોટું ઘડીઆલ જે ગોઠવાએલું તેમાબી રૂ૩૦૦૦ બખસીંદા કરીને પોતાના નામની કીરતી છેક દખણ સુધી કાએમ રાખેલી જાંણવામા આવીછે.

રાએલ એશીઆટીક સોસાએટીની સાખા મંડલીમાં આ સાહેબ એક અધીકારી થઇઆ તારથી ધારેઆમેલે ઘણી મોહોટી મદદ આપતા આવેઆ હશે તેની યાદીવના ચોકસ સંખીઆ કહી સખતા નથી પણ તે ખાતાંનાં સંબંધમા જે વાંચણશાળા સ્થપાએલીછે તેમાં ઘણાજ કીમતી પુસતકોનો સંઘરહ કરી રાખવા માટે સંવત ૧૯૨૧ ના સાલમાં રૂ૫૦૦૦ તેનાએ આપેઆ હતા.

એ ઉપરાંત ઘણેક ઠેકાંણે આ મરહુમ શેઠીઆએ તથા તેમના પીતાએ જે ધરમશાળાઓ બંધાવી આપેલીછે તે ઉપરની લાગટનો હસાબ તો જોકે દરોબસત મલેઓ નથી, તોપણ અટકલથી એવું કેહવાએચ કે લગભગ દોહડેક લાખ રૂપીઆ ખરચાએઆ હશે; અને તે ધરમશાળાઓ માતરે હીંદુઓનાજ ઉપીયોગમાં આવી શકે તેવી બંધાએલી સંભલાએછે.

આપણી ટાપુના કોઇબી જાહેર મકાંનો કે ટાઉનહાલના દીવાંનખાંણામાં જેબી જાહેર બાબદની સભાઓ ભરાઈ હશે તાંહાં જારે જોઇએ તારે તેમાં હાંનરેબલ જગંનનાથ સંકરશેઠ હાજર થએલાને થએલાજ હોય, એટલુંજ નહીં પણ ઘણીવારતો પરમુખની પેહેલી ખુરશીએ બીરાજીને સભાઓનું અતી મોહટું માંન મેલવતા હતા; તે કાંઇ દેખાવ માટે નહીં પણ પરમાંણીકપણાથી પરજા ઉપીયોગી બાબદો ઉપર દાખલા દલીલોની રાહે અછી તકરારો ચલાવીને પોતાનું સભીઅતા, તથા સવતંતરપણું આસકાર કરતા હતા; અને સેહર સુધરાઇની

બાબદસર કેટલીકવાર પરજા ઉપર આવી પડેલા જુલમાતનો અટકાવ એજ સાહેબની હીમાએતથી હંમેસાં થતો હતો; જે બાબે મુંબઇની આખી વસતી એ મરહુમ શેઠને આજે ઇઆદ કરતી દેખાએછે કે તેવણ જો હઇઆત હોતતો મીઉનીશીપાલીટીના જાલમી કરની જુહસરીમા ગરીબોની ગરદન છેક ચંપાતેજ નહીં. પણ પરજાના ઘણાજ માઠા ભાએગ કે હાવો સુધો, સાચો, સતવચની અને સતવાદી શેઠીઓ હાવી હાવી આપદાઓ આવી પોંહચે તે આગમજ માતરે પાંચેક દીવસ સુધા તાવની શેહેજ બીમારી ભોગવીને સંવન ૧૯૨૧ ના શાકે ૧૭૮૭ ના સરાવણ સુદી ૮ ને સોમવારની સાંહાંજરે ઉપર જણાવેઆ મુજબના સઘલા ઓહધાઓની સુધંધી હીંઆં પમરતી રાખીને ઊંમરના વરસ ૬૧ મહીના ૫ અને દાહાડા ૧૧ પુરા કીધા પછે કઈલાસવાશી થયા, તે વાતને જોકે આઠ વરસ વહી ગયાં તોપણ તે સાહેબનાં નેકનાંમી ભરેઆં રૂડાં કાંમોની કીરતી જેમ કોઈ ભુલતું નથી તેમજ તેના જેહેવો કોઈ બીજો સુરો નર ગરીબ પરજાનું રખસણ કરવા માટે પરએઆત થાય તાંહાંસુધી કોઈથી કવચીત ભુલાશેજ નહીં.

આ શેઠીઆનું મોહ્‌ત એવે વખતે નીપજેઉં હતું કે તેની ગંમખારીમાં સઘલી પરજાથી સાંમેલ રેહેવાનું તતકાલ બનેઉં નોહતું, પણ તેની બાહરવણે સુરીઅ ઉદે થયા પછેથી તે અસત પાંમતાં સુધી આપણાં શેહરે શોગ લીધો હતો તેમાં અંગરેજી વેપારીઓની આફીસો, સઘલી બેંકો ઉપરાંત દેશી વેપારીઓ તથા નાણાવટીઓની પેહેડીઓ, સઘલી કીસમના ધંધાદારીઓની દુકાંણો, જાહેર કારખાંનાઓ તથા કેળવણી ખાતાંઓ બંધ રાખવામાં કોઈએબી કાંઈજ કશુર દેખાડી નોહતી.

એ માનવંતા શેઠ, મરણની માતરે એકજ પખવાડીઉં આગમજ, બાગાએત તથા જીરાએત ખાતાંની મંડલી, જેમાં પોતે પરમુખની પદવી ધરાવતા હતા, તેમાં સઉથી છેલ્લા ખીરાજીને, તાંહાંના કાંમકાજ સંબંધી સારી ગોઠવણી કરી આવેઆ હતા, જેની યાદીમાં તેમના ગુજરેઆબાદ તે ખાતાના અધીકારીઓએ તે બાબેની નોધ લેતાં પોતાની સંકૂમાંથી એક અનમુલો મીતર જે અંચીતેઓ ખોહવાઈ ગયો તેની બેહધ ગંમખારીના વરણન સાથે એક દીલાસા ભરેઓ પતર તેમના વાહાલા દીકરા શેઠ વીનાએકરાવ ઉપર લખીને પોતાની મોહબતનો માહભારત ચાહ તેઓએ બતલાવેઓ હતો. પણ સરવે કરતાં સરસ અને ઉતંમ યાદગારી આપણી નામવર સરકારે જે જાહેર કીધી હતી, તે ઉપરથી આપણને ખચીત કરી માનવું જોઈએચ કે, આ પરોપકારી બુધીવાલા હાંનરેબલ શેઠના મરણથી પરજાએ જેમ પોતાનો પરમુખ ખોએઓ, તેમ નામદાર ગવરનરની કાંઉનશીલમાંથી એક સવતંતર અને સુધો અધીકારી ઉઠી ગયો, માટે તેની જુદાઈગીરીનું વખાનવા લાએક વરણન સરકારી ગેજેટ પતરની અંદર નામદાર ગવરનર સાહેબે છ્‌પાવીને રાજીય તરફથી ઘણી દલગીરી જણાવી હતી, તેથી તો તે મરહુમ શેઠીઆના સકરમી બેટા તથા પરીવાર ઉપરાંત પરજાને મોહોટા દીલાસાથી સંતોસ હાંશેલ થયો હતો.

શેઠ વીનાએકરાવ જગંનનાથજી.

પીતાએ રૂડી વરતણુકથી સંગરહ કીધેલા દરવીયનો મોટો ભાગ સમારગે વાપરતાં, અને કુટુંબ પરીવારો વગેરેની પરવરેશી પુરી પાડતાં બાકી રાખેલું સાચવીને તેની નેક નાંમી નીભાવનારા આ એકજ પુરા હકદાર વારેસ શેઠ વીનાએકરાવ સંવત ૧૮૮૭ ને મુકાબલે શાકે ૧૭૫૩ નાં સરાવણ સુદી ૧૪ ને રવીવારના સુભ મહુરતે મુંબઈમા જનમ પાંમી જારથી અજવાલો આવેઆચ, તારથી પરમ કુરપાલુ પરમેસવરની અપાર બખશેસ મેલવીને આપણી સાંહમને દીપતા દેખાએછે, એટલુંજ નહી પણ અતીઅંત અસીલાઈ, તથા ગંભીરાઈ પણામાં સમાઈને સારા એખલાસથી પોતાની ગણાતના જેમ વડા શેઠીઆ ગણાએઆચ તેમજ સઘલી વરણના લોકોની સંકમા પેહલા વરગનુ ઊંમદા માંનબી મેલવતા રેહછે, તો જોકે બાપના મરણ પછે જાહેરાંતના ઘણાંક કાંમોમા પરોટાઇ પડલા જણાએઆ છતાં પણ તેમના જેહવી કીરતીના રોસણ નશીબાને પોંહચવામા હજી કોઇ મુદતની વકી એટલા માટે રાખવી પડછે કે, પુરથવીના એકથી તે બીજા છેડાસુધી પરએઆત થાએલો સેરસતાના દેવાંણા પનાનો જેહરી પવણ આ શેહરમા પુરજોસથી ફેલાએઓ હતો, તેની જીઆં-કાર ઝહડફ સાંભલેઆ પરમાંણે તેવન ઉપરબી હેવીતો ચોંટી બેઠી હતી કે, તેના ગુચવારામાંથી સફાઈ પાંમવાના સાહુચેતી ભરેઆ બનતા ઉપાએઓ લીધાછતાં આ આપણાં ગંભીર શેઠીઆ પાશેની પુંજીનો ઘણો મોહોટો ભાગ ઘશેડાઇ ગએઓ, તે વાત જાંણેઆથી ખરેખરી દલગીરી ઉપજાવતી વેલા શાબાસી ભરેઆ સરોદથી આટલુંતો કહી સખીએચ કે જે પીડા આવી, તેને સંતોસપણાની હીંમતે બનતાં સુધી ઘણી બરી પોતા ઉપર વલગવા નહીં દેતાં મનની ચંચલાઈ, સાથે નીતીપણું સાચવીને પોતાના વડવાઓની કીરતી સંભાલી બેઠેલા દેખાએછે, અને તેટલીજ રોકાંણમાં ઘણું સુધી રહેઆને લીધે પરજા ઉપીઓગીના કોઈબી માહભારત કાંમો તેવણથી કદાપી પાર ઉતરાઇ સકાએઆં ન હોએ તો તેટલા માટે હવે પછેની તેહવી રૂડી આશેઆ ઉપર આધાર પકડી આપણને થોભવું જોઇએ.

આપણા આ જવાંન શેહરી મીતરનાં જીગરમાં પોતીકા મરહુમ પીતા-નેજ મલતી રેહમદીલી હેવીતો અસરકારક ઢશેલી કેહવાએચ કે, કોઈબી સખસનુ કાંઈ કાંમકાજ તેમને આસરે જો જઈ પડઊ હોએચ તો, તે બજાવી આપવામાં ઘણી સારી કોશેસ કરવાનુ દીલ દેખાડીને તેટલાં કારણોથી ઘણા જણાઓનો પેઆર પોતા ઉપર ખેંચી લેવાની કશુર રાખતા નથી, માટે એવા મેહરબાંન મીતરની મુલાકાત જેબી કોઇ લેવા ચાહશે તેજ તેની કદરને અછી રીતે બુજી સખશે.

આ શેઠીઆ જેમ સુલેહના અમલદારછે, તેમ કેટલીક સનસારી, સરાફી તથા સોદાગરી ખાતાંની મંડલીઓમા બીજા સદગુણી ગરહસથોની સંગાથે સાં-મેલ રહીને તેનો ખાસ અધીકારબી બજાવતા માલુમ પડેછે. પરજાનો હક

સંભાલનારી "બાંમબે આસોસીએસન" નામની સભાનો જારે પેહલવેહલો પરારંભ હીંઆં ઉભો થયો તારથી તે કોકસંજોગે બંધ પડી તાંહાંતુલીક ૧૫) વરસ વેર તેમાં સેકરેટેરીનું કાંમ સારી રવેશે આ સાહેબે બજાવેલ હતું; અને તારબાદ આગલીજ ધોરણપર એ સભા સંવત ૧૯૨૪ ની સરૂઆતમાં પાછી સજીવન થઈચ, તારથી તેણા નામેબે સરનશીનનો એોહધો સભાસદોના એકમતથી તેણાને જે એનાએત થયોચ તેપણ માનસહીત સાચવી રાખેલો સંભલાએછે.

મરહુમ શેઠ જગંનનાથજીને કઈલાસવાસ થયાને આઠ વરસ વહી ગએઆં તેટલા અરસામા આ શેઠીઆબી બનેઆંચ તેટલાં સખાવતના કાંમે કરી ચુકાચ, અને તેવીજ સુભ નેમપર સાબેત કદમ રહેલા જોકે માલુમ પડેછે, પણ તેવી વાત બાહાજી જાહેરમાં નહીં આવેઆને લીધે તેની એકંદર સંખીઆનો સરવાલો હીંઆં સમાવવાને હમો અસકત હોવા છતાં સાંભલેઆ મુજબ આટલું તો કેહવા માંગીએચ કે પચાશેક હજારથી ઓછાતો નહીંજ હશે અને પરમેસવર તેમની જીંદગીને લાંમબી મુદત સુધી જાલવશે તો એ કરતાં હજી બીજી વધારે સખાવત થવાની ઉંમેદ રેહવી જોઈએ.

આ સકરમી શેઠીઆને તાંહાં ચાર બેટાઓની હસતી થએલી કેહવાઈ, પણ તેઓ માહેલા પેહલા, બીજા, અને તરીજા પુતરો અઢાર, નવ અને આઠ મહીનાની ટુક ઉંમર ભોગવીને એકકની પુઠે દેવગત પોંહચી ગયા, અને ચોથો દીકરો જે પાછલથી સંવત ૧૯૨૫ ના શાકે ૧૭૯૧ ના અસાડ સુદી ૧૫ ને સુકરવારે જનમેઓચ, તેજ માતરે પરમેસવરના રખસણપનામા સચવાઈ રહેલો સંભલાએછે, માટે સંકરશેઠની સાથે તેમની પુનવંતી ધણીઆંણી ભવાંણીબાઈના નામને જોડી લઇને ઉધરતા આ બાલવએના ભવાંણીસંકરને તેમના વડા દાદા જેટલી ઉંમરે પોંહચવા સાથે નામવરી મેલવવાની સરજત તે જગત કીરતારથી ચાહીને આ નાંમીચાં કુટંબની જીંદગીનો અહેવાલ હીંઆં સમાપત કરીએછે.

શેઠ મોતીસાહની ઊતપંતી બાબે.

સરાવક ગંણાતના આ સકરમી શેઠીઆની કીરતીને મુંબઇની વસતીના પુરાતંમ લોકો જોકે હજીતક ભુલતાતો નહીંજ હશે, તોપણ તે પછેની અઓલાદમા તેજ મીસાલે પરકાસતી રેહવાના હેતુથી તેમના નેક નામની ઇઆદી હીંઆં નોધી લઈએછે.

ખબર મેલવતાં માલુમ પડઉંચ કે, આ સકરમી શેઠના બાવા શા૦ અમીચંદ સાકરચંદ ગુજરાત પરાંતના શેહર ખંભાએતમા અસલ રેહતા હતા, તાંહાંથી સંવત ૧૮૧૪ ની સાલમા પેહલવેહલા મુંબઈ આવેઆ તારે તેમની વએ માંતરે ૧૩ વરસને આસરેની હતી. મુફલેશીને લીધે બચપણથીજ મેહેનતના રોટલા શોધવાની શોચણા રાખી કોઈ ઝહવેરીને તાંહાં ચાકરી રહેઆ, જાંહાં સાતેક વરસમા મનની ચંચલાઇથી સારી રીતે માહીતી મેલવીને પોતે

ઝહવેરીનો ધંધો કરવા લાગા, અને તાંહાંથી સરવે ઠેકાંણે ઓલખાંણ પારતાં વાડીઆજીના નાંમીચાં ખાનદાંનમા પોતાનો પગ હેવોતો પેસારી લીધો કે, અરસપરસના વેહવારથી થોડીજ મુદતમા અમીચંદ શેઠ વેપારીની સંકમા ભેલાઈ બેઠા. એ શેઠને ઘેરે બે દીકરીઓ ઉપરાંત પાછલથી તરણ દીકરાઓ મલીને સઘલાં પાંચ ફરજંદો થએઆં, તેમા દીકરીઓના જનમની ઈઆ[illegible]ી હાથ આવી નહી પણ દીકરાઓમા વડા નેમચંદ સંવત ૧૮૩૪ મા, વચલા[illegible] આ મોતીસાહ શેઠ ૧૮૩૮ મા, અને નાંધલા દેવચંદ ૧૮૪૦ મા અ[illegible]તરેલા સંભલાએઆછે.

અમીચંદશેઠ, કેહચ કે, કરજદાર થાઈને જારે કઈલાસવાસ[illegible] થએઆ તારે ઘર કુટંબનો સરવે બોજો તેમના વડા દીકરા નેમચંદને માથે જે[illegible] તેને સંભાલી લેવાનો કાંઈબી સંજોગ બનાવવાની ફરજ તેની ઉ[illegible]લધાઈ પડીઓ, કે બાપનો વેપાર તો દેણદારીને લીધે પરથમથીજ બંધ હતો ત[illegible]મર ઉતરી, કારણ શેઠ હોરમજજી બમનજીને ઘેરના દલાલ થએઆ, અને તેન[illegible]થી વાડીઆજી સાંટપણુ સાચવીને સંસાર ચલાવતાં વખતે જારે સારી વલ[illegible]ી કમાંણીમાથી નીતી ભરેલો થોડાક રોજગાર રચાવીને તેની બ[illegible]ણુ દેખાડી તારે શુખી પણ થએઆ હતા.[illegible]રકતથી પાંચ પઈશે પાછા

મરહુમ શેઠ અમી[illegible] તે જેમ પો[illegible]ચંદની રૂપબાઈ નામે એક સકલગુણી બાએડી હતી, સંપજ[illegible]તાના ભરતારની હઈઆતીમાં, તેમજ તેના મરણ પછે ઘર સંસારની [illegible]પરીવારમા ઘણાજ ડાહપણથી સાચવતી હતી તેથી તે બાઈ ઘણીજ ભાએગસાલી કેહવાઈ, અને તેજ માવતરની રૂડી સલાહથી નેમચંદસાહ ચાલેઆ કીધા તો શેહજ વખતમા પોતાની નાતના એક શેઠીઆબી ગણાએઆ, પણ અફશોસ કે, તે બીચારાની હઈઆતીએ જાહજોવાર નહી નીભાવેઆને લીધે સંવત ૧૮૬૯ ની સાલમા ૩૫ વરસની ઊંમરે પોંહચવા ટાંકણે કેટલાંક રૂડાં કાંમ ઉઠાવી લેવાની ઉમેદ પુરી પાડઆવતા ભર જુવાંણીમા મરણ પામેઆ, અને તેની પુઠે તેજ સાલમા બીજાં તરણ અતલગાંઓએ કુદરતી મોહોતથી ભોગ આપેઓ તેઓમા એક તો તેમની મા રૂપબાઈ, બીજો તેમનો નાંધલો ભાઈ દેવચંદ, અને તરીજો ગુલાબચંદ નાંમનો વડો દીકરો જણાએઓછે. પણ નેમચંદના નાધલા દીકરા વીશેની કાંઈજ હકીકત નહીં મલીઆને લીધે તેની નોધ અજવાલે આવતી અટકીછે.

જોકે નેમચંદ ગુજરેઆ તારે આ સકરમી શેઠ મોતીસાહ ૩૧ વરસની વએ પોંહચેલા હતા, તોપણ તેવનથી પોતાના મરહુમ ભાઇના જેહવી ચાલાકી કદાચજ વપડાઈ સખવા જેવી જમાણત તે વેલા કોઈજ આપતું નોહતું, તે વાત શેહજ વખતમા આ શેઠીઆએ સુગે મોહડે હેવીતો દેખાડી દીધી કે, પોતાની ઉપર જારે બટલો આવી પડીઓ તારે ગંભીરાઇથી તેને ઊંચકી લઇને થોડાજ મહીનામા આખી મુંબઇને પોતે પસંદ પડતા થએઆ, કેમકે સંવત ૧૮૭૫ ના સાલ સુધી લગભગ ૭ વરસના ટુક અરસામા ચીનના બોહોલા રોજગાર માટે તરણ ડોલી મોટાં વાંહાંણો પોતાની ખાસ પુંજીમાથી ખરીદીને

વેપારને વધારી મેલ્યો હતો, જેમા એકતો દમનખાતે બંધાએલુ ટન ૪૩૦ નુ "કોાણડ-દે-રીઓ પારડો" બીજું સુરતમા બંધાએલું સાહ ચલેબીવાલાનુ ટન ૬૬૭ નુ "કારણ વાલીસ" અને તરીજી સકુનર "સઈએડબાન" હતી, જે પછે મુંબઈની ગોદીમા સકુનર "લેડી ગરાંટ," બરીગ "મોતીચંદ અમીચંદ," તથા ચીનના કોસતાઓ ખાતે ફેરવવા માટે ૫૦ ટનની નાધલી "આમબે" નામની સકુનર બંધાવીને તે ઉપરાંત ગાંમઠી બતેલાઓ, તથા કતેમારીઓના ખુદ ધણી થાઈ પડ્યા હતા અને તે પછે વેચાએલાં વાંહાંણો નામે "હોરમજજી બમનજી" તથા "એડમાંણીસટન"બી એજ શેઠીઆએ ખરીદ કરી લીધાં હતાં.

હાવી જાહોજલાલીએ પોંહચેઆ તેની આગમજથીજ વાહાડીઆજી શેઠ હોરમજજી બમનજીનું ઘેર પરમાણીક દલાલ તરીકે સારી નીતીથી સાચવી રાખેઆના પરતાપથી આ શેઠે એવીતો હોરમત હાંશેલ કરી લીધેલી હતી કે, મજકુર વાહાડીઆજી સાહેબ જારે સંવત ૧૮૮૨ની સાલમા બેહસતનશીન થયા, તારે તેમના તરણે દીકરા નાહાની વએના હોએઆને લીધે કુટંબમા બીજા ઘણાક પોતરાઈ ભાઈઓનો વશીલો હાજર છતાં, પોતીકા વેપાર ખાતાંનો, તથા ઘેર સંસારનો બોહલો [illegible] વહીવટ આ મોતીસાહ શેઠના વીસવાસપણામા નીરભએ સોંફી ગયા હતા; જે કાંમ તેનાએ એવીતો બાહાદુરી [illegible] તથા ઈમાનદારીથી બજાવ્યા કીધું કે, જારે તે વારેસો જેમ ઉંમરે પુગેઆ [illegible] તેમ તેઓનો બાપીકો વહીવટ તેમને સપુરદ કરી મોહોટું માન મેલવેલું હતું. [illegible] તે પછેબી પોતે વઈકુંઠવાસ થયા તાંહાં તુલીક વાહાડીઆજીના ઘેરની દેખરેખ કવચીત [illegible] ભુલેઆ નોહતા; કેમકે જારથી તેમના હસતકમા વહીવટ આવેઓ તારથી દરરોજ એક ફેરો તેમને તાંહાં મારવાનો જે પથંગો પોતે પાડેલો હતો, તેજ રાબેતો વહીવટ છોડ્યા પછેબી હઈઆતીની છેલી ઘડીસુધી જારી રાખેઓ; અને તો જો કે મરહુમ વાહાડીઆજી શેઠ બમનજી હોરમજજી તે વખતપર સઘલી પરકારનું કાંમ ચલાવી સખવા લાએકના પુરવીણ હતા, તોપણ મોતીશાહની રૂડી સલાહ તો હરેક વાતમા તેવણ સદા લેતા હતા. માટે એ ઘેર સાથેનો સંબંધ અરસપરસ સંધાએલો રેહેવામા તે વખતના જવાંણ વાહાડીઆજાદાઓને અચ્છો લાભ પરાપત થતો હતો.

આ મોતીસાહના હાથમા ભાઈના મરણ પછે જેમ વખત આવતો રેહેઓ તેમ તે ઉપર તેઓએ એવાંતો પગલાં મેલવા માંડ્યાં કે, થોડીક મુદતમા મુંબઈ ખાતે વાંણીઆ માહજણની વચે એક વગવાલા મોહોટા બલવંત વેપારી તથા સાહુકારીનું માન હાંશેલ કીધું; અને તેવણની પુખત સલાહ શું યુરોપીઅનો તથા દેશી વેપારીઓને ઘણીજ કીમતી જણાવા લાગી.

મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સાથે આ શેઠને એવીતો પરીતી જોડાઈ રહી હતી કે, તે બેહુ સાહેબો જાંણે એકજ જીગરમાથી ઉતપંત થએલા હોય, તેવા એખલાસથી વેપારનું માહભારત કાંમ એકસરખા વીચારથી જે સંપુરણ રીતે તેઓ પાર ઉતારી સખતા હતા, તેનું વરણન જેટલું જણાવીએ તેટલું થોડુંજ કેહવાએ; કેમકે તે વખત ઉપર પારશીઓમાં જેમ મરહુમ બા-

રોનેટ સાહેબ, તેમજ હીંદુઓમા આ મોતીસાહ શેઠ પેહેલે વાંગેના પરમાંણીક વેપારી તથા વાંહાંણવટી ગણાતા હતા, અને તે સાહેબોના બોહલા વેપારને લીધે હજારો માણસોની રોજીબી ચાલતી હતી; તેમા નાતજાતનો કશોએ અંતરો જાણેઆવના સરવેને સરખી આંખે જોઇને મેહરબાંણ દીલથી પાલતા હતા; એટલુંજ નહીં પણ પરજા ઉપીયોગીના હરકોઇ કાંમમાબી સરવેથી પેહલા દરજાની આગેવાંની તેઓજ લેતા હતા.

સકરમી પીતાનો સપુત જાંણવો હોય તો, આ લાએકીવાલા શેઠ મોતીસાહ કરતાં બીજો ભાએગસાલી કોઇને કદાચજ મલી આવશે, અને વખતે જગમા હેવા ઘણાબી થઇ ગયા હોય તો, તે વીશેની કશીબી અભેમાંની રાખેઆ વીના જણાવીએચ કે, આ સરીમંત શેઠના બાપ જે કરજ રાખીને મરણ પાંમેઆ હતા, તેની સાથે જોકે અંગરેજી ધારા મુજબ તેણાને કશું લાગતું વલગતું નોહતું, તોપણ કુદરતથી ઉતરેલા નીતી કાએદા મુજબ, તે દેવાંનો હક અદા કરવાના હેતુથી, તે મરહુમને નામનો જુદો વેપાર પોતાના હસતકમા ચાલુ રાખેઓ હતો; જેમા સાચી દેઆંનતે સચવાએલી ધારણા જારે રૂડી પેરે પાર ઉતરી, તારે તેના વધારામાથી માંગનારાઓને ચુકવી આપી પોતાના પીતા ઉપર કજાથી ચોંટેલો દાઘ સફાઇ કીધો, અને બાકી બંચેલું નાણું ધરમખાતાંમા વાપડી દીધું; માટે હાવી એદાહેત સરવે કોઇના સકલગુણી બેટાઓને વાસતે ચાહીએચ કે, તેઓએ આ મોતીસાહને મીહીને જાહોજલાલી ભોગવવી હોએ તો તેમના હાવા રૂડા ગુણો પરથમ પકડી લેવા.

ઉપલી વાત હમોતો એક કાંહાંની જેવી જાંણતા હતા, પણ તે વીશેની ખાતરી મેલવવાનો અંચીતઓ અવકાસ જારે મી° ડોસાભાઇ હોરમજજી ડોલાખાઉ નામના એક પારસી ગરહસથની ચાકરીમાં રહીને તેમની સાથે હમો ચીન ગએઆ, તારે તેનાની આડટે આગલાં વરશોપર આ શેઠીઆના હસતકથી તેમના પીતાને નામે રકમબંધ અફીન વેચવા માટે નોધાઇ આવેલું, તેમના જુના દફતરો તપાસવાની જોગવાઈ મલેઆ ઉપરથી માલુમ પડેલઁ હતું; માટે સાંભલેલી વાત જે સખમા હતી તેની તેહકીકાતને પુરતો ટેકો મલેઓ તારે તેના આધારથી, આ શેઠની કીરતી ભરેલી એક રૂડી કેહવતને હીંઆં નોધી લીધીછે.

સકરમીપણાની સારી સોચના આ શેઠીઆએ હેવી રીતે સંઘરી રાખેલી કેહવાઇછે કે, દરરોજ સહવારને પરોહડીએ અનાજથી ભરેલો ધાતુનો એક વાટકો, અને તેની સાથે કાંઇક રૂપાંનાણાની દક્ષના હાથમા લઇને ઓટલા ઉપર આવી ઉભા રેહતા, અને તેટલાંમા જેબી બરાંહમન તેમની નજરે પડતો તેને દાંન આપીને પછે બીજે કાંમે વલગતા હતા; અને તેટલી સખાવતના પુન પરતાપથી જેમ દરવીઅની વરધી થાઇ તેમ ધરમ ખાતું વધારતા રહી દરરોજ ભીખસુખ લોકોને પેટ ભરતો અનાજબી વેહચવા માંડઓ, તેમા પાંચેક ફરાની ખેરાત અપાએઆ કરતી હતી; અને કોઈ કોઇ ગરજવંતાઓને પઇસાથીબી સંતોસ પમાડતા હતા.

આ ટાપુ ખાતે નધણીઆતાં થાઈને રહેજલતાં કુતરાંઓને કોક સબબથી મારી નાખવાનો સરકારી કાએદો લાંમબી મુદત થાઇ અમલમા આવેઆને લીધે દેશી લોકોમા જે કમકમાટ ઉપજેઆ કરતો હતો, તેના નીવારણ માટે આ ધરમાતુ શેઠીઆએ બીજા દેશી ગરહસથોની મસલતથી નામદાર સરકાર સંગાથે હેવી સહમજુતી કીધી કે, બીચારાં કુતરાંઓને મારી નખાવેઆને બદલે જીવતાં પકડી આપવાં, કે તેઓને સવાધીનમા લઇ હમારી માહજનને ખરચે ગામ બાહેર હમો મોકલી દઈએ; જે વાત સતાવાલાઓએ કબુલ રાખી તારથી તે પરાંણીઓનો ઘાત થતો બંચેઓ. પણ તે ઉપરથી આ દએઆલુ શેઠના મનમા એક શુભ વીચાર હેવો ઉતપંન થએઓ કે, હરેક જાતના પશુ તથા પખસી જાંણવરો જે અસકત હોએ તેઓને પણ એક અલાહેધાં મકાંણમા રાખીને જાથુક પાલવાં; જે વીચારને હીંદુની માહજણ સાથે પારસીના શેઠીઆઓબી જારે એક મલતા થએઆ તારે આ સરીમંત શેઠ ભેગા આપણા મરહુંમ હીંદી બારોનેટ સર જમશેદજીની રૂડી કોશેસથી સંવત ૧૮૯૦ ની સાલમાં એક પાંજરાપોલ* અતરે ઉભી થાઈ; અને તેના જાથુક નીભાવસ માટે જે લવાજમ લેતો કરવાની ગોઠવણ બંધ બેસાડી તે ઉપરાંત હીંદુઓની માહજણ તરફથી પેહલવેહલાં હુધરાંણાની મારફતે એક રાખસશી રકમ જે ભેગી કીધી તેમા આ શેઠીઆએ હેઠલ જણાવેઆ મુજબની સખાવતથી પોતાની કીરતી દીપાવી રાખીછે તેની વીગત.

હુધરાંણાની ટીપમા પોતીકા મરહુમ પીતા શેઠ અમીચંદ સાકરચંદના પુન કાજે પોતે ભરી દીધેલા રોકડા રૂપીઆ	રૂ ૧૮,૧૨૫
કાવસજી પટેલવાલી વાડી એ કારણ માટે વેચાતી આપી તે માહેલો કેટલોક ભાગ પોતે બંડી લઇને એજ ધરમખાતે બખસીંદા કીધો તેના	રૂ ૩૯,૨૨૫
એમારતોના બાંધકાંમમા ઉધરાતથી થએલી વસુલાત કરતાં વધારે ખરચાએઆ, તેબાબે વહીવટદારોના પુછાવેઆ ઉપરથી આ સખી શેઠના દીકરા શેઠ ખીમચંદ ભાઈએ પોતાની ગણાતવાલાઓ પાશેથી જોગવાઈ મલતા જમે લેવાનું કેહવડાવીને પોતાના અંગપર અંગેજી લીધા તે રકમ પાછલથી તેનાને મલી હોએ અથવા નહી તેની ચોકસ ખબર હાથ આવી નથી.	રૂ ૩,૬૧૦
પાંજરા પોલના ધરમી કાંમની સરૂઆત સંવત ૧૮૯૧ મા થાઇ તારથી તે સંવત ૧૮૯૫ સુધીના પાંચ વરસમા પોતાને તાહાંના વેપાર ઉપર લાગુ પડેલા વેરાને હસાબે આપેલા ..	રૂ ૯,૩૬૦

પસુ પરાંણીઓના પાલણ માટે આ શેઠીઆ તરફથી થએલી સખાવતના રૂ૭૦,૩૨૦ ઉપરાંત હાવું માહભારત ધરમખાતું ઉભું કરવાની જે કાલજીથી કોશેસ લેવાઈચ,

* એ બાબેની વીગતવારે બીના એજ નામના મથાલાં હેઠલ, આગલ જોવામા આવશે. નો૦ લે૦

તે લાખો રૂપીઆથીબી વધારે કીંમતની વખણાઈને, આજે લગભગ ચાલીસ વરસની ઊંમરે આવેલું જેવી આબાદ હાલતમા દેખાએચ, તેવુંજ તે ઘણી લાંમબી મુદત સુધો નીભેંઊં રેહશે હેવી તેની સથીતી ઉપરથી આશેઆ રખાએછે. જણાવરોના સમાસ માટે હીંઆનુ મકાંણ જારે અગવડ ભરેઊં માલુમ પડેઊં, તારે છાસટી માહેલાં ચીંમોરગાંમમા પોતાની બોહોલી જગેઆ હતી તેપણ આ સાહેબે સખી દીલથી ચંદરોકાલ સુધી બખસીંદા કરી તેઓની સગવડ સાચવી આપીછે.

આ સરીમંત શેઠીઆએ સકમાઇથી સંઘરહ કીધેલા દરવીઅ માહેલો મોટો ભાગ પરજા ઉપીઓગી ધરમના કાંમો માટે વાપડલો જે સંભલાએઓછે, તેની કોઈ ચોકસ ટીપ કદાપી હમારે હાથ આવી હોતતો તે કીરતીના અભુખણથી આ નોધને સારો સીનગાર થાઇ પડત; પણ તેટલી ખુટને લીધે તેમની નેકનાંમીમા કસીએ ખોંચ નહીં જોતાં જણાવીએચ કે, પોતીકા ખુદ ધરમના માનખાતર ભગતીમાટે કેટલાંક માહભારત મકાંણો (જે સરાવકોના અપાસરાંને નામે આ ટાપુખાતે ઓલખાતાં, ધરમનાં મકાંણોની ટીપમા દાખલ થાએલાંછે) તેનાએ બંધાવેલાં હજી સુધી તેમની ગંણાતના લોકોને શોભા આપતાં સલાંમત રહેલાંછે.

એ ઉપરાંત પાલીતાંણામા સરાવક લોકો, તથા તેઓના ગોરજીઓના ઉતારા માટે રૂ૮૬૦૦૦ ખરચીને સંવત ૧૮૮૭ ની સાલમા એક મુસાફરખાનુ બાંધી આપેઊં હતું. અને તે પછે તાંહાંના પાહડ ઉપર દેરાં સરજી બાંધવાનો આરંભ કીધો, જે તઇઆર થવા આવેઆં તારે તેની સથાપણા પોતે જાતે જઇને કરવાની મોટી ઉમેદ જે ધારેલી હતી તેમા કુદરતી હરકતથી એકાએક બીમાર થાઇ પડતાંજ અજલનો કાસદ આવીને હેવીતો તાકીદ કરવાલાગો કે, પોતાની સુભ મતલબ પુરી પાડવા જેટલોબી અવકાસ મેલવેઆવના સરજાએલી હોનારતને આધીન થાઇ સંવત ૧૮૯૨ ના ભાદ્રુવા સુદી ૧ ને રવીવારે ૫૪ વરસની ઉમર, મોટી હોરમત તથા જાહોજલાલી સહીત ગુજારીને સદા અખઇ રેહવા માટે વઇકુંઠ તરફ સીધારેઆ.

આ મરહુમ સાહેબે પોતાના સઘલા સદગુણોની સાથે હઈઆતીની છેલ્લી ઘડીએ એક પુન ભરેલું માહભાર કાંમ હેવુંતો બજાવેઊં હતું કે તેમની સંગાથે લેણદેણ કરનારાઓ, તથા ઘેરના માણશો વગેરેના ખાતાંઓ તપાસતાં જેજે સખશો આપી નહી સખે તેહવા ઘણાક લોકો ઉપર પોતના લેણા નીકલતા જણાએઆ, તારે તેટલાં ખાતાંઓ (જેમાં હીંદુ, પારસી, મુસલમીનો તથા ખરીસટીઅનોબી હતા,) સંદરોકાલ સુધીના અભરાંમ કુલનદાવાની રૂહે પોતાની હજુરમા માંડી વલાવેઆં કે, પાછલથી તેમના વારેસનો કશો દાવો તેહવા અસકતો ઉપર કવચીત રેહજ નહીં; અને તે સરવેનો સરવાલો જારે લેવાએઓ, તારે સાંભલવા મુજબ લગભગ એક લાખ રૂપીઆથીબી વધારેની રકમ હઇડે નહીં ધરતાં કીધેલી બખશેસનુ પુણ પોતાની સંગાથે લઇને ગએઆ; અને બાકીની સરવે દોલત (ધારેઆ મુજબ પાંત્રીસ લાખને આસરેની) એક

પુરા દીકરા અને હકદાર વારેસ શા૦ ખીમચંદભાઈને સોંપતાં માએના પેટથી જેહવા આવેઆ હતા તેહવાજ ખાલી હાથે, પણ કીરતીભરેઆં કાંમોની નેકનામીના પમરાતને સાથે બાંધી લીધો હતો.

શેઠ મોતીસાહની આખી જીંદેગીમાં પરમેસવરથી બખશેસ પાંમેલા માતરે એકજ દીકરા શા૦ ખીમચંદભાઈનો જનમ સંવત ૧૮૬૦ ને સાલ થએલા સંભલાએછે. બાપની હઈઆતીમા જોકે આ ભોલા મનના ભાઈસાહેબ પુરતી વએ પોંહચેલા હતા, તે છતાંબી તેમની સાથે વેપાર વણજના વહીવટમા કોઈ દાહાડે કામ લાગતા જણાએઆ નોહતા; કેમકે ઘણું કરી દીવસ તથા રાતનો મોટા વખત ભગતી પુજામા રોકી રાખીને, બાકીનો અવકાસ એકાતપણે ગુજારતા હતા; પણ તેમના મરણ પછે જારે ખુદ માલેક થએઆ તારે તેમનો રચેલો રોજગાર આટોપી લેવાના હેતુથી સંવત ૧૮૯૨ ની આખેરીએ જાહેરમા આવીને સરવે લેણદેણ શા૦ ખીમચંદને નામથી પોતે ચલાવા માડઉં.

પાલીટાંણામા બંધાઈને તઈઆર થાઈ રેહેલાં દેહડાંસરની સ્થાપણા કરવા સારૂં બાપની વશીએત મુજબ આ જવાન શેઠ સંવત ૧૮૯૩ મા મુંબઈથી મોટા સંઘ લઈને તાંહાં સીધારેઆ તારે તેમા સાંમેલ રેહવા માટે ગુજરાત, સોરથ, મારવાડ, કછ, તથા ઘાટ તરફના પોતીકા નાતીલા સરાવકોને કંકોત્રીઓ લખીને નોતરેઆ હતા; હાવો મોટા સંઘ જારે પાલીટાંણામા ભેગો થએઓ તારે ૧ાા લાખ આસાંમીઓની ગણતરી કેહવાઈ હતી, અને તે લોકો તાંહાં દોહોડ મહીના સુધી રહેઆ તેટલા અરસામા આ શેઠ ખીમચંદભાઈને સઘલો મલી ૩૭) લાખનો ખરચ થએઓ હતો. આ અવસરમા મોટી ખુબી એટલીજ જણાઈ હતી કે, હાવી જગોપર ગાંમની વસતી ઉપરાંત બાહેરના લોકોની ગીરદી છતાં એકતો ખાધાપીધાના સુકાલ સાથે સરવે સંણતોસ પાંમેઆં, અને બીજું એકે, ધીચ મેલાવડાથી પરમેસવરની કીરપા એટલી ઉતરી હતી કે, કોઈના જાંનને તથા સરીરને કશી હરકત પોંહચી નોહતી; સીવાએ, સંઘ કાહડી લઈ જણારા શેઠની મેહરબાંણ માટે શ્રા જેવન કુદરતી બનાવથી તે પવીતર મકાંણમા સવરગવાસ પાંમેઆં હતાં, બાકી સરવે લોકો એમ કુસલતાથી હંસતે મોહડે પોતપોતાને મકાંણે પાછા ફરી વલેલા સાંભલેઆછે.

સીપાઈપાણે તેજી અથીઆરની સાથે કવાએતની કલા હોવાથી રંણમા જેમ સુરાપણાનુ માન તે મેલવી સકેછે, તેમજ વેપારીનીપાસે તેવાં કાંમની કુનેહ તથા ગણતરી જેવાં મજબુત અથીઆરો જે ગણાએછે તે સચવાઈ રહેલાં હોએ, તારેજ તેના રશીલાં ફલ ચાખેઆમા આવેછે; પણ આ શેઠીઆનો સંઘલો અવકાસ ભગતી પુંજામા રોકાએઆને લીધે વણજ વેપારના વીચારની ગેરહાજરી જોએઆ ઉપરથી, મરહુમ શેઠ મોતીસાહના ઘણાજ હેતુ મીતરો તથા એરખાહ શેવકોએ, ઓહલા વેપારમા પડેઆ કરતાં હાથ આવેલા દરવીઅને વીઆજ વટાવથી ખીલવી રાખવાની રૂડી સલાહ તેમને આપી હતી; જે વાત આ ખીમચંદભાઈના હકમાં જે ખરેખરી ગુણગારી હતી, તેને આસેપાસે ભંમતા કેટલાક મતલબીઆઓએ, પોતાના હાથમા ચરવાનું એતર આવેલું

જતું રેહવાની ધાસતીથી સવીકારવા દીધીજ નહીં; અને બની તેટલી યુકતીઓ વાપડીને તેવી સારી સલાહ આપનારાઓના સંબંધમાથી આ શેઠીઆને અલગના અલગ રાખતા રહેઆ.

બીમચંદભાઇનો શીતારો જાંહાંસુધી બુલંદ રહેઓ, તાંહાંતુલીકતો સાહુકારી રીતના સુધા વેપારવણજના કાંમમા તેવણ ફતેહમંદ ઉતરતા જણાએઆ; પણ તેની સાથે નાસકારક સટાની સોડ સાંધીને તેજી મંદીના ફાટકાની બુરી રમત પર ફરવા માંડીઁ, તારથી લક્ષ્મી માતાનું દીલ એવું તો કચવાટ પકડતું દેખાવા લાગ્યું કે, જે વખતપર બીજા વેપારીઓ ખરા રોજગારમા નફો હાંશેલ કરે, તેજ અરસામા આ સાહેબ બોહલું નુકસાંણ નીપજાવે, એટલુંજ નહીં પણ પોતાને હાથ રાખેલો બાપીકો રોજગારબી બીગડતો ચાલેઓ, તે ઉપર આ અશીલ તોખંમના માહપુરૂસથી અવતરેલા પુતરે કાંઇજ લક્ષ નહીં આપતાં કાચી સેહમજના કેટલાક કબુધીઆ અકરમીઓના હાથપર એક રમકડું થાઇ બેઠાથી, શીતારો જારે કમબખતીના ઘેરમા આવેઓ તારે રૂડી સલાહ આપ-નારા સાહેબોની પરથમ જાચેલી અગંમચેતી હેઠલની કવીતા મુજબ આલંમમા આસકાર થાઈ.

જેમ વખત ગએલો પાછો આવેઓ નહીં, તેમ ફરેલી બુધીમા તે ફાવેઓ નહીં.

મરહુમ શેઠ મોતીસાહનો બોહલો વેપાર બીજાં દેસાવરો કરતાં ચીનખાતે સરવેથી ઘણો મોટો હતો; અને તે કાંમમાટે તેનાએ બે અથવા તરણ ઇમા-નદાર આડતીઆઓની ગોઠવી રાખેલા હતા; જેઓ માંહેલા ઉપર જણાવેલા ગરહસથની ચાકરીમાં આએ નોંધ લેણાર હોએઆથી તે નીસચેપણે કહી સખેચ કે, તેથી કરી એકબીજાને અરસપરસ લાભબી મલતો હતો, પણ જારથી વહીવટની લગાંમ બીમચંદભાઇને સવાધીન થાઈ તારથી તેઓ ઉપરાંત બીજા ઘણાક આડતીઆઓ તેનાંએ વધારી મેલીઆ હતા, તે વીશેતો કોઈની કશી જબરદસતી ચાલી સખેજ નહી કેમકે ધણીએ વખતે હેવીબી નેમ રાખેલી હોએ કે તેમના હાથથી ઘણા જણાઓને રોજી મલે. પણ આ વાત ઉપર ધેઆન લગાર પોંહચાડવું જોઈતું હતું કે, જેમ મુહબલક માલ પર-ચુટણ હાથ વેંહેંચાઈ જાએ તારે તે વેચવા ઉપર સરવેને ઉતાવલ થાએ, અને તેથી બને એમ કે તે માહેલો એકાદો આડતીઓ ધણીનું સારૂ જાંણી તેહવા કોઈ સમેની વકીએ થોભેઓ હોએ તો તેની ધારનાં કવચીત પાર પડેજ નહીં; માટે તે કરતાં તો બેહતર એજ કે તેહવું બોહલું કાંમ જેમ બને તેમ થોડેજ હાથ જવું જોઇએ જેમકે તેહવા વખત ઉપર આપણાં હીંદી ઉમરાવ નેકનામદાર મરહુમ સર જમશેદજીનો સરવેથી ઘણોજ મોહોટો વેપાર તાંહાંની માતરે એકજ નાંમીચી પેહેડી પાશે જતો હતો તેમાથી તેનું રૂડું પરીણાંમ તે સાહેબ જોતા હતા. તેહવાંજ પગલાં ઉપર એ સાહેબબી ઉસતવાર રહી ચાલેઆ હોત તો પોતાના પીતા કરતાં સરસ તો નહીંજ પણ તેટલી નાંમવરી બચીત મેલવી સખતે; પણ ઉપર જણાવેઆ મુજબના કેટલાક મતલબીઆઓ પોતાનાં

ખીસાં તરકરવા માટે તેમની આશેપાશે માંખીની પેરે ભંમતા ફરતા હતા, તેથી તેમનાં કાંમનો અતીશીઅ બીગાડો થાતો રહેઅેા, જે વીશે હમો ભુલતા નહી હોઇએતો ચીનમા હમારી હાજરી અસતાં એક કુકણી મુસલમાંન જે ઘનુકરી કોઇને તાંહાં અસલ બુટલેર પણાંમા હશે, તે પરચુટન માલના ટુક ધનધાસર તાંહાં આવતો હતો, જેને કોઇવાર અફીણની પેટીતો શું પણ તેમાહેલી એક ગોટી વટીક નજરે જેએલીજ નહીં તેહવા એક બાંણકોટી* ઉપર કોઇ ખુસાંમદીઆની ભરભલાંમણ પોંહચેઆથી, આ ખીમચંદભાઇએ ભોલાઇપણે એગી રકમે એકજ વાંહાંનમધે મુંબઇથી માલવી અફીનની પેટી ૨૦=) અને તેટલીજ રકમ બંગાલી અફીનની કલકતેથી ચહડાવી મોકલેલી જારે એકાએક તાંહાં આવી પોંહતી, તારે લોકોતો હાવો મામલો જોઈ ઘણાંજ અજબ થએઆં; કેમકે તેઓ સઘલા સારીપેઠે જાંણતા હતા કે આ નોધ લેણાર જેમની ચાકરીમાં હતો;-તે શેઠ તેમનાં બાપની વખતનાં ઘણાંજ પુરાંણાં આડતીઆ કેહવાતા હતા, તેની ઉપરખી કોઇ વખતે એટલી સંખીઆ એક રકમે આવતી નોહતી. તે ઉપરથી સાંભલીઆ પરમાંણે તાંહાંવાલા ઘણા જણાએ આ ભોલા શેઠને ખોલાસાથી લખીખી વાલેઉં હતું, પણ તેઓનુ કાંઇજ નહીં સાંભલતાં પોતાને સલાહ આપનારાઓની મરજીને વસ થાઈ તાર પછેબી રકમબંધ કાંમ તેની ઉપર ચાલુ રાખેઉં. પાછલથી હેવું જણાએઉં હતું કે હાટલીબધી જથાબંધ હકસાઈ ખાતાં તેને અંતે બેઇમાંણી તથા નીમખ હરાંમી કરીને આ શેઠીઆની મોહટી રકમ જે હજમ કરી ગએઓ તેમાંથી એક દોકડોબી તેવણ પાછો મેલવી સખેઆ નોહતા. માટે પાછલથી હાવી રીતનાં અંધેર (જેમાહેલો આ એકજ દાખલો જે નજરે જોવામો આવેઓ તેજ નોધેઓછે પણ તેહવા બીજા ઘણાં હોવા જોઈએ) કાહરોબારથી બાપીકી સકમાઈની રાખશી દોલત ૧૬ વરસના વહીવટમાં ધુમાવેઆ ઉપરાંત મોહટી રકમનું કરજ માંથે હોરીને સંવત ૧૯૦૮ નાં સરાવણ વદી ૧ ને વાર રવેઉને શોજે નાદાર થઇને લેણદેણના ચુકાદા માટે બંધ પડેલો હીસાબ, સારાં માણશોના વીસવાસ પણાને સપુરદ કરી બેઠા. આ ખીના જે બનીછે, તે ખરેખરી અફસોસકારક સહમજી જણાવીએચ કે ફડચો કરનારા સાહેબોએ વસુલાત જમા કરીને ઉપજેલી અસકેઆંમત મધેથી માગનારાઓને પેહલી વેંહેંચણીમા સંવત ૧૯૧૦ ના વઈસાક સુદી ૧૫ ને સુકરવાથી ૬૨ ટકા ૧૨॥ લેખે, અને બીજો હફતો સંવત ૧૯૧૧ ના વઇસાક વદી ૩ ને સનીવારે ટકા ૭॥ લેખે મલી કુલ ટકા ૨૦ લેખે ચુકાવી દીધા હતા.

આ નોધ લેનાર ખચીત કરી વીશેસ દલગીરી એટલીજ દેખાડેચ કે, તેની નાકેસ કલમથી શેઠ ખીમચંદભાઈની કારકીરદી વીશે કાંઇબી સારા સ-

---

* આ વાત કોઈબી રીતના વેર ભાવથી નહીંજ, પંણ હમારા માલેકને વરતાવનારા એક ખરા મુરબીના અસરાફ દીકરાને મોટો ધોકો પોંહચેઓચ તેનું દરદ હઈડે ધરી હીંઆં નોધી લીધીછે; કે જે ઉપરથી તેવા મતલબીઆના ફરેબમા કોઈ સાહેબ ફસતા હોએ તેનાને આટલી સાહુચેતી કાંમ આવે. નો૦ લે૦

માચાર નીકલી સખેઆ નથી; પણ બીજા હાથ ઉપર લગાર સંતોશબી પાંમેચ કે, હાવી રીતની ખરી કેફીએત હવે પછે બાપીકી આઈતી દોલત મેલવનારા ભોલા સાહેબોને વાસતે ઘણાક ભરેલી એક ચેતવણી થાય; અને તે ઉપર જેબી સાહેબ સારાં ધેઆંનથી લક્ષ આપતા રેહશે તો, તેમાથી અઈનદે તેઓ ફાએદોજ મેલવી સખશે.

મોતીશાહના અપારપુન આડે આવિઆને લીધે જોકે બીમચંદભાઈ હસતકની સઘલી મીલકતો તેમના દેવાં માટે તરસતપણામા સોંપાઈ ગયા છતાં, સાંભલિઆ મુજબ સરવે માંગનારાઓની મનજુરીએતથી, કોટ માહિલા બજારગેટના મોહલામા આવેલી મોહટી હવેલી, તથા ભાંએખલાના દેહડાંના ચોક માહિલો એક બંગલો, આ સાહેબના પોસણ સારૂ તેમને ભેટ દાખલ મલેઓ હતો; અને તેથી કરી નાદારીમા સપડાએઆ પછેની જફા પાંમતી જીંદગીના બાકી દાહોડા બંગલામા રહીને ધેરના ભાડાં ઉપર સંતોસ પકડી ગુજારવાનું તેણાને બની આવેઉં હતું. દરવીયની ખુહારી ઉપરાંત દેહના દરદમા પાછલથી બીચારા આ અશીલ શેઠીઆની બેહુ આંખોનું તેજબી તદન જતું રહેઉં હતું, તેની મુશીબત સાથે પોતાની ઊંમરના ૬૫ વરસ સુખ તથા દુખમા પુરાં કરીને સંવત ૧૯૨૫ ના સરાવણ વદી ૧૦ ને બુધવારે પોતાની મુરદાલ દેહ અગણીના ખોરાકને સપુરદ કરી જીવને વઈકુંથ તરફ લઇ ચાલિઆથી માનવંતા મોતીશાહ શેઠનું એટલુંબી નામ લેણુ ખતમ થઈ પડેઉં, કેમકે આ મરહુમ શેઠની પીથથી પરથમ થએલી અઓલાદ આગમજથીજ રૂખસદ પાંમેઆને લીધે, આ માહપુરૂસના પુણવંતાં કાંમોની કેટલીક નીસાંણી શેવાએ, તેમના વશીલાની વરધી કાજે હવે તો કોઈજ બાકી રહેલું નથી.

અજબછે આ ફરતા જમાનાની ચાલ–ભલા લોકપર નાખેછે માહતમની જાલ.
સબબએજછે હીંઆં સાહરે કેહવાનો–નથી કોઈબી જગમા સલાંમત રેહેવાનો.
જે આવિઓચ તે અંતેતો જવાને કાજ–સરીમંત કાલે તો દુખીઆરો આજ.
પણ ધરમીની રેહવી તો જોઈએ નીસાણ–વસીલાથી જગમા જણાવા પીછાંણ.
જાંહાં કુદરતથી ઉતરેછે ગેબી મના–તાંહાંથી દોલતને નામોબી થાએછે ફના.
તેહવો હાલ સઉની સનમુખ થયો–મોતીશાહના વઊંસમા કોઈ ન રહેઓ.
જેને ઘેર દોલત ને જુહલતાંતાં વાંહાંણ–તે સાથે જગમાં મેલવેલું માન.
વલી ધરમીપણામા ગણાએલા પુરા–દયાદાનમા કવચીત નોહતા અધુરા.
તેવા નરને તાંહાં નહીં એકે ચેરાગ–જમાનાનો એતે કેહવો વેરાગ.
ગયા તારે દોલત ને બેટો મુકી–જમાનાની ગીરદેશે દીધો ફુકી.
વઊંસમા હવે કોઈ રહેઉં નહીં–કીરતીજ તેનાની દીપતી રહી.
સખાવતના કાંમો જે કરતો રેહેશે–મરણ પછે સઉ તેને વાહુવા કેહશે.

રઘુનાથ જોસીના બાપ તથા બેટાઓની બીનાં.

કરસનારાવ નારાએણ જોસી વીશે કોઇ કેહચ કે હરજોશીના ફુવા અથવાતો ફુઈના છોકરા કેહવાતા હતા, પણ એ બેહુ બુજોરગોના વડવાઓની ઊંમરના બેહલા તફાવતનો મુકાબલો મેલવતાં ખચીત કરીને તેઓ વચેની છેલીજ સગાઇ મુકરર ઠડેછે. આ કરસનારાવ પોતીકું પરીવાર લઇને પેહલ વેહલા મુંબઈમાં આવેઆ તે સાલ સંવત ૧૮૨૮ અથવા શાકે ૧૬૯૩ નું માલુમ પડેછે, તે હસાબે તેનાનો જનમ સંવત ૧૮૦૦ અથવા શાકે ૧૬૬૫ માં હોએલો જોઇએ. આ ગરહસથ વસાઇની પડોસમા આવેલાં વીરારગાંમનો રેહવાશી હતો તાંહાંથી પોતીકા મમાવાની ૮૧ વરસ પાછલ હીંઆં આવેઆને લીધે તેમના કુટંબની પછે આ બીજો વઇદ ગણાએઓ હતો; અને તબીબપણાના ધંધામા વખત ગુજારેઆ પછે કેટલીક ઊંમરે પોંહચીને કહેઆ સાલમાં મરણ પાંમેઓ તેની ઈઆદદાસત તેમના વારેશોપાશે થાવી નહી હોએઆને લીધે, ચોકસ જણાઈ સકતું નથી, મગર ધારેઆમેશે તે વાતને પચાસથી વધારે વરસ વહી ગએઆંછે.


આ મરહુમ વઈદ પોતાની પાછલ ચાર દીકરાઓ જે હઇઆત મેલી ગએઓ હતો, તે માહેલા તરણોની હકીકત કાંઇજ જાંણવામા આવી નથી; પણ તેમની જગેઆ સાચવનારો માતરે બીજો દીકરો જે રઘુનાથ જોશીને નામે આ ટાપુબાતે આસકારા થાઇ ગએઓચ, તેનો જનમ સંવત ૧૮૨૧ ને મુકાબલે શાકે ૧૬૮૭ ના સાલમાં વીરાર તરફ થાએઓ હતો; અને સાત વરસની નાહની ઊંમરમાં બાપની સાથે હીંઆં આવી વશેઆ પછે થોડીજ મુદતે વઇદક સાસ્રના અભીઆસમા મસગુલ રહીને તે વીદેઆ જારે પુખત રીતે હાંશેલ કરી લીધી તારે બાપનીજ પંથે વઈદાંનો ધંધો ચાલુરાખી સઘલે ઠેકાંણેથી ઘણું સારૂંમાન મેલવતો હતો.

પોતાના હાથમા આવી પડેલા બીમારોને બનતી માહવજતથી સંભાલી લેવા શીવાએ તેની બીજી માહભારત કીરતી તો કાંઈજ નજર આવતી નથી, પણ એક કાંમ તેનાએ બજાવેલું જાંણીતુંછે કે, કાલબાદેવીનું ઘણુ પુરાંણું ડેહરૂં, જે પરથંમ કોટની બાહેરના મેદાંનમા હતું તાંહાંથી બધી મીલકતોની સાથે તેનેબી પાછલથી જારે સરકારે ઊંચકાવેઊ તારે, આ પરમારથી પુરૂશે પોતાના સવાધીનમાં લઇ સંવત ૧૮૪૧ ના સાલમા હાલની જગો આગલથી એક દેહરૂં પોતીકે ખરચે બંધાવીને તેમાં મુહરતીને હીંદુની રસમ પરમાંણેની કીરીઆથી માન સહીત ગોઠવી બેસાડી હતી; અને તે ઉપર દરસાલે થાતો ખરચબી એજ સાહેબ પુરો પાડતા હતા. કાલબાદેવીનો જાહેર રસતો પોહલો કરવા માટે એ દેહડાંને ફરીથી બીશેદવાની સરકારને જારે જરૂર થાઈ તારે, તેનીજ પછવાડે ઠા૦ ધારસી મોરારની મીલકત* માહેલી થોડીક જગેઆ મેલવી લઇને મીઉ-

* જાંહાં આપણી ધારા બાંધનારી સભાના એક નવા અધીકારી ધી હાંનરેબલ શેઠ નારએણ વાશુદેવજી હવડાં રેહેછે. ના૦ લે૦

રગુનાથ જોશીના બાપ તથા બેટાઓની

વંશાવલી.



નીસીપાલીટીનાં ખરચથી સંવત ૧૯૦૬ મા આ ડેહકું બંધાવીને હવડાં હેવી જગો પર ઉભું રાખેલું દેખાએચ કે, તેની હસતી કોઈ ઘણી લાંમબી મુદત સુધી રઘુનાથ જોસીના નામ સાથે જલવાઈ રેહવામા કાંઈજ સંધે ઉપજતો નથી. એ મંદીરનો ચાલુ ખરચ સાંભલેઆ પરમાંણે હજીસુધી તેમના વંશીઓજ જાથુક કરતા જણાએછે. આ રગુનાથ જોશી ૮૬) વરસની ઉમરે પોંહચેઓ તેની એકાદ વરસ આગમજથી સરીર તથા મનની સકતી નીકલી ગએઆને લીધે વઈદાંનો ધંધો તદન બંધપારી એકાંત બેથો હતો, અને અજલનો કાસદ જારે ઇસવરને તાંહાંનુ નોતરૂં લાવેઓ તારે સંવત ૧૯૦૭ ના શાકે ૧૭૭૩ વઈશાક શુદી ૬ ને બુધવારે કઈલાસવાશી થાએઓ. આ બુજોરગની અઓલાદથી તરણ દીકરાઓ જે અવતરેલા હતા, તેઓ પણ પુગતી વએના થાઇને બાપની હઈઆતી છતાંથીજ વઇદાંનો ધંધો ચલાવતા હતા; જેમાં વડો પાંડુ, બીજો બાપુ, અને તરીજો સકારાંમ જોવામાં આવેઆછે. એ છેલ્લો સખસ કાંણે સાબદો બેહેરો હોએઆને લીધે પીતલની ભુંગલીવટે સઘલી વાતો આસાંણીથી સાંભલી લઈને પોતાનું કાંમ વગર અડચને ચલાવી સકતો હતો.

ઉપલા તરણે ભાઈઓનાં જણમારાનો ચોકસ દાહાડો મલેઓ નથી, પણ ગુજરવાનો વખત જે હાથ આવેઓચ તેનેજ માતર જણાવીએછે કે, પાંડુજોશી સંવત ૧૯૧૦ નાં આશોસુદી ૯ ને સનીવારે, સકારાંમ સંવત ૧૯૧૫ નાં આસાડ વદી ૬ ને ગરૅઉએ, અને બાપુજોશી સંવત ૧૯૧૬ નાં ફાગણ સુદી ૧૧ ને સનેઊએ અધોર ઉમરે પુગીને એકેકની પુઠે વઇકુંઠ તરફ ચાલી ગએઆછે. એ તરણેનાં દીકરા તથા દોતરાઓબી એજ ધંધાને આધીન રહેલાછે, તેમાં કોઇએ તો હાલની સુધરેલી રીત પરમાંણે ગરાંત મેડીકલ કાલેજમાંથી વીદેઆ હાંશેલ કરીને સણુદ પણ મેલવેલી સંભલાએછે. આ કુટંમબના વડા તથા વશીલાઓનાં નાંમની એક ઇઆદી જે આકારમા જણાવેલી આ હએવાલ સાથે જોડીછે તે ઉપરથી માલુમ પડશે કે કરસના જોશીની છઠી પેડીનાં થોડાક નબીરાઓ હવડાં સુધી હઈઆત રેહેલાછે તેઓને પરમેસવર સંભાલી રાખે.

રઘુનાથ જોશીનાં બીજા ભાઈ, ભારાકર કરસના વીશે હેવું સાંભલવામાં આવેઊચ કે તેવન જારે એકવાર પુણા તરફ ગએઆ તારે તે વખતના પેસવાઈ રાજમાં કોક સંજોગથી તેમની સોફારસ પોંચેઆને લીધે પાલખી નસીનના સરોપાવનું જે ઇનામ તાંહાંથી હાંશેલ કરી લાવેઆ હતા, તેમાં બેશીને એક રાજવંઉશીની મુંઆફેક હીઆં ફરતા હતા. અને તેમના દોતરાઓ માહેલા એક બાપુ જગનનાંથે આપણી માંડવી ખાતાંમાં દફતરદારની નોકરી બજાવેઆ ઉપરથી ધારીએચ કે, આ ટાપુના ઘણાખરા સાહેબોની પીછાંણતમાંથી તેવણ ફરાંમોસ થાએલાતો હશેજ નહી. બીજા બેએક દોતરાઓ હાલમાં અતરેની બેંક તથા અંગરેજી વેપારી પેહડી ખાતે રહીને પોતાનો સંસાર આબરૂથી ગુજારતા સંભલાએછે, અને કાસીનાથ નાંમનો સરવેથી છેલો દોતરોતો કેહચ કે ઘણુ ધાઇએઊ મરણ પાંમેઓછે. એ ઉપરાંત રગુનાથ જોશીના બીજા બે

ભાઈઓ નાંમે કાશીનાથ, તથા તરીંબક કરી હતા; તેઓનાં વારેશોમાં હવડાં કોઈજ હઈઆત રહેલું જણાતું નથી માટે જે હોએતે રઘુનાથ તથા ભાસકર જોશીનીજ અઓલાદના કેહવામાં આવેછે.

છીપી આતમારાંમ બાલાજી.

શોએ દોરાની સંગાથે સમે સાચવનારો આ ગરહસથ, ગરીબી હાલતમાંથી પસાર થાતો છેક નાણાવટીની નોબતે પોંહચેઓ હતો; તે સંવત ૧૮૨૨ ની સાલમા, કોકણ કાંઠા તરફ મુફલિસ મા બાપને ઘેરે જનમ પાંમેલો માલુમ પડેઓછે.

એ પછે તેમના વડવાઓ તાંહાંથી નીકલીને થાંણાખાતે આવી રહેઆથી તેમના બીજા એશીઓ, હજીતક તે તરફ વશેલા કેહવાએછે. આ ગરહસથ જારે આંઠેક વરસના થએઆ, તારે તેમના ગરીબ માબાપે તેવીજ હાલતના કોઈ સંતોશી એશી સંગાથે તેનાને સોંફી આપીને હીંઆ મોકલાવી દીધા; પણ પાલણ પોસણ કરનારા પરમેસવર શીવાએ કોઇની સાહેતા તેનાને જો જડી હોએતો, જેની સાથે તેવન આવેઆ તેજ માતરે તેમનો રાખણદાર ગણાએલો જોઈએ; કેમકે આટલી નાહાંની વએનો બાલક પોતાના બલથી કાંઈબી કરી સકે તેહવી હાલતમા તદન હતોજ નહીં, માટે પારકી પખસમા થોડુંકસુધી પરેટાઈ રહેઆ પછે, સરૂઆતમા જણાવેઉંચ તેમ શોએ દોરાની રમત જારે રંમવા લાગા તારે તેમાથી શીવવાની વલાંણપર આવતા પોતાને જોએઆ; અને તે હોનર જેવો પસંદ પડેઓ, તેવોજ કોઈ દરજીની દુકાંણે બાધા બદલે થોડુંક સુધી રહીને ચંચલ મનથી તેમા સારો અનુભવ હાંશેલ કરી લીધો.

પંદર વરસની ઉંમરે પોંહચેઆ તેટલાં માંજી ઈસટ ઈનડીઆ કુંપણીની ચાકરીમા લસકરી પોસાક બનાવવાના ખાતાંપર સંવત ૧૮૩૭ ની સાલમા જઈ રહેઆ, અને તાંહાંથી પછે તેનાનો શીતારો રોસની પકડતો વધવા માડેઓ; કેમકે, તે વખતપર ટીપુ શુલતાંનની સાંહમને ચઢાઈ લઈ જવા માટે લસકરી પોસાકની વધારે જરૂર જણાઈ, તેમા તેમની રોજી હેવીતો જાગી કે, જે બાબેતું મુહબલક કાંમ બીજાઓને મલનારૂં હતું, તે આ આતમારાંમની જહડપે જબરી શીતાબી કીધાથી સરવે કાંમ અંતે તેનાનેજ સોંફવામા આવેઉં; અને તે દાહડાથી તે છેક અધેર ઉંમરે પોંહચેઆ તાંહાં તુલીક એજ કાંમને માટે સરકારની શેવામા મસગુલ રહીને લાખો રૂપીઆનો માલેક થાએઆં.

હાવાં માહભારત કાંમની મદદથી મોટી પડવીના લસકરી અંમલદારો સંગાથે આ ગરહસથને દોસતી દાવો હેવોતો ગંઠાએઓ કે, પાશે પુસકલ નાણા હોવાથી તેઓ માહેલા જેબી અમલદારોને પઈસાની હાજત જણાએ, તે પુરી પાડવા માટે સરાફી પેશોબી તેનાએ કરવા માડેઓ; જેથી પઈસામા પઈશો

જારે હુંમેશાતો આવેઆ તારે દરજીના કામથી તદન હાથ ઉઠાવી, નાણાવટીની પેહેડી હીઆં સથાપી બેઠા, તે વાત જેઓ પુરાંણા સાહેબો હજી હઈઆત હશે તેઓ આસાંનીથી કહી સકશે કે, આ આતમારામ બાલાજી પણ સરાફી મંડ-લીની સંફમા ઘણા વરસો સુધી સમાઈ રહીને એક પરમાણીક પુરશ તરીકે ગણાએલા હતા.

પરમેશવરે બખશેલા દરવીઅનો રૂડો ઉપીઓગ જેઓ કરેચ તે તેની સ્ટુતી ગવડાવા કાજે નહીં પણ અંતકરણથી ઉતરેલી ફરજ બજાવંવા માટે કેહવાએછે. તેવીજ નેમ સાચવી રાખીને, આ છીપી આતમારાંમ બાલાજીએ હીંદુઓના ઉપીયોગ માટે ધરમનું એક મંદીર તથા મુસાફર લોકોના ઉતારા સારૂ મોહોટું મકાંણ વીગરે હીંઆં બાંધેલંચ, એટલુંજ નહીં પણ ભુલેશવરમા બંધા-એલા તલાવના ખરચમાંથી તરીજી પાંતીનું પુન હાંશેલ કરી લીધુંચ તે સર-વેની યાદી ધરમના મકાણોની ટીપમા દાખલ થએલી આગલ વાંચવામા આવશે; અને તે ઉપરાંત પોતે બેવાર તીરથ સારૂં સંઘ ભેગો લઈને જાતરે ગયા, તારે હજારો રૂપીઆનો ખરચ પોતાની સંપતી મુજબ તાંહાં કરી આવેઆ પછે, હેઠલ કહેલાં દેસાવરો સુધીબી પોતાની યાદગારી કાએમ રાખેલી જે સંભલાઈચ, તેની ટીપ હીંઆં દાખલ કરવાની રજા લઈએછે.

વેરાવલ તરફ પરભાસ પાટણના ગાંમડાંમા ગવરીકુંડ નામની જગોછે, તાંહાં મુસાફર લોકોની આસાએસ માટે એક મોહઠી ધરમશાળા બાંધી આપેલી કેહેવાએછે.

શીતપોર ખાતે ભગતી પુંજા સારૂ એક દેહેરું, તથા રાહદારીઓના ઉતારા માટે એક ધરમશાળા બાંધીછે.

બેટદુઆરકાંમા રેહનારા લોકોની પેઆસ છીમાવાના હેતુથી મીઠાં પાંણીના એક કુવાની જે અગત હતી તે આ સખી નરે બંધાવીને પુરી પાડીછે; અને તે ઉપરાંત એક તલાવબી બાંધી આપેઓચ તે ગોપીતલાવને નામે તાંહાં વખણાએછે.

એ શીવાએ બીજાં ઘણા મુલુકોમા ધરમના મકાંણો બંધાવેલાં કેહેવા-એચ, પણ તેની વીગતની ગેરહાજરીને લીધે વીસતારીને જણાવી સકતા નથી.

બાલપણથી આવીને છેક બુધા થયા તાંહાં તુલીક આ શેઠ, ૭૭ વરસ મુંબઈમા ગુજારતાં અનેક તરેહની ઉઠલપાઠલનો અનુભવ મેલવેઆ પછે, ૮૫ ની વએ પુરી કરીને સંવત ૧૯૦૭ ના વઈશાક સુદી ૧૦ ને સનીવારે આ સંસારની મએઆમાથી મોકલાસ પાંમી વઈકુંથવાસ થયા તારે તેમની દોલતનો ભોગવટો કરનારો એક દીકરો પોતાની પાછલ મેલી ગયા હતા.

આ આતમારાંમ છીપીના દીકરા વીસવનાથને આપણી ટાપુના ઘણા સાહેબો ઓલખી ચુકા હતા તેથી તેમની બાબદમા વીશેસ લખવા જેવું કાંઈજ અગત નહીં જોતાં આટલું તો દલગીરી સાથે બોલવાની દુખ ભરેલી ફરજ અદા કરીએચ કે તેમને હાથે બાપીકી દોલતનો મોહટો ભાગ બરબાદ થએલો કેહવામા આવેછે; અને જે થોડુંક સચવાઈ રહેલંચ તે માતરે મી. મોરોબા

બાલાજી તથા કુસનાજી સખારાંમના રૂડા વહીવટને લીધે માલુમ પડેછે. આ વીસવનાથ સંવત ૧૯૨૭ ની સાલમા બે દીકરાઓને હઈઆત રાખી ગુજરી ગયો. એ દીકરાઓમા વડા ન્હાનાભાઈ વરસ ૧૮ ની, તથા નાધલો ગોકુલનાથ વરસ ૧૪ ની ઊંમરે પોંચેલા જણાએચ, તેઓ ઉપર જો કદાપી રખેવાલીનો બંદોબસત સારો હશે, અને ભલાઓની સંગત પકડીને સંસાર સાચવનારી રૂડી કોશેસ પકડશે તો પોતીકા બપાવાના નામને તેઓ પાછું તાજું કરી સકશે. આંમીન.


મી૦ વીનોબા સંકર સંઝગીરી.

આપણી માંડવી ખાતાંની અંદર લગભગ ૪૫) વરસ સુધી સરકારી ચાકરીમાં ખરેખુટ લાગુ રહીને સઘલી વરણનાં વેપારીઓમાં વખણાએલા સેનવી ગણાતનાં મી૦ વીનોબાનો જનમ, થાંનામધે સંવત ૧૮૩૯ નાં શાકે ૧૭૦૩ પોસ વદી ૯ ને મંગલવારે ગરીબ માં બાપને પેટથી થાએઓ હતો, પણ બીચારો તે વખતે નસીબનો હેવો બલીઓ દેખાએઓ કે, હજી દુધમલા બાલક હતો તેટલાંજ (સંવત ૧૮૪૦ માં) તેનો બાપ મરણ પાંમેઆને લીધે તેની માંએ પોતીકાં નાવારેસ બચાંને લઈ મુંબઇમાં આવી રહી હતી, જાંહાં સગાં સેનહી પાશેથી ગુજારો મેલવી તેને સંભાલથી ઉધારી થોડાક મોહતો કીધો.

મી૦ વીનોબા જારે પોતાની સહમજમાં આવેઓ તારે કલવકરથી મેહનત મસાગત ખેંચીને થોડીક અંગરેજી ભાસા હાંશેલકરી લીધી, અને ૧૪ વરસની ઊંમરે પોંહચેઓ તેટલાં માંડવી ખાતાંમા તેના ભવીશે સંવત ૧૮૫૨ ના સાલમા તેને દાખલ કીધો; જાંહાં આઠ રૂપીઆના હલકા પગારે કાપીબાએની ચાકરી મલી; પણ તેજ દીવસથી ભાગ્યેગ ખીલવાની કેથી સરજત હતી તેના સંજોગથી પોતાનાં કાંમમો દન બદન તે એટલોતો ચંચલ માલુમ પડઓ કે દરસાલ પગારમાં વધારો મેલવતો રહીને નવેક વરસ તુલીકમાં છેક સોના અંકપર જઈ પોંહતો; અને જગાતની બાબદના સઘલા સરકારી કાએદા કાંનુનની એટલીતો માહેતગારી તેને હાથ આવી કે, તે પરથી આખી માંડવી ખાતાંમાં દરમાંશે ૩૦૦)ના પગારે વડા કલારકની ચાકરી સંવત ૧૮૬૧ ના સાલથી તેને હેનાઇએટ થાઈ હતી. એ ખાતાંમો વડાપણું મલેઆ પછેથી હરેક કાંમની અડચનો જારેખી જણાએ, તારે તેનો રસતો શેહલ રીતે સોધી આપીને સરકાર તથા વેપારીઓ વચે ઉઠેલી ભાંજગડાનો નીવેરો સમાંધાણીથી લાવતાં ઘણીવાર બેહુ તરફ ફાએદા દેખાડીને સારી સાબાશી મેલવતો રહેઓ; એટલુંજ નહી પણ તેહવી ચાલાક બુધીને છેક ૩૫) વરસ સુધી મુખતેઆરી સાથે જાલવી રાખેઆથી દરવખતે એ ખાતાં ઉપર આવીને બદલાઇ જતા અંગરેજ કલેકતરો પાશેથી માન ભરેઆં આબરૂ પતરોખી તેને મલેઆ કરતાં હતાં.

પણ ખરૂંછે કે, ઈણસાંનનો ચહડતો સીંતારો એકજ ઢપમાં સદા સચવાઈ ન રેહતાં વખતની વલાંણ પરમાંણે ફેરબદલ થવોજ જોઇએ, તેમ

વીનોબાશંકર સંઝગીરીની વંશાવલી.



જાંહાંસુધી મી૦ વીનોબાનુ ભવીસ હાવાં બેહલાં ખાતાં સાથે સંબંધ પાંમેઉ તાંહાંસુધી જોકે એક મોહટા અંમલદારનાં જેટલી સતા વાપરવામા તેની કશી બાકી રહી નોહતી; પણ તેનુ ચકર જેમ ફેરવાતું ચાલેઉં તેમ કલેકટરના હાથ હેઠલ ખપનારા અંગરેજ અંમલદારો, તથા બીજા દેશી કાહરબારીઓ હેવું બોલવા લાગા, અને તેવાત એક બેએ વાજેબી પણ વીચારવામો આવી કે, જારે એકજ સખસ આખી માંડવીનાં કાંમકાજની સતા પોતાના કબજાનમા દાબીરાખે તો, તેની એકાએક કજાબને તારે સરકારની વસુલાતને મોટો ધોકો પોંહચેઆવના રેહજ નહી, માટે હેની હઈઆતી છતાંજ માંડવીનાં દરએક ખાતાંનું જુદુ જુદુ કાંમ તેના રખેવાલો હસતક સોંફી આપવું જોઈએ કે પછે કોઈ વાતની ધાસતી રાખવાનો સવાલ ઉઠેજ નહી. હેવી હેવી વાત ઠેઠ સરકાર સુધી જઈ પોંહતી તારે આકેબતનો અંદેશો વીચારી મી૦ વીનોબાના હસતકનું સઘલું કાંમ જુદાં જુદાં માંણશોમાં વેંહચી નાખવાની સરકારે સતા ભરેઓ હોકમ કલેકતર ઉપર મોકલેઓ; તેથી આ ધુંધી નોકરનાં સરઉપરનો ઘણોક બોજો હલકોતો થએઓ; પણ પોતાની સુખતેઆરીમાં એકદંમ ખોંચ પડી ગઈ. અને વલી કાંમની હેજગારીમાં ઘણા વરસ ગુજારેઆને લીધે લગભગ ૬૦) વરસની ઊંમર થાઈ તેટલાંજ હેશીની ભરતી જેટલી જઈફીએ તેના બદન ઉપર ગુલબો આંણેઓ, તેબાબે નાંમદાર સરકારની હજુર લાંમબા વખતની નોકરીમા બતલાવેલી નીમખ હલાલીનું વરણન રજુ કરીને બાકીની જીંદગી સુધી બેઠા ગુસારાની મેહરબાંણી માંગી હતી, તે ઉપર ગવરનરની કાંઉનસીલે રૂડી પેરે નેધાહ પોંહચાડીને સંવત ૧૮૯૭ ના શાકે ૧૭૬૨ ને મુકાબલે ઇસવી સને ૧૮૪૧ ની સરૂઆતથી "વારદન પેનસન ફંડ" નાંમની થાપણ મધેથી દરમાંશે રૂ૨૦૦) લેએ જે આપતા કીધા, તે ઉપર સંતોસ પાંમીને ફરી કહીએચ કે મી૦ વીનોબાએ ૪૫) વરશે માંડવી ખાતાંની માંન ભરેલી ચાકરી છોડી દીધી હતી.

હાવી રીતની જાહેર ચાકરીમાં ઘણુસુધી લાગુ રહેઆને લીધે સરકારી મોટ મોટા અમલદારો સાથે કેહચ કે મી૦ વીનોબાએ સારી બાબેસતા જોડી લીધેલી હતી; તે માહેલા આકાઊંટંટ જનરલ મી૦ મારીશે જોએઉં કે આ જઈફ ગરહસથ જે સદાનો મેહેનતુ હતો, તે વગર કાંમે પડી રહેઆથી હવે જુહરાપો ખેંચીને જલદી મરી જશે; માટે હેને લાએકનું કાંઈ શેહેલું કાંમ શોધી તેમાં તેને ગુટેલોજ રાખવો જોઈએ; હેવા વીચારથી તે દએઆલુ સાહેબે પોતા હસતકની આફીસમાં તેડી બેસાડેઓ, અને તેના બદલામો દર માશે રૂ૫૦) નો પગાર પોતાની ગીરેથી દોસતી દાખલ આપતો રહેઓ, જાંહાં સોટેક વરસ સુખમાં ખેંચી કાહડેઆં તેટલાં સંવત ૧૯૦૪ માં ખીચારો બેહુ આંખોની રોસની ખોહીને તદન આંધલો થઈ પડેઓ; અને તેવીજ હાલતમાં નવ વરસ સુધી દુખ ભોગવેઆ પછે સંવત ૧૯૧૩ ના શાકે ૧૭૭૮ ના ફાગણ વદી ૨ ને વાર ગરેઉએ ૭૫ વરસની ઉપર બે મહીના, અને ચાર દાહાડા જીંદગીના પુરા કરી વઈકુંથવાસ થયો તે વખતે પોતાની પાછલ પાંચ દીકરા, તથા નવ

દોતરાઓ ઉપરાંત કેટલીક દીકરીઓ અને વહુઓ વીગેરેના મોટાં પરીવાર સાથે તેઓના પાલણ જોગું થોડુંક દઈવટબી મેલી ગયો હતો.


આ મરહુમનો કબીલો ઘણું કરીને ચાકરીથી પોતીકો ગુજારો ચલાવી શકેછે, મગર તેઓમા એકજ દોતરો જે ભાગ્યેગશાલી માલુમ પડેઓય તે મી૦ સાનતારામ વીઠલને હમો બતલાવીએછે. આ ગરહસથ બચપણથીજ અંગરેજી એલમનો અભેઆસ કરીને તેમા સારી રવેશે માહીતી મેલવેઆ પછે, આપણી "ગરાંટ મેડીકલ કાલેજ" નામની વઈદકશાળામા લાગુ પડેઓ હતો; જાંહાં થેડવેલી મુદત સુધી તબીબપણાની પકી કેલવણી પાંમેઆથી કાએદા મુજબની સનદ મેલવીને પસાર થયો, અને સંવત ૧૯૧૮ ને મુકાબલે શાકે ૧૭૮૪ ના વઈશાખ વદી ૧૧ ને સનીવારથી આપણી ટાપુ ખાતે માન ભરેઓ ધંધો ચાલુ કીધોચ, તારથી કેટલાક વેઆધી લોકોના દરદનું નીવારણ કરીને પરજામા જસ મેલવતો માલુમ પડેછે. એજ ગરહસથે સંવત ૧૯૨૮ ના સાકે ૧૭૯૩ ના પોશ સુદી ૨ ને સુકરવારથી આપણી યુનીવરસીતીમા "ફેલોસીપ" ની પદવી પણ મેલવીછે, અને તેની પુથે તારપછે સંવત ૧૯૨૯ અથવા શાકે ૧૭૯૪ ના પોસ મહીનાની સરૂઆતથી સુલેહના અમલદારનો અધીકારબી નામદાર સરકારે તેને બખશેઓછે; જેને માટે આ જવાન વઈદરાજને મુબારકબાદી આપી તેમના વંશનું વરણન હીંઆં સમાપત કરીએછે.

ઠા૦ જીવરાજ બાલુ તથા તેમનું પરીવાર.

શોધ ઉપરથી એવું જણાઇ ચુકુછે કે હીંદુ ગનાત માંહેલા ભાટીઆ લોકોના પેહલવેહલાં પગલાં સંવત ૧૮૪૧ અથવા ઇશાવી સને ૧૭૮૫ મા, મુંબઈ ખાતે મેલાએઆં હતાં, તેમા આ મથાલે જણાવેલા એક ભાગ્યેગસાલી પુરૂસ કછ તરફથી આવેલા કેહવાએઆછે; તે વાતને હજી એકશો વરસબી પુરાં થએઆં નથી. આ શેઠીઆનો જનમ સંવત ૧૮૨૬ માં તેમના સવદેશ ખાતે થયો હતો, પણ તે એવાં ગરીબ માબાપને પેટે કે તેઓ બાપડાં પાસે ખાધાં ખરચી વઠીકનું કાંઈબી દરોબસત હતુંજ નહીં; તેથી કરી ગરીબાઇમાં કાંહાંની કીરતે પંદર વરસની વએ જારે પોંહતા તારે સંવત ૧૮૪૧ ને સાલથી તેમનાં ભાગ્યેગની વલાંણ આ ટાપુ તરફ વલી, અને જેમ તેમ મેહનત મસાગત ખેંચીને જનમ આપનારાઓથી જુદા થઈ ઉપર જણાવેલા શાલમાં હીંઆં આવી પોંહોંતા.

કેહચ કે એજ સાલમા હલાર તરફથી નીકલેલા ઠકર રાંમજી ચતુર, ધારશી મોરાર, અને મુલજી વઈદબી આવેઆ હતા પણ તેઓના જનમારાની કાંઇએ હકીકત હાથમાં નહીં આવેઆ છતાં આતલું તો ચોકસ જણાએઉછે કે તેઓ માંહેલો પેહલો અને બીજો મલી બે સખસો કાપડના વેપારમાં તથા તરીજો ભાટીઓ વઈદકપણાનો પેશો પકડીને એ તરણે સાહેબો આપણી

ઠા. જીવરાજબાલુ તથા તેમનું પરીવાર.



વસતીમાં પરખેઆત થઈ ગયાછે; તેટલીજ તેઓની યાદીને નોંધી લીધા પછે આપણા આ જીવરાજ શેઠની જીંદગીની જાચના ઉપર પાછા રજુ થઇએછે.

પંદર વરસની ઉછલતી જવાંનીમાં આ શેઠ જારે દસથી આવેઆ તારે અસલથીજ અભણ હોયાને લીવે તેમના સોહબતીઓ સરીઓ કાંઇજ ઉદંમ હાથમાં લઇ રાખેઆ નહીં; પણ પેટને રોટલા પુરા પાડવાના હેતુથી મજુરી કરવાના મારગને મલતા રેહેવાનું મુનાસીબ જાણેઉં હતું; જાંહાંથી તેમના નસીબાની રોસનીનું કીરણ એવી રીતે ફુટતું ચાલેઉં કે એએક વરસ તેમાં વહી ગયાં તેટલાં પોતાનીજ યુકતીથી લોકોને જોઇતા મજુરો મેલવી આપવા માટે એક મુકાદમ થઈ પડ્આ, અને તેવી હાલતમાં બીજાં તરણેક વરસ પુરાં થયાં તેટલા અરસામા અછો અનુભવ હાંશેલ કીધાથી નામદાર ઇસ્ટ ઈંડીયા કુંપની સરકારનો જે ઓહોળો વેપાર ચાલતો હતો તેના કાંમકાજની મુકાદમીનો મોહટો રોજગાર સંવત ૧૮૪૬ ને મુકાબલે ઇશવી સને ૧૭૯૦ ના સાલથી તેમના હસતકમાં આવી બેઠો; અને તે દાહડા પછે ડા૦ જીવરાજ બાલુ સઘલી મંડલીઓમા જાંણીતા થાએઆ.

આ જીવરાજ શેઠના ભવીસવાંણીની એક વારતા જે તેમનીજ ગણાતનાં એક આબરૂવાલા ગરહસથને મોહડેથી સાંભલવામાં આવીચ, તે અજબ જેવી ધારીને નોધી લઇએછે કે, જારે બીચારાં ગરીબ માં બાપને ઘેરે અવતરેઆ તારે તે દેસના કોઈ ગોરજીએ તેમની જનમ પત્રીકા બનાવેઆ પછે તેમના ઘરહે રાસ વરતીને હેવી ખુસબખતી કહી હતી કે, આ બાલક મોટપણમાં ધનવાન થાશે. જે વાતને તેમના મુફલેસ માં બાપે, તથા દેસનાં બીજા ઘણા લોકોએ કેહછે કે, તે વેલા હેવી રીતે હશી કાહડી હતી કે જે બીચારાંઓને ઘેરે ખાધાનું પુરૂં અન નહી જડતું તેનુ બાલક રાજ તે વલી કાંહાંથી ભોગવશે? માટે ગોરજીતો બીચારો જનમપત્રીકા બનાવી તેની અધેલી ખરી કરવાસારૂ હાવા સખુનો અસલથીજ બોલતા આવેછે; પણ તે વાતના કરનારાઓને વખતપર આટલુંબી ભાન કેથું નહીંજ રહેઉં હશે કે, તે પરમ કુરપાલુ પરમેસવર હેવોતો કારસાજ છેકે નહી હતાંનુ હતું કરી દેવાને કશેએ વીલમ લગાડતોજ નથી; માટે ગોરજીના કેહવા મુજબ આ જીવરાજ શેઠનો સંબંધ એક રાજકરતી સરકારના સાહેઆ હેઠલ જોડાએઆથી રજકરોજીએ હેવોતો ભરપુર થાઈ પડ્ઓ કે મુંબઇમાં પંદર વરસ રહેઆ પછે પોતાના દેસની ભેટ લેવાસારૂ જારે સંવત ૧૮૫૬ મા તે તરફ ગએઓ તારે ધેઆનમાં રાખેલી વાતને ઈઆદીમા લાવી, પોંહચતાં વાર ભવીસવાંની કેહનારા ગોરજીને સોધાવી મંગાવેઓ, અને તેને કહેલાં પરસનુંમનો પાડ વાલવા માટે પઇસા તથા બીજી ચાજોથી કેહચ કે તેને સારીપથે સંતોશેઓ હતો, એટલુંજ નહી પણ તે ઉપરાંત પોતીકાં ગરીબ સગાં સંબંધીઓ તથા નેઆંતના નીરાસરીત લોકોમા પોતાથી બની આવી તેટલી સખાવત રેલી આપીને પોતાનો માન ભરેલો ધંધો સાચવવાની સોચનાથી પાછો ફરી મુંબઇમાં આવી રહેઓ, અને તે પછે અતલગ પરીવારને પણ પોતાની મેહરબાંણગી હેઠલ બોલાવી રાખેઆં હતાં.

૧૫

કુંપણી સરકાર જેવું દુહજતું દરખ્ત તેમના સવાધીનમાં કોઈ હેવે સચોઘડીએ આવેઊં કે તેમા પોતાની દેઆંણતદારીનું ડાહાપણ સમાવતાં આ જીવરાજ શેઠે સઘલી વરણના શેઠ સાહુકારોમા લાગવગ બંધ બેસાડીને તેના સંજોગથી એક તરફ મોઠી મુકાદમીનાં કાંમની ધમાલ ઇસવી સને ૧૮૩૨ સુધી ચાલુ રાખતાં (કેમકે તે પછેથી કુંપણીનો સરવે વેપાર પારલામેંટે બંધ કરાવેઓ હતો,) બીજી બાજુએ ઘણાક દેસાવરો સંગાથે પોતાનો ખુદ વેપારખી ફેલાવી નાખેઓ હતો. જેમાં નીતીનાં સચવાતથી નફાના રશીલાં ફલોની રેહલછેલ પરમેસવરે હેવીતો ઠરી દીધી કે, સરવે ઠેકાંણે ડાο જીવરાજ બાલુની જેમ થાતી રહી; અને જે સખસ થોડાંક વરસપર પોતાને પેટપુરતો રોટલો સોધવાની મસાગત ખેંચતો હતો તેજ ધણી હવે પાંચશો માણશોને પાલનારો પરકાશી રહેઓ; માટે એ જે બનેઊંચ તે તેમના સચોઘડીઆમાં થાએલા જનમની સાથે પરમાંણીક પણાની સારી દેઆંનત, અને જાતી અંગબલની અથાગ મેહનતનો બદલો કુદરતે તેમને ખરેખરો વાલી આપેલો ચોકસ જણાએઓછે.

પારશી ટોલાના હીંદી ઊંમરાવ નામદાર મરહુમ સર જમશેદજીની સંગાથે આ બુજોરગ ઠકર બાવાને ઘણુંજ ઘરવટપણાનું નાતું હતું અને એ બેહુ સાહેબો સરખીજ હાલતમા એક બીજાની દશેક વરસ આગલ પાછલ આ ટાપુ ખાતે પેહલવેહલા આવેલા જે માલુમ પડેછે, તે ઉપરથી જે સાહેબોએ અગાઉ સાંભલેઊં હશે તેઓએ એવું કહેલુંછે કે એ બેહુ બુજોરગવારો જારે એક બીજાની મુલાકાતમાં ખુસ મીજાસ હોએ તારે, એકેકની અછી ટકોર, નીખાલસ દીલથી એવી કરતા કે, "ઓ જીવરાજ તુંતો મોટીઆ ઊંચકતો હતો તે હવે ભુલી ગયો કે," તારે તેનો ઉતર તે સાહેબને તતકાલ એવો મલતો કે, "નહીં જીબા હું તો તે દાહાડાને જેમ ઘણો સંભારૂછ તેમ તું ખી બાટલી* વેચવાની ઇઆદ રાખતોજ હશે." કેહચ કે એવી ખુશ મસકેરીની વાતો ઘણી વખતે નીરદોસપણાથી અરસપરસ જાહેરમાં બોલાતી હાજર હોએલા ઘણા સાહેબો સાંભલી તેઓની ચહડતા દાહડાની સ્ટુતી ગાતા હતા માટે એવા હીંમતવાન નરોના જેહવાં જેઓના સાફ દીલ હોએ તેઓને તેમના જેહવી જાહોજલાલી ખરાં અંતકરણથી હમો ઇછીએછે.

જીવરાજ બાલુએ પોતાની જીંદગીમાં સખાવતના જેબી કાંમો કીધાં હોય તો તે ઘણું કરી પોતીકાં ધરમના પવીતર મકાંણો બનાવવામાં, અને સવદેસ તરફ જાહેર બાંધકાંમોથી સારી નામદારી મેલવીછે, જેમાં એકતો સંવત ૧૮૯૧ ની સાલમા શ્રી ગોકુલ મથુરાંજીની તીરથે તેવણ ગયા હતા તારે, તાંહાં એક મોહટો તલાવ રૂ૨૦,૦૦૦) ખરચીને બંધાવી આપેઓ હતો, અને બીજું એકે કછના જીલામા વનજાન તથા જખવ નામના ગાંમો મધે એકેકી ધરમશાળા

---

* આ શ્રીમંત શેઠીઆએ પોતે કાંઈ બાટલી વેચવાનો ધંધો કીધોજ નોહતો, પણ તેમના સસરા શેઠ ફરાંમજી બાટલીવાલાની સંભાલમા ઘણુ સુધી રહેઆથી તેજ ઓલખ તેનાની જાહેર થાએલી જણાઇછે. નોο લેο

તથા એકેકો કુવો બંધાવી આપેઓ તે ઉપર રૂ.૧૦,૦૦૦) ની સખાવત કરી દીધી હતી; એટલુંજ નહીં પણ ગુજરાત જીલાના વઢવાંણમાંબી એક ધરમશાળા રૂ૫૦૦૦) ની સખાવતથી બંધાવીછે. માટે હાવી નેકનાંમીની કીરતી સાથે આતલી વાતની યાદગારીબી રહીછે કે ઘણીજ ગરીબી હાલતમાંથી પોતાના ઉદીઓગની સાહેતા મેલવીને એક ખરી આંટવાલો સાહુકાર નીવડ્યા પછે, ખાતાં તથા ખરચતાં પચાસેક લાખ રૂપીઆને આસરેના દરવીય સાથે, વસંનજી નામના એકપુરા દીકરાને સલાંમત રાખી સંવત ૧૮૯૯ ના ભાદરવા સુદી ૪ ને મંગલવારે ૭૩ વરસની જઈફીએ પોંહચીને સવરગમા વાસ કીધોછે.

તેવણના દીકરા શેઠ વસંનજી જીવરાજનો જનમ સંવત ૧૮૬૨ ના શાલમાં થએલો જાંણવામાં આવેઓછે. એ સાહેબે પોતીકા મરહુમ પીતાની બબસમાં રહીને તેનાએ ચલાવેલા વહીવટનો અછો અનુભવ મેલવેલો હતો, તે મુજબ તેમની દુહજતી પેહેડીનું કાંમકાજ પોતાની ફુઈના દીકરા શેઠ ખટાઉ મકનજીને સરીગતમાં સાંમેલ રાખીને ઘણીજ ચાલાકીથી બજાવી લેતાં દરવીયમાં કાંઈક વધારોબી કીધો હતો, પણ અફસોસ કે તેનો ભોગવાતો સાતેક વરસની ટુક મુદત સુધી તેવણ હાંસેલ કરી સખેઆ. પોતીકા ધરમનીમ ઉપર એ સાહેબ ઘણાજ ચુસત હતા તેનું હેત હઈડે ધરીને સંવત ૧૯૦૪ ની શાલમાં શ્રી ગોકુલ મથુરાંજીની જાતરા કરવા સારૂ એક સખાવતી સંઘ કાહડીને પોતે શીધારેઆ હતા; અને તાંહાં બે વરસ સુધી રહેઆ તેટલા અરસામાં પોતાના નામ પરમાણે ઘણો સારો ખરચ કીધા ઉપરાંત ગરીબ લોકોને ખેરખેરાતથીબી રૂડી પેરે સંતોશેઆ હતા; એટલુંજ નહીં પણ તે તરફના સોરમ તથા નાધવારા નામના ગાંમો મધે એકેકી ધરમશાળા એ શેઠીઆએ જે બંધાવી આપી તે ઉપર કુળ રૂ૧૪૦૦૦) બેઠલા કેહેવાએઆછે; અને તે ઉપરાંત બીજાંબી ઘણાંક ઉપીયોગી કાંમોની ઉલત કીધેલી હતી, તેટલાં તેજ થેકાંણે કોલેરાનો પલીદ રોગ તેમનો જમદુત થઇ લાગાને લીધે સારાં કાંમોની ધારેલી સઘલી ઉમેદ મનમા રાખીને સંવત ૧૯૦૬ ના ફાગણ સુદી ૯ ને બુધવારે ૪૪ વરસની જવાંણ વએમાં જારે જીંદગીને ખતમ કરી ગયા, તારે પોતાની પાછલ દરવીયની સાથે નાંમ લેણાની યાદીમા શેઠ વલભદાસ, તથા દુઆરકાંદાસ નાંમના બે દીકરાઓને મેલી શીધારેઆ હતા.

આ વસનજી શેઠ ગુજરેઆ તારે તેમના બે દીકરાઓ માહેલા વડાની વરસ ૨૪, અને નાંહનાની વરસ ૧૦) ની ઉમર જણાઈ હતી; તોપણ તેઓનું રખસણ કરનારી સદગુણી વીધવા માંતુશ્રીએ રૂડી વરતણુકથી તેઓનું પરતી પાલણ કરીને મરહુમ શેઠ જીવરાજ બાલુની પુરાંણી અને પનોતી પેહડીને સજીવન રાખી; એ પેડી ખાતેનાં અસલી મુનીમ પરશોતંમદાસ કાહાંનદાસ જે ઘણાખરા દાસને નાંમે સરવેમાં પરખેઆત થાઈ ગએઆછે; તેનાએ તથા જીવરાજ શેઠના ભાંણેજ ડા૦ ખતાઉ મકનજીએ મલીને રૂડા વીચારથી શેઠ દુઆરકાદાસ મોહટા થએઆ તાંહાં તુલીક પેહડીને સંભાલી રાખવામાં જેહવી કીરતી મેલવી હતી, તેહવા કોઈજ પેહડીનાં મુનીમ, અને મામાનાં

ભાંણેજ કદાચજ નીવડેઆ હશે; કારણ કે શેઠ દુઆરકાંદાસ પુગતી વએમાં આવેઆ તારે સઘલો વહીવટ, અને સાચવી રાખેલો દઈવિટ દોકડ પાએકે એ દાસજી મલતા ખતાઉ શેઠે શેઆંણપણની રાહે બેહુ ભાઈઓના સવાધીનમાં તેઓને હીશે પડતો સોંફી દીધો, ને તે પછે મજકુર મુનીમ પણ સંવત ૧૯૨૬ માં ગુજરી ગયા તાંહાંસુધી શેઠ દુઆરકાંદાસને સલાહ આપનાર, તથા તેમનાં કાંમકાજમાં મોહતા મદદગાર થઈ જેમ લાગુ રહેલા હતા, તેમ એ શેઠીઆ-એબી હાવા પરમાણીક પુરૂસને પોતાની પાસેથી હરગેજ ખશેડીઆ નોહતા, માટે એજ તેમની સાચી દેઆંનતદારીની સાહદત અતરે નોધી રાખવી ઇઓ-ગીઅ વીચારીએછે.

આ બે ભાઈઓ માહેલા વડા શેઠ વલભદાસ પોતાનો વારશો લઈને નોખો વહીવત જે ચલાવતા હતા તે સંવત ૧૯૨૮ ના ફાગણ વદી ૧૦ ને વાર બુધે ૪૬ વરસની ઊંમર ભોગવીને દેવગત પોંહતા, અને તેમના નાંમની યાદગારી સાચવનારા ઠકર કરસનદાસ તથા ગોરધનદાસ નામના બે દીકરાઓ પરમેસવ-રની કીરપાથી હઈઆત રહેલા જણાએછે.

શેઠ દુઆરકાંદાસની ચાલતી કારકીરદીમાં માંતરે બે દાખલા તેમના ભલાં નામની યાદગારી તરીકે જે જણાઇ આવેઆછે, તેમાં એકતો એ સાહેબે પો-તીકાં નામની એક સોદાગરી પેહેડી સંવત ૧૯૧૬ ના આસો મહીને અતરેથી ચીન ખાતે પેહલવેહલી મોકલાવી હતી (જેની ઘણાં વરસો આગમજ તેમના બપાવાના વખતથીજ એ બોહલાં બંદર સંગાથે લાખો રૂપીઆનો વેપાર આડ-ટીઆઓના હસતકમાં ચાલતો આવેઓ હતો) પણ તેમાં ખાંમી માતર એટ-લીજ રાખેલી જણાઇ કે, પોતે એક ખરા હીંદુ છતાં તેનો વહીવટ પરકોમના સખસોને હાથે સેવત સુધી ચાલવા દીધો; જો કદાપી તેમનાજ નેઆતીલાઓ, જે વેપાર વણજના કાંમમાં આજે ઘણા ચાલાકી ભરેઆ વખણાએછે, તેઓ માહેલા કોઈબી સાહસીક પુરૂસોને સંઘરી લઈ મોકલાવેઆ હોતતો, તેમના નામની યાદગારી ચોકસ રીતે એવી ગવાતે કે હીંદુની પેહેડીમાં હીંદુઓજ વહી-વટદાર ચીન ખાતેબી જઈ વશેઆ; પણ તેહવું નહીં બનતાં સાંભલેઆ પર-માણે વેપારમાં અવગણ જેવું જણાએઆ ઉપરથી તાંહાંની પેહેડી સંવત ૧૯૨૮ ની દીવાલીથી ઊંચકી નાંખીછે. અને બીજી યાદગારી તો ખરેખરી ઉતમ અને અબલાજાતીઓની ઇનસાંનીએતપણામે અતીસે વધારો કરવા સંબંધી પુનવંતી વખણાએછે કે, ગુજરાતી તથા કછી હીંદુઓની છોકરીઓને કેલવણી આપવા માટે ઉભી થએલી કોટની "કનેઆશાળા" જે કેટલીક મુદત સુધી પર-થમ બુધી વરધક સભાનાં ઉપરીપણામા ચાલતી હતી; તેને આ શેઠીઆએ પોતીકા સવાધીનમાં લઈને તેમના મુરબી મરહુમ જીવરાજ બાલુને નામે જા-થુકના પાએઆપર ઓસતવારી સાથે નીભાવી રાખવાના ખરા હેતુથી સંવત ૧૯૨૪ ના શાલની સરૂઆતમાં રૂ૨૦,૦૦૦) ની મોહટી રકમ સખાવતની રાહે અલાહેધી કાહડી આપેઆથી; તે કાંમમાં પડેલી ખુટ સમપુરણ રીતે પુરી થઇછે; કારણ કે દેશ સુધારાનાં એક ભલાં કાંમને ઉતેજન આપનારો, અને

વખતસર જોઇતો ઘણોજ મજબુત ટેકો મલેઓ એટલુંજ નહીં, પણ તેમના મુરબીએ મેલવેલા સવખતની કમાઇના સચવાઇ રહેલા પઈસાનો થોડોએક ભાગ હાવાં સુભ કાંમ માટે રોકાએઓ તેની, તથા તેમા મદદ આપનાર આ જવાંણ શેઠીઆની યાદગારી સંબંધી એકજ સરખી વખાંણ, જાંહાંતુલીક મરહુમ શેઠ જીવરાજ બાલુને નામથી સજીવણ થએલી પાઠશાળા સહી સલાંમત રેહેશે તાંહાં તુલીક કોઇથીબી કવચીત ભુલાશેજ નહીં.

આ જવાંન શેઠીઆ જેમ દરવીઅથી ભરપુર થાએઆછે, તેમ ઇનસાંનીએત પણાની સરવે રીતીને સારી પેઠે સંભાલનારા, અને ગરહસથોની મંડલીનાં એક ભલા મીતરબી ગણાતા આવેછે; ભાટીઆ ગણાંતની માહજનને માંથે કેટલાક ચોગલાઓ જે છે તેઓમાં આ શેઠ દુઆરકાંદાસ સાંભલેઆ મુજબ પેહલી પદવી ધરાવીને તેમની નેઆત સંબંધી ઘરગતુ ભાંજગડનું સમાંધાણી ભરેલી શેવટ લાવી આપવામાં મુખીઅ ભાગ લઇને પોતાની ફરજ બજાવેછે.

એવણનાં એક દરવીઅવાન અતલગ બેશી ડાૅ ગોકલદાસ તેજપાલ જે થોડુંજ થએલી મરણ પાંમેઆછે, તેનાની મોહટી મીલકતનો વહીવટ તેમનાં વશીએતનામાં મુજબ તેવનનાજ નેઆતીલા શેઠ લખમીદાસ ખીમજીની સંગાથે એકમત રહીને આ શેઠીઆ જે ચલાવેછે, તે ઉપરથી એ મરહુમ શેઠની વીધવા બાઈ સામાંવહુએ કેહચ કે, લુછા લોકોની ઉસકેરનીથી કેટલીક વાતોનાં વાંધા ઉઠાવીને છેક હાઇકોરટની પવીતર દરબાર સુધી તેઓને લઇ ગએઆં હતાં; જાંહાં એ સંબંધી બાબદોની ચોકસ તપાસ નાંમવર નેઆએહાધીશે ઘણીજ બારીકીથી ચલાવીને ઉપલા બેહુ સાહેબોએ બજાવેલાં કાંમો ઘણાંજ પસંદ રાખેઆં, અને બાઈનાં વાંધાઓ બીલકુલ બાતેલ કરી આપેઆ, તે વાતનો સંતોસ તો જોકે સરવેને ઉપજવોજ જોઇએ, પણ તેમાં દલગીરી માંતરે એટલીજ ભેલાઇચ કે અરસપરસનાં શેહજ મીનાકીસાને લીધે એ મરહુમનાં દરવીઅનો કેટલોક ભાગ સારાં કાંમોમાં વપરાતો ઓછો થાએઓ.

જીવરાજ શેઠના ભાંણેજ મીૅ ખટાઉ મકનજીનો જનમ કછ તાલુકેના તેરાગાંમ મધે, સંવત ૧૮૭૬ નાં સરાવન સુદી ૧૨ ને સોમવારે થાએઓ હતો. અગીઆર વરસની વએ પોંહચતાં સંવત ૧૮૮૭ ને સાલ પોતીકા મામાની મેહેરબાંની હાંશેલ કરવા માટે પેહલવેહલા એવણ મુંબઇ આવેઆ, ને તેમનીજ પખસમાં રહીને સંસાર સરજવાની કેલવણી પાંમેઆ પછે, વેપાર વનજનાં કાંમોની હેવીતો સારી માહીતી મેલવી લીધી હતી કે માહેલાં કેટલાંક દેસાવરો ખાતે રૂઉની ખરીદી સારૂ થોડીક મુદત સુધી આવન જાવન ચાલુ રાખી; અને પરમાંણીક પનાથી કાંમકાજ બજાવવામાં જેમ ચંચલાઈ જણાતી રહી તેમ તેમના મુરબીની મમતાબી વીશેસ વધવા લાગી એટલુંજ નહી પણ પોતાને તાંહાંનાં બોહલા વહીવટમાં આ ખટાઉ ભાઈને હેવોતો લપેટી લીધો હતો કે, બાપના લાડમાં જેમ વાહલો દીકરો પલે તે કરતાં સરસ ભોગવાતા સંબંધી સરવે પાંટીનું સુખ મામાએ દેખાડેલું હતું. અને તેવન ગુજરી ગએઆ


પછે વલતે સાલ સંવત ૧૯૦૦ માં શેઠ વસનજી જીવરાજે પોતીકા મરહુમ પીતાનાં જેહવીજ અશીલાઇ દેખાડીને આ ખટાઉભાઇ જે તેમની ફુઇના દીકરા થાએ, તેનાને પોતાની પેહડી ખાતે એક ખાસ ભાગીઆ પણાનાંમાં જોડી લીધો હતો, જે સરીગતનો સંબંધ સાંભલીઆ પરમાંણે શેઠ દુઆરકાં-દાસની સંગાથે પણ તેહવીજ પરીતીથી સચવાઈ રહેઆ પછે બેહુ સાહેબોએ રાજી ખુશી સાથે અરસ પરસનો અખલાસ રાખીને સંવત ૧૯૨૪ ના કારતક સુદી ૨ થી લગભગ પા સદીનું પંઠીઆલું છુટું પાડઆ પછે પોતાને નાંમે નોખો રોજગાર જે રચેઓછે, તેમા સાંભલીઆ પરમાંણે એવણ સંગાથે કાંમ-કાજ પાડનારા વેપારી તથા વેહવારી લોકો તેનાની અશીલાઇ, મીલનસારી તથા પરમાંણીક પનાની ઘટતી સતુતી ગાટા રેહેછે; માટે તેહવીજ રૂડી વરત-ણુક પોતાની જીંદગી સુધી સાચવી રાખવામા પરમેસવરની મદદ ચાહીને આ વરણન હીંઆં સમાપત કરીએછે.

ઠા૦ લખમીદાસ ખીમજીનાં વડવા, કુટુંબીઓ તથા વારેસો.

આ સદગુણી ગરહસથના ઘરનું જનમચરીત્ર મેલવી આપનારા એક ઇસિત મીતરે એવી ઇછા દેખાડી કે, તે હીંદુનીજ ઢપછપમાં છપાએતો બહુ સારૂં; જે વાત આ નોધ લેનારે પસંદગીથી બાહાલ રાખેઆ મુજબ તે સાહ-સીક ભાઇએ લખી મોકલાવેલી કેફીએતને, તેમનો ઉપકારમાંણી બોલેબોલ ઉ-તારી લઇએછે.

સઉરાસટ એટલે કાઠીઆવાડમાના હાલાર પરાંતના જામનગર જીલામાના ખંભાલીયા ગામના તેઓ અસલ વતનીછે. તેમનો મુલ પુરૂસ ઠકર પરસોતમ ઓધવજી સંવત ૧૭૭૫ ની સાલમાં તેજ ગામમાં જનમેઓ હતો, અને પોતાની ગરીબ અવસથામાં તાંહાંજ ઉછરી મોહટો થયો. કેહેછે કે તે વખતના તાંહાંના રાજાએ ગામના લોકો ઉપર ચુલા દીઠ જેવો જુલમાત વેરો નાખવા માંડીયો તે અને તે શીવાએ બીજા કરો પોતાની ગરીબ હાલતને લીધે નહીં આપી સકાયાથી પોતાનું વતન તજી કછમાં જઈ નીવાસ કરેઓ અને તાંહાં ગોવીંદજી નામે એક દીકરો સંવત ૧૭૯૮ મા તેને થયો એવું સાંભલ-વામાં આવેછે. ગરીબી હાલતમાંથી છુટીને પોતાનું નશીબ અજમાવવાની ધારણાથી એ ગોવીંદજી પોતાની રોજી સોધવાને સંવત ૧૮૪૩ માં મુંબઇ મધે આવી રહેઓ. પાસે પઈસાનું સાધન નહીં તેથી ઉછીપાછીનું કરી સુતરાઉ જાડાં કાપડની ફેરી ફરવાનો ધંધો સરૂ કરેઓ અને તેમાંથી જે મલે તે ઉપર સંતોશ રાખી પોતાનો ધંધો જારી રાખેઓ. ગોવીંદજી ને સામજી તથા ખીમજી નામના બે દીકરા હતા તેમાંથી વડાનો સંવત ૧૮૨૦ ને નાહાનાનો ૧૮૨૩ માં શ્રી કછ મધે જનમ થયો હતો તેમાંથી સામજીતો બાપની હઈઆતીમાંજ સંવત ૧૮૪૨ માં વગર વારસે મરણ પામેઓ એટલે તેના વારસ તરીકે આગલ ઉપર પરખેઆતીમા આવનાર માતર ખીમજીભાઈ રહેલો હતો. ગોવીંદજીભાઇ મુંબઈમા આવેઆં

ઠા. લખમીદાશ ખીમજીનાં વડવા, કુટં-બીઓ તથા વારશો.



તારે તેને તથા પોતાના કબીલાને કછમા મુકી આવેલા હતા પણ ગોવીંદજીના મરણ પામવાની તરણ વરસ અગાઉ ખીમજીભાઈ પણ મુંબઇમાં આવી પોતાના પીતાની સાથે રહેલા હતા. ગોવીંદજી તથા તેઓના બાપ પરસોતમ કાહારે ગુજરી ગયા તે ચોકસ ખબર મલતી નથી પણ ધારી સકાયછે કે ખીમજી-ભાઈ વીશેક વરસની ઉમરમાં મુંબઈ આવેઆ હોય તો તે સુમાર પરમાણે તે-મનો પીતા ગોવીંદજી સંવત ૧૮૪૬ ની સાલમાં ૪૮ વરસની ઊંમરમાં મરણ પામેઆ હોય એવું ઠરેછે.

ખીમજી ભાઇએ પણ પોતાના બાપ ગોવીંદજીના મરણ પછી પોતાનો અસલ ધંધોજ જારી રાખયો અને તેમાં સારાં નશીબે ધીરેધીરે ઠીક ફાવતા ગયા અને પોતાની પાસે બે પઇસાની પુંજીનો વધારો થયો તેવડે એક દુકાન કરી ફેરીનો ધંધો તજી રૂડી રીતે પોતાનો વહીવટ ચલાવીયો. જેમ જેમ નજર પોચાડી ધંધો કરયો તેમ તેમ સારાં ભાયગે ઉતરોતર અધીક ધન સંપાદન કરી પોતાના નામનો ઉતકરશ થતો ગયો અને કાંપડના એક મોટા અને પરખીયાત વેપારી તરીકે ખીમજી ગોવીંદજીની પેઢી ગણાવા લાગી. તેઓએ કલકતા વગેરે કેટલે ઠેકાણે પોતાની પેઢીઓ કાઢી વીયાપાર એટલોતો વધારી દીધો કે ઇસવર કુરપાથી તેમણે પોતાની હયાતીમાં સારો પઇસો મેલવી લક્ષાધીપતીમાં ગણાવા લાગા. પોતાની ભાટીયા ન્યાતીમાં અધાધુંધી ઘણી ચાલતી હતી તેથી શેઠ કાનજી ચતુ તથા શેઠ જીવરાજ બાલુ વગેરેની સાથે મલી ન્યાતીનો ઘણો બંદોબસત કરયો અને તે વખતથી ભાટીયા ન્યાતીના હિતકરતા તરીકે તેઓ પોતાની ન્યાતીમાં શેઠીઆ તરીકે ગણાવા લાગીયા. આ ગરહસથ પોતાની વરધાવસથામાં શ્રી ગોકુલ મથુરાં વગેરેની યાતરા કરવાસારૂ પોતાના કુટંબ પરીવાર સુધાં સંવત ૧૮૯૮ ની સાલમાં ગયા હતા તાંહાં તેઓ કુદરતી નીયમ પરમાણે શ્રીનાથ દવારામાં ચઈતર વદી ૧ ને રવીવારને દીવસ સવર-ગવાસ થયા તેમના પાંચ દીકરા હતા. કાંહાંનજી, હરજીવન, લક્ષમીદાસ, ધરમશી, અને ગોરધનદાસ. તેમાં લક્ષમીદાસ નામે જે તરીજો પુતર જે ઘણો પરાકરમી નીકલીયો તેનો જનમ સંવત ૧૮૮૭ ના જેઠ વદી ૧૨ ને ગુરૂવારે મુંબઇમાં થએલોછે. તે પોતાનો પીતા નાથ દવારામાં ગુજરી ગયા તારે તેઓપણ સરવ કંબીલા સાથે ભેગાજ હતા તાંહાં તેમણે તથા તેઓના વડીલ ભાઈઓએ મલી પોતાના પીતાની ઉતર કીરયા અને ધરમના કામ અઢી વરસ સુધી રહી સારાં કરયાં હતાં. પોતાના બાપની ધારણા પરમાણે તેમણે દરરોજ સેંકડો બરાહમણો જમાડવામાં તથા બીજાં ધરમને લગતાં કામોમા સઘલા રૂ૫૦૦૦૦) ખરચ કરયો ને બેટ દવારકાંમાં પણ શ્રી તરીકમજીની સુરતી આગલ અખંડ ઘીનો દીવો બાલવાના ખરચ સારૂ તાંહાં વાટકાવાડી નામની જગા રૂ૪૫૦૦) માટે ખરીદ કરી આપી કે જેમાંથી વરસ ૧ ના રૂ૩૦૦) ને આસરે આવેછે અને તેમાંથી અખંડ દીવો શ્રી તરીકમજી આગલ થાયછે. આ પરમાણે તે સપુત છોકરાઓએ પોતાના પીતાના અતી શ્રમના પેસામાંથી યોગીય રીતીએ ધરમ દાનમાં ખરચી પોતાના બાપના નામને મોટુ માન આપીયું.

ખીમજીભાઈના પાંચ પુતરો અને તેઓના પરીવાર વીશેની હકીકત તેઓની વંસાવલીના ઝાડ ઉપરથી સાફ માલમ પડશે. એ પાંચ ભાઇઓમાં તરીજો પુતર લક્ષ્મીદાસ સરવમાં સારો ભાગીયસાલી અને પરાકરમી થયો તેણે પોતાના બાપનો ધંધો ઘણી ઉતકુરશ્ટરીતીએ ચલાવી પોતાનો વેહેવાર એવોતો ચોખો રાખયો કે જેથી કરી એના પરમાણીકપણા વીશે ઘણાઓની પુરણ ખાતરી થઈ ગઈ. તેમ નશીબનો પણ એવો સારો કે જેમ જેમ પોતાનો રૂડો વેહવાર રાખી ધંધો કરયો તેમ તેમ ઘણું ધન સંપાદન કરી બાપની મેલવેલી દોલત અને કીરતીમાં સારો વધારો કરેઓ. અને એ પરમાણે વધતાં વધતાં સંવત ૧૯૨૦ ની સાલથી આ મુંબઈ શેહરમાંની એક પરખીયાત પેઠી કે જે વાલેસની કંપનીને નામે ઓલખાયછે તેના તેઓ દલાલ થયા અને તારપછી ઉતરો ઉતર તેઓનો ઉતકરષ થતો જાયછે. તેમણે પોતાની જાતીમાં મોટાઇ મેલવીછે એટલુજ નહી પણ પોતાના સદગુણને લીધે આપણા રાજ કરતા અમલદારોને પણ એ ગરહસથ વીશે સારો અભીપરાય બંધાયાથી શેહેરના એક સુલેહના અમલદારનો હોધો આપણી સરકારે તેમને આપીયો. અને તે હોધામા તેઓ સંવત ૧૯૨૦ ના માગસર માસથી ખીરાજેછે. તેઓની નાતના તમામ લોકો એમના પરમાણીકપણા ઉપરતો વીસવાસ રાખેછે અને તે રાખવાને લાયક તેઓ પુરતીરીતે છે એની સાબેતીમાં અમારા જાણવામાં આવીયુંછે કે ભાટીઆ માહાજને પોતાની ઉપજ ખરચનો અને તમામ કામનો વહીવટ તેઓનીજ દેખરેખથી કરવાને તેમને અરજ કરી મુકરર કરયાછે અને તેનાં સલીસતર હીસાબનાં દર વરસે જે ચોપાનીયાં નીકલેછે તે અમે વાંચાં તેથી અમારી ખાતરી થાયછે કે એ કામમાં તેઓ માતર પોતાના જાતભાઈઓનું કલીયાણ ઈછીને વગર સવારથે પોતે જાતે મેહેનત લઇ ઘણી સફાઈ રાખેછે. વલી આપણી મુંબઇનો રેહેવાશી તેઓની ન્યાતીમાંના શેઠ ગોકલદાસ તેજપાલ જેઓ પોતાની આસરે ૩૭ લાખ રૂપીઆની પુંજી મુકી ગુજરી ગયાછે તેમણે પણ આ સદગરહસથ ઉપર એટલોતો વીસવાસ રાખેલોછે કે પોતાના વીલમાં પોતાની મોટી મીલકતના ટરસટીઓ તરીકે શેઠ દુઆરકાંદાસ વસનજી ભેગા તેમનેબી મુકરર કરેલાછે.

હાલ વલભ વંસના માહારાજોમાં જે અનીતી ચાલેછે તે તેમના વડીલો સારી રીતે સમજતા હતા, પણ તેઓથી તે વીશે કાંઈ કરી સકાયું નહતું પરંતુ આ ગરહસથે જાહેર હીંમત બતલાવી માહારાજોની ખરી અનીતીને ઉઘાડી કરી અનીતીના મારગનો તીરસકાર કરેઓ તથા પોતાની નાતમાં જે ઘણોજ ગેરબંદોબસત ચાલતો અને કોઇ કોઈની દાદ ન સાંભલતું હતું તે સરવનો રૂડો બંદોબસત કરી એક ખરા પરમાણીક, સાલેસ અને પરોપકારી પુરૂષ તરીકે પરીપુરણ રીતે વરતી શેઠાઈ અને જસટીસ આફ ધો પીસનો માનવંતો ઓધો ભોગવી પોતાના કુટંબમાં અને આ શેહેરના સઘલા લોકોમા રૂડી પરખેઆતી મેલવી સુખ અને સાંતીથી દીવસ નીરગમન કરેછે.

કલકતાના પેહલા બાબુ શા૦ નાંનજી જેકરન.*

શ્રી કાઠીઆવાડના જીલે માંગરોલ કરીને સમુદર કીનારે એક ગાંમછે; જાંહાં દસાશ્રીરમાલી સરાવક ગણાતના શા૦ જેકરન ભીમજી જે રેહતા હતા, તેના દીકરા આ નામવર નાનજીશાહ સંવત ૧૮૩૦ ની સાલમાં જનમ પાંમેઆ હતા; જારે ૧૫ વરસની વએ પોંહતા તારે સંવત ૧૮૪૫ મા પેહલવેહલાં મુંબઈ આવીને કાપડનો ફુટકલ ધંધો કરવા માંડઓ; અને તે પછે ઘાટ ઉપર આવતી જતી વનજાર સાથે રોજગાર ચલાવેઓ તેમા કેહય કે, પાંચ રૂપીઆનું સારૂં દઈવિત તેનાએ મેલવેલું હતું. પણ માઠાંભાગ્યેમની એક એવી જબરી નડત તેમને ઓચીંતી આવી મલેઆને લીધે સંવત ૧૮૫૮ ની શાલમા આપણી તરફની ચીચબંદર ઉપર જે મોઠી આગ લાગી તેમાં રૂપીઆ લાખ દોહોડની કીંમતનો સંઘરી રાખેલા માલનો મોટો જથો બલીને રાખ થઈ ગયામો થોડુંક સુધી ભારે સંકટ તેનાને ખમવી પડી હતી. જેનો કશોએ ઘભરાત ઉપજાવેઆવના તે વખતપર ચીન ખાતે (જે વાતને આજે ૭૦ વરસ થયાંછે) બંગાલી અફીનની ખપતી ઘણી નીકલી આવી પણ તેના ધંધાને હાથ કરનારો કલકતામાં કોઈજ નહીં હોયાને લીધે આ હીંમતવાન નાનજીશાહે મરહુમ મોતીશાહ શેઠના ભાઈ શા૦ નેમચંદ અમીચંદ સાથે પંઠીઆલાપણાનું નાતુ બાંધીને સંવત ૧૮૫૯ માં તાંહાંની સફર એખતેઆર કીધી હતી; અને રૂડી વરતણુકથી વેપાર ચલાવીને થોડા વખતમાં એટલો તો નફો મેલવેઓ કે, આગમાં પોંટેલી નુકસાની શેહજવારમાં વલી રેહેતાં દરવીઅની ભરચકર જોતા રહેઆ; અને ચીન ખાતે બંગાલી અફીનનો ધંધો કલકતા મધે એજ ગેરહસથે પેહેલવેહેલો ચાલુ કીધાની યાદીમાં નાનજીશાહ ચીનાઈ કરી તાંહાં પરએઆત થઈ પડઆ, એટલુંજ નહીં પણ એ વેપારના ફેલાવાથી મુંબઈ ખાતેની આડતનું મુહબલક કાંમબી એવણનેજ હાથ આવનું રહેલું; જેમાં પરમાંણીકપણું વાપરીને સરાફી તથા સોદાગરી મંડલીઓમાં સારૂ માન મેલવવા લાગા હતા. નેમચંદશાહ ગુજરી ગયા તારે તેમના સકલગુણી ભાઇ શા૦ મોતીચંદ અમીચંદ જે વેપાર વણજમાં ઉગી નીકલેઆ તેમની સાથે આ બંગાલી બાબુ નાંનજીશાહે આડતનો તથા રાસ ખાતાંનો રોજગાર સાંધી લીધા પછે આપણા જમાને હાતમ સરીમંત સર જમશેદજીનો,સખીદસત તેમની ખાંધ ઉપર આવેઆથી નાનજીશાહનો દરજ્જોબી દીન દીન બુલંદી કલાએ પોંહચતો રહેઓ હતો; કારણ કે તે વખતપર હાવા આસરાને લીધે બંગાલી અફીણનો આડધ જથો એવણ હસતકથી ચીન ચહડવા લાગો અને અડધમો બીજા સઘલા વેપારીઓ રોકાતા રહેઆ.

આ નાંનજીશાહે મુંબઈમાંબી પોતીકે નામની એક ખાંનગી પેહેડી સથાપીને લોકો તરફથી આડતનું મુહબલક કાંમ મેલવવા માટે કલકતાની પેહેડીને

* ગુજરાતી હીંદુઓમા આ ગરહસથ પેહલવેહલો જલમારગે કલકતે એઓ હતો. ના૦

સારો આસરો હાંસેલ કરી લીધો હતો. અને સઘલી જીંદગી વેપાર વણજના કાંમમાં રોકી બેઠાથી એક કશાએલો, સુધો, સારી દેઆંનતનો અને ચોખા વેહવારવાલો ગરહસથ કેહવાતો હતો એટલુંજ નહીં પણ એમની સાથે જે લોકો લેણદેણ કરતા તેઓ સઘલાની મનપતીજ સારી પરકારે થતી હતી.

આ ગરહસથે કલકતામો લગભગ ૩૮ વરસ બરેબુટ ગુજારેઆ પછે સંવત ૧૮૯૭ નાં સાલમા મોતીસાહ સંગાથેનું પંઠીઆલાપણું એક બીજાની રાજીખુશી તથા એખલાસથી છુતું પાડીને મુંબઇમાં આવેઆ, અને બેહુ તરફ પોતાના નાંમની પેહડી કાએમ રાખીને જીંદગીના બાકી દીવશો રાહેત પાંમવાની મતલબથી પોતીકે સવદેસ સીધારેઆ હતા જાંહાં સાતેક વરસ સુખ ચેનમા રહેઆબાદ સંવત ૧૯૦૪ નાં માગસર વદી ૪ વાર સનેઉએ કઇલાસવાશી થીઆ તારે તેમની ઊંમર ૭૪) વરસની ગણાઈ હતી.

એ મરહુમ નાનજીશાહ પોતાની પાછલ ૪ દીકરાઓ મેલી ગએઆ હતાં તે માહેલા વડા દીકરા શા૦ મકનજી બાપની હઇઆતીમાંજ સંવત ૧૯૦૩ ના સાલથી ફારગતી કરી દઈને છુટા પડેઆ હતા, અને બાકીનાં તરણ દીકરાઓ મધે સુંદરજી, જેઠાભાઈ તથા મદનજી જે સામથા રહીને શા૦ નાંનજી જેકરનનાં છોકરાઓની કુંપનીને નાંમે આડતની તથા વેપાર વનજની પેહડી ચલાવતા હતા; તેઓ પણ સંવત ૧૯૦૯ નાં સાલમા એક બીજા વચે અરસ પરસની સહમજુતીથી છુટા થાઇને પોતપોતાનો અલાહેદો રોજગાર કરવા લાગા.

નાંનજીશાહના હાલ હઇઆત રહેલા દીકરા શા૦ સુંદરજીએબી ઘણા વરસ એ પેહડીના સંબંધમા કલકતાખાતે ગુજારેઆં હતાં; પણ ઇસવી સને ૧૮૬૫ ના સતાની જેહરી હવા કેટલાક સતોરીઆઓના તોફેલ અસર થએઆને લીધે સઘલી આંટ ખોહીને નાંદાર થાઈ પડેઆ, તે વખતપર સાંભલેઆ પરમાંણે તેમના એક ભાઈએ આગલુંપાછલું વેરભાવ એખીતું કરી એ બીચારા રાંક સુંદરજીને ઘણુંસુધી હેવાતો સતાવેઆ કે જે ફડચો શેહેરમાં થનાર હતો તેને ફાકતનાં ૪ વરસ સુધી વીતંમના ભોગવવી પડી હતી; પણ તેમની રૂડી નીસટા અંતે સાહે થાઈ તારે વગર અડચને અઠાવીસમાં કાએદાનો લાભ પાંમીને હવડાં તેમની આગલી ઓલખાંનવાલા જેઓ કલકતા મધેછે તેઓની મદદ મેલવીને થોડાક રોજગાર કરતા દેખાએચ પણ ગએલો દરવીઅ અને ખોહવાએલી આંટ પાછી મલતાં કોઈ ઘણી મુદત જોઇએ હેવું હાલનો સમો આપણને કહી આપેછે.

શા૦ નરસી નાથા.

આ ગરહસથે સંવત ૧૮૫૬ ની સાલમા કછ તરફથી પેહલાં આવીને …બઇમા વાશો કીધો, તે વાતને હવડાં ૭૩) મું વરસ જણાએછે; એમના …રનું મંડાંન પરથમમા બાહેરના વછીઆતો તથા વેપારીઓની આડતથી

થાએઉં, જેમાં કેહચ કે સાચી દેઆંણતના સારાં ફલ તેમને હાથ લાગેઆથી વેપાર વણજમાં વધતા ચાલીને પોતાની નેઆતમાં સરવેથી વડા, અને ડાહાપણવાલા એક શેઠીઆ ગણાએઆ હતા; એટલુંજ નહી પણ સારી આંતને સદા આધીન રહેઆને લીધે, વેહવારમા હેવાતો પરોટાએઆ કે તેની ખુબીથી વેપારખાતાંની સરવે મંડલીઓમા પોતાના નાંમની પરખેઆતીને પેહલે દરજજે પોંહચાડી દીધી હતી. એમના પરમાંણીકપણાનો એકજ દાખલો જે સાંભલવામા આવેઓચ, તે ઉપરથી કેહવાની કસુર નથી કરતા કે આ નરશી શેઠને, પરથમમા આપણી ટાપુખાતે મશાહુર થાઈ ગએલા મરહુમ શેઠ હોરમજજી એદલજી કાંમાજી જેવણ ચીનાઈ જુબાનમા "પાહવા" અથવા "સેચી"નાં એલકાબથી બુજોરગી સાથે વખણાએલા હતા, તેવન સંગાથે ઘણો સારો ઘરોબો હતો, અને તેજ નાંતાંથી તેમના દીકરાઓ શેઠ દાદાભાઈ તથા મનચેરજીને ચીનખાતે થાએલા તેઓના રોજગારની સરૂઆતમા કાંમકાજની લેવરદેવર સંબંધી ઘણો મોટો આસરો મલેઓ હતો, જેવાતને આ સાહશીક શેઠીઆઓ આજદન સુધી માન સહીત ઈઆદ રાખતા જણાએછે; અને તેવીજ લાએકાત ધારીએચ કે, બીજા ઘણાઓ સંગાથે આ નરસી શેઠે કરી દેખાડી હશે; જો તેની હકીગત કદાપી મલી હોતતો મોટા હેતુથી આ નોંધમાં હમો સમાવી સખતે.

એ શેઠીઆની નેઆતમાં કેહચ કે, આગલા દાહાડાઓ ઉપર વીધવાઓને પુનરવીવાહ કરવાની છુટ ભરેઓ રવઈઓ જે સાધારણ થાએલો હતો, તે રેવાજ એવણ સંવત ૧૮૯૮ ની સાલમાં જારે ગુજરી ગએઆ તારેખી, અને તે પછે વરસ બેએક સુધો ચાલુ રહીને ખબર નથી કે, શું સબબથી એકાએક તદન બંધ થાઈ પડેઓ, જે મોઠો રેવાજ હજીસુધી તેવીજ હાલતમાં રહેઆને લીધે બીચારી નીરદોસ વીધવાઓના હકમા ખરેખરી બેઈનસાફી ગુજરેછે; માટે એટલાં તેનીઓના હીના નસીબ કે, તેમના સર ઉપરથી શા૦ નરશીશેઠ ઉઠી ગએઆ, નહીં તર તેનીઓના સણસારી સુખમાં ખચીત હાવો અતકાવ થાવો મુસકેલ પડતે.

આ ગરહસથ સરાવકનો જે ધરમ પાલતા હતા, તેની ઈઆદગારી માટે પોતાની ગણાતના લોકોને ભગતી કરવા સારૂ એક દેહડાંસર ચીચબંદર આગલ પોતાની હઈઆતીમાં બંધાવી આપેઉંછે. તે શીવાએ તેમની બીજી કોઈબી કીરતીનું બએઆન દાખલ કરવાજોગ હમારે હાથ આવેઉં નહી તેથી ખચીત દલગીરી ઉપજાવીએછે.

શેઠ ગોકલદાસ તેજપાલ.

ભાટીઆ ગણાતના સરવેથી પેહલવેહલા ચાર સખશોની પુઠે બીજા ઘણા જણાઓએ આપણી ટાપુમાં વસતી આંણી દીધી, તેઓની જીંદગીનો હએવાલ નોધી રાખવાજોગ જણાતો નથી; મગર કેટલાક મેહનતુઓ, જે પોતીકા

રૂસણ ભવીસની સરજતથી ટુક અરસામાં પરબેઆત થાઇ પડ્યા, તેઓ માહેલા એક તેજપાલ ખટાઉની જીંદગી તેના સકરમી દીકરાએ દીપાવી દેખાડીચ, તેનીજ ઇઆંદગારીને આ નોધમાં સમાવી લેવાનું ઇઓગીઆ વીચારીએછે.

કાઠીઆવાડ પરાંતનાં કછમધે માન્જે કોઠારા નામનું એક ગામડુંછે તાંહાં કછી ભાટીઆની ગણાતના ઠા૦ ખટાઉ કેસવજીને ઘેરે જનમ પાંમેલા બે દીકરાઓ માહેલો નાનજી નામનો વડો દશેક વરસની વએનો હતો તે પોતાના સવદેસથી નીકલીને સંવત ૧૮૫૯ ની સાલમા પેહલવેહલાં અતરે આવી રહેઆ વીશેની વાતો વાકિફગાર લોકોથી જે સાંભલીછે તે, અને તેની મુશ્કેલીશી હાલતને અઠાગ મેહનતના બલવડે થોડાજ વખતમાં તેને ફેરફાર કરી નાખી તે સંબંધી આ એક ચાણાક ભરેલો ધડો આલસુ લોકોને માટે યાદ રાખવાજોગ વીચારી હીંઆં દાખલ કરીએછે. કેહચ કે જારે નાનજી ખટાઉ આવેઓ તારે તેની ગાંઠમાં કાંઇબી ગુરથ નહીં હોવાથી ઉધાર ઉછીનાં બેચાર આંણા મેલવીને ખજુર વેચવાની ફેરી ફરવા લાગો. જેમાથી દરરોજ આઓ દાહાડો ભટકે તારે બેતરણ આણા નફો ઉપજાવેઆ ઉપરાંત રાતરે કોઇનાં દુકાંણની ચોકી કરવા રહીને તાંહાંથી જે મલે તેવડે ગુજારો ચલાવા માંડ્યો, અને તેહવી હાલતમાં વરસ એક વટાવેઊં તેટલાં જેમ નજર પોંહચતી ગઈ તેહવી જીણસ લઇને વેચવાનોજ ધંધો ચાલુ રાખેઓ, જે વાતને તરણેક વરસ વહી ગએઆં તારે તેમનો નાંધલો ભાઈ તેજપાલ ખટાઉ જે વરસ પાંચેકની વએનો હતો તેને તેના ગરીબ માં બાપોએ કોઇની સંગાથે સોંફી આપેઆથી પોતાના વડા ભાઈની પાસે આવેઓ; પણ તે બાપરાને પોતાના પેટખાતર રાતને દીવસ રખડવાનીજ વેઠ લાગેલી તાંહાં આ બાલકની જતન સારી રવેશે કરી નહી સકાએઆના સબબથી, કોઈ કોઠીઆ અંદર ચહડાવી તેને દેસ ખાતે પાછો રવાંણે કરી દીધો; જાંહાં બે વરસસુધી પડી રહેઆ પછે તેનો નશીબોબી રૂડી સરજત જોનાર હશે તેથી સાઠ વરસના સુમારની વએમાં જારે બીજીવાર પોતાના ભાઇની પાશે તેજપાલ આવેઆ તારે નાનજીની સથીતી લગાર સારી હતી, તેથી નાંહના તેજપાલભાઇને બહુ હેતુથી સંભારી લીધો. એ વખતપર કેહચ કે દેશાવરેથી આવેલો રૂઉ વેચાએ તેના દાગીનાઓ ઉપર છાપ મારવાનું કાંમ તે કરતો, અને નમુનાનો જે રૂઉ એબીતો થાએ તેમાં બીજો માલ ઉમેરીને ધંધો ચલાવતાં છેક વીશેક વરસની વએ પોંહતો તેટલાં તો એક નાંધલા સરીખા સવતંતર વેપારીમાં ખપવા લાગો, એજ તેના હેજગારી ભરેઆ ઉદીઓગનું ફલ તેને ખરેખરૂં મેલવેઉ, એટલુંજ નહીં પણ તેજપાલબી ભાઇની પખસમાં ઉધરીને લગરીક મોટો થવા આવેઓ તારે પરમેસવરની ફીરપાથી એ બેહુ ભાઇઓનો સંપજ સારી રીતે સચવાએલો રહેઆને લીધે, મલબાર કોસતા તરફનો થોડોક રોજગાર પરચુટણ માલનો સરૂ કીધો; જેમાં ખંતીપણાની મેહનત તેઓને પરથમમા પેટપુરતીજ પેદાસ આપવા લાગી, પણ તેહવી ઉલટમા ઉદીઓગને જેમ રૂડી વરતણુકપર વલાંણ મલતી રહી તેમ દીનદીન વેપાર વધારીને કેહચ કે તેઓ માહેલા નાહના તેજપાલ જારે સંવત ૧૮૮૯ ની

સાલમાં મરણ પાંમેઆં તારે આ મથાલે જણાવેલા નાહની વએ... દીકરા ઉપરાંત મીઠાંબાઈ તથા માણેકબાઈ નાંમની બે દીકરીઓ મલા... ફરજંદોની સાથે આસરે તરણેક લાખ રૂપીઆનું દઈવત પોતાના ભાઈ ના... શેઠને સપુરદ કરી ગએઆ હતા. એ પછે ઠા૦ નાનજી ખટાઉએ પોતીકા બાલવએના ભતરીજાંઓને પખસમાં સંભાલી લઇને રચાએલા રોજગારને ખીલવી ચલાવેઓ તેમાં રૂડાં ભાએગથી દરવીઅનો ભંડાલ વધારતાં સંવત ૧૮૯૫ નું સાલ આવેણ તેટલાં છએક લાખ રૂપીઆ ગાંથે બાંધેઆ હતા, પણ તેમને પેટે કોઇજ વસતી ન હોવાથી એજ સાલમા પોતે જારે ગુજરી-ગઆ તારે, તેના હકદાર વારેસ, અને મીલકતના માલેક આ શેઠ ગોકલદાસ થીઆ, તેમનો હએવાલ હવે હેઠલ જણાવેલી બીનાથી માલુમ પડી આવશે.

કછી ભાટીઆની માહજનના આ સવતંતર શેઠીઆ ગોકલદાસનો જનમ કેહચ કે સંવત ૧૮૭૮ ના જેઠવદી ૭ ને મંગલવારે મુંબઈમા થાએઓ હતો. તે ઉપર ગણતરી લેતાં તેમના કાકા મરણ પાંમતી વખતે માતરે ૧૭ વરસની વએ પોંહચેલા માલુમ પડઆ; તોપણ શીતારાએ તેમનું સર એટલુંતો બુલંદીએ ચહડવવાની બેશારત દેખાડી કે, હાથમાં આવેલા દઈવટને લગભગ પચીસ વરસ સુધી વેપારનાં કાંમમા ફેરવેઆ કીધાથી છેક સાહઠ લાખ રૂપીઆની પુંજી મેલવી હતી; તે સઘલી નહીં સચવાઈ રેહવાના કારણમાં હેવુંબી સંભલાએણછે કે, પાછલના બે તરણ વરસ જે મુંબઇને માંથે સકત ગુજરેઆં તેની આંચથી મુહબલક પઇશો ધુમાવેઓ, તે છતાંબી એવણ જારે સંવત ૧૯૨૪ નાં કારતક વદી ૮ ને મંગલવારે ૪૫ વરસની જવાંણ વએમાં કઇલા-સવાસ થીઆ, તારે જે દરવીઅ સચવાઈ રહેલો હતો તેનો સુમાર સાડતીસ લાખનો જાચવામાં આવેલો સંભલાએઓછે; પછે ખરી સંખીઆની ગણતરી તો તેમની વશીએતનાંમાના વકીલોને ચોકસ હોવી જોઈએ.

જવાંણી વએમાં ખંતીપણાની અઠાગ મેહનતની અંદર ચહડતાં નશીબાની મદદ મલેઆથી, મોટા દરવીઅવાન થએઆ પછે, તેને રૂડી પેરે વાપરવાનો વખત આવેઓ તેટલાં મોહોતની તાકીદે જોકે તેહવું નહીં બનવા દીધાની દલગીરી જણાવેઆ ઉપરાંત, બીજા હાથપર સંતોસ પાંમવાનો હેવો સબબ સંભલાએઓચ કે, મેલવેલા પઇસામાંથી મોકલે હાથે ખરચવાની બાબદમા આ મરહુમ શેઠનું મન પેહલાં લગરીક કઠણ હતું, પણ પાછલથી જારે રૂડાં કાંમો ઉપર સખીતબેનુ દીલ દોડાવવા લાગા તારે, કેહચ કે સંવત ૧૯૦૯ માં પોતાના સવદેશની શેલશાહે શીધારેઆ તાંહાં, એક લાખ રૂપીઆ ગરીબ-ગુરબાંઓને બેરબેરાત આપવા તથા ધરંમનીમના કાંમો વગેરે ઉપર ખરચી આવેઆ હતા; અને તે પછે એજ અથવા તેની વલતેસાલ જાતરા કરવા ગએઆ, તાંહાંબી તેહવાંજ શુભ કાંમો માટે બેલાખ રૂપીઆની સખાવતથી પોતીકાં નાંમને શોભા પમાડી આવેઆ હતા. આપણી ટાપુખાતે હીંદુઓના છઇઆંઓની તરબીએત માટે ગુજરાતી તથા અંગરેજી શીખાડવાની બે નીસાલો જે તેનાએ સથાપી હતી, તે માંહેલી સરવેથી પેહલવેહલી સંવત ૧૯૧૧ ના

[illegible],૦૦૦) ખરચીને બાહેરકોટ માંડવી બંદરના લતા તરફ ચાલુ કીધી; [illegible]નો પુરૂ મુંબાદેવી આગલ ૨॥૦ મોતી રૂગનાંથનાં ઘેરમાં કાહડેલી સર[illegible]ા હસતકથી ચાલતી નીસાલ પણ તારપછે સંવત ૧૯૧૬ થી પોતીકાં નાંમ ઉપર ચહડાવી લઈને, પોતાને ખરચે ચાલુ રાખી; તે દાહાડાથી આ શેઠીઆનું પરોપકારીપણું પરજા વચે પરએઆત થતું રહેઉં, અને કેટલીક જાતના સુધારા પાછલથી તેમની રૂડી વલાંણ પરકાસવા લાગી. આટલુંજ કાંમ પોતાની હઈઆતીમા કરીને બેશી રહેઆ નોહતા, પણ મરણની જુજ દીવસ આગમજ દોહોડ લાખ રૂપીઆની એક રકમ મેદાનમાં પોતાને નામે એક હાસપીતાલ બાંધવા માટે આપણી નામદાર સરકારના સવાધીનમાં જે સોંફી દીધી હતી, તેવટે એલફીનસટન હાઈ સ્કુલની સાંમણેનાં મેદાંન મધે, મરહુમ નાખોદામીઆં મહમદઅલી રોગેના તલાવની થોડેકદુર, એક કોસાદ જગેઆ ઉપર દરદીઓની માહવજત માટેનું શુંદર મકાંણ બંધાઈને તઈઆર થએલું, સંવત ૧૯૨૯ ના ફાગણ સુદી ૩ ને સનીવારથી ધારેલાં કાંમ માટે ખોલું મેલાઈને આ મરહુમ શેઠ ગોકલદાસ તેજપાલનું નાંમ ચંદરોકાલ સુધી અમર રેહેવાની પુર આશેઆ જણાઈ હતી; પણ તેમા એક હરકતે એકાએક એવો અતકાવ વચે આંણેઓછે કે, આ હાસપીતાલ ઉપર થનારો આકેબત સુધીનો સઘલો ખરચ, નામદાર સરકારે તથા શેહર સુધરાઈના ખાતાંએ મલીને નીમોનીમ પોંહચતો પાડવાનો બંદોબસત પરથમ માજી કમીસનર મી૰ કરાફરડે જે કીધો હતો, તે વાત સાંભલેઆ પરમાણે સુલેહના અમલદારોએ પાછલથી બીલકુલ નામનજુર રાખીછે; પણ આ મરહુમ શેઠના ધુંધી વકીલોને સામાવહુ તરફની કોઈબી અડચણ નડેઆ નહીં કરશે તો, તેઓની ચંચલાઈ હાવાં સુભ કાંમ સંબંધી સરકાર સાથે કોઈ રૂડો તોડ સોધી કાહાડવામા સમપુરણ રીતે સરંજાંમ પોંહચશે.

આ નેકનામ ગરહસથની પાછલ કોઈ વારેસ ન હોવાને લીધે, દરવીયનો થોડોક ભાગ સખાવતપણામાં વાપરવા, અને બાકીની મતા પોતાની માતેશ્રી તથા વીધવાની હઈઆતી સુધી જાલવવાના હેતુથી, મરણની ૨॥ મહીના આગમજ સંવત ૧૯૨૩ ના ભાદુરવા સુદી ૮ ને સુકરવારે પોતાની ખાસ ખુશીથી એક વશીએતનાંમું કરીને પોતીકા ભાંણેજ શેઠ દુઆરકાંદાસ વસનજી, પોતાની ધણીઆંણી સામાવહુ, શેઠ લખમીદાસ ખીમજી, ધી હાંનરેબલ મંગલદાસ નથુભાઈ, ઠકર કેસવજી જાદવજી અને ઠકર નાથા જાદવજી મલી આસાંમી જન ૬ ને વકીલો થેડવેઆ હતા; પણ એવું સાંભલવામાં આવેઉંછે કે, એ માહેલા છેલા તરણ સાહેબોએ વકીલાતપણું કબુલ નહીં રાખેઆથી, પેહલા તરણ જણાઓએ શેઠ ગોકલદાસના મરણ પછે ધારા પરમાંણે કોરટથી અખતીઆરનાંમું મેલવી લીધા પછે, વશીએતનાંમામાનાં ફરમાન મુજબ એક વીધવા બાઈ શેવાએ શેઠ દુઆરકાંદાસ તથા લખમીદાસ અમલ કરતા કેહવાઈને, હેઠલ જણાવેલાં કામો માટે આ શેઠે આપવા કીધેલા રૂપીઆઓ ઉપર તેજ સાહેબોએ દેખરેખ ઉસતવાર રાખીછે.

મુંબઈમાં હીંદુ છોકરાઓને સારૂં એક બોરડીંગ સ્કુલની એમારત બાંધવા માટે રૂ૪૦,૦૦૦ તથા તેનો જાથુક ખરચ નીભાવાના હેતુથી અનામત કાહડેલા રૂ ૧,૬૦,૦૦૦ મલી ફક્ત એજ કારણ સારૂ આપેલા ....રૂ	૨,૦૦,૦૦૦
મુંબઈમાં હીંદુઓને સંસકરૂત શીખાડનારી પાઠશાળા માટે એક મકાંણ બાંધવાને રૂ૪૦,૦૦૦ તથા તેનો ખરચ પુરો પાડવાની થાપણમા રૂ૮૦,૦૦૦ મલી..................રૂ	૧,૨૦,૦૦૦
મુંબઈમાં હીંદુ છોકરીઓની નીસાળ કાહડવા માટે રૂ૪૦,૦૦૦, તથા તે મધે અને આગલની બીજી બે મલીને તરણ સ્કુલો મધે પુરવીન થએલી બાલકીઓને ઈનામો વેંહેંચી આપવાના કારણસર દરએક નીશાળને માટે રૂ ૪,૦૦૦ લેખે કાહડેઆછે તે સઘલા મલીને ....રૂ	૫૨,૦૦૦
મુંબઈમાં વકીલના ધંધાનું કાંમ શીખનારા ભાટીઆ અથવા બીજા હીંદુ વીદેઆરથીઓની મદદમા ખરચવા કાહાડેલા......રૂ	૫૦,૦૦૦
મુંબઈમાં નીરાસરીત વીધવા ભાટીઅણીઓને મદદ માટે....રૂ	૫૦,૦૦૦
મુંબઈમાં નીરાસરીત અપંગ થએલા ભાટીઆ પુરૂશોની મદદમાં.રૂ	૫૦,૦૦૦
મુંબઈમાં લખમી નારાએણનું દેહરૂં બાંધવા, તથા તેના જાથુક ખરચના ....રૂ	૩૫,૦૦૦
મુંબઈના ગરીબ ભાટીઆઓની છોકરીઓને પરણાવી આપવાના કારણ સારૂ ....રૂ	૨૫,૦૦૦
મુંબઈમાભાટીઆઓના નીરાસરીત છોકરાઓને મદદે આપવા કાજે.રૂ	૨૫,૦૦૦
મુંબઈની માંદવી બંદર આગલ પોતાની હઈઆતીમાં સ્થાપેલી પાઠશાળાને નીભાવી રાખવાની પુંજીમા આપવા કાહડેલા ..રૂ	૨૦,૦૦૦
મુંબઈમાં મુંબાદેવીની ચોકી પાસે શા૦ મોતી રૂઘનાથવાલાં ઘેર માહેલી સરકારી આગલી નીશાળ જે પોતાના નામથી ચાલુ રાખેલીછે તેના નીભાવસ માટેની થાપણમાં આપેલા ....રૂ	૨૦,૦૦૦
મુંબઈની ઉદીયોગશાળા, બોરડીંગ સ્કુલ, તથા બીજી નીશાલોને માટે જોઈતો સરણજામ લઈ આપવાનાં કાંમમાં વાપરવા..રૂ	૧૧,૦૦૦
મુંબઈના નીરાસરીત ભાટીઆઓના મરણની ક્રીરીઆમા આપવા કીધેલી મદદ માટે અલાહેદા રાખેલા..........રૂ	૫,૦૦૦
	રૂ ૬,૬૩,૦૦૦

કછ માંડવી તરફ અંગરેજી સ્કુલ કાહડવા સારૂ આપેલા.	રૂ૫૦,૦૦૦
કછ માંડવી ખાતે સંસકરૂત વીદેઆશાળા કાહડવા માટે.	રૂ૪૫,૦૦૦

કછના કોઠારા ગાંમમાં એક ધરેમશાળા, અને તેને લગતું એક મંદીર બાંધવા માટે રૂ૧૦,૦૦૦ તથા તે મંદીરમાં શ્રી લખમી નારાએણની મુરતી પ-

ધરાવીને તે ઉપર ૬૨ શાલે રૂ ૧૦૦૦ સુધી ખર-
ચવાની થાપણમા રૂ ૨૦,૦૦૦ રોકી રાખવા તે
મલીને કુલ .... રૂ૩૦,૦૦૦
ઉપલાં ગાંમમાં એક તલાવ બાંધી આપવા સારૂ.. રૂ૧૦,૦૦૦
ઉપલાં ગાંમમાં એક ગુજરાતી નીસાળ સ્થાપવા માટે. રૂ૧૦,૦૦૦
કછના મોજે જખવમાં ગુજરાતી પાઠશાળા કાહડવા. રૂ૧૦,૦૦૦
કછના નલીઆ ગાંમમાં ગુજરાતી નીસાલ કાહડી આપવા. રૂ૧૦,૦૦૦
કછના વીજાંણ ગાંમમાં ગુજરાતી નીસાલ કાહડવા સારૂ. રૂ૧૦,૦૦૦
——————રૂ૧,૭૫,૦૦૦

હેઠલ જણાવેલાં લોકોને વારસા દાખલ
આપાવેઆ તેની વીગત.

પોતાને ઘેરના ચાકરો વગેરેને રૂ૪૬,૦૦૦ તથા તે ઉ-
પરાંત તેઓ માહેલા આસાંમી જણ એ ઉપર ખાતે
બાકી નીકલતા લેણા ખીલકુલ માંફ કીધા તે
રકમ રૂ૫૭,૦૦૦ ની મલીને સઘલી બખસેસની
સંખીઆ ....રૂ૧,૦૩,૦૦૦
પોતાની વીધવા દીકરી જમનાબાઈ તથા બેન મા-
ણેકબાઇની પરવરશી માટે વીસ વીસ હજાર અ-
નામત રાખી તેનું વીઆજ આપવા ફરમાવેલછે,
પણ તેઓની કજાઃમેલાહીએ તે બધા રૂપીઆ
તેનીઓનેજ નાંમથી વકીલોની નજરમાં ઉપલાં
ધરમ ખાતાંઓ માહેલાં હરેક કાંમમાં વાપરવાની
છુટ જણાવેલીછે.....................રૂ ૪૦,૦૦૦
પોતાની માતાને રૂ૨૫,૦૦૦, વીધવાને રૂ૧૦,૦૦૦,
બેહનને રૂ૨૦૦૦ તથા કાકીને રૂ૧૦,૦૦૦ મલી
તેનીઓના મોહોટ ખરચ માટે અપાવેલા કુલ..રૂ. ૪૭,૦૦૦
વારસા તરીકે માતાને રૂ૧૫,૦૦૦, વીધવાને રૂ૧૦,૦૦૦
અને દીકરી તથા બેનને રૂ૫૦૦૦ મલી......રૂ ૩૦,૦૦૦
ભાંણેજની દીકરીને પરણાવી આપવાના ખરચ સારૂં. રૂ ૧૫,૦૦૦
——————રૂ૨,૩૫,૦૦૦

પોતાના મોહોત ખરચ માટે વરસ ૧ સુધીના ....રૂ ૨૫,૦૦૦
ઉપર જણાવેલો સઘલો વહીવત ચલાવનારૂં એક ખાતું સ્થાપીને
તેમા રાખવા ફરમાવેલા મેહેતા, મુટસદી, તથા સેકરેટરી
વગેરેનો ખરચ પુરો પડે એટલી થાપણ જે અલાહેધી કા-
હડી તેની સંખીઆ..........................રૂ ૭૫,૦૦૦
——————
રૂ૧૧,૭૩,૦૦૦

વશીએટનાંમામાં જણાવેલી વીગત મુજબની સખાવતના સરવાલા અદર તેની આગમજ પોતાની હઈઆતીમાં જે અપાઈ ચુકા, તે સાથે ગણતાં શેઠ ગોકલદાસ તેજપાલની દોલત મધેથી ૩૧૬,૭૩,૦૦૦) બખસીંદા થાએલા ગવાએઆછે. આ માહેલાં સઘલાં ધરમખાતાંઓ, તો જો કે ફકત હીંદુઓનાજ ઉપીઓગ માટે માલુમ પડઆંચ, તોપણ એક હાસપીતાલમા રોકાએલા રૂપીઆ દોહોડ લાખ જે સરવે ગણાતના ગરીબ વેહાધી લોકોને વાસતે વપરાએઆછે, તેજ માહ પુન સરવે ઉપર સરદારી ભોગવતું રહીને આ મરહુમ શેઠનાં નેક નાંમની કીરતી સાથે જાથુક વખણાએઆ કરશે.

સારાં નશીબે સચવાએલા પઇસાનો ૦॥ ભાગ રૂડાં કાંરણમાં ખરચતાં જે બાકી દઈવત રહેશેં, તે આ શેઠીઆએ પોતીકા ભાંણેજ શેઠ દુઆરકાંદાસ વસણજી, અથવા તેમના દીકરા માહેલો જેબી સખસ, તેમની વીધવા સાંમાવહુની મરણ વખતે હઇઆત હોએ, તેને સપુરદ કરવાનું ફરમાંણ જણાવીને વશીએતનાંમાની શેવટે, વકીલોને તેઓનો અધીકાર રૂડી પેરે બજાવવા સંબંધી ઇસિવર પરારથના જે ગુજારેલીછે; તેજ મુજબ ધારવામાં આવેછે કે, તેઓ-માહેલી એક સામાવહુ વતરેગે બાકીનાં બે શેઠીઆઓ આ કારણ માટે સઘલી વાતોમા સાબેત કદમ રહીને, પોતાની કીરતીમાં જેઅ ભરેઓ જસ મેલવતા રેહચ; અને તેહવીજ વરતણુક શીકે, આકેબત સુધી રેહશે તેમાં કાંઈજ સંધે નથી; પણ એક વાત ઉપરથી કેહવાને અતીઅંત દલગીરી ઉપજેછે કે, આ મરહુમ ગરહસથની વીધવા બાઇ સાંમાવહુ, સાંભલેઆ પરમાંણે તેઓના મતથી સદા જુદાં પડછે, તેને લીધે સારાં કાંમોની વચે પડીચ તે કરતાં વીશેસ હરકતો નડવાની ધાસતી રેહછે; તો જોકે એ કારણ માટે પરથમ ઉઠેલી મોટી તકરાર છેક નાંમદાર માહરાંણીની હાઈકોરટ સુધી એકવાર ચહડી હતી, તાંહાંપણ ઉપર જણાવેલા બેહુ વકીલાએ બજાવેલાં કાંમો રૂડી પેરે બાહાલ રહેઆ ઉપરથી બાઇ તરફના કેટલાક વાંધાઓ ઉડી ગએઆ છતાંબી એ સંબંધી મુકદમો વલી બીજીવાર નામદાર નેઆએધીસ મી૰ બેલીની હજુર રજુ થએઓ હતો; સબબ કે વશીએતનામા અંદર ફરમાવેઆ મુજબ સાતલાખ ને બાંણુહજાર રૂપીઆના ખરચ માટે, આ મરહુમની વીધવાના અટકાવથી શેઠ દુઆરકાંદાસ તથા લખમીદાસ કાંઈ કરી સકતા નહીં, અને તેથી કરી ધરમના કેટલાંક કાંમો જે અટકી રહેઆં, તે ઉપર તેઓએ જારે કોરટનું ધેઆંણ ખેંચેઉં, તારે નામદાર નેઆએહાધીશે સરવે કેફીએત સાંભલી લઈને સંવત ૧૯૨૯ ના પોસ વદી ૯ ને ગુરૂવારે હેવો ચુકાદો કહી જણાવેઓ કે, આ મરહુમના ધરમખાતાંની બાબદોનો એક ખરડો ઘડીને બાઇ સામાવહુ અથવા તેનીના વકીલો ઉપર, તેમા કાંઈ વધ ઘટ કરવામાટે તા૰ ૧ લી મારચ ૧૮૭૩ સુધીમા મોકલવો; અને તેમા સાંહમણી તરફથી, ફેરફાર થાએલી બાબદોનો સુધારેલો ખરડો તા૰ ૧ લી એપરેલ ૧૮૭૩ સુધીમાં, ઉપલા બેહુ અરજદારો અથવા તેઓના વકીલો ઉપરાંત, આડવોકેટ જનરલ ઉપર મોકલવો; અને આડવોકેટ જનરલે તેમા ઘટતો ફેરફાર કરીને મનજુર રાખેઆ પછે, તે બાબદ

ચેઆંમબરમા બેસનારા હરેક જડજ પાશે તેની પસંદગી સારૂં રજુ કરવો. બીજુંઃ—ધરમખાતાંઓને લગતાં સઘલાં નાણા આકાઊંનટેંટ જનરલની આફીસમા "ગોકલદાસ તેજપાલના ધરંમ સંબંધી હસાબ" હેવે નામનું જુદું ખાતું પડાવી અમાણુત મુકવાં. આ નાણા જે (વીઆજથી) વધીને હવડાં નવલાખ ને બારહજાર રૂપીઆ થયાછે, તેમાથી રૂ૧૫૦૦૦) મી૰ કુઆરકાંદાસ તથા લખમીદાશે ધરમખાતાંના કારણુસર તેઓ પાશે રેહવા દેવા. તરીજુંઃ—એ બાબદોને લગતાં જે તરસટદીડો કરવામા આવે, તે આડવોકેટ જનરલે પેહલાં પસંદ કરીને પછે ચેઆંમબરમા બેસનારા જડજની તપાસ સારૂં મેલવાં. અને છેલું એકેઃ—આટલી હરકત માટે થાએલો સઘલો ખરચ ધરમખાતાંને હસાબે જે નાણા આકાઉનટેંટ જનરલને તાંહાં મુકવામા આવે તેમાથી સઘલાઓએ પોતપોતાના બીલો ટાકસ કરાવીને લઈ લેવો.

આટલીજ બાબદો ઉપરથી શેહજમા સહમજાઈ સકાએચ કે, જે સદગુણી સખશે ધરમના કારણુસર અપાવેલાં નાણા તેમા વપરાએઆ આગમજ, અરસપરસની અદાવતથી આડે રસતે ખરચાએછે; માટે હાલાં રૂડાં કાંમોની અંદર હજીબી કાંઈક બાકી રહેલું હોએતો, તેને હવે ભુલી જવાસારૂં, એ પરમારથી બાઈસાહેબને સજાવારછે કે, ધણીએ ઠેડવેલા વકીલોનાં મતસાથે સંપજથી મલતાં રહીને સારાં કાંમોમા મદદ આપેઆ કરવી, કે જેથી કરી તેણીના ભરથારે સખાવતમાં જોડલાં નાંમને ઝાંહખ પોંહોંચે નહીં.

શેઠ ગોકલદાસની અલગત સંબંધી કશીબી માંહીતી હમો ધરાવતા નથી; પણ લોકમત હેવું કેહવાએછે કે, આટલી મુહબલક દોલત છતાં કોઈબી વાતનો ગરવ મનમાં રાખેઆવના બોલ્રવા ચાલવામાં જેમ ઘણા સાદા અને મીલનસાર હતા; તેમજ જાતે અશીલ, ઉદીઓગી અને વેપારવણુજનાં કાંમોમા ઘણાજ ચપલ ગણાતા હતા.

આ શેઠીઆના કવખતમાં નીપજેલાં મરણનો કારી ઘાહ, જેવો તેમનાં માતોશ્રી ઘરડાં ગંગાબાઈને કાલજે લાગો, તેવું દુખતો તેમના કુટંબીઓ માહેલા બીજા કોઈનેબી ઉપજેઊ હશેજ નહીં; અને તેના કારણો હમો લખીને સહમજાવીએ તે આગમજથીજ વાંચનારા સાહેબોના ધેઆંનમાં વસી ચુકેલું જોઈએ કે, હરેક માવતરને એક ફરજંદ જણતાં, અને તે પછે ઉધારી તેને મોટું કરતાં કેટલી મુશીબતો ખંમવી પડછે; અને તે સઘલું સહન કરવામાં એટલીજ મતલબ તેનીઓ રાખતી દેખાએચ કે, તેહવું ફરજંદ સારાં સલુકનું ને સકરમી નીવરી જનમ આપનારીની જીંદગીને રાહેત પમાડે; માટે હાવીજ રૂડી આશેઆમા નચીંતાઈ પાંમતી ગંગાબાઈએ આખા જનમારાની જીંદગીનો ચેરાગ કુદરતના જહપાટાથી જારે એકાએક બુજાઈ ગએલો પોતાની જઈફી વએમાં નજરે જોએઓ, તારે તેનીજ ગંમખારીનો ગજરો લગભગ ૪॥ વરસવેર ગલે ઓરવીને અંતે અજલની દોરી તુટાથી સંવત ૧૯૨૮ ના સરાવણ સુદી ૧૧ ને ગુરૂવારે આસરે ૭૫ વરસની વએમા દેવલોક જઈ મલેઆંછે. અને વશીલામા માંતરે એક વીધવા વહુ, અને તેવીજ હાલતે

પોંહચેલી એક દાતરી, ઉપરાંત શેઠ દુઆરકાંદાસ વસણજી તેમના છઇઆં સહીત જે હઈઆત રહેલાં જણાએચ, તેઓની સલાંમતી માટે રૂડા આશીરવાદ ચાહીને આ હએવાલ સમાપત કરવાની હવે રજા લઇએછે.

હાઈ કોરટનાં સંબંધની અતલગ આફીશો ખાતેનાં હેડ કલારક મી૦ તરીંબકરાવ રાઘોબા.

કેવલી માહીમમા રેહનારા, સોણાર ગણાંતનાં હીંદુ રાઘોબા વીઠલશેઠનો જનમ સંવત ૧૮૧૭ નાં સાકે ૧૬૮૨ માં થએલો જણાઓછે; અને વડવાઓથીજ તેવન તાંહાંનાં વતણી કેહવાતાબી હતા. પેસવાઇ રાજનો અંમલ જારે તાંહાં પુરજોરમા હતો, તે વખતે એવણ ૨૦) વરસની ઊંમરમાં સંવત ૧૮૩૭ થી ફોજદારની હકુમત મેલવીને વસાઇ તથા ચીચંણ તારાપોરની વચેનાં સઘલાં ગાંમોમધે હકુમત ચલાવતા હતા; પણ તેની સલતનત જારે તે તરફ એકેદમ ડુબવા માંડી તારે બીચારા બીનરોજગારનાં થાઇને રોજી શોધવાની ધારનાથી, સંવત ૧૮૬૬ ની સાલમાં બાપીકાં વતણને એકેદમ તજી દઇ પોતાના પરીવાર સહીત, પેહલવેહલા મુંબઇમધે આવી વશેઆ; આ વખતમા બાબુલશેઠ ગંબાશેઠ જે સરાફી ધંધો કરતા હતા તેને તાંહાં ચાકરીએ રહેઆ; જાંહાં સાત વરસ તેમની તાબેદારીમાં ગુજારેઆ પછે બાકીનાં દાહાડા ઘડપણની અસકતીને લીધે, પોતાના દીકારાને મલતી રોજીના આસરા ઉપર નચીંતથી પુરા કરીને, વરસ ૭૮ ની વએમાં સંવત ૧૮૯૫ ને સાલ આ દુનીઆંમાથી અસબાબ ઉઠાવી દેવલોક જઇ પોંહોંચેઆ.

મથાલે જણાવેલા તેમના દીકરા તરીંબકરાવ રાઘોબા, પણ કેવલી માહીમમાંજ સંવત ૧૮૫૨ શાકે ૧૭૧૮ ના આસાડ સુદી ૧૦ ને ગુરૂવારે જનમ પાંમેઆ હતા; અને નાંધલી વએમાં પોતીકાં માં તથા બાપની સાથે તાંહાંથી નીકલી આવીને, મુંબઇનાજ રેહવાશી થાઇ પડેઆ; જાંહાં અંગરેજી જુબાંનની થોડીક કેલવણી હાંશેલ કરીને સંવત ૧૮૭૧ નાં સાલથી ૧૯ વરસની ઊંમરમાં તે વખતની રીકારડર કોરટના રજીસટરારને તાંહાં સાધારણ કાપીઓની ચાકરીએ પેહલવેહલા હલકા પગારપર જઇ રહેઆ હતા; અને જેમ જેમ તાંહાંનાં કાંમકાજમાં વીશેસ માહીતી મલતી રહી, તેમ તેમ પદવી દર પદવીએ ચહડતાં છેક રેજીસટરાર ખાતાંનાં હેડ કલારક, ઉપરાંત ઇકુઇટીનાં એકઝાંમીનર, આડમીનીસતરેતર જણરલ, આફીશીઅલ આસાંઇની તથા પરોહોનોતેરીની ફીલદારી, મલીને પાંચ માંહભારત ખાતાંઓમાં વડા કલારકનો ઓહધો ભોગવવા લાગા; જેમાં પોતાની જાતી બુધીસાથે ઇમાંનદારીને હેવીતો ઉસતવાર રાખીને ચાલાકીથી ચાકરી બજાવી હતી કે, સાંભલેઆ પરમાંણે જારે ઇસવી સને ૧૮૫૦ માં કલકતાની કોરટનાં અંગરેજ રેજીસતરાર ઉપર લોકોનાં અમાંણત નાંણા ગેરવાજબી પણે વાપરી ખાધાનો અપરાધ પુરવાર

થાએઓ, તારે સરકારના હોકમથી ઉપર જણાવેલાં સઘલાં ખાતાંઓનો હીસાબ તપાસવાની જે તાકીદ થાઈ હતી; તે મુજબ એમના હસતકથી થાએલા વહીવટ સંબંધી કેટલાંક વરસનો હીસાબ આદીતરે જારે તપાશેઓ, તારે, જે જે લોકોની અમાંણત થાપણો તેમનાં સવાધીનમાં હતી, તે સંબંધી થાએલી ઉપજ મધેથી દરએક થાપણવાલાને કોરટનાં શીરેસતા મુજબનુ ચકરવરધી વીઆજ સાથે ચુકવી આપેલી રકમો ઉપરાંત, ૩૭૮૦૦૦)નો વધારો સરકારનાં ઘેરમાં લઈ નાંખેલો દરોબસત માલુમ પડ્યો હતો; તેબાબે આ નીમખહલાલ મી૰ તરીંબકરાવને સરકાર તરફથી સાબાશીના સબદો શીવાએ, તેના ઠેરવાએલા પગાર ઉપરાંત બીજું કશુંએ ઇનામ મલેઉં નોહતું.

ઉપર જણાવેઆ મુજબનાં જુદાં જુદાં ખાતાંઓ મધે એકજ ઠેકાંણા ઉપર લગભગ ૫૫) વરસ તુલીક આ ગરહસથે ખડ પગે પોતાની ચાકરી આપી તેટલા અરસામા, તો જોકે તરણ તરેહનાં નાંમો* કોરટે ધારણ કીધાં અને તેને લગતાં દરએક ખાતાંઓ મધે ઘણાંક અમલદારો તેની આગલ આવીને પસાર થઇ ગએઆ, તોપણ આ ધણી પોતાની જઈફી છતાં માણ ભરેલી જગાઓ ઉપરથી મોહતની છેલી ઘડી સુધી હરગેજ ખશેઓજ નહીં; અને તેટલી મુદત ઐઠો મુસારો મેલવવા થકી તેનો હકબી જોકે પોંહચતો હતો તેની પણ કશી દરકાર કીધાવનાં, ચપલ ઘેઆંણ સાચવી રાખીને વગર થાકે પોતાનું કાંમ આસાંણીથી બજાવતો રહેઓ; માટે એ ખુબી તેનાંમા કાંઈ ઓછી નોહતી. આપરે જોતા આવેઆચ કે, હેવાં જઈફ માણશો ઘણું કરીને મનની તથા સરીરની સખતી ઘટેઆથી કશુંએ હલકું કામબી બજાવી સખતા નથી; તાંહાં હાવા જોખમ ભરેઆ કારોબાર ઉપર રહીને તેથી નીરાલો વીચાર આપણાં આ દેશી ગરહસથે સરવેની હજુર દેખાડી આપેઓ.

હમો અલબતાં કહી સખશું કે આ તરીંબકરાવ મુંબઇની સઘલી પરજામાતો ક્વચીત પરએઆત થાએલોજ નોહતો; પણ આટલુંતો બોલવું ચોકસ કરશે કે, લગભગ પોણીવસતી માંહેલા સઘલી વરણનાં હલકાથી તે પેહલા વરગ સુધીનાં લોકો દેવાંણી મુકરદમાંમો, તથા વારસાહીસા વગેરેનો હક મેલવવામો ભાગ લેણારાઓ, જેબી આ તરીંબકરાવની પાશે આવી ગએઆ હશે, તેઓ તેમની મીલણસારી, ભલુમણસાઇ, તથા અશીલપણાં વીશે ઘણુ સારૂં મત ધરાવતાજ હશે, તેમાંતો કશોએ સનઘે હમો જાંણતા નથી. કેમકે, એમનાં હસતકમાં રહેલાં હરેક ખાતાંમા કોઇબી કીસમનું ઓલખીતું, અથવા અણજાંણેઉં માંણસ કાંમસર તેમની પાશે જાતું તો તે સરવેને એકીજ તરેહનાં એખલાસથી ચાહીને રખડાવેઆ વીના તેમનું કાંમ કરી આપવામા આ ગરહસથ ઘણોજ ખંતી હતો; એટલું હમારી થોડીક અજમાંએસ ઉપરથીબી જણાઈ ચુકેલુંછે માટે હેવા સદગુણી પુરસની જેટલી તારીફ થાએ તેટલી થોડી વીચારીને તેની જીંદગીનો છેલો વખત જે સંવત ૧૯૨૬ ના શાકે ૧૭૯૨ ભાદુ-

* રીકારડર, સુપરીમ અને તે પછે હવડાં ચાલતી હાઈકોરટ. નો૰ લે૰

રવા સુદી ૧ ને સનીવારે બરાબર વરસ ૭૪ અને એક મહીનાની ઉપર ચોવીસમે દાહાડે પુરા થાએઓ; તેનું મરઠીઊંક અતરે નોંધી રાખતીવેલા તેમનાં રુહ ઉપર પરમેસવરની કીરપા ચાહીએછે.

આ મરહુમની વરશીને દાહાડે તેનાં એક પુરા પરમાંણીક દીકરા મી. સદાનંદ જે પોતીકા પીતા હસતકનાં સઘલાં નહીં પણ એકાદ બે ખાતાંઓ ઉપર હવડાં બીરાજતા દેખાએછે, તેનાએ આ મરહુમની પુંજીમધેથી રૂ૭૦૦૦)નો એક ઉપીઓગી ધરંમ કીધો હતો; તેમાં ધાતુના વાસણો, કપડાં તથા રોકડ નાણાનાં દાંનથી તેની નેઆતનાં ઘણાક ગરજવંતાઓને સંતોશીઆ હતા, અને તે ઉપરાંત નેઆતની રસમ પરમાંણે મોટું જમણ પણ આપેઊં હતું.

હીંદુઓના મોટા માહરાજો.

જુદાં જુદાં દેશો તરફથી હીંદુ લોકો હીંઆં આવી વશેઆને ઘણાંક વરશો પસાર થયા પછે કેહચ કે, શ્રી ગોપીનાથજી નામના એક મોટા માહરાજ પેહેલે પરથમ સંવત ૧૮૫૭ ની શાલમા પધારેઆ હતા; પણ તેમની પધરાંમણીનું પરીણાંમ પઠીજ ભરેઊં નહીં જણાએઆથી વરસ બેએક સુધી થોભી રહીને પોતાને ઠેકાંણે પાછા ગયા; પછે સંવત ૧૮૬૭ માં શ્રી ગોસવામી શ્રી ગોકુલનાથજી માહરાજ બીરાજેઆ હતા; અને તરણેક વરસ થયાં તારે, તેનાને આએજ ટાપુમાં જાયુક મકાંણ કરી રેહેવા માટે વઇશણવોની માહજનોએ વીનંતી ગુજારી, અને તે અરજ જારે કબુલ થઇ તારે તેમના સંભાલ માટે હવેલીના ખરચનો બંદોબસત વલભકુલના હીંદુઓની વસતી ઉપર સંવત ૧૮૭૦ ના ચઇતર સુદી ૧ ને મંગલવારને રોજે એક સતાભરેઆં લખતની ખુબીથી વેપારની સઘલી વસતુઓ ઉપરાંત નગદી તથા હુંડી પતરીઓની આંમદાંની ઉપર વેરો લાગુ પાડઆમો આવેઓછે; તેં કેહચકે હજીસુધી હુઘરાવી લઇને મોટા માહરજ શ્રીના મંદીરમાં પોંહચતો કરેછે; અને તેમના વખત પછેથી જે જે માહરાજ ગાદીના વડા થાએચ, તેનાને વગેરા પરંમપરા આ વેરો મલતો રેહછે. અને તે લખતમાં એવો સકત બંદોબસત કીધેલો કેહવાએચ કે, જે જે ધણીઓ કંથી બંધ વપાર કરે તેઓ ઉપર થેડવેલો લાગો પોતાના સતધરમથી તેઓ આપેઆ જાએ; અને તે વખતપર આવી રહેલા ઉપરાંત, બીજાબી તેવા કંથી બંધ વેપારીઓ હીંઆં વધે તેઓ પણ સઘલો લાગો આપે.

આ માહારાજના ભાઈ શ્રી ગોવરધનજી નાથજી તેમના મરણ પેહલાં હીંઆં આવી રેહેલા હતા, તેનાએ શ્રી ગોકુલનાથજીના કઇલાસવાસ* થયા પછે વઇસિનવો ઉપરની સરદારી માહજણની મનજુરીએતથી બાહાલ રાખીને, જીંદગીની છેલી ઘડીસુધી મોટાં માંન સહીત ગાદીને જાલવી બેઠા હતા; એટલુંજ નહીં, પણ અતીસઅ પેદાએસ ઉપરથી પુસકલ પઇસા જે ભેગા થયા તેવટે

* જેના દાહડાવારની ચોકસ યાદી હાથ આવી નહીં. નાં૦ લે૦


સરાફી ધંધો વગીક મચાવીને સઘલી વરણમાં પરખ્યાત થઈ પડ્યા હતા. આ માહારાજ શ્રીને તાંહાં શ્રી લાલજી નામના એક ચીરંજીવી હતા, તે તેમની પાંચેક વરસ આગમજ વગર ફરજંદે ગુજરી ગયા, તારથી તેની ગંમબારી ભોગવીને પોતે પણ સંવત ૧૮૯૭ ના ફાગણ વદી ૪ ને ગુરૂવારે ૭૨ વરસની જઈફીમાં વઈકુંઠ તરફ જારે ચાલી ગયા, તારે તેમની ગાદીનો હકદાર વારેસ હઈઆત નહીં રહેઆને લીધે કેહેચ કે, તે વખતપર હાજર હોએલા શ્રી જીવણલાલજી માહારાજને ગાદીનસીન કીધા, તેવન અતારસુધી બીરાજીને માહજણોએ કરી આપેલા વેરાની વશુલાત મેલવી અમનો અમાનથી વખત ગુજારતા માલુમ પડેછે.

સાહાડ ગાંમ માહેલા શ્રી નાથજીના મંદીરે રેહેનારા એક બીજા મોટા માહરાજ નામે શ્રી ગોસાંઈજી ધનસાંમજી સંવત ૧૮૯૨ ની સાલથી હીંઆં આવી રહેલા હતા; તેવણ વીશેબી વઈસનવો સારી વરતણુક વીચારતા સંભલાએઆછે. પણ લાંબી મુદત ગુજારેઆવના બીચારા ગોવરધનજી માહારાજની બે મહીના પછે જારે હીંઆંજ ગુજરી ગયા, તારે તેનાની વએ માતરે સાહેડેક વરસની ગણાઈ હતી.

કાશીવાલા જઈફ માહારાજ રણછોડજી સંવત ૧૯૨૬ ની સાલમા આવીને હીંઆં રેહેઠાણ કરી રહેઆ હતા, પણ બે વરસની ટુક મુદત ગુજારેઆ પછે સંવત ૧૯૨૮ ના આસો સુદી ૭ મે પોણોસો વરસની ઊંમરમા કઈલાસવાસ થએઆ હતા.

સવામીનારાએણના આચારજી (ગોસાંઈઓના માહરાજ શ્રી ભગવતપરસાદજી રાઘુવીરજી) સુરત તરફથી પોતાની સવારી લઈને, આગ ગાડીની મારફતે સંવત ૧૯૨૯ ના માહ વદી ૧૩ ને મંગલવારે, પેહલવેહલા પધારેઆ હતા. આ આચારજીના આવેઆ આગમજ તેમની શેઆંણપત ભરેલી સારી વરતણુકની સ્તુતી ગવાએઆ ઉપરથી, ઘણાક હીંદુ ગરહસથો તેમને લેવા માટે મરીણલેણના મઠક આગલ જઈ ઉભા હતા; અને સર કાવસજી જાંગીર તથા શેઠ કેસવજી નાએકવાલી ચાર ઘોડાની ચારતો માહેલી એકાતમા તેમને બેસાડીને તાંહાંથી શેહરમા લાવેઆ હતા. આ ધરમગુરૂએ કેહેચ કે, જાંહાંસુધી (લગભગ એક અઠવાડીઊ) અતરે રહેઆ તાંહાં તુલીક નીતીસંબંધી દરરોજ ભાસાંણો આપી પોતાની ઘટતી ફરજ માનસહીત બજાવી હતી; એટલુંજ નહીં પણ હેંડબીલોની મારફતે લોકોમા જાહેર કીધું હતું કે, જે સખસો ધરમસંબંધી તકરાર કરવા સભા મેલવશે તાંહાં, તેવણ ખુશી સાથે હાજર થઈને વાજબીની રાહે વાદવીવાદ ચલાવશે. આ ઉપરથી ફાગણ સુદી ૫ ને બુધવારની રાતરે શ્રી રાંમચંદરજીના મંદીરમા ચાર સંપરદાયોની તરફથી એક સભા મેલવીને આ આચારજીને હાજર રેહેવાનું નોતરૂં કીધું હતું; પણ તેજ દાહાડે પોતીકાં અગત કારણસર એકાએક તેવણને સુરત તરફ પાછું શીધારવું પડ્યાને લીધે (કેહચ કે તાંહાંથી ફાગણ સુદી ૧૦ ને સનીવારે સાંઢીએર તરફ ગયાછે) ઠેડવેલ વખતે તાંહાં આવવાનું તેવણથી બનેઊ નહીં. અને તેથી કરી આખી સભા જે બીચોબીચ

અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ હેમચંદના વડવાઓ તથા પરીવારોની વંશાવલી.



ભરાઈ હતી, તે નીરાસ પાંમી વીસરજન થઈ. સવામીનારાએણના આ આચારજીએ શીધારવાની એક દીવસ આગમજ અતરેની નવ નાતના બરાંહમીનોની ચોરાશી જમાદી, ને ઉપરથી દરએકને દક્ષણાનું દાંણુ જે આપેઊં તે લેવા માટે કેહેચ કે ૪૦૦૦ બરાંહમીનો તાંહાં ભેગા થયા હતા.

એ ઉપરાંત બીજા ઘણાક દોલધાલુ માહારાજો મુંબઈમા ભટકતા માલુમ પડેછે, પણ તેઓની ચાલચલગત માટે કેઉથી સારૂં મત મલી નહીં સબેઆને સબબે તેવાઓનું વરણન આ નોધની અંદર સમાવવાને નાલાએક ધેડવવાની જે ફરજ હમારી ઉપર ઉતરીચ, તેને દલગીરી સાથે અદા કરતીવેલા આતલાંમાજ તેઓની સમાપતી લાવી દીધીછે.

નગરશેઠ પ્રેમાભાઈ હેમચંદ.

આ નામીચા સરાવક સાહુકારના બપાવા, વખતશાહશેઠની સરાફી પેહડી મુંબઈમાં ૩૫ વરસવેર મોહટી હોરમત સાથે પરકાશી રહેલી હતી; પણ તેમના અખુત દરવીઆની વાંટણી પરીવારોમાં પંથરાએઆ ઉપરથી. તેઓ માહેલા દરએક સખસે સરાફી તથા સોદાગરી સંબંધ, આપણી ટાપુ સંગાથે ઘણું સુધી જે સાંધી રાખેઓ હતો, તેઓના વડીએલની ઉતપંતીનું વરણન નીચે નોધી લઈએછે.

શેઠ પ્રેમાભાઈની આગમજ થઈ ગએલા છેક આઠ પેહડી સુધીના નામો, જે લખાઇ આવેઆંચ, તે સાથે તેઓના જનમના સાલોખી જોડાએલાં હોતતો તેઓના પુરાતમપણાની એક સારી યાદગારી હીંઆં નોધાઈ રેહતે; પણ ધારેઆ મેલે ખબર મોકલનારને હાથ તે નહીં આવેઆનો સબબ પીછાંણી, તે માહેલા શેઠ હેમાભાઇના જનમનું જલવાએલું વરસ, જે હમોને મલેઊછે, તે ઉપરથી અટકલ બંધ બેસાડીને આ કુટંબના સરવેથી વડા શેઠ વાંછાશાહનો જનમ સંવત ૧૭૧૫ મા થએલો વીચારીએછે; તેમા કદાપી બે યા ચાર વરસ વધારે અથવા ઓછાં હોએતો, તેની કશી જમાણત મલી સકશે નહીં. વાંછાશાહ વીશે એવું કેહચ કે, શ્રી મારવાડ માહેલા પાલી શેહેરની પડોસના એક ગાંમમાં તેવણ જનમ પાંમેલા, અને તાંહાંજ પરવેસ થઈને વસતા હતા. જે પછે તેમના દીકરા સેસકરણ સંવત ૧૭૩૬ મા જનમેઆ; જેની પીથે સંવત ૧૭૫૭ માં સાંતીદાસ, તેમને પેટે સંવત ૧૭૭૭ મા લખમીચંદ, તેમને ઘેરે સંવત ૧૭૯૫ માં ખુશાલચંદ, અને તેમને તાંહાં વખતશાહશેઠ સંવત ૧૮૧૫ મા જનમ પાંમેલા જણાએછે.

ઉપર જણાવેલા વડીએલોમા પેહલા, અને બીજા સાહેબોની તે વખતપર કેવી હાલત હશે, તે વીશેની કાંઇબી નોંધ અજવાલે આવી નથી; પણ ચહડતી દસાની શુરૂઆત કેહચ કે, સાંતીદાસશેઠથી જે થઈ, તે બાબેની દંતકથા એવી કેહવામા આવીછે, અને તે બાબે "અમદાબાદના ઈતીહાસ" કરતાએ, પોતાના

ગરંથમા જે ખીના રચેલી જણાઇચ, તે ઉપરથી માલુમ પડેછે કે, આ શેઠ પરથમ તો એજ નામના કોઈ સખસને તાંહાં દીલી શેહેરની પડોસના એક ગાંમડાંમાં ચાકરીએ રહેલા હતા; તે વખતપર તેમના શેઠ સાંતીદાસ એ જોગીસ્વરની શેવાનું કાંમ માથે હોરી તેમનું નીતરોજ પોસણ કરતા હતા. જે વાતને કોઈ મુદત ગુજરી તારે એક દાહાડે જોગીસ્વરે વાતો કરતાં સાંતીદાસ શેઠને કહી સંભલાવેઊં કે, તમો ઘણું થએઊં માહરી શેવામા ખાધા પીધાનું જે તજવીજ રાખી મને પોંહચાડોચ, તે ઉપર તમને પાંચ સાત હજાર રૂપીઆખી ખરચ થયો હશે; માટે તમોને તેમાં શો લાભ થાએછે? તારે સાંતીદાસ શેઠ બોલેઆ સાહેબ, તમારી ચાકરી કરવાનું કાંમ જે મલેઊંચ તેજ ફાએદાનું છે, કાંએજે તમારા જેવા ઉતમ પુરૂસની શેવા કાંહાંથી મલે. જોગીસ્વરે મનમાં વીચારેઊં કે, એને આતલાં વરસ થયાં ચાકરી કીધીચ, માટે માહારે પણ તેમના ઉપર ઉપકાર કરવો જોઇએ; એવું વમાશીને બોલેઆ કે સાંતીદાસ, એક કાંમ જે હું સોંપુ તે કરશો? જવાબ દીધો હા સાહેબ, તમારી શેવામા હાજરછું. જોગીસ્વરે જણાવેઊં કે તાહરે વાસતે એક જંતર હું કરનાર છેઊં, અને તેની શીધી માટે છ મહીનાવેર ભુંએરાંમા હું રહીસ, તાંહાં આ જાલીવાટેથી નીતરોજ પાંચશેર દુધ અને બસેર સાકર મને આપવી, અને તે પરમાંણે ઉપલી મુદતસુધી પોંહચાડવું; સાંતીદાશે આટલી શેવા કબુલ કીધા પછે જોગીસ્વરે ભુંએરાંમા જઇને જંતર કરવા માંડેઊં, અને સાંતીદાશે દન રોજ ઉપલો ખોરાક પોંહચતો પાડેઓ; એમ કરતાં વખત જારે ભરાવા આવેઓ, તારે એક દાહાડે દુધ અને સાકર આપતાં જોગીસ્વરને પુછવા લાગા કે સાહેબ, પેલો જંતર થીઓ કે? જોગીએ માંહેથી જવાબ દીધો કે કાલે છ મહીના પુરા થશે. એવું સાંભલીને તે દાહાડે તો તેવણ પાછા ગયા; અને બીજે દાહાડે વીચારેઊં કે, કાલની ગોડે જંતર નહીંખી થએઊં હોએ, માટે પોતે જએઆ કરતાં માંણસને રાતબ મુજબનો ખોરાક આપી મોકલો કે, તે પોંહચારીને જંતર થયા વીશેની ખબરખી લેતો આવશે. હવે નસીબની વાત હીંઆં જોવી જોઇએચ કે, આતલી મુશીબત ખેંચતાં જારે વખત આવેઓ તારે માંતરે એકજ દાહાડાની આલસાઇમાં પોતાનું શીજેલું પારકાને ખવાડી દેવા જેવું કીધું; કેમકે જે માંણસને મોકલેઓ તેનું નામખી સાંતીદાશજ હતું; અને થેડવેલી મુદતખી તેજ દાહાડે ભરાઇ ચુકી હતી; માટે શેઠના ફરમાવેઆ મુજબ ચાકરે જઇને દુધ તથા સાકર આપેઆ પછે પુછેઊં કે જોગી સાહેબ પેલો જંતર થયો? ભાંએરાંમા ભરાએઆને લીધે બાહિરના ઉજાસની કોતાઇમાં જોગીસ્વરે પાછું પુછેઊં રે એ કોણ? જવાબ આપેઓ ચાકરે કે એતો હું સાંતીદાસ. આ જગોએ દરીઆફત કરવાનું એટલુંજછે કે, તે ચાકર કાંઇ ખોટું તો બોલેઓજ નોહતો, કેમકે તેનુ જે નાંમ હતું તે સાચે સાચું કહી દીધું, પણ અંધારાંને લીધે જોગીસવર બરોબર મોહ જોઇ ન સકેઆથી, શેઠ તથા ચાકરને પીછાંણવા પાંમેઓ નહીં; માટે પેલું તઇઆર થાએલું જંત્ર સાંતીદાસને શેઠ સહમજી આપતાં કહેઊં કે હવે તું તથા તાહરી પેડીમાં કોઈ નાંગો ભુખેઓ કવચીત રેહશેજ નહી.

પારકાંને માટે ઉતરેલી બખશેસ પોતાના ભાગ્યગનીજ હતી, માટે આ વાંછાશાહના દોતરા સાંતીદાશે તે જંત્ર લઈને પાછો ફરતાં મારગમાં વીચારેઊં કે, માહારો શેઠ-તાલેવંત થાએ તેના કરતાં હુંજ કાં નહીં થાઉં, હેવું ધારી શેઠના ઘેરની પાએગામા પરભારો જઈને તાંહાંથી છોડી લીધેલા એક ઘોડાપર સવાર થાઈ પેલા જંત્રની સાથે તાંહાંથી જેહવા નીકલા તેહવા દીલી શેહરમા દાખલ થએઆ.

સાંતીદાસના ભાગ્ય ખુલાં થવાની વાતનો એતેફાક હેવો બનેઓ કે, દીલીના બાદસાહની પાશે એક હીરો હશે તેની પારખ માટે શેહરનાં સઘલા ઝહવેરીઓને દરબારમાં બોલાવી કહેઊં કે, આ હીરો બરોબર પરખીઆપો નહીં તર તમારા જાંણની સલામતીથી તમોને હાથધોવા પડશે. હાવા ધાસતી ભરેઆ સવાલથી બધા ઝહવેરીઓ ધભરાતમાં પડતાં સાહને હેવી અરજ કીધી કે, હમારા ઝહવેરીઓની માહજનમાં જે વડા છે તેને કાલે તેડી લઈ આવીશું, અને આ હીરાની બરોબર પારખ તે કરી આપશે; હાવાં બાંહાંના બતાવી તાંહાંથી તેઓ નીકલી તો આવેઆ; પણ તેનો ઉપાએ શોધી કાહડવા સારૂં હેવો મનસુબો કરવા લાગા કે, કાંઈક ઓડાંને હુભો કરી આપરે માંથેનો જોખમ ઉતારીએ, હેવી તદબીર શોધતા હતા; હેવાંમાં આ સાંતીદાસની સવારી શેહરની અંદર દાખલ થઇને ઝહવેરીવારમા પેસતાંજ પેલાઓની નજરે કોઈ નવતરા બીલુ દેખાએઆ, તેથી તેનાને પુછેઊં કે ભાઈ તમો કહેઆ ગાંમથી આવેલા, અને શો ધંધો કરોછો, જેના ઉતરમાં સાંતીદાશે સતાક મારી કે હમેતો ઝહવેરી છઈએ; પાછું પુછેઊં કે ઝહવેરાતની પારખ સારી છે? જવાબ દીધો કે હા. તારે પેલાઓએ કહેઊં કે બાદશાહ સલાંમતને આપણું કાંમ પડઊંછે, માટે તાંહાં આવોતો બહુ સારૂં; આ વાતનું હા કેહતાંજ ઝવેરીઓએ તેમને શેહજો પોસાક જે આપેઓ તે પેહરી લઈને તેઓની સંગાથે શાહની હજુરમાં જઈ પોંહતા, અને મીજલસ લાએકની અદા સહીત કુરણસ બજાવતા ગુથણ મડીએ બેઠા; પેલા ઝહવેરીઓએ હજુરમા અરજ ગુજારી કે બાદશાહ સલાંમત ને હીરાની પારખ કરાવવી હોએતો હમારી માહજણનો આ શેઠ કરી આપશે. સાંભલતાંજ સાહે પેલા હીરો સાંતીદાસને શોંપ્યો; જેને તલે ઉપરથી આડા અવડા તપાશીને સાંતીદાશે જોકે ઝહવેરીતો નોહતાજ, પણ કુદરતી ગણાન મેલવી કહેઉ કે સાહેબ, આ હીરાની અંદર તો કીડાછે; તારે તેની ચોકશી માટે હીરો જેહવો ભંગાવેઓ તેહવોજ તેમાથી કીડા સરીઓ એક કકડો નીકલેઓ; અને તે ઉપરથી સાંતીદાસ ઝહવેર પારખુ પરકાશી નીકલેઓ; જેના બદલામા બાદસાહે તેમને શોનાંના કડાં, તથા પાલખી વીગરેનો સરોપાવ આપી પોતાની દરબારમાં દનરોજ હાજેર રેહવા ફરમાવેઊં. જે મોટાં માનસહીત કબુલ રાખીને તે દાહાડાથી દરબારમાં આવતા જતા થઆ; એટલુંજ નહી પણ સારી સભીઅતાને સરણ રહેઆથી રેહેતાં રેહતાં શાહનાં જણાનખાંનામાંથી પરવાંણગી મલેઆ મુંજબ જવાલાગા; અને રાંણીઓને બેહન કરી બોલાવી; તારે રાંણીઓએબી તેમને પોતાના વાહલા ભાઈને ઠેકાંણે બાહલ

રાખેઆ પછે દાહડે દાહાડે તેમની જાહોજલાલી તથા હોરમત વધતી ગઈ; હાવી રીતની મોહબતમા ઘણા દાહાડા સુધી રાજદુઆરી અંદર મેલાએઆ પછે એક વખતે સાંતીદાસ શેઠે રાંણી બેહનોને કહેઊં કે, હવે હુંતો હીંઆંથી જઈશ; તારે તેનીઓએ દલગીરાઈથી જણાવેઊં કે ભાઇ તમારે તો હવે કેથેબી જએ- આવીના હીંઆજ રેહવું, અને તે બાબદમાં ઘણું સમજાવેઊં તોપણ સાંતીદાસ જવાનીજ હઠ લઈ બેઠા, તારે રાંણીઓએ લાચારીથી પરવાણગી આપી; પણ ફરમાવેઊં કે, તમે માહરા ભાઈ કેહવાએઆ માટે તમને હીંઆથી થાલેમાલે તો જવા દઇશુંજ નહીં, માટે થોડા દીવસ સબુરી ખમો કે બાદશાહને તે બાબે ચેતાવીએ, પછે તે રાંણીઓએ શાહને ખબર આપી કહેઊં કે, હમારો ભાઇ સાંતીદાસ જાએછે તેમને કાંઈ ઉતંમ વીદાએગીરી આપવી જોઇએ અને તે હેવી રીતે કે વંસ પરમપરા પુરી પડે, બાદશાહે ગાંમ આપવા માંડેઊ, તે લેવા નાપાડી કહેઊં કે, સાહેબ હમો વાંણીઆ ભાઇને ગાંમ ન જોઇએ, બાદશાહે પુછેઊં કે તારે તમને શું જોઇએ? સાંતીદાશે અમદાવાદ શેહરને રલીઆંમનું વીચારી તાંહાંની નગરશેઠાઇનો હક માંગેઓ, જે મોટી ખુશીથી બાદશાહે બખ- શેઓ, અને તે બાબેની એક સતાભરી સણદબી તેનાને કરી આપી, અને દર વરશે અમુક રૂપોઆની રકમ પણ બાંધી દીધી, એટલુંજ નહી પણ તે ઉપરાંત બીજી ઘણી રીતે નવાજીને સાંતીદાસને દીલીથી રૂખસત કીધા, જે સઘલું લઈને શેહર અમદાવાદમાં આવી વશેઆ, તારથી તે આજની ઘડીસુધી નગરશેઠાઈનો હક તેમના વારેસ દર વારેશો ઉપર ઉતરતો રહેઓછે; અને તે માન મોહટી જાહો જલાલી સહીત તેમનો કબીલો ભોગવતો જણાએચ. આ સાંતીદાસ શેઠ સારી આંતથી કીધેલા રોજગારમા જે મુબલક ગુરથ સંઘરેઓ હતો, તેમવેથી કેહચ કે લાખો રૂપીયા ખરચીને અમદાવાદનાં કાંલુ- પોર દરવાજાની બાહેર સરસપોર બાતે જવાનાં રસતાપર એક શોભાએમાંન દેવલ (દેહડું) બંધાવેઊં હતું; જેની ભીતરમાં ઝહવેરી વાડમાથી તે થેઠસુધી ગાડી સહીત જવાઈ સખે હેવી એક સલંગ ખોદાવીને કોસાદ રસતો કરાવેઓ હતો; તે વાતને જોકે સવાસદીથી વધારે થાએઊં હશે તોપણ તેટલી નીસાં- ણીથી હજી તક એ શેઠીઆની ઈઆદગારી તાંહાં જણાએછે.

સાંતીદાસનાં મરણ પછે તેમનાં દીકરા લખમીચંદ શેઠ, અને તેમની કજાબાદ શેઠ ખુસાંલચંદજી એક બીજાની પુઠે નાંમવર નીવરેઆ; જેઓ પણ તાંહાંનાં સરસુબાઓ પાશે પોતાનાં બાપ તથા દાદાનીજ પેઠે રાજ વહીવ- ટમાં સાંમેલ રહેલા હતા; તેને થોડીક મુદત વહીગયા પછે ખુસાલચંદ શેઠ તથા સરસુબા વચે કોઈક વાતની તકરાર ઉઠીઆથી અરસ પરસ લડાઇનો માંમલો વધી પડેઓ, તારે એ શેઠ ચારશો આરબ સીપાઈઓ ભેગા કરીને પોતાનો હક સાચવવા માટે શેહરમધે સુબા સાથે લડવા આવેઆ; જેની સાંહ- મને કેહચ કે સરસુબાએ જારે તોપ મંગાવી તારે હરીફની તરફથી જંજાલનો મારો સરૂ થયો; હેવો ભએકાંર મામલો જોઈ શેહરનાં લોકોએ સુબા પાશે જઈ તેને કહેઊં કે, જો તમો સમાંધાંણી નહીંજ કરશો તો વાત મુસકેલ

થાઈ પડશે; કેમકે એ સાહુકાર ઉપર દીલીનાં પાદશાહની પુર મેહેરબાંગીછે, તેથી તમોને બહુ વીટંમનાં ભોગવવી પડશે; સુબાએ જણાવેલ કે એ શેઠ અમદાવાદ છોડીને બીજે ગાંમ જાએતો સઘલું સમાધાંન થાએ; આ વાત ખુસાલચંદશાહે કબુલ રાખી, અને એકવીસ દીવસમાં પાછા આવવાની ચેતવણી જણાવેઆ પછે, પેઠાપુરની નજદીક વાંસણાં ગાંમમધે પાંચશો માંણશોની સાથે જઈ રહીને ચુપ બેઠા નહી, પણ દીલી તરફ સઘલી કેફીઅત લખીને જાહેર કીધી અને તાંહાંથી પાદશાહનો પરવાણો મંગાવીને ઉપર જણાવેલી મુદતમાં સુબાને અમદાવાદની હાકેમી ઉપરથી કહડાવી, પોતે હસતે મોહડે શેહરમધે પાછા આવી રહેઆ; જાંહાંના નગરશેઠનો હક તારથી હાથ કરીને તેનો ભોગવાતો વંશ પરંમપરા ઉતરતો રાખેઓછે. હાવી જાહોજલાલી સાથે નાંમવરી હાંશેલ કીધા પછે અજલની દોરી જારે ટુંકી થઈ તારે સઘલું જાંહાંનું તાંહાં રેહેવા દઈને સવરગનો મારગ સહી કરી તાંહાં એવણબી ચાલતા થયા. અને તેમના એકપુરા દીકરા નામે વખતસાહશેઠ, બાપની ખાલી પડેલી ગાડીએ બીરાજવા લાગા; એ સરીમંત વીશેબી કેહચ કે તેનાએ ખરી બાહદુરી તથા મોટી ચંચલાઇથી શેહરની સાહુકારી સાચવેઆ સાથે સરકાર દરબારનું અતીઅંત માંન મરાટબ મેલવેલ હતું; એ સરીમંત શાહ જોકે મુંબઇમાં તો કવચીત આવેઆ નોહતા પણ સંવત ૧૮૭૫ થી તેમનાં પણોતાં નાંમની એક નામીચી સરાફી પેહેડીની સ્થાપણા થઈ તારથી આપણી વસતીના સંબંધમા આવી વખણાએઆચ તે વીશે કોઇબી સાહેબ અણજાંણેઆ હશેજ નહીં.

હેમાભાઈશેઠ તે વખતશાહનાં સાત દીકરાઓમા સરવેથી વડા હતા, જેમનો જનમ સંવત ૧૮૪૦ માં થએલો મુકરર જણાયોછે; અને તેજ આધાર પકડીને તેમના વડવાઓને દરએકના જનમનું વરસ અટકલની ગોઠવણથી આ બીનાની સરૂઆતમા દાખલ કરી આજથી લગભગ ૨૧૪ વરસની લંબાઇએ પુગારેઆછે. એ શેઠીઆએ પોતાના છએ ભાઇઓને તેમના પરીવારો સહીત પોતાની પક્ષમાં સંભાલી રાખીને વડાપણું ચલાવેઆની સરૂઆતથીજ સરાફી ધંધાની સાથે કાઠીઆવાડ વગેરેનાં રાજાઓને તેમનાં ગાંમોની ઉપજ કબજાંન રાખી લાખો લાખ રૂપીઆ ધીરવા લાગા; અને તેહવી કમાંઈમાથી એટલોતો દરવીઅ સંઘરહ કીધો હતો કે, તેના બલથી ઓછામાં ઓછી સરવે દેસાવરો થઇને તેમને નાંમની તીસ સરાફી પેહેડીઓ સારી આંતથી ચાલતી હતી; અને તેથીકરી આખી ગુજરાત તથા મુંબઇ ઈલાકાનાં બીજાં ઘણાક પરગણાઓમાં તેમનું નેકનાંમ પરખેઆત થઈ રહેલું હતું.

કેહચ કે એ શેઠનાં સઘલા ભાઇઓ ઉપરાંત કબીલાનાં બીજાં માંણશો મલીને એકજ રશોડે હમેસાં ૧૫૦) જણાઓ તેમની મંગતે બેશી જમતાં હતાં. એ કેહવું સુખ, અને કેટલો સનતોશ તેમને દર વખતની રશોઇ લેતાં પરાપત થાયો હશે, તેની વરતનુંક કરવામા કોઇબી સાહેબને શેહલથી બની આવશે.

એ સાહેબ અગત કરી સરાવક વૈશ ઓસવાલ વાંણીઆંની ગણેઆત, તથા જૈન ધરમને આધીન હતા; તેટલા માટે એમની ભેગા કુટંબીઓની તર-

ફથી થાએલાં ધરંમ નીમની બાબત સર ખરચની એક પાદશાહી રકમ હેઠલ ટાંકેલી ટીપ ઉપરથી આપણને લગાર અચરતી પમાડેછે તે વાંચનારા સાહેબોએ પરછી લેવું.

પાલીતાણાના ડુંગર ઉપર બાંધેલું દેવલ જેને ટુંક કરી કેહેછે, અને તે "હીમાંવશી" ને નામે પરશીધછે, તેની પાછલ ખરચાએલાનો અડસટો અટકલાએછે	રૂ ૨૦૦,૦૦૦
પાલીતાણા, જુનાઘડ, પંચતીરથ અને અબુ વગેરેની તીરથ માટે તેમના ભાઈ તથા ભતરીજાઓ તરફથી કાહડેલા ૩૦ સંઘને માથેના ખરચનો અટકલો..............	૧૨૫,૦૦૦
એમના વડવા ખુસાલચંદશેઠે આદેસરજી ભગવાનનું દેહરૂં જે બંધાવેલું હતું, તે ઉપર પરથમમા રૂપીઆ એક લાખ થયા હતા, પણ તારબાદ લલુભાઈશેઠે પોતાના રૂડા વખતમાં તેમાં કાંઈક સુધારો કરાવેઓ, તારે તે પાછલ બીજા રૂપીયા વીસ હજાર તેમને બેઠા હતા, અને તે બાબે એવું કેહેચ કે તે દેવલ માહેલું ભોંએરું જોવા લાએક વખણાએછે, કેમકે તેની અંદર તરણ મોહટી મુરતીઓ દર આઠ ફુટ ઊંચી, અને છ ફુટ પોહલી બેસડાવી, ને તે માટે ભોંએરું જમીનની ભીતર ૯ ફુટ ઊંડું ખોધાવીને તે ઉપર આરસના, યાને સંગેમરમરના પથરથી જડતર કરાવી લીધેલીછે તેની કુલ બેઠક.	૧૨૦,૦૦૦
અજીતનાથજીનું દેહરૂં આ શેઠે પોતે બંધાવેલું તે પાછલ રોકેલા.	૧૦૦,૦૦૦
પાલીતાણા જુનાઘડ, પંચતીરથ, અને અબુ વીગેરેના પવીતર મકાંણે જતરા જવા માટે આ શેઠે પોતાની કારકીરદીના વખતથી તે હઈઆતીની છેલી ઘડીસુધી કુલે ૨૫ સંઘ કાહડેઆ હતા, તેમાં કોઈ વેલા એક હજાર માણસો ઉપર દસ હજાર રૂપીઆ, તો કોક ટાંકણે પાંચ હજાર માણસો ઉપર વીસ હજાર રૂપીઆ ખરચાએલા જે સાંભલાછે, તે હસાબે જોતાં સરવે સંઘનો એકંદર ખરચનો અટકલો એક લાખનો થાએછે	૧૦૦,૦૦૦
સરવે કીસમના જાહેર ધરમખાતાંઓની ટીપની અંદર ભરી આપેલા તથા કીરકુલ ધરમાદામો કીધેલી સખાવતના મલી કુલ કેહવાતા	૧૦૦,૦૦૦
અમદાવાદ, સરખેજ, નરોડ, જુનાઘડ, કોઠ, ગુંદી તથા પાલીતાંણામા આ શેઠીઆએ બંધાવેલી ધરમશાળાઓને માથે ખરચેલા	૭૫,૦૦૦
પાલીતાંણાના ડુંગર ઉપર તેમના બેહેન શેઠાંણી ઉજમબાઈએ બંધાવેલું દેવલ જે "નંદીસરદ્વીપ" ના નામથી હાલ પરશીધછે તે ઉપર	૭૫,૦૦૦

આ શેઠીઆએ અમદાવાદમા ઓરાં ઢોરના પાંજરાનું મુલ શે- પેર્ણછે અને તાંહાં હજારો પરાંણીઓ બંચાવ પાંમતાં તેમને આશીરવાદ દીએછે, તે ઉપરના ખરચની તો ખબર નથી, પણ તાંહાંના ઝહવેરીવાડમાં બંધાવેલાં છ દેવલ જે ઘણાંજ સરસ જોવા લાએકછે, તે માહેલું એક તેમના ચીરણજીવી શેઠ પ્રેમાભાઈનું બંધાવેલું માહવીર સવાંમીના નામથી ઓ- લખાએચ, તે ઉપરજ ફકત ખરચેલા ૫૦,૦૦૦

ચીંતામનજી નામનું દેહરૂં તેમના ભાઇ સુરજમલે બંધાવેલ તે ઉપર.............................. ૪૦,૦૦૦

ચોમુખનું એક દેવલ બાંધવા પાછલ તેમના બેહન શેઠાંણી ઉજમબાઈએ ખરચેલા.......................... ૨૦,૦૦૦

એજ બાઈસાહેબે અમદાવાદમાં બંધાવેલી ધરમશાળાની બેઠક.. ૧૫,૦૦૦

આ શેઠીઆએ કેટલાંક સુધારાના કાંમોની જે આગેવાંણી લીધી હતી તેની યાદગારી ખાતર અમદાવાદમાં પોતાનાજ નામથી "હેમાભાઈ ઇનસટીટુટ" નું એક મકાંણ બાંધી આપેલ્આ ઉપર રોકેલા ૭,૦૦૦

ઉપલી વીગત મુજબ પોતાના ધરમ પ્રાછલ પોતે તથા કુટંબીઓએ રૂ૧૦,૨૭,૦૦૦ ની જે સખાવત કીધીચ, તેમાં ઢોરોના પાંજરાંની કીંમત જેટલી હોએ તેટલો હુમેરો થએલો કેહવાએ.

આ હેમાભાઈશેઠને રેહેવાની હવેલીનું વરણન એવું જાંણવામા આવેલછે કે, શેહર અમદાવાડ માહેલા માંણેકચોકથી તે છેક નાંગોરીસરાહ સુધીની લં- બાઇ તથા પોહલાઇમાં રતણપોલથી પીરમદશાહના રોજાતુલીકની બેહોલી જગેઆ, એમારત બાંધવામાં જે ઘેરાએલીછે; તે કોઇ બાહેર દેશનો અજાંણેઓ આવી જોએ તો તે એમજ સહમજે કે આ કોઈ રાજાનો મેહલછે, એવો ભુલાવો ખચીત ખાધાવીના રેહેજ નહીં; કેમકે તેનું કાંમ જેવું માહભારત ઉઠાવેલુંછે, તેવીજ તેની પાછલ ખરચાએલા પઈસાની રકમખી લખોની સંખેઆમા બે- લાએછે; પણ તેની આંકણી માહભારત મકાંણને નજરે જોનારા, તથા બાંધ કાંમની માહીતી ધરાવનારા શેવાએ બીજા કોઇથી બરોબર જાચી સખાએજ નહીં. હાવા શુંદર મેહલમાં દબદબા સહીત રેહવા માટે કેહચ કે, આ નગર શેઠને દરશાલ સંસાર ખરચના રૂપીઆ એક લાખ થતા હતા; અને તેનાની જાહોજલાલીને ખચીત કરી અનુસરતા હોવાજ જોઇએ. એટલા ઉપરથી વાં- ચનારા સાહેબોએ વીચારી લેવું કે, જારે ફકત એક મેહલ જેવી બીલંદ હવેલી ઉપર જેમના લાખો રૂપીઆ રોકાએઆ ઉપરાંત દર વરશે એક લાખ જાથુક ખરચાએ તારે તેમની પાશે દરવીઅનો દરંગ કેટલો, અને તેની ઉપજ કેહવી થએલી હશે.

શેઠ હેમાભાઈ સંવત ૧૯૧૨ ની સાલમાં શેલગાહ સારૂ આપણી ટાપુ ખાતે પધરાંમની આપી ગયા હતા, તેણાની શોહાંમની શીકલ જે જે સાહેબોએ

જોઈ હશે તેઓએ તેમની કીરતીની પીછાંણતબી અછીરીતે કરી લીધીજ હશે. માટે એ બાબદમાં વીશેસ સરાહગાતની હવે જરૂર જણાતી નથી.

અમદાવાદમા દરરાલના દસેરાની સવારી લઈને જારે આ શેઠ નીકલતા, ત્યારે તેમની પાલખી પાછલ ઘોડાઓથી જોતરાએલી પચાસ ગાડીઓ ચાલતી; જે જોઈને ઉપર જેમ જણાવેઉંચ તેમ, બાહેરનો કોઇ અજાંણેઓ જોએ તો, તે એમજ ધારે કે આ કાંઈ સાહુકારની નહીં પણ કોઈ પાદસાહની સવારી જાએછે; તેવી જાહોજલાલીમાં આ એક હીંદુ પંથના ખરા સાહુકારે નીતીની રાહે ખુસ ખુસાલી ભરેલી ૭૩ વરસની જીંદગી ગુજારેઆ પછે સંવત ૧૯૧૩ ના માહ સુદી ૧૧ ને ગુરૂવારે પોતાની કીરતીની વાસના, આ જગતમાં પમરતી મેલીને સવરગનું અખાઈ સુખ હાંશેલ કરવા, પરલોકની મંજલ પકડી લીધી; તે ટાંકણેબી સાંભલેઆ પરમાણે ધરમદાનના પુન માટે એક લાખ રૂપીઆ ખરચવામાં આવેઆ હતા.

વખતશાહા શેઠના બોહલાં કુટંબીઓ, જોકે પોત પોતાનો રોજગાર ધંધો ઘણાવરસો આગમજથી અલાહેધી પેહડીઓ સ્થાપી કરતા હતા; તે છતાંબી મરહુમ શેઠ હેમાભાઈની લાએકાતે સઘલાઓનો સંસારી સંબંધ વડવાઓથી ઉતરતા આવેલા એકજ ભંડાલમા જોડાઈને જે રહેલો હતો, તે દનપરદન તેઓને તાંહાં વસતીમાં વીશેસ વધારો થવાને લીધે આકેબતનો પુખ્ત વીચાર પોંહચાડીને આ સવરગવાશી શેઠીઆએ પોતાની હઈઆતીમાજ ભાઈઓ તથા ભતરીજાઓ વગેરેને, તેમના પોંહચતા હીસ્સા મુજબ સારી મીલકતો વારસા દાખલ એવી રીતે વેંહચી આપેલી જાણવામા આવેચ કે, તેથી કરી તેમના કુટંબીઓમાં કોઈબી રીતનો બખેડો કે બીગાડો કવચીત થયોજ નોહતો; માટે હાવાં સંપીલાં પરીવારને ખરેખરા સુખીજ સહમજવા જોઈએ; અને ખોદા સાહેબ સરવેને એવીજ રૂડી હેદાએત બખશે, એજ હમારો આધીન આશીરવાદછે.

શેઠ હેમાભાઈના મરણ પછે નગરશેઠની નોબત તેમના દીકરા શેઠ પ્રેમાભાઇ ઉપર ઉતરી; જે ભોગવવા માટે કીરતારની અપાર કીરપાથી તેવણ હાલ પોતાની જનમભુમીમાં જઈ રહેલાછે.

આ શેઠબી કાંઈ વેપારવણજની કલાકઉંસલમાં, તેમજ સરાફી ધનધાની બારીક સહમજમાં, પોતાના વડવાઓ કરતાં ઉતરતા નોહતા, પણ, તેઓને બીસરાવે તેહવીજ લાએકાતથી સઘલી મંડલીઓમાં એવાંતો માંનથી ભરપુર હતા કે, તેમનાં રોસંણુ દીડા જોવાને એકવાર મુંબઈની વસતી ઘણીજ આતુરતા બતાવનારી દેખાઈ હતી; અને જારથી સંવત ૧૯૧૮ માં એ સાહેબને આપણી નાંમદાર સરકારે મુંબઈની ધારા બાંધનારી પવીતર સભાનાં એક અધીકારી તરીકે ચુંટી કાહડીને "ધી હાંનરેબલ" નો માંનવંતો એતાબ પેહલવેહલો હેનાઈએટ કીધો,* તારથી એવણનાં પનોતાં દરસન આપણી વસતીને

* એ નાંમીચા ઓહધાપર બેમરતબે થએલી નેમણુક પરમાણે ૧૯૨૦ સુધી કાંઉનશીલમાં બીરાજેઆ પછે, વેપારની વલગણમો વીતલાઈ પડ્આને લીધે પોતેજ છોડેલી જગેઆ પાછી લઈ સએઆ નહીં. નો૦ લે૦

મળવા લાગાં, એટલુંજ નહી પણ તેમની સાથ સંબંધ જોડનારાઓનેબી ઘણીજ આંણંદી ઉપજતી રહી, તો જોકે તેવણ કાંઈ મુંબઈનાં જાથુક રેહવાશી તો કવચીત થાઈ પડ્યાજ નોહતા, પણ આવજાવ શેહલ હોએઆને લીધે સઘલે ઠેકાંણે ફરતા રહેઆ; અને પરમેસવરે બખશેલા દરવીઅનો રૂડો ઉપીઓગ કરતા ગએઆ. જેબી લોકોએ આ શેઠીઆની શોભાઓમાંન શીકલ જોઈ હશે, તેઓ ખરાજ અંતકરણથી સાખશી આપી સખશે કે, પરેમાભાઈ શેઠ કોઈ વેપારીબચા નહીં પણ ખરેખરા એક સાહજાદા, અથવા રાજવઉંશી નર હોવા જોઈએ, પણ જેઓની સાથે તેમને પીછાંનત હતી તેઓતો તેનાને એક સાચો, સુધો, નીતીવાંન, રૂડી દેઆંનતનો, અને મીઠા બવાસનો એક સાહુકાર, તથા શોદાગર ગણતા હતા; અને એક વખત એવોબી સુભ વહીગઓચ કે, એ સરીમંત શેઠીઆ ઉપરાંત વખતશાહ શેઠનાં વશીલાઓ માહેલા બીજા સાહેબોને નાંમની સરાફી આંત સાથે શોદાગરી પેહડીઓ આ ટાપુ ખાતે ઉસતવાર પાએઆથી તેમનાં થેડવી બેસાડેલા મુણીમોની મારફતે જે ચાલતી હતી તેમધે,

મનસુખભાઈ વખતચંદ.
ગોકલભાઈ ફતેચંદ.
સુરજમલ વખતચંદ.
છગનભાઈ મનસુખભાઈ.
ડાહેઆભાઈ અનુપચંદ.
લલુભાઈ પાનાંચંદ.
સારાભાઈ મનસુખભાઈ.

એ સઘલી પેહડીઓ જોકે દરવીઅનાં ભરપુર ભંડોલથી એકેક કરતાં સરસ, અને સવતંતર પણે ચાલતીઓ હતી; તોએપણ પાછલથી શેઠ પરેમાંભાઈની પેહડી વડાપનું ધરાવા લાએક દીપતી હતી; અને તે સઘલી પેહડીઓની સાથે અતરેના નાંમીચા વેપારી તથા સરાફોનો સંબંધબી જોડાઈ રહેઓ હતો; પણ જારથી એ સંપીલા વઉંસમાં નાસકારક સતાનો જેહરી રોગ પેવસ થવા માંડેઓ, તારથી અરસપરસની હારજીહીતમા સાત પેહડીએથી સચવાતો આવેલો સકમાંઈનો પઈશો લુંટાવાને સરૂ થયો, તોહોબી જડ ઘણીજ મજબુત અને ઘણાંક દેસાવરો હુંડીનાં કાંમ માટે તેઓને હાથ હુંધાડાં રહેલાં હોએઆથી, એક વરસની ખોટ બીજે વરશે શેહેજમાં પુરાઈ જતી હતી; અને તેહવી ઉથલપાથલ તેઓ વચે ઘણાંક વરશો તુલીક રહીં; પણ જારથી અમેરીકનની લડાઈએ રૂઉરાજાની રેલનાં પાંણીને છેક માંથાં પુર ચહડાવેઆં, અને શેરો તથા ખાડાઓ વગેરેનાં સતાએ આસ્કાતરી રીતે મુંબઈ ઉપરાંત બીજાં દેસાવરો ઘેરી લઈને તેનાં ભુંડા હવસમાં લોકોને હોમાવેઆ, તારથી એ અમદાવાડી સાહુકારો પોતાનો ખરો રોજગાર તજીને તે ઉપર એકદમ તરાપ મારવા પડેઆ, તેમાંથી શેવટનો સાર માંતરે એટલોજ નીપજેઓ કે, સાંતીદાસ શેઠ મજબુત પાયામાં ગાડેલી ગુરથંની હલીઆરી જડ, હીકમતી સીપનાં વના હાલની ઓલાદથી અંચીઠી કરમાંતી ચાલી; અને જેમજેમ ભીતરમાં સડો પેવસ થતો ગયો, તેમ તે દરખત પોલું થાઈને મુલમાંથી હલી પડઆ પછે શેવટે તે દુહજનું જાહાડ સાબદું નાસત પાંમેઉં-તેમાં પોતાની ખરી પુંજી ખોહેઆ છતાં, લાખો રૂપીઆનું સાહમનુ કરજ માંથે હોરીને એવાતો ઊંચકાઈ ગએઆ

કે ઉપર જણાવેલાં નાંમોની ૭ જુદી જુદી પેહડીઓ માહેલી એકબી શું આરે કે શું પરથવીનાં કોઈબી ભાગપર ઉભેલી જણાતી નથી; માટે તેમના વડવાઓની કીરતીનાં ફકત પમરાત શેવાએ બીજું સઘલું નહીં સરખુ થાઈ પડીછે તેટલી ચેતવણી ઉપરથી દુણીઆંનાં સારાં નરસાંની સરજત ઉપર અભીમાંની કરેઆ-વીના સરવે કોઈએ સદા લક્ષ આપતા રેહવું જોઈ, કેમકે આ કવીતાની કેહ-વત બતાવેચ કે,

આવતો સમએ કોણ કેહનારછે?—મેલવેલું કોણનું હીંઆં રેહનારછે?
સુખનીજ પાછલ સરજાએછે દુખ—જમાનાની કોઈથી ન જલવાતી રૂખ.
ચહડીઓ તેતો પડવાને કાજ—કોઇને ફકીરી તો કોઈ લીએ રાજ.
જમાનાનું એવુંછે ફરતું ચકર—ગફલતથી આવી તે મારેચ ટકર.

જોકે પ્રેમાભાઈ શેઠ આજ ઘણું થએઉ, પોતાને સવદેસ અમદાવાડમા જઇ બેઠાચ, તોપણ તેમને નામની પેહડી તેવણનીજ ગનાતના શા૦ વીરચંદ દીપચંદની મુણીમગીરી હસતક હીંઆં સચવાઇ રહેલી માલુમ પડેછે; અને પોતેબી જનમભુમીમાં બીરાજીને વડવાઓથી વઉંસ પરંમપરા ઉતરતી આવેલી નગરશેઠની સતા માંનસહીત સાચવતા સંભલાએછે. પઇસાની થોડીક પાએ-માલી થયા છતાં જેવી હોરમત તથા ઈજત પરથમ હતી, તેવીજ તેવણને હજી સુધી મલતી રેહચ; તે એટલાજ ઉપરથી કે એ સાહેબની સભીઅતા સરવે લોકોમાં મસહુર થએલીછે, અને વલી ઘણું કરી સુધારાના હરેક કાંમોમાં સારી રીતે ઉતેજન આપવાની કોશેસ બનતાં સુધી તેવણ કવચીત ભુલતા નથી, માટે તેટલા પુન પરતાપથી તેણાની જાહોજલાલી નેકનાંમી સાથે જે જોડાઈ રહેલીછે, તેમાં પરમેસવર ઘણો વધારો કરે; અને બોહવાએલો દરલીઅ પાછો તેમને તે કીરતાર વેહલો બખશે, કે જેથી સુભ કારણોમા વાપડીને પોતીકા વડવાઓની પેઠે ગરીબોના આશીરવાદ પાંમતા રેહ. આંમીન.

શા૦ વેલજી માલુ.

કછી લેતા વાંણીઆની વરણના આ ગરહસથ કછ માહેલા કોઠારા ગાં-મમા સંવત ૧૮૬૫ ની શાલ જનમેલા જણાએઆછે. એનો બાપ કછ માંડવી ખાતેના ગુલાબસાહ શેઠને તાંહાંનો વહીવટ ચલાવતા હતા. આ વેલજીશેઠ જારે બાર વરસની વએ પોંહતા, તારે સંવત ૧૮૭૭ મા તેમના પીતાએ પાંચ હજાર કોરી જેના ૧૩૦૦ રૂપીઆને આસરે થાય, તેટલા દઇવત સાથે તેમણે મુંબાઇ મોકલવા માટે, તેના મામા સાંમજી સારંગના હસતકમા સોંફી આપેઓ.

વેલજીશેઠ મુંબઇમા આવેઆ પછે પેહલવેહલા પંતુજીની નીશાલે ગુજ-રાતી શીખવા માટે બેશીને તાંહાં એક વરસવેર જાથુક જએઆ કીધા, અને તેપછે તેર વરસની ઉંમરમા બાહેરકોટની માંડવીબંદર આગલ એક નાંધલી દુ-કાણ ભાડે લઇને, તાંહાં કાથો, તથા પરચુટણ માલનો ધંધો પોતાના ખુદ

ઉદીયોગથી ચાલુ કીધો, જે વખતે કેહ્વ કે તેની સંગાથે તેનો એક ભાઇ લખમશી શીવાએ બીજું કોઇજ હતું નહીં.

સંવત ૧૮૮૧ મા જારે ૧૬ વરસના થયા, તારે પોતાને સુખ આપનારી નાતીલી એક સદગુણી કનેઆ શોધી લઇને, તેની સંગાથે જીંદગી સુધીનો પવીતર ગાંઠ બાંધી લગણ કીધાં; અને કરકસરથી પોતાનો સંસાર ચલાવતાં આગલા ઉપીયોગી ધંધાને કવચીત છોડ્યો નહીં; કેમકે તેમા તેને દીનપરદીન સારી પરાપતી થવા માંદી, જેમા લગભગ ૧૧ વરસ રોકેઆ પછે, વેપારની વરધી માટે સંવત ૧૮૯૨ માં કેટલોક કીમતી માલ એક બગલામા ભરીને તે સાથે પોતે મુંબઇથી અરબસતાંન માહેલા મુખા, એડંન, હોદેદા, અને બસરાની સફરે શીધારેઆ. મારગમા તે વખતે ચાંચીઆ ચોરોનો ભએ અતીશીઅ હોવાનો લાભ લઇને, તે બગલાના નાખોદાએ માલ ખાઇ જવાના એરાદાથી આ વેલજીશેઠને મારી નાખવાની દેઆંણત કરીને બગલાનો મજરો આડકાતરો ફેરવેઓ; પણ સારાં ભાએગે તે વીશેનો કાંઇક સંસલાત તેમને કાંણે પડ્યો, અને તેટલાં એક અંગરેજી બારકસ એકાએક તેમને મલી આવેઉં; જેના અમલદારે ચેતવણી આપેઆ ઉપરથી પોતાની જાતી ચંચલાઇ વાપરીને, નાખુદા સંગાથે ઘણીજ સાહુચેતીથી એવાતો પરોતાઇ પડ્યા કે, તેની બુરી નીસતામા કવચીત તેને ફાવવા દીધોજ નહીં; અને તેવી નેમ જાથુક નીભાવીને પરમેસવરની કીરપાથી મુખાનું બંદર પેહલાં સહી કીધું; અને તારબાદ બીજાં બંદરો તરફબી તેજ બારકસ સાથે હીંમતથી ફરીને આઠ મહીનાના અરસામા મનની ચાલાકીથી આરબી જુબાંનનો એવોતો અભેઆસ કીધો કે તેની મદદ પાછલથી તેનાને પોતાના ધંધામા ઘણીજ ઉપીઓગી થાઇ પડી હતી. પેહલી સફરથી સારો નફો કમાઇને મુંબઇ આવેઆ પછે વેપારને વધારતા ચાલી મલબાર કોસટાથી તે છેક વેલાત સુધીની હધ લંબાવી દીધી હતી; તો જોકે તે વખત કાંઇ હેવો નોહતો કે, તેમા કાંઇબી હાંશીલ થાએ; પણ તે વાતનો કશોબી અંદેશો કીધાવના પોતાના ઉદીઓગને વલગી રેહવાનું મુનાશેબ જાંણેઉં તેથી સારાં ભાએગે રફતે રફતે રૂઉનો બોહોલો વહીવટ પોતાને હાથ કરી લઇને મુંબઇ ખાતે એક મોહટા વેપારી દાખલ સરવેમા પરખેઆત થાઇ પડ્યા હતા.

સાડતરીસ વરસની ઉંમરના થએઆ તારે તેમને તાંહાં સંવત ૧૯૦૨ ના કારતક સુદી ૧ ને સુકરવારે એક પુતર અવતરેઓ, જેનું નામ ત્રીકમજી કરી રાખેઉં; અને તેની પુથે તારપછે ઉંમરશી નામનો એક બીજો દીકરો, અને પરેમાબાઇ નામની દીકરી મલી તરણ ફરજંદોના વેલજી શેઠ પીતા કેહવાએઆ હતા.

રૂડા ઉદીઓગના રશીલાં ફલથી જારે આ વેલજી શેઠ ભરપુર થએઆ તારે, તે માહેલો થોડા ભાગ ધરમના કાંમસારં વાપરવા કાહડીને પોતાની જનમ ભુમીના ગાંમ કોથારા મધે એક મોટું દેવલ "જૈન પરતમા"નુ બાંધવા માટે સંવત ૧૯૧૪ ની સાલમા કાંમ સરૂ કીધું હતું, જે ચારેક વરસમાં બંધાઇ

રહેઆથી સંવત ૧૯૧૮ મા, તે દેરાંસરજીની સ્થાપના કરવા કાજે મોટો સંઘ કાહડીને પોતે શ્રી પાલીતાણા, રાજકોટ, તથા મોરબી થાઈને કછ તરફ સીધારેઆ હતા; તાંહાં સખાવતની રૂહે સારો ખરચ કીધા ઊપરથી હેવુ ગવાએઊં હતું કે, આખા કછમા હેના જેવું મોટું, અને શોભઈતું રલીઆંમનું દેવલ એકે બંધાએઊં નથી.


આખા જનમારામા આટલુંજ સુભ કાંમ સંપુરણ કીધા પછે, તરણેક વરસમા આ વેલજી શેઠની જીંદગીનો છેડો જે આવેઓ, તેનું કારણ એવું જણાએઊં કે આ ગરહસથને બચગીથીજ ગોલીનું દરદ હતું; તે જેમ પોતે ઊંમરે વધતા ગએઆ તેમ તેની સાથે, તેને પણ બહુ વધારો કરી મેલઓ હતો. આ દરદને સફાઈથી કહડાવી નાખવાની ધારના રાખી ગરાંટ મેડીકલ કાલેજના તે વખતપર વખણાએલા ડાકતર બાલીંગાલને બોલાવેઓ હતો; જેને પોતાની સાથે એજ કાલેજમા સીખેલા તબીબ ભાઉ દાજી, તથા બીજા દશેક ગરાડીઊએટોને રાખીને તેઓની હજુરમા દરદી થાએલો ભાગ સાબદો આસાંણીથી કાપીતો કાહડેઓ, પણ તેની સાથે ભીતરની ગાંથ ઉપર ચહડી નહી સખેઆથી દીન બે સુધી બીમારી ભોગવીને બીચારા સંવત ૧૯૨૧ ના કારતક સુદી ૫ ને સુકરવારે ૫૬ વરસની વએમા આસરે પચાશેક લાખ રૂપીઆની મોટી દોલત સાથે ઉપર જણાવેલાં તરણ ફરજંદો મેલીને દેવગત પાંમેઆ. આ ગરહસથની મીલનસારી લોકોમા એવીતો રૂડી હતી કે, તેમની સમશાનની કીરીઆમા નાતીલા જણ ૫૦૦ થી વધારે સાંમેલ થઇને મસાંણ સુધી માહતમપોશી કરતા તેમને વારવા ગએઆ હતા.

આ ગરહસથે જોકે પરજા ઉપયોગીના કોઇબી જાહેર કાંમો એવાંતો નથી કીધાં કે, જેથી તેમની કીરતી પરકાસતી રેહ, પણ એક સાધારણ માણસે પોતાની જાતી ચંચલાઈ, તથા અથાગ ઉદીયોગના બલવટે અદનામાથી મોટા વેપારી થઇને સરવે માહજણમા સારો સંબંધ જે જોડી લીધો હતો, તેનીજ માતરે યાદગારી હાલના કેટલાક સાહેબોનેતો રોસણ હશે, પણ તે ઉપરાંત હવે પછે થનારા સાહેબોની વાકેફગારી માટે નોંધી લેવાનું ઘટમાંન સહમજીએ છઈએ.

શા૦ વેલજી માલુના વડા દીકરા શા૦ ત્રીકમજીના જનમનો દીવસ જે ઉપર જણાઈ ચુકોચ, તે મુજબ હવડાં તેમની ઊંમર ચાલુ ૨૮ વરસની ગણાએછે. એવણ જારે પંદર વરસના હતા તારે, સંવત ૧૯૧૭ મા આ ટાપુ માહેલા મોહટા વેપારી શા૦ નરશી નાથાના દીકરા હરભમની દીકરી દેવકુંવરની સાથે લગણ કીવેલાં કેહવાએછે. બાપીકી દોલતનો વારસો હાથ આવેઆ આગમજ કેહચ કે તેમના મરહુમ પીતાએ પોતાની હઈઆતીમાં મી૦ આર. કીંગ ગેલનની કુંપતીને નામે ચાલેલી કોઈ અંગરેજી પેહડી અંદર તેમનું પંઠીઆલું જોડી આપેઊં હતું; પણ તે પેહેડીની કશીએ નીસાંણી હવડાં દેખાતી નથી, માટે ધારેઆ મેલે ઘણીક મુદતથી તે ઊંચકાઈ ગઇ હશે; જે પછે પોતાને ખુદ નામે જઠા બંધ રૂઉનો રોજગાર રચીને વેપારીની સંફમાં પોતાની હોરમત સાચવી રહેલા હતા; પણ કેહવાને દલગીરી ઉપજેચ કે દાહાડાની માંથી અસરે તેવણ

મી. નાના મોરોજીને તાંહાંની

વંશાવલી.



પાસેથી ઘણો ખરો દરવીય ઘસડાઈ ગએઆને લીધે પાછલથી તેણાનું નામ નાદાર દેવાદારોની ટીપ મધે નોધાએલું જોવામા આવેલ હતું; જેના પતાવરાની તારપછે કશી ખબર માલુમ પડી નથી.

મી० નાના મોરોજી.

આપણી કોટવાલી ખાતાંની ફોજદારી અદાલતના આ તરીજા નેઆએ-ધીસ (યાને પોલીસ કોરટના થરડ મેજીસતરેટ) મી० નાના મોરોજી, લકબે ત્રીલોકેકરનો જનમ, સંવત ૧૮૭૮ ને મલતા શાકે ૧૭૪૪ ના ચઈતર સુદી ૬ ને ગુરૂવારે આ શેહરની અંદર મુબારક થએલો માલુમ પડેએછે.

પાથારી પરભુની ગણાતના ઘણા હીંદુ ગરહસથો, આપણી ટાપુ ખાતે પુરાતમ વખતથી જે વસતા આવેઆચ, તેઓ માહેલાં આ અશીલ કુટંબની અસલીઆત કેટલી દુરની કેહવાએચ; તે સંબંધી ચોકસ હકીકત નહીં મલેઆ છતાં, આ મેજીસતરેટના જનમ દીવસનો સુમાર પકડી તપાશીએચ તો, તેમના બાપના બપાવા રાંમજીશેઠ સંવત ૧૭૮૦ અને ૧૭૮૫ ની વચે અવતરેલા હોવા જોઈએ; અને તે મુદત લગભગ ૧૫० વરસની શેહલથી ગણાઈ સકાએછે.

કેળવણીની બાબદમા હીંદુ કોમની વચે પરભુ લોકો જેવા ચપલબુધીના, ચાલાક અને ચંચલ જેહનવાલા અસલથીજ વખણાતા આવેઆચ; તેવી બીજી કોઈ વરણના હીંદુઓ તેઓની બરોબર ઉતરેલા વીચારી શકાતા નથી.

વંશાવલીમા દાખલ થએલી આ ગરહસથની તરીજી તથા ચોથી પેહે-ડીના પુરૂશોનું વરતાંત, ખબરની ગેરહાજરીને લીધે વીસતારી આપવામા હમો બચીત અરાકત છઈએ; પણ મરહુમ મી० મોરોજીને વાસતે એટલુંજ સાંભ-લવામા આવેલએ કે, તે સાહેબ સરકારી કેમેસરી ખાતાંમા હેડ કલારકની ચાકરીપર ઘણાક વરસો સુધી રહીને, પરમાણીકપણાથી તેમના હસતક સોંફા-એલાં કાંમોને જેબ આપતા હતા; તે શીવાએ તેમની કારકીરદી વીશેની વધારે કેફીએત મલી નથી.

પોતીકાં પરીવારમા નામવર નીવરેલા મી० નાનાભાઈએ, સાંભલેઆ પરમાણે ઉધરતી વએથીજ આગલી "એલફીનસટન નેટીવ ઈડીઉકેસન* ઈનસટીટુસન" મા દાખલ થઈને જે કેળવણી લેવા માડી, તેની સરૂઆત સંવત ૧૮૯० થી ધારેઆમા આવેછે; જાંહાં મનની વલાંણને છ વરસ વેર વીદઆની કસોટીપર ચહડાવતા રહીને કેહચ કે, સંવત ૧૮૯૬ ના ચઈતર મહીનાથી "એલફીનસટન સકાલરશીપ" હાથ કીધી, એટલુંજ નહીં પણ તે પછેની પરીખસામા "કલેર સકાલરશીપ"બી તેવણ લઈ વલેઆ હતા.

હાવી માહભારત મદરેસામા જઈને ફકત અંગરેજીનીજ નહીં પણ તે ઉપરાંત ગુજરાતી, મહરાઠી, સંસકરત, અરબી અને ફારસી ભાશાનો અભેઆ-

* એ મદરેસા હવડાં એલફીનસટન હાઈસકુલને નાંમથી ઓલખાએછે. ના०લે०

સબી સારી રવેશે હાંશેલ કરીને, તે બાબેના કેટલાંક સાબશી પતરકો વારંમવાર તેનાએ જે મેલવેઆં, તેમા એજ મદરેસાના પરીનશીપાલ ડાકટર હારકનેસે, પરોફેસર મી૰ બેલ, તથા તેની હાથ હેઠલના (આકટીંગ પરોફેસર) મી૰ બાલ ગંગાધર સાસ્ત્રીએ સંવત ૧૮૯૯ મા; અને તે પછે પરોફેસર મી૰ હાંનદરસને, સંવત ૧૯૦૧ મા; તથા સરકારના ઓરીએંટલ ટરાંનસલેટર મેજર જનરલ વાંનસ કેનેડીએ (સંવત ૧૯૦૨ મા) આપેલાં માલુમ પડઆંછે; અને તે દરેક ગરહસથોએ પોત પોતાના લખાંણોમા, આ બાહોસ નાનાભાઈની-કાબેલીઅત તથા તેમના સાસ ખવાસ સંબંધી એકેકથી સરસ રીતની સ્તુતી જણાવેઆમાં કાંઇજ બાંમી રાખેલી જણાઇ નથી. અને એટલી મુદત સુધી કેલવણી ખાતાંમા સરવે સાથે લાએક ચાલ ચલાવેઆથી, સઘલાઓનો સારો ચાહ પોતા ઉપર ખેંચી લઈને એક પરમાણીક મીતર તરીકે તાંહાં વખણાઈ રહેઆ હતા.

સંવત ૧૯૦૧ નો જેઠ માસ ઉતરતાં, આ ગરહસથની પેહલવેહલી નેમણુક, થાંણા ખાતેની અંગરેજી સ્કુલમા મુખતેઆર માસતર તરીકે થઈ હતી; જાંહાં પોતાનો ફરજીઆત ભરેલો ઓહધો એવીતો ચાલાકી વાપરી ચલાવેલો કેહચ કે, તેની રૂડી કોસેસથી તાંહાં શીખવા આવનારાઓને કેલવણી પાંમવાના મારગો ઘણાજ સવલ કરી આપેઆ; અને તે સાથે ગુરૂપણાનું કશુંએ અભેમાન નહીં લાવતાં, સરવે શીખનારાઓને પોતાના પેઆરમા લપેટી રાખવામાં એક માનવંતા માસતર કેહવાએઆ; એટલુંજ નહીં પણ તાંહાંની જાહેર મંડલીમાંબી સારો દેખાવ તેનાએ દીપાવી દીધો હતો; જેની સાબશીમાં સ્કુલ છોડતી વખતે તાંહાંની કેલવણી ખાતાંની કમીતીના યુરોપીઅનો તથા દેશી અધીકારીઓ, જેઓ સરકારી ઓહધો ધરાવતા હતા તેઓએ તેમની કાબેલીએત તથા ભલમનસાઈ માટે સંવત ૧૯૦૩ ના માહ શુદી ૧૦ ને મંગલવારે શુભાખીત શબદોના સંગાર સાથેનું એક માનપતર પણ તેમને આપેઉં હતું.

મી૰ નાનાભાઈની બીજી નેમણુક સદર અદાલતમાં કાંમ ચલાઉ તરજુમો કરનાર તરીકે થઈ હતી. જાંહાં લગભગ ૧૩ મહીના સુધી રહીને, તેમાનાં પાંચ મહીના કાંમ ચલાઉ વડા નવીસંદાનો ઓહધોબી કાબેલીઅતથી આટોપી લેતાં, ઇનસાફ ખાતાંની કચેરી તરફથી સારી કીરતી મેલવી હતી; અને તે બાબે, ઓહધો છોડતી વખતે, તાંહાંના રીજીસટર મી૰ હારીસને સંવત ૧૯૦૪ મા આપેલી સરટીફીકેટ ઉપરથી તેમની રૂડી વરતણુક વખણાઈ વલીછે.

એ પછે થાંણાની કલેકતરી ખાતામા એક વરશ સુધી ડીપીઉટી અકાઉનટંટ તથા વડા કલારકના કાંમ ઉપર રહીને, સરકારી સંબંધમા કાગલ પતરો ઘડવા તથા મરાહઠીમાંથી અંગરેજી તરજુમો કરતાં પોતાના વડાની સગવડ સાચવી આપીને મી૰ લાઅ પાસેથી સંવત ૧૯૦૫ ના વઇશાક વદી ૫ ને સનીવારે 'સાબાસી પતરકનું માન મેલવેઉં હતું.

સદર અદાલતના માજી ડુપીઉટી રીજીસટર મી૰ બેલાશીશે, સંવત ૧૯૦૪ ના સરાવણ માસની આખેરીએ આપેલા એક દસતાવેજની અંદર એવો માકુલ અભીપરાએ જણાવેઓ હતો કે, "સદર અદાલતમા તરજુમો કરવાના કાંમ ઉપર

"મી૰ નાના મોરોજી એવોતો ચાલાક અને સુધ લખનાર માલુમ પડ્યોચ
"કે, એલફીનસટન કાલેજમાથી મેલવેલી કેલવણીને ઘણાજ ચંચલ જેહનથી
"જેબ આપેછે." માટે તેની વીદ્યા સખતી વીશે (મી૰ બેલાશીશે) ઘણું ઊંચું
મત બાંધતાં, સરકારી જાહેર નોકરીપર તેને વધેલો જોવાની ઊમેદ વતીક
રાખી હતી.

કોહલાપોર ખાતેબી પોતાની કેલવણીને એવી રીતે કસાવી હતી કે, તે
વખતપર તાંહાંના આકટીંગ પોલીટીકાલ સુપરીનટેંડંટ મી૰ એનદરસને શંવત
૧૯૦૫ ને આસો માસે સરકારમા કીધેલા રીપોરટ મુજબ, તેના હાથ હેઠલ
વડા લખનાર તરીકે આ ગરહસથ ખપેઆ ઉપરાંત, તાંહાંના રાજાનો શીખ-
સક પણ થએલો હતો; અને ફકત એટલોજ ઓહદો બજાવીને બેશી રેહતો
નહીં, પણ તે શીવાએ બીજાં ઘણાક કારણોમા પોતાનો અવકાસ ખરચતાં
સરવે સાથે સારી લાએકી રાખતો હતો. જે રીપોરટના જવાબમા કેહચ કે,
નામદાર સરકારે મી૰ નાના મોરોજીના કાંમો તથા રૂડા આચાર ઉપર પોતાની
બહુ પસંદગી જણાવી હતી.

ઉપર જણાવેલી આફીસના સંબંધમા સારી રીતે જોડાઈ રેહેઆ પછે તાં-
હાંથી રખશુદ પાંમવાનો વખત આવતો જોઇને, પોલીટીકાલ સુપરીનટેંડંટ મે-
જર ગરાંહાંમે સંવત ૧૯૦૮ ના પોસ મહીનામા, એક દસતાવેજની મારફતે
મી૰ નાના મોરોજીની ખુબીનું વરણન એવી રીતે વરતી દેખાડઊંચ કે, તેની
નોધ લેતાં ખરેખરી ખુશી ઉપજાવેઆવના હમારેથી રેહવાતું નથી. લખેચ કે
"ઇશવી સને ૧૮૫૧ મા બીમારીની રજા મેલવેઆ પછે શાહજો થઇને પાછો
"આવેઓ, તાંહાં તુલીક મારી ગેરહાજરીની મુદતમાં બજાવેલાં કાંમો ઉપરથી
"આ ગરહસથની કાબેલીએત, તથા અથાગ મેહનતનું પરીણામ પીછાંણવાની
"મને સારી જોગવાઈ મલીછે. સઘલો વખત તેને પોતાના કાંમ ઉપર સા-
"વધપણું બતલાવતાં, તથા જવાન રાજકુંવરને એલમની તરબીએત આપવામા
"તેને જે માન મેલવેઊંચ, તેથી મારી પુર ખાતરી થએલીછે; માટે ઓહદો
"છોડી જતા હાવા પરમારથી સખસની કીમતી ચાકરી ખોહવાની દલગીરી
"દેખાડેઆ છતાં, તેને મોટી પડવીપર વધવા વીશેની ખુશી દીલથી મુબારક
"બાદી જણાવી હતી." એજ માનવંતા મેજર ગરાંહાંમે ઉપલી સરટીફીકેટ આ-
પેઆ પછે, બે મહીના રહીને નામદાર સરકાર ઉપર લખેલાં પતરમા આ ગર-
હસથના ઉદીઓગી કાંમ સંબંધી સારી સ્તુતી જે જણાવી હતી, તેના જવાબમાં
સરકારે પણ મોટી ખુશી ઉપજાવેઆમાં કાંઈજ કશુર કીધી નોહતી.

કોલાપોર ખાતે આ ગરહસથે કેટલોક વખત ગુજારેઆથી, તાંહાંના કાં-
મનો અનુભવ મેલવી લઇને સરવે સાથે સલુકાઇથી મોહબત એવીતો સાંધી
હતી કે, તેની સોલાપોર ખાતે ડેપાઉટી કલેકટરના ઓહધાની જારે નેમણુક
થઈ તારે મેજર ગરાંહાંમે સંવત ૧૯૦૮ ના જેઠ સુદી ૬ ને મંગલવારે લખી
આપેલી બીજી સરટીફીકેટની સરૂઆતમા તેને ખસવા બાબે પોતાની બહુ દલ-
ગીરી જાહેર કીધીછે. કારણ કે હરેક બાબદમા તેમના વીચારો તેને ઘણાજ

અગતના જણાતા હતા; એટલુંજ નહીં, પણ ઇનસાંનીએતપણાના સરવે ગુનો જે તેમા સમાએલા હતા, તેથી તેની જુદાઇગીરી ઘણી અનગમતી થઇ પડી હતી. પણ શેવટે તેના નવા ઓહદાની મુબારકબાદી જણાવીછે.

ઉપલી સરટીફીકેટ ઉપરથી એવું સહમજાએચ કે, મી૦ નાના મોરોજીને પેહલવેહલો સરકારી ઓહદો સંવત ૧૯૦૮ ની શાલમા શોલાપોર ખાતે ડપીઉટી કલેકટર, તથા મેજીસતરેટનો મલેઓ હતો; અને તે પછે એરણ એરણે જુદાં જુદાં મઠકો તરફ તેવીજ બાબદમા તેણાની બદલી પણ થયા કીધી; તેનું કારણ એવું કેહવાએછેચ કે, જાંહાંનો ઓહદો તેનાએ હાથ ધરેઓ, તાંહાંનો રાહગાત ઘણા સારા પાએઆપર તેવણ ઉસતવાર લાવતા માલુમ પડેઆ; તેથી ઘણેક ઠેકાંણે સુધારો દાખલ કરવાની ધારણા સરકારે રાખી; અને તે સોચના આ નીતીવાન નાનાભાઈએ સંપુરણ રીતે પાર ઉતારી આપી.

એ પછે આ ગરહસથ પુણા ખાતે ડપીઉટી મેજેસતરેટના ઓહદા ઉપર હતા, તે વખતે કોઈ બાપુ ડીકઝીત તથા બીજા છ સખશોએ એક સંપીથી માજી નાંમદાર કુંપણી સરકારની સાંહમને ચલાવેલાં ભએંકાર કાવતરાંના ફોજદારી મુકદમા સંબંધી સારી સહમજ વાપરીને ઉપલા સાતે બંધવાઓને સજાએ પોંહચાડવાના કાંમ માટે આડવોકેટ જનરલ મી૦ એડવરડ હાવરદને કીંમતી મદદ આપી હતી; તે બાબદનો રપોરટ જારે નામદાર સરકારની હજુર રજુ થયો, તારે તેનાએ બજાવેલી સારી શેવાના બદલામા સરકારે રૂ૫૦૦) ના ઈનામ સાથે, મોટી સાબાશી ભરેઆ ઉપકાર પતરની ભેટ સંવત ૧૯૧૩ ના માંગસર સુદી ૨ ને સનીવારે જે હીનાએટ કીધી હતી, તે વાત તેમના માનમા અતીઅંત વધારો થાએલી વીચારીને ખુશી સાથે હીંઆ નોધી રાખીએછે.

રેવીનીઉ કમીશનર મી૦ કુપરને કેલવણીમા પાહવરદા થાએલા તરણ દશી ગરહસથો તરફથી મલેલાં કાગલો, તે બાહોસ અંમલદારે સંવત ૧૯૧૩ ના ચઈતર વદી ૭ ને ગુરૂવારે નામદાર સરકાર ઉપર જે મોકલાવેઆં હતાં; તે માહેલો બીજો કાગલ આ મી૦ નાના મોરોજીનો લખેલો તેને એવોતો પસંદ પડેલો કેહવાએચ કે, તેની એબારતબંદી, તથા શબદોની ગોઠવણી ઉપરથી તેનાની કાબેલીએત બાબે ઘણી વખાણ લખીવાલી હતી.

મી૦ નાના મોરોજીની કાબેલીએત પીછાંણનારો, અને તેની કીંમત આંકનારો સરવેથી સરસ અમલદાર, પુણા ખાતેનો મેજેસતરેટ મી૦ ડંકન ડેવીડસન માલુમ પડી આવેઓ હતો. આ અમલદારે સંવત ૧૯૧૫ ના ફાગન સુદી ૧૫ ને સુકરવારે, પુણેથી એક સતા ભરેઓ કાગલ લખીને સદર ફોજદારી અદાલતના રેજીસટરાર ઉપર જે મોકલાવેઓ તેમા એવી દરખાસત ગુજારી હતી કે, તેની હજુરના ડપીઉટી નાના મોરોજી ઈસકુઆએરને મુખતેઆર ભરેઓ મેજસતરેટ થેડવવા સારૂં નામદાર ગવરનરની કાંઉનશીલમા અરજ કરીને, તેઓ પાશેથી ૧૮૫૧ ના ચોથા કાએદાની સરીએત મુજબ સણદ માંગી લેવી. અને તેના કારણમાં, તે અમલદારે એવી દલીલ દેખાડી હતી કે, આ ગરહસથ સાત વરસ થઆં પુણા શેહરમાં માજેસતરેટનો ઓધો બજાવેચ; તે

માહેલાં છેલાં તરણ વરસ તો માહરો જેટલી મુખતેઆરી ચલાવવાને પુરો લાએક માલુમ પડ્યોછે; એટલુંજ નહીં પણ નામદાર સરકાર, તેઓના અમલદારો તથા પરજાને કોઇબી કારણમા ધીલ નાખેઆવના, ખરચ તથા મેહનતમાં તેને ઘણો બંચાવ કરી બતલાવ્યોછે.

ઉપલી દરખાસત મુજબ નામદાર સરકારે, આ ગરહેસથને ફુલપાવર મેજેસતરેટનો ઓધો બખશેઓ; અને તેની ખુબીથી તાર પછે એકાદ બે જગોએ બીરાજીને છેલે સુરત ખાતેની પોલીસ કોરટમા તેનાએ બેઠક લીધેલી જણાઈ હતી.

હીંઆંના અસલ વતણી છતાં, આ ગરહેસથ, આપણી વસતીમા સરવે લોકોથી તદન અંજાણેઆ હતા; તેનું કારણ એટલુંજ કે, બચગીથી તેનાની મીતરાચારી કેલવણી ખાતાં સાથે જોડાએલી રહી; અને તે પછે જીલાઓ તરફ સરકારી નોકરી બજાવતાં લાંમબો વખત વહી ગયાને લીધે, તેવન મુંબઇના રેહવાશી કેહવાઈ સકેઆજ નહીં. પણ ૪૫ વરસની વએ પોંહતા તારે પરમેસવરની કીરપાથી આપણી સંગાથે તેણાનો બીન ધારેલો સંબંધ સંધાયો, તેના સમાચાર હેઠલ જાહેર કરીએછે.

આપણી પોલીસ કોરટના તરીજા મેજેસતરેટ મી૰ ડાસાભાઈ ફરાંમજી કરાકાને, નામદાર સરકારે આએપતના કરની વસુલાતના માહભારત કાંમ ઉપર જારે થેડવેઆ તારે તેમની ખાલી પડેલી જગેઆ તેનાની ગેરહાજરી સુધી, તેવનના જેવાજ કોઈ સાહલેસ પુરસથી પુરવાનો હેતુ ઇછીને આ નામવર મી૰ નાના મોરોજીની નોકરી પસંદ કીધી; અને તેટલા માટે તેનાને સુરત તરફથી બોલાવી લીધા. સંવત ૧૯૨૩ ના વઇસાક વદી ૧૪ ને સનીવારે આ ગરહેસથ અતરે આવીને બીરાજેઆ, તે વાતને હવડાં ૯ વરસ પસાર થાઇ ચુકાંચ; તેટલા અરસામા, કોઇ બેસુમાર ફોજદારી મુકદમા એવીતો ચંચલાઇથી ચુકવતા જણાએઆચ કે, તેની સાંહમને કોઇબી રીતની કડવી ફરીઆદ કેથેથી ઉઠેલી સંભલાઈજ નથી.

આએપતનો કર લેવાનો કાએદો ઇસવી સને ૧૮૭૩ ના એપરેલની પેહલી તારીખથી બીલકુલ બંધ થાઓછે; પણ તેની વશુલાતનુ કાંમ તરણ અથવા ચાર મહીના સુધી ચાલેઆ પછે, મી૰ ડાસાભાઇ ફરામજી કરાકા પોતીકા મેજેસતરેટના ઓહધા ઉપર પાછા બીરાજશે; અને તેથી કરી આ મી૰ નાના મોરોજીને હીંઆથી કેથે ખીસવું પડતો, તે બાબે નામદાર સરકારને પરજાના ભલાં માટે હમો એવી અરજ કરીએચ કે, મી૰ ડાસાભાઇનો હક જે બીજા મેજેસતરેટની ખુરશી ઉપર પોંહચેચ; તાંહાં તેનાને ગોઠવીને આ ગરહેસથને હાલની જગોએજ હીંઆં કાએમ કરી રાખવો; કેમકે એકને ઠેકાંણે બે દેશી મેજેસતરેટો બીરાજતા રેહશે તો, હીંઆંની પંચમેલી પરજાના પરાકરમો પીછાંણવા સારૂં તેઓની વાકેફકારી વધારે કીંમતી થએઆથી ફોજદારી ઇનસાફની સગવડ સારી રવેશે સચવાશે, માટે એવા નામાકીત નરની નોકરી ઓહીને પરજાને દલગીરી દેખાડવી નહીં.

આ ગરહસથની જીંદગીના પુરેપુરા હેવાલ મેલવવાની હમોએ ઘણીબી કોશેસ કીધી, પણ તેમના કબીલાની કેફીએત શોધી આપનારા સખસની કમ પુરસદને લીધે, અથવાતો વીશેસ હકીકત તેની પાશે હાજર નહી હોવાના સબબથી આટલીજ બીના જે હાથ આવી, તે જોકે અધુરી દેખાએછ તોપણ તે મીતરના ઉપકાર સાથે આ નોધમા સમાવી લેવાની ગણીમત સહમજેઆ છઇએ.

આપણા માનવંતા માજેસતરેટના ખવાસની હમોને બોલકુલ માહીતગારી જે નોહતી, તેની વરતણુક વરણવા માટે જારે જોગવાઈ લઇને ઘણીવાર પોલીસ કોરટમા એક તમાસગીર તરીકે જઇ જોએઉ તારે તે સાહેબ સવભાવે જેવા થંડા, અને બોલવે સાહલેસાઈ ભરેઆ તેવાજ દેખાવમા દમામ વગરના સાદા, અને સમપુરણ સલુકના માલુમ પડેઆ; એટલુંજ નહીં પણ ઇનસાફને માટે મુકદમો લઈ આવનારાઓના આચાર પીછાંણી લેવામાબી ચપલ બુધીના, અને સવતંતર વીચારના વીવેક પુરસ જણાઈ આવેઆછે; માટે આ હેવાલ બંધ કરતાં નેક નામ નાના મોરોજીની જીંદગીને પુર તનદરોસતી ભરેલી લાંમબી ઊંમરના આશીરવાદ સાથે, હીંઆની ફોજદારી ખુરશી ઉપર કાએમ રેહવાની તેમને મુબારકબાદી ચાહીએછે. આંમીન.

રાવ બાહાધર મઘંનભાઇ કરમચંદનાં કુટંબીઓ.

આ અમદાવાદી સાહુકારોનું કુટંબબી દસાશ્રીમાલી સરાવક ગનાતમા માંન પાંમેલું કેહવાએલુંછે. પરેમચંદશાહના દીકરા કરમચંદને સરવે લોકો કમાસાના નામથી જે ઓલખતા હતા, તેમની તરણ બાએડીઓને પેટથી થએલી પાંચ ફરજંદોની વરધીમાં તરણ દીકરીઓ અને બે દીકરાઓ હતા; જેઓને હઇઆત મેલીને સંવત ૧૮૯૦ ની શાલમા સરાવણ સુદી ૪ ને સનીવારે કમાસાશેઠ દેવગત થયા તારે કેહછે કે મઘનભાઈ માતરે ૧૧ વરસના હતા.

શા૦ કરમચંદ પરેમચંદ અમદાવાદીને નામની પેહેલવેહેલી સરાફી તથા સોદાગરી પેહેડી તેમના એક વીસવાસુ ગુમાસતા શા૦ રણછોડ પારેખ હસતુકથી સંવત ૧૮૮૦ ની શાલમા આપણી તરફ આવીચ તારની કોઈ એવે શો મુહરતે ગોઠવાએલીછે કે, તે વાતને આજે લગભગ અડધી સદી થવા આવી તાંહાં તુલીક પરમેસવરની કીરપાથી સારી હાલતમાં ચલવાઇને ચાલુ રહીછે. આ પુરાંણી પેહડી સંગાથે તેની સરૂઆતથીજ આપણા જમાને હાતમ મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને ઘણોજ ઘરોબો હતો; એટલુંજ નહીં પણ દેશાવરો ખાતે તે સાહેબનું વેપાર સંબંધી જેબી કાંમ હોતુ તો તેમનેજ તાંહાં થતું હતું, પણ પાછલથી કાંઈ એવી હોનારત બની કે તે પેહડીના ઉપર જણાવેલા મુનીમના ગડલમડલ વહીવટથી કાંમ જારે બીગડઊઁ, તારે તે પેહડી સાથેનો સંબંધ છુટો કરી નાખવામા આવેઓ, તોપણ મીતરાચારીતો બેહુ સાહેબોમાં રૂડી પેરે જોડાઇ રહેલી હતી.

કમાસાશેઠ કોક દાહડે આપણી ટાપુ ખાતેતો કવચીત આવેઆ નોહતા, પણ તેમની પરોપકાર બુધીના માન ખાતર તેમની નીતીવાંન પેહડી થીજ સરવે ઠેકાંણે તેણાનું નાંમ પરકાશી રહેલું જણાએઉંછે.

મથાળે જણાવેલા રાવબાહાદુર, શેઠ મગનભાઈનો જનમ અમદાવાદ ખાતે સંવત ૧૮૭૯ ના વઈશાખ શુદી ૨ ને સોમવારે થયો હતો. તેવણ જોકે બાપના મરણ ટાંકણે નાહની વએના હતા, તોપણ ચંચલમનના હોવાથી દેશના રવઇઆ મુજબની કાંમજોગ વીદેઆ ભણેઆ, અને જેમ મોહટા થતા ગયા તેમ ગુજરાતી તથા અંગરેજી એલમ હાંસલ કરીને પુસતકો વાંચવાનો અભેઆસબી વીશેસ વધારતા રહેઆ. પેહડીનો વહીવત જાંહાંસુધી તેવણ નાહના હતા, તાંહાં તુલીક ગુમાસતાઓથી ચાલેઆ કીધો, પણ પોતે જારે ઉમર લાએક ના થયા, તારે સઘલો કારોબાર પોતાની સાહેતાથી ઘણી સારી રીતે ખીલવતા રહેઆ. એમના ભાઈ મોતીલાલબી બહુ હુશીઆરી રાખીને ઘેર ખટલાનું સરવે કાંમ પોતે સાચવી બેઠા હતા; પણ કબીલાના માથાંભાએગ કે સંવત ૧૯૦૭ ના ફાગણ મહીનામા તેવણ ગુજરી ગયાને લીધે મગનભાઈની બાજુ ખરેખરી ઓરવાઇ પડી; અને તેનો ગંમબી જીગરમા વીશેસ પેઠો હતો. કમાસાના વખતમાં એ ઘર ખાતે જેટલી દોલત હતી તે કરતાં વધારે દરવીય આ શેઠ મગનભાઇએ રૂડી વરતણુકથી ભેગો કીધો હતો.

સંવત ૧૮૯૯ ની શાલમાં શેઠ હઠીસંગ તથા હીમાભાઇની સંગતમા પોતે સાંમેલ થઇને પંચતીરથનો સંઘ લઈ જાતરા કરવા ગયા હતા, પણ મારગમાં રોગ ફેલાઇ પડેલો જણાએઆને લીધે તે સરવે સંગ તતકાલ પાછો વલી આવેઓ. એ સાહેબ એકવાર પોતીકાં ચરણ મુંબઈમાંબી લાવીને મરહુમ સર જમશેદજી તથા તેમના બરખુરદાર બેટાઓ સંગાથે બાપીકી મીતરાચારીના હકમો વધારો કરી ગયા હતા. અને તેથી કરી તે સાહેબોના રૂડાં પગલાંપર ચાલવાનું સારૂં ધેઆન આપવા શીખેઆ હતા; એટલુંજ નહીં પણ નાહની વએમાં દોલતનો દરંગ જે ભેગો થયો હતો, તેનો ઉપીયોગબી સારી રીતે કરવા લાગા. ગુજરાત જીલ્લાના હીંદુઓમા એક એવી ટેવ ઘર કરી રહેલી કેહછે કે, પોતાની દીકરીઓને વીદેઆ ભણાવેઆવીના અગણાની રાખવામા બહુ બાહાદુરી બતલાવતા હતા; પણ કેલવણીના ફલ સારાં પરાપત થાએ તેનું ભાંણ નહીં રાખનારાઓને આ શેઠ મગનભાઈ હલવે હલવે રાહપર લાવેઆ, અને પોતાની દેશી છોડીઓને ભણાવી ઇનસાંણપણાના નુકતાપર લાવવા માટે પોતે રૂ૨૦,૦૦૦ ની એક મોહટી રકમ અલાહેદી કાહડીને સંવત ૧૯૦૭ ની સાલમાં પોતાના સવદેશ શેહેર અમદાવાદમા એક પાઠશાળા સ્થાપી દીધી; એટલુંજ નહીં પણ મજબુત પાએઆપર તેને જાથુક નીભાવા માટે યુરોપીઅનોની એક મંડલી ઠેડવીને તેઓના હસતકમાં વીસ માહેલા ૧૪,૦૦૦ ની સરકારી ટકા પાંચની લોન લઈ આપી કે, દરશાલે તેનું વીઆજ રૂ૭૦૦ ઉપજાથી પાઠશાળાનો સરવે ખરચ નીભેઓ રહે; અને રૂ૬૦૦૦ ખરચીને રાએપોર ખાતે એજ કારણ માટે એક સુંદર એમારત બંધાવીને પોતાની કીરતી પરકાસતી મેલીછે; અને તેમાં શીખવા જતી છોડીઓ તેમની સખાવતનું સરબત ચાખતી હવડાં ઘણી જોવામાં આવેછે.

આ સખી નરનું હાવું ઉદાર કાંમ ધેઆંણમાં લઈને આપણી નામદાર સરકારે ઘણીજ ખુશી સાથે તેવણને "રાવબાહદુર" નો એક નાંમીચો એલકાબ એનાએત કીધો, અને તેની યાદગારીમાં સંવત ૧૯૦૭ ના આસો સુદી ૫ ને સોમવારે તાંહાંના નેઆએધીસ મી° હારીસને એક દબદબા ભરેલી દરબાર મેલવીને તેની હજુરમાં સોનાનો ચાંદ સરકાર તરફથી તેણાને ભેટ આપેઓ હતો, અને તેથી અમદાવાદની આખી વસતીમાં મોહઠી ખુસાલી મચી રહી હતી; કારણ કે કેલવણી માટેનું આ એકજ કારખાનું તે વખતપર મઘનભાઈની સખાવતથી તાંહાં જનમ પાંમેલ હતું.


રાવબાહદુર શેઠ મઘનભાઈએ જો લાંમબા આવરડા મેલવેઆ હોતતો, સંધે નોહતો કે બીજાં અગણીત સારાં કામો સખાવતની રાહે અજવાલે લાવતે પણ માઠાંભાએગ તાંહાંની વસતીના કે, આવો રૂડો શેઠીઓ સંવત ૧૯૨૦ ના અસાડ સુદી ૯ ને બુધવારે જનમના દીવસથી ૪૧ વરસ અને ૨ મહીનાની ઉપર ૮ દાહડાની ઉંમર પુરી કરીને દેવગત થયો. આ સરીમંતની પાછલ કોઈજ હકદાર વારેસ ન હોવાને લીધે ભતરીજીના દીકરા સારાભાઈને દતક કરી લીધો; અને તે સાહેબ પરમેસવરની પરમકુરપાથી શેઠ મગણભાઈના નાંમની કીરતી જાલવતા અમદાવાદમા હઈઆત રહેલા જણાએછે.

શેઠ હાથીસીંગ કેસરીસીંગ.


સરાવક ગણેઆંતનાં આખી એક નાંમીચાં કુટંબની કીરતી છેક ખુસાલ નેહાલના વખતથી ગુજરાત તરફ વખણાતી આવેચ; પણ તેઓની બાબદમા જે ચોકસ હકીગત મલવી જોઈએ, તેનીજ માંતરે ગેરહાજરીને લીધે ખરો ખોલાશો જાહેર કરી સકાતો નથી. એ ખુસાલ નેહાલનાં દોતરા હાથીભાઈ નાંમના જે હતા, તેમનો જનમ અમદાવાદ ખાતે સંવત ૧૮૫૨ માં મુબારક થાએલો કેહવામા આવેછે. આપણી વસતીની ઓલખમાં તો એ સરીમંત શેઠ ઘણું કરી સંવત ૧૮૮૦ ને સાલથી અતરે સરાફી તથા શોદાગરી પેહડી હુંધાડીઆ પછે પરખેઆત થાઈ પડેઆ હતા.

આ હીંમતવાન હાથીભાઈની બાલવએની બીના કાંઈબી જાંણવામાં આવેલી નથી, પણ આટલુંતો ચોકસ કેહવાએછે કે, શેહરને શીરેસતે કાંમમા આવી સખે તેટલું ભણેઆ હતા. સરવેથી પેહલા અમદાવાદના નગર શેઠ હેમાભાઈની દીકરી રૂખમાંણીબાઈ વેરે પરણેઆ હતા; પણ પાછલથી તે બાઈ આંખે અપંગ થાઈ તેથી તેનીની એક બીજી બેહન નામે પરસનબાઈ હતાં તેની વેરે લગણ કીધાં હતાં, અને તેવણ જારે ગુજરી ગઆં તારે ઘોગાવાલા એક વાંણીઆંની વીદવાન અને હુશીઆર દીકરી હરકુઅરને પરણી વરેઆ; પણ દલગીરી ઉપજેછે કે આ સુધાં તરણે બાએડીઓ માહેલી એકને તાંહાંબી હકદાર વારસ જનમ પાંમેઓ નોહતો.

રાવબાહાદર મધનભાઈ કરમચંદના
કુટંબીઓ.



ખુશાલ નેહાલને તાંહાંની વંશાવલી.



હથીસીંગના બાપનો મુખીઅ ધંધો રેસંમ તથા કીરમજનો કેહવાતો હતો, અને તેના મોહોળા વહીવટના પરતાપથી તેવત જારે ગુજરી ગયા તારે તીસ અથવા ૪૦ લાખ રૂપીઆની એક મોટી પુંજી જે માલુંમ પડી હતી; તેને વાપરવા માટે બાઇઓનું મર્ઝીઆરૂં* જારે મંઘએલું, તારે આ ઉદાર મનના શેઠ હાથીસીંગ નાહાંની વએના હોવાથી પેહડીનો વહીવટ તેમના કાકાના દીકરા મોહોકમભાઇએ આટોપી લીધો; અને રેસમ તથા કીરમજની ખરીદી સારૂં આપણા ટાપુમા વખનાઇ ગએલા શેઠ મોતીશાહને ખાસ આડતીઆખી રોકેઆ હતા.

સંવત ૧૮૭૮ ની સાલમાં જારે ચોરવાડે સંઘ ગયો, તારે તેમાં મોહોકમભાઈ તથા આ હઠીભાઈ વીગેરે જાતરા કરવા ગએઆ, જાંહાં તે સંઘને સાતેક હજાર રૂપીઆ ખરચી પોતીકા આડતીઆ મોતીશાહ શેઠને નાંમનાં નોતરાં ફેરવી જમાડ્યો હતો; જે વાત મુંબઇમાં શેઠ મજકુરને માલુમ પડી તારે, તેનો પાડ રૂડી પેરે વાખી આપવાના હેતુથી મોહોકમભાઇ સંગાથે બંદોબસત બંધ બેસાડીને પાખી તથા રતલાંમ મલી બે ઠેકાંણેથી પોતાને હસાબે અફીણ ખરીદ કરવાનું કાંમ સોંપ્યું. આથી કરી બનેઉ એવું કે, હાલી આડત આવી તેમાંથી એકતો મુહબલક હકસાઇ મલી, અને બીજું એ કે આ શેઠીઆઓ તરફથી ખાનગી રીતે તથા મોતીશાહ શેઠની મજમુમાં અફીન ચીન ખાતે મોકલીઆ કીધું તેનો બેહદ નફો ખી હાંશેલ થતો રહેઓ; અને થોડાજ અરસામા તરણ અથવા ચાર લાખ રૂપીઆ વધી પડેઆ, તેટલાં દઇવજોગે મોહોકમભાઈ ગુજરી ગયાં, અને વેપાર તથા ઘર સણસારનો સઘલો ખટલો

• આ સકલગુની શેઠ હથીસીંગની સાહેલા હેકલ આવેઓ.

આ સખી શેઠના હાથમા જારે વડવાઓના વારસાની હકુમત આવી, તારે તેનાએ પોતાની કારકીરદીને પરએઆતીમાં લાવવા માટે કશીબી બાકી રાખી નોહતી; અને તેના પરતાપથી એ બાએગસાલી શેઠીઆએ પણ મેલવેલું માન ગણીજ ખુશીઆરી સાથે જીંદગી સુધી સાચવી રાખેલું હતું. પોતાના માનવી ભાઈબંધુઓ, પછે કોઈબી કોમનો હોએ તેને વાસતે નેઆત જાતની કશીએ છીટ જોએઆ વના તેઓને બનતો આસરો આપવામાં એક હાતંમ સરીખા કેહવાતા હતા, તેવીરોના એક બે ઘણાજ માતેબર દાખલા જે હીંઆં નોધી લઇએય, તે માહેલો એકતો એમનાજ નેઆવીલાઓ હસતકથી ખાતરી ભરેલો મલેઓછે, અને બીજનેતો આ નોધ લેણારે શ્રી ચીનમધે પોતાની નજરે જેમ જોએલોછે, તેમજ તે વખતપર તાંહા વસનારા બીજા સાહેબો માહેલા જે હઇઆત હશે તેવનખી કપચીત ભુલેઆ હશે નહી.

જે વાત સાબલીએ તે એ કે અમદાવાદથી થોડેક દુર એક નાહાંનું ગાંમડુંછે તાંહાં રજપુત જાતનો એક નાંમીચો ગરાશીઓ જે રેહેતો હતો, તે રાહદારી લોકોની એટલીતો મનમાંનથી બરદાસત લેતો કે, તેઓ માહેલા જે કોઈ મુશ્કીલ માલુમ પડે તેઓને ખાધાપીધાનું આપેઆ ઉપરાંત બીજી

* પંતીઆરૂં.

ઘણી રીતની સખાવતથી સંતોસ પમાડતો હતો; અને તેહવી રીતનું સદાવરત ઘણાક વરશો સુધી તેને ચાલુ રાખેલું હતું; પણ દાહાડો સદા વફાદાર નહી રેહેવાને લીધે તેની પેદાએસ દીન દીન ઘટતી ચાલી, અને ખરચતો જેનો તેજ રાખી મેલા. તેમાં તેની સઘલી પુંજી પુરી થાઈ, તારે ઘેરનો સરસામાંન વટીક વેચીનેબી સદાના રાખેટા મુજબની સખાવતને હાથથી જવા દીધીજ નહી. પાછેનું જારે સરવે ખપી રહેલ તારે ગીરેફતારીનાં વંમલમાં બીચારો સજડ ફશી પડેઓ, અને તેના દબાંનમાથી છુટકો પાંમવાનું નીસચે કરીને પોતીકાં પરીવારની સંગાથે એવો વીચાર બંધ બેસાડયો કે, આવતી કાલનાં ખોરાક જેટલુંજછે તે આપરે ખાવું નહીં; અને જે રાહદારી આવે તેઓને રાખેતા મુજબ આપી દીધા પછે રાતની વેલા ઘોલી રાખેલું અફીણ સરવે જણાઓએ પીઇને મોહરી રેહવું, એટલે સઘલી જંજાલીમાથી આપણ ટલી જઇએ. આ વાતની ખબર જારે હાતમ બંમીરના શેઠ હથીભાઇને કાંને ગઈ, તારે તેજ વખતે માણશો દોડાવી તે રજપુતને પોતાની પાશે બોલાવી મંગાવીઓ; અને એકાંત બેસાડી કહેલ કે, ઠાકોરજી, બેહથીપરાંમા માહરી મોટી વાડીછે તેની સંભાલ માટે એકજ કુંટબના ૧૫ થી ૨૦ માણશો જોઇએચ; તેમા એકતો તમોને રૂ ૫૦ અને બીજા દરેએક જણને રૂ ૨૫ લેખેને પગાર આપીસ, અને તેની જામીનગીરીમા તેટલા જણાઓના મુસારા માટે છ મહીનાનાં રૂપીઆ આંગપર લઇ જાઓ, અને તમારે પેરે ખરચીપાણીનો બંદોબસત કરી આવતી કાલથી, જે જગા કહીય તાંહાં ચાકરીપર હાજર રેહજે. હાવી રીતનો સંજોગ બનતાં જો જરાબી ઢીલ થાઈ હોતતો તે બીચારો સંકતમા સપડાએલો રજપુત પોતીકાં પરીવાર સહીત મોટી માહિતમ ગુજારતે; પણ તેનો બંચાવ આ સકરમી શેઠની સખાવતથી શેહેજવારમા થાઈ સખેઓ, અને લગભગ તરણ વરસ સુધીક તેમની સંભાલમા તે ગરીબ કુટુંબ રોજીએ વલગી રહીને સારી સ્થીતી પાંમેલ હતું.

બીજો દાખલો જે હમારી નજર હજુર ચીન ખાતે બનેઓ હતો, તેનું બયેઆન એવુંછે કે, એક સારાં કુલના અશીલ હોરાજી સાથે આ શેઠને કાંઇક ઓલખાન હશે, તેથી અથવા તો તેવણ બોલીદરાજ હોવાથી સરાહગત બારેલી વાતો ઉપર એતબાર રાખીને સંવત ૧૮૯૩ મા વાંહાંણ "કારણ વાલીસ" ની અંદર માલવા અફીણની પેટી ૨૦૦ ને આસરે હીંઆંવાલી પોતાની પેહડી હસતકથી ચીન ચહડાવીને વેચવા સારૂ હોરાજીની આડતમા સોંફાવી હતી; જે લઇને મીઆંસાહેબ ચીનની સફરે પેહલવેહલા શીધારીને આ શેઠની મેહરબાંની પાંમતા ખુશી સાથે તાંહાં પોંહતા. એતેફાક એવો બનેઓ કે તે વરસ ચીનના દરીઆવમા થાએલાં ભએંકાર તોફાંને વાંહાંણો "હોરમજજી બમનજી" તથા "હાંમુદી" જે અફીનના માલનો મુહબલક જોઠા લઇને જતાં એવી રીતે ડુબી ગયાં કે, તેઓની કાંઇબી નીશાંણી જણાઇજ નોહતી; આવા સંજોગે અછત પડયા ઉપરથી ચીનના બજારમા એટલો તો ઉછાલો થયો કે ડાલર ૮૦૦ ની ઉપરના ભાવથી દરએક પેટી વેચાવા લાગી, પણ તેમા હોરાજીએ વીશેસ સો-

ભમા પડી કશોબી ભાગ લેવાનું મન કીવુંજ નહીં; એ વખતે ચીન ખાતેના ઘણાક સાહેબોએ તેણાને સહમજાવી કહેલું કે, હાવા ટડાકાના વખતમા માલ ધણી નેહાલ થઈ જાએ તેવું શીકાર દામ હાથ આવેચ તે લઈને માલિકની મેહરબાંની વીશેસ મેલવો; જેના ઉતરમા મલકાઈને એવું બોલિઆ હતા કે, મીઆં એનાતો નવશો ડાલર શેહજમા લઈ સખીસ. હાવા વીચારની વકી રાખતા હોરાજી બેઠા રહેઆ, તેવામા ભર મોસમના બીજાં બારકશો જહાબંધ માલ સાથે તાંહાં જઇ પુગા પછે માલની મુહબલક છતે ભાવ જેમ ઉતરતા ચાલિઆ તેમ હોરાજીની હતીલાઈપર હરકત પડવા માંડી, અને લોકોના સખુનો સાંભલતાં બીચારા બેજાર થયા; પણ જે સમો હાથથી ગયો, તે પાછો આવે-ઓજ નહીં. આ બાબેની ખબર શેઠ હાથીભાઈને કાંણે ગઈ તારે તેનો કશોબી કારોઢ જણાવેઆવના ઉદાર- મનથી પોતાની પેહડીવાલાની મા-રફતે ચીન ખાતેની એક માતબર અંગરેજી પેહડી હરાતક પેઠીઓ શોંફી દેવાનો હોકમ લખાવી મોકલાવેઓ. એ માલ જોકે પડતા ભાવમાં અંતે વેચાયાથી શેઠ હથીસીંગને મોટી નુકસાણી બંમવી પડી તોપણ પોતાની બાંહેધરીમા લીધેલા હોરાજીને તેમના ગુજરાંણ સારૂં થોડાંક નાંણા ચીનના આડતીઆ પાશેથી પોતાને નાંમે લખાવીને આપાવેઆં, એટલુંજ નહીં પણ તેના કુટંબનેબી હઇઆતી તુલીક પાલતા હતા.

ઉપર જણાવેલા બે દાખલાઓથી આ શેઠીઆની સખાવત કાંઈ સંપુરણ થાઈ નહીં; પણ બીજી ઘણીક વાતોમા તેમનું ઉદારમણ જે દીપી નીકલેલું કેહવાએલુંછે, તેમા ગમેતે ગણાતનો કોઇબી સખસ પોતાની બારીક અવસથા બતાવે, તેનો સવાલ આ શેઠ બાહાલ રાખીને ઘણાક આબરૂદાર કુટંબોનું દલી-દર દુર કરતા હતા; માટે હાવા સદગુણી સખીનરો આ સરૂસવતીમા જેમ બાહાજા દીવસ જીવતા રેહ તેમ ગરીબોની જીંદગી સારી રીતે સચવાએઆ કરે.

આ સાહેબ અફીનની હજારો પેઠીઓનો જેમ રોજગાર કરતા, તેમ સતોબી રૅમતા હતા; પણ તેમા હરેક વાતના દગાથી સદા દુર રહીને હેવું પરમાણીકપણું વાપરતા કે, તેવી લેણ દેણમા સાહમના ધણીઓ કોઇ વાર સંકતમા આવી જતા તો, તે બાબે દએઆ ઉપજાવી એવી સંતલેસથી ભાવ કાપી વાલતા કે, તેથી કોઈનેબી તેમના હાથથી બાહજું નુકસાંણ ખમવું પડતું નોહતું; અને તેવી ઉદારતા છતાંબી સાંભલવા પરમાણે દરસાલ લાખો રૂપી-આનો નફો પોતાના ઘરમા આણતા હતા.

સંવત ૧૮૯૯ ની સાલમા પોતાની સંગાથે નગરશેઠ હેમાભાઇ તથા મગનભાઈ કરમચંદને જોડી લઇ પંચ તીરથની જાતરા કરવા શીધારેઆ હતા, પણ મારગમા મરકીનો બહુ ઉપદરવ ચાલતો જોઈ તાંહાંથી તતકાલ પાછા ફરી આવેઆથી ધારેલી મુરાદમા નીસફલ પાંમેઆ હતા.

શેહરની બાહેર પોતાની એક વાડી અંદર જે નાહનું દેહરૂં હતું, તેનો વીસતાર વધારીને સંવત ૧૯૦૧ ના માહ મહીનામા તેની સથાપનાનું મુહરત કરવા પેહલાં ધારેલું હતું; પણ પાછલથી તેનાની હેવી મરજી જણાઈ કે, એ

દેહરૂં શીખરબંધ બાવનજીનાલયનું બાંધવું; અને અંજનસલાખા કરવી; હેવી આશેઆથી સુહબલક પઈશો ખરચીને મસ મોટું દેહરૂં બંધાવેઊં, જેનું થોડુંક કાંમ અધુરૂં હતું તેવામાં એકતો તેમના માતોશ્રી સુરજબાઈ માદાં થઈ પડ્યાં, અને બીજી તરફ આ સરીમંત શેઠના હોટ ઉપર એક ફોલી થાઈ; જેના વકરથી ચાર દાહાડા પોતે ધણીજ કસત ખેંચીને સંવત ૧૯૦૧ ના સરાવણ સુદી ૫ ને સુકરવારની પાછલાપોહરે ૪૯ વરસની વએમા દેવગત થયાને લીધે, સારાં કાંમ માટે ધારેલી ઉમેદ તેમના દીલમાજ રહી ગઈ.

આ મરહુમ શેઠ નેકનાંમીમા એટલાતો દીપી નીકલેઆ હતા કે, તેમની દેહને જારે અગણીદાહ કરવા લઈ ગએઆ તારે શેહર અમદાવાદની વસતીના હજારો, લોકો, સમસાણ સુધી પોંહચાડવા માટે સાંમેલ રહીને, તેમના એશીઆની સાથે આંખોમાથી કેહચ કે, નવધાર આંસુઓ તેઓએ ટીપાવેઆં હતાં; એટલુંજ નહીં પણ જે લોકો દુખના મારેઆ તેમના આસરાથી સંતોસ પાંમતા હતા, તેઓએ પોતાનો સુરબી ઓહેઆથી કીધેલી કલપીતનો તો કશોએ પાર ગણાએઓ નોહતો.

શેઠ હથીભાઈની સવરૂપી શીકલ સંબંધી કેફીએત એવી કેહવામા આવીછે કે, તે મરહુમનો ચેહરો ઘહુંલા રંગનો હતો, તે સાથે કદેઊંચા અને લાંમબા મોહના હતા; બોલવામા જેમ ઘણાજ થોડા અને એક મારગી જેવા દેખાતા હતા, તેમ સખાવતમા સુરા અને માએઆ મેહરબાંણીમા પુરા, એક માહપુરૂસ હતા તેમાતો કોઈને સખ રહેલો જણાએ નથી.

આ શેઠીઆના માતોશ્રી શુરજબાઈ, જે તેમની પેહલાં કાહેલી પડ્યાં હતાં; તેનાએ આવા હાતમ સરીખા વીરાના મોહતનો વીલાપ કરવાંમા બરોબર એક મહીનો મસગુલ રહેઆ પછે ભાદુરવા સુદી ૫ ને રોજે તેને ભેટવા માટે વઈકુંઠ તરફ શીધારી ગએઆં.

પોતાની પાશે દરવીઅનો* મોટો દરંગ અસતાં, ઉપરના કોઈક ફકરામા જણાવેઆ મુજબ આ શેઠની તરણ બાએડીઓ માહેલી કોઈનેબી પેટે એકુ ફરજંદ બીલકુલ નહીં થઆને લીધે, કેહચ કે, પોતાની હઈઆતી છતાં વંસાવલીમા જણાવેલા પીતરાઈ દોલાભાઈના વડા તથા વચલા મલી બે દીકરાઓને, દતક કરી લઇ પેહલી તથા છેલી બાએડીઓને બોલે એકેક શોંફી આપેઆ હતા; અને તેઓજ તેમના હકદાર વારેશો ગણાએઆથી શેઠ હાથીસંગના સંબંધમા ખુસાલ નેહાલનું નામ સમાઇ રહેલું સમજાએઊંછે.

જે દેહરૂં આ મરહુમ શેઠની વાડીઅંદર બાંધવા માંડેલું હતું, તેનુ બાકી રહેલું કાંમ તેની બેહુ વીધવાઓએ ધણીના પઈસાવટે જારે સરવે સંપુરણ કરાવેઊં તારે સંવત ૧૯૦૩ ના માહવદી ૫ ને સુકરવારના સુભ મહુરતે ફીરીઆ કરમની ધાંમધુમથી ખોલું મેલાવેઊં; જે ઉપર અતીઅંત ખરચ થાએઆ ઉપરાંત તેજ દેહડાંસરની નઇરૂત કોણા ઉપર શોભાવંતો એક બંગલો જે બંધા-

* માલ, મીલકતો, તથા રોકડ વીગેરે મલી હેશીથી નેવું લાખ રૂપીઆ અટકલવામા આવીયાછે; જુઓ "અમદાવાદના ઈતીહાસ"ને સફે ૨૬૫ મે. નો૦ સે૦

વેચ્યોચ તેજ માતરે એક લાખ રૂપીઆની કીંમતનો કેહવાય્યોછે. આ મરહુમ શેઠનુ નામ અમર રેહવાના હેતુથી, તે દેહડાંની લગોલગ "હથીપોર" કરી એક ગાંમ પણ વસાવેલું લોકોના જોવા તથા જાણવામા આવેછે.

આ શેઠીઆની હઈઆત રહેલી બેહુ બાય્યડીય્યો પેહલાંતો અરસપરસની સંપજથી સુલેહમા રેહતી સંભલાઈઓ હતી, પણ પાછલથી તેનીઓ વચે ગેર સહમજુતી ઉઠેઆને લીધે, ધણીના માલમીલકેતોની વાંટણી કીધામા આવી હતી, તોપણ એ સખી શેઠ સખાવતના બલ વડે જેમ પરએઆત થાઇ ગયાચ, તેમજ તેનાની બે બાહધર ધણીઆંની રૂખમણીબાઈ, તથા હરકોરબાઈઓના નેક નાંમની કીરતી આખાં ગુજરાંતમા એવીતો પરકાસ પાંમી ચુકેલી કેહવાય્યેછે કે, પોતીકા ભલા ભરથારને નાંમની હાસપીતાલ બંધાવા, તથા તેનો ખરચ જાથુક ચાલુ રેહ એવા હેતુથી રૂપર,૦૦૦) ની એક રકમ આપણી સરકારના સવાધીનમાં તેનીઓએ સોંફી આપી હતી; એટલુંજ નહીં પણ અમદાવાદ કાલેજની થાપણમાંખી રૂ૧૦,૦૦૦ બેહુ બાઇઓએ ભરી દીધા હતા. હીંદુ સ્ત્રીઓમા સગાંવાહલાં અથવા નાતજાત માહેલાં કોઇનાખી મરણ ઉપર કલાપીત કરી કુંટવાની નથારી ચાલ જે રેવાજ પાંમેલીછે, તેવી ઈઉકતી પોતાની પાછલ નહીં ચલાવવા સંબંધી આ માહેલી રૂડાં મનની રૂખમનીબાઇએ મરણની બે દીવસ આગમજથી પોતાની સંપીલી શોકનીસાથે એક મત થાઈને સકત મના કીધેલી હતી, માટે તેનીઓની તેહવી સુભ હીંમત ખરેખરી સાબાશીને લાએક વખણાઇછે. આ સખાવતવાલી રૂખમનીબાઇએ તેનીના વશીએતનામામા ખાસ પુંજીમાથી ધરમખાતે વાપરવા સારૂં પચાસ હજાર, અને તે ઉપરાંત દસ હજાર રૂપીઆ તેનીના ગરીબ સગાં સમદીઓને વેંહચી આપવાની તાકીદ ફરમાવી હતી; તે હોકમ મુજબ સાંભલેઆપરમાંણે તેનીના વારેસ વકીલોએ કાંમ સંપુરણ રીતે બજાવેઉંછે. આ બેહુ વીધવાબાઈઓએ પોતીકા હાતંમ સરીખા ભરથાર શેઠ હાથીસીંગજીના મરણ પછે, તેમના નામની આબાદી ચાહવાના હેતુથી, નાણાની જે મોઠી રકમો ખેરખેરાતમા ખરચી હતી, તેની સંખીઆનો સરવાલો એખીતો કરતાં કેહચ કે, લાખોનો થાએઓચ; પણ દલગીરી એટલા માટે ઉપજેછે કે, તે બાબેની એક ચોકસ ટીપ શોધ કરતાં કેથેથી હાથ લાગી સખી નહીં. આ બેહુ સકરમી શેઠોએ પોતાની કીરતીનું રૂડું પરીણામ પુરૂથવી પર પાંથરેઆ પછે તેઓ માહેલાં શેઠાંણી રૂખમણીબાઈ સંવત ૧૯૧૫ ના વઇશાક સુદી ૧૪ ને રવીવારે જારે કઇલાસવાસ થયાં, તારે તે નામવરી પાંમેલીના મોહોત પાછલ ધરમખાતે ખરચવા સારૂ તેનીના વાહાલા ભાઈ નગરશેઠ પરેમાભાઈ હેમાભાઇએ પોતાની પદરથી પાંચ હજાર રૂપીઆ આપેઆ હતા. આ બેહુ બાઈઓ ખરેખરી સ્ત્રીજ હોવા છતાં પોતપોતાની રૂડી વરતણુક વાપરીને હીંદુઓમા કેલવનીનો ફેલાવો કરવાના કાંમોમા તથા કેટલીક નઠારી રસમોને સદનતર કાહડી નાખવા માટે વારંવાર ઘણો સારો દાખલો દેખાડતાં હતાં, તેથી મરદોના વરગમા તેનીઓની ઉતમ ઈઆદગારી રહેલી વીચારીને, તે માહેલી રૂખમનીબાઈની જુદાઇગીરીથી

હાલ હઈઆત રહેલાં શેઠાંણી હરકોરબાઈને કેટલો ખેડ ઉપજતો હશે, તેની મુનસફી વાંચનારી આલમનાં અલંકાર ઉપર શોંપ્યા શીવાએ બીજું કાંઈજ હમો કહી સખતા નથી.

ડાકટર ભાઉ દાજી.

આપરાં રહીઆંમના શેહર મધે "ગરાંટ મેડીકલ કાલેજ" નામની વઈદકશાલા જે ચાલુ થઈ, તેમાં લાગુ પડ્યા પછે તબીબપણાની ઉંચી કેલવણી લઈને સતા ભરેલી સનદ મેલવનારા પેહલવેહલા છ દેશી ગરહસથો માંહેલા આ એક વઈદરાજના જનમારાનું જે વરણન હમારે હાથ આવેઉંચ, તેને ખરા હેતુથી વાંચનારી આલમની હજુર એક ભેટ તરીકે મેલવાની રજા લઈએછે.

મટોડી જેવી નીરજીવ પદારથમાંથી જેમ તરેહ તરેહના સુધંધી ફુલો, અને લેહજતદાર ફલોની ઉતપંતી થાએચ, તેમ અશીલ કુલના ગરીબરાં માં બાપને પેટે અવતરેલાં બચાંઓ ઉપરથી કુદરતની જારે અપાર બખસેસ ઉતરેચ, તારે એક દરવીઅવાન કરતાં તે વીસેસ ભાએગશાલી ગણાએછે; તેહવા અસુલીઅ ધવાહેરો માહેલો માતરે ચારજ સબદવાલો આપરી વસતીનો માનવંતો મીતર શેનવી ગનાતના એક ગરીબ ગૌડ બરાંહમન નામે વીઠલ રાંમકરસના જે ગોવાની પાશે માંદરા ગાંમ મધે રેહતો હતો, તેને તાંહાં સંવત ૧૮૭૭ના શાકે ૧૭૪૩ ના જેઠ સુદી ૮ ને સુકરવારે જનમ પાંમેલો જાંણવામાં આવેઓછે.


વઉંસાવલીના ઝાહાડમાં આ મીતરનું જનમ નામ રાંમકરસના, તથા તેમના પીતાનું નાંમ વીઠલ કરીને જે જણાવેલુંછે, તેજ ચોકસ અને સહી માનવામાં કશોએ સંધે જણાતો નથી; અને ભાઉ તથા દાજીનું નામ જે ધારન થએઉંચ તે એટલા ઉપરથી કે મરાહથી બોલીમાં "ભાઉ" તે ભાઈને, તથા દાજી તે તેમની ઉપર જે વડા હોએ તેને કેહવાનો માહવેરો પડેલોછે. આ ગરહસથ જારે બાલવએમાં મુંબઈ ખાતે આવીને પાઠશાળામાં જવા લાગો, તારે એક દાહાડે તાંહાં હાજરી આપતાં બચગી હોવાને લીધે જનમ નામની શેહજ ફરાંમોશીથી સાધારણ રીતે બોલાતા ભાઉ કરી લખાવી દીધું, એટલુંજ નહીં પણ તે સાથે બાપનું અસલ નાંમ લીધાને બદલે દાજી કરી કહેઉં, અને તે નાંમથી જારે થોડાવાર રહીને હાજરીમાં તેમને પોકારેઓ તારે પોતે આગલ હોવા છતાં કેટલોકવાર સુધી હાજર કરીને કેહનારો નહીં મલેઆથી કેહચ કે તાંહાં એક રમુજ બની રહી હતી, પણ સઘલાઓ પોતપોતાના નામની હાજરી આપી રહેઆ પછે, આ બાલક છેલો માલુમ પડી આવેઓ તારથી સેહલ નાંમે સરવે કોઈ નીશાલમાં તેમને બોલાવવા લાગા, અને ઘેરમાંબી તેમજ ચાલુ રહેઉં તેથી અસલ નાંમ હસતીમાંથી તદન ખશી ગએઉં માટે આ રાંમકરસનાને આપરેખી ભાઉ દાજીને નામથી જે ઓલખતા આવીએચ તેજ નામ કાએમ રાખવામા હવે કાંઈજ હરકત જેવું જણાતું નથી.

હથીસંગના બાપનો મુખીઆ ધંધો રેસંમ તથા કીરમજનો કેહવાતો
તેના બોહોલા વહીવટના પરતાપથી તેવન જારે ગુજરી ગયા તારે
૪૦ લાખ રૂપીઆની એક મોટી પુંજી જે માલુંમ પડી હતી; તે
ા માટે ભાઇઓનું મઝીંઆરૂં* જારે મંદાએલ, તારે આ ઉદાર મનના
થીસીંગ નાહાંની વએના હોવાથી પેહડીનો વહીવટ તેમના કાકાના દીકરા
મભાઇએ આટોપી લીધો; અને રેસમ તથા કીરમજની ખરીદી સારૂં
ી ટાપુમા વખનાઈ ગએલા શેઠ મોતીશાહને ખાસ આડતીઆબી
મા હતા.
સંવત ૧૮૭૮ ની સાલમાં જારે ચોરવાડ સંઘ ગયો, તારે તેમાં મોહોક
તથા આ હઠીભાઈ વીગેરે જાતરા કરવા ગએઆ, જાંહાં તે સંઘને
હજાર રૂપીઆ ખરચી પોતીકા આડતીઆ મોતીશાહ શેઠને નાંમનાં
ફેરવી જમાડઓ હતો; જે વાત મુંબઈમાં શેઠ મજકુરને માલુમ પડી
તેનો પાડ રૂડી પેરે વાલી આપવાના હેતુથી મોહોકમભાઇ સંગાથે બંદો-
બંધ બેસાડીને પાલી તથા રતલાંમ મલી બે ઠેકાંણેથી પોતાને હસાબે
ખરીદ કરવાનું કાંમ સોંફેલ. આથી કરી બનેલ એવું કે, હાવી આડત
તેમાંથી એકતો મુહબલક હકસાઇ મલી, અને બીજું એ કે આ શેઠી-
તરફથી ખાનગી રીતે તથા મોતીશાહ શેઠની મજમુમાં અફીન ચીન
મોકલેઆ કીધું તેનો બેહધ નફોબી હાંશેલ થતો રહેઓ; અને થોડાજ
ામા તરણ અથવા ચાર લાખ રૂપીઆ વધી પડઆ, તેટલાં દઇવિજોગે
મભાઈ ગુજરી ગયાં, અને વેપાર તથા ઘર સણસારનો સઘલો ખટલો
કલગુની શેઠ હથીસીંગની સાહેતા હેઠલ આવેઓ.
આ સખી શેઠના હાથમા જારે વડવાઓના વારસાની હકુમત આવી,
તેનાએ પોતાની કારકીરદીને પરખેઆતીમાં લાવવા માટે કશીબી
નોહતી; અને તેના પરતાપથી એ ભાગ્યેગસાલી શેઠીઆએ
ગણીજ હુશીઆરી સાથે જીંદગી સુધી સાચવી રા
ભાઈબંદુઓ, પછે કોંઈબી કોમનો હોએ

રીતની સખાવતથી સંતોસ પમાડતો હતો; અને તેહવી રીતનું સ
ક વરસો સુધી તેને ચાલુ રાખેલું હતું; પણ દાહાડો સદા વફાદાર
આને લીધે તેની પેદાઓસ દીન દીન ઘટતી ચાલી, અને ખરચતે
જ રાખી બેઠો. તેમાં તેની સઘલી પુંજી પુરી થાઈ, તારે ઘેરનો સર
ઠીક વેચીનેબી સદાના રાબેટા મુજબની સખાવતને હાથથી જવા દીધીજ
પાશેનું જારે સરવે ખપી રેહેઉં તારે ગીરેફતારીનાં વંમલમાં બીચારો
ફશી પડ્યો, અને તેના દખાંનમાથી છુટકો પાંમવાનું નીસચે કરીને
પરીવારની સંગાથે એવો વીચાર બંધ બેસાડ્યો કે, આવતી કાલનાં
જેટલુંજછે તે આપરે ખાવું નહીં; અને જે રાહદારી આવે તેઓને
મુજબ આપી દીધા પછે રાતની વેલા ઘોલી રાખેલું અફીણ સરવે જણ
પીઈને પોહરી રેહવું, એટલે સઘલી જંજાલીમાથી આપણ ટલી જઈએ
વાતની ખબર જારે હાતમ ખંમીરના શેઠ હથીભાઈને કાંને ગઈ, તારે તેજ
માણશો દોડાવી તે રજપુતને પોતાની પાશે બોલાવી મંગાવીઓ; અને
બેસાડી કહેઉં કે, ઠાકોરજી, મેહથીપરાંમા માહરી મોટી વાડીછે તેની સ
માટે એકજ કુટંબના ૧૫ થી ૨૦ માણશો જોઈએચ; તેમા એકતો
રૂ ૫૦ અને બીજા દરેએક જણને રૂ ૨૫ લેખેનો પગાર આપીસ, અને
જામીનગીરીમા તેટલા જણાઓના મુસારા માટે છ મહીનાના રૂપીઆ આ
લઈ જાઓ, અને તમારે ઘેરે ખરચીપાણીનો બંદોબસત કરી આવતી કાલ
જે જગા કહીચ તાંહાં ચાકરીપર હાજર રેહજો. હાવી રીતનો સંજોગ બ
જો જરાબી ઘીલ થાઈ હોતતો તે બીચારો સંકતમા સપડાએલો ર
પોતીકાં પરીવાર સહીત મોટી માહેતમ ગુજારતે; પણ તેનો બંચાવ આ
રમી શેઠની સખાવતથી શેહેજવારમા થાઈ સખેઓ, અને લગભગ
...સ તુલીક તેમની સંભાલમા તે ગરીબ કુટુંબ રોજીએ વલગી રહીને
...એઉં હતું.

...ો જે હમારી નજર હજુર ચીન ખાતે બનેઓ હતો
...સારાં કુલના અશીલ હોરાજી સાથે આ શેઠને

દાકતરો ભાઊ તથા નારાએણ દાજીની વંશાવલી.



આ સુરા નરના બાવા વીઠલનો ધંધો તેની ઉપર જણાવેલી જનમભુ
ખેતરપાદરના ઉદીયોગથી ગરીબ કુટંબના ગુજરાણ માટે ચાલતો હતો,
બોલવા તથા કવીતા જોડવામાં એવોતો ચપલ હતો કે, તેના રશીલા ર
સાંભલવાથી આસેપાસેના રજવાડાંમાં તેમને ઘણું સારૂ માન અને વખતે
બત ઈનામબી મલતું તેથી તેમની કંગાલીએત સદા દુર રેહતી હતી; તે છતાં
એ ગરહસથના ભવીશાની વલાંણ જારે આ ટાપુમાં ઉતરી તારે સંવત ૧૮
ના શાકે ૧૭૫૦ મા પોતાના ૮ અને એક વરસની ઊમરે પુગેલા બે દીકરાઓ (
ભાઉ તથા નારાએણ) ને સાથે લઈને હીઆં આવી લાગો; જે વખતપર કેહ
વાતા આ બાલકને કોઈબી જાતની વીદેઆનું કસુંએ ભાંન ન હોએઆ છતાં
માંનવાને લગરીક અચરતી ઉપજવી જોઈએચ કે સેતરંજની રમતને કેથે
સારાં ધેઆનથી જે શીખી લીધેલી હતી તેથી હીંઆં આવેઆ પછે આ ભાઉ
સાહેબ ઘણાઓની સાથે બાજી ખેલવામાં હીંમતથી ભીડી પડતા હતા. તે
વાતની ખબર કોઈ મોહભાવાલા અંગરેજને કાંને ગઇ તારે તેને પોતાને તાંહાં
બોલાવીને રમાંડી જોએઓ, તો તે બાજીમાં સાહમના ધણીને ઘણી આસાં-
ણીથી જીહતી લીધેલો માલુમ પડ્યો; તેથી તેને થોડાક રૂપીઆનું ઈનાંમ આ-
પતાં તેમના બાપને ઘણીજ તાકીદ ફરમાવી કે, હાવા ચંચલ જહેનના છોકરાને
હવે પાઠશાળામાં દાખલ કરી વીદેઆનું ગનાન આપવું જોઈએ.

આટલી બાબદ બનતાં ચારેક વરસ ગુજરી ગયા પછે આ ભાઉ જારે
૧૨ વરસની વએ પોંહતો, તારે સંવત ૧૮૮૯ ના શાકે ૧૭૫૪ માં તેના બાપે
તે વખતની ઇડીઉકેસન સોસાઈટી હસતકના મરાહથી વરગમાં પેહલવેહલો લઈ
જઈ તેને બેસાડ્યો હતો; જાંહાં તરણ વરસ પુરાં નહીં થયાં તેટલાંમાં તાંહાંની
પરીખરા પસાર કરીને અંગરેજી શીખવાના વરગમા સંવત ૧૮૯૨ ના શાકે
૧૭૫૭ પોસ વદી ૮ ને સોમવારે તે દાખલ થયો; અને મન શકતીની
મદદનો લાભ લઇને એટલું તો શીખેઆ કે, સંવત ૧૮૯૫ માં દસ રૂપીઆના
દરમાહની "કલેર સકાલર સીપ" મેલવેઆ પછે વધારે અભેઆસ માટે આ-
ગલ વધેઆ; અને તાંહાંબી ફતેહમંદી સાથે પાર ઉતરીને સંવત ૧૮૯૬ માં
રૂપાંનાં ચાંદનું ઈનાંમ લીધા ઉપરાંત દર મહીને રૂ૪૦ ની જગેઆ હાથ કરી બેઠા.

એલમનો દરીઆવ એવોતો બોહોલો હોએચ કે, તેમાં કોઇબી ઇનસાંણની
ગમે એટલી જીંદગી લાંમબી છતાં તેના છેડા ઉપર કવચીત તે જઈ પોંહચતો
નથી; તોપણ ઉછલતી વએના કેટલાક જવાંનો જે પોતીકો અભેઆસ વધાર-
વાની હોંસ સદા રાખતા દેખાએઆછે, તેઓની સંફમાં સાંમેલ રહેલા આ
ભાએગસાલી ભાઉ સંવત ૧૮૯૯ ની અધવચમાં મોહોટી મદરેસા જેને કાલેજ
કરી કેહચ, તેની દેવડીતાંહાઈ દોડી પુગેઆ, અને તેજ વખતે તાંહાં સોનાના
ચાંદનું ઈનામ મેલવેઊ, એટલુંજ નહીં પણ તે ઉપરાંત ૧॥ વરસવેર વગર લ-
વાજમે વીશેસ અભેઆસ કરવાની પરવાંનગીબી હાથ કરી લીધા છતાં એજ
સ્કુલના હેઠવાઈ ખાતાંઓમાં થોડાકવાર શીખસકનું કાંમ પણ ચલાવતા હતા.
હીંઆંસુધી આપણો ભલો મીતર ભાઉ ૨૩ વરસની ઊંમરે પોંહચેઓ તેટલાં

રબસન કરનારો પીતા દાજી અથવા વીઠલશેઠ ૪૩ ની વએમાં અતરેજ પાંમેઆ, અને ઘર સંસારનો સઘલો બતરાક તેમને માંથે ચોંટી બેઠો, ણુ તે બાપેનો કશોબી અફસોસ કરેઆવના પોતાનાં એલમ અભેઆસને થી હરગીજ વીહીલો મેલેઆજ નોહતો.

બાપના મરણનો બરચ આ ગરહસથને તે વખતપર ભારે પડેઆ હોએ નહીં, તે વાત જણાવવાને હમો અસકત છઇએ; પણ તેનો બંગ શેહેજમાં ાકલી આવવાનો એક સંજોગ એવો બનેલો સાંભલેઆચ કે, બાલહંતીઆથી તી બરાબીના બેઆંનમાં પુરતા દાખલા તથા દલીલો સહીત ગુજરાતી અને અંગરેજીમાં અસરકારક રેસાલો સઘલા વીદેઆરથીઓ પાશેથી નામદાર સરકારે સંવત ૧૯૦૦ ની શાલમાં જે લખી માંગેઆ હતો, તેમાં કેહચ કે સરવે કરતાં સારૂ લખાંણુ આ વીદવાન ભાઉનું પસંદ આવેઊં તારે ૩૬૦૦ નું ઠેડવેલું ઇનામ તેણાને એનાએત થએઊં હતું.

વીદેઆ અભેઆસમા આ, ચપલબુધીના ગરહસથે ૧૨ વરસ વગર થાકે જાથુક ગુજારેઆથી, તે એવોતો સકતીવાન થએલો નીવરેઓ કે, તે વખતપર કોઇ વેપારી અથવા સરકારી બાતાંમા મોટી પડવી મેલવતે; પણ આ ભલા પુરૂશે તો પોતાનો લાભ શોધેઆ કરતાં પારકાઓના લાભની વીશેસ કાલજી રાખેલી એમ જણાઈ આવી કે, આટલાં વરસ એલમમાં ગુજારેઆં તો તેની અડધી મુદત ગરાંટ મેડીકલ કાલેજ, જે તરતનીજ ચાલુ થએલી હતી, તેમાં શેકીને તાંહાં તબીબપણાના હોનરની માહીતી મેલવી લેવી. આ મુરાદ મુઆફેક એ સાહેબ, સંવત ૧૯૦૨ ના શાકે ૧૭૬૭ ના કારતક સુદી ૪ ને શોમવારે એજ સ્કુલના બીજા ૧૨ ગાંમઠી વીદેઆરથીઓની સાથે પેહલવેહલા દાએલ થયા હતા; અને સાવધ ધેઆનથી તાંહાં વઈદક સાસતરનું ગનાન મેલવેઆની ઇઆદગારીમાં સંવત ૧૯૦૪ નાં શાકે ૧૭૭૦ ચઇસર સુદી ૧૫ ને મંગલારે તરણ વીદેઆરથીઓને જુદા જુદા પગારની જે જગેઆ મલી, તેમાં વધતાંમો વધતી ૩૨૦) વાલી ઉપર પેહલો હક એનો હતો; પણ ઉદારમનની સખાવતથી તે ચાકરી પોતાથી ઉતરતાને આપવા જણાવેઆ મુજબ કેહચ કે, ડાકતર મેરવાંનજી શોરાબજી બરાસને તે હીનાઇએટ થાઈ હતી. આ વાતને લગભગ તરણ વરસ થવા આવેઆં, તેટલાં પાંચ વરસની પાકી મુદત જારે ભરાઈ તારે ધારા પરમાંણેની પરીબસામાં પોતાની સંગાથેનાં બીજા પાંચ દેશી ભાઇઓ શકિ પાર ઉતરેઆથી, સંવત ૧૯૦૭ નાં શાકે ૧૭૭૩ ચઇતર સુદી ૧ ને બુધવારે સતા ભરેલી સણદ મેલવીને વઇદરાજના એલકાબથી ધંધો ચલાવવા માટે પેહલવેહલા બાહેર પડેઆ, તેને હવડાં ૨૨) વરસ વહી ગએલાં ગણાએછે; અને તેજ દાહાડેથી આ ગંભીર દીલના ડાકતર ભાઉ દાજી આપણી પાશે પરખેઆત થાઈને બેઠાછે. અને તે પછે સરવેથી દીકતમાં દીકત વાહાડ કાપનાં કાંમો એક સરીખી ફતેહમંદી સાથે જે તેને બજાવેઆં તેમા પાથાંઓ, પીસાબની અંદર બંધાએલી પઠરીઓ, તથા વરસુરીઆ વગેરે ચીરી કાહાડવામા, અને સુવાવડના દરદોની સફાઈકરી આપવામા, મોટી આ-

લાકી વાપરી દેખાડી; એટલુંજ નહીં પણ તેટલા અરસામા કોઈ સેંકડો જણાઓના જીવની સાથે જાએ તેહવાં હેભતનાક દરદો ઉપરાંત હજારો બીજા સાધારણ બીમારોનેબી તેનાને હાથે સફાઇ ભરેલી તનદરોસતી પાંમેલા આપરે સાંભલતા આવીએછે.

વઇદકપણાના ધંધા માટે પેહલાં બાહેર પડઆને બે વરસ પસાર થએઆ પછે, ગરીબોને મુફત સલાહ આપીને અઉસદ પાંણી પોંહચાડવાની રૂડી ધારણાથી આ ધરમી તબીબે બારભાઇઆના મોહલામા એક દવાખાનું* મી॰ ડોસાભાઇ ફરાંમજી કાંમાના આસરાથી હુંધાડીને જારે ચાલુ કીધું, તારે તે વખતપર પોતીકા ભાઈ મી॰ નારાએણ દાજીબી ડાકતર બનીને કાલેજમાંથી તરતના બાહેર નીકલેઆ હતા; જેને પોતાની સરીગતમાં જોડી' લઇને તેમની મદદથી દર વરશે સેંકડો વેહાધીઓ, પછે તે ગમે એ ગણાતનો પણ બીનજુરાતવાલો હોએ તેઓની સરીર સાંણતી સંભાલવા થકી ખરેખરો સકતીવાન થાએઓ અને તેથી કરી તેવા લોકોના જીગરની દુવાબી હાંશેલ કરતો રહેઓ.

કહેજુસાઇ જીવની ચાલચલણ, તથા સાંકલા મગજના વીચારોની અસરથી પોતાનું દીલ તદન નીરાલું રાખીને, ઘણાં કાંમોનો જુબંદો એકીજ વખતે માંથે ઉઠાવી લેવાની સકતી ધરાવનારો, આ આપણો ભાઉ હેવાતો ચપલ જણાઈ આવેઓછે કે, તેના હાથમાં જથાબંધ તથા અતી મોહટા નફાવાલી ઘરાકી હોયા છતાં પરજામાં સુધરાઇ તથા તેઓમાં સંપજપનાનું સુખ જાલવનારાં જાહેર કાંમોનીબી આગેવાની લેવામાં બીજા દેશીઓ કરતાં સઉથી મોટો ઉપીઓગી, અને ઉલટવાલો એક ખરો ખેરખાહ મીતર થાઈ રહેલોછે; એ બાબેના ઘણાક દાખલાઓ માંહેલો ઊંતમ ઇઆદગારી ભરેઓ આ એકજ જાણવાજોગ માલુમ પડઓચ કે, આપણી ટાપુખાતે હવડાં પાછી સજીવન થાએલી "બોમબે આશોસીએસન" નાંમની સભા જારે અગાઉ ચાલતી હતી તારે તેમાં અગત કરી તેને એવીતો ધરમીપણાથી આગેવાણી લીધી હતી કે, કેટલુંક સુધી વગર મુસારેદાર શેકરેતરી થાઇને સઘલુ કાંમ આસાણીથી તેને પાર ઉતારેલ હતું; અને તેહવા વખતપર જે જે અરજીઓ વેલાત ખાતેની પારલામેંટ ઉપર એ સભા તરફથી મોકલવામાં આવતી તેનો ઘડનારોબી કોઇજ નહીં પણ આએજ કાબેલ કવી કેહવાએલોછે; અને તેવાં લખાંણમાં સમજ શકતીની સારી સલુકાઈ, નરમાંસ, અને ગંભીરાઇપણું જે વાપરવામાં સદા આવતું તે જોઇને તાંહાંની આબી પાદશાહી સભાએ જોકે અરજદારોએ માંગેલાં માહેલી કોઇ કોઇ બાબદો કબુલ નહીં રાખી; તોપણ આ ભાઉના લખાંણ વીશે સાબાશીના સબદોથી પોતાની પસંદગી વારંમવાર દેખાડી હતી.

આ વઈદરાજનાં ખવાસની લાએકી તથા હોનરની કાબેલીએત મુજબ પરજા તરફથી તેમને વારંમવાર માન ભરેલી સાબાશીઓ જે મલતી રહીચ

---

* ચઉદ વરસ સુધી ચાલેઆ પછે તેનો મદદગાર ગરહસથ માંઠી હાલતમાં આવેઆને લીધે સંવત ૧૯૨૩ ના શાલથી તદન બંધ થઈ પડેલ. નો॰ લે॰

અને રેહછે, તેનું કારણ એકે વઇદકપણાનો હોનર હાથ કરી લીધા પછે, તે ધંધાને ધેઆંનમાં રાખેઆ ઉપરાંત લોકોની ગરીબાઈ તથા કંગાલીએતનાં તરેવાર પોકારો ઉપર ઘણાજ દયાલુ દીલથી સદા કાન ધરતો તે દેખાયોછે; તેનોબી વલી એક બીજો દાખલો અતરે નોધી લેવો બસ ધારીએમ કે, સંવત ૧૯૧૧ ની શાલમા વીઠોબા મલાહરી નામના એક બીચારા નીરદોસ દરજી ઉપર તેના કોઈ હુલર અંગરેજ શેઠે તેનો ચહડેલો પગાર ડુબાડવાની નીસતાથી, કાંઇક બાંહાંનું કાહડીને પોલીસમાં તે વખતના માજીસટરેટ મી૰ કારફીલડની સાંમણે મોકલાવીઓ હતો; જેને તપાસ કીધાવીના તે ઉપર સજાનો જે શેતંમ ગુજારેઓ તે બાબે આ દયાલુ દીલના ડાકતરે, તેની તરફ થઇને મી૰ કારફીલડને છેક માજી સુપરીમ કોરટમા ઘશેડી લઈ જઇને શીખસા કરાવી હતી; અને તે વાત જાહેરમા આવેઆથી નામદાર સરકારે, તે માજીસટરેટને તેના ઓહદા ઉપરથીબી ઉઠાડેઓ હતો. તે કારણ માટે જોકે આ નેકનામી હાંશેલ કરનારને અતી મોહટો ખરચ થયો તોપણ તેને કશીબી ખાતરીમાં નહી લાવતાં એક ગરીબ માંણસને ઘટતે ઠેકાંણેથી વાજબી ઇનસાફ અપાવેઆમાં માહભારત પુનનું કાંમ કીધું હતું, પણ તે ઉપરાંત દેશને સુધારવાના અનેક કાંમોમાંબી તેની આગેવાની હમેસાં લેવાતી રહીછે. આપણી ટાપુ બાતે પરજાને સુધારનારી અથવા તેઓનું ભલું ઇછનારી એવી કોઇબી મંડલી તો નહીંજ હશે, કે જેમાં ડાકટર ભાઉ દાજી સાંમેલ નહોએ.

આપણી ટાપુ બાતે દેશીઓએ ઉભી કીવેલી, કેલવણી ખાતાંની મંડલીનો એક ખાસ અધીકારીબી આ વીદવાનને સંવત ૧૯૦૮ માં ઠેરવેઓ હતો; અને તે ઓહદો બજાવેઆમાં સારી ઝહડફ તેને દેખાડી હતી. ચીચપોગલી બાતે વીકટોરીઆ ગારડન નામના મોટા બગીચાની અંદર જે માહભારત સંઘરહસથાન સંમપુરન હાલતમાં ઉભું થએલું હવડાં આપરે જોઇએછે, તેમાં જુદી જુદી જાતના એલમ તથા હોનરોને લગતી કેટલીક બાબદો માટેબી આ ડાકતરની કોશેસનો આભાર મુંબઇને માથે ચોંટેલો કેહવાએછે. વઇદકપણાને ઉતેજન આપનારી "ગરાંટ મેડીકલ કાલેજ સોસાઇટી" નામની મંડલીના પરમુખની જગેઆ ઉપરબી તેના સઘલા સભાસદોએ એકવાર એનેજ ચુંટી કાહડેઓ હતો. આગલાં "બામબે ટાંઇમસ" પતરનો માજી અધીપતી ડાકટર બીઉસત જારે વેલાત ગયો, તારે તેના હસતકમા "જીઆગરાફીકલ સોસાઇટી" નું સેકરેટેરી પણું હતું તેપણ તેની ગેરહાજરી સુધી આટોપી લેવા માટે આ બાહોસ ડાકટર ભાઉનેજ સોંફવામાં આવેઊં હતું; અને તે ખાતાંનું કાંમબી તેને એવીતો આલાકીથી ચલાવેઊં હતું કે મજકુર સભા તરફથી તેને સાબાશી મલેઆ કીધી એતલુંજ નહીં પણ જારે તેને ઓહદો છોડેઓ તારે તેઓએ આ પરમારથી ભાઉનો ઉપકાર વટીક માંનેઓ હતો.

સંવત ૧૯૨૧ ની સરૂઆત સુધી તેણાને મલેલી આબરૂઓમાં આ એક અમુલીઓ નવો વધારો એ થયોછે કે, લંડન માહેલી "રાએલ એશીઆતીક સોસાઇટી"નાં "હાંનરેરી મેમબર"ની સતા ભરેલી સનદ તેમણે વાસતે તાંહાં-

વેરથી એનાએત થઇ આવી હતી. એ ઉપરાંત પારીસ ખાતેની "એશીઆતીક સોસાએટી" નો, તથા લંડન માહેલી "ઓરીએંટલ સોસાઇટી" અને "ફીલાસો-ફીકાલ સોસાઇટી" નો અધીકારી પણ એજ પરમાણીક ડાકટર ગણાયોછે; અને મુંબઇની "રાએલ એશીઆટીક સોસાઇટી" ના વાઇસ પરેસીડેંટનો માંનવંતો ઓહદોબી એ ડાકટર ધરાવેછે.

હાઇ સરીફનો ઓહદો કાંઇ જેહવો તેહવો ગણાતો નથી; અને આગલા દાહડાઓ પરતો તે ફકત અંગરેજો શીવાએ બીજા કોઇનેબી કવચીત મલી સખતો નોહતો, પણ ઇશવી સને ૧૮૫૬ થી તે બાબેની ધોરણ બદલાઇ, તારથી દેશી ગરહસથોને વાસતે એ જગેઆ જે ખોલી રેહતી આવીચ, તેમાં ૧૮૬૯ તથા ૧૮૭૧ ના વરસોમાં મલીને બેવાર આ વઇદરાજે પોતાનો અમલ ઘણી સારી ચાલાકીથી બજાવીને કોરટના જડજો તથા નામદાર સરકાર તરફથી સાબાશી મેલવી હતી. એ ઉપરાંત સુલેહના અમલદારનો માન ભરેઓ ઓહદો આજ ઘણા વરશો થયાં જે મલેઓછે, તેપણ આ ગરહસથ પાસે તેમની રૂડી વરતણુકથી હજીતક જલવાઇ રહેલો આપણે જોઇએછે.

ઇનસાંનો ઉપર અંગરોગના ગુલબાઓ અનેક તરેહથી આવતા રેહચ; તેમા જીંદગીનાં સુખથી તદન રદ કરી નાખનારાઓ માહેલું રગતપીતનું દરદબી એક અતીબુરૂં, અને ભએંકાર ગણાએછે; જેનું નીવારણ કરવા માટેનો પુખત ઉપાએ જે આ બાહોસ ડાકટરે પોતાની કાબેલીએતથી હવડાં થોડુંક થએઊં સોધી કાહડેઓચ; અને તે ઉંમદા એલાજથી સાભલેઆ પરમાંણે ઘણા રદ થઇ પડલાં પરાંણીઓને સુખાકારી પમાડવામાં જે આવીછે તેનું વીગતવારે વ-રણન હવે પછે કોઇ લાએક જગોએ લખેઆમાં લાવીએ તેટલાં એ બાબેની પેહલવેહલી તપાસ માટે કેટલાક કાબેલ, અને મોહભાવાલા સખસોની એક મંડલી પોતાના મકાંનમાં સંવત ૧૯૨૫ ના શાકે ૧૭૯૧ ના ચઇતિર વદી ૯ ને સોમવારે બોલાવી હતી તાંહાં હાજર રહેલા સાહેબોના નામો જે જણાએઆંચ તેની કેફીએત હેઠલ નોધી લઇએછે.

ઇનસપેકટર જનરલ મી૦ રાઇટ, મી૦ અરદેસર ફરાંમજી મુસ, અને ટાંઇમસ આવ ઈંડીઆવાલો મી૦ ઉડ.

હાંનરેબલ મી૦ જસટીસ નીઉટન (આપણી હાઇ કોરટની આપેલેંટ સાઇડનો નેઆએધીસ).

ડાકટરો શીલવેસટર, તથા નારાએણ દાજી.

રેવરેંડ આબત.

ઉપલી મંડલીમાં સાંમેલ થએલા સાત જણાઓ માહેલો ધી હાંનરેબલ નીઉટન જોકે એક નેઆએધીસછે, તોપણ કેહચ કે, તબીબપણાનો તે સાહેબ ઘણોજ અભેઆશી ગણાએછે. આ મંડલીમા મલેલા ગરહસથોની હજુર ઉપલાં મરજમા ફશેલા લોકો (એ તબીબની પાશે દવા લેવા માટે આવનારાઓ) ને બોલાવીને રજુ કીધા હતા; એ લોકોની આગલી હાલત વીશે મી૦ ઉડ જે નોધ કરી લીધેલી હતી તે વાંચતો જઇને તેમા તારપછે કેટલોક તફાવત પડેઓ,

તેની તપાસ મી૦ રાઈટ પાશે લેવાડી હતી. એ સઘલા દરદીઓએ એકીજ આવાજે કેહવા માંડઊં કે, આગલ કરતાં તેઓને ઘણોજ ફેર પડલો જણાએ છે. એઓ માહેલા એક રૂસતમજી બેરામજી નામના પારશીને એટલો તો ફેર પડલો કેહવાએઓ કે, લગભગ બે વરસ થયાં દવા લેવાનુંબી તેને તદન બંધ પાડઊં હતું. આવો બુરો મરજ લાગુ પડઆથી સરીરનાં જે ભાગો શુહુન મારી જાએચ, તે વીશે એક દરદીએ એવી જુબાંની નોધાવી હતી કે, રગત પીતની દવા લીધા આગમજ, તેના હાથને ઠંડું અને ઉકલતું પાંણી એકજ સરખું લાગતું હતું; અને નાખવાટે દંમ તથા સાંસ લેવાતો નોહતો, તેહવી સઘલી વેદના દુર થએલી તે દેખેછે, એટલુંજ નહીં પણ હાથને લાગવાની સખતીબી પાછી આવીછે. એનેજ મલતી એક સાખશી બીજા દરદીઓબી દરોબસત આપી હતી; અને તે ઉપરાંત એક દરદી વીશે એવું જણાઓઊં હતું કે, તેની તરફ જોતાંજ કમકમાત છુટે એવી માથી હાલતમા પેહલાં તે દેખાતો હતો; કારણ કે સરીરના સરવે ભાગોમાંથી બેહધ રસી વેહતી હતી, અને છેક મોહતનેજ નાકે જઈ પોંહચનાર હતો; તેપણ સારી હાલતમાં આવેલો માલુમ પડઓ. એ દરદીઓમાં જેમ હીંદુ, મુસલમીન, અને પારશીઓ, તેમજ યુરોપીઅનો બીમારી ભોગવતા હતા તે માહેલા કેટલાકોની પેહલી માંદી હાલતના લીધેલા ફોટોગરાફોની સાથે સાહજા થએલાઓની તબીએટનો મુકાબલો મેલવેઆથી એ મંડલીવાલાઓએ પોતાની ખાતેરી ભરેલી ખુશી જણાવી હતી.

આ દુખભંજન ડાકટરની જસ ભરેલી ઉમદા સોધના બલવટે રગત પીતમાં પીલાએલા જે જે દરદીઓ સાહજા થયા તેઓના નાંમો હેઠલ જણાવીને તેની કાબેલીએતની કીરતીને આ નોંધ મધે પરકાસતી રાખીએછે.

આપણી પોલીસ ખાતાંના એક અમલદાર મી૦ હાલમસનો બારેક વરસની ઊંમરમા આવેલો દીકરો, આ બુરા રોગને ભોગે ચહડઓ હતો, તે પુર તનદરોસતી પાંમેઓછે. એ છોકરાના બેવાર લેવાએલા ફોટોગરાફો ઉપરથી તેના સરીરને પુગેલી બુરી હાલત ખરેખરી કમકમાત ભરેલી માલુમ પડીછે, અને તેપછે બદલાઈને અસલી ધપમાં આવેલું તેનું બદન જે લોકો જોવા પાંમેઆચ તેઓ કહી સખશે કે, આ કાબેલ તબીબના ઉપાએથીજ તેને નવો જનમ બખસાયોછે. એ છોકરાના બાપે "ટાંઈમસ આફ ઈંડીયા" મધે પરથમ તા૦ ૯ મી જુલાઈ ૧૮૭૧ અને તેપછે ૧૮૭૨ ના આગસટની આખેરીએ છપાવીને આ ડાકટર સાહેબની કીરતીનો મોહટો આભાર જાહેરાંત માનેઓછે, અને તે સાથે ડાકટર શીલવેસટરે તેને લખી આપેલી સરટીફીકેટબી છપાવીછે.

સાખા ગોપાલ નામનો એક હીંદુ, એવોતો લોથ થઈ પડઓ હતો કે તેનો એલાજ કરાવવા માટે આ તબીબને તાંહાં ચાલી જવાની તેનામા પરથેમ બીલકુલ શકતી નોહતી; તે દવાઈ લીધાથી સાહજો થયા પછે તા૦ ૧૧ મી અકટોબર ૧૮૭૧ ના પતરમા છપાવી એવું જાહેર કરેઊંચ કે, હવે કેટલાક માઈલ સુધીની મનજલ કાપવાની તે હવડાં શકતી ધરાવેછે.

વીનાએક પાંડુરંગ નામનો એક બીજો હીંદુ, ચાર વરસ સુધી હેરાંન પાંમીને આ વઇદરાજને પલે પડઆથી ઘણી સારી તનદરેસતી ભોગવતો માલુમ પડએોછે.

ફરાંમજી હીરજીભાઇ સરાફ અથવા દારવાલા જે મજગાંમની ગોદી આગલ રહેલા પોતાને જણાવેછે, તે પણ લાંમબી મુદત સુધી દુખમા ગીરફતાર હતા; અને પુર તનદરેસતી પાંમેઆથી તા૦ ૨૭ મી અકટોબર ૧૮૭૧ ના "મુંબઈ સમાચાર" માં બરે નામે છપાવીને આ ભાગ્યેગસાલી ડાકટર ભાઉ દાજીનો તેનાએ બેહદ ઉપકાર માનેઓછે.

મી૦ એ. એન. રાબરટસન, લગભગ પાંચ વરસવેર હેરાણગતી ભોગવતો છેક લંડનથી તે કલકતા સુધી ફરેઓ; પણ કોઇના અઉસદથી કાંઇજ ફાએદા જારે તેને નહીં જોયો તારે હીંઆં આવેઓ; અને આ ડાકટરનાં સંભાલ હેઠલ થોડા મહીના રહેઓ તેમા તેનું ઘણું બઇ દરદ જે દફે થએઉં, તે સંબંધી તા૦ ૧૧ મી નવેંમબર ૧૮૭૧ ની તેરીએ "ટાંઇમિસ આફ ઇંડીયા" માં તેનો બહુ આભાર માનેલો છપાવીને એવા દરદીઓને ભાઉના સંભાલ તલે આવવાની ભલાંમણ કીધેલીછે.

એ ઉપરાંત બીજા ગરીબલોકો, જેઓ આ નાસ કરનારા રોગમાં સપડાએલા હતા; તેઓની સારી માહવજતથી તનદરેસતી સંભાલીને તે માહેલા કેટલાકોને તો બાધાનું વટીક આ ભાઉએ પોતીકી ગાંથથી પોંહચાડલું સાંભલવામાં આવેઉંછે. આ વાતની બબર જારે પેહલવેહલી આપણી સરકારને કાંને ગઈ તારે તે નામદારે સર જમશેદજી હાસપીટાલમાં પડેલા હેવા રોગીશોને તેમના સવાધીનમાં શોંફી આપેઆ મુજબ પોતાની કોશેસ તાંહબી આ જગતમીતર ડાકતર ભાઉએ જારી રાખી પણ તેના પરીણાંમ વીશેનું કાંઇજ માલુમ પડેઉ નથી.

આ નામાકીત નારી વઇદે, શોધી કાહડેલા ઉપાએ બાબેની સઘલી કેફીએત, સાથે કેટલાક દરદીઓ તેથી શાહજા થએઆ તેઓના ફોટાગરાફો "સટેટ સેકરેટેરી" નામદાર ડીઉક આવ આરગાઈલની ઉપર ઇસવી સને ૧૮૭૧ નાં આગસટમાં મોકલા હતા, તેનો જવાબ એ નામદાર તરફથી આવી પોંહતેલો જણાવતી વેલા આપરી સરકારના શેકરેટરી મી૦ હેઅ. ઈ. જેકાંબે ૧૮૭૨ નાં આગસતમા એક પતરની મારફતે, આ ડાકતરને એવું લબી વાલેઉં હતું કે, "તેમની હાવી ઊમદા શોધ માટે નામદાર ડીઉક મોહટી બુશી ઉપજાવીને એજ બબદમાં આગલ ચાલતાં બીજે જે વધારો થાએ તે પણ સાંભલવાની તે નામદાર બાએસ રાબેછે."

આટલી બાબદથી વાંચનારા સાહેબોએ બુશીસાથે સંતોસ પાંમવો જોઇએ કે, આપણી ટાપુબાતે "મેડીકલ કાલેજ"ની હસતી જારથી અજવાલું આવી, તારથી તે અતાર તુલીક કોઇ સેંકડો જણાઓ તેમાંથી કાબેલીએત પાંમીને બાહેર પડઆ; તેઓ માહેલો આ એકજ તબીબ પોતાના હોનરમાં અનેક તરેહની નવી શોધ માટે કોશેસ કરતો જણાએછે; અને તેમાં પરમેસવરની કીર-

બાથી તેને થોડીક ફતેહ પણ મેલવીચ; માટે તેમના વરગનાં બીજા દેશી ભાઈબંધ તબીબોબી હાવી રીતની ઈલકતીઓ જો વાપરતા હોઓ તો, તેથી પરજાને મોટો ફાઓદો હાંશેલ થાઓઓ વીના રેહજ નહી.

આ લખાણ ઉપરથી કોઈબી સાહેબોઓ એવો વીચાર નહી પોંહચાડવો કે, એ કાલેજમાંથી કેલવણી પાંમીને ષસાર થાઓલા બીજા તબીબોની કાબેલીઓત ઉપર હમો સંધે ભરેલી નજરે જોતા હોઇઓ; પણ તેવો ખીઆલ ઉપજાવનારાઓને રાસતીની રાહે મનાવવાની રજા લઇજીઓચ કે, તેઓ દરએકની તબીબપણા સંબંધી સમજ સખતીનું પુરતું માન રાખીને તેઓના પવીતર ધંધાને અંતકરણથી સદા ચાહીઓછે. કેમકે એ સાહેબો ઓતંમ કેલવની લઇને જારથી બાહેર પડઆચ, તારથી સેંકડો તરેહના દીકત દરદોનું નીવારણ તેઓને હાથેથીબી થાતું રેહેછે; મગર રગતપીત જેવો બુરો અને જીંઆંકાર મરજ, જે હજી સુધી કોઈબી ઇઓરોપીઅનોની કોશેસથી દફે થાઓલો જણાઓઓ નથી; તે આ એક પરમારથી પુરૂસની ભલી ઈલકતીની શોધે સારો ઉપાઓ જે તેના હાથમાં આવેઓચ તેની સાબાશી ખચીત કરીને એજ ભાઓગસાલી ભાઉને ઘટેછે.

ઉપર જણાવેઆ મુજબનાં પુસકલ માહભારત કાંમોમા, હમેસાં રોકાઈ રેહવા છતાં, આ લાએકીવાલા ડાકતરે કેટલોક અવકાસ હાથમાં સાચવી લઈને મુંબઇની આશેપાશેથી તે છેક હીંદુસતાંનના ઘણાક ભાગો સુધીની ભેટ માટે મુસાફરીએ ફરી વલીને જગો જગોનો અનુભવ હાંશેલ કીધા ઉપરાંત કેટલીક બાબદોની શોધબી એ ધુંધી મુસાફર મેલવી લાવેઓછે.

હીંદુસતાંનનો સરસુબો નામદાર લારડ નારથબરૂક આપણી ભેટ માટે સંવત ૧૯૨૯ ના કારતક મહીનામા હીંઆં આવેઓ હતો, તારે તે નામદારને ઇલોરાના નાંમીચાં ગોફાઓ વગેરે જોવા થકી ચાહેલો શોખ પુરોપા ડવા, તથા તે બાબેની સહમજ તેના ધેઆંનમાં ઉતારવા માટે આપણી સરકારે આ ચંચલ જેહનના કાબેલ સખસનેજ પસંદ કરી મોકલાવેઓ હતો; જાંહાં વાઇસિરાએને તેની ઇછા મુજબ સરવે વાતથી વાકેફકાર કરીને એક અથવાડીઆંની અંદર અતરે પાછો વલી આવેઓ હતો. કેહચ કે આ વીદવાન વઇદની સહમજ રાકતીની સ્તુટી આપણા ગવરનર જનરલે ઘણી સારી રીતે વખાંણી હતી.

આ વઇદિરાજને ખરેખરો ભાઓગરાલીજ નીવરેલો કહીએ તો તેમાં કાંઇજ વાંધા ભરેલું જણાશે નહીં, કેમકે આપણા વાઇસરાએની ભેટ માટે અતરે આવેલા કેટલાક રાજવંશીઓ માહેલા જુનાઘડના નવાબ, કોહલાપોરના માહરાજા, કુરનદવારનો વીનચુરકર તથા આંગરીઆના સરદારોને સંવત ૧૯૨૯ ના કારતક વદી ૯ ને ગુરૂવારની સાંહાંજરે ગીરગાંમ ખાતે આરાસતે કીધેલા પોતીકા મકાનમાં નોતરેઆ મુજબ તેઓ પોત પોતાની સવારી સહીત મોલાકાત માટે પધારેઆ હતા. જેઓ આવતાંવાર પેહલવેહલાં બાગની ઘટા થોડાકવાર ઘેરેઆ પછે, ઉપરના દીવાનખાનામા દાખેલ થયા; જાંહાં આગમજથી ગોઠવી રાખેલા વીજલી વગેરેના કેટલાક હીકમતી અખતરાઓ કરી બતલાવીને,

તેની સહમજ પણ કહી સંભલાવી હતી; જે જોઈ રાજા તથા નવાબ સાહેબો ઘણાજ અચરત પાંમેઆ હતા. તે ટાંકણે આ ડાકટરનું ઘર રોસનીથી એવું તો દીપતું હતું કે, તેનું બએઆન થઈ સકતુંજ નથી. આ પરોણાઓની ગંમત માટે ગાંમઠી ગવઈઆઓબી બોલાવેઆ હતા, જેઓનું ગાએન સાંભલિઆ પછે મીજલસ બરખાસત થતી વેલા પાંણ ફુલ અને ગોલાબ વગેરેની સુગંધી ભેટથી તેઓને વીદાએ કીધા હતા.

જેવી કાબેલીએતને પોતે પોંતોછે, તેવીજ રૂડી સોચનાથી પોતીકા બે દીકરાઓ ઉપર ઘણી સારી દેખરેખ રાખીને તે માહેલા વડા મી° વીઠલને તબીબપણાના હોંનરમા ગરાંટ મેડીકલ કાલેજ ખાતે, અને નાધલા મી° કુઆરકાંનાથને વકીલાતની વીદેઆમા પુરવીન કરવા સારૂ મી° ડાલાસ વકીલને તાંહાં લાગુ પાડએોછે. એઓ માહેલો વડો હશાવી સને ૧૮૭૨ માં થાએલી યુનીવરસીટીની પરીક્ષા અંદર "માસતર આવ આરટ" ની પડવી મેલવીને, "સાએનસ" ના ગણાન માટે જેમ આગલ વધેઓચ, તેમ નાંધલોબી હવે થોડીક મુદતમાં ધારાને લગતો ધંધો હાથ કરવાની ઉમેદવારીપર આવતો દેખાએછે.

પઈસા બાબેના લોભની નબલાઈ જોકે ઘણાઓને હોયછે, કે જેમાં પેવસ થતા સડાથી બદનાંમી મેલવાયાવીના રેહતીજ નથી; પણ તેટલી બાબદમા આ માનવંતા તબીબની દશા કોઈ બીજીજ તરેહની જણાતી આવેછે; કારણ કે મોટી મસાગતથી મેલવેલો પઈસો ખરચી નાખવા સારૂં જારેબી તેને પરજા ઉપયોગી કાંઈ કાંમ દેખાયાંચ, તારે ઉદાર મનથી તેને વાપરવામા ખરેખરૂં લખલુતપણુંજ કેહવા વના રેહવાતું નથી. પણ પોતાની ગતી એવીતો સંભાલમાં રાખીચ કે, તનથી તો જેમ ઘટે તેવી રીતે પોતે સાદો રહીને કસરીઆમા ગણાયોછે.

રગત પીટના મરજનો ઉપાએ જારથી આ કાબેલ તબીબને હાથ આવેલો જે કેહવાયોછે, તારથી આરાંમ પાંમેલા દરદીઓની સંખીયા સેંકડે ૯૦ ની ઉતરેલી, અને તેમા પુર ફતેહ પાંમેલો પોતાને સહમજીને તેની કેફીએટ આલમમાં આસકાર કરવાની તજવીજમા હતો; એટલુંજ નહીં પણ તે બાબેનો અહેવાલબી માગેઆ મુજબ નામદાર સ્ટેટ સેકરેટેરી ઉપર મોકલવાની તઈઆરીમા ગુતાએલો હોવાથી, પોતાની કાબેલીએતના ફલો ચાખવાના સારા સમાપર આવતો જારે દેખાયો, તારે તેની સુખવાશી કાયાએ બીન ધારેલો દગો એવો દીધો કે, સંવત ૧૯૨૯ ના પોસ વદી ૧ ને મંગલવારને રોજથી તે બીચારો લકવાના સરવેથી જીઆંકાર મરજને ભોગે એકાએક ચહડીને ધાટ ભરેલી માંદગીમાં પોતેજ ફસી પડએોછે; અને તે બાબે બુધવારની બપોર પછે તો તેના મરણ વટીકની અફવાબી બાહેર ફેલાઈ હતી, પણ સારાં ભાએગે થોડાજવારમા તે વાત ખોટી પડઆ સાથે જોકે તેની માંદગી ઉપર ઘણાબી ઉપાએ લેવાતા રહેઆ, તે છતાંબી આ બીના* ધઆંતરમા ગઈ તાંહાંસુધી આ વઈદરાજ

* સંવત ૧૯૨૯ ના ચઈતર વદી ૪ ને બુધવારે. નો. લે.

પુર તનદરોસતી પાંમીને પોતીકા પવીતર ધંધામા પાછો મસગુલ થએલો મુ-તલક માલુમ પડઓજ નથી.

ઈનસાંનોના જીવની સાથે તેની જીંદગી સુધી વલગી રેહનારૂ દુસત દરદ, જે યુરોપખંડના કાબેલ અને વીદવાંન વઈદોને હજીસુધી હફાવતું જણાએછે, તેવા જીઆંકાર સતરૂને જડ મુલમાથી નાબુદ કરવાનો ઉતમ ઈલાજ, આ ભાગ્યેગવંતા ભાઉને હાથ જે આવેઓચ, તેની સોધ મેદાનમા તેનાથી વેહલી મેલાઈ હોત તો, જેમ તેને હાથે જેટલા લોકો સાહજા થયા, તે કરતાં વીશેસ દરદીઓ કરાર પાંમી શકતે; પણ તેને ભોગે પડીને રીબતાઓના પરાલબમા હજી સંકત સહણ કરવાની સરજત બાકી હશે, તેથીજ આ ગુણવંતા વઈદને હવડાં હાવી ગતીએ ફશી પડલો જોઈ સરવે સજણોને મોટી દલગીરી ઉપજતી હશે; અને તેનાઓની સાથે આ નોધ લેનારબી સાંમેલ રહી બીચારા ભાઉને તેની ભએંકાર બીમારીમાથી મોકલો થવા માટે પરમેસવરની પરારથના ગુજારેછે.

થોડા દીવસની ટુક મુસાફરીમા આપણા સરસુબાએબી આ ભાગ્યેગશાલી ભાઉની સાથે એવી તો પરીતી બાંધેલી દેખાઈ આવીચ કે, તે નામદારને જારે વરતમાન પતરોની મારફતે તેની ભએભીત બીમારી સંબંધી સમાચાર મલેઆ, તેવાજ તે નામદારે કલકતાવેરથી પોતાને ખુદખતે એક કાગલ ડાકતર નારાએણ ઉપર લખી મોકલાવેઓ; અને તેમા પોતાની તરફથી દલગીરી જણાવેઆ પછે એવી ખાએસ ફરમાવી કે, આ ભલા મીતરની બાબદમા દરરોજના સમાચાર તે સાહજો થાએ તાંહાંસુધી લખતા રેહેવું. એવીજ રીતના એખલાસથી ધી હાંનરેબલ મી૦ એલીશે તથા વડી કાંઉનશીલના બીજા અધીકારીઓએબી આ બીમારી વીશે પોત પોતાની દલગીરીના કાગલો મોકલી દોસતીનો હક જાહેર કીવો હતો.

સઘલી બાબદની ભલાઈમા ભેલાએલો આપણો આ ભાઉ ડાકતર, જેમ પોતાની ચંચલાઈ અને પુરવીણતાઈમા રૂડો વખણાયોછે; તેમજ પોતાની સારી આબરૂ અને નકલ કરવા લાએકની સફાઈદાર જીંદગી ગુજારવામા સઘલી તરફ પરએઆતબી થએલોછે. એની ઊંમર હવડાંજ પર પસાર થઈને પ૩ માં વરસની ગણાઈછે, પણ તેની શરીર શકતી ઉપરથી એવી આસેઆ રાખવાનો શરવેને સબબ મલેઓ હતો કે, પરમકુરપાળુ પરમેસવર તેની હઈઆતીને હજી લાંમબી કરશે; કે જેથી કરી વહી ગએલા ઉપરાંત બીજા વધારે દાહડાનું સારૂં સુખ તે જોઈ વલે; અને જેવા રૂડા દાખલા પોતાની સનમુખ તેને ધરેલાછે, તેમા એવુંજ ગણાન સમાવી રાખે, કે જેથી પોતાના વડવાઓનો વેહમી વીચાર તદન તજી દઈને ધરમના ખાલેશ ભાગોને અતાર તુલીક જે સાવધ મનથી વલગી રહેલો જણાયોછે, તેનેજ સદા બાહાલ રાખતો રેહ. પણ તે સરવે ધારણા આજે લગભગ ત્રણ મહીના થયા લકવાના મરજે તેને લાઈલાજ કરી મેલેઆથી તરતવેલા તો તે બીચારાને નીસફલ જણાઈછે.

ભલાઈની જોવી હોય જેને નીસાંણ—તો મલશે તેને આ ભાઉની પીછાંણ.
કાબેલીએત સાથે નમનતાઈ ઘણી—સરખી આંખે જોનારો સરવે ભણી.

ન રાખેઆ ગરીબોને તોજારથે દુર—જેવો ઇઆરો હીંમતનો કેહવો તે પુર.
ઇનસાનને ઇનિસાન જે સદા નમે—તે સઘલી ખલકતને પેઆરો ગમે.
તેઓ હેતુ રાખનારો આ ભાઉ દાજી—રેહેઆછે તેથી સઉ ખુશીને રાજી.
કોઇ ધારતું નોહતું તેને કાહેલી કેહશે—લકવો સરીર તેનું શોહરી લેશે.
છતી શકતીએ તે પડીઆ એ કાંમ—એઓજ તારથી તેને કીરતીનું કાંમ.
જો ઇશવર કુદરતથી સાહજો કરે—તારેજ ભાઉ દાજીને જીંદગી જરે.

ડાકટર નારાએણ દાજી.

પોતાના ભાઇની સાત વરસ પછવાડે સંવત ૧૮૮૪ ના શાકે ૧૭૪૯ ના ફાગણ સુદી ૧૪ ને સુકરવારે આ નારાએણ દાજી પણ ઉપર જણાવેઆ મુજબ તેના સવદેસમા જનમ પાંમેઆ પછે એકજ વરસની ઉમરનો થયો, તારથી માબાપની સાથે હીંઆ આવી વશેલો માલુમ પડેછે. આ ગરહસથબી પોતાના ભાઇનીજ મુઆફેક મનની વલાંણને બચગીથી કેલવણીમા કસતો રહેઓ; અને થોડાંક વરસ તેવીજ કોશેસમાં ગુજારેઆ પછે વઇદકશાળામા લાગુ રહીને તાંહાંથી સંવત ૧૯૦૮ ના ચઇતર સુદી ૧૦ ને બુધવારે સતા ભરેલી સનદ તેને મેલવી લીધી હતી.

તબીબપણાનો ધંધો ચલાવવા માટે ભાઇનીજ સાથે જોડાઇને આપરાં સેહરના સઘલા ભાગપર આ વઇદરાજ એવોતો પરખેઆત થએલો સંભલાએચ કે, તેનું નામ કદાચજ ભુલાતું હશે. એની કાબેલીએતનું વરણન ઘણું ખરૂં તેમના ઉપલા ભાઇને મલતું હોવાથી હીંઆં વીસતારી જણાવવાની કશી અગત નહીં વીચારતાં, તેમના ખવાસ વીશે આતલું તો નોધી રાખીએચ કે, આ નીતીવાન નારાએણ સવભાવે ધીરો, બોલવામા નરમાસ સાથે મીઠાસ ભરેલો, ડાહાપણનો દોસત, મીલનસાર અને હસતા મુખડાનો હોવાને લીધે સઘલી વરણમા સારૂં માન પાંમતો રેહછે; અને તે ઉપરાંત કેટલાંક જાહેર ખાતાંઓમા રૂડી વરતણુકથી સારો સંબંધ જે ધરાવેચ, તેમા સુલેહનો અમલદાર, રાએલ એશીઆટીક સોસાઇટીનો અધીકારી તથા યુનીવરશીટીનો "ફેલોસ" થઇને દરેક મંડલીમા જેવો દીપતો દેખાએચ, તેવીજ તેની રૂડી સોચના જીંદગી સુધી સચવાએલી રેહવાના આશીરવાદ ચાહીને આ બેઉ વીદવાન વઇદ ભાઇઓનું વરણન હીંઆં સમાપત કરીએછે.

રાવ બાહાદુર મોરોબા કાહાનોબા.

હીંદુ ગણાતના પાથારી પરભુની વરણનો આ પરખેઆત ગરહસથ, સંવત ૧૮૬૭ ના શાકે ૧૭૩૨ અથવા ૧૭૩૩ મા જનમ પાંમેલો માલુમ પડેઓછે. શોધ કરતાં આટલુંજ માતરે જણાઇ આવેછેચ કે, આ રાવ સાહેબ પુણતી

વએમા આવેઆ તારથી સરકારનીજ શેવામા સામેલ રહેલા હતા. પેહલવેહલી નોકરી માજી સદર અદાલતના ઇનસાફી ખાતાંમા એક સાધારણ લખનાર તરીકે મેલવી હતી, અને તાંહાંથી પછે પોતાની ચંચલાઈના બલવટે પડવી દર પડવી વધતાં, સંવત ૧૯૦૨ ના શાકે ૧૭૬૮ ના વઈશાક વદી ૧૧ ને ગુરૂવારે ભરૂચ ખાતે સદર અમીનના ઓહધા ઉપર તેવણ જઈ બેઠા હતા.

ઇનસાફ કરવાની સખતી જેમ વખણાઇ, તેમ એવાંજ ખાતાંઓ ઉપર ઘણે ઠેકાંણે તેણાની બદલી થયા કીધી; અને તે પછે છેલું મથક પુણામા થરી થામ થએલ હતું; જાંહાંથી આપણા શેહરની સ્માલકાજ કોરટ તરફ તેમના પગલાં મેલાએઆં. એ કોરટના માજી તરીજા જડજ મી૦ માણેકજી ખરશેદજી જારે થોડુંક સુધી ગેરહાજર હતા તારે તેમની જગા કામ ચલાઉ તરીકે જાલવવા માટે સંવત ૧૯૨૨ ની અધવચમા નામદાર સરકારે આ ગરહસથને હીંઆં બોલાવી બેસાડ્યા હતા. અને તે પછે એક વધારે નેઆએઘો-સની જરૂર જણાએઆ ઉપરથી ચોથા જડજની જગા ઉપર તેણાને કાએમ ગોઠવેઆ હતા; જાંહાં રૂડી વરતણુક વાપડીને પોતાનો ઓહધો અપખસપાતપણે જે ચલાવતા રહેઆ, તે વાત સરવે સાહેબોને જાણીતી થએલીછે.

કેલવણીના બલથી આ મી૦ મોરોબા એટલાતો સવતંતર જણાતા હતા કે, સુધરાઈનું કોઈબી કાંમ માથે ઉઠાવી લેવાની આગેવાણીમા સરવેથી પેહલા પોતે બાહેર પડતા; અને તેમા મોહબો જાલવીને તેવું કામ પાર ઉતારી દેવાની કાલજીબી રાખતા હતા; પણ ઘણા ઉતાવલા તથા હઠીલા સવભાવના હોવાને લીધે બીચારા ખરેખરા બેનસીબ રહીને નાશીપાએસ થએલા જે દેખાતા હતા, તે એટલાજ કારણથી કે તેમની રંડાએલી દીકરીને પુનરવીવાહના પવીતર ગાંઠમા જોડી આપવા માટે કોઈ કુલવંત વર તેનાએ શોધી કાહડ્યો તારે કેહચ કે, તેનો બાફ ધરીને તેમની પેહલી બાએડીએ અગણાનપણાની ભુલથી આપધાત કરી પરાંણ ખોહી દીધો હતો; તેથી ધારેલી નેક મુરાદ જેમની તેમજ અટકી રહી. જો કદાપી તેમ નહીં બનેલ હોતતો આ સાહશીક ગરહસથની ધારણાથી બાપડી વીધવા થઈ બેઠેલી તેમની દીકરી પાછી શોહાસનના શીનગારમા આવી સરવે વાતનું સંસારી સુખ શેહલથી મેલવી શકતે.

એટલીજ વાતથી એ બીચારાનો એખલાસ જોકે ધુલમાં મલી ગયો હતો, તોપણ પુનરવીવાહ જેવાં સુભ કાંમની તરફ લાગુજ રહીને જેબી કોઈ તેવી સાહજવારી માટે જણાતો, તેને પોતાની હીંમત ભરેલી મદદ આપવામાં પોતે કવચીત ભુલતા નોહતા; અને તેવીજ એક રૂડી યુકતી પોતાની ઉપરખી કરી લઇને તેનો દાખલો સઘલી વરણના હીંદુઓને જે દેખાડી આપેઓ હતો, તે વાત નોધી રાખવાજોગ ધારીને જણાવીએચ કે, આ કામેલ સખશે જાહેર વરતમાંન પતરો મધે પેહલાં ખબર છપાવીને પોતાને વાસતે તેનીજ ગણેઆતની, પણ સારાં કુલની એક વીધવાની માંગણી કીધી હતી; જેની સાંમણે તેનીજ ગણેઆતવાલાઓએ અલપચારીથી ઠઠા મસકેરીમાં જાહેર લખાંણો છપાવી તેની ઉલટમાં ખલેલ નાખવાની પેરવી સોધી, તોપણ તેની કશીબી

દરકાર કીધાવણા અંતે જારે તેમની મુરાદ મુઆફેકની વીધવા તેને મલી આવી તારે સંવત ૧૯૨૬ ના શાકે ૧૭૯૧ માં ફાગણ વદી ૧૦ ને સનીવારે તેનીજ નેઆતના મી૦ ભવાંણીશંકર રઘવાનંદ સુમીત્રની દીકરી, અને મરહુમ વાસુદેવ રઘુનાથ દાદાજીની વીધવા ભુલીબાઈની સાથે, નીરભએથી પુનરવીવાહ કીધા; જેની પવીતર ક્રીઆમા સાંમેલ રેહવા માટે સાંભલેઆ પરમાંણે તેમનીજ ગણેઆતના કેટલાક સદગુણી ગરહસથોના કબીલા ઉપરાંત આપણા માનવંતા તરીજા માજીસટરેટ મી૦ નાના મોરોજીબી પોતાનો પરીવાર લઈ તાંહાં હાજર થએલા હતા.

રંડાપા જેવાં કકલાટ ભરેઆં મોટાં દુખમા દટાએલી એક કુલવંતી અબલાને શોહાસણના શીનગારથી શોહાંમણી કરવાનું આ ઘણુંજ રૂડું, અને પુન વંતું કાંમ, જે પરમેશવરની આગણેઆંને અનુસરતું થએઊં, તેને નેઆતીલાઓએ અંતકરણથી આધીન રેહવાને બદલે વીરૂધ જઇને તેઓ માહેલા કેટલાક અણઘડ લોકોએ પાછલા વખતમાં ધારણ કીવેલા જંગલી રેવાજને વલગી રહી બીચારાં પરમાંણીક જોડાંને કાંઈજ નહીં પણ દુખ આપવા માટે સતાવવા નીકલેઆ, તેમા વલી કેહચ કે તેવણથી જનમ ધરીને પરણી બાએડીને પેટે અવતરેલા વડા દીકરા મી૦ ખંડેરાવે પણ નેઆતની બીહીક પકડીને પોતાના પીતા સાથેનો સંબંધ ટોડવામા પરમેશવરની આગણેઆથી ઉલતા ચાલેઆ હતા; તેથી જોકે એ જોડાંએ સંપજ સાચવીને કુટંબ કબીલામા ભેલાઈ રેહવા ઘણુંબી ચાહેઊં, તોપણ તે જોડું પોતાની ધારણા પરમાંણેની રાહેત કવચીત પાંમેઊંજ નોહતું.

સંસારનું સુખ મેલવવા જતાં જેમ એક તરફથી નહીં ધારેલી હરકતોએ આ ગરહસથને દુખ દેખાડેઊં, તેમ બીજી તરફથી ઊંમર ભરાએઆને લીધે તેમની મનસબતીમાંબી કાંઈક કોટાઇ માલુમ પડતી જણાઈ; અને તેથી કરી ઈનસાફના અતીઘણા બારીક કાંમોમા ભુલ થતી આવેઆ ઉપરથી, પાછલી વખતના ઘણાક મુકદમાઓમા આ ગરહસથે આપેલા ચુકાદાની સાંમણે જારે અપીલો થવા માંડી, તારે જડજપણાની જગાપર હવે વધુવાર બીરાજેઆ કરતાં, બેઠા મુસારાથી ગુજારો કરવા માટે સરકારે તેમને ફરજ પાડી તારે પોતાનું રાજીનામું મોકલીને સંવત ૧૯૨૫ ના શાકે ૧૭૯૧ ના સરાવણ વદી ૪ ને ગુરૂવારે જડજપણાનો પવીતર ઓહદો તેવણ બીલકુલ છોડી બેઠા.

જોકે આ રાવ બાહદુર ઈનસાફ ચુકવવાના કાંમમાથી ઘડપણને લીધે બાટેલ થયા, તોપણ એવાં કારણની લડત લડવામા સરીર શકતી ઓછી થયા છતાંબી આપેલેટ સાઇડ ઉપરાંત સમાલકાઝ, તથા પોલીસ કોરટોમા પલીડરનો ધંધો ચલાવવાની દરએક મથકના વડાઓ પાસેથી પરવાનગી મેલવીને કામ ચલાવવા લાગા, અને તેથી કરી ગરીબ લોકોને તેમની મદદ ઘણીજ કીમતી થઈ હતી.

પણ બઇછે કે દએઆને અંતે દાકણ દસેછે, તે કેહવત મુજબ ૧॥ વરસ વેર બીચારા ગરીબોનો માબાપ થઈ પડેલા આ મી૦ મોરોબા અને તેની વાહલી

બાએડી ભુલીબાઈની જીંદગીનો અંત એકજ ચોઘડીએ સરજેલો હશે, તેથી એવી બુરી રીતે અંચીતેઓ આવી ગયો કે, તેનો ઓચંબો હજીતુલીક પરજાના ધીઆનમાથી ખોશી રાખેઓ નહીં હશે; કેમકે મોહતતો સરવેને કપાળે એકવાર ચોંટેલુંજ હોએચ, તે ધોરણ મુજબ અકસમાતપણે, અથવા કજાથી નીપજેઉં હોતતો, તેનો ખતરો કોઈબી ધરતે નહીં; પણ આતો એક કમકમાત ઉપજાવનારા બનાવથી સંવત ૧૯૨૭ ના શાકે ૧૭૯૨ ના માહ વદી ૧૪ ને સનીવારની સહવારે કલાક ૬ ને અમલે ગોઆલીઆ તલાવ આગલ પોતે રેહતા હતા, તે બંગલાના ચોકની એક બાજુએ આવેલા કુવામા બેહુ માતી બઈઅર, એક બીજાને ગલેવલગીને પડેલાંની લોથ જે મલી આવી, તે ધારેઆમેલે તેની આગમજ મધીઅ, અથવા પાછલી રાતના કોઈબી વખતે પોતાને હાથે આપઘાત કીધો ઈઆ કોઈ ચંદાલોના કરપીણપણાને ભોગે તેઓ ચહડેઆં હોએ; તે વીશેની તપાસ કરતાં કારોનરને હાથ મનપવીજતો કશો મુદ્દો નહીં આવેઆને લીધે, ભરાએલી જુરીએ બેહુની લોથ કુવા અંદરથી મલીઆ સંબંધી અભીપરાએ આપેઆ પછે, તેઓને મસાંણમા લઈ જઈને અગણીદા કરી આવેઆ; અને તે દાહડેથી એખલાસ ભરેઆં જોડાંએ આ દુનીઆં તરક કરી, અને પરલોકમા વઈકુંથવાસ થયાં. એઓમા વરની વરસ ૬૦ ની, અને બાએડીની ૨૩ વરસને આસરે ઊંમર જાંણવામા આવી હતી.

આ જોડાંની એક રૂડી ઈઆદગારી કાએમ રાખવાના હેતુથી આપણા માનવંતા તરીજા માજીસતરેટ મી૦ નાના મોરોજીના દીવાનખાનામા તેજ શાળના ચઈતર સુદી ૧૪ ને મંગલવારે પાથારી પરભુઓની એક દબદબા ભરેલી સભા મલી, તાંહાં સરવેના અનુમતથી એવો ઠેડાવ નકી થયો હતો કે, હુઘરાંણાની એક ટીપ જાહેરમા કરતી કરીને જે થાપણ એખીતી થાએ તેની ઉપજમાથી હીંદુઓની કેલવાએલી છોકરીઓ માહેલી જે સંસારી, વેહેવારી અને નીતી સંબંધી સુધારા ઉપર સરવેથી સરસ રીસાલાઓ લખતી જણાએ તેણીને દરશાળ ઉપલાં મરહુમ જોડાંને નામનું ઈનામ આપતા રેહવું. આ સુભ સંજોગથી સુધારાના એક સાથીનું નામ આપણ વચે સદા કાએમ રેહવાની આશેઆ પેહલાં તો જબરી ઉશકેરાઈ હતી; પણ તેની સમપુરણતાઈ માટેની જારે શોધ કરવા માંડી તારે દલગીરાઈથી એવું જણાઈ આવેઉંચ કે, હડી વરસની વાત ઉપર ભેગી થએલી સભા અંદર ભરાએલા ૩૮૫૦ બી પુરા મલી શકેઆ નથી; અને જે કારણસાહં મોટી રકમ જોઈએ તેની ગેરહાજરીને લીધે કીધેલો ઠેડાવ જેમનો તેમજ અટકી રહેઓછે. તે વાત સુધારકોમા ખપનારા હીંદુઓને સોભા આપનારી કેહવાતી નહીં.

પોતાની ગણાતના સુધારા માટે "પાથારી રીફારમ આસોશીએસન" નામની મંડલીનો પેહલવેહલો પાએઓ નાખનારો પીતા, કોઈજ નહીં પણ આ મરહુમ મી૦ મોરોબા કેહવાતો હતો; એટલુંજ નહીં પણ તેને ટેકાવી રાખવા સારૂં પોતાની ગીરોથી ઘણા ગુરથો વટીક ખરચેઆ હતા. જુદાં જુદાં પુરાંણા પુરાતકો શોધીને તે માહેલી સારી સારી બાબદોના ચોપાંણીઆં તથા રીસાલા-

ઓ લખાવી સરવેમા ફેલાવનારબી એશીવાએ બીજો કોઈ જાણવામા આવેઓ નોહતો; તો જોકે તેના દેખઈતાં પરીણામો તે વખતપર કાંઈ મોટાં ગણાએઆં નોહતાં, તોપણ તેની ગણાતના માનલાએક તો ખચીત માલુમ પડેઆં; તે છતાં તેમના કેટલાંક રૂડાં કાંમોએ તેનીજ સાહમણે દુસમણીબી દેખાડી હતી. આ બાબે આટલુંતો ચોકસછે કે, સુધારાના કાંમોની સરૂઆત જે ધણી પોતાને માથે અંગેજી લીએ, તેના સતરૂઓબી ઘણા થાઇ નીકલે; પણ પાછલથી જેમ તેની ખુબી પરકાશે તેમ તેની કદરબી બુજાએછે. માટે એટલાંજ દરસતાંત ઉપરથી આ મરહુમ મી૦ મોરોબાની મેહનતનું ફલ ચાખવાની આશેઆ તેમના નાતીલાઓને હવે પછે માલુમ પડશે. કેમકે પોતાની જાતનું સારૂં કરવા સદા તેની નેમ રૂડીજ હતી. તે સવભાવે આકલો, પણ પરમાણીક પણામાં પેઆરો, અને ભોલામનનો એક ભલો પુરૂશ હતો. આપએખતેઆરી તે એટલી ધરાવતો હતો કે, કેટલીક બાબદો વીશે, અમસથો કહીને બેસતો નોહતો, પણ તે કરી દેખાડવામા ઘણોજ ખંતી હતો. માટે પાથારી પરભુઓની શાહસીક ગણાતે પોતાની હાલત સુધારતાં વેહમી વીચારોના બંધાંણમાથી છુટવુંજ હોએ તો, તેઓને વાસતે હમારી એટલીજ ભલાંમણછે કે, મરહુમ મી૦ મોરોબા, અને તેની ભલી બાએડી ભોલીબાઇનો દાખલો સદા પકડતા રેહવું. અને તેઓની ઇઆદગારી માટે ધારેલું ઊપલું સુભાખીત કાંમ વેહલું સરંજામ ઉતારીને જગમા સાબાશી હાંશેલ કરવી.

મી૦ કરસનદાસ મુલજી.

હીંદુઓમા ધરંમને બાંહાંણે ચાલતી કેટલીક નથારી રસમોને ટોડવામા પરખેઆત થાએલા, આ કપોલ વાંણીઆંની નાતના હીંમતવાંન મીતરનો જનમ આપણી ટાપુ ખાતે સંવત ૧૮૮૮ નાં અશાડ વદી ૧૩ ને બુધવારે થયો હતો. આ ગરહસથનું બાપીકું અસલ વતન કાઠીઆવાડ જીલાના મહવા ગાંમની પડોસમા વડાલ નામની જગોપર હતું. એમના મમસારની ઓલખ આપણી ટાપુખાતે નવલખીને નાંમથી પરશીધ થાએલા શેઠ નાંગરદાસ હીરજી મોદીનાં કુટુંબથી જણાતી આવીછે, અને આ ભાઇનો ઘણો ખરો ભવબી તેહમાંજ હુધરીને મોહટો થાએઓ હતો.

એ ભાઈ જારથી સહમજમો આવેઓ તારથી તે લગભગ ૨૦) વરસની ઊંમર તુલીકનો સઘલો વખત કેલવણીમાં ગુજારેઓ હતો, જે માંહેલાં છેલાં ૨॥ વરસ કેહચકે એલફીણસટન કાલેજમાં ચાલાકીથી તરબીએત હાંશેલ કરવામો રોકેઆં હતાં, પણ એલમની સરૂઆત થતાંજ ધરમના નામોથી વેહેમી વીચારો જેમ જોતો ગએઓ, તેમ તેને હીંમતથી તરક કરીને સુધારા ઉપર વીશેસ વલાંણ લેવાની કશીએ કશુર રાખતો નોહતો; તેથી કરી બનેજ એવું કે ઉછલતી વએમા પકડેલા કેલવણીનાં રૂડા મારગપર ફુલોનાં બીસતરા વચે

ઘણાંક કાંટાઓ આવી નડતા હતા; તે વીશે એવું પણ સંભલાએઉંચ કે સણસારી સુધારાની હીંમાએતને કાજે એ કવી કરસનદાશે આ સરૂસતીમાં પાછલથી જે કીરતી મેલવી હતી, તેની ઉલટનું મંડાંણબી બચગીના વખતથીજ તેની સાથે વલગી રહેલું હતું; એટલુંજ નહી પણ પોતાના જાતભાઇઓનાં સુધારકી સુખની તલબ કરતાં, જે સંકટો સહણ કરવામો સહમજુ લોકોનો ચાહ તથા પેઆર પાછલથી જે મેલવેઓ હતો, તે સંકટની સરૂઆતબી કેથી બચપણથીજ ચાલતી આવેલી હતી; તેનો એક દાખલો એવો દરસઠી પડેઓચ કે જેવેલા મી૰ કરસણદાસ કાલેજમાં એક જવાંણ શીખાઉ તરીકે હતો, તે વખતે ગનેઆંણ પરસારક નામની સભાએ હીંદુઓમાં પુનરવીવાહ લાગુ પાડવાનાં ફાએદા માટે ઇનાંમનો એક નીબંધ માંગેઓ હતો, તે વીશેનું લખાંણ એ ભલા અભેઆશીએ ઉલટથી કરવા માંડઉં, પણ અફશોસછે કે એ બાપડો તે વખતે પોતાની માએની કાકીનાં કબજાંણમો રહેલો હતો, તેથી તેના કાંમમો એવો કચરો પડલો જણાએઆ કે, તે નીબંધના કાગલીઆંઓ કોઇએ ચોરી લઈ પેલી બાઇને બતલાવેઆં; જેનો કરોઢ ચહડાવી ભાઈ કરસનદાસને ઘેર મધેથી કાહડી મેલેઆને લીધે, તે બીચારાને ત્રણ વાતનો અવગણ પોંહચેઓ; તેમાં એકતો ઇનામ મેલવવાની આશેઆ બીલકુલ તુટી ગઈ, બીજું તો બીચારો આસરા વગર રહજલતો રહેઓ, અને તરીજું એકે પોતાની કેલવણીનો અભેઆસબી સદનતર ઓહી દેવાની ધાસતી ખાવા લાગો. પણ ધન હતું તેની હીંમતને કે આટલો ગજબ આવી પડઆ છતાં પોતાના સવતંતર પણાના પુખત વીચારથી કવચીત વેગલે ખશેઓજ નોહતો; અને તેનું પરીણાંમબી અંતે રૂડુંજ હાંસલ થાતું તેને જોએઉં હતું.

કેહચકે હડી વરસની મુદતમાં કાલેજ છોડઆ પછે આ જવાંન વીદેઆરથીને "ગોકલદાસ તેજપાલ વીદેઆલએ" નાંમની નીશાળ મધે શીખશક તરીકેની પેહલવેહલી જગેઆ મલી હતી. તે પછે સુરતનો કલેકતર મી૰ હોપ જારે સંવત ૧૯૧૨ ની શાળમાં કેળવણી ખાતાંનો ઇનસપેકટર હતો, તેને ઉપલી નીશાળમાં મી૰ કરસનદાસના કાંમની ચાલાકી જોયા ઉપર પરસણ થઇને દીશા ખાતેની અંગરેજી સ્કુલમાં વધારે મુસારાની જગેઆ બખશી હતી. પણ તાંહાંની હવા એ ભાઇને મુઆફેક નહીં આવેઆને લીધે દશેક મહીનાંમો મુંબઈ ખાતે તેને પાછું વલવું પડઉં હતું.

ઉછલતી વએથીજ આ ગરહસથ ઘણા ચંચલ મન, અને ચપલબુધીનો હોયાથી ટુક ઉંમરમા વીદેઆની સારી કેલવણી સંઘરહ કરીને તેના રૂડા ઉપીયોગ માટે પરજાની અંદર પરોટાઈ રેહવાનું એક મજબુત હથીઆર જે "સત્ય પ્રકાસ" નામનું છાપા ઇઅંતર કેહવાતું હતું, તેને હાથમાં જાહાલી રાખીને તેમાંથી એક ગુજરાતી ભાસામા દર અથવાડીઆંના રવીવારે વરતમાન પતર છાપવાંનો પેહલવેહલો પરારંભ સંવત ૧૯૧૧ ના સરાવણ વદી ૧૩ ને રવીવારથી શુરૂ કીધો, તારે તેમની ઉંમરે માતર ૨૩ વરસ પસાર કીવેલાં હતાં, અને તેજ વખતથી આ ભાઈ ઘણું કરી આલમની ઓલખમાખી આવવા લાગા; પણ

આંમળી બોલાએઊંચ કે તેની આગમજ "હીંદુ બુધીવરધક" ની મારફતે પોતાના જાતભાઇઓની પેહલવેહલી શેવા સાચા એતેકાદથી બજાવનાર, અને પેલા પાખંડી માહરાજોને નાંમે ઓલખાએલા મનુસરૂપી દઇતોના અનીતી ભરેઆ પંજામા ફશી પડેલાઓને બંચાવવાની કાલજી રાખનાર, ખરો નર તે એજ કરાએલો કરસનદાસ હતો; જેની ખરી બાહદુરીનો ઉતમ નમુનો પરએઆત "માહારાજ લાઇબલ કેસ" નામના ગરંથથી વીચારવંતી આલમની હજુર ખુલી રીતે દીપી નીકલેએછે, તો જોકે પેલા મસતાંણુ અને કોરગા માહરાજોનો દોર તેથી કરી આજતુલીક પુરેપુરો તુટેઓ નથી; તોપણ આ ભાઇની ભલી કોશેસ તેહવા વીભીચારીઓના હુંધાડા પડેલાં ભોપાલાં તે વખતપર ચાલતી સુપરીમ કોરટની પવીતર દરબાર વટીકે જાંણી લીધાં હતાં, અને નીતીવાંન નેઆએધીશો તરફથીબી તે બાબેનો ધીકાર જાહેર થઆથી આજ કાલ તો ઘણાક વઇશનઓની લુંટાતી લાજોનો કાંઇક દરજે અટકાવ બચીત થએલોજછે. આ કારણ માટે જારે "સત્ય પ્રકાસ" નામના પતરમાં સખત લખાંણો થતાં રહેઆં; તારે માહરાજોની તરફથી આ પરમારથી ભાઇ ઉપર પેહલવેહલી લાઇબલ મંડાઈ હતી, જેની સાંમણે મી૦ કરસનદાસ તરફના કેટલાક સાખશી આપનારાઓનો અટકાવ કરવા માટે કાવતરૂં ચલાવનારા આગેવાંણો થાએલા ભાઠીઆ જણ ૯ ને સુપરીમ કોરટની ફોજદારીમાં ઘસડેઆ હતા, તાંહાં તેઓ ઉપર અપરાધ સાબેત થઇઆથી સંવત ૧૯૧૮ ના માગસર સુદી ૧૫ ને મંગલવારે નામદાર પુની જડજ સર જોશેફ આરનોલડ નાઇટે હેઠલ જણાવેઆ મુજબના દંડની સજા કીધી હતી.

ગોકલદાસ લીલાધર તથા લખમીદાસ દાંમજી દરેકને રૂ૧૦૦૦ લેખેના રૂ૨૦૦૦

આડત કીરપાલ, મુલજી મોરારજી, દયાલ જેરાજ, કાંહાંનજી સાંમજી,

દાંમજી હીરા, રાધુ સાંમજી તથા ભગવાનજી દુઆરકાંદાસ એઓ

દરેકને રૂ૫૦૦ લેખે તે મુજબ જણ ૭ પાશેથી લીધેલા.... રૂ૩૫૦૦

આ દંડના જમા મલેલા રૂ૫૫૦૦) મધેથી ભાઈ કરસનદાસને થએલા મોટા ખરચને ટેકો મુલવા માટે નામદાર કોરટે રેહમ કરી રૂ૧૦૦૦) તેણાને અપાવેઆ હતા.

હાવી રીતનો સાહબેલો સમપુરણ થયા પછે જદુનાથજી નામના માહરાજે પોતા ઉપર ખેંચી લીધેલી ખરા અપરાધની બલાગાતમા બદનકશીનો મુકદમો જારે આગલ ચાલેઓ, તારે તેની પવીતરાઇનો પુરાવો દાખલાઓથી આપવા માટે મી૦ કરસનદાસને વાજબીની રાહે તેની સાંમણે આવવાનું જોર ફાવેઊં, અને માકુલ દલીલોથી માહરાજોની ભુંડી ખસલતો દેખાડી આપીને તેઓની બવીસ ચુંગાલમાથી બીચારી નીરદોસ હીંદવાંનીઓ, તથા હીંદુઓનો છુટકારો કીધો; જે બાબેની છાંડણ લાગતાગ (રવી અને બુધવારો શેવાએ) ચાલીસ દાહાડા સુધી નામદાર વડા નેઆએધીસ સર માંથીઉ સાસ, અને પુની જડજ સર જોશેફ આરનોલડ નાઇટોની હજુરમાં ઘણીજ બારીકીથી છંડાએઆ પછે સંવત ૧૯૧૮ ના ચઇતર વદી ૯ ને મંગલવારે, પરતીવાદી મી૦ કરસનદાસ મુલજીના લા-

ભમાં ખરચ શીકેનો અપખસપાત ચુકાદો નામદાર નેઆએધીશોએ કરી આ- પેઆથી તેમની ખરીજ કીરતી પરકાસ પાંમી, જેની સાખશી ઉપર જણાવેલાં મથાલાંવાલાં અંગરેજી તથા ગુજરાતી પુસતકોથી વાંચનારા સાહેબોને વીગત શીકે મલી સખશે.

આ ગરહસથની કાબેલીએતનો જેમ જેમ વીચાર પોંહચાડીએચ, તેમ તેની કશોટી ઉપર વીશેસ પરખ પરકાશી રહેલી જણાએછે, અને તેની નોંધ લેતાં ઘણોજ સંતોસ ઉપજેચખી ખરો; કેમકે એ ભાઈ ઉપલી બાબતોથી પર- એઆત થયા તેની આગમજ ઘણાક નીબંધો, તથા નાંધલાં પુસતકો છપાવીને પોતે જાહેર કરતા, એટલુંજ નહીં પણ "બુધીવરધક, સ્ત્રી બોધ, તથા નીતી સંઘરહ" નામના જુદાં જુદાં ચોપાંણીઆંઓ ઉપરાંત "રાસ્ત ગોફતાર અને સત્ય પ્રકાસ" વગેરેના વરતમાન પતરોનું અધીપતીપણુંબી આ ગરહસથ કેટ- લીક મુદત સુધી ચાલાકીથી ચલાવતા હતા; એ ઉપરાંત "નીતી વંચન" નામનો એક ગુજરાતી ગરંથ સંવત ૧૯૧૫ માં, અને તે પછે ૧૯૧૯ ની સાલમાં ગુ- જરાતી તથા અંગરેજી શબ્દ કોશની ફરંગ પણ રચીને બાહેર પાડનારબી એજ ભાએગશાલી ભાઈ માલુમ પડેઆ હતા.

હાવી પરકારે જેમ એક તરફથી જાહેર લખાંણો સાથે મલતી સભાઓના સંબંધમા પોતાનો અમુલીઅ અવકાસ રોકેઓ તેમ વલી બીજી તરફ વેપાર વણજનાં કાંમની પછવાડેબી ચપલ ધેઆંણ અછી કાબેલીએતથી પુગાડતા જણાયા હતા; તે વીશે આટલું કહેલું કાંઈ સહરાગાત ભરેલું નહીંજ ગણાશે કે એ ભા- ઈની જાતી કોશેસ તથા ઉલટ ભરેઆ વીચારથી સંવત ૧૯૧૭ ની શાલમાં ત્રણેક જણાઓનું પંતીઆલુ જોડાઈને ચીનાઈ રેસમી કાપડની એક દુકાંણ મોહટા પાયાપર જે અતરે નીકલી હતી, તેનો વેહવારીક વહીવટ તેમની ખુદ દેખરેખતલે "મી૦ કરસનદાસ તથા હરગોવનદાસની કંપણી" ને નામે ચલાવાને તે સંબંધી ઠેઠ ચીન સાથે સાખા હુંઘાડી બેએક વરસ તુલીક તેઓ સાંમેલ રહેલા હતા; પણ પાછલથી ઈંગલંડ તરફ જવાની ધારનાએ પોતાનો સંબંધ છોડવો પડેઓ હતો. તે વાતને જોકે આજે બાર વરસ વહી ગયાં તોપણ એ દુકાંણ તેમના શાહશીક ભાગીઆ મી૦ માધવદાસ રૂગનાથદાસને એક અતી ઉપીયોગી સાંધણ થઈ પડીછે; કેમકે મી૦ માધવદાસબી તેમનાજ જેહવા સુધા વીચારનાં, હીંમતવાંન, અને નીતીની રાહે વેહવાર સાચવનારા જણાતા હોવાથી મી૦ કરસનદાશે રચી આપેલી દુકાંણ તેમના માલિકપણામા આબાદ હાલતે હુબી રહીને ચહડતે દરજે પોંહતેલી દેખાએછે; તેબી એક પરકારે મી૦ કરસ- નદાસના નામની યાદગારી કાએમ રહેલી હોએ, તેમ આપણી વસતીના ઘણાક સાહેબો તેને એજ નાંમથી હજીતક ઓલખેછે.

આટલી કીરતી મેલવેઆ પછે, આ દુનીઆંની જીનતમાંથી વીદેઆ હો- નરોનો અનુભવ મેલવવા માટે સંવત ૧૯૧૯ ના ફાગણ વદી ૮ ને સુકરવારે રવાંણે થએલા થલ મારગના મેલ સાથે લંડન શેહરની મુસાફરીએ આ ભાઈ પેહલવેહલા શીધારેઆ હતા; તે વીશે પાછલથી માલુમ પડેઆ મુજબ આપરી

માંડવી ખાતાંના રાવ બાહધુર રાંમચંદર બાલકરીસણાની સાથે પંતીઆલાપણામા વેપાર તથા આડતના કાંમની એક પેહડી હુંધાડીને તાંહાં બે અથવા તરણ વરસપેર રેહનાર હતા; પણ એ બાપડાને કેથો છાતીનો મરજ અસલથી લાગુ પડેલો હશે, તેથી તાંહાંની સરદ રતુ બેશે તે આગમજ ઈંગલાંડ છોડી જવાની ભલાંમણ ડાકતરોએ કીધી, તે ઉપરથી માતરે સાતજ મહીનામાં પાછા ફરી આવીને તેજ શાલના ભાદુરવા વદી ૧૪ ને રવીવારે અતરે સહી સલાંમત પોંહતા; અને તે પછે સાંભલેઆ પરમાણે પાલીતાણાની જાગીર બાબેનો મુકદમો લઈને સંવત ૧૯૨૩ ના ફાગણ વદી ૧૪ ને બુધવારે બીજી વખતની સફરે આ ચંચલ મનના ગરહસથ શીધારેઆ હતા; પણ ઉપલીજ રીતની અશુખાકારીએ પાછી ધાસતી આપી તેથી થોડાજ મહીનામા તાંહાંથી પાછા ફરી આવેઆબાદ તે તરફ ફરીથી જવાનું મન કીધુંજ નહીં.

કસોટી પર કશાઇ ચુકેલા આ કવી મીતરે બેવારની સફરમાં સંગ્રહ કીચેલી હકીગતો ગુંજરાતી તથા મરાઠી ભાશામાં જુદી જુદી છપાવીને તેના નાદર પુસતકો પરસીધ કીધાં હતાં; અને છેલીવારના એહવાલનું બીજું દફ-તર છપાવા માટે રચવા માંડેઉં હતું તેટલાં સારાં ભાગ્યેગથી નામદાર સરકારે તેનાને કાઠીઆવાડના પોલીટીકલ એજેંટ ખાતામાં એક સારો ઓહદો આપેઓ તે મોટાં માન સહીત અંગીકાર કરીને સવાધીનમા લેવા સારૂં સંવત ૧૯૨૪ ના માગસરવદી ૧ ને ગુરૂવારે તે તરફ રવાણે થયાને લીધે ધારેલું ઉપલું કામ જેમનુ તેમજ અટકી પડેઉં, કેમકે એ દાહાડાથી સરકારી ખાતાંઓની સેવામાં લાગુ રહેઆ માટે ખાનગી કામનો અવકાશ તેનાને મલી સકેઓજ નહી.

ઉપલો ઓધો બે વરસસુધી આ ગરહસથે પરમાણીકપણે બજાવેઓ તે ઉપ-રથી તેનાની કાબેલીએત રૂડીજપેરે વખણાઈ, તારે તેની કદરબુજીને સંવત ૧૯૨૬ ના ચઇતરવદી ૧૩ ને ગુરૂવારે નામદાર સરકારે કાઠીઆવાડ તરફ લી-મડીમા "આકટીંગ સપેસીઅલ આસીસટંટ પોલીટીકલ"નો માન ભરેઓ ઓધો તેનાને જે એનાએત કીધો તેથી સરકારી સંબંધમાં આ ચંચલ જેહનના ભાઇ એક સુધા અંમલદાર તરીકે પેહલવેહલા જોડાએલા માલુમ પડેઆ હતા; એટલુંજ નહીપણ ઉપલા ઓહધામા ચાલાકી વાપડતા જોઇ, આપણી શેઆંણી સરકારે લીમડીના રાજ વહીવટનો એખતીઆરબી તેજ સાલના આશોસુદી ૧૨ ને ભરેસપતવારથી તેમને સોંફેલો સાંભલેઓ હતો; તેનું કારણ હેવું કેહવામાં આવેઉંચ કે લીમડીનો ઠાકોર મરણ પામેઓ, તારે તેનો રાજીઅ વહીવટ એક બાલ વ-એના વારેસને નામથી જે ચાલે, તેનું વડાપણુ આ ભાઈની સાહેતા હેઠલ સોંપ-વામાં આવેઉં હતું, એટલુંજ નહીપણ તે બાલ રાજકુવરની કેલવણીબી એજ કવીના સંભાલપણામાં નામદાર સરકારે સોંફી આપી હતી; અને તે ઉપરથી જા-હેરરાંત હેવી તરકો બંધાઈ હતી કે એ ગરહસથ પોતાની ચપલબુધીના બલ તથા અસીલપણાની ખરી લાએકીથી હવે પછે એ કરતાંબી કોઇ ઘણીજં મોહટી પદવીએ ચહડેઆવીના રેહશેજ નહી. પણ જમાનાનાં જમદુતે તેની ઉપીઓગી ઉમેદમો અતીશીઅ અદેખાઈ દાખલ કરીને સંવત ૧૯૨૭ ના પરથમ ભાદુરવા

સુદી ૧૩ વાર સોમેની સહવારે કલાક ૯ ને અમલે ૩૯ વરસની ઉપર ૧ા મહીનાની ભરપુર જવાણીમાં લીમડી ખાતેથી ઊંચલીને સવરગી દુણીઆં તરફ તેને ખેંચી લઇ ગયો; તેથી કરી સઘલી આશેઆ એકેદમ ધુલમો મલી ગઈ અને તેહવા અફસોસકારક મરણની માંઠી ખબર પોંહતાથી સઘલી તરફની સુધારક મંડલીઓમાં મોહટી માહેતમ જે વરસી રહી હતી, તેનો કકલાટ કોઈ લાંમબી મુદતસુધી તેઓથી કવચીત ભુલાશેજ નહીં.

આ મરહુમ જેમ વીદેઆ હોનરની પુરતી કાબેલીએત ધરાવતો હતો, તેમ પોતાના સવતંતરપણાંની સાહેતા સાથે ઘણાજ ગંભીરી સવભાવની કમાલીએતથી એક અમીર જેવો દીપતો હતો; અને જે કારણ માટે ઉપર જણાવેઆ પરમાણે પાખંડી માહરાજોના આચારની સાંમણે એ ભાઇએ કીધેલાં સખત લખાંણોની વીરૂધ જેટલા વીરાનઓ એક વખતે હરેક પરકારે તેમને હેરાંનગતીએ પોંહચાડવાની જોગવાઈઓ શોધવા ફરતા હતા, તેઓ વટીક પાછળથી આ મરહુમની વગર સવારથી શેવાને પોતાના તથા બીજા જાતભાઈઓના ભલાં કાજે તેનાએ લીધેલી મેહનતની કદર બુજી, તેમની તરફ માંન ભરી નજરથી જોવા લાગેઆ હતા; પણ એક વાતે તે સાહેબોએ વેહમી વીચારોને વસ રહીને, આ ભાઈના દેશાંતર જઈ આવેઆની શુભ મતલબ સહમજેઆ છતાં, તે બાપડાને નેઆત બાહેર કાહડેઆથી સુધરેલી આલમમાં તેઓ ખચીત અલખાંમણાં થઈ પડેલા જણાયાછે; તો જોકે વખતતો સરવે વહી ગયો, તે એટલે સુધી કે તેથી કરી નેઆતની કશીએ અડચણ તો તે મરહુમને કાંઈજ માલુમ પડી નોહતી, મગર હાવી બેવકુફાઇ ભરેલી ચાલ ચલાવનારાઓની કેહવત માતરે કેઆંમત તુલીક ડપકામા આંમેજ થઈ રહીછે.

મેલાઓતો હેવો નરબી નેઆતબાર–જણાતોતો જેવો સાધુ અવતાર.
જાંહાં હંધેર નગરીમા ગાફેલ રાજા–તાંહાં ટકેસેર ભાજી ટકેસેર ખાજા.
દેખાવ તેહવો નાતીલાઓએ દીધો–પણ હાથો પાછો વીચાર કાંઈ ના કીધો.
દેશાંતરથી કોઈનોબી વાંક ન કેહવાએ–એવુંજ હોય તો જગમા કેથે ન જવાએ.
કેટલાક હીંદુઓ મલશે એવા–ભાઠીઆ ને વાંણીઆંની વરણ જેવા.
કોઈએકો મુંબઇથી કલકતે જાઈ–આવેઆથી વાંહાંણોની સફર ગણાઇ.
કેટલાકો જંગબારને મસકત જોએચ–દરીઆવની રાકવી તેમનેબી હોએચ.
જાંહાં જુલમી રાજના હેવાં કરંમ–તાંહાં મુસકેલે જલવાએ તેમનો ધરંમ.
પણ તેહવાઓને કોઇબી પુછતા નથી–મેલાં દીલને પોતેબી નુછતા નથી.
ને વેલાત જેવી જીનત જગો–તાંહાં જઈ આવનારને દીએછે દગો.
જાંહાંછે અંગરેજી બરકતી રાજ–માહરાંણીને માંથે બીરાજેછે તાજ.
તાંહાં જવાની તેઓ અડચણ લીએચ–જઈ આવેચ તેને ઇજા દીએચ.
વીચારશે નહીં કોઈ તાંહાંનો વીકાર–તે ઉપર બતાવેછે ફોકટ ધોકાર.
ને લોગલા મેલછે નીઆતની બાહેર–જેથી સહમજુ સજણો થાયછે કાએર.
તે વાત કાંઈ સારી જણાતી નહીં–ધરમની અડચણ ગણાતી નહીં.
પણ શોધાએછે ઘણું કરીને વેર–તે ઉપર ગુજરવી જોઇએછે મેહર.

આ વેહમી વાતને હવેતો ભુલી જાવો–દેશાંતર જનારાને મદદ થાવો.
સહમજુને આટલો એસારોછે બસ–સારાં કાંમની સાહેતાથી મેલવે જે જસ.
વધુ કેહવાની ન રાખતાં ગરજ–ગુજારીએછે હીંઆં એટલી અરજ.

જે ધણીએ પોતાનીજ નેઆતવાલાઓનાં ભલાં કાજે જીંદગીની છેલી ઘડીસુધી કોશેસ કીધી તેના ઉપકારનો બદલો જારે આવી રીતે તેઓએ વાલી આપેઓ તારે ભલુ થએઉં કે નામદાર સરકાર પાશેથી કાઠીઆવાડ તરફની ચાકરી તેમને મલી કે તે લઈને જાણે જલાવતણ થતો હોએ તે મીસાલે મું-બઈ છોડી તાંહાં ચાલી ગયો; જાંહાં તેની ધીરજ ભરેલી હીંમતનો બદલો અંતે તેમને એવોતો માકુલ મલેઓ કે, કાઠીઆવાડના હજારો વાંણીઆઓ પોતાની ખાસ ખુશીથી તેમની સંગાથે જમણવારમો વગર અડચણે સાંમેલ રેહવા લાગા; અને જારેબી નેઆત જમતી હોએ તારે તે લોકો મી૦ કરસનદાસને તેમના મકાંનમો આવીને તેડી લઇ જતા હતા; તેથી જોકે નેઆત સંબંધી સંકટનું જારે વગર માંગવે નીવારણ થએઉં, અને વખતે જારે તેની ખુશીમાં હસતો કીધો, તારે મોહતે અંતે એવો દગો દીધો કે તેથી મલેલાં સંતોશાનું સુખ ભોગવવાને સારૂ વધારે વરસો તુલીક તે બીચારો જીવવા પાંમેઓજ નહીં.

આટલી બધી વારતાઓથી એ કીરતીવાંન કરસનદાસની જીંદગીનું વરણન આપરી પીછાંનમો એક સતા ભરેલી સનદ તરીકે જેહવું પરકાસતું રેહશે, તેહવું છેલી વરતણુકનું બએઆંણુ તેમની નેઆતમો કલેસ ઉતપણ કરનારૂં જે થઉ-ઉંચ, તેને વાજેબી થાએલું તેઓ કવચીત નહીંજ કેહશે; આ વીશે બીજા સાહે-બોના મત સાથે મલતા રહીને હમોબી જણાવીએચ કે, પુનરવીવાહના માહ પુણી આતમાં જેહવું સુધારાનું રૂડું કાંમ વાંણીઆની ઉંનચી વરણમાં જે પેહલવેહલું; પેવસ થાએઉંચ, તે આ મરહુમની જીંદગીમાં સરવેથી શેવટની કીરતી ભરેઉં હતું પણ તેમાં આ ભલા ભાઇએ ઉતાવલપણે ભુલ કીધાથી જે અશીલ કુલમાં મોહટો વીનાસ વધી પડેઓ, તેનું શેવટ હવે સેહલ રીતે આવવું મુસકેલ જણાએછે. આવું પરજા પસંદગીનું શુભ કાંમ છુપી ગોઠવણે બંધ બેઠું તેમાં એ કુલવંતી વીધવા* તરફનાઓની મનજુરી મેલવીને તે માહેલા એકાત બે અતલગ બેશી-ઓનેબી કીરીઆ વચે સાંમેલ કરી લીધા હોતતો આ મરહુમ ભાઈ એટલા ઠપકામોથી સદનતર મોકલા રેહતે; પણ હોનારતે તેહવી ઈઆરી નહીં આપેઆને લીધે તે કીરતી પમાડનારી કોશેસ ઝાંહખ મારતી રહીચ, માટે તેટલી બીના વાજેબીની રાહે નોધી લેતાં હમોને અતીઅંત દલગીરી ઉપજેછે.

લાએક માંણશોને લાએક ઠેકાંણેથી જેટલો દરજજો છાજે, તેટલો પર-ભારા લોકોના જાુહરાબંધ લખાંણોમાં ગમે એવી સચાઈ ભેલાએલી હોય, તોબી તેની બરોબરીઉં માન મેલવાએલું ગણાએ નહીં. પણ આ સકલગુણી ગર-હસથની કેટલીક વાતે સાહશીક કાંમોની સમપુરણતાઈના સમાચાર પેરીછતાં

---

* આપણી ટાપુ ખાતે વસનારા મી૦ માધવદાસ રૂગનાથદાસની સંગાથે ઘધરનું કરી ગએલી ધનકોરબાઇ. નો૦ લે૦

સઘલી તરફથી થએલી તારીફો એક સરખી રીતે ઉતરેલી સાંભલિઆથી ખચીત કરી તેનું મરણ એક સંતોશાકારક સહમજાએછે. જો કે સરકાર સંગાથે રાજદુઆરી વહીવટમાં એ મરહુમ થોડાજ વખત થયો લાગુ પડેલો હતો, તેટલો ટુક વખતબી એવી કમાલીએતથી સરવે સાથે પરોટાવવામો ગુજારેઓય, કે જાણે કોઈ ઘણા વરશોનો તેઓના સંબંધમાં સમાઈ ગએલો હોએ તેહવો ચાહ પોતાની ઉપરના અમલદારનો ખેંચી લીધો હતો; જેની ઈઆદગારી હેઠલ જણાવેલું સરકારી જાહેરનાંમું દેખાડી આપેચ કે, એના બીન ધારેઆં મોહતની દુખ ભરેલી ખબર તારની મારફતે કાઠીઆવાડના પોલીટીકાલ એજંટ કલનલ એનદરસનને રાજકોટ ખાતે પોંચતાંવાર તાંહાંના "કાઠીઆવાડ પોલીટીકાલ એજેનશી ગેઝેટ" નામના પતરનો સતા ભરેઓ એક વધારો બાહેર પાડીને સરકાર તરફથી જે દલગીરી પરજામા જણાવીચ તે જાહેરનામાંની નકલ નીચે આપીએ છે.

"લીંબડીનાં સપેસીઅલ આસીસટંટ સાહેબ આજમ કરસનદાસ મુલજી "આજ સહવારે નવ વાગતે સવરગવાસ થયા હેવી ખબર તાર મારફતે આ"વતાં હમે બહુજ દીલગીર થયા છઇએ.

"એ બાહધુર અમલદાર આએ પર તમો આવેઆ પછે જે જે કામો તે"મને સોંપેઆં હતાં તે હેવી ખબરદારી તથા દીલો જાણપણેથી તેનાએ બ"જાવેઆંછે કે, તેમનાં ઉપરીઓની અતીઅંત પરસંતાં મેલવીછે. સંસારી "બાબદમાં તેમનાં મલતા વડા ગુણો તથા કાઠીઆવાડમાં તમામ જાતનાં દેશી "લોકો જે વખાંણ તથા પરીતી તેમનાં તરફ બતાવતા હતા, તે વાતથી તેમની "ઈઆદગારી ચીરંકાલ રેહવાની.

"સુધારાનાસાથી તરીકે તેમને કીધેલાં કામો ઘણાજ પરખેઆત છે. "માટે તેમનાં ગુજરવાથી સરકારે એક ઘુનદી અમલદાર ખોહેઓછે. નાંહાંની "ઉમરમાં કવખતે તેમનુ મરતીઉક થયાથી તેમના દોસતો ભેગા હમે પણ "અફસોસ કરીએ છેઇએ.

"તેમની ઈઆદગારીનાં માણ દાખલ આજનો દીવસ તમામ કચેરીઓ "બંધ કરવાનો હમે હોકમ ફરમાવીએ છઇએ."

(સહી) ડબલીઉ, ડબલીઉ, આંણડરસન.

કાઠીઆવાડ પોલીટીકલ એજેંસી. પોલીટીકલ એજંટ.

તા૦ ૨૮ મી આગસટ ૧૮૭૧ ઇસિવી.

એ ઉપરાંત બીજું એક વીશેસ સતા ભરેઊં મરતીઉકી જાહેરનાંમું આપણી નામદાર ગવરનરની કાઉનશીલ તરફથી જે બાહેર પડઊં હતું, તે એટલું તો વજનદાર ગણાએઊંચ કે તે ઉપરથી બીજા દેશી ગરહસથોને એ મરહુમ મીતર કરસનદાસના પગલાંપર રૂડો દાખલો પકડીને સાહસીકપણે ચાલવા માટેનો એક ઉમદા ધડો થાંઈ પડે તેમાં કસોએ સનધે રેહતો નથી; કેમકે તેમાંથી

કાંઈજ નહી પણ એ મરહુમના સદગુણોને મોહટી હકુમત તરફથીબી સવીકારીને જે અદલ ઈનશાફ આપવામો આવેઓ, તેની નોધ હીઆં દાખલ કરવાને ચુકતા નહીં.

પોલીટીકલ ખાતું.

"કાઠીઆવાડના પોલીટીકલ એજેંટનાં સપેશીઅલ આસીસટેંટ લીમડીના
"રાજનો હવાલો ધરાવનાર મી૦ કરસનદાસ મુલજીનાં ગીયા માસની ૨૮ મી
"તારીખે થાયલા મરનના સમાચાર નામદાર ગવરનરની કાઉનશીલે ઘણીજ
"દલગીરી સાથે સાંભલિઆછે. એક સરકારી અમલદાર તરીકે મી૦ કરસન-
"દાસ મુલજીએ સરકારની શાબાસી હમેશાં મેલવી હતી અને પ્રોતાની ખા-
"નગી કારકીરદીમાં તેમના દેશી ભાઈઓ વચે સુધરેલા અને હુત ભરેઆ
"વીચારો દાખલ કરવાની તેનાએ કાલજીથી મેહનત કીધી હતી.

ગવરનરની કાઉનશીલનાં હોકમથી.

(સહી) ડબલીઉ. વેદરબરન.

સરકારનો કામ ચલાઉ સેકરેટરી.

ઓમબે કાસતલ તા૦ ૭ મી સપટેમબર ૧૮૭૧.

હવે આ બીનાને સમાપત કરતી વેલા આટલું તો જરૂર નોધી રાખવું. યોગ્ય જણાએઊચ કે, એ મરહુમ મીતરે તેમનાં હજારો જાતભાઈઓનાં ભલાં કાજે પોતીકી નાતવાન બાંધાની દેહને માહકસટમો નાખી ચોતરફના સંકટને સંતોશાસહીત જે શેહણ કીધું હતું, તે વાતનો કસોબી બાફ મનમો રાએઆવનાં પોતાનાં અશીલ ખવાસનો મઘમઘતો પંમરાટ મરણની જુજ વખત આગમજ પોતાના મોહડાંમોથી જે શબ્દો વટે કાહડી દેખાડઓ હતા, તેની સુગંધથી સાંભલનારાઓના જીગર ખચીત કરી તર થઈ રેહવાંજ જોઇએ. હેવો એક પતર લીંબડીથી તા૦ ૭ મી સપટેમબર ૧૮૭૧ ની તેરીએ તાંહાંનાં ધરમાઉ દવાખાનાના વઈદ મી૦ પેસતનજી જંમશેદજીએ લખી મોકલાવેલો તેજ મહીનાની ૧૭ મી તારીખનાં "રાસત ગોફતાર" મધે છપાએઓચ, તેમાંથી એ મરહુમે મોહતના બીછાના ઉપર તેમની આગલ કહી સંભલાવેલા મયા ભરેઆ શબ્દો ઉતારીને એક સનદ તરીકે અતરે નોધી લઇએછે. "નઆત સંબંધી
"બાબતમાં જે લોકો તરફથી મને ઘણી શતાવણી થાઇછે તે લોકોને વીશે
"મારા મનમાં કાંઈ છેજ નહી અને મારા મનમાં તે લોકો વાસતે કાંઈ દવે-
"સભાવ નથી, પણ ઉલટું મારા ખરા અંતકરણથી હું તેઓનું ભલું ચાહુ છઊં."
હાઅ આએ બોલેલું તે મરહુમનાં નામને કેટલું જેબ આપના રૂ આપરે વીચારવું જોઇએ? કે જે નાતીલાઓ તરફથી તેમને તેની હઇઆતી સુધી અનેકપરકારની સતાવણી થાએલી, તેઓનીજ તરફ જારે આએ લોકમાથી દુર થએઆની થોડોજ વખત આગમજ ઉપર જણાવેલા પરીતી ભરેઆ અંતકરણના વીચારો


જારે નીકલેઆ તારે તેમની સહણુ શકતી શાથે શકલગુણની સંમપુરણતાઈનો એક અજાએબ જેહવો ચમતકાર આ દુણીઆમો તેવન પાંથરી ગયાછે.

આ દેશહીતકારીએ વગર સવારથે ચીવતપણું વાપરીને પરજા ઉપીયોગી કેટલીક શેવા બજાવતાં જે દુખો તેમને સોસવાં પડઆં હતાં, તેની કદર બુજ-નારા કેટલાક દેશી ગરહસથો મલતા એ મરહુમના ખરા ખેરખાહ મીતરો તારીખ ૧૧ મી સપટેમબર ૧૮૭૧ ની તેરીખે આપરી ટાપુ ખાતે એક મકાંણ મધે ભેગા થયા હતા તાંહાં તેમની યાદગારી રાખવા માટે, નાણાની રકમો એખીતી થાએ તેના આધાર ઉપર સભાનું કાંમ મુલતવી રાખીને હીંદુ, યુરોપીઅનો, પારશીઓ તથા મહમદીઅનો મલી જણ ૩૦ ની એક કમેટી બંધ બેસાડી; અને તેના વહીવટ ચલાવવા માટે તેઓમાંથીજ મી૦ શોરાબજી શોપુ-રજી બંગાલીને માનવંતા મુનશી તરીકેનો હોદાવ ગોઢવીને ઉઠેઆ હતા. સાંભ-લેઆ પરમાણે તે વખતપર ફરતી થાએલી હુંઘરાંણાની ટીપમા સઘલા મલી રૂપીઆ તરણ હજારથી લગરીક વધારે ભરાઈ ચુકાછે; પણ વહીવટદારના અવકાશની રોકાણને લીધે, તે માહેલી કેટલીક રકમો જે વસુલ થવાની રહીચ, તે મલેઆપછે મંડલીના અનુમતે ઉપલી થાપણ કાએમ રોકાઈ રહીને તેની ઉપજનો ઉપીઓગ કોઈ સારાંજ કામથી આપણા મરહુમ મીતરની ઈઆદગા-રીને વેહલી દીપાવી દેશે; અને તે બાબેનો બંદોબસત આ નોધ બાહેર પડઆ આગમજ જાહેર થવાની વકી પણ રાખીએછે.

આ મરહુમની વીધવા તથા તેણીના છોકરાંઓને દરમાશે રૂ ૩૫૦ નો બેહોં મુસારો કાહીઆવાડના લીંમડી સઊંસથાંનની દરબાર તરફથી કેહચ કે, મુકરર કરી આપેઓ એટલુંજ નહીં પણ તે ઉપરાંત એજ દરબારે તે છોકરાંઓને કેલવણી લેતાં જે ખરચ થાએ તેબી આપવાની મનજુરી બાહાલ રાખી હતી; પણ જણાવવાને હમો દલગીર છઈએ કે મુંબઈની સરકારે તે વાત કબુલ નહીં રાખેઆથી તેમના આશેઆવંત બચાંઓ ઉપલા મુસારાના ફાએદાથી બે નશીબ રહેઆં.

જમાનાની શું કહીએ તાશીર ઈઆર–જમદુત જગેજગ હોયછે તઈઆર.
નહીં જોતો તે તાલેવન કે ફકીર–હોય કોઈ પાદશાહ અથવા અમીર.
પીછાંણતાં નહીં કોઈ જઈફ કે જવાન–સરવેનો એક સરખો વાલેછે ધાંન.
પેહલવાંનીમાં હોય જેવો સાંમેસવાર–ફીલશુફી મેલવે, યા રહી જાએ ગંવાર.
દેખાએ જે સખાવતથી સકરમી–પુનદાંનથી લેખાએ માહ ધરમી.
બખીલાતમાં કાહરૂનનાં જેવોખી થાએ–છતી પુંજીએ તે ભીખારી ગણાએ.
નોશીરવાનની પેરે જે ઈનસાફ કરે–અદલની ધજાને ખાંધપર ધરે.
દેઆંનત સાચી જે રાખનાર હોય–ઈઆ પાપી નજરથી કરતુકને જોએ.
ભલું માટે જગમાં જે કીરતી બતાવે–ભુંડાસથી લોકને જાથુક સતાવે.
નહીં રાખતા તેહવાઓ જમરાનું ભાંણ–બેશેછે ગાફેલી પાંમી અજાંણ.
તેને ખેંચી પકડીને લઈ જાયછે સાથ–સું મગદુર કે તેનો કોઈ છોડવશે હાથ.
તેહવો આ કવી નર દેખાતો નોહતો–અજલની દોરીને ભમતી જોતો.

ધી હાનરેબલ શેઠ નારાએણ વાશુદેવજીને
તાંહાંની વંશાવલી.



જનમ જારે લઈને તે આવ્યો જગમાં–કીરતીના કીરણ ધરી રગમાં.
તારથી જાણતોતો શું કાંમ આવવાનુંછે–તે પછે જીંદગીનું શું થાવાનુંછે.
વીચારી એવું મનમાં વીવેકી કાંમ–બજાવતાં દેખાડતોતો નહીં ધુમધાંમ.
સતવાદીને સદા સરણ રહેઓ–રૂડાં કાંમથી પરજામા ફાંએરા થયો.
કપટ જેમ તેપરખી જઈ રેલીઓ–હાવા નરનો જીવડાખી લઈ મેલીઓ.
ખીલતી જવાંણીનો આવીઓ તો બાહર–જમાનાના ઝહટકાએ કીધોછે ઠાર.
જો દસ વીસ વરસ હજી જીવતો રેહતે–તો પ્રજાપતીનું માંન અંતે મેલવતે.
પણ સરજત જીંદગીની એટલી હશે–કે ચાલીસની અંદર કરસન જશે.
માટે કુદરતની સાંમણે ચારો નથી–જણાવીછે મરણની ઉપર તથી.
તે સાથે મહીનો ને વરસ વાર–મેલી ગયો વીધવા ને છોકરાંઓ ચાર.
ખોદા તેમને જીવતાં રાખે સંભાલી–થાએ તેજ તેઓનો પીતા ને વાલી.

આ મરહુમ વીદવાંને આગલા વખતો ઉપર જાહેર વરતમાંન પતરોમાં સંસાર સંબંધી વીશાયો ઉપર કેટલાંક નામાકીત લખાંણો જે કીધાં હતાં, તે માહેલી નોંધી રાખવા જોગ ઉપીયોગી બાબદો નીવડીને, "નીબંધમાળા" નામના એક પુસતકની મારફતે જાહેર પાડવા માટે મરણની થોડાજ મહીના આગમજ તઈઆર કરી રાખેલી હતી, તે યુનીયન પરેસમાથી તેજ (ઈશાવી ૧૮૭૦ ના) શાલમા છપાઈને હવડેજ બાહેર ફેલાવો પાંમતી દેખાએઆ ઉપરથી તેમની કાબેલીએતની આ એક નવી કસોટી નમુના તરીકે આલમમા વખણાઈ રહીછે.

ધી હાનરેબલ શેઠ નારાયણ વાસુદેવજી.

પીકીતરોડની પડોસમા વાવેલાં કેલવણીના દુહજતાં જાહાડનું ગણાની દરખત, જે મજબુતાઇ પકડીને ઇનસાનોના મનખીલવતું ઉભેલુંછે; તે માહેલા એકાદા પીલાની અંદરથી વીદ્આના ખોરાક વટે પુખ્ત થાએલું આ રશીલું ફુલ, આપણી વસતીને પમરાત આપવા લાએક જે જણાઈ આવેછે, તેની તાશીર પીછાણવાનુ કામ તો જો કે પરજાની મુનસફી ઉપર કેવારનુ સોંફાઇ ચુકેલુંછે, તોપણ તેવા સદગુણી ઘરહસથના નામની ઇઆદી ખચીત કરી આ નોંધમાં દાખલ થાએઆથી તેઓની તપાસ માટે એક સારી શાહદત મલી શકશે.

આટલી સતરો ઉપરથી વાંચનારા સાહેબો શેહજમાં પામી લેશે કે, આ સાહશીક ગરહસથ તે કોઇજ નહીં પણ આપણે માટે ધારા બાંધનારી પવીતર સભામાં હવડેજ પેહલવેહલી નેમણુકથી ખીરાજેલા "ધી હાનરેબલ શેઠ નારાયણ વાસુદેવજી," જે ઓલખાઈ આવેઆચ, તેનાનો જનમ કોકણ કાંઠેના વીંગોરલાને લગતાં દાભુલ ગામમાં ગૌદ બરાહમીનની ગણાતના શેઠ વાસુદેવ સાજબાને તાંહાં સંવત ૧૮૯૧ ને મુકાબલે શાકે ૧૭૫૬ ના ફાગણ વદી ૧૩ ને

સુકરવારના સુભ ચોઘડીઆંમા મુબારક થાએલો જાણવામા આવેઓછે; અને તેટલા ઉપરથી આ કુટંબીઓ "દાબુલકર"ની અટકે તેઓની નાતમાં ઓલખાતા માલુમ પડેછે.

આ શેઠીઆના વડવાઓની અસલ જનમ ભુમી તો ઉપર જણાવેલી જગેઆનીજ કેહવાએછે; પણ તેમના બપાવા સાજબા વાસુદેવ ગોઆલીઅર ખાતે જઇને નોકરી કરતા હતા; તાંહાંથી થોડીક મુદતે પાછા વળી આવીને અસલીજ મકાણમા પોતીકાં પારીવાર સહીત વાસો કરી રહેઆ હતા.

વંશાવલીના જાહાડ ઉપરથી જણાઈ આવેચ કે, મરહુમ વાસુદેવ સાજબાને તાંહાં ચાર દીકરાઓની જે વરધી થાઇ તેમાં આપણાં આ માનવંતા મેમબર સરવેથી નાધલાછે. એવન જારે ચારેક વરસની બાલ વએના હતા તારે કેહચ કે, તેમના મા તથા બાપ ઘણીજ ગરીબી અવસથામાં સરવે છઇઆંઓને લઇને સંવત ૧૮૯૫ ને સાલ મુંબઇ ખાતે આવીને વતણી થાઈ પડેઆ; અને આ નાનકડા નારાએણરાવ છ વરસની ઊંમરે પોંચેઆ તારે કોઇ પંતુજીની નીસાલે તેમને બેસાડી દીધા; જાંહાં થોડીક મરાઠી બારાા પાઠ કરતાં જેમ વરશે મોટા થતા ગએઆ, તેમ સરકારી કેલવણી ખાતાંની મોટી સકુલમાં દાખલ થાઇને મનની ચંચલાઈથી વીદઆનો અભેઆસબી વધારવા લાગા. આ બીચારા નવેક વરસની વએના થએઆ તેટલાં તેમના બાવા મરણ પામેઆને લીધે, ચાર દીકરાઓ ઉપરાંત બે દીકરીઓની પરવરેશી કરવાનું કામ, જો કે તેનાની દુખીઆરી વીધવા માતાને ઘણુંજ ભારે પડઊં, તોપણ શાંતપણાથી મેહનતમશાગત ખેંચી તેઓને સંભાલથી ઉધારી મોટાં કીધાં, હાવા સંકત ભરેઆ સમાની અસર શેઠ નારાએણરાવના મન ઉપર ઘણીજ થવા લાગી, માટે બનતી કોશેશથી અંગરેજી એલમ વેહલો હાંશેલ કરીને સાંભલેઆ પરમાણે ૧૫ વરસની ઊંમરમાં તો પી॰ તથા ઓ॰ કુપનીની મેલ પોંહચાડનારી આગબોટ ખાતાની આફીસ મધે "પારસલ ડીપારટમેંટ" મા હલકે મુસારે ચાકરી મેલવી લીધી; તેનુ સાલ સંવત ૧૯૦૫ નુ ગણતાં જોઇએચ તો તે વાતને લગભગ પા સદી ભરાવા આવેલી માલુમ પડેછે; તેઆરથી તેજ મકાણમાં મન થોભાવીને રૂડી વરતણુક જેમ વાપરતા રહેઆ, તેમ પોતાની રોજીકોશાદ જોતાં માલેકો તથા આફીસખાતાના અદનાથી તે આલા સુધીનાં સરવે માણસો સંગાથે હેવાલો પરોટાઈ પડઆ કે, જેથી કરી જેબી કામ હોએ તે તેવણનાજ વીસવાસને આધારે સોંફાવા લાગુ; અને તે વગર અડચણે પરારબી થએઆ કીધું; જેમાં આગબોટનાં આખાં ખાતાંનો, તથા તે સંગાથે કામ પાડનારા વેપારીઓનો સરખી રીતે લાભ સઅવાએલો માલુમ પડેઓછે; અને તેથી કરી શું ઇઓરોપીઅનો કે દેશી વેપારીઓ, તથા શેઠ સાહુકારો વગેરેમાં સારૂં માન મેલવીને પરખેઆત થાઈ પડઆ; એટલુંજ નહી પણ પરમાણીકપણાથી મેલવેલી જાતી ચંચલાઈનું કઉઅત સાચવીને એજ બલવંત આફીસના બોહલા વહીવટ સંબંધીનું જેબી કામ નીકલે તેના એક ખાસ મકતેદારબી થાએલા હતા; અને તાંહાંપણ સરવે વાતની સાબાશી મેલવીને સાંભ-

લેઆ પરમાણે તેજ મકતાના રૂડા ધંધામા હજીતક નેકનામી મેલવતા રેહછે. માટે હાવીજ કોશેરાના બદલામાં એક ગરીબાઈના વરગમાથી નીકલીને તુક મુદતમા દરવીઅના ભંડાલની સાંથે મીલકતોની માલેકી ધરાવનારા પેહલેવાંગેના ગંભીરાઈ ભરેઆ પણ સવતંતર શેઠીઆમાં ગણાએઆછે.

સાહલેસાઇપણાની સઘલી વાતનું મુખ્ખ સંઘરહ કરી લેતાં, પરજા ઉપીયોગી કાંમોમાંબી જારે રૂડી કાલજી રાખતા એવણ દેખાએઆ, તારે આપણી માનવંતી સરકાર તરફથી આ શેઠીઆને સંવત ૧૯૨૨ ના શાલમા મુલેહનાં અમલદારોની સંફમાં બીરાજવા માટેનું માન ભરેલ કમીસન એનાએત થાએલ; જે અધીકાર આજની ઘડી સુધી પુર અપખ્ખસપાતીથી પોતાના સવાધીનમાં સાચવી રાખેએછે; જે વાતને સાત વરસ થયાં, તેના દરમીઆંન ઘણીવાર મલેલી સભામા પોતાનો રૂડો આવાજ પરજાના લાભ તરફ વગર ઘોંઘાતે કાહડતા જણાએઆ, એટલુંજ નહીં પણ શેહર સુધરાઇનિા ઘણાંક જરૂરીઆત જેવાં કાંમોમા માજી મીઉનીસીપાલ કમીસનરને સારી સલાહ આપતા હતા. પરજા પાસેથી મીઉનીસીપાલીટીને લગતા સઘલા કરોની વસુલાત છછ મહીના આગમજથી હુસરાવી લેવાની વાતો જારે જસતીશોની સભા હજુર આવી, તારે તે વખ્તેબી આ નામવર શેઠ નારાએણરાવે ખરી દીલશોજીથી પરજાની પખ્ખસમાં એવી બાથ લીધી હતી કે, હાવો જુલમાત ગરીબ લોકોના ઘણા મોહટા ભાગથી કવચીત ખમાઈ સકાશે નહીં; અને તે બાબેની ભાંજગડ જોસા જોશીથી ચાલેઆ પછે જોકે તેહવે સમે સઘલા દેશી અમલદારો તેમના મતને એકમલતા થયા, તોપણ કમીસનરની તરફેનમાં બે મત વધારે પડઆને લીધે આગમજથી કર લેવાનો કાએદો જે બાહાલ રહેઓ, તેથી આ સાહેબ હજીસુધી પોતાનાં જીગરથી અતીઅંત દલગીરી દેખાડતા માલુમ પડેછે.

એ પછે સંવત ૧૯૨૩ ના શાલથી આ વીદવાન ગરહસથને યુનીવરસીટીના ફેલોઝની એક હોરમત ભરેલી પદવી તે ખાતાના સરવે અધીકારીઓના એક વીચારથી જે મલેલીછે, તે એલકાબને એ સાહેબ સઘલી વાતે લાએક કેહવાએઆ છે.

હાવા અપખ્ખસપાત વીચારવાલા શેઠ નારાએણનું નેકનાંમ જારે આપણે માથે હવડાં હકુમત ચલાવનારા નામદાર ગવરનર સર ફીલીપ ઓડહાઉસની સરકારના જાંણવામાં આવેલ, તારે ધારા બાંધનારી સભાના દેશી અધીકારીઓ બદલાવાની છેલી મુદત પુરી થતાં રાજીનામું આપીને તેના સંબંધ મધેથી છુટા પડેલા બે અધીકારીઓ માહેલા એકની જગેઆ પુરવા માટે તે માનવંતા હાકમે મોટી ખુશીથી એવણને જે થેડવેઆ, તે પંરમાણે સંવત ૧૯૨૮ ના સરાવણ સુદી ૫ ને સુકરવારથી "ધી હાંનરેબલ" નો હોરમત ભરેઓ એલકાબ મેલવી તે પવીતર સભામાં બીરાજવા લાગા; અને પેહલીજ બેઠકમાં શેહર સુધરાઇની બાબદસર ઘડી કાહડેલા નવા કાએદાનું બીલ તરણ મરતબે વાંચવામાં આવેલ, તારે સઘલી વખ્તે તે માહેલી કેટલીક વાંધા ભરેલી કલમોની વીરૂધ પોતીકા બીજા ભાઈબંધ સભાસદોના વાજેબી અભીપરાએેાની સાથે પોતાના વી-

આશા મેલવીને માકુલ દાખલાઓથી પોતાનું હીર નામદાર સભાસદોને દેખાડી આપેલું; અને તેમનો વાજેબી આવાજ ઘણે દરજ્જે બાહલી રહેઓ; પણ સભાના કાએદા મુજબ વધુ મત પડ્યાથી, તેનાની કેટલીકવાતો જોકે રદ ગએલી જણાઈછે, તોપણ વાજબીપણાથી બીન ગરજે જાહેર હીમત વાપડીને જે શેવા આ પરમારથી શેઠીઆએ બજાવી, તે બાબે આ દેશ તથા તેને લગતા તાલુકાઓની સઘલી પરજા ઉપર તેણાનો તથા બીજા દેશી અધીકારીઓનો અગણીત ઉપકાર થયોછે તે કોઈથીબી કવચીત ભુલાશેજ નહીં.

સકરમીનું શવરૂપ હસતુંજ હોએ–દયાનું મુલખી તે વસતુંજ જોએ.
જીગરની સોચના જેમા હોએ રૂડી–ભલાં કાંમમાં તેથીજ પડાએ કુડી.
એવો નર મલીઓ આ નારાએણ શેઠ–પરજાએ રાખેઓછે તેપર ફેઠ*
પરીણામ તેનું પેહલીજવાર–દેખાએલું પુણામા કાંઉનશીલને બાર.
શેહરની સુધરાઈનો કારણસર–બેઠાતા કાએદાઓ બાંધવા ઉપર.
જુના બીલની અંદર ખાંમી જે જોઈ–ધારેલું એવું તેને નાંખવી ધોઈ.
તે માટે ઘડ્યો નવો કાએદો–જોએઓ નહીં તેમા જારે ફાએદો.
હતી તેટલી ખાંમી દેખાડી દીધી–સંભાલ પરજાના હકની લીધી.
નથી રાખી તેમાં કાંઈબી કસર–ભલી વાતની થોડીક થઈછે અસર.
એવી રીતપર હમેસાં રહીને ફીદા–તાલશે જો તેઓપર આવતી પીડા.
તો મલશે તેઓને પરજાથી માન–સહમજશે તેમાં સદા નીધાંન.
ચાહીએછે તમપર ઈસવરની મેહર–પાંમજો તે દાતારથી બખશેસની લેહર.

આ શેઠીઆની જીંદગીમા હજી ઘણાક સુભ કાંમો તેમને હાથે પસાર થવાની જે આશેઆ રાખીએછે, તે માહેલું પરજાની સગવડનું એક કાંમ હવડાં માલુમ પડેલુંછે, કે આપણી તરફ ફરતી ભાડુતી બગીવાલાઓ ઉપર પોલીસ કમીસનર મી૦ સાઉતર તરફથી એવું દબાણ થએલું હતું કે, સંવત ૧૯૨૯ ના માગસર માસથી છાપો વધારવો, અને બગી તથા ઘોડાઓ એકજ રંગના વાપરવાની ફરજ પારવી; જે બેહુ બખેરી વાતો હાવા બારીક હીંગામમા તેઓથી બીલકુલ બની સખે નહી એવી હોવાથી, તેઓ વચે અરસપરસ ઉઠેલી ભાંજગડ અંદર આ નામાકીત નારાએણશેઠે બીન ગરજે ભાગ લઈને ગરીબોના ભલાં ખાતર બેહુ તરફ એવી સમાધાની કરી આપી કે, જેથી કરી અસલી રેવાજ મુજબ અને આગલે વરશે ઠેડવાઈ ચુકેલા છાપા ઉપર તેઓ પોતાને ધંધે પાછા વલગતા રેહેઆ; માટે આ બીના બંધ કરતી પેલા તે માનવંતા મેમબરની આટલી વીશેસ યાદગારીને મોટી ખુશી સાથે નોધી લઈએછે.

---

* આ અંગરેજી શબદનો અરથ વીસવાસનો થાએછે. નો. લે.

વાંહાંણ વટીઓનું વરણન.

આ ટાપુ ખાતેના અસલી હીંદુઓ જેમ વેપારી તથા સરાફી ધંધામાં સારી વરતણુક વાપડી ગએઆચ, તેમ વાંહાંણ વટીઓના માનમાખી ધણા ભરપુર જણાએલા હતા; જેઓની વંશરાથી ઉતરેલા આજે સેંકડો સાહેબો જોવામા આવેચ પણ તેમાથી વાંહાંણ ધરાવનારો એકબી આસામી કોઇને મલી શકશે નહીં. તેનું કારણ કાંઈજ નહીં પણ અઇઆશીપણામા રહેઆને લીધે તેહવી વલાણ તેઓ પાશેથી રૂખસત લીવેલી વીચારવામાં આવેછે. કેટલાક સખશો, માહેલાં દેશાવરો સાથે સંબંધ રાખનારાઓ પાશે બટેલા તથા ફતેમારીઓ બેસુમાર ફરતી જે માલુમ પડેછે, તેની ગણતરી આપવાની કશી જરૂર નહીં જોતાં આગલા વાંહાંણવટીઓ જેઓ ચીન, બંગાલા, અને તેવનાએના મોટમોટાં સોદાગરી શેહરો સંગાથે સંબંધ રાખનારાઓ થઈ ગએઆચ તેઓની સરાસરી ટીપ જેટલી હાથ આવીચ તેને હીંઆં દાખલ કરીએછે.

વાંહાંણો.	ટન.	ધણીઓ.
કરાકેટ.	૨૮૩	
તુ ફરેંડસ..............	०	ભીમજી રાંમશેઠ.
હામસ ફાએર.	०	
ડાફફીણ.	०	પાંડુશેઠ શીવાજીશેઠ.
નરબદા.	૭૮૧	આશારાંમ વૈનક.
ઈઉનીઅન સનૌ.	०	સાસુ કરસતના શીનાઈ.
ત્રીવાની.	૨૫०	સંકર મકુનશેઠ.
કાનદીદેટ..............	૭००	શા० રાંમદાસ મનોરદાસ.
તરક (બરીગ.)	૧૩૭	
સાંનન (બરીગ.)	૯०	શા० મોતીચંદ રૂગનાથદાસ.
વીનાછ (બરીગ)........	૬०	ધાકજી દાદાજી.
રીઝોલીઉશાન...........	૬००	
કાનદી-દે-રીઓ પારડો......	૪૩०	
કારનવાલીશ............	૬૬૭	
હોરમજજી બમનજી*.......	०	
એડ માંણીશાતન.†.......	०	શા० મોતીચંદ અમીચંદ.
લેડીગરાંટ (સકુનર).......	०	
સઇએદખાન (સકુનર).....	०	
મોતીચંદ અમીચંદ........	०	
બોમબે (સકુનર.)	૯०	

* એના અસલ માલેકતો મરહુમ વાડીઆજી શેઠ હોરમજજી બમનજી હતા. પાછલથી વેચાએથી તારે તેના માલેક એવણ થયા.

† એ બારકશ શેઠ શોરાબજી કાવસજી પટેલનું બાધેલું હતું. પાછલથી વેચાએથી તારે આ શેઠે લીધું.

વાંહાંણો.	ટન.	ધણીઓ.
એશીઆ ફીલીકરા.	૩૨૪	શા૦ પરેમચંદ કરમચંદ.
કારનવાલીસ.	૪૨૩	શા૦ તુલશીદાસ માણેકજી.
હેલેન.	૫૭૬	
દાદીભાઈ.	૨૫૫	શા૦ નરશીદાસ પરશોતમદાસ.
એનદીવર (બરીગ)	૧૦૯	
એલીઝાબેઠ.	૨૫૫	
જાન બનારમેન.*	૭૫૪	શા૦ વીજલાલ હોરમજજીની કું૦
લવજી તીસ.	૨૫૭	શા૦ જવેરચંદ ખુશાલ.
કીંગજારજ ધી ફોર્થ	૭૫૪	શા૦ વમલચંદ તારાચંદ.
લારડ કેમ્બારાટલ (બરીગ)	૩૩૦	શા૦ કરસણદાસ માણેકચંદ.
સાહુલ આંમદ.	૦	પાંડુરંગ દલવી.
લારડ કેમ્બારાટલ રેમે.†	૭૮૫	નાગરદાસ હીરજી મોદી તથા હોરમજજી દોરાબજી.
હાંના.	૪૫૦	શા૦ અંમરચંદ ખીમચંદ દમણી.
બારકઆણા.	૦	
બનારસ.	૦	
જમશેદજી જીજીભાઈ	૦	શા૦ રાંમદાસ હીરાચંદ.
બસરોવી.	૦	
પ્રીંનસ આવ વેલસ.	૦	શા૦ દએઆરાંમ ચીનીવાલા.
મએઆરાંમ દએઆરાંમ.	૦	
ચારલસ માલકમ.‡	૮૦૦	ડા૦ રણમલ લખા.
જુલીઆ	૪૦૦	ભાવનગરના રાજા.
અગણેશ	૦	શા૦ મનજી રવજી.
પ્રીંનસ આલબરત.	૫૦૦	શા૦ રણછોડદાસ મનજી.

ઉપર જણાવેલા વાંહાંણ વઠીઓમા હજી બીજા પુરાંણા શેઠીઆઓ પુરાકલ જોઇએ, પણ તેની ચોકસ ટીપ હમારા હાથમાં આવી નહી, તેથી તેને પડતી મેલીછે. આ ઇઆદી પોણોસેથી લગરીક વધારે વરસની જે જણાએછે, તેમાં કેટલાંક બારકસો તો સંવત ૧૮૪૬ થી છેક ૧૮૮૧ સુધી ૩૫ વરસના અરસામા બંધાએલાં માલુમ પડેઆંછે; અને તે પછે આ ગણાતવાલાઓએ બીજાં નવાં બંધાવેલાં હોએ, એમ નહી માણતાં આ ટીપ માહેલું એકુ બારકસબી

* હોરમજજી તે શેઠ નવરોજજી કાવસજી નાલીએરવાલાના વડા દીકરા હતા; તેવણ જારે મરણ પામેઆ તારે આ બેહનું પંઠીઆલું બંધ કરીને શેઠ નવરોજજીએ બંદી લીધું હતું.

† પાછલથી તેના ખુદ માલેક હોરમજજી દોરાબજી કેહવાએઆ હતા.

‡ એનો અસલ બંધાવનાર શેઠ હોરમજજી ધનજી પટેલ તથા મનચેરજી જમશેદજી વાડીઆ હતા, પણ તે શાહેબો જમાનાની ગીરદેશીમાં આવેઆથી જારે સંવત ૧૮૯૩ માં વેચાએણી તારે આ લોહાણા શેઠે લીધું હતું. નો. લે.

આજે હઈઆતી ભોગવીને હસતી પામતું હમો દેખાડતા નથી; તેનો સબબ એટલોજ જાણવો કે, જેમ જેના આવરદા ભરાઈ ગએઆ, તેમ તેઓ કુદરતી કજાથી તોફાનમાં એક બીજાની પુઠે ભાગી તુટી, અથવા ડુબીને ઇઆ આગને ભોગે ચહડીને પરાગંડ થાઈ ચુકા પછેથી, હમારા હીંદુ શેઠીઆઓને (પોતીકા વડવાઓની પેઠે) વાહાણવટીઓ થવામા બીલકુલ કાહેલી પકડી બેઠેલા જોઈ ખરેખરી દલગીરી ઉપજાવીએચ.

વેલાત તથા ચીન ખાતે જઈ આવેલા હીંદુઓની યાદી.

દુનીઆંમાં સઉથી આ મોટા ટોલાના કેટલાક વેહમી વીચારવાલા સખશો, દેશાંતર જવાની હવડાં ઘણીજ છીટ રાખેચ; અને કોઈ તેવો હીંમતી સજન શુભ ટકને હાથ લઈ સફરની શેલચાહ જારે એખતેઆર કરેચ, તારે તેને નેઆત બાહેર કાહડી તેના સઘલાં સુખને જીંદગીથી ઉખેડી નાખવાના નીચ ઉપાએ શોધવામા મોટી બાહદુરી સહમજેછે; તેઓએ રાસતીની રાહે જાંણવું જોઈએચ કે, આ ટાપુ જારે એક ઉજડ જંજીરો હતો, તારે તમો માહેલા કેટલાકોનાં વડવાઓ છેક દુર દરાજ દેશાવેરથી આવેઆ, તે અલબતાં ખુસકી સાથે દરીઆ સાગરબી ઓલાંગીનેજ હશે. માટે તે વખતે તેઓને કશો વીતાલ નહીં નડઓ, તારે હવે હવડના સુધારકો વેલાત તથા ચીન જઈ આવેઆ તેમા સાંનો વીતાલ થઈ પડઓ? જોવો પેઆરા હીંદુ માહજણો, તમો માહેલા કેટલાકો મુંબઇથી એક છેડ જેમ શીંધ, પંજાબ અને પેસાવરની ઉપરવેર તેમજ બીજે છેડ કલકતા, જંગબાર અને અરબસતાંનના ઘણાજ ભાગોમાં, કે જાંહાં એક શીવાએ સરવે ઠેકાંણે કોઇબી રીતે ધરમનીમ જલવાઇ શકાતો નહીં; તેવી જગોએ જઇ આવેલા, અને જનારાઓ ખરેખરા વીતાલ બનવા જોઇએ; તેને તથા તે ઉપરાંત કેટલીક વરણના હીંદુઓ મુંબઇમાંજ રહીને ધરમ વીરૂધ જાએચ, અને તમારી નજર હજુર બાધા પોધામો અભેખર ચલાવી બીગાડો કરતા ફરેચ, તેઓને તમો કાંઈજ પુછી શકતા નથી; તારે ચીન અને વેલાત જવામા સઘલી વાતે ધરમનો રૂડો સંભાલ લઈ શકાએછે, તાંહાં જઈ આવનારાઓ ઉપર ફોકતનો શેતંમ ગુજારેચ; એ ખચીત કરી વાજેબીથી ઉલતી, અને ગેરઈનસાફી વાતો માલુમ પડી આવેછે. હમારી પાશે જે નોધછે તે ઉપરથી એવુંજ પરશીધ થાએચ કે વેલાત ખાતે આગલી સદીઓ ઉપર એકાતબે જઠા હીંદુઓનો જે જઈ આવેઓ હતો, તેઓ કોઈબી રીતે વીતાલ થઇને નેઆતબાહેર કવચીત રહેઆ નોહતા; માટે તેઓની થોડીક ઈઆદી વાંચીને હવે આગલા તમારા વેહમી વીચારો બીલકુલ છોડી દેઓ; અને સુધારકનું શેઆંનપણ એખતેઆર કરી, દેશાંતર ખાતે જઇ આવેલાઓ સંગાથે નેઆતમાં ભેલાઇને કીરતીવાન થાઓ; અને બીજાઓ જે જવા ચાહે તેઓને બનતી કોશેસથી ઉતેજણ આપો, કે તેથી તમારા દેશાની આબાદીમા વધારો થાએ, અને તમારી શણ-

આત જણેઆંની કેહવાએ, એજ હમારી આધીન અરજ સાથે દેસાંતર જઈ આવેલા તમારા હીંદુ ગરહસથોની ટીપ હેઠલ જાહેર કરીએછે.

વેલાત બાલે હીંદુઓની મુસાફરી સઉથી ઘણીજ પુરાંણી કેહવાએછે, કેમકે ઈસવી સને ૧૬૮૧ માં બાંનતાંમના રાજા તરફનું એક એલચીખાતું મુંબઈ થઇને પેહલવેહલું જે ગએણ હતું તે પોતાનું રાજદુઆરી કાંમ સમપુરણ કરી આવેઆ પછે

૧૭૮૧ માં રગુનાથરાવે પોતાના રાજ વહીવત સંબંધી દાદ મેલવવા માટે પોતીકા મુખતેઆર કારભારી હનમંતરાવને કેટલાંક માણસો સાથે મોકલાવેઓ હતો.

૧૮૩૦ માં બંગાલી બાબુ નામે માહપંદીત રાજા રાંમમોહનરાએ કલકતેથી પાધરો શીધારેઓ હતો અને તાંહાંજ તારીખ ૨૬ મી સપટેમબર ૧૮૩૩ ઈશવીએ તે મરણ પાંમેલો માલુમ પડઓ.

૧૮૩૨ માં તા૦ ૧૫ મી જાનેવારીએ નડીઆડ ગાંમનો દેસાઈ સાંમલદાસ ડાસાભાઇ પોતાનો હક મેલવવા માટે મુંબઇથી ફરેંચ વાવતાનાં વાંહાંણમા ચહડીને ગયો હતો, જાંહાંથી ફલદરૂપ થઇને તા૦ ૨૮ મી જુન ૧૮૩૪ મા ખુશી સાથે પાછો ફરી આવેઆ પછે તેનો લાભ ભોગવવા માટે પોતાને સવદેસ શીધારેઓ હતો.

૧૮૪૨ માં તા૦ ૧૦ મી જાનેવારીએ કલકતાવાલો દરવીઅવાન બાબુ દુઆરકાંનાથ તાગોર ગએઓ હતો.

૧૮૪૫ માં એજ બાબુ બીજી બેપે શીધારેઓ હતો, જે પછે તા૦ ૧ લી આગસટ ૧૮૪૬ માં તાંહાંજ મરણ પામેઓ.

૧૮૫૪ માં તા૦ ૧૪ મી અકટોબરે "હીંદુ હારબીનજર"નો અધીપતી મી૦ શીવરાંકર બાપુજી પોતાના હોનરમા વીશેસ વધારો કરવાનું ગણાન મેલવવા માટે મેલ બોટમાં ચહડી ગએઓ હતો.

૧૮૬૦ માં તારીખ ૨૭ મી મારચે કેલવણી ખાતાંનો ડીપીઉટી ઈનિસપેકટર (નાગર બરાંહમીનની ગનાત માહેલો) મી૦ મહીપતરાંમ રૂપરાંમ તાંહાંની કેલવણી ખાતાંની રીતી જોવા માટે પોતાની સાથે એક બરાંહમીન રસોયાને લઈ ગયો હતો; તે એકાત વરસ રહીને તા૦ ૧૩ મી એપરેલ ૧૮૬૧ ને રોજે પાછો વલી આવેઓ તારથી તેમના નેઆટીલાઓએ અનેક તરેહની વીતમના તેવણ ઉપર ગુજારવામા કાંઇજ બાકી રાખી નોહતી.

૧૮૬૩ મા તા૦ ૧૫ મી ફેબરવારી આપણી માંડવી ખાતાનો છોડો આશીસટેંટ કમીસનર રાવ બાહાદુર રામ ચંદર બાલકરીસતના સરકાર પાશેથી રજા મેલવીને શીધારેઓ હતો.

૧૮૬૩ માં તા૦ ૧૩ મી મારચે મી૦ કરસનદાસ મુલજી ઉપલા ગરહસથની સાથે વેપાર ખાતાનું પંઠીઆલું જોડી ગયા હતા, પણ તબીએત બીગડવાના સબબે ડાકતરોની સલાહ મલેઆ મુજબ સાતેક મહીનામા પાછા ફરીને તા૦ ૧૧ મી અકટોબર ૧૮૬૩ ને દીને મુંબઈ આવી પોંહતા.

૧૮૬૬ માં તા૦ ૧૪ મી એપરેલે ડા૦ ભારમલ પરબતને હસાથે પેહડી કાહડવાના હેતુથી, દસાશીરમાલી વાણીઆ નામે શા૦ પરાગજી ભીમજી ગયા હતા.

૧૮૬૭ મા તા૦ ૩ જી એપરેલે મી૦ કરસનદાશ મુલજી બીજી એપે ગએઆ હતા; અને તેજ ટાંકણે ઠકર મુલજી થાકરશી, શા૦ છબીલદાસ લલુભાઈ, પરમાણુંનદાસ ભંનશાલી, ઉપરાંત એક પંજાબી હીંદુ નામે ધરબારીંગ ભવાંનીશીંગ મલી જણ ૪ પેહલવેહલા ગયા હતા.

૧૮૬૯ માં તા૦ ૨૩ મી જુને ડા૦ મુલજી થાકરશી બીજી સફરે પોતાની સાથે હેઠલ જણાવેલા સખશોને લઈને શીધારેઆ હતા.

૧. ડા૦ રાંમદાસ ભાંણજી.
૨. ડા૦ સુંદરદાસ હીરજી.
૩. ડા૦ મથુરાંદાસ ખેતશી.
૪. જોશી તુલશીદાસ જાદવજી પોકરનો બરાંહમીન.
૫. ભગવાનદાસ આતમારાંમ પોરબંદરી બાવાની પંથવાલો.

એ માહેલો પેહલો સખસ કેલવણી પાંમેલો એક પરએઆત પુરૂસ કેહવાતો હતો, અને બાકીનાઓ સઘલા નોકર તરીકે ગએઆ હતા.

સુરતવાશી શા૦ ગીરધરલાલ રતનલાલ દફતરી; ખબર નથી કે કહે શાલ શીધારેઆ હતા, પણ તાંહાંથી તેવણ સનદી ડાકટરનો માન ભરેઓ ઓહધો મેલવી આવીને તા૦ ૧૧ મી નવેમબર ૧૮૭૨ ને રોજે પાછા સુરત ખાતે સહી સલાંમત પોંચેઆથી આ વધાંમણી જે માલુમ પડીચ તેની નોંધ મોટી ખુશી સાથે લઈએછે.

એજ પરમાણે મી૦ શ્રીપત બાબાજી ઠાકોર, શીવીલ સરવીસમાં પસાર થવા માટે ગયા વીશેની રવાંનગીનો ચોકસ દીવસની યાદ નથી; મગર પોતાની મુરાદમા ફલદરૂપ થઈને તા૦ ૨૪ મી ડીસેમબર ૧૮૭૨ ને રોજે આવેલી મેલબોટ સાથે અતરે સહી સલાંમત પોંતાથી માલુમ પડેઆછે.

૧૮૭૧ મા તા૦ મેએ એક બીનધારેલી મુસાફરી સંબંધી બનેલો બનાવ જે જાહેર થયોચ, તેને તેની અસલી હાલતમાજ અતરે નોધી રાખીએછે કે, કલકતાના મછીમારો જણ ૯ એક ભરમા બેશીને માછલાં પકડવા માટે બે આવ બેંગાલ તરફ ગયા હતા; જેની આગમજ કેહછે કે કેટલાક દીવસસુધી હુગલી નદીની બાહેર ભટકેઆ પછે નેકહાલીનામની જગા જારે તેઓએ સહી કીધી તારે, તેની નજદીકીમા આવેલા મંદલઘાત આગલ લાંગડ નાખીને પડી રહેઆ; થાક અહડેઆને લીધે તેઓ સઘલાજના ઘણાજ બેભાંન હુંઘાઇ ગએઆ તેહવાંમા એક જબરૂં તોફાન અહડી આવીને ઉપરથી વરસાદબી એવાતો જોરમા વરશેઓ કે, તે વખતે પેલી ભરનો સંભાલ કરનારો કોઇબી માછી જાગરત ન હોઆને લીધે, સરવે શુતેલાં પરાંણી સહીત તે હોરકું મોટે દરીએ જારે ઘસડાઇ ચાલેગી, તારે તેના ભારે જોહોકાથી તેઓ જાગરૂત થાઇને જોએચ તો કાંહાં આવી લાગા, અને કહી દશાતરફ ભર હંકારેઆથી જમીન લાગશે, તેટલું વઠીક તેઓને કાંઈજ માલુમ પડેગી નોહતું.

આવી ભયંકાર હાલતમાં સાત દીવસ સુધી ભર દરીઆવમાં ભટકેઆ પછે, તેઓ દરએકના ઘણા સારાં ભાગ્એગે "સતાર આવ ઇંડીન" નામનુ એક વાંહાણ, જે લંડન ખાતે જતું હતું, તેમાહેલાં માંણશોની નજર આ માંઠી હાલતમાં ફશી પડેલી ભર ઉપર પડી; અને તેના કપતાંને નજદીક જઈ તેમાંથી સઘલાઓને પોતાનાં બારકસ પર સહી સલાંમત લઈ લીધા; પણ તેનો મજરોતો વેલાત તરફ હતો, તેથી આ અંચીતી સફરને સરન થાએલા પરોહણાઓની સારી બરદાસત લીધા શીવાએ કપતાન પાશે બીજો કોઈબી ઉપાએ રહેઓ નહી; અને ઘણી માહવજતથી તેઓને સંભાલી રાખેઆ છતાં, અંતે એક પરાંણી થાકથી બીમાર થાઈ પડેલો જે મરણ પાંમેઓ, તેને જલવારા કીધા પછે બાકી બંચેલા ૮ સખશોને થેઠ લંડન ખાતે સહી સલાંમત પોંહચાડી દીધા હતા; જાંહાં ગફલતીની સજામા લાંમબી સફરથી થોડાક દીવસ વીસાંમો પાંમેઆ પછે એજ બાર-કસ પાછું કલકતા ખાતે મંડાએઊં તેમાં તાંહાંણી સરકારનાં ખરચથી તે-ઓને ચહડાવી મોકલા મુજબ મુફતની મોજ મારીને તે રંગીલા મછીમારો તા૰ ૧૬ મી જાનેવારી ૧૮૭૨ ને રોજે પોતાને અસલ વતન ખુશી સાથે પાછા આવી પોંહતા હતા.

૧૮૭૨ માં તા૰ ૨૫ મી મારચ અંમદાવાદ ખાતેની ટરેનીંગ કાલેજના લા પરોફેસર મી૰ વાસુદેવ જગનનાથ, તથા મુંબઈના પલીડર મી૰ આત-મારાંમ જગનનાથ, કોઈ દેશી રાજા તરફનો મુકદમો ચલાવવા માટે શીધારેઆ હતા; તે માહેલો છેલો ગરહસથ જાંણેઆ મેજે તા૰ ૨૯ મી ડીજેમબર ૧૮૭૨ ઇસિવીએ મેલબોટ સાથે પાછો ફરી આવેઓ હતો.

આ નોંધમાં દાખલ થાએઆ ઉપરાંત તાંહાં ગએલા બીજા હીંદુ ગરહ-સથોના નાંમો નહી લખાએલાં માલુમ પડતો તેનો સબબ ઇઆદદાસતની ગેર હાજરી શીવાએ બીજો કશો સહમજવો જોઈએ નહીં; કેમકે બનીચ તેટલી શોધ કરતાં જે સાહેબોના નાંમો હાથ આવેઆં, તેટલાં અજવાલે આંણેઆંછે; પણ તેમ કરતાંબી ઉપલાં કારણથી કોઈ સદગુની સજનો રહી ગએઆ હોએતો તે બાબેની દરગુજર ચાહીએછે.

જેમ વેલાત ખાતે જઈ આવેલા ગરહસથો વીશે આપણ ખુશીથી સાંભલી તથા જાંણી ચુકા છઈએ, તેમ અતાર તુલીક કોઈ એવો નર દરસટી પડઓજ નહીં કે પોતાની પેઆરી, અને દીલપસંદ મોહરદારને પોતાની સાથે લઇ ગયો હોએ. આવો એક ખુસબખતી ભરેઓ બનાવ બચીત કરી મુંબઇએતો પાછાત પાડેઓ, પણ કલકતાવાલા એક ભાગ્એગસાલી બાબુ નામે સાશીકપરસાદ બાંનરજીએ, આલંમની હજુર તેવો રૂડો દાખલો દેખાડી દીધો અને પોતાની ધણીઆંની સાથે સને ૧૮૭૧ ના સાલમા મેલ સટીમર "આ-લગા" મધે ચહડીને ઈંગલાંડની ભેટ લેવા માટે કલકતેથી પેહલવેહલા શીધારેઆ છે; જેઓની શુખાકારી ભરેલી સઘલી રીતની મોજ મજાહ ચાખવા વીશેની મુબારકબાદી આ હમારી નોધની મારફતે ચાહતી વેલા ઇછીએચ કે તેનો

શુભ દાખલો પકડી હમારા દેશી હીંદુ ભાઇઓ પોતીકાં એખલાસ ભરેઆં જોડાંઓને લઈને ઈંગલાંડની રચના જોવા માટે જરૂર જાએ. દરીઆવની સફરમાં હીંદુઓને જે બાબેની છીટ અથવા અડચણ નડતી હોએ, તે ધેઆં-નમા લઈને ઉપલી આગબોટનાં કપતાંને એ જોડાંને સઘલી વાતની સગવડ કરી આપવાનાં સારા ઇલાજો વાપરેઆ તે બાબેની તેણે પણ અગણીત સાબાશી એખતેઆર કરી લીધી હતી.

ઉપલી હકીગતમા જણાવેલા સખશોએ જે જે કારણસર વેલાત ખાતાંની સફરો એખતેઆર કીધી, તેતો યોગીય માલુમ પડીછે; પણ આ એક કાંહાંણી ભરેઆ કીસાએ સતાવાલાઓના નભરવસપણાથી જે જનમ આપેઓ, તેનું વરણન નોધી લેતાં બે વાતો અજવાલે આવી શકેછે; તેમા એકતો એકે, જે-ઓએ કેદખાણેના કંટાલામાથી બેધડક છુટકો પાંમવા જતાં થોડાકવાર મોહો-તની મુશીબતમાં ફશી પડેઆ તેનો અહેવાલ; અને બીજું તો જાંહાંના કબ-જાંનમા તેઓ હતા, તાંહાંનો બંદોબસત બારોબર નહીંજ હશે, તેથી તેઓએ લીધેલા લાભનું ઉતેજન બીજાઓનેબી મલવાના સાંધણો થઈ પડેઆંચ; માટે હાવા સખત ઠપકામાંથી તાંહાંની સરકાર કદાપી મોકલી રેહવા ચાહતી હોએતો, આટલાજ ધડાથી હવે હુશીઆર રહીને તરીપાર થઈ આવેલા કોઇબી કેદીને કશી વાતની છુટ લેવા સાંમણે ચોકાશીપણાનો જાબતો રાખવો જોઇએ, નહીંતર અગાઉ બનેઆંચ તે કરતાંબી કોઈ વીશેસ માઠાં પરીણામો નીપજવાની ધાસતી રેહશે. આ તરીપાર થએલાઓની સફરનો સારાંશ એવો જણાયોછે કે, લેણાસીંગ તથા તીલક નામના શીખ બંધવાઓ, જેઓને આણદમાન માહેલા પોરટ બલેર ખાતે જનમ દેશનીકાલ કાહડેલા હતા, તેઓ તાંહાંના કેદખાનામાં ઘોંઘાઈ રહીને બરબાદ હાલતમાં જીંદગી ગુજારતાં કંટાલી ગયા ઉપરથી, કેહચ કે, તા૦ ૨૨ મી નવેમબર ૧૮૭૧ ની રાતરે, "લેડી જાસલીન" નામના વાંહાં-ણનો એકાત મછવો ન ધણીઆતા જેવો થઈને કીનારે પડેલો હતો, તે કીલી-આંણ અંધારાંમાં ગુપચુપ ચોરી લઇને, તેની અંદર તરણ દાહડાનો ખોરાક ભરી તાંહાંથી લાગલા તેઓ હંકારી ચાલેઆ; અને પાંણીની છોલથી ધસડાતાં છેક બસો માઈલ સુધી ટાપુની બાહેર દુર નીકલી ગયા. સાથે લીધેલો ખોરાક સઘલો ખવાઈને પુરો થયા પછે, બીજા તરણ દાહડાવેર ભુખ તથા પેઆસથી મરતી હાલતમાં પેલા મછવા અંદર પડી રહેઆ; તેટલાં નારવેજી-અન વાવટાનું એક વાંહાંણ નામે "ગેજેલ" તાંહાં આવી લાગુ; જેને કોઈ ભાગેલાં બારકસમાથી બીસમાર થએલા ખલાશી સહમજી, તેઓને તતકાલ ઊંચલી લીધા. પણ તે વખતપર આ લોકો એવાતો બેસુધ હતા કે, તેઓને પાછી અસલી હાલતમાં લાવતાં વાંહાંણવાલાઓને ઘણી મેહનત લેવી પડી હતી; સારી માહવજતથી તેઓ જારે હુશીઆરીમાં આવેઆ તારે હાવી હાલત નીપ-જવા સંબંધી વાંહાંણના કપતાંને કેટલાક સવાલો તેઓને પુછેઆ; પણ તેના જવાબમાં એટલુંજ બોલેઆ કે, "મુજે માલુમ નાંહીં;" એ ઉપરથી એવું સ-હમજાએઊં કે, આ હીંદુસતાંની લોક મુંબઈ, બંગાલે અથવા મધરાજ જતાં

કોઈ નુકસાંન પાંમેલાં બારકસના ખલાશીઓછે; જેઓને ઠેકાંણે પોંહચાડવા માટે કપતાંને ઘણીખી આતુરતા રાખી, પણ તે તરફ પોંતા શિવાએ બીજું કોઈ વાંહાંણ નહીં મલી આવિઆને લીધે, લાચારે કેપને મારગથી એનતવરપ બાતે તેઓને લઇ જઇને તાંહાંના અંગરેજી કોનસલના સવાધીનમાં સોંફી આપેઆ. જે અમલદારેખી પુછપરછ કરેઆ છતાં, બેઉ બંધવાઓએ પોતાની ખરી હકીગત છુપાવી રાખી; પણ સોંફી આપનારા કપતાંનથી એટલીજ ખબર તેને મલી હતી કે, આનદેમાનના દરીઆવ આગલથી બીસમાર હાલતમા તેઓ મળેઆ; આ બેહુ પરદેશીઓને આંનતવરપ બાતેથી લંડન મોકલતી વખતે તાંહાંના અંગરેજી કોનસલે સાંભળેલો સમાચાર સતાવાલાઓને જે લખી વાળેઓ હતો, તે ઉપરથી હીંદુસતાંન બાતે જારે ટેલીગરાફની મારફતે પુછપરેછ કીધી, તારે આ બેહુ સખશો પોરટ બલેરમોથી નાહાશી ગએલા માલુમ પડેઆ; જેઓને કબજાનમા રાખીને વાંહાંણ "મોફીશીલાઇટ" જે મુંબઈ હંકરાતું હતું તેમા ચહડાવી કપતાન રેઓને સોંફી આપેઆ. તરણ મહીનાની શેહલી સફરથી તનદરોસતી પાંમતા પોતાની કંટાળેલી જીંદગી પાછી તેહવીજ હાલતમાં ગુજારવા થકી તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૭૩ ને રોજે ઉપલાં બારકસ સાથે આ બંધવાઓ હીંઆં આવી પોંતા પછે, ઈંગલાંડ તથા હાલંડ દેશની ઘણીજ તારીફ કરતા તેઓ માલુમ પડેઆ હતા; પણ સવતંતર રેહવા થકી સોધેલી સોઅનામાં નીરાફલ પામેઆથીજ માતરે દલગીર દેખાએઆ હતા; કારણ કે તેમના અસલી કેદખાનાની જગોપર સરકારે તેઓને હીંઆંથી પાછા મોકલી આપેઆછે; માટે હવે પછે જો કદાપી એજ અથવા બીજા કોઈખી બંધવાઓ આંખ વીચાંમની કરી નાહશી જશે તો કેદખાનાનો સરકારી બંદોબસત સરમ ભરેલો કેહવાશે તેમાં શક સહમજવો નહીં.

ચીન બાતેની સફરમાં જો કે થોડાજ હીંદુઓ જઈ આવિઆચ, તોપણ તેઓ ઉપર નેઆતે જફા પાડેઆમા કાંઇજ હાથું પાછું જોએઊ નોહતું; તે છતાંખી નીચલી સંખીઆ સારી દેખાએછે.

૧૮૧૦ મા તા૦ ૧૨ જુને સરવેથી પેહલવેહલા સરાવક ગણેઆતનાં રા૦ તારાચંદ મોતીચંદ વેપારને અરથે હીંદુ રશોઇઆ તથા ખીદમતગારોને લઈ શીધારઓ હતો.

૧૮૧૪ મા તા૦ ૧૭ મી જુલાઈ એજ ગરહસથ બીજી બેપ કરવાસારૂં પોતાની સાથે મી૦ જાંગીરજી ખરશેદજી લીકીમનાને ગુમાસતા તરીકે લઇને ગયો હતો; જાંહાં આડેક વરસવેર રહેઆ છે તા૦ ૨૧ મી ડીસેમબર ૧૮૨૨ માં ઊપલા પારશી ગુમાસતાને રાખી ચીનને છેલી સલાંમ કરી આવિઓ હતો. ચીના લોકોખી જૈન ધરમ પાલનારા હોએઆને લીધે, આ ગરહસથે પોતાના નાંમની ઇઆદગારીમાં કનતાંન બાતે ચીનાઓએ બંધાવેલું હોનામનું જે મોહટું પુરાતમ દેહરુંછે, તેમાં પારસનાથની એક શોભાઇતી પીતલની મુહરતી મેલાવેલી હજીતક સલાંમત જોવામાં આવેછે.

૧૮૩૩ મા તા૦ ૩૧ મી જુલાઇએ મારવાડી મગણીરાંમ ચાંદનમલની અતરેવાલી પેહડીએ મારવાડી ફોજમલ તથા ઉનરાજને વાંહાંન "હોરમજજી બંમનજી" મધે ચહડાવી મોકલા હતા; જાંહાં સાતેક મહીનાં તેઓ રહીને વલતી મોસમના નીકલેલા વાંહાંણુ "અરલ આવકલેર" સાથે તા૦ ૧૧ મી એપરેલ ૧૮૩૪ ને રોજ અતરે પાછા આવેઆ હતા.

૧૮૩૪ મા શા૦ હરજીવનદાસ અમથા શાહ ખંભાતી વાંણીઓ ગએઓ હતો તે ૧૮૩૮ સુધી રહીને પાછો આવેઓ.

૧૮૪૦ મા તા૦ ૨૮ મી જાનેવારીએ મારવાડી ગણેસદાસ કીસનાજીની પેહડી તરફથી મારવાડી સકતમલ નથમલ શુરાંણા, પોતાની ગંણાતના રશોરા, હજાંમ, તથા તેવનાએના કાંમદાર માંણશો ઉપરાંત મી૦ શોરાબજી પેસતનજી નામના એક પારશી ગરહસથને સાથે લઇ કલીપર "અરદેસર"મા પેહલવેહલા ચડી ગએઆ હતા; જાંહાં તરણ વરસ સુધી રહેઆ પછે ૧૮૪૩ મા પાછા વલી આવેઆ, અને બીજી બેપે ૧૮૪૮ મા રવાંણે થએલા ૧૮૫૨ સુધી રહીને સઘલો વહીવટ ઊંચલી આવેઆ; કારણકે તે વખતપર રોજગારમાં નુકસાંની દેખાઇ તેથી ફરીને એ મજકુર પેહડીએ પોતીકા જાતવાલાને તાંહાં મોકલેઆજ નહીં.

૧૮૪૦ મા મારવાડી મગણીરાંમ ચાંદનમલે બીજીવાર પોતાના નાતીલા ગુમાસતા નામે ગોમાજીને મોકલાવેઓ હતો; અને તેની બદલીએ તારપછે ૧૮૪૨ માં મારવાડી બાલમચંદ મુણીમ, તથા લુનકરણ કીલીદાર તરીકે ગયા હતા; જેઓ તરણ વરસ તુલીક તાંહાં રહેઆ પછે, વેપારમાં કાંઇજ ફાએદો નહી દેખાએઆને લીધે ધણીના હોકમથી પેહડી ઊંચલીને ૧૮૪૫ માં તાંહાંથી વાંહાંણુ "કેઆસટલ હંટલી"માં ચહડી મુંબઇ આવતા હતા; તે બારકસ, મારગમાં પારાસેલ નામના ખરાબા સાથે અથડીને તદન ભાગું, તેથી બીચારાઓ ઘણીજ હેરાંણગતી ભોગવતા નાંધલી બોટની મારફતે કોચી ચીનની રાહ ધલતા સીંગાપોરને કીનારે લાગીને તાંહાંથી મેલબોટ "લેડીમેરીઉડ" સાથે અતરે સલાંમત આવી પોંહતા હતા.

૧૮૪૮ માં મારવાડી આણુંતરાંમ શીવપરસાદની તરફથી શેઠ લખમીચંદ નાંમનો મારવાડી ગયો હતો અને તે પેહડીનો વહીવટ આનંતરાંમ સાગરમલને નાંમે જુદા જુદા મુનીમો હસતકથી ચાલેઆ પછે ૧૮૬૧ ની આખરીએ વેહવાર બંધ પડેઆથી તેના વહીવટદારો પેહડી ઊંચલીને પાધરા કલકતા તરફ ઉતરી પડેઆ હતા.

૧૮૫૪ મા શેઠ કેસવજી નાએકનાં સંબંધમાં મી૦ કેસવજી શીવજીની કુંપનીને નાંમની એક પેહડી જે પેહલવેહલી ગઇ હતી તેનો વહીવટ અસલી ભાગીદારોનાં વીચારથી બંધ પાડીને ૧૮૬૦ માં બે પેહડી જુદે જુદે નામથી સથાપાઈ તેમાં શા૦ ઘેલાભાઈ શીવજીની કુંપની જે નીકલી, તેના માલેકો ૧૮૬૬ માં ખુટી પડેઆથી ઊંચકાઈ ગઇ; અને મી૦ નરશી કેસવજીની કુંપની જે ચાલુ થઈ, તેનો વહીવટ માલેકની સારી જુરરા-

તને લીધે હજી ટક નીભી રહેલ્યોછે. પણ એ બેહુ પેહડીઓ મધે અ-
સલથીજ બોજા લોકો શેવાએ એકબી હીંદુ તાંહાં ગયોજ નથી.
૧૮૬૦ માં શા૦ દામોદર ઈસવરદાસ નાંમનો ક્ષત્રી બરાહમીન અતરેવાલા
જાંણીતા બોજા કાંસમભાઈ નાથાની પેહડીખાતે ગુમાસતાની નોકરીએ
ગયો હતો; અને તાર પછે તાંહાંજ રહીને પોતાનો જુદો ધંધો કીધામો
કાંઇ જેકારી ન જેઆથી ૧૮૬૩ માં પાછો વલી આવેલ્યો.
૧૮૬૦ માં મારવાડી તારાચંદ શીતારાંમ, તથા તારાચંદ રાંમચંદને નાંમની બે
પેહડી તેમની નેઆતવાલા માંણશો હસતકથી પેહલવેહલી ગઈ હતી;
તેમાંહેલી છેલીતો વરસ બેએમાજ નીકલી ગઈ; અને પેહલીનો વહીવટ
હજીતક ચાલેલો માલુમ પડેછે.
૧૮૬૦ માં તા૦ ૩૧મી અકટોબરે ડા૦ દુઆરકાંદાસ વસંણજીની કુંપણીને નામની
એક પેહડી રવાંણે થાઈ, તેનો વહીવટબી હીંદુ શીવાએ હોરાજી હસતક
બાર વરસ સુધી ચાલેઆ પછે, સાંભલેઆ પરમાંણે નુકસાંણી માલુમ પડ-
આને લીધે તા૦ ૨જી નવેમબર ૧૮૭૨ને રોજથી તદન બંધ કરી દીધીછે.
૧૮૬૨ માં અતરેની આપરી ગરાંટ મેડીકલ કાલેજમાંથી કેલવણી પાંમીને
પસાર થાએલો એક નાંમીચો હીંદુ તબીબ શેલઘાહ ખાતર બંગાલી
બાબુ મલનું નાંમ ધારન કરીને એક મેલમાં ગયો હતો; જાંહાં એક
અથવાડીઉં તેહવાંજ નાંમથી રહેઆ પછે, વલતા મેલ સાથે રવાંણે થઈ
અતરે આવેલ્યો હતો. આ ગરહસથ ખરેખરો ભાએગશાલી કેહવાયો
કે, નેઆતબાહેર રેહવાની કાંઈજ ધાસતી તેને રાખવી પડી નોહતી; કેમકે
તેના જઇ આવેઆની જેમ ચીનમાં તેમજ મુંબઇમાં કોઇનેબી જાહાજી
ખબર જાહેરમાં માલુમ પડી નહીં. આ નોંધ લેનાર તે વખતપર
તાંહાં હતો તેથી આટલી વાત ઈઆદ રહીછે.

હમારી યાદદાસત પરમાણે ૧૮૬૨ ના શાલ પછે, કોઈબી હીંદુ ગરહસથ
વેપારને અરથે અથવા શેલઘાહની મતલબે હીંઆંથી ચીન તરફ ગયોજ નથી;
અને તાંહાં પણ આજ દંન તુલીક (કલકતેથી ગએલા) બે મારવાડીઓ શેવાએ
બીજા કોઇ રહેલાબી જાણવામા આવેઆ નથી તેનો સબબ કાંઇજ નહીં પણ
નેઆત જાતની હરકત નાખનારાઓની ધાસતીનો માલુમ પડેછે. તેટલી નડત
ઉપર જણાવેઆ મુજબ હવે નીકલી જાએ તો ખચીત કરી કહીએચ કે ચીન
તરફ ઘણા હીંદુઓની વસતી થયાવના રેહજ નહીં.

ભગતી પુંજા માટેના મંદીરો તથા દેહડાંઓ.

પુરથવીની સપાટીપર સરવેથી મોટા વીસતારવાલા હીંદુઓ જે આપણી
ટાપુ ઉપર વશેછે; તેઓની ભગતી પુંજા તથા તીરથો સાચવનારાં મંદીરો એ-
ટલાંતો મુહબલક કેહવાએચ કે, તે સરવેની વીગત મેલવવી મુશકેલ માલુમ
પડી; તોપણ જેટલાં પરબેઆત થાઈ ચુકેલાંછે, તેઓની ટીપ હીંઆં જાહેર
કરવાની રજા લઈએછે.

સથાપનાનો દીવસ.				મંદીરોના નામો.	ઠેકાંણા.	બંધાવનારા ધણીઓ.
સંવત.	મીતી.	તથી.	વાર.			
૮૧૭	જેઠ સુદી.	૧૪	સનેઉ.	લાખાદેવી.	વાલકેશવર જવાના જુના રસતાપર.	દેવા લખા નામના કુંભારે.
૧૩૧૯	કારતક સુદી.	૧૫	૦	વાલકેશવર.	વાલકેશવરની વાવટાકાઠી આગલ.	મરઠા સરદાર ઊંબાજી રાણાએ.
૧૪૨૫				મુંબાદેવી.	મારવાડી બજારમા.	માછીમાર કોલી લોકોએ.
	કારતક સુદી.	૧૫	૦	ભુલેશવર.	એજ નામના લટાપર.	ભુલા નામના માછીમાર કોલીએ.
૧૭૧૯	માગસર સુદી.	૧૫	૦	ગાંમદેવી.	એજ નામના લટાપર.	બાપાજી માહતરે.
૧૭૪૬	કારતક વદી.	૫	૦	વેંકટેશ(જેરણછોડનોરથ	કોટના ભાઠીઆવાડમાં.	રાંમાજી કાંમટ.
૧૭૪૬	સરાવન સુદી.	૧૧	૦	સાંમલીઆલાલ.	કોટના ઠાકોર દુઆરામા.	રાંમાજી કાંમટ.
૧૭૫૯	કારતક સુદી.	૧૫	૦	વાલકેશવર.	એજ નામના તલાવ આગલ.	રાંમાજી કાંમટ.
૧૭૭૧	વઈશાક સુદી.	૧૧	૦	પરભાદેવી.	માહીમમા.	પ્રભુ માહજણના હુધરાટથી.
*				મોરલીધર.	મુંબાદેવીના ચોકમા.	દામુલજી શીવાજીશેઠે.
૧૮૧૯				ગીરધારીલાલ.	કોટના ઠાકોર દુઆરામા.	ગુજરાતી હીંદુ માહજણે.
-૧૮૩૦				બાબુલનાથ.	પારશીઓના દોખમાના ડુંગરની હેઠે.	પાંડુરંગ શીવાજી સોનારે.
	માગસર વદી.	૦)))		કાલબાદેવી.	શા૦ રામદાસ હીરાશાના ઘેરની પાસે.	ખબર નથી.
				વાઘેશરી.	પરેલમા.	બાલાજી સાંમશેઠે.
				શીવામંદીર.	મુંગભાટની ગલીમા.	સખારામ પાંડુરંગજીએ.
				રાંમમંદીર.	વાંદરામાં.	પરશોતમ મલારશેઠે.
				માહદેવમંદીર.	વરલીમાં.	ખબર નથી.
૧૮૩૨	ચઈતર સુદી.	૧૫	ગરૈઉ.	માહલક્ષ્મી.	એજ નામના લટાપર.	રામાજી શીવાજીએ.
૧૮૫૨				રાંમમંદીર.	રામવાડીમા.	વીઠોબા કાહાનોજીએ.
૧૮૬૨	માગસર સુદી.	૧૫	સુકરે.	ભવાંનીશંકર.	ગોઆલીઆ તલાવ આગલ.	શંકરશેઠ બાબુલશેઠે.

સથાપનાનો દીવસ.				મંદીરોના નામો.	ઠેકાણા.	બંધાવનારા ધણીઓ.
સંવત.	મીતી.	તથી.	વાર.			
				વીડોબામંદીર.	નાએગાંમમા.	ખબર નથી.
૧૮૬૫				શાન્તીનાથ (સરાવકોનુ).	કોટના પારશી બજારમા.	શા૦ નેમચંદ અમીચંદ, તથા પ્રેમચંદ રંગજી.
૧૮૬૮	દુવીતી વઈશાક સુદી.	૮	સુકરે.	ચનતામણીનુ "	ભુલેશવર તથા કુંભારતુકડાની વચે ડાહવી બાજુને નાકે.	શા૦ નેમચંદ અમીચંદ.
૧૮૭૬	માહ સુદી.	૧૩	સુકરે.	શાન્તીનાથનુ "	ભીંડી બજારને નાકે.	શા૦ મોતીચંદ અમીચંદ.
૧૮૭૮				ચનતામનીનુ "	ગલાલવાડી આગલ.	મારવાડી અમરચંદ ખીદરીચંદ.
૧૮૭૮				ગોવરધનજી માહરાજનુ	ભુલેશવર આગલ.	વૈરાનઓની માહજને.
				હનુમાંનનુમંદીર.	કોટના ઠાકોર દુઆરામા.	શા૦ ભાઈદાસ સખીદાસે.
૧૮૮૦				ગોદીજીનુ (સરાવકનું).	પાયધોની આગલ.	મોતીશાહના પીતરાઈ ભાઇદાસે.
૧૮૮૪	વઈશાક સુદી.	૧૫	ભોમે.	માહદેવમંદીર.	શીમમા.	શા૦ ભાઈદાસ સખીદાસે.
૧૮૮૫	માગસર સુદી.	૬	સુકરે.	આદીશર ભગવાનનુ.	ભાંએખલે.	શા૦ મોતીચંદ અમીચંદે.
				(અપાસરૂં).	ચીચબંદરે આગલ.	શા૦ નરશી નાથાએ.
૧૮૮૭	ફાગણ સુદી.	૧૦	સોમે.	કાશીવીશેશવર, ગનપતી તથા કાલભેરવ.	ભુલેશવરની પડોસમા.	છીપી આતમારામ બાલાજીએ.
૧૮૮૮	વઈશાક સુદી.	૧૫	સોમે.	ધાકલેશવર.	માહલક્ષમીમા.	શેઠ ધાકજી દાદાજીએ.
૧૯૦૬				શીવમંદીર.	વાલકેશવરમા.	ધી હાનરેબલ શેઠ મંગલદાસ નથુભાઈએ.
૧૯૦૭	ચઈતર વદી.	૦)))	ગરેઉ.	મેહરાજપંથીમંદીર.	પાએધોણી આગલ કુવાની સાંમે.	પંચભેલી માહજનના હુથરાતથી.
૧૯૦૭				માહદેવજીની જલાધારી	કોટના ઠાકોર દુઆરામા.	શા૦ પ્રભુદાસ પ્રાણજીવનદાસે.
૧૯૧૯				(અપાસરૂં).	ભાત બજારમા.	વીસાવાણીઆની માહજને.
				આદીશર ભગવાનનુ.	પાએધોણી આગલ (બીજું.)	ગોલવાડીઆ મારવાડીઓએ.
				બાવાનુ ઠાકોરદુઆર.	પાલવાના રસતાપર.	આતમારામ નામના બાવાએ.
૧૯૨૫	ફાગણ વદી.	૨	રવેઉ.	માહદેવજીનુબીજુંમંદીર	શીમમા.	શા૦ પ્રભુદાસ પ્રાણજીવનદાસે.

ઉપલાં મંદીરો માહેલાં કેટલાંકોની ઈઆદી.

લાખાદેવી નામનું એક નાંધલુ દેહડું ચોપાટી આગલ મરહુમ દાદીશેઠવાલી વાડીની પછવાડેથી વાલકેશ્વર જવાના અસલી પુરાંણા પગરસતાની ચહડાન-પર જમની બાજુએ, કોઈ દેવા લખા નામના કુંભારે બંધાવેલું જાંણવામા આવેછે. એ દેહડું ઘણુંજ પુરાંણુ થાઇને ભાગી પડેછ; અને તે માહેલી દેવીની મુરતી ઉપલી વાડીની પાછલી ભીત સાથે પુજારીના મઠ પાશે અઠલાવી રાખેલી, હજી સુધી તેવીજ હાલતમા માલુમ પડેછે.

વાલકેસવરનું અસલી દેહડું, કેહચ કે હવડાં જાંહાં સરકારી મેહલની આ-ગલ બનાવેલી બતેરીવાલી જગેઆપર ઊંબાજીરાંણા નામના એક મરાઠા સર-દારે બંધાવેલું હતું; તે ફરંગીના અમલ વખતે (માલુમ પડેઉ નહીં કે શું સબબથી) તેઓએ ભાંજી તોડી નાંખેઉં હતું; જાંહાંની સચવાઈ રહેલી મુર-તીને, પાછલથી આપણી નામવર સરકારે હવડાંની જગેઆ જે થેડવી આપેલીછે, તાંહાં રામાજી કાંમટ નામના એક સેનવી શેઠીઆએ સંવત ૧૭૫૯ ની સાલમા દેહડું બંધાવીને તેમા બેસાડીછે.

પરભાદેવીનું મંદીર ભીમરાજાના વખતમા બંધાએલુ બતાવેછે; પણ ઉપલા કોઠામા જણાવેઆ મુજબ પ્રભુ માહજને માતરે સંવત ૧૭૭૧ માં હુઘરાતથી નાણા મેલવીને નવે સરથી તેની મરાંમત કરાવી હતી.

મુંબાદેવીના દેહડાં વીસે એવું સાંભલેઉંચ કે, કોઇ કોલી લોકોએ સંવત ૧૪૨૫ ની સાલમા, આગલા બજારગેટના દરવાજાની બાહેર જાંહાં ફાંશીનો તલાવ* હજી સુધી રહેલોછે, તેની નજદીકમા બાંધેલું હતું; જાંહાંથી મેદાન ખોલું રાખવાની જરૂર જણાએઆને લીધે, સગલી વસતી જારે કાંહાડી નાખી, તારે તે વખતની આપણી માજી કંપની સરકારે તેની કીંમત આપીને તે મંદીરખી ઊંચકાવેઉં હતું. એ વખતપર પાંડુરંગ શીવાજીશેઠ નામનો એક શોનાર સારી સ્થીતીવાલો હતો, તેણે પોતાના હવાલામા લઈને સરકાર પાશેથી મલેલી કીંમત ખરચી એ મંદીર હાલની જગાપર બાંધીને તેમા દેવીની મુરતી સંવત ૧૮૦૯ ની સાલમા લાવી બેસાડી; તે દાહાહાથી કેહચ કે, તેજ શેઠની વંશના વારેશો તેનો વહીવટ ચલાવતા આવેછે. હીંદુઓને સ્નાન કરવાની જરૂર હોવાથી, એ મંદીરમા એક મોટો તલાવ મરહુમ શેઠ હરજીવનદાસ વીઠ-લદાસની વીધવા શેઠાંની પુતલીબાઇએ, સંવત ૧૮૩૦ ની સાલમા બંધાવી આપેઓ હતો; અને તે પછે કોઈ ઘણી મુદતે એ દેહડાંની ફરસબંદીનું કાંમ એજ વંસના શેઠ નથુભાઈ નાગરદાસ નવલખીએ પોતાની ગીરેથી કરાવી આપેઉં હતું.

* એ તલાવ વીશે કેહચ કે, અસલતો તે મુંબાદેવીના દેહડાંની અંદર હતો; પણ મંદીર તાંહાંથી નીકલી ગયા પછે, ખોલાં મેદાંણમા થોડુંક સુધી ખુની લોકોને ફાંશી-દેવાની જગેઆ કીધી હતી, તેજ નામે એ તલાવ આજદન તુલીક ઓલખાઈ રહેલોછે; તો જોકે ફાંશી દેવાની જગેઆ ઈ૦ સને ૧૮૦૫ થી હાલની કાંમન જેલના ઓટલા ઉપર થેડવાએલીછે. નો૦ લે૦

ભુલેસવરના દેહડાંની કેફીએત એવી કેહવાઈચ કે, ભુલા નામનો એક માંછીમાર કોલી, જે ઘણો માતબર હતો, તેને પેટે કોઈ ફરજંદ નહી હોવાને લીધે દરવીઅનો થોડાક ભાગ ધરમખાતે ખરચવાના હેતુથી એક દેહડું (જેના સનેની સનદ હાથ લાગી નથી) બંધાવીને પોતાના નામથી તેની સથાપણા કીધી હતી. આ મંદીરના ચોકમા લોકોને સનાન કરવા માટે એક તલાવની જે ખુટ હતી, તે સંવત ૧૮૮૮ ની સાલમા શા૰ સખીઆ નાગરના વારેશો ભેગા મળી. મોરલીધર સંભુ તથા છીપી આતમારામ બાલાજીએ ખોદાવીને મજબુત ફરસબંદીથી બાંધી આપેઆ. એ દેહડાંનુ બાંધકામ પાછલથી જારે ઘણુજ બીસમાર થાએલું માલુમ પડઊં, તારે તે વખતના સદાશીવ મંગેસ નામના શેઠે સંવત ૧૮૯૨ મા દુરસત કરાવેઊં હતું; અને તેની પુઠે તારપછે, તરીજી વારની મરાંમત કોઈ બાબાજી કાંમટ નામના ગરહસથે જે કરાવી હતી તેના સાલની ચોકસ ખબર મલી નથી.

ગાંમદેવીના મંદીર વીશે એવું માલુમ પડઊંછે કે, તેનું અસલ નામતો "લીલાવતી" હતું; અને તે બશો વરસનીબી ઘણું આગમજ વાલકેસવરના ડુંગરની કોઈ કઢંણમા હતું, તાંહાંથી બાપાજી માહતરે નામના એક ખતરીએ સંવત ૧૭૧૯ માં ઊંચલીને, ગીરગામ ખાતે હાલની જગોપર લાવી રાખેઊંછે; તારથી તેનુ આગલું નામ બદલીને "ગામદેવી" રાખવામા આવેઊંછે. એ મંદીરની એમારત જારે ઘણી ભાગી પડી, તારે શેમવંઉશી માહેલા બાલાજી ભીખાજી નામના ખતરીએ સંવત ૧૮૬૨ મા નવેસરથી બંધાવી આપી હતી, તે હજી સુધી ઊભી રહેલીછે.

વેંકટેશનું મંદીર, જેને જેરણછોડનો રથબી કેહવામા આવેછે; તે સંવત ૧૭૪૬ ની શાલમા રાંમાજી કામટ નામના સેનવીએ પેહલવેહલું બનાવીને કારતક વદી ૫ ને રોજે ધાંમધુમની ક્રીઆ સાથે કોટમા ફેરવવા કાહડેઊં હતું; અને તેજ મુજબ તારપછે દરશાલની એજ તથીએ ફરતો જોવામા આવેછે. સંવત ૧૮૫૯ ની શાલમા કોટ ખાતે ઘણી નાશકારક આગ લાગી હતી, તેમા કેહચ કે આ રથબી (લાકડાંનો બનેલો હોવાને લીધે) સાબદો બલીને ભસમ થયો હતો; પણ તેનું નામ સજીવણ રાખવાના હેતુથી ઉપલા ગરહસથના તે વખતે હઈઆત રહેલા વારેશોએં નવો બનવાવીને સંવત ૧૮૬૦ ના કારતક વદી ૫ ને રોજથી પાછો ચાલુ કીધો તે વાતને હાલ ૬૯ વરસ વહી ગએલાં જણાએછે.

કોટ ખાતે થાકોરદુઆરનો બંધાવનારબી અસલ ધણી રાંમાજી કામટ માલુમ પડેછે. આ એમારતની અંદર સઘલા મલીને ૪ દેહડાંઓ હેઠલ જણાવેલા સખશોએ જુદે જુદે વખતે સથાપેલાં સંભલાએઆંછે. તેમધે:—

સરવેથી પેહલું "સામલીઆલાલ"નું સંવત ૧૭૪૬ ના સરાવણ સુદી ૧૧ ને દીને ઉપર જણાવેલા ગરહસથે બેસડાવેઊંછે; અને તેનો વહીવટ તે દાહડાથી તેમના વારેસ દર વારસો છેક સંવત ૧૮૪૧ ના શાલ સુધી ચલાવતા આવેઆ; પણ એજ વઊંસના છેલા વહીવટદાર બાપુ નારાએણ

કાંમટ જારે મરણ પાંમેઓ તારે તેની આગમજ તેજ શાલના જેઠ મહીનામા કીધેલાં વશીએતનામાની ખુબીથી આંણંતા કેસવ ભંડારી, જે આગલી મીશીઅરસ રીમીંગટન કરાફરડની કુંપણીને તાંહાં વડો કલારક હતો, તેણે પોતાની હઈઆતી સુધી વહીવટ ચાલુ રાખેઓ હતો; અને તેના મરણ બાદ જગંનનાથ ગોપાલ પઇ (આપણી માજી સુપરીમ કોર-ટમા તરજુમો કરનારની ચાકરીમા હતો).ના હસતકમા સોંફાએલો હતો. એ ગરહસથ જારે મરણ પાંમેઓ તારે તે દાહડાથી "સાંમલીઆલાલ" ની શેવાનો સઘલો કારોબાર મી૰ કેરોબા નારએણ ભેંડેના હસતકમાં રહેલો સંભલાએછે. ઉપર જણાવેલી તથીએ દર વરશે ગોઆલીઆ અગીઆરસ થાએચ અને તેજ દાહડે આ મંદીરમા ભીમેસવરની જાત-રાબી ભરાતી કેહવાએછે.

બીજું મંદીર ગુજરાતી હીંદુ માહજનોએ ગીરધારીલાલનું બંધાવેલંચ, તેના સનેની ચોકસ નોંધ તેઓ માહેલા કોઈબી બતલાવી સકતા નથી; મગર સોધ કરતાં એક ઠેકાંણેથી એવું જાંણવામા આવેલછે કે, એ કાર-ણસર બેંડવેલા પુંજારી વીઆસજીના ગુજરાંણ માટે ખરચનો લાગો માહજન પાસેથી હુધડાવી લેવા સંબંધીનું એક લખત સંવત ૧૮૧૯ ના અશાડ વદી ૧૧ ને સુકરવારે જે કીધું હતું, તેની થોડીક મુદત આગ-મજનું બંધાએલું હોએ.

તરીજું દેહડું માહદેવનું શા૰ ભાઇદાસ સખીદાશે બંધાવેલ હતું તેના સનેની પણ ચોકસ યાદી કેથે રહેલી નથી. આ મકાંણમા એજ ગરહસથે પુનનું કાંમ સહમજીને લાદીની ફરસબંદી તથા ઓટલાને કટેરા જડાવેઆ ઉપરાંત, ભીતરમા એક કુવોબી બંધાવીને પોતાની ફરજ અદા કીધેલી કેહવાએ છે.

ચોથું માહદેવજીની જલાધારી શા૰ પ્રભુદાસ પ્રાંણજીવનદાશે સંવત ૧૯૦૭ ની શાલમા બેસડાવી હતી.

જોકે આ થાકોરદુઆરાની અંદર સઘલાં મલી ચાર મંદીરોછે, તોપણ તે મકાંણનો અસલ માલેક તો રાંમાજી કાંમટ કેહવામા આવેછે.

કાલબાદેવીનું મંદીરબી અસલ મેદાંનમા કોઈ ઘણા પુરાંના વખતનું હતું, તાંહાંથી સરકારે જારે એમારતની કીંમત આપીને કહડાવી નખાવેલ તારે રઘુ-નાથ કરસના જોશીએ તેનો વહીવટ સવાધીનમાં લઈ શા૰ રામદાસ હીરાચં-દના ઘેરની પડોસમા આલી જગેઆ ઉપર સંવત ૧૮૪૧ મા લાવી બેસાડેલ હતું; અને તે દાહડાથી કાલબાદેવીના રસતાને નામે તે મારગ પરખેઆત થ-એલો નીસચે થડછે. એ રસતો પેહલાં ઘણો સાંકડો હતો, તેને પોહોલો કરવા માટે સંવત ૧૯૦૬ ની શાલમા તાંહાંની કેટલીક એમારતો માહેલો ભાગ સર-કારને લેવો પડેઓ; તેની સાથે આ દેહડાંનેબી તાંહાંથી ખશેડવાની જારે જરૂર થઈ તારે એજ મંદીરની પાછલ ઠકર ધારશી મોરારની થોડીક જગેઆ લઇને તે ઉપર શેહર સુધરાઈ ખાતાંમાથી મલેલી કીંમત, જોશી મજકુરે ખરચીને

બંધાવેલી એમારતમા દેવીને ગોઠવી બેસાડીછે; અને તેનો ખરચખી તેમનાજ વારેશો કરતા રેહેછે.

રાંમવાડીમાં આવેલું રાંમજીનું મંદીરખી ઘણુંજ પુરાતંમ કેહવાએછે; જેને પેહલાં સથાપનાર કાશીનાથ સોકાજી નામના પરભુ હતા. એ મંદીર જારે ઘણીજ બીસમાર હાલતમાં આવેઊં, તારે ઉપલા કોઠામાં જણાવેલા શેઠ વીઠોબા કાંહાં-નોજીએ સંવત ૧૮૫૨ ની શાલમાં તેને નવેસરથી બંધાવી આપેઊં હતું.

મટુંગા મધે "સેકમીસઠી હીલ" નાંમની એક ટેકડી ઉપર આવેલાં પારસર નામના દેહડાં (જે કોઠામા જણાવેલું નથી) નો સને, તથા તેને બંધાવનારના નામની કશી યાદી હાથ આવી નથી; મગર દર શાલના માગસર સુદી ૧૩ અથવા પુનેમને રોજે તેની જાતરા તાંહાં ભરાતી માલુમ પડેછે.

કોટ માહેલાં સરાવકના અપાસરાંનો ખરચ તેના અસલ બાંધનારા સા-હેબોએ સરખે હીશે પરથમ કીધો હતો; જેની વસુલાત કેહચ કે, ધીરેધીરે પેદાએસ ઉપજાવીને ઘણી ખરી મેલવી લીધા પછે બાકી રહેલી જુજવી ખુટ તેઓએજ પુરી કરી દીધી હતી.

શા૰ નેમચંદ અમીચંદના ખુદ પઈસાથી બંધાએલાં દેહડાંશર ઉપર પર-થમ ૩૦,૦૦૦ બેઠા હતા, પણ તારપછે બીજી જગેઆ લઈને મંદીર જારે મોટું કીધું તારે, સઘલા મલીને કુલ રૂપીઆ એક લાખનું આ અપાસરૂં થએઊં હતું; જેનું ઉપરીપણું બંધાવનારના ભાઈ શેઠ મોતીશાહ, તથા તીકમજી કલાંણજી કાંહાંનજી ચલાવતા હતા; હવડાં તેનો વહીવટ સરાવકની ગનાતવાલાઓના સવાધીનમા માલુમ પડેછે.

ભીંડીબજારને નાકે શન્તીનાથના દેહડાંસરનું નામ "સગરગછવાલા" કરી રાખેલું કેહછે. એ મંદીર ઉપર ૩૪૦,૦૦૦ ની બેઠક મરહુમ શેઠ મોતીશાહને થઈ હતી; જેનુ ઉપરીપણું પેહલાં તો શા૰ સોમજી તારાચંદના દીકરા ચાંપશીએ ગાંથે લીધેલું હતું, પણ હવડાં સરાવકની પંચને સવાધીનછે.

મારવાડી અમરચંદ બીદરીચંદનાં દેહડાંસરનો વહીવટ તેમની હઈઆ-તીમાં તેવણ પોતેજ ચલાવતા હતા; અને તેમના ગુજરી ગયા પછે તેવણના ભાઈ જેઠમલ, તથા ભતરીજા હીરાચંદ ઉપરાંત મોતીશાહશેઠ હસતકથી ચાલતો હતો; પણ હવડાંતો ધારેઆમેથે તેમના નાતીલાઓનીજ પાશે હશે.

વલભચારીયના સંપ્રદાય ચલાવનારા માહરાજોના ભુલેસવર તરફ આવેલાં મંદીરો સઘલાં મલીને ૬ કેહવાએચ, તેમા સરવેથી મોટું મંદીર શ્રીગોવરધ-નજી માહરાજને નામે મુસહુર થએલું, સંવત ૧૮૭૮ ની શાલમા શ્રી ગોકુલ-નાથજી માહરાજને માટે વૈસનઓ માહજને બંધાવી આપેઊં હતું; (જે હવડાં જીવનલાલજી માહરાજના હસતકમાછે); અને બાકીના તારપછે ઘણી મુદતે જે બંધાએઆંચ તેને લગભગ ૩૦ વરસથી વધારે થયાં નથી. એ પાંચ મંદીરોના નામ હેઠલ લખેઆ મુજબ બોલાએછે.

ચીમનલાલજી માહરાજનું. ધીરાજી માહરાજનું.
લાલમનજી માહરાજનું. ચંદ્રાવલી માહરાજનું.
માધવરાએજી માહરાજનું.

એ ઉપરાંત એક સાતમું મંદીર કોટમા ઠકર ગોકલદાસ લીલાધરના ઘેર આગલ "ગંગાબેટજી" ને નામે પરએઆત થએલું માલુમ પડેછે.

પાંએધોણી આગલ બંધાએલાં "ગોદીજી" ના અપાસરાં વીશે એવું કેહચ કે, તે ઉપર થોડાજ પઇસા ભાઈદાસના ખરચાએઆ હતા; અને બાકીનું જોઇતું નાણું તેમના ગોરજી નામે દીપવીજેજીએ પુરૂં પાડઓં હતું; જે લેણા તારપછે ગોલવાડીઆ મારવાડીઓએ તે ગોરજીને ચુકાવી દીધાં હતાં. એ દેહડાંસરનો કારોબાર મરહુમ શેઠ મોતીશાહના હોકમથી શા૦ અમરચંદ ખીમચંદ દંમણી તથા ગોલવાડીઆ મારવાડીઓ મલી ચલાવતા હતા, પણ પેહલો સખસ મરણ પાંમેઆ પછેથી છેલા સખશોનીજ દેખરેખમા તે નીભેલુંછે.

માહલક્ષમીના મંદીર આગલનો તલાવ સંવત ૧૮૮૦ ની શાલમા શેઠ તુલશીદાસ ગોપાલદાસ નામના સદગુણી ગરહસથે ૩૪૦,૦૦૦ ખરચીને બંધાવી આપેઓ હતો.

ભાંએખલા મધે શા૦ મોતીચંદ અમીચંદે પોતાની વાડી અંદર બાંધેલાં દેરાંસરનુ નામ "આદીસરભગવાન" રાખેલુંછે; અને તેના સંભાલ માટે એ શેઠીઆએ અસલથીજ એક થાપણ અલાહેધી કાહાડી રાખીચ, તેમાથી તેનો ખરચ પુરો પડેછે. એજ દેહડાંની જોડે તે માહપુરૂશે એક ધરંમશાલા પણ બંધાવી આપીચ, તે હીંદુ મુસાફરોને ઘણીજ ઉપીયોગી થઇ હરવખતે તેઓની સગવડ સાચવેછે.

આતમારામ બાવાનું એક ઠાકોરદુઆર કાલબાદેવીના રસતા પર જે આવેલુંછે, તેને બાંધેઆનું શાલતો ખબર નથી; પણ બાંધનારો બાવા સંવત ૧૮૯૨ ના સરાવણ માશે સમાધીષ્ટ થયા અને તેમની સમાંધી તેજ મંદીરની સાંમણે કીધેલી કેહછે.

વાલકેશાવરમા શીવનું દેહડું, અને તેનીજ પડએ એક ધરમશાળા બાંધવાનું કાંમ શેઠ નથુભાઈ રાંમદાશે સંવત ૧૮૯૩ ની શાલથી શરૂ કીધું હતું; પણ તે તઈઆર થયા આગમજ તેવણ ગુજરી ગયા પછે, તેમના શાકરમી દીકરા હાંનરેબલ શેઠ મંગલદાશે બાકીનું બાંધકાંમ સઘલું સમપુરણ કરીને સંવત ૧૯૦૬ મા હીંદુઓના ઉપીયોગ માટે ખોલું મેલેઊંછે.

મેહરાજપંથીનું મંદીર જે પાંએધોણી આગલના કુવાની સાંમણે આવેલું બીજડામંદીરને નામેબી ઓલખાએછે, તે સંવત ૧૯૦૭ ની શાલમા ભણશાલી, ભવસાર, ભાટીઆ, લુહાંના, વાંણીઆ, અને તેવનાએના હીંદુ લોકોના હુશરાતથી બંધાએલું જણાએછે. સાંભલેઆ પરમાણે તેઓનો સંપ્રદાય રાધાવલ્લભી તથા કુરાંનના મતનો મીશ્રીતછે. જે સેવકો કાષ્ટની કંઠી બાંધેછે તથા કપાલ ઉપર ઉભાં ટીલાંની વચે બીંદી કરેઆ ઉપરાંત એક બીજાને પ્રણાંમ કરેછે, તેથી તે લોકો પ્રણામી પંથના કેહવાએછે. આ મેહરાજી મંદીરમા તેની બનાવેલી પોથીઓની સદા આરતી થાએછે, પણ તેમાં કોઈબી કીસમની મુરતી બેસાડેલી નથી; માટે તેના મત મુજબ તે પોથી વાંચીઆથી મોક્ષપદ પમાએછે. કેહચ કે મેહરાજ પોતાની પોથીમાં એવું લખી ગયોચ કે, તેના ગુરૂ દેવચંદજી

તે ઇસા રૂમુલ્લાં યાને પેગાંમબર સાહેબનો અવતારછે, અને પોતે ઇમામમેદીનો આવતો અવતારછે; જે વીશેની ચોપાઈ "મુંબઇનો ભોમીઓ" હેઠલ મુજબ જણાવેછે.

નવસેં નીવાસી માસલુ, હુયે રસુલકું જબ;
ઇશારૂમુલ્લાં મીસલ ગાજીઆ, મોમન ઉતરી તબ.

એજ પુસતકવાલા ભાઈ તેનો અરથ એવો સહમજાવેછે કે, નવસેં વરસ અને નેવેઆશી મહીના, એટલાં રસુલને મુવે થયાં. તેપછે ઇસા રૂમુલ્લાંનો અવતાર જે દેવચંદજી (ગાજીઆ) એટલે અવતરેઆ. તે વખતે મોમન યાને તેની સખીઓ પણ તેનીજ સાથે અવતરી.

પરારથના સમાજ નામનો જે સુધારક પંથ કેટલાક હીંદુઓમા હવડે રે-વાજ પાંમેઓછે, તેઓની રીતી મુજબ ભગતી કરવા માટે એક મંદીર ગીરગાંમ ખાતે સાંચાથી અસલ બરફ બનાવવાનું કારખાંનું જાંહાં હતું તે મકાંણમાં બંધાએચ, તે સમાજ ઘરનો પેહલ વેહલો પાયો નાખતી વેલા સંવત ૧૯૨૯ ના માગસર વદી ૧૪ ને રવીવારે મોટી ધાંમધુમથી કીરીઆ કીધામા આવી હતી.

પાંજરાપોલ.

સુધરાઇને નુકતે ચહડેલાં આ શેહરના અશકત જણાવરોની પરવરેશી થનારૂં કોઈબી ધરંમખાતું જે નહી હતું, તેની સરૂઆત એહવાં કારણથી થાઇચેકે, તેનુ દુખ ભરેલું વરણન એક કેહવાત તરીકે અતરે નોધાઈ રેહવું જોઇએછે. દરસાલે ગરમીના પુરા હીંગાંમમા રેહજલતાં કુતરાંઓ, હરખાં થાઈ પરજાને ઇજા આપેચ; એવો વીચાર સરકારનાં ધેઆંણમા કોઇ મુદતથી ઠશી રહેઆને લીધે, તેવે વખતે બીચારા નીમકહલાલ અને નીરદોસ પરાંણીઓને પોલીસ ખાતાંની આગેવાંનીથી, સરકારના માંણશો બેધડક મારી નાંખીને જથાબંધ ધગ કરતા હતા, તે કમકમાટ સઘલી વરણના હીંદુઓ તથા પારશીઓથી બરદાસત નહી થાઈ સખેઆને લીધે, જોકે હીંદુઓતો એકકોરે રહેઆ પણ હલકે વાંગેનાં કેટલાક પારશીઓએ ફોકટની પીડા માંથે હોરીને તારીખ ૭ મી જુન સને ૧૮૩૨ ને રોજે બીનધારેલું હુલડ એકાએક હુભું કરી કુતરાં મારનારાઓ ઉપરાંત, પોલીસ ખાતાંનાં સીપાઈઓ તથા કનસ-ટેબલોને માર મારેઆ પછે, આખાં ગાંમમા ફીસાદ મચાવીને હરતાલ પારી હતી; તારે તેની સાહમને સખત ઉપાએ લેવાની ધારનાથી સરકારે લસકરને બાહેર કાહાડીને ટુંક વખતમા સઘલો બખેડો સમાધાન કરી નાખતાં, બંડ-ખોરાઓ ઉપર જે ધરાપકડી થાઈ, તેમાં કેટલાક આબરૂવાલા સખશોબી કોઈ દાવાદુસમેનોની અદાવતને ભોગે ચહડી સપડાએઆ હતા. એ પકડાએલામાં જેઓ સારાં માંણશો હતાં તેઓતો જાંમીન આપીને છાંદન થતાં સુધી છુટા ફરેઆ; પણ જેટલા લુછાઓ માલુમ પડઆ, તેઓ લગભગ ચાર મહીના તુલીક પેહલાંથીજ કેદખાંને પડી રહેઆ હતા. એ બાબદનું ફોજદારી કાંમ

તે વખતની શુપરીમ કોરટ મધે નામદાર ચીફજસટીસ સર હરબરત કાંપતન તથા જુરીની હજુર કેટલાક દીવશો સુધો ચાલેઊં, તેમાં પારશી ૮ તથા હીંદુ ૨ મલી ૧૦ જનાઓ જે તકશીરવાર થઈઆ, તેઓ દરએકને તા૦ ૧૩ મી અકટોબર ૧૮૩૨ ને રોજે ૧ થી તે ૧૮ માસ સુધીના આરાાન કેદની શીખસાએ પોંહચાડેઆ, એટલુંજ નહી પણ તેઓ માહેલા બે જણાઓ પાશેથી ૨૨૦૦) રૂપીઆ દંડ, તથા ૮ જણાઓ પાશેથી ૪૦૦ થી ૧૦૦૦) રૂપીઆ સુધી ચોકસ મુદતવેર સુલેહથી ચાલવાની જાંમીનગીરી લખાવી લીધામા આવી હતી.

એ બખેડામાં જો કે ઘણા લોકો પકડાએલા હતા, તેમાથી માંતરે ૧૦) જણાઓજ સજાએ પોંહતા; અને બાકીનાઓ ઉપર પુરાવો નહી મલેઆને લીધે નાંમદાર જડજે તેઓને શીખાંમન દઈને છોડી મેલેઆ હતા; જેઓ મધે એકતો આપરી ટાપુને જેબદેનાર નાંમીચાં પટેલ ખાનદાનના તે વખતપર વડા શેઠ રૂસતમજી કાવસજી પટેલ, બીજા પરખેઆત શેઠ ખાંનદાન માહેલા ખરશેદજી નવરોજજી શેઠના, અને તરીજો એક માતબર વેપારી શા૦ રાંમચંદ ગોવીંદજી કોઈ કાલેબી એવા હીનપસતી ભરેઆ બખેડાની વચે પડે નહી તેહવા આબરૂવાલાઓ હતા; પણ કોઈ ચંડાંલોનાં ફીતુરથી તેઓ બીનફોકટ સપડાએઆ પછે, તેઓ પોતપોતાના જાંમીનો આપીને તતકાલ છુટા થએઆ અને ચાલતા મુકરદમાની સાંહમને વકીલ બારીસટરોની મારફતે સંભાલ કીધો તારે, વાજેબીપનાની વફાદારી બતાવીને તાંહાંથી હસતે મોહડે ઘેરતો આવેઆ, પણ શીતારાની ગીરદેશીથી મોહટા ખરચનો બોજો તેઓને માથે ફોકટ થાએઓ હતો. આ બખેડા ઉઠેઆમા બે વાત ખુશી ઉપજાવવા જોગ ઘણી સારી માલુમ પડી, તેમાં એકતો એ કે તે દાહાડાપર ઉપર જણાવેલા સખશો જે શીખસાએ પોંતા, તેની ચાંણકનો ધડો પકડીને પારસી લોકોમાં બીનધારેલો સુધારો પેવસ થાયો; અને બીજું એકે એ બાહાંનુ હાથ આવેઆથી હીંદુ તથા પારસીઓનાં વગવાલા શેઠીઆઓએ દાહપણ વાપરીને એક પાંજરાપોલને હસતી આપવાની અછી ગોઠવન કાંમે લગાડી હતી; પણ તેની સરૂઆત થાએ તેટલાં આપરી નાંમદાર સરકાર સાથે એવો બંદોબસત કરી લીધો હતો કે, હવેથી રહજલતાં કુતરાંઓને જાનથી મારી નાંખવાં નહી; પણ તેઓના ખરચથી જીવતાં પકડી આપવાં કે, તેઓ હવાલામા લઈને બાહેરનાં દેસાવરો ખાતે મોકલાવી દેશે. આ વાજબી માંગની વગર હરકતે સરકારે બાહાલ રાખી હતી; અને તે દાહાડાથી કુતરાં મારવાનો કમકમાટ ભરેઓ રેવાજ રફતે રફતે નીકલી જવાલાગો, અને બીજી તરફથી પાંજરાપોલની સથાપનાં માટે હીંદુ માહજનની સાથે પારશીઓ પણ અંતકરણથી ભેગા થએઆ હતા, તેનુ બયાન હેઠલ જણાવેલા ફકરામા વાંચનારા સાહેબોની વાકેફગારી માટે નોધીએછે.

પશુ જાણવરોની પરવરેશી માટે પેહલવેહેલું પુનનુ કાંમ માથે ઉઠાવી લેનારાઓ નેક નાંમદાર મરહુમ સર (તે વખતના શેઠ) જમશેદજી જીજીભાઇ બારોનેટ, અને શેઠ સાહેબ શા૦ મોતીચંદ અમીચંદ જેવણ મોતીશાહના નેક નાંમથી પરખેઆત થાઇ ગઆચ; તેઓ કીરતીવાન ગરહસથો આગેવાંન હતા, જેઓએ

બરેબ્બુત મેહનત લઇને એક માહભારત પાંજરાપોલ બાંધવાના કારણસર ૩૧૪૧,૭૫૦ સરાવકજણ ૩૩ પાશેથી* હુલ્લરાવી લઈને; તેમા આસરો પાંમ-નારાં અસકત જણાવરોને આકેબત શુધી પોંહચીવલે તેટલા દરસાલનાં ખરચ માટે હેઠલ જણાવેલી વેપારજોગ જીનશો વગેરે જે મુંબઈમા આવે, તે ઉપર દેશી વેપારીઓ પાશેથી લવાજમો લેવાનો ચોકસ થેડાવ સઘલાઓના અનુમતથી એક લખતની મારફતે કીધામો આવેઓ હતો.

રૂઉ દરસુરતી ખાંડી એકે ૩૦ લેએ.

અફીણની દરપેટી એકે ૩૧ લેએ.

હરેક દેશાવરની ખાંડના દરએક ડાગીનાને માંથે રાંમ ૧ લેએ.

હરેક દેશાવરથી આવતી સાકર ઉપરાંત મોરીસની ખાંડનાં દરએક ડાગીનાને માંથે રાંમ ૦॥ લેએ.

અતરેથી લખાતી, અને દેશાવરો તરફથી લખાઇને અતરે આવતી હુંડી ઉપર દર સેંકડે રાંમ ૦। લેએ.

મોતી જે વેપારીઓ અતરે ખરીદ કરે તે પાશેથી સેંકડે ટકા૦। લેએ.

ઉપલા લવાજમામોથી જોકે અંગરેજ તથા મુસલમીન ગણેઆતનાં વેપારીઓને અલગ ગણેઆંછે, પણ તેઓ પાશેથી જેબી કોઇ હીંદુ તથા પારશીઓ માલ વીગરે ખરીદે તે લખત મુજબનો લવાજમો આપે એવો એકરાર તેજ વખતથી બાહલ રાખેઆમો આવેઓછે; અને તે મુજબ લેવાની સરૂઆત સંવત ૧૮૯૧ ના કારતક સુદી ૨ ને વાર સોમેથી હેઠલ જણાવેલા ચાર સાહેબોના હસતકથી કીધામા આવી હતી.

શેઠ શા૦ મોતીચંદ અમીચંદ.	શેઠજી જમશેદજી જીજીભાઈ.
શેઠ શા૦ વખતચંદ ખુશાલચંદ.	શેઠજી બંમનજી હોરમજજી વાડીઆ.

જોકે એ કાંમ ચલાવવા માટે સરવેથી માહભારત સાહેબોને વહીવટદાર થેડવેઆ હતા; તોપણ જણાવરોની દેખરેખ સારૂ તે સાહેબોનાં હાથ હેઠલ બીજા ૬ વેપારી ગરહસથોને લખતની સરતથી તેજ વખતે નેમનુક કીધા હતા.

શા૦ કલાંનજી કાંહાંનજી.	શા૦ ખીમચંદ પરેમચંદ.
શા૦ ફુલચંદ કપુરચંદ.	શા૦ શોમજી તારાચંદ.
શા૦ ગોપાલજી ભીમજી દલાલ.	શા૦ રાંમચંદ ગોવીંદજી.

એ ઉપરાંત જો અગત પડતો બીજા છ ગરહસથો જે સારી આબરૂના, અને પરમારથી પુરૂશો નજરમાં આવે તેવાઓને વધારવાનો અખતેઆર દાખલ કરીને અસલ-લખતેપર આસાંમી જણ ૪૪૯ એ પોત પોતાની સહીઓ કીધી હતી, જેઓ મધે સઘલી કીસમના હીંદુઓ જણ ૪૦૧, પારશીઓ જણ ૪૭ અને વોહરો ૧ જણાએછે.

આ પાંજરાપોલને આરંભવાની અસલ મુલ મતલબ તો ચોકસ કરીને કુતરાંઓ મારી નાખેઆ ઉપરથીજ માલુમ પડી હતી; પણ તે ઉપરાંત કેટલાંક

* એમા પારસીઓએબી સાંમેલ રેહવા ચાહેઊં હતું, પણ માહજનના મતમા એવું થડઉ કે, ઉપલા સખશો શીવાએ બીજા કોઈનો પઇશો લેવોજ નહીં. નો૦ લે૦

ન ધણીઆતાં ઢોરો રસતે રસતે રહજલીને ભટકેઆ કરતાંઓનેબી સરકારના માંણસો તરફથી ઘણી ઇજા પોંહચતી જણાઇ તારે તેની પણ દએઆ એ દાતાર સાહેબોએ ઉપજાવીને હેવો ઠેરાવ કીધો કે, અશકત થાઇ પડેલાં ન ધણીઆતાં ઢોરો, જેહવાં કે ગાએ, ઘોધા બકરાં ભેંરા, ઘોડા, અને કુતરાં કોઇબી કામમા તદન નહીંજ આવી શકે તેહવાંઓને શોધી લઇને, તેઓની જીંદગી તુલીકની પરવરેશી માટે લાવી રાખવાં. અને તેટલા કારણસર બાહેરકોટ અમરોલી તરફ મરહુમ શેઠ કાવસજી પટેલના તલાવની પછવાડે એજ ગરહસથની બીલંદ જગેઆ હતી તે તેમના વારેશો પાશેથી માહેલા બંગલાઓ તથા બીજી એમારતો સહીત કુલ રૂ ૬૬૦૦૦) બદલે વેચાતી લીધી, પણ તેટલું બરા નહી જણાએઆ ઉપરથી આજુબાજુની બીજી જગેઆઓ મેલવીને તે ઉપર બાંધ કામ જે કીધું તેમાં હુધરાટના સઘલા રૂ૧૪૧,૭૫૦) ખરચીયા હતા.

એ પાંજરાપોલનો ખરચ પુરો પાડવા સારૂ ઉપર જણાવેલી કેટલીક જીણસોને માથે જે લવાજમો સરવે ગરહસથોએ બાહલ રાખેઓ હતો, તે મુજબ દરસાલની ઉપજ વસુલ કરીને વહીવટ ચલાવવાનું કામ પેહલાં આઠ વરસ તુલીક માહજન માહેલા જુદા જુદા ગરહસથોની આગેવાણી હેઠલ જો કે આપણા માનવંતા મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ જે વખત ઉપર એ એતાબ પામેલા નોહતા; તે સાહેબની દેખરેખ હજુર ઘણી સંભાલથી થાએલું હતું; તોપણ હીસાબ કાએદા સર રાખવામા વારેવાર ગુચવાતો જે જણાએઆ કીધો, એટલુંજ નહી પણ આ માહ પુનનાં કામમા મનપુરતી કોશેશથી જોઇતો વધારો તેઓને હાથે બની નહી શકેઆને લીધે, એ શાહેબે પુખત વીચાર પોંહચાડીને સઘળો વહીવટ તથા હીસાબ પોતાના સવાધીનમા લઇને સર જમશેદજી જીજીભાઇનાં છોકરાઓની કુંપનીવાલી પોતાની પણોતી પેહડી મધે રાખેઓ હતો; તો જો કે તે નામવરનો ઓહોલો રોજગાર તે વખતપર ચોમેર હેવો તો ફેલાયલો હતો કે, તેમની જગોએ કોઇ બીજો હોતતો હાવી પારકી વેઠ તેથી કવચીત અંગેજાઇ શકાતેજ નહી; પણ જે ધણીએ કેથે હેવાંજ કારણ માટે જનમ ધરેઓ હતો, તે માહાપુરૂશ, આએ પુનનું કામ આસાની સાથે પાર ઉતારી આપવાની ખરી દીલશોજી દેખાડીને આગેવાણીમાં સરવેથી પેહલા મશગુલ રેહવા લાગા; તે બાબેનો મોટો ઉપકાર માહજણના શેઠીઆઓ હજીસુધી ભુલેલા જણાતા નહી. કેમકે તેની ઉપજ પેહલેનાં કરતાં વધારીને ખરચમા કરકશર કરી દેખાડેઆ પછે, એ શાહેબે છપાવીને બાહેર પાડેલા સોલ વરસ સુધીના એકંદર હીસાબની પેહલી ચોપડી તપાશી વાલેઆ ઉપરથી હેવું જણાએલું છે કે, એ માનવંતા માહપુરૂશના હસતકમાં સંવત ૧૮૯૯ થી વહીવટ આવેલો હતો, પણ તેની સંગાથે પરથમના આઠ વરસનો હીસાબ ભેગો લઇને તેમાં સંવત ૧૮૯૧ ની સુરૂઆતથી છેક ૧૯૦૬ સુધી દર વરસની ઉપજખીપજ જુદી જુદી તફશીલવાર જણાવેલીછે, તેની તારીજનો સાંમટો શારવાલો પરજાની જાણ માટે જાહેરમાં લાવીએછે.

જ	ઉ
૮,૮૫,૯૨૫) પેહલાં સોલ વરસની ઉપજના જમા થએલા.	૪,૭૦,૧૮૦) તેટલાજ અરસામાં કુલે ખરચાએલા.

શોલ વરસની સઘલી ઉપજને સરેરાસ જોતાં દરશાલે રૂ૫૫,૩૭૦ા લેખેની આવક; બીચારાં પસુ પરાંણીઓના આસરા માટે આપરા હાતેમ દીલના હીંદી ઉંમરાવની આગેવાંણી હેઠલ જેવી સનતલસથી ઉભી થઇ, તેવીજ સંભાલ તેઓના પાલંણ ઉપર લીધા ઉપરાંત, બીજાં કેટલાંક પરમારથી કાંમો, એ સાહેબે તેમાંથીજ કરી વાલેઆં તેના ખરચની તફશીલને ધેઆણમાં લઇજીએય તો તેટલીજ મુદતમા દર એક વરશે રૂ૨૯,૩૮૬ા લેખેનું પરમાંણ કાંઇ લખલુટપણે નહીં, પણ ખરેખરી ઘટતી રીતનુંજ માલુમ પડેછે; અને તેમ કરતાંબી આવક માહેલા લગભગ અડધ ભાગ ફાજલ પડઆ વીશેની જે કીરતી એ સાહેબ એક ઇઆદગારી તરીકે મેલી ગયાય, તે આ શેહરના સરવે સંસારીઓને રાહેત ઉપજવા જોગ વીચારીને સરવઇઆં બાકી વધારાની વીગત હેઠલ નોધી લઇએછે.

સરકારી ટકા ૪ તથા ૫ વાલી વીઆજુકી નોટો ૧૨૦ કુલ ૩૩,૩૧,૦૦૦ ની ખરીદ કીધી તેની લાગતના કુલે.. ૩૩,૩૬,૫૬૯ા૩ા

પાંજરાપોલ ખાતે મીલકતો જે ખરીદી લીધી તેની કીંમતના આપેલા .... રૂ ૭૬,૧૮૮)૧૫

રોકડા હાથમો રહેલા રૂ૨,૯૮૬ા૧૭ા દોકરાની વીગત.

સર જમશેદજી જીજીભાઇના છોકરાઓની કુંપણીને તાંહાં સંવત ૧૯૦૬ ના આશો વદી ૧૧ ને વાર ગરેઉની તેરીખના બાકી નીકલેલા એ ધરમ ખાતાનાં તરસઠી જણુ ૧૧ ના આડટીઆ મી૦ રીમીંગટનની કુંપનીને તાંહાં પાંજરાપોલના વહીવટ ખાતે ભરીને તા૦ ૨ જી નવેમબર ૧૮૫૦ ધરાવીની તેરીખની પોંહચ લખાવી લીધી હતી........ રૂ૧૯૮૩) ૬ાા

એ ખાતાંના મેહતા મોહનલાલ નરોતમદાસ પાશે અનાંમત રહેલા ...... રૂ૧૦૦૩ા૧૦ાા

૨,૯૮૬ા૧૭ા

પાંજરાપોલના વહીવટમા ૧૬ વરસનો નકી વધારો..૩૪,૧૫,૭૪૪)૧૧

ઉપર જણાવેલી વીગત મુજબ સોલવરસ સુધીનો સંભાલ જેહવી રીતે મરહુમ સર જમશેદજીએ કરી દેખાડઓ તેહવીજ રીતે ચંદરોકાલતુલીક એ ખાતું સચવાઈ રેહવાની શુભ મતલબથી, એ સાહેબે દુર અંદેશી પુગારીને પોતાનીજ હઇઆતીમા તા૦ ૩૧ મી અકટોબર સને ૧૮૫૦ ઈસવીને રોજે

એ ખાતાંનો વહીવટ હેઠલ જણાવેલી (પોતે સુધાં) આશામી જણા ૧૧) ના વીસવાસપણા હેઠલ સોંફી આપેઓ તે સાહેબોના નામો આ મુજબ હતા.

નેક નામદાર સર જમશેદજી જીજીભાઈ (તે વખતપર) નાઇટ-સરનશીન.
વાડીઆજી શેઠ બમનજી હોરમજજી.
શેઠ ખરશેદજી (હાલના બારોનેટ સર) જમશેદજી જીજીભાઈ.
શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ.
શેઠ ખરશેદજી ફરદુનજી પારખ.
શા૦ હીંમતરાંમ તરીસનાંધર.
શા૦ ગંગાદાસ વીજભુખંણદાસ.
શા૦ ઉમેદચંદ જાદવજી.
શા૦ શુંદરજી નાંનજી.
ઠા૦ કાંહાંનજી ચતુર.
મારવાડી૦ રૂગનાથદાસ બખશીરાંમ.

એ કારણ માટે જે ટરસતડીડ સતા ભરેલી બનાવેલી તેમાં ધરમ ખાતાંનો વહીવટ ચલાવવા સંબંધી સઘલો અખતેઆર એ શાહેબોનો ઠેડવેઓ; અને તેઓ માહેલા કોઇનીબી જગેઆ, કજાએલાહીએ, અથવા બીજે સબબે જે ખાલી પડે, તે પાછી પુરવાની મુખતેઆરી બાકીના અધીકારીઓને સોંફવામા આવીછે. ઉપલાં સરવઇઆંમા જણાવેલા રૂ૩,૩૧,૦૦૦)ની સરકારી નોટો મુંબઈનાં આકાઊનટંટ જનરલના સવાધીનમા જે શોંફી આપીછે, તે એવી સરતથી કે તે નોટોનું દર છ મહીને ઉપજતું વેઆજ વશુલ કરીને એ ધરંમ ખાતાંનાં ઉપલા તરસટીઓએ નેમેલા આડટીઆ મી૦ રીમીંગટણની કુંપણીને તાંહાં ભરી દેવું; અને કોઈકાલે એ નોટોનાં નાણા સરકાર જો પાછાં આપે તો, તે લઈને બીજી તેહવીજ નોટો જે તે વખતપર ચાલુ હોએ તેહમાં થાપણ રોકવી; પણ તેને હરગેજ થાઈ બીજા કોઇનાં હાથમો આપવી નહીં. એ નોટોની એક ટીપ, ટરસતડીડ તથા તરેજુરીમાથી આવેલી નાણાની પાવતી, સર જમશેદજી જીજીભાઈનાં છોકરાઓની કુંપણીનાં સવાધીનમાં રાખીને, તે ડીડની ખરી નકલ મી૦ રીમીંગતનની કુંપનીને તાહાં તા૦ ૧૧ મી નવેમબર ૧૮૫૦ ને દને મોકલાવી હતી.

એ કારણ માટે ઠેડવાએલા આડતીઆ મી૦ રીમીંગટણની કુંપની સાથે એવો બંદોબસત કીધામો આવેઓ હતો કે, ઉપલી લોણોનું જે વીઆજ આકાંઉનટંટ જનરલમાંથી મલે, તેમાંથી પાંજરાપોલનાં ખરચ માટે ઉપર જણાવેલા તરસટીઓ જારે નાંણા માંગે તારે આપવાં.

એજ ખાતાંને હીસાબે રૂ૧,૪૧,૭૫૦ ની જે મીલકતોછે, તેના પણ સંભાલ માટે એક જુદું ટરસટડીડ કરાવીને તેના ટરસટી શેઠ શા૦ ખીમચંદ મોતીચંદને ઠેડવેઆ હતા; અને તે લખતમાં એવી સરતો સમાવી હતી કે, સઘલી જમીનો તથા તે ઉપરની એમારતો વગેરે, અથવા તે માહેલો હરકોઈબી ભાગ કવચીત વેચવોજ નહીં, એ બાબેનાં સઘલાં દસતાવેજો, જેહવાં કે

ખતપતરો વગેરે અને તે ઉપરાંત અસલ ટરસટડીડ પાંજરાપોલ ખાતેની તરેજુરી મધે તે વખતના મેહતા મોહનલાલ નરોતમદાસનાં હસતકથી મેલાએલાં હતાં.

આવી રીતનાં મજબુત બાંધાથી પાંજરાપોલનો વહીવટ, ૧૯ વરસ સુધી ચલાવેઆ પછે, એ મરહુમ માહપુરૂશે મોહટાં માંન સહીત છોડીને, ઉપર જણાવેલા સાહેબોનાં એખતેઆરમાં જોકે સોંફીતો આપેઓ હતો, તોપણ સદાની ઉદારતા મુજબ તે ઉપર પોતાની દેખરેખ એવણ મરણ પાંમેઆં તાહાંતુલીક બનતી કોશેસથી ચાલુ રાખેલીજ હતી; માટે એ પશુ પરાંણીઓનું ધરંમખાતું હજીતક તેવણની રૂડી કોશેસને ઇઆદ કરતું નીભીને ચાલેઆ કરેછે.

આ પશુ જાંણવરોની પરવરેશીનાં પુણીઆતમાં કાંમનો વહીવટ ઉપર જણાવેલા ભંડાલ શીકે નવા કાહારોબારીઓનાં સવાધીનમાં સંવત ૧૯૦૭ થી શોંફાયો, તે સંબંધી કુલે ૨૦) વરસનો હીસાબ દરસાલે છપાઇ બાહેર પડેલાઓનો જુમલો મેલવીને તપાશી જોતાં પરજાને આનંદ પમાંડે તેહવી રીતે મનમાંણતો સઇ ઉતરેલોછે; તેબાબે એમાં મદદ કરનારા, તથા ખંતીપણે મેહનત લેણારા સાહેબોને સરખી રીતની સાબાશી ઘટેછે. સંવત ૧૯૨૬ ના સાલનો છેલો હસાબ જે બાહેર પડેઓચ, તેમાં વરસની આખેરીએ ખરચ-ખુટન બાદ કરતાં હેઠલ જણાવેલી થાપણ તે સાહેબોના હાથમાં સચવાઇ રહેલી માલુમ પડીછે.

સરકારી ટકા ૪ તથા ૫ વાલી વીઆજુકી નોટો........	રૂ ૪,૪૦,૫૦૦
બેંગાલ બેંકના સેરો ૨૦)........................	૨,૦૭,૯૧૪
મી૦ રીમીંગટનની કું૦ ઉપર ખાતેબાકી લેણા........	૧,૦૧,૦૮૯
શીલકમો રોકડ..................................	૫૯૨
	૭,૫૦,૦૯૫
એજ કારણ માટે લેવાએલી મીલકતોની અસલ બેઠક....	૧,૪૧,૭૫૦
	૮,૯૧,૮૪૫

આપણી સરકારી કેમેસરી ખાતાંનો આગલો હેડકલારક, મી૦ પેસતનજી ડાસાભાઇ પાહડખાં, જેવન ઘણા વરશોવેર ઇમાંનદારીથી સરકારની શેવા બજાવેઆના બદલામાં જીંદગી સુધી બેઠા પુસારાની મેહરબાંની મેલવીને ચાકરી છોડી બેઠા હતા; તેનાઓ આ ઉપીઓગી ખાતાંનાં શેકરેટરી પણાનાં સંબંધમાં સંવત ૧૯૧૯ ના સાલથી જોડાઇ રહેલા હતા; જાંહાં પશુ પરાંણીઓની શેવા બજાવતાં નવેક વરસ પસાર કીધા પછે હઇઆતીનું શેવટ આવી પોંહતાને લીધે માતરે એકાત દાહાડાની સખત બીમારી ભોગવીને સંવત ૧૯૨૮ ના માંગસર વદી ०))) ને બુધવારે ૬૧ વરસની ઊંમરમાં ગુજરી ગએઆ; તેથી તે ખાલી પડલી જગેઆ સાંભલેઆ પરમાંણે માહજનનાં અનુમતથી મેતા પીતાંબરદાસ નાનાભાઇ નામના એક હીંદુ ગરહસથને શોફવામા આવીછે; જેના વીશે એવી આશેઆ બાંધીએછે કે, આ પાંજરાપોલની પખશામા પડલાં ઢોરો વીગેરે જણાવરોનું સારી રીતે પાલણ થાએ, અને તે માટેની થાપણબી

રૂડી રવેશે સચવાએ તેહવી તરતુદ વાપડીને ૩૯ વરસની વએ પોંચેલાં આ ઉપીઓગી ખાતાંની આબાદીમા વધારો કરતા રેહ.

કુતરાંઓને મારી નાખવાની બંધ પડેલી ચાલ, ચાલીસ વરસ પછે ૧૮૭૩ ના ફેબરવારીની અધવચથી પાછી ચાલેલી જે જોવામા આવી, તેમા ફરક માતરે એટલોજ જણાઓ હતો કે, તે વખતમા જાહેર રસતાઓ ઉપર મલતાં સગોને શોટાથી મારી નાખતા હતા; અને હવડાં તેઓના ખાધામા જેહર ભભરાવીને ભોંએ સુવાડી દીધાં. આ માટે એવું સાંભલેઊંચ કે, થોડુંક થાએઊં કોઈ હરખાં કુતરાંઓએ જે જે લોકોને કરડીને હેરાંન કીધાં, તેઓ માહેલા કેટલાક સખશો મરણ પાંમેલા માલુમ પડેઆ, તે ઉપરથી, પોલીસ કમીસનર મી૰ સુટરે પરજાનું હેત ઇછીને જાહેર ખબરની મારફતે ઘરગતુ કુતરાંઓને સંભાલી રાખવા સંબંધી પરજામા પેહલાં ચેતવણી આપીને, પછે તેવાં પરાંણીઓની કમબખતી સરૂ કીધી, તારથી તે તા૰ ૨૮ મી ફેબરવારી સુધીના પંદર દીવસમા સઘલાં મલી ઓછાંમા ઓછાં ૪૦૦ કુતરાંઓને જે મારી નાખેલાં કેહવાએઆંચ, તેટલાં બધાંઓને એકેદમ તો હરખું લાગેલું હશેજ નહીં. આટલી બધી સંખીઆ જારે શીજાઈ રહી તારે મજકુર પાંજરાપોલના હાલી રખેવાલો તરફથી, તેવાં રહજલતાં કુતરાંઓને પોતાના સવાધીનમા લેવા માટેની જાહેર ખબરો છપાવીને, દરએક જણાવર લાવી આપનારને ઇનામ દેવા જણાવેઊં તેથી તેવા પરાંણીઓનો પરાંણ ઘાત થતો બંચેઓછે. જો કદાપી આગલા બંદોબસત પરમાંણે પોલીસવાલાઓએ આગમજથી જીવતાં પકડાવી પાંજરાપોલને હવાલે કરાવી દીધાં હોતતો, હાવી રીતે તેઓનો ઘાંણ નીકલતેજ નહીં.

પાંજરાપોલનું પુણવંતું કાંમ સરૂ થઆની બારેક વરસ આગમજ સંવત ૧૮૭૮ ને સાલથી કેહચ કે, હલાઈ ભાટીઆની માહજનના લોકોએ પોતપોતામા હુધરાતથી ઉભી કીધેલી એક થાપણને ઠા૰ કોહાંનજી ચતુરની આગેવાંણી હેઠલ શોંકીને, તેની ઉપજમાથી ગાએઓને ઘાંસ ચારો નાખવાનો રવઇઓ જે આરંભેઓ હતો; તેની ઉપજમાંથી બંચેલા રૂ ६८०० ની સરકારી વીઆજુકી નોટો, તથા ઠકર રણછોડદાસ કાંહાંનજીના ચોપડામાથી ખાતે બાકી નીકલેલા રૂ૨૨६६ ઉપર જણાવેલા બાપ બેટા, જે મરણ પાંમેઆ, તેઓના વશીએતનામાના વકીલ ઠકર લખમીદાસ દાંમજી પાશેથી લઈ લેવા માટે, સંવત ૧૯૨૯ ના માગસર વદી ૪ ને ગુરૂવારે મલેલી તેઓની જાહેર સભા અંદર વધુ મતથી, માહજણ મચકુરના હાલી વહીવટદાર ઠકર લખમીદાસ ખીમજીને અખતેઆર સોંફેઓ હતો. આ બાબદમા એક મુકદમો નામદાર હાઇ કોરટની સાંમણે કેટલુંક સુધી ચાલેઓ હતો, તેનો ચુકાદો તેજ શાળના પોસ વદી ૯ ને ગુરૂવારે નીઆએઘીસ મી૰ બેલીએ કીધા પરમાણે, ઉપલી ૯૦६६ રૂપીઆની પુંજી માહજણના સવાધીનમા આવી; અને તેની ઉપજમાંથી આગલી મકસદ માફક હલાઈ ભાટીઆની માહજનને નામે પશુ પરાંણીઓનું પાલણ હલાએધું થતું સંભલાએછે.

સતીના રેવાજની ઊતપંતી, અને તેમા થએલા અટકાવની યાદી.

પરમેસવરે ઈનસાંનોને બખશેલો અમુલીઅ પરાંણ કોઈબી બાંહાંને ઘાત થાએચ, તેમાં આ સતીનોબી માહ પાપી અપરાધ કેહવાએછે; એ વીશે હમારી અટકલ એવી પોંહચેચ કે, જારથી પુનરવીવાહની પુરાંણી રસમ બંધ પાડવામાં આવીચ, તારથીજ કોઇ શકત હઇડાંના કરપીણ સખશે ધરમને બાંહાંને હાવો કમકમાટ ઉપજતો રવઇઓ ચાલુ કીધેલો હોએ; કે જેથી કરી કોઇ ઘરડા અથવા જવાંણ વરની બાએડી રંડાએઆ પછે, પુનરવીવાહની બંધીને લીધે કદાચને કોઇ અનીતીના ભુંડા હવસમાં ફશીને, કુલને તથા નેઆતજાતને નકાઈ લગાડે તે કરતાં ભરથારની સંગાથે બાલી મારવાનું માહ પાપી કાંમ કોઈએ શોધી કાહડેલું સહમજમા આવી શકેછે; પણ "નીબંધમાલા" નામના એક પુસતકમા એવી વાત વાંચવામા આવેછે કે, હીંદુસતાનના ઉતર ભાગમા રેહનારા હીંદુઓની ભરચકર વસતી અંદર એક વખતે (જેના શાલની તથા ગાંમની ચોકસ યાદી તે પુસતકમા સમાવેલી નથી) કેટલાક પુરશો મરણ પાંમેઆ, તારે તાંહાંના રાજાની તજવીજાત ઉપરથી એવું માલુમ પડઉં કે, વીભીચારી બાએડીઓ બદફેલીમા વધારે ફાવવા માટે તેણીઓએ પોત પોતાના ભરથારોનો કોઈ રીતે ઘાંણ કાહડેઓછે. રાજા જોકે તેવીજ રીતની મોજમજાહના શોખમાં સમપુરણ હતા, તોપણ ઉપલી કરૂર ચાલનો અટકાવ કરવા માટે એવો ધારો બનાવીને તતકાલ અમલમા આંણેઓ કે, જે સ્ત્રીનો ધણી મરણ પાંમે તારે તેણીએબી તેના મુરદાં સાથે બલી મરવું. આ યુકતીથી, કેહચ કે, સતીની ચાલ હીંદુઓમા પેહલવેહલી પેસાડીછે; અને તેને ટેકો મલવા માટે તે વખતના રૂશીઓએ તેવી સ્ત્રીઓને સ્વરગના સુખની તથા બીજી કેટલીક લાલુચો સાસ્ત્રની રાહે દેખાડી લલચાવી કે, તેથી કરી કોઈબી વીધવા થતી સ્ત્રી આનાકાની કરેજ નહીં.*

ઉપલા ગરંથકારના કેહવા મુજબ, ઈનસાંનોને કમકમાટ ઉપજાવનારા સતી થવાના રેવાજને કેટલીક સમરૂતીમા ઉતેજન આપેલું જણાએછે; જે માહેલી એકની અંદર તો એવુંબી લખેલું કેહવાએઊંચ કે, "જે પરમાણે કોઇ ગારોડી એક સાંપને તેના બીલ માહેથી બાહેર કાઢી ઘણું સુખ પાંમતો હોય, તેમ રંડાપે આવેલી બાએડી પોતાના પતી સાથે બલી મરે તો, તેને નરકમા પડતો તે બંચાવી શકેછે." અને બીજી સમરૂતીમા તરણ તરાંહની સહમજ સમાવી દેખાડીચ, તેમાં પેહલી એકે "જે સ્ત્રી પોતાના પતી સાથે સત ચહડાવી મરણ પાંમે તો પોતાના પીતાની સાત પેહેડીઓને તે તારશે; એટલુંજ નહીં પણ સવરગમા ચઉદ ઈંદરા દેવ રાજ કરે તાંહાં તુલીક તેણીના પતી સાથે તે સવરગનું સુખ ભોગવશે; અને તરીજી રીત એવી કહીચ કે, "જેના વરે

---

* એ સબબબી પુનરવીવાહના અસલી રેવાજને અટકાવનારો શેહલથી સહમજાઈ શકાએછે. નો° લે°

બરહેમ હંતીઆ કીધી હોય, યા કોઈ મીતરને મારી નાખીઓ હોય, અથવા નીમકહરાંમી દેખાડી હોય, અને તેની સ્ત્રી પોતાના ભરથાર સાથે જો બલી જાએ તો, ખચીત કરી તેણીનો પતી સઘલાં પાપથી છુટો થાએ.”

આ દુખ ભરેલી વાતોનો કંપારો જેમ પારકા ધરમવાલાઓને લાગેછે, તેમ ખુદ હીંદુઓનેબી અલબતાં લાગતો હશે; કારણ કે તેઓ માહેલા કેટલાકો ઘણું કરી વેહમના વમાસણને નીવારવા ઉપર હવડાં સારૂં લખસ આપતા જ-ણાએછે; પણ ખાંમી માતર એટલીજ રહીચ કે, સંસકરૂત ભાસામાં લખાએલાં સરવે કીસમના પુસતકો (જેમા ઘણા ખરા વેહમી વીચારોબી દાખલ થએલા હોએચ) ને તેઓ હજીસુધી ધરમપોથી પરમાણે ગણીને કેટલીક વેહમી, જંગલી તથા જીવનો નાશ કરનારી કીરીઆઓ જે થાએચ, તેમાં આ સતીની રસ-મને પણ ઉતમ ગણતા આવેઆછે; અને તે કાંઇજ નહીં પણ ઉપર જણાવેઆ મુજબ સવરગના સુખની ખોટી લાલચ દેખાડવા માટે ધરમના નામને વચે લાવેઆછે; અને તેથી કરી બીચારા કેટલાક અગનાન હીંદુઓ તેમા લાભઇને નહીં છાજતો કરૂર અમલ કરે તે વાત નવાઈ જેવી લાગેજ નહીં; પણ અજા-એબી ભરેલી હાવુંબી કેહવાએચ કે, શેઆંણા અને સહમજુ હીંદુઓબી તે ચાલને નાસકારક નહીં સહમજતાં ધરમને બાંહાંને પરશીધ કીધેલા વેહમી વીચારમાં હજી એટલાતો વીટલાઈ રહીને એવું ધારેછે કે, તેઓના વરણની બાએડીઓ પોતાના પતી સાથે બલી મરે તો તેથી તેણીને કોઇબી ઇજા થાતીજ નથી.

પુરાંણને પુખત રીતે પઢેલો કોઈબી માહપંડીત ધરમને આધારે હીંમ-તથી તો કદીબી કહી સખશેજ નહીં કે સતી થઇને બલી મરવાનું કરૂર કાંમ પરમેસવરે સરજેલુંછે; કેમકે સાધારણ અકલથી સરવે કોઈ વીચારી સ-એછે કે, જે પરમ કીરપાલુ સાહેબ પોતાની કુદરતથી જેને જનમ આપેચ, તેની જીંદેગીનો અંત લાવવાનો હકબી તેજ ખાવંદ ધરાવેછે; માટે આ સરૂસ-ટીમાં અનેક સંજોગથી જેટલા આપઘાતો થાએચ, તેનો બોજો તો જોકે તેહવું કાંમ કરનારનેજ સર હોએછે, પણ આ સતીની સરૂઆત શોધી કાહડનારની સંગાથે તેવી કરૂર યુકતીને જેટલા મદદગારો મલી આવેચ, તેઓ સઘલા એક સરીખા ખુની અપરાધના મોટામા મોટા પાપી ગણાવા જોઇએ; અને તે કાં-મનો અટકાવ કરવા જેબી સખસ મેદાંન પડશે તેજ બેહુ ભવનું પુણીઅ હાંશેલ કરી લેશે, કેમકે ધરમને ઓટે બાંહાંને ધુતારા બરાંહમણોના બેવકુફાઈ ભરેઆ બોધ ઉપરથી ઘણીક અબલાજાદીઓના બેઆરા પરાંણો બીન ફોકટ બરબાદ ગએલા જે આપણે સાંભલતા આવેઆચ, તેની જો ચોકસ ટીપ આપવા બેશીએ તો તેથીજ આ નોધ ભરાઈ ચુકે. એ બાબે આપણી મએ-આલુ અંગરેજ સરકારે પણ ઠેકાણે ઠેકાણેથી કેફીએત મેલવીને તેના અટકાવ માટે એક સતા ભરેઓ સખત ધારો, મરહુમ લારડ ઉલીએમ બેનટીક જારે હીંદનો સરસુબો હતો તારે, તેના અમલમા ઘડાઇને તા૦ ૪ થી ડીસેમબર સને ૧૮૨૯ થી અંગરેજી સલતનતની સઘલી જગોએ પસાર થયો, તારથી તેમા

ફરમાવેલી સકત સજાની ધાસતી રાખી આ કમકમાટ ભરેઆં કાંમેથી લોકો અચકવા લાગા; જે વાતને આજે ૪૪ વરસ વહી ગએઆંચ, તોપણ હાવી મનાઈ છતાં તેટલા અરસામા કેટલીક બાએડીઓ ભરથાર સાથે ગુપચુપ જે બલી મુઈઓ, તેમાં મદદ આપનારા સખશો જારેબી સપડાએઆચ તારે તેઓએ સારી રીતની સજા ભોગવેલીછે; અને તેવીજ નેમ એ અદલ રાજ્ય તરફથી ચાલુ રહીચ તે કાંમ માહપુનનું અને ઘણું પરતાપી થએલું જાણીએછે.

બળી મરવાની બાબદમાં કોઇ બેસુમાર દાખલાઓ જે અજવાલે આવી ચુકાચ, તે માહેલો આ એકજ જે જાણવા લાએક નજર પડઓચ, તેની નોધ હીંઆં લઈએછે; જે ઉપરથી જણાઈ આવશે કે ઇસવી સને ૧૮૫૯ ના જુનની ૧૯ મી તારીએ કુનઘરગાંમ, જે હાંશી શેહરથી ૯) માઈલ દુરછે, તાંહાં રેહનારો એક ચમાર મરણ પામેઓ, તારે તેની નનુ નામની જવાન બાએડી પણ તેની સાથે સત ચહડાવીને બળી મરવાને તઇઆર થાઈ હતી; પણ ગામના લોકોના અટકાવથી તે દીવસ તો વહી જવા દીધો, પછે તરીજે દાહાડે તેણીએ જારે બોહોરા પકડી તારે તેને બાલવામાં આવી; અને તે બાબેની ચોકાશી કરતાં સતાવાલાઓના હાથપર સપડાએલા મદદગારોને જે સજા થાઈ, તેમા ઘણી આગેવાની લેનારાઓ દરએક જનને ૧૦) વરસ સુધીના કેદખાનાની; અને ૧૬ ચમારો ઉપરાંત ૩ ચોકીદારો મલી ૧૯ જણાઓએ લાકડાં એકડાં કીધાં હતાં, તેઓ દરએકને પાંચ પાંચ વરસ વેરનું કેદખાનું ભોગવવું પડેઊં હતું; એટલુંજ નહી પણ સરકાર તરફના જે માણસને પોલીસ ચોકીપર ખબર કરવા મોકલાવેઆ છતાં તે નહી ગયો તેના અપરાધ માટે તે બે વરસવેર બંદીખાને પડઓ હતો; અને તે ઉપરાંત કેહચ કે, કુનઘરના સરવે રેહવાશીઓ ઉપર ૩૫૦૦) નો દંડબી નાખવામાં આવેઓ હતો; તે એટલાજ માટે કે હાવાં કરૂર કામની હવે પછે કોઈ આગેવાની લીએજ નહીં. આટલુંજ કરીને સરકાર બેશી રહી નોહતી, પણ તાંહાંની પોલીસ ખાતાના સઘલાં માણસો તથા થાણેદારોને, વાવીઅકોણના લફતનેંટ ગવરનરે ચાકરીમાંથી બરતરફ કીધા હતા; કેમકે એ વાતની જે તેઓને થોડીઘણી ખબર હોએઆ છતાં સતાવાલાઓને વખતસર ચેતવણી આપી નહી; તથા સતીનો અટકાવ બીલકુલ કીધો નહીં; માટે આ સજા પણ ઘણી ઇઓગીઅ થાએલી માલુમ પડીછે.

આ કામના અટકાવ સારૂં સતાવાલાઓ તરફની સાહુચેતી હોવા છતાં, નરશીંગપોર ખાતે વળી સતી થયા સંબંધી શેતંમ ભરેલી વાત સંવત ૧૯૨૯ ના ચઇતર સુદી ૧૩ ને ગુરૂવારે બનેલી માલુમ પડીછે. એ દીને સુનરાકાંત નામનો એક હીંદુ સરાફ તાંહાં મરણ પાંમેઓ; જેની લોથને મસાંણમા લઈ જઈ બાલવામાં આવી, તાંહાં તુલીકતો સત ચહડવાની કાંઇએ વાત કોઇને જણાઈ નોહતી; પણ કેહચ કે, મુરદું બલી રેહવા આગમજ સમસાંને ગએલા લોકો ચેહને ધકધકતી હાલતમા સલગેલીજ રાખીને તાંહાંથી નીકલી ગયા પછે, તેની વીધવા પોતાની મેલ ઘેરમાથી છુપી રીતે એખીલી દોડી જઇને પેલી

બલતી ચેહની અંદર એકેદંમ જોંહકાવી દઈ ધણી સાથે પોતેબી બલી મુઈ. આ બાબદ શક ભરેલી સહમજાએઆ ઉપરથી તે મરનારના એશીઓ, તથા નાતીલાઓ મલી આસાંમી જણ ૧૫ ને સતાવાલાઓએ તતકાલ કેદ પકડી લીધાછે; માટે તજવીજાત ઉપરથી આ કરપીણ કાંમમા કદાપી તેઓનીજ મસલત માલુમ પડશે તો, તેઓ બધા અથવા તે માહેલા કોઈ કોઈનેબી થએલી સજા યોગીય ગણાશે.

સતીનું કાંમ સરકારે તદન બંધજ પાડવું હોએ તો, હમારા વીચારવામા એવું આવેછે કે, એ બાબે બંધાએલા ધારાની અંદર કાંઈક ફેરફાર કરીને, તેવાં કાંમમા આગેવાણી લેનારા, અથવા સાંમેલ રેહેનારાઓને મોહોતની, નહીંતર તેઓની મીલકત જપત કરીને અંગરેજી સલતનતમાથી હાંકી કાહડવાની સખત સજા સંબંધીની કલંમ, જો લાગુ પાડીને તે કાએદો અમલમા આંણે, તો તેટલા તરાહસથી સંદેહ નથી કે, પરમેસવરની પેદાએસના પરાંણીઓ માહેલી, અબલાજાદીઓને સત ચહડાવનારાઓ શેહજમા પરાગંદે થઈ સખશે. બાકી હાલ થાતી સજાથી સરકારની રૂડી સોચના કવચીત પાર પડશે.

મસાંણો વીશેનું મુખતેસર બયાંન.

હીંદુઓની વસતી, પોરટુગીસના અમલ આગમજથી આ ટાપુમા હતી; માટે તેઓમા મરણ પાંમેલાં મુડદાંઓને વગે લગાડવા, (ઈઆને અગણીદા કરવા) સારૂં મસાંણોની કોઈ જગેઆ મુકરર હોવીજ જોઈએ. તેહવી એક એકાંત જગો શેહરને નાકે પછમ દશાએ આવેલા દરીઆ કાંઠે તેઓએ પેહલવેહલાં મેલવી લીધેલી માલુમ પડેછે; (જેની પરબે મહમદીઆનો તથા ઈસાઈકોમ વાલાઓના કબરસતાંનોબી આવેલાંછે, અને તેની કેફીએત, દરએકની હકાએત સાથે અલાહેદી જણાવેલીછે) અને તેપછે તેઓની વસતી જારે વધતી ગઈ, તારે છેક દુરદરાજ વેરના રેહઠાણો તરફથી એ મકાંણપર સઘલાઓને આવવાનુ નહી બનેઆને લીધે. તેઓને તેમની નજદીકીમાં જુદી જુદી જગો મેલવવાની ધારેઆમેલે અગત પડી હશે, તેથી કરી આ શોનાપોર ઉપરાંત કોલાબું, ટાંકબંદર, તથા ભોંએખલાનું (માતરે ડાટવાજસારૂં) ખાલી મેદાણ હાથ કરી લીધું, પણ તેથીબી આગલ વધીને "તનદરેસતી" નામનાં દરમાંશીક ચોપાંણીઆંનો બનાવનાર ઇ૦ સને ૧૮૬૯ ના સપટેમબરના આંકને સફે ૨૫૮ માં જણાવેઅ કે, વાલકેસવરમા ૨, ભુલેસવરમા ૧, પરેલમા ૧૫, તથા માંહીમમાં ૪ મસાણો ચાલુછે; જેઓની સંખીઆ સાંમઠી લેતાં સગલાં મલીને મુંબઈમાં ૨૬ મસાંણો તો ફકત આ મોટી કોમની મુહબલક વસતીનાજ મુડદાં માટે સંવત ૧૯૨૭ની સરૂઆત સુધી વાપરવારામા આવતાં હતાં; પણ વખતની વલાંણ પરમાંણે શેહરની રોણકમાં જેમ સુધારાએ પગ પેસાડેઓ, તેમ પરજાની સુખસાંનતી સાચવનારા અમલદારોના અભીપરાએને આધીણ રહીને શેહર સુધરાઈ ખાતાંના

માજી કમીશનર મી૦ કરાફરડ સતા ભરેલાં જાહેરનામાની ખુબીથી ઉપર જણાવેલાં મશાંણો મધેથી માતરે કોલાબા, ટાંકબંદર* અને ભાંએખલાના મેદાંણ માહેલાં મલીને તરણ મસાંણો તા૦ ૧ લી જાનેવારી ૧૮૭૧ થી તદન બંધ પાડ્યાંછે; પણ એ ગણાત માંહેલા કેટલા લોકોને ભોમીદા કરવા જોઈએ તેટલા સારૂં વરલીને છેક છેડની ખાલી જગેઆ તેઓને મુકરર કરી દીધામા આવીછે. બાકીના મસાંણો જે વપરાસમા રહેઆંય, તે માહેલું સરવેથી પેહલું અને મોટું મસાંણ શોનાપોરનું ગણાએછે. આ જગેઆની અસલ કીલાજેવી મજબુત દીવાલ સાથે આગલા દાહડાઓપર દરીઆવના મોજાઓ, ભરતીની વખતે આવીને એવાતો જોસથી અથડતા હતા કે, કોઈ કોઈવાર તેનો કેટલોક ભાગ તદન ભાગી પડતો હતો; પણ ગયાં થોડાંક વરસની વાતપર એક રાખશી કદની ઉભી થાએલી મંડલીએ તે તરફનો દરીઆનો થોડાક ભાગ પુરીને ભોંએ કીધાથી તેહવી મુશીબત તાંહાંથી તદન નીકલી ગઈછે; અને તેથી કરી તે લતાનો દાહાડો હવડાં એવાતો ફેરવાઈ ગઓય કે, જાંહાં ગાંમનો અસલ છેડો હતો તાંહાં રાજીઅની બાંહેધરીથી આંણદ પાંમતી પરજાની આબાદીએ રોણકદાર મુખડો બનાવી દીધાને લીધે, વાલકેસવર તથા ગાંમની વચે આવેલા દરીઆ કાંઠે લોઢાંના પાટાપર અગનીરથ ઉપરાંત તેનીજ બોરદુએ બંધાએલો "આલફરેડરોડ" નામનો નવો રસતો ગાડી ઘોડાઓ, તથા પાંઉ પેઆદાઓથી દરરોજ ભરચકર થવા લાગોછે; માટે તેનીજ સાથે આ મસાંણની આગલી હાલતમાંબી માંહજણને ખરચે, અને ધી હાંનરેબલ શેઠ મંગલદાસ નથુભાઈ, તથા નારાએણ વાસુદેવ ઉપરાંત શેઠીઆઓ શા૦ કાંહાંનદાસ મંછારાંમ, તથા શા૦ ગંગાદાસ કીશોરદાસના મેહનત ભરેઆં ઊપરીપણા હેઠલ, એવો તો સુધારો થયોય કે, આ જગેએ મુડદાંઓ બલેય એવું કોઈ બાહેરનો અંજાંણેઓ આવેતો તે એકાએક પીછાંણી સખેજ નહીં; તેવી તરફુદથી ઊંચી સુંદર દીવાલ જે બંધાવીય તેનું મજબુત કાંમ ચાર માસની ટુંક મુદતમા સંવત ૧૯૨૭ નાં વઇશાક વદી ૧ ને ગુરૂવારે પુરૂં કરાવી લઇને મસાણને માંન ભરેલી જેબદાર બનાવેલી, તે બાબેની સાબાશી એ કાંમના સઘલા મદદગારોને એક-સરખી પોંહચીછે.

આ પંથમા મરંણ પાંમેલાંઓના મુડદાંઓ જે બાલવામા આવેય, તેમાંથી બે વરસની અંદરના બાલકો ઉપરાંત સીતલા, રગતપીત અને તે વગેરેનાં રોગીસ મોટાં મુડડાંઓનેબી બાતલ રાખીને મસાંનમાંજ એક અલાએધી જગેએ ડાટવાનું તેઓને ફરમાંણછે; તેની સાહમને હવડાં શેહર સુધરાઈ ખાતાં તરફથી અટકાવ કરીને તેવાં મુડદાંઓને વસતીની બાહેર છેક વરલી તરફ લઈ જઇને ડાટવાનું ફરમાવેઆને લીધે તેઓના વીચાર પરમાંણે દલગીરી ઉપજવા જેવું થાએલછે, કારણ કે, જાંહાંસુધી હરકોઈ મુએલી લાથને ઠેકાંણે

---

* હમારી જાન પરમાણે કોલાબા તથા ટાકબંદર ખાતેના મસાણો હજી-સુધી બાલવા માટે વપરાતાં રહેલાંછે, પણ ડાટવાની જગા કાહડી નખાએલી કેહવાએય. નો૦ લે૦

પાડવામા ન આવે, તાંહાં તુલીક તેના સગાંઓથી ભોજણ તથા પાંણી બીલકુલ લેવાઇ સકાએજ નહીં, માટે વરલી જેવી દુરદરાજ જગેઆ સુધી મુડદાંઓને ખાંધપર લઇને પાંઊ પેઆદા ચાલી જતાં ગરમી તથા વરસાદ રૂતુમાં કેટલો વખત જોઇએ, અને કેહવી મુશીબત ભોગવવી પડે તેનોતો કશોએ વીચાર સરીર સાંનતીના ખાતાંએ જારે નહીજ કીધેલો માલુમ પડેઓ, તારે એવા લોકોને ડાટવા માટે વરલી વેર લઈ જવાનો હોકમ કાહડી નાંખવા બાબે એ ગનાતના આસરે બશો ગરહસથોએ મસાણ ઉપર મવકલ રહેલા સુપરઈન-ટેણડેંટની ઉપર સંવત ૧૯૨૮ નાં અશાડ અથવા સરાવણ મહીનામા કીધેલી એક અરજીની અંદર એવું જણાવેલું સંભલાએઊંચ કે, જો મુડદાંઓને ડાટે-આથી રોગ ફેલાતોજ હોએ તો મસાણની પડોસમાં આવેલાં મુસલમીનોનાં કબરસતાંનોછે, તાંહાં પણ બીજાઓની પેઠે એવા સેંકડો રોગીશો સદા ડટાએછે, તારે તેથી રોગ કેમ ફેલાતો નથી? આ અરજી, કેહચકે, તેઓએ તઇઆર કરીને એક માતબર અને વગવાલા હીંદુ શેઠીઆને ઘટતે ઠેકાંણે દાખલ કરવા માટે ઘણી આજેજી સાથે આપી હતી; તે જાંણેઆ પરમાંણે આ બીના* છાપામા ગઈ તાંહાંતુલીક ઘણીવાર બેઠેલી સુલેહના અમલદારોની સભા શાહમને આવીજ નોહતી; અને તેઓની વાજેબી દાદ તાહાંતુલીક ઢીલમાં કેમ પડી રહી તે બાબેનો ખોલાશો મલેઆ આગમજ હમારી તરફનો કશોબી અભીપ-રાએ જાહેર કરેઆવીનાએ એટલીજ આશેઆ રાખી બેશીએચ કે, તેઓની અરજ જે વગર વાંધે બાહલ રેહવા જોગછે તે મુજબ કીધેલો અટકાવ નીકલી જાએ તો બહુજ સારૂં; કેમકે તેઓના એકરાર પરમાંણે એવા દરદીઓની દર સાલે સરાસરી સંખીઆ ૨૦) થી વીશેસ તો થાતી નહીંજ હશે, માટે એ અટકાવ બચીત કરી સદનતર નીકલી જવોજ જોઇએ.

વલી બીજા કેટલાક હીંદુઓએ ટાંકબંદર આગલ ડાટવાની જગેઆ બંધ પાડેઆ ઉપરથી નારાજી થાઇને શેહર સુધરાઈ ખાતાંને એવી અરજી કીધેલી સંભલાઈ હતી કે, તેઓને માટે વરલી ખાતે થેડવી આપેલી જગેઆ રદ કરીને આગલું (ટાંકબંદરનું) મકાંણ પાછું વાપરવા દેવું; તે બાબે સંવત ૧૯૨૯ ના પોસ વદી ૨ ને બુધવારે બેઠેલી શુલેહનાં અંમલદારોની સભા અંદર થોડીક ભાંજ-ગડો ચાલેઆ પછે તે અરજદારોને માટે એવો ઠેડાવ નકી નોંધાઓ, અને જવાબ વાલવા વીશેનો હોકમ થાઓ કે, તેઓની અરજ બે કારણથી બાહાલ રાખી સકાતી નહી, જેમાં એકતો ટાંકબંદર કરતાં વરલી કાંઈ તેઓને દુર નથી; અને બીજું એ કે ટાંકબંદર આગલની બધી જગા ભરાઈ જવાને લીધે, મુડદાંઓને એકેકની ઉપર ડાટવામા આવતાં હતાં, તે ભરતી વખતે ચહડી આવતાં દરીઆવના પાંણીની છોલ તાંહાંનું મટોડું ધોઈ નાંખેઆથી ડટાએલી લોડો ખોલ્લી થાઇને હલાકી પાંમતી હતી તેથી તાંહાંની જગેઆ બંધ પાડીને વરલી તરફની જે ગોઠવણ કરી આપીચ તે ઘણીજ સારીછે.

---

* સંવત ૧૯૨૯ ના વઇશાખ સુદી ૧૩ ને રવીવારે.

પરબેઆત હીંદુઓના મરતીઊકો.

ખઈછે કે આ ટાપુ ખાતે હીંદુઓ આવી વશીઆ પછે તેઓ માહેલા સુહબલક સખશો મરણ પાંમી ચુકાછે, પણ જુગ વહી ગયાને લીધે બધાઓની ચોકસ નોધ કેથેબી સચવાઈ રહેલી નહીં જણાઆને લીધે તેઓ માહેલા જાંણીતા સખશો જે છેલી ૦॥ સદીના અરસામા ગુજરી ગયા, તેઓ માહેલા જેટલાઓની ઈઆદી હાથ આવી તેટલીજ હીંઆં દાખલ કરતાં, આટલી ખાતરી જણાવીએછે કે, તેમાંબી વખતે પરજાની પીછાંણવાલા કોઇ સાહેબોના નાંમો લેવાતાં રહી ગયાં હોએતો, આ નોધ લેણારની કશુરથી કેહવાવું જોઈએ નહી; કારણ કે તેનાથી બનીચ તેટલી જોસતેજોઈ તે કરી સખેઓછે, તે છતાંબી જારે ખબર આપનારાઓ પછાત પડતા દેખાએઆ. તારે તાંહાંજ તેનો ઉપાએ ખચીત ખુટી પડઓ એવું મનાવીએછે. બાહેરવાલા સખશોના મરતીઉકો આ મધે જે જોવામા આવશે, તે માતરે તેઓની પદવી ખાતર, અને કોઈકોની લાંમબી વએની એક યાદગારી રાખવાનું મુનાશેબ જાંણીઉછે.

૧૮૭૧ નાં આસાડ શુદી ૮ ને સુકરવારે વડોદરાની ગાએકુઆરી ગાદીના દીવાંન દાદા પટવરધન ગંગાધર શાસ્ત્રીને પુણા ખાતે પેસવાઈ રાજીઆવાલા તરફથી કોઇએ મારી નાખેઓ હતો. આ ગરહસથને પેટે અઢાર વરસની વએનો એક દીકરો જે હતો, તેને આપણી નાંમદાર સરકારે પોતાની બાંહેધરીમાં સાચવી લઈને દર માશે રૂ૫૦૦) નો પગાર બાંધી આપેઆથી તે મરહુમનાં કુટંબીઓને સારો સંતોસ હાંશેલ થાએલો સંભલાઓ હતો.

૧૮૭૯ ના આશાડ સુદી ૫ ને સનીવારે—બારભાએઆના પરબેઆત વંઉસનો નામીચો વેપારી શા॰ પરેમજી ભગવાનજી ૫૪ વરસની વએ ભોગવીને કઈલાસવાસ થયો. આ ગરહસથ શા॰ પરેમજી પરશોતંમને નામે તે વખતપર મુંબઈમા ચાલતી પેહડીનો એક સુધો, અને નીતીમાંન સવતંતર ભાગીઓ હતો, એટલુંજ નહી પણ માહધરમી સાથે દયાવંતોબી કેહવાતો હતો.

૧૮૮૦ ને ફાગણ મહીને શા॰ નરભેરાંમ ભવાંણીદાસ, ટંકસાલ ખાતાંનો અસલી ઈજારેદાર સાઠ વરસની ઊમરમાં મરણ પાંમેઓ હતો.

૧૮૮૦ ને ભાદુરવે મહીને શા॰ મોતીચંદ રૂગનાથદાસ ગનાતે લાડ વાંણીઆ જે આ શેહરનો એક નાંમીચો સરાફ હતો, તે મોટો દરવીઅ મેલી મરણ પાંમેઓ.

૧૮૮૩ ના માંગસર વદી ૫ ને મંગલવારે—મારવાડી અમરચંદ બીદરીચંદ, જેપોરથી સરાફી પેડી લઈને સંવત ૧૮૬૫ ની સાલમાં આવેલો હતો; તે લગભગ ૧૮ વરસ સુધી મોટી જાહોજલાલી ભોગવીઆ પછે તીસ લાખ રૂપીઆનો દરવીઅ મેલીને ૬૦ વરસની ઉમરમાં મરણ પાંમેઓ

આ ગરહસથની દોલત તેમના બે ભત્રીજાઓ નામે જેઠમલ તથા હીરાચંદે અપસ આપસમાં કોરટ લડીને બરબાદ કીધી હતી.

૧૮૮૫ નાં વઈસાખ વદી ૧૩ ને સનીવારે-પરભુ ગણાતનો દરવીઅવાન શેઠ વીઠોબા કાંહાંનોજી મરણ પાંમેઆ.

૧૮૮૭ ની સાલમા શાઃ તારાચંદ મોતીચંદ ચીનાઈ, ગણાતે વીસાઓસવાલ સરાવક વાંણીઆં વરસ ૭૪ ની ઊંમરના થાઈને મરણ પામેઆ. હીંદુઓમા સરવેથી એજ હીંમતવાંન ગરહસથ વેપારને અરથે પેહલ વેહલો સંવત ૧૮૬૬ ની શાલમા ચીનની સફરે શીધારેઓ હતો, અને તેહવાજ હેતુથી વલી ૧૮૭૦ માં બીજી વારબી તાંહાં જઈ આવેઓ હતો.

૧૮૮૮ નાં જેઠ વદી ૫ ને શોમવારે પુણા ખાતેના સરકારી શીખસક ખાતાંનો વડો બાલ સાસ્રી ધગવી, જેને પોતાની કાબેલીઅતથી પંડીતોમા મોટું માન મેલવેલું હતું; તે ૩૬ વરસની જવાંની વએમાં તે તરફ ગુજરી ગયો; જેથી કરી તાંહાંના શીખસક ખાતાંને મલતી મદદ તે વખતપર થોડુંક સુધી તુટેલી દેખાઇ હતી.

૧૮૯૨ નાં કારતક વદી ૪ ને સોમવારે આપણી વસતીમાં વખણાઇ ગએલા સરાફ શાઃ મોરલીધર સંભુની દીકરીનાં દીકરા મોતીરાંમ અનુપરાંમ, જે હીંદુ માહજણનો એક સુધો શેઠીઓ કેહવાતો હતો તે ૩૮ વરસની વએમાં વઈકુંઠ તરફ ચાલી ગયો.

૧૮૯૨ નાં માંગસર સુદી ૧૨ ને મંગલવારે આપણી વસતીનાં મોટા માહરાજ, અને સરાફોની સંફના મુખીઅ નાણાવટી શ્રી ગોવરધનજી નાથજીના ચીરણજીવી શ્રી લાલજી માહરાજ વરસ ૪૦ ની ઊંમરમાં ધરડા બાપને જીગરમાં જખમ લગાડી કઈલાસવાશી થયા. આ માહરાજ સવભાવે સલુકાઇ ભરેઆ, અને ઘણાંજ નીતીવાન તથા નમાના પુરૂસ હતા; તેથી કરી હીંદુની સઘલી માહજનોમાં તેવન માહપરીતી ભરેઆ તથા સમપુરણ વીચારનાં કેહવાતા હતા.

૧૮૯૫ ને કારતક મહીને શાઃ હંસરાજ હરીદાસ નામનો એક નાંમીચો વેપારી મરણ પાંમેઓ હતો.

૧૮૯૬ નાં અશો સુદી ૫ ને બુધવારે મારવાડી હીરાચંદ બીદરીચંદ, જે આગલા દાહાડાપર નાંમીચો સરાફ ગણાતો હતો, તે બીચારો બીરગસતે ભવીસના વીજોગથી મરહુમ અમરચંદ બીદરીચંદની બાબદમાં, પોતાના કાકા તારાચંદ જેઠમલે માંડેલી ફરીઆદીની જપતી ઉપરથી સંવત ૧૮૯૩ ની સાલમાં કરજને લીધે કેદખાંને પડેલો હતો, તાંહાંજ પોતાની મુશીબતનો કાલ પુરો કરીને કુદરતી મોહોતે મરણ પાંમેઓ, અને તે પછે જેઠમલબી નાદાર થાઈ હીંઆંથી નીકલીં ગયો હતો, તેની નોંધ લેતાં બચીત દલગીરી ઉપજેછે.

૧૮૯૭ ના ફાગણ વદી ૪ ને ગુરૂવારે હીંદુઓના મોટા માહરાજ તથા સરવે સાહુકારોમા સારો દરજજો ધરાવનારા શ્રી ગોવરધનજી નાથજી વરસ

૭૨ ની જઈફી ગુજારીને કઈલાસવાસ થયા. આ ધરંમગુરૂ માહરાજ બધી વરણના શેઠ સાહુકારો તથા અદનાથી આલા સુધીના સણુસારીઓ સંગાથે ઘણાજ મીલણસાર હતા; એટલુંજ નહી પણ સાંભલેઆ પરમાણે સંનસારી તથા ધરંમ આચારીનાં બેહુ નાંમીચા ઓહધાઓ સારી વરતણુકથી બીજા માહરાજો કરતાં તેવન સરસ રીતે ચલાવીને સરવેનો જે ચાહ મેલવી ગયાચ, તે ઉપરથી કેહવાને બની આવેચ કે તે મરહુમ માહરાજ પવીતરાઈમા પુરા અને નેક નાંમીમાં સુરાજ હતા.

૧૮૯૭ ના વઈસાખ વદી ૧૨ ને મંગલવારે હીંદુઓના બીજા મોટા માહરાજ શ્રી ગોસાંઈજી ધનશાંમજી જેવણ પરથમ સાહાડ ગાંમના શ્રી નાથજી માહરાજના મંદીરમા રેહનારા હતા; તે વરસ ૫) સુધીં હીંઆં આવી વશેઆ પછે વરસ ૬૦) ની વએ ભોગવીને ગુજરી ગયાછે.

૧૮૯૯ નાં કારતક સુદી ૨ ને સુકરે વડોદરાની ગાદીનો પદભરસટ થાએલો માજી દીવાન વેણીરાંમ આદીતરાંમ પોતાની દાદ ચાહવા માટે કલકતા તરફ જઈ રહેલો હતો તાંહાં ૬૨) ની ઉમરે તે મરણ પાંમેઓ.

૧૯૦૦ નાં ફાગણ સુદી ૫ ને સુકરવારે આપણી ટાપુનો પરએઆત ઝવેરી શા૦ ફતેચંદ ખુસાલચંદ, જેણે એક લાખ રૂપીઆનું દઈવિત ભેગું કીધું હતું, તે એમનુંએમ મેલીને જે મરણ પાંમેઓ તે વીશે એવું કેહવાએલુંછે કે, આ ગરહસથ છતી પુંજીએ હઈઆતીમાં અતીશીઅ બખીલ ગણાતો હતો; પણ મરણની થોડાક દીવસ આગમજ વશીએત કરીને તે દોલતનો પોણો ભાગ પોતાની નાતને લગતાં ધરમ ખાતાંઓમાં, અને પા ભાગમાંથી બાએડી, છોકરાંઓ, તથા એશીઓને વેંહચી આપવાનું ફરમાંન જણાવી ગયો; આટલાં કારણ ઉપરથી તેમની નાતવાલાઓમા આવી સખાવતની વીશેસ વખાંણ ગવાઇ હતી.

૧૯૦૦ ના વઈશાક વદી ૧૪ ને ગુરૂવારે મોટા ધરમઆચારી અને માહ નીતીવાંન માહારાજ શ્રી ગોસાંઇજી ગોકલનાથજી જેવન શ્રીનાથજી માહરાજને ગાંમના એક વતણી હતા; પણ મરણની દોહડેક વરસ આગમજ મુંબઈ આવી પોતાના શેવકોને ઘણેજ રૂડે મારગે ચાલવાનો સદા બોધ કરતા હતા, તેવણ ૫૫ વરસની ઊંમરમાં મરણ પાંમેઆં.

૧૯૦૨ ના વઇશાખ વદી ૭ ને રવીવારે એલફીનસટન કાલેજમાં ગણીતશાસ્ત્રનો આશીસટંટ પરોફેસર મી૦ બાલ ગંગાધર સાસ્ત્રી, જે રાજાપોરની નજદીક પુગારેલ ગાંમમાં સંવત ૧૮૬૬ ને શાળ જનમ પાંમેઓ હતો, તે વીદવાન ગરહસથ આસરે ૩૬ વરસની ભરજવાંનીમાં કઈલાસવાસ થયો. આ પંદીત ૧૯ વરસની ઉમરમાં ઉપલી મદરેશા ખાતે પેહલવેહલો દાખલ થયો હતો; જાંહાં તરણ વરસ સુધી કસટ ખેંચીને અંગરેજી વીદઆની સારી માંહીતગારી હાંશેલ કરી લીધા પછે, સંવત ૧૮૯૧ માં કાંમ ચલાઉ પરોફેસરનો માન ભરેઓ ઓહધો મેલવેઓ હતો; જે ૧૧ વરસવેર સાચવીને તેજ એલકાબ પોતાની સાથે બાંધી લઈ સવરગનું

સુખ પાંમવા માટે શીધારેઓ. આ જવાન, જેવો વીદવાન તેવોજ સવભાવે ઘણોજ ઉમરાવ સરીખો, અને નમનતાઈમાં નેકી ભરેઓ હતો; "મુંબઈ દરપણ" નામનું અંગરેજી તથા મરાહઠીમા તે વખતપર નીકલતું વરતમાન પતર પણ એજ ગરહસથે ઘણીજ ચાલાકીથી ચલાવેલ હતું.

૧૯૦૬ ના વરસમા ઠકર પરશોતમ રણછોડ, લકબે "ખીલીબનીઆં" નામનો ગરહસથ દશ લાખ રૂપીઆની પુંજી મેલીને જે મરણ પાંમેઓ, તેનો મુખીય ધંધો અંગરેજ લોકોને અંગઉધારે નાંણાં ધીરી તેની જાંમીનગીરીમાં તેઓની મીલકતો, અથવા હઈઆતી ઉપર, ઉતરેલા વીમાની પાલેશીઓ કબજ રાખતો હતો; અને સરવે સાથે અતી મીલનસારી તથા નમનતાઈ સાચવીને ચોખા વેહવારથી ચાલેઆને લીધે આપણી ટાપુ ખાતે એક પરએઆત નાણાવટીમાં ગણાએલો હતો.

૧૯૦૬ ના દુવીતી વઈશાખ વદી ૧૧ ને ભરેસપતવારે શા૦ અમરચંદ ખીમચંદ દંમણી જેવણ મરહુમ શેઠ મોતીશાહની સાહેતાથી એકવાર વાંહાંણવટી શોદાગર થએલો હતો, તે રાંમલાલ સંગાથેના સટામો ખુહારી પાંમેઆ પછે ખીમાર પડીને વસાઇ તરફ હવાની ફેરબદલી માટે જઈ રહેઓ તાંહાંજ, ૫૧ વરસની વએમાં મરણ પામેઓ હતો.

૧૯૦૭ ના વઈશાખ સુદી ૪ ને શોમવારે બંદુશેઠ રાઘવશેઠ નામનો મરાહઠો ગરહસથ મરણ પાંમેઓ.

૧૯૧૦ ના વઈશાખ વદી ૧૦ ને રવીવારે કલકતાવાલો નાંમીચો સાહુકાર બાબુ મોતીલાલ શીલ, તે તરફ મરણ પાંમેઓ, જે વીશે એવું સાંભલવામાં આવેલ હતું કે એક કરોડ રૂપીઆની દોલત પોતાની પાછલ મેલી ગયો; જેમાંથી પચાસ લાખ તેના એશીઓના પાલણ માટે ટરસટપણામા શોંફાવીને બાકી તેટલાજ પોતીકા પાંચ દીકરાઓ વચે સરખે હીશે વેંહેંચી લેવાનું તેણે વશીએત કીધું હતું.

૧૯૨૧ ના જેઠ વદી ૩ ને સોમરે ગોપાલરાવ બંદુશેઠ મરાહઠો મરણ પાંમેઓ.

૧૯૨૧ ના સરાવણ વદી ૨ ને બુધવારે સકારાંમ રાઘવશેઠ મરણ પાંમેઓ.

૧૯૨૨ ના કારતક સુદી ૮ ને સુકરવારે શેઠ સકારામ લક્ષમનજી વરસ ૭૫ ને આસરેની વએ પુરી કરીને દેવગત થયાછે. આ ગરહસથ આપણી વસતીમાં પરએઆત થએલી મી૦ ફારબસ કુંપનીની ઘણીજ પુરાંની પેહડીમા પરથમ એક સાધારણ કલારક દાખલ રહેલો હતો; જાંહાં ઘણી મુદત તુલીક રૂડી વરતણુકથી કાંમકાજની માહીતી મેલવેઆ પછે, તાંહાંનોજ એક સુવો વહીવટદાર થઇને પાછલથી દલાલીનું ઓહલું કાંમખી ચલાવતો હતો. આ શેઠીઆની મીલનસારી સરવે ઠેકાંણે વખણાઇ રહેઆને લીધે તે એક જાંણીતો પુરૂસ થઈ ગયોછે.

૧૯૨૫ ના પોસ સુદી ૯ ને બુધવારે આપણી ટાપુનો નામીચો સરકારી ઇજારેદાર ગરહસથ શા૦ કલાંણજી શીવજી સારૂં નામ મેલવી મરણ પાંમેઓ.

૧૯૨૬ ના વઈશાખ વદી ૨ ને વાર ભોમે આપણી હાઈ કોરટના દેશી વડા દુભાશીઆ મી૦ નારાએણ દીનાનાથ જવાંની વએમાં મરણ પામેઆ. આગલા દાહાડાઓ ઉપર સથાપેલાં શેહર સુધરાઈ ખાતાંનાં તરણ કમીસનરો માહેલો આ મરહુમખી એક હતો, તે સાથે સુલેહનો અમલદાર અને બીજી ઘણીક જાહેર મંડલીઓમા સારો દેખાવ દેતો હતો.

૧૯૨૬ ના વઈશાખ વદી ૪ ને બુધે આગલી સદર અદાલતના આશીસટંટ રેજીસતરાર, અને સુલેહના અમલદાર મી૦ ભાશકર સુંદરજી મરણ પાંમેઓ.

૧૯૨૭ ના કારતક સુદી ૭ ને સોમે ઠકર કરમશી રણમલ લખાની વીધવા પરેમાબાઇ દેવલોક ગયાં તે વીશે એવું સંભલાએઊંચ કે, એ બાઇ ઘણા સારા ગુણોથી ભરપુર હતાં અને પોતાની ગનેઆતના લોકોમાં સુધારા સંબંધી ઘણું ઉતેજન આપતાં હતાં, એટલુંજ નહીં પણ રૂડાં કાંમો કરનારને પોતા તરફનો આસરોબી આપતાં હતાં; અને તે સાથે ગરીબ ગુરબાંઓને પણ તેનીથી સારી મદદ મલતી હતી; જેથી કરી લોકોનો ચાહ તથા પેઆર તેણીની ગંભીરાઇ ઉપર ઘણો દોડતો હતો. આસરે તેરેક વરસ ઉપર સંવત ૧૯૧૪ માં તેણીનો ભરથાર જારે મરણ પાંમેઓ તારે તેણીનો એકજ પુરો દીકરો મી૦ હંશરાજ ઘણી બાલવએમાં હતો, તેથી પોતાના મરહુમ ભરથારની પેહડીનો વહીવટ ઘણીજ ચાલાકીથી અને રૂડી પેરે એજ બાઈ ચલાવતી હતી, એટલુંજ નહીં પણ તે પછેબી મરણની છેલી ઘડીસુધી તે વહીવટમાં પોતાની સલાહ લાગુ રાખેલી જણાઈ હતી. કેહચ કે તેણીના ભરથારે ધરમના કેટલાંક કાંમો કરવાનું પરથમ આરંભેઊં હતું પણ તેટલાં જમદુતની સવારી તેને વઇકુંઠ તરફ ખેંચી લઈ ગઈ તેને લીધે કાંઇજ બની સખેઊં નોહતું તે તેમના મરણ પછે આ દએઆલુ બાઈએ નીચે જણાવેઆ મુજબનું સઘલું કાંમ સમપુરણ રીતે સરંજાંમ પોંહચાડેઊં હતું; તે ઉપરાંત દાંણ પુણ કરવામોબી એ બાઈ ઘણીજ સખી દીલની પરખેઆત થઈ ગઇછે.

૫૦,૦૦૦) શ્રી તરીમબેકેશવરમાં ગંગાદુઆરની અંદર ૯૦૦) પાએરીવાલી પથરની સોભઈતી શીહીડીઓ બનાવી આપી તેમાં.
૧૫૦૦) ધારાપોરીના ગોફા આગલબી પાએરીઓ બંધાવી આપી તે પાછલ.
૧૦,૦૦૦) વસાઈની નજદીક નીરમલના તલાવ આગલ એક ધરમશાળા બંધાવી આપી તે ઉપર ખરચેલા.
૪૫,૦૦૦) પનવેલી મધે એક તલાવ તથા ધરમશાળા બંધાવી તે ઉપર.

૧૦૬,૫૦૦)

— એ રીતના દેખઇતાં ઉપરાંત બીજાં કેટલાંક છુપેઆ ધરમ તથા સખાવતના કાંમો પોતાની નેઆતના લાભ જોગાં કીધાંચ, તે મલી કુલે રૂપીઆ લાખ બેએ સુધીનાં સંભલાએઆંછે. એવી સખાવતી બાઇ જોકે મરણ પાંમીચ પણ તેની કીરતી ઘણુસુધી અમર રેહશે માટે તેહવી રૂડી યુકતી વાપરવા

સારૂ સરવે કોઈ દરવીયવાંન બાઇઓને તે મરહુમના દાખલા ઉપરથી અછો ધડો લેવા વીશેની સુચના કરીએછે કે એવાં સારાં કાંમોથીજ તેણીઓનું નાંમ સદા વખણાતું રેહશે.

૧૯૨૭ માંહાં વદી ૦))) ને રવીવારે આ ટાપુનો એક બરહમચારી નામે વીસનું-બાવા ૫૦) વરસની વએમાં મરણ પાંમેઓ. કેહચ કે એ બાવા ઘણોજ બાહોસ, ચંચલ, પઢેલો, અને ધરંમ સંબંધી અછું ગનેઆંન ધરાવીને સરવેથી સરસ ભાસાંણ કરતા હતો. ઈ૦ સને ૧૮૫૭ માં ઈસાઇ ધરં-મનાં ઉપાધીઆઓ સાથે તેને દરીએ કીનારે તકરારો કરતાં જે સાહેબો જોયા અથવા સાંભલેઆથી તેની મનસકતીની સારી યાદી રાખતા હતા, તેઓ તેનાં મરણની ખબર સાંભલી ખચીત દલગીર થયાવીનાં રહેઆ નોહતા. એ મરહુમ બાવા વીશે એવુંબી સાંભલેઉંચ કે તે પોતાની જવાંનીમાં સરકારની નોકરી કરતો હતો, પણ ધરંમ અભેઆસ ઉપર વીશેસ પેઆર હોઆને લીધે નોકરી તેણે સાબદી છોડી દીધી હતી. એ મરહુમે કેટલાંક પુસતકોબી ધરમના બાબમા બનાવેઆં હતા, અને તેની કાબેલીઅત ઉપર દખણીઓ એટલાતો ફીદા હતા કે આએ મરણથી તેઓને મોટો તોટો ગએલો પુરાવવો મુસકેલછે.

૧૯૨૭ નાં વઈસાખ સુદી ૧૨ વાર ભોમે ગોપીકાબાઈ નાંમની એક ૯૦) વર-સની ઉંમરે પોંહચેલી પરભુ ગનેઆંતની જઈફ સ્ત્રી જે નવીવાડીમાં રેહતી હતી તે બીચારીની પરવરેશી કરનાંરી દીકરી તથા દીકરાની દીકરી મલી બે જણીઓ એકજ મહીનાનાં અરસામો મરણ પાંમેઆંથી આસરા વનાં મોઠી વેદનામા આવી પડી હતી, તેના બોફથી જીંદગીનો છેડો લાવવા માટે તે બાપરીએ કુવામો પડીને અપઘાત કીધો. આ વાત ઉપરથી લોકોને દએઆ ઉપજાવવી લાજેમ બલકે ફરજછે કે પોતપોતાની ગનેઆંતમાં એવું કોઈ નાવારેસ થએલું જણાઇ આવે તો તેની બરદા-સત રાખવાના સારા ઉપાઓ લેવા જોઈએ કે જેથી કરી હાવું કમકમાંટ ભરેઉં આપઘાતનું મોહોત નીપજાવવાનો અટકાવ થાએ.

૧૯૨૭ નાં આસાડ વદી ૩ ને બુધવારે લુહાંનાની નેઆતનો વડો, અને આપણી ટાપુમો પરએઆત થાઈ ગએલા નાંમીચા ઠા૦ રંણમલ લખાનો દોતરો ઠા૦ હંસરાજ કરમશી ૨૮ વરસની ભર જવાંણીમાં આસરે ૧ વરસની ઉમરના એક વારેસ સાથે બેએ વીધવાઓને પોતાની પાછલ મેલીને કઈલાસવાશી થએઓ. એ વીશે ગાંમ મધે એકી અવાજે એવું કેહવામા આવેઉંચ કે, એ મરહુમ ગરહસથ સવભાવનો ગંભીર અને બવાશે નમનતાઈ ભરેલો એવોતો અસરાફ હતો કે, તેની ખુબીથી પોતાની આસપાસ ઘણાક અસીલ મીતરોને મેલવી રાખેઆ હતા; જેની સાખ્શી દાખલ આટલુંતો સાબેત થાએઉંચ કે, મરનારને છેલુ માંન દેવાના ખરા હેતુથી દાંણાબંદર તથા માંડવીબંદરના બજાર માહેલી સઘલી દુકાંણો તથા પેહડીઓ એક દીવસ સુધી બંધ રાખેઆમા આવી હતી. એ મર-

હુમથી કાંઈ એવાં કાંમો થએલાં સાંભલેઆં નથી કે તેને આ નોધમાં દાખલ કરી સખાએ, પણ જે સાહેબો તેને પીછાંનતા હતા. તેઓથી એવો શેલશેલો જાહેર થાયોચ કે, એ મરહુમ ઘણાંક પુનનાં કાંમો કોઈનેખી જાન પાડઆ વના જેમ બને તેમ છુપી રીતે કરતો હતો, એટલુંજ નહી પણ ઘણાકો નીરાસરીત તથા અનાથીઆઓને જોઈતો આસરો આપી તેઓનાં અંતકરણનો છુપેઓ આશીસ પાંમતો હતો. આટલુંતો જાહેર થએલું હતું કે, આપણી નાંમદાર સરકારે આ મરહુમને આજ કેટલાંક વરશો થયાં સુબેહના અમલદારોની સંકૃમા માંનથી દાખલ કીધેલો હતો. ઘણું સારૂં અને સંતોસકારક એ બનેઊં હતું કે, એ બીચારાનાં આવાં કવખતે થએલાં મોહત ઉપર માહેતંમ રેડવા માટે તેની ઘરડી માતાને પરમેસવરે જીવાડી નોહતી, કેમકે થોડાજ માસ થયા તે બાપડી પોતાનાં આ વાહલા ચીરનજીવીને કુદરતનાં સંભાલ હેઠલ શોંકીને સદાની સુખી થાઈ ગઈ. નહી તર તેની ગરધભ અવસથા મોટું દુખ પાંમતે. આવા લાએકી ભરેલા પુરૂશે પોતાના દાદા રણમલ લખાનું વાએકું પડેલું નાંમ બચીત કરી પરજામાથી ભુલાવી દીધું હતું માટે એવો નર કદાપી લાંમબી જીંદગી ભોગવવા માટે જો જીવેઓ હોત તો બચીત કરી કોઈ વીશેસ રૂડાં કાંમોની આશેઆ રખાતે, પણ આઇઉસની દોરી જે તુટી તેને કોઈથી પાછી સંધાઈ સખાતી નહી. તે ઉપર સનતોસ પાંમીને તેના બાલવઓનાં વારેસનું સુખ પરમેસવરની કીરપા હેઠલ શોંકીએછે.

૧૯૨૭ નાં સરાવણ વદી ૮ વાર ભોંમે સોહલાપોરની કલેકટરી ખાતાંનાં હજુર દીપીઉટી કલેકટર મી૰ વીસનું પરસરાંમ રાંણારે પુણાં મધે મરણ પાંમેઆં; એ પરમારથી ગરહસથે સુધારક મંડલીમાં સાંમેલ રહીને પુનરવીવાહની જે આગેવાંણી કીધી હતી, તે કારણ માટે તેમને નેઆત બાહેર કાહડેઆ હતા; જેની કશીએ દરકાર કીધાવના પોતાનાં પુખત વીચારને વલગી રેહેલા હોઆથી તેની લાથને કેહચ કે બરાંહમનોની રીતી પરમાણે મરંણની કીરીઆ થઆવનાં અગનીદા કીધાથી તેનાં કુટંમબીઓ તથા મીતરોને ઘણો ખેદ ઉપજેઓ હતો.

૧૯૨૭ નાં પરથમ ભાદુરવા સુદી ૧ ને ભરેસપતવારે કલકતાની હાઈકોરટના પુની જડજ હાંનરેબલ બાબુ અનુકુલચંદર મુકરજી, નેઆઓની પવીતર ખુરશીએ બીરાજીને એક મુકદમાની છાંડન ચલાવતો હતો, તેહવાંમો કુદરતી બનાવથી તે નામદારનું માંથું એકાએક દુખવા માંડેઊં; જેની બેકરારીમાં કોરટનું કામ બંધ પાડીને તતકાલ પોતાને ઘેર ગઓ; જાંહાં પોંહચતાંવાર બેશુધ થાઇને મરણ પાંમેઓ. એ નાંમવરનાં ધારાસંબંધી ગનેઆંનની તથા લાએકી ભરેલી અશીલાઈની ઘણીજ તારીફ થાતી હતી, માટે હાવા માંહપુરસનાં કવખતના મરણની ગમગીનીમા તાંહાંની હાઈકોરટ આખો દીવસ તુલીક બંધ રાખવાનો હોકમ કીધામો આવેઓ

હતો; એટલુંજ નહી પણ તે વખતે નાંમદાર મી૦ જસટીસ ફીઅરે આ મરહુમની અતીઅંત સતુતી સાથે પોતાની સંફ માહેલા એક ભાઈબંધ દેશી જડજને અંચીતો એહેઆ વીશેની દલગીરી વઠીક જણાવી હતી. આવીજ રીતનું કફૈરે મોહત એક વખત આપણી જાન પરમાંણે ઇ૦ સને ૧૮૬૫ માં આડવોકેટ જનરલ હાંનરેબલ મી૦ લુઈસનું અતરેની હાઈકોરટ મધે કોઈ મુકદમામો પોતાના કુલની તરફથી ભાસાંણ કરતાં થાંએઉં હતું તેહવુંજ આ બીજું મોહત હમારી નોધની કતારમાં દલગીરી સાથે દાખલ કરવાની ફરજ સહમજીએ છઇએ.

૧૯૨૭ ના પરથમ ભાદુરવા વદી ૯ ને સનીવારે શ્રી અમદાવાદનો લક્ષાપતી સરાફ નાંમે પરી૦ જેઠાભાઈ વરસ ૯૦) ની જઈફીએ પોંચ્યાને તે તરફ જારે કઇલાસવાસ થયા, તારે તેમની દેહ ઠેકાંણે પાડવા માટે લઈ જતી વખતે કેહચ કે, રૂપાં નાણા ઉપરાંત અણાજનું મોટું દાણ રસતામાં આવી ઉભેલા બેશુમાર ભીખસુકોને વેંચી આલેઉં હતું. કેહચ કે આ નાણાવટીનો એક પુરો દીકરો જે હતો, તેતો તેમની હઇઆતીમાજ મરણ પાંમેઓ હતો, માટે તેના દીકરા ઉપરાંત દીકરીનાં દીકરાઓ જે હઇઆત રહેઆ તેઓ વચે વારસાની વાંટણી બાબે જબરો વાંધો ઉભો થયો હતો તેનો પતાવસ ધારેઆમેલે સહમજુતીથી આવેઓ હશે.

૧૯૨૭ નાં દુવીતી ભાદુરવા વદી ૧૪ ને શુકરવારે બેંગલોર તરફે એક જોગી બાવો ૧૩૫ વરસનો હતો તે મરણ પાંમેલો સાંભલવામાં આવેઓછે.

૧૯૨૭ ના દુવીતી ભાદુરવા વદી ०))) ને સનીવારે ઘોઘારી લોહાંનાની નાતનો એક શેઠીઓ ઠા૦ ગોવરધન આણંદજી જે સુખડનો મોટો વેપારી કેહવાતો હતો, તે ૭૦ વરસની વએ પોંહચીને કઇલાસવાસ થઈ ચાલેઓ. આ ગરહસથ વીશે એવું સંભલાએઉં હતું કે, પોતાની ગનાતના શુભ માટે ધરંમના સારાં કાંમો તેણે કીધા ઉપરાંત દેસાવરો તરફ થોડીક ધરમસાલાખી બંધાવી આપી હતી.

૧૯૨૮ નાં કારતક સુદી ૧૦ ને મંગલવારે જંગબાર ખાતેની મેહશુલના મોટા ઇજારેદાર ઠા૦ જેરાંમ શીવજીની ગાદીના આડતીઆ ઠા૦ લધા દાંમજી તે તરફ ગુજરી ગયા. આ બાબેની દલગીરી બતાવવા માટે કેહચ કે, તાંહાંની સગલી પરદેશી કોઠીવાલા કાંનસલોએ તે મરહુમના માન ખાતર એક દીવસ સુધી વાવટાઓને અડધી કાઠીએ ઉતરતા ટાંગી રાખેઆ હતા.

૧૯૨૮ નાં માંગસર વદી ०))) ને બુધવારે નવીબાઈ નાંમની જઈફ હીંદવાંની બે ટાંકી આગલથી પસાર થતાં ભારબરદારી ગાડાંતલે અકસમાંત ચંપાઈને મરણ પાંમી, તારે તેણીની ઉંમર ૮૦) વરસની માલુમ પડી હતી.

૧૯૨૮ ના પોસ સુદી ૧ ગરૂવારે વડોદરા ખાતેના માંજી દીવાંન મરહુમ ગંગાધર શાસ્ત્રીના દીકરા મી૦ વીનાએકરાવ, જેવન અંગરેજ સરકાર તરફથી તેમના પીતા પુણામાં મારેઆ ગઆના બદલામાં દરમાહે રૂ૫૦૦ ના બેઠા મુસારાપર સનતોસથી ગુજરાંણ ચલાવતા હતા, તે પુણા ખાતેની

બુધવાર પેંઠમાં વરસ ૭૫) ની વએ પુરી કરી મરણ પાંમેઆ. આ ગરહસથ પોતાની પાછલ વારેસ દાખલ એક દીકરીને મેલી ગયોછે. આ મરહુમ સાથે જે જે સાહેબોને સંબંધ થાએલો હશે, તેઓ કબી સખશે કે તેવણ ઘણાજ રાંક સવભાવના અને એક મારગી પુરૂસ હતા.

૧૯૨૮ ના પોસ સુદી ૧૦ ને સનીવારે સુરત શેહરના મોટા વેપારી ગોલારાંમજી કુંવરજીનો ગોડીઆ નામનો દીકરો જે મારગમા પીસાબની હાજતે બેઠો હતો, તાંહાંજ બીચારો અકસમાતથી સાહજો સમો એકાએક મરણ પામેઓ; આ વાત એક અજાએબ જેવી નીપજી પણ એવીજ રીતે તેના મોહતની સરજત હશે તેમ બનેઊંછે.

૧૯૨૮ ના પોસ વદી ૭ ને ગરેઊએ સોનાર ગનેઆતનાં શેઠ સદાશીવ પુતલાજી વરસ ૮૫ ની ઊંમરે પોંહચીને કઈલાસવાશી થયાછે.

૧૯૨૮ ના આસો સુદી ૭ ને બુધવારે વઈરાનઓના કાશીવાલા માહારાજ રણછોડજી જે વરસ બે થયા હીંઆં આવી રેહેલા હતા, તેવણ ૭૫ વરસની જઈફીએ પોંચીને કઈલાસવાસ થયા; જેની ગંમખારીમાં સઘલા વઈસનઓએ પોત પોતાનો ધંધો રોજગાર બંધ પાડીને તે મરહુમના મરણને માંન આપેઊં હતું.

૧૯૨૯ ના માહ સુદી ૧૫ ને બુધે ઠકર રાંમદાસ ભાંનજી, હઇડાંના દરદથી વરસ ૩૬ ની ઊંમરમા કઇલાસવાસ થયા. આ ગરહસથ સુધારાવાલી હીંદુ ટોલીનો આગેવાન, અને મરહુમ મીતર કરસનદાસ મુલજીનો જોડીઓ હતો; ભાટીઆ ગણાતમા અંગરેજી ભારાનો સઉથી સરસ વીદઆરથી કેહવાઇને કાલેજમાં કેલવણી લેવા જનારો પેહલવેહલો પુરૂશ આએજ ગરહસથ જણાએલો હતો, અને તેની પછે કોઈબી જવાન ભાટીઆએ યુનીવરશીટીમાથી પડવી મેલવી હોએ તેવું હજીસુધી માલુમ પડેઊં નથી; માટે આ ગરહસથ જેવો પેહલો તેવોજ તે છેલો વીદવાન વખણાએઓછે; પણ હવે પછે કોઇ માતાનો પુત તેહવો નીવરે, તારે આ ગરહસથની ખાલી પડેલી જગેઆ પુરાએ. કાલેજમાથી બાહેર પડેઆ પછે થોડુંક સુધી શીખસકનું કાંમબી તેણે ચલાવેઊં હતું; અને તે પછે કછ ખાતે રવાના થાઇને શીખાડવા માટે ગયા હતા. "ઓજા દોસત" નામના પતરનું અધીપતીપણું ચલાવતાં, તે કોમમા સુધારો પેસાડવાની મકસદથી આ ગરહસથે એવાતો સવાલો ઉઠાવેઆ હતા કે, તેમાથી એક વાર માહારાજના જેવો બદનકસીનો મુકદમો પણ ઉભો થયો હતો. "સવધરમબોધક" નામનું ચોપાંનીઊં રચીને તેમા માહારાજોના પાખંડ ઉઘાડા પાડનારો સખસબી એજ મરહુમ માલુમ પડેઓ હતો. કરાંચી તરફ વેપાર ખાતાંની પેહડીઓ, તથા આગલી "બાંમબે બેંક" ની શાખા ખાતે સાવધ મનથી શેવા બજાવીને પોતાની કાબેલીએતને આ ગરહસથે દીપાવી હતી. અને તે પછે તાંહાંથી પાછો ફરેઆબાદ ઠકર મુલજી ઠાકરશીની સાથે તેની બીજી સફરમા આ ગરહસથ એકવાર વેલાતબી જઈ

આવેઓ હતો. આ ભાઈની સુધારા ઉપર એવી સોચના ઉશકેરાએલી હતી કે, તેવાં સુભ કાંમો બજાવતાં નાતનેબી રાજી રાખવી; પણ નાતન હઠીલા લોકોએ તો આ ભાઇ વેલાત જઈ આવેઆ પછે, પરાસચીત લીધા છતાં હસદની રાહે તેને જારે બહુ સતાવા માંડઉં, તારે શેઠ લખમીદાસ ખીમજી જેવા સાહશીક સુધારકે વચે પડીને સમાધાની કરી આપી હતી તેથી તેવણ નાતમા પાછા ભેલાઇતાં રહેઆ હતા; પણ તેટલી બાબદના એકે ઉપલું દરદ તેમના જીગરમાં દાખલ કીધું તેના ભોગે ચહડી આ જગતમાથી અસબાબ ઉઠાવી ચાલેઆ. કેહચ કે, આ મરહુમની લાસને છેલી કીરીઆથી ઠેકાંણે પાડવા માટે તેમના સગાં સનેહીઓ ઉપરાંત નાતીલાઓ તથા બીજા સુધારાવાલાઓ મલી બેસુમાર લોકો મઇએતની સાથે માન આપવા ગયા હતા.

૧૯૨૯ ના ચઈતર સુદી ૪ ને મંગલવારે માહીમ ખાતે રેહેનારી સાલુ નામની સ્ત્રી અકસમાત દરીઆવમા ડુબી મરણ પાંમેલી માલુમ પડી, તેની ઉંમર વરસ ૬૫ ની હતી.

૧૯૨૯ ના ચઈતર વદી ૭ ને સનીવારે, મુનીદર સનવીજ નામનો અમદાવાદી સખસ, જેણે ૧૯૨૨ થી સંસાર તજીને દીક્ષા લીધી હતી, તે ૪૧ વરસની વએ પુગી પાલીટાણાની પવીતર જગાએ મરણ પાંમેઓ.

૧૯૨૯ ના વઈશાક સુદી ૨ ને સોમવારે, અમદાવાદના સરાવકોની નાતના જાણીતા શેઠીઆ શા૦ રવચંદ જયચંદ, તે તરફ ૫૦ વરસની ઉમરમા કઈલાસવાસ થયા. આ ગરહસથ સોબાજીના નામથી ઓલખાઈને સારા વીચારો ધરાવેઆ છતાં ઘણો ધરમી અને સખાવત કરનારો હતો. જૈન લોકોને માટે તેઓના પુરાના પુસતકોનો સારો સંગરહ, આ શેઠ કરી ગએલો કેહવાએછે.

એ ઉપરાંત બીજા કેટલાક હીંદુ શેઠીઆઓ જે ગુજરી ગયાચ, તેઓના મરતીઉકનું વરણન દરએકનાં જનમારાના અહેવાલ અંદર વીસતારી જણાવેલું છે; માટે આ ટીપમા દાખલ કીધું નથી.

ચીના લોકો.

હીંદુ ધરંમમાં રોજે અવલથી આંમેજ થાએલા, પોતાને સવરગી રાજીઅની રઈએતમા ગણેલા, અને દુનીઆમા સરવે વાતની રીતભાતથી અલગ રહેલા, આ લાંમબા ચોટલાવાલા ઉદીઓગી લોકો જારથી આ શેહર સાથેનાં સંબંધમાં જોડાએઆચ, તારથી આપણા ભાઈબંધમાં ગણાવા લાગાછે; માટે તેઓનું ટુક વરણન એજ પંથવાલાઓની પખસમાં ભેલાએલું રાખવાના હેતુથી હીંઆં તેની નોંધ લઇએછે.

તવારીખો ઉપરથી એવું માલુમ પડચ કે, કેટલાક ચીના લોકો ટાંગકાઈ

વઊંસની સાહણશાહતના વખતપર (ઈ૰ સને ૬૪૮ મા) વેપારને અરથે પેહલવેહલા હીંદના ભાગમાં દાખલ થાઇને, નાગાપાટામ ખાતે એક કોઠી બાંધી તાંહાં કોઈ મુદત સુધી રહેઆ હતા; અને તે પછે ધણાક લોકો આજ એક સદી થાઇ તારના પોતીકા સવદેસથી નીકલીને મલાઇકોસતા, સાએમ, શુરબાયા, સીંગાપોર ,પીણાંગ, તથા મલાકાથી તે છેક કલકતા સુધી વેપાર માટે આવી વશેલા કેહવાએછે; પણ આ મુંબઈ જેહવાં આબાદ શેહેરમા મોચી, હજાંમો અને શુથારો શીવાએ તેહવો એકબી વેપારી જે બીરાજેલો જોવામાં આવતો નોહતો, તાંહાં ચીના વાકુંગ* પોતીકા શાહણસાહ કીઆકીંગના રાજના ૭ માં વરસને મુકાબલે ઈ૰ સને ૧૮૦૨ ની આખેરીએ પેહલવેહલો આવેઓ; જાંહાં ૧૪ વરસવેર જાથુક રહેઆ પછે એજ સાહણશાહની કારકીરદીને ૨૧ મે વરશે ઇઆને ઈ૰ સને ૧૮૧૬ ના ડીજેમબરમાં મરણ પાંમેઓ હતો. એની પુઠે બીજા વીશેક ચીનાઓબી, વેપારનેજ અરથે મુંબઇમા આવેલા હતા; પણ તેઓ ૧૮૧૭ માં પાછા ગઆ તારથી લાંમબી મુદત તુલીક ઉપલી કીસમના શીવાએ કોઇબી ચીજના વેપારીએ આપણને જે દેખાવ દીધો નોહતો, તે વાતને અરધી સદી ઉપર વહી ગયા પછે હાલના સાહણસાહ થૌંગચીના રાજ્યના ૧૦ માં વરસના બીજા ચાંદને ૨૧ મે દાહડે (તા૰ ૧૦ મી એપરેલ ૧૮૭૧) ચીના અહોણ તથા વોણસીંગ મલી બે જણાઓ રેસમનો મોટો જથો લઈને વેચવા માટે આવેઆ હતા; આ ફેકીભાઈઓને પોતીકા રોજગારમાં કાંઇ લાભ નહીં દેખાયા ઉપરથી ચાર મહીનાના ટુક અરસામાં પાશેનો માલ ખલાસ કરીને તેજ સાલના આઠમાં ચાંદને ૧૪ મે દાહાડે ઇઆને સપટેમબરની ૨૭ મી તારીખે ઉપડલી મેલબોટ "એવોકા"માં ચહડીને પોતીકે વતન પાછા ગયા. હાલનો સમો જોતાં વીચારવાને કાંઈજ સંધે રેહતો નથી કે, આ ફેકીભાઇઓને તેઓના રોજગારમાં ફાએદો જડેઓ હોત તો, તેઓ થોડીક મુદત સુધી વધારે રહીને પોતીકા વેપારને આગલ ચલાવતે; એટલુંજ નહીં પણ તેનો દાખલો પકડીને બીજા સેંકડો ચીના વેપારીઓ આવી પડઆથી તે ગરહસથોનીબી એક સારી વસતી આપણાંમાં સમાઈ સખતે.

આ ચીના લોકોના સઘલા ઉતંમ હોનરોની તારીફ ચોખંડ પુરૂથવીપર જે અસલથીજ પરકાસતી રહીચ, તેઓ માહેલો એક ચીતારો નાંમે થૌવીંગ તેના સાહણસાહ થૌંગચીના નવમા વરસનાં છઠાં ચાંદને ૨૫ મે દાહાડે તા૰ ૨૩ મી જુલાઈ સને ૧૮૭૦ ઇસવીએ આપણી ભેટ માટે પેહલવેહલો આવી વશેઓચ, તારથી સરવે વરણના સખશોની સબી ચીતારવામા હીંઆં અતીશીઅ વખણાઇ રહેલોછે; અને તેથીજ માતરે આજદન સુધી તેણે તરણ વરસ ખેંચી કાહડલાં માલુમ પડછે; તે ઉપરથી ધારી સખાએચ કે તેનાં કીસબનું સારૂં ફલ તે સદા હાંશેલ કરશે તો અંતે હીંઆંનોજ રેહવાશી થાઇ પડશે.

* આ ફેકીએ મુંબઈ કોરીઅર નામનાં અંગરેજી છાપાખાનાના પેહલવેહલા માલેક મી૰ લીઉક આસબરનરની સાથે ભાંડપ ખાતે ગલાતા રેકદારૂના રોજગારમા ધણા વરસ સુધી સંબંધ રાખેલો હતો. નો૰ લે૰

આ પંથના સરવે લોકો જૈન ધરમને આધીન રહેલા જણાએઆ છતાં, તેઓનો રેવાજ, પેહરવાસ, તથા ખોરાક* હીંદના સરાવકોથી તો શું પણ સઘલી વરણના હીંદુઓથી જેમ નીરાલોછે, તેમજ તેઓને અદાલતની અંદર સપત લેવાની રીતબી અજબ કીસમની જે હમો જાંણીએચ, તે બાબે હીંઆં બનેલા એક દાખલા સાથે વાંચનારા સાહેબોની વાકેફગારી સારૂ દાખલ કરીએચ કે, ઇશાવી સને ૧૮૭૧ ના નવેમબરની ૨૦ મી તારીખે આપણી હાઈ કોરટની ફોજદારીમા, એક મુકદમા સંબંધી સાખશી આપનારા ચીનાએ સપત લેતી વખતે તેઓના રેવાજ પરમાણે કોરીની એક રકેબી પોતાના હાથમાં લઇને ભોંએપર પટકી ભાંજેલી તાંહાં હાજર રહેલા ઘણા સાહેબોના જોવામા આવી હતી; અને તેમ થયાથી તેના સપત પુરતી રીતના ચોકસ કેહવાએઆ હતા. એની મતલબ તેઓમા એવી પરશીધ પાંમેલીછે કે, સાખશી કદાપી જુઠું બોલે તો, ભાગી ગએલી રકેબીની મુઆફેક તેનું મરણ વેહલું નીપજે. એ ઉપરાંત સપત લેવાનો એક બીજો રવઇઓ, એ લોકોમા એવો તો શકતછે કે, જો કદાપી અરસપરસના વાદવીવાદમાં કોઈ વાત આબરૂપર આવી જાએતો, પોતાની સચાઇ સાબેત કરવા માટે મરઘીનેબી કાપી શકેછે; પણ તે વાત જારે જીવપર ઘણી શકતી ગુજરતી હોય, તારેજ મોટી મુશકેલીએતથી તેવા સપતને સવાધીન થવું પડેછે; બાકી ચાલુ રેવાજતો ઉપર જણાવેઓચ તેજ તેઓમા સાધારણ સહમજવો જોઇએ.

આ ચીનાઓના બે એબાદતખાનાં આપણી ટાપુ ખાતે જે માલુમ પડેછે, તેમા સરવેથી પેહલું નળબજાર આગલ ચીના વાકુંગે પોતીકા પઇસાથી ઇશાવી સને ૧૮૦૩ મા, અથવા એઓના સાહનસાહ કીઆકીંગના રાજના ૮ મ વરસને મુકાબલે, દર ૬૦ વરસના ૭૪ મા દોરના ૬૦ મા વરસના પરમાણ મુજબના સને ૪૪૪૦ માં એક ઘર ભાડે લઇને તેમા ભગતી પુંજાનું કામ સથાપેઊં હતું તે મકાંન હવડાં ચીનાઓની ખુદ મીલકતમા ગણાએછે; અને તે પછે એજ લોકોની ગણાતના બીજા સખશોએ, મજગાંમની ગોદી આગલ મુઝાવરપાખાડીની ગલીમા ઈશાવી સને ૧૮૪૮ મા, અથવા શાહનશાહ ટાઓ-કુઆંગના રાજના ૨૮ મા શાલને મલતાં, દર ૬૦ વરસના ૭૫ મા દોરના ૪૫ મા વરસના પરમાણ પરમાણેના સને ૪૪૮૫ મા સથાપેલું સાંભલવામા આવેઊંછે.

શેહેર સુધરાઇ ખાતાં તરફથી ઇશાવી સને ૧૮૭૨ મા થએલી છેલી ગણતરી મુજબ આ ટાપુ ખાતે જાથુક રેહનારા ચીનાઓની વસતી ૩૦૦ ની માલુમ પડીછે; પણ તે ઉપરાંત રોજગારને અરથે આવતા જતાઓની સંખીઆ જો ઉમેરવામા આવે તો વધારે હોવા જોઇએ; માટે તેઓમા કોઇબી મરણ પાંમે તેને તેઓની રીત પરમાણે ભોમીદા કરવા સારૂં (ચીના વાકુંગના મરણ ટાંકણે)

---

* એ લોકોના ધરમગુરૂઓ ફકત ચાવલ, ભાજી અને ફલફલારી શીવાએ બીજો કશો ખોરાક લેતાજ નથી. નો૦ લે૦

આપણી નામદાર સરકારે કાંમાટીપોરાના લતા તરફની કોઈ ઉજડ જગો આપી હતી; જે નાનકરી હોવાથી જારે ભરાઈ ગઈ તારે શાહનશાહ ફીઈનર્કુંગના રાજના ૧૦ મા વરસપર (ઈશવી સને ૧૮૬૦ મા) શેહેર સુધરાઈના અમલદારે તેઓના મુરદાંને માટે છેક મટુંગા તરફ કાઓમની જગા ધેડવી આપેલી સંભલાએછે.

પોરટુગીસ લોકોનો પગ પેસારો.

આ ટાપુ બાતે પોરટુગીસ લોકો હીંદુઓની પછે આવેઆ ઉપરથી, બીજા જફામાં માલુમ પડેઆછે; પણ યુરોપખંડની રાજ્ય કરતી ઈશાઈકોમોમાં હીંદની સરજમીન સોધી કાહડવાવાલા સરવેથી પેહલવેહલા એજ લોકો જે પરએઆત થયાચ તેઓનો ટુક અહેવાલ હીંઆં સરૂ કરવા ચાહીએછે.

"હીંદ રાજેસથાન" નામની એક પોથીમાં એવી હકાએત પરશીધ થાએલીછે કે, પોરટુગાલના રાજા પેહલા જાંનના એક નાહના દીકરા, શાહજાદા હેનરીએ ચલાવેલી હીકમતથી આ લોકોની હીંમતને વીશેસ જોર મલેલું હતું; અને તેજ આધાર ઉપરથી સમુદરની સફર તેઓના મનને ગંમત આપનારી થઈ પડી હતી; પણ તે વખતે નૌકાસાસતરનો હોનર, તેઓને પુરો માલુમ ન હોયાને લીધે, શોધ કરવાનું કાંમ આગલ ચાલતું અટકી રહેલું હતું. આ ગણાતી લોકોને સમુદરની શોધમાંથી પેહલવેહલો "પોરટો સેંનટો" નામનો એક ટાપુ તેઓને હાથ આવેઓ; પણ તે નાહનકરો જણાએઆથી, કોશેસને જારે આગલ ચલાવી, તારે બીજીવારની શોધે પેદાએસથી ભરપુર થએલો મદીરાનો એક આબાદ ટાપુ તેઓને મેલવી આપેઓ હતો.

લગભગ પચાસ વરસવેર સમુદરની સેતમ ભરેલી સફરમાં, મુશીબતની અથાગ મેહનત ચાલુ રાખેઆથી, તેઓ માહેલા એક ઘણાજ ધુંધી, અને હીંમતવાંન આડમીરાલ વાસકો-દી-ગાંમા, ઈશવી સને ૧૪૮૬ માં પેહલવેહલો આખો કેપ આવ ગુડ હોપ ફરી વલેઓ; અને તે પછે એફરીકા દેશનો પુરવ કીનારો બડતો હીંદનો માહશાગર ઓલાંગીને ૧૪૯૮ માં મલબાર કોસતાના શેહર કલીકોટનું બંદર તેણે પેહલવેહલું સહી કીધું હતું. વાસકો-દી-ગાંમા તાંહાં જઈ પોંહચેઓ તે વખતે, હીંદુસતાંનના પરાચમ કીનારા ઉપરનાં દેશો, કેહચ કે, બે મોટા હીંદુ રાજાઓના હસતકમાં હતાં, જેમાંએલા એકની ઉપર ખંભાએતના, અને બીજા ઉપર જંમુરીનના રાજાની હકુમત ચાલતી હતી. જંમુરીનના રાજ્યની હદ, આખા કીનારાપર છેક મુંબઈથી તે કેપ કાંમરીનના પાહડની નોક સુધી હતી. એ માહેલા એક રાજા સાથે વેપાર સંબંધી કોલકરાર કરવા સારૂ વાસકો-દી-ગાંમાએ જે યુકતી ચલાવી, તે મહમદીઅન વેપારીઓની અદાવતથી જારે પડી ભાગી, તારે તે લીસબન બાતે પાછો ફરેઓ,* અને તેની

* આ નામીચો નાવીક બીજીવારબી હીંદમાં આવેલો એટલા ઉપરથી સાબેત થાએચ કે તે ઈશવી સને ૧૫૨૫ મા કોચી બાતે મરણ પાંમેઓ તારે તેની લાસને તાંહાંથી લાવીને ગોવા અંદર બોમીદા કીધી હતી. નાં૦ લે૦

પછે શીનોર કાબરાલ તાંહાં આવિઓ; પણ તેની મેહનતબી તેહવીજ હરકતથી કોઈ રીતે પેસ પડીજ નહીં; જે ઉપરથી તે શીનોર સાહેબ કોચી તથા કાંહાંનાનોર તરફ ગયો; જાંહાંના રાજાઓ જોકે ઘણું કરી જંમુરીનના તાબેદારો કેહવાતા હતા, પણ તેની ઝુહસરીમાંથી છુટકો પાંમવાની જે તક તેઓ શોધતા ફરતા હતા, તે મતલબથીજ તેઓએ શીનોર કાબરાલને મોટાં માન સહીત પોતાના દેશમાં ઉતારો આપેઓ અને તારપછેથી થોડાજ દીવસમાં જોકે પોરટુગીસ લોકોનું જોર તાંહાંના આખા કીનારા પર વધી પડેલું જણાએઉં, તોપણ સને ૧૫૧૦ માં આડમીરાલ આલબુકરક આવીઆ આગમજ તે લોકોને કોઈજ તેહવું સારૂ બંદર મલી શકેઉં નોહતું. આ સરદારનો કાફલો આવી પોંહતાથી કોશેસ ચલાવીને એ લોકોએ તેજ શાલના નવેમબરની ૨૫ મી તારીએ પેહલવેહલું ગોઆનું બંદર જે હાથ કરી લીધું, તેની ઊંમર આજે ૩૬૩ વરસની ગણાએછે; અને તેજ દાહાડાંથી તે આજની ઘડીસુધી એ ગોવું પોરટુગીસના સંસથાંનમાં રાજધાનીનું મોટું શેહર થઈને હીંદનું પાએતખત બની રહેલુંછે; એટલુંજ નહીં પણ તારપછે બીજી જગેઆઓબી તેઓએ ફતેહ કરી લીધા ઉપરથી, પુરવના સમુદરમા પોતાનો કાબુ મજબુત બેસાડીને વેપારને વધારતા રહેઆ.

પુરવ પરાંતના દેશોમાં નવે મારગે તેઓનો વેપાર જે ચલાવા માંડેઓ, તેથી યુરોપખંડ માહેલાં વેનીસ ખાતેના લોકોને, તથા મીસરના રાજીયને જારે મોટું નુકસાંન પોંહચતું દેખાયું, તારે પોરટુગીસ લોકોએ ફતેહ કરી લીધેલાં દેશો છીનવી લેવા માટે ખંભાએતના રાજા સાથે મલીને, કેટલીકવાર જે જે યુકતી તેઓએ ચલાવી, તે કોઇ રીતે પાર પડીજ નહીં; અને પોરટુગીસ લોકોએ તે વખતપર પોતાના બલથી જે મોટાઈ મેલવી હતી, તેને તેઓએજ કાએમ સાચવી રાખી, એટલુંજ નહીં પણ તે ઉપરાંત એફરીકા, તથા અરબસતાંનની વચેના સમુદરોમાં, અને બસરાની નાલમાંબી વગ મેલવીને તાંહાંના નાકાંઓ પણ તેઓની સાંમને બંધ કરવામાં ફાવી શકેઆને લીધે તે મારગથી સામેવાલાઓનો ચાલતો વેપાર તદન અટકીજ પડેઓ. પોરટુગીશોએ જારે ભરોસાથી જાંણેઉં કે, તેઓની ઉપર ચહડાવો કરનાર હવે કોઈજ રહેઓ નથી, તારે નીરભએથી બીજી જગાઓ ઉપરબી ફતેહ મેલવવાની મેહનતમાં તેઓ ગુતાયા હતા.

આ વાતને થોડાંક વરશો વહી ગયાં તેટલાં તો વેપારને વાસતે એક મોટું દબદબા ભરેલું, અને દરવીયવાન રાજ હીંદુસતાંનમાં તેઓએ ખરેખરૂં ઉભું કીધું હતું; અને તેના બળથી આફરીકાના પુરવ કીનારા ઉપર તથા અરબસતાંન અને ઇરાંનના કોસતાઓ ઉપરાંત હીંદુસતાંનના બેહુ માહદુવીપો ઉપર, તેમજ મલાકા અને શેલાંનના ટાપુઓની સરહદ તાંહીં નીરભએથી અમલ કરવા લાગા; અને તે પછે છેક ચીન, તથા જેપાંનમાંબી વેપારની અછી વલાંણ તેઓએ લીધી હતી.

પોતાની કારકીરદીના કઉઅતથી, આ પોરટુગીસ લોકોએ ઓછાંમા ઓછા ૧૫૦ રાજાઓ પાશેથી ખંડની અથવા સલાંમતી લેતી કીધી હતી; અને હરેક

બારકસ જે તેઓની પરવાંનગી લીધા વીના કેયેબી હંકારી જાએ, તો તેને હીંદના સમુદરમાથી એકેદંમ કાહડી મેલવાના હકનો જાલમી દાવો પણ એકવાર તેઓ જે કરતા હતા, તેજ પરએઆત પોરટુગીશો ધરમની ધુન માંથે ચહડાવી લોકોને જબરદસતીથી "ક્રીસટાંઉ" કરવા યાને વટલાવવા લાગાથી, આહેસતે આહેસતે સઘલાં રાજીયોમાથી, પોતાની સલતનતો ખોહીને હવડાં માતરે થોડાંજ દેશો, જેહવાં કે, ગોવું, દીવ, દંમન, તીમોર, મોરાંબીક, અને મકાઉ હજીતક તેઓ હાથમાં રાખી બેઠેલા જણાએછે; પણ તે દેશોબી સાંભલેઆ તથા કોક ઠેકાંણે નજરે જોએઆ પરમાંણે, તેમના જુલંમને લીધે દનપરદન દલીદરપણાની હાલતે પોંહચતાં ગયાંચ, અને જાએછે; જે ઉપર પોરટુગાલની વડી સરકાર કેહચ કે, કસુંએ ધીયાન રાખીને તાંહાંની ગરીબ પરજાના રક્ષણ માટે કોઈબી રીતના રૂડા બંદોબસત કરવા ઉપર મુલગે ધેઆંન આપતી નથી.

પોરટુગીસ લોકોના પેહલવેહલાં પગલાં સને ૧૫૩૦ માં આ ટાપુ ઉપર મેલાએઆં તેને આજે ૩૪૩ વરસ થયાં; તેટલા અરસામાં એ ગનાતના કોઈ અતીઅંત કુટંબો, જનમ લઈને જીંદગી ખતમ કરી ચુકાંછે; તે છતાં તેઓ માહેલા કોઈનુંબી વંસ હીંઆં હસતી ધરાવતું હોય તો, તે વાતમાં કાંઈબી અચરતી જણાશે નહીં. જે ગનાતે આ ટાપુ ઉપર સવા સદી સુધી જાહોજલાલી સાથે રાજ ચલાવેલું, તે લોકોની પરજા માહેલા ઘણાક પરમારથી પુરૂશોની વરતણુકનું વરતાંત તો ખચીત કરી હીંઆં નોધી રેહવું જોઈએ; પણ દલગીરી માતરે એટલીજ ઉપજેછે કે, આ પુરાતમ વસતીના લોકોનો કોઈબી વારેસ પોતાના નેઆગાંનોની જીંદગીનો અહેવાલ બતલાવનારો સોધ કરતાં મુલગો માલુમ પડએો નહીં; માટે એટલી ગેરહાજરીને લીધે તે લોકોની તવારીખ ખરેખરી અધુરી રાખવી પડેછે.

પોરટુગીસોના પુરાંના કુટંબોથી જે જે વસતી ઉતરીને હઈઆત રેહેલી અટકલવામા આવેછે, તેનો મોટો ભાગ તો મછીમાર કોલીઓ, તથા તેવાજ બીજા હલકી વરણના હીંદુઓને વટલાવેઆથી વસતીમાં વધારો કરી દીધો હતો, તેની ગણતરી નહીં થતાં બાપદાદેથી ઉતરેલા ખરા ખરીસટીઓ માહેલા તો માતરે ડીગા, પરેરા, બરેટો અને મીંગલ ડી-સોઝાનાજ કુટુંબો કેહવાએછે; અને તે ઉપરાંત બીજાઓ જે ઘણા પાછલા વખતના માલુમ પડેઆચ, તે સાહેબો હેઠલ જણાવેલાં ઈરાવી શાલમા મોટી જાહોજલાલી સહીત હીંઆંની વસતીમાં રૂડી વરતણુકથી વખણાઈ ગએલા જે કેહવાયાછે; તેની ટીપ હીંઆં નોધી દેખાડીએછે.

૧૭૬૬ મા શીઓરા નેસબીટ નાંમની એક માતબર શેઠાણી હતી.

૧૭૮૦ મા મીંગલ ડી-લીમા ઈ-સોઝાની સરૂઆત થાઈને છેક ૧૮૧૦ સુધી રેહેલી માલુમ પડેછે; અને તેટલા અરસામાં તરણ મોટાં સફરી વાંહાંણોનો તે માલેકબી ગણાતો હતો. "એશાપીરાંણશા" ટન ૨૫૦ નું. "અમેલીઆ" ટન ૯૫૦ નું. "શીટી આવ ગોવા" ટન ૪૨૦ નું.

૧૭૯૩ મા સોઝા મીંગેલ-ડી-લીમા, ધારેઆ મેલ ઘણા વરસ આગમજનો વેપારી હશે; પણ એ શાળ પછેની અંગરેજી કેઆલનડરમા તેનું નામ જોવામા આવતું નથી.

૧૭૯૯ મા શીનોર જુઝે ગોંશાળ ડી—રીમીસન હસતીમા હતો, અને એજ શાળમા શીનોર ડી સૌઝા પરએઆત થઇને ૧૮૦૮ સુધીમા ટન ૮૦૦ વાલાં વાંહાંણુ "ઉઇનડહાંમ" તથા ૨૯૫ ટનવાલાં વાંહાંણુ "દાણા મારીઆ" મલી બે બારકશીનો ખુદ માલિક રહેલો જણાયોછે.

૧૮૦૪ મા લીઓનારડ જોઆકીસ બીસકો નામનો સોદાગર ૧૮૧૦ સુધી હસતીમા હતો.

૧૮૧૭ મા શીનોર પરેરાની કુંપની ટન ૩૦૦ વાલાં વાંહાંણુ "આનજીલીકા" નું માલિકપણું ધરાવતા હતા. પણ ૧૮૧૯ પછેથી તેનું નામ અટકેલું કેહવાએછે.

૧૮૧૭ મા શીનોર રાઝર—ડે—ફારીઆ, જેનો અહેવાલ હેઠલ લખવામા આવેઓછે તે સાહેબ પાશે "ગલારીઓસો" નામનું ૪૯૦ ટનનું એક વાંહાંણુ હતું.

૧૮૨૦ મા શીનોર રોઝારીઓ કઇટાંન—ડી—નો, પણ એક વેપારી તથા ૧૩૫ ટન વાલા ગોરાબ "મીનારવા" ની માલિકી ધરાવનારો વાંહાંણુ વટી કેહવાતો હતો.

આ ગનાતવાલાઓમા માતરે બે ગરહસથોની જીંદગીનો થોડાક અહેવાલ જે હાથ આવેઓચ, તેને હેઠલ જાહેર કરવાની જોગવાઇ લઇઓછે.

સર રાજર—દે—ફારીયા.

આ માંનવંતો સીઓર સને ૧૭૬૮ મા ગોવા ખાતે જનમ પાંમેઆ પછે, લગભગ ૩૯ ની વએ પોંહચેઓ તારે સને ૧૮૦૭ મા પોતીકું પરીવાર લઇને પેહલવેહલો આવેઓ; અને હીંઆંનોજ વતણી થઇ પડેઓ હતો. સંપતી મુજબ વેપાર વણજમા ઘણું સારૂં ઘેઆંણ થસાવીને, થોડીજ મુદતમાં જારે મોટો દરવીયવાન ગણાયો; તારે સને ૧૮૨૦ મા પોરટુગાલના રાજા તરફથી તે નામવરને સરનો ખેતાબ પણ મલેઓ હતો. આ શીનોર પાશે વેપારનું કાંમ બોહોલું હોવાને લીધે સેંકડો માણસો તેની સાહેતા હેઠલ પલતાં હતાં; અને સરવે મંડલીઓમાખી તેવણ વખનાએલા હતા.

દાહડો જારે વકરવાની વકીપર આવેઓ તારે ૧૮૩૫ માં એક મોટી સેહ તેને એવી સોસવી પડી કે, ગોવાની હકુમત ઉપર નવો ગવનાદોર (યાને ગવરનર) પાએતખતના શેહર લીસબનથી નેમણુક થઇને જે આવેઓ, તેને તાંહાંના જુના હાકમે પોતાનો અખતેઆર નહીં શોંફેઆ ઉપરથી, મુંબઇ આવીને આ નામાકીત વેપારીને તે મલેઓ; અને તેની સલાહથી તાંહાં ચઢાઇ લઇ જવાને વાસતે લસકરી માણસો, તથા તેઓને ગોવા સુધી પોંહચાડનારાં ગાંમઠી બારકશો, ઉપરાંત લડાઇ ખાતાંનો તથા ખાધા ખોરાકીનો સરવે સરંજાંમ તઇઆર કરવા માટે, આ સર રાજરે નાણાની મોટી રકમ સરકારને હસાબે ધીરી; અને તેટલી મદદથી નવા ગવનાદોર સાહેબ પોતાની હાકમી હાથ કરી લેવાની ઉલટમાં, કોઇ એવે નેહસ ચોઘડીએ ચઢાઇ પર ચાલી ગયો કે, લસકર તથા અસબાબ ભરેલાં ગાંમઠી બારકશો બાંનકોટ વટાવીને આગલ વધેઆં, તેવામાં કજા

એલાહીથી અકસમાત તોફાંન એવું તો ભએંકાર ઉઠેલ હતું કે, તેની મુશીબતમા ફશીને સઘલાં બારકશો*. તે માહેલા જાંન તથા માલ સહીત જલવાશી થઈ પડ્યાં; અને થોડાક જણાઓ જે બચેઆ તેઓ અફલાઈ જીહકાઈને ખાલી હાથે પાછા મુંબઈમા આવેઆ હતા.)

આ કારણ માટે કેહચ કે (રાજાના હોકમ વના લાખો રૂપીઆ જે સર રાજરે કાહડી આપેઆ, તેમા એક પઇબી તેણાને પોતાની સરકારથી પાછી મલી નહીં; અને તેટલા ગોદામા વલી બીજો વધારો એવો થયો કે, પોતાના ચાલુ રોજગારેબી ઉલટી વલાંણો પકડીને અતીઅંત નુકસાંની નીપજાવી દેખાડી, તેથી એકવાર નેકનાંમીમા ભરપુર થએલા સર રાજર-દે-ફારીયા, જે આગલા દાહાડાઓ ઉપર સુખી હતો, તે તા૰ ૧ લી ડીજેમબર ૧૮૩૮ ઈશવીને રોજથી ઘણીજ નબલી હાલતને ભોગે ચહડીને એવો તો નહીં સરીઓ થયો કે, અંતે (નાદારીનો આસરો પકડીને માંથે ચોટેલાં મોટાં કરજના બોજામેથી છુટકો પાંમવાની દુખ ભરેલી ફરજ તેને અદા કરવી પડી હતી; અને તેની ગીરેફતારીમાં દશેક વરસ બેકારપણે ગુજારીને તારીખ ૨૦ મી મારચ ૧૮૪૮ ને રોજે જારે મરણ પાંમેઓ, તારે તેની ઉંમર વરસ ૮૦ ની કેહવાઇ હતી.)

આ બીચારાની જીંદગીમા એક પુરો છોકરો હતો, તેબી જવાંની વએમા ગુજરી ગયાને લીધે પાછલા વખતના હાદિસામાં સંતોશ આપનારો કોઈજ વારેસ નહીં હોવાને લીધે, તેમની પરવરશી અંતે પારકે હાથ ગએલી જે સંભલાઇચ, તેનું દુખ ભરેલ વરણન જોકે હીંઆં લખવું લાજેમ તો નથીજ, પણ જે સખશે સારા વખત પર સરવે સાથે કીધેલી ખુબીનો ખરો બદલો એક માહ પુરસથી તેને મલેઓ, અને તેવાજ સખી દસત હજીસુધી તેમના પરીવારની અંદર ચાલુ રેહેઆથી તેઓની હોરમત સચવાએલી દેખાએછે; માટે હાવી ઉપીયોગી બાબદને એક યાદી તરીકે હીંઆં દાખળ કરીએચ, તે આ અશીલકુલના કુટંબીઓને હીનુ લગાડવા માટે નહીંજ, પણ ખુબીવંતાઓને લાએક બદલો આપવાથી જેઓ મોહ છુપાવતા હોય, તેવાઓને આ વાત ધેઆનમાં ઠસાવવાની માતરે ચેતવણી જણાવીએછે.)

આપણા હાતમ સરીખા મરહુમ ઉમરાવ, સર જમશેદજી સાથે આ ગરહસથને તેના સારા વખત પર ઘણો ઘરોબો હતો; તેટલી મોહબત ધેઆનમાં રાખીને તે ઉપર આવી પડેલું સંકટ તે સાહેબે એવું તો સંભાલી લીધેલું સંભલાએલચ કે, (સર રાજર જીવેઆ તાંહાંસુધી પોતાને તાંહાંની પરવરશી માટે જે જોઇએ તે સરીમંત શેઠ પાશેથી તેને મલેઆ કીધું; અને તેની હઈઆતી બાદ તેજ સખી નરે તેના પરીવારોના પાલણ માટે દર મહીને એક અમુક રકમ પોતે જીવતાં તુલીક જેમ જાથુક પોંહચાડેઆ કીધી, તેમજ તે નામવરના

---

* સારાં ભાએગે ગવરનર પોતાનો રેસાલો લઇને મનવારમાં બેશી ગયો હતો તેથી તે બચેઓ; પણ આવું મજબુત બારકસબી તોફાંનથી દાડડું થઇને આપણા બારાંમા પાછું વલી આવીલ હતું, નો૰ લે૰

હઇઆત રેહેલા એક વારેસ તરફથી હમેસાં મલતું રેહચ; જે ઉપર આ સર રાજરની દીકરીઓ વીગેરે મજગાંમ ખાતે એજ સાહેબે બખશેલા બંગલામા સંતોશથી રહીને સોકર ગુજાર કરતાં દેખાએછે.)

ડીગાનું કુટંબ.

આ પુરાતમ કબીલાની કેફીએત મેલવી આપવાની કબુલાત, તેના એક જવાન નબીરા, શીનોર આંનતોનીઓ ડીગા પાશેથી મલવાની હમોને જે આસા હતી, તે ઉતાવલેથી હાથ આવી હોતતો, આ નોધને ઘણી ઉપીયોગી થઇ પડતે; પણ કેહવાને દલગીરી ઉપજેછે કે, તેના કુટંબમા કોઈ કુસંપ રાખનાર કરપીણે એવીતો કલાપીટ કરાવી મેલી કે, તેના વીજેગથી આ કારણ માટેની હમારી ઉલટ એકેદમ તુટી ગઈ.

આલમના હઈડાંમા ચોકાશી થયા વીનાની જે વાત હજીસુધી એક ધાસતી તરીકે ઠસી રહેલીછે; તેનું વરણન આકેબત સુધી નહીં ભુલાએઆ જેવું સહમજી હીંઆં જાહેર કરીએચ કે, કોઇ ખવીસ ખસલતના કરૂર સખશે તા૦ ૧૨ મી નવેમબર સને ૧૮૭૨ ની સાંહાંજે નીચ યુકતીથી બનાવેલાં "સપંજ કેક" નામની જેહેર ભેલેલી મીઠાઈ, કોઈ અજાંણેઓ જેવો ધાટી મી૦ જોઝે મારીઆ ડીગા, તથા ઉપર જણાવેલા અનતોનીઓ ડીગાને વાસતે લઇ આવીઓ; અને તે ઉપરથી એવું અટકલાઈ સકાએઊં કે, તે ભેટ હમેસના રાબેતા મુજબ એ કુટંબીઓના ડાકતર રોઝારીઓને તાંહાંથી આવી હશે; કારણ કે તે ઉપર એજ ડાકતરના નામનો રોમાલ પણ ઢાંકેલો હતો, તેથી વધારે પુછપરેછ કીધાવના કેહચ કે, શીનોર જુઝેએ એક રકેબી પોતાને વાસતે રાખી, અને બીજી તેના ભાઇ અનતોનીઓ સારૂં હતી, તે વાંદરા ખાતે તેને રેહવાના બંગલામાં મોકલાવી. આ મોહોતને ઘેરની મીઠાઈમાથી, જેમ શીનોર જુઝેએ તેની મા તથા બેહનની સાથે સવાદ લઇને ખાધા પછે, તે માહેલો થોડાક ભાગ પોતાના એક મીતર મી૦ લીમાને વાસતે ભેટ મોકલાવેઓ (તે તેના ખાધામા આવેઓ અથવા નહીં તેની ચોકસ ખબર માલુમ પડી નોહતી), તેમજ મી૦ આનતોનીઓએબી થોડુંક પોતે નાસ કરીને બાકીનું મી૦ ડાલાસ વકીલનો કલારક મી૦ પરેરા જે તાંહાં રેહતો હતો તેને માટે મોકલાવેઊં હતું.

રાતરે દશેકનો સુમાર થયો તેટલાં અતરેવાલા મી૦ જુઝે મારીઆ ડીગા જે ગરાંટ રોડ ઉપર રેહતો હતો, તે એકાએક ઓકવા લાગો; અને જારે ઘણોજ ઘબરાયો તારે તેની મદદ માટે પડોસના કોઈ ડાકતરને બોલાવેઓ; પણ ટાંકણાસર તે ઘરમાં નહીં હોવાને લીધે છેક મજગાંમથી તેના કુટંબીઓના ડાકતર રોઝારીઓને તતકાલ તેડી મંગાવેઓ; જે આવીને તરણે જણાએને બીમાર હાલતમા જોઇ જારે પુછવા લાગો, તારે ડીગાની માએ કહેઊં કે, તમોએ મોકલાવેલાં કેકો શેવાએ બીજું કાંઇ પણ ખાધામા આવેઊં નથી. આ

(સાંભલી ડાકતરે અચરત પાંમતાં જણાવેલું કે, કેક કાંઈ તેણે મોકલેઆંજ નથી;) તે ઉપરથી ડીગાની માએ તેને નામના ઠેકાઈ આવેલા રૂમાલની નીસાંણી જારે દેખાડી, તારે તો તે જોતાંજ વમાસનમા પડી બોલેઓ કે, આ કામમાં ખચીત કોઈ કીનાખોરનું સજડ તરકટ થએલુંછે; પણ તે વાતની તલાસને તતકાલ એકકોરે રેહવા દઈને, બીમારીમા પડલાંઓના જીગરમાથી જેહર ઓકાવી કાહડવાનું અઉસદ આપી તરણે જણાઓની માહવજત માટે જોઈતા ઉપાએ લીધા; પણ પાછલી રાત થાએ તેટલાં તો બીચારો જુઝે•બીનફ્રેકટ મરણ પામેઓ અને તેની મા તથા બેહન પરમેસવરની કીરપાથી સલાંમત રહેઆં.

આ બાબદમા વધારે પુછપરછ કરતાં ડાકતર મજકુરને માલુમ પડેલું કે, તે કેકો બીજાઓને વાસતેબી મોકલાવેઆંછે; જે ઉપરથી ડાકતરે સઘલે ઠેકાંણે તાકીદની ખબર કેહવડાવીને તતકાલ ઉપાએ લેવાનું જણાવેલું; અને એક સંદેશો વાંદરા ખાતેબી દોડાવેઓ, પણ તેઓનાં રેહઠાંણો વસતીથી લગરીક દુર હોવાને લીધે ડાકતરોની મદદ જઈ પોંહચે તેટલાં તો તેઓના બદનમા જેહર પચી ગયાથી મી૰ પરેરા તથા તેની મા મલી બે જણાઓ જીંદગીથી હાથ ધોઈને જીનત તરફ ચાલતાં થયાં; અને તેઓને વાસતે સોગાદ મોકલનારો સખસ મી૰ આનતોનીઓ ડીગા તરણેક દીવસ સુધી મુશીબત ભોગવીને તા૰ ૧૬ મી નવેમબરે ગુજરી ગયો હતો. હવે બાકીના જે તેવીજ હાલતમા જણાએઆ હતા તેઓના આવરદા હઈઆત રેહવાની સરજત હશે તેથી ડાકતરોની તરદુદે થોડીક બીમારી ભોગવેઆ પછે આરાંમ પાંમેઆ.

ઉપર જણાવેલાં ચાર મોહોત જે નીપજેઆં, તે બાબેની તજવીજ માટે તેઓના મરણ દીવસથી તે છેક તા૰ ૧૮ મી ડીસેમબર સને ૧૮૭૨ સુધીમા ઘણીવાર કારોનરની જુરી બેઠી હતી; અને તાંહાં બેશુમાર સાખશીઓ લેવાઈ, પણ કરપીણ કરમ કરનાર કોઈબી નાતરસ ખરો ખુની સજાના પંજામા સપડાયો નહીં; તો જોકે તા૰ ૪ થી ડીસેમબરે મલેલી જુરી હજુરમા ડીગાની એક બેહને આપેલી સાખશીના સબબ ઉપરથી માઇકલ ડીગા નામના એક ભાઈને પોલીસે નજર કેદ રાખેઓ હતો, પણ છેલી તારીખે તજવીજાતનું કાંમ જારે સમાપત થએલું, તારે તે ઉપર મુદો સાબેત નહીં થડઆને લીધે જુરીએ તેને છોડાવી દેતાં એવો ચુકાદો જાહેર કીધો કે, ઉપલા ચાર જણાઓ જેહર ભેલેલી મીઠાઈ ખાધાથી મરણ પાંમેઆં, પણ જેહર ભેલનારો સખસ જાણવામા આવેઓ નથી.)

માઇકિલ ડીગા જે ઉપલા મરણ પાંમેલાઓનો તરીજો ભાઇ કેહવાએછે, તે અસલમા મી૰ લાએન બરાધરસની કુંપનીને તાંહાં દફતરદારીની નોકરી પર હતો. આ સખશે સાંભલેઆ પરમાણે વેલાતની હુંડીઓ ઉપરના સટાંપો બાબે જોઈએ તે કરતાં વધારે નાણા આફીસમાથી જુદે જુદે વખતે ઉપાડઆ કરીને ૩૪૦,૦૦૦ અટકાર મારેઆ હતા; અને તે ભોપાળું જાહેર નહીં પડવાના એરાદાથી પેહડી ખાતાંના અગતજોગ ચોપડાઓ ચોરી લઇને પોતાને ઘેરના ચોકમા બાલી નાખેઆ હતા; તે બાબેની તપાસ હાઈ કોરતની ફોજદારીમા

નામદાર નેઆએધીસ તે વખતના હાંનરેબલ વેસતરાપની હજુર લગભગ ૩ દીવસ સુધી ઘણી બારીકીથી થયા પછે જુરીએ તેને ગુનેહગાર ઠેડવેઆથી તારીખ ૧૩ મી ફેબરવારી સને ૧૮૬૭ ઈશવીએ તરણ વરસ સુધી સખત મજુરી સાથેના કેદખાનાની સજા તે ઉપર પસાર થઈ હતી.

નામીચાં કુટંબના આ નબીરાની હાવી બદનીતી વીશે કોઈનબી વકી નોહતી, તેવું જબુન કાંમ તેનાથી નીપજેલું જારે જણાએઊં, તારે તેના ઉપલા (બે મરહુમ ભાઇઓ જે ઘણી સારી આબરૂવાલા હતા, તેઓએ કેહચ કે ચોંટાએલો અપરાધ તેની ઉપરથી ઉરાડી મેલવા બાબે ઘણું નાણું ખરચીને ધારાના હીમાએતીઓને રાખેઆ હતા; પણ ખરી વાત અજવાલે આવી તેની બેજાલતથી જારે તેઓ લાઇલાજ થયા, તારે તેને મલેલી સજા બાકીની મુદતને વાસતે મેહનત તથા વગ ચલાવીને નામદાર ગવરનર પાસેથી માંફી મેલવી બે વરસની અંદર કેદખાંનેથી તેને છોડવી લીધો હતો; તેનું અહેસાંન એ દાહગેલ સખસ માનતો હોય અથવા નહીં, તે વાતતો તેનું અંતકરણ જાંણે; પણ આ કમકમાટ ભરેઊં કાંમ જે બનેઊંચ, તેનો સબ, સાંભલેઆ પરમાણે તેના કુટંબીઓ જે ઘણું કરી તેનીજ ઉપર રાખેછે, તે બાબે તા૦ ૨૦ મી ડીજેમબર ૧૮૭૨ ના "મુંબઈ જાંમે જમશેદ" પતરમા એવું જણાવેલું જોવામા આવેઊછે કે, જારે આ માઈકલ ડીગા પોલીસના પંજામાથી છુટો તેજ વખતે તેની મા, ભાઈ અને ભોજાઈઓએ એટલી તો ધાસતી ઉપજાવી કે, તેઓની નજર પડઆ આગમજ તેની માએ વકીલને તાંહાંની નોટીસથી તેને ઘરમા આવવાની તદન મના કીધી, અને જણાવેઊં કે તેનો જે સામાણછે તે જાંહાં કેહશે તાંહાં પરભાડો મોકલી આપવામા આવશે; અને તેજ પરમાણે તેના નાધલા ભાઈ મી૦ નીકોલાસ ડીગાએ પણ પોતાના ઘેરમા મુદલ નહીં આવવા દેવાનો ઠેડાવ નીસચે કીધેલો કાએમ સંભલાએછે; એટલુંજ નહીં પણ તેવીજ રીતની શકત મનાઈ મરહુમ મી૦ અનટોનીઓની દુખીઆરી વીધવા તરફથીબી થએલી જણાઇછે. આ સખસની સાંમણે (કુટંબીઓ તરફથી લેવાએલા સખત ઉપાએ ગમે તેહવા સાચા હોએ, પણ જાંહાંસુધી તેની ઉપર જોઇતા મજબુત મુદા સાબેત થાએ નહીં, તાંહાં તુલીક આ બાબદમાં તે ખરો તકશીરવાર કેહવાઈ શકાતો નથી.)

ડીગા ફેમેલીના ચાર ભાઈઓ માહેલા એકની હાલતતો ઉપર જણાઇ ચુકીચ; માટે મરણ પાંમેલા બે અને હઈઆત રેહેલા એકની વરતણુક સંબંધી ટુક વરણનની યાદી હીઆં નોધી લઇએછે.

સરવેથી વડો શીનોર જુઝે મારીઆ ડીગા, પરથમ જુની બોંમબે બેંકમા નોકરી કરતો હતો, પણ પાછલા વખતની ખબર નથી.

બીજો શીનોર આનટોનીઓ ડીગા, મી૦ ફારબસ કુંપનીને તાંહાં હઈઆતીના છેલા દીવસ તુલીક વીમા ખાતાંની નોકરીપર રેહેલો હતો.

ચોથો શીનોર (સરવેથી નાધલો) નીકોલાસ ડીગા જે ચારટરેડ મરકેનટાઈલ બેંકની નોકરી પરછે. આ ગરહસથને તેની બાએડી સહીત, વારસાહીસાની

લેણુંદેણું બાબદમાં (હાઈ કોરટના વકીલ પેસતનજી દીનશા, તથા સકારામ રાઘોબાએ) એલમના જોરે મારી નખાવવાના અપરાધ માટે સાત સાત વરસની સકત મજુરી સાથે કેદખાંનાની શીક્ષા અંગેજી લીધી, તે સંબંધી મુકદમો ચાલિઓ તે દાહાડાથી આખી આલમમા જાંણીતો થયોછે.
એકવાર આ ટાપુ ઉપર રાજ કરી ગએલી ગણાતના લોકોની આટલીજ હકાએત જે અધુરી માલુમ પડય, તેને દલગીરી સાથે હીંઆં દાખલ કીધીછે.

ભકતી પુંજાનાં મકાંણો.

પોરટુગીસ લોકોનો પંથ, જોકે ઈસા તથા તેની મા મરીએમના પુતલાંઓની પુંજા કીધા ઉપરથી રોમનકેઆથોલીકમાં ગણાએછે; તોપણ તે ઉપરાંત કરાઈસટના બાર શીશો (જેઓ સેંટ કરી કેહવાએય) ની માનતાબી તેઓ કવચીત ભુલતા નથી. એ લોકો ભકતી માટે જાંહાં જાંહાં દેવલો બંધાવેય તાંહાં તાંહાં તેના નામો ધારું કરીને સેંટોનાજ રાખવામાં આવેછે, જે માહેલી સેંટ મારગરેટા નામની એક ઘણીજ પતીવરતા બાઇના ઇશવરી અવતાર સંબંધી જે કાંહાંની કેહવાએલીછે, અને તે ઉપર સઘલા કેઆથોલીક લોકો દીલોજાંનથી એતેકાદ રાખેય, તે વીશેની સાબેતી નીચે જણાવેલી વાત ઉપરથી માલુમ પડછે.

સેંટ મારગરેટાનો બાપ જે ઈસાઇ ધરમ શીખેલો હતો, તે છતાંબી આંનટીઓક નામના દેશનો તે એક મુરતી પુંજક ધરમ આચારી હતો; અને તાંહાંનો ગવરનરબી કેહય કે તેજ પંથનો હતો. આ ખુબસુરત મારગરેટાને જારે તે હાકમે નજરે જોઈ, તારે તેણીને પરણી લેવા માટે ઘણોજ આતુર થયો; જે વાત કાંણે પડતાંજ આ કુંવારી કનેઆએ પોતાની પવીતરાઈનું માંન જાલવીને અતીઅંત ઉપકાર સાથે તેનું માંગવું નાપાડઉં; તેથી કરી તે હાકમે પેહલાં જેમ પેઆર દેખાડઓ, તેમ દુધનું દહી બની જઈને મોહબતને બદલે તેણીને ધીકારવા લાગો; અને તેના પરણવાની ખાએસ નામનજુર રહેઆના કરોધથી તેણીને અતીઅંત દુખમાં નાખેઆ પછે, અંતે તા૦ ૨૩ મી જુલાઈ સને ૨૭૧ ઇરાવીને રોજે સુલીપર ચઢાવી તેની જીંદગી જે ખતમ કરી દીધી, તે વાતને આજે ૧૬૦૨ વરસ વહી ગયાંછે. આ ઉપરથી સઘલા કેઆથોલીકોના વીચારમાં તે ખરી ભગતાંણી એવીતો ઠશી રહી કે, ફકત તેણીનેજ નામના ૨૪૦ દેવલો જે હવડાં ઈંગલાંડમાં થઈ પડઆંય, તે માહેલાં બરાઈટણના દેવલને એક ઘણાંજ ઊંચાં શીખર પર બાંધેલુંછે, એટલુંજ નહીં પણ તેની આજુબાજુએ બીજાં તરણ નાહનાં શીખરો હોવાથી, કેટલાક ડહાબાજો તેને "મેગ તથા તેની તરણ બેનો" ના નામથી બોલાવેછે. જે કરપીન હાકમે આ બીચારી ગરીબ અને નીરદોસ મારગરેટાને મારી નખાવી તેના બદલા વીશે ઇતીહાસમાં તો કાંઈજ નોધ રહેલી કેહવાતી નથી, મગર આટલી વાતથી આપણે સંતોસ પાંમવું જોઇએ કે, તે ચંડાલને તેના કરતુકનો બદલો ખચીત

કરી કુદરતથી તો મશઓજ હશે. હાવી રીતે આ દેવલની કેહવાતનુ વરણુન કીધા પછે પોરટુગીશોએ આપણી ટાપુ ખાતે બાંધેલાં દેવલો માહેલાં જેટલાંની યાદી હાથ આવીચ તેને હીંઆં નોધી લઇએછે.

એઓનો પગ પેસારો ઈશાવી સને ૧૫૩૦ માં થયા પછેના જુજ વખતથી એકેકની પુઠે બંધાએલાં સઘલાં મલીને ૬ દેવલો જે ઘણા પુરાતમ કેહવાએ છે, તેમાં એકતો કોટ ખાતે મેદો ગ્રીટની ઉગમને આવેલું સરવેથી પેહલું, બીજું મજગાંમના બજાર આગલ, તે વખતપર વટલાએલા મછીમાર કોલી લોકોએ બંધાવેઉં હતું. તરણ દેવલો જે કાંપના મેદાંનમાં અસલની ઘીચ વસતી વચે હતાં; તે વસતી જારે સને ૧૭૦૭ થી તે ૧૭૫૩ સુધીમાં આપણી કુંપની સરકારે ઊંચકાવી નાંખી, તારે તેની સાથે એ દેવલોની એમારતોબી ભાંજવામાં આવી હતી; પણ તેને બદલે સરકારના ખરચથી જે જે જગોએ પાછાં બંધાએઆં તેઓ માહેલું "નોસારીંઓરા–દી–એશપેરાંણસા" નામનું મરીણપલટનવાલી લાઇનથી થોડેક દુર હતું, તે ભુલેસવર તથા કુંભારટુકડા પર જવાના રસતા વચેની ડાહવી બોરકુપર આવેલી ગલીમાં ગોઠવાએઉંછે; જે ઘણું બીસમાર થઇ પડઆને લીધે પાછલથી ૧૮૩૩ માં પોરટુગીશોએ તેની મરાંમત કરાવી આપીછે. બીજું દેવલ "એલફીનસટન હાઈ સ્કુલ" ને માટે હવડાં બંધાતી ગંજાવર એમારતવાલી જગોપર હતું, તાંહાંથી કાહાડીને માહીમનું અગર વટાવી બજાર તરફ જવાનો રસતો આવેચ, તેનાં નાંકાં ઉપર સથાપી દીધુંછે. અને તરીજું "નોસાસીંઓરા–દી–સાઉડ" નામનું કાલબાદેવીના રસતા પર આવેલી શા॰ રાંમદાસ હીરાશાહની હવેલીને પડખેની ગલી અંદર લાવી બેસાડઉંછે. આ તરણ દેવલો જેજે જગાપર અસલ હતાં તેઓની સામણેના કરૂશો* તેજ મેદાનમાં હજીસુધી ઉભેલાં માલુમ પડેછે.

એ ઉપરાંત એક છઠું પુરાંનુ દેવલ જે પરેલમાં હતું, તે કેહચ કે, સને ૧૭૨૦ મા ગવરનર ઉલીએમ અએરાલબીની હકુમત વેલા સરકારે જપત કરી લીધું હતું, તેનો સબબ કાંઈ જાંણવામાં આવતો નથી; પણ આટલું તો ચોકસેંછે કે તે જગો ઉપર તારપછે કેટલીક મુદતે સરકારી મેહલ બંધાયો હતો, અને તેમા તારપછે ઘણો વધારો થઈ પડઆથી અસલ દેવલની હસતી તાંહાં બીલકુલ રહી નથી.

ગીરગાંમના રસતાપર આવેલું "સેંટ થરીઝા" નામનું દેવલ આ ટાપુના વખણાએલા ડીગા કુટબના વડવાઓએ ઈશાવી સને ૧૭૭૩ માં બંધાવેઉં હતું, જેની પછે ૬૩ વરશે ૧૮૩૬ માં એજ કુટંબના એક નબીરા નામે શીનોર જોઝ મારીઆ ડીગાએ પોતાના વડીએલોની યાદગારી હસતીમાં રાખવાના હેતુથી તેની રૂડી પેરે મરાંમત કરાવીને નવા આકારમા શોભાવી દીધેલું દેખાએછે.

---

* એ માહેલા બે કરૂશો આપણ જોઇએછે, અને તરીજાની કશી નીસાંણ દેખાતી નથી તે વીશે કેહચ કે, દેવલની શાથે તેનેબી તાંહાંથી કાહાડી લઈ ગએઆ હતા. નો॰ લે॰

મદમ નેસબીત નામની સદગુણી સ્ત્રીએ મજગાંમ ખાતે એક દેવલ સને ૧૭૭૬ માં જે બંધાવી આપેલું હતું, તે તેજ નામની (નેસબીટ લેન) ગલીમાં સલાંમત રહેલું દેખાએછે.

એ ઉપરાંત બીજાં જુદાં જુદાં મકાનોમા બેસુમાર દેવલોછે, તેઓના વખતની ઈઆદદાસત ચોકસ જણાઈ નથી; પણ સરવેથી છેલું દેવલ ગીરગાંમ ખાતે મરહુમ હાનરેબલ શેઠ જગંનનાથ સંકરશેઠના ઘેર પાશેની "બેરેસ લેન" નામની ગલી અંદર "સેંટ ફ્રાણશીસ ઝેવીઅર" નામનુ બંધાએલું કેહવાએછે. આ છેલું મકાંન તા૦ ૧૨ મી મેએ સને ૧૮૭૨ ને રોજથી કેઆથોલીક પોરટુગીસોની ભગતી માટે વાપરવા માંડેલછે.

મઈએત મુકવાના મકાંણો વીશે.

ઈનશાનોને જીંદગીના સુખ માટે રેહવાની, અને ઈશવર પરારથણા કાજે ભગતીની એકાંત જગેઆની જેવી જરૂરીએત જણાએચ, તેવીજ બલકે તેથીબી વીશેશ અગતીએ મરણ પામતાંઓના હાડકાં ઠેકાણે પાડવા સારૂં આરાએશની બાથુક જગેઆનો વીચાર ધેઆણમા લઈને આ પોરટુગીસોએબી પોતાના રેવાજ મુજબ મુરદાં દાટવાના કબરસતાનો છેક કોટથી તે માહીમના છેડા સુધીના જુદા જુદા સાત લતાઓ ઉપર કુલે ૨૫) કીધેલાં હતાં; જે મધે કોટનાં દેવલની અંદર ૧, ભુલેસવરના લતા તરફ ૮, કામાઠીપુરા ખાતે ૧, ગીરગાંમનુ ૧, મજગાંમમા ૩, પરેલમા ૬ અને માહીમમા ૫ મલી ગણવામાં આવેછે; જેઓ માહેલી છેલી બે જગેઆના તો જાણેઆ મેલ જેમનાતેમજ વપરાતાં કાએમ રહેલાંછે, પણ બાકીની બીજી જગેઆઓ ઉપરના ૧૪) કબરસતાનો, ગીચ વસતીના ઘેરાવમાં આવી પડેઆને લીધે, પરજાની સરીર સાંનતીનો હેતુ સાચવીને શેહર સુધરાઈ ખાતાનાં માજી વડા અમલદાર મી૦ કરાફરડ સતા ભરેઆં હોકમનામાની ખુબીથી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૬૯ સુધી તેઓને વાપરવા દીધાં; અને તેપછે મટુંગા તરફ ચીનાઓના કબરસતાનની પડોસમા એક કોસાદ જગેઆ હેવાંજ કારણ સારૂં જે સપુરદ કરી દીધીચ, તાંહાં તારીખ ૧ લી જાનેવારી ૧૮૭૦ ને રોજથી એ પંથવાલાઓ તેઓના મરણ પામેલાંઓની મઈએતને ભોમીદા કરવા લઈ જાએછે; અને વસતી તરફના ભરાઈ ગએલાં સઘલાં કબરસતાનો જો કે એ દાહાડાથી વપરાતાં તદન બંધ પડેઆંછે, તોપણ એ બાબે ધારો બંધાઈને જે પસાર થાએઓચ, તેમાં અગતના કારણશર શુખ શાનતીના તબીબની શલાહ મલે તો કોઈ આબરૂદાર પોરટુગીસની અરજ મુજબ તેઓને તાંહાંના મુડદાં તેઓના દેવલ અંદર દાટવાની પરવાનગી આપવા સંબંધીનો એખતીઆર મુંબઈની નામદાર સરકારે પોતીકા હાથમાં રાખેલાછે; અને તેનો લાભ લેવા ખાહેશમંદ સખસોને મલતોબી રેહછે.

પારસીઓની પધરાંમણી.

આ ટાપુ ઉપર જુદી જુદી ગનાત વાલાઓની અસલ વસતીમાં આવીને મેલાઈ પડલા પારશી કોમની ગણતરી આપરે અજાએખી ભરી આંખે જોઈએતો, કેહવાનું આટલુંજ બની આવશે કે, (ઈરાંનવેજથી જલાવતણ થાઇ નીકલેલા તેઓના વડવાઓને શેહરે સંજાંણના જાદીરાંણાએ જો કદાપી રેહમદીલથી, અને સફકતની રાહે ઉતારો નહીંજ આપેઓ હોતતો,) એ અશીલ કોમના લોકોની હસતી વીશેના વરણનની વરતણુંક કોઈ બીજાજ અલંકારથી કદાચ લખાઇ સકાતે; પણ જે જગોએ ઘણી મુદત તુલીક કાંએમ મકાંણ કરી રેહેઆ પછે જારે હદિસાના વીશેસ દોરે તાંહાંથીબી તેઓને હારમારી આપીંને હાંકી કાહડઆ, તારે હીંદનાં ઘણાક ભાગોમાં તેઓ વેંહચાઈ જઇને ચોમેર પંથરાઈ પડઆ; જે માહેલો મોટો ભાગ જોકે આ ટાપુમાં આજે વતણી થાઈ રહેલોછે, તોપણ તેઓ ઉપર ગુજરી ગએલા જમાંનાંઓ આગલ તો હીંઆનું વતન માતરે સરવેથી છેલુંજ કેહવાઈ સકાએછે. આ ટાપુ જારે અંગરેજી રાજીઆનાં સવાધીનમા પેહલવેહલો આવેઓ તારે તેમાં હમારી શોધ પરમાંણે તરણ જણાઓના* ભાએગસાલી કુટંબ શીવાએ બીજા કોઇબી પારશી હોએલા આપરે સાંભલી નહી સખતાં; આટલુંતો બચીત માંનવું જોઇએચ કે, તેઓના પણોતાં પગલાંની રૂડી અસર તાર પછે એ કોમનાં લોકોની આબાદાંની ઉપર એવીતો થાતી રહી કે, ઈ° સને ૧૮૧૬ નું વરસ બેસતાં તેઓની વસતી ૧૩,૫૫૦ ની, અને તેપછે ૧૮૫૧ સુધીમાં એક લાખની લગભગ ગણાઇ હતી, (આ છેલી ગણતરી પાછલથી ભુલ ભરેલી જણાઇછે) મગર ૧૮૭૨ ની ચોકસ ગણતરીએ ૪૪,૦૦૦ ની સંખીઆ જે દેખાડી આપીચ, તેટલાજ, માતરે મરદો, ઓરતો અને બાલકો મલી હોવાં જોઇએ, કારણ કે, હીંદની આખી સર જમીનપર પારશીઓની એકંદર સંખીઆ એક અથવા સવાલાખનીજ કેહવામાં આવેછે, તે ધેઆંણમાં લેતાં પુરૂથવીની સપાટી ઉપર વસનારી બીજી ગનાતોની નજદીક તો તે કાંઇજ બીસાદ ધરાવતી નથી; પણ જાહોજલાલી તથા કીરતી કલામા સરવે ઉપર સરદારી ભોગવનારા જે રોજે અવલથીજ કેહવાતા અને વખણાતા આવેઆચ, તે બાબેની સાદત હેફલની કવીતાથી શેહજમા સહમજાઈ સખાશે.

વફાદાર કેહવાએછે પારશીની કોમ–હીંમતે શુરા ને મએઆમા મોમ.
ઓલખાએછે ધરંમે જરતોસતી–મેલવેછે સઉશી સારી દોસતી.
જેઓએ ખોહેઉછે ઈરાંનનું રાજ–દેસને દોલતથી થએઆ તારાજ.

---

* એઓ મધે પટેલનું નાંમીચુ ખાંનદાંન અંગરેજી અમલની ૨૫ વરસ અને બીજાં બે કુટંબીઓ એક અથવા બે વરસ આગમજના આવી વશેલાં માલુમ પડેછે. ના° લે°

રોતાતા જેઓ જાલંમશે બાથ-ફુશેઆ તેઓબી જંગલીને હાથ.
જે દાહાડાથી તખત ને તાજ ઓહિઉંછે-દેસ છોડતાં દુખબી બહુ જોઓઉંછે.
હકાએત તેઓની હીંઆં કહીએછે-ફીરતીના કાંમોની નોંધ લઈએછે.

સરૂઆતમાં આ કોમનાં કહેઆ કહેઆ સખસોનું પરીવાર હીંઆં આવેઆમાં ભાગ્યેગશાલી ગણાએઉંછે, તેની શેહલ રીતે સહમજ પડવા સારૂં એક ટીપ જાહેરમાં મેલવાની રજા લઈએછે અને તેમ કરતાં તેઓનાજ યજદેજરદી સનેનો આંક દાખલ કરીએછે. (જે સાહેબોને ઈ૦ સનેં જાણવો હોએ તો તેની ઉપર ૬૩૧ વધારીને વાકેફ થાવું.)

૧૦૦૯ માં સરવેથી પેહલા ભાગ્યેગશાલી શેઠ દોરાબજી નાનાભાઈ (પટેલના નામીચાં ખાંનદાંનના વડવા) સુરતના ગાંમ મોરા સુમારી તરફથી આવીને પોરટુગીસ સરકારના ખાસ કાહરેબારી તરીકે રહેઆ હતા.

૧૦૩૨ મા શેરાબજી કરવાજી, થોડુંક થએઉં મરણ પાંમેલા મી૦ જમશેદજી મનચેરજી (લકબે ચીકા ઘડીઆલી)ની પાંચમી પેહડીએ થઈ ગએલા વડવા બીજા આવેલા અટકલાએઆછે.

૧૦૩૪ માં ભીખા બેરાંમના બપાવા (શેઠ મેરવાંનજી પાંડુના વડવા) ખરશેદજી પોંચાજી ભરૂચથી.

૧૦૩૬ મા મોદી હીરજીભાઈ વાછાગાંધી સુરતથી.

૧૦૪૬ મા મેહરજી વાછા (આ નોંધ લેનારના વડવા) જોકે હીંઆં જાથુક વસવા માટે નહીં પણ પોતાને તાંહાંની વનાવટનું સુતરાઉ જાડું કાપડ નોસારીથી લઈને વેચવા સારૂ એક વછીઆત તરીકે એ સાલથી તેનાએ આવવાની સરૂઆત કીધી; અને તે પછે દર વરશે એક ખેપ જે તેનાએ ચાલુ રાખી હતી, તેજ રાબેતા મુજબ તેના વારેશો પણ આ ટાપુની ભેટથી પોતીકા રોજગારમાં થોડોક લાભ મેલવી લઈને પાછા જતા હતા.

૧૦૫૮ માં શેઠ હોમજી બેરાંમજી (મરહુમ દાદીશેઠના બપાવા) સુરત તરફના કોઈ ગાંમડાં તરફથી આવી વસેલા કેહવાએછે.

૧૦૬૯ માં શેઠ બનાજી લીમજી સુરતના કોઈ પરગણા તરફથી.

૧૦૭૭ મા શેઠ ભીખાજી (મેરવાનજી મુંગાના મમાવા) સુરતના કોઈ ગાંમડાં તરફથી.

૧૦૭૯ મા કલીઆની તરફથી જસાજી જીવનજી જે આવી વશેઆ તારથી તેજ નામની અટકે તેવણના પરીવારે આજ દન સુધી "જસાવાલા"ની ઓલખથી પરએઆત થએલાછે.

૧૦૮૯ મા શેઠ જમશેદજી ભીમજી (આપણા બુજોરગ અકાબર શેઠ ફરાંમજી નોશેરવાંનજી પટેલના વડવા) સુરતની સોડના ટેનાગાંમથી આવેઆ હતા.

૧૦૯૦ મા શેઠ મનચેરજી લકબે મનાજોગી, સુરતના મદરોઈ ગાંમથી આવીને નામદાર ઇસટ ઈંડીયા કુંપની સરકારના બારૂત બનાવવાના કારખાંનામા નોકરી મેલવી રહેઆ હતા; તારથી તેણાનું વંસ દારૂખાનાવાલાની અટકથી ઓલખાઈ રહેલુંછે.

૧૦૯૨ મા શેઠ ખાંનદાનનો પાયો નાખનારા રૂસતમ માણેકના વચલા દીકરા શેઠ બમનજી સુરત શેહરથી આવીને હીંઆના રેહવાશી થયા.

૧૦૯૪ મા એજ ખાંનદાનના નાધલા દીકરા શેઠ નવરોજજી, જે સુરતથી પરભારા ઈંગલાંડ ખાતે ગયા હતા; તાંહાંથી પાછા ફરી આવીને હીંઆંજ વશેઆ હતા અને તેની પુઠે તેમના વડા ભાઈ શેઠ ફરાંમજીબી સુરતથી આવી રહેઆ.

૧૦૯૭ મા શેઠ જીવનજી કુકાજી (મરહુમ શેઠ હીરજી, મનચેરજી તથા ટેહમુલજી રેડીમણીના બાવા) નોસારી કસબાથી; અને શેઠ દાદાભાઈ બરજોરજી (લુકબે દાદી બરજોર) સુરત તરફથી. આ છેલા સાહેબ આપણી સમાલ કાઝ કોરટના માજી બીજા નેઆએધીસ શેઠ માણેકજી ખરશેદજીના વડવા કેહવાએછે.

૧૦૯૮ મા શેઠ માંણેકજી રાંમજી કોપર (કુંવરજી ભાભાના વડવા) સુરતના રસતમપોરેથી, અને શેઠ જીજીભાઈ માણેકજી (મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના વડવા) સુરતના કોઈ ગામડાં તરફથી.

૧૦૯૯ મા શેઠ ધનજી ખરાસ ભરૂચથી; એમના બે દીકરાઓમા વડા બેહલી ખરાસ ૧૧૨૫, અને નાધલા ફકીર ખરાસ (મી૦ એદલજી બમનજી મારીસના બપાવા) ૧૧૩૧ મા આપણી ટાપુ ખાતે હઈઆત હતા. એજ શાલમા સુરત તરફથી શેઠ ફરદુનજી નવરોજજી (મરહુમ શેઠ હોરમજજી દોરાબજી લસકરીના બપાવા) આવેલા કેહવાએછે; આ ગરહસથના દીકરા દોરાબજી લસકરી ૧૧૬૦ મા આપણી તરફ હઈઆત હતા.

૧૧૦૩ મા શેઠ હોમાજી પેસતનજી પટેલ (મરહુમ શેઠ હોરમજજી ધનજી પટેલના બપાવા) સુરતના મોરા સુમારી તરફથી.

૧૧૦૪ મા સરકારી ગોદીનો પેહલવેહલો પાઓ નાખનારા વાડીઆજી શેઠ લવજી નોસરવાનજી પોતાના ભાઇ શોરાબજીને લઈને સુરતના સીંગનપોરથી આવેઆ હતા. એજ ટાંકણે શેઠ કાવસજી હીરજી (મરહુમ દીનીઆર ગાંધી, તથા દાદા જંટલમેનના બાવા) સુરતથી; અને શેઠ કાંમાજી કુંવરજી (પરએઆત થાએલાં કાંમા કુટંબના વડવા) સુરતની શાડેના ટેણા ગાંમથી; મલી જણ ચાર સાહેબો આવેઆ હતા.

૧૧૧૨ મા શીઆવક્ષ બીન દીનયાર નામના ઈરાંની (જરથોસતીની પતીવરતા પુતરી પીરોજાબાંનું,) કોઈ જરમેન મુંસાફરની પનાહ પકડીને હીંદના જરથોસતીની સાથે કદખુદાઈ કરવા માટે છેક ઇરાંનવેરથી આવીને તે વખતના પરએઆત શેઠ ભીખા બેહરાંમને તાંહાં પરોહની તરીકે રહી હતી. એ બાઈ તાર પછે પટેલ ખાનદાનને અજવાલે લાવનાર સુરા રૂસતમ દોરાબ સાથે પરણી હતી.

૧૧૧૪ મા શેઠ સંતોકજી બરજોરજી; આપણી ટાપુખાતે પરએઆત થાઈ ગએલા ઘોડાના દલાલ મરહુમ દાદી સંતોકના બાવા, તથા હાલ હઈઆત

રહેલા શેઠ પેસતનજી હોરમજજી સંતોકના વડવા સુરતના કોઈ પરગણા તરફથી આવેલ્યા હતા. આ ગરહસથ ૧૧૩૧ સુધી હઈઆત રહેલા માલુમ પડેઆછે.

૧૧૨૦ મા શેઠ બરજોરજી સાપુરજી પટેલ (લકબે મેજરના) ઊંમરા ગાંમથી.

૧૧૨૨ મા શેઠ કાવસજી માણેકજી સાયર સુરત તરફના કોઈ ગાંમડાંમાથી.

૧૧૨૪ મા શેઠ રૂસતમજી દાદાભાઈ નાદરસાહ (આપણી ટાપુના પરજેઆત દુબાસ મી૦ મેરવાંનજી નસરવાંનજી નાદરસાહના બપાવા) સુરત તરફથી આવીને પછે ચીનખાતે વેપારને અરથે ઘણીવાર ગએલા માલુમ માલુમ પડેઆછે. આ ગરહસથ ૧૧૬૦ સુધી આપણી તરફ હઈઆત હતા.

૧૧૨૫ મા શેઠ માંણેકજી નવરોજજી (લકબે માકાટબાક) કસબે નોસારીથી.

૧૧૩૦ મા શેઠ ભીમજી ધનજી ઊંમરીગર, ઊંમરા ગામમાથી.

૧૧૩૧ મા શેઠ લવજી શોરાબજી લાકડાંવાલા ભરૂચથી.

૧૧૩૨ મા આ નોંધ લેણારના બપાવા શેઠ એદલજી જીજીભાઈ વાછા પોતીકા ભાઈઓની સાથે. નોસારીથી આવીને જાથુક રેહનારા થાઇ પડેઆ તારથી તેઓનું વંશ હીંઆંનું વતણી કેહવાએછે.

૧૧૩૫ મા શેઠ કાવસજી રૂસતમજી નારીએલવાલા (મરહુમ શેઠ નવરોજજી તથા પેસતનજી નારીએલવાલાના બાવા) હાંશોટ ગાંમથી આવેઆ હતા. શેઠ પેસતનજી ૧૧૬૦ મા આપણી તરફ હઈઆત રહેલા માલુમ પડેછે.

૧૧૩૮ મા શેઠ જંમશેદજી નાનાભાઈ ગનધર (લકબેસપલા) ગેણદેવીથી.

૧૧૪૧ મા શેઠ હોરમજજી સાપુરજી ડાલાખાણી ખંભાએતથી.

૧૧૪૪ મા શેઠ ભીખા મેહરજી ઊંમરેથી.

૧૧૪૯ મા શેઠ ફરાંમજી માણેકજી કરાંણી (મરહુમ શેઠ એદલજી આલબલેસના બાવા) સુરતથી; અને કદીમી પંથના મુંબઈ ખાતે ડેડવાએલા પેહલા દસતુર મુલાંકાઉસ રૂસતમ લકબે જલાલના, જે અસલમા ભરૂચખાતે રેહતા હતા; તાંહાંથી સુરતની રાહે પોતાના આઠ વરસની વએના દીકરા પેસોતન (તે પછે થાએલા મુલાંફીરોઝ) ને સાથે લઈને શેઠ ઈરાંણ ગએઆ હતા; જાંહાં ૧૨ વરસ રહેઆ પછે તાંહાંથી પાછા ફરેલા સુરત થાઈને આ ટાપુમા આવી કાએમનો મકાણ કરી રહેઆ હતા.

૧૧૫૦ મા શેહનસાહીના દસતુર જાંમાસપ આસાના દીકરા દસતુર જમશેદજી નોસારીથી આવીને થોડુંકમા પાછા શીધારેઆ હતા.

૧૧૫૨ મા કદીમી પંથના બીજા મોબેદ મરજબાન કાઉસ મનજમી સુરતથી.

૧૧૫૪ મા શેઠ નોસરવાનજી કાવસજી પીટીટ સુરતથી, અને શેઠ એદલજી બેરાંમજી બીસની રાંદેરથી.

૧૧૫૫ મા ઓદાબખસ મેહરવાન, ઈરાંન તરફથી વેપારને અરથે આવીને હીંઆનો વતણી થાઈ રહેઓ હતો.

૧૧૫૬ મા શેઠ નવરોજજી શોરાબજી ઊંમરીગર, (આપણી ટાપુના વખનાએલા શેઠ શોરાબજી બંગાલીના બપાવા) ઊંમરાગાંમ તરફથી.

૧૧૬૦ મા શેઠ ફરાંમજી નોસરવાનજી બાટલીવાલા, નોસારીના મહલેસ ફરીઆથી; અને નામદાર જાવીદ નસરાબાદી, ઇરાંણથી.

૧૧૬૧ મા શેઠ કાવસજી માણેકજી આસબરનરના, અથવા ભાંડુપવાલા ઊમરેથી.

૧૧૬૪ મા કેઓસરો ચેજદીઆર ઇરાંણખાતેથી પોતાની એક દીકરી નાંમે ગુલેસતાં બાંનુને લઇને આવેઓ હતો; અને બીજી એપે જઇને વેલતે સાલમા પોતાના સરવે કબીલાને બોલાવી લાવીને હીંઆંનો વતણી થાયો હતો. આ ગરહસથની પછે બીજા ઇરાંણીઓબી એકેકની પુઠે હીંઆં આવવા લાગા.

૧૧૬૫ મા નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટનું પેહેલુંવેહલું કદમ મુબારક થાએઊં.

૧૧૬૭ મા મોબેદ ડોસાભાઇ શેરાબજી મુણસી ભરૂચથી.

૧૧૬૮ મા શેઠ એદલજી રૂસતમજી બાટલીવાલા (આપણી ટાપુખાતે વેપારમાં વખણાઇને નાદારી હાલત જોએઆ પછે હવડાં મરણ પાંમેલા શેઠ રતનજી બાટલીવાલાના ધરમબાપ) કસબે નોસારીના મલેહસર ગાંમમધેથી.

૧૧૬૯ માં શેઠ ફરદુનજી શેરાબજી પારખ સુરતથી.

૧૧૭૦ મા શેહનસાહી પંથના વડા દસતુરનો ઓહદો લઇને નોસારીથી ખરશેદજી જમશેદજી જાંમાસપ આસાના આવી વશેઆ હતા.

૧૧૭૦ મા ખાંન બાહાદુર પેસતનજી શેરાબજી (પુનેવાલા) અરાજનથી.

૧૧૭૨ મા શેહણસાહી ટોલાના છેલા વડા દસતુર એદલજી દોરાબજી સંજાંના સુરતથી; અને કાવસજી સાપુરજી કપતાંન નોસારીથી.

૧૧૮૫ મા દોરાબજી મેરવાંનજી સખલાતવાલા, (લકબે દાજીમેહલા) નોસારીથી.

૧૧૮૬ મા શેઠ વીકાજી તથા પેસતનજી મેહરજી પટેલ તારાપોરથી.

હેઠલ જણાવેલા પરબેઆત પારશીઓ, અથવા તેઓના વડવાઓ કેહ અને કાંહાંથી આવેઆ, તેની કાંઇજ ખબર મલતી નથી; પણ તે સાહેબો ના જેજે સાલમાં આપણી ટાપુખાતે હઇઆત હતા, તેઓના નાંમની ઇઆ પુરાંણી કેઆલેણદરો, તથા બીજા દસતાવેજો ઉપરથી હાથ આવેઆ મુ અતરે દાખલ કરીએછે.

૧૦૯૪ મા જમશેદજી બેરાંમજી, તે બરજોરજી સપેનસરના બપાવા; નવરોજજી હોરમજજી, તે જાઇના હીરજીનો બાપ.

૧૧૨૪ મા આસાંમી જણ ૬૦ હઇઆત હતા તેઓના નાંમની ટીપ.


કાવસજી આદરજી.	ખરશેદજી રૂસતમજી.
કાવસજી હીરજી.	ચાંદજી માંણેકજી.
કુકાજી કુંવરજી.	જમશેદજી રતનજી.
કુંવરજી બરજોરજી.	જીજી નરાસજી?
કુંવરજી લોહોરાસજી.	જીજીભાઇ વીરજી.
કુંવરજી હોમજી.	જીવનજી દાદાભાઇ.

જીવનજી ભીખાજી.
જાંમાસજી મનજી પટેલ.
દાદાજી જીવાજી.
દાદાભાઈ બેરાંમજી લીમજી.
દાદા સોહરાબ.
ધનજી કુંવરજી.
ધનજી બેરાંમજી.
નસરવાંનજી બેરાંમજી.
નવરોજજી ખરશેદજી.
નવરોજજી જીજીભાઈ.
નવરોજજી મનજી ગાંધી.
નવરોજજી હોમાજી.
નાનજી રતનજી.
નાનાભાઈ રૂસતમજી.
પોંહોંચા અસપંદીઆર.
ફકીરા ધનજી.
બમનજી ખરશેદજી.
બમન જીવા.
બમનજી નશરવાંનજી.
બમન બેહેલા.
બમનજી માણેકજી.
બેરામજી જરાબાજી.
બેરામજી મેરવાનજી.
બાંમજી ધવેમલ.

ભાઈજી ચાંદજી.
ભીખાજી દોરાબજી.
ભીમજી દાદાભાઉ.
મનજી દાદાભાઈ.
મનચેરજી બમનજી.
મનચેરજી બેરાંમજી લીમજી.
માણેકજી કાંમદીનજી.
માણેકજી જીજીભાઈ.
મોતાભાઈ શાપુરજી.
આછાજી હીરજી.
એદલજી ભીખાજી.
એદલજી લીમડાજી.
રતનજી નવરોજજી વાડીઆ.
રતનજી ફરામજી.
રૂસતમજી કુંવરજી.
રૂસતમજી બેરાંમજી.
રૂસતમજી માણેકજી દલાલ.
વંદીનાથી ? વીરજી.
શાપુરજી જીવનજી.
શાપુરજી બરજોરજી.
શોરાબજી રૂસતમજી.
શોરાબજી એદલજી.
હીરજી હોમાજી.
હોરમજજી નરશંગજી.

૧૨૫ મા રૂસતમજી કેરસાસજી; આ ગરહસથે ઇશાવી સને ૧૭૮૦ મા પેહલ વેહલી અંગરૂજી કેઆલેનડર છપાવીને પરશીધ કીધી હતી, તે ઉપરથી તો ૧૧૪૯ સુધી હઈઆત રહેલા માલુમ પડેછે.
૩૧ મા મોટાશાહ મનજીશાહ; વીરજી જોગી; રૂસતમ ફરાંમ; કુકાજી કાંહાંનજી; કુંવરજી અથાઅહુવેરીઓ; તથા જીથરાજી ટાડીવાલા.
૧૫૫ મા હીરજીભાઈ રતનજી લકબે હીર વાડીઆ. એ ગરહસથ મરહુમ શેઠ કાવસજી પટેલને તાંહાં કારભારી હતા.
૫૬ મા સુરતવાલા દસતુર કાવસજી રૂસતમજી.
૦ મા બેરાંમજી મોટાભાઇ.
૦ મા ફરદુનજી જમશેદજી નવાબ; એદલજી બમનજી કાકા (ચીન ખાતે જનારા); રૂસતમજી મનચેરજી ગોટલીબાજ; તથા લુલા સાપુર રતનના (લકબે લુલા વાડીઆ) આ છેલા ગરહસથ તારપછે બીજાં ઘણા વરસો

પટેલના પુરાતમ ખાનદાનની વંશાવલી.



સુધી હઇઆત રહેલા હમારા જોવામા આવેઆ હતા; અને લગભગ ૮૫ વરસના જઈફ થઈને જે મરણ પામેઆ તેનો સને યાદ રહેલો નથી.

આ ટોલાના બીજા ઘણાક પુરાતમ સાહેબોની હસતીનું બઆઆન અધુરૂં હોવાને લીધે ઉપલી યાદી સમપુરણ થએલી હમારેથી તો કદી કેહવાઈ સકાતી નહીં; અને તેનું કારણ એટલુંજ સમજાવીએચ કે, લાંમબી મુદત વહી ગયાને લીધે એકતો કોઇના પરીવારો પાસે તેઓના વડીએલોની પુરાંણી નોંધો સચવાઈ રહેલી નથી; અને બીજું એકે કેટલેક ઠેકાંણેથી વગર આધારની મલેલી ખબરો હમારી સોધથી સખ ભરેલી જણાઈ; માટે તેવી બાબદોને પડતી રેહેવા દઈને જે જે સાહેબોની જીંદગીનો અહેવાલ જાંણવા લાએકનો માલુમ પડઓચ, તેનેજ વાંચનારા સાહેબોની વાકેફગારી સારૂં આ નોંધમાં હવે સમાવી લેવાની શરૂઆત હીંઆથી કરીએછે.

પટેલનું પરીવાર શેઠ દોરાબજી નાનાભાઈ.

પોતાનું પુરાતંમ રાજ પરાગનદે થએઆનો હાદેશો બંમતા પારશી લોકો ઇરાંન છોડી આવીને હીંદની સર જમીનમા શેહરે સંજાનને આસરે કેટલીક સદીઓ સુધી પડી રહેઆ પછે, જુદે જુદે દેસ પંથરાઇ ગયા હતા; તે માંહેલું મોરા સુમારીનું ગાંમ જે મુગલાઈ હકુમતના સુરત શેહરની સલતનતમાં હતું, તાંહાં રેહનારા ઘણાએક કબીલદારો માહેલા એક હીંમતવાન ગરહસથ નાંમે દોરાબજી નાનાભાઇ, પોતાનું પરીવાર લઇને પેહલવેહલા ય૦ ૧૦૦૯ ના સાલમાં આ ટાપુબાતે આવી વશેલા મુકરર ઠરેઆછે. અને તેની આગમન કોઈબી પારશીએ મુંબઇને નજરે તો શું, પણ સવપનેબી જોઈ નોહતી; માટે જેબી સાહેબો આવેઆચ તે તારપછે થોડી ઘણી મુદતે એકેકની દેખાદેખીથી પુઠ પકડીને પોતીકું ભાએગ અજમાવતા માલુમ પડેઆછે.

આ સાહેબ જારે અતરે આવેઆ તારે પોરટુગીસ રાજનો પુર અંમલ ચાલતો હતો; અને તેઓની હકુમતને જોકે તે વખતે એક સદી લગભગ પસાર થાઈ હતી, તોપણ હીંઆના લોકોની ચાલચલણ, રીતભાત, અને ભાસાથી કેટલાક સતાવાલાઓ તદન બેખબરજેવા હોએઆને લીધે, આ મજકુર શેઠ દોરાબજીની નોકરી તેઓને ઘણીજ કીમતી થાઈ પડેલી જણાઇ હતી; તે વીશે એવું ધારેઆમાં આવેછે કે, એ સાહેબને સુરત તરફ તે વખતપર આવતા પોરટુગીશોનું કાંઈ કાંમકાજ કીધાનો વધારેઓછો માહવેરો પડઆના સબબથી પોરટુગીસ ભાસાનું ગનાન તેનાએ મેલવેલું હશે; તેથીજ હીંઆની સરકારે તેનાને ઉપીઓગી પીછાનીને રાજદુઆરી કાંમોનો જેજે વહીવટ શોંપ્યો, તે તેનાએ પોતાના વડાઓની મનપતીજતી રીતે બજાવેઓ, અને તે ઉપરથી તેનાના મરતબામા દન પર દન વધારો થતો રહેઓ.

તે વખતની હાલત મુજબ સરકારી વહીવટને આધારે થોડાક પઈસા

જેમ જેમ શેઠ દોરાબજી પેદા કરતા રહેઆ, તેમ તેને વગે લગાડીને કેહચ કે, કોટમાં હવડાં પટેલનો મોહલો મસહુરછે તાંહાં સરકારે આપેલી ખાલી જગેઆ ઉપર* પોતાને રેહવાનું એક ઘેર તેનાએ જે બાંધેલું, તે કોઈ એવાં સચોઘડીઆંનું દેખાએચ કે આજે ૨૨૫ થી વધારે વરસની ઉમરનું થએલું, તાંહાં તુલીક તેજ ઢપથી પણ એરણ ખરચે જોઈતી મરાંમત લેતું આ બખતાવર મકાણ તે બુજેરગવારનાં વારેશો પાશે સલાંમતી સાથે સચવાઈ રહેલું, દરરોજ તે તરફથી પસાર થાતા પરાંણીઓને પુરાતમપણાની ઇઆદગારીનાં દરસન આપેઆ કરેછે

પોરટુગીસની સરકારનાં સવાધીનમાં રહીને પા સદીસુધી ઘણીજ ઈમાણદારીથી આ ગરહસથે નોકરી બજાવેઆ કીધી હતી. મુંબઈનો ટાપુ તેને લગતાં પરગણાંઓ શીંકે, સાલે ૧૦૩૪ માં અંગરેજી રાજને સવાધીન થાએઆ મુજબ આગલી હકુમતનાં સઘલા અસબાબોની સાથે આ પરમાંણીક પારશીની નોકરીબી નવી સરકારને મોઠી ભલાંમણથી શોંફવામા આવી; અને તેઓએ પણ શેઠ દોરાબજીને પોતાની નોકરીમાં ખુશી સાથે બાહાલ રાખીને લઇ લીધા; કારણ કે આ ચંચલ જેહનના રાજ કરતાઓબી તે વખતે નવાસવા હોવાને લીધે હીંઆનાં રેહવાશીઓની રીત, રસમ, અને બોલીથી તદન અંજાંણેઆ હતા; માટે દેસનાં બંદોબસત સારૂં તેમની મદદ તેઓએ ઘણીજ કીંમતદાર ગણી હતી.

પારશીઓની વફાદારી વીશે ઘણી કોમના ગરંથકારીઓ જે ઉંમદા વીચારો જણાવી ગયાચ, તેની સાબેતી સઘલી જગેઆઓથી એવી મલતી આવેલીછે, કે, એ અસરાફ તોલા માહેલા ઘણાક પરમારથી લોકો પોતાને માંથે હકુમત ચલાવનારી સરકારની શેવા, પછે શું રાજદુવારી સંબંધમાં કે વેપાર વનજમાં, અને કેલવણીનાં કાંમો ઉપરાંત સખાવતના બાબમાં, દીલશોજીથી બજાવીને વારંવાર મદદ આપવાથી હરગેજ પછાત પડેઆજ નથી; અને તેવીજ વરતણુકથી આ ડાહાપણ ભરેઆ શેઠ દોરાબજીએબી પોતાની ઈમાનદારી સારી રીતે દેખાડી આપી હતી.

તે વખત ઉપર આ દેસ કાંઈ હાલના જેહવું મોહટું શેહર નહી, પણ માતરે એક નાંધલો ટાપુ હતો; અને તેની આશેપાશે ઘણું કરીને ખારી જમીનોમાં માછીમારો વસતા હતા; માટે દેસની ઉપજ જમાવ કરવાની ધારણા રાખીને તે વખતની આપણી સરકારે ઇ૦ સને ૧૬૬૮ મા દરએક માછીમાર પાશેથી વરશે દાહાડે ૨ દા૩૩ રેસનો "બાડી ટાકસ" નામનો અંગવેરો સરૂ કરીને તેની વશુલાત ચુકવી લેવાનું કાંમ આ શેઠ દોરાબજીને શોંફવામાં આવેલું હતું; અને તે નોકરી તેનાએ બજાવીને સરકારનાં ખજાંણામાં મોઠી માહસુલ ઝાંણી દીધી હતી.

* એ મોહલાની એકથી તે બીજા નાકાસુધી ચોમેરની ખાલી જગેઆ સરકાર પાશેથી તેણાને મુફત મલેલી હતી, તે જેમ વસતી થાઈ તેમ લોકોને રેહવાના ઘેરો બાંધવા માટે વેચતા રહીને ઘણે વરશે મોહલો વસાવી દીધો હતો. નો० લે०

હીંઆં સુધી આ શેઠની કારકીરદીનો હીસાબ મલી સખેઓછે, પણ તે પછેનાં વરશોની વાતો, દસતાવેજોની ગેરહાજરીને લીધે અંધારાંમાં રહેલી જણાએછે; અને તે સાથે તેમનાં બેશીઓને ખબરખી નથી કે, તેઓના બુજોરગ મોટા બાવા કહેઆં વરસમાં, કહે રોજે, અને કેટલી ઉમરમાં મરણ પાંમેઆ હતા; માટે આટલીજ હકીકતથી આ પેહલવેહલા પગોતા પારશીને હીંઆંજ ગુજરી ગએલા નીસચે ઠેડવીને તેવનના બરખુરદાર બેટાના જનમારાપર આવવાની રજા લઈએછે.

મરહુમ દોરાબજીની જીંદગીમા માતરે બે બેટાઓ હતા, તે માહેલા વડા માંકુજીતો સાલ ૧૧૧૯ ને સુમારે વગર વારશે પોતાની હસતી ખતમ કરી ગયા; પણ પટેલ ખાનદાંનનો પાયો રચનારા બીજા બેટાની કીરતી જે પરશીધ થાઇ ચુકેલીછે તેનીજ ટુક નોધ ઉપર વાંચનારાઓની નજર પોંહચાડવા માંગીએછે.

શેઠ રૂસતંમજી દોરાબજી પટેલ, અથવા રૂસતંમ જંદરાલ.

આ ખાનદાનની ડાહાલીઓનું ઉપલું દરખત, પેહલવેહલું ય૦ ૧૦૩૬ મા ઉગીનીકલેલું માલુમ પડઉછે; ઇઆને એ વરસમા તેનાંનો જનમ થએઓ હોએ એવી અટકલ હવે પછે આવનારી હકાએત મુજબ તેનાએ બજાવેલાં એક માહભારત કાંમ ઉપરથી બાંધી સખાએછે, એટલુંજ નહીં પણ બીજીબી ઇઆદી અટકલાએચ કે, તેવનના બાવા મરણ પાંમેઆ તે વખતે એ સાહેબ સરકારી નોકરી બજાવવા લાએકની ઊંમર ધરાવતાજ હશે, તેથી કરી તે મરહુમ હસતકનો બધો વહીવટ જે તેવનને સપુરદ થાયો હતો, તે આટોપી લઇને બાપની કીરતી સારી રવેશે પરકાસતી રાખી હતી.

હાલ જમાંનેના આ રૂસતંમ પેહલવાંનની બાહાદુરી, તથા ચાલાકીવીશે એવું બોલાએછે કે, જેજે વહીવટનું ઉપરીપણુ તેમના સવાધીનમા શોંપાએલું હતું તેની સરદારી સવતંતરપણે સાચવેઆથી રાજ પરકરણમાં જોકે એક મોટા વગવાલા થાઈ પડઆ હતા; તોપણ તેનાને માથે હકુમત ચલાવનારા અંગરેજ અમલદારોનાં હોકમને જોઇતું માન આપીને, સરવેનો સારો ચાહ મેલવવામા કોઈવાર પછાત રેહતા નોહતા. ઇ૦ સને ૧૬૯૦ મા હબશીનાં જંજીરાવાલાઓએ પેહલી વખતે મુંબઇને કબજ કરી લીધી, તારે તેનાની પાશે સતા ભરેલી હકુમત ન હોવાને લીધે તેવન કાંઈજ કરી સએઆ નોહતા; પણ તે વાતનું સમાધાન થએઆ પછે (આ ટાપુની હાકમી એ સાહેબના હસતકમા થોડુંક સુધી આવેલી હતી, તે વખત પર તેનાની હીંમત વીશે આટલી ઇઆદગારી રહેલીછે કે, માછીમારો પાશેથી વેરાની વશુલાતનું કાંમ જે એ સાહેબ અસલથી ચલાવતા હતા તેને લીધે આ ટાપુના સઘલા કોલીઓમાં જબરો કાબુ બેસાડી તેઓને વખતની હાલત મુજબ કવાએદ શીખાડીને લડાએક-

શીપાહીઓ જેવા બનાવી રાખેઆ હતા. એ વખત પર અંગરેજી લસકરના થોડા રહેલા શોલજરો મરકીને ભોગે ચહડી મરણ પાંમેઆં, તેનો લાભ લઈને ઉપલા સતરૂ શીદીઓ ઇ૦ સને ૧૬૯૨ માં બીજીવાર મુંબઈ લેવા થકી ચહડી આવેઆ તારે કોલી શીપાહીઓની મદદથી આ નામવર રૂસતંમે તેઓને મારી હટાડીને દેસનો કબજો પોતાની હકુમત હેઠલ જે બંચાવી રાખેઓ હતો, તે વીશેની સરવે હકાએત આ નોંધ પાંને ૨૧ માં વીસતારી સમાવેલીછે, તે વાંચેઆથી આ શુરા સખસની બાહદુરી તથા વફાદારીનું વરણન વખ-ણાઈ સકાશે.)

આ સુરા શુપેસાલારની બાહાદુરી હીઆંજ અટકી રહેઆ પછે આગલ લંબાઇ સકી નહી; તે વીશે તેનાની ધારના એવી પુગી હોએ કે, એક વખતની જહડફ જેકારીના પરીણામે જેહવી પાર પડીચ, તેહવી દુસમેનો બલવંત હોવાને લીધે બીજીવાર કદાપી તેઓ ચહડી આવેઆથી શીકસત મલેતો હાંસલ થએલી કીરતી સઘલી અકારત જાએ; એવી સહમજથી વખતે તેનાએ ડાહ-પણ વીચારીને એ બાબદની કેફીએત વગર ઢીલે સુરત ખાતે કોઠીના વડા ઉપર કાસદોની મારફતે લખી મોકલાવીને, આ જોખમ ભરેઆ ઓધા ઉપરથી પોતાનો છુંટકો માંગેઓ; તે મુજબ કેહચ કે તાંહાંથી હકુમત ચલાવનારા અંગરેજી અમલદારો જે આવેઆ, તેઓએ હીંઆના રાજની લગાંમ સવાધી-નમા લઈ લીધી; અને આ સાહેબે વફાદારીથી બજાવેલી ચાકરીના બદલામાં મુંબઈ ખાતેની પટેલાઇનો હક ભોગવવાની મુખતેઆરી વંશસ પરંમપરા સુધીની જે તેનાએ ચાહી, (તે મુજબ મુંબઈ, મજગાંમ, માહીમ, વરલી, ધારાવી, શીવરી, શીમ, મોરી, કેવલી માહીમ, વાંદરકર, અને વાંદરકરભાઈ, તરફ રેહનારા સરવે માંછીમાર કોલી લોકો ઉપર શેઠ રૂસતમજીની પટેલાઇ મુકરર કરી આપી; અને તે દાહાડાથી આ સાહેબ પોતાનો કબજો રાખીને તેઓ પાશેથી આગલા થેડાવ પરમાંણે સરકારી માહાસુલની વશુલાત લીધા ઉપરાંત, તેઓ વચે ચાલતા દીવાંની તથા ધરમ સંબંધી મુકદમાઓ પણ વાજેબીની રાહે ચુકવતા રહેઆ;) તારથીજ પટેલાઈનો જે નામીચો એતાબ તેવનના વશીલાઓ ઉપર ઉતરતો આવેઓચ, તેટલોજ માતર હવડે સુધી ખાનદાનની ઓલખ તરીકે નીભા-એલોછે; મગર આગલી જાહોજલાલી ભરેલી સરવે પાંતીની સતા તેઓ પાશેથી જે જતી રહીચ, તેનું વરણન હવે પછે આગલ જણાવેઆમાં આવશે.

એ કોલીઓ પાશેથી સરકારી "બાડીટાંકસ" નાંમની વશુલાત ઉપરાંત તેઓની માછલી ભરીને બાહેરથી આવતી દરએક બોટે એકેકી માછલી લેવાનો હક સરકારે તેનાને જે આપેઓ હતો, તે મુજબ પોતાના લાભ માટે તેવન સદા લેતા હતા; અને તે ઉપરાંત પટેલાઈની ચાકરીના બદલામા સરકાર પાશેથી દર મહીને ૩૬૯) તેનાને મલતા હતા.

આ ટાપુની આશેપાશે ખારી જમીનો ઉપર જેઓ ભાત ઉગાડતા હતા, તેઓ પાશેથી દરવરસનું સરકારી દેણું વશુલ કરવાનું કાંમબી આ પટેલ-નાજ હસતકમાં હતું; અને તે સાહેબ કાએદા મુજબ આગમજથી માહશુલ

લીવાવના, કોઈબી ધણીને ભાત કાપવાની પરવાંણગી બીલકુલ આપતા નોહતા; કારણ કે તેઓએ સરકારી ફરમાંન તેનાને એવુંજ મલેલું હતું, અને તેથી કરી સરકારી આએપત ઘણી વેહલી વશુલ થાતી હતી.

આગલા વખતમાં મુંબઈ ખાતે ભારબરદારી ગાડાંઓ, તથા બલદોની અતીશીઅ ખુટ હોવાથી એવી બેદાદી ચાલતી હતી કે, એતી કરનારાઓને અગત પડતો જેબી લોકોના ગાડાં અથવા ઢોરો હાથ આવે તેને જબરીથી બેધડક પકડી લઈ પોતાનું કાંમ ચલાવતા હતા; તેમાં કેહચ કે ઘણીવાર આ પટેલ સાહેબના ગાડાં બલદીઆઓ પણ સપડાતાં હતાં; જેની મનાઈબાએ તે વખતની રીત પરમાંણે ગાંમમા પોતે એવો ઢંઢેરો પીટાવેઓ હતો કે, "કોઈ-એબી પારકા સખશોના ગાડાંઓ, અથવા બલદો તેનો લવાજમો આપેઆવના ખેતરનાં કાંમ સારૂં જબરીથી લેવાં નહી" આ હોકમ અમલમા આવેઆથી બેદાદી તદન બંધ પડી હતી.

એ ઉપરાંત સરકારનું ઘણીજ તાકીદ ભરેલું કાંમ તેવન પાશે એવું હતું કે, નામદાર કુંપણી તથા બીજા વેપારીઓનાં આવતાં જતાં સઘલાં બારકશોને અગતસર જોઈતો નેહાવ પુરો પાડવો અથવા તેમાથી ખાલી કરી લેવો; અને તે કાંમ દરોબસત બજાવીને તેનો પુરતો લવાજમ સારીપેઠે તેવન વશુલ કરતા, એટલુંજ નહી પણ બીજાં અનેક તરેહનાં સરકારી કાંમો જે બજાવતા તેનો મામુલબી મેલવી લેતા હતા.

આ પણોતા પટેલનાં તરણવાર લગન થએલાં કેહવાએચ, તેમાં પેહલી પરણી બાએડી મરણ પાંમેઆ પછે, બીજી કરી લાવેઆ હતા. હીંઆં તુલીક પોતે અઘોર ઉંમરે પોંહચેઆ છતાં, તેની પાછલ નામ રાખનારો કોઈબી વારસ અવતરેઓજ નોહતો; પણ તરીજી સદગુણી બાઈ જે(ઈરાંણ દેસથી આવી હતી,) તેની સાથે પરણેઆથી વસતીનો વધારો થયો તે વીશેની જાણવાજોગ હકાએત નીચે દાખલ કરીએછે.

એ ઈરાંણી અબલાજાદીને મુંબઈ આવવાનો સબબ એવો સંભલાયોછે કે, તેણીના સવદેશ ખાતે તેણીને જનમ આપનારો(શીઆવક્ષ બીન દીનીયાર નામનો બાપ) તથા ફરંગીઝ નાંમની માને પેટે, એ સુધાં(પાંચ દીકરીઓ પેદા થએલી હતી; જેઓ ઘણીજ ખુબસુરત હોયાને લીધે, તે માહેલી તરણ જણી-ઓને તો મુસલમાંન લોકો જાલમી દોરથી છીનવી લઈ ગયા હતા; અને(બી-ચારી બેને ઘણીજ માહવજતથી છુપા છુપ બંચાવી રાખવામાં તેણીઓનાં મા બાપને એટલી તો મુસકેલીએત નડી કે(તેણીઓને હીંદ તરફ મોકલી દેવાની પેરવી તેઓ કરતાં હતાં,) તેહવામાં તેણીઓના રૂડાં ભાએગે એક જરમેન મુ-સાફર,(જેના નામની ચોકસ યાદી મલતી નથી, તે તાંહાં જઈ લાગો; જે ઘણોજ ભલો, અને રેહેમ નજરવાલો જારે તેઓને માલુમ પડેઓ, તારે (બીચારા દુખીઆરા શેઆવક્ષે)તેની આગલ આજેજીથી અરજ ગુજારી કે, તેની આ બે દીકરીઓ જાલમી દોરને લીધે(જરથોસતી ધરમમાં ઘણીજ મુસકેલીએતથી જલવાઈ રહીચ,) તેણીઓને હીંદની જમીનમાં જાંહાં પારશીઓની વસતી હોય

તાંહાં લઈ જઈને (કોઇ સારાં માંણસના સવાધીનમાં સોંફી આપશે તો, તેણી-
ઓનો સુંસાર રૂડી પેરે સચવાશે.) આ વાત કબુલ રાખતાં (પેલા જરમેન
મુસાફરે બે માહેલી એક છોકરીને પસંદ કરી (પોતાની કદબુદાઇમા લેવાની
ઈછા બતાવીને) એવું કહેણું કે, "તેણીને મુસલમીન જેવા જુલમાંતમાં હું
રાખીશ નહીં પણ ઘણુંજ સુખ દેખાડીસ, અને (બાકીની એકને બેહનને ઠેકાંણે
ગણી હીંદુસતાંન ખાતે સંભાલથી લઇ જઈને તમારા જાતભાઈને હવાલે કરીસ.")
જે ઉપર સંતોસ પાંમી શેઆવક્ષે તેની બેહ દીકરીઓ સાથે એવો ઠેડાવ કીધો
કે (મુસલમાંન જબરદસતીથી ખેંચી જાએ, તે કરતાં આ સખસ ભલો કે સારી
કબુલાતથી સુખ દેખાડવા ચાહેચ; માટે તેઓ માહેલી એકને જરમેન મુસાફરે
(પસંદ કીધી, તેણીએ તેની સાથે;) અને બીજી જે પીરોજા નાંમની બાઈ હતી,
તેણીએ પોતાના હમદીન સાથે પરણવા માટે, તે બેહુ બેટીઓ (મા બાપ પાસેથી
છેલી રૂખસત પાંમીને જરમેન મુસાફરની સંગતમાં (જનમ ભુમીને તજીદઈ મુંબઈ
ખાતે ચાલી આવીઓ.) જાંહાં પેલી પતીવરતા પીરોજાને (અતરેના નામીચા
દુકાંણદાર શેઠ ભીખા બેરાંમને હવાલે કરતાં મજકુર મુસાફરે કહેણું કે કોઈ
(આબરૂવાલો પારશી ગરહસથ જેને આ છોકરી પસંદ કરે, તેની સાથે પરણાવી
આપવી,) અને તે ગરહસથ જેણીને પોતાના નેકામા લીધી હતી (તેણીની સાથે
પોતાને સવદેસ તરફ શીધારી ગયો.)

પીરોજાબાંનુનો જનમ તેણીની ઇઆદદાસત ઉપરથી અતરે ઉપજાવેલા
ટપકા મુજબ રોજ ૧૫ મો માહા ૭ મો શેહનસાહી સાલ ૧૦૯૮
ય૦ એ ઇરાંન ખાતે થએલો માલુમ પડેઓછે. એ બાઈ જારે પેહલવેહલાં
મુંબઈ આવેઆં તારે ૧૩ અથવા ૧૪ વરસની ખીલતી જવાંણીના બાહારમાં
(તાંહાંનાં ખાધ ખોરાકની ખુબીથી જાંણે વીશેક વરસના હોએ એવાં મજબુત
બાંધાના દેખાતાં હતા.) કોટ ખાતે ફારબસ સત્રીત આગલ જાંહાં (દાદી બી-
લડીંગ નાંમની મોટી હવેલી હવડાં હુભેલીછે,) તાંહાં કેહચ કે અસલ તલાવ
હતું; અને તેની આસપાસનાં ચોગાંનમાં સાંહજને સમે પારશી શેઠીઆઓને
હવા ખોરવા માટે બેસવાની જગેઆ હતી; તાંહાં ઉપર જણાવેલા શેઠ ભીખા
બેહરાંમ પોતાની આ પરોહણીને લઇને ભરથાર પસંદ કરવા માટે જઈ બેઠા;
પીરોજાએ પેહલાંતો (સરવેની તરફ ટીકીટીકી નજર ફેરવતાં આ સુરા શેઠ
રૂસતમ પટેલબી તાંહાં બેઠેલા હતા તેનાનો હાથ પકડી લીધો;) બીચારા અધોર
ઊંમરના પટેલ સાહેબે જોએઊં, કે (આ પીડા ફોકટની ગલે વલગેચ તેથી
તેવન તતકાલ તાંહાંથી જતા રેહેઆ; અને પીરોજાએ તો તે શીવાએ તાંહાં
બેઠેલા બીજા કોઇનેબી પરનવા માટે પસંદ કીધોજ નહી.) બીજી સાંહજરે
તેજ મીસાલે તેણીને લઈને ભીખાજી શેઠ તાંહાં પાછા આવી બેઠા; (પણ રૂસ-
તમ પટેલ તો બીહકના મારેઆ બીલકુલ આવેઆજ નહીં;) તારે તાંહાં બેઠે-
લાઓમાંથી બીજો કોઇબી ખાવંદ પસંદ કરવા તે બાઇને ફરમાવેઊં, તો (સાફ
નાપાડી તેણી બોલીઆં કે કાલવાલા સખસનીજ સાથે પરણું.) હાવો ચાહ
તે બાઈનો જોઈને (સઘલા સાહેબોએ મનસુબો કીધો, અને રૂસતમ પટેલ પાશે

જઇને ઘણું સહમજાવી કહેણ કે, જારે તે બાઈ તમારી ઉપરજ ખુશીછે તારે તમો તેની સાથે પરણો કે જેથી તમારે તાંહાં વસતીવારીનો વધારો થાએ.) હાવી રીતનું દબાંણ(સરવે દોસતો તરફથી થએલું જોઈ શેઠ રૂસતમ પટેલ આ ઈરાંણી તોખમની પીરોજા સાથે પરણેઆં;)અને ઘેર લાવેઆ પછે(થોડાજ વેહવારથી)તેનાનીબી પુર ખાતરી થઈ કે, આ અબલા તો ખરેખરી કોઇ સારાંજ ખાંનદાનની અને ઘેર રાખુ સકરમી ઓરતછે; જે ઉપર દનપરદન મોહબત વધારીને એખલાસથી ચાહ રાખેઓ, અને કરવું ઓદાનું એવું થએણ કે(તે બાઇએ એકેકની પુઠે સુનંદા ચાર દીકરાઓ જની આપીને પોતાના ભરથારેનું ઉજડ ઘેર વસતીથી જે ભરપુર કરી દીધું,)તેઓના નામો નીચે મુજબ હતાં.

વડા કાવસજી, જેનાનો જનમ સાલે ૧૧૧૩ અથવા ૧૧૧૪ માં થએલો અટકલાએછે.

બીજા દોરાબજી, જેનાનો જનમ સાલે ૧૧૨૩ ના બારમાં મહીનાને બીજે રોજે ચોકસછે.

તરીજા કેખસરૂ, જેના જનમનો સને અથવા દાહાડોવાર ઇઆદ નથી, પણ રોજ ૯ મો માહ ૨ જો સાલે ૧૧૬૩ માં મરણ પાંમેલા માલુમ પડેઆછે.

ચોથા ટેમુલજીના, જનમનીબી ખબર નહીં હોયાને લીધે, તેણાનું મરતીઉક રોજ ૧૬ મો માહા ૧૧ મો શેહેનસાહી સાલે ૧૧૯૭ મા થએલું જણાએણછે.

મુંબઈ ખાતે(અંગરેજ સરકારથી થેડવાએલા આ પેહલવેહલા પટેલ)રૂસતમજીએ પોતાના અમલમાં પરમાંણીકપણાથી સઘલી જાહોજલાલી ઘણી સારી રીતે ભોગવી હતી; અને સકરમી બાએડીને સબકતે પગલે ગાંથે દરવીય પણ સંઘરહ કરી તેને રૂડાજ ઉપીયોગમાં સદા લાવતા હતા. એ સાહેબને તાંહાં ઘરડી વએમાં અવતરેલા દીકરાઓ માહેલા વડા તથા બીજાને સાલે ૧૧૩૧ ય૦ માં, પોતાનાં દેશી અમીરી એલકાબને જેબ મલે તેવી ધાંમધુમથી જારે પરણાવેઆ, તારે કેહચ કે તે વખતની રીતને અનુસરતો ખરચ કરવામા કાંઇજ કોતાઈ રાખી નોહતી; અને તેની ખુસાલીમાં જેમ(મુંબઇ, તેમજ સુરત, સુમારી, મોરા, અરાજન, ડુમસ, અને બીલીમોરા વગેરેના દેશે દેશ ખાતે ખાંડો વેહચીને તાંહાંના ઘણાક લોકોને મેજબાંનીમાં સાંમેલ રેહવા સારૂ બોલાવેઆ હતા;)જાંહાં ૨૬ દીવસનો માંદવસરો લઈને તેટલા અરસામા પોતાને તાંહાં સારી રવેસની રાંમસણીના રંગ રાગ ગજાવી દીધા હતા, અને તેવી ખુસાલી હસતે મોહડે પસાર થઈ ચુકાને અગીઆરેક મહીના ગુજરેઆ, તેટલાં પોતાની જીંદગી છેક(૯૬ વરસની જઈફીએ પુગાડીને)રોજ ૨૭ મો માહા ૬ ઠો શેહેનસાહી સાલે ૧૧૩૨ ય૦ એ, મીનોઈ જાંહાંનમા કુચ કરી ગયા ઉપરથી તેમની માન ભરેલી પટેલાઇનો પેહલો પેહરો પુરો થયો.

શેઠ કાવસજી રૂસતમજી પટેલ.

(પટેલાઈની ગાદી જાલવનારો) આ ગરહસથ બાપના મરણવખતે ૧૯ વરસને આસરેના હતા, (તેનાને સરકારે મોટીખુસી સાથે બાહલ રાખેઆ ઉપરથી તે મરહુમની પંકાએલી પેહડીનો સંઘલો વહીવટ પોતાના હસતકમાં કરી લઈને) કુટંબનાં વડા તરીકે પરીવારોને પક્ષમા સમાવતા રહી સરકારી તથા સનસારી કાંમો ચલાવવા લાગા; અને પોતીકા બાપના વખત જેવી સઘલી સતા સારા વીચારોથી હેવીરીતે ભોગવવા માંડી કે, જેથી કરી વડાએલાએ પુખત પાએ બંધ બેસાડલી કીરતીને ખીલતા બાહર ઉપરજ દીપલી દેખાડી.

અંગરેજ સરકારને બીજાં રાજીઅ ઉપર લડાઇ લઈ જવામાં ગુતાવવું પડઆના સબબે લશકરને જલમારગે એકથી બીજે ડેકાંણે તાકીદે હેરફેર કરવાસારૂં જોઇતાં બારકસો મેલવવામા જારે ઘણી મુસકેલ જણાઇ, તારે (તે કાંમનો મકતો આ શેઠ કાવસજી પટેલને આપેઓ હતો અને તો જોકે તેનાની પાસે બોહોલો વહીવટ હોએઆછતાં, લશકરગીરીને હેવીતો સવલ કરી દીધીકે, તેના બદલામાં એ કાંમબી આ ગરહસથની હઇઆતી બાદ ઘણી લાંમબી મુદતસુધી તેમનાજ કુટંબીઓ હસતક સચવાઈ રહેલું હતું.)

ઇસવીસને ૧૭૭૪માં મરાહઠા સરકાર રઘુનાથરાવ દાદાસાહેબ (પાસેથી થાણા અને વસાઇની હકુમત આપણી અંગરેજ સરકારે જારે લઇ લીધી,) તારે તે જગેઆનો કારોબારબી આ પટેલને તેનાની ચંચલાઈ ઉપર પુર વીસવાસ રાખી સોંફેઓ; અને તેઓના ફરમાવેઆથી તે જીલ્લા માહેલા (ચરણી બંદર, મંનપેસર, તુરંભ, મઠ, મરવે, મનોરી, વેસાવું, દાંડા, વાંદરા, કલીઆંણી તથા ભીંવડી મલી ૧૧ તાલુકા તરફનાં માછી મારો ઉપર સરકારે બેડવેલો "બાદી ટાકસ" નો કર હુઘડાવવાનુ કામ તેવણ બજાવતા હતા. આ ટાકણે તેમના બીજા ભાઈ શેઠ દોરાબજી પટેલબી પુગતી ઉમરના હોવાથી, નવાં કામમાં પોતાના વડા ભાઈને ઘણાજ મદદગાર થાઇ પડઆ હતા; અને તાંહાંની વસુલાત માટે (થાણા તથા વશાઈની વચે ફરતા રહીને સરવે પાંતીની સારી દેખરેખ રાખવા લાગા.)

જો કે ઉપર જણાવેલાં ગામોમાં તાંહાંના રાબેતા મુજબ એકેકો પટેલ તો નેમાએલોજ હતો; પણ (તે સરવે ઉપર વડાપણું આ શેઠ કાવસજીને જે મલઊં તે હીંઆં સુધી કે,) તેવનની પરવાણગી લીધાવના (ઉપલાં ગાંમડાંઓમાં કોઈ સખસથી જવાઈ શકાતું નોહતું;) અને જેને જવું હોએ તેને (તેમની પાસેથી ચીઠી લવી જોઈએ;) હેવો કાનુન જે હતો તેની શાખશીમાં એક પુરાનો અંગરેજી દશતાવેજ તેમના વારેશો માહેલા એક ભાઇ પાશે સચવાઈ રહેલો જે જણાએઓચ, તેનો તરજુમો નીચે મુજબ વંચાઇ શકાયછે.

"આંદરૂ રામસે સકુઆએર.

"સાહેબ,

"મેહરબાની કરી આ ચીઠી લાવનાર પારશી હીરજીને થાણા અંદર દા-
"ખલ થવા દેજો."

હું છેઉં સાહેબ

"તમારો તાબેદાર સેવક.

(સઈ) કાવસજી રૂસતમજી પટેલ.

મુંબઈ તા૦ ૧૮ મી ફેબરવારી ૧૭૭૫.

શેઠ કાવસજી પટેલની રૂડી કોશેસથી આપણી સરકારના કામો હેવાંતો શેહલ રીતે પાર પડી સએઆં કે, તેની ઈઆદગારી તેમના પરીવારમા પરકાસતી રેહવાના હેતુથી તે વખતના આપણા નેક નામદાર માજી ગવરનર મી૦ ઉલીએમ હારંબીએ સરકાર તરફથી "દરેશ આવ હાનર" નામના નામીચા પોસાકની માન ભરેલી એક ખેલાત આ સાહેબને બખશીંદા કીધી હતી.

થાંણાનો તાલુકો અંગરેજોને હાથ આવેઆની આગમજ કેહચ કે, એકબી પારશીની વસતી તાંહાં બીલકુલ હતીજ નહી; તાંહાંનો વહીવટ આ શેઠ કાવસજી પટેલને સવાધીન થાએઓ તારે તેનાએ પોતીકા હમદીનોને બાહેરથી બોલાવીને તે જગોએ વસાવેઆ; અને તેઓના ધરમને લગતી અગત પુરી પાડવા માટે સાલે ૧૧૪૪ ય૦ માં હજારો રૂપીઆ પદરના ખરચીને એબાદત તથા કીરીઆ કરમ કરવાસારૂ એક આતસ કદેહ, અને મરણ પામનારાઓની આરાએરાને સારૂ દોખમુ બંધાવી આપેઉં હતું; માટે એટલી સગવડથી તે તરફ થોડીજ મુદતમાં ઘણા જરથોસતીઓ જઈ વીશેઆ હતા.

એ તરફનાં મેહસુલની તપાસ કરવાસારૂં આ ખુબીવંતા પટેલ તે વખતના ગવરનર હારંબીને પોતાની સંગાથે લઈને ઈસવી સને ૧૭૮૨ ના મેએ મહીનામા મનપેરાર, દાંડા, અને તેવનાએની જગો તરફ ગએઆ હતા; અને તાંહાંનો અગતસર બંદોબસત જે તેનાએ કીધેલો હતો, તે સરકાર તથા રઈએતના લાભ જોગ સરખો ઉતરતો જોઈ ગવરનર સાહેબ ઘણાજ રાહેત પામેઆ હતા.

આ ફકરો લખતાં જેમ હમો રમુજ જેવું સમજીએચ તેમ વાંચનારા સાહેબોનેબી હસવું આવેઆવના રેહશેજ નહીં કે, મોટા માતબર પટેલ થાઈને એક હલકો જેવો હધીઓ હાકમના દીકરાને ભેટ કીધો; પણ તેનો શેહજ બોલાસો થાઈ સખાએચ કે, એ સાહેબો પટેલ તો માતરે માછીમાર લોકો ઉપરના હતા, અને તેના લવાજમામાં પણ તેઓને દરરોજ તાજી માહી મલેઆ કરતી હતી; જે માહેલી કેટલીકતો મોટમોટા અંગરેજ અમલદારોને નાસતા વખતે, અને કેટલા પારશી ઈસત મીતરોને તાંહાં સોગાદ દાખ હતી; અને એ ચીજની ભેટ હવડાં કદાપી હલકી જણાએ. દાહડાઓ ઉપર ઘણી માહભારત અને વલી પટેલ

ખરી ઉકમાઈનીજ ગણવામાં આવતી હતી; માટે આ સાહેબે, પોતાને તાંહાંના રાબેતા માંફક જારે ઇસવી સને ૧૭૯૫ માં આપણા માનવંતા મરહુમ ગવરનર જોનાથન ડંકનના દીકરા વેલાએત શીધાર્યા, તારે ૦ાા ટન સુકા ફરમાસુ બુમલા, અને રાા કુડી સુકા છમના ચાંડલા તરીકે સોગાદ મોકલા હતા; અને તે ભેટ વલી(મોહટા ઉપકાર સાથે કબુલખી રાખવામાં આવી હતી.)

શેઠ કાવસજી તથા દોરાબજી પટેલે (બેહુ ભાઈઓ) સારી વરતણુકથી વહીવટ ચલાવીને જે મીલકતો મેલવી હતી, તેમાં નાંધલાં મોટાં ઘેરો, તથા બંગલાઓ મલી ૮ એમારતોના, અને બેતરની ખાલી જમીનોના જુદાં જુદાં બેસુમાર ખાંજરાઓ ઉપરાંત ચીન ખાતે રોજગાર માટે "સાહ જાંગીર" નામનું એક વાંહાંણુ ટન ૮૦૦) ને આસરેનું બંધાવેલું હતું; અને સરકારી મકતાના તથા પટેલાઇના કાંમો કીધા છતાં દેસાવરો ખાતેનો બોહલો રોજગાર રચેઆને લીધે વેપારી સંફમાંબી તેઓ સારૂં માન મેલવતા હતા, એટલુંજ નહી પણ વીમો ઉતારનારી મંડલીમાં તેનાનો ભાગખી તે વખતે મોઠી ઉકમાઇ ભરેઓ ચાલુ રહેલો હતો

કુંભારતુકડા તથા બેતવારીની વચે આવેલા મારગની સોડમાં શેઠ કાવસજી પટેલની મોહટી મીલકત, જે હવડાં પાંજરાપોલને નામે ઓલખાઓછે, તેનીજ પાશે બાંધેલો એક બુલંદ તલાવ એ સાહેબે પરજાના ઉપીયોગ માટે ધરમ ખાતે આપેલોછે; તેના સનેની તો ચોકસ ખબર નથી પણ ઘણું કરીને તે ઇ૦ સને ૧૭૮૦ ની આસપાસ હોવો જોઈએ. એ તલાવની મરાંમત ૧૮૩૪ સુધી તેમનાં કુટુંબીઓ કરતા હતા, પણ તે પછે બારીક વખતમા ગુજારેલી ફરમાસ મુજબ આપણી સરકારે પોતાના હસતકમાં લઈને ઘણી સારી હાલતમાં તેને સાચવી રાખેઆ છતાં, તેજ નામે "કાવસજી પટેલનો તલાવ" કરી હજી સુધી પરબેઆત થાઈ રહેલોછે. આ પટેલ સાહેબે બાહેર કોટ એક નસાખાંનુંખી ધરમખાતે જે બાંધી આપેલું હતું, તે ઘણીજ બીસમાર હાલતમાં આવેલું જોઈ તેમના દોતરા મરહુમ શેઠ દાદાભાઇ રૂસતમજી પટેલે સાલે ૧૨૧૮ ય૦ માં પોતાના બાવા રૂસતમજી કાવસજીના પુન માટે નવેસરથી બંધાવી આપેલું હતું.

પોતાના રૂડા વીચારથી પારશીની પંચાએતનાં એક માંનવંતા અધીકારી થાઇને લોકોના ઘેરકુથલાના તંટાઓબી સાંભલીઆ પરમાણે આ સાહેબ ઘણીજ ચાલાકીથી ચુકવતા હતા, એટલુંજ નહી પણ તે ઉપરાંત એક સાહશીક વેપારી તરીકે સઘલી મંડલીઆમાં પોતાની હાજરીથી માંન પાંમેઆં પછે રોજ ૨ જો માહા ૧૧ મો શેહનસાહી સાલે ૧૧૬૮ ય૦ એ ૫૪ અથવા ૫૫ વરસને આસરેની ઉમર ભોગવી, તરણ દીકરાઓ તથા તે ઉપરાંત કેટલીક દીકરીઓ, [illegible]તરાંઆની સારી આબાદાંણી હસતીમાં રાખી જાવેદાંની દુનીઆ તરફ [illegible]ગઆ, પણ પુનવંતાં કાંમની કેટલીક નીસાંણીઓ સાથે એક ઉપી- [illegible] પરજાની હાજત પુરી પાડેચ તેથી તેમના નેકી [illegible]ંમને કોઈ ભુલનાર નથી.

ાસ, પણ રેહછે નેકી ઈઆદ,
જગમાં ખુબી, તેજ દીપશે જીઆદ.
ા પુર બાહર પર, પટેલાઈ જેણે ખીલવી,
શીની જીંદગી તેની, જમે લીધી છીનવી.
સોસ તેના મોહતને કહીએ, ન થવા દીધો ઘરડો,
ા માહતાબ જેવા ચેહરા ઉપર, પાડીઓ ગેબી પરદો.
જનમ આપેઓ જેણે, તે માતા રડતી થઈ,
તેનાજ ગંમમો નવેક વરસ,* રહીને ચાલી ગઈ.

આ મરહુમ પટેલ કાવસજીના ચેહરાની ખુબસુરતી વીશે ગાંમમાં ઘણીજ રીફ ગવાએલીછે; અને તે ઉપરથી તેવણના બખતે બીલંદ માતા પીરોજા આઈએ, તેણીના આ વડા દીકરાના બદનને ઈરાંનીજ પોસાકથી એવોતો શીનગારી મેલઓ હતો કે, તે તેણીને શોભાવંતો દેખાયાથી પોતાની જીંદગીના છેડા સુધી મમસારના પેહરવાસને હરગેજ વીહલો મેલઓ નોહતો. આ ગરહસથની તસવીરો તેજ પોસાકથી ચીતારેલી તેમના કુટંબીઓને તાંહાં હજીસુધી સંભાલથી સચવાઇ રહેલી જેબી સાહેબો જોસે તેને અગણીત ખુશી ઉપજશે.

શેઠ દોરાબજી રૂસતમજી પટેલ.

મરહુમ રૂસતમ દોરાબના આ બીજા બેટાનો જનમ જે ઉપર જણાવેઓચ, તે દાહાડાથી તેવણ ઉઘરીને ૧૪ વરસના થયા તેટલી મુદત સુધીમાં ગુજરાતી તથા અંગરેજી વીદેઆની કેલવણી તે વખતના રેવાજ મુજબ પાંમી રહેઆ પછે, પોતાના વડા ભાઈ કાવસજીની સાથે હલી મલીને સંપજથી કાંમ કાજ કરતા હતા; અને તેમાં ઘણો સારો અનુભવ એખતેઆર કરી લીધાથી ભાઇની ખાલી પડેલી પટેલાઈ પોતાના સવાધીનમા મેલવીને જેમ તે મરહુમ સઘલાં પરીવારનો પરતીપાલ કરતા હતા, તેવાજ હેતુથી આ સાહેબ પણ સરવેનો સંભાલ રૂડી રવેશે રાખવા લાગા.

વડા ભાઇના મરણ પછે રાસ ખાતાંનો હીસાબ જારે આ સાહેબે નકી કીધો, તારે લોકોની ઉપર રહેલી હુઘરાણી બાકી તથા વેપાર જોગ માલ ઉપરાંત વાંહાંણ મલી સઘલી પુંજી રૂપીઆ સાડા પાંચ લાખને સુમારે ગણવામાં આવી હતી; જેમાંથી નીમોનીમ દેવું મુજરે કરતાં રાસ ખાતાંના રોજગારની નકી પુંજી રૂપીઆ પોણાતરણ લાખની આસપાસ રહેલી માલુમ પડી હતી; અને

* ઈરાંની તોખમના નેકબખત પીરોજા આઈ, જેણીના સબકતાં પગલાંથી કેહચ કે આ પટેલ ખાનદાંન જાહોજલાલી ભરેલું થએલું હતું; તેવણ પોતીકા ખુરાનોમા વડા દીકરાના મરણની ગીરેફતારીમાં એટલી મુદત સુધી દુખી દીલથી જીવેઆ પછે, રોજ ૧૧ મો માહા ૫ મો સાલે ૧૧૭૭ ય૦ એ ૭૯ વરસની જઇફીએ પોંહચી બેહસતનશીન થયાંછે. નો૦ લે૦

જમીન ઉપરની મીલકતો જે આ નોંધમા ઉપર દા
સરકારી મકતાના વહીવટની હાંસલ જુદી જાંણવામાં આ
ભેગી લેતાંબી હાલ જમાંનેના કોઈબી સરીમંત સાહેબોના
કાંઇજ બીસાદ ધરાવતી કેહવાશે નહીં, પણ તે વખતપર એ
માહભારત વખણાતી હતી. આ યાદીમાં જણાવેલું દેવું કેહચકે
સારી રીતે કીધાથી જુજ વખતમાં શેઠ દોરાબજીએ દાકડે પાએકે
દરવીયમા મોટો વધારો કીધો હતો; અને તેવા ઓહોલા વહીવટ ઉપર
શેઠ કાવસજી તથા તેમના આ જાંએનશીન શેઠ દોરાબજી સાથે મુંબઈ
મોટા હીંદુઓ, પારશીઓ, મુસલમીનો તથા અંગરેજ વેપારીઓ, સરાફો,
ગરહસથો, લેણદેણ સંબંધી સારો ધરોબો રાખતા હતા.

મનની ચંચલાઈ જેમ વધતી ગઈ તેમ તેનાએ વેપારનાં કાંમમાં સાર
અનુભવ મેલવીને મલબાર કોસટા તરફથી સાગલી લાકડાં, કોપરેલ તેલ, તથા તેવનાએ પરચુટન માલનો રોજગાર પણ દોરાબજી રૂસતમજીની કુંપણીને નાંમે એવન કરતા હતા, અને તે કારણ સારૂં કલકતા ખાતે મી૦ કાલવીનસ તથા બેંરેટની પેહડીને પોતાની આડત સોંફી હતી. એ ઉપરાંતબી વેપાર વનજમા પોતાના પગલાં વધારે લંબાવીને આ સાહેબ સાલે ૧૧૬૨ ય૦ માં (કાવસજી પટેલની હઈઆતી છતાં) પેહલવેહલા ચીન ખાતેબી શીધારેઆ હતા; જાંહાં દર વરસની એકેક મલીને તરણ સફર લાગટાગ કરતાં રૂઉ વગેરેનો કીંમતી માલ લઈ જઈને તેના બદલામાં ચાહે, સાકર, રેસમ, રેસંમી કાપડ અને તે વગેરેનો જથાબંધ માલ તાંહાંથી લાવી હીંઆં વેચતા તેમાં મનમાંગતો નફો મેલવતા હતા; અને તેપછે મુંબઇમાં પોતે રહીને જે વેપાર તે તરફનો કીધો, તે માટે તાંહાંનાં એક હોરા વેપારી નાંમે સમસુદીન અબદુલ રજાકને ખાસ આડતીઆ દાખલ ઠેરવી રાખેઆ હતા. એ વખતપર તેનાઓ જે રૂઉ લઈને ચીન મોકલતા, અને તેનો અવેજ ફરી-વલેઆથી જારે નકી હીસાબ ઉપજાવતા તારે સઘલો ખરચ બાદ જતાં દોહડાથી બમનો નફો તેનાને હાથ આવતો હતો, તે સુમાર ઉપરથી સહમજાઈ સખાએચ કે રકમબંધ માલમાં તેનાએ તે વખતપર ઘણી સારી કમાંણી હાંશિલ કીધી હશે.

હાવા ઓહોલા વેપારને પોતાની આસપાસ ફેલાવી દીધા છતાં, આ પર-મારથી શેઠ દોરાબજીએ બાપથી ઉતરી આવેલી પટેલાઈનો હક ઉસતવારીથી જાલવી રાખીને, સરકારી કાંમકાજબી અસલનાજ રાબેતા મુઆફેક, સારી વરતણુકથી આટોપી લેતાં, પોતીકા પુરાંના માલેકોનો રૂડો ચાહ મેલવતા હતા. એજ કારણસર આ સાહેબ જારે ઈશવી સને ૧૭૮૩ માં વસાઈ તરફ જમા બંદીના કાંમપર રહેલા હતા, તે વખતે મારહઠાઓના દરોરાની ઘણીજ ધાસતી તાંહાં ચાલતી હતી; તો જો કે પેસવા પાશેથી તરતની લીધેલી જગેઆ અંગ-રેજી હકુમતમાં ગણાતી હતી, તોપણ તેની કશીબી પરવાહ કીધાવના એ મ-રાહઠા લોકો તાંહાં આવીને ધોલે દીવશે ધાર પાડી લોકોને લુંટતા, એટલુંજ નહીં

પણ જે સાંમણે થાએ તેને બેધડક કટલબી કરી પોતાને ઠેકાંણે નીરભએ ચાલી જતા. તેવા હીંગાંમમાં આ શેઠ તાંહાં પુર હીંમતથી રહી પોતાનું સરકારી તથા ખાંનગી કાંમ બજાવતા; અને તેવામા જો કદાપી કોઈ લુછા લોકો ભોગ જોગે તેમને મલતા તો પોતાની લાએકાતથી તેણાને ઠેકાંણે લાવી સખતા હતા; તેવું છતાંબી એકવેલા એવો બનાવ બનેઓ કે, આ શેઠના ઘેરનીજ આગલ તેવણના હસતકમા રહેલા શીવબંદી ખાતાના એક સરકારી શીપાહીને લુટારા મહરાઠાઓએ બેધડક કાપી નાખેઓ, અને સોરાબજી નામના કારભારીને કેદ પકડી લઈ ગયા, તારે તે વખતે આ શેઠનો જીવબી ઘણાજ જોખમમાં સપડાએલો માલુમ પડેઓ હતો; પણ સારાં ભાગ્યેગે તેણાની નેક બુધીનું બલ આડ આવેઊં કે, કોઈ યુકતીથી તેવણ બંચી ગયા; પણ પોતાના હસતક સોંફાએલો વહીવટ પડતો મેલીને હીચકારાની પેઠે તાંહાંથી તેવણ હરગેજ ખીશ્આ નહીં.

આ શેઠીઆના સઘલા સુખમાં એકાએક એવી હરકત થઈ હતી કે, તેમની પરણી મોહરદાર કજાએલાહીથી મરણ પાંમી; અને તે પછે સંસારની સરજત પરમાણે બનાજીના પરખેઆત ખાંનદાન માહેલા શેઠ બેરાંમજી નાનાભાઈ દાવરની એક દીકરી સાથે બીજીવાર લગણ કીધાં; પછે તેણાને તાંહાં રોજ ૨૧ મો માહા ૮ મો શેહનસાહી સાલ ૧૧૬૯ ય૦ એ હોરમજજી નામના દીકરાનો જનમ થયો.

આ શેઠ દોરાબજીનાં સવાધીનમાં આવેલાં સરકારી કામકાજો માહેલાં કેટલાંકતો તેમના બાવા શેઠ રૂસતમજી દોરાબજીના વખતથીજ મલેલાં, અને બાકીનાં ભાઈ કાવસજીએ મેલવી લીધેલાં હતાં; તે ઘણીજ ચાલાકીથી તથા નીમકહલાલી સાથે ચલાવતા જોઇને, તે ઉપરાંત બીજાં બે નવાં કામો નામદાર સરકારે મોટી ખુશીથી તેનાને સોંફેઆં; તેમા એકતો માજી ઇસટ ઈનડીઆ કુમપણી જે બોહોલો વેપાર ચલાવતી હતી, તેના હસાબનો જથા બંધ રૂઉ સુરત, ભરૂચ, જંબુશર, અને તેવનાએનાં દેશો તરફથી બોતોની મારફતે લાવીને મુંબઈના બારામાં પોંહચતો કરી આપવો, અને એજ કુંપણીને હસાબના લાકડાંઓ મલબાર તરફનાં જુદાં જુદાં ઠેકાણાઓ ઉપરથી લાવીને ગોદી ખાતે પોંહચાડવા બાબેનાં મકતાઓ માલુમ પડેઆ; અને બીજું ઇસવીસને ૧૮૦૧ માં મજગામ ખાતે બારૂત બનાવવાના સરકારી કારખાનામાં દરએક જોઇતી જીણશો પુરી પાડવાનો જે ઈજારો મરહુમ શેઠ ખરશેદજી માણેકજી સરાફ પાશે હતો તેમાં તેમની પાંતી રાખી આપી હતી.

ઘણા વરસોથી વંશ દર વંશ પરમાણીકપણે ચાલતાં આવેલાં હાવાં મુહબલક કામો એક સખસના સવાધીનમાં રહેલાં કેટલાક સરકારી અમલદારોથી ધારેઆમેલ સહણ થાઈ નહી સખેઆં હોય, અથવા તો કોક સંજોગથી હેવો બનાવ બનેઓ કે સરકારી બારકસોને નેહાવ પુરો પાડવાનો પુરાનો મકતો કેહચ કે, કોઇ તરાહેત સખસને સોંફેઆથી, આ પટેલને થોડી ઘણી દલગીરી અલબતાં ઉપજી; અને તે બાબેનો કાંઈક વીચાર કરતા હતા, તેટલાં બીજી વાત એક નવી માલુમ પડી કે, મલબાર તરફથી લાકડાં લાવી અતરે પોંહચતાં

કરવાનો ધજારોબી જાહેર ખબરની મારફતે લોકો પાશેથી માંગવામાં આવેઓ; જે ઉપરથી પોતાને બેજાબત પોંહચતી જારે જોઈ તારે તે વખતનાં ગવરનર નામદાર જોણાથન દંકનની શેવામા એક અરજી મોકલાવી, અને તેમાં પોતે લાંમબા વરસથી બજાવેલી સરકારની સેવા સંબંધીનુ જે વરણન વીસતારી ગુજારેઉં, તે વાત ધેઆનુમા લઈને મજકુર ગવરનરે આ બાબેનો મકતો પાછો તેનાનેજ આપેઓ હતો.

પોતાના ભાઇની ગાદી ઉપર માતરે પાંચેક વરસની ટુક મુદતસુધી બીરાજીને જેમ સરકારી મકતાના કામો સારીરીતે બજાવેઆં, તેમ પેહલે વાંધેના વેપારી તથા વાંહાંણવટી તરીકેબી રૂડી વરતણુક વાપરીને આ ટાપુ બાતે મોટું માન મેલવેઆ પછે, અજલની દોરીને આધીન રહી શેઠ દોરાબજી પટેલ રોજ ૧૦ મો માહા ૧૧ મો શેહણશાહી સાલે ૧૧૭૩ ય૰ એ વરસ ૪૯ મહીના ૧૧ ની ઉપર ૯ દાહાડાની ઊંમર પુરી કરીને જારે બેહશત નસીન થાએઆ, તારે ઉપર જણાવેલા ચાર વરસની બાલ વએના એકજં બેટાને પોતાની પાછલ હકદાર વારસમાં રાખી ગએઆ હતા; તેવન પણ હઈઆત રહેલા એક કાકા ઉપરાંત પીતરાઈઓના સવાધીનમા સચવાઈને બાપના પઇસાથી પરવરેશી પામી મોટા થયા પછે રોજ ૩ જો માહા ૩ જો શેહણશાહી સાલે ૧૨૩૪ ય૰ એ ૬૫) વરસની ઉમરમા વંશાવલીની ટીપ મુજબ ચાર દીકરાઓને હસતીમાં રાખી મરણ પામેલા માલુમ પડેઆછે.

દોરાબજીના મરણથી બાલી પડેલી પટેલાઈ મરહુમ કાવસજી પટેલના વડા દીકરા સોરાબજીના સવાધીનમા જારે આવવાનો વખત પોંચેઓ, તારે તેમાં હરકતી બનાવ એવો બનેલો કેહવાએછે કે, એકાત બે મોહભાવાલા પારશીઓએ પટેલાઇનો હક તેઓના પરીવારોમાંથી પરાગંદે કરવાની મતલબ સાંધીને તે વખતના ગવરનરને એક અરજી કરી એવું જણાવેઉં હતું કે, કાવસજી તથા દોરાબજીના ગુજરી ગએઆથી એ બાનદાનમાં પટેલાઈ ચલાવવા લાએકનો હવે કોઈજ રહેઓ નથી, માટે એ એખતીઆર તેઓ (અરજદારો)ને આપવો; આ દુખ ભરેલી વાતની બબર તે વખતપર વખનાએલા શેઠ પેસતનજી બમનજી વાડીઆ, જેવન પેલા મરહુમ બેહુ ભાઇઓનાં અસલથીજ ઘણા હેતુ મીતર હતા, તેનાને માલુમ પડેઆથી દોસતીનો બરો હક બજાવી દેવાનો રૂડો પરસંગ જોઈને તે કાવસજીના તરણ દીકરાઓ નામે શોરાબજી, રૂસતમજી, અને જાંગીરજી ઉપરાંત દોરાબજીનાં બાલક દીકરા હોરમજજી મલી જણ ચારોને સાથે લઇ નામદાર ગવરનર પાસે તેવન ગએઆ; અને જો કે તે વખતપર સાંભલેઆ પરમાણે એ સાહેબને હાકમ સાથે હરેક બાબદમાં વારેવાર વાદવીવાદ ચાલતો હતો; તોપન પોતાના પેઆરા મીતરોનાં કુટંબના ભલાં કાજે તાંહાં જવા માટે કસીબી અડચણ નહી જોતાં ગવરનર સાહેબને જણાવેઉં કે, તમારી હજુરમાં આવી હુભેલાઓ તે મરહુમ કાવસજી તથા દોરાબજી પટેલના હકદાર વારેસોછે; માટે સરકારે તેઓના બાપદાદાને બખશેલો પટેલાઇનો, તથા સરકારી મકતાઓનો સઘલો હક તેનાનેજ આપવો જોઇએ.

હાવી ખાતરી પુરતી રીતે મલેઆથી, નામદાર ગવરનરે ખુશી થાઇને પેહલવહલીજ મુલાકાતે આવેલાઓ માહેલા કાવસજીના તરણ દીકરાઓ જે ઊમરે પુગેલા હતા, તેઓ દરએકને એકેકી સાલ, તથા દોરાબજીના બાલક બેટાને સેઆલનો શેમાલ હોરાડી તેઓના વડવાઓથી ઉતરેલી પટેલાઇ, તથા સરકારી મકતાઓનો સઘલો હક, શેઠ શોરાબજીને સપુરદ કરી દીધાથી વાડીઆજી સાહેબ પેસતનજીએ ખરા હકદારોને અજવાલે આંણેઆનો હેતુ, મોટી સાબાશીને લાએક વખણાએઓ, એટલુંજ નહી પણ પટેલના પરીવારો ઉપર તે શાહેબે કીંમતી ઉપકાર જે કરી દેખાડઓ તેની ઇઆદગારી આ અસરાફ વંઉસના બચાંઓ, તો જો કે તારપછે કેટલીક મુદત થઈ તેઓ પાસેનો બધો હક જતો રહેઆ છતાંબી, હજીતક ભુલેલાં જણાતાં નથી.

શેઠ સોરાબજી કાવસજી પટેલ.

પટેલાઇની ગાદીપર આવેલા આ ચોથા શેઠ સોરાબજી સાંભલેઆ પરમાંણે રોજ ૨૧ મો માંહા ૧૦ મો સાલે ૧૧૩૭ ય૦ એ જે જનમ પાંમેઆ હતા, તે ગણતરી ઉપરથી પોતાનો ઓહદો બજાવવા માટે ૩૬ વરસની પાકી વએ પોંચતાં સુધી સઘલો વહીવટ ચલાવવાની માહીતકારી આગમજથી મેલવીને એવાતો પુખત થાઇ રહેલા માલુમ પડેઆ કે, કાકા, બાપ, બપાવા, અને પરદાદાથી ઉતરતું આવેલું સરકારી તથા શોદાગરી કાંમ ઘણીજ શેહલાઇથી આટોપી લેવા લાગા; અને તબાબે સરકારનેબી વારંવાર ખુશી ઉપજતી રહી. આવું છતાંબી જારે પરજા તરફના કેટલાક લોકો જેમા એજ સાહેબને તાંહાંનાં અજમાએસ વાલા ઘણાખરા આગલા કાહરોબારીઓએ ચહડાચહડી કરવા માંડી, તારે નામદાર સરકારને પણ પોતાની માહસુલમાં વધારો કરવાની ઉલટ ઉસકેરાઇ; અને તે ઉપરથી, આ સાહેબના સવાધીનમાં હોએલાં કાંમો માહેલાં વરલી તરફનાં દરીઆની માછલી પકડનારાઓ પાશેથી માહશુલ વશુલ કરવાના મકતાની પેહલવેહલી માંગણી પરજા પાશેથી માંગવામાં આવી; અને તે માતરે એકજ વરસની હદપર રાખી; આ મકતો બીજાને હાઠ નહી જવાદેતાં ૩૭૦૦) વાસતે ઇ० સને ૧૮૧૬ માં એજ શેઠે લઇને પોતાના વડવાઓનું માન ટેકવી રાખેઉં હતું.

સરકારનાં લસકરી, દરીઆવરધી, તથા વેપારનાં સરવે કાંમોમાં જોઇતાં બારકશો વગેરે પોંહચતાં પાડવાનો મકતો જે આ પુરાતમ પટેલ ખાંનદાનનાંજ હાથમાં ઘણા વરશોથી સચવાઇ રહેલો હતો, તેને માટે કાંઇજ નહી પણ માતર નામને ખાતર દર તરણ વરસની મુદતની માંગણીઓ તેઓ પાશેથી જાથુક લેવાએઆ કરતી હતી; પણ તેમાં વધન પાડવાનો કશોબી સબબ બતાવેઆવનાં ઇ० સને ૧૮૨૦ થી ઊપલા કાએદામાં સરકારે એકાએક ફેરફાર કરીને દર એકજ વરસની મુદતનાં મકતા આપવાનું જારે ઘેડવેઉં, તારે તે

ઉપરથી શેઠ શોરાબજીએ તે વખતનાં વખનાએલા, અને મએઆવંતા નામ દાર ગવરનર માંઊંટ સટીઉઅરત એલફીનસટનને સરકારી નવા વીચારની વીરૂધ એક અરજી કીધી; અને તેમાં પોતાના વડવાઓના વખતથી બજાતી આવેલી મનપતીજ ચાકરી વીશેનું વરણન વીસ્તારી જણાવતાં, પાછલી મુદતનાં કાંમોમાં જે નુકસાંન પોંતું તેનો બદલો મેલવવાની મતલબથી અરજ ગુજારી કે, એ મકતાઓને આગલનીજ મુંઆંફેક દર તરણ વરસવેરનો ફેરવી આપવો; પણ તેના જવાબમાં લસકર ખાતાંનાં મુનશી તરફથી એવું લખાઇ આવેઊં કે, "એ મકતાની મુદત જે એકજ વરસની થેડવાઈ ચુકીછે તે મુજબ તમોને આપવાનો હોકમ તેને મલેલોછે." આવા જવાબથી નાસીપાએસ થાઈ શેઠ શોરાબજીએ તે વખતની મરીન બોરડનાં વડા મી॰ હેનરી મેરીટન ઉપર એક પતર લખીને ખાતરીથી જણાવેઊં કે; બારકસો વગેરે પોંહચાડવાનું કામ, જે રીતે મેરવાંનજીએ* આગલ કીધેલુંછે તેવીજ રીતે હુંબી ચાલાકીથી ચલાવીસ; પણ ગયાં તરણ વરસની છેલી મુદતમાં એ કાંમ બજાવતાં જે અતી ઘણું નુંકસાણ પોંતુંચ તેનો ખંગ વલી રેહવા માટે તરણ કરતાં વધારે ઈઆને ઓછાંમાં ઓછાં ૯) વરસવેરનો મકતો મેલવી આપાવો. એનો જવાબ એટલોજ મલ્યો કે, જે ચંચલાઈ તથા જહડફ આગલનાં તથા હાલનાં સરવે કાંમોમાં તમોએ ઈમાનદારીથી બજાવીછે, તે વાત ધેઆનમા લઇ તમારો મકતો પાછો તરણ વરસવેરનો તમોને મલવાવીશે મરીન બોરડ સરકારને સારી રીતે ભલાંમણ કીધીછે.

મરહુમ શેઠ કાવસજી પટેલના વખતથી સોદાગરી સાચવનારૂં વાંહાંણ "સાહજાંગીર" જે બંધાઇને ઇસવી સને ૧૮૧૧ સુધી સફરે ફરતું હતું, તેની નસલ તારપછેના વરસોથી બીલકુલ માલુમ પડતી નથી; માટે ઈઆતો તે કજાએલાહીથી સદનતર નારા પામેઊં, અથવા તો તે પુરાનુ થયાથી વેચાઈ ગએઊં હોએ એવું અટકલાઈ સખાએછે. આ શેઠ સોરાબજીની પાસે "એડમાણસતન" નામનુ એક સફરી વાંહાંન ૧૮૨૩ થી ફરતું રહીને ઘણી મુદત સુધી સચવાએલું હતું; અને તેની મારફતે પોતે બોહોલો વેપાર ચીન તથા કલકતા તરફનો કરતા હતા, તેથી કરી સોદાગરી સંફમા તેવન સારો વગ ધરાવતા હતા.

પટેલનાં પંકાએલાં ખાનદાનનો આ નામીચો નબીરો, પોતાના પરીવારોમા સરવેથી છેલો જાહોજલાલી ભરયો અને સવર્તંતર શેઠીઓ ગણાએઓછે; કેમકે તેમની પછેના ભાઇઓના વખતથી વડવાઓએ મેલવી આપેલી સઘલી હકુમત માહાંભાએગને લીધે જતી રહી, તે વીશેનું દુખ ભરેઊં વરણન જણાવેઆ

---

* એ મેરવાંનજી ખરશેદજી જે મેહલા પટેલને નામે મસહુર થાઈ ગઆચ તે; તથા તેની આગમજ હીરજીભાઇ રતનજી લકબે હીરવાડીઆ; મલી બેહુ સાહેબો આ પટેલને તાંહાં ચાકરીમાં ઘણા વરશો સુધી રહેલા હતા; પણ પાછલથી પગભર થાઇને એકેકની પુઠે નીકલી ગયા પછે પોતાનો એવીજ કીસમનો ધંધો તેઓબી નોખો ચલાવતા હતા. નો॰ લે॰

આગમજ આ શેઠીઆની અશીલાઈ, નમનતાઈ, ભલુમનસાઈ અને નેકનાંમીની એક સારી ઇઆદી અતરે નોંધી લઇએચ કે, તેવનમા આવા સારા ગુણો સમાએલા હોવાથી મુહબલક મીતરોમાં મીલનસારી મેલવી લીધા પછે રોજ ૭ મો માહ ૧૨ મો શેહનસાહી સાલે ૧૧૯૪ ય० એ ૫૭ વરસની ઉપર એક મહીનોને ૧૭ દાહડાની વએ પુરી કરીને મીનોઈ જાહાંનમાં જારે કુચ કરી ગયા, તારે તેમનો વશીલો વધારનારા બે દીકરાઓ જે હઈઆત હતા તેમાહેલા વડા કાવસજી બારેહકતાલાની બખશેસથી સલાંમતછે, અને નાધલા ભાઇ દોરાબજી જે ચીન તરફ ગયા હતા, તાંહા (મકાઉ ખાતે) રોજ ૯ મો માહ ૯ મો શેહનસાહી સાલે ૧૨૧૦ ય० એ ૨૨) વરસની ભર જવાનીમાં બેહસતનશીન થાએલા માલુમ પડેઆછે.

શેઠ રૂસતમજી કાવસજી પટેલ.

પટેલાઈનો પાઓ નાંખનારના નાંમરાશીઆ, આ ગંભીર નબીરાનો જનમ સાલે ૧૧૪૭ ય० મા થાએલો માલુમ પડેઓછે. બાલવએ પસાર કરીને જેમ સહમજપર આવતા ગયા, તેમ રૂડી વરતણુકથી પરજામાં પરોટાઇને પોતાની અશીલાઇ સરવેને બતાવતા રહેઆ હતા; ભાઈના મરણ ટાંકણે ૪૭ વરસની પાકી ઊંમરે પોંહચેઆને લીધે, વડવાઓની પેઠે સરકારી તથા વેપાર વણજના કાંમો ઘણીજ આસાંનીથી આટોપી લેવા લાગા, પણ વખતની વલાણ જેમ બદલાવા માંડી તેમ તે ઉપર ભાએગનું જોર કારગત ન લાગેઆને લીધે-લગભગ ૧૬૩ વરસવેર આ નાંમીચાં ખાંનદાનના હસતકમાં સ૦૧વાઇ રહેલી સરકારી સતા આ પાંચમા અને છેલા પટેલ પાશેથી ખતમ થાતી ચાલી તેની થોડીક દુખ ભરેલી ઇઆદી દલગીરાઇથી અતરે નોંધી લઈએછે.

કેહવતછે કે, હરેક કામની ઉપર જાંહાંસુધી ખુદ ધણીની દેખરેખ ખંતીપણે હોએ, તાંહાં તુલીક તેમા કશીએ હરકત નડેજ નહી; પણ જારે માંણશોનાં આચાર તપાશેઆવના તે ઉપર એકેદંમ ભરોશો રાખીને જે કોઇ નભરવસ રેહ, તો તેની ખરાબી થવામાં કશો વીલંમ લાગેજ નહીં; કેહચ કે મરહુમ શેઠ શોરાબજીના વખતથીજ હાથ તલેનાં કારભારીઓ કેટલાંક કાંમોમાં માહીતકારી મેલવી ચુકા હતા, તેઓ માહેલા કોઈ કોઈ સખશો તેમના મકતાઓને આડ આવવા લાગા; પણ તે મરહુમની જાતી ચંચલાઈને લીધે જોકે તેઓ જાહાજા ફાવી સકતા નોહતા, તો પણ આ કુટંબીઓના લાભમાં હરકત થયા કીધી; અને તેમના મરણ પછે આ શેઠની સાહેબી જારે થાઇ, તારે તેમના ભોલાપણાએ પુરાંનાં માંણશો ઉપર રાખેલા વીસવાસનો વેરભાવ જે હુભરાઈ નીકલેઓ, તેનું પેહલું પરીણાંમ ઈ० સને ૧૮૨૮ નાં જુન મહીનાની ૧૭ મી તારીખે એવું નીવડઉં કે ખારની જમીનનું મેહશુલ, તથા માછીમારો

પાશેથી "બાડીટાકસ"નો કર હુઘડાવવાનું કાંમ સરકારનાં હોકમથી છીનવી લેવા માટે તે વખતના કલેકટરે એક પતર લખીને તે વહીવટ સંબંધી હીસાબને લગતા સરવે દસતાવેજો તેવન પાસેથી મંગાવેઆ હતા. એ બાબેનો સબબ તપાસતાં એવું માલુમ પડેઉં કે, આગલાં વરશો ઉપરાંત સને ૧૮૨૭ તથા ૧૮૨૮ ની સરકારી વશુલાતનાં હજારો રૂપીઆની મોઠી રકમ સરકારની લેણી નીકલેલી તેવનથી ટાંકણાસર નહી ભરાઇ સકાયાને લીધે, તેમની સતા છીનવી લીધામાં આવી

આ ઉપરથી શેઠ રૂસતમજીએ ઈ૰ સને ૧૮૩૦ મા નામદાર ગવરનર સર જાન મલકમની જનાબમા એક અરજી મોકલાવીને માછીમારો પાશેથી વશુલાત કરવાના કાંમમા નડતી મુશીબતનું વરણન વીસતારી જણાવેઆ ઉપરાંત, હજારો રૂપીઆની હુઘરાંણીના જોખંમમા રહીને પોતાની પદરથી સરકાર દેણું ભરેઆ છતાં કલેકટરની જાપતી ભરેલી તલબ વીશે ફરીઆદ ગુજારેઆ પછે, તે હીસાબમા માતરે થોડીજ રકમ લેણી રહેઆ વીશેની જોગવાઇ માંગતી વેલા, પોતાની સતા પાછી હાથ કરવાની જારે આજરબાઈ આહી, તારે તે ઉપર સરકારે સારૂ ઘેઆંણુ પુગાડીને કલેકટરે છીનવી લીધેલી સઘલી સતા તેનાને સપુરદ કરી દેતાં, આટલી ચેતવણી સરકારે લખી જણાવી હતી કે, "તમારા વડવાઓના પગલાંપર ઉસતવાર રહીને સરકારની માહસુલ આગલા રાબેતા મુંઆફેક જાથુક ભરતા રેહજો."

રૂસતમજી પટેલનાં કચડાએલાં ભાગમાં તેવણના વડવાઓના પુણની ઇઆરીએ નામદાર ગવરનરની ખરે ખરી મેહરબાંની જારે મલી તારેજ ગએલા ઓહધો તેનાને હાથ પાછો આવેઆથી સરવે કોઇને ખુશીતો ઉપજી હતી; પણ તેવણનો શીતારોજ જાંહાં આથમવા પર આવેલો, તેથી નાંમદાર હાકમની ચેતવણી તેમનાં જીગરમા ઠશી નહી રેહતાં, વલી ઉપલા કરોની વશુલાતને હસાબે ૧૮૩૧ તથા ૧૮૩૨ નાં ઊભેરાતાં બધા મલીને દશેક હજાર રૂપીઆને સુમારે લેણા નીકલતા ચુકાવી દેવાની વારેવાર તલબ થઈ; અને તે બાબે કબુલાત કીધા છતાં સરકારમાં તે રકમ નહી ભરાઈ સકાએઆ ઉપરથી કલેકટર મી૰ ડવટને તા૰ ૨૬ મી મારચ ૧૮૩૩ થી કોલીઓનો કર, તથા બારની જમીનોનું માહશુલ હુઘરાવવાનાં ઓધા ઉપરથી તેનાને પાછા બરતરફ કીધા.

એ વખતપર મુંબઈની હકુમત નેક નાંમદાર જાંન અરલ આવ કલેરનાં હાથમાં હતી, માટે પોતાની જગેઆ પાછી મેલવવાની આશેઆ રાખી તા૰ ૨૨ મી એપરેલ ૧૮૩૩ ઇસવીએ એક અરજી કરીને તેમાં પોતે પોતાના વડવાઓના વખતથી બજાવેલી સરકારી શેવાનું વરણન આગલ માફક જણાવેઉં હતું; જેના જવાબમાં તાંહાંથી એટલુંજ લખાઇ આવેઉં કે તમોને બરતરફ કીધાનો હોકમ ફેરવવાની બાબદમાં કાંઈ નવું કારણ અરજીમાં દેખાડેઉં નથી. આથી કરી શેઠ રૂસતમજીએ મુંબઇમાં અંગરેજી રાજની સ્થાપના થાઈ તારથી સઘલી ઉતપંતીના હેવાલની એક લાંમબી અરજી ઘડીને તા૰ ૨૫

મી જુલાઈ ૧૮૩૩ ને રોજે મોકલી હતી; તેમાં જંજીરાના હબશી સતરૂઓનાં હાથમાંથી આ ટાપુને તેમનાં બપાવાએ બાહદુરી બતાવીને જે બચાવી લીધો, તેના બદલામાં દર માશે રૂ૯) ને લવાજમે મળેલી પટેલાઈનો હક કેહવી પરમાંણીક પણાથી વરસ દર વરસ તેઓ બજાવતા આવેઆચ તેની કેફીએતથી નામદાર ગવરનરને વાકેફ કીધા. ઉપરાંત, બીજું એવું પણ જણાવેલ કે "માછીમારોની આવડી મોટી સંખ્યા પાશેથી કરની વસુલાત હુઘડાવતાં "કેહવી મુસકેલીએત પડચ તે તમો નાંમદારની ઓરડને સારી પેઠે રોશનછે; "અને પટેલ ખાંનદાંનમાં હાલના વડા તરીકે મારે માથે આવેલું કાંમ, "નાદરૂસત તબીએતને લીધે બીજાઓને પુરતા ભરોસાથી સોંફેલ હતું; તાંહાં "માઠાં ભાગ્યે મેહશુલનું નાંણું તેઓએ બેપરવાહીથી ચઢાવેઆ કીધું, તેથી "કરી મેહસુલ ખાતાંના કલેકટરે માહરા વડવાઓથી ઉતરતા આવેલા લાંમબા "વખતના ઓહદા ઉપરથી મને દુર કીધો." એ ઉપરાંત બીજી ઘણીક અસરકારક આજેજીથી પોતાનો ગએલો ઓહદો પાછો મેળવવાની અરજ કીધી; પણ માઠાં ભાગ્યે તેનો હેવો નાંખુસ જવાબ શેકરેટરી તરફથી મલ્યો કે "કોલીઓનો કર વશુલ કરવાનો ઓહદો તમોને પાછો આપવા "માટે આવેલી તમારી અરજી બાહાલ રાખવાને નાંમદાર ગવરનરની કોનશીલ "ફાએદા ભરેલું જોતી નથી."

ઉપલા જવાબથી બીચારા જઈફીએ પોંચેલા આ પટેલ, નાશીપાસ થયા છતાં એક નવી ઉમેદ ધારીને ૧૮૩૪ ના જુલાઈમા બીજી અરજી મોકલાવી; અને તેમના કુટુંબને થએલી નુકસાંનીનું તેમા બએઆન જણાવેઆ પછે, છીનવી લીધેલો ઓહદો પાછો માગેઓ, અને તેમ નહીતો તેના બદલામા બોહલા કબીલાઓના ગુજરાન માટે બેઠા મુસારાની અરજ ગુજારી હતી. આ અરજીનો જવાબ જારે ઘણા મહીના સુધી પાછો નહી વલેઓ, તારે તેબાપેની આ દુખી દીલના શેઠીઆએ તરીજી અરજી તેજ સાલના સપટેમબરમા લખી મોકલાવી હતી; તે જાંણેઆ મેલે હીંઆંની સરકારે કલકતા ખાતે વાઈસરાએની મનજુરી માટે રવાંને કીધામા આવી હતી. કેહચ કે પટેલ સાહેબે એબાબે બાહરોબારથી ઘણીબી શીફારસ પોંહચડાવી, તે છતાં તાંહાંથી પણ આશેઆ ભસતનોજ જવાબ ફરી વલેલો તેમની ઉપર હીંઆંની સરકારે લખી વાલેઓ; જેનો સાર એવો જણાએઓ કે, "સરકારી નોકરીના બદલામા માગેલો બેઠો "મુસારો તમોને આપવાનું વડી સરકાર કાંઈજ કારણ જોતી નથી."

આ ઉપરથી વાંચનારા સાહેબોને સેહલથી જણાઇ આવશે કે, બે બાબદો સર ગુજારેલી અરજના જવાબમાં માંતરે એકજ વાતનું નાંપાડીને બીજીનાં અખાડા કીધાથી આપણી નામદાર સરકારે પોતાના ૧૯૫) વરસથી વફાદારી બતલાવતા આવેલા નીમકહલાલ નોકરોને ખરેખરો ગેરઈનસાફ આપેલો આ કુટંબીઓ હજી સુધી વીચારી સકેછે. આવી મુશીબતપર સબુરી પકડી બેઠાને બદલે જો કદાપી એ પટેલ સાહેબે વેલાત ખાતે નામદાર કોરટ આવ ડાએરેકટરો ઉપર પોતાનો તુલોતવીલ હએવાલ તેજ વખતે વીસતારી લખેઆ હોતતો,

સંવે નોહતો કે જે હીંમતવાન નરે પેહલવાંની બતલાવીને (અંગરેજી અમલદારોના વખતમા એકવાર સતરૂઓના હાથપર શીકસત પાંમી ચુકેલી) આ મુંબઈને બીજી વારના હોમલામાંથી બંચાવી લેનાર બાહાદુર રૂસતમ દોરાબની કીરતીને ધેઆંનમાં લઇ તેમનાં કુટંબનું સારૂ પાલન તાંહાંના મોટા નામવર સાહેબો જરૂર કરી આપવાનો હોકમ મોકલાવેઆવણા રેહતેજ નહી; પણ એકવાર તેનાના ભવીસવાણીનો વરતારો જે વરતાઈ વલેઆ, તે પરમાંણે આવો રૂડો મારગ લેવાનું કોઈનેજ ભાશેજ નહીં તેથી આ નાંમીચાં, અને પુરાંણા પટેલ બાનદાનની શુભ આશેઆ નીસફલ ગઈ.

બીચારા પટેલ સાહેબ, ઓહેલી સતાની સબુરી લગભગ બે વરસવેર પકડી બેઠા; તેટલાં હાકમ અને કલેકટરની બદલી થયા પછે ઇ૦ સને૦ ૧૮૩૭ માં વલી પોતાની ઉલટ ઉશકેરીને તે વખતના ગવરનર સર રાબરટ ગરાંટની શેવામાં એક અરજી તેનાએ પોંહચાડીને પોતાની પટેલાઈ પાછી મેલવવાની ઇછા જણાવી હતી; તે સારાં ભાગ્યેગે જે સરતથી બાહાલ રહી તે વીશેનો ખુશી ભરેઆ એક પતર કલેકટર તરફથી હેઠલ જણાવેઆ મુજબનો લખાઈ આવેલો તેનાને મલેઆ, જેનો તરજુમો હીઆં નોધી લેવાજોગ વીચારીએછે.

ઇસવી સને ૧૮૩૭-૩૮ નો આંક ૫૦ મો.

રૂસતમજી કાવસજી પટેલ જોગ.

સાહેબ, મુંબઈ,

"નારાએન ગોવીંદજીની મારફતે તમોને જે સંધેશો ગયા મહીનાની ૧૦
"મી તારીખે કેહવાડએો હતો, તેના સંબંધમાં તમોને અરજ કરવાની ફરમાસ
"મને થાઇચ કે, જેમ બને તેમ વગર ઢીલે કોલીઓની પટેલાઈનો તમારો
"એોધો પાછો મેલવો તેની આગમજ જોઇતી જાંમીનગીરી તમોએ આપવી."

મને માંનછે સાહેબ,

તમારો તાબેદાર શેવક થાવાને,

મુંબઈ કલેકટરની આફીસ, (સહી) આર. એફ. બારા.

તા૦ ૧૨ મી જુલાઈ ૧૮૩૭. કલેકટરના હાથ હેઠલનો.

જે ધણીઓ દોહડથી વધારે સદી સુધી પોતાની સારી આંટથી સતા ભરેઆ સરકારી એોધા બજાવતા આવેઆ, તેમનાજ કુટંબ માહેલા આ બુજોરગ પટેલ સાહેબની ઉપર માઠાં ભાગ્યેગે જાંમીનગીરીનું દબાંન થાએજ; જેને સરણ રહી પોતાના હાથમાંથી ગએલી પટેલાઈ જેમ તેમ કરતાં પાછી મેલવીને પોતાની હઇઆતી સુધી તેહવીજ હાલતમા જાલવી રાખીને કાંમ બજાવેઆ કીધું; અને તે પછે ઇસવી સને ૧૮૪૪ થી સરકારે એ કાંમ અંતે

પાછું લઇ લીધું. પણ તેમના કોઇબી વારેશોને બીલકુલ આપેઊંજ નહી; માટે એટલી ઇઆદગારી રહેલી કેહવાઇ કે રૂસતમ દોરાબે મેલવેલી પટેલાઇની હકુમત તેજ નાંમનો તેમના દોતરા પાશેથી બીજી બધી સતા સાથે સાબદી જતી રેહતાં નાંમને ખાતર તેમના કુટંબીઓમાં એ બેતાબ એક ઓલખાંણ તરીકે સચવાએલો સલાંમતછે.

આ પટેલ સાહેબની જીંદગી, જોકે સુખમાં પસાર થતાં સઘલી વરણના શેઠ સાહુકારો અને શોદાગરોથી તે સરકાર સુધી સારો મોહબો જાલવીને, એક પેહલે વાંધેના પરમારથી પુરૂસમાં તેવણ ખરેખરા ગણાએલા હતા; તોપણ તેમનાં બીરગસતે દાહડાના જોગથી એક વાત એવી બની હતી કે, જે તેનાએ સવપનેબી કદાચજ વીચારી હશે. સને ૧૮૩૨ ના જુનની ૭ મી તારીખે મુંબઇ મધે રહજલતાં કુતરાંઓને મારી નાખવાના સરકારી હોકમ ઉપરથી બેસહમજ લોકોએ ઉઠાવેલાં હુલડમાં તેનાની સાંમેલગીરી હતી, એવી બોટી ખબર કોઇ સખશે કપટીપણાથી કોટવાલી ખાતાંમા જાહેર કીધા ઉપરથી તેણાને માથે એવો અપરાધ મેલવામાં આવેઓ હતો કે, મકતેદાર થઇને સરકારી કાંમોમાં હરકત પોંહચાડવા માટે સઘલી બોટો બંધ કરીને હુલડ કરનારાઓની સાથે તેનાએબી સાંમેલ રહીને હડતાલ પાડી હતી. આ મુકદમાનું કાંમ કોટવાલી ખાતાં તરફથી માંજી સુપરીમ કોરટની ફોજદારીમાં નોધાએઆ પછે શેડવેલ વખતે જારે છાંદણ ચાલી, તારે જે કરપીણે બોટું બોહતાંન ઉઠાવેઊં હતું તેનાજ હેરફેર બોલવાથી તે વખતના આડવોકેટ જનરલે સરકાર તરફથી મુકદમો આગલ ચલાવવાનું બંધ કીધું; અને વડા નેઆએધીસ સર હરબરટ કાંપતનના વીચાર પરમાંણે જુરીએ એકમત થઇ તેણાને સઘલી બદનામીમાંથી માન સહીત મોકલા કીધાથી તેમની આબરૂતો બચીત વધી, પણ તેટલી વીતમના માટે બીચારાને ફોકટની મેહનત ઉપરાંત હજારો રૂપીઆનો ખરચ પોતા ઉપર આવી પડેલી આફતના સંબાલ્ માટે કરવો પડ્યો. આ બાબે પટેલ સાહેબે પોતાનો મકતો મેલવવાની અરજી તેજ વરશે જે કીધી હતી, તેમાં નામદાર સરકારને તે વીશે જણાવેલું જોવામાં આવેઊંચ કે, "આ સરમ ભરેલા "હુલડમાં માહરૂં નામબી ખરડાએઊં હતું, અને તેને લીધે માહરી ઉપર સુપ"રીમ કોરટમાં ફરીઆદી પણ મંડાઇ હતી. માહરી આબરૂને ખાતર આ "નાલાએક બદનામીમાંથી મોકલો થવા કીજે હું ઘણીજ ગંભીરાઇથી જાહેર "કરવાની રજા લેઊંચ કે, હાવાં હીનપસતી ભરેઆં કાંમમાં હું બીલકુલ સાં"મેલ તો નોહતોજ, પણ તે બાબેનો જરાબી વીચાર અથવા બેઆલ વઠીક "કીધોતો નહીં; તે બાબે માહરી તપાસ વખતે અગરજો અગત પડતે તો "સાબેત કરવાને હું એટલો તો સખતીવાન હતો કે, બોટો પુરી પાડવાની વીરૂધ "માહરી ઉપર તોહમત મેલનારનીજ સાખસીથી સઘલું બોટું પાડી આપતે; "કારણ કે માહરા હસતકની સઘલી બોટો તેના ટંડેલો તથા ખલાશીઓ સાથે, "તે દાહડે સરકારનો રૂઉ અથવા બીજો જેબી સાંમાંન આવે તેને વગર ઢીલ "ઉતારવા માટે તઇઆર રાખવાની બીજા દીવસો કરતાં વધારે સાહુચેતી હુંએ

"લીધેલી હતી." જેના ઉતરમાં નામદાર સરકારે લખેલાં પતરના બીજા ફકરામા એવી હરકે એવું જણાવેઊંચ કે "આ જગોએ સરકાર તમોને ખાતરી આપેછે કે, "ગઈ તા૰ ૭ મી જુનના હુલડમાં સાંમેલ હોવાનો જે ઠપકો તમારી ઉપર "મેલવામાં આવેઓ હતો, તે તદન વગર પાએઆનો સાબેત થયોછે."

દરીઆ વરધી ખાતાંને નામે ઓલખાતો બેટાનો ઈજારો શેઠ રૂસતમજીએ લાંમબી મુદત સુધી પોતાનાજ હસતકમાં સાચવી રાખેઆ પછે, જારે લીલાંઉમાં વેચાવા લાગો તારે ઇશવી સને ૧૮૩૨ થી પોતાના દીકરા દાદાભાઇને નામે લેવાડઓ કીધો હતો; તેપણ આહેક વરસવેર સમાધાંણીથી ચાલુ રહેઆ પછે ૧૮૪૦ મા જારે સરકારે તેનો દર ઘણોજ ઓછો થેડવેઓ, તારે તેમા બીલકુલ નહીં પાલવેઆને લીધે શેઠ દાદાભાઈએ તે કાંમબી અંતે છોડી દીધું.

પટેલાઈનું કેટલુંક કાંમ પાછલથી શેઠ રૂસતમજી પોતીકા તરીજા દીકરા દાદાભાઇને નાંમથી લેતા હતા, તેમા વડા દીકરા નવરોજજીની નોકરીબી તેણાને ઉપીયોગી જણાઇ હતી; પણ અફસોસછે કે, તે બીચારા ૩૧॥ વરસની ભર જવાની વએમા દુસટ કાલેરાની ચુંગાલમાં ફશીને થોડાક કલાકની બીમારી ભોગવી રોજ ૨૪ મે માહા ૪ થે શેહનસાહી સાલે ૧૨૦૭ ય૰ ને દીને ગુજરી ગયાથી તેમના ઘરડાં માબાપને ઘણો મોટો ધાહ ખવાડઓ હતો.

આ પટેલની સરકારી કામકાજ સંબંધી કારકીરદીનું વરણન જેટલું લંબાણથી લખાએઊંછે, તેટલી બધી બીના તેવણના રોજગાર બાબેની હાથ આવી નથી; તોપણ, એટલું તો જણાએઊંચ કે, આ કુટંબના વડવાઓથી ચીન તથા બંગાલા તરફ જેમ બોહલો રોજગાર થતો હતો, તેહવીજ રૂડી વરતણુકથી આ શેઠબી થોડુંક સુધી વેપાર ચલાવીને સરવે મંડલીઓમા મીલનસાર રહેઆ હતા. "એડમોનસટન" નામનું એક મોટું તરણ ડોલી વાંહાંણ જે તેણાને દુઆરે દોલતું હતું, તેના પેહલા માલેક તો તેમના વડા ભાઈ સોરાબજી હતા; પણ તેવણ ગુજરી ગયા પછે આ સાહેબે પોતાના નાધલા ભાઇ જાંગીરજી સાથે મલીને ખંડી રાખેઆ પછે ઉપર જણાવેલાં દેરાવરો ખાતેના વેપારમા તેને રોકેઊં હતું; અને ઘણા વરસો સુધી તેઓના સવાધીનમાં રહેઆ પછે પડતો દાહાડો જારે આવેઓ, તારે એક તરફથી પટેલાઈની પુરતી સતા જતી રહી; અને બીજી તરફથી વેપારબી અવલી વલાંણ પકડીને તેવણ પાશેથી રૂખસત લીધી, એટલુંજ નહીં પણ બેઠી બેકારીએ મેલવેલો પઈશોબી ઘસડાઇ ગએઆ પછે, કુટંબીઓએ સારા વખતમા મેલવેલી નેકનાંમીની યાદી શેવાએ હવડાં સઘલું નહીં સરીખું થઇ પડેલું જોઈને જમાનાની ગીરદેશીથી આપણને સદા બીહતા રેહેવાની નસીઅત મલેછે.

શેઠ રૂસતમજી કાવસજી પટેલે પોતાની હઈઆતીમાં જાહેરાંત તથા ગુપત રીતે મલીને એક લાખ રૂપીઆને આસરેનો ધરમ કીધેલો કેહવાએછે; પણ ચોકસ વીગતની ગેરહાજરીને લીધે જે કાંમો તેવણથી જાહેરમાં થએલાં પરકાશેછે, તેનીજ યાદી અતરે નોધી લેવાની રજા લઈએછે.

થાણા મધે પારશીઓની વસતી વસાવનાર મરહુમ શેઠ કાવસજી પટેલ

તેઓના ઉપીયોગ માટે એક અગીઆરી, અને દોખમું બાંધી આપેલું તેવણુની જીંદગીના અહેવાલમાં જણાવી ચુકા છઇએ; પણ તારપછે તે કોમના લોકોની વસતી તાંહાં વધી પડી, અને તે સાથે બાપીકી દરેમેહરનું પુરાંણું મકાન જારે ભાગી હાલતમાં દેખાએઉં; તારે તે ઉપર નેગાહ પોંહચાડીને આ સખી શેઠ રૂસતમજીએ નવે પાએ સારૂં મકાન બનાવીને તાંહાં મહજબના ફરમાંન મુજબ આતસ આદરાંણનો પવીતર કેબલો જે ગોઠવાવીને જરથોસતીઓના વપરાસ માટે ખોલું મેલવાની કીરીઆ રોજ ૯ મો માહા ૭ મો શેહનસાહી સાલે ૧૧૯૮ ય૦ ને રોજે તેવખતના દસતુર ખોરશેદજી જમશેદજી જાંમાસપઆસાનાને હાથે મોહટી ધાંમધુમથી કરાવી હતી; તારે મુંબઈ તરફના તથા આસપાસના જરથોસતીઓને, તાંહાં સાંમેલ કરવા સારૂં બારાં માહેલી પોતાની સઘલી બંદર બોટો, તથા ખુસકીથી જનારાઓને વાસતે ભાડુતી ગાડીઓની ઘણીજ સારી મદારત પોતાને ખરચે બજાવીને જેવા લઇ ગયા, તેવીજ માહવજતથી કાંમ પુરૂં થયા પછે, પાછા મુંબઇ પોંહચાડી દીધા હતા. એ ટાંકણે મુંબઇ ખાતેના સરવે સરીમંત શેઠીઆઓબી આ પટેલ સાહેબના રૂડાં કાંમને માંન આપવાના હેતુથી તેવણુની સાથે ગયાને લીધે તાંહાં એક સારી મીજાલેસ મલી હતી. એ આદરાંનના મકાંનની મરાંમત, તથા તેને લગતો સઘલો ખરચ શેઠ રૂસતમજી પટેલ પોતાની હઇઆતી સુધી પટેલાઈ ખાતાંની પેહડી મધેથી ચલાવીને ઘટતી ફરજ બજાવી હતી; અને તે પછે સાંભલેઆ પરમાણે તેવણુના દીકરા દાદાભાઇએ કેટલીક મુદતવેર પોતાની ગીરેથી તેનો ખરચ પોંચાડેઆ પછે, આકેબત સુધીના નીભાવનો વીચાર કરતા હતા, તેટલાં તેવણુની ધણીઆંની જારે સાલે ૧૨૨૯ માં ગુજરેઆં તારે તેણીના ઉઠમનાંમા એક થાપણ પેહલવેહલી પોતે ઉભી કરીને તેમાં પટેલનાજ કુટંબીઓ પાસેથી અગતસર ઉઘરાત લેવાની છુટનો બંદોબસત કીધા મુજબ સઘલા મલી ૩૭,૫૦૦ ને સુમારે જે ભેગા થયા; તે અલાહેધા રાખીને તેની ઉપજમાથી દરશાળનો ખરચ એજ વગેસના વાલીઓ હોરમતની રાહે જાથુક કરીઆ જાએછે.

એજ ગામ માહેલું તેમનું પેહલું દોખમુંખી વખત વહી ગઆથી ઘણું જુનું થાએઉં; અને વલી આખાં ગાંમમાં એવું મકાન એકજ હોવાને લીધે, નકરે ઓદાને કાંઇ હરકત પોંહચે તો, જરથોસતીઓનાં મજહબી ફરમાંણુ મુજબ તે વાપરવામાં આવી સએજ નહીં; એવા વીચારથી તેમના આ બરખુરદાર બેટા શેઠ રૂસતમજી પટેલ તેનીજ પડોસમાં એક બીજું દોખમું પોતાના નેક બખત બાવા કાવસજીની નઈએતે બંધાવાની સરૂઆત સાલે ૧૨૧૦ માં જારે કીધી, તારે ટાંણો પુરવાની કીરીઆ વખતે મીજલસ મેલવવાની મતલબથી પોતાને ખરચે ઘણાક સાહેબોને બોટે તથા ગાડીઓની મારફતે લાવલઈ જાવ કીધા હતા; જાંહાં સરીમંતોથી તે ગરીબમાં ગરીબો સુધી આસરે ૫૦૦૦ જરથોસતીઓ ભેગા થાએઆ હતા; તેઓને સારી મદારતથી તરણ દીવસ સુધી જમાડેઆ પછે, સરવે પરોહનાઓને થામેથામ વીદાએ કરી દીધા હતા. એ વખતની રચના સંબંધી કોઈ હમદીન ભાઈએ મુંબઈ સમાચારમાં

લખી મોકલાવેલી બીના અંદર જે ફારસી બેહત દાખલ કીધેલુંછે તેજ માતરે તેના અરથ શીકે આ પટેલ સાહેબની કીરતીની ઇઆદી માટે અતરે નોધી લઇએછે.

બેહત.

બનામે બોદા કસકે બખસીદો બોરદ—આં નેકનાંમી આંકસ ખુદ બે બોરદ.

માએની—"જે કોઇએકે બખશેસ કીધી, અને ધરમ કીધો, અથવા પોતે ખરચેઊં, અને ખવાડઊં, તેજ સખસ પોતાની સાથે નેકનાંમ લઈ ગયો; કેમકે આ દુનીઆંમાંથી તે શીવાએ બીજું કાંઈજ સાથે લઈ જવાનું નથી."

ટાંણો પુરાયા પછે દોખમું બંધાઈને જારે તઇઆર થાએઊં; તારે તેને જરથોતીઓનાં વપરાસ માટે બોલું મેલવાની કીરીઆનો* ચોકસ દીવસ રોજ ૧૯ મો માહ ૭ મો શેહનસાહી સાલે ૧૨૧૨ નો થેડવવામાં આવેઓ હતો; અને તે વખતેબી આ હાતમસાની શેઠીઆએ પોતાને ખરચે ઘણાક હમદીનોને અતરેથી તાંહાં લાવી મેલવેઆ, એટલુંજ નહી પણ આશેપાશેનાં દેસાવરો તરફથીબી ઘણા લોકો તેમના નોતશંને માંન દઈને આવી પોંહતા હતા; અને હીંઆના વગવાલા શેઠીઆઓબી હાજર થાએલા હતા; પણ આ શેઠ રૂસતમજી સરીરની બીમારીને લીધે તાંહાં બીરાજી સખેઆ નોહતા, તેથી કરી તેમના દીકરા દાદાભાઇએ તેવણની વતી હાજર રહીને મીજલસનું માંન ઘણીજ રૂડી પેરે જાલવેઆમાં કશી બાકી રાખી નોહતી. ધરમ નીમની કીરીઆ સમાપત થયા પછે આ દોખમું જરથોસતીઓને વાપરવા માટે બોલું મેલવામાં આવેઊ, તે વીશેનો એક અનજુમન પતર મીજલેસની હજુર વાંચી સંભલાવેઓ; અને તેની ખુસાલીમાં મુંબઇની અનજુમન તરફથી તે વખતના વડા અકાબર વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીએ, દોસતીની ઇઆદી ખાતર વાડીઆજી શેઠ બમનજી હોરમજજીએ, અને થાંનાની અનજુમનની વતી તાહાંના એક અકાબર સાહેબે (જેનુ નામ જાહેરમાં જણાવેલું નથી) એકેકની પુરૂ કીંમતી શેઆલોનો વધાવો શેઠ રૂસતમજીને નામે તેમનાં મજકુર બેટાને હોરાડેઓ હતો. જે પછે ધરમગુરૂઓને તેઓની પદવી પરમાંણે સારી દક્ષના આપી; અને સઘલા મેહમાંણોને સુતરૂં ભોજણ જમાડી આબરૂ ઇજતથી વીદાએ કીધાથી આ માહ પુનનુકાંમ સરનજાંમ પોંહતું.

શેઠ રૂસતમજી પટેલે સારી નેમથી આ શુભ કાંમ સંપુરણ કરી દીધું, પણ તેટલી ભલાઈ જોવા માટે ઉપર જણાવેલા સબબથી મીજલેસમાં બીરાજી સખેઆ નહીં, તે વાતને ગણીમત સહમજી સરવે લોકો તેનાની તનદરોસતી જે ચાહતા હતા, તેનો ઉલટો બનાવ એવો બનેઓ કે, દોખમું ઇજાઆ પછે બરોબર તેરમે દાહડે રોજ ૧ લો માંહા ૮ મો શેહણસાહી સાલે ૧૨૧૨ ય૦ એ (હઇઆતીમાં એક વડા દીકરાનો ઘાહ ખાધાપછે) હીરજીભાઇ, દાદાભાઈ, અને ખરશેદજી નામના તરણ દીકરાઓ ઉપરાંત ઘણાક દોતરાંઓ તથા ભરેઊં

---

* એ દોખમાના ટાંનાની તથા ઈજાએઆની બેહુવાર કીરીઆ તે વખતના વડા દસ્તુર એદલજી દારાબજી સંજાંનાએ કીધી હતી. નો० લે०

કુટુંબ પોતાની પાછલ હઈઆત મેલીને ૬૫ વરસની જઈફીમાં આ જાહાંનમાંથી અસબાબ ઉઠાવી અંદેશેકાલ સુધોની સવરગી દુનીઆં તરફ ચાલી ગયા.

આ મરહુમ ગરહસથનાં કાંમકાજોની થોડીક તપાસ તો ઉપલી ખીનામાં લેવાઈ ચુકીછે; પણ તેવનના જીગરની ખુબી વીશે હીંઆં આટલુંજ જણાવવું જોઈએચ કે, એ સાહેબ જેહવા પરેહજગાર, તેહવાજ દીનદાર, અને ધરમી પુરૂસ હતા; અને તે સાથે માયાલુ દોલ રાખીને મેહરખાંની ભરેલી મોહબત, ઉપરાંત નમનતાઈથી સરવે ગનાતના લોકોમાં મીલનસારી એવીતો ઉમદા મેલવતા હતા કે, જમાંનો જાણે તેનાનો દોસત થએલો હોએ તેમ કોઇથીબી તેનાએ દુસમેનાઈને ચાહી નોહતી. આવા અમીરી સવભાવને લીધે ગરીબ, તથા તવંગરો તેમની નજરમાં એક સરીખા હતા; અને તે ઉપર કશીબી ગરૂરી ધરેઆ શીવાએ ગંભીરાઇને તેવન વીશેસ ચાહતા હતા. ઉપર જણાવેઆ મુજબ પોતાની પાશે ઓહલાં કાંમોની અવીશીઅ ધમાલછતાં દાહાડો તથા રાત મલીને ૨૪ કલાકનાં અરસામાં બદલાતો વખત જેને પારશીઓ ઘેહ કરી કેહછે, તેમાં ખોદાની બંદગી ગુજારવાનું તેવન હરગેજ ભુલતા નોહતા; અને તેહવોજ રાખેતો પાછલના પડતા દાહાડામાબી ઉપલા સરવે ખવાશોની સાથે સાચવી રાખીને સબુરી પકડી બેઠા હતા. માટે હાવો નેકનાંમી ભરેઓ બુજોરગ, પટેલ ખાંનદાનના વડા દોરાબજી નાનાભાઈના વશીલાથી ઉતરી આવીને, તેનાએ મેલવી આપેલી સઘલી જાહોજલાલી માઠાં ભાએગે પોતાનીજ સાથે બાંધી લઈ ગયો અને તેથી તેમના પરીવારો સારૂં ફકત પટેલાઈની અટક શેવાએ હવે કોઈબી તેહવી હકુમત બાકી રહેલી જણાતી નથી.

જમાનાનું ચકર એવુંજ હોયચ-સુખની પછે દુખ સઘલાઓ જોએચ.
કુદરતથી સરજાએલી એછે નીસાણ-કરી લેવી જોઇએ તેમાંથી પીછાંણ.
આ કેહવા હતા દોરાબજી નાનાભાઈ-મેલવીતી રૂસતમે પટેલાઈ.
હતા તેઓ બેહુ જણ બાપ ને બેટા-કીરતીમાં સદા સમાએલા રેહતા.
આવીતી રૂસતપર એવી ધમાલ-મુંબઈનો એકવાર કરવા સમાલ.
જંજીરાના હબશીઓ ચહડી આએઆ-આ ટાપુ લેવા માટે લશકર લાએઆ.
જેની સાંમણે થયોતો રૂસતમ શુરો-બલવંત હબશીને પડેઓ પુરો.
લાવી ઉભો સરવે માછીમારોને-હટાવેઆ હીંઆંથી જુલમગારોને.
મુંબઈનો કીલ્લો બંધાવી લીધો-સંધેશો સુરત* મોકલી દીધો.
બોલાવેઆ તાંહાંથી અમલદારોને-સવાધીન કીધો ટાપુ સરદારોને.
કોઠીદારને સુરતમાં થઈ જારે જાંન-આવીને દીધું આ રૂસતમને માંન.
બખશેઓ પટેલાઈનો સતાથી હક-જણાયો નથી તેમાં જરાએ સક.
તે ઇશાવી સોલસો ને બાંનુને સાલ-થયાં એકશો એકાશી વરસ હાલ.

---

* એ વખતપર મુંબઇનો ટાપુ સુરત ખાતેની અંગરેજી કોઠીના અંમલ તલે હતો, તેજ ટાપુ હવડાં સરદારી મેલવીને અસલી સુરત શેહરને પોતાના સંભાલમાં રાખી બેઠો આપરે જોઇએ. નો૦ લે.

તારથી આ મુંબઈ રહીછે સલાંમત–નથી પોંહચી કોઈથી કાંઈબી અલાંમત.
પણ દશા તેની દરરોજ ચહડતી રહી–હકુમત દીપેછે અંગરેજી સહી.
રહીછે રૂસતમની બાહાદુરી યાદ–કીરતીમાં નહીં કાંઇ કંમ યા જીઆદ.
ભોગવતાતા સતાથી જાહોજલાલી–તે સાથે સાચવતા નીમકહલાલી.
તે નોકરી કાંહાંતક ચાલુ રહી–દોહડશો વરસ તેમાં ગયાં વહી.
બની તેટલી કીધીતી ફરજ અદા–પણ હીંગાંમ તેહવો ન રહેઓ સદા.
બીરગસતે દાહડો આઓઓ જારે–હકુમત ને દોલતબી ગઇછે તારે.
બીશીઆર મીલકત ને જાગીર ખરી–તેઓ પાસથી રૂસાઇને છુટી પરી.
તે સાથે હતું મોટું સફરી વાંહાંણ–તેબી થઈ ગઅઊંછે કચર ઘાંણ.
પણ રહેઓછે ધરમનો તલાવ એક–બતાવેછે કાવસજી પટેલનો નેક.
દરેમેહરને દોખમાં થાનાં અંદર–દીપતાં રહેઆંચ જાંણે સુરીઅ ચંદર.
દીએછે પટેલનો મોહલો સાખશી–નીસાંની રહીછે તાંહાંબી બાશી.
જાંહાં ઘેર એક નાહાનું પુરાંણુંછે–દોરાબજી નાનાભાઈ સુરાનુંછે.
પાછલ તેની મોટી હવેલી જણાએચ–તેબી કાવસજી પટેલની ગણાએચ.
જેની આગલ બાંધેલોછે એક કુવો–પરજાની સગવડને માટે જુવો.
એવાબી ધરમી ન રહેઆ હીંઆં–કીરતી દીપાવીને ગયા તીઆં.
તે જીનતની દુનીઆં કેહવાએછે–જાંહાં ધરમી ને દાતારથી રેહવાએછે.
તાંહાં જઈને સુખમાં લીધોછે વાસ–ખોદા તેમના વંશસપર રાખે તપાસ.
જો પટેલાઈ તેઓની પાશે હતે–તો હકુમતમાં વડવાની માંફક થતે.
પણ તકદીરની આગલ તદબીર નહીં–ધારેલું ગઅઊં અકારત સહી.
જોઈએચ તો તેઓ હેવા રહેઆચ–હકુમત વના સંતોશી થયાચ.
ગરીબઈથી જેઓ કાહડેછે કાલ–ગુજારેઊંછે તેમાં તરીસમું સાલ.
અને થાશે તે પરબી કચ કાંઈ વરસ–ભવીસ જોગે દાહાડો જો આવે સરસ.
તો તેહમાં તે કીરતારની મદદ કેહવાએ–કુદરતની બખશેસ તારે લેવાએ.
હેવો કોઈબી પટેલનો હોશે વીરો–યા હવે પછે નીવરનારો નબીરો.
તે સઉ માટે ચાહીએછે અંતની દુવા–ભરપુર રહીને લંબાવો ઉવા.
ને કીરતીઓ મેલવો વડવાની પેર–કીરતારથી પાંમો અતીઅંત મેહર.

(આંમીન.)

બે નબીરાઓની નોધ.

આ પુરાતમ ખાંનદાનના બે નબીરાઓએ એલમની કસોટી ઉપર તરબીએતનો થોડાક ટચ જે કાહાડી દેખાડેઓચ તેની ટુક યાદી હીંઆં ટાંકી લેવાની હમો એટલીજ મકસદ ધરાવીએછે કે, તે ઉપરથી આ ભાઇઓ મલતા પરજાના બીજા અશીલ કુલના જવાંનીઆઓને પોત પોતાની કાબેલીએતના અભેઆસની ઉલટ ઉસકેરવાનું બની આવે; અને તેટલા માટે હાવા નમુનાની

નીસાંણુ તેઓ જોતા રેહ. આ કબીલાના પેહલા ગરંથકારી મી૰ કાવસજી શેરાબજી પટેલ કેહવાએઆચ, તેને ય૰ ૧૨૧૩ ને મુકાબલે ઈશાવી સને ૧૮૪૪ માં "ચીન દેશના અહેવાલ" નું ગુજરાતી પુસતક (જેના એ વાલમ જોવામા આવેઆછે) મુંબઈ કોરીઅરના છાપાખાનામાં છપાવીને બાહેર પાડઉં હતું, અને તે મરહુમ શેઠ બમનજી હોરમજજી વાહાડીઆને અરપણ કીધેલું માલુમ પડેઉંછે; જે પછે ૧૨૩૫ અથવા ઈશાવી સને ૧૮૬૬ મા જુદા જુદા ધરમવાલાઓમા ચાલતા સનેના સંગ્રહનું "કરેનાલોજી" અથવા "કાલમાન શાસ્ત્ર" નામનું એક અંગરેજી પુસતક છેક ઈંગલાંડ વેરથી છપાવી મંગાવીને પરશીધ કીધું હતું. બીજા ભાઈ બમનજી બેરાંમજી પટેલે તેમની પુઠે હેઠલ જણાવેલાં ગુજરાતી પુસતકો જુદે જુદે વખતે જે આસકાર કીધાં તેમા:—

"આપણા મોબેદાની હાલત" હેવે નામને એક રીસાલો સાલે ૧૨૪૦ માં લખીને તેના ચોપાંનીઆંબી તેજ વરસમા છપાવી બાહેર પાડઆં હતાં.

ઈરાંણની અસલી તવારીખ ઉભી કરનાર સાહેર ફીરદોશી તુસીના જનમારાને લગતું "અહેવાલે ફીરદોશી" નામનું ૧૩૦ સફાવાલું એક પુસતકબી ઉપલાં શાલમા પરશીધ કીધું હતું.

જરથોસતી બાલકોને સીખાડવા માટે "ઈરાંનની મુખતેસર તવારીખ" નામનુ પુસતક ૧૬૦ સફાથી સંમપુરણ કરીને સાલે ૧૨૪૨ માં ફેલાવઉં હતું, જે મકતબોમાં અભેઆસ કરનારાઓને ઘણુંજ ઉપીઓગી માલમ પડઉંછે. આ પુસતકને સરકારે પાછલથી સારો આસરો આપેઆને લીધે બીજી આવરતી છપાઈ તેબી ખપીરહીછે.

ઉપલા બે પીતરાઈઓ માહેલા મી૰ કાવશજીતો હવડાં જઈફીએ પોંહચતા જણાએછે; મગર મી૰ બમનજીના અભેઆસ ઉપર આસાછે કે, તે જવાંન મીતર પોતાની કેલવણીને હજી વધારે કસંતા રેહસેતો, આગલ ચાલતાં ગરંથ કારીઓની સંફમા સમાઈને પરજા તરફનો સારો પેઆર મેલવી જસ પાંમસે.

પરખેઆત થાએલી પુતલીબાઈ.

જે ખાનદાનના વડાએ આ ટાપુખાતે પેહલવેહલું પગલું મેલીને પોતાની પાછલ પારસીઓની પધરાંમની ખેંચી લીધીહતી; તેજ તોખમના એક દોતરાની દીકરીબી હેવીજ ભાગ્યગવંતી માલુમ પડીછે કે, જે ઠેકાંણે સેંકડો વરસથી વેપારને અરથે જતા પારસીઓ પોતાની મોહરદારને સાથે લઈ ગએઆ નોહતા, તેહવી દુરદરાજ દેશની સફર એખતેઆર કરવામા મી૰ કાવસજી શેરાબજી પટેલની પેઆરી દીકરી પુતલીબાઈ પોતીકા ભરથાર મી૰ હોરમજજી રૂસતમજી દાવરની સંગાથે રોજ ૯ મો અને માહ ૭ મો સેહણસાહી સાલે ૧૨૩૫ ય૰ એ મેલ બોટમા સવારથાઈને ચીન ખાતે પેહલવેહલાં સીધારેઆં; જે વાતને સાત વરસ વહી ગએઆં તારના તેવણ તાંહાંજ રહેલાંછે. આ બાઈએ


કોઈ હેવે સમુહરતે રવાંનગી લીધી હતી કે, તેની પુઠે તેણીની બીજી બેહેણ-
પણીઓએબી તેહવોજ ઉતમ દાખલો પકડીને તે માંહેલી કેટલીકો પોતપોતાના
ભરથારોની સંગાથે, અને કોઇકોતો તાંહાં રહેલા તેનીઓના ખરા મોહબતદારોને
સુખ દેખાડવાના હેતુથી જઈ વસીછે. આ પારસનોની સંખીઆ અડધી ડજન
ને આસરે જે જાણવામા આવીચ, તે તેનીઓને તાંહાં ખેંચી લઈ જનારી કોઈજ
નહીં, પણ આ પટેલ ખાનદાનની પુટલીબાઇ વખનાઇછે.

મી૦ જમશેદજી મનચેરજી (લકબે ચીકા) ઘડીઆલી, તથા તેમના વડવાઓનું વરણન.


પટેલની પછે પરીવાર લઇને આ ટાપુ અંદર વસવા આવેલો પારશીનો
બીજો જથો શેરાબજી કરવાજીનો કેહવાએછે. આ ગરહસથની ઓલખ
મથાલે જણાવેલા મરહુમ ચીકા ઘડીઆલીના વડવા દાખલ જણાઈછે; અને
તે ભાગ્યેગસાલી સાલે ૧૦૩૨ ય૦ માં પેહેલવેહલા ગરીબી હાલત સાથે આવીને
પોતાની રોજી શોધવા મંડ્યા હતા, પણ કહેઆ રોજગારમાં રોકાઇને શું શું
કાંમો કીધાં તેની કશીએ હકીકત જાહેર પડેલી નથી, મટે(એક પુરાણી વસ-
તીનાં પુરૂષ તરીકેજ) તેનાંની ઇઆદી નોધી રાખીએછે.

આ ગરહસથ જારે મરણ પાંમેઆ તારે તેનાને તાંહાં રતનજી નામનો
એકજ બેટો હઈઆત હતો, તેવન વીશે એવું સાંભલેલંચ કે, વજનતરવાલો
કોઈ ઇઉરોપીઅન અતરે હતો તેની સાથે દોસતી સાંધીને શીતાર બનાવવા
તથા વજાડવાનો ઘણો સારો હોનર તેની પાશેથી હાથ કરી લીધો; અને તે બાબ-
દમા એ સાહેબ સઘલે ઠેકાંણે એવાતો પંકાઈ પડ્યા કે, તેથી થોડી મુદતમાં
રૂડી રવેશે ગુજરાંન ઉપરાંત (નાહાનીજેવી મીલકતના માલેક ગણાઆ;) અને
તેનો ભોગવટો ઘણું સુધી મેલવેઆ પછે આપણી અંગરેજી સરકાર તરફથી
એવો અપરાધ તેવન ઉપર ચોંટાડવામાં આવેઓ હતો કે,(જંજીરાવાલો જારે
આ ટાપુ ઉપર (પેહલી ઇઆ બીજીવાર તે ચોકસ માલુમ પડઉં નથી) ચહડી
આવેઆ તારે રાજ તરફ જોઇતી વફાદારી તેનાએ બતલાવી નોહતી; અને તે
ઉપરથી(તેનાની મીલકત જપત કરી લીધી હતી;)પણ પાછલથી વધારે તજ-
વીજાત કરતાં(ઉપલો અનેઆ લાગુ નહી પડ્યો, તારે તેનાની મીરાસ જે
પાછી સપુરદ કરી દીધી; તે બાબેના(સતા ભરેઆ સરકારી દસતાવેજ તા૦
૧૮ મી જાંણીવારી ૧૬૯૫ ના સરકાર પાશેથી તેનાને મલેલા)કોઇ ઠેકાંણે હજી
શુધી સચવાઈ રહેલો એક મીતરની કીરપાથી હમારા જોવામાં આવેઓછે.
અને તે ઉપરથી પકી રીતે સાબેત થાએછે કે આ ગરહસથના બાવા(પટેલની
પછે બીજા આવેલા હતા.) અને (ખોણી દીધેલી મતા સરકાર પાશેથી પાછી
મેલવીને)તેનું શુખ ભોગવેઆ પછે જોગાજી નામનો એક દીકરો મેલીને તેવન
મરણ પાંમેઆ; જેના રોજ, માહ અને સનેની ચોકસ ઇઆદી સચવાઈ રહી નથી.

પાંડેના ખાનદાનની વંશાવલી.




મોદી ખાનદાનની વંશાવલીનો મુખીઅ ભાગ.




મેહેરજી વાછાની વંશાવલી.

પેહેલી.




મેહેરજી વાછાની વંશાવલી.

બીજી.




મેહરજી વાછાની વંશાવલી.

તરીજી.



મેહેરજી વાછાની વંશાવલી.


ચોથી.



આ કુટંબના વડવાઓ કોઈ મુદતથી ગણદેવી તરફ નઈ વશે આને લીધે, તેમના વારેશો વાછાને ઠેકાણે ફરાઈ, ગજ-ઘરતથા ઝહવેરી ની અટકથી ઓળખાવા લાગા છે.


માણેકજી વાછાની વંશાવલી.

પાંચમી.




(આ નોંધ લેનારના) બાવા ફરામજીની વંશાવલી.

છઠી.




૨૬-૮

દાદીશેઠના શંબંધની વંશાવલી.



મી૦જંમશેદજી મંનચેરજી (લકબેચીકા) ઘડીઆ-ળીનાં ઘરની વંશાવલી.



જોગાજી જારે જનમ પાંમીને મોટા થયા તારે કેહચ કે, ઈ૦ સને ૧૭૨૭ અથવા ૧૭૨૮ માં કોઈ ફરેંચ ઘડીઆલી અતરે આવેલો હતો તેની પનાહ પકડીને ઘડીઆલ સમારવાનો ઉતમ હોનર તે પાશેથી પુખત રીતે હાંશેલ કરી લીધા પછે ઈ૦ સને ૧૭૩૦ થી પોતે સવતંતર ઘડીઆલીમાં ખપેઆ ઉપરાંત પોતીકા વારેશોનેબી તેજ ધંધામા લાગુ પાડીઆને લીધે, ઘડીઆલીનો નાંમીચો રોજગાર હજી સુધી તેમના વઉસ દરવંશેસ ઉતરી આવીને ચાલુ રહેલોછે, અને આવા હોનરથી તેમના દોતરાના દીકરા મરહુમ મી૦ જમશેદજી (ચીકા) ઘડીઆલીએ પરમાંણીકપનુ સાચવીને જીંદગીના છેડાસુધી વખાન લાએક એવુંતો માન મેલવેલ હતું કે, તેથી કરી સઘલી વરણનાં સંસારી તથા રોજગારી ઉપરાંત સરકારી અમલદારોનોબી રૂડો ચાહ પોતાપર જે ખેંચી લીધો હતો, તેમાટે જાહજી સરેહ કરવી જોઈતી નથી.

જોગાજી જે ગુજરી ગયા તેનાનો સનેબી ઠાવો રહેલો જણાઓ નથી; પણ આટલુંજ સાંભલવામાં આવેલછે કે, ફરદુનજી નાંમનો તેનાનો એક દીકરોબી બાપીકો હોનર હાથમા રાખી ઘડીઆલીનુંજ કાંમ કરતો હતો. વધારે હાંસલ મેલવવા માટે પેરાવાઇ રાજધાંનીના શેહર પુના ખાતે જઇ લાગા, તાંહાં કેહચ કે, કોક સબબથી તેનાને કેદખાને નાખેઆ હતા; જાંહાંથી છુટકો પાંમવાના ઉપાએમાં પોતાનો હોનર તેનાને એવોતો કાંમ આવેઓ કે, તેની મદદથી થોડુંએકે છુટકો પાંમેઆ હતા; તે એવી રીતે કે કોઈ દયાલું અમલ-દારની સાહેતા મલેઆથી કેદખાનામા બેઠાં બેઠાં તે વખતની ઢપ મુજબ રાગની એક નાનકરી પેટી બનાવીને રાજાને ભેટ કીધી; અને તે સરીમંતે આવો અખતરો દેશીને હાથે બનેલો જોયો, તેથી ખુશી થાઈ તેનાંને બંદીખા-નેથી ખલાસ કીધા એટલુંજ નહી પણ તે ઉપરાંત કાંઈક નજરાનુંબી આપેલ હતું; જે લઇને કેહચ કે તાંહાંથી તતકાલ પાછા મુંબઈ તરફ આવેઆ, અને ફરીથી કેથે બાહેર જયાવના હીંઆજ રહીને પોતાને હાથ આવેલા ઉતમ હોનરથી સારી રવેશે ગુજરાંન કરતા હતા. એવન જારે મરણ પાંમેઆ તારે વારેસ તરીકે બે બેટાઓ મેલી ગયા હતા; જેમા વડા મનચેરજી, અને નાંધલા કાવસજી નામના ઘણીજ બાલવએના હતા.

એ બેહુ ભાઇઓબી એજ ધંધામા મસગુલ રહીને આપરી વસતીમાં પરખેઆત થઈ પડઆ શેવાએ બીજી કોઈજ યાદગારી રાખી ગએલા જણાયા નથી; જે માહેલા નાંધલા ગુજરેઆ તેના દાહાડા દીશાની તો ખબર નથી, મગર વડા શેઠ મનચેરજી ઘડીઆલી રોજ ૫ મો માહા ૩ જો કદીમી સાલે ૧૨૨૬ ય૦ એ લગભગ ૮૦ વરસની જઇફી ગુજારીને બેહસતનશીન થયાછે.

એ સાહેબના ચાર દીકરાઓબી ઘડીઆલીનાજ ધંધામા ધેઆન રાખી ગયાછે; પણ તેમાં માતરે એકજ દીકરો મી૦ જમશેદજી (ચીકા) ઘડીઆલી સઘલી વાતે મસહુર થએલો હતો, તેનું ટુક વરણન ઉપર જણાવી ચુકેઆ છઇએ. એ ગરહસથ સરવે સાથે ગંભીરાઇપણાથી મીલનસારી સાચવીને પોતીકા રોજગારમાં એવોતો પરમાંણીક નીવરેઓ હતો કે, લોકો હજારો રૂપીઆના

બીગડેલાં ઘડીઆલો, કરાંનામીતરો તથા મોટા કલાકો તેના વીસવાસ હેઠલ સોંફીને નીરાંત રેહતા; અને ગમે એવું બીકટ કાંમ હોએ, તે આ આપણા મરહુમ ચીકાજી ઘણી સેહલાઈ સાથે ઉતાવલે કરીને વલી ધણીને ઘેર બેઠાં તેમના દાગીના તતકાલ પોંહચાડી દેતા હતા; મુંબઈની વસતી માંહેલા કોઈબી સાહેબો એવા નહીં હશે કે, આ ચીકાજી તેઓની પીછાંણમાથી કોઈબી વખતે ફરાંમોસ રહેઆ હોય. હાલી મીતરાચારી ભરેઆ મીતરે ઈમાનદારીથી રોજગાર કરી પાંચ પઈસા મેલવેઆ હતા, જેવટે પોતાના ભાઈ ભાંડુઓ વગેરેની બરદાસતબી એવણ રૂડી રીતે સંભારી લઈને વારેસ વના ૬૫ વરસની વએ ગુજારેઆ પછે રોજ ૨૪ મો માહ ૫ મો કદીમી સાલે ૧૨૪૧ ને દીને આ દુનીઆના દોરમાથી દુરી પકડી મીનોઈજેહાંનનું સુખ જોવા માટે ચાલતા થયા.

આ મરહુમ ગરહસથે રૂડી વરતણુકથી રચાવેલી ઘડીઆલીની દુકાંણ સાંભલેઆ પરમાણે તેણાની વીધવાના સંભાલપણા હેઠલ હઈઆત રહેલા ભતરીજાઓ માહેલા માણેકજી એદલજી જે હકદાર પાલક થયોચ તેના હસતકથી ચાલુછે; જાંહાં બીજા ભાઈઓના બેટાઓબી સંપજથી સાંમેલ રહીને કાકાએ શીખવેલા હોનરનો ઉપીયોગ કરી પોતાનો ગુજારો સોધી રાખેછે.

ઉપર જણાવેઆ મુજબ મનચેરજી ઘડીઆલીના નાઘલા ભાઈ કાવસજીનો એક દીકરો નામે ખરશેદજીબી પોતીકા આ મરહુમ પીતરાઈની પક્ષમાં ઘણા વરસો સુધી શીખવા માટે રહીને એક સારો ઘડીઆલી બનેઆ પછે, પોતાની દુકાંણ જુદી કાહડીને રૂડી પેરે કાંમ બજાવતો દેખાએછે; અને તેથી કરી ગરેટ ઈંડીયન પોનીનસુલા રેલવે કુંપણીનો એક ખાસ ઘડીઆલી કેહવાએછે; માટે એ બાબે જેમ તેને મુબારકબાદી ઘટેચ, તેમ તેના મરહુમ ગુરૂનો મોટો ઉપકાર તેની ઉપર ચોંટી રહેલો તેનાએ જરૂર સહમજવો જોઈએ.

જો કે આ ઘડીઆલી વર્ણસની સરૂઆતને આ ટાપુ ખાતે લગભગ દોહોડ સદી થવા આવીચ, તોપણ તેપછેના દીવશો ઉપર બીજા ઘણાક પરમાણીક પારશીઓ ચોકસ વખત દેખાડનારા ધંધામા મસગુલ હતા; તેમાં એક એરાંમદારૂ, બીજા દાદાભાઈ, તરીજા માંણેકજી, અને ચોઠા મનચેરજી છ આંગલીઆ (હવડાં હઈઆત રહેલા મી૦ એદલજી ઘડીઆલીના બાવા) હમારી બચગી વખતપર જઈફીએ પોંહચેલા જણાતા હતા; અને તેઓની આગમજ બીજા સાહેબોબી અલબતાં થઈ ગયા હશે; પણ તેઓ માંહેલા કોઈનીબી પુરાંણી કેફીએત નહીં મલી સખેઆને લીધે આ મરહુમ ચીકાજીના વડવાઓજ મુંબઈમાં સઉથી પેહલવેહલા ઘડીઆલી ચોકસ થરેછે; પછે ઘણા વરસોની ગઈ ગુજરેલી ગેબી વાતનો વાકેફગાર તો તે બારે હકતાલાછે.

શેઠ ખરશેદજી પોંચાજી પાંડેના.

આપણી વસતીપર વખાણએલા શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડેનાની પાંચમી પેહડીના ઉપલા મોટા બાવાની અસલી ઓલખતો હસલીમા રહી નથી, પણ પાછલથી તેમની શાખાએ ભીખા બેહરાંમ તથા કારા બેહરાંમની વઊંસાવલી જે અજવાલે આંણીય, તેમાં ઘણું કરીને તે બેહુ કુટંબીઓ વચે "પાંડેના" નીજ ઓલખ મજબુત પેવસ થએલી એટલા ઉપરથી માલુમ પડેછે કે, આ શેઠ ખરશેદજી ભરૂચમા રેહતા હતા તાંહાંથી રોજીના કારણસર જારે ય૦ ૧૦૩૩ ના શાલમા મુંબઇ માટે રવાંને થયા તે વખતે કેહય કે, મરાહડાઓની ચહડાઈ ઈશિલાંમી રાજ ઉપર આવેઆના સબબથી મારગમા તેઓનું લશકર છાંવણી કરી જે પડેલું હતું, તેઓએ (તેણાને સતરૂ તરફનો જાશુસ જાંણી પકડી લીધો; અને વલસાડની પાશે આવેલાં પાંડેરાઘડ નામના પાહડી કીલ્લામા થોડુંક સુધી ઘેંધી રાખેઆ હતા; પણ ઘણી તકરારો ચાલતાં (પુરતી તજવીજાતે જાશુસ માલુમ નહીં પડઆથી) તેમને જારે તાંહાંથી છોડી મેલઆ તારે તે તરફના નીકલેલા ૧૦૩૪ ની અધવચમા હીંઆં આવીને પોતાનો કાએમ મકાંણ કરી રહેઆ; તે દાહાડાની યાદગારીમા તેમના પરીવારો વચે ઉપલી અટક કેહવાતી આવીછે.

આ ગરહસથ કોઇ હેવે સબકતે પગલે હીંઆં આવેઆય કે તેજ શાલમાં પોરટુગાલના પાદશાહ તરફથી લગણની રીતમા મલેલો (મુંબઈ ટાપુ અંગરેજી હકુમતને હવાલે તરતનોજ થએલો હતો;) અને તેની પછે જારે ફરતો કોટ બાંધવા માંડઓ તારથી તે કાંમ સઘલું સમાપત થએઊં તાંહાં તુલીક (સરકારને જોઈતા બેગારીઓ તથા ટોપલીઓ વીગેરેનો સરનજાંમ પુરો પાડવા માટેનો ઈજારો લઇ તે કાંમમાંથી પોતાના રૂડાં ભાએગે સારો લાભ હાંશેલ કરી લીધો,) અને ભરૂચથી પોતાનું પરીવારબી હીંઆંજ બોલાવી રાખેઊં.

સરકારી કાંમમા લાગુ પડીને આગલ કરતાં જેમ સારી હાલતમા આવેઆ, તેમ તેનો ભોગવટો જાલવનારોબી કેહય કે ઓદાતાલાની બખશેસથી સાલે ૧૦૫૦ મા બેરાંમજી નામનો એક બેટો તેણાને તાંહાં જનમ પાંમેઓ હતો; અને આખી જીંદગીમા માતરે એકજ ચેરાગની રોસનીથી સંતોસ પાંમીને ગુજરી ગયા, પણ તેનો રોજ માહ તથા સને માલુમ પડઓ નથી.

ઉપલા સાહેબની ઉતપંતીનું આટલુંબી બયાન હાથ આવેઊંછે, પણ તેમના બેટા બેરાંમજીની કારકીરદીની હકાએત ઉપરાંત મરણના દીવસની યાદીબી કોઈને તાંહાં ડાવી રહેલી નથી. એ બેરાંમજીને તાંહાં તરણ દીકરાઓ જે અવતરેલા હતા, તેમા વડા ભીખાજી અને નાંધલા કારાભાઈ વીશે એક દસતાવેજ ઉપરથી એટલુંજ માલુમ પડેઊંય કે, શાલે ૧૧૨૫ સુધી આપણી ટાપુ ખાતે પરખેઆત થઇ હઈઆત રહેલા હતા; અને તે બેહુ સાહેબોનીજ ઓલખથી ઉપર જણાવેઊંય તેમ તેઓના પરીવારોમા "પાંડેના" ઉપરાંત ભીખા બેરાંમના તથા કારા

બેરાંમનાની ઓલખ હજીતક કેહવાતી આવેછે. વચલા વીરા ખરશેદજીની વસતી આગલ નહીં વધેઆને લીધે તે સાહેબની હસતી તેણાની જીંદેગી જોડેજ ખતમ થએલી કેહવાએછે.

શેઠ ભીખાજી બેરાંમજી લકબે ભીખા બેરાંમ.

ભીખા બેહરાંમને વાસતે એવું સંભલાએઊંચ કે, તેનાએ પોતાનો રોજગાર ઘણું કરીને વેલાતથી આવતા દારૂ કાંમ તથા બીજે સામાંણ વેચવા તથા લેવામાં રોકેઓ હતો, અને તેથી કરી પોતીકા બાપ તથા બપાવા કરતાં તે વખતની વસતીમાં આપણી ટાપુ ખાતે ઘણા વખનાતા હતા. એ સાહેબ પોતીકા જરથોસતી મજહબ ઉપર અંતકરણથી ઘણાજ ચુશત હતા, અને પાંચો વખતની બંદગી હરગેજ થઈ ભુલતા નોહતા, તેની શાબેતીમાં પવનચકીના અશલી મોટા દરવાજાની બાહેરથી દરીએ કીનારે (હવડાં રેલવેના મથકપર) જવાના રશતાની જમણી બાજુએ શલાંમત રહેલો એક કુવો, તથા તેની પાશે ઢોરોને પાંણી પાવાનો અભારો પરથમ એજ શાહેબે બનાવીને મજબુત બંધાવેઓ હતો; જેને શાધારણ રીતે હજીસુધી પરજાના કેટલાક લોકો કાવશાદારૂના કુવાને નામે ઓલખેછે; તેનું કારણ એટલુંજ કે તે મોબેદ પાછલા વખતપર તેમાથી તાજું પાંણી કાહડીને બંદગી કરવા આવનારા પારશીઓના હાથ ધોવરાવતો હતો; અને તેના બદલામાં લોકો તેને કાંઈ નાણું આપતા હતા. એ કુવાની રખેવાલી, તથા તે ઉપર ફરતી રેંહતનો ખરચ પરથમ શેઠ ભીખા બેહરાંમ પોતે અને તે પછે તેમના પુતરો માહેલા મી૦ લીમજી ભીખાજીની કુંપનીને નામથી ઘણું સુધી ચાલતી પેહડીએ આપેઆ કીધો, એટલુંજ નહીં પણ એક અથવા બે વખતે જોઇતી મરાંમતબી તે શાહેબો હશાતકથી થઇ હતી, અને તે કુવો શવા સદીથી વધારે વરશનો પુરાતમ કાએમ રહીને તેના બંધાવી જનારા શેઠ ભીખા બેહરાંમના વઊંશીઓના હકમા આશીરવાદ દેતો માલુમ પડેછે.

આ ભીખા બેહરાંમની અઓલાદથી ઉતરેલા તરણ દીકરાઓ* જે ઘણાજ શકરમી, અને શકલગુણી થઇને આપણી ટાપુ ઉપર વખણાઇ ગયાચ, તેઓમાં વડા શેઠ લીમજી ભીખાજી શાલે ૧૧૧૦ મા; બીજા શેઠ પેશતનજી ભીખાજી (ઉરફે પેસી કાકા) શાલે ૧૧૩૪ માં; અને તરીજા અથવા છેલા શેઠ ફરાંમજી ભીખાજી (લકબે ફલા કાકા) શાલે ૧૧૪૩ માં જનમ પાંમેઆ પછે થોડા ઘણા જાહેરમા આવેઆ હતા, તેઓ દરએકનો ટુક અહેવાલ નીચે જણાવીએછે.

* એ ઉપરાંત રૂશતમજી નામના ચોથા દીકરાની જનમ પાંમેલા જે કેહવાયાચ, તેવણ યાતો બાપની પેહલાં અથવા તેમની પછે, બાલ વએમા ગુજરી ગયા હોએ તેથી તેણાની નોધ કેથે રહેલી નથી. નો૦ લે.

શેઠ લીમજી ભીખાજી.

આપણી વસતી માહેલા ઘણાક ઘરડા સાહેબોની પીછાંનમાંથી આ શેઠ લીમજી ભીખાજી હજીતક ફરાંમોસ તો થએલા નહીંજ હશે; કેમકે તેણાની સઘલી કીસમના અંગરેજી માલોથી ચીકાર ભરેલી દુકુંજતી દુકાંન અંગરેજ બજારમાં, (જાંહાં હવડાં મી૦ મેહરજી જાંનસનની કુંપનીએ લીલાંઉખાનું કાહડેલુંછે) પોતાની મોહટી હવેલીમાં ઘણા વરશો વેર જાહોજલાલી સાથે ચાલુ રહેલી હતી, અને બીજી યાદગારીમાં એજ સાહેબનાં સકમાઈનો પઇસાવડે કોટમા મરહુમ દાદીશેઠના આદરાંણના મકાંણની દક્ષીણ દસાપર હવડાં પારકે હાથ થયા પછે હાલતમા બદલાઇને સલાંમત ઉભેલી મેહલ જેવી મીલકત પાછલી તરફથી આડકાતરી છેક કાંમાવાલા મોહલા તુલીક લંબાએલી માલુમ પડેછે. એ સાહેબ જારે ૬૩ વરસને આસરેની ઊંમરે પોંહતા તારે તરણ દીકરાઓ નામે શેઠ દાદાભાઇ, રૂસતમજી અને ફરદુનજીને સારી હાલતમા હુધારીને રોજ ૧૪ મો માહા ૯ મો કદીમી શાલે ૧૧૭૩ ને રોજે બેહસતનસીન થયા હતા, અને તેમની પછે થોડીજ મુદતે તેમના વડા તથા વચલા બેટાઓ પોતાને તાંહાં વસાવેલી વસતી વાડીને હસતીમાં રાખી એકેકની પુઠે ગુજરી ગએલા જણાયાછે.

શેઠ ફરદુનજી લીમજી.

લીમજી શેઠના બાકી હએઆત રહેલા આ તરીજા દીકરાએ ઘણી મુદત સુધી બાપીકી દુકાંન ચાલુ રાખેઆ પછે, આપણી ટાપુ ખાતે પરએઆત થએલી મી૦ રીચી સ્ટુઅરટની કુંપણીને તાંહાં દલાલીનું ઓહોલું કાંમ મેલવી લીધાથી વપારી મંડલીઓમા વેહવાર વધારીને છેક ચીન સુધી પોતાના દીકરા નામે અરદેસરને પેહલવેહલા ય૦ ૧૨૦૩ ની શાલમા મોકલાવીને તાંહાં આડત વીગેરેનું કાંમ કાજ મોહટા પાયાપર રચાવી મેલેઊં હતું, અને તેનાજ કારણસર ઉપીયોગી થવા માટે "મેરી ગારડન" નામનું એક તરણ દોલી વાંહાંણ પોતાને ખુદ પઇશે બંધાવીઊં તથા "રૂપારેલ" નામના સરકારી બારકસને આઇતું ખરીદી લઇને તાંહાંના વેપારમાં ફેરવેઊં હતું. એજ શેઠના બીજા દીકરા મી૦ દીનશાહને અંગરેજી એલમની ઉતમ કેળવણી આપવાના હેતુથી હજારો રૂપીઆ ખરચીને ૧૨૦૧ ની શાળમાં છેક વેલાત સુધી મોકલાવેઓ હતો; જાંહાં તે ચીરનજીવી ચારેક વરસવેર રહીને શીખેઆ પછે મુંબઇમાં પાછો વળી આવેઆથી તેણાનેબી ચીન ખાતેની પેહડીમાં મદદ લાગવા સારૂં ૧૨૦૬ માં અતરેથી રવાંણે કરી દીધા હતા. આટલું તો ખરૂંછે કે કોઈનીબી જાહોજલાલી, અને મેલવેલી દોલત સદાકાળ બરકરાર રેહતી નથી; તેમ તેણાનો વખત જારે મગરેબ તરફ ફરવા માંડેઓ તારે સઘલું અફડાતફડી થઈ પડેઊં હતું; તે વાતની સજર હેભતખાઇને, ચીનમાં રહેલા શેઠ દીનશાહજી મજખથી જે એકે-

દમ ખીશી ગયા હતા, તાંહાંથી ૧૨૧૧ નાં મુંબઈ આવીને તેવીજ હાલતમાં હજીસુધી રહેલા માલુમ પડછે. સવતંતરપણાથી વેપારીઓની સંફમાં સારૂં માંન મેલવેઆ પછે આ શેઠ ફરદુનજી ખીરગસતે દાહાડાની બારીક ચુંગાલમાં ફશી પડઆને લીધે પાછલો વખત ઘણોજ ગંમખારીમાં ગુજારીને રોજ ૪ થો માહા ૧૦ મો કદમી શાલે ૧૨૧૬ માં ૫૭ વરસની વએ ભોગવી મરણ પાંમેઆ. આ શેઠને તાંહાં મેરવાનજી નામનો તરીજો દીકરો હતો, તે તેમની ૧૬ વરસ આગમજ અઢારેક મહીનાની વએ પોંહચી ફુલગુજાર થયો હતો.

શેઠ પેસતનજી ભીખાજી.

પેશીકાકાને નામથી પરખેઆત થએલા આ શેઠનીબી અંગરેજી દુકાંણ તેમના વડા ભાઈ મી૰ લીમજી ભીખાજીની પડાસમાં જે ચાલતી હતી, તે હવડાં તુલીક તેમના દોતરા મી૰ પોંચાજી ફરાંમજીને નાંમે આબાદ હાલતે હુભેલી દેખાએછે. એ સાહેબ પાકી પરેહજગારીમાં એવાતો ચકચુર હતા કે હાવા ઓહોલા રોજગારમાં રોકાએઆ છતાં પોતીકા મહજબે ફરમાવેલી પવીતર બંદગીની શેવા કોઈ વખત ભુલતા નોહતા, અને તે સાથે પરજા વચે પરમાંણીકપણું સારી રીતે જાલવીને કીરતીવાનબી ગણાએઆં હતા. આગલા વખત પર પારશીઓની પંચાએત જે ચાલુ હતી, તેના એક ખારા અધીકારી* દાખલ પણ એ સાહેબ ઘણા વરસો સુધી લાગુ રહીને પોતીકી કોમનાં ઘરગતુ તંટાને સમાધાનીપર લાવી આપતા હતા. આ બુજોરગ શેઠ ૮૨ વરસની ઊંમર ઘણાંજ સુખમાં પસાર કરીને રોજ ૨૩ મો માહા ૭ મો કદીમી શાલે ૧૨૧૬ ને દીને પોતાને તાંહાં વઊંસ વધારનારા બે વારેશો નામે ફરાંમજી તથા જમશેદજીને પાછલ રાખી જીનતવાસ થઈ ગયાછે.

શેઠ ફરાંમજી ભીખાજી.

ભીખા બેહરાંમના આ તરીજા દીકરા, ફલાકાકાના વફાદારી ભરેઆ એલકાબથી, પરજામા પસંદગી પાંમતા, પોતાના ભાઈઓનીજ મુઆફેક છુટો રોજગાર ચલાવીને સરવે મંડલીઓમાં સારી હોરમત મેલવતા હતા. આ સાહેબ લગભગ ૨૧ વરસની ઊંમરે પોંહચેઆ તેટલાં, તેમની પેહલીવારની મોહરદાર તરણ બેટીઓ જણેઆ પછે, ટુંક ઉમરમાં બેહસતનસીન થયાં તેના વીજોગથી આ ગરહસથનો વશીલો જે અટકી પડઓ હતો; તેની વરધીનો અઈઆંમ જારે દેખાએઓ તારે કુદરતથી એવી બખશેસ ઉતરી કે, (આપણા કએઆંની શેહર ઈરાંન તરફથી (બેહદીન કેઓશારો યજદેઆર) પોતાની બીજી દીકરી નામે

* એ ઓહદો તેમના બાવા શેઠ ભીખા બેહરાંમથી તેવણ ઉપર ઉતરેઓ હતો. નો.લે.

ગુલેસતાંન બાનુ* જે ૧૫ વરસના પુર બાહરપર દીપતી હતી, તેણીને લઇને ય૦ શાલ ૧૧૬૪ મા અતરે આવી પોંહતો; તે બાબેની કેફીએત એવી કેહવામાં આવીછે કે, તે બાઈ ચેહરાવંતી હોવાને લીધે તાંહાંના જુહાકી દીનદુસમેનો માહેલો કોઇ મોગલ પડોશી ચોરી જવાની ચાલવણી કરતો હતો, તેની ખબર મલતાંવાર પોતીકી બાએડી તથા બીજી બાલક દીકરીઓને તાંહાં પડતી મેલી તેણીનેજ લઇ છુપી રીતે તેનો બાપ તાંહાંથી નીકલી પડ્યો.)

આ બીચારો કેખોશરૂ અને તેની ગુલેસતાં બાનુ બેટી જારે હીંઆં આવી પોંચ્યાં, તારે તે વખતપર કેહચ કે પરદેશના હમદીનોને વાસતે ઉતારાની કોઈબી જગ્યા કેથે નહીં હોવાને લીધે (તેઓ દલગીરી ભર્યાં દીલથી કાવસજી પટેલના ચકલાપર આવી ઉભાં; અને એક બીજાનું મોહોડું જોઇ વીચારવા લાગાં કે, એકતો પુરાતંમ વતણ તથા પ્યારાં કુટંબથી દુર થઈ પડ્યાં, બીજું તો મુસાફરખાનું નહીં મલે, અને તરીજું એકે હીંદના લોકોમાં વપરાતી જુબાંનથી બીનમાહીતી તેનું હવે કરવું કેમ.) હાવી વમાસનમા હતાં તેટલાં બારેહકતાલાની બખશેસથી શેઠ એદલજી દોરાબજી લશકરી જેવણ આપણી ટાપુ ખાતે વખણાઇ ગએલા મરહુમ શેઠ હોરમજજી દોરાબજીના ભાઈ હતા, તેનાઓ તાંહાં આવી લાગા; અને આ પુરાંણા હમવતણીઓને રોશન રોખસારા સાથે ગંમગીની ભર્યાં જીગરથી જોતાં વાર દીલમાં દયા આણી તે બાપ તથા બેટીને પોતાના મકાનમાં લાવી આસાએસ આપી; અને પુછપરેછ કરતાં તેઓની સોચના સાંભલ્યા પછે દીલાશો દઈને (નેક બખત ગુલેસતાં બાંનુંને પોતાની દીકરી દાખલ કબુલ રાખી.) સારી રીતનો દલાશો મલ્યાથી તેનીને મજકુર શેઠના સવાધીનમાં શોંપ્યા પછે સંતોસ પાંમેલો કેખોસરૂ (પોતે ઇરાંન તરફ ગયો; અને બની તેટલી તજવીજથી પોતાના કબીલાને છુપી રીતે બે તરણ ખેપ કરી મુંબઇમા લાવી પોતે પણ હીંઆંનો વતણી થાઇ પડ્યો હતો.)

કેખોસરૂ યજદીઆરની સઘલી મલી પાંચ દીકરીઓ માહેલી શીરીન નામની વડી તો ઇરાંન ખાતે (બેહદીન રૂસતમ પલામરજની) સાથે પરથમ પરણી ચુકેલી હતી, તે હસાબે બાકીની કુમારી ૪ બેટીઓ એકેકની પુઠે હીંઆં આવીને હેઠલ જણાવેલા જુદા જુદા સખશોની શેઆદીમા શોહાસન થાઇઓ, તેમધે—

ગુલેસતાંબાનું, આ શેઠ ફરાંમજી ભીખાજી ઉરફે ફુલાકાકાની સાથે ૧૧૬૫માં

નાજબાનું, શેઠ હોરમજજી એદલજી કાંમાજી સાથે.

ખોરશેદબાનું, નામુદાર જાવીદ નસરાબાદી (ઇરાંની) સાથે.

પીરોજાબાનું, શેઠ પેસતનજી મેરવાનજી મેહર હોમજીનાની સાથે.

આવી પરકારે પાંચ પુત્રીઓ સરીએત મુજબના સાસરાં પાંમી રહ્યા પછે, પેહલાં તેનીઓનો પ્યારો પીતા કેખોસરો,) અને તેની પુઠે લાંમબી મુદતે મેહરબાંન મા ગુલનાર બેહસતનશીન થાઆં હતાં.)

---

* પટેલ ખાનદાનમા પરણેલી પીરોજાબાઈ પછે, બાવણ વરશે આ સુધાં તેણીની તરણ બેહેનો મલીને ઇરાંની તોખમની (૪ અબલાઓનો જથો બીજીવાર આવેલો કેહવાયોછે; અને તે પછે ઘણા ઇરાંનીઓની વરધી થતી રહી.) નો૦ લે૦

આ બુજોરગ ફલાકાકાના સાસરીઆં તરફનું મુખતેસર બયાંન આપીને હવે તેનાની જીંદગીના હએવાલપર પાછા આવતાં જણાવીએચ કે, તેમની સાથે બીજી વારની કદખુદાઈમા જોડાએલાં ગુલેસતાં બાનુંને પેટે પાંચ પુતરોની જે વરધી થાઈ, તેઓના નામો વંસાવલીમા લખાઈ ચુકાં ઊપરાંત ચાર દીકરીઓબી અવતરી હતી, જેઓની સાથે પેહલી મોહરદારે જનેલી તરણોને મેલવતાં કુલ ૧૨ ફરજંદો તથા તેઓને તાંહાં થાએલાં બેશુમાર છઈઆંઓથી આ શુખવાશી જોડું ઘણા સંતોસથી રહેલું જોવામા આવતું હતું.

ઇરાંનનું રાજ પારશીઓ પાશેથી પરાગંદ થાએઉ તે વખત પર તાંહાંથી નીકલી આવેલા જુખંડા પછે, કેહચ કે, ઘણી લાંમબી મુદત સુધી કોઈબી ઈરાંની જરથોસતીએ હીંદ તરફ નજર કીધી નોહતી; પણ પાછલથી જેઓને જેમ વાકેફકારી મલતી રહી, તેમ તેઓ છુટા છવાયા સુરત તથા ગુજરાત જીલાના જુદા જુદા વીભાગોમા આવીને પોતાના હમદીન ભાઈઓની ભેટ લઈજતા હતા. આ મુંબઈ ખાતેબી આગલા વખત પર કોઈ ઈરાંની આવી ગયા હોએ તેની કશી નોંધ નહી જડતાં આટલુંતો માલુમ પડઊંચ કે, આ "બાહાર"મા દાખલ કીધા મુજબ સવાશો વરસની વાત પર એક ઈરાંની અબલા* કોઈ જરમન મુસાફરના સવાધીનમાં સચવાઈને પરણવા માટે અતરે આવીને આ શેહના બાવા ભીખા બેહરામને તાંહાં પરોહણી ઉતરી હતી, તેજ માતરે પેહલવેહલી કેહવાઇછે; અને તેની પુઠે અરધી સદી ગુજરેઆ પછેનો આ બીજો જથો કોઇ એવે રૂડે પગલે પધારેઓ કે તેઓને આવી વશેઆને પાંચેક વરસ પસાર થયાં, તેટલાં થોડા થોડા ઇરાંનીઓએ હીંઆ આવવા માંડેઊં.

ઉપર જણાવી ચુકાચ તે પરમાણે ઈરાંની મુસાફરોને માટે ઉતારાની કોઇબી અલાહેધી જગેઆ અતરે નહી હોવાથી, તેહવા લોકો આવતાં વાર ગુલેસતાં બાનુંને બારને પરોહના તરીકે જારે પથારી પાંથરવા લાગા, તારે ફલા કાકા જેવન ઘણાજ દએઆલુ હતા, તેનાએ દરીઆફતી પોંહચાડીને તેઓમાં જે મોબેદો માલુમ પડેઆ, તેઓને તો મરહુમ દાદીશેઠવાલાં આદરીઆનની બીદમતમા, તથા કદીમી બેહદીનોને તાંહાંની કીરીઆ કરમના કાંમ શારૂં ગોઠવી દીધા, અને બેહદીનોમાં જે મુફલેશો દેખાએઆ તેઓની બની આવી તેટલી માહવજતથી પોતે પરવરેશી કરવા માંડી, તારથી આ સાહેબ ઇરાંનીઓને પાળનારા પીતા કેહવાએઆ; અને તેહવો સંજોગ ઘણા શાળશુધી પોતે સાચવી રાખેઓ હતો, પણ તે પછે ઇરાંનીઓની આવગ વધવા લાગી તારે† તે બાબે જાહેર હુઘરાંણાની મારફતે એક પુંજી ઉભી કરવાની

---

* જોવો આ નોંધ પાંને ૨૪૫ તથા ૨૫૪ મે.

† સાંભલેઆ પરમાણે તેઓના ઉતારા માટે મરહુમ દાદી શેઠે હીરવાડીઆની પોળ માહેલા વચલા ઘેરનો પેહલો માલ તથા ભોંએતલીઊં ગીરવી લઇને આ૦ દાદાભાઈ ફરાંમજીના ઉપરીપણામા શોંફી આપેઊં હતું; જાંહાં ઘણી મુદત સુધી તેઓ રહેઆને લીધે તે મજકુર મોબેદ દાદાવેલાતીને નામે ઓલખાઈ પડેઓહતો.

નો૦ લે૦

આગેવાંણીબી એજ શાકરમી શેઠે જે પરથમ લીધી હતી તેનુ વરણન ઘટતી જગોએ કીધામાં આવશે.

શેઠ ફલાકાકા પોતાની અધેર ઊંમરે પોંહચેઆ તારે, ય૦ ૧૧૯૪ ની શાલમા કોઇ અગતના કારણશર એકવાર અરબશતાંનની મુશાફરીએ શીધારેઆ હતા; જાંહાંથી પોતાના કાંમમા ફતેહમંદી શાથે પાર ઉતરીને હીંઆ પાછા પધારેઆ પછે બાકીનો જઇફીં વખત શાંતપણે શાચવતાં ઊંમરને છેક ૭૩ વરશાપર લાવેઆ તેટલાં અજલનો હલકારો અંચીતઓ આવી તેમના પેઆરા પરાંણની જે તલબ કરવા લાગો, તેથી રોજ ૧૩ મો માહા ૫ મો કદીમી સાલે ૧૨૧૬ ય૦ એ આ ફાંની દુનીઆંથી દુરી પકડીને મીનોઇ જાહાંન તરફ કુચ કરી ગએઆ.

આ નોધ લેનાર પોતાના અનુભવ પરમાંણે કહી શકેછે કે, મરહુમ શેઠ ફલાકાકા પવીતરાઇમા પુરા, સાહલેસાઇમા સુરા, દએઆનું દરખત અને રોજીમાં બરકત પાંમનારા એક સુધા, શેઆંણા અને સમપુરણ મનસણીના બુજોરગ ગરહસથ હતા, તે વીશેની સાખશી તે વખતના કોઇબી પુરાતમ પારશી શેઠીઆઓ જે હઇઆત હશે તે શેહેલથી આપી સખશે; માટે તેણાની ખુબીનું બએઆંન આટલીજ નોધથી હીંઆં ખતમ કરવાનું દુરસત વીચારેછે.

શેઠ હોરમજજી એદલજી પાંડેના.

પાંડેના વઊંસના કારા બેહરાંમની અઓલાદથી ઉતરેલાઓના જનમારાની કશી હકાએત પરશીધ થએલી નથી; પણ તેમના દોતરાઓ હોરમજજી તથા ભીમજી નામના બે ભાઇઓ કોઈ મુદત થઈ મધરાજ ખાતે જઈ વશેલા હતા, તેઓ માંહેલા વડાની નીતીનો એક નમુનો એવો માલુમ પડએછે કે, તેવણ જારે એક વખત ધંધા રોજગારમાં અવડા પાસાથી ઘણાજ તંગાસમાં આવી પડીને લોકોના કરજદાર થયા; તારે તે દેવું પોતાની હઇઆતીમાં અદા કરવાની ખરી કાળજી દીલમાં રાખીને, ભવીસ અજમાવવા થકી એકવાર હીંમતનો એવો પાસો ફેંકીઓ કે, ઇશાવી સને ૧૮૨૪ મા કલકતા ખાતે નીકલેલી સરકારી સોરતીની એક ટીકીટ ખરીદ કરી લઇ રાખી હતી; તે નંબરે મનસની મુજબ જારે એક લાખ રૂપીઆ તેણાને મલેઆ, તારે તેમાથી પોતે જાચેલી સોચના પેઆનપર લઇને પેહલાં પોતાનું કરજ ફીટાડી દીધું; અને બાકી રહેઊં તેને જીંદગી સુધીના રૂડા ઉપીયોગ વાસતે જાલવી રાખીને તેવડ છેલો વખત સુખવાશી હાલતમાં પાછો ગુજારેઓ; અને તેજ ઠેકાંણે ૧૧૯૬ ના કદીમી પાંચમાં ગાથાને દીને ૫૫ વરસની ઊંમરમાં બે દીકરાઓ મેલીને મરણ પાંમેઆ. આ ગરહસથનો ભાઇ તથા ભતરીજોબી તારપછે એકેકની પુઠે તેજ તરફ ગુજરી ગએલા સાંભલવામાં આવેઆછે; માટે તેઓની અઓલાદમાં જે હઇઆત રહેલા હોય તેની વીગત વઊંસાવલીમાથી વાંચનારા સાહેબોને ચોકસ માલુમ પડી આવશે.

ફુલાકાકાના ફરજંદો.

ફુલાકાકાના પાંચ દીકરાઓ માહેલા વડા શેઠ બરજોરજીએ ઉમરતી વએથી ચાલાકી સાથે એટલીતો સાહલેસાઈ મેલવી હતી કે, તેથી કરી ઘણા લોકો તેણાની ખુબીને લાંમબી મુદત સુધી ભુલેઆ નોહતા. એવણ પેહલવેહલા સાલે ૧૧૯૨ મા વેપારસર ચીનની સફરે સીધારેઆ હતા; જાંહાંથી એકજ વરસમા પાછા આવીને કેટકલી મુદત સુધી મુંબઈમા રેહેઆ પછે, ૧૨૦૩ મા તેહવાંજ કારણસર મલબાર તરફ જઈ વસેઆ હતા; તાંહાં પણ થોડુંક સુધી મરહુમ શેઠ મોતીસાહની તરફથી આડતનું કાંમ પરમાણીકપણે ચલાવેઆ પછે, માહીસુરના રાજા સંગાડે મોહબતનો સંજોગ સારીરવેસે સંધાએઆને લીધે, બાકીનો વખત તાંહાંના રાજીઅ વહીવટમા ગુજારેઓ; પણ ઊંમરે જાહજી વફાદારી નહી બાંધેઆથી રોજ ૨૨ મો માહ ૩ જો કદમી સાલે ૧૨૧૪ ય૦ એ વરસ ૪૮ ની વએમાં તે તરફ ગુજરી ગએઆ. બીજા દીકરા પેસતનજી, પેહલાંતો પોતાના ભાઈ મેહરવાંનજીની સરીગતમા રહીને, અને પાછલથી બાંનગી નામે ઘણા વરસો સુધી વેપાર કરતા હતા; પણ ભાગ્યેગની ઈઆરી તેમા કમતી માલુમ પડઆથી, નફાને બદલે મોઠી નુંકસાંણીના દબાંનમા આવી ફસેઆ, તે વીસેની નોધ લેતાં ખરેખરી દલગીરી ઉપજેછે. આ ગરહસથબી પોતાના બીજા ભાઈઓની પેઠે સવભાવના અસીલ, અને ઘણાજ મીલનસાર હતા; તેટલી ખુબા અંતે આડે આવેઆથી સંકટનું વાદલ શેહલમા વીખરાઈ ગએઊં; અને ફડચો કરનારાઓ હસતકથી નીકાલ પણ થયો. એ શેઠ વરસ ૫૩ ની વએ પોંહચતાં રોજ ૨૦ મો માહા ૧૦ મો કદીમી સાલે ૧૨૨૨ માં મરણ પાંમેઆ હતા. ચોથા દીકરા શેઠ બેરાંમજી વેપારના કારણસર કરાંચી બાતે આવનજાવન કરતા હતા, તાંહાં જીંદેગી આખર આવેઆથી રોજ ૧૯ મો માહા ૪ થો કદીમી સાલે ૧૨૧૭ ય૦ એ ૨૮ વરસની જવાન વએમા ગુજરી ગયા. હવે એઓ માહેલા માતરે બે ભાઇઓની હસતી બારે હકતાલાએ જે બરકરારી સાથે સાચવી રાખીચ, તેમા સરવેથી નાંધલા શેઠ દોરાબજી દેખાએછે; અને તેવણથી બે પગતી ચહડતા વડા ભાઈનું વરણન હેઠલ જણાવીને આ સાહેબના પાંચો પુતરોની પરીક્ષા કરવાની મુનસફી વાંચનારી આલમને સોંફીએછે.

શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડેના.

ભીખા બેહરાંમના નબીરાઓ માહેલા આ શકરમી, અને સપુત શેઠનો જનમ રોજ ૧૪ મો માહા ૧૦ મો કદીમી સાલે ૧૧૮૧ ય० એ, આપણી ટાપુ ઉપર ટાડસ્ત્રીટ નામના મોહલામા પોતીકા પીતાના પણોતાં ઘેરની અંદર મુબારક થએલો શાંભલવામા આવેલોછે.

આ શેઠીઆ પોતાના જમાના મુજબની શેહજ કેલવણી મેલવી લીધા પછે પીતાની પખરામા રહીને, મી० લીમજી ભીખાજીની અંગરેજી સામાંણુ તથા દારૂ કાંમ વીગેરેની દુહજતી પુરાંણી દુકાંણુ જેમા શેઠ ફલાકાકાનોબી ભાગ હતો તાંહાં પેહલવેહલા લાગુ પડ્યા. એ દુકાણના આગલાં માલેકો વહીવટ માંડીવાલીને જારે એક બીજાથી છુટા પડ્યા, તારે તે દુકાંનનો ખરકો આ શેઠ મેરવાંનજીએ ખંડી લઇને, પોતીકા બીજા ભાઈના પંતીઆલાપણાથી મી० પેસતનજી તથા મેરવાંનજીને નાંમે રોજગાર ચાલુ કીધો; અને તેમાંથી બેહુ સાહેબો પોતાની રોજી હોરમતની રાહે મેલવવા લાગા.

ય० ૧૨૧૧ અથવા ૧૨૧૨ ની સાલમા આ શેઠ પોતાનો ભાગ ઉપલી દુકોંનમાથી બીલકુલ કાહાડી નાખેઓ; અને તે પછે ચીન તથા વેલાત ખાતાંનો ખાનગી વેપાર પોતે ચલાવા લાગા, એટલુંજ નહીં પણ તે પછે જેમ વખત હાથ આવેઓ તેમ અંગરેજી પેહડીઓની દલાલીના કાંમોબી બેહધ મેલવતા રહેઆ; અને થોડાંજ વરસમા પેહલે વાંગેના વેપારીમા વખણાઇને તેમાથી મેલવેલી મોટી દોલતનો ઘણો ખરો ભાગ સારે મારગે ખરચવા માંડ્યો.

શેઠ મેરવાંનજી પોતાના એક મારગી સવભાવને લીધે ઘણા વરશો સુધી આલમની પીછાંનમા પુરા આવેઆ નોહતા; પણ જારથી સખાવતનો દસત પોતાની ગુંજાસ માંફક તેનાએ લં વતો કીધો, તારથી તેવનની કીરતી પરકાસવા માંડી; અને હેઠલ જણાવેલાં સનસારી કાંમોમા લાગુ પડ્યા તેમાઃ—

પારશી પંચાએતના હસતકમા રેહતી આવેલી અનજુમનની ધરમ ખાતાંની પુંજીના એક તરસટી તરીકેનો ઓહદો, પેહલવેહલો સાલે ૧૨૨૮ ના કદીમી ગાથા ૪ થાથી કબુલ રાખેઓછે.

સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની સખાવતથી ચાલતી "પારસી બેનીઓલેંટ ઇનસટીટીઉસન"ના એક અધીકારી દાખલ રોજ ૮ મો માહા ૩ જો કદીમી સાલે ૧૨૨૯ થી બીરાજતા રહેઆછે.

પરજાનો લાભ સંભાલનારી શુલેહના અંમલદારોની સભામા રોજ ૧ લો માહ ૪ થો કદમી સાલે ૧૨૨૯ થી નામદાર સરકારે તેમની નેમનુંક કીધીછે, જેની ખુબીથી વારો આવેચ તારે પીટીશેસનની કોરટમા મેજેસતરેટની સાથે બેશીને ઇનસાફ ઉપરબી ધેઆન આપતા દેખાએછે.

ઇરાંન દેસમા મહમદી રાજનો જુલમાત તાંહાંના જરથોસતીઓ ઉપર રોજે અવલથી જે પડતો આવેચ, તેનું દુખ નહીં ખમાઈ સકાયાને સબબે

કેટલાક લોકો હીંઆં ઉતરવા લાગા તે વખતથીજ તેઓની પરવરેશી આ શેઠના મરહુમ પીતા કરતા હતા; પણ પાછલથી જારે તે લોકોની આંમદાની વધવા માંડી, તારે તેઓના સંભાલ માટેનું હુધરાનું કરવાની કોશેસ, તેમના વડા ભાઈની આગેવાંની હેઠલ થાઈ તેમા તેનાએ સારી ઉલટ દેખાડી હતી. તે હુધરાંનાની સરૂઆત સાલે ૧૨૦૪ ના કદીમ અરદીબેહસત મહીનાના બહમન-રોજથી થાઇચ, તારથી તે આજ દાહાડા સુધી બીજા સાહેબોની સંગાથે એવન ભેગા રહેઆને લીધે તે માટેનું ઉપોઓગી ધરંમ ખાતું સારી હાલતમા નીભી રહેલું માલુમ પડેછે.

ઉપલાં કારણ માટે અનજુમન તરફનોબી પુશકલ પઈશો લેવામા આવેછે, મગર આ શેઠે પોતાની ખાનગી સખાવતથી ઈરાંન ખાતે ધરંમના કેટલાંક કાંમો કીધાં અને હજી સુધી તેવન કરતા રેહચ; તે જોકે જાહેરમા લોકોને દેખાડવા કાજે નહી, પણ ખોદા તરફથી ઉતરેલા બખશેસ મુજબ પોતાની એક ખાસ ફરજ અદા કરેછે. આ બાબે હમોને કાંઈક સંશેલો જે માલુમ પડઓ, તેની ચોકસ વીગત મેલવવા સારૂ જારે ઘણીજ તજવીજ કરવા માંડી, તારે મોટી મુશકેલથી થોડીક બાતમી જે હાથ આવીછે, તે કાંઈ તેવનની સ્તુતી ગાવા માટે નહીંજ પણ સખાવતના શોકી સાહેબોને સંતોસ પમાડવા, તથા તેવાં શુભ કાંમોનું ઉતેજન બીજાઓમા ઉતપન થવાના હેતુથી હેઠલ પરગટ કરીએછે.

પોતીકી તરફની સખાવતમાં; એકતો તાંહાંના નાવારેસ હંમદીનો (તેમાં મરદો, ઓરતો, અને છોકરાંઓ) ને ધહમબાર જેવી શુભ તીરથે શુતરાં ભોજનથી જે તરૂપત કરેચ તે પુન કાંઈ જેવું તેવું ગણાતું નથી; બીજું એકે, તેવા મોહતાજોનું બદન ઢાંકવા માટે રકમ બંધ કાપડો મોકલતા રેહચ; તરીજું, તેવીજ હાલતના છોકરાઓ તથા છોકરીઓ (જેમા કેટલાંક ખોડખાપણ વાલાંઓબી ભુલાતાં નથી) ને પરણાવી આપેછે; ચોથું એકે, કેટલાક લાઈલાજ લોકોની પરવરેશી માટે પઈસાનું દાંનબી દેખાડેછે; અને તે ઉપરાંત પાંચમુ કાંમ એવુંતો વખાંણવા જોગ માલુમ પડેછે કે, યજદ શેહરની પાશે "ખાતુનબાંનું* તથા હઇઆત બાંનું;" હેવે નાંમે ઇમારત ધાહની પુરાતમ જગાઓછે, તાંહાં દરવરશે જરથોસતીઓ એ શાહમજથી દીન દુશમેનો તરફનો મોડો રેવાજ પકડીને ઇમારત સારૂં ગાએ કાપી તેમા મોટું પુન હાંશેલ કર-

* આ ખાતુનબાંનુ બાબેની કથા ઇરાંની ભાઇઓમા એવી કેહવાએછે કે, આપણા છેલા શાહનશાહ યજદેજરદ શેહરીઆરની દીકરીઓ માહેલી તે એક અશો ખસલતની ને પરહેજગારીમા પુરી પતીવરતા હતી; તે બાપની સલતનત ખતંમ થતાં દીનદુસમેનોના હોમલાની ધાસતી ખાઈ, પાએતખતના શેહરમાથી નાહશીને જારે છેક યજદની પડોસમા આવી લાગી, તારે સતરૂઓના ઘેરામા પોતાને સપડાએલી જોતાંવાર પાહાડનો એક ગોફો જે નજર આવેઓ તેની અંદર તતકાલ ભરાઇ ગઇ, અને તેજ વખતે તાંહાંનો મારગ પોતાની મેલે એકાએક બંધ થઇ પડઓ. હાવો મામલો દુમબાલે લાગેલા દીનદુસમેનોએ જેવો જોયો, તેવોજ તેઓના દીલમા ખોદાનો ડર પેઠો; અને તે કરાંમત કુદરત તરફનીજ સહમજેઆ ઉપરથી તાંહાંના

વાની આરજુ રાખતા હતા; તે કમકમાટ ભરેઆં ગુનાહનાં કાંમથી તેઓને સદા દુર રાખવા માટે, ભાઈ માણેકજી લીમજી હોસંગ આંતરીઆ જારે હીંઆંની મંડલીવાલા સાહેબોની તરફથી આડતીઆ તરીકે તાંહાં ગયા, તારે તેનાએ દીનની સરીએત સહમજાવીને તે જગેપર આફ્રીનગાન વીગેરેની પવીતર ક્રીઆઓ કરવાનું ફરમાંવેલ, અને તે વાતપર તાંહાંના સરવે લોકો રાજીખી થીઆ; પણ તે રેવાજ કોઈ સદીથી ચાલતો આવેઆને લીધે, તાંહાંના જુદ-દીન મુજાવરો તથા રખેવાલોએ ગાએ કાપવાની મનાઈ સાહમણે બખેડા ઉઠાવેઓ, તેથી તેની સમાધાની સારૂં તેઓને કાંઈ આપવું પડેલ, તથા તે ઉપર શાહ તરફનો કોઈ કરખી લાગુ હતો તેની ખંડનીના મલી એક અમુક રકમ મજકુર આડતીઆના માંગેઆ મુજબ આ શેઠીઆએ અતરેથી મોકલાવીને તેઓનો દાવો માંડી વલાવેઓ, અને મુહબલક પઈસો ખરચી તાંહાં એક ચોતરેખી બંધાવી આપેઓ છે, તેથી કરી તે જગેપર અનજાને પણ થાતો કમકમાટ ભરેઓ અપરાધ અટકીને તેને બદલે તાંહાં હવે દીન ધરમની પાકીજેહ ક્રીઆના શુભ કાંમો તેવનના ખરચથી થતાં રેહછે.

પારસી તોલામા કોઈ સખશો પોતાની પાશે પુસકલ દરવીઅ હોવા છતાં સખાવતના શુભ કાંમોની શુંહમીઅતને સદા આધીન રહેલા જણાઈ આવેછે; તે છતાંખી એ કોમનો મોટો ભાગ, તેવી તંગદસતીને પોતાની પાશેથી દુર રાખી, સકમાઈના પઇસાને સારે મારગે વાપરવામા, સકરમીપણું બતલાવનારા માલુમ પડી આવશે; અને તેહવાઓની સંફમા આ શેઠખી સમાએલા હોવાથી તેનાએ એવાં રૂડાં કાંમોમા સખાવત રેલીચ કે, પોતીકા હંમદીન ભાઈ બંદુઓ જે બાબદની અગવડ ભોગવતા હતા, તેમા સવલ કરી આપીને તેઓ તરફથી અંતકરનના આશીરવાદ પાંમતા રેહછે; માટે તે સંબંધી આસકારાં થાઈ ચુકેલી ઇઆદીને હીંઆ નોધી લેવી નીરઉપીઓગી કેહવાશે નહી.

સાલે ૧૨૩૦ મા આ શેઠીઆની પેહલવેહલી જાહેર સખાવત કોઈ
હેવે સચોઘડીએ સરૂ થાઇચ કે, તે પછે જે જે કાંમો બનેઆં
તે માહભારત અને ઉપીઓગમા ઘણાજ વખણાતાં રહેલાંછે;
તેઓ માહેલું આ મંડાંણ ખરેખર સંતોસ પાંમવાજોગ જણા-
એઉંછે કે, પોતાના એક પુરા પેઆરા દીકરા નોશીરવાંનજીને
મજહબની સરીએત મુજબ સુદરેહ પેહરાવેઓ તેની ખુસા-

લોકોએ દર વરશે આ ખાતુનબાનુની યાદમાં જીઆરત કરવા માડી; તે હેવી રીતે કે, તે દાહાડે આ જગોએ ગાયો કાપવા લાગા; અને તે પછે ઘણે વરશે તાંહાંના જરથોસતીઓએ પોતાની સાહનશાહજાદીની યાદ હઈડાંમા લાવીને પાછલથી જારે હાવો રવઇઓ પકડી લીધો, તારે તાંહાંના મુરીદોએ તથા સરકારે લવાજમો લેતો કરીને ગાએ કાપવાની જીઆરતનો હક તેઓને વેચેઓ હતો; તારથી મજહબની વીરૂધ થાતું આવેલું કમકમાટ ભરેલ કાંમ કોઈ લાંમબી મુદતે આ પરોપકારી શેઠની સારી સહમજથી બીલકુલ બંધ થઈને રૂડી રાહપર આવેલું માલુમ પડેઉંછે; જોવો ઇરાંન દેશમા રેહનારા ગરીબ જરથોસતીઓની હાલત સુધારવા સારૂં સ્થાપેલાં ધરમ ખાતાંની ઉપજ નીપજના અહેવાલના પુસતકને સફે ૨૨૫ થી ૨૪૩ સુધી. નો. લે.

લીમા રૂ ૧,૨૫,૦૦૦ ની સરકારી ટકા ૪ વાલી વીઆજુકી નોટા ચાર સાહેબોના સંભાલપણામા અલાહેધી કાહડી આપીને, એવો બંદોબસત કીધોછેકે દરસાલે ઉપજતા રૂ૫,૦૦૦ જરથોસતી ટોલાના આબરૂદાર તથા કુલવાન ગરહસથો જે જમાનાના હાદસામા ફસીને તંગદસતી ભોગવતા માલુમ પડે, તેઓને છુપેઓ આસરો આપવા કાજે વાપરવા. આ રૂડાં કાંમની સરૂઆત થાઈચ તારથી તે આજ દન શુધી સાંભલેઆ પરમાંણે ઉપજમાથી રૂ૫૦,૦૦૦ ને શુમારે ખરચાઈ ચુકાથી કેટલાક લાએકીવાલા પણ લાઇલાજ જરથોસતીઓની હોરમત સારી રવેશે સચવાઈછે; અને તેજ કારણ માટે અસલ થાપણ જે જલવાએલીછે, તેનું પરીણામબી તેવીજ રીતે જાથુક નીવરતું રહેઆથી તેહવા મોહતાજોની મુસકેલીએત આસાન પાંમેઆ કરશે........................ ૧,૨૫,૦૦૦

ઉપલીજ તીરથ તાંકણે પોતીકા પીતા મરહુમ શેઠ ફરાંમજી ભીખાજી પાંડના પુણ માટે દર શાલે ધાહંમબાર કરવા, તથા આંધલા લુલા, અને લાચાર ઈરાંની પારશીઓને જમાડવા સારૂં પરથમ રૂ૨૫,૦૦૦ ની ટકા ૪ વાલી નોટ એજ ચાર સાહેબોના સંભાલ હેઠલ તેહવાજ બંદોબસતથી આપી હતી; પણ તેની ઉપજના રૂ૧૦૦૦ ધારેલાં કાંમોને પુરતા નહીં જણાયાને લીધે, તેમાં બીજા રૂ૨૦,૦૦૦ ઊમેરીને કુલ રૂ૪૫,૦૦૦ ની થાપણ મોટી કરી આપી; જેની ઉપજના રૂ૧,૮૦૦ મધેથી દર વરશે કદીમી તીર મહીનાના ધાહંમબારની એક નેઆતમાં સઘલા જરથોસતીઓનું જમન થાએછે,* અને તે ઉપરાંત મરહુમ મુરબીના રોજગારને દાહાડે ઉપર જણાવેલી હાલતવાલા ઈરાંનીઓને જમાડવામા આવેછે.................. ૪૫,૦૦૦

મુંબઈ જેવાં પરએઆત શેહરમા બાહેરના દેશાવરોથી આવતા અંજાંણેઆ જરથોસતીઓને ઉતારો મલવાનું જાહેર મકાંણ બીલકુલ નહીં હોવાને લીધે મુસાફરોને વીસાંમો લેવાની બહુ અડચણ પડતી હતી; પણ પારશી લોકો પોતાના હમદીનોની

* કદીમી અનજુમનના અકાબર સાહેબો પાશે ધાહંબારના કારણ માટે કોઈ મુદતથી ઉભી કીધેલી થાપણ વધીને આજે મોટી થાએલી કેહવાએછે, પણ તેમાથી તેહવે ટાંકણે નાંધલી મોટી અનજુમનની નેઆત કોઈ દાહાડબી જમાડવામા આવેલી સંભલાઈ નથી; માટે એ બાબેનું પેહલવેહલું પગલું ભરનારા તેહવાં માન લાએક આ ગરહસથ ગણાએછે, અને તેની પુંઠે તેમના મશીઆઈ ભાઇઓ શેઠ દાદાભાઈ તથા મનચેરજી હોરમજજી કામાજીબી તેવીજ ખુબી લેતા જણાયાછે કેમકે તે સાહેબોબી પોતીકા મરહુમ પીતાની નઈએતે દર શાલના ધાહમબાર ટાંકણે નાંધલી મોટી અંનજુમન જમાડવાની એકેક નેઆત કરેછે, તે પુણ કાંઇ થોડું નથી થાતું. નો૦ લે૦

પરોહણાગતને અસલથીજ રૂડી રવેશે પીછાંણતા આવેચ, તેથી તેહવા પરદેશીઓ પછે સગા સનેહી, કે ઓલખીતા અથવા અંજાંણેઆ જેખી હોય, તેની થોડીક સગવડ તેઓને રેહવાના ઘરોમા સચવાઇ સખાતી હતી; પણ પાછલથી ઘેરોના ભાડાં મોઘાં થવાને લીધે જાંહાં રેહવાશીઓને સંકડાસ ભોગવવી પડી તાંહાં પરોહણાની દરકારખી આસતે આસતે ભુલાતી ગઇ; એટલુંજ નહીં પણ આગ ગાડી ચોમેર ફરતી થયાથી અગાઉ કરતાં ઘણા લોકોએ પોતાના કારણશાર અથવા શેલધાહ માટે જારે હીંઆં આવવા માંડેઊં, તારે તેઓને વીસાંમો મલવાના હેતુથી આ સખી શેઠે હીંમત કરીને ફરેલવાડી* આગલ મરહુમ શેઠ કાવસજી બેરાંમજી બનાજી વાલાં આતસબેહરાંમની સાંમણે પોતે લીધેલી મોટી જગેઆમાથી રૂ૩૬,૦૦૦ ની કીંમતવાલો એક કોસાદે ભાગ અલાહેધો કાહડીને, તે ઉપર ઘણી શોભઇતી બીલંદ એમારત રૂપીઆ એક લાખ ખરચી જે બંધાવી આપી, તે ચોમેર દેશાવરોમા "પાંડેની ધરમશાળા" ને નામે આજે આસકારાં થઇ રહીછે.† આ ધરમ ખાતું શેઠ મેરવાંનજીએ પોતાની મેહેરબાંન માતોશ્રી ગુલેસતાંબાંનુ રોજ ૧૬ મો માહા ૭ મો કદીમી સાલે ૧૨૩૪ ય૦ એ વરસ ૮૫ ની જઇફ ઊંમરે જીંનતનશીન થયાં તેણીના પુણ માટે સ્થાપણ કરીને તેવણની વરસીને દાહાડે (૧૨૩૫ મા) પારશી મુસાફરોના વીસાંમા સારૂં જે ખોલું મેલવામા આવેઊં, તે વાતને હવડાં સાત વરસ વહી ગયાંછે; તારથી દેશાવરોના જરથોસતી લોકો પોતાની સગવડ સાચવતા, આ શાકરમી શેઠના હકમાં સોકર ગુજારી સાથે અંતકરણના આશીરવાદ દેતા દેખાએછે. આ માહબારત મકાંણની અંદર રેહવાવાલાઓને જોઇતો સર સામણ તથા માહવજતને માટે એક જરથોસતીને નોકરીએ રાખેઓછે, તેનો પગાર તથા તે મકાંણને જાથુક મરાંમતથી સારી હાલતમાં રાખવાના ખરચની એક અલાહેધી થાપણ, જે ચાર સાહેબોના સવાધીનમાં સોંફી આપીચ તેની સંખેઆ જાહેરમા નહીં જણાયાને લીધે જગાની કીંમત તથા બાંધકાંમની લાગટ મલી જે થયા તેજ માતરે હીંઆં દાખલ કરીએછે·· ૧,૩૬,૦૦૦

---

* શેહર સુધરાઇના ખાતાંએ આ રસતાને "હવડાં ચરણીરોડનું" નામ આપેઊંછે. નો૦ લે૦

† એ ધરમસાલા બારોડા રેલવેના મઠકથી થોડેજ છેટે આવેઆને લીધે મુસાફરોને સવલ પડતી ગણાએછે. નો૦ લે૦

ઈનસાંણોને બીમારી ટાંકણે દવા દારૂની જેટલી જરૂર હોએચ, તે કરતાં વધારે અગત તેઓના સાજા થવા પછે તનદરોસતીને પુરાતી આપવા માટે સારી હવા લેવાની જણાએછે. એવે અવસરે શકતીવાલા સાહેબો પાસે તેવાં મકાંણોબી હોએચ, અગર નહીં તો એકના દશ ખરચી પોતાને તથા પરીવારને સંતોશ પમાડેછે; પણ વચલે તથા ઉતરતે વાંધેના પારસીઓને તેહવાં મકાંણો મલવાં ઘણાં મુસકેલ પડતાં, અને ખરખુસાંમદથી મલે તો છેક દુરદરાજ જવાના ખરચને લીધે બનતાં સુધી શુખાકારીનો લાભ લઈ શખાતો નોહતો. આ વાત ધેઆંણપર લઈને શેઠ મજકુરે વચલે કોલાબે પશચમ દશા તરફના દરીઆ કીનારે નીરમલ હવા વાલી જગેઆ ઉપર એક ગંજાવર એમારત ("મેહરવાંન બાગ") બંધાવીને રોજ ૧૩ મે માહ ૪ થો કદમી શાલે ૧૨૩૬ ય० થી જાહેર વપરાસ સારૂં ખોલી મેલવામા આવીછે.* આ

---

* હાવું નાદર મકાંણ બંધાઈને તઈઆર થએઆ પછે ગરીબો ઉપરાંત સખતીવાલા સેંકડો સાહેબોબી સાંભલેઆ પરમાણે તાંહાંની ચોખી હવાનો લાભ લઈ આવેલાછે; તે સરવેનો સરવાલો આજ દન સુધી જે હજારોનો ગણાઈ સકાએ, તેટલી મોટી સંખીઆ એકી આવાજે આ મકાંન બંધાવનારના હકમા દુવા દેતા હજી હઈઆત માલુમ પડેછે; અને તેઓ માહેલા ઘણા લોકોએ પોતપોતામા ખાનગી રીતનાં હુંધરાંનાથી એક સારી થાપણ ઉભી કરીને આ સકલગુણી શેઠના અરધઅંગનું એક બાહવલું છેક વેલાતવેરથી બનવાવી મંગાવી તેમની ઇઆદગારી પરકાસતી રેહવા માટે એજ બાગમા લાએક જગોએ ગોઠવવાનો ઠેડાવ કરી દીધોચ, તે "બસત" હમારા સાંભલવા પરમાણે તાંહાં તઈઆર થવા આવેલછે, માટે ધારીએચ કે, આ નોધ બાહેર પડવા ટાંકણે આવીને ઘટતી જગોએ ગોઠવાઈ બેસશે.

ઇનસાંનોને આરાંમ પમાડનારૂં આ મકાંન તઈઆર થાએલું, તારે તેની ભેટ લેવામાટે તે વખતના આપણા નામદાર ગવરનર સર બારટલ ફ્રીઅર, તથા શેનાધીપતી સર રાબરટ નેપીઅર (હવડાં લારડ નેપીઅર આવ મગદલા) પોતપોતાના રીસાલા સહીત તાંહાં બીરાજેઆ હતા; અને તે સાહેબોએ સઘલી જગા સારાં ધેઆંનથી જોઈ વલીને પસંદ કરતાં, શેઠ મેરવાંનજી પોતાના મીતરો સાથે તાંહાં હાજર હતા, તેનાને મુબારકબાદી આપી કહેલું કે, "હાવાં એક મકાંનની "તમારા લોકોમાં જે ખરેખરી ખુટ હતી, તે તમે એખીલાએ સખી દીલથી પુરી "પાડીછે, અને તેના અગણીત ફાએદા હમો એટલા સહમજીએચ કે, જે જે લોકોની "સરીર સાનતી જેમ સુધરશે તેમ તેનું અતીઅંત પુન તમો હાંશેલ કરશો." આવા મોટી પદવીના માંનવતા હાકેમ તથા સરદારે આપેલી સાબાશીના સખુનો જે સાહેબો તે મકાંન પર હાજર હતા તેઓ માહેલા એક નેકનામ ગરહસથને મોહડે સાંભલેઆ મુજબ આ સરેહમા એક સાખશી તરીકે સમાવી લઈએછે.

આવાં મકાંનોથી થતા બેહધ ફાએદાની તારીફમાં તા० ૨૦ મી જાંણીવારી તથા ૧૩ મી એપરેલ ૧૮૭૨ ના લંડન ખાતે છપાતાં "લાંનસેટ" નામના અંગરેજી વરતમાંન પતરો મધે જે બીનાઓ લખાઈચ તેનો સાર આ જગોએ લાગુ પડતો જોઈ દાખલ કરીએછે કે, "તંદરોસતી બખસનારાં મકાંણોવીના દરદીખાના (ઈ-

મેહલ જેવી એમારતને ચારે તરફ ફરતા ચોકની અંદરથી એવી રીતે બાંધીચ કે, તેમા બીમારીથી થોડા ઘણા મોકલા થાએલા પોણોસો સખસો સેહલથી સમાઇ સકેછે; અને હવાની સાથે ઉજાસનો લાભ તથા બગીચાનો પમરાટ બી પાંમેછે. મી० રૂસતમજી જમશેદજી નાદરસાહ નામના એક કાબેલ દાકતરને મુસારે દાર તાંહાં રાખીને તેમની સાથે હેવી બોલી કીધેલી કેહવાએચકે, તાંહાં જઇ રેહેલા કોઈબી દરદીને તેમની સલાહની જરૂર પડતો તે મુફત આપે, અને દવાઈ વાપડવાની અગત જણાએ તો તેની વાજેબી કીમત તેઓ પાસેથી લીએ. એ મકાંણબી ચાર સાહેબોના સવાધીનમાં સોંફેલછે, અને તેની લાગટ ઉપરાંત આકેબતની મરાંમતનું તથા જેબી જોઇતો ખરચ લાગે તે માટે અલાહેધી રાખેલી થાપણ વતરેગે આ મેહરવાન બાગપર રેકેલા જે કેહેવાએચ તેની સંખીઆ ૪૦૦,૦૦૦

૧૨૩૨ તથા ૧૨૩૩ મા અમેરીકાની લડાઈએ રૂઉરાજાની બરકત મુંમબઇ ખાતે બેસુમાર આંણી, તારે તેહવા વખતપર નહી મનાએ તેહવી રીતે દોલતની ઉઠલ પાઠલ થવામાંડી; તેમા સરવે ચીજની મોઘવારી સાથે રેહવાના ઘેરોના ભાડાંઓબી એટલાંતો આકરાં થાઇ પડ્યાં હતાં કે, તેથી બીચારા થોડી કમાણીવાલા ગરીબ લોકોને તે વીશેની બહુજ દીકદારી ખંમવી પડી; જેબાબેની ખબર માલુમ પડતાંજ, આ શેઠીઆએ કરેલવાડી આગલની ખરીદ કરી લીધેલી જગેઆ, જે ગીરગામ તરફના રસતાથી તે છેક ઉપર જણાવેલી પોતીકી ધરંમસાલા સુધીની ખાલી પડેલી હતી, તાંહાં તેહવા લોકોને વસાવવામાટે લાએક મકાંણો બંધાવીને બને તેટલાં સસતાં ભાડાંથી રાખવાનો ઘણોજ નેક વીચાર કીધો હતો; પણ બીચારા ગરીબોના ભાએગ એવાંતો હીના માલુમ પડ્યાં કે,

---

"અને હાસપીતાલો) ચાલેલાં નકાંમાછે, એવું અકલમંદ લોકો જોકે હવે પીછાંણવા "લાગા, તોપણ એ બાબદમા કોઈ ચોકસ ધારા બનાવવાની જરૂરછે." આ ઉપરથી વાંચનારા સાહેબોને વીચારવાનું બની આવશે કે, "મેહરવાનબાગ" બનવાની બાબદ ખોદાતાલાનીજ બેસારતથી શેઠ મેરવાંનજીએ પોતાની ફરજ અદા કીધેલીછે.

આ રલીઆંમનું ચમન જારથી ખોલ્લું મેલાએલુંચ, તારથી તે ૧૨૪૨ ના કદીમી પાંચમા મહીનાના ૧૨ મા રોજ સુધી તેમા રેહવા જણારાઓને મુંફત રજા મલતી હતી; પણ તે પછે રજા મેલવનારાઓ પાશેથી રૂ ૧ ની દસતુરી લેવાનો જે ઠેડાવ થાએલો સંભલાએછે, તે આપવો હમો ધારીએચ કે, કોઇનેબી ભારે પડતો હશેજ નહી. નો० લે०

કાંમની સરૂઆત થયા આગમજ મુંબઈના આખા વેપાર
ઉપર સેરસટાનું તોફાંણી વાદલ એકાએક એવુંતો સખત ફરી
વલેઉં કે, તેના ઘેરાવામા નાંધલાથી તે નાંમીચા, અને કીરતી-
વાંન વેપારીઓ સરવે સરખી રીતે ફશી પડ્યા; જેની
જહપટ આ શેઠનેબી વલગેઆ છતાં, શેકરછે તે કીરતા-
રની બખશેસના, કે પોતાની મનસની સાચવીને બનતી
કોશેસથી આંટ ને હોરમતની રાહે નીભાવીતો સએઆ; પણ
તેમાં નુકસાંણી એવી જબરી નીપજી કે, તેથી પોતે ધારેલ
નેક મુરાદ નીસફલ થાઈ; તે છતાંબી મુખડાની સઘલ
જગેઆ પોતીકાજ હંમદીનોને વેચાતી આપતાં ભીતરની
જગા જેટલી બાકી રહી, તે ઉપર તજવીજાતથી ફરતી ચા-
લીઓ પોતે બંધાવીને લેવા આવનારા પારશીઓને સસતી
કીંમતે વેચાંન કરી દીધી; તે એટલીજ મતલબથી કે, બી-
ચારા ગરીબોને રેહવાની સગવડ મલે; માટે નફા ઉપર
બીલકુલ નજર નહીંજ કરતાં તે સઘલી ચાલીઓ (જેમા
આજે નાંધલાં મોટાં મલી ૫૦૦ પારશીઓ સમાએલા સંભ-
લાએછે) જારે વેચાઈ તારે તેના એકંદર વકરા સાથે ખરીદ
ભાવનો મુકાબલો મેલવતાં સાંભલેઆ પરમાણે જે ઓછા
ઉપજેઆ, તે સખાવતની રાહે પોતાના ગરીબ હમદીન ભા-
ઈઓ ઉપરથી સદકે કીધા તેની એકંદર સંખીઆ ૨૫,૦૦૦

પોતાના હમદીન ભાઈઓનું સુખ સાચવવા માટે કીધેલી સખાવતના ૩૭,૩૧,૦૦૦ તો જાહેરમા જણાઇ આવેઆછે; પણ તે ઉપરાંત કેટલીક રકમો તેવણથી ગુપત રીતે જે ખરચાઈ ચુકીચ, અને હજી અપાતી રેહચ તે બાબેની ચોકસ હકીગત મેલવવાની હમારી સઘલી કોશેસ ફોકટ ગયાને લીધે તેટલી સંખીયા હીંઆં સમાવી શકતા નથી. જાથુકના ચાલુ રાખેલાં ધરમ ખાતાંઓની જાલવણી માટે ચાર સખશો જે "તરસટીઓ" તરીકે મવકલ થયાચ, તેઓમા એકતો આ શેઠ પોતે, બીજા તેમના ભાઈ દોરાબજી ફરાંમજી પાંડના, તરીજા શેઠ દીનસાજી માણેકજી પીટીટ, અને ચોથા શેઠ શાપુરજી અરદેશર પાંડના ઘણી રૂડી રીતે વહીવટ કરતા માલુમ પડેછે; અને તેઓનાજ સવાધીનમાં તે કારણ સરની અપાએલી પુંજી ઉપરાંત કોલાબા ખાતેના "મેહરવાન બાગ," તથા કરેલવાડી આગલના મુસાફર ખાનાના મકાંણો સદા સારી હાલતમા રાખવા, તથા અગતસર જોઈતી મરાંમત વગેરેનો ખરચ પોંહચી શકે તેટલી અમુક રકમની એક થાપણ આ શેઠીઆએ અલાહેધી કાહડી આપેલી સંભલાએચ તેથી હાવાં માહભારત કાંમોની કીરતી વીશેસ દીપતી દેખાએછે.

સાંભલેઆ મુજબ આ શેઠ પોતીકા હમદીનોના સુખ માટેની સખાવત કીધા ઉપરાંત, મલતી જોગવાઈએ પોતાની સખતી સંભારી પરકોમનેબી કદી ભુલેઆ નોહતા; પણ તેહવી વાતો એટલીતો ગુપત રાખેલી જણાઈચ કે, આ-

પનાર અને લેનાર શીવાએ બનતાં સુધી તરીજે કાંને તેનો સંશેલો જવા દીધોજ નથી; માટે એટલી તેણાની છુપી સખાવત સ્તુતી પાંમવા જોગ વીચારતાં આટલું તો ધારી શકાએછે કે, તેવી કીરકુલ રકમો જો આજ દન સુધી કોઈ ભેગી કરીને કેહવા ચાહે તો બે લાખથી કાંઈક વધારે થાએ, તારે આ સખી શેઠની સખાવતનો સઘલો સરવાલો ઓછામાં ઓછા દશ લાખ રૂપીઆનો અટકલવામા કાંઈ સરાહગાત જેવું તો કોઈથી કેહવાશેંજ નહીં.

અમેરીકા ખાતે માહોમાહે ઉઠેલી લડાઈ ટાંકણે લાંનકેસાએર ખાતેના વણકરોની રોજી બંધ પડઆ ઉપરથી, તેઓના પોસણ માટે આપણી ટાપુમા જારે હુધરાંણુ થએઉં; તારે તેની ટીપમાં આ શેઠે રૂ૧૨,૦૦૦ ની રકમ જાહેરમા જે ભરી આપી હતી, તેજ સાખશી ઉપલા ફકરાની મજબુતાઈ દેખાડવાને બસ ધારી, આ બાબદમા હવે વીશેસ લખવું મોકુફ કરીએછે.

આ ગરહસથના ખવાસની પુરતી માહીતી, જોકે હમો કરતાં તેવણની સાથે રાત દાહાડો સંબંધ રાખનારા ઘણાક સાહેબોને સારી પેઠે માલુમ હોવી જોઈએ; તોપણ તેવણની પેસાંણી ઉપરથી ખરેખરા એક બાહોસ, થંડા સવભાવના, ચપલબુધી ધરાવનારા, ખુશ મીજાસમા સમાએલા, મયાલુ અને મેહરબાંન મનના તેવણ અટકલાઈ સખાએછે, અને તેવીજ ખાશીએતની સમપુરણતાઈથી સખાવતના હાવાં માહશુભ કાંમો આરંભ થઇને જેમ સચવાતાં ચાલેચ, તેમ આશેઆ રાખવી જોઇએચ કે, ચંદરોકાલ સુધી તે સજીવણખી રહી સકશે.

શેઠ મેરવાંનજીને તાંહાં પરથમ ઘણાંક બાલકો જનમેઆં હતાં; પણ બચપણમાજ તેઓ મરણ પાંમેઆ પછે, પાછલથી બારેહકતાલાની બખશેસ જારે ઉતરી, તારે રોજ ૨૫ મો માહા ૮ મો કદીમી સાલ ૧૨૨૦ ય૦ એ એક બરખુરદાર બેટો હસતી પાંમેઓ; અને તે ભાએગશાલીએ નોશીરવાંનજીનું નેક નાંમ હાંશેલ કરી લઈને પોતાની લાએકાતથી સારી ચલગત સાચવી તેમના મા તથા બાપને તેઓની જઈફીએ પોંહચવા આવેલી જીંદેગીમા ખુશી સાથે મગરૂર રેહવાનું કારણ આપેઉંછે. આ સપુત શેઠની શેઆદી રોજ ૨૦ મો માહા ૬ ઠો કદીમી સાલ ૧૨૪૦ ને દીને એક અશો ખસલતના નેકનામ મરહુમ શેઠ ધનજીભાઈ ફરાંમજી બાટલીવાલાના નાંધલા દીકરાની દીકરી બાઈઆઈ સાથે મુબારક થઇ હતી; જે પછે તેમને તાંહાં રોજ ૭ મો માહા ૯ મો કદીમી શાલ ૧૨૪૧ ને રોજે એક બેટો જે જનમ પાંમેઓચ, તેનું નામ ફરાંમજી રાખવામા આવેઉંછે. આ બાલકના અવતરેઆથી શેઠ મેહરવાંનજીની વસતી વાડીમા વધારો થવાની જે ઉમેદ રેહચ તે પરવરદેગાર પુરી પાડે; અને ખુજોરગ ફલાકાકાનું નામ લઈને આવેલો આ નખીરો તેમના જેવો જઇફ તથા ભાએગશાલી નીવડે; એવા આશીરવાદ ચાહીને આ બીનાને હવે હીંઆંજ સમાંપત કરી દઇએછે.

મોદી ખાનદાનની સરૂઆત.

સુરત ખાતે માજી ઇસટ ઈનડીઆ કુંપનીના વેપાર ખાતાંની કોઠીવાલા અંગરેજોના રીસાલાને અનાજ વીગેરેનો શીધો સામાણ પોંહચતો પાડવાનુ પેહલવેહલું કામ, તાંહાંના વતની શેઠ હીરજીભાઈ વાછાગાંધીએ પોતે અથવા તેમના પીતાએ ય૦ સાલ ૧૦૦૦ મા જારે માથે લીધું, તારથી તેવણ મોદીની અટકે ઓળખાવા લાગા; એવી વાત તેમના પરીવારોથી પરીછવામા આવીછે.

આજથી ૨૦૬ વરસની વાતપર જારે આ ટાપુ અંગરેજી તાજને સપુરદ થયો, તારે સરકારી માણસોને ઉપલી કીસમનો ખોરાક પુરો પાડનારા અનુંભવી મોદી તરીકે સુરતના સતાવાલાઓએ આ ગરહસથને હીંઆં મોકલાવી દીધા મુજબ, તાંહાંનું કાંમ પોતાના એસીઓને સોંફેઆ પછે પોતાના દીકરા નાનાભાઇ ઉપરાંત પરીવારને લઇ પેહલવેહલા સાલે ૧૦૩૬ મા આવી વસેઆ; જેની સાદત ગુજરાતી કવીતામા છપાઇને બાહેર પડેલાં "સીઆવક્ષ નામાના" દીબાચા અંદર તેના અસલી બનાવનાર મોબેદ રૂસતમ હમજીઆરે પણ દાખેલ કીધેલી આલમમા હવડેજ આસકાર થાઇછે.

હમારી સોધ પરમાણે પટેલની ૨૭ વરસ પાછલ પારસીનું આ ચોથું પરીવાર આવેલું જે માલુમ પડઊંચ, તે ઉપરાંતબી એટલા અરસામા વધારે જરથોસતીઓ હીંઆં હોવા જોઇએ; પણ તેવાઓના અહેવાલની યાદી હાથમા નહીં આવેઆને લીધે તેટલીજ વાત અંધારાંમા રહેલી વીચારીએછે.

મજહબનાં ફરમાન મુજબ તે વખતના પારસીઓને માટે એબાદતખાણું, તથા મરણ પાંમતાં રવાંણોને અવલમંજલ પોંહચાડવાનું એકાંત મકાંણ તેનાએ જારે હીંઆં નહીં જોએઊં, તારે ધરમની તાશુબી હઈડે ધરી પોતાને ખરજાંનેથી ચોપાટીના ડુંગરની થોડીક જગેઆ વેચાતી લીધી; અને વસતીનું પરમાણ જાચીને તાંહાં એક નાધલું દોખમુ, તથા તેની સાથે નીસબત રાખનારી એક સગડી બંધાવીને તે બેહુ મકાંણો રોજ ૧૯ મો માહ ૧ લો સાલે ૧૦૩૯ ય૦ એ દીનની રસમ મુઆફેક જસંણની કીરીઆથી અનજુમનને અરપણ કરી દીધાં હતાં. એજ ટાંકણે કોટના મોદીખાનામા પોતાને રેહવાના ઘેરની સાહમી ગલીની ઉતર દસાએ આંક ૭ તથા ૮ વાલાં બે ઘેરો જે હવડાં જોવામા આવેચ, તે મકાણ અસલમા આ હીરજી શેઠનું હતું તે ઉપર એક અગીઆરી પણ એજ દીનદાસતે બંધાવીને સરઅવસરે પોતીકા હંમજાતીઓને વાપરવા સારૂં ખોલી મેલી હતી.

ઉપર જણાવેલાં ધરમના મકાંણો માહેલી અગીઆરી, લગભગ ૧૩૩ વરસ સુધીના આવરદા ભોગવીને ઈ૦ સને ૧૮૦૩ મા જારે આફત ભરેલી આગથી પોણું કોટ બલી ગએઊં, તારે તેની સાથે ભસમ થઇછે; પણ આરાંમધાહની જગેઆ આજે ૨૦૪ વરસની ઊંમરે પોંહચેઆ છતાં, પરવરદેગારની પીરોજગરીથી હજી વધારે લાંમબી જીંદગી ભોગવવાની આશેઆ સહીત સારી

હાલતમા સલાંમત દેખાએછે, અને તેટલીજ મુદતની સગડી જે તારપછે એજ ડુંગરપર બંધાએલાં બીજાં દોખમાઓની અંદરબી રાતરે રોસનીની જોત આપતી રહીચ, તેની અસલ બાંધણી એવીતો અગવડ ભરેલી હવડાં માલુમ પડીચ કે, તાંહાં જસણ ટાંકણે, તથા રવાંણોના સચકાર સાથે જનારાઓને તે સગડીની અંદરના આતસ ઉપર સુખડ મેલતાં જે અજાબ થતો હતો, તે વાત જરથોસતી અકાબરો માહેલા દીનચાસીદાર શેઠ દીનસાજી માંણેકજી પીટીટે ધેઆનમા લઇને, સગડીની ચોતરફના ખાલી ઓટલા ઉપર નવી ધપનું એક મકાણ જે બંધાવેલંચ, તેની સાથે આ સગડી જોડી લઈ તેનેબી ઘણી સારી રોનક આપીછે; માટે એ અસલી ધપની સગડી જાંહાં એબીલી દેખાતી હતી, તાંહાં હવે એબાદતખાનાનું રોનકદાર બીલંદ મકાંણ બની રહેલંછે; માટે તેને બંધાવનાર સાથે મોદીખાનદાનની અસલી કીરતીને કોઇથી ભુલાઈ શકાશેબી નહીં.

આ મોદી ખાનદાનના વડવાઓ પાશે, આગલા વખત પર સરકારને શીધો પોંહચાડવા માટેનું ઓહોલું કાંમ હોવાથી, તેઓના હાથ હેઠલ કેહચ કે હજારો લોકોની રોજી હતી; પણ જારથી તેવું કામ પરચુટન હાથ જઇ બેઠુંચ, તારથી તેઓના વારેશો વીખરાઈને જેમ જેને વગ ફાવેચ તેમ જુદા જુદા ધંધાને તેઓ વલગી રેહતા જણાએછે.

કેટલીક બાબદોમા આ માનવંતાં કુટુંબીઓની કીરતી ઘણીવાર રૂડી પેરે પસાર થાએલી કેહવાએછે, પણ તેની સાદતમા ઉપર જણાવેલી થોડીક યાદી શેવાએ બીજું કાંઈજ સલામત રહેલં નથી. આનો સબબ એવો સમજાયોછે કે, ઇ૦ સને ૧૮૦૩ ની આગે તેઓના ભરેઆં ઘેરો જે ભસમ કરી નાખેઆં, તેમા સઘલાં દફતરો તથા દસતાવેજો નાસ પાંમેઆં; તેથી કરી વધારે અહેવાલ મેલવી સકાએઓ નથી.

વાછાગાંધીની છઠી પેહડીના નબીરા, શેઠ જીજીભાઈ જમશેદજી મોદીની જાહોજલાલીનું વરણન વીસતારી કેહવા લાએકની કોઇજ હકીકત હાજર નથી; પણ એક દસતાવેજ ઉપરથી આટલુંતો જાણવામા આવેલંછે કે, તે સાહેબ સાલે ૧૦૯૪ મા પુર તંદરોસતી સાથે હઈઆત રહીને અનજુમનના એક અકાબર તરીકે હીંઆંની વસતી સાથે સારી રવેશે પરોટાએલા હતા.

એજ શેઠના દોતરાઓ માહેલા એક જમશેદજી બોધાજી મોદી વીશે એવી વાત કેહવાએલીછે કે, તેવણ પોતાના બેશીઓ સાથે ભેલાઈ રહીને હીંદના જરથોસતીઓની પેઠે વડવાઓથી ઉતરતા આવેલા રેવાજ પરમાણેના પંથમા સમાએલા હતા; પણ સાલે ૧૧૫૩ મા મરહુમ દાદીશેઠે પેહલવેહલા આતસબેહરાંમ બંધાવીને તઇઆર કીધા, તારે બીજા થોડાક હમદીનોની સાથે ઇરાંની રોજ માહ ઉપર અમલ કરવા લાગા; અને તે દાહાડાથી તેમના વંસના કેટલાંક વારેશો કદીમી પંથમા પેઠેલા માલુમ પડેછે; બાકી આ કબીલાનો મોટો ભાગ સાંભલેઆ પરમાણે આગલાજ તરીકાને વલગી રહેલા જોવામા આવેછે.

વંસાવલીની ટીપમાં આ ખાનદાનનો માતરે મુખીય ભાગ જે જોવામાં આવેઓય, તેવું કારણ એકે તેમના પરીવારોનો વીસતાર અતી બોહોલો ફેલાએઆને લીધે, હાલના નબીરાઓ અપસઅપસની ચોકસ સગાઈને પીછાનવામા અંજાંણીઆં દેખાએછે; તેથી મેહનત લેતાં જેટલા સાહેબોના નામો શોધાઇ સખાએઆં, તેટલાંઓનેજ દાખલ કીધાંછે.

એજ કુટુંબના એક સકરમી શેઠ દાદાભાઇ નોસરવાનજી મોદીનું નામ ઉપલા સબબથી ટીપમા આવેલું નથી; પણ તે સાહેબ વીશે એવી વાતો હીંઆંની વસતી વચે ઇઆદગાર રહીચ કે, તે ગરહસથે પોતાની જવાંનીમા ચીનના દેસ સાથે મોટો વેપાર ફેલાવીને દરવીઅનો સારો ભંડાલ ભેગો કીધો હતો; અને તેનો ભોગવટો રૂડાં મનથી એવોતો કરતા હતા કે, તેથી પોતાના દોસત આસનાઓ ઉપરાંત ગરીબ બેશીઓ, પોતાની કોમ તથા પરગણાત વાલાઓને સરખી આંખે જોઈ તેઓની હાજત પુરી પાડવામા કોઈવારબી પછાત રેહતાતા નહીં; અને તે સાથે ખેરખેરાતબી સારાં ધેઆનથી સખાવતની રાહે મોકલે હાથે કરતા હતા. સાંભલેઆ પરમાણે આ શેઠને તાંહાંબી ફરજંદોની વરધી થાઈ હતી, પણ તેઓ બાલવએમાં મરણ પાંમેઆને લીધે, તેનાની જીંદગી જારે રોજ ૧૧ મો માહ ૧૨ મો શેહણસાહી સાલે ૧૧૭૯ ય० એ ૫० વરસની ઉમરે મગરેબની કોરે પોંહતી, તારે મોટી દોલત અસતાં વારેસ વીના પોતે બેહસતનસીન થએઆં. આ શેઠની મીલકતો મુંબઈમા મુહબલક હતી, તે તેવનના ગુજરેઆ પછે વસીએતનામાના વકીલોએ ઘણીખરી વેચી નાખી; જેઓ માહેલી માતરે એકનીજ યાદ હમોનેછે, તે કોઈજ નહી પણ હારંબીરોના રસતાપર, અને ટાઉન્નીતને નાકે ઉતર તરફ આવેલી એક મોટી ચેહલી, જે પેહલાં મરહુમ રૂસતમજી નવરોજજી બંગાલી, અથવા મેડકીએ લીધેલી હતી; પણ હવડાં તે મીલકત આપણી વસતી વચે પરોટાએલા શેઠ બેરાંમજી જીજીભાઇ પાશેછે; તે મોદીની અથવા મેડકીની ચેહેલીનેજ નામે હજીશુધી લોકોની ઓલખમા સમાએલીછે. એ ઉપરાંત એક મોટું ઘેર મોદીખાનામા સલામત ઉભેલું કેહવાએછે. આ સખી શેઠીઆના મરણ બાદ તેમના મેહરબાંન માતાજી નવાજબાઇએ એક પુનવંતાં કાંમની એવી સોચના કીધી કે, આ મરહુમની નઇએતે આતસબેહરાંમ બાંધવા. એતેફાક એવો બનેઓ કે તે બાઈ તો બીમારાં ગુજરી ગયાં, પણ તેણીની વીધવા વહુ જાઈજી મોદને પોતાના પેઆરા ભરથારના પુન માટે આ માહભારત કાંમને માથે ઉઠાવી લીધું; અને વાડીયાજી શેઠ હોરમજજી બમનજીની તેમા સાંમેલગીરી મેલવીને આ મરહુમની થાપણ મધેથી મોટો દરવીય ખરચીને સુરતમા આતસબેહરાંમ બંધાવેઊં. એમારતનું કાંમ સરવે સમપુરણ થાએઊં તારે પવીતર કેબલાને રોજ ૧૭ મો માહા ૨ જો શેહનસાહી સાલે ૧૧૯૩ ય० એ શેહનસાહી ટોલાના દસતુર એદલજી* દોરાબજી સંજાંણા હસતકની કીરીઆથી તખતનસીન કીધા હતા; અને તે દાહડાથી પારશીઓની બાંનુઓમા સરઅવસરે મોટી ઉલટથી આત-

* એ વખતપર આ માનવંતા ધરમગુરૂને દસતુરી મેલેલી નોહતી. ના० લે०

સના ગીતો એક માનતા તરીકે ગવાતાં આવેછે. આ દાદા મોદીનું કીરતી ભરેલું નામ, હાવાં માહભારત કાંમથી ચંદરોકાલ સુધી પેરકાસતું રેહ, એવી પરારથના પાક પરવરદેગારની જણાબમાં ચાહીએછે.

આ ખાંનદાનના એક બુજોરગ શેઠ શોરાબજી વાછાગાંધીએબી, સાંભલેઆ પરમાણે પોતીકા વડવાઓથી ઉતરતો આવેલો મોદીનોજ ધંધો ચાલુ રાખેલો હતો. પોતાની કારકીરદીમા ધરમનું એક કાંમ માથે ઉઠાવી લઇને પોતીકા પઇસાથી ચોપાટી તરફની ડુંગરવાડી માહેલી પોતાની ખાલી જગેઆ ઉપર, આતસ આદરાંનના કેબલા સારૂં એક મકાંન આ શેઠે રૂડી ધારના રાખી બંધાવા માડેલું હતું; અને તે લગભગ તઇઆર થવા આવેલું તેટલાં ૭૯ વરસની જઇફી પુરી કરીને રોજ ૧૨ મો માહ ૧૨ મો કદીમી સાલે ૧૨૨૬ ય० એ, આ દુનીઆંમાથી અસબાબ ઉઠાવી મીનોઇ જાહાંનનું સુખ શોધવા શીધારેઆ.

મરહુમ શેઠ શોરાબજીને તાંહાં અસલમાં ૪ બેટાઓની જે વરધી થાએલી હતી, તેઓ માહેલા બે સાહેબો મરણ પાંમી ચુકાછે. અને હાલ હઇઆત રેહેલા બે બેટાઓ ઉપરાંત દોતરાંઓ વગેરેની સંખીઆ, વંસાવલીની ટીપ જોએઆથી જણાઇ આવશે. આ બે ભાઇઓ નામે મી० માણેકજી તથા ખરશેદજીએ પોતીકા મરહુમ પીતા હસતકથી બંધાએલી દરેમેહરનું અધુરૂં રેહેલું કાંમ તેમની થાપનમાથી પુરૂં કરાવીને, તે મકાંનની અંદર રોજ ૧૭ મો માહ ૬ ઠો કદીમી સાલે ૧૨૨૭ ય० એ આતસઆદરાંન સાહેબને તખતનસીન કરાવેઆ; અને તેની કીરીઆ કદીમી પંથના વડા દસતુર અરદેસર રૂસતમજી મુલાંફીરોઝનાએ અનજુમન હજુર કીધા પછે, તે પાક મકાંનને જરથોસતીઓના ઉપીઓગ માટે મરહુમ શેઠ શોરાબજી વાછાગાંધીને નામે ધરમ ખાતે ખોલું મેલવામા આવેલછે.

વાછા ખાનદાનનુ વરણુન.

જરથોસતી ટોલાના કેટલાક લોકો ય० ૩૮૫ ના સાલમા પેહલવેહલા શેહરે સંજાણથી નીકલીને ગુજરાત તરફ પંથરાહ પડેઆ; અને તાંહાંથી સવાસદી પસાર કીધાપછે, તેઓ માહેલા થોડાક સખસો પોતીકાં પરીવાર સાથે ફરતા ફરતા રોજ ૨૪ મો મા[illegible] લા: સાલે ૫૧૧ ય० એ કસબે નૌસારીના નસીબાને જે[illegible]ી સંફમ[illegible] આ કુટંબના વડવાઓબી હતા; માટે તે [illegible] વાતા આવીએછે.

([illegible] તેઆગાંનોની હકાએત સંબંધી ઘણી

પુ[illegible] સહંમજાએચ કે, તેઓ હીંદ[illegible]

[illegible]ઓ ઉપર હાદેશાન[illegible]

[illegible] નહીં થા[illegible]

મલીઆ તારે કોઈ કોઈ સાહેબોની પુડે તેનાઓની કુટંબની થોડીક કેફીએત યાદ રાખવા લાગા, અને તે ઉપરથી એકેકની પુડે ઉતરી આવેલાં ફરજંદોએ પોતાના બાપદાદાઓથી સાંભલેલી વાતોનો સંઘરહ ૯૩ વરસ પર થઈ ગએલા, હમારા બુજોરગ મોટા બપાવા) પાશેથી સચવાઈ રહેલો એક વારસા તરીકે હમારે હાથ આવેઓ હતો, તે ઉપરથી જે માલુમ પડેછેય તેજ માતરે હીંઆં નોધી લઈએછે.

એ યાદી ઉપરથી એટલુંજ કેહવાનું બની આવેછે કે, આ નીચે આપેલી વંશાવલીની સરૂઆતથી તે મરહુમ જીજીભાઈના જમાના સુધીની સાત પેહડીના સખશો પોત પોતાની ગુંજાએસ મુઆફેક (નૌસારીમાં જાડું સુતરાઉ કાપડ વણીને ગુજરાંણ ચલાવતા હતા;) અને તે માહેલા કોઈ કોઈ સાહેબો તો તે વખતની હાલત પરમાંણે (તાંહાંની અનજુમન તરફથી આગેવાંણીનો હકબી ભોગવી ગએઆછે.)

હમારાં ખાનદાનના બુજોરગવારોની જીંદેગીનો ટુક અહેવાલ જે ઉપર જણાવેઆચ, તે શીવાએ બીજો વધારે નહીં મલી શકતાં હમારી તરફ જેનો વશીલો ઉતરેઆછે તેનાજ વડવાઓના જનમ તથા મરણનો દાહડો જે સચવાઈ રહેલોછે, તેજ માતરે (એક પુરાતમ યાદદાસત) તરીકે હેઠલ જણાવેલા ૫૦ શાલના રોજ તથા માહથી સહમજાઇ સકાશે. આગલા વખતમા પારશીનો ફીરકો એકજ તરીકાપર ચાલતો હતો તેથી (શેહનશાહી અથવા કદીમી માહ કરી હીંઆ લખવામા લાવેઆ નથી.)

જનમ.			નામો.	મરણ.			ઉંમર.		
રોજ.	માહા.	શાલ.		રોજ.	માહ.	શાલે.	વરસ.	મહીના.	દાહડા.
૨	૬	૯૪૫	કેકોબાદ.	૧૫	૧૦	૧૦૦૧	૫૬	૪	૧૦
૭	૫	૯૭૦	રાંણા*	૮	૮	૧૦૪૧	૭૧	૩	૨
૨૨	૩	૯૯૬	વાછા†	૬	૬	૧૦૭૧	૭૫	૨	૧૫
૩૦	૪	૧૦૨૧	મેહેરજી‡	૨૫	૯	૧૦૮૦	૫૯	૪	૨૬
૧૯	૧૧	૧૦૪૪	માણેકજી.	૩	૧૨	૧૧૨૦	૭૬	૦	૨૦
૧૪	૨	૧૦૬૯	જમશેદજી.	૩	૧૧	૧૧૩૫	૬૬	૮	૨૦
૫	૭	૧૦૯૧	જીજીભાઈ.	૨૮	૩	[illegible]	૫૭	૮	૨૪
૨૦	૧૦	૧૧૧૬	એદલજી.	૫	૫	[illegible]	[illegible]	૬	૨૧
૬	૩	૧૧૪૩	ફરાંમજી.	૧૯	[illegible]	[illegible]	[illegible]	[illegible]	૪

* નૌસારીમા હરેક બાબદના [illegible] ની
નજુમનમા પરખેઆત થએલા [illegible]
† આ સાહેબથી હમ[illegible]
ણા સખશો [illegible]
[illegible] બુ[illegible]

ઉપલી ટીપમા જણાવેલા હમારા મોટા બપાવા જીજીભાઈએ ૫૦ ૧૧૧૯ ના શાલથી આ ટાપુની પનાહ પકડવા માડી, પણ જાથુકના રેહવાશી થવાને બદલે મોસમશરની ફેરી તેનાએબી પોતીકા વડવાઓની પેડેજ પસંદ રાએલી હતી; તે છતાં કોઇવાર ધંધાને લીધે બે અથવા તરણ વરસ ખેંચી કાહડવાની તેણાને ફરજબી પડતી હતી; જે પછે મરણુની થોડાં વરસ આગમજથી હીંઆં આવવાનું બંધ પાડીને નૌસારીમા જઈ બેઠા, જાંહાં વણાવટનું કાંમ ચાલુ રાખી તેમા પોતાના તરણ દીકરાઓને રોકેઆ હતા, પણ તેઓ માહેલા વચલા દીકરા (આ નોંધ લેનારના બપાવા) વડવાઓનો વેપાર નાપસંદ કરી, પોતાની સહમજને સવાધીન થયા તેનું વરણન નીચે જાહેર કરીએછે.

શેઠ એદલજી જીજીભાઈ વાછા.

આ શેઠીઆએ શોલ વરસની ઉંમરથીજ સવતંતરપણું સાચવીને પોતીકા વડવાઓથી ઉતરી આવેલો વણકરનો ધંધો તુછકારી કાહડેઓ હતો; અને તે ઉપરથી બાપની સાથે બીગાડ પડવાનો એક પકડીને સાલે ૧૧૩૩ મા આ ટાપુખાતે લાગલા ઉતરી પડ્આ, તારથી પરજા વચે પરએઆત થાઈ ગએલા આ એદલ વાછા મુંબઈવાશી કેહવાયા હતા. હીંઆં આવેઆ પછે પેહલવેહલા ધંધામા ધાંધીની એક દુકાંન કાહડી બેઠા, તારે સેવનની ગાંઠે પુચીશેક રૂપીઆની પુંજી હતી; પણ સરવે સાથે નમનતાઈ નીભાવી રાખીને રેહતાં રેહતાં ગામ ઘરાકી એટલીતો વધારી લીધી કે, તેવા રૂડા સંજોગથી ટુક મુદતમાં સારી કમાણી જમાવ કરીને તેમાથી થોડીક રકમ નૌસારી ખાતે પોતીકા પરતીપાલ કરનારા પોતાના ગુજરાંન માટે મોકલતા રહેઆ, અને તેથી કરી બાપ બેટા વચેનો તુટેલો એખલાસ પાછો સંધાયો હતો.

એવનના વડા ભાઈ દોરાબજી, તથા નાધલા ભાઇ બરજોરજી (ઉરફે બજી વાછા) જેઓ નૌસારીમા હતા; તેઓએ પણ આ વચલા ભાઇની વરતણુંક ઉપર વલાણ પકડવાના વીચારથી પોતીકા પીતાની રજા મેલવેઆ મુજબ, વનાવટનું કાંમ છોડી દઇને પરીવાર સહીત લાગલા હીંઆંજ આવી રહેઆ; અને તરણે ભાઇઓએ એક બીજાના સંભાલમા સમાઈને ધાંધીનો ધંધો બહુ વધારી મેલઓ. થોડીક મુદત ગુજરેઆ પછે નાધલા ભાઈ છુટા પડીને પોતાને નામે જુદી દુકાન તેજ હારમા કાહડી બેઠા; અને વડા ભાઈ મરણ પાંમેઆ પછે આ એદલજી વાછાએ સાલે ૧૧૪૯ મા અંગરેજ બજારમા વેલાતી સામાનની વખાર કાહાડેઆથી પોતીકી ધાંધીની દુકાંન મરહુમ ભાઇના બે દીકરાઓ ખરશેદજી તથા માણેકજીને સપુરદ કરી દીધી. તેજ અસલી મકાં- બેહુ ભાઇઓ, તથા તેઓના મરણ પછે તેઓના વારેશો ઘણા વરશો ધાંધીનો ધંધો ચલાવતા હતા; જે માહેલા હાલ હઈઆત રહેલા એક શે પાછલથી કાંઈ નફા જેવું નહીં વીચારેઆથી પરચુટન કરીઆનાણું

વેચાન બીલકુલ કાહડી નાખીને બીજો રોજગાર હાથમા લીધોચ્ય, પણ પુરાંના મકાંનને હજીસુધી તેણે સાચવી રાખેલું માલુમ પડેછે.

આગલાં વરશોપર વેલાતી સાંમાન વેચવાની દુકાંનો થોડી હોવાને લીધે, તેમનો રોજગાર ઘણા સારા પાયાપર ચ્ગી રહીને નફા ભરેઓ થાઈ પડ્યો હતો; અને તેથી કરી પોતાના કુટંબીઓમા સરવે કરતાં વધારે સુખવાશી હાલતમા ગણાઇને, શેઠીઆઓની સંફમાં સારૂં માનબી મેલવી ગયાછે.

જોકે આ હમારા બુજોરગ બપાવાનો તે વખતપર ચાલતો રોજગાર કાંઈ એવો માહભારત નોહતો કે, તેમાથી મુહબલક દરવીંઅ હાથ કરીને સરીમંત થયા હોએ; પણ આટલુંતો ચોકસ હતું કે, જાતી કોશેસ જારી રાખીને ટુક ધંધામાથી સારી પેદાએસ હાંશેલ કરતા હતા; અને તેવટે પોતાના બોહલાં પણ ગરીબ કુટંબીઓને પખસમા સાચવી સંસારનું સુખ ભોગવતા હતા.

ખરૂંછે કે વખતના દોર આગલ કોઇનોબી દમામ સદા પાએદાર રહેયો નથી, તેમ આ હમારા બુજોરગ બપાવાએ જારે બુઢાપાની નોકપર આવવા માંડઊં, તારે તેની સાથે તેમના શીતારાએબી મગરેબ તરફ મોહડું મરડ્યા કીધાથી અવલતો એ નીપજેઊં કે, પરવરદેગારે બખશેલા પાંચ દીકરાઓ માહેલા (આ ફીદવીના એક પીતા વતરોગે) ચારજણાઓ: અને એક શેવાએ કેટલીક દીકરીઓ, એકેકની પુઠે મરણ પામીને દુનીઆંમા નહીં હોએલાં જેવાં થાઈ ગયાં; અને બીજી તરફથી જે જે આસાંમીઓ સાથે ધીરધારનો મોટો ધંધો ચલાવેલો હતો, તેઓ આહિલા કોઈ કાચા પડ્યા, અને કેટલાકો તો નાણા દાબી લઈને હીંઆથી જે બાહેર નીકલી ગયા, તેઓ પાશેથી દોકડો એક પાછો ફરેઓજ નહી; તેથી કરી જઇફીનો વખત પોંહચતાં મોહોતની મુશીબત સાથે સંઘરેલો પઇશો બરબાદ થયાની બેકરારીએ મનની તથા સરીરની સકતી એકેદંમ ઘટાડી મેલી; અને તો જોકે હમારા પીતા તેનાની ફરમાબરદારીમા સદા હાજર હતા, પણ તે મરહુમમાં કાંઈ એવી ચાલાકી નોહતી કે પોતાનો બાપીકો રોજગાર હીંમતથી આટોપી લીએ. આવા સંજોગો સાંમઠા મલેઆથી જવાંનીમા પોતે રચાવેલા રોજગારની રોશની ઝાંહાંખીપડી, તેમા વલી એક કુદરતી ગજબ એવો ઉતરેઓ કે, તેમના બંચી રએલા માતરે એકજ દીકરા (આ ફીદવીના પીતા) ફરાંમજી થોડાક મહીના સુધી સકત માંદગી ભોગવેઆ પછે, રોજ ૧૯ મો માહા ૯ મો શેહનસાહી સાલે ૧૧૯૨ ય० એ બીચારા ઘરડા બાપને વીશેસ વીલાપમાં નાખી ગુજરી ગયા, તારથી આ બુજોરગ બપાવાની હીંમત સાબદી તુટી ગઈ. આ ટાંકણે હું સુધાં ચાર નબીરાઓ જે નાંધલી વએના હતા, તેઓ મધેથી કોઇનેબી પોતાની બાજુપર બલવંત નહીં જોએઆને લીધે હારી ખાઇને ૪૩ વરસની રચાએલી દુકાંન કોઈનુંબી દેવું માથે રાખેઆ વીના, ખાસ ખુશીથી તદન ઊંચકી નાખીને ઘડપણને દાહાડે સુખને બેકારીપણાનું દુખ જોતા ઘેરે બેઠા હતા.

આ એદલ વાછાના નામની માતરે એકજ જીવતી નીસાંણી, હવડાં નથી તેમની પોતાની ગણાતી, કે ના તેમના કોઈબી વારેસ પાશે રે

પણ બે હાથ વેચાયા પછે, હમારાજ વડીલોના તાબામથી ઉતરેલા કોઈ ઘણા દુરદરાજ એશીના હાથમા આવેલી જે દેખાએછે, તે કોટમધે પીઠાંના મોહલામાં શેઠાંણી મોહટલી બાઇએ બાંધેલી દરેમેહરની પડખે દખશણ દશા તરફ તરણ મજલાનું એક ઘેર જે વરસ ૮૩ ની વાતપર તેવનનાં પઈસાથી બંધાએલું હતું, તેજ અશલી પાયાપર હજી તુલીક ઉસતવાર ઉભું રહીને વાછાવાલાં ઘેરની ઓલખથી કેટલાંક લોકોમાં આસકાર થાએલુંછે; એનીજ જોડ એવીજ ઘપનું એક બીજું ઘેર જે તેજ ટાંકણે હીરાલાહેરનું બાંધેલું હતું, તેતો તેના આવરદા પુરા થયાને લીધે દરેમેહરનાં બાંધકાંમમો ખપી ગએઉં. એ મોહલામા તે વખતે બે શીવાએ બીજા કોઈનાં મોટાં ઘેરો બીલકુલ હતાંજ નહી, પણ માંતરે મારવગરના નીચા અંમલા અથવા ઝહુપડાં સાથે જે નાંમથી એ મોહલો ઓલખાએચ તેહવાં તાંહાં દારૂનાં ફર તથા પીઠાં હતાં; અને તાર પછે રફતે રફતે બીજા સાહેબોની હવેલીઓ બંધાયાને લીધે તાંહાં એકબી જુપડું આજે જોવામા આવતું નથી.

આ સાહેબની કીરતી જોકે કોઈ રીતે પરજા ઉપીયોગી તો [illegible] નથી; પણ ઘણું કરી પોતાના ગરીબ કુટંબ પરીવારની અંદર આંપે[illegible] જે પરશીધછે, તે વીશે હમારી અજમાએસ ઉપરથી હીંઆંસુધી એ[illegible] જાહેર કરીએચ કે, આ માનવંતા મુરબીએ પાછલના નબલા વખત[illegible] સુધી નીભાઈ સખાએઉં તાંહાં સુધી, સદાની ગંભીરાઈ સાચવીને [illegible] સખાવત પણાનો સખી દસ[illegible] લખીઆ કીધો; અને તેટલો મા[illegible] ખુદ પઈસાથી બાહેર કોટના લતા તરફ લઈ [illegible]રાએલી બે અથવા તરણ [illegible] મીલકતોબી વેચવાનું દુખ હઈડે નહીં ધરતાં, છેલે સરવાલે પોતાને [illegible] જે ઘેર વીશે ઉપર વીસતારી જણાવેઉંચ; તે પણ વેચીને જીંદગી સુધી [illegible] મલતા બીજા હમારા ભાઈઓ વીગેરેનું આબરૂથી પરતીપાલ કરતા હતા. માટે આવા ખુબીવંતા મુરબીની હમારે મનથી કેહવાએલી મોટી કીરતીનું થોડુંક વરણન વાંચનારા અસરાફ સાહેબોની શેવામા સરનમાવી રજુ કરતાં, રાસતીની રાહે તેઓને આટલુંજ મનાવીએછે કે, પરીવારને પાલવાનું કાંમબી ખચીત કરી સખાવતમાજ ગણાએછે; અને તેના હએસાંતમા એક દાનાવની કેહવાતનો નમુનો નીચે જણાવેલી કવીતા મુજબનું પરીણામ દેખાડેછે.

સખાવતનો શોકી અકલમંદ કેહવાએ–ભલું નામ જગમા તેમનુંજ લેવાએ.

વાછા ખાંનદાનના વડીલોની મુંબઈ ખાતે થાએલી પેહલવેહલી પધરાંમની, જો મરહુમ મેહરજી વાછાથી ગણવા ચાહીએચ તો, તે વાતને આ ચાલુ સાલ સાથે સરખાવતાં ૧૯૬ વરસ માલુમ પડેછે. પણ તેવનથી ઉતરતા છેક ૪ પેહડી સુધીના સાહેબો ફકત રોજગારને અરથે આવજાવ કરતા હતા; તેને લીધે કાંઈ હીંઆના જાથુક રેહવાશી ઠરતા નથી. માટે હંમેસના રેહવાવાલા ઉપર જણાવેલા હમારા બપાવા તથા તેઓના ભાઈઓને પરીવાર સહીત આવેઆનું વરસ જોતાં એક સદીની ઉપર લગભગ એક દાએકો થાએચ તારથી તેઓનો વશીલો મુંબઈવાશી કેહવાએછે.

વંસાવલીની વીગત ઉપરથી આ એદલજી વાછાની સાથે ગણતાં, તેમના બાપને પેટે અવતરેલા ચાર દીકરાઓ જે એકેકની પાછલ હેઠલ જણાવેલાં સાલમા મરણ પાંમેઆં, તેઓની ઈઆદી હીંઆં આપીને આ હએવાલનું સમાપત લાવીએછે.

સરવેથી નાધલા દીકરા રૂસતમજી શાલે ૧૧૨૯ ના બીજા ગાથાને રોજે ૨॥ વરસની નાહની વએમા નૌસારી બાતે.

વડા દોરાબજી રોજ ૨૧ મો માહા ૩ જો શેહનશાહી શાલે ૧૧૫૩ મા મુંબઈ બાતે ૩૯ વરસની ઊંમરમાં.

તરીજા બરજોરજી રોજ ૨૭ મો માહા ૬ ઠો શેહનશાહી શાલે ૧૧૭૬ મા મુંબઇ બાતે ૫૬ વરસની ઊંમરમાં.

બીજા એદલજીના મરણનો દીવસ સફે ૩૦૦ મે જણાવેલાછે.

આ મરહુમ એદલજી વાછાના મરણ વખતે ઉપર જણાવેઆ મુજબના [illegible]બીરાઓ ઉપરાંત પોતાની એક દીકરી નામે કુંવરબાઈ (મી० કેર પરેસકાટ [illegible]તર વકીલોની આફીસના કારભારી મી० એદલજી બમનજી બરાસના [illegible]હુઈઆત મેલી ગયા હતા. એ બાઈ પણ લગભગ ૫૪ વરસની [illegible]ને બાપની ૧૨ વરસ પાછલ રોજ ૩૦ મો માહા ૫ મો શેહનશાહી [illegible] ૫૦ એ બેહસતનશીન પાંમેઆં તે દાહાડાથી હમારા માનવંતા [illegible]ાંમ થઈ; પણ તે[illegible] વસતી વાડીમા હવડાં હમો બે [illegible]હસતી [illegible]મારાં ત[illegible] [illegible]મેલા ભાઈ[illegible] અને તે ઉપરાંત હ[illegible]ા મરણ પા[illegible]ા બચાં કચાં- [illegible]વસતી પરકાસતી રહીચ, તેઓ માટે હેઠલ જણાવેઆ મુજબની ઓજ-[illegible] સાથે સોકર ગુજાર ચાહીએછે.

અએ દાદગર દાવરે દાદાર-જોડી હાથો તાહરી સોડ છું તઈઆર.
અપરાધી ધુનાહને તો હું છેઊં ભારી-છુટીસ તારેજ જો કીરપા હોશે તાહરી.
હકીકત જે માહરા વડવાની કહીચ-કીધીચ તાજી જેને તે પુરાંણી થઈચ.
અગરચે તેમાં કાંઈ ભુલ ચુક હોએ-કુદરતની તાહરી નેઘાહથી તું જોએ.
તો બખશેસની રાહે મને માફકર-હર હાલમા સદા તું માહરો હાથ ધર.
થશે નહીં માહરેથી તુંજ બીન કાંમ-હશે તું પડએ તો સંભારશે ગાંમ.
તુંછે સઉમા છુપેઓ ને સઉમા જાહેર-તુંછે સંધેમા અને સંધેથી બાહેર.
તે માટે અરજછે તાહારી હજુર-દેએ તું હેમા કાંઈ માહરી કશુર.
તે કીરપાની રાહે તું કરજે એમા-લએલું વધુ યા ઓછું હોએ હેમા.
પનાહ પકડી આવેઆંછે ઉપલાં રવાંણ-હસતીમા રાખીને તેમના જવાંણ.
બેહસતમા નેઘાહ તું તેઓપર કર-સદા તેમની દામાંન આશેઆની ભર.
પરીવારને હીંઆં તું રાખજે આબાદ-લેતો રેહજે તેઓની હમેસાં દાદ.
બંચાવજે તેઓને જો કંઈ પરે કેહર-રાખજે તેઓની હોરમતપર મેહર.
તેઓના શતરૂ ને બદખાહ જે હોએ-હેવું કરકે તેઓખી નેકીજ જોએ.
સઉનાં ભલાં માટે કાહડી કલાંમ-પોંહચાડુંછું માહરી જીગરની સલાંમ.

આ ખાનદાનના ઘણાક નબીરાઓ માહેલા માતરે બે સખશો, જે ભલી કોસેસથી અંગરેજી લીદેઆની પુખત કેલવણી પાંમેઆ પછે, તેનો ઉતંમ ઉપીયોગ હાંશેલ કરનારાઓ મી॰ જાંગીર બરજોજી તથા તેમના કાકા મી॰ રૂસતમજી માણેકજી જે માલુમ પડેઆછે, તેઓની થોડીક ઈઆદી આ નોંધમા એક ખરા અને અતલગ એશી તરીકે હમો દાખલ કરીએછે.

એ માહેલા પેહલા પરમાણીક પુરૂસ કેલવણીના બલથી આજ કેટલીક મુદત થાઈ એલમ તથા હોનરોના અગણીત અખતરા તેની સહમજ સહીત જાહેર સભાઓની હજુર પરજાની સાહમને જેમ પરગટ કરતા રહીને આપણી વસતીમા પરખેઆત થાએલાછે, તેમજ તેનાની જીંદગી બરકરાર રેહતાં સુધી આવાં ઉપોઓગી કાંમો કદી ભુલનાર નથી, એવી હમો અંતકરણથી આશેઆ રાખતાં જણાવીએચ કે, આ ભાઈ બે વાર પોતાની શેઠીનેસર વેલાત વઠીક જઈ આવેઆ પછે, હવડાં સારીઆંટથી પોતીકો ખાનગી વેપાર સાંતપણે ચલાવી સંસાર સંભારેછે.

બીજા ગરહસથે જવાંણીનો ઘણો ખરો વખત પરદેસમા ગુજારેઆને લીધે, તેવન આ ટાપુ સાથે જાહાજા પરોટાએલા જણાઆ નથી; માટે તેનાની પીછાંણત પરજા સાહમણે ધરતાં હમારો અધીકાર બજાવીએચ કે, આ હમારા પીત્રાઇ ભાઇને એદન ખાતે સરકારી હીસાબ તથા કીલીદારીના કાંમ માટે આપણી નામદાર સરકારે પેહલવેહલાં ૫॰ ૧૨૨૫ મા ચુંટી કાહાડીને તે તરફ રવાંણે કીધા હતા. આ ગરહસથ તાંહાં પોંહતા પછે ઉપલા ઓહધા ઉપરાંત વેપાર ખાતાંની નોંધ રાખવા માટે તાંહાંની માંડવીનું કાંમબી જે સપુરદ થાએશું, તે મલીને બેહુ અધીકાર દર માશે માતરે રૂ૨૫૫ ના પગાર ઉપર સંતોસ પાંમીને કાબેલીએતને જેબ પમાડે તેવી રૂડી વરતણુકથી નીતીની રાહે લગભગ ૯ વરસ સુધી ચલાવી તાંહાંની સરકાર તથા પરજાનો અતી મોટો પેઆર પોતા તરફ જે ખેંચી લીધો હતો, તે સંબંધી તેમને માંથેના ઉપરી અમલદારોએ ઘણીવાર સરકારમા, તથા પરદેસ ખાતાંના નામદાર પરધાન (સટેટ શેકરેટેરી ફાર ઈંડીઆ) ઉપર સારા રીપોરટો મોકલેઆ; અને તેના વલતા જવાબમા બેહુ તરફથી આ નીમકહલાલ નાધલા અમલદારને સાબાશીઓ મલેઆ કીધી હતી, એટલુંજ નહી પણ એદનના જે જે અમલદારો તેમને માથે થઈ ગયા, તેઓ દરએકે આ ધુંધી પુરૂસને તેની સારી ચાલ માટેના આબરૂ પત્રકો (સરટીફીકેટો) બી મોઠી ખુશી સાથે હીનાએત કીધેલાં જે હમારા જોવામા આવેઆંચ, તે આપનારા સાહેબોના નાંમો નીચે જાહેર કરીએચ.

રૂશીડનશી ખાતાંનો એખતીઆર રાખનારા આર. એલ. પલેફેરે ૧૮૬૦-૬૧ તથા ૬૨ મા.

પોલીટીકલ રેશીડેંટ તથા હકુમત ચલાવનારા બરીગેડીઅર ડબલીઉ. એમ. કાગલાણે તા॰ ૪ થી સપટેમબર ૧૮૬૧ મા.

મેજર જનરલ આર. ડબલીઉ. હાંનરે તા૰ ૧૦ મી જાંનેવારી ૧૮૬૩ માં.

રેશીડનશી ખાતાંનો એખતીઆર રાખનારા એચ. રાસાંમે ૧૮૬૩ તથા ૬૪ મા.

પોલીટીકલ રેશીડેંટ લફટેનંટ કલનલ ડબલીઉ. એલ. મીઅરીવેધરે તા૰ ૨૬ મી મેએ, ૨ જી જુલાઈ, તથા ૯ મી આગસટ ૧૮૬૫ માં.

આશીસટંટ પોલીટીકલ રેશીડેંટ જી. આર. ગુડફેલોએ તા૰ ૧૮ મી મેએ તથા ૧ લી સપટેમબર ૧૮૬૫ મા.

ઉપલી નોકરી બજાવેઆની પેહલાં વીઆરના તલાવ બાબેની જારે સરવે ચાલતી હતી, તે વખતે કપતાંન કાંનીબીઅરના હાથ હેઠલ હેડ અકાંઉનટંટની જગેઆ જે ચાલાકીથી ચલાવી તે માટેની સરટીફીકેટ પણ એ ભાઈ ધરાવેછે.

ઘણી ચંચલાઇથી સરકારી ખાતાંઓ ઉપર સંભાલ રાખવા માટે આ ગરહસથ ખંતીપણે જે કોશેસ ચલાવતો હતો, તેટલી સખતાઇથી તેમના શરીર ઉપર જારે બીમારીનો ગુલબો એકાએક આવી પડ્યો, તારે લાચારે પોતાના ઓહધાનું રાજીનામુ આપીને ચાકરી છોડવાની તેણાને ફરજ પડી હતી; જે વાત બાહાલ રેહતાં તેમના વડાએ આપણી સરકારમા એવો રીપોરટ કીધો કે, આવા મેહનતુ અને અનુભવી પુરૂસની ખાલી પડેલી જગેઆ પુરાવવી મુશકેલ પડશે; અને તે ઉપરાંત લાચારીને લીધે ઓહધો છોડ્યો, તે માટે તેની સારી ચાલના બદલામા નવ મહીનાના પગાર ઉપરાંત, બીજા તરણ હજાર રૂપીઆના ઇનામની જે ભલામણ કીધી હતી, તે મુજબ આ અશીલ અમલદારને આપણી સરકાર તરફથી ભેટ મલેઆ હતા; જે બાબે તા૰ ૪ થી જુલાઈ ૧૮૬૫ ની તેરીખે મેહશુલ ખાતાંના સેકરેટેરી મી૰ હેચ. ઇ. જેકોંબે સરકારની વઠી કાગલ લખીને ઓહધો છોડ્યા બાબેની દલગીરી જણાવતાં, તેનાએ બજાવેલી કીંમતી શેવા સંબંધી સારૂં મત જાહેર કીધું હતું. એ ભાઈ હવડાં શેઠ બેરાંમજી જીજીભાઇને તાંહાં આજ લગભગ સાત વરસ થયાં, અંગરેજી લખવાના કામ ઉપર રોજીએ વલગીને નમનતાઈની રાહે નીમખહલાલીથી વીસવાસ ભરેલી નોકરી બજાવતાં પોતીકા નવા માલિકનો અતીઅંત પેઆર મેલવતા માલુમ પડેછે; માટે તોખમને જલેહ દીપાવનારા હાવા કાબેલ સખશોની રૂડી વરતણુક ઉપર આ કુટંબીઓના સરવે સજણોએ સારાં ધેઆનથી મગરૂર રેહવું જોઈએ.

દાદીશેઠની દીપ-પક.

આ ટાપુખાતે પેહલવેહલા પરશીધ થાએલા કદમી ટોલાના મુખીઅ તુરા, અને સખાવતમા પરકાશી ગએલા સુરા દાદીશેઠના બપાવા હોમજી બેરાંમજી બાબે એવું કેહવામા આવેચ કે, તે સાહેબ સુરતના કોઈ જીલામાથી સાલે ૧૦૫૮ મા પેહલવેહલા અતરે પધારેઆ હતા. એ બુજોરગ ગરહસથનાં ધંધા ધાપા, તથા ઉદીયોગપણા ઉપરાંત તેમની કારકીરદીના બનાવની કાંઇબી ખબર હઈઆત રેહેલા બેશીઓને બીલકુલ માલુમ નથી; અને તે સાથે તેવનના ગુજરેઆનો સનેબી કેથે નહીં સચવાએલો રેહેઆને લીધે ફકત તેનાની હસતી સંબંધી આટલીજ ઇઆદી હીંઆં દાખલ કરી સખીએછે.

વંસાવલીની બીજી એોલમા ચાર નાંમો ઉપર જેઓની નેધાહ પોંહચે, તેઓએ આ સકરમી શેઠીઆના સપુતોના સહમજવાની એલતેમાસ ગુજારીએ છે. એ સાહેબોના જનમની યાદીનો અટકાવબી ઉપર જણાવેઆ મુજબ ખબરની ગેરહાજરીનોજ સહમજાએછે; પણ તેઓ માહેલા માતરે પેહલા અને બીજા ભાઇઓની હકાએતો જેમ પરકાસતી રહીચ, તેમ તરીજા તથા ચોથાની હસતી સાથે તેઓને તાંહાંની વસતીનું વજુદબી આગલ વધી સકેલું સાંભલેઉં નથી. શેઠ નોશેરવાનજી, તથા બેરાંમજીના વણજ વેપારની સરૂઆતનો સંશેલો તો થાહવો નથી, મગર પાછલા વખતપર દેસાવરો તરફથી આવતાં બારકશોને નોલ મેલવી આપવાનું બોહોલું કાંમ તે સાહેબો કરતા હતા; તે ઉપરથી "વાંહાંણ હોરીવાલા" ની અટક એોલખાઈ રહેલીછે. હાવા ધંધામાથી સારી કમાંણી હાથ લઇને આ ટાપુ ખાતે તેઓ એવાતો સવતંતર શેઠીઆ બની રહેલા હતા કે, પોતાની રૂડી વરતણુકથી પારશી પંચાએતની માનવંતી મંડલીમા તે વખતના કેટલાક શેઠીઆઓની સાથે આ બેહુ ભાઇઓ બીરાજીને અંનજુમનનો હક પરમાણીકપણે સાચવતા હતા. એઓ માહેલા શેઠ બેહલી હોમજી શાલે ૧૧૧૯ ના આવાં મહીના સુધી, તથા શેઠ નશલી હોમજી ૧૧૨૫ સુધી હઈઆત રહેલા કેટલાક દસતાવેજો ઉપરથી સાબેત થાએછે; પણ તે પછે કોઇબી કારણમા તેઓના નાંમો માલુમ પડઆં નથી, માટે ધારેઆમેલે તેજ વરસોની આખેરીએ તેઓનું રૂહ એકેકની પુઠે આ જાંહાંનથી રૂખસત પાંમેઉં હશે.

નશલી હોમજીનું નામ તો દાદીશેઠના કીરતી ભરેઆં કાંમોની સાથે જેમ પંથરાઈ રહેલું જણાએછે, તેમ બેહલી હોમજીને તેમના ફરજંદોએ ફાએરા કીધા હોએ એવું માલુમ પડેઉં નથી; મગર તે સાહેબનું નામ તેણાનીજ સખતીથી આજ સુધી આપણ વચે જે જોડાએલુંછે, તેની સાખશીમાં કીંગબરાકની પછ-વાડે આવેલો "બેરાંમજી હોમજી લેન" નામનો એક મોહલો સલાંમત ઉભેલો સરવેની નજરે દેખાતોછે.

આ દએઆવંતા દાદીશેઠનો જનમ સાલે ૧૧૦૩ માં મુંબઈ અંદર મુબા-રક થાએલો ઉપલી હકાએતને આધારે માલુમ પડેછે. એ સાહેબના સકરમી

પગલાંથી તેમના બોહલાં પરીવારો ઉપરાંત, હમજાત તથા પરકોમના બેશુમાર લોકો એટલાતો પરબેઆત થએલા હતા કે, તેમના પરતાપની પીછાંણત તેઓ દરએકને તાંહાંની હઇઆત રહેલી વસતીના વારેશોમાથી હજીસુધી ભુલાએલી સંભલાતીજ નથી.

બાવાએ રચેલો રોજગાર જો કદાપી આ શરીમંત શેઠે હાથ ધરી રાખેઓ હોય તો, તે કાંઇ નીરઉપીયોગી નહીં થડતાં તેમની જાતી ચંચલાઇ તથા બુધી બળથી તેમા એટલો તો વધારો થએલો વીચારી શકાએછે કે, ગાંમઠી બારકશોને બદલે વેલાત તરફથી કીંમતી માલ ભરેલાં ઘણાક મોટાં વાંહાંણોની આડતનું મુહબલક કાંમ તેમની પાશે આવવા લાગું, અને તેવા વહીવટમાથી પોતે કમાઇ કરી લેવા ઉપરાંત હજારો આસાંમીઓની રોજી તેનાએ ખોલી દીધી હતી; અને તે ઉપરથી એવું બનેલું હતું કે, તે વખતમાં જે જે લોકોને રોટી મેલવવાની મુશીબત ખેંચવી પડતી તેઓની ગાંઠે દોલતના દલ્લા જારે બંધાવા લાગા તારે ઘણાક લોકો શેઠીઆઓની સંફમાં શેહલથી સમાઈ ગયા હતા.

આ શેઠને તાંહાં ઘેરનો બોહોલો વેપાર જારે બુલંદીએ પોંહચેલો હતો, તારે જે પાંચ મોટાં વાંહાંણોના તેવણ બુદ માલેક કેહવાતા હતા, તેઓનાં નામો તથા તે બંધાવેઆના સને હેઠલ મુજબ માલુમ પડ્યાંછે.

૧૧૪૯ ય૦ મા, શાહ અરદેશર ટન ૮૩૯ વાલું.
૧૧૫૨ ય૦ મા, કીંગ જારજ ટન ૧૦૧૨ વાલું.
૧૧૬૨ ય૦ મા, ફ્રેંડ સીપ ટન ૮૭૨ વાલું.
બરીગ ઉલીઅમ ટન ૩૯૦ વાલી.
વાંહાંણ દેવીડ સ્કાટ ટન ૩૫૦ વાલું.

એ ઉપરાંત જારેબી જરૂર જણાતી તારે બીજાં બેશુમાર બારકશોને નોલે માંડી તેમા પોતાનો મુહબલક માલ ચીન, બંગાલે, તથા વેલાત બાતે ચહડાવી મોકલાવતા હતા; પણ ઘણું કરી ચીન તરફનો રોજગાર અતી મોટો હોવાને લીધે, ઘણાક પારશીઓને પોતાની આડત સોંફી તાંહાં મોકલતા હતા; અને તે સાહેબની વટી જઇ આવેલા જેટલા ઘરહસથોના નામ જે જણાયાંચ તેને હીંઆં ટાંકી દેખાડીએછે.

સરવેથી પેહલા શેઠ એદલજી બમનજી (લકબે એદલ) કાકા.
બીજા શેઠ રૂસતમજી દાદાભાઈ નાદરશાહ.
તરીજા પોતીકા વડા દીકરા શેઠ હોમજીભાઇ માતરે એકજ સફરે શીધારી આવેઆ હતા.
ચોથા શેઠ જમશેદજી નાનાભાઈ ગજ્જર.
પાંચમા શેઠ ડોસાભાઈ માણેકજી પારેખ.
છઠા શેઠ ફરાંમજી કાવસજી બનાજી.

આ સરવે સાહેબોએ (માતરે દીકરા વતરોગે) ઘણા વરશો સુધી ઘરોબો સાચવી રાખેઆથી તેઓ સારો ફેજ પાંમેઆ હતા, અને એકાત બે જણાઓ તો પાછલથી સરીમંતને દરજજે પોંચેઆ હતા.

આ શેઠીઆનો મુખીય રોજગાર રૂઉનો હોવાથી, તેની ગાંસડીઓ દાબવાનો સ્કુર* પેહલવેહલો શાલે ૧૧૪૪ અથવા ૧૧૪૫ ય૦ મા પોતે બંધાવીને ચાલુ કીધો હતો.

આ સખી શેઠે સરવેથી પેહલવેહલું જાહેર ધરમનુ શુભ કામ પોતીકા હંમદીનોને વાસતે સાલે ૧૧૪૦ ય૦ મા એવું બજાવેઉં કે કોટના "ટાડસ્ત્રીટ" નામના મોહલા અંદર જાંહાં હવડાં મી૦ પાલણજી દોરાબજી રાણજી રેહચ, તે મીલકત જારે આ શેઠની હતી તારે તાંહાં આતસ આદરાણની† પાકદરેમેહર બંધાવીને જરથોસતીઓને એબાદત કરવા, તથા તેઓના મજહબ મુઆફેક કીરીઆના કામો થવા માટે ખોલી મેલવામા આવી હતી. આ દરેમેહર શેહણશાહી તથા કદીમીઓના તડાં હીંઆં પડ્યા આગમજ બંધાએલી હોવાને લીધે, તેની કીરીઆ નૌશારી તાબેના મોબેદોએ કીધેલી કેહવામા આવેછે.

દીનઆઈનનાં કામમા ઈરાંની તથા હીંદુસતાની જરતોસતીઓ વચે એક મહીનાનો તફાવત માલુમ પડ્યા ઉપરથી ઉઠેલી તકરારની તજવીજાત માટે સુરતવાલા મરહુમ શેઠ ધનજીશાહ મનજીસાહે મુલાં કાઉસ રૂસતમ જલાલને‡ છેક ભરૂચ તરફથી બોલાવી મંગાવીને ઈરાંનખાતે મોકલા હતા; તે બાહોરા મોબેદ બાર વરસવેર તાંહાંના રવાઈઆથી માહીતી મેલવીને સાલે ૧૧૪૯ મા પોતીકા દીકરા (મુલાંફીરોઝ)ની સંગાથે સુરત ધલતા હીંઆ આવી લાગા. એ વખતપર સુરતવાલા શેઠ ધનજીસાહબી અતરે હતા, તેનાએ આ મુસાફરોનો મીલાપ દાદીશેઠની સંગાથે મેલવી આપેઓ; ઈરાંનમા ચાલતા રોજમાહના રેવાજની વાત મુલાં મજકુરથી દાદીશેઠે તેહકીક કરી લઈને, તે ઉપર પોતાનો એતેકાદ ઠસાવેઓ; એટલુંજ નહી પણ તેમની પક્ષના કેટલાક પારશીઓનેબી તેમા મેલવી લીધા.

નવો રોજ માહ ચાલુ કરવા માટે કીરીઆની જારે અગત પડી, તારે તેવાજ તરીકાના આતસબેહરાંમની સથાપનાનુ નીસચયે થડ્યાથી, આ દાતાર

---

* એપાલો સ્ત્રીટપર સાસુન બીલડીંગ નામની હવડે ઓલખાતી માહભારત હવેલીના આગલા થીતે મરીન લાઈનના પાછલા છેડા સુધીમા એ સ્કુરનું અસલ મકાણ હતું. નો૦ લે૦

† આ પવીતર કેબલાને માટે દાદીશેઠના ગુજરેઆબાદ, તેમના શાકરમી શેઠ અરદેસરે શાલે ૧૧૭૨ મા શેઠ નશરવાનજી રૂસતમજી બનાજીના પાશેથી વેચાતાં લીધેલાં હારંબી રો નામના કોટે કોટવાલાં હવડેના મકાણ ઉપર મજબુત એમારત બંધાવીને ૧૧૭૩ માં તાંહાં લાવી રાખેઆ, તારના તેજ જગોપર કાએમ રહેલા દેખાએછે, અને તેની કીરીઆ કરમનાં કાંમોબી આતસબેહરાંમ થયા પછે કદીમી મોબેદોના હસતકથી થતું આવેછે. નો૦ લે૦

‡ આ કાબેલ ધરમગુરૂની સાથે તેમના આડેક વરસની બાલવએના પેશોતનનું જનમ નામ ધરાવનાર એક બેટાબી તરબીએત પામવાના હેતુથી શીધારેઆ હતા; જાંહાં તેનાએ અનેક તરેહના એલમ ઉપરાંત મજહબને લગતી સરવે કીરીઆનું કાંમ ફતેહમંદી શાહીત વેહલું હાંશેલ કીધાથી ઈરાનના દસતુરોએ તેણાને "ફીરોઝ" નો બેતાબ જે બખશેઓ, તેજ નામ તારપછે રેવાજ પાંમેઉંછે. નો. લે.

શેઠે કોટની બાહેર "ઓર્તે ડીગાર" નામની વાડીનુ એક મકાણ વેચાતું લીધું; અને તેની અંદર એક માહભારત મકાણ પોતાના ખુદ ખરચથી બંધાવીને આતસબેહરાંમ શાહેબને, ૧૧૫૨ ના શેહણસાહી સપંદાદ મહીનાના ગુઆદરો-જને દાહડે રોજ ૧૭ મો માહ ૧ લો કદીમી, અને ૧૧૫૩ નુ ૫૦ સાલ ગ-ણીને તખતનસીન કીધા;* અને તે દીનથી આ ટાપુખાતેબી કદીમીનો એક નવો પંથ ચાલુ થએઓ, જેના મુખીઅ વડા આ સાહેબ ગણાએઆ હતા.

આતસબેહરાંમ સાહેબને તખતનસીન કીધા તારે આ સખી શેઠીઆએ (જેના પંથમાથી જુદા પડ્યા તેઓ સુધાં) નાંધલી મોઠી અનજુમનને જશા-નમા સામેલ કરી સુતરાં ભોજનથી સરવેને સારીપઠે સંતોશેઆ હતા; અને તેજ દાહાડાથી કદીમીઓને નામે દરવખતના એકેકા ધહંમબારનુ જશન પોતાને ખુદ ખરચે જીવેઆ તાંહાં તુલીક તેનાએ જારી રાખેઊં હતું; અને તેવન ગુજરેઆ બાદ શેઠ અરદેશરજીએ બીજા કદીમી શેઠીઆઓ તરફથી હુધરાતની એક પુંજી એખીઠી કરીને તેની ઉપજમાથી મજહબના ફરમાન મુજબનુ આ પુન-વતું કામ જે ચાલુ રાખેલું છે તે હજીસુધી મજબુતેં પાએ ઉસતવાર રહેલું જ-ણાએચ; પણ દલગીરી માતરે એટલીજ દેખાએચ કે બીજા સાહેબોને તાંહાંના ધાહમબારોની પેઠે આખી અનજુમનની નેઆત જમાડવામા આવતી નથી.

સાલે ૧૧૯૦ માં ગુજરાત તરફ ગજબનાક દુકાલ જારે પડ્યો હતો (જેની કેહવત શડતાલાના કાલને કદરૂપે નામે હજી મશહુર રહેલીછે), તે વખતે ગરગાંમડાંના સેંકડો પારશીઓ વાખાના મારેઆ અતરે આવેઆ તારે આ નરે નેકનામ ઉપરાંત વાડીઆજી સાહેબો નસરવાનજી માણેકજી તથા પેસતનજી બમનજીએ તેઓને મરહુમ માણેકજી શેઠની વાડીમા ઉતારો અપાવીને દશમહીના સુધી પરવરેશી કીધી હતી; જેને માથે થાએલા ખરચમા પોતીકા હીશાની તરીજી પાંતીએ રૂ૫૯૦૦) આપેઆ, એટલુંજ નહી પણ તેજ ટાંકને બીજી વરણના હજારો લોકો તેવીજ મુશીબત ભોગવતા હીઆં ઉતરી પડ્યા હતા, તારે તેઓ માહેલા ૨૦૦૦) જણાઓને† આ સખી દાતારે પોતીકા ખુદ ખરચથી ઘણી મુદતસુધી દાહાડામા બેવાર ખવડાવેઆ કીધું; તેમા હજારો રૂપીઆને હઘડ નહી ધરતાં બીનસવારથની મેરબાંનીનો ખરો દાખલો હીંઆની હીંદુ માહજનો તથા મુસલમીનની જમાતને દેખાડી દીધો હતો. એ ઉપરાંત સુરત ખાતે ઘણાક બારકશો ભરીને બંગાલી ચોખાની હજારો ગુણો ગરીબોને

* આ પવીતર મકાણની મરાંમત જો કે તારપછે ઘણીવાર થએલી માલુમ પડીછે, તોપણ આતસબેહરાંમના તખતવાલો જે ગુંબજ, અને બેઠકનું પાતરૂં કોઈ એવું તો મુસતકીમ બનાવટથી કરાવેલું કેહવાએછે કે, તેઓને સમારવા અથવા બદલવાની ગરજ ૯૦ વરસ પસાર થયાં છતાં જેમ પડી નથી, તેમ આહવું બોદાનું છે તો બીજાં ઘણાક વરસો સુધી તે બાબેની જરૂર જણાશેજ નહીં. નો. લે.

† એટલીજ આસાંમીઓને તેજ ટાંકણે મરહુમ શેઠ સોરાબજી મનચેરજી રેડીમનીએબી પોતાના સખી દસતનો આસરો આપેઓ હતો તે બીના તેણાની જીંદગીના અહેવાલમાં આગલ જણાઈ આવશે. નો. લે.

સસતે ભાવે વેચાતી આપવાના હેતુથી, આ સખી નરે પોતીકા આડતીઆ શેઠ રતનજી એંઠી ઉપર મોકલાવી હતી; પણ તેવણના હઇડાંની સખતાઇ ભરેલા સંજોગ સંબંધી જે ખીના આલમમા આસકાર થઇ ચુકેલીછે, તે વાત હીંઆં વીસતારી જણાવવાનું મુનાસેબ જોતા નથી.

ચોપાટી ખાતે બરેતા નામના ફરંગીની જગા હતી તે આ સરીમંત શેઠે ખરીદી લઇને તાંહાં એક શોભાએમાન બગીચો, તથા બંગલો બનાવેઓ; જેની સરૂઆત સાલે ૧૧૫૪ મા માલુમ પડીછે; અને તેનીજ પડાસમા પાંચકલશીઓની જગાબી, એજ સાહેબે ૧૧૬૫ મા લઇને બાગની આરાસતા વધારી દીધી હતી; અને પોતીકાં પરીવારો તથા ખેશીઓમા જે કોઇ મરણ પાંમે તેઓના રવાંણોને આસાએસમા અલાહેધાં મુકવા માટે તેજ મકાનની અંદર એક દોખમુ બંધાવીને ૧૧૬૭ મા ધારેલાં કામ સારૂં વાપડતું કરીને તેની પાસબાનીનો હક પોતાની પછે ફરજંદોમા જે વડો વારેસ હોએ તેનો વંશસ પરમપરા રાખેલો કેહવામા આવેછે. આ દોખમાને વાસતે સરકાર પાશેથી રજા માંગવાની જરૂર જણાયા ઉપરથી, તે વખતના ગવરનર જોનાથન ડંકન ઉપર આ શેઠે એક પતર જે લખી મોકલાવેઓ હતો, તેનીજ હેઠલ નામવર હાકમે પોતીકા ખુદ ખતથી જવાબ વાલીને તેમના સુભ કાંમની પરવાંનગી આપી હતી.

કદીમી ટોલાના જરથોસતી છોકરાંઓને જંદ અવસતા શીખાડવાની જારે અગત જણાઇ, તારે તે વખતના અંધારૂ દાદાભાઇ ફરાંમજીના ઉપરીપણા હેઠલ, એક નીસાલ કાહડી આપવા તથા ઇરાંનદેસથી આવતા ગરીબ હંમદીનોને ઉતારો મલવા માટે હીરવાડીઆની પોલના વચલા ગાલાનો એક માલ તથા ભોંએતલીઉં આ સખી શેઠે સાલે ૧૧૬૫ મા રૂ૨૧૪૧ વાસતે ગીરવી લઇને તે મકાંન મજકુર મોબેદના* સવાધીનમાં શોંફેઉં હતું. ઇરાંની મુસાફરોને માટે પાછલથી અલાહેધી જગેઆ થયાને લીધે, તે લોકોનો ઉતારો તો આગમજથીજ બંધ પડેલો હતો; અને નીસાલબી ૧૨૦૧ સુધી રૂડી પેરે ચાલેઆ પછે તદન નીકલી ગઇ;† તે છતાંબી ઉપલા મોબેદની વીધવા વહુ લાચારીને લીધે તેજ મકાનમા મુફત પડી રહેલી હતી; જેણીને ૧૨૧૭ ના છેલા મહીનામા આ શેઠના ગંભીર નબીરા શેઠ ખરશેદજી અરદેસરે ગીરવીની પાછી મલેલી રકમમાથી રૂ૧૨૦૦ તે બાઇને ધરમ દાખલ આપી તાંહાંનો કબજો છોડાવેઓ હતો; માટે સરૂવાતથી તે ૧૨૦૧,‡ તથા તે પછે શેવટના સાલ

---

* મકાનની આગેવાની કબુલ રાખેઆથી મજકુર મોબેદ દાદાદારૂ વેલાતીની અટકે ઓલખાતો હતો. નો૦ લે૦

† દાદાદારૂ વેલાતીના મરણ પછે તેનો દીકરો જાંગીર નીસાલ ચલાવતો હતો, તેબી જારે ગુજરી ગયો તારે તેની વીધવા ઓરત શેવાએ વંશસમા કોઇબી વારેસ હઈઆત હતોજ નહીં. નો૦ લે૦

‡ એ વરસમા ઘેરધણીએ રૂપીઆ ભરીને ગીરવી છોડવેઆ ઉપરથી વપરાસમા રહેલી જગેઆનું ભાડું લેતું કીધું હતું. નો૦ લે૦

સુધી ગીરવીના રૂપીઆનું ભાડાં દાખલ વેહવારૂ વીઆજ ગણાતાં લગભગ બાવન વરસમા ફક્ત આટલાંજ કાંમ સારૂં દસ હજાર રૂપીઆ જે ખરચાયા, તેની અંદર ઉપર જણાવેલી બખશીસના હુંમેરતાં રૂ ૧૧,૨૦૦ ની સખાવત દાદી શેઠથી થએલી શેહજમા સહમજાઈ સખાએછે.

માહલક્ષ્મીના ડુંગરની સાહમણે દરીઆ કીનારાપરની સઘલી ખાલી જમીન આ સરીમંત શેઠની હતી, તે હીંદુઓને દેહડાંઓ તથા ધરમસાલાઓ વગેરેને માટે ધરમની વાત સહમજીને એરણ એરને કેહચ કે કીંમત લીધાવના તેનાએ તથા તેમની બાદ ધરમ ખાતાંનો વહીવટ ચલાવનારાઓએ આપેલીછે; માટે તેનાની મોટાઈનુ માપ આંકનારાઓને સારૂં કોઈબી સરાહગાતની હીંઆં જરૂર જણાશેજ નહીં.

ઉપલા ડુંગરની હેઠાંનમા એક જગેઆપર આ શેઠે જરથોસતીઓને માટે પાંણીનું પરભ રાખવા, તથા તેનો સંભાલ લેનારા પારશી ચાકરને તાંહાં રેહવા માટે એક મકાન જે બાંધી આપેલું હતું;તે અસલી જગેઆ સાંભલેઆ પરમાણે પાછલથી શેહર સુધરાઈના અમલદારે તાંહાંથી કાહડીને તેનીજ સાંહમણે જાંહાં સરકારી ખાલી જગેઆ હતી, તાંહાં હાલની રીત મુજબ ઘણી રલીઆંમણી એમારત બાંધી આપીછે; અને તે મકાણુનો કબજો આ શેઠના હકદાર વારેસનો હજીતક સચવાએલો હોવાને લીધે, દાદીશેઠનું દયાવંતું નામ અમર રેહેલું કેહવાએછે.

દયાલું દીલના આ દીનદોસત દાદીશેઠે ચાલીસ વરસ સુધી મોટી જાહોજલાલી સાથે પોતાની કારકીરદી ચલાવી; અને તેટલા અરસામા ખરી મેહનતથી જે દરવીય ભેગો કીધો, તેને તરીજે હીશે દશ લાખ રૂપીઆ ધરંમ તથા સખાવતના કાંમોમા ખરચી નાખેલા સંભલાયાછે; પણ તે બાબદોની ચોકસ વીગત હાલના કોઈબી વારેસ પાશે સચવાઈ નહીં રહેઆને લીધે જેટલી હકીકત હાથ આવી, તેટલી આ નોંધમા તુલોતવીલ દાખલ કરી રાખેઆ છઈએ; અને બાકીની વાત અજવાલે આવતી અટકી રહીચ તે સંબંધી દલગીરી ઉપજાવતાં તેણાની જીંદેગીનો છેડો કુદરતી બનાવથી જે દેખાયો, તે દાહડો રોજ ૧ લો માહા ૮ મો કદીમી શાલે ૧૧૯૮ ને રવીવારનો જાહેર કરીએછે કે, એ વખતે પોતાના જનમથી ૬૫ વરસની ઊંમર અમનો અમાનમા ગુજારીને મુંબઈ નગરીના આ સખી અને સવતંતર શેઠીઆ, સારાં કાંમોથી મેલવેલી કીરતીનો રૂડો અવેજ, જે બેહસતનો તોશો કેહવાએચ, તે રોજે રસતાખેજ સુધી મેલવવા માટે હકની દરઘા તરફ ચાલી ગયા.

આ મરહુમ શેઠે ગુજરવાની પાંચેક વરસ આગમજ પોતાનું વશીએતનામું જે કીધું હતું, તેમા નાહના દીકરા શેઠ અરદેસર જે સરવે વાતે લાએક અને બાપના કાંમમા સદા જાંહફેસાંની બતલાવતા હતા, તેણાને પોતાનો હકદાર વારેસ ઠેડવીને સઘલી મીરાસ સોંફી આપી, અને તેમાથી પોતીકાં સગાંસનેહીઓ ઉપરાંત, સઘલી વરણના દોસત આસનાઓ, તથા ચાકર નફરો વગેરેને વારસા દાખલ સારી રકમની મીલકતો તથા રોકડ વેંહચી આપવાનું ફરમાણ જોકે વીસતારીને લખેઊં તો હતું; તોપણ તે બાએ મોટું ડાહપણ વાપરીને

એટલી ચેતવણી જાહેર કીધેલી હતી કે, પોતાનું ઘેર તપાશીને જે જે લોકોનું દેવું હોએ તે તેઓને સરવેથી પેહલાં રોકડ પાએકે ચુકાવી દીધા પછે, જે દઇવિત વધે તેનો શુમાર જાચી ફરમાણને અમલમા લાવવું. એજ વશીએતના વધારામા પોતીકા વારેસને વાસતે એક નશીએત ભરેલો ફકરો એવો જણાવેલો જોવામા આવેએચ કે, હમજાત તથા પરજાતની સંગાથે પરીતીથી સદા હલી મલીને ચાલવું; અને કોઈબી સખસ બુરૂં કરે તોબી તેનું ભલુંજ કરવાની કાલજી રાખવાનું કદી ભુલવું નહીં.

કેહચ કે પોતીકા પીતાની નસીએતને માનસહીત સવીકારી ચાલેઆ, તેમા અરદેસર શેઠે અતીઅંત ફાએદા જોએઆ; એટલુંજ નહીં પણ બાપ કરતાં વધારે જાહોજલાલીએ પોંહતા તેની કીરતી હવે શરૂ કરીએછે.

શેઠ અરદેસર દાદીભાઈ.

આલમમા આસકાર થઇ ગએલા શેઠ અરદેસર, શાલે ૧૧૨૫ મા જનમ પાંમેલા, તેમના મરણ વખતે કેહવાએલી વએ ઉપરથી માલુમ પડેછે. સાંભલવા મુજબ આ સાહેબ ઉધરતી વએથીજ ચાલાકી અને ચંચલાઈ એવી વાપડવા લાગા કે, થોડીક સહમજ આવતાંવાર બાપના ઓહોલા વહીવટની વચે પલોટાઇને ઉંમરે જેમ વધતા ગયા, તેમ સરવે મંડલીઓની અંદર મીલનસાર થઇને પરમાંણીકપણામા વખણાઇ રહેઆ હતા; તે છતાંબી બાપના હોકમથી હરગેજ ઉલટા ચાલેઆ નહીં.

દાદીશેઠ જારે ગુજરી ગયા તારે આ શકરમી શેઠની ઉંમર ૪૩ વરસની પકી હોવાથી, સારા અનુભવના સંજોગે તેમના ઓહોલા વેપારનું કાંમ પોતાની મનશકતીનું માપ જાચીને એટલું તો વધારી મેલઊં હતું, કે તેમની શાહેતાથી બાપના વખતમા હતા તે કરતાં વીશેસ આસાંમીઓની પરવરેશી થવા માંડી; અને તેથી કરી દાદીશેઠની દએઆને જોકે સરવે કોઇ વીસરવા લાગા, તોપણ તેણાની કીરતીને આ શરીમંત શેઠે બનતી કોશેસથી તદંન જાંહાંબી પડવા દીધીજ નહીં.

આ શેઠીઆને તાંહાં તરણ દીકરાઓની હસતી થાએલી હતી; તેમા વડા અરશેદજી રોજ ૨૨ મો માહા ૯ મો કદીમી શાલે ૧૧૪૮ મા, વચલા જાંગીરભાઈ ૧૧૫૧ મા જનમ પાંમેલા હતા; અને સરવેથી નાહના નસરવાંનજીના જનમ દીવસની યાદી તો જણાઇ નથી, પણ તે સાહેબ બાળવએમા શાલે ૧૧૭૯ ના કદીમી ૪ થા ગાથાને રોજે મરણ પામેલા માલુમ પડેઆછે.

અરદેસર શેઠની સખાવતબી બે શુમાર બોલાએછે, પણ તે બાબેના સંઘરહની ગેરહાજરીને લીધે સરવે હકીકત વીસતારી કેહવાની અસકતી જોઆ છતાં, જેટલી વાત જાંણવામા આવીચ તેટલીજ હીંઆ નીરભએથી દાખલ કરવા ચાહીએછે; જે માહેલી સરવેથી પેહલી લગન સરીખાં સુભ કાંમની નોંધને સરૂઆતમાં લઇએચ કે, તેમના વડા તથા વચલા બેટાઓની શેઆદી

સાલે ૧૧૭૨ ના કદમી અમેરેદાદ મહીનાના ગુઆદરોજે મુબારક થાઇ, તેની ખુસાલીમા માસ એક આગમજથી તે લગભગ તેટલાજ પાછલા વખત સુધી એવીતો ધાંમધુંમ કીધામા આવી હતી કે, તેમાં સખાવતની રાહે ખરચાએલા રૂપીઆની સંખીઆ લાખોની કેહવામાં કાંઈજ સરાહગાત જેવું સહમજાશે નહી. આ કારણ માટેના ખરચની ટીપ એટલીતો લંબાંણ દેખાએછે કે, તે સરવેનો સમાસ હમારી ટુક નોધમા લેવાનું બનતું નથી; પણ વાંચનારી શોખીલી આલમને તે માહેલી એકજ રકમ અચરતી પમાડવા માટે હીંઆં જણાવીએછે કે, આ માલે તોજાર શેઠીઆએ પોતીકા ઘેર આગલ પાદસાહી સભાને છાજતો એક રોકણુકદાર માડવ જે બંધાવેઓ, તેના કાંમપર ફકત વીસ હજાર રૂપીઆ ખરચેઆ હતા; માટે તે હસાબે બીજાં કાંમો ઉપર કેટલા થયા હોએ તેનો અટકલો આંકવાનું આસાનીથી સહમજી સકાશે; કેમકે આ લગનની રચના વીશે તે વખતપર નજરે જોનારાઓની ઈઆદદાસતમાં હજી એટલીતો વખાંણ રમી રહેલી સંભલાએછે કે, મુંબઈ વશેઆ પછે એજ શેઠીઆ શેવાએ કોઈને તાંહાં હાવો મેહલ સરીખો માડવ નખાઆજ નોહતો.

પોતીકા પીતાએ પરથાવેલાં આતસ આદરાંણનો પવીતર કેબલો, આજ ઘણા વરશો થયાં જે મકાંનમા ગોઠવાએલાછે, તેની સાહમનેના અસલી કોટની કઠેણે એક ગંજાવર કુવો, તથા અભારો ૧૧૭૩ ની સાલમા આ સખી શેઠે હજારો રૂપીઆના ખરચથી બંધાવીને સઘલી વરણના ઈનસાંનો, તથા સરવે કીસમના પશુ પરાંણીઓની સગવડ માટે ધરમ ખાતે વપરાતો મેલઓ હતો; તે લગભગ ૫૮ વરસવેર રૂડા ઉપીયોગમા આવેઆ પછે, શાલે ૧૨૩૧ થી શાબદો નીકલી ગયો; તેનું કારણ એકે શેહરના સંભાલ માટે પરથંમ બંધાવેલો કોટ, પાછલા વખતપર નકાંમો માંલુમ પડેઆથી સરકારે ભંજાવી નાખીને, તાંહાંનો રસતો બાહેરના મેદાંન સાથે જારે જોડી લીધો, તારે તે કુવો વચોવચ આવેઆને લીધે તાંહાંથી તેનબી પુરી નાખવાની ફરજ પડી; અને તે ઉપરથી ધરંમનું કાંમ ધુલમા આંમેજ થએલું કેહવાએઉછે.

આગલા દાહાડઆ ઉપર ગુજરાતના લોકોને પગવાટે જેમ હીંઆં આવવું, તેમજ અતરેવાલાઓને તે તરફ જવું પડતું હતું; તારે મારગમાં કેટલે ઠેકાંણે મુસાફરોને ઉતારાના મકાંણોની જે બહુ જરૂર હતી, તે આ શેઠીઆએ સખી દીલથી શાલે ૧૧૭૪ મા વશાઈની પેલીપાર આવેલાં દંતોરા નામના ગાંમમાં સઘલી વરણના મુસાફરોને માટે એક મોઠી ધરંમશાળા બંધાવીને તેઓની સગવડ સાચવી હતી. આ મકાણની જાથુક જાળવણી માટે ખશી નામના પારશીને મોસારેદાર રાખીને તેને હાથે સરવેની માહવજત સારી રવેશે લેવાડતા હતા. એ મકાંણની મરાંમત તથા માણસના મોસારાનું પુરૂં પડે તેટલી ઉપજની એક જાગીર પણ તે તરફ જે લઈ આપેલીછે, તે તેમના વારેશોના હસતકમાં હજીસુધી સચવાઈ રહીને આ માલેકની મુરાદ માંફક (જેકે આગ ગાડી ફરતી હોવાને લીધે તે મકાંણમાં હવડાં કોઈનીબી હાજરી અપાતી તો હશેજ નહીં તે છતાંબી) તે મકાંન સારી હાલતમા હજી નીભી રહેલું સંભલાએછે. કેહચ કે

મરહુમ દાદીશેઠે વસાઈની અંદર એક ધરમશાળા બંધાવેલી હતી, પણ તેની હસતી વીશેની ચોકસ હકીકત જણાતી નહીં.

કોટમા મેડૌસ્ત્રીટના છેડા આગલથી તે છેક ફારબસ સ્ત્રીટના અડધ ભાગ ઉપરાંત એપાલો સ્ત્રીટ તરફની વલાંન સુધો રોકેલી જગાપર આ સકરમી શેઠીઆએ મોટો દરવીય ખરચીને "દાદી બીલડીંગ" નામની એક ગંજાવર હવેલી* ૧૧૭૩ અથવા ૧૧૭૪ ની શાળમા બંધાવીને પોતીકા નેકબખત પીતાની યાદગારી પરકાસ્તી રાખી હતી. આ મીલકત જોકે જમાનાની ગીરદેશીએ તેમની હઈઆતીબાદ તેમના વારેશો પાશેથી છીનવી લીધી; તોપણ બે અથવા તરણ હાથ ફરતાં હવડે સર અબદલ્લા દાઉડ સાસુન નાઇટના સવાધીનમા ગએલી જણાએઆ છતાં, પોતાની અસલી હાલત સાથે તેજ નામ કાએમ સાચવી રાખીને ઉભી રહેલી આપરે દરરોજ જોઇએછે.

હારંબી રો નામના મોહલામા મરહુમ શેઠ વીઠલદાશ કેસવદાશના વારેસ પાસેથી હરજીવણ લાલાની નાલીએર વાડીને નામે ઓલખાતી (દક્ષીને ગોલવારની ગલીને નાકેથી તે ઉતરે છેક ભાઠીઆવાડના છેડા સુધી) મીલકત† જે આ શેઠીઆના મરહુમ પીતાએ વેચાતી લીધી હતી; તે મકાંણ જારે ઈ૰ સ૰ ૧૮૦૩ ના ફેબરવારીની ૧૭ મી તારીખે લાગેલી આફીએત ભરેલી આગની અંદર બલીને ભસંમ થઈ ગઈ, તારે તે બલેલી ભોંએ તે વખતના નામદાર ગવરનર જોનાથન ડંકને યુરોપીઅન હાસપીતાલ બાંધવાના એરાદાથી સરકારને હસાબે આ શેઠ પાશેથી ઈ૰ સને ૧૮૦૪ અથવા ૧૮૦૫ માં ખરીદી લીધી.

ઉપલી જગેઆની જે કીંમત ઉપજી, તેમા વધારે રકમ રોકીને શેઠ અરદેસરે એજ શાળમા નામદાર સરકાર પાશેથી છાસતી તરફના આઠ ગાંમો દર શાલે ૩૨૮૦૦ નો ઠેકો કબુલ કરી જે વેચાતાં લીધાં હતાં, તેઓના નામો નીચે નોધી લઇએછે.

કનેરી.	તુલશી.	દઇશાર.	પાહડીનો થોડો ભાગ.
મલાહર.	માગાથાન.	આરે.	એકશાર.

આટલી હકીકત ઉપરથી અંગરેજી હકુમતમા અતરેના પારશી સરીમંતો વચે આએજ શેઠીઆ પેહલવેહલા જાગીરદાર થએલા જણાયા હતા; પણ તેવી જાહોજલાલી અંદર જમાનાની ગીરદેશીએ જે ખાંચ પાડી, તે વીશેનું વરણન હવે પછે કેહવામા આવશે.

૧૧૭૪ અને ૧૧૭૫ મા હીંદુસતાંન તરફ પડેલા દુકાલ વખતે તાંહાંથી ઘણા લોકો અતરે ધસડાઇ આવેઆ હતા, તેઓ નાંધલા મોટા મલી પાંચ

---

* એ મકાંણપર આગલા વખતમા ચોમેરની હરીઆલી જગેઆ વચે એક બીલંદ તલાવ હતો, જુવો આ નોંધને પાને ૩૪ મે.

† જાંહાં હવડે નામદાર સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની સખાવતથી સ્કુલ બંધાઈચ, તેની આખી હાર. ના. લે.

જાર જણાઓને આ માનવંતા શેઠીઆએ મેહરબાંન દીલથી લગભગ ૧૩ મહીના સુધી પોતાને ખરચે ખવડાવીને તરૂપત રાખેઆ હતા; અને તે ઉપરાંત કેટલાક અજાંણીઆ સખસો ઉપર રોકડ નાણાથી બનતી સખાવતનો જે સખી દસત લંબાવીઓ હતો, તેતો જુદો જણાએછે; માટે હાવા પરતીપાલ ઉપર કેટલી રકમ વપડાઇ હશે તેનો ખેઆલ શેહજમા સહમજાઇ સખાશે; કેમકે હજારો માણશોના પેટ ભરવાનું કાંમ કાંઈ શેહલું હોએજ નહીં.

પારશીઓના અસલી કએઆંની વતન ઈરાંન માહેલાં "મુબારકા" નામનાં ગાંમમધે એક આદરાંણની જારે અગત જણાઈ, તારે તે બંધાવી આપવા માટે આ સખી શેઠે શાલે ૧૧૭૭ માં અવેજ તથા અસબાબ અતરેથી તાંહાં મોકલાવીને પોતાની ઘટતી ફરજ અદા કીધી હતી; એટલુંજ નહીં પણ તેના જાથુક નીભાવસ સારૂ એક વજીફો વટીકબી તે તરફ લઈ અપાવેઓ હતો. એ બાબે પાછલથી એવું સભલાએઉંછે કે, કેટલીક મુદત બાદ તે જાગીરતો તાંહાંના જુલમી રાજના અંધેર કારોબારને લીધે બેહદીનોના હાથમાંથી જતી રહી, તે અલબતાં મુસલમીન લોકોએ બલતવારીથી છીનવી લીધી હશે; અને તે પછે આદરાંનની એમારતબી મરાંમત વીના એવી થાઈ પડીચ કે, તેને બંધાવનારા બુજોરગ સાહેબનું નામબી હસતીમાથી ખીસતું જાએછે. આ બાબે ભાઈ માંણેકજી લીમજી હોસંગ આંતરીઆનાએ સાલે ૧૨૩૪ મા છપાવેલાં "રીસાલે એજહારે શીઆતે ઈરાંન" (ઇઆને ઇરાંન દેસની મુસાફરીના હએવાલનો સાર) નામના પુસતકને પાંને ૯૫ મે એવું જણાવેલુંછે કે, "હવડાં તે મકાંન જેવી હાલતમાં (ખીસમાર થએલું) છે, તેવુંજ જો લાંમબા દાહડા રેહશે તો આગલ જતે નહીં સરખું બનવાનું" ઉપલાં લખાંનને આઠ વરસ વહી ગયાંછે, તેટલા આરસામા ધારીએચ કે તે કેબલેધા સાબદી પાએમાલ તો પાંમી હશેજ નહીં; માટે આ કારણમા લાગતા વલગતા જેબી સાહેબ સખતી ધરાવતા હોએ તેઓને સજાવારછે કે, પોતીકા બુજોરગવારથી થએલી સખાવતને બનતી કોશેસનું સાંધન કરી આપે, કે જેથી કરી તેમની તથા તેમા ભાગ લેનારની કીરતી સરખી રીતે પરકાસતી રહે.

આ સખી નરની સખાવત તો બીજી ઘણીબી થએલી જોઈએ; પણ તે બાબેની ઉતમ ઈઆદગારીની નોંધો, તેમના હઇઆત રહેલા વારશો પાશેથી વીખરાઈ ગએલી જણાયા ઉપરથી, કેટલીક વાતો અજવાલે આવતી જે અટકી પડીચ, તે સંબંધી દલગીરી જણાવીઆ શેવાએ હીંઆં બીજું કશું બોલી સકતા નથી.

વેપાર ખાતાંના ઉપીઓગ માટે આ સાહસીક શોદાગર પાશે સઘલાં મલીને ૬ મોટાં સફરી વાંહાંણો જે જુહલતાં હતાં, તે માહેલાં પાંચતો મરહુમ દાદીશેઠની અસકેઆંમતમાંથી તેનાને મલેલાં, અને તે પછે મીનારવા નામનું એક વાંહણ ૯૫૮ ટન વાલું પોતે બંધાવેલું હતું; એટલુંજ નહી પણ પોતીકા બેટાઓને હશાબના બે બારકશો નામે "અપટન કેઆસટળ," તથા "એલીઝાબેઠ"બી પોતાના ઉપીઓગમા લાવતા હતા; અને તે ઉપરાંતબી જારે અગત પડતી [illegible] બીજા [illegible]ક બારકશો નોલે માંડી કાંમમા લેતા હતા.

આ સાહેબનો વેપાર મોટાં મોટાં મુલુકો સાથે એટલોતો વીટલાઈ વલેઓ હતો કે, તેનો ફેસલો સફાઈથી લાવેઆવીના પોતાને સંતોસમંદ વીચારતા નોહતા; અને તેજ કાંમમા સાંભલેઆ પરમાણે સાવધ ધેઆંનથી પોતે ગુંતેઆખી હતા; પણ દુરદરાજ દેસાવરો તરફથી માગેઆ મુજબ હીસાબો ફરીવલતાં ઘણી ઢીલ થાઈ પડી; તેટલાં તેમની બીમારીએ એટલુંતો જોર કરી દેખાડઉં કે તેમાંથી જીંદગી બંચાવવાની કશી આશેઆ જારે રાખી સકાઈ નહી, તારે મરણની માતરે ચારજ દીવસ આગમજ વશીએતનાંમું કરીને તેમા પોતાની અસકેઆંમતનો અખતેઆર હઈઆત રેહેલા બે દીકરાઓ નામે શેઠ ખરશેદજી તથા જાંગીરભાઈ જેઓ તે વખતપર હાજર હતા તેઓને શોફવા બાબેના વકીલો થેડવેઆ તો ખરા, પણ ઉપર જણાવેલી બાબદોનું સારા સચવાટથી સમાપત લાવવાની અગત જોયા ઉપરથી પોતીકા ઘણાજ અતલગ મીતરો નામે મી૰ ઉલીએમ સાતન, મી૰ જેમસ કાલદર, મી૰ લીઉકસ આસબરનર તથા શેઠ ધાકજી દાદાજી મલી જણ ૪ ને વધારે વકીલો થેડવેઆ હતા. પોતાના વડા ભાઈ હોરમજજી જે તે વખતપર હઈઆત હતા, તેનાની પરવરેશી જેવી રૂડી પેરે પોતે કરતા હતા, તેવીજ રવેશે પોતીકા વકીલોને તેમના સંભાલ માટે ઘણી તાકીદ ફરમાવી હતી. સા૰ વીઠલદાસ કેસવદાસના ઘેર સાથે આ શેઠને જેવી બાબેસતા હતી, તેવોજ હક સાચવી રાખવાનું ફરમાનખી પોતાના બેહુ દીકરાઓને વીસતારી જણાવેઉં હતું.

કોઈબી ઈનસાંનની જીંદગી સદા કાએમ રેહનારી નહીં સહમજેઆ ઉપરથી આ સરીમંત શેઠ સાહેબેતીના ઉપાયે લીધા પછે, ૫૪ વરસની વએમાં રોજ ૨૬ મો માહ ૧૦ મો કદીમી સાલે ૧૧૭૯ ય૰ મુંબઈ શેહરના શેઠીઆઓનો આ સુપેસાલાર, સરવે વાતની નામવરીનો પંમરાટ લઈને જીંનતવાશી થયો, તે દીવસ કેહચ કે આ ટાપુપર ઘણોજ અંધકાર જેવો બીહાંમણો દેખાયો હતો.

આ નોધ લેનારની જાણમા કોઈબી પારશી શેઠીઓ એવો મરણ પાંમેલો માલુમ પડેઓ નથી કે, તેની પાએદસ આપણા રાજ કંરતાઓની ભગતીપુજેનાં મોટાં દેવલ આગલથી પસાર થતાં ગંમગીનીનો ઘાંટ તાંહાં વજાડવામા આવેઓ હોએ; પણ આ સરીમંત શેઠીઆની લાએકાત અને જાહોજલાલી એટલીતો દીપી નીકલી હતી કે, તે વખતના નેક નામદાર ગવરનર જોનાથન ડંકને આગમજથી હોકમ ફરમાવી મુકેઆ મુજબ, દોસતીની એક ઈઆદગારી નોધાઈ રેહવાના હેતુથી, આ અરદેસર શેઠનો સચકાર તેમના ઘેરમાથી બાહેર પડીને તેની સાથે મીજલસ ચાલુ થાઈ, તેજ વખતે તેમની પડોસના સેંટ ટાંમસ દેવલની અંદરથી ઘાંટનો ગંમખાર સરોદ જે નીકલવા માંડેઓ, અને રવાંણુ છેક તાંહાંની અસલી ભાગલ વટાવી ગએઉં, તાંહાં તુલીક કેહચ કે તેનો આવાજ બંધ પડેઓજ નોહતો; આ માન આપણી ઉપર હકુમત ચલાવનાર હાકમે ઈઓગીઅ આપેલું તે વખતે વીચારવામા આવેઉં હતું.

આ મરહુમ શેઠ ગુજરેઆ પછે તેમના વેપાર વણજના ઓહોલાં કાંમનો વહીવટ, વશીએતનામા મધે જણાવેલા સકતીવાલા ચાર સાહેબોએ એક મત રહીને બનતી કોશેસથી સારી રવેશે ફડચો કરી આપવામા ઘટતી ફરજ અદા કીધેલી કેહવાએછે; પણ તેમા પેહલાં જારે કેટલીક બાબદોનો ગુચવાડો માલુમ પડેઓ તારે તેની સફાઇ સારૂ છેક કલકતાવેરથી તે વખતપર વખણાએલા મી૰ હારબટ કાંમપતન* જેવા બાહોસ બારીસટરને મોટા ખરચથી બોલાવી મંગાવેઓ હતો; અને તે સાહેબે બતલાવેલી સલાહ મુજબ સઘલું કામ એવીતો રૂડી પેરે પાર ઉતરેઊં કે, સઘલા માગનારાઓને અસકેઆંમતની ઉપજમાથી હીસા પરતું ચુકાવી દઈ રાજી કીધા.

જમાનાના જાલ મદારે જો કદાપી કોઇનીબી હસતીને શેવટ સુધી સંભારી હોતતો, તેની સાહેતાથી આ સરીમંત શોદાગરની જાહોજલાલીબી હરગેજ જાંહાંખ પાંમતેજ નહી; પણ આટલુંતો અસલથીજ સરજાએલું સહમજાએચ કે, નામ તેનો નારા–અને ઉમેદ સદા નીરાસ થાતી આવેઆ મુજબ, અરદેસર. શેઠની દોલત અને મોટમોટી મીલકતો વીગેરે વેચાઇને તેમના નામ પરથી સદનતર નીકલી ગઈઓ; અને નેકીની માતરે થોડીજ ઇઆદગારી જે સચ-વાઈ, તેટલી હીંઆં નોધાઈ રહેલીછે.

દાદીશેઠ જેવા દએઆવંતા, અને દુખભંજન શેઠીઆના પુતો માહેલા વડા દીકરા હોરમજજીએ બાપ તથા ભાઈના જેવી નામવરી મેલવેઆ વીશેની કેફીએત હાથમા નહીં આવેઆને લીધે તેનાનો તેહવો કશો હએવાલ હીંઆં આપેઆવના ફકત તેમનું મરતીઉક નોધી [illegible]છે, કે ભાઈની પુઠે તરણ વરસની અંદર ૬૦) ની ઊંમરે પોંહચેઆ [illegible]છે, સાલ ૧૧૮૨ [illegible]દીમી ૮ મા મહીનાને ૨૯ મે રોજે વગર વારશે [illegible] આ જાંહાંનથી અસબાબ ઉહાવી ગયા, અને તેમના પાલક ખરશેદજી [illegible] શેઠ થઇને મજહબની સરીઅત તેનાએ બજાવી હતી.

---

* આ સાહેબ ઇ૰ સને ૧૮૩૨ માં તે વખતની માજી સુપરીમ કોરટ ખાતે વડો ન્યાયાધીસ થાઇ આવેઆ ઉપરથી, નામદાર સર હરબરત કાંમતપન નાઈટના એલ-કાબથી આપણી તરફ વખણાઈ ગયોછે. નો૰ લે૰

શેઠ ખરશેદજી તથા જાંગીર અરદેસર.

શાકરમી બપાવાના આ શેઆણપત ભરેઆ નબીરાઓનો જનમદીવસ ઉપર લખાઈ ચુકોછે, તે મુજબ બાપના મરણ વખતે વડા ૩૧, અને નાધલા ૨૮ વરસની પુગતી ઊંમરમા હતા.

અરદેસર શેઠનો વેપાર જારે ધુમધોકાર ચાલતો હતો, તેજ વખતથી આ બેહુ ભાઇઓએ સારી સંપજમા રહીને વડવાઓની પેરે અલાહેદો રોજગાર રાસમાં કરતા હતા; અને તેપછે મી૰ મીલબરન, પાતરીક સ્ટુઅરટ* તથા આદમ સકીનરની કુંપનીની નાંમીચી પેહડીઓને તાંહાંની દલાલીનું કાંમ પણ હાથ લઇને રૂડી કોશેસથી સરવે મંડલીમા સારૂ માન મેલવતા હતા.

આ શેઠીઆઓની સરીગતમા બે મોટાં સફરી વાંહાંણો જે હતાં, તેઓમા "અપટણ કેઆસતલ" ટન ૫૯૦ વાલું, અને "એલીઝાબેઠ" ટન ૬૫૦ વાલું જાંણવામા આવેઆંછે; અને તે બેહુ બારકશો બોહોલા રોજગારમા રોકાઇને પોતીકા માલેકો માટે સારૂં નોલ ઉપજાવતાં હતાં.

મરહુમ શેઠ અરદેસરના વહીવટનો જારે ફડચો થયો, તારે આ બેહુ ભાઇઓ જે તે વખતપર સખતીવાલા કેહવાતા હતા, તેઓએ ફડચો કરનારાઓ પાશેથી છાસતીના આડે ગાંમો, ઉપરાંત કોટ માહેલાં કુટંબોને રેહવાના મોટાં ઘેરોબી તેઓની વાજેબી કીંમત આપીને વડવાઓના નામને સજીવન રાખવાના હેતુથી ખરીદી લીધાં હતાં; અને તેઓ માહેલો કેટલોક ભાગ હજીસુધી તેજ સાહેબોના કોઈ કોઈ પરીવારો પાશે સચવાઈ રહેલો સંભલાએછે.

હાવી રીતે ભાઇની સાથે ઓગણીસ વરસવેર જાહોજલાલી ભરેઓ વહીવટ ચલાવતાં જાંગીરશેઠ ૪૭ વરસની ઊંમરે પોંહચીને રોજ ૮ મો માહા ૧ લો કદીમી શાલે ૧૧૯૮ ય૦ એ જારે મરણ પાંમેઆ, તારે તેમની પીઠથી અવતરેલા તરણ દીકરાઓ જે હઈઆત હતા, તેઓના નામો વઊંસાવલીની ટીપમા જણાવેઆંછે તાંહાંથી વાંચનારા સાહેબોને માલુમ પડશે.

ખરશેદજી શેઠના વડા દીકરા દાદીબા, જેવણ કાકાની પછે કાંમકાજ ચલાવવામા ઘણી ચાલાકી બતલાવતા હતા; તેવણ લગભગ ૨૮ વરસની ઊંમરપર આવેઆ તેહવામા, સરીરની બીમારીથી એવાતો નાતવાન થઇ ગયા કે, તેમનુ શોહરાઇ રહેલું સરીર જોઇને તેવણના મેહરબાન માતાજી શેઠાંણી ભીખાઈજી હેભતબાઇને રોજ ૧૯ મો માહા ૨ જો કદીમી શાલે ૧૨૦૬ એ મરણ પાંમેઆં; અને તેણાને સાતમે દાહડે ૨૫ મે રોજે આ જવાન શેઠ પણ પોતીકા ઘરડાં બપાઇ, બાપ તથા જવાન ભાઇઓને ગમગીનીમા નાખી બેહસતનસીન થએઆ.

---

* એ માહેલી બીજી પેહડીનો ખુદ માલેક પાછલથી નાદાર થઇને ચીન તરફ જઇ બેઠાને લીધે આ સાહેબોનું મોટી રકમનું લેણું તેમા સાબદું ડુબી ગએઊં હતું. નો૰ લે૰

જાંગીરશેઠ મરણ પાંમેઆને લીધે ભાઈ સાથેના વેપાર ખાતાંમાથી તેમનો હક તથા ઇલાકો જે બંધ થયો, તેના ફડચાની સફાઈ કરવા સારૂં સાંભલેઆ પરમાણે શેઠ ખરશેદજીએ શાલે ૧૨૦૬ મા મરહુમ ભાઇના છોકરાઓને કોટ માહેલાં રેહવાના ઘેરનો એક ભાગ, તથા છાસતીની મીલકતો મધેથી દઇશાર, પાહાડી, માગાથાન અને એકશાર મલી ૪ ગાંમો નોખાં પાડી આપીને તેઓ પાશેથી અભરાંમકુલ ન દાવાની ફારગતી લખાવી લીધી હતી, અને તેજ તરફના બીજાં ચાર ગાંમો નામે કનેરી, તુલશી, મલાહર, તથા આરૂં ઉપરાંત, કોટના ઘેરનો બાકી રહેલો ભાગ તથા વેપાર ખાતાંનુ જેખી હોએ તેનો જુહુમો પોતાને સર રાખેઓ હતો.

આ સાહેબોના વેપાર ખાતાંને અરથે અગાઉ જણાવેઆ મુજબના જે વાંહાંણો હતાં, તેઓ યાતો પુરાંણા હોયાને લીધે વેચી નાખેલાં, અથવા કુદરતી બનાવથી પાએમાલ થયાં હોય તેની ચોકસ ખબર માલુમ પડી નથી; પણ શેઠ ખરશેદજી પાશે બે વાંહાંણો જે પાછલા વખતપર હતાં તેઓની હકીકત હેઠલ જણાવીએછે.

વાંહાંણ "પાસકુઆ," ટન ૫૦૦ વાલું ઘણા વરશો સુધી સફર કરેઆબાદ, છેલ્લી બેપે ઇ૦ સને ૧૮૩૬ મા ચીનથી મુંબઇ આવતાં શીંગાપોરની બાહેર "પેદર બરાંણકો" નામના ખડક સાથે જોરમા અડકેઆથી ધાંમટ કરતું છેક તાંહાંના બંદરની અંદર જઇને ડુબી ગએઉં હતું.

વાંહાંણ "સકેલબી કેઆસટલ," ટન ૧૫૦૦ વાલું ઇ૦ સને ૧૮૪૦ સુધી એ-વણ પાશે હતું અને તે પછે વેચી નાખેલું સંભલાએઉછે.

આ શકરમી શેઠીઆઓના ઘેરમા પુરાંણી વસતીના પતીવરતા બાઇ, જે જઈફીએ પોંહચેલાં હઇઆત હતાં; તે મરહુમ શેઠ અરદેસર દાદીના મોહરદાર શેઠાંણી બચુબાઈ, જેણીએ પારશી કોમમા મોટું માન મેલવેલું હતું, તેવણ રોજ ૧ લો માહા ૧૧ મો કદીમી શાલે ૧૨૧૦ ય૦ એ ૮૦ ની ઉમરે આ જાંહાંનથી અસબાબ ઉઠાવી જઈ જીનત તરફ અખઇવાસ લીધોછે.

શેઠ ખરશેદજી સરવે પાંતીએ સુખી હાલતમા હોવા છતાં કોઇબી વાતની મોટાઈ મેલવીને આલમમા આસકાર થવાનો દાવો કીધાવના સાંતપણે પોતાનો સંસાર ચલાવતા હતા; અને પોતાની પક્ષમા દીકરાઓ કરતાં વડી દીકરીના દીકરાઓને એટલી તો પનાહ આપેલી સંભલાઇચ્ચે કે, તેના પુન પરતાપથી તે બેહુ ભાઇઓ આજે સરવે પાંતીએ સખતીવાન થઇને તે માહેલા એકતો સરી-મંતને દરજ્જે પોંહચેઆ ઉપરાંત "સટાર આવ ઈંડીયા" તથા "સર-નાઇટ" ના નાંમીચા બેતાબોથી આપણી વસતીમા પરકાશી રહેલાછે.

કદીમી કોમના વડા અને પારશીની આખી અનજુમનના અકાબરોની સંફમા સમાએલા, આ ગંભીર શેઠ ખરશેદજી પોતાના જનમથી ૭૨ વરસની ઉપર ૩ મહીના ને ૮ દાહાડાની જઈફીએ પોંતા પછે રોજ ૨૯ મો માહા ૧૨ મો કદીમી શાલે ૧૨૨૦ ય૦ એ બારેહકતાલાને તાંહાંથી નોતરૂં લઈ આવેલા અજલના ફરેસતા સાથે વગર અડચણે ચાલી જઇને બેહસતનો રોસન મકાંન

પાંમેઆ; અને તેવણથી ઉતરેલું વડાપણું તેમના હઇઆત રહેલાઓ માહેલા વડા દીકરાને એનાએત થયું.

આ મરહુમ શેઠનું ઉઠમણું કદીમી પેહલા ગાથાને રોજે થયું, તારે તેની ક્રીઆમાથી ફરાગાત પાંમેઆ પછે મીજલેસની હજુરમા એક અનજુ-મન પતર જે વંચાયો હતો; તેની મકસદ તા૦ ૨૪ મી આગસટ ૧૮૫૧ ના મુંબઈ સમાચાર પતર ઉપરથી એવી માલુમ પડીચ કે, આ શેઠીઆના તરણે દીકરાઓ ઉપરાંત દીકરીના દીકરાઓ, તથા બે દીકરીઓએ મલીને રૂ ૬,૦૦૦ ની એક રકમ ઉભી કીધી; જેમા આ મરહુમ શેઠની પુંજીમાંથી રૂ ૧,૦૦૦ લઇને કુલ રૂ ૭,૦૦૦ વડે ચોપાટી ખાતે ગરીબ ઈરાંની પારશીઓને વાસતે, તેઓનો સંભાલ કરનારી મંડલીના આગેવાંનો હસતકથી લેવાએલી ખાલી જમીન ઉપર મરહુમ શેઠને નામે એક ધરમસાલા બાંધો આપવાનું નીસચે ઠેરવેલું હતું. આ બાબેની તંદરોસતી પ્રઢાઈ રહેઆ પછે ધારેલાં નેક કાંમની સરૂઆત તાંહાં ચલાવીને જે એમારત તઈઆર કરાવી, તેનુ મુહરત રોજ ૨૦ મો માહ ૧ લો કદીમી સાલે ૧૨૨૨ ય૦ નું લઇને, મજહબની સરીએત મુજબ જસન કરાવેલું; અને ઈરાંનથી આવનારા ગરીબ જરથોસતીઓને રેહેવા માટે ધરમનું આ જા-હેર મકાન મરહુમ શેઠ ખરશેદજી અરદેસરને નામે તેમના સાહેબ જાદાઓએ ઈરાંનીઓની હાલત સુધારનારી મંડલીના આગેવાંનોને હવાલે શોંફી દીધું; પણ તે ઉપર ચંદરોકાળ સુધીની માલેકીનો સરવે હક દાદીશેઠના ધરમખાતાંનો વહીવટ ચલાવનારના કબજાનમા રહેલો સંભલાએછે. આ બાબેનું એક સતા ભેરેલું તરસટ ડીડ તા૦ ૧૮ મી સપટેમબર સને ૧૮૫૩ ઇસવીએ જે લખાએ-ઊંચ, તેમાં તે સંબંધી સરવે જીકરી વીસતારી જણાવેલીછે; એટલુંજ નહી પણ તે ઉપરાંત એજ ધરમસાલાને મથાલે મજલાઓ ઉઠાવવા, અથવા તેની આશેપાશેની ખાલી જગેઆ ઉપર એવાંજ કારણસર જેબી જરથોસતી બીજી એમારત બાંધવા ચાહે, તો તે અમલા તથા મકાનના મુતવલીઓની પરવાં-નગી મેલવીઆથી તેહવા સખસ અથવા સખશોને છુટ* આપવાનુંબી દાખલ કીધેલું કેહવાએછે.

---

* આટલી બાબદનો એક સારો ઉપીઓગ એવો સહમજાયોછે કે, ઈરાંન તરફ ગયાં બે વરસની વાતપર પડેલા ભએંકાર દુકાલથી દુખ પાંમી સેંકડો ગરીબ જર-થોસતીઓ પોતીકાં પરીવારો સહીત તાંહાંથી જે નીકલી આવેઆ હતા; તારે તેઓને માટે ઉપલી ધરમસાલાની એમારત બસ નહી જણાયા ઉપરથી આપણા જમાને હાતમ સર કાવસજી જાંગીર રેડીમનીએ એજ ધરમસાળાની પડોસમા મજલા સાથેનું મકાંન બાંધી આપી તેઓનો સમાસ સાચવી દીધોછે. નો૦ લે૦.

શેઠ અરદેસર ખરશેદજી દાદી, તથા ભાઇઓ.

મરહુમ શેઠ ખરશેદજીની જીંદેગીમા ચાર દીકરાઓની હસતી, જે કીરતારે બખશેલી હતી; તેજ ખાવંદે તે માહેલા વડા શેઠ દાદીબાને તેમની ૧૪ વરસ આગમજથી ખેંચી લીધાપછે, બાકીના સાહેબ જાદાઓને તેમના મરણ ટાંકણે સલાંમત રાખેલા હતા; જેઓના નામો તથા જનમ દીવસની ઇઆદી હેઠલ જણાવીએ છે.

શેઠ અરદેસરનો, રોજ ૨૫ મો માહ ૧૨ મો કદીમી સાલે ૧૧૮૪
શેઠ નસરવાંનજીનો, રોજ ૭ મો માહ ૮ મો કદીમી સાલે ૧૧૮૯
શેઠ હોમજીનો, રોજ ૨૯ મો માહ ૮ મો કદીમી સાલે ૧૧૯૪

જાંહાંસુધી સારાં ભાગ્યેગની સરજત સાથે આ તરણે ભાઇઓ જોડાઈ રહેઆ, તાંહાં તુલીક તેઓ એક સંફીથી વેપાર ચલાવીને એટલાતો દવલતવાન થએલા કેહવાયા હતા કે, જો ૧૮૬૫ નું નબોદ વાલનારૂં સીહા વરસ આ ટાપુ ઉપર નહીં બેઠું હોત તો, પોતીકા બપાવા તથા પરદાદા કરતાં તેઓ વધારે સરીમંત થઈ પડતે; પણ ઉપર કહેલો કદરૂપો કાલચંદર આવે તેની બે વરસ આગમજ, આ સાહેબો સગલી કીસમના ભાગલાગમાથી અરસપરસની સહમજુલીએ છુટા પડઆ પછે, તે માહેલા વચલા ભાઈ રોજ ૩૦ મો માહ ૧૦ મો કદીમી સાલે ૧૨૩૨ મા મરણ પાંમેઆ. જે મોહતને થોડીક મુદત ગુજરી તેટલાં કેહય કે આ માનવંતાં કુટંબમા કોઇ તરેહની ગેરસહમજુતીએ કુસંપનાં સડા એવાતો પેસારેઓ કે, ભાઇ ભાઇઓ તથા કાકા ભતરીજાઓ વચે ભારી મીનાકીશો ઉઠેઓ; અને તેમા વલી આલમને આફતમાં લાવનારાં વરસની ચુંગાલમા (નાહની વએના એક ભતરીજા વતરોગે) સરવે સોહેબો એવાતો ફશી પડઆ કે, એક ગમથી અપસઅપસ વચેની વલગણ, અને બીજી તરફથી તેઓ દરએક સાથે લેણદેન કરનારાઓનું સંકટ સાંમટું આવી લાગાથી, બીચારા સઘલા સરખી રીતે પાએમાલીની નોબતે પોંહચીને કંકાસનો ફેજ તેઓએ આવી રીતે હાંશેલ કીધો કે, બાપ દાદાથી મેલવાએલી જનમ સુધી ખુટતે નહીં એવી છાસઠી માહેલાં ચાર ગાંમની જાગીર તેઓના દેવાં માટે કેહય કે પાંણીને મુલે વેચાઇને પારકે હાથ ગઈ; અને તે ઉપરાંત બાપીકી બીજીબી મીરાસ બારેવાટ થાઈ; માટે આવી દુખ ભરેલી વાતથી હીંઆંની વસતીમા ભારે દલગીરી જે ઉપજીછે, તે હજીસુધી કોઈબી ભુલતું હશેજ નહીં.

હવે ધરંમના મકાંનો જેવાં કે આતસઆદરાંણ, આતસબેહરાંમ, દોખમું, ચોપાટીની વાડી, દંતોરા તથા ચોપાટીની ધરમસાલાઓ, અને માહલક્ષમીમા પાણીનું પરબ, ઉપરાંત જે બીજુંબી હોએ તેના મુતવલીનું કાંમ ધારા પરમાંણે ઉપલા ભાઇઓ માહેલા વડા શેઠ અરદેસરને હાથ રહેલુંછે; તેની તપાસ ઉપર આવતાં એવું માલુમ પડય કે, તે મકાંનોની મરાંમત વીગેરેના ખરચ માટે વખતની હાલત પરમાણે આગલા માલેકો જે જાગીરો તથા મીલકતો અલાહેદી કાહડી

ગયા હતા, તેની ઉપજ હવડાં એટલી તો થોડી હાથ આવેચ કે, સઘલાં મકાંનોના કાંમોને તે દરોબસત પુરી પડતી નથી; અને તેમાં કાંઈબી હુંમેશે થાએ એવા એરાદાથી આતસ બેહરાંમના ચોકમાં દસતુરોને રેહવા માટે દાદીશેઠે બાંધી આપેલાં બીલંદ ઘેરનો કેટલોક ભાગ તેઓ પાશેથી ખાલી કરાવી લઈને, હવડાં ભાડે આપવાનું જે કારણ પડઊચ, તેટલી ફરજ સાંભલેઆ પરમાણે શેઠ અરદેસર અતીઅંત દલગીરાઈથી બજાવવા ચાહેછે; કેમકે ઘેર ભાડાંનું કાંઈબી ઉપજે તો ધરમના કાંમોનો નીભાવસ કરવામા આવે. આ બાબદમા એક દાખલો હવડેજ અજવાલે આવેઓછે કે, આતસબેહરાંમ બંધાયાને આજે ૯૦ વરસ વહી ગયાં, તેટલા અરસામા એમારતની મરામત અગાઉ ઘણીવાર કીધામાં આવી ચુકીછે;* પણ છેલી વારની મરાંમત સાલે ૧૨૪૨ મા જે થાઈચ, તે બાબે સાંભલેઆ પરમાંણે ઘણી પંચાતીઓ ચાલેઆ પછે, શેઠાણી ભીખાઈજીના મરણ ટાંકણે જે થાપણ તેણીની ખાશ પુંજીમાથી મરહુમ શેઠ ખરશેદજીએ ઉભી કરીને પોતાને તાંહાં વીઆજથી વધારી હતી, તેમાથી શેઠ અરદેસર ખરશેદજીની સંગાથે શેઠીઆઓ ખરશેદજી કાવસજી આસબરનરના, તથા મનચેરજી હોરમજજી કાંમાજીની દેખરેખ હજુર કેટલીક રકમ ખરચીને મોટા કેબલાનુ કામ સરનજાંમ પોંહચાડઊ છે;† અને તેના દીવાનખાનાના શીંગાર માટે મુતવલી સાહેબની રજા મેલવીને શેઠ કાવસજી માણેકજી લીલાંઉવાલાએ પોતીકી મરહુમ મોહરદારના પુનની યાદગારી રેહવા સારે આરશી, હાંડીઓ, ઝુંહુમરો તથા ગાલીચાઓ મલીને રૂ ૩,૫૦૦ ને સુમારેનો સામાંણ આતસબેહરાંમ સાહેબની શેવામાં જે અરપણ કીધો, તે બાબેનો ઉપકાર મુતવલી તરફથી રોજ ૯ મો માહા ૯ મો કદીમી સાલે ૧૨૪૨ ને રોજે થએલાં જસનની મીજલેસ હજુર જાહેરમાં માનેઓ હતો. આ બનાવ ઉપરથી હમારો આધીન અભીપરાએ હીંઆં જણાવવો જોઈએચ કે, દાદીશેઠના વઊસથી ઉતરેલા સાહેબોમા જે જે સખી કેહવાએછે, તેઓને સજાવાર બલકે ફરજબીછે કે પોતીકા મુરબીઓના નામની કીરતી ચંદરોકાળ સુધી દીપતી રેહ તેહવી રૂડી યુકતીથી ધરમના મકાંનોને સદા સારી હાલતમા રાખવાનો હેતુ ઇછીને તેના જાથુક ખરચ માટેની એક થાપણ પોત પોતામા ભેગી કરી હાલના મુતવલીને એવી રીતે સોંફી આપવી કે, તેની ઉપજમાથી ખરચ કરેઆ જાએ, અને મુદલને અનામત રાખે તો, તે કાંમ આટોપી લેવાને શેઠ અરદેસર સરવે વાતે લાએક અને પરમાણીક માલુમ પડેછે; માટે તેવણના વડાપણાનો હક કોઈ રીતે

* આટલું બનેઆ છતાં આતસબેહરાંમ સાહેબના તખતને, અગાઉ જણાઈ ચુકેલી હકાએત મુજબ, અસલી જગો ઉપરથી બીલકુલ ખીસાડવું તો પડઊ નથી.

† હવે આ માહભારત કેબલા અંદરના ચોક માહેલા જમનવારના અશાલી ઓટલાઓ, કોઇ મુદતથી ભાગીને ભોંએ બરોબર થઈ પડેઆચ, તેઓને પાછા ઉભા કરવાની વાતો ચાલતી હતી; તેટલાં કોટના આદરાંનવાળી એમારતની મરાંમત જે નીકલી આવીછે, તેનુ કાંમ સંપુરણ કરવું જોઇએ; માટે ઉપલા ઓટલાઓ વાસતે કાંઇબી પુંજી ફાજલ રેહ એવી વકી જણાતી નથી. નો. લે.

હરેકતમા નહીં નાંખતાં આ આતસબેહેરાંમ તથા આદરાણના માહભારત મકાં-નોની માવજત જેબી સાહેબ સાચવશે, તેનો બદલો બારેહકતાલાની બખ્-શેસથી તે બચીત પાંમશે.


હમારો ઉપલો અભીપરાએ તો હજી યંતરમા જવાની તઈઆરીપર હતો. તેટલાં હાલના મુતવલીની બેહેણ શેઠાંણી માણેકબાઈ, રોજ ૫ મો માહા ૧૦ મો કદીમી શાલે ૧૨૪૨ ને રોજે બેહસતનશીન થયાં, તેનો તરીજે દાહાડે ઉઠમનાની કીરીઆ કરી રહેઆ પછે, રૂ ૫,૦૦૦ ધરમ ખાતે આપવા માટે જે ઉભા કીધા, તે વીશેની ખીના વરતમાન પતરોમા છપાએલી વાંચવા ઉપરથી માલુમ પડેછે, તેમાથી માતરે એક હજાર રૂપીઆ મરહુમ બાઈની દીકરીના દીકરા શેઠ મનચેરજી નવરોજજી બનાજી, તથા દીકરી સુનાબાઈ તે શેઠ હીરજીભાઈ અરદેસર દાદીશેઠનાની ધણીઆંનીએ નીમોનીમ અલાહેદા કાહડીને ઉપલાં માહભારત એબાદતખાનાના ખરચ સારૂં ટકા ૪ વાલી સરકારી નોટમા રોકવા જણાંવેછે; અને બાકીની રકમને બીજા ધરમમા ખરચવાનો એસારો જે કીધોચ, તે ઉપરથી કેહવાને ખરેખરી દલગીરી ઉપજેછે કે, બેહસતન બાઈના વડવાઓના ઉપલાં ધરમખાતાં સાચવવા માટે તેણીના વહીવટદારોએ તંદરોસતી પઢાવેલા બધા રૂપીઆ, જો કદાપી આપેઆ હોતતો તેના વીઆજમાથી સઘલી અગત તો પુરી પડતેજ નહીં, પણ તેટલાંએ થોડાક સધીઆરો મલેઆથી, એકતો આ મરહુમ બાઈને મોટું પુન લાગતે, અને બીજું એકે તે બાબેની સરૂઆત સંબંધી કીરતી પણ વહીવટદારોને જરૂર હાંશેલ થાતે.

દાદીશેઠની તોખમથી ઉતરેલા હાલના મુતવલી શેઠ અરદેસરને તાંહાં હકદાર વારેશોની જે વરધી થએલીછે, તેઓની વીગત હેઠલ જણાવીને આ માનવંતા કુટંબનુ વરણન સમાપત કરીએછે.

વડા દીકરા હીરજીભાઈ રોજ ૨૫ મો માહ ૫ મો કદીમી શાલે ૧૨૨૭ મા જનમેલા જણાયાછે; અને તેવણને તાંહાં દાદી શેઠ નામના બરખુરદાર બેટાનો જનમ, રોજ ૯ મો માહા ૨ જો કદીમી શાલે ૧૨૪૧ મા મુબારક થએલો માલુમ પડીઓછે.


નાધલા દીકરા ખરશેદજી રોજ ૨૪ મો માહા ૯ મો કદીમી શાલે ૧૨૩૦ મા જનમેલા કેહવાએછે.

ઓદાતાલાની બખશેસથી એ ઘેરની વસતીમા હજી વધારો થાઓ, કે જેથી કરી દાદીશેઠના ધરમખાતાંને સાચવનારા વાલીઓની હસતી હમેસાં ભરપુર રેહે.




આ શાહેબોને તાં ફાંની વરાતી આંક ૩ માં લેવી.

કાવશજી બાવાના સાત દીકરાઓને તાંહાંની વંશાવલી·



કાવશજી બાવાના સાત દીકરાઓને તાંહાંની વંશાવલી.



બનાજી ખાંનદાનનું બયાંન.

પારશી તોલાની વસતીમા પોતીકાં વઁસનો વધારો કરી આપનાર શેઠ બનાજી લીમજી, સુરત શેહરની પાશે આવેલાં ભગવાદાનડી નામનાં ગાંમડાંની અંદર સાલે ૧૦૨૩ મા જનમ પાંમેલા કેહવાંમા આવેઆછે. આ ગરહસથ ૩૯ વરસની વએના થયા પછે સાલે ૧૦૫૯ ને સુમારે હીંઆં આવી, વાશો કરી રેહેઆ, તારથી તેમનો વશીલો જોકે તે માહેલા કેટલાક સાહેબો જુદી જુદી અટકથી ઓલખાયા છતાં બનાજીની પીછાંનતને ઉસતવાર પકડી બેઠેલા માલુમ પડેછે.

બનાજી શેઠ મુંબઇમા આવીને કહેઆ ધંધાની ધમાલ ધરી બેઠા તેની ખબર જોકે કોઈ પાશેથી હમોને મલી નથી, તોપણ આટલુંતો ચોકસ જણાઈ આવેછે કે, એ સાહેબ પોતીકા વખતમા સઘલી વાતે સુખી રહીને હંમદીનો ઉપર એવીતો રૂડી વરતણુકથી અકાબરીનો ઓહદો ચલાવતા રેહેઆ કે, તેનો વારશો એક ઇઆદગારી દાખલ વઁસદર વઁસ ઉતરતો રેહેઆ મુજબ તેના કબીલાઓ માહેલા કેટલાક ગરહસથો ઘણા વરશો સુધી પરમાણીકપણાથી જાલવી બેઠા હતા. આ સાહેબ પારશી પંચાતની અંદર દાવરનો દરજોબી ધરાવતા હતા.

આ બુજોરગવારના નામ સાથે તેમના વંઉસની ઓલખ ઉપરાંત બીજી ચીજો જે જોડાએલી જણાએછે, તેમા બનાજીનો દેહલો, બનાજીની પોલ, અને તેનીજ અંદર બનાજીની દરેમેહર, જે આવેલીછે તે મલીને સરવે એવુંતો ઉસતવારીથી સચવાઈ રહેઁચ કે, બારેહકતાલા તેઓને સલામત રાખશે તાંહાં તુલીક તે માહેલી કોઇનીબી હસતી કેથે ભુલાઈ સકાશેજ નહી.

ઉપર જણાવેલો દેહલો (કોટના હનુમાન ગલીની અંદર જે આવેલોછે, તેમા આ કુટુંબીઓના આગલા કેટલાક સાહેબો રેહતા હતા; પણ તે મીલકત ઈ૦ સને ૧૮૦૩ ની સાલમા આ ટાપુ ખાતે લાગેલી મોટી આગની અંદર બલી ગયા પછે તાંહાંની ખાલી જગેઆ ૧૮૪૦ સુધી એજ કુટંબના એક નેકબખત નબીરા શેઠ ઉકડજી કુંવરજીના હાથમા સચવાઈ રહેલી હતી; અને તારબાદ જોકે ઘણું થયું તે વેચાઇને પારકે હાથ ગઇચ, તોપણ તે માહેલી એક જગેઆ બનાજીની કોઠડીને નામે હજીસુધી તાંહાં ઉભેલીછે.)

જરથોસતીની વસતી આ ટાપુપર થાઈ, તારથી લગભગ પોણી સદી ભરાવા આવેઆ છતાં, તેઓને માટે એબાદત ખાનાનું કોઇબી પવીતર મકાંન હતુંજ નહીં; જે ઉપર આ સાહેબે પકો વીચાર દોડાવીને પોતે રૂડી વરતણુંકથી પેદા કીધેલા પઇસાનો થોડાક ભાગ સારાં કાંમમા રોકવાના હેતુથી ઉપર જણાવેલી પોતાની પોલ અંદર એક અલાહેધી એમારત તેનાએ બંધાવીને તેમા આતસ આદરાંન સાહેબને રોજ ૯ મો માહ ૯ મો શેહણસાઈ સાલે ૧૦૭૮ ય૦ એ તખત નસીન કરાવેઆ; અને જરથોસતીઓના ધરમનીમના કાંમ

વાસતે આ કેબલેધાહ બોલી મેલીને બેહસતનો તોશો હાંશેલ કરી લીધો* આ દરેમેહરની આગમજ, કેહચ કે, હીઆં જેબી અગીઆરીઓ હતી, તાંહાં ફકત કીરીઆ કરમનાં કાંમો શીવાએ બેહદીનોથી બંદગી માટે જવાઇ સકાતું નોહતું; માટે તેઓની તેટલી સગવડ સાચવી આપવાનું ઉતમ માન એજ શેઠીઆને સાહે થાએઉં. આ મકાંન જે પેહલવેહલું કેહવાએલુંછે, તે વાતને આજે ૧૬૪ વરસબા વહી ગએલાં આપણ જાંણી સખીએછે.

પોતાની કીરતી ગવાતાં આટલાં (અને તે ઉપરાંત બીજાંબી તેવનથી થાએલાં જે છુપેઆં હોએ તેટલાં) કાંમો બજાવીને આ બુજોરગ બાવા બનાજી પોતે રોજ ૨૦ મો માંહ ૧૦ મો શેહણસાહી સાલે ૧૧૦૩ ય૦ એ ૮૦ વરસની સુખવાશી ઊંમર ગુજારી જીનત ગુજીન થયાછે.

વંસાવલીની ટીપમા નોધાએલા આ બનાજી શેઠના તરણ બેટાઓ જે હતા; તેઓ માહેલા વડા બેરાંમજી સાલે ૧૧૨૨ મા, નાધલા લીમજી ૧૧૨૬ મા, અને વચલા માણેકજી ૧૧૪૪ મા ગુજરી ગએલા સાંભલેઆછે; અને તેજ પરમાણે તેઓના કેટલાંક ફરજંદોબી વખત પરમાણે બનતી જાહોજલાલી ભોગવીને એકેકની પુઠે જીંદગી ખતમ કરી ગએલા માલુંમ પડેછે.

શેઠ નાનાભાઈ બેરાંમજી દાવર, અને તેમનું પરીવાર.

બનાજીના આ વડા દોતરા જે પાકી પરેહજગારી ઉપરાંત ઈનસાફી વાતોમા ઘણા અપક્ષપાત સહમજાયા ઉપરથી અનજુમને તેનાને તેમના બાપીકો દાવરનો બેતાબ આપેઓ, તારથી તેમનો વશીલો નવા એલકાબને આધીન રહેઆથી અસલ દરખત માહેલી એક દાહાલી છુટી પડેલી કેહવાઈછે.

દાવર ખાનદાનના નબીરા શેઠ નાનાભાઈની કીરતીબી હસતીમા રહી નથી. એ સાહેબ સાલે ૧૧૫૭ મા જારે મરણ પાંમેઆ, તારે તેનાની પીઠથી

* આ એબાદત ખાનાનો વહીવટ, બનાજી શેઠ પછે તેમના બેટાઓ જેમ ચલાવતા હતા; તેમજ તેવનના નબીરાઓ શેઠ ડોસાભાઈ તથા ઉકડજી કુંવરજી એ, અને તારબાદ શેઠ હોરમજજી રતનજી એ બી ચલાવેઓ હતો. એ કેબલાની એમારત ઘણીજ પુરાંણી થાઇને બીસમાર હાલતમા જારે માલુમ પડી, તારે એજે કુટંબના એક નેકબખત નબીરા શેઠ દાદાભાઈ રૂસતમજીની એલતેમાસ ઉપરથી, શેઠીઆઓ ફરાંમજી, ખરશેદજી, તથા રૂસતમજી કાવસજી મલી તરણો ભાએગ સાલી ભાઈઓએ તેને નવેસરથી દુરસત કરાવી આપવાની આગેવાંણી ઊંચકી લીધી; અને તેમા આ બોહલા કુટંબના બીજા ભાઇઓબી કેહચ કે, સાંમેલ રહીને પોતીકા વડવાઓનું આ પેહલવેહલું પવીતર મકાંન ય૦ ૧૨૧૪ મા તેઓએ સારી હાલત પર સમપુરન કરાવી દીધું; એટલુંજ નહી પણ તેના જાથુક ખરચની એક અલાહેદી થાપણબી આ સખી સાહેબોએ તેજ વખતથી ઉભી કીધેલી કેહવામા આવેછે; અને તેનો વહીવટ સાંભલેઆ પરમાણે હવડાં શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજીના સવાધીનમા રહેલોછે. નો૦ લે૦

અવતરેલા ૪ દીકરાઓ જે હઇઆત હતા, તેઓમા વડા ફરાંમજી, બીજા બેરાંમજી તરીજા ખરશેદજી અને નાધલા બરજોરજીના નાંમો જણાયાંછે.

કેટલાક દસતાવેજો ઉપરથી જણાયછે કે શેઠ ફરાંમજી નાનાભાઈ દેસાવરો સાથે ઘણો બોહોળો વેપાર કરતા હતા; અને તેનાજ ઉપીઓગ માટે બે મોટાં સફરી વાંહાંનો (૩૦૦ ટનવાલું "કઆરટીઅર," તથા ૫૦૦ ટનવાલું "ગંજાવર") ના ખુદ માલેક ગણાઇને શાલે ૧૧૯૦ નાં રોજ ૧૨ મો માહા ૩ જો શેહનસાહીએ ગુજરી ગયા. આ શેઠ પોતાને તાંહાં તરણ દીકરાઓની હસતી મેલી ગયા હતા, તેમા જાંગીર અરદેસર અને નાનાભાઈ માલુમ પડેઆછે.

બીજા તથા તરીજા ભાઇઓના કાંમો સંબંધી કાંઇજ ઇઆદી હાથ આવી નથી મગર સરવેથી નાંધલા શેઠ બરજોરજી નાનાભાઈ દાવર પોતીકા વખતમા રોજગારના બાહારપર સારી રીતે ઉગી નીકલેઆ હતા. આ ટાપુ ખાતે પરથંમ મી૦ મીચલ તથા બાઇસ, અને તાર પછે મી૦ કેંપ નામના અંગરેજ સાપકીપરો તથા લીલાંઉખાનુ રાખનારાઓની રાસમા, આ સાહેબ ઘણાક વરશો સુધી જોડાઇ રહીને નીતીની રાહે મોટા દરવીયવાન ઉપરાંત બનાજીના બોહોલા કુટંબમા બુજોરગી ભરેઓ દરજ્જો ધરાવતા હતા. પાછલથી જારે મી૦ ગરેફીથ ફરીથ* આવેઓ, તારે તેની સંગાથે પોતીકા વડા દીકરાને જોડી આપીને મી૦ ફરીથ બમનજીની કુંપનીને નામથી પરમાંણીકપણે તેવોજ વહીવટ ચલાવેઆમાબી કાંઇજ કશુર રાખી નોહતી; પણ જવાંણીના બાહરપર ખીલતા મી૦ બમનજી ૧૨૦૬ ની શાળમા ગુજરી ગયાથી, જઇફીએ પોંતેલી પોતાની જીંદગીને લીધે કાંમકાજ સઘલું છોડી દઇને બાકીના દીવશો સાંતપણે ગુજારતાં પાછલા વખતનુ સંકટ સહન કરીને રોજ ૨૩ મો માહા ૯ મો કદીમી સાલે ૧૨૧૦ ૫૦ એ ૫૯ વરસની ઊંમરમાં જારે ગુજરી ગયા, તારે પેસતનજી નામના એક નાધલા દીકરા ઉપરાંત, મરહુમ મી૦ બમનજીના છોકરાંઓ તથા પોતાની દીકરીઓને તાંહાંના છઇઆંઓની મોટી વસતી મેલી ગએઆ હતા.

બનાજીના દુહજતાં દરખતમાથી નીપજેલી દાવર ખાનદાંનની ડાહાલી જો કે શેહનસાહી પંથનેજ હજીસુધી વલગી રહેલી માલુમ પડેછે; પણ મરહુમ મી૦ બરજોરજીએ પોતે તેમાથી નોખા રહીને કદીમી તરીકાપર ચાલવા માંડેઊં હતું, જેથી તેણાનુ પરીવારબી તેજ રેવાજને આધીન થઈ રહેલું કેહવામા આવેછે.

---

* આ ગરહસથ અશલમા સફરી વાંહાંણનો એક કપતાંન હતો, તે નોકરી છોડેઆ પછે વેપારીની સંફમા સમાઇને પરખેઆત થઇ ગયોછે. નો૦ લે૦

શેઠ કાવસજી નાનાભાઈ દાવર.

દાવરખાનદાનના બેશુમાર દોતરાઓમા માતરે એકજ નામવર નીવરેલા આ શેઠ કાવસજીએ, પોતાની કારકીરદીમા વેપારના કાંમની સગવડ માટે રૂડી કોશેસથી ભાગીદારો મેલવીને જે જે જાહેર ખાતાંઓ ઉભાં કરવા સંબંધી આગેવાની અંગેજી લીધી હતી; તેની વીગત હેઠલ જણાવેઆ મુજબ માલુમ પડીછે.

૧૨૧૪ મા, કમરશીઅલ બેંક.*

૧૨૨૨ મા, રૂઉની ગાંસડીઓ શેહલાઇ સાથે સસતાંમા ડાબવા માટે બાફથી ચાલનારો પેહલવેહલો "હાઈદરાલીક પરેસ" નામનો સ્કુરૂ જે ચાલુ કીધો, તેની આગમજ આવો અખતરો આ ટાપુ ખાતે હતોજ નહીં. એજ સાલમા એક બીજી સરાફી પેહેડી નામે મરકેનટાઇલ બેંકને હસતીમાં આણી દીધો.

૧૨૨૩ મા, સાંચાથી સુતર તથા કાપડ વનવાનુ પેહલવેહલું કારખાંનુ નામે "બોંમબે સ્પીનીંગ તથા વીવીંગ કુંપની" ચલાવીને માનચેસતરનો અખતરો આપણને દેખાડઓછે.

૧૨૨૪ મા, રૂઉને સાફ કરી સફાઇપર લાવવા માટે "કાટણકલીનીંગ કુંપની" નામનું કારખાનું કોલાબા તરફ ઉભું કરીને લગભગ છ વરસવેર ચાલુ રાખેલ હતું; પણ કામ પુરતું નહીં મલેઆને લીધે ૧૨૩૦ મા વહીવટ બંધ કરીને તે કારખાનું વેચી નાખેલ.

૧૨૨૬ મા, "થરાસટલ મીલ કુંપની" તારદેવ તરફ પેહેલવેહલાં ઉભી કીધા પછે તે કારખાનું ૧૨૩૨ મા "અલાએનસ સ્પીનીંગ કુંપની" ને નામે ફેરવીને આજ દન સુધી ચાલુ રાખેલું જણાએછે.

૧૨૩૨ મા, "બરોકરસ લોન ડીસકાંઊંટ તથા બેંકીંગ કુંપની" ઉભી કરીને સારી હાલતમાં સંભાલી રાખેઆ છતાં, કેહચ કે ભાગીદારોની અધીરાઇને લીધે ૧૨૩૯ મા બંધ કરવાની ફરજ પડી હતી. આ વહીવટની થાપણમા દર ભાગે રૂ ૧૦૦ લેખે ભરાએલા હતા તેમાથી રૂ ૨૦ નુકસાંની તથા ખરચના મલી બાદ જતે રૂ૮૦ લેખે સરવે ભાગીદારોને પાછા આપી હીસાબ માંડીવાલેઓ. એજ ટાંકણે બીજી બેંકો તથા જાહેર કુંપનીઓના વહીવટદારોએ, બધી થાપણ ધુમાવીને સાહમના કાલનુ દબાણ કીધું હતું, તે વાત ધેઆનમા લેતાં આ ખાતાંના કારોબાર ઉપર ઘણો સારો સંભાલ રખાએલો માલુમ પડી આવેછે.

ઉપર જણાવેલાં સરવે ખાતાંઓમા જેમ આ શેઠીઆની આગેવાંની હતી, તેમ તેવણના અતલક બેશી મી૦ અરદેસર બમનજી કાકાની કાબેલીએતે તેણાને અતીઅંત મદદ આપેલી માલુમ પડીછે.

---

* આ ખાતું ૨૧ વરસના આવરદા ભોગવીને ૧૨૩૫ થી નાદાર થઈ સદનતર બંધ પડઊંછે. નો૦ લે૦

એ માહેલાં કેટલાંક ચાલુ ખાતાંઓના હુહજતાં દરખતો ઉપરથી નીપજતાં ફલો જે લોકોના ચાખવામા આવતાં હોએતો તેનું માન ઘણું કરી તેઓથી આ ગરહસથનેજ પોંહચવું જોઇએ.

મરકેનટાઇલ બેંકે પાછલથી પાદસાહી સનદ મેલવીને પોતાનું વડું મથક લંડન ખાતે લઇ લીધું, તારથી સાંભલવા પરમાણે આ શેઠનો તેમા જાહજો સંબંધ રહેલો નથી; પણ વનાવટ ખાતાંઓનો વહીવટ, તે કારખાનાઓ ચાલુ થયાના દીવસથી તે આજ દન સુધી તેનાએ પોતીકા હસતકમા જાલવી રાખેલો જણાએછે; અને તેટલીજ તરતીબથી તેનાએ ઉઠાવેલાં હાવાં કાંમોની નોંધ મોટી ખુશી સાથે હીંઆ દાખલ કરીએછે.

"બોમબે સ્પીનીંગ તથા વીવીંગ કુંપની" નું કારખાનું ભાગીદારીના ભંડોલથી જે ચાલતું હતું, તેના બધા ભાગો આ હીંમતવાન ગરહસથે વેચાતા લઇને, રોજ ૧૪ મો માહ ૧૦ મો શેહનશાહી શાલે ૧૨૪૨ ય૦ થી પોતા શેવાય તેમા કોઇનોબી હક તથા ઇલાકો રાખેઆવના ખુદ માલેક થઉઆછે.

શેઠ કાવસજી બાવા.

બેરાંમજી બનાજીનાં પાંચ દીકરાઓ માહેલા, વડાના વંશેસની કંઇક ખીના ઉપર દાખલ કરી ચુકા છઇએ; અને બીજા, તરીજા, તથા ચોથાની બાબદમા કાંઇ જાંણવાજોગ નહીં હોવાને લીધે, તે સાહેબોની પીછાંનત વંસાવલીને હવાલે શોંકતાં સરવેથી નાંધલા દીકરા કાવસજી બાવાની કેફીએત અતરે રજુ કરવાની રજા લઇએછે.

આ ભાગ્યેગસાલી બાવાનો જનમ, કેહચ કે સાલે ૧૧૧૪ ય૦ એ મુંબઇમા મુબારક થયો હતો. આ સાહેબને તેમના માબાપે બેહલી હોમજીના પેસતનજીની વડી દીકરી જાઇજીની સાથે પરણાવેઆથી આગલા માલે તોજાર મરહુમ દાદીશેઠની સગાઇમા ભેલાઇ પડીને બનાજીના ખાંનદાંનની બુજોરગીમા હતો, તે કરતાં વીશેસ વધારો પોતે કરી લીધો; એટલુંજ નહીં પણ તે પછે બેહુ કુટંબીઓના છઇઆંઓનેબી તેવીજ રીતે અરસ પરસની સગાઇમા ગંઠાઇ રહેલાં આપણ સંતોસથી જોઇ સખીએછે.

કાવસજી બાવાનો રોજગાર વેલાત તરફથી અંગરેજોના બરની આવતી ખોરાકી વેચવાનો હતો; અને તેનાની હુહજતી દુકાંન વાડીઆજીના ચકલામા, જાંહાં હવડે મી૦ ગરાંહાંમ કુંપનીની મોટી હવેલી ઉભેલીછે, તે જગા ઉપર હતી. આ બુજોરગ બાવા જોકે જેમ બનાજીના નખીરા, તેમ તેજ અટકથી પોતાના પરીવાર સહીત ઓલખાતા રહેઆછે, તોપણ તેમના ધારા આવાજ ઉપરથી "ઘોઘા" કરી જે કેહવાઇ ચુકાય, તે બાબે અનુભવી સખશેથી એવી વાત સાંભલાતી આવીછે કે, તેનાની દુકાંને ઘણું કરી વાંહાંણોના શેલરો તથા લસકરી શોલજરોની આંહાલી ઘરાકી હતી; જે માહેલા એકાદા સખસ સાથે જારે

તેનાને કોઈ વાતની બોલાચાલી થાઇ તેમા સાહમણા ધણીને અંગરેજીમા પો-તીકા કુદરતી આવાજથી "ઘોઘો" ના સબદો જે કહેઆ, તેનો અરથ જા—જાનો થાએછે. આ સબદોતો અસલ ઉચ્ચાર પરમાણે ગો ગો બોલાવા જોઇએ, પણ તેમનો આવાજ તે રીતે નહીં નીકલી સકેઆને સબબે પેલો સાંભલનાર તેનાની દુકાંન પાશે થોડાવાર ગુસામા ઉભો રહીને જે કોઈ ઘરાક આવે તેને કેહવા લાગો કે ("દાંત ગો ધીસ ઘોઘો સાપ" યાને આ ઘોઘો કરી કેહનારની દુકાંને નોજા.) હાવા સ-બુનો બીજાઓને તે વખતે ઘણા રમુજ ભરેઆ લાગા, તેથી જારેબી તેઓ તાંહાં આવે તારે આ બુજોરગ બાવાને ઘોઘોને નામે બોલાવીને થોડાવાર મજાહ મેલવે, તેથી કરી તેનાની ઓલખ આસકાર થાઇ પડેલી હવડાં સુધી ભુલાઈ નથી; અને તે ઉપરથી કોટ માહેલી "ટાડ સ્ટ્રીટ" બી જોકે ઘોઘાના મોહલાને નામે છપાઈ રહેલીછે, તોપણ તે સાહેબની ખરી અટક તો બનાજીનીજ કાએમ કેહવાએછે. આ બોલાશો (તેમના કુટંબીઓ માહેલા કોઈબી સાહેબને અપમાન પુગાડવા માટે નહીં, પણ તેમના અહેવાલને અનુસરતો જોઇ એક યાદી તરીકે હીંઆં જે જણાવીએછે, તે કદાપી તેમને અનગમતો માલુમ પડેતો તે બાબેની દરગુજર ચાહીએછે.)

એ ઉપરાંત કાવસજી બાવાના બીજા વેપાર વણજની વાત વીશે પકી માહીતી મલી નથી; પણ પોતાના વખતમાં એક સુખવાશી શેઠીઆ સાથે વંસાવલીની ટીપમા જણાવેઆ મુજબ સાત દીકરાઓની ઉપર ધનબાઇજી નામની એક દીકરી, તથા સરવે ફરજંદોને તાંહાં થાએલી વસતી વાડીની આબાદી સારી રવેશે તેવણ જોઇ વલેઆ હતા; પણ જઇફીએ પોંહચતાં હેઠલ જણાવેલા પાહડ સરીખા ૪ દીકરાઓ જે એકેકથી સરસ નીવરેલા હતા, તેઓનાં મર-ણથી જબરા જખંમો ખાધા, તેમાઃ—

શેઠ નસરવાનજી ૧૧૮૮ ના કદીમી ૪ થા મહીના ને ૬ ડે રોજે.

શેઠ નવરોજજી વેપારને અરથે કલકતે ગએલા હતા, તાંહાંજ ૪૦ વરસની વયમા ૧૧૮૮ ના કદીમી ૬ ઠા મહીના ને ૬ ડે રોજે.

શેઠ ભીમજીભાઈ રોજ ૯ મો માહ ૧૦ મો કદીમી ૧૧૯૭ ય૦ એ વરસ ૪૫ ની વયમા.

શેઠ બેરાંમજી આંબા રોજ ૪ થો માહ ૪ થો કદીમી ૧૨૦૩ ય૦ એ વરસ ૫૩ ની ઉંમરમા.

આવા નાંમીચા બેટાઓ ખોયા પછે શેઠ કાવસજી બાવા પોતે ૯૦ વરસની જઇફીએ પોંહચીને રોજ ૧૭ મો માહ ૪ થો કદીમી સાલે ૧૨૦૪ ય૦ એ સરીમંત સરીખા ત્રણ દીકરાઓ, અને એક દીકરી ઉપરાંત બેહધ દોતરાંઓના બોહલાં પરીવારને પરકાસતાં રાખી જીનતગુજીન થયા.

આ કાવસજીના ધણીઆંણી જાઈજી, મરહુમ દાદીશેઠની બેહનની દીકરી થતાં હતાં; તેણીને વારસા તરીકે "ટાડ સ્ટ્રીટ" મા આવેલી પોતાની મીલકતો માહેલુ એક ઘેર બખશીંદા કીધું હતું; અને તેની અંદર આ ભાએગશાળી જોડું પોતીકો પરીવાર લઇને જાણેઆમેલે શાલે ૧૧૬૯ મા જઇ રહેઆં, તારથી તે

ઘેર કાવસજી બાવાનુ કેહવાએલું; અને તે ઉપરથી ધોધાનો મોહલો પણ ગણાતો આવેલોછે. આ ઘેર કાવસજી બાવા મરણ ટાંકણે પોતાની એકપુરી દીકરી ધનબાઈજીને અરપણ કરી ગયા હતા; અને તેજ મુઆફેક તે બાઈ જારે બેહસતનસીન થયાં, તારે પોતીકી દીકરીના દીકરાઓને શપુરદ કરી ગએલાં સંભલાએછે.

હીંદુસતાંનમા વસેલી પારશીની આખી કોમ પાશે સચવાઈ રહેલા જે શેજ માહને આધીન શેઠ બનાજી હતા, અને તેજ તરીકાથી તેણાએ પરથાવેલાં આતસઆદરાંનબી આજ દંન સુધી તેમના વંશથી ઉતરેલા વારેસોની સંભાલ હેઠલ સલાંમત રહેલા આપરે જોઈએછે; એટલુજ નહીં પણ તેમના દાતરાઓબી પોતાના વખત સુધી આગલાજ રેવાજ ઉપર ચુસત હતા; પણ પાછળથી જારે ઈરાંનવાળાઓનો શેજ માહ હીંઆં દાખલ થયો, તેમા આ કુટંબીઓ મધેથી પેહલાં મરહુમ કાવસજી બાવા પોતે, અને તે પછે ઘણીક મુદતે તેમના બેશી શેઠ બરજોરજી નાનાભાઈ દાવર મલી જઈને કદીમીની રસમ તેઓએ એખતીઆર કીધી, તારથી તે સાહેબોનુ પરીવાર તેજ તરીકા ઉપર એતેકાદ રાખતું માલુમ પડેછે.

શેઠ ફરાંમજી કાવસજી બનાજી.

પારશી કોમના પમરતા ફુરા, પરાકરમી કાંમોમા વખણાએલા પુરા, અને સરીમંતોની સંફને સોભાવનાર સુરા શેઠ ફરાંમજીનો જનમ ય૦ ૧૧૩૭ ના કદીમી ૭ મા મહીના ને ૨૩ મે રોજે કોટની હનુમાન ગલીમા આવેલા બનાજીન' દેહલા અંદર પોતાના બાપીકાં ઘેરમા મુબારક થએલો માલુમ પડએછે. આ સાહેબને પેહલવેહલો જનમ આપનારાં નેકબખત માતા જાઈજી તે મરહુમ દાદી શેઠની બેહેન નાનીબાઈની વડી દીકરી હતાં; અને તેણીની નાહની બેહેન બચુંબાઈ જારે મરહુમ શેઠ અરદેસર દાદીની સાથે પરણેઆં, તારે આ ફરાંમજી શેઠની સગાઈમા એટલોજ વધારો થયો કે, જેમ દાદીશેઠ તેમની માના મામા, તેમ અરદેસર શેઠ તેવણના માશા કેહવાયા હતા.

સકરમી માબાપોને તાંહાં સપુતો અવતરેલા કાહરે કેહવાએ, કે બાળવએથીજ તેના ચેન ચાલા ચબરાકીની નોબતપર ચલકતા હોય. આવા સુભ શીતારાની અંદર આવેલા કેટલાક ચરણજીવીઓમા આ શેઠ ફરાંમજીબી એવા માલુમ પડઆ કે, જારે તેવણ સાત વરસની વએ પોંહતા તારે મહમદ શુફીની* પોલમા બેસનારા એક બરાંહમીન મેહતાજી બાપુભાઈ સોભારાંમની નીશાલે તેમના વડવાઓએ પેહલવેહલા ધાંણી ચના સાથના ઉખીઆંણાની ધાંમધુમ

* એ મકાંણ હવડાં મુશા માપલાની પોલને નામે પીછાણી શકાએછે; અને તે માહેલી નીશાળ પાછલથી હરી મેહતા અથવા ત્રીંબકરાંમના નામથી ઓલખાતી હતી. નો. લે.

ભરેલી કીરીઆથી બેસાડેઆ હતા; જાંહાં ચારેક વરસસુધી સરેસતા મુજબના વીશે આંકો ઉપરાંત કકો બારાકડી તથા લખવાનું થોડુંક શીખેઆથી પોતાની બચગીને લગરીક શેઆનપતની રાહપર લેતાં જારે ૧૧ વરસની ઊંમરના થયા તારે પંતુજીની પાઠશાળામાથી રૂખસત પાંમી, લા ફોરડ નામના માસતરની સંભાલ હેઠલ અંગરેજી વીદેઆ હાંશેલ કરવા માટે જઈ બેઠા.

વખતની વલાંણ મુજબ ગુજરાતી તથા અંગરેજી શીખી લેતાં વીશેક વરસની વએપર આવેઆ, તારે કેળવણીની કસોટીમાથી નસીબાનો ટચ ઉતારવા માટે પેહલવેહલા પોતીકી માના મામા દાદીશેઠની સાહેતા પકડી લીધી; કારણ કે તે સાહેબને તાંહાં વેલાતી વાંહાંણોની આડત બેસુમાર આવતી હતી, જે માહેલાં કેટલાંક બારકસનુ દુબાસપણાનુ કાંમ પોતે ચલાવવા લાગા.

દુબાસના કાંમ ઉપરાંત બીજા વહીવટમાં સઘલાં મલી આઠ વરસ ગુજારેઆ પછે, દાદીશેઠની દયા ઉતરેઆ ઉપરથી શેઠ ફરાંમજી શાલે ૧૧૬૫ મા પેહલવેહલા તેમની વઠી આડતીઆ થઈને તેવણનાજ વાંહાંણ "સાહ અરદેસર" મા ચહડી ચીનની સફરે શીધારેઆ; અને તે પછે બીજીવાર ૧૧૬૭ માં જઈ આવેઆ હતા. બે ખેપમા ધણીનુ કાંમ એવુંતો ફાએદાકારક બજાવેઊં કે, તાંહાંનો વહીવટ ઘણી મુદત સુધી તેણાનેજ હાથ નીભેઓ રેહતે; પણ આ સાહેબ છેલ્લી સફર પુરી કરીને મુંબઈ આવેઆ આગમજ દાદીશેઠ મરણ પાંમેઆં, તેથી અરદેસર શેઠને હાવા મેહનતુ અને અનુભવી શેઠનો વધારે ખપ પોતા પાશે હોવાને લીધે તેણાને હીંઆંજ રાખેઆ હતા.

શેઠ ફરાંમજીની સરવેથી પેહલી મીલકત "ટાડ સ્ત્રીટ" અથવા ઘોઘાના મોહોલા માહેલું એક ઘેર શાલે ૧૧૭૪ મા અરદેસર શેઠે તેમણે રેહવા માટે સસતી કીંમતે વેચાતું આપેઆથી માલુમ પડેછે. એ ઘેરની અંદર મરહુમ દાદીશેઠે પરથમ આતસઆદરાન પરથાવેલા હતા (જાંહાંથી કેબલો ઊંચલીને હાલના મોટાં મકાનમા લઇ જઈ ગોઠવેઆ પછે તે મીલકત ખાલી પડેલી હતી), અને જેમાં હવડાં મી૦ પાલણજી દોરાબજી રાંણજી રેહછે; તે એમારત કાંઇ હાલના જેવી હવેલી નહીં, પણ માતરે એક મજલાનુ સાધારણ ઘેર હતું; તેને આ સાહેબે વેચાણ લીધા પછે પોતાને રેહવા લાએકનુ તે વખતની ઢપ મુજબ રોણકદાર બનાવેઊં.

હીંઆંસુધી ૩૮ વરસની વએ પોંહતા તારે શાલે ૧૧૭૫ થી શેઠ ફરાંમજીએ, તાબેદારી તદન છોડીને પોતીકા નાંમનો નોખો ધંધો સરૂ કીધો. ચીનના વેપાર માટે કેટલાક વેપારીઓની ઉસકેરની ઉપરથી હસન અબદલ્લા નામના અરબ વેપારી પાશેથી તેનું વાંહાંણ "સલેમાણી"* પોતીકા ભાઈ નરારવાંનજીની શાસમાં ખરીદ કરીને તેની અંદર પોતાનો તથા વેપારીઓનો રૂઉ નોલે લઈ ચીન ખાતે ચહડાવી મોકલાવેઓ. એજ ટાંકણે બીજા વેપારીઓના તરણ વાંહાંણો નામે "એશીઆ," "જેમસ દરંમમંડ" તથા "બરંણશવીક"બી તે તરફ હંકારી ચાલેઆં

* આ બારકસ ઈ૦ સને ૧૭૯૭ મા મશકતના ઇમામને વાસતે દંમણ ખાતે બંધાએઊં હતું. નો. લે.

હતાં. એ વખતપર અંગરેજ તથા ફરાંનસ વચે ચાલતી લડાઇને લીધે, ઉપલાં ચારો બારકશો મલબાર કોરાટાની હારપર જઇ પોંહચતાંજ ફરેંચનો આડમીરાલ મેરેંગો મનવરોનો કાફલો લઇ તાંહાં ફરતો હતો તે તેઓને ડુંબાલે દોડઓ. "એશીઆ"ના કપતાંને કેદ પકડાવાની ધાસતી ખાઇ પોતાનું બારકસ તાંહાંના કોઇ કીનારાપર ચહડાવી દીધું, અને "બરંનસવીક" તથા "જેમસ દરંમમંડ" સતરૂઓના હાથપર સપડાઇ ગયાં; પણ "સલેમાંણી" જે મસકતના ઇમામને વાસતે મનવાર તરીકે બંધાએલું હોવાને લીધે ચાલમા સરસ હતું; તે દુસમેનની ચુંગાલમાથી છટકીને સહી સલાંમત ચીન ખાતે જઇ પોંહચીઉં.

સંજોગ એવો બનેઓ કે એની સાથના તરણ વાંહાંણોનો માલ તદન નહીં પોંહતાને લીધે, ચીનના બજારમા રૂઉનો ભાવ એટલો તો ઉછલેઓ કે, "સલેમાંણી" માહેલો સઘલો માલ ઘણી ઉંચી પીડે વેચાયાથી માલ તથા વાંહાંણ ધણીઓને બેહધ નફો ઉપજેઓ; અને તેના પરતાપથી શેઠ ફરાંમજીએ પોતીકા ભાઇનો ભાગ ચુકતો કરી દઇને આખું વાંહાંણ પોતાને હસાબે ફરતું રાખેઉં.

સારાં નસીબે ચીન ખાતેના પેહલા રોજગારમા શેઠ ફરાંમજીનો પાયો એવોતો ઉસતવાર થયો કે, તેના સંબંધમા એક શાખા પેહડી પોતે કલકતા તરફ ઉઘાડી; અને તેનો વહીવટ ચલાવવા માટે સાલે ૧૧૮૦ મા પોતીકા ભાઇ બેરાંમજીને તાંહાં રવાંણે કરી દીધા હતા. એ ભાઇને જારે તાંહાંથી ચીન ખાતે મોકલા, તારે તેની બદલીએ શેઠ ખરશેદજીને કલકતે કાહડેઆ હતા; અને તે પછે શેઠ નવરોજજી તથા રૂસતમજીને પણ દરએકની બદલીએ ચીન તથા બંગાલે મોકલાવીને બધી વાતે માહીતકાર કીધામાં કાંઇજ કશુર રાખી નહીં.

હમારી યાદદાસતમા એક સારે ઠેકાંણેથી સાંભલેલી વાત જે સચવાઇ રહીચ, તેને અતરે દાખલ કરીએચ કે, ચીન ખાતે પરખ્આત થએલી અને પેહલા વરગમા ગણાઇ ચુકેલી મી° જારદીન માથીસણની કુંપનીનો અસલી વડો ભાગીઓ મી° ઉલીએમ જારદીન, જારે નામદાર ઇસટ ઈંડીઆ કુંપનીને નાંમે ચાલતા વેપાર ખાતાંના એકાદ વાંહાંણણો ડાકતર હતો, તે વખતે આ શેઠની સાથે તેને ઘણોજ ઘરોબો થયાથી, પેહલવેહલો અફીનનો ધંધો બેહુની રાસમા ચાલુ કીધો; અને તેહવો સંજોગ થોડુંક સુધી ચાલેઆ પછે તેમાં સાર જારે સારો નહી જોયો, તારે પોતે એવોજ વીચાર નીસચે ઠેહરાવેઓ કે, એ જેહરી ધંધાની શેડ હવે ફરીથી કોઇવાર ઉભું રેહવુંજ નહી; અને તેજ નેમ પોતે એવીતો ઉસતવાર પકડી રાખેલી હતી કે, જાંહાંસુધી વેપારમા વપરાતા રહેઆ તાંહાંતુલીક હરગેજ થાઇ અફીનનો રોજગાર પોતે કીધોજ નહીં.

ફરાંમજી શેઠનો વેપાર કાંઇ એખ્લીલો ચીન અને બંગાલા સાથે હતો એટલુંજ નહી, પણ તે ઉપરાંત મધરાજ તથા વેલાત વગેરે બીજાં ઘણાંક દેશો સાથે વીટલાએલો હતો; અને તેમા પાંચ વાંહાંનો* પોતાના ખુદ તથા બીજાં નોલે લઇ વાપરવામા લાવતા હતા.

* પેહલું "સલેમાણી," બીજું "મીનારવા" (દાદીશેઠની અસકેઆંમત માહેલું વેચાતું લીધું હતું,) તરીજું "બોમબે કેઆસટલ" (મી° લીકી કુંપનીની રાસમા

આ સરીમંત શેઠે એક પરમાણીક વેપારીમા પોતાનું નેક નામ જેવી રીતે સગલી વરણના શોદાગરો વચે દીપાવેલું હતું, તેવાજ હેતુથી પોતાના બેશીઓ-માબી એવાતો પેઆરા થઈ પડઆ હતા કે, તેઓને સુખી રાખવા કાજે પોતે આગેવાન થાઇ પઈસા ખરચવા, તથા કશાટ ખેંચવાની કશી કોતાઈ દેખાડતા નોહતા. એવનના ભાઇ ભીમજી શેઠ જારે ૧૧૯૭ મા ગુજરી ગયા, તારે શેઠ ખરશેદજી જે ધંધાવીના બેકાર હતા તેનાને મી૦ રીમીંગટન કરાફરડને તાંહાંની દલાલીના મોટાં કાંમ ઉપર મરહુમ ભાઈની જગોએ પોતે આગેવાન થઇને લઇ જઇ બેસાડઆ હતા; અને તેજ મુંઆફેક બીજા ભાઇઓનેબી બનતી કોશેસથી હરેક કાંમકાજમા મદદ થતા હતા તેથી બનાજીના બોહલાં ખાનદા-નની મોટાઇનું નામ આ સકરમી શેઠને મલતું હતું.

વેપાર ખાતાંની રૂડી વલાંણ જાંહાંસુધી આ શેઠને હાથ ચહડતી રહી, તાંહાં તુલીક પોતાના ઉદીઓગી વહીવટમા વીટલાએઆ છતાં પરજા ઉપીઓગી કાંમો માટે હેવીતો કાલજી રાખેલી માલુમ પડી આવીચ કે, તેટલાંને વાસતે જાણે આ સખી નરે જનમ લીધો તારથીજ પોતાને પેદા કરનાર પરમેસવરની હજુર અંતકરણની કબુલાત આપી હોએ કે, હઇઆતીની છેલી ઘડી સુધી પોતીકા ભાઈબંદુઓની બરદાસત લેવામા બનશે તાંહાંસુધી દરવીઅને કોઇ વાતે હઇડે ધરશેજ નહીં; અને તે કબુલાત આ માહપુરૂશે ખરી શોચનાથી જે પુરી પાડીચ, તેની તુલોતવીલ કેફીએતતો આ ટુક નોધમા સમાઇ સકતી નથી; મગર જેટલી જાણવાજોગ બાબદોએ તેમની કીરતી સાથે તાલુકો જોડી લીધોચ, તેજ માતરે એક ઇઆદી તરીકે હીંઆં દાખલ કરીએછે.

પારશીઓના ઘરકુથલા સંબંધી તંટા ચુકવવા માટે આગલાં વરશોપર ભ-રાતી પંચાતનો અધીકાર બજાવવામા બીજા શેઠીઆઓની સાથે બનાજીના ખાનદાન વાલાઓ સાંમેલ રેહતા આવેઆચ, તે તરીકા મુજબ આ શેઠબી પોતીકા કુટંબના વડા તરીકે સાલે ૧૧૮૬ થી પેહલવેહલા બીરાજીને ૨૫ વરસ સુધી અનજુમનની શેવા બીન સવારથે, અને સવતંતરપણું જાલવીને બજા-વતા રહેઆ; પણ તેવણની પછે એ કબીલા માહેલો કોઇબી સખસ પંચાતના અકાબરનું માન મેલવાએલો માલુમ પડઓ નહીં.

આ ટાપુ ખાતે જારે કેલવણીમા હવડાં જેટલો વધારો થાએલો નોહતો, તેવા વખત પર સાલે ૧૧૯૧ મા નેક નામદાર ગવરનર માંઉંટ સટીઉઅરટ એલફીનસટનની શીફારસથી, અને ઇનજીનીઅર ખાતાંના કપતાન જારવીસના શેકરેટેરીપણા હેઠલ "નેટીવ એડીઉકેસન શોસાઇટી" નામની અંગરેજી તથા

લઇને પાછલથી વેચેલું હતું તે બે હાથ ફરેઆ પછે છેલે સર જમશેદજી જીજીભાઇ બારોનેટને તાંહાં ઘણા વરશો સુધી રહેલું હતું,) ચોથું "ગોલકંદા" અને પાંચમું "બકીંગહાંમસાયર". આ માહેલાં બે બારકશો તો ઘણા વરશો સુધી સલાંમત રહી ધણીને નેહાલ કરતાં હતાં; પણ ચોથું જારે ઇ૦ સને ૧૮૪૧ મા મધરાજથી લસકર લઇને ચીનની લડાઈસાઇ જતાં તાંહાંના દરીઆવમા ડુબી ગયું, તારે છેલું વાંહાંણ વેચાતું લીધું હતું. નો૦ લે૦

દેશી ભાષા શીખાડનારી સકુલ પેહલવેહલી હુંઘાડીને, તેની દેખરેખ માટે બોરડ આવ ઇંડીઉકેસનની મંડલી જે સથાપવામા આવી તારે તેના કેટલાક અધીકારીઓની સાથે આ સાહસીક શેઠીઆએ કેલવણી ખાતાંની થાપણમા પોતાની તરફથી દસ હજાર રૂપીઆની બખશેસ આપેઆ ઉપરાંત, તે નેક કાંમના વધારા વાસતે એવીતો આગેવાણી અંગેજી લેતા રહેઆ કે, મરણની માતરે સાતેક મહીના આગમજ જઈફીએ તેનાની સરીર સકતી ઘટાડેઆને લીધે પોતીકો આ સરવેથી પેહલવેહલો જાહેર અધીકાર સાલે ૧૨૧૯ ની આપેરીએ (૨૮ વરશે) છોડેઓ હતો.

આ શેઠની જગા પુરવા માટે બોરડના સરનસીન મી૦ લીજેટની સાથે માજી સુપરીમ કોરટના વડા નેઆધીસ સર એરસકીન પેરી, તથા ધી હાંનરેબલ જગનનાથ સંકરશેઠ, વાડીઆજી શેઠ બમનજી હોરમજજીને ચુંટી કાહડીને તે વીશેની બાહાલી સારૂં નામદાર સરકારને લખતી વખતે, આ શેઠીઆની બાબદમાં જે સમાચાર જણાવેઆ હતા; તેનો જવાબ સેકરેટેરી તરફથી નીચે ટાંકેલા સબદોમા સંપુરન થાઈ આવેઓ હતો કે, "છેલે સરવાલે તમોને સુચ-
"વવા માટે મને હોકમ થયોચ કે, શેઠ ફરાંમજી કાવસજી વીશે બોરડે પોતીકા
"રીપોરટના બીજા ફકરામા પોતાનું ઘટતું માન જે જાહેર કીધુંચ; તે આ વખતે
"એક નામીચા અને આબરૂદાર ગરહસથની યાદગારી દાખલ બરોબર તકસર
"કેહવાએઉછે. નામદાર ગવરનર તથા તેની કાંઉનશીલ પોતે તથા તેઓની
"જગાપર થાઈ ગએલાઓ આ શેઠની લાએકાત વીશે તોફા વીચારો જે ધરા-
"વતા હતા, તે આ જોગવાઇએ ફરીથી જાહેર કરીએછે. કેલવણીના માહ-
"ભારત કાંમને મદદ આપવાથી પોતાના મુલુકની શેવા સારીપેઠે બજાવી શખાશે;
"એવો વીચાર આ શદગુણી શેઠીઆનો હતો, અને તેજ માફક તેનાએ કરી પણ
"દેખાડેઓછે, તેથી તેણાની લાએકીની કીંમત હમો સારી પેઠે સમજીએ છે."

આ સખી નરના બીજા શપુત શેઠ એદલજી, ચીનથી વાંહાંણ "હરકી ઉળશ" મધે ચહડીને મધરાજ તરફ ઉતરી પડેઆહતા; જાંહાંથી પગવાટે મુંબઈ આવતાં, ઘણીક મંનજેલો પસાર કીધા પછે, પનવેલીની છ માઇલ ઉપર ચોક નામના ગાંમમા રોજ ૩ જો માહ ૮ મો કદીમી શાલે ૧૧૯૩ ય૦ એ સહીસલાંમત પોંહચેઆ, તાંહાંસુધી તો તેવણ સરવે પરકારની ખુશી ખુરમીમા હતા; પણ અફસોસ, તેની જીંદગીના છેડાપર એકાએક એવો ગજબ ઉતરેઓ કે, તાંહાંના ઉતારાની જગોએ તેજ રાતરે પોતાની પાશે હંમેસના રાબેતા મુજબ ભરેલી બંદુક લઇને શુતા; અને ભર હુંગમા હતા તે વખતે પેલી જીંઆંકાર બંદુક કોકસંજોગે અકસમાત છુટાથી, તે માહેલી ગોલીએ તેણાનો અનમુલો પરાંણ પલકવારમા લઈ લીધો. એ વીશેની માંઠી ખબર તેમના આ બુજોરગ બાપને કાંને પડેઆથી, તે સાહેબને મોટો ગંમ પેદા થયો હતો; મગર કુદરતના બનાવ સામે જાહાંજો વીલાપ કીધામાં ફાએદો નહીં જોતાં, જે બનેઊં તેના શેકર ગુજારેઆ પછે, તે મરહુમના અશો રવાંનને તાંહાંથી કલીઆંનીને દાખમે અવલમનજલ પોંહચડાવેઊં હતું. હાવી રીતે મરણ પાંમેલા બેટાના પુન માટે

આ સાહેબ જાવેદાન સુધી નીભે તેવાં કોઇ રૂડાં કાંમનો વીચાર કરતા હતા, તેવામાં એક વાત તેણાને એવી માલુમ પડી કે, કાંમાંઠીપુરા તરફ પીવાના પાંણીની અતીઅંત તંગીને લીધે તાંહાં વસનારા હજારો ગરીબ લોકોને ગરમીના દાહાડાઓપર પોતીકાં રેહઠાંણો વઠીક છોડવાં પડેછે; અને પીઆસ છીમાવવા માટે એકથી બીજે ઠેકાણે ભટકતાંબી તેઓનું દુખ દુર થઇ શકતું નથી. આ બાબદને શેઠ ફરાંમજીએ તતકાલ ઉંચકી લીધી, અને ખતરવાડીની ગલીને નાકે આવેલી મુખભાત વાડી નામની એક ઓહોલી જગેઆ પોતે ખરીદ કરીને તે માહેલી અહોધાની વાડી અંદર ચાર મોટા કોસાદે કુવાઓ ખણાવેઆ. આ કુવાઓ માહેલું મીઠું પાંણી પરથંમ તો સાંચાવટે* ચલાવીને જમીનમા ગાડેલા મોટા નલોની મારફતે, તાંહાં પોંચાડવાની રૂડી ગોઠવણ બંધ બેસાડી હતી; અને તેટલા માટે દંકન તથા ગરાંટરોડના રસતાઓની વચોવચ બે ટાંકીઓ† મજબુત બંધાવેઆ પછે ઉપલા કુવાઓ માહેલું પાંણી તેમા લાવીને સઘલી વરણના આશીઆવંત લોકોની હાજત સંમપુરણ રીતે પુરી કરી દીધીછે. આટલાં પુનીઆતનાં કાંમને માટે શેઠ મજકુરે સાંભલેઆ પરમાણે ચેઆલીસ હજાર રૂપીઆ સદકે કીધા; અને તે ઉપરાંત દર મહીને રૂ ૨૫૦ લેખેનો જે ખરચ એ સાહેબની પદરથી થતો રહેઓ, તેની સરૂઆત ઇ૦ સને ૧૮૨૪ થી ગણતાં ૧૮૨૮ સુધીના પાંચ વરસમા રૂ ૧૫૦૦૦ પોતે પુરા પાડઆ; અને તે પછે આકેબત અંદેશો વીચારી સરકારને એવી ગોઠવણ બતલાવી કે, "પવઈની જાગીર દર શાલે રૂ ૫૦૦૦ ને થોકે ચોકસ મુદતે જે (તેનાએ) રાખેલીછે, તેને જાવદાંન સુધીનો પટો કરી આપેતો તાંહાંની આએપતમાથી પાંણી હંમેસાં પોંહચતું પાડવાના ખરચની રકમ સરકારના સવાધીનમા સોંફવાને તેવણ રાજીછે." આ યુકતી સરકારે પોતા તરફની ભલાંમણ સાથે નામદાર કોરટ આવ ડીરેકતરો ઉપર જારે લખી વાલી, તારે તે મોઠી સભાના માનવંતા સાહેબોએ શેઠ ફરાંમજીનું માંગવું ખુશીથી બાહાલ રાખીને પવાઈ ગાંમના એક જાંઇત તરસઠી દાખલ તેમની સાથે રેહવા માટે હીંઆંની સરકારને ફરમાવેઉં હતું; તે એટલાજ માટે કે કોઈ સંજોગે શેઠ ફરાંમજીના વારેસ વકીલો ઉપલી ટાંકીમાં પાંણી પોંહચતું કરી નહીં શકે તો, સરકાર પોતે તરસતી દાખલ પવાઇની ઉપજમાથી તે સુભ કાંમને સદા સરંજાંમ પોંહચાડઆ કરે. આ રૂડી મનસનીના શેઠીઆની નેક ધારણા તેણાની હઇઆતીબાદ ઘણા વરસો સુધી ઉપલી ગોઠવણ મુજબ સરકારના વચે પડઆવના આશાંણીથી ચાલુ રહીને તેજ ધોરણ મુજબનું કાંમ આજ સુધી કાંએમ નીભેઉંછે; અને તેનો વહીવટ સાંભલેઆ પરમાણે હવડાં શેઠ નાનાભાઇ ફરાંમજી કાવસજી ઘણી સારી રીતે ચલાવેછે; માટે શેઠ ફરાંમજીની ફકત આટલીજ સખાવત ઉપર ૧૮૭૩ સુધીના પાછલાં

---

* સાંચો જારે પાછલથી બીગડીને તદન રદ થયો, તારે ચાર માહેલા બે કુવાઓના પાણીને બેતી અંદર ભીતરથી મેલવી લીધાં; અને બાકીના દરેક કુવા ઉપર આથ બલદોની મોટ ઘણા વરશો થયાં દાહાડામા તરણ વાર ચાલુ રાખેલીછે.

† મોટ ચાલતી જગેઆથી લગભગ બે માઇલ દુરછે. નો૦ લે૦

૪૫ વરસમા બીજા ૧૩૫,૦૦૦ રૂપીઆ, પરાંણીઓની પેઆસ છીમાવવા માટે ખરચાઈ ચુકા ઉપરાંત તેજ સાહેબે બાંધી આપેલી બે ટાંકીઓ, જાંહાંસુધી સલાંમત રહીને તાંહાંની વસતીનું સુખ સાચવશે, તાંહાં તુલીક શેઠ ફરાંમજીની યાદગારી કોઈથીબી ફરાંમોસ થવાશે નહીં.

ઇનસાફ ખાતાંની ફોજદારી (સુપરીમ કોરટ) અદાલતમા છંડાતા મુકદ્દમાની વખતે આગલા દાહાડાઓપર પેટી તથા ગરાંડ જુરીમા માતરે અંગરેજ લોકોજ બેસતા હતા; પણ કેટલાક સાહસીક અમલદારોની ભલાંમણ મુજબ નામદાર સરકાર તરફથી શેહરના દેશી શેઠીઆઓને પેહલવેહલાં પેટી જુરીમા બેસવાનો હક જારે મળેઓ તારે આ નામવર શેઠ ફરાંમજીબી પોતીકા વરગના ગરહસથોની સાથે પેહલવેહલા રોજ ૨૬ મો માહા ૮ મો કદીમી શાલે ૧૧૯૭ થી તેમા બીરાજવા લાગા; અને જારેબી તેમનો વારો આવતો, તારે પોતાની પકી બુધી ઇનસાફ ખાતાંમા રૂડી રવેશે વાપરીને દીપી નીકલતા હતા.

અંગરેજી હકુમતના આ ઇલાકાની અંદર આવેલી છાસટી માહેલી પવઇનો મોટો વજીફો જે પરથમ ડાકતર હેલેન સ્કાટ પાશે હતો, તેનું ભરનુ તેણાથી અપાઈ નહીં સખાયાને લીધે સરકારે તેના હાથમાથી છીનવી લઇને શાલે ૧૧૯૭ મા આ શેઠને દરશાલે રૂ ૫૦૦૦ ને થેકે કોઇ ચોકસ મુદત સુધી જે સોંફી આપેઓ હતો, તેમાં સઘલા મલીને હેઠલ જણાવેઆ મુજબના છ ગામો આવેલાંછે.

કોપરી.	તુંગવાન.	પવઈ.
તીરંદાજ.	પચકોલી.	શાંકી.

આ ગાંમની ઉપજમાથી બે ટાંકી અંદરં જાથુક પાણી પોંચતું પાડવાનો ખરચ આપવા માટે સરકાર. સાથે તેજ શાળમા જારે બંદોબસત થયો, તારે મુદત ફેરવાવીને ચંદરોકાળ સુધીની કરાવી લીધી હતી; અને તેપછે ૧૨૦૬ મા થેકાને હસાબે અમુક રકમ એકેદમ ભરી દીધાથી આ જાગીરો સરકારે જાથુકની વેચાંણ કરી આપી હતી. આ વજીફો જારે પેહલવેહલો શેઠ ફરાંમજીના હવાલામા આવેઓ, તારે તાંહાં ઘણામા ઘણી એકશો માણસોની વસતી હતી; અને પેદાએસબી સરકારનુ ભરણુ માનમાન પુરૂં થાએ તેટલી ઉપજી શકતી હતી; પણ આ હીંમતવાન શેઠીઆના પનોતાં પગલાં તાંહાં મુબારક થયા પછે જેમ વસતી વધી પડી, તેમ તાંહાંની ઉપજને ઉતેજન આપવાના હેતુથી અવલમા તેનાએ શેરડીનો પાક વાવીને તેમાથી સાકર બનાવવા માડી; ગુલ્લીનો પાક કરી દેખાડેઓ; અને સેતુતના જાહાડો રોપીને રેસમ કાહડી આપેઆથી ગરીબ ગાંમડાંને સવરગી રાજના ચીન જેવી મોટાઇએ પોંહચાડી દીધું; એટલુંજ નહીં પણ તે ઉપરાંત અનેક તરેહની વનસપતી તે જમીનમાથી તેવણ ઉપજાવવા લાગા. હીંઆંના ગરીબોની હેવી ફરીઆદ આ શેઠે સાંભલી કે મુંબઈ જેવાં ગુલજાર શેહરમા કેરીના મેવાની લેહજત તેઓને મલતી નથી, માટે તેઓની આશેઆ પુરી પાડવાના હેતુથી આ દયાલુ શેઠે તાંહાં પુસકલ આંબાઓ રોપા-

વીને તેપરથી ઉતરતી કેરીનો* રસ વટીક તેઓને ચખાડ્યો હતો. આ ગામને આબાદી હાલતે પોંહચાડવા સારૂં શેઠ ફરાંમજી એટલાતો ફીદા થઇ પડ્યા હતા કે, પોતીકા બોહોલા વેપારવણજના ઉપોયોગી કાંમની કશીએ દરકાર કીધાવના માતરે પવઈનાજ પેઆરપર લપેટાઇને તેની ઉલટમા પાંચ લાખ રૂપીઆ ખરચી નાખેઆ; પણ તેની ઉતપંતીમાથી ઘણા વરસો સુધી આશેઆ પુરતી ઉપજ થએલી તેનાએ બીલકુલ જોઇજ નોહતી. આ વજીફા ઉપર શેઠ ફરાં-મજીએ લીધેલી અંતકરણની કોશેસની કદર આપણા માજી ગવરનર સર જાન માલકમે બુજીને તેમની સ્તુતી પોતીકાં પુસતકમા તે નામદારે જે જણાવેલીછે તેની નોધ નીચે જાહેર કરીએચ.

"ફરાંમજી કાવસજીના પવઇની મીલકત જોવા માટે તા૦ ૩૦ મી નવે-
"મબર ૧૮૩૦ મા હું ગયો હતો; જાંહાં મજને જેટલી ખુશી ઉપજી તેટલી
"કેથેબી માલુમ પડી નોહતી. આ નાંમીચા દેશી ગરહસથે અગતના કેટલાક
"સુધારા સારૂં પોતાનું ઘણુંક દઇવત ખરચેલું દેખાએછે; જેમા કેટલાક કુવાઓ
"તથા તલાવો ઓધાવેઆ, એટલુંજ નહીં પણ રસતાઓનેબી રોણકદાર બંધા-
"વીને સોહામના કીધાછે; તાંહાં એમારતો બંધાવી, અને તે ઉપરાંત સેરડી,
"ગુલી, અને રેસમના પાકનીબી સારી અજમાએસ કરી દેખાડીછે. સાકર
"બનાવવા સારૂં ઉમદા કેહેલું† જે બનાવેલ હતું, તેમાથી નીકલતો નીતરો રસ
"માહરી નજરે હુંએ જોયો હતો; અને તેજ જગાપર ગુલીને સારૂં બાંધેલાં
"મકાંનોબી સારાં દેખાયાં હતાં. આવી ઉમદા ચીજો બનાવેઆથી શેઠ ફરાં-
"મજીનો ચાહ પોતાની મીલકત ઉપર થાતો જોઇ મને અચરતી ઉપજેઆવના
"રહી નોહતી. વળી એજ મીલકતની અંદર એક બગીચો જે શીંગારવામા
"આવેઓચ, તાંહાં ગાંમે ગામના મેવા માટે તરેહવાર ઝાહડો રોપેલાંછે; અને
"તેથી થોડેક દુર જતાં જોએલ તો અંગરેજોના ઉતારા સારૂં ધરમશાળા જેવી
"એક સોહાંમની એમારત બાંધેલી દરસતી પડી. આ ઘર મુંબઇથી થાંને જતાં
"વચોવચ આવેલ઼ચ, તેથી મુસાફરોને રસતાની કશટથી વીસાંમો લેવામા ઘ-
"ણુંજ સંતોસકારક માલુમ પડેછે. હાવી રીતે શેઠ ફરાંમજી પોતાના લખતની
"સરત પાલવામા કેહવા આકીનદારછે, તે તેણાની જાતી હીંમતથીજ પોતે
"પરકાશી નીકલેઆછે; કેમકે જમીનને સુધારવાનુ સરવેથી ઉતમ કાંમ એ
"સાહેબ જેમ સહમજેછે, તેમ આ મીલકતમાથી ફાએદો મેલવાનુ તેવણ હ-

* આ ગાંમમા ઉગાડેલા આંબા ઉપરથી પેહલા ફાલની ઉતારેલી ઉતમ કેરીને આપણી નામદાર મલકાંને મલીકા માહરાંણીને માટે ઈ૦ ૧૮૩૮ મા મેલબોટની મારફતે, પોતીકા ઉદીયોગની યાદગારી તરીકે ભેટ મોકલાવી હતી; અને તે એવી તરકુદથી પેક કરાવી હતી કે, તાંહાં પોંહતી તારે જાહાડપરથી તરતની તોડી હોય તેવી તાજીને તાજી રહી હતી; અને તે બાબેઠેઠ પાએતખતવેરથી સાબાશીના સરોદ સાથે આ શેઠીઆનો મોટો આભાર નામદાર રાણી સાહેબે માનેઓ હતો. નો. લે.

† શેરડીનો રસ કાહડનારાં યંતરોને દેશી લોકો કેહેલું, અથવા કોહોલું કરી કેહછે. નો. લે.

"વડાં કાંઇજ ધારતા નથી; તોપણ જેમ બનેચ તેમ સુધારાને સારૂં પોતાનો
"દરવીય ખરચવામા મોટું દીલ દેખાડેછે, અને તેથી કરી સુધરાઈની રીતીને
"યુરોપીઅનોની તદબીર સાથે બરોબર સરખાઈ શકાએછે. આ વજીફો શેઠ
"ફરાંમજીને નામદાર સરકારે જાવેદાન સુધીના હકથી જે આપેઓછે, તેથી
"સરકારનેબી કોઈ રીતનું નુકસાન પોંહચવાનુ નથી. મગર તેના બદલામા
"ઘણે દરજ્જે ફાએદાજ હાંશેલ થશે. માટે આ બાબદમા શેઠ ફરાંમજીની
"આબરૂ તથા તનદરોસતીનો વધારો ચાહુંછું. એ શેઠીઆની બુલંદ હીમત
"જોઈ મને દલગીરી એટલાજ માટે ઉપજેચ કે, તે બાબેની યાદગારીનો રૂડો
"બદલો આપવા સારૂં તે વખતે માહરાથી પેહલાં તજવીજ થઇ શકી નહીં;
"તેથી હાજર હોએ તેને હજુર કરવાની કેહવત ઉપર તવકલ કરીને માહરી
"પાશે સોનાનુ ઘડીઆલ સાંકરી સાથે હતું તે તતકાલ ગલાંમાથી કાહાડીને
"તાંહાંના રેહવાશીઓ જે તોલાં બંધ આવી ઉભેલા હતા તેઓની હજુર માહરા
"વીચારો કહી સંભલાવી પેલી ભેટ શેઠ ફરાંમજીને ગલે હુએ ઓલવીને ઘટતી
"ફરજ અદા કીધી હતી." આટલી યાદગારીથી જેમ શેઠ ફરાંમજીને, તેમજ
પવઈની પરજાને ઘણો મોટો સંતોસ ઉપજેઓ હતો તે બાબે જાહાજું લખવાની
કશી અગત જણાતી નથી.

જરથોસતી કોમમા જનમ પાંમીને આ શેઠીઆએ પોતાનો સંભાલ લેવા
ચાહેઓ, તે કરતાં વીશેશ કાલજી પોતીકા હમદીન ભાઈઓના ભલાં કાજે
રાખીને શાલે ૧૧૮૬ થી પંચાએતના એક અકાબરમા પોતાનું નેકનામ નોધા-
વેઊં; અને તારથી તે ૧૨૧૦ સુધી પોતાની પાશે તે ઓહદો જાલવી રાખતાં,
અંનજુમનનો હક સંભાલવા માટે ભાઇબંધ અકાબરોને સવતંતરપણાથી સારી
સલાહ આપવામા, તથા વાજેબી ઈનસાફ ચુકવવામા સદા સાંમેલ રેહતા હતા;
પણ પંચના ચોગલાઓ માહેલા કોઈ કોઈ સાહેબોએ જારથી ઈનસાફના કાંમોમાં
રાખ રખાવત ચલાવવા માંડી તારથી આ શેઠીઆએ કચવાટ ઉપજાવીને પંચા-
એતમા બીરાજવાનુ તદન બંધ કીધું હતું.

શેઠ ફરાંમજીની દીકરી દીનબાઈ રોજ ૫ મો માહા ૯ મો કદીમી શાલે
૧૨૦૦ ય૦ એ બેહસતનશીન થયાં, તારે તેણીના પુણ માટે મુંબઈમાં એક દો-
ખમુ બાંધવાનો એરાદો કરી તેણીના માશીસાને દાહડે પંચના ડુંગરપર ટાંણો
પુરાવેઓ; અને તે પછે કાંમ એટલી જહડફથી સંમપુરણ કરાવેઊં કે, રોજ ૫
મો માહ ૯ મો કદીમી શાલે ૧૨૦૧ ય૦ એ વરશીને દાહડે ઈજાવીને જરથો-
સતીઓના રવાંણોને અવલમંજલ પોંહચાડવાના કારણસર વાપરવા માટે પંચાતને
હવાલે કરી દીધું, તે ઉપર આ સખી નરે રૂ ૭૦,૦૦૦ ખરચેલા સાંભલેઆછે.
દોખમાનું કાંમ ચાલુ અસતાં તે વખતપર આ ટાપુ ખાતે એવી અફવા ફેલાઈ
હતી કે, કોઈ મરણ પાંમેલો જરથોસતી દોખમે ચહડઆ પછે જીવતો થયો
હતો; અને પોતાને મારી નાખનાર નસાસાલરોની ધાસતી રાખીને બની તેટલી
કસટ ખેંચી (બંધ બારનેના દોખમાં અંદરથી?) તજવીજ કરી તતકાલ બાહેર
નીકલેઆ પછે, થાણા તરફ નાહશી ગયોછે. આ બાબે શેઠ મજકુરે ઘણીબી

તલાસ કીધી, અને મુંએલાં જીવતાં થતાંને મારી નાખવાની ગુપત વાત પરીછવા સારૂં નસાસાલારોને ઇનામ વઠીક આપવા કહેઊં; પણ કોઈબી રીતે ખાતરી ભરેઓ ખોલાસો જારે નહીંજ મલીઓ, તારે તેવાં નીરદોસ પરાંણીઓના જીવ બંચાવવાના હેતુથી એક યુકતી આ સાહેબે એવી લગાવી કે, પોતીકાં દોખમાની અંદરથી પથરની એક સીડીડી બંધાવીને તેનીજ પાશે સાંકર જડાવી લીધી કે, મબાદા કોઇબી મરણ પાંમેલો જરથોસતી જીવતો થાએ તો તેના આધારથી બાહેર નીકલી શકે. આ દોખમુ બંધાઇને વપડાયાને આજે લગભગ અડધી શદી થવા આવી, તાંહાં તુલીક તેની અંદર મરણ પાંમેલા સેંકડો સખશો જઈ પડ્યા છતાં, તે માહેલો કોઇબી જીવતો થઈ બાહેર નીકલેલો જોવા તથા જાંણવામા આવેઓ નથી; પણ ફકત લોકોના વસવસા ઉપર આ શેઠીઆએ સરવેને સંતોસ પમાડનારૂં કામ બજાવેઊં હતું.

પારશી શેઠીઆઓએ પરથમ પેઠીજુરીમા બીરાજીને ઈનસાફના કાંમોની જારે વખાણ મેલવી લીધી, તારે તેઓમા જે પેહલે વાંગેના હતા તેઓને ગરાંડ જુરીમાં દાખલ કરવાનુ કમીસન રાજકરતાઓ તરફથી એનાએત થયા મુજબ, આ સાહેબ પેહલવેહલા રોજ ૮ મો માહ ૧૧ મો કદીમી શાલે ૧૨૦૨ થી બીરાજવા લાગા; અને તેપછે રોજ ૪ થો માહ ૮ મો કદીમી શાલે ૧૨૦૩ થી સુલેહના અમલદારોની સંફમા નામદાર સરકારે તેણાને સાંમેલ કીધા હતા; જે ઓહદાઓ આ શેઠે મરણની છેલ્લી ઘડીસુધી સાચવી રાખીને ઇનસાફના તથા બીજાં સંસારી કાંમોમાં સરકારને તેવણ અછા મદદગાર થઈ પડ્યા હતા.

પારશીઓના ગરીબ તથા નાવારેસ છોકરાઓને જંદ અવસતા શીખાડવા માટે મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, તથા શેઠ જીજીભાઈ દાદાભાઈની સાથે આ સાહેબ સાંમેલ રહીને શાલે ૧૨૦૫ મા એક નીશાળ* પેહલ વેહલી સ્થાપી, તારે તે ઉપર થએલા ખરચની તરીજી પાંતીના રૂ ૩૦૦૦ તેનાએ આપેઆ હતા.

મરીન પલટનની છાંવણી પાશે આવેલો ધોબીતલાવ, જે વીશે એવું કેહવાએચ કે, પોરટુગીસ લોકોના અંમલ વખતે તેનીજ ગનાતના કોઈ ધોબીએ પોતીકા તથા પરજાના ઉપીયોગ માટે ખોદાવેઓ હતો; અને તે કોઈ સદીઓ સુધી "ધોબીતલાવ" નેજ નામે ઓલખાતો હતો; પણ લોકોના ફુવરપણે વપરાતો રહેઆને લીધે, પાછલથી તે માહેલાં પાંણી ઘણાજ ખરાબ થઈ ગયાં હતાં; અને તેહવામાં જારે ટીપણી ચાલી તારે તેવા સમાપર આ ઉદાર મનના માનવંતા શેઠીઆએ રૂ ૩૫,૦૦૦ ને આસરે ખરચીને તે તલાવનુ તલીઊં સાફ કરાવેઊં, તથા ઊંદાંણમા વધારે ખોદાવીઆ પછે નવેસરથી મજબુત બંધાવીને, રોજ ૧૧ મો માહા ૫ મો કદીમી શાલે ૧૨૦૮ ને દીને સઘલી વરણની પરજાના ઉપીયોગ માટે વાપરવા આપેઓ. આ ઉપરથી નામદાર સરકારે રૂડું પેઆણુ પોંહચાડીને હાવા ધરમી શેઠનુ નામ કાએમ રાખવાના હેતુથી સતા ભરેઊં જાહેર નામુ કાહડીને તે તલાવના અસલી નામને બદલે ઉપલાં શાળથી "ફરાંમજી

---

* એ નીશાળ થોડુંક સુધી ચાલેઆ પછે બંધ થાયલી માલુમ પડીછે. ના.લે.

કાવસજી તલાવ" ને નામે ઓલખવા તથા બોલવાની ફરજ જોકે પરજા ઉપર પાડીછે, તોપણ વસતીનો મોટો ભાગ હજીસુધી આગલીજ અટકને હઈડ ધરી બેઠેલો માલુમ પડેછે.

આપણી ટાપુ ખાતે જારે વેપારનો વધારો અતીઅંત થવા માંડ્યો, તારે નાણાની સગવડ સાચવવા થકી મજબુત પાયાપર એક સરાફી પેહડી, જેને અંગરેજીમા બેંક કરી કેહચ; તેવું જાહેર ખાતું ઉઘાડવાના હેતુથી આ શેઠીઆએ પોતીકા અંગરેજ તથા દેશી વેપારી મીતરો સાથે ઘણું સુધી મસલહત કરતા રહીને સરકારની સાહેતાથી ઈ૰ ૧૮૪૦ મા પેહલવેહલી "બોંમબે બેંક" અતરે ચાલુ કરાવી હતી; જે બાબેની આગેવાંણીમા કેહચ કે સરવે કરતાં સરસ મે-હનત એજ શેઠીઆની સમાએલી હતી.

શેઠ ફરાંમજી જેમ પઈશે સુખી તેમજ હરેક વાતની અવનવી ચીજના શોખીખી હતા; જેની સાદત હીંઆં એવી નોંધી લઈએચ કે, એ સાહેબે શાલે ૧૨૧૧ મા મજગાંમ ખાતેની પોતીકી વાડી અંદર બે વાર વગર ટેલથી જહલ-કતા દીવાની (યાને ગેઆસ* લાઈટની) રોસની દીપાવી હતી; તેમા એક વખતે આપણાં માનવંતા મરહુમ ઉમરાવ સર જમશેદજીને નાઈટનો બેતાબ પેહલ વેહલો મલિઓ, તારે તેની ખુસાલીમા તે સાહેબને નોતરીને મીજલેસ મેલવી હતી; અને બીજીવાર તેણાને તાંહાં કોઈ તીરથ ટાંકણીખી તેવીજ રોસનીથી તે મકાણને આરાસતગી પમાડી હતી.

આ સાહેબ અંગરેજી તથા ગુજરાતી કેતાબો વાંચવાનો જેટલો અભીઆસ રાખતા હતા, તે કરતાં વધારે કાળજીથી પોતીકા ધરમ ઉપર ઘણાજ ચુસત રહીને અશોઈપણું વીશેસ જાલવતા હતા; પરજા વચે વીદઆનો ફેલાવો કરવાના હેતુથી પરથમ "તજકરતોલ હોકમા" નામની એક ફારશી કેતાબ, જેમા આગલા વુનાની ઓલમાઓના અહેવાલ સાથે, તેઓની નશીએત તથા નીતી ભરેલા વ-ચનો સમાયલાછે, તેનો ગુજરાતી તરજુમો મરહુમ મોબેદ ડોસાભાઈ સોરાબજી મુનશી પાસે કરાવીને શાલે ૧૧૮૭ મા છપાવેઓ હતો; અને તે પછે બીજા ઘણાક ગરંથોના તરજુમા ઉપર તેનાએ ગરથ ખરચેલા કેહવાયાછે; પણ તેની ચોકસ ખબર નહીં મલિઆને લીધે તેટલી વાત પડતી રાખી, આ સાહેબે પા-છલા વખત ઉપર રૂ ૪૦૦૦ ની સખાવતથી જરથોસતીઓના ધરમને લગતાં પવીતર પુસતકો નામે "વંદીદાદ", "વીશપરદ" તથા "ઈજશને" નો તરજુમો કરાવીને તે પરશીધ કીધા આગમજ કેટલાક દસતુરોની મંડલી આગલ તેનાએ મેલાવેઓ હતો; અને તેના ખરાપણા વીશેની સાબેતીમા કેટલીક સહીઓખી તે

* મુંબઈમા જારે હાવી રોસની રસતે રસતે થવા માડી, તેની ઘણા વરશો આગ-મજ પેહલવેહલાં મરહુમ શેઠ ખરશેદજી માંણેકજી સરાફે ચોપાટી ખાતેની પોતીકી વાડી અંદર કરાવી હતી; બીજીવાર શેઠ અરદેસર ખરશેદજી વાડીઆએ પોતાના બંગલામા દીપાવી દેખાડી હતી; તે હસાબે શેઠ ફરાંમજીને તાંહાં બનેલો અખતરો તરીજીવારનો કેહવાયોછે; અને તારે પણ કોઈના સવપણામાંબી વીચાર નહીંજ હશે કે ગેઆસની રોસનીથી મુંબઈનું શેહર રાતરે જાહેરાંત દીપી નીકલશે. નો. લે.

તરજુમાપર લેવાએલી સાંભલી હતી; પણ કેહવાને દલગીરી ઉપજેચ કે, પાછ-લથી તે તરજુમો સઘલાઓને સખમંદ માલુમ પડઆને લીધે, જે મતલબથી આ મેહરબાંન શેઠ રૂપીઆ વેરીઆ, તે ધારણા તેનાની રૂડીપેરે પાર ઉતરીજ નહીં.

શેઠ ફરાંમજીના જીગરમા એકાએક એવી ઉલટ ઉસકેરાઇ કે, પોતીકા મરહુમ પીતા કાવસજી બાવા તથા મેહરબાંન જાઈજી માતાનુ નેકનામ ચંદરો કાળસુધી આ દુનીઆં અંદર જોડાઈ રેહ, તેહવું કોઈ પવીતર મકાંણ બાંધવું; અને તેવાં નેક કાંમમા પોતાના ભાઇ ખરશેદજી તથા ભતરીજા દાદાભાઇ રૂસતમજીની સાંમેલગીરી ચાહી; જે વાતને તે સખી શેઠોએ અંતકરણથી જારે અંગીકાર કીધી, તારે આ સાહેબે કરેલવાડી આગલ દરીઆ કીનારાપર કોસાદ જગેઆ હાથ કરી લઇને, તાંહાં શેહરને શોભા મલતું એક શુંદર મ-કાણ બંધાવેઉં; જેમા રોજ ૧૭ મો માહ ૪ થો કદીમી શાલે ૧૨૧૫ ય૦ એ આતસબેહરાંમ સાહેબને મોબેદ* બેજનજી રૂસતમજી પાસે તખતનસીન કરા-વીને, તે પાક કેબલાને "કાવસજી બેહરાંમજી બનાજીના આતસબેહરાંમ"નુ જે નેકનામ આપેઉં, તેની સાખશીમા એજ કેબલા ઉપર હેઠલ જણાવેઆ મુજબ કોતરાવી જડેલી એક તખતી જેમ જેબ દીએછે, તેમજ હાવું માહભારત કામ ઉઠાવી લેનારાઓની ખુબી સંબંધી થોડીક કવીતા તેની નીચે જાહેર કરીએચ.

તખતીની નકલ.

પાક દાદગર દાદાર હોરમજદની મદદ હોજો.

કાવસજી બેહેરાંમજીના આતસબેહેરાંમ.

આએ મુબારક મકાનમા બેહસતનશીન મરહુમ શેઠ કાવસજી બેહેરામજી બનાજી
લીમજી તથા એવણની ધણીઆંણી બાઈ જાઈબાઈ પેસતનજી
એવોની નઇએતે તથા એવણના પુનને વાસતે એઓના ફરજંદો

ફરાંમજી તથા ખોરસેદજી

તથા નખીરા

દાદાભાઈ રૂસતમજી હમસરીક થઇને,

મુંબઈ શેહરમા

કુલે જરથોસતી ફીરકાના લોકોને ઓદાતાલાની બંદગી કરવા સારૂં
માજદીઅસની દીનના ફરમાન મુજબ નુરાંની પાક પાદશાહને
તખતનશીન કીધાછે,

રોજ ૧૭ મો સરૂસઇજદ માહ ૪ થો તીરઈજદ કદમી સને ૧૨૧૫ યજદેજરદી.

સંવત ૧૯૦૨ ના માગસર સુદ ૧૫ ને વાર સનેઉ.

તા૦ ૧૩ મી ડીશેમબર ૧૮૪૫ ઇશાવી.

* એ દાહડેથી આ ધરમગુરૂને આતસબેહરાંમની દસતુરી તેના માલેકોએ વ-ઊંસ પરમપરા આપેલી સંભલાએછે. ના લે.

બેટા જોઇએ હેવા કે, બાપનુ નામ ઉગારે,
  લાખો રૂપઇઆ પોતે ખરચી, કીરતી બેહસત પુગારે.
તરણ શેઠીઆએ એખટા રહીને, કાંમ ઉતારેઊં પાર,
  ગુજરેલા ભાઇઓ હઇઆત હોતતો, વધતે તેમા ચાર.
બનાજીના ખાનદાન અંદર, આ નવું બી વવાએઊં,
  હઇઆત રહેલા સપુતોથી, રૂડું કામ ગવાએઊં.
બે સાહેબો તો ગુજરી ગયા, પણ રહેઊં નામ અંમર,
  ઇશવર તોફીક હાંશેલકરી, ને બાંધી જબરી કંમર.
બાહસઠ વરસના* અરસામા, જોવો મુંબઇ અંદર,
  આ આતસબેહરામની સ્થાપણાનું, શાળછે બારસો પંદર.

આ આતસબેહરાંમના કાંમ ઉપર શરૂઆતથી તે શેવટ સુધી થાએલા ખરચના આસરે રૂપીઆ અડી લાખની અંદર શેઠ ફરાંમજીએ પોતા તરફથી એક લાખ આપેલા કેહવાયાછે; પણ તે ઉપરાંત કેબલાના જાથુક નીભાવસ માટે દરશાલે થતા ખરચનો બોજો, તેવણ શેવાએ બીજા કોઇથીજ ઊંચકાઇ શકાએલો સાંભલેઓ નથી; તો જોકે એજ સમાપર શેઠ ફરાંમજી પોતાને તંગ-દસતીમા આવતા જોતા હતા, તે છતાંબી મન મોટું કરીને હાવું નેકકાંમ સદા સચવાએલું રાખવાના હેતુથી ભાંડુપની હેઠવાનમા આવેલાં બે ગાંમો નામે "કાંનજુર" તથા "વીખરોલી" જે ૧૨૦૬ મા (દરશાલે સરકાર દેનુ રૂ ૯૦૦, કબુલ કરીને) લીધેલાં હતાં; અનેજેઓની નકી ઉપજ દરશાલે રૂ૨૫૦૦ મલતી માલુમ પડીછે, તે જાગીરને આ પરોપકારી શેઠે પકા બંદોબસતથી અરપણ કરી દીધી, કે જેથી આકેબત સુધી કોઇને ઓશીઆલે રેહવું પડેજ નહીં. એજ આતસબેહરામના સંબંધમા ચાલુ થાએલા ધહંબારો વીશેની બીના તેની ઘટતી જગોએ દાખલ કીધામા આવશે.

આ શેઠીઆના ખવાસ સંબંધી કેફીએતને રજુ કરતાં આટલું તો અલબતાં કેહવું જોઇએચ કે, તેમનો સવભાવ દેખઇતો તાતો, અને મીજાસ ગરમ ગણાતો હતો; પણ સચાઇ તથા સવતંતરપણાપર તેવણ એવાતો ચુસત હતા કે, ગમે એવો જાંણી દોસત અથવા અતલગ સગો, કે જોઇએ તેટલો જરદાર, યા શાહજાદાબી હોએ તો, તેઓની ગેરવાજબી તરફદારી માટે પોતાની સચાઇ હરગેજ છોડતાતા નહીં; અને તેવાઓની નજરમા વાહલા દેખાવા કાજે, અથવા તેઓથી મોટાઇ મેલવવાની મતલબથી ખરખુસાંમદને બેહદ ધીકારતા હતા; પણ જે બીનામા રાસતી જોતા, તાંહાં પોતાની પનાહ પરકાસવામા ખરી ફરજ સહમજતા હતા; અને તેથી કરી તેણાની નજરમા તવંગર તથા ગરીબ સરવે એક સરીખા સમાઇ રહેલા હતા. સાદા ખોરાકને એ સાહેબ જેટલો પસંદ કરતા, તેટલો પોસાકબી સાદોજ પેહરવામા ખુબી સહમજતા હતા.

---

* દાદીશેઠના આતસબેહરાંમ પછે ૬૨ વરશે તેજ પંથના કાવસજી બાવાનુ નામ આ નેક કામથી જોડાએઊંછે. નો. લે.

હાવી નેકનામીથી તેણાની પીછાંણુત જેમ પોતીકા હંમદીનોમા વીટલાએલી હતી, તેમજ સરવે વરગના યુરોપીઅનો ઉપરાંત હીંદુઓ, તથા મહમદીઆંનો, વગેરેમા જે પરખેઆત થાએલી હતી, તેનુ વરણુન હવે પછેના કોઈક ફકરામા વીસતારીને કેહવામા આવશે.

આ સરીમંત શેઠીઆનો ઓહલો વેપાર કલકતા, ચીન, મધરાજ, વેલાત અને તેવનાએ ઘણાક દેશાવરો સંગાથે ફેલાવો પાંમેલો હતો; પણ ઘણું કરી વેલાત તથા ચીન તરફની વલાંણુ વીશેસ માલુમ પડતી હતી. પોતીકી જવાંની વએમા ધંધો સરૂ કીધો તારથી તે શેવટની ઘડીસુધી સચાઈપણે વેહવાર ચલાવતાં ચોખી દેઆંનત સાચવી રાખીને પેહલા વરગના એક સુધા અને સવતંતર શેઠીઆ બની રહેલા હતા; પણ પાછલા દાહડા તેમના સર ઉપર એવાતો પટલા આવી બેઠા કે, જમાનાના બેવફાઇ ભરેલાં ચકરની ચુંગાલમા ફશી પડઆ છતાંબી, પોતાના સત આકીનને ઘણીજ ઉશતવારીથી જાહાલી રાખેઉં; અને તેના પુન પરતાપથી આંટને કશી રીતે અલવલ આવવા દીધાવના જેવી હીંમત ધીકતા વખતપર રાખતા, તેવીજ સાહુચેતીથી બુઢાપાનો બારીક રમોબી સંભાલથી સાચવતા દેખાએઆ.

આ શેઠીઆને માથે ગાંમનુ દેવું જે થએઉં, તે કરતાં દોહોડી અથવા બમની કીંમતની મીલકતો તેવણ ધરાવતા હતા; જેની કારસાજી કરી આપનારો કોઈબી સરાફ જો તે વખતપર તેણાને મલી આવેઓ હોતતો, પોતીકે હાથેજ કરજ ફીટાડી દઇને મોટી ફતેહ મેલવતે; પણ તે નેકબખતની નાંમીચી ધારણા કુદરતના બનાવથી જારે પાર નહીંજ ઉતરી તારે તેની ગમખારીમા, લગભગ અડી મહીના સુધી બીમારી ભોગવેઆ પછે, રોજ ૧૯ મો માહ ૬ ઠો કદીમી શાલે ૧૨૨૦ ય૦ એ ૮૨ વરસની ઉપર ૯ મહીના, અને ર૭ દાહડાની ઉંમરે કાવસજી બાવાના સાત માહેલો આ નામીચો નર; જે માહ દયાલુ, સખીદાતાર, ચતુરાઈ તથા ચાલાકીનો ભંડાર, સરવે ગનાતના લોકોમા મીલનસાર, જગમા વખણાએલો, મયા અને કીરપાનો પતી, વેપાર તથા વેહવારનો જટી, ઈનસાફનો તોલનાર, સતવચણથી સાચાંનો બોલનાર, વેહવારીઆમા વડો, વીદેઆ અભેઆસની વરધી ઈછનારો; માહ ગનાની, ઈશવર ધેઆંણી, સત જરથોસતની ઉંમતનો બસતે કુસતીઆન, દાનાઈનો દરીઆવ, શેઆણપતનો સમુદર, સભાઓને શોભાવનાર, અને અનજુમનનો મુખીય શેઠ ફરાંમજી બેહસતનસીન થયોછે.

હતો આ શેઠીઓ સખીને દાતાર–રેહમની નજર જો કરતો એકવાર.
તો માટીબી નીરાચે બનતુંતું હેમ–એવી તેમા ગુનગારી મયા ને રેહમ.
વેપાર જેને થઇ રહેલો હતો આધીન–વેહવારબી સુધો તેને સવાધીન.
સંગત જેની રાસતી જે સાચાંનો યાર–રહેઓ વેગલો જુઠાંથી જનમતાંવાર.
અભેઆશી વીદેઆનો સઉમા સરસ–અનેક કામમા ઇશવરથી પાંમતોતો જશ.
મુખથી દેખાતો ધુસાનો ઘણો–પણ મયા હતી મનમા ને દયા ઘણી.

વહેઆં કઈક જુગ ને વેહશે અપાર–ઈઆદમા રેહેશે આ દયાલુ દાતાર.
ન ચાલતી આ કલમથી વીશેસ વખાંણ–ખતમ થાયછે જીંદગીનુ હીંઆં લખાંણ.
બીના થોડી કેહવાની રહીછે બાકી–એબારતમા સમાવા ચાહેછે ખાકી.

ઉપર જણાવેલી ખુબીનોખાં જોકે આપણી વસતી અંદરથી ચાલી ગયો, પણ તેમની કેટલીક બાબદમા હઈઆત રહેલી નેકનાંમીનો બદલો પરજા તરફથી રૂડીપેરે વાલી આપવાની કોઈ ઉતમ યાદગારી કાએમ રાખવાના હેતુથી, રોજ ૨૯ મો માહ ૧ લો કદીમી શાલે ૧૨૨૨ ય૦ એ આ શેહરના યુરોપીઅન તથા દેશી સરીમંત શેઠીઆઓએ, એક દબદબા ભરેલી મોટી સભા એલફીનસતન કાલેજમા ભેગી કીધી હતી; જાંહાં તેમના ભલાં કાંમોની તારીફમા માજી સદર અદાલતના શેઆંના જડજ મી૰ લીજેટ (સરનસીન), માજી સુપરીમ કોરટના વડા નેઆએધોસ નામદાર સર એરસકીન પેરી, મરહુમ હાંનરેબલ જગંનનાથ સંકરશેઠ, પરોફેસર પાટણ, મરહુમ વાડીઆજી શેઠ બમનજી હોરમજજી, સમાલકાઝ કોરટના માજી બીજા જડજ મી૰ માણેકજી ખરશેદજી, તથા આશીસટેંટ પરોફેસર દાદાભાઈ નવરોજજીએ મલી, એકેકથી સરસ ભાસાંણો કીધા પછે, આ મરહુમ શેઠીઆનુ નામ સજીવણ રેહવાની યાદગારી સારૂં કોઈ લાએક જગેઆપર "ફરાંમજી કાવસજી ઇનસટીટીઉટ" નામની એક માહભારત જાહેર એમારત બાંધી, તેણાની લાએકાતને લાંમબી મુદત સુધી દીપતી રાખવાનો ઠેડાવ સરવેના અનુમતથી ચોકસ થેડવેઓ.

આ કારણ માટે ફરતી કીવેલી હુંધરાંણાની ટીપમાં પરજા તરફથી લગભગ રૂ ૧૦,૦૦૦ ભરાએઆ, અને તેમાં પરોફેસર દાદાભાઇ હસતકથી "સ્ટુડેંટ સોસાઇટી" ને નામે પોત પોતામા ભેગા કીધેલા રૂ ૬૦૦૦* ઉપરાંત નામદાર સરકારે બે હુમલે આપેલા રૂ ૧૬,૦૦૦† (૪,૦૦૦ તથા ૧૨,૦૦૦) મલી કુલ રૂપીઆ બતરીસ હજારની એક થાપણ ઉભી થઈ હતી.

જે માહભારત કારણનો થેડાવ થઇ ચુકો, તેને માટે જગેઆની સોધ ઘણે ઠેકાંણે કરવા જતાં લગભગ ૯ા વરસ ફોકટમાં ગુમાવેઆ પછે, અંતે આએજ શેઠીઆને નામે પરખેઆત થઈ રહેલા "ફરાંમજી કાવસજી તલાવ" માહેલો થોડાક ભાગ પુરણી કરી લીધો; અને તેની પડોસમા આવેલી બીજી જગેઆ મેલવીને આ એમારત તાંહાં બાંધવાનુ મુકરર ઠેરઆથી, રોજ ૨ જો માહ ૭ મો કદીમી શાલે ૧૨૩૧ ય૦ એ મોટી ધામધુમની કીરીઆ સાથે આપણા

---

* આ રકમ અવલમા એવી મતલબથી ઉભી થએલી ભાસાણ કરતાએ કહી સંભલાવી હતી કે, તેની ઉપજમાથી ગુજરાતી મંડલીઓ માટે વેલાતથી યંતરો મંગાવવાં; મગર તેની હાલત જોતાં પાછળથી તેણાનો વીચાર એવો ઠેરઓ કે, છ હજારને મોટી થાપણ સાથે મેલવી નાંખીશું તો તેમાથી ઘણા ફાએદા હાંશેલ થશે. પણ સાંભલેઆ પરમાણે, એ રકમ કેમેટીવાલાઓએ પાછળથી મીઉઝીએમના ઉપોયોગ માટે આપીછે.

† એ ઉપરાંત એમારત બાંધવા સારૂં ખાલી જગેઆ મુફત ... વેઊં હતું.

માનવંતા મરહુમ મીતર હાંનરેબલ જગનનાથ સંકરશેઠને મુબારક હાથે પાયો નખાયો હતો; જે પછે શવાબે વરસના અરસામા બાંધકાંમ સમપુરણ થયાથી શાલે ૧૨૩૩ ના કદીમી બીજા ગાથાને રોજે હેઠલના ભાગમા "નેટીવ જનરલ લાઈબરેરી" નામનુ નાંમીચું પુસતકખાંનુ, તથા મથાલે "ઈનિસટીટુટ" નુ દેવાણખાંનુ જાહેર મેલાવડાના ઉપીયોગમા આવતું રેહેઊંછે.

હુન્નરાંણાની ટીપે આ કારણસર બતરીસ હજાર રૂપીઆ જે ભેગા કીધા, તેમાથી ઉપરની નોટમા જણાવેઆ મુજબ ૬,૦૦૦ તો બીજા ઉપીયોગમા જારે અપાએઆ, તારે તે હસાબે બાકી રહેલા રૂ ૨૬,૦૦૦ થી હાવું માહબારત મકાંણ કાંઈ તઇઆર થઇ શકાએ તેવું જણાએઊં નહીં. એનો સબબ એવો જાહેર થયોચ કે, આ એમારતનો પેહલવેહલો નકસો ઉતરાવેઓ તે વખતે મલનારા સરંજામના ભાવ ઘણા સસતા હતા; પણ મોટી ઢીલ નખાયા પછે બાંધકાંમ જારે ચાલુ થએઊં, તારે સરવે વસતુના ભાવ જે અતીઅંત મોઘા આપવા પડેઆ, તેમા ૨૬ હજાર પુરતા જણાએલા નહીં જોએઆ ઉપરથી, આ મરહુમ શેઠના એક નબીરા શેઠ શોરાબજી પેસતનજી ફરાંમજી, જેવણ તે વખતપર મોટા દરવીયવાન કેહવાતા હતા, તેનાએ રૂ ૫૬૦૦૦ પોતીકા મુરબીનુ માન આસકાર કરવાના હેતુથી આપીને કુલ રૂ ૮૨,૦૦૦ ની કીંમતવાલી વખનાતી એમારતને તેની જગોપર શોભાવી દેખાડીછે.

છતી જુરરાતે આ શેઠીઆ દેણદારીના દબાંનમા રહીને જોકે મરણ પાંમેઆ, તોપણ તેમના અંતકરણની રૂડી મનસની એવીતો મસહુર હતી કે, તેનાજ પુનથી, તેમના ગુજરેઆબાદ વહીવટનો ફડચો કરવાનુ કાંમ, કાંમાખાનદાનના એક હીંમતવાન શેઠ ખરશેદજી નસરવાનજીના હાથમાં આવેઊં; અને તેની અંદર આ મરહુમ શેઠની નેકબખત વીધવા શેઠાંણી બચુંબાઈ, તથા શકરમી દાતરા શેઠ શોરાબજી (તથા બીજાઓ જે હોએ તેઓના નામની યાદી મલી નહીં તેથી દાખલ થઇ શકેઊં નથી) તરફથી ઘણી સારી મદદ લેવાયાને લીધે, એવી તરદુદ વપડાઈ કે, સરવે માંગનારાઓને દરશાલે સેંકડે ટકા ૪ લેખેના વીઆજ શીકે પુરેપુરાં દાંમ મલેઆં; અને તેમ થતાં પવઇનો આઓ વજીફો તે સાહસીક શેઠીઆના પરીવારોના પોશાણ માટે ફાજલ પડેઓ હતો. આટલી બીનાથી સરવે શજંણોએ ખરેખરી ખુશી ઉપજાવવી જોઇએ કે, જે શેઠીઆની અવલથીજ સારી દેખાંનત દેખાતી હતી, તેનો કચડાએલો કારોબાર અંતે તેમની ગેરહાજરેબી સંપુરણ રીતે પાર ઉતરેઓ; જે બાબે ઉપર જણાવેલા શેઠીઆઓ તથા શેઠાંણી બાઈનો અગણીત ઉપકાર આ મરહુમના પરીવારો ઉપર ચોંટેઓછે. અને તે ઉપરથી આટલું તો ચોકસ થડેઊંછે કે, હાવી રીતે પુરેપુરં દેવું મુંબઈ વશેઆ પછે, આ શેવાએ બીજા કોઇબી પારશી સરીમંત શેઠીઆની ગેરહાજરીમા અપાએલું હોએ એવું સાંભલવામા બીલકુલ આવેઊં નથી.

આ શેઠીઆની જાહેર સખાવતો સંબંધી જે બીના ઉપર વીસતારી લખાઈ તેઓનો એકંદર સરવાલો લેતાં ૪,૧૨,૦૦૦ રૂપીઆની સંખીઆ હમારી ...ે ઘણીજ થોડી માલુમ પડેછે; અને કદાપી તેટલીજ જો ઓ-

કસ થઉતો, તેનાએ બજાવેલાં કાંમોની માહભારત યાદગારી સરવે કરતાં સરસ રીતે ચાર ચીજોથી જે સચવાઈ રહેલીછે, તેમા એકતો બે ટાંકી અંદર હંમેસ પોંહચતું પાણી; બીજો મરીણ પલટનની પાસેનો "ફરાંમજી કાવસજી (અસલનો ધોબી) તલાવ; તરીજી તેનીજ અંદર બંધાએલી "ફરાંમજી કાવસજી ઇનસ-તીટુટ;" અને ચોથો પવાઇ તથા ભાંડુપ વચે પાછળથી નામદાર સરકારે (તેણાનીજ આપેલી જગેઆ ઉપર) બાંધેલો "ફરાંમજી કાવસજી રોડ" નામનો રાહદારી રસતો, આપણી તથા હવે પછે આવતી અઓલાદની જાણમાથી હર-ગેજ ભુલાશે નહીં.

વગર ભરોસાની આ જગતમા સઉ કોઈએ મરવાનેજ માટે જનમ લીધેલો ચોકસ ઠઉછે; પણ પરાણ પટકાઈ જતી વખતે કેટલાક બનાવો એવાબી બનેછે કે, જેની ઉપર ઇનિસાંનોનાં હવે પછે આવતાં સુખની આશેઆ રાખવાનો આધાર રેહવો જોઈએ. જે બાબેનો એક બનાવ જે ખરેખરો બનેઓ હતો, તેને હમારા અસરાફ વાંચનારાઓની હજુર મેલશું તો, તે સરવે સાહેબો સંતોસથી સાંભલેઆવના રેહશેજ નહીં. માનવંતી શેઠાની બચુંબાઈ, શેઠ ફરાંમજીના ગુજરવાથી જે વીધવા થએલાં હતાં, તેવણ અશોઈ તથા પરેહજગારી સાથે નીતીની રાહપર ઉસતવાર રહીને, ૯૨ વરસની બુજોરગી ભરેલી ઊંમરે પોંહચેઆ પછે રોજ ૯ મો માહ ૩ જો કદીમી શાલે ૧૨૨૮ ના પાછલા પોહરે ઇકની દરઘાએ ચાલી ગયાં. મરણની આગમજ માદગીના ખીછાના ઉપર સુઈને છેક મોહોતને કાંઠે આવેઆં, તારે પોતાના મરહુમ ધણીના ઉપલા વકીલોને તેણીએ પોતાની પાશે બોલાવેઆ; અને તેઓને એવો સવાલ પુછેઓ હતો કે, "માહરા ધણીની હજુરમાં જવાની હવે હું તઈઆરી કરૂંચ; વાસતે તમો સા-"હેબો મને કેવી રીતની ખુશ ખબરી આપોચ કે, તાંહાં જઈને તેણાની હજુ-"રમા હું શુરખ રૂહે ઉભી રેહવું; અને તે ખુશાલી ભરેલો પેગાંમ માહરા "માનવંતા ધણીને હું કહી સંભલાઊં." જેના ઉતરમા વકીલો માહેલા મજકુર શેઠ ખરશેદજી કાંમાજીએ જણાવેઊં કે, "મરહુમ શેઠ ફરાંમજીના સરવે મા-"ગનારાઓનો હીસાબ રોકડ પાઈકે ચુકવી આપેઓછે, અને તેણાની મીલક-"તમાથી તેમના પરીવારોના પોરાણ માટે કાંઈ બંચાવેઊંખીછે." હાવી વાતની જારે તે બાઈએ વકીલો પાશે ખાતરી માંગી, તારે તેઓએ બધા માંગનારાઓને તતકાલ બોલાવી મંગાવી બાઈના ખીછાંના આગલ ઉભા કીધા; અને પોતાના બોલવાની સચાઇ તેઓનેજ મોહડેથી સાબેત કરી આપી હતી; જે સાંભલીને સંતોશ પાંમેઆં પછે જંદ અવસતાના પવીતર કલાંમો પઢતાં પોતાનો પેઆરો પરાંણ કીરતારના કદંમ નીચે ધરી દીધો.

મરણ ટાંકણે આ મરહુમ શેઠ પોતીકાં બોહોલાં પરીવારોમાં ઝાંગીરજી,* પેસતનજી તથા નાનાભાઇ નામના તરણ દીકરાઓ, ઉપરાંત બેસુમાર દીકરીઓ, અને તેઓને તાંહાંના છોકરાંઓને ઘેરે છઇઆંની બોહોલી વસતી જે આબાદ

* આ ગરહસથ રોજ ૨૩ મો માહ ૧ લો કદીમી શાલે ૧૨૩૩ ૫૦ એ વરસ ૭૫ ની વએમા ગુજરી ગયાછે. ના. લે.

મેલી ગયા, તેઓના નામોની ટીપ આ નાહનકરી નોંધમા આપી શકાતી નહીં તેથી ખચીત દલગીર છઇએ.

શેઠ ફરામજીને ફુલગુજાર થયાને જારે ૧૩ વરસ વહી ગયાં, તારે રોજ ૨૧ મો માહ ૮ મો કદીમી શાલે ૧૨૩૩ ય૦ એ, આપણી ટાઉનહાલના દબદબા ભરેઆ દેવાનખાનામા "યુનીવરશીટી" ના કાંમ બાબેની મોઠી સભા જારે મલી હતી; તે વખતે આપણે માથે હકુમત ચલાવનાર નામવર હાકમ સર બારટલ ફ્રીઅરે કીધેલાં ભાશાંણની અંદર એક ઉતમ વાત જે કહી જણાવી હતી, તેની નોધ ખુશી દીલથી હીંઆં દાખલ કરીએછે.

"બીજી બે મોઠી સ્થાપના બે સખસોના નામની યાદગારી માટે કરવાનો "ઇરાદોછે; અને મારી ખાતરીછે કે, તેઓની યાદગારી આ યુનીવરશીટી કદી "પણ ભુલશેજ નહીં. મારા માનવંતા મીતર મરહુમ શેઠ ફરામજી કાવસજી, "જેવણ પોતાની જાતી પુરવીનતાઈ તથા આપએખતેઆરી સવભાવ કરતાં દેશી "સુધારાની દરેક લાએક બાબદમા, તથા કેળવણીને પુરતો ટેકો આપવામાં કાંઈ "થોડા જાંણીતા નોહતા. તેવા એક માહપુરૂસની યાદગારીની હાવી એક નીશાંન રાખવાના યોગીયપણા વીશે સભાના જુના અધીકારી માહેલા ઘણાક "શેઠીઆઓ માહરી સાથે એકમત થાશે."

આ મરહુમ શેઠના બાકી રહેલાં બે બારકશો માહેલું "સલેમાની" જે મધરાજના બંદરમા લાંગરેલું હતું, તાંહાં તા૦ ૨૪ મી મેએ ૧૮૫૦ ના સખત તોફાન વખતે ઘસડાતું કોઈ ખરાબાપર જઇને તે સાથે અઠડી તદન ભાગામાં આવેઉં, અને બીજું "બકીંગહાંમસાયર" કલકતેથી કીંમતી માલ તથા ઘણાક ઉતારૂઓ લઈ વેલાત જતું, તા૦ ૪ થી મારચ ૧૮૫૧ ની રાતરે ખાડીની બાહેર ખજુરીની પડોસમા આગથી બલી ગએઉં હતું; અને તેઓની નુકસાંણીના નાણા વીમાવાલાઓ પાશેથી મલેઆં હતાં.

પવઈનો વજીફો જારે સઘલાં દેવાંમાથી મોકલો થઇને આ મરહુમ શેઠ ફરાંમજીના ફરજંદોનુ પોશણ સાચવવા માટે સલાંમત રહેઓ, તારેજ તે સતા ભરેઆં લખતની ખુબીથી તરસટપણા હેઠલ સોંફાએલો હોતતો, તેની આએપત ચંદરોકાળ સુધી વરીસપરમપરા પોંહચેઆ કરતે; પણ ખરૂંછે કે હોનારતની અગમચેતી કોઇનેબી રેહતીજ નથી, તેમ આ વાતની લગરીક ભુલે તેનુ પરીણામ એવુંતો અનગમતું આણી આપેઉંછે કે, તે જાગીરનો વહીવટ આ બુજોરગવારના એક દીકરા શેઠ પેસતનજી પાશે ઘણા વરસોથી સાધારણ રીતે ચાલેઆ કીધા પછે, એક તરફથી તેમના ભાઈ શેઠ નાનાભાઇ ઉપર માંગનારાઓની ફરીઆદીએ એકાએક જપતી આણી; અને બીજી તરફથી શેઠ ફરાંમજીના વડા દીકરા મરહુમ જાંગીરજીના પરીવારોએ પોતાના પોસણનો કોઈ રૂડો બંદોબસત કરાવા કાજે નામદાર હાઈ કોરટમા મુકદમો ચલાવેઓ. આ બેહુ વાતો ઉપર નામદાર નેઆએધીસોએ બારીક વીચાર પોંહચાડીને સઘલાં પરીવારોનો (એની અંદર તેઓ માહેલા કોઇક ઉપર માંગનારાઓબી દાખલ થયાછે) હક સરખી રીતે સાચવવાનો હેતુ ઇછીને આ દુહજતો વજીફો હાલતો નામદાર કોરટના

કબજાનમા સોંફાવેલ્યોછે; માટે મોડે યા વેહલે તે ખચીત કરી વેચાશે; અને તેની ઉપજમાથી શેઠ ફરાંમજીના જેબી દીકરાઓ દેણદારીના દબાંણમા હશે તેનો હીશો તેમના માગનારાઓને મલશે; અને બાકી રહેલું અટલકના પરીવારોને પલ્લે જારે પડશે, તારે તે દીવસથી પ૧૯ ગામની માલેકી શેઠ ફરાંમજીના નામ ઉપરથી ખીશીને ભલતાંને ભાગ્યે ચોંટશે તેમા તો હવે કશો સકસુબેહ રેહતો નથી.

શેઠ નવરોજી કાવસજી.

આ ગરહસથની ઉપરના (બીજા) ભાઈ નશરવાનજીનો અલાહેદો અહેવાલ હાથ આવેલ્યો નહીં, તેથી એટલીજ વાત પછાત પાડી શેઠ નવરોજજી વીશેની થોડીક કેફીઅત જાહેર કરીએછે. આ સાહેબનો સંબંધ ઘણુ કરી પોતીકા વડા ભાઈ શેઠ ફરાંમજીની સંગતથીજ શરૂ થએલો હતો; અને તેમના કામનો વહીવટ લઈને શાલે ૧૧૭૭ મા પેહલવેહલા ચીનની સફરે પણ શીધારેઆ હતા. એકાત મોસમ રહીને તાંહાંથી પાછા ફરી આવેઆ પછે, ૧૧૮૧ મા કલકતે ગયા; અને પોતીકે નામે ધંધો ચલાવીને તાંહાંનાજ રેહવાશી થઇ પડ્યા હતા; પણ ઉંમરે વફાદારી નહીં દેખાડ્આથી તેજ જગોએ રોજ ૬ ઠો માહ ૬ ઠો કદીમી શાલે ૧૧૮૮ મા ૪૧ વરસની ઉંમરે પેસતનજી નામના એક દીકરાને હસતીમા રાખી મરણ પાંમેલા માલુમ પડ્યાછે. આ શેઠની પાશે વેપારના ઉપીયોગ માટે "શાહ બેહરાંમ" નામનુ એક સફરી વાંહાંણબી હતું.

શેઠ બેરાંમજી કાવસજી

કાવસજી બાવાના આ ચોથા બેટાનો જનમ શાલે ૧૧૫૦ મા થએલો જણાયોછે. આ સાહેબ પણ ઉધરીને મોટા થયા પછે વડા ભાઇનો આસરો પાંમતા વેહવાર ઉપીયોગમાં આવીને પાછલથી એક સવતંતર શેઠીઆ બની રહેઆ હતા. વેપારના કારણસર એનાએબી એક બે ખેપ ચીન, તથા તેપછે કલકતા તરફની કીધેલી કેહવાઈછે, પણ તેના સનેની સાદત મલી નથી. આ શેઠ એકવાર મોટા દરવીયવાન કેહવાએઆ હતા; પણ તે છતાં કોઇબી રીતની મોટાઇ, કે ગુરરાજી કવચીત નહીં રાખતાં સરવે સાથે મીલનસારી સાચવીને નમનતાઈ પકડી ચાલેઆથી ઘણાક મીતરો મેલવી લીધા હતા. સરકાર દરબારમા વગ એટલો ધરાવતા હતા કે, તેવા વખતપર કોઈબી સખસ અકસમાત કેદ પકડાએ, તેને તતકાલ છોડવી લાવવામા મોટી નામદારી જે તેનાએ મેલવી હતી, તે વાતને હમો ધારીએચ કે ઘણાક સાહેબો હજી ભુલતા નહીં હશે. દરવીયના જોરથી ઘણીક મીલકતના માલેકબી આ શેઠ કેહવાતા

હતા; જેમા વેપારને વાસતે "જાન બાનરમેન" નામનુ એક મોટું વાંહાંણ ૧૧૮૬ મા સુરત ખાતે બંધાવીને થોડુંક સુધી ઉપીયોગમા રાખેઆ પછે વેચી નાખેઊં હતું. બીજો છાસતી માહેલાં અનીક ગાંમનો* વજીફો નામદાર સરકાર પાશેથી શાલે ૧૧૯૭ મા, ૬૨ શાલે ૩૮૦૦ ના થોકાથી રાખેલો હતો; અને પોતાના જાતી ઉદીયોગથી તે જાગારને એવીતો ફલદરૂપ કરી દેખાડી હતી કે, તેમા ઉગાડેલા આંબા ઉપરથી ઉતરેલી કેરીઓ વખણાએઆને લીધે પોતાના મીતરો વચે(આંબાની અટકથી ઓલખાવા લાગા;) એટલુંજ નહીં પણ તે ઓલખ તારપછે વધતાં વધતાં પરજામા ફેલાવો પાંમેઆથી આ બનાજીના બેટા, "બેરાંમજી આંબા" ને નામે સાધારણ થઈ રહેઆ હતા. તરીજો ભીંડીબજારમાં મેવાવાલાની અગીઆરી સાંહમે(ઘોડાઓ રાખવાનો એક મોટો તબેલો આ શેઠની મીલકતમા પેહલાં ગણાતો હતો;) તે એટલા માટે કે(અરબસતાંનથી આવતા ઘોડાઓની) દલાલીનુ કાંમ તેનાએ તાંહાં ચલાવેઊં હતું; અને તેહવે સમે જઠાબંધ ઘોડાઓનો વેપારખી કીધો હતો; પણ તે રોજગારમાં પાછલથી પાએમાલ થયાને લીધે, તે તબેલો જોકે વેચાઇને તારબાદ ઘણે હાથ ફરેઓછે, તે છતાંબી એજ નેકબખતના નામ સાથે "બેરાંમજી આંબાનો તબેલો" હજીસુધી જોડાઇ રહેલોછે. ય૰ ૧૧૯૩ ની શાલ આ ટાપુ ખાતે ચાલેલી પાણીની ભયંકાર ટીપની વખતે આ શખી નરે ગરીબ પરજા ઉપર દયા કરીને જુદે જુદે ઠેકાંણે (સાત બોહોલા કુવાઓ ખોદાવીને)જાથુકના ઉપીયોગમા આવે તેવી હાલતમા મજબુત બંધાવી ધરમ ખાતે વાપરવા મેલેઆચ, તે માહેલો એક તો "અલેકઝાંનદરા ગેઆરલ ઈંગલીસ સ્કુલ" વાલાં મકાંણની સાંમેના મેદાંનમા (જોડ કુવાની આગલ), બીજો કોટના "બારબર લેન" નામના મોહલામા, તરીજો દાદીશેઠના આતસબેહરાંમના દરવાજાની સામેની ગલીમા, અને ચોથો મરીન પલટનની પડોસમા તેમની નેકનાંમીને દીપાવતા ઉભેલાછે; અને તેજ મીશાલે બીજા તરણ ઠેકાંણે બાંધેલા કેહવાએચ, પણ તેની ચોકસ ખબર આ નોંધ લેનાર હીંઆં દાખલ કરી શકતો નથી. આ શેઠ પોતાના જનમારામાં પેહલાં સુખ પાંમેઆ પછે, છેલ્લો વખત લગાર પાતલો જોઇને રોજ ૪ થો માહ ૪ થો કદીમી શાલે ૧૨૦૩ ય૰ એ ૫૩ વરસની વએમા મોટું પરીવાર મેલી વઇકુંઠવાસ થયા.

આ શેઠને તાંહાં સોરાબજી, હોરમજજી, દાદાભાઈ તથા અરદેસર મલી ચાર દીકરાઓ મરણ વખતે જે હઈઆત હતા, તેઓ માહેલા વડા તથા બીજા તારપછે એકેકની પુઠે ઘણા વરસને છેટે ગુજરી ગયા, અને હવડાં સલાંમત રહેલા તરીજા તથા નાધલા મલી બે દીકરાઓ દેખાએછે.

---

*જે ગાંમ હવડાં શેઠ ફરાંમજી નોસરવાનજી પટેલના સવાધીનમાછે. નો. લે.

શેઠ લીમજી કાવસજી.

આ ગરહસથ કાવસજી બાવાનો પાંચમો પુતર શાલે ૧૧૫૨ મા જનમ પાંમીને જગતમા પરશીધ થએલો હતો. એનાની પેહલી કારકીરદી કેહવી પરકારની હશે તેની કેફીએત કાંઈ જણાતી નથી, પણ પાછલથી મી० રીમીંગટન કરાફરડની કંપનીને નામે પેહલાં પરએઆત થએલી નામીચી પેહેડી ખાતે એક પરમાણીક દલાલ હતા. એજ માતબર પેહડીની પક્ષને પકડી રાખેઆથી મોટા દરવીયવાન, અને તે સાથે સરવે વેપારી તથા વેહવારીક મંડલીઓમા એટલોતો વગ પેસાડઓ હતો કે, તેવા સંજોગથી પાંકેઊં કામ પોતે પાર ઉતારી સખતા હતા. કેટલાક ગરીબ લોકોનો હાથ પકડીને પોતાની પાશે વેલાત તરફનો આવતો સાંમાણ જેઓને ધીરી દુકાંનદાર બનાવેઆ હતા, તેઓ માહેલા હોરમજજી તથા કાવસજી જીવાજી પોરટર, રતનજી તથા નસરવાંનજી ખરશેદજી કેલાંવાલા, નવરોજી મોદી તથા કાવસજી બાંમબોટ અને બરજોરજી ડોસાભાઈ ખરાસ, એટલાતો આ નોંધ લેનારની જાંણમાં આવી ચુકેલાછે; મગર તે ઉપરાંત બીજા સખશોબી હશે તેની ચોકસ યાદ નહીં રાખતાં કહી સખીએચ કે, જેટલાઓ આ શેઠના આસરાથી ધંધે રોજગારે વલગેઆ હતા, તેથી ઘણા પરાંણીઓનુ પોસણ આબરૂથી થએઊં હતું; માટે એ કામબી એક ધરમીપણામા વખાણ લાએક બનેલું સહમજવું જોઈએછે.

એ ઉપરાંત લીમજીશેઠની લાએકી ભરેલી બીજી હકીગત હમારી પાશે હાજર નહીં હોવાને લીધે તેનાની જીંદગીનો અહેવાલ ટુકમા પુરો કરીએછે. આ શેઠની હઈઆતીનો છેડો પઇસા તથા પરીવારનુ સુખ ભોગવેઆ પછે ૪૫ વરસની વએમા આવેઆથી, રોજ ૯ મો માહા ૧૦ મો કદીમી શાલે ૧૧૯૭ ય० એ માણેકજી, અરદેસર, પેસતનજી તથા દાદીભાઈ મલી ૪ દીકરાઓ મેલીને બેહસતનશીન થયાછે. એ માહેલા માતરે પેસતનજી હઈઆત દેખાયા ઉપરથી તરણ ભાઈઓ મરણ પાંમેલા માલુમ પડેછે.

શેઠ ખરશેદજી કાવસજી.

આ શુરા નરના જનમનો મુબારક રોજ ૧૦ મો માહ ૫ મો કદીમી શાલે ૧૧૫૯ ય० એ થએલો જાંણવામા આવેઓછે, અને મરહુમ કાવસજી બાવાના તેવણ છઠા છોકરા કેહવાતા હતા.

જવાંનીના પેહલા દીવશોપર પોતીકા બાપના વહીવટ પરમાણે, આ શેઠ ઘણી ગરીબી હાલતમા ઉધરેલા માલુમ પડઆછે; અને તેહવે સમે જોકે આજના જેવી ઉતમ કેળવણી મુંબઇમા મુલગી દાખલ થએલી નોહતી, તે છતાંબી બનતી કોશેસથી અંગરેજી તથા ગુજરાતી વીદેઆમા થોડી ઘણી માહીતી મેંલવી લીધા પછે, પેહલવેહલો ધંધો દુબાસપણાનો સરૂ કરવા માંડઓ હતો.

પોતાના પેહલવેહલા વહીવટ ઉપર જેમ નીતી સાચવીને ઉસતવાર રહેઆ, તેમ બારે હકતાલાની બખશેસથી તેણાની કમાનીમા દીનબદીન વધારો થયા કીધો; અને હાથ ધરેલા ધંધામા જરા પાંમીને કાંમ પાડનારાઓનો અતીઅંત પેઆર પોતા ઉપર ખેંચી લેવા લાગા.

શેઠજીની બરકતથી જારે સારી સ્થીતીપર આવેઆ, તારે બાપીકું ઘર છોડીને કોટની અંદર દેવલના મોહલા માહેલી જગેઆ વેચાતી લઇને તાંહાં એક ગંજાવર હવેલી (જે વીકાજીવાલાં ઘેરને નામે પરખેઆત થઇને પાછલથી તરીજે હાથ ગએલીછે) બાંધી; અને તેમા ઘણા વરસો સુધી અમનો અમાન સહીત વશેઆ પછે, તે મકાણ વેચીને મજગામ તરફ જઈ રહેઆ હતા; અને તાંહાંના ઉંડેલા ગોવાલીઆ તલાવની ઉપરની એક વાડી (જે અસલ બરૂસ ફાસતવાલાની કેહવાતી હતી) ખરીદ કરી લઇને તે માહેલા મોટા બંગલામા વાશો કરી રહેઆ; અને તે મકાંણને એટલું તો વધારી મેલેઉં હતું કે, તે માહેલા સોહાંમના શીનગારથી બાદશાહી મેહલ જેવું આરાસતા કરીને જેવા દરજ્જાથી દીપાવેઉં, તેવાજ દબદબા સાથે હઇઆતીના છેડાસુધી પોતીકાં બાલગોપાલ સહીત ખુશી વ ખુરમીથી જીંદગી ગુજારી હતી.

એવણ જારે કોટમા રેહતા હતા તે વખતે શાલે ૧૧૯૧ મા થાએલાં સખત તોફાંનથી જે હોનારત તેણાને પોંહતી, તેનો સબબ એવો સમજાએછે કે, રાતરે વાડીએથી જમેઆ પછે શીગરાંમમા બેશીને ઘેર આવતાં, ગીરગાંમના રસતાપર જોર પવણના જહપાટાએ કેટલાક માહારો જે ઠડમાથી ઉખરીને ઢગલા થઇ પડેઆ, તેની નડતથી ચાલતી ગાડી ઉંધી વળી; અને તેના દબાણમા આ શેઠ એવાતો સપડાએઆ કે તે વખતપર તેમને જીવવાની આશેઆ બીલકુલ રહી નોહતી; પણ સારાં ભાએગે કવી ડાકટરોની કોશેસથી ડાહવા હાથની તરણ આંગલીઓ સાબદી કાપી કાહડેઆથી તેણાનો બચાવ થયો હતો; અને તેહવા જોખમાએલા હાથને આ સાહેબ શેમાલ વટે હમેસાં એવી સંતલેસથી વીંટાલી રાખતા હતા કે, કોઈ અજાંણેઓ સખસ તે બાબે કાંઇજ પીછાંની સખે નહીં.

શેઠ ખરશેદજીના ભાઈ લીમજીશેઠ મરણ પામેઆ તારે દુબાસપણાના કાંમને દુર કરી દઈ તેમના હસતકમા મીં૦ રીમીંગટન કરાફરડને તાંહાંની દલાલીનું કાંમ વડા ભાઈ ફરાંમજીશેઠની કોશેસથી પોતે મેલવી લીધું; અને તે ઉપરાંત બીજી કેટલીક પેહડી ખાતાંની દલાલીનો બોહલો વહીવટબી પોતાના સસરા શેઠ ખરશેદજી અરદેસર દાદીની સાહેતાથી તેમને હાથ જારે આવેઓ, તારે ભવીશે પાછી ચહડતી કલા તેણાને એવી બખશી કે પોતે મરણ પાંમેઆ તાંહાં તુલીક મોટી જાહોજલાલીની નોબતે પોંહચીને સરીમંતોની સંફમા એકવાર વડા તરીકે વખણાએઆ હતા.

જે માહભારત અંગરેજી પેહડીની દલાલી આ સાહેબ પરથમ કરતા હતા, તેમાથી આહેસતે આહેસતે છુટા પડીને મીં૦ મેકવીકર બરંણની કુંપનીને નામે ચાલતી નાંમીચી અંગરેજી પેહડીમાં ઘણી મુદત સુધી પંતીઆલા થઇ રહેલા

હતા, અને તે વહીવટમા આ શેઠની આગેવાણીથી તેઓએ મોટો દરવીયબી ભેગો કીધો હતો; પણ તેપછે એક બીજાની રાજી ખુશીથી પોતપોતાનો હક ઉલાકો કાહડી નાખીને તે પેહડીમા માતરે પોતાની દલાલીનોજ હક તેનાએ સાચવી રાખેઓ.

શેઠ ખરશેદજીને વેપારનો અનુભવ ઘણો હતો તે વાપરતો રાખવાના હેતુથી કેટલાક સખશોના પંતીઆલાપણામાં મોટા પાયાપર ચીન તથા વેલાત વીગેરેના મુખીય દેશાવરો ખાતે રોજગારને રચાવેઓ હતો; અને તેજ હીંગામ પર મુંબઇમા બંધાવેલી કલીપર "અરદેસર" ઉપરાંત વેચાતાં લીધેલાં વાંહાણો "ચારલસ ગરાંટ" તથા "કેઆસટલ હંતલી" ના આ સાહેબ ખુદ માલિકબી હતા.*

શેહરના શેઠીઆઓ જારે પેહલવેહલા પેટીટ તથા તારપછે ગરાંડજુરીમાં દાખલ થયા, તારે આ સાહેબ તેની અંદર બીરાજતા રહીને ઇનસાફના કાંમોમાં પોતીકા અપક્ષપાત વીચારોથી મોટી મદદ કરતા હતા; અને તેજ ટાંકણે મલેલું સુલેહના અમલદારનુ કમીસનબી સારી વરતણુકથી માનસહીત તેનાએ જાલવી રાખેઉં હતું; એટલુંજ નહીં પણ સરકાર દરબારથીબી સારો મરતબો હાંશેલ કરતા હતા.

આ ટાપુના નાંધલા કોલાબાનો સઘલો ભાગ, જે કોઇ સદીથી વેરાણ પડીને દરીઆવના મોજાઓની છોલખાતો હતો; તેને આબાદ હાલતમા લાવવાની પેહલવેહલી પેરવી, કેહચ કે, આ શેઠે ચલાવીને બીજા અંગરેજ તથા દેશી વેપારીઓની ઉલટને ઉશકેરી હતી; અને તેથી કરી એક જંગલ જેહવી જગેઆ ઉપર ગંજાવર "ગરાંટ બીલડીંગ" નામની હવેલી, તથા તેનીજ નજદીકીમા લાખો રૂપીઆની ઉઠલ પાથલ થાતું વેપારનુ મોટું મઠક હવડાં આપરી નજર હજુર આબાદ રહીને તે ઉપરાંત બરોડા રેલવેનું મથકબી તાંહાં થાઇ પડુઉંછે. એજ શેઠીઆ પોતાની કારકીરદીના સઘલા સારા વખત સુધી સેંકડો વેપારીઓ, દુકાણદારો, તથા કાપડના ધંધાદારીઓને મોઠી મદદ કરતા હતા; એટલુંજ નહીં પણ તેઓ માહેલા ઘણા સખશો દબાનમા આવેઆથી લાખો રૂપીઆ બાહરેવાટ થયા છતાં, કોઇનેબી આ સાહેબે કશું દુખ નહીં પોંહચાડતાં કેટલાક આબરૂદાર કુટુંબોનુ જાથુક પોસણ પણ પોતે કરતા હતા.

વેપારને અરથે જેમ એક હાથપર વાંહાંણવટી હતા, તેમજ બીજી તરફ રૂડી નેઘાહ પોંહચાડીને છાસઠી માહેલાં સાત ગાંમોની મોટી જાગીરના આ શેઠ, ૧૨૦૦ ના શાળથી જે ખુદ માલિક થયા હતા, તેઓના નામો નીચે મુજબ માલુમ પડુઆંછે.

ઘોરગાંમ.	પાહાડી.	પોઇશર.	બાંનદોલી
માજાસ.	મોઘરા.	વાશીરવા.	

* રોસન શીતારાની પાએદારી એકજ ધોરણપર નહીં રેહવાની સરજતથી, વખતે જારે વલાણ ફેરવી, તારે હાવા હાતમ સરીખી હીંમતના સરીમંત શેઠીઆની હઇઆતીનેબી સાચવી નહીં શકેઆને લીધે, કેઆસટલ હંટલી તો કજાએલાહીથી જોખમાઇને સદનતર ભાગું હતું; અને "અરદેશર તથા ચારલસ ગરાંટ" વેચાઈ ગએઆં. નો. લે.

આ વજીફાઓને બનતી કોશીસથી આબાદી હાલતમા પોંહચાડીને તેનો ભોગવટો ઘણા વરશો સુધી રૂડી વરતણુકથી હાંશીલ કરતાં, અને તે વખતપર તાંહાંના રેહવાશીઓને સાંભલેઆ પરમાંણે સરવે વાતની સવલ કરી દીધી હતી; પણ જમાનાના ફરતાં ચકરની ચુંગાલમાથી જેમ કોઇ બંચી સખેઊં નથી, તેમજ આ શેઠના ખીરગસતે દાહાડાની સરજતથી તેણાની જીંદગીનો અંત આવેઆ પછે, તે સરવે ગાંમો ૧૨૧૭ અથવા ૧૨૧૮ ને સાલ વેચાઇને પારકે હાથ પડેઆં હતા; અને તાંહાંથીબી તારપછે ૧૨૩૭ અથવા ૧૨૩૮ મા નીકલીને તેઓએ તરીજે માલેક ધુંદી લીધેલો માલુમ પડેછે. એ ઉપરાંત કેહચ કે કોલંમબો ખાતે કાફીના બોહલાં ખેતરો આ શેઠે જે ખરીદેલાં હતાં તેઓની ગતીબી ઉપર પરમાણે થઈછે.

આ શેઠને હાથથી કેટલાંક સાહસીક કાંમો જે ફતેહમંદી સાથે નીપજેઆં હતાં, તેને જોકે મુદત ગુજરેઆથી આજતુલીક ભુલવામા આવેઆંછે; અને તે એટલાજ માટે કે તેહવા વખતપર તેમની યાદગારી કાએમ રાખનારી કોઈ જાગતી નીશાંણી જાહેરમાં લેવાઇ નોહતી; તોપણ એકવાતે લગાર સંતોશ ઉપજેછે કે, તેમની કીરતીને કેટલાક અનુભવી સાહેબો હજી તક માનસહીત સવીકારતા દેખાએછે. આટલુંબી લાંમબે દાહાડે કદાપી તેવાઓની ગેરહાજરીથી ફરાંમોસ થાએ, તારે આ શેઠની કીરતી સંબંધી મોહડાંની વાતો જે નહીં સરીખી જણાએ, તેનો વીચાર કરી તેમની નેકનાંમીની જેટલી યાદી હાથ આવીચ તેને આ મધે નોધી લેવાની ફરજ બજાવીએછે.

એવણના મરણ ટાંકણે કેટલાંક અંગરેજી વરતમાન પતરવાલાઓએ તેણાની કીરતી વીશે જે બીના જણાવીચ તેને મથાલે મેલેલા "The death of a Parsee Lion." અંગરેજી શબદો પરમાણે આ શેઠીઆ જોકે તેમની પેસાંની ઉપરથી એક સીંહ જેવા દેખાતા હતા; વ લેકીન ભીતરથીતો ખરેખરા દયાળુ દીલના અને ગરીબોનું દુખ દફે કરનારા એક હીંમતવાન દાતાર હતા; તે કાંઈ નાંમને ખાતર નહીં પણ આ સરૂશટીપર પરમેસવરે જે સખતી તેમને બખશી હતી, તેનુ બલ વાપડીને દુનીઆંદારીની ઉતંમ ફરજ અદા કરવાની રૂડી સોચના જીગરમા ઠસાવેલી હતી.

સખીતએહના કાંમોમા પોતાનુ સર એવું તો બુલંદીએ પુગાડેલું હતું, કે હજારો રૂપીઆને કાંકડાની પેરે ચોમેર વેરીને જોકે બનતાં સુધી તેહવી વાતોને ગુપત રાખવાની કોશેસ કરતા, તોપણ તેની રૂડી વાસના પોતાની મેલે જાહેરમાં પમરાટ પાંમતી રહીછે. અને તેમા વલી વીશેસ ખુબી એવી દીપતી દેખાઇચ કે, કચ કાંઇ ગરજવંતાઓની હાજત પુરી પાડવા માટે ભુખેઆંઓને ભોજન, અને નાગાંઓને વસતર દેવામા, કોઇને ફાંશી જતો બંચાવી લેવામા, તો કોઈને દેશ નીકાલ જતો અટકાવવામા અને ઘણાકોના અપસઅપસમા ઉડેલા દીકત ભરેઆ તંટાઓ ચુકવીને સરકાર દરબારની દેવડીના દુખથી મોકલા રાખવામાં, કોઈ વેપારથી વેરાણ થતાઓને ઠેકાંણે પાડવા, કોઈના ઘેરો અથવા વાંહાંણોપર બેઠેલી જપતી ઉઠાડી દેવામા, આ સાહેબે બહુ બાહદુરી બતલાવીને અતીઅંત કીરતી જે મેલવી હતી, તેનુ બએઆંન જો વીસતારીને બતલાવીએ તો, તેહવા

વખતપર જમાંનાની ગીરદેશીમા કુશેલા ઘણાક પરમાણીક પુરૂસોને અથવા તેઓના પરીવારોને એજાલત પોંહચેઆવના રેહ નહીં; એવું સહમજી તે વાતનો અંત આટલાજ એસારાથી હીંઆં લાવીએછે.

સખાવતની સરીએતથી માથે ઉઠાવી લીવેલાં પરજા ઉપીયોગી અતીઘણાં કાંમો આ સખી નરે નાતજાતનો કશોએ ફરક જાણેઆવના એટલાં તો બજાવેલાં સંભલાએઆંય કે, કય કાંઇ નાવારેસ દીકરીઓને પરણાવી આપવામા જેમ ઉદાર મનથી મેહરબાંની કરતા, તેમજ તરશેઆ રાહદારીઓની પેઆસ છીમાવવા માટે ઘણે ઠેકાંણે કુવા તથા તલાવો બંધાવેલાછે. આ બાબેની બધી વાતો સંઘરહ કરીને જાહેરમા આણવા થકી હમોએ શોધ કીધી, પણ ચોકસ હકાએત કેઉથી હાથ નહીં આવેઆને લીધે વાંચનારા સાહેબોની સનમુખ રજુ કરવાને અશકત થયા છતાં, તેમના બે માહભારત કાંમોએ જે જડ પકડેલી જણાઇય, તેનીજ નોધ હીંઆં લઇએછે. એ માહેલી એક તો પારશી કોમના ગરીબ આંધલા પાંગલા, તથા લાચારીને ભોગે પડેલા લોકોને વીસાંમો મેલવી આપવા માટે, આ સાહેબે પદરના પઇસાથી ચોપાટી ખાતેની ડુંગરવાડી માહેલી એક કોસાદ જગેઆ ખરીદ કરી લઇને, તાંહાં બંધાવેલાં મકાણ સહીતની ધરમશાળા ૧૨૦૫ મા પંચાએતના સવાધીનમા ચંદરશેકાળ સુધી સોંફી દીધી; અને બીજું એકે પોતીકા વડા ભાઈ તથા ભતરીજાની સંગાથે હમસરીક થઇને કરેલવાડી આગલ બંધાવેલાં આતસબેહરાંમના કાંમમા પોતા તરફથી આપેલા એક લાખ રૂપીઆથી તેણાની કીરતી સમાઇ રહેલીછે.

ઇઆદદાસતની ગેરહાજરીને લીધે આવા નેકનામ નરની જીંદગીનો અહેવાલ હમારી નોંધમા જે અધુરો લેવાયોય, તે વીશેની દલગીરી ઉપજાવતાં એટલું તો જણાવીએય કે, આ હીંમતવાન શેઠ ખરશેદજી, આ દુનીઆં અંદર હસતી પાંમેઆ પછે સંસારી વપરાસમા આવેઆ, તારથી સવતંતરપણું સાચવતાં સરવે વાતની ઇજત, હોરમત, અને દબદબા સાથના સુખથી જીંદગી ભોગવતા હતા, હેવાંમાં પલીદ જલંદરના જીઆંકાર દરદની ચુંગાલમા સપડાઈ પડઆથી લગભગ તરણ મહીના સુધી સખત માંદગી ભોગવીને રોજ ૮ મો માહ ૪ થો કદીમી શાલે ૧૨૧૭ ય૦ એ આ ફાંની આલમમાંથી જાહોજલાલી ભરેઓ અસબાબ ઉઠાવી જાવેદાંની જાહાંનમા જઇ અંમરવાસો જારે લીધો, તારે તેણાની ઉંમરના ૫૮ વરસની અંદર માતરે ૩૨ દાહાડા ઓછા માલુમ પડઆ હતા.

ખરેખરૂં જોતાં આ પણોતા શીંહની પુઠે તેમના બે ભાઇઓ માહેલા અશો ખસલતના શેઠ ફરાંમજી, તથા પેલા બંગાલી બાબુ શેઠ રૂસતમજીના પગલાં ગુમ થયાથી બનાજીના ઓહોલાં ખાંનદાનનો રોબ જે એક રાજવંશી જેવો જહલકતો હતો, તે ઉપર કુદરતના બનાવથી એવીતો ઝાંહાંખ પોંહતેલી માલુમ પડેછે કે, તે માહેલા કેટલાકો સાહેબે દોલત હોવા છતાં આ મરહુમ શેઠીઆઓના વખત જેવી જાહોજલાલી જણાતી નથી.

કેટલીક બાબદોમા આ સવતંતર શેઠીઆએ, હીંમત તથા દરવીય ખરચીને ઘણા સારાં કાંમો કીધા વીશે આગલ મોઘમમાં હમોએ જે જણાવેલછે, તેના

બદલામા આવતી અંબોલાદ વચે પરકાસતી રેહ એવી કોઇબી યાદગારી જેવું અફસોસછે કે, તે સાહેબથી અણેક તરેહની મદદ મેલવનારાઓ ઉપરાંત, કેટલાંક કાંમોમા લાભ લઈ ચુકેલા સઘલી વરણના ગરીબોથી તે સરીમંત જેવાઓએ જાહેરમા આવીને કાંઇજ કરી દેખાડેલું નથી; તો જોકે એ શેઠને મરણ પાંમેઆને પા સદી જે પસાર થઈ ચુકીછે, તેટલા અરસાની અંદર બીજા ઘણાક સાહેબોના નેક કાંમોની યાદીમાં કાંઇને કાંઈ બની રહેલું; અને તેમા આ દયાવંત શેઠને જે ફરાંમોસ કીધા, તે બાબે તેમનો ઉપકાર પાંમેલાઓ તથા તેવણથી લાભ મેલવનારાઓને માથે બદલાંમીનો બેહદ બટો જે ચોંઠી બેઠોચ, તેની સફાઈ જેઓ ચાહતા હોએ તેઓને હમારી નમનતાઈ ભરેલી અરજ એટલીજછે કે, શેઠ બરશેદજી કાવસજીના નાંમની કોઈ ઉપીયોગી યાદગારી જાહેરમા મેલવી જોઈએ.

આ શેઠના ભવીસમા તરણ મોહરદારોની સરજત હોવાથી પેહલી મરણ પાંમેઆ પછે બીજી, અને તેની કજાએ તરીજીને જે પરણેઆ હતા, તે હઈઆત રહીને વીધવા થએલાં બાઈ આપણા આગલા તોજાર દાદીશેઠના દોતરા શેઠ બરશેદજી અરદેસરની દીકરી બાઈજી જણાએછે, અને ચાર દીકરાઓની વરધી જે તેમને તાંહાં થએલી હતી તે માહેલા જમશેદજી તો તેવણની હઈઆતી છતાં ગુજરી ગયા, તે હસાબે મરણ ટાંકણે માતરે નવરોજજી, દાદીભાઈ તથા જાંગીર મલી તરણ દીકરાઓ જે હાજર હતા, તેઓ પોત પોતાના પરીવાર સહીત વખતને આધીન રહેલા જોવામા આવેછે.

શેઠ રૂસતમજી કાવસજી.

કાવસજી બાવાના સાત માહેલા સરવેથી નાધલા દીકરા તે આ શેઠ રૂસતમજી, રોજ ૭ મો માહ ૨ જો કદીમી શાલે ૧૧૬૧ ય૦ એ મુંબઈમાં જનમ પાંમીને સંસારની સરજત મુજબ, માએ તથા બાપ ઉપરાંત વડા ભાઈના સંભાલમા ઉછરીને મોટા થએલા માલુમ પડેઆછે. થોડી ઘણી કેળવણી પાંમેઆ પછે, એજ માનવંતા મોટા ભાઈના આસરા હેઠલ રહી ૧૧૭૫ થી વેપારના કામની માહીતી મેલવવામા મશગુલ થયા; અને ૧૧૮૧ મા જલ મારગથી પેહલવેહલા કલકતે ગયા; જાંહાંથી એક વરસની અંદર પાછા ફરતી વેલા મધરાજ તથા શેલાણની શેહલઘાહ કરતા આવેઆ પછે, બીજીવાર ૧૧૮૨ માં કલકતે જઇને તાંહાંથી તેજ શાલમા તેનાએ પેહલવેહલી સફર ચીનની એબતેઆર કીધેલી કેહવાએછે. થોડીક મુદત સુધી તે તરફના રોજગારમા રોકાયા પછે, મુંબઈ આવીને ૧૧૮૬ મા બીજી એપે ગયા, તે માતરે છેલ્લી ગણાઇ; કેમકે એકજ મોસમ રહીને તાંહાંથી ૧૧૮૭ મા પરભારા કલકતે રવાંને થઇને પોતીકા ભાઈ નવરોજજી કાવસજીની સાથે તેમના બેહોલા વેપારની અંદર પરોટાઈ પડેઆથી, આ શેઠની જાતી ચંચલાઇ એવીતો ઉસતવાર થતી રહી કે,

થોડીજ મુદતમા ભાઇને નામની પેહડીનો વહીવટ પોતે ચલાવવા લાગા. કજાથી ઉતરેલા હોકમ મુજબ ૧૧૮૮ મા શેઠ નવરોજજી જારે તે તરફ ગુજરી ગયા, તારે તેમની પેહડીનો ચાલતો વહીવટ પોતાના નામપર ફેરવી લઇને વેપારને ઉતેજન આપવામા કાંઇજ કશુર રાખી નહીં; અને ચહડતા શીતારાની તાશીરે મી૦ રાબરત ટરનર જેવા ચંચલ અંગરેજ સાથે પંતીઆલું જોડાયાથી, મી૦ રૂસતમજી ટરનરની* કુંપનીને નામે રફતે રફતે તાંહાં એવાતો પરખેઆત થઇ પડેઆ કે, કરોડપતી બંગાલી બાબુઓને એકજ કોરે જે બેસાડી દીધા હતા, તે વાત કોઇનેબી અંજાંણીતો હશેજ નહીં.

આટલી વાતને હીંઆં નોધી દેખાડીએચ કે, આ સાહેબ/જારથી કલકતે જઇ બેઠા તારથી તે મરણ પાંમેઆં તાંહાં તુલીક ૩૪ વરસના અરસામા પોતાનુ મઠક મેલી અસલ જનમ ભુમીમા કોઇજવાર આવેઆ નોહતા.

આ સાહેબ પેહલવેહલા જારે કલકતે જઇ રહેઆ, તારથી તે કેટલીક મુદત સુધી તેનાને કોઇ જાંણતું નોહતું; પણ પોતાની અશીલાઇ સાથે સારી કોશેસ વાપડીને તાંહાંના શેઠ સાહુકારો, તથા સોદાગરોની વચે મોટો મરતબો, અને નામીચો દરજ્જો મેલવી લીધો; એટલુંજ નહીં પણ પોતાના બોહોલા વેપારની સાથે આંટ સાચવીને વેહવારબી ચોમેર વધારી દીધો હતો.

અકલથી જેવી ભલમનસાઇ સરવેને દેખાડી, તેવીજ રેહમની નજરથી [illegible]સાવતબી તેવણ સારી રેવેશે કરતા રેહેઆ; અને વખતપર જેબી ગણાત-[illegible]ા (પછે તે ગરીબ યા તવંગર હોય) પરદેશી તેણાની નજરે પડતો, તેની માવજત ભરેલી પરોહણાગત આ શેઠીઆથી કદી ખાલી જતીતી નહીં.

પોતાનો વેપાર જારે પુર જોરમા વધવા માડેઓ, તારે શેઠ રૂસતમજીએ વડા દીકરા દાદાભાઇને શાલે ૧૧૯૬ મા પેહલવેહલા ચીન તરફ રવાંને કીધા; અને તે પછે બીજા બેટાને તેમા સાંમેલ કરીને ૧૧૯૯ થી તાંહાં મી૦ દાદાભાઇ તથા માણેકજી રૂસતમજીને નામની પેહડી સારા પાયાપર ચાલુ કીધી હતી.

જેને તાંહાં ઘણા દેશાવરો સાથે બોહોલો વેપાર ધીકતો હોએ, તેને સફરી વાંહાંણોબી જરૂર છાજતાં જોઇએ; કેમકે તેથી કરી કેટલાંક ધારેલાં કાંમો ટાંકણાસર પાર ઉતરી શકેછે, માટે હાવા સુભ એરાદાથી શેઠ રૂસતમજીએ કેટલાક ભાગીદારોની મજમુંમાં અને પોતાના સેકરેટેરીપણા હેઠલ ખીદરપોર તરફ એક ગોદી ઉભી કરીને તેમા પોતાના વેપારને ઉતેજન મલવા સારૂં બનતી જોગવાઇએ બારકશો બાંધવા માંડેઆં; જે ઉપરથી બીજા લોકોબી ઉલટ પકડીને તે ગોદીનો લાભ લેવા લાગા.

આ સાહેબે એકેક પછે બાંધેલાં, તથા આઇતાં વેચાતાં લીધેલાં બારકશો ઇ૦ સને ૧૮૨૦ થી તે ૧૮૫૦ મુધીમા સરવે મલી ૨૪ ગણાયાં હતાં, તેઓના નામો હેઠલ જાહેર કરતાં જણાવીએચ કે, તે માહેલાં કેટલાંકો તેમના બેટાઓ મી૦ દાદાભાઇ તથા માણેકજી રૂસતમજીને હસાબે ચીન તરફ ફરતાં હતાં.

---

* મી૦ ટરનર ઘણાં વરશોવેર લાગુ રહેઆ પછે પોતાનો ભાગ છોડવી ચીન તરફ જઇને તાંહાં પોતીકે નામે વેપાર ખાતાંની પેહડી ચલાવતો હમારા જોવામા આવેઓ હતો. નો. લે.

કાપા……………સ્કુનર.	ફ્રેરથ ……………વાંહાંણ.
કારશીયર. …………બરીક.	બરીમાર …………વાંહાંણ.
કારો–ડી–મનીલા. ….વાંહાંણ.	બલાકજોક …………સ્કુનર.
કાવસજી ફ્રેમેલી……બારક.	મરમેડ……………બારક.
ખરશેદજી કાવસજી….વાંહાંણ.	અગણેસ …………વાંહાંણ.
જાવેનકોરીના ………સ્કુનર.	આરનાડ† ………વાંહાંણ.
તરનેટ* …………બારક.	રાએલ એકસચેંજ ….બરીગ.
થીશલ ……………સ્કુનર.	રૂસતમજી કાવસજી‡ ..વાંહાંણ.
ડેવીલ ……………સ્કુનર.	લીનેટ ……………બરીગ.
પરલ ……………સ્કુનર.	વીનસ ……………સ્કુનર.
પરીમાવીરા…………બરીગ.	સરબરન …………વાંહાંણ.
ફરામજી કાવસજી ….વાંહાંણ.	શીલફ¶ …………બારક.

આ બારકસો તથા તેમા આવતા જતા માલોની કજાએલાણીએ કીંમત પાછી હાથ કરવાના હેતુથી વીમા ખાતાંનો વહીવટબી પોતાને તાંહાં બીજા ભાગીદારો મેલવીને ઉભો કીધો હતો; એટલુંજ નહીં પણ એવીજ કીસમની બીજી પેહડીઓ તરફથી કેટલીક આડતબી આ શેઠીઆને તાંહાં આવી હતી; અને તેથી કરી વેપારને કેટલીક મુદત સુધી સારાં ભાગ્યેગે કોઈ રીતનો ધોકો પોંહચી સકેઓ નોહતો.

રૂઉની ગાંસડીઓ ડાબવા માટે આ શેઠે પોતાને હસાબે સ્કુરના બે મોટાં કારખાનાઓ, કોઈનોબી હીશો રાખેઆવના જેમ સ્થાપેઆં હતાં; તેમ ગુલ્લીના કારખાંનાપણ પોતાની ખુદ માલીકીપણા હેઠલ કાહડેલાં હતાં.

કલકતામા જારે બીન રોજગારી જરથોસતીઓ કોઈબી ઠેકાણેથી જઈ પડતા, તારે તેઓને રેહવાનુ મકાણ તથા ખાધા પીધાનો આસરો, આ સખી શેઠ રૂસતમજી મોટી ખુશી સાથે આપતા; એટલુંજ નહીં પણ તેહવાઓને ચાકરી ધંધેબી વલગાવીને ઠેકાંણે પાડતા હતા; અને તેહવાજ હેતુથી તાંહાંની આસપાસના મુલુકોમા રેહનારા હંમદીનોને પણ ટાંકણાશર જોઈતી મદદ પોતે પોંહચાડતા હતા. મરણ પાંમતા પારશીઓના રવાંનોને ઠેકાંણે પાડવાનું એકાંત મકાંણ, જેને દોખમું કેહછે, તે મરહુમ શેઠ નવરોજજી શેરાબજી ઉંમરીગરે

---

* અસલમા હાંનરેબલ ઈસ્ટ ઈંડીઆ કુંપનીની લડાઈની સલુપ હતી.

† એ બારકસબી પેહલાં ઉપલીજ કુંપનીની કરૂજરમા ફરતું હતું.

‡ આ નામીચું વાંહાંણ બંગાલી અફીણની ૧૦૦૦ પેટી ઉપરાંત બીજા રકમબંધ કીમતી માલથી ચીકાર ભરાઈને ૧૮૫૦ ના આગસટની ૨૦ મી તારીખે કલકતેથી ચીન ખાતે હંકારી ગએલું નવેમબરની આખરી સુધી તાંહાં નહીં પોંતાથી ચીનના દરીઆવમા સપટેમબરના હાથીઆનુ સખત તોફાંન ખાઈને માલ તથા જાન સહીત ડુબી ગએલું નીશચે થએઉં હતું.

¶ આ કલીપર પેહલવેહલી ૧૮૩૨ મા બંધાઈને ૧૯ દાહાડા ને ૧૭ કલાકમા ચીન પોંહતા ઉપરથી ચાલમા ઘણીજ વખણાઈ; કારણ કે સડવાલાં કોઈબી બારકશે એટલી ઉતાવલી મનજલ કોઈબી વખતે કાપી નોહતી. નો. લે.

બંધાવીને તેને લગતી વાડી તથા સગડી વીગેરેની જગેઆનો સંભાલ પોતાની હઈઆતી તુલીક શારી રવેશે ચલાવેઆ હતો; પણ તેવણના ગુજરી ગયા પછી હાવાં માહભારત મકાણને, આ દાતાર શેઠે પોતાની દયા હેઠલ રાખીને, હઈ-આતીની છેલ્લી ઘડી સુધી તે ઉપર જોઈતો ખરચ પોતાની પદરથી પોંહચાડઆ કીધો હતો.* એ ઉપરાંત અનજુમનને લગતાં કેટલાંક ધરમના કાંમોનો ખરચબી એજ સરીમંત શેઠ તરફથી જાથુક થતા રહેઆને લીધે, કેહચ કે, તેહવા વખતપર તે તરફ કોઈબી કીસમનું ધરમખાતું હુશરાતથી ઉભું કરવાની કશી જરૂર માલુમ પડતીતી નહીં.

કલકતા જેવાં હીંદના અંગરેજી પાએતખત શેહરમાં કોઈબી કીસમના સરકારી ખાતાંઓ, અથવા જાહેર યાદગારીના કાંમો બાબેની મંડલીઓને માથે આ શેઠીઆનો કાંઈબી ઉપકાર નહીંજ હોય એવું એકબી ખાતું તેણાની સખા-વતથી તદન ખાલી તો હતુંજ નહીં; અને તેથી કરી એક હલકા અમલદારથી તે છેક તાંહાંના માનવંતા સર સુબાઓ વટીક આ સરીમંત શેઠને વારંમવાર મોઠી હોરમત આપી, નામદાર માહરાંણીની રઈએત માહેલો એક વફાદાર રફીક તરીકે તેનાને પેઆરથી ચાહતા હતા.

ઉપર જણાવી ચુકેઆ પરમાણે આ શેઠે જારે મુંબઈ તરફ પાછું ફરવાનુ મન નહીંજ કીધું, તારે જીગરથી તેણાની ઉલટ એવી ઉશકેરાઈ કે પોતાનુ પરીવાર, તથા તે ઉપરાંત કલકતામા લાંમબી મુદતથી પડી રહેલા કેટલાક પારશીઓના કબીલાઓને પોતાના ખરચથી બોલાવી લઈને હમદીનોની વસતી વધારવી. હાવી સુભ ધારના પાર ઉતારવા સારૂ વાંહાંણ "જાન ઉડાલ" ને છેક તાંહાંવેરથી માંડીને મુંબઈમા મોકલાવેલૂં હતું; જેમા આ સખી શેઠીઆની શકલ ગુણી ધણીઆંની ધનબાઈજી, દીકરી મીઠીબાઈ (કેમકે તેણીના ખાવંદ મરહુમ મેરવાનજી ઝાંગીર બનાજી તે વખતપર તાંહાં હઈઆત હતા), તથા પોતાની નાધલી વહુ ડોશીબાઈ (જેનીનુ નામ સાસરીઆંમાં સાકરવહુ કરી કેહવાએછે), અને તે ઉપરાંત પોતાને તાંહાંની પારસણ દાશીઓ મલી બાર બાંનુઓ સવાર થઈને રોજ ૨૬ મો માહ ૧૧ મો કદીમી શાલે ૧૨૦૭ ને દીને આ શેહરનો કીનારો છોડી પેહલવેહલી જલવાટની સફર કરતાં કલકતે રવાંને થયાં હતાં.

* કલકતા ખાતે જરથોસતી અનજુમનના ધરમખાતાંની થાપણ ઉભી ક-રવા વીશેના અહેવાલ સંબંધી ઈ° સને ૧૮૬૪ માં છપાએલાં ચોપાંનીઆં મધે એક યાદીની અંદર જણાવેઆ મુજબ આ શેઠના ગુજરેઆબાદ તેમના બરખુરદાર બે-ટાઓ શેઠ દાદાભાઈ તથા માણેકજીએ લગભગ બાર વરસવેર બાપની પેઠે ઉપલાં કાંમો નીભાવી રાખેઆં હતાં; એટલુંજ નહીં પણ જરથોસતીઓની વસતીને તે તરફ વધારવાના હેતુથી, આ બેહુ ભાઈઓએ એવી ખાહેસ દેખાડી હતી કે, ઈરાનમા રેહ-નારા જરથોસતીઓ જે ઘણી મુફલેસ હાલતમાંછે, તે માહેલાં કોઈબી સારાં માણસો પોતાનુ પરીવાર લઈને તાંહાંથી કલકતો જઈ વશેતો તેવાઓને વરસ એક સુધી મરહુમ શેઠ રૂસતમજીવાલી દરેમેહરમા મુફત રેહવાનુ મકાણ કરી આપવા તથા તેવા લાએક સખસોને લાગવગથી ચાકરી ધંધે લગાડવા; અને તે વીશે ઈરાંન ખાતે શેઠ દાદાભાઈએ મી° માણેકજી લીમજી આંતરીઆ ઉપર લખી પણ વાલેલૂં હતું. નો. ઘ.

જોકે એની આગમજ ઘણીક પારશી બાંનુઓ પગવાટે છેક પુણાથી તે જાલના સુધી કોઈ મુદત થઈ જઇ વશેલીઓ હતી; મગર શેલાણનો તોફાંની દરીઆવ વટાવીને બેંગાલનો અખાત, કોઈબી પારસંણે જે નહીં જોયો હતો તે બાબેનું પેહલવેહલું માન નામીચાં ખાનદાનના આ સાહશીક શેઠીઆની સતવાદી મોહરદાર તથા તેણીની સોહબતનીઓએ ખરેખરૂં હાંશેલ કરી લીધેલું જણાએઊં છે; કેમકે તેથી કરી બીજી બેનપણીઓને તેણીઓના પગલાંપર તારપછે ચાલવાની હીંમત છુટી, અને તેની પુઠે બીજી ઘણીક બાઇઓ તે તરફ સેહલથી જતી આવતી થઇઓ.

પારશીઓના પરીવારો જારે કલકતે જઈને ઘેરબારીતાં થયાં, તારે તેઓના ધરમનીમના કાંમો સાચવાવાની જે જરૂર જણાઈ આવી હતી, તેમાં જીંદગીની આખેરીએ વીસાંમો પાંમવા માટે ગંભીરાઈની એકાંત જગેઆ તો, બારેહકતાલાની બખશેસથી ઘણા વરશો આગમજ મરહુમ શેઠ નવરોજી શોરાબજી ઉમરીગરે બનવાવીને જરથોસતીઓમા વપરાતી રાખેલી તઇઆરજ હતી; પણ મજહબના ફરમાન પરમાણે બંદગી સારૂં એબાદતખાના તથા રવાંનોના રોજગાર સચવાએ તેવી કીરીઆ કરમના મકાંણીની માતરે ખુટ જણાઈ, તે આ સખી નરે પુરી આપવાના હેતુથી, મુંબઈ ખાતે લખીને પોતીકા કદીમી પંથના બરસનુમવાલા મોબેદોને આલાત સહીત તાંહાંથી પગવાટે બોલાવી મંગાવેઆ. આ કારણ માટે કુમતોલી નામના મોહલામા એક મકાણ બંધાવીને તેની અંદર આવી પોંહતેલા ધરમગુરૂઓ પાશે કેબલાની પવીતર કીરીઆનુ કાંમ સરૂ કરાવેઊં; અને તે સરવે સમાપત થએઊં તારે રોજ ૧૭ મો માહા ૧ લા કદીમી શાલે ૧૨૦૯ ય૦ એ મરહુમ મોબેદ બેજનજી રૂસતમજીની આગેવાની હેઠલ આતસ આદરાંનને તખતે બેસડાવેઆ પછે જરથોસતી અનજુમનને જાથુક વાપરવા સારૂં તે દરેમેહરને ખોલી મેલવામા આવી; અને તે ઉપર સઘલા મલીને એક લાખ રૂપીઆ ખરચાએલા ગણાયાછે.* બાહેરથી આવનારા અંજાંણેઆં જરથોસતીઓના ઉતારા માટે એક અલાહેધાં મકાણની જે જરૂર જણાઈ તે સાંભલેઆ પરમાણે એજ દરેમેહરની પડોસમા એક ચાલી આ શખી શેઠના બરખુરદાર બેટાઓ શેઠ દાદાભાઇ તથા માણેકજીએ બંધાવી આપીને નામવરી મેલવેલી માલુમ પડીછે.

શેઠ રૂસતમજીની સખાવત જેમ તેણાની કોમ ઉપર થાતી હતી, તેમ સઘલી વરણના પરગણાતોને વાસતેબી કાંઈજ કશુર કીધેલી કેહવાઇજ નોહતી. કલકતા ખાતે બંધાયલી હાસપીટલની થાપણમાં મોટી રકમ બખસીંદા કીધા ઉપરાંત બીજાં ઘણાંક કાંમોમા છુપી રીતે મદદ આપેલીછે, પણ તેની ચોકસ ટીપ જાહેર કરવા જોગ હાથ આવી શકી નહીં. ઘણા બીન રોજગારીઓને રોજીએ વલ-

* આ દરેમેહર ઉપર સઘલી કીસમના જાથુક ખરચ માટે એ સાહેબે એક અલાહેધી જગેઆ એવી બનાવીચ કે, તેનું દર મહીને ઉપજતું ભાડું બધી સગવડ સાચવી શએ; અને તેનો વહીવટ પોતાની હઇઆતીબાદ બે દીકરાઓ નામે શેઠ દાદાભાઈ તથા માણેકજીના સંભાલ હેઠલ ચાલુ રહેલો સાંભલવામા આવેઓછે. ના.લે.

ગાવવા, કેટલાકોને દેશાવર ખાતેની આડત સોંકીને સોદાગર બનાવવા, અને કચ્ચ કોઈઓને પોતાને તાંહાં તથા લાગતાં વલગતાં ઠેકાંણાઓ ઉપર મોટા પગારે રાખવામાં સદા મોટું દીલ દેખાડેલું સાંભલવામા આવેલછે; એટલુંજ નહીં પણ પોતીકાં કેટલાક કુટંબીઓને તો પગાર ઉપરાંત, ખોરાકી પોસાકીના સુખથી સદા સંતોશ પમાડતા હતા.

જે મુઆફેક આ સખી શેઠના આસરાથી ગરીબ તથા વચલે વાંગેનાઓએ સુખ સુચવેલું, તે કરતાં વધારે ફાએદા મોટ મોટા વેપારીઓએ પણ તેવનથી વારંમવાર મેલવેલા માલુમ પડેઆછે; જે વાતની બધી બાતમી તો મુદતની સાથે વટાવમા વહી ગયાને લીધે હીંઆં દાખલ કરી શકાતી નથી, પણ જે દાખલાઓ વેઆણમા રહેલાછે, તેજ માતરે એક યાદી તરીકે આ જોગવાઈએ જાહેરમા લાવીએછે; એ માહેલો પેહલો એકે, માજી ઈસ્ટ ઈંડીઆ કુંપનીના અમલ વખતે ઈ० સને ૧૮૨૫ માં થએલાં સરકારી બે લીલાંઉના બંગાલી અફીનનો મોટો સટો, માહેલાં દેશાવરો ખાતે જોસમા ચાલિઆથી, તેના ભાવ એટલાતો ઊંચા ચહડ્આ હતા કે, આકરી પીઠનો માલ ખરીદ કરીને જેઓએ ચીન મોકલાવેઓ તેઓને, તાંહાંની સરકારે તે ટાંકણે અફીન બાબે પોતાની પરજાપર ફરમાવેલી શકત મનાઈને લીધે, વગર ખપે ભાવ અતીશીઆ ઉતરી ગયા, તેમા મુંબઈ, કલકતા તથા બીજાં દેશાવરો ખાતેની નામીચી વેપારી પેહડીઓ નુકસાંનીના સંકટમા આવી ફશી હતી. આ સમે શેઠ રૂસતમજીએ સરકારમા સારૂં માન ધરાવેઆના નાતાંથી વગ લગાડીને ફરીઆદ ગુજારી હતી, અને તેમના લખાણની રૂડી અસરથી આકરા ભાવે લીલાંઉમાથી પેટીઓ ખરીદનારાઓને અસલી કીમતમા મોટા કરદો થઈને નાણાની મુબલક રકમ પાછી મલી હતી; અને તે બાબે તેનાએ વગર હાંસલ લીધેલી મેહનત ઉપરાંત હજારો રૂપીઆ ગાંઠથી જે ખરચેઆ, તેની કશીએ દરકાર દયાને ખાતર કીધી નોહતી. બીજી બાબદ વાંચનારા સાહેબોની યાદીમાથી હજી ખીશી તો નહીંજ હશે કે, ૧૮૪૬ મા મથુરાંવાલા કરોડપતી સાહુકાર મનીરાંમની તરફથી મરહુમ મારવાડી રામલાલે શઘલાં દેશાવરોમા હલકા ભાવે (તેજ શાલના નવેમબરની ૩० મી તારીખે થનારાં લીલાંઉની) પટણાઈ અફીનની હજારો પેટીઓ લેતી કરીને તેની એવરેજ દર પેટીએ રૂ૨૫००) સુધી લાવવાની યુકતી ચલાવી હતી. આ વહીવટની વચે આવેલાં મુંબઈ, બંગાલ તથા બીજાં દેશે દેશના વેપારીઓ અને સરાફો વઠીક મંદીમા રહીને સંકટના સેકંજામા એવાતો દબાતા દેખાયા કે, જો કદાપી રામલાલે રચેલો સટો તેની તરફેનમા ઉતરે તો, ઉપર જણાવેલાં ઠેકાંણાની બધી પેહડીઓ એકજ ટાંકણે પાએમાલી પાંમીને તદન ઊંચકાઇબી જાએ; પણ તેઓ માહેલા કેટલાક વગવાલા વેપારીઓએ આ સરીમંત શેઠની જારે મદદ માંગી, તારે કેહચ કે, તેવણ બીજું તો કાંઈજ કરી શખેઆ નોહતા; પણ જે દીવશે લીલાંઉ થનાર હતું,

તે ટાંકણે એવીતો સંતલસ ચલાવી કે* લીલાંઉની સરૂઆતથી તે સાંહ્નાંજ પડતાં તુલીક તેમા મેલાએલી પેહલી પાંચજ પેટીના લાટને સારૂં મંદીવાલાઓ તરફથી એક બીજાની પીઠે છુપાઈને ઉભા રહેલાઓ માહેલા એકેકપર ચડાચહડી કરતાં ૬૨ પેટીએ રૂપીઆ એક લાખ ને તરીસ હજારનીબી ઉપર સુધી માંગણી આપતાં કોઈજ મુગા નહીં રહેઆને લીધે તે શોદો જારે નોધાઈ નહીં શકાયો, તારે લીલાંઉ કરનારાઓએ કાંમ બંધ પાડીને તે બાબેની સરવે કેફીએત સરકારમાં ગુજારી હતી. આ યુકતી કાંઈજ નહીં પણ લીલાંઉનો દાહાડો ચુકવવા માટે થઈ હતી; જેની સાંમણે રાંમલાલ તરફના આડતીઆએ પરોટિસત કીધા ઉપરથી એક અઠવાડીઆં પછે તે પેટીઓનુ લીલાંઉ જારે પાછું થએઉં, તારે સરકારે તેને તા૰ ૩૦ મી નવેમબરનુજ થેડવેઉં હતું; પણ ગએલી તક પાછી હાથ નહીં આવતાં મંદીવાલાઓના ભાએગે આ શેઠીઆની ચાલુ રહેલી કોશેસથી ૬૨ પેટીએ રૂ ૧૭૯૩।-॥। ની એવરેજ ઉતરેઆમા મંદીવાલાઓ જોકે મોટી મુશીબત ભરેલી નુકસાંનીમાંથી બચેઆ છતાંબી કેટલાએકોની પાએમાલી થયામાં કાંઇજ બાકી રહી નોહતી.

મંદીવાલાઓ ઉપર મએઆ રાખીને આટલું હરીફાઇ ભરેલું મુસકેલ કાંમ આસાંણીથી બજાવી દીધામા શેઠ રૂસતમજીએ પોતાને તાંહાં આવતો મોટો લાભ ખરેખરો ખોહેલો કેહવાયોછે; કેમકે તેજીવાલા તરફથી શેઠ દાદાભાઈની મારફતે આ શેઠ ઉપર એવી શીફારસ ગઇ હતી કે, જો લીલાંઉને ઉંચું લાવવામા જોઇતી મદદ આપો તો તે અરાબાની જેટલી પેટીઓ તેમને હાથે ખરીદ થાએ, તેની હકસાઈ ઉપરાંત બધી પેટીઓ તેમના બારકસમા ચહડાવવી, તે ઉપર વીમો પણ તેનાનેજ તાંહાં ઉતરાવવો, અને ચીન ખાતે તેમનાજ બેટાઓની પેહડી ખાતે આડતે નોધી મોકલવી. આથી કરી શેઠ મજકુરને તાંહાં ઓછાંમા ઓછા પાંચ લાખ રૂપીઆની લક્ષ્મી ચાલી આવતે; પણ આલમનું ભલું ઇછિવાના ખરા હેતુથી, તેવી કમાણીને તતકાળ તુછકારી કાહડી હતી; જે બાબેના ઘણાક મોટમોટા મંદીવાલા વેપારી તથા સાહુકારોએ આ શેઠનો બેહદ ઉપકાર માનીને તેના હબેસાંનમા ૬૨ એક-જણાએ એોજાર ખાઇ ભરેલાં પતરો જે લખેઆં હતાં, તે આ નોધ લેણારના વાંચવામાબી આવેઆંછે.

દસત અને દાહાડો બીલંદી પર પોંહચતો રહેઓ, તાંહાં સુધી આ શેઆંના શેઠ રૂસતમજીએ જેબી માહભારત કાંમો ઉઠાવેઆં, તેમા બધી વાતે ફલદરૂપ થાઇને પાર ઉતરેઆ કીધા; પણ ધરેહ જારે ચકરાવો લઈ આવીને વાંકી વલણ પર વકરી બેઠો, તારથી તેમના વેપાર માંટે ફેંકાતો સવડો પાશો પોતાની મેલે ઉલટાતો રહીને, ચોમેરથી તેને નુકસાંણ નીપજાવવા માંડેઉં; અને તે વલી

---

* હાવી હીકમત કેટલાક વાંચનારાઓને કદાપી અપરમાણીક જેવી લાગે તો, તે બાબે એટલોજ ખોલાસો બસ થાશે કે એક માણસ પઈસાનું બળ વાપડીને પોતાના લાભ માટે હજારોને પ્રહાર કરે, તેની સામણે એવાજ ઉપાએ વાજેબી ગણાએ; નહીંતર તેટલાઓની સાથે નીસબત રાખનારા બીજા ઘણાકોનો પ્રાણ નીકલી જાએ માટે આ કાંમ શેઠ રૂસતમજીએ માહ પુનવંતુ કીધેલું હમો વીચારીએછે. નો. લે.

હેવી રીતે કે લાખો રૂપઈઆ ભેગા કીધેલા ઓતના પાંણી પેઠે તેમની પાશેથી રૂખસત પાંમતા ચાલીને છેક ૧૨૧૭ નુ સાલ આખરી થવા આવેલું, તેટલાં તો એક હાથપર તેવનના હીંમતવાન ભાઈ ખરશેદજી હીંઆં મરણ પાંમેઆ પછે તેમનો વહીવટ નાદારી હાલતમા આવેલો માલુમ પડ્યો, બીજી બોરદુપર સુરબીને તોલના વડા ભાઈ ફરાંમજીને માથે કાલ ચંદર બેઠો, અને તરીજી તરફ પોતાના પેઆરા દીકરાઓ દાદાભાઈ તથા માણેકજી રૂસતમજીની કુંપનીને નામથી ચીન તથા મુંબઈમાં ચાલતો રોજગાર રંજના ફસાંણ પર ચોંહટી રહેઓ, તારે આટલા સંજોગથી પોતે કરજના દબાંણમાં જે વીટલાએઆ, તેમાંથી મોકલાસ મેલવી નહી શકેઆને લીધે, તેજ સાલના કદીમી ૧૧ મા મહીનાને ૯ ડે રોજથી વેહવાર સાબદો બંધ કરી પોતે પણ નાદારી હાલતમા આવી પડ્યા; નહીંતર ઉપર જણાવેલા તરણ સાહેબો તેઓના ચાળતા વખતમા વગ તથા વેહવારને જોરે પારકાઓને આશરો આપનારા હીંમતવાન હતા; તેઓ કદાપી આગલીજ સથીતીમા સમાએલા હોતતો, પોતાના આ જીગરને આવી વેદનામાથી બંચાવી સખતે.

શેઠ રૂસતમજી ઉપર ઉતરેલા સંકટના કારણો તો ઘણા હોવાં જોઈએ, પણ જે મુખીઅ જણાઈ આવેઆંચ તેમાં એકતો, તાંહાંની યુઉનીઅણ બેંક, અને બીજો માજી સુપરીમ કોરટનો રેજીસટરાર મી૦ ટામસ તરટન, જેઓએ આ સખી નરને એવીતો સેહ આપેલી કેહવાઈચ કે, તેઓની સાથે ચલાવેલા વહીવટના અરસપરસ બેલમાથી પોતાની બાજી બીરગસતે દાહાડાની સરજતે સંભાલી નહીં સકેઆને લીધે, મોટું કરજ માથે ચોંટી બેઠું હતું. હાવા સંકટને સમે જે વેપારીને વાસતે વીશેસ દયા, અને ભારે દરદો ઉપજે તેવા પરમાણીક પુરૂસને સંભારવા ચાહીએ તો, આ પરોપકારી શેઠ રૂસતમજી કરતાં બીજા થોડાજ હોવા જોઈએ. સારા વખતમા લોકો ઉપર આ સાહેબે કીધેલા બેહદ ઉપકારનો હેતુ હાવે ટાંકણે જે માલુમ પડ્યો, તે કાંઇજ નહીં પણ આ અશીલ ગરહસથે પોતાના દાવાદારો પાશેથી મોઠી રકમનુ દેવું ચુકવી આપવાની જોગવાઈ માટે તરણ વરસની મેહતલ જે માંગી લીધી, તે સઘલાઓએ ખુશી સાથે એનાએત કીધી; પણ કચડાએલો કાહરોબાર એવોતો કફોરો હતો કે, ઉપલી મુદત અટવાઈ ગયા છતાં તે સુધરેઆ વના જેમનો તેમ રહેઓ; અને દેવું અંતે અદા નહીં થઈ શકાયાને લીધે પારશીના ફીરકામાથી હાવા એક ઝહલકતા હીરાએ ઝાંહાંખ પકડી, તે બાબે ઉપજેલો અતીઅંત સંતાપ તેમના પરીવારો ઉપરાંત તેવણથી આસરો પાંમેલા હજારો લોકો હજીસુધી ભુલેલા જણાતા નથી.

ભરોસા વનાની જીંદગીના પાછલા દાહાડા થોડુંક સુધી માઠી હાલતમા ગુજારીને વરસ ૬૦ ઉપર ૬ાા મહીનાની ઊંમર પુરી કીધા પછે, કાવસજી બાવાના આ સાતમા અથવા સરવેથી નાંધલા દીકરા શેઠ રૂસતમજી રોજ ૨૨ મો માહ ૮ મો કદીમી શાલે ૧૨૨૧ ય૦ એ મરણ પાંમેઆ; અને જે મકાનમા (કલકતે) જાહોજલાલી ભોગવી હતી, તાંહાંજ પોતાનુ ખાલી ખોખું ખાખને

સપુરદ કરી નેકનામીની સુધંધી ભરેઆં પાક રૂહને પરવરદેગારની પનાહમાં સોંફી દીધું; જેની ગંમખારીમાં કવીતા રૂપી થોડાક મરશીઆ જણાવી, આ અહેવાલને હવે હીઆંજ સમપુરણ કરીએછે.

અજબછે ખોદાવંદી ઉતંમ કરાંમત–શું મગદુર કે તેપર કરે કોઈ મરાંમત,
જમાનો તે દાતારની કુંમક ધરેછે–ધરતીબી તેનાજ હોકમથી ફરેછે.
જેમ કુદરત પાંણીમા પવન મલાવે–જાંહાં ખુશકીના ઝાહડોને થન થન હલાવે.
તાંહાં ઈનસાન તે કેટલી તાકાત ધરાવે–જીહતેલાને પલમા ભાઓગ હરાવે.
તેનો આ મોતેબર દાખલો લઈ–જમાનાની ગીરદેસથી ડરતા રહી.
જોવો બનાજીનું કેહવું ખોહોલું કુટંબ–ચહડતી કલાપર ગણાએલું ઉતંમ.
કાવસજી બાવાના દીકરાઓ સાત–એકેકથી સરસ હતા પરખેઆત.
તેહવા નરબી જાહાજા ન બંચી રહેઆ–ચારેક જણા પેહલે ચાલી ગયા.
ભોગવીતી તેઓએ જાહોજલાલી–કોઈતો વેપારમા, ને કોઈએ દલાલી.
પણ જીવેલા તરણોએ જોયોછે ગંમ–પાછલા દાહાડાનો ભારે શેતંમ.
જેઓને વાસતે ન ધારતુંતું કોઈ–ખુશી થતા તેઓની લાએકી જોઈ.
રૂસતમજી નાહના, ફરામજી વરા–ગણાયાતા ખરશેદજી વચલા ખરા.*
હીકમતથી પઈસાને મેલવી લીધા–સખાવતમા હજારો વેરી દીધા.
જોકે પઈશો તો કાંહાંને કાંહાં વગે લાગો–શોધવા જતાં નહીં મલતો થાગો.
ખરચેલ તેટલું ગવાએલછે–રામારગ ને બગીચે વવાએલછે.
અમર નામ તેઓના પરકાશેછે–ચોપાટીમા, ને તલાવ પાશેછે.
તરીજાએ કલકતે કીરતી બતાવી–કરોડપતી બાબુઓની હીંમત હટાવી.
પણ હવધ જારે તેઓની પુરી થાઈ–પેહલે શીધારેઆ ખરશેદજી ભાઈ.
તારથી બેહુઓની બાજુને ટોડી નાંખી–રોસનીબી તેઓની પડી ઝાંહાંખી.
હતા પેહલાં તેવાજ પાછલ થયા–ગંમની ગીરફતારી લઈને ગયા.
હતું જે ભવીસમા લખેલું સહી–ભલાં કાંમથી તેઓની યાદી રહી.
તે ઉપર જે કોઈ આપે લક્ષ–કરમથી ખોદા તેને રાહેત બક્ષ.

---

* આ તરણ સાહેબો પાછલથી ઘણું સુધી હઈઆત રહેઆને લીધે હાવી રીતે ગણાયાછે.
નો. લ.

શેઠ દાદાભાઈ રૂસતમજી.

બંગાલી બાબુઓની સંફમા બીરાજી ગએલા સફરમી શેઠ રૂસતમજીનાં બે માહેલા આ વડા બેટાની જીંદગીનો થોડોક હએવાલ જે હમારા જાંણવામા આવેઓચ, તેની ઇઆદગારી હીંઆં નોધી રાખવા જોગ વીચારીએછે.

જે ઇનસાને પોતાના ચાલતા વખતમા સારાં કામોને સાહે થાઇ સરંજામ પોંહચાડેલાં હોએ, તેની છુપી વાતને તેમના પડતા વખત પર પારકો સખસ જાહેરમા આંણે, તો તેથી જેમ તેને તેમજ વાંચનારી આલમને સરખી રીતે સંતોસ ઉપજેઆ વના રેહ નહી.

શેઠ દાદાભાઈની તોખમ બાપ તરફથી બનાજી, અને મા તરફથી હાજીનાની નીસબત ધરાવેછે; ઇઆને હાજીના શોરાબજીની ધનવાન પુતરી ધનબાઇજીને પેટથી રોજ ૨૮ મો માહ ૬ ઠો કદીમી સાલે ૧૧૮૦ ય૦ એ કોટ મધે સાપુરજી શેઠના ચકલા આગલ મરહુમ માણેકજી પીગના ઘેરની પડોશે આવેલાં મમાવાને રેહવાના મકાંણ અંદર મુબારક થએલો, તેનાની દર સાલે ચીન ખાતે થાતી વરસ ગાંઠની મેજબાંની ઉપરથી જાંણવામા આવેઓછે. અને એજ સાહેબ આપણી ટાપુના માનવંતા શેઠ બેરાંમજી જીજીભાઈના મશીઆઇ ભાઈબી કેહવાએછે.

ઉધરતી વએનો સઘલો વખત સરીમંત બાપ તથા સાહસીક કાકાઓની પનાહ પકડીને, બનતી કોશેસથી ગુજરાતી તથા અંગરેજી વીદેઆની કેળવણી પાંમેઆ પછે, તે સાહેબોની શાહેતાથી સાલે ૧૧૯૬ મા પેહલ વેહેલા ચીનની સફરે શીધારેઆ; જાંહાંથી એકજ મોસમમા પાછા ફરી આંવેઆ પછે, કલકતે ગયા; અને બાપની આગના મેલવીને તાંહાંથી ૧૧૯૯ મા ચીન તરફ જઇ પોતીકા નાધલા ભાઈ માણેકજીના પંતીઆલા પણામા મી૦ દાદાભાઈ તથા માણેકજી રૂસતમજીને નાંમે આડત તથા વેપાર ખાતાંની એક પેહડી હુંઘાડી જાથુકના રેહવાશી થાઇ પડવાનો પેહલવેહલો પાએઓ નાખેઓ હતો; કારણ કે તે આગમજ જેબી પારશીઓ ચીન ખાતે જતા, તે એક, બે ઇઆ તરણ મોસમ રહીને અશાબાબ ઉઠાવી પાછા ફરતા; પણ આ સાહેબે તો સઘલી મોસમને સરખી ગણવા માંડી તોપણ ઘણા વરશો સુધી બીજા કોઇબી પારસીઓએ ઉપર જણાવેલી રીત શેવાએ આ શેઠનો દાખલો પકડેલો જણાએઓ તો નહી. એ પેહડી પારશીઓમા લાંમબી મુદત સુધી પેહલા વરગમા ગણાઇને સારી રીતે જે વખણાઈ હતી, તે બાબેની શાહદતો તે વખતના જેબી શાહેબો સલાંમત હશે તેઓ સારી પેઠે આપી સખશે.

આ શેઠીઆની કારકીરદીમા હરેક દેસાવરેથી ગરીબ ધંધાદારી, તથા બીન રોજગારી પારસીઓ ચીનમાં આવતા, તારે તેઓનો ઉતારો કેથેજ નહીં પણ તેમના મકાણની અંદર નીરભએ થતો હતો; અને જાંહાં સુધી તેહવા સખશો તે તરફ રેહતા, તાંહાં તુલીક આ સખી શેઠનો આસરો હાંશેલ કરીને, વલી

તેમને તાંહાં આવતાં વાંહાંણોની મારફતે વગર ખરચે પાછા રવાંનેબી થતા હતા. આ રવઇઓ જાંહાં સુધી તેમની પેહડી સલાંમત રહી તાંહાં તુલીક જે ચાલું હતો, તેટલા અરસામા ચીન જેવાં દેસ ખાતે કેટલીક રકમ તેનાની ખરચાઈ હશે, તેનો સુમાર શેઆંના વાંચનારા સાહેબોનીજ મુનસફી ઉપર શોંફીએછે.

ચીન તરફ જારેબી રાજ દુઆરી બાબદોમા ગેર સહમજુતીથી પરદેશીઓ સાથે બીગાડ થાએ, તારે ચીના સતાવાલાઓના હાથમા શેહલા ઉપાય એટલાજ હતા કે, ઉડેલી ભાંજગડનું શેવટ આવતાં સુધી સઘલો વેપાર તદન બંધ પાડીને પરદેશીઓ પાશે રહેલા ચીના ચાકરોને તેઓને તાંહાંથી કાહડી મેલવા; અને વધારે જાસતી વાપડે તારે તો તેઓને તાંહાં જતી ખોરાકી વઠીકબી અટકાવતા. હાવા વખત પર યુરોપીઅન ગરહસથો જેમા વેપારી તથા સરકાર તરફના અમલદારો સુધીના ઘેરોમા ચીના શીવાએ બીજા કોઈજ ચાકરો, તથા એક દાહાડો ચાલેઆ ઉપરાંત વધારે ખોરાકની ચીજો ન હોવાને લીધે જે દીકદારી તેઓને ભોગવવી પડતી હતી, તારે પારસી લોકો જેઓ પોતીકીજ કોમના એકથી વધારે ચાકરો ઉપરાંત વરસ દાહાડો પોંહચી વલે તેટલી ખોરાકીની જરૂરીઆત જણશો રાખતા હતા, તેઓ અંગરેજો તથા બીજા યુરોપીઅણોને જે મદદ આપતા, તેમા મોટી આગેવાણી આ સદગુણી ગરહસથની ગવાએલી ઘણીવાર સાંભલવા, તથા કોઈ વખતે જોવામા પણ આવી હતી.

શેઠ રૂસતમજી કાવસજીના હેવાલમાં તેમના વેપાર ખાતાંને લગતાં જેટલો વાંહાંણો દાખલ કીધેલાંછે, તે માહેલાં કેટલાંકોમા આ શેઠનો સંબંધ હતો, અને "કારશીઅર, તરનટ, થીસલ, પરલ, પરીમાવીરા, બલાકજોક, મરમેડ, આગણેસ, રાએલ એકસચેંજ તથા લીનેટ" ના તો તેવન ખુદ માલેક* માલુમ પડઆં; એટલુંજ નહી પણ તે ઉપરાંત ચો તરફના દેસાવરો ખાતેથી દર વરશે ઘણા વાંહાંણો તેનાની આડતે નોધાઈ આવતાં હતાં; જેમા ઉતાવલી ચાલની કલીપરો "શીલફ" તથા "કાવસજી ફેમેલી" જારેબી ચીન આવે તારે તે દરએકને વલતા નોલમા રકમ નગદી તથા જથાબંધ કીમતી માલ મેલવી આપી (હવડાં જેમ મેલની આગબોટો ફરેચ તે મીસાલે) એક અઠવાડીઆંની અંદર પાછાં રવાંને કરી દેવામા આ ગરહસથ ઘણીજ જહડફ વાપરતા જણાયા હતા.

વેપાર ખાતાંનો સંભાલ કરનારી મંડલી જેને "ચાંમબર આવ કાંમરસ" કરી કેહછે, તે કનતાનમા જારે ઈ૰ સને ૧૮૩૬ ની આખેરીએ પેહલવેહલી ઉભી થઇ, તારથી તે ૧૮૩૯ ની અધવચમા† ચીનની સરકારે સઘલા પરદે-

* ચીનના બંદરમા અફીણ દાખલ થવાની સરકારી સખત મનાઇ ઉપરથી, તે માલ ખડકવા માટે લીનટીન તરફ વખાર તરીકે મી૰ જારદીન, ડેંટ તથા રસલ કંપનીવાલાઓના એકેકાં વાંહાંણો અસલમા જાથુક રેહતાં હતાં; તેમા આ શેઠે પેહડી સથાપેઆ પછે તેમની તરફના એક અથવા બે બારકશો તાંહાં હંમેશાએઆથી વેપાર ખાતાંને સારી સગવડ થાઈ હતી. નો૰ લે૰

† એ મંડલીનું કાંમ તારપછે અંગરેજી પરજા મકાઉમા જઈ રહેઆને લીધે ઘણી મુદત સુધી બંધ પડઊં હતું. નો. લે.

શીઆ પાશેનુ અફીન બલતવારીથી લઇ લીધું, તાંહાં તુલીક તે સભામા એક અધીકારી તરીકે તેવણ બીરાજતા રહીને, પરમાણીકપણાથી ઘણો સારો દેખાવ દીપાવતા હતા, અને તે ઉપરાંત નાંમીચા અંગરેજ, અમેરીકેન તથા ચીના હાંગમારચંતો વગેરે મોઠી પદવીના કેટલાક અમલદારોમા સારૂં માન પણ મેં-લવતા હતા.

શેઠ દાદાભાઇની પેહડીમાં પરથમ બેહુ ભાઇઓ પંતીઆલા હતા, તેમા તેમના મશીઆઈ ભાઇ શેઠ મેરવાનજી જીજીભાઈ મુંબઇથી મકાઉ તરફ જારે જઈ પોંતા, તારે તેવણને શાલે ૧૨૦૯ મા તરીજા ભાગીઆ તરીકે સાંમેલ કરીને અશલી પેહડી તે દાહડેથી મી૦ દાદાભાઈ તથા માણેકજી રૂસતમજીની કુંપનીને નામે ફેરવી હતી; અને તરણે ભાગીઆઓનો રોસન શીતારો બુલંદીપર પોંહચેઓ તાંહાંસુધો તેઓનો વેહવાર સારી આંટથી ચાલતો રહેઓ હતો.

તે વખતપર કેહવાતા આ જવાન શેઠીઆ પોતાની પેહડીને હમેશાં ચહ-ડતા વરગમા પરકાસતી રાખવાના હેતુથી ખુદ જાતે ખંતીપણે અતીઅંત મેહ-નત લેતા હતા, (અને તેવામા કોઈબી વેપારીનુ મુશકેલીમા આવેલું કાંમ આ-ગેવાન થઈ દરૂસતાઈપર લાવી આપવામા કાંઈજ કશુર રાખતા નોહતા) તેથી બીમારીએ તેમના સરીર ઉપર શાલે ૧૨૧૦ મા એટલો તો ગુલબો કરી મેલ્યો કે, એકવાર તેનાની જીંદગી મોટા જોખંમમા આવી પડી હતી; પણ કાબેલ તબીબોની રૂડી. તરતીબથી તનદરોસતી પાંમેઆ પછે, થોડુંક સુધી તાંહાંથી નીકલીને કલકતે જઈ રેહવા સારૂં સઘલો વહીવટ હાજર રહેલા પંતીઆલા શેઠ મેરવાનજીને સપુરદ કીધા પછે તેજ શાલમા રૂખસદ પાંમેઆ હતા.

કલકતામા થોડાક મહીના સુધી રહીને પોતીકા મા બાપ, ભાઈ તથા બેહેન ઉપરાંત મોહબતદાર મીતરોની મુલાકાતથી રાહેત પાંમેઆ પછે, તાંહાંથી ૧૨૧૨ ના કદીમી તીર મહીનાની આખરીએ વાંહાંણ "અલ્લાઅલવી" ની અંદર ચહ-ડીને મુંબઇ સારૂં રવાંણે થયા. થોડાક દાહડા તુલીક પીઠનો પવણ લેતું વાંહાંણ સારી રીતે ચાલેઊં; પણ એકાએક તોફાંન લાગાથી વાંહાંણના આડકતરા મજરાએ પકડેલી ઉલટી વલાંણનુ ફ્રશુએ ભાંન કપતાંન તથા માલમોએ નહીં શએઊં, તેથી તરીંકામલાઇ તથા શેલાંણની વચે "વેંડલુસએ" નામના નવતરાં જંજીરા આગલ ખડક ઉપર વાંહાંણ જઈને અંધેરી રાતરે એવું તો છીટી બેઠું કે ઘણીબી તદબીર કીધા છતાં તાંહાંથી તે સલાંમત નીકલી સએઊંજ નહીં. વાંહાંણ જારે સાંધામાથી છુટું પડવા માંડેઊં, તારે તે માહેલા સઘલા પરાંણીઓના બંચાવ માટે કપતાંન પાશે એકજ ઉપાએ જે હતો, તે અમલમા આંણીને નાઘલા મછવાઓની મારફતે તેઓને કટકે કટકે કરી કીનારે ઉતારી પાડેઆ; અને માલ તથા અસબાબથી ભરેલું બારકસ દરીઆ સાગરને સપુરદ કરી દીધું. આ ટાંકણે શેઠ દાદાભાઇએ જીવતા રેહવાની આશીઆ ન રાખતાં અજબ તરાંહની હીંમત પકડીને પોતાની સાથે ચહડેલા બીજા ઉતારૂઓ, જેમા શેઠ હોરમજજી બેરાંમજી રાંણા, શેઠ ધનજીભાઈ રૂસતમજી વાહડીઆ, તથા બીજા પારશી દોસતો ઉપરાંત એક બીચારી ઘરડી પારસણ (આ બાપડી કીનારે ઉત-

રેઆ પછે જંગલમાં મરણ પાંમી હતી) તથા વાંહાંણના માણશો મલી ૧૫૦ જણાઓ ઉપર ગુજરેલી મુશીબતમા સ્થીર ધેઆંણથી તેઓને સધીઆરો આપતા રહેઆ, અને પોતેબી જે નીપજેઊં તેના સંતોસથી સોકર ગુજારતા* દસ દાહાડાની સકત મુસાફરી કાપેઆ પછે, "એતીકોલમ" નામના અંગરેજી હકુમતવાલાં ગાંમમા પોંહચીને, મુંબઈ તથા કલકતા ખાતે ખબર મોકલાવી. જોઈતી મદદ માટે સ્ટીમર "સર જેમસ રીવેટ કારનાક" જારે આ શેઠને હસાએ અતરેથી માંડી મોકલેલી તાંહાં જઈ લાગી, તારે સફરમાં નીપજેલું સંકટ ખમેઆ પછે તરણ મહીના ઉપલાં ગામમા રહીને સરવે પરાંણી સહીત પોતે રોજ ૬ ઠો માહ ૭ મો કદીમી શાલે ૧૨૧૩ ને દીને હીંઆં સહી સલાંમત આવી પોંહતા.

આટલી કજાથી વાંહાંણના અમલદારો, ખલાશીઓ તથા ઉતારૂઓ ઉપરાંત શેઠ દાદાભાઈ પાશે જે કીમતી અસબાબ હતો, તે સરવે જલવાશી થઇ પડઆને લીધે દરએકે મોઠી મુશીબત ભોગવી હતી; તે છતાંબી આ શેઠે મુંબઈ આવેઆ પછે રેહમની નજર પુગાડીને, પોતાની સાથના બીસમાર થયેલા સરવે સખશોને પોંતેલી નુકસાણીનો બદલો સારી રવેશે વાલી આપેઓ; અને તે શીવાએ જગા જગાએથી મંગાવેલી મદદ માટે જે ખરચ થએઓ, તે એક ધરમાતમા પણાને શોભા પમાડવા લાએક વખનાયોછે.

શેઠ દાદાભાઇ ચીનથી નીકલીને કલકતે, અને તાંહાંથી મુંબઈ આવેઆ તેજ સફર તેનાની સરવેથી છેલી માલુમ પડીછે; કેમકે તે દાહાડા પછે કોઈ ઠેકાંણે તેવન શીધારેઆજ નથી. એજ મુજબ તેમના ભાઇ મી૦ માણેકજીબી ૧૨૦૫ ની સાળમા ચીનથી મુંબઇમા આવીને તેની વલતે સાલ કલકતે જઈ બેઠાચ, તારના તેવન પણ તાંહાંનાજ રેહવાશી થયાછે.

મુંબઈમા થડીથામ થયા પછે ચીન ખાતેની પેહડીનુ વડું મથક, પોતાના હસતકમા લઈને, આ શેઠ દાદાભાઇ પેહલા વરગના વેપારી બની રહેઆ હતા; અને સરવે સાથે રૂડી વરતણુક વાપડીને બાબેરાકારી મેલવેઆથી તાંહાંની પેહડી ઉપર આડટનુ ઓહોલું કામ પણ લોકો તરફથી જવા લાગું હતું.

ચીનની પેહડીના ઉપલા બે પંતીઆલાઓની ગેરહાજરીને લીધે, તરીજા ભાગીઆ શેઠ મેરવાનજી જે તાંહાં રહેલા હતા, તેવણબી જારે ૧૨૧૩ મા મુંબઇ આવેઆ તારે તે દાહાડાથી તાંહાંનો વહીવટ શેઠ દાદાભાઈના કાકા તથા

---

* કીનારે ઉતરેઆ પછે જંગલી લોકોનાં એક ટોલાંએ આવીને આ બીચારા માઠાં ભાએગના ઉતારૂઓ ઉપર ઘેરો ઘાલેઓ હતો, પ્રણ તેઓને પરેસાંન હાલતમા જેયાથી, અને સહમજાુતીના કાંઈક કરારો થયાથી કોઈબી રીતની જાસતી ચલાવેઆ વીના કેહચ કે, તે લોકોએ જંગળમાથી મદદ સહીત પસાર કરીને અંગરેજી હકુમતનાં "એતીકોલમ" નામના એક ગાંમમા સલામત પોંહચાડી આપેઆ હતા; જાંહાં દચ તથા તીલંગા જેવાઓની જુજ વસતી જેવામા આવી હતી. તાંહાંના અંગરેજી અમલદારે ઘણી સારી રીતે સરવેની બરદાસ જારે કીધી, તારે આફતની મુશીબતને તેઓએ જાહજી ઈઆદીમાં લીધી નહીં. નો૦ લે૦

ફુઇના દીકરાઓ નામે દાદાભાઈ બેરામજી બનાજી, તથા ધનજીભાઈ બેરામજી રાણા* હસતકથી ચાલિઆ કીધો હતો.

ઇ० સને ૧૮૪૫ માં જારે પેહલવેહલી "બેંક આવ વેસતરણ ઈંડીયા;" તથા તે નામ જુજ વખતમા બદલીને "ઓરીએંટલ બેંક" અતરે તથા ચીન ખાતે ચાલુ થઈ, તારે તેની આગેવાની આ શેઠે સરવે કરતાં સરસ રીતે કીધી હતી; એટલુંજ નહીં પણ તે સરાફી વહીવટ સારૂં લાએક માણશો વેલાત તરફથી આવેઆં તાંહાં તુલીક બેહુ ઠેકાણાની બેંકનો લેણદેણ સંબંધી બોહોલો કારોબાર આ શેઠને તાંહાંજ આડતીઆ તરીકે ચાલુ રહેલો હતો. એજ વરસમા પી० તથા ઓ० કુંપનીની મેલબોટોને ચીન ખાતે ફેરવવાનું મંડાણ જારે શેલાન તરફથી થએલું હતું, તારે તેનો મુંબઇ ખાતાંની શાખાનો વહીવટદાર કપતાંન ગરીબલ પોતાની ગેરહાજરીએ તેના હસતકનુ સરવે કાંમ આ શેઠને જે સોંફી ગયો, તેબી ઘણા મહીના સુધી સારી ચાલાકીથી તેનાએ ચલાવેઉં હતું; અને તેવા સમાપર પોતાની પીછાનવાલા ઘણા સખસોને તે બોહલાં કારખાનામા શેઠજીએ વલગાવેઆ, તથા એકને દુબાસ બનાવેઓ હતો.

આ શેઠના વડા કાકા, અને પેહલા સસરા શેઠ ફરાંમજી કાવસજી બનાજીએ પોતીકા મરહુમ પીતાને નામે આતસબેહરાંમ બનાવવાના નીસચેપણા અંદર સાંમેલ રેહવાની જે દરખાસત કીધી, તે સવાલ તેનાએ તતકાલ ઊંચકી લીધાથી કાંમ જારે સરવે રૂડી પેરે સરંજામ પોતું, તારે તે ઉપર ખરચાએલી એડી લાખને સુમારેની રકમમા આ સખી શેઠે પોતા તરફથી રૂ૫૦,૦૦૦ આપેલા સંભલાએઆછે.

આ ઉદીયોગી શેઠે પોતાના હાથમા બોહોલા વેપારનો ભરાબો હોવા છતાં થોડુંક સુધી મી० નીકલ કુંપની, મી० કોમબ કુંપની તથા મેકવીકર બરનની કુંપનીને (આ છેલી પેહડી ખાતે શેઠ ખરશેદજી કાવસજી બનાજીના ગુજરવા પછે લાગુ પડઆ હતા.) તાંહાંની દલાલીનું માહભારત કાંમબી આસાંની સાથે ચલાવેઉં હતું; પણ માઠાં ભાએગે લાંમબા વખતવેર નીભી રહેઉં નહીં.

લગભગ અઢાર વરસવેર શેઠ દાદાભાઈને નામથી ચીનમા ચાલતો વેહવાર બીલંદ શીતારાના પરકાસ સાથે જાહોજલાલી ભોગવતો હતો; અને તેટલી મુદત સુધી તાંહાંના પારસીઓ વચે તે પેહડી જેમ પેહલા વરગમા ગણાઈ, તેમ ચીનાઓ, અંગરેજો તથા અમેરીકેણ વીગેરે બીજા બધા વેપારીઓમાખી મોહભાદાર કેહવાતી હતી.

પણ નસીબના રંમલે જારથી અવડો પાશો ફેંકવા માંડઓ, તારથી વેપારની ઉલટ પાલટ એવીતો સેહ બવાડતો રહેઓ કે, અરસ પરસની ધીરધાર અથવા મદદ એકેદમ અટકી પડઆને લીધે આ ગંભીર શેઠ દાદાભાઇને સાલે ૧૨૧૭ થી મુંબઇ ખાતાંનો પોતીકો વહીવટ બંધ કરવાની ફરજ પડી; અને તેનીજ આંચથી ચીનની પુરાંણી પેહડી પણ પાએમાલીએ પોંહતી; જેની મુશી-

* આ મામા ફુઇના ભાઇઓ કાંઇ ભાગીઆ તરીકે નહીં, પણ મુસારેદાર મુનીમપણામા હતા. નો. લે.

બતમા તે દાહાથી તે અતાર તુલીક સનસારનું તથા રોજગારનું કાંઇબી સુખ આ એક મારગી શેઠીઆને મલેઊં, અથવા મલતું હોઅે એવું બીલકુલ માલુમ પડતું નથી.

આ શેઠની આગલથી દરવીઅના દરવાજા જોકે હાલની ઘડી સુધી એકદમ બંધ રહેલા આપણ દલગીરાઇથી જોઇએછે, મગર તે વાતનો જાહાજે ગંમ નહીં આણતાં પોતાની હોરમત જાળવવાની વીશેસ ફાલજી રાખતા તેવન દેખાએછે.

બેહુ તરફની પેહડી ખાતે કચડાએલા વહીવટનો ફડચો થયા પછે, આ શેઠે થોડો ઘણો રોજગાર પાછો રચેઓ હતો, પણ તેમા તેનાએ કાંઇબી જેકારી જોએલી જણાઇજ નહીં.

આ વાત જેમ શેઠ દાદાભાઇના માનમાં વધારો કરનારી, તેમજ મુંબઇની વસતીને રાહેત પમાડનારી જે પસાર થઇચ, તેની નોધ લેતાં ખુશી ઉપજેછે કે, મસકતના ઇમામ તરફથી મોહમદ નુબીખાન જે કોનસલ તરીકે હીંઆં હતો, તે રાજદુઆરી કારણસર યુરોપ ખાતે જારે ગયો તારે તેની ખાલી પડેલી એલચી ખાતાંની જગેઆ, રોજ ૧૦ મો માહા ૨ જો કદીમી શાલે ૧૨૩૮ થી કાંમ ચલાઉ કોનશલ તરીકે આ શેઠને એનાએત થઇ હતી; અને તે નેમણુક આપણી સરકારે ખુશી સાથે બાહાલબી રાખી હતી. આ એલચી ખાતાંનો ઓધો શેઠ દાદાભાઇએ એકાત વરસ સુધી ઘણીજ મનમાંનતી રીતે ચલાવીને ઇમામ તરફથી સાબાશી પણ મેલવી હતી. પોતીકા ભાગ્યગવંતા ભાઇ માણેકજીને ઇરાંનની દરબાર તરફથી કલકતા ખાતે કાનસલનો ઓધો જે મલઓ, તે પણ આઓેજ શેઠની લાગવગ તથા ભર ભલાંમણથી સાંભલેઆમા આવેઓછે.

શેઠ દાદાભાઇથી બીજાં ઘણાંક સારાં કાંમો થયા વીશે બોલાતું આવેછે, પણ તે બાબેની ચોકસ હકીકત શોધ કરતાં કેથેથી મલી નહીં સએઆને લીધે, તે માહેલી પરોપકારીપણાની જેટલી કીરતી જાહેરમા જણાઇ ચુકીચ, તે ઉપર સંતોશ પકડી પરજાની જાંણ માટે હીંઆં તેને નોધી લઇએછે.

પારશીઓને માટે વારસાહીસા, તથા લગણ તલાકના સતા ભરેઆ ધારા વડી સરકાર પાશેથી બંધાવી મંગાવવાના કાંમમા, આ શેઠે કલકતા ખાતે વગ ચલાવીને તેમના ભાઇની મારફતે સારી મદદ કીધેલી કેહવાઇછે; અને તે બેહુ સાહેબોના વગથી તાંહાંની લા આસોશીએસનના સભાસદોને હાવાં શુભ કારણમાં સારી સહમજ જે મલી હતી, તેથી કરી તેની વીરૂધવીચારવાલાઓએ મોકલાવેલી અરજીઓ એકેદમ અકારત ગઇ હતી. આ ધારો અમલમા આવેઓચ તારથી "પારશી મેતરીમોનીએલ કોરટ" મા નામદાર સરકારે બખશેલો ડેલીગેટનો ઓધો તેનાએ હજીસુધી સાચવી રાખેઓછે.

* ઇરાંન ખાતે શાલે ૧૨૪૦ મા પડેલા શકત દુકાલ વખતે તાંહાંના ગરીબ જરથોસતીઓ, તેઓના હમદીન ભાઇઓને આધારે આસરો પાંમવા માટે હીંદ તરફ ઉતરી પડઆ, તારે બંદરઆબાસ ખાતેના ઇરાંની હાકમો જબરદસતી ચલાવીને તેઓ પાશેથી રવાંનગીની દસતુરીને નામે કર ઉઘડાવી લેવા લાગા.

થોડાક સખતીવાલા સખશો તો તેવો જુલમી કર આપીને નીકલી આવેઆ, પણ જેઓથી અપાઈ નહીં સખાએઊં,તેઓને તાંહાંજ અટકાવી રાખેઆ હતા; આ વાતની ખબર સખી દીલના શેઠ દાદાભાઇને કાંને જારે પોંહતી, તારે તે બાબદમા સફકતની રાહે તાંહાંના સતાવાલાઓ ઉપર કોઈ સંજોગથી સોફારસ કરીને જેઓ પાશેથી લીધેલાં નાણા તેઓને પાછાં અપાવેઆં,* અને જેઓને તેજ કારણસર અટકાવી રાખેઆ હતા, તેઓનો છુટકોબી કરાવેઓ; એટલુંજ નહીં પણ હવે પછે જે કોઇ જરથોસતી તાંહાં આવે, તારે તેની માવજત પણ આ ધરમી શેઠની ભલાંમણ પરમાણે લેવાતી હતી. માટે હાવી રીતથી ગરીબ હમજાતીઓ ઉપર પાતલા વખતમબી તેનાએ જે રેહમદીલી દેખાડી તે વાત ખરેખરી તેનાને માન મલવા જોગ થડીછે.

આ શેઠની જીંદગીમા ચાર દીકરાઓની જે વરધી થાઈ હતી, તે માહેલા મી૦ કેખસરો વડા, કાવસજી બીજા, તથા ફરાંમજી તરીજા મલી હઇઆતછે; અને સરવેથી નાંધલા મી૦ પેસતનજી જે લગભગ તેર વરશની ઊંમરમા આવીને ચંચલાઈથી પોતીકાં માબાપને અચરતી પમાડતો હતો, તે પરેલ ખાતે ચમારબાગની અંદરના પોતીકાં રેહઠાનની થોડેક દુર આવેલા વગર વરાના ધાસતી ભરેલા તલાવની અંદર સદાના શીરેસતા પરમાણે નાહવા ઉતરેઓ; જાંહાં અજલે તેનો અંત આંણેઆથી અકસમાત ડુબીને રોજ ૨૬ મો માહા ૭ મો કદીમી શાલે ૧૨૪૧ ય૦ એ મરણ પાંમેઓ; જેથી કરી જઇફીએ પોંચેલાં તેને જનમ આપનારાંઓની જીંદગી ગંમની ગીરેફતારીમા જે પેવસ થાઈચ, તેનુ દુખ તેઓથી ભુલાવવું મુશકેલ જણાએઊંછે.

શેઠ માણેકજી રૂસતમજી.

આપણા બંગાલી બાબુ શેઠ રૂસતમજીના બીજા બેટાનું જે નામ મથાલે જણાવેઊંચ, તેનાનો જનમ સાલે ૧૧૮૫ ના કદીમી પેહલા મહીનાને ૨૫ મે રોજે આ ટાપુ ખાતે મુબારક થાએલો કેહવામા આવેછે.

વડા ભાઈ સાથેના પંતીઆલાપણામા ધણા વરશો વેર પરોટાએલા હતા, પણ તે પછે માઠાં ભાગ્યેગે જારથી તે પેહડી પડી ભાગી, તારથી કલકતામા રહી પોતાને ખાનગી હસાબે ધંધો રોજગાર કરતા દેખાએછે.

આ શેઠીઆ ઉપર બારેહકતાલાની જે બખશેસ ઉતરીચ, તેની નોંધ લેતાં જેમ હમોને ખુશી ઉપજેચ તેમ સરવે વાંચનારા સાહેબોનો આતમા આનંદ પાંમતોજ હશે કે, ઈરાંન જેવાં દુરદરાજ શેહરના શાહની પીછાંણમા કોઇવાર નહીં આવેલા, અને બલવંત રાજની રઇએત માહેલા એક બેગાંના સખસને

* આ બાબેની એક સાખશી પતર ઓદાબક્ષ બીન મોબેદ ખસરૂ ઈરાંનીએ તા૦ ૨૧ મી જુન ૧૮૭૧ ના "મુંબઈ સમાચાર" મા છપાવેલો વાંચવામા આવેઓ છે, પણ તે લંબાન હોવાને લીધે હીંઆં લઈ શકાયો નથી. નો. લે.

તે નામવર શાહ નાસરૂદીને પોતાની દરબાર તરફથી રાજદુઆરી કાંમ ચલાવવા માટે સાલે ૧૨૩૯ ના કદીમી ૧૭ મા મહીનાને ૬ ઠે રોજથી હીંદના અંગરેજી પાએ તખત શેહેર કલકતા ખાતેના એલચી પણાનો માનવંતો ઓહદો બખશેઓ; અને તે નેમનુક આપણી મેહરબાન મલીકા માહરાંણીની મોટી દરબારે ખુશી સાથે બાહાલ રાખી; જે વીશેની ખુસ ખબરી જારથી ચોમેરે પંથરાઈચ, તારથી જરથોસતી ફીરકાને મોટી હોરમત હાંશિલ થાઈછે; કેમકે રાજદુઆરી ખાતાંના આવા નામીચા ઓહધાઓ ઘણુ કરીને રાજ કરતી ગનાતનેજ મલતા રેહચ; અને તેવી રીત આપણી ઉપર હકુમત ચલાવનારાઓ તરફથીબી સદા જોતા આવીએછે કે, એલચી ખાતાંના ઓહધાઓ તેઓનીજ ગનાતવાલા અમલદારો શેવાએ પરકોમને કબુ આપેલા સંભલાયાજ નથી; માટે પારસી લોકો કોઇ સદીઓથી હીંદમા આવી વશેઆ પછે પરાઈ ગનાતની દરબાર તરફથી પેહલવેહલો ઓહદો મેલવનાર કોઇજ નહી, પણ આ સાહસીક શેઠ માણેકજી રૂસતમજી ખરા ભાએગસાલી માલુમ પડેઆછે.


આ ઓહધાની સતા ભરેલી સનદ શાહ તરફથી આવીઆ મુજબ સાલે ૧૨૪૦ ના કદીમી ૮ મા મહીનાને પેહલે રોજે, અને સુલતાંની નારોજને સુભ મુહરતે તાંહાંના શેઠ સાહુકારો, તથા સરકારી ઓહદેદારોની એક દબદબા ભરેલી સભાની હજુરમા તેવનને સપુરદ થાઇ હતી; અને તેની ખુબીથી આ શેઠ તરફ રેહનારી ઈરાંની પરજા ઉપર એક હાકમ તરીકેની હકુમત ચલાવતા રહીને સુગોલ ધજા પોતાને મકાને ઉરાડેછે; તે જાહો જલાલીનું સઘલું સુખ લાંમબી વએ સુધી સલાંમત રહીને પરમાણીક પણે ભોગવવાની હેદાએત જગત કીરતારથી તેનાને હાંશિલ થાએ. આ ઓહદો મલેઆની ઘણા વરસ આગમજ તાંહાંના હાંનરેરી માજેસટરેટબી એકવાર થયા હતા, અને હવડાં શુલેહના અમલદારની સનદ પણ તેવણ ધરાવેછે.

શેઠ માણેકજીની લાએકી વીશે, જેબી સાહેબ કલકતે જઇ આવેઆચ, તેઓને મોહડેથી ઘણી સતુતી સંભલાએછે; એટલુંજ નહીં પણ તે તરફ રહેલા જરથોસતીઓ ઉપરાંત બીજી સગલી વરણના વરવેપારીઓ વીગેરેમાબી તેવનનો મોહભો માહભારત વખણાએછે.

આ સાહેબ તાંહાંની જરથોસતી અંજુમનમા સરવેથી વડા અકાબર તરીકે જે ગણાતા આવેઆચ, તેનું પરોજન એ કોમને વાસતે વારસા હીસા તથા લગણતલાકના ધારા બંધાતી વખતે એવું દીપાવી દેખાડેલું કેહવાયુંચ કે, તે સંબંધી મુંબઈની કારોબાર મંડલીના માનવંતા મેમબરોની ખાએસ મુજબ પોતાથી બનતી કોશેસ તાંહાંની ધારા સભામા લાગેવગે વાપડીને તેઓએ ઉઠાવેલું માહભારત કાંમ પાર ઉતારી આપવાથી હરગેજ પછાત પડેઆ નોહતા; માટે એવા કાએદાની સાથે આ શેઠની કીરતીબી જોડાઇને કાએમ રેહવી જોઈએ.

મરહુમ શેઠ રૂસતમજીના વખત સુધી, અને તેપછે તેવનના બે બેટાઓ (જેમા એકતો આ સાહેબ અને બીજા શેઠ દાદાભાઈ) હસતકથી બીજાં બાર વરસવેર તાંહાંના હમદીનોની બનતી બરદાસ જે રૂડીપેરે લેવાતી હતી, તે બાબે

દાદીબરજોરને તાંહાંની વંશાવલી.



ય૰ ૧૨૩૩ મા જરથોસતી અનજુમનના ધરમ ખાતાંની એક થાપણ ઉભી કરવા માટે તે તરફ મલેલી અનજુમની સભા અંદર સરવે સાહેબોએ એકી અવાજે આ માનવંતા બાપ તથા બેટાઓનો બેહધ ઉપકાર માનીને, તે કીરતીવાન કુટંબને માથેનો બોજો* તાંહાંની અનજુમને તતકાલ ઊંચકી લીધો; જેની શાહદત તેજ વરસમા છપાએલાં ચોપાંનીઆંમા દાખલ થાએલી જોવામા આવેછે.

એજ ચોપાંનીઆં ઉપરથી જણાઈ આવેચ કે, આવું એક ધરમખાતું પરથમ ઉભું કરવાની સરૂઆત તાંહાં થઈ હતી; અને તે વખતપર ભરાએલાં નાણા મધેથી રૂ ૨૦૦૦ ની સરકારી ટરેજરીની નોટ, તથા ૫૦૦ રૂપીઆ બેંકમા અનામત રાખેલા હતા, તે મલી રૂ ૨,૫૦૦ નો અવેજ શેઠ માણેકજી પાશે જે સચવાએલો હતો; તે જારે ઉપર જણાવેલાં સાલમા નવું ઉઘરાંણુ થએઊં, તે વખતે ભરાએલા રૂ૭,૧૨૩ ની અંદર ઊમેરી દીધા તારે બધા મલીને રૂ૯,૬૨૩ ની એક સારી થાપણ જમા થઈ; જેના તરણ રાખનદારોમા વડા તરીકે એજ શેઠને અનજુમનના અનુમતે ચુંટી કાહાડેઆ મુજબ, તે ખાતાંનો સંભાલ બીજા તરસઠી ભાઈબંદોની સાથે સંપજમા રહીને સારી રવેશે તેનો વહીવટ ચલાવતા માલુમ પડેછે.

* આપણા આ ઇરાની એલચીની અઓલાદથી ઓદાતાલાએ ઉતારેલા બે બેટાઓ મધે વડા હીરજીભાઈ, તથા નાધલા કાવસજી જાણવામા આવેઆછે; અને તેઓ માહેલા એકાદને તાંહાંબી ફરજંદ થાએલાં કેહવાએચ, પણ તે બાબેની ચોકસ હકીકત માલુમ પડી નથી; માટે બનાજીનાં બોહોલાં ખાનદાનનુ બયાંન સમાપત કરતી વખતે તેમની વઊસથી ઉતરેલા નબીરાઓને માટે બારે હકતાલાની બખશેસ ચાહીએછે કે, તેઓ માહેલા કોઈબી નરોને તેમના નેઆગાંનોના જેવા નામવર કરે, કે જેથી એ કુટંબની કીરતી પાછી સજીવન થાએ.

મી૰ લીમજી નવરોજજી નાનાભાઈ બનાજી.

શેઠ ફરાંમજી કાવસજી બનાજીના વઊશીભાગ માહેલી એક ડાહાલી ઉપર ઉગેલું, આ ખુસનોમા ફુલ જે ખીલીને હવડાં પમરતું દેખાએચ, તેની પીછાંણત તો જોકે આપણી વસતીમા થોડી ઘણી થઈ ચુકેલીછે; તોપણ એક માનવંતા મરહુમ શેઠના પરીવારો માહેલો નબીરો, કાબેલીએતના બળથી નામવરીના જે નુકતાપર પોહચવા લાગોચ, તેની ટુંક નોધથી બનાજીના બોહોલાં ખાનદાનની ખીનાને વધારે જલેહ આપેઆ વીના રેહશે નહીં. આ ગરહસથ ય૰ ૧૨૧૯ ના કદીમી પેહેલા મહીનાને ૨૦ મે રોજે જનમ પાંમેલો જણાયોછે.

---

* એ બાબેનુ માન શેઠ સોરાબજી સાપુરજી બંગાલીને ઘટેછે; કેમકે એ સાહેબ તે વખતે તાંહાં હતા, અને તેનાનીજ રૂડી કોશિસથી હાવાં નેક કામનો આરંભ થએલો મજકુર ચોપાંનીઊં કહી આપેછે. નો. લે.

પોતીકા મોટા બપાવાની આગેવાની હેઠલ, આ ટાપુ ખાતે પેહલવેહલો પાયો નખાએલી સરકારી સંબંધવાલી કેળવણી ખાતાંમાં અંગરેજી વીદ્દઆનો અભીઆસ કીધા પછે, આ જવાન ગરહસથ ૧૮૬૩ ના મારચની ૨૪ મી તારીખે ઈંગલાંડ ગયા હતા; જાંહાં ધારાની કાબેલીએત પુખત રીતે પાંમીને તાંહાંથી ૧૮૭૦ મા ૨૨ મી જાંનેવારીએ અતરે પાછા આવેઆ; અને તેજ મહીનાની ૨૮ મી તારીખે હાઇ કોરટની હજુર કાએદા પરમાણે સપત લઇને બારીસટરનો હોરમત ભરેઆ ધંધામા મસગુલ થયલા માલુમ પડેછે.

દેશી બારીસટરોમા આ લાએકી ભરેઆ લીમજીભાઈ જે ભાએગશાલી કેહવાએચ, તે એટલા ઉપરથી કે નામદાર કોરટના સંબંધમા એક વરસ પસાર કરી રેહેઆ પછે, તાંહાંની "કલારક આવ ધી કરાંઉન" યાને તાજના મેતાની ખાલી પડેલી જગેઆ ઉપર નામદાર નેયાયાધીસોએ તારીખ ૧૬ મી ફેબરવારી ૧૮૭૧ થી એવણને કાંમ ચલાઉ તરીકે નેમણુક કીધા, એટલુંજ નહીં પણ તેજ શાળના એપરેલની ૨૭ મી તારીખથી ડપીઉટી રેજીસતરારનો ઓધો તેનાનેજ આપેઓ હતો.

એજ કોરટના નામદાર નેયાયાધીસ બેલીનો કલારક મી૰ બેંટલી જારે રજા ઉપર વેલાત ગયો, તારે તેની જગેઆનુ માનબી આએજ શાકરમી સખસને તારીખ ૮ મી આગસટથી એનાયત થએલું હતું.

રજા પુરી થતાં મી૰ બેંટલી જારે વેલાતથી પાછો આવેઓ, તારે તેની ડપીઉટી રેજીસતરાર, તથા જડજના કલારકની જગેઆ, તારીખ ૯ મી ફેબરવારી ૧૮૭૨ ઇશવીએ આ ગરહસથે તેના સવાધીનમા સોંફી દીધી; અને તેટલી મુદત સુધી જે પરમાણીકપણું તેનાએ વાપરેલું હતું, તે બાબે વલતે દાહાડે ૧૦ મી તારીખની સાંહાંજરે હાઈ કોરટની કચેરી બરખાસત થતી વેલા નામદાર વડા નેયાયાધીસ સર વેસટરાપે પવીતર ખુરશી ઉપરથી જાહેર બાંગે બુલંદ સરવેને કહી સંભલાવેલું હતું કે, "મી૰ લીમજી બનાજીએ પોતાના બેહુ "ઓહધાનુ કામ ઘણુંજ મનમાનતી રીતે બજાવેલુંછે; અને તેટલા વખતસુધી "સરવે સાથે સાહલેસાઈ ભરેલી ચાલ ચલાવેઆથી આ કોરટ મોટો સંતોસ ઉપ-"જાવેછે, એટલુંજ નહીં પણ મી૰ જસતીસ બેલીનેબી તેમના કલારકપણાનુ "કાંમ રૂડી રવેશે સચવાયાથી બહુ ખુશી હાંશેલ થઇછે."

ઇનસાફ ખાતાંના સંબંધમા જોડાઇને આ મી૰ લીમજી બનાજીએ કોરટ તરફથી જે માન મેલવેલુંચ, તેની શોભા જેમ તેનાને, તેમજ તેના નાંમીચાં કુટુંબ તથા પારશીની આખી કોમને હાંશેલ થએલી સહમજવી જોઇએ.

જે કાંમને માટે પોતીકા વડાને સંતોસ પમાડેઓ, તેની ખુબીમા આ જવાન પુરૂસ એટલોતો સમાઈ રહેલો માલુમ પડેઓચ કે, મી૰ બેંટલી જારે ૧૫ મહીનાની વધુ રજા મેલવીને ૧૮૭૨ ના આગસટમા બીજીવાર વેલાત ગયો, તારે તેના ઉપલા બેહુ ઓહધાઓની માનવંતી જગેઆ પુરવા માટે નામદાર કોરટે એજ શદગુણી ગરહસથને પાછો પસંદ કીધો; અને હોકમ મલેઆ મુજબ તેજ મહીનાની ૨૬ મી તારીખથી કાંમ ચલાઉ અમલદાર તરીકે તે

ખાતાંઓ ઉપર ગોઠવાઈ રહેલાછે; જાંહાં ૧૮૭૩ ના નવેમબરની આખેરી સુધી થોભેઆ પછે, મી॰ બેંટલી પાછો આવેઆથી તેવણ જારે ઉપલી જગેઆ છોડશે તારે આસાછે કે, આગલ કરતાં વીશેસ સાબાશીના શબદો નેયાયાધીસો પાશેથી સાંભલવા માટે પરજા સખતીવાન થશે.

મરહુમ શેઠ ફરાંમજીના વખતમા તેમની મુરાદ માફક જેટલા સખસો ઉમદા કેલવણી લઇને સારે દરજ્જે પોંહચેઆ, અને તેહવાઓને પોતાની નજરે જોઈને જેમ ખુશી થતા હતા, તેમ આ નબીસને હાવું માન મેલવતો જોવા માટે તેવણ જો અતાર તુલીક જીવવા પાંમેઆ હોતતો, તે કરતાં અતીઘણી રાહેત હાંશેલ કરતે; કેમકે તેમના બોહોલાં પરીવારોમા હાવો નર નીવરવાની તેનાઓ કશીબી વકી રાખી નહીંજ હશે, તે આશેઆ તેમના મરણ પછે ૧૯ વરશે જે સંમપુરણ થઈ, તે બાબે કુદરતી બેસારતથી રોસન બેહસતમા તેમનુ અશો રવાણ ખરાનુદી મેલવતું રેહ એવી પરારથના ચાહી આ ખુબીવંતાં ખાનદાનનો અહેવાલ ખતંમ કરીએછે.

દાદી બરજોર.

* આ શેઠીઆની જાહોજલાલી જોકે જમાનો વહી ગયાને લીધે ઘણી પુરાંણી થઈ પડીછે, તોપણ તે વખતની હકીકત સાથે સરખાવી જોતાંતો, તે ખરેખરી જેબ આપનારી જણાએછે. હાલની વસતીના કોઈ કોઈ સાહેબો તેવણથી કદાપી અંજાંણેઆબી હોએ, તો તેમા કશીએ નવાઈ જેવું આપરે વીચારવું જોઈએજ નહીં; કારણ કે દેશી લોકોમા તેમના વડવાઓની, અથવા જાહેરમાં કોઈબી વખણાઈ ગયલાઓની કીરતીનું વરણન નોધી રાખવાના રૂડા રેવાજની ગેરહાજરીનો સબબ ઘણું કરી માલુમ પડેછે; પણ સોકરછે કે ઉપર ટપકેની સેહજ ઈઆદીનો આધાર પકડી કીધેલી શોધનું જે પરીણામ આ શેઠના પરીવારો માહેલા કેટલાક અનુભવી નબીરાઓની મેહરબાંનીથી હાંશેલ થયુંચ, તેની નોધ મોટી ખુશી સાથે હીંઆં દાખલ કરીએછે.

પરીવારોમા પોતાની ઓલખ પાંથરી જણારા આ શેઠીઆનું નામ દાદાભાઈ બરજોરજી હતું; અને તે સાહેબ સુરત શેહરમા કહે સાલ જનમેઆં તેની ઈઆદી તો કાંઇજ મલી નથી, પણ ય॰ ૧૦૬૯ મા* આ ટાપુ ખાતે તેમનું પેહલવેહલું પગલું મેલાએલું માતરે માલુમ પડેછે.

દાદી બરજોરેબી સારી આંટ સાચવીને સરૂઆતથીજ વેપાર વનજમા જેટલો વખત રોકેઓ, તેટલો તેનાને બહુજ લાભકારીક જણાએઓ; અને તેનીજ બરકતથી થોડી મુદતમા સરવે મંડલીઓનો રૂડો ચાહ પોતા ઉપર ખેંચી લઈને મોટી હોરમત મેલવતા હતા.

વંશાવલીની પેહલી ટીપ જોતાં આ દાદી બરજોરનો માતરે એકજ દીકરો,

* પારસીઓની પધરાંમણીમા આ સાહેબને આવેઆનું સાલ ૧૦૯૭ નું જે જણાવેલુંચ, તેમા ભુલ થાએલી પાછલથી માલુમ પડીછે. નો॰ લે॰

અને તેટલોજ દોતરો હોવાને લીધે તેમનુ પરીવાર તે વખતપર જાહાજું ફેલાવો પાંમેઉં નોહતું; પણ શેઠ દોરાબજીને તાંહાં થએલી ચાર દીકરાઓની વસતીથી તેઓનો વધારો ઘણોજ બોહોલો દેખાઇ આવેછે. હીંઆં સુધી ઉપલા તરણે શેઠીઆઓની જીંદગીનો આટલોજ હએવાલ જડઆ છતાં, તેઓ દરએકનો મરણ દીવસબી આ કુટંબીઓના કોઇબી નબીરા પાશેથી મલી શીએઓ નથી.

શેઠ દોરાબજીના વડા બેટાનુ નામ બરજોરજી હતું, અને તેમના જનમનુ શાલ ય૦ ૧૦૯૯ જાણવામા આવેલું છે.

આ ગરહસથબી પોતીકા વડવાઓની પેઠે રોજગારમા રોકાએલા રહીને સારા નશીબાને પોંહતા હતા. અને મરહુમ દાદી બરજોરના પનોતાં નામથી પોતે પણ પરબેઆત થએઆમાં કાંઈજ ખાંમી દેખાડી નોહતી.

દેશાવર ખાતેના વેપારસારૂં બે મોટાં વાંહાંણો આ શેઠે જે બંધાવેઆં હતાં, તે માહેલું "વીઉફરડ" ૧૧૬૪ સુધી, અને ૪૭૭ ટન વાલું "ઝોરોઆશ્તર" ૧૧૬૯ સુધી તેમને નામે સફરમાં ફરતાં સંભલાયાં છે; અને તેપછે ઈઆતો તેઓ નાસ પાંમેઆં, અથવા જઈફીને લીધે વેપાર બંધ પાડીને તે વેચી નાખેઆં હોએ, તેની ચોકસ ખબર જાહેરમા રહેલી જણાઇ નથી.


દરવીઅના જોરથી આ ટાપુ ખાતેની જુદી જુદી ઘણીક જાગીરો તથા મીલકતો જે તેનાએ મેલવી હતી, તેમા મરહુમ સર જમશેદજીએ કોટની અંદર બંધાવેલા મેહલવાલી જગેઆના માલેકબી પેહલવેહલાં તેવનજ હતા, અને પોતાનુ રેહઠાણબી તાંહાંજ કીધેલું કેહવાય છે; પણ તેમના ગુજરેઆ પછે ઘણી મુદતે બીજી અસકેઆંમતોની સાથે તેબી વેચાઇને પારકે હાથ જઇ બેઠીછે.

જેમ શેઠ બરજોરજી વેપારી મંડલીમા માન મેલવતા હતા, તેમ સરકાર દરબારમાબી સારો વગ ધરાવતા હતા; અને તેહવા વખતમા કોઇની ઉપરબી કાંઈ સંકટ આવી પડતું તો તે ટાલી આપવા માટે નાતજાતનો કસોએ ફરક તેવણ સહમજતાજ નોહતા.

આ શેઠના ઉદાર મનની બાબદમા એકજ દાખલો ઇઆદીમા જે રહેલો છે, તે ઉપરથી તેનાતી રેહમદેલી એવી વખણાએલી માલુમ પડીચ કે, એવનના દીકરા નામે ફરદુનજી પોતીકા દોસતોની સંગાથે વાડીએ મોજ મારવા હમેશાં જતા હતા; જાંહાં એકબીજા વચે મજાખ મશકરી ચાલતાં, એક દાહાડે કોઈ દોશતથી તેમની મોહરદારના પતીવરતાપણાની વીરૂધ લાજવીનાના કાંઈ ખરાબ સુખનો જે બોલાઇ ગયા, તે ઉપરથી અશો ખસલતના મજકુર ફરદુનજી જે ઘણાજ પરેહજગાર કેહવાતા હતા, તેનાઓ નાલાએક વાત સાંભલીને બુરા વેહેમમા એવાતો પડઆ કે, પેલા દોશતની સાથે તેની મોહરદારે શરમ છોડીને સંબંધ સાંધેઆની વાત સાચી માની. આ બાબેનો બોફ ધરતા વાડીએથી* મોડી રાતરે ઘેર આવીને, તે નીરદોશ અબલાજાદી જે પેહલવેહલી ઘરભવંતી થાયેલી હતી, તેણીના તથા પોતીકા કાલજાંમા વેહતી છુરીના કારી ઘાહા એવાતો જોરમાં

* રોજ ૨૨ મો માહ ૧૦ મો શેહનશાહી શાલે ૧૧૭૧ ય૦ એ પોતે વરસ ૨૦ તથા મોહરદાર વરસ ૧૬ ની વએપર આવેલું આ જોડું બરબાદ થયુંછે. નો. લે.

દાદીબરજોરના વંશના માકીસરાફને તાંહાંની વંશાવલી.



કીધાં કે, તેથી પલકીવારમા તરણ જણાઓનો પરાણઘાત થયો. બુરી મજાખથી નીપજેલાં બીન ફોકટના મોહોતની માહેતમ ભરેલી વાત પરોહડીએ પડતાં ફેલાઇ, અને તેનુ કારણ જારે માલુમ પડીઉં, તારે જો કે પેલો નીરલાજરી મજાખ કરનારો શખશ તો જીવ લઇને ગાંમમાથી કેય નાહશી ગયો; અને સરકાર તરફથી તેને સોધી કાહડીને સજાએ પોંહચાડવાની મેહનતબી થવા માંડી, તોપણ આ મએઆલુ જીગરના માનવંતા દાદી બરજોરે બની તેટલી કોશેશથી ધડા પકડીની વાત માંડી વલાવીને પેલા કરપીણનો જીવ બંચાવેઓ. આ બાબદની સમાધાની થયાં છતાંબી કેહચ કે, પેલો સરમમા પડેલો સખશ જે પોતાની મેલે દેશ નીકાળ ગયો, તેણે ફરીથી મુંબઇનું મોહોડું પાછું જોએઉજ નોહતું.

સઘલી વાતના સુખ સાથે જઇફી વખતે ઉપર જણાવેઆ જેવું દુખ, શોલ વરસ સુધો સંતોસથી સહન કીધા પછે શેઠ બરજોરજી પોતાની પાછલ પાંચ દીકરાઓની વસતીને હસતીમા રાખી, રોજ ૩ જો માહ ૫ મો શેહનસાહી સાલે ૧૧૮૭ ય૦ એ ૮૮ વરસની ઉમરમાં આ જાંહાંનથી જીંદગીનો અસબાબ બાંધી લઈ બેહસતનસીન થયા; અને તે દાહાડાથી દાદી બરજોરના નામની અટક સીવાએ તેમના પરીવારોમા બીજું કાંઈજ રહેલું માલુમ પડતું નથી.

દાદી બરજોરના દોરાબજીની તોખમથી અવતરેલાઓ માહેલા વડા બેટાની હકાયત ઉપર આપીછે, અને તરીજા તથા ચોથા બાબેની કાંઈજ ઈઆદી મલી નથી; માટે બીજા બેટા શેઠ માણેકજી પોતાની ઓલખ અલાહેધી લઇને, ઉપલી સાખામાથી જે છુટા પડેઆ, તેની તથા તેમના પરીવારોની પીછાંનત માટે નીચલી નોધ ઉપર નેધાહ પોંચાડવા માંગીએ છે.

શેઠ માણેકજી દોરાબજી, ઊરફે માકી સરાફ.

દાદી બરજોરના વંશેશમાથી હસતી પાંમેલા આ શેઠ માંકી સરાફનો જનમ ય૦ ૧૧૦૨ ની શાલમા મુબારક થયલો માલુમ પડેઓછે. એવણને માટે એવું કેહવાએઉંચ કે, પેહલવેહલાં શેઠ ખાનદાનવાલા મરહુમ મનચેરજી બમનજીને તાંહાં કીલીદારીના ઓહોલા કારોબારપર રહીને, ઘણા વરસો રૂડી પેરે ગુજારેઆથી સરાફની અટકે પોંહતા; અને તેજ ઓળખ હજીસુધી તેમના પરીવારોમા પંથરાએલી જોવામા આવેછે.

એપછે સરકારી તરેજુરીમા વડા સરાફના ખાતાં ઉપર જઈ બેઠા; અને જેમ જેમ તાંહાં માહીતી મેલવતા રહેઆ, તેમ સારાં ભાયેગની મદદથી જો કે બીજા લાભકારી ધંધાઓ* ઘણાબી હાથ કીધા, તોપણ તરીજુરી ખાતાંની

* તેમા એકતો એવો ઉપીઓગી થઇ પડેઓ હતો કે, અંગરેજોને નાણા ધીરવાનુ કામ ધુમધોકાર ચાલુ રાખેઆથી સરકારી મોટમોટા ઓધેદારો સંગાથે સારી મોહબત સંધાઈ, એટલુંજ નહી પણ તેઓ દરએકના ઘણા વાહલા અને માણીતા થઇ રહેલા હતા. નો૦ લે૦.

માન ભરેલી જગેઆ લાંબી મુદત સુધી હોરમતની રાહે જાલવી રાખેઆથી માંકી સરાફની અટકે વધારે મજબુતી મેલવી લીધી.

આ શેઠીઆનો નસીબો જારે ચહડતી દશાપર દેખાવા માંડીઓ, તારે નીતી સાચવવા માટે કુદરતી કઉઅતને જેમ હાંશેલ કરતા રહેઆ, તેમ તવંગરીને પઇસો મલેઆથી નહીં પણ દાનાઈ હાંસેલ કીધામા, અને બુજોરગીને ઉમર ઉપર નહી પણ એલમની ઉલટ લીધામા સારી સહમજ સદા વાપરવા લાગા; અને તેવાજ ભંડાલનો વારસો પોતીકા એક બેટા તથા તે પછેના નબીરાને વાસતે જાણે આગમજથીજ સંઘરી રાખેઓ હોએ, તેવી આગમચેતી આલમમા આસકાર કરતા હતા.

સાંભલેઆ પરમાણે શેઠ માંકી સરાફ પરથમ ઘણા ગરીબી હાલતમા હતા, પણ નીતીની રાહે સારા ઉદીઓગને આધીન રહી પગતી દરપગતી વધવા માંડીઊં; અને વખત જેમ હાથમા આવેઓ, તેમ રા કમાઈના મેલવેલા પઈસાનો થોડાક ભાગ સારાં કામોમા ખરચેઆથી નામદારીનો ખરો અધીઓ જે હાંસેલ કીધો, તે માહેલી માતરે નીચલી બાબદો શીવાએ બીજીની ઇઆદગારી હસતીમા રહી નથી.

ચોપાટીખાતે પોતાના બંગલાની પડોસમા* એક અલાહેદું મકાણ પોતીકા ખુદ ખરચથી બંધાવીને તેમા આતશ આદરાંન સાહેબને ૧૧૯૦ ના શેહણશાહી અરદીબેશત મહીનાને આશાતાદ રોજે તખતનસીન કરાવીને જરથોસતી અનજુમનના ઉપીયોગ માટે ધરમખાતે ઓહ્લા મેલેઆ હતા.

મરણ પામતા પારશીઓને અવલમનજેલ પોંહચાડવાની જગેઆ, જે ચોપાટીના ડુંગર ઉપર આવેલીછે; તાંહાં તે તોલાના લોકો તેમના ધરમ ફરમાન મુજબ કીરીઆ કરવા હંમેશાં જાએચ, પણ તેઓને છાંએડો મલનારૂં કોઈબી બાંધેલું મકાણ તે તરફ પેહલાં બીલકુલ ન હોવાને લીધે, જેમ શીઆલાની સરદી, અને ધુપકાલાનો સખત તડકો, તેમજ ચોમાસાના ચાલુ વરસાદની વેદના ખંમવી પડતી હતી. એ બાબેનો વીચાર આ શેઠે ધારીને તાંહાં એક મકાણ બાંધી આપવાની ગોઠવન કીધી, તેટલાં અજલની દોરીએ તેમની જીંદગીનો અંત આણેઆથી રોજ ૯ મો માહ ૧૦ મો શેહણશાહી સાલ ૧૧૯૩ ૫૦ એ ૬૧ વરસની વએ પુરી કરીને ગુજરી ગયાથી તેમના દીલની નેક મુરાદ તેવનથી પાર ઉતરી નહી.

પોતે જે વશીએત કરી ગયા હતા, તેની ખુબીથી આ મરહુમ શેઠના તરણ દીકરાઓ નામે બમનજી, હોરમજજી અને ખરશેદજીએ ઉઠમનાને દાહાડે કીરીઆ પુરી થયાછે પઢાવેલી તનદરેશાતી મુજબ, ડુંગર ઉપર એક મકાણ બંધાવા માડીઊં; અને તાકીદથી પુરૂં કરાવી તેનાની વરશીને દાહડે રોજ ૯ મો માહ ૧૦ મો સાલે ૧૧૯૪ ૫૦ એ ઈંજાવીને જરથોસતીઓના જાહેર

---

* એ મકાણ દોખમાઓના ડુંગરની હેઠાણમા દક્ષીનદશાપર અસલ ઉભેલું હતું; પણ તાંહાંની ખાલી જગેઆ હવડાં બેઆકબે કુંપની, અથવા તેઓની વતી સરકારના સવાધીનમા થયલી સંભલાએછે. નો० લે०

છાપરવારામાટે ખોલું મેલવામા આવેઊછે. એ જગાપર બંધાયલું આ પેહલ વેહલું મકાણ પોણોસેથી વધારે વરસનુ પુરાંણું હજીસુધી સારી હાલતમા સલામત રહીને મરહુમ શેઠ માંકી સરાફના માનવંતાં નામની ઇઆદી આપણને આપતુ દેખાએછે.

આ શેઠના મરણ ટાંકણે હઇઆત રેહેલા તરણ બેટાઓ માહેલા વડા શેઠ બમનજી તો તેમની પુઠે આઠ મહીને રોજ ૮ મો માહ ૬ ઠો શેહણશાહી સાલે ૧૧૬૪ ય૦ એ મુંબઇમાં; અને વચલા શેઠ હોરમજજી વેપારને અરથે કલકતે ગયલા હતા, તાંહાં ખોરદાદ મહીનાને તીર રોજે ગુજરી ગયા, પણ તેના સનેની સનદ માલુમ પડી નહી. હવે તરીજા અથવા નાધલા દીકરાએ જે સથીતીથી જીંદગી ગુજારીને જાહેરાંતમા માન મેલવેઊ, તેનો હએવાલ હેઠલ આપીએછે.

શેઠ ખરશેદજી માણેકજી સરાફ.

પારશી પંચાએતમા પરમુખની પદવી પાંમેલા આ શેઠીઆ ય૦ ૧૧૩૨ ના દે મહીનાને મોહોરરોજે જનમ લઇને, આ સરૂસતીમા પરકાશેઆ હતા.

આ સાહેબ પંદરેક વરસની ઊંમરમા આવેઆ, તારે તેમના પીતાએ પોતાના એક મોહબતદાર અંગરેજ દોસત નામે મી૦ એંદરૂ રાંમશે, જે તે વખતમા સરકારી જુદાં જુદાં ખાતાંઓ ઉપર ઓહધા બજાવેઆ પછે, પાછળથી આપણી ટાપુ ખાતે ગવરનરની ગાદીએ પણ બીરાજી ગયોછે; તેના હાથ હેઠલ તેનાને સોંફેઓ હતો; અને તે સાહેબે પોતાના બચાંપેરે કબુલ રાખીને અંગરેજીની સારી કેળવણી તેનાને આપેઆ પછે જે જે ખાતાંઓપર તે ગયો, તાંહાં આ શેઠને પણ પોતાના હાથ હેઠલ લખનારની ચાકરી આપી રૂડી રીતે નવાજેસ કરતો રહેઓ; અને તે સાહેબની અતીઅંત મેહરબાંનીથી આ શેઠ સરકારી કાંમકાજના મકતાઓ પણ મેલવવા લાગા.

કાંમકાજની ઉલટપર જેમ વસાંણો લેવા માંડી, તેમ ખોદાની બખશેસથી જાતી ઉદીયોગ ચલાવીને, વેપારી તથા વાંહાંણવટીઓની* સંફમા સારી રવેશે બીરાજેઆ હતા; એટલુંજ નહીં પણ ખરી તવંગરી તથા બુજોરગી સામાછે, તે ઉપર મરહુમ માંકી સરાફના અહેવાલના તરીજા ફકરામા જણાવેઆ મુજબ સદા લક્ષ આપતા રહી જેવાં પગલાં પોતે ભરવા માંડેઆં, તેવીજ હાલતે પોંહચવા સારૂં પોતીકા સરવે સપુતરોનેબી શીખાડવામાં કાંઇજ કોતાઇ રાખી નોહતી; પછે જેમના કીસમતમા જેટલું હાંશેલ કરવાની સરજત હતી, તેટલું તેઓને પણ હાથ આવેઊ.

---

* "રાંમશે" નામનુ ટન ૩૮૩ વાલું એક વાંહાંણ બંધાવીને, પોતીકા મુરબીની મેહરબાનગીનો પાર આ શેઠે હાવી વફાદારીથી વાલેઓ હતો; અને તે બારકસ તેમની પાશે વેપારના કારણશાર ઇ૦ સને ૧૭૯૫ સુધી ફરતું માલુમ પડેઊછે. નો. લે.

આ મયાલુ દીલના શેઠીઆએ જેવી પીછાંણત સરવે વરણના વેપારીઓમા પરકાશી દેખાડી, તેવોજ લાગવગ સરકાર દરબાર સુધી રૂડી લાએકાતથી ચલાવીને તેઓનો ચાહબી પોતા તરફ ખેંચી લીધો હતો; અને એટલો બધો દરજ્જો વધારીઓ કે, કોઈબી મંડલીમા શેઠ ખરશેદજી માણેકજી વગર કાંમ આગલ ચાલી શકતુંતું નહીં.

પોતાની જીંદગીમા એક ઉકમાઈ જેવો અખતરો પઈસા ખરચીને પેહલ વેહલો નજરે જોઈ પરજાને દેખાડનારો ભાગ્યેગશાલી નર કહીજીએ તો, આ શેઠ શીવાએ બીજો કોઈજ ધેઆંનમાં આવી સખતો નથી. ય૦ ૧૧૮૫ માં પોતીકા ચોપાટીવાલા બંગલામા મી૦ ટાંમસ બાઈસ નામના એક અંગરેજની કોશેશ કાંમે લગડાવીને ગેઆસના દીવાથી ધોલા દીવસના જેવો ઝહલકાટ કરી દેખાડ્યો હતો; જે વખતની એક કેહવત રહેલીછે કે, આ શેઠની વાડી અંદર સાંચાની મદદથી વગર તેલના દીવા થયા હતા. આપણા શેહરમા ગેઆસની રેસની રસતે રસતે પેહલવેહલી મેલાઈ, તેની લગભગ ૫૦ વરસ આગમજ, તે વખતના લોકોએ જોએલી અજાએબી ઉપરથી કદાચજ ધારેઊં હોય કે, હાવો અખતરો પાછલથી સાધારણ થઈ પડશે.

ય૦ ૧૧૮૭ ના શેહરીવર મહીનાને હોરમજરોજથી, પારશી પંચાએતમા એક સાચા, સુંધા, અને સવતંતર અધીકારી થઈ બીરાજવા લાગા, તારથી તે ૧૨૦૫ ના શાળ સુધી શું ગરીબ કે તવંગર, બેરડ કે અશીલ, સરવેને સરખી આંખે જોઈ લોકોના ઘરગતુ મુકદમાઓ વાજેબીની રાહે ચુકવતા રહેઆ. જરથોસતી લોકો મોહોત પછવાડ વગર કારણે એક બીજાની દેખાદેખીથી અગણીત ખરચ કરતા જણાયા, તારે તે માઠો રેવાજ ચાલેઆને લીધે ઘણા ગરીબોને ફોકટમા તણાવું પડતું હતું; તેનુ દરદ હઈડે ધરીને ય૦ ૧૧૯૨ મા તેવા નીરઉપીયોગી ખરચના અટકાવ માટે સતા ભરેઓ એક કાએદો આ સાહેબે બાંધેઓ હતો; પણ જાણવાથી દલગીરી ઉપજેછે કે, તેવણની સાથે બેસનારાઓ માહેલા કેટલાક ચોગલાઓને તે કાંમ અણગમતું લાગેઊં, એટલુંજ નહીં પણ ઈનસાફની આડ વારમવાર હરકત નાખતાબી તેઓ જારે માલુમ પડ્યા, તારે અઠાર વરસવેર જાલવી રાખેલી પંચાએતની સાંમેલગીરીમાથી જોકે તેવન બેધડક નીકલી ગયા; તોપણ જેબી કોઈ આશેઆવંતા લોકો દાદ ચાહવા માટે તેમને દુઆરે જતા, તો તેઓને એક અધીકારી તરીકે નહીં, પણ ખાંનગી મીતર અથવા મુરબી દાખલ વાજેબી ઈનસાફ આપતા હતા. હાવા ધરમી કાંમો માટે આ નામવર શેઠની બુજોરગી ભરેલી કીરતીને હજીસુધી તેમના ગરીબ હમદીનો ભુલેલા જણાતા નહીં.

હમારી પાશે જેટલી યાદદાસત એખીતી થાએલીછે, તે ઉપરથી કહી સખીએચ, અને તે વખતના કોઈબી ભાગ્યેગશાલી સાહેબો હજીતક હઈઆત રહેલા હશે તેઓબી સાખશી આપશે કે, આ નામવર શેઠ ય૦ ૧૧૫૭ થી વેપાર વણજના વહીવટમા લાગુ પડીને ૧૧૯૭ મા ફારેગ થયા, તાંહાં તુલીક લગભગ ૪૦ વરસનો અવકાસ તેનાએ તેમા રોકેઓ હતો; અને તેપછેબી તેમનો એકાત

દાએકો ફુરસદમા પસાર થયો હોએ એવું જણાતું નથી; કેમકે મંડલીઓમા મોટી ઓલખાણને લીધે હરેકોઇનુ કાંઇને કાંઈ કાંમ આ સાહેબની મુનસફી ઉપર સપુરદ થયા કરતું હતું,-માટે મરણની ચાર અથવા પાંચ વરસ આગમજ એકાંત વાશો કરીને અમનો અમાન રહેઆ હોએ તો ભાએગે.

સરવે કોઇ એકમતથી કબુલ રાખતા આવેઆચ, અને તે વાતને સચાઇથી ખાલી નહીંજ સહમજવી જોઇએ કે, ઇનસાંન માંતર હરેક વાતની ખાંમી અથવા ખતાથી ભરેલું હોએછે; પણ શેઠ ખરશેદજી માંણેકજીમાં, પરોપકારી બુધીનાં ભલા ગુણ એવા હતા કે, જેથી કરી તેવી ઇઉગતીને પોતાની શોડ બનતાં સુધી આવવા દીધી નહીં. જારથી દુનીઆંનાં સનસારમાં તેવણ પરોટાવા લાગા, તારથી તે તેમની હઇઆતીનાં છેલા નુકતા સુધી આ પરીતી ભરેલા પરોહણા સાથે જે લોકોએ સંબંધ જોડઓ હતો, તેઓને મોહડેથી તારીફના સબદો સરખે આવાજે સાંભલવામા આવતા હતા; તો જોકે તેવણને સવરગવાશી થએઆને પાઅ સદીતો વહી ગઇછે, તો પણ તે વખતથી હઇઆતી પાંમતા આવેલા હાલનાં કેટલાક સાહેબોનાં જીગરમાં તેમની ખુબીનો પહજરાત હજી તક જારીજ રહેલો હશે; અને તેમાં આ નોધ લેનારબી એક ભાગીયો થવા માંગેચ, તે એટલાજ ઉપરથી કે તેનાં મરહુમ બપાવા તથા આ ભાએગસાલી નરની • વચે હોએલી મીતરાચારીના સંબંધમાં એક બાલક દાખલ પણ અછી સહમજ સખતી ધરાવીને તે શેઠીઆની પાશે જવા આવવાનો તેને સંજોગ બનતો હતો; એટલુંજ નહી પણ તે પછે ઇસવી સને ૧૮૨૮થી તે ૧૮૩૨ સુધી (તે પછીના વરશો તો મુસાફરીએ ભટકવામા ગુજરેઆને લીધે તેટલી મુલાકાત બંધ પડી હતી) એક નાંમીચા વકીલ મી॰ હેનરી વીલીએમ મોરીસની આફીસમાં શીખાઉ દાખલ રહેલો હતો, તે અરસામાબી આફીસનાં વડા કારભારીના ફરમાંવેઆ મુજબ કોઇ કોઇવાર કાંમકાજ સારૂં જારે આવજાવ થાતી, તારે વાત ચીતના દરમીઆંનમાં આ નેકનાંમ સાહેબની અતી ઘણી ખુબી ભરેઆ અમીરી ખવાસનાં કેટલાક દાખલા જે નજરે જોએઆચ, તેની સાખશીમા નીરભએથી કહીએચ કે, આ શેઠ ખરશેદજી માંણેકજી, મુફલેશોનાં મા બાપ, પરમાણીક લોકોના મીતર, લુછાઓનાં કટા વેરી, તથા અશૈકતોના મદદગાર થવામા ખરા બાહાધર હતા.

આ સાહેબે પોતાની કારકીરદીમાં ધરમના ઘણાંક છુપેઆં કાંમો કરી ગરીબોને સનતોશેઆ વીશે જે સાંભલવામા આવેલેચ, (જેની કશી વીગત મલી સખતી નથી) તે ઉપરથીબી અટકલવાને બનેચ કે, લોકોમાં મોટાઇ દેખાડવાની ઇતરાજી પણાને આ સાહેબ અસલથીજ પસંદ નહી કરતાં, ઓદાતાલાની પેદાએસ માહેલા કોઇબી ભાઇબંધને આસરો આપવામા પોતીકી ખાસ ફરજ સહમજી મુંગે મોહડે બનતી શેવા બજાવીને બેહસતનો તોશો એખતીઆર કરતા હતા. આ બાબેની વીગત જોકે હાથ આવી નથી, તો પણ એક જાહેર પુનવંતાં કાંમની ઇઆદગારી જે પરકાસતી રહીચ, તે એજકે જરથોસતી ફીરકાનાં

ઉપીયોગ માટે તેમનાં મરહુમ પીતાએ ચોપાટીમા સથાપેલાં આતસ આદરાંના સાહેબના કેબલાને કોટ ખાતે લાવવા માટે, પોતીકા અસલી ઘેરની પછવાડે એક અલાહેધું મકાંન બંધાવીને તાંહાં રોજ ૨૬ મો માહ ૨ જો શેહનસાહી સાલે ૧૧૮૬ ય૦ એ લાવી રાખેઆ, તારથી તે આજદનસુધી તે પવીતર કેબલો તાંહાં સલાંમત ઉભો રહીને દરરોજ શેંકડો જણાઓને દરસણ આપેછે. આ દરેમેહરનો ખરચ પોતાની હઈઆતી સુધી તો તેનાએ ચલાવેઓ હતો, પણ તે પછેથી ચંદરોકાલ સુધીના નીભાવસ માટે, સાંભલેઆ પરમાણે જે ઘરની અંદર તેમના ભતરીજા શેઠ ફરાંમજી બમનજી રેહછે, તે મીલંકત નોખી કાહડી ગયાચ, તે છતાં તેનો ઉપીયોગ માલેકની મરજી માફક થતો માલુમ પડતો નથી; માટે એ બાએનો કાંઈ ચોકસ બંદોબસત બંધ બેસાડવાની ફરજ આ મરહુમ શેઠના વારેશો તથા કેબલાના વહીવટદારોએ જરૂર અદા કરવી જોઇએછે.

જમાનાની ગીરદેશીના ફાંદામાથી કોઈબી સખસ જો બંચી શકેઓ હોત, તો આ શેઠીઆએ મેલવેલો દરવીય, જઇફીના વખતપર તેમની પાશેથી રૂખસત લઇને ચાલતો થતાં ખચીત અટકતે; પણ ભવીસની વલાણે જારે વકરવા માડેલી, તારે તેને તેવું બનવા દીધુંજ નહીં, અને તેમ થતાંબી મનને મોકલું રાખી ખરી મોટાઈ તથા બુજોરગીને શેવટની ઘડીસુધી જાલવવામા પોતાની જાતી બુધી સાથે ચંચલાઇ તથા ગંભીરાઇને પોતાની પાશેથી હરગેજ વેગલી રાખી નહીં.

વંસાવલીમા જણાવેઆ મુજબ આ શેઠને તાંહાં પાંચ દીકરાઓ જે અવતરેઆ હતા, તેમાથી તરીજા શેઠ હોરમજજી, બાપની પાંચેક વરસ આગમજ રોજ ૨૧ મો માહ ૪ થો શેહણસાહી સાલે ૧૨૦૯ ય૦ એ ગુજરી ગયા. આટલા સબબથી શેઠ ખરશેદજીનુ જીગર જોકે જખમીતો થયુંજ હતું, તોપણ બાકી રહેલાં પરીવારોને સારાં ઘેઆણથી સદા જોતા રેહવામા ૮૧ વરસની ઉપર ૧૦ મહીનાની મુસાફરી પુરી થયા પછે, ૧૧ મો મહીનો બેઠો તેજ દાહડે ય૦ ૧૨૧૪ ના ૮ મા મહીનાને ૧૨ મે રોજે, પોતાની તરફથી બજાવેલાં સારાં કાંમોની ઈઆદગારી, આકેબત નાસત પાંમનારી આ દુણીઆંમાં મેલીને હંમેસગીના રોસન બેહસતમા શીધારેઆ. આ બાએની ગંમ ભરેલી ખબર ગાંમમા જારે ચોમેર ફેલાઈ, તારે તે મરહુમ નરના અશો રવાંણની લાએકીને છાજતું છેલું માન આપવા સારૂં છેક હલકેથી તે વચલે અને પેહલે વાંગેના જરથોસતીઓની એટલી તો થઠ તેમને મકાંણે ભેગી થઇ હતી કે, ઘેરની બેહુ બાજુના મોહલાઓના એકથી તે બીજા નાકાંસુધોના રસતા ખીચોખીચ ભરાઈ રહેઆ હતા; અને તેવીજ થઠ તેમના સચકાર સાથેબી એક પાદશાહી દરજાને અનુસરતી સવારી અવલ મનજેલ પોંહચાડવા માટે શીધારી હતી.

આ મરહુમ શેઠના શોગનું વરણન તે વખતના બધાં દેશી તથા અંગરેજી વરતમાણ પતરોમા જે આવેલ હતું, તે બાએનું એક ચોપાંણીઉં જોતાં તેમા જુદી જુદી ઢપથી જણાવેલી એબારત બંદી સાથે સરખાવતાં આ હમારી નાકેસ કલમનું લખાંણ જોકે કાંઇજ વજનદાર ગણાતું નહીં, તોપણ સઘલું

તપાશેઆથી તેમના સારાં કાંમો ઉપર થએલી ઘટતી સ્તુતી સંબંધી સરવેની મતલબ એકની એકજ ઉતરેછે.

જાહોજલાલીમા પંકાઇ ગયલો આ શુરો નર અને ખરો જરથોસતી બંદગી ઉપર શદા સુસત રહીને, જીવતાંજીવત જેવી રૂડી બુધીથી પોતીકી કોમ ઉપર સરદારી ભોગવી માન મેલવતો હતો; તેવાજ હેતુથી તેમની હઇઆતી બાદ, એક સુંદર બાહવલાંની મારફતે આપણી વસતી માહેલી સઘલી વરણની પરજાને સારાં ધેઆંનથી સંભાલવા માટે આજ ચારેક વરસથી કાંઇક વધુ થયું, આ માહપુરૂસ પોસાગ પેહડી ઓઘીને ભોંઅખલા, નાગપાડા, બેલાશીસ તથા ડંકન-રોડ પર જવાના ઘોરી રસતાઓની વચોવચ એક ઊંચા મીનારા ઉપર ઘણીજ ગંભીરાઈ ભરેઆ ભપકાથી ઉભા રહી આલમને પોતાની પીછાણત આપેછે; એટલુંજ નહી પણ પોતાના કદમ નીચે ચાર બોરદુએ ગોઠવેલી પુતલીઓના મોહડાંમા આપેલી વાંસલીના આકારની નલીઓ વાટે ફુંવારામાથી ઉડતું નીરમલ પાંણી તેજ ઠેકાંણે પથરથી બાંધેલી હોજની અંદર જીહીલાઇને રાહદારીઓ ઉપરાંત તે તરફના રેહવાશીઓ વટીકની પેઆસને છીમાવેછે; માટે આ નામ-વરનું રવાંન તેમના પનોતા (નાઘલા) પુતર શેઠ માણેકજીની ભલી કોશેસથી રોસન બેહસતમા જેમ ખુશ રેહતું હશે, તેમ આ નીચલી કવીતાની કેહવત મુજબ એક ઉતમ ઇઆદી હજારો લોકોનો આશીરવાદ લેતી હીંઆં જેબ આપેછે.

રખસ ગયો હીંઆંથી રાખીને ઘાસ—કરમાએલું ફુલ જેમ આપેછે વાસ.

શેઠ ખરશેદજીની રૂડી વરતણુકનુ ટુક વરતાંત, તેમની ખતમ થાએલી જીંદગી સાથે હીંઆંજ પુરૂં કરતીવેલા થોડાક ખોલાસો નોઘી લઇએચ કે, જનમથી જોવાએલા ફાલ મુજબ આ મરહુમ શેઠનુ નામ ફારશીને કાએદે "ખુરસીદ" આવેલું હતું; જે શબદો માહેલા પેહલા "ખુર" નો અરથ સુરીય, અને છેલ્લા "સીદ" નો અરથ ઝહલકાટ કરી થાએછે; પણ ગુજરાતીમા તેટલા શબદો બોલતાં ટોછડાઇ જણાયાને લીધે, તેને છેડે "જી" નો એક હરફ વધા-રીને બોરસેદજી રાખેલું, પછે તેના આસતે આસતે ગુજરાતીમા ખરશેદજી, અને અંગરેજીમા કરશેટજીના ઉચારથી વપરાતું રહેલું છે.

આ શેઠનુ મુબારક નામ જે રોસની જેવું ઝહલકાટ પાંમતું હતું, તેવાંજ તેનાએ સવતંતરપણે બજાવેલાં કાંમોની વીગેસ યાદી હમારે હાથ નહીં આવેઆને લીધે, હાવા પરોપકારી શેઠીઆની જીંદગીનો અહેવાલ સંમપુરન થએલો કેહવાઇ સખાતો નહીં.

હવે ખુરસીદના કીરણમાથી એક અનમુલું માણેક (જેને ઇઆકુત અથવા લાલ કરીબી કેહવામા આવેછે) જે પરકાશી નીકલેલુંચ, તેની પરખ કરવાનુ કામ પરજાની શાનમુખ ધરતી વેલા ચાહીએચ કે, જે ખરો ઝહવેરી હશે તે તેની સાચી કીંમત આંકેઆ વના રેહશેજ નહીં.

શેઠ માણેકજી ખરશેદજી સરાફ.

અફ્રીકમાથી હીરકણી, ને પુંડે આવેગેં લાલ,
જનમ આપતાં માબાપોએ, જોયો રૂડો ફાલ.
હકીકત જેની ઉતપંતીની, રહેલી નથી છાંની,
ખરી વાતની યાદી લેતાં, નથી કેહતા કાંહાંણી.
તવંગરી જેણે પધશે નહીં, પણ મેલવીચ વીદેઆથી,
હોરમત ન જોઈ વરસમા, પણ બુધી ભીદેઆથી.
અંતકરણથી એ વાતોનો, ગોખી રાખેઓ કલાંમ,
હેવાજ નરની હીંમત ઉપર, પોંહચે સઉની સલામ.

માફી સરાફના મુલમાથી ઉતપન પાંમેલી ઘણીક ડાહાલીઓ જે વંશાવલીની હારમા દાખલ થઈછે, તે માહેલા શેઠ ખરશેદજીના સરવેથી આ નાથલા દીકરા સંસારની સરજત એખતેઆર કીધા પછે, પગતી પગતી ચહડીને છેક નાંખલી દેવાંની અદાલત (જે સ્માલકાઝ કોરટ કેહવાએચ) મા બીજા નેયાયાધીસની પવીતર ખુરશી ઉપર ઘણા વરશો સુધી બીરાજીને, તાંહાંથી હોરમત સહીત હવડેજ પરવાર પાંમીને બેઠા મુસારાપર આસાએસ લેતા જણાએછે; તેનાની જીંદેગીના અહેવાલ ઉપર રજુ થયા આગમજ તેમનો જનમ દીવસ જણાવીએચ કે, રોજ ૯ મો માહા ૬ ઠો શેહનશાહી શાલે ૧૧૭૭ ય૦ નુ સુભ મહુરત લઈને તે જગત કીરતારની બખશેસથી આ દુનીઆમા ઘટતી ફરજ અદા કરવા સારૂં સવતંતરપણાની હીંમત સાથે અવતરેલા માલુમ પડેછે.

કેટલાક અનુભવી સાહેબોને મોહડેથી એવું સાંભલવામા આવેગેંચ, અને પણોતા પુતની પરખબી તાંહાંથીજ જણાઈછે કે, આગલા વખતમાં લોકોના છઈઆંવો બાલ અવસથાને વીખરવા દઈ જેમ ખફેરી રમત તથા તોફાંન મસતીમા વખત ગુજારતા હતા; તેહવા અનઘટતા રેવાજથી શેઠ માણેકજી ઉલટોજ ખવાસ રાખતા હતા. જારે કેળવણી લેવા લાએકના થયા, તારે તેમના નેક પીતાએ પેહલવેહલા ય૦ ૧૧૮૯ માં સમે પરમાંણે ચાલતી પાઠશાળાને સપુરદ કરી દીધા; જાંહાં કેહચ કે, સાવધ મનને ઉતેજનનુ વલાંણ આપી વીદેઆના અભેઆસમાં મસગુલ રહેઆ; અને જેમ જેમ ઊંમરે વધતા ગયા તેમ બીજી રીતના આડા અટારા લાડમા વખત ગુમાવેઆ કરતાં, એલમનોજ ભંડોલ સંઘરવા ઉપર પોતાનુ નીરમલ ધેઆંણ રોકવા લાગા; એટલુંજ નહીં પણ પોતાના માંનવંતા બુજોરગ પીતાને મોટે વાંધેના. યુરોપીઅન અમલદારો તથા સઘલી વરણના ગાંમઠી ગરહસથો સંગાથે હોએલી મીતરાચારીનો લાભ મેલવીને, જાતી ચનચલાઇમા એટલો તો વધારો કરી લીધો કે, તે વખતના વાવેલાં બીઇનુ રૂડું ફલ ચાખવા માટે આજ દીન તુલીક સઘલી પરકારની લાએકાત તેવણ ધરાવેછે.

ઈંગરેજી જુબાંન બોલવામા એવણની લઢણ અસલથીજ અંગરેજોને મલતી જે જાહેર થએલીછે, તે હીંઆંસુધી કે કોક સાથે હરેક આડે રહીને તેવન જો વાત કરતા હોએ તો, અજાંણેઓ સખસ એમજ સહમજે કે બે અંગરેજો વાત કરેછે; અને જારે તેમની નજર પડે તારે તો તે અચરત પાંમેઆવનાં રેહજ નહીં. હમો કબુલ કરીએચ કે આ સાહેબનાં કરતાં અંગરેજી એલમ વધારે જાંણનારા બીજા ઘણાંબી ગાંમઠી ગરહસથો હાલ મોજુદછે; તોપણ બોલવાની ઉપલી લઢણમાં તેમની બરોબર કોઈબી ઉતરી સકેઓ હોએ તે વાતમાં હજીસુધી સંધે રહેલોછે; અને તે ઉપરાંત એ જુબાંન લખવામાબી તેમની સખતી કોઇ રીતે ઓછી જણાતી નથી. જેઓ સંગાથે એવણને કાગલ પતરેનો વેહવાર ચાલેલોછે, તેમાં સરવે લોકોએ એકીજ આવાજે તેવણની કાબેલીએતની અસ્છી પીછાંન કીધેલીછે; અને તે બાબેના ચોપાંનીઆંઓબી જેઓએ વાંચેઆં હશે તેઓને તેમાંથી માલુમ પરેઊંજ હશે, એટલુંજ નહીં પણ હવડાં જેવા સાહેબોને વાતચીતનો સંબંધ તેમની સાથે જોડાએલોછે, તેઓથીબી એવોજ અભીપરાએ મલતો રેહછે, માટે એ બાબે વધુ સરેહ કરવાની કશી અગત જોતા નથી.

આ શેઠીઆની કાબેલીઅતનુ ટુક વરણન આપેઆ પછે, જારથી તેવન પરજા ઉપીઓગી બાબદોમા પલોટાઈને જાહેર મંડલીઓથી માન મેલવતા રહેઆ, તેની ઈઆદી જેમ હાથ આવીચ, તેમ હીંઆં નોંધી લઇએછે.

પારશી કોમમા વારસા હીસાની વેંહચણી કરવાના ચોકસ કાએદા પરથમ નહી હોએઆને લીધે, કુટંબીઓ વચેના જઘડા વારંમવાર કોરટે ચહડતાં લોકોની દોલતનો ખરાબો થાએ, તેના અટકાવ સારૂં સતાવાલાઓની ભલાંમણ ધેઆનમા રાખીને, તે વખતની પંચાએતના અકાબરો ખારા ધારો બંધાવી મંગાવવાની ગોઠવણ કરવા હંમેશાં ભેગા થતા હતા; પણ મત ફેર પડઆને લીધે તે માહેલા વડા અકાબર મરહુમ શેઠ ફરાંમજી કાવસજી બનાજીએ, એક ખરડો કરીને જારે પંચાએત તરફથી કલકતે મોકલાવેઓ, તારે તેની સામને બીજો ખરડો તેજ મંડલી માહેલા શેઠ વીકાજી મેહરજી તારાપોરવાલાએ ઘડીને તાંહાં જુદો રવાને કીધો. એકજ મંડલીના અકાબરો પાશેથી ગએલા દસતાવેજોની બીના એકબીજાને આડે આવતી જોઈને, આ શેઠ માણેકજીએ ઈ૦ સને ૧૮૩૭ ના એપરેલની ૧૨ મી તારીખે મજબુત દાખલા દલીલથી તકરાર ઉઠાવીને તે બાબેનો મુશદો છેક કલકતાની ધારા બાંધનારી સભામા પોંહચાડેઓ; અને તે દાહડાથી આ શેઠ જાહેરમા આવતા જણાયા. પંચાતના અકાબરો તરફથી એક મતનુ લખાણ નહીં ગએઆ ઉપરથી સતાવાલાઓએ તેને રદ કરી અંગરેજી કાનુન મુજબ પણ થોડાક ફેરફાર સાથે એક કાયદો બાંધીને ધારાના આકારમા જે પરસીધ કીધો, તેમા ઘણાખરા વીચારો આ શેઠના અંતે પેસ પડઆ હતા.

માંડવીખાતાંમા માહશુલ હુઘડાવનારના હાથ હેઠલ, વગર સનદી અમલદારનો સરકારી માન ભરેલો એઓ, સરવેથી પેહલવેહલો આ ગરહસથને

તા૦ ૫ મી ફેબરવારી ૧૮૩૮ ઈશવીએ દર મહીને રૂ૨૫૦ ના પગારથી મલ્યો; અને તે બજાવવાસારૂં મરાજેદ બંદર ખાતે જઈ બેઠા હતા. સાતેક વરસ તાંહાં ગુજારેઆ પછે, ૧૮૪૫ ના જુલાઈથી તેવોજ ઓધો બજાવવા માટે કોટની માંડવીના નીકાશખાતાં ઉપર બીરાજવા લાગા. એ અરસામા રૂઉની અયાત તથા નીકાસમા ઘણી ઘાલમેલ જે ચાલતી હતી તેના, તથા બીજી કેટલીક બાબદનાં સુધારા ઉપર એનાએ પુરતું ધેઆંન આપીને ચોરીના અટકાવ માટે પોતાના વડા ઉપર કેટલીક ખોલાસો લખી મોકલાવેઓ હતો; જે ઉપર તતકાલ લક્ષ અપાએઉં હોતતો સંધે નોહતો કે સરકારની ઉપજમાં અતી વધારો થાતે; એટલુંજ નહીં પણ ચાલતાં કાવતરાંબી સદનતર અટકી પડેઆથી બીજા કેટલાક સુધા વેપારીઓને ફાએદો મલતે; પણ તેહવો રૂડો મારગ માઠાં ભાએગે કોઈને ન સુજેઆથી ચોરીના કાંમમાં વીશેસ ઉલટપાલટ થવા માંડી તારે આ નીરદોશ અને સુધા અમલદાર ઉપર તે ખાતાંનાં વડાએ સરકારમાં ફરીઆદ લખીને ઓધો બજાવેઆમા ગફલતી કીધાનો અનેઆ મેલઓ; જે બીલકુલ નામનજુર રાખવામા આ હીંમતવાન અમલદારે ખરી બાહાદુરીથી તે બાબેન માકુલ દાખલા દલીલ સાથે ઘટતો ખોલાસો કરીને સરકાર પાસેથી વાજેબી ઈનસાફ ચાહેઓ, પણ બીચારાને તે દાહાડાની સરજતથી તે ઉપર કસુંએ ધેઆન આપેઆવના ૫ મી એપરેલ ૧૮૪૭ ની તરીખે સતા ભરેઓ કાગલ લખીને તેમની પાસેથી સરકારે ઓધો છીનવી લીધો; જે ઉપરથી પોતાના નીરદોશપણાંની સાબેતીમાં છપાવેલાં ચોપાંનીઆંની નકલો ઓલખાંણવાલાઓ વચે વેહચીને તે બાબેની ફરીઆદનો વાજબી પોકારો છેક વેલાત સુધી આ ચંચલ જેહેનનાં અમલદારે ઉઠાવેઓ હતો; તે વાતથી તો અલબતાં ઘણા સાહેબો વાકેફ હશે. આવા પોકારથી તાંહાંવાલા ગાંમઠીઓનું ભલું ઈછનારાઓએ વાજબીની રાહે ઈનસાફ આપી, તેવણને માંથે અદેખાઈથી ચોટેલું ઉપલું બોહતાંન સફાઈ કરી દીધું એટલુંજ નહીં પણ તે વખતના નામદાર ગવરનર કલારકની ડાહી સરકારે તેવણની ચાકરીની કદર બુજીને ચહડતે દરજ્જેનો કોઈ ઓધો બખસવાની કબુલાતબી જણાવી હતી; જે વીશે હવે પછે લખેઆમા આવશે.

આ ગરહસથના કાબેલીએતપણાની કદર બુજીને, શેહરના મોહભાદાર શેઠીઆઓ નામે ફરાંમજી કાવસજી બનાજી, નવરોજજી જમશેદજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, જાંગીર નશરવાંનજી વાડીઆ, બમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી કાવસજી બનાજી, તથા દાદાભાઈ પેસતનજી વાડીઆ, એઓએ સફકતની રાહે માજી સુપરીમ કોરટના વડા સરીફ ઉપર તા૦ ૫ મી એપરેલ ૧૮૩૯ ઈશવીએ કાગલ લખી તેનાનું નામ ગરાંડજુરીના અધીકારીઓની ટીપમા દાખલ કરાવેઉં હતું; અને તેનીજ ખુબીથી આ શેઠ તે પછે જુજ વખતમા સુલેહના અમલદારોની સંફમા બીરાજીને તેનું માન આજ દન સુધી હોરમત સાથે જાલવી રાખેલું જણાએછે.

રાએલ એશીઆટીક સોસાઈટી ખાતાંની શાખામંડલીમા આ ચંચલ ગરહસથને એક અધીકારી થેડવવાની પેહલવેહલી દરખાસત, તે મંડલીના માનવંતા

અંગરેજ અધીકારીઓ તા૰ ૧ લી ફેબરવારી ૧૮૩૪ ઇરાવીએ સભાની હજુર લાવેઆ હતા; પણ કોઇખાં ગાંમઠીને દાખલ નહીં કરુવાના એરાદાથી તેની વીરધ મત પડઆને લીધે અરજદારોની ઇચ્છા અકારત ગઈ. આ બાબેની ખબર જારે લંડન પોંહતી, તારે તાંહાંની વડી સભાએ વાજેબીની રાહે હાવા કાબેલ શેઠીઆને મોટાં માનથી કબુલ રાખીને, તા૰ ૧૭ મી જાંનેવારી ૧૮૩૫ ની તેરીખે સરવે સભાસદોએ એકમતથી આ શેઠનુ મુબારક નામ ગેરહાજર રહેલા અધીકારી તરીકે દાખલ કીધું; અને તે દાખલો પકડીને તારપછે હીંઆંની શાખામંડલીએ પણ તા૰ ૨૯ મી જાંનેવારી ૧૮૪૦ ઇરાવીએ શેઠ માણેકજીને મોઠી ખુશીથી બાહાલ રાખેઆ. આવી માહભારત મંડલીની અંદર દેશી ગરહસથોમા આ શેઠ પેહલવેહલા આંમેજ થયા, તારથી તે આજ દન સુધી તે નામીચી સભામા સોભાવંતો દરજ્જો સાચવતા દેખાએછે.

આ ગરહસથ માંડવી ખાતાંના અમલપર હતા, તે વખતે સરકાર પાશેથી રજા મેલવીને ૧૮૪૧ ના મારચની ૧ લી તારીખે પેહલવેહલા જારે વેલાત શીધારેઆ, તારે તે વખતના નામદાર ગવરનર સર જેમસ રીવેટ કેઆરનાકે નામદાર કોરટ આવ ડાએરેકટરના વડા ઉપર ભલાંમનનો પતર જે લખી આપેઓ હતો, તેની ખુબીથી કેટલાક વગવાલા ઊંમરાઓ સાથે આ શેઠને મીતરાચારીની અતીઘણી મોહબત બંધાઈ હતી; અને વલી હાવા હુનરમંદ મુલુકમા ગયાથી પોતીકા અનુભવમા વીશેસ હુંમેરો મેલવવાનુ બની આવેઉં હતું. માંડવી ખાતાંમા વેપારીઓના કાંમને જે સગવડ કરી આપતા હતા, તેનો હેતુ ઇછીને મુંબઈના કેટલાક વેપારીઓ તથા વાંહાંણવટીઓ મલી દોહોડસોથી વધારે શખસોએ (જેમા ૯૧ હીંદુ, ૪૨ મહમદીઅનો, તથા ૨૬ પારશીઓ હતા.) એક સુભાખીત માનપતરની ભેટ રવાનગી ટાંકણે આપી હતી. વેલાત ખાતે સહી સલાંમત પોંહતા પછે, બોરડ આવ કનતરોલના વડાએ આપણી નામદાર માહરાંણી સાથે સેંટ જેમસ મેહલમા આ શેઠની મુલાકાત કરાવી હતી અને તે ભેટ માહરાંણીએ મેહરબાન દીલથી લીધી હતી.

અબલાજાદીઓના જીગરમા અંગરેજી વીદઆ પેસાડવાની પેહલવેહલી ઉલટ આ ગરહસથે રાખેઆ મુજબ, વેલાતથી પાછા આવેઆ પછે ૧૮૪૨ મા પોતીકા મરહુમ ભાઇ હોરમજજીની દીકરીને મીસતરીસ ઉઆરડ નામની સદગુણી લેડીના સવાધીનમા સોંફી હતી; અને તેની બીજે વરશે પોતાની દીકરીઓને મીસ બરટન નામની આબરૂદાર લેડીના શીક્ષકપણા હેઠલ કેળવણી અપાવવા લાગા. હાવાં કામને જાહેરના ઉપીયોગમા લાવવા માટે, એક સ્કુલ ઉભી કરવાની ઇચ્છા આ શેઠના જીગરમા એજ વરસથી ભમતી રહેલી હતી; અને તે વખત જોકે તેમના વડા પુતર મી૰ હીરાજીના રોજ ૮ મો માહ ૧૦ મો શેહનસાહી શાલે ૧૨૩૨ ય૰ એ ગુજરી ગયાથી ઘણો કહવંગો આવેઓ, તોપણ ઉપજેલાં દુખને સંતોસથી સહન કરતાં તેમના ઉઠમનાને દાહાડે કેટલાક મીતરોની મસલતથી બાલકીઓની તરબીએત સંબંધી ઉપીયોગી કાંમના આરંભ માટે આ શેઠે પેહલવેહલાં રૂ ૪૦૦૦ ભરીને, જાહેરના હુધરાતથી કુલ રૂપીઅ

૯૦,૫૦૦ ની એક મજબુત થાપણ તતકાલ જમાવી લીધી હતી. સ્ત્રી કેળવણીની વાતો જારે આપણી તરફ અંધારામાં હતી, તારે કેહચ કે એકાત બે સરીમંત શેઠીઆઓને* તાંહાંની દીકરીઓ અંગરેજનના સવાધોનમા રહીને થોડીક કેળવની જે પાંમતી હતી, તેખી આ ગરહસથનીજ કોશેસથી હોએ એવું ધારેઆ છતાં તેણીઓનો અભેઆસ આગલ વધેલો જણાયોજ નોહતો; પણ આ શેઠીઆએ તો ઘણી બાલકીઓને પાહવરદી કરવાની કાલજી રાખેલી, તેથી ઉપલી થાપણને આધારે ઇ૦ સને ૧૮૬૩ ના જુલાઇ મહીનાથી "અલેકઝાનદરા નેટીવ ગેઆરલસ ઈંગલીસ સ્કુલ" પોતાની આગેવાંની હેઠલ† ઉભી કીધી; અને તે વાતને આજે એક દાએકો પસાર થઈ ચુકોછે. આટલા વખતની વચે હાવાં સુભ કાંમની સાંમણે જેમ ખાનગી તેમજ જાહેરમા જેટલી ચરચાઓ ચાલી હતી, તે ઉપર ટીકા કરવાનુ હમો કાંઈ ચાહતા નહીં; મગર તેનુ પરીણામ જે રૂડીપેરે પાર ઉતરતું દેખાએચ, તે બાબે ૧૮૭૨ ના ડીજેમબરની ૧૬ મી તારીખે પરેલ ખાતે "લવજી કેઆસટલ" મા એ સ્કુલની શીખેલી છોકરીઓને ઇનામ વેંહચી આપવાની જે રાંમસની ભરેલી કીરીઆ અંગરેજ, હીંદુ, અને પારશી મરદો તથા સ્ત્રીઓ મલી ૨૦૦ થી વધારે આસાંમીઓની હજુર થઇ તેની યાદી અતરે નોધી લઇએછે. એ શીખસકશાળાના મુનશી ડાકટર ધીરજરાંમ દલપતરાંમે જે રીપોરટ જાહેરમા વાંચી સંભલાવેઓ, તે મુજબ સ્કુલ સથાપવામા આવી તારથી તે છેલ્લી તેરીખ સુધી સઘલી મલીને ૧૬૧ છોકરીઓ તેમા દાખલ થઇઓ હતી; જેમાથી તેટલાજ અરસામા ૮૯ છોકરીઓએ નીશાળ છોડી, (ધારેઆમેલ શીખી રહેઆથી હશે) તે હસાબે ૭૨ જનીઓએ ઉપલે ટેકાંણે હાજરી આપી હતી; એ મીજલેસની અંદર થએલાં સુભાખીત ભાસાંનોમા રેવરેંડ ડાકટર જાન વીલસનનાજ વીચારો નોધી લેવા જોગ જણાએચ કે, "આ (કેળવની) ખાતાંએ જેમ હીંદુસતાંનમા તેમજ "યુરોપમાબી સારો આસરો મેલવેઓછે; અને તેથી કરી એ ખાતું આજે એક "ખુસનોમા બાગની‡ મીસાલે ખીલેલું દેખાએછે; કારણ કે તેને જનમ આપ- "નારા પીતા (શેઠ માણેકજી) ની માન પાંમેલી મેહનતથી નીચે જણાવેલા "નામીચા નર તથા નારીઓ પાશેથી આસરો મેલવવામા ભાગ્યેગરાલી ગણા- "એછે; જેમા:—

* તેમા એકતો શેઠ કરાંમજી કાવસજી બનાજીની નાંધલી બેઠી મરહુમ પીરોજબાઇ માલુમ પડેઆંછે, પણ બીજા શેઠીઆનુ તથા તેમની દીકરીનુ નામ જણાયું નથી. નો. લે.

† હેવીજ કીસમની એક ખાંનગી સ્કુલ સાંભલેઆ પરમાણે આ શેઠને રેહવાના "વીલા ભોંએખલ્લા" વાલા બંગલા અંદર ઇ૦ સને ૧૮૬૦ થી ચાલુ કીધામા આવી હતી. નો. લે.

‡ એ કારણ માટેની થાપણ જે ઘટી પડીચ, તેને વધારીને ખરચ પુરતી ઉપજ થાએ તેટલી સંખીઆપર જારે પાછી મેલાએ તારેજ તે આબાદી હાલતમા આવેલી ગણાએ. નો. લે.

નામદાર પરીનસ તથા પરીનશેસ આવ વેલસ.
પુરૂશીઆ તથા ગરેટ બરીટેનની સાહજાદી.
સાહજાદી લુઇસા.
ડચેસ આવ કેમબરીજ.
સાહજાદી મેરી.
ડચેસ આવ ટેક.
ડચેસ આવ ઇનવરનેસ.
રાંણી સુજીની.
ડચેસ આવ સાકસકોબરગ.
ડચેસ આવ આલડનબરો.
લારડ લારનસ.
લારડ મેઓ (મરણ પાંમેઓછે.)
લારડ નારથબરૂક.
ડીઉક આવ એડીનબરો.
માહરાજા દુલીપસીંગ.
ડીઉક આવ વેલીંગટન.
કછના રાવ.
કુપરથલ્લાના રાજા.
જામખંડીના રાજા તથા રાંણી.
ધરાંગધરાના રાજા.
જુનાઘઢના નવાબ.
સર બારટલ ફ્રીઅર.
સર સીમોર ફીટઝરલડ.
અને તે વગેરે બીજા ઘણાક ગરહસથો.

હાવો માહભારત આસરો પાંમેલું એક કેલવણી ખાતું લોકોનું ધેઆંન જેટલું ખેંચે તેટલું થોડુંજ કેહવાએ. એની થોડીક નબલી હાલતના વખતમા સરકારી નારમલ સ્કુલને તેમા જોડી લીધા ઉપરથી એટલીજ ખુશી ઉપજેછે કે, તેથી આ ખાતાંને હવે ફાએદોજ હાંશેલ થશે.

આગલ જણાવેઆ પરમાણે નામદાર ગવરનરે આપેલી કબુલાત પુરી પાડવાનો જારે વખત આવેઓ, તારે ૬૦ સને ૧૮૪૭ ના મે મહીનાથી "કોરટ આવ રીકુએસટ" યાને તે વખતપર કેહવાતી નાધલા મેમ્બરની આફીસ ખાતે હલકી રકમના દેવાંની મુકદમા ચુકવવા માટે કાંમ ચલાઉ કમીસનરની જગેઆ સોંફી, જે માંડવીના ઓહધા કરતાં અલબતાં ચહડતે દરજ્જેની કેહવાઈ હતી. એ ઇનસાફી ખાતાંપર દર અથવાડીઆમા બેવાર મુકદમાઓ ચુકવવા સારૂં આ શેઠને હાજર રેહેવું પડતું હતું, અને બાકી દીવશો પોતાના અનુભવને વીશેસ અભેઆસમા રોકવા લાગા. ઇનસાફના કાંમમા સરકારની પુર ખાતેરી જારે થઈ, તારે ૧૮૪૮ ના ફેબરવારીથી તે જગેઆ ઉપર આ શેઠને કાએમના ખાસ ઓહધેદાર તરીકે ગોઠવી બેસાડયા; અને તે ઉપરાંત ધારાની પુખત માહીતી હાંશેલ કીધાથી, સદર અદાલતને તાએબાની મુફશીલ કોરટોમા વકીલની એક પદવીબી સરકારની મેહરબાંનીથી તેનાએ મેલવી લીધી હતી.

ઇનસાંનને જો સઘલી વાતનું સુખ સાંમટુંજ મલતું હોતતો દુનીઆં અંદર તે સમાઇ સખત નહીં, પણ કુદરતે તેમાં અતાર લગે કોઇનેબી ફાવવા નહીંજ દીધાથી તે કીરતારનું માંહ ગનેઆંન માલુમ પડેછે; અને જેટલું તેને બખશેલું હોએ તેટલુંજ હાંશેલ કરી જે ધણી સંતોશ પકડી બેશે, તે જેહવો ડાહેઓ પુરસ બીજો કોઇજ નહીં કેહવાએ. હાવી સહમજ 'સખતીના વરગમાં શેઠ માણેકજીને જે મેલવા ચાહીએચ, તે એટલાજ ઉપરથી કે એવણને સંસાર તથા સંપજનું સદા સુખ આપનારી તેમની પતીવરતા મોહરદાર રોજ ૨૩ મો માહ ૧૦ મો શાલે ૧૨૧૮ ય૦ ને રોજે થોડીક માંદગી ભોગવીને બેહસતનશીન

થયાં, તેના જખમનો જરબ પોતાની છાતીમાં ચોબાવેઆ પછે તે મરહુમ બાઈના નામ લેનામા બખશેસ થએલાં છઈઆંઓના પરીતી ભરેઆ એખ- લાસ ઉપર શેવટની ઘડીસુધી સબુરી પકડી બેસવાની ધારનાથી આજ દન તુલીક નીતી સાચવીને રહેઆચ, તેમાં તેનાએ ખરેખરી રૂડી બુધી વાપરેલી વખણાએછે.

અમદાવાદની કોટવાલી ખાતાંના માજી ફોજદાર મી° હીરાલાલ ગોવર- ધનદાસને, બે સખશો પાશેથી રૂ ૧૪૮૦ ઉપરાંત સોનાંની એક સાંકલી લાંચ દાખલ લીધાનાં અપરાધસર તાંહાંના શેસન જડજે પાંચ વરસના કેદખાંનાની સજા કીધી હતી; અને તે ઉપરાંત એવીજ કીસમના બીજા ઘણાક મુકદમાં તેની સાંમણે ઉભા થએલા હતા; પણ તે સઘલા અનેઆએ વીશે સાંભળવા પરમાણે તે બીચારો તદન અણજાંણેઓ હતો; માટે તેના સંભાલ સારૂં આ શુરા વકીલે તેની તરફથી મુખતેઆરનાંમુ મેલવી લીધા પછે; મુંબઈની સદર ફોજ- દારી અદાલતમા અપીલ કરીને, ધારાની રૂહુએ ઘણીજ પુખત કાબેલીએત વાપડી તકરાર લડેઆ હતા; જેની કેફીએતના છપાએલાં ચોપાંનીઆંથી એક જીવતી સાખશી જે મલીચ, તે ઉપરથી કેહવાને બની આવેચ કે, પરથમના બે અપરાધસર થએલી કેદખાંનેની શીખસા, મોઠી અદાલત પાશેથી ઈનસાફની રાહે તદન રદ કરાવીને તા° ૨૯ મી સપટેમબર ૧૮૪૯ ની તેરીએ તેને છોડી મેલાવેઓ હતો; અને બાકીના અનેઆંની સાંમણે પણ તેવીજ બાહોશી સાથે લડત કરીને ૧૮૫° ના સપટેમબરની ૩° મી તારીએ તે ઉપરના સઘલા વાંકની સફાઈ કરી આપેઆ પછે, તેની આગલી ફોજદારી નોકરી ઉપરબી પાછો રખાવેઆ વીશેનું કાંમ તેનાએ સરનજાંમ ઉતારેલુ સંભલાએછે.

કોરટ આવ રીકુએસટ તથા સ્માલકાઝ કોરટ (જે નાધલા તથા મોટા મેઅ- રની ઈનસાફી ખાતાંની જગેઆ) એ બેહુને જોડી નાખી તેની એકજ "સ્માલ- કાઝ કોરટ" મોટા પાયાપર સ્થાપીને તા° ૧૧ મી મારચ ૧૮૫૨ ઇરાવાથી ચાલુ કીધાને લીધે, પેહલી કોરટમાથી એવણની બેઠક જારે નીકલી ગઈ, તારે નામ- દાર સરકારે, એક વરસના પગારમા રૂ ૬,૦૦૦ આપીને રાજી કીધા; અને તે પછે કોઇ ખાલી પડતી સારી જગેઆ ઉપર ગોઠવી બેસાડવાની કબુલાત દીધી હતી.

મુંબઈમા અંગરેજી અમલ શરૂ થયો તારથી સેહરના વડા સરીફનો ઓહદો જે અંગરેજ લોકોનેજ અપાતો આવેએછે, તેમા પોતાનો નશીબો મેલવી લેનારા દેશી ગરહસથોમા પેહલવેહલા કોઈ નહીં પણ આ માનવંતા શેઠ માણે- કજી માલુમ પડેઆછે; અને તેમની લાએકી મુજબ નામદાર સરકારે સફકતની રાહે ૧૮૫૬ ના શાલનો હાઈ સરીફ તેનાને બનાવેઓ; અને તે ઓહદો રૂડી વરત- ણુકથી બજાવતાં પાંચ મહીના પસાર કીધા, તેટલાં તેજ શાલના મેની ૨૯ મી તેરીએ નવી "સ્માલકાઝ કોરટ" મા તરીજા નેયાયાધીસની પવીતર જગેઆ તેણાને એનાએત થઈ. આ માન ભરેઆ મોટા અમલપર આવેઆને લીધે સરીફની જગેઆ તેણાને છોડવાની ફરજ પડી, અને તે ઓહદો મેજર પારકી- નસના સવાધીનમા સોંફાયો હતો. એ કોરટના બીજા નેયાયાધીસ મી° જાન-

સનની ગેરહાજરીમા તેની જગેઆ ઉપર ૭ મી ડીસેમબર ૧૮૬૩ ની તેરીખથી બીરાજતા રહીને કામ ચલાઉ બીજા નેયાયાધીસનો ઓહદો થોડુંક સુધી સાચવેઓ હતો.

આ શેઠને વેલાતની ઉપર એટલી તો મમતા બેઠી કે, એકવાર તે તરફ જઇ આવેઆ છતાં પોતીકા ઓહદો ઉપરથી થોડાક મહીનાની રજા મેલવીને બીજીવાર તા૦ ૨૯ મી એપરેલ ૧૮૬૨ ઇશિવીએ શીધારેઆ હતા; અને તેહવે સમે પોતીકી બે બેટીઓ નામે આઇમાએ તથા શીરીનબાંનુ ઉપરાંત મી૦ ખરશેદજી તથા ઝાંગીર નામના દીકરાઓને પણ તાંહાંની રચના દેખાડવા માટે સાથે લેઈ ગયા હતા. આ અબલાજાદીઓ જારે નામદાર રાંણીના દરસણ માટે ગઇઓ, તારે તે માનવંતી મલીકાએ, મોટી મોહબતની રાહે તેઓની મુલાકાત લઇને રાજધાણીના શેહરમા પારસણો પધારતી થઇ, તે બાબે ખુશી દીલથી મુબારકબાદી કહી સંભલાવી હતી. આ બેપે શેઠ માણેકજી પાંચેક મહીના ગુજારેઆ પછે પોતીકા બે દીકરાઓને ઉંચે દરજ્જેની કેળવણી લેવા માટે તાંહાંજ રાખીને બે દીકરીઓ સહીત તા૦ ૨૮ મી અકટોબરે અતરે સહી સલાંમત આવી પોંહતા હતા.

આ નર તે ખરેખરો ભાગ્યેગશાલીજ ગણાયોછે, કારણ કે ૧૮૬૩ ના વરસને માટે હાઈ સરીફની જગેઆ ઉપર નામદાર સરકારે તેણાને જે ચુંઠી કાહાડેઓ, તે નેમણુક બીજીવારની માલુમ પડી હતી.

સવતંતરપણામા સમાએલા આ નીતીવાન નેઆધીસના રૂડા આચારની વીરૂધ, અદેખાઈની આંખથી જોનારાઓને સકતમા સકત વીશેરાણો લાગતાં જેટલો ઠપકો પોંહચે, તેટલો થોડાજ ગણાએ; પણ આ નોધ કાંઈ ખચીત કરી તેહવી અંડફાટા ચલાવવા સારૂં બનતી નથી, માટે જે બીના આબેહુબ નીપજેલી જણાઇચ, તેજ માતરે એક ઇઆદી તરીકે હીંઆ દાખલ કરીએછે કે, આ સાહેબની હજુર કોઈ રાંમનાથ મગણીરામ નામના મારવાડી, જી. આઈ. પી. રેલવે કુંપની ઉપર કાપડની એકાત ગાંસડી ઓછી હવાલે આપવાનું દામ ભરી લેવા બાબેનો મુકદમો ૧૮૬૪ ના આગસટ મહીને લાવેઓ, તારે તેની સાંહમણે પરતીવાદી તરફથી મી૦ કરાફરડ વકીલ હીમાએતી તરીકે હાજર થયો હતો. અરસપરસ તકરારો ચાલતાં ગાંસડીનો સવાલ નીકલેઓ, તારે તે ડાગીનો આખો નહીં પણ હરધીઆં જેવો જણાયો. અને તેની સહમજ શેહલ હોવા છતાં મી૦ કરાફરડે તે હરધીઆંને ઠેકાંને "હરદા" નો બોલ મોહમા લીધો, એટલુંજ નહી પણ તેનો અરથ નીસચે નહીં થાએ તાંહાં તુલીક મુકદમાનું શેવટ લાવવા થકી હટ પકડી બેઠો. આ જડજ સાહેબે ઘણાજ ગંભીરી સવભાવથી કહેઉં કે "તમો જો ગાંમઠી હોત તો એ બોલનો અરથ શેહજમા સહમજી સખતે." હાવા બોલ્લા સવાલના ઉતરમા મી૦ કરાફરડે જણાવેઉં કે "પણ હું ગાંમઠી નથી, અને તે બોલ હું જાંણતો નથી." એ ઉપરથી જડજ સાહેબને પરતીઉતર આપવાની ફરજ પડી કે, "તારે તો આ મુકદમો હું મુલતવી રાખુંચ, માટે મારવાડી બજારમા જઇને શોધશો તો તાહાંથી તમો જાણશો,

અને તેટલા વખતમા શોહોલાપોરથી સાખશીનેબી બોલાવી મંગાવવાનો અવકાસ વાદીને મલશે." મી૰ કરાફરડ જેવો કાબેલ વકીલ પરતીવાદીની પક્ષ ખેંચવા આવેઓ, તો તેની આગમજ એક સાદા સબદનો અરથ સહમજવાની તેહકીક તેને કરવી જોઈતી હતી; તેને બદલે એક નેઆયાધીસ પાશેથી તેની સહમજ માગવા પર જબરી હીંમત ચલાવી; અને જારે એક ગાંમઠી થઇને ગોરા સાહેબની સાંહમને (ઘટતા ખોલાસાથી) બોલેઆ તારે બીજાજને એકેદમ ખોઈ દીધો, એટલુંજ નહીં પણ પોતીકા કુલના લાભની તો કશીએ દરકાર કીધાવણા, આડા અટારા ઉતરી પડેઆ; પછે જડજ સાહેબે વાજેબીની રાહે ઇનસાફનુ વજન તપાશીને વાદીના લાભમા હોકમનાંમું કરી આપેઉં. આ ચુકાદા ઉપર નારાજી થઈને મી૰ કરાફરડ ફુલ કોરટમા તે છાંડન પાછી લાવેઓ, અને તાંહાંબી વધારે ઓર્હ્યું પસીશી રહેઆ પછે કજીઆનું શેવટ અંતે વાદીના લાભમાજ ઉતારી આપેઉં. અરસપરસની તકરાર ઉપરથી અપમાનની વાત તેને ફોકટમા ખેંચી લીધી, એટલુંજ નહીં પણ બખેડા વધારવાની મતલબથી જાહેર વરતમાન પતરમા થોડીક બીના છપાવી; જે ઉપરથી એ બાંજગડ નામદાર સરકારે ઉંચકી લઈને આ જડજ સાહેબ પાશેથી તે બાબેનો જેવો ખોલાશો ચાહેઓ, તેહવાજ ખુશી સાથે પોતાની કોરટમા બનેલી બીનાનો આબેહુબ ચીતાર નામદાર સરકારની ઉપર મોકલી આપેઓ. આના જવાબમા જે પતર સરકાર તરફથી વડા જડજની ઉપર આવેઓ, તેમા શેઠ માણેકજીની કાબેલીઅત તથા ઇમાનદારી ઉપરાંત કીરતી ભરેલા બીજા ઉમદા ગુણોની જેમ પુરતી તારીફ કીધી, તેમ કોકવાર તેમની હજુર આવતા વકીલો તરફ સવભાવ ખોઈને જે સખત સખુનો કારણસર વપડાયા હશે, તે વીશે દલગીરીના આકારમા તેનાને ઠપકોબી આપેઓછે; અને બીજા હાથપર મી૰ કરાફરડ જેવા વીચારવાલા વકીલોનેબી તેહવા ઠપકામાથી મોકલો ન કરતાં જણાવેઉં હતું કે, "તેઓએ "એમ નહીં સમજવું કે મી૰ માણેકજી એક દેશીછે, માટે તેમની તરફ "અપમાન ભરેલી ચાલ બતલાવવી; અને એક નેઆયાધીસના ઓહધાને "જેટલું માન ઘટે, તેની બેપરવાઈ કરવી." જે ગુણોથી આ નામવર નેઆયધીસ પરકાશેઆછે, તેવનથી શેહેજ વાતમા ઉપજેલા ગુસાને લીધે જો કદાપી તેહવી કોઇ ખાંમી થઇ હોએ તો, તે બાબે જે ધડા તેનાને મલેઓ તે કોઇ રીતે ગેરવાજેબી ગણાયઓ તો જોઈએજ નહીં; પણ દલગીરી માતરે એટલીજ જણાઈ કે, જેમ એવણુની ચાલ ઉપર સરકારે ટીકા કીધા, તેમ તેવનની હજુરમ આવતા અંગરેજ વકીલો માહેલા કેટલાકો, તેવન તરફ જે અનઘટતી ચાલ ચલાવીને ઘણી વાર ફાવી ગયાય, તે માટે તેઓને કાંઈજ કેહવામા આવેઉં નહીં; અને બીજી વાત એવી બની કે તા૰ ૧૧ મી અકટોબર ૧૮૬૪ ની તેરીખનો સમાલકાઝ કોરટના (તે વખત ઉપર કામ ચલાઉ) વડા જડજની પાશે આવેલો ઉપલા ચુકાદા સંબંધી સરકારી કાગલ, મી૰ માણેકજીને તેજ દાહાડે અથવા તેની બાહરવણે મલવા જોઈએ; પણ તેને બદલો "બોમબે ગેઝેટ" મા સાબદો છપાઈને તે બાહેર પડેઓ હતો; માટે ઉપલી બે વાતે પોતા ઉપર

થયલી ગેરઈનિસાફીની સાંમણે, આ ભલા નેયાયાધીશે વાજેબી ફરીઆદની એક મોઠી મીનીટ, સર બારટલ ફરીઅરની નામદાર સરકાર ઉપર લખી મોકલાવી હતી; અને તે એટલી તો લંબાણ જણાઈચ કે, તે માંહેલી સરવે બીનાનો સમાસ લેવામા આ ટુક નોંધનુ કદ પોસાતું નથી; પણ તેના સાર માતરે એટલોજ જણાઇ આવેછે કે, આ બાબદમા સરકારે જોઈતું ધેઆંન ન પોંહચાડઆ ઉપર નાઉમેદ થઇને પોતાનો ઓહદો છોડી દેવા બાબેનુ રાજીનામુ જારે આપેઉં તારે તેના જવાબમા સર બારટલ ફરીઅરે તે નામનજુર રાખીને તે વાતથી તેણાને દોસતીની રાહે પાછા વાલેઆ. પણ જે ભાંજગડે તેણાનુ દીલ દુખવેઉં, તેની સફાઇતો કોઈબી રીતે કરવાની કાલજી રાખી આ નેયાયાધીશે પોતાના ઓહદા ઉપર હાકમની ભલાંમણ મુજબ ગોઠવાઈ રહેઆ છતાં, ધારા પરમાણેની રજા મેલવીને ૧૮૬૫ ના એપરેલની ૨૯ મી તારીખે ઉપડલા મેલ સાથે પોતાની નાધલી દીકરી શીરીનબાંનુને લઈ રવાંને થયા; અને પોતાને પોંહચેલી ગેરઈનસાફીની દાદ ઉમરાઓની સભા શોધ્યા મેલવીને સરકારી શેવામા હમેસાં બતલાવેલી વફાદારીનો બદલો એજ કોરટની અંદર એક ચહડતી પદવીના માનથી હાંશેલ કરી લીધો હતો.

આ નીતીમાન નેયાયાધીસની તરીજી સફર જે એક વરસવેરની કેહવાઇચ, તે તેણાને ખરેખરી માન લાએકનીજ માલુમ પડીછે. એટલી મુદત સુધી એવણ કાંઇ એકજ ઠેકાંણે બેશી રહેઆ નોહતા, પણ પોતાની પેઆરી પુતરીને લઇ તાંહાંથી ફરાંનસ, જરમેની, ઈટાલી, બેલજીએમથી તે છેક રશીઆની રાજધાની તુલીક ફરવા શીધારેઆ હતા; અને જેજે શેહરોમા ગયા તાંહાં દરએક રાજા તથા શાહણશાહોની મોહબત ભરી ભેટથી જેમ બાપ તથા બેટીને અતી આનંદ ઉપજેઓ, તેમ તેઓ બેહુની કાબેલીએત, ચંચલાઈ તથા સુધરાઈમા સમાએલા વીચારો જોઈ તાંહાંના સઘલા રાજવંશીઓ, અમીરઉમરાઓ, તથા પરજાના શાહશીક લોકો ઘણાજ ફીદા થયા હતા. આ ગરહસથ જોકે નથી કોઈ રાજવંશી કે હાકમ, અથવા નથી કોઇ બેતાબ પાંમેલો કે દોલતે ભરપુર; પણ તેટલાં બધાંની ખુટ છતાં પરદેસમા આટલું બધું આદરમાન તેનાએ જે સબબથી મેલવેઉં, તે માતરે તરણ ખુબીઓને પોતીકા ખાસ ખજાંણા તરીકે જાલવી રાખેઆનુ પરીણામ પરકાસતું દેખાએઉંછે; જેમા એકતો તેવણ જેમ વીચારેચ તેમ બોલી બતલાવેછે, બીજું, તેવણ જે બોલેછે તેજ કરેછે, અને તરીજું એકે સભીઅતાથી સવતંતરપણું વાપડવામા કોઈની ખર ખુસાંમદ ધેઆનમા લેતાજ નથી; અને તેહવું કરવામાં વચે આવી નડતી હરકતોનેબી હટાડી દેવામા તેવણ જબરી સાંમરથી ધરાવેછે; માટે એટલી ખુબીઓથી જેટલો દરજ્જો તેવણ ભોગવે તેટલો થોડોજ કેહવાય. આ પરમારથી પુરૂશના સુધરેલા વીચારો વેલાતની અંદર જે ફેલાઇ પડઆ, તેની ખુબીથી તાંહાંની "શોશીઅલ શાયનસ કાનગરેસ" નામની એક માનવંતી મંડલીમા જાહેર ભાસાંણો કરવાનો તેણાને હક મલેઓ હતો. પેહેલું તા૦ ૫ મી અકટોબરે સ્ત્રી કેળવણીની બાબદનુ હોવાથી તેમના વીચારો ઘણાજ વજનદાર

વખણાયા, અને તેથી કરી બીજે દાહાડે તે મંડલીની આએસથી તાંહાં પાછા બીરાજીને હીંદુસતાન ખાતેની કેળવણીના ફેલાવા ઉપર એક કીંમતી ભાશાણ કરી રહેઆ પછે, તે સભાએ તેણાને આપેલાં ઓહધ માન સંબંધી તે સભાસદોનો ઉપકાર વઠીક કહી સંભલાવિઓ હતો.

એ પછે સાઉથાંમપટન ખાતેની માહભારત હોનરશાળા અંદર શીખતાઓ માહેલા સરસ નીવરેલાઓને ઈનામ આપવાની જે સભા ૧૮૬૬ ના જાનેવારીમા મલી હતી, તાંહાં પણ આ નામીચા નરને નોતરી સભાના પરમુખ બનાવેઆ, અને તેણાનેજ મુબારક હાથે ઈનામની એનાયતખી કરાવી હતી. કીરીઆનુ કામ સમાપત થયા પછે, સભાસદોમા અરસપરસ ભાશાંનો ચાલતાં ડાકટર જોશેફ બુલરે એવું જણાવેલું જાંણવામાં આવેઊછે કે, "જે કેળવણી આખી "પરજા સાથે તાલુકો રાખે, તે કેળવણી કાંઈ નીશાળો અથવા કાલેજોથી અ- "પાતી નથી. ભલું અને સાચું શુંછે, તેટલી ફરજો બજાવવાના મુલ કાંહુનો "માતાઓ શીવાએ બીજું કોઈજ શીખાડી શએ નહીં; પણ તેહવી માતાઓ જો "પોતેજ અગણાન હોએ તો, તેણીના બચાંઓબી તેવીજ અધુરી હાલતમા "ઉછરતાં રેહે. આપરીજ મીશાલે આ મી૦ માણેકજીબી આપણી વાહાલી "રાંણીની રઈઅતછે, અને આપરીજ મીસાલે એવણ પણ ઘણા આતુરછે કે, "તેમના દેશી ભાઈઓ પોતાની માતાઓના મોહમાંથી ગનાન તથા કેળવણીનો "લાભ લીએ; વાસતે એવણનો ઉપકાર જે આપરે માંનીએ તે તેનાએ "બજાવેલા સરનસીનના ઓહધા માટેજ નહીં, પણ તેણાઓ હીંદુસતાંનની "સ્ત્રી કેળવણી સારૂં જીગરથી જે મેહનત લીએચ, તે માટેબી તેમનો ઉપ- "કાર માનીએછે."

વેલાત તરફની તરીજી સફર, વખાંણસહીત હાંશેલ કરતા, આ કાબેલ સખસ તેમની દીકરીને લઇ તાંહાંથી મુંબઈ રવાને થવા માટે, આલેકઝાંનદરીઆની આગ ગાડીના મડકપર જારે આવી પોંહતા, તારે તાંહાં પણ તેઓને સારૂં માન મલેઊં હતું. રેલવે ખાતાંના વડા ડીરેકટર મી૦ કરશીટબેએ તેઓને વાસતે એક ખાસ ગાડી આગમજથીજ અલાહેદી તઈઆર રખાવી હતી, એટલુંજ નહીં પણ બીજા નામાકીત પુરૂશોને જેવું માન મલેચ, તેવીજ હોરમત આ શેઠને આપવા, તથા તેણાની પુરતી બરદાસત લેવા સારૂં તાંહાંના સરવે શેવકોને હોકમ ફરમાવેઓ હતો; અને તે ઉપરથી આ માનવંતા મુસાફર સારી માહવજત પાંમતા ૧૮૬૬ ના જુલાઈની અધવચમા આપણી તરફ સહી સલાંમત આવીને સરકારે જણાવેલાં જાહેરનામા મુજબ તારીખ ૨૬ મી જુલાઈથી સ્માલકાઝ કોરટના બીજા નેયાયાધીસનો ઓહધો સવતંતરપણે બજાવવા માડેઓ.

આ શાકરમી શેઠીઆએ સાચી સોચનાથી ઈ૦ સને ૧૮૬૭ મા વીસ હજાર રૂપીઆની સખાવત કરતાં આ નોંધ પાંને ૩૮૩ મા જણાવેઆ મુજબ એકજ ઠેકાંણાપર બે મતલબની મોતબરીને જે મેલવી રાખીછે, તેમા એકતો એકે,

તાંહાંની વસતીને મીઠાં પાણીનુ* જાથુક સુખ કરી આપીને માહપુણ હાંશેલ કીધું, અને બીજું તો પોતાના નેક બખત બાવાની બુજોરગીને પરજા વચે પરકાસતી રેહવા માટે કુંવારાને મથાલે તેણાનુ બાહાવલું ગોઠવીને નીમકહલાલીની વાજબી ફરજ બજાવી દેખાડીછે; માટે આટલી યાદગારીથી બાપ તથા બેટાની કીરતીને રોજે કેઆંમત સુધી કોઇથીબી ભુલાઈ જવાશેજ નહીં.

ઉપલો બનાવ બનવાનુ કારણ એવું માલુમ પડેછેચ કે, મી૰ તરીચર કુંપનીની શાખા દુકાણ, તથા વખારવાલાં હાલના મકાંણો જે ઉભેલાંછે, તે ૫૦૦૦ ચોરસ વારના વીસતારની અશલ જગેઆ કોઈ મહમદીઆનના સવાધીનમા હતી; જેની ઉપર ભોંએ ભાડાંનુ ચહડી ગએલું સરકારી દેવું તે આપી ન સખેઆને લીધે, કલેકટરે જપત કરીને ૧૮૪૨ અથવા ૧૮૪૩ મા જાહેર લીલાંઉથી વેચી, તારે રૂ ૩૫૦ વાસતે આ શેઠે અથવા તેમના બાવાએ વેચાતી લીધી હતી. એ જગેઆ ઉપર કેહચ કે, જાહાવલીના ઝુપડાંઓ જે બીચોબીચ હતાં, તે તેની પડોસમા આગ લાગા પછે ધાસતી ઉપજાથી સરકારે બીલકુલ કાહાડી નખાવેઆં, તેથી ઉપલા વીસતારની જગેઆ વગર ઉપજ આપવે ખાલી પડી રહી હતી. આ માહેલી થોડીક જમીનની અંદર જારે ફુતર માલુમ પડેઓ, તારે તેને ખણાવી કાહડતાં ભીતરમાથી મીઠું પાણી જે મલી આવેછે, તેને તાંહાંની વસતીવાલાઓના વાપરવાસ સારૂં આ શેઠે ફરતો વરો બંધાવીને પોતાના મરહુમ બાવા ખરશેદજી માણેકજીના નામની યાદમા તલાવ કરી દીધો; અને તેની દેખરેખ તથા જાથુક મરાંમત શેહર સુધરાઇના ખાતાંને સવાધીન સોંફી આપી હતી. બાકીની ખાલી જગેઆ લેનાર મજકુર કુંપનીવાલા ઘરાકો મલેઆ, તેઓએ વેચાતી લઈને તાંહાં દુકાંન બાંધી. ઉપલો તલાવ ઉપીયોગમા આવેઆ પછે, તેની અંદરના મીઠાં પાણી કોકસંજોગે ખરાબ થઈ ગયાને લીધે વપરાતાં બંધ પડેઆથી તે તલાવ એવી હાલતમા આવેઓ કે, અંતે તેને પુરી નાખવા શીવાએ બીજો કોઈ એલાજ જડેઓ નહીં; પણ તેના આ અશલી માલેકની પરવાનગી મેલવેઆવીના સતાવાલાઓ તે વાતમા અશકત જણાયા. આ બાબે અરસપરસ સંધેસાઓ ચાલેઆ પછે, સાર એવો સોધો કાહડેઓ કે, પુરણી થાતી જગેઆ વેચેઆથી જે કીંમત ઉપજે તેને મરહુમ શેઠ ખરશેદજી માણેકજીને નામના કોઈ ઉપીયોગી કાંમમા વાપરવી. એતેફાક એવો બનેઓ કે તે જગેઆ પુરયાપર જેટલો ખરચ શેહર સુધરાઈ ખાતાંને થયો તે કરતાં ઓછી માંગની મલતી જારે જણાઇ, તારે આ હીંમતવાન શેઠે ખરચાએલું દામ ચુકવી આપીને પુરેલી જગેઆ પોતાના સવાધીનમા લીધા પછે, કેહચ કે, ઉપલીજ કુંપનીવાલાઓને પાછલથી સારે ભાવે વેચી; અને તેની ઉપજમા બીજી રકમ હુંમેરીને પોતાના મુરબીનુ માન જાલવેછે, તેની જયકારી ચાહીએ છઈએ.

---

* શેહેર સુધરાઈના અમલદાર સાથે થએલા બંદોબસત મુજબ તે કુંવારામા વીઆરનુ પાંણી તથા રાતની વેલા તાંહાં ગેઆસના દીવાનો ઉજાસ વગર લવાજમો લેવે તેઓ જાથુક આપતા રેહછે. નો. લે.

એ પછે ૧૮૬૭ ના મેની ૧૬ મી તારીખે છ મારાની રજા લઇને વલી ચોથીવાર વેલાતની શેહલશ્વા તેનાએ એખતેઆર કીધી હતી; જાંહાંથી પાછા ફરતી વેલા ફરાંનસ ખાતે શાહનશાહ નેપોલીઅનની ભેટ લઇને બીજે દાહાડે રવાને થનાર હતા; પણ તેવણને અંતરગલનો મરજ કોઈ લાંમબી મુદતથી લાગુ હોવાને લીધે, તેજ રાતરે (તા૰ ૧૭ મી જાનેવારીએ) પાછો તે એકાએક ઉભરી આવેઓ, અને ભીતરના આંટરડાં હેઠલની કોઠલીમા ઉતરી પડ્યાથી થોડાકવાર તેણાનો જીવ છેક અંતને આંકે જઇ બેઠો. આ વાતની ખબર જેવી તાહાંના અંગરેજી એલચી લારડ લાયનને થઈ, તેવોજ સર જોસેફ ઓલીફ નામના કાબેલ તબીબને તેમની માહવજત માટે તેડાવીને તતકાલ મોકલાવેઓ; જેને પરોફેસર જારજેવે તથા ડાકટર કરીસતોફર સમીઠની સાથે એકમત થઇ ઉમદા હીકમતથી બદનનો ભાગ ખોલ્લો કરી ઉતરી પડેલાં આંટરડાં અથવા ગોલાને આસતે રહી તેની અસલી જગેઆપર જારે દરોબસત ગોઠવી બેસાડ્યાં, તારે તેવણ સજીવન થયા; અને તે પછે પુર તનદરોસતી પાંમીને તાંહાંના નીકલેલા ૧૮૬૮ નાં મારચની ૨૯ મી તારીખે પોતાના પેઆરાં પરીવારો તથા મોહબત ભરેઆ મીતરોને બારા ખુશી સાથે આવી મલેઆ; અને તેજ તેણાની છેલી સફર ગણાઇ રહેલીછે.

જેબી માહભારત કાંમો શેઠ માંણેકજીના હાથ ઉપરથી પસાર થઈ ગયાંચ, તેમા કેટલાક હસદખોરાઓની અદેખાઇથી તેમના અપક્ષપાત વીચાર, તથા વાજેબી હકને નુકસાંન પોંહચનારી નીચ યુકતીઓ ચાલેઆમા કાંઇજ બાકી રહી નોહતી; પણ પરમકીરપાલુ જગત કરતાની બખસેસ ભરેલી મદદથી પોતાનુ સત સાચવીને ખરી બાહદુરીના બલવટે તેહવાઓની સાહમને થઈ એકેકની પુઠે આવતા રહેલા હોમલાઓને હવા ઉપર ઉરાડી દઈ મોટી સરફરાજી સાથે નીરદોસપણાની કીરતી હાંશેલ કરી લીધેલીછે; અને તેની મુબારકબાદીના કેટલાંક માન પતરોબી આપણા રાજકરતા અમલદારો ઉપરાંત, અમીરલ ઉમરાઓ તરફથી આ લાએકીવાલા પારશી નેયાયાધીસને બેરંણ બેરંણે મલેઆ કીધાંચ; માટે હાવા એક બુલંદ હીંમતના શેઠીઆની કીરતી ભરેલી ફતેહ ઉપર આપણે કેટલા મગરૂર રેહવું જોઇએ તેનો બેઆલ વાંચનારી આલમની મુનસફી ઉપર સોંફીએછે.

નેયાયાધીસના ઓહધા ઉપર સવતંતરપણુ સચવાયાથી, જોકે એકને સારૂં તેમ બીજાને અનગમતું થયું હોએ તો, તે વાતમા તેવું બનવુંજ જોઇએ; પણ આ શેઠની સામણે આવેલા મુકદમાઓને દએઆની દરસટીથી તેવણ જોતા હતા, તેના ઘણાક દાખલાઓ માહેલો આ એકજ બતાવવો બસ ધારીએચ કે, ૧૮૭૨ ના એપરેલમા તેમની સાંહમણે કોઈ હીંદુ, દોરાબજી ખરશેદજી નામના પારસી ઉપર રૂ ૭૫ ની ફરીઆદી લાવેઓ હતો; જેનો ચુકાદો વાજેબાની રાહે વાદીની તરફ તેનાએ કરી આપેઓ. નીકલેલાં હોકમનામાની ખુબીથી તે પારસીને નવેમબરની ૬ ઠી તારીખે પકડીને જારે તેનાની હજુરમા લાવી ઉભો રાખેઓ, તારે તે બાપડો આંખે તદન અપંગ, અને વલી તે સાથે ઘણીજ

માઠી અવસથાને લીધે પોતાનું ગુજરાંન ચલાવવાને અસકત માલુમ પડ્યો, તેથી તે ખીચારાને છોડી દીધો; અને પેલા હીંદુના ઉપલા લેણા પોતે આપી મોટું પુન હાંશેલ કીધું; માટે છેલી કારકીરદીની આ કીરતીખા હીંઆં નોંધી રાખીએછે.

આ માનવંતા નેયાયાધીશની મનસખતી જો કે હજી બીજાં દશ વરસ વેર પરજાની શેવા માટે પોંહચી વલવા જેવી જણાએછે, પણ સરકારે કાએદામા ઠેડવેઆ ઉપરાંત વધારે ઊંમર થયાને લીધે ૧૯ વરસ સુધી નેયાયની પવીતર* ખુરશીપર બીરાજીને સરકાર તથા પરજાની ખાતરી ભરેલી શેવા સરખી રીતે બજાવેઆ પછે, તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૭૩ થી ઓહદો છોડીને બાકીની જીંદગી બેઠા મુશારાપર ગુજારતા થયાછે. આ નેયાયાધીશની શાહમને આવેલા દરેક મુકદમાના ચુકાદા, સવતંતરપણુ વાપડીને કોઇનીબી રવાદારગી કે ખાતર ખાઈ રાખેઆવના તેવન સદા આપતા હતા; અને તેથી તેમની ઉપર પરજાનો વીસવાસ ઉસકેરાએ તે તો કુદરતીજછે. ઇનિશાફમા જેમ મયાનો મશાલો તેમજ ધુરાનો ગરમાલો જે ભેલાયલો હોએચ, તેની ઇઆદી હઇડે ધરીને ગરીબો તરફ દયા બતલાવવામા, અને તરકટથી ઉભા થઇ આવનારાઓનુ ઓટારૂં પકડી કાહાડવામા, આ શાહેબે કોઇબી જોગવાઈ વેઅરથ જવા દીધીજ નોહતી. ગરજવંતા લોકોને વીઆજે નાણા ધીરવાનો ધંધો ચલાવનારા મારવાડીઓ, તથા બીજા સખશો, જેઓ નહીં ખમી શકાએ તેવું આકરું વીઆજ ઓકાવેછે, એટલુંજ નહીં પણ તે ઉપરાંત ઠગાઈબી ચલાવી નાણા લેણારાઓને બનતાં સુધી કરજના દબાંણમા હોમાવીને તેઓ ઉપર અણેક તરેહના ઓટા દાવાઓ લાવનારાઓના કરતુક પકડવા તથા તેઓની ચુંગાલમા ગરીબો નહીં ફશે તે બાબેની જોઇતી સંભાલ લેવામા, આ માજી નેયાયાધીશ કોઇવારબી ભુલેઆ નોહતા; અને તેથી કરી તેહવા લુટારાઓ બનતાં સુધી પોતાના મુકદમાઓ તેમની શાહમણે લાવવાની આનાકાની કરતા ઘણીવાર જણાયા છે. કોરટમા જણારા કાંમદારોથી હેવુંબી જાણવામા આવેલેંચ કે, આ શેઠના બીરાજેઆ પછેથી તેવાં કાવતરાંનાં કાંમોમા ઘણે દરજજે ઘટાડો થયો હતો; પણ હવડાં પાછી ધાસતી ઉપજેચ કે આ શેઠનો સંબંધ તાંહાંથી નીકલી ગયાને લીધે રખેને તેવાં કરપીણ કાંમોનુ બજાર તાજું થાએ, તેથી માતરે હાલના બધા જડજોએ શેઠ માણેકજીનો દાખલો પકડીને શાહુચેત રેહવું જોઇએ.

ઇનશાફની કદરને અંતકરણથી પીછાનનારાઓ, આ વાતથી ઘણાજ દલગીર થઇને એવાં મતો આપતા માલુમ પડેછે કે, મી૦ માણેકજીને તેમના ઓહદા ઉપર સરકારે રેહવા દીધા હોતતો બહુ સારૂં થાત; પણ તેહવા સખશોએ આટલું તો ઇઆદ રાખવું જોઇએ કે વગરસનદી અમલદારોને માટે

* જેમા દશવરસ ને બે મહીના તરીજા, તથા ૬ વરસ ૬ મહીનાને ૧૨ દાહડા બીજા જડજ તરીકે રેહેઆ, પણ સરકારી ચાકરીમા બધાં મલીને ૩૫ વરસ તેનાએ ગુજારેઆં હતાં. નો૦ લે૦

બાંધેલા ધારો એવું ફરમાવેછે કે, એવા વરગના અમલદારોએ ૫૬ વરસની વએ પોંહચતાં તેનો ઓહધો છોડવો; અને તેમ કરવાનો સબબ એવો સમજાવેઆય કે, એટલી ઉંમરના અમલદારો જઈફીએ પોંહચેઆથી પોતાનો ઓહધો પુરતીરીતે બજાવી શએ નહીં; પણ બઈછે કે આ શેઠીઆની મનસબતીનુ માપ હમોએ ઉપર જણાવેઉંચ તે મુજબ હજી એક દાએકા સુધી નીભી શએ તેવું જાહેરમા જણાઈ આવેછે, માટે વધારે વખતસુધી તેમના ઓહધા ઉપર સરકારે તેણાને રેહવા દીધા હોતતો, તેમ કરવામા પરજાની મરજી જલવાએલી કેહવાતે; પણ વાત તેથી ઉલટી બનેઆને લીધે હાવા એક સવતંતર અને કશાએલા જડજને, તાંહાંથી ઉડેલા જોઈ તે લોકોમા અતીશીઆ દલગીરી ફેલાએલી દેખાએછે.

જેમ મી॰ માણેકજી ઉપર, ફકત તરકટીઆએ વતરોગે આખી પરજાની પસંદગી હતી, તેમ કેટલાક વકીલ, બારીસટરો તથા પલીદરોને તો તેવણ અનગમતાજ લાગા હશે. પણ મી॰ માણેકજીના મત મુજબ સમાલકાઅ કોરટમા આવતા મુકદમાઓ જેમ જલદી, થોડે ખરચે અને સારી સહમજથી ચુકવાએ તો પરજાની સગવડ સારીરીતે સચવાએ. આ બાબદમા ઘણી વખતે તેમની સાહમને ધારાના હીમાએતીઓની સાથે આવેલા મુકદમા વખતે પણ તેનાએ તેવાજ વીચારો જણાવેઆ કીધા હતા કે, નાધલા મુકદમાની અંદર વકીલ બારેસટરો કે પલીદરોની કાંઈ જરૂર નથી; અને સમાલકાઅ કોરટ પણ તેવીજ મતલબથી સરકારે સથાપીછે કે તાંહાં નાંધલી રકમના મુકદમા લાવનારાઓનો વખત અને પઇસો ઘણો ખરચાએ નહીં.

આપણા માજી નેયાયાધીસે પોતાના પવીતર ઓહધાપર સાબેત કદમથી ઉસતવાર રહીને સરકાર તથા પરજાની શેવા બજાવતાં જેવી દીલ સોજી દેખાડી, તેવીજ વરતણુક પરથમ જારે વકીલનુ કામ સદર કોરટમા કરતા હતા, તારે પણ વાપડી હતી. એ વખતપર મુકશીલખાતે દેશી પલીદરો હસતકના મુકદમાઓ પાછલ રાખીને અંગરેજ વકીલ અથવા બારીસટરોના લાવેલા કજીઆ પેહલાં સાંભલવામા જે આવતા હતા, તેની સાહમને થઇને સદર કોરટના જડજ મી॰ વીલીએમ ફરીઅરની હજુર આ શેઠે એવું બતલાવેઉં કે, ધારામા કાલી તથા ગોરી ચાંમડીનો, તેમજ પલીડરો તથા બારીસટરો વચે કસો ફરક રાખેલો નથી, પણ દરેકના મુકદમા એકેકની પુઠે જેમ આવે તેમ જડજોએ સાંભલવા જોઇએ. આ બાબદમા ફતેહ મેલવેઆથી દેશી વકીલોનો હક, તથા તેઓનુ સવતંતરપણુ આ સખી નરે સાચવી આપોને તેઓનુ માન સારીરીતે વધારેઉં હતું. એજ અદાલતમા દેશી લોકોથી જડજોને જવાબ દેતાં "ખોદાવંદ" નો બોલ જે વાપરવામા આવતો હતો, તે કોઇબી કીશમના ઇનશાન માટે વપડાવો જોઇએજ નહીં, એવી બાથ આ સવતંતર શેઠીઆએ લઇને તે બોલ વાપડવા સારૂં પોતે સાફ અને ખોલ્લી નાપાડી હતી. એ ઉપરાંત બીજી ઘણીક બાબદોમા આ શેઠે જાહેરની સારી શેવા બજાવીને તેમા જેઆને ફાએદા કરી આપેઆય, તે માટે સાંભલેઆ પરમાણે ઘણા લોકો તેમનો ઉપકાર માનેછે.

હાવી ચંચલાઈ સાથે છેલ્લા ઓહધા ઉપરથી હોરમતની રાહે ઉઠીને હવડાં આસાએસ પામનારા આ સદગુણી શેઠીઆને આકરી વખતે મલેઆ જેટલા બૈડા મુસારા સરકારે ખચીત આપવા જોઇતા હતા, તેને બદલે સંભલાએચ કે, ફકત દર મહીને રૂ ૫૦૦ તેણાને મલશે. આ રકમ તેમના પરીવારોને માન લાએકની પુરતી જણાતી નથી, અને તેટલા માટે મુંબઇની સરકારે વડી સરકારને એવી ભલાંમણ કીધેલી કેહવાએચ કે, આ નામીચા નેયાયાધીશે પોતાના ઓહધો ઘણી રૂડી પેરે બજાવેઓછે, માટે તેટલી ખુબીને ધેઆનમા લઈ વરશે દાહાડે રૂ ૯૦૦૦ તેણાને બાંધી આપવા. હાવી ભલાંમણ કરવામા આપણી સરકારે તા જોકે ખરેખરી ઉદારતા બતલાવી, અને તે ઉપરથી વડી સરકારેબી ઉલ્લટ સાથે આ શેઠની ખુબીને ખરા હેતુથી વખાંણી; પણ સાલીઆંણું બાંધી આપવા બાબે લગરીક કસર વાપડીને હીંદુસતાનનો વહીવટ ચલાવનાર વજીર ઉપર એવી ભલામણ લખી મોકલાવીચ કે, આ નેયાયાધીસને રૂ ૫૦૦૦ નુ શાલીઆંનુ જે મલવું જોઇએ તેમા એક હજાર વધારીને રૂ ૬૦૦૦ આપતા કરવા. હમા ઉમેદ રાખીએચ કે, આ લાએકીવાલા બુજોરગ અમલદારની નોકરી સંબંધી મુંબઈ સરકારની ભલામણ ધેઆનમા લઇને નામદાર સ્ટેટ સેક-રેટેરી માગેઆ મુજબને બૈડા મુસારા તેણાને બાંધી આપવાને હોકમ મોકલાવે, અને તે વાત સાંભલી પરજા પણ ખુશી થાએ.


પારશી લોકો હરેક બાબદોમા પારકાઓને માન પતરા આપવાની આગે-વાની સદા અંગેજી લઇને વખણાએલાછે, પણ તેઓનીજ નજર હજુર જે સવતંતર શેઠીઆએ પોતીકી કાએનાત કરતાં વધારે કાંમો કરી દેખાડઆં, તેહવા નરને એકેદમ ભુલી જતા જોઈ આ નોધ લેનાર ખરેખરી દલગીરી ઉપજાવેઆ છતાં, એટલી તો આશેઆ રાખેછે કે, તે બાબેની કાંઈબી ચાલવની કેથે થતીજ હશે; પણ તે વાત જો હજીબી ઢીલમા રહેલી હાએતો એ કોમના સરીમંત શેઠીઆઓ, અથવા સુધારાના સાચા સાથીઓએ પરજાની એક જાહેર સભા મેલવીને તેઓ પાશેથી તેણાને વાસતે એક સુભાખીત માનપતર અપાવવા, તથા તેમની કોઇ યાદગારી રખાવવા સંબંધી ઉલ્લટ ભરેઆ ઉપાએ લેશે તો, તેઓની સંકુના આ સદગુણી શેઠીઆ કરતાં તે સાહેબો પોતાને વીસેસ શોભા હાંશેલ કરશે.

આ હીંમતવાન શેઠે માથે ઉઠાવી લીધેલાં એક અતીઉપીયોગી કાંમની કીધેલી કોશેસ જો પાર પડી હોતતો, સંધે નોહતો કે કોઈબી કાલે નહીં બનવા જોગ કાંમના દરવાજા સઘલા દેશીઓને માટે હુંધાડા થાતે; પણ ધારેઆમેલે તેઓનાજ ભાએગે જોર નહીં પકડવાને લીધે તેણાની આશેઆ જે વેરથ ગએલી ગણાઈચ, તેનુ વરણન નીચલા ફકરાથી વરતી સખાશે.

૧૮૬૨ ની બીજી સંફરમા પોતાના બે દીકરાઓ નામે મી૦ ખરશેદજી તથા જાંગીરભાઈને ઉંચે દરજ્જેની પુખત કેળવણી સારૂં વેલાત ખાતે સાથે લઈ જઇને જુદે જુદે ઠેકાંણે જે દાખલ કીધા હતા, તે માહેલા વડા ભાઈ તો "આકસફરડ યુનીવરશીટી" મા બી. એ. ની પદવી મેલવેઆ પછે ધારાની

નામીચી માહીતકારી ફતેહમંદી સાથે હાંશેલ કરી આવીને ૧૮૬૯ ના સપટેમબરની ૨૦ મી તારીખથી આપણી હાઈ કોરટમા બારીસટરના માન ભરેલા ધંધામા મશગુલ થયાછે. નાધલા ભાઈ જે કેમબરીડજ "ત્રીનીટી કાલેજ" મા કેળવણી લઈને પારઉતરેલા હતા, તેનાએ લશકરી ફોજમા લાગુ પડવાની ખાએસ દેખાડીને તે બાબે "હારસ ગેઆરડ" ના "ફીલડ મારસલ" ઈઆને સઘલાં લસકરના વડા શેનાધીપતી નામદાર ડીઉક આવ કેમબરીડજને અરજ કીધી; પણ તેના જવાબમા એવું જણાવ્યું કે "હીંદુસતાંનના કોઈબી દેશીને "અંગરેજી રાજની સનદી ચાકરીમા લેવાનો કાએદો બીલકુલ નથી." આ બાબે નીસફલતાનો સમાચાર મલેઆ ઉપરથી શેઠ માણેકજીએ તે નામદાર ડીઉકની જનાબમા એક દસતાવેજ જે કરી મોકલેઓ, તેમા એવો દાખલો લખી દેખાડેઓ હતો કે, "જે વખતે નામદાર માહરાંણીએ હીંદની સરવે સલ- "તનત કુંપની પાશેથી લઈ લીધી, તારે બાહેર પડેલાં સતા ભરેઆં જાહેરનામા "અંદર સઘલી વરણના દેશીઓને નાતજાતનો કશોબી ફરક ગનવા વીના બધા "હકો તથા ઓહધાઓ બખસવાની જે છુટ આપેલીછે, તેની ખુબીથી લશકરી "ચાકરીમા લાગુ થવાની જે અરજ ગુજારીચ તે બાહાલ રાખવી જોઈએ." હાવો ખોલાસો આ શેઠીઆએ અતરેથી લખી મોકલાવેઓ તે છતાંબી જવાન શેઠ જાંગીરભાઈની તરફ ચુકાદો નહીંજ મલેઆથી તેવણ બીચારા નાશીપાસ થઈ તારીખ ૯ મી એપરેલ ૧૮૭૦ ઈશવીના મુંબઈમાં આવી બેઠાછે. સાંભલેઆ પરમાણે આ બાબદનેબી આપણા માજી જડજ સાહેબે હજી પડતી મેલી નથી, માટે દેશીઓના એકબાલ જો રોસન થનાર હશે તો તે ઉપર તેણાની રૂડી કોશેસ પણ આખેરસત ફતેહ મેલવીઆવીના રેહશે નહીં; અને તેનાએ વાવેલાં બીના રસાલ ફલોનો સવાદ સરવેને ચાખવા મલે તે બાબેની મુબારકબાદી આપવાની વકી કોઇ બીજી જોગવાઈપર રાખીને મરહુમ માકી સરાફના આ મેહરબાન નબીરાની જીંદગીનો ટુક અહેવાલ હીંઆંજ સમાપત કરતાં તેમની હઇઆતીને લાંમબો વખતવેર સરવે પાંતીના સુખ સાથે સચવાઇ રેહવા વીશે બારે હકતાલાની બખશેસ ચાહીએછે.

નશાવાલાને તાંહાંની વંશાવલી.



જશાવાલાના કુટંબીઓની જીંદગીનો અહેવાલ.

આ ટાપુથી ૩૫ માઇલ દુરના કરાબા કલીઆંની ખાતે રેહનારા શેઠ જશાજી જીવનજી શાલે ૧૦૫૯ મા જનમ પાંમેઆ પછે, ૧૦૭૯ ની આએરીએ હીંઆં આવી વશેઆ, તે વાતને હવડાં ૧૬૪ વરસ થાએઆં તારથી તેમનુ પરીવાર જશાવાલાની અટક લઇને આપણ વચે ઓળખાઈ રહેલુંછે. આ ગરહસથની ગરીબી અવસથાનો ગુજારો સાંભલેઆ પરમાણે મેનતમરાગતથીજ લગભગ ૫૦ શાદીસુધી સચવાતો હતો; પણ તે પછે કોટના સંભાળસારૂં જારે ફરતીચરો ઓદાવા માંડી, તારે તેના થોડાક ભાગના કામનુ ઉપરીપણું જે હાથ આવેઊં, તેની મદદથી પાછલો વખત ઘણી સારી સ્થીતીમા પસાર પામેઓ હતો. જશાજીના જનમનુ શાલ તેમના એક નબીરાની ઉમરનો સુમાર પકડી જેમ જાહેર કીધુંચ, તેમ તેવનના મરણનો દાહડો વાર ઇઆદદાસતની ગેરહાજરીને લીધે હીંઆ દાખલ થાઈ શકતો નથી; તોપણ શોધ કરતાં આટલું તો સંભલાએઊંચ કે, તે સાહેબ તરણ દીકરાઓને હસતીમા રાખી ગએઆ હતા; જેઓના નામો વંશાવલીની ટીપ જોવાથી વાંચનારા સાહેબોને જણાઈ આવશે.

જશાજીના તરણ દીકરાઓ માહેલા માતરે વડા શેઠ રતનજીનો જનમ ૧૦૮૯ ની સાલમા થાએલો અટકલાએ છે. જહવેરાતના વરગમા જોડાએલાં નામનુ આ અતમુલું રતન, કોઈ હેવે અહડતે ચોઘડીએ અજવાલે આવેલું કેહવાએછે કે, તેમના પણોતાં પગલાં આ સરૂસતીપર પરકાશેઆથી પોતાનુ ઘર સુખી હાલત પકડતું રહેઊં. આ ગરહસથના ધંધાની સરૂઆત શાલે ૧૧૦૯ મા વેલાતી સામાણ વેચવાની દુકાન કાહાડી બેઠાથી થાઇછે; અને તેજ રોજગાર વંઊંશી પરમપરા ઉતરતો આવીને, આજે તેનાની ચોથી પેહડીના પરીવારો પાશે બે ભાગમાં વેંહચાઇને સચવાઈ રહેલો આપણ સંતોશથી જોઈ શખીએ છે. શેઠ રતનજી ૭૪ વરસની જઇફીએ પોંહચતાં તરીજા દીકરા રૂસતમજીના મરનનો ઘાહ ખાઇને તેની છ મહીના પછે, રોજ ૭ મો માહ ૧૦ મો શેહનશાહી શાલે ૧૧૬૩ ય૦ એ બેહરાતનસીન થએઆ; અને તે વખતે વડા બીજા અને ચોથા મલી તરણ દીકરાઓ હઇઆત રહેલા હતા.

શેઠ રતનજીના હઇઆત રહેલા તરણ દીકરાઓ નામે કુંવરજી, રાનજી તથા હીરજીભાઈ, બાપની દુકાન સાચવીને માન ભરેઓ રોજગાર ચલાવતા હતા; પણ મરણ પાંમેલા રૂસતમજીના દીકરા નશરવાંનજીએ પાછલથી પોતાને ખાનગી નામે જે વેપાર કીધો તેની વલાંણ માઠાં ભાએગે અવડી ઉતરેઆને લીધે, સાંભલેઆ પરમાણે ૧૧૮૨ ની શાળમાં તેવણ નાદાર થઇ પડેઆ હતા; અને તેજ ગંમમા બારેક વરસ ગીરેફતાર રહીને રોજ ૧૮ મો માહ ૯ મો શેહેનશાહી શાલે ૧૧૯૪ એ ગુજરી ગયા.


આ કુટંબના વડવાઓથી જેમ પરજા ઉપીયોગી કોઇબી કાંમો થાએલાં જણાયાં નથી, તેમજ તેણાની અઓલાદથી ઉતરેલાઓએબી બજાવેલાં બોલાતાં

નહીં; પણ એક પુરાંની વસતીમા પરખેઆત થએલાં પરીવારોએ, તેઓના વડવાથી રચાએલા રોજગારને લાંમબી ઊંમરપર લાવી રાખેઓ, અને તેની જીંદગી વધારે વરસોસુધી નીભાવવાની ઉમેદમા તેઓ મશગુલ રહેઆચ, તેટલી યાદગારી સાથે જે જે ગરહસથો મરણ પાંમેઆં તેઓની નોંધ હીંઆં દાખલ કરીએછે; કારણ કે તે સાહેબો આપણી વસતીમાં એખલાસથી વીટલાઈ રહીને પરજા તરફથી સારો ચાહ મેલવી ગએલા માલુમ પડેઆછે. આ દુકાંણમા મરહુમ શેઠ ખરશેદજી કુંવરજીના છોકરાઓનોબી હક તથા ઈલાકો હતો, પણ તેમાથી બધા ભાઈઓ સાંભલેઆ પરમાણે ઈ○ સને ૧૮૫૧ ના સપટેમબરથી બીલકુલ જુદા પડીને અલાહેધી દુકાંણ કાહાડી બેઠા પછે, તેઓનો વહીવટ જાહાજોવાર નીભી શખેઓ નોહતો.

શેઠ કુંવરજી રતનજી રોજ ૧૧ મો માહ ૭ મો ૧૧૯૦, વરસ ૭૬ ના.
શેઠ એદલજી કુંવરજી રોજ ૨૬ મો માહ ૮ મો ૧૧૮૨ મા.
શેઠ ખરશેદજી કુંવરજી રોજ ૨૬ મો માહ ૭ મો ૧૧૯૫ મા.
શેઠ ફરાંમજી કુંવરજી રોજ ૯ મો માહ ૨ જો ૧૧૯૬ મા.
શેઠ જમશેદજી કુંવરજી રોજ ૮ મો માહ ૯ મો ૧૨૩૪, વરસ ૭૪ ના.
શેઠ હોરમજજી એદલજી રોજ ૨૦ મો માહ ૯ મો ૧૧૯૬ મા.
શેઠ બેરાંમજી ફરાંમજી રોજ ૧૭ મો માહ ૭ મો ૧૨૦૬ મા.
શેઠ મેરવાનજી નશરવાનજી રોજ ૨૪ મો માહ ૪ થો ૧૨૧૩ મા.
શેઠ નશરવાનજી ખરશેદજી રોજ ૨૮ મો માહ ૮ મો ૧૨૧૫ મા.
શેઠ ફરાંમજી મેરવાનજી રોજ ૯ મો માહ ૫ મો ૧૨૨૦ મા.
શેઠ બરજોરજી ખરશેદજી રોજ ૨૫ મો માહ ૨ જો ૧૨૨૧ મા; આ ગરહસથ સ્ટીમર "સુરત" મા સવાર થઈને કરાંચી જતાં, તોફાનથી આગબોટની સાથે ડુબી ગયા હતા.
શેઠ મેરવાનજી ખરશેદજી રોજ ૧૭ મો માહ ૫ મો ૧૨૩૪ મા.
શેઠ નવરોજજી જાંગીરજી રોજ ૨૯ મો માહ ૫ મો ૧૨૩૬, વરસ ૩૯ ના.
શેઠ ફરાંમજી રતનજી રોજ ૩૦ મો માહ ૩ જો ૧૨૪૨, વરસ ૨૫ ના.

વેલાતી અસબાબથી ભરેલી જરાવાલાની નામીચી દુકાંણ આ ટાપુ ખાતે અસલમા એકજ બીરાજતી હતી; જેમાથી મરહુમ શેઠ જમશેદજી કુંવરજીના સાહેબજાદાઓએ સંવત ૧૯૨૧ ના કારતક સુદી ૧ ને રોજે પોતાનો હક તથા ઈલાકો અરસપરસની સહમજુતીએ નોખો પાડીને, તેજ દીને તરણે ભાઈઓના પંતીઆલાપણામા જુદી દુકાંણ જે કાહડીચ, તારથી આ કુટંબીઓની બે દુકાંણ દુહજતી દેખાએછે; અને તેઓ દરએકના પેટાંમા જે જે દેશાવરો ખાતે શાખા ચાલુ રહીચ, તેની વીગત હેઠલ જણાવીને, આ પુરાતંમ ખાનદાનના પરમાણીકપણા માટે મુબારકબાદી ચાહતાં તેઓનો ટુક અહેવાલ ખતંમ કરીએ છઈએ.

શેઠ ફરામજી નોશેરવાનજી પટેલના વડવાઓ, કુટંબીઓ, તથા વારેશો.



શેઠ જાંગીરજી ફરાંમજીની કુંપણીને હસાબે ચાલતી સાત શાખા દુકાંણોના હેઠલ જણાવેલાં ઠેકાણાં.

કરાંચી.	પેસાવર.	રાવલપીંદી.
	મરીઇલ.	
જેહલમ.	મુલતાંન.	સકર.

શેઠ જમશેદજી કુંવરજીના છોકરાઓના હસાબની શાખા દુકાંણો ૬ ના હેઠલ જણાવેલાં ઠેકાણાં.

જલંદર.	ફીરોજપોર.	અનાકલી (લાહોર તરફ)
દીલ્લી.	મીઆનમીર.	શીઆલકોટ.

શેઠ જમશેદજી ભીમજી પટેલ તથા તેમનું પરીવાર.

સુરત શેહરને તાબે ટેણા નામનુ એક ગાંમડુંછે, તાંહાં નાનાભાઇ કાંહાંનજીભાઇ પટેલ પોતાના પરીવાર સહીત રેહતા હતા; જેની ચોથી પેહેડીએ ઉતરેલા, અને હાલમાં આપણી ટાપુ ખાતે વખણાતા પારશી અનજુમનનાં બુજોરગ અકાબર શેઠ ફરાંમજી નોશેરવાનજી પટેલના બાપના બપાવા શેઠ જમશેદજી ભીમજી પોતાનુ ભાગ્યેગ અજમાવાની નેક મોરાદ રાખીને તાંહાંથી પેહલવેહલા ય૦ શાલ ૧૦૮૯ માં અતરે આવી વશેઆ; અને તારથી તેમના કુટંબીઓની મીલનસારીનો સંબંધ આ ટાપુની વસતી સાથે જોડાઇ રહેલો માલુમ પડેછે.

કેહય કે એ સાહેબે પેહલવેહલાં ગાંમઠી દારૂની દુકાંણ માંદીને પોતાનો વહીવટ ચાલુ કીધો હતો; અને જેમ જેમ વખત પસાર થાતો ચાલેઓ, તેમ તેની કમાંનીમાંથી તેઆર પછે અંગરેજી દારૂ કામ ઉપરાંત બીજા અનેકતરેહના વેલાતી સામાંણનો બોહોલો રોજગાર ફેલાવીઆથી, તે વખતની ગતી પરમાણે થોડીક મુદતમાં એક આબરૂદાર વેપારીમા ગણાયા હતા; અને તેવીજ જાહોજલાલી તેમના વંશ પરંમપરા ઉતરી આવેલી આજતુલીક આપણી નજર હજુર જેવી ખીલતી રહીચ, તેવીજ તેની બરકરારી આકેબત સુધી ચાહીએછે.

અશીલ કુલથી ઉતરી આવેલા, આ અસરાફ ગરહસથનાં જનમારાની બીજી વધારે હકાએત સોધ કરતાં હાથ આવી નથી; મગર એક સતા ભરેલા દસતાવેજ ઉપરથી તેવણ શાલે ૧૧૩૧ સુધી સાહેડેક વરસની જઇફીએ પોહચીને આપણી ટાપુ ખાતે હઇઆત રહેલા કહી સખાએછે.

જમશેદજીની અઓલાદથી ચાર બેટાઓની જે બખસેસ થઇ હતી, તેમાં વડા શેઠ દાદાભાઈ શાલે ૧૦૯૭ માં અને નાધલા શેઠ બેરાંમજી ૧૦૯૯ મા જનમ પામેલા માલુમ પડેઆછે; અને તરીજા રતનજી તથા નાધલા ડોસાભાઈ વીશે કાંઇજ જાંણવામા આવેલ નથી. બાપના મરણ વખતે પેહલા તથા બીજા બેટાઓ પુખત ઉંમરના હોયાને લીધે, સાંભલેઆ પરમાણે તેઓ સલાહ

સંપજમા રહીને તેમનો ચાલુ રોજગાર રૂડી વરતણુકથી આટોપી લેતાં, વખતના રવઈઆ મુજબ દાદા ગામડીઆ, અને બેહલા ગાંમડીઆને સાધારણ નામે સારી રવેશે પરખેઆત થઇ ગયાછે; અને તેની યાદગારીમા મજગાંમ ખાતે, એજ સાહેબોના એકાદ નબીરા પાશે સચવાઈ રહેલી ઘણીજ પુરાંણી વાડી અંદર પરજાના ઉપીયોગ માટે બંધાવેલો "સુરજકુન" ને નામે ઓલખાતો બુલંદ તલાવ હજીસુધી સલાંમતી સાથે ઉભો રહીને, સાબેતી આપતો જણાએછે.

જાંહાંસુધી ઉપલા બેહુ ભાઈઓ વચેનો સંબંધ એખલાસમા ભેલાઇ રહેઓ, તાંહાં તુલીક સઘલી કીસમનો બેહોલો વેપાર બેરાંમજી દાદાભાઇને નામથી ચાલેઆ કીધો; પણ તેઓ માહેલા વડા શેઠ દાદાભાઈ, રોજ ૧૧ મો માહ ૩ જો કદીમી શાલે ૧૧૬૨ મા, ૬૫ વરસની વએ પોંહચી મરણ પાંમેઆને લીધે, ઘેર સંસાર તથા વણજ વેપાર સંબંધી સઘલો વહીવટ આગલાંજ નાંમથી શેઠ બેરાંમજી ચલાવતા હતા. નશરવાંનજી જારે પુરતી વએ પોંહતા, તારે ૧૧૬૯ મા તે વખતની રીકારડર કોરટથી ધારા પરમાણે અખતેઆર નામુ મેલવીને, મરહુમ બાપની મીરાસ પોતાના તાબામા તેનાએ કરી લીધી; અને તે પછેનો રોજગાર બેરાંમજીને નામે જે ચાલેઓ, તે અલબતાં તેમના ખાનગી હીસાબનોજ હોયલો જોઇએ.

અનુભવ ઉપરથી જે અટકલ હમો ધારીએચ, તે જો ચોકસ હોએ તો, વારસાની વાંટણી થવા ટાંકણે ઘણે ઠેકાંણે કુટંબ કલેસના જુસાએ જેમ ઉબરાઈ ઉઠેછે, તેમજ આ એકસંપી સગાઓમા પણ મીનાકીસાની બુરી જડ જે વવાઇ હશે, તેનો ઈઆતો કરોઢ ચહડાવીને, અથવા ભેજાંના ખલેલની માઠી અસરથી, કેહચ કે, પોણોશો વરસની જઈફીએ પોંતેલા શેઠ બેરાંમજી છુરીના ઘાહ વટે આપઘાત કરીને રોજ ૨૬ મો માહ ૩ જો કદીમી શાલે ૧૧૭૩ ય૦ એ મરણ પાંમેઆ; અને તે બાબેની કમકમાટ ભરેલી ભાંજગડ ઉઠેઆથી, આ નામીચાં કુટંબીઓ વચે અપસ અપસમાં ગંથાએલો, બેશીપણાનો એખલાસ ભરેઓ સંબંધ જે છુટો પડઓચ, તે આજ દાહાડા તુલીક પાછો સંધાએલો સંભલાતો નથી.

શેઠ બેરાંમજીના તરણ દીકરાઓ માહેલા, વડા મનચેરજી ૧૧૮૫ ય૦ મા રોજગારને અરથે કલકતે ગએલા હતા; જાંહાં ૯ વરસ ગુજારેઆ પછે, રોજ ૨૯ મો માહ ૧ લો કદીમી શાલે ૧૧૯૫ એ વરસ ૫૦ ની ઊંમરમાં બેહસતનસીન થયા; અને તેમનો માતરે એકપુરો દીકરો ફરાંમજી, જે ઘણોજ એકમારગી સવભાવનો, તથા સરવે સાથે મીલનસાર હતો, તેપણ આપણી તરફ ૫૫ વરસની વએ પોંહચેઆ પછે, બે દીકરાઓ ઉપરાંત એક નબીરો મેલીને રોજ ૧ લો માહ ૩ જો કદીમી શાલે ૧૨૪૧ ય૦ એ મરણ પાંમેઓછે. શેઠ બેરાંમજીના બીજા બે દીકરાઓ જે બાકી હતા, તેઓ માહેલા નાધલા જાંગીરજી એક દીકરાને હસતીમા રાખીને, રોજ ૬ ઠો માહ ૨ જો કદીમી શાલે ૧૨૧૮ ને દીને ૫૩ વરસમા, અને વચલા ખરશેરજી ૬૫ ની ઊંમરે પોંહચેઆ છતાં વગર વારશે રોજ ૨૯ મો માહ ૧૦ મો કદીમી શાલે ૧૨૨૨ માં ગુજરી ગયાછે.

શેઠ જમશેદજી ભીમજીના નબીરાઓ માહેલા, નોશેરવાનજી વીશે જે જાંણવા તથા જોવામા આવેછેય, તે ઉપરથી કેહવાની કાંઈજ કશુર રેહતી નથી કે, એ સાહેબના હાથમા જારથી બાપીકી મીરાસ આવી, તારથી કોઈબી રીતનો ધંધો ધાપો કીધાવના અઈઆશીપણામાં સઘલો વખત ગુજારવા લાગા; અને તે સાથે ઓહોલાં કુટંબનો ખટલો જે માથે પડેલો હતો, તેઓનું પરતીપાલ કરવામા ઘણાક પઈશા મોકલે હાથે ખરચીને વડવાઓનુ માનપાન જાલવતા હતા; જેથી કરી તેમની પાશેથી દોલત સફાઈ થાઈ; અને પોતે પણ ૭૩ વરસની બુજોરગી વએમા રોજ ૨૮ મો માહ ૧૦ મો કદીમી શાલે ૧૨૧૫ ય० એ ફુલગુજાર થાઇને જારે હકની દરગાએ ચાલી ગયા, તારે તેમની પીઠથી અવતરેલા શેઠ ફરાંમજી, મેરવાંનજી તથા હીરજીભાઇ, મલી તરણ દીકરાઓ ઉપરાંત કેટલીક દીકરીઓ, તથા તેઓને તાંહાં થએલાં છઈઆંઓના મોટાં પરીવાર સાથે મજગાંમની એક પુરાંણી વાડી,* અને કોટ ખાતે પટેલના મોહલા માહેલું એક ઘેર સલાંમત મેલી ગયાછે.

શેઠ ફરાંમજી નોશેરવાંનજી પટેલ.

પારસી ટોલાના અકાબરોની સંફમાં બીરાજી રહેલા, આ બુજોરગ શેઠીઆનું મુબારક નાંમ જે મથાલે પરકાશેય, તે બખતેબાલંદના જનમનો ચોકસ દીવસ રોજ ૧૯ મો માંહા ૧૦ મો કદીમી સાલે ૧૧૭૩ ય० નો જે સાંભલવામાં આવેઓછે, તે દાહાડાને દર વરશે થાતી તેમની સાલગીરી વીશે આપણી વસતી માંહેલા ઘણા સાહેબો હરગેજ ભુલતા હશેજ નહી.

બાપીકા અઈઆશી પણાનાં અંમલમાં, આ સાહેબ ઉધરીને જેમ જેમ મોટા થતા ગયા, તેમ તે વખતની વલાંણ પરમાંણે ગુજરાતી, તથા અંગરેજીમા મલતી કેલવણી હાંશેલ કરીને છેક શોલ વરસની ઉંમરે જારે પોંહતા, તારે સાલે ૧૧૮૯ માં મીશીઉઅરસ સાટણ મલકમની કુ० ને નાંમે ચાલતી અંગરેજી વેપારી પેહડી ખાતે દર મહીને ૩૦ ના પગારથી ચાકરીએ રહેઆ; જાંહાં કેહય કે તેમના મરહુમ મીતર શેઠ માંણેકજી પીટીટબી તે વખતે પોતીકા સસરા શેઠ જીજીભાઇ દાદાભાઈના આસરાથી લાગુ પડેલા હતા. આ સાહેબની નોકરી તે વખતે એટલીજ હતી કે, યુરોપ તરફના આવતાં જતાં વાંહાંણો માહેલો માલ માંડવીમાંથી પસાર થાએ તેની ચીઠીઓ, તથા તેને

* એ વાડીની સાંમણે મરહુમ શેઠ દાદાભાઈ ગાંમડીઆએ, જરથોસતીઓને તાંહાંની કીરીઆ મારગના ઉપીયોગ માટે એક અગીઆરી જે બંધાવી હતી, તે મકાણ ઘણુંજ પુરાંણું થયાને લીધે, તેમના નબીરા શેઠ ફરાંમજીએ પોતાની પદરના મુબલક પઈસાથી એક નવી એમારત તેજ જગોપર બંધાવીને તેમા આતસઆદરાંન સાહેબને તખતનશીન કરાવેઆછે; તેની યાદી ધરમનાં મકાંણોની અલાહેદી ટીપમાં દાખલ કીધેલી હવે પછે જોવામા આવશે. નો. લે.

લગતું બીજું કાંમકાજ કરવું; અને તેટલાંજ કારણસર બે વરસ સુધી તાંહાંના દલાલ શેઠ જીજીભાઈની ટેબલ પાશેની એક બેઠકમાં બીરાજીને ચાકરીએ વલગી રહેલા હતા. આ શેઠના સસરા મરહુમ શેઠ બરજોરજી નાનાભાઈ ધાવરે સાલે ૧૧૯૧ મા તાંહાંથી તેનાને કાહડી લઇને પોતાના હસતકમાં ચાલતી મી૦ કેંપની કુ૦ ના હાઉસમાં લાવી રાખેઆ; જાંહાં વગર પગારે દરરોજ થાતાં માલોના વેચાંનની નોધ તેવન પાશે લેવારતા હતા, અને તેવી હાલતમાં પાંચ વરસ ગુજારેઆં, તેટલા અરસામાં જોકે પગાર નહીતો પોતીકા આ દામાદની પરવરેશી પણ તે સાહેબે બચીત કીધીજ હશે.

શેઠ ફરાંમજીના સુભ શીતારાએ જારે ચહડતી દસા જોવા માંડી, તારે પાંચ વરસનો બંગ એવી રૂડી રીતે વલવાના નુકતાપર વખત આવેઓ કે, તે વાત પોતેબી સવપણે વીચારી નહીંજ હશે. ૧૧૯૬ માં મી૦ કેંપની કુ૦ ને નામનો વહીવટ જારે બેહુ પંતીઆલાઓની રાજી ખુશીથી બંધ પડઓ, તારે તેવા વખતમા એક વાંહાંનો કપતાંન નામે ગરેફીથ ફરીથ વેલાત તરફથી રોજગારને અરથે હીંઆં આવી લાગો. આ કપતાંન શેઠ બરજોરજીની આગલી બાએસતાવાલો હતો, તેથી તેની સાથે બંદોબસત કરીને પોતીકા વડા દીકરા બમનજી, તથા આ દામાદ શેઠ ફરાંમજીનુ પંતીઆલું જોડી આપીને, મી૦ ફરીથ બમનજીની કુપનીને નામથી લીલાંઊખાના ઉપરાંત, કમીસનરૂમ, વેપાર ખાતાંની આડતના કાંમો તથા તેવનાએના રોજગારની એક પેહડી ઉભી કીધી. સરવે કરતાં શેઠ ફરાંમજીએ પોતાનો બધો વખત એવી રીતે રોકવા માંડઓ કે, સહવારથી તે સંજાકાળ થાએ તાંહાંતુલીક પેહડી ખાતાંનો જેબી વહીવટ હોએ, તે મુંગે મોહડે, અને ખડે પગે ચલાવતા રહેઆ; અને તેથી કરી દન ઉગત તેનાને નવો નવો અનુભવ જે મલવા લાગો, તેમાજ પોતાની સઘલી મોજ અને મહજા સારી રવેશે સમજતા હતા. અનેક તરેહનો માલ વેચવો, ખરીદ કરવો, અને બાહેરના બીજાં ઘણાક દેસાવરો ખાતેનાં મુબલક ઘરાકો તરફથી આવતા હોકમો અદા કરવા, એટલુંજ નહી પણ તે સંબંધીનો ચોકસ અને સઇ હીસાબ રાખવાનું માહભારત કાંમબી તેનાઓજ એખીલે હાથે જે કરતા રહેઆ, તે વાતની કદરને દુકાનદારી કરનારા શેવાએ બીજો કોઇજ બુજી સખે નહીં.

ફરીથ બમનજીની કુ૦ ને નામનુ બેહોલું કામ બરોબર ૧૦ વરસ વેર ઘણુંજ મનમાણતું ચાલેઆ પછે, ૧૨૦૬ મા જારે શેઠ બમનજી મરણ પાંમેઆ, તારે તેમનો હક તથા ઇલાકો સદનતર નીકલી ગયાથી મી૦ ફરીથની સાથે આ પરમારથી શેઠ ફરાંમજી જોડાએલા રહીને આગલીજ ધોરન પર વહીવટ તેનાએ ચાલુ રાખેઓ. મી૦ વાલેસ નામનો એક અંગરેજ ગરહસથ વેલાતથી આવી પોંહતો તેને પણ આ બેહુ ભાગીઆએ સાંમેલ કરી લીધો, અને તરણ પંતીઆલાઓની સારી સહમજથી વેહવારબી ઘણો વધી પડયો; જે વાતને આઠ વરસ થયેઆં તારે આ પેહડી ખાતેથી મી૦ ગરેફીથે ૧૨૧૪ ની સાલમા પોતાનો હક તથા ઇલાકો છોડી દીધો. લીલાંઉ ખાનાનો વહીવટ જે આ તરણ જણુ-

ઓની રાસમા ચાલતો હતો, તે મી૰ ગરેફીથે પોતીકા ભાઇ મી૰ રાબરત ફરીથને બીજા પંતીઆલાઓની મનજુરીઓત મેલવી શોંફી આપેઓ, અને તેની સાથે એજ ખાતાંના અસલી કાંમદાર મી૰ ધનજીભાઈ જાંગીરજી દાવરનું પંતીઆલુંબી જોડી દીધું; પણ બાકીનું બધું કાંમ મી૰ વાલિસની સાથે આ શેઠ ફરાંમજીએ ચાલુ રાખેઊં.

મી૰ ગરેફીથ ફરીથ પોતાનો ભાગ કાહડી લઈને વેલાત ગઓયા પછે, થોડીજ મુદતમાં આ શેઠે પેહડીનું આગલું નામ બદલીને મી૰ વાલિસની કુ૰ રાખેઊં અને તેમાથી દુકાંનદારીનો જે ધંધો હતો તે સાબદો કાહાડી નાખીને આ નવે નામની પેહડીનો વેપાર ઓહોલા વીસતારમા વધારી દીધો.

બાર વરસ સુધી મી૰ વાલિસની સાથે પંતીઆલા પણામાં જોડાઇ રહેઆ પછે, આ શેઠીઆએ તેમાથી ૧૨૨૫ મા પોતીકો હક તથા ઇલાકો છુટો પાડીને, તેની જગોપર પોતાના વડા દીકરા શેઠ ધનજીભાઇનું પંતીઆલું જોડી આપેઊં; તોપણ પોતાની મુરબીગીરી ચાલુ રાખી તે પેહડી ખાતાંને નાણાની જોઇતી મદદ કરતા રહેઆ.

મી૰ વાલિસની કુપનીનો વહીવટ ભાગીઆઓની રાજી ખુશીથી ૧૨૩૨ મા બંધ કીધો; અને તેજ સાલમા મી૰ જાન શાંડસ નામનો એક અંગરેજ ગરહસથ વેલાતથી જારે આવી પોંહોતો, તારે તેની સાથે પોતાના બે દીકરાઓ નામે શેઠ ધનજીભાઇ તથા શેરાબજીને પંતીઆલાપણામા લાગુ પાડીને, પોતીકા વગથી મી૰ ફરાંમજી શાંડસની કુંપનીને નામે પેહલા વરગની પેહડી ચાલુ કીધી; અને તેજ નાંમથી તેનો વહીવટ ફેલાવો પાંમીને અતાર તુલીક સારા પાયાપર સચવાઈ રહેલો સંભલાએછે.

આટલી હકાએત ઉપરથી માલુમ પડી આવેછે કે, શેઠ ફરાંમજીએ તરીસ વરસ તુલીક પરમાણીકપણું વાપડીને વેપારી મંડલીઓમા નીતીને સારી આંટથી સાચવી રાખતાં અથાગ મેહનત જે કીધી, તેના બદલામા બારે હકતાલાએ તેનાને ઘણી દોલત બખશીછે; અને તેહવી સકમાઇનો કેટલોક ભાગ સકરમીપણાથી સખાવતનાં કાંમોમા પોતાને મુંગે મોહડે, અને વગર ઘોંઘાટે જે બખશેલો ઓલાએછે, તેજ તેનાની બુજોરગીને બહુ છાજતો માલુમ પડેછે.

આગલા વખત પર આ ટાપુ ખાતે મોતેબર કેળવણીના કસાંએ કીરણો પરકાસતાં ન હોવાને લીધે, આ શેઠ જોકે તેહવો અભેઆસ પાંમી સખેઆ નોહતા; તે છતાં જારે તેનુ બીઈ વવાએઊં તારે કેળવણીના અમુલીઅ ખાંન માહેલે અખુટ ખજાનો જેમ પોતીકાં ફરજંદોને, તેમજ ભાઇબિંદુઓના બાલકોનેબી મેલવી આપવાના ઉપાએ સારૂં, આપણા કેટલાક શેહરી શેઠીઆઓની સાથે પેહેલવેહલા મેદાંન પડેઆ; અને તેજ દાહાડાથી તેનાની નેક નામીનો આવાજ સઘલી તરફ ફેલાતો રહેઓછે. જે જે કીસમની જાહેર સખાવતના શુભ કાંમોમા પોતીકો સખીદસત આ શેઠે જે લંબાવેઓ, તેની વીગત જોકે હમારી ધારના મુજબ સંપુરન જણાતી નથી, તોપણ જેટલી હાથ આવી તેને અતી ઉપીયોગી સહમજીને હેઠલ જાહેર કરીએછે.

૧૨૦૪ મા, આપણી ટાપુ ખાતે "નેટીવ ઇડીઉકેસન સોસાઇટી" નામની દેશી બાલકોને ગુજરાતી, મરાઠી તથા અંગરેજી શીખાડવા સારૂં સરકારના સંબંધમાં ચાલતી સ્કુલની થાપણ વધારવા માટે જે હુન્નરાનું થયું તેની ટીપમાં આ શેઠીઆએ પોતાની સાંમેલગીરી રાખેઆ ઉપરથી દર શાલે ગરીબના ચાર છોકરા સુધી તેનાંની ચાકીથી શીખવા માટે વગર લવાજમે દાખલ કરવાનો હક મેલવેઓ હતો, અને તેના બદલામાં પરથમનાં થોડાંક વરશો વેર દર શાલે રૂ ૧૨૦ લેખે, અને તે પછેનાં કેટલાંક વરસો સુધી દર રૂ ૬૦ લેખે આપતા હતા, પણ તેની પુડેના પાછલાં કેટલાંક વરસથી આજ દન તુલીક રૂ ૩૦ લેખે જે અપાઓછે તે સઘલાનો એકંદર સરવાલો ૩,૦૦૦

૧૨૦૮ મા, આંખના દરદીઓની દવા કરનારો નાંમીચો ડાકટર જેફરસન વેલાત ગયાને લીધે, તેની જગોપર કોઇ નહીં રહેઆથી જે લોકો બહુ હેરાંન થતા હતા, તેઓનાં સંભાલ માટે વેલાત તરફથી એજ શાલમાં આવી પોંચેલા ડાકટર લાકવરધીની નોંકરી સાચવી લેવામા આ સાહેબે પેહલવેહલી આગેવાંની હાથ ધરીને તેના ફંડમા ભરી આપેલા...... ૨,૦૦૦

૧૨૦૪ મા, સરકારની આગેવાની હેઠલ બેભીતલાવ આગલ ચાલુ કીધેલી "નેટીવ ડીસપેનસરી" નામના દવાખાનાની મદદ માટે આપેલા. ૧,૦૦૦

૧૨૧૫ મા, પોતાના મરહુમ બપાવા દાદાભાઈ ગાંમડીઆએ મજગાંમ ખાતે જરથોસતીઓને લગતી ક્રીરીઆ માટે એક અગીઆરી બંધાવેલી હતી, તાંહાં (પડોસની બીજી જગેઆ લઇને) સારા પાયાપર એક એમારત ઉભી કરાવીને, તેમા ૧૨૧૫ ના કદીમી ઓરદાદ મહીનાને ઓરશેદ રોજે આતસ આદરાન પરથેઆ તેની ઉપર સઘલા મલી ખરચેલા ૨૫,૦૦૦

એજ એબાદતખાંનાને સારી હાલતમાં રાખવા, તથા દર શાલ ટેલ, કાથી, ઉપરાંત ધરમને લગતી ક્રીરીઆ કરનારા મોબેદોનો પગાર તથા તેવનાએ અગત જોગ જાથુક ખરચ દર શાલે રૂ ૧૨૦૦ જે થાએચ, તે આ સાહેબ પોતાને ખજાંનેથી પુરો કરતા રેહચ તે ઉપર શાલે ૧૨૧૫ થીતે ૧૨૪૩ ના રોજ ૧૧ મો માહ ૩ જો કદીમી સુધી* વરસ ૨૮ મા ખરચાએલા કુલ.. ૩૩,૬૦૦

---

* આ કારણ માટે એ સાહેબે પરથમથીજ એક વજીફો અથવા સરકારી નોટ અલાહેધી કાહડી આપી હોતતો, તેની ઉપજમાંથી સઘલો ખરચ નીકલેઆ છતાં તેટલીજ પુંજી કાએમની ગણાતે; પણ તેમ નહીં બનેઆંને લીધે જોકે ઉપર જણાવેઆ પરમાંણે મુદલ ઉપરાંત વધારે ખરચાઇ તો ચુકાછે; અને તેમની હઇઆતીને બારેહકતાલા બરકરાર રાખશે તાંહાં તુલીક બીજા જે ખરચાશે તે જુદા વીચારી, આ બુજોરગ શેઠીઆને હમો એટલીજ એલતેમાસ કરીએચ કે, આ પવીતર કેબલાના જાથુક નીભાવસ માટે એક થાપણ અલાહેધો કાહડીને ટરસટપણામા સોંફી આપે તો તેની ઉપજમાંથી હાવું શુભકાંમ સદા સંપુરણ થાતું રેહશે. નો. લે.

ઇરાંન દેશના ગરીબ જરથોસતીઓ ઉપર તાંહાંના ઇસલાંમી રાજ તરફથી નખાએલા જજીઆના જાલમી કરના ભરના માટે, તથા તેઓના છોકરાંઓની પરવરેશી સાથેની કેળવણી આપવા માટે તાંહાં હુંઘડાવેલી બોરડીંગ સ્કુલની થાપણ જે અતરે ઉભી કીધી હતી, તેમાં તથા બીજી ખાનગી રીતે આ સાહેબે સરૂઆતથી ઘણી દીલશોજી ભરેલી આગેવાંની લઇને બેરણ બેરણે આપેલા કુલ................ ૧૫,૦૦૦

૧૨૧૮ માં "સ્ટુડંટસ લીટરેરી અને સાયનટીફીક સોસાઇટી" ના સભાસદોની આગેવાંનીથી, જરથોસતી શેઠીઆઓ જણ ૪ ની મદદ મેલવીને સઘલી વરણની છોકરીઓને ગુજરાતી ભાશાનુ ગનાન આપવા માટે પેહલવેહલી એક સ્કુલ હુંઘાડી, તેમાં આ સાહેબે અબલાજાદીઓનાં ભલાં કાજે મુખીય ભાગ લીધો હતો; અને તેની થાપણમા પેહલવેહલાં ૧૫૦૦ રૂપીઆ ભરી આપેઆ હતા; પણ તે વાતને આથેક વરસ વહી ગયા પછે કોઇ કારણથી જરથોસતી છોકરીઓનો વરગ નોખો પાડીને તે સ્કુલો આ શેઠીઆએ પોતાના હસતકમાં લીધા પછે હજી-સુધી જે ચાલુ રાખીછે તેમાં વખતે વખત કીધેલી મદદના.. ૧૫,૦૦૦

રૂપણી ટાપુ ખાતે વીકટોરીઆ મીઉઝીએમ તથા ગારડન ઉભી કરવા માટે થએલાં હુઘરાંણાની ટીપ મધે વારંમવાર ભરી આપેલા કુલ.............................. ૧૨,૦૦૦

કેટલીક જગોએ ચાલેલા દુકાલ ટાંકણે દેશાવરો ખાતે મોકલી આપેલા અથવા હુઘરાંણાંની ટીપમા ભરેલા કુલ ૧૦,૦૦૦

નોશારી ખાતેની જરથોસતી મદરેસાને આપેલી મદદમા...... ૩,૦૦૦

છાસઠીમાહેલાં પાહારી ગાંમ આગલ રેલવેના મડક પાશે લોકોની સગવડ માટે એક ધરમશાળા બંધાવી આપી તે ઉપર ખરચેલા.. ૫,૦૦૦

૧૨૨૧ માં, પેહલવેહલી બોમબે આસોસીએસન નામની સભા પરજાનાં સંભાલ માટે અતરે ઉભી થઇને ચાલુ રહી તાંહાં તુલીક દર શાલે રૂ ૨૦૦ લેએનો લવાજમ આપેઆ કીધો તેના રૂ ૨,૦૦૦ તથા હુઘરાંણાની ટીપ પેહલાં ફરતી થઇ હતી તેમાં ભરી આપેલા રૂ ૨,૫૦૦ મલીને એકારણ માટે આપાએલા. ૪,૫૦૦

૧૨૨૧ માં, સઘલા જરથોસતીઓના હુઘરાતથી કોટ ખાતે ડાકટર બરજોરજી દોરાબજી કોપરના ઉપરીપના હેઠલ પેહલવેહલું ધરમનુ દવાખાનુ ઉભું કીધામા આવેલું, તેમા વારંમવાર ભરી આપેલા કુલ........ .... ૨,૦૦૦

૧૨૨૮ માં, શીતારેથી મામલેસવર જવાના રસતાની વચે મેહરા ગાંમમા મુસાફરો અથવા શેલઘાહ કરવા જનારાઓના વીસાંમા સારૂં એક ધરમશાળા બંધાવી તે ઉપર ખરચેલા રૂ ૧,૨૦૦

તથા તેની જાથુક મરાંમત માટે બેતીવાડીની એક જગેઆ ઉપરાંત દર શાલે રૂ ૫૦ લેખે આપતા રેહચ તેના આજ દન સુધી ખરચાએલા રૂ ૭૦૦ મલી કુલે અપાઈ ચુકેલા.... ૧,૯૦૦

૧૨૨૮ માં, બેતવાડી મધે સઘલી વરણુના છોકરાઓને અંગરેજી, ગુજરાતી અને મરાઠી ભારાની કેળવણી આપવા માટે એક સ્કુલ લાએકનુ મકાંન જે વેચાતું લીધું, તેના રૂ ૫૦૦૦ અને તેની ઉપર બે મજલા ચહડાવીને બીજું બાંધકાંમ કીધું તેની લાગત રૂ ૫૦૦૦ મલી જુમલે ૧૦,૦૦૦

એ સ્કુલ મધે શીખવા આવનારા છોકરાઓ પાશેથી રૂ ૦ાા થીતે રૂ ૧ સુધી દર મહીને લવાજમો લીધામાં આવેચ, તે ઉપરાંત જાથુક ખરચની બોટ પુરી કરવા માટે પેહલાં ૧૦ વરસ સુધી દર સાલે રૂ ૧૦૦ થી ૧૨૫ સુધી આપતા હતા, અને તે પછેથી તે આજ દન સુધી દર વરશે રૂ ૫૦ લેખે અપાએછે તે મલીને સઘલા ૧,૪૦૦

૧૨૨૮ માં, ફ્રીરટ [illegible]મેરરૂવમેંટ લાઈબ્રેરી નામના કોટના પુસતક બાંનાની મદદ માટે આપેલા.................... ૬૦૦

સરકારના આસરા હેઠલ વાંદરા મધે ધરમેનુ દવાખાનુ જે એજ સાહેબના વહીવટ હેઠલ ચાલુ રહેલુંછે તેમાં આપેલા...... ૧,૭૦૦

શેલર હોમ બાંધવાના હુધરાંણામાં ભરેલા ૫૦૦

મામલેશાવર મધે એક ધરમશાળા બંધાવી, અને તેને હમેસાં સારી હાલતમાં રાખવાના ખરચની રકમ સરકારને સવાધીન કીધી તે ઉપર કુલે લાગેલા ૫,૦૦૦

એજ જગેઆના રેહવાશીઓને પાંણીનુ સદા સુખ મલવા માટે એક બંદ બંધાવી સરકારના સવાધીનમાં આપેઓ તે ઉપર ખરચેલા.............................. ૫,૦૦૦

૧૨૩૦ માં, રોજ ૧૧ મો માહ ૩ જો કદીમી, બાબદ ગોદી ખાતાંના ગરીબ સુથારોને બેઠો મુસારો આપવા માટે હુધેરાટથી ઉભી કીધેલી થાપણમા વીશેસ મદદ મેલવી આપવાની મતલબથી મરહુમ વાહડીઆ નવરોજજી જમશેદજીના પુન સારૂ એક ફંડ થએઉં હતું તે મધે ભરેલા ૭૫૦

૧૨૩૩ માં, રોજ ૧૪ મો માહ ૫ મો કદીમીએ, કદીમી ટોલાના વડા દસતુરને જાથુકનો મુસારો બાંધી આપવા કાજે થએલાં હુધરાંનામા આ સાહેબે સખી દીલથી આપેલા ૧,૦૦૦

૧૨૩૭ માં, બોંબે આસોશીએસનની સભા કોકસંજોગથી બંધ રહી હતી, તે હાંનરેબલ શેઠ મંગલદાસ નથુભાઈ શી. એસ. આઈના સરનશીનપનાંમા તા૦ ૧૪ મી ડીશેમબર ૧૮૬૭ થી પાછી ચાલુ થઈ તેના નીભાવસ માટે એક અધીકારી તરીકે દર

શાલે રૂ ૧૦૦ લેખે જે આપતા રેહ્યા તેના આજ દન સુધી
કુલે વરસ ૬ ના અરસામો અપાએલા.............. ૬૦૦

આપણી ટાપુ ખાતેના સઘલાં પુસતકખાનાંઓમાં એ સાહેબે વારં-
મવાર કીધેલી મદદનો એકંદર સરવાલો રૂ ૬૦૦૦ નો કેહવાએછે
અને તે ઉપરાંત કોટ ખાતેની "ફોરટ નેટીવ લાઇબરેરી"
ને દર મહીને રૂ ૧૫ લેખેનો લવાજમો અપાતો રેહ્યા તે જુદો. ૬,૦૦૦

માતબર પારશીઓના છોકરાઓને ઉંચી કેળવણી આપવાના હેતુથી
કોટ મધે એક "પરેપરાએટરી સ્કુલ" પરથમ ઉભી કીધી હતી
તેના નીભાવ સારૂં થએલાં હુંધરાંણાની ટીપમાં આ શેઠીઆએ
ભરી આપેલા ૧,૫૦૦

ઈરાંન દેશના લાચાર જરથોસતીઓ હીંઆં આવી વશેઆચ, તેઓની
પરવરેશી કરવાનુ ખાતું આજ ઘણાક વરસોની વાતપર પેહલ
વેહલું ચાલુ થએલું, તારથી આ માનવંતા શેઠે પોતાની ઉદા-
રતા બતલાવીને, તેના વહીવટમાં સાંમેલ રહેઆ ઉપરાંત
વખતે વખત નાણાની મદદ આપતી કીધી તેનો એકંદર
સરવાલો ૨૦,૦૦૦

ચીમોરથી અણીક નામના પોતાના ગામ ઉપરથી નેલાનો રસતો
પરથમ ઘણીજ ખરાબ હાલતમાં હતો, તેની વચે આવેલાં
મારવલી, વારવલી, અને માહવલના રેહવાશીઓને જે
ઘણી હેરાંનગતી પડતી હતી તે મટાડી આપવાના હેતુથી આ
સખી નરે એક રસતો બંધાવેઓ અને કુવો ખોદાવેઓ તે
ઉપર સઘલા મલી ખરચેલા ૧૨,૦૦૦

એ ઉપરાંત કેટલીક કીસમના ખાતાંઓ જેવાં કે, સેંટપાલની ધરમશાળા,
વેલાત તથા હીંદની જુદી જુદી જગોએ પડેલા દુકાલ વખતે,
ગરીબ લોકોની પરવરશી સારૂં તથા તેઓને પરણાવી આ-
પવા, જુદી જુદી જગોએ ઇનસાંનોની પેઆસ મટાડવા માટે
કુઆઓ, અને ઢોરે માટે અભારાઓ બાંધી અપાવેઆ,
પાંજરાપોલના ઢોરો માટે મદદ મોકલી, કેટલાક દેશાવરો ખાતે
બંધાએલાં દોખમાઓ, અને દરેમેહરોની મદદ માટે, સુરતના
ગરીબ રેહવાશીઓને પગાર બાંધી આપેઆ, મુંબઇ ખાતે
શીખનારા ગરીબોને પગારની મદદ આપી, અને તેવણાએ
ઘણીક બાબદોના જાહેર કાંમોમા કીધેલી સખાવત સંબંધી
જે જાનવામા આવેલુંચ, તેની સંખેઆનો સુમાર...... ૧૦૦,૦૦૦

કુલ રૂપીઆ ૨,૯૮,૮૫૦

આડતરીસ વરસના અરસાની અટકલ મુજબ આ શેઠીઆની જાહેર
સખાવતનુ જે પરીણાંમ ઉતરેલું જણાએછે, તેમા જો કદાપી તેમના લાગતા

વલગતા કોઈબી સાહેબ પાશેથી ચોકસ વીગતનો પટો મલીઓ હોત, તો એથીબી કાંઇ વધારે રકમ અજવાલે આવી શખતે; પણ સાંભલીઆ પરમાણે આ સબી નરે અદા કીધેલી ફરજનુ રણશીંગડું વજડાવવાનો કોઇબી હેતુ અસલથીજ રાખેઓ નથી, તે છતાં આટલી બીના જાહેરમાં જણાઇ ચુકેલી હતી, તેજ માતરે હાથ કરી લઈ અતરે નોધો રાખવાનુ ઘટારત જોવુંછે.

આ શકરમી શેઠીઆ પાશે જેટલી મીલકતોની માલેકી હોય, તેની ખરી બાતેમીતો તેવણ જાંણે; પણ છાસતી તરફ કેટલાક દુહજતા વજીફાઓ જાહેરમા જે માલુમ પડેચ, તેની વીગત હેઠલ જણાવેઆ પરમાણેછે.

ચીમોર તરફ જવાના રસતાની જમની બાજુએ માહવલની પડોસમા દરીઆ કીનારાપર આવેલું અણીક નામનુ ગાંમ જે પરથમ શેઠ બેરાંમજી કાવસજી બનાજી પાશે હતું, તે તેમના ગુજરેઆ પછે ય૦ ૧૨૦૬ મા સરકાર પાશેથી દર શાલે થોકાની રકમ આપતી કરી ઇજારે લીધુંછે.

માનખુર્જોરગ તથા માનખુદ નામના બે ગાંમો ૧૨૦૭ મા ખરીદ કીધેલાં માલુમ પડેછે.

તુરંભાની પાશે આવેલું બોરલું નામનું ગાંમ જે પરથમ શેઠ ધાકજી દાદાજીની મીરાસમા ગણાતું હતું, તે તેના માંગનારાઓને હસાબે ય૦ ૧૨૧૯ મા કોરટ તરફથી જારે લીલાંઉમો વેચાએઊ તારે લઈ લીધુંછે.

આ ચાર ગાંમોનો ભોગવટો શેઠ ફરાંમજી ઘણીજ રૂડી વરતણુકથી કરતો માલુમ પડેછે; અને હાવા નેકબખત શેઠીઆનુ પગલું જારથી તાંહાં દાખલ થએઉંચ, તારથી તે તરફના રેહવાશીઓની બરદાસત પણ સાંભલીઆ પરમાણે સારી રવેશે લેવાએછે; માટે તેઓના આશીરવાદથી પરમ કુરપાળુ પરમેસવરની બખસેસબી તેમની આબાદીમા સદા સમાઇ રેહવી જોઇએ.

જારથી આ સાહેબ પરજાની પીછાંનમાં આવેઆચ, તારથી કોઇબી સખશે તેણાની ખાંનગી, અથવા જાહેરાંત મોલાકાત લીધી હશે; અથવા કાંઇબી કારણનો સવાલ નાખેઓ હશે, તો, તેની સંગાથે ગંભીરાઈ બતલાવીને તેનુ કામ રૂડી પેરે સરંણજાંમ ઉતારી આપવાથી હરગેજ પછાત રેહેલા સંભલાયા નથી.

જેહવી રીતે સરાફી, તથા સોદાગરી મંડલીઓમાં આ સાહેબ મસહુર થઈ રેહેલાછે, તેમજ સરકાર દરબારીઓમાંબી વખતે વખત સારૂં માંન મેલવતા જણાએછે. સુલેહના અમલદારનો નાંમીચો ઓહધો પણ આ સાહેબ આજ ઘણાક વરસોથી ધરાવતા આવેઆચ, અને તે ઉપરાંત ધારા બાંધનારી પવીતર સભામાં પારશી અધીકારીની ખાલી પડેલી જગેઆ શાલે ૧૨૩૫ મા નામદાર સરકારે આ સાહેબને જે એનાએત કીધી હતી, તાંહાં બે વરસ સુધી "ધી હાંનરેબલ" ના એલકાબ સાથે મોટા દબદબાથી બીરાજેઆ હતા; અને તે મુદત પસાર થયા પછે જઈફીએ જીંદગી પોંહચવા આવેઆને લીધે, બીજીવાર મલતી બેઠકને ઘણીજ નમનતાઈની રાહે નાકબુલ રાખીને ૧૨૩૭ માં પોતીકો અધીકાર રાજી ખુશીથી છોડેઓ હતો.

પારશીઓને વાસતે વારસાહીસા, તથા લગન તલાકના સતા ભરેલા ધારાની જે ખુટ હતી, તે આપણી નામવર સરકાર પાસેથી સંમપુરણ રીતે માંગી લેવા માટે આ ટાપુ ખાતે એ અશીલ કોમની નાહની મોટી અનજુમન ભેગી થઇને તેમાંથી ચુંટી કાહડેલા સભાસદોમા* પરથમ શેઠ માણેકજી નોશેરવાનજી પીટીટને સરનશીન ઠેરવેલા હતા; પણ તે સાહેબ શાલે ય૦ ૧૨૨૮ મા ગુજરી ગયા ઉપરથી તેમની ખાલી પડેલી જગેઆ, અનજુમનના અનુમતથી આ માનવંતા શેઠને રોજ ૩ જો માહ ૧૦ મો કદીમી શાલે ૧૨૨૮ ને દીને સપુરદ થાઈ, તારથી તે ઉપલા ધારાઓ બંધાઇને અમલમા આવેલા પછે રોજ ૧૮ મો માહ ૫ મો કદીમી શાલે ૧૨૩૮ મા એ સભાનુ કાંમ સમાપત થયું, તાંહાં તુલીક ૧૦ વરસની મુદતમા ઘણીવાર મળેલી સભાની શેવા આ શાહશીક શેઠીઆએ પરમુખની બેઠકે બીરાજીને ઘણી સારી રવેશે બજાવેલા કીધી હતી, તેટલી યાદગારી જરૂર કરી હીંઆં નોધી રેહવી જોઇએછે.

આપણા જમાને હાતંમ સર જમશેદજી જીજીભાઈએ પારશીઓને વાસતે કીધેલી સખાવતના ધરમ ખાતાંઓનો વહીવટ ચલાવનારા અધીકારી મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇની ખાલી પડેલી જગેઆ, તે મંડલીના હઈઆત રેહેલા બીજા સાહેબોની પસંદગીથી આ શેઠ ફરાંમજીને રોજ ૧૭ મો માહ ૧૧ મો કદીમી શાલે ૧૨૪૧ થી જે સપુરદ થઇએ, તારથી તેમા બીરાજીને તે ખાતાંઓનો વહીવટ પણ રૂડીપેરે બજાવતા સંભલાએછે.

આ બુજોરગ શેઠીઆ સરવે પરકારનુ સુખ જોતા જારે જઇફીએ પોંહતા, તારે ભગંદરના ભએંકાર દરદને ભોગે એવાતો ચહડેલા હતા કે, તેમાંથી બચવાની આશેઆ બીલકુલ રહી નોહતી; પણ પરવરદેગારની પીરોજગરીથી કાબેલ તબીબો જે ટાંકણાસર મલી આવેલા, તેઓની રૂડી તદબીર કારગત લાગાથી, લગભગ બે મહીને આ એકમારગી શેઠ અસલી તનદરોસતી પાંમેલા; અને તે સાહેબને હવડાં પાછા શુખાકારીમા આવેલા જોઇ પારશીનો ફીરકો જે શોકર ગુજારેચ, તેમા આ નોંધ લેનારબી ભાગ લઇ તેવણની હઈઆતીને દરાજી ચાહેછે.

શેઠ ધનજીભાઇ ફરાંમજી પટેલ.

શાકરમી પીતાઓને તાંહાં સરજાએલા સેંકડો સપુતોની સંફમા બીરાજતા આપણા માનવંતા બુજોરગ અકાબરના આ વડા વીરાનો જનમ શોધ કરતાં, રોજ ૨૫ મો માહ ૧૦ મો કદીમી શાલે ૧૧૯૨ યુ૦ એ મુબારક થએલો જે માલુમ પડઓચ, તે હસાબે ૫૦ વરસની ઉંમર તેનાએ રૂડીજ વરતણુકથી પસાર કીધેલી કેહવાએછે.

---

* એ સભા શાલે ૧૨૨૪ ય૦ એ પેહલવેહલી સરૂ થઈ તેજ વખતથી આ શેઠબી એક અધીકારી તરીકે દાખલ થએલા હતા. નો. લે.

આ શેઠીઆના જનમારાનો અહેવાલ બે ભાગમા જાહેર કરવાની ફરજ એટલા માટે વીચારીએચ કે, એક શુખવાશી કુટંબના બચાંએ ઉધરતી વએથી માબાપ તરફના લાડને તરક કરી વીદેઆનુ બલ મેલવવામા મસગુલ રેહવા માંડેઊં; અને તેનો ઉપીયોગ જેમ પોતાના ખુદ લાભસર વાપરવા લાગા, તેમ પરજાની શેવા બજાવેઆથીબા હરગેજ ફરાંમોસ થયાજ નથી; માટે તેવાં કારણો એક બીજાથી અલાહેધાં પાડીને તે માહેલી તેમની થોડીક ફીલશુફી બાબદ સરવેથી પેહલાં અજવાલે આણવા સારૂં વાંચનારા સાહેબો પાશે રજા માંગીએછે.

એવું જાંણવામા આવેઊંચ કે, આ શેઠ જારે ૧૨૦૫ થી ૧૨૦૯ સુધી ખાનગી સ્કુલમા માહભારત કેળવણી પાંમતા હતા, તેજ વખતથી જરથોસતી ધરમ સંબંધી તકરારો ચલાવી, તથા તે ઉપર રેસાલાઓ લખીને પોતાના ગનાનની અજમાએસ જાહેરમા આપી હતી; અને તે પછે વરતમાન પતરોમા "આપએખતેઆર" તથા "જરથોસતી" એવાં છુપેઆં નામે એજ ધરમને લગતી માકુલ બાબદોપર ચરચા ચલાવી તેની પવીતરાઈ પરકાસતી કરતા હતા.

માજી "બોંબે ટાંઈમસ" ના કાબેલ અધીપતી ડાકટર બીઉસત, પારશીઓના પેગંબરની હસતી વીશે વાંધો ઉઠાવીને ઈ૦ ૧૮૪૯ થી ૫૧ સુધીના કેટલાંક પતરોમા સખ ભરેઆં લખાનો જે કરેઆ કરતો હતો, તેની સાંમણે આ ધુંધી શેઠ ધનજીભાઇએ યુનાની, રોમેન, જરમેન, ફરેંચ, લાટીન, હીબરૂ તથા અંગરેજી ગરંથોના આધારથી ઘણાક દાખલાઓ આપીને હજરત જરથોસતની હસતી દુનીઆંને દરમેઆન જારે દેખાડી દીધી, તારે મજકુર ડાકટર એવાતો કાએલ થયો કે, તે પછે હાવી બાબદમા તેણે એક હરફ વટીક ફરીથી કાહડેઓજ નોહતો.

પારશીઓને એબાદત કરવાના અવસતાઓ, જે જંદ ભાશામા હોએચ; તેનો પેહલવેહલો અભેઆસ આ શેઠે ૧૨૧૨ ને શાલથી કરવા માંડેઓ; અને તેપછે જુજ વખત પસાર થતાં તે ભાશાને ગુજરાતીમા સહમજવાની શેહલ રીત "કમપારેટીવ ફાઈલોલોજી" ના કાએદાથી ઉકલાવવા માટેની સોધ ઉપર સરવેથી પેહલવેહલું ધેઆણ, સારી સતાથી સાંભલવા પરમાણે તેનાએ આપેઊં હતું; અને બનતી કોશેસથી આ વીદેઆનુ કઉઅત પુખત રીતે હાથમા જાહલેઆ પછે તે બાબે યુરોપખંડના ઘણાક ઓલમાઓની સંગાથે ૧૨૧૪ ની શાલથી સંધેસાઓ ચલાવીને પોતીકા અભેઆસમા અછો વધારો કરી લીધો; અને તેનો લાભ કેહચ કે, પોતાની પાશે સંતાડી રાખેઆ કરતાં તે વખતના ઘણાક દસતુરો, મોબેદો, તથા બેહદીનો વીગેરેને તે વીદેઆની ખુબી બતલાવા લાગા; એટલુંજ નહીં પણ "સર જમશેદજી જીજીભાઈ ફીલાસોફીકલ ઈનસટીટુસન" નામની એક જાહેર સભામા ઈરાંની અસલી ભાશાના પુરાતંમપણા વીશે જારે વાએજ કરી દેખાડી, તારેબી "કમપારેટીવ ફાઇલાલોજી" ની બાબદને આ ગરહસથે વીસતારી સહમજાવી હતી. એ વખતપર તાંહાં હાજર રહેલા ઘણાક વીદવાનો ઉપરાંત સભાના પરમુખ ડાકટર ફરેજરે આ બાહોસ બુધીવાન અભેઆશીને સારી સાબાશી આપી હતી.

એજ સમાપર કેહચ કે, જરથોસતી ધરમ સંબંધી ચાલતી ભાંજગડો વીશે દસતુરો, મોબેદો તથા પઢલા બેહદીનોની ખાનગી મંડલીઓ જે મલતી હતી, તેની બેઠકમા પણ આ શેઠ બીરાજીને "કમપારેટીવ ફાઈલાલોજી" ના ગનાનનુ પુખત બલ તેઓને બતલાવેલું હતું, તે વાતને આજે જોઈશું તો પા શદીથી વધારે વરસ વહી ગયાંછે.

ઇરાનવેજના હાજીઆબાદ બોહમાથી મલેલી ઘણી પુરાણી તખતી જારે હીંઆં આવી હતી, તારે તે ઉપરના અસલી હરફો આ અમેઆશી ગરહસથે ય૰ ૧૨૨૭ અથવા ૧૮ મા મોટી ઉલટ સાથે પેહલવેહલાં ઉકલાવીને તેનો તરજુમો અતરેની "રાએલ એશીઆટીક સોસાઈટી"ને સપુરદ કીધો હતો; જેની તપાસ સાંભલેઆ પરમાણે તે માહભારત મંડલીના વીદવાન મેમબરોએ ઘણીજ બારીકીથી કરીને, પુરાતમ વખતની ભારાનુ ઉકલાણ ખરૂં ઠેરવેલું હતું. આ ઉકલાણને છપાવી જાહેર કરવાની ઘણી મરજી થાઈ, પણ કેહચ કે તે વખતપર પેહલવી હરફોના ડીબાં મલી નહીં આવેઆને લીધે, ધારેલું કામ બની સકેલું નોહતું.

એજ વરસમા "વજર કરદદીની" નામની કોઇ પેહલવી કેતાબ પુરાતમ જમાનાની હોએ, એવાં રૂપથી જાહેરમા આવીને નામદાર સર જમશેદજી જીજીભાઈ તરાંનસલેરાન ફંડને ખરચે છપાવા માંડેઆ વીશેની વાત, જારે આ ગરહસથને માલુમ પડી; તારે તે કાંઇજ નહીં પણ પાછલા વખતની બનાવટ થાએલી તેનાએ સાબેત કરીને, તેનુ અસલીયતપણુ હવા ઉપર ઉરાડી દીધું હતું; અને તેથી કરી સાંભલવામા આવેલુંચ કે, તે બનાવટ ભરેઆં પુસતકની સેંકડો નકલો છપઇ ચુકેઆ પછે, પંચાતના તોરાખાનામા ઉધાઈનો ખોરાક માટે પડી રહીછે.

આ કાબેલકવીએ જંદભારાની ફરહંગ (જેને અંગરેજીમા ડીકસનેરી કરી કેહછે) અંગરેજી તથા ગુજરાતીમા બનાવવાની સરૂઆત ૧૨૦૯ થી ચલાવીને લગભગ બાર વરસે વગર ઘોંગાટે પુરી કીધી હતી; અને તેની પુઠે "ધી ઓરીજીન એંડ આડેનતીશીટી આવ એરીયન ફેમેલી લાંગવેજીસ" નામની એક ચોપડી તેના પાછલા વધારાની નોટો સાથે અંગરેજીમા બનાવીને, તે બેહુ ગરંથમા "કમપારેટીવ ફાઇલાલોજી"ના ફાએદાની ખુબી સંબંધી ઘણા મોતેબર દાખલા સારી કાબેલીએતથી દેખાડી આપેઆ હતા; એટલુંજ નહીં પણ ૧૨૨૪ મા "હુજવરસ" અથવા પેહલવી ભાંરાનુ વીઆકરણબી તેજ ફાએદાથી આ શેઠીઆએ ગુજરાતીમા રચીને પોતીકા પીતાના ખરચથી છપાવેઆ પછે, તેની નકલો યુરોપીઅનો તથા જરથોસતી ગરહસથોને તાંહાં ભેટ મોકલી હતી; માટે હાવા માહભારત કામો પાછલ જે સાહેબે તન અને મનની કસટ ઉપરાંત દરવીઅ ખરચેઓ તેની કદર કોઈએ નહીં પણ યુરોપખંડના માહ વીદવાનોએ બુજેલી માલુમ પડીછે.

જરથોસતી ધરમની સચાઇ વીશે માહતારપાખાડી ખાતે મરહુમ કાવસજી માંજરાની વાડીવાલાં મકાણ અંદર ય૰ ૧૨૧૩ ના સાલથી આ ઉલતમંદ અમેઆશીએ દર અઠવાડીએ સભાઓ મેલવીને (જેના પરમુખ વાડીઆ ડોસા-

ભાઈ જમશેદજીને ડેડવેલા હતા) તેની હજુર વાએજીઓ કરી તાંહાં સાંભલવા આવનારાઓના જીગરમા પવીતર મજહબનો એતેકાદ ઘણી સારીરીતે ઠસાવતા હતા; અને તેવો રાબેતો બનતી કોશેશથી બે વરસસુધી ચાલુ રાખેઆપછે, બીજાં કામોમા રોકાઈ રેહવાની કમ ફરસુદે તેનાને જારે તાંહાં હાજર રેહવાનુ માંડી વાલવું પડઉં, તારે તે વખતે હાવો રૂડો મારગ એખતેઆર કરનારા કોઈબી હમદીન ભાઈએ તે જગેઆ પુરી હોતતો, સંદે નોહતો કે તેમાથી એ અશીલ કોમને અગણીત ફાએદા હાંસલ થાત.

જંદ ભાશાની તઈઆર કીધેલી ફરહંગ છપાવીને બાહેર પાડઆ આગમજ તે માહભારત ગરંથનો નમુનો આપણી નામદાર સરકારની પસંદગીને માટે આ શેઠે જારે મોકલાવેઓ, તારે તાંહાંથી તપાસ સારૂં કાબેલ મીશીઅનારી રેવરેંડ ડાકતર જાન વીલસનના સવાધીનમા તે સોંફાએઓ હતો; અને તે વીદવાને બારીકીથી તેની તપાસ લઈને તે ઉપર પોતાનુ ઊંમદા મત નીચે મુજબ સરકારમા જાહેર કીધું હતું કે:—

"આ નમુનો હુંએ ચોકસ રીતે તપાસી વાલેઓછે; અને તે ઉપરથી "કેહવાને હવડાં ખુશી ઉપજાઊંચ કે, આ શેહરના પારશીઓની કોમમા પુર- "વની વીદીઆ સંબંધી જે માહીતકારી ઘણુ થાએઊ હું જોતો આઊંચ તે "કરતાં આ ગરંથ ઘણોજ માહભારત ગણાઈ શીખવા લાએકનો માલુમ પડી "આવેઓછે, અને તેના બનાવનારે જેમ ગુજરાતી તથા અંગરેજીમા સહી "તરજુમો કીધોચ, તેમ સંસકરતબી તેમા સમાવે તો એ ગરંથ ઘણો વજન "પાંમશે." એટલી ભલામણ શેઠ ધનજીભાઇએ ઊંચકી લેવાની આએશ દેખાડઆ ઉપરથી કેહચ કે, તે વખતના નામદાર ગવરનરે આ ફરહંગની છપામણીનો બધો ખરચ સરકારને હસાબે આપવા જણાવેઓ; જે વાત મોટા ઉપકાર સાથે નામનજુર રાખીને હાવો નામીચો, અને નવાઈ ભરેઓ પેહલવેહલો ગરંથ પોતાનુ પરતીપાલ કરનાર નેકબખત પીતાની નજર આગલ ધરવાની ધારના જારે સરકારને લખી વાલી, તારે ય૦ ૧૨૨૧ મા બાહેર પડેલી મદેહ નજરની ટીપમા સાંભલેઆ પરમાણે સરકારે તે ગરંથની સારી સંખીઆ ભરી આપી હતી; એટલુંજ નહી પણ ડાકતર વીલસન તથા માજી સુપરીમ કોરટના વખનાઈ ગએલા બે નેયાયહાધીશો (સર અરસકીન પેરી, તથા સર ઉલીએમ યારદલી) ઉપરાંત બીજા ઘણાક વીદવાન અંગરેજોના નામોબી તે ટીપમા દાખલ થાએલાં જાંણવામા આવેઆંછે.

આ ફરહંગનો એક બીજો નમુનો હીંઆની "રાએલ એશીઆટીક સોસાઇટી"ની સભા અંદર જે દાખલ કીધો હતો, તાંહાંબી તે રૂડીપેરે વખણાએ આથી સભાના સરનસીને મંડલી તરફથી આ કોશ–ગરંથકારીને શાબાશી આપતાં તેની થોડીક નકલો ખરીદવાની ખાહેશ જણાવી હતી; અને તે બાબેનુ વીગતે બએઆંન તે વખતના અંગરેજી તથા ગુજરાતી વરતમાન પતરોમા વીસતારી જાહેર થાએલું જે જોવામા આવેઊંચ, તે શાબદું ઉતારી લેવા માટે આ નાહનકરી નોંધનુ કદ પોશાતુ નથી.

જરથોસતી મજહબને જલેહ આપનારી જંદ ફરહંગની મદેહનજર વીશે જરમેની ખાતે તાંહાંના માંહપંડીત ફીલસુફ સપીગલને જારે ખબર પડી, તારે તે વીદવાને પોતાની તરફનો વાજેબી વીચાર રેવરેંડ મી૦ મરે મીચલની ઉપર જે લખી મોકલાવેઓ હતો, તે અતરેની "રાએલ એશીઆટીક સોસાઈટી"ની સભા હજુર તા૦ ૧૪મી અકટોબર ૧૮૫૨ ની તેરીખે જારે રજુ થાએઓ, તારે તે સબદો હેઠલ જણાવેઆ મુજબ માલુમ પડેઆછે. ડાકતર સપીગલે લખેલું કે "મી૦ ધનજીભાઈ ફરાંમજીની જંદ ફરહંગ બાબેની મદેહનજર બાહેર "પડેલી જાણી હું ઘણોજ ખુશી થએઓછું, અને દીલોજાંનથી ઉમેદ રાખુચ "કે એ ગરંથ વેહલો પુરો થાએ. હેને થકી હજીસુધી ખરીદદારો હુંએ એ-"ખીતા કીધા નથી, પણ હવે નીકલનારાં "જરમેન ઓરીએંટલ સોસાઈટી" ના "ચોપાંનીઆંના ૬ ઠા અંકમાં એ બાબેની મદેહનજર દાખલ કરીશ, અને તે "ઉપરથી આસા રાખુંછું કે, તે ગરંથની ઘણીક નકલો જરમેનીમાં શેહલથી "ખપી જશે." ડાકટર સપીગલનો આવેલો પતર લઈને મી૦ મરે મીચલ કોઈ અડચણને લીધે સભામા હાજર થઈ નહીં શખતાં ઉપલી બાબદને પોતાના પતરમા સમજાવ્યા પછે, શેવટે તેણે હેવો અભીપરાએ જણાવેઓ હતો કે, "મી૦ ધનજીભાઈની જંદ ફરહંગ બાબે પરોફેસર સ્પીગલ જે ખુશી બતલાવેછે, "તેથી પારશીઓને પોતીકી પુરાતંમ ભારાની ખોલ કરવા ઉપર ઉશકેરની થાશે, "અને વળી આપણા ઘણાજ ખાએશમંદ મીજલેશી મી૦ ધનજીભાઈને, પોતાના "બાહેર પડનારા ગરંથની બાબંદમા, કાંનતીનેંટના પુરવ તરફની પુરાતંમ બારાા "સહમજનારા સઉથી કાબેલ સખસ જે ખુશી બતલાવેચ તે જાણેઆથી ઘણી "હીંમત આવશે."

હાવો મોહભારત કોરા ગરંથ છપાઈને આલમમા આસકાર થયા આગમજ ફકત તેના ખરડાઓ ઉપરથીજ ઘણીક વીદવાન મંડલીઓમા વખણાઈ ચુકો હતો; તે છતાં સાંભલેઆ પરમાણે તેના બનાવનારની ઉલટને આડે આવનારા કેટલાક તેમના હમદીન ધરમગુરૂઓએ, તે ગરંથની તપાસ આડકતરી રીતે ચલાવીને, અસલી રચનાને બીગાડવા ચાહેઆ ઉપરથી, તેહવાઓની મરજી મુ-જબ ચાલીને પોતાની કાબેલીએતને જાંહાંખી પાડેઆ કરતાં, તે ગરંથ પરગટ કરવાનુજ માંડી વાલવાની આ શેઠને ફરજ થઈ; તો જોકે તેની ઉપર જેટલું નાણું ખરચાએ તેનો પા ભાગ વશુલ થવા જેટલા યુરોપીઅન ઘરાકો તો તેમના હાથમા તઈઆર હતા, પણ પારશીઓની પંચાએત તરફનો પુરતો આસરો મ-લવામા ગેરરીતની તપાસ કરનારાઓના તોફેલથી જારે હરકત નડી, તારે આ-ગરંથકારીએ કેહચ કે, યુરોપીઅન વીદવાંનોની કમેટી પાશે પોતાની બનાવેલી ફરહંગની, તથા તેની તપાસમા હરકત નાખનારાઓની કાબેલીએત સંબંધી પરી-ખરાા કરાવા માટે પંચના અકાબર સાહેબોને સોચનાખી કીધી હતી; પણ તે કબુલ નહીં રહેઆને લીધે આવું અતી ઉપીયોગી કામ અજવાલે આવતું અંતે અટકી રહેલું.

પારશી ટોળાના છએક દસતુરોએ પેહલવીના અસલી હરફો ઉપર નુકતાઓ મેલવાની યુકતી જારે ય૦ ૧૨૨૦ અથવા ૧૨૨૧ મા કરવા માંડી, તારે આ વીદવાંન સખસે "પેહલવી ભાશાના અભીઆશી" ને છુપે નામે તે બાબેના ગેર ફાએદા, તથા અનઘટારતપણા વીશે માકુલ દાખલાઓથી જાહેરરાંતમા તકરારો ચલાવી તેઓને કાએલ કીધા; અને તે વીશે આ કાબેલ શેઠનો અભીપરાએ આલમાઓને પસંદ પડતો હેવો જાહેર થયો હતો કે, વેઆકરણના કાએદા વડે પેહલવી ભાશા જેટલી સેહલથી વંચાઇ તથા સહમજાઈ શકાએ, તેટલા નુકતા મેલાયાથી વાંચનારાઓ તથા શીખનારાઓને મોઠી ગુચવનમા લાવી નાખે. આ બાબદશાર થએલી અરસપરસની બધી તકરારો જારે જરમેની ખાતે ડાક-ટર સ્પીગલની તપાસ માટે ગઈ, તારે તે માહ ગનેઆંની ફીલશુફેબી આ પેહલવી ભાશાના અભીઆશીનીજ તરફેનમા પોતાનો વાજેબી ચુકાદો કરી મોકલાવેઓ; અને તેથી કરી પેલા નુકતા મેલનારાઓની મશલત મશાંણ તરફ નાહશી ગઈ; નહીંતર કેટલાક લોકોનુ એવું મતછે કે, તેઓની હાવી યુકતી પાર પડતે તો પેહલવી ભાશાનુ કઉઅત ઘટીને તેના પુરાતંમપણાની ખચીત પાએમાલી થયાવીના રેહતેજ નહીં.

યુરોપખંડના કોઈ વીદવાંનો તરફથી એવો સવાલ પુછવામાં આવેઓ હતો કે, દુનીઆંમા સરવેથી પેહલવેહલો ટોળો કહેઓ હતો; અને ઈરાંની લોકોએ શીમીટીક ઉપરથી પોતાની ભાશા ઉપજાવીચ કે, શીમીટીક લોકોએ ઈરાંની ભાશામાથી લઈ લીધુંછે? આ બાબદ જારે ય૦ ૧૨૨૦ અથવા ૧૨૨૧ ની શાલમાં અતરે પોંહતી, તારે "સર જમશેદજી જીજીભાઈ ફીલાસોફીકલ ઈનસટીટુસન" ની અંદર એક માહબારી સભા જે મલી હતી, તાંહાં આ વીદવાન શેઠીઆએ લગભગ અડી કલાક સુધી ખડ પગે ઉભા રહીને, ફીપેલાં સુભખીત ભાશાંણથી સાબેત કરી દેખાડઊં કે, પુરથવીપર પુરાતંમમા પુરાતંમ ટોળો ઇરાંનીનો સરવેથી પેહેલાંછે; અને તેઓની ભાશાબી કદીમ જમાનાથીજ કુદરતે તેઓને બખશેલીછે; જેની શાહદતમા હેઠલ જણાવેઆ મુજબની શાત દલીલો ઉપર જે તકરારો ચાલી હતી તેઓના નામોની વીગત હીંઆં આપીએછે.

"જીઓગરાફીકલ પોસેસન" યાને પુરથવી ઉપર પેહલાં વસતી કાંહાં વધી તે વીશેનું ભુગોલ વરણન.

"એઠનાગરાફીકલ ડીવીજન" યાને અશલમા દુનીઆં અંદરનાં ઈનશાંનો કેટલા ટોળામા વેહચાએલા હતા તેનુ પ્રકરણ.

"હીસટોરીકલ અકાંઊંટસ" યાને તવારીખોની સાદતો.

"ધી શેકરેડ રીકારડસ" યાને ધરંમ પુસતકો સંબંધી નોંધો.

"મેનીઉમેંટલ રીલીકસ" યાને તખતીઓ તથા ગોફાઓ માહેલા નકસો બાબેની દલીલો.

"કરોનાલોજીકલ ડેટા" યાને ગણીત વીદઆ વીશેની તવારીખો.

"ધી શીઉર ટેસટીમોનીસ આવ લાંગીઉજેસ" યાને ભાશાઓની ચોકસ સાબેતી.

એ વખતે સભાના પરમુખ ડાકટર અલેકઝાંણદર ફરેઝરે આ ભાશાન ક-રતાનો માહભારત ઉપકાર માનેઓ હતો; અને તે માકુલ ખીના તે વખતપર ચાલતાં "પારશી ફરેંડ નામના ચોપાંનીઆં અંદર તથા અંગરેજી વરતમાન પ-તરોમા વીસતારીને છપાઇખી હતી.

ઉપર જણાવેઆ મુજબ હુજવરસના વેઆકરણની છાપેલી ચોપડીઓની એક નકલ યુરોપ ખાતેના વીદવાંનો માહેલા આપણી કાઉનશીલના માજી અ-ધીકારી, અને એકવાર કામ ચલાઉ ગવરનરના ઓહધા ઉપર ખીરાજી ગએલા હાંનરેબલ મી૦ જાન રોમર પાશે જારે ગઈ, તારે તે નામદારે તે માહેલી પુ-રાતમ ભાશાઓની સાંમે એવો વાંધો ઉઠાવેઓ હતો કે, પારશી લોકોએ સંસકરૂત ઉપરથી તે ઉપજાવી કાહડેલીછે; આ વીચારની વીરૂધ કેહચ કે શેઠ ધનજી-ભાઈએ તકરારો ચલાવીને તેઓનુ અસલીઅતપણું સાબેત કરી આપેઉં; તે છતાંબી મી૦ રોમરે છપાવીને બાહેર પાડેલાં ચોપાંનીઆં અંદર અતરેની "રાએલ એશીઆટીક સોસાએટી," તથા તેના એક સભાસદ તરીકે આ શેઠને હારેલા જેવા સહમજી એવું જણાવેઉં હતું કે, તેના લખાણનો જવાબ મનમાનતો તેને જો નહીં મલશે તો, તે ચોકસ ધારશે કે ઉપલી ભાશાઓ પાછલા વખતપર બનાવટ કીધેલીછે. આ તકરારો ય૦ ૧૨૨૯ મા જારે પુર જોસથી ઉભી થઈ તારે તે વખતે ઉપલી સભાનો સરનસીન હાંનરેબલ ડબલીઉ. ઈ. ફરીઅર હતો; તેણે આ વીદવાન ગરહસથ સાથે મી૦ રોમરના ચોપાંનીઆંનો જવાબ આપવા માટે ગોફતેગો ચલાવી, તે ઉપરથી શેઠ ધનજીભાઇએ એક મહીનાની મુદતમા મજબુત દાખલા દલીલો સાથે તઈઆર કીધેલો જવાબ તે સભાસદોની હજુર ઓલે આવાજે ભાશાણની મારફતે વાંચી સંભલાવીને ઉપલી ભાશાઓનું પુરાતં-મપણું પુખત રીતે પુરવાર કરી આપેઉં હતું. આ જવાબ અતી લંબાણ થ-યાને લીધે જાહેર વરતમાન પતરોમા છપાવેઆ કરતાં પોતાના સુરખીને ખરચે પુસતકોમા પરશીધ કરીને તેની નકલો યુરોપીઅન વીદવાનો, તથા ગરહસથો ઉપરાંત, જરથોસતી ટોલામા વેંહચીને પોતાની કાબેલીએતનું કઉઅત આલમની હજુર આશકાર કીધું હતું. "રાએલ એશીઆટીક સોસાએટી" ના સરવે વીદ-વાન સભાસદોએ ઉપલો જવાબ સારાં ધેઆંનથી સવીકારીને આ ગરહસથને મોટી સાબાશી આપી હતી, એટલુંજ નહીં પણ તે પુસતકો જરમેની તથા ફરાં-સમા એટલાંતો પસંદ પડઆં કે, તે માહેલી ખીનાઓ તાંહાંની મકતબો અંદર શીખનારાઓને સબક તરીકે અતીઉપીયોગી થઇ હતી; અને તે બાબે કેહચ કે ઘણાક વીદવાંનો તરફથી આ ગરહસથ ઉપર ઉપકાર સાથેના કાગલો વટીક લખાઈ આવેલાં હાલ મોજુદ તેવન પાશે સચવાઈ રહેલાં સાંભલવામા આવેછે.

ગ્નાન પરસારક નામની મંડલીમા જારે ધરમ તથા સંસારને લગતી તક-રારો ઉડવા માડી, તારે કેહચ કે તે બાબેની કજબેહશી સારૂં આ શેઠે એક અલાહેધી સભા ઉભી કરીને તેની મારફતે મજહબ સંબંધી અજવાલું પરકા-સતું રાખવાની જે દરખાસત ગુજારી, તે ઉપરથી "રાહનુમાએ માજદીઅસની" સભાએ શાલે ૧૨૨૦ મા જનમ લીધો હતો; અને તેની અંદર આ શેઠ ઘણુ

સુધી સભાસદોની સાથે મીતરાચારીથી સાંમેલખી રહેલા માલુમ પડેઆ હતા; પણ તે પછે કેટલીક મુદતે કેહચ કે, કોઈ કોઈ મીજલેશીના વીચારો ધરમની વીરૂધ જતા તેણાને જણાયા, તારે તેનો કચવાટ પકડીને તે સભા સાથનો પોતીકો સંબંધ દુર કરી બેઠા; અને તેની સામણે ય૦ ૧૨૨૫ ની સરૂઆતમા "રાહેરાસતનુમાએ જરથોસતીઆન" નામની એક બીજી સભા ઉભી કીધી હતી; જે થોડુંક સુધી ચાલુ રહેઆ પછે બંધ પડી તેનો સબબ સમજાયો નહીં.

એવુંબી સાંભલવામા આવેઊંછે કે, આ વીદવાન શેઠે "જરથોસતી વેહવાર ઉપીયોગી ગ્નાન પરસારક" મંડલી, મરહુમ દાદીશેઠના આતસબેહરાંમની સાંમણે મુલાંફીરોઝના કેતાબખાનાની અસલી જગોપર સ્થાપીને તાંહાં એલમ તથા હોનરોની બાબદમા કેટલુંક સુધી ભાશાંનો ચાલુ રાખેઆં હતાં.

તારીખ ૨૯ મી એપરેલ ૧૮૫૨ ના "મુંબઈ સમાચાર" નામના પુરાના વરતમાન પતર ઉપરથી એવું માલુમ પડેઊંચ કે, મુંબઈ ટાંઇમસના અધીપતી તથા આપણી વસતીપર વખનાએલા એક વીદવાન ગરહસથ વચે સત જરથોસતની હસતી વીશે ચાલેલી તકરારનું શેવટ જારે બરોબર ઉતરેલું આ શેઠે નહીં જોએઊં; અને તેહવામા મજકુર અધીપતીએ પોતાને ફાવેલા વીચારી હેવો સવાલ કીધો કે "જરથોસતની હસતી સાબેત કરી આપનારો કોઇબી ઈરાંની બચોછે?" આ ઉપરથી શેઠ ધનજીભાઈએ "માથીતીસ ઇઆસ"નું* નામ ધારણ કરીને એજ ટાંઇમસ પતરના અધીપતી સાથે, બારેહકતાલાથી બુજોરગી પાંમેલા બરહક પેગંમબર સત જરથોસતની હસતી વીશે ઘણી સભીઅતાથી તકરારો ચલાવવા માડી; અને થોડુંક સુધી અરસપરસ વાદવીવાદ થયા પછે, છેલ્લાં તરણ પતરો (૩ જી નવેમબર, ૨૨ મી તથા ૨૪ મી ડીસેમબર ૧૮૫૧ ની તેરીખે) ટાંઇમશે જે છાપેઆં, તેનો રદીઓ દાખલા દલીલશીકે તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૫૨ ને રોજે આ શેઠે તઇઆર કરીને ટાંઇમસ પતરમા લાગુ પાડવા માટે જારે મોકલાવેઓ; તારે તે મજબુટ લખાણનો જવાબ વાલવાના જાણેઆમેલ સઘલા ઉપાએ પોતાની પાશે ખુટેઆને લીધે, તે પતર બીલકુલ છાપેઓજ નહીં. જે પછે તે પતર બીજાં અંગરેજી પતરોમા દાખલ કરવા મોકલેઓ, તો તેઓએબી જારે બાહાલ નહીં રાખેઓ, તારે આ કાબેલ સખશે પોતાની ગીરોના ગુરથ ખરચી દફતર આસકાર છાપાખાનામાથી તે પતરના અંગરેજી ચોપાંનીઆંઓ છપાવીને સરવે ઠેકાંણે† સુફત વેંહચી આલમથી વાજેબી ઇનસાફ જે ચાહેઓ, તે તો તેણાને મલી ચુકો; પણ તે માહેલું એક ચોપાંનીઊં ટાંઇમિસના અધીપતીને મલેઊં તેની પોંચ કબુલ રાખતાં તા૦ ૨૯ મી એપરેલ ૧૮૫૨ ના પોતીકાં પતરમા નીચે જણાવેઆ મુજબ જે લખી જણાવેઊંછે, તેના તરજુમાની નકલ હીંઆં નોંધી લઈએછે.

---

* આ શબ્દ યુનાનીછે, અને તેનો અરથ ઈરાંની બચાનો થાએચ. નો. લે.

† એ માહેલું એક ચોપાંનીઊં તેજ વખતપર આ નોંધ લેનારને તેના એક અશીલ મીતર પાશેથી મલેલું હાલ મોજુદછે, પણ તેમા જણાવેલી બીના ઘણી લાંમબી હોવાને લીધે, તેનો સમાસ હીંઆં હમો લઇ સકતા નથી. નો. લે.

"ગઈ તારીખ ૩ જી નવેમબર, અને ૨૨ મી તથા ૨૪ મી ડીજેમબર
"૧૮૫૧ ના "બોંબે ટાંઇમસ"મા, જરથોસતીઓની સામણે એક પછે એક જે
"તરણ ટીકાઓ લખાયા હતા; તેનો જવાબ એવે નામનુ એક ચોપાંનીઉં હ-
"માને ફીરપાથી મલીઉંછે. એ પતર છાપવાની હમોએ ઘણા મજબુત કારણ
"ઉપરથી ના પાડી હતી, અને તે એટલા માટે કે જે હાલતમા હમારી ઉપર
"મોકલાવેલું પતર, તેજ પરમાણે રાખવા સારૂં તેનો લખનારો હમોને બશાજેદ
"થયો હતો; પણ જે બીના એકબી અંગરેજી વાંચનારને લાએક નોહતી, તે વાતને
"તેનો બનાવનાર એક શેહજ બાંહાંનું કરી કેહછે. હમો જાંણીએચ કે, ઘણા
"ખરા વરતમાન પતરો બનાવનારા એમ ગણેછે કે, કોઇ બાબદ તેઓ ઉપર
"છાપવા આવે, અને તેના વાંચનારાઓ જારે તે નહીં વાંચે તારે તે કાહડી
"નાખવાને (યાને નહીં છાપવાને) દુનીઆંમા સરવેથી સરસ કારણછે; અને તે
"તરીકાથી તેઓ જો બીજી રીતે ચાલે (યાને છાપે) તો, તેઓના ઘરાકો ઘણા
"જલદી બંધ થાએ. એ બાબદ છાપવાનુ જે હમોએ બંધ કીધુંચ, તે વાતને
"હવે પાછી હુંઘાડવા હમો માંગતા નથી. "દનશીઆદ" ની અંદર (યાને એ
"વકુફોની માફક) ગેરા ભરેલા બનાવનારની પડે હમારા લખનારે કહેઉંચ કે
"મરૂં પણ હું છાપીને મુરખ લોકોને સરમીંદગીએ પોહચાડું, પછે વાંચનારાઓ
"તેમાથી પોતાનો વીચાર કરી લીએ." હમોને સારી પેડે માલુમછે કે, હમારો
"હમનબરદ કોનછે. તે એક ઘણો શીખેલો, શુધો, અને પારશી કોમમા ઘ-
"ણોજ રૂડો ગરહસથછે; જેને ખુશી કરવા સારૂં હમો ઘણાં લાંમબે જતે, પણ
"તેનુ લખેલું એક અંગરેજી પતરને પુરૂં લાએકનુ થયા અગાઉ તેની મંતકી
"એલમ તથા અંગરેજી એબારતમા થોડાક સુધારો થવો જોઇએછે. આ બનાવ
"જે એક પારકી જુબાનમા લખે તેને કશોબી ઠપકો નથી; અને તે ગરંથકારીના
"ઘંધાને નવોજછે પણ હમારી પોતાની તરફને વાસતે તો એ પુરૂં વાજેબીછે."

ઉપલું લખાણ ગમે એવી કાબેલીએત ભરેઉં ડાકતર બીઉસટે વીચારેઉં હોએ, પણ તે ઉપરથી આટલુંતો સાબેત થઈ ચુકુંચ કે, આ "ઈરાંની બચા" ના છેલ્લાં ચોપાંનીઆંથી તે સજર શીકસત પાંમેઓછે; નહીંતર આગલાં લખાંણોના જેમ રદીઆ આપેઆ, તેમજ આ બાબદને તે હરગેજ ખરી રેહવા દેતે નહીં; માટે આ શેઠીઆની એટલી તો ફતેહ થએલી માલુમ પડીચ કે, જુદ-દીન હરીફને કાએલ કરી પોતાના ટોલાને દીપાવી દેખાડેઓછે.

એજ શેઠને ખાસ ખરજાંણથી ખેતવાડી ખાતે ય૦ ૧૨૨૯ મા એક વાં-ચણશાળા જે જાહેરમા ઉભી થાઈચ, તે આજ દંન સુધી ૧૪ વરસની ઉંમર પસાર કરી ચુકા છતાં બારે હકતાલાની બખસેસથી તે ઘણી લાંમબી જીંદગી સારી હાલતમા ભોગવતી રેહે હેવી આશેઆ રાખીએછે.

કેળવણીના બાબમા આ ગરહસથની કાલજી ઘણી સારી હોવાને લીધે, પોતીકા ભાઈબંદુઓના બચાંઓની તરબીએત સારૂં મજગાંમ ખાતે ય૦ ૧૨૩૨ ની શરૂઆતમા એક સ્કુલ પોતાના ખુદ ખરચે હુંઘાડીને લગભગ સાત વરસ સુધી સારા પાયાપર જે ચાલુ રાખી હતી, તે ઉપર દર મહીને રૂ ૭૫ થી ૧૦૦

સુધી થયલા ખરચના પરમાણુનો અટકલો અસરાફ વાંચનારાઓની મુનસફી ઉપર સોંફતાં જણાવીએછે કે, એ મુદત પછે નામદાર સરકારે તે કેળવણીનુ કાંમ પોતાના સવાધીનમા લઇને આ શેઠને તેમાથી સદનતર મોકલા કરી દીધા હતા.

આ વીદેઆના શોખી શેઠને રેહવાના બંગલા માહેલા એક અલાહેધા મોટા ઓરડાની અંદર જે પુસતકખાંનુ ખીરાજેછે, તેમા ઘણીક કેતાબો અતી ઉપયોગી, અને ભારે કીંમતદાર જાંણવામા આવેછે. કેહચ કે આ પુસતકખાના ઉપર ફકત ૩૫ હજાર રૂપીઆને આસરે તેવણના રોકાએલાછે, (પછે વધુ યા ઓછાની ગણતરી એવણ શીવાએ કોઇથી જાંણી શકાએજ નહી.) પણ તેના આધારથી કેટલીક તકરારોમા જે તેનાએ ફતેહ મેલવીચ, તેની કીંમતતો હમો ધારીએચ કે શેહજમા વલી રહી હશે.

હમારી ધારણા પરમાણે શેઠ ધનજીભાઇની કાબેલીએત સંબંધીનુ વરણન જાહેર વરતમાન પતરો ઉપરથી ઉતારી લીધેલું જોકે પુરેપુરં લેવાઇ શખાએઊં નથી, તોપણ સાધારણ કેહવત મુજબ થોડ લખવે ઘણું કરી જાંણેઆ પછે, તેવણના સંસાર સંબંધી કાંમોની થોડીક હકીકત જે અજવાલે આવીચ, તેની યાદી હીંઆં નોધી લઇએછે.

સ્કુલ છોડેઆ પછે કેટલોક વખત સુધી મી૦ ફરીથ કુંપનીને તાંહાં શીખાઉ દાખલ રહેઆ પછે પોતાના જનમથી ૨૧ વરસની વએના થયા, તારે ય૦ ૧૨૧૪ ની શાળમા પેહેલવેહલા તેજ આફીસમાથી લશકરી અમલદારોની મેરા ખાતાંની આડતનું કાંમ આ શેઠે જે માથે લીધું, તેમા મી૦ ઇઆંગ, પોતાના કાકા શેઠ મેહરવાનજી પટેલ તથા મામા પેસતનજી બરજોરજી દાવર પંતીઆલા તરીકે જોડાઇને ચારોની એકસંફીથી સારો વહીવટ ચાલેઆ કીધો; અને તેમા લગભગ ૩ વરસ ગુજારેઆ પછે તાંહાંથી પોતે છુટા પડીને ય૦ ૧૨૧૭ મા મી૦ વાલેસની કુંપનીને તાંહાંના કાંમમા લાગુ પડેઆ; અને તેજ ટાંકણે મી૦ લાનકેઆસતર કુંપનીને તાંહાંની દલાલીનુ કામ હાથમા લઇને ૧૨૨૦ સુધી સારી પેડે ચલાવીને તેજ શાળની આખરીએ તાંહાંથી નીકલી ગયા.

મી૦ વાલેસ કુંપની મધેથી શેઠ ફરાંમજીએ ૧૨૨૫ મા પોતાનો હક તથા ઇલાકો જારે કાહાડી લીધો, તારે તે જગેઆપર આ શેઠ ધનજીભાઇનુ પંતીઆલું તેનાએજ જોડી આપેઊં હતું; જે વહીવટ છએક વરસ પરમાણીકપણાથી ચાલેઆ પછે, સરવે ભાગીઆઓ રાજી ખુશી થઇને સલાહ સંપજમા એક બીજાથી છુટા પડેઆ; અને તે નામની પેહડી સદનતર નીકલી ગઈ.

ય૦ ૧૨૩૨ મા મી૦ જાન સાનસ નામનો અંગરેજ ગરહસથ વેલાતથી આવીને શેઠ ફરાંમજી સંગાથે મલેઓ, અને વેપાર સંબંધી તેઓ વચે થએલા બંદોબસત મુજબ તેની સાથના પંતીઆલાપણામા આ શેઠ ઉપરાંત તેમના ભાઈ શેરાબજી સાંમેલ રહીને મી૦ ફરાંમજી સાનસની કુંપનીને નામે જે બોહોલા

વેપાર ચાલુ કીધોચ, તારથી તે પેહડી શેઠ ફરામજીની સાહેતા પાંમતી પેહલા વરગમા ગણાઈને વેપારી મંડલીમા સારો દરજ્જો ધરાવતી દેખાએછે.

સેરસટાનુ ઘેલાપણું જારે આ ટાપુ ઉપર ચોમેર પંથરાએઉં હતું, તે વખતે સાંભલેઆ પરમાણે આ શેઠીઆએઓ પોતાને ખાનગી હસાબે તેમા અતી ઘણી ઉથલપાથલ ચલાવીને લાખો રૂપીઆનો ભંડાલ ભેગો કીધો હતો; પણ તે વહીવટનો ગુચવાટો એકબીજામા એટલો તો વીટલાઇ પડેલો દેખાએઆ કે, તેમાથી સફાઇ પામવાની જેમ ઈઉકતી કરવા ગએઆ, તેમ નવી વલગણુંમા તેવન ફસતા રેહેઆ; અને ફુલાએલો પરપોટો જારે એકેદમ ફુટેઓ, તારે તેના ખાડામાં સઘલાઓની પેંઠે તેનાને હાથ આવેલો મોટો દરવીઆ ડટાઇ જતાં શાંહામનુ કરજ માથે ચોંટી બેઠું; જેથી આ શેઠને થોડીક મુદતસુધી ઘણો મુહજાવરો સોસવો પડઓ હતો; પણ શાહલેસાઈની સાથે સંતોરા એખતેઆર કરી બની તેટલી કોસેશથી તેહવો બોજો રફતે રફતે ઘટાડીને તેની હરોલમાથી એકેદમ મોકલાશ મેલવી લીધા પછે, હરગેજ થાઈને તેહવા ધાસતી ભરેઆ ધંધાની સોડ નહીં સાંધતાં પોતાની માનવંતી પેહડીના કામમા ખંતીપણે ગુતાએલા રહીને સારી શોભા હાંસેલ કરેછે.

વીદઆના બળથી આ શેઠીઆએ આપણી હજુરમાં જેટલું કરી દેખાડઉં, તેનો થોડાક ભાગ હમારી જાણમા આવેઆ મુજબ આ નોધમા દાખલ કીધોછે; અને બીજી બીનાઓ જે પછાત રહી હોએ તે માતરે હકીકત મલવાની ગેરહાજરીનો સબબ વાંચનારા સાહેબોએ સમજવો જોઈએ. હમો કબુલ કરીએચ કે શેઠ ધનજીભાઇ કરતાં બીજા ઘણા સખશો વધારે વીદવાન, અને ફીલસુફીને લાએકના ઓલમા હોશે; પણ દીન આઇનિને લગતી બાબદમા જેટલું કામ આ ગરહસથે પોતાની કાએનાત મુજબ વગર ધામધુમે કરી દેખાડેલું કેહવાએઉંચ, તેટલી ફતેહ બીજા સાહેબોએ મેલવેલી માલુમ પડતી નથી; અને એમ કરતાં તેવી વાત બનેલી સાંભલવામા આવશે તો તે બીનાને મોટી ખુશી સાથે આ નોંધમા દાખલ કરી, તેની સરખામની પરજાની મુનસફી માટે તેઓની હજુર મેલવાની ફરજ હમો ભુલસુ નહીં.

શેઠ ધનજીભાઇએ પોતીકા ચાલતા વખતમાં સખાવતના જાહેર કરતાં છુપેઆં કામો ઘણા કીધેલાં સાંભલવામા આવેચ, તેની વીગત જો મલી હોત તો ખુશી સાથે હીંઆં નોંધી લેતે; પણ તે બાબે શોધ કરનારની મેહનત અકારત ગએઆ છતાં, આટલો તો અટકલો જણાયોચ કે રૂપીઆ દોહડ લાખથી કાંઇક વધારે રકમ આ શેઠે સખાવતના ભલાં કામોમા એરણ બેરણે ખરચેલીછે.

આ ગરહસથની પીછાણતનો સંબંધ જે જે જાહેરખાતાંઓ સાથે, સંધાઈ રહેઓચ તે હેઠલ આપેલી ટીપથી માલુમ પડશે, પણ તેના સનેની ઇઆદીવના કેટલી મુદત થાઇ તેવણુ તેમા લાગુ પડેલાછે તેટલું જણાવી શાખતા નથી.

શેહર સુધરાઈ ખાતાની અંદર સુલેહના અમલદારનો અધીકાર, કેટલાંક વરસ થયાં બજાવતા દેખાએછે, અને તેની ખુબીથી જારે વારો આવેચ, તારે પોઠીશસનની કોરટમા મેજેસતરેટની સાથે બીરાજીને રજુ થતા મુકદમાઓ ઉપર સારી તપાસ રાખતા કેહવાએછે.

રાયલ એશીઆટીક સોસાઇટીની માનવંતી શાખામંડલીના એક સભાસદ થયાને આજે ૨૫ વરસ વહી ગયલાં અટકલાએછે.

યુનીવરસીટી નામની માહભારત કેળવણી ખાતાંવાલી મોટી સભાના "ફેલોસીપ" ના એલકાબ સાથે આપણા માજી ગવરનર સર બારટલ ફ્રીઅરે તેમની જંદ અવસતા, તથા પેહલવી ભાશાની માહીતગારી સંબંધી સુભાખીત ભારાન જાહેર મંડલી હજુર કરીને તેમા એક સભાસદખી ઠેઠવેઆછે.

પારસીઓને વાસતે વારશાહીરા તથા લગણુતલાક સંબંધી સતા ભરેઆ ધારાઓ સરકાર પાસેથી બંધાવી મંગાવવા માટે જરથોસતી અકાબરેએ જે સભા શાલે ૧૨૨૪ મા ઉભી કીધી હતી, તારથી તેનુ કામ ૧૨૩૮ મા સમાપત થયું તાંહાં તુલીક, તેની અંદર એક ખાશ અધીકારી રહીને તેને લગતાં કેટલાંક કાંમો સરકારી અમલદારોમા લાગવગ લગાડી પારઉતારી આપવાની આગેવાંની તેનાએ જે લીધી હતી, તેનો હેતુ ઈછીને જારે "મેટરીમોનીએલ કોરટ" હીઆં ચાલુ થઈ, તારથી તેમા ડેલીગેટની બેઠક નામદાર ગવરનરની કાંઉનશીલે તેમને આપેલીછે.

જીઓગરાફીકલ સોસાએટી, તથા બોંમે મેકાનીક ઇનસટીટીઉસન નામની નામીચી મંડલીઓના મેમબરનુ માનખી આ શેઠ આજ કેટલાંક વરસથી ધરાવતા આવેછે.

પચીસથી વધારે વરસ થયાં, "આગરી-હારતીકલચુરલ સોસાએટી આવ વેસટરન ઈંડીયા" મંડલીમા સભાસદ થઇ રહેલાછે.


જુવીનીલ ઇમપરૂવમેંટ લાએબરેરીના ખાસ મુરખી તરીકે નેમાએલાછે.

મુલાંફીરોઝ મદરેસા, તથા એજ નામના પુસતકખાંનાની મંડલીના જાથુક સરનસીન થયલા સંભલાએછે.

નેટીવ જનરલ લાએબરેરીના સદાકાલ સભાસદ થઇ રહેલાછે.

એ ઉપરાંત બીજી ઘણીક સભાઓ, પુસતકખાનાઓ, તથા જાહેર ખાતાંઓ સંગાથે આ શેઠીઆને જે સંબંધછે તેની ચોકસ ખબર જણાઈ નથી; માટે આટલીજ હદમા તેમની જીંદગીનો બરકરારી ભરેઓ અહેવાલ બંધ કરવાની રજા લઇએછે.

દારૂખાનાવાળાની વંશાવલી.



દારૂખાનાવાલાઓનો દેખાવ.

સુરત તાબેના મદરોઈ ગાંમમા રેહનારા શેઠ મનચેરજી મના જોગીનો જનમ, તેવણ પેહલવેહલા ૧૯ વરસની વએના ય૦ ૧૦૯૦ મા અતરે આવેઆ, તે હસાબે ૧૦૭૧ મા હોએલો જણાઈ આવેછે.

આ ગરહસથની અસલ અટક તેમના શેવદેશમા "મનાજોગી"ની હતી, પણ હીંઆં આવીને જે ધંધામા ઘણા વરસોસુધી લાગુ પડેઆ, તે નામપર ફેરવાઈને દારૂખાનેવાલાની ઓળખાઈ રહીછે.

સરકારી તોપખાનાને વાસતે બારૂત બનાવનાર એક પોરટીઉગીસ હતો, (જેનુ નામ આ કુટંબીઓ તદન ભુલી ગએઆછે) તેના હાથ હેઠલ શેઠ મનચેરજી હલકે સુરારે ચાકરી રહેઆ; અને તેની મેહરબાંનીથી આવા અભેઆસમા જેમ વધારે માહીતી મેલવી, તેમ શીનોર શાહેબનો ઉપીઓગી હોનરબી સારીપેઠે સીખી લીધો. કજાએલાહીથી જારે તે સીનોર મરણ પાંમેઓ, તારે તેની જગેઆપર પોતે ગોઠવાઈને સરકાર માગે તેટલો સરસબારૂત તાકીદથી બનાવી આપવા લાગા, તેથી કરી તેવનના હસતકનુ કારખાનુ ઘણુંજ વખણાતું ચાલેઉં.

બારૂત બનાવવાનુ સરકારી કારખાંનુ શેઠ મનચેરજીને હાથ આવેઉં, તારથી પોતાના દીકરાઓને તેમા લાગુ પાડીને તે ધંધામા દરએકને એટલા તો પાહવરદા કીધા કે એકના મરણ પછે બીજો અને તેની પુઠે પેદરપે ઉતરેલા વારેસોએ પેવરા રહીને માન ભરેલો રોજગાર ઘણા વરસોસુધી જાલવી રાખેઓ હતો.

આ રોજગારનો વારસો જારે શેઠ મેરવાનજીને ભાએગે ય૦ ૧૧૬૬ ની સાલ ચોંટેઓ, તારે તેનાની ઊંમર માતરે ૧૮ વરસની જાંણવામા આવીછે. એ સાહેબે સરકારી કારખાનાને ઘણી ચંચલાઈથી ચલાવીને અંગરેજી હકુમતના બીજાં મોટાં મથકો કરતાં આ ટાપુના બારૂતખાનાને પેહલા દરજા ઉપર લાવી દેખાડેઉં હતું; અને તેના બદલામા કેહચ કે, ભાંડુપની પડોશે આવેલું હરીઆલી નામનુ અડધું ગામ સરકારે ઇનામ દાખલ તેનાને હીનાયત કીધું હતું. આ ગામનો ॥ ભાગ જે સરકારના હાથમા બાકી રહેલો હતો, તેનુ દરસાલ દેણુ આપવાની સરતથી ચંદરો કાલસુધીનો પટો તેજ ટાકણે લખાવી લઇને આખા વજીફાના પોતે માલેક થઇ પડેઆ. અને તે પછે ય૦ ૧૧૯૮ મા છાસઠી માહેલા વીઆર, ગુણગાંમ તથા શાઇ મલી તરણ ગાંમો સરકાર પાશેથી ચંદરો કાલસુધી ઈજારે લઈને તાહાંના જાગીરદાર કેહવાએઆ હતા; એટલુંજ નહીં પણ પોતે જાતે કસટ ખેંચીને તે ગાંમોને એવાંતો ફલદરૂપ કીધાં હતાં કે, દરસાલની ઉપજથી બીજા ધંધા કરતાં તે વજીફાઓ તેનાને વીશેશ લાભકારક માલુમ પડેઆ.

લગભગ ૫૨ વરસસુધી શેઠ મેરવાનજી આ કારખાનાના સંબંધમા લાગુ રહેઆપછે રોજ ૨૯ મો માહ ૫ મો શેહનશાહી સાલે ૧૨૧૮ ય૦ મા ૭૦ વરસની ઊંમરે પોંહચીને બેહશતનસીન થએઆથી, તેમની ખાલી પડેલી જગેઆ તેવનના વડા દીકરા શેઠ રૂસતમજીને હાથ આવી, તારના તે સાહેબ બારૂત બનાવવાના કારખાણા ઉપર વડા તરીકે અમલ ચલાવવા લાગા હતા.


બાપની અશર્ફેઆમતનો વારસો શેઠ રૂસતમજીના વહીવટપણા હેઠલ આવેઆપછે, મુંબઈની પરજાને પાણીના સુખ માટે ગંજાવર તલાવ બાંધવાની સરકારને જારે અગત પડી, તારે છાસઠી માહેલી સરવેથી સરસ જગેઆ વીઆર તરફની જણાયા ઉપરથી અરસપરસ ચાલેલા સંધેશા મુજબ શાલે ૧૨૨૩ મા વીઆર, ગુનગાંમ, તથા શાઈ મલી તરણ ગાંમો તેની કીંમત લઇ સરકારને સપુરદ કરી દીધાં; અને ચોથું હરીઆલી જે બાકી રહેલું હતું તેખી તેની પુઠે દશેક વરસ પછે ૧૨૩૩ મા મરહુમ શેઠ બેરામજી હોરમજજી કામાને વેચેલું સાંભલવામા આવેછે.

હીંદની હકુમતના તરણે વડાં મઠકો (કલકતા, મધરાજ તથા મુંબઇ) ખાતે બારૂત બનાવવના કારખાનાઓની અંદર, વેલાત તરફ વીદેઆબળથી થાએલી નવી શોધ મુજબનો સાંચો લાગુ પાડવા માટે સરકારે જારે શોચના કીધી, તારે બીજાં ખાતાંના ઉપરીઓની મુઆફેક આ શેઠ રૂસતમજીખી તેવા અખતરાની માહીતી મેલવવા માટે સરકાર પાશેથી રજા કાહાડીને તાંહાંના અમલદારો ઉપરના ભલામણ પતરો સહીત રોજ ૨૧ મો માહ ૮ મો શેહણશાહી સાલે ૧૨૩૦ ને દીને ઉપડલી મેલ બોટમા બેશી શીધારેઆ હતા. તાંહાં જઇને કારખાનાઓની તપાસ લીધાથી મુંબઈખાતે પોતા હશતકના કારખાના કરતાં કોઈ નવી તરતીબ તો માલુમ પડી નહીં, પણ માતરે સાંચાની મદદથી કામમા વીશેસ જહડફ થાતી જે જણાઇ, તેનો અનુભવ મેલવીને ચાર મહીનાની અંદર અતરે પાછા વળી આવેઆ પછે, તે ઈઉકતી હીંઆંનાં કારખાના અંદર લાગુ પાડવા વીશે સરકારને જાહેર કીધું; અને તે અખતરો ચાલવા લાગો.


બારૂત બનાવવાનુ કારખાનુ મજગાંમથી ઉંચકાઇને બોરકી ખાતે ગએઉં તેની એક વરસ આગમજથી શેઠ રૂસતમજીએ વડવાઓનુ રચાએલું મથક હઈઆતી સુધીના બેઠા મુશાંરાપર એકેદમ છોડી દીધું; તે દાહાડાથી આ કુટંબીઓ માહેલો કોઈખી નબીરો તેમા લાગુ રહેલો જાણવામાં આવેઓ નથી.

દારૂખાને વાલાના ખાંનદાંનો પાશે આગલા વખતપર છાસતીના ગાંમો ઉપરાંત બીજી જેજે મીલકતો હતી, તેઓમા માહલક્ષ્મી તરફ શેઠ બેરાંમજી જીજીભાઈના બંગલા સાંહમનેની જગેઆ, કોટના બજારગેટ મોહલામા ઘેરના તરણ ગાલા, હીરવાડીઆને નામે હવડાં ઓલખાતી પોલ, પીઠાંના મોહલામા પારખવાલી આગલી પોલ (જાંહાં હવડાં શેઠ દીનસાજી માણેકજી પીટીટ, તથા મરહુમ મનચેરજી ધનજીભાઈ ફલાકુકાની મોટી હવેલીઓ બીરાજેછે,) અને ચરનીરોડ તરફ આલબલેસ બાગની સાંહમનેનો જાહવલી બાગ (એક શો વરસથીખી વધારે વરસ પર લેવાએલો) જાંણવામા આવેછે. આ માહેલી છેલ્લી જગેઆ મી૦ નવરોજજી કાવસજી દારૂખાનેવાલા પાશે, તથા બજારગેટના મોહલા માહેલાં ઘેરનો એક ગાલો તેમના ભતરીજા મી૦ મેરવાનજી બેરામજી દારૂખાનાવાલાના હાથમા મલીને બે મીલકતો આ કુટંબના નબીરાઓ, બારેહકતાલાની બખશેસથી સાચવી બેઠેલા જણાએછે; અને બાકીનું બધું ઘણા વરશો થએઆં વેચાઇને પારકી મીરાસમા ગણાએઉંછે.


શેઠ ખાનદાન ને તાંહાંની વંશાવલી.




આ હારમાં જણાવેલા શાહેબોને તાંહાંની વંશાવલી આંક બીજાંવાલા પાનાંપર જોવી.



શેઠખાનદાનની ગાદીના બાકી રહેલા વારેશો, તથા એન કુટંબીઓના બીજા બેટાઓને તાંહાંની વંશાવલીનું આંકડા માંહેલું શોધણ.



શેઠ રૂશતમ માણેકના વડા દીકરાને તાંહાંની વંશાવલી.



આ કુટંબીઓનાં જેટલાં નાંમો મળેઆં તેટલાં હીઆં દાખલ કીધાં છે, અને બીજાઓની શોધનો પતો હાથ આવી શકેઓ નહીં.

નો. લે.

શેઠ ખાંનદાંનનો શરૂઆત.

આશરે ૬૦૦ વરશની વાતપર પરએઆત થાઈ ગએલા, (મોબેદાન મોબેદ નેરીઓ સંગ્રવલની, આઠમી પેહેડીએ ઉતરેલા, (ફરેદુન હોમને તાંહાં આશા, માહીઆર તથા ચાંદા મલી તરણ દીકરાઓ જે હતા; તેઓ માહેલા શરવેથી નાધલાના નબીરા નામે ચાંઆંણા વીશે હેવું શાંભલીએચ કે, તે શાહેબ કોક શંજોગથી નૌશારી છોડીને મુગલાઈ શાહણશાહતને તાબેના શેહર શુરતમા જઈ વશેઆ. આ બીચારા પોતાના વખતમા કોઈ રીતની જુરીએત ધરાવેઆ વીના ધણીજ કંગાલ હાલત પર રહીને કાલ ગુજારનારા હતા, પણ તે પછે થોડીજ મુદતે તેમની અઓલાદના વશીલાએ મથાલે જણાવેલા નામીચા દરજાને ઉશતવાર પાયો જે નાખેઓ, તેજ એલકાબથી આ કુટુંબ દુનીઆમા આશકાર થઈ રહેલુંછે.

મોબેદ ચાંઆંણાના દીકરા જંમશેદને પેટે માણેકસાહ નામના બરખુરદાર બેટાએ જે જનમ લીધો, તેના દીવશ તથા શંનેની નોંધ કેશે રહેલી નથી; પણ અટકલથી કેહવાઈ શખાએ છે કે, બે તથા તરણશે વરશની વચેના કોઈ શાલમા આ નેકબખ્તની હશતી થાઈ હશે.

માણકસાહના જનમ વખતે કેહચકે તેના બાપ પાશે ઘેરની શુવાવર સચવાએ તેટલુંબી નાણું મહેશરનોહતું; પણ તે કરીમે કારશાજ ખોદાતાલા જેની ઉપર કુદરતથી નવાજેશ કરે, તેને કોઇ રીતની મુશકેલી જો નડતી નથી તેમ ચાલીશાંનુ શંકટ પણ તે શાહેબની શાહેતાથી પશાર થઈ ગએઊં; અને તેમને તાંહાં અવતરેલા આ બાલકે જેમજેમ ઉછલીને મોટપણ પકડી, તેમ તેનાની સ્થીતીબી શુધરતીજ દેખાઈ.

ગરીબ મોબેદના ઉપલા બેટાને ઘેરે (લીલાં લેહર કરનારા રૂશતમ માણેકનો જનમ ય૦ ૧૦૦૨ મા શુરત ખાતે કોઈ ઘણેજ શારે ચોઘડીએ મુબારક થાએલો માલુમ પડેઓછે; અને તેમનીજ બુલંદ હીંમતથી શેઠ ખાનદાન હશતીમા આવીને, આજદંન તુલીક જે પરકાશતું દેખાએચ, તેની જીંદગીના હએવાલનુ મંદાંણ હીંઆંથી અજવાલે આવેછે.

આ શાહેબ શંશારને શંભારવા લાએકના થયા પછે, શુરતની શલતનતથી તે છેક દીલ્લીની શાહણશાહત શુધી પોતીકું નામ, તેનાએ હેવું તો મશહુર કીધેલું કેહવાએઊંછે કે, શકરમીની સાહેતા જે પોતાની શાથે લાવેલા હતા, તેને નેક નદીએત તથા શતધરમથી શાચવીશખીને મુગલાઈ હકુમતની બાહેર પણ કીરતી ભરેઆં કાંમો શંબંધી પાંથરેલી નેકનાંમી વીશે, શુરતવાલા મોબેદ જંમશેદ બીન કેકોબાદે ય૦ ૧૦૮૦મા ફારશી બેતો જોડીને જે કીશો બનાવેઓ હતો, તેના ગુજરાતી તરજુમાની શહી નકલ આ ખુબીવંતાં ખાનદાનના એક નેકબખત નશુરાની મેહરબાંણીથી હમારા જોવામા આવીચ, તે ઉપરથી જાણવા જોગ બીના આ નોંધની અંદર દાખલ કરીએછે.

શેઠ રૂસતમ માણેક તથા તેમના બાવા માણેક જમશેદનો પેહેલવેહલો ધંધો કહેવો હતો, અને હાવી ગંજાવર દોલત તેઓને સામાથી મલી તે વીશેની કોઈ કેફીએત ઉપલા કીસામા બીલકુલ જણાવેલી નથી. એ બાબે પુછપરેછ કરવાની કોશેસમા આ નોધ લેનાર ઘણું સુધો ચીવટથી રોકાએલો હતો, પણ તેનો કાંઈજ મુદો જારે કેથેથી હાથ નહી આવેઓ, તારે તેટલું પડત રાખીને તે કીસા માહેલી હકીકત ઉપરાંત છુટી છવાઈ બીના તેમના કોઈ એક કુટંબીને તાંહાં રહેલી યાદી ઉપરથીજ હાથ આવીચ, તેજ માતરે વાંચનારા સાહેબોની સાહમણે રજુ કરતાં આ શેઠ મજકુરના જનમનો અડશટો, તેમના નબીરા શેઠ માણેકજી નવરોજજીની મરણ ટાંકણે હોએલી ઉમર ઉપરથી ઉપજાવીને ઉપલા ફકરામા જે સાલ જણાવેલીચ, તે વાતને ૨૪૦ વરસ પસાર થાઈ ચુકેલાં ચોકસ ઠરેછે.

યુરોપખંડ તરફથી પોરટુગીસ લોકો જારે વેપારને અરથે પેહલવેહલા સુરતમા આવી વશેઆ, તારે આ સાહેબની જીંદગીએ હસતીબી જોએલી નોહતી; પણ જનમ પાંમેઆ પછે સનસાર ચલાવવાની સખતી ધરાવવા લાએકના થયા, તારથી તે સોદાગરોની કોઠી બાતે દલાલીનું ઓહોલું કામ હાથમા લઈને હેવી ચંચલાઈથી વેહવાર ચલાવેઓ કે, તે વીશેની ખુબી છેક તેઓની રાજધાનીના શેહેર લીસબન તુલીક વખનાઈ. એના કારણમા એમ કેહવાએલુંછે કે પોરટુગીસ તથા દીલીના રાજ વચે હરવખતે ઉઠતા બખેડાની સમાધાણી આ શેઠે સારી તદબીરથી કરી આપેઆ ઉપરથી, મુગલાઈ વાવટાના શોદાગરી વાંહાંણોને દરીઆવની સફરમા નડતી હરકતો સદનતર નીકલી ગઈ; અને તેના બદલામા આ રૂસતમ માણેકને દીલીની સાહનશાહત તરફથી શેઠના માન ભરેલા એલકાબ ઉપરાંત સરીમંતને લાએકનો સરોપાવબી હેનાએત થયો હતો.

અંગરેજી રાજીઅ તરફથી નામદાર ઇસટઈંડીઆ કુંપનીની વેપારી કોઠી, પોરટુગીસ પછે ઘણે વરશે સુરતમા આવેલી હતી; તેના કેટલાક વહીવટદારો સાથે વખત પોંહચતાં આ શેઠને મીતરાચારીનો સંબંધ સંધાએઆથી, તેઓને તાંહાંબી એક માનવંતા દલાલ થાઈ પડેઆ હતા; તે એટલા માટે કે વેપાર બાતાંના વડાએ આ શેઠ મજકુરની પેહલવેહલી મુલાકાત લેતાંવારજ તેમની શેઆંણુપત ભરેલી લાએકી, તથા કામ ચલાવવાની ચલાકી જોઇનેજ પોતાની મુરાદમા ફતેહ પામવાનો આધાર તેવન ઉપર રાખેઓ હતો. અને વેહવારમા બેહુના વીચારો સરખા ઉતરતા રહેઆથી એક બીજા વચે દોસતીનો ગાંઠ હેવોતો મજબુત ગંઠાયો કે, જાંણે બેહુઓ એક જીગરના હોએ તેમ એક બીજાને સમજવા લાગા; અને અરસ પરસના સુધા વહીવટની બરકતથી કમાણીબી સારી રીતે હાંશેલ કરવામા તેવન સખતીવાન થયા. પણ એક વાતની મોટી હરકત અંગરેજોને હેવી નડતી હતી કે, સુરતના મુગલાઈ અમલદારો તેઓને કરારથી ગાંમમા રેહવા દેતા નોહતા; અને હરેક બાંહાંને તેઓના રોજગારને હરકત પોંહચાડેઆ કરતા. આ બાબે બેહુ સાહેબોએ હેવો ઠેડાવ કીધો કે, શેઠ સાહણસાહતમા ફરીઆદ પોંહચાડીને તાંહાંથી દાદ માંગવી. વાત બંધ

એઠાથી અંગરેજી કોઠીનો વડો તથા આ શેઠ મજકુર ૫૦ ૧૦૨૯ મા દીલ્લી તરફ રવાંણે થયા. એ વખતે તાંહાના તખત ઉપર શાહણુસાહ અઓરંગજેબ જે બીરાજતો હતો, તેની હજુરમા જઈને શેઠ રૂસતમે અરજી રજુ કરતાં હેવી ફરીઆદ ગુજારી કે, "આ કોહલાપોસ (અંગરેજ) એક શોદાગરછે; અને "પોતાના દુરદારાજ દેસ (ઈગલાંડ)થી મોટા દરીઆવ ઓલાંગીને હીંદ તરફ "આવી પોંતાચ; મગર બુજોરગ દરબ્રાહના અમીરો તેમની કોઠીને શેહરમા "દાખલ કરવા દેતા નથી. આ અંગરેજ શોદાગર ઘણોજ નેક, ભલો તથા "સુધીરાહપર ચાલનારો છે; અને તમો નામદાર શાહણશાહના શાહેઆની "ઉમેદ રાખી હીંઆ તક તસદી ખેંચીને માહરી સાથે આવેલોછે કે, શેહરે "સુરતપણાહમા તે લોકોને રેહવાની કોશાદ જગેઆ મલે; જાંહાં રહીને પોતાના "વેપારનું કામ ચલાવે, અને તેઓનો જે માલ આવે તેને સલાંમતી સહીત "ખડકવા માટે વખારો તથા તેમનો વહીવટ ચલાવવા સારૂં કોઠી બાંધવાની "પરવાનગી હેનાએત થાએ."

ઉપલી અરજ ગુજારેઆની પેસતર, મુલાકાત વખતે આ મજકુર શેઠ કેટલાક કીમતી અધીઆઓ, જે પોતાની સાથે લાવેલા હતા, તે નામવર શાહણશાહ તથા તેના અમીરલ ઊમરાવો ઉપરાંત કારોબારી તથા અરજ બેગીઓની સનમુખ ધરી સરવેના દરજજા માફેક ભેટ કીધા; અને તે ઉપરથી આખી દરબારે મોટી હેરતમંદી સાથે શેઠ મજકુરની બેહદ વખાંન કીધા પછે, તેનાએ ગુજારેલી અરજને દરેક દરબારીએ ઉઠાવી લઈ, અંગરેજ લોકોના કામ માટે શેઠની તરફથી સાહણશાહની હજુર ઘણીજ ભલાંમણ જારે પોંહચાડી, તારે તે ઉપર ઘટતું ધેઆન આપીને શાહણશાહ સલાંમતે પોતાના વડા પરધાન અશદખાનને તાકીદ ફરમાવીને સુરતના સરસુબા ઉપર એવો હોકમ લખાવેઓ કે, "અંગરેજ શોદાગરને વેપાર કરવા માટે બાઆબરૂથી શેહરમા "દાખલ કરવા; તેઓને રેહવાના ઘેરો, કોઠીઓ તથા માલની વખારો બાંધવા "સારૂં જોઈતી જગેઆ આપવી; અને તે લોકો તાંહાં જેબી બાંધકાંમ કરે, તેની આડે કોઈજ આવે નહીં." હાવી રીતનું ફરમાન જે મલેઊં તે લઈને શેઠ મજકુરે અંગરેજી કોઠીદારને સંપુરદ કરી દીધું, અને શાહનશાહ પાશેથી રૂખસત માંગી પોતાના મકાણ તરફની તલપ ચાહી.

દીલ્લીથી પાછા ફરતી વખતે આ બેહુ સાહેબો એક બીજાથી છુટા પડીને તે માહેલો અંગરેજ શોદાગર પરભારો સુરત તરફ ચાલતો થયો; અને આ રૂસતમ શેઠે આડકતરે રસતે પોતાની મુસાફરી લંબાવી; કારણ કે કેટલાંક નામીચાં શેહેરોની રચના જોવાનો શોખ ઉતપંત થયો, તે ઉપર ખુશીના નસીબાથી મોટી રાહેત સાથે મનજલ દરમનજલ રાહ કાપતાં દાનડા રાજપોરના એક ગાંમમાં આવી પોંહતા. શીદી ઈઆકુબ* નામનો એક નામીચો શુબો જે તાં-

* આ સખસ ધારેઆ પરમાણે તાર પછે અબશીનાં જંજીરાની હકુમત પર આવેઓ હતો, અને અંગરેજોના હાથમાથી એકવાર આપણી મુંબઈ તેણે છીનવી લીધી હતી.
નો૦ લે૦

હાંની હકુમતપર બીરાજતો હતો, તેણે આ શેઠની સારી મેહમાનદારી બજાવી એટલુંજ નહીં પણ થોડાક દીવસ પોતાને તાંહાં રાખીને અનેક તરેહની મોજ મજાહ તેવનને દેખડાવી હતી; અને વીદાએ થવાનો વખત જારે આવેઓ, તારે કેટલીક તોફા ચીજો ભેટ આપી ખુશી સાથે તેવણને રૂખસત કીધા. બાગમા ખીલેલાં ફુલો મીસાલે પોતાના જીવને પમરાટ આપતા મુસાફરીને આગલ વધારેઆ પછે પોરટુગીસની હકુમતના શેહર દંમનમા આવી લાગા. એ વખતે તે લોકોનો એક પાદરી (ધરમગુરૂ) જે રાજની હકુમત પર સરદાર હતો, તેની સાથે પેહલવેહલી મોલાકાત થઈ. આ શેઠ મજકુરને પોરટુગીસના દલાલ તરીકે પીછાંણીને, તે હાકેમે ઘણી આબરૂ સાથે ખુશહાલ કીધા; અને છેક દીલ્લી સુધીની દુરદરાજ મુસાફરી ખેંચવાનુ જારે ખરૂં કારણ તે સરદારના જાણવામા આવેઊં, તારે તેણાની ચાલાકી તથા બાધુરીને સારી રવેશથી વખાંણી ને સુરત ખાતે રાજદુઆરી કારણરાર પોતાની તરફના ખાશ આડતીઆ તેમને જે ઠેડવેઆ, તે માન સહીત કબુલ રાખીને કીમતી સરોપાવની પેહરાંમણી સાથે વીદાએગીરી લઈ તાંહાંથી તેવણ આગલ ચાલેઆ. આ નામીચા નર જારે નૌસારીને કરાએ આવી પોંહતા, તારે તાંહાંના જરથોસતીઓ માહેલા કેટલાક દાનાવ દસતુરો, મોબેદો તથા મોહભાવાલા બુજોરગ બેહદીનોએ તેમને એશતેકબાલ જઈને ઈજતથી આ શેઠના કદમને કરાબામા દાખલ કીધાં. મુસાફરીથી આલુદે થએલાં બદનને દીનની સરીએત મુજબ પવીતર કીરીઆથી સફાઈ કરીને તાંહાંની સરવે સમસત અનજુમન સહીત આતસબેહરાંમ સાહેબની દરધાએ જઈ બંદગીથી ફરાગાત પાંમેઆ પછે, પોતાનુ નેક કાંમ જે આબરૂ ઇજતથી પાર ઉતારી આવેઆ, તે બાબે બાહરેહકતાલાની જનાબમા શોકર ગુજારી માટે સર નમાવેઊં. દસતુરો તથા મોબેદો વગેરે જેઓ તાંહાં હાજર હતા, તેઓ સરવેને દરેકના દરજા મુઆફેકની દક્ષનાથી તરૂપત કીધા, એટલુંજ નહીં પણ એ કસબાનાં બીજા ઘણાએક ગરીબ લોકોનેબી એવી રીતે નવાજેસ બખશી કે, તે માંહેલા કોઈનોબી સવાલ આ શેઠ રૂસતમ માંણેકે રદ જવા દીધો નહીં. હાવી નાંમવરી ઉપરાંત તાંહાંના સરશુબા, દેશાઈઓ તથા બીજા સરીમંતોને માટે પણ તેઓ દરએકના મરતબા મુજબના તોફા અધીઆઓની ભેટ કરી પોતાની ધારેલી નેક મુરાદમાં બચીત સંતોસ પામેઆ. તાંહાંથી આ શેઠની જારે ચલ કુચ થાઈ તારે તે તરફના સઘલા લોકોએ જે તેમનાં અધીઆઓ લીધા હતા, તેઓ પરતેએકે આ શેઠના નેકનામને છાજતાં નજરાંનાના વધાવા એટલા તો નવાજેસ કીધા કે, તે લેવાને આ સાહેબ કશુ ઘટમાંન નહીં જોતાં પણ તેઓને માતરે રાજી ખુશી રાખવાની ધારણાથી તેઓના મોટા ઉપકાર સાથે કબુલ રાખેઆ પછે દરએકને છેલ્લી સલાંમની ભેટ આપી પોતાનુ સવદેસ સુરત જે તાંહાંથી બાર કોશને છેટેછે તાંહાંનો મારગ તેનાએ ધરેઓ.

શેઠ મજકુરને સુરતમાં સહી સલાંમત આવી પોંહચેઆની જેહવી ખબર શેહરના સરવે લતાઓ તરફ ફેલાઈ, તેહવીજ તાંહાં અતીઅંત ખુશાલી

બધી વરણના લોકોમાં પેવસ થઇ; અને તેની યાદગારીમા મોટાથી તે નાંધલા, તથા તવંગરથી તે ગરીબો સુધાંનુ એક દબદબા ભરેલું સાહજન તેમને સાંહમનાં લેવા માટે બાહેર પડએઁ; જાંહાં અરસપરસ મોલાકાત થયા પછે લેવા આવનારી સવારીમાથી આશીરવાદના સુંદર સરોદો સાંભલતા તથા દીલને રાહેત પમાંડતા તેઓની સાથે પોતાને ઘેરે પધારીને એવાતો આશુદા થએલા દેખાયા કે, જાંણે કોઇ રીતની મુસાફરી તેનાએ કીધીજ ન હોએ.

હવે પેલો અંગરેજ શોદાગર જે આગમજથી આવીને પોતાનાં કાંમને સરનજાંમ ઉતારી આપનારા આ શેઠની રાહ જોતો હતો, તે તેમનાં આવી પોંહતાથી બેહુ જણાઓ ભેગા રહીને શુબા સાહેબની દરબારમાં દાખલ થયા; અને પેલું સાહનસાહી ફરમાન જે દીલ્લીથી લાવેઆ હતા, તે તેની હજુરમા રજુ કીધું. હાવું હોકમનામુ જોતાંજ હાકેમે મોટાં માંનથી સરોચસમે ચહડાવીઆ પછે મોહર ખોલીને જારે વાંચેઉં, તારે તે માહેલા મેહરબાંની ભરેલા હોકમો સાંભલીને દરબારના સરવે અમલદારો ઘણાજ અચરત પાંમેઆ; અને એ કારણશાર જે મેહનત તથા રંજ રૂસતમ શેઠે એખતેઆર કીધી, તે વીશે તેમની હીંમતને સ્તુતી સાથે સાબાશી આપવા લાગો. અંગરેજ શોદાગરને સપુરદ થાએલો શાહનસાહી હોકમ તાકીદે બજાલાવવાની સુરતના શુબાએ પુરતી જમાંનત આપી; અને તે અમલમા આવેઆથી તેઓની સઘલી મુશીબત દફે થાઇ.

આ વાતની ખુશ ખબરી વેલાત ખાતે પોંહચાડવા થકી પેલું અશલ ફરમાંન અંગરેજ શોદાગરે પોતાનાં રાજા ઉપર રવાંણે કરી દીધું; અને તે સાથે શેઠ રૂસતમ માંણેકની મેહનત વીશે પણ વીસતારી લખેઉં, તારે તે વાત વાંચીને તથા ફરમાંન માહેલી લાભજોગ બીના જોઇને શેઠ મજકુરની કાબેલીએત તથા દાંનાઈ ભરેલી હીંમત ઉપર રાજા ઘણોજ ખુશી થયો; એટલુંજ નહીં પણ આ શેઠ, દલાલ તો અશલથીજ થેડવાએલા હતા, તે ઉપરાંત કેટલાક રાજદુઆરી વહીવટ વઠીક સોંફીને થોડુંકસુધી પોતાની તરફનો એક વકીલબી તેમને ઠેડવેઓ હતો. આ શેઠની દાનાઈ તથા હોશીઆરીથી સાહનશાહ અઓરંગજેબનુ હાવું માહભારત ફરમાંન જે અંગરેજોને હાથ આવેઉં, તારથી તે લોકો હીંદુસતાંનમા પગભર થઇને મોટી દોલત મેલવેઆ ઉપરાંત રફતે રફતે રાજ વધારવાના નશીબાને પોંહચેલા તેઓએ ખચીત સહમજવું જોઇએ; અને તેમ તેઓ સમજતાખી હશે તેમાં તો કશો શક નથી.

અંગરેજોની એક વાત ઉપર મુજબ પુરી થયા પછે, બીજી ફરજ આ શેઠ મજકુરને માથે આવી પડી હતી. એવું જણાએઉંચ કે તુરકી ગનાતનો એક માલેતોજાર, અને મોટો શોદાગર ઉસમાંન ચલેબી સુરતમા રહીને (જેને સાધારણ રીતે "શાહ ચલેબી" ને નામથી હજીતક ઘણા સાહેબો પીછાંણતા હશે, કારણ કે, પાછલથી તેના વેચાએલાં કેટલાંક સફરી મોટાં વાંહાંણો હીંઆંના વેપારીઓએ ખરીદ કીધાં હતાં) વેપાર વણજનાં બોહલાં કાંમથી ઘણાક દેશોની અંદર જે મસહુર થાએલો હતો, તેનું એક મોટું વાંહાંણ જે ચાલમા

ઘણુંજ સરસ, અને દરીઆવરથી ખાતાંમા બલવંત ગણાતું હતું; તે જુદદા તરફથી કીમતી માલ તથા નગદી મલી રૂપીઆ લાખ ચારથી વધારેનો અવેજ લઈને સુરત તરફ આવતાં મારગમાં પોરટુગીસ લોકોની "આરમાર" (જેને આપરે મનવાર અથવા લડાઈનુ બારકસ કહીએછે) સાથે કાંઈક બાબદનાં શેહજ બખેડા ઉપરથી જોસ ભરેલી લડાઈ થઈ; જેમાં પરથમ તો ચલેબી તરફ જીહીત હતી, કેમકે તે લોકોનાં મારાથી ફરંગીના ઘણાક માંણશો મારેઆં ગયાં પણ તેઓનુ બલં વીશેશ હોયાને લીધે, શેવટે વેપારી વાંહાંણ તે માહેલા માલ, તથા નગદી, ઉપરાંત સઘલાં માણશો સહીત "આરમાર"ના હાથપર સપડાઈને જપત થાએઊં. આ વીશેની દુખ ભરેલી ખબર જારે ઉસમાંન ચલેબીએ જાંણી,તારે તેની ફરીઆદ હાકમના કાંનપર તેણે પોંહચાડી. તે વખતે સુરતની હકુમતપર નવાબ અમાંણતખાં કરી હતો, તેને હાવાં દીકટ ભરેલાં કાંમની સફાઈ શેઠ રૂસતમ માંણેક શેવાએ બીજા કોઈથી થવી મુશકેલ વીચારી. આ સાહેબને નવાબે પોતાની હજુર બોલાવી મંગાવેઆ, અને મોટી હોરમત આપી ફરમાંસ કીધી કે, "આ સખત કાંમનો ઉપાએ તમારી રૂડી તદબીરથી કરીને ચલેબીનુ "બારકસ છોડવી આપો; કેમકે તમારીજ મારફતે એ લોકો સાથે કોલકરાર "થાએલાછે કે, મુગલાઈ હકુમતના કોઈબી વેપારી વાંહાંણને એ લોકો દખલ "પોંહચાડે નહીં; તેહવા આપેલા કોલથી હવડાં એ લોકો એકેદમ જે ફરી ગયાચ "તેનો ખોલાશો થવો જોઈએ. તમો તેના વેપાર ખાતાંના દલાલ ઉપરાંત કે-"ટલાંક રાજદુઆરી કારણમાબી સાંમેલ છેઓ, અને તે લોકો તમારા ઉપર "જે મંમતા રાખેચ તેથી હું ધારૂંચ કે તમારા સુખનથી આ મુશકેલ કાંમ "પાર ઉતરશે; માટે માહરે ખાતર તસરીફ લઈને તે હાકમ પાશે તમો પોતે "જાઓ, અને ચલેબીનુ વાંહાંણ છોડવી લાવો." આવો સવાલ હકુમત તરફથી આ શેઠને શેફારસ થયો, તારે તેને મોટાં માંન સહીત કબુલ રાખીને તેટલાં કારણરાર વલી બીજીવારની મુસાફરીને અંગેજી લીધી.

હીંમતવાન શેઠ રૂસતમ માંણેકે બીજીવાર આવી પડેલું માહદીકટ કાંમ ફતેહમંદીથી પાર ઉતારી લાવવાનાં નેક એરાદાથી સુરત શેહરની ગુલજાર વસતી છોડીને જંગલની મંજેલ કાપતા પેહલવેહલા દંમણ પોંહચવાનો કરાદ કીધો. મારગમાં નોશારી ખાતે ઉતારો લઈને પોતાની જાતી સખાવતના દસતથી તાંહાંના ગરીબ લોકોનાં સવાલો બર લાવેઆ, અને તેઓના આશીરવાદ પાંમતા તાંહાંથી આગલ વધેઆ. આ શેઠ મજકુર જારે દંમણની લગોલગ આવી પોંહતા તારે તે વખતનાં હાકેમ કપતાંન કરાંણને ખબર થઈ, તેહવાજ પોતાની તરફનાં કેટલાક માતબર ફરંગીઓને તેમની સાંમણે લેવા માટે મોકલેઆ; જેઓની સાથે શેહરમા દાખલ થઈને કપતાંન કરાંણની હજુરમા આવેઆ; જાંહાં અરસપરસની મોલાકાત મુબારક થયા પછે, શેઠજી તોફાહ અધીઆ જે લાવેઆ હતા તે હાકમની સાંમણે ધરેઆ; અને પોતા તરફથી કેટલીક દોવા નવાજેશ કીધા પછે, પેલા ઉસમાંન ચલેબીનાં બારકસની વાત છેડી. ઘણીજ લતીફ જુબાંનથી અરજ ગુજારી કે "અહુ રાજ વચે માહરી (યાને રૂસતમ

"માંણેકની,) રૂહ બરૂહ થએલા કોલ મુજબ બારકસને અટકાવી રાખવું સ-
"જાવાર નથી; માટે કીરપાની રાહે તેનાં અસબાબ તથા માણસો સહીત તે
"વાંહાંણ માહરે હવાલે કરી દીધાથી મોટી સરફરાજી મને હાંશેલ થશે." એના
જવાબમા કપતાંન સાહેબ બોલેઆ કે "એ શુરતી બારકશમા તમામ તુરકી લોકો
"હતા, તેઓએ હમારી આરમારને અપમાંન આપેણે એટલુંજ નહીં, પણ સાં-
"મણી લડાઈ ચલાવીને હમારાં કેટલાંક માણશોને મારી નાખેઆં તથા ઘાહેલ
"કીધાં; તારે હમારી તરફથી શખત ઉપાએ ચલાવી તે બારકસને જપતીમા લઈ
"લીધું; જે હવડાં હીંઆંના બારાંમા લાંગરવાર પડેલુંછે; પણ એ બાબે હમારી
"વડી સરકારને ગોવા ખાતે હુંએ લખેણંચ, તેનો હોકમ તાંહાંથી ફરી વલે અને
"તે ફરમાવે તારે એ બારકસ તમારા માંગેઆ મુજબ પાછું હવાલે થાએ." હાવો
જવાબ સાંભલી શેઠ મજકુર રાજી નહીં રેહતાં વળી વીશેસ આજેજી કરતી
વળા એ વીશે તેમની સલાહ પુછી; તારે તે કપતાંને કહેણ કે, "અગરચે તમો
"એવુંજ ચાહતા હોવ કે તમારી મુરાદ જલદી હાંશેલ થાએ, તો માહારી (યાને
"તે કપતાંનની) સલાહ એવીછે કે તમો વગર ઢીલ ગોવા તરફ શીધારો; તાંહાં
"હમારો મોટો સરશુબો સીંઓર વીઝરેલછે તેની હજુર જઈ અરજ કરશો તો
"તાંહાંથી તમોને એ વીશેનો વેહલો ખોલાશો મલશે; અને હું ધારૂંચ કે વખત
"પર જપત થએલું બારકસબી તમારે હવાલે મલવાનો તે હોકમ આપશે;
"માટે એ બાબે માહરી તરફથી તાંહાંના વડા હાકેમ ઉપર તમારી ખુબી તથા
"ભલાઇ સંબંધી ભલાંમણનો કાગલ લખી આપું કે તેથી કરી તમારી મુરાદ
"વેહલી બર આવે." હાવી સલાહને સરણ થઇ ગોવાના ગવરનર જનરલ
સીંઓર વીઝરેલ ઉપરનો ભલાંમણ પતર લઇને શેઠ મજકુરે તે તરફ ચાલવા
માંડેણ, અને થોડેક દાહાડે વરાઇ જે તે વખતપર પોરટુગીસનેજ તાબેએ હતું,
તાંહાં આવી પોંહતા; જાંહાં શીનોર શેરાંણ નામનો અમલદાર હકુમત ચલાવતો
હતો, તે પોતાના રેસાળા સહીત શેઠ મજકુરને એસતેકબાલ આવી મોટી જા-
હોજલાલી સાથે શેહરમા દાખલ કીધા; અને મોલાકાતની સઘલી કીરીઆ
પુરી થઇ રહેઆ પછે શેઠ મજકુરને મુસાફરીની તસરીફ વીશે જારે શવાલ
પુછેઓ, તારે પેલી ઉરામાંણ ચલેબીના બારકસની બાબદ જાહેર કીધી; જે
સાંભલીને શીનોરે પણ પોતાની તરફથી ગોવાના હાકેમની ઉપર ભલાંમણનો
એક કાગલ લખી આપેઓ. વરાઇ ખાતે કપતાંન સેરાંણના નાદર બગીચાથી
સોભા પાંમતો જે બંગલો હતો, તેમાં શેઠ એક દાહાડોને આખી રાત તેમની
મેહમાંનદારીમા ગુજારેઆ પછે, બીજે દાહાડે તાંહાંથી રૂખસત પાંમેઆં; જે
વખતે તેમનાં દરજ્જા લાએકનો એક શેભાએમાન સરોપાવ તેણાને નજર
કીધો; અને મોટી ખુશી સાથે તે કબુલ રાખીને વીદાએગીરી લઇ ગોવા તરફની
રાહ એખતેઆર કીધી. શેહરથી થોડેક દુર પોંહચેઆ વીશેની ખબર ગવરનર
જનરલ વીઝરેલને થાઈ કે, સુરત ખાતેથી આપણા દલાલ શેઠ રૂસતમ માણેક
અતરે આવેછે; તારે તેમને લેવા માટે નામદાર સરસુબાએ પોતાની કાંઉનશીલના
અધીકારીઓ તથા બીજા અમલદારોને સાંમણે મોકલેઆ; અને તેઓની સાથે

આ શેઠ શેહર મધે આવેઆ. વાઇસરાએ દબદબા ભરેલી દરબાર આરાસતે કરીને તેમની મુલાકાત જારે લીધી, તે વખતે નામદાર હાકેમને લાએકનુ પોતાની સાથે હાજર રાખેલું કીંમતી નજરાંણું કુરનસ બજાવી તેમને મુબારક કીધું; જે મોટા પેઆરથી લઇને કબુલ રાખેઆ પછે મુસાફરી ખેંચવાની મકરાદ પુછવા લાગો. શેઠે પોતાની વીનંતી ગુજારી કહેઉં કે "એએ નામવર "સરદાર, સુરતના સોદાગર ઉસમાંન અલેખીનુ માલ તથા નગદીથી ભરેલું વાંહાંણુ તમારી આરમારે પકડીને જપત કીધુંચ, તેનો છુટકારો મેલવવાની "આરજુથી હાવી સખત મુસાફરી સહન કરી હું અતરે આવેઓછું કે તમારી "મોટી મેહરબાંણીથી તે બારકસને પાંમું." એટલું કહી પેલાં ભલાંમણના બેએનાંમાં શીનોર વીઝરેલને સપુરદ કીધાં; જેમા શેઠ મજકુરની નીહાએત ખુબી ભરેલી બીના વીશેનુ વરણન લખાએલું હતું, તે વાંચી મોટી ખુશી ઉપજાવી; અને ખુરા મીજાજથી હસતે મોહડે હાકેમ સાહેબે ભરોશો આપી કહેઉં કે, "એએ રૂસતમ શેઠ, મુસાફરીની સખતીથી તમો ઘણાજ થાકેલાછો, માટે "થોડા દીવસ વીસાંમો પાંમવા માટે અતરે આસાએસ લઇ રેહવો; અને ખાતર "જમાં રાખો કે ચંદરોજમાં તમારૂં કાંમ હું પાર ઉતારી આપીસ." એટલો દીલાશો દઇને આરાસતે ભરેઉં એક ખાસ મકાંણ શેઠને રેહવા માટે આપેઉં; જાંહાં લગભગ નવ મહીના તુલીક હોરમત સાથે રહીને ગવરનર જનરલની અતીઅંત પરીતી મેલવી લીધી, એટલુંજ નહીં પણ તેટલા અરસામા સુરતથી તરેહ તરેહની તોફા ચીજો મંગાવીને તે સરશુબા ઉપરાંત તાંહાંના બીજા મોટ મોટાઓને ભેટ આપેઆથી ગોવા જેવાં શેહરમા રૂસતમ શેઠ આસકાર થાઇ પડેઆ. કેહચ કે આ શેઠ મજકુરે તે શેહરની અંદર એક નાહનકરો પણ રોનકદાર મેહલ પોતાને ખરચે બંધાવીને, સઘલી તરેહના શીનગાર સાથે એવો તો શોભા ભરેલો કીધો કે, તેની રચનાં જોઇ સરવે કોઇ હેરત રહેઆ. તે એમારત જારે સમપુરણ થઇ તારે તેમા તાંહાંના ગવરનર જનરલ તથા તેની કાંઉનશીલના નાંમીચા અધીકારીઓ ઉપરાંત બીજા અમલદારો વગેરેને એક દબદબા ભરેલી પાદશાહી જીઆફત આપી હતી; જેથી કરી શેઠ રૂસતમ માંણેકની જાહોજલાલી તથા તેમના દરવીયની બુલંદી વીશે સરવે લોકોની ખાતેરી થાઇ કે, આ કાંઇ સોદાગર નહીં પણ ખરેખરો શાહજાદો નજર આવેછે; કેમકે તેણાની સઘલી ઢપછપ તેહવીજ હતી માટે અજાંણેઓ જો ભુલાવો ખાએ તો તેની કાંઇજ નવાઇ નહીં ગણાએ.

શેઠ રૂસતમ માંણેક જે કારણસર સુરતથી ગોવે સુધી ગયા, તથા તે તરફ પોતાનો દરવીય ખરચીને દેખાડેલી જાહોજલાલી ઉપરાંત અમીરી ખવાસની સઘલી કેફીએત જારે સતાવાલાઓ તરફથી ઠેઠ પોરટુગાલ ખાતે જઇ પોંહતી તારે તાંહાંના નામદાર રાજા તથા તેની દરબારના અમીરલ ઉમરાઓ વગેરે સઘલી પરજા આ શેઠની બુજોરગી તથા દાનાઇ ભરેલા ઉતંમ આચારની ભારે સ્તુતી કરવા લાગા; અને જે કારણ માટે હીંમત બાંધી તેની સાબાશી આપતાં રાજાએ તેણાનુ કાંમ સરનજાંમ ઉતારવાના હેતુથી ગોવા

ખાતે ઘણીજ તાકીદ ભરેલો હોકમ મોકલાવેલો; તે ઉપરથી ગવરનર વીઝરેલે પેલું જપત કીધેલું વાંહાંણ; તે માંહેલા માલ તથા નગદીથી જેહવી હાલતમાં અસલ હતું તેવાજ આકારમાં સઘલાં માણસો સહીત દંમણથી તતકાલ ગોવા તરફ બોલાવી મંગાવી શેઠ રૂસતમ માંણેકને હવાલે કરી દીધું. આ શેઠ ઘણા મહીના સુધી ગોવામાં રહીને પોતાની સખાવતથી કીરતી ભરેલી ભલાઈ જે કરી દેખાડી, તેના બદલામા ગવરનર જનરલે એક પાદશાહી લાએક પોસાકનો ઉંમદા સરોપાવ તેણાને પેહરાવેલો. હાવું માન મલેલું જોઈને તાંહાંના લોકોએ તેમની વીદાએગરી ટાંકણે પોત પોતાની મગદુર પરમાણેના હધીઆઓ જે નજર કીધા તે તેઓ દરએકના માહભારત ઉપકાર સાથે કબુલ રાખેઆ; અને સઘલાઓએ બજાવેલી પરોહનાગતથી સંતોસ પાંમેઆં પછે પોતાની નેક મુરાદમા ફલદરૂપ થઈ પેલાં છુટકો પાંમેલાં વાંહાંણ મધે ચહડીને દરીઆની સફર કાપતા શેહજ દાહાડામા સુરતનુ આબાદ બંદર સલાંમત કીધું. શેહરમા જારે ચોતરફ ખબર ફેલાઈ, તારે શેઠ રૂસતમ માંણેકની ફતેહ ભરેલી કીરતી વીશે ખરાં જીગરથી લોકોએ આબાદી ચાહી. વાંહાંણમાથી ઉતરીને કીનારે આવેઆ પછે શેઠ મજકુર સરસુબાની હજુર હસતે મોહડે રજુ થયા, તારે તે નામદારે મોટાં માંન તથા પેઆરથી તેમની ભેટ લઇને ઘણીવાતે સરફરાજ કીધા; અને દોલતની તો જોકે આ સાહેબને કશી કોતાઈ નોહતી, તોપણ નવાબ મુસતેતાબની તરફથી એક ઊંચા સરોપાવની જે ભેટ થાઇ, તે શાહનશાહ પાશેથી મલેઆ જેટલા મરતબામા લેખીને હાકમનો મોટો આભાર માંનેઓ.

પેલો મલેકુલ તોજાર ઉસમાંણ ચલબી, જે પેહલાં તો મોટી જાહોજલાલીમાં ચકચુર હતો; તે આ શેઠ રૂસતમ માંણેકના આભાર નીચે હવે ખરેખરો દબાઈને ખબર મલતાંવાર શેઠને મકાંને મોટી ઓજરખાઈ સાથે તેમની મોલાકાત લેવા સારૂ ચાલી આવેઓ; અને વીપતમા પડેલાં પોતાનાં બારકસ વીશેની સઘલી કેફીએતથી વાકેફ થયા પછે, શેઠ મજકુરને પોતાને મકાંને તેડી ગયો; જાંહાં કેટલાક સોદાગરો તથા ઇસત મીતરોની એક મીજાલસ મેલવીને તેઓની હજુરમાં શેઠની ઘણી વખાંણ કીધા પછે તેનાએ ખેંચેલી રંજના બદલામા મોટી કીંમતનો સરોપાવ તથા ઘણી તરેહનાં બીજાં નજરાંણાનો અધીઓ આપેઓ; એટલુંજ નહીં પણ આ શેઠને તસદી પોંહચેઆ સાથે ઘણો મોટો ખરચ જે થયો હતો, તેવીશે નમનતાઇથી માંફી ચાહી તેમના હકમા શાદહજાર દુવા આફરીન ગુજારીને મીજલસ બરખાસત કીધી.

હાવી રીતનું પરોપકારી ભરેલું માહભારત કાંમ એક તરાહેતને ખાતર પોતાનો જર ખરચી, જીવને જોખમમા નાંખી જેહવું શેઠ રૂસતમ માંણેકે સરંણજાંમ પોંહચાડેલું, તેહવું તે વખત ઉપર ઉસમાંણ ચલબી પોતે સઘલી પુંજી ખરચીને ખુહાર થાતે, અથવા તેની તરફથી મુગલાઈ સરકાર લડાઇ ઉઠાવતે, તોપણ તેઓ હરગેજ બજાવી સખતે નહી; માટે એજ વાત ઉપરથી આપણને મજબુત સાબેતી મલેચ કે, જાંહાં પરજાનાં જાંન માલનો કશોએ સંભાલ નહી થાએ તેહવા ભરોસા વગરનાં રાજમા એવોખી એક સખી નર ઉગી નીક-

લખ્યો હતો કે, ખોદાની બખશેસ ઉપર સદા આધાર રાખીને કોઈનુંબી સંકટમાં પડેલું મુસકેલ કાંમ માથે ઉઠાવી લેવામા સારી સખતી ધરાવતો હતો. હાવી કીરતીના બદલામા છેક દીલ્લીની શાહણસાહતથી આ રૂસતમ માંણેકને સુરત મધે કોઈ સેકડો વીંઘા ખાલી જમીનની નવાજેસ થાઈ. પરથમમા માંન ભરેઆ ખેતાબ અને તેપછે જમીનદારીનુ માલેકપણું મલેઆથી તેમનું પરીવાર શેઠ ખાનદાનની અટકે આજે પરથવી ઉપર પરકાશી રહેલું જણાએછે.

ઉપલી બાબદોમાં જોકે ઘણું કરીને આ શેઠ મજકુરનો લાભખી સચવાએલો જણાઈ આવેઓછે, પણ હવે પછે નોંધાતી વાતો તેમની ખરેખરી સખાવત ભરેલી કીરતીનું બાંકું જે વજાડશે, તેમાંથી મનને રીજાવે એવા નીકલતા શુંદર સરોદ ખચીત કરી આપરે સાંભલવા જોઇએચ. દીલ્લીનાં શાહણશાહ ઓરંગજેબનાં હોકમથી સુરત શેહેરનાં જરથોસતી લોકો ઉપર જજીઆનો જુલંમગાર કર હુધડાવવાનુ કાંમ જે સરૂ થયું, તે વાતને આપણ સારી પેઠે જાંણી ચુકેલા છઇએ કે, હેવા શેતમગાર વોરાથી ઈરાંન તરફ રેહનારા આપણા હંમદીનો ઉપર અગાઉ કેહવી મુશીબતો ગુજરતી હતી. અને તેનો છુટકો જો કદાપી મુંબઇનાં જરથોસતી સરીમંત સાહેબો નહીંજ કરતે તો, આજ દન તુલીક સખતીવનાનો એકબી ઇરાંની પારસી પછે જીવથી અથવા ધરમથી તે તરફ સલાંમત રેહવો મુસકેલ હતો; તેહવો અફશોસ ઉપજાવનારો હીંગાંમ સુરત શેહરનાં જરથોસતીઓને માંથે ચોંહટી બેઠો; જેનો બોજો સખતીવાલાઓને તો કચવાટ થયા છતાં કાંઇજ ભારે પડ્યો નહી, પણ ઘણા ખરા લોકો ગરીબ તથા મુફલેશીમાં ગીરેફતાર રહીને મોટી મુસકેલથી પોતાનો સનસાર ચલાવનારા હતા, તેઓ મલતા તેમના બચ્ચાં છોકરાંઓ ઉપર જજીઓ નહી ભરાઈ સખેઆની વીરૂધ અતીશીઅ શેતમ જારે ગુજરવા લાગો, તારે તેઓ સઘલા જણાઓ એખીટા થાઇ મોટી માહેતમ પોશી સાથે કકલાટ ભરેઆ પોકાર માંરતા શેઠ રૂસતમ માંણેક પાશે આવીને આજેજીથી અરજ કરવા લાગા કે, “આ આફતમાથી હમારો બંચાવ કરો; નહીતર હમારી જીંદગીનો અંત ઘણી બેહોરમતી સાથે આવશે.” જારે હાવી રીતનાં પડતાં દુખ ઉપર મીનત જારી થાએલી સાંભલી તારે શેઠ મજકુરે પોતાનાં દીલમાં રેહમનોં અંસ ઉતારીને. વગર ઢીલ શેહરની કચેરીનો દીવાંન જે મોટો અંમીર હતો તેની પાશે ગયા, અને જે લોકો તદન ખમી નહીંજ સખે એવા કોઇ શેંકડો પારશીઓ ઉપર નખાએલા જજીઆનો જુમલો એખીટો કરી તેટલાં નાંણાંની મોટી રકમ પોતાની ખાસ પુંજી મધેથી સરકારમા આપી; એટલુંજ નહી પણ તેહવા મોહતાજ લોકોની તરફનો બીજો એક ભારે બોજો પોતાનેજ સર ઉઠાવીલઇ સરકારને અરજ કીધી કે, દરસાલનાં જજીઆની તેટલીજ રકમો તેવન જાયુક આપેઆ કરશે, માટે તેઓ પાશેથી હવે એ બાબદમાં કશી તેએશીલ કરવી નહી. હાવી રીતનાં આરકતરા જુલમી કરની રકમનો કશો આંકડો કીસસામા લખેલો જણાતો નથી, પણ અટકલથી ધારી સખાએછે કે, દરવરશે ઓછાંમા ઓછા રૂપીઆ હજાર પાંચને આસરેના પરમાણ પરમાણે

થોડુંકસુધી ભરાયો હશે. આ હાતંમ સરીખી સખાવતથી શેઠ રૂસતમ માંણેકે બીચારા ગરીબ હંમદીનોનો જે છુટકો કરી આપેઓ, તે જોઇ સઘલાઓએ ખરાં અંતકરણથી તેમના વઉસ પરંપરા સહીત ચાહેલી આબાદીના આશીરવાદ, હજી સુધી આ ખાંનદાંનમા ફલદરૂપ પાંમતા રહેલા આપણી નજર આગલથી બીશેઆ નથી.

રૂસતમ શેઠની ઉપલી સખાવતનો આવાજ જારે શેહરમાં ફેલાયો, તારે એવા એક બુલંદ હીંમતનાં સખી દાતારનો આસરો પાંમવાની પુર ઉમેદ બીજી કોમવાલાઓનેબી થાઇ. ખરૂંછે કે એક ધણી કદાપી પોતાનાં બેશી અથવા તોલાના લોકોને જેબી બાંહાંને વખતસર કાંઇ નવાજેસ કરે, તેતો કુદરતથી ઉતરેલી તેની ફરજ અદા થાએલી કેહવાએ; પણ જે સખસ તેથીબી આગલ વધીને ખોદાની સરવે ખલકતને સરખી આંખે જોઈ તેમાં ભેલાઈ જાએ, અને નેઆત જાતનો કશેઆ ફરક નહી જાંણતાં પરકોમનેબી પોતાનાજ ભાઇબંદ જેહવા પીછાંની તેઓનાં દુખનુ નીવારંણ શોધે, તે ખરેખરો માંહ ધરમી દાતાર અને ખોદાની રેહમતને પોંહચવા લાએકનોજ ગણાંએ. એવાઓની સંફમાં સમાઈ રહેલા આ શેઠ મજકુરની હજુરમાં ધણાએક હીંદુ ગનેઆતનાં ગરીબ લોકોની સંકટમાં સપડાએલી માંતાઓ, બાએડીઓ, બેહેનો તથા છોકરાંઓ વગેરે, આંજુઓંના રેલા ઉતારતાં આવીને કરજોડીસાથે મીનતજારી કરવા લાગાં, કે "હમારા બાપ, ભાઈ, ભાએડા, તથા વીરાઓને, તેઓથી "જજીઆનો જુલમી વેરો અપાઈ નહી સખાયાને લીધે નીરદયાલું સરકારે "બલતવારીથી પકડીને કેદખાંને શેતંમ ગુજારતા ઘોંધી મેલેઆચ; અને તે "ઉપરાંત ઘેરબારો ઉપરબી જપતી બેસાડીછે; તેમાંથી હમોને છોડવી આપવા-"લાએકનો તમો શેવાએ હમારો ગંમખાર, તથા દાદનો લેનાર બીજો કોઇ "જણાતો નથી. માટે હમારાં જાંન તથા માલની સલાંમતી જે તમારીજ "મદદને આધારે લટકાઇ રહીચ, તેને સંભાલી લેવો; કેમકે હમો બીનરાક-"તીનાં લોકો ધણીજ મુફલેશી તથા દુબલી હાલતમાં એવાંતો ગીરેફતાર "છઈએ કે, મેહનત મસાગત ખેંચીને મજુરી કરતાંબી હમારૂં પેટ ભરાઇ "સખાતું નથી, તાંહાં હાવો શેતમ ભરેઓ જજીઆનો જુલમી કર કેહાંથી "ભરીએ." જારે આવો માંમલો શેઠે જોયો તારે તેઓની હાલત ઉપરબી મેહરબાંણગીની નજર પુગારી, પોતાનો એક નાએબ નોશેરવાંનજી નાંમનો હતો તેમને સરકારનાં દેવાંન પાશે મોકલાવીને તેહકીક કરાવેઆ પછે, જેટલા હીંદુલોકો એ કારનસર કેદમાં પડેલા હતા, તેઓને માંથે નાંખેલા કરના કેટલાક હજાર રૂપીઆ જે થયા, તે ચુકતે હસાબે તતકાલ પોંહચાડી સઘલાઓને જજીઆની જંનજાલીમાથી મોકલા કરી આપેઆ. લોકો બીચારા કેદખાંનેથી ખલાશી પાંમતાં વારજ સઘલાઓ હંસતે મોહડે શેઠ મજકુરની હજુરમાં રજુ થાઇ તેઓને માથેથી દફેકીધેલી મુશીબત વીશેનો બેહદ ઉપકાર માણેઓ; અને ખોદા સાહેબની જનાબમા આ શેઠના હકમો હજારો હજાર દુવા આફરીન ગુજારી પોતપોતાને મકાને ચાલતા થયા.

જજીઆના વેરાની વીતમનામાથી ગરીબ લોકોને જાવેદાન સુખીની મોકલાસ મેલવી આપવાનો હેતુ ઇછી શેઠ મજકુરે અંતે દીલ્લીખાતે દાદ પોંહચાડીને તાંહાંથી માફી મંગાવી તેઓના સર ઉપરનો બોજો તદન કાહડી નાખેઓ હતો.

આગલા વખતના જુલમી રાજની પરજા, માથે હાકમ ધરાવેઆ છતાં સંભાલવના રહીને પારકે હાથે ઘણીવાર જે લુંટાએઆ કરતી હતી, તેહવો એક બનાવ ઇસવી સને ૧૬૬૪ માં જારે શીવા ગણી (શીવાજી) નામનો મરાહટો લુતારો સુરતની આસપાસના ગાંમડાંઓને ઘેરામા લઇ બેઠો, તારે તાંહાંના પારશી લોકો ઉપર બનેઓ હતો; જે વીશે કીશરાનો જોડનાર એવું જણાવી ગએઓચ કે, એ જહનુની રાહ મારૂએ ગાંમડાંઓની વસતીના મરદો, ઓરતો અને બચાંઓ ઉપર કરૂરપણાની મોટી જફા પાડી તેઓનાં ઘેરો ગયેથી જેબી હાથ આવેઊં તે સઘલું લુટી લેતાંબી જારે નહીં ધરાએઓ, તારે તેઓ ઉપર બીજો વીશેસ વેરો નાખેઓ. કેહચ કે એ ગીરદી વખતે ઘણાએક જખમી થાએલા લોકો એની ચુંગાલમાંથી છટકીને જે નાહાશી ગએઆ તે તો માલ ખોહતાં જાનથી બંચેઆ; પણ જેટલાઓ સપડાએઆ તેટલાઓને જાંહાં સુધી માંગેલો વેરો નહીં આપે તાંહાંતુલીક પોતાની ડરામણી છાંવણીમાં તેઓને કેદ કરી મેલેઆ; એટલુંજ નહીં પણ ગાંમડાંઓમાં ચોઓ તરફ આગ સલગાવીને રેહવાશીઓને આપદામા નાખવા માટે તેઓનાં ઘેરબારો વઠીક બાળી નાખેઆં. હવે જે લોકો બીચારા છતે હાકમે નધણીઆતા થાઈ લુંટાઈ લગડાઈને શેતમગારનાં સેકનજામા સપડાઈ પડેલા હતા, તેઓ માંહેલા કેટલાકોના નાંહાંરાભાગથી બચેલાં બાએડી છોકરાંઓ ઉપર કેદીઓ તરફથી એવો પેગાંમ આવેઓ કે, આ નાપેકાર બારેસતીઓ તરફથી કેદખાનામા તેઓ ઉપર જે અતીઘણો જુલમ ગુજરેચ, તેહવા બદકારોને હાથથી દંડ આપેઆ શીવાએ તેઓનો કદી છુટકો થાશે નહી; તારે તે વાત સાંભળી બીચારાં ઘણાજ અફસોસમાં પડેઆં; કેમકે એકતો તેઓની સઘળી મીરાશ લુંટાઇ ગએઆથી ફકીરે હાલ બનેઆં, બીજુંતો રેહવાના ઘેરોવઠીક આતશને ભોગે ચહડીને ભશમ થાઈ ગએઆં, તેમાં વળી આ તરીજું દુખ એ ઊભેરાએઊં કે, તેઓનો પરતીપાલ કરનારાઓ જુલમગારને હાથ બીનતકશીર કેદખાને પડેઆ. આ લોકોના છુટકારાનો એલાજ સોધવા માટે સઘલાઓ એબીતા થઇને પરેસાણી હાલતે શેઠ રૂસતમ માણેકની દેવડીએ દાદ માંગવા ગએઆ; જે વાત સાંભલતાંજ દએઆલુ દીલના દાતારે તેઓ ઉપર રેહમની દરસટી પોંહચાડી બીચારા બીનતકશીરો ઉપર નખાએલા વેરાનાં રૂપીઆ દશહજાર તતકાલ મોકલી તેઓને શીવાગણીના બંદમાથી છોડવી મંગાવેઆ. અને તે ઉપરાંત જે જે લોકો બીસમાર હાલતમો આવી પડેઆ, તેવા દરએકનાં ઘેરબારો જરૂરીએતની ચીજોથી પાછાં ઉભાં કરાવી આપીને પોંહતેલી મુશીબતમાં સનતોશ પમાડેઓ.

એ શીવાએ શેઠ રૂસતમ માણેકના બીજાં કેટલાંક ઉપીયોગી ધરમના કામો ઉપર નેધાહ પોંહચાડતાં એવું માલુમ પડેઊચ કે, સુરતની બાહેરના

જીલ્લાઓ તથા જંગલો તરફ રસતાવચે આવેલી ખાડીઓ તથા નદીનાલાંઓની કેટલીક નડતથી રાહદારી તથા ભારબરદારી મુશાફરોને વરસાદના દીવસોપર અતીઅંત હેરાનગતી જે પોંહચતી હતી; તેહવી દીકટ જગાઓ ઉપર આ શેઠે પોતાની ગીરોનો દરવીઅ ખરચીને ઘણે ઠેકાણે મજબુત પુલો બંધાવી આપેઆથી સંઘલી અડચનો મટાવી દીધી. કેટલીક વેરાણ જગો વશાવવા માટે જાહાડ-પાનો ઉગાડીને બાગબગીચાઓની લીલાતરી એવી તો રચાવી દીધી હતી કે, તે જો-યાથી દુખીઆરાઓ જલદી આરાંમ પામે. શેહરની અંદર એક સુંદર અને કોશાદે મકાન જરથોસતીઓને સર અવસરે વાપરવા માટે બંધાવીને જોઈતા અશબા-બની આરાશતાઇ શીકે ધરમખાતે બખશીંદા કીધું; જાંહાં કેહચ કે, આજતુલીક તેનો લાભ તાહાંની અનજુમન લેતી આવેછે. અને તે ઉપરાંત આસપાસના ગરગાંમડાંઓ, તથા બીઆબાન જંગલો તરફ જાંહાં મુશાફરો તથા પશુપરાણી-ઓને આવજાવ કરવાના મથકો હતાં, તાંહાં તેઓની પેઆશ મટાડવાના હેતુથી કોશાદે કુવાઓ* તથા અભાડાઓ ખોદાવીને મજબુત બંધાવી આપેઆ; એટ-લુંજ નહીં પણ તેઓની જાથુક મરામતના ખરચ માટે જાગીરો લઇને અલા-હેધી રાખેલી, હાલની ઘડીસુધી તે તરફના રખેવાલો પાશે સલામતી સાથે સચ-વાઇને તેની ઉપજમાથી આવું પુનનુ કામ ચાલુ રહેલું છે.

જે પાકીજેહ ધરમમા આ શેઠ જનમ લઇને દુનીઆ અંદર આસકાર થયા, તેનુ માન જાલવી રાખવા માટે તેવન એટલાતો કોશેશમંદ હતા કે, મ-જહબનુ કોઈબી ફરમાન પોતાની જીંદગી સુધી વેઅરથ જવા દીધું તો નહીંજ; પણ તે પછેબી તેવી કીરીઆનુ કામ હંમેશાં ચાલુ રાખવાના હેતુથી, પોતીકા વારેસોના હસતકમા એક મોટી પુંજી અલાહેધી આપીને તે વીશે એવી સખત વસીએત કરી ગયાચ કે, તેની ઉપજ તેજ કારણ વતરોગે બીજાં કોઈ કામમા બીલકુલ વાપરવી નહીં; અને તેજ કાએદાકાનુન મુજબ તેમની પેહડીથી ઉત-રતા આવેલા પુંજીના રાખનદારો પોતીકા મુરબીના હોકમને તાબેએ રહીને અંમલ કરતા જણાએછે.

એ ઉપરાંત એક ઉતમ ઈઆદી શેઠ રૂસતમ માણેકની સખાવત સંબંધી જે આસકાર થાએલીછે, તે એકે, જે કોઇ આદમી ઘણીજ ગરીબી હાલ-તમા રહીને પોતાના ફરજંદો પરણાવેઆમા અસકત જણાયા, તેહવા સખસો ઉપર મેહરબાંની કરેઆમા એવાતો બંતી હતા કે, કેટલાકો તો તેહવી ગીરેફ-તારી ભોગવેઆ છતાં આબરૂને ખાતર એક હરફ વટીક બાહેર કાહડવામા

---

* એ માહેલો એક કીરતીવાન કુવો બારકશના હજીરા આગલ તેમના નેક નામની ઈઆદી ધરાવતો જે હજીસુધી ઉભેલોછે, તે ય० ૧૦૬૮ મા કોઇ એવે શ-મુહુરતે બંધાએઓચ કે, આજે ૧૭૫ વરસની લાંમબી વએ પોંચીને જેવીને તેહવી હાલતમા સલામતી સાથે પેઆશાઓને સંતોશ પમાડેછે. એ ઉપરાંત બીજા કુવાઓ રૂશતમ પરામા, સચીનમા, લાજપોરમા અને અસુંદરમા જેછે, તેઓની ઉંમરબી તેટલીજ ધારેઆમા આવેછે; પછે થોડાંક વરસ આગલ પાછલ હોએ તેની ચોકસ ખબર મલી નથી. નો૦ લે૦

સરમાતા હતા, તેહવાઓનેબી હરેક બાંહાંને પોતાને તાંહાં બોલાવીને ગુપતદાન દીધાથી દર વરશે તેમના આસરા હેઠલ ઘણાક નાવારેસ જોડાંઓ બંધ બેસતાં હતાં.

શેઠ રૂસતમ માણેકનુ આ કામ એવાતો ઉસતવાર પાયાપર ઠરી રહેલુંછે કે, તેની સાથે તેનાનુ નેક નામ જે ચીકટ ચોંટી બેઠુંચ તે કોઇનાબી મોહડાંમાથી દર દાહાડાનો એક કલાક પણ ભુલાતું તો હશેજ નહીં. આ મુબારક નામ તે સુરત શેરના રૂસતમ પરાંનું દીપેછે; અને તે વીશે એવું કેહવાએચ કે, દીલ્લીની શાહણસાહત તરફથી આ શેઠને શેહરની આસપાસ મુબલક જગેઆ જે નવાજેશ થાએલી હતી; તે માહેલો કેટલોક ભાગ પોતાના બેશીઓ, તથા ઇસિતમીતરો વગેરે લાગતા વલગતાઓને અંમલા બાંધી રેહવા માટે તેનાએ જારે મુંફત આપી, તારે તેના હએસાનમા વસતી કરી રેહનારાઓએ તે બાંધેલાં પરાંને તેમના નામ સાથે જોડઊં; અને તે દાહાડાથી તે ચંદરોકાલ સુધીની એક જીવતી સનદ દુનીઆંની હજુર પરકાસતી રહેલીછે. શેઠ રૂસતમ માણેકની હઇઆતી બાદ ઉપર જણાવેલી માહેલી કેટલી જગેઆ તેમના ફરજંદોમા વેંહચાઇ ગયા પછે, તે માહેલા બે સાહેબોના હસતકથી તેવીજ સખાવતમાં આપાએયાને લીધે "ફરાંમપરૂં" તથા "નાહનપરૂં" જે વશેઊંચ, તેમા એકતો આ શેઠના વડા દીકરા ફરાંમજી, તથા નબીરા નાનાભાઇ બમનજી* ના નામો જોડાઈ રહેલાં કેહવામા આવેછે.

બારેહકતાલાએ શેઠ રૂસતમ માણેકને જે અખુટ ખજાંનો બખશેઓ હતો, તેની સાથે અઓલાદની આબાદી ફેલાવનારા તરણ બેટાઓની નવાજેસબી દીધી હતી; જેમધે વડા ફરાંમજી, વચલા બમનજી અને સરવેથી નાંધલા નવરોજજી હતા; જેઓ કેહચ કે બાપના નામને જેબ આપે એવા નામવર નરો એકેકથી સરસ વખણાઈ ગયાચ, પણ અફશોસછે કે તેઓ માહેલા એક (નવરોજજી શેઠનું થોડુંક બયાંન હવે પછે આવશે) શીવાએ બીજાઓની કારકીરદી સંબંધી હકીકત નોધી રાખવામા તેમના કુટુંબીઓએ અતીશીઅ ગફલતી કીવેલી જણાએછે, નહીંતર તેટલી વીશેસ કેફીએતથી આ "બાહાર" અછો શીનગાર મેલવી સખતે.

બાપથી જનમ પાંમીને જીંદગી સુધી પાદસાહી લાએકની જાહો જલાલી ભોગવેલા સખી શેઠ રૂસતમ માણેકને આ જાહાંનમાથી કુચ કરીને જાવેદાંની જગોએ રવાને થયાનો રોજ ૧૦ મો માહ ૧૦ મો શેહણશાહી સાલે ૧૦૮૮ ય૦ નો હતો; અને તે ઉપરથી આ બીનાને મથાલે દેખાડેલા જનમ સાલનો મુકાબલો મેલવતાં ૮૬ વરસની જઈફીએ તેવન પોંહતેલા માલુમ પડેઆછે.

* એજ શેઠને નામનો એક મોહલો આ ટાપુની અંદર કોટમા "નાનાભાઈ બમનજી સ્ત્રીટ" કરી મસહુર થાઇને દનરોજ આપણને દરસન આલેછે. નો૦ લે૦

શેઠ નવરોજજી રૂસતમજી.

રૂસતમ માણેકના સરવેથી આ નાંહલા દીકરાનો જનમ ય૦ ૧૦૩૨ નો અટકલવામા આવેઓછે. અશીલ માબાપની પીઠથી પરકાશેલાં તરણ ગોહેરો માહેલા આ નાહનકરા હીરાએ સુરતથી છેક ઈંગલાંડ સુધી, અને તાંહાંથી પછે મુંબઈ ઉપર જે રોશની દીપાવી હતી, તે વીશે સતાથી સાંભલેલી ખીના હીંઆં દાખલ કરીએછે.

આ શેઠ અસલ તો સુરતખાતે રહીને બાપના અંમલમા મોટી જાહો-જલાલીથી અંમીરી ભોગવતા હતા; મગર મોગલાઈ રાજની તરફ તેવનના બાપ વખતથી જે વફાદારી બતલાવતા રહેઆ, તેનો બદલો આડકતરી રીતે પાંમેઆને લીધે તાંહાંથી તેનાને નીકલી જવા માટે મલેલા સબબની કેફીએત એવી કેહ-વાઇચ કે, અંગરેજી કોઠીવાલાઓ સાથે મરહુમ શેઠ રૂસતમ માણેકને દલાલીના મુબલક કામ સંબંધી ઓહોલો હીસાબ જેમ ચાલેઓ હતો, તેમ તેવનના મરણ પછે અરસપરસની ગેરસમજુતીએ ઉઠેલા વાંધાને વાસતે (આ શેઠે વેલાતમા જઈને કોરટ આવ ડાએરેકટરોની હજુર જાહેર કીધા મુજબ) તે કોઠીદારોની ઉશકેરનીથી ઈ૦ સ૦ ૧૭૨૩ ની આખેરીમા તેમના બાપીકાં ઘેર ઉપર નવાબ મોમીનખાને વગર તેહકીકાતે એકાએક જપતી બેસાડી, એટલુંજ નહીં પણ મરહુમ શેઠ રૂસતમના વડા દીકરા ફરાંમજીને પકડી દરબારમા કેદ કીધા.

જાંહાંની શાહણશાહતથી બા મુદત થાઈ જેઓ ઉપર ચાલતી આવેલી અપાર મેહરબાંણીનો તીરસકાર જારે તેનાજ હાકમે કરી દેખાડેઓ, તારે તેહ-વાની હકુમત હેઠલ રેહવાની ધાસતી ઉપજેઆથી વચલા ભાઈ બમનજીને મુંબઇ તરફ મોકલી દીધા, અને આ હીંમતવાન નર "શાલશબીઉરી" નામની અંગરેજી મનવારમા ચહડીને પોતાની દાદ ચાહવા માટે લંડન ખાતે નીકલી ગયા.

તે વખતપર કેહવાતી સખતી ભરેલી સફર એખતીઆર કીધામા, આ સુખવાશી શેઠે બે મતલબ જે સાચવેલી સંભલાઇચ, તેમા એક ઇસ્ટ ઈંડીયા કુંપનીના વેપાર ખાતાંની કોઠી સંગાથે તેમના મરહુમ પીતાએ દલાલ તરીકે ચલાવેલા ઓહોલા વહીવટ સંબંધી તેઓના કારોબારીઓ વચે ઉઠેલા વાંધાની ફરીઆદ નામદાર કોરટ આવ ડાએરેકતરોની હજુરમા ગુજારીને, તેઓ ઉપર લેણા નીકલતા લાખો રૂપીઆ વશુલ કરવા; અને બીજું એકે ઉપર જણાવેલા નવાબે જાલમી દોર ચલાવીને તેમના બાપીકાં ઘેર ઉપર બેસાડેલી જપતી ઉઠ-ડાવેઆ ઉપરાંત વડા ભાઈને કેદખાનેથી છોડવવા વીશેની મદદ માગવી.

જેવી રૂડી નઈએત ઉસતવાર રાખી, તેનો બદલો આખેરસ તેણાને હેવો મલી આવેઓ કે, ઈ૦ સને ૧૭૨૪ ના એપરેલની આખેરીએ પોતાનુ પેહલ-વેહલું પગલું લંડનના કીનારાપર મેલેઊં, તેજ વેલા શેહરની વસતીમા હીંદ ત-રફથી એક અંજાંણેઆં પુરસને એકાએક આવેલા જોઈ મોટી અચરતી સાથે ખુશાલીબી ઉપજી. ઠરીઠામ થયા પછે ધારેલે ઠેકાંણે જારે તેવણ હાજર થયા,

તારે કોરટના માનવંતા સભાસદોએ આબરૂની રાહે તેણાની ભેટ લઈને મુખ-જુબાંનીથી સઘલી કેફીએત સાંભલી તથા તેઓના વહીવટદારો તરફથી લખાઈ આવેલી બીના વાંચી ઘણાજ દલગીર થયા; અને શેહજ મુદતમા ઘટતા બંદોબસતથી આ શેઠનુ કાંમ રૂડીપેરે પાર ઉતારી આપેઊં.

નામદાર ડાએરેકટરોએ હીંઆંની હકુમતના વડા (ગવરનર ફીપરા) ઉપર જે કાગલ લખીને આ શેઠ નવરોજજીને બોલો આપેઓ હતો, તેની દુપલીકેટ એજ ખાંનદાનના એક નબીરા પાશે સચવાઈ રહેલી કીરપાની રાહે હમારા જોવામા આવીચ, તેમા તેઓએ હેવું જણાવેલુંછે કે વગ લગાડીને શેઠ રૂસતમ માણેકના ઘેર ઉપરથી જપટી ઉઠાડી મેલાવીને શેઠ ફરાંમજીને છોડવવા, અને બમનજી શેઠ જો મુંબઈમા રેહવા ચાહે તો તેણાને કશી દખલ થવા દેવી નહીં. હાવું તાકીદનુ ફરમાન તે વખતની અંગરેજી હકુમતના વડા સાહેબોએ પોતીકા વફાદાર દલાલથી વારંમવાર થયલાં હએસાનનો વાજેબી હક જે પીછાંણેઆ, તે સંબંધી જેટલી સાબાશી તેઓને આપીએ તેટલી થોડી કેહવાએ.

ઉપલાં ફરમાનથી જોકે ગવરનર મજકુરનો સોફારસ પતર નવાબને પોંહચેઆથી ઘેર ઉપરની જપતી ઉઠી ખરી, પણ કેદ પડેલા શેઠ ફરામજી પાશેથી પચાસ હજાર રૂપીઆ દંડના લીધા; અને ઘેર ઉપર જપટીએ બેઠેલાં માણશોના ખાધા પીધાની રાતબને નામે દરરોજ રૂ ૨૦૦ લએ બીજા ઓકાવેઆ પછે તે નીરદોસનો છુટકો કીધા છતાંબી તેમના ઘેર મધે નજરકેદ તરીકે રેહવાનો હોકમ આપેઓ હતો; જેથી કંટાલો ખાઈને તે શેઠબી પોતાના વચલા ભાઈની પેઠે બનતી જોગવાઈએ મુંબઈ તરફ નીકલી આવેઆ હતા.

મરહુમ શેઠ રૂસતમ માણેકના વખતથી ચાલેલા હીસાબ સંબંધી પાછલથી જે ભાંજગડ ઉઠી હતી, તેટલી બાબદ બેહુ તરફના એક વીચારથી ડાએરેકટરોની કોરટના અધીકારીઓ માહેલા ચાર ગરહસથોની લવાદી ઉપર જારે સોંફાઈ, તારે સરવે દસતાવેજો તેઓએ ચોકસાઈથી તપાશીઆ પછે વાજબી રીતે ચુકાદો કરીને ઈસ્ટ ઈંડીયા કુંપની પાશેથી સાત લાખ રૂપીઆને આસરે તેમને અપાવેઆ; અને નવરોજજી શેઠની ધારેલી બેહુ મતલબો સારી રવેશે સચવાઈને પાર પડી.

ઉપલાં કારણશાર જેટલી મુદત આ શેઠ વેલાતમા રહેઆ, તાંહાં તુલીક ઘણાક ઊંમરાઓ, તથા સદગુની ગરહસથો સંગાથે તેમને સારી પીછાંણત પડી એટલુંજ નહીં પણ પોતાની ખુબી ભરેલી ચાલથી સરવે ઠેકાંણે માનબી મેલવતા હતા; અને મુંબઈ ખાતે જારે પાછા ફરેઆ, તારે કેહચ કે નામદાર કોરટ આવ ડાએરેકતરોએ પોતા તરફની યાદગારી તેવણના જીગરમા થશી રેહવાના હેતુથી એક કીંમતી પોસાક (જેને અંગરેજીમા "કોટ આવ આરંમ" કરી કેહછે) ના સરોપાવની તેમને ભેટ પણ કીધી હતી; અને તેવાજ શુંદર શીનગારથી તે વખતપર ચીતારેલી તેનાની શોભઈતી સબીઓ તેમના નબીરાઓને તાંહાં હજીસુધી જોવામા આવેછે.

આ શાકરમી શેઠના વચલા ભાઈ બમનજી તો ૧૭૨૪ ની શરૂઆતનાજ સુરતથી પેહલવેહલા નીકલી આવેઆ હતા; જેની પુઠે શેઠ ફરાંમજી પણ તાંહાંથી છુટકો પાંમેઆ પછે પધારેઆ; અને આ શેઠ વેલાત તરફથી રવાંણે થયલા ૧૭૨૫ ની શરૂઆતમા આવીને પોતીકો કાએમ મકાંન હીંઆંજ કરી રેહેઆ, તારથી શેઠ ખાનદાનની વસતી વધીને આજદન તુલીક સેંકડોની ગણાઈ શકાએછે; પણ કીરતીવાન તો રૂસતમ માણેકની પછે તેમના તરણ દીકરાઓ, અને એક નબીરા ઉપરાંત તેમનેજ તાંહાં શુરત ખાતે ચાકરીએ રેહેઆથી શેઠમા ખપેલા મનચેરજી ખરશેદજી શીવાએ બીજા કોઈબી સાહેબો જાહેરમા જણાએલા માલુમ પડેઆ નથી.

આ નવરોજજી શેઠના નામની યાદગારી દેવાડનારો મજગાંમ ખાતે એક હુહુજતો ડુંગર જે દેખાએછે, તેની રખેવાલી તેમના વારેશોથી પેદરપે ઉતરતી આવેઆ પછે હવડાં એક જવાન શેઠ અરદેસર મેરવાનજીના હસતકમાં રેહેલી છે; અને તેજ તરીકાથી શેહનશાહી ટોલાના સઘલા મોબેદો ઉપર વડા તરીકેબી તેજ ગરહસથ ગણાતા માલુમ પડેછે.

શેઠ નવરોજજી શેહનશાહી મેહર મહીનાના બહમન રોજે બેહસતનશીન થયા, એતો દરશાળે તેણાની થતી બાજ ઉપરથી ચોકસ થડઊંછે; પણ સને વીશે તેમના કુટંબીઓને કાંઈજ માલુમ નહીં હોવાનુ કારણ એવું કેહવાએચ કે, ઈ૦ સને ૧૮૦૩ મા કોટ ખાતે લાગેલી ઘણીજ હેબતનાક આગમા તેઓની કેટલીક એમારતોની સાથે પુરાંણા વખતના ઘણાંજ કાંમજોગ દસતાવેજો તથા દફતરો બલી ગયાને લીધે બીજી ઘણી હકીકતોની સાથે તે વાતબી અંધારાંમાજ રહી ગઈછે.

શેઠ *મનચેરજી ખરશેદજી.

આ દુનીઆંમાં ફેલાએલો મહમદી દોર જારથી બીચારા મજદીઅસની મજહબવાલા પારશીઓ ઉપર ધરમસંબંધી ગજબનાક જુલમાત ગુજારવા લાગો, તારથી તેઓ સઘલી વાતે પાએમાલી પાંમીને ઈરાંનનુ અશલી વતન છોડેઆ પછે હીંદમાં આવેઆ; તાંહાં પણ તેજ પીડા તેઓને કપાલે જે ચોંટી બેઠી હતી, તે માહેલી એક વાતનુ વરણન એવું માલુમ પડઊંછે કે, શુરત ખાતે મુગલાઈ અમલમા રેહનારા જરથોસતીઓએ પોતાને તાંહાંની મરણ

* આ સુરતવાલા શેઠ મનચેરજી કાંઈ એજ ખાંનદાનના નહીં, પણ બેહરાંમ ફરાંમના કુટંબથી ઉતરેલા હતા; એવણના બાવા ખરશેદજી વીશે એવું માલુમ પડઊંછે કે, મુંબઈવાલા મરહુમ શેઠ માણેજી નવરોજજીને તાંહાં તેવણ કીલીદારની ચાકરી પર હોયાને લીધે ખરશેદજી બજાંનચી કેહવાએલા હતા; અને તેમના આ દીકરા તો બમનજી રૂસતમજી શેઠની અઓલાદથી ઉતરેલા શેઠ શોરાબજી મનચેરજી તથા દાદાભાઈ ખરશેદજી જેઓ માણેકજી શેઠના જમાઈ નાહની ઉમરમા સુરત ખાતે હતા, તારે તેઓની જેહલબમાં ઘણી મુદત સુધી રહીને કામકાજ કીધા ઉપરથી પરજામા શેઠની એોલખાંને પરખેઆત થાએલા કેહવાયાછે. નો. લે.

પાંમતી મઇએતને માટે આરાંમઘાહની બાંધેલી જગેઆ, જે દાખમાંઓને નામે અસલથી ઓલખાતી આવેછે; અને તે મકાંનને સરેસતા મુજબ એકજ દરવાજો હોયછે; જેની સાંમણે શાકરમી શેઠ રૂસતમ માણેકના મરણ પછે કોઇ ઘણી લાંમબી મુદતે શેઠ મનચેરજી ખરશેદજીના વખતમાં તાંહાંની હકુમતવાલા ઇશલાંમી હાકેમોએ એવો હોકમ કાહડેઓ હતો કે, મરદો તથા ઓરતોના રવાંણોને એકજ દરવાજેથી દાખમાં અંદર દાખલ કરવું મલાહેજાથી ઉલટુંછે, માટે બીજો એક દરવાજો મુકીને તેઓ દરએકની મઇએતને જુદે જુદે રસતેથી અવલમનજેલ પોંચાડવી. હાવો જુલમાત ભરેઓ ફરમાન અમલમાં લાવવાની ઘણીજ તાકીદ જણાયા ઉપરથી જરથોસતીઓનાં ધરમને એજાલત પોંચાડનારૂં થઉશે; પણ કેહવત મુજબ દાર તેનીજ દીન દીપી નીકલવા જેવી હાલત જારે જોઈ, તારે મજકુર મનચેરજી શેઠે નવાબને દાખલા દલીલથી ઘણાબી સહમજાવેઆ; પણ જેના મજખમાં ધુમરાહીનો જહનુની ધુંઓ ભરાએલો, તેના નીરદયાલુ દીલમા તે વીશેની સહમજાવતે કાંઈબી અસર કીધીજ નહીં; અને નવાબે જોએઉં કે આ શેઠને દીલ્લી તરફ મોટો વગછે, માટે તાંહાં તેવણ નહીં જવા પાંમે હેવા ખેઆલથી તેમને બારને ચોકી પેહરાબી રખાવેઆ; પણ જેનુ નામ મનચેરજી શેઠ, અને જેનો હાથ એવી બાબદોમા સખી દીલથી સદા મોકલો, તેનાએ તેહવા અટકાવની કશીબી પરવાહ કીધાવના બાહરો બાહેરથી છુપી રીતે મુસાફરીની તઈઆરી કરાવી અને એક દાહડ તેવણ એવાતો ગુપચુપ તાંહાંથી નીકલી ગયા કે, પોતાનુ ધારેલું કાંમ પાર ઉતારીને પાછા ફરી વલેઆ તાંહાંસુધી કોઇનેબી કશી ખબર પડવા દીધીજ નહીં; અને બીજા પારશીઓએ નવાબનાં હોકમને તેટલો વખતવેર અણેક તરેહના બાહનાં કાહડીને અટકાવેઆ કીધો. આ શુરા શેઠે દીલ્લી જઇને શાહનશાહની દરબારમા અરજ ગુજારી સાથે દીનની સરીએતથી ખુલાશો કીધો; અને નવાબે અમલમાં આણવા બાબેના એહુંધા હોકમની માંફી ચાહી. જે વાત નામદાર શાહનશાહે બાહલ રાખીને સુરતના સરદાર ઉપર હેવો ફરમાન લખી આપેઓ કે,(પારશીઓએ બનાવેલી મઇએતની જગેઆઓને કોઇબી રીતે હરકત પોંહચાડવી નહીં; અને એ લોકો પોતાના રવઈઆ પરમાંણે જેમ ચાલતા આવેઆચ તેમજ તેઓને ચાલવા દેવું.) હાવો હોકમ જારે શાહનશાહી સહી મોહોર શીકેનો લઇને સુરત ખાતે નવાબની હજુરમા આ મનચેરજી શેઠ એકાએક આવી ઉભા, તારે તે ઘણોજ ઓચંબામાં પડેઓ કે હાવી જપતી રાખેઆ છતાં ઠેઠ દીલ્લી તુલીક એ જઈ આવેઓ, અને પોતાની સાથે ઘણીજ તાકીદનુ ફરમાંનબી લાવેઓ, તેથી તેના જુલમાતની વાત જાંહાંની તાંહાંજ અટકી રહી; અને પારશીઓની ફીકર તથા ધાસતી ફતેહમંદી સાથે ટલી ગઈ. હાવા જાલમી રાજની સાંમણેબી વાજબીનીરાહે સરજોરી કરનારા શેઠીઆઓ જે સુરતમાં થઇ ગયા તે માહેલા આ મનચેરજી શેઠની અપાર ખુબી સંબંધી ઘણીક વાતો માંહેલી માતરે આ એકજ કીરતી પરકાશેલી દેખાઇ આવીછે.

શેઠ માણેકજી નવરોજી.

મરહુમ શેઠ રૂસતમ માણેકના નબીરા, અને નવરોજજીશેઠની ગાદીના આ એક હકદાર વારેસના જનમનો દાહડોવારખી મલીઓ નથી; મગર મરણ ટાંકણે જણાએલી વય ઉપરથી ય૦ ૧૦૫૭ મા હોએલો જોઇએ. બાપીકી મીરાસ હાથમા આવેઆ પછે કુટંબમા તથા મોબેદોના પંથમા સરવેથી વડા એજ શેઠ ગણાતા હતા, અને દરવીયનો ઉપીયોગ સારી તદબીરથી કરીને મંડલીઓમા ઘણા માનવંતા થઈ રહેઆ હતા. પોતાની હઇઆતીમાં ધરમના ઘણાક કાંમો તેનાએ કીધેલાં જે સંભલાએચ, તેની સઘલી હકીકત તો હાથમા આવેલી નથી પણ જરથોસતી ફીરકાના ઉપીયોગ માટે જેટલાં જાહેર કાંમો તેવણથી ઉતરતા આવેલા વારેસની રખેવાલી હેઠલ ઉભાં રહીને આ માણેકજી શેઠના નામની યાદી આપેચ, તેજ માતરે નોંધી લેવાની અગત વીચારીએછે.

૧૧૦૨ મા, મુંબઈના કોટ ખાતે બજારગેટ્ સ્ત્રીટ નામના રસતાપર આતસ આદરાનનુ એક એબાદતખાનુ બંધાવેઉં હતું.

૧૧૧૯ મા, મુંબઇના કોટની અંદર પારશી બજાર નામના મોહલામા, જરથોસતીઓને સરઅવસરે વાપડવા માટે બાંધવા માંડેલું ધરમખાતાંનુ મકાણ તેમના ગુજરેઆ પછે તઈઆર થઇને માણેકજી શેઠની અથવા પંચાએતની વાડીને નામે ઓલખાએછે. આ વાડીની પછવાડે કાવસજી પટેલના મોહલામા આવેલું નશાખાનુબી કેહચ કે, એજ શેઠે બાંધી આપેઉં હતું. (જેનો કબજો ય૦ ૧૧૯૩ થી પંચાએતના સવાધીનમા રહેલો માલુમ પડેછે) એજ વરસમા આ નેકનામ નરને નામે નૌશારી ખાતે એક દોખમું તેમના વારેશોએ બંધાવીને તાંહાંની અંજુમનને હવાલે કીધેલુંછે.

૧૧૨૮ મા, મુંબઈ ખાતે મરણ પાંમતા જરથોસતીઓના રવાંણોને ઠેકાંણે પાડવા માટે ચોપાટીના ડુંગર ઉપર મોદીએ બાંધી આપેલું પેહલવેહલું એક દોખમું, નાહનકરૂં હોવાને લીધે વધતી થએલી વસતીને પુરૂં પડતું જારે નહીં જણાએઉં; તારે અનજુમનના હુઘરાતથી બીજું બાંધવાનો એરાદો તે વખતના અકાબર સાહેબોએ કીધો; અને તે વારાતે ફરતી ટીપમાં આ શેઠે પરથમ રૂ ૨૦૦૦ ભરી આપેઆ હતા; પણ તેપછે તેવણના મરણની છેલ્લી ઘડીસુધી હુઘરાતના બધા પઇસા ખરચાઈ જતાં તેનુ કાંમ તો અંતે અધુરૂંજ રહેઉં હતું. આ બાબે શેઠ મજકુરે અગમચેતી ધારીને પોતીકા વારેશોને આગમજથી જે ફરમાવેઉં હતું, તે મુજબ, તેવણના ગુજરેઆ બાદ ઘણે વરશે બાકીના કાંમ સારૂં જોઈતું રકમબંધ નાણું તેમની પુંજીમાથી અપાએઉં; અને એ મકાણ જારે તઇઆર થએઉં તારે તેની કીરીઆ વખતેએ દોખમાને મરહુમ શેઠ માણેકજીનુ નામ આપવામા આવેઉં.

એ ઉપરાંત ધરમના બીજાં ઘણાંક કાંમો આ શેઠ હસતકથી થએલાં કેહવાએછે, અને તે સઘલાં ખાતાં સદા સચવાઈ રેહવા માટે હેઠલ જણાવેલી જાગીરો વારેસના સવાધીનમા આપી ગયાચ કે, તેની ઉપજમાથી જોઇતો ખરચ ચલાવવાનુ તેઓથી બની આવે.

નવરોજજી હીલ નામનો મજગાંમવાલો ડુહુજતો ડુંગર.

માણેકજી શેઠની વાડી પાશે બાંધેલી ચેહલીઓ.

બાહેરકોટના ઠાકોરદુઆર પાશેની કુટડવાડી.

કરેલવાડી આગલ કાવસજી બેરાંમજીના આતશબેહરામપર જવાની ગલીમાં પેસતાં જમની બારદુએ આવેલી બુધનવાડી.

માહીમ ખાતેની વાડી જેને બમન થાવ કરી કેહછે.

અંગરેજી રાજના માલેકોએ બાંધેલા કાએદામા પોતાની ગાદી વડા દીકરા અથવા વડી દીકરીનેજ બખસવાનો બંદોબસત જેમ ચાલુ રાખેલોછે, તેવોજ રવઇઓ આ મરહુમ શેઠ માણેકજીએ પોતાની ગાદીના સંભાલ માટે પેહલ વેહલો જે પેસાડ્યો, તેનું કારણ માતરે એટલુંજ જણાઈ આવેછે કે, આ શેઠની ચેરાગ રોસન રાખનારો કોઈબી બેટો તેમની પીઠથી અવતરઆવના બે દીકરીઓએજ તેમને તાંહાં જનમ લીધો હતો; અને તે માહેલી વડીને શોરાબજી મનચેરજી સાથે, અને નાધલીને દાદાભાઈ ખરશેદજી (જેઓ એજ ખાનદાનના હતા) વરે પરણાવી હતી. આ માહેલા છેલ્લા ગરહસથને પોતાની હઇઆતીમા સારી પેઠે વારશો આપેઆ પછે, પોતીકી શેઠાઇ પણાની હકુમત તથા ધરમના મકાંણોની જાલવની વડા જમાઇ શેઠ શોરાબજીને સોંફતી વેલા હેવું વશીએત ઉસતવાર કરી ગયાછે કે, તેની કજાએ શેઠાઈપણાની માલેકી સરવે અશકેઆંમત સહીત વડા વારેસનેજ પોંહોંચતી રેહ; અને તેજ ધોરણ મુજબની શેઠાઈ વંશરા દરવંશરા ઉતરતી આવેછે.

હાવો પકો બંદોબસત પોતીકા પરીવારોમા બંધ બેસાડીને શેઠ માણેકજી રોજ ૧૨ મો માહ ૭ મો શેહનશાહી શાલે ૧૧૧૭ ય૦ એ સાહઠ વરસની ઉમરમા આ દુનીઆના દસતમાથી છટકીને જાવેદાન સુધીનો વાશો કરવા માટે હકની દરઘાહ તરફ શીધારેઆછે.

માણેકજી શેઠની ગાદીના થોડાક વારેસોનું ટુક વરતાંત.

ઉપર જણાવેલા મરહુમ શેઠની મસનદપર પેહલવેહલા તેમના વડા જમાઇ શેઠ શોરાબજી મનચેરજી મવકલ થઇને મોટી જાગીરો સાથે ધરમ ખાતાંના મકાંણોની જાલવની માટે જારથી મુખતેઆરી ચલાવવા લાગા, તારથી તેવન શોરાબજી માણેકજીનુ નામ ધારણ કરીને ૫૦ વરસવેર ગાદી સંભાલી રહેઆ હતા; આ શેઠ તરણ દીકરાઓને* હસતીમા રાખેઆ પછે રોજ ૬ ઠો માહા ૭ મો શેહનશાહી સાલે ૧૧૬૭ મા મરણ પાંમેઆ હતા.

શોરાબજી શેઠના વડા દીકરા નવરોજજીએ પંદર વરસ સુધી બાપની ગાદી સાચવી રાખી હતી, અને તે અરસાના પેહલા પાંચરામા એક ઇઆદ-ગારી ભરેલ જાહેર કાંમ તેનાએ જે બજાવેલ હતું, તે વાત હીંઆં નોધી લેવાજોગ માલુમ પડીછે કે, આપણી ટાપુ ખાતે ઇ૦ સને ૧૮૦૩ મા લાગેલી આગે સરકારી એમારતો બાલી નાખેઆને લીવે તેમના અમલદારો તથા કાંમ-ગારોને માટે રેહવા લાએકની કોઈ જગેઆ ન હોવાથી, આ શેઠે પોતાને રેહવાની માહભારત હવેલી તતકાલ ખાલી કરી વગર ભાડે સરકારને સપુરદ કરી દીધી, તારે કેટલીક મુદત સુધી તેઓના અમલદારો આરાંમથી તાંહાં રહેઆ હતા; આ ઉપકારના બદલામાં જોકે તેનાએ ઉદાર મનથી ભાડાં દાખલ એક દોકડોબી નહીં લીધાને લીવે નામદારં સરકારે તેવનનું મોટું હએસાન માણેઆં ઉપરાંત કોટની ગોલવાર શેરીને નાકે આવેલી, તેજ વખતની આગથી બલી ગએલી કેટલીક સરકારી ખાલી જમીન જે હતી, તે જાંહાંસુધી આ શેઠના સવાધીનમા રેહ, અથવા તેમનાજ ખેશી માહેલા કોઇબી સખસના હાથમા વેંહચાઈ જઇને તેઓ પાશે હોએ તાંહાં તુલીક તે જગેઆનુ ભોએ ભાડું તથા તે ઉપર બંધાતા અમલાનો છાપો લીધાવના ચંદરોકાલ સુધી ઇનામ તરીકે બખશેસ કરીને હએસાનનો પાર રૂડી પેરે વાલી આપેઓ હતો. આટલીજ ઇઆદી આં શેઠના અમલ વખ-તની જે હાથ આવીચ, તે ઉપરાંત બીજું કશું જણાએલ નથી. આ શેઠના આવરદાની દોરી રોજ ૨૯ મો માહ ૨ જો શેહનસાહી સાલે ૧૧૮૩ મા જારે કુદરતી કાએદાથી કપાઈ, તારે પોતાને તાંહાં મેહરવાંનજી તથા નસરવાંનજી નામના બે દીકરાઓને હઇઆત રાખી જીનતને મકાણે પોતે ચાલી ગયા.

વશીએતના ફરમાણ મુજબ મશાનદ મેલવનારા શેઠ મેરવાનજી, પોતીકા બાપ તથા બપાવાને જેટલાં વરશો સુધી સાહેબી ભોગવવા પાંમેઆં નહીં; પણ માતરે છ વરસના ટુક અરસામા સરવે સાથે સારી પરીતી બાંધી લીધા પછે, રોજ ૭ મો માહ ૩ જો શેહણશાહી સાલે ૧૧૮૯ ય૦ એ બેહસતને બારે શીધારેલા સંભલાયાછે. આ શેઠની પીડથી અવતરેલા તરણ દીકરાઓ† માહેલા વડવાના થેડાવ પરમાણે જેને ભાએગે શેઠાઇપણાનો વારશો વવાયો, તેનું વરણન હેઠલ જોવામા આવશે.

---

* વડા નવરોજજી, વચલા બમનજી તથા નાધલા ફરાંમજી જાંણવામા આવેઆછે. † માણેકજી, ફરાંમજી તથા દારાંસાહ. નો૦ લે૦

શેઠ માણેકજી મેરવાંનજી.

આ માનવંતા શેઠનો જનમ ય૰ ૧૧૬૬ મા મુબારક થએલો જનાએછે, પણ ઉધરતી વયની ઉતપંતી બાબેની હકાએત મલી નથી.

શેઠ માંણેકજીને માટે પરજામત એવું મલલુંછે કે, તેવન જાગીરોની ઉપજ વધારવા, તથા તેનો સંભાલ રાખવામા જેહવા ચાલાક હતા, તેવા જાહેરના કોઈબી ઉપીયોગી કાંમોમા મોકલે હાથે ખરચી સકતા નોહતા; પણ હેઠલ જણાવેલી બે બાબદો જાહેરમા પરકાસતી રહેલી જે માલુમ પડીય, તેટલી ઈઆદગારી તેનાની કીરતીને વખાંનેછે, માટે તેની નોંધ ખુશી સાથે હીઆં લઈએય.

પુણા ખાતે જરથોસતીઓની વસતીના વીસતાર પરમાણે તેઓમા મરણ પાંમતાં રવાંણો ઠેકાંણે પડે, એવું એક દોખમુ મરહુમ શેઠ શોરાબજી રતનજી પટેલ પોતાની હઈઆતીમા ખુદ ખરચે બંધાવીને અનજુમનના વાપરવાસ વાસતે ખોલું મેલઉં હતું; પણ તે પછે થોડીક મુદતે માઠાં ભાગ્યગથી કોક બાબદની ગેર સહમજુતીએ અપસ અપસમા ઉઠેલી કજબેહશીને લીધે, તેઓ માહેલા શેઠ નોસરવાંનજી તથા અરદેસર ખરશેદજી શેઠ તથા તેઓની પક્ષવાલાઓને તાંહાં થતી મઈએતની સાહમને દરેમેહેર તથા દોખમાના દરવાજાઓ જારે તેના માલેકે તદન બંધ પાડેઆ, તારે તે ગંભીર ગરહસથોએ બીજું દોખમું બનાવવા માટે પોતપોતામા ઉધરાંણાની ટીપ કીધી, તો તેમા જોઈએ તેટલાં પુરતાં નાણા ન ભરાયાથી આ શેઠની ઉપર આવેલી શોકારસ તેનાએ તતકાલ ઊંચકી લઈને પોતીકા બેશી મરહુમ શેઠ હોરમજજી બમનજીને સાથે સામેલ કીધા; અને તે બાબેના બધાં નાણા બેહુ સાહેબોએ અતરેથી પોંહચતાં પાડીને આવું સુભ કાંમ ૧૨૦૪ ય૰ મા મરહુમ શેઠ માણેકજી નવરોજજીની નઈયતે સંમપુરણ કરી આપતાં સવાબનો તોશો મેલવી લીધો હતો. અને મજહબ માફકની કીરીઆ માટે બરસનુમવાલા મોબેદોની એક જોડ પોતા હસતકના આદરાંણુમાથી તે તરફ મોકલી આપી ને સાહમેવાલાઓની હરકતને ભોગે તેઓને જવા દીધાજ નહીં.

બીજી બાબદ એછે કે સઘલી કીસમની ખાધખોરાકી વેચનારાઓને માટે સરકાર તરફથી મોદીખાંને બાંધી આપેલાં બજારમાં બેસનારાઓ ઉપર ભાડાં તરીકેની દસતુરી લેવાનું જારે દબાંણ થાએઉં, તારે તે ગરીબ ધંધાદારીઓને માથે ફોકટનો બોજો નહીં પડવાના હેતુથી તે વખતની કાંણસરવાંનશી બોરડના દેશી અધીકારીઓ ઘણીજ બલતવારીથી સરકારની સાંહમને થયા હતા; તે છતાંબી જારે કીધેલું ફરમાંન પાછું નહીં ફરેઉં, તારે લાચારે તે બજારમાં આવી બેસવાનું તેઓએ નાં પાડેઆથી એવો સંજોગ બનતો દેખાયો કે, ખાધખોરાકીનો સામાંણ કોટ ખાતે વેચવા કોઈ નહીંજ આવશે તો તાંહાંની બોહોલી વસતીને ઘણી અવકડા ભોગવવી પડશે; જે ઉપર આ માંનવંતા શેઠે નીરમલ ધેઆંન પોંહચાડીને પોતાના હસતકમા રહેલું ધરમ ખાતાનું કોસાદ મકાંન (જેને

સાધારણ રીતે પંચાતની વાડી કરી કેહવામાં આવેછે) વગર ભાડે, પણ દર-રોજ સહવાર તથા સાંહાંજ મલી બે વખતે ધોઈધાઈને સાફસુફ રાખવાના શેહેજ ખરચ શીવાએ બીજી કોઈબી રીતની દસતુરી લીધાવના (એક ગાએ કસાઈ વતરોગે) સધલી કીસમનો ખોરાક વેચનારાઓને એક બીજાથી જુદી જુદી જગેઆપર બેસવા માટે સરકાર સાથેની ભાંજગડ મટે તાંહાં તુલીક એનાઈએત કીધું હતું; જાંહાં રોજ ૨ જો માહા ૧૨ મો શેહણશાહી સાલે ૧૨૧૫ ય૦ થી તેઓએ બેસવા માંડીને છેક સવા વરસ સુધી સરકારી બજારને ઉજડ પડી રેહવા દીધું; અને તે બાબેનો છુટ ભરેઓ હોકમ જારે વડી સરકાર તરફથી તેઓની તરફેનમાં આવેઓ, તારે તે લોકોને વગર દસતુરી લેવે જઈ બેસવાની પરવાંનગી મલી; અને રોજ ૫ મો માહા ૩ જો શેહનશાહી સાલે ૧૨૧૭ ને દીને અસલી જગેઆ ઉપર તેઓ જઈને બેઠા; પણ તેની આ-ગમજ સવા વરસ સુધી મુફત મલેલાં મકાણના આ મેહરબાંન માલેકનો બેહધ ઉપકાર માંનેઆ ઉપરાંત તેમના હકમા હજારો હજાર દુવા ચાહી હતી; માટે આટલી મુદત તુલીક ધરમ ખાતાંનુ ધોરી મકાંણ તેના ઘટતા ઉપીયોગમાથી દુર રાખીને સધલી વરણનુ સુખ સાચવેઊં, તે સખાવતબી આ શકરમી શેઠી-આએ કાંઇ થોડી કરી દેખાડી નોહતી.

શેઠ ખાંનદાંનની ગાદીનુ માન લગભગ ૫૦ વરસવેર મેલવતાં એવણ જારે ૭૨ વરસની બુજોરગીએ પોંહચેઆ, તારે જીંદગીનો અંત આગલ આ-વતો જોયા ઉપરથી પોતીકે નામે છુપેઓ ધરમ કરવા માટે પોતાની ખાંનગી પુંજીમાથી એક લાખ રૂપીઆની મીલકત અલાહેધી કાહડીને, તેવણની પછે જગેઆ જાલવનારા જાંએનસીનના સવાધીનમા સોંફી આપેઆ પછે, રોજ ૧૨ મો માહ ૯ મો શેહનશાહી સાલે ૧૨૩૮ ય૦ એ બેહસતનસીન થયા; પણ તેમનુ કીરતી ભરેઊં નામ ઉપલી બાબદાની સાથે અલાહેધી કાહડેલી મીલકતની ઉપજમાથી ફરમાન મુજબના છુપેઆં ધરમી કાંમો જે ચાલુ રહેઆંચ, તે સાથે કોઇ કાલેબી ભુલાવવું તો જોઇએજ નહીં.

શેઠ મેરવાનજી માણેકજી.

મરહુમ માણેકજી શેઠ પોતાની પાછળ ચાર દીકરાઓ* જે મેલી ગયા હતા, તેઓ માહેલા ગાદીનું વડાપણું ભોગવનારા આ ઉપલા નબીરા, રોજ ૨૯ મો માહ ૭ મો શેહનશાહી સાલે ૧૧૯૧ ય૦ એ જનમ પાંમેઆ પછે, સુધરાઇ પર ચાલતી રાદીમા ઉતંમ કેળવણી હાંશેલ કરીને, હેવાતો નીરમલ નીવરેલા દેખાઈ આવેઆ હતા કે, તેમની જીંદગી જો લાંમબી રહી હોતતો પોતાના અંતકરણની રૂડી સોચનાનુ વધારે સુખ પાંમવાથી તેવણ હરગેજ પછાત પડતે નહીં.

* મેરવાંનજી, ખરશેદજી, નવરોજજી તથા દાદાભાઈ. નો. લે.

આ ગરહસથ બાબે જેજે વાતો જાહેરાંત જણાઈ ચુકીચ, તે ઉપરથી કેહવાને હમો સબલીવાન થઇએચ કે, તેનાએ પોતીકી કારકીરદીની શરૂઆત સારાં કાંમોમાજ સાચવી હતી; અને તેની કેફીએત જારે હવેના ફકરાઓથી અજવાલે આવશે, તારે તે બાબેની મુનસફી આપોઆપ માલુમ પડશે.

કાએદા પરમાણેની કેળવણીનુ કામ સમાપત કરી લીધા પછે લગભગ ૨૩ વરસની ઊંમરે પોંહતા, તારે ય૦ ૧૨૧૪ મા મી૦ ઇઉઅરત લાથાંમની કુંપનીને તાંહાં દર મહીને રૂ૪૦ ના પગારપર પેહલવેહલા સાધારણ લખનાર તરીકે ચાકરીએ રહેઆ હતા; જાંહાંથી પદવી દરપદવી ચહડતાં બધાં ખાતાંઓમા ફરી વલીને છેલે દફતરોની દેખરેખ ઉપર તથા દેશી વહીવટ ચલાવનાર તરીકે* ૪૦૦ રૂપીઆના દરમાહપર જઈ બેઠા હતા. એ આફીસમા પોતાની પાશે કાંમની અતીઅંત ધમાલ હોવા છતાં ફુરસદ પાંમતા રહીને, આ ગરહસથે ય૦ ૧૨૨૭ માં વીઆજ ગણીતનુ એક સુંદર પુસતક પોતાની કલમથી આસરે શાહડી ચારશો સફાનુ અંગરેજીમાં જે પરશીધ કીધું હતું, તેમા તેનાએ વગર ભુલે સારી કાબેલીએત વાપડેલી માલુમ પડેલીછે.

બેરબાહીથી ચાકરી બજાવતાં બતલાવેલી ઇમાનદારીના બદલામા આ શેઠને તેમના માલેકો તરફથી ૧૨૩૪ મા શોનાનુ કીમતી ઘડીઆલ પણ ભેટ મલેલું હતું, અને તેપછે બાપના મરણથી તેમની ગાદીનો વહીવટ ચલાવવા માટે ધણીઓની જારે રજા મેલવી, તારે તેણાની લાએકી મુજબ આબરૂ પતરના ઇનાંમ સાથે તેઓએ ખાસ ખુશીથી રૂખસદ આપી; અને તે પછેબી બેહુ બોરદુપર દોસતી દાવો સચવાઈ રહેલો સાંભલવામા આવેઓ હતો.

શેઠ ખાનદાનના વડા તરીકેની સતા સવાધીનમા લીધા પછે, આ ગરહસથે પેહલવેહલું એક કાંમ જે ધરમીપણાનુ માંથે ઉઠાવી લીધું હતું, તે કાંઈજ નહીં પણ પેઆસાઓને સંતોશ પમાડવાનું માલુમ પડેછે; કારણ કે માથેરાંણ જવાના રસતામા ગરીબ રાહદારીઓને પીવાનુ સોહોજું અને નીરમલ પાંણી મલવાની ઘણી પીડા નડતી હતી, તે દફે કરવાની સોચનાથી, હેઠવાઈમા એક ટાંકી બંધાવીને છેક ડુંગર ઉપરનુ પાણી નલીવાટે તેમા લાવવાના ખરચ સારૂ ય૦ ૧૨૩૯ ની શાળમા રૂ ૩૦૦૦ ની એક રકમ આપણી સરકારના સવાધીનમાં સોંફી આપેલી સંભલાઈછે.

બીજી સખાવત કેળવણીના કાંમ સારૂ કીધેલી કેહવામા આવેછે કે, ભીડીબજારના લતા તરફ રેહનારા પારશીઓની બાલક છોકરીઓને શીખવા માટે ઘણુ દુરવેર જવું પડતું હતું, તે વાત ધેઆનમા લઈને કાંદાવાલા મોહલામા એક મકાંણની અંદર કાહડી આપેલી કનેઆશાળા રોજ ૧૩ મો માહ ૧૦ મો શેહનશાહી સાલે ૧૨૪૦ થી ચાલુ કરાવીછે; અને તે ઉપર દરશાલે રૂ૯૦૦ નો ખરચ પણ એજ સખી નરને ખજાણેથી સખાવત તરીકે જે અપાએછે, તેને માટે ટકા ૪ વાલી લોનનુ વીઆજ ગણીએ તો રૂ૨૨,૫૦૦ ની થાપણ આ કારણ વાસતે રોકાયલી કેહવાએ.

* જેને અંગરેજીમા "બુકકીપર" અને "નેટીવ આશીસટંટ" કરી કેહવામા આવેછે.
નો. લે.

નોશારી ખાતે મરણ પાંમતા જરથોસતીઓને અવલમનજેલ પોંહચાડનારાં માણશોને માટે એક નશાખાનાની ઘણી જરૂર જે જણાઇ હતી, તેટલી ખુટ પુરી પાડવાના હેતુથી આ શેઠીઆએ એક અલાહેદું મકાંણ તાંહાં બંધાવીને રોજ ૧૫ મો માહ ૧ લો શેહનશાહી સાલે ૧૨૪૧ ને રોજે અંજુમનને સોંફી આપેલછે. આ કારણશાર ખરચાએલા રૂ ૩૫૦૦ ને આસરે તરીકે સખાવ-તમા ગણાયાછે.

ચોથી બાબદ એવી પરકાસતી દેખાઈ હતી કે, ઇરાંન તરફથી દુકાલને ભોગે ચહડીને આવેલા ગરીબ જરથોસતી મુસાફરોને રેહવા માટેની શેઠ ખર-શેદજી અરદેસરવાલી ચોપાટીની ધરમશાળા ઘીચ વસતીના વપરાસથી જારે ઘણી મેલી દેખાઇ, તારે તેને ચુનો ધોલાવા તથા જોઇતી મરાંમત કરાવાની અગત જણાયા ઉપરથી તાંહાંના સરવે રેહવાશીઓને કોટ માહેલી મરહુમ માંણેકજી શેઠની વાડીના કોસાદ મકાંણમા લાવી રાખવા માટેની પરવાનગી આ મુતવલી શેઠે મેહરબાંન દીલથી આપેઆ મુજબ રોજ ૧૩ મો માહ ૫ મો શેહનશાહી સાલે ૧૨૪૧ થી જે જઈ રહેઆ હતા, તે લગભગ ૫ મહીના સુધી સંતોશથી તાંહાં ગુજારેઆ પછે તેઓ માટેનુ અશલી મકાણ તઈઆર થયાથી રોજ ૧૨ મો માહ ૧૦ મો શેહનશાહી સાલે ૧૨૪૧ ૫૦ એ પાછા ગયા. પોતીકા પુરાતમ હમદીનોની સગવડ આ ચંચલ શેઠે જે સાચવી તેની યાદગારી ચંદરોકાળ સુધી ભુલાશે નહીં.

આ શેઠીઆના અમલમા પાંચમી સખાવત એવી જાહેર થઇચ, કે ઉપર જણાવેલા ઇરાંનીઓની સ્ત્રીઓ જારે કોટમા આવી રહેલીઓ હતી, તારે તેનીઓન ઉદંમ માટે શીવવાનો એક વરગ આપણા દીનદોસત શેઠ બમનશાહ કાવસજી ભરૂચાની કોશેસથી જે ઉભો થયો, તેમા તેનીઓનું કાંમ શેહલાઇએ પારપાડ-વાના હેતુથી મોજાં ગુંઠવાનો એક વેલાતી સાંચો રૂ ૬૦૦ ની કીંમતે વેચાતો લઇને ભેટ કીધો હતો. આ સાંચો કદાપી દરોબસત ગોઠવીને ચાંમડાંના પટાથી ચાલુ રાખેઓ હોતતો, તરણ અથવા ચાર ઓરતો તેની મદદથી એક મહીનામાં ૧૦૦ ડજન આખાં મોટાં મોજાંની જોડ તઈઆર કરી શકતે; પણ સાંભલે-આથી જણાવવાને દલગીરી ઉપજેચ કે, કેટલીક સ્ત્રીઓના આલસપણાની બેરડાઇને લીધે હાવું રૂડું કાંમ ધરમ કરનારની ધારના મુજબ પારઉતરેલ નહીં.

વાંદરા ખાતે ગરીબ પોરટુગીશોના છોકરાઓને કેલવણી મલવા માટે નાખેલા પાયા પર એક સકુલ જે ૧૨૪૧ ના દેએ મહીનાથી ચાલુ થઇછે, તેની એમારતના બાંધકાંમ ઉપર બેઠેલા રૂ૧૦૦૦ ના અડધ ભાગે રૂ૫૦૦ આ મ-યાલુ શેઠે સખાવત તરીકે આપેઆ હતા; અને તે ઉપરાંત સકુલના જાથુક ખરચ સારૂં દર મહીને રૂ ૧૦ ની મદદ જે આપતી કીધી, તે હસાબે દરવરસે થતા રૂ૧૨૦ ને વાસતે દરટકા ૪ લેખેની વીઆજુકી લેણ ગણીએતો રૂ૩૦૦૦ રોકાએલા જોઇએ; માટે આ છઠી સખાવતબી અતી ઉપયોગી માલુમ પડીછે.

આ શેઠીઆની સાતમી સખાવતબી કાંઈ ઓછી અગતની કેહવાતીજ નથી કે, પુણા તાલુકાની અંદર આવેલાં દાહપોરી ખાતેનો સરકારી અસલી

મોટો બંગલો, તેના છેલા માલેકો પાશેથી તેનાએ ૧૨૪૧ મા વેચાતો લીધેલોછે; તે માહેલું એકાદું મકાંણ તાંહાંના રેહવાશીઓના છોકરાંઓને એલમનું ગણાન મેલવી આપવાની મતલબથી વગર ભાડે સપુરદ કરીને તાંહાં સ્કુલ હુંઘડાવીછે; અને તે ઉપરાંત દર મહીને ૩૩૦ લેખેનો ખરચખી તેનાનેજ ખજાંણેથી જાથુક પોંહચતો થાએછે; માટે એટલાં કારણસારૂ ચારટકાની લોનને હસાબે ૩૯૦૦૦ તેમના રોકાઈ રેહવા જોઈએ.

આટલી સખાવત તો ખરેખરી જાહેરના ઉપીયોગની ગણાઇછે, પણ તેમના ગુપત દાંનની જે વાત ભરોશો રાખવાજોગ ઠેકાંણેથી હમોને માલુમ પડીછે, તેને અજવાલે આણવાની અગત વીચારીએચ કે, કેટલાક આબરૂવાલા સખશો જે ઘણીજ લાચારી હાલતમા ફસેલા તેમની નજરે પડતા, અથવા તેહવાઓ બાબેની ખબર સાંભલતા, તો તતકાલ તેઓને આસરો આપવામા દર મહીને મોટી રકમ બેહુનુજ મન જાંણે તેવી તરહુદથી છુપીરીતે આપીને પોતાનાં પુનમા વધારો કરતા હતા. આવા તેમના દીલગુરદા ઉપરથી સરવેને સધીઆરો મલવાનું કારણ એટલુંજ હતું કે, બારેહકતાલાની બખશેસથી તેનાની જીંદેગી જેમ લાંમબી મુદત સુધી બરકરારી સાથે સચવાઇને સલાંમત રેહતે તો, સંધે નોહતો કે થએયાં તે કરતાં બીજાં અનેક ફીસમના રૂડાં કાંમોથી પોતીકી ખુદ, તથા નેઆગાંનોની નેક નામીમા વીશેસ વધારો કરી દેખાડતે; પણ અફશોસછે જમાનાની જાલમ સુંગાલ્પર કે, આવી ખીલેલી કલીને તેની ડાહલી ઉપરથી તે વેહલો તોડી લઈ ગયો; અને તેથી કરી આશેઆવંતાઓ ખરેખરા નાશીપાએસ થઇ બેઠા.

શેઠ ખાનદાનના ઊંચાં તોખમનું બયાંન આ હએવાલની શીરૂઆતમા જેમ જણાઈ ચુકેલુંછે, તેમજ તેઓની તાશીરનું તતવખી તારપછેની અયોલાદ સંબંધી સમાઈ રહેલુંછે; માટે તે બાબે વીશેસ સ્તુતીની હવે કશી જરૂર નહીં જાંણતાં એક વાત હીંઆં નોધી લઇએછે કે, આ સકરમી શેઠ પોતીકા નેઆંગાણોની ગાદી જાલવનારા જેહવા સવતંતર હતા, તેવાજ મોબેદોના પંથ ઉપર સરવેથી વડાપણું ચલાવનારા, તથા તેઓનું ભલુંજ ઇછનારા કેહવાતા હતા; અને તેના આધારથી એકજ ઊંમતના અથોરનાનો વચે પઢવાની બાબદમાં લાંમબી મુદતથી ચાલતા આવેલા કુસંપી ભરેઆ કુથલાઓ પતાવવાનું કાંમ આ શેઠે પોતાને સર અંગેજી લીધું હતું; અને તેટલા માટે પોતીકા મકાનમા ઘણીવાર તેઓની સભાઓ ભરી, મંડલીઓ મેલવી, તથા બીજી અગણીત ઉલટ ઉપર ઇનતેજારી દેખાડી હતી; પણ હઠીલા લોકોની એંટાલી સાહમને જોકે તેવનનું કાંઇજ વલેણ નહીં, તોપણ અકાબર સાહેબો તરફથી તેવન ઉપર શોંફાએલી લવાદીનો વાજેબી ચુકાદો, આ શેઠે અપક્ષપાત પણાથી એવો જણાવેઓ હતો કે, જરથોસતીઓને તાંહાંના રવાંણેનું કાંમ એકજ સરીખું, અને અસલ પરમાણે કરતા રેહવું.

આ શેઠ મોબેદોના મોટા વરગમા જનમીને મજદીઅસની મજહબ ઉપર પુર એતેકાદથી ચુસત હોવા છતાં, ફરીમેસનના (આજાદી) તોલા અંદર સાંમેલ

થઇને લગભગ વીશેક વરસ સુધી લાગુ રહેલા હતા, અને પેહેલવેહલી "પારશી લાજ"મા તથા "ચાપટર"મા એક "પાસત માસતર" ગણાએલા હતા.

પોતાની પાશે મોટી દોલત, અને શેઠાઈપણાની સતા ધરાવેઆ છતાં, કેલવણીના કઉઅતથી ગરીબ તથા તવંગરને એક સરીખા ગણવાની સારી સંતલેરા વાપરી જાણવા માટે તેવનની જાતી ખુબીમા સવતંતરપણુ, સાદાઈ, સારી સહમજ, સાહલેસાઈ, અને સુધરેલા વીચારો ઉપરાંત બુધીની ચપલતા અતીઅંત જણાતી હતી; અને તેવીજ નેકીમા ઉંમરના ૫૦ વરસની ઉપર ૧૦ મહીના વટાવીને ૧૨ મો દાહાડો પુરો કરતાં ય૦ ૧૨૪૨ ના શેહણસાહી શેહરીવર મહીનાને આવાંરોજે જારે આ મયાવંતા મેહરવાંનજી શેઠ મરણ પાંમેઆ, તારે તેવણના રવાંણને અવલમનજલ લઈ જતી વખતે તેમના બંગલા આગલ જરથોસતી કોમની મીજલસ એવીતો મોટી જમાવ થયલી હતી કે, તેમા પેહલાથી તે છેક છેલા વરગના સખશો શેજદાને સારૂં ગંભીરાઈથી હાજર રહેલા જોવામા આવેઆ હતા.

આવા ગુણવંતા શેઠ, પોતાને મલેલી ગાદી ઉપર પુરાં પોણાચાર વરસબી નીભી ન સએઆથી, તેમના બોહલાં પરીવારોમા ભારે કકલાટ જો ઉતપંત થયો હોએતો, તેની કાંહાંની એક અચંબા તરીકે તેઓમા રેહવી જોઈએ.

આ સખી શેઠે પોતીકી હઈઆતી સુધીમા ઉપર જણાવેઆ મુજબનાં જેટલાં ધરમખાતાંઓને મદદ આપી હતી, તેનું કાંમ તેવીજ રીતે સદા ચાલુ રાખવા માટે તેમની જગોપર થયેલા વારસને વશીએતનામામા ઘણીજ તાકીદ ફરમાવી ગયા ઉપરાંત, બીજા દસહજાર રૂપીઆ બેજણાઓને જુદાં જુદાં ધરમના કારણસર આપવાનો હોકમ લખેલો સાંભલવામા આવેઓછે; જેમા:—

કેલવણી ખાતાંને મદદ આપવા સારૂં નામદાર સરકારને ...... રૂ૫,૦૦૦
પારશી પંચાએતના તરસટીઓને, તેઓની નજરમા આવે તેહવાં
ધરમના ઉપીયોગી ખાતાંઓમા વાપરવા વાસતે .... રૂ૫,૦૦૦

શેઠ મેરવાનજીનો વશીલો વધારનારા તરણ દીકરાઓ નામે મી૦ અરદેસર, જાળભાઈ, અને કાવસજી જે કેહવાએચ, તેઓ માહેલા વડાની ઉપર મરહુમ મોટા માણેકજી શેઠની ગાદી જાલવવાનો વારશો હવડાંજ ઉતરેઓછે. આ નવા શેઠનો જનમ રોજ ૧૯ મો માહ ૨ જો શેહણસાહી શાલે ૧૨૧૨ ય૦ એ થયો, તે હસાબે મી૦ અરદેસર ૩૦ વરસની ઉંમર પસાર કીધાથી જવાનીના પુર બાહારપર આવેલા જે જણાએચ, તેવણથી હવે એટલીજ ઉમેદ રાખવી જોઈયે કે પોતીકા વડવાઓની અખુટ દોલતનો ઉપીયોગ સારા મારગપર કરવા સારૂં મરહુમ શેઠ મેહરવાંનજીનો સુધરાઈ ભરેલો દાખલો પકડે; અને સરવે બાબદોમા રૂડા ગુણ દેખાડી તેઓ કરતાં વીશેસ માનવંતા નીવડે.

રેડીમણીની રલીઆત.

ઉપલા મથાલાંપર અંગરેજી સબ્દ ગુજરાતી હરફે જે લખાયોચ્, તેનો ખરો અરથ રોકડીઆનો થાયછે; અને તે અલકાબ કોઈને નહીં પણ કરાબે નૌસારીના રેહનારા જીવનજી કુકાજી સુઈના* તરણ બેટાઓ, જે રોકડથીજ પોતાનો વેહવાર ચલાવી ગએલા હોવાથી તે દરએક ભાગ્યગવંતાઓને લાગુ પડી, તેઓનાં વંશેશ ઉપર ઉતરી રહેલા આપરે સંતોસથી જાંણીએછે.

વંસાવલીની ટીપમા દાખલ થયા મુજબ જીવનજી શેઠના તરણ દીકરાઓ જે જોવામા આવશે, તેઓમા વડા, વચલા અને નાધલા કહેઆ હતા, તે સંબંધો ઈઆદીની ગેરહાજરે અટકલથી તેઓને ચહડઉતર વરગમા ગોઠવીને તેમાહેલા વડાનુ ટુક વરણન હેઠલ જાહેર કરીએછે.

શેઠ મનચેરજી જીવનજી રેડીમણી.


આ માનવંતા મનચેર રેડીમણી વીશે એવું સભલાએઉંછે કે પોતીકા ભાઈઓ સાથે ય० ૧૦૯૭ મા વતનથી નીકલી આવીને હીંઆંજ થરીથામ થઈ રહેઆ હતા. વખતની વલાણ રૂડી હાથ આવેઆને લીધે વેપાર વનજમા રોકાઈ રહેઆથી સુધા વેહવારે શેહજવારમા દરવીઅવાંન થયા. ચીન ખાતેનો રોજગારણી આ શેઠનો બોહલો કેહવાઓછે, અને તેટલા માટે પોતાના એક દીકરા ધનજીભાઈને પણ તે તરફ મોકલેઆ હતા; જાંહાં એકજ મોસમ રહીને તાંહાંથી તેવણ મુંબઈ ખાતે પાછા આવતાં, વાંહાંણુની અંદર રોજ ૬ ઠો માહ ૨ જો શેહણસાહી શાલે ૧૧૪૮ ય० એ ગુજરી ગયાથી બીચારા જલવાશી થાઈ પડેઆ હતા. પોતીકા ભાઈ હીરજીની પછે એક સફર ચીનનીબી તેવણ કરી આવેઆ હતા; પણ તેના સનેની ચોકસ ખબર મલતી નથી. આ મનચેર રૂડીમણીની ઈઆદગારીમા કોટ ખાતે પટેલના મોહલાની અંદર, અને તેનીજ પડોસમા એક ગંજાવર ઘેર જે ઉભેલુંછે, તેતો તેમના મરણ પછે ઘણી મુદતે વેચાઈને પારકે હાથ જઈ બેઠુંચ; પણ ચોપાટી ખાતેની બાગેબેહસત જેવી બીલંદ વાડી હજીતક સલાંમત રહીને તેમનાજ પરીવારો હસતક સચવાએલી દેખાએછે.

એજ વાર્ડાના ચોકમા આ સરીમંત શેઠે પોતાને વાસતે એક અલાહેધું દાખમું બાંધવા માંડેઉં હતું, જેને તઈઆર થતાં તેમા થોડુંક કાંમ બાકી રહેઉં તેટલાં તો અજલનો હલકારો તાકીદ કરતો આવી તેમની છાતી ઉપર જારે ઉભો, તારે લાઈલાજ થઈ રોજ ૩ જો માહ ૧૦ મો શેહણસાહી શાલે ૧૧૫૫ ય० એ પોતાના રૂડાં કાંમોનો હીસાબ આપવા હકને દુઆરે ચાલી ગયા.

---

* શોધ કરતાં આ શેઠીઆ પોતીકા સવદેસમા ઉપલીજ અટકથી અસલ ઓલખાતા માલુમ પડેઆછે. નો० લે०

રેડીમણીને તાંહાંની વંશાવલી.



આ શેઠ જોકે જીવતાં જીવત તો અનજુમન સાથે સભીઅતાથી હલી મલીને રેહતા હતા, પણ મરણ પાંમેઆ પછે પોતીકાં રવાણને તેઓથી જુદું મેલવાની ફરજ જણાયાને લીધે, આકેબતનું મકાન બનાવવા સારૂં કીધેલી ઉતાવલ જારે અકારત ગઈ, તારે દોખમું તઇઆર થતાં સુધી તેમના અશો રવાંણને કાએદા મુજબ ઘેહસારનાની પવીતર કીરીઆ કીધા પછે, તેજ વાડીની પછવાડેનો ડુંગર જે તે વખતપર અંદર હતો, તેના એક ચોતરા ઉપર* અલાહેધું મેલી તે લાસને બરોબર એક માસ સુધી લોઢાંની ગેહાંન હેઠલ ઢાંકી રાખવી પડી હતી.

લોકમત એવુંછે કે મરણ પાંમેલી લાસ ઘણો વખત સુધી સાબેત રહી સખે નહીં, પણ આ મનચેર રેડીમણીનું રવાણ પારશી કોમને એવી સાબેતી આપી ચુકેલું આસકાર થએલુંછે કે, જરથોસતી મજહબની પવીતર કીરીઆ તે ઉપર રાત અને દાહાડો જાથુક ચાલુ રહેઆથી તેને કાંઇજ અલવર આવી નોહતી; અને દોખમું જારે બંધાઇને તઈઆર થએઊં, તારે આ મરહુમ શેઠના માશીસાપર (બહમન મહીનાને અરદીબેસતરોજે) ઈજાવીને તેજ દાહાડે બીજીવાર ઘેહસારવા માટે તેમના રવાંણને ગેહાંન તલેથી જારે કાહડેઊં, તારે તરતનું મરણ પાંમેલુ હોય એવી રીતે તરોતાજગી ભરેઊં સેંકડો જરથોસ્તીઓના જોવામા આવેઊં.

શેઠ સોરાબજી મનચેરજી રેડીમણી.

મરહુમ મનચેર રેડીમણીના તરણ દીકરાઓમા ધનજીભાઇ વીશેનો શેહજ એસારો ઉપર દાખલ થએલોછે, પણ નાંધલા બમનજીની હકાએત તો કાંઈજ હાથ આવી નથી. મથાલે જણાવેલા શેઠીઆ જે ખરેખરા સખાવતના સાંહ હતા, તેહવા નેક નામ નરના કીરતી ભરેલાં કેટલાંક કાંમો ઇઆદગારી રહેઆવના અટવાઈ ગયાને લીધે તે બાબેની હમારી શોધ અંતે નીશફલ થયા છતાં જે ટુક હએવાલ માલુમ પડઓચ તેનીજ નોંધ મોટાં માંન સહીત લઇયેછે.

આ શેઠ વેપારીઓની સંફમા ઘણા વખણાએલા રહીને, તેહવાં કારણશર બે મોટાં વાંહાંણોની† માલેકીબી ધરાવતા હતા; અને ચીન ખાતેનુ પોતીકું બોહોલું કામ આપણી વસતીમા પરબેઆત થઈ ગએલા મરહુમ નાબોદામીઆં

---

* ચોપાટીથી વાલકેસવરપર જવાનો સલગ રસતો સરકારે જારે કાહડએો, તારે તેના કારણસર વાડી માહેલી જગેઆ અપાયાને લીધે ઉપલો ડુંગર તાંહાંથી અલાહેધો થઈને તેની પછવાડે પડલો જે દેખાએચ, તાંહાંજ પેલો ચોતરોબી હજી સાબેત રહેલોછે. નો० લે०

† "શાહ મનચેર" ટન ૧૦૪૨ વાલું, અને "શાહ કેખશરૂ" ટન ૧૦૪૫ વાલું; એ ઉપરાંત "હારબી" નામના પોતીકા કાકા મરહુમ શેઠ હીરજી રેડીમણીવાલાં વાંહાંણનો વહીવટબી, કેહચ કે તેમના મરણ પછે આ શેઠના સવાધીનમા થોડું સુધી રહેઓ હતો. નો. લે.

મહમદઅલી બીન મહમદહુશેન રોગેની આડત હેઠલ ઘણા વરશો સુધી પર-માણીકપણે ચાલેઆથી, તે બેહુ સાહેબોને અરસપરસ અતીઅંત ફાએદાબી હાંશેલ થયા હતા.

વેપારના ઉદમથી જેમ બેહદ દરવીય તેનાને હાથ આવતો રહેઓ, તેમ તેને ઉદાર મનથી સખાવતના કાંમોમા સારી પેઠે વાપરીને જે નામવરી મે-લવી હતી; તેમા:—

એકતો એકે, સડતાલાંના* કદરૂપા દુકાલે જારે તેનુ કાલું મોહ આખા ગુજરાતમા દેખાડીને ભારે શેતંમ ગુજારેઓ હતો, તારે તાંહાંની વસતી માહેલા ઘણાક લાચાર લોકો ભુખમરાને લીધે મુંબઈ તરફ આસરો મેલવવા માટે આ-વેલાઓને આ સખી શેઠે સફકતનીરાહે દશ મહીના સુધી જુદી જુદી વરણના નાહના તથા મોટાં મલી ૨૦૦૦ સખશોને દાહડામા બેવાર પેટ ભરતાં ભોજ-ણથી સંતોસેઆ હતા; અને તેટલીજ સંખેઆનો મરહુમ દાદીશેઠે પણ તેવે રામે સારો સંભાલ કીધો, તેથી કરી બેહુ સાહેબોએ બીન સવારથની મેહરબાંનગીનો ઉતમ દાખલો હીંઆંની હીંદુ માહજન મલતી મુસલમીનની જમાતને દે-ખાડેઓ હતો.

બીજી સખાવત પોતાને તાંહાંના છોકરાંઓની શેઆદી રોજ ૨૨ મો માહ ૪ થો શેહનશાહી શાલે ૧૧૭૨ ય૦ એ મુબારક થાઈ, તારે તેની ખુશાલીમા હજારો રૂપીઆનુ દાનપુન, તથા ખાનુ પીનુ કરી આલમનો આશીરવાદ પાંમેઆ હતા. એ વખતે કેહચ કે પોતીકા ઘેર આગલ બીછાવેલા માંદવ ઉપર રૂપીઆ દસ હજારને સુમારે ખરચેઆ હતા, માટે હાવા ખુશી ભરેઆ મહીમામા આ સરીમંત શેઠીઆના સખી હાથથી કેટલા લોકોની રોજી જાગીને, કેટલાકોના શોદા ખપેઆ હશે, તે બાબે વાંચનારા સાહેબોએ શેહલથી સહમજી લેવું જોઈએ.

આ નેકબખત શેઠ દુનીઆંમા જનમ પાંમીને કુદરતે બખશેલી સખતી મુજબ સારાં કાંમોની શુધંધી લેતા, ૧૧૭૪ ના શાલની આખરી રોજ પાંચમાં ગાથાને દાહાડે, જીંદગીનો અસબાબ ઉઠાવી મીનોઇ આલમમા આંમેજ થવા માટે બે દીકરાઓને હસતીમા રાખી રવાંણે થયલા જણાયાછે.

શેઠ ધનજીભાઇ સોરાબજી રેડીમણી.

સોરાબજી રેડીમણીના બે બેટાઓ માહેલા આ વડાની જીંદેગીના અહેવા-લમા કાંઈજ નહીં પણ અઈઆશીપણાને આધીન રહી અનેક તરેહની મોજ મજાહમા બધો વખત રોકેઆ વીશેની વાતો અશલથીજ સંભલાતી આવીછે. કેહછે કે બાપના મરણ પછે આ શેઠે થોડુંક સુધી વેપાર વણજ ચલાવીને, તે

* એ ભઅંકાર દુકાલ સંવત ૧૮૪૭ ને મુકાબલે ઈ૦ સને ૧૭૯૦–૯૧ તથા ય૦ ૧૧૬૦–૬૧ મા પડેઓ હતો. નો. લે.

કારણસર "અલેકઝાંણડર" નામનુ ટન ૬૦૦ વાલું એક સફરી વાંહાંણબી* રાખેલું હતું; પણ તેવા ઉપીયોગી કાંમમા પોતાની દેખરેખથી જોઇતી સાહુચેતી ભરેલી સંભાલ નહીં લેવાયાને લીધે, લુછા કારોબારીઓના વીસવાશ ઉપર રહેઆમા મોટી દોલત બરબાદ થતાં બીચારાની હઇઆતીનો અંતબી જારે આવેલો તારે રોજ ૬ ઠો માહ ૨ જો શેહનશાહી શાલે ૧૧૮૭ ય૦ એ મરણ પાંમેઆ; અને તેવનનુ વાંહાંણબી માઠી હાલતને લીધે વેચાઇ ગએલું હતું. એ વખતે તેમની પીઠથી અવતરેલા મનચેરજી તથા ડાસાભાઇ નામના બે દીકરાઓ જે હતા, તેઓબી તારપછે ઘણે વરશે એકેકની પુઠે નરવારેસને હઇઆત રાખેઆવના મરણ પાંમેઆને લીધે તેઓને તાંહાંની વસતી આગલ વધતી અટકી પડીછે.

શેઠ કેખસરૂ સોરાબજી રેડીમણી.

અશીલકુલથી અવતરીને અમીરી ખવાસ ધરાવનારા આ શેઠ કેખસરૂનો જનમ ય૦ ૧૧૬૪ મા થાએલો જાંણવામા આવેલોછે. બાપના મરણ વખતે માતરે દશેક વરસની નાનકરી વયના હોવાથી તેમની જાહોજલાલીનો લાર બચગીમા જે જોયો તેજ માતરે ગણીમત ગણાયો, પણ તેપછે વડા ભાઈની બેપરવાહીથી મોટી દોલત બારેવાટ થયાને લીધે, આ સાહેબ પાશે કોટના ઘેરનો અડધો ભાગ, તથા ચોપાટીની વાડીનો કબજો સારાં ભાગ્યેગે તેવનને વાસતે સચવાઈ શકેલો હતો.

ચંચલ મનના કઉઅત ઉપર પોતાની કોશેસને સારી રવેશે કસાવેઆથી પુખત કેળવણી લીધા પછે પોતાને નામે વેપાર ચાલુ કીધો, અને "બોમબે કાસતલ" નામનું એક સફરી વાંહાંણ† મુંબઈથી ચીન તથા કલકતા વચે ઘણા વરશો સુધી ફરતું રાખેલું હતું.

અંગરેજી વીદેઆ સારી રીતે લખી તથા બોલી જાણતા હતા, તેના બલથી ડાહાપણ વાપડીને સરવે મંડલીઓ ઉપરાંત સરકાર દરબારમા આ શેઠનો મરતબો પેહલા વરગનો ગણાયો હતો; અને સરવે સંગાથે એટલાતો મીલનસાર થઈ પડેઆ હતા કે, જાંહાંબી જોઇએ તાંહાં કેખસરૂ શેઠની કીરતી માનસહીત વખણાતી હતી.

આપણી વસતીપર ફીલશુફીમા ફાએસ થઈ ગયલા બેહસતબેહરે મુલાં ફીરોઝ, જેવણ ઘણીક જુબાન જાણવામા એક અછા ઉસતાદ કેહવાતા હતા; મગર અંગરેજી વીદેઆ હાથ નહીં હોવાને લીધે આગલાં વરશોપર "દશાતીર" નામની તેવનની કેતાબ સાંમણે અંગરેજ આલમાઓએ જારે શક બતલાવા માંડઓ તારે તેની સાબેતી સારૂં જાહેરમા તકરારો જે ચાલતી હતી, તે વખતે

* બાપીકાં બે વાંહાંણો તો સાંભલેઆ પરમાણે તેવણની હઇઆતીમાજ ભાગીને નાશ પાંમેઆં હતાં. નો. લે.

† એ બારકસ તેવનના મરણ બાદ વેચાએલું, તારે સર જમશેદજી જીજીભાઈ બારોનેટે પોતીકા વેપારના ઉપીયોગ સારૂં ખરીદી લીધું હતું. નો. લે.

અંગરેજીનુ બધું લખાંણુ સુધ એબારતથી આ શેઠ તે કાબેલ કવીને દાસતી દાવાની રાહે સદા લખી આપતા હતા; એટલુંજ નહીં પણ બીજી ઘણીક બાબદોમા બીજા સાહેબોનેબી એવનથી છુપી મદદ મલતી હતી.

શેઠ કેખ્પસરની હઇઆતી જો લાંમબી રહી હોતતો, સંધે નોહતો કે પોતાની લાએકાતથી બાપ કરતાં સરસ નામવરી મેલવી રાખતે; પણ ઉંમર જારે પાંતરીસ વરસને આંકે આવી તેટલાં વેપાર વણજના બોહોલા અરાબા સાથે બીજી હેજગારી અંગેજી લીધાથી તેનાનુ સરીર એટલુંતો શોહરાઇને દુરબલ થતું રહેઊં કે, તેટલા સબબેથી ઘણા મહીના બીમારીનુ બીછાંનુ ભોગવેઆ પછે, રોજ ૧૨ મો માહ ૪ થો શેહણશાહી શાલે ૧૧૯૯ ય० એ નર વારેસની હસતી રાખેઆવના ગુજરી ગયા, અને તે દનથી મનચેર રેડીમણીનુ કીરતી ભરેઊં નામબી ખતમ થયું; તો જોકે મરહુમ શેઠ ધનજીભાઇના દીકરા નામે મનચેરજી તે વખતે હઇઆત હતા, પણ વગર જુરરાતે તેવન કોઇ રીતે જાહેરમા આવી શખેઆ નહીં.

મરહુમ મનચેર રેડીમણીની મીલકતમાં સચવાઈ રહેલી ચોપાટીની વાડી જે ઉપર જણાવેલા મી० મનચેરજી ધનજીભાઇની વીધવા માણેકબાઈના સવાધીનમાછે, તેનો વહીવટ બાઇ પોતાની હઇઆતી સુધી ચલાવેઆ કરશે; અને તેનીની કજાબાદ બે દીકરીઓના છોકરાંઓ વચે વારસા તરીકે વેહચાઈ જવાની વાતો જેવી સાંભલીચ તેવી એક યાદી તરીકે હીંઆં નોધી રાખીએછે.

શેઠ જીવનજી કુકાજીના એક દીકરાના પરીવારોનું ટુક વરતાંત સમાપત કીધા પછે, બીજા બેટાની કીરતી કેહવાની શરૂઆત લેતાં, તરીજા ટેહમુલજી વીશેની હકીકત બીલકુલ અજવાલે આવેલી જણાતી નથી; માટે ધારેઆમેલે તે સાહેબ બે ભાઇઓના ભાએગથી પોતાનો સંસાર સાચવીને મારગ લાગા હશે; અને તેથી કરી વંશાવલીની ટીપમા આ ટેહમુલજીની તોખમના માતરે બે ભાઇઓને નાહની વયના હઇઆત રહેલા દેખાડેઆ શીવાએ, તેમની બીજી કોઇબી શેવા હમારેથી બજાવી શકાતી નહીં.

શેઠ હીરજી જીવનજી રેડીમણી.

હાતમશાંનીના આ સખી નરનો જનમ દીવસ જનાવનારો કોઇજ ન મલેઆ ઉપરથી તેમની ય० ૧૦૯૭ મા અતરે થાએલી પધરાંમની વખતે જો કદાપી ૧૫ વરસની ઉંમર હોય તો ૧૦૮૨ મા પેદા થયલા ચોકસ થડેછે.

મુંબઈ આવેઆ પછે કહેઆ રોજગારમા રગડાયા તેની યાદીબી હસતીથી દુર રહેઆને લીધે, આટલું તો અટકલી સખાએછે કે સારા વખતપર નીતીને રૂડે મારગે ચલાવેઆથી પોતે ધારેલાં નેક કાંમોમા ફલદરૂપી પાંમેઆ હશે તેમાં તો કાંઇજ સંધે નથી.

આ હીરજી શેઠ પાકી ઉંમર પર આવેઆ તારે ૧૧૨૫ ય० ના શાળમા પેહલવેહલા ચીનની સફરે પોતીકો વેપાર લઇને શીધારેઆ હતા, તે ઉપરથી

ચોકસ રીતે હેવું માલુમ પડેછે કે, પારસીની કોમમા મુંબઇ તરફથી હાવાં દુરદરાજ શોદાગરી દેસમા જવાની સરૂઆત કોઇએજ નહીં, પણ આ હીંમ-તવાન હીરજીશેઠે કરીને પોતીકા હંમદીન ભાઇઓને વાસતે તાંહાંનો મારગ ખોલી આપેઓ હતો.

હેવું કેહય કે બાહેરના પરદેશી વેપારીઓને માટે તેહવા વખતપર ચીન માહેલાં એક નીંગપુનું શેહર માતરે તાંહાંની શાહનશાહત તરફથી જે ઘેડલી આપેલું હતું, તાંહાં શેઠ હીરજીએ પોતાની પાશેનો રૂઉ તથા વેપારજોગ બીજો રકમબંધ માલ (અફીન વતરોગે, કેમકે તારે હાવો જેહરી પદારથ તાંહાં દાખલ થયલો નોહતો) વેચીને લગભગ ૨૦૦ ટકાનો નકી નફો હાંશેલ કીધો હતો; અને તેના બદલામા મુંબઇના બરનો કીમતી માલ તાંહાંથી ખરીદીને જે લાવેઆ, તેમા એકના બમના કરીને એકજ સફરની હેજગારીનો ખંગ સારી રવેશે મેલવેઆથી મોટા દરવીયવાંન થયા હતા.

આપણી ટાપુ ખાતે મી०ફારબસ કુંપનીની અટકે ચાલતી પુરાંણી પેહડીનો અશલ માલેક, મી० જાન ફારબસે જારે નામદાર ઇસ્ટ ઈંડીયા કુંપનીના વેપાર ખાતાંની ચાકરી છોડીને પોતાને ખુદ નામે હીંઆ રોજગાર રચેઓ, તારે આ હીંમતવાંન હીરજી શેઠની સાથે પેહલવેહલી ઓલખાન ૧૧૪૬ મા થઇ; અને પોતાના અનુભવથી તે અંગરેજ વેપારીનુ કાંમ તેનાએ હેવું તો જમાવી આપેઉં કે, બેહુનો અરસપરસ વહીવટ ચાલતાં જેમ વખત વેહતો ગયો, તેમ તેઓ વચે દોસતી દાવો વધી પડેઆથી સારા નસીબાને પોંહચેઆ હતા; એટલુંજ નહીં પણ પોતાની ચપલબુધીથી હઇઆતીની છેલી ઘડીસુધી પેહલે વાંગેના મોટા વેપારીઓની સંફના સરદાર તરીકે વખનાઇ રહેઆ હતા.

આ શેઠીઆ પાશે વેપારના કારણ માટે પોતાને ખુદ ખજાંણેથી બંધાવેલાં બે સફરી વાંહાંણો ઘણાં વરશો સુધી જે મુંબઇથી ચીન તથા બંગાલા વગેરેના દેશો ખાતે ફરતાં રહેઆં હતાં તેમા એક ૮૨૩ ટનવાલું "હારેબી" અને બીજું "રાયલ ચારલટ" ટન ૬૦૮ નું જાણવામા આવેઉંછે.

ખરી મેહનતથી મેલવેલા દરવીયનો જેવો મોટો ભાગ મીલકતો તથા જાગીરો લેવામા આ શેઠે રોકી રાખેઓ હતો, તેમ તેટલી મુબલક રકમ સ-ખાવતમાબી વગર ઘોંગાટે સદકે કીધેલી કેહવામા આવીછે; પણ તેહવી વાત જાહેરમા લાવવા થકી તેમની મરજી અસલથીજ નહીં હોવાને લીધે, પોતે આપેલું પારકાઓને તો શું પણ ઘેરના લાગતા વલગતાઓ વટીકનેબી માલુમ પડવા દીધુંજ નહીં. આ સખી નરની સખાવત એવી સંતલસથી થાએલી સંભલાઇછે કે, કોઇબી કોમનો આબરૂદાર ગરહસથ બીરગસતે દાહાડાની બારીક સુંગાલમા ફશેઓ હોય, અથવા કોઇબી કુટુંબ બીન રોજીથી રંજીદા થતું હોય તો, તેની ખબર મેલવીને બને તો તેહવાઓને પોતાને તાંહાં કામને મશે બોલાવે, નહીં તો તેમને મકાંણે મલવાને બાંહાંણે ખુદ જઇને હાથો હાથ પોંહચતું કરી તેઓની મુશકેલી ટાલી સકતા હતા; અને તેવાં કારણસર જેબી નાણા શીલકમાથી ઉપાડે, તે મેતા પાશે મેલમા પોતીકે ખાનગી નામે ઉધરાવી લેતા કે તેથી નાણા કોનને

આપેઆં તે વીશે તેઓ બી કોઈ કાળે વાકિફકારી મેલવી શકતા નોહતા; માટે ધરમ કરવાની ખરી શીફત તો હાવીજ જોઈએ કે, આપનાર અને લેનાર શીવાએ તરીજાને કાંઇજ ખબર પડે નહીં, અને તારેજ તેહવા અશકતોની આબરૂબી આશાંણીથી જલવાઈ સકાએ.

માહાપુન કેહવાએ, જે ગુપતદાંન કરે–તે લેનારની હોરમત ન ઝાંહાંખી પરે.

શેઠ હીરજી રેડીમણીની અઓલાદ વધે તેવો કોઇબી નર વારેસ તેમને તાંહાં જનમેલો સંભલાયો નથી, પણ જીંદગી જારે જઈફીપર પોંહચવા આવી, તારે એકેકની પુંઠે તરણ દીકરીઓ અવતરી હતી; જેમાં વડાં શુનાઇજી શાલે ૧૧૩૨ મા, વચલાં જીવણાઈ ૧૧૩૮ મા અને નાધલાં ભીખાઇજી ૧૧૫૦ મા માલુમ પડેઆંછે.

ઉપલી દીકરીઓને સંસારના શુખ સારૂં મોટા દરવીય ખરચીને જુદે જુદે ઠેકાંણે, પણ પોતાની આબરૂલાએક પેહલા વરગના ગરહસથો સાથે જે પરણાવી આપી હતી, તે સાસરીઆંની વીગત નીચે જણાવીએછે.

શુનાઈજીને શેઠ નશરવાંનજી રૂસતમજી બનાજી સાથે.

જીવણાઇને શેઠ નવરોજજી રૂસતમજી નાદરસાહ સાથે.

ભીખાઈજીને શેઠ ખરશેદજી અરદેશર દાદીશેઠનાની સાથે.

આટલી ફરજો બજાવેઆ પછે, સારી સંનતલેસથી ભેગા કીધેલા મોટા દરવીયના ભંડાલ સાથે એક વીધવા શેઠાંણી કુંવરબાઈ, તથા ઉપલી તરણે શેહાસણ દીકરીઓને હસતીમાં રાખી, આ હાતંમ જેવા હીંમતવાન શેઠ હીરજી રેડીમણી રોજ ૧૮ મો માહ ૫ મો શેહનશાહી શાલે ૧૧૬૩ ય० એ આસરે ૮૧ વરસની જઈફ ઊંમરે પોતાની કીરતીનો પમરાટ મઘમઘાવતા જીનતનસીન થયા.

આ શેઠના મરણ ટાંકણે, મજહબના માસુલ પરમાણેનો પાલક તો તેમનાજ એશીઓમાથી કોઇને કરી આપીને, તેનો લવાજમો બી તારપછે, તેને પલે પાડઓ હશે; કેમકે હીરજી શેઠની દોલત તેમના મરણથી તરણ દીકરીઓ ઉપરાંત એક વીધવા વચે વેંહચવામા આવી હતી; અને તે પછે નાધલી દીકરી જીવણાઈ રોજ ૧૫ મો માહ ૩ જો શેહનશાહી શાલે ૧૧૮૭ ય० એ ૪૯ વરસની ઉમરમા કોઇબી ફરજંદની હસતી રાખેઆવના ગુજરી ગયાં હતાં.

બાકી રેહેલી બે દીકરીઓએ ઓદાની બખશેસથી પોતાના ધણીઓને તાંહાં જે વસતી વધારી આપેલી હતી, તેમાથી કેહચ કે, આ હીરજી શેઠની વીધવા શેઠાંણી કુંવરબાઈએ શુનાઇજીના વડા દીકરા જાંગીર, તથા ભીખાઈજીની વડી દીકરી મેહરબાઇને પોતીકે ખોલે લઇને મરહુમ હીરજી શેઠને નામે એકને જાથુકનો હકદાર દીકરો, તથા બીજીને તેહવીજ રીતની વહુ ઠેડવેઆં; અને દીનની સરીએત મુજબ બેહુ મશીઆઇઓને ધણી ધણીઆંણીના એખલાસમા મેલવી રાખેઆ પછે, પોતા પાશેનુ દઇવત તેઓના સવાધીનમાં શોંફી દઇ પોતે ય० ૧૧૯૬ ના શેહનશાહી અંમરદાદ મહીનાને દેપાદરરોજે હકની દરધાહ તરફ પોતીકા ધણી હીરજી શેઠની મુલાકાત માટે શીધારી ગયાં.

શેઠાંણી શુનાઇજી.

પારશી કોમની અબલાજાદીઓમા સરવેથી બાહેશખાંનુ તે ઉપલાં શેઠાંણી વખણાઈ ગયાંછે. આ બાઇની પાશે બાપ તરફથી મલેલા વારશાનો ઉપીયોગ રૂડી પેરે કરતાં રહીને તે વડે પોતાના ઓહોલાં પરીવારનુ પાલણ ઘણા વરશો શુધી અંગેજી લીધું; અને જે બાકી રહેઉં તે તેઓનાં છઈઆંઓનેજ વેહચી આપવાની વશીઅત તેનીએ કીધી હતી.

આ નેકનામ શુનાઈજી મુંબઈમા એકવાર મોટાં જાગીરદાર કેહવાતાં હતાં, પણ વખતના દોર આગલ તેટલુંબી ટકી ન રેહતાં ગોવાલીઆના તલાવની સાંહાંમણે હારબંધ ઉભેલી થોડીક મીલકતો તેનીના નામની ઇઆદ આપતી દેખાએછે; અને તેજ લતાપર આ સદગુણી શેઠાંણીએ પોતાની હઇઆતીમાં એક આતસઆદરાંણનો પવીતર કેબલો બનવાવીને તેની સથાપના રોજ ૨૦ મો માહ ૧૨ મો શેહણશાહી શાલે ૧૧૮૨ ય૦ એ કીરીઆથી શંમપુરણ કરી જરથોશતી અંનજુમનના વપરાસ સારૂં ધરમખાતે ખોલી મેલીછે; અને તેના જાથુક નીભાવશનોબી પુરતો બંદોબશત કીધેલો કેહવાએછે.

જીંદગીનો છેડો ૮૪ વરસની ઊંમરે કુદરતે જારે લાવી આણેઓ, તારે આ બાઇ બચ્ચાં કચ્ચાંઓનુ ઓહોલું પરીવાર પોતાની પાછલ રાખીને રોજ ૧૯ મો માહ ૮ મો શેહણશાહી શાલે ૧૨૧૬ ય૦ એ ફુલગુજાર થયાંછે.

સર કાવસજી જાંગીર રેડીમણી નાઇટ, શી. એસ. આઈ.

મરહુમ શેઠ હીરજી રેડીમણીનો વશીલો વધારવાના હેતુથી, તેમની વીધવાએ ખોલે લઇને ધણીને નામે પાલક કરી લીધેલા દીકરા જાંગીર, જે બનાજીના ખાંનદાનમાથી નીકલીને રેડીમણીના સંબંધમા સંધાયા, તેણે પોતાની તોખમથી બે દીકરાઓ* ઉપરાંત બે બેટીઓ† મલી ચાર ફરજંદો જે ઉતારી આપેઆં, તે માહેલા આ નાંધલાની કીરતી ઉપર કલમ કશતાં તેમના ભલાકાંમને બંધ-બેશતી કવીતાથી અવલ તેનાને મુબારકબાદી આપીએછે:—

શખીનર જોઇએ સદા અકલમંદ–સખાવતથી સર જેનુ રેહછે બુલંદ.
ધરમીમા શુરો કાવસજી કેહવાયચ–ભલું નામ સઉમા તેનુજ લેવાયચ.

આપણા હીંદી ઉમરાવ મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ,‡ જારથી આ જંજાલી જાહાંન તજીને જીંનતવાશ થયા, તારથી પરતાપી કામો

* જેઓના નામો વંશાવલીની ટીપમાંથી મલી શખશે.

† એ માહેલાં બચુંબઈ તો ઘણાં વરશો થયાં મરણ પાંમેઆંછે; અને ધનબાઇજી જે મરહુમ શેઠ ફરાંમજી પાટક સંગાથે પરણેલાં હતાં, તે વીધવા થએલાં બાઈ હાલ હઇઆતછે.

‡ જેનાની અપાર ખુબીનુ વરણ તેમની જીંદગીના હએવાલમાં વીસતારી જણાવેલું આગલ જોવામા આવશે. નો૦ ઉ૦

માટે તેમની થોડીક જગેઆ પુરનારો, અને તેવણનીજ માફક જાતી ઉદીઓગના બલવડે ખુદ કમાઇથી સંઘરેલા દરવીઅને કેટલાંક વાખવાખી ભરેઆં રૂડાં કારણોમા વાપરનારો સખીનર, તે હાલ જમાનામા આ શેઠ ભાગ્યેગશાલી જણાઈ આવેછે; તો જો કે તેમની કીરતી પુરૂથવીની સઘલી સપાટીપર આપણા મરહુમ બારોનેટના જેટલી હજી પરકાશતી દેખાઇ નથી, તોપણ થોડીજ મુદતના અરશામા તે નામવર માહપુરૂશની નીમોનીમ નોબતે તેનાને આવી પોંતેલા આપરે હવડાં સંતોશથી જોઇએછે; અને તે ઉપર હજી બીજાં ઘણાક માહભારત કાંમો તો તેમના આરારાની વકી રાખતાંજ હશે, તે જારે તેવણથી સમપુરણ થઈ રેહશે તારે તેટલીજ હધની બરોબર અથવા તો તેથીબી જેઆદા ગણાવવામા તેમની જીંદગી બરકરાર રેહશે તો કાંઈ જાહાજે વીલમ લાગશેજ નહીં. એ બાબેની આશેઆ જો કે તેમના જીગરની ખરી શોચના ઉપરથી રાખવાનુ બની આવેછે, તોપણ હાલની ઘડીસુધી તેવણથી થએલી સખાવતોમા કેટલીકો જે વખણાઇચ, તેની શાખશી આપનારાં થોડાંક જાહેર મકાણો આપણી સાહમનેજ મરોડથી ઉભેલાંછે; માટે એવા નરની જીંદગીનો અહેવાલ જેટલો લંબાંનથી લખાએ, તેટલો ખુશી દીલથી તે વંચાતો રેહશે તો આ નોંધ લેણારની કોશેશ અકારત ગએલી ગણાશેજ નહીં.

બાપ તરફથી બનાજી, બપાઇની ઓરકુએ રેડીમણી અને મંમશારની મોહબતના માનવંતા દાદી શેઠ, મલીને નામીચાં તરણ ખાંનદાંનના તોખમની સગાઇમા સમાયલા આ સખી વજુદ સર કાવસજીનો જનમ, ય૦ ૧૧૮૧ ના શેહણશાહી આદર મહીનાને અમરદાદ રોજે મુબારક થયો હતો, તે હશાબે ૬૧ પસાર કરીને બાહસઠ વરસની બુજોરગીપર તેવન પોંહચેલા માલુમ પડછે.

આ સાહેબના આગલા હએવાલની ખરી હકીકત આપનારા તો તેમના કોઇબી અતલક હોવા જોઇએ, પણ જારે તેહવે ઠેકાણેથી માગેઆ છતાં કાંઈજ બાતમી હાથ આવી નહી, તારે હમારા અનુભવમા રહેલી થોડીક ઇઆદી જણાવવાની ફરજ બજાવીએચ કે, આ શેઠ હમો શીખવા જતા હતા તે મી૦ ઉલીએમ સાઇઝલાંડ નામના એક પોરટુગીઝ માશતરની સકુલ જે કોટના બજારગેટ સ્ત્રીટમા હતી તાંહાં પેહલા વરગમા રહીને તે વખતની રીત મુજબ અંગરેજીની કેળવણી પાંમતા હતા; અને તે દાહડાથી હમો તેમના સકુલ બરાઘર કેહવાઇએ તો તેમાં કાંઈજ ખોટું જણાશે નહીં.

ચઉદ અથવા પંદર વરસની વએ પોંહતા તારે આ શેઠ સકુલ છોડીને પોતીકા મમાવા મરહુમ શેઠ ખરશેદજી અરદેસર દાદીના હશતક માહેલી, એકાદી અંગરેજી પેહડીખાતે એક શીખાઉ દાખલ રહેઆ; જે અરશામા થોડુંક સુધી તાંહાંના પારસી દુબાસના હાથ હેઠલ વાંહાંણો ઉપર જવા આવવાનુ કામબી બજાવતા સંભલાયાછે; અને તે વખતપર તેમની માના કાકા, મરહુમ જાંગીર શેઠના તરાહસથી જેબી કામ, પછે ગમે તેવી સખતીવાલું હોએ, તેપણ ગંભીરાઇથી બજાવીને એવાતો ઘડાયા કે, ઇણરાનોના આચાર પીછાણવાની સારી સહમજ પાછળથી તેનાને અની ઉપીયોગી થઈ હતી.

એ પછે મી૰ ડંકનગીબની આફીસ જે પરથમ તેમના નેકબખત પીતા જાંગીર હીરજી રેડીમણી, બરજોરજી ફરાંમજી પાંડેના તથા લક્ષીમણ હરીચંદ (લકએ રરાલનો ભાઉ), અને તેપછે શેઠ દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાડીઆને હસતક દલાલીપણામા ચાલતી હતી, તાંહાં ગોદાંઉનકીપરની અથવા તેવીજ કીશમની નોકરીપર, વધુ પગાર મેળવીને ઘણા વરસો વેરપરમાણીકપણે થોભી રહેઆ હતા; અને કામકાજમા જેમ માહીતી મલી તેમ સરવે સાથે ઓળખાણ વધારી તેઓના માણીતાબી થવા લાગા.

ઉપલી આફીસનુ કાંમ શેઠ દાદાભાઈએ છોડીઆ પછે કેહચ કે, આ ધુંધી ગરહસથે પોતીકા મમાવાની અથવા શેઠ ખ૰ કા૰ બનાજીની મદદ મેલવીને તાંહાંની દલાલીનો ઓહોદો વહીવટ પોતાના માસા શેઠ ડોસાભાઈ ફરાંમજી મામાની સંગાથે ભાગમા સરૂ કીધો; અને થોડીક મુદતે તેનાનો હક ઇલાકો છુટો પાડીને ય૰ ૧૨૦૬ થી પોતાને ખાનગી નામે દલાલીનુ કામકાજ ચલાવવા લાગા, અને તે દાહાડાથી તેમનો શીતારો પગતી પગતી ચહડીને બુલંદીપર પોંહચતો રહયોછે.

સર કાવસજીના સંધાં કાંમોમા તેવણની જાતી હોશીઆરી, તથા નીતીનુ પ્રમાણ એવું તો સમાઈ રહેલું સંભલાએચ કે, તેમના સારાં ભાએગની સાહેતાથી જેબી રોજગાર રચેઓ, તેમા મોટો નફો જોતા રહેઆ; અને પઇસાથી પઇશો વધારવાની જે હીકમત જોઈએ, તે કુદરતની બખશેસથી હાથમા આવી તારે તેનો ઉપીયોગ રૂડીપેરે કીધાથી આજે સરીમંતમા ગણાઈ શકેઆછે.

જે વખતપર જાહેર સરાફીખાતાંઓ (બેંકો) આપણી તરફ વેપારના સંભાલ માટે પુરતાં હતાં, તેહવે સમે આ શેઠ તે માહેલી કેટલીક માહભારત બેંકોમા ડાએરેકતરનો ઓહદો ઘણા વરશો શુધી ચાલાકી સાથે ચલાવી ભાગીદારોને સારો લાભ દેખાડતા હતા; અને તેપછે અમેરીકાની લડાઈ ટાંકણે રૂઉ રાજાના વેપારથી કરોડો રૂપીઆનો દરવીય અતરે ઘસડાઈ આવેઆને લીધે, કેટલાક સખશોએ વીશેસ બેંકો, ફીનાનશો, ખાડાઓ અને તેવાંજ બીજાં જાહેર કાંમો ઉઠાવેઆં, તે માહેલાં થોડાંક મોટાં ખાતાંઓ આ સકરમી સર કાવસજીની આગેવાણી હેઠલબી ઉભાં તો થયાં હતાં, પણ ઘણે ઠેકાંણે વહીવટદારોને હાથે અપરમાણીકપણુ હદથી જાદા વપડાયાને લીધે જારે બધા પરપોટા ફુટા, તારે તેની સાથે આ નેકનામ નર હસતકના ખાતાંઓબી નહીં સરખાં થયાથી, તેમના અખુટ ખજાંણા માહેલો થોડાક ભાગ જોકે ઘસડાયો, તોપણ તેમની જાતી ચાલાકીથી તેનો મોટો ખંચાવ થઈ રહેલો જાંણવામા આવેછે.

સભીઅતાથી સંઘરહ કીધેલા દરવીયનો મોટો ભાગ સખાવત તરીકે ખરચીને આ સખી નરે જે કીરતી હાંશેલ કીવેલીછે, અને જે બાબદો વરતમાન પતરોની મારફતે જાબજા જાહેર થાએલી જોવામા આવીચ, તેની એક ટીપ ઉપજાવતાં લગભગ વીસ વરસના* અરસામા પંદર લાખનો સરવાલો જે થયોચ, તેની તફશીલ હેઠલ વાંચેઆથી માલુમ પડશે :—

---

* આ સખાવતની સરૂઆત ય૰ ૧૨૨૨ ના બહમન મહીનાથી ચાલુ થયલી જણાએછે. નો. લે.

ચોચપોગલી તરફ એલફીનસટન કાલેજ બાંધી આપી તેની લાગટના રૂ ૨,૦૦,૦૦૦, તથા તે મકાણ તઈઆર થતાં સુધી શીખવા જનારાઓને માટે ગોઆલીઆ તલાવની પાશે આવેલો બંગલો દર મહીને રૂ ૧૦૦ લેખે જે રાખેલો હતો, તેનું ભાડું ૧૨૩૧ થી ૧૨૪૦ શુધી વરસ ૧૦ નુ રૂ ૧૨,૦૦૦ મલી ફકત એજ ખાતાં ઉપર થયલી સખાવતના ૨,૧૨,૦૦૦

એવનની આગેવાની હેઠલ ઉભી થયલી "ફીનાનશીઅલ એશોશીએસન" ને મદદ તરીકે ભેટ આપેલા.............. ૨,૦૦,૦૦૦

સુરતની વસતીને પીવાના પાણીનુ સુખ કરી આપવા માટે ખરચેલા... ૧,૫૦,૦૦૦

નામદાર મરહુમ સર જમશેદજી હાસપીટલના ચોકની અંદર આંખના દરદીઓ માટે બંધાવી આપેલાં મકાન ઉપર થાએલી લાગટના ૧,૨૦,૦૦૦

નામદાર પરીંનસ આવ વેલસ પરણેઓ તેની ખુશાલીમાં મુંબઈ ખાતેની યુનીવરશીટીને માટે મેદાનમાં બંધાતી એક શુંદર એમારતમા ૧,૦૭,૦૦૦

સુરત ખાતે બંધાવી આપેલી હાસપીતાલની બેઠકના ૭૫,૦૦૦

"એનજર હોમ" નામનુ મકાંણ બાંધી આપવા માટે કીધેલી મદદના.. ૫૦,૦૦૦

પુણા ખાતે શીવીલ ઈજીનીઅરીંગ કાલેજ બંધાઇ તેમા કીધેલી મદદ.. ૫૦,૦૦૦

એલાવ ખાતે દવાખાંનુ કાહડવાના હેતુથી સરકારને સોંફેલા.... ૫૦,૦૦૦

શીંધ હેધરાબાદ ખાતે દેવાનાઓની હાસપીતલ બાંધી આપી તેના .. ૫૦,૦૦૦

મુંબઈ ખાતે જુદી જુદી જગોપર બંધાવેલા ૪૦ કુંવારાને માથે થએલો ખરચ.......................... ૪૦,૦૦૦

નોશારી ખાતેની જરથોસતી મદરેસા ઉપર ખરચેલા ૩૭,૦૦૦

પોતીકા મરહુમ નેઆગાનોની નઈએતે પારસીની પંચાએતને આપેલા... ૩૦,૦૦૦

મુંબઇના આંધલા પાંગલા ગરીબ જરથોસતીઓની પરવરશી માટે પંચાએતને આપેલા.......................... ૩૦,૦૦૦

ખેતવાડી ખાતે જરથોસતી છોકરીઓની નીશાળ કાહડી આપી તેમા.. ૩૦,૦૦૦

ગંદેવી ખાતેની અંગરેજી નીશાલમા આપેલા.............. ૨૦,૦૦૦

લંડન ખાતે રીજેંટ પારક તરફ બંધાવેલા સુંદર કુંવારા ઉપર ખરચાએલા. ૧૫,૦૦૦

મુંબઈની રાયલ એશીઆટીક સોસાઇટીને આપેલી મદદના ૧૩,૦૦૦

રાંદેરના દવાખાના માટે આપેલા.................... ૧૨,૦૦૦

વલસાડના દવાખાનાને કીધેલી મદદના. ૧૧,૦૦૦

ઈરાંન દેશના જરથોસતીઓને માથે ચોંટેલા જજીઆના કરની મદદમા આપેલા રૂ ૧૦,૦૦૦ તથા તેઓની પરવરેશીસારૂં આપેલા રૂ ૧૦૦૦ મલી ૧૧,૦૦૦

ફરાંનસ તથા જરમેની ખાતે ઉઠેલી લડાઈમા ઘાહેલ થયલા શીપાહીઓની મદદ માટે બેહુ તરફ નીમોનીમ પોંહચતા કીધેલા. ૧૦,૮૦૦

કલકતા તથા મધરાજ ખાતેના ગરીબોનું સંકટ ટાલવાની સોચ-નાથી મોકલેલા ૧૦,૦૦૦

ગરાંટ મેડીકલ કાલેજમા પોતીકે નામની બે સ્કાલરશીપ આપવા માટે તાંહાંના વહીવટદારોને સોંફેલા ૧૦,૦૦૦

ચોપાટી ખાતે રેહનારા ગરીબ ઇરાંની જરથોસતીઓ માટે બાંધી આપેલી ધરમશાળાની એમારત ઉપર ખરચાએલા...... ૧૦,૦૦૦

લંડન ખાતે જુદાં જુદાં ધરમખાતાંઓની મદદ માટે બેવાર મોકલેલા. ૮,૮૦૦

કોલાબા ખાતે બંધાએલાં "સેંટજાન" ના દેવલને માથે મીનારો બાંધવા સારૂં.......................... ૭,૫૦૦

મુંબઈના મેદાનમા પોરટુગીસના છોકરાઓની તરબીએત માટે "સેંટ ઝેવીઅર" સ્કુલ બંધાઇ તેની ઉપર મીનારો બાંધવા તથા ઘડીઆલ મેલવા સારૂં........................ ૭,૫૦૦

સેંટ ટાંમસ દેવલના ચોકમા બાંધી આપેલા ફુંવારાનો ખરચ ૭,૦૦૦

"અલેકઝાંનડરા નેટીવ ગયારલસ ઈંગલીસ સ્કુલ" ની મદદ સારૂં પેહલાં રૂ ૫૦૦૦ આપેઆ હતા, અને તે પછે શીખેલી છોકરીને લારડ નારથબરૂકને નામે દરસાળ ઇનામ આપવાના હેતુથી મોકલેલા રૂ ૫૦૦ મલી ૫૫,૦૦

ગ[illegible]નદેવીના દવાખાના માટે મોકલેલા ૫,૫૦૦

નૌસારી ખાતેના મોટા કુલીઆમા દરદીઓને માટે દવાખાનુ ચાલુ કરી આપેલું હતું તે ઉપર ખરચેલા ૫,૦૦૦

વીકટોરીઆ તથા આલબરટ મીઉજીઅમની મદદ માટે ૩,૫૦૦

સર જમશેદજી જીજીભાઈ ઇનસટીટુટમા મોકલેલા ૩,૫૦૦

ચોપાટીની ધરમશાળામા રેહનારા ગરીબ જરથોસતીઓને દરશાળે પોતાની શાલગીરીને દાહાડે મેજબાંની જમાડવા સારૂં પંચાએત હસતક સોંફેલા ૩,૫૦૦

નામદાર પરીંનસ આવ વેલસ સખત બીમારીમાથી સલાંમત ઉઠેઓ, તેની ખુશાલીમાં લંડન ખાતે "ફીવર હાસપીટલ" ને મદદ કીધેલા ૨,૦૦૦

ફીમેલ નારમલ સ્કુલની મદદ માટે આપેલા.............. ૧,૫૦૦

મરહુમ શેઠ રૂસતમજી જમશેદજીના કીરતી ભરેઆં કાંમોની યાદગારી કાએમ રાખવાના હેતુથી થયલાં જાહેર હુંધરાંણાની ટીપમા ભરી આપેલા.... .... ૧,૪૦૦

પેહલવી વેઆકરણ કેતાબની ૧૨૫ નકલ લીધી તેના દસતુર પેશોતનને આપેલા........................... ૧,૨૫૦

મુંબઈ એશાશીએસનની (બીજીવાર ઉભી થયેલી) સભાને મદદ કીધેલા. ૧,૦૦૦

ડાકટર લીવીંગસટનની શોધ માટે જનારા કાફલાને આપેલી મદદના. ૧,૦૦૦

મુંબઈના બારાંની ભેટ સારૂ વેલાત તરફથી "ફલાઈંગ સ્કુઆદરાણુ" નામની અંગરેજી મનવારોનો કાફલો જે આવેઓ હતો, તેના અમલદારો તથા સેલરોને જીઆફત આપવા માટે થયલાં હુંધરાંના અંદર ભરેલા	૧,૦૦૦
ખાનદેરા તથા નાસકમા આવેલી રેલથી પાએમાલ થયલાઓની મદદ સારૂ મોકલાવેલા	૧,૦૦૦
બોમબે "ફીલ હારમોનીક સોસાઈટી" ને ગાએન પુસતકો ખરીદવા સારૂ બખશેસ કીધેલા....................	૬૦૦
કાંદાવાલા મોહલામાં પુસતકખાનાને બખશેસ કીધેલા રૂ૫૦૦ ઉપરાંત વેલાતના વરતમાન પતરો બે વરસવેર પોંચતાં બારેઆં તેનો લવાજમો મલીને કુલે સખાવત કીધેલા	૫૮૯
શીતલા સારૂં ગાએની રશીનો અખતરો અજમાવનાર ડાકટર બલાંકને એક વરસ તુલીક	૫૪૦
કોટ ખાતેની "ફોરટ ઈમિપરૂમેંટ લાઈબરેરી" નામની વાંચનશાળાને બખશેસ આપેલા	૫૦૦
સેંટવીનસેંટ–ડી–પાલના હુંધરાંણુાની ટીપમાં ભરી આપેલા......	૫૦૦
કસરતશાળાની મદદ માટે પરથમ ઘણીવાર આપેલાં નાણુાની યાદી હાથ આવી નથી, પણ હવડાં પોંહચતા પાડેલા જે જણાયાચ તે.	૫૦૦
પોતીકા મરહુમ મીતર શેઠ દાદાભાઇ રૂસતમજી પટેલની નઇઅતે "કાવસજી જાંગીર મદરેસા" નામની મકતબમા શીખનારાઓને ધરમની કેળવણી આપવાના હેતુથી ભેટ કીધેલા ..	૫૦૦
પુણા ખાતે "કાનવેંટ સ્કુલ" પારશી બાલક સ્કુલ, નેટીવ જનરલ લાએબરેરી" તથા છાંવણી માહેલી સ્કુલના સંબંધમા સ્થાપેલી કસરતશાળા મલી ચાર ખાતાંઓને સરખે હીશે વેંહચી આપેલા કુલ	૫૦૦
પોતાને ઘેરના જઇફ પંથકી આ૦ નશરવાંનજી ખરશેદજી કાંગા મરણ પાંમેઆ, તેની નઇઅતે નૌશારી ખાતેની "કાવસજી જાંગીર જરથોસતી મદરેસા" મા જંદ અવસતાના વરગ ઉપર થતા ખરચની મદદ માટે મોકલેલા	૫૦૦
મી૦ અરદેશર ફરાંમજી મુશે હીંદુસતાન તરફ કીધેલી મુસાફરીનુ પુસતક છપાવેલું તેની નકલ ૨૦ ખરીદ કરતાં આપેલા..	૪૦૦
"મધરાજ મેલ" નામનુ અંગરેજી વરતમાન પતર તાંહાંના મેજેસતરેટે કાંઈ કારણથી લેતું બંધ કીધું હતું, તે પોતીકે નામે કોઇ ગરીબ ખાતામાં વરસ ૧ સુધી પોંહચતું પડાવીને આપેલો લવાજમો	૫૨

હાથ આવેલી વીગત મુજબની આટલી સખાવત ઉપર રૂપીઆ ૧૪,૨૬,૪૩૧ થયાછે; પણ જાહેરાંતમાં પુરા પંદર લાખ પરકાશી ચુકેલા જે કેહવાયચ, તે

માહેલા ૭૩,૫૬૯ રૂપીઆ કહેઆં ઉપીયોગી ખાતાંના ખપમા આ સખી શેઠે આપેઆ, તેની પકી ખબર હમારી શોધે મેલવી આંણી નહીં; માટે તેટલીજ બાબદ અધુરી રહેલી વીચારતાં ઉપલી સખાવતો મધેની કોઈ કામાથી તેમનો હાથ જે ખંચાયલા સાંભલઓ તેની નોધ લેવા ચાહીએચ.

નૌસારી તથા ગણદેવી ખાતેની જરથોસતી નીશાળો ૫૭,૦૦૦ રૂપીઆના ઉપકાર હેઠલ આણીઆ પછે કેહચ કે, આ શેઠે તેઓને માથેનુ મુરબીગીરીપણું છોડી દીધાને લીધે, તાંહાંના વતણીઓ શેઠ હોરમજજી નવરોજજી શખલાત-વાલા, તથા જમશેદજી નસરવાંનજી ટાટા ઉપરાંત બીજા હમદીન ભાઈઓની આગેવાની હેઠલ તે કેળવણી ખાતાં ગયાંછે. એ ખાતાંઓ જો કદાપી તેવ-ણની હીંમતનેજ આધારે નીભી રહેઆં હોતતો, તે ફીરતીમા બીજાઓએ લીધેલા ભાગ ખચીત અટકી પડતે; પણ તેમ નહીં થવાના પુરતા સબબો અ-લબતાં આ સખી શેઠ પાશે કાંઈબી હશે.

ખેતવાડી ખાતે કાહડી આપેલી જરથોસતી છોકરીઓની નીશાળ બાવીસ હજાર રૂપીઆની બખશેસથી લગભગ ૧૨ વરસવેર નીભાવેઆ પછે, તેનો બોજો તાંહાંનાજ રેહવાશીઓએ ઉલટથી જે ઊચકી લીધો, તેઓએ આ શેઠનો બેહદ ઉપકાર માનતાં એજ શેઠને નામનુ એક પાટીઉં તે પાઠશાળાને મથાલે ટાંગીને પોતાની વફાદારી દેખાડી દીધીછે. આ નીશાળને આકેબત સુધી નીભાવવા બાબે થયલાં હુધરાંણાની ટીપમા (ઉપલી રકમ ખરચી ચુકા ઉપરાંત) બીજા ૮૦૦૦ રૂપીઆ આપેઆછે.

નૌસારીના મોટા ફલીઆ અંદર સ્થાપેલું દવાખાનુ બે વરસ સુધી ચાલુ રાખેઆ પછે, સાંભલેઆમા આવેઊંચ કે, તે ઉપીયોગી ધરમ ખાતુંબી તદન બંધ પાડઊંછે.

ધરમ કરી ખાતું જે નીભાવે નહીં—ગરીબોની આશેઆ તે રીબાવે સહી.

અફ્લાકનુ ચોગાણ જારે બધી તરફથી ખોલું હોએચ, તારે આફતાબી જહલકાટ ઈનશાંનોથી જેમ જોવાઈ શકાતો નહીં; તેમ સખી નરોની સખાવ-તોબી ભભુક ભરેલી પરકાસતી રેહછે. પણ વાદલાં જારે ફરી વલીને તે ઉપર ગુબાર લાવેચ, તારે તેની ઝાંહાંખ મારતી રોસનીપેરે ઉપલી થોડીક બાબદો જોકે જણાઇ આવીછે, તોપણ ધરમીપણાની ધારણા આ હાતમસાની શેઠ તર-ફ્જ ઢલતી જોતાં તે માહેલાં ઘણા ખરાં માહસુભ કાંમો વખાણ લાયકનાજ વીચારીએ છઈએ.

જરથોસતી ફીરકાને પુરૂથવીની સપાટી ઉપર પરકાસતો કરી જણારા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ પછે, જેટલાબી પારસી શેઠીયાઓ મુંબઈમાં દીપતા દેખાયચ, તેમા આ "રેડીમણી" શેઠને પણ આલમ ભુલ-તીતો નહીંજ હશે. આ પરોપકારી દીલના સખી નરે, પોતાની દોલતનો એક મોટા ભાગ, સખાવત તરીકે ખરચેઆ સાથે, તેમાહેલાં કેટલાંક કાંમો માટે એવી તરતીબ વાપડીછે કે, તેમા જાત કે પરજાતનો કશોએ અંતરો બીલકુલ રાખેઓજ નથી; અને તેવી નેમથી ઉભાં કીધેલાં કેટલાંક ધરમખાતાંઓ અ-

તાર તુલીક ચાલુ રહીને, આ શેઠીઆની હઈઆતી હજુર તેનાએ ધારેલી નેક નઈઅત મુજબ કાંમો કરતાં દેખાએછે.

સરકારી સંબંધમા સેહર સુધરાઈના ખાતાંમા આજ ઘણી મુદત થાઈ સુલેહના અમલદારનો ઓહધો મેલવીને પોતાથી બનતી કોશેસ પરજાની શેવામાં સાચવી રાખેલીછે; પણ જારથી સરીરની બીમારી ભોગવતા તેવણ થયાચ, તારથી તે જાહેર ખાતાંમા જોકે કેટલુંક થએલું હાજરી આપી સખતા નહીં, તોપણ તેવી ઉપીયોગી બાબદમા પોતાના રૂડા વીચારો જણાવી, તે સભાને સદા મદદ કરતા સંભલાયાછે; અને તેજ ખાતાંમા હવડાં ટાઉન કાંઉનશીલ જે દાખલ થાઈચ, તેબી તેનાની આગલી સુચના અંતે પાર પડેલી આપણ દેખીયેછે.

ઈ૦ સને ૧૮૬૦ માં જારે હીંદની અંગરેજી સલતનતને માથે આએપતના કરનો સરકારી બોજો પેહલવેહલો નખાયો, તારે આ શેહરની પરજા ઉપર તેઓની કમાની મુકરર થેડવવા માટે, બીજા દેશી ગરહસથોની સાથે આ સવતંતર શેઠનેબી "આશેસર"નો એખતીઆર નામદાર સરકારે જે શોંફ્યો હતો, તે ઓહધો પણ દીલોજાનથી કબુલ રાખીને પરમાણીક પણે બજાવતાં પરજા તરફનો પેઆર પોતે ખેંચી લીધો હતો.

ઉપર જણાવેલુંચ તેમ તેનાની શરીરશકતી જો સારી રહી હોતતો, તેમની ઉમદા બુધીનું ઉતમ બલ આપણી ધારા બાંધનારી સભા અંદર કાંઉનશીલર તરીકે બીરાજીને જરૂર બતલાવતે; પણ કુદરતથી એવોજ અટકાવ થયો કે-કચરાએલી તબીએત ચાલિઆ છતાં ૧૨૩૪ ય૦ ની સાલમા ઘણીજ સખત બીમારીએ એકવાર જીંદગીને મોટા જોખમમા લાવી મેલી હતી; મગર ગએબોની દુઆ, તે બારેહકતાલાની દરબારમા મનજુર રહેઆથી જીવની સલામતી પાંમેઆ અસતાં ચાલવા હાલવાનું તદન ઓછી બેઠાને લીધે પરજા તરફની તેટલી ઉમેદ પાર ઉતરીજ નહીં.

આપણા શેહરને શોભા પમાડવાના હેતુથી મેહલ જેવી રોણકદાર હવેલીઓ જે "એલફીનસટન સરકલ"મા ઉભી થાઈઓચ, તે બાંધવાની પેહલી સુચણ જોકે તે વખતના માજી કોટવાલ મી૦ ચારલસ ફારજેટની હતી; તોપણ તે માટેની ખાલી જમીનો વેચવાની સગલી ગોઠવણ કરી આપવામા, આ નાંમીચા નરની સારી સલાહ તથા મોટી મદદ તેને મલી હતી; અને તેથી તેનું ધારેલું સુભ કાંમ સરંજામ પોંહતું હતું.

"સતાર આવ ઈંડીઆ"ના* નામીચા એતાબો જારે આપણી મલકાંને-મલીકા માહારાંણીની મેહરબાંનીથી હસતીમા આવેઆ, તારે તેવાં માનમા મેલવી લેવા માટે આપણી ટાપુખાતેના દેશી ગરહસથોમા સરવેથી પેહલવેહલા આ સરીમંત શેઠને તે નામવરે ય૦ ૧૨૩૮ ના શેહણશાહી આદર મહીનાને ૨૪ મે રોજે ચુંટી કાહડેઆ, અને તે દાહાડેથી આ સખી શેઠ "કાવસજી જાંગીર

* એનો અરથ હીંદનો જહલકતો તારો થાએછે, અને તે તેમની સારી સખાવતની ઈઆદગારી માટે જે બખસવામા આવેઓચ, તે તેનાને લાંમબી જીંદગીની બરકરારી સાથે મુબારક હોજો. નો૦ લે૦

રેડીમણી શી. એસ. આઇ" (યાને કમપાંનીઅન આવ ધી સતાર આવ ઈંડીઆ) ના એલકાબથી આપણી વસતી વચે પરએઆત થઈ રહેલાછે.

આ ખેતાબની ઇઆદગારીના ચાંનો જારે તઈઆર થઇને પાયા તખત તરફથી આવી પોંહતા, તારે તે ભેટ આપવાની કીરીઆ તારીખ ૧૬ મી નવેમબર સને ૧૮૭૨ ઇ૦ એ મુંબારક થઈ, તેમા સામેલ રેહવા માટે આપણો નામદાર સરસુબો બારણુ નારથબરૂક જે અતરે આવેલો હતો, તે નામવરને નામે આ શેઠીઆને રૂકાની મારફતે પુછાવેલું કે, તેવન જો થતી કીરીઆમા હાજર રેહવા ચાહતા હોએતો, તેમની ઇજત તથા સુખાકારી લાએકની જગેઆ કરી રાખવામા આવે. પણ પોતાના સરીરની કાહેલીને લીધે તાંહાં જવાઇ ન સખાયા સંબંધી જવાબ વાલીને તે નામદાર તરફના નોતરાંને મોટા ઉપકાર સહીત પાછું વાલેઉં હતું. કેહચ કે કીરીઆ પુરી થયા પછે નાંમીચા એલકાબનો શોભઇતો ચાનો આ ગંભીર શેઠને ગલે ઓલવાયો હતો.

અંમીરીખવાશના આ શેઠીઆએ રાખી દીલથી દીપાવેલી કીરતીની કદર, તેમના ભલાં કાંમો પોતીકી નજરે જોનારા સદગુણી દેશી તથા સાહસીક અંગરેજ ગ્રેહસથો તરફથી જારે બુજવામા આવી, તારે તેનાની એક ઉતંમ ઇઆદગારીને આલમની હજુર પરકાસતી રાખવાના હેતુથી, તેઓ માહેલા મોટા નાંમદાર ધી ઓનરેબલ સર જંમશેદજી જીજીભાઈ બારોનેટ શી. એસ. આઇએ, આગેવાણી ઉઠાવી લઈ પોતાના મજગાંમ કેઆસટલમા રોજ ૨૦ મો માહ ૧ લો શેહેણસાહી સાલ ૧૨૪૧ ય૦ એ જે ખાનગી સભા બોલાવી હતી, તાંહાં સરવે ગણાતના શેઠીઆઓ ખુશી સાથે હાજર થયા હતા.

એ સભાની સનમુખ હેવી દરખાસત મેલવામા આવી, અને તે એટલીતો ઉલટથી બાહાલ રહી કે, આ સખાવતના સાહાની શાવરૂપી સીકલ પરજા વચે કાએમ સુધી જોવાઈ સકે, તેવું સંગેમરમરનુ એક શુંદર બાહાવલું વેલાતથી બનવાવી મંગાવીને, જાહેરની કોઈ લાએક જગેઓ ગોઠવી બેસાડવું. આ શુભ કાંમ માટે મીજલેશીઓના અનુમતથી જે મંડલી થેડવાઈ, તેનુ પરમુખપણું મજકુર બારોનેટ સાહેબે અને મુનશીનો મરતબો આપણી પોલીસ કોરટના તીજા માજેસરેટ શેઠ ડોશાભાઈ ફરાંમજી કરાકાએ, માનખાતર કબુલ રાખેલાથી તેઓની દેખરેખ હજુર થાએલાં હુંઘરાંણાંની ટીપમા બધા મલી રૂ૨૦,૦૦૦ ભરાએઆ હતા. કેહચ કે વશુલ થાએલી રકમનાં અવેજ સાથે બાહાવલું બનાવવાનો હોકમખી તાંહાં જઈ પોંહતોછે; માટે ધારેલું કાંમ સંમપુરણ થઇને તે બાહાવલું વેહલું આવી પોંહચવાની વકી રખાયા મુજબ, હમો ધારીએચ કે આ નોંધ બાહેર પડઆ આગમજ પરજા વચે પરકાશી રેહશે.

હીંદના આ જહલકતા તારાની રોશનીના વીશેસ કીરણો જારે નેક નામધેર માહ રાંણીની નજરે પડઆં, તારે તે માનવંતાં માવતરે તેમને વાસતે "નાઈટહુદ" નો એક અંમીરી ખેતાબ હેનાએત કીધો; અને તે બાબે સતાભરેલું જાહેર નામુ તા૦ ૨૪ મી મેહ ૧૮૭૨ ઇસવીએ (તે નામવરની શાલગીરીને શુભ દાહાડે) બાહેર પાડઆથી, આ શેઠ હવે સર કાવસજી જાંગીર રેડીમણી નાઈટ, શી. એસ. આઇને એલકાબે પોંહતાછે.

ઉપલો નાંમીચો ખેતાબ મેલવનારા પારશી કોમમા પેહલવેહલા મરહુમ સર જમશેદજી પછે, ૩૦ વરશે આ બુજોરગ શેઠ બીજા માલુમ પડ્યાછે; અને તેની મુબારકબાદીમા તેવન ઉપર કેટલાંક માનપતરોનો જે વધાવો થયો, તેની નોંધ હીંઆં લેવાનુ લાજમ જાંણીએછે.

સરવેથી પેહલું પતર વલસાડના જરથોસતીઓ તરફથી આવેલું, તેનો જવાબ રોજ ૧૮ મો માહ ૧૦ મો શાલે ૧૧૪૧ ય૦ એ મોટા ઉપકાર સાથે વાલેઓ હતો.

બીજું અતરેની બાહેરકોટવાલી "ઈમપરૂવમેંટ લાઈબરેરી" ના અધીકારીઓ તરફથી રોજ ૧૯ મો માહ ૧૦ મો શેહનશાહીએ પોંહચાડવામાં આવેલું હતું.

તરીજું ગણદેવી ખાતેથી ૧૨૪૨ ના પેહલા મહીનાને ૧૦ મે રોજનુ લ-ખાઈ આવેલું, તેનો જવાબ આ સખી શેઠે રોજ ૧૩ મો માહ ૩ જે વાલેઓ.

ચોથું મુંબઈની વસતી તરફથી બે હજારની ઉપર સહી શીકેનુ એક માન પતર જે તઈઆર થએલું હતું, તે આ નાંમવરને હાથો હાથ સપુરદ કરવાની શુભ મતલબથી હેઠલ જણાવેલા ઘણા આબરૂવાલા ગરહસથોનુ એક ડેપીઉ-ટેસન રોજ ૧૧ મો માહ ૧ લો શેહનશાહી શાલે ૧૨૪૨ ને રોજે આ સાહે-બને રેહવાનુ અશલી મકાંણ જે કોટ ખાતે દેવલના મોહલામા આબાદ હાલતે હુભેલુંછે, તાંહાં મોટા દબદબાથી પધારેલું હતું; જેમાઃ—

આપણી હાઈ કોરટના એક નેયાયાધીસ હાંનરેબલ મી૦ ગીબસ. (પરમુખ) હાંનરેબલ મી૦ ફારબસ, પોલીસનો વડો મેજેસટરેટ મી૦ જાંન કાંનન, મી૦ જારજ ટેલર, મી૦ નીકલ, ડાકટર ડાલાસ, ડાકટર મેકેનજી, શેઠ ફરાંમજી નોરારવાંનજી પટેલ, શેઠ દીનશા માંણેકજી પીટીટ, શેઠ અરદેશાર તથા હોમજી ખરશેદજી દાદી, શેઠ ખટાઉ મકનજી, શેઠ વીનાએકરાવ જગંનનાથ શંકરશેઠ, દસતુર પેશોતન બેહરાંમ સંજાંના, દસતુર શોરાબ રૂસતમ મુલાંફીરોઝનાં, શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, શેઠ નવરોજજી ફરદુનજી, શેઠ અરદેસર ફરાંમજી મુસ, શેઠ ડોસાભાઈ ફરાંમજી કરાકા, અને તે ઉપરાંત બીજા અડીશોને આસરે હતા.

આ સઘલા સાહેબોનુ સરઘસ ઘેર મધે દાખલ થઈને પોત પોતાની ઠેક-વલી જગેઆપર બેઠા પછે, નામદાર મી૦ જસટીસ ગીબશે (હાથમાં માનપતર લઈને) મીજલેસની હજુર એક સુભાખીત ભાસાંણ કીધું હતું; જેમાં તે નાં-મવરે જણાવેલું કે, "હાવાં સારાં અને ઉદાર દીલનાં ખરાં કાંમો કરનારા એક "ગરહસથને માન આપવા સારૂં ભેગા થએલા મેલાવડા તરફથી આ અવસરે "થોડુંક બોલવાનુ જે મને જણાવવામાં આવેલુંચ; તે શેવા બજાવવા માટે "ખરાં દીલથી હું તઈઆર છેઉં." એટલું કહીને સર કાવસજીએ કીધેલી જુદી જુદી સખાવતોનુ વીગતે વરણન કીધું; અને તે સખાવત કેટલી અગતીયની થાઈચ, તે વીશેના ઈશારા ઉપરાંત હાવી રૂડી ચાલ ચલણની કીંમત પીછાંણી નાંમદાર માહરાંણી વીકટોરીઆએ તેનાને "યુનાઈટેડ કીંગદંમના નાઈટ" નો માન ભરેઆ એલકાબ જે બખશેઆ, તેના વાજબીપણાની સ્તુતીમા એ નાં-

મદાર જસટીસ બોલ્યા (હીંઆં ખુશાહાલીના ટાબડાઓ વાગેઆ), અને તેની મુબારકબાદીમા હાથ જાહલેલું પેલું શુભાખીત માંનપતર મી૦ ગીબશે ખુશી દીલથી સર કાવસજીને સપુરદ કીધું; જેની અંદર સરવેથી પેહલવેહલી સહી આપણાં હીંદી ઊંમરાવ હાંનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ શી. એસ. આઈ. ની મુબારક થએલી હતી અને તેની હેઠલ,

હાઈ કોરટના નામદાર જડજો સર ચારલસ સારજેંટ, હાનરેબલો ગીબસ, મેલવીલ, બેલી, કેમબાલ, અને ગરીન. કાંઉનશીલરોમા હાંનરેબલો મી૦ ફ્રારબસ, મેહેયુ* બાઈથલ તથા નારાએણ વાશુદેવજી.

મુંબઈના લારડ બીસપ, રેવરેંડ મીઉરીન, તથા દસતુર પેશુતન બેહરાંમ સંજાંના, અને સોરાબ રુસતમ મુલાંફીરોઝના.

શેહરી શેઠીઆઓ ફરાંમજી નોશેરવાંનજી પટેલ, નાખોદા મહમદઅલી બીન મહમદઅમીનરોગે, વીનાએકરાવ જગંનનાથ શંકરશેઠ, વરજીવનદાસ માધવદાસ, અને તે વગેરે સઘલી કીસમ તથા વરણના શેઠીઆઓ તથા રેહવાશીઓ.

આ માંનપતર અંગરેજીમાં લખી કાહડેલું જે સભાની સનમુખ નામદાર જસટીસ ગીબશે બીલંદ અવાજે અને હસતે મુખરે જે વાંચી સંભલાવેલું તેનુ ભાસાંણતર હેઠલ જણાવવાની રજા લઈએછે.

સર કાવસજી જાંગીર રેડીમની નાઈટ, સી-એસ-આઈ.

સાહેબ,—"આપણી નામદાર રાંણી વીકટોરીઆએ તમોને જે માનભ-"રેલો બેતાબ બખશેઓછે, તે કારણુ માટે હવડાં ચોતરફથી ખુસહાલીના "આવાજો નીકલેછે; અને તેવે સમે હમો તમારા હેતુ મીતરો, આ લખેઆથી "તમોને મુબારકબાદી આપીએછે.

"જોયાથી હમોને અતીઅંત સંતોસ ઉપજેછે કે તમારી હાતમ જેવા "દીલની સખાવતો કાંઈ આ તરફ પરસીધ થાઈછે એટલુંજ નહીં, પણુ છેક "વલાતના મુલુકોમાંખી તે ફેલાવો પાંમીછે; અને તેજ સબબથી નામદાર "મલકાંનેમલીકા માહરાંણીએ તમોને નાઈટનો માનભરેલો એલકાબ, તમારી "બુલંદ ખસલતની પીછાંણુ તરીકે હેનાઈએત કીધોછે; કે જે હીંમતે બાહધુર "સખસ બા મુદત થાઈ પોતે સરીરે અસુખ હોવા છતાં સરવે ગણાતનાં ગરીબો "તથા કંગાલોની કદર બુજી તેઓની પીડાકારીનુ નીવારન કીધામાં પોતીકું "સવાબ સહમજેછે.

"તમારાં પરોપકારી કાંમો દુનીઆંના લોકોમા જે આસકાર થાઇ ચુકાંછે, "તેનો વીસતાર હીઆં કરી તમોને તસદી આપવા હમો ચાહતા નથી; પણુ "હમો તમારા હંમસેહરીઓ જે પરથમથી હેવાં કાંમના પરીણાંમ જોતા આવે-"આ છઇએ તેથીજ માતરે એટલું તો કેહવાની રજા લઇએચ કે, તમારી "સખાવતનાં કાંમો જેવાં પરોપકારી, તેવાંજ સારા વીચાર, તથા દુર અંદેશી-"થીજ થાએલાંછે.

* આ ગરહસથ તે વખતપર કાંમ ચલાઉ આડવોકેટ જનરલ હતો. નો. લે.

"મુંબઈ જેવા શેહરમા જે સખીનરો થાઇ ગયેલાછે. તેહવા સખીનરોની સંક્રમા

"સર કાવસજી જાંગીરને

"જોઈ હમો અગણીત મધન છઈએ; વાસતે તમો સર કાવસજીને બારે-
"હકતાલા લાંમબી જીંદગી બખશે, અને મુંબઇ શેહરને માંથે તમોને સર-
"તાજ ભરેઆ રાખે, એવી હમારી અંતકરણની દુઆ તમોને અમીન હોજો."

ઉપલાં માનપતરનો જવાબ, સર કાવસજીની ફરમાંસથી ડાકતર મેકેન-
જીએ નીચે પરમાંણે સભાની સાંમને વાંચી સંભલાવેઓ હતો.

"હાનરેબલ સાહેબો અને ગરહસથો—માહારા સરીખા ગરીબડા પણ
"એક વફાદાર, અને ઉપકારી પરજાને જે મોટો એતાબ નામદાર માંહરાં[illegible]એ
"આપેઓ, તે માટે તમોએ ભેટ કીધેલી મુબારકબાદી માહરાં જીગરના ઉપકાર
"સાથે હું અંતકરણથી કબુલ રાખુંછું.

"આજ દને તમોએ આપેલું માનપત્ર લેવામા માહરા દેશી ભાઈઓ [illegible]તર-
"ફથી એક મોટાંમાં મોટી હોરમત મલેલી હું સહમજુંછું; અને આ બ[illegible]ોના
"જાંણીને ખસુસ મને માંહ સંતોસખી ઉપજેછે કે, જુદી જુદી જાત નાત[illegible]મા
"આટલા બધા મારા મીતરોછે; અને તે માનપતર મધે આ દેશનાજ ન[illegible]હી
"પણ ગરેટબરીટન ખાતેનાં હોરમત અને મોહભા ભરેલા ગરહસથોનાં ન[illegible]ા
"સમાએલાંછે.

"સરવ સકતીમાંન કીરતારની મરજીથી જે દરદની હું ઇજા ભોગવુંચ,
"તે માટે તમોએ કીધેલા ઈસારાનો જવાબ હું કેમ વાલું તેની મજને બીલકુલ
"સમજ પડતીજ નથી; પણ હું તમોને ખાતરીથી કહુંચ કે, ગરીબ લોકોને
"આસરો આપવાની મારી નબલી કોશેસમા મારા વડવાઓએ કીધેલાં નેક
"નાંમીનાં કાંમો, જેનો દાખલો આ પરેશીદેણશી ખાતે એકશો વરસથી વધા-
"રેની મુદતપર થાઇ ગએલા એક ગવરનરેબી કબુલ કીધો હતો તેની હું નકલ
"કરેછું. હું દુવા માંગુચ કે માહરા નાંમનો વારશો મેલવનારાઓમા આ શે[illegible]
"અના જારી રેહ, અને જેટલા જમાંના સુધી રેડીમણીનુ નામ હઈઆત પાંમે
"તેટલા વેર આ નાંમ વફાદારી અને પરમારથનાં કાંમો સાથે જોડાઈ રેહ.

"**માંનવંતા સાહેબો, અને ગરહસથો**—આજે તમો તસદી લઇને
"હીંઆં હાજર થયાચ, તે માટે તમારો ઉપકાર માંનુછું; અને અરજ ગુજારુંચ
"કે, મારી તરફની ખાતેરી તમોએ કબુલ રાખતાં સઘલા મારા મીતરો
"(આ માંનપતરમાં સહી કરનારાઓ) નેબી પોંહચાડવી, કે આ માંનપતરને એક
"મોટી યાદગારી તરીકે માહારાં કુટંબમા ઘણી ગરરી સાથે જાલવી રાખ-
"વામાં આવશે."

હું છેઉં ઇતીઆદી,

તા૦ ૧ લી અકટોબર ૧૮૭૨.

(સહી) કાવસજી જાંગીર.

ઉપલી કીરીઆ થાઈ રહેઆ પછે આપણાં આ નવા નાઇટના બાહવલાં
બાબે અપાએલાં પાંચમાં માન પતરનો ઉતર જે તેનાએ વાલેઓ, તે પણ
ડાકતર મેકેનજીએ હેઠલ જણાવેઆ મુજબ વાંચી સંભલાઓ હતો.

"સાહેબો અને ગરહસથો—પરજાના લોકોએ જે માન મને આપીઊછે,
"તે માટે તેઓનો ઉપકાર દીલાજાંનથી હું માંનુ છેઊં; કે તે વીશે મોટી મગરૂરી
"સાથે હું જોઈસ, અને વીચાર કરીસ. હું હેવીબી આશેઆ રાખુચકે, માહરૂં
"બાહવલું જારે ઉભું કરવામાં આવશે, તારે સઘલી જાત તથા નેઆતના મા-
"હરા મીતરોને યાદ કરવાની હેવી ફરજ પડશે કે, લીધા કરતાંને આપવામા
"મોટું, અને ખરૂં શુખ સમાએછે; અને આપણી ઉપર તે કીરતારે જે બખશેસ
"કીધી હોય, તેનો એક ભાગ બખશેસમા આપવો, એજ આપણી આઈન ફરજછે.

"મંડલીના પરમુખ, અધીકારી, અને માનવંતા મુનશી, એઓએ મારા
"વીશે આટલી બધી મેહનત જે કીધીછે, તેઓનો ઉપકારબી ફરીને હું માંનુછેઊં."

(સહી) કાવસજી જાંગીર.

સુરતના રેહવાશીઓ તરફથી ખેતાબની મુબારકબાદીમાં આવેલું એક છઠ્ઠું માનપતર, તેજ વખતે શેઠ દીનસાજી માંણેકજી પીટીટે રજુ કીધું હતું; અને તેનો જવાબ આ ઝહલકતા હીરાની તરફથી શેઠ ડોસાભાઈ ફરાંમજી કરાકાએ હેઠલ મુજબ વાંચી સંભલાવેઓ કે,—

"સાહેબો—સુરત શેહરના વતનીઓની દીલદારી તથા ખેરખાહી માહરી
"તરફ ઘણીછે, તે તમારાં મોકલેલાં માંનપતર ઉપરથી પરછીને હું ઘણોજ
"હેસાંનમંદ થયોછું.

"ખોદાતાલાની મેહરબાંનીથી જે ધરમખાતાંઓ મારે હાથે ઉભાં થયાંછે,
"તે મારા ભાઇબંદોની નજરમાં ફાએદાકારક લાગેછે, હેવો જશ ભરેઓ વીચાર
"જુદાં જુદાં શેહરોના રેહવાશીઓની તરફથી જે મલેઆચ તેથી પણ મને
"ઘણોજ સંતોશ ઉપજેઓછે.

"જે કાંઇ હુંએ કીધુંચ તે મારી ફરજ બજાવેઆ ઉપરાંત વધારે થાએઊં
"નથી; અને એ ફરજો બજાવવાની સુચના, અને ઉલ્તત તે દાદગરદાદારે મારા
"જીગરમાં ઉતારેઆથી એ કાંમો નીપજેઆંછે, તે વીશે ખચીત કરી તે સા-
"હેબનો હું મોટો ઉપકાર માંનુછું.

"ખોદાતાલા સુરત શેહરને, અને તેના વતનીઓને સુખી અને આબાદી
"સાથે રાખે. આંમીન."

હું છેઊં ઈતીઆદી,

(સહી) કાવસજી જાંગીર.

ઉપલી સઘલી કીરીઆ ખુશી ભરેઆ આવાજો વચે સંમપુરણ થયા પછે ડપીઉટેસનના સાહેબો ફુલોના તોરા અને ગોલાબની પમરટી ભેટ લઇને, જેહવી ખુશી સાથે દાખલ થયા હતા તેવીજ રાહેત પાંમતા પોત પોતાને ઠેકાણે ચાલી ગયા; ડપીઉટેસનની મોલાકાત લેવાના દીવાનખાનાંમા સંજાકાળનો વખત હોવાને લીધે ઘણીજ ભભુકદાર રોસની કીધામા આવી હતી; જે રચના જોવા માટે હજારો તમાસગીરની મોટી ભીડ તેમના ઘેરની સાંમણેના ઘોરી રસતા ઉપર ખીચોખીચ ઉભેલી હતી, અને સઘળો મેલાવડો સમાધાનીથી પસાર થયો હતો.

ખેતવાડી ખાતે સર કાવસજીએ સ્થાપી આપેલી છોકરીઓની નીશાળ મંડળીના અધીકારીઓએ એજ મહીનાને ૨૫ મે રોજે પોંહચાડેલું માનપતર સાતમુ સહમજવામા આવેછે; અને તેનો ઘટતો ઉતરબી આ સાહેબે વાલી તેઓનો ઉપકાર માનેઓ હતો.

નૌશારી કસબાની અનજુમન તરફથી આઠસું માનપતર અરદીબેસત મહીનાને પાંચમે રોજે, દસતુર સાહેબો પેસોતન બેહરાંમ સંજાંણા, એરચ સોહરાબ મેહરજીરાણાવાલા, જમશેદ નોશીરવાંન દારાબ પાહલણના, તથા શેઠ હોરમજજી નવરોજજી સખલાતવાલા ઉપરાંત બીજા ગરહસથોના ડપીઉટેસને કોટના ઘેરમા હાથો હાથ પોંહચાડીને આ શેઠની હજુર વાંચી સંભલાવેલ હતું; જેનો સાર એટલોજ કે, તે તરફ મોટો દરવીય ખરચી તેનાએ એક મદરેસા કાહડી આપી, તથા ગરીબ દરદીઓ માટે દવાખાનુ ઉઘાડીને બેહુ ખાતાંઓ કેટલીક મુદત સુધી જારી રાખેઆં હતાં, તે બાબેની ઘટતી સ્તુતીના શબદો તેમા સમાવીને આ સખી નરના હકમા સારી દુઆ ચાહી હતી. આ માન પતરના જવાબમા લાએકાત ભરેઓ ઉપકાર વાલતાં, પરમેશવરે બખશેલી સખણી મુજબ તેવણથી જે થઈ શકેલ, તેમા ઘટતી ફરજ શીવાએ બીજું વધારે કાંઈ નહીં કીધા વીશે જણાવીઆ પછે, આવેલા સાહેબોને ફુલ ગોલાબના વધાવાથી વીદાએ કીધા હતા.

ગરીબોની ઉપર ઉપકાર કરનારા સખી દાતારોની સ્તુતી ભરેલ હઓસાન યાદ રાખવા, તથા વફાદારીના નવા દાખલાઓ તેમાં ઉમેરવા થકી પરજા તરફથી જાહેરમા માનપતર લેનારને જેવી રાહેત મલેછે, તેવીજ સોભા માનપતર આપનારાઓને પણ હાંશેલ થાએ એવી સાબેતી ઉપલા મેલાવડાએ આપણને ખરેખરી દેખાડી દીધીછે; માટે સખાવતના આ શુરો શેઠની બાકી રહેલી જીંદગીમા તેવણથી હજી રૂડાં કાંમો વીશેશ થવાની આશેઆ રાખતાં, જે બની ચુકાંછે તેની યાદગારીના હેતુથી લખાએલી ઉપલી બાબદોનુ એક તાતપરીઅ કવીતામા સમાવી દઈ, આ "રેડીમણી"ના વરસનુ વરતાંત સમાપત કરીએછે.

જોવો કાવશજી જાંગીર રેડીમણી—દીધીચ તેને કીરતારે હીંમત ઘણી.
પલેછે જે દાતારથી સઘલી જગત—મદદગાર તેનો, તેજ ઈશવર ભગત.
બખશેઆ જનમથીજ સારા સગણ—રાખેચ તે આવંદ સદા મધન.
ધન તેની માતાનુ જીવેલ પરમાણ—તે સાથે પીતાનું જીનત રવાણ.
સખાવતમા હીરજી બપાવા જેવા—મમાવાના વડવાબી હતા તેવા.
ખબર તેઓ મોહતાજોની લેતા—ગરજવંતોને ઘેરે જઈને દેતા.
ગુપત દાંણ જેઓનુ વખણાયલુંછે—જગતમા સરવેને જણાયલુંછે.
નેકનામીમા હતા જેહવા પોલાદ—ઉતરીછે તાંહાંથી આ ઉતમ ઓલાદ.
નખીરો તેઓનો જાહેર થાયો—સખાવતનો વારશોબી સાથે લાયો.
નીતીની રાહે કીધી કમાઈ—સતવાદી ઘર રહીછે લક્ષમી સમાઈ.
જે કીરતારે કીધો તેને સરફરાજ—કરે તેજ તેની ઉંમરદરાજ.
જીવેલો તે જગને ઘણો કાંમનો—આશીરવાદછે તે પર ખાશોઆંમનો.

જે ઓળખતા હશે તેને બચપનથી–સપત લઇ તે કેહશે ખરાં મનથી.
હતો તે સઉ પર અતી મેહરબાંણ–જાલવીચ હજીતક તેવીજ વખાંણ.
સ્તુતી જો ગાઇએ તેની સજાવાર–ગરીબોનો થયોચ તેજ ગંમખાર.
સરીર ને સંસારનુ ધરનારો દુખ–ભોગવેછે તેનાજ આસરાથી સુખ.
કેળવણીમા પુગોછે તેનોજ દસત–ભાંજેછે કસરતશાળાની કસત.
સંતોશ ફીનાનસ (જુની) નેખી પમાડી–બે લાખ રૂપઇઆ દીધા જમાડી.
કીરતી તેમા તેની ઝહલકતી રહી–તે વાતબી કભુ કોઇથી ભુલાતી નહીં.
હાસપીટલ ને કાલેજ હવડાં દીપેછે–જેમ દુહજતા જહરામાથી અંમરત ટીપેછે.
ડારેડાર કુંવારા તેને નાંમના–થયાછે સઉને અજબ કાંમના.
જેથી પેઆસાને પાંણીનુ સુખજ મલેછે–પશુ પરાંણીનુ દુખબી તળેછે.
ઇરાન સરજમીનનો જાલમ જજીઓ–શેતમ તેની મદદથી થોડા તજીઓ.
ઓછી થતી ગઇ તેની થાપણ–પોંહચાડેઊં તાંહાંબી તેનાએ ડાહપણ.
રખેવાલો કરતાતા બેશી વીચાર–જાંહાં દીધા રૂપઇઆ તેને દશ હજાર.
જેથી તેઓને ટેકો થયો–જજીઆનો કરબી ભરાતો રહેઓ.
આંખના દરદીબી શાહજા થાએચ–જીગરથી તેમને દુઆ દઇ જાએચ.
જાંહાં ખોદાના બંદાઓ સરખા જણાએ–તાંહાં કીરતીની ફતેહબી ઉતમ ગણાએ.
નાત જાતનો ફરક રાખતા નહીં–દીએછે તેની આ એકજ ધુઆઈ.
રૂપઇઆ તે કારણે લાખ પંદર–ખરચી દીધાછે સખાવત અંદર.
હજી કેટલાંક કાંમો તો થાવાનાછે–વધુ કીરતી સઉ તેની ગાવાનાછે.
પણ થયલી સખાવત હેવી વવાઇ–કે મુંબઇથી લંડન તુલીક ગવાઇ.
તે વાત જારે રાંણીને કાંને ગઇ–જે સાંભલીને ખુશીથી પરસન થઈ.
એલકાબ બખસવાનો હોકમ કીધો–"સ્ટાર આવ ઈંડીઆ" નો મોકલી દીધો.
અરથ જેનો આપણામા સાદો આએછે–હીંદનો જહલકતો તારો થાએછે.
તેપછે આવેઓ એતાબ "નાઇટહુદ" નો–વધેઓ મરાતબ સખી વજુદનો.
જો કેવુંછે અંગરેજી ઉતમ રાજ–ઇનસાફી અદલનુ ધરીને તાજ.
પરીનામ સખાવતનુ તેને આણેઊં–ધરમી કામ તેનુ જારે જાંણેઊં.
તે ઉપરાંત હવડાં જે પગલાં નખાએચ–મુંબઇની વસતીનો સવાદ ચખાએચ.
કીરતી તેનાની રાખવા અંમર–તે યાદીમાં બાંધીતી સઉએ કંમર.
આખાં કદનુ બાહવલું ઉભું કરવા–બનાવીને લાએક જગો ધરવા.
જે મુકતીને ઉલતથી કબુલ કીધી–પંચ ભેલી વસતીએ ઊંચકી લીધી.
તે ખાતર ઉઘરાતની ટીપો ફરી–રૂપઈઆ હજાર વીસ દીધા ભરી.
એવેજ સઘલો વેલાત ઉપર ગયો–બાહાવલું બનાવવાનો હોકમ થયો.
બની આવીને જારે જાંહાંબી થોભશે–આ સખી નરનો ચેહરો અતી શોભશે.
જગમા રેહશે તેમની પીછાંણ–આવતી ઓલાદોને માટે નીસાંણ.
તે જોવા થકી આ નર જો જીવતો રેહેશે–તો જગમા જીગરની દુવા લેશે.
તે માટે ખુશીથી કાહડી કલામ–પોહચાડેછે તેમને આ વાછો સલાંમ.

શેઠ જીજીભાઈ દાદાભાઈના વડવા, તથા વારેસોનું વરણન.

શેઠ જીજીભાઈ માંણેકજી.


આ નાંમીચાં ખાંનદાનની વંશસાવલીમા છેલ્લે જણાવેલા વારેશોની સાતમી પેહડીના વડા શેઠ જીજીભાઇ માંણેકજી, જે સુરત શેહરના કોઇ પરગણામા રેહતા હતા; તાંહાંથી શાલે ૧૦૯૮ ય૦ માં નીકલી આવીને પેહલવેહલું પણોતું પગલું મુંબઇ ખાતે કોઈ હેવે ૨૩ ચોઘડીએ મેલજ હતું કે, તેમના નેકનાંમની યાદગારી સચવાઇ રેહવા માટે તેવણથી ઉતરેલા વારેશો માહેલા, કોઈએક સાહેબ તો આજે બારેહકતાલાની રેહમ ભરેલી બખશેસથી ચોમેર પરબેઆત થઈને પોતીકા વડવાઓની હસતીને ચમનમાં જે પમરતી રાખેછે, તે વાત કાંઈ ઓછી ખુશીની જણાતી નથી. આ શેઠના જનમારામાં કોઈબી અગતના કાંમો થાએલાં હોએ તેની નોધ, તથા મરણનો ચોકસ દીવસ હાથમાં આવેઓ નથી; પણ શોધ ઉપરથી આટલું તો કેહવાને બનેછે કે, તે સાહેબને તાંહાં શાલે ૧૧૦૩ માં જનમ પાંમેલા મેરવાનજી નામના એકપુરા બેટા તદન મુગા હોયાને લીધે, તેજ અટકથી આ કુટુંબ હવડાં સુધી આપણી વસતીમાં ઓલખાતું રહેલુંછે.

હાવી મુંગી હાલતમા આ પુરથવી ઉપર પરવાસ પાંમેઆ પછે, ગરીબ માંબાપના આસરાથી ઉધરીને જારે મોટા થયા, તારે પોતાનો સંસાર ચલાવવાની યુકતી સોધતાં કાંઈજ નહીં પણ શીવવાનો એક હોનર એવીતો ઝહડપથી એ સાહેબે હાથ કરી લીધો હતો કે, તે વખતપર સુરત તરફથી આવેલા તેમના એક અતલગ એશી શેઠ સંતોકજી બરજોરજીએ* અતરેના લશકર ખાતાંના શીપાહીઓનો પોસાગ બનાવી આપવાનો જે મકટો રાખેલો હતો, તેમાથી તેણાને મલતું થોડું ઘણું કાંમ ઘેરમાં બેશીને શીવી દેતા; અને તે ઉપરજ પોતાની રોજીનો આધાર બંધ બેસાડી સારી રવેસથી ગુજરાંનબી મેલવી શકતા હતા. શેઠ ભીખાજી નામના ગરહસથને પેટે કેહચ કે એક દીકરી શિવાએ વારેસ દાખલ બીજું કોઇજ ફરજંદ નોહતું, માટે તેણીના આ મુગા દીકરાને પોતાનો દતક કરી લઈને કોટનાં ગોલવારની ગલીને નાકે હોરાબજારના રસતા પર હવડાં જાંહાં મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઈને નામથી હુબેલી મોટી હવેલીછે, તે જગોપર તેનાએ અસલમાં બાંધેલું એક ન્હાહનું જેવું ઘેર તેણાને બખશેસ તરીકે સોંફી આપેલું હતું; જાંહાં નીરાંતે પડઆ રહીને ઉપર જણાવેલા ધંધામા જીંદગી ગુજારેઆ પછે, રોજ ૧૭ મો માહ ૬ ઠો શેહનસાહી શાલે ૧૧૯૫ ય૦ માં ૯૨ વરસની જઈફીએ પોહચી મરણ પાંમેઆછે.

એ શેઠ પોતાની પાછલ આખી જીંદગીમાં માતરે એકજ વારેસ મેલી ગયા હતા, તેવણનુ નામ વંશસાવલીના મેલાવડામા દાખલ કીધા મુજબ દાદાભાઈ

* શેઠ પેસતનજી હોરમજજી સંતોકના વડવા.

શેઠ જીજીભાઈ દાદાભાઈને તાંહાંની વંશાવલી.



હતું; અને તે સાહેબનો જનમબી આગ્રેજ ટાપુ ખાતે ય० ૧૧૩૩ ને શાલ મુબારક થએલો કેહવાએછે. માંબાપની હઈઆતીમાં એવણ જારે ઘણીજ ગરીબી હાલતમાં હતા, તારે તે વખતપર મુંબઈ ખાતે અતી મોટી જાંહોજ-લાલીવાલા સરીમંત સોદાગર શેઠ દાદીભાઇ નોશેરવાંનજીના "દાદી સ્કુર" મધે કોઈ કારોબારીના હાથ હેઠલ હલકે મુસારે રહેલા હતા; પણ તાંહાંના કાંમકાજમા જેમ અનુભવ મેલવેઓ, તેમ થોડા થોડા આગલ વધીને પછે સઘલો વહીવત વખત જતાં પોતાને હાથ કરી લઈ એવોતો પરમાંણીકપણાથી નીતી સાચવી ચલાવવા લાગા કે, તેથી કરી ઘણીનો ચાહ મેલવેઆ ઉપરાંત આખી વસતીમાં એક નાંમાકીત શેઠીઆ તરીકે ગણાવા લાગા; અને તે સાથે વખતની ગતી પરમાંણે સારી પુંજી તથા મીલકતોનાં માલેક પણ થયા હતા. ઈનસાંણોની જાહોજલાલી કાંઈ એકજ સરીખી સદા બરકરાર રેહતી નથી. માટે દાદીશેઠને તાંહાંનો બોહોલો રોજગાર ઓછવાઈ પડઆને લીધે એ સ્કુર જે વેચાયો, તે આપણી માજી ઇસટ ઈંડીયા કંપની સરકારના તે વખતપર ચાલતા વેપારખાતાંને હસાબે લેવાયો હતો; અને તેપછે તેઓનો વેપાર જારે તદન નીકલી ગયો, તારે તે એમારતનુ વેચાંણ થોડાક માતબર વેપારીઓની એક મંડળી હુભી થઇને હાથ કરી લીધું, તાંહાંબી તેનો બોહલો કારોબાર એજ શેઠ દાદાભાઇએ જાલવી રાખેઓ હતો; પણ મરણની થોડાંજ વરસ આગમજ જઈફીએ પોંહ-ચવાને લીધે તે બોહલું કાંમ મોટાં માનસહીત મેલી દઇને, બાકીની જીંદગી સાંતપણે સાચવી બેઠા હતા. એ સાહેબ ચાલતા વખતમાં સરવેની સાથે રૂડી વરતણુકથી એવાતો મીલનસાર થાઈ રહેલા હતા કે કોઇબી સખસ તેવણની દોસતીથી જોકે કશીવાતે અલગ રહેલો જણાતો નોહતો, તોપણ એ સાહેબના ઘણાજ હેતુ મીતરો, માંતરે તેવણ સરીખા બીજા છ બુજોરગો હતા; તેમાં ફરાંમજી પેસતનજી બેહલી હોમજીના (લકબે ફલાજી માંમા), ફરાંમજી કાવ-સજી બનાજી, ફરદુનજી નવાબ, પેસતનજી ભીખાજી પાંડેના (ઉરફે પેસીકાકા), હોરમજજી ધનજી પટેલ, હોરમજજી ડોલાબાઉ અને દાદાભાઈ માંપલા, જે-ઓમાં સાતમાં પોતે હુંભેરાઈને સારા એખલાસથી જીંદગીના છેડા સુધી મીતરાચારીમાં જોડાઇ રહેલા હતા; અને તેઓ માહેલા જેબી સાહેબ જારે મરણ પાંમેઆં, તારેજ એક બીજાથી છુટા પડઆ; અને તેહવીજ રીતે આ શેઠ દાદાભાઈબી વખત પોંહચતાં બાલંદતાલેના બેટા જીજીભાઈ ઉપરાંત એક નેકબખત બેટીની સાથે તેઓનાં છઈઆંઓની ભરઆકર વસતીના સુખમાં અમણોઅમાંન પાંમી રોજ ૨ જો માહ ૯ મો શેહનસાહી શાલે ૧૨૦૫ ય० એ ૭૨ વરસની વએ પુરી કીધા પછે બેહસતનસીન થયાછે.

શેઠ જીજીભાઈ દાદાભાઈ.

આ નામવરની હકાએત જે હીંઆંથી શુરૂ થાએચ, તે પેહલાં તેમનાં જનમની ચોકસ નોંધ જણાવીએચ કે, શાલે ૧૧૫૫ ય૦ ના શેહનસાહી દએ મહીનાનાં સપંદારમદ રોજે આ સરૂસવતીમાં પણોતું પગલું ધરેઊં હતું.

પોતાના બાપ તથા બપાવાની સંભાલ હેઠલ હુધરીને જારે વીશેક વરસના થયા તારે કેહચ કે, પેહલવેહલા ય૦ ૧૧૭૫ માં મી૦ લીકી તથા મલકમને નામે સરૂઆતમાં નીકલેલી અંગરેજી વેપાર ખાતાની પેહડી અંદર રૂ ૨૦ ને પગારે એક સાધારણ ગોદાઉનકીપરની ચાકરીએ રહેઆ હતા, જે પછે ૧૧૮૯ માં જારે ઉપલાં પંઠીઆલાંપણા મધેથી મી૦ માલકમ છુટો પડીને મી૦ સાતણ માલકમની કુંપનીને નામની પેહડી ચલાવવા લાગો, તારે તેની સંગતમા જઇને કાંઇકિ વધુ હાંસલથી તેવીજ કીસમની ચાકરી પેહલાં સાચવી લીધી; જાંહાં સાતેક વરસ પસાર કીધા પછે, ભાએગની વલાંણ ચહડતી દેખાયાથી ૧૧૯૬ માં એજ પેહડી ખાતે ખાસ દલાલ થયા; અને તે દાહડાથી વેપારીઓમાં તેવણની પીછાંણત આબરૂની રાહે પંથરાવા માંડી હતી. ઉપલી જગેઆની દલાલી કોઈ હેવે સચોઘડીએ હાથ આવી, કે તેના પરતાએ કરી ૧૧૯૮ માં મી૦ દાએરમ કેઆરટરની કુંપનીએ પેહલવેહલી પેહડી અતરે હુંધાડી, તેની દલાલીનુ બોહોલું કામબી આ ભાએગસાલી શેઠના સવાધીનમા સોંફાએઊં હતું. આ સાહેબનાં પરમાંણીકપણાને આધારે જેમ આંત વધતી ચાલી, તેમ બીજી અંગરેજી પેહડીઓ જેહવી કે મી૦ ગીરાબરણ મેનજીસ, મી૦ જી. એસ. કીંગ, મી૦ ઇંગલીંતન મેકલીન, ટાંમસ લાનકેઆસટર, ગેબરીએલ પોપ, અને મી૦ એડમંડ બીબીની કુપનીના મુખીય દલાલ ગણાયા હતા; એટલુંજ નહીં પણ તે ઉપરાંત બીજાં ઘણાક હાઉસો જેઓની ચોકસ યાદી હાથ આવી નથી, તેઓની સંગાથે પણ તેવોજ સંબંધ આ શેઠે જોડી લીધાથી દર શાળે હજારો રૂપીઆની દુહજટી આવગનો સંગરહ કરી રાબેઓ હતો. કેટલાંક ફરેંચ વાવતાના વાંહાં-ણોબી તેમની આડતે આવતાં રંહેઆથી જેમ આ ટાપુના તેમ બાહેર દેશાવરો ખાતેના મોટ મોટા સરાફો તથા સોદાગરોની મંડલીમા ભેલાઇને અતી મોટો વહીવટ ચલાવેઆથી પેહલા વરગના નીતીવાંન વેપારી કેહવાતા હતા; અને હેવા બોહલા રોજગારમા શરૂઆતથી તે શેવટ સુધી લગભગ ૪૦ વરસ મોટી જા-હોજલાલી સહીત આ સાહેબે ગુજારેઆ વીશેની વાત જે સરવે લોકોમાં આ-સકાર થાઇ ચુકેલીછે, તેને વધારે લંબાન કરેઆ કરતાં આટલું તો ખચીત જણાવી સબીએચ કે, આ સાહેબે જોકે કેટલાંક અંગરેજી હાઉસો તથા બીજા વરવેપારમા અતીઘણાં નાણાં* ખોયાં, તે છતાંબી પોતાના રૂડા ઉદીયોગથી લાખો રૂપીઆનો મોટો ભંડોલ મેલવીને ખરેખરા લક્ષાપતી ગણાયા હતા.

---

* અટકલે સાંભલેઆ મુંજબ બે વરસના ટુક અરસામા સોલ લાખ રૂપીઆની રાક્ષી રકમ ઘસડાઇ ગઈ હતી ; તોહોબી આ સાહેબ શીતારાના બીલંદ હોયાને લીધે

આતલી યાદી નોંધી લેતાં અચરતીની સાથે અતીઅંત ખુશીભી હાંશેલ થાએછે કે, જેમના બપાવાએ ગરીબાઈમાં ગંમત ગુજારેલી, અને જેમના બાવાએ સઘલી જીંદગી ચાકરીમાંજ ચાલુ રાખેલી, તેમના આ શાકરમી દીકરાએ જોકે શુરૂઆતમાં નોકરી પકડેઆ પછે, થોડાંજ વરસમાં તેવણ ગરીબાઇની અરાલી હાલતમાથી નીકલીને એક સરીમંત શેઠીઆના જે પેહલા વરગમા આવી પોંહચેઆ, તેમાં ખોદાની તો ખરેખરીજ બખશેસ ઉતરેલી, પણ તે સાથે પોતાના રૂડા આચારનોભી સબબ સંધાએલોજ હોવો જોઇએ. આ બાબદ ઉપર એક કેહવાતમા નીચલા દોહેરાઓ જે હમારા જીગરમા રમુજી તથા ચાણાંક ભરેલા ઉતપન થયાચ, તે આ નેકનામ શેઠીઆ તથા તેમના કુટુંબીઓનુ માન જાલવીને દાખલ કરવાથી તેમા વાપડેલી તોછડાઇ વીશે કશીભી બેઅદબી જેહવું સહમજતા નથી.

જીજલાના થયા જીજીભાઈ, જે કેહવાતા અટકે સુંગા,
  કીરપા કીધી કીરતારે, તો શેઠીઆ રાંકુમા પુગા.
સત વચંનને શાહે રહીને, વેહવાર રાખેઓ શીધો,
  ભવીશ ભેળાયું ઉદીઓગમાં, તો દરવભી મેળવી લીધો.
નીતીની રીતતો ઘણીએ છે, ને તેના ગુણ અપાર,
  ચતુર એટલુંજ ચેટી લેસે, કે મુલ નીતી છે ચાર.
સતધરમને પાલતાં, જે સાચો વચંણ રાખે,
  તે લોક નમીને ચાલતાંજ, ગરવને ટાલી નાંખે.

આ કેહવત જણાવવાની જરૂરીઆત એટલા ઉપરથી થાઈચ કે, આગલા દાહાડાઓમાં આ શેઠ તથા તેમના બાપની જાહોજલાલી હસતીમાં આવેઆ આગમજ, એકને સુગાનો દાદો, અને બીજાને સુગાનો જીજલો કરી ઘણા લોકો જાહેરાંતમાં કેહતા હતા; તે વાતની સાહાદત હમો ભુલતા નહીં હોઇએ તો તે વખતના પુરાંનાં સખશો આજેભી આપી સખશે કે, એમાં ટોછડાઈ વાપરવા જેવું તેઓ કાંઈજ સહમજતા નોહતા; પણ હાલનો સમો જે સુધરાઇને નુકતે ચહડેઓ જાએચ, તે માતરે એવાં બોલવાને તદન નાપસંદ થેડવેછે.

શેઠ જીજીભાઈ, જોકે ખરેખરી ગરીબાઈમાંથી કશુભી સંકટ સોસેઆવના તવંગરના તરીકાપર આવી લાગા, તોપણ ઇનસાંનીએટપણામાં સંસારી લોકોને પોંહચતાં શુખ, તથા દુખ, અને ટડકા તથા છાંએડાની કદરને એવા હેતુથી બુજતા જણાતા હતા કે, કોઈભી ગરજાવંતો સખસ તેમની પાશે જઈને પોતાની વીપતની વાત કરતો, તો તે ઉપર રેહમદલથી ધેઆંન આપી તેહવા ગરજવંતાને રાહેત પમાડવામા આ સાહેબ હરગેજ પાછા હટતા નોહતા. હાવા આસરાથી

પોતાનો બોહલો વહીવટ સારી આંતથી સાચવીને ચાલુ રાખતાં જોકે તે વીશેની કાંઈભી દરકાર તેનાએ કીધીજ નોહતી, તોપણ બોહેલી રકમનો અડધ ભાગ કોઈભી ઉપીયોગી ધરમના કાંમોમાં સખાવતપણાથી આ સાહેબને ખુદ હાથે અપાયો હોત તો, કેટલીક બાબદોથી તેમની વખનાએલી નેકનાંમીની કીરતીમાં એટલો વીશેસ હુંભેરા ખચીત થાતે. નો૦ લે૦

જેમ તેવણના ગરીબ કુટુંબીઓ, તેમજ બીજા ઘણાક પરભારા લોકોની પર-વરેશી પણ જાતગનાતનો કશેઓ અંતરો રેહવાવના રૂડીપેરે જે થતી હતી, તેનો માતરે એકજ દાખલો હીંઆં નોંધી લઇએચ કે, આ સાહેબની દુહજતી પેડી ખાતે શા૦ તાપીદાસ વરજદાસ નામનો એક શુરતી વાંનીઓ જે વાંનો-તરીમાં ઘણાક વરસોવિર રહેલો હતો, તે તેમના સાહેઆ હેઠલ સઘલી વાતે પાહવરડો થઈને આપરી નજર હજુર એક સવતંતર શેઠીઆ સરીખો દેખાએછે; અને તે ઉપરાંત બીજા ઘણા સખસો એવણની કીરપાના બહુજ આભારી જે થએલા કેહવાએચ, તેઓ સઘલાનુ વરણન હીંઆં સમાવી સકાતું નથી.

પોતાનો જાતી ખવારા તો ખરેખરો એક અમીરી શરીઓજ હતો; પણ શંનશારની શરજતમાં જેહવા આચારનુ ધણશાંન તેવણ જોતા, તેહવા વીચારથી તેને વરતવામા બરી બાહોશી શાથે ચપલ બુધી વાપરઆને લીધે, કોઈનાંખી લાંહજા તલે આ શાએબ હરગેજ આવતા નોહતા; અને તેવા ઠગારાઓનો ઠાગબી તેઓની ગટીએ પોંહચાડી દેવામા માહા પુનનું કાંમ જે સહમજતા, તે શરવે વાતે વાજબીજ ગણાતું હતું.

પારશીઓનાં ઘેર કુઠલા શંબંધી શંણશારી મુકદમાંઓ ચુકવવાને માટે આગલા વખતની પંચાએતનાં એક ખારા ચોગલા તરીકે બીરાજીને ઘણાક લોકોનાં કંકાશનું શેવટ શમાંધાંણીની શહે લાવી આપવામા, અને તેવી ટકે અગત પડવે ગાંથથી થોડાક પઈસા બખસવામા, મરહુમ શેઠ ખરશેદજી માંણેકજી સરાફની પછે, આ સાહેબે મોટી કીરતી જે મેલવી હતી, તે વાતને તેમનાં મરણ દીવશથી તે આજદંન તુલીક પંચાએટનાં ભાગી પડઆની ગંમખારીમાં ઘણાંક ગરીબ પણ આબરૂદાર કુટુંબો જારે શાહમના શખશોનાં કલેરાની અંદર સપડાઈને ફશેચ, તારે આ શેઠને ઇઆદ કરતાં તેઓ જણાએછે કે, તેવન જો અતાર તુલીક જીવતા રહેલા હોતતો, બીચારા પારસીઓની પંચાટી પારકે હાઠ હરગેજ જતેજ નહી.

આટલીજ વાતોથી એવણની ખુબી સમાંપત થાઇ શકતી નથી, પણ પોતીકી ગણાત ઉપરાંત બીજી સઘલી કોમોની સગવડ સાચવવામાં જેજે ઉપીઓગી કાંમો આ સખી નરે પોતાની સકમાઈના દરવીઅમાંથી જે કરી દેખાડઆંચ, તેની એક ટીપ શોધ કરતાં હમારે હાઠ સાંપડેલી હેઠલ જાહેર કીધાથી તેમની કીરતીમાં વીશેસ વધારો થાતો દેખાઈ આવેછે.

૧૨૦૫ મા, શેઠ ફરાંમજી કાવસજી બનાજી તથા સર જમશેદજી જીજીભાઇની સંગાથે પોતે સાંમેલ રહીને મુંબઈમાં ગરીબ નાવારેસ જરથોસતીઓના છોકરાઓને જંદઅવસતા શીખા-ડવા માટે પેહલવેહલી ચાલુ કીધેલી મકતબના ખરચ સારૂં પોતાની તરીજી પાંટીએ આપેલા	૩,૦૦૦
૧૨૦૫ મા, રોજ ૧૭ મો માહ ૬ ઠો શેહનસાહીએ માટે કોલાબે બંધાવેલી દરેમેહરના પવીતર મકાંણની અંદર આતસ આદ-રાંણને તખતનસીન કીધા તેના બાંધકાંમ ઉપર ખરચેલા	

તથા તેની જાયુકની જાલવની માટે અલાહેધા કાહડેલા મ-
લીને કુલ.................................... ૫૦,૦૦૦

૧૨૦૬ ના રોજ ૨૪ મો માહ ૧૦ મો શેહેનસાહીએ, સુરત શેહે-
રનાં જરથોસતીઓ એ માંગેઆ મુજબ, તાંહાંનાં ગરીબ
મોબેદો તથા બેહદીનોના છોકરાંઓને જંદઅવસતાની કેલવણી
આપવા માટે એક નીશાળ ચાલુ કરી દીધી હતી; અને
તેની પુંઠે તારપછે ભરૂચ ખાતેબી એવીજ એક નીશાલ
હુંધાડી આપી તેઓ ઉપર આ સાહેબની હઈઆતી તુલીક
દરસાલે થાએલાં ખરચનો એકનદર સરવાલો.......... ૩,૦૦૦

૧૨૦૭ મા, આપણી ટાપુ ખાતે દોખમું* બાંધવાની જારે અગત
જણાઈ તારે અનજુમનમા હુધરાંણાની ફરતી થાએલી ટીપ
અંદર આ શેઠે ભરી આપેલા ૨,૦૦૦

આ સાહેબે સખી દીલથી બીજાં ઘણાંક ધરમ ખાતાંઓમા ના-
ણાની રકમો ભરી દીધા ઉપરાંત, ગુપત રીતે લોકોને જે
આસરો આપેઓ હતો, તેની ચોકસ ટીપ તો હાથ લાગી નથી,
પણ તેમનાં ઉદાર મણનું માપ તપાસનારાઓની અટકલથી
જે સંખીઆ જણાઈચ તે કરતાં તો ઓછી નહીંજ હશે.. ૪૪,૦૦૦

જુમલે રૂ ૧૦૨,૦૦૦

એ ઉપરાંત બીજાં નેકનાંમીનાં ઉતંમ કાંમો આ શેઠની સાહેતાથી જે બનીને પાર ઉતરેઆંછે, તેઓ માંહેલું એકતો સુરત તથા બીજાં દેશાવરોના રેહવાશીઓને મુંબઈ આવતાં, તથા મુંબઈથી દેશાવરો તરફ જતાં ખુસકી મારગપર ચોરોના દરોરાની, તથા મુસાફરીની અતીઅંત મુશીબત ગુજરતી હતી; અને જલ મારગે સડવાલાં ગાંમઠી બારકશોમાં ફરતાં દરીઆવનો મોટો ડર રાખવો પડતો હતો, તેટલા માટે એકસોથી વધારે માઈલને છેટેની આવણજાવનમાં લગભગ એકથી બે અઠવાડીઆં ભાગતાં હતાં, તેમાં સવલ કરી આપવાની ભલી કોશેસથી બીજા શેઠીઆઓની સાંમેલગીરી મેલવીને "સ્ટીમ નેવીગેસન કુંપણી" નો એક વરગ હુભો કીધો; અને તેને આધારે "સર જેમ્સ રીવટ કેઆરનાક" નામની એક આગબોટ બંધાવીને ઇશવી સને ૧૮૪૧ થી સુરત તથા ગુજરાત જીલ્લાના બીજાં બંદરો ખાતે પેહલવેહલી ફરતી કીધી હતી. આ કાંમથી સઘલી વરણના સફરીઓને વખત તથા ખરચમાં ઘણોક ફાએદો થયો, એટલુંજ નહીં પણ શેહલ રીતે એકથી બીજે ઠેકાંણે જવા આવવાની સારી જોગવાઈ સરવેને મલતી રહી; અને બીજું એકે પરજાની સગવડ માટે

* બાંધવા ધારેલાં દોખમાંનુ કાંમ મરહુમ શેઠ કાવશા બીસનીએ માથે ઉઠાવીને, પોતાને ખરચે સમપુરણ કરી આપેઆથી તે વખતપર ઉભી થએલી રૂપીઆ ૯૦,૦૦૦ ને આસરેની થાપણ પંચાએતની પુંજીના રાખનદારો પાશે સચવાઇ રહેલી સાંભલવામા આવેછે. નો૦ લે૦

બીજા સખશોને પાંતીમાં રાખીને છેક વેલાત વેરથી મંગાવેલા "સાઈગ મીસીન" નાંમનો બાફ્નાં બળથી કરાઈ લોકોની મદદ વીનાં લાકડાંઓ મધેથી પાટીઆં, તથા પેહડીઆં વગરે ઘણીજ સફાઈ તથા સેહલાઈ સાથે એક સરીખાં વેહરાએ તેહવો કરવતીનો સાંચો મજગાંમ ખાતે હેનસાહના ડુંગરની નજદીક એક અલાહેધાં મકાંનમાં ગોઠવાવીને ઇરાવી સને ૧૮૪૩ માં પેહલવેહલો ચાલુ કીધો હતો; અને તે બેહુ કાંમનો વહીવટ આ સાહેબની દેખરેખ હજુર ઘણુંસુધી ચાલેઆ પછે, જોકે પારકે હાથ ગયોછે, તોપણ ગાંઠના ગુરથ પેહલાં રોકીને હાવાં માહભારત કાંમો ચાલુ કીધાં, તે વીશેનું માંન ખચીત કરી એજ સાહેબને હાંશેલ થએશે; અને તે બાબેની કીરતી પણ હજીસુધી કોઈની યાદદાસતમાથી ખીશી નહીંજ હશે.

ઉપરના એકાદા ફકરામા જણાવેઆ મુજબ આ શેઠે અંગરેજી પેહડીઓની દલાલીનુ ઓહોલું કામ પોતાના હાથમાં રાખીને, તેનો વહીવટ ચલાવવા માટે ચારો દીકરાઓને જુદે જુદે ઠેકાંણે ગોઠવી બેસાડઆ હતા; અને તે એટલાજ વીચારથી કે તેમની હજુરમા દરએકને અનુભવ મલે તો, તેવણુની પછે પોત પોતાનો રોજગાર અટોપી લેવાની કશીએ હરકત તેઓને નડે નહીં. વડા દીકરા શેઠ મેરવાનજીને પાછલથી સફરનો શોક ભાવેઆને લીધે, હીંઆંના કાંમમાંથી તેણાને નોખા પાડી ય૦ ૧૨૦૮ ની શાળમા પેહલવેહલા ચીન તરફ મોકલાવેઆ; જાંહાં સહી સલાંમત પોંહતા પછે, તેમના મશીઆઈ ભાઇઓ નામે મી૦ દાદાભાઈ તથા માણેકજી રૂસતમજીની નાંમીચી પેહડી જે ઘણી જાહોજલાલીથી તાંહાં ચાલતી હતી, તેમા ઇ૦ સને ૧૮૪૦ ની શરૂઆતથી એક પંતીઆલા તરીકે તેણાને ગોઠવી આપેઆ; જે બાબેની ખીના તેમના અહેવાલમા અલાહેધી જણાવેઆમાં આવીછે. આ સાહેબને સરવે રીતના સુખ છતાં, જે વાતનુ દુખ એકાએક સોસવું પડશે, તેની ગમખારીની ખીકટ બીમારીએ હેવી તો ભયંકાર અસર નીપજાવી કે, તેમાથી મોકલા થયાને બદલે રોજ ૧૮ મો માહ ૮ મો શેહનશાહી શાલે ૧૨૧૮ ય૦ એ ૬૨ વરસની ઉપર ૧૦ મહીનાને ૧૪ દાહાડા, આ દુનીઆઇ દોરના પુરા કરી શેઠ જીજીભાઈ હજરત જરથોસતની પનાહ પકડવા માટે હકની દરઘા તરફ ચાલી ગયા; અને તે દાહડાથી પારસી ટોલાએ આ પરદુખભંજન શેઠીઓ ઓહી દીધેલો કેહવાયોછે.

બેહસતનસીનની નોબતે પોંહચેલા આ દયાળુ દાતાર શેઠે પોતાના વશીએત નામા અંદર રેહમની નજર પુગાડીને કેહચ કે, પોતીકાં હમદીનો માહેલા જેબી લોકો લાચારી હાલતમા જણાએ તો, તેઓની પરવરેશી કરવા, તથા જરથોસતી ટોલાના ગરીબ બાલકોને કેળવણી આપવાના કેટલાંક ધરમ ખાતાંઓ પોતાની હઈઆતીમા જે ચાલુ કીવેલાં હતાં તેના સંભાલ સારૂં, અને તે ઉપરાંત બીજો કોઈ ઉપીયોગી ધરમ તેમના વારેશોની નજરમા રૂડો દેખાએ તેમા વાપરવા માટે પોતીકી શાકમાઈની પુંજીમાથી સખીતબેપણે રૂપીઆ બે લાખ અલાહેધા કાહડીને તેની ઉપજમાથી તેહવાં ખાતાંઓનો વહીવટ ચલાવવાની મુખતેઆરી પોતાના બધા દીકરાઓને વંશસપરંમપરા જે સોંફીછે, તે બાબે તા૦ ૧૭ મી મે

૧૮૪૯ ના "મુંબઈ સમાચાર" નામના ગુજરાતી વરતમાન પતરમા જણાવેલી ખીનાને એક સનદ તરીકે નીચે નોધી લઈએછે:—

"એ સવરગવાશી ગરહસથની ઉઠમનાની કીરીઆ થઈ તે વખતે એ
"મરનારના પુતને વાસતે ધરમ ખાતે આપતી કીધેલી મોટી રકમનુ એક કા-
"ગલીઊં પારશી પંચાએતના મેતા અરદેસર દાદાભાઈએ મીજલસમા વાંચી
"સંભલાવેઊં, તે ઉપરથી જાણેઆમા આવેઊંચ કે, એ સવરગવાશી ગરહસથ
"દુખી, દલીદર તથા લાચાર માણશોની મદદ અને દાદને વાસતે રૂપીઆ બે
"લાખની એક મોટી રકમ પોતાના વશીએતથી ધરમ ખાતે મેલી ગયાછે **
"એ મરનારે પોતાના વશીએતથી આપેલી રકમના તરસટીઓ પોતાના છોકરા-
"ઓને ઠેડવેઆછે; અને તે પુંજીનુ વીઆજ જે ધરમના કાંમોમા ખરચેઆમા
"આવે, તે કાંમોના વહીવટ ઉપર અંમલ ચલાવવાનો અખતેઆર તેઓના
"હાથમા રાખેઆમા આવેઓછે; અને વીઆજની ઉપજનો જમે ઉધારનો દર
"વરસનો હીસાબ તેઓના બાપના વશીએતમા ફરમાવેઆ પરમાણે મુંબઈની
"પારશી પંચાએતના અધીકારીઓમાથી હરેક ૪ ગરહસથોને દેખાડવામા આવશે."

આ મરહુમ શેઠની સખાવત સારૂં અલાહેધી કાહડેલી ઉપલી રકમની કીંમત પોસાતી એક મોટી હવેલી જે કોટમા હારંબી રો તથા મેડોસ્ત્રીટની વચે ઉભેલીછે, અને જેમા "બોમબે બરોડા તથા સેંટરલ ઈંડીયા રેલવે" ખાતાંની આફીસ તથા તેવનાએ બીજી દુકાંણોછે, તે મકાણની બધી ઉપજ ઘણા વરશો સુધી વગર ઉપીયોગે વધેઆ કીધી, તેનુ પરીણામ પાછલથી રૂડું નીપજાએલું જે ભરોસા ભરેઊં સાંભલવામા આવેઊંછે, તેની નોધ મોટા હરખથી હીંઆં સમાવી રખીએચ.

૧૨૩૪ મા, રોજ ૧૩ મો માહ ૨ જો શેહનશાહીથી પરેલ ખાતે સઘલી વરણના છોકરાઓને ગુજરાતી મરાહઠી તથા અંગરેજીની કેળવણી આપેઆ ઉપરાંત જરથોસતીઓના બાલકોને જંદ અવસતાખી શીખાડવાનુ જે શુરૂ કીધુંચ તે ઉપર દર માશે રૂ૧૦૩ નો ખરચ અપાતો આવેછે.

૧૨૩૪ મા, રોજ ૧૯ મો માહ ૨ જો શેહનશાહીથી ભીંડીબજાર ખાતે સઘલી વરણના છોકરાઓને ઉપર મુજબની કેળવણી આપવા માટે ચાલુ કીધેલી નીશાલ ઉપર દર મહીને રૂ૧૬૧ નો ખરચ થતો સંભલાએછે. આ થેકાંણે મરહુમ શેઠે પોતાની હઇઆતી સુધી હેવું ધરમી કાંમ જે કીધું હતું, તે હવડાં પકા પાયાપર મુશતકીમ રાખેઊંછે.

૧૨૩૪ મા, ભરૂચ ખાતે પરથમ એજ શેઠની સખાવતથી એક મુસારેદાર મોબેદની આગેવાંનીમા જરથોસતી છોકરાઓને જંદ અવસતા શીખાડવામા આવતી હતી, તાંહાં આ શાળથી જાથુકની નીશાળ કહડાવી દીધી, તે ઉપર દર મહીને થતા ખરચની સંખીઆ રૂ ૬૭ ની કેહવાએછે.

૧૨૩૯ મા, રોજ ૧ લો માહ ૧૧ મો શેહનશાહીથી ખેતવાડી ખાતે જરથોસતીઓના છોકરાઓને જંદ અવસતા શીખાડવાનુ કામ આ મરહુમ શેઠના વખતથીજ ચાલતું હતું, તે ઉપરાંત તાંહાં સઘલી વરણના છોકરાઓને દાખલ કરીને ગુજરાતી, મરાહઠી તથા અંગરેજીખી શીખાડવાનુ કાંમ

પુખત પાયા પર લાવી આપેલછે; અને તે મકતબને માથે દર મહીને રૂ૯૧ નો ખરચ જારી રહેલોછે.

૧૨૩૯ મા, રોજ ૧૫ મો માહ ૧૨ મો શેહનશાહીથી કોટ ખાતે જરથોસતી મોબેદોના ફરજંદોને, ખુરદેઅવસતા, ઇજસને, વંદીદાદ, વીશપરદ તથા બાજધરના વીગેરે શુધ ઉચારથી શીખાડવા, તથા તે ઉપરાંત ગુજરાતી ભારાની કેળવણી આપવા માટે એક નીશાળ, જે પરથમ તેમની હઈ-આતી વખતે તેમના ખરચથી ચાલતી હતી તેનુ મંડાંન હીંઆથી મજ-બુત પાયા પર બેસાડી આપેલી, અને તે ઉપર દર મહીને રૂ ૧૦૧ નો ખરચ રાખવામા આવેઓછે.

એ ઉપરાંત કેટલાંક દેશાવરો ખાતેના ગરીબ જરથોસતી બાલકોને જંદઅવસતા શીખાડવા માટે એકકો મોબેદ મુસારેદાર રાખેઓછે તેની વીગત:—

ગોપીપરા ખાતે મોબેદને રૂ ૫	રાંદેર ખાતે મોબેદને .... રૂ ૫
મોરા શુમારી .. ,, .. રૂ ૫	શીંગનપોર .. ,, ... રૂ ૬
એલાવ ...... ,, .. રૂ ૧૫	શીઓતપુરી (નૌશારીની નજદીક) .. રૂ ૭

આ છ ઠેકાંણાની નીશાળમા પઢાવનારને માતરે દર મહીને જે પગાર મલેચ તેની સંખીઆ રૂ ૪૩ ની થાએછે.

ઉપર જણાવેલાં કેળવણી ખાતાંઓને માથે, આ શખી શેઠની સખાવતથી દર મહીને ખરચાતી રકમનો સરવાળો લેતાં, વરશે દાહડે રૂ ૬,૦૦૦ ની લગરીક ઉપર થવા જાએછે; અને તે ઉપરાંત મુફલેશી હાલતમા આવેલા કેટલાકોને પગારો પોંહચતા થાએચ તથા કોઇકોઇનો મોહોત ખરચને મદદ મલેચ, અને તે ઉપરાંત કચકંઇનો બચાંઓને પરણુવા માટે હવડાં જે અપાતું રેહચ, તેનો અડસટો રૂ ૪,૦૦૦ નો અટકલીએ તો બધા મલીને દસ હજાર રૂપીઆથી મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇનુ નેકનામ સજીવન રહેલું સહમજવું જોઇએછે.

આ મરહુમ શેઠના વશીએતનામા અંદર એક ફકરો હેવોબી લખાએલો કેહવામા આવેછે કે, અલાહેધી કાહડેલી ઉપલી થાપણુની ઉપજમાથી, ફરમાવેઆ મુજબના ધરમ ખાતાંઓ સારી રીતે સાચવતાં જે કાંઇ વધારો રેહ, તે ચારો ભાઇઓ સરખે હીશે વેંહચી લીએ. આ વાત જો સાચી હોય તો, જે બાબે આ મરહુમ શેઠીઆએ પોંહચાડેલી આકેબતની દુરઅંદેશી ઉપરથી હેવી સહમજ ઉઠેચ, અને તે વલી હાલને સમે વાજબી પણ વીચારી શકાએચ કે, તેમના સઘલા વારેશોને સરખી રીતે સારી પેઠે આપીને શુખી કરી ગયા છતાંબી, તેઓ માહેલા જેબી સખશો પાછલથી ધરેહની ગીરદેશીમા ફશી પડે-લાઓનુ સંકટ સાચવવા સારૂં, હાવાં ખાતાંઓમાથી બચેલી રકમ તેઓને અતી ઉપીયોગી માલુમ પડતી હશે.

આ ધરમ ખાતાંનો વહીવટ કેળવણી ખાતાંના ડુપીઉટી ઇનસપેકટર મી॰ જાંગીરજી હોરમજજીના સેકરેટેરીપણા હેઠલ ય॰ ૧૨૪૦ થી જે ચાલુ થયોચ, તે ઉપરથી આશેઆ બાંધવાને બની આવેચ કે, તે કાબેલ ગરહસથની ભલી કોશેસથી સઘલાં શુભ કાંમો સારી રીતે સચવાઇ રેહશે.

શેઠ મેરવાનજી જીજીભાઈ.

મુગા ખાનદાનનો ઉપલો નબીરો મરણ પાંમેઆં પછે, આ મથાળે જણાવેલા શેઠ સરવેથી જે વડા ગણાયા હતા, તેમનો જનમ રોજ ૨૫ મો માહ ૧૧ મો શેહણશાહી શાલ ૧૧૭૮ ય૦ એ થયલો જાણવામા આવેઓછે. કુદરતી વયથીજ સાધારણ કેલવણી પાંમેઆ પછે, સહમજમા આવેઆ તારથીજ પોતીકા પીતાની પક્ષમા સમાઈ રહીને, તેમના રોજગારની વલાણપર સારી નેધાહ પોંહચાડતા હતા. આ શેઠને જારે જલમારગની સફરનો શોક ઉસકેરાયો, તારે મરહુમ શેઠ જીજીભાઈએ હીંઆંના વહીવટમાથી તેમને નોખા પાડીને ૧૨૦૮ મા ચીન ખાતે રવાંણે કરી દીધાં; જાંહાં પોંહચેઆ પછે પોતીકા મશીઆઈ ભાઈઓ નામે મી૦ દાદાભાઈ તથા માણેકજી રૂસતમજીની તે વખતપર ચાલતી જાહોજલાલી ભરેલી નાંમીચી પેહડી ખાતે વેપાર વહીવટના સંબંધમા ૧૨૦૯ ની સરૂઆતથી એક પંતીઆલા દાખલ લાગુ પડેઆ, અને તે દાહડાથી પેહડીનું નામ મી૦ દાદાભાઈ તથા માણેકજી રૂસતમજીની કુંપનીની અટકપર રાખવામા આવેઉં.

ચીનમા લગભગ ચારેક વરસ ગુજારીને ૧૨૧૩ મા પેહડી ખાતાંના બીજા ભાગીયાઓની ગેરહાજરીને લીધે, તાહાંના વહીવટની મુખતેઆરી મી૦ ધનજીભાઈ બેરાંમજી રાંણા તથા દાદાભાઈ બેરાંમજી બનાજીને શોંફી પોતે પણ મુંબઈ તરફ આવી રહેઆ.

મજકુર પેહડી અસલથીજ સારા પાયાપર ચાલતી હોવાને લીધે, તેનો કારોબારબી અતી બોહલો ફેલાવો પાંમેઓ હતો; પણ ખરૂંછે કે કોઈનુબી ભાએગ સદાકાલ પાએદારી સાથે ઉસતવાર નહી રેહવાના ઘણા સબબો જે સહમજાએછે, તેહવા સંજોગથી પેહડીના વડા શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજી જે મુંબઈમા હતા, તેનાની આંટ ઉપર ય૦ ૧૨૧૭ મા એકાએક ગજબ આવી પડેઓ, તારે તેની વરાર છેક ચીન સુધી જઈ પોંહતી હતી.

હીંઆના હુમલામાથી ચીનની પેહડીને સાચવી રાખવાની આશેઆ પર આ શેઠ મેહરવાનજી તેજ ટાંકણે તતકાલ તાંહાં ગયા, પણ દલગીરી સાથે જોવામા આવેઉં કે, તે તરફનો વહીવટબી નાદારીની હાલતમા થઈ પડેલો હતો; અને તમા વલી હીંઆંની માઠી ખબરે તેનો અંત હેવો આણેઓ કે, તેને ઉભી રાખવા ધારેલી કોઈબી ઈઉકતી પેસ પડીજ નહીં; કારણ કે માગનારાઓના તકાદા એવાતો તરાતરી પર ચહડી આવેઆ કે, તે માહેલા એક સખશે ફરીઆદી માડીને મેલવેલાં હોકમનામાની ખુબીથી તે પેહડી ખાતાંની મીલકતો વેચાવી સઘલું લેણું દોકડે પાએકે વસુલ કરી લીધું; અને બીજી ઘણીક બાબદોમા આ અશીલ શેઠીઆંને અનેક તરેહની વીટંબના જે નડેઆ કીધી, તે વીશેની માઠી ખબર જારે તેમના સરીમંત પીતાને થઈ, તારે ચીન ખાતાંની પેહડી ઉપર તાંહાંના તથા મુંબઈ તરફના બીજા માંગનારાઓ

સાથે દેવાંનો હસાબ ચુકતે રૂપીઆનો અરધો આપીને તેઓના દાવાનો પતાવસ કરી પોતીકા પેઆરા દીકરાને દેનદારીના દબાણમાથી મોકલાસતો પમાડી, પણ કોઈબી વખતે સવપણે નહી ધારેલી વાત એકાએક એવીતો એબીઠી થઇ કે, એક તરફથી દીકરાને દુખી હાલતમા આવી પડેલો જાણેઓ, અને વલી બીજી તરફ અતરેની કેટલીક અંગરેજી તથા ગાંમઠી પેહડીઓ બુઠી પડ- આથી તેનાની મોઠી દોલત જે દુબત ખાતે બરબાદ ગઈ, તેના જબુન દરદે તેમની જીંદગીનો અંત આંણેલો કેહવાયોછે.

બાપના મરણ ટાંકણે આ શેઠ મેરવાંનજી પેહડી ખાતાંના ફેસલા માટે ચીનમા ગોવાઈ રહેઆને લીધે, પોતીકા પરતીપાલ કરનાર મુરબીના અશોરવાં- ણને શેજદો વઠીક કરવામા નાસીપાસ થયા હતા; અને આવી નાખુસ ખબરે તેમના જીગરમા એવોતો ધાહ ચોએઓ હતો કે, તેના જખમથી થોડુંક સુધી પોતાની જીંદગીબી તેનાને અકારી જણાઈ હતી; કેમકે ખોવાએલી દોલત તો ઉદીયોગ કીધાથી કદાપી પાછીબી આવશે, પણ પાલી પોશીને પરીતી લગાડી ગયલા આવા સરીમંત બાવા, આ દુનીઆંમા તેમને હવે નહીં મલવા વીશેનો વતવતો કરતાં, આ નોધ લેણારે તે વખત પર ચીનમા, અને તાંહાંથી તેમ- નીજ સાથે ય૦ ૧૨૧૮ મા ઉતારૂ દાખલ મુંબઈ આવતાં સુધી આગબોટની આખી સફરમા તેનાને જોયા હતા; અને તે વાત હમારેથી હજી તુલીક ભુલી જવાઈ નથી.

આ શેઠની કારકીરદીમા ઉપર જણાવેઆ મુજબના થોડાંક સુખની સાથે દુખ જોવા સીવાએ, બીજી વધારે કોઈબી કેફીએત દાખલ કરવા લાએક પર- એઆત થયલી સાંભલવામા આવી નથી; માટે એટલીજ વાતની સમાપતી ઉપરાંત તેમની જીંદગીના અંત વીશે જાહેર કરીએચ કે, ચીનથી આવેઆ પછે પોતાના વાહાલા ભાઈઓના એખલાસમા રૂડી વરતણુંકથી સમાઈ રહીને થોડાંજ વરસ આસાએસમા ગુજારેઆં, તેટલાં નાપેકાર કાલેરાની ચુંગાલે એકા- એક ગુલબો કીધાથી, રોજ ૧૬ મો માહ ૩ જો શેહણશાહી શાલે ૧૨૨૩ ય૦ એ પોતાના જનમથી ૪૪ વરસ, ૩ મહીના, અને ૨૭ દાહડાની ભર જવાંણી વયમા પેઆરાં પરીવારો તથા દોસત આસનાઓની મોહબતમાથી છુટા પડીને પોતીકા પીતાની પક્ષમા જઈ બેઠાછે.

શેઠ બમનજી જીજીભાઈ.

મરહુમ મી૦ મેરવાનજીથી ઉતરતા બીજા ભાઇનું નામ જે મથાલે જણા- વેલેચ, તેવણ રોજ ૨૮ મો માહ ૬ ઠો શેહણશાહી શાલે ૧૧૮૨ ય૦ એ જનમ પાંમેઆ હતા. આ શેઠીઆની સાથે હમોને બચગીના વખતથી પડેલી પીછાં- ણતનો સબબ, ઘણું કરીને ગુજરાતી તથા અંગરેજી શીખવા માટે એકજ નીસાલે તથા સકુલે જઈને, તાંહાં એક બીજાના જોડીઆ થઇ રહેઆને લીધે

હતો; અને તારથીજ હમો જોતા આવેઆચ કે, સઘલાઓની સાથે તેમની અશીલાઈ, મીલનસારી, રેહમદેલી અને સભીઅતા પણાની કીરતી જે ચાલુ હતી, તેમા તેમની ઊમરના વધારાએ વીશેસ દેખાવ દીપાવેઓ હતો; પણ જારનાં સનસારને અરથે એક બીજાથી હમો છુટા પડઆને લીધે, જેકે તેમની મુલાકાતનો સંબંધ સચવાઈ નહીં રેહવા છતાં, લાંમબી મુદતે જારેબી એક નજરે થતા, તારે તેમની અસલી ખુબીમા કશીએ ખાંમી હમારા જોવા તથા જાંણવામા આવતી નોહતી. આ વાતતો હમો વચેની ખાંનગી હોવાથી જાહેરાંતમા નીરઉપીયોગી કેહવાય, પણ તે ઉપરાંત આપણી વસતીના ઘણાક સાહેબોએ હરેક બાબદ સર તેવણ સાથે વેહવારની રાહે કાંમ પાડતાં તેમની લાએકાત વીશે રૂડી પેરે ખાતેરી કરી લીધેલીજ હશે; માટે તેની અંદર આટલી હમારી ખાનગી બાબદ ભેલાએલી જો વાજેબી ગણાશે તો તેનાની ભલાઈ પણાની શોચનાને વીશેસ ટેકો મલલો સહમજી હમો સંતોસ પાંમીશું.

બાપની હઈઆતી સુધી તો તેમના ઓહોલાં કાંમમા પલોટાઇને એવો અનુભવ મેલવી લીધો હતો કે, તેમની વટી બીજા તરણ ભાઇઓની સાથે સંપજથી સાંમેલ રહીને વહીવટ ચલાવવામા અછી ચલાકી વાપરઆથી, વેપારીઓના પેહલા વરગમા ગણાવા લાગા; અને તેમના મરણ પછે તો કુદરતે સરજેલા સંજોગ પરમાણે વારસામા તેમને હીશે આવેલો દઇવત લઇને એક સવતંતર શોદાગરની મુઆફેક પોતીકે નામે વેપાર રચીને સારી આબરૂ મેલવતા રેહેઆ. વડા ભાઈના મરણ પછે પોતાના કુટંબીઓમા મોટાઈનુ માનબી એજ સાહેબને એનાયત થયું હતું.

આ સાહેબ જરાથોસતી કોમના હોવાથી તે મજહબ ઉપર એટલા તો ચુસત હતા કે, તેવણના મરહુમ બાવાએ મોટે કોલાબે બંધાવેલી દરેમેહરમા દર માશે જસણો કરાવીને તાંહાં ઘણાક હમદીનોનો મેલાવડો મેલવતા હતા; અને તેથી કરી ઘણા લોકોને શેજદા કરવાની સારી તક મલેઆ કીધાને લીધે, સાંભલેઆ પરમાણે તેઓનો પગદંડો તાંહાં હજી સુધી જાથુક રહેલોછે.

હાવાં નેકી ભરેઆં કાંમની ખુબી ઉપરાંત, તેમનુ ડાહાપણબી વીશેસ દેખાતું રહેઆથી, ઘણાક વરસો થયાં આ શેઠ પારશી પંચાએતના એક ખાસ અકાબરને દરજ્જે પોંહતેલા હતા; અને તે સાથે સુલેહના અમલદારોની સંફમા પણ તેવણનુ નેક નામ બીરાજેલું જોવામા આવતું હતું.

શેઠ બમનજીની જાહેર સખાવત જોકે હસતીમા જાહાજી માલુમ પડી નથી, તોપણ તે વીશે જેટલી વાતો જણાઈ આવીચ, તેની વીગત નીચે દાખલ કરીએછે:—

પરેલ તરફની જુદી જુદી જગોએ, તથા માહીમ જવાના રસતા પર પરજાને પીવાનુ પાણી જાથુક મલવા માટે મજબુત ટાંકીઓ બંધાવી આપી, તથા કેટલએક ઠેકાંણે કુંવારાઓ મેલાવીને શેહર સુધરાઈ ખાતાંના સંભાલપણાને સપુરદ જે કરી દીધું, તે ઉપર ખરચેલા કુલ ૬,૦૦૦

ઇરાંન તરફના જાલમ દુકાલનુ દુખ બંમતા તાંહાંથી નીકલી આવેલા સેંકડો લાચાર જરથોસતીઓ, જે ચોપાટીની ધરમશાળામા આવી રહેઆ હતા; તેઓના ભોજન માટે એ લોકોના વહીવટદારો પાસેની પુંજી પુરતી નહીં જણાયાને લીધે, રોજના ચાલુ ખોરાક સારૂં દર મહીને રૂ ૧૦૦ ની રકમ એક વરસ સુધી પોંહચતી કીધી તેના ૧,૨૦૦

એ માહેલી છેલી બાબદ વીશે એવું કેહવામા આવેછે કે, કબુલાત મુજબનો ખરચ મોકલાવેઆને છએક મહીના થયા, તેટલાં આ દયાલું દીલના ગંભીર શેઠ બમનજી બે ચાર દાહાડાની માંદગીમા રોજ ૧૪ મો માહ ૧ લો શેહણસાહી શાલે ૧૨૪૧ પ૦ એ ૫૮ વરસ, ૬ મહીના, અને ૨૨ દાહાડાની ઊંમરે પોંહચી આ જાંહાંનમાથી અસબાબ ઉઠાવી મીનોઇ આલમ તરફ ચાલી ગયાને લીધે, જેમ એક તરફથી તેમના પરીવારે પોતાનો પરતીપાલ કરનારા પીતાની ગમગીની હાંશેલ કીધી, તેમજ બીજી બોરદુપર આશેઆવંત ગરીબ ઈરાંનીઓએ દર રોજનો ખોરાક મોકલનારો મદદગાર ખોહવાથી જે હરકત જણાઇ હતી, તે આ મરહુમના નેક બખત બેટાઓએ બાપની કબુલાત, બાકીના મહીના સુધીનો ખરચ તેમની પુંજીમાથી પુરો કરી, પાર ઉતારી હતી.

આ મરહુમના ઉઠમનાને દાહાડે કીરીઆનું કાંમ કરી રેહેઆ પછે, મીજલસની હજુરમા જાહેર થયા મુજબ હેઠલ જણાવેલાં ધરમ ખાતાંઓની મદદ સારૂં સઘલા મલી રૂ ૮,૩૫૧ ની જે રકમ ઉભી કીધી, તેમા ૫૦૦૦ એજ શેઠની ખાસ પુંજીમાથી લીધા; અને બાકીના ચાર દીકરાઓ ઉપરાંત તેટલીજ વહુઓ, વીધવા, દીકરી, તથા બેહનો વીગેરેના કુટંબીઓએ તેમા આપેઆ હતા.

આ મરહુમ શેઠ કેટલીક મુદત થઈ ઉદવારા ખાતે વસનારા આંધલા તથા પાંગલા ગરીબ જરથોસતીઓની પરવરેશી માટે પોતાની હઇઆતીમા જે મુસારો પોતે આપતા હતા, તે કાએદો કાએમ રાખવાના હેતુથી રૂ ૪,૦૦૦ ની સરકારી ટકા ૪ વાલી નોટ લઇને બેહેસતબેહરે શેઠ જીજીભાઇ દાદાભાઈના ધરમખાતાંની પુંજી જાલવનારા રખેવાલ સાહેબોના સવાધીનમા સોંફી આપીને તેના ઉપજતાં વીઆજમાથી તાંહાં જાથુક મોકલવાની તેઓને તાકીદ ફરમાવેલીછે તે થાપણના................... ૪,૦૦૦

મુંબઇમા મરણ પાંમતા જરથોસતીઓના રવાંણોને અવલમંજલ પોંહચાડવાની થાપણ ખાતે નોટ રૂ ૧૫૦૦ ની ટકા ૪ વાલી તેના વહીવટદારોને ઉપલી સરત મુજબહવાલે કીધીછે ૧,૫૦૦

મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈને નામથી મુંબઈ ખાતે ચાલતી જરથોસતી છોકરાઓને ધરમ ખાતે જંદઅવસતા શીખાડનારી નીશાળની પુંજી રાખનારાઓને રૂ ૧૦૦૦ ની ટકા ૪ વાલી નોટ આપીને હેવી ફરમાસ કીધેલીછે કે, તેના વીઆજમાથી જે વી·

દેઆરથી ઘણો ચંચલ નીવરે તેને આ મરહુમ શેઠને નામથી ઇનામ આપવું	૧,૦૦૦
જુદાં જુદાં નવ ધરમ ખાતાંઓની મદદ માટે વેંહચી આપેલા....	૧,૮૫૧

સખાવત ખાતે જાહેરાંત અપાએલા સઘલા મલીને કુલ રૂપીઆ ૧૫,૫૫૧ જે થયા, તેની અંદર આ મરહુમ શેઠની પુંજીમાથી તો માતરે રૂપીઆ ૧૨,૨૦૦ માલુમ પડ્આછે; અને તે ઉપરાંત તેમની હઇઆતીમા છુપી રીતે કોઇને કાંઇ આપેલું હોએ, તેની ચોકસ ખબર જાંણવામા આવી નથી.

શેઠ શોરાબજી જીજીભાઇ.

શેઠ જીજીભાઇનાં આ તરીજા બેટાનો જનમ રોજ ૩ જો માંહા ૮ મો શેહણશાહી સાલ ૧૧૮૯ ય૦ એ થાએલો જણાયોછે. આ સાહેબેબી બાપના બોહલા વહીવટમાં બચપણથીજ પરોટાઇને વેપારનાં કાંમની સારી સહમજ મેલવેલી હતી, અને તેટલાંજ કારણસર સઘલા ભાઇઓ તે વખતમા એકેકથી સરસ ગણાતા હતા. બાપની હઇઆતી બાદ જોકે વારસામો આવેલો દઇવત સઉએ સરખે વાંટે વેંહચી લીધો, તેમાં તો કાંઇબી વધ ઘટ થાઇજ નોહતી; પણ આ સાહેબ નસીબનાં એવાતો નાંઘલા નજર આવેઆ કે, સાંભલેઆ પરમાણે, રોજગાર ધંધામા જોઇતી સાહુચેતી વાપડીને નીતીની રાહને બનતી કોશેસથી આધીન રહી ચાલેઆ છતાં, દોલતે દોરાતી રાખેઆ પછે થોડીજ મુદતમાં એવાતો જબરો દગો દીધો કે, તે બાબેનુ કશુંએ વરણના હીઆં વીસતારી સકાતું નથી. આ શેઠીઆ પાશે જે જે અંગરેજી પેહડી ખાતાંની દલાલીનું કાંમ જારે આવેલું, તારેતો તે ઘણાજ મજબુત પાયાપર ચાલતી જણાતી હોએઆને લીધે, તેની સાથે રાબેતા મુજબ નાણા સંબંધી બોહલો વહીવટ નીરભએ પણે ચાલુ રાખેઓ; પણ તેમાં બીરગસતે બખતની તાસીર એવી નીવરી કે, તે સધર જણાએલી પેહડીઓ ખુટી પડ્આના જબરા આંચકા સાથે, પોતીકા બીજા ખાનગી વેપારની મોટી નુકસાંણીએ તેનાને એવા તો ઊંચકી નાંખેઆ કે, તારં પછે ખોએલું નાંણું પાછું હાથ કરવાના અણેક ઉપાએ શોધેઆ, પણ સારૂં ભાગ્યેગ તેમની પાશેથી રૂસાઇને જે એકદમ રૂખસત પાંમી ગએલું, તેથી આ અસરાફ શેઠીઆની નેક મુરાદ કોઇબી રીતે બર આવેલી જણાઇ નથી. સારાં કુટુંબ માહેલા આવા એકમારગી શેઠીઆને માંઠી હાલતમાં રહેલા જોઇ મુંબઇની સઘલી પરએઆત મંડલીઓમાં ભારે ઉદાશી પેવસ થાએલી કેહવાએછે, પણ તે માહેલા કોઇબી સાહેબો પડી ગયલાનો હાથ પકડી તેનાને પાછો ઉઠાડી સકેઆ નહી, એ વીશેસ વીલાપ કરવા જોગ વીચારી પરમકીરપાલુ પરમેશાવરની દયા તેમને માટે અંતકરણથી ચાહીએછે.

શેઠ બેરાંમજી જીજીભાઇ.

હવે આ હકીકત જેનાની લખાએચ—હરફેની હારેમા હીરા નખાએચ.
જે નરને જો કોઈ ના ઓળખતું હોએ—તો ખુશીથી તારદેવપર જઇને જોએ.
છે મુંગાના આનદાંનનો ચોથો નબીરો—શાકરમી જીજીભાઈ શેઠનો વીરો.
ફતેહમંદ પાંમેઓછે બેરાંમજી નામ—રેહછે તે ઉપર જણાવેલે ઠામ.
જેને કીરતારે ચાહીને પસંદ કીધો—આ જગમા શોભાવંતો જનમ દીધો.
શાકરમીના લીધાંછે શુભ લક્ષણ—દયા, મયા, ને સત્ય વચણ.
જે જાુલવીને પાશે સદા રાખેછે—રશીલાં ફુલનો સવાદ ચાખેછે.
જીવતર આ જગમા તેનુ પરમાણ—નેકનાંમીથી પરજામા પાંમે જે માણ.
સખાવતખી તેહવાજ નર ઘર સોભે—જાંહાં લક્ષમીખી તાબામા રહીને થોભે.
કેળવણીને જેથી ઉતેજન મલે—તે સાથે દરદીની પીડા ટલે.
જે કાંમોથી સદા તે રેહછે મઘણ—સખાવતી પુનના મેલવી સગણ.
વરગ જે સરીમંતની સફનો પેહલો—દાનાઇથી મેલવીને લીધો વેહલો.
જે કેહવાયછે સુલેહના અમલદાર—તે પછે ખીરાજેઆતા રાજ દરબાર.
"હાનરેબલ"નો એલકાબ ધારણ કીધો—કાંઉનશીલના હાલને સોભાવી દીધો.
થાએછે જાંહાં ધારા બાંધવાના કાંમ—બજાવીને મેલવેઓ પરજામા નામ.
હતી જેમા તેમની ખુબી અપાર—ખોદા રાખે તેમને સદા બરકરાર.
ખુશી દીલથી જીંદગીને ગુજારે સહી—દાદ ગરીબોની પુગારે જીવતા રહી.
આકેબતનો તેમાથી ફાએદોજછે—કુદરતનો એબી એક કાએદોજછે.
તે કાંનુનને સદા જે સાચવી લેશે—જેજેકાર કીરતીને સઉ કોઈ કેહશે.
આશીરવાદ ફીદવીનો તેમને ફળે—આલમનો આવાજ તે સાથે મલે.

૫૦ શાલ ૧૧૯૩ ના શેહનશાહી આદર મહીનાનો મેહર રોજ, એવોતો રૂડો પાએ તલુ થયો હતો કે, તેના શુભ ચોઘડીઆંમા માનવંતા શેઠ જીજીભાઇને તાંહાં, ચેરાગોની રોસની અંદર એક ચોથું કીરણ દીપેઆથી, આ શેઠ બેરાંમજીને જનમ પાંમેઆની વધાંમની એજ દાહાડે આસકાર થઈ હતી.

આટલું તો આપણ જોતા તથા જાંણતા આવીએછે કે, સુખવાશી માબાપના લાડમા તેમના બચ્ચાંઓને કોઈ વાતની મોજ મજાહમા કશી કોતાઈ ન હોયાથી, કેટલીક વાતની છુટ જેઓને જારેખી મલીચ, તારે તેઓ માહેલા કેટલાક પંચીઓ તો શેઆનપતના તરીકાથી વેગલા જણાયાચ ખરા; પણ આ શેઠ બેરાંમજી જોકે સઘલી તરાંહની શુખી હાલતમા હુધરીને મોટા થયા, તાંહાં તુલીક તેહવી કોઇબી માહી ચલગતની અસર પોતા ઉપર લાવેઆવના, બુધી બળનુ વલાણ તેનાએ હેવી રીતે વાપરવા માડેલું કેહવાયુંછે કે, મોજ જોકમાથી ઘણો ખરો અવકાસ ફાજલ પાડીને સંસારના શુખ સારૂં ઘટતા એલાજો સોધવામાં સદા રોકાઇ રેહતા હતા; અને જોઇતી કેળવણી હાંશેલ કીધા પછે, પોતીકા પીતાની પનાહમા સાબેત કદંમ રહીને તેમના રચાયલા રોજગારની રાહ

ઉપર ચંચલ મન લાગુ પડેઆથી થોડાંજ વરસના અરસામા બીજા ભાઈઓ કરતાં સરસ રીતે મોટા મદદગાર થઈ પડેઆ હતા. આ વાતથી બનેઊં હેવું કે એકતો તેમનો બોહોલો વહીવટ સચવાયો, અને બીજું એકે તેમા સારો અનુભવ મેલવી લીધાથી, તેવણના ગુજરેઆબાદ આ શેઠ જારે સવતંતર થયા, તારે કાંમકાજનુ કારખાનુ મોટી બુલંદીએ પુગાડવામા કોઈ વાતની હરકત તેનાને નડીજ નહીં.

વેપાર વણજના કાંમોમા આ શેઠની સહમજ શકતી સરવે મંડલીમા હેવીતો પરએઆત થઈ રહીચ કે, તેને લગતી કેટલીક બેંકો, ફીંનાનસો, વીમાઈ પેહડીઓ, સ્પીનીંગો અને રેલવે કુંપની ઈતીઆદી ખાતાંઓ, આ સાહેબનો આભાર માનતાં આપણી નજર પડેછે. હાવા વહીવટની ઉપર જારથી એવણ ડાએરેકટરપણાનો અમલ ચલાવવા લાગા, તારથી તે જાહેર ખાતાંઓની સ્થીતી સુધરાઈને દરજ્જે પોંહચતાં, તેઓનુ સઘલું કામ સારી રીતે ચાલેઆથી, તેમા ભાગ રાખનારાઓના હકો વગર ધાસતીએ સચવાયછે; અને તેટલા ઉપરથી આ સાહસીક શેઠીઆને તે બાબેની સાબાશી પણ સદા મલતી માલુમ પડેછે.

સેહર સુધરાઈના ખાતાંની હાલત ઉપર દેખરેખ રાખવા માટે, જે હકથી કેટલાક દેશી ગરહસથોને સુલેહના અમલદારનુ કમીસન આપણી સરકારે જે એનાએત કીધુંચ, તેના લાભમા પણ આ મેહરબાંન દીલના શેઠ ઘણા વરશો થયાં લાગુ પડેલા જણાયછે; અને પરજા ઉપીયોગી કાંમોમા જારે તેનાની વપરાતી ચાલાકી વખણાઈ, તારે તે ઉપર નેઘાહ પુગાડીને ધારા બાંધનારી મોટી સભાની અંદર, પારશીઓના હક સંભાલનારા વકીલ તરીકે, આપણી નામદાર સરકારે શાલે ૧૨૩૭ મા એક ખાસ અધીકારી ઠેડવીને "હાંનરેબલ" નો માન ભરેઓ એલકાબ તેનાને બખશેઓ હતો; અને તે દાહાડાથી આ સાહેબ રાજદુઆરી મંડલીમા બીરાજીને તાંહાંની સંફના બીજા સભાસદોને પોતાની બાહોશી દેખાડતાં મરતબામા અતી ઘણો વધારો જે હાંશેલ કીધેલો જણાયો, તે આપણી વસતીના લોકોને ખુરાબખતી પમાડનારો કેહવાયલોછે; માટે હાવા હીંમતવાંન નરની જાહોજલાલી ભરેલી નેમણુક જેટલી મુદત તુલીક તેમા લાગુ રહી તાંહાં તુલીક કેટલાંક રાજદુઆરી કાંમોમાં સવતંતરપણાની આગેવાંનીના બળથી દેશની આબાદી ઉપરાંત પરજાના હકની અછી સંભાલ જે લેવાઈ હતી તેનુ ટુક વરણન હેઠલ જણાવીએછે.

આ શેઠે ધારા બાંધનારી સભામાં બેવાર ઓહધો લઈને ચાર વરસની મુદત તા○ ૯ મી આગસટ ૧૮૭૨ સુધી પસાર કીધો, તેમાં જેમ પરજાની પક્ષ ખેંચવામાં તેમજ એક કાંઉનશીલર દાખલ સવતંતરપણાથી સરકારનો હકબી સાચવીને બેહુની શેવા સારી પરકારે બજાવી દેખાડી હતી. રૂઉમા થતાં કાવતરાંને અટકાવવા સંબંધી ઘડાએલા કાએદાની સાંમણે થઈને દેશી વેપારીઓ ઉપર આવી પડતી જફા વીશે પુરતો બોલાશો સભાના ધેઆંનમા આ સાહેબે બી ઉતારેઓ હતો; અને તેપછે ટાંઉણ ડીઉટી લેવાના ધારાની વીરૂધ બલતવારીથી બાથ લેવામા કાંઈબી બાકી રાખી નોહતી; કારણ કે અનાજ જેહવી ઉતમ

પદારથ જે ગરીબોનુ પોસણ નીભાવનારીછે, તેને માહશુલમાંથી બાતલ કરીને તેને બદલે સઘલી જાતના વેલાતી દારૂ ઉપર કર નાખવાની ભલાંમન કીધી હતી, કે તેનો બોજો ગરીબો કરતાં સકતીવાલાઓએ ઊંચકેલો હરગેજ ભારે કેહવાએજ નહીં; અને તે ઉપરાંત સીટી સરવેના કાએદા બાંધતી વખતેબી પરજાની તરફદારી ખેંચવા ખાતર સભાની સાંમણે મજબુત તકરાર ચલાવી હતી કે, હાવો કાએદો અમલમાં આંણેઆથી તેની રૂહે લોકોનાં ઘેરમાં બેધડક ઘુશી જવાનુ સરકારી માંણસોને ઘણુજ સવલ પડશે માટે તેમાં કાંઈકિ સુધારો કરવા તથા જમીનો માંપવા બાબદમાં મુદત ઠેડવવાની આ સાહેબે સાવધ ઘેઆંનથી બાહોશી બતલાવી હતી; એટલુંજ નહીં પણ શેહર સુધરાઈના નવાં બંધાતા ધારાના ખરડાની વેલાએબી પરજાનુ નાંણું સંભાલપણે વાપરવાની વાત સભાની સહમજમાં પુર બલથી ઉતારી હતી. હાવી રીતના થોડાં પણ અશરકારક કાંમો માટે પરજાને પનાહ આપીને મેલવેલી કીરતી તેનાએ ઉપલી તેરીખે હાવો પવીતર ઓહદો છોડેઆથી ચંદરોકાલ સુધી વખાંણ પાંમતી પરજાની પાસે સમાઈ રેહવી જોઈએ; અને તેવણુની જગેઆ જે સાહેબથી પુરાઈચિ, તેનાઓ પણ પરજા પક્ષની વાજેબી ફરજ અદા કરીને આલમના આશીરવાદ પાંમતા રેહ તેહવી આસા અંતકરણથી ચાહીએછે.

ચાર વરસના અરસામા કાંઉનશીલની અંદર સભાસદોએ બજાવેલા અધીકાર સંબંધી જે અહેવાલ છપાઈને બાહેર પડેઓ હતો, તે ઉપરથી આ હાંનરેબલનાં એલકાબમા તે વખતપર બીરાજેલા શેઠની મનસકતીનુ માપ હેવું માલુમ પડેછે કે, કાંઉનશીલમા બધી મલીને બાર બેઠકો થઈ, તેમા તેનાએ બેવાર ભારાંણો કીધાં, બેવાર નાહની જેવી દરખાસતો ગુજારી, બેવાર બીજા અધીકારીઓના વીચારને ટેકા આપેઆ, અને બેવાર શીલેકટ કમીટીની અંદર લાગુ પડેઆ હતા; પણ આટલી બેઠકોમા માતરે એકજ વખતે કોક સબબથી ગેરહાજર રહેલા કેહવાયા હતા.

ઉપર જણાવેઆ મુજબ આ શેઠે કાંઉનશીલમા બીરાજતા રહીને, પરજા માટે બજાવેલી કીમતી શેવા સંબંધી લેવાએલી નોંધ "મુંબઇ જાંમે જમશેદ" ના અધીપતીએ કાંઉનશીલમાથી મેલવીને તેની નકલ તારીખ ૫ મી સપટેમબર ૧૮૭૨ ના પોતીકાં વરતમાન પતર અંદર જે દાખલ કીધેલી હમારા જોવામાં આવીચ, તેને એક સનદ તરીકે હીંઆં ઉતારી લઈએછે.

"તારીખ ૭ મી આગસટ ૧૮૬૮ ને રોજે પેહલવેહલાં સપત લઈને
"તેની બીજી બેઠક તેજ મહીનાની ૨૮ મી તારીખે જે મલીહતી, તે વેલાએ
"શીતી સરવે"નુ બીલ પેહલી વાર વાંચવા માટે હાંનરેબલ મી૰ એલીશે કીધેલી
"દરખાસતની સાહમને થઇને, તે માહેલી કેટલીક કલમો જે વાંધો લેવાજોગ
"જણાઈ, તે ઉપર એકેક પછે લંબાંનથી તકરારો ચલાવીને પોતાના વીચારો
"કહી સંભલાવેઆ હતા; કારણ કે કલેકટરના ચુકાદાની સાંહમણે આપીલ
"કરવાની કોઇબી છુટ તે ધારામા જે તદન નોહતી, તેની જરૂરીઆત આ
"શેઠીઆએ બતલાવી, તથા જમીનના માલેકોનો હક જલવાએ તેવા અગતના

"ફેરફારો જુદી જુદી કલમોમા કરવા જણાવેલ હતું. આ તેમના વાજેબી
"વીચારો સભામા બાહાલ રહેઆ, તે માટેની નોંધ ૧૮૬૮ ના ધારા બાંધનારી
"સભાના પુસતક પાંને ૧૨ તથા ૧૩ મા લેવાયલી માલુમ પડીછે.

"ટાંઉન ડીઉટીના શંબંધમા બંધાએલા ધારાનુ બીલ હાંનરેબલ મી°
"બેલીએ જારે વાંચવાની દરખાસત કીધી, તે વખતે અનાજ ઉપર નખાતા
"કરોની વીરૂધ એજ શેઠીઆએ પોતાનું મત કહી સંભલાવેલ હતું કે, અનાજ
"જે ગરીબોનો બોરાકછે તેના ઉપર છાપો નખાયાથી, તેઓને ઘણુંજ ખમવું
"પડશે; અને કનીઆં લોકો જગાતના બાહાંનાનો લાભ લઈ તે ઉપર ભાવભી
"વધારે મેલવશે. આ મતને મી° એલીશે જે ટેકો આપેઓ હતો, તે બાબેની
"નોધ ૧૮૬૯ ના ધારા બાંધનારી સભાના પુસતક પાંને ૭૯ તથા ૮૦ મે
"જણાવેલી છે.

"તારીખ ૪ થી અકટોબર ૧૮૬૯ મા થએલી બેઠક વખતે રૂઉની અંદર
"થતાં કાવતરાંનો અટકાવ કરનારૂં બીલ તરીજીવાર વંચાવીને પસાર કીધામા
"આવેલ, તારે પણ તેની સાહમણે આ શેઠે બલતવારીથી બતલાવેલ હતું કે,
"પરજાને પુરતા વખતની ખબર આપેઆવના ધારામા અચબુચ ફેરફાર સાથે
"જે વધારો કાંઉનશીલે કીધેોછે, તે પસંદ કરવા જોગ ડડતો નથી; કારણ કે
"કેટલાંક કાંમો અતાર તુલીક નીરદોસ પણામા ગણાતાં હતાં, તેને હવે ધારામા
"ગુનાહ ભરેઆં ઠેડવેઆંછે; માટે તે લોકોને આ બાબદમા મત આપવા જે-
"ટલો વખત મલવો જોઈએ; અને તેટલા સારૂં આ ધારો તરીજી વાર
"વાંચવાથી બે મહીના થોભાવવો, કેમકે એકવાર તેને પસાર કીધો તો તે મા-
"હેલી ભુલ સુધારવા માટે ઘણું અસુરૂં થવાનું. આ બાબે વધારે મત પડે-
"આથી જોકે તે ધારો એકવાર પસાર તો થયો હતો, પણ તે અંમલમા
"આવેઆ આગમજ છ મહીનાનીજ અંદર નામદાર વાઈસરાએ નામનજુર
"કીધાને લીધે, તે હસતી પાંમેઓજ નહીં. એ સંબંધી તકરારની નોધ સને
"૧૮૬૯ ના દફતરને સફે ૧૭૩ મા વીસતારી જણાવેલી છે.

"ચેઆંમબર આવ કાંમરસ નામની વેપાર મંડલીએ રૂઉની જગાત બાબે
"સરકારને એવી શોચણા જણાવી હતી કે, મુંબઈથી નીકાસ થતા માલ ઉપર
"જે છાપો લેવા ઠેડવેલછ, તેને બદલે જે જે બંદરો તથા મથકો તરફથી
"હીંઆને વાસતે રૂઉ રવાંણે થાએ તે ઉપર જગાત તાંહાંજ લેવી. હાવી ભલા-
"મણ મુજબનો છાપો જો કદાપી તાંહાંજ લેવાયો હોત તો, બંદરો ખાતેથી થતી
"ચહડત ધીલમા પડતે, અને જે જગાઓ ઉપરથી આવતા માલની જગાત
"લેવા માટે તાંહાં ચોકીઓ, અને માણશો રાખવાની સરકારને ફરજ પડતે;
"એટલુંજ નહીં પણ તેના સંબંધમા બીજો વીશેસ ખરચ થાતે. ઉપલી મંડલી
"વાલાઓએ પોતાની ભલામણના ટેકામા એમબી જણાવેલ હતું કે, મુંબઈની
"સપીનીંગો" ઇઆને વનાવટના કારખાનાઓ દર વરશે ૬૦ હજાર ગાંસડીઓ
"ખપમા લીએછે, માટે મુંબઈથી નીકાસ થતા માલ ઉપર જગાત લેવાએ તો
"એટલી ગાંસડીઓની જગાત સરકારને મલશે નહીં; આના જવાબમા, આ

"હીંમતવાન નરે જણાવેઉં કે, મુંબઈના કારખાના વાલાઓ ૬૦ નહી પણ "૫૦ હજાર ગાંસડીઓ બપમા લીએછે, અને ફકત એટલીજ ગાંસડીઓ ઉપર "છાપો મેલવવાને ખાતર ઘણો વાંધો લેવામા આવે. માટે નીકાસ થતાં બંદરો "અને જગાઓ ઉપરથી જગાત લેવી નામુનાશેબછે. એ બાબદમા કેટલીક "તકરારો થવાબાદ આ શેઠની શોચના સભા અંદર બાહાલ રહી હતી, તે બા- "બેની નોંધ કાઉનશીલ રીપોટને સફે ૨૦૫ તથા ૨૦૬ ની અંદર વીસ- "તારી લખેલીછે.

"સરકારી બંદરો ઉપર દસતુરી લેવા બાબેના ધારાને શીલેકટ કમીટી "તપાશી રહેઆ પછે, એ સભા અંદર ૧૮૭૦ ના અકટોબરની ૧૨ મી તારીખે "નીકલેલી તકરાર વખતે આ શેઠ બેરાંમજીએ તેઓને ખોલાશો કરી કહેઉં "કે, ભાડુતી ગાડાંઓ ઉપર દસતુરી લેવા બાબે જે જણાવેઉંચ, તેને ઠેકાંણે "ભાર બરદારી ગાડાંઓ ઉપર લેવાનું દાખલ કરવું જોઈએ. અને તેના દાખ- "લામા હેવી દલીલ દેખાડી કે મુંબઈમા કેટલીક પેહડી વાલાઓ પોતાનો માલ "લાવ લઈજાવ માટે ઘેરના ગાડાંઓ જે રાખી બેઠાચ, તેઓ ભાડુતીનો બોલ "કાએદામા કાએમ રહેઆથી દસતુરીના દબાનમાથી છટકી જશે. આ વાંધો "તેમનો એટલો તો વેઆણ આપવા જોગ વાજબી ઠરેઓ કે, ભાડુતીનો બોલ "જો બાહાલ રહેઓ હોત તો મુકાદમો તથા બીજા લોકો પોતાના ઘર ગાડાંઓ "બનવાવીને દસતુરી આપવાથી સજર બંચી જતે; પણ આટલો ખોલાશો આ "શેઠીઆએ કીધાથી કાએદાની અસલી કલમમા અગતનો ફેરફાર થયો. આ "બાબેની નોંધ તાંહાંના રીપોરટને સફે ૩૪ તથા ૩૫ મા લેવાઈછે.

"૧૮૭૧ ની સાલમા જમન ઉપર કર નાખવા બાબે એક બીલ સભાની "આગલ જે રજુ થયું હતું, તે તદન કહડાવી નાખતાં જો વાજેબી જણાએ "તો તેને બદલે લગણ જેવી સુભ તીરથો પર તેહનો છાપો નાખવાની શોચ- "ણાબી આએજ શેઠે સભામા કહી સંભલાવી હતી; પણ તે ધારો તાર પછે "અંમલમા આવતો અટકી પડેઓછે."

ધારા બાંધનારી પવીતર સભામા આ શાકરમી શેઠીઆએ જેવી ચાલાકી તથા હોશીઆરીથી પરજાની શેવા બજાવી, તેની નોંધ કાઉનશીલના દફતરો અંદર લેવાઈ રહીછે; પણ તે ઉપરાંત આલમ તરફથી તેવાં રૂડાં કાંમોની જે કદર બુજાએલી જાહેરાંતમા જણાઈછે, તે માહભારત ઈઆદીથી આ શેઠની કીરતી સદા પરકાશતી રેહશે તેમા તો કસો સંધે નથી.

જે ઇઆદગારીનો એસારો હમોએ કીધોચ, તેની શાહદતમા આ શેઠે ચાર વરસસુધી કાંઉનશીલની અંદર બીરાજેલા રહીને બતલાવેલી ચાલાકી પસંદ પરતી પીછાંણી જુદા જુદા દેશોની પરજાએ મંમતા ભરેઆં માનપતરો મોકલાવેલાં જેટલાં હમારી જાંણમાં આવેઆંચ, તેની એક ટીપ ઉપજાવી દેખાડીએ છે.

એ માનપતરોમા સરવેથી પેહલવેહલું મુંબઈના રેહવાશીઓ માહેલા મોટા ભાગ તરફથી તારીખ ૭ મી સપટેમબર ૧૮૭૨ ને રોજે હાંનરેબલ શેઠ

નારાયણ વાસુદેવજીની ચીઠી સાથે એક સદગુની પારશી ગરહસથે પુણા-ખાતે તેમને હાથોહાથ પોંહચાડયું હતું.

બીજું—નૌશારી તરફથી જલાલપોરવાલા શેઠ ગોપાલજી રતનજી, તથા બીજા ૯૬ ગરહસથોની સહી શીકે તારીખ ૧૩ મી સપટેમબર ૧૮૭૨ નુ આવેલું હતું.

તરીજું—નૌશારી કશબાથી તારીખ ૨૧ મી સપટેમબર ૧૮૭૨ ઈસવીએ વડા દસતુર માહીઆર કેકોબાદની આગેવાની હેઠલ તાંહાંની જરથોસતી અ-નજુમનની સહીશીકે આવેલું હતું.

ચોથું—અમદાવાદથી તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૭૨ ને રોજે લખાઈ આવેલું રાવસાહેબ બેહચરદાસ અમબાઈદાસની ચીઠી સાથે તેનાને પુણાખાતે જે પુગું હતું, તેમા તાંહાંની હીંદુ માહજણ તથા જરથોસતી અનજુમનની પુરાકળ સહીઓ સમાએલી કેહછે.

પાંચમું—નૌશારી કશબાના મુખીઅ રેહવાશીઓ તરફથી તા૦ ૫ મી અકટોબર ૧૮૭૨ ની તેરીખનુ લખાઇ આવેલું હતું.

છઠું—બેલાવખાતેની જરથોસતી અનજુમને તા૦ ૧૧ મી અકટોબર ૧૮૭૨ ને રોજે મોકલાવેલું હતું.

સાતમું—ભરૂચ તરફથી હીંદુ માહજન તથા જરથોસતી અનજુમને ભેગા રહીને તારીખ ૧ લી નવેમબર ૧૮૭૨ ઇશવીએ મોકલેલું હતું.

આઠમું—સુરત શેહરના વશનારા હીંદુ, મુસલમીન તથા પારશીઓએ એક મતથી મોકલાવેલું તારીખ ૨૫ મી આગસટ ૧૮૭૨ ની તેરીખનુ તાં-હાંના વતણીઓ શેઠ રતનસાહ પેશતનજી વકીલ, પીરોજશાહ શાપુરજી કેમીશરીવાલા, ડોશાભાઈ પેશતનજી ડાકટર, હીરજીભાઇ જીવણજી ફો-જદાર, અને તે ઉપરાંત બીજા ઘણાક ગરહસથો તાંહાં વેરથી તસદી લઇને જે માનપતર લાવેઆ હતા, તે ઘટતા શબદોથી કોતરેલા એક રૂપાના નલાની અંદર ઉતારીને તારીખ ૧૬ મી નવેમબર ૧૮૭૨ ને રોજે આ શેઠને હાથોહાથ પોંહચાડયું હતું.

નવમું—સચીનના નવાબ સાહેબની સહી મોહરશીકેના શીનગારથી તા૦ ૨૬ મી અકટોબર ૧૮૭૨ ને રોજે લખેલું સુરતવાલા ઉપલા સાહેબો હસત-કથી તેનાને મલેલું હતું, તે ઉંચાં કશબી કીનખાબની અંદર લપેટાઈ આવેલું કેહવાયું છે.

એ ઉપરાંત બીજે ઠેકાણેના માનપતરોબી આ શેઠ પાશે ડોકબંધ આવેલાં હશે, પણ તેની ચોકસ ખબર નહી મલેઆને લીધે આ ટીપમા દાખલ થતાં અટકેઆં છે.

ઉપલાં પતરો જે જાહેરાંત છપાયલાં જોવામા આવેઆંછે, તેઓની અંદર આ શાહેબના રૂડાં કાંમોની જુદી જુદી ઘપથી જણાવેલી ઘટતી સતુતી સરખી રીતે સમાઈ રહેલીછે; પણ તે બધાંઓને હીંઆં દાખલ કરવા જેટલી ફાલતુ

જગેઆ ન રહેઆને લીધે, તેઓ માહેલું સચીનના નવાબવાલું રશીલું લખાન નોંધી દેખાડીશું તો તે ઉપરથી બીજાંઓની અપાર ખુબી વાંચનારા સાહેબોને શેહલથી માલુમ પડી આવશે.

માનપતરની નકલ.

મોહબત વ મદતપનાહ, ઇરાતેહાક નીશાન

હાંનરેબલ બેરામજી જીજીભાઈ, મુકાંમ મુંબઈ.

દામે મોહબતહુ.

"અજદીલ એખલાસ સરકાર નવાબ સાહેબ શીધી હીભરાઇમ મહમદ
"યાકુતખાન સાહેબ મુબાજરઉલ દઉલા નુસરત જંગબાહદુરની સલાંમ બાદ.
"લખવા મકશુદ એછે જે, સરકાર સવારી મુંબઇ આવી, તે વખતે તમારી
"મુલાકાતમા જેમ લીઆકત, અકલમંદી તથા મીલનસારી તેમજ ખુશ મી-
"જાજી તમારામા જોઈ હતી; વલી મુંબઈ ઇલાકાની ધારા બાંધનારી સભાથી
"જઇફી વીગરેના કારણોને લીધે હાલમા તમો કીનારેકસ થયા, તે સાંભલી સ-
"રકારને નાખુશી ઉપજીછે; કારણ કે તેમ થવું મુંબઈ ઇલાકાની રઇયતના
"હકમા નુકસાન કરતું દેખાયછે. જે સદરહુ સભામા ચાર વરસ સુધી તમો
"સાંમેલ રહીને, તે દરમીઆન પોતાનો કીમતી વખત લોકોના લાભમા, તથા
"તમારા ઉમદા વીચારો ગવરનર સાહેબને, તેમજ કાંઉનસીલના બીજા મેમબ-
"રોને આપવામા ગુજારેઓ, અને જે ધારાઓ બંધાયા તે બાબે મુંબઈ ઇલા-
"કાની તમામ રઈઅત તમારા હકમા શોકર કરેછે. હાવા મોટા જોખમ ભરેલાં
"કાંમમા મશગુલ રહીને, લોકોની મરજી સંપાદન કરવી ઘણી મુસકેલછે; પણ
"ખુદાના હોકમથી તમોએ તે બાબદને શેહલથી પસાર કીધી, તે વાત સાંભલી
"સરકાર ઘણા ખુશ થયા. ખુદાતાલા તમોને, તમારાં બચાંઓના શીર ઉપર
"કાએમ વ દાએમ રાખે, અને દુનીઆંનો હજ લાંમબી મુદત સુધી ઉઠા-
"વવો તમોને નસીબ કરે. તા૰ ૨૨ મી માહે સાબાંન સને ૧૨૮૯ હીજરી."

સચીનના
દરબારની
મોહર.

દરએક ઠેકાંણેથી આવેલાં મોહબત ભરેઆં માન પતરોનો જવાબ, કેહચ કે, આ શેઠીઆએ ઘણી લાએક રીતે વાલતાં સરવે સાહેબોનો અતીઅંત ઉપકાર માનતી વખતે, કુદરતથી ઉતરેલી ફરજ બજાવેઆ શેવાએ બીજું વધારે કાંઈજ કીધેલું તેવન જણાવી સએઆ નહીં; પણ તેનાએ બીનગરજે કરી દેખાડેલાં કેટલાંક કાંમોની જે નોંધ હીંઆ દાખલ થઇચ, તે ઉપરથી જાહે-

રના મત એવાંબી માલુમ પડેઆંચ કે, આ દયાલુ શેઠ કાંઉનશીલમા વધારે વખત બીરાજતા રહેઆ હોત તો મુંબઈ ઇલાકાની પરજાને તેવન વીશેસ ઉપીયોગી થાતે.

આ ગંભીર શેઠે પોતાની જીંદગીમા કુદરતથી સરજાએલી દુનીઆંદારીની ભલાઇ, બે વાર કરી લીધેલી જે જણાઇછે, તેમા સરવેથી પેહલાં ય૦ ૧૨૨૫ ને સાલ પોતાના પેઆરા દીકરા શેઠ નાનાભાઇને પરણાવેઆ તારે, અને તેપછે ૧૬ વરશે ૧૨૪૧ મા નબીરાંઓના લગણ ટાંકણે કપાલે કંકું ચોંટાડઓ હતો; જે માહેલી છેલી શાંમસનીની યાદગારીમા કવીતારૂપી ચાંદલાની ભેટ હમારી તરફથી પરજાને આપવાની રજા લઇએચ.

પરનાવેઆતા પેહલાં નાનાભાઇને-હાંશેલ કીધી બીજી આ વધાઇને.
જે વાતને વરસ શોલ વહી ગયાં-તેપછે લગન દોતરાના થયાં.
ઓગણીરાશો અથાવીસનો સંમત-તારદેવના મેહલમા થઇતી ગંમત.
માહ વદી અગીઆરસ ને મંગલ-જાંહાં હરીઆલી બાગપર હતું જંગલ.
મારચ મહીનાની તારીખ પાંચ-અઢારશોને બોંહતેર ઇશાઇ વાંચ.
તે સાથે સેહરીવર મહીનાનો રોજ-મેહરદાવરે સોભાવી ખુશીની મોજ.
હતું બારશોને એકતાલીસનુજ શાળ-તે પારશીના યજદેજરદીનો કાળ.
તે દાહડે રૂસતમના થયાં લગણ-મુબારકબાદીમા દીપેઉં ગગંણ.
શાકરમી બપાવાની નજર હજુર-ન રહીતી કોઈબી વાતની કશુર.
જોવાડેઉં તે કારણે મુહરત શુભ-પખવાડીઆંની મુદતનુ આવેઉંતું ખુબ.
સરૂ કીધું તારથીજ સુતરૂં જમન-મેહમાનોએ આવીને ભરેઉં ચમન.
સોભાવેઓ તે કારણે જીંનતનો બાગ-રામસનીમા લીધોતો બધાએ ભાગ.
કોઈજ જે કભુ તાંહાં ગયો નહીં હોએ-શોભાવંતી રચનાને કાંહાંથી તે જોએ.
બે હફતા સુધી થઇતી ગંમતની વાત-ગુજારતાતા સઉ તેમા દીવસ ને રાત.
આ સખી શેઠને તાંહાંના ખરચની લેહર-જે માટે રેલાવીતી પઇસાની નેહર.
બયાંન તેનુ હીંયાં જેટલુંબી થાએ-સ્તુતી કલમથી ન કભુ સમાએ.
શેઠ મંગલદાશ તેમના મીતર એક-તેવણુનીબી સોચના જણાઇતી નેક.
આ તીરથમા તેનાએ લીધોતો ભાગ-તે માટે સોભાવેઓતો પોતાને બાગ.
નોતરેઆતા હીંદુના શેઠીઆઓને-આપેઉંતું શુતરૂં જમન તેઓને.
જાંહાંથી સરવે સાહેબો ફારેગ થઈ-શાંમસનીના મેહલમા બીરાજેઆ જઈ.
મોલાકાત એકમેકની સારી લેવાઇ-શેઆદીની સઉએ તાંહાં દીધી વધાઇ.
જે વાતને શાખીએછે હીંઆં યાદગાર-ને ચાહીએચ હેવાં કાંમો થજો અપાર.

લગન જેવી શુભ અને દુનીઆંને છાજતી તીરથ, ઇનસાંનોને સદા સુખ આપનારીછે, તેવી બીજી કોઈજ નથી; માટે તેહવે અવસરે જેબી કોઇએ પોતાની ગુંજાએસ અને મગદુર મુજબ કીધેલો ખરચ એટલોતો હરખ ઉપજનારો કેહવાએચ કે, તેની સાંમણે જેટલું બોલાએ તેટલું હસદની આંખે જોવા સરીખું, અને નીંનદા ભરેલું થાએ. આ કારણ માટે શાકતીવાલા સાહેબોને તો સઘલું સજાવારછે, પણ કોઇની દેખાદેખીએ મોટાઈ મેલવવાના કામથી

બરાકતો જેમ બીલકુલ વેગલા રેહ, તેમ તેઓના હકમા ફાએદાજછે. કેટલાક સખશો હેવુંબી ધારેચ, અને તે વાતને હમો પણ એક મલતા થઇને કહીએચ કે, મોટાઓને જોઇને કેટલાક મુફલેસ લોકો ફોકટમા તણાયછે; પણ તે વાતમા ભુલતો તેઓનીજ માલુમ પડેછે; કેમકે તેવું કરવા માટે દરવીઅવાન સાહેબો કોઇબી નાતવાનોને કાંઇ શીખાડતા, અથવા ફરજ આપતા નથી; માટે હાવી શુભ અવસરે સરીમંતોથી ધાંમધુમ થઇ અથવા થનારી હોએ તો, તેઓને આડ આવીને તોછડાઇ ભરેઓ વધારે ઓછો લવાડો કરનારાઓની મતલબ કાંઇજ નહીં, પણ કપટપણાની અદેખાઈ, હટીલાઇ, અને બખીલાત જેવી જણાઇ આવેછે; અને તે ઉપર આ નીચલી કવીતા ખચીત કરી મુજરબ કેહવાઈ શકેછે કેઃ—

બખીલને બલાપો હોએ બે વાતોથી—નહીં સખે દેખી રૂડું ન થાએ હાતોથી.
ભલાઇનાં કાંમો જેથી હરગેજ ન થાએ—હંમેસાં બૈઠો તે કરે હાએવાએ.
પણ તેમા તેનુ અંતે કાંઇ નહીં વલે—શાકરમીના સફલ સખીનેજ મલે.
આ કેહવતપર જે કોઇ ન દીએ ધેઆંણ—રેહવો જોઇએ તે તો સદા અગણાન.

આ હીંમતવાંન શેઠે પોતાને તાંહાંની શેઆદી શંમસનીમા જેબી, અને જેટલો ખરચ કીધો તે, અને તેટલો તેમના દરજ્જાને અનુસરતો ગવાયોછે. જેમ આગલા દાહાડાઓ પર મરહુમ પટેલ રૂસતમ દોરાબ, શેઠ અરદેસર દાદી, શોરાબજી રેડીમણી અને નામદાર સર જમશેદજી જીજીભાઈ (પેહલા) બારોનેટ ઉપરાંત, સુરતમા વખણાઇ ગયલા શેઠ બમનજી ભાવનગરીઆને તાંહાંના લગનમા ગવાયલી વાખવાખીની વાસના ઘણે વરશે જે પમરતી થઈ, તેહવી રૂડી તક જારે ઓદાની બખશેસથી વલી કોઇ બીજો સાહેબ લાંમબી મુદતે શંમસની રચાવશે, તારેજ તે જોવા તથા જાંણવામા આવશે. આ શેઠે લગન ઉપર જેટલો ખરચ કીધો, તે કરતાંને દોહોડીથી વધારે રકમ જાવેદાનના ધરમ ખાતે જારે સખાવતની રાહે અલાહેધી કાહાડી આપીછે, તારે તેવા સરીમંતની સ્તુતી આપણાથી જેટલી ગવાએ, તેટલી થોડીજ કેહવાવી જોઇએ. આ લગન બાબેની નોધ આપણી તરફના જેટલાં અંગરેજી તથા ગુજરાતી પતરેઓ વીસતારી લીધેલી હમારા વાંચવામા જે આવીચ, તેની મુલમતલબને માનસહીત હમો સવીકારતાં કહીએચ કેઃ—

એ બાબદ લખવામા લીધોછે રસ—તે ઉપરાંત જોઇતો તો વીશેસ ચરસ.
આટલીબી મતલબ સરખી ગણાઇચ—સખાવતની સ્તુતી રૂડીજ થઈચ.

રાસ્ત ગોફતાર નામના એક ગુજરાતી પતરે આ કારણની નાપસંદગીમા કેટલાક ફીલશુફો, અને નીતીવાન સાસતરીઓના લખી દેખાડેલા માકુલ વીચારો જોકે ઘણાજ મોતેબર તથા ધેઆંણ પોંહચાડવા જોગ જણાએચ, તો પણ તે વાતતો જુરરાતવાલા સાહેબો કરતાં પારકે પઇશે તેહવાર કરનારાઓ, અને ઉધાર ઉછીના કરજમાં ફસનારાઓને માટે એક ઉપીયોગી ચાણાક સરીખીછે; બાકી જેમની પાસે પરમેશ્વરે દોલત બખસેલી હોએ; તેહવા સરીમંતો લગન જેવી શુભ તીરથે પોતાને તાંહાંની ખુસાલીમા લાખો રૂપીઆ ખરચે, તો તેમાથી

કાંઈજ નહીં પણ એક તરેહનુ ગુપતદાંન કીધા જેહવી સહમજ નીકલી આવેછે; અને તે એ રીતે કે, હેવે અવસરે જે જે ચીજો બાહેરથી ખરીદ થાએ, તેમા જુદા જુદા ધંધાદારીઓને પલ્લે થોડા ઘણો નફો પડેછે; અને તેથી તેઓના બચાંઓનુ પાલણબી થાએ; માટે એકનાં હાથમાથી પાંચ પચાસ હજાર નીકલીને સેંકડોને તાંહાં ગએલો પઇસો, કાંઈ ફોકટમા ગુમાએલો નહીં કેહવાતાં ગાંમની રેલછેલમાં ફેલાએછે; તેટલાસારૂં ઓદા સાહેબ સખતીવાલા શેઠીઆઓને હેવીજ રૂડી હેદાએત બખશે, અને દરશાલે સખતીવાલા બે ચાર કે પાંચ સાહેબો હાવે રૂડે અવસરે સખીપણું બતાવતા રેહતો, તેથી પરજાને ખરેખરો સંતોસ હાંશેલ થાએ.

આ શેઠને તાંહાંના લગનની રચનામા ફક્ત મુંબઈનાજ જરથોસતીઓ નહીં, પણ તે ઉપરાંત દખણના શેહેર પુણા તરફથી તે છેક ગુજરાત જીલાના નોશારી, સુરત, ભરૂચ અને અમદાવાદ વીગેરે બીજા ઇલાકાના મુખીઅ રેહવાશીઓ વઠીકોને પોતાને તાંહાંની શાંમસનીમા મેલાવેઆ હતા; અને એ ખુશાલીમાં ભાગ લેનારા સરવે મેહમાંનો, આ શેઠીઆના ઇજનને માંનસહીત ઇજત આપીને પધારેઆ હતા. પોતાને તાંહાંની રલીઆમની મેજબાંનીમાં એક ઉતમ બનાવ કોઇએ સપણેબી નહીં ધારેલો હેવો પરકાશી નીકલેઓ હતો કે, પારશી ટોલાના અસલી વતન ઇરાંન તરફથી દુકાલનુ દુખ ખમી આવેલા સઘલા ગરીબ હમજાતીઓને ધરમશાળા મધેથી આંમનીબશોમાં બેશાડાવીને એક રાતરે પોતાને દોલતખાને મેહમાન તરીકે બોલાવેઆ હતા; જાંહાં તેઓની પરોહનાગત સરીમંત શેઠીઆઓની થાએ તે કરતાંબી સરસ રીતે પોતે તથા તેમના બરખુરદાર બેટા શેઠ નાનાભાઇએ, ખરેખુટં આગલ રહીને બજાવતાં તેઓને હેવાતો ખુશ કરી મેલેઆ હતા કે, તેઓ માહેલો દરએકજણ જાંહાંવેર જીવતો રેહશે તાંહાં તુલીક આ મેજબાંન શેઠીઆની ખુબીને જીનહાર ભુલશેજ નહીં. આપણ જોતા આવીએચ કે, લગન જેહવી શોહાંમની તીરથસર શાકતાઓને તો સઉ કોઈ નોતરેછે, પણ હાવી ઉદારતા જે બતાવે તેનીજ સ્તુતી દુનીઆની ચોખુન સપાટીપર જેટલી વખનાએ તેટલી થોડીજ સહમજવી જોઇએ. હાવે અવસરે જેમ આ સાહેબે પોતીકા હમજાતીઓને જેહવા સંતોશેઆ, તેહવાજ હેતુથી આપણા શેહરમાં વસનારા હીંદુ તથા મુસલમીન ગનાતના આગેવાંન ગરહસથો ઉપરાંત બાહેર દેશાવરો ખાતેના, કેટલાક રાજવંશીઓ તથા સરદારોને પણ સાંમેલ કીધા હતા; અને જેઓને ખાનપાન ન ખપતું જોએઊં તેઓને નાચની બેઠક સાથે બીજી ગમતોથી જોકે આ શેઠીઆએ સારી રવેશે ખુશ કરી નાખેઆ, તોપણ હમારા સાંભલવામા આવેલી આટલી વાતબી સાચીજછે કે, તેમના જાંની મીતર, અને કાંઉનશીલની સભાના તે વખતપર રહેલા હમસરીક શેઠ મંગલદાસ નથુભાઇએ પોતાને મકાંણે આ સાજવારીની ખુસાલીમાં કેટલાક હીંદુ શેઠીઆઓને એક રાતરે નોતરીને તેઓના રેવાજ મુજબ શુતરૂં ભોજનબી જમાડઊં હતું.

લગનની મુબારકબાદીમા ખાનાપીના તથા નાચરંગની ધાંમધુમ, ઉપર જણાવેઆ મુજબ લગભગ એક પખવાડીઆં સુધી ચાલુ રહેઆ પછે, તે કારણ માટે ઠેરવેલા દીવસની હકીકત આગલી રચનાને વીસરાવે એવી યાદગારી ભરેલી જે દેખાઈ હતી, તેના વરણન ઉપર વાંચનારી આલમનુ ધેઆંન ખેંચવા ચાહીએછે કે, તે શુભ દાહાડાને પેહેલે ચહડતે પોહરે જરથોસતીઓના કાંનુન પરમાંણે નવજોતની કીરીઆ જે થાઈ, તે વખતેબી સઘલી વરણના શેહરી શેઠીઆઓ તાંહાં હાજર રહેલા જણાયા હતા; અને તે કાંમથી ફરાગત પાંમતાંવાર એક અગતીય બાબદસર જે અનજુમન પતર મીજાલીસની અંદર વંચાયો, તેનો સાર હેઠલ જણાવેઆ જેહવો માલુમ પડેઆથી સઘલી વાતોમા અતીઅંત ખુસાલી ભરેલું આબી એક શુભ કાંમ પરકાશી નીકલેઊં કે, તે ટાંકણે ખાનાપીના તથા બીજી બાબદો ઉપર જેટલો ખરચ થયો હોય, તે કરતાં સરસ રકમ તેમના નામને જલેહ પમાડવા જેવી સખાવત માટે રૂપીઆ ૨,૧૨,૫૦૦ ની, ધરમ ખાતે અલાહેદી કાહડી; અને તે ઉપર પોતાની સંગાથે શેઠ નાનાભાઈ બેરાંમજી જીજીભાઈ, હાંનરેબલ મંગલદાસ નથુભાઈ, શેઠ દીનસાજી માણેકજી પીટીટ, વાડીઆજી શેઠ હોરમજજી બમનજી, શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડના, તથા મી॰ જેફરસન નામના અંગરેજ ગરહસથ મલી જન ૭ ને તરસટીઓ ઠેરવેઆછે. આ થાપણની ઉપજ પેહલે વરશે રૂપીઆ ૬,૦૦૦, બીજે શાલ રૂ ૬,૧૦૦, અને તેજ પરમાણ મુજબ દરશાલે એકેક શો રૂપીઆ વધતા રેહ, હેવી ઉપજની ગણતરી, આ શેઠે ઠેરવીને તેમાથી દર વરશે રૂ ૨,૦૦૦ નો ધરમ હઈઆતી તુલીક પોંતાની મરજીપર એવી રીતે રાખેઓછે કે, તે માહેલા રૂ ૧,૦૦૦ જરથોસતી મજહબને લગતાં કારણમા વાપરવા, તથા રૂ ૧,૦૦૦ હરકોઇ સારાં કાંમોમા ખરચવા; અને બાકીની ઉપજ તરસટીઓની નજરમા જેમ સારૂં દેખાય, તેવા ઉપીયોગમા નાતજાતનો કશોએ ફરક રાખેઆવના વાપડે; હેવા સતા ભરેઆં લખતથી તે સાહેબોને મુખતેઆરી આપીછે.

ઉપલી સખાવત બાબેનુ અનજુમન પતર* માલેકની ફરમાસથી આપણા શેહરી મીતર મી॰ નવરોજજી ફરદુનજીએ વાંચી સંભલાવેઆ પછે, આ સખીનરની સતુતીમા એક શુભાખીત ભાશાંન કરેઊં હતું; અને તેવીજ મતલબથી આપણા માન પાંમેલા મેજેસતરેટ મી॰ ડોસાભાઇ ફરાંમજી કરાકા, તથા ઓરીએંટલ તરાંનસલેટર મી॰ વીનાએકરાવ વાશુદેવજીએ તારીફ લાએક ભાશાંણો કીધાં.

---

* એજ ટાંકણે આ શરીમંત શેઠે પોતાના બચાંઓનો મોહબો કાએમ સુધી વંઊંસ પરમપરા જલવાઈ રેહવાનો હેતુ ઈછીને, કેહચ કે, રૂ ૨૬ લાખનો એક મોટો ભંડોલ પોતાની પુંજીમાથી અલાહેદો પાડેઓ; અને તેપણ ઉપર જણાવેલા શેઠીઆઓનાજ તરસટપણામા રાખેઓછે. એ બાબેની ગોઠવણ હેવી કીધેલી સાંભલવામા આવીછે કે, તેની સઘલી ઉપજનો પેહલો ભોગવટો શેઠ બરાંમજીની હઇઆતી સુધી તેનાને મલે; અને તેપછે શેઠ નાનાભાઈ તથા તેવણની પાછલ જે વડા વારેશો ઉતરતા રેહ, તેઓ દરએકને પેદરપે મલેઆ કરે. આ બાબદ જોકે તેમના સંસાર સંબંધી ખાંનગી હોવાને લીધે જાહેરમા આવવી તો જોઈએ નહીં, પણ એક નવાઈ તરીકે આલમની જાંણ માટે હીંઆં દાખલ કીધીછે. નો॰ લે॰

નવજોત વખતની વાત પુરી કીધા પછે, પાછલેપોહરની ઠાટમાટનો ચીતાર હાવી રીતે મેલાઇ રાખાએછે કે, લગનની મીજાલેસમા સાંમેલ રેહવા થકી તે વખતના આપણા માજી ગવરનર ધી રાઇટ હાંનરેબલ સર શીમોર ફીટઝીરલડને જે ઇજન થએઊં હતું, તે ખુશી સાથે કબુલ રાખીને નામદાર હાકમ પોતાના હમસરીક* કાંઉનશીલરને માંન આપવા માટે રીસાલા સહીત દબદબાથી હાજર થયા હતા; અને તે સાથે પોતાનુ ખાનગી વર્જંતરખી મીજલસની ગંમત માટે તાંહાં બોલાવેઊં હતું; એટલુંજ નહીં પણ તે ઉપરાંત નામદાર રાંણીની ૮૩ મી રીજમીટનુ શુંદર વર્જંતરખી આવીને તેમાં સાંમેલ થએઊં હતું. શાહાજનની મીજલેશ એટલી તો ખીચોખીચ ભરાઈ હતી કે હેવો મોટો મહીમાં કોઈ કદાચજ કેથે મલી શકે, કેમકે તેમાં પેહલે અને વચલે વાંગેના સરવે દેશી શેઠીઆઓની સઘલી વરણો જેમ આવી મલી હતી, તેમ ઘણાક યુરોપીઅન ગરહસથોખી તેઓની સુંદર બાંનુઓ સહીત તે મેહમાનીમા બીરાજેઆ હતા. એઓમાં મુખીઅ કરી લશકરી શેનાપતી, હાઇ કોરટના જડજો તથા કાંઉનશીલના મેમબરો વગેરે જોવામા આવતા હતા; અને તે પચરંગી મેલાવડાની રચના દરએક જોનારાને અરસપરસ ઘણીજ ખુશી પમાડતી હતી. સાંભલેઆ પરમાણે તેહવા રલીઆંમના મહીમાનો એક ફોટોગ્રાફખી આબેહુબ ઉતારી લીધામા આવેઓ હતો. લગનની રચના છેક પાછલાપોહરથી તે પાછલી રાત તુલીક ચકચકીત રહી હતી, પણ નામદાર ગવરનર સાહેબ તો માતરે ૮ વાંગતાંને શુમારે મોટું માનપાંન લઇને રૂખસત પાંમેઓ હતો; અને જેમ પધારતી વખતે, તેમજ રવાંનગી ટાંકને હાજર રહેલાં શુંદર વર્જંતરોના ખુશાહાલી ભરેઆ સરોદથી તે નામદારને સારૂં માન મલેઊં હતું. આટલી વાત કેહવાની જે બાકી રહીચ, તેને અતરે સમાવવી જોઇએચ કે, બંગલાના બોહલા ચોકમાં છેક બાહેરના દરવાજા આગલથી તે ઓટલા સુધી રંગ બેરંગી ગાલીચાઓ પાંથરેઆથી અછી આરાસતગી દેખાઇ હતી.

હાવી રીતનુ શાચ રચીલું કાંમ છેક ઇશાવી સને ૧૮૩૬ પછેથી લગભગ છતરીસ વરશે જે સમપુરણ રીતે સરનજાંમ ઉતરેઊં તેની સરખાંમની ખચીત કરીને તે વખતપર પાદશાહી દબદબા લાએકનો મેલાવડો મેલવનારા આપણા પેહલા બારોનેટ સાહેબ મરહુમ સર જમશેદજીને તાંહાંના મોટાં લગનની સાથે થઇ રેહવામાં કશીબી કશુર દેખાઇ નોહતી, જેની સાખશી દાખલ ચાહેઊં બોદાનુછે તો આ હમારી ગરીબડી નોંધ ઘણી લાંમબી મુદત સુધી સાચવી રાખનારા સાહેબોને વખતે વખત સાબેતી આપેઆ કરશે.

આપણાં જમાંને હાતંમ મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, પોતાની પુર જાહોજલાલીના વખતપર, વરસમાં એક અથવા બેવાર પોતીકા યુરોપીઅન મીતરોને મોટી ધાંમધુમથી બાલો આપતા હતા; જેમાં ગવરનર, જડજો કાંઉનશીલરો, લસકરી તથા સીવીલ ખાતાંનાં મોટા અમલદારો, ઉપરાંત

* એ વખતપર આ શેઠ બેરાંમજી ધારા બાંધનારી સભા અંદર "ધી હાંનરેબલ" નો એલકાબ ધારન કરી બીરાજતા હતા. નો૦ લે૦

પેહલે વાંગેના વરવેપારીઓ વીગેરેને નોતરીને જેહવી નામદારી મેલવી ગએયાચ, તેપછે, તેહવીજ કીરતી મેલવનારા કોઈબી પારશી ગરહસથને, તે માંહ પુરૂસનાં મરણ પછે જોવા હોએ તો કોઈજ નહી પણ આ શેઠ બેરામજીને પરજાની હજુર રજુ કરતી વેલા જણાવીએછે કે, ઘણાં વરશો થએઆં સુસતીમાં પડેલી તેહવી રચના આ સાહેબે પોતાના મેહલની અંદર દોતરાંઓના લગણની મુબારકબાદીમાં તા૦ ૯ મી એપરેલ ૧૮૭૨ ને રોજે મચાવીને પારશી ટોલાની જાહોજલાલીને જાંણે નવેસરથી તરોતાજગી બખશી હોએ તેહવું રાજકરતાઓને દેખાડી આપેલું હતું.

આ સાહેબનાં ખવાસ વીશેની થોડીક ખાતેરી જે હમારી તપાસમાં આવેલીછે, તે ઉપરથી વગર સખે આટલુંતો જાહેરમા લાવીએચ કે, એવણમા કોઈનીબી રાખ રખાવત, તથા ખરખુસાંમદ કરવાની કશી તબેહ જેમ જણાતી નથી, તેમ કોઈબી ચાપલુશી બોલાઓને પોતાની પક્ષમાં સંઘરી લેવાનું ઘટમાન નહી જોતાં, હરેક વાતમાં જેહની જેવી ખાસીએત હોએચ, તેવુંજ તેનાં મોહડાં ઉપર તડ ને ફડ કહી દેવામા સારૂં સવતંતરપણું દેખાડછે; અને તેમાજ તેવનની સઘલી લાએકી સમાએલી સહમજવામા આવેછે, પછે તે સાહેબનું અપખસપાત બોલવું જેને નહી ભાવતું હોએ, તેના મનના વીચારો તેનેજ મુબારક થવા જોઈએ.

લંડનવાલી "કાલેજ આવ આરંમસ" નામની નાંમીચી મંડલી તરફથી ૧૮૭૧ ના ડીજેમબર મહીનામા એક તરેહનો ઉતમ સરોપાવ આ શેઠને જે ભેટ થએયોચ, તેને જાહેરમા આણેઆથી એકતો તેવનની કીરતીનો જહલકાટ જણાઈ આવેચ, એટલુંજ નહી પણ બીજી તરફ જે વરણન તેમના ખવાસ સંબંધી હમોએ ઉપર જણાવેલુંચ, તેને એક શાહદત તરીકે સારો ટેકો મલેછે. આ સુંદર સરોપાવ ગલાંમાથી બોલવીને છેક છાતી ઢંકાએ તાંહાં વુલીકનું એક પેહરણ છે, અને અંગરેજી જુબાનમા તેને "કરેસત, અથવા મોત્તો" કરી કેહવામા આવેછે. આ ટુકાં પેહરણને મથાલે જે હાથી શોભાવેલો છે, તે જોકે કદે મોટો અને સઉમા બલવંત જણાવરછે, તોપણ તે ભાવે એટલો તો મોલાએમ અને ખવાશે રાંક હોએછે કે, એક રોકડી જેવા માહવતની તાબેદારીમા શેહલથી જેમ રહી સખેછે, તેમજ આ શેઠીઆ પોતાના દરવીઅ ઉપર કશોબી દમામ કીધાવના ગરીબમા ગરીબ માણસ વઠીકનેબી નમવા, તથા ઇનસાંણીએત પણામા સરખા ગણવામા હલકાઇ જેવું કાંઈજ સહમજતા નથી. હાથીની હેઠલ સુરીઅની શીકલ જે આપેલીછે, તે મુજબ જહલકાટ ભરેલી જાહોજલાલી ભોગવતા તેનાને દેખાડઆછે. સુરીઅની હેઠાણમા પાડેલા તારાઓની દલાલત એવી દીપાવીછે કે, જેમ આકાસમા તેઓ બીચોબીચ સમાઈ રેહચ, તેમજ આ શેઠ પોતાના પરીવાર તથા દોસત આસનાઓ ઉપરાંત સરવે વરણના સખશો સાથે હલી મલીને ચાલવામા ભરપુર છે. હાથમા જે કતાર પકડાવીચ, તેનો બોલાશો એવો થાએચ કે, એ શેઠ જોકે ઉપર જણાવેઆ મુજબ સુલેહ શંપજને ચાહનારા છે, પણ તેમા કોઇબી તેમને વગર

કારણે સતાવા નીકલે તો તેના કરતબનો સવાદ તેને સારી રવેશે ચખાડઆવના હરગેજ છોડે નહીં. અને તે સરવેની હેહલ આરીતે "Virtue, and Labour" (વરચીઉ એંડ લેબરના) અંગરેજી સબદો જે સમાવેઆય, તેજ માફક આ સાહેબ પોતાની હીંમતના પુર બલથી ગમે એવું મેહનતનું કાંમ હોએચ તો, તેને ઘણી શેહલાઇથી ઉઠાવી શકેછે; માટે આવી ખુબીવંતી ખવાસની ઈઆદગારીના સમાસથી સમપુરણ થએલો આ પોસાક ઓલવીને શેઠ બેરાંમજી કોઇબી માહભારત મીજલસમા જારેબી બીરાજતા હશે, તારે તેં બાબેની કેફીઅતને સહમજનારાઓના સંતોસનું વરણન તાંહાં અવીઅંત વખણાતું હશે.

શેઠ બેરાંમજીની સખાવતનો જહરો કેઆરથી વેહતો થઇને અતાર તુલીકમા કેટલી સંખેઆ પર ચહડઓચ, તેની ખરી કેફીએતની ખબરતો તેનાનેજ હોવી જોઇએ; કારણ કે સાંભલેઆ પરમાણે ઘણાજ મોહતાજ લોકો ઉપર પોતાની મેહરબાંનગીનો સખી દસત, જે છુપી રીતે ચાલુ રાખેલોછે, તે બાબે તેહવાઓની હોરમત જાલવવાના હેતુથી ફકત પોતા શીવાએ બીજા કોઇનેબી ખબર પડવા દેતા નથી; અને તેવી રૂડી શેચના તેમને શોભા મલનારી સહમજીને જેટલી બાબદ જાહેરમા આસકાર થઇ ચુકીચ તેનીજ નોધથી વાંચનારા સાહેબોને સંતોસ પમાડવાની રજા લઇએછે.

૧૨૩૧ ૫૦ ની સાલમા અમેરીકાંણો વચે ચાલેલી માહો માહેની લડાઇ વખતે રૂઉની તંગાસને લીધે, ઈગલાંડ ખાતે વણાવટના કારખાણાઓ થોડુંક સુધી બંધ પડઆથી લાંણકેસાયરના લોકો ઉપર દુકાલની આફત જારે આવી પડી, તારે તેઓના આસરા માટે આપણી તરફ થયલાં હુઘરાંણાની વસુલાત મલેઆ આગમજ, તે તરફ તાકીદે નાણા વાલવાની જણાએલી જરૂરીઅતને આ હાતંમદીલના હીંમતવાને તે કમીટીના શીકરેતેરીઓ ઉપર એક કાગલ લખીને તરણ મહીનાની મુદતે બે લાખ રૂપીઆ સુધી વગર વીઆજે ધીરવા થકી પોતાની ખાએસ દેખાડી હતી; જે બાબેનો ઉપકાર માણતાં તેઓએ તતકાલ જોઇતા રૂ ૭૦,૦૦૦ મંગાવી લીધા પછે, તરણ મહીના રહીને જે પાછા આપેઆ, તેના ચાલુ રેવાજ મુજબના વીઆજની રકમને ધરમ વાસતે સદકે કીધેલા.. ૧,૫૭૫

૧૨૩૫ મા, નાગપોર ખાતેનું સંઘરહશાથાન જોવા માટે મોટો રીસાલો લઇ શીધારેઆ હતા, તે વખતે તાંહાંના ગરીબ ગુરબાંઓ વચે સખાવત તરીકે વેહચી આપેલા સાંભલેઆછે.... ૫,૦૦૦

૧૨૩૮ મા, રોજ. ૧૦ મો માહ ૭ મો શેહણશાહીએ, આ શેઠના નેક બખત મોહરદાર ધણીઆંની માંણેકબાઇ મરણ પાંમેઆં, તારે તેનીના પુન ખાતર રૂ૨૫,૦૦૦ ની એક પુંજી જે અલાહેદી કાહડી હતી, તેના પેહલે વરશે ઉપજેલા રૂ ૧,૦૦૦ પુણા ખાતેના જરથોસતી રવાંણોને અવલ મનજલ પોંહચાડવા

માટે થએલાં ધરમ ખાતાંની મદદમા તાંહાંના દસતુર ખાણ-બાહધર નોશેરવાનજી જામાસપજીને સપુરદ કરી દીધા હતા; અને તે પછેના બે વરસમા ઉપલાં વીઆજના રૂ ૨,૦૦૦ ની એક નોટ ટકા ૪ વાલી ખરીદ કરીને મુંબઈની યુનીવરશીટીના સીંડીકેટની મંડલી ઉપર તારીખ ૩૦ મી સપટેમબર ૧૮૭૧ ની તેરીએ મોકલાવીને એવી ખાએસ જણાવીછે કે, તેના વીઆજના દર સાલે ઉપજતા રૂ ૮૦ તે ખાતાંમધેથી કેલવણી પાંમીને ફતેહમંદી સાથે પસાર થતા સરસ વીદેઆરથીઓને આ મરહુમ બાઈને નામની શ્કાલરસીપ આપવી. આ પુંજીમાથી તરણ વરસની ઉપજના રૂપીઆ તરણ હજાર જુદાં જુંદાં બે કારણના ઉપીયોગમા આપેઆ પછે અસલ થાપણને સાંભલેઆ પરમાણે લગણ ટાંકણે ધરમ ખાતે અલાહેધા કાહડેલા બે લાખ ને સાહડા બાર હજારની રકમ અંદર મેલવી લીધાછે............... ૩,૦૦૦

૧૨૩૮ મા, બાબદએ જે ૧૨૩૭ ની સાલ ગુજરાત તરફ આવેલી રેલથી ખેડા તથા અમદાવાદના ગરીબો જે પાએમાલ થયા હતા, તેઓના આસરા માટે ઉભી કીધેલી થાપણમા હાંનરેબલ શેઠ મંગલદાસની સાથે આ સખી નરે નીમોનીમ ભરી આપેલા કુલ રૂ ૫,૦૦૦ ખેડાના કલેકટર પાશે જે અણામત રહેલા હતા; તે બાબે તાંહાંના સતાવાલાઓ પેહલાં નડીઆડ ખાતે આ શેઠના સવરગવાશી મોહરદારની ઈઆદગારીમા "માણેકબાઇ ધરમસાલા" બાંધવાની દરખાસત થઈ હતી; પણ પાછલથી તે વીચાર ફેરવીને મેહમુદાબાદમા ગરીબ દરદીઓને દવાની જે જરૂર પડી, તે બાબેનો બંદોબસ્ત બેહુ સાહેબોએ બાહાલ રાખેઆ મુજબ "માણેકબાઇ દીસપેણશેરી" નામનુ ધરમ ખાતે દવાખાનું તાંહાં સથાપેઊં, તારે તેના કામમા વપડાએલી ઉપલી સગલી રકમ મધે આ શેઠીઆના અપાએલા.............................. ૨,૫૦૦

૧૨૩૮ મા, એલાવ ખાતે બંધાએલી અગીઆરી ઈજાઈ, તેના જસણમા સાંમેલ રેહવા માટે આ સાહેબ તાંહાં શીધારેઆ હતા; તારે તેની ખુસાલીમા તાંહાંના જરથોસતીઓએ તેવણના પણોતાં પગલાં પેહલવેહલાં મુબારક થયલાં જોએઆં, તેની ઈઆદગારીમા એક સુભાખીત માન પતરની સાથે શેઆલજોડાની તેનાને જે ભેટ કીધી હતી, તેનો પાર પાછો વાલી દેવા માટે તાંહાંના ધરમ ખાતે આ સખી શેઠે આપેલા. ૫૦૦

૧૨૩૯ મા, કરાફરડ મારકેટની સુંદર એમારતની શોભા વધારવાના હેતુથી તરેહવાર ફુલોના જાહાડવાલાં કુંડાઓ ભેટ મોકલાં તેની કીંમત.............................. ૪૦૦

૧૨૪૦ મા, સર કાવસજી જાંગીર રેડીમણી શી. એસ. આઈનુ બાહાવલું બનવાવી મંગાવા થકી થાએલાં જાહેર હુદ્દરાંણામા ભરી આપેલા	૪૦૦
૧૨૪૧ મા, રોજ ૧ લો માહ ૬ ઠો શેહણશાહીએ પોતાના નબીરા શેઠ રૂસતમજીને જરથોસતી મજહબના ફરમાન મુજબ બસતે કુસતીઆન કીધા, તેની ખુસાલીમા ઇરાનદેસના લાચાર જરથોસતીઓના ધરમ ખાતાંની પુંજીમા આપેલા......	૫૦૦
૧૨૪૧ મા, રોજ ૧૬ મો માહ ૬ ઠો શેહણશાહીએ ઉપર જણાવેલા નેક બખત નબીરાની શેઆદી મુબારક થાઈ, તેની ખુસાલીમા આ નોંધને ૫૦૦ મે પાંને દાખલ કીધેલી હકીકત મુજબ ધરમ ખાતે અલાહેદા કાહડેલા (જેની અંદર તેમની મોહરદારના પુન માટે પરથમ આપેલા રૂ ૨,૫૦૦૦ બી આંમેજ થયાછે)............................	૨,૧૨,૫૦૦
૧૨૪૧ મા, મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈના નેક નામી ભરેઆં કાંમોની ઈઆદગારી જરથોસતીઓ વચે જલવાઈ રેહવાના કારણસર થયલાં જાહેર હુદ્દરાંણાની ટીપમા ભરેલા	૬૦૦
કેટલાક ગરજવંતા ગરહસથોની તંગદસતી ઉપર રેહમની નજર પુગાડીને આ સાહેબ છુપી રીતે તેઓને સંતોસતા રેહચ, તેમા બેરણ બેરણે અપાઈ ચુકેલી રકમોનો અટકલો જે સાંભલેઆછે તેની સંખીઆ..........................	૧,૫૦,૦૦૦

ઉપલી યાદી મુજબ આ સખી શેઠની સખાવતમા અપાએલા રૂ ૩,૭૬,૯૭૫ નો સરવાલો, તેમના દયાલુ દીલગુરદાને મુકાબલે સમપુરણ કરી કહીએ, તે કરતાં વધારે રકમો તેમના ખજાંણામાથી ખરચાએલી વીચારવી જોઇએ; પણ કેટલીક બાબદો ઈઆતો જાહેરમા આવતાં પછાત રહી હોએ, અથવા તેનાએ કોઈને જાણ પડવા ન દીધી હોએ તો તેવા સબબથી આ ટીપ અધુરી રહેલી સહમજાએછે.

આ સાહેબના બીજાં કેટલાંક પરમારથી કાંમોમા જે ઉતંમ નમુનો મેલાવાની વકીપર હતો, તે એ રીતે કે, ઇરાંન તરફથી દુકાલની આફત ખમતા ય૦ ૧૨૪૦ મા આવેલા લાચાર જરથોસતીઓ માહેલા આસાંમી જણ ૧૦ ને એક ચોકસ મુસારો આપતો કરીને પોતીકા ઘોર ગાંમના* મોટા વજીફા અંદરની કેટલીક

* આ વજીફો પેહલાં મરહુમ શેઠ ખરશેદજી કાવસજી બનાજી પાશે હતો, જે પછેની માલેકી મરહુમ શેઠ માણેકજી લીમજી બનાજીને હાથ ગઈ હતી; પણ તેમના બે દીકરાઓ પાછલથી દેનદારીના દબાનમા ફશી પડેઆ તારે તાંહાંથી ઈ૦ સને ૧૮૬૮ અથવા ૬૯ મા નીકલીને આ ભાએગવંતા શેઠે વેચાતું લીધા મુજબ તેનાની મીરાસમા ગણાયોછે. એની અંદર સાત ગાંમો જેછે તેઓના નામો—ઘોરગાંમ, પાહાડી, પોઇસર, બાંનદોલી, માજાસ, મોઘરા, અને વોશીરવા. નો૦ લે૦

૬૪

ખાલી જમીન તરણથી તે પાંચ વરસની મુદતે એરી ખાવા શોંફી હતી. આથી કરી બનતે એવું કે, જાંહાં સુધી તે જમીન ઉપજ આપવા જોગ એડાઇને તઈઆર થાતે, તાંહાં તુલીક એકતો મલતો મુસારો તેઓનું આબરૂથી ગુજરાંણ નીભાવતે; અને બીજું એ કે, તેવા ઉદીયોગમા ઉતેજનબી તેઓને ઘણું સારૂં હાથ આવેઆથી, આ ઉદાર શેઠનું હાતમપણું વખનાયા વીના રેહતેજ નહીં; પણ અફશોસછે તેઓની આલસાઈ તથા બેરડાઇ ઉપર કે, તાંહાં થોડાજ મહીના રેહેઆ તેટલાં ગાંમનાં ગરીબ લોકો સાથે તંટા ફીસાદો મચાવીને તેઓએ જે મારામાર કરવા માડી, તેની પંચાતી પતાવતાં અને તેઓને સંભાલી રાખતાં, આ માનવંતા શેઠીઆને બહુ મેહનત પડી હતી; તોપણ કોઇ રીતે પોતાનો જંગલી તથા જહનુની ખવાસ તજેઆ વના તાંહાંથી તેઓ નીકલી જઇને રહ-જલતા થઈ પડેઆ, તેને લીધે આ શેઠની રૂડી કોશેસ કીરતી પાંમી સકી નહીં.

ભરૂચ ખાતે મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઇએ પોતાની હઈઆતીમા સઘલી વરણના લોકોની કેલવણી સારૂં, જે સકુલ તેમનીજ સખાવતથી સથાપેલી ચાલુ રહીછે, તેને સારા પાયા પર લાવવાના હેતુથી તેમના આ પણોતા પુત વારમવાર રૂડી કોશેસ કરતા માલુમ પડેઆછે; અને કેહચ કે તે તરફ બેવાર થયલી પોતાની શેલઘાહ વખતે નીસાલના વાદેઆ અભીઆશીઓને ઈનામો તથા બખશેશો પણ તેનાએ આપી હતી.

વાંચનારા સાહેબોએ આટલી વાતબી ખચીત કરી ધેઆનમા રાખવી જોઇશે કે, “બોમબે બરોડા અને શેનટરલ ઈંડીયા રેલવે કુંપની” વાલાઓએ, પોતાનુ વડું મથક પરથમ ગરાંટરોડ ઉપરજ રાખેલું હતું. આથી કરી બાહેર દેશાવરો તરફથી આગ ગાડીઓમા મોડી રાતરે આવી પોંહચનારાઓને કોટ તરફ જતાં ઘણી આપદા સાથે અગવડ ખમવી પડતી હતી, તે સાંભલેઆ પરમાણે આ શેઠીઆએ તેના વડા વહીવટદાર ઉપરાંત સરકાર ઉપર લખીને તાંહાંથી ચરણીરોડ, મરીણલાઈન તથા કોટ મલી તરણ મથકો વધરાવી આપવા તથા ઉતારૂઓના આકરા દરમા ઘટાડો કરાવી આપવાની આગેવાની ખરી દીલશોજીથી લઇને પરજાને શુખ અને સવલ બખશેઉછે. આમા એક બીજો ઉમેરો આટલો કરી દીધેલો કેહવાએછે કે, ૫૦-૧૨૪૨ ના શેહનસાહી આદર મહીનાનાં પેહલાથી તે ૩૦ મા રોજસુધી, ઉદવારાના આતસબેહરાંમના પવીતર તથા પુરાંના કેબલાને શેજદો કરવા જનારા પારસીઓ માટે, આ માનવંતા અકાબર સાહેબે વગ લગાડીને તેઓ સાથે એવી ગોઠવણ બંધ બેસાડી હતી કે, ઉપલા આખા મહીના સુધી દરરોજ જતી તથા આવતી મેલ તરેનો તાંહાંના મથકપર તેઓને લાવ લઈ જાવ સારૂં તાંહાં થોભેઆ કરે. આ શેઠીઆની હાલી રૂડી કોશેસ જો દર વરશે તેહવે ટાંકણે ચાલુ રેહશે તો, તેમના હમદીનો ઉપર તેનાએ અગણીત ઉપકાર કરી બતલાવેલો કેહવાશે; એટલુંજ નહીં પણ પાક આતસબેહરાંમની અજમતી ભરેલી બખશેસથી તેમના માન તથા મરતબામાં છે, તે કરતાંબી અતી મોટો વધારો થશે.

આ ગાકરમી શેઠીઆની કીરતીનો મલી આવેલો ટુક અહેવાલ હીંઆં

સમાપત કરતા હતા, તેટલાં વલી એક માહભારત કામ સંબંધી માથે ઉઠાવી લીધેલી આગેવાની વીશેની યાદગારી ભરેલી જે વાત પરકાસતી જણાઈચ, તેને પણ ખુશી દીલથી સમાવેઆમા આવેચ કે, આપણી સરકાર તરફથી હવડાં અનઘટતી ઉતાવલમા બંધાઈને પસાર થએલા કેટલાક સકત ધારાઓ (જેમા તીમખ બાબેનોબી લાગુ પાડેઓછે) પરજાને જુલમાત ભરેઆ માલુમ પડેઆ છે, તેની ફરીઆદ ઘટતે ઠેકાંણે પોંહચાડવા સારૂં તેવનના વાજબી વીચાર સાથે આપણી વસતી માહેલા પેહલે વાંધેના પારશી, હીંદુ, મુસલમાન, યાહુદી, પોરટુગીસ તથા અંગરેજો મલી સુમારે સવાસો ગરહસથો જે સાંમેલ થયા, તેટલા બધાઓની સહી શીકેનો એક પતર ૧૮૭૩ ના અકટોબરની ૨૭ મી તારીખે હાઈ સરીફ ઉપર તેનાએ મોકલાવીને ટાંઉનહાલની અંદર એક જાહેર સભા બોલાવવાની એલતેમાસ ગુજારીછે. આ અકારા ધારાથી પરજા ઉપર આવી પડતું દુખ દફે કરવા માટે સવતંતરપણુ સાચવીને જે વાત હીંમતથી ઊંચકી લીધીચ, તેને શેવટ સુધી પોંહચી વલી પાર ઉતારી આપશે તો, તેવણુની સારી સહમજ સરકાર તથા પરજા વચેના એખલાસમા સરખો લાભ પરાપત થએલી વખનાશે તેમા તો કશો સંધે નથી.

શેઠ બેરાંમજીની સખાવત ઉપર જેટલા સખશો સંતોસ પાંમવાની આશેઆ બાંધી બેઠા હશે, તે કરતાં અનેક કીસમના વીશેસ કાંમો હજી તે દયાળ દાતારની કારકીરદીમા થવાના જે બાકી રહેઆંચ, તે રૂડી પેરે પાર ઉતારી દેવા માટે બારેહકતાલા તેમની હઈઆતીને દરાજી બખશે, હેવી દુવા મોહતાજોની વઠી સરવે સજણોએ અંતકરણથી ચાહવી જોઈએ.

ગંભીરાઘમા ભેલાએલાં આ ગવાહેરને તાંહાં તેમની આખી જીંદેગીમા, માતરે એકજ ફરજેંદની હસતી કીરતારે જે બખશેલીછે, તે ચીરનજીવીનુ નામ ન્હાનાભાઈછે, અને તેમનો જનમ રોજ ૧૬ મો માહ ૨ જો શેહનસાહી શાલે ૧૨૧૧ ય० મા મુબારક થએલો માલુમ પડેઓછે. આ જવાન શેઠ જોકે પોતીકા મુરબીની મેહરબાંની હેઠલ માહીતી મેલવીને સંસારી કાંમોમા ઘણું થયું સવતંતરપણે પરોટાએલા દેખાએછે, તોપણ તેમના હોકમને તાએબે રહી ઘટતી ફરજ અદા કીધામાં સારૂં ડાહપણ ખરચેછે.

વેપાર ખાતાંની તથા બીજી કેટલીક જાહેર મંડલીઓ અંદર પોતાનો રૂડો દેખાવ દીપાવેઆ ઉપરાંત કેટલુંક થયું સુલેહના અમલદારોની સંફમાબી બીરાજતા રેહચ, એટલુંજ નહીં પણ શેહર સુધરાઈ ખાતાંનો વહીવટ ચલાવવા માટે જારથી ટાંઉન કાંઉનશીલ અતરે પરશીધ થાઇચ, તારથી પરજાની પસંદગી મુજબ તેઓનો હક સંભાલવાના ઓહધાનુ માનબી તેનાએ ખરી લાએકાતથી મેલવી લીધુંછે.

સરકારી શેવીંગ બેંકની દેખરેખ માટે થેડવાએલી માનવંતી મંડલીના એક અધીકારી શેઠ વીનાએકરાવ જગંનનાથ શંકરશેઠના ગુજરી ગયાથી, તેમની ખાલી પડેલી જગેઆ પુરવા માટે જે લાએક ગરહસથની ગરજ હતી, તેવાજ

આ સદગુની શેઠીઆને નામદાર સરકારે શોધીને ૧૮૭૩ ના અકટોબરની ૩૦ મી તારીખથી તેનાને નેમણુક કીધા તે વાત પરજાને પસંદ પડતી વીચારવામા આવીછે.

શેઠ ન્હાનાભાઇને તાંહાં બે નર વારેશોની વસતી જે થએલી હતી, તેમા વડા દીકરા શેઠ રૂસતમજી રોજ ૨૯ મો માહ ૬ ઠો શેહનશાહી સાલે ૧૨૩૨ ૫૦ એ જનમ લઇ પોતીકા નેઆગાંનોને સુખ પમાડતા જણાએછે; અને તેમની પુઠે આવેલા દાદાભાઇના જનમ દીવસની તો ખબર મલી નથી, પણ મરણની ટીપ ઉપરથી માલુમ પડેછે કે, તે ચંચલ બાલક સવાપાંચ વરસની વયમા રોજ ૬ ઠો માહ ૮ મો શેહનશાહી સાલે ૧૨૪૧ મા બેહસતનસીન થયું.

શેઠ દોરાબજી તથા બેરાંમજી ફરદુનજી લશકરી.


મથાલે જણાવેલા આ બેહુ ભાઈઓ, આપણી ટાપુના માનવંતા મરહુમ શેઠ હોરમજજી દોરાબજી લશકરીના બાવા તથા કાકા કેહવાતા હતા. આ બેહુ ભાઈઓના બાવા શેઠ ફરદુનજી નવરોજજી વીશે હેવું સાંભલેછેંચ કે, તે ગરહસથ સુરત શેહરની અંદર ૫૦ ૧૦૮૪ ને શાલ અંધેઆરૂ પંથના ગરીબ મા બાપને ઘેર જનમ લીધા પછે, ૧૫ વરસની વએ પોંહચેઆ તારે, ૧૦૯૯ મા પોતાની રોજી સોધવા સારૂ અતરે આવેઆ; પણ કહેઆ ધંધામા રોકાઈ રહેઆ તે બાબેની હકીકત હાથ આવી નથી.

મજકુર ફરદુનજીને તાંહાં ઉપલા બે બેટાઓની જે બખશેસ થએલી હતી, તેમા વડા ૫૦ ૧૧૦૯ મા, અને નાધલા ૧૧૧૪ મા મુંબઈ ખાતે જનમ પાંમેલા જાણવામા આવેઆછે.

આ બેહુ ભાઈઓ વીશે કેહચ કે, તેઓના વખતની વલાણ મુજબ, અંગરેજી વીદેઆની કેળવણી હાથ કરી લીધાથી ઘણા કાબેલોમા ગણાતા હતા; અને તેટલીજ ખુબીથી સરકારી કમીસરી ખાતાંમા લખનાર તરીકેની ચાકરી લઈ રહેલા હતા. આ નેકબખતોના નશીબજોગે ટીપુ શુલતાનના બાપ મીર હએધર સાથે આપણા રાજ કરતાઓને પેહલવેહલી લડાઈ ઉઠી, અને તે તરફ આ પરાંતનુ જે લશકર ગએઉં, તેની સાથે રવાંણે કીધેલાં કમીસરી ખાતાંનો હીસાબ રાખવાસારૂ નામદાર સરકારે તેઓને મોકલેઆ હતા. હાવાં માહભારત કાંમના સંબંધમા ઘણા વરશોવેર રહેઆને લીધે, તેઓની ઓલખ લશકરીના એલકાબથી જે ઓલખાઈચ, તેજ તેઓના પરીવારો વચે સચવાઈ રહેલીછે.

કમીસરી ખાતાંનું કંટાલા ભરેઉં કાંમ શેઠ દોરાબજીને નહી ભાવેઉં હશે, તેના સબબથી પોતીકા ભાઇને તેમા જાથુક રેહવાનો બંદોબસત કીધા પછે, થોડીજ મુદતમા સરકારી ચાકરી છોડીને તેવણ મુંબઈ આવેઆ; અને પાંચ પઈસા ગાંઠે થયા હતા, તેને રોજગારમા રોકીને સવતંતર સોદાગર બની રહેઆ.

લશકરીનાં ખાનદાનની વંશાવલી.



આગલા દાહાડાઓ ઉપર પારશીઓને માથે હોએલી પંચાએતના અકાબરોની ટીપમા આ શેઠ દોરાબજીનુ નામ ય૦ ૧૧૪૩ ને સાળથી જોવામા આવેછે, અને તે પવીતર ઓહધો પોતાના મરણની છેલ્લી ઘડી શુધી કેહચ કે સારી વરતણુકથી અપક્ષપાતપણે સાચવી રાખીને પોતાની તથા પરાઇ કોમોમા અતીઅંત માન મેલવતા હતા.

વેપારી વરગમા શેઠ દોરાબજીનુ નામ ઈશાવી સને ૧૭૯૩ ની અંગરેજી કેઆલેનડર આપણને દેખાડેછે, પણ ૧૭૯૫ મા કાંઇજ નીશાંની જણાતી નથી; માટે ય૦ ૧૧૬૨ અથવા ૧૧૬૩ ના વરસની વચે તેવણ કદાપી વઈકુંઠવાસ થયા હોએ એવું અટકલવામા આવેછે.

આ ગરહસથ પોતાની પાછલ વંશાવલીમા દાખલ થયા મુજબ તરણ દીકરાઓ જે મેલી ગયો હતો, તે માહેલા બીજા તથા તરીજાની તો કાંઇજ યાદી હાથ આવી નથી; પણ વડાનો અહેવાલ જેવો જણાયોચ, તેવોજ હીંઆં નોધી લઇએછે.

શેઠ હોરમજજી દોરાબજી લશકરી.

આ શકરમી શેઠના જનમનુ શાલ, તેમની મરતી વખતે જણાએલી વય ઉપરથી ય૦ ૧૧૩૩ નુ માનવામા આવેછે. સંસાર સરજવાની સહમજમા આવતાંજ, બાપને તાંહાંના વેપારી વહીવટમા વીટલાઈ પડેઆથી જેમ ઉમર વધી, તેમ સારો અનુભવ મેલવી લીધો હતો; અને તેપછે થોડુંક સુધી આ ટાપુના માલેતોજાર શેઠ અરદેસર દાદીની સાથે, વેહવારનો સંજોગ મલેઆથી, પોતાને મોટા ભાગ્યેગશાલી ગણાવા લાગા.

ઉપલા શેઠની સાહેતા પાંમેઆ તારે કેહચ કે, ઈશાવી સને ૧૮૦૦ ના શાલથી તે સાહેબનુ આડત સંબંધી બોહોલું કાંમકાજ લઇને પેહલવેહલા ચીનની સફરે શીધારેઆ હતા; અને તે પછે તાંહાંની કેટલી સફર એનાએ કીધી, તેની ખરી ખબર મલી નથી.

આ શેઠીઆનુ બોલવું એટલું તો આકલું અને ઉતાવલું હતું કે, સાહમનો સખસ જો તદન અજાંણેઓ હોએ તો, તેનાને વરહકના અથવા કજીઆખોર કહેઆવના બીજો કોઈજ અલંકાર લગાડી સખેજ નહીં; પણ ખરેખરી રીતે જોતાં તો તેમનુ ઉતાવલું બોલવું આકલાપણામા ગણાયું હતું, અને તે ઉપરથી ચીનમા ચીના લોકો પોતીકી જુબાનમા તેનાને "કાહુકાહુ ટાએપાન" (યાને વહડકના શેઠ) ને નામે ઓલખવા લાગા. ચીનમા ભીડાંની તરકારી તદન હતીજ નહીં, તાંહાં આ શેઠે તેના બીઇ મુંબઇથી લઈ જઇને વાવેઆથી સરવેના ખપમા આવનારી આ ઉતમ તરકારીનુ નામ ચીના લોકો પણ "કાહુ કાહુ છોઇ" શીવાએ બીજું આપી શકેઆ નહીં; અને તેથી કરી આ શેઠને નામની એક સારી યાદગારી ચીન દેશમા હજીસુધી સચવાઈ રેહેલીછે.

આ શેઠનો ખુદ વેપાર જારે વધેઓ, તારે તેના કારણ સારૂં વાંહાંણો રાખવાની પણ તેનાએ ફરજ વીચારી હતી; અને પોતીકે નામે બે બારકશો જે ચીન, તથા કલકતા વીગેરેના બંદરો તરફ ફરતાં હતાં, તેમા ૯૫૩ ટન વાલું "મીનારવા" બાણગી હસાબે ૫૦ ૧૧૭૫ થી તે ૧૧૭૮ સુધી જણાયુંછે; અને બીજું ૭૮૫ ટન વાલું "લારડ કેઆસટલરેએ" શા૦ નાગરદાસ હીરજી મોદીની રાસમા ૧૧૯૩ થી કેટલીક મુદત સુધી ચાલુ રહેઆ પછે, પોતાને ખુદ નામે ફરતું હતું. આ છેલું બારકસ ચાલમા એટલુંતો સરસ હતું કે તેની આઠ દીવસ અગાઉ ઘણા બારકશો જેમ હીંઆંથી તેમજ ચીનથી હંકારે તે તેઓને પાછલ મુકીને વેહલું પોંહચી સકતું હતું; અને તેથી કરી ઉતારૂઓને તથા માલ ધણીઓને તે અતી ઉપીયોગી થાએલું કેહવાતું હતું, કારણ કે તેની હઈઆતી સુધી આ બંદરના કોઈબી બારકશે તેને ચાલમા હરાવેલુંજ નોહતું. એ નામીચું વાંહાંણ થોડુંક સુધી એદનની લડાઈમા મંડાયું હતું તાંહાંથી ઈ૦ સને ૧૮૪૦ મા લસકર લઈને મુંબઈ આવતાં બારાંની બાહેર સકત તોફાનમા સપડાઈને તાંનમા ઘસડાતું એક ખરાબાપર લાધીને એવુંતો જોસમા અફડાયું કે, તેના જરબથી અંતે તે તદન ભાગી ગયું; પણ તેના ચંચલ કપતાંન ટોંકસની બરી બાહાદુરીથી તે માહેલા એકે એક પરાંણીઓને તરાપાની મારફતે અંધેરી રાતરે કીનારા તરફ સલાંમત પોંહચાડઆ હતા.

પારસીની કોમમાં પરએઆત થયલા આ શેઠ હોરમજજી · દોરાબજીની જાહોજલાલીના વખત પર તેનાથી જાહેરના ઉપીયોગી કાંમો એવાં તો નથી થયાં કે, તે બાબેની કીરતીને હીંઆં દાખલ કરી દેખાડીએ; પણ એક વાત તે સાહેબની ભલી શોચનાથી જે પરકાશેલી કેહવાઈચ, તેટલીજ ખુબીનો થોડોક પમરાટ હીંઆં સુંઘાડીએછે; અને તે એકે, આ શેઠ પોતાના નાંમીચાં વાંહાંણની અંદર દર મોસમની સફરને સમે સારો પગાર આપીને, કાંમ કરી સએ તેવા ચુનનદા ખલાશીઓ લેતા હતા; કે તરતોફાંનની વેલા બીજાં બારકશોની પેઠે દરીઆવની જાહાજી દીકદારી ભોગવવી પડેજ નહીં. આગલા વખત પર આપણી ટાપુ ખાતે વાંહાંણે ચહડતા ખલાશીઓની સંભાલ રાખનારી સરકાર તરફથી "રીજીસતરી આફીસ" નેમાએલી નોહતી, તેહવા અઈઆમપર ખલાશીઓ પોંહચાડનારા કેટલાક લુછા લોકો વાંહાંણ ધણીઓને તાંહાંથી જોઈતાં માણશોનો મુસારો સારી રવેશે લીધા છતાં, કાંમને સહમજનારા થોડાક સારાં માણશોને સરવેથી પેહલાં ચહડાવી આપે, અને બાકીના બીચારા હેલકરી, ઈઆ ફકીરો, અથવા ઢોલકડાં વગાડનારા જેવાઓને ઠંગ વીદેઆથી બારકસ નાગર ઉપાડીને સફરે ચાલતું થાએ તારે તે ઉપર લઈ જઈને મેલી આવતા, અને જે બીચારાઓએ દરીઆવની મુશીબત કોઈ દાહાડે ન જોએલી, તેહવા લોકો કામ બની નહી સએઆની સજામા બેધડક માર ખાઈને હુધમુવા થતા, આ નોધ લેનારે પોતાની ઘણીક સફરમા નજરે જોયાબીછે; પણ "લારડ કેઆસટલરેએ" તેવી બદનામીમાથી સદા મોકલું રેહતું માલુમ પડેલું હતું.

વાંહાંણના ખલાશીઓને સફરના ખોરાક માટે વગર ચાલેલા જાડા ચોખા, અને ગલું ખખરે તેવું થોડુંક ખોરૂં ઘીઈ વાંહાંણ ધણીઓ પાશેથી દર રોજ દાહડામા તરણ વાર મલેઆ કરવાનો જે શીરેસતો હતો, તેમા આ શેઠના બારકશો અંદર ચહડેલા ખલાશીઓ ખરે ખરા ભાગ્યેગસાલી ગણાતા હતા; એનુ કારણ એવું કેહવાએલુંછે કે, દર મોસમે બારકસ ઉપડવાની થોડા દીવસ આગમજથી તેવા લોકોને બરના ઘણા જાડા નહીં પણ માફક સરના સારા ચોખા, તેવીજ કીસમની દાળ, તથા શેજું ઘીઈ પોતાને તાંહાં મંગાવીને નજરે જોતા, અને અનાજને ચલાવીને સાફ સુફ કરાવેઆ પછે વાંહાંણ ઉપર મોકલાવતા હતા, તેથી કરી બે વાતનું સુખ બીચારા દરીઆઈ દેડકાઓને જે પરાપત થતું તેમા, એક તો પુરતો પગાર તેઓને પલે પડતો, અને બીજું સુતરૂં ભોજન સદા મલતું; તેથી જાંહાં સુધી બારાંમા "લારડ કેઆસટલરેએ" હંકારવાની તઈઆરી પર હોએ, તાંહાં તુલીક બીજાં બારકશોની નોકરીમા કોઈબી ખલાશી જવા માગતો નોહતો.

આ શેઠની સાહેતા હેઠલ પોતાના વડા દીકરા દોરાબજી, તથા શા૦ પરમાણંનદાસ નાગરદાસની મજમુમાં "પરમાનંદ દોરાબજી"ની અટકથી જે બોહોલો વેપાર ચાલેઓ હતો, તેની જવાબદારી પોતાને સર હોવાને લીધે ઈ૦ સને ૧૮૩૫ મા જારે તે પેહડી દેવાનાં જબરાં દબાંણમા ફશી પડી, તારે તેની આંચે આ બુજોરગ શેઠનેબી હીસલાવી નાખેઆથી તેનાને તાંહાંનો રોજગાર થોડુંક સુધી ઓછવાતો રહીને પછે જઈફીને લીધે સાબદો બંધ પડેઓ હતો, તે વાત જાહેરમા આણતાં ખરેખરી દલગીરી ઉપજેછે.

ઉપર જણાવેલાં વાંહાંણો શીવાએ આ શેઠની બીજી માહભારત મીલકતો બે હતી, તેમા એકતો દેવલની ભાગલો પસાર કરીને કોટ તરફ ઉગમને જતાં જમના હાતપર તેજ ધપથી હવડાંસુધી ઉભેલું પેહલુંજ ઘર (તેને લગતી દુકાંણો શીકે,) અને બીજી તારદેવ આગલ મી૦ કાવસજી નાનાભાઈ દાવર પાશે "અલાયન્સ સ્પીનીંગ કુંપની"નું જે કારખાનું ચાલુંછે, તે માહેલા અસલી બંગલા સાથેની મસ મોઠી વાડીના ઘણા વરશો સુધી ખુદ માલેક હતા; પણ ભાગ્યેગના વીજોગથી સરવે નહીં સરીખુ થઈ જતાં, આ શેઠની જીંદગી જારે ૭૮ વરસપર આવી અટકી, તારે દુનીઆંના દોરમાથી દુરી પકડીને રોજ ૪ થો માહ ૯ મો કદીમી શાલે ૧૨૧૧ ય૦ એ જીનત તરફ ચાલી ગયા; અને તે દાહાડાથી આપણી વસતીના પુરાતમ વેપારી, તથા લગભગ પા સદી સુધી બરેખુત રહેલા પારશી પંચાયતના સવતંતર અધીકારીનુ નેકનામ ખતમ થઈ પડેલ છે.


શેઠ બેરાંમજી ફરદુનજી લશકરી.

લશકરીની અટકનો પાયો નાખનારાઓ માહેલા આ બીજા ગરહસથનું નાંમ મથાલે બીરાજેછે, તેનાને ઘણા ખરા લોકો "બેહલાઈ લશકરી" કેહતા હતા. ટીપુ સુલતાન ઉપરની લડાઈ જારે પુરી થયા પછે કમીસરી ખાતાંની સાથે એવણ મુંબઇ આવેઆ, તારે પોતાની મેહનતથી મેલવેલા પઇશા ઉપર કનાયત પકડી તેનો ભોગવટો કરવા લાગા; અને તેમાથી થોડો ભાગ કોટની અંદર પીઠાંના મોહલામા શેરીને એક ઘેર જે બંધાવેલ હતું, તે આજે લગભગ ૭૦ વરસનુ પુરાંણુ થતાં તેમના નાઘલા દીકરા શેઠ મેહલુજી, પરવરદેગારની પીરેજગરીથી હઇઆત રહીને હવડાં જઇફીએ પુગેલા જે જણાએચ, તેવણ પાશે સચવાએલુંછે. આ ગરહસથ ૮૦ વરસની બુજોરગીએ પોંહચીને રોજ ૧૫ મો માહ ૯ મો કદીમી સાલે ૧૧૯૪ ય૦ એ બેહસતનશીન થયા, તે વખતે વંશાવલીમા જણાવેઆ મુજબ પાંચ માહેલા (વડા વતરેગે) ચાર દીકરાઓ હઇઆત હતા.

આ બેહલાઇ લશકરીના બધા બેટાઓ બાબે એવું બોલાયલુંછે કે, તેઓ પોતાના વખત પરમાણે મલેલી અંગરેજી વીદયામા સારી માહીતકારી પાંમેઆ હતા; એ માહેલા વડાની તો કશી કેફીએત માલુમ નથી, મગર બીજા જમશેદજીએ ઘણા વરશો બંગાલ તરફ વેપારને અરથે ગુજારેઆં હતાં; અને તાંહાંથી પાંચ પઇશે શુખી થઈ આવીને મુંબઇમા થોડુંકસુધી રહેઆ પછે, દંમન જઈને જીંદેગીના બાકી દીવશો અમનોઅમાનથી પુરા કીધા હતા. દંમણ ખાતેના જરથોસતીઓમા જે કોઈ મરણ પાંમતા તેનુ રવાણ છેક ઉદવારે લઈ જવું પડતું હતું; અને તેથી કરી દુરદરાજ સુધીની મંજલ ઘણીજ હેજગારી ભરેલી જણાયા ઉપરથી, આ ગરહસથે પોતે નાંધલી દંમણમા એક દોખમું પોતાના મરહુમ પુતર પેસતનજીની નઈએતે બંધાવાનુ કાંમ ચલાવેલ હતું; પણ તે તઈઆર થવા આગમજ, રોજ ૯ મો માહ ૩ જો કદીમી સાલે ૧૧૯૯ મા જંજાલી જગતને દુર કરી મીનોઈ જાંહાંન તરફ ચાલી ગયાને લીવે, હાવાં પુનવંતાં કાંમને સરંજાંમ પોંહચેલું જોવા પાંમેઆ નોહતા. એ દોખમું જારે બંધાઈને પુરૂં થયું, તારે તે મરહુમની વીધવા માંણેકબાઈએ રોજ ૧૩ મો માહ ૮ મો શેહનશાહી શાલે ૧૨૦૦ ય૦ એ, મજહબના કાનુન મુજબ ઉદવારીઆ મોબેદો પાશે ઘટતી ક્રીઆ કરાવીને, હમદીન ભાઇઓના રવાંણોની આરાએસ માટે વાપરવા આપેઆથી ભલી બાઈએ પોતાના ભરથારની કીરતી પરકાસતી રાખીછે.

તરીજા બેટા બરજોરજી જે ઘણા ખરા પીનાંગ તથા ચીન વચે પોતાના રોજગારસર ફરતા હતા, તેવણ રોજ ૯ મો માહ ૪ થો કદીમી શાલે ૧૧૯૭ ય૦ એ ચીનમા જારે મરણ પાંમેઆ, તારે તેના રવાણને વાંમપુ તરફ લાલ પાહાડ નામની જગેઆછે તાંહાં ભોમીદા કીધામા આવેઆ હતા.

શાઅરખાનદાનની વંશાવલી.



ચોથા ચીરણજીવી જે અરદેસર બેહેલાની અટકથી પરખેઆત થઈ ગયાચ, તેવણ કેહચ કે અંગરેજી વીદેઆમા બધા ભાઈઓ કરતાં વીશેસ ખબરદાર હતા. આ ગરહસથની કાબેલીએત તે વખતપર વખનાયાથી મરહુમ વાહાડીઆ ખરશેદજી ફરામજી ઈ૦ સને ૧૮૧૯ મા પોતાની તરીજી એપે તેનાને ચીન ખાતે લઈ ગયા હતા; જાંહાંથી તરણેક વરસમા પાછા વલી આવેઆ પછે ઈ૦ સને ૧૮૨૩ થી, આપણી માજી સુપરીમ કોરટ ખાતે દુભાશીઆ તથા તરજુમો કરનાર તરીકેની નોકરી મેલવીને, તે ઈનસાફી ખાતાંમાં મોટી મુદત સુધી જોડાઈ રહેલા હતા. આગલા દાહાડાઓ ઉપર દેશીઓના દીકરાઓને અંગરેજી પઢવામા જે અડચણો નડતી હતી, તે વાત આ ગરહસથે ધેઆનમા લઈને મી૦ મરેની બનાવેલી અંગરેજી ગરાંમરનુ ભાશાણતર ગુજરાતીમાં કરીને તે સાથે "વાકીઉબીલેરી" નામનુ એક પુસતક પણ હસતીમા આણેઆથી શીખનારાઓને સગવડ કરી દીધી હતી. અંગરેજી એલમમા વખત જતે જેમ યુરોપખંડથી સુધારો આવી પૈડો, તેમ તેનાની અસલી કેળવણી નકાંમી પડવા લાગી; અને તે સાથે જઈફી પાંમતા જણાયા ઉપરથી, બેઠા મુસારાની અરજ ગુજારી સાથે ચાકરીનુ રાજીનામુ જારે સરકારમા મોકલાવેઊં, તારે ઈ૦ સને ૧૮૪૫ થી દર મહીને રૂ ૨૦૦ નુ પેનસન જે આપતું કીધું, તે ઉપર પાંચેક વરસ સુધી જીંદગીને સંતોસ પમાડેઆ પછે, રોજ ૨૦ મો માહ ૧ લો કદીમી શાલે ૧૨૨૦ ય૦ એ આગલી કોરટનો આ અશીલ દુભાશીઓ ૭૦ વરસને સુમારેની ઊંમરમા બેહસતનશીન થયોછે.

સાઅર ખાનદાનની સરૂઆત.

આ કુટંબીઓની કેફીએત મેલવતાં પરથમ એવું માલુમ પડેઊં હતું કે, શેઠ કાવસજી માણેકજી ય૦ ૧૧૨૨ મા સુરતના કોક ગાંમડાં તરફથી આવેઆ હતા; અને તેજ નામ પારસીઓની પધરાંમણીમાબી હમો જણાવી ચુકા છઈએ. પણ પાછલથી એજ શેઠના એક દસતાવેજે એવું દેખાડી આપેઊંચ કે, તેમના બાવા માણેકજી લીમજી પરીવાર લઈને પેહલવેહલા ૧૧૦૨ મા જારે અતરે આવેઆ, તારે તેમના બેટા કાવસજી માતરે તેજ વરસમા જનમ પાંમેલા હતા.

સાઅર સબદ જે અંગરેજી ("Sawyer")છે તેનો અરથ લાકડાં વેહરનારા કરાઈનો થાએચ, માટે એ ધંધો હાથ કરી લીધાથી ઉપલી અટકે જે ઓલખાતા આવેઆ, તે ખાનદાંનને હવડાં શાહેરના સબદાથી પરજા પીછાંણેછે.

ઉપલા ધંધામા વખત ગુજારીને શેઠ માણેકજીએ જારે આ દુનીઆની મમતાથી દુરી પકડી, તારે થોડી પુંજી ઉપરાંત કોટમા પટેલના મોહલા અંદર મરહુમ શેઠ પેશી કાકાની શાહમની હારમા એક ઘેર પોતીકાં બચાંઓને રેહવા માટે તેવણ મેલી ગયા હતા.

એવનની પીઠથી ઉતરેલા બે બેટાઓમા કાવસજીના જનમનો સને ઉપર જણાવેલો છે. પણ નાધલા શેરાબજી બાબે કાંઈજ ઈઆદી હાથ આવી નહીં.

શેઠ કાવસજી શાઅરે બાપીકી પુંજીનો ઉપીયોગ ઘણી રૂડી રવેશે કરેઆ કીધો, તેથી થોડીજ મુદતમા એક સવતંતર વેપારી બની રહેઆ. આ સાહેબે નાંધલા પાયાપર ચાલુ કીધેલી અંગરેજી શામાણની દુકાણ, પરમથ તો વાડીઆજીના ચકલાપર જાંહાં હવડા ધંધાદારી હોરાઓ તથા પારશીઓ બેશેછે, તે માહેલાં એકાદાં મકાણમા હતી; અને તેપછે કામ વધેઆથી તાંહાંના ઉઠેલા અંગરેજ બજારમા "મેડો સ્ત્રીટ"વાલા મોહલામા અરમાણી લોકોના દેવલની સાહમને એમારત વેચાતી લઈને લાવેઆ, તારનુ તે પુરાંનુ મકાણ હજીસુધી તેમના એક વારેસ પાસે સચવાઈ રહેલું સંભલાએછે.

દુકાણદારીમાથી રૂડી વરતણુક વાપડીને સંઘરેલા દરવીઅને અંગરેજો વચે વીઆજ વટાવે ફેરવવા લાગા, તેથી નાણા ધીરનારા સાહુકાર તરીકે તેનાઓ પરબેઆત થયા, એટલુંજ નહીં પણ વેપારી મંડલીઓમાબી એક માનવંતા શેઠીઆ ગણાતા હતા.

શેઠ કાવસજી શાઅરે જારે મરણની છએક મહીના આગમજ વશીએત કીધું, તારે તેવન પાસેની મીલકતો હેઠલ મુજબ માલુમ પડી હતી જેમાઃ—

૧. પટેલના મોહલામા એદલજી વઈદની પડોશનુ બાપીકું ઘેર, જેની કેફીએત ઉપર આપેલી છે; એ ઘેર અસલમા ઘણુજ ભાગી ગયલું હતું તેને આ શેઠે પોતીકે પઈશે નવેસરથી બંધાવેલ હતું.

૧. એજ મોહલામા શેઠ દાદાભાઈ જમશેદજી પટેલ (ગાંમડીઆ) ની પડોશમા, અને નસાખાનાની ગલી સાહામણે આવેલી મોટી હવેલી.

૩. અંગરેજ બજારના મોટાં ઘેરો અંગરેજો જણ તરણ પાસેથી વેચાતાં લીધેલાં.

૧. મજગામખાતે બંગલા સાથેની મોટી વાડી.

૧. બાહેરકોટ દાદીશેઠના આતશબેહરાંમની પછવાડે આવેલું અમરતરીનુ છાપરૂં.

એ ઉપરાંત જરજણસો, સરસામાણ, રોકડ તથા હુંઘરાણી વીગેરેનો દઈવત જુદો કેહવામા આવેઓ હતો.

પોતીકા ભાઈ શેરાબજીના કબીલાનુ પાલણબી આ શેઠ કાવસજી સારી રવેશે કરતા હતા, અને જીંદગીનો અંત જારે નજદીક આવતો દેખાયો, તારે વશીએતનામાની ખુબીથી ઉપલી સીરાસ માહેલો થોડોક ભાગ, તેમના દીકરા પેરાતનજી જે તે વખતપર વએ પોંહચેલા નોહતા, તેને વાસતે અલાહેદો કાહડતાં બાકીનું દઈવત પોતાના એક પુરા દીકરા દાદાભાઈને સપુરદ કીધા પછે, રોજ ૬ ઠો માહ ૧ લો કદીમી શાલે ૧૧૯૩ ય૦ એ વરસ ૬૧ ની ઉમરે બેહશત નસીન થયા હતા.

એમની પછે શેઠ દાદાભાઈનો દોર ચાલેઓ તારે, બાપીકી દુકાણનો દબદબો અતીશીઅ વધારીને દરવીઅનો ભંડોલ પણ તેનાએ મુબલક હાથ કીધો હતો. આ શેઠ જો કે પોતીકો સનસાર સંભાલવા જેટલું શીખેઆ શીવાએ

બીજી કોઈબી માહભારત કેલવણી તો પામેલાજ નોહતા, તોપણ માહવેરાથી મેલવેલી દાનાઈ એટલીતો ધરાવતા કે, ઘણીક બાબદોમા તેમના રૂડા વીચારો લોકોને ઉપીયોગી થાઇ પડતા હતા.

પારશી પંચાએતના અકાબરોની હારમા આ શેઠ ઘણા વરસોસુધી બીરાજતા રહીને સવતંતરપણાથી પોતાનો અધીકાર બજાવતા હતા, તેની શાહદતમા એક વાત જે વખણાએલી જાણવામા આવીછે, તેને હીંઆં નોંધી લઈએ છે. કેહચ કે કોઇ ગરીબ પારશી પોતાની પરણી બાએડી જે બેડોલ હશે, તેથી તેણીને તજી બીજી બાએડી કરવાની રજા લેવા માટે તેમની પાસે જારે ગયો, તારે સઘલી કેફીએત સાંભલી લીધાપછે, તેણીની ચાલચલણ તથા નીતી સંબંધી પુછપરછ સારી રવેસે કીધી; જેનો ખોલાશો મનમાનતો મલેઆ ઉપરથી, ફરીઆદ આવનારની હજુરમા પોતાની માનવંતી મોહરદારને તતકાલ તેડી મંગાવી, અને તેણીનો ઘટમ દેખાડતાં સવાલ કીધો કે, એના કરતાં તાહરી બાએડી કેહવા ઘટમ તથા રંગનીછે? જોઇને જવાબ આલેઓ કે સાહેબ તેણીના કરતાં તો લગાર સારીછે, પણ મને ગમતી નથી, માટે તેની સાથે છુટાછેડા કરવાની રજા આપો; હાવું સાંભલતાંવાર ફરીઆદ આવનારને નસીએતના નાદર સુખન સંભલાવી કહેઊં કે, માહારી જાહોજલાલી છતાં તાહારાજ કેહવા મુજબ તાહરી કરતાં આ બેડોલ બાએડી ઉપરથી માહરો પેઆર હું દુર કરી શકતો નથી, તારે તને રજા તે કેમ અપાએ; માટે ગરીબને હાવો ગરવ કદી કરવો જોઇએ નહી. તાહરી આબરૂ ચાહતો હોએતો તે બાપડીને વગર વાંધે તાહરે તાંહાં લાવીને સનસારના સુખમા તેની સાથે સમાઇ રેહ, નહીંતર પંચની ઇતરાજી ઉતરેઆથી તને ઘણું ખમવું પડશે. હાવા સરોપાવ સાથેનો શેઆનપત ભરેલો સુભ ચુકાદો મલેઆથી, શેઠ દાદાભાઇની શીખામણની પેલાને એટલી તો અસર થઈ કે પોતાની અનગમતી બાએડી તેને અસુલીઅ દેખાઈ, અને થોડુંક સુધી ખોરંબે પડેલું જોડું વગર ઘાસતીએ શાહટવાતમા આમેજ થઇને અરસપરસના સુખથી સંતોશ પામેઊં હતું. બાપના મરણપછે ૩૪ વરસ સુધી શાવધ ધીઆણથી સવતંતર રહીને પોતીકો વણજ વેપાર* પરમાણીકપણે ચલાવતાં દરવીઅના બંડોલ સાથે તેનો ભોગવટો સાચવવા માટે જનમેલા ૪ બેટાઓમા માતરે બેને† પોતાની પાછલ હઇઆત મેલીને શેઠ દાદાભાઈ શાઆર રોજ ૨૬ મો માહ ૭ મો કદીમી શાલે ૧૧૯૭ ય૦ એ ૭૦ વરસની ઉમરમા જીંનત ગુજીન થયાછે.

---

* દુકાણદારી ઉપરાંત અંગરેજોને ચોકસ જામીનગીરી કબજે હજારો રૂપીઆ મુબલક વીઆજે આપી શરાફીમા નામ લખાવેઊં હતું.

† બે બેટાઓ જે તેમની આગમજ મરણ પામેલા માલુમ પડઆચ, તેમા વડા અરદેસર રોજ ૧૭ મો માહ ૮ મો કદીમી શાલે ૧૧૯૨ એ વરસ ૪૫ ને સુમારેની ઉંમરમા; અને બીજા દીનશાજી રોજ ૫ મો માહ ૩ જો કદીમી શાલે ૧૧૯૫ એ વરસ ૪૦ ની વયે વઇકુંઠવાસ થયાછે. નો૦ લે૦

શેઠ હોરમજજી તથા માણેકજી દાદાભાઈ સાઅર.

શેઠ દાદાભાઈના હયાત રહેલા આ બે દીકરાઓ માહેલા વડાની ૪૦, અને નાધલાની ૩૫ વરસની વય તેવણ ગુજરીઆ તારે ગણાતી હતી; અને તે સાહેબો સાંભલીઆ પરમાણે પોતીકા મરહુમ ભાઈઓના પરીવારોને સારી સંપ-જમા સમાવી રાખીને મુરબીએ મેલવી આપેલી મોટી દોલત ઉપરથી માનવંતા શેઠીઆઓમા પરએઆત થએલા હતા.

આ બેહુ ભાઈઓએ પોતીકા મરહુંમ પોતાની નઈએતે હમદીનોની સગ-વડ સાચવનારાં જુદે જુદે ઠેકાંણે બે મકાંણો બંધાવીને તેઓના ઉપીયોગ માટે જાહેરમા જાંહાં ખોલાં મેલીઆંચ, તાંહાં ધરમનીમના કાંમો થતાં રહીને શેઠ દાદાભાઈ કાવસજી સાઅરની યાદી નીચે મુજબ દેખાડેછે.

ચોપાટીના ડુંગર ઉપર જાંહાં મરણ પાંમનારાઓને માટે આરાંમધાહની એકાંત જગેઆછે, તાંહાં દર વખતે બંદગી તથા ક્રીરીઆમારગ કરવા જનારાઓ સારૂં છાંએડા જેવાં મકાંણુની તંગાશ હતી, તે મટાડવાની મતલબથી એક સગડી બંધાવીને રોજ ૨૬ મો માહ ૭ મો કદીમી શાલે ૧૧૯૯ ય૦ એ ઈજાવેઆ પછે ઉપીયોગી કાંમના વાપરવાસમા ખોલી મેલીછે.

માહલક્ષમી તરફ પોતાની વાડીના ચોકમા એક શોભાએમાન એમારત બંધાવીને તાંહાં આતસઆદરાંનને પરથાવેઆ, અને તેની ક્રીરીઆ રોજ ૧૭ મો માહ ૭ મો કદીમી શાલે ૧૨૧૫ ય૦ એ કદીમી પંથના તરીકા મુજબ કરા-વેઆમા આવી હતી.


એ ઉપરાંત પરજા ઉપીયોગીના બીજાં કોઈબી જાહેર કાંમોમા આ કુટંબીઓ જાહાજા પરએઆત થએલા માલુમ પડ્યા નથી, તોપણ તેઓની મીલનસારી તથા મીતરાચારી ઘણે ઠેકાંણે આબરૂથી પંથરાએલી કેટલાકોના જોવા તથા જાંણવામા આવેલીજ હશે.

ઉપલા બેહુ ભાઈઓમા વડા શેઠ હોરમજજી ૫૭ વરસની વએ પોંહચતાં રોજ ૧૮ મો માહ ૭ મો કદીમી શાલે ૧૨૧૪ મા,* અને નાંધલા શેઠ માં-ણેકજી ૭૦ વરસની જંદીગી ગુજારીને ૧૨૩૨ ના કદીમી પાંચમા ગાથાને રોજે બેહસતનશીન થયા પછે, આ કુટંબીઓમા જે કોઈ બાકી રહેઆચ તેઓના નાંમો વંશાવલીની ટીપ જોવાથી જણાઈ આવશે.

---

* મરહુમ શેઠ અરદેશરના એકપુરા દીકરા મી૦ કાવસજી પણ સારા સવભા-વના અશીલ પુરૂશ હતા, તે ૪૭ વરસની જીંદગી ખતમ કરીને રોજ ૧૭ મો માહ ૨ જો કદીમી શાલે ૧૨૨૪ ય૦ એ જીનત તરફ ચાલી ગયાછે. ગ્રં૦ બે૦

ધનાપટેલની વંશાવલી.


હોમાજી પેશતનજી વડા. મ.
નશીરવાનજી નસલા પટેલ. મ.
શોરાબજી જીબા પટેલ. મ.
ધનજી ભાઈ ધના પટેલ મ.
કાવશજી કાળી પટેલ. મ.
નવરોજજી. મ.
બરજોરજી મ.
અરદેશીર. મ.
હોરમજી મ.
ફરામજી.
ફરદુનજી.
જમશેદજી
મેરવાનજી. મ.
હોરમજી
ડોશાભાઈ. મ.
દીનશા. મ.
ખરશેદજી
ધનજીભાઈ
ડોશાભાઈ. મ.
મનચેરજી. મ.
દારાંશા
બેરામજી. મ.
ડોશાભાઈ.
ખરશેદજી.
રૂશતમજી.
દારાંશા.
જમનજી. મ.
હોરમજી.
હોરમજી.
માણેકજી
દીનશા.

શેઠ હોમાજી પેસતનજી પટેલ.

સુરત જીલ્લાના મોરા સુમારી ગાંમની વસતી માહેલા આ હોમા પટેલનો જનમ ય૦ ૧૦૬૭ મા તે તરફ થયલો જાંણવામા આવેઓછે. કેહએ કે, આ ગરહસથ વડવાઓથી ઉતરતી આવેલી તાંહાંની પટેલાઇનુ કાંમ કરી પોતાનો સંસાર ચલાવતા હતા, પણ તે પછે પેશવાઈ રાજની જપતીએ બધો કારોબાર અફરા તફરી કરી નાખેઆને લીધે, તથા સરકારની ચહડી ગએલી ગરાસ આપી નહીં સખાયા ઉપરથી કેદખાનાની ધાસતી ખાઈ પોતાના પરીવારો સહીત તાંહાંથી નીકલીને ૧૧૦૩ ની શાળમા આ ટાપુ ખાતે પેહલવેહલા આવી વશેઆ અને તે દાહડાથી તેનાનો વેલો હીંઆંનો વતની થઇ રહેલોછે.

ગામના જેવી હકુમત તો આ શેઠીઆને હાથ હીંઆં આવીજ નહીં, પણ ગુજરાતી દશ્કતની વલાણ મરોડદાર હોવાને લીધે, પારશીઓ તથા બીજી બાબદોની આગલી હકાએતોના નામાઓ લોકોને લખી આપવાના ધંધામા રોકાઇને પોતાનો ગુજારો કરવા માંડેઓ; અને તે ઉપરથી જેમ ઓલખાન પીછાન વધી તેમ તે વખતના શેઠીઆઓ સાથે દોસતીબી સારી રવેશે સાંધી લીધી, તેમા વાહડીઆજીના ખાંનદાનમા તો ઘણાજ પરોટાઈ પડેઆ હતા.

આપણા અસલી કોટની સંભાલ માટે ફરતી ચરો જાઈ ય૦ ૧૧૦૮ મા, ખનવા માડી, તારે કેહચ કે તે માહેલા કેટલાક ભાગ તરફના કામનુ ઉપરીપણુંબી શેઠીઆઓની લાગવગથી તેનાએ મેલવીને રૂડીપેરે બજાવેલ હતું.

હોમા પટેલની અઓલાદથી ચાર બેટાઓ અવતરેલા હેવાતો ચુનંદા હતા કે, તેઓના નામની પરબેઆતી શીવાએ બીજાં કાંમોની કાંઈબી કેફીએત હસતીમા હોએલી જણાતી નથી; અને તે નામો આ ટાપુ સાથે હેવાંતો ચોંટી બેઠાંચ કે, તેઓના પરીવારોમા વડવા તરીકે નસલા પટેલ, છીબા (શોરાબજી) પટેલ, ધના પટેલ, અને કાઉ પટેલની અટક હજીસુધી ઉસતવાર રહેલીછે.

આ બુજોરગના જનમનો અટકલો, તેમના તરીજા દીકરા ધના પટેલની મરતી વખતે માલુમ પડેલી ઉંમર ઉપરથી લેવામા આવેઓછે; પણ ગુજરેઆના દાહડા દીશાની કાંઇજ યાદી તેમના પરીવારો પાસેથી મલી શકી નથી, માટે આટલીજ બીનાથી તેમની જીંદગીનો આ ટુક અહેવાલ હીંઆં ખતમ થાએછે.

શેઠ ધનજીભાઈ હોમાજી, લકબે ધના પટેલ.

મરહુમ હોમા પટેલના ચાર મહેલા આ તરીજા દીકરાનો જે અહેવાલ હાથ આવેઓચ, તેને અતરે નોધી લેવાની શરૂઆત કરતાં ય૦ ૧૧૦૭ મા તેનાનો જનમ થાએલો જાહેર પારીએછે.

આ ગરહસથે કુધરતી વખે કેહવી ગતીમા ગુજારી હોએ, તેની આએહુબ હકીકત જોકે માલુમ પડી નથી, તોપણ તે સાહેબ કોટના હોરાબજારની અંદર પરચુટણ સામાંણ વેચવાની એક નાહનકરી દુકાણ માંડીને તેની ઉતપંતીમાથી પરીવાર સહીત સંસાર ચલાવતા હતા. પોતીકા પીતાને વાહાડીઆજીના ખાનદાન સાથે અસલથીજ મીતરાચારીની મોહબત બંધાએલી હતી, તેની પીછાણુત જાચીને તે વખતના માસતર બીલદર માણેકજી લવજી તથા તેપછે તેમના બેટા ફરાંમજી માણેકજી વાહડીઆની મેહરબાંનીથી ગોદી ખાતે મરાંમતને માટે આવનારાં વાંહાંણો માહેલો રદ કીધેલો સામાણ કીફાએત ભાવથી મેલવી લઈને જે વેચતા, તેમાથીબી સારો નફો હાંશેલ કરતા હતા.

વાંહાંણોને વાસતે દોરડાંઓનો ખપ જારે નીકલવા લાગો, તારે મજકુર વાહડીઆજીની સાંહેતાથી, મરીન ખાતાંના કપતાન હેમીલટનની રાસમા ભુલેશ્વરના લતા તરફ સારા પાયાપર એક કરદોરી ઉભી કરીને, વેલાતી તારના સફાઈદાર અને મજબુત દોરડાંઓ વણવાનુ કારખાનુ અતી મોટું વધારી દીધું; અને તે માટે વાંહાંણવટીઓ વચે ઓલખાન જમાવેઆથી આ ધના પટેલ સરવે ઠેકાંણે જાંણીતા થયા.

સારી સ્થીતીમા આવેઆ પછે આપણા આ ધના પટેલને પારશી પંચાએતના એક અધીકારી દાખલ, તે વખતની અંનજુમને ૧૧૪૭ થી બેઠવેઆ હતા; અને તે ઓધો હઈઆતી તુલીક પરમાણીકપણે બજાવીને સરવેનો સારો ચાહ મેલવી લીધો હતો.

છેલા ઉપીયોગી ધંધામા ઘણું સુધી ગોવાએલા રહેઆથી આ ધના પટેલની ઉંમર ૭૦ વરસની જઈફીપર જઇ પોંહતી, પણ અજલના ફીરેસતાએ તેથી વધારે અવકાસ નહીં આલેઆને લીધે, રોજ ૨૮ મો માહ ૯ મો શેહનસાહી શાલે ૧૧૭૭ ય૦ એ પોતાની અઓલાદથી ઉતારેલા માતરે એકજ બેટાને હસતીમાં રાખી જંનતવાસ થયાછે.

શેઠ હોરમજજી ધનજી પટેલ.

આ ગરહસથ ગાંમમા ઘણુ કરી ધના પટેલના હોરમજજીને નામથી આસકાર થયલા હતા. એવનનો જનમ રોજ ૫ મો માહ ૪ થો શેહણશાહી શાલે ૧૧૪૩ ય૦ એ જાણવામા આવેલો હોવાને લીધે, બાપના મરણ વખતે ૩૪ વરસની વયપર તેવણ પોંહચેલા હતા.

બાપની પરવરેશી હેઠલ પલાઇને પુખત સહમજથી તેનાએ રચેલી કરદારીનું કાંમ થોડુંક સુધી ચાલુ રાખ્યા પછે, તેની કીંમત લાભકારીક ઉપજેઆથી કેહચ કે, તે આખું કારખાનુ આપણી માજી કુંપની સરકારને વેચી નાખેલું; અને તે હાથ આવેલો અવેજ બીજા ધંધા રોજગારમા રોકીને શોદાગરોની સંફમા લાગુ પડ્યા હતા.

કરદારીનુ કામ સરકારના હસતકમા દરોબસત નહી ચાલેઆને લીધે, તે કારખાનું જારે પાછું વેચાએલું, તારે આ ગરહસથે મી૦ જે. એ. પોપ નામનો અંગરેજ ગરહસથ, જે આગલાં "બોમબે ગેઝેટ"નો અધીપતી, અને તે ઉપરાંત રીકારડર કોરટનો એક આલદરમેનબી હતો, તેની પાંતીમા ખરીદી લઇને અગાલી હાલત મુજબ સારી રવેશે ચલાવેલું; અને તે પછે પંતીઆલું છુટું પાડીને તેનો વહીવટ પોતાને એખીલે નામે ઘણા વરસો સુધી માન સહીત જાલવી રાખ્યો હતો.

મી૦ હેમીલટન મેકીનતાસની કુંપનીવાલા જે નેવીખાતાંના આડતીઆઓ હતા, તેઓની સંગાથે આ શેઠ ય૦ ૧૧૮૯ થી ભાગમાં જોડાઇ રહેલા હતા; અને તેપછે સર રીચરડ કીંગ આડમીરાલ થઇ આવેઓ, તારથી મનવાર ખાતાંનુ બધું કાંમ પોતે હાથ કરી લઇને તેની બદલીએ આવી ગયલા બીજા ઘણાક આડમીરાલોની શેવા સારી પેઠે બજાવતા હતા. આ કારણ માટેનો વહીવટ વડા દીકરા દીનસાહને જે સોંફેલો હતો, તે ઘણી લાંમબી મુદત સુધી તેઓ પાસે સચવાઇ રહેલો સંભલાયોછે.

બાહેરના દેશાવરો સાથે વેપાર જારે બોહોલો ફેલાવા માંડ્યો, તારે કપતાન કરાફરડ, વાડીઆ મનચેરજી જમશેદજી તથા પોતે મલી જન તરણની પાંતીમા એક પેહડી સ્થાપીને, તેજ અરસામાં મજગાંમની ગોદી પાશેના ધેલાવ ઉપર "આરલસ મલકમ" નામનુ ટન ૮૦૦ વાલું એક મોટું વાંહાણ ય૦ ૧૧૯૮ મા બંધાવેલું હતું.

શેઠ હોરમજજીએ પોતાના સારા વખતમા ભેગા કીધેલા દરવીયના ભંડોલનો થોડોક ભાગ હમદીનોના ફાએદા માટે જે રોકેઓચ, તેની યાદી કોઇ દાહડે ભુલાએ નહીં તેહવી ઉસતવાર રહીને, ડંકનરોડની વચે આવેલા એબલીચક રોડ નામના આડા રસતાને નાકે સઉનો શેજદો લેવા લાએક ઉભેલી દરેમેહર વીશે હેવું સાંભલવામા આવેલુંચ કે, તેમના મરણ પામેલા નાધલા દીકરા ડોસાભાઇની નઇએતે પોતાની જગેઆ ઉપર એક એમારત બંધાવીને


તેની અંદર રોજ ૧૭ મો માહ ૫ મો શેહનશાહી શાલે ૧૨૦૩ ય૦ એ આતસ આદરાનને તખતનશીન કરાવેઆ; અને તે દાહાડાથી જરથોસતીઓની એબાદત સારૂ તથા ધરમને લગતી કીરીઆઓ માટે જાહેરમા ખોલ્લા મેલીઆછે.

આ એબાદત ખાનાના જાથુક નીભાવસ માટે કેહવ્ય કે, ગલાલવાડી આગલનું એક ઘેર અલાહેદું કાહડીને પોતીકા જમાઈ મી૦ શોરાબજી રૂસતમજી ગોખલીના સવાધીમા શોંફી આપેલુંછે; અને તેની આએપત વરશે દાહાડે રૂ ૬૦૦ ઉપજેચ, તેટલાંથી તેનો માનમાન ખરચ પુરો થાઈ સએછે, પણ નકરે ખોદાને કોઇ અકસમાતથી વધારે કામ આવી પડે, તારે તેની મદદ માટે આ કુટંબીઓમા જે કોઇ સાહેબ જુરરાતવાલા હોએ, તેઓએ તેનો વીચાર આગમજથી નકી કરી રાખવો સજાવારછે.


ઉપલા વખત સુધી શેઠ હોરમજજીનો શીતારો સારા પાયા પર બેઠેલો જે સંભલાતો હતો, તાંહાંથી એકાએક ખીસતો થવાની સરૂઆત હેવી જણાઇ કે, એક હાથ પર વેપારમા નુકસાની નીપજવા માડી, અને બીજા હાથપર તેમનો અંગરેજ ભાગીયો કપતાન કરાફરડ વાહાંણ "ચારલસ મલકમ" ને માલથી ચીકાર ભરાવી લઇને ઈ૦ સને ૧૮૩૫ મા જારે ચીન ગયો, તારે તાંહાંથી વલતા અવેજની સાથે મોસમસર મુંબઈ આવેઆને બદલે તે બારકસને લઈ પરભારો વેલાત તરફ ઉતરી પડેઓ. આ બાબેની ખબર હીંઆ આવેઆથી મોટો ધભરાટ ઉઠેઓ, અને ટાંકણાસર અવેજ ફરી નહી વલેઆની વેદના હેવી નડી કે, માંગનારાઓના અધીરાઈ ભરેઆ તકાદા જબરા આવવા લાગા; જે ધસારો જારે ખમાઇ નહી સખેઓ તારે બાકી રહેલા બેહુ ભાગીઆઓને પોતાનો વેહવાર લાચારે બંધ કરવો પડેઓ. આ કારણમા કેહએકે, સરવે કરતાં વીશેસ સંકટ શેઠ હોરમજજીને માથે જે ચોંટી બેઠું, તેની સફાઈ નાદારી કોરટના આસરાથી મેલવેઆ પછે ૧૮૩૭ ના મે મહીનાની ૨૦ મી તારીખે દેનદારીના દબાનમાથી સદનતર મોકલાસ પાંમેઆ હતા.

હાવી દલગીરાઇ ભરેલી હાલતે પોંહચેઆ ઉપરાંત જીંદગીએ વલી જઇફીની જંજાલી જોઇ, તેથી ખોહવાએલી દોલતને પાછી મેલવવાનો મારગ તેવણથી શોધી શકાયોજ નહીં; માટે વીશેક વરસ બેકારીમા ગુજારેઆ પછે રોજ ૩૦ મો માહ ૬ ઠો શેહનસાહી શાલે ૧૨૨૫ ય૦ એ આ દુનીઆના દોરમાથી દુરી પકડીને મીનોઈ જાંહાન તરફ કુચ કરી ગયા; અને તે વખતે તેનાની ઉંમરના ૮૨ વરસની ઉપર ૨ મહીના ને ૨૬ દાહાડા પુરા થયા હતા.

વાડીઆ ખાનદાનની વંશાવલી.




વાડીઆ ખાનદાનની વંશાવલી.



આંક ૩ જો.

આંક બીજવાલી ઓલ ૫) તથા ૭) મીમાં જણાવેલા શાહેબોને તાંહાંની વંશાવલી હીઆં પુરી કીધી છે.



વાડીઆ ખાનદાનના વડવા, શેઠ લવજી નસરવાનજીનુ વરણન.

આ રલીઆમની ટાપુખાતે, જેમ આગલા વખતપર પટેલ ખાનદાનનો પેહલવેહલો પાએઓ નાખનાર શેઠ રૂસતમ જંદરાલે, અંગરેજી હકુમતને એકવાર પોતાના પુરબલથી બંચાવી લીધી; અને તેનીપર તરાપ મારવા આવેલા, જંજીરાના શીહદી સરદારને મોઠી ખુહારીસહીત સીકસત દઇને કીરતી હાંશેલ કીધી હતી; તેમજ એ નામવર રાજનો દરજ્જો બુલંદીએ પોંહચાડવાની ઉતમ હીકમત વાપડીને લડવા લાએકની માહભારત મનવારો તથા શોદાગરી સફરમાં ફરનારાં બારકસો બાંધી આપવાની બાહાદુરીમા વખનાએલા આ નામીચા વાડીઆ લવજી* નસરવાનજીએ જે અતીઅંત બુજોરગી વરશાવીછે; તેના પુન પરતાપે તેમનાજ વશીલાથી ઉતરેલાઓ માહેલા કેટલાક નબીરાઓ હજીતક તેહવાજ સંબંધમાં ગોદીખાતે, અને કેટલાક સાહેબો વેપારની વલણપર જોડાઇ રહીને પોતીકા વડવાઓની હસતીને રૂડીપેરે રોણક આપતા જણાએછે, તે કુટંબીઓની કીરતીના વરણનથી આ નોધના શીનગારમા વીશેશ હુંમેરો કરવા ચાહીએછે.

એ કીરતીવાન કુટંબીઓના નાંધલામાં નાંધલા નબીરાઓથી ગણતાં, છેક શાત પેહડીએ પરએઆત થાઇ ગએલા, આ લાએકીવાલા શેઠ લવજીનુ અસલ વતન સુરત શેહરને તાએબેના શીંગનપોરમાં હતું; જાંહાં એક ગરીબ માબાપના ઉતમ કુલને હસતીમાં દીપાવી દેવાનાં હેતુથી, બારેહકતાલાએ હાવા નાંમીચા બેટાની જે બખશેસ કીધી, તેના જનમ દીવસની ચોકસ ખબર જોકે પરીવારો માહેલા કોઇની પાસે સચવાઇ રહેલી જણાતી નથી; તોપણ એ સાહેબ પેહલવેહલા આપણી તરફ આવેઆ તે સાલનો સુમાર પકડીને શોધતાં ય૦ ૧૦૭૯ નો સને ખચીત હોએલો માલુમ પડેછે.

વાંહાંણો બાંધવાનો અતી ઉપીયોગી હોનર જોકે ઘણાજ પરાચીનકાલથી સરૂ થએલો સંભલાએછે; અને જેમ યુરોપખંડના લોકો તે ઉપર પોતાનો દાવો કરેચ, તેમજ હીંદની સરજમીનવાલાઓબી તેહવોજ હક મેલવવાને પછાત પડેલા જનાતા નથી; તોપણ આપણને આટલું તો મનજુર રાખવું જોઇએ કે, તેની કલાકઊંસલમા જેટલો સુધારો, અને વધારો ઇશાઇ કોમનાં રાજીય તરફથી આસકાર થયોછે, તેટલો પુરૂથવીના બીજા કોઇબી ભાગવાલાઓથી થાયો હોએ એવી સાબેતી કેથેથી મલી શકશેજ નહીં.

દરીઆવના તોફાંની પવનથી ઉછલતા ભયંકાર મોજાઓની સાહમને ટકર લડીને, સફરમા મારગ કાપતાં હાવાં બળવંત બારકશો બાંધવાનો હોનર, આપણી ટાપુ ખાતે પેહલવેહલો યુરોપખંડથી પોરટુગીસ લોકો જે લાવેઆ હતા, તે વાતને ૩૫૦ થી લગરીક વધારે વરસ થાએલાં કેહવાએછે; અને તેનો સબબ હેવો સહમજાયોછે કે, એ લોકોના બારકશો જારે હીંદ તરફ ચાલી આવવા

---

* આ બુજોરગનુ અસલ નામ તો નવજી હતું, પણ પાછલથી પેહલો હરૂફ બદલાઇને લવજી કરી બોલાવા લાગું તેજ જાહેરમા આસકાર થઇ રહેલુંછે. નો. લે.

લાગાં, તારે તેઓને દરીઆવની મુશીબતથી પોંહચતી વધારે ઓછી નુકસાંનીની મરાંમત માટે કોઈ જગેઆ જે તેઓને જોઇતી હતી, તે સોધ કરતાં આ મુંબઈનો કીનારો ઘણોજ સરસ પસંદ પડીઓ, અને તે ભાગ થાનાના રાજા પાશેથી માંગી લઈને તે વખતના રવાઈઆ મુજબની કાચી ગોદીઓ બાંધીને પોતાનુ કાંમ ચલાવતા રહેઆ, અને તે પછે તો આખા ટાપુના સવતંતર માલિકબી તેઓ થયા હતા.

એ પછે અંગરેજ લોકો જારે વેપારને અરથે હીંદમાં આવવા લાગા, તારે તેઓએ પોતાના બારકશોની મરાંમતનુ મકાંન મુગલાઈ હકુમતને તાબેના સોદાગરી શેહર સુરતમાં કીધું; અને તાંહની વસતી ઘણી માંતબર હોવાથી કેટલાક વાંહાંણવટીઓને તેઓના બારકશોની બાંધનીમાં સુધારો તથા વધારો કરવાની ઉલ્ટે ઉસકેરીઆ, તેને લીધે મુંબઈ કરતાં તાંહાંની ગોદીઓનાં કાંમમા બોહલો ફેલાવો થાઇ પડીઓ હતો; અને કેહચ કે તાંહાંના શોરાબજી સબાંઓરા નાંમના એક કાબેલ પારશી, જે હાવા માહભારત હોનરમાં પેહલો દરજો ધરાવતા હતા, તેમનાં હાથ હેઠલ ઘણાક લોકો ભેશા આ ભાગ્યેગશાલી લવજી વાડીઆએબી પરોટાએલા રહીને મનની ચાલાકીથી એ વીદેઆને હાથ કરી લીધી હતી; અને તેપછે થોડીજ મુદતે આ સાહેબના જે સબકતાં પગલાં મુંબઈમાં મુબારક થયાં, તેનુ વરણન હેઠલ જણાવેઆ મુજબ વખાંણવા લાએક માલુમ પડી આવેછે.

પેહલી વાત એવી સાંભલીચ કે મુંબઈમાં વાંહાંણોની મરાંમત માટે, છેક પોરટુગીસ સરકારના વખતથીજ બનાવેલી કાચી ગોદીઓ અંગરેજી અમલમાંબી કાંમ લાગતી હતી; અને તેની અંદર ઘણા ખરા હીંદુ તથા ઈશરાયલ લોકો ઈ૰ સને ૧૭૩૫ ની આગમજ સુધી મીસતરીમાં ખપતા હતા. એ વખતપર કેહચ કે એકાદી મનવારને તેમાં છુટેલું અગણીત ધાંમટ દુરસત કરવા માટે ગોદીમાં ઘણી વાર લઈને અનેક ઉપાએ ચલાવેઆ, પણ કોઇથી તેનો ઈલાજ જારે બીલકુલ થઈ શકેઓ નહીં; તારે તે સમાપર સુરતની ગોદી જે ચહડતો દરજો ધરાવતી હતી તેથી તાંહાંના કોઇ કાબેલ મીસતરીને બોલાવવાની ફરજ પડી, અને શોધ કરતાં આ ભાગ્યેગવંતા નરને એ કાંમમાં આપણી સરકારે પસંદ કરીને મોટી શીફારસથી મુંબઈમાં તેડાવી લીધા. બીજી વાત, મરીનખાતાંનાં સુપરીનટેનડેંટ ડબલીઉ. ટી. મની સ્કુઆએરે ઈ૰ સને ૧૮૧૦ ના સપટેમબરની ૨૮ મી તારીખે નામદાર ગવરનરની કાંઉનશીલ જોગ લખેલાં કાગલના ઇનતેખાબ ઉપરથી જણાઈ આવેછે કે, ૧૭૩૫ ની આગમજ મુંબઈમાં ગોદી મુલગી હતીજ નહીં; પણ સુરત શેહરમાં મજબુત પાયાપર ગોદી હોયાને લીધે આખી હીંદુસતાંનમાં મોટું મહક ગણાતું હતું; જાંહાં નામદાર કુંપણીની ચાકરીને વાસતે "કુઈન" નામનુ એક વાંહાંણ બાંધવાના કારણસર આપણી સરકારે તે વખતના વાડીઆ ધનજીભાઈની* સાથે બંદોબસત કરવા

---

* ધારેઆમેલ સબાંઓરાના સોરાબજી ગુજરેઆ પછે આગરહસથ તાંહાંની ગોદીના વડા વાડીઆ થએલા હશે. ના૦ લે૦

માટે માસતર આટેનડૅટ મી૦ ડદલીને તે તરફ મોકલાવીઓ હતો. બારકસ બાંધવાનુ કાંમ જારથી તાંહાં સરૂ થયું તારથી તેનાએ સોંફી આપેલા આ બાહોસ લવજી વાડીઆની ચાલાકી ભરેલી જહડફ તથા હીકમતની હકીકાઈ જોઈ મી૦ ડદલી ઘણોજ ખુશી થાયો; અને વાંહાંણ બંધાઈને પાંણીમાં ઉતરેઆ પછે પોતાની સાથે થોડાક કાબેલ કારીગરો લઈને મુંબઈ આવવાનુ તેમને ફરમાંવિઉં; કેમકે સરકારની પુર મરજી હીંઆં ગોદી ચાલુ કરવાની જે ઉશકેરાઈ, તેની કેફીએતથી તેવણને સહમજાવેઆ; પણ ઉપર જણાવેલા પોતાના શેઠની મનજુંરીવના તે વાત કબુલ રાખી શકેઆ નહીં. મી૦ ડદલીએ વગ લગાડીને તેમના વડાનો હોકમ મેલવેઆ ઉપરથી આ લાએકી ભરેઆ લવજી વાડીઆ ઈ૦ સને ૧૭૩૫ માં પેતાંની સાથે વાંહાંણ બાંધવાના કાંમને સારી પડે સહમજનારા પોતાના ભાઈ સોરાબજી ઉપરાંત બીજા થોડાક સુંથારોને લઈ પેહલવેહલા મુંબઈ પધારેઆ જે વાતને આજે ૧૩૮ વરસ વહી ગયાં તારનુ આ પુરાતંમ ખાંનદાંન આપણી વસતીમાં વીટલાઈ રેહેલુંછે.

ઉપર જણાવેલી બે વાતો જોકે જુદી જુદી કીસમની જાહેર થાએલીછે, તોપણ તેની મતલબમા કાંઈજ ફરક નહી રાખતાં આ સાહેબે હીંઆ આવતાંને વાર હવડાંની ગોદી તરફનો એક નાંહાંનો ભાગ પસંદ કરી લીધો, અને તાંહાં વાંહાંણો બાંધવાની અલાહેધી જગાઓ કીધા ઉપરાંત દરીઆ વરધી ખાતાંનાં અમલદારો તથા ખલાશીઓને રેહવાના મકાંણો ઉપરાંત બંધવાઓ માટે કેદખાનુ* વગેરેની કેટલીક એમારતોબી બંધાવી.

એ વખત ઉપર બારકશો બાંધવાના કાંમનેબરનો ઘણો થોડો સરનજાંમ હીંઆં મલતો હતો, પણ લાકડાંનો તો કોઈબી જથાં મુલગો હતોજ નહી; અને તેટલા માટે આ લવજી વાડીઆને અતરે આવેઆને એક વરસ વહી ગએઆ પછે, સરકારે ઉતર તરફ મોકલાવીને તાંહાંનાં દેશીઓ સાથે એ બાબેનો વેપાર હુંધાડવાનો બંદોબસત કરાવેઓ; અને તાંહાંથી પાછા ફરતી વખતે સરકારની ફરમાસ મુજબ પોતાના પરીવારનેબી હીંઆંના વતની થાઈ રેહવા સારૂ સાથે લઈ આવેઆ હતા.

લાકડાંના વેપારીઓ જારે મોટો જથો લઈને આવેઆ, તારે આપણા વાડીઆજીને સરનજાંમની જોઈતી સગવડ મલેઆ ઉપરથી નામદાર કુંપણીને વાસતે દરીઆવમાં ફરનારી લડાએક કરૂજરો બાંધવાનું કાંમ તેનાએ સરૂ કરવા માંડઉં, અને તે પછે જેમ જેમ વખત પસાર થતો ચાલેઓ તેમ ગોદીની જગેઆ તેમના પરીવારોમાથી થેડવાએલા વાડીઆઓના હાથપર મોટી થતાં આજે તેમાં અજબ તરેહનો ફેરફાર આપણને જે દેખાએચ તે લવજી વાડીઆના પરતાપથી સહમજવો જોઈએ.

વાંહાંણો બાંધવાનાં કાંમમા આ વાડીઆજીની કીરતી ચો તરફ એટલીતો ફેલાઈ કે તે વાત ધેઆંનમાં રાખીને પાદશાહી લડાએક બારકશોનેબી તેનાં

*એ કેદખાંનુ તાંહાંથી ઈ૦ શને ૧૮૦૫ મા કાહડીને બાબુલાના તલાવ આગલ બંધાએલી કાંમન જેલ નામની જગોમાં લેઈ ગયાછે. નો૦ લે૦

અમલદારો મરાંમતને માટે તેવનના હસતક શોંફવા લાગા, એટલુંજ નહી પણ નવી નવી મનવારોબી બાંધવાનો હોકમ પાદશાહ તરફથી મલતો રહેલો; અને તે સઘલાં કાંમોમાં તેવનની સાથે તેમના બે બરખુરદાર બેટાઓ માંણેકજી તથા બમનજીબી લાગુ રહીને, મોટી ચાલાકીથી ચાકરી બજાવતાં સરકારની ખાતેરી તેઓએ કરી આપી; જેના બદલામાં નામદાર કોરટ આવ ડાએરેક-ટરો તરફથી તેઓ બાપ તથા બેટાઓને સારી સાબાશી ઉપરાંત પગાર તથા ઇનાંમની વરધી મલતી રેહતી હતી.

મુંબઈ ખાતે આવીને ભાડેના મકાંણમા રેહતાં આ લાએકીવાલા લવજી વાડીઆએ ૧૧ વરસ પસાર કીધાં, પણ કુદરતથી તેનાને બેશારત થાઇ હોએ તેમ પોતીકાં પરીવારોને વાસતે કોઈ સદીઓ સુધી સચવાઇ રેહ, તેહવાં જાથુ-કના રેહથાંણો કરી રાખવાની મકસદથી પેહલવેહલાં ઇ૦ સને ૧૭૪૬ મા મોદી ખાનદાંનના તરણ નબીરાઓ નામે હીરજીભાઈ, બોઘાજી તથા માણેકજી જીજીભાઇ પાશેથી ઘેર એક રૂ ૧૩૭૫ ની કીંમતે વેચાતું લીધું; અને તેની પુંઠે તાર પછે બીજું એક ઘેર ઇ૦ સને ૧૭૫૩ મા મરહુમ માણેકજી શેઠના વહી-વટદારો પાશેથી રૂ ૧૨૦૦ બદલે જે ખરીદેલ હતું, તે મલીને બે મીલકતોની પુરવથી તે પછમ સુધીની ચતુરદશી જે સાહેબોને જાંણવી હોએ, તો કોટમાં વાડીઆજીનો ચકલો તથા પટેલનો પરએઆત મોહલો તેઓને માટે સાખશી આપતો હજી તક સલાંમતછે. મોદી પાશેથી મેલવેલી મીલકત અસલમા કોઇ નાનાબા શીનાઇ નવરીકરની હતી; તાંહાં હવડાં મરહુમ શોરાબજી ફરાંમજી, તથા મેરવાંનજી હીરજીભાઈ વાડીઆના વારેશોને વસવાની બીલંદ હવેલીઓ ઉગમનનુ દરસન લઈ ઉભેલીછે; અને પછમ તરફ પટેલના પુરાંના ઘેરની પડએ આવેલી હવેલીમા મરહુમ વાડીઆ નવરોજજી જમશેદજીના પરીવારો માહેલા કેટલાક સાહેબો સમાઇ રહેલા માલુમ પડેછે. એ બેહુ મીલકતોએ જોકે ઘણી વારના બાંધકાંમથી ફેરફાર ઘપ મેલવી લીધીછે, પણ તાંહાંની જગેઆ આ સકરમી સાહેબે જે લીધી તે વાતને તો સવાશોથી વધુ વરસ વહી ગયાંછે. એ મીલકતોના અસલી માલેકો માહેલા એકનુ નામ તો ઉપર જણાવી ચુકા છીએ, અને બીજો ગરહસથ મી૦ રીચરડ હાલીમોર નામનો અંગરેજ હતો; અને તેની પાશેથી કેહચ કે મરહુમ માણેકજી શેઠે વેચાતું લીવેલું હતું. ઉગમન તરફ આવેલી મીલકતોની ઉતર દશાએ હીરા પાહલણ કાંમા,* તથા ધનજી ખરાસનાં ઘેરો હતાં, તે પણ વખત પોંહચતાં આ ખાનદાંનના નબી-રાઓએ પાછલથી ખરીદી લઇને પોતાની હવેલીમા મેલવી લીધાથી (માતરે ખરાસ ખાનદાંનના એક નબીરા નામે મરહુમ બેરાંમજી બમનજી, તથા તેમના પીતરાઇ વાલું પારકે હાથ પડેલુંચ, તે મલીને તાડ સ્ટ્રીટ તરફ મોહ કરી ઉભેલાં બે ઘેરો શીવાએ) તેઓનુ અસલીઆતપણું ગુરબ થઇ ગયુંછે.

* એ ગરહસથ મરહુમ શેઠ હોરમજજી બેદલજી કાંમાના મમાવા હતા, તે કાંઈ કાંમા ખાનદાનના નહીં પણ તેમા વેહવાઈના સંબંધનું સગાઇપણું જોડાયાંથી તે અટકે ઓલખાતા માલુમ પડેઆછે. નો૦ લે૦

ગોદી ખાતાંની માહીતીમા આ બુજોરગ વાડીઆજીએ પોતાના બે બેટાઓને જેમ પાહવરદા કીધા, તેહવીજ દીલશોજીથી તેમના મરણની થોડાંજ વરસ આગમજ ઇ૦ સને ૧૭૭૧ માં બે નબીરાઓ નામે ફરામજી માંણેકજી, તથા જમશેદજી બમનજીનેબી તેમાં જોડી લીધા; પણ તેઓ સુસતીપણામાં બેશી રહીને ફોકટની રોટલી નહીં ખાએ, હેવા એરાદાથી દરએકને બાર રૂપીઆ લએનાં દરમાંએઆની ચાકરી આપીને બીજા શુંથારોની પેઠે હાથમાં અથી-આરો પકડાવીને તેઓ પાશેથી દરોબસત કાંમ લેતા હતા, અને તે માટેની સઘલી હીકમતોબી તેઓને શીખાડતા હતા.

આ નાંમીચાં ખાંનદાંનના થડને જારે બારેહકતાલાની તરફથી અજલનો ફરેસતો તેડવા આવેઓ તારે ૩૯) વરસ તુલીક સવતંતર પણે મોટી જાહો-જલાલી સહીત ઇમાંનદારી સાચવીને નાંમદાર કુંપણી સરકારની નોકરી તેવન બજાવી રહેલા હતા; અને જનમ ગાંઠનાં ચોઘડીઆંએ ચોંટાડેલી ૬૪ વરસને આસરેની વએ પુરી કરીને રોજ ૨૨ મો માહા ૯ મો શેહણસાહી શાલે ૧૧૪૩ ય૦ એ આકેબતનાં સુખમાં સાંમેલ થવા માટે હકની દરઘાએ ચાલી ગએઆ; તે વખતે કેહચ કે બજારમાં બાંધેલાં એક ઘેર ઉપરાંત વીસ હજાર રૂપીઆને સુમારેની રોકડ પુંજી શેવાએ, બીજું કશું દઇવિત પોતાની પાછલ રાખેગેં નોહતું; પણ પોતીકી હીકમતનુ પુર બલ તેમનાં પરીવારમાં હેવુંતો પેવસ કરી દીધું હતું કે, તેના પરતાપથી કેટલાક નબીરાઓ આજે સરીમંતની સંફમાં બીરાજી તેમનાં નેક નામની હસતીને વીશેસ દીપાવતા દેખાએછે.

ગોદીની સથાપણા થાઇ તારથી તે આ બુજોરગવાર બેહસત પાંમેઆ તાંહાં તુલીકમાં નાંમદાર કુંપનીની ચાકરીને વાસતે લડાએક મનવારો જેવાં ૨૦ તથા સોદાગરીને માટેનાં ૧૪ મલીને નાંધલાં મોટાં ૩૪ બારકશો, તેમની આગેવાંની તથા હકુમતની હજુર નરદમ નવાં બંધાયાં; અને તે ઉપરાંત આ-વતાં જતાંઓની જે મરાંમતો થઇઓં, તેનો તો કશો સુમાર જણાયો નથી; માટે આ બીનાંની સરૂઆતમાં જે જાહેર કીધામો આવેગેચ, તે મુજબ જેમ આપણા રાજની, તેમજ તેની સાહેતા હેઠલ ચાલેલા બોહલા રોજગારની વરધી એજ સદગુણી શેઠીઆની અચરતી, ભરેલી હીકમતે કીધેલી સારી મદદની સાખશી મલી શકેછે.

હાવાં માહભારત કાંમોની ધમાલ છતાં આ સાહેબ પાશે રહેલી ઉપર જણાવેઆ જેટલી ટુક પુંજી મરણ પાંમતી વેલા જે માલુમ પડી, તે ઉપરથી એકતો તેનાની ખરી પવીતરાઈ ભરેલી ઇમાંનદારીનો રૂડો દાખલો એવો દેખા-એછે કે, પોતાના વહીવટમાં વીસવાસને અંતકરણથી સાચવી રાખેઆ શેવાએ કોઇ રીતની લાલુચમાં કબુ લોભાએલાજ નહીં; અને બીજું એકે પોતાની મેહેનતથી મેલવેલું, પરીવારો ઉપરાંત ગરીબ ગુરબાંઓની સંભાલ માટે મેહર-બાંનગીની રાહે મોકલે હાથે ખરચાએગેં હશે; જે વીશેની કોઇબી નોંધ શોધ કરતાં હાથ આવી નથી, મગર પોતાની કોમમાં એક ઉતમ યાદગારી અતાર તુલીક એટલીજ રાખી ગયાછે કે, આ સાહેબ ય૦ ૧૧૦૪ ના શાળથી દર

વરશ શેહેનસાહી તીર મહીનાના તરીજા બાહમનબારનુ પુનવંતુ કાંમ જાહેરમા સરૂ કરીને અનજુમન જમાડતા આવેઆ. તે વખતપર જોકે પારશીઓની થોડી વસતી સાથે સુકાલ હોયાને લીધે, ટુક ખરચથી મોટી વાખવાખી ગવાતી હતી; અને તેજ રવઇઓ તેમના પરીવારો વચે એક વારશા તરીકે ઉતરતો આવીને, બોહલી વસતીનાં વીસતારમાં મોંઘવારી છતાંબી મુબલક ખરચથી તે ધરમ પુખત પાએ જલવાઈ રહેલોછે; માટે હાવી ખુબીનુ વરણન જેટલું વખાંણીએ તેટલું થોડું કેહવાએ.

આ માનવંતા વાડીઆજીનુ સઘલું પરીવાર કાંઈ તેમની મુઆફેક એકજ ધંધા પર ઉતરેલું નથી, પણ વખત પોંહચતે જેમ જેઓને ભાએગે બંધ બેસતો મારગ જણાયો, તેમ તેઓ જુદી જુદી વલાંનમાં વેંહચાઈ ગયાછે; માટે તેઓનો અહેવાલબી તેવીજ રીતે નોએ પાડીને સરવેથી પેહલાં ગોદી ખાતાંનાં સંબંધમાં લાગુ રહેલાઓની કીરતીને વશેસ દર વશેસ ઉતરેલી જાહેર કરવાની રજા લઇએછે.

શેઠ માણેકજી તથા બમનજી લવજી.

સરકારી ગોદીને બુલંદીએ પોંહચાડી આપનારા આપણાં મરહુમ વાડીઆ લવજી શેઠની ખાલી પડલી જગેઆ તેમના આ બે બેટાઓથી જે પુરાઇ તેમાં માંણેકજીને વડાની, અને બમનજીને તેમનાં હાથ હેઠલની નેમણુક થઈ હતી. આ બેહુ ભાઈઓએ સારા એખલાસથી અરસપરસનો સંપજ સાચવીને, વાંહાંણો બાંધવાનાં કાંમમાં મોટું માન મેલવેલ હતું; એટલુંજ નહીં પણ તેઓનાં પરમાંણીકપણાંની ખુબીનો આવાજ ઠેઠ લંડનના પાએતખત તુલીક પોંહતાથી નામદાર કોરટ આવ ડાએરેકટરોએ ૫૦ સને ૧૧૪૫ માં તેઓ દરએકના પગારમાં વધારો કરવાનુ ફરમાંણ લખી વાલેઆ ઉપરાંત વડા વાડીઆને વાસતે રૂપાંની એક રૂલર તથા કીંમતી શેઆલની ભેટ ઈનામ તરીકે મોકલાવી હતી.

તે વખતપર લડાઈનો જોશો વીશેસ ઉશકેરાએલો હોવાને લીધે; મુંબઈની ટાપુને બલવંત ટોપખાંનાના સંભાલમાં રાખવાની અગત પડઆથી, આડમીરાલ સર એડવરડ હીઉજસની સરદારી હેઠલ મનવારોનો એક કાફલો અતરે આવી લાગો હતો; પણ તેમા મરાંમતનુ મોટું કાંમ જે નીકલેલ હતું, તે આ બેહુ બાહોરા ભાઇઓએ ઘણીજ જહડફથી હેવું તો ઉસતવાર કરી દીધું કે, તે મનવારો આખી દુનીઆના દુસમેનોની સાંમણે પુરી પડી શકે; અને તે ઉપરાંત નાંમદાર કુંપની સરકારની ચાકરીને સારૂં દર ૯૦૦ ટન વાલાં બે બારકશો નવાં તતકાલ બાંધવા માંડીને ટુક વખતમાં તેઓએ તઈઆર કરી આપેઆં હતાં.

હાવી જહડફથી સરકારની શેવા તતકાલ બજાવેઆની યાદીમાં, મજકુર આડમીરાલે પોતાની તરફથી દરએક ભાઈને ચાંનોના ઈનામ આપેઆ પછે, તે બાબેની ખુબીનુ વરણન વેલાત ખાતે લખીને તેના બદલામાં દર શાલે ૮૦

મુડા (યાને ૩૨૦ ખાંડી) ભાત નીપજે તેટલી જમીન તેઓને ઈનામ તરીકે આપવાની મજબુત ભલામન કીધી હતી; જે ઉપર નાંમદાર કોરટે મેહરબાંની ભરેલી ધ્યાંન પુગારીને, આ બેહુ ભાઈઓને પરેલ તરફ દર શાલે ૪૦ મુડાના પરમાણ જેટલી ખેતીની જગેઆ સાથે બાજી તેટલીજ ખાલી ઉજડ જમીન કશુએ મેહશુલ લીધાવના વઉસ પરંમપરા બખશેસ દાખલ આપવાનો હોકમ મોકલાવેઓ હતો. આ ફરમાન મુજબ ઈ૦ સને ૧૭૮૩ ના ડીસેમબરની ૨૯ મી તારીખે હીંઆંની સરકારે ઉપલી જાગીર સપુરદ કીધી હતી; જેની ઉપજ કેહચ કે તે વખતપર દર શાલે રૂ ૧૦૦૦ ને આસરે થાતી હતી; પણ તે પછેના પરીવારોની ભલી કોશેસથી વીશેસ ઉતપંતી જારે ઉપજતી જણાઈ, તારે સરકારી મેહશુલ હુઘડાવનારંઓની ઉસકેરનીથી તાંહાંના જાહડપાંનો ઉપર કર નખાયો હતો; જેની સાંમણે એ કુટંબીઓએ જારે ઈ૦ સને ૧૮૪૦ માં વેલાત સુધી ફરીઆદ પોંહચાડી, તારે તેમાં કાંઈક ઘટાડો થયો હતો; પણ ઉ-પલી સઘલી જગેઆ પાછલથી વધેલા વારેશોમાં વેંહચાઈ ગયા ઉપરથી તેના કકડાઓ છુટા પડેઆ; અને તે માંહેલો મોટો ભાગ કેટલાક વારેશોના માઠાં ભાઓગે વેચાઈને પારકે હાથ જઈ પડેલો આપરે હવડાં દલગીરીથી જોઈએછે; અને જેટલી જગેઆ રાકતીવાલા સપુતોના હાથમાં સચવાઈ રહીચ, તેટલીજ યાદગારી તેઓના વડવાઓને મલેલાં ઈનામની નીશાંણ બતાવી રાખેછે.

આ બે સાહેબો માહેલા વડાની બીજી ઇઆદગારીનુ વરણન કરવાજોગ કોઈબી હકીકત મલી નથી; પણ વાડીઆજી શેઠ બમનજીબાવા વીશે એક બાબદસર વગર આધારની બદનાંમી આલમમાં આસકાર થએલી જે રહીચ, તેની પરપુછ કરતાં એવું માલુમ પડેછેકે, ઈ૦ સને ૧૭૮૨ માં ભરૂચ ખાતે થએલી મોટી મારા મારીની અંદર હોમાજી નામનાં એક પારશી ઉપર ખુનનો અપરાધ અતરેની કોરટે સાબેત થેડવી તેને ફાંશી દીધો હતો, તે કાંમમા મજકુર વાડીઆજીએ મેનત લઈ તેને બચાવેઓ નહી; પણ તે વખત પર ચાલેલા મુકદમાંની કેફીઅત ઉપર નેઘાહ પોંહચાડતાં એ સાહેબ તરફની કોઈબી કસુર થએલી જણાતી નથી; કેમકે ધરમની વીરૂધ ઉડેલા બખેડામાં કાંઈજ નહી પણ અરસ પરસનું કપટપણું એક બીજાના દીલમાં જે વશેલું હતું, તેમાં દાવાદારો તરફથી એક સંપીલી સાખશીઓ એવીતો મજબુત પુરાઈ હતી કે, તેને તોહમતવાલા કોઈ રીતે તોડી સખેઆજ નહી; અને આટલુંતો સર-વેને જાંણીતું છેકે અંગરેજી ઈનસાફ કોઈની ભર ભલાંમનથી નહીજ, પણ ઘણું કરી મુકદમાંની કેફીએત સાથે મલતી આવનારી સાખશીઓ ઉપર આ-ધાર રાખેછે; અને તેમાં જેબી બાજુ લથરતી હોએ તેની વીરૂધ ચુકાદો થાએ; માટે ફાંશી ગએલા સખસ તરફનો બંચાવ ઘર પાએથીજ લુલો દેખાયો હશે, તારેજ તેની વચે પડવાના કાંમને (મેહનત થતી અકારત સહમજી) આ માનવંતા અને મોહભાવાલા સાહેબે કદાપી, માંથે નહી લીધું હોએતો, તે વાત વાજેબી ગણાવવી જોઈએ.

આ બેહુ ભાઈઓના ઉપરીપણા હેઠલ શોલ વરસના અરસામા મુંબઈની સરકારને સારૂં ૧૩, કલકતાની સરકાર માટે ૩, અને વેપારીઓને વાસતે ૧૩ મલીને નાહના મોટાં ૨૯ બારકશો તેઓએ નવાં બાંધેઆ ઉપરાંત, બાપના મરણ વખતે બંધાતાં સરકારી બે બાકરશોનું અધુરૂં રહેલું કામ પુરૂં કરી આપીને પોતાના હોનરની વખાણ બધી તરફ ફેલાવી દીધી હતી; અને સરવેની સાથે પરીતીથી પરોટાઇ રેહતાં દરએક વરણના શેઠ સાહુકારો તરફથી માંન પામીને તેઓ માહેલા બમનજી બાવા રોજ ૧૭ મો માંહા ૭ મો શેહેનસાહી શાલે ૧૧૫૯ ય૦ એ જારે ગુજરેઆ; તારે કેહય કે તેવન પાશે કાંઇજ પુંજી ફાજલ રહેલી નોહતી.

ઉપલા સાહેબની પછે બે વરસમાં જુજ દાહાડા બાકી હતા તેટલાં કજાએ વડા વાડીઆ માણેકજી ઉપર તરાપ મારેઆથી, તેવનબી રોજ ૧ લો માંહા ૭ મો શેહનશાહી શાલે ૧૧૬૧ મા પોતીકાં પરીવારોના પોસન માટે થોડું નાણું મેલીને મરણ પાંમેઆ; અને તેઓની જગા ઉપર દરએકના વડા દીકરાઓ શેઠ ફરાંમજી તથા જમશેદજીની નેમનુક થાઈ.

શેઠ હીરજીભાઈ માણેકજી વાડીઆ વીશે એવું કેહવાહુંય કે, તેવનબી થોડુંક સુધી ગોદી ખાતાંમા લાગુ રહેલા હતા; પણ જાતે મોજીલા હોવાથી ચાકરી જેવાં સકત કાંમનો કંટાલો ખાઇ, તાંહથી નીકલી ગયા પછે બાકીનો બધો વખત ભાઈઓની મેહરબાંણીથી અઇઆરીપણાની મજાહ મેલવતા ય૦ ૧૧૭૩ ના શેહણશાહી ૩ જા ગાથાને રોજે ૪૦ વરસની ઊંમરમા ગુજરી ગયાછે.

શેઠ ફરામજી માણેકજી, તથા જમશેદજી બમનજી.

દરેક પીતરાઇએ પોતીકા પીતાઓની જગેઆ મેલવી લીધા પછે, તેઓના હોનરોની અજમાંએસ જે ચાલુ કીધી, તેમાં વાડીઆજી શેઠ જમશેદજીની વખાંણ એટલા માટે થવા લાગી કે, પોતાના વડવાઓ કરતાં વીશેસ કદના મોટાં વાંહાંણો તેવણ જહડફથી, અને વલી સરસ ચાલના મજબુત બાંધતા રહેઆ. પાદશાહી મનવારોનો જેબી કાફલો મરાંમત સારૂં આવે તેને કશીબી ઢીલ પાડઆવના રૂડીપેરે દુરસત કરી આપવાનુ અતીઅંત માન આ બેહુ સાહેબો જે મેલવતા હતા, તેની સાખશીમાં મરીન ખાતાંનાં વડા મી૦ પી૦ દંદાસે ઈ૦ સને ૧૮૦૧ માં પોતાને વતણ જતી વખતે તેઓની ચાલાકી બાબે લખેલાં કાગલ ઉપરથી એવું શીધ થાયુંછે કે, નામદાર કુંપની સરકારની ચાકરી માટે ૭ વરસનાં ટુક અરસામાં તેઓનાં "મારકુઈશ આવ કારણવાલીસ","મરણીંગટન" "ટીંઇણમાંઊઠ", "ટરનેટ, કાંમેટ",અને "આલબરત" મલી ૬ બલવંન બારકશોની બાંધની છેક વેલાત સુધી વખણાંઈ હતી; અને તાંહાંની આડમીરાલટીના લારડાનુ ધેઆંણ ખેંચાયાથી તેઓ માંહેલી " કારણવાલીશ" ની મજબુ-

તાઈ જોઈ લાગલી તેને ૫૦ તોપની પાદશાહી મનવાર બનાવી લીધી; એટલુંજ નહીં પણ ૧૮૦૨ માં હીંઆંનીજ ગોદી ખાતેથી મનવારો બાંધી મંગાવવાનો વીચાર વઠીક તેઓએ કીધો હતો.

ઉપલા વીચારની પેહલાં લારડોએ હેવો ઠેડાવ નીસચે કીધો હતો કે, વેલાતથી અંગરેજ મીસતરીઓ તથા વાડીઆને મુંબઈની ગોદી માટે મોકલવા; પણ તેઓની મંડલીનાં સર ટાંમસ ત્રૌબરીજ જે આ માંનવંતા વાડીઆ જમશેદજીના હોનરની સખતીને સારી રવેસથી પીછાણતો હતો, તેણે પાદશાહી સરકારને ખાતેરીથી હેવું કહી સંભલાવેઊં કે, એક ફીરગેટ તો શું પણ સફ ખેંચીને હારેદાર હુભી રેહે તેવી મનવારોનો મજબુત કાફલો અંગરેજી કારીગરોના વચે આવેઆ વના બાંધી આપવામા આ ગરહસથ ઘણા સખતીવાનછે. આ ઉપરથી તે લારડોએ અસલી ધારનાં ફેરવીને ૭૪ તોપવાલી એક ગંજાવર મનવાર બાંધવાનો તતકાલ હોકમ હીંઆંની ગોદી ખાતે લખી વાલેઓ. હેની આગમજ ૩૬ તોપવાલી તેનાએ બાંધેલી કેટલીક ફીરગેટો ઘણીજ વખણાઇ હતી; પણ જારે ૭૪ તોપની મોઠી મનવાર બંધાઇને આપણાં બારાંમા ખીરાજી, તારે દરી આવરધી ખાતાંના અતીઉપીયોગી હોનર તથા સઘલી કીસમના ધંધામાં શેઠ જમશેદજી વાડીઆ ખરેખરા મગરૂર ગણાયા હતા.

આટલી વાતતો વખાંણવા જોગ વીચારવામા આવેછે કે આ બેહુ સાહેબોએ તેઓની આગલી જગેઆ ઉપર પોત પોતાના ભાઇઓ નામે રૂસતમજી માંણેકજી તથા રતનજી બમનજીને ય૦ શાળ ૧૧૬૮ માં ગોઠવી રાખેઆ હતા; અને તેની પુઠે આરેક વરસ પછે ૧૧૭૨ માં નવરોજજી જમશેદજીનેબી લાગુ કીધા હતા, કે જેથી કરી વડવાઓથી ઉસતવાર કીધેલી ગોદી ખાતાંની અમલદારી તેઓનાજ કુટંબીઓમાં લાંમબી મુદત સુધી હોરમતની રાહે સચવાએલી રેહે; અને તેજ ધોરણ હજી તુલીક ટકી રહેલી જોઇને સઘલાઓમાં સંતોરા ઉપજેલો સહમજાએછે.

ગોદી ખાતાંનો વહીવટ વધી પડેઆને લીધે નામદાર સરકારે તેની એક શાખા મજગાંમ ખાતે ઇ૦ સને ૧૮૦૧ મા પેહલવેહલી હુંઘાડીને તાંહાંનો વહીવટબી આ સાહેબોનાજ એખતીઆરમા સોંફેઓ હતો. આ બેહુ પીતરાઇઓએ ગોઠવણ બંધ બેસાડીને તાંહાંના ઉપરીપણાનો એખતેઆર વાડીઆ રૂસતમજીને અપાવેઓ; અને તે ઉપર થોડુંક સુધી પોતાની દેખરેખ ચાલુ રાખેઆ પછે, તેણાનો હોનર જારે પુખત થયો તારે તે ખાતાંનુ વડાપણુ તેણાને સપુરદ કીધેલું જે સંભલાયુંચ, તેનુ વરણન હવે પછે લીધામા આવશે.

આ બેહુ પીતરાઈઓના અમલમાં કાંઈ એટલાંજ બારકશો બંધાયાં નોહતાં; પણ તેઓ દરએકની હઈઆતી સુધીમાં ઘણાંક સોદાગરી વાંહાંણો, અને લડાએક મનવારો જહડફથી બાંધી આપવાની કીરતી તે સાહેબોએ અતીઅંત મેલવી હતી; જેની યાદીમાં આડમીરાલટીના લારડો, કોરટ આવ ડાએરેકટરો તથા બીજા ઘણાક અમલદારો તરફથી વારંમવાર આવેલાં માંનપતરો અને બેહધ ઇનાંમો તેઓને એનાએત થયાં હતાં. ફરાંમજી વાડીઆ રોજ ૯ મો

માહા ૩ જો ૫૦ શાલે ૧૧૭૪ માં ગુજરી ગયાથી શેઠ જમશેદજી વડા વાડીઆની જગોપર બીરાજવા લાગા; અને તેનાએ આ મરહુમના દીકરા બેરામજી તથા લવજી ઉપરાંત રૂસતમજીના દીકરા ખરશેદજીને ગોદી ખાતાંની ચાકરીમાં ગોઠવી લીધા.

ગોદી ખાતાંમા વડાપણું ભોગવનારા શેઠ ફરાંમજીએ પોતાની રૂડી વરતણુક સાચવીને પારશી પંચાએતના પરમુખની પદવી પણ ઘણા વરશો સુધી ધરાવી હતી; અને તેટલી મુદત માટે કોમના સંસારી હકનો સંભાલખી સારી રવેશે લેતા હતા. એ ટોલાના લોકોને તાંહાં મરણ ટાંકણે તરણ દીવશો સુધી કુટંબીઓ ઉપરાંત લાગવગવાલાઓમા પથારી માંદીને ભાતી ખાવાની ભુંડી ચાલ, આગલા દાહાડાપર જે સાધારણ થઈ પડલી હતી, તે પોતીકાં ખાનદાનમાથી આ માનવંતા વાડીઆજીએ કેહચ કે બીલકુલ કાહડી નખાવી, એટલુંજ નહીં પણ બાજ રોજગાર વખતે ઘેરે ઘેર ભોણાં વેંહચવાની રૂસમબી બંધ પાડીને, પોતીકા હંમદીન ભાઈઓને તેહવો રવઈઓ વાપડવા માટે એક સારો દાખલો દેખાડ્યો હતો; અને તે રૂડો રેવાજ જેખી સાહેબોને તાંહાં સચવાઈ રહેલો હોએ, તો તેઓએ પોતીકા પવીતર મજહબનું એક ઉતમ ફરમાન બજાવેલું કેહવાવું જોઈએ.

બાર વરસના અરસામા બેહુ પીતરાઈઓના હસતકથી બધાં મલીને ૩૦ નવાં વાંહાંણો જે બંધાયાં હતાં તેની ટીપ હેઠલ મુજબ માલુમ પડીછે.

નામદાર કુંપનીને વાસતે ..	૧૪	મસકતના ઈમામને માટે ..	૧
બંગાલાની સરકાર સારૂ ..	૩	વેપારીઓને હસાબે	૧૨

શેઠ ફરાંમજીનાં મરણ પછે જમશેદજી જારે વડા વાડીઆ થયા તે દીવસથી તે તેમના મરણ સુધી ૧૬ વરસની મુદતમા તેણાની ખુદ દેખરેખ હજુર ૫૬ બારકશો બંધાઇને ગોદીમાથી બાહેર પડ્યાં હતાં, તેઓમાં:—

પાદશાહી લડાએક મનવારો.......................... ૧૬

૭૪ તોપવાલી......	૬	૧૮ તોપવાલી......	૨
૩૮ ,, ...	૩	૧૨ ,, ...	૧
૩૬ ,, ...	૨	૧૦ ,, ...	૨

નામદાર ઇસ્ટ ઈંડીઆ કુપનીને હસાબે લડાએક તથા સોદાગરી માટેના .. ૨૧
બંગાલાની (આપણી વડી) સરકાર સારૂ બાંધી મોકલાવેલાં........ ૯
મસકતના ઇમામને માટે બાંધેલી મનવારો.................. ૨
વેપારીઓને વાસતે ૮

નાધલાં મોટાં મલી ૫૬ બારકશો જે બંધાયાં તે ઘણાજ તારીફ લાએક, અને તેને બંધાવનારાઓના હકમા હેવાંતો લાભકારક નીવરેલાં વખણાયાં હતાં કે, તેથી કરી આ માનવંતા વાડીઆજીની માહીતકારી પીછાંણીને તેની તારીફમા દરીઆવરધી ખાતાંના જુદા જુદા અમલદારોએ જે ઉંમદા વીચારો જાહેર કીધેલા કેહવાયાચ, તે માહેલા એકાત બેને હીંઆં દાખલ કરીશું તો તે

બાબેતી વાંચનારાઓને ખાતરી ભરેલી સાબશી મલેઆ ઉપરાંત, વાડીઆજીના પરીવારોને પણ સારો સંતોશ ઉપજતો રેહેશે.

વાઇશ આડમીરાલ સર એડવરડ પેલ્લીઉ બારોનેટે પલાઇમાઉથથી ૧૮૧૦ ના ડીસેમબરની ૨૫ મી તારીખે મરીણખાતાંના સુપરઇનટેનડંટ મી. ડબલીઉ. ટી. મની જોગના પતરમા હેવું જણાવેલું હતું કે, "તમો માહરા પેઆરા મ-"ણીને નમનતાઇથી હું જણાઉંચ કે, જમશેદજીએ લડાઇના જે જે બારકશો "સરકારને વાસતે બાંધેઆંચ, તેઓ વીશે તેનાએ ખરેખર મગરૂર રેહવું જો-"ઇએ. 'સાલસેટ' નામની મનવારને હુંએ જે જોઇચ, તે આપણી (વેલાત) "તરફ બાંધેલી ફીરગેટો કરતાં ચાલમા જેમ કશી પાંતીએ ઓછી નથી, તેમજ "પાંણીની અંદર તેઓ કરતાં સારી ધપથી ઉભી રેહછે. બાલટીકના દરીઆ-"વમા નવ અઠવાડીઆં સુધી તે મનવારની આસપાસ પાણી બંધાઇ રહેલું હતું, "અને તે આગમજ તોફાંનમાં તેને હેવાતો આંચકા લાગા હતા કે, તે ઠેકાણે "આપણી (વેલાત) તરફ બંધાએલી મનવારો હોતતો તેથી કભુ ખમાઇ શકાતે "નહીં; પણ જમશેદજીએ બાંધેલું બારકસ જેહવીને તેહવી હાલતમા ટકી રહેલું "હતું. માટે તેમના હોનરથી વખાણએલી ફીરગેટ વીશેના આ માહારા વીચારો "ઘણી ઘણી સલામ સાથે તે શેઠીઆને જરૂર કેહજો."

બીજો દાખલો એછે કે તેનાએ બાંધી મોકલાવેલી "મીનદેન" નામની ૭૪ તોપવાલી મોટી મનવાર જારે વેલાત પોંહતી, તારે તેનું બાંધકામ ચોક-સાઇથી તપાશીને આડમીરાલટીના લારડોએ એટલીતો ખુશી ઉપજાવી હતી કે, તેની તારીફમા તેને તાબે લેનારા કપતાંન ટાંમસ મેકઆરથરે લોએ તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૧૩ ને રોજે એક માનપતર લખી વાલેલું હતું; એટલુંજ નહીં પણ ઉપર જણાવેલા લારડો તરફથી રૂપાંનુ એક પેઆલું મોકલાવેલું સર-કારની મારફતે ૧૮૧૪ ના ડીસેમબરમા તેનાને ભેટ મલેલું હતું.

વાડીઆજી શેઠ જમશેદજીએ જેહમત ખેંચીને સવતંતર પણાથી સર-કારી ચાકરી સારી રવેશે બજાવી, તેના બદલામા જોકે મનપુરતા પગાર ઉપરાંત કોરટ આવ ડાએરેકટરો તરફથી વારંવાર ઇનાંમોબી તેનાને મલેઆ કરતાં હતાં; તોપણ તેમનુ પરીવાર ચંદરોકાળ સુધી પલતું રેહ તેવી ઉપજની કોઇ જાગીર મેલ-વવા માટે તેનાએ તલબ ચાલીને નામદાર સરકાર સાથે ઇ૦ સને ૧૮૧૮ થી સંધે-સાઓ ચલાવવા માંડેઆ હતાં. આ બાબદનુ શેવટ ઘણું અશુરૂં આવેલું હતું તેની આગમજ કેહચ કે, તેવણના ભાઇ હોરમજજી બમનજી પાશેથી છાસટી મા-હેલાં કાલીંકલીઆન તથા સાર નામના બે ગાંમો સરકારે કોઇ બંદોબસતથી ઉછીના લઇ તેણાને સધીઆરા માટે થોડુંક સુધી સવાધીનમા આપેઆં હતાં. એ ગાંમોની ઉપજ દર શાલે બધો ખરચ બાદ જતે નકી રૂ૬૦૦૦ ની જે થતી હતી, તેટલીજ આએપતવાલાં એરલાપારલા, તથા મોજે જુહઉ નામના ગાંમો ૧૮૨૨ મા સપુરદ કરી ઉપલી જાગીરો તેના આગલા માલેકને સવાધીન કરાવી દીધી હતી; અને પાછલથી તેણાને ચંદરોકાલ સુધી મલેલાં ઇનામી ગાંમોની પેદાએસ તારીખ ૧ લી મે ૧૮૨૧ થી તેમને મલવાનો હક સરકારે જે થેડવી

આપેલોછે, તારથી તેનો ભોગવટો તેમના પરીવારો સાચવીને મેલવતા માલુમ પડેછે.

આ સાહેબે પોતાના વડવાઓથી ઉતરેલા ધંધામા જેમ માન મેલવેલું હતું, તેમજ પોતાની કોમમાખી કમાલીએત જાલવીને પંચાએતના પરમુખનો અધીકાર* ઘણા વરસો સુધી અપક્ષપાતપણે બજાવતાં નામવરી હાંશેલ કરી લીધી હતી; એટલુંજ નહી પણ આ ટાપુની બધી વરણમા પોતાની રૂડી વરતણુંકનેખી અતીઅંત વખણાવી હતી. ગોદી ખાતાંમા બધાં મલીને ૫૦ વરસ જે ગુજારેઆં તેમા છેલ્લાં ૧૬ વરસવેર વડા પણું ભોગવીને રોજ ૨ જો માહ ૧૨ મો શેહણસાહી સાલ ૧૧૯૦ ય૦ એ ૬૭ વરસની ઊંમરે પોંહચી બેહસતનશીન થયા. આ જાહાંનથી કુચ કરી જવાનો વખત પાસે આવતો જોઈ, મરણની એક દીવસ આગમજ, આપણા બુજોરગ વાડીઆજીએ નામદાર ગવરનર તથા તેમના ચીફ શેકરેટરી ઉપર જુદાં જુદાં કાગલો પોતે લખીને સરકારે બખશેલી ઇનામી જાંગીર, તથા તે ઉપરાંત બીજી બાબદોમા કીધેલી મોટી મેહરબાની માટે તેઓનો બેહદ ઉપકાર માંનીને, પોતાની જગેઆપર તેમના વડા દીકરાને ગોઠવવાની જે ભલાંમણ જણાવી હતી, તે મુજબ નામદાર ગવરનરની કાંઉનશીલે સતા ભરેઆં જાહેર નામાની મારફતે આ વડા વાડીઆના મરણ વીશેની દલગીરી દેખાડેઆ પછે, તેની ખાલી પડેલી જગેઆપર શેઠ નવરોજજીની નેમનુક બાહાલ રાખી હતી.

આ ખાતાંના સંબંધમા વાડીઆ રતનજી બમનજી જે હતા, તેનાઓ ય૦ ૧૧૯૧ ના પેહલા ગાથા ઘહંમબારને રોજે ૫૮ વરસની વયમા ગુજરી ગયા પછે, તેનાની જગોપર તેમના વડા દીકરા અરદેસર, તથા મરહુમ રૂસતમજીના બીજા બેટા ધનજીભાઈ ધારેઆ પરમાણે લાગુ પડેઆ હતા.

---

* આગલા દાહાડાઓપર પારસીઓને તાંહાં સર અવસરે થાતી જાહેર કીરીઆનુ મંડાંન દરએકને ઘેરે તેડવાએલા પંથકી (ધરંમગુરૂ)ઓ કરતા હતા, પણ તે વખતના અકાબર સાહેબોએ, નોસારીથી આવેલા દસતુર ખોરશેદજી જમશેદજી જાંમાસપ આસાનાને, સરવે મોબેદો ઉપર વડાપણાનો હક અનજુમનના અનુમતે જે આપેઓ, તેની સરૂઆત પંચના આ માનવંતા પરમુખે પોતાની વડી વહુ, અને શેઠ પેસતનજી વાડીઆની દીકરી સુનાબાઇ ગુજરેઆં, તારે તેનીના ઉથમનાની કીરીઆ ય૦ ૧૧૮૧ ના મેહર મહીનાને બહમન રોજે જાહેરાંતમા થતી વખતે, પેહેલવેહલી પતેત દસતુર મજકુર પાશે મંડાવી, અને શાસખી તેવન પાશેજ પઢાવી હતી. આ વાતની સરૂઆતને હવડાં ૬૨ મુ વરસ ચાલેચ, તારથી દસતુરોની પાશે પતેત મંડાવવા, નવજોત કરાવવા, તથા લગનના અશીરવાદ નખાવવા વીગેરેનો રેવાજ આ બુજોરગ વાડીઆજીની ઇઆદગારી સાથે હસતીમા રહેલોછે પણ અનજુમનના અનુમતનો કોઈ દસતુર તેડવાએલો હવડાં દેખાતો નહીં.

નો૦ લે૰

શેઠ નવરોજજી જમશેદજી.

બાપની જગેઆ સભીઆતાથી જાલવનારા આ શેઠનો જનમ, ૫૦ ૧૧૪૩ ના શેહનશાહી બારમા મહીનાને પેહલે રોજે થયો હતો. ગોદી ખાતાંમા સવર્તંતરપણું ભોગવી ગએલા સરવેથી છેલા સખસને કહીએ તો, આ માનવંતા શીવાએ બીજો કોઇજ માલુમ પડશે નહીં; કેમકે તેવનની પછે જેબી વડા વાડીઆ તરીકે ગણાયાય, તેઓ પાશેથી આ બુજોરગ વાડીઆજી જેટલી સુખતેઆરી આસતે આસતે ખીસતી ગએલી સાંભલવામા આવેછે.

સોલ વરસની ઊંમરમા વાંહાંણો બાંધવાની વીદેઆનો અભીઆસ કરવા માટે એવન જારે પેહલવેહલા ગોદીમા દાખલ થયા, તારે પોતીકા વડવાઓની પક્ષમા પોસાઇને મનની ચંચલાઇથી નામીચો હોનર એવોતો પુખત રીતે હાંશેલ કરી લીધો કે, તેની ખુબીથી બારેક વરસના અરસામા મોટા પગારની ચહડતી જગેઆ ઉપર પોતાનો હક લાગુ પાડએો હતો; અને બાપના મરણ પછે ઇ૦ સને ૧૮૨૧ થી વડા વાડીઆ તરીકે રૂ ૯૦૦ નો દરમાહ મેલવતા રહેઆ.

આ રેહમ દીલના વાડીઆજી પણ પોતાના હોનરને માંન સહીત જાલવતાં સરવે કાંમોમાં તેમનાં મરહુમ પીતાની બરોબર કાબેલીએત બતાવતા હતા; અને પોતાની કારકીરદીમાં જેમ ઘણાંક સડવાલાં તેમજ આગનીનાં સાંચાથી ચાલનારાં બારકશો બાંધી આપીને મોટી બુજોરગી મેલવી ગયાછે; જેઓ માહેલી "એશીઆ, બોમબે" અને "કલકતા", નાંમની મોટી મનવારો ઉપરાંત "હીઉલીંડશ" નાંમની આગબોટની વખાણ છેક વેલાત વેર એટલીતો થાઇ કે, તેની ઇઆદગારી કાએમ રેહવાના હેતુથી નાંમદાર કોરટ આવ ડાએરેકટરોએ શાલે ૧૨૦૧ ૫૦ માં રૂપાંની એક રૂલર તેમને માટે જે ભેટ મોકલાવી હતી, તે ઉપર નીચે જણાવેઆ મુજબનાં સબદો કોતરાવેલા કેહવામા આવેઆછે.

"નવરોજજી જમશેદજી મુંબઇની ગોદી ખાતાંમા નામદારી તથા ચંચ-
"લાઇથી વડા વાડીઆ તરીકે જે ચાકરી બજાવેછે તેના બદલામા "ઇસ્ટ
"ઈંડીઆ કુંપણીનાં એખીતા મલેલા ડાએરેકટરોની કોરટ તરફથી ભેટ કીધીછે.
"લંડન ૧૮૩૧."

(સહી) ઉલીએમ આસતીલ પરમુખ.
„ રાબરટ કેમ્આંમબેલ નાએબે સરનસીન.
„ સર જાંન મલકમ મુંબઇનો આગલો ગવરનર.

હેવીજ કીસમની એક બીજી રૂલર તેમના હાથ હેઠલના વાડીઆજી શેઠ ખરશેદજી રૂસતમજીને માટેબી આવેલી હતી, અને તે સુંદર ભેટો બેહુ સાહેબોને મરીન ખાતાંનાં સુપરીનટેનડેંટની ફરમાસ મુજબ કાંમ ચલાઉ ગવરનર ધી હાંનરેબલ જાંન રોમરે પરશીઅન શેકરેટરીની આફીસમાં તા૦ ૨૮ મી ડીજેમબર ૧૮૩૧ ને રોજે દરબાર ભરીને માન સહીત સપુરદ કરતી વખતે તેની સાથે દરએક જણાને સરકારે એકેકી કીંમતી શેઆલ પણ હોરાડી ખુશી દીલથી તેઓને વીદાએ કીધા હતા.

ગોદી ખાતાંનાં આગલા સઘલા વાડીઆઓ કરતાં, ધારેઆ પરમાંણે, આ સાહશીક શેઠ નવરોજજીએ પોતાની લાએકાતથી, સકમાઈના મેલવેલા પઈસાનો ઘણો સારો ઉપીયોગ ચલાવી દરવીઅને જેમ અતીઅંત વધારી દીધો હતો, તેમ તેનો મોકલે હાથે છુપી રીતે ઘણા સારાં કાંમો માટે ખરચખી કરતા હતા; જેની જાહેરમા કેહચ કે કશી નોધતો રહેલી નથી, પણ એક માહભારત કાંમ આ સાહેબે જે બજાવેલુંચ તેની ઈઆદગારી છાસટી માહેલાં ઘોરબંદરમાં હજીતક રાહદારી મુસાફરો તરફનાં આશીરવાદ પાંમતી હુભેલીછે. એ ધરંમ-શાલા ય૦ ૧૧૯૭ માં જારે બંધાવી, તારે તે વખત પર મુંબઈ તથા ગુજરાત વચે ખુસકીને માંરગે આવતા જતા સઘલી વરણના રાહદારી મુસાફરોને જે અતીઅંત ઉપીયોગી થાઈ પડી હતી, તે હવડાં રેલવેની સગવડે જોકે તેહવાં કાંમમાં જાહજી આવતી નથી, તોપણ તે તરફ શેલઘાહે જણારાઓનો વીસાંમો સચવાઈ સકેછે.

પાછલના સુધરતા વખતથી ગોદી ખાતાંમાં અનેક તરેહનો વધારો પેવ-સ થયા કીધો, તોપણ આ સાહેબની પુરાંણી કાબેલીઅતની સાહમને નવી ધપથી કેલવાએલા સખશોખી હરગેજ પોંહચી વલેઆ નોહતા; અને તેથીજ કરી નાંમદાર સરકારને જોકે તેનાની નોકરી ઘણીજ કીમતી જણાતી હતી, તો પણ આ દાહપણ ભરેલા શેઠીઆએ આકેબતનો અંદેશો વીચારીને પોતાના એક દીકરા જાંગીરજી તથા ભાંણેજ હીરજીભાઈ મેરવાંનજીને નવી ધપનો અભે-આરા હાંશેલ કરી લેવા માટે શાલે ૧૨૦૭ ય૦ મા થેટ વેલાત સુધી મોકલા-વેઆ હતા; જાંહાં તરણ વરશાવેર રહીને પુખત રીતની કેલવણીમાં પસાર થયા, અને તે બાબેની સતા ભરેલી સનદો તાંહાંથી હાથ કરી લીધા પછે ૧૨૧૦ માં જારે પાછા ફરી આવેઆ, તારે તેઓના આ મેહરબાંન મુરબીએ ખરચેલા હજારો રૂપીઆ એવાતો ગવાએઆ કે, પાછલા વખતપર તે બેહુ જવાંન વાડીઆઓએબી તેઓની કારકીરદીમા પોતાને મલેલા ઓહધાનું સારૂં માંન જાલવીને સતાવાલાઓ તરફથી સાબાશી મેલવી હતી તે બાબેની બીનાં હવે પછે જણાવેઆમાં આવશે.

સરકારી ચાકરીમા ૫૩ વરસ માન સહીત પસાર કીધા પછે, ય૦ ૧૨૧૩ ના શાલથી દર માશે રૂ ૫૫૦ નો બેઠો મુસારો નામદાર સરકારે બાંધી આપેઆ ઉપરાંત, ઓહદો બજાવતાં વફાદારી સાચવી રાખેઆના બદલામા રૂ ૫૦૦૦ ઈનામ તરીકે જે બખશીંદા કીધા, તે કબુલ રાખી બાકી જીંદગીને આરાંમ પમાડવા માટે તેનાએ નોકરી છોડી દીધી હતી.

ચાકરી બાબે જણાવેલી ઉપલી મુદતની અંદર ૨૩ વરસ જે વડાપણામા ગુજારેઆં, તેટલા અરસામા આ માનવંતા વાડીઆજીએ સડ તથા બાફથી ચાલનારાં નાંધલાં મોટાં મલી કુલ ૭૫ બારકશો નવાં બાંધી આપીને તેઓ દરએકની મજબુતાઈ ઉપરથી પોતાના હોનર વીશેની સાચી સાબાશી તેનાઓ મેલવી લીધી હતી, તેની ટીપ હેઠલ દાખલ કરીએછે.

પાદસાહી મનવારો...... ૫ જેમા ૪૬ તોપવાલી ૨ તથા ૮૪ તોપની ૩.
કુંપની સરકાર સારૂં ....૪૫ મસકતના ઈમામને માટે.... ૪
બંગાલાની સરકારને હસાબે.. ૫ વેપારીઓને વાસતે........૧૬

આ નામવર વાડીઆ નવરોજજીએ ચાકરી છોડવાની જુજ વખત આગમજ હેઠલ જણાવેલા પોતાના જવાન બેશીઓને ગોદી ખાતે વાડીઆ પણાનો હોનર શીખવા માટે દાખલ કીધા હતા, જેઓમાં:—

રૂસતમજી અરદેશાર વરસ ૧૬ ના.
જમશેદજી નવરોજજી વરસ ૧૫ ના—આ ગરહસથ તારપછે મરણ પાંમેઆ.
જમશેદજી ધનજીભાઈ વરસ ૧૫ ના—આ ગરહસથ હવડાં વડાતર્ગીકેછે.
નરારવાનજી અરદેસર વરસ ૧૩ ના—આ ગરહસથ ચાકરીમા જણાતા નથી.
બમનજી નવરોજજી વરસ ૧૧ ના—આ ગરહસથબી પાછલથી મરણ પાંમેઆ.

આ જવાંનો દાખલ થયાથી તેઓને વાસતે કેહચ કે, મરીન ખાતાંના સુપરીનટેનડેંટે સરકારના હોકમ પરમાણે હેઠલ જણાવેલો ચેડાવ તા૰ ૨૦ મી એપરેલ ૧૮૪૪ ને રોજે નકી કીધો હતો કે,

પેહલે વરશે તેઓ કોઈનેબી લવાજમો બીલકુલ આપવો નહીં.
પેહલા વરગમા શીખનારાને બીજે વરશે દર મહીને રૂ ૫ નો પગાર આપવો.
તરીજે વરશે તરીજા વરગના સીપરાઈટને દર મહીને રૂ ૧૨ નો પગાર આપવો.
ચોથે વરશે બીજા વરગના સીપરાઈટને દર મહીને રૂ ૧૬ નો પગાર આપવો.
પાંચમે વરશે પેહલા વરગના સીપરાઈટને દર મહીને રૂ ૧૯ નો પગાર આપવો.

ઉપલાં કારણ માટે દર વખતે તેઓની ચોકસાઈથી પરીક્ષા લેતા મજબુતાઈ તથા ઉદીયોગમા જેમ જે સરસ નીવરે, તેમ તેને ચહડતી પદવી આપવાનો બંદોબસતબી ફરમાવેલો સાંભલવામા આવેઓ હતો; અને તે છતાં પણ તેનુ પરીણામ હઈઆત રહેલા બે જવાંમરદોએ ફતેહમંદીથી ઉતારીને કમાલીએત હાંસલ કરી લીધાં છે.

પારશીઓની પંચાએતના અકાબરોનો હક ઘણી લાંમબી મુદતથી જે જે ગરહસથો ભોગવતા આવેઆ, તેમા આ નાંમીચાં ખાનદાનના વડા શેઠ લવજીબી લાગુ હતા; અને તેમની પછે તેવણથી ઉતરેલા વારેશોએ પણ અનજુમનના અનુમતથી જે અકાબરી જાલવી રાખી, તે માહેલી એક જગેઆ શેઠ રતનજી કાકાના ગુજરી ગયાને લીધે, આ બુજોરગવારને ય૰ ૧૧૯૨ ની શરૂઆતથી સપુરદ થઈ એટલુંજ નહીં, પણ એકેકની પુઠે ગુજરી ગએલા પંચના પરસુખોની ખાલી પડતી જગેઆબી છેલે એવનથીજ પુરાઈ હતી. આ કાંમમા વીસ વરસ વેર કાંએમ રહીને પોતાની કોમના ઘર કુથલાની ભાંજગડો સમાધાંનીની રાહે પટાવી આપવામા આ સાહેબ ઘણુ ડાહપણ દેખાડતા હતા; અને તે ઉપરાંત સુલેહના અમલદાર થઈને ગરાંડ જુરીનો અધીકારબી રૂડી વરતણુકથી બજાવતા હતા; પણ પાછલથી જઈફીએ પોંહચેઆ, તારે નાતવાણીને લીધે બધો અખતીઆર ૧૨૧૨ થી તેનાએ એકદમ છોડી બેઠા હતા.

ખરી મેહનતથી મેલવેલા પઈસાનો રૂડો ઉપીયોગ કરવામાં ઘણા વરસ સુધી સાંતપણે જીંદગી ગુજારતાં, માતરે એકજ વખત આ સાહેબને બીન ધારેલી હરકત એવીતો સજર નડી હતી કે, ય૦ સને ૧૨૧૮ માં સંજાકાલે તેમની કોટમા રેહવાની મોટી હવેલી સઘલા સરનજાંમ સહીત આગ લાગાથી બલીને ભસંમ થઈ ગઇ હતી; જેને બંચાવા માટે સરકાર તથા પરજા તરફથી અનેક ઉપાયો લેવાયા, પણ હોનારતની સાંમણે સરવેની તદબીરો વેઅરથ ગઇ તે છતાંબી સોકરછે તે કીરતારની બખશીસના કે, એકાત બે અલફાતુ કાંમ-દારોના સરીરને શેહજ જોખંમ પોંહચેઆ શિવાએ, આ બુજોરગ વાડીઆજીનાં પરીવારો માહેલા કોઇનાંબી જીવને કશી અલવલ આવી નોહતી. હાવી અંચીતી હરકતથી આ સાહેબને પોતીકાં છઇઆં સહીત થોડુંક સુધી પારકા ઘેરમાં રેહવું પડેઊં હતું, પણ સાંમરથી શીકાર હોયાને લીધે તે બલેલી અશલી જગા ઉપર નવી ઘપમાં હવેલીને પાછી બંધાવીને તાંહાં જઈ રહેઆ પછે, તાંહાંથી રોજ ૯ મો માહ ૨ જો શાલે ૧૨૩૦ ય૦ એ ૮૬ વરસની ઉપર ૨ મહીના ને ૧૪ દાહાડાની ઊંમરમાં જારે બેહસતને મકાંણે ચાલી ગયા, તારે પોતાના નેકનામની યાદગારી તરીકે તેવણનીજ અઓલાદથી ઉતરેલી નાહના મોટાં છઇઆંની સંખીઆ આસરે એકશો જણાઓની હાજર હોવાથી તેમના બોહલાં કુટંબમાં એજ સાહેબ આ જમાનાના એક ખરા મોટા બાવા કેહવાયા હતા.

આ બુજોરગ વાડીઆજી ગુજરેઆ તારે રાતનો સમો હતો, તેથી વલતે દાહડે જારે તેવણનુ અશો રવાંણ શેવટની આરાંમધાહ પર અવલમંજલ પોં-હચેઊ, તે વખતે મુંબઈની ટાપુએ લીધેલા શોગનો દેખાવ હેવોતો ડરાંમણો અને સહમસાણ જેવો દેખાયો હતો કે, તેનુ બયાંન થાઈ શકાતુંજ નથી. તેવણના દરજાને છેલું માન આપવા માટે સતાવાલાઓના હોકમથી સઘલી ગોદીઓ આખો દાહડો બંધ રાખીને તેજ મુઆફેક બારાંમાં લાંગરવાર પડલાં સરકારી બારકશો પર દોલની અધવચમાં શોગના વાવટા વટીક* ટાંગવામાં આવેઆ હતા; એટલુંજ નહીં પણ તે ઉપરાંત કુલે જરથોસતીઓએ તેઓની કોમના એક બુજોરગ અકાબર સાહેબની ગમીમાં પોતાની દુકાંણો તથા વેપાર ખાતાંની પેહડીઓ જેમ બંધ રાખી હતી, તેમજ સર જમશેદજીવાલી તથા બીજી ખાંનગી નીશાળોબી બંધ કીધામા આવી હતી. થેડવેલે વખતે આ મરહુમનો સચકાર તેમના રેહઠાણમાથી જારે રવાંણે થયો, તારે મલેલી મીજ-લેશમાં ધારીએચ કે કોઈજ સખશ કોક સંજોગથી (તેમાં આ નોધ લેનારોબી પોતાની દલગીરી જણાવી કેહચ કે, આ માનવંતા સાહેબને ગુજરવાની માતરે બેજ દીવસ આગમજ ચીનની સફરે ગએલો હતો, તેથી તેમના પાક રૂહને શેજદો કરવામા નીસફલ રહેઓછે) કદાચ આવેલો નહીંજ હશે હેવી ડઠ માલુમ પડેલી કેહવાઈછે.

જરથોસતી મજહબના રવઈઆ પરમાણે, આ મરહુમ શેઠના અશો રૂહ ઉપર તરીજે દાહાડે થાએલી કીરીઆ વખતે, મીજલેસની અંદર એજ સાહેબે પોતાની હઇઆતીમા તેમના કુટંબીઓ જોગ લખી રાખેલો કાગલ જે જાહેરમા

વંચાયો, તેની રૂડી મતલબ હેવી પરશીધ્ધ થઈ હતી કે, ઈ૦ સને ૧૭૩૫ થી મરહુમ લવજી વાડીઆએ દર શાલ તીર મહીનામાં એક ધાહંમબાર કરવાનુ શુભ કાંમ ચાલુ રાખીને તે ઉપર પોતાની હઈઆતી સુધી ગીરેથી નાણા તેવણ ખરચતા હતા; અને તેવોજ રવઇઓ તેમના મરણ પછે તેવણના છોકરાઓએબી નીભાવી રાખેઓ હતો; જે કાંમ તારપછેથી આ સાહેબની જીંદગીના છેડાસુધી ખુદ પોતે, તથા તેવણુના પીતરાઈ ભાઇ શેઠ ખરશેદજી રૂસતમજી મલીને સાથે ચલાવતા આવેઆ; પણ એ પુણનું કાંમ ચંદરોકાળ સુધી જાથુક ટકેઊ રેહ હેવો બંદોબસત કરવાની મરજી જણાવી હતી, તે મુજબ મીજલેસમા તે-મનાં કુટંબીઓ તરફથી તતકાળ રૂ ૧૩,૫૦૦ ની એક સારી થાપણુ જે એખીતી થાઈ તેમાં રૂ ૨૦૦૧ આ મરહુમ શેઠની પુંજીમાંથી, અને રૂ ૧૦૦૦ તેમની વીધવા તથા દીકરીઓ વગેરે ભરીને રૂ ૧૬,૫૦૧ નો ભંડોલ ભેગો કીધો. થાપણુને "લવજી વાડીઆના ધાહંમબારનું ફંડ" હેવું નાંમ આપીને તેની ઉપજમાંથી આ નાંમીચા ખાનદાંનને નામનો એક ધાહુમબાર દર શાળે તીરીઆંનમા જાથુક થયા કરેછે.

એજ ઠાંકણે એક બીજો પતર પંચના હઈઆત રહેલા અકાબરો તરફથી મીજલેસની અંદર જે વંચાયો હતો, તેમાં આ મરહુમ વાડીઆજીની અપાર ખુબીનું વરણન કહી સંભલાવેઆ પછે, અંનજુમનની હજુર હેવી દરખાસત ગુજારવામાં આવી હતી કે, જાહેરનાં હુધરાંણાથી એક સારી થાપણ હુભી કરીને તે ગોદી ખાતાંના સુથારોને તેઓની અશકતી વેલા બેઠા મુસારા આપવા માટે એજ મરહુમની આગેવાની હેઠલ ચાલુ થાએલાં પુનવંતાં કાંમનો ભંડોળ જે અધુરો જણાયો, તેને આ સાહેબનાં નામથી ભરપુર કરી દેવો. હાવા સુભ વીચારને હાજર રહેલા ગરહસથોએ તતકાળ ઊંચકી લીધાથી સાંભલેઆ પર-માણે સાતેક હજાર રૂપીઆને આસરેની ભેગી થએલી રકમ તેમાં હુંમેરી આપી હતી; અને તેના બદલામાં આ મરહુમની પુંજી મધેથી જરથોસતી-ઓનાં જુદાં જુદાં ધરંમખાતાંઓમાં રૂ ૪,૬૦૦ ને સુમારે તેમના વારેશોએ વેંહચી આપેઆ હતા.

આ બુજોરગ વાડીઆજી પોતાના કાકા પેસતનજીની એકપુરી દીકરી સુનાબઇની સાથે પેહલવેહલા પરણેઆ હતા; અને તેણીને પેઠથી અવતરેલાં પાંચ ફરજંદોમા તરણ દીકરીઓ* ઉપરાંત, દાદાભાઈ તથા મનચેરજી નામના દીકરાઓને તેઓના મમાવાએ આગમજથી દતક કરી લીધા, તેથી બેહુ ભા-

* વડી જરબાઈ, અરદેસર રતનજી વાડીઆ સાથે. બીજી બચુંબાઈ, સોરા-બજી ફરાંમજી વાડીઆ સાથે. અને તરીજી ધનબાઇજી, વાડીઆ બમનજી હોર-મજજી સાથે પરણેલાં હતાં. એ માહેલાં વડાં બાઈ તો ઘણું થયું ગુજરી ગયાં, અને બે બેનો જઇફીએ પુગેલાં હઈઆત માલુમ પડેછે. નો૦ લે૦

ઇઓની નીશબત તેમની વર્ણસાવલીમા જોડાયલીછે; અને તેજ ટીપની અંદર આ નેકનામના ૬ છોકરાઓ જે દાખલ કીધામા આવેઆચ, તે બીજીવારની* મોહરદારે જનમ આપેલા જણાયાછે.

શેઠ ખરશેદજી રૂસતમજી.

સરકારી ગોદી ખાતાંની શાખા જારે ઇ० સને ૧૮૦૧ મા મજગાંમ ખાતે ચાલુ થઈ, તારથી આ શેઠના બાવા રૂસતમજી માણેકજીને કોટ ખાતેના વડાં મહકમાથી લઇ જઇને તાંહાં ગોઠવી બેસાડ્યા હતા; અને તેજ સાહેબે તારપછે પોતાની હઇઆતીમા આ શેઠ ઉપરાંત ધનજીભાઈ મલી બેહુ બેટાઓને હાથ હેઠલ રાખીને તાંહાંનો અખતીઆર સાચવી લીધો હતો. વાડીઆ રૂસતમજીના ગુજરવાનો ચોકસ દાહડાવાર હાથ આવેઓ નથી, પણ આટલું તો માલુમ પડેછે કે તેવણની ખાલી પડેલી જગેઆ આ શેઠ ખરશેદજીએ પુરી લઇને, પોતાના હાથ હેઠલ નાખલા ભાઈ ધનજીભાઈ તથા અરદેશર નામના દીકરાને લાગુ પાડી રાખેઆ હતા.

આ શેઠીઆનો જનમ ય० ૧૧૫૭ ના શાળમા મુબારક થયો, તે હસાબે જારે સરકારી ચાકરીમા પેહલવેહલા લાગુ પડ્યા તારે ૧૭ વરસની વએના તેવન કેહવાતા હતા.

વડવાઓથી ઉતરતો આવેલો હોનર સારી રવેશે શીખી લીધા પછે, જારથી મજગામની ગોદીમા બાપના હાથ હેઠલ જઈ રહેઆ, તારથી પોતાની ચંચલાઇને હેવી તો ચલકતી કીધી કે, તેમના ઉપરીપણા હેઠલ જેટલાં બારકશો નવાં બંધાયાં, તથા પુરાંનાઓની મરાંમત થઇ, તેટલાં દરીઆવરધી ખાતાંમા વખાંણ પાંમેઆં; અને તેની સાબાશીમા સરકાર તથા વાંહાંણ ધણીઓ તરફથી તેમને ઘણીવાર ઇનામો વઠીક મલેઆ કીધાં હતાં.

મજગામની શાખા ગોદીમા ઘણા વરશો ગુજારેઆ પછે, ઇ० સને ૧૮૪૪ મા જારે કોટની ગોદીના વડા વાડીઆ નવરોજજીએ બેઠા મુસારાપર નોકરી છોડી, તે દાહાડથી તાંહાંનો વડો ઓહદો આ શેઠને જે એનાએત થયો, તે પણ તેનાએ પરમાણીકપણે બજાવીને પોતીકા માલેકો તરફથી સારૂં માણ મેલવેઌ હતું; તેના દાખલાઓ માહેલો એકજ જે જાણવામા આવેઓચ તેને નીચે જાહેર કરીએ છઇએ:—

ઇસ્ટ ઇંડીયા કુંપનીને હસાબે સ્ટીમ ફ્રીગેટ "ફીરોઝ" જારે બંધાતી હતી, તારે તેનું ઉપરીપણું આ વડા વાડીઆજીએ ચતુરાઇથી ચલાવીને સરસ ચાલની જે બનાવી આપી, તેના બદલામા સરકાર પાશેથી શરોપાવ મલેઆ ઉપરાંત

* આ બાઇ મરહુમ શેઠ બરજોરજી નાનાભાઇ દાવરની વડી દીકરી હતાં; અને તેણીના ગુજરેઆ પછે તરીજીને પોતાના નેકામા લાવેઆ હતા, તે વીધવા બાઈ બીલીમોરાની રેહવાસન હાલ હઇઆત રહેલાં માલુમ પડેછે. નો० લે०

નામદાર કોરટ આવ ડાએરેકટરોએ તેનાને માટે નકસા પાડવાના કાંમમા આવે તેવા રૂપાના ઓજારોનો એક બાકસ છેક વેલાત વેરથી ભેટ મોકલાવેઓ હતો; અને તે સોગાદ નામદાર સરકારે ૧૮૫૧ ના જાંનેવારીની ૮ મી તારીખે ટાંઉન હાલમા મેલવેલી દરબારના દેખતાં મોટાં માન સહીત તેણાને સપુરદ કીધી.

ગોદી ખાતાંની માન ભરેલી નોકરી બજાવતાં, ૫૩ વરસ (જેમા ૧૪॥ વરસવેર વડાપણું ભોગવેલું હતું) શેઠીને શેઠ ખરશેદજી જારે ૭૦ વરસની જઈફી પર આવી પોંહતા, તારે ઈ૦ સને ૧૮૫૮ ના સપટેમબરની ૨૫ મી તારીખથી બેઠા મુસારાની તલબ ચાહીને ચાકરી છોડવાની જે અરજ ગુજારી, તે નામદાર કોરટ તરફથી ખુશી સાથે બાહાલ રાખવામા આવી. આ ગરહસથને નોકરીના દર મહીને રૂ ૯૦૦ મલતા હતા, તેનો અડધ પગાર રૂ ૪૫૦, તથા તેનાએ સારી લાએકાતથી ગોદી ખાતાંનું માન જાલવી રાખેલું હતું, તેના બદલામા ઈનામ તરીકે રૂ ૨૦૦ વધારીને કુલ રૂ ૬૫૦ નો દરમાહ તેનાની હઈઆતી સુધી ઠેરવી આપેઓ હતો; જેનો ભોગવાતો ૪॥ વરસ સુધી હાંશેલ કરીને રોજ ૮ મો માહ ૮ મો શેહનશાહી શાલે ૧૨૩૨ ય૦ એ પોણોશો વરસની ઉમરમા સવરગવાસ થયાછે.

શેઠ ધનજીભાઈ રૂસતમજી.

પોતીકા વડા ભાંઈની પુઠે બારસે વરશે ય૦ ૧૧૬૯ ના શેહનસાહી તરીજા મહીનાને ૬ ઠે રોજે જનમ પાંમેલા આ ગરહસથની જીંદગીનો ટુક હએવાલ, અચરતી ભરેઓ જાણીને તેહવા ધંધાદારીઓને ઢડો લેવા લાએક જે વીચારીએચ, તેની નોધ કોઇનેબી અનગમતી લાગશે નહીં.

મજગાંમની ગોદીમા સરકાર તરફનું કાંમ ચાલુ રહેલું, તાંહાં તુલીકતો આ ગરહસથ પોતાને મલેલી જગાપર ગોઠવાએલા હતા; અને તે પછે આગા મહંમદ રહીમ શીરાજી નામના એક માતબર મોગોલ વેપારીએ તે તરફ ગોદી ઉભી કીધી, તારે તેનું ઉપરીપણુંબી એજ શેઠીઆએ વડા વાડીઆ તરીકે સવતંતર પણાથી ચલાવેઆ કીધું; પણ તેઓ વચે કોક સંજોગે ગેર સહમજુતી ઉઠેઆને લીધે, તાંહાંનો ઓહધો બીલકુલ છોડીને થોડુંક સુધી પોતે કોચી તથા કલકતા તરફની મુસાફરીએ ગયા હતા.

વાંહાંણો બાંધવાના હોનરમા આ ગરહસથે મનની ચલાકીથી એવી હીકમત મેલવી લીધી હતી કે, ઉપર જણાવેલ બધે ઠેકાંણે તેનાએ કેટલાંક બારકશો સર પાએથી ઢડાવ ઉપર બાંધીને સમુદરની સફરે જાએ તેવી રીતે દોલો તથા સડો સાથે તાંહાંજ તઈઆર કીધા પછે શેહલાઈથી પાણીમાં ઉતારી દીધાં; અને તેવી તેનાની ઈઉકતી જોઈ ઘણાક કાબેલ વાડીઆઓ હેરત પાંમેઆ હતા. હાવી હીકમતથી પાંણીમા ઉતારેલાં બારકશોની ટીપ મેલવવા માટે હમારી કોશેસ જોકે વેરથ ગઈ, તોપણ તલાસ કરતાં જેટલાંની ઈઆદી હાથ આવીચ તેના નામો નીચે જણાવીએછે.

આપણી તરફ મજગામના ઢેડાવ પરથી કલીપરો "લેડીગરાંટ" "સર હરબન-
રટ કાંમપટન" તથા "શીટી આવ શીરાજ."
કોચી ખાતે વાંહાંણો "એડીલેડ," તથા "રીજાંઇના."
કલકતા તરફ વાંહાંણો "કાવસજી ફ્રેમેલી" "રૂસતમજી કાવસજી" તથા
"ફરાંમજી કાવસજી."

એઓ માહેલાં છેલ્લાં બારકસને ઉતારતાં કાંઈક અડચણ નડી હતી, તે વીશે શોધ કરતાં કોઈએ દુસમેન દાવાથી લાકડાંની ડેશી એવી તો સજર પેસાડેલી માલુમ પડી કે, તાંહાંથી તે કાહડેઆ શીવાએ બારકસ પાંણી તરફ ખેંચાઈ સકાએજ નહી. પછે તે નડટ જારે ખીસાડી તારે પોતાની હીકમતમા આ વાડીઆજી ફલદરૂપ થયા હતા.

કલકતામા વાંહાંણ બાંધવાનુ કામ જાહાજું નહીં મલેઆને લીધે, શેઠ ધનજીભાઈ ઈ૦ સને ૧૮૪૨ ના ડીસેમબરની આખરીએ તાંહાંથી વાંહાંણ "અલાઅલવી"ની અંદર સવાર થઈ મુંબઈ આવતા હતા. મારગમા તોફાન લાગાથી તે બારકસ જારે ખરાબા પર ચહડીને તદન ભાગ્યું, તારે સમુદર તથા જંગલોની મુશીબત તરણ મહીના સુધી ખમેઆ પછે, ૧૮૪૩ ને મારચ મહીને અતરે સહી સલાંમત આવી પોંહતા, તે બાબેની વીશેસ કેફીએત માટે બનાજી ખાનદાનના નેક નામ નખીરા શેઠ દાદાભાઈ રૂસતમજીના હએવાલ ઉપર વાંચનારા સાહેબોને હવાલો શોંફીએછે.

આ ગરહસથે મુંબઈ આવેઆ પછે ૧૧ વરસનો લાંમબો વખત પોતાના અસલી ધંધામા મસગુલ રાખીને પી૦ તથા ઓ૦ કુંપનીવાલી મજગાંમની ગોદી ખાતે માન સહીત ગુજારેઓ હતો, તાંહાં તુલીકની ટુંક ખીના સમાપત કરતાં દલગીરાઈ સાથે જણાવીએછે કે, વાડીઆ ખાનદાનના આ કાબેલ વીરા ૫૪ વરસની જીંદગી ભોગવીને રોજ ૧૩ મો માહ ૧૧ મો શેહનશાહી શાલે ૧૨૨૩ મ૦ એ જીનત ગુજીન થયોછે.

શેઠ અરદેશર ખરશેદજી.

ગોદી ખાતાંમા લાગુ પડેલું સાંચાનુ હીકમતી કાંમ શેહલાઈથી પેહલવેહલાં અટોપી લેનારા આ હીંમતવાન ગરેહસથનો જનમ દીવસ ય૦ સને ૧૧૭૭ ના શેહનશાહી પાંચમા ગાથાનો તેમના પરીવારો પાશેથી જે પરીછવામા આવેઓછે, તે હસાબે હવડાં તેવણ ૬૫ પસાર કરીને ૬૬ મા વરસની જઈફી પાંમતા (ઘેડો મુસારો મેલવીને) લંડન ખાતે અમનોઅમાનથી રહેલા જનાએછે.

અટકલ ઉપરથી હેવું કેહવાયુંચ કે આ ગરહસથ પંદર વરસની જવાંની વયમા પેહલવેહલા હલકા પગાર પર શીખાઉ તરીકે ગોદીમાં દાખલ થયા હતા. વીદેઆ અભેઆસની સાથે વાંહાંણો બાંધવાના હોનરની પુખત કેળવણી લઈ રહેઆ પછે, આ શેઠ કોઇનીખી મદદ મેલવેઆવના સવતંતરપણાથી સરકારની

શેવા બજાવતા રહીને, ઈનજીનીઅરની વીદ્દેઆમાખી સાંચા કામ બનાવવાના હીકમતી અખતરાની પુરવીણતાઈ હાંશેલ કીધાથી સરકારની સગવડ તેવણ ઘણે દરજ્જે સાચવી બેઠા હતા.

આ ચંચલ મનના વાડીઆએ કાબેલીએત વાપડીને પોતાના પીતા, જેવણ તે વખતપર મજગાંમની આગલી સરકારી ગોદી ખાતે વડા માસતર બીલદર હતા, તેણાને વાસતે "ઈડસ" નામની એક નાહનકડી આગબોટ બાંધીને તારીખ ૧૪ મી આગસટ ૧૮૩૩ ને દીને શેહલથી પાંણીમા ઉતારી હતી; અને તે બારકસમા વરાલ યંતરનો બધો સાંચો પોતાના ઉપરીપણા હેઠલ બનાવીને કોઈનીબી મદદ મેલવેઆવીના તેની ઘટતી જગોએ પોતેજ દરોબસત ગોઠવી બેસાડયો, તે દાહાડાથી ઈનજીનીઅરીંગના કાંમમા તેણાની વખાણ થવા માંડી.

આપણી ટાપુ ખાતે ગેઆસના દીવાઓ જે હવડાં સાધારણ થઈ પડેઆચ, તેવી રોસની હીઆં સરૂ થયાની ઘણા વરસ આગમજ કોઇના ખેઆલમાબી જાહાજી નહીંજ હશે, તેહવો દીપાવલો અખતરો આ ગરહસથે પોતાની કાબેલીએતથી પેહલવેહલો ઈ૦ સને ૧૮૩૪ ના ફેબરવારીની ૨૦ મી તારીખે મજગામ ખાતે પોતાને રેહવાના બંગલામા દેશી તથા યુરોપીઅન મીતરોની હજુર પોતે કરી બતલાવેઓ હતો. આ અખતરો જોકે લગભગ ૧૮ વરશે* હીંઆં પાછો દેખાએલો બીજીવારનો કેહવાયો, તોપણ એક દેશીએ વતનમાજ રહીને પોતાનો હોનર ફતેહમંદીથી પાર ઉતારેલો પેહલીજવારનો ગણાયો હતો; અને તેના જહલકાતથી જોનારાઓ ઘણાજ ખુશ થએલા જણાયા હતા.

પોતાની ચંચલાઇથી મેલવેલા ઈનજીનીઅરના હોનરમા સુધરાઈ ભરેઓ વધારો કરવાના એરાદાથી, આ ગરહસથ ૧૮૩૯ ના સપટેમબરની ૧ લી તારીખે ઉપડેલી મેલબોટની મારફતે પેહલવેહલા વેલાતની સફરે શીધારેઆ હતા; અને તાંહાં થોડાક મહીના સુધી અભીઆસ કીધા પછે, સ્ટીમરના સુધરેલાં સાંચા કાંમો નવા બનાવવા તથા બીગડેલાંની મરાંમત કરવા સંબંધી ખાતરી ભરેલી પરીક્ષામાં પસાર થઇને સતાવાલાઓ પાશેથી સનદ મેલવી લીધી હતી. પોતાની ધારનામા ફતેહ પાંમીઆ પછે નામદાર કોરટ આવ ડાએરેકટરો તરફથી મુંબઈની ગોદી ખાતાંમા વડા ઈનજીનીઅરની માન ભરેલી પડવી દર મહીને રૂ ૬૦૦ ના પગારથી હાથ કરી લઇને તે ઉપર અંમલ ચલાવવા માટે શેઠ અરદેશર ૧૮૪૦ મા પાછા ફરી આવેઆ હતા.

આ ગરહસથને ઇનજીનીઅરના ખાતાંપર વડાપણું મલેઆથી, તેમની હાથ હેઠલના યુરોપીઅન ઈનજીનીઅરોને અતીઅંત અદેખાઈ ઉપજવા લાગી; પણ જેની કાબેલીએટે તેનો વાજેબી હક ઉસતવાર કરી દીધો, તેને તેઓથી ટોડાઇતો શકાયોજ નહીં; કેમકે ગોદી ખાતાંની અંદર તેમની કારકીરદીમાં સાંચા

---

* ઈ૦ સને ૧૮૧૬ મા મરહુમ શેઠ ખરશેદજી માણેકજી સરાફે પોતીકા "સંમર હાઉસ" નામના ચોપાટીવાલા બંગલામા, પેહલવેહલી ગેઆસની રોસની એક અંગરેજને હાથે કરાવી હતી. જુઓ આ નોંધ પાંને ૩૮૦ મે. નો૦ લે૦

સંબંધી જેગી દીકત કાંમો નીકલેઆં, તેને આ ગરહસથે ઘણી શેહલાઇથી સરંજાંમ ઉતારી આપેઆં; અને લગભગ ૧૮ વરસના અરસામા મરીનબોરડના ખાતાં પર થઈ ગએલા મોટા તરણ અમલદારોની મનપતીજવી સરકારી શેવા બજાવતાં પોતાના દરજાનુ સારૂં માન જે જાલવી રાખેઉં, તે બાબેની સાબાશી છેક વેલાત ખાતાંની વડી કોરટ વેરથી તેમને મલેઆ કીધી હતી.

ઇનજીનીઅર ખાતાં પર વડા અમલદારનો ઓહદો બજાવતા હતા, તે વખતે ઇ૦ સને ૧૮૫૪ મા છ માસની રજા મેલવીને આ ચંચલ વાડીઆ બીજી વાર વેલાતની ખેપ કરી આવેઆ હતા.

સરકારી ગોદી ખાતાંમા શેઠ અરદેસરે ૩૫ વરસ સુધી પરમાણીક પણાથી જે શેવા બજાવી, તેમા છેલો અઢાર વરસનો અરાબો સકત કામમા ગુજારેઆને લીધે, તેનાની તનદરોસતીમા એવો તો બીગાડો થયો કે, પોતાનો માન ભરેલો ઇનજીનીઅરી ઓહદો છોડવાની કુદરતે તેનાને ફરજ પાડી; અને તે બાબે નામદાર કોરટ આવ ડાએરેકટરોને ગુજારેલી અરજ, ઘણી દલગીરાઈ સાથે બાહાલ રહેઆ મુજબ ૧૮૫૭ ના આગસટની પેહલી તારીખથી દર માશે રૂ ૪૦૦ ના તેઓએ બાંધી આપેલા પગાર પર પોતાની જીંદગીના બાકી રહેલા દાહડા શાંતપણે ગુજારવા માટે વંસાવલીમા જણાવેલી વસતી વાડીને આબાદ મેલી ઇ૦ ૧૮૬૪ ના સાલથી* વેલાત ખાતે તેવન જઈ રહેલાછે.

આ ગરહથના બે દીકરાઓ નામે રૂસતમજી તથા નસરવાંનજી પણ ઇ૦ ૧૮૪૪ થી ગોદી ખાતાંમા દાખલ થયા હતા, પણ તેઓ માહેલા નાંધલાએ ઘણું થયું તાંહાંનો સંબંધ છોડી પોતાનો ઇનજીઅરી ધંધો ખાનગી રીતે ચલાવવા માંડેલો માલુમ પડેછે. વડા ભાઈ જે અતાર તુલીક તાંહાં ગોઠવાઇ રહેઆચ, તેનાઓ જારે તરીજા વરગમા હતા તારે પોતાની તબીએતના સુધારા સારૂં ૧૮૬૦ ના મારચની ૩૦ મી તારીખે નામદાર સરકાર પાશે વેલાત જવા માટે વરસ એકની રજા માંગી હતી; અને તે ટાંકણે એવી પણ ખાએસ દેખાડી હતી કે, "તાંહાં આલસપણે બેશી રયા કરતાં તાંહાંની ગોદી ખાતાંઓમા લાગુ રહીને અભીઆસથી હોનરમા વધારો કરીસ." આ વાત નામદાર સરકારે ખુશી સાથે કબુલ કરતાં, દર મહીને મલતો આખો પગાર ચાલુ રાખીને આપેલી રજા વીશે તારીખ ૮ મી મે ૧૮૬૦ ના સરકારી છાપા અંદર જાહેરનામુ પણ પરશીધ કીધેલું જોવામા આવેઉંછે.

---

* પેનસન મેલવેઆ પછે વેલાત શીધારેઆ આગમજ કરાંચી ખાતે જઈને તાંહાં ઇનદસ નદીમા શેહલાઇથી ફરી સકે તેહવી આગબોટો બાંધી આપવાનુ માહભારત કાંમ આ હોનરમંદે માથે લઈને ફતેહમંદીથી પાર ઉતારી આપેઉં હતું.

શેઠ જાંગીર નવરોજજી.

સરકારી મોઠી ગોદીમા વડા વાડીઆ તરીકે ઘણા થોડા વખત વેર બીરાજી ગએલા, આ ગંભીર ખવાસના ગરહસથ રોજ ૪ થો માહ ૬ ઠો શેહનશાહી શાલે ય૦ ૧૧૯૦ મા જનમ પામેલા જણાઈ આવેઆછે.

વીદેઆ અભીઆસ કરવામા આ જાંગીરભાઇનુ જેહન ઘણુંજ ચંચલ જોઈ, તેમના પીતાએ ય૦ ૧૨૦૦ ના શેહનશાહી આવાં મહીનાના બહમન રોજથી, ગોદીખાતાંમા એક શીખાઉ દાખલ લઈ જઇ બેસાડ્યા હતા;* અને તે વખતે તેનાની ઉમર માતરે દશેક વરશની નાંધલી હતી.

ગોદીના કારખાના અંદર સાતેક વરસ રાખેઆપછે, સુધરાઈપર આવેલા નવા હોનરોની માહીતી મેલવવા માટે તેમના પીતાએ મોટો દરીઅ ખરચીને સરેહમા જણાવેલા પોતીકા ભાંણેજની જોડે આ શેઠને પણ વેલાત ખાતે મોકલાવેઆ હતા; જાંહાં તરણેક વરશ તુલીક રહીને બેહુ મોરાઈ† ભાઇઓએ ઘણો સારો અનુભવ હાશેલ કરી લીધો હતો. આ ગરહસથ જારે તાંહાંથી પોતાની કાબેલીએત સંબંધી સતા ભરેલી સણદ લઈ મુંબઇમા પાછા આવેઆ તારથી તેમના વડવાઓએ રચાવેલાં માહભારત કારખાનાની કસોટી ઉપર (રૂ ૩૫૦ ના દર માહથી પેહલા આશીસટંટની પદવી મેલવતાં) પોતીકા ધંધાને તેઓ માહ બલથી કસતા રહેઆ.

હીંઆંસુધી હાથ હેઠલ રહીને શેવા બજાવતાં ૨૮ વરસ જારે પસાર કીધાં, તારે માજી વડા વાડીઆ શેઠ ખરશેદજીએ બેઠા સુશારાપર નોકરી છોડઆપછે, રોજ ૧૪ મો માહ ૪ થો શેહનશાહી શાલે ૧૨૨૮ ય૦ થી તે વખતપર કેહવાએલા આ જવાન જાંગીરભાઈ વડા વાડીઆતો મુકરર થયા; પણ નશીબના ખીચારા એવા બલીઆ માલુમ પડ્યા કે, જે જગેઆપર અગાઉ થઇ ગયલા વડા વાડીઆઓ રૂ૯૦૦ નો દરમાહ પામતા હતા, તાંહાં સરકારે વેહટીકાતર ચલાવેઆથી એ વરગના દેશી અમલદારોનો લવાજમો ઘટાડીને નામદાર વાઈશરાએ હેઠલ જણાવેઆ મુજબ કીધેલો ઠેડાવ તારીખ ૧૨ મી મારચ ૧૮૫૯ ના સરકારી છાપાની મારફતે જાહેર પડ્યો હતો.

---

* એજ ટાંકણે આપણા મરહુમ વાડીઆ નવરોજજીએ, પોતીકી બેહનના બેટા મી૦ હીરજીભાઈ મેરવાનજીનેબી દાખલ કીધા હતા; અને પોતાના ઉપલા દીકરાની જોડ વેલાત પણ મોકલાવી પાહવરડા કીધા હતા. આ ગરહસથેબી ઘણા વરશો વેર વાંહાંણ બાંધવાના હોનરમા બહુ હુશીઆરી બતલાવીને સરકાર તરફથી સારી મમતા પોતા ઉપર ખેંચી લીધી હતી; પણ તાંહાં જાહાજું કામ ન હોવાથી તે ખાતાંમાં કેટલોક ઘટાડો થયાને લીધે ય૦ ૧૨૩૨ મા તેવણને બેથા સુસારાપર નોકરી છોડવાની ફરજ પડી; અને તેપછે વેપારીની સંફમાં બીરાજતા માલુમ પડેછે. નો૦ લે૦

† બાપની તરફના બેશીઓ જેમ પીતરાઈ કેહવાએચ, તેમ મામા ફુઇનાઓને મોરાઇ ભાઇમા લાગુ કીધાછે. નો૦ લે૦

વડા વાડીઆને રૂ૭૦૦, હાથ હેઠલનાને રૂ૫૫૦ અને તેની નીચેના બે માહેલા દર એકને રૂ૧૫૦. હાવી રીતે ચાર જણાઓને દર મહીને રૂ૧૫૫૦ નો પગાર વેહચી આપવાનો બંદોબસત ધારેઆ મેલે હજીસુધી ચાલુ રહેલોછે, અને તેમાં કદાપી તારપછે કાંઈ વધઘટ થાઈ હોએતો તે વાત આપનાર તથા લેણાર શીવાએ બીજા કોઈનેબી જાણવાની કસી અગતીઅ સમજાતી નથી.

આપણા આ વડા વાડીઆએ હોરમતની રાહે મેલવેલી જગેઆ જાલવતાં સઘલા વખતસુધી હેવીતો શેવા બજાવી દેખાડી હતી કે, તેથી તેવા કામોમા સંબંધ રાખનારા લશકર તથા દરીઆવરથી ખાતાંના નાહના મોટા અમલદારો હંમેશાં ખુશી રેહતા હતા; એટલુંજ નહીપણ સરકાર તરફથી શાબાશી તથા ઇનામો વતીક મલતાં હતાં. આ ગરહસથ હસતકના ખાતાં તરફથી ફરેંચ મનવારોપર થાએલી મરાંમતની માહવજત રૂડી રવેશે લેવાયા કીધી, તેની મુબારકબાદીમા કેહઅ કે, ય૦ ૧૨૩૨ મા ફરાંનસના માજી શાહનશાહ મરહુમ નેપોલીઅને તેનાને વાસતે સોનાનુ એક "પાકેટ કરાંનામીતર" નામનુ કીમતી ઘડીઆલ મોકલાવેલ હતું.

વડા વાડીઆનો ઓહધો સાત વરશવેર વખાણલાએક બજાવેઓ તે સુધાં, બધાં મલીને ૩૫ વરસ સરકારની શેવામા પરમાણીકપણે ગુજારેઆ પછે, અજલનો હલકારો તેવણ પાશે એકાએક આવી ઉભો, તેને કશોબી વાએદો દીધાવના આ શેઠ જાંગીરજી રોજ ૨ જો માહ ૬ ઠો શેહનશાહી શાલ ૧૨૩૫ ય૦ એ ૪૫ વરસની ઉંમરમા એક વીધવા ઉપરાંત તરણ દીકરાઓ અને એક દીકરીના ખુદ પરીવારને નીરઆસ રડતાં મેલી મીનોઈ આલમ તરફ કુચ કરી ગએઆ.

આ જવાન વાડીઆજીએ પોતાની હઇઆતી છતાં ય૦ ૧૨૨૭ મા ગોદી ખાતાંના ગરીબ શુંથારોને બેઠો મુસારો સરકાર તરફથી બીલકુલ મલતો નોહતો, તે બાબેનુ દુખ હઇડે ધરીને તેહવાઓનો અશકત વખત સાંટપણે સચવાએ તેહવા હેતુથી પોતીકા પીતાની આગેવાની હેઠલ હેવી સંતલેશ શોધી કે, તાંહાંના દરેક દેશી કામદારોના પગારમાથી થોડીક રકમ દર મહીને કાપી લેવી; ને તેની જે થાપણ થાએ તેની ઉપજમાંથી જે શુથાર જારે અસકત દેખાએ, તારે પગારના પરમાણ મુજબનો બેઠો મુસારો તેને મલતો રેહ. આ ગોઠવણ દરેબસત ઉતરીને ઉપલા શાલથી તેઓને બેઠા મુસારા આપવાનુ કાંમ સરૂ કીધુંચ; અને તે માટેની પુંજી અંદર જેબી કોઈ સખી સખસ સખાવત તરીકે નાણા આપે, તે તેઓનો ઉપકાર માની લેવાની જે છુટ રાખીછે, તેથી સાંભલેઆ પરમાણે તેમા સારો ભરાવો થાએછે; માટે એ બાબેની સાબાશી સાથે તેમની આ એક અતી ઉપીયોગી યાદગારીને હીંઆં નોંધી લઇએછે.

શેઠ જમશેદજી ધનજીભાઇ.

લવજી વાડીઆની વંશથી ઉતરેલો આ છેડો નબીરો હાલમા ૯ મા માસતર બીલદર જે બની રહેઓચ, તેનો જનમ જાંણેઆમેલે રોજ ૧૩ મા માહ ૬ ઠો શેહનસાહી શાલે ૧૧૯૮ ય૦ એ થયોછે.

બાપના મામા મરહુમ નવરોજજી જમશેદજી વાડીઆની અપાર મેહર-બાંનીથી, આ ગરહસથ ૧૫ વરસની વએ પોંહચતાં ય૦ ૧૨૧૩ મા ગોદી અંદર દાખલ થઇને વાંહાંણો બાંધવાના હીકમતી હોનરની તાલીમ લેવા લાગા અને તે વખત પર થયલા સરકારી બંદોબસત* મુજબ અભીઆસને જેમ વધારતા રહેઆ, તેમ પડવી દરપદવી ચહડેઆ કરીને છેલ્લે મરહુમ વાડીઆ જાંગીરભાઈની ખાલી પડેલી વડા બીલદરની જગેઆ પંર તેવણ ગુજરેઆ તેજ દાહાડે નામદાર સરકારે તેણાને† ગોઠવી બેસાડેલા કેહવામા આવેછે.

આ ગરહસથને ગોદી ખાતાંમા પેહલવેહલા દાખલ થયાને હવડાં તરીસમુ વરસ ગણાએછે, તેટલા અરસામા વાંહાંણો બાંધવાની વીદેઆ એટલી તો સુ-ધરાઇ પર પોંહચી વલીચ કે, તે બાબેનુ ગણાન આ ગરહસથે કોશેસ કરીને આગમજથી મેલવેઆને લીધે, પોતાનો માન ભરેઓ અધીકાર બજાવતાં કાંઇજ મુસકેલ તેવણ જોતા નથી; અને તેમને તાએબેના બધાં ખાતાંઓ ઉપર ખંતીપનાથી એટલી તો ચોંપ રાખતા સંભલાએચ કે, આજનુ કામ આ-વતી કાલને ભરેશો રોકવા દેતા નથી.

આ જવાન વાડીઆજીના જમાનામા જોકે મનવારો તથા દેશી વેપારી વાંહાંણો બાંધવાનુ કાંમ બીલકુલ બંધ પડેઆને લીધે, વડવાઓના જેવી કીરતી તેવણ મેલવી શકેઆ નહીં; તોપણ ટુક અરસાની પોતીકી કારકીરદીમા જહ-ડકથી જેટલી ચાલાકી તેનાએ ચલાવેલી એક શાહશીક રફીકની મેહરબાંનીથી હમારા જાણવામા આવીચ, તેની અચરતી ભરેલી યાદીને ટીપના આકારમા હેઠલ નોંધી દેખાડતાં કેહવાને મગરૂર છઇએ કે, કેટલાંક બારકશો તેમના નેઆગાંનો કરતાં કદમા કદાપી નાહનકરાં બણેઆં; પણ સંખીઆમા પુસકલ, અને વલી સુધરેલી કલાને શોભા પમાડે તેવાં વખનાયાંછે.

---

* જોવો આ નોંધ પાંને ૫૩૫ મે. નો૦ લે૦

† હમારા જાણવામા હેવું આવેઊંચકે, વડા વાડીઆને દરજજે પોંહચવાનો વા-જબી હકતો મી૦ રૂસતમજી અરદેશારનો હતો; પણ તે ગરહસથે કોંઈ કારણથી મરહુમ શેઠ જાંગીરભાઈની હઇઆતીમા પોતાની જગેઆ બેઠા મુસારાપર છોડી દીધી હતી, તેથી તેવણની પુઠપર આ શેઠીઆ જે હાજર હતા તે વડા વાડીઆ થયા; અને મી૦ રૂસતમજી તારપછે ગોદીખાતાંમા પાછા જોડાયલા હવડાં તેવણના હાથ હેઠલ ગણાયાછે. વડા વાડીઆની જગેઆ સાચવી લેણારા હાલતો તેવણ જ-ણાએછે, પણ તેમની પછીને વાસતે એજ ખાનદાનના બીજા વધારે નબીરાઓ હવડાંથી ગોદીખાતાંમા ગોઠવાઇને અભીઆસ મેલવતા રેહતો ઘણુ સારૂં. નો૦ લે૦

કહી કીસમના અને કોનને વાસતે.	ઈસવીના કહેલા સનેમા.								જુમલે
	૧૮૬૬	૧૮૬૭	૧૮૬૮	૧૮૬૯	૧૮૭૦	૧૮૭૧	૧૮૭૨	૧૮૭૩	
મુંબઈ તથા બાહેરની સરકારને વાસતે બાંધી આપેલી તરેહવાર નવી બોટો....	૨૪	૧૩	૧૨	૮	૧૫	૩	૨	૫	૮૨
સરકારી તથા શોદાગરી વાંહાંણો અને આગબોટો બાંધી	૨	૦	૦	૦	૧	૫	૦	૦	૮
મરાંમત કરી આપેલાં સરકારી સડવાલાં, તથા અગણી સંચાના વાંહાંણો....	૧૬૩	૧૦૦	૧૪૪	૧૧૮	૯૪	૯૯	૧૩૫	૯૬	૯૪૯
સરકાર તથા વેપારીઓને હસાબે વેલાતથી બની આવેલા કકડાઓ જોડીને અતરે ઉભાં કરી આપેલાં બારકશો	૩	૦	૦	૦	૬	૨	૦	૦	૧૧
શેલાન તરફ લીટલબાસીસ નામના ખરાબા આગલ રાતરે બતીની રોશની આપવા સારૂં બાંધેલી	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કરાંચીને વાસતે નવી બાંધી આપેલી સટીમટગ "મનોરા"	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧
બારાંના સંભાલ સારૂં "સાડલએઆક બારજો" બાંધેઆ..............	૯	૨	૧	૦	૦	૦	૦	૦	૧૨
ગોદી બે તરફની પુરની કરવાના કાંમ માટે બાંધેલી બોટો...........	૦	૧૪	૦	૨	૦	૦	૦	૦	૧૬
લસકર લાવ લઈજાવ માટે ગોદીના માસતરને હસાબે બાંધેલો લોઢાંનો બારજ	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૧
મુંબઈના બારાંની બાહેર રાતરે દીવા દેખાડવા માટે બાંધેલું વાંહાણુ "બોમબે"..	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૧
ડંકનડાક નામની ગોદીને વાસતે તરતો દરવાજો બનાવેઓ..........	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૧
૮ સાલની સંખીઆ....	૨૦૩	૧૨૯	૧૫૭	૧૨૮	૧૧૯	૧૦૯	૧૩૭	૧૦૧	૧૦૮૩

ઉપલાં બારકશોની બાંધણી, જોડની તથા મરાંમત માટે તેઓના માલેકો તથા લાગતા વલગતા તરફથી વખાણ સાથે આ વાડીઆજીનો વારંવાર મોટો ઉપકાર માણવામા આવેઓછે. આ માહેલા મનવાર ખાતાના કેટલાક નાંમીચા અમલદારોએ કીધેલી તેનાની સતુતી સંબંધી જે દસતાવેજો જાહેર વરતમાન પતરોમા છપાએલા દેખાયાચ, તેઓનો સાર એક યાદગારી તરીકે હીંઆં એટલા માટે નોધી રાખીએછે કે, તેથી કરી હવે પછેના વખતપર તેમના બચાંઓને પોતીકા બાપે બતલાવેલી બાહોશીની એક સારી સાખશી મલી આવે.

મરીણ ખાતાંના કાંમ ચલાઉ સુપરીનટેનડેંટ જે. ડબલીઉ. બારકરે ૧૮૬૬ ના એપરેલની ૧૩ મી તારીખે આપેલાં એક ખાતરી પતરમા એવો સંતોસ જણાવેઓછે કે, તે ઉપલા ઓહદા ઉપર એક વરસ રહેઓ, તાંહાં તુલીક આ વાડીઆજીએ પોતાના હોનરનું બલ વાપડીને ગોદી ખાતાંના બધાં કાંમોમા વખતે વખત તેને મોઠી મદદ આપેઆ કીધી હતી.

નામદાર રાંણીની મનવાર "પેણકુઇણ"ની અમલદારી ચલાવનારા લફ્ટનંટ એડમંડ ગેઆરફેરથે, પોતાના કાંમાદાર હીલીઅર ઉપર એક કાગલ ૧૮૬૭ ના એપરેલની ૮ મી તારીખે લખીને એવી સતુતી ગાઈ હતી કે, ૧૮૬૪ થી મુંબઈમા આવીને ઉપલા વખત વેર તે રહેઓ, તેટલા અરસામા તેની સરદારી હેઠલની "પેણકુઇણ" મનવાર અંદર થાએલી મરાંમત આ વાડીઆજીએ હાજરી આપીને એવીતો ચંચલાઇથી કરી આપી કે, તેની મજબુતાઈ માટેનો મોટો આભાર માનવો જોઇએ.

ઉપલો કાગલ કામાંદારને પોંહતાથી તે નામદારે મરીણ ખાતાંના સુપરીનટેનડેંટ કપતાંન ઈઆંગ જોગ એક પતર તા૰ ૧૩ મી એપરેલ લખીને એવી રાંહેત પમાડી કે, "નામદાર રાંણીની મનવારો "વીજીલાંટ" તથા પેણકુ-
"ઇણની બારીકીથી તપાસ કીધા પછે ગોદી ખાતાંના વડા વાડીઆએ તેઓની
"મરાંમત સારૂ ખબરદારી વાપરીને દીલશોજીથી જે મેહનત લીધીચ તે બાબે
"તેનાનો પુરતો ઉપકાર માણેઆ વીના આ બારકશોને બાહેર હંકરાવી સખતો
"નથી." આ સંબંધી પોતાનો સંતોસ તેનાને જણાવવાની શોચના તે નામદારે કીધા મુજબ અસલ પતરની ખરી નકલ આ શેઠીઆ પાશે કપતાંન ઈઆંગે તતકાલ મોકલી આપી હતી.

આ કાબેલ વાડીઆએ લાઈટ વેસલો, પાઇલટ બોટો, સકુંનરો અને તેવનાએ આરકાટીઓના ઉપીયોગમા આવનારાં બારકશોની મરાંમત માટે પોતાની સારી કાબેલીએત વાપડીને, આપણા બારાં માહેલી પાઈલટેજ બોરડને ખુશી રાખેઆ, તેની ઈઆદી ખાતર તે ખાતાં તરફથી તેમના ધંધા લાએક રૂપાંના ઓજારોનો એક બાકસ તા૰ ૨૨ મી અકટોબર ૧૮૬૮ ને રોજે ઘટતાં માન સાથે તેનાને ભેટ આપેઓ હતો* એ ઉપરાંત આ વાડીઆજીના હોનરની વખાણમા થાએલા

---

* એ બાકસ ઉપર આ મુજબના ઘટતા લેખો કોતરાવેલા જે જોવામા આવેઆચ, તેનો તરજુમો લઈએછે. "નામદાર રાંણીની ગોદી ખાતાંના વડા વાડીયા "જમશેદજી ધનજીભાઈ સકુઆયરે, બારકશો બાંધી આપવામા બારાં તથા આ-

બીજો વધારો હેવો સાંભલવામા આવેઓચ કે, લંડન ખાતે "ઇનસટીટુસન આવ નેવલ આરકીટેક્સ" ઇઆને દરીઆવરધી ખાતાંની હોનર સાલાની માનવંતી મંડલીએ એજ વરસમા ભરાએલી છેલી સભા અંદર તે ખાતાંના એક અધીકારી તરીકે તેનાને બાહલ રાખેઆછે.

દેશાવરો ખાતેથી આવતાં વાંહાંણોને રાતની વેલા દીવાનો ઉજાસ આપવા માટે, દીવા દાંનડીની બાહેર પડી રેહનારૂં એક સરકારી બારકસ નામે "બોમબે", આ વાડીઆજીએ હેવી તો કાબેલીએત વાપરીને મજબુત બાંધી આપેઊંચ કે, તેને તા૦ ૯ મી મે ૧૮૭૨ ને રોજે પાંણીમા ઉતારતી વેલા મલેલી માનવંતી મીજલેસની અંદર મીશ રીડ નામની સદગુની લેડીએ પોતીકે કોમલ હાથે તેણાને શેઆલ હોરાડી સરફરાજ કીધા હતા; અને તે યાદગારીમા વધારો કરવા માટે બારાંનો બંદોબસત રાખનારી બોરડ તરફથી બે ફુટ લાંમબો રૂપાંની શોભઇતી આંકણીનો એક બાકસ* ૧૮૭૨ ના આગસટની ૧૩ મી તારીએ ઘટતાં માન સાથે તેણાને ભેટ મલેઓ હતો. આ વડા વાડીઆજીની કાબેલીએતની કદર નામદાર સરકારે સારી રવેશે પીછાંની એજ શાલમા તેણાને "યુનીવરશીટીના ફેલાસ," યાને તે માનવંતી મંડલીના એક મીજલેશી ઠેડવેઆછે.

હીંદની હકુમતપર બીરાજવા માટે, વાઇશરાએનો મોટો ઓહદો લઇને ઇ૦ સને ૧૮૬૮ મા પેહલવેહલો આપણી તરફ આવેલો, નેક નામદાર અરલ આવ મેઓ,† તારીખ ૨૯ મી ડીજેમબરે ગોદીની ભેટ લેવા જારે ગયો હતો, તારે તે વખતે તાંહાંની રચના તથા બનતાં કાંમોની જહડફ જોઇને તે ઘણોજ ખુશી થયા ઉપરાંત મોટી અજાએબી હેવી દેખાડીને કેહવા લાગો કે, "હાવાં "માહભારત અને દીકત કાંમો માટે વાડીઆ ખાનદાંનના પારશીઓ, માતરે "તરણ અથવા ૪ વરસના ટુક અરસામા અભેઆસ મેલવીને આશાંનીથી પાર "ઉતારેછે." એ પછે ગોદી ખાતાંની સઘલી જગો આ વાડીઆજીએ લારડ સાહેબને દેખાડતાં, તે નામદારે જે જે બાબદનો શવાલ કીધો તેના ખોલાસા સહીત જવાબ દેતા હતા; બધું જોઈ રહેઆ પછે થોડોકવાર તે નામદારે આ વાડીઆ સાથે ઉભો રહીને બેર આફીએતની વાતો પુછી; અને તાંહાંથી રૂખ-

"રકાટીનો બંદોબસત રાખનારી મંડલીની કીમતી ચાકરી જે મનપુરતી રીતે "બજાવી, તેના માન ખાતર સને ૧૮૬૮ ના મેની ૨૩ મી તારીએ ભેટ કીધામા "આવેઆંછે. નો૦ લે૦

* જેની ઉપર કોતરાએલા લેખનો તરજુમો આ રીતેછે. "બારાં તથા આરકા-"ટીનો બંદોબસત રાખનારી મંડલી તરફથી, નામદાર રાંણીની ગોદી ખાતેના વડા "વાડીઆ મી૦ જમશેદજી ધનજીભાઇએ બારાંની બાહેર રોસની દેખાડવા માટેનુ "વાંહાંણ બોમબે જે પાંણીમા ઉતારી આપેઊં, તેના બાંધકાંમ ઉપર તેનાએ સારી "દેખરેખ રાખેઆની યાદગારી સારૂં ૧૮૭૨ મા તેમને ભેટ આપીછે." નો૦ લે૦

† આ કીરતીવાન સરશુબો પોરટબલેર ખાતે સેહરઅલી નામના એક ખુની બંધવાની છુરીના જખમથી ઇ૦ સને ૧૮૭૨ ના ફેબરવારીની ૮ મી તારીખની ગતરે મરણ પાંમેઆછે. નો૦ લે૦

સત લેતી વેલા, આ માસતર બીલડરનો મોટો ઉપકાર માનતાં હાથશે હાથ મેલવીને છેલી સલામથી સંતોસ પમાંડી ખુશી થતો છુટો પડેઓ હતો.

આપણા આ વડા વાડીઆની વખાંણ છેક ફરાંનસની રાજધાની તુલીક જે જઈ વલીચ્, તેનુ કારણ હેવું કેહવાએછે કે, ફરેંચ વાવટાની સરકારી સ્ટીમરો નામે "મરશીઆન" તથા "દેકોનાદાઈ" ની મરાંમત કરી આપતાં, તેઓના કપતાંનો તથા ખલાશીઓની સારી બરદાસત લીધી હતી, તેના બદલામા તાંહાંની સરકાર તેવણને વાસતે પેહલા વરગનો શોનેરી ચાન માન ખાતર મોકલનારછે; જે આ નોંધ બાહેર પડતાં સુધી, અથવા તો તેની આગમજ આવી પોંહચવાની વકી રખાએછે.

શેઠ રૂસતમજી અરદેશર ખરશેદજી વાડીઆ પગતી દર પગતી ચહડતાં છેક સબ આશીસટેંટ માસતર બીલડરને ઓહદે આવેઆ પછે, પોતાના હોનરમા સારી ચંચલાઈ બતલાવતા રહેઆ, તે ઉપર નામદાર સરકારે ખુશી થઈ ૧૮૬૭ મા તેનાને એક પડવીએ વધારીને આશીસટેંટ માસતર બીલડર ચેડવી બેસાડેઆછે; માટે આપણા આ વડા વાડીઆની ખાલી પડતી જગેઆ પુરવાનો (વખત આવેઆથી) વાજબી હક તેવણનો લાગુ પડેલો જણાએછે.

ગોદી ખાતાંના કામનુ વડાપણુ સાચવી રેહલા આ બે બીલડરો ઉપરાંત મરહુમ જાંગીરભાઈના વચલા વીરા મી૰ રૂસતમજી જે "દરાફટસમેન" નો ઓહદો બજાવતા દેખાએછે, તે મલીને માતર તરણ ગરહસથો કાંઈ પુરતા હોએ હેવું કોઈબી સાહેબ કભુ વીચારશે નહીં. વાડીઆ ખાનદાંનના નામીચા નબીરાઓને હાથ જે ઉતમ હોનર આવેલો આપણ સંતોરાથી જોઇએછે, તેનુ ગણાન આગલ વધારવા તથા શુધારવા માટે એ કુટંબીઓ માહેલા બીજા જવાંનોએ હવડાંથીજ સાંમેલ રેહવું સજાવારછે; કેમકે જેઓના વડીએલો સવા સદીની આગમજથી જેવી આબરૂ મેલવતા આવેઆચ, તેવીજ ઈજત હવડાં ચહડતી કલાના હીંગાંમપર તેઓએ પણ હાંશેલ કરી લેવી જોઈએ. જે જે જવાનીઆઓ વેપાર તથા બીજા ધંધા રોજગારમા કમાણી મેલવવાની આશેઆથી રોકાઈ રેહવા ચાહતા હોએ, તે સાહેબોને હમારી એટલીજ એલતેમાસછે કે, તેઓ માહેલા થોડાક સખશોએ વાંહાંણો બાંધવાનો હોનર પોતે શીખવો, અથવા તેઓના બેટાઓને તેમા લાગુ પાડીને જરૂર શીખાડવો. આ યુકતી હવડાંથી ચાલુ રેહશે તો માસતર બીલડરની ખાલી પડતી જગેઆ એજ કુટંબીઓમા ઘણી લાંમબી મુદત સુધી જલવાઈ રેહશે એટલુંજ નહીં પણ તેમાં વીશેસ આબરૂ અને અગણીત કીરતીબી મલેઆ કરશે.

આ નામીચાં ખાનદાંનના ગરહસથો માહેલા વાંહાંણો બાંધનારા હોનરમંદોની હકાએતનો પેહલો ભાગ ભરપુર કીધા પછે, વેપાર વણજમા વખણાઈને કીરતીવાન થએલા નબીરાઓની વારતા વાંચનારા સાહેબોની સનમુખ ધરીએછે.

શેઠ નોશેરવાનજી માણેકજી.

આ નામીચાં ખાનદાનમા વેપારને વાવનારા પેહેલવેહલા નબીરાનુ નામ જે ઉપર જણાવેલુંચ, તે શીવાએ બીજો કોઇજ માલુમ પડેઓ નથી; પણ જેબી પરએઆત થયાચ, તે તાર પછે તેમના પગલાં પર ચાલનારા કેહવામા આવેછે.

ય૦ ૧૧૩૫ મા જનમ પાંમેઆં પછે વીશેક વરસની વએપર આવેઆ, તેટલાં કેહચ કે આ શેઠીઆએ વેપાર ઉપર અતીશીઅ ઉલટ દોડાવી; અને પોતીકા બાપ તથા કાકાના વગનો આધાર પકડીને વેપારી મંડલીમા સારી આંતથી લેણ દેણનો વેહવાર ચાલુ રાખેઓ. એ વખત પર ફરેંચ વાવતાના વાંહાંણોનુ કાંમબી તેનાને જે મલેઉં તે બરીબાહોશીથી બજાવી દીધાના બદલામા તાંહાંની સરકારી તથા વેપારી ખાતાંની બધી આડત તેનાને તાંહાંજ આવતી રહી; અને તે દાહાડાથી તેમનો શીતારો પણ રોસન થવા માંડેઓ.

વેપાર ખાતાંમા પોતાની નીતીને ઉસતવાર સાચવી રાખેઆનો લાભ તેવન હેવોતો મેલવવા લાગા કે, પાંચેક વરસ પસાર થયાં તેટલાં "બોમબે" નામનુ ૫૬૧ ટનવાલું એક વાંહાંણ બંધાવીને પોતાના ઉપીયોગ માટે ચીન તથા કલકતા તરફ ફરતું કીધું; અને તે પછે જેમ અગત જણાઈ તેમ એકેકની પુંઠે વધારીને "હોરમજીઆર, કારણ વાલીસ તથા બોમબે મારચેંટ" મલી બીજાં તરણ બારકશોના ખુદ માલેક થયા હતા.

પારશીઓના પરમાણીકપણા સાથે પરથમના વખત પર ધંધા રોજગારની રૂડી વલાણ એવીતો જોડાઈ રહી હતી કે, તેના પરતાપથી આ શેઠ નોસરવાનજી વાડીઆબી આપણી ટાપુ ખાતે એક દરવીઅવાન વેપારીમા અતીઅંત વખણાયા હતા; અને સારી કમાઈના પઈસાને સખાવતના કાંમોમા તેનાએ મુબલક ખરચેલા કેહવાએછે; પણ તે બધાંની શોધમા ફરતાં જારે એકાત બે બાબદની ઈઆદી જે હાથ આવી, તારે તેનેજ માતરે ઉતમ વખાંણી હીંઆં નોધી લઈએછે.

સડતાલાના દુકાલનું દુહાર નામ આપણી તરફના પુરાંણા સખશો હજી ભુલેઆ નથી, તેહવા વખતમા ગરગાંમડેના નાંહના મોટા મલી રોંકડો પારશીઓ ભુખમરાને લીધે પોતાના ઘેરબારો છોડી હીંઆંનો આસરો પામવા માટે જારે આવી પડેઆ, તારે તેઓની પરવરેશી તરણ સખી દાતારોથી થાએઆ વીશેની જે બીના મરહુમ દાદીશેઠના હએવાલની અંદર આ નોંધ પાંને ૩૧૦ મા જણાવેલીછે, તે મુજબ ખરચાએલી રકમની તરીજી પાંટીએ રૂ ૫૬૦૦ આ સકરમી શેઠીઆએ આપેઆ ઉપરાંત, કેહચ કે, સુરત તથા ભરૂચ ખાતેબી અનાજની હજારો ગુણો વાંહાંણો ભરી મોકલાવીને પોતીકા આડતીઆને એવી તાકીદ ફરમાવી હતી કે, સરવે ગણાતના ગરીબોને તેઓના ખપ પુરતો અણાજ થેડવી મોકલાવેલા મુદલ ભાવે પેહલાં આપવો; પણ કોઈબી ધંધાદારીને જથા-

બંધ ગુનો હરગેજ વેચવી નહી. આવું ધરમીપણાનું કાંમ દુકાલ જેવે સખત સમે આ દયાલુ શેઠે જે બજાવેઉં, તેથી તાંહાંની ગરીબ પરજાને કશી રીતે મુશીબત ખમવી પડીજ નોહતી.

દુકાલના દુખ ભરેઆ દાહાડા તો વહી ગયા, પણ તેની કેહવત દુનીઆંની યાદમા હેવી રહીચ કે, તેવી મુશીબતનું દુખ હઇડે ધરી પોતીકા ભાઈબંદુઓની સગવડ માટે, લાખો રૂપીઆને વેપારના ઉપીયોગમાથી થોડુંક સુધી રોકીને, જે શેઠીઆએ હજારોના નફાની કશી દરકાર કીધીજ નહીં, તેહવા દાતારનો દીલગુરદો કેહવો દયાલું હશે; અને તેહવા શેઠીઆને પલે પડલા શેંકડો આસાંમીઓએ કેટલું સુખ ભોગવેઉં હશે, તે બાએ ઉપર જણાવેલી થોડીજ ખીનાની મુનસફી વાંચનારા સાહેબોની સહમજમા શેહલથી ઉતરી સખશે.

પણ જમાનો એવો નીરદયાલું દેખાએચ કે, સખી તથા સુહુમનો કાંઇજ તફાવત રાખેઆ વના તેના જહપાતામા જે આવેચ, તેને પલકી વારમા પટકી પાડવાનું તે હરગેજ ભુલતોજ નથી. આ શેઠ નસરવાંનજીએ વેપારી મંડલીમા પા સદીબી પુરી નહીં કીધી, તેટલાં તેમના ભાએગને જાલમ જમાનાએ એવું તો ભારવેઉં કે, વેપારનું ચકર એકાએક ઉલતાઇ પડેઉં; અને મેલવેલી પુંજી પરાગંદી પાંમતાં કરજના કબજાનમા બહુ ફશેઆને લીધે ય૦ ૧૧૭૯ ને સાલથી પોતાનો વહીવટ બંધ કરીને બેકાર થઇ બેઠા. આવી દુખ ભરેલી વાત જાણવાથી તેહવી મંડલીમા ભારે દલગીરી ઉપજી, પણ વેપારનો ખાડો એવોતો ઉંદો જણાયો કે, તે પુરાએ તેહવી મદદ કોઇથી મલી સખીજ નહીં.

ખીરગસટે દાહાડાનું દુખ લગભગ ચાર વરસવેર સહન કરતાં શેઠ નસરવાનજી વાડીઆ, ૪૮ વરસની વએ પોંહચીને રોજ ૨ જો માહ ૯ મો શેહનસાહી સાલે ૧૧૮૩ ય૦ એ, આ જંજાલી જાંહાંનમાથી અસબાબ ઉઠાવી બેહસતનશીન થયા; અને તે ટાંકણે તેમના બે જવાન બેટાઓ નામે શેઠ જાંગીરજી વરસ ૨૬, અને નવરોજજી વરસર ૨૪ ની ઉમરે પોંહચેલા હતા. આ ઉપરાંત હોરમજજી નામના વડા દીકરા બચગીમા મરણ પાંમેઆ હતા, તેથી તેવણની કાંઈજ યાદી હસતીમા રહેલી નથી.

શેઠ નસરવાનજીની નોબત જારે વેપારના ખીલતા બાહાર ઉપર બીરાજતી હતી, તે વખતે ફરાંનસની સરકાર તથા વેપારી મંડલી તરફથી તેવણ ઉપર આવતું આડતનું બોહોલું કામ, પરમાણીકપણાથી બજાવેઆને લીધે, તાંહાંની દરબારમા તેવણને સારી હોરમત મલતી હતી; એટલુંજ નહીં પણ અરસપરસની દોસતીનો ગાંઠ ગંથાયાથી, પોતાનો દસતખી દબદબા સહીત લાગુ રાખેઓ હતો. આ ઉપરથી એક સખશે મેલવેલા લાભ વીશે સાંભલવામા આવેલી એક વાત હેવી યાદગારી આપેછે કે, ફરાંનસ તથા અંગરેજના રાજય વચે છેલીવાર ઉઠેલી લડાઈ ટાંકણે આપણી ટાપુના એક પારશી વેપારી શેઠ રૂસતમજી મનચેરજી બંગાલી (લકબે મેટકી) અંગરેજી વાવતાના જે વાંહાંણમા સવાર થઈ ચીન અથવા બંગાલાની સફરે ફરતાં, તે માલથી ભરેલાં બારકસ સહીત ફરેંચ મનવારના સપાટામા સપડાઈ ગયા. કબજ થયલાં બારકસને તે

માહેલા માલ તથા ઉતારૂઓ સહીત ફરાંનસ તાબેના કોઇ સંસથાન ખાતે લઈ જઈને લડાઇના બંધવા તરીકે સઘલાઓને રાખેઆ, તેમા મજકુર રૂસતમજીબી સાંમેલ હતા. આ ગરહસથ દેખાવે ઘણા શુકીઆના, તથા ડાહાપણવાલા માલુમ પડેઆથી કેહચ કે, એક દહાડે તાંહાંની દરબારમા તેણાને બોલાવેઆ. જાંહાં જતાંવાર આ નેકનામ વાડીઆજીની એક મોઠી તસવીર ટાંગેલી જોઇને નવ ધાર આંશુ ટીપાવીને બેશુમાર રડવા લાગા; અને કલાપીતથી કહેણ કે, જેના સંબંધમા આ માહરા કાકા જાહોજલાલી ભરેલી દોસતી બાંધી બેઠા તેનાજ કબજાંનમાં હું તેનો ભતરીજો હાવી પરેશાંન હાલતમા કેડ પડેઓ, તે વાત ખરેખરી દુખ ધરવા જોગ નીપજીછે. આ બોલવું દરબારીઓએ સાચું માનીને રાજ સભાને લખી વાલેઆથી, તેમના જપત કીધેલા માલ તથા અસબાબ સાથે તેણાને તતકાલ તાંહાંથી આજાદ કીધા; અને કોઇ બીજાં વાવતાવાલાં બારકસમા સરકારના ખરચથી તેણાને ચહડાવીને તેમની ખુશી પડતે મુલુકે મોકલી આપેઆ હતા.

ઉપલી વાત કાંઈ કલપણાથી ઉભી થાએલી નથી, પણ ખરેખરી બનેલી ખુદ ધણીએ ઘણા ગરહસથો આગલ તે વખતપર કીધેલી આપણી તરફના પુરાતંમ સાહેબોના સાંભલવામા જે આવી હતી, તેને આ નામવર નરની પારકાં રાજમા પરકાશેલી ખુબીની સાખશી તરીકે હીંઆં નોધી રાખતાં તેવણની જીંદગીનો ટુક અહેવાલ હીંઆં ખતમ કરીએછે.

શેઠ જાંગીરજી, તથા નવરોજજી નસરવાનજી.

આ નેકનામ ભાઈઓ માહેલા વડા ય૦ ૧૧૫૬ ના તરીજા મહીનાને બીજે રોજે, અને નાંહલા ૧૧૫૯ માં (જેનો રોજમાહ જણાયો નથી) જનમ પામેલા કેહવાએછે.

બાપની હઇઆતી ખતમ થવા ટાંકણે આ સાહેબોની ઉમર એટલી તો પુખત હતી કે, વેપાર વણજનુ કામ અટોપી લેવામા કોઇ વાતની મુશકેલી જણાઈજ નહીં; કારણ કે તેઓના પીતાના પડી ભાગવાથી, ફરાંનસ તરફની આડટનુ કામ સાંભલેઆ પરમાણે આ બેહુ ભાઇઓના હસતકમા આવતુંજ રહેણ; અને તેનો ઉઠલો માલેકોના લાભમા ઉતારી આપેઆ કીધો, તેથી પોતીકા બોહોલા વહીવટને અતી મોટો વધારી દીધો.

બેહુ ભાઈઓની મજમુમા ખાનગી વેપાર રચાવેઆ ઉપરાંત દેશાવરો તરફથી આવતી આડત, અને હીંઆની અંગરેજી પેહડીઓ તરફથી સોંફાએલું દલાલીનુ કામ* લગભગ એક દાએકાની ઉપર સંપજથી ચાલેઆ કરતું હતું

* મી૦ ઉલીએમ નીકલની કુંપની જારે પેહલવેહલી ઇ૦ સને ૧૮૨૪મા આવી, તારથી તેઓને તાંહાંની દલાલીનુ કાંમ આ સાહેબોને મલેલું હતું; અને તાંહાંનો સંબંધ જાંગીર શેઠ ગુજરેઆ તાંહાં તુલીક જોડાઇ રહેઓ હતો. બીજી મી૦ મેકવી

તેટલાં શેઠ નવરોજજી ૩૮ વરસની ભરજવાણીપર આવીને, બેચાર દીવસની બીમારી ભોગવેઆપછે, રોજ ૧૨ મો માહ ૯ મો શેહનશાહી શાલે ૧૧૯૭ ય○ એ, માણેકજી નામના એકજ પુરા દીકરાને ભાઇના સવાધીનમા સોંફી, હકની દરગાહ તરફ ચાલી ગયા. અને તેથી કરી હઈઆત રહેલા જાંગીર શેઠની બલવંત બાજુ તુટી તો ખરી, પણ તેમની આંખને થંડક પમાડનારા ભતરીજા જે તેમના દામાંદબા થતા હતા, તેની ઉપર હીંમતનો કોટ બાંધી સંતોશ પકડી બેસવાનુ તેનાએ મુનાશેબ જાંણેઉં હતું.

મરહુમ શેઠ નવરોજજી જેમ વેપારવણજમા ચાલાકી દેખાડતા હતા, તેમજ બીજી બીશીઆર બાબદોમા પુર હીંમત વાપડીને લોકોનુ મુશકેલ કામબી આશાનીથી બજાવી આપતાં કોઈ વખતે કશી કશુર તેનાએ કીધી નોહતી; અને તેવી વાતોની ઇઆદગારી તેવણથી મદદ મેલવી ચુકેલા ઘણા સખસોના જીગરમાથી કેટલીક મુદતસુધી ભુલાઈબી નોહતી.

જાંગીર શેઠના સંબંધમા જોડાએલા તેમના ભતરીજા શેઠ માણેકજી, થોડુંકસુધી કાકાની સંગાથે વેપારવણજમા સારી સંપજથી લાગુ રહેઆ, અને તે પછે કોક શબબની ગેર સમજુતીએ બેહુ વચેની મોહબતમા એકાએક ખલલ પડેલી જણાઈ હતી; પણ ઉકેલી ભાંજગડ સમાધાનીપર આવેઆથી એખલાસ પાછો સરૂ થયો, તે બાબેની વાતો સાંભલી સુલેહના ચાહનારાઓએ અતીઅંત ખુશી ઉપજાવી હતી. શેઠ માણેકજી જારે ૨૮ વરસની ઉંમરે પોહચેઆ, તારે અજલના હલકારાએ આવીને એટલીતો તાકીદ કીધી કે તેમને વધારે વરસપેર જીવવા દીધાજ નહીં; જેથી કરી કુદરતના કાએદાને આધીન રહી રોજ ૨૭ મો માંહ ૨ જો શેહનશાહી શાલે ૧૨○૭ ય○ એ જીંદગીને ખતમ કરી જાવેદાંની આલમ તરફ ચાલી ગયા. હાવી રીતની જુદાઈથી પોતાના પેઆરાં પરીવાર ઉપરાંત, બોહલાં કુટંબ તથા દોસત આસનાઓને દલગીરીના દરીઆવની ગંમખારીમાં થોડુંકસુધી ગીરેફતાર રેહવું પડેઉં હતું. મરહુમ શેઠ માણેકજીના માનવંતાં મોહરદાર મોતલીબાઇ, જે જાંગીર શેઠની જીંદગીમા અવતરેલી માતરે એકજ પુરી દીકરી દેખાએછે, તેણીને પેટથી પેદા થયલા મી○ નવરોજજી તથા નશરવાંનજી નામના બે દીકરાઓ, બાપના મરણ ટાંકણે ઘણીજ નાહની વએના હતા. આ બેહુ બાલકો બારેહકતાલાની બખશેસથી હવડાં પુરતી ઉંમરે પોંહચીને પોતીકા વડવાઓના નામની હસતીને જે પાછી પરકાસતી રાખતા માલુમ પડેછે, તેટલીજ તેઓની ઇઆદી ઉપરાંત વધારે વાતોનુ વરણન લખવા લાએકનુ હજી જાહેરમા જણાયું નથી; પણ તેઓના માનવંતા મમાવાએ દીપાવેલી કીરતી જે વખણાઈ રહીચ, તેને હવે હીંઆંથી શરૂ કરવા પર રજુ થવા માંગીએછે.

ભાઈ તથા ભતરીજાના જવાંની વએમા કવખતે એકેકની પુડે થયલાં મરણથી, આ જાંગીર શેઠને ઉપજેલાં દુખનુ નીવારણ કરનારા ઉપલા તેમના

કરબરણની કુંપણીની પેહડીનુ કાંમ ઇ○ સને ૧૮૩○ થી ૧૮૩૬ સુધી, અને તરીજી મી○ લાંનકેઆસતરની પેહડી ૧૮૩૯ થી ૧૮૪૧ સુધી તેવણપાશે રહી હતી. નો○ લે○

બે દોતરાઓ જોકે ભાર કરતા પાશે હતા, તોપણ તેણાની બાજુને હીંમત આપનારાઓની જુદાઇગીરીનો ગમ તે સાહેબ શેવટની ઘડી સુધી ભુલેલા જણાયાજ નહીં.

જેમ સરકારી મંડલીમાં, તેમજ સાહુકારોની સભા અને રાજદુઆરી દરબારની અંદર આ જાંગીર શેઠની જાહોજલાલી એટલી તો પરકાશી રહેલી હતી કે, તેઓ માહેલાં કોઈબી ઠેકાંણાપર અગતના કારણશર તેવણની સારી સલાહ ઘણીજ ઉપીયોગી થઈ પડતી હતી; અને તેથી કરી આપણી વસતીમા સઘલી વરણના સખશો તરફથી મોટું માન પાંમતા હતા.

ફરેંચ વાવટાના સરકારી તથા વેપારી વાંહાંણોની આડતનુ કાંમ આ સાહેબ ઘણીજ ચાલાકીથી જે બજાવતા હતા, તેની યાદગારીમાં તાંહાંની રાજદુઆરી સભા તરફથી તેમને ઘણી વખતે ઇનામ સાથે આબરૂ પતરો આવેઆ કરતાં હતાં; જે માહેલું એક ઉતમ માન માજી શાહનશાહ લુઈ ફીલીપે ઇશવી સને ૧૮૪૦ માં જે મોકલાવેઊં હતું, તેને હીંઆં નોંધી લેવા જોગ વીચારીએછે કે ઘટતા શબદો કોતરાવેલો શોભાવંતો શોનાનો એક ચાંન આ શેઠીઆને ભેટ કીધો; અને તે ફરેંચ કોનશલ મોનશીઓર બારોતે એક દબદબા ભરેલી સભા મેલવીને તેઓની હજુરમા મોટી હોરમત સાથે તેવણના ગલાંમા ઓરવેઓ હતો.

આ શેઠીઆને હાથે તેમના દરજા પરમાણે ઘણી સખાવતો થએલી સંભલાઈછે, પણ બનતાં સુધી કોઈની જાણમાં જાહેર લાવેઆ નોહતા. એવણની હઈઆતીમા દીવ ખાતેના હંમદીન ભાઇઓને એબાદત કરવા તથા ધરમ નીમના બીજાં રૂડાં કાંમો માટે આતશ આદરાનનું એક પવીતર મકાણ પોતાને ખાસ ખજાંણેથી બંધાવીને રોજ ૨૬ મો માહ ૫ મો શેહનશાહી શાલે ૧૧૯૯ ય૦ એ મજહબના ફરમાન મુજબની કીરીઆ સાથે ઈજાવેઆ પછે તેઓના ઉપીયોગ સારૂ જે સપુરદ કરી દીધુંચ, તેથી તેમની યાદગારી ચંદરોકાળ સુધી લેવાતી રેહશે. આ કારણશર સઘલા મલી રૂ ૧૪,૦૦૦ ખરચાયાછે, અને તે ઉપરાંત તેના જાથુક નીભાવસ માટે અલાહેધી કાહેડેલી રૂ ૨૦,૦૦૦ ની સરકારી વીઆજુકી નોટો તેમની વકીલાતણે શેઠાંણી માંણેકબાઈ તથા મોતલીબાઇના સવાધીનમાં જે સચવાએલીછે, તેમાંથી દર શાલે જોઇતો ખરચ પોંહચતો રેહછે. એબાદતખાનાની પુઠે તેજ ગાંમના મરણ પાંમતા જરથોસતીઓને માટે ય૦ ૧૨૦૨ મા એક દોખમું બંધાવી આપેઊં, તે ઉપર રૂ ૯૦૦૦ થયા. માટે એકજ ગાંમના હંમદીનોની સગવડ સાચવતાં આ શેઠે સખી દીલથી રૂ ૪૩,૦૦૦ ની સખાવત કીવેલી કેહવાઇછે.

મુંબઈમાં અનજુમનના હુગરાતથી એક દોખમું બાંધવાની અગત જારે ય૦ ૧૨૦૭ મા જણાઈ, તારે તેની ફરતી ટીપની અંદર આ સખી નરે પોતાને નામે રૂ ૧૦,૦૦૦, અને તેમના મરહુમ ભતરીજા શેઠ માણેકજીની નઇએતે રોકડા રૂ ૫૦૦૦ ઉપરાંત દોખમાની દેવાલ પાશેનો ડુંગર મરહુમ શેઠ ફરદુનજી લીમજી પાંડના પાશેથી વેચાંણ કરી લીધેલા પંચાએતને ધરમ ખાતે આપેઓ, તે મલી રૂ ૨૦,૦૦૦ ની બખશેસ કીધી હતી; તો જોકે દોખમું તો તે પછે

શેઠ કાવશા બીસનીએ બંધાવેલી, અને જે કારણ સારૂં બધા મલીને અનજુમન તરફથી ભેગા થએલા રૂ ૯૦,૦૦૦ ને આસરે પંચાએતની પુંજીના રાખનહારો પાશે સચવાઈ રહેલા કેહવામા આવેચ, તેમા આ રકમબી ભેલાઈ રહેલીછે.

જાંગીર શેઠે જોઈએ એવી સખાવત કરીને આ જાંહાંનમા મોટી નાંમવરી જે પરકાસતી મેલી, તેમા એક બાબદ એટલીતો ઊંમદા વખણાઈ રહેલી કેહવાએછે કે, તેવનની સાથે લેણદેણ કરનારા બધી વરનના બેસુમાર વેપારી તથા ધંધાદારીઓ માહેલા જે લોકો તંગદસતીમા ફસેલા દેખાયા, તેઓ ઉપર પોતાના મુબલક નાણા લેણા નીકલતાં હોએ, તે છતાંબી તેઓને બનતી કોશેસથી બંચાવી લેવામા બરી બાહાદુરી વાપડતા હતા; પણ હરગેજ થાઈ કોઇની પાશેથી પોતાનું લેણુ વસુલ કરવા કાજે તેઓ ઉપર કશી તરેહની સખતી હઈઆતી સુધી તેનાએ ગુજારી નોહતી; અને તેમ કરતાં ઘણા સખશોએ લાખો રૂપીઆ તેવનના ડુબાડેઆચ, તે પણ મોટાં મનથી રાજીપણુ વાપડી જવા દીધેલા જાણવામા આવેઆછે. આ ઉપરાંત બીજું એમબી સાંભલેઊંચ કે, તેવનના મરહુમ બાવા નસરવાંનજી વાડીઆની નાદારી વખતે જે લોકોનુ લેણુ તેવન ઉપર અકસમાત રહેલું હતું, તેઓ માહેલા કેટલાક સખશો પાછલથી બીરગસતે હાલમા આવેલા દેખાયા, તેઓને પણ આ સખી શેઠીઆએ અનવસતરથી સંભાલી લઈને સંતોસ પમાડેઆ હતા.

મરણ પાંમેલા પારશીઓને સચકીને થોડાક વાર ઘેરની અંદર જે લાદી ઉપર અલાહેદાં રાખેચ, તે લાદીઓ, રવાંણને અવલ મંજલ પોંચાડવા સારૂં ઘેરમાથી રવાંણે કરેઆ પછે, જો રપીથવન (ઇઆને હુનાલાની) રૂતુ હોએ તો ૧૦, અને બેહાવન (ઇઆને શીઆલા)નો હઈઆંમ હોએ તો ૩૦ દાહાડા તુલીક તે ઠેકાણેથી ઊંચકી નાખવામા આવતી નોહતી; અને તેથી કરી કાંઇજ નહી પણ મરનારની માહેતમ પોશી સરૂં તેના એશીઓની તથા બાએસતાવાલી બાંનુઓ, તેટલા દાહાડા સુધી દરરોજ તાંહાં જઈને કમકમાટ ભરેઆં રદણો કરવા બેસતીઓ હતી; અને તે કારણસર સહવારનાં પેહલા પોહરથી ગએલી બાઈઓ છેક પાછલે પોહરે તાંહાંથી પાછી ફરતી હતી. હાવી કંટાલા ભરેલી આલમા થોડક દરજજે કોતાઈ થવાની કાલજી રાખીને, આપણા આ ગંભીર જાંગીર શેઠે તે વખતપર વખનાએલા શેહનશાહીના વડા દસતુર એદલજી દારાબજી સંજાંના પાશેથી, સાંભલેઆ પરમાણે મજહબની સરીએત મુજબનો ફતવો મેલવી લીધો હતો; અને તેટલાંમા પોતાના એશી તરફની બાઈ ભીખાઈજી તે મરહુમ શેઠ ધનજી મેતાના દીનસાની દીકરી, અને આપણી ગોદીના માનવંતા વડા વાડીઆ શેઠ જમશેદજી ધનજીભાઇની માતા રોજ ૧૯ મો માહ ૧ લો શેહનસાહી શાલે ૧૨૧૦ ય૦ એ ગુજરેઆં, તારે તેનીના રવાંણને જે લાદીપર* સંજોગી રાખેલી હતી, તે લાદીઓ સચકારની સાથે પોતે આગલ ઉભા

* એ કારણ માટે થોડીક લાદીઓ આ શેઠે આગમજથી ઘડાવીને અગતવેલા કાંમે લગાડવા માટે તઈઆર રખાવી હતી, અને તેવીજ લાદીઓ હવડાં વપડાતી માલુમ પડેછે. નો૦ લે૦

રહીને બાહેર કાહડી નખાવી હતી. આ બાબદસર જરથોસતી કોમમા થોડીક ચરચા ચાલી હતી, પણ જેમ જેમ લોકોના ધેઆનમા તે બાબેની સહમજ ઉતરવા માડી, તેમ તેઓએ એકેકની પુઠે લાદીઓને રવાણનીજ સાથે ઘેરમાથી બાહેર કહડાવી નાખવાની ચાલ અખતેઆર કરી લીધેલી કેહવાએચ, તોપણ હજી ઘણે ઠેકાણે અસલી રેવાજ તેઓની સહમજ સાથે વલગી રહેલો માલુમ પડેછે; તે છતાં આટલીતો અસર થાઇચ કે મહીનાનું પાંથરનુ ચાર દાહાડાપર આવી અટકેલુંછે; અને થોડેક ઘેર દસ દાહાડા બેશેચ તો તાંહાંથી ઘણા વેહલાં ઉઠી જાએચ; માટે આ બાબદમા થોડાક સુધારો જે થયોચ, તેની સરૂઆત કરનારા આ જાંગીર શેઠ શીવાએ બીજું કોઇજ માલુમ પડતું નથી.

ઉપર જણાવેઆમા આવેછેચ તે મુજબ, આ જાંગીર શેઠને તાંહાં એક બેટી શીવાએ, નરવારેસની કોઇબી અઓલાદ હસતીમા નહીં હોવાને લીધે, તે બાઇને પેટે પેદા થએલા બે બેટાઓ મધેથી નાધલા નસરવાનજીને પોતાના પાલક તરીકે ખોલે લઇને કાએમનો હકદાર વારેસ ઠેડવેઆ પછે, થોડા દીવસ સુધી સખત માંદગી ભોગવીને રોજ ૨૩ મો માહ ૮ મો શેહનસાહી શાલે ૧૨૧૨ ૫૦ ની પાછલી રાતરે કલાક બેને અમલે ગુજરી ગયા, તારે તેનાની ઉંમર ૫૬ વરસની ઉપર પાંચ મહીના ને ૨૨ દાહડાની માલુમ પડી હતી.

જાંગીર શેઠ જેમ પઇશે પુર હતા, તેમ ગરીબ ગુરબાંઓ ઉપર મયા મેહરબાણી રાખવામા બીન કશુર કેહવાતા હતા; અને ગંભીરી સવભાવની સાથે નમનતાઈ ભરેઆ ખવાસને સલુકાઇમા સમાવેઆથી, મુંબઇની વસતીમા એક મોહભાદાર શેઠીઆ તરીકે સરવેનો સારો ચાહ મેલવી ગયાછે.

શેઠાંણી મોટલીબાઈ.

આ સદગુણી બાનુની ઓલખ ઉપર આપી ચુકાચ તે પરમાણે મરહુમ જાંગીર શેઠની એક પુરી પુતરી, અને શેઠ માણેકજી નવરોજજી વાડીઆનાં બીધવા થાએછે.

બાપના મરણ ટાંકણે તેનાએ કરી લીધેલો પાલક, તથા ભરથારનો હકદાર વારસ મલી બેહુ નાહની ઉંમરના બાલકો હોવાથી તેઓના વહીવટનુ સતા ભરેલું વકીલાતન પણું ચલાવવામા આ નેક બખત બાઈ એટલાંતો ચાલાક માલુમ પડેઆંચ કે લાખો રૂપીઆના લેનદેન સંબંધી બેહોલી ઉથલ પાથલ એક મરદ નહી કરી સખે તે કરતાં સરસ રીતે સરાફી કામ બજાવીને બેહુ મરહુમ સાહેબોની અસલી થાપણને અતીશીઅ વધારી મેલેઆથી તેઓને તાંહાંનો દરવીઅ હવડાં કરોડની કીરતીએ પુગેલો સંભલાએછે.

આ બાહોસ બાઈના બેહુ બેટાઓ (શેઠ નવરોજજી માણેકજી, તથા નસરવાનજી જાંગીરજી વાડીઆ) પુરતી વએ પોંહચીને વેપાર વણજ ચલાવવા લાએકના થયા, તારથી તેઓને જુદા જુદા વહીવટનુ કાંમ તેનીએ શોંકી

આપેલીછે; તોપણ તે દરએક ઉપર વડાપણાંનો હક પોતીકો રાખીને બેહુ ભાઈ-ઓને સારા સંપજમા સાચવી બેઠાંચ, તે ખુબી ખરેખરી વખાણ લાએકની વીચારવામા આવેછે.

સખાવતના સુભ કાંમો જેના કીસમતમા જેટલાં સરજાએલાં હોએ, તે-ટલાંજ તેનાથી બની સકેછે; પછે આલમને જોઈએ તેવી સહમજ દોડાવીને તે સંબંધી ઈઆતો જાહેરાંત અથવા બાતેનમા ગમે તેટલા સબકો સંભલાવે તેની અસર કદાચજ થાએછે; પણ આ સકરમી શેઠાંણી જે ધરમમા જનમ પાંમીઆંચ, તેની તાશુબી હદઉ ધરીને માહપુણના કાંમો જે સખી તબેથી તેનીએ પાર ઉતારી દીધાંચ, તેટલીજ તેનીની ઈઆદગારી હેઠલ જણા-વેઆ મુજબ વખણાઈ રહેલીછે.

પારશીના ધરમગુરૂઓનુ વડું પંથક કસબે નૌસારીમા સેંકડો વરસથી સચવાઈ રહેલુંછે, તાંહાંની અગીઆરી વાલી પુરાંણી એમારત ઘણીજ બીસ-માર હાલતમા આવેલી તથા સંકડારા ભરેલી જણાયા ઉપરથી, આ બાઈએ અસલ મકાંણને પડએની બીજી જગેઆ મેલવી લઈ મોકલાસ ભરેલી માહભારત એમારત બંધાવી આપી; અને તેમા આતસ આદરાનના પવીતર કેબલાને, રોજ ૨૬ મો માહ ૮ મો શેહનસાહી શાલે ૧૨૨૦ ય૦ એ પાછા તખતનસીન કરાવેઆ, તે ઉપર તેનીને બાસ ખજાંણેથી કેટલા હજાર રૂપીઆ ખરચાયા તેની સંખીઆ સાંભલવામા આવી નથી.

આપણી ટાપુ ખાતે કોટમા પરશોતંમ ચીમાજી, અથવા પીઠાંના મોહલા અંદર, મરહુમ હીરા લાહેરના ઘેરથી તે છેક પારખની ચાલ સુધીની બધી મીલકતો ખરીદ કરીને તે ઉપર એક મજબુત એમારત જે બંધાવીચ, તાહાં રોજ ૨૦ મો માહ ૯ મો શેહનશાહી શાલે ૧૨૩૨ ય૦ એ પોતાના મરહુમ પીતા શેઠ જાંગીરજીની નઈઅતે આતસ આદરાંણને તખતે બેસડાવી તાંહાંના તમામ જરથોસતીઓની સગવડ સાચવી આપતાં સવાબનો મોટો હંબેરો હાંશેલ કરી લીધોછે; અને તે કાંમ સંપુરણ થતાં સુધી સગલા મલીને રૂ ૬૪,૩૦૦ જે થયા, તે ઉપરાંત તેના જાથુક નીભાવસ માટે રૂ ૪૦,૦૦૦ ની સરકારી વીઆ-જુકી નોટો અલાહેદી કાહડીચ તેની ઉપજમાથી દરસાલે જરૂરીઆત જોગનો બધો ખરચ મલેઓ જાએછે. આ નેક કાંમમાબી મજકુર બાઇની સાથે તેનીના મેહરબાંન માતાજી માણેકબાઈએ પુનનો હીશો હાંશેલ કીધેલો સંભલાએછે.

એ ઉપરાંતબી શેઠાંણી મોટલીબાઇની મયાવંતી મેહરબાંણીથી સુરતના કેટલાંક પરગણા તથા દમન ખાતેના આતસઆદરાન અને દાદગાહનો ખરચ જે ચાલુ રહેઓચ, તેનોતો ચોકસ હીસાબ મલેઓજ નથી. અને તેનીની હઈઆતી સુધી હજી બીજાં ઘણાક પુનવંતાં કાંમો જે થવાના હોએ, તેની અગમચેતી આપેઆ કરતાં આશેઆવંતાઓને તે બાઇના આસરાની વકીપર રાખવાનુ બેહતર સહમજીએ છઈએ.

શેઠ પેસતનજી બહેમનજી.

પારશી કોમની ઈઆદીમા હજીશુધી પંકાઈ રહેલા આ હીંમતવાન નર, અને શાવતંતર શેઠીઆનો જનમ ય૦ ૧૧૨૭ ના શેહનશાહી બહેમન મહીનાને રામરોજે મુબારક થએલો માલુમ પડેછે. આ શુરા શેઠની કીરતી વીશે ઘણી વાતો બોલાએછે, અને તેની સાબેતી માટે શોધ કરતાં જેટલી હકીકત ખાતરી ભરેલી જણાઈઅ તેટલીનીજ નોધ લેવાનો વીચાર કરીને હીંઆંથી તેમનુ વરણન વીરાતારી કહીએછે.

વીશેક વરસની ઊંમર પસાર કીધી તાંહાંશુધો તેનાની જીંદગીના અહેવાલે કેહવું પરીણામ ઉતારેઊં, તે બાબેની ખરી ખબર અજવાલેથી દુર રહેલી દેખાઈછે; પણ ય૦ ૧૧૪૯ મા મી૦ બરૂસ ફાસતની કુંપણીએ, (જે હવડાં મી૦ રીમીંગટનની કુંપણીને નામથી ચાલેછે) અતરે પેહલવેહલી પેહડી હુંધાડી, તે દાહડેથી તેઓને તાંહાંની દલાલીનુ કામ આ શેઠ લઈ બેઠા; અને તેહવો સંજોગ સંધાયાથી થોડી મુદતમા ખુદ વેપારી તથા વાહાંણવટીને દરજ્જે પોંહતા.

પોતાના વેપારને વાસતે આ શેઠીઆએ બધાં મલીને પાંચ વાંહાંણો આપણી ગોદીમા જુદે જુદે વખતે બંધાવેઆં હતાં, તે મધેઃ—

- ય૦ ૧૧૫૦ મા "બહમનીઆર" ટન ૭૫૦ નુ એ બારકસ ૧૧૬૦ ને શાલ ભાગામા આવેઊંછે.
- ય૦ ૧૧૫૪ મા "મીલફરડ" ટન ૬૨૫ વાલું. આ બારકશ ૧૧૭૯ સુધી સફરે ફરતું હતું.
- ય૦ ૧૧૫૯ મા "આંના" ટન ૭૪૯ વાલું, તથા "હીરો" મલી બે બારકશો ૧૧૭૧ સુધી એવણની માલેકીપણામા રહેલાં હતાં.
- "ટાઝબક્ષ" ટન ૮૧૫ વાલું કેઆરે બંધાયું તેની તો ખબર નથી, પણ સફર કરતાં લડાઈ વખતે ૧૧૬૪ મા ફરેંચ મનવારના સપાટામા સપડાઈ ગયું હતું.

રૂઉની ગાંસડીઓ દાબવાના સ્કુરૂઓ હવડાં સેંકડો ભાગીદારોની મદદથી બંધાઈને ચાલુ થતાં આપણ જોઈ શાખીએછે, તેહવા સ્કુરૂઓનુ એક માહભારત મકાંણ આ શેઠે પોતાને ખુદ ખરચે ય૦ ૧૧૫૪ અથવા ૧૧૫૫ ની શાલ, કોટ માહેલા સેંટ ટાંમસ દેવલની સાંમણે આવેલી અરમેનીએન લેન નામની ગલી અંદર બંધાવેઊં હતું; જાંહાંથી તે વખતની ઢપ પરમાણે "બફલુબેલ" નામની મોટા ઉડાવવાલી હજારો ગાંસડીઓ દબાવીને દેશાવરો ખાતે એવણ મોકલાવતા હતા. એ કારખાંનુ શેઠ દાદાભાઈ તથા મનચેરજી પેસતનજીની જાહોજલાલી ભરેલી કારકીરદી સુધી તેઓ પાશે રહેલું હતું, અને તે બાદ પારકે હાથ ચહડીને તેજ મકાણપર હવડાં "ફ્રોરટ પરેસ કુંપણી" ને નામે વરાળ યંતરથી ચાલતા નવી તરેહના સ્કુરૂઓ ગોઠવાએલાછે.

જાંહાંશુધી ઉપલાં બંધેલાં બારકશો આ શેઠના શવાધીનમા રહેઆં, તાંહાંતુલીક તેનાને ઘણાજ લાભકારી થયાં હતાં; પણ તે પછે ઇઆતો વેપારમાંથી

ફુશાગતપાંમી તેનાએ વેચી નાખીઆં, અથવા તો તોફાંને તેઓનો અંત આંણીઓ હોએ, તે ચોકરા કહી શકાતું નહી.

આ શેઠના હઇઆત વારેશો માહેલા એક ગરહસથ પાશે જે દશતાવેજ શચવાઈ રહેલાછે, તે જોવા ઉપરથી તેનાની જાહોજલાલી હેવી જણાઇ આવીચ કે ઇ૦ શને ૧૭૮૯ મા એક વાંહાંણ બાંધવા થકી તે વખતના ગવરનર, મેજર જનરલ મેડૌસ પાશેથી ગોદીની રજા મંગાવી, તારે તેનો જવાબ પરથમ એવો મલેઓ હતો કે, બીજા લોકોના બારકશો માટે બધી ગોદીઓ રોકાઇચિ તેથી તમોને જગેઆ મલી સકશે નહીં. આ બાબેની ખબર કાહડતાં હેવું માલુમ પડઊં કે, તેણાનો કાગલ પોંહતો તે વખતે એક ગોદી ફાલતુ હતી, પણ લાગવગથી કોઈ બીજા શેઠીઆને વાસતે સાચવી રાખવાના હેતુથી એવણને જારે નાપાડઊં, તારે એક બીજો પતર આ હીંમતવાન નરે ગવરનરની ઉપર લખીને કોઇની ખાતરદારી સારૂં તેમના કામને પછાત નાખવા સંબંધી ઠપકો આપેઓ; અને તેની અસર હેવી થઈ કે, તેજ કાગલની હેઠલ ગવરનરે પોતાના ખતવટે ફાલતુ રહેલી ગોદીની પરવાંનગી તતકાલ લખી મોકલાવી હતી. સાંભલેઆ પરમાણે આતો માતરે એક શાધારણ બાબદ હતી, પણ તે ઉપરાંત પરજા ઉપીયોગી ઘણાક માહભારત કારણો વાસતેબી સરકારની સાંમણે કાએદાની હધમા રઇને, બલતવારીથી સરકશી કરતા અને તેમા આ શેઠ વારંમવાર ફતેહમંદ ઉતરતા હતા.

ઘરડા ગરહસથોથી હેવી વાતબી સાંભલવામા આવેલીછે કે, હરેક બાબદના સરકારી ધારા જારે પરજાની વીરૂધ નીકલતા જણાએ, તારે તેની સાંમણે આ સાહેબ સવતંતરપણાથી થઇને તેહવા કાએદા કહડાવી નખાવતા, અથવા તો તેમા કાંઇક સુધારો કરાવેઆવના રેહતા નોહતા; અને તેથી કરી તેણાને ગવરનર ડંકન સાથે સદા અનબનાવ ચાલતો હતો. હાવે સમે આપણા પુરાતંમ પટેલ ખાંનદાનના નબીરાઓના હાથમાથી, સરકારે સોંફેલી થોડીક હકુમતને અબતરા મેલવવાની મતલબ સાંધી, કોઈ સાહેબોએ મજકુર ગવરનરને ઇ૦ સને ૧૮૦૪ મા અરજી કીધી હતી, તે વાતની ખબર આ શેઠને જેવી મલી તેવાજ તેઓને સાથે લઇને ગવરનર પાશે પોતે ગયા. બેહુ સાહેબોની મુલાકાત થતાંજ અરસપરસના અનબનાવની વાતો થોડોકવાર તેઓ તદન ભુલી ગયા, અને જે કારણસર રજુ થયા તેના ખોલાસામા શેઠ મજકુરે સહમજાવી કહીને સાથે લઈ ગએલા શેઠીઆઓનુ કાંમ પાર ઉતારી આપેઊં, તે બાબેની બીના આ નોંધ પાંને ૨૯૨ મા જણાવેલીછે, તાંહાંથી વાંચનારા સાહેબોને તેની સાહદત મલી આવશે.

શેઠ પેસતનજી વાડીઆના સાહસીક કાંમોની સાથે તેવણથી થાએલી સખાવતો સંબંધી જે સમાચાર હાથ આવેઆચ, તેનો સમાસ હેઠલ કીધેલો જોકે ઘણો થોડો જણાએચ, તોપણ અગતના કારણ માટે તેટલો ધરમ માહપુણવંતો ગણાયોછે.

ઉદવાડાની પાશે પારડી નામના ગાંમ મધે રાહદારી મુસાફરોના વીસામા

સારૂં એક ધરમશાળા પોતાની પેહલી મોહરદારની નઈઅતે ય૦ ૧૧૫૭ મા રૂ ૨૦૦૦ ખરચીને બંધાવી હતી. એ મકાણ આગલા દાહાડાઓ ઉપર મુંબઈ તથા ગુજરાતની વચ્ચે આવતા જતા મુસાફરોને ઘણુંજ ઉપીયોગી હતું, પણ હવડાં આગ ગાડીઓ ફરતી થયાને લીધે તેનો જાહજો લાભ લેવાતો નથી.

મરણ પાંમેલા પારશીઓના રવાંણોને અવલમંજલ પોંહચાડવાના ચોપાટીવાળાં પાહડી મકાણ ઉપર ચહડવાનો અશલ રસતો હેવાતો દીકટ હતો કે, સચકારને ઊંચકનારા શીવાએ સાથે જનારાઓથી ઉપર વેર જવાઈ શકાતું નોહતું; અને તેથી કરી તે લોકો લાચારે હેઠવાઈની વાડીમાહેલી ધરમની જગાપર જઈ પોતાની ફરજ અદા કરતા હતા. હાતું કાંમ મજહબના ફરમાંનથી ઉલટું થતું જોઇ, આ શાકરમી શેઠ તેનો કોઈ ઉપાએ શોધતા હતા, તેહવામાં તેમના મેહરબાંન માતાજી અમાબાઇ રોજ ૭ મો માહ ૨ જો શેહનસાહી શાલે ૧૧૫૯ મા મરણ પાંમેઆં તારે તેણીની નઇઅતે ડુંગરવાડીની હેઠવાઇથી તે ઠેઠ ઉપર સુધી પથરની પગતીઓ પોતાના ખુદ પઇસાથી મજબુત બંધાવીને તે વખતની પંચાએતને સવાધીન કરી દીધી, તારથી સચકારની સાથે હમસરીક થતા જરથોસતીઓ છેક દોખમા સુધી જઇને રવાંણોને છેલ્લો રોજદો કરેઆ, ઉપરાંત લીધેલી બાજ દરોબસત મુકવા પાંમેઆછે. એ શીહડીઓના બાંધકાંમ ઉપર આ સખી શેઠે રૂ ૧,૩૦૦ ખરચેઆ હતા; પણ તારપછે જેમ સમો બદલાતો ગયો, તેમ પંચાએતના ખરચથી ઘણીવાર મરાંમત થયાને લીધે અસલી હાલતમાં ફેરફાર પાંમીને આજ દન સુધી તે સલાંમત રહેલી માલુમ પડેછે.

સડતાલાના કાલની વખતે ગરગાંમડાં તરફથી શેંકડો ગરીબ જરથોસતીઓ ભુખમરાને લીધે બચાં છોકરાંઓ સહીત ય૦ ૧૧૬૦ મા અતરે ધસડાઈ આવેઆ હતા, તેઓનો પરતીપાલ કરવા સારૂં આ શેઠે પોતાની સાથે મરહુમ દાદી શેઠ તથા નસરવાનજી વાડીઆને ભેગા લઈ માણેકજી શેઠની વાડીમા સગલાઓને ઉતારો અપાવી દસ મહીના સુધી રાખેઆ હતા. એ મુસાફરોને તેટલા વખત સુધી દાહડામા બેવાર પુરતાં ભોજનથી તરપત કરવાનો વહીવટ પોતાની આગેવાની હેઠલ સાચવી રાખેઓ, અને સારી તરદુદ વાપરી જે ખરચ કીધો, તેનો જુમલો કુલ રૂ ૧૬,૮૨૧।૫॥ દોકરાનો જણાયો હતો.* ખરચાએલી રકમને તરણ ભાગે વેંહચતાં રૂ ૫૬૦૭)૧૩॥ દોકરા પોતે આપેઆ, અને બાકીના ઉપર જણાવેલા બેહુ સરીમંત શેઠીઆઓએ સરખે ભાગે ચુકાવી દીધા હતા. આ વાતનો વખત તો જોકે વહી ગયો, પણ એક સારાં કાંમની કીરતી ભરેલી કેહવત જે રહીચ, તે આ સુધાં તરણે સકલ ગુણી સખી દાતારોના પરીવારોને બહુ સંતોસ પમાડવા લાએક સહમજાએછે.

---

* એ બાબેના હીસાબનો આંકડો આ શેઠના એક વારેસની પાશે સચવાઈ રહેઓચ, તાહાંથી હમારા જોવામા આવેઓછે; અને ખરચમા જે કરકસર કીધેલી જણાએચ, તેનો ખોલાશો એજ હીસાબ હેવો દેખાડેછે કે તેટલી મુદતમા પારશીઓને તાંહાં ઘણીવાર થએલાં જમણોના ભોનાં આવતાં રહેઆં, તેથી તેટલા દાહડામા ખરચ કરવો પડેઓ નોહતો. નો૦ લે૦

સુરત તથા ભરૂચની વચે આવેલાં મોજે અકલેસર મધે રેહનારા જરથોસતીઓના રવાંણોને આરાંમ ધાહ માટે, એક દોખમુ આ સખી નરે બંધાવીને રોજ ૧૯ મો માહ૰૬ ઠો શેહનશાહી શાલે ૧૧૭૯ માં ઈજાવેઆ પછે, તાંહાંની અનજુમનને સવાધીન કરી દીધું તે ઉપર ખરચેલા રૂ ૬૦,૦૦૦ જાંણવામા આવેઆછે.

સડતાલા કરતાં સરસકાલ ઓગણોતેરમા* (તેની આગલે સાલ વરસાદ બીલકુલ નહી વરશેઆને લીધે) ઉતર તરફ ગજબનાક પડેઓ હતો, તેની મુશીબત પાંમતા તાંહાંના હજારો હીંદુઓ તથા મુસલમીનો જારે આપણી તરફ ઉતરી આવેઆ, તારે માહજનના શેઠીઆઓ શા૰ દેવીદાસ હરજીવનદાસ, તથા નાગરદાસ હીરજી મોદીની સાથે આ સાહેબ સખી દીલથી સાંમેલ રહીને, તે ભુખેમરતાઓના આસરા માટે ઘેર ઘેર ફરી મોટાં હુગરાંનાથી સુમારે સવાલાખ રૂપીઆ જે ભેગા કીધા, તેની અંદર પોતે પણ રૂ ૧૦,૦૦૦ ની સખાવત સમાવી દઈને સવાબનો હંમેશે હાંશેલ કરી લીધો હતો.

આ શેઠની સદગુણી બેટી સુનાબાઇ રોજ ૩૦ મો માહ ૬ ઠો શેહનશાહી શાલે ૧૧૮૧ ય૰ એ ગુજરી ગયાં, તારે તેનીની નઇઅતે જાથુક પુન કરવાનો હેતુ ઈછીને અંગરેજ બજારની અંદર ફારબસ સ્ત્રીટ માહેલું વીશેક હજારને આસરેની કીમતનું એક ઘર, પોતાની અશકેઆંમતમાથી અલાહેદું પાડીને, તેના દસતાવેજો સહીત તે વખતની પંચાએતના અકાબર શેઠ ફરાંમજી નાનાભાઈ દાવરના સવાધીનમા શોંપવા માટે એક લખત તઇઆર કીધુ હતું; પણ સાંભલેઆ પરમાણે તે દસતાવેજ તેનાને આપેઆ વના તેનો વહીવટ હઈઆતી સુધી પોતેજ રાખીને, તે ઘેર ભાડાના વરશે દાહાડે બધો ખરચ બાદ જતાં નકી ઉપજતા રૂ ૧૧૦૦ હેઠલ જણાવેલાં ધરમ ખાતાંઓમા પોંહચતા કરતા હતા. તેમાઃ—

જરથોસતીઓમા જે લાચાર લોકો હોએ, તેઓના બચાંઓને પરણાવી આપવાના કારણસર ૪૨૫
એવીજ હાલતના હમદીન મરદ તથા ઓરતોની પરવરેશી માટે.... ૪૨૫
બેશી વગરના નાતીલાઓ મરણ પાંમે તેના મોહતપર ખરચવા સારૂ.. ૨૫૦

આ શેઠીઆની હઈઆતી બાદ ઉપલાં ધરમ ખાતાંનો વહીવટ તેનાએ કરી લીધેલા પાલકો માહેલા શેઠ દાદાભાઈ તથા મનચેરજીના સવાધીનમા આવેઓ, તારથી કેહચ કે ઘણી મુદત સુધી દરોબસત ચાલેઆ કીધો હતો; પણ પાછલના પતલા વખતને લીધે તેની ઉપજનો જો ગેર ઉપીયોગ થતો હોએ તો, તે બાબે હમારી શોચના ધેઆનમા લઇને તે ધરમ ખાતાનું ઘેર બેહુ શેઠીઆઓએ પોતાની હઈઆતીમા તરસટ દીડ કરી પંચાએતની પુંજી સાચવનારા અકાબર સાહેબોના સવાધીનમા શોંફી દેવું જોઇએ, કે જેથી કરી તેઓની મેહરબાન માતાજીના નેક નામની ઉતમ સખાવત ચંદરોકાલ સુધી હસતીમા રેહ.

* એ દુકાલ સંવત ૧૮૬૯ ની સાલમા ગુજરાત તરફ પડેલો સહમજવો. નો૰ લે૰

આ શોખીલા શેઠીઆએ પરેલ ખાતે ય૦ ૧૧૬૦ મા બનાવેલો "લાલ-બાગ" નામનો એક રલીઆમનો ચમન, તેના પુર બાહાર પર એટલો તો વખાનાયો હતો કે, બાહેરના દેશાવરો તરફથી આવનારા મુસાફરો ખાબ્બસુસ તાંહાંની ભેટ લઈને* આરાસતે કીધેલા બંગલા, તથા બગીચાની ગમતથી મોઠી ખુશી ઉપજાવતા હતા; પણ કેહવાને દલગીરી ઉપજેછે કે, જમાનાના જાલમી દોરની સાંહમણે તેનો દબદબોબી કાએમ રહેઓ નહીં તો નહીં, પણ તેની માલિકીબી હકદાર વારેશો પાશેથી સદનતર નીકલી ગઈછે.

શેઠ પેસતનજીની પેહલી પરણી બાએડી (બનાજી ખાનદાનના મરહુમ શેઠ નાનાભાઈ બેરાંમજી દાવરની દીકરી માણેકબાઇ)ને પેટે સુનાબાઈ નામની દીકરી સીવાએ કોઈબી નરવારસ નહીં થયા ઉપરથી તે બાઈ હઇઆત છતાં આ શેઠ બીજી ઓરત પરણી લાવેઆ, તારે તેનીને પેટેબી કોઈજ ફરજંદની વરધી થાઈજ નોહતી; પણ તે સાહેબ કોઇ હીંદવાંની અબલાને છુપી રીતે પોતાની મોહબતમાં મેલવી લીધાથી તેનીએ એક દીકરો અને એક દીકરી મલી બે ફરજંદો જે જણી આપેઆં,† તેઓને એવાંતો ગુપતમા રાખેઆં હતાં કે, તે ભાઇ બેહેનો મોટાં થઈને મજહબમા આવેઆં, તથા મકતબમા જઈને વીદીઆ હાંશેલ કરવા લાગાં, તે છતાં પણ પોતાના મરણ સુધી બે વીસવાસુ માણશો સીવાએ કોઈનેબી ખબર પડવા દીધીજ નહીં. આ વાત અંધારાંમા રહેઆને લીધે, તે સાહેબ જારે રોજ ૨૦ મો માહ ૧૧ મો શેહનશાહી શાલે ૧૧૮૫ ય૦ એ બરોબર ૫૮ વરસની ઉંમર પુરી કરીને ગુજરી ગયા, તારે તેનાની દીકરી સુનાબાઇને પેટથી અવતરેલા શેઠ દાદાભાઈ તથા મનચેરજી ઉપરાંત, જરબાઈ, બચુંબાઈ અને ધનબાઈજી નામની તરણ દીકરીઓ મલીને પાંચો ફરજંદોને તેઓના સાવકાં મમાઇએ પાલક દાખલ લઈ હકદાર વારસ ગણેઆં હતાં; અને તે પછે કેહચ કે કોઇ લાંમબી મુદતે પેલી મોહબતવાલી હીંદવાનીને પેટથી પેદા થએલાં બાલકો જાહેરમા જણાઈ આવેઆં હતાં.

આ સુખવાશી શેઠીઆ જોકે કોઈ ભએંકાર મરજની સકત બીમારીમા કેટલુંકસુધી ઘણા હેરાંણ રહેઆ અને તે દરદની પીડા પોતાથી નહી ખમાઈ સકી, તોપણ સેવટની છેલ્લી ઘડીસુધી તેમાથી તેવન આરાંમ પાંમસે, હેવી ઉમેદ બતલાવીને પોતીકા એસીઓ તથા મીતરોને સદા સધીઆરો આપતા હતા;

---

* એ વખત પર મુંબઈમા માતરે પરેલ ખાતેના તરણ મકાંણો જે તારીફ લાએક જણાતાં હતાં, તેમા સરકારી મેહલ, સીતોરીબાગ, અને આ ગુલજાર બગીચો હતો; જે જોવા જનારા દેશીઓને આ સખી શેઠીઆથી તે છેક શેઠ દાદાભાઈની જાહોજલાલીના વખત સુધી છુટ મલતી હતી, એટલુંજ નહી પણ ૧૮૦૩ ની આગથી ઘેરબાર વીના વેરાણ થઈ પડેલા પારસીઓને કેટલીક મુદત સુધી તાંહાંના ચોકમા વીસાંમો આપી તેઓની બરદાસત વટીક લેવાએલી માલુમ પડીછે.

† દીકરાનું માણેકજી અને દીકરીનું આવાંબાઈ નામ રાખેલું હતું અને તે બેહેનુ પાલણબી આ મરહુમ શેઠના પઇસાથીજ તેઓ દરએકની હઈઆતી તુલીક ચાલેઆ કીધું; જે પછે થોડુંક થયું બેહેન (મુંબઈમા) અને ભાઈ (પુના તરફ) ગુજરી ગયાં તેનો દાહડોવાર જાંણવામા આવેઓ નથી. નો૦ લે૦

પણ મરણની થોડાજ કલાક આગમજથી તેનાને માલુમ પડઊંકે, અજલની દોરી તુટવાનો વખત હવે નજદીક આવેઓછે. આટલી એસારત ચેતીઆથી પેલી જાહાંન તરફ જવાસારૂં પોતાને પેદા કરનાર પરમેસવરના દાહપણ, તથા તેની કુદરતી કરાંમત ઉપર પુરતો આધાર રાખીને તેમની પાસે આવી બેઠેલા એસાવંદોની હજુરમા હીંમતથી પોતે સંતોસ પકડતા જણાયા હતા.

જીંદગીની આખરી વખતે પણ પોતાનુ ચીત ઠેકાંણે રાખીને, ઘણા પેઆર તથા જે વીસે તેવણ આગમજથી વખણાએલા હતા, તેવી સલીસ ભાસાથી પાસે બેઠેલાઓને કહી સંભલાવેઊં કે, "ભાઇઓ માહરો વખત આવી પોંતેલો મને "માલુમ પડેછે, માટે જગત કીરતારની મરજી મુજબ તે ખાવંદની હજુરમા "જવા સારૂં તેના હોકમને તાબે થાઊંચ. આ દુનીઆંમા અદા કરવાનુ છેલું "કરજ મરણછે, અને તે ફરજ કુલે ઇનસાંણોને જે લાગેલીછે તે મોડે ઇઆ "વહલે સરવેને બજાવવી પડેછે. ઓદા જારે જે દીવસ થેડવે તારે, અને તે "વખતે વગર ધીલ આપણને જવુંજ જોઇએ. હુંએ જોયું કે આ માંદગીમાંથી "આરામ મલવાની ઉમેદ જારે ફોકટછે, તારે કોઇબી મનુસથી કદાચજ બની "સએ હેવી રીતે જીવવાની આશેઆ હું બીલકુલ રાખતો નથી; અને તેજ "પરમાણે તમો સરવે જણાઓએબી વખત આવતાં તાબેહ થવા સારૂં માહરી "નકલ કરવી (યાને મરણ ટાંકણે તેમના જેવી હીંમત રાખવી); માહરી જીંદ"ગીમા હુંએ જે કાંઇ કીધુંચ, તે ઉપર તમારી નજર દોડાવજો, અને તે જીં"દગી હુંએ સારી રીતે ગુજારી હતી હેવી તમારી ખાતરી જો થાએ તો, માહરા "ગયા પછે તેટલી યાદદાસતને તમો સંતોસથી સંભારજો; કેમકે તે ખાવંદની "મેહરબાંનીભરેલી મદદથી માહરાં કાંમોમાં સદા મહને ફતેહ મલતી હતી; "અને હીંદુસતાનથી તે છેક ઈંગલાંડ સુધી મહને હેવાતો બલવંત મીતરો મ"લેઆ હતા કે, તેઓની મમતાથી શેવટે સાઇજ પરીનામ હુંએ ઉતારેલુંછે. જેવી "ચાલ હુંએ ચલાવીચ તેવીજ તમોબી જારી રાખજો, અને આ દુનીઆમા "હવે માહરે કાંઇબી ઇછવાનુ બાકી રહેઊં નથી; શીવાએ કે ઓદાતાલાએ જેવી "મેહરબાની માહરા ઉપર કીધીચ, તેવીજ બખશેસ માહરા ગયા આગમજ તે "કીરતાર પાશે માગુચ કે માહરા કબીલા ઉપર તે સાહેબ સદા રાખે."

જરથોસતી મજહબ ઉપર ચુસત રેહેનારાની મરતી વખતે હાવી ગંભીરાઈ ભરેલી નેકી, અને ઓદા ઉપરનો પકો ભરોસો હતો. એવણના મરણથી એબીલા કબીલા અને દોસતોમાજ નહી, પણ દરેક કીસમના દોશીઓને તેમની ખુટ ખચીત માલુમ પડી હતી. પોતાની જાતી હુશીઆરીથી મેલવેલો દરવીય તથા વગ વાપડતાં તેવણ હેવાતો બલવંત થઇ પડેઆ હતા કે, કોઈબી રીતની લાલુચ રાખેઆવના હીંમતનો ઉપીયોગ સખીપણાથી કરતા હતા. પોતાની ભરજવાંણીના વખતથી વેપારના કાંમની અંદર જે પરોટાઈ રહેલા હતા, તે વીશેનુ વરણન તો ઉપર સમાવી ચુકા છઇએ, પણ તે ઉપરાંત સાંભલેઆ પરમાણે યુરોપીઅન ગરહસથોને જે જે એશીઆટીકો મલેઆ, તેમા આ મરહુમ શેઠ અંગરેજી ભારા, દાહપણ ભરેલા વીચારો, સંસારી તથા સરકારી

કાએદા કાંનુનોથી સારી રીતે વાકેફકારીમા ઘણા સરસ જણાયા હતા; અને તેહવા સદગુણો સમાવી રાએઆને લીધે પોતાના હંમદીનો માહેલા ઘણા માતબર લોકો વચેના ટંટાઓનો ફૈસલો બી તેવણ હેવીતો સંતલેસથી ઘેરમેલે કરી દેતા કે, તેમ જો નહીં બનેઉં હોતતો કેહચ કે તેવા વખતપર તેઓ પાએમાલ થઈ ગએઆ હોત.

શીકલ ઉપરથી શેઠ પેસતનજીનો દેખાવ જેમ ઘણો ભલો, તેમજ દબદબાથી ભરપુર સંભલાયોછે, અને તે સાથે જાતી ગનાન તથા પુખત વીચારથીજ તેવણ પરકાશી ગયાછે. સકમાઇથી મેલવેલી દોલતનો મોટો ભાગ જારથી તેનાએ એમારત બાંધવામા રોકવા માંડઓ, તારથી તે છેલીવાર બીમાર થયા તાંહાં તુલીક બેસુમાર બંગલાઓ અને બાગો બનાવીને આ મુંબઇ ટાપુની કેટલીક ઉજડ જગાઓને ગુલજાર કરી દેખાડી; અને તેથી કરી દેશીઓની દોલત યુરોપીઅનોના સુખ માટે રોકવાની તબેહ જાણે આ ગરહસથીજ પડી હોએ તેવું તે વખતપર કેહવાતું હતું. જે જે યુરોપીઅનો આ સખી શેઠના બંગલાઓમા રહી ગયાચ, તેઓની મરજી મુજબ મીલકતમા સુધારો તથા સગવડ કરી આપવામા જે ઘણાજ ઉલટમંદ દેખાતા હતા, તે પેસતનજી વાડીઆ ઉપર જણાવેલાં વરસ તથા મહીનાને રોજે આપણી વસતીમાથી અસબાબ ઉઠાવી મીનોઇ આલમમા જઈ મલેઆછે.

શેઠ દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી.

મમાવાના પાલક થએલા આ બેહુ ભાઈઓ માહેલા વડા રોજ ૧૨ મો માહ ૮ મો શેહનસાહી શાલે ૧૧૭૧ મા, અને નાઘલા રોજ ૨૬ મો માહ ૪ થો શેહનશાહી શાલે ૧૧૮૧ ૫૦ એ જનમ પાંમેલા માલુમ પડઆછે.

ધરંમ બાપની બોહલી અસકેઆંમતો હવાલામા આવેઆ પછે, તેને ઉપીયોગમા લાવતાં ભવીસના માહબલની મદદથી આ સાહેબોએ દરવીઅનો ભંડોલ એટલો તો વધારી મેલઓ હતો કે, તેની જડ જાણે પાતાલ સાથે લાગીને ઉપજતાં ફલો તરાંબાંની તરેજુરીમા સચવાતાં હોએ, એવો આવાજ આલમને મોહડેથી વગર સંધે સંભલાયા કરતો હતો; એટલુંજ નહીં પણ પઇસાના પરતાપથી વેપાર ખાતાંના મોટમોટાં મથકોમા મી૦ દાદાભાઈ તથા મનચેરજી પેસતનજીનાં નામો પરખેઆત થઈ રહેઆં હતાં.

મુંબઇના એકથી તે બીજા છેડા સુધીના વીસતાર માહેલી કોઇબી જગેઆ, આ સાહેબોની મીલકત વના ખાલી હોએ એવી જણાઇજ નોહતી; અને તેથી કરી અડધું શેહર તેઓની એમારતો સારૂં રોકાઇ રહેલું કેહવાતું હતું.

પોતીકા સારા વખતમા આ સાહેબોએ ખજાંણાની થેલી માહેથી કેટલીક રકમો કાહડીને ધરમનીમના સારાં કામ સારૂં જે સદકે કીધેલાછે, તે વીશેની

બધી બાતમી તો હમોને મલી નથી; પણ જેટલી હકીકત જાહેરમા જણાઈ ચુકીચ, તેનોજ સમાસ હીંઆં નોધી લેવા ચાહીએછે.

ય० ૧૧૯૯ મા ઉદવારા ખાતેના શરવેથી પુરાંના, અને સંજાંનવાલા પેહલ-વેહલા આતસબેહરાંમના કેબલા વાલું અસલી મકાન ખીસમાર હાલતમા આવેલ હતું, તેને નવેસરથી બંધાવીને અસલ કરતાં મોટું કરાવેલ તે ઉપર રૂ ૨૫,૦૦૦ ખરચેઆ હતા.

ય० ૧૨૦૦ મા વાડીબંદર તરફ રેહનારા જરથોસતીઓને તાંહાંના ધરમનીમના કાંમો માટે એક અગીઆરી* બંધાવી આપી તે ઉપર ખરચેલા રૂ ૨૦૦૦

ય० ૧૨૦૩ મા પરેલ ખાતેના લાલબાગની અંદર એક અલાહેધી જગોએ એમારત બંધાવીને તેમા આતસ આદરાન† તખતે બેસાડઆ હતા, તેના કાંમ સારૂ બધા મલી ખરચેલાનો સુમાર રૂ ૬,૦૦૦ નો સાંભલવામા આવેઓછે.

ય० ૧૨૦૫ મા વસાઈ ખાતે ગાંમની બાહેર હવાવાલી જગેઆ ઉપર મુંબઈ તથા ગુજરાત વચે ફરનારા મુસાફરોને માટે બંધાવેલી ધરમશાલાને માથે ખરચેલા રૂ ૪,૦૦૦—આગગાડીઓ ફરતી થાઈચ તારથી એ મકાંન મુસાફરોના કાંમમા તો આવતું નથી, પણ જે જે સાહેબો તાંહાંની શેલઘાહ સારૂ શીધારેચ, તેઓને અતી ઉપીયોગી માલુમ પડેછે; અને તેટલા માટે તેને હમેસાં સારી હાલતમા રાખવા તથા તેની નીઘેદાસતી સારૂ બેસાડલાં માણુસનો ખરચ હજી સુધી તેનાને તાંહાંથી પુરો પડતો કેહવાએછે.

ય० ૧૨૧૩ મા સુરતના સઈએદ પરાંની અંદર તાંહાંના જરથોસતીઓના ઉપીયોગ માટે એક અગીઆરી બંધાવીને અનજુમનને હવાલે શોંફીચ તેની લાગટના રૂ ૪૦૦૦ થએલાં સંભલાએઆછે.

ય० ૧૨૧૫ મા ભેસાન નામના ગાંમડાંના જરથોસતીઓને વાસતે એક અગીઆરી પોતાના બંધેવી મરહુમ વાડીઆ શોરાબજી ફરાંમજી રોજ ૧૧ મો માહ ૫ મો શેહનશાહી શાલે ૧૨૧૪ ય० એ મરણ પામેઆ, તેની નઈઅતે રૂપીઆ બે હજાર ખરચીને જે બનવાવી આપી, તે તેનાની વરશીપર ઈજાવી તાંહાંની અનજુમનના સવાધીનમા શોંફી દીધીછે.

---

* વાડીબંદરની બધી જગેઆ જાહેરના ઉપોયોગ માટે સરકારે ઈ० સને ૧૮૬૪ અથવા ૧૮૬૫ મા વેચાતી લઈને તાંહાંના અંમલાઓ ભાંજી નાખેઆ, તે વખતથી એ અગીઆરી સદનતર નીકલી ગઈછે. નો० લે०

† માઠાં ભાએગે આ આદરાંન સાહેબને ય० ૧૨૨૧ મા તાંહાંથી કાહાડી લઈને દશેક વરસ સુધી વાડીઆ હોરમજજીના આતસબેહરાંમ વાલાં મકાનની અંદર અલાહેધી જગોપર લાવી રાખવા પડઆ હતા; અને તે પછે પરેલ તરફ મરહુમ શેઠ મનચેરજી જમશેદજી વાડીઆએ બંધાવેલાં બીજાં મકાનમા ૧૨૩૨ ય० એ તખતનસીન કીધા, તાંહાં હવડાં સુધી સચવાઈ રહેલાછે. નો० લે०

આટલીજ બાબદોમા ખરચાએલા માતરે અડધાલાખ રૂપીઆની અંદર જાહેરમા જણાયાચ, તે હસાબે છુપેઓ ધરમ કેટલો થયો હોએ તેની મુનસફી વાંચનારા સાહેબોએ કરી લેવી જોઇએ.

ચહડતી દસાનો દસત જાંહાં સુધી લંબાતો રહેઓ, તાંહાં તુલીક આ શેઠીઆઓબી સરીમંતમા ગણાયા કીધા; અને મમાવાના મરણ પછેથી તે છેક ય૦ ૧૨૧૯ સુધી લગભગ ૩૪ વરસવેર સારી આંટથી સરાફી તથા શોદાગરીના વહીવટ ઉપરાંત કેટલીક અંગરેજી પેહડીઓ ખાતાંની દલાલીના કામો ચાલુ રાખેઆં; પણ નશીબ ઉપર નાશીપાસીની શેહ આવી નડઆથી જણાવવાને અતીઅંત દુખ ઉપજેચ કે, તેઓનો ચાલુ વેહવાર ઈ૦ ૧૮૫૦ ના ડીસેમબરની ૩૦ મી તારીખથી એકેદંમ અટકી પડઓ; એટલુંજ નહી પણ દેનદારીનું દબાંન સફાઇ કરવા માટે જે તરસટીઓ ઘેડવાયા, તેઓના હસતકમા સરવે અસકેઆંમત તથા અસબાબ જઈ પડઓ; અને તે દાહાડાથી તે આજદન સુધી આ બેહુ ભાઈઓ પોતાનો અસલી જાહોજલાલી ભરેઓ પરકાસનો દાહાડો પાછો જોવા પાંમેઆં નહી.

મરહુમ શેઠ પેસતનજી વાડીઆએ મેલવેલી દોલતને આ સાહેબોએ સવાધીનમા લીધા પછે અતીઅંત વધારી, અને તે માહેલો જેટલો ભાગ ધરંમના કાંમોમા ખરચેઓ, તેટલીજ ઈઆદગારી હાલના જમાના સાથે જોડાઈ રહેલી આ બેહુ ભાઇઓને તેઓની હઈઆતી સુધી જેમ સંતોસ પમાડનારી સહમજાએચ, તેમજ તે પછે તેઓના નેક નાંમોની કીરતીબી કેહવાતી રેહશે તેમા તો કશો સંધે નથી.

શેઠ હોરમજી બમનજી.

બમનજી બાવાના પાંચ પુતરો માહેલા સરવેથી આ નાંધલાની નેક નાંમીનું વરણન વરતાવેઆ આગમજ, તે નામવરનો જનમ ય૦ શાલે ૧૧૩૫ મા થએલો જણાયોચ, તે હીંઆ જાહેર કરીએછે.

વાડીઆ ખાંનદાનના નબીરાઓમા વેપારની વલન પકડનારા આ સકરમી શેઠીઆ જે તરીજા કેહવાએચ, તેની સરૂઆત ય૦ ૧૧૫૫ થી સાંભલવામા આવીછે; અને તે દાહાડાથી પોતાની બધી જીંદગી દુણીઆંના ઘણાક મુખીઅ ભાગો ઉપર રોજગાર રચવામા તેનાએ ગુજારી હતી. તરીસથી વધારે વરશો સુધી મી૦ ફારબસ કુંપનીની નામીચી પેહડીના વડા સર ચારલસ ફારબસ બારોનેટ સાથે* ભાઈચારો સાંધીને અરસ પરસના વેપારમા રોકાયાને લીધે, મુંબઈ ખાતાંનો વેપાર જે જે જગોએ ફેલાવેઓ, તે તરફ પેહલે વાંગેના એક નામીચા શેહરી શોદાગર તરીકે વખણાએલા હતા.

* જાંણવા મલે ય૦ ૧૧૬૩ મા શેઠ હીરજી રેડીમણી ગુજરી ગયા પછે આ સાહેબનો પગ કોઈ પણોતે ચોઘડીએ પૈઠો હતો. નો૦લે૦

પુરાંણી કેઆલિણદરોમા બારકશોની જે ટીપો નોધાઈચ, તેમાંથી હેઠલ જણાવેલાં સફરી મોટાં વાંહાંણો આ શેઠીઆની માલકીમાં બંધાએલાં માલુમ પડીઆં છે.

સરવેથી પેહલું "લવજી ફેમેલી".. ટન ૯૨૫ નુ ય૦ સને ૧૧૬૦ મા
બીજું—"અપટન કેઆસલ".. ટન ૬૨૭ નુ ય૦ સને ૧૧૬૨ મા
તરીજું—"એશીઆ" ...... ટન ૭૪૦ નુ ય૦ સને ૧૧૬૭ મા
ચોથું—"ડંકન" .... ટન ૪૦૦ નુ ય૦ સને ૧૧૭૨ મા
પાંચમું—"પરાઈમ" (બરીગ).. ટન ૧૫૩ નુ ય૦ સનેની ખબર નથી.
છઠું—"મીલફરડ" ટન ૬૫૫ વાલું મરહુમ વાડીઆ પેસતનજીના ગુજરેઆ પછે વેચાયું, તારે વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીની પાંટીમા પોતે ખંડી રાખેલ હતું.

એઓ માહેલાં કેટલાંક બારકશોના પોતે ખુદ માલેક હતા, અને કેટલાંકોમા તેમના ઇસટમીતર મી૦ ફારબસ કુંપનીની નામીચી પેહડીની પાંટી હતી; પણ સરવેની જીંદગીનો જેમ અંત આવેછે, તેમ આ માહેલું એકબી બારકસ આજે સલાંમત રહેલું નથી.

વેપારને વાસતે જેવાં વાંહાંણો કીધાં, તેવાજ રૂઉ દાબવા માટે ઘેરના સ્કુરૂઆની એક એમારત આ શેઠે કોટના મરીન સ્ત્રીટ નામના મોહલામા બંધાવી હતી; અને તાંહાંથી હજારો ગાંસડીઓ પોતાની, તથા બીજા વેપારીઓની ચંપાઇને દેશાવરો ખાતે જતી હતી.

આ શેઠીઆની સખીપણામા સમાએલી ઘણી વાતો માહેલી માતરે એકજ યાદી જે ઉતંમ જાણવામા આવીચ, તેને હાલના હીંગાંમપર જાહેર કરવી જોઇએચ કે ઉપલાં બારકશો માહેલાં એકે ય૦ ૧૧૭૨ ના શાલની મોશમમા જે ઘણો નફો મેલવેઓ, તેમાથી રૂ ૩૦,૦૦૦ પોતાની તરણ બેહણોને સરખે હીશે ભેટ કીધા હતા; જેમાં ગુલબાઈ તથા જાઇબાઇને સરકારી વીઆજુકી નોટો, અને મેહરબાઇને માટે દોરડાં વણવાની કરદોરી આગલ એક ઘેર લઈ આપીને ભાઈપણાનો સાચો હક બજાવેઓ હતો. હાવી ભેટ તો જોકે તેમની ઉદારતા મુજબ પોતાના કુટંબીઓ તથા અતલક દોસતો ઉપરાંત ગરીબ ગુરબાંઓમા ઘણીવાર થાઇ હશે, પણ જેટલી હકીકત હાથ આવી તેટલીજ હીંઆં ટાંકી દેખાડીએછે.

શેઠ હોરમજજી વાડીઆનો દેખાવ, તેમની સાદાઈથી અંજાંણેઆ લોકોની પીછાંણમાં કુછ બીસાદ ધરાવનારો નોહતો; પણ જેમ તે ભોલો તેમ ભલાં મનનો અને મોહભાવાલો હતો. બાહેરના હાવા દેખાવની સાથે આ સાહેબ અકલમાં એક માહપુરૂસ જેવા, અને બધી બાબદોની ખબર અંતર રાખેઆથી પોતાની બાજી સંભલાવામા ઘણાજ સાહુચેત કેહવાતા હતા.

સઘલી વરણના દેશીઓનો લાભ શોધવાની સોચનાથી તેઓની રીતભાત તથા દરેક વરગના કાએદા કાંણુનો સંબંધી જે તજવીજ રાખતા હતા, તેથી આ શાકરમી શેઠ તેઓને એટલા તો અગતના થઇ પડેઆ હતા કે, જેબી

કોઈ પોતાનો ઈનસાફ ખાનગી રીતે તેમને સોંફતા તો, તેમના ફડચાથી બેહુ બોરદુવાલાઓ રાજી થાઇને સંતોસ પાંમતા હતા. એ ઉપરાંત આ શેઠીઆ હેવીબી કાલજી રાખતા જણાયા હતા કે, કોઇબી કીસમના દેશીઓ તથા યુરોપીઅનોનુ બને તેટલું શુબ સોધવું; અને તેવી સારી બાશીએતને લીધે આ શેઠનુ નેકનામ સરીમંતોની સંફમા સરવેથી પેહલો દરજ્જે ધરાવતું હતું.

ઈ૦ સને ૧૮૦૩ મા આપણી ટાપુ બાતે લાગેલી ભએંકાર આગથી કોટનો પોણો ભાગ બલીને ભસંમ થયો હતો, તે વખતે કેહચ કે, સરકાર તરફથી હેવો હોકમ નીકલેઓ હતો કે, કોઈબી દેશીએ હવે કોટમા રેહવું નહીં; પણ તેની બાહેર મકાંણો સોધી લીએ તાંહાં તુલીક થોભવા ફરમાવેઊં હતું. આ ઉપરથી આપણા શકરમી શેઠે, ચંદનવાડી તરફ એક મોટી જગેઆ તતકાલ હાથ કરી લઇને, તેના થોડાક ભાગપર ચાર ગાલાની એમારત* પોતાના રેહવા માટે બાંધવા માંડી; અને બીજી તરફ વેલાત બાતે મુકદમો મોકલાવી હેવી દરખાસત ચાહી હતી કે, દેશીઓને કોટમાથી ખશેડવા નહીં જોઇએ. કેહચ કે હાવી અરજ કીધામા આ શેઠની સંગાથે બધા દેશીઓ સંપજ રાખી સાંમેલ રહેઆ; અને તેની અસર હેવી ઉપીયોગી થાઇ કે, હીંઆંની સરકારંનો હોકમ વડા સતાવાલાઓએ રદ કરીને દેશીઓ જે કોટમા વસતા આવેઆચ, તાંહાંજ તેઓને જાથુક રેહવા દેવાનુ ફરમાન મોકલાવેઆ મુજબ બધા દેશીઓ ભેગા આ શેઠબી કોટ માહેલાં પોતાના અસલી મકાણમાં કાએમ રહેઆ; અને ઉપલી ચાલીઓ તથા તેની પછવાડે ૧૭ ગાલાની બીજી ચાલીઓબી† બંધાવીને પોતીકા હંમદીન ભાઇઓને તેમા ભાડે રાખેઆ.

એ ઉપરાંત મારવાડી બજારને નાકે, અને મુંબાદેવીના દેહડાંની સાહમણે, "અલાઇ બાગ"ને નામે ઓલખાતું એક માહભારત મકાંનબી આ શેઠીઆએ (ખબર નથી કે કહેઆ શાળમા) બંધાવેલું હતું; અને તે સર અવસરે જરથોસતીઓને વાપરવા માટે અપાતું હતું; જેની લંમબાઈ, હાલમા શા૦ મોતી રૂગનાથની હવેલીને નામે ઓલખાતી એમારતથી તે તેની પાછલ ૧૧ મોટી એમારતો ઉપરાંત

---

* આ મીલકતો મરહુમ વાડીઆજીના નબીરાઓ માહેલા શેઠ હોરમજજી બમનજીના વારસામા આવેલી હતી, પણ જમાનાની ગીરદેશીથી તેમના કરજ માટે કોરટના આફીશીઅલ આસાંઇનીએ ઈ૦ સને ૧૮૭૩ ના સપટેમબરની ૧૦ મી તારીએ જાહેર લીલાંઉમા જારે વેચાવી, તારે આ મરહુમ શેઠના સકરમી તથા સદગુણી પુતર શેઠ અરદેસર હોરમજજીએ રૂ ૫૦,૦૦૦ બદલે આતસ બેહરાંમના હસાબની થાપણમાથી ખરીદી લઈને, પોતાના મુરબીનો મરતબો જેમ દીપતો રાખેઓછે; તેમ એની પાછલ આવેલી બીજા નબીરા શેઠ જમશેદજી બમનજી હસતકની ૧૭ ગાલાવાલી ચેહલીબી, એજ ઉપીયોગી ધરમ બાતાંમા હવડાંથી તે જવાન શેઠ પોતાને નામે, અથવા વેચાણ તરીકે તરસટપણામા શોંફી આપશે તો, નેઆગાણોના નેક નામની સાથે તેનાની કીરતીબી ગવાતી રેહશે. નો૦ લે૦

† એ ઉપરાંત સામસામી એક ચેહલી આ શેઠે કોટંમાબી બંધાવેલી હતી, તે જો કે ઘણું થયું વેચાઈ ચુકીચ તોપણ તેનુ અસલી નામ હજીસુધી હસતીમાંથી તદન ખશેઊં નથી. નો૦ લે૦

હીંદુઓએ બંધાવેલા ધરમ ખાતાંના ઓટલાઓ (જેઓના મોહડાં-કાલકાદેવીના રસતાપર બીરાજતાં દેખાએચ) સુધી હતી. એ મકાંન અસલમા ધરમ ખાતે અપાએલું ન હોવાને લીધે, કોક સંજોગથી ઈ૦ સને ૧૮૩૧ અથવા ૧૮૩૨ મા આ શેઠના સાહેબ જાદાઓને વેચી નાખવાની ફરજ પડી, તારથી એકની પાશેનુ ઓહોલું મકાન અનેક હાથમા જઈને તે ઉપર મોટમોટી હવેલીઓ બંધાવી બેઠુંછે.

ચરનીવાડીની ચાલીને પડએ બાકીતી જગેઆ રહી, તે ઉપર એબાદત-ખાના માટે એક અંમલો ઉઠાવીને, તેમા રોજ ૨૦ મો માહ ૨ જો શેહનશાહી શાલે ૧૧૭૭ ય૦ એ પોતાના મરહુમ બાવા બમનજી લવજીની નઈઅતે, અને તેમના પુન માટે આતરા આદરાનને તખતનશીન કીધા; અને તેજ ચોકની અંદર જરથોસતીઓને સરઅવસરે વાપરવા કાજે જમનવારના ઓટલાઓ બંધાવી આપેઆથી લોકોની સગવડ આજતુલીક સચવાઈને આ સકરમી શેઠની કી-રતી ગવાતી રહીછે.

મુંબઈની રચનાને રોણક આપનારો "શીટારી બાગ" નામનો એક રલી-આંમનો મેહેલ, આ શકલગુણી શેઠીઆએ પરેલ ખાતે ય૦ ૧૧૬૨ ની શાલમાં બંધાવીને હેવો તો શીંગારેઓ હતો કે, તેહવા વખતપર બાહેરના દેશાવરો તરફથી જે લોકો હીંઆં આવતા, તારે મુંબઈની અવનવી ચીજોમા પરેલ ખાતેના સરકારી મેહેલ તથા લાલબાગ ઉપરાંત આ ગુલજાર ચમનની ભેટ પણ તેઓ મોટા હરખથી લઈને તરૂપત થતા હતા; કારણ કે તેહવે સમે એ શીવાએ બીજાં કોઈબી મકાંણો ગંમત આપનારાં હીંઆં હતાંજ નહીં. આ મકાણ "લવજી કેઆસટલ" ને નામે પરએઆત થઈને તેમના શાકરમી દીકરા શેઠ અરદેશાર પાશે હેવી તો જાહોજલાલીના પુર બાહારમા સચવાઇ રહેછેંચ કે, ફકત બાહેરનાજ દેખાવથી જોનારાઓના દીલને સંતોશકારક કરેચ, તો તેની અંદર જઈને જે જોએ તેને મનશે જંનત શીવાએ બીજું કાંઈજ માલુમ પડે નહીં. આ શીટારી બાગની તારીફમા આપણી ટાપુ ખાતે ગાનારીઓમા વખ-ણાઇ ગએલી ભાગી તથા ગંગા નામની મરાહઠણ રાંમસગરોએ જે લાવણી જોડી હતી, તે બધી તો વખત વહી ગયાને લીધે ભુલાવામા પડીચ પણ જે ગંમત આપનારૂં આખું ગાએણ ઘણા વરસો સુધી ગવાતું હતું; તેનુ મથાલું આ રીતે હમોને યાદ રહેલુંછેઃ—

"મુંબઈ શેહર ગુલજાર, ઉશીમે માહીંમ પરેલકા જંગલા,
દરમીઆને ખુબ જોર હવા, હોરમજજી શેઠકા બંગલા."

પારસી પંચાએતમા ય૦ ૧૧૮૧ ની સાલથી પરમુખ તરીકે બીરાજીને પોતાના ગરીબ ટોલા ઉપર ઘણો રૂડો ચાહ રાખતા હતા. ધરમખાતાંની પું-જીબી તે વખતના રાબેતા મુજબ એજ સખી નરના સવાધીનમા જે રેહતી હતી, તે આકેબતનો અંદેસો કરી ય૦ ૧૧૯૩ ની સાલમા પોતાને તાંહાંથી કાહડીને, એજ કોમના ૪ શેઠીઆઓના વીસવાસ હેઠલ સોંફી; જેનો વહીવટ ચલાવવા માટે વડા તરીકે પોતે, બીજા શેઠ ફરાંમજી કાવસજી, તરીજા વાડીઆજી શેઠ

નવરોજજી જંમશેદજી, અને ચોથા શેઠ (તે પછે થએલા બારોનેટ) જંમશેદજી જીજીભાઈ મુકરર થએઆ હતા; અને તે થાપણ જે રૂપીઆ અઢાર હજારને આસરે હતી, તે એઓમાહેલા છેલા શરીમંત સાહેબની સોચનાથી મી૰ રીમીંગટન કરાફરડની કુંપનીમા વીઆજે જમે કરાવી, તારથી તે આજ દાહાડા તુલીક એ નામીચી (હવડાં મી૰ રીમીંગટની કુંપણીને નામે ચાલતી) સરાફી પેહડી આપણી પંચના આડતીઆ તરીકે સચવાએલીછે.

જેમ એક ભરથાર અને પીતાનો પેઆર મેલાએલો હોએચ, તેમજ આ શેઠીઆ પરજામા એટલા તો પરોટાએલા હતા કે, જારથી તેવણ શેહજ માંદગીના બીછાંણાપર પડઆ, તારથી તેણાની સરીરસાણતી સંબંધી આસીરવાદ ચોતરફથી વરસવા લાગા; પણ દીન ઉપર દીન વધતી ગએલી બીમારીની મુસીબત લગભગ છ અથવાડીઆં સબુરી સાથે ખમેઆ છતાં, કજાએ જારે તેણાને તનદરોસતીપર તદન આવવા નહીંજ દીધા, તારે આ શેઠ સાહઠ વરસની વએ અમનમા ગુજારેઆ પછે, પોતાની અઓલાદથી ઉતરેલાં વંશાવલીની ટીપમા જણાવેઆ મુજબ તરણ દીકરાઓ ઉપરાંત, આઇમાએ તથા બરશેદબાઇ નામની બે દીકરીઓ મલી, પાંચ ફરજંદોને, જનમ આપનારી એક હીંમતવાન વીધવા નામે મેહરબાઈની રખેવાલી હેઠલ સોંફીને રોજ ૬ ઠો માહ ૬ ઠો શેહણસાહી સાલે ૧૧૯૫ ય૰ ની બામદાદે, પોતાનુ પવીતર રૂહ બારેહકતાલાની બખસેસપણામા અરપણ કરીને મીનોઈ આલમનુ સુખ સરજવા માટે આ જાહાનથી ચાલી ગયા; અને તેથી કરી તેમના ઘણાક તાબેદારો, અતલકીઆ મીતરો ઉપરાંત દુરના ગરીબ એસીઓમા તેઓના આ પરતીપાલ કરનારની બુટે થોડુંક સુધી અતીસીઅ દુખ ઉપજાઊં હતું; એટલુંજ નહીં પણ આ મરહુમના નેકનામની ઇઆદ તેમના હીંદ તથા યુરોપખાતેના ઓહલા મીતરો, તેમા અગત કરી જેઓ તેમની સાથે કામકાજના વહીવટમા અરસપરસ ગુથાએલા હતા, અને જેઓ તેણાની ઈમાનદારી તથા સાહલેસાઈ ભરેઆ ચોખા વેહવારથી લાભ મેલવતા હતા, તેઓના જીગરમાથીબી લાંમબી મુદત સુધી ભુલાઇ નોહતી.

આ સરીમંત શેઠીઆએ દરવીઅનો ભંડાલ ખરચીને જેટલી અસકેઆંમતો મેલવી, તેમા છાસતી માહેલાં મોટા વીસતારવાલું કુરલાનું ગાંમ સરકાર પાસેથી ઇજારે રાખીને અતીઅંત વધારો કીધો હતો. કેહચ કે એ રસીલું ગાંમ ય૰ ૧૧૮૫ મા દર સાલે ૩૭૦૦૦ ના થોકાનુ ભરનુ કબુલીને સવાધીન લઈ લીધું, અને તેની આએપત લગભગ ૧૦ વરસ વેર ઉપજાવેઆ પછે બાકીનો ભોગવટો, પોતીકા હકદાર વારેસોને વાસતે જે મેલી ગયા, તે વીસેનુ વરણન ઘટતી જગોએ જણાવેઆમા આવસે.

શેઠ બમનજી હોરમજજી.

બાપની કીરતીને પરકાસ પમાડનારા, અને પોતાની નેકનામીને બુલંદ દરજ્જે પોંહચાડનાંરા બે બરખુરદાર બેટાઓ માહેલા આ વડા શેઠ બંમનજી બાવા, ય૦ ૧૧૭૭ ના સેહણસાહી ૪ થા મહીનાને આસતાદ રોજે જનમ પાંમેલા જણાઈ આવેઆછે.

તેમનો પરતીપાલ કરનારા પીતા જારે ગુજરી ગયા, તારે આ શેઠ માતરે ૧૮ વરસની ખીલતી જવાંણીના બાહાર ઉપર આવેલા હતા; અને જોકે મનની ચંચલાઇથી એલમનો અભીઆસ, તથા સંસારની સરજત સહમજવા ઉપર તેવણ ભારે કોસેસ કરતા હતા, તોપણ કાએદા પરમાણે તેનાની ઉંમર પુગતી નહીં ગણાયાને લીધે, મરહુમ વાડીઆ હોરમજજીએ પોતાના વેપાર ખાતાંનો બોહોલો વહીવટ મરણ ટાંકણે આપણી ટાપુપર પરખેઆત થઈ ગએલા મરહુમ શેઠ મોતીશાહના વીસવાસપનામા (એક વકીલ તરીકે) સપુરદ કીધેલો હતો; અને તે સરીમંત શેઠીઆએ પરમાણીકપણુ જાલવીને, સુરખી તોલના એક મેહરબાંણ મીતરના માન ખાતર તેનાને તાંહાંનો કારોબાર ઘણીજ દરૂસતાઇથી બજાવતા રેહેઆ પછે, આ શેઠ જારે કાંમ અટોપી લેવા લાએક જણાયા તારે મરહુમ વાડીઆજીની બધી અસકીઆંમત તેમના હવાલામા સોંફી દીધી; અને તે છતાંબી આ શેઠીઆની મોહબત શેઠ મોતીશાહ ઉપર એટલી તો ઉસકેરાએલી હતી કે, તે સાહેબ જાંહાંશુધી જીવતા હતા, તાંહાં તુલીક તેમને તાંહાંના કામ ઉપર નીતીની રાહે સારી દેખરેખ રાખતા હતા.

બાપીકી મીરાસ હાથ આવેઆ પછે, પોતાના ભાઇઓ નામે રૂસતમજી તથા અરદેસરની સાંમેલગીરીમા, મી૦ બંમનજી તથા અરદેસર હોરમજજીને નામે વેપાર તથા આડતખાતાંની પેહડી સથાપીને તેનો વહીવટ એટલો તો બુલંદીએ પોંહચાડ્યો કે, હીંદ તથા યુરોપથી તે છેક ચીન શુધી પેહલે વાંગેના સુધા, શેઆંણા તથા નીતીમાન વેપારી તરીકે વખનાયા; અને તે પછે તેવીજ કીરતી એખીલા શેઠ અરદેસરના માલેકપણાથી તે પેહડીએ આજ દનસુધી હોરમતની રાહે જાલવેલી આપણ સંતોસથી જોતા રહીએચ.

પોતાને તાંહાંના વેપાર ખાતાંનો વજન વધારવાના હેતુથી, આ સાહેબોને નામે ય૦ ૧૧૯૭ માં બંધાએલાં ટન ૭૫૭ વાલાં એક વાંહાંણનુ નામ "હોરમજજી બમનજી" રાખવામા આવેલું હતું; જે સાતેક વરસ સુધી ચીનની સફરે ફરેઆ પછે, આથમી ખેપ માટે ય૦ ૧૨૦૫ અથવા ઈ૦ સને ૧૮૩૬ માં હંકારી ગએલું, ચીનના દરીઆવ તરફ તોફાંનની આફતમા સપડાઈને માલ તથા જાંણ સહીત જલવાશી થયું, તેની કાંઈજ નીશાંણી હાથ આવી નોહતી.

તરણે ભાઇઓ ય૦ ૧૨૧૭ સુધી વેપાર વણજમા વીટલાઇ રહેઆ પછે, તે માહેલા વચલા ભાઈ રૂસતમજી રોજગારમાથી પોતાનો લાગભાગ તથા બાપીકી મીરાસનો હીશે આવેલો વારસો ચુકાવી લઇને છુટા પડેઆ; અને આ શાકરમી શેઠની સાથે તેમના નાહાના ભાઈ અરદેસર જાથુક જોડાએલાજ રહેઆ.

મરહુમ બાપે વશીએતનામામા હેવી ઇરછા જણાવેલી હતી કે, તેમને નામે આતસબેહરાંમનો એક માહભારત કેબલો તેમનીજ થાપણમાથી બનાવવો. તેહવો સુભ વખત જારે સાહે થયો, તારે આ શકલગુણી શેઠીઆએ પોતાના બેહુ શાહશીક ભાઇઓના એક વીચારથી, બાપનો હોકમ અંમલમા આંણવાની તઈઆરી કીધી; અને ચંદનવાડી તરફ જાંહાં એજ મરહુમ શેઠે આદરાંન ગોઠવેલા હતા, તાંહાંથી તે કેબલાને પછવાડેની એક એમારતમા કાએમ મકાણ કરીને, આગલા અંમલા સાથે પાશે આવેલી દક્ષીણ દશા તરફની ખાલી જગેઆનો થોડો ભાગ બાંધકાંમમા લીધાથી એબાદતખાનુ વધારેઆ પછે, મજહબની સરીએત મુજબ આખાં વરશ સુધીની સંમપુરણ કીરીઆ સમાપત થયાથી આતસબેહરાંમ સાહેબને* રોજ ૧૭ મો માહ ૨ જો શેહનશાહી શાલે ૧૨૦૦ ય૦ એ જરથોસતી નાધલી મોટી અનજુમનની હજુરમા તખતે બેસાડેઆ. મરહુમ દાદીશેઠની પછે ૪૭ વરસને બે મહીનાની મુદતે સ્થાપેલા આ બીજા કેબલાને હવડાંજ ૪૩ વરસ પુરાં થયાંચ, તાંહાંતુલીક તેને હસતીમા આણનારા શકરંમી શેઠીઆઓના નેકનામો, પીતાના પુન માટે જેમ પમરતાંછે, તેમજ એ મુબારક કેબલો† સલાંમત રેહતાં સુધી તેઓની કીરતી પરકાશેઆ કરશે. એ કેબલા ઉપર મુતવલીપણાનો અખતીઆર આ શેઠે પોતાની હઇઆતી સુધી જેવી વરતણુકથી વાપરેઆ હતો, તેવીજ સતા તેણાની કજાબાદ તેમના વડા દીકરા શેઠ હોરમજજીના હવાલામા સોંફાએલી સંભલાએછે.

આ શેઠીઆના અંમીરી ખવાસ તથા ગંભીરાઇ ભરેલાં જીગર વીશે જેટલું સહરાવી લખીએ તેટલું થોડુંજ કેહવાએ, અને તે બાબેની બધી બીના હજીસુધી ઘણાક સાહેબોને અજાંણી નથી, માટે ટુકાંમા એટલીજ ઇઆદી હીંઆં આપવી બસ ધારીએચ કે, આ જમાનેના બમનજી બાવા વેપાર વણજની સાથે રાજદુઆરી કાંમોમાં ભેલાઇ રેહતાં તેવણનો આખો જનમારો વહી ગયાને લીધે હેઠલ જણાવેલી કોઈબી મંડલી તેવણની હાજરી વના કભુ ખાલી દેખાઇજ નોહતી; જેમાં :—

સરકારની સાહેતાથી સ્થાપણ થાએલી કેળવણી ખાતાંની બોરડમા ય૦ ૧૨૧૯ ની આબેરીથી મરહુમ શેઠ ફરાંમજી કાવસજી બનાજીની બદલીએ એક અધીકારી થેડવાએલા હતા.

ય૦ ૧૨૨૧ મા પેહલવેહલી ઉભી થાએલી આગલી બોમબે એસોશીએસનની સભાના નાએબે સરનશીનનુ માનબી એનાએજ મેલવેલું હતું.

---

* ઉપલી એમારતનું બાંધકાંમ મરહુમ મીસતરી ભીખાજી સંતોકજીના ઉપરીપણા હેઠલ થયું હતું, અને તેમા આતસબેહરાંમને તખતે બેસાડવાની કીરીઆ શેહનશાહી તોલાના વડા દસતુર મરહુમ એદલજી દારાબજી સંજાંનાએ કીધી હતી.

† જેની સાચવની માટે બોહોલી પેદાએસવાલી અરાકેઆંમતો અલાહેધી કાહડીને તેના રાખનદારો પાશે આપેલી એટલી તો બીશીઆર સંભલાએછે કે, આ ધરતી ઉપર કોઈ રીતની આફત નહીં ગુજરે તો સુરીય પરકાસતો રેહે તાંહાંસુધી તેને નીભાવવાનુ તેઆથી બની સખશે. નો૦ લે૦

સુલેહના અમલદારની જગેઆ સાથે, માજી ગરાંડ જુરીનો અધીકાર પણ તેણાની પાશે હતો.

કોલાબા કુંપની, તથા પરોપકરાઇતરી સ્કુલનુ ડાઅેરેકતરપણુબી તેનાઅે ચલાવેલું હતું.

અેલફીનસટન ફંડના તરસટી ઉપરાંત, પારશીઆને માટે વારસાહીસા તથા લગણ તલાકના ધારા સરકાર પાશે બંધાવી મંગાવવા સંબંધી ય૦ ૧૨૨૪ મા સ્થાપેલી "લા આસોસીઅેસન" નો અેાહદોબી હઇઆતી તુલીક માનથી તેનાઅે જાલવી રાખેઆ હતો.

અે સીવાઅે બીજી કેટલીક જાહેર સભાની અંદર આ શેઠને સમાઇ રેહવા વીશેનું સાંભલેલુંચ, પણ તેની ચોકસ ખબર નહી મલેઆને લીધે હાથ આવેલી ઇઆદીનેજ માતરે ઉપર જણાવીછે.

"કોરટ આવ રીકુઅેસટ" નામની નાધલી દેવાંની અદાલત, જે આગલા વખત પર દેશીઆમા નાધલા મેઅરની અફીસને નામે, આસકાર હતી; તેમા નેયાય ચુકવવા માટે આ કામેલ શેઠને નાંમદાર સરકારે ય૦ ૧૨૧૦ ની સાલમા દર મહીને રૂ ૪૦૦ ના પગારથી કમીસનર તરીકે નેમેઆ હતા. હાવો માન ભરેલો અેાહદો મુંબઇમા દેશીઆને માટે પેહલવેહલો જે જાહેર થયો, તે લગભગ ૧૧ વરસ વેર સવતંતર પણાથી સાચવીને સરકાર તથા પરજા તરફનો અેકસરખો ચાહ તેનાઅે મેલવી લીધો હતો. ય૦ ૧૨૨૧ મા નાંધલા તથા મોટા મેઅરની આફીશો, જે જુદી જુદી કીસમના નાધલી રકમના દેવાંની મુકદમાઓ છાંડનારી "કોરટ આવ રીકુઅેસટ" તથા "સમાલકાઝ કોરટ" હતી; તે બેહુને અેબીઠી કરીને અેકથી તે અેક હજાર રૂપીઆ સુધીના ચુકાદા માટે મોટા પાયાપર "સમાલકાઝ કોરટ" ઉભી કીધી, તારે આ સાહેબની નોકરીની ગરજ નહીં રેહેઆને લીધે, તેનાઅે પોતાના અેાહદા પર દેખાડેલી ચાલાકી માટે નામદાર સરકારે જાહેરમા મોટો ઉપકાર માનતીવેલા વરસ અેકનો પગાર ભેટ દાખલ અેનાયત કરીને બંધ પાડેલી ઉપલી કોરટના કમીસનરપણાપરથી માન સહીત તેનાને રૂખસત આપી હતી.

ઇનસાફના કાંમમા કીરતી પાંમેલા આ શેઠ બમનજીને નામદાર સરકારે બીજી વાર ઇઆદ કરી ઇ૦ સને ૧૮૫૯ ના વરસને વાસતે આ શેહરના હાઇ સરીફનો સરફરાજી ભરેઆ અેાહદો બખશેઆ હતો. આગલા વખતપર અેવાં માનનો લાભ ઘણુ કરી અંગરેજોનેજ મલતો હતો, પણ વેલાત ખાતાંની રાજદુવારી મંડલીઆની મેહરબાંણી ઉતરેઆથી તેમા દેશીઆનેબી સાંમેલ કરવાની જે ફરમાસ સરકારને થઇ, તેની પેહલવેહલી નવાજેસ ઇ૦ સને ૧૮૫૬ મા શેઠ માણેકજી ખરશેદજીઅે મેલવી હતી; અને બીજા ભાઅેગસાલી ગરહસથ આ તરે નેક નામ ગણાયા હતા.

કુરલાંનુ ગાંમ આ સકરમી શેઠના સરતાજે પેહલવેહલાં વરશે દાહાડે રૂ ૭૦૦૦ ના થોકાથી જે ઇજારે રાખેલું હતું, તેની માહસુલ, માલુમ પડેઆ મુજબ ૨૩ વરસમા દોહોડ લાખથી વધારે રૂપીઆ સરકાને અપાઇ ચુકા હતા;

અને તેહવોજ વેરો વરશો વરસ ચાલુ રેહતો લામબી મુદતે લાખોની સંખેઆ થઈ જાએ; માટે આ શેઠીઆએ એક અછી ગોઠવણ શોધી કાહડીને, જે વખતે આપણી ઉપર હકુમત ચલાવનારો ગવરનર સર જેમસ રીવેટ કેઆરનાક અતરે હતો, તારે ય૦ ૧૨૦૯ ની સાલમા મજકુર ગામના થોકાને હસાબે રૂ ૨૦,૦૦૦ નો ઊંચકો એકેદમ સરકારમા ભરેઆથી તાડ તથા ખજુરાંની ઉતપંતીનુ માહસુલ લેવાનુ સરકારે જારી રાખતાં બાકી તાંહાંની બધી ઉપજની માફી સતા ભરી સનદથી ચંદરોકાલ સુધીની કરી આપેલી કેહવામા આવેછે.

શેઠ બમનજીના ઉદાર મનની વલાન પરમાણે તેવનથી સખાવતના કાંમોબી બીશીઆર થયાંજ હશે, પણ તેની વીગતવાર ટીપનો થાગ ન જડે-આથી જે વાત જાહેરમા જણાઈચ, તેનેજ માતરે હીંઆં નોધી લઈએચ કે, ઉપર જણાવેલાં ગાંમના ગરીબ રેહવાશીઓને તેઓની બીમારી વખતે અઉ-સદની અવકડા જારે બહુ પડવા લાગતી પોતે જોઈ, તારે તે ઉપર દાતાર દીલની દયાથી વેઆંન પોંહચાડીને ય૦ ૧૨૨૫ મા પોતાના મરહુમ માતાજીના પુન માટે ધરમનુ એક દવાખાનુ હુંગાડીને ચાલુ કરી આપેઊં; અને તેવનના માંગેઆથી દરદીઓની માહવજત માટે તે વખતના આપણા નામવર ગવરનર લારડ એલફીનસટને સરકારના ખરચથી એક તબીબને પણ તાહાં શોંફી દી-ધાથી, હાવું માહપુનનું કાંમ તેમની નેક નામી સાથે હજી સુધી નીભાઈ રહેલું માલુમ પડેછે. કેહચ કે, તે દવાખાનાનો આસરો પાંમવા સારૂં સારી મોસ-મમાં દરરોજ ૩૦ જણાઓ, અને કચડાએલી રૂતુપર સવાશોથી વધારે આવતા રોગીશોને સરખી મદદ મલેછે.

હરેક બાબદના સુધારા ઉપર આ શેઠની શોચના જે સદા ઉસકેરાતી હતી, તેની સાબેતીમા એકજ દાખલો તેમની ઇઆદગારી માટે મલી આવેઓચ કે, આપણા માજી કોટવાલ તથા શેહર સુધરાઈના કમીસનર મી૦ ફારજેટે ઇ૦ સને ૧૮૬૧ મા કોટના મધીઅભાગને શોભાવંતો કરવાનું કામ જારે ઉઠાવેઊં, તારે શેઠ બમનજી બાવાની બાહાધુરી ભરેલી મદદ તેને નહીં મલી હોતતો, પોતાની ધારનામા તે કદાચજ ફતેહમંદ થાતે; પણ આ સખી નરે બાપીકી મીલકતો ભાઈની મસલતથી મધેઅમ ભાવે વેચી, અને તેથી કરી તે તરફ "એલફીનસતન સરકલ" બનાવવાનું તેને સવલ પડેઊં. ટાંઉનહાલની પાશે માંડવી, તથા હેનસાહવાલી અફીંનની વખારને નાકે થઈને મી૦ ફારબસ કુંપની નામીચી પેહડીને પડખેની એમારતો સાહમને આવેલા અસલી ગંરીન ચોકથી* તે આ વાડીઆજીની પુરવ તથા પછમની પુરાંણી હવેલીઓ ઉપરાંત, તેની

* એ જગેઆના મધીઅ ભાગપર રૂઉનો, અને માડવીની બાહેરના લતા તરફ લોઢાંનો જથો, આગલા વખતમા પડી રેહતો હતો; તે ઇ૦ સને ૧૮૨૩ મા તે જ-ગોએ લાગેલી આગ પછે રૂઉનો જથો તાંહાંથી તતકાલ ઊંચકાઈને પાલવાની ભાગલ બાહેર ગયો, અને ટાંઉનહાલ તઈઆર થયા પછે લોઢાંનો જથોબી કાહાડીને બજા-રની ભાગલ બાહેર લઈજવામા આવેઓ હતો; પણ સમો ફેરવાયાને લીધે તે એહ ઝીસમના માલની જગેઆ દરેક ઠેકાંણેથી બદલાએલી માલુમ પડેછે. નો૦ લે૦

આશેપાશે આવેલી સરકારી મીલકતો ભાંજવામાં લીધાથી, હાલની ગોલાકાર મીલકતો તરફ આગલી ધપની કશીએ નીસાંન હવે બાકી રહેલી નથી.

આ શેઠીઆએ પોતાની કાબેલીએત ભરેલી કારકીરદીમા જનમ દીવસથી ગણતાં ૫૪ વરસ, ને પાંચ મહીના પસાર કીધા પછે, જમના પગ ઉપર રસવીકારનો મરજ એકાએક હેવો તો શેતંમ લાવેઓ કે, તેની મુશીબતમા બીજા અઠારેક દાહાડા સુધી ભારે પીડાકારી ભોગવી રહીને, રોજ ૧૩ મો માહ ૧૦ મો શેહનસાહી શાલે ૧૨૩૧ ય૦ એ બારેહકતાલાની રેહમત પાંમવા બેહસતનસીન થયા.

જરથોસતી તોલા માહેલો એક જહલકતો હીરો જે જતો રહેઓ, તેનો શોગ સાંભલેઆ પરમાણે મુંબઇની વસતીના મોટા ભાગે પાલેઓ હતો; અને જે જે કારખાંનાઓ સાથે તેનાનો સંબંધ જોડાએલો હતો, તેઓએ તથા તે ઉપરાંત બીજા ઘણાક કાંમદારો અને વેપારના મથકોએ એક દાહાડા તુલીક પોતપોતાનો વહીવટ બંધ રાખીને આ મરહુમ તરફ માનની છેલ્લી નીસાંની બતલાવી હતી.

મરહુમ શેઠ બમનજી બાવા પોતાની પાછલ એક વીધવા, બે દીકરાઓ અને તરણ દીકરીઓ ઉપરાંત ભાઇ ભતરીજાઓ ભેગા ઘણાક પીતરાઇઓ તથા બેશીઓને, દરએકના છઇઆંઓ સહીત જે મેલી ગયા, તેઓ બધાઓને હાવું અનમુલું જહવેરાત બોહવાયાથી થોડી મુદત સુધી મોટી ગમગીની ઉપજી રહેલી હતી.

મરણને તરીજે દાહડે થએલી ઉથમનાની કીરીઆ વખતે તેમની ખાસ પુંજીમાથી રૂપીઆ અડી હજારને આસરે પારસીઓને લગતાં જુદાં જુદાં ધરમમા વેહચાયાને લીધે તેહવાં ખાતાંઓને ઉપીયોગી મદદ મલી હતી; પણ તેનાની લાએકી મુજબની કોઇબી ઇઆદગારી કાએમ રાખવાનો હેતુ ઇછીને, જાહેર હુગરાતથી ઉભી કીધેલી થાપણ જે વીઆજ શીકે લગભગ રૂ ૧૩,૦૦૦ ને સુમારેની હજી સુધી વગર ઉપીયોગે પડી રહીચ, તે જોઇને ખરેખરી દલગીરી ઉપજેછે. આ બાબે નેમાએલી કમીટીના સાહેબોને સાંભલવા પરમાણે ઘણી વાર પુછવામા આવેછેંચ કે, આટલો વખતવેર એક સારાં કાંમને શા માટે તેઓએ અટકાવી રાખેછેછે? અને તેટલા તેના ખોલાસાની ગેરહાજરીને લીધે આ મરહુમની નેકનામી સંબંધી છેલ્લીં નોંધ હમારેથી સંપુરણ રીતે હીંઆં લેવાઇ સકાતી નહીં.

શેઠ અરદેસર હોરમજજી.

લવજીના ખાનદાનને વીસેસ જહલે આપનારા આ સુખવાસી શેઠનો જનમ ૫૦ ૧૧૮૧ ના સેહનસાહી બહમન મહીનાને આસતાદ રોજે મુબારક થાએલો માલુમ પડઆછે.

આ શેઠીઆએ પોતાના વડા ભાઈની સંગાથે લાંમબી મુદત સુધી જોડાઇ રહીને મી૦ બમનજી તથા અરદેસર હોરમજજીને નામથી જે રોજગાર ચ્લા-વેઓ હતો, તેજ ભાએગસાલી નામ તેમના મરણ પછેથી તે આજ દંન સુધી કાએમ સાચવીને કોઈબી ભાગીઓ રાખેઆવના પોતાને ખાનગી હસાબનો વહીવટ મોટા પાયાપર હેવોતો ઉસતવાર કરી દેખાડઓચ કે, તેથી કરી સેહ-રના શેઠીઆઓમા એ પણોતી પેહડી ધણીજ નાંમીચી, અને વલી પેહલા વરગમા વખણાઇને આબાદ હાલતથી સરવેને સંતોસ પમાંડછે.

વડા ભાઇની હઈઆતીમા તેવન સંગાથે થએલા બંદોબસત મુજબ, કુરલા ખાતેના બાપીકા વજીફાની માલેકી મેલવેઆ પછે, તેની ઉતપંતી આ સાહેબે એટલી તો વધારીચ કે, છાસઠીના બીજા ધણાક દેશી જાગીરદારોમાથી કો-ઈબી સાહેબ તેમના જેટલી પેદાએસની બરોબર પોંહચેલા માલુમ પડઆ નથી. આ વાતની સાબેતી સારૂં તારીખ ૩ જી ફેબરવારી ૧૮૭૩ ના "મુંબઈ સમા-ચાર," આરગસ નામના અંગરેજી વરતમાન પતર ઉપરથી લીધેલી ખીનાનો સાર હેવો સહમજી સખાએચ કે, તાંહાંના ડુંગરમાથી મટોડું ખણી લેવા બા-બતનુ જે લખત પરથમ "એલફીસટન લાંડ કુંપની" સાથે આ સાહેબને થયું હસે, તે જગેઆ પાછલથી સરકારે ખરીદ કીધા પછે કેહચ કે, મટોડાંની કશી ગરજ નહી જણાઈ હોએ તેને લીધે અથવા તો કોક સબબથી લખત જે ટોડા-યુંચ, તેની સાહમણે હીંદુસતાનના સ્ટેટ સેકરેટરી ઉપર આ હીંમતવાન નરે લગભગ ૧૪ લાખ રૂપીઆની જે ફરીઆદી માંડીછે; તેનો ચુકાદો જો તે-વનની તરફેન ઉતરે તો આપણને જાણવાનુ બની આવસે કે, જે જાગીર માહેલાં મટોડાંની હાવી રાક્ષી રકમ પોસાએ, તારે તેની બીજી ઉતપંતી કેહવી મોટી હસે, તે સહમજવાનુ કાંઈજ મુસકેલ પડસે નહીં.

આજના બારીક હીંગાંમ પર આ સરીમંત શેઠની સખાવતો જાહેરમા જેટલી જણાઈચ, તે કરતાં વીસેસ દાનપુણ તેવણથી છુપાં થએલાં હેવાં કેહચ કે, આપનાર તથા લેનાર સીવાએ તરાહેત સખસને માલુમ નથી; અને તેથી કરી તેનાને આસરે પડેલા ગરીબી હાલતના ધણાક ગીરહસથ કુટંબોની આબરૂથી જે ગુપત બરદાસત લેવાએચ, તેનો બદલો બારેહકતાલાની બખસેસથી તેમને સદા પાછો મલતોબી રેહછે; માટે સખાવત કરવા ચાહનારાઓને આટલો ધડો હંમેસાં ધેઆનમા રાખવો જોઈએ કેઃ—

સખી નરનો બેરોછે હંમેસાં પાર—ભલું નામ રેહછે તેથી બરકરાર.
સખાવતનો સાથી સદા સરફરાજ—ખોદા તેની કરેછે ઉંમરદરાજ.
મોહતાજો ઉપર જે દયા રાખશે, રશીલાં ફળ તે સદા ચાખશે.

આપણા આ સખાવતે બાહાદુરથી જેટલાં જાહેરના ઉપીયોગી ધરમખાતાંઓને આસરો મલેઆય, તેની ટીપ વરતમાન પતરો ઉપરથી શોધ કરતાં જેટલી હાથ આવીછે, તેટલી હીંઆં દાખલ કરતાં જોકે મોટી ખુશી ઉપજાવીએય; તોપણ તેમાં ભુલ ચુકથી વધુ યા ઓછું થયું હોએ તો, તે વીશેની દરગુજર એટલા માટે ચાહીએછે કે, એ બાબેની ચોકસ ખબર મેલવી આપનારો કોઈ રફીક મલી શખેઓ નહીં; અને તેથી કરી પરભારૂં જે મલશે તેને હેડલ જાહેરમા લાવવું પડશે છે.

૧૨૧૭ માં, કુરલા ખાતેના દવાખાનાની મદદ માટે સરકારને સવાધીન કીધેલા	રૂ ૨૦,૦૦૦
૧૨૩૬ માં, "નેટીવ જનરલ લાઈબરેરી" ને ઉપીયોગી પુસતકોની જે ભેટ કીધી તેમા આપેલા..................	૫૦૦
૧૨૩૮ માં, પરેલ ખાતે સ્થાપાએલી "લવજી વાડીઆ ડીસપેનસરી" ખાતે દર મહીને આપતા કીધેલા રૂ ૨૫૦ ને હસાબે વરશે દાહાડે રૂ ૩૦૦૦ જે થાએછે તેને વાસતે ટકા ૫ ની લોનમા જો રોકેલા હોએ તો તેની સંખીઆ	૬૦,૦૦૦
૧૨૩૮ માં, મારવાડ ખાતે પડેલા દુકાલ ટાંકણે બંગાલી ચોખાની ગુણ ૧૮૦૦ મોકલાવી હતી તેની કીંમતના	૧૦,૦૦૦
૧૨૩૯ માં, નૌસારી ખાતેના દવાખાનાની મદદ સારૂં દર મહીને રૂ ૧૫૦ જે મોકલતા રેહચ, તે હસાબમા કદાપી રોકાએલા હોએ તો તે	૩૬,૦૦૦
૧૨૩૯ માં, એલાવ નામના ગાંમમા દવાખાનુ બાંધવા સારૂં સરકારને આપેલા	૧૦,૦૦૦
૧૨૩૯ માં, મારવાડ તરફ ચાલુ રહેલા દુકાલમા ગરીબોને મદદ કરવા માટે બીજીવાર મોકલી આપેલા..............	૫,૦૦૦
૧૨૪૦ માં, બેલગામ જીલ્લાના સટાલીલ ગાંમ મધે લાગેલી આગથી તાંહાંના રેહવાશીઓના ઝુહફડાંઓ જે બલી ગયાં હતાં, તેઓને આસરો આપવાના હેતુથી કલેકટર ઉપર મોકલી આપેલા	૨૦૦
૧૨૪૦ માં, ઈરાંનમા પડેલા સખત દુકાલ ટાંકણે તાંહાંની પરજાને મદદ કરવા માટે પરથમ રૂ ૫,૦૦૦ આપણી સરકારની મારફતે તે તરફ વાલેઆ હતા; અને તે પછે તાંહાંથી દુખ ભોગવતા અતરે આવી પડેલા ગરીબ જરથોસતીઓની પરવરેશીને વાસતે વરસ એક સુધી બખસેસ કીધેલા રૂ ૪૮૦૦ મલી જુમલે	૯,૮૦૦
૧૨૪૧ માં, સર કાવસજી જાંગીર રેડીમની નાઈટ, શી. એસ. આઈની યાદગારીમા તેવણનુ બાહવલું બનાવવા સંબંધી કુથરાંનુ થયું તેની ટીપમા ભરી આપેલા............	૫૦૦

૧૨૪૧ માં, કુરલા ખાતેના દવાખાનામાં વસતીના વધારાથી જે તંગાસ પડવા માડી તેને દુર કરવાના હેતુથી તાંહાં એક હાસપીતાલ બાંધવાના કારણસર કાહડેલા............ ૧૦,૦૦૦

૧૨૪૧ માં, મારવાડ તરફ બીકાંનેર તથા રતનઘડની વચે એક તલાવ (જેની લંબાઇ ફુટ ૪૫૦ તથા પોહલાઈ ફુટ ૧૮૦ ની જાણવામા આવીછે, અને તે વરસના માતરે ૯ મહીના સુધી તાંહાંની વસતીને, તથા પશુ પરાંણીઓને અતીઉપીયોગી થતો જણાએછે) બનધાવીને જે તઇઆર કરાવેઓ તે ઉપર ખરચેલા.......................... ૧૫,૦૦૦

૧૨૪૧ માં, પુણાની મીઉતીશીપાલીટીની કમીટીના પરમુખ મી૦ એલની ઉપર એક પતર લખીને તેના હાથમા નાણાની એક ચોકસ રકમ આપતી કરીને તેમાથી તાંહાંની વસતીના લોકોને પાંણી પોંહચતું પાડવાના કાંમમા વાપડવાની એલતેમાસ ગુજારી હતી. આ સુભ સખાવતથી જોકે બીચારા પુણેકરોને માથેથી ટીપણીનુ દુખ તો અચીત ટાલેઉં, પણ તે કારણસર કેટલા રૂપીઆ સદકે કીધા તેની તો સંખીઆ જાણવામા આવી નથી.................................

૧૨૪૧ માં, આ શાલ ગરમીની મોસમપર પોતાની નેકબખત ધણીઆંણી સાથે પોતે મામલેશાવરની શેલઘાહ માટે શીધારેઆ હતા, તારે મારગના કેટલાક ગરીબ લોકોએ ગુજારેલી અરજ પરમાણે તેઓને નડતી અડચણો ટાલવાના હેતુથી તેમની નેકનામ મોહરદારે તાંહાંના વેહતા જહરાઓ માહેલું પાણી સાચવી રાખવા સારૂં જુદી જુદી બે ટાંકીઓ બંધાવી આપી તે ઉપર ખરચાએલા.................... ૫૦૦૦

૧૨૪૧ મા, તારીખ ૨૫ મી સપટેમબર ૧૮૭૨ ના "મુંબઇ સમાચારે" ટાઇમિસ આવ ઈંડીયાની સતા ઉપરથી હેવું જણાવેઉંચ કે ગરાંટ મેડીકલ કાલેજની અંદર દાઈપણાની ઉતમ કેળવણી લેનારી ૬ ગુજરાતી ઓરતોને દર માશે એકેક જણીને રૂ૧૦ લએનો પગાર અથવા સકાલરસીપ આપવા માટે પોતાનો એરાદો જણાવેઓ હતો તે મુજબ જો આપતા હોએ તો તે માટે દર શાલે રૂ૭૨૦ જે ખરચાએ; અને તે સારૂં દર ટકા ૪ લએની લોનમા રોકેઆ હોએ તો તે રકમની સંએઆ.. ૧૮,૦૦૦

ઉપલી સખાવતનો સરવાલો માતરે એકજ રકમની સંખીઆ માલુમ પડઆ વતરોગે રૂપીઆ લાખ બેનો જે થાએચ, તેની અંદર આ સખી નરની હીંમતના પરમાણ મુજબ ઘણું વધારે હુમેરાવવું જોઇએ; પણ આગલ જણાવેઉંચ તેમ હકીકતની ગેર હાજરે, તેમની સખાવત સંપુરણ નહીં કેહવાયા છતાં, એટલુંતો ધારવામા આવેચ કે શેઠ અરદેસરની જાહેર તથા છુપી સખાવતની

બુલંદી આજ દન સુધી દસ લાખની લંબાઇપર પોંહચેલી હશે. અને તેવનની જીંદગી જાંહાં સુધી બારેહકતાલા બરકરાર રાખશે, તાંહાં તુલીક બીજાં ઘણાક સારાં કાંમો ઉઠાવી સરફરાજી હાંશેલ કરવાબાબે તેમને વાસતે સઉએ ઉમેદવાર રેહવું જોઇએ. એલાવ ખાતાંનુ દવાખાનું તો, ખરેખરી રીતે જોતાં તાંહાંના લોકો ઉપર આશીરવાદ સરીખુંજ થઈ પડલુંછે, કેમકે તેનો લાભ આસપાસના બીજાં ૪૦ ગાંમડાં સુધીના લોકો લેતા જણાએછે; અને દરરોજ દોહોડશો દરદીઓની દાદ, સાંભલેઆ પરમાણે તાંહાં સારી રવેશે લેવાએછે. નૌસારીના દવાખાંનાંની અંદરખી કેહચ કે દર દીવશે ૩૦૦ વેઆધીઓને અઉશડ પાણીની મદદ મલતી રેહછે.

જેમ શેઠ અરદેસર ગુપતદાન દેનારા કેહવાએચ, તેમજ વીશેસ કરીને એકાંત રેહનારા જણાએછે; કારણ કે હાવી જાહોજલાલી છતાં કોઇબી જાહેર કાંમોની અંદર આ સાહેબની સામેલગીરી જોવામા આવતી નથી, તોપણ ભીતરથી પોતાની તથા પારકી કોમની ભલાઇ ઇછવા માટે તો ઘણાજ ખંતી રેહતા સંભલાએછે.

આપણી ટાપુ ખાતે આજદન સુધી હજારો પુસતકો તથા ચોપાંણીયાંઓ છપાઇને પરશીધ થએલાં કોઈબી કીસમના પુરૂશોનેજ અરપણ કરવામા આવેઆંછે, પણ તારીખ ૧૩ મી ડીશેમબર સને ૧૮૭૨ ના "જાંમેજમશેદ"મા જણાવેઆ પરમાણે કોઈ ગરંથકારીએ રચેલી "વીમન ઇન બલુ કલોક" નામની એક વારતા પોથી આ સખી નરના નેકનામ ધણીઆંણીને અરપણ કરતાં અબલા જાદીને જે પેહલવેહલું માન આપેઊંચ, તે સંતલેસ સરવેમા સરસ વખણાઈ હતી; માટે હાવી સદગુણી બાઇઓને અંતકરણના માનથી જે કોઈ ઇઆદ કરવા ચાહતા હોએ, તેઓને ઉલટ આપનારી આ વાત ઘણીજ ઉપીયોગી સહમજી અતરે નોધી લઇને શેઠ અરદેસરની હકાએતનો અંત આંણીએછે.

વાડીઆ ખાનદાનના થોડાક વીરાઓનું વરણન.

હેઠલ જણાવેલા કેટલાક સાહેબો, પોતપોતાના વખતપર પરજાની પીછાંનમા હતા, અને જે છે તેઓની ટુક ઇઆદી હીંઆં દાખલ કરીએચ.

શેઠ ફરામજી માણેકજી વાડીઆના વડા દીકરા અરદેસર વીશે એવું સાંભલીઊંછે કે, તે સાહેબ ય૦ ૧૧૮૬ મા શેઠ વીકાજી મેહરજી તથા હોરમજજી ભીખાજી ચીનાઇની સાથે પંતીઆલું જોડીને પાંચ વરસવેર વેપાર વણજમા રોકાઇ રહેલા હતા. એ મુદત વહી ગયા પછે તે તરણે સાહેબો એકબીજાથી રાજી ખુશી થઇને જુદા પડેઆ હતા, પણ આ શેઠ કહેઆ વરસમા મરણ પામેઆ તેના દાહાડાની ચોકસ ખબર જાણવામા આવી નથી.

શેઠ મનચેરજી જમશેદજીનો પેહલવેહલો વેપાર ય૦ ૧૧૭૬ અથવા ૧૧૭૭ થી થતો સંભલાયોછે, અને ૧૧૭૮ મા તો "દાદેલાઇ" નામના એક સફરી

વાંહાંણુની માલેકી મેલવી હતી. એજ ગરહસથ તાર પછે શેઠ હોરમજજી ધનજી પટેલ તથા કપતાંન કરાંફરડની સાથે, પંતીઆલા પણામા જોડાઇને ઘણા વરશો સુધી બોહોલા રોજગારમા રોકાએલા હતા; પણ પાછલથી તે પેહડી પાએમાલ મલી તેમા ખુહારી પાંમીને ૫૦ ૧૨૦૨ થી ચીન તરફ તેનાએ જવા માંડયું, જાંહાની તરણેક સફર કીધા પછે, ૫૦ ૧૨૦૭ મા મુંબઇ આવી રહેઆ; અને સારાં ભાએગે પોતાના એશી વાડીઆજી જાંગીર શેઠની સાહેતા મલે-આથી એકાત બે અંગરેજી પેહડીના બોહોલાં કાંમની દલાલી મેલવીને છેલો વખત ઘણી સારી સથીતીમા ગુજારેઓ. લાલબાગ માહેલું આતસઆદરાંણ અલાએધાં મકાનપર કાએમ કરી રાખવાના હેતુથી એ સાહેબે પરેલ ખાતે પોતાની ખાલી જગેઆ ઉપર એક એમારત બંધાવા માંડી હતી; પણ તે તઈઆર થવા આગમજ પોતે ગુજરી ગયાને લીધે તેમના સાહેબ જાદાઓ શેઠ નસરવાનજી તથા બરજોરજીએ તે કેબલાને રોજ ૨૦ મો માહ ૧૧ મો શેહનસાહી સાલે ૧૨૩૨ ૫૦ એ તખતનસીન કરાવેઆ; આ એમારત ઉપર કુળ રૂ ૫૭,૦૦૦ ખરચાયા ઉપરાંત, ખાલી જગાની કીમતના રૂ ૩૦૦૦ ગણતાં બધા મલી રૂ ૬૦,૦૦૦ થયા કેહવાએછે; અને તે ઉપર દર શાળે થતા ખરચના રૂ ૭૫૦ શેઠ બર-જોરજી પુરાપારતા સંભલાએછે. આ શેઠીઆની બીજી સખાવતો સંબંધીના સબદો સાંભલવામા આવેઆ નથી, પણ એટલુંજ માલુમ પડેછે કે બે બેટાઓ ઉપરાંત, કેટલીક બેટીઓ તથા બીશીઆર દોતરાંઓ સાથે મોટી દોલત મેલીને, ૮૨ વરસની ઉંમરમા રોજ ૯ મો માહ ૨ જો શેહનસાહી સાલે ૧૨૩૨ ૫૦ એ બેહસતનસીન થયાછે. એ સાહેબ આપણી ગોદી ખાતાંના માજી વડા વાડીઆ મરહુમ શેઠ નવરોજજીના ભાઈ હતા. આ મરહુમના પુન માટે તેમના દીકરાઓ શેઠ નસરવાજી તથા બરજોરજીએ, પરેલ ખાતે "લવજી વાડીઆ દીસ-પેનશેરી" નામનુ એક દવાખાનું બંધાવીને રોજ ૧૧ મો માહ ૪ થો શેહનસાહી સાલે ૧૨૩૪ ૫૦ થી ચાલુ કીધું હતું. એ કારણ સારૂં પોતીકી બાપીકી જગેઆ-માથી ૮૯૦ ચોરસવાર જમીન રોકી, તેની કીંમતના રૂ ૨,૬૦૦ ઉપરાંત અમલો બંધાવેઓ તેની બેઠક રૂ ૨૩૫૦૦ મલી કુલે રૂ ૨૬,૧૦૦ નુ દવાખાનુ તઈઆર થયું. હેના જાથુક નીભાવસ માટે કેહચ કે, તેમના એશીઓ તરફથી એક સારી થાપણ ઉભી કીધામા આવી હતી; અને તેની ઉપજમા જોઇતી રકમ ઉમેરીને બેહુ સાહેબોએ ૫૦ ૧૨૩૭ ની આખેરી સુધીનો ખરચ સારી રવેશે ચલાવેઆ કીધો; પણ તે થાપણ ડુબત ખાતે ગઇ, અને તેઓબી અસખત થઇ પડઆથી સાંભલવા પરમાણે દર મહીનાનો ચાલુ ખરચ રૂ ૨૫૦ જે થાએચ, તે એજ ખાનદાનના સકરમી શેઠ અરદેસર હોરમજજી બમનજી વાડીઆ ૫૦ ૧૨૩૮ ની સરૂઆતથી આપતા રેહચ તેને લીધે તાંહાંનુ ઉપીયોગી ધરમ ખાતું સચવાએલુંછે.

શેઠ ફરાંમજી વાડીઆના પાંચ માહેલા તરીજા દીકરા શેઠ ખરશેદજી વીશેની એટલીજ ઇઆદી જણાઇચ કે, તેનાએ વેપાર તથા આડતના કારણસર ચીન ખાતે પેહલી સફર ૫૦ ૧૧૮૨ મા કીધી હતી; અને તેની પુઠે બીજી

...જતા આવતા રહેઆ; જાંહાં પરમાણીક પણાથી વહી-
...માન મેલવેલું હતું. છેલ્લી એપે તેનાની જીંદગી ખતમ
...રે નજદીક પોંહચેઓ, તારે લાગુ પડેલી બીમારીમાથી આરાંમ
...નતાનથી નીકલીને મકાઉ ખાતે જઈ રહેઆ; તાહાં રોજ ૧૭
...ર ડો શેહનસાહી સાલે ૧૧૯૮ ય૦ એ પચાસ વરસની વયમા ગુજરી
...ગા. જાંહાં દાખમું ન હોવાને લીધે શેહરની બાહેર, દરીઆવના કીનારાની શોડ આવેલી ઊંચાણ જગો* પોરટોઉગીસ સતાવાલાઓએ સફકતની રાહે મુફત આપી, તાંહાં આ ગરહસથના અશો રવાંણને ભોમીદા કરીને પથરની એક કબર બાંધીછે; અને તે ઉપર આ લાએકીવાલા શેઠીઆના મરણ દીવસની સાથે આંકેબતની ઇઆદગારીનાં ગંભીરાઇ ભરેઆ લેખો જે કોતરી રાખેઆચ, તેની નકલ નીચે મુજબ વાંચવામા આવેછે.

The sign is sweet, and a pleasant thing; it is for the eyes to behold the sun: But if a man live many years, and rejoice in them all; yet let him remember the days of darkness for they shall be many. All that Cometh is vanity. આ લખાણના સબદો જાંણે કબરવાશી પોતે કાહાડતા હોએ તેવી રીતે સમાએલાછે; અને તેનો અરથબી શેહલથી સહમજાઈ સખેછે કે, "શુરીઅ ઉપર નજર "કરનારી ચસમોને વાસતે આ નીસાંન મીઠી અને ખુશી આપનારી ચીજછે; "પણ કોઇ ઈનસાન કદાપી ઘણાક વરશોવેર જીવે, અને બધો વાતે ખુશી વ "ખુરમી ઉપજાવે, તો તેને પણ ગમીના ઘણાક અંધકાર દીવશો જે આવશે તેવીશ "તેને ઇઆદ રાખવું જોઈએ. કાંજે જેબી સગલું આવેચ તે ખાલી અભીમાનીછે."

શેઠ હીરજીભાઈ માણેકજી વાડીઆના એક પુરા દીકરા મેરવાનજીના માન ભરેઆ ધંધાની ઈઆદીવના કાંઈજ ખોલાશો નોધી લેવાતો નથી, પણ તે સાહેબ ૪૩ વરસની ભર જવાંણીનો ખીલતો રોપો કુમલાવીને રોજ ૨૦ મો માહ ૪ થો શેહનસાહી શાલે ૧૧૯૬ ય૦ એ ચાર દીકરાઓ ઉપરાંત એક દીકરીને વીધવાના સવાધીનમા શોંફી આ જાંહાંનથી કુચ કરી ગયા, તેનું દુખભરેલું મરતીઉક માતરે જણાવવું પડેછે. આ ગરહસથના વડા દીકરા શેઠ ડોસાભાઇએ, ઘણુ સુધી વાડીઆજી શેઠ બમનજી તથા અરદેસર હોરમજજીની નામીચી પેહડી ખાતે ગોડાંઉન કીપરની માનવંતી નોકરી પરમાણીક

* આ શેઠનુ રવાણ ભોમીદા થયાને લગભગ ૧૧ વરસ વહી ગયા પછે જેબી જરથોસતીઓ મકાઉમા મરણ પાંમેઆ, તેઓના આરાંમઘાહ માટે તાહાંની સરકારે તેનીજ પડોસ માહેલી જગેઆ આપેઆ કીધી; અને રવાંણોનો ભરાવો થોડાંજ વરસમા વધી પડેઆના સબબથી, તે તરફની આસેપાસે આવેલી બીજી ખાલી જમીનો વખતે કોઇ પરકોમના મુડદાં માટે લેવાએ, તેની ધાસતી ઉપજાવી છેક કીનારાની હેઠવાન સુધી ચીનના પારશીઓએ ઈ૦ સને ૧૮૪૭ મા સરકાર ખાતે શેહજ દણ્ડ ભરીને પોતાના હમદીનોના મઈએતખાના માટે ચંદરોકાળ સુધીના પટાથી માંગી લીધેલી તાંહાંની અનજુમને સાચવી રાખીછે. નો૦ લે૦

પણાથી બજાવેઆ પછે, પોતાના બીજા ભાઈઓ તથા
ગીરીમા મી૦ ડાસાભાઈ મેરવાંનજીની કુંપણીને નામે મુંબઈ
આડત ખાતાંની વેપારી પેહડીઓ સથાપીને ઘણા વરશો સુ
હતું. દુણીઆંદારીને સહમજનારા આ શેઠ ડાસાભાઈએ, લા
સાઓસતગી પણામા સારી રીતે જીંદગી ગુજારી હતી; અશીલાઇ ભ
રાફપણું તેવનમાં અતીઅંત સમાએલું હતું; અને તેમા વલી એક ખુબી
જણાતી હતી કે, ગરવ તથા ગોશે તદન નહી રાખતાં ગરીબોને પેઆરથી ચાહવા, તવંગરોને મુરવતથી રીજાવવા, મીતરોને માનથી જોવા, અને મુદઈઓને હએસાનથી ઓહવા સંબંધી સારી સહમજ તેવન ધરાવતા હતા; એટલુંજ નહીં પણ તનની પરેહજગારી, અને મનની એકીનદારીને ઉસતવાર રાખી નીતી ભરેઆ ધંધાની અંદર રોજીમા રસ, અને કામકાજમા જસ મેલવતાં ગરીબી હાલતમાથી નીકલીને છેક તવંગીરીના તરીકાપર ચહડી શેઠીઆ બની રહેઆ હતા. આટલી ખુબીઓને પોતાના જીગરમા સમાવેઆથી, છેક અમેરીકા ખંડ સુધી પોતાની કીરતી વખણાવીને, તાંહાંના ઓહોલાં કામોની મોટી આડત પોતા તરફ ખેંચી લીધી હતી. પેનકીલર નામની ઉતમ દવાઓ આ શેઠને તાંહાં આવતી રેહઅ, તેનો ફાએદો ગરીબોમા હેવો તો ફેલાવી દીધો કે, તે દવાની સેંકડો શીશીઓ અતરે તથા કરાંચી તરફ ધરમ ખાતે શોગાદ કરી હજારો પરાંણીઓના આશીરવાદ પોતે મેલવી લીધાછે. આ શેઠ ૫૮ થી વધારે વરસ જીવવા નહીં પાંમતાં, હકની દરઘાહના કુદરતી નોતરાંને માન આપી રોજ ૧૯ મો માહ ૮ મો શેહનશાહી સાલે ૧૨૩૪ ૫૦ એ બેહસતનસીન થયા. આ ગરહસથે પોતાની હઇઆતીમા કેહવી રીતની અને કેટલી રકમની સખાવત કીધી, તેની વીગત તો અજવાલે આવી નથી; પણ મરણ પછે તેવનના ભતરીજા શેઠ શોરાબજી ધનજીભાઇએ પોતીકા આ મરહુમ કાકાની પુંજીમાથી, હેઠલ જણાવેલાં ધરમના બે કાંમો કરાંચી ખાતે તેમને નામે બજાવેલાં જે માલુમ પડેઆંચ, તેટલીજ ઇઆદગારીની નોધ હીંઆં લઈ સખીએછે:—

તાંહાંના જરથોસતી બાલકોને કેલવણી માટેના મકાંણની જે હાજત હતી, તે પુરી પાડવામાટે બંધાવી આપીને રોજ ૧૯ મો માહ ૯ મો શેહનસાહી સાલે ૧૨૩૭ ૫૦ એ તેહવા ઉપીયોગ સારૂં ખોલ્લી મેલી તે ઉપર ખરચેલા ૩૫૦,૦૦ સંભલાયાછે.

એજ મકાનના હમદીનોને તાંહાંની ધરમને લગતી ક્રીરીઆ, તથા તેઓને એબાદત કરવા સારૂં એક અગીઆરી બંધાવીને રોજ ૯ મો માહ ૯ મો શેહનસાહી શાલે ૧૨૩૮ ૫૦ થી તેઓના વાપરવાસ માટે તાંહાંની અનજુમનને સવાધીન કરી દીધીછે.

આ ગરહસથના મરણ પછે તેમની પેહડી ખાતાંનો કારોબાર કચરાયાને લીધે, હઈઆત રહેલા ભાગીઆઓએ વેહવાર તદન બંધ પાડીને, તેનો વહીવટ ફડચો કરનારા થેડવી તેઓના સવાધીનમા શોંફ્યો હતો; અને તેજ સાહે-

ઓએ પાછલથી આગલાંજ ભાઓગસાલી નામે નવો રોજગાર રચાવેલો સાંભલવામા આવેઓછે. એવનની પુઠના બીજા ભાઈ ધનજીભાઇ જેવન મી૦ ઉલર કુ૦ ને તાંહાં ગોડાઉન કીપર હતા, તેવન ૫૭ વરસની ઉંમર ગુજારેઆ પછે, રોજ ૨૨ મો માહ ૧૨ મો શેહનસાહી શાલે ૧૨૩૬ ય૦ એ મરણ પાંમેઆ, તે સાહેબને સાંભલેઆ પરમાણે ઉપલી પેહડી સાથે અસલથીજ કશો હક તથા ઇલાકો બીલકુલ હતોજ નહી. એ મરહુમબી સવભાવે ઘણા સાહલેસ, અને સરવે સાથે મીલનસાર હોવાથી દોસત આસનાઓ, તથા કુટંબ કબીલાઓ તેનાને ઘણાજ હેતુથી ચાહતા હતા. હવે તરીજા ભાઇ ખરશેદજી, જે ઉપલી પેહડીના એક પંતીઆલા હતા, તે સાહેબની તબીએત જે નાદુરસત ચાલેઆ કરતી હતી, તેમા સાંનતી મેલવવાની મતલબથી પુણે શીધારેઆ; જાંહાં એકજ દાહાડો રેહતાં બીમારીમા ઘણા હાલહવાલ દેખાયાથી તતકાલ પાછા વલી આવેઆ; અને અતરે પોંહતા પછે માતરે એકજ કલાકમા પોતાના એસાવંદો તથા પરીવારોની ભેટ લઈ, ને રોજ ૧૯ મો માહ ૯ મો શેહનસાહી સાલે ૧૨૩૮ ની સાંહજરે છ વાગતે જીંનત તરફ અબઇ વાશો મેલવવા માટે ચાલી ગયા; અને તે વખતે તેનાની ઉંમર ૫૬ વરસની માલુમ પડી હતી. હાવા બનાવથી એક વાત અજાએબ જેવી જણાઇ આવીછે કે, કુદરતથી જેઓ જેટલો ફરક રાખીને એકેકની પુઠે જેમ જનમેઆ હતા, તેમ તેઓ દરએકની પાછલ તેટલેજ તફાવતે મરણબી પાંમેઆ; ઇઆને આ ભાઇઓ જે એકેકથી તરણ વરસ નાહના હતા, તેઓ બબે વરસનો ગાલો રાખીને ચાર વરસમા આ દુણીઆંથી દુરી પકડી ગયાને લીધે, તેઓના પરીવારોની અંદર ભારે દલગીરી ઉપજી હતી. મરહુમ મેહરવાંનજી વાડીઆના ચાર માહેલા માતરે એકજ નાધલા દીકરા હીરાજીભાઈ જે હઈઆત રેહેલાછે, તેનાની ટુક તવારીખ આ નોધ પાંને ૫૪૩ માં નોટની અંદર જણાવીછે; અને તે ઉપરાંત બીજી ઇઆદી જાહેર કરવા જોગ હાથ આવી નથી.

હાલ જમાનેના જવાન વાડીઆઓ માહેલા એક નાંમીચા નબીરા શેઠ નવરોજજી માણેકજી જે આપણી વસતીમા હવડાંજ વખણાતા જણાએચ, તેવનના સવતંતર પણાની હાથ આવેલી એક સારી ઇઆદીને સનદ તરીકે હીંઆં નોધી લઇ આ ખાનદાંનની ખુબીનું વરણન ખતંમ કરીએછે.

કોઇબી સાહેબોને અંજાંણેઉ નથી કે, પારશીઓના દોખમાવાલી એકાંત જગાપર વગર જરૂરીઆતે પોલીસ ખાતાંએ પેશીને જે ગેર ઇનસાફી ગુજારી હતી, તે સંબંધી સરકાર પાશેથી દાદ માગવા માટે પાંચ હજાર પારશીઓએ સહી કરીને એક અરજી પંચની પુંજીના રાખનદારો પાંચ અકાબર સાહેબોની શેવામા જે મોકલી હતી; તેની આગેવાણી આપણાં મરહુમ બારોનેટના નાધલા દીકરા શેઠ શેરાબજીની સાથે આ શેઠીઆએબી ઉઠાવી લીધી હતો. પણ તે અરજીનો આવેલો જવાબ અરજદારોની માગણીને અનુસરતો જારે નહીં મલેઓ, તારે તે બાબેની કેફીએત અનજુમનને જાહેર કરીને તેઓનો વીચાર પુછવાની સોઅનાથી તે બેહુ સાહેબોએ ય૦ ૧૨૪૩ ના નવાં વરસની બાહરવણે

જરથોસતીઓની જાહેર સભા "આલબલેસ બાગ" મા બોલાવી હતી. એ વખતે સરતશીનની ખુરશીએ બીરાજેલા, શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈની અરજ ઉપરથી, શેઠ મનચેરજી હોરમજજી કાંમાંજીએ પોતાનો અપક્ષપાત વીચાર જણાવતાં, અકાબર સાહેબોનો જવાબ નાપસંદ થેડવીને સભા તરફની દલગીરી જે જાહેર કીધી, તે દરખાસતને ટેકો આપવા માટે આ શેઠ નવરોજજી માણેકજી વાડીઆએ બે હજારથી વધારે મલેલા ગરહસથોની હજુરમા બુલંદ આવાજે કહી સંભલાવેઉં કે:—

"મીજલસના સાહેબો,

"શેઠ મનચેરજી હોરમજજી કાંમાંજીએ જે દરખાસત હવડાં વાચી સંભ-
"લાવી, તેને હું ટેકો આપુંછું. પાચ હજાર સહીનું અથવા બરાબર બોલીએ તો
"આખી પારશી આલમનું જે રીકુવીજીસન તરસટી સાહેબો જોગ મોકલવા
"સારૂં તેની સાથે મારૂં નામ જોડવાનુ મને માન હતું, અને હું ખાતરીથી
"કહુંચ કે, જારે તે રીકુવીજીસન મોકલવાની ચીઠી ઉપર શેઠ શોરાબજી જમ-
"શેદજીની સાથે મેં મારી સહી કીધી, તારે મેં જુદુંજ ધારેઉં હતું. એ રીકુ-
"વીજીસન મોકલતી વેલા તેને તરસટી સાહેબો આ પરમાણે "ડોનટ કેર" કરશે
"(યાને તુછકારી નાખશે) હેવું આપણ કોઈ માનતા નોહતા. માહરી ખાતરી
"હતી, અને માહરી ખાતરી કરવામા આવી હતી કે, ટરસટી સાહેબો રીકુવી-
"જીસન માહેલી માંગણીને જરૂર બાહાલ રાખશે, અને આપણી પવીતર મી-
"લકત ઉપર પોલીસ ખાતાંએ જે આજાબ ગુજારેઓ, તેને માટે તે સાહેબો
"સરકારમા જરૂર અરજ કરશે. તેવા ભરૂસા સાથે આ રીકુવીજીસન મોકલતી
"વેલા ટરસટી સાહેબો તેને આ પરમાણે તુછકારી કાહડશે એમ મને લાગતું
"નહીં હતું. મેં આસા રાખી નોહતી કે, જે ટરસટી સાહેબોને આપણે માન
"આપી એટલા મોટા કીધા, તેઓજ સામું આપણને એટલું અપમાન આપશે
"કે આપણી માંગણી બજા નહીં લાવશે. એટલુંજ નહીં પણ તેનો ઘટતો
"જવાબથી તેઓ ઉડાવશે. હું ફરીથી કહુંચ કે હેવી વકી મને નહીં હતી.
"આ રીકુવીજીસન મોકલવા પછે, આજના સરખી એક મોટી સભામા સામેલ
"થવાની ઉમેદમા હું હતો ખરો, પણ તે આજની સભાથી તદન જુદીજ સ-
"ભાની ઉમેદ રાખતો હતો, અને તે એકે ટરસટી સાહેબો તરફથી બોલાવેલી
"સભામા આવવાની આશા હુંએ રાખેલી હતી; અને તેને બદલે આપણનેજ
"આ સભા આજે બોલાવવી પડશે હેવું મારા એઆલમાબી હતું નહીં.

"ડુંગરવાડી આગલની જાસતીના સંબંધમા પોલીસે જે દુખ ભરેલી રીતે
"આપણને માઠું લગાડેઉંછે, તેને વીશે સરકારને ફરીઆદ કરવાની સભામા
"હાજર થવાની માહરી ખાએસ હતી, અને તેને બદલે ટરસટી સાહેબોની
"પોતાનીજ ફરીઆદ કરવા આપણ ભેગા મલશું એમ હું વીચારતો નોહતો,
"પણ અફસોસ કે રીકુવીજીસન મોકલતી વખતની આપણી બધી મતલબ
"અને મરજીથી તદન ઉલટીજ રીતે આપણને મલવું પડેઉંછે.

"હેવી રીતે શેઠીઆઓના કાંમની સાંહમે આપણને વીચાર આપવા પડેછે, "તે ઘણું દલગીરી ભરેલુંછે, પણ જારે એ દલગીરી ભરેલી ફરજ આપણે "માથે આવી પડી, તારે તેમા આપણે હઠીજવું નહીં જોઈએ.

"પારશીઓની હાલત હાલમા ઘણી માઠી ચાલેછે, તેવામા સતાવાલાઓ "આપણી સાંમે વીચાર ધરાવેછે તે દુખમા, વલી ટરસટી સાહેબો પણ આપણી "માંગણીની સાંમે થયા, એ શઉથી મોટું દુખછે; અને ટોલાના લોકો જે વેલા "સંપમેલ ચાહેછે, તે વેલા એ સાહેબોએ આખા ટોલાને અપમાન લગાડી "મતફેર ઉભો કરેઓછે તથા કુસંપ પેદા કીધોછે, એ ખરેખર પારશી ટોલાના "માઠાં નશીબ સમજું છેઉં.

"બીજા હાથ ઉપર આજની સભામા એક ખુશાલી તથા દીલશોજી જે "હું જોઉંચ તે એછે કે, મુખીઅ શેઠીઆઓનુ કાંમ અગરચે નાપસંદ પડે તો "તે શેઠીઆઓની ખુસામત કરવાને બદલે પોતાના ખરેખરા તેઓની વીરૂધના "વીચારો, જાહેર કરવા સારૂં લોકો વગર ધાસતીએ ભેગા મલે હેવું પારશીઓની "તવારીખમા પેહલીજ વાર બનેઉંછે, અને તે ઉપરથી લોકોમા સવતંતરપણાનો "ઘણો વધારો થવાની નીસાન મલેછે.

"હું પણ સંતોશ પાંમુછું કે, આપએબતીઆરીને સરસ નીસાન તરીકે "આજની સભા દેખાડી આપશે કે, પાંચ હજાર માણશોનો પોકાર દાબી દેવાને "પાંચ શેઠીઆઓ ચાહતા હશે તો તેમા તેઓ ફાવશે નહીં. શેઠીઆઓએ "કદાચ આપણ વીશે ધારેઉં હશે કે, એ લોકો શું કરવાનાછે? પણ આજની "સભા દેખાડશે કે, આપણ આ અપમાન ખમીને મુંગા બેશીશું હેવી ધાર-"ણામા ટરસટી સાહેબો ભુલેઆછે.

"તેઓના જવાબે દેખાડઉંચ કે, આપણા ધરંમના પવીતર મકાંણની બા-"બત ઉપર, એ શેઠીઆઓ ઘટતા ઉપાયો લેવાને ડરેછે, તો જે વેલા ટોલા "ઉપર કાંઈ વધારે (ખોદા નહીં દેખાડે) આફત આવી પડે તે વેલા એ સાહે-"બોથી હીંમત ભરેઆં કાંમો થવાની આપણે કેટલી થોડી આશા રાખવી જોઈએ. "આ વીચારો આપતાં મને ઘણું દુખ લાગેછે, પણ ફરજને ખાતર એ વીચારો "જે આપવા પડેછે, તે જણાવીને શેઠ મનચેરજીની દરખાસતને હું ટેકો આપુંછું."

મરદ બચો પોતે હોએ જે સુરો—તે લાખો હજારોને પડે પુરો.
હેવા નરને કહીએ ખરા અપક્ષપાત—તજવીજથી કરે ભલાઓને માહાત.
ન ધારતું કોઈ આ નરની હીંમત—થઈછે જેની તે સભામા કીંમત.
અશીલ લોકની ચાલછે ભલાઈ નેકીની—ન થાએ વાતો તેથી કાંઈ સેકીની.
પરીણામ તેવુંજ દીપાવેઉંછે—ચાલાકીનુ પાંણીબી શીપાવેઉંછે.
શોકર કરો તે પર વાંચનારા ઇઆર—ખોદા રાખે તેમને સદા બરકરાર.


ઉપલા ટેકાની બાબદમા આ શેઠનું બોલવું પુરૂં થયા પછે, સરનસીને શેઠ મનચેરજીની દરખાસત ઉપર સભાના જારે મત માંગેઆં, તારે સરવે સજ-

ણાએ બેહુના ભાસાંનો સરખી રીતે બાહાલ રાખેઆથીબી તેવનના સવતંતર પણાની સનદને મોટું માન મલેઉં હતું.

આ કુટંબની કીરતીને વીશેસ કઉઅત આપનારી એક વાત જે પરકાસ પાંમતી દેખાએચ, તેને જો હીંઆં દાખલ ન કરીએ તો આ અહેવાલ અધુરો કેહવાએ. મી૦ હોરમજજી અરદેસર ધનજીભાઈ વાડીઆ, જેણાએ અંગરેજી વીદેઆ સારી રવેશે હાંશેલ કીધેલી છે, અને જેવન બારીસટરનો અભેઆસ કરવાસારૂં વેલાત સુધી ગયા હતા; જાંહાં પોતાની ધારણામા ફતેહમંદ ઉતરેઆ પછે, તે બાબેની સનદ તાંહાંથી મેલવી લાવીને ઈ૦ સને ૧૮૭૧ ના મારચની ૨૧ મી તારીખથી આપણી હાઈકોરટ ખાતે પોતાનો પવીતર ધંધો ચલાવતા રહેઆને લીધે તેમના નામીચાં ખાનદાનની હોરમતમા અતી ઘણો ઉમેરો થયોચ; અને તેથી કરી તેમના અસરાફ માબાપને તેઓની જઈફીએ પોંચવાના વખતપર આવેલી જીંદગી માહ સંતોસ પાંમતી હશે તેમાતો કાંઈજ સંધેહ સહંમજાતો નથી.

આ કુટંબીઓની કીરતી ભરેલી કેફીએતનો સમાસ હીંઆં થઈ રહેઓ, તેટલાં એક ખુશ ખબરી હેવી જણાઈછે કે, વાડીઆજી શેઠ અરદેસરની સખાવતથી "ગરાંટ મેડીકલ કાલેજ" ની અંદર દાઇપણાનો હોનર શીખવા રહેલી દેશી સ્ત્રીઓ માહેલી પાંચ પારસણોએ ડાકટર રૂસતમજી નશરવાંનજી બોરીના હાથ હેઠલ લીધેલી મુફ્ત કેલવણી સંબંધી પરીખરા આપેઆ પછે, સનદો મેલવીને સુવાવડીઓને સંતોસ પમાડવાનો રોજગાર શોધવા સારૂં ઈ૦ સને ૧૮૭૩ ના ડીજેમબર મહીનાથી જાહેર થઈઓછે. આ શેઠીઆના સખી દીલની અજમાએસનો ઉતંમ અખતરો ઘણો વેહલો અજવાલે આવેઆથી, હાવો વરગ જેમ પેહલો વખણાયોચ, તેમ તે છેલ્લો નહીં કેહવાવા માટે બીજી બાઈઓનેબી તેવું ઉતેજન સદા અપાતું રેહશે તો, સંધે નથી કે જનવાના કુદરતી કાંમની અંદર અગત વેલા કેલવાએલી દેશી દાઇઓની મદદ અતી ઉપીયોગી થઈ પડશે; અને તેથી કરી બાલહંતીઆની ધાસતી કાંઈક દરજે ઘટેઆ વીશેનું માહ પુન તેમને ચંદરોકાલ સુધી મલતું રેહશે.

લવજી વાડીઆના ભાઈને તાંહાંની વંશાવલી.



શેઠ સોરાબજી નોસરવાનજી વાડીઆ, તથા તેમનું પરીવાર.

વાંહાંણો બાંધવાના હોનરમા વખણાઈ ગએલા મરહુમ લવજી વાડીઆ પોતાની સાથે તેમના આ ભાઈને જે અતરે લાવેઆ હતા, તે સાહેબખી કેહચ કે ભાઈની પક્ષમા ભેલાઈને જીંદગીના છેડા સુધી ગોદી ખાતાંની નોકરીમા રહેલા હતા; પણ તેવનના ગુજરી ગયા પછે તેમના તરણ માહેલા એકબી બેટાએ બાપોકો રોજગાર હાથ નહી ધરેઆ વીશેનો સબબ અજવાલામાથી દુર રહેલો જણાયોછે.

વંશાવલીની ટીપમા દાખલ થએલા તેમના બીજા તથા તરીજા બેટાઓને તાંહાંના ફરજંદો તો હસતીમા આવેઆંજ નોહતાં, પણ વડા માણેકજી માતરે એદલજી નામનો એક દીકરો મેલી જે મરણ પાંમેઆં, તેના દાહડા વારની યાદીબી તેમના પરીવારો ભુલી ગએલાં માલુમ પડેઆંછે.

મરહુમ એદલજીને તાંહાં ફરાંમજી તથા જમશેદજી નામના બે બેટાઓ જનમ પાંમેઆ હતા, અને તે સાહેબોથી વસતીનો ઉતરેલો વેલો તેઓના પરીવારો તરીકે ગણાએછે.

ફરામજીએ બધો જનમારો જાણવા મુજબ પોતીકા એશી મરહુમ વાડીઆજી શેઠ હોરમજજી બમનજીને તાંહાં, અને તારપછે તેમના બેટાઓ શેઠ બમનજી તથા અરદેસરની ચાકરીમા રહીને ૭૨ વરસની જઈફી સંતોસથી પસાર કીધા પછે, રોજ ૨૯ મો માહ ૭ મો શેહનશાહી શાલે ૧૨૨૭ ય૦ એ હકની દરઘાહનો રસતો પકડી લીધોછે.

જમશેદજી જારે નાહની ઉંમરના હતા, તારથી આપણી વસતીમા પરએઆત થઈ ગએલા કાપડના નામીચા વેપારી ઠકર દાંમજી ચતુરની ચાકરીમા રહેઆ હતા. કામકાજમા જેમ ચાલાક દેખાયા, તેમ વધતાં વધતાં તેજ વખનાએલી પેહડીના સંબંધમા એક પરમાણીક પંતીઆલા તરીકે જોડાઈને બધો ભવ તેમાજ રોકી રાખેઆને લીધે, વાડીઆને બદલે દામજી ચતુરના જમશેદજીની અટકથી હીંઆં ઓલખાએલા હતા. એ સાહેબખી પોતાના વડા ભાઈની પુઠે ૭૨ વરસની વએ પુગીને, રોજ ૮ મો માહ ૭ મો શેહનશાહી શાલે ૧૨૩૩ ય૦ એ બેહસતનસીન થયાછે.

ઉપલા મરહુમ ગરહસથના વડા દીકરા મી૦ માણેકજી, જે બચગીથીજ બાપની તાબેદારીમા રહીને કાપડના ધંધામા મશગુલ હતા, તેવણખી આજ કેટલીક મુદત થાઈ એજ પેહડી માહેલા આગલા વહીવટદાર ઠકર લખમીદાસ દામજીની સાથે પંતીઆલું જોડીને મી૦ લખમીદાસ માણેકજીની અટકે સારી આંટ સાચવી કાપડનો વેપાર પરમાણીકપણાથી ચાલુ રાખી બેઠાછે. એજ ગરહસથના એક બીજા ભાઈ, તથા કાકાના દીકરાઓની બાબદમા કાંઈ જાંણવાજોગ બીના નહીં હોવાને લીધે, વંશાવલીની ટીપમા તેઓના નામોની માતરે યાદી આપી આ નામીચાં ખાનદાંનનો અહેવાલ હવે બંધ પાડીએછે.


કાંમાંજીના કુટંબની કેફીએત.

ખબર કાહડતાં હેવું માલુમ પડેછે કે, મથાલે જણાવેલી અટકવાલું અસલ નાંમ ધરાવનાર શેઠ કાંમાંજી કુંવરજી* સુરતની પસ્છમે પેલ પાર આવેલાં "રેણાં" ગાંમના રેહવાશી હતા. તે ય૦ ૧૧૦૪ માં વાડીઆ ખાંનદાંનને પરખેઆત કરનારા વડા શેઠ લવજી સાથે રાહના સાથી થઇને પોતીકાં ખાંનગી કારણે વતન છોડી પેહલવેહલા જારે મુંબઇમા આવેઆ, તારે તેમની ઉંમર વરસ વીશેકની હતી; અને તે હસાબે જોતાં શાલે ય૦ ૧૦૮૪ માં જનમ થએલા જે ધારીએછે, તે એટલા માટે કે એવણની જોડે આવેલું કોઇનું ઘેર ઇ૦ સને ૧૭૪૬ માં વેચાએઉં હશે, તેના ખત ઉપર તે વખતના રેવાજ પરમાણે આ સાહેબે પડોશી દાખલ કીધેલી શાખની શેઆદત એજ કુટંમબીના એક ભાગ્યેશાલી શેઠીઆએ હમોને દેખાડીચ, તેને પુરતી રીતે બાહલ રાખી કહીએચ કે કાંમાંજી શેઠ તારે પકી ઉંમરનાં મુંબઇમા પરખેઆત થએલા જણાતા હતા. મુંબઇમા આવેઆ પછે કેહચ કે સરકારની તરેજુરી ખાતે કોઇ પરભુ વડો કાહરોબારી હતો, તેના હાથ હેઠલ જુજ પગારે ચાકરી રહીને પોતાનો સંસાર ચલાવતા હતા; અને વખત સારા તેથી ટુક મુદતમાં ખોદાની મેહરબાંની પાંમી થોડાક સુખીખી થયા હતા. આ શેઠ મુંબઇમા આવેઆ તેની ઘણાક વરસ આગમ્-જથી અતરે વતન કરી રહેલા શેઠ જમશેદજી ભીમજી ગાંમડીઆ (આપણાં હાલના બુજોરગ અકાબર શેઠ ફરાંમજી નોશેરવાંનજી પટેલના વડવા) તેમના મામા થતા હતા.

આ કાંમાંજી શેઠના એદલજી તથા મનચેરજી નામના બે દીકરાઓ હતા તેઓના જનમ અતરે અથવા ગાંમમા થયા તેની પકી ખબર મલી નથી, પણ એટલું તો ચોકસછે કે તે સાહેબો પોતાના બાપની સંભાલ હેઠલ હુધરીને જે મોટા થયાચ, તારે તો અલબતાં હીંઆંજ અવતરેલા હોવા જોઇએ. એ માહેલા


* એવણની સાથે એકજ વખતે આવેલા (દીનીઆર ધાંધીના બાવા) શેઠ કાવસજી હીરજી, ધાંધીની દુકાણ કાહડી બેઠા; અને તે પછે બીજા ધંધામા પડીને જે પરખેઆત થયા, તે બાબેની ચોકસ હકીકત હાથ આવી નહીં. પારશીઓની પધરાંમણીના મથાલાં હેઠલ આપેલી ટીપમા મરહુમ લુલા વાડીઆનું નામ જણાવેલુંછે તેવણ નહીં, પણ તેમના બાવા શાપુર રતનબેબી પાછલથી ખબર મલેઆ મુજબ લવજી વાડીઆ ગોદીના કામ સારૂં પોતાની સાથે પેહલવેહલા સુર-તથી લાવેઆ હતા. એજ ટીપમા દાદા જંટલમેનને દીનીઆર ધાંધીના ભાઇ જણા-વેઆચ, તેમ નહીં પણ પાછલથી પકી ખબર મલેઆ મુજબ તે સાહેબો એક બી-જાના વેહવાઇ હતા; અને તેવણના બાવા કાવસજી આદરજીનો અસલ ધંધો ક-ડીઆનો હોવાથી કેહચ કે, કેટલાંક ઘેરોની ભીત વગેરેનું કાંમ તેનાએ બાંધીને સંપુરણ કરી આપેઉં હતું. દાદા જંટલમેને સાંભલેઆ પરમાણે બાપથી નીરાલા રોજગારમા રોકાઇને પોતીકા ભાઇ માણેકજીની સાથે પેહલવેહલું લીલાંઉખાંનુ કાહડેઉં હતું, અને તે દાહડાથી તેઓનું પરીવાર લીલાંઉ વાલાની અટકથી પરખે-આત થએલુંછે.
નો૦ લ૦

કામાજીનાં કુટંબની વંશાવલી.




કામાજીનાં કુટંબની વંશાવલી.

(૧.)




કામાજીના કુટુંબની વંશાવળી.

(૨.)



કામાજીના કુટંબની વંશાવલી.

(૩)



એદલજીની કારકીરદી વીશેની કેફીએત તો હાથ આવી નથી, મગર મનચેરજી વીશે એટલુંજ સાંભલીએચ કે તેવણ ચીન સાથે બોહોલો વેપાર ચલાવીને એકવાર વાંહાંણવટીના દરજ્જા સુધી પોંહતા હતાં. જમાંનાની જાલમીએ કોઈને સદા ઇઆરી આપી નથી તેમ મનચેર કાંમાબી તેની ગીરદેશી ચુંગાલમા આવી પડેઆથી, પાછલે દાહડે ઘણુંજ સંકટ ખમીને મરણ પાંમેઆ હતા. તેમના વડા ભાઈ એદલજી તેણાની પછે અથવા આગમજ મરણ પાંમેઆ તેની, તથા મજકુર શેઠ મનચેરજીના મરણ દીવસની સનદ બેહુ ભાઇઓના પરીવારે માહેલા કોઇબી ગરહસથની પાસે સચવાઈ રહેલી નથી.

એદલજી કાંમાંના બે દીકરાઓ મધે એક હોરમજજી અને બીજા સોરાબજી નામના હતા જે માહેલા વડાનો જનમ તેમના મરણ વખતે હોએલી ઊંમરના પરમાણ મુજબ શાલે ય० ૧૧૩૫ મા થએલો મુકકર થડેછે; અને બીજા સાહેબના જનમ તથા કારોબાર વીશેની કેફીએત જાણનારો તેવણનો એકજ પુરો દીકરો કાંમાંજી નામનો હજીસુધી હઈઆત રહેલો હોતતો, તેવણ થોડીક નોંધ આપી શખતે; પણ તે બીચારો ઘણી મુદત થઈ ગુજરી ગયાને લીધે તેમની હકાએતની સાથે નસલબી ખતમ થઈ ચુકીછે.

શેઠ મનચેરજી વલદે કાંમાંજીના પરીવારોની પરખેઆતી.

ઉપલા બુજોરગ જારે ગુજરી ગયા તારે તેમણે તાંહાં ઓઘાતાલાએ બખશેલા તરણ પુતરો હઇઆત હતા, જેઓ મધે શેઠ ફરાંમરજ, હોરમજજી, અને નોશેરવાંનજી કાંમાંને નામથી આપણી ટાપુ પર ઓલખઇતા હતા; એ માહેલા વડા ભાઇએ તો ચીન ખાતે અફીણ તથા બીજા માલનો બોહોલો વેપાર ચાલુ કીધો હતો, કેમકે તેહવા વખત ઉપર પરચુટન જીનસનો તાંહાં ખપ સારો હતો, અને તેનો રોજગાર કરનારા થોડા જણાં હોયાથી તે સાહેબને તેમાં નફોબી મન માંગતો મલતો હતો. તેમનાં વચલા ભાઈ આપણી ટાપુ ખાતે મરહુમ શેઠ બરજોરજી ન્હાનાભાઈ દાવરને તાંહાં અસલથીજ મેહતાગીરીમાં જે મસગુલ રહેલા હતા, તેથી તેમને એજ ઓલખાન વણાં કોઈ પીછાંણતું નોહતું, અને નાંધલા ભાઈ વીશે સાંભલીએચ કે, મરહુમ શેઠ નોશેરવાનજી પીઠીટના હાથ હેઠલ દુબાસનું કાંમ કરતા હતા; પણ તેમના વડા ભાઈ શેઠ ફરાંમરજ કાંમાંનો વેપાર જારે વીસેસ ફેલાયો, તારે પોતાના બેહુ ભાઇઓને તેમાં સાંમેલ રાખીને એકસંપીથી વહીવટ ચલાવવા લાગા. ઊંચાં બીલારકાંમ વીગેરે વેલાતી સાંમાંણનોબી ધંધો એકવાર તેઓએ પોતાને હાથ હેવાતો કરી લીધો હતો કે, જે ચીજ કેપે નહીં મલે તો કાંમાંને તાંહાંથી હાથ આવી સખતી. એ તરણે ભાઇઓ મધે દરએકને તાંહાં ચાર ચાર દીકરાઓ ઉપરાંત કેટલીક દીકરીઓએબી જનમ લીધો હતો, અને તેઓ સઘલાઓ વસતીવારીથી આજે એટલાતો ભરપુર થાએલા દેખાએચ કે, આ કાંમાં ખાંનદાંનનાં નાંધલાં તથા મોટાંઓને

એખીતાં કીધાં હોએ તો, ઓદાતાલાની બખસેસથી એક નાંધલાં સરીખાં ગાંમડાંની વસતી જેટલાં દેખાઇ આવે. ઉપલા તરણે ભાઇઓ માહેલા વડા શેઠ ફરાંમરજ રોજ ૧૪ મો માહ ૧૦ મો કદીમી શાલે ૧૧૯૨ મા વરસ ૪૩ ની ઉંમર ભોગવીને, તથા વચલા શેઠ હોરમજજી ૧૧૯૭ ના કદીમી ચોથા ગાથાને રોજે ૪૪ વરસની વએ ગુજારીને મરણ પાંમેઆ છે. આ બેઉ ભાઇઓના વહીવટનો બધો બોજો તેઓના બાલક છઇઆંઓના સંભાલ સહીત, હઇઆત રહેલા નાધલા ભાઇ નોશેરવાંનજી કાંમાને માંથે જે આવી બેઠો, તે મુજબ તેનાએ પરમાણીકપણે સઘલું કામ આટોપી લઇને છોકરાઓ તથા ભતરીજાઓને અછી કેળવણી આપેઆમા કશી કશુર રાખી નોહતી. ભતરીજાઓને જેમ ઉંમરે પોંચતા જોયા, તેમ તેઓના બાપીકા વારસાનો હક દરએકને હવાલે કરી તે બાબેના જર જોખંમમાથી ફારગ થયા પછે, શેઠ નોશેરવાંનજી કાંમાંએ પોતાના વેહવારને સારી આંતથી સાચવીને સરાફી ધંધાની સાહેતાથી મોટો દરવીય મેલવી લીધો હતો. ઘણા વરશો સુધી કાંમાં કુટંબમા વડાપણું ભોગવીને રોજ ૨૦ મો માહ ૪ થો કદીમી શાલે ૧૨૨૫ ય० એ ૭૨ વરસની જઇફીએ પોંહચી બેહસતનશીન થયા. આ ગરહસથની પુંજીમાથી તેવણના હકદાર વારશોએ હીશે પડતો દઇવત જે વેંહચી લીધો, તે આગમજ પોતીકા પીતાની યાદગારી કાંએમ રેહવાના હેતુથી રૂપીઆ સવા લાખની એક થાપણ અલાહેધી કાહડીને બેશીઓ માહેલા શેઠ દાદાભાઈ હોરમજજી, પેસતનજી હોરમજજી અને મરહુમના દીકરા ખરશેદજી નોશેરવાંનજી મલી તરણ* સાહેબોના સંભાલ હેઠલ રાખી. એ બાબેના લખતમા હેવો બંદોબસત કીધેલો કેહવાએછે કે, ઉપલી થાપણની ઉપજમાથી મલતી જોગવાઇએ શેઠ નોશેરવાનજી કાંમાંને નામે ઉપીયોગી ધરમખાતાંમા ટરસતીઓ ખરચતા રેહ, અને મુદલને સંભાલથી સાચવી રાખે. હાવી સુભ સરત મુજબ મરહુમ શેઠ નોશેરવાંનજી કાંમાંની નઇઅતે ઘણાક ગરીબ કુટંબોનો સંસાર સચવાયા ઉપરાંત તે મરહુમના નામથી તેવણની હઇઆતીમા સ્થાપેલી જરથોસતી છોકરીઓને મલતી કેળવણી બાબેની નીરાળનું ખાતું પણ સારા પાયા પર ઉસતવાર રહેલું સંભલાએછે. શેઠ નોશેરવાંનજીના વારેશોએ પોતીકા પીતાના પુન સારૂં કુલ રૂ ૨૮૦૦૦ ની એક રકમ અપસ અપસમા ભેગી કરીને, જુદાં જુદાં ધરમમા વાપરવા માટે તે ખાતાંઓના દરએક વહીવટદારોને સંપુરદ કરી દીધી હતી.

ઉપર જણાવેલા ત્રણે ભાઇઓનાં હઇઆત રહેલા મધેથી કેટલાએક દીકરાઓએ તેમને હાથ વારસામો મલેલાં નાંણાનો ઉપીયોગ કરવા માટે વેપારની સરૂઆત પેહલવેહલી ય० ૧૨૧૦ ની સાલથી ચલાવી. જાંહાં સુધી દાહાડો પોહચેઓ તાંહાં તુલીક, સઘલા પીતરાઇ ભાઇઓ એકેક ઉપર સરસાઈ મેલવીને એવાતો ઉગી નીકલેઆ હતા કે, એકવાર વાંહાંનવટીઓખી થાઇને ચીન, કલકતા, સીંગાપોર, વેલાત, તથા માહેલાં કેટલાંક પરાંતો મધે દરએકે પોતાને નામની

* પાછલથી તેમા શેઠ મનચેરજી હોરમજજી તથા કેખસરૂ રૂસતમજી કાંમાં હુમેરાયા, તેઓ સુધાં એ ધરમખાતાંના હવડાં પાંચ ટરસટીઓ કેહવાએછે. ના૦લે૦

સાખા પેહડીબી પેસારી હતી; અને કાંમકાજની ચાલાકીએ સરાફી બજારમાં એવીતો આંટ દીપાવી દીધો કે, તેઓની સાથે સંબંધ રાખનારા કેટલાક વેપારીઓને કોઈ કોઈ વખતે તેઓનાં નાંમની જાંમીનગીરી મેલવવાની અગત પડતી, તો તેહવાઓનું કાંમબી કરી આપવાની આગેવાંણી એ સાહેબો ભુલતા નોહતા. પણ આસમાંની દોરનું ચકર જારે બદલાએઊં તારે ઈ૦ સને ૧૮૬૫ માં સેરસટાની આફત ભરેલી કાલી વાદલી કોઈએ સપણેબી નહી ધારેઊ હશે તેહવી જહડફથી એઓ માહેલા કેટલાક જણાઓને માથે એવીતો આવી બેઠી કે, છતી પુંજી ઉપરાંત વેપાર વણજથી મેલવેલા મુબલક નફો ખોહતાં ગાંમનાં મોટાં કરજમા સપડાઇ ગયાને લીધે, તેહમાંથી તેઓ સમાંધાંણીની રાહે પાર ઉતરી સખેઆજ નહી. એ ખાંનદાંનનાં ચાર અથવા પાંચ સાહેબો જેઓ અસલથીજ તેમનાં રૂડાં ભાએગે તેહવા લોભમાં પડઆ નોહતા, તેઓજ માંતરે આબરૂ સાથે બંચી રહેઆ, અને બાકીનાં સઘલાઓને પોતપોતાનો વહીવટ બંધ કરવાની જે ફરજ પડી, તેમાં સેકડો જણાઓની રોજીનો નશીબો તેઓને હાથ હતો તેબી સદનતર નીકલી ગયાથી તે બીચારાઓ એકેદંમ નીરાસ પાંમીને બીનરોજગારે ઘણુંક સુધી રહજલતા રહેઆ; જે વીશેની વાંત જણાવતાં અતીઅંત દુખ ઉપજેછે. એ કાંમા કુટંબનાં નબીરાઓ મધેનાં થોડાક જણાઓ હાલ પડેલી આફતમાથી એકવાર મોકલા થાઈને પાછો ધનધો રોજગાર ચલાવતા હવડાં માલુમ તો પડેચ, પણ ગઈ ગુજરેલી જાહોજલાલી તેઓને હાથ આવતાં ઘણી લાંમબી મુદતનાં વાએદાની વકી રાખવી જોઇએ.

શેઠ હોરમજજી એદલજી કાંમાંજી.

આ શેઠની હકાએત જેટલી ટુકમા જણાવીશું, તેટલી તેમની નેક નાંમી ભરેલી કારકીરદીનું વજન ઘણુંજ બોજદાર તથા માન ભરેઊ વખણાશે. બારેહકતાલાએ તેનાને બખશેલી સખતી, તથા નીતી ઉપર હઇઆતીની છેલ્લી ઘડી સુધી પોતે એવાતો ઉસતવાર રહેલા હતા કે, તેટલીજ બરકતથી સંકટના વખતામાબી સંતોસ પાંમતા જેઓએ તેવનને જોયા હશે, તે સાહેબો તેનાની ખુધીની કીંમત પીછાંણી સખશે; માટે વીશેસ સરેહ કરેઆ કરતાં તેમના સનસારી સમાચાર લેવાનીજ માતરે રજા માંગીએછે.

આપણી ટાપુ ખાતેના મરહુમ શેઠ એદલજી બમનજી (ઉરફે એદલકાકા) જારે બોહલા વેપારની આડતનુ મુબલક કાંમ લઇને ચીન જતા હતા, તારે આપણા આ હોરમજજી કાંમાંએ તેણાને તાંહાં વાંણોતરીની ચાકરી મેલવીને શાલે ૧૧૫૫ ય૦ મા પેહલવેહલી સફર તે તરફની એખતેઆર કીધી એટલુંજ નહીં, પણ તેમની સંગતમા ઘણા વરસો સુધી રહીને વેપારના કાંમની સારી માહીતી મેલવી લીધા ઉપરાંત, મનની ચંચલાઈ વાપરીને ચીના લોકોની સખત બોલી સહમજવાની વલાંણ હેવીતો પુરતી પકડી હતી કે, તેથી કરી તેવણને

"પાહાવા" ની અટક હાંશેલ થાઈ; કેમકે કોઈબી પરદેશી એકમાથી બીજી જુબાંનનો તરજુમો કરી સહમજાવે તેને ચીના લોકો "પાહાવા" કરી કેહછે. આટલી માહીતીને લીધે ઘણીવાર આપણી માજી રીકારદર, તથા સુપરીમ કોરટમા આ સાહેબ ગાંમમા હાજર અસતાં ચીના બંધવા અથવા સાખશીઓને સહમજાવા માટે તેમનુ કાંમ અતીઉપીયોગી થઈ પડતું હતું; અને તે બાબે નેયાયાધીસો તરફથી તે બુજોરગને બહુ માનબી મલતું હતું.

એ ઉપરાંત શેઠ હોરમજજી બીજી અટકથીબી આપણ વચે જે ઓલખાએલા હતા, તે આટલા માટે કે તેવણ ઘણી મુદત સુધી એદલ કાકાને તાંહાં મેતાગીરીમા મસગુલ રહેઆને લીધે ચીના લોકો તેણાને "શેચી"* કરી કેહતા હતા. આ સાહેબના પરમાણીકપણાની ખુબી વીશે, ઘણાક ચીના વેપારીઓ તથા ગરહસથોને મોહડેથી આ નોધ લેનારે ચીનમા વખાણ સાંભલી હતી; અને તે વખતપર આપણી તરફના જેબી સાહેબો તેણાની સંગાથે વશેલા હતા, તેઓ માહેલા જો હઈઆત હશે તો, તેઓબી તેની શાઅદત આપવાને કભુ ભુલશેજ નહીં.

દાહાડાએ જારે ચહડતી દશા દેખાડી તારે આ શેઠ હોરમજજી કાંમાં ચાકરીમાથી મોકલા થઈને સવતંતરપણે પોતાનો ખાંનગી વેપાર તથા લોકોની તરફથી મલતી આડતનુ કાંમ ચલાવવા લાગા; અને તેવા સબબથી વેપારી મંડલીમાં એક નીતીમાન ગરહસથ દાખલ પરએઆત થઈ પડેઆ હતા. કેહચ કે આપણી કોમના મરહુમ અકાબર સાહેબ વાડીઆજી હોરમજજી બમનજીના બોહલા વેપારના કાંમની આડત મેલવીને ઘણાંક વરસો સુધી તેનાએ જાલવી રાખેલી હતી; અને જાતી મેહેનત ઉપરાંત ભલી મીલનસારી, અને ચોખી દેઆંનતદારીનુ રૂડું ફલબી તેનાએ હાંશેલ કીધું હતું; પણ હોનારત ઘણી વખતે ઇનસાંણને હેવી સંકટમા એકાએક ફસાવેચ કે, તેનું ભાંણ હાથમા નહીં રહેઆને લીધેબી ન ધારેલી પીડાને ભોગે તે ચહડેચ, તેહવીજ કોઈ ભુંડી નડત આ અશો ખસલતવાલા હોરમજજી પાહવાના ભવીસ ઉપર આવી ભમેઆથી સંભલાએઊંચ કે, શેહજ વાતની બોલા ચાલીના અંતસનો વેરભાવ રાખી, તેમના આડતીઆઓ માહેલા કોઈએકે કેટલાંક વરશો તુલીક કોરટમા તેમની સાંમણે વાંધાઓ હુભા કરી જે મુકદમો ચાલુ રાખેઓ હતો, તેની સફાઈ વાસતે જવાબ આપી નીતીનો સંભાલ કરવા જતાં દોલતની પાએમાલી સાથે આ બીચારા દીનદાર જરથોસતીની ખાલ નીકલી ગઈ હતી; જે ઉપર કશોબી ગંમ પકડેઆ વનાં ધીરજથી સંતોશને સવાધીનમા રાખી અસલનીજ મુઆફેક દયા, દાતારપણું, તથા પાક દેઆંનતદારીને ઘણીજ ઉસતવારીથી વલગી રહેલા હતા; એટલુંજ નહીં પણ તેહવા સંકટના સમાંપર જેબી કોઇ આશેઆવંતો તેમની દવડીએ ખેરાત માંગવા આવે, તેને ખાલી હાથે કભુ જવા દેતા નોહતા; અને

* ચીનાની બોલીમા "શે" લખનાર, અને "ચી" કાગલને કેહછે; અને તે બેહુ શબદો જોડાયાથી "શેચી" યાને લખનાર અથવા મેતાનો ખરો અરથ થાએછે.
નો° લે°

તે એટલાં વેરકે પઇસાની તંગાસમાં ઘણાજ આવી ગયા છતાં ઘેર માંહેથી કોઇબી ચીજ વસત આપી તેહવા મોહતાજોની છુપા આતમાંનો ગુપત આશીરવાદ પાંમતા હતા. આટલી સખાવતના બદલામા તે જગત કીરતારની જારે અપાર કીરપા પાછી થાઈ, તારે તેમનાં એક ભલા મીતર મરહુમ શેઠ ફરાંમજી કાવસજી બનાંજીનાએ આપેલી ઉલટથી આ નેકબખત પાહવા સાહેબે જઇફી વખતે ય૦ ૧૧૮૮ મા ચીન ખાતેની સફર જારે પાછી એખતેઆર કીધી, તારે આપણી ટાપુના કેટલાક વેપારીઓ તરફથી આડતનાં કાંમની તથા તાંહાંના મોટ. મોટા હાંગવાલા ચીનામીતરોની અછી મદદ મલી; અને તેથી થોડાંક વરસ તાંહાં રહીને અસલ જેહવા તો નહીંજ પણ પોતાના બચાંઓનુ સુખ ચેનથી પાલણ થાએ તેટલું મેલવીને ય૦ ૧૧૯૨ માં સવરગી રાજની વસતીને છેલ્લી સલાંમ કરી મુંબઇ ખાતે પાછા પધારેઆ. જાંહાં સાત વરસ તુલીક બાકીની જીંદગી જાહોજલાલી સહીત પુરી કરીને તાંહાંથી જાવેદાંની આલમમા નીરાંતે વાશો લેવા સારૂ રોજ ૭ મો માહ ૧૧ મી કદીમી શાલે ય૦ ૧૧૯૯ માં ફુલ-ગુજાર થયા તારે તેમની ઉંમ વરસ ૬૪ આસરેની જણાઇ હતી. આ સાહેબ ગુજરેઆ તારે શેઠ નશરવાંનજી, દાદાભાઈ, મનચેરજી તથા બેરાંમજી નામના દીકરાઓ ઉપરાંત એક દીકરી મલી તેમના પાંચ ફરજંદો જે હઇઆત હતાં, તેઓમાથી વડા તથા નાધલા મલી બે દીકરાઓ તારપછે એકેકની પુઠે મરણ પાંમેઆ; અને બાકીના ફરજંદો તથા બીજાં પરીવારો કીરતારના ફજલો કરંમથી બરકરારી સાથે આપણી વસતીમા ભિલાએલાં માલુમ પડેછે.

શેઠ મનચેરજી હોરમજજી કાંમાં.

કેખસરો યેજદીઆર નામના ઇરાંની જરથોસતી સાથે તાંહાંથી આવેલી તેમની ૪ માહેલી નોંજબાનું નામની તરીજી દીકરી, જે શેઠ હોરમજજી એદલજી કામાંજી* સાથે પરણેઆ પછે, તેનીને પેટથી એકેકની પુઠે પેદા થએલા ૭ માહેલા આ તરીજા સપુત ય૦ ૧૧૮૪ ના કદીમી પેહલા મહીનાને છઠે રોજે જનમ પાંમેલા માલુમ પડેઆછે.

આ શેઠની જીંદગીના હએવાલની સરૂઆતમા આટલી વાત અતરે દાખલ થવી જોઇએચ કે, એવણ જારે વેહવાર વરતવા લાગા તારે તેનો ઉદીયોગ હાથ ધરીને પેહલવેહલા પોતાના એશી શેઠ નસરવાનજી મનચેરજી કામાંને તાંહાં, ૧૨૦૩ ના કદીમી ઓરદાદ માહથી તે ૧૨૦૭ ના કદીમી અરદી બેસત

* તેમની પેહલી મોહરદાર નસરવાનજી નામના એક દીકરાનો જનમ આપીને મરણ પાંમેઆ પછે, ઉપલી ઇરાંની અબલા સાથે પરણેઆ હતા; અને તેનીનું અસલી નામ બદલીને કેહચ કે હીંઆંના રેવાજ પરમાણે મીઠીબાઈ રાખવામા આવેલ હતું. જુવો "રીસાલે એજ હારે સીઆતે ઇરાન" નામના પુસતકને પાંને ૧૬૨ મે. નો૦ લે૦

માહ સુધી, અને તે પછે શેઠ ખરશેદજી કાવસજી બનાજીને તાંહાં તેજ સાલના કદીમી શેહરીવર માહની સરૂઆતથી મુનીમગીરીમા રહીને ૧૨૧૩ ના કદીમી તીર મહીનાની આખરી તુલીક નોકરી કીધી હતી. આ બેહુ ઠેકાંણેના બેહોલા કારોબારનો ઘણો સારો અનુભવ હાંશેલ કરી લીધો હતો; અને તેનો પરતાપ એવો ઉસકેરાયો કે, પેહલે ઠેકાંણેની વાંણોતરીમા જારે હતા, તારથીજ પોતાના વડા ભાઇ શેઠ દાદાભાઇના પંતીઆલા પણામા થોડા થોડા વેપારખી સરૂ કરવા માંડ્યો; અને તાંહાંથી પછે વખતની વલાણ જેમ હાથ આવતી રહી, તેમ વેપારની અંદર આપણી વસતીમા વખણાએલા શેઠ નસરવાનજી બમનજી મોદી, બરજોરજી ફરામજી કોહીદારૂના* તથા પોતીકા નાધલાભાઇ બેરાંમજીને સાંમેલ કરી કારખાનાને† મોટા પાયાપર એવુંતો રચાવી દીધું કે, મુંબઇથી ચીન તથા તાંહાંના કોસતાઓ વચે "એમા" નામની એક સકુનરખી તેમની પેહડીએ ઇ૦ સને ૧૮૪૩ અથવા ૧૮૪૪ મા વેચાતી લઇને ઘણી મુદત સુધી ફરતી રાખી હતી.

મુંબઈ વશેઆ પછે ઘણીક વરણના સરીમંત સાહેબો લાખો અથવા કરોડો રૂપીઆનાં વેપારની ઉથલપાથલ કરી ગએઆચ, પણ તે માહેલો કોઇબી દેશી શેઠીઓ વેલાત તરફ પોતાનાં નાંમથી વેપાર, અથવા આડત ચલાવવાની પેહડી લઈ જવાને કબુખી હીંમતવાન થઇ સએઓ નોહતો. હાવું કીરતીવાન કાંમ ઉઠાવી લેવાનું બીડું જહડફનારા પેહલવેહલા પરમાણીક પુરૂસ મથાલે જણાવેલા ગરહસથ પરએઆત થયા, અને તેમા તેવનના ભાઇઓ ઉપરાંત કેટલાક પીતરાઇઓ એક મતથી ભેગા મલેઆમા, નહીં બનેલું કાંમ કાંમાં ખાનદાને શેહલથી બજાવીને બીજાઓની આંખો જે ખોલી કરી આપી, તે વાતને જરૂર કરી હીંઆં નોધી રાખવી જોઇએચ કે, આ સકરમી શેઠ પોતાની સાથે શેઠ કેખસરૂ રૂસતમજી કાંમા તથા પરોફેસર દાદાભાઈ નવરોજજીને પંતીઆલા દાખલ લઇને પેહલવેહલા ય૦ ૧૨૨૪ મા મી૦ કાંમાં કું૦ ને નામની પેહડી હુંભાડવા માટે કોઈ એવે રૂડે ચોઘડીએ લંડન ખાતે ગયા હતા કે, લગભગ ૯ વરસ તુલીક તાંહાં માન ભરેલી રીતે વહીવટ ચલાવીને જારે ૧૨૩૩ ની સાલ (ઉપલા બે સાહેબોતો મુદતની ઘણાક વરસ આગમજથીજ પંતીઆલું છોડીને જુદા પડલા સાંભલવામા આવેઆચ તેઓ વતરેગે બીજા) સઘલા પંતીઆલાઓની રાજી ખુશીથી પેહડી જારે કાહડી નાખી, તારે દરએક ભાગે વધારા તરીકે લાખો રૂપીઆ તેમા લાગતા વલગતાઓએ વેંહચી લીધા.

---

* આ ગરહસથખી ઘણા વસશેવેર જોડાઈ રહેઆ પછે મરણ પાંમેલા માલુમ પડેઆછે. ના૦ લે૦

† આ સાહેબોના સંબંધમા મુંબઇ ખાતે મી૦ દાદાભાઈ તથા મનચેરજી કાંમાની કું૦ ચીન ખાતે (૧૮૪૨ ના સાલથી) મી૦ દાદાભાઇ તથા નસરવાનજી મોદીની કું૦ સીંગાપોર ખાતે (૧૮૪૯ મા) મી૦ બેરાંમજી હોરમજજી કાંમાની કું૦ તથા કલકતા ખાતે મી૦ બરજોરજી ફરાંમજીની કું૦ મલી ચાર ઠેકાંણે અરસપરસના વેપાર તથા આડત ખાતાંની પેહડી ઉભી કરીને ઘણા વરશો સુધી ચાલુ રાખી હતી. ના૦ લે૦

પેહડી ઊંચકેઆની આગમજ તેના ભંડાલ માથી આ શેઠીઆએ પોતાના ખાનદાનની ઈઆદગારી તે તરફ કાએમ રાખવાનો હેતુ ઈછીને, રૂ ૪૫૦૦૦ ના બે મોટાં ધરમખાતાંઓ જે ચાલુ કરાવેઆં; તેમા એકતો એ કે, "યુનીવરસીટી કાલેજ" ને ઈ૦ સને ૧૮૬૩ મા આપેલા રૂ ૩૦,૦૦૦ બાબે તેની કાંઉનશીલને એવું લખી વાલેઊછે કે, "કેલવણી ખાતાંને આગલ વધારવા સારૂં કાંઉનશીલની નજરમા દુરસત આવે તે રીતે રકમને રોકવી." આ ભેટને કાંઉનશીલમા મોટા ઉપકાર સાથે કબુલ રાખતાં એવો ઠેડાવ નોધાયોછે કે, "જે વીદ્આરથીઓના લાભ માટે અપાએલી રકમ વપડાશે તેમા મી૦ કાંમાં "કું૦ ના આ ભલાં કાંમ તથા ઉતેજનથી હીંદુસ્તાંનના વધારે દેશીઓ વીદ્આ "અને હોનરો હાંશેલ કરવામા અતરે (ઇઆને લંડનમા) સાંમેલ થાશે." બીજી સખાવત એવી સંભલાઇછે કે, આ શેઠે લંડનને છેલ્લી સલાંમ કરી મુંબઈ આવતી વખતે આપણા દેસની ખેરખાહી ચાહી ગયલા મરહુમ સર ચારલસ ફારબસ બારોનેટના બરખુરદાર બેટા ઉપર રૂ ૧૫,૦૦૦ મોકલાવીને એવી દરખાસત કીધી હતી કે, તેમના પીતા સર ચારલસની ઈઆદગારી માટે આ રકમમાથી તેને ગમે તેહવી ગોઠવણ કરવી. આવી સખાવત પોંહચતાં વાર તે અંગરેજ ગરહસથે, પોતાને રેહવાના ગાંમની આસપાસ વસનારી ગરીબોની છોકરીઓને શીખવા સારૂં એક પાઠશાલાની જે ખુટ હતી, તે પુરી પાડતાં "કાંમાં ફેમેલી સકુલ" નુ નેક નામ રાખેઊંછે; માટે આ સાહસીક અને સકરમી શેઠીઆઓની સખાવતથી ઉપલાં માહભારત કાંમો તે તરફ હસતી પાંમેલાં જોઈ અંગરેજો મલતા અતરેના દેશીઓએ ખરેખરી ખુશી ઉપજાવેલી માલુમ પડેછે.

જો કે કાંમાં કુંપનીના કસાએલા કુટંબી ભાગીઆઓ, વેલાતના કાંમમા લાખો રૂપીઆ કમાઈને એક બીજાથી છુટાતો પડઆ; પણ ઉપલાં બે ઉપીયોગી ધરમખાતાંઓ જાંહાં સુધી સારી હાલતથી સચવાઈ રેહશે, તાંહાં તુલીક તેઓની સંગત માહેલા આ શેઠ મનચેરજીની કોશેસથી તેમા સખાવત તરીકે અપાએલાં નાણા વીશેની કીરતી ભરેલી નેક નામી તાંહાં જાથુક જોડાએલીજ છે.

વેલાત ગયા પેહલાં ય૦ ૧૨૧૮ મા આ ગરહસથ સીંગાપોર ખાતે પોતાના સંબંધમા મી૦ બેહરાંમજી હોરમજજી કાંમાંની કુંપનીને નામે પેહડી સ્થાપવા માટે સીધારેઆ હતા, જાંહાં તરણ વરસ રહેઆથી પોતાની પેહડીને આબાદ હાલતપર લાવેઆ પછે તાંહાંથી ય૦ ૧૨૨૧ ની સાલમા અતરે પાછા આવેઆ હતા.

હમારી ઈઆદદાસતમા હમો જો ભુલતા ન હોઇએ તો, આ ગરહસથે બધી મલીને બે સફરો વેલાતની કીધેલી કહી સખાએછે. તાંહાંથી જારે છેલા રૂખસદ પાંમી મુંબઈ આવેઆ, તારે પોતાના પાક મજહબને લગતા જંદ અવસતાના પુરાતમપણાની સાબેતી સંબંધી, જરમેનીમા થાએલા તરજુમા ઉપરથી અંગરેજીમા છપાવેલી ઘણીક નકલો જે લાવેઆ હતા, તે પુસતકો અતરેના મોહબતદાર મીતરો, તથા ખેરખાહ બેસાવંદો વચે સોગાદ મોકલાવીને, સરવે ઠેકાંણે તેની રોસની દીપાવી દીધી હતી; અને તેથી કરી કેહવાને ખુશી ઉપ-

જેછે કે હંમદીન ભાઇઓ ઉપરાંત પરાઇ કોમના પરમાણીક પુરૂશોએ પણ જરથોસતી દીનની પવીતરાઈને સારી રવેસથી પીછાંણી લીધીછે.

મુંબઇ આવેઆ પછે આ ગરહસથની કાબેલી સાથે કમાલીએત એટલીતો ફાએસ થાઇચ, અને તેની સાખસીમા હમારી બચગી વખતથી હમો જે જોતા આવેઆચ તેને બીન દેહસતે અતરે જાહેર કરીએ છેકે, શેઠ મંનચેરજી ઉઘરતી વએથીજ કોઈનીબી સવારથ અથવા ખુસામંદ રાખેઆ વના ખાલેસ મનથી સવતંતરપણું જેવું સાચવતા હતા, તેવોજ કાએદો હવડાં જઈફીએ પોંહચતાં સુધી સવાધીનમા જાલવી બેસીને સારી મનસખતીથી જાહેર હીંમતના બલ વડે સરવે પરાંણીઓનુ ભલું ચાહતા માલુમ પડેછે. હમારા આ બોલવા ઉપર જેબી સાહેબ સખમંદ હોએ તો, તેઓની ખાતરી સારૂં માજી ઇસટ ઈંડીઆ કુંપનીની આગલી બોરડનો એક ડાએરેકટર, અને પાછલથી નામદાર રાંણીના "સ્ટેટસ સેક્રેતરી ફાર ઈંડીઆ કાંઉસીલ"ના અધીકારી કપતાન ઇસટવીક જેવા નામીચા નરે લંડનની કોઈ જાહેર સભામા કહેલા સબદોનો સંઘરહ* એક મીતરની મેહરબાણીથી હમારા જોવામા આવેઓ હતો, અને તાર પછે તે તારીખ ૭ મી સપટેમબર સને ૧૮૭૨ ના "જાંમે જમશેદ" નામના દેશી વરતમાન પતર અંદરબી જે છપાએલોછે, તેટલીજ બીના તેનાજ બોલોમા અતરે દાખલ કરીએછે. "I am not personally acquainted with Mr. "Muncherjee Cama, but I know him well by character, and "that he bears a high reputation for integrity, ability, public "spirit, and generosity." હેનો અરથ એમ થાએચકે, મી૦ મનચેરજી કાંમાં સાથે રૂહબરૂ બોલચાલની તો મને કાંઇજ બાબેશકારી નથી, પણ તેમના આચરણથી હું તેનાને સારી પેરે જાંણુંછું કે, પરમાણીકપણા, સાંમરથી જાહેર હીંમત, અને ઉદારતાને વાસતે તેવણ મોટું માન મેલવવા લાએકનાંછે.

જરથોસતી મજહબમાં જનમ પાંમેલા કેટલાક જવાંણીઆઓ જે પર કોમનો એલમ એખતેઆર કરી લીધાથી, તેનુ કઉઆત વાપડીને પોતાના પાકીજેહ મજહબની બારીકીને પીછાંણેઆંવના તે ઉપર અનેકતરેહની નુકતેચીની ચલાવતા જારે આ ગરહસથને માલુમ પડેઆ, તારે તેઓના જીગરમા તે વીશેની સારી સહમજ ઉતારવાની શોચનાથી આ દીનદોસત કાંમાંજીએ જાહેર વરતમાન પતરોમાં ઘણુંસુધી દાહપણની રાહે દાખલા દલીલના દરંગ વટે કલમ કશીને પોતાનુ કઉઆત પરજા વચે પરબેઆત કીધું; જેની સાખશીમા "જાંમે જમશેદ" તથા "સુરીયોદએ" નામના કોઇ બેશુમાર ગુજરાતી પતરો આજે હસતી ભોગવતાં આપણી નજર આગલ ઉભેલાંછે. હાવાં કારણ સારૂં "સુરીયોદએ" નામનું પંતરતો એજ સખી શેઠના ખરચે તારીખ ૧ લી જાંનેવારી ૧૮૬૪ થી લાગતાગ તરણ વરસ તુલીક ચાલુ રાખેલું હતું, અને તે

---

* એનાની ખુબી સંબંધી ઘણાક ગરહસથો તથા ઉમરાવો તરફથી આવેલાં કોઇ કુડીબંધ કાગલો કેહચકે, આ શેઠ પાસે સનદ તરીકે એખાતાં થયલાંછે, પણ તે જાહેરમા લાવવાને ફુરસત જોતા જણાતા નથી. નો૦ લે૦

માહેલી માકુલ બાબદો વરશો વહીગયાથી મબાદ વેરાંણ થાએ, હેવી ધારના પોંહચાડતાં દરેક શાલના જુદાંજુદાં મલી તરણ પુસતકો પાછલથી પોતાને ખરચે પરશીધ કરીને, પોતાનાં હમદીન ભાઇઓ સારૂં મજહબની મોતેબરી સાચવી આપીછે; અને તે બધી કેતાબો ઘણે ઠેકાંણે તેવણની તરફથી એક ઇઆદગારી તરીકે ભેટ પણ થાઇઓછે.

સરકાર તરફથી ચાલતાં રાજદુઆરી કાંમોના સંબંધ શીવાએ, કેટલીક સંસારી સભાઓમા સાંભલેઆ પરમાણે આજ ઘણું થયું, શેઠ મનચેરજી સમાઇને સારૂં માન મેલવેછે; જેમા મુખીઅ કરી સુલેહના અમલદારની, પારસી મેટરીમોનીએલ કોરટમા ડેલીગેટની, નામદાર સર જમસેદજી જીજીભાઈ પેહલા બારોનેટની સખાવતથી પારસીઓને વાસતે ઉભાં થએલાં ધરમ ખાતાંની મંડલીના આધીકારની, તથા બીજાં ઘણાક ધરમ ખાતાંઓની પુંજી જાલવનારી સભાની જગેઆ હોરમતની રાહે સાચવી રાખેલીછે; એટલુંજ નહીં પણ લેણદેણના કાંમોમા વાંધાનુ વેરવસાવી લડનારા લોકોની લવાદીઓ જેમ નામદાર કોરટ તરફથી, તેમજ ખાનગી રીતે આ શેઠના સવાધીનમા જે સોંફાએચ, તેનો ફડચોબી એવી સંતોસથી કરી આપતા સંભલાયાચ કે, તેવણના ચુકાદા ઉપર બેહુ બોરદુવાલાઓ રાજીપણાથી સંતોસ પાંમેછે.

માજદીઅસની મજહબ ઉપર આ શેઠ અંતકરણથી એતલાતો ચુસતછે કે, તેના ફરમાન મુજબ દરસાલની ફસલના છ ઘાહંબારો માહેલા કદીમી અરદીબેસત, તથા તીર મહીનાની બે તીરયોનો એકેક દાહાડો સાચવવા સારૂં એવન વેલાતથી છેલ્લા આવેઆ પછે પોતાના બે ભાઇઓ નામે શેઠ દાદાભાઈ તથા બેરાંમજી* ને સાથે મેલવી લઇને ય૦ ૧૨૩૪મા નાણાની એક મોટી રકમ તેઓએ ઉભી કીધી. આ થાપણની ઉપજ જે વસુલ થાય તેમાથી ઉપર જણાવેલી તીરથ ટાંકણે પોતાના મરહુમ બાવા શેઠ હોરમજજી એદલજી કાંમાંને નામે દર ઘેરને માલેમાલ તથા ઓરડ ઓરડ બા આબરૂથી નોતરાં ફેરવીને જરથોસતીની આખી જમાતને જસંનનુ ભોજન જમાડવા માટે બોલાવેછે; અને તેમા ગરીબથી તે તવંગરો સુધી ઘણાક સાહેબો હાજર થઈ તેમના ઇજનને સદા ઇજત આપેછે.

ઉપરના એકાદા ફકરામા જણાવેઆ મુજબ આ શેઠ પોતીકા ધરમને જેમ પેઆરો ગણેચ, તેમજ પારકા મહજબને વગોવી તે ઉપર એતેકાદ રાખનારાઓના દીલ નહીં દુખાવવા વીશેનો એરાદો તેવણથી ઘણીવાર જણાઈ આવેઓછે; પણ તેમ છતાંબી કોકસંગાથે જારે તે સંબંધી તકરારમા તેનાને ઉતરવું પડેચ, તારે કાંઈજ નહીં પણ માતરે વાજેબી ફરજ અદા કરવા માટે લગાર છુટ લેવાતી રેહછે; તો જોકે તે વખતેબી સભીઅતાના કાએદાથી તેવણ હરગેજ વેગલે જતા જણાતા નથી. જેબી ઉપાધીઆઓ પોતાના ધરમની ખાંમીઓ છુપાવીને, પરકોમમા નહી હતી બોડ ખાપણ કલપણાથી ઉતપંન

* આ શેઠ તારપછે જે મરણ પાંમેઆ તે વાતને હવડાંજ બે વરસ વહી ગયાંછે. નો૦ લે૦

કરીને તે જાહેર લાવવામાજ પોતાની તથા પોતાના ધરમની બુજોરગી વીચારેછે, તારે તેઓને એબીલા એટારાંજ નહીં પણ તે સાથે મોટી બતા કરનારા સમજેછે; અને તે એટલાજ માટે કે, તેથી કરી એકતો તેઓની તેહવી ફરેબી મનતફી કોઇનાબી નબલાં મન ઉપર નરસ અસર પુગેઆથી, તેનો અસલી એતેકાદ અધરમીપણાને આધીન નથાએ; અને બીજું એકે, જેમ એક હઠીલો અને હસદખોરો સખસ બીજાથી થતાં સારાં તથા સવાબી કાંમની બરોબરી કરવાથી બેનસીબ હોએ, તેમ લાચારે ભલાઓની નેકી તથા કીરતીનો ઉલટો ચીતાર આપવા પર તેનુ મન સદા દોડેઆ કરે, તો તે વાતથી આ ગંભીર ગરહસથ જેમ નાખુસ રેહેછે, તેમ તેવનનાં આ ઉંમદા મતને રૂડાં ધેઆનથી સવીકારનારા ઘણા સાહેબોબી મલતા થતાજ હશે.

શેઠ મનચેરજીના સવતંતર પણાના ઘણા માહેલો આ તરતનો એકજ દાખલો એવો દીપી નીકલેઓચ કે, પારસીઓમા મરણ પાંમતાંઓને આસાએસની છેલ્લી આરાંમધાએ પોંહચાડવાની પાકીજેહ જગેઆ ઉપર ઇ૦ સને ૧૮૭૩ ના મારચની ૨૭ મી તારીખે પરકોમ વાલા કોઇ સખશોની ઉસકેરનીથી આપણી તરફનું પોલીસ બાતું તે મકાંનના મુતવલીઓને કશીબી ચેતવણી આપેઆવના, અને તે બાબેની ખરી કેફીઅત જાણેઆ છતાં, એકાએક ધુશી ગયું, અને પોતાની સતાનો ગેર ઉપીયોગ એવો કીધેલો કેહવાયો કે, નામદાર માહરાંણીને અંતકરણથી ચાહનારી વફાદાર પરજાની અશીલ કોમને અપમાન આપવાની મતલબથી તાંહાં બંદગીમા મસગુલ રહેલા આસરે પોણોશો પારસીઓને બીન તકશીરે હાથમા લોઢાંના દસતકલાં ડોકેઆ પછે, બે હોરમતી સાથે કેદ પકડી લઈ ગયા હતા. આ બાબેની તુલોતવીલ બીના તો આ નોંધમા ધટતી જગેપર જણાવવામા આવશે, પણ તે વાતનું દરદ હઇડે ધરીને શેઠ મનચેરજીએ કોઈનીબી ખાતરદારી રાખેઆ વના સવતંતર પણાનુ જે પગલું ભરેલું, તેનીજ ઈઆદી અતરે દાખલ કરીએછે કે, પોલીસની આપખુદી ચાલ બાબે નામદાર સરકાર ઉપર અરજીની મારફતે ફરીઆદ ગુજારવા સારૂં પાંચ હજાર પારસીઓની સહીનું એક અરજ પતર નેકનામ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈ, તથા શેઠ નવરોજજી માણેકજી વાડીઆની આગેવાણી હેઠલ પારસી પંચની પુંજી જાલવનારા પાંચ અકાબર સાહેબોની શેવામા જે મોકલાવેલ હતું, તેનો તાંહાંથી આવેલો જવાબ અરજદારોની ઇચ્છા મુજબનો જારે નહીં મલેઓ, તારે તે ઉપર અનંજુમનનો વીચાર લેવા માટે ઉપલા બે આગેવાન સાહેબોએ બોલાવેઆ પરમાણે ૧૮૭૩ ના સપટેમબરની ૨૨ મી તારીખે બે હજારથી વધારે જરથોસતી ગરહસથોની એક મોટી સભા "આલબલેસ બાગ"ની અંદર મલી હતી, તેની હજુર આ બુજોરગ શેઠીઆએ સભીઅતા પણું સાચવીને બાંગે બુલંદ કહી સંભલાવેલ હતું કે, "આપણી અનજુમનના ૫૦૦ "આસાંમીઓએ ગયા (૧૮૭૩ ના) આગસટની ૬ ઠી તારીખે આપણી "અનજુમનનાં ફંડના તરસટી સાહેબો જોગ ડુંગરવાડીની આપણી પવીતર "જગા ઉપર જે જાસતી ગુજારવામા આવીછે તે સંબંધી, આપણા તરસટી

"સાહેબોની મારફતે નામદાર સરકારથી દાદ ચાહવાને રેકુવીજીસન મોકલેલું
"હતું, તેનો પરતીઉતર તે તરસઠી સાહેબોએ ચાલતા (૧૮૭૩ ના સપટેમબર)
"માસની ૪ થી ને દીને મોકલેઓછે, તે આપણી માગણીનો બરોબર ઉતર
"નથી, તેથી આ સભા દલગીરી જણાવેછે." આ દરખાસતને વાડીઆજી શેઠ નવરોજજી માણેકજીએ ટેકો આપતાંવાર* આખી સભાએ ઉલટમા આવીને બાહાલ રાખેઆથી પારશીનો ટોલો આ ટાપુ ખાતે આવી વશેઆ પછે, પંચના અકાબરો સાહમણે તે સાહેબોની હોરમત જાલવતાં ફતેહમંદીથી તેઓએ બજાવેલો સકો પેહલવેહલો માલુમ પડ્યો, તેનુ માન ઘણુંકરી આ હીંમતથી ભરપુર કેહવાતા કાબેલ કાંમાંજીને ઘટેછે; અને તેમનીજ સાથે, વાંચનારા સાહેબો, હમોને બોલવા દેવો કે, બનાજી ખાનદાંનના એક નેકબખત નબીરા શેઠ નવરોજજી ન્હાનાભાઈએબી તેમા સરખો ભાગ હેવો લીધો હતો કે, સભા તરફના ઉપલા વીચારો, અથવા પરોટેસતને અકાબર સાહેબોના અખતેઆરમા અનજુમનના દફતરો જે સચવાઈ રેહચ, તેની અંદર નોંધાવી† રાખવા વીશે તેનાએ મેલેલી દરખાસતબી સરવે સભાસદોએ એકમતથી સવીકારી હતી. આટલા ઉપાએબી વખતસર જો નહીંજ લેવાયા હોતતો પરકોમ તરફથી પારશીઓને પોંહતેલાં દુખની ઉપર એક જબરો ડાંહાંમ દેવાએલો કેહવાતે.

કાંમાં ખાનદાંનના આ કાબેલ નબીરાને આજ કેટલીક મુદત થઈ, કોઈજ નહીં પણ ફકત "શસંત ગોફતાર" વાલાઓજ, "સ" હરફના માત્રાને મથાલે મીંડું મેલી "સેંચી" કરી આલમની ઓલખાંનમા લાવતા જણાએછે. એના ખોલાસા માટે હમારી સહમજ શકતીને વાપડવાની હમો અગત જોઈએચ કે, તેઓએ ઉતપંત કીધેલા ઉપલા સબદનો કાંઈજ અરથ થતો નથી; પણ સેંચીની ખરી અટક તેમના મરહુમ પીતાએ ચીનમા મેલવેઆ વીશેનુ બયાન તેવણના અહેવાલની અંદર હમોએ ઉપર જણાવેલુંછે, તે મુજબ ચીનાઈ ભાસાનો અરથ ગુજરાતીમા મેતા શીવાએ બીજો છેજ નહીં. આ શેઠેબી આપણી ટાપુ ખાતે ઘણા વરસો સુધી બે ઠેકાંણે મેતાગીરી કીધેલીછે, તે ઉપરથી જોઈએતો તેમને મેતા નહીંતર કુટંબોમા સચવાઈ રહેલી અશલી કાંમાંજીની અટકથીજ ઓલખવું અથવા ઓલખાવવું સરવેને સજાવારછે.

---

* એ વીશે તેનાએ કીધેલાં ભાશાંણની નકલ, આ નોંધને પાંને ૫૮૪ તથા ૫૮૫ મા વીસતારી જણાવેલીછે. નો० લે०

† આ છેલ્લી સોચનાબી સાંભલેઆ પરમાણે તરસઠી સાહેબોએ તુછકારી કાહડીછે. નો० લે०

શેઠ બેરાંમજી હોરમજી કાંમાં.

ઉપલા કાબેલ કાંમાંના આ નાંધલા ભાઈનો જનમ ય૦ ૧૧૯૭ મા થએલો તો ચોકસછે, પણ મહીના તથા દાહાડાની ખબર મલી નથી. આ ભોલા દીલના અશીલ ગરહસથ બાલપણમા બાપનો લાર તો તદન લેવા પાંમે-આજ નોહતા, પણ ભાગ્યેગસાલી ભાઈઓની પનાહ પકડતાં ઉધરતી વએ ઘણી ખરી રમતની અંદર રોકેઆ પછે, મનની સકતી જારે સમજ ઉપર આવી તારે શેઆંણપતને પોતાના સવાધીનમા સાચવતા રહેઆ; અને ભાઈઓની ભલુ-મનસાઈ ભરેલી અસર પોતા ઉપર એવીતો ખેંચવા માંડી કે, થોડીજ મુદતમા કમાલીએતની કશોટીને બાહોશીના બાહાર પર ચહડાવી બેઠાથી ભાઈઓને તેઓના વહીવટ અંદર ઘણાજ મદદગાર થતા જણાયા.

ભાઈઓના સંબંધમા વેપાર તથા આડત ખાતાંની જે પેહડી સીંગાપોર ખાતે ઈ૦ સને ૧૮૪૯ મા ઉભી થઈ હતી, તે આ શેઠના સકરમી નામની પેહલવેહલી આબાદી ભરેલી નીસાંણી હતી; અને તાંહાં તથા કલકતા ખાતેની થોડીક એપ પોતે જાતે કરીને સારી નામદારી મેલવેલી સરવે કોઇને માલુમછે માટે વધારે લખવાની જરૂર જોતા નહીં.

ઈ૦ સને ૧૮૬૨ મા જારે પોતાના ભાઈઓ તથા બીજા ભાગીઆઓ સાથેનો સંબંધ એક બીજાથી છુટો પડ્યો, તારે કેહચ કે સીંગાપોરવાલી પેહડી પોતે બંડી રાખી; અને ચીન માહેલા હાંગકાંગ, ફુચાઉ, તથા સાંહંગાહી ખાતે તેમના બેટાનું નામ દાખલ કરીને મી૦ હોરમજી બેહરાંમજી કાંમાંની કું૦ ની અટકથી પેહડીઓ ચાલુ કીધી હતી.

વેલાત ખાતાંની કાંમાં કું૦ માંબી આ શેઠનો કાંઇક ખાંનગી હક તથા ઇલાકો હતો તે વીશેની ચોકસ વાત કહી શકતા નથી, પણ મુંબઈની પેહડી તો સાંમેલજ હતી; અને તેની ખુબીથી જારે સંધા પંતીઆલાઓ લાગભાગ લઈને ખુશી થતા તાંહાંનો વહીવટ બંધ કરી બેઠા, તારે તેના નફામાથી નાણાની મોટી રકમ આ શેઠને હીશે આવેઆ ઉપરાંત પોતાનો ખાનગી વેપારબી તે તરફ બોહોલો કરેઆ કીધો હશે તેનો નફો મેલીને બે કરોડ રૂપીઆને શુમારેનો દરવીઅ તેમના હાથમા આવેલો સંભલાયો. આ ગંજાવર દોલતના બલ ઉપર પોતાના બીજા એશી ભાઈઓની પેરે, વેલાત ખાતે પોતાને નામની પેહડી હુંઘાડીને ઘણાજ ચહડતા ભાવના રૂઉની રમત બેધડક કરતા રહેઆ, એટલુંજ નહીં પણ તે વખતપર મુંબઈ ખાતે જોસથી જાગેલાં સેર સટાના દેવાનાપણામાબી પોતાનો પવીતર હાથ લંબાવી રાખેઓ. ભવીસ રૂડાં હતાં તાંહાંતુલીક તો વેપારનો પાશો સવડો ફેંકાતો રહેઓ, પણ ગાંમમાં જારે ચોમેરથી અંતેરૂં થવા માંડ્યો તારે કુદરત તરફનો કેહર ૧૮૬૫ ની સરૂઆતથી હેવો ઉતરેઓ કે તે કદરૂપાં શાલ-ની જેહરી હવા તેમના પાદશાહી બજાંનામાબી જઈ પેઠી; અને જે સાહેબ તેની આગમજ મોટી વાખવાખી સાથે વખણાયા હતા, તેજ બોચારાથી માથાં ભાગ્યેગનું ભાણ સમવાઈ ન સખાયાને લીધે દરીઆવના મોજાની છોલ જેમ

કીનારા આગલ પડેલી પદારથો ઘસડી લઈ જાએ, તેહવી રીતે તેનાએ ટુંક વરસના અરસામા ભેગો કીધેલો દરવીઅ નુકસાંનીના ખાડામા સાબદો ડુબી જતાં સાહ-મના દેવાદાર થઈ બેઠા; અને કાંઈજ નહી પણ તેનાજ ગંમની ગીરેફતારીમા લગભગ બે વરસવેર જહલંદરના જીઆંગાર રોગની મુશીબત ભોગવીને ૪૪ વરસની ભર જુવાણી વએમા ય૦ ૧૨૪૧ ના કદીમી ગાથા બીજા ને રોજે બેહસતનસીન થયા. નાંમીચાં કુટંબના આ સોભાવંતા નબીરાનો જીવ તથા જીવનગારો ઘણો વેહેલો જે ઘસડાઈ ગયો તેની ગમગીનીમા થોડીક અસર કારક કવીતાથી આ શેઠની જીંદેગીનો હએવાલ ખતમ કરવા ચાહીએછે.

પઇસો મેલવેલો કારે કેહવાએ-સંતોસથી સાચવીને તેપર રેહવાએ.
પણ જેનો જીવ પઈસાની ઉપર લોભે-તાંહાં આવેલી લછમી કભુ નહીં સોભે.
જેના ખાવાને ઘણું તો મલેઊંતું નહી-પણ કનાયત થોડાં પર હતી સહી.
તેના બેટાએ બેથી તે તરણેક કરોર-મેલવી દેખાડીતી ભારે મરોર.
પણ ખરૂં છેકે પેહેલાં મલે એક જેને-દસ પર આશેઆ દોડ તેને.
લલચાએ છે લેવા સો ને હજાર-તેની પુઠે જાએછે લાખપર વીચાર.
પણ આ શેઠેતો કીધા કરોડો કબજ-તોબી લોભેઆ દોડી મેલવવા અબજ.
જુહુંમમા તેની બધું જતું રહ્યું-ભવીસમા હતું તેવું અંતે થયું.
જેને હોએછે થોડાંની ઉપર સબર-સુખી જીવથી જગમા તે રેહછે જબર.
મેલી અડધી, આખી ને લેવા જે જાએ-તો હોએ જે પોતાનું તે પારકુંજ થાએ.
જે ઉપરથી લેવી જોઈએછે સીખ-લોભી હવસને વીચારી વીખ.
થોડાં પરબી સબુરી ધરવી જોઈએ-રાખવી આ ઇઆદીને સઉ કોઈએ.

આ મરહુમ શેઠ જારે ઘણી સારી સ્થીતીમા હતા, તારે અનેક તરેહની છુપી સખવાતમા હજારો રૂપીઆ જે ખરચેઆ કીધા તેની વીગત તો કેથેથી મલીજ નથી, પણ એક કામ જે જાહેરમા તેવણથી થયુંચ તેટલીજ ઇઆદીને અતરે ખુસી દીલથી નોધી રાખીએછે કે, રોજ ૬ઠો માહ ૫મો કદીમી સાલે ૧૨૩૨ ય૦ એ પોતાને તાંહાં થાએલી કોઈ ખુસબખતીની કીરીઆ ટાંકણે કેહચકે, એક લાખ રૂપીઆની સરકારી ટકા ૪ વાલી નોટ પોતીકા મરહુમ પીતાના પુન માટે બીચારા ગરીબ હમદીન ભાઈઓને આસરો આપવા, તથા બીજાં તેવાંજ ધરમના કાંમો કરવા સારૂં અલાહેધી કાહડીને, એક પકા બંદોબસતથી પોતાની સંગાથે તેમના ભાઈઓ નામે શેઠ દાદાભાઈ તથા મન-ચેરજીના સંભાલપણામા સોંફી હતી. આ રાખસી રકમની ઉપજમાથી સાંભલેઆ પરમાણે ઘણીની ઇચ્છા મુજબના કાંમો જે નીતીની રાહે જારથી ચાલું થયાંચ, તારથી તે અસલ પુંજી સચવાતાં તુલીક તેનાંની નામદારી ઘણી સારી રવેશે પરકાસતી રેહસે તેહમાતો કસો સંદે જણાતો નથી. આ કારણ સારૂં નેમાએલા તરસટીઓ મધેથી પોતે મરણ પાંમેઆ પછે, તેનાની ખાલી પડેલી જગેઆ તેવનના ભતરીજા શેઠ રૂસતંમજી દાદાભાઈ કાંમાંથી પુરાએલી જાંણવામા આવીછે.

શેઠ ખરશેદજી નસરવાનજી કાંમાં.

મરહુમ શેઠ મનચેર કાંમાંના નાથલા દીકરાની નસલથી ઉતરેલા આ નામવર ગરહસથનો જનમ, રોજ ૧ લો મહા ૫ મો કદીમી સાલે ૧૧૮૯ ય૦ એ મુંબઇમા મુબારક થએલો માલુમ પડ્યોછે. બાલક બુધીના બંધાંનમાથી બદલાઇને જારે સહમજના સમાપર આવેઆ, તારે નેકબખત પીતાના પરતાપથી કેલવણીના લાભમા મનને એવુંતો રોકી રાએલું કે, ૧૭ વરસની ઉંમરના થયા, તેટલાં વેપારનો અભેઆસ હાથ કરવાના હેતુથી પેહલવેહલા મી૦ ફરીથ બમનજીની કું૦ ના લીલાંઉખાનામાં સીખાઉ તરીકે ચાકરીએ રહીને તાંહાં ૭ મહીના ગુજારેઆ.

ઉપલાં ખાતાંનો અનુભવ ચંચલ જેહનથી ટુક મુદતમા મેલવી લીધા પછે, પોતાના બાવા તથા કાકાઓની મજ[illegible]માં મી૦ હોરમજજી તથા નસરવાંનજી કાંમાંની કું૦ ને નામે ખીલાર તથા કોરી કામનો મોટો વેપાર જે ચાલતો હતો, તેનો અભેઆસ હાંશેલ કરવા માટે તાંહાં લાગુ પડેઆ; પણ તે વખતપર એવું બનેલું કે, આગલી પેહડીનું નામ બદલાઇને તેજ રોજગાર મી૦ મનચેરજી ફરાંમજી કાંમાંની કું૦ ની અટકે ચાલિઓ; અને તેમા આ શેઠ તેવનના હાથ હેઠલ થોડુંક સુધી રોજીએ વલગી રહેઆ હતા.

વેપાર ખાતાંનુ ઓહોલું એતર એરવા ઉપર મન લલચાયાથી પીતરાઇ ભાઇનો સંબંધ છોડીને આ ગરહસથ શેઠ ખરશેદજી કાવસજી બનાજીની આફીસમા જે જઇ રહેઆ, તેની સરૂઆત ય૦ ૧૨૦૪ ની જાણવામા આવીછે. એ ટાંકણે મુંબઇની ગોદી ખાતે શેઠ મજકુરને માટે કલીપર અરદેસર બાંધવાનો પઠાણ નખાયો હતો, અને તેના બાંધકામનો વહીવટ અટોપી લેવા સારૂં તેમને તાંહાં પારશી એદલજી પોસા નામના એક મેતા હતા, તેના હાથ હેઠલ આ ગરહસથને તેમના માલેકે શોંફી આપેઆ. વાંહાંણ બંધાઇને તઇઆર થએઆ પછે, કેહય કે પોતીકા પીતરાઇ ભાઇઓ શેઠ પેસતનજી તથા ડાસાભાઇ હોરમજજી કાંમાંજીએ બોલાવેઆથી તેનાની પેહડી ઉપર ચાકરી મેલવીને આ શેઠ થોડુંક સુધી જઇ બેઠા હતા.

સફરનો જારે શોખ થયો, તારે ય૦ ૧૨૦૫ ની સાલમા પીતરાઇ ભાઇઓની નોકરી છોડીને, શેઠ ખરશેદજી કાવસજી બનાજીએ ચીન ખાતે મોકલાવેલી પેહડી અંદર વાંનોતરીની જગેઆ મેલવી તે તરફ શીધારેઆ; અને તાંહાં દોહોડેક વરસ રહીને ય૦ ૧૨૦૭ મા પાછા વલી આવેઆ, તેજ તેનાની પેહલી અને સરવેથી છેલ્લી સફર સહમજાઇ છે.

ચીનથી આવેઆ પછે પાંચ વરસનો અવકાસ આ શેઠ કહેઆ વહીવટમા રોકેઓ, તેટલી વાત, હકીકતની ગેર હાજરીને લીધે વાંચનારા સાહેબોની શેવામા રજુ થાઇ સખતી નથી; પણ તે પછેનો હએવાલ જે માલુમ પડ્યોચ તેની સરૂઆત હેઠલ જાહેર કરીએછે.

પેહલવેહલી વેપાર ખાતાંની પેહડી ય૦ ૧૨૧૨ મા નાંધલા પાયાપર હીંઆં હુભી કરીને, તેની અંદર પોતીકા નાથલા ભાઇ દોરાબજી ઉપરાંત બીજા ગર-

હસથોને ભાગીઆ તરીકે ભેગા લીધા; અને વહીવટ વધારવા માટે તેજ વરસમા એક સાખા પેહડી ચીન ખાતે મોકલાવીને તેનું નામ મી॰ પેસતનજી* તથા દોરાબજી નસરવાનજી કાંમાંજીની કુ॰ રાખેઊં, તથા મુંબઈ ખાતેનો વહીવટ મી॰ ખરશેદજી નસરવાનજી કાંમાંની કુ॰ ની અટકે ચલાવેઓ.

વેપાર તથા આડતનું હાથ આવેલું સુબલક કાંમ અટોપી લેવા માટે, ચીનની ઉતરે શેહાંગાહી સુધી એવનની પેહડી પોંહચી હતી; અને તેજ અરસામા કલકતા તરફબી એક પેહડી સથાપેઆ ઉપરાંત, આપણી ટાપુને તાલુકેના કેટલાંક માહેલાં પરાંતોપર પણ પોતાનો વહીવટ અતીઅંત ફેલાવેઓ હતો.

એવનના અતલક એશી શેઠ મનચેરજી હોરમજજી કાંમાં સાથે મોહબત મલેઆથી, અને બીજા પીતરાઈઓ વચે અરસ પરસનો મનશુબો બંધ બેઠાથી, વેલાત તરફ આડતની એક માહભારત પેહડી ઉભી કરીને તેમા પણ આ શેઠે હાથ ભેલી રાખેઆમા તાંહાંની કમાણીથી પોતાને હીશેપરતું ઘણું નાણું ઘેરમા આણેઊં હતું; જે બાબેનું વરણન વાંચવા થકી મજકુર શેઠ મનચેરજી કાંમાંના હએવાલ ઉપર હવાલો શોંકીએછે.

રૂડી યુકતીથી મેલવેલા પઈસાને આ સાહેબે એવાં પરમાણીક પણામા વાપરેલા સાંભલવામા આવેઆચ કે, તે બાબેની ચોકસ હકીકત જો જડી હોત તો તેની નોંધ મોટી ખુશીથી હીંઆં વીસતારી દાખલ કરતે; પણ હમારી શોધનું સાંધન સમપુરણ નહીં થયાથી જેજે ધરમ ખાતાંઓમા તેનાની આગેવાણી સમાઈ રહેલી જણાએચ તેનીજ માતરે એક ટીપ નોધી લઈએછે.

કોટમા, તથા વાંદરામા ચાલતાં દવાખાનાઓમા.

ઈરાન દેશના ગરીબ જરથોસતીઓની હાલત સુધારનારી મંડલીમાં.

મુંબઈમા વસનારા ગરીબ ઈરાંની જરથોસતીઓને સંભાલવાના ખાતાંમા.

કદીમી જરથોસતી અંનજુમનના દસ્તુર બાબેની થાપણ જાલવનારાં ખાતાંમાં.

મરહુમ શેઠ કાવસજી બેરાંમજી બનાજીના આતસબેરાંમમા થતા કદીમી ઘંહંબારની પુંજી સાચવનારી મંડલીમાં.

નૌશારી ખાતે કાવસજી જાંગીરવાલી જરથોસતી મદરેસા ઉપર દેખરેખ રાખવામા.

મઉ ખાતેની જરથોસતી મદરેસાની મદદમાં.

મુલાંફીરોઝ મદરેસા, તથા પુસતક ખાનામા.

સ્ટુડેંટ લીટરેરી એંડ સાયનટીફીક સોસાઈટી હસતકની છોકરીઓની સ્કુલમાં.

અલેકઝાંનદરા નેટીવ ગેઆરલસ ઈંગલીસ ઈનસ્ટીટુસનમાં.

જરથોસતી છોકરીઓની સ્કુલમાં (મુંબઈ ખાતે).

ભરૂચ ખાતેની છોકરીઓની સ્કુલમાં.

સુરત ખાતેની ફારશી સ્કુલમાં.

રાહનુમાએ માજદીઅસની સભાની પુંજી જાલવનારી મંડલીમા.

---

* આ ગરહસથ શેઠ પેસતનજી નવરોજજી પોંહોંચા તે વખતથીજ તાંહાંના પંતીઆલા પણામા સમાએલા હતા. નો॰ લે॰

નેટીવ જનરલ લાઇબરેરી તથા સ્ટુડેંટ સોસાઇટીમાં.
વેઆરા તથા સુનઘડમા બંધાએલાં દાખમાનો વહીવટ ચલાવવામાં.
તારાપોર ખાતે બંધાએલાં દાખમાનો વહીવટ ચલાવવામાં.
સમાચાર દરપણ નામનું ગુજરાતી રોજીંદુ પતર પેહલવેહલું ચાલુ કીધામાં.
ગ્નાન પ્રસારક નામની મંડલી ઉભી કરવામાં.
દર અથવાડીઆનું રાસ્ત ગોફતાર પતર ઉભું કરવામાં.
બોંમબે આસોસીએસન (પેહલવેહલી) ઉભી કરવામાં.
ફરાંમજી કાવસજી ઈનસ્ટીટુસન ઉભી કરવામાં.
પેરી લાઆ કલાસ ઉભો કરવામાં.
પારસીઓને વાસતે વારસાહીસા તથા લગન તલાક સંબંધી ધારા બંધાવી
મંગાવવાની મંડલીમા સરૂઆતથી તે શેવટ સુધી સાંમેલ રહેલા હતા.
વીકટોરીઆ મીઉઝીએમને ઉભું કરવાના કામની આગેવાણીમાં પણ
એવણ સમાએલાછે.

એ ઉપરાંત વેપારને ઉતેજન મલનારાં કેટલાંક જાહેર ખાતાંઓ જે ઉભાં થયાં તેમા, તથા બીજાં ઉભાં કરવાના કામમા પણ આ શાકરમી શેઠની આગેવાની ઘણીજ ઉપીયોગી ગણાએલી જે જણાઇએ તેની ટીપ નીચે મુજબછે.

પાણી પર ઉભેલું વાંહાંણ સાંચાની મદદથી સુકાં પર ચહડાવી લેનારી
વૈગાસ સલીપ કુંપની ઉભી કરવામાં.
ફરીઅર લાંડ કુંપની ઉભી કરવામાં.
વીકટોરીઆ પેટંટ બરીકસ યાને ઈંતરડી બનાવનારી કુંપની ઉભી કરવામાં.
યુનાઇટેડ વીકટોરીઆ કુંપની ઉભી કરવામાં.
સેંટરલ બેંક આવ વેસટરણ નામની સરાફી પેહડી ઉભી કરવામાં.

રાએલ સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીમાં. ઓરીએંટલ સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીમાં. ગરેટ ઇસટરણ સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીમાં. અલેકઝાંનડરા સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીમાં. યુનાઇટેડ સ્પીનીંગ તથા વીવીંગ કુંપનીમાં. સુરત ખાતે જાફરઅલ્લી સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીમાં. કોલાબા સ્પીનીંગ એંડ વીવીંગ કુંપનીમાં.	એ ખાતાંઓમાં કેટલાંક ડીરેકટરોમાં તેઓ હતા કે હાલ ચાલતામાં છે.

ઉપર જણાવેલાં કાંમોની આગેવાની (જેમા કેટલાંક ખાતાના અધીકારી, અને કેટલાંકોના ખજાનચી તરીકે રહેલાછે) ઉપરથી શેઠ ખરશેદજી કાંમાં કેટલા પુણ્યવંતા કેહવાએચ, તે સંબંધી સરાહગત હમો જણાવીએ તે કરતાં તેની મુનસફી વાંચનારા સાહેબોનેજ સાંફીએછે; અને તેની સાબેતી સારૂ હેવી સાબશી પણ મોતેબર દાખલાથી નોંધીએચ કે, તેવણના ઘણાંક કાંમોની અંદર બે બાબદોની સરવેથી સરસ યાદગારી કોઇ કાલેબી નહીંજ ભુલાએ તેવી પરકાસતી રેહશે; જેમા (એકતો, આપણા બુજોરગ અકાબર સાહેબ મરહુમ શેઠ ફરાંમજી કાવસજી બનાજીની મોટી અશકેઆંમતનો ફેસલો કરવામા હેવી

અંચલાઈ, અને તરદ્દુદ વાપડી હતી કે, તેણાની બધી મીલકતોના શીકાર દાંમ ખંતીપણે ઉપજાવેઆ પછે બધા માંગનારાઓને કાંઈબી કાપકુપ કીધાવના ૪ ટકાના વીઆજ શીકે પુરેપુરૂં આપી તે મરહુમને માથેનું કરજ ફીટાડેલ, અને પવઈનું આખું ગામ તેમાથી બંચાવી રાખેલું તેમના પરીવારોના પોશાણ માટે તેઓને સપુરદ કરી દીધું; અને તે બાબે શેઠ ફરાંમજીના અશો રવાંણને જીંનતની અંદર સંતોસ પમાડવા સારૂં તેમનીજ વાહલી વીધવા સાથે* સંદેશો મોકલાવેઓ હતો;) અને (બીજું એકે, આપણી સરકારી સ્કુલમાથી વીદ્દેઆ હાંશેલ કરીને બાહેર પડેલા સઘલી વરણના સખસોને તેઓના અભીઆસ તથા ઉદીયોગમા વીશેસ ઉતેજન મલનારાં સાધણો કરી આપવા કાજે પોતાની સકમાઈના દરવીય મધેથી પઈસા વેરવાની કાંઈજ કશુર કીધેલી જણાઈ નથી; અને તેટલી ખુબીથી આજે ઘણા સાહેબો પંદીતપણાના વરગમા ખપેલા માલુમ પડેછે.)

શેઠ ખરશેદજી કાંમાંની પરખેઆતી પરજામા પંથરાતી છેક સરકારી સલતનત સુધી જેમ પોંહચી, તેમ તેણાની કદર તાંહાંબી જાણવામા આવી; અને તેથી કરી પેહલવેહલાં તેણાને ગરાંડ જુરીનો† અધીકાર તથા સુલેહના અમલદારનો મલી બે ઓહધા એનાએત કીધાં; અને તેપછે રાએલ એશીઆટીક સોસાઈટીની માનવંતી મંડલીના સભાસદ, યુનીવરશીટીના ફેલોઝ, અને પારસી મેટરીમોનીએલ કોરટના ડેલીગેટની જગેઆ જે બખસીંદા થઈ, તે સુધાં પાંચ ઓહધાઓનો અધીકાર તેવણ હજીસુધી સાચવી રહેલા સંભલાએછે.

આપણા આ કાંમાંજીની કીરતી એટલાંમાજ સંમપુરણ નહીં કરતાં હજી આગલ વધીને કેહવા માંગીએચ કે, શેઠજીના કારણસર ચીનની સફરે શીધારી આવેઆ પછે, મુસાફરીનો શોખ થયાથી આરવાર માહેલાં મથકોના જુદા જુદા ઘણા ભાગોમા જે ફરી વલેઆ, તેમાં :—

ય૦ ૧૨૦૯ મા, પુણા, આમદનગર, અઓરંગાબાદ, દોલતાબાદથી છેક ઇલોરા સુધોની શેહલઘાહ કરી આવતાં માસ ૧॥ રોકેઓ હતો.

ય૦ ૧૨૨૯ મા, સ્ટીમર "વીકટોરીઆ" ની મારફતે ગોવે ગયા હતા; જાંહાં સેંટ ઝેવીઅરનો તેહવાર જોઇને તાહાંથી કોમટા, હોનાવર, ગેરસપા (આ ઠેકાંણે પાહડ ઉપરથી જોસબંધ ધોતનું પાંણી જોગ નામની નદીમા જે પડેચ, તેપણ તેનાએ જોયું હતું), શીદાપોર, ચંદનગુપતી, બનવાશી, સરશી, એકંમબી, પોલાં, મંદગુર, તથા તરસ તરફ થઇને ઉબલી ગયા; જાંહાંથી ધારવાર ધલતા તેગુર તથા મુગુતખાનમાં ફરી પાછા ઉબલીમા આવેઆ; અને તાંહાંથી બેલગાંમ, સુતકતીત, ઉકરી, કોનુર, ગોડાક (જાંહાંનો વાતર ફાલ જોઇને), કલાડગી, મધરાજ,

* એ બાબેનો ખોલાસો આ નોંધ પાંને ૩૪૭ મે શેઠ મજકુરના અહેવાલમાં વીસતારી જણાવેલોછે. નો૦ લે૦

† સમા પરમાણે જુરીની ધોરણ બદલાઈને ઈ૦ સને ૧૮૬૫ મા કાંમન તથા સ્પેશીઅલ જુરી નીસચે થઈ તે માહેલી છેલ્લી બેઠકનું માનબી તે દાહડાથી તેવણને મલેલુંજછે. નો૦ લે૦

જાંમખંડી, બીજાપોર, તથા શોલાપોર થઈને પુણું પકડતા બે માસની મોજ મારી પાછા મુંબઇ આવેઆ હતા.

સ૦ ૧૨૩૨ મા, મુંબઇથી નીકલેલા પેહલાં પુણા ખાતે જઈને પછે તાંહાંથી સોલાપોર, ખાનપોર તથા નલદરૂ સુધી ગયા; અને તે તરફથી પાછા ફરી કલીઆંણી ખાતે આવેઆ; જાંહાંથી નીજામના શેહર હેધરાબાદ ગયા, પછે કરનુલ, કડાપા, તરીપતી થઈને આગ ગાડીની મારફતે મધરાજ ઉતરી પડ્યા હતા; અને તાંહાંથી આગબોટમા સવાર થઈને જલવાટે કલકતે ગયા હતા; જે પછે બરદવાન, રાંણીગંજ, પટના, બનારસ, આગરા, મથુરાં, બીંદરાબીન, ગોકુલ, દીલ્હી, લખનોર, કાંહાંનપોર, ગોઆલીઅર, ઈંડાર, બરાંહણુપોર, અને ચાલીસગાંમ થઈને પાછા મુંબઇ આવેઆ, તારે તે મુસાફરી ૪ મહીનાની કીધેલી કેહવાઇછે.

સ૦ ૧૨૩૩ મા ગુજરાતની ભેટ લેવા માટે સીધારેઆ, તારે પેહલ વેહલા હીંઆંથી વજરાબાઇ ગયા; અને તાંહાંથી વસાઈ, સોપારા, અગાસી, દનતોરૂ, તારાપોર, દંમન, ઉદવારા વલસાડ, ગંનદેવી, બીલીમોરા, નોસારી, સુરત, રાંદેલ, ભરૂચ, વરોડરા, તથા અંમદાવાદ સુધી પોંહતા હતા; અને તે મુસાફરીબી જુજ મહીનાની માલમ પડીછે.

ઉપલી મુસાફરીઓમાં કાંઈ પોતીકા જીવ સાથેજ મોજ મેલવી હોએ તેમ નથી, પણ ઘણેક ઠેકાંણે પોતાની મગદુર મુજબ ઘટતી એરએરાતોબી કીધેલી કેહવાઇછે.

પોતાની કારકીરદીમાં આ શેઠે જેબી કાંમો આગેવાની હેઠલ ઉંચકી લીધાં, તે માહેલાં (ભાગ્યેગનો પરતાપ પરરસન થયાથી) કેટલાંક ફતેહમંદી સાથે પારબી ઉતારેઆં; અને કેટલાંકો જે નીસફલ ગયાં હોએ તે ઉપર તેનાનો એલાજ નહી પેસપડ્યાનો સબબ સહમજાએછે. (હીંદુના માહરાજોમાં અનીતીના કાંમો થતાં જે સંભલાએચ, તે બીલકુલ બંધ પાડવા, તથા વીધવામા પુનરવીવાહાનો રેવાજ પેસાડવા સારૂં આ સાહેબે ખરી દીલસોજીથી મોટી મદદ કીધી;) પણ તે બેહું કાંમો સમપુરણતાથી હજીતક પસાર નહી પાંમેઆંછતાંબી કેટલેક દરજે તેમા જે સુધારો સમાએલોછે, તેથી આશેઆ રખાએચ કે મોડે ઇઆ વેહલે તે બાબેનો કોંપારો તદન નીકલી જશે.

આ શેઠીઆના સવાધીણમાં બોહોલા વહીવટની બરકતથી કેહચકે લગભગ હેસી લાખની પુંજી તેણાને પલ્લે પડી હતી, અને સમો જો થોડુંકસુધી સારી રવેસે સચવાઈ રહેઓ હોતતો, સેહેજમા તેવણ કરોડ પતીની કીરતીબી પાંમતે; પણ સેરસટાના ઘેલાપણાનો ઘેરાવો તેનાને ઘેરબી દોડતો આવેઓ, તેથી ભેગો થએલો ભંડોલ કાંહાં નીકલી ગયો તેનુ થાગ કે ઠેકાંણું કાંઈજ માલુમ પડઉં નહીં; અને તેના વીજોગથી વેપાર ખાતાંની પેહડીબી બધેથી ઉંચકી નાખી; તો જોકે તેહવું બનેઆં છતાંબી સંતોસ પકડીને હરેક રોજગારમા પોતાની કોસેસ કામે લગાડી કાંઇને કાંઈ રસતો સોધતા માલુમ પડેછે; એટલુંજ નહી પણ પોતાની ચાલાકીથી ઉપર જણાવેલાં જાહેર કાંમોનો વહીવટબી હજીસુધી સાચવી બેઠેલા સંભલાએછે.

જે મજહબમા પોતે જનમ લઇને તેની બરકતથી જાહોજલાલીના પુર બાહાર ઉપર આ શેઠ આવેઆ હતા, તેજ કોમના લોકોનો કેટલોક રેવાજ અસલી ફરમાન કરતાં તેનાને જારે ઉલટો જણાયો, તારે તેને સુધારવા સારૂં રૂડી નેમથી પેહલવેહલાં કમર કસતા માલુમ તો પડેઆ; પણ પાછલથી એ ફીરકાના મોટા ભાગની હેવી ફરીઆદ સંભલાતી રહીચકે,(આ સાહેબ સુધારા બાબેની સહમજ વાપડવા જતાં ઇઆ તો કોઈ દીન દુસમનોએ ખોટો ફરેબ ખવાડેઆથી, અથવા પોતાની બીન માહીતીથી ધરમ નીમના કેટલાંક કાંમો ઉપર સખ નાખવા લાગા, તેથી તેઓના દીલ અતીસીઅ કમકમેછે,) આટલી વાતતો ખરીજછે કે, હરેક બાબદના સારાં કામોની સંગાથે માઠા બનાવનો જોડીઓ જે ગુપત રહીને સદા હરકત કરતો ફરેચ, તે ઉપર ઇનસાંણોનુ ભાન દરવીઅને જોરે અથવા તો કોઈ બીજા સંજોગે જારે ઉસતવાર ન રેહ, તારે તેનાં ઉઠાવેલાં સુભ કાંમોની વલાંણને આડા મારગ પર ઉતારી પાડતાં કેટલાક લોકોને કાંઇજ વીલમ લાગતો નથી. માટે તેઓના કેહવાની મતલબ હેવી માલુમ પડેછે કે, પારસીઓના કેટલાક જવાંણો સુધરાઇને બાહાને આપખુદીથી સવ- તંતરપણું ભોગવવા જતાં કેટલાક સાહેબો મજહબના માસુલથી ઉલટી ચાલ પર જે ઢલી પડેઆચ, તેના આગેવાનબી આ શેઠજછે; પણ તે બાબેનો ઠપકો આપનારાઓએ આટલું તો ધેઆણમા રાખવું જોઇએકે, જમાનાનુ ચકર જારે ઉલટું ફરેચ તારે કેટલીક સારી વાતોની વચે બીનધારેલી હરકતોબી એકાએક આડ નડેછે; માટે જે જવાંણીઆઓ પોતીકા મજહબના તરીકાથી ઉલટા જતા તેઓને જણાતા હોએ, તો તેવાઓને સુધારવા સારૂં આ શેઠ ઉપર દોસ નાખેઆ કરતાં કાબેલ ધરમ ગુરૂઓ અથવા ચંચલ દીન દોસતોની માઓરફતે જાહેરમાં વાઅજો કરાવીને હેવી રીતનો બોધ સીખાડવો જોઇએ કે, તેની રૂડી અસર તેઓના જીગરમા પાછી ઠસીરેહ; કેમકે આપણા તોલામા એકતો ઉપલી બાબદો હસ- તીથી તદન દુર રેહચ, બીજું એકે ઉધરતાં બાલકોને સરૂઆતમા દીનઆઇનની કેલવની સહમજ સાથે પુરતી રીતે મલતી નહીં, અને તે સાથે અદબ પકડીને અંદાજાથી ચાલવાનો રેવાજ જે બીલકુલ નીકલી ગયોચ, તે મલીને તરણ બાબદો (જેઓને વાસતે આ સદગુની શેઠ અસલથી ઘણાજ ખંતી માલુમ પડેછે) જો ઉસતવારીપર લાવનારો કોઇ હોએ, તારે ધારેલું કામ સેહલથી સફલ થાંએ.

સુસતપણે મજહબપર જેથી રેહવાએ–તેજ નરબી ભાએગ સાલી કેહવાએ.
તે સાથે સખાવતનુ જે બીઇ બોશે–જીંનતનુ સુખ તે આકેબત જોશે.

આટલી ટુક કવીતાની માહભારત મતલબ જે શેહેલથી સહમજાઈ સખા- એચ, તેનો બોધ આ શેઠને નહીં પણ જેઓને માથે ગુમરાહી ઘેરાએલી હોએ, તેઓને વાસતે આસંકારૂ કરવા ચાહીએચ કે, આકેબતની ખેર તથા ઇમાનની સલાંમતી સાચવીને તેઓ માહેલો જેબી સખસ તે ઉપર લક્ષ આપશે તો તેનો સીતારો જીવતાં તુલીક રોસણ રેહશે, અને જીંદગીની આખેરીએ પેલી જાહાંનનુ સુખ પણ તે હાંશેલ કરશે.

આ શેઠીઆએ તેમના ફરજંદોમા કેળવણીનો જે પરકાસ પેવસ કીધોચ,

તેનો લાભ લઈને તેઓ માહેલા ચોથા દીકરા શેઠ જમશેદજી અંગરેજી નેયાય ખાતાંના કાએદા છેક વેલાત વેર જઈને હેવાતો પકેપણે શીખી આવેઆય કે, તેટલી પુરવીણતાઈનો પરતાપ મેલવી ઈ૦ સને ૧૮૭૨ ના એપરેલની અધવ-ચથી વકીલનો વહીવટ ચલાવી મુકદમો લડનારા ઘરાકોની શેવા, માન જાલ-વીને મનપુરતી બજાવતાં પોતાના આ બુજોરગ પીતાને સંતોશ પમાડતા જે માલુમ પડેચ, તેની મુબારકબાદી જણાવી તેણાની જીંદગીનો ટુક અહેવાલ હીંઆં સમાપત કરી દઈએચ.

શેઠ કેખસરૂ રૂસતમજી કાંમાં.

કાબેલીની સાથે કાંઈકિ કમાલીએત ધરાવનારા આ જવાન શેઠબી મરહુમ મનચેર કાંમાંના નબીરાઓ માહેલા એકના બેટા ગણાએછે; અને તેનાનો જનમ ય૦ ૧૨૦૧ ના કદીમી બોરદાદ મહીનાને બોરશેદ રોજે થએલો જાણવામા આવેઓછે.

બાલવએમા બાપને બેહવાથી તેની ગેરહાજરે વીધવા માંતા ઉપરાંત કાકાઓની પક્ષમા પરોટાએલા રહીને જાતી કોશેસથી વીદેઆ ઉપર ભારે અભે-આસ રાખી અવલમા ગુજરાતી, અને તે બાદ અંગરેજી જુબાનને તેનાએ સારી રવેશે હાંસલ કરી લીધી.

પુખત ઉંમરપર આવેઆ તારે કાકાઓએ મી૦ હોરમજજી મનચેરજીના છોકરાઓની કુ૦ ના સંબંધમા ચીન તરફ મી૦ રતનજી હોરમજજી કાંમાંજીની કુ૦ ને નામે હુંધાડેલી પેહડી ખાતે ય૦ ૧૨૨૦ ની સાલ ભાગીઆ થઈને બે વરસવેર તાંહાં જઈ રહેઆ હતા. મુદત પુરી થયા પછે મુંબઈ તરફ પાછા આવેઆ, અને ય૦ ૧૨૨૪ મા મી૦ કાંમાં કુ૦ ને નામની પેહલવેહલી પેહડી વેલાત ગઈ, તારે તાંહાંબી પોતાનું પંતીઆલું જોડી શેઠ મનચેરજી હોરમજજી કાંમાં, તથા પરોફેસર દાદાભાઇ નવરોજજીની સાથે રવાંણે થયા હતા. એઓ વચે થએલા બંદોબસત પરમાણેની મુદત પાકેઆથી તાંહાંનુ પંતીઆલું છોડી ય૦ ૧૨૨૮ મા અતરે પાછા આવી રહેઆ પછે, બાપીકી મીરાસ ઉપરાંત બેહુ તરફની કમાનીનો દરવીઅ જે મલેઓ, તેના બલથી વેપાર વનજને બીલકુલ તજી દઈ અનેક તરેહની વીદેઆ ઉપર પોતાંનો વખત જે રોકવા માંડઓ, અને જંદ પેહલવી, ફારસી, જરમેની, તથા સંસકરૂત વીગેરેની ભાસાઓનો સારો અભીઆસ જે કીધો, તેમા બારેહકતાલાની બખશેસથી ફતેહ પાંમીને કાબેલાની સંફમા પંડીતની પદવી લાએકના ગણાવા લાગા.

જરથોસતી તોલા અંદરથી તેઓનો ઘણો પુરાંનો એલમ અગણીત હાદે-સાને લીધે અંધારાંમા છુપાઈ રહેઆને કાંઈક સદીઓ વહી ગઇછે, તે છતાં તેને કેટલેક દરજજે અજવાલે આણવા માટે કાંઇક વરશો થયાં અંતકરણથી એવણ મસગુલ રહેલા જણાયાછે; પણ તેમા જોકે હજી સુધી પુરતી રીતે પાર

ઉતરેલા કેહવાયા નહીં, તોબી એ ફીરકાના દસતુરો તથા મોબેદોની કોશેસને ખરેખરી રીતે પાછલ નાખીને આગલ વધેઆથી આલમાઓ વચે તો તેવણ ખચીત વખણાયા છે.

કાંમાં ખાનદાંનના આ જહલકતા હીરાએ ઇલ્માતો એલમના કઉઅતથી, અથવા તો કોઈ ઉસતાદની સાગરેદી કીધાથી, "કમપારેટીવ ફાઇલાલોજી" ના કાએદાનો અછો અભીઆસ હાથ કરી લઇને, ય૦ ૧૨૩૧ થી જંદ તથા પેહ-લવી ભાશાનો તરજુમો ગુજરાતીમા ઘણી શેહલ રીતે કરવા શીખ્યા; અને તેહવોજ કાએદો પોતાને તાંહાંની એકાદ મકતબમા ચાલુ રાખીને બીજા મોબે-દોનેબી તેની તાલીમ આપતા માલુમ પડેઆથી, જરથોસતી કોમના દરવીઅવાન દીકરાઓ માહેલા શેઠ ધનજીભાઈ ફરામજી પટેલની પછે, આ જવાન કાંમાંજી બીજા ગણાઇને વીદવાનના દરજ્જામા અછી રીતે પરકાસ પાંમેલા સાબેત થયાછે. આવા આલમાઓની સાથે એ ટોલાના દસતુરો તથા મોબેદો અપસ અપસની હસદખોરી, તથા અંટસ ભરેલી દુસમનાઇ એકેદમ તજી દઇને એખ-લાસથી એક વીચાર થાએ તો સંધે નથી કે, શેહજવારમા આ પુરાંણા ટોલાનો અસલી ધરંમ પાછો ઉસતવારી પકડતો સરવે મજહબો ઉપર સરદારી ભોગવે.

પોતીકા મજહબની ખુબીનો પરકાસ ખાએસમંદોના જીગરમા ઠસાવવાનુ હેત ઇછીને, આપણા આ જવાંણ કાંમાંજીએ પોતાની સહમજ સકતી મુજબ બોલ કરતા રહી ઘણાક રેસાલાઓ, તથા ચોપાંનીઆંઓ છપાવીને જે આસકાર કીં-ધાંછે, તે બધાંની નોધ તો ટીપની ગેરહાજરીને લીધે હીંઆં તુલાતવીલ લેવાઈ સકાતી નથી; પણ જેની હમોને ઇઆદછે તેજ માતરે દાખલ કરીએચ કે, ય૦ ૧૨૩૫ ના કદીમી ૬ ઠા મહીનાના ૧૨ મા રોજથી "જરથોસતી અભીઆસ" નામના ચોપાંણીઆં છપાવતા રહીને ૧ થી ૯ આંક શુધીનુ એક પુસતક પુરૂં કીધું; અને બોજાંની સરૂઆત ૧૦ મા આંકથી ચલાવીને ૧૧ મો બાહેર પડેઆ પછે, તેને ઉતેજન આપનારાં પુરતાં ઘરાકો ન મલવાને લીધે, તે અતી ઉપઓગી ચોપાંણીઊં બંધ કરવાની તેનાને ફરજ પડી. બીજો ગરંથ "જરથોસત નામા" નો ય૦ ૧૨૩૯ મા પરશીધ કરીને, તેમા પેગંમબર જરથોસતના જનમારાનો અહેવાલ અવસતા ઉપરથી ઉપજાવી જાહેરમા મેલઓ હતો. એ ઉપરાંત ઘણીવાર મુંબઇ તથા દર દેશાવરો ખાતે હમદીનોની અનજુમન એખીતી કરી, તેઓની હજુરમા ધરમ સંબંધી સભીઅતાથી વાઆજેબી તેનાએ કીધી હતી; પણ તે માહેલી કેટલીક બાબદો તેઓના મતથી વેગલી જણાયાને લીધે, તેનાએ આપેલા વીચારો વાજેબી ગણાયા નોહતા; અને તે છતાંબી હાવાં કારણ માટે તેમની કાબેલીએતના પરતાપથી ઘણીક છુપી વાતો જાહેરાંત આવેઆથી એ ટોલામા સુધરાઈ દાખલ કરવા ઉપર વીશેસ સાહુચેતી લેવાએલી જે માલુમ પડીછે, તે બાબે તો એ કોમે તેમનો ઉપકાર સદા માનવોજ જોઇએ.

આ કાંમાંજીએ પોતાની સોહોધ ઉપરથી હેવી સહમજ આપીચ, અને સેઆંના સખસો તેને સવીકારતાબી સંભલાયાચ કે, જરથોસતી લોકો પોતાના અસલી વતન શેહર ઇરાંનમા જારે જાહોજલાલી ભરેઊં રાજ ભોગવતા હતા

તારે તેઓના મજહબને મલતી પવીતર કીરીઆ વરસની છ ફસલ જેને તેઓ ગાહંમબાર કેહછે, તે ઉપર આધાર રાખતી હતી; અને દર વરસની સરૂઆત મેસના પેહલા બરૂજમા સુરીઅને પેસવાના સમાપર થતી (જેને નૌરોજનુ મુબારક નામ રોજે અવલથી અપાએલું કેહછે); અને તે પછે દર શાલે આવતી પાઆ દાહડાની કસરનો જુમલો લઇ એકશોને વીસમુ વરસ જે તેર મહીનાનુ કરતા, તેથી કુદરતે સરજેલી રૂતુમા કશો ફરક પડતો નોહતો; પણ જારથી રાજ ઓહીને જલાવતન થયા, તારથી અનેક તરેહના હાદેશાએ તેઓનો અશલી રેવાજ હેવો તો ઉલટાવી નાખેઓ, અને તેમા વલી તેઓના ધરમ ગુરૂઓની અંટસ ભરેલી ગાફેલાએ એટલી તો ગુમરાહી પકડેલી માલુમ પડીચ કે, ઘણીક સદીઓ સુધી તેઓ પાશે કસરના દાહડા સચવાઇ ન સખેઆને લીધે હીંદના તથા ઇરાંનના જરથોસતીઓની યાદમા જે રોજ માહ રહેઓ, તે ઉપરજ એતેકાદ રાખતાં ફસલના મેહલપરથી આસતે આસતે ખીશી જઇને હવડાં શીઆલાની રૂતમા તેઓ નવું વરસ બદલી રપીથવન (યાને ગરમી) ની કીરીઆ કરતા જણાએછે. આ વાતનુ દરદ હઇડે ધરી તેઓને અસલી રેવાજપર પાછા લાવવા માટે* દીનના દફતરો તથા બીજી પુરાંણી હકાએતોમાથી ચોકસ બાબદો સોધી કાહડીને દાખલા દલીલ સાથે આ ધુંધી ગરહસથે આલમની હજુર જાહેર કીધી, તે બાબે તો તેમની કાબેલીએતને ઘણીજ સાબાશી પોંહચવી જોઇએછે; અને તેમ બનેઊંચબી ખરૂં; પણ તેમા બે વાતે તેવણની એટલીજ ભુલ જણાઇ આવી કે, (એકતો અશલી રેવાજની વીરૂધ ઉતરીને ૧૨૦ મે વરશે એક મહીનો અદીક કરાવાને બદલે દર ચોથે વરશે એક દાહડો વધારવા વાસતે પોતાના વીચાર ઉપર વીશેસ ભાર મેલ્આ કીધો;) અને (બીજું એકે જે કારણુ સારૂં હીંદથી તે ઇરાંન સુધી દેશ દેશાની અનજુમનના અકાબરો મલતા દીનના દાનાવ દસતુરો ઉપરાંત માનવંતા મોબેદો તથા યોજદાથરેગરનુ કામ કરનારા એરવદોના ધેઆનમા ચોકસ ગણતરી ઉતારીને પોતાની સાથે તેઓનેબી સાંમેલ કરી લેવા જોઇતા હતા; તેટલાઓને પડતા મેલીને હાવું માહભારત કાંમ એખીલે હાથે ઉઠાવી લેવાની પોતેજ હીંમત ચલાવી) તેને લીધે ગયાં બે તરણ વરસપર અનજુમનને એક તરીકાપર લાવવાનો ખરો હીંગાંમ હાથ આવેલો અકારત ગયો.

આ રોજ માહને ફસલપર લાવવા સંબંધી તકરારો ચાલતાં, એવનની ઉલટ ઉપર અનેક તરાંહના અતીઅંત અલાપો જે લેવાયાચ, તેમા કેટલાક વજન પાંમવા જોગબી વીચારવામા આવેછે; અને તેથી કરી આ વીદવાન ગરહસથ પોતાની કોશેસને જો હટાવી બેઠા હોએ તો, તે બાબે તેનાને એટલીજ એલતેમાસ કરીએચ કે, જેજે સાહેબોએ સભીઅતા સાચવીને સવાલો પુછે-

* એ બાબદ સર મરહુમ શેઠ વીકાજી મેહરજી તારાપોરવાલાએ ય૦ ૧૨૨૨ મા પંચાએતના અકાબર સાહેબો ઉપર દાખલા દલીલથી ભરેલી એક દરખાસત ગુજારી હતી; પણ બારીક બાબદના બખેડા વચે પડવાનો કંટાલો ખાઇ તે ઉપર કશુંએ લક્ષ નહીં આપતાં તે દસતાવેજ પંચાએતની પેટીને તલીએ તુઆ બાતો નાખી મેલેલો માલુમ પડેઓછે. નો૦ લે૦

આછે, તેનો ઉતર માકુલ દાખલાથી તેઓને આપી પોતાના બોલવાની વધારે સાબેતી દેખાડવી, અને પોતાના હમદીનોને એકજ રોજ માહપર લાવી મેલવા તેવણ ચાહતા હોએ તો, અવલમાં બેહુ પંથના અથોરનાનો જે અપસ અપસમા અંટસ રાખી અથડઆ કરેચ, તેઓને સહમજુતીથી સમાધાની પર લાવી બેસાડવા; અને પછે આ વાત ધેઆનમા રાખવી કે આખી પુરૂથવીપર ફાએસ થઈ ગએલા ફીલશુફોના સરદાર, સત વખશુરાંને વખશુર જરથોસતે જારે શાહનશાહ ગુસતાસપ, તથા તેની દરબારના અમીરલ ઉમરાવો ઉપરાંત ઓલમાઓના જીગરો પોતાની તરફ ખેંચીને તેઓની મદદ મેલવી, તારે માજદીઅસની ભલી દીનને આલમમા આસકાર કરવાપર જેમ તે અશો નર ફાવેઓ હતો, તેમ હમોએ ઉપર જણાવેઆ મુજબ દેશે દેસના દાનાવ દસતુરો, મોબેદો, એરવદો અને બેહદીનોની બાંહેધરીમા રહીને, તેઓની મદદથી ધારેલું કામ તેવન આગલ ચલાવશે તો બારેહકતાલાની બખશેસથી તેમા ફતેહ પાંમેઆ વના રેહેશે નહીં. જો કદાપી તેમ કરવા જતાં હરકત જેવું જણાતું હોએ તો બેહતરછે કે શોશીઓસના સમા સુધી એ ટોલાને તેઓના ધરમગુરૂઓની હઠીલાઈનો આધાર પકડી ભુલાવામા પડેલા રેહવા દીધાની ગણીમત સહમજવી.

શેઠ સંતોકજી બરજોરજી.

ઉપલાં નામવાલો નર પોતીકા સવદેસ (સુરત તાલુકાંનુ કોઈ પરગણું કેહછે) મા જનમ પાંમેઆ પછે, ય૦ ૧૧૧૪ ની સાલ આપણી ટાપુ ખાતે રોજી સોધવા સારૂં આવેલા માલુમ પડીઆ; અને તે દાહાડાથી તેમના પરીવારો અંદર સંતોકની ઓલખ ચોંટી રહેલીછે.

આ શેઠીઆનુ સગપણ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના વડવાઓ સાથે અસલમા સંધાએલું હતું, પણ તારપછે વંશેસોની સાખા વધી ગયાને લીધે જોકે બેહુ કુટંબો એકેકથી અલાહેધી અટક લઈ બેઠા છતાં, તેઓના બેસીપણાનો થોડાક સંબંધ જાંણ પીછાણવાલાઓ વચે સચવાએલો સંભલાએછે.

હીંઆં આવીને શેઠ સંતોકજીએ સરકાર તરફથી લસકરી સીપાહીઓનો પોસાક બનાવી આપવાના કામનુ ઉપરીપણુ હાત લીધેલું હતું, અને તેની કમાનીમાથી પોતીકાં પરીવાર સહીત સુખી હાલતમા વખત ગુજારતા હતા. બજાર ગેટવાલા મોહલામા તેમની તોખમથી ઉતરેલા વારેસો જાંહાં હવડાં વસેછે તે જગાપર પરથમ એક ઘેર તેનાએ જે બંધાવેલ હતું, તે તેમના ગુજરેઆ પછે ઘણે વરસે ઈ૦ સને ૧૮૦૩ ની નાસકારક આગના બોરાકને ભોગે ચહડી ભસમ થયા વીસેની ઇઆદી એક દસતાવેજથી દેખાઈ આવેછે.

પોતાની અઓલાદથી ઉતારેલા બે બેટાઓમા વડા દાદાભાઈ, તથા નાધલા ફરાંમજીને હસતીમા રાખીને તેવણ કહે સાલ ગુજરી ગયા, તેની સણદતો કેથે સચવાઈ રહેલી નથી; પણ ય૦ ૧૧૩૧ શુધી આ વસતીમા હઇઆત રહેલા હતા હેવું સાંભલવામા આવેછે.

શેઠ દાદાભાઈ સંતોકજી.

સંતોક ખાનદાનના આ પેહલવેહલા પણોતા વીરા ૫૦ ૧૧૧૪ મા જનમેઆ ઉપરથી હેવી અટકલ બાંધી સકાએછે કે, એજ વરસે તેમના માતા પીતા હીંઆં પધારેઆ પછે પેદા થયા હોએ.

બાપની બાહિધરીમા ઉધરીને મોટા થયા પછે તેમનાજ ધંધાપર, અથવા બીજા રોજગારમા આ ગરહસથ રોકાયા વીસેની વાત કેહનારો તે વખતનો કોઇબી ધરડો સખસ સલાંમત નહીં રહેઆને લીધે, તેટલી બાના ચોકસ જણાઇ સકાતી નહી; પણ ૫૦ ૧૧૫૦ મા અરબસતાંનથી પેહલ વેહલા અરબી ઘોડાઓ આ ટાપુ ખાતે વેચાવવા આવેઆ, તેના માલેકોને પોતાના વછીઆત પણાઆ લીધા, અને કોટના મોદીખાના તરફ એક તબેલો ઉભો કરીને ઘોડાઓની દલાલીનો ધંધો સરૂ કરવા માડેઓ; અને તે દાહાડાથી હીંઆંના અંગરેજ તથા દેશી ગરહસથોમા દાદી સંતોકને નામે સારી રવેસે પરખેઆત થયા.

વછીઆતોના ઘોડા વેચવાનો આ પેહલવેહલો તબેલો અસલી મકાનપર બાવીસ વરસ સુધી રહેઆ પછે, તાંહાંથી ઊંચકાઈ જવાનો સબબ હેવો સહમજાયો કે, મુંબઇના કોટની અંદર ઈ૦ સને ૧૮૦૩ મા જારે ભઅંકાર આગે ગજબ ગુજારેઓ, તારે કેહચ કે એ તબેલો તદન બલી ગયો હતો; પણ પોતાની રૂડી કોસેસથી તેમાં બાંધેલા ઘોડાઓને સલાંમત કાહડીને થોડુંક સુધી બાહેરની કોઇ ઓલ્લી જગાપર સાચવી રાખેઆમા વછીઆતો તરફથી સારી સાબાસી પાંમેઆ હતા. સમાધાની થયા પછે પોતાની અસલી જગાપર તબેલો પાછો બાંધવાની સરકાર પાસે જારે પરવાંનગી માંગી, તારે તે નહીં આપેઆ ઉપરથી ધોબીતલાવના લતાપર હાલમા ઓલખાતા નવા સોનાપોરના રસતાની દક્ષીને આવેલી ખાલી જગેઆ તતકાલ વેચાતી લઇને તેનો મોટો ભાગ તબેલા સારૂ રોકેઓ, અને તેની પડખે પોતાને રેહવાનુ એક ઘેર ઉપરાંત આસેપાસેની જગોએ ચાલો બાંધી દીધી. આ મીલકતો આજે ૭૦ વરસ થયાં તારની સલાંમત રહીને તેમના નબીરાઓ પાસે સચવાએલી સંભલાએછે.


એ ઉપરાંત દાદી સંતોકની બીજી બીસીઆર જગા ચંદનવાડી તરફ હતી,* અને તેની ફરજંદારીનો હક છેક પોતીકા દીકરાના વખત સુધી ભોગવાતો રહેઆ પછે તેનીજ હઈઆતીમા વેચાઈને પારકી મીરાસ થયાથી હવડાં તાંહાં લોકોની મોટ મોટી હવેલીઓ ઉભેલીછે.

દાદી સંતોકે કોઈબી સખાવતનાં કાંમોમા સરફરાજી કીધેલી સાંભલી નથી પણ આ ટાપુ ખાતે ઘોડાની દલાલીમા પરમાણીકપણું વાપડતા રહી પેહલા વરગનું માન મેલવેલું ચોકસ કેહવાયુંચ; અને તેટલીજ તેમની ઈઆદગારી

---

* જે માહેલી માતરે એકજ નીસાંણી ફકીરાના તબેલાની ઉતરે આવેલી જગેઆ હજી "દાદીસંતોક લેન"ને નામે ઓલખાવા માટે સેહર સુધરાઈ ખાતાંએ ધણા વરસ થયાં મારેલાં પાટીઆં ઉપરથી માલુમ પડેછે; અને તે સચવાઈ રેહસે તાંહાં તુલીક મરહુમ દાદીસંતોકનુ નામ ભુલાસેજ નેહી. નો૦ લે૦

શાંતોક વઊંશાની વંશાવલી.



સાથે તેવણ ૭૯ વરસની વએમા સોરાબજી નામનો એક દીકરો હસતીમા રાખી, રોજ ૨૪ મો માહ ૭ મો સેહનસાહી સાલે ૧૧૯૩ ય૦ એ બેહસતનસીન થયા, તેનું મરતીઉક નોંધી લઇએછે.

એવણના દીકરા સોરાબજી બાપના મરણ વખતે માતરે ૨૩ વરસના હતા, તેનાએ બધો વહીવટ હાથ કરી લઇને તબેલાનુ કામ ઘણા વરસો સુધી ચલાવેઉં, અને બાપની પેઠેજ યુરોપીઅન તથા દેશી ગરહસથોમા પોતાનું નામ પરખેઆત પાડેઉં હતું. આ ગરહસથ કુદરતી બનાવથી આંખે તદન અંધોપો લઈ બેઠા હતા, પણ સારાં ભાએગે કવી ડાકતર કેઆરટરની કલાથી ભીતરમા થએલા મોતીઆ કાહાડઆ પછે, થોડાંક વરસ વેર પાછા જોતા થઇને રોજ ૭ મો માહ ૧ લો સેહનસાહી સાલે ૧૨૩૨ ય૦ એ ૬૨ વરસની વએમા મરણ પાંમેઆ, તારે વઉંસાવલીની ટીપમા જણાવેઆ મુજબ તરણ દીકરાઓને જે હઇઆત મેંલી ગયા, તે માહેલા વડા દાદાભાઈ તેવણની પુઠે પાંચ વરસની અંદર, રોજ ૫ મો માહ ૯ મો સેહનસાહી સાલે ૧૨૩૬ ય૦ એ ૩૯ વરસની જવાની ભોગવી જીંનતગુજીન થયો. હાલ હઇઆત રહેલા બે દીકરાઓ નામે સંતોકજી તથા ધનજીભાઈ બાપ દાદાનો ધંધો હાથ ધરી બેઠાછે, પણ તેઓના વખત જેવી આવદાંણી જણાતી નથી.

શેઠ ફરાંમજી સંતોકજી તથા તેમનુ પરીવાર.

આ ગરહસથના જનમારાની કાંઈજ હકીકત હાથ આવી નથી. તેમના બે દીકરાઓ માહેલા ખરસેદજીની નોંધબી નહીં મલતાં, હોરમજજી નામના વડાની વાત એટલીજ જણાઇછે કે તેવણ મરહુમ વાડીઆજી શેઠ જાંગીરજી નસરવાંનજીની સાહેતા હેઠલ રહીને દલાલીનો ધંધો કરતા હતા; પણ એક અસીલ પુરસ તરીકે સરવે શેઠીઆઓમા સારૂં માન મેલવેલું હતું. એ સાહેબ જારે ય૦ ૧૨૦૬ ના સેહનસાહી ૧૨ મા મહીનાને પેહલે રોજે ૬૫ વરસની ઉંમરમા મરણ પાંમેઆ, તારે અરદેસર તથા પેસતનજી નામના બે દીકરાઓને હઈઆત રાખી ગયા હતા.

ઉપલા બેહુ ભાઇઓ કેહચ કે, મી૦ ઉલીએમ નીકલની કુંપણીની નાંમીચી અંગરેજી પેહડી ઇ૦ સને ૧૮૨૪ મા અતરે ચાલુ થઈ, તેજ દાહાડાથી તેઓને તાંહાં ગોડાંઉનકીપરનો ઓહધો હાથ ધરીને ઘણા વરસો સુધી રહેલા હતા; પણ રજક પાણીએ તાંહાંથી રૂખસત લેવાડી તેથી ૧૮૫૯ મા તે જગેઆ છોડીને વેલાત ખાતાંનો પોતીકો રોજગાર કરવા લાગા, તેજ વેપારને નાંધલા ભાઈ પેસતનજી સારી આંટથી હજીસુધી વલગી બેઠાછે; અને વડા અરદેસર તો રોજ ૧૫ મો માહ ૮ મો શેહનસાહી સાલે ૧૨૨૯ ય૦ એ ગુજરી ગયા, તારે તેમની ૬૨ વરસની વએ વરનવામા આવી હતી.

શેઠ બરજોરજી શાપુરજી મેજરના.


સુરતની સોડે આવેલાં ઉમરા ગાંમના પટેલ મનજી જીવાનો આ નબીરો, પોતાના વતન તરફ ય૦ ૧૧૦૦ મા જનમ પામીને ગરીબી હાલતને લીધે રોજી ધુંદવા માટે ૧૧૨૦ મા મુંબઈ આવેઆ પછે, લસકર બાંતાની અમલદારી ધરવનાર કોઈ મેજરની નોકરીમા રહેઆથી મેજરના બરજોરને નામે આસકાર થઇને, તેજ અટક પોતીકાં પરીવારમાબી પાંથરી ગયા મુજબ તેઓ પણ મેજરનાજ કેહવાતા રહેઆછે.

આં શેઠે જેમ ચાકરી કરીને આબરૂથી જીંદગી ગુજારી, તેમજ તેવણંના બધા વસીલાઓનું વરણન જણાઈ ચુકેલુંછે; પણ તેમા ખુબી માતરે એટલીજ કેહવાઇચ કે, તે સાહેબોની હાવી સ્થીતી છતાં પોતાની તથા પરાઇ કોમમા તેઓ સારૂં માન પાંમતા હતા.


મથાલે જણાવેલા શેઠ ૫૦ વરસની વએ પોંહતા પછે રોજ ૯ મો માહ ૧૧ મો સેહનસાહી સાલે ૧૧૫૦ ય૦ મા મરણ પાંમેઆ. તેમના બેટા એદલજીબી તેટલીજ ઊંમર ભોગવીને ૧૧૮૭ ના સેહનસાહી ૧૨ મા મહીનાને ૧૦ મે રોજે જીંનતગુજીન થયા. આ ગરહસથનાબી એકજ પુરા દીકરા સોરાબજી નામના હતા, તેનાઓ પાંચ પઇસાના સુખ સાથે બાપ તથા બપાવા કરતાં અઢારેક વરસ વધારે જીવેઆ પછે ૬૮ ની ભરતીમા આવીને રોજ ૭ મો માહ ૧૨ મો સાલે ૧૨૩૦ ય૦ એ બેહસતને બારે ચાલી ગયા.

શેઠ સોરાબજી મેજરના ચાર દીકરાઓમા શેઠ ખરસેદજી જે વડા હતા, તેની સાહલેસાઇ તથા મીલનસારી વીસે હમારા કરતાં આ ટાપુ બાતેની બધી વરણના ગરહસથોને વીશેસ માહીતી મલી ચુકી હશે; તોપણ તેમની ખુબીનુ થોડુંક બયાંન હીંઆ નોધી લીવેલું ખોટું તો કેહવાસેજ નહીં. આ ગરહસથે નાદારોનો છુટકારો કરનારી કોરટના કલારકની આફીસમા વડા વહીવટદારનો ઓહધો ઘણા વરસો સુધી હેવીતો ચંચલાઇથી જાલવી રાબેઓ હતો કે, તેના સંબંધમા જેબી કોઇ પીછાંનવાલા અથવા અંજાંણેઆનું કાંમ તેમની પાસે જતાં કસોબી અંતરો જોયાવના બજાવી આપવાની ઢીલ તેનાએ કભુ કીધેલી સંભલાઇજ નોહતી; અને તે સાથે બીજી ખુબી તેવણમા એ હતી કે, હાવાં કારણસર કોઇને કાંઇ ગુચવણ પડેઆથી તેવણની સલાહ જોઇતી તો, તેપણ મેહરબાંનગી તરીકે આપીને કાએદા મુજબનો ખરો ખુલાસો કરી દેતા હતા, તેથી ઘણા લોકો દેનદારીના દબાનનુ સંકટ ભોગવેઆથી બંચી ગયાછે. હાવા ગુણવંતા ગરહસથને માટે ગાંમના નાંધલાથી તે મોટા તુલીકમા સારી વખાણ થતી હતી, માટે આ દુનીઆંમા વધારે વરસ તેવણ જો જીવવા પાંમેઆ હોતતો, પરજાને તેથી અગણીત રાહેત ઉપજતે; પણ અફસોસછે જમાનાના ચવીતરાં ચકર ઉપર કે, આ અસીલ ખવાસના ખસરૂ મેજરનેબી થોડાક દીવસ બીમારીના બીછાંણા ઉપર ગફલતીમા પડી રેહવા દીધા પછે, જંમદુત આવીને રોજ ૧૪ મો માહ ૭ મો સેહણસાહી સાલે ૧૨૪૧ ય૦ એ પેલી દુણીઆં તરફ બેંચી લઈ ગયો; અને તે વખતે તેમની ઊંમર ૫૪ વરસની ગણાઈ હતી.

મેનરના બરજોરની વંશાવલી.



તબાકખાનદાનની વંશાવલી.



આ મરહુમ ગરહસથના વડા દીકરા મી૰ હોરમજજી જે નામદાર રાંણીની ગોદીને લગતાં "સ્ટોરકીપર"ના ખાતાંમાં માન ભરેલી નોકરી બજાવેચ, તેવણબી બાપનાજ જેવો ગંભીર ખવાસ રાખી સરવે સાથે સાહલેસાઇથી મીતરાચારી મેલવતા માલુમ પડ્યા ઉપરથી, આસેઆ રખાએછે કે આગલ ચાલતાં તે ભાઇ પણ ભાએગસાલીઓની સંફમા બીરાજવા જોઇએ; અને તેહવો રૂડો દાહડો તેમને વેહલો મુબારક થાએ.

તબાક ખાનદાંનની તફસીલ. શેઠ માણેકજી નવરોજજી,

લકબે માકા તબાક.

નૌસારી કસબામા, નવરોજજી નામના ગરહસથ સાત છોકરાઓ ઉપરાંત, કેટલીક દીકરીઓ વીગેરેનો મોટો કબીલો પક્ષમા લઇ વસતા હતા; પણ રોજગાર રૂડો ન હોવાને લીધે પરીવારોના પોસન માટે કેહચ કે, તાંહાંના દેસાઇઓ પાશેથી કરજે નાણા કહડાવી પોતાનો સંસાર તેનાએ ચલાવેઆ કીધો.

તેવન જારે ગુજરી ગયા, તારે પરીવારની પરવરેશીનો બોજો આ શેઠ જે તેમના વડા દીકરા હતા, તેનાને માંથે ચોંટી બેઠો; અને ગરીબાઇની વમાસનથી વખતને વીચારમા લેતાં મેહનત મસાગત ખેંચી જેમ તેમ ઉદર પોશન મેલવવા લાગા, પણ તેટલાંમા બાપના કરજ વીશેની જબરી તેહશીલ દેસાઇ તરફથી થવા માંડી. ખરેંછે કે તાંહાંના દેસાઇઓ તંગદસતીમા ફશી પડેલા હંમદીનોને આગલા દાહાડાપર અંગઉધારે નાણા ધીરવામા જેમ બાહદુરી બતાવતા હતા, તેમ તેઓના બચ્ચાં કચ્ચાંઓ પાશેથી પાછાં મેલવી લેવામાબી જબરા ચપલ હતા. આ માકા તબાક ઉપર તકાદા જારે વીશેસ થવા લાગા, અને તેટલો હક અદા કરવાની પોતામા સકતી બીલકુલ ન જોઇ, તારે સાહમની તરફથી કાંઇ જબરદસતી થાએ તેની ધાસતી ખાઇને ય૰ ૧૧૨૫ ની સાલમા પોતાના છ ભાઇઓ ઉપરાંત બધા કબીલા સહીત તાંહાંથી અચબુચ નીકલી મુંબઇમા જાથુકનું રેહઠાણ કરી બેઠા.

આ કુટંબીઓની અટકમા મથાલે જણવેલાં નામની આશેપાશે મેલાએલા તરણ હરફો અસલ પોરટુગીસ જુબાનના જે જણાએચ, તેનો અરથ ગુજરાતીમા તંબાકુનો થાએછે. એ બાબેનો ખુલાશો શોધતાં એવું સહમજાયુંચ કે, મરહુમ માંકા તબાક પોતાનું સવદેસ છોડી હીંઆં આવેઆ તારે પેહલવેહલો ધંધો તંબાકુના ઇજારાથી તેનાએ સરૂ કરીને ઘણો ખરો વહીવટ પોરટુગીસ લોકોની સાથે રાખેઓ હતો; અને તે ગુતો લાંમબી મુદત સુધી તેવણ પાસે જલવાઇ રહેઆથી એ ઓલખ પોતાના પરીવારોમા જે પાંથરી ગયાચ, તેની ઇઆદગારી હજી સુધી તેઓ ભુલેલા માલુમ પડ્યા નથી.

આ માકા તબાક તથા તેમના ભાઈઓ ઉદીયોગી હોવાથી મનની વલાંનને નીતીના આધાર પર ઉસતવાર રાખી, તંબાકુ ઉપરાંત બીજા માલનો થોડો થોડો ધંધો કરવા લાગા; અને સરવે સાથે અશીલપણાથી ચાલતા રહી ટુક મુદતમા પોતાના હાથમા મોટો વેપાર જારે તેઓએ વાવી લીધો, તારે આગલી ગરીબી હાલત પસાર કરતા તવંગરીની નોબતે પોંચેઆ.

જે કારણથી પોતાની જનમભુમી તજી દીધી હતી, તે વાતને હાવા સારા વખતમા હમો ધારીએચ કે આ માકા તબાક તથા તેમના ભાઈઓ ભુલેઆતો હશેજ નહીં; કેમકે સાંભલેઆ પરમાણે ઘણી વાર તે સાહેબો એકેકની પછે અવાર નવાર તાંહાં જઈ આવેઆ હતા, માટે પોતીકા બાપના કરજનો ચુકાદોતો તે તરફ ગયા આગમજ અલબતાં તેઓથી થએલોજ જોઈએ, નહીં તર તાંહાં જવાનું તેઓને ભારે પડઉં હોત.

માકા તબાકનો વેપાર જારે પુર જોરપર આવેઓ, તારે દુરદરાજ દેસ સુધી તેનો સંબંધ સાંધવા માટે, તેમના નાધલા ભાઇ શેઠ સાપુરજી પેહલવેહલા ય૦ ૧૧૫૦ મા ચીન તરફ રવાંને થયા;* અને તેવાંજ કારણસર તાંહાંની દર મોસમે એકેક પછે અઢાર સફર તેનાએ કરીને વેપારી વરગમા મોટી વખાન વરસાવી હતી.

તબાક ખાનદાનના ફકત નામ શીવાએ તેઓ માહેલા કોઈનાબી આગલાં તથા પાછલાં રૂડાં કાંમોની હસતી વીશે કશી ઈઆદી કેથે જલવાએલી નહીં જણાતાં, મુંબઈના કોટની અંદર સાહમસામા સાત ગાલાવાલી એક પરબઆત પોલ પુરાંણી થઈને તેમનાજ પરીવારો પાશે સચવાઈ રહેલી માલુમ પડેછે. એ મકાન પોતીકા બધા ભાઇઓનો તેઓના પરીવાર સહીત સમાસ થાએ તેવી તરદુદથી બાંધવા માડઉં, પણ તે તઇઆર થયા આગમજ પોતે બીચારા ૭૦ વરસની જઇફીએ પોંહતાથી રોજ ૨ જો માહ ૧૦ મોં શેહનશાહી, સાલે ૧૧૭૦ ય૦ એ તરણ દીકરાઓની વસતી આબાદ રાખી બેહસતનસીન થયા; અને તેમની પુંઠે તેવનના નાધલા ભાઈ શાપુરજી પણ રોજ ૧૨ મો માહ ૧૦ મો સાલે ૧૧૭૧ ય૦ એ કાવસજી નામના એક દીકરાને મેલી ૪૧ વરસની વએમા મરણ પાંમેઆ. આ બેહુ ભાઈઓના મરણ પછે પોલનું બાકી રહેલું બાંધકાંમ પુરૂં થયું, તારે હઈઆત રહેલા ભાઈઓ ઉપરાંત બધાઓનું પરીવાર ય૦ ૧૧૭૨ ની સરૂઆતથી તાંહાં જઈને જે વશેઉંચ, તે વાતને હવડાં ૭૧ પુરાં થઈને ૭૨ મું વરસ ચાલુછે.

---

* એજ કારણ માટે "જેમસ દરંમમંડ" નામે ટંન ૬૪૩ નું એક વાંહાંણ પણ તેનાએ દંમનથી બંધાવી મંગાંવીને તાંહાંની સફરમા ઘણા વરશો સુધી ફરતું રાખેઉં હતું. ના૦ લે૦

શેઠ મેરવાનજી માણેકજી તબાક.

મરહુમ માકા તબાકના તરણ માહેલા આ વડા દીકરાનો જનમ ય૦ ૧૧૩૭ મા થએલો અટકલાયાથી, બાપના મરણ ટાંકણે ૩૩ વરસની પકી વએના તેવન કેહવાતા હતા. બાવીસ વરસની ઊંમરથી પોતાના કાકા સાપુરજીની સાથે ચીન જવા લાગા, અને પેહલી સફર ય૦ ૧૧૫૯ મા તેનાએ કીધી હતી.

બાપની હઈઆતી છતાંજ તેમને તાંહાંના બોહોલા વહીવટમા વીટલાઈ રહેઆનો લાભ તેનાએ એવો મેલવેઓ કે, કાકા સાથે થોડુંક સુધી સફરની સરીગત રાખેઆ પછે, તેવને જારે તાંહાં જવાનું બંધ પાડઊં, તારથી આ મયાલું દીલના મેહરબાન શેઠની ઉલટ વધારે ઉસકેરાઈ; અને પોતીકા ઘરના બોહોલા વેપાર ઉપરાંત બાહેરની મુબલક આડતનું કાંમ હાથમા લઈને ઘણા વરશો સુધી ચીન ખાતેના એક સવતંતર શોદાગર* બની રહેઆ હતા.

વેપારનુ કામ જારે ઘણું વધેઊં તારે હાથ હેઠલના કામદાર માણસોબી તેણાને વીશેસ રાખવાં પડઆં હતાં, પણ પોતાની બાજુ સંભાલનારાની અગતીઅ જણાયા ઉપરથી તેમના મરહુમ કાકા શાપુરજીના બેટા મી૦ કાવસજીને પેહલવેહલા ય૦ ૧૧૭૫ મા, અને તેપછે ૧૧૮૦ મા મલી બેવાર ચીનની સફરે લેતા શીધારેઆ; અને મુંબઈનો વહીવટ તેમના ભાઈઓ તથા પીતરાઈઓ આતોપી લેતા હતા.

તબાક ખાનદાંનનો તોર ટુટવાનો માઠો વખત જારે તેઓની દેવડી પર દોડી આવેઓ, તારે ચોતરફથી નીપજાએલી નુકશાંનીએ વેપારને હેવી તો સેહ ખવાડી કે, તેના વીજોગથી દરએક ભાઈ તથા પીતરાઈની ચંચલાઈ ભરેલી હીકમત કાંઈજ પેસ નહીં પડતાં, ઘણા વરસોથી માન સાથે ચાલતો તેઓનો વેહવાર તદન બંધ થયો; અને તેની ગીરેફતારીમા બધાઓની સાથે આ શેઠનેબી ઘણા વરસો સુધી બેકાર બેશી રેહવું પડઊં હતું.

સારાં ભાએગે સર જમશેદજી જીજીભાઈ બારોનેટ જેવા સરીમંત સોદાગર તે વખતે વેપારીઓના વરગમા સમાએલા હતા, તે સાહેબે પોતાનો લાગવગ વાપડીને કેહચ કે આ તબાક ખાનદાંનના ટુટેલાં દીલને રાહેત મલે તેવી તરદુદથી તેઓના કચડાએલા કારોબારનો નીવેરો લાવી આપેઓ. આ શેઠનુ મોટું અહેસાંન તેવણ જે માણતા હતા, તેનો બદલો રૂડીપેરે વાલી આપવાના હેતુથી તેમના હસતકમા કેટલુંક કાંમ સોંફીને પેહલાં પીનાંગ ખાતે મોકલાવેઆ

---

* આપણી વસતીમા બલકે આખી પરૂથવીપર વખણાઈ ગએલા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને, આ શેઠ પેહલવેહલા ય૦ ૧૧૬૮ મા પોતાની સાથે ચીન ખાતે લઈ ગયા હતા; અને તે સાહેબ મશીઆઈ ભાઈ તરીકે ગણાતા ઘણીજ ગરીબી હાલતમા હોવાને લીધે, તેનાની બનતી બરદાસ રાખી વેપાર વનજના કાંમથી તેમને હેવાતો માહીત કરી દીધા કે થોડીજ મુદતમા તે નામદારબી વેપારીના વરગમા ગણાયા તારથી આ શેઠનું હએસાન કબુ ભુલેઆ નોહતા. નો૦લે૦


હતા; પણ તે તરફ કાંઈ ફાએદા જેવું નહીં જણાયાને લીધે તાંહાંથી તેણાને પરભારા ચીન રવાંણા કરી પોતાના આડતીઆ તરીકે રાખેઆ હતા; જાંહાં કેટલાંક વરસ સુધી તેમની સેવા બજાવેઆમા હકસાઇની હાંશેલથી સંતોસ પાંમી મુંબઇ આવેઆ; અને પાછલો વખત જોકે અશલના જેવી જાહોજલાલી ભરેઓ નહીંજ, પણ થોડીક સુખવાશી હાલતમા ભોગવતાં ૬૨ વરસની વએ પોંહચી, રોજ ૨૨ મો માહ ૧૨ મો શેહનસાહી શાલે ૧૧૯૯ ય૦ એ પેસતનજી નામના એકજ પુતરને આબાદ હાલતમા હઈઆત મેલી મરણ પાંમેઆછે.

એજ ખાનદાંનના એક નબીરા નામે શેઠ રૂસતમજી હીરજીભાઈ તબાક, જેવણ ઘણા ખરા રૂસતમ શેલરની અટકથી મશાહુર હતા; તે સાહેબ ઘણા વરસની બેકારીમા બેઠા બેજાર પાંમેઆ પછે, સર જમશેદજીની સાહેતાથી ઇ૦ સને ૧૮૩૬ મા વાંહાંણ "હોરમજજી બમનજી" ની અંદર સવાર થઇ ચીન ગયા હતા; પણ કજાએ તેનો કાળચંદર આંણેઆથી ચીનના દરીઆવમા તેજ શાલના જુલાઈની ૩૧ મી તારીખે "ટાએફુન" નામના આફીએતી તોફાંનમા જાંન તથા માલથી ભરેલાં મજકુર બારકસની સાથે તેવણ બીચારા જલવાશી થઇને જાવેદાંની જાંહાંન તરફ પોતાના જીવને મોકલાવી દીધો; અને તેથી તેવણના દીલની મુરાદ દીલમાજ રહી ગઈ.

ઉપલાજ સબબથી શેઠ કાવસજી શાપુરજી તબાકબી અતરે તવાઇ રહેલા હતા, તેણાને પણ એજ સરીમંત સાહેબ સર જમશેદજીએ પનાહ આપી ય૦ ૧૨૦૬ ની શાળ ચીન ખાતે મોકલીને સુખી હાલતપર લાવવા માંડઉં; પણ થોડીક મુદત ગુજરેઆ બાદ ભવીશે તેણાને બીજીવાર ભોરવેઆથી કામની વલાણ ઉલટી રીતે થયાનુ સંકટ બેએક વરસવેર ભોગવીને બીચારા મકાઉમાજ રોજ ૨૪ મો માહ ૮ મો શેહનશાહી શાલે ૧૨૧૪ ય૦ એ મરણ પાંમેઆ. આ ગરહસથના એક કાંનમાં સોનાની કડી જડેલી હતી, તે ઉપરથી ચીના લોકો તેણાને "કમથાઉ" ની અટકથી ઓલખતા હતા.

એ પછે માકા તબાકના બાકી રહેલા બે દીકરાઓમા નવરોજજી ય૦ ૧૨૧૮ ના શેહનશાહી ૪ થા ગાથાને રોજે, અને નશારવાનજી રોજ ૨૧ મો માહ ૬ ઠો શાલે ૧૨૧૯ ય૦ એ ગુજરી ગયા; અને તેઓ દરએકની ઊંમર વરસ ૭૨ થી ૭૫ સુધીની કેહવામા આવી હતી. તબાક ખાનદાંનના જે નબીરાઓ હવડાં હઈઆતછે, તેઓની જીંદગીનો અહેવાલ જાંણવાજોગ કાંઈજ નજર નહીં આવેઆથી આ બીના બંધ કરતી વેલા તેઓના નામોનો હવાલો વઊંસાવલીની ટીપ ઉપર સોંફીએછે.

શેઠ ભીમજી ધનજી ઉમરીગર નીવંશાવલી.



શેઠ ભીમજી ધનજી ઊંમરીગર.

સુરત જીલ્લામાં ઊંમરા ગાંમછે, તાંહાં મથાલે જણાવેલા ગરહસથનો જનમ સાલે ૧૧૧૫ ય૦ મા થાએલો, તેમના વારેશો માહેલા એક અશીલ મીતરથી માલુમ પડઓછે. આ ભીમજી શેઠના વડવાઓ અસલ વતનમા કહેઓ ધંધો કરતા તેનીતો કશીએ કેફીએત કોઇને યાદ નથી, પણ કેહચ કે એવણ પોતે પંદરેક વરસની વએના થએઆ તારે સાલે ૧૧૩૦ મા પેહલ-વેહલા મુંબઇ ખાતે આવીને, પોતાના પેટનું ટુક ગુજરાંણ શોધવા માટે ચાકરી કરતા હતા; જેમાં થોડાંક વરશો વેર રોકાઇ રહેઆ પછે ભાએગ ખીલવાની જારે નોબત આવી, તારે મલબાર કોસતા તથા કોએલાનના બંદરો વચે પોતે ફરતા રહીને ટુક રોજગાર કરવા માંડઓ; અને બખ્તે તેનાને રૂડી વલાંણ દેખાડઆથી કશાટ ભરેલી કોશેસના રશીલાં ફલો સારાંજ પાંમવા લાગેઆ; એ પછે કાંહાંનાનોર ખાતે જાથુકનું મથક ગોઠવી બેસાડીને તાંહાંના રાજાની બોહલી આડત પોતે મેલવી લીધી; કારણ કે તેની પાશે થોડાંક સફરી વાંહાંણો હતાં, તેમાં વેપારજોગ માલં ભરાવી તેઓને મસકત તથા ચીન તરફ પોતાના હસતકથી મોકલાવેઆ કીધાં; જાંહાં માલ વેચાએઆથી મલતી હકસાઇનો હીશો તથા પોતેબી ખાંનગી રોજગાર કીધો તેના નફાથી થોડીક મુદતમાં તે તરફ લખ્ખસા પતીમાં ગણાવવા લાગા; અને તેટલાંમાં પોતાને તાંહાં ફીરતારે બખશેલા દીકરાઓબી એકેકની પુઠે જનમ લઇને જેમ મોટા થએઆ, તેમ આ બુજો-રગ ભીમજી શેઠનાં કાંમોમાં અતીઅંત મદદ મલતી રહી. આ સાહેબે પોતાની જીંદગીમાં એકની કજાબાદ બીજી બાએડી પરણીને તેનીઓથી આઠ દીકરા-ઓની હસતી જે હાંસલ કીધી, તેઓના નાંમો વંસાવલીની ટીપમાથી વાંચનારા સાહેબોને માલુમ પડશે કે, તે સઘલા ભાઇઓ મોટા થાએઆ પછે બાપને મુંબઇમાં એસ અરાંમ પમાડતા રાખીને તેનાએ રચાવી આપેલો રોજગાર અટોપી લેવા લાગા. આ શેઠ રોજ ૧ લે માહ ૧૨ મો સાલે ૧૨૦૭ ય૦ એ ૯૨ વરસની ઉમરનાં થાઇને ગુજરેઆ પછેબી, ઘણીક મુદત સુધી સારા એખલા-સથી બધા ભાઇઓ સંપજમા સમાએલા રહીને કાંહાંનાનોરની પેહડી ચાલુ રાખી; અને એક બીજાની બદલીએ એકેક બબે અથવા કોઇવાર તરણ ભાઇઓ તાંહાં સાથે રહીને રોજગારનો રસ સારી પેંઠે મેલવી લેતા હતા; પણ ભવીસ જારે અસત પાંમવા પર આવેણી, તારે તેઓ માહેલા કેટલાક ભાઇઓ એકેકની પુઠે ગુજરી ગયાને લીધે, બાકી રહેલાઓ વચે અરસપરસ ગેરસહમજુતી ઉઠવા લાગી; અને તેમાં પેંડેલા સડાએ એટલોતો વીનાસ વધા-રેઓ કે, વારસાની વેંહચણી અને દુકાંણોના લાગભાગ સારૂં ભાઇ ભા-ઇઓ વેરરી થાઇને માજી સુપરીમ કોરટમા લગભગ પાંચ વરસ વેર કજીઓ લડઆ; જેમા કાંઇજ નહીં પણ રૂપીઆ હજાર વીસને આસરે વકીલ બારી-સટરો વચે ખવાઇ ગયા, એટલુંજ નહીં પણ તેના વીજોગથી ધંધો ધાપોબી સદનતર જતો રહેઓ. લડવાના વંમલમા વીટલાઇ પડઆથી જારે બેહુ બો-

રહુવાલાઓ ખેજાર થયા, તારે કોરટ તરફનો ચુકાદો મલેઆ મુજબ બાપીકો પઈશો આઠ ભાઈઓ બથવા તેઓના વારેશો વચે જે વેંહચાયો, તે કરતાં એ સાહેબો અપસ અપસમા આગલોજ એખલાસ સાચવી રાખીને સહમજુતીની રાહે વાંટી લીધો હોતતો સંધે નોહતો કે કુસંપમા કતરાએલી રકમનો હીશોબી તેઓનેજ પલે પડતે; પણ તેમ નહીં બનતાં આ બુજોરગ શેઠીઆએ મેલવેલી દોલત ઉપર જે દુખ પડઊં તેટલીજ વાતની દલગીરીમા થોડીક કવીતા નીચે જણાવીને આ બીના બંધ કરીએછે.

બુરોછે સઉથી કુટંબમા કલેસ-સંપજ ટુટાથી સરજાએછે નોહેસ.
થાએછે લક્ષમી ને શેજીનો નાસ-ભલા ઘરમા દલદર કરેછે વાસ.
પાંમેછે વેરાંણ પરીવાર બહુ-તે વીશે વાંચનારને કેટલુંક કહું?
દાખલા જેના જો જાણવાજ હોએ-તો ઘણા ઘેરમા ઉડેલા કંકાશો જોએ.
તે પરથી જઘડાને રાખશે જે દુર-ભાએગવાનમા કેહવાશે તે ભરપુર.


શેઠ લવજી શોરાબજી લાકડાંવાલા.

ભરૂચની સલતનતનો ભોગવટો જારે નવાબી નોબતપર હતો, તારે ય૦ ૧૧૧૯ ની શાલમાં મથાલે જણાવેલા ગરહસથ તે તરફ જનમ પામેઆ પછે, ગરીબાઈને લીધે બાર વરસની બાળવએ પોંહચતાં ૧૧૩૧ મા તાંહાંથી નીકલીને આ ટાપુ અંદર આવેલા માલુમ પડેઆછે. આ અંજાંણી ટેકડીપર તેમના વાલી કોઈજ નહીં હોવાને લીધે, એક પારશી પસટાકીઆને તાંહાં પોતાના પરાલબનો પાયો નાખી હલકે પગારે ચાકરી રહેઆ; જાંહાં થોડીક મુદત ગુજરેઆ પછે એક દાહાડે હેવો બનાવ બનેઓ કે, તેવણના શેઠે ફરમાવેઆ મુજબ તેની ગેર હાજરીએ ઘરાકોને કોહેલી તરકારી તદન નહીં વેચી, તેથી તેની ઈતરાજીમા આ શેઠ હેવાતો આવી પડેઆ કે અરસપરસ બોલચાલ થતાં શેઠે આપેલી ધમકીને ધીકારી તાંહાંથી ચાકરી છોડી ગયા.

શેવા બજાવતાં પરમાણીકપણુ જાલવેઆથી જોકે, શેઠને તો અનગમતું થયું, પણ લોકો તરફથી તેમની નીતી જે વખણાઈ તેટલાજ સંતોરા પાંમી કોઈ લાકડાંના વેપારીને તાંહાં વગ લાગાથી તેની ચાકરીમા જઈ રહેઆ. તે સખસ કાંઈ બાલવાના નહીં પણ ઘેરો તથા એમારતો બાંધવાને બરના લાંકડાંનો રોજગારી હતો, જાંહાં પોતાની ચપલ બુધીથી તે વેપારનો અનુભવ મેલવીને, માહેલાં મુલુકો તરફ પોતે ફરવા લાગા; અને વેપારીઓમા ચોખો વેહવાર વીટલાવીને તે ધંધો પોતાને હાથ કરી લીધો તે દાહડેથી આ લવજી શેઠે લાકડાંવાલાની અટક જે ધારણ કીધી, તેજ એલકાબથી તેણાનુ પરીવાર ઓલખાઈ રહેઊંછે.

લાકડાંના રોજગારને વાસતે આ શેઠ લવજીને પોતાનુ મથક વસાઇ બાતે રાખવાની અગતીય સહમજાયા ઉપરથી તાંહાંના બજારની બોરદુપર પોતાને રેહવાનુ એક નાંધલું ઘેર, અને તેની પછવાડે તે વખત પર પગ

શેઠ લવજી શોરાબજી લાકડાંવાલાની વંશાવલી.



વાટે મુસાફરી ફરનારા પારશીઓના ઉતારા માટે ધરમશાળા પોતાના પઈસાથી બંધાવીને તે બેહુનુ વાસમુહરત રોજ ૧ લો માહ ૩ જો શેહનશાહી શાલે ૧૧૫૮ ય૦ એ કરીને ઉપર જણાવેલાં કારણો સારૂં વાપરવાસમા જે લાવેઆ, તે વાતને હવડાંજ ૮૫ વરસ વહી ગયાંછે.

ધરમશાળાની અંદર મુસાફરોને કામ આવે તેવાં તરાંબાના પુરતાં વાસણો વીગેરે મેલાવીને, તેઓની મદારત માટે એક મુસારેદાર પારશીને ચાકરીએ રાખેલો હતો. (તે પરમાણીક પારશીને આપણી તરફના ઘણા સાહેબો એદલ દઉઆને નામે ઓલખતા હતા, અને તે જારે ફુરસદ પાંમી મુંબઈ આવતો તારે કેટલેક ઠેકાંણેથી તેની લાએકી મુજબનુ ઈનામબી તેને મલેઆ કરતું હતું) હાવી રીતની ગોઠવણ શેઠ લવજી પછે તેમના દીકરાઓ, અને નબીરાઓએબી ઘણી લાંમબી મુદત સુધી ચાલુ રાખેઆથી વસાઈ જેવાં ગાંમમા તેઓની અપાર કીરતી વખણાતી હતી; પણ અફસોસછે કે તે સાહેબો એકેકની પુઠે મરણ પાંમેઆ પછે, બાકી રહેલા વારશોએ તે મકાંણોની માલેકીપણાનો હક જાલવી રાખેઓ નહીં. હાવું છતાંબી ઉપલો નીમક હલાલ નોકર તેની સાચવણી સારી રવેસથી જે કરતો હતો, તે ઉપર એકાએક હેવો ગજબ ગુજરેઓ કે, તે બીચારાએ મસાગતથી મેલવેલું થોડુંક દઈવત પોતાની પાસે સંઘરી રાખેલું હતું, તે લુંટી લેવાના એરાદાથી ઘણા વરશોની વાતપર કોઇ ચંદાલ ચોરોએ તેને કતલ કરી નાખેઓ; અને તે દાહડાથી ધરમશાળા ધુલધાણી થતી જણાઈછે; આમા વલી બીજું આટલું હુંમેરાયું કે, જારથી બરોડા કુંપનીવાલાઓની આગ ગાડીઓ ફરતી થઈ, તારથી રાહદારી મુસાફરોબી તેનો લાભ લેતા બંધ પડેઆ; અને માલેકના હઈઆત રહેલા વારેશો તરફથી નીઘેદાસતી ભુલાતી જોઈ પારકા પુરૂશો તે મકાણોના ધણીધોરી થઇ બેઠેલા સંભલાએછે, એટલુંજ નહીં પણ જેનો વગ ફાવેઓ તેઓએ તાંહાંના વાસણો વીગેરે સરંજાંમ ઉપરાંત તે મીલકતોના બારીબારણા વઠીક ચોરવાનુ અચુક રાખેઊં નથી; હજારો રાહદારીઓના આશીરવાદ પામેલું એક માનવંતા ગરહસથનુ પુરાંણુ મકાંણ છતા વારશે હવડાં આવી અવસથામા આવી પડેઊંચ, તેને સારી હાલતમા સાચવી રાખવા સારૂં આ શેઠના નબીરા મી૦ અરદેશર બરશેદજીને સજાવાર બલકે ફરજછે કે, પોતાના બુજોરગ બપાવાની ઉતમ ઈઆદગારી ભરેઆં ઉપલાં બેહુ મકાંણોને બનતી કોશેસથી સવાધીનમા લઇ જરૂરજોગ મરાંમત કરાવે; અને તે તરફ શેલઘાહે જનારા સાહેબોના વીસાંમા સારૂં વપરાતાં રાખશે તો તેઆગાણોના નેકનામની એટલી પુરાતંમ કીરતી સાથે તેવણનુ ધણીપણુબી ચંદરોકાળ સુધી પરકાસતું રેહશે.

ઉપલાં મકાંણો શીવાએ શેઠ લવજી લાકડાંવાલાએ કોટના "ટાડ સ્ટ્રીટ" નામના મોહલામા એક ઘેરબી બંધાવેઊં હતું, જેમા તેમનુ પરીવાર ઘણા વરશો ઘેર રહેઆ પછે વસતીના વધારાએ જારે અગવડ પાડી, તારે પીતરાઇઓ વચે વેચાણની ઉછાલણી થતાં વખત મુજબની કીંમત આપી ઉપર જણાવેલા નબીરાં મી૦ અરદેસરે ખંડી લીધું; અને તેપછે તેની ઉપર વધારે મજલા બં-

ધાવીને પોતા પાશે જાલવી રાખેઆથી એ ઘેર હજીસુધી લવજી લાકડાંવાલાની યાદી આપતું ઉભેલુંછે.

વણસાવલીની ટીપ ઉપરથી હેવું માલુમ પડેચ કે આ લવજી શેઠને તાંહાં ચાર દીકરાઓ જનમ પાંમેલા હતા; જે ઉપરાંત કેટલીક દીકરીઓ અને તેઓ માહેલાં કોઈ કોને તાંહાં થએલાં બચાંઓની ખીશીઆર આબાદી સાથે તેઓના પોસણ પુરતા પઇસા મેલી ય૦ ૧૧૭૪ ની આખરીના પાંચમા ગાથાને રોજે* ૫૫ વરસની વએમા વઈકુંઠવાસ થયાછે. આ મરહુમ શેઠ પોતાના વખતમા સભીઅતા ભરેલી લાએકાતથી જરથોસતી અનજુમનમા સાંરૂં માન જે મેલવતા હતા, તેની યાદગારીમા કેહચ કે, તેવણના મરણને ચોથે દાહડે ચેહારૂમની ક્રીરીઆ થઇ તારે ગાંમની નેઆત તેમના દીકરાઓએ જમાડી હતી.

નારીએલવાલાનો નકશ.


અકલેસરની પાસે આવેલાં હાંસોત ગામમા રૂસતંમજી હીરજીભાઈ નામના એક ગરહસથ રહીને તાંહાંની પટેલાઇ ચલાવતા અને ઉનનો રોજગારબી કરતા હતા. તેવણ જારે સારી દોલત સાથે છ અથવા સાત દીકરાઓ મેલી તાંહાંજ મરણ પાંમેઆ, તારે બધા ભાઈઓએ બાપનો વારસો સલાહ સંપજથી વાંટી લીધો; પણ તે પછે કેહચ કે કોક સંજોગથી તેઓ વચે વીનાસ હેવો તો જબરો ઉઠેઓ કે, તેનો ફેસલો પોતપોતાની તરફેન મેલવવાની મકસદથી એકેકની ઓહોસ પર સરકાર દરબારમા પુસકલ પઇસા ખરચી પાએમાલ થયા. તે છતાંબી કોઇના લાભમા તેનુ રૂડું પરીણામ તો અંતે ઉતરેઊંજ નહીં.

મરહુમ શેઠ રૂસતમજીના ઘણા છોકરાઓમા માતરે એકનુજ નામ તેમના પરીવારો પાસે ઇઆદી તરીકે જે રહેઊંચ, તે કાવસજીનુ કેહવામા આવેછે; અને તે સાહેબબી ઉપલા કંકાસની અંદર ભેલાઇ રહેઆમા પઈસાની ખુહારીને લીધે ઘણા લાઈલાજ થઈ પડઆ. જોકે તેમને તાંહાં છોકરાંઓની વસતી સારી રવેશે થએલી હતી, પણ તેઓનુ પોસણ પુરૂં પાડવા જોગ પાસે કાંઇજ નહીં રહેઊં, તારે લાચારીએ ઘેર બટલાને ગાંમમાજ પડતો મેલી કોઇનેબી કેહવાવીના તાંહાંથી પગવાટે નીકલી ગયા; અને મનજલ દરમનજલ રાહ કાપતા ય૦ ૧૧૩૫ના સાલમા આ ટાપુને છેડે આવેલાં માહીમ અંદર દાખલ થઈને કોઇ પરભુની વાડીમાં† ઉતારો લીધો. હાવા અંજાણેઆં સખસને દુબલી હાલતમા

* એજ દાહડે આપણી વસતીના સરીમંત શેઠ શેરાબજી રેડીમણીબી ગુજરેઆ હતા, અને તેવણ સાથે આ શેઠને સારી મીતરાચારીનો સંબંધ હોવા છતાં અચરત ભરેઊં આટલુંજ જણાયું કે તે સખાવતનો સાહ પોતાના બાપીકાં અલાહેધાં દોખમા અંદર ગયા, અને આ શેઠ અનજુમનના રવાંણો સાથે આંમેજ થયા હતા.

† એ વખત પર કોઈબી પારશીની વસતી માહીમમા બીલકુલ ન હોવાના સબબથી આ દુખીઆરા મુસાફરને પરકોમનો પરોહણો થવાની ફરજ પડી હતી.

નારીએલવાલાની વંશાવલી



નાસીપાસ ભરેલા જોઈ તે વાડીના માલેકે પુછપરેછ કીધી અને તેમના સંકટ સંબંધી સમાચાર સાંભલતાંવાર દીલમા દયા આણી ઘેરમાથી સીધો સામાણ તથા વાસણ આપી, કાલના મારેઆ શેઠ કાવસજીને કહેઉં કે ભાઇ ભોજન રાંધીને પેટ તરપત કરો, પછે બીજી વાત થઈ રેહશે.

શેઠ કાવસજીને મેજબાન હેવોતો મોતેબર મલેઓ કે, મારગની મુસા-ફરીએ ખેંચાવેલું તેમનુ કસટ તરણ દાહાડાના વીસાંમાથી તદન દુર થયું; અને તેટલો વખત તેમની મદારત માહવજતથી બજાવતાં, પેલા પરમારથી પરભુએ તેવણનો વીસવાસખી પોતા પર ખેંચી લીધો.

મજકુર પરભુની મસ મોટી વાડીમા ઉતપંત થતાં પુસકલ નારીએલ છાતીઆંવાલાઓ વેચાતાં લઇને વકરો કરવા માટે દરરોજ ગાડું ભરી મુંબઇ લાવતા, તે શોદો આ શેઠને સપુરદ કરવાની ઈછાથી પરભુએ તેણાને કહેઉં કે, "માહરી વાડીના નારીએલો ગાડું ભરી તમોને આપું તે તમો મુંબઈ લઈ જઈ "વેચો, અને તેનુ જે ઉપજે તેમાથી દરરોજ છાતીઆંવાલા પાસેથી મલેચ તેટલા "પઈસા મને આપજો, અને બાકી વધારો તમો રાખજો." આ વાત તેના ઉપકાર સાથે કબુલ રાખીને નારીએલનો સોદો વેચવા સારૂં સચોઘડીએ ગાડાંમા બેસી મુંબઈ આવેઆ, અને માલનો વકરો લઇ તેજ ખાલી ગાડાં સાથે સાંહજરે પાછા માહીમ જઈ બધા પઈસા પરભુને પલે પાડેઆ; પણ માલ ધણીએતો કરાર મુજબ પોતાનુ દાંમ લઈ વધારે નાણા આ શેઠને હવાલે કીધાં. આવી રીતે દરરોજ ગાડું ભરી નારીએલ મુંબઈ લાવી વેચતાં રોજ-ગારમા જારે તેણાને સારો અનુભવ મલેઓ, તારે પરભુ સાથે બંદોબસત થેડવી મુંબઇમા એક વખાર ભાડે લીધી; અને માહીમ તરફથી તેના તથા બીજાઓના નારીએલો પોતાને હસાબે અસલી માસુલ મુજબ મંગાવીને ખપતાં ખપતાં વેચતા રહેઆ, તેમા પેહલે કરતાં વધારે નફો દેખાવા લાગો; અને તે દાહડાથી "નારીએલવાલા"ની અટકખી પોતાના પરીવારોની ઓલખ માટે ધારણ કરી બેઠા.

નારીએલના નીરદોશ ધંધામા શેઠ કાવસજીએ અલબતાં બેએક વરસ રોકેઆં, તાંહાં તુલીક સંવદેશમા રહેલાં તેમના પરીવારોને કશી ખબર મલી સકી નહીં કે તેઓનો પરતીપાલ કરનાર કાંહાં હશે; અને તેજ મીસાલે આ શેઠનેખી તેઓના ગુજારા વીશેની ખરી કેફીએત કેહનારો કોઇ જડેઓખી નોહતો; પણ રોજીના પરતાપથી જારે રલીઆંમણા થયા, તારે બાએડી તથા બચાંઓને મુંબઈ બોલાવી પોતાની પનાહમાં સાચવી લીધાં, જેનો ય૦ સને ૧૧૩૭ નો જાણવામા આવેઓછે.

વઊંસાવલીની ટીપમા દાખલ થયા મુજબ શેઠ કાવસજીને તાંહાં છ છોકરાઓ હાંશોત ખાતે જનમ પાંમેલા હતા, તેઓ માહેલા તરણની વાત માલુમ પડીછે, અને બેની બાબદનો કશો બોલાશો હાથ આવેઓ નથી. શેઠ કાવસજીનો ધંધો કાંઇ હેવો નોહતો કે, બાપના કાંમમા દીકરાઓને લાગુ પડવાની અગત હોએ; અને તેથી કરી તરણે ભાઇઓ જુદા જુદા વહીવટમા જે વલગી ગયા, તેઓ મધે સરવેથી નાધલા પેસતનજી કોઈ વોહોરાને તાંહાં પેહલાં હલકે મુ-

સારે ચાકરી રહેઆ, અને થોડુંક સુધી તેની પક્ષમા પરોટાયા પછે તેનેજ તાંહાં કરાંણીના કામ પર ઘણા વરસ ગુજારેઆં હતાં. એ શેઠબી પાછલથી વેપારીના વરગમા પરએઆત થઇને ય૦ ૧૧૬૦ સુધી હઇઆત માલુમ પડઆ, પણ તેપછે તેણાનુ નામ સાંભલવામા બીલકુલ આવેઊંજ નથી. બીજા ભાઈ જમશેદજી વીશે કેહનારે હેવી ખબર આપીચ કે, તે સાહેબ વઈદું જાણતા હતા તેથી તબીબપણાનો ધંધો કરી પોતાની જીંદગી સંતોસથી ગુજારતા હતા. આ બે બેટાઓ ઉપરાંત તેઓના મજકુર બાવા કહેઆં વરસમા વઇકુંઠ વાસ થયા તેનો ચોકસ દાહડાવારબી તેમના કુટંબીઓ આપી સખેઆં નહીં માટે એટલીજ વાત લગાર અંધારે રહેલી વીચારીને શેઠ કાવસજીના ચોથા ચીરણજીવીની જીંદગીના અહેવાલ ઉપર રજુ થવાની રજા લઇએછે.

શેઠ નવરોજજી કાવસજી નારીએલવાલા.

નારીએલ વાલાની નોક જાલવનારા આ નેકનામ નર પોતીકા સવદેસ બાતે ય૦ ૧૧૧૯ મા જનમેઆ પછે લગભગ અઢારેક વરસના થયા, તારે બાપના બોલાવેઆથી ૧૧૩૭ ને સુમારે મુંબઇ આવીને વતન કરી રહેઆ હતા.

બાપના ધંધામા પોતાની અગત પડવા જેવું નહી જનાયાથી કેહચ કે, તે વખતપર વાડીઆજી શેઠ માણેકજી લવજીને તાંહાં હલકા મુસારાની ચાકરી મેલવી થોડુંક સુધી રહેઆ; અને તે પછે કીસમતે તેનાને કલકતાની કસટ* ખેંચવા કાહડેઆ, તારે તવકલ કરી ય૦ ૧૧૪૦ મા તે તરફ શીધારેઆ હતા. હાવા અંજાણેઆ દેસમા એક અંગરેજ સાથે તેનાને દોસતીનો સંબંધ સંધાયો, અને તેની સલાહથી તાંહાંના બરનો થોડા થોડા માલ મુંબઇથી મંગાવીને જે વેચવા માડઓ, તેમા તેનાને સારો નફો પરાપત થયો. વેપારમા જેમ અનુભવ મલતો રહેઓ તેમ તેને વધારવાની જોગવાઈ હાથથી તેનાએ હરગેજ જવા દીધીજ નહીં; અને તેમા મદદની જારે જરૂર જણાઈ તારે પોતાના ભાઈ પેસતનજીની સાંમેલગીરી મેલવી લઇ, તેનાને મુંબઇમા રાખેઆ, અને પોતે કલકતામા કેટલીક મુદત સુધી રહેઆથી અરસપરસના વેહવારે સારો વહીવટ ચલાવેઆ કીધો.

કલકતેથી સારી કમાઇ કરી લઇને શેઠ નવરોજજી મુંબઇ આવેઆ પછે, કેટલાંક ગાંમઠી બારકશો જેહવાં કે બટેલા તથા ફતેમારીઓ બંધાવીને, તેની મારફતે બાહેરના દેસાવરો તરફ પોતાનો રોજગાર લંબાવા લાગા; અને તેનો વહીવટ પોતીકાં પરમાણીક ભાઈ પેસતનજીના સવાધીનમા સોંફી આપેઓ હતો.

---

* આગલો સમો દરીઆવની સફર તથા ખુશકીની મુસાફરી સારૂં હવડના જેવો શેહલ નહીં હોવાને લીધે, જતા આવતાઓને માહ મુસકેલીએત ભોગવવી પડતી હતી.
નો૦ લે૦

સબબ હેવો સરજાયો કે જે બતેલામા મજકુર શેઠ પેસતનજી હતા, તે બારકશે મુંબઈ છોડઆ પછે મારગમા સખત તોફાંન આવ્યું; અને તેના ટંડેલે આગલ વધવાનું ખીલકુલ જોખમ ભરેલું જોતાં જે કીનારો નજદીકમા મલેઓ, તેને જાંન તથા માલની સલાંમતી સાચવનારો સહમજી સહી કરી લીધો; પણ તાંહાં જઈને જોયું તો તે મલબાર કોસ્તા માહેલું તીરવેનદરમ નામનું એક આબાદ બંદર માલુમ પડ્યું.

એવું કેહવામા આવેલુંછે કે ઉપલું બંદર અસલમા અંગરેજી રાજની રઈ-એત માટે ખીલકુલ ખુલ્લું મેલાએલું નોહતું, અને તેથી કરી તોફાનની મુશીબત-માથી બંચવાની મતલબે તે બંદરમા દાખલ થએલા બતેલાને તાંહાંના રામરાજાના માણસોએ જપત કીધો; અને તે માહેલા સોદાગર શેઠ પેસતનજીને પકડી દરબારની હજુર લઈ ગયા. ખરૂંછે કે ભાઓગ જેના રોસન હોએચ તેને કોઈ વાતનો જેમ કેથે ભએ રેહતોજ નથી, તેમ શેઠ મજકુરે મુશીબતની વાત જારે રાજાને નીરભએ સહમજાવી કહી, તારે ધેઆંનથી તેને સાંભલેઆ પછે પોતાના જીગરની ખાએસ એવી જણાવી કે, "માહારાં બંદર સાથે તમો વેહવાર "ચલાવોતો વેપાર જોગ જીણશોમા સાગલી લાકડાં, મરી, એલાએચી અને તે "ઉપરાંત તરાવેનકોરમા ઉતપન થતો જેખી માલ જોઈએ તે હલકી જગાતે "પસાર થવા દઈસ."

રાજા સાહેબની ફરમાસ શેઠ પેસતનજીએ લાભકારી વીચારી માન સહીત બાહાલ રાખેઆથી, જે બારકસમા તેનાનો માલ હતો તે માગેલા ભાવ મુજબ રાજાએ ખંડી લીધો, અને તેને બદલે તાંહાંનો જોઈતો (જેમા સાગલી લાકડાંનો જથો વીશેસ હતો) માલ ભરી આપેઓ; જે લઈને તેવન મુંબઈ આવેઆ, અને તેજ કારણ માટે પોતા પાશેના બધાં બારકશો સાથે તેવન તતકાલ તાંહાં રવાંણે થયા. પોતાના ઉપીયોગ માટે આલપાઈનુ બંદર સલાં-મત જોયા ઉપરથી રાજાની પરવાંનગી મેલવી તેને વસાવેલું, અને તારથી કેટલીક મુદત સુધી તેવન તાંહાંના રેહવાશી થઈ પડઆ હતા.

સાગલી લાકડાંઓને વાંહાંણો તથા મનવારો બાંધવાના કાંમમા આવતાં જોઈ શેઠ નવરોજજીએ તેનો જથો જાથુક પોંહચતો કરી આપવા વીશે આપણી માજી કુંપની સરકાર સાથે બંદોબસત ઠેહરાવેઓ, અને રાંમરાજાના બોલાવેઆથી તેવણ પણ આલપાઈમા જઈ રહેઆ.

શેઠ નવરોજજી આલપાઈમા રેહઠાણ કરી બેઠાથી રાજા તથા તેની દર-બાર સાથે તેનાને દોસતી દાવો એવોતો વધતો ચાલેઓ કે, પોતાની અશીલાઈ પણાના એખલાસથી તેઓની મોહોબત પોતા ઉપર ખેંચી લીધી. એતેફાક એવો બનેઓ કે રાજાની એક ભાંણેજ હતી, તેનીને ચાંમરીપર કોઈ બુરો મરજ હેવો લાગેઓ કે, કોઈ ઘણીખી દવાઈ કરતાં જારેબી કાંઈજ ફેર પડેઓ નહીં, તારે દરબાર તરફના કોઈ સખશે રાજાને એવો ભમાવેઓ કે, આ નવ-રોજજી પાશે દવાછે તે જો માગી લેઓ તો તેથી રોગીસ બાઈ આરાંમ પાંમે. આ વાત જોકે સચાઈથી ખીલકુલ વેગલી હતી, પણ તેવન ઉપર રાજાની

વધેલી મોહબત દેખી નહી સખનારો દીલમા કપટ રાખી ઓટુંજ બોલીઓ; અને રાજાએ તે સાચું માણી શેઠ નવરોજજીને કહેઉં કે, આ રોગીસ અબલા સારૂં તમારી પાશેની દવા આપવી. શેઠ મજકુરે સાફ દીલથી ના પાડીઆ છતાં રાજાએ જારે વધારે બોહોસ કરવા માંડી, તારે તેમાંથી કાંઇ માઠું પરીણામ નીપજવાની બીહીક પકડતા રાજા પાશેથી રૂખસત પાંમીને ઘેર આવીઆ. પોતે જાતે પરેહજગારી સાથે અશો ખસલત ધરાવતા હતા, તેથી નીંદરા તજીને આતસ ઉપર સુખડ લોબાનની ખુસબો મેલતાં આખી રાત અવસતા પઢીઆ કીધા; અને પાછલી રાતરે જારે જુહુફણનો ગુલબો થયો, તારે બીછાંણાપર જઈ શુતા. દવાઈ વીશેનું વમાસણખી વીચારમાજ ભમેઆ કરતું હતું, તેથી નીંદ લાગતાંજ વાર સ્વપણામા એવું કેહવાતું તેનાએ સાંભલેઉં કે “થોડા દીવસ સુધી મોહમા પીગલાવેલી ખાંડ રોગીસના બધા બદનપર ચોપડી “તેનીને તડકે બેસાડીઆ કરે, અને તે સુકાયા પછે શોહજાં પાણીએ તેનીને “નહવાડે તો રોગની સફાઈ થાએ.”

સવપણાની વાત સાચાં દીલથી ઘેઆણમા રાખી શેઠ નવરોજજી સહવારના રાજા પાશે જઈને ઉપલો ઉપાએ કરવા ફરમાવેઉં, અને તે તરતીબથી નામદાર રાજાની ભાંણેજ ચંદરોજમા ચંગી થયાથી રાજા તથા પરજામા તેનાનો મરતબો કીરતી સાથે અતીઅંત વધી પડીઓ હતો.

આ શેઠીઆના ફૈજલો કરમથી કેહય કે મલબાર તરફ પારશીઓના પગલાં જારે વીશેસ પંથરાવા લાગાં, તારે તેઓના ધરમ નીમની સાચવણી સંબંધી શોચના રાખી આલપાઇમા એક અગીઆરી તથા એક દોખમું મલી બે મકાંનો પોતાને પઇશે બંધાવેઆં હતાં; અને તે જોકે હજી સુધી આ પુનવંતા શેઠની ઈઆદગારી જણાવતાં ઉભેલાંછે, પણ તેના સને વીશેની સનદ ગુમ થયાને લીધે ખબર નથી મલતી કે, તે કેટલાં વરસના પુરાંણાછે.

ઘણા વરસ આલપાઈમા ગુજારેઆ પછે શેઠ નવરોજજી જારે જઈફીએ પોહચતા જણાયા, તારે તે તરફ પોતાના વીસવાસુ માણશો (જેમા શેઠ ફરદુનજી તથા દાદાભાઈ પેસતનજી આલપાઇવાલા મુખીઅ હતા) ને મુખતેઆરી શોંફી મુંબઈ આવીઆ; અને વેપારનો વધારો આગલ કરતાં વીશેસ હોવાને લીધે બતેલા તથા ફતેમારીઓ મલી ગાંમઠી ૨૮ બારકશો મલબાર તથા મુંબઈ વચે ફરતાં રાખેઆં હતાં.

એવનનો વેપાર ચીન તથા કલકતાના મુખીઅ મથક સુધી પોંહચેલો હતો, અને તેટલા માટે તેમને તાંહાં હેઠલ જણાવેલાં મોટાં બારકશોએબી સફરની શેવા ઘણી મુદત સુધી બજાવી હતી. જેમાઃ—

“શાહ બેહરાંમ” (અમેરીકા તરફ બંધાએલું) ટન ૨૫૦ નું ય૦ ૧૧૬૦ થી તેવનના ભાઈ પેસતનજી કાવસજીને નામે જે લેવાએલું હતું, તે કાંહાં સુધી સચવાઈ રહેઉં, અને પાછલથી તેનું શું થયું તેની ખબર મલી નથી.

સુરત ખાતે ય૦ ૧૧૮૯ મા શેઠ બેરાંમજી કાવસજીએ બાંધેલું ટન ૭૫૪ વાલું “જાન બાનરમેન” કહેઆં સાલમા વેચાતું લીધું તેની ઈઆદીખી

હાથ આવી નથી; પણ ય૦ ૧૧૮૯ થી પેહલાં પોતીકા વડા દીકરા હોરમજજી તથા શા૦ વીજલાલ હરખચંદની રાસમા ફરતું જણાયું, અને તેમના ગુજરી ગયા પછે પોતાના નામથી ફરતું રાખેલ હતું. એ બારકસ મુંબઈ આવવા માટે ઈ૦ સને ૧૮૩૬ ના ડીજેમબરની આખરી તારીખે ચીનથી ઉપડ્યા પછે, પારાસેલના ખરાબા સાથે અથડાને તદન ડુબી ગયું હતું.

ખરા ઉદીયોગથી મેલવેલા દરવીઅનો મોટો ભાગ, કેહચ કે, આ શેઠે મીલકતો ખરીદવામા રોક્યો હતો; તે સંધાંની સનદ તો હાલ અપાઈ સકાતી નથી મગર જેટલી જાંણવામા આવીચ, તેટલીજ હકીકતને અજવાલે આણીએચ કે, કોટમા મરહુમ સર જમશેદજીના મેહલ વાલું અસલી મકાંન દાદી બરજોરના બેટાઓ પાશેથી વેચાંણ કરી લઈ પોતાને રેહવા લાએકની હવેલી ઉઠાવી હતી; અને તેનેજ પડખે પોતીકા મેહતા મરહુમ શાપુરજી પેસતનજીને* વાસતે એક ઘેરખી તેનાએ બાંધી આપેલ હતું. આ બેહુ મીલકતો જોકે જમાનાના દોરે તેઓના વારેશો વચે જલવાવા નહીંજ દીધાથી, ઉપલા મેહલને માટે ય૦ ૧૨૦૦ મા વેચાઈ ગઈ; પણ બીજું મકાણ જે મોઢમા લીધું હતું તે ધરમના કારણસર રોકાયાથી તેમના નબીરાઓ પાશે સચવાએલું સંભલાએછે. મોઢ તરફ રેહનારા જરથોસતીઓને સર અવસરે મજહબને મલતી ક્રીરીઆ કરાવવાની જે અગવડ પડતી હતી, તે ટાલવાના હેતુથી આ શાખી નરે પઈસા ખરચી મજકુર જગામા એક દરેમેહર બંધાવી; અને તેમા રોજ ૩ જો માહ ૧૦ મો શેહનશાહી શાલે ૧૧૯૧ ય૦ એ આતસઆદરાંન તખતે બેસાડીને, પોતાના હમદીન ભાઇઓની સગવડ માટે બોહ્લા મેલઆથી પોતાના પુણની પકી યાદગારી આ જાંહાંનમા જોડી રાખીછે. એ ઉપરાંત ભરૂચમાબી એક અગીઆરી તેનાએ બંધાવી આપી હતી, પણ તેનો દાહડોવાર તેમના પરીવારોની પીછાંનમાથી બીશી ગયાને લીધે હીંઆં નોંધવાને બનેલ નથી.

શેઠ નવરોજીના વેપાર ખાતાંનો વહીવટ સંભાલનારા તથા હીસાબ દરોબસત રાખનારા મુંબઈમા તથા મલબાર તરફ મલી પોતાની કોમના ૧૮ મેતાઓ ચાકરીપર હતા, તેમા મુખીય બે માહેલા એકતો ઉપર જણાવેલા શાપુરજી અને બીજા હોરમજજી ફરાંમજી નામના જાણવામા આવેલાછે. એ બેહુ શાદગુણી ગરહસથોએ ઘણા વરસ સુધી પોતાના માલેકની શેવા રૂડી વરતણુકથી બજાવેઆ કીધી, તેનો બદલોબી તેઓને કુદરતની બખશેસથી સારોજ મલ્યો; એટલુંજ નહીં પણ શેઠ શાપુરજી તથા હોરમજજી મેતા પાછલથી વેપારી મંડલીની પીછાંણમા પરખેઆત થઈ રહેઆ હતા.

નારીએલીના જાહાડમાથી ઉતપણ થતી બધી વસતુઓ ઉપરાંત તેનુ થડબી

---

* આ ગરહસથ મરહુમ દાદાભાઈ તથા ફરદુનજી પેસતનજી આલપાઇવાલાના ભાઈ હતા. નો૦ લે૦

અકારત જયાવીના* ઈનસાંણોના વેપાર વાસતે જેમ અતીઉપીયોગી થઈ પડેચ, તેમ તે પરથી ઉતરેલાં નારીએલોનો ધંધો કરીને તેની અટક પોતાના પરીવારોમાં પાંથરી જનારના, આ નેકબખત દીકરા નવરોજજી ગરીબાઈમાથી તવંગર થયા; અને નીતી સાચવીને જે જે ઉદીયોગમા પડઆ, તેમા બરકત પાંમેઆથી બાવીસ લાખ રૂપીઆને આસરેનો દરવીય મેલવેઓ હતો, પણ માઠાં ભાગ્એગે લાકડાંના વેપારમા પાછલથી પોંતેલી અતીઅંત નુકસાંનીએ પુંજીનો મોટો ભાગ ઘસડી નાખેઆ છતાંબી પોતાની આંટને આંચકો આવવા દીધો નોહતો; પણ પેદા કીધેલા પઈસામાથી જેટલા જતા રહેઆ તેની ગમીમા ૭૫ વરસની બુજોરગીએ પોંહચતાં ય૦ ૧૧૯૪ ના શેહનશાહી દેએ મહીનાને ૩ જે રોજે પોતાનુ પાક રૂહ પરવરદેગારની પનાહમા સોંફી દીધું; અને આ જંજાલી જગતથી દુરી પકડી મીનોઈ લોકોમા ચાલી ગયા.

ખરૂંછે કે જે નેકબખતનુ સબકતું પગલું જારે જતું રેહચ, તારે તેની પાછલના પરીવારોમાં અનેક તરેહના અવગણો જેમ સાંમે આવેછે, તેમ તેની નડતથી જેબી કાંમો થાએચ તેની વલાણબી ઉલટાતીજ જાએછે. જોકે શેઠ નવરોજજીના મરણ પછે તેણાને તાંહાંનો વહીવટ સાચવનારા, ઉપર જણાવેઆ મુજબના બે માનવંતા મુખીય મેતાઓની મદદ તે મરહુમના દીકરા મેરવાનજીને મલતી હતી, અને બાપ હસતકના ગામઠી બારકસો ઉપરાંત એક મોટું સફરી વાંહાંણ "જાન બાનરમેન" છતાં ય૦ ૧૨૦૧ મા "અરલ આવ કલેર" નામનુ ૬૧૦ ટનવાલું એક બીજું બારકસબી તેનાએ બંધાવીને વેપારને ચાલુ રાખેઓ, તોપણ કીસમતની કરાંમતે અવડા પાશો ફેંકેઆ કીધો તેને લીધે નારીએલવાલાને તાંહાંનુ બધું નહીં સરખું થઈ ગયું; અને શેઠ મેરવાનજી ગુજારા ગરીબી હાલત જોઈને રોજ ૧૭ મો માહ ૮ મો શેહનશાહી શને ૧૨૧૧ ય૦ એ વરસ ૫૦ ની વએમા મરણ પાંમેઆ.


વર્ણસાવલીની ટીપ તપાસતાં શેઠ કાવસજી નારીએલવાલાના છ માહેલા માતરે આ ચોથા દીકરાને તાંહાંનીજ વસતી હસતીમા રહેલી માલુમ પડેચ. શેઠ મેરવાંનજીના વારેશો પાશે મોઠવાલી દરેમેહેર તથા તેને લગતી જે જાગીરછે, તેની વીપતનુ થોડુંક વરણન વાંચવા જોગ સહમજી હીંઆં નોંધી લઈએછે.

મોઢની જગેઆ પરથમ ઈ૦ સને ૧૭૫૮ મા માજી ઇસ્ટ ઈંડીયા કુંપની

---

* એના જાહાડમાથી દુહુજતો રસ તાડીને નામે ઓલખાઇને તે તથા તેનો બંનતો દારૂ પીધામા આવેછે. ઉતપંન થતાં નારીએલની અંદરનો મવાદ જે કોપરૂં કેહવાએચ, અને જેમ તે ઈનસાંણોના ખોરાકમા લેવાએચ, તેમ તેઓનાજ ઉપીયોગ માટે તેમાથી કોપરેલ તેલબી બનેછે. કાટલીઓ બલતનમા ખપેચ, અને હુકા સારૂં પાણી ભરી રાખવાના કાંમોમાબી આવેછે. ઉપરના છુંછા અથવા તરફડાંના સાકાથી દોરડાં વનાએછે. તરસારાંની જાહવલી તથા તે માહેલી શેઠીઓના બુતારા બનેછે, અને ઠડનુ લાકડું એક તરફથી કોતરી કાહડીને માછીમાર કોલીઓ નાખલાં હોરકાં બનાવેછે, અને તે ઉપરથી જણાઈ આવેચ કે એ માહેલી કોઇબી ચીજ કબુ અકારત જતીજ નથી. નો૦ લે૦

ગનધર ખાનદાનની વંશાવલી.



સરકારે મી૰ લીઉકસ આસબરનર નામના અંગરેજ ગરહસથને ૯૯ વરસને પટે આપેલી હતી; અને તે માહેલો "નારેલ વાડી" ને નામે ઓલખાતો ભાગ જે સરકારી માહશુલ ખાતાંની માપણી મુજબ ૪૬૨૨૦ ચોરસવાર કેહવાએછે, તે, તેની પાશેથી શેઠ નવરોજજી રૂસતમજી નાદરસાએ ખરીદેઆ પછે, તેનાએ જારે વેચેઓ, તારે ઈ૰ સને ૧૮૧૨ મા આ મરહુમ શેઠ નવરોજીએ દરસાલ સરકારી ભોંએભાડાંના રૂ ૫૦ ના ભરણા સાથે વેચાતો રાખેઓ હતો. એ વાડીની અંદર ઈ૰ સને ૧૮૨૨ મા એબાદતખાનાનો જે કેબલો બનાવેઓ, તેની ખીના ઉપરના ફકરામા જણાવી ચુકા છઇએ. આ બાબદમા આટલી વાતતો ચોકસ જણાએલીછે કે, આપણી ટાપુનુ માલેકપણું જારથી અંગરેજી સલતનતને સપુરદ થયું, તારથી ઈંડીયા કાંઉનશીલે પસાર કીધેલા ધારા મુજબ તેઓની હકુમત પેહલાં બની રહેલાં, તથા તે પછે બંધાતાં આવેલાં સરવે મજહબવાલાઓના ધરમના હરકોઈ મકાંણોના ભાડાં વીગેરેની માહશુલ સખી તરફેથી માફ થએલીછે, તેજ કાએદે ઉપલા કેબલાની માહશુલબી લેવાવી તો જોઈએજ નહીં; પણ તેનુ ઉલટું હેવું બનેઉંછે કે, મજકુર જગાના પટાની મુદત ઈ૰ સને ૧૮૫૭ મા પુરી થાઈ તાંહાંતુલીક તો ઉપલા ઠેડાવ પરમાણે ભોંએભાડાંની રકમો અપાતી રહી; અને તેપછે તાંહાંની બધી જગેઆ સરકારે પોતાના સવાધીનમા લીધી, તારથી તે વખતના કલેકટરે તેમા અશલ કરતાં અતીઘણો વધારો કરી દીધો, જે આપવાનુ હાલ[illegible]ઓને ઘણુંજ ગેરવાજેબી જેવું દેખાયું, અને વલી ભારેબી પડઉં. હાવ[illegible]ને લીધે વરસો વરસની વશુલાત અટકી પડઆથી જારે તેઓ ઉપર સરકારના જે લેણા થયા, તે અદા કરવા સારૂં કલેકટર મી૰ ઉઇલીએ ઈ૰ સને ૧૮૬૯ ના મારચની ૫ મી તારીએ ધરમના મકાંણ શુધાંની સંધી જગા હરરાજથી વેચી કાહડવા વીશેની જાહેર ખબર છપાવી, તારે મોટી મુશકેલ કારસાજી કરી અહડી ગએલું દેણું તો ચુકાવી દીધું; અને તેનો બોજો હલકો થવા અથવા ધરમના મકાનની માહશુલ માફી કરાવવા બાબેની ધારનાથી ૧૮૭૨ મા આપણા માજી ગવરનર સર શીમોર ફીટઝરલડની સરકારને શેઠ નવરોજજીના નબીરા મી૰ રૂસતમજી મેરવાનજી નારીએલવાલાએ એક અરજી આપી હતી; તેનો જવાબ જોકે તે નામદાર ઓહધો છોડી ગયા પછે આ શેહરની હકુમત સર ફીલીપ ઓડહાઉસને હાથ આવેઆને બે વરસ થવા આવેઆં, તાંહાં તુલીક ઉપલા આશેઆવંતાને બીલકુલ મલેલો સાંભલેઓ નથી; માટે પારશીની પંચના માનવંતા અકાબર સાહેબોને સજાવાર બલકે ફરજ છે કે, આપણા આ પુરાંતમ શેઠ નવરોજજી નારીએલવાલાના નાંમ તથા માનખાતર આગેવાન થઇને તેનાએ સથાપેલાં ધરમના મકાંણુની માહશુલને માફી બખશાવી અથવા તેમાં કાંઈ કીફાએત કરાવી આપવી જોઈએ.

શેઠ જમશેદજી નાનાભાઈ ગજધર (ઊરફે સપલા*)

ગાએકુઆરી હકુમતના ગાંમ ગનદેવીમા હોસંગજી દોરાબજી નામે એક ગરહસથ રેહતા હતા, જાંહાં ઘેરો તથા વાંહાંણો બાંધવાને બરના સાગલી લાકડાંઓ જે વેચાએ, તેની ગજ તથા દોરી વટે માપણી કરવાના કાંમમા મસગુલ રહીને તેમાથી જે મલે તે ઉપર પોતાનો ગુજારો ચલાવતા; અને તે વખતથી પોતીકી અટક ગજધરની ઓલખાવીને, પરીવારોમાખી પરકાસતી રાખી ગયાછે. હોસંગજીની પીઢથી પાંચ પુતરો જે પેદા થયા, તે માહેલા ચારના પરીવારોએ ઉપર જણાવેઆ મુજબની અટક સાચવી રાખીછે; અને સરવેથી નાધલા બેટા રતનજીની પીછાંનત "મુસ"ની કેહવાતી આવેઆને લીધે, તેઓનું પરીવાર તેજ એલકાબે અલાહેદું ઓલખાઈ રેહેઊંછે. ગજધર ખાનદાનને હસતીમા આનનારા હોસંગજીનો જનમ ય० ૧૦૭૦ ની સાલને સુમારે થએલો અટકલવામા આવેઓછે, પણ તેમના મરણની ઈઆદી કોઈ પાશેથી મલી નથી. એવણના વડા દીકરા ધનજીભાઈને તાંહાં થએલાં ફરજંદો માહેલી એક દીકરીને, હીરજી રેડીમણી સાથે પરણાવેઆથી તે સરીમંત શેઠને પોતાની સગાઈમા સાંમેલ કીધા હતા અને નાનાભાઇ નામના બીજા બેટા, જેવન ય० ૧૧૦૬ ની સાલમા જનમ પાંમીને તરણ દીકરીઓ† ઉપરાંત મથાલે જણાવેલો એક દીકરો મલી ચાર ફરજંદો પેદા કીધા પછે, ૧૧૩૮ મા મરણ પાંમેલા માલુમ પડેઆ

શેઠ જમશેદજી રોજ ૧૧ મો માહ ૫ મો શેહનસાહી સાલે ૧૧.. ય० એ પોતાના ગામ ગનદેવી અંદર જનમ પાંમેઆ હતા. પાંચેક વરસની ઊંમરના થયા તેટલાં, તેમના બાવા ગુજરી ગયાથી બીચારી વીધવા માતાને માથે આ દીકરા ઉપરાંત વગર પરણેલી બે બેટીઓ, તથા મરણ પાંમેલી વડીનું એક દુધમલ બાલક મલી ચાર જણાઓના પાલણનો બોજો આવી પડેઓ; અને તેના નીભાવસનો કશો દીરગ ગાંમમા નહીં દેખાયો, તારે ધણીના મરણ પછે જુજ દાહાડે (ય० ૧૧૩૮ મા) ઉપલાં ફરજંદો લઈને બાઇ બીચારાં આ ટાપુ ખાતે આવી લાગાં; તે વાતને એકશોની ઉપર ૪ પસાર થઈને હવડાં પાંચમુ વરસ ચાલેછે.

---

* એ બાબે એવું સાંભલવામા આવેઊંચ કે, આ શેઠ સારી સથીતીપર આવેઆ પછે મરહુમ હોરમજજી વાડીઆ સાથે દોસતી સંધાયાથી તેમની વાડીમા જતા આવતા હતા; જાંહાં વાતચીતના દરમીઆન ભોલાઈ પણાથી ઠાવકી ચોકસાઈ ન રાખતાં કોઇની છુપી વાતો બોલી કરી નાખતા હતા, તેથી તેમના બોલવાને કેટલાક મીતરો સીફલા સરખું સહમજી મસકરી કરવા લાગા; અને તે ઉપરથી અસલી સબદો ફેરવાઈને સપલાની અટક આસકાર થઈ રહી. નો० લે०

† જે માહેલી વડી મોતીબાઇ વલસાર ખાતે ભીખાજી નામના ગરીબ મોબેદ સાથે પરણેઆં હતાં, અને તેનીને પેટે અવતરેલો એક દીકરો આપણી ટાપુ ખાતે હોરમજજી ચીનાઇને નામે પરખેઆત થઈ ગયોછે; તેને જનેઆ પછે થોડેજ મહીને ગાંમમા તેવન ગુજરી ગયાં. નો० લે०

મુફલેશી હાલત ઉપર સંતોસ પાંમતાં આ શેઠના માવતરે હીંઆં આવીને એક કોથડી રૂપીઆ એને ભાડે લીધી અને પરીવારે સહીત તાંહાં તેવન રહેઆં. કાચના દાંણા જેને મનીઆરૂં કરી કેહવામા આવેછે, તેનો વેપાર આગલા વખત પર વીશેસ હોવાને લીધે, તે ઉદીયોગી બાઇએ તેની શેરો ભરી આપવાનો ઉદંમ ચલાવેઓ, અને તેમાથી જે મલે તે વડે પોતા સાથે પરીવારોને પોસન પુગાડતાં રહેઆં. હાવી કાંહાંની કીરતથી આ શેઠને તેમના માતાજીએ ઉધારીને જારે બારેક વરસના કીધા, તારે કોઈ વાણીઆ સરાફની દુકાન ઉપર શીખવા બેસાડેઆ; જાહાં ચંચલ જેહનના બલથી તેવનને ચાલાકી વાપડતા જોઈ, તેમના શેઠે સાત રૂપીઆનો પગાર આપતો કીધો.

આ દીકરાની આટલી કમાણી છતાં તેમના માતાએ પોતીકો ઉપલો ઉદંમ ચાલુજ રાખેઓ, અને વીશેસ ઉલટ વધારેઆને લીધે પેહલાં મુંબઈ આવેઆં તારની હોએલી સથીતીમા પણ લગરીક સુધારો થતો રહેઓ. એમ કરતાં આ શેઠની ઉમર જારે વીસ વરસની થઈ, અને ચાલાકીમા ચપલ, તથા શીકલે શોહાંમના દેખાયા, તારે આ ટાપુના પુરાતંમ શેઠ દાદાભાઈ ગાંમડીઆએ* નવાજબાઈ નામની પોતીકી નેક બખત દીકરીને તેવન સાથે ય૦ ૧૧૫૩ મા પરણાવી દીધી.

કુદરતે બખશેલું આ જોડું પાંચેક વરસવેર એક બીજાની મોહબતમા એખલાસથી હલી મલી રહેઉં; અને તેટલા પરતાપના પરીણામે શેઠ જમશેદજીનું ભાગ્યેગ એવું રોસણ કીધું કે, એક તરફ તેમના મોહરદાર ગરભવંતાં થયાં, અને બીજી બોરદુપર આગલા સરીમંત તથા માલેતોજાર દાદીશેઠે તેનાને બોલાવેઆ; અને વાતચીત થતાં તેવન વીસવાસુ નજર આવેઆ, તેથી પોતાના વેપાર ખાતાંની આડત શોંફી ય૦ ૧૧૫૮ માં† તેનાને ચીન તરફ મોકલાવેઆ.

જે કારણ સર શોદાગરી શેહરની સફરે શીધારેઆ, તાંહાંથી જારે પેહલીજ ખેપે સારૂં નાણું લઈને આવેઆ તારે, તેમની વીધવા માતાથી ખેંચાએલી રંજનો બદલો ખોદાતાલાએ બખશેલા થોડાક ગંજથી તેનીને વાલી આપેઓ અને તેમા વલી આ શેઠની મોહરદારે આગમજથી જની આપેલા અરદેસર નામના દોતરાની હસતી જોઈ બેવડી ખુસહાલી તેનીને હાંશેલ થઈ.

ચીન તરફ બીજી મરતબે જઈને આ શેઠ પાછા આવેઆ, તારે પોતીકી બે કુંમારી બેહણો જે માથે પડલી હતી, તેનીઓ માહેલી મેહરબાઇને ફરાંમજી દાદાભાઈ ગણદેવીગરા નામના એક ગરહસથ સાથે, અને આવાંબાઇને શેઠ હોરમજજી ધનજી (ધણા) પટેલ સાથે પોતે પરણાવી દઈને, બાપ તરફની ફરજ અદા કરતાં મેહરબાન માતાજીને રાહેત પમાડી હતી.

---

* આપણા બુજોરગ અકાબર શેઠ ફરામજી નસરવાનજી પટેલના તેવન બપાવા હતા. નો૦ લે૦

† ઉપલી ખેપતો પેહલી હતી, પણ બધી મલી તેનાએ સાત સફર દાદીશેઠની સાહેતાથી કીધેલી કેહવાએછે. નો૦ લે૦

ધંધા રોજગારના બાબમા આગલા વખત એવાતો લાભકારક હતા કે, તેની બરકતથી શેઠ જમશેદજી તરીજી સફર સુધીમા મોટા દરવીઆવાન થયા; અને તેનો રૂડો ઉપીયોગબી પોતાના ગરીબ બેશીઓની સંભાલ સારૂં જે કરતા રહેઆ, તેથી તેઓના અંતકરણનો આશીરવાદ પાંમવા લાગા. આ વખતપર તેમનો એક પુરો દીકરો અરદેસર જે લગાર મોટો થએલો હતો, તેને વાસતે પોતાના કાકા રૂસતમજીની દીકરીને કદખુદાઈમા લીધી; એટલુંજ નહીં પણ પોતીકા મામાની તરણ દીકરીઓને, બીજા કાકાના તેટલાજ દીકરાઓ સાથે સગાઈમા જોડીને વર કનેઆં મલી આઠ જણાઓ (ચાર જોડાંઓ)ને સારી ધામધુમથી પરણાવી વધારે પરબેઆત થયા હતા.

ઉપલી સાજવારીની ખુસહાલીમા કેટલાક દીવસ આગમજથી ખાનાપીના તથા રંગરાગ રચાવેઓ, અને લગનને દાહાડે ઘેર કુંટબીઓ તથા ગાંમના બધા ગરહસથો વીગેરેની મીજલસ પોતાને તાંહાં એવીતો મીલાવી હતી કે, તે વખતના હઈઆત રહેલા કોઈબી સાહેબો તેમના સાજનની રલીઆત રચણાની વાત કભુ ભુલતા નહીંજ હશે. આ અવસરે એક રમુજી બનાવ બનેલો હેવો સાંભલવામા આવેઓચ કે, સાજનની મીજલસમા તેમના માનવંતા મુરબી દાદીશેઠબી આવી બીરાજેઆ હતા, તેનાએ શેઠ મજકુરને એવી ફરમાસ કીધી કે ઉપલાં પરણતાં જોડાંઓના આસીરવાદ કદમીમા સરાવવા; એ બાબે સાજન મેલવનાર શેઠ પોતાની માતાનો હોકમ લેવા ઘેરમા ગયા, તેવાંજ તે બાઈ બાહેર આવીને બીલંદ આવાજે ભર મીજલસની હજુરમા દાદીશેઠને વીનંતી કરવા લાગાં કે, "બાપા મરીજાંઊંરે ચુરીગરના આસીરવાદ નહીં થાએ, જો તેમ "કરીએ તો આ બધા કુટંબીઓ જે હાજરછે તેઓ બધા હમો મા તથા દીકરા "ઉપર લેઆંનત નાખી હીંઆંથી ઉઠી જશે." આટલું સાંભલતાંજ દયાલુ દીલના દાતાર દાદીશેઠે જવાબ દીધો કે, "વારૂ વારૂ બાઈ જેમ તમારી ખુશી." બાઈ બીચારાં શેઠના સધીઆરા ભરેઆ સખુનથી સંતોસ પાંમેઆં, અને લગણનો મહીમા ખુશી સાથે સંપુરન ઉતરેઓ.

હેવું સાંભલવામા આવેઊંચ કે દાદીશેઠ મરણ પાંમતાં સુધી દસ વરસના અરસામા સાત સફર ચીનની પુરી કીધી, અને તે પછે આ શેઠ પોતાનો ખાનગી વેપાર લઈ ય૦ ૧૧૭૦ની સાલ ગોવે ગયા. થોડાક મહીના તાંહાં રહેઆ તેટલાં તેમનો એક પુરો દીકરો અરદેસર, જે બારેક વરસની બીલતી કલીના બાહર પર આવેલો હતો, તે કજાએલાહીથી મરણ પાંમેઆવીશેની દુખ ભરેલી ખબર મલેઆથી પોતે પણ સરીરમા ગંમનું પીડાકારક દરદ લઈને તાંહાંથી પોતાનો અસબાબ ઉઠાવી મુંબઈ આવેઆ.

જાંહાંસુધીં સીતારો રોસન હોએચ તાહાં તુલીક ઈનસાંણમા સરવે વાતનું સુખ સરખી રીતે સમાએલું રેહછે; પણ એકાદો ઘરેહ જારે વકરવા માડેચ, તારે તે અનેક તરેહનો અવગણ તેના એસઆરાંમમા જેમ હરકત નાંખેછે, તેમ આ શેઠબી તેવાજ સપાટામા સપડાયાથી દરવીઅના દમામ આગલ એક તો દીકરાના મોહોતે દગો દીધો, અને બીજું એકે પોતાની મોહરદારે પણ

દેહમા ચમક વા, અને તેવાંજ અવગણ ભરેઆં દરદો અંગેજી લીધેલાં માલુમ પડ્યાથી પોતાની જીંદગીને થોડાકવાર અકારત ગએલી જોવા લાગા; કેમકે તેથી કરી પોતાને તાંહાં વારસની વસતીનો સજર અટકાવ થઈ પડ્યો હતો.

ઉપલાં બે કારણોથી શેઠ જમશેદજી સરીરે જારે વીશેસ કાહેલીચાલેઆ કીધા, તારે તેમના માતાજીએ ખસજેદ થઈ ફરમાવેઆ મુજબ હવાની ફેર બદલી માટે પોતે સુરત તરફ ગયા; જાંહાં પાણી મુંઆફેક આવેઆંથી થોડુંકમા સાંણતી પાંમેઆં પછે, વસતી વધારવાના હેતુથી તે તરફ રેહનારા કાવસજી ડોસાભાઈ કોપરની કુમારી દીકરી હમાબાઇ સંગાથે પેઆર બાંધી પરણેઆ. લગન કીધા પછે સાસરીઆં વાલાં શેહરમા છ મહીના સુધી એસઆરામથી રહેઆનેલીધે તાંહાંના સાહુકારો, શોદાગરો તથા સરીમંત શેઠીઆઓ સાથે દોસતી દાવાનો સારો સંબંધ સાંધેઓ હતો; અને થોડાંક નાણા ગરીબોમા પુણ માટે દાન કીધાથી પોતાની કીરતીબી દીપાવી દીધી હતી.

શેઠ જમશેદજી પોતાની બીજી બાએડીને લઈ મુંબઈ તો આવેઆ, પણ તે વાત પોતાની પેહલી મોહરદારને અનગમતી લાગાથી તેનીએ રડી કુંટીને ઘેરમા મોટું તોફાંન જારે મચાવેઉં, તારે તેનીના આ ગંભીર ખાવંદે દાહપણ વાપડી તે બાઇને પોતાના એખલાસમા હેવાં તો સમાવી લીધાં કે, થોડા વખત પર કંકાસનું જે વાદલ ઉતરેઉં હતું તેને એકદમ વીખરાવી દીધું, અને પોતે જેજે કબુલાતો તેનીને આપી હતી તે વફાદારી સીકે શેવટ સુધી પાલેઆ કીધાના બદલામા, એએલું સણસારી સુખ તેનાએ પાછું હાથ કરી લીધું.

આટલી મુદત સુધી તો પોતે ભાડના ઘેરોમા રહી વખત ગુજારેઓ, તેમા પાછલના થોડાંક વરસ પટેલના મોહોલામા કાવસજી સાયરના ઘેરની સાહમે, અને નસાખાનાની ગલી પાશે આવેલું દાદાભાઈ આલપાઇવાલાને નામે હાલ ઓલખાતું ઘેર જે પરથમ હોરમજજી વાડીઆનું હતું, તે તેવન પાસેથી આખું ભાડે રાખેઉં હતું. જારે પોતાની મીલકત કરવાનો વખત પોંહચેઓ, તારે તેજ મોહલામા હવડેના નસાખાનાની સાંહમે આ૦ બેરામદાર દોરડીની જગેઆ વેચાતી લઇને તાંહાં હવેલી ઉઠાવવાનું કાંમ ચાલું કીધું; અને તે તઈ-આર થએઉં તારે તેમા પોતીકાં પરીવારો લઈને વાશો કીધો; જે ઘણા વરસ થયાં તારનું સચવાઇને તેવણ પછે દીકરાના હાથ પર થતું દોતરાઓના સવા-ધીનમા રહેલુંછે. એજ ઘેરની પાછલ આવેલાં પીઠાંના મોહલામા જગેઆ લઈને તાંહાંના જરથોસતીઓને માટે બાજ ઈજવાના ઈઢાલા, તથા એબાદત સારૂં આતસ દાદઘાહની અગીઆરી આ શેઠીઆએ બંધાવી હતી; અને તાહાં દરરોજ પોતે બંદગી માટે જવાની ધારણા રાખી ઉપલાં રેહઠાણમાથી એક મારગ પણ કીધો હતો. તે અગીઆરીએ ઘણા વરશો સુધી તાંહાંના મોહલેદારોની સગવડ સારીરીતે સાચવી હતી, પણ તે પછે ય૦ ૧૨૩૨ મા શેઠાંણી મોતલીબાઇએ તે તરફ આતસ આદરાંણ તખત નસીન કરાવેઆ તારથી ઉપી-આગમા આવતું ઉપલું મકાંણ બંધ પડ્ઉં, અને તેના પાછલા માલેકે તેમા ફેરફાર કરી લોકોને ભાડે આપવા માંડઉંછે.

એક ગમથી ઘેર તઈઆર થતું હતું, અને બીજી બોરદુ પર તેમા વસનારા વારેસોખી નવી બાએડીને પેટથી જનમ પાંમવાં લાગાં; જેમા પેહલે બોરેની દીકરી મેહરબાઇ સરવેમા વડાં માલુમ પડેઆંછે; અને તેની પુઠે તારપછેબી પેદ-રપે બીજી ચાર દીકરીઓજ* આવેઆ કીધાથી શેઠ જમશેદજીને લગરીક દલ-ગીરી તો ઉપજી, પણ ખોદાના બખશેલાં ઉપર સબુરી પકડી સંતોસ પાંમેઆ, તેનો બદલો તે કીરતારે હેવો વાલી આપેઓકે, તેપછે તેનાને તાંહાં દીકરાઓની જે વરધી થઈ તેની વીગત વંસાવલીની ટીપ તપાશેઆથી જણાઈ આવશે.

શેઠ જમશેદજીની વડી બેહનના બેટા હોરમજજી બીચારા બાપની મુફ-લેસ હાલતને લીધે બચપણથીજ મમાઈ તથા મામાની પક્ષમા પેશીને બધી વાતે પરવરેસ થએલા હતા; તેવન જારે વીશેક વરસની પુખત ઉંમરે પુગા, તારે વાડીઆજી શેઠ હોરમજજી બમનજીને તાંહાં પોતે ભલામણ કરી તેણાને ચાકરીએ રખાવેઆ; અને તે સાહેબે તેવનને ચાલાક જોઈ પોતીકાં વાંહાણમા ચહડાવી ય૦ ૧૧૬૯ મા પેહલવેહલા ચીન મોકલાવેઆ, તારથી તેવન ચીના-ઈની અટકે ઓલખાવા લાગા.

સકમાઈના પઈસાનો કેટલોક ભાગ આ શેઠ સારાં કામોમા જે ખરચતા રહેઆ, તેની થોડીક ઇઆદી તો ઉપર જણાઈ ચુકીછે; પણ સરવેથી એક માહભારત કામ પોતાની જનમભુમીના ગામ ગનદેવીમા બજાવેલું તેની કેફીએત હીંઆં નોધી લઈએછે કે, મરણ પાંમતાં જરથોસતીઓને માટે આરાંમધાહની એકાંત જગેઆ, જેને દોખમું કેહછે, તે બંધાવીને રોજ ૬ ઠો માહ ૧ લો શેહનસાહી સાલે ૧૧૮૬ ય૦ એ મજહબ મુંઆફકની કીરીઆ કરાવેઆ પછે, તાંહાની અનજુમનના સવાધીનમાં શોંફી આપેલું, તેને હવડાંજ ૫૮ વરસ વહી ગયાંછે.

ગનદેવી ગાંમથી બાલવએમા સંકટ ખમતા હીંઆં આવેઆ પછે, સારાં ભાએગની સાથે ઉદીયોગના બલવટે શોદાગરોની સંફમા સમાઈ રહેલા, આ શેઠીઆએ આઠેક લાખ રૂપીઆનું દઇવત જે એખીતું કીધું હતું, તેને શેહારી લેવાનો સમો હેવા સંજોગથી આવેઓ કે, મજગાંમ ખાતે આપણી અંગરેજ સરકારની દેખરેખ હજુર નવાબ નીજાંમ અલીખાન, રહીને જે નવાબ હઇઆતને નામે ઓલખાતો હતો; તેને પોતાનું કરજ ફીટાડવા માટે નાણાની જારે અગત પડી, તારે કેહચ કે, તેનો ગોલાંમ મોજદીન મેતો, તથા રણછોડદાસ નામનો વાણીઓ દલાલ મલી શેઠ જમશેદજી ઉપર જાલ પાંથરી તેમને લોભમા

---

* એ માહેલી મેહરબાઇ, શેઠ હોરમજજી ખરશેદજી સરાફ સાથે; બીજી મા-ણેકબાઇ, શેઠ હોરમજજી ફરાંમજી ચીનાઈ સાથે; તરીજી ભીખાઈજી, શેઠ ધન-નજીભાઈ નસરવાનજી બનાજી સાથે; ચોથી રતનબાઇ હાલના સર કાવસજી જાંગીર રેડીમણી નાઈટ શી. એસ. આઈ. સાથે; અને પાંચમી અથવા સરવેથી નાધલી મોતીબાઇ, શેઠ શોરાબજી હોરમજજી પુણેકર સાથે પરણેઆં હતાં. એ મા-હેલી બીજી તથા ચોથી બાઈઓ ઘણા વરશો થયાં એકેકની પુઠે મરણ પાંમેઆં, અને તરણ બાઇઓ વીધવા થએલાં હઇઆતછે. નો॰ લે॰

લપેટી લેવા આવેઆ. શેઠ મજકુરને ભોલાઇપણામા ભોરવાતા જોઈ તેઓએ તેણાને કહેઉં કે, નવાબ સાહેબે એક સારે ઠેકાણે દુબરાલ અવેજ ઓરાદમા આપીને દસલાખ રૂપીઆ જે કરજે લીધાછે, તેટલી રકમ તમો આપો તો તે બધો અવેજ તાંહાંથી કાહડી લઈ તમારે સવાધીન શોંફાવીએ; અને તેમા તમોને ઘણોજ ફાએદો થશે. હાવી રીતની ઘણીક વાતોથી તેનાને કમાઇની લાલુચમા જારે લાએઆ, તારે તે ઉપર ભોલાઈ પણે વીસવાસ રાખી, આ શેઠે ઉપલો કરાર કબુલતો કીધો; પણ પોતા પાશેની પુંજી તે કારણસર પુરતી ન હોવાથી શીકારઆંટને લીધે અંગઉધારે બે લાખ રૂપીઆની કારશાજી બે ઠેકાણેથી કરી લઈને દસ લાખ રૂપીઆ ઉપલા સખશોની મારફતે નવાબને ધીરેઆ.

રૂપીઆ આપેઆ તેની આગમજ જાંમીનગીરી વીશે ચોકસાઇ રાખી હોતતો, આ શેઠને છકડ આવી પડતેજ નહીં; પણ ભવીસમાથી થોડોક દરવીઅ દોડી જવાની સરજત હશે તેથી પારકાઓના બોલવાને એટલાજ ઉપરથી સાચું સહમજેઆ કે જે સાહેબને તાંહાં પરથમ જમાનત મેલાએલી હતી તેને મનમા પુરતી સહમજેઆ; તેનો અવગણ પાછલથી તેનાને એવો માલુમ પડઓ કે, ધીરેલાં નાણાની સાણમા નવાબ પાશેથી મલેલી જાંમીનગીરી સમપુરણ નહીં ગણાતાં હેઠલ જણાવેઆ મુજબની જાહેર થાઈ.

માજી કુંપની સરકાર પાશેથી મજકુર નવાબને દર મહીને મલતા રૂ ૨૦૦૦ ના પગારમાથી રૂ ૧૫૦૦ વીઆજને પેટે લેવાનો કરાર કીધામા આવેઓ.હતો.

રૂપાંના વાસણો જેની કીંમત રૂ ૬૦૦૦ ની અંકાઇ હતી.

ચીચપોકલી તરફની તથા મજગામની તલાવવાલી મલી બે વાડીઓ કીંમતે રૂપીઆ બે લાખની અટકલવામા આવી હતી; અને તે ઉપરાંત શોના, મોતી તથા હીરાની જર જણશો વીગેરે જે હતું, તેની કીંમત સંબંધી કશી આંકની તે વખતપર બરોબર થાઈજ નોહતી.

ઉપલાં કારણમા શેઠ જમશેદજીના બધાં નાણા રોકાયાથી ચીનનો વેપાર જે તેવન કરતા હતા, તે કામ તદન બંધ પડઉં. લોકોના કાનઉપર જેમ વાતો પોંહચેઆથી તેઓ કેહવા લાગા કે ધીરેલાં નાણા પાછાં ફરનાર નથી, તેમ આ શેઠના જીગરમા ધાસતીએ બહુજ બેકરારી પેસાડી, અને તે સબબથી સખત માંદગી પાછી ભોગવવા લાગા; તો જોકે જીવને સંતોસ આપવા માટે એકથી બીજી અને તાંહાંથી તરીજી વાડીએ જઈ રહેઆ, તોપણ સરીરને કશો સધીઆરો નહીં મલતાં અજલનો હલકારો એકાએક આવી પોંહતો તેની સાથે રોજ ૧૩ મો માહ ૧૦ મો શેહનશાહી સાલે ૧૧૮૯ ૫૦ એ વરસ ૫૬ ની ઉપર પાંચ મહીના ને ૩ દાહડાની ઉમર પુરી કરી હકની દરઘા તરફ ચાલી ગયા.

શેઠ જમશેદજીની જીંદગી આખર આવેઆ પછે, માજી કુંપની સરકાર પાશેથી મજકુર નવાબને મલતો પગારબી બંધ થયાને લીધે, દુકાલમા અદીકમાસ આવેઆ જેવી હરકત નડી. આ બાબે મરહુમ શેઠે વશીએતનામા અંદર નેમેલા

વકીલ શેઠ હોરમજજી ભીખાજી ચીનાઈ, તથા વકીલાતન વીધવા હમાબાઈએ વાડીઆજી શેઠ હોરમજજી બમનજીની મદદ મેલવી મરહુમ સર ચારલસ ફારબસ બારોનેટ જે વેલાતમા હઈઆત હતો, તેની મારફતે નામદાર કોરટ આવ ડીરેકટરો ઉપર ફરીઆદ ગુજારી, તારે મોટી મુસકેલે રૂ ૨૦,૦૦૦ ની રકમ તાંહાંથી હાથ આવી; અને નવાબે કબજાનમા આપેલી મીલકતો, તથા જરજવાહર વીગેરેનુ દઈવત તજવીજથી વેચેઉં તારે તેની કીંમતના મલી ધીરેલાં મુદલ નાણાનો માતરે અડધો અવેજ સંધરહ થઈ સએઓ હતો.

જીવનગારાની સાથે જીવ બોહેલા શેઠ જમશેદજીના બાહોસ ધણીઆંની હમાબાઈએ કેહચકે, પોતીકા ખાવંદનો વહીવટ ઘણા વરશો સુધી સાવધપણાથી સવાધીનમા રાખીને ચલાવેઓ હતો; અને આપ ઊે કરતાં જે બચેઉં તે હકદાર વારેશોને વખતશાર હવાલે સોંફી આપેઆ પછે તે બાઇબી ગુજરી ગયાં.

ગજધર ખાનદાનની એક અબલાજાદી, અને મરહુમ શેઠ જમશેદજીની વડી દીકરી મેહરબાઈ વીશે હેવું સાંભળેઉંચ કે, તે બાઇએ ગુજરાતી વીદઆના ગણાન સાથે અંગરેજી એલમનો થોડોક અભીઆસખી કીધેલોછે; અને પારશીઓમા અબલાજાદીઓ જે સવતંતરપણું હવડાં ભોગવેછે, તેની સરૂઆત પણ એજ મેહરબાઇથી થએલી માલુમ પડેછે. આ બાઈ ય૦ ૧૧૭૩ ના શેહનસાહી સપંદારમદ મહીનાના માહારાસપંદરોજે જનમ પાંમેલાં જણાયાંચ, તે ગણતરી ઉપરથી હવડાં ૬૯ વરસની વએ પસાર કરી ચુકાંચ; અને આટલી જઈફી છતાં મનની સકતી હજી જેમની તેમ સચવાઈ રહેલી જોઇ તેનીના પરીવારો સંતોસ પાંમતાં દેખાએછે.

શેઠ જમશેદજીના તરણ માહેલા વચલા વીરા નાનાભાઇએ બીજા ભાઇઓ કરતાં વધારે ઉમર ગુજારેલી જોવામા આવીછે. તેનાની કારકીરદીમા એક ધરમનું કામ જેહવી હીંમતથી ઉઠાવીને મજગાંમ તરફ એબાદતખાનાનું મકાણ બાંધવા માડેઉં, તેવીજ ઉલટમા કામ વેહેલું સમપુરણ થયું હોતતો, તેથી તેવન લગરીક રાહેત પાંમતે; પણ અજલની તાકીદ આગલ એટલી ઉમેદ બર નહીં આવતાં, રોજ ૧૪ મો માહ ૮ મો શેહણસાહી સાલે ૧૨૩૫ ય૦ એ ૫૨ વરસની ઉંમરમા ગુજરી ગયા; અને તે પછે ઉપલી દરેમેહરનું બાંધ કાંમ બધું પુરૂં થયાથી ૧૨૩૬મા વરસીને દાહાડે તેમના હઈઆત રહેલા બે બેટાઓએ અનજુમનની હજુર મજહબ મુઆફેકની કીરીઆ સાથે તેમા આતસ આદરાન તખતનસીન કરાવીને જરથોશતીઓના ઉપીઓગ માટે ખોલ્લી મેલવામા આવીછે.

મરહુમ જમશેદજી સપલાની જીંદગીનો હએવાલ હીંઆ પુરો થયોચ, તાંહાંતુલીક તેમની સકમાઇના પઈસાએ જેટલી ઇઆદગારી જાગતી રાખીચ, તેમા ગણદેવી ગાંમનું દોખમું, અને આ ટાપુ બાતે પટેલના મોહલા માહેલું તેમને રેહવાનું ઘર તથા મજગાંમ ખાતે તેમનીજ વાડીના એક ભાગ પર બાંધેલી એબાદત ઘાહ માલુમ પડેછે; અને બારેહકતાલાની બખશેસથી તે બરકરાર રેહશે, તાંહાંતુલીક તેવનનું નામ કોઇથી કભુ ભુલાશેજ નહીં.

શેઠ હોરમજજી ભીખાજી ચીનાઇ.

વલસાડમા વસનારા ભીખાજી નામના એક ગરીબ મોબેદની સાથે ગણદેવી ગામના નાનાભાઈ હોસંગજી ગજધરની વડી દીકરી મોતીબાઈ પરણેઆ પછે, તેઓના સંબંધથી આ શેઠનો જનમ ય૦ ૧૧૩૭ ની સાલમા થયો; અને તે દાહાડાથીજ મમસારની મયામા પલોટાઇને મોટા થયા તાંહાં તુલીક બધી વાતની પરવરેશી પણ તેઓથીજ પાંમેઆ હતા. મા તથા મમાવાના મરણ પછે વીધવા મમાઇની સાથે ય૦ ૧૧૩૮ મા જારે પેહલવેહલા મુંબઈ આવેઆ, તારે તેમની ઉમર માતરે એક વરસને આસરેની હતી. પેહલાં થોડાંક બરસવેર મમાઈ, અને તે પછે માંમાની સાહેતા હેઠલ પોસીંદા થઈને વીશેક વરસની વએપર આવેઆ, તારે તેમનીજ ભલામણથી આપણી ટાપુના સરીમંત શેઠ હોરમજજી બમનજી વાડીઆને તાંહાં ચાકરી રહેઆ, અને તેપછે તેનાનોજ આસરો પકડી પેહલવેહલા ય૦ ૧૧૬૯ મા ચીન ખાતે ગયા. એ શેઠીઆના સંબંધમા કેહચ કે કેટલુંક સુધી સમાઈ રહેઆ પછે, બાકીની મુદત સવતંતરપણાથી પોતાને ખાનગી હસાબે તાંહાં જયા કીધા, તે મલી ઘણીક સફર તેનાની ગણાવામા આવીછે.

શેઠ હોરમજજી ચીનાઇએ જારે પોતાનો રોજગાર ચાલુ કીધો, તારે તેનાની સરીગતમા તેમના મુરબી હોરમજજી વાડીઆએ તારાપોરવાલા શેઠ વીકાજી તથા પેસતનજી મેહરજી, અને પોતાના પીતરાઈ શેઠ અરદેસર ફરાંમજી વાડીઆને પંતીઆલા થેડવી આપેઆ; તે મુજબ ચારોની રાસનો રોજગાર ય૦ ૧૧૮૬ ની સાલથી પાંચ વરસની બાંધી મુદતનો સરૂ થયો; અને તે અરસામા "એશીઆ" નામનું એક સફરી વાંહાંણ વેચાતું લીધું, અને બીજું ૯૧૭ ટનનું ય૦ ૧૧૯૦ મા કલકતા ખાતે બંધાવીને તેનુ નામ "ચારલસ ફારબસ" કરી રાખેઊં હતું.*

ઉપલી મુદત પુરી થયા પછે બધા પંતીઆલાઓ એક બીજાની રાજીખુશીથી ભાગલાગ ચુકતો કરી ય૦ ૧૧૯૧ મા છુટા પડેઆ, અને રાસ ખાતાંના ઉપલાં બેહુ બારકશો પોતાને હસાબે આ શેઠે ખંડી લીધાં.

આ શેઠીઆએ શોદગારીથી દરવીઅના ભેગાં કીધેલા ભંડાલનો કેટલો ભાગ સારાં કાંમોમા વાપરેઓ હોએ, તેની તુલોતવીલ વીગત મલી સખી નહીં; મગર એક જાહેર ધરમનું કાંમ તેમને હાથે જે બનેલું માલુમ પડેઊંચ, તેનેજ હીંઆં નોધી દેખાડીએછે કે, પોતીકા મમસારી ગાંમ ગનદેવીમા જરથોસતીઓને માટે એબાદત કરવા, તથા ધરમની બીજી કીરીઆઓ કાજે એક મકાન બનાવીને તેમા ય૦ ૧૧૯૦ ના શેહનશાહી આદર મહીનાને સરોસ રોજે આતસઆદરાનને તખતનસીન કીધા હતા. એ દરેમેહેરના નીભાવસ માટે ૬૨ સાલે

* આ બખતાવર બારકસ ઘણા વરશો સુધી શેઠ હોરમજજી ચીનાઈ પાશે સચવાઈ રહેઊં હતું, પણ તેની અજલ જારે આવી તારે ઈ૦ સને ૧૮૫૧ મા અતરેથી ચીન જતાં મલાકાના દાનદાપર ચહડીને તદન નાસ પાંમેઊં. નો૦ લે૦

રૂ ૩૦૦ થી ૪૦૦ સુધીનો જોઈતો ખરચ શેઠ મજકુરે પોતાની હઈઆતી તુલીક પોહચતો પાડઓ હતો, અને તેપછે તેમના વારેશો હસતકથીબી જાથુક અપાયા કરતો હતો; પણ કેહવાને દલગીરી ઉપજેછે કે, તે સાહેબે બીરગસતે દાહાડાની બુરી ચુંગાલમા ફશીને પાઓમાલ થઈ પડઆના સબબથી તેનો સંભાલ રાખવાનું કામ ય૦ ૧૨૪૧ થી શેઠ હોરમસજી કાવસજી કપતાન નામના એક સદગુણી ગરહસથને આસરે રહેલુંછે.

વેપારની વલાંણ સારી રવેશે સચવાઇ રહેઆને લીધે આ શેઠ જેટલા સકરમી હતા, તેટલા, એક વાતે હેવાતો કમનસીબ કેહવાયચ કે, તેમને તાંહાં બાવીસ બાલકો જનમ પાંમેઆ છતાં તેમની ચેરાગ રોશન રાખી વસતી વધારનારો એકબી નરવારેસ જીવેઓ નહી; પણ છેલ્લે દાહાડે એક દીકરી, અને બીજી મરણ પાંમેલીને પેટના બે દીકરાઓ મલી તરણ ફરજંદો જે હઈઆત હતાં, તેઓ ઉપરજ શોકરગુજારી સાથે જીંદેગીને ૭૪ વરસની ઉંમર પર આણેઆ પછે રોજ ૩૦ મો માહ ૯ મો શેહણસાહી સાલે ૧૨૧૧ ય૦ એ આ જાહાંનથી અસબાબ ઉઠાવી મીનોઈ લોકમા વસવા માટે હકની હજુર રવાંણે થયા.


ઉપલા ફકરામા હઈઆત દીકરી જે જણાવવામા આવીછે; તેણીને આ શેઠે પોતીકા મામા શેઠ જમશેદજી નાનાભાઇ ગજધરના નાંધલા દીકરા દોરાબજી સાથે પરણાવેલી હતી, તેનીને પેટે એકજ પુતરી પેદા થએલી જણાએછે; અને બીજી બેટીને મરહુમ શેઠ દોરાબજી હોરમજજી લસકરીની કદખુદાઈમા જે સોંફી હતી, તેણીએ જનીદીધેલા બે બેટાઓ નામે ખરશેદજી તથા જાંગીરજી ને આ સાહેબે દતક કરી લઈ સરવે અસકેઆંમત તેઓને સપુરદ કરી ગયા; પણ ઉપર જણાવેલા સબબથી તે બીચારા અસરાફ, એકમારગી અને ભોલામંનના બેહુ ભાઈઓ લાઇલાજ થઈ બેઠેલા જે માલુમ પડેછે, તેઓ ઉપર બારે હકતાલાની બખશેસ ભરેલી રેહમત ચ્યાહી આ ટુક હએવાલનું હીંઆં સમાપત લાવીએછે.


શેઠ રતનજી હોસંગજી મુશ.

ગણદેવી ખાતે ગજધર ખાનદાનને હસતીમા આંણેલા શેઠ હોસંગજી દોરાબજીના, આ સરવેથી નાંધલા બેટા ય૦ ૧૧૧૯ મા જનમ પાંમેલા જણાયાછે; અને ૨૧ વરસની વએના થયા, તારે ૧૧૪૦ ને સુમારે આ ટાપુની પેહલવેહલી ભેટ તેનાએ લીધી તારથી તેમનું પરીવાર હીંઆંની વસતીવાલું કેહવાતું આવેછે.

આ શેઠના નાંમની સાથે જણાવેલી નવી અટક જે જોડાઇચ, તે વીશે શોધ કરતાં હેવું સમજાયુંછે કે, એ સાહેબ ઘણું કરીને લાકડાંના વેપારી છતાં બાપનીજ મીરાસે ગજ તથા દોરી પકડવાના ધંધામાબી પરથમ રોકાએલા હતા; પણ તેવનની મોહબત તે વખત પર વાડીઆ ખાનદાનમા ઘણી સંધાએલી

ગનધરના વારશામાંથી ઉત્પંન થએલી સુરાખાનદાનની વંશાવલી.





હોવાને લીધે તેઓને તાંહાં દચ તથા ફરેંચ વાવટાના વાંહાંણો જે આવતાં હતાં, તેના કપતાંનોનું કાંમકાજ કરવા લાગાથી, તે લોકો પોતાની જુબાનમાં તેનાને "માસીઓ" કરી બોલાવતા રહેઆ; અને તે ઉપરથી રફતે રફતે અસલી ઉચ્ચાર બદલાઇને મુસની ઓલખ આસકાર થઈ.

વંસાવલીની ટીપમા મુસ ખાનદાનનું મંડલ જોતાં આં શેઠીઆને તાંહાં સાત દીકરાઓ જનમ પાંમેલા માલુમ પડછે, જેમા પાંચ પુતરોતો ગણદેવી ખાતે અને છઠા તથા સાતમાનો જનમ આ ટાપુ પર થએલો હતો. ગણદેવીથી જારે શેઠ રતનજી મુસ મુંબઇ આવેઆ, તારે પોતાની સાથે ચાર છોકરાઓને બી લાવેઆ હતા; અને સરવેથી વડા શેઠ મનચેરજી જે ગાંમમા રહેલા હતા, તેવણ પણ તારપછે હીંઆંજ આવી વશેઆ. શેઠ રતનજી મુશે પેહલું રેહઠાણ કોટમા હાલના નસાખાનાની સાંમણે જાંહાં નાધલાં ઘેરો હતાં, તે માહેલી એકાત એમારત અંદર કીધેલું કેહવામા આવેછે; અને તે પછે ચરનીવાડી આગલ વાડીઆજી શેઠ હોરમજજી બંમનજી એ બંધાવેલી ચાલીના (અસલી આદરાનની પડોસ માહેલા) બે ગાલા ય૦ ૧૧૭૭મા ભાડે લઈને તેની અંદર પોતાના પરીવારસહીત જઈ રહેઆ હતા; અને તેજ મકાંણમા પોતે મરણ બી પાંમેઆ, પણ તેનો દાહાડો વાર જાંણવામા આવેઓ નથી.

શેઠ ફરાંમરજ રતનજી મુસ.

મુસ ખાનદાનનું માન જાલવનારા આ શેઠનો જનમ રોજ ૨૦ મો માહ ૪ થો શેહણસાહી સાલે ૧૧૫૪ ય૦ એ મુંબઇ ખાતે મુબારક થએલો માલુમ પડઓછે. બાપના મરણ વખતે જો કે તેમના છ ભાઇઓ તેવણ કરતાં મોટા હતા, તોપણ શેઠ ફરાંમરજની ચંચલાઈ અને હોસીઆરી હેવી તો પરકાશી નીકલી કે, તેના પરતાપથી પોતાના ભાઇઓ તથા તેઓના છોકરાં છઈઆંઓની બનતી કોશેશથી બરદાસત રાખવામાં કાંઇજ કસુર તેનાએ કીધી નોહતી. અને તેથી કરી બધાંઓનો સારો પેઆર તેનાએ મેલવેઓ હતો.

આ શેઠે જારે શેદાગરીનો સંજોગ સાંધતા પોતાની સંગાથે પોરબંદરવાલા સરાફ શા૦ જેઅચંદ લાલચંદ ઉપરાંત મનચેરજી ફરદુનજી વજીફદાર તથા માણેકજી જમશેદજી મુલાંને પંતીઆલામા મેલવી લીધા, તારે તેમની ઊંમર માતરે ૨૪ વરસની હતી. તે ચારો ભાગીઆઓના બંદોબસત મુજબ શેઠ મજકુર ય૦ ૧૧૭૮ની સાલમા પેહલવેહલા ચીનની સફરે સીધારેઆ, જાંહાં તરણ વરસ રહીને સારો નફો હાંશેલ કીધા પછે મુંબઈ આવેઆ; અને પાલી પરમાણે તેમના બીજા પંતીઆલા શેઠ મનચેરજી તે તરફ ગયા. તેવણે જારે તેટલીજ મુદત પુરી કીધી તારે તરીજા ભાગીયાની વારી આવી, પણ તેનાએ જવાને નાપાડઆથી શેઠ ફરાંમરજનેજ તાંહાંની સફર પાછી અખતેઆર કરવી પડી; અને તેહવી રીતે બધી મલી પાંચ વખત તેવન ચીનની સફર

કરી રહેઆ પછે, સરવે ભાગીઆઓ એક બીજાની રાજી ખુશીથી, તથા સલાહસંપજ સહીત છુટા પડીને પોતપોતાના રોજગાર અલાહેધો કરવા લાગા, તેમા પણ વખતની સુભ વલણે શેઠ ફરામરજે એકવાર લખસાપતીમા ગણાઇને સઘલી વરણના વેપારી તથા સરાફોની મંડલીમા સારૂં માન મેલવેલું હતું.

શેઠ ફરામરજ પોતાના ભાઇઓ તથા ભતરીજાઓ ઉપર એક પીતા તરીકે ઘણીજ પરીતી રાખતા હતા, અને પોતાના વગથી તેઓ માહેલા કેટલાકોને ચીનના વેપારીજી બનાવી દીધા હતા. આ શેઠ જારે દરવીઅના પુર બાહર પર આવેઆ, તારે ચરણી વાડી તરફ (શેઠ હોરમજજી બંમનજી વાડીઆજીના આતસ બેહરાંમની દક્ષીણ બાજુએ) તરણ ગાલાની મોટી હવેલી* પોતીકે પઇશે બંધાવીને તેમા કેટલાક ભાઈ તથા ભતરીજાઓને દરેકના પરીવારો સહીત રાખી તેઓનું પાલણ તવણે કીધું હતું; અને એ પરમાણે ઘણા વરશો સુધી તેઓને સાચવી રાખેઆં હતાં, પણ જમાનાની જાલમીએ તેમના ભવીસનો ભક્ષ કરી નાખેઓ, તેથી તેમના પક્ષમા સમાઈ રહેલું બોહોલું કુટંબ વીખરાઇ પડેલું; અને વલી આ સાહેબજી જઇફીનો થોડાક વખત બેકારીમા રહેઆ પછે, બે નર વારેશોને હસતીમા મેલી રોજ ૧૪મો માહ ૧૨ મો શેહનસાહી સાલે ૧૨૨૭ ય० એ બેહસતનસીન થયા તારે તેમની ઊંમર ૭૩ વરસની ઉપર સાત મહીનાને ૨૫ દાહાડાની ગણાઈ હતી.

શેઠ અરદેસર ફરાંમજી મુસ.

પોતીકા બાપને તાંહાં બરકરાર થએલા બે માહેલા આ નાંધલા બેટા, રોજ ૨૦ મો માહ ૯ મો શેહનસાહી સાલે ૧૧૯૬ ય० એ જનમ પાંમેલા જણાયાછે.

બાલપણની પેહલી કેલવણી કેહચ કે એક પંતુજીની નીસાલે બેશીને તેનાએ લીધી હતી. તાર બાદ ચંચલ જેહેન હોવાથી એલફીનસટન સાલા અંદર ય० ૧૨૦૮ મા દાખલ થઇને તેની વલતે સાલથી અંગરેજી વીદેઆની કેલવણી સારી રીતે હાંસલ કરવા લાગા. આસરે ૧૬ વરસની ઉમર પર આવેઆ તારે, ય० ૧૨૧૨ મા પેહલી પરીક્ષા આપીને પસાર થયાથી દસ રૂપીઆના દરમાહવાલી "વેસટ સકાલરસીપ" હાથ કરી લીધી; અને તેમા તરણેક વરસ ગુજારેઆ પછે ૧૨૧૫ મા વધારે પરીક્ષસાનો બદલો રૂ ૧૫ ના પગારથી "કલેર સકાલરસીપ"ના દરજામા પાંમેઆ.

---

* આ હવેલી બંધાતી વખતે આતસ બેહરાંમની એમારતનુંબી બાંધ કામ ચાલતું હતું, તેથી તે પવીતર મકાણના ઉપીયોગ માટે મજકુર હવેલીની પસછમ દસા તરફ આવેલી જમીનનો એક મોટો કકડો, તથા હવેલીને લગતા ઉતર બાજુ પર આવેલા કુવાનો અડધ ભાગ, કેહચ કે શેઠ ફરાંમરજે અરપણ કીધેલાછે. ના० લ०

આટલી વાતતો ખરે ખરી દલગીરી ભરેલી જણાઈ આવીચ, અને તે બનાવ વલી હેવે ટાંકણે બનેલો સંભલાયોચ્ય કે, જે વખતે પોતાના અભિઆસને વધારવાની પુર ઉલટપર આવેઆ તેટલાં ય૦ ૧૨૧૬.મા તેવનના બાવાનો વેપાર વહીવટ ઘણીજ તંગી ભોગવતો દેખાયો; અને ઘેર ગુજરાંણની બાબદ જારે માઠી જણાઈ, તારે તેના સંભાલ સારૂં અને તે ઉપરાંત પોતાની કેલવણીને ઉતેજન મલવા માટે આ ગંભીર ગરહસથે તેજ સ્કુલમા આસીસ્ટંટ માસતરનો ઓહદો મેલવવાની માંગણી કીધી; તો જોકે ક્લેર સ્કાલરસીપમા રહીને તરણ વરસ પુરાં કરવાં, અને તે પછે નારમલ સ્કાલરસીપની રૂ ૩૦ ના પગારવાલી પરીક્ષામા પસાર થયાવના કોઇબી સખસને આસીસ્ટંટ માસ્તરની પદવી ઉપર નહીં રાખવાનો કાએદો અસલથીજ બંધાએલો હતો; તે છતાં તે વખતના પરીનસીપાલ ડાકતર હારકનેસના જીગરમા એકતો ઉપલી હાલત બાબેની ખીના અસરકારક ઉતરી, અને તે સાથે તેવનની સીખવા સંબંધી સારી ચંચલાઇબી તેને પસંદ પડતી રહી, તેથી તે પરોપકારી સાહેબે મેહરબાંન થાઈ દર માંહે રૂ ૪૦ ના પગારવાલી આસીસ્ટંટ માસતરની જગેઆ તેનાને તતકાલ હેનાયત કીધી; અને તે સાથે એટલીબી છુટ બખશી હતી કે, માસતરના કાંમમાથી થોડોક અવકાસ પોતાના અભિઆસ માટે ફાજલ પાડીને નારમલ સ્કાલરસીપની પરીક્ષા જરૂર આપવી.

ઉપર જણાવેલી છુટનો લાભ લઇને શેઠ અરદેસરે ય૦ ૧૨૧૮ મા નારમલની પરીક્ષાબી સંપુરણ રીતે પાર ઉતારી આપી હતી; અને હાવાં કામમા રોકાયા છતાં તેની એક વરસ આગમજ "સ્ટુડેંટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાઇટી" ને હસ્તકથી ઉઘડેલી પારસી છોકરીઓને કેલવણી આપવા માટે પેહલી નીસાલો જે ચાલુ થઈ તે માહેલી ચંદનવાડીની નીસાલ પોતાના બાપીકાં ઘેરની અંદર ઉઘાડીને તેનું સીક્ષકપણું પણ તેનાએજ ચલાવેલ હતું.

આસીસ્ટંટ માસતરનો માન ભરેઓ ઓહદો કેટલાંક વરસવેર બજાવેઆબાદ એલફીનસટન કાલેજની અંદર પરોફેસરોનું કાંમ વધી પડેઆથી, ચાર જવાંન દેશીઓ* પસંદ કરી, તેઓને મલતા મુસારા વધારી આપતાં "આસીસ્ટંટ ટુ ધી પરોફેસર"ના એલકાબ સાથે મદદનીસ દાખલ જે ઠેરવેઆ, તેમા આ એક જહલકતા જવાન મીતરેબી ૧૨૨૭ થી લાગુ રહીને દોહોડેક વરસ સુધી બહુ બાહોશી સહીત પોતાનું કાંમ બજાવેલ હતું; અને તારબાદ તે જગા સદનતર કાહડી નાખેઆથી તેવન પાછા આસીસ્ટંટ માસતરના પોતીકા આગલા ઓહધાપર બીરાજતા રહેઆ.

ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડલીનું માનવંતુ કાંમ જારે ય૦ ૧૨૨૭ મા સરૂ થયું, તેનું મુનશીપણું પેહલવેહલું મેલવનારબી એજ સદગુણી ગરહસથ હતા; અને તે જગેઆ પણ તેનાએ બરોબર પાંચ વરસ સુધી પરમાણીકપણે જાલવી

* જેમા એક પોતે, બીજા મી૰ જાંગીરજી બરજોરજી વાછા, તરીજા મી૰ નવરોજજી નાનાભાઈ બનાજી, અને ચોથા મી૰ કાવસજી એદલજી ખંભાતા સાંભલવામા આવેઆછે. નો૰ લે૰

રાખી હતી, એટલુંજ નહીં પણ તે મંડલીને લગતું પેહલવેહલું ભાસાંણબી ગુજ-
રાતીમા તેનાએજ આપેલું હતું; અને તે પછે ઉપર જણાવેલી મુદત સુધીમાં
વીદ્યા તથા હોનર અને રસાયન શાસ્ત્ર* ઉપર મલીને કુલે ૫૦ ભાસાંનો
એરણ એરણે તેવન આપતા રહેઆ; અને તે ઉપરાંત ગ્નાન પરસારક નામનાં
ચોપાંણીઆંઓ જે પરસીધ થતાં તેના અધીપતી પણાનું કાંમબી કેટલાંક વર-
શોવેર તેનાએ સારી રીતે ચલાવેલું હતું. એજ સમાપર રાસતગોફતાર નામનું
ગુજરાતી પતર જે એવતની નીસાલ મંડલી તરફથી પેહલવેહલું ચાલુ થયું,
તેમાબી આ શેઠ લાંમબી મુદત સુધી ઘણી સારી એબારતથી રસીલાં લખાણો
કરતા હતા, તેટલી વાતતો એલમની કદરને બુજનારા સાહેબો સીવાએ બીજાઓ
કદાચજ સંભારી સખશે.

સ્કુળની અંદર માસ્તરપનામા રહેઆ તાંહાંતુલીક છોકરાઓને શીખવવા
બાબે તેનાએ વાપડેલી કલાથી તરબીએત આપવાની જાબજા તારીફો થાયછે.
આ ગરહસથ પોતે જેવા દેલશોખછે, તેવીજ દેલ સોજથી પોતીકા ચેલાઓને કેળ-
વની આપી જે પાહવરદા કરતા હતા, તેના આજે ઘણાક નાદર અને ધનેતર
દાખલાઓ જોનારાઓની સનમુખ દીપતા રહેલાજછે; અને તેવા કેળવણી
પાંમેલા બેસુમાર ચંચલ જવાનોને હવડાં કાંઇને કાંઈ ફીરામના આબરૂદાર
ઉદમમા ઇજત સાથે પેડેલા જોઈ મી૦ મુસ થોડા મગરૂર થતા નહીં હશે.

આપણી ટાપુખાતે પેહલવેહલું તારખાતું ઈ૦ સને ૧૮૫૩ મા જારે ઉભું
થયું, તારે તે ખાતાંની અંદરબી મી૦ મુસ સઉથી પેહલા (દેશી ઇનસપેકટર
તરીકે) દાખલ થયા હતા. એ ખાતાંમાં દેશીઓ મુદલ ચાલી શકવાના નથી
એવો તેના વડા ડાકટર ગરીનનો અભીપરાય હતો, અને તેથી તેણે દરેક
નાહાનાં મોટા ઓધાઓ ઉપર ઈંગરેજો તથા ઇનડો યુરોપીઅનોને મુકરર કરીઆ
હતા; પણ મી૦ મુસે રસાયનશાસતરના સંબંધમાં વીજલી વીદીઆનો બહુ
સારો અભીઆસ કરેલો હેવાથી, તથા તે બાબેની માહીતગારી એલફીનસટન
કાલેજના કેમીસટરીના પરોફેસર ડાકટર જીરોને હોવાથી તથા મી૦ મુસની એ
શાસતરોના સંબંધની પેહેલે દરજજેની કાબેલીઅત વીશે ડાકટર જીરોનું ઘણું
ઊંચું મત હોવાથી તથા મી૦ મુસ જેવા એક કાબેલ ને સઘલી વાતે લાયક
ગરહસથને તાર ખાતાંમાં માનવંતો હોદો મલેલો જોવાની તેની બહુ ઈંતેજારી
હોવાથી ડાકટર જીરોએ મી૦ મુસ બાબે ડાકટર ગરીનને મોટી શીફારસ કર-
વાથી તેણે આપણા આ લાયકીવાલા પારસી વીદીઆરથીની મુલાકાત લઇ તેમ-
નામાં કેલવણીનું કઉઅત, તથા વીશેસ કરી રસાયન શાસતર અને વીજલી વીદી-
આનું કેટલું જહુરછે તે વરતી લઇ તુરત પોતાના હાત એઠલ એક ઇનસપેકટર
મુકરર કરી મુંબઈ ખાતેની વડી આફીસના વડા તરીકે તેમને ગોઠવી સઘલું
કામ તેમને હવાલે સોંફી દીધું. મી૦ મુસે એકાદ બે માસની ટુક મુદતમાં

---

* પોતીકા ચઢતા અભીઆસ વખતે આ એલમમા ઘણો સારો અનુભવ મેલ-
વેઆથી આજની ઘડી સુધી એક અછા રસાયન સાસતરી તરીકે તેમની ઓલખ
આપણી વસતીમા સારી રવેશે જલવાઈ રહેલી જાંણવામા આવેછે. નો૦ લે૦

ડાકટર ગરીનની ખાતરી કરી આપી કે તેણે નહી ધારેલું એટલું ગ્નાન મુસે પોતાના હુનર પાછલ વાપરીઉં જેથી તેણે તેમના કોઈબી કામં વચે ન પડતાં આર સઘલો જરજોખમ પણ તેમને સરજ રાખીઆ તથા બીજાં માણસો વગેરે રાખવા કરવાની સઘલી મુનસફી તેમનેજ સોંપી પોતે લાગલો ફરવા નીકલી પડીઆ તથા પોતાનું વડું મથક બેલગામ તરફ કીધું.

આણી તરફ મી૦ મુસે પોતાની જાનપછાનના ને જેઓની શકતી તથા કાબેલીઅત વીશે પોતે આગમજથી ખબર ધરાવતા હતા તેવા ઘણાક પારસી જવાનોને સગલા ટેલીગરાફ ખાતાંમાં દાખલ કરી નાખીઆ અને તેથી બનીઉં એમ કે બેચાર માસમાં લગભગ આખું ટેલીગરાફ ખાતું જુદી જુદી પદવીના પારસી અમલદારોથી ભરાઈ રહેઉં; અને તે ટુક મુદતમાં આ મી૦ મુસ તથા તેમના નવા મદદનીશોએ પોતાના ખાતાનું કામ ભારે ઉલટ તથા ચોંપથી એટલું તો સરસ રીતે બજાવી દીધું કે જેથી એ ખાતાનાં વડા ડાકટર ગરીને તેમને શાબાસી આપવા સાથ પોતાનો આગલો વીચાર ફેરવી ઘણાક દેશીઓને તે ખાતામાં દાખલ થવાની છુટ આપી હતી—અને વચે જો કંઈક ગેર સમજુતી થઈ નહતે અને ડાકટર ગરીનના ગરમી ભરેલા તુંદ સવભાવને લીધે કેટલીક નાપસંદ ઉકરીઓ ઉભી ન થઇ હતે તો આજની ઘડી-સુધી ટેલીગરાફ ખાતામાં ઘણાક ઓધેદાર પારસીઓ અને બીજા દેશીઓ આપણ જોઇ શકતે. ઉપર એસારો કરવા જેવો કંઇક માઠો સંજોગ બનવાથી મી૦ મુસે ટેલીગરાફ ખાતાંની નોકરી તતકાલ છોડી, અને તેનાની સાથેજ જેટલા પારસીઓ તે વખતે એ ખાતાંમાં હતા તેઓએ પણ એકીવારે પોતાના રાજીનામાં આપી પોતપોતાની નોકરીઓ છોડી હતી. ટેલીગરાફ ખાતું છોડ-વાથી વરસેક સુધી બીન નોકરી રેહેવાબાદ મી૦ મુસ પાછા એલફીનસટન ઇસકુલમાં આસીસટંટ માસતર તરીકે સામેલ થયા હતા અને તેપછે તાંહાંની ગ્રાઅર સકુલમા હેડ માસતર તરીકેબી બીરાજીને છેક ય૦ ૧૨૨૯ સુધી તાંહાં રેહેયા હતા. ઇ૦ સને ૧૮૬૧ માં ઉભી થયલી બોમબે રાયલ મીલના ડરેકટરોએ મી૦ મુસની કાબેલીઅત ઉપરથી તેમને પોતાની મીલમા સેકરેટ-રીના હોદા ઉપર મુકરર કરીઆ હતા. હમારા ધારવા મુજબ તે વખતપર કોઇબી મીલો ખાતે સેકરેટરીની જગા દેશીઓને મલતી નોહતી, પણ એજ ભાગ્યવંતા નરને પેહેલવેલી એવી માન ભરી જગા હાથ આવી હતી. એ મીલના ખાતાંમાં પણ સરૂઆતથી તે મીલ બંધાઈને પુરી થયા પછે કામ ચાલવાવેર એક ટગરે અને એક નીશટાથી મી૦ મુસે ઘણીજ વફાદારી તથા નીમકહલાલીથી પોતાના હોધાની ફરજ બજાવી હતી. મી૦ મુસની એકીન-દારી ઉપર ભાગીદારો તથા ડરેકટરોનો એટલો તો વીસવાસ બેઠો હતો કે તેઓ ફકત તેમના એક સખુન ઉપર એતબાર રાખી પોતાની મીલના સંબંધમાં સઘલું કામ કરતા હતા. સકરેટરીઓને કેટલીક હકસાઈ લેવાની છુટ આલતી આવેલી હતી તેની સાંમે મી૦ મુસે અવલ વાંધો લીધો—પગારદાર સકરેટરીને પગાર શીવાએ બીજી કોઇબી જાતની હકસાઈ અથવા દસતુરી આપવાનું કામ

આગલ ચાલતાં મીલના હકમાં નુકસાન ભરીઊં છે એમ તેઓએ પોતાના અંતકરણના ફરમાવવાંથી જાણીઊં હતું તેથી તેનાએ ડરેકટરોને સાફ જણાવીઊં હતું કે તેવન તે કસું લેવા ચાહાતા નથી. અગરજો તેનાએ ચાલતા આવેલા શીરસતા મુજબ તે હકસાઇ લેવા માંડી હોત તો પાંચ છ વરસની એ મીલ સાથની તેમની કારકીરદીના સંબંધમાં તેઓએ ઓછામાંઓછા લાખ બે લાખ રૂપીઆ પોતાના ખીસામાં નાખીઆ હતે. પણ જે નરનો મજબુત ઠરાવ પોતાની પવીતર ફરજો અદા કરવા શીવાએ બીજી કશી વાતપર નહી તેજ આવી લલચાવનાર રકમો પડતી મુકે, અને તે સાથે એ દસતુરી કે હકસાઈ કાપી લેવાની વાત કંઇ ચોરીછુપીની કે હરૂસેની નહી હતી–ધમધુકાર લોકો લેતા આપતા, અને ડરેકટરો તથા ભાગીદારો તે જાણતાબી હતા–તોપણ એવણને તો તે લેવીજ નહી એટલે થયું.

એનાજ સંબંધમાં એક બીજી નોધી લેવાજેવી વાત જે જાંણવામા આવીચ, તે એછે કે એ મીલનું કામ હાર પડી ચુકા પછે તુરતજ રૂઉ રાજાના ભાવ ઘણા ચઢી જવાથી મીલમાં પુરતું કામ ન થઈ શકવાને સબબે ભાગીદારોને માથે ઘણો ખરચ ચાલી જતો હતો તેવે સમે આ મી૦ મુસે કોઈના પણ કહેવા વગર પોતાનાં મનસુજીઊંજ પોતે ડરેકટરોને લખી વાલીઊં કે તુરતવેલા મીલના કામમાં હાંસલ જેવું કંઈ જણાતું નથી પણ ઓર ખરચ ધમધુકારે ચાલીઓ જાએછે તે વાત ભાગીદારોને નુકસાન કરનારછે માટે જાંહાંવેર મીલનું કામ સુધરે તાંહાંવેર તેઓ પોતે હરધે પગારે નોકરી કરવાને ખુશીછે. અલબતાં દર માસે પોતાના ગીરોના બસોથી હડીસો રૂપીઆ મુકી બેસવાની હીંમત સઉ કોઈને આવતી નથી. બીજાઓ જારે પોતાના પગારો વધરાવવાની શીફારસનાં કાગલો લઈ રખડે, તારે મી૦ મુસ જેવા મયાવંતા ગરહસથ પોતે પોતાનો પગાર ઘટરાવા નીકલે એ બનાવથી ડરેકટરો, ભાગીદારો તથા મીલના તમામ માણસોમાં કંઈ ઘણીજ નવાઈ લાગી–ગમેતે થયું પણ મી૦ મુસેતો તાર પછે ફકત હરધોજ પગાર લેવા માંડીયો. આ મામલો જોઈ ડરેકટરોએ તેટલી મુદતની પોતાની ફી મુકી દીધી તેમજ ઈંજનેરે તથા બીજા અમલદારોએ પણ અરધા પગાર પર જવાની પોતાની ખાએશ જણાવી, જેથી બનીઊં એમ કે મહીને દાહાડે લગભગ રૂપીઆ હજાર અથવા બરસોની કસર થઇ.

સાંભલેઆ પરમાણે શેઠ અરદેસરે ઊપલી મીલનું કાંમ ઇઆતો ય૦ ૧૨૩૮ અથવા ૧૨૩૯ થી બીલકુલ છોડી દીધુંછે, અને તે પછે પોતાને ખાનગી હસાબે રોજગાર રચતા રહીને પરમાણીકપણાના પરતાપથી શોદાગરોની સફમા દીપતા દેખાએછે.

મી૦ મુસ સવભાવે ઘણા રાંક, નમાના તથા પરોપકારી કેહવાએછે. તેઓ સવારથ કરતાં પરમારથ સાંધનાર સરવેમા જણાઇ ચુકાછે. તેઓ જારે એલફીનસટન ઇસકુલમા હતા તારે અને તાર પછે પણ ઘણુ સુધી અને આજ સુધીબી, ઘણાક ગરીબ છોકરાઓને ઇસકોલના પગાર, ચોપડી, અને કાગલ વીગેરે ખરીદવા નાણુ તથા કોઇ કોઇને ખાધાખરચ

વટીક તેવન પુરો પાડતા આવીઆછે. અને તેટલા ઉપરથી એમની ભલમણુસાઇ તથા મીલનસારી જાબજા વખણાએછે.

એવણે ગ્નાન પ્રસારક મંડલીના સંબંધમાં આગલાં વરસોપર રસાયન શાસતર ઉપર અને પાછલાં વરસોમાં નીતી શાસતર ઉપર આપેલાં ભાશણોની એક આવાજે તારીફ થઇછે. સર જમશેદજી ફીલાસોફીક ઈનસટીટીઉટની સભામાં એનાએ વાંચેલા સચાઈ વીશેના નીબંધે લોકો ઉપર અતી જબરી અસર કીધી હતી.

આ શેઠીઆની ઉતંમ કેલવણી તથા સાહસોઇએ કેટલાંક જાહેર ખાતાંઓ ઉપર જે સરદારી મેલવી આપીચ, તેની એક ટુક ટીપ મોટી ખુશી સાથે હીંઆં નોધી લઈએછે.

ય૦ ૧૨૨૮ થી નેટીવ જનરલ લાઈબરેરીમા શીકરેટેરીપણું લીધેલુંછે.

ય૦ ૧૨૩૧ મા સર કાવસજી જાંગીર રેડીમણી નાઇટની સખાવતથી ખેતવાડી તરફ પેહલવેહલી ઉભી થાએલી ધરમખાતાંની નીસાલના શીકરેટેરી પણાનું કાંમ આ શેઆંના શેઠ પાશે તેજ વખતથી સચવાઈ રહેલું જેમ સંભલાએછે, તેમ તે શરીમંત સાહેબની સાહેતાથી ગણદેવી તરફ ય૦ ૧૨૩૩ મા ધરમ ખાતે સથાપેલી અંગરેજી તથા ગુજરાતી નીસાલો ઉપરાંત, તેવીજ ક્રીસમના દવાખાનાનો વહીવટ પણ બીજા સાહસીક શેઠીઆઓની સાથે તરસટી તરીકે ભેગા રહીને, તથા શીકરેટેરીમા સમાઇને આ ગરહસથ તેજ દાહાડેથી જે ચલાવતા આવેઆચ તે વીશે એવું સંભલાએચ કે, ઉપલાં ખાતાઓ તેવન મલતા શેઠ હોરજજી સખલાતવાલા તથા નાનાભાઈ માણેકજી ગજધરની દેખરેખ હજુર હવડાં ઘણીજ આબાદી હાલત જોતાં રહીને ગરીબોના આશીરવાદ પોતા ઉપર વરસાવેછે.

ય૦ ૧૨૩૪ થી સુલેહના અંમલદાર તથા સ્પેશીઅલ જુરીના અધીકારનો ઓહદો નામદાર સરકાર તરફથી હેનાયત થએલોછે.

ય૦ ૧૨૩૬ મા શેહર સુધરાઇ ખાતાંના વહીવટનો હીસાબ તપાસનારા તરીકે આડીતરનો ઓહદો પેહલાં એકજ વરસ ચલાવેઓ હતો; અને તારબાદ ૧૨૪૦ થી તે ખાતાં ઉપર મવકલ થઈને અતાર તુલીક બીરાજતા માલુમ પડેછે.

ય૦ ૧૨૪૦ મા યુનીવરશીટીના ફેલોસીપની જગેઆપર નામદાર સરકાર તરફથી નેમનુક થયાછે.

હવે આ બીના બંધ કરતાંમા એટલીજ આશેઆ રાખીએચ કે, મી૦ મુસ પાશે સચવાએલા માનવંતા ઓહદાઓ, અને તે ઉપરાંત બીજાં કોઈબી સાંધણો હોએ, તેનો ભોગવટો તેવન લાંમબી ઊંમર સુધી જીવીને ઘણા સુખ સાથે મેલવતા રેહ. આ શેઠે પોતાની કસાએલી કલંમ વટે ઘણાક રેસાલાઓ રચેલા, અને પુસતકો પરસીધ કીધેલાં હશે, પણ તેઓની એકંદર ટીપ શોધ કરતાં હાથ નહીં આવી; તે છતાંબી એકાત બે વાતની જે ઇઆદી હમોને મલીચ,

તેમાં એકતો "બાલાશે જાદુ" નામના ચોપાંણીઆંઓ લાગટાગ બે વરસ સુધી પોતાને ખાનગી ખરચે છપાવીને પરજામા ભેટ તરીકે વેંહચેઆં હતાં; જેની અંદર કાંઈજ નહી પણ વીદીઆ તથા હોનરથી બનતા અખતરાઓ કરી બતાવીને લોકોના દીલમાથી જાદુ તોના તથા ભુત પલીદ અને ડાકણ વીશેનો વેહમ બરતરફ કીધેલો કેહવાયોછે; અને તેની અસર અગત કરી પારશીઓ ઉપર ઘણીજ સારી થઈ હતી. બીજું પુસતક હીંદુસતાંન ખાતેની પોતીકી મુસાફરીમા મેલવેલા અનુભવનો આબેહુબ હએવાલ ય૦ ૧૨૪૦ મા પરવર તાવીને તેની કેફીએત આલમની હજુર આસકાર કીધી, તેજ તેનાની છેલ્લી ઈઆદગારી હમારા સાંભલવામા આવીછે.

શેઠ હોરમજજી શાપુરજી ડોલાખાઊ.*


આ ગરહસથની જનમભુમી ખંભાતમા કેહવાએછે, અને તાંહાં એક ગરીબ મા બાપને પેટે, રોજ ૧૭ મો માહ ૩ જો શેહણશાહી સાલે ૧૧૨૧ ય૦ એ તેવન અવતરેઆ હતા. એવનના બીજા બે ભાઈઓબી તેમની સંગાથે અથવા આગલ પાછલ અતરે આવીને તે માહેલા વડા કાહાનજી તો ગોદીમા સુથારને ધંધે લાગેલા હતા; અને નાંધલા સુખલાજી થોડુંક સુધી દુબાસપણામા ફરીને પછે ચીન તરફની છએક સફર કરી આવેઆ હતા, પણ તેના સનેની ચોકસ ખબર જણાઈ નથી. એ સુખલાજીના છ મધેથી માતર પાંચમા દીકરા બેનેટના પેસતનજીને નામે ઓલખાતા પોતાના પરીવાર સાથે હવડાં સુધી સુખવાશી હાલતમા હઈઆત રહેલા માલુમ પડેછે. આ હોરમજજી ડોલાખાઉ ય૦ ૧૧૪૧ મા પોતાનુ વતન છોડી એકેદમ મુંબઈ આવી વશેઆપછે, તરણેક વરસ રહીને ૧૧૪૪ મા રોજગારને અરથે પેહલવેહલા ચીનની સફરે ગયા; અને ૧૧૯૪ મા છેલા મુંબઈ આવી રહેઆ તાંહાંસુધી લગભગ ૫૦ વરસના અરસામા ૩૦ થી વધારે સફર તેનાએ કીધેલી કેહવાઈછે. આ બાપડાને કોઈબી જુબાણનો એક હરફ વટીક લખતાં અથવા વાંચતાં આવડતો નોહતો, પણ નશીબના હેવાતો બીલંદ હતા કે પોતાના રૂડાં ધેઆણુની સખતીથી જેબી વેપાર કીધો તેમા નફોજ મેલવી લીધો હતો. આ શેઠ મનથી જેવા ભોલા, તેહવા સખુનના એટલાતો સાચા હતા કે, તે ઉપરથી ચીનાલોકોએ તેમનુ નામ પોતાની જુબાણમા "ચાઉક્કુંગ† ટાએપાન" આપેલું હતું, જેનો અરથ નીખાલસ દીલનો ભોલો શેઠ થાએછે.

---

* એવું સાંભલવામા આવેલુંચ કે તેમના બપાવા ચાલતાં હાલતાં કુદરતી સંજોગથી જબરા જોંહોંકા ખાતા હતા, તે ઉપરથી ડોલાખાઉની અટક તેમના પરીવારો અંદર પંથરાઈ રહેલીછે. નો૦ લે૦

† આ નામ તેઓના એક દેવતાનુ કેહવાએ છે. નો૦ લે૦

ડોલાખાઉનાખાનદાનની વંશાવલી.



આપણી ટાપુના જાંણીતા મીતર શેઠ શેરાબજી શાપુરજી બંગાલીના બપાવા, મરહુમ શેઠ નવરોજજી શેરાબજી ઉંમરીગર પણ આ ભોલા ડોલાખાઉની સાથે મેતાગીરીની ચાકરી લઇને પેહલવેહલા ઇ૦ સને ૧૮૦૦ મા ચીન તરફ ગયા હતા; અને કેટલીક મુદતસુધી તેમની પાશે રહેઆ પછે, તેવનથી છુટા પડી પોતાનો રોજગાર ચલાવેઓ તે છતાંબી આ ભોલા માલેકને હઈઆતીની છેલ્લી ઘડીસુધી તેવન મોટું માન આપતા હતા.

આ ગરહસથની કારકીરદીમા તેવનથી કીરતી ભરેઆં કાંમો તો કાંઇજ નીપજેલાં જણાયાં નથી, પણ એક અભણ પુરૂશે જીગરની ઉલટ લઇને રચેલા રોજગારની મારફતે ગરીબાઈમાથી સુખવાશી હાલત જે જોઈ, તેની શેહજ ઇઆદી નોંધી લીધીછે. આ શેઠના ભોલાપણાની રમુજી વાતો જે ઘણીક સાંભલવામા આવીચ તે માહેલી બે બાબદો હીંઆં ટાંકી દેખાડીએછે કે, જારે ચીનાઓ પાશેથી ખરીદેલો જેબી માલ પોતે તોલાવી લીએ, તારે તેનું બારદાંણ વજનમા ભારી વલાવવું જોઇએ તેને ઠેકાંણે તેઓ રમુજ ખાતર તેનાને ઓછું કેહ; તો તેથાનેબી ઓછું કરાવાની પોતે ઘણીજ ચીકજીક કરે; પણ તે વીશેનો ખુલાશો પોતાના મેતાથી હાંશેલ થાએ તારે વાતને સહમજમાં ઉતારીને તેમના કહેઆ મુજબ ચાલે. હાવી ભાંજગડો જોકે બીચારાની ભોલાઇને લીધે ઘણી વખતે ઉઠેઆ કીધી, પણ તે વખતના સતવાદી ચીના વેપારીઓબી પોતાને રમુજ મેલવેઆ સીવાએ બીજી કોઇ રીતની ભુલથાપ તેમને આપતાજ નોહતા. બીજી વાત હેવી જણાઈચ કે એક વખતે ચીનથી મુંબઈ આવતાં મારગમા સીંગાપોરનુ બંદર કીધું, તાંહાં પોતાની સાથેના બીજા ઉતારૂઓ સહીત તેવનબી કીનારે ઉતરેઆ; અને તે વખતે વાંહાન માહેલો કેટલોક માલ તેહવે ઠેકાંણે વેચવાનો જે સીરેસતો હતો, તે મુજબ થોડોક માલ સાથેના ઉતારૂઓ માહેલા કોઈએ એકના દોહોડા થતા સહમજાવેઆ ઉપરથી ડાલરના ૫॥ રૂપીઆને ભાવે વેચવાનુ સાટું કીધું; અને ખરીદનારા સખશે રમુજ ખાતર હેવુંબી કહેઉં કે, આટલા ટુક મારગમા એકના દોહડા થાએચ માટે બધો માલ હીંઆજ વેચી કાહડીને તેને બદલે મુંબઈ બરનો માલ લઈ જાવો કે તાંહાંબી તમો તેટલોજ નફો મેલવશો. આ વાત પોતાના ભોલાં મનમા ઉતરેઆથી વાંહાંણના કપતાન પાશે તેવણ ગયા, અને પટાવીને પોતાના હસાબનો માલ હવાલે લેવા માંગેઓ; પણ કપતાંને જારે એકના દોહડા થવાનો હીસાબ કોલીની રીતે તેનાને સહમજાવી કહેઓ તારે પોતાની ભુલ જોઇ, અને તે વાતનીબી તાંહાં ઘણી હસાહસ થાઇ હતી; અને તેમા પણ સારાં ભાએગે રમુજ સીવાએ કોઇએ તેણાની સાથે દગો કીધોજ નોહતો.

હાવી ભોલાઇ છતાં પોતાનો મોહબો ઘણા માનથી તેનાઓ જાલવી રાખતા હતા, અને તેના પરતાપથી સારી સારી આસાંમીઓ સાથે પોતે જે મીતરાચારી મેલવેલી હતી, તેમા મુખીઅ કરી પોતાનાજ જેટલી વએવાલા બુજોરગોની મંડલીમા તેવનને સમાયા વીશેની ઇઆદી સુગાના દાદાભાઈની હકાએત અંદરથી વાંચનારા સાહેબોને જણાઈ આવશે.

આ શેઠની અઓલાદથી ચાર દીકરાઓ હસતી પાંમેઆ હતા, તે માહેલા એદલજી નામના નાધલા દીકરાતો બાલવએમાજ મરણ પાંમેલા માલુમ પડેઆછે; અને તરીજા ડાસાભાઈ તો હુબાસના કામમાજ પરથમ સંતોરા પાંમતા હતા; પણ વડા નવરોજજી તથા બીજા જમશેદજી જે ગુજરાતી નામુ થામુ લખવે બરા બાહોસ હતા, તેઓને પોતાના ચાલતા વખતમા પાશે રાખેઆ કરતાં મરહુમ વાડીઆજી શેઠ ખરશેદજી ફરાંમજીને તાંહાં મેતાગીરીના કામ ઉપર શોંફી દીધા હતા; જેઓ વીશે એવું બોલાએચ કે તે બેહુ ભાઇઓ ઈ૦ સને ૧૮૨૪ મા ચાકરી છોડીને અપસના પંતીઆલા પણામા બોહોલો રોજગાર કરવા લાગા.


પોતાના બે દીકરાઓને વેપારી વેસમા આવેલા જોયાથી, ખુશી ઉપજાવતા આ ભોલા ડાલાબાઉબી જઈફીએ પોંહચેઆને લીધે ઉપલાં વરસથી મુંબઇમાજ રહેઆ, અને તરીજા દીકરાને હુબાસના ધંધામાથી કાહડી તેમના બે ભાઈઓના આસરા હેઠલ જે શોંફી આપેઆ, તે ડાસાભાઈએબી ઈ૦ સને ૧૮૨૫ થી ચીન તરફ જવા માંડયું.

ડાલાબાઉના બે દીકરાઓનો બોહોલો વેપાર લગભગ તરણેક વરસ ચાલેઆ, તેટલાં તેઓના ભાઓગ માંઠી હાલત પર આવેલાં એવાં માલુમ પડઆં કે, એક તરફ આ જઈફ ડાલાબાઉએ ચાર દીવસના તાપની માંદગી ભોગવીને રોજ ૧૯ મો માહ ૧૨ મો શેહનશાહી સાલે ૧૧૯૬ ય૦ એ ૭૫ વરસની ઉપર ૯ મહીના ને ૩ દાહાડાની વએમા તેવણ મુંબઇ ખાતે મરણ પાંમેઆ, અને બીજી તરફ તેમના બે બેટાઓ ચીન ખાતે દેનદારીના દબાણમા આવેઆથી પોતાનો વેપાર બંધ કરી બેઠા; અને દેવું અદા નથઈ સખેઆને લીધે કેટલીક મુદત સુધી ચીનમા બેકાર પડી રહેઆ પછે માંગનારાઓની મનજુરીએત મેલવી તેઓ એકેકની પુઠે તાંહાંથી નીકલી મુંબઈમા આવી રહેઆ, પણ તે દાહાડા પછે બીચારાઓએ સારી હાલત પાછી જોઇજ નોહતી.

એવનના તરીજા દીકરા ડાસાભાઈ,* જેવન પોતીકા બેહુ ભાઇઓની ચાકરીમાથી બેકાર થઇ પડઆ, તે ઉપર આપણી વસતીના માહ ધરમી મરહુમ શેઠ મોતીસાહ, અને શેઠ અંમરચંદ ખીમચંદ દમણીએ દયા દેખાડઆથી તે સાહેબોનું તથા બીજા વેપારીઓ પાશેથી આડતનું સારૂં કાંમ મલવા માંડયું; જે લઈને ઈ૦ સને ૧૮૨૮ થી સવતંતર પણે પોતે ચીન જવા લાગા. આ ગરહસથ ઈ૦ સને ૧૮૫૨ મા જારે છેલી ખેપ પુરી કરીને મુંબઇ આવી બેઠા, તારે તાંહાં તુલીકના ૨૪ વરસની મુદતે તેનાની અઢારેક સફર થએલી ગણાઈ હતી. એવનની સાથે આ નોધ લેનારે વાણોતરીમા રહીને ઈ૦ સને ૧૮૩૭ થી તે તરફ જવા માંડયું, તારથી તે ૧૮૪૯ સુધી બાર વરસ હંસીખુશીથી જે ગુજારેઆં, તેની ઈઆદગારીમા આ ભોલાં કુટંબનો ટુક હએવાલ હીંઆં નોધી

* આ ગરહસથને ચીનાલોકો "આઉહુંગચાઈ" (ઈઆને ભોલા શેઠના દીકરા)ને નામે પેહલાં બોલાવતા હતા, પણ તે પછે તેનાઓબી બાપના જેવાજ ઓલીઆ દેખાયા ઉપરથી "પુસાદ" નામના એક દેવતાના એલકાબથી ઓલખાવા લાગા. નો૦લે૦

ફકીરાભાઈજીનાવડવાતથાવશીલાનીવંશાવલી.



સેવાની ખરી ફરજ અદા કરતાં આટલીજ દલગીરી ઉપજાવીએચ કે હમારા પુરાંના દોસત શેઠ ડોસાભાઈ લગભગ ૭૦ વરસની જઈફીએ પોંહચેઆ પછે, સરીરની નાતવાંનીને લીધે કેટલુંક થયું બીમારી ભોગવતા જે માલુમ પડેછે, તેના સંભાલ માટે પરમેસવરની પરારથના કરીએચ કે, તે કીરતાર તેમની જીંદગીના બાકી દીવશો સુધી સુખ ચેનમા તેનાને આરાંમ પમાંડે.

આ ખાનદાનના એક નબીરા મી૦ હોરમજજી પેસતનજી (ઉરફે બેનેટના), અંગરેજી વીદઆ અતરે હાંસલ કરી રહેઆ પછે, નેયાયખાતાં સંબંધી કાએદાની કેળવણી પાંમવા માટે છેક વેલાત સુધી ગયા હતા. જાંહાં પોતાની રૂડી ધારણા પારઉતારેઆથી સતા ભરેલી સનદ મેલવી લઈ હીંઆં આવેઆ, અને તેની ખુબીથી આપણી હાઈ કોરટની અંદર એકાદ નેયાયાધીસની હજુરમાં ઈ૦ સને ૧૮૭૧ ના આગસટની ૧૦ મી તારીખે ધારા પરમાણે સપત લઇને તે દીનથી બારીસટરનો માન ભરેલો ધંધો જે ચલાવવા લાગા, તેથી પોતાના કુટુંબીઓની વચે તેનાએ સારો પરકાસ દીપાવી દેખાડએોછે. પોતાનો ધંધો બાહેરના દેશો તરફ ફએલાવવાની મતલબથી, મી૦ હોરમજજી, ૧૮૭૩ ના મેની ૫ મી તારીખે ઉપડલી મેલબોટમા સવાર થઈ ચીન ખાતે ગયા હતા, પણ તાંહાંની અંગરેજી અદાલતોમાં કાંમ મલવાની કાંઈજ ઉમેદ નહીં જણાયા ઉપરથી ચારેક મહીના થોભેઆ પછે, તાંહાંથી તેજ શાળના અકટોબરમા આસટરેલીઆ તરફ રવાંણે થએલા માલુમ પડઆછે.

શેઠ ફકીરા ભાઈજીનું ભવીસીઅકાલ.

સુરત શેહેરની સલતનતના સુમારી ગાંમમા રેહનારા હીરાજી દાદાભાઇને તાંહાં બે દીકરાઓ હતા, તે માહેલા ભાઈજી નામના વડા ય૦ ૧૧૨૪ ને સુમારે જનમ પાંમેઆ પછે વીશેક વરસના થયા, તારે પોતાની રોજી શોધવા સારૂં આ ટાપુ તરફ ૧૧૪૪ ની સાલમા આવેઆ. પોતાની ગુંજાસ મુજબ ગાંમમાથી થોડીક ભેંશો વેચાતી લઇને લસકરી અમલદારોને તે માહેલું શોહજું દુધ પોંહચતું પાડવાનો ધંધો તેનાએ સરૂ કીધો; અને તેટલા માટે અરજ ગુજારેઆથી તે વખતની સરકારે પાલવા તરફના મેદાંનમા એક જગેઆ આપી તાંહાં નાહનું જેવું જુફડું બાંધીને સંતોસથી રહેઆ હતા.

પાલવા પરની અસલી ગીચ વસતી જારે બધી નીકલી ગયાથી લસકરી અમલદારો કોલાબે જઇ રહેઆ, તારે તેઓની સાથે શેઠ ભાઈજીને પણ પોતાનું રેહઠાણ બદલવાની ફરજ પડી; અને લસકરી છાંવણીની પડોસમા જે જગા મલી તાંહાં નાહનકરૂં ઘેર બાંધી જાથુકનાં રેહવાશી થયા.

દુધની કમાનીમાથી પોતે જારે સુખવાશી હાલતપર આવતા દેખાયા, તારે પોતાના જેવા કોઈ ગરીબ પારસીની દીકરી સાથે લગણ કીધાં; અને

તેના સંબંધથી બે બેટાઓની વસતી થએલી જોઈ ઘણાજ સંતોસ પાંમવા લાગા. એઓમા વડાનું નામતો મથાલે જણાવેલુંજછે, અને નાધલાનું ડોસાભાઇ રાખેલ હતું.

ભાઈજીનો ધંધો જોકે ઘણોજ સાધારણ હતો, પણ તેમના ઘરાકોમા એટલો તો પરમાણીક પણે વખણાતો રહેઓ કે, દરેક અમલદારો એકેકથી સરસ ચાહ તેવન તથા તેમના બે બાલક બેટાઓ ઉપર બતલાવવા લાગા; અને તેથી કરી આખા કોલાબાની વસતીમા સરવેના માનીતા મીતર થઇ રહેઆ પછે જઇફ ઉમરમા ગુજરી ગએલા કેહવાએછે, પણ તેના સનેની સનદ કોઇ પાશે સચવાએલી સાંભલી નથી.

બાપના વગથી શેઠ ફકીરા તથા તેમના ભાઈ લસકરી મોટા અમલદારોને તાંહાં કેહઅ કે, કોઅમેન પણામા રહીને આબરૂથી ગુજરાંન ચલાવતા હતા, તેમા નાધલા ભાઈએ તો પોતાનો બધો જનમારો તેજ ધંધામા પુરો કીધેલો કેહવાએછે, પણ આ ભાઅેગસાલી ફકીરાનું ભવીશીઅકાલ જારે ઉંચી કલાપર ચહડવા માડેલ, તારે કોઅમેનનો ધંધો છોડીને બંધારી ઘોડાઓ વેચવાની દલાલીનો વહીવટ ઇ૰ સને ૧૮૨૨ ના ડીસેમબરની ૯ મી તારીખથી સરૂ કીધો; અને તે કારણ માટે જુના સુનાપોરની ગલી માહેલો મરહુમ દાદા મોદીનો તબેલો ભાડે રાખેઓ હતો.

આ બાબેની ખબર અરબસતાનથી ઘોડા આણનારા અરબોમા ફેલાયાથી તેઓ માહેલા થોડાક જણાઓએ પોતાના ઘોડાઓ વેચવાનું કાંમ શેઠ ફકીરાને જારે શોંપેલ, તારે ઉપલા તબેલાની નાહની જગેઆ તેનાએ છોડીને ચરણી વાડીના રસતાપર શેઠ ખાનદાનના નબીરાઓ હસતકનું મોટું મકાન ઇ૰ સને ૧૮૨૩ મા ભાડે લીધું;* અને તે દાહાડાથી તેવનનું પરીવાર એજ ઠેકાણે હજી સુધી પોતીકા વડવાઓએ રચેલો રોજગાર હાથ જાહાલી બેઠેલું જોવામા આવેછે.

ગરીબ માબાપને પેટે અવતરેલા આ ફકીરા શેઠની કમાલીએત એટલીજ સાંભલવામા આવીછે કે, તેનાએ જાતી મેહનતથી અરબ વછીઆતોની શેવા જે પરમાણીક પણું સાચવી બજાવેઆ કીધી; તેથી તેવનને તાંહાં ઘોડાઓની આવદાણી એટલીતો થવા માડી કે, દર મોસમે તેમના તબેલાનું મસ મોટું મકાન ભરપુર રહેલ; અને જણાવરોના વકરાબી જેમ શીકાર ઉપજેઆ, તેમ તેના માલેકોની મમતા પોતા ઉપર ખેંચતા રહેઆ. આ શેઠ જારે ૬૦ વર-

---

* આપણી ટાપુ તરફ તથા દેશાવર ખાતેના મોટમોટા અંગરેજ અંમલદારોમા પરખેઆત થાઈ ગએલો અરબ સોદાગર હાજી અબદુલ વાહાબ પણ આ ગરહસથના ગુજરેઆની પાંચેક વરસ આગમજથી તેવણના એક ખેરખાહ વછીઆત તરીકે જે બંધાઈ રહેઓ હતો, તેની મોહબત હીજરી સને ૧૨૮૭ ના સફર મહીનાની ૧૦ મી તારીખે તે મરણ પાંમેઓ તારે તેમના પરીવારો વચેથી છુટી પડી હતી. નો૰ લે૰

સની ભરતીમા આવીને રોજ ૨૪ મો માહ ૧૧ મો શેહનસાહી સાલે ૧૨૧૦ ય૦ એ ગુજરેઆ, તારે તેમની પીઠથી જનમ પાંમેલાં તરણ બેટાઓ અને તેટલીજ બેટીઓ મલી છ ફરજંદો ઉપરાંત તેઓ માહેલાં કોઇકોને તાંહાં થએલાં છઇઆંઓબી હઈઆત હતાં.

શેઠ બેજનજી ફકીરજી.

મરહુમ ફકીરાના તબેલાનો વહીવટ ફતેહમંદી સાથે ફેલાવનારા તેમના આ વડા બેટા, રોજ ૧૦ મો માહ ૯ મો શેહનસાહી સાલે ૧૧૭૯ ય૦ એ જનમ પાંમેઆ હતા. આ ગરહસથ બચગીથીજ ચંચલાઇ પકડતા રહેઆને લીધે, પંદર વરસના થયા તેટલાંમા બાપીકા ધંધા ઉપર ખંતીપણે ધેઆણ આપતા રહેઆ; એટલુંજ નહી પણ અરબ વછીઆત ઉપરાંત સઘલા વરગના અંગરેજ અંમલદારો તથા વેપારીઓ વચે પરમાણીક પણુ બતલાવીને તે બધાઓનો વીસવાસ એટલોતો મેલવી લીધો હતો કે, તેમના ભરોસાપર જેબી ઘોડાઓ વેચાએ તથા ખરીદાએ, તે શોદામા સરવે સખશોને સરખી આંખે જોઇને, પોતીકા તબેલાની કીરતી મુંબઈ ઉપરાંત બાહેરના બીજાં દેશાવરો સુધી તેનાએ આસકાર કીધી હતી; અને તેટલી લાએકાતથી તે તરફના ઘણા ઘરાકોબી તેનાએ હાથ કરી લીધાં હતાં.

બાપના મરણ સુધીતો તે તબેલો તેમનેજ નામે ચાલતો હતો; મગર તે પછેનો વહીવટ આ ગરહસથે પોતીકાં નામપર કરી લીધો, અને તેમની કજા બાદ તેવનના એક પુરા દીકરા નવરોજજી (જેનો જનમ રોજ ૯ મો માહ ૨ જો શેહનસાહી સાલે ૧૨૦૯ ય૦ એ થએલો જે જણાયોચ તે હસાબે તેવન હવડાં ૩૪ વરસની વએ પસાર કરી ચુકેલા કેહવાએછે) ને સપુરદ થયો, તે છતાંબી ફકીરાના તબેલાનું અસલી નામ જાહેરાંતમા તાલુકો રાખતું હજી સુધી ફરાંમોસ પાંમેઊંજ નથી.

મથાલે જણાવેલા માનવંતા મીતર જેમ પોતીકા ધંધાને સર સરવેમા પેઆરા હતા, તેમજ બેસ કબીલા ઉપરાંત દોસત આસનાઓ સાથેબી તેનાએ ઘણીજ મીલનસારી ભરેલી મોહબત જોડેલી હતી; અને વચન ઉપર એટલીતો સચાઈ સાંધેલી જણાઇછે કે, જે સખશેબી તેમની સાથે કાંમ પાડેઊં હશે, તેના મોહમાંથી વખાણ સીવાએ બીજો કોઇબી સબદ સંભલાશેજ નહીં. હાવા બોહલા વહીવટ છતાં એવનની આટલી ખુબી તો પરકાસતીજ દેખાઈચ કે, કોઈબી વછીઆત સાથે વાદવીવાદ, તથા ઘરાકો વચે ગેર સહમજુતીનો સબબ તેનાએ કોઇવારબી આપેઓજ નોહતો; માટે હાવો સદગુણી સખસ જો આ સરરાટી પર લાંમબો વખતવેર જીવતો રેહતે તો પરજા તરફની પરીતીબી તેવણ આસાંનીથી ખેંચી લતે, પણ અફશોસછે જંમરાની જાલમી ચુંગાલ ઉપર કે, તેવાની જીંદગી, જઇફીએ પુગાડઆ આગમજ માતરે પચાસ વર-

સની વચ્ચે પુરી કારાવેઆ* વીના જે ખતમ કીધી, તેના વીજોગથી રોજ ૭ મો માહ ૫ મો શેહનશાહી સાલે ૧૨૨૯ ય० એ ફકીરાના બેજનજી પોતાના એહધ વછીઆતો, ધરાકો, પરીવારો તથા મીતરોથી જુદા પડી ચંદરોકાલની પવીતર દુણીઆ તરફ ચાલી ગયા.

મુંબઇવાલા શેઠ ભીખા મેહરજીનું મંડાંણ.

સુરતની અસલી મુગલાઈ સલતનતને તાબેના ઉંમરા ગાંમમા, શેઠ મેહરજી† જીવનજી રહીને, તાંહાં પટેલાઇનો અમલ ચલાવતા હતા. એ ગરહસથને ઘેરે સાત દીકરાઓ જે જનમ પાંમેલા જણાયાય, તે માહેલા છેલા તરણોની હકીકત તો અજવાલે આવી નથી; મગર ચાર ભાઈઓ (જેમા ભીખા મેહરજી, નવરોજજી મેહરજી, દાલી મેહરજી અને હીરજી મેહરજી)ની થોડીક પીછાંણ આપણી ટાપુપર પંથરાઈ રહેલી માલુમ પડેછે.

આપણા આ ભીખા મેહરજી તેમના સવદેશની અંદર ય० ૧૧૨૪ મા જનમ પામેઆ પછે, વીસેક વરસના થયા તારે આ ટાપુ સાથે પોતાનુ નશીબ ચોંટાડવા માટે ય० ૧૧૪૪ મા આવેલા કેહવાએ છે. એ વખતપર પારશી કોમના અકાબર શેઠ ફરાંમજી નોશરવાનજી પટેલના બપાવા શેઠ દાદાભાઈ ગાંમ-ડીઆ જે મોટા વેપારમા વખણાએલા હતા, તેનાને તાંહાં ગોદાંઉણ કીપરની ચાકરી મેલવી રહેઆ હતા. દુકાંણદારીના કામનો અનુભવ મેળવી લીધામા ઘણા ચાલાક જણાયાથી કેહચકે, થોડુંક સુધી માલિકની સંગાથે પંતીઆલું જોડુંઉં; પણ તેપછે તાંહાંથી તદન છુટા પડી પોતાને નામનો વેપાર ચલાવી સરવેમા પરખેઆત થઈ પડેઆ હતા.

ઉપર જણાવેલા એવણના તરણ ભાઇઓ તેવણની સંગાથે સાંમટા, અથવા એકેકની પુંઠે અલાહેદા આવેઆ તે વીશે મુકરર માલુમ પડતું નથી; પણ આટલી વાતતો ચોકસજ છે કે, પોતાનો વેપાર બોહોલા વીસતારમા ફેલાયો તારે તેનો લાભ આપવાના હેતુથી તેઓનેબી કાંમની અંદર સામેલ રાખીને સલાહસંપજથી ઘણા વરસો સુધી રહેઆ હતા.


શેઠ ભીખા મેહરજીની સઘલી કીસમના અંગરેજી સાંમાનની દુકાણ મેડોસ સ્ત્રીટ નામના મોહલાની પુરવદશા પર આવેલી ટાંમરીન લેન નામની ગલી આગળથી તે હંમમ સ્ત્રીટ નામના મોહલા સુધીના ચોરસ ભાગમા જેટલી હવેલીઓ હવડાં ઉભેલીછે, તાંહાં પોતાની મીલકત ઉપર મોટી જાહોજલાલી સ-

---

* જનમ તથા મરણ વચેનો મુકાબલો મેલવતાં ૪૯ વરસ, અને ૮ મહીનાની ઉપર તરણ દાહડા વહી ગએલા માલુમ પડેઆછે. નો० લે०

† આ ગરહસથના બીજા બે ભાઈઓ નામે ભીમજી તથા રૂસતમજી હતા, પણ તેઓની હકીકત હસતીમા સચવાઈ રહેલી જણાતી નથી. નો० લે०

ત્રીજા મેહેરજીના કુટુંબીઓની વંશાવલી.



હીત ધીકતી હતી; અને તેવનની સંગાથે સામેલ રહેલા ભાઇઓ ઉપરાંત પોતાના દીકરા, ભતરીજાઓ, એશીઓ તથા બાહેરના બીજાં ઘણાક આસામીઓ રોજીએ જે વલગેલા હતા, તેથી કરી તેમનુ નામ આ ટાપુમા ચોમેર મશાહુર થાએલું હતું.

એવું સંભલાએચ કે શેઠ ભીખા મેહરજી પાસે પુશકળ પુંજી થઇ, તારે તેમના તરણ ભાઇઓ પોતપોતાની પાંતી પરમાણેના પઇસા ચુકાવી લઇ જુદા પડઆ; અને દુકાણનો વહીવટ વડા ભાઇના ભવીસ ઉપર સોંફી દીધો. પંતીઆલાપણાનો હીસાબ નકી થયા પછે, શેઠ ભીખા મેહરજી ૫૦ વરસની વએ પોંહચી રોજ ૪ થો માહ ૩ જો કદીમી સાલે ૧૧૭૪ ય૦ એ હોરમજજી નામના એક દીકરાને હઇઆત મેલી મરણ પાંમેઆ; અને તેવનની પુઠે શેઠ નવરોજજી મેહરજી રોજ ૧૦ મો માહ ૩ જો કદીમી સાલે ૧૧૯૧ મા,* તથા શેઠ દોલી મેહરજી રોજ ૧૧ મો માહ ૧૦ મો કદીમી સાલે ૧૧૯૪ ય૦ એ ૭૦ વરસની વયમા ગુજરી ગએલા જણાયાછે; પણ શેઠ હીરજી મેહરજીના મરતીઉકની ઇઆદી માલુમ પડી નથી.

શેઠ હોરમજજી ભીખાજી મેહરજી.

આ ગરહસથનો જનમ જાંણવા મેલે મુંબઇ અંદર ય૦ ૧૧૫૫ મા થયો હતો. બાપની દુકાણમા ઘણા વરસો સુધી રગડાઇને કાંમકાજમા જે માહીતી મેલવી હતી, તેથી તેમના મરણ પછે તેજ દુકાણનો વહીવટ પોતાના નાંમપર કરી લઇ એવીતો બાહાધુરીથી ચલાવેઓ કે, તેમા ભવીશાની મદદ જાંહાંસુધી મલેઆ કીધી તાંહાં તુલીક તો કાંમકાજની કીરતીને જેબ ભરી રાખી; અને તેટલી હીંમત ઉપરથી પોતાના દોસત આસનાઓમા ઓનાપારટની આટકે તેવન ઓલખાવા લાગા. પણ જમાનો તેવન સાથે જાયુક પાએદાર ન રહેઆને લીધે, ફરાંનસના ઉપલા નામવાલા પદભરાત શાહનશાહનીજ પેઠે અસત પાંમતાં ય૦ ૧૧૯૬ મા ચાલતો વેહવાર બંધ પાડીને બેકાર હાલતમા તેનાને ઘણા વરસો સુધી બેસવું પડેલ હતું. આ શેઠ પાસે બાપીકી ઉપરાંત પોતે મેલવેલી બીશીઆર મીલકતો આ ટાપુપર જે ઉભેલી હતી, તે કરજમા તણાઇને અંતે પારકે હાથ જઇ પડી; અને તેની ગમીમા નવેક વરસ એકાંત ગુજારીને ૫૦ વરસની વયમા ય૦ ૧૨૦૫ ના કદીમી ૨ જા મહીનાને ૧૨ મે રોજે બેહસત-

* આ ગરહસથને ઘેરે નર વારેસનુ કોઇજ ફરજંદ ન હોવાને લીધે તેમના ભતરીજા શેઠ પાલનજી દોરાબજી મેહરજી (નામના) પાલક થયા હતા; પણ તેમની દોલત પોતાની એક પુરી દીકરી નવાજબાઇને જે સપુરદ કીધેલી હતી, તે તેનીના મરણ પાંમેઆથી તેનીના ભરથાર જાંગીર બેરાંમજી ગાંમડીઆને હાથ ચહડેઆ પછે તેનાને તાંહાં બીજી બાએડીને પેટથી અવતરેલાં ફરજંદોને હાથ ગએલી કેહવાએછે. નો૦ લે૦

નસીન થયા પછે, તેમની પુઠે બે દીકરાઓના મરણથી ભીખા મેહરજીના ફકત નામનીજ હસતી દેખાડનારા વર્ગશાવલીની ટીપમા એકેકથી ઉતરતા માતરે બે નબીરાઓ શીવાએ હવડાં બીજું કાંઈજ બાકી રહેલું જણાતું નથી.

શેઠ ખરશેદજી હોરમજજી.

ભીખા મેહરજીના નબીરાઓમા આ વડાનો જનમ ૫૦ ૧૧૭૭ મા થએલો અટકલવામા આવેછે. આ ગરહસથ ઉતંમ કુલની અઓલાદથી જીંદગીને હસતીમાં આણેઆ પછે, ઉધરીને મોટા થતાંજ વીદેઆનો અભેઆસ કરવા માટે જે જે મકતબોમા જઇ મશગુલ રહેઆ, તેમા ગુજરાતી, અંગરેજી અને ફારશી ભાશાનું સારૂં ગ્નાન મેલવેલું માલુમ પડેછે; અને તેટલાંજ કઉઅતથી તેમના ડાહાપણમાં કાંઈજ ખાંમી જોવા તથા જાંણવામા આવીજ નોહતી. આ શેઠનો મીજાજ જેમ મયાળુ તેમજ સવભાવમા તેવન શેઆંણપતથી સમપુરણ, દેખાવે સાદે દેલ, અને નમનતાઈમા નેક પુરૂસ હતા; એટલુંજ નહીં પણ તેવણમા એક બીજી ખુબી એટલી વીશેસ સમાએલી સંભલાઇચ કે, સંસારનો દરદી કોઇબી સખસ તેમની પાશે આવે તો, તેના ઈલાજ માટે પોતાથી બનતી કોશેસમાં હરગેજ ભુલતાબી નોહતા; અને તેથી કરી આ ટાપુમા બીજા ગરહસથોની પેઠે એક ગુણવંતા મીતરમા ગણાએલા હતા. આ શેઠથી બનેઊં તેમ અનેક તરેહના રોજગારની અંદર પોતાના અવકાસને રોકેઆ કીધો. ઈ૦ સને ૧૮૩૪ મા ચીન સુધીબી એકવાર જઈ આવેઆ, અને તેપછે મુંબઇમા એક અંગરેજ સાથે પંતીઆણું જોડીને મી૦ બલાકવેલ ખરશેદજીની કુંપણીને નામે હકસાઇ દાખલ આડતની તથા લીલાંઉખાનાની દુકાણબી મોટા પાયાપર થોડુંક સુધી સારી રવેશે રચાવી મેલી હતી, પણ ભાએગની મદદ તેણાને કોઇ વાતમા મનમાંગતી મલી શકીજ નહીં. મુંબઇ સમાચારનું છાપાખાનું જે પોતાના ભાઈની રાસમા લીધેલું હતું, તેમાથી નીકલતાં વરતમાન પતરના એક સુધા અધીપતી તરીકેનો ઓહદો જે પાછલથી ચલાવેઓ, તેમાબી કાબેલીએતનું કઉઅત વાપડી સારૂં માન જારે મેલવવા લાગા તારે સરીરમા માંદગી હેવીતો પેવસ થઇ કે તેની બેકરારીમા થોડા દીવસ બેજાર પાંમી રોજ ૧૧ મો માહ ૭ મો કદીમી શાલે ૧૨૧૪ ૫૦ એ આ વગર ભરોસાની, અને ઓઠી મયાવાલી દુનીઆં અંદરથી પોતાની જીંદગીનો અસબાબ ઉઠાવી આકાસ વાશી લોકોમા જઈ વશેઆ; અને તે વખતે તેણાની ઊંમર માતરે ૩૭ વરસની જાંણવામા આવી હતી.

શેઠ મેહેરજી હોરમજજી.

મરહુમ શેઠ હોરમજજીના બે માહેલા આ નાધલા દીકરા ઉપલું નામ લઈને ય૦ ૧૧૮૦ ના કદીમી ૪ થાં મહીનાને ૧૩ મે રોજે જનમ પાંમેલા જણાયાછે. બાપની જાહોજલાલી વખતે ઉછરીને જવાંનીના બાહરપર આવતાંને વારજ ચંચલ જેહનથી તેવણે અનેક કીસમની વીદ્દેઆ હાંશેલ કરવા લાગા; અને તેની અંદર ઘણાક વરસો વેર રોકાઈ રહેઆથી ગુજરાતી, અંગરેજી, પોરટુગીસ, લાટીન, ફારશી વીગેરેની ભારાઓનું પુખત ગ્નાન મેલવી લીધું હતું. અંગરેજી વીદ્દેઆમા નેયાયસાસતર તથા તવારીખને લગતી મોટી માહીતી મેલવેઆ ઉપરથી આપણી ટાપુ ખાતે મી૦ જેમસ પાટચ નામનો એક પરખેઆત વકીલ હતો, તેની આફીસ ખાતે આ ગરહસથે ય૦ ૧૨૦૦ ને સુમારે વહીવટદારની નોકરી મેલવી લીધી; અને તાંહાં મુકદમા લાવનારા ઘરાકોનુ કાંમ પોતાની કાબેલીએતના કઉઅતથી હેવું તો સંભાલવા લાગા કે, તેથી કરી આખી આફીસ ઉપર તેણાનીજ સતા ઉસતવાર થઇ, એટલુંજ નહીં પણ તેમની રૂડી કોશેસનો આવાજ ચોમેર ફેલાયાથી મી૦ પાટચના ઘરમા અગાઉ કરતાં મુબલક ઘરાકીખી વધી પડી હતી. મુંબઈ સમાચાર નામનું પુરાંણું છાપખાંનું તેના આગલા માલેક મરહુમ મોબેદ ફરદુનજી મરજબાનજીના દેવાંમાં ય૦ ૧૨૦૨ ની શરૂઆત શાલે હરરાજ થઇ વેચાએઊં, તારે આ ગરહસથે પોતાના વડા ભાઈ ખરશેદજીની શાસમા તે ખરીદ કરી લઇને ઘણી મુદતસુધી જાલવી રાખેઊં હતું; અને તે પછેનો વહીવટ તેમના બરખુરદાર બેટા મી૦ પીરોજશાહની માલેકીપણામા ઘણું વેર ચાલેઓ હતો. અંગરેજી કાંણુન પરમાણે કજીઆ લડવાના કાએદા સંબંધી મી૦ મેહરજીભાઇના ગ્નાનની કીરતી મુંબઇથી ફેલાતી છેક વરોડરાની ગાએકુઆરી સુધી જારે જઈ પોંહતી, તારે તે વખતપર તાંહાંનો દીવાંન વેનીરાંમ, અંગરેજ સરકારની સાથે વાંધો ઉઠેઆથી રાજીય ખટપટની મોટી મુશીબત ભરેલાં તોફાંની વાદલી વચે જે ફસેઓ હતો, તેનો ફેસલો કરી આપવાનો પકો બંદોબસત કરી તેની સાથે આ શેઠ ય૦ ૧૨૦૭ ની શાલમા મુકદમો લઇને ગવરનર જનરલની પાશે રજુ થવા સારૂં તેના એક વકીલ તરીકે કલકતે ગયા હતા; જાંહાં થોડુંક કાંમ ચલાવેઊં, અને તેમા ફલદરૂપ પાંમવાની વકીખી થાઇ, તેટલાં બેહુના નશીબા ઉપર કુદરતથી હેવી કેહેર ઉતરી કે આ ગરહસથ ભગંદરના દરદની થોડા દીવસ બીમારી ભોગવેઆ પછે, રોજ ૩૦ મો માહ ૬ ઠો કદીમી સાલે ૧૨૦૮ ય૦ એ ૨૮ વરસની ઉપર બે મહીના ને ૧૮ દાહાડાપર આવેલી ભરજવાની બરબાદ કરી તે તરફ મરણ પાંમેઆથી દીલમા ધારેલી તેણાની નેક મોરાદ તેવણના દીલની અંદર રહી ગઈ.

શેઠ પાલનજી દોરાબજી, લકબે દોલી મેહરજીના.

મરહુમ ભીખા મેહરજીના કુટુંબીઓના બીજા ઘણાક બેટાઓ આગલાં વરશો પર જનમ પાંમીને જે જીંનતવાસ થઈ ગયાચ, તેઓ માહેલા મથાલે જણાવેલા માતરે એકજ ગરહસથની થોડીક હકાએત હમારે હાથ આવેલી હીંઆં દાખલ કરીએછે.

આ શેઠનો જનમ તેવણના મરણ ટાંકણે કેહવાએલી ઊંમર ઉપરથી ય૦ ૧૧૫૯ મા થએલો જણાયોછે. પરથમની ઉછલતી વએમા તો પોતાના પીતરાઈ ભાઈ શેઠ હોરમજજી ભીખાજીની દુકાંણ અંદર રહીને વેપાર વણજનો સારો અનુભવ મેલવેઓ હતો; પણ તેપછે જારે ૨૮ વરસના થયા, તારે ય૦ ૧૧૮૭ મા પેહલવેહલા કલકતાની સફરે શીધારેઆ હતા.


સારાં ભાએગે તે તરફ શા૦ રણછોડદાસ મનજી, શેઠ મેરવાંનજી લીમજી બીલીમોરીઆ, અને શેઠ કાવસજી ધનજી પાંઉવાલા સાથે તેવણને નીસબત સંધાઇ, તેથી તેઓના પંતીઆલાપણામા સચવાઈને વેપારને બોહોલા વીસતારપરં ફેલાવી દીધો; અને અરસ પરસની સલાહ સંપજથી જાંહાંસુધી સરવે ભાગીઆઓ જોડાઈ રહેઆ, તાંહાંતુલીક વેપારીના મોટા વરગમા વખણાયા હતા.

કલકતે જઇ થરીથાંમ થયાને તરણેક વરસ વહી ગયાં, તારે ય૦ ૧૧૯૦ માં તાંહાંથીજ પરભારા ચીન તરફની સફરે પણ આ શેઠ સીધારેઆ હતા; અને થોડુંક સુધી તાંહાંનો લાભ પોતાના નસીબ સાથે સારી રવેશે સાંધી લીધા પછે, બાકી રહેલું તથા તે પછે જાથુક જણારૂં કાંમ સંભાલવા સારૂં એકાત આડતીઓ બેઠવી તાંહાંથી પાછા ફરેઆ હતા. આ સાહેબોને તાંહાંના રોજગારનો ઉપીઓગ સાચવનારાં જે સફરી વાંહાંણો હતાં તેઓમા "અગણેસ રીઝોલીઉસન, સટાલકરટ, અને પરીણસ આલબરટ" મલી ચાર બારકશોના નામો જાંણવામા આવેઆંછે; અને વખત પોંહચતાં જેમ વેપારને ઓછો કરતા ગયા, તેમ તેઓને એકેકની પુઠે વેચી નાંખેઆં હતાં.

જારથી એવણે કલકતે જવાની સરૂઆત ચલાવી તારથી તાંહાં જાથુકનુ રેહઠાણ નહીં કરતાં દર જોગવાઇએ ઘેર તરફબી ફેરો મારવાની નેમ રાખી હતી; અને છેલી બેપે ય૦ ૧૨૦૭ મા જઈને લગભગ પાંચ વરસ જે રહેઆ, તેટલી મુદતમા પેહડી ખાતેના પંતીઆલાપણામાથી પોતાનો હક તથા ઇલાકો બીલકુલ કાહડી લઈને ય૦ ૧૨૧૨ મા મુંબઇ આવી બેઠા પછે કોઈબી દેશાવર તરફ તેવણ ગયા નોહતા.

પરદેશ ખાતાંના વહીવટમા પચીસ વરસ સુધી રોકાઇને જેટલી રંજ ખેંચી તેટલો તેમાથી ગંજ મેલવી લીધા પછે તેનો ઉપીયોગબી સાંતપણે રહીને આ શેઠ સારી રવેશે કરવા લાગા. હેવા વખતપર બાહેરકોટ તરફ રેહનારા જરથોસતીઓને સરઅવસરે વાપરવા વાસતે જાહેર મકાણની જારે જરૂરીઆત જણાઇ, અને જે બાબેનો સવાલ પોતાને થયો, તારે તે વાત સરંજાંમ પોંહચાડી આપવાના હેતુથી તે તરફ મરહુમ મંનચેરજી શેઠની અગીઆરીવાલા મોહોલાની

આલબલેશના ખાનદાનની વંશાવલી.



અંદર એક કોસાદ જગા ઊપર મજબુટ એમારત વગર ધીલે બંધાવા માડી; અને તે તઈઆર થઈ તારે રોજ ૧૧ મો માહ ૧૧મો કદીમી શાલે ૧૨૧૪ ય૦ એ મજહબના ફરમાન મુજબની કીરીઆથી પોતીકા હમદીન ભાઈઓની સગવડ માટે તે મકાણને ધરમ ખાતે જે ખોલ્લું મેલીઊંચ, તારથી તેની અંદર અણેક તરેહના ધરમનીમનો રૂડો ઉપીઓગ થતો રેહવાને હવડાં ૨૯ મું વરસ ચાલેછે. એ મકાણનું મુતવલીપણું આ શેઠની હઈઆતી તુલીક તેનાએ જાલવી રાખેલ હતું, અને તે પછે તેમના સપુત દીકરાઓ પાશે સચવાઈ રહીને તેઓના હસતકથી જોઈતી મરાંમત, તથા અગતજોગ ખરચ લેતું સારી હાલતમાં જેમ ઉભેલુંછે, તેમજ તે ચંદરોકાળ સુધી નીભે તેહવો બંદોબસતબી તેજ સાહેબોએ કરી રાખેલો કેહવાએછે.

એ ઉપરાંત તેવણથી બીજી સખાવત જાહેરમા થએલી જણાઇ નથી; પણ ગુપત રીતે જે કાંઈ અપાયું હોએ તો તેટલી વીશેસ ખુબીને આ દુનીઆં અંદર પરકાસતી રાખતાં, દાલી મેહરજીના આ તરીજા દીકરા ૬૭ વરસની વએ પોંહચીને રોજ ૮ મો માહ ૧૨ મો કદીમી શાલે ૧૨૨૬ ય૦ એ બેહસતનશીન થયાછે.

શેઠ એદલજી ફરાંમજી કરાંણી, અથવા આલબલેસ.

આ ગુણવંતા ગરહસથના બાવા ફરાંમજી માણેકજી સુરતમા રેહતા હતા, તાંહાંથી ય૦ ૧૧૪૯ મા પેહલવેહલા મુંબઈ આવીને મરહુમ શેઠ માંકી સરાફને તાંહાં અને તેવણ ગુજરેઆ પછે તેમના દીકરા શેઠ ખરશેદજી માણેકજી સરાફ હસતકના એકાત ગાંમઠી બારકસની અંદર કરાંણીના કાંમની ચાકરી મેલવી રહેઆ ઉપરથી, મથાલે જણાવેલી પેહલી અટક તેમના પરીવારોમા પંથરાએલી હજીસુધી સચવાઇછે; અને બીજી ઓલખ આ ગરહસથથી જે કેહવાતી આ-વીચ, તેની કેફીએત હેઠલના કોઇ ફકરાથી વાંચનારા સાહેબોને માલુમ પડશે.

કરાંણીની ચાકરીમાથી શેઠ ફરાંમજીએ જોકે કાંઇબી દરવીય તો મેલ-વીઓજ નોહતો, પણ પોતાના ભલા ઉદીયોગમા ઘણા વરસો સુધી મસગુલ રહેઆથી પરીવારોનું પાલણ આબરૂ સાથે કરતા હતા; અને જીંદગી જારે જ-ઈફીની નોબતપર આવવા માડી તારથી પોતાના બે બરખુરદાર બેટાઓના* સંભાલ હેઠલ સુખ ભોગવીને ય૦ ૧૨૦૪ ના શેહનશાહી ૪ થ: ગાથાને રોજે જારે મરણ પાંમેઆ, તારે ૮૧ વરસની બુજોરગીએ પોંહોતેલા કેહવાયા હતા.

શેઠ એદલજીનો જનમ રોજ ૧૯ મો માહ ૭ મો શેહનશાહી સાલે ૧૧૫૪ ય૦ એ થાએલો સાંભલેઓછે, પણ મુંબઇમા અથવા સુરત તરફ તેની ચોકસ ખબર મલી નથી.

પીતાની પરવરેશ હેઠલ ઉધરીને પંદરેક વરસના થયા, તારે તેમની ગરી-

* જેમા વડાનુ નામ તો મથાલે આપેલુંછે; અને નાધલાનુ જે બેજનજી હતું તે સાહેબ રોજ ૧૪ મો માહ ૫ મો શેહનસાહી શાલે ૧૨૨૬ ય૦ એ ૭૦ વરસને આસરેની વએમા ગુજરી ગયાછે. નો૦ લે૦

બાઈ હાલત ઉપર નભરવસપણે બેશી રહેઆ કરતાં કોઇબી ઉદંમ સોધવાસારૂં ઉલટથી જે મેદાંન પડેઆ, તેમા પેહલી જોગવાઈએ આપણી ટાપુ ખાતે વખણાઇ ગએલા તે વખતના મી° (પણ પાછલથી બારોનેટ થએલા સર) ચારલસ ફારબસને તાંહાં ખાનસામાની ચાકરી તેનાએ મેલવી લીધી; જાંહાં ય° ૧૧૬૯ મા રહીને હાથ આવેલા દયાળુ શીનોર તથા તેમની મયાવંતી લેડીની તાબેદારી હેવી તો ચાલાકી ચલાવીને પરમાણીકપણાથી બજાવવા લાગા કે, તે મયાવંતાં માઠીબઇએરનો ચાહ પોતા પર દનઉગત ખેંચતા રહેઆ; અને તેટલી ખુબીએ હેવો સંજોગ ઉતારેઓ કે, આ ગંભીરાઈ ભરેઆ નોકરને પોતાની પાશેથી વીસાંમો લેવાના વખત શીવાએ એક ઘડીભરબી તેઓ વીહીલો મેલતાંજ નોહતાં.

યુરોપીઅન ગરહસથોએ કેટલીક તરેહના પકવાનોના જુદાં જુદાં નામો જે આપેલાં હોએચ, તે માહેલું "આલબલાસ" નામે ઘણીક વસતુઓની મેલવણીનુ એક સવાદીસ પકવાનબી તેઓમા પરખેઆત પાંમેલું કેહવાએછે; અને તે ઉપર આ શેઠીઆના શીનોરની મમતા વીશેસ જણાતી જોઇને, યાતો તેવુંજ લેહજતદાર પકવાન રાંધનીઆ પાશે વારંમવાર તઈઆર કરાવી તેવણ ખવાડવા લાગા ઉપરથી, અથવા તો "આલ" અને "બલેસ" ના અંગરેજી જુદાજુદા શબદોને એખીટા જોડેઆથી "આલબલેસ" નો અરથ ગુજરાતીમા સાહમના સખસને બખશેસ ભરેઆ આશીરવાદ ચાહવા માટે જે બોલાએચ, તેવી રૂડી વાણી કદાપી આ શેઠીઆના મોહમાથી વખતે વખત નીકલેઆ કીધાની યાદગારી સારૂં "આલબલેસ" નો એક નવો એલકાબ તેણાને એનાયત થયો હોએ, તો તેને વાસતે શક વના કહી શખાએચ કે બે માંહેલા કોઈબી સબબથી તે સુભ શબદની ઉતંમ ઓલખબી તેમના પરીવારો વચે વગર ભુલવે પરકાસતીજ રેહેલી આપણ જોઈએછે.

ચપલબુધીના નામવર ચારલસ ફારબસની ચાકરીમા આ ગરહસથે ૯ વરસ માનસહીત ગુજારેઆં પછે, તે સાહેબ ય° ૧૧૭૮ મા પોતીકે શવદેસ ઈંગલાંડ તરફ શીધારેઆ; અને તેજ વખતથી શેઠ એદલજીએ પણ ઉપલી નોકરી છોડી દીધી હતી.

પરીવારના પાલણ માટે રોજી તો સોધવીજ જોઇએ, માટે સંજોગ બનેઆથી તે વખતપર મી° તાસકર નામનો એક અંગરેજ વેપારી હતો, તેને તાંહાંનો વહીવટ ચલાવવા સારૂં આ ગરહસથ દલાલ તરીકે લાગુ પડેઆ; અને પોતીકા ભાઈ બેજનજીનેબી તાંહાં સરાફના ખાતાં પર બેસાડી દીધા.

હાથ આવેલું કામ અતોપી લેવામા કેટલોક વખત પસાર કીધો તે વાતની ચોકસ હકીકત નહીં મલતાં એટલું તો જાંણવામા આવેઊંચ કે, તેવણની ઉપર કોઈ બીજા સખસે સરસાઇ મેલવીઆને લીધે બેહુ ભાઇઓ તાંહાંથી રૂખસદ પાંમી પોતાના ખાનગી વેપારમા વીટલાઈ પડેઆ; જેમા શેઠ બેજનજીએ કોટના અસલી વોહોરા અને હાલના પારશી બજારમા એક બાંક માંડીને ખુરદો વેચવાનો સરાફી ધંધો ચલાવેઓ, અને આ શેઠ તો હવડેનાજ મકાન ઉપર નાધલી નેકમનો અંગરેજી દારૂ તથા તેવીજ કીસમનો બીજો સામાણ વેચવા માટે એક

સાધારણ દુકાણદારી લઇ બેઠા. શોકરછે કે આ શેઠે જે જગાપર પોતાનો પેહલવેહલો રોજગાર રચવા માટે બેઠક કીધી, તેને હઈઆતી સુધી જાલવી રાખતાં અડધી સદીની ઉપર કાંઇક વરસો વહી ગએલાં ગણાયાંચ; એટલુંજ નહીં પણ તેપછે તેમના પરીવારો પણ આજની ઘડીસુધી તે મુબારક મકાણનેજ પકડીને રહેલા જણાએછે; માટે એ ખુબી કાંઇ જેવી તેવી વખંણાતી નથી.

એદલજી બાવાની દુકાણદારીનો વહીવટ નાધલા પાયાપરથી ઉછલીને જેમ પગતી દર પગતી વધવા માડઓ, તેમ તેણાનુ પરમાણીકપણું હેવુંતો પરકાસતું રહેઉં કે સફરી વાંહાંણોના કપતાંનો સાથે મોઠી રકમોની ઉઠલપાઠલ ચાલેઆ કીધી; અને તેહવી કીસમના સેંકડો અમલદારો તેમના વીસવાસ ઉપર હજારો રૂપીઆની થાપણો જે સોંફવા લાગા, તેમા તેઓનેબી ફાએદો કરી આપતાં પોતાના કાંમનો વહીવટ સારી રીતે સાચવીને ખરેખરા કીરતીવાન થયા.

વહીવટ જારે વધતો ચાલેઓ, તારે તેની સાચવણી માટે પોતાના ભાઇ બેજનજીનેબી તેમની દુકાણ છોડાવી પોતાની સરીગતમા લઇ લીધા; અને બેહુ સાહેબોની એખલાસ ભરેલી સરખી કોશેસ કારગત લાગાથી સનસારમા તેઓ સુખી પણ કેહવાયા.

બોદાતાલાએ દરવીઅની સાથે આ બેહુ ભાઇઓને દીકરાઓ જે બખ-શેઆ, તેઓ ઉંમરે પોંહચતાં એવાતો સકરમી નીવડઆ કે, પોતીકા પીતાઓનુ કાંમકાજ ચાલાકીથી ચલાવી લેતાં તેઓને રાહેત પમાડતા રહેઆ; એટલુંજ નહીં પણ વેપારને આગલ વધારવાની શોચનાથી ચીન જેવાં શોદાગરી શેહર તરફ નજર પોંહચાડી. આ કારણ સારૂં યઃ ૧૨૧૪ ની સાલમા શેઠ બમનજી તથા દાદાભાઈ મલી બે ભાઇઓએ પેહલવેહલી સફર એખતીઆર કીધી, અને તાંહાં દાખલ થયાથી મીઃ એદલજી ફરાંમજીના છોકરાઓની કુંપનીને નામે હકસાઇ દાખલ આડતીઆ, તથા વેપાર વનજની એક પેહડી સ્થાપી.

ચીન તરફનો વહીવટ અટોપી લેવા માટે જે ગોઠવણ બંધબેસાડી હશે, તેની ખુબીથી પેહલે ગએલા ભાઇઓની મુદત જારે ભરાઈ, તારે તેઓની બદલીએ શેઠ ધનજીભાઈ તથા હોરમજજી ગયા; અને તેવીજ તરતીબથી ચારો માહેલા હરેક ભાઇ પાલી પરમાણે તાંહાં જતા રહીને તે રવઇઓ છેક યઃ ૧૨૩૧ ની સાલ સુધી ચાલુ રાખેઓ હતો; પણ તે પછે તેઓ માહેલા કોઇબી સાહેબનું પગલું તે તરફ જણાતું નથી. આ બાબે એવી અટકલ પોંહચેચ કે તેઓના જઈફ પીતાની જીંદગી જે થોડાજ વખતને વાએદે હતી, તેટલો વાર કોઈબી ફરજંદને પોતા પાશેથી વીહીલો મેલવા તેનાએ કદાપી ચાહેઉં નહીંજ હશે; માટે ચીનનો વહીવટ હાથ હેઠલના વીસવાશુ બેશીઓ તથા માણશોથી* ચાલુ રાખેલો સહમજાયોછે.

ચીનનો વેપાર જારે બોહોલા વીસતાર પર ફેલાયો, તારે તેના ઉપીયોગ સારૂં વાંહાંણો નામે "અરલ આવ કલેર"ને આપણા હીંદી ઉમરાવ મરહુમ સર

---

* પાછલથી મીઃ જાંગીરજી ફરાંમજી બખશીને તાંહાંના વહીવટની મુખતે-આરી શોંફી મોકલાવેલા માલુમ પડઆછે. નોઃ લેઃ

જમશેદજી જીજીભાઈ બારોનેટની રાસમા, તથા તેપછે "જમશેદજી જીજીભાઈ" ને પોતીકે હીસાબે વેચાતું લઇને એહુ બારકશો ઘણા વરશો સુધી રાખેઆં હતાં; પણ પાછલથી તેઓ નફો આપનારાં નહીં જણાયાં, તારે પેહલાંમાથી પોતીકો ભાગ કાહડી નાખેઓ; અને છેલાંને વેચી કાહડેલું કેહવાએછે.

આ સદગુણી શેઠ ખરેખરી ગરીબી હાલતમાથી ઉદીયોગના બલવડે વધીને તવંગર' થયા હતા; અને અગત કરી સરવે ગનાતના સબશો સાથે સારી વરતણુંક સદા સાચવી રાખેઆને લીધે મોટું માન પણ મેલવેલું હતું. સવભાવે જેમ થંડા, તેમ બોલવે મીઠાસ ભરેઆ, સહમજુ અને મીલનસાર હતા, એટલુંજ નહીં પણ પોતીકા ધરમની સાથે તોલાની રાહ રસમનેબી ઘણા દીલ ગુરદાથી વલગી રહેલા હતા. વંશસાવલીની ટીપમા જણાવેઆ મુજબના બચાંકચાંઓના બોહલા કબીલાને પોતાની પાછલ આબાદ હાલતમા રાખીને સુખ ચેનથી અમર જગોએ અખઈ વાસ પાંમવા માટે રોજ ૨૨ મો માહ ૯ મો શેહનશાહી સાલે ૧૨૩૪ ય૦ એ જારે ફુલગુજાર થયા, તારે તેમના જનમ દીવસથી ગણતાં ૮૦ વરસ, અને ૨ મહીનાની ઉપર ૪ દાહડા વહી ગએલા માલુમ પડેઆછે.

એવણના ગુજરેઆ પછે તરીજે દીને ઉઠમનાની કીરીઆ જારે પુરી થઈ, તારે તેમના બરખુરદાર બેટાઓએ તંદરોસતી પઢાવેઆ મુજબ તે મરહુમની પુંજીમાથી દોહડ લાખ રૂપીઆ જે અલાહેધા કાહડેઆ હતા, તે માહેલા એક લાખ ને પાંતરીસ હજાર ખરચીને ગીરગાંમ આગલ ફરંગીના દેવલની સાહમને આવેલી ચરનીરોડ નામની ગલીને નાકે "આલબલેસ બાગ" નામનુ એક શોભાવંતું અને કોસાદ મકાંન બંધાવેલું; જે તઇઆર થયા પછે રોજ ૨૨ મો માહ ૧ લો શેહનશાહી સાલે ૧૨૩૮ ય૦ એ મજહબના ફરમાણ મુજબ જસનની કીરીઆ કરાવીને જરથોસતીઓને સર અવસરે વાપરવાના કારણસર ખોલું મેલેલંચ,* તારથી અનેક તરેહના રૂડાં કાંમો તાંહાં જે થતાં રેહચ તેના પુણનો હંમશેરો તેમના અશોરવાણને પોંચેઆ કરેછે; અને જેજે

* આ બાગની બુજોરગીને વીશેસ બુલંદીપર જોવાની મકસદથી તેના મુતવલીઓની શેવામા હેવી એલતેમાસ કરવા ચાહીએચ, અને તે વાતને સવીકારનારા ઘણાક સાહેબો ટેકોબી આપી શકશે કે, "ગેઆસ લાઇટ" નામની ભભુકદાર રોસની માટે તાંહાંની એમારત વચેના ચોકમા કીધેલા કેઆરાની બાહેરથી ફરતી ગોલ નલી મેલાવીને તે ઉપર કાંશીઆઓ સમાઈ શકે તેટલી જોતની ભુંગલીઓ જડાવવી; અને તેની આસપાસ એક બીજાની સનમુખ સોભઈતાં ફાંનસો તથા નલીઓ સાથેના બાર સથંભો તે સાહેબો બનતી જોગવાઇએ ઊભાં કરાવી રાખે, કે, સરઅવસરે જેઓને જોઇએ તેઓને પોતપોતાને ખરચે તેવી ઝહલકતી રોસનીના લાભથી મેલવેલી મીજલસને સોભા પમાડવાનું બની આવે. આટલી આરાસતા માલેકોની મેહરબાંનીથી જો થાએ તો, તેથી કરી એકતો ટંમલર તથા કનીરના ટેલવાલા ખોલ્લા દીવા જોર હવાથી બુજાઈ જવાનો કમકમાટ ભરેઓ આજાબ દુર થશે, અને બીજું તો "આલબલેસ બાગ" ની રોણક હવડે કરતાં વધારે વખણાશે.

નો૦ લે૦

લોકોની સગવડ સચવાએચ તેઓાં તરફથી તેમના નેકબખત પુતરોનો અગણીત ઊપકારબી મનાતો માલુમ પડેછે. આ માહભારત મકાનને જાથુકની મરાંમતથી સારી હાલતમા સદા રાખવા સારૂં ૧૫૦૦૦ ની પાંચ ટકાવાલી સરકારી નોટો જે લઇ રાખીચ, તેથી તેની મદદ માટે કોઈ રીતની હરકતબી હરગેજ નડશે નહીં.

એજ ટાંકણે રૂ ૨૦,૦૦૦ ની એક મોટી રકમ પારસી પંચાએતની પુંજીના વીસવાસુ રાખનદાર અકાબર સાહેબોના સવાધીનમા સોંફીને, તેની ઉપજ દર શાળે હેઠલ જણાવેલાં ધરમખાતાંઓની મદદ માટે ખરચવાની જે ખાએસ કીધી, તે મુજબની સખાવત સદા ચાલુજ રહેલીછે.

પંચાએતના જનરલ ફંડમા આપેલા	૮,૦૦૦
મુંબઇના આંધલા પાંગલા, તથા લાચાર જરથોસતીઓની પરવરેશી ખાતાંની પુંજીમા આપેલા	૬,૦૦૦
કુલે જરથોસતીઓના રવાંણોને અવલમંજલ પોંહચાડવાના ખાતાંની મદદ માટે આપેલા	૬,૦૦૦

સફમાઇનોજ પઇશો જે પાશે હોએ—સમારગે ખરચવાનું શુબખી તે જોએ.
પુનનું કાંમતો માહભારતછે—દરરોજ તેમની તાંહાં જારતછે.

વીઆરના નીરમલ પાંણીનો લાભ જોકે આ શેહરની સગલી જગોએ કેવારનો લેવાઇ ચુકો, તે છતાં બીચારા સીઈમ તરફના રેહવાસીઓ તેથી બેનસીબ રહેલા આ મરહુમ શેઠના સાહસીક દીકરાઓને જેવા માલુમ પડ્યા, તેવુંજ તેઓએ દયાલુ થેઆણ પુગારીને તે લતાની વસતીને જાથુક પાણી મલતું રેહવાની મતલબથી તે તરફ ય૦ ૧૨૪૦ ના શેહનશાહી મેહર મહીનામા એક મજબુત ટાંકી બંધાવીને તેની અંદર, ઉપલા તલાવનો સરકારી નલ લાગુ પડાવેઆ પછે, તેના સંભાલપણાની દેખરેખ શેહર સુધરાઈ ખાતાંના કમીસનરને સપુરદ કરી દીધી. એ બાંધકાંમ ઉપર જોકે થોડાક શો રૂપીઆ ખરચાયા હશે, તોપણ તે હેવાતો સમારગે અને સારાં કાંમમા વવાયાચ કે, તેથી તાંહાંના ગરીબ રેહવાશીઓને મનશે તો લાખો લાખની બખશેસ થાઇછે; અને તેની મુબારકબાદી માટે હમારી નાકેશ કલંમે કવીતાનો જે સુભાખીત સરોદ કાહડેઓચ, તે આ સખી સાહેબોની કીરતી ગાવાને પુરતી લાએક સહમજી હીંઆં દાખલ કરીએછે.

છીમાવીચ જેઓએ પાંણીની પેઆસ—તે ઉપર દાંણાઓ કરેછે કેઆસ.
કે ભાગેછે જેથી લોકોની તરસ—પીછાંણેછે એબી ધરમને સરસ.
જાંહાં જાંહાં કુંવારાઓ આવેલાછે—તાંહાં સખીઓએ પઇસાને વાવેલાછે.
તે કરતાંબી આ એક ઉતંમ ગણાએચ—જંગલમા ઝહવેરાત તરીકે જણાએચ.

આ નામીચા નરના છોકરાઓને નામની પેહડીએ ચીનમા બાર વરસ પુરાં નહીં કરતાં તે માહેલાં પાછલાં થોડાંક વરશોવેર શું આડતના કાંમથી, કે ઘર વેપારમા ગેરફાએદો જારે જોયા કીધો, તારે તાંહાંનો અસબાબ સંવત ૧૯૨૯ ના આશો વદી ૦)) થી (ય૦ ૧૨૪૩ ની સરૂઆતમા) તદન ઊંચકી નાખેઓ, તે વાત ઘણીજ દાહાપણ ભરેલી વીચારવામા આવીછે.

નેક નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટ.

જરથોસતી તોલા માહેલા જે તલવારીઆએ પોતાનું પણોતું પગલું આ ટાપુની અંદર પેહલવેહલું પેસાડીને તેના મુબલક નાતીલાઓને વાસતે મારગ ખુલ્લો કરી આપેઆ વીશેની યાદગારી જેમ પરકાસ પાંમેચ, તેમજ તે મજહબના એક માનવંતા માહપુરૂસે પોતાની ખરી જાહોજલાલી પુરૂથવીના એકથી બીજા છેડાસુધી પાંથરતાં તેવણના હમદીનોના નામને જે આસકાર કીધું, તેણાની જીંદગીનો આ અહેવાલ સરવે ઉપર સરદારી મેલવવા લાએકનો માલુમ પડી આવશે.

મસહુરછે નામ જેનું કસબે નોસારી–પંથકની કીરતી ન કોઇએ ઓસારી.
મલેસરફલીઓ* તાંહાં આવેલોછે–આ સરીમંતે તેને સોભાવેલોછે.
જેને સરૂઆતમાં નોહતું કશુંએ માન–તાંહાં વાદલાંની અંદર છુપાએલો ચાંન.
નીકલેઓ જારથી તે પરકાશી બાહેર–શાકરમીની શીકલને દીપાવી જાહેર.
વતણીઓ તો તે વીશે જાંણુતા નોહતા–સંતોસથી સરજાએલી હાલત જોતા.
પણ ખોદાની કુદરત હતી બે શુમાર–ન બાકી રહેઓ તેની બખશેસનો પાર.
તે ખાવંદનો જારે થયો હોકમ–શીતારાએ ખેંચેઓ ભારી જોખંમ.
લાવી દેખાડેઓ શુરો જમશેદ–સરફરાજીમાં કીધોતો સઉપર હેદ.†
જેના વડવાએ જનમ લીધોતો જાંહાં–જઈને મકાણબી કીધોતો તાંહાં.
શીકલ જેની જોઇએ તો શુરીય ધલે–ખુબસુરતીપર પરીઆંબી પડે ગલે.
બુધીવંત પુરો, બવાશે અમીર–સરાફીમાં સુરો, ને વેપારનો વીર.
સખાવતમાં હતો જે હાતંમ નીસાંણ–દુખ ભંજંન જેવો વીકરમ જાંણ.
ધરમીનાં કોટપર ટેકાવીતી ઢાલ–તે ખાતર ખજાંનાથી ભરીને થાલ.
આપી દીધી પારકાની સંભાલપણે–ન રાખી એક કોરીબી પોતા કણે.


હાવા ધરમીદાતાર, અને માંનવંતા માહપુરૂસની કીરતી વીશે જો કદાપી કોઈ અતીઘણા કાબેલ કવીની કસાએલી કલંમવડે, રશીલી એબારતથી લખાઈ આવેઊં હોતતો, બચીત કરી કહીએચ કે, હમારી આ નાકેશ નોંધના શીનગારને એક શુંદર આભુખન મલેલું વીચારતે; પણ તેમ ન બનેઆથી ફીદવીનાં ફીકા હાથ ઉપર કાંઇજ નહીં પણ એક વાજેબી ફરજ જે ઉતરીચ, તેનો હક ખુશી

---

* હેને વાસતે હેવું કેહવાયુંચ કે, નૌશારીનો કસબો જારે દીલ્લીની સલતનતને સવાધીન હતો, તારે મલેક નામના કોઈ શુબા અથવા અમલદારે પોતાનું રેહેઠાણ કીધાથી અસલમા તો તેણે "મલેકસરાહ" નું માન મેલવેલું હતું; પણ પાછલથી ઉચ્ચારમા ફેરબદલ થવાને લીધે મલેસરફલીઆને નામે તે ઓલખાઈ રહેઓછે.

† આ શબ્દ અંગરેજી જુબાંનનો (Head) છે; જેનો અરથ વડો કેહવાએચ. એ સાહેબનો જનમ મુંબઇમા થયા પછે, બાલવએમા પોતાના માબાપની સાથે મલેશાર તરફ જઇ રહેઆ હતા, તેની ઈઆદી સારૂં ઉપલી કવીતાઓ સહમજવી. નો૦ લે૦

નામદાર શાર જંમશેદજી જીજીભાઈ બારોનેટના વડવાઓ, તથા તેઓના પરીવારોની વંશાવલી.



સાથે અદા કરતી વેલા બાંચનારા શોખીલા સાહેબોની શેવામાં આટલીતો અરજ ગુજારીએચ કે, આ નાંમીચા નરની ખુબીના બયાંનમા મજથી કાંઇબી ખુટ પડેલી દેખાઈ આવે તો સફકતની રાહે તેની દરગુજર કરવી.

પુરૂથવીના ઘણાક ભાગો ઉપર રોજે અવલથી કોઈ બીશીઆર લોકો હેવાબી થઇ ગએલા આપણ સાંભલતા આવીએચ કે, જેઓ માહેલા કેટલાએકો મુફ્લેશી હાલતનાં મા બાપને પેટે જનમ લઇને ઉઘરતીજ વએથી સારી નીતીની સાથે સાચવટને આધીન રેહવાનું કદીબી ભુલેઆ નોહતા; અને તેનીજ બરકતથી કોડીનું મણુશીઅ કરોડ પોસાઇને જેમ એક રાજવઁશીને માહભારત દરજ્જે પોંહચી વલેઁચ, તેમજ આ નાંમવર ઉંમરાવની સરૂઆતને તેહવા વરગમાં કુદરતે દાખલ કીધેલા જણાયા વીશે જેમ જેમ તેમનાં નેકી ભરેઆં કાંમોની નોંધ લેવાતી જશે તેમ તેમ તેવણની ખુબ્જોરગી દીપીજ નીકલશે.

ઉપલીં કવીતામા ગોઠવી બેસાડેલા એલકાબવાલા એક ખરા જરથોસતી નાંમે ચાંણજીભાઈ રતનજી વાછા, નૌસારી કસબાનાં મલેસર ફલીઆમા રેહતા હતા; તેવન જોકે કોઇબી રીતે પરખેઆત થાએલા નોહતા, તોપણ સારી આબરૂ સાચવી પોતાને સરજાએલા ગરીબી સનસાર ઉપર તવકલ પકડી વખત ગુજારતા હતા. તેમને પેટે જારે જીજીભાઇ નામનાં એક પુતરે જનમ લીધો, તારેબી કાંઇ તેહવી કોઈ રેહલછેલ તેનાએ જોએલી સાંભલવામા આવી નથી; પણ જેહવી હાલતમાં પોતે હતા તેહવોજ વારશો ફરજંદ માટે મેલીને જાવેદાંણી આલમમા અખઇથી રેહવાસારૂં તેવણ શીધારેઆ. જે પછે જીજીભાઇ પોતાની પુરતી વએ પોંહચેઆથી જારે સંસારને સપુરદ થયા, તારે હોકમ યજદાંતાલાનો એવો ઉતરેઓ કે, કોક સંજોગથી તે સાહેબ પોતાની મોહરદારને લઇ આ ટાપુ તરફ નીકલી આવેઆ; પણ તેના સનેની ઇઆદી કેહવાઈ સકાતી નહીં. એ વખતપર કેહચકે બાહેરકોટ તરફના મેદાંનમા, જાંહાં "કરાફરડ મારકેટ" ભારે ભપકાથી હવડાં ઉભી રહીને તે લતાને શોભાવેચ, તેના વીસતારમા પારસીઓને રેહવા માટે "અથાહુવેરીઓ" નામનો એક મોહલો હતો (જે જાણેઆ મેલે ઇ૦ સને ૧૭૯૪ મા મેદાંનને છેલ્લીવાર મોકલું કરવા કાજે તાંહાંની વસતીને સરકારે સાબડી બીસાડી તારે તેપણ તાંહાંથી નીકલી ગચો.) તાંહાં એકાદ જગેઆ ભાડે લઇ તેનાએ રેહઠાણ કીધું હતું. શેઠ જીજીભાઇની ધણીઆંણી જીવીબાઈ હમેલદાર થયાં, અને બારેહકતાલાની બખશેસથી જનવાનો વખત જારે નજદીક આવેઓ, તારે તેનીને ઘેરનાં ચેરાગની રોસણી આખી દુણીઆંમા દીપી નીકલે, તે મુજબ રોંજ ૬ ઠો માહ ૧૦ મો શેહનસાહી સાલે ૧૧૫૨ ય૦ ને* મુંબારક ફાલે, સુભ ઘટીકાએ, અને રૂડે ચોઘડીએ આ પનોતા જમશે-

---

* પારસીઓની પધરાંમણીમા જણાવેલી ટીપની અંદર આ ઉંમરાવને ય૦ ૧૧૬૫ માં આવેલા દાખલ કીધાચ, તે પાછલની પકી શોધે બીજી વારના સહમજાવેઆછે; અને તે સાહેબનો જનમ જે મુંબઇમાજ થાએલો ચોકસ માલુમ પડેઓછે, માટે તેમને આવેઆનો સનેબી તે દીવસથીજ જાંણવો જોઇએ. આ સખી નરના જનમ વીશે જે સાહેબો હજી એવુંજ જાંણતા હોએ કે નૌસારી કસબા તરફ થચોચ.

દજી પોતાનું નેકી ભરેલું નાંમ સાથે લઇને અશીલ કુલની ખુબી દીપાવતા પેદા થયા; એ ઉપરાંત જીજીભાઇને તાંહાં બીજા બે દીકરાઓ નાંમે માંણેકજી, તથા રૂસતમજી અને દીકરીઓ મધે નવાજબાઇ તથા બાઇઆઈ મલીને સઘલાં પાંચ ફરજંદોની બખશેસ થએલી હતી; અને તેઓ માહેલા તરણ નર વારશોનાં નામો વંસાવલીની ટીપમા જે દાખલ કીધાંચ, તે ઉપરથી આ માનવંતા ઉમરાવ સરવેથી નાધલા દેખાઇ આવેછે.

તે વખતનું આ ઉધરતું બાલક પાંચેક વરસ પર પોંહચવા આવેલું, તેટલાં શેઠ જીજીભાઈ હીંઆથી ઘેરખટલો ઉંચલી પોતાને સવદેસ તરફ જે ગયા, તે પાછા અતરે પધારેઆજ નોહતા.

જાહાડની કલી ઉપર ઊગેલું ફુલ જેમ પુખત થાએ, તેમ આ જમશેદજી શેઠ સોલેક વરસની વએ પોંહચેઆ, તેટલાં તો તેવનના મેહરબાન મા અને પરતીપાલ કરનારા પીતા બેહુ જણા એકજ વરસના અરસાંમા મરણ પાંમેઆં હતાં; પણ તેની આગમજ તેઓને કાંઇ સારૂં શુજ પડેલું કે બચગીથીજ પોતાના આ બીલોર જેવા બાલકને મુંબઇ મોકલી દીધા; જે વખતે સાંભલવામા આવેલુંચ કે તે નાંમવરની ઉંમર માતરે ૧૩ વરશની હતી. આ સાહેબ બીજી વાર અતરે આવેઆ તારે તેમનાં માસા, અને પાછલથી થએલા સસરા શેઠ ફરાંમજી નોશેરવાંનજી બાટલીવાલા એવણ નાહની ઉંમરે નૌસારી ગયા પછે હીંઆં રેહઠાણ કરી રહેલા, અને કોટમા સરકારી દારૂ તથા બીજા સરંજાંમની વખાર સાંહમને અસલના પદરખાંનાની પડોસમાં ખાલી બાટલીઓ વીગેરે વેચવાની એક નાંધલી દુકાન કાહડી બેઠેલા હતા. શેઠ ફરાંમજીએ પોતાનાં આ ગરીબ પણ રોસનતાલેની નોબતે પોંહચનારા ભાંણેજ અથવા જમાઇને ઉતારો આપેઓ, અને તેથી કરી તેમના કાંમકાજમાં ઉદીયોગી શેઠ જમશેદજી ઘણાજ મદદગાર થાઇ પડેઆ. સસરાનાં પેઆરમા સકરમી જમાઇ લપેટાયાથી ગરીબી હાલતબી ભુલવા લાગા; કેમકે એ વખત ઉપર કેહચ કે જમશેદજી શેઠ ગુજરાતી લખવા તથા વાંચવા શીખેઆ ઉપરાંત ચાલાક ધેઆંનનાં જેહનથી તે વખતની કેલવણી મુજબ અંગરેજી જુબાંનનીબી શેહજ માંહીતી મેલવી સખેઆ હતા.

લગભગ તરણ વરસ સુધી પોતાના મેહરબાંણ સસરાની સાથે પરોટાઈ રહેઆ પછે, ય૦ ૧૧૬૮ ના શાલમાં તેવણના મશીઆઇ શેઠ મેહરવાંનજી માંણેકજી તબાક, જેવણ બોહોલા વેપારના બાહરમા પંકાઇને મોટા સફરી સોદાગર ગણાતા હતા, તેવણની સાથે પેહલવેહલા ચીનની સફરે શીધારેઆ; અને તાંહાં થોડુંકસુધી તેવણના હાથ હેઠલ વેપાર વણજની કલા તથા કુહનેમા

તો તેઓની વાકેફકારી સારૂં ખરી જગેઆની બાતમી બતલાવનારા, તથા વંશાવલીની ટીપમા વડવાઓના નાંમો વધારી આપનારા તેવનના સપુત શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇનો અપરમપાર ઉપકાર એટલા માટે માનવો જોઈએચ કે, જે બાબદમા આપણે ભુલાવો ખાતા આવેઆચ તેમાથી મોકલા થઇને હવે ખરી ખબર યાદ રાખતા રહીશું. નો૦ લે૦

અસ્છી ચંચલાઇ એખતેઆર કીધા પછે, તેવણથી છુટા પડી સવતંતરપણું મેલવવાને જારે થોડાક સાંમરથવાંન થયા, તારે પોતીકા સસરા શેઠ ફરાંમજી નોશેરવાંનજીની પક્ષમા પંતીઆલાપણું જોડીને ચીન ખાતે જવા લાગા; અને તે દાહડેથી શીતારો રોસણ થવાની વકી તેણાને હાથ આવતી જણાઈ. જોકે તે વખતે તેણાની પાસે ભેગા થાએલા રૂપીઆ હજાર વીસની ઉપરાંત વધારે પુંજી નોહતી, તોપણ સારી આંટના પરતાપે કરી સસરાની મદદથી ઉછીકું નાણું જારે મલેઉં, તારે જુમલે રૂ ૩૫૦૦૦ ના ભંડોલવડે વેપારને રૂડી કોશેસથી વધારતા ચાલેઆ.

પોતાના સસરાને મુંબઈમા રાખી આ જમશેદજી શેઠ ચીનની સફરે જવા લાગા; અને તાંહાંથી ય૦ ૧૧૭૨ મા પાછા ફરતી વેલા કેહચ કે, "ઈસ્ટ ઈંડીઆમેનસીપ" યાને કુંપણીના સોદાગરી વાંહાંણો જે લડાઈનાં કાંમમાંબી આવી શકે, તેહવાં એકાદાં આદમીરાલ સર નાથાંનીએલ દાસણની સરદારી હેઠલના બારકસમા ઉતારૂ થાઇ મુંબઈ આવતા હતા; જે વખત ઉપર અંગરેજ તથા ફરેંચ રાજ વચે ઉઠેલા જઘડાને લીધે બેએ આવ બેંગાલના દરીઆમાં ફરેંચ મનવારની સાથે જમશેદજીવાલાં બારકસને ભારે લડાઈ થઇ, તેમાં અંગરેજી વાવટાએ ફતેહ મેલવીને વાંહાંણુ સહીત મુંબઇનું બંદર સલાંમત કીધાથી આ ઝહલકતા શેઠ જમશેદજી ખુશી સાથે પોતાનાં એશીઆને હસતે મોહડે આવી તો મલેઆ, પણ એક વાતે અપરાગણ થએલો જોઈ અતીઅંત દલગીરી હાંશેલ કીધી હતી; કારણ કે તેથી કરી તેવણના આબાદાંનીપર ખીલતા વેપારને હરકત નડવાની જે ધાસતી પેદા થાએ, તેહવો એક માંઠો બનાવ એ વરસની (યાને ઈશવી સને ૧૮૦૩ મા લાગેલી) આફત ભરેલી મોઠી આગે બનાવેઓ હતો; અને તે વીશે કોઈનેબી અંજાંણેઉં નથી કે તેઆરે કોટ માહેલો લગભગ પોણો ભાગ બલીને ભસંમ થયો હતો; તેથી કરી એવણના પંતીઆલાપણાનો ઘણોક માલ આતસના ઓરાકે ખપાવી દીધા ઉપરાંત, આ શેઠને થોડુંક ખાંનગી નુકસાંનબી પોંહતું હતું; પણ મનસની તે બેહુ સસરા તથા જમાઇની હેવીતો રૂડી હતી કે, તેના આધાર ઉપર સંતોસ પકડઆના બદલામા બારેહકતાલાએ તેહવો અઈઆંમબો ઘણી આસાંની સાથે જે પારઉતારી આપેઓ, તેબી એક તેવણની ચહડતી દસાનુ મુલ સહમજાઉં હતું.

ગણતરી ઉપરથી હેવું અટકલી સખાએચ કે, જમશેદજી શેઠે સઘલી મલીને ચીન ખાતે કીધેલી પાંચ માહેલી છેલ્લી સફર ઈશવી સને ૧૮૦૭ ની હતી; જેમાં એક શીવાએ સઘલી તો દરોબસત પસાર થઇ, પણ ચોથી બેપે તાંહાંથી મુંબઈ આવતાં જે વાંહાંણની અંદર એવણ ચહડેલા હતા, તેને મારગમાં ફરેંચની બે મનવારોએ ઘેરીને પકડી લીધાથી તેમનાં આંગ ઉપર પેહરાએલાં વસતર શીવાએ સાથેનો સરવે દઈવત દુસમેનોને હાથ લુંટમા ગયો; એટલુંજ નહીં પણ તાજનાં બંધવા દાખલ તે વાંહાંણના બધાં માંણસો સહીત ચોકી પેહરામા કબજ રાખી કેપ આવ ગુદ હોપ તરફ લઈ ચાલેઆ પછે તાંહાંને કીનારે છોડી મેલેઆ હતા; જાંહાં બીચારા તે વખતના જમશેદજી સઘલું

ઓહીને ફકત ખાલી હાથે જારે જઈ પોંહચેઆ, તારે કેપનું સંસથાંણ દચ યાને વલંદાના રાજતલે હતું. હાવાં સંકટમાં સપડાએલા આ સફરી શેઠની, તાંહાંની કેટલીક કોમલ મનવાલી દયાળુ લેડીઓએ જો મદારત કીધી ન હોતતો, તેણાને ઘણીજ વેદનાં ખમવી પડત; પણ તેનીઓની સાહેતાથી ગીરદેશીમા ફશી પડેલા એક પરદેશીનું થોડુંક સંકટ દુર થયું; અને તેહવામાં વલી તેમના સાંભલવામાં આવેઊં કે તે લેડીઓ દેનીસ વાવટાનાં વાંહાંણમા સવાર થઈ કલકતે જનારછે. સાધારણ રીતે બોલીએ તો તે વખતે રખડતા થઇ પડેલા આપણા આ હંમવતની ઊંમરાવે તેનીઓની સંગતમા રહીને તાંહાંથી નીકલવા માટે પોતાની ખાએસ કહી સંભલાવી અને તે વાતની તાંહાંના અંગરેજી કોનસલને ખબર કીધી, તારે તે મયાવંત અમલદારે વીશેક ડાલર રોકડા અને થોડાક ખોરાકની મદદ આપી પેલી દયાળુ દીલની અબલાજાદીઓની સાથે સોંફી દઇને તાંહાંથી કલકતા ખાતે રવાંણે કીધા; જાંહાં સહી સલાંમત પોંહચેઆ પછે થોડુંએકે મુંબઈમા આવી લાગેઆ. ચીનથી રવાંણે થયા પછે બારકસ બાબેની કશીએ બાતમી નહીં મલેઆ ઉપરથી મોટી ધાસતી રાખી આ સખી વજુદ શેઠીઆને જીવતા જોવાની આશેઆ જેઓ તદન મેલી બેઠા હતા, તેઓએ તેમના એકાએક આવી પોંતાથી અગણીત ખુશી હાંસેલ કીધી.

જમાંનાની ગીરદેશીમાં કેટલીકવાર સપડાઈ ગયા ઉપરથી દુનીઆંદારીના સુખ તથા દુખની સાથે હરેક કાંમની ઉતમ પીછાંણતના માહભારત ઘડા, આ માહપુરસના જીગરમા હેવા તો ઠશી બેઠા હતા કે, તેની ઉપર સદા લક્ષ આપી હરકોઈ બાબદને માથે ઉઠાવી લીધામા, અથવા કોઇને આપેલો વચન પાલવામા ગમે હેવી મુશીબત ખમંવી પડતી તો, તેની કશી પરવા રાખેઆવના તેહવાં શુભ કાંમને પાર ઉતારી દેવાને હીંમતથી તેવણ કભુ પાછા હટતા નોહતા; એ બાબદમા આ એકજ દાખલો જે હમારા સાંભલવમાં આવેઓચ, તેજ તેવણનાં દીલગુરદાની સાખશી માટે ટાંકી લઈએચ કે, ઉપર જણાવેલી પાંચ માહેલી એકાદી બેપે ચીન જતાં જે વાંહાંણમાં આ સાહેબ ચહડેલા હતા તે બારકસ સમાતરાના કોસતા તરફ કોઇ ખડક સાથે જારે અથડીને તદંન ભાગું, તારે તેમાંથી બંચીને કીનારે પોંહચવા સારું નાંધલા મછવામા ઉતરતી વેલા તેવણ પાશે ભારે કીંમતી મોતીના શુરાઓ જે વીમો ઉતરાવેઆવના પાશે રાખેલા હતા, તેને બંચાવી લેવા સારું તેવણની સાથે ચાકરીમાં હાજર રહેલા હોરમજજી ખરશેદજી બરણી નામના એક પરમારથી પારશીએ પોતાનો જીવ જોખંમમાં નાખીને ધણીની ચાકરી માટે ઘણીજ મરદાંનગી બતાવી હતી; જેના બદલામાં આ નામવર નરે તે બાહધર પારશીના મરણ સુધી સઘલી વાતનાં સુખથી તેનો સારી રવેશે પરતીપાલ કીધો, એટલુંજ નહીં પણ પોતાની આગલથી એક ઘડીબી તેને વીહીલો મેલ્યો નોહતો; અને પાછલથી પોતાની પણોતી પેહડીનીજ પડોસમાં ઉતરદશાએ આવેલી એક ખાલી જગેઆ વેચાતી લઈને તેના કુટંબોને આસાએસથી રેહવા માટે બે મજલાનું એક મજબુત ઘેર વટીક આ પરોપકારી બુધીના બુજોરગ સાહેબે બંધાવી

આપેલું હતું; જે મીલકત તેમના વચ્ચંણની યાદગારી તરીકે આજ તુલીક સલાંમત રહીને નીમકહલાલ નોકરનાં બચ્ચાંઓને વસાવી રાખતી માલુમ પડેછે.

પરવરદેગારની બખ્ખસેસથી, ચીનના આબાદ મુલુકની બરકતે આ સખી શેઠને થોડીજ સફરમાં લીલાં લેહરની જબરી મુબારકબાદી હાંસેલ કીધાને લીધે, શાલે ૧૧૭૬ ય૦ મા છેલ્લા મુંબઈ આવેઆ પછેથી સોદાગરીના કારણસર હેજગારી ભરેલી કોઇબી મુસાફરી પાછી એખતેઆર કીધીજ નહીં પણ ઘેર બેશીને કલકતા, મધરાજ, સેઆંમ, શીંગાપોર, મનીલા, ચીન અને વેલાત ઉપરાંત માહેલાં બીજાં ઘણાંક દેશાવરો સાથે ઓહોળો વેપાર ચાલુ રાખેઓ. ય૦ ૧૧૮૭ મા તેવણના શાકરમી સસરા શેઠ ફરાંમજી બાટલીવાલા ગુજરી ગયા પછે, આપણી ટાપુ ખાતે તે વખતપર પરએઆત થએલા શેઠ મોતીશાહના પંતીઆલાપણામાં થોડુંક સુધી લાગુ રહેઆ હતા; અને તે પછે નાઓદા સીઆં મહમદ અલીરોગે સાહેબની સરીગતને પોતાની પેહડી ખાતે જારથી સાચવી લીધી તારથી તે શાલે ૧૨૧૧ સુધી ઘણા વરસના અરસામાં અથાક મેહનતની સાથે પકી ગણતરી વાપરેઆ કીધાથી પાદશાહી ખજાનાને જેબ આપે તેહવી મોટી દોલત મેલવી હતી; એમજ નહીં પણ સરવેમાં નાંમીચા વાંહાંણવટી, વપારી, અને ચોખી આંટના શાહુકારો ઉપર એક સરદાર તરીકે નીવડીને તેની કીરતી, સોદાગરોના આ સાહ આખી દુનીઆમાં ચોમેર પાંથરી દીધા વીશેનો એક ઉતંમ નમુનો સઘલાઓને માટે દીપાવી ગયાછે. જેની અગમચેતી વીશેના દાખલાની એક યાદી અતરે બંધ બેસતી જોઇને દાખલ કરીએચ કે, આ નોંધ લેનાર જારે ચીનમા હતો, તારે હરેક બાબદમાં તેમના પરમાંનીકપણાની વાતો તાંહાંના ચીના વેપારીઓથી વારંમવાર થાતી સાંભલવામાં આવીછે. એક નાંમીચા હાંગમારચંટનો જઈફ મેહતો હેવું કેહતો હતો કે, આ સાહેબ જારે મરહુમ શેઠ મેરવાનજી તબાકની સાથે પેહલવેહલા આવેઆ, તારે તે વખતના કોઈ માંતબર ચીના વેપારીએ તેણાની પેસાંની ઉપરથી હેવું પરસનુમ અટકલી દેખાડેલું હતું કે "આ પાકથાઉ"* આગલ ચાલતાં મોટી અમીરાઈ ભોગવશે. જોકે હાલી ચહડતી દસાપર જારે પરમેશાવરે તેમને બેસાડેઆ, તારે (વાત કરનારના કેહવા મુજબ) અગંમચેતી કેહનારો તેજ વખતપર જઈફીને નુકતે પોંહચેઆ પછે ગુજરી ગયાને લીધે તેણાની જાહોજલાલી વીશે કાંઇજ સાંભલવા પાંમેઓ નોહતો; પણ બીજા ઘણાક ચીનાઓ જે તે વખતપર જવાંનીઆંમાં ખપતા હતા; તેઓ આ માહપુરૂસનો વેપાર તે તરફ ફેલાએલો જોઈ મોટી હેરતમંદીથી તેણાની આગલી હાલત યાદમાં લાવતા હતા; એટલુંજ નહીં પણ કોઇ કોઈ બાબદોમાં તો બીજા વેપારીઓની આગલ એક મીશાલ તરીકે ઘણીવાર બોલવાની કશી આંચકી વટીક તે ફોકી† ભાઇઓ ખાતા નોહતા.

---

* ચીના લોકો એજ એલકાબથી પારશીઓને બોલએછે; અને તેનો અરથ સુફેદ માથાં (વાલા) નો થાએછે. નો૦ લે૦

† ચીના લોકોને તેઓની જુબાંનમાં ફોકી કરી બોલાવેછે; અને તે શબ્દ હેલીએતાઈ ભરેલો કેહવાએછે. નો૦ લે૦

આટલું તો ચોકસજછે, અને તે ઉપર આ નાંમવર શેઠની પુર ખાતેરીબી હતી કે, આ સરૂશટીમાં મણુશીઅને કેવલ પઈશો મેલવીને શુંહમની પેડે સંઘરી રાખવા, તથા પોતાના જીવને એખલપેટાપણાનું સુખ દેખાડવા માટેજ પરમેશવરે સરજેલું નથી, પણ તે ઝરને રૂડા ઉપીયોગમાં વાપડી ઇનસાંનીએતનાં કાએદાથી લોકોનું ભલું થાએ તેહવી ફરજ સોંફેલીછે; કે જેથી કરી તે કીરતારની બખસેસનો વાજેબી લાભ સચવાઇ શકે. હાવા ઉંમદા વીચાર ઉપર ઉસતવાર રહીને શેઠ જમશેદજીએ પોતાની તથા પરાઈ ન્યાતના ભાઈઓનું સદા ભલું ઇછવા થકી, અને તેઓનું દુખ ભરેલું સંકટ ટાલવાના ખરા હેતુથી સખાવતનો દસત લંબાવેઆ વીશેની નેકનાંમી જગતમાં આસકાર કરીને જે ફીરકામા તેવણ પેદા થયા, તેની હોરમતને અતી બુલંદીએ ચહડાવી આપીછે.

જેમ જેમ વખત વેહતો ચાલેઓ, તેમ તેમ વેપારનાં કાંમોને વીશેસ મદદ મેલવવાનો એરાદો રાખી ઇ૦ સને ૧૮૧૪ થી વાંહાંણવટીની સંફમાં જમશેદજી શેઠ બીરાજવા લાગા; અને જેમ બનેઉં તેમ તેની સંખેઆમાબી હુંમેશ કરતા રહીને "ગુડ શાકશેસ, (એ સરવેમાં પેહલું અને ઘણુંજ બખતાવર ગંનાએલું હતું) બેહરાંમગોર, બોમબે કેઆસતલ, ચારલત, ફેરત ઉલીએમ, માર, એણાનીમા, અને લાંણરીક મલીને આઠ વાંહાંણોના માલેક ગણાયા હતા; જે માંહેલાં પેહલાં ૫ તો ૪૫૦ થી ૧૨૫૦ ટણનાં ભરત સુધી રૂઉ, અફીણ તથા બીજો વેપારજોગ માલ ઉપાડી શકે તેહવાંઓના ખુદ માલેક પોતેજ હતા, અને છેલ્લી તરણ કલીપરો ૨૫૦ થી ૩૫૦ ટન સુધીની ફકત અફીણનો જથો ચીન લઈ જાઈને તાંહાંથી નગદીનો ખજાંણો લાવી આપવાના કામ સારૂં તેમનાં ઘણાજ બેરખાહ અને ઇસ્ટ મીતર મી૦ રીંમીગટનની કુ૦ તથા ચીનના નાંમીચા આડતીઆ મી૦ જારદીન માંથીસણની કુ૦ સાથેના પંતીઆલાંપણામો ફરતી હતી. વેપાર તેણાનો બોહોલો ફેલાઈ ગયાને લીધે એટલાં બારકશો છતાંબી દરસાળ બીજાં ચેઆર અથવા પાંચ મોટાં વાંહાંણો નોલે માંડવાની તેમને ગરજ પડતી હતી, અને પાછલથી વાંહાંણ "અરલ આવ બાલકારસ" તથા "અરલ આવ કલેર"* બી આ સાહેબની નોકરીમા ફરતાં હતાં; અને તે ઉપરાંત ચીનના કોસતા તરફ અફીણના કાંમશાર ફરતી કેટલીક કલીપરો મધેબી તેવણનું કાંઇક લાગતું વલગતું જાંણવામા આવેલુંછે.

આ સાહેબના પરમાંણીકપણાંની વરતણુકનુ બયાંન જેમ જેમ ઇઆદ કરીએએ, તેમ કાંઇજ નહીં પણ તેહમાંથી ખરી મોટાઈ પોતાની મેલે પરકાશી નીકલેછે; અને કોઈબી કાંમ એવણનુ હેવું નથી દેખાયું કે, તે વાખવાખીનો પસરાટ પમાડઆ વનાએ ફોકટમા પસાર થયું હોએ; એ વીશેના કોઈ ગેસુનાર મધેથી આ નાંમીચી બાબદોના બેજ દાખલાઓ જે નોધી લેવા જોગ નીચાલીએએ, તે માંહેલી એકતો એવણ જારે પેહલવેહલા શેઠ મેરવાંનજી તબાકની મેહરબાંની હેઠલ થોડુંકસુધી ચીન જતા આવતા હતા, તારે તેનાંએબી

* એની અંદર થોડુંક સુધી શેઠ એદલજી ફરાંમજી કરાંણીનો ભાગ હતો, પણ પાછલથી પોતાનેજ હસાબે આ સાહેબે રાખેઉં હતું. નો૦ લે૦

પોતાના મશીઆઈ માલેકની જાહોજલાલી સારી પેરે જોઇ હશે; પણ જમાણાની ગીરદેશીના ફાંદામાથી કોઈબી છટકી ગયું નથી, તેમ બીરગસતે દાહડાનુ ચકર તેમને માંથે ચોંટી બેઠાથી પાછલો વખત જારે ઘણોજ સંકટ ભરેઓ થઈ પડેઓ તારે તે વેલા ઓદાતાલાએ જમશેદજી શેઠને સઘલી વાતે જે સુખ બખશેલું હતું, તે ઉપર કશીબી અભેમાંની રાખેઆવણા પોતાના માલેકનો પડેલો હાથ ખરી ઈમાંનદારીથી ઊંચકી લઈને પેહલાં પીનાંગ તથા તેઆર પછે તાંહાંથી પાઘરા ચીન ખાતે પોતાના કાંમની આડત સોંફી મોકલેઆ હતા; અને તેણાંને એટલું તો માંન આપતા હતા કે, જેમ એક ગુમાસતો પોતાના માલેકને લખે તે કરતાં વીશેસ તવાજાથી જમશેદજી શેઠ પોતાના અશલી શેઠને કાગલ પતરોમા "મુરબી સાહેબ" કરી લખતા હતા; અને તેજ રીતે પરતી હાલતમા આવેલા શેઠેબી પોતા ઉપર અહેસાંન મેલનારનાં કાંમ પછવાડે ખરી દીલશોજીથી થોડુંક મુધી શેવા બજાવીને પરથમ જેટલો તો નહીંજ, પણ પોતાનું પરીવાર સુખ ચેનથી સંસાર ગુજારી સખે તેટલો દઈવિત પાછો હાથ કરી મુંબઈ આવેઆ હતા; જેના પરતાપથી આજે તેમના એકપુરા દીકરા પેસતનજીને અમણ ચમણમા રહેલા સઘલા સાહેબો જોએછે. અને બીજું એકે પોરટુગીસ ન્યાતના ગરહસથ સર રાજર ડે ફારીઆ નામના એક નાંમીચા વેપારીએ આ નામવર શેઠનો પરથમ કાંઈક સંભાલ રાખેઓ હશે, તેનો રૂડો બદલો પોતાના ઘણાજ પડતા વખતમા હઈઆતી સુધી તો તેવણથી તે પાંમેઓ હતો; પણ મરણ પછેબી તેના છોકરાંઓ મજગાંમ ખાતે એક મોટા બંગલા અંદર વગર ભાડે રહીને તેજ સખી નરની પુંજીમાથી જેમ પરવરેશી પાંમેચ, તેમ તેઓની જીંદગી સુધી તેઓને જાથુક મલવા વીશે આ હીંમતે બાહાદુર નરે એક થાપણ અલાહેદી કાહડી ગયાથી તેણાની પરોપકાર બુધીનુ પરમાંણીકપણું ખરૂંજ પરકાસતું રહેલુંછે.

મરહુમ શેઠ ફરદુનજી શોરાબજી પારેખને વાસતે હેવું માલુમ પડેછે કે, તેવણ પરથંમતો અતરે ચાલતી શા॰ તલશીદાસ માંણેકજીની પેડીમાં એક કારભારી તરીકે હતા; પણ કોકસંજોગથી તેનાનુ ખરૂં બોલવું માલેકોના હકમાં વીરૂધ ઉતરેઆને લીધે, તાંહાંનો સંબંધ છોડાએલો આ સખી શેઠીઆએ જેવો જોયો, તેવોજ તેનાનો હાથ પડડીને પોતાની પક્ષમાં ખેંચી લીધો; અને ઘણા વરશો પેર સાથે રાખેઆથી તેનાની કોશેસનુ પરીણામ જે રૂડું નીવરેઊં, તેની ઇઆદગારીમાં તેનાને બી પોતાની પણોતી પેહેડી ખાતે સાલે ૧૨૦૫ ય॰ થી એક પંતીઆલા તરીકે દાખલ કીધા હતા; અને તેવો હક તેનાની હઈઆતી તુલીક આ શેઠીઆએ સાચવી રાખેઓ હતો; એટલુંજ નહી પણ તેમના ફરજંદો વટીકને બી પોતાના હોએ તેવીજ મમતાથી પાલીપોશીને પરબેઆત કરી મેલેલા માલુમ પડેછે; અને તેજ મીસાલનો ઘરોબો આ બેહુ સાહેબોનાં પરીવારમાં હજી તક અરસપરસ ગંઠાઈ રહેલો જણાએછે.

"ઓલાસએ પંચાએત" નાંમનુ જે ગુજરાતીમાં છપાએલું એક પુસતક ય॰ ૧૨૧૨ ના સાલમા આ માહ પુરૂસની પણોતી કલમથી લખાઈને જે

પરશીધ થયું હતું, તેની સતા પકડી જણાવીએચકે ૧૧૯૨ ના સાલથી પારશીની પંચાએતમા એક અધીકારી દાખલ પોતાનો સંબંધ જોડીને આખી અનજુમનની શેવા મન પુરતી રીતે બજાવવામાં તેનાએ કાંઇજ કાએલી અથવા કશુર કીધી નોહતી; તો જો કે પોતીકા બોહોલા વેપાર વણજનાં જોખંમ ભરેઆં કાંમોમાં રાત અને દીવસ રોકાઈ રેહતા, તોબી તેમાંથી કાંઇજ નહીં પણ ગરીબ તોલાનાં ભલાં કાજે દયાને હદ્દ ધરી પુરતો અવકાશ મેળવતા હતા; અને કોઈ બી વાર ખાનગી બેઠક થાતી, અથવા જાહેરમા નાંધલી મોઠી અનજુમન ભરાતી તાંહાં પણ જાથુક બીરાજીને સરવેને એક સરખી રીતે વાજેબી ઇનસાફ આપતા હતા; જેથી કરી તેમનાં હંમ સરીકોને અચ્છી મદદ મલતી હતી, અને તેમાં વલી શેઠ ખરશેદજી માણેકજી જેહવા ચંચલ જેહનના ધુનધી અકાબર સાહેબ જે આ ઊંમરાવની ઘણા વરસ આગમજના લાગુ રહેલા હતા, તેનાંની સાહેતાથી ઘણાક કાંમો રૂડી પેરે સરંજાંમબી પોંહચતાં હતાં; પણ જારથી મંડલીના બંધાનમાં કાંઈક ખાંચ પડતી જોવામા આવી તારે શેઠ ખરશેદજીએ તો જોકે ૧૨૦૫ થીજ પોતાનો ઓધો એકેદંમ છોડી દીધો હતો, પણ આ હાતંમ શેઠીઆએ મન મોટું રાખીને પોતાની શુભ નેમમા કશી પાંતીની બે પરવાહી દેખાડીજ નહી; અને જારથી તેમને લાએકનાં બીજા શેઠીઆઓબી હાએસતે હાએસતે અલગ થતા ગયા, અને બીજાઓમા વધારે ઓછી રાખરખાવતબી ચાલવા લાગી તારે તેની નાપસંદગી વીચારીને વીસ વરસ તુલીક આથગ મેહનતનો કચવાટ પકડી સાલે ૧૨૧૨ માં તેવનબી નીકલી ગએઆ; અને તે પછે પંચાએતમાં બેસવાનુ જોપણ તેનાએ તદન બંધ કીધું, તોપણ બાકી રહેલા નામનાં બે ત્રણ અકાબર સાહેબોને તે વીશે પોતાનો વીચાર કહી સંભલાવેએકે, "જો કદાપી સારી આબરૂ વાલા તથા દાંનાવ બુધીનાં ઘણાક "અપક્ષપાત શેઠીઆવો પંચાએતની મંડલીમાં સાંમેલ રહીને અગતવેલા "હાજર થવાની ચોકસ કબુલાત આપેતો, મોઠી ખુશીથી હું પણ તેમાં પાછો "ભેગો રહીસ; નહી તર હવેથી પંચાતમા કભુ બેસનાર નથી." હાવો રૂડો અભીપરાએ કોઇનાં દીલમાં અસર નહી થયાને લીધે, ગરીબ અનજુમને આ સુધાં બે માનવંતા અકાબરોને જોપણ ખચીત ઓહી દીધા; તોપણ સદરેહમતછે જમશેદજી શેઠનાં દીલગુરદાને કે, એટલા કારણસર પોતાનાં સુખણને ચીવટથી વલગી રહેઆ છતાં, ધરંમ ખાતાંની જે પુંજી હતી તેની જાલવણી માટેતો પોતાની હઇઆતીની છેલ્લી ઘડી સુધી કશીએ કસુર રાખીતીજ નહી; એ વીશેનો એક જીવતો દાખલો એવંણુનીજ કલમ વટે લખાએલી ઉપલી કેતાબના ૧૪૭ મા સફા અંદર સમાઇને જે સરૂ થયોચ, તાહાંથી ઊતારી લઇને વાંચનારી આલંમની હજુર ધરીએછે.

"મુંબઇ મધે જરથોસતીઓની વસતીને ૧૦૦) થી વધારે વરશો થાએઆં "હશે; અને એટલી લાંમબી મુદતમાં ઘણાં એક મોટાં કુટંબ તથા જુરાત- "વાલા સાહેબો થાઇ ગએઆછે કે તેહવા ધણીઓનાં નાંમ આજ દનસુધી "આસકારાંછે અને તે સાહેબો આપડી કોમને વાસતે ઘણાં એક સારાં સારાં

"કાંમો કરી ગએઆછે તે કાંમો હાલ મોજુદછે તથા લખો રૂપીઆ બીજે
"મારગે ખરચેઆછે. પણ કોઇ સાહેબની હેવી નજર નહીં પોંહચી કે આપરા
"ગરીબ તોલાને સારૂં કાંઈકિ પુંજી આપડી કોમનાં લોકોમાંથીજ મેહનત લઈને
"એખટી કરે કે પાછલ હરેક તેહવાં સારાં કારંણ સર કાંમ લાગે. એવા
"દુરદરાજ અને લાંમબા અંદેસાથી કોઇએ તેહવી નજર પોંહચાડી નહી અને
"જે ધણીનાં હાથમો પંચાતનુ જુજબી આંમદ રકૃતનુ નાંણું રહીઉં તેની કોઈ
"સાહેબે તજવીજ રાખી નહી કે શું ઉપજેઉ તથા કેટલો ખરચ થાએઓ અને
"કેટલાકોનાં હાથમાં મેનીજ રહી તેની તજવીજ તથા ખબરદારી કોઇએ રાખી
"નહી ને સરવે વાતે રૂપીઆ બારેવાટ થવા દીધા ને જેને તાંહાં હતા તેનેજ
"તાંહાં પંચાતના રૂપીઆ રહી ગયા તે વીશેની કોઈને આજની ઘડી સુધી
"ખબરજી નથી જે તે પુંજી શું હતી ને તેની પાશે શું રહી ગએઉં. એવી
"બેદાદીને આપરા જરથોસતીઓએ સુધારી નહી તેથી હરેક સારા વખત ઉપર
"ધરંમ ખાતે આપવાની કોઈ સાહેબની ઉંમેદ થાએ પણ તે તરત હટી જાએ
"ને ધારે જે જેને આપીશું તો તે ખાઇ જશે તેહવું સમજીને ધરંમ ખાતે
"આપવાની કોઇની મરજી થાએ નહી. અને વખત ઉપર પંચાએતના ધરંમ
"ખાતાંમોથી કાંઈકિ ખરચવાને જોઇએ તો પઈસા વગર બેશી રેહ ને એક
"બીજાનું મોહડું જોએ અને કદી કોઇની ધરંમ ખાતે આપવાની મરજી થા-
"એતો તે ધણી તનદરોસતી પઢાવીને તે નાંણું પોતાની પાશે અનાંમત રાખે
"ને તે સાહેબ પંચાત વાલાને કેહેજે તમો રશીટ આપીને લેવો આપવાને હાજર
"છેઉં–તો તેને કોઇ રશીટ આપે નહીં કે રખેને બંધાંનમો આવશું એવો ઘેલો
"ઘેલો વીચાર કરીને વાતને પડતી મુકે પણ આએ એક વાત મુકરર ખરીછે
"કે જે ધણીને તાંહાં એ ધરંમ ખાતાંનો પઇશો તેના પોતાનાં ખરચમો
"આવેઓછે. તેનુ ઘેર સલાંમત રહેઉં નથી અને એ ધરંમનો પઈશો રાખવો
"ઘણો નેહસતછે કાંએજે પાછલથી હેવી રીતે સરવેના જોવામો આવેઉંછે. તે
"ઉપરથી વાડીઆજી શેઠ હોરમજજી બમનજી પાશે પંચાતની કાંઈકિ મેનીજ
"સંવત ૧૮૬૮ (૫૦ ૧૧૮૧) ના સાલથી હતી તે ફકત લગનસરાનો લવાજમો
"આવતો હતો તેબી પંચાતના તે વખતનાં અંધેઆરૂનાં ખાતાં પીતાં વધે તે
"વરસ દાહાડે તે અંધેઆરૂની નજરમાં આવે તેટલાં નાંણાં તાંહાં ભરે અને
"એ વતરોગે એવનને તાંહાં પોતાની આગલી ધણીઆંની બાઈ મેહરબાઇનાં
"પોતાનાં તથા બાઈ વાડીઆજી રતનજી બમનજીનાં ઉડીઆંનામો તનદરો-
"સતી પઢાવીને તે નાંણાં પોતાની પાશે રાખેલાં હતાં તે બાબે પંચાતનાં સાહે-
"બોને વાડીઆજી હોરમજજીએ એક ચીઠી લખી જે હવેથી એ પંચાતના
"રૂપીઆ માંહરે રાખવા નથી તારે એ બાબે એવણનાં ઘેર મધે તા૦ ૨૮ મી
"નવેમબર સને ૧૮૨૩ ને દને પંચાતનાં મેમબરો મલીને ઠરાવ કીધો જે એ
"રૂપીઆ તથા બીજા બાહેર લોકો પાશે અનાંમત પડેલાછે તે રૂપીઆની
"રશીટ લીધા શેવાએ તે લોકો કોઈને આપતા નથી વાસતે તેનો ચોકસ થેડાવ
"થેડવીને પંચાતની પુંજી રાખવા સારૂં તરસટી જણ ૪) મધે વાડીઆજી હોર-

"મનજી બમનજી, શેઠ ફરાંમજી કાવસજી, વાડીઆજી નવરોજજી જમશેદજી "તથા શેઠ જમશેદજી જીજીભાઈને મુકરર કીધા તે મધે શેઠ ફરાંમજી કાવ-"સજીને ખજાનચી ઠેઠવેઆ તે એવી સરતથી કે હુંઘરાતનાં જે નાંણાં વશુલ "થાએ અને રૂપીઆ એક હજારની રકમ બંધ બેશે તે એજ કારનસર ઠેઠ-"વેલા આડતીઆ મી૦ રીમીંગતન કરાફરડની કુ૦ ને તાંહાં પારસીની પંચાએ-"તને નાંમનું ઉપર જણાવેલા ચાર તરસટીઓ હસતક જે ખાતું પરઠાંચ તાંહાં "ભરીને જમે કરાવે."

આવી રીતનો પકો બંદોબસત આ માહ ધરમી શેઠ જમશેદજીની ઉદાર કોશેસથી નકી થયાથી વાડીઆજી સાહેબ હોરમજજી બમનજી પાશે પંચાતની પુંજીમાં એખીટા થાઈ રહેલા રૂ ૧૫,૮૬૩॥૧૬॥ દોકડા, તથા સરકારી ટકા ૫ ના વીઆજની નોટ ૧ રૂ ૨૦૦૦ ની મલી કુલ રૂ ૧૭,૮૬૩॥૧૬॥ દોકરા ઉપરાંત વાડીઆજી સાહેબ નવરોજજી જમશેદજી પાશેથી તેમના બાવા જમ-શેદજી બમનજીના ઉઠમણામાં ભરાએલા રૂ ૨૦૦૦ હતા, તે પણ તેના વીઆજ શીકે એખટા થાએલા રૂ ૨,૧૯૮॥ મલી જુમલે રૂ ૨૦,૦૬૨૨૬૬ રેસ લઈને તે માહેલી રૂ ૨૦૦૦ ની નોટ પંચાએતમાં અણાંમત રાખીને રોકડા રૂ૧૮,૦૬૨૨૬૬ રેસ તા૦ ૩ જી ડીસેમબર ૧૮૨૩ ઈસવીએ પકા બંદોબસતથી તે વખતની મી૦ રીમીંગટન કરાફરદની કુંપનીને તાંહાં વીઆજે મુકેઆ; અને તે પછે સર અવસરે જરથોશતી અનજુમનનાં સઘલે વાંગેના સાહેબો પાશેથી ભરાવવાની રૂડી મેહનતબી એજ સાહેબે આગેવાંના થાઈને લએઆ કીધી તો, તેના પરતાપથી ગએઆં સંવત ૧૯૨૮* નાં આશો વદી ૦)) સુધી ૪૯) વરસના અરસામા ઉપજ નીપજ થતાં પરાંત ખાતે પંચાએતની પુંજી રૂ ૫,૯૬,૯૬૮॥૧૬॥ દોકડાની, અને તેમનાજ હસતકમાં એજ કોમના જુદા જુદા સાહેબો તરફથી ધરમના ૩૪ ખાતાંઓ જે તાર પછે ચાલુ થયાંચ, તેની થાપણ રૂ ૬,૯૬,૯૨૦।૨૧ દોકડા મલીને કુલ રૂ ૧૨,૯૩,૮૮૮–૧૪ આનાનો એક પાદસાહી ખજાંણો બાહેર પડેલા છેલા હીસાબ ઉપરથી માલુમ પડેછે; અને આપણ તેને મોઠી ગરૂરીથી જોઈ સખીએછે.

સુરતમાં વસનારા જરથોસતીઓના દોખમાંઓને વાસતે, જમીનનો એક મોટો કકડો તેમની પંચાએત તરફથી માંગેઆ મુજબ દીલ્લીના શાહનશાહ અકબરે જે મુફત બખસીંદા કીવો હતો, તે ઉપરાંત તારપછે તેનેજ લગતી આસપાસની કેટલાંક વીંઘા બીજી ફાલતુ જમીન મુગલાઈ રાજમાં દર સાલે રૂ. ૧૧૦ લએનુ દેણું આપવાની સરત કરીને પાછલથી મેલવી લીધેલી માલુમ પડીછે. તે કરાર માફકનો કર જોકે તાંહાંની પંચાએત વાલાઓ ઘણી મુદત સુધી ભરતા રહેઆ; પણ તે તરફ વરાનારાઓની પાછલી હાલત જોતાં કદાપી

* જરથોસતી તોલાના ધરેમ ખાતાંની પુંજીનો હસાબ તેઓના દર સાલે બદ-લતા યજદેજરદી સનેથી ચાલુ રેહશેતે, તેથી કરી તેમાં ભરાતી રકમો, જે તેઓના રોજ માહ સાથે તાલુકો રાખતી જમે થાએચ, તેનો મુકાબલો મલતો આવે; અને બીજું એકે એ અશીલ કોમનાં કેટલાક સાહેબો પોતાની તારીખોને હવડાં ફરાંમોસ રાખતા દેખાએચ, તે પણ તેઓની ઈઆદીમાં સદા સમાએલી જણાએ. નો૦લે૦

એવું થાઈ પડે કે, હવે પછે તેઓ હરાતકની પુંજીમાથી એ દેણાનો બોજો કદાપી ઉપાડી નહીં સખાએ તારે મોટી મુસકેલ નડે; માટે તે ઉપર આ સખી શેઠીઆએ લક્ષ આપીને આપણી મયાલુ અંગરેજ સરકાર, જેઓ તાંહાંની હકુમતના હવડાં ખુદ માલેકોછે, તેઓ પાશેથી આટલાં દેણાની માંફી કરાવી લેવાની જે અરજી ય૦ ૧૨૧૭ ના સાલમાં ગુજારી હતી, તેને મુંબઇની નામવર સરકારે આ સખીવજીદ ઉંમરાવની બેહદ સખાવત ઉપર નજર પુગાડીને તે જમીન ઉપરનું દેણું ચંદરોકાલ સુધી માંફ કરવા શંબંધી ફરમાંન સુરત ખાતે લખી મોકલાવેઉં. આ સાહેબના આસરાથી એક અપરંમપાર સખાવત એવીતો ઉતંમ થાઇચ કે, પરદેસમાં રેહનારા પોતાના હંમદીનોની આવતી હાલતનેબી તેનાએ આગમચથીજ સંભાલી લેવાની દયા દેખાડી.

ઈનસાંણોની કંગાલીએત સાચવવાનાં રૂડાં સાંધણો આ માહપુરૂશે જેમ કરી દીધાં, તેમજ વગર વાચાનાં અસકત પશુ પરાંણીઓનુ પાલણબી જાથુક થાએ તેવા ખરા હેતુથી, મુંબઈમાં તથા તેને લગતાં બીજાં દેશાવરો ખાતે પાંજરાપોલો હુભી કરાવા સારૂં પોતાના ઘણાજ હેતુ મીતર મરહુમ શેઠ મોતીસાહની સંગાથે પકી ગોઠવણ બંધ બેસાડીને હીંદુ માહજનોને તેહવાં શુભ કાંમમાં સાંમેલ કરીલીધી; અને તે બાબદનો સઘલો વહીવટ (પોતા પાશે વેપાર વણજનુ બોહોલું કાંમ હોવા છતાં) સંવત ૧૮૯૧ થી સરૂ કરીને ૧૬ વરસ વેર ખંતી પણે પોતે ચલાવેઆ પછે, સંવત ૧૯૦૬ ના સાલની આખરીએ જારે તે ખાતું છોડીને પોતાનીજ દેખરેખ હજુર ઉપલી માહજનને શોંફીઆ, તારે તેની ઉપજાવેલી આવકમાંથી મોકલે હાથે ખરચ ખુટન કરતાં બાકી સવાચાર લાખ રૂપીઆને સુમારેની રોકડ પુંજી ઉપરાંત માહજનનો હુઘરાતથી અસલમાં ખરીદી લીવેલી મીલકતોને તેમાં સારી ઉપજ થાએ હેવો વધારો લાગુ પાડીને તેઓના સવાધીનમાં સંધું શોંફી આપીઉં; જેથી કરી તે ઉપીઓગી ખાતુંબી આજની ઘડી સુધી આ સાહેબની સખાવત ભરેલી કોશેસને આશીરવાદ દેતું આબાદ હાલતમાં હઈઆતી ભોગવતું ચાલુ રહેલુંછે.

આ માંન પાંમેલાં માહ પુરૂસને જારે પેહલવેહલો "નાઈટહુદ" નો બેતાબ હેનાયત થયો, તારે તેની ખુસાલીમાં પોતાને ખાસ ખજાંનેથી તરંણ લાખ રૂપીઆ રોકડા તથા બેંગાલ બેંકના શેરો ૧૫ ગરીબ જરથોસતીઓની મદદને માટે આ દુખભંજન સાહેબે સખાવત તરીકે જે અલાહેદા કાહડેઆ હતા; અને તેમાં એજ બેંકના શેરો ૫ તેમના નેકબખત મોહરદાર શેઠાંણી આવાંબાઈએ, તથા ૩૫ શેરો પારશી પંચાએતની પુંજી માહેલા તેના વહીવટદારોએ જે હુંમેરેઆ, તે મલીને એક માહભારત થાપણને રૂડી વરતણુકથી ચંદરોકાલસુધી નીભાવી રાખવાની સુભ મતલબ વીચારીને પોતાનીજ હઇઆતીમા તે વખતની નામદાર ઇસ્ટ ઈંડીઆ કુંપની સરકારનાં આસરા તલે શોંફી; પણ તેનો વહીવટ ચલાવવા થકી પંચાતના અકાબરોનીજ નેમણુક ચેડવી આપીને તે ઉપર સરનશીનપણાનો હક હઇઆતી તુલીક પોતે જાલવેઆ હતો. એ બાબેનો સતા ભરેઓ એક લેખ રોજ ૧૫ મો માહ ૪ થો શેહનસાહી શાલે

૧૨૧૮ ૫૦ ને મુકાબલે ઈ૦ સને ૧૮૪૯ ના જાનેવારીની ૯ મી તારીખનો કરાવી લીધોછે. ' તે કરારનામામા હેવી કબુલાત બાહલ રહીચ કે, અનામત રૂપીઆ તરણ લાખનુ નામદાર સરકાર દર શાલે સેંકડે ટકા ૬ લેખેનુ વીઆજ જાથુક આપે, તે, અને બેંગાલ બેંકનાં કુલે સેરો ૫૫ ના નફાની જે વેહચણી મલે તેની એકંદર આએપત મધેથી જરૂરીઆત જોગનો થાતો ખરચ બાદ જતે બાકી વધારાને દર વરસ હેઠલ જણાવેલાં જરથોસતીઓના કારણમા વાપરવા માટે ૪૦૦ હીસામા વેંહચી આપવાનો અખતીઆર વહીવટદારોને શોંપ્યોછે.

કહેઆ કારણમાં ખરચવા.	મુંબઈ શેહેરમાટે	ઉદવાડા માટે	નવસારી માટે	સુરત માટે	ભરૂચ માટે	કુલ જુમલે
૭ થીતે ૧૪ વરસ સુધીની છોકરીઓ તથા છોકરાઓને વીદેઆની કેળવણી આપવા તથા બને તો તે ઉપરાંત એક ઠેકાણે રાખીને તેઓની પરવરેશી કરવા માટે	૧૮૦	૨૦	૧૦	૩૫	૫	૨૫૦
કંગાલ તથા મુફલેસ જેઓ બુઢાપાથી, અંધાપાથી, બદનની બીજી ખાપણથી અથવા મગજ ફરી ગયાના સબબથી જેઓ ગુજરાંણ ચલાવાને અશકત હોએ તેઓને એકાંત મકાંનમાં રાખીને પરવરેશી કરવી, અથવા હલકા જેવા પગારો આપવા સારૂં ..	૨૦	૧૦	૧૦	૩૦	૮	૭૮
ગરીબ છોકરીઓને પરણાવવા ઉપર દર એકને માટે રૂ૧૦૦ સુધી ખરચવા...	૨૦	૭	૭	૧૦	૪	૪૮
નાવારેસ મરણ પાંમે તેઓ જણ એકના મોહોત ખરચમાં રૂ૨૫ લેવા	૧૦	૩	૩	૫	૩	૨૪
દરએક ઠેકાણે વાપરવાના એકંદર હીસા.	૨૩૦	૪૦	૩૦	૮૦	૨૦	૪૦૦

આ મરહુમ નાંમદાર બારોનેટ સાહેબની સખાવતનાં ઉપલાં ધરમ ખાતાંની સ્થાપનાને પા સદી પસાર થઈચ તેટલા અરસામા અસલ પુંજીની ઉપજમાંથી ખરચ કીધા છતાં કારોબાર મંડલીની દાહપણ ભરેલી દેખરેખથી તે થાપણમાં એટલોતો મુબલક વધારો થાયો કે, તેનેજ આસરે કોટમાંહેલા આ મરહુમનાં મેહેલની ઉતર બાજુએ જરથોસતીના છોકરાંઓને ગુજરાતી તથા અંગરેજી શીખાડવાની સ્કુલ માટે તરણ મજલાની ગંજાવર અને સુંદર હવેલી બંધાઈને જે વપરાણી થઈચ, તે ઉપર (છપાઈને બાહેર પડેલા હસાબ મુજબ) ખાલી જગેઆની ખરીદી માટે અપાએલા રૂ ૯૪,૪૪૪)૯–૩ પઈ, તથા મકાંન બાંધનાર મકતેદારોને તા૦ ૩૦ મી જુન ૧૮૭૩ સુધીના અર-

સામાં ખેરણ ખેરણે આપેલા બધા રૂપીઆ ૨૧૧,૨૩૧)૫-૮ પઈ મલીને જુમલે રૂ ૩૦૫,૬૭૫)૧૪-૧૧ પઈ તો ખરચાઈ ચુકા, અને બીજાનો હસાબ હવે પછે જાહેર થયાથી એ માહભારત મકાંન ધારેઆમેલ સવા તરણ લાખ રૂપીઆને સુમારેની કીંમતનુ ચોકસ કેહવાશે; અને આ સકરમી શીકલના સરીમંત સાહેબની સખાવતનું દુહજતું થડ (ઈઆને અસલ થાપણ) તો જેહવીને તેહવીજ આબાદ હાલતમાં ઉપજ આપતું સચવાએલુંજ રેહશે.

ઉપલી રોણકદાર એમારતના બાંધકાંમની સરૂઆતમા કાએદા પરમાણેની જાહેર કીરીઆ જે થવી જોઈએ, તેની કીરતી આપણા માનવંતા માજી ગવરનર નામદાર ધો રાઈત હાંનરેબલ સર શીમોર ફીટઝરલડના બાએગને ચોંટી હતી; માટે તે હકુમતના પેસવાએ દબદબા ભરેલી સભાની હજુર કેલવણી ખાતાંની શેવા આ રીતે સંપુરણ બજાવી હતી કે, કાચની એક બરની અંદર મરહુમ સર જમશેદજીની સવરૂપી તસવીર, તથા તેના દરસણનો નકશો, સ્કુલ સ્થાપણા સંબંધી ઉપજાવેલી ટુક તવારીખ, ટાંઈમસ આવ ઈંડીઆમાથી નીકલેલું ઈ૦ સને ૧૮૭૧ નુ નાહાંનુ અંગરેજી કેલેનદર, ય૦ ૧૨૪૦ ના સાલનુ પારશી કેલેનદર, ગુજરાતી પંચાંગ, મુંબઈ ગેઝટ, ટાંઇમસ આંવ ઈંડીઆ, જાંમે જમશેદ તથા સમાચાર વીગેરેના અંગરેજી તથા ગુજરાતી વરતમાન પતરો, ઉપરાંત શીકાઓમા શોનાનો એક સાવરન, રૂપાં નાણામા એકેક રૂપીઓ, અધેલી, પાવલી તથા બેઆંની; અને તરાંબાના ખુરદામા એકેક ઢબુ, દોહોડીઊ; અને અરધી; એટલું ભરીને તે બરણીને પાયાની નીચેના એક ખાડામા ઉતારીને તે ઉપર ગુજરાતી, અંગરેજી તથા પેહલવીમા કોતરેલી તખતીવાલો જે પથર ગોઠવેલોછે, તેની વીગત હેઠલ જોવાથી માલુમ પડશે.

પાક દાદાર હોરમજદની મદદથી

નામદાર

સર જમશેદજી જીજીભાઇએં પારસીઓને વાસતે કરેલી

સખાવતના ધરમ ખાતાંની

ઈમારતના મુખીઅ ખુણાનો આ પથ્થર

રોજ ૩ જો માહ ૬ ઠો શેહનસાહી તથા માહ ૭ મો કદમી

શાલે ૧૨૪૦ ઈઅજદેજરદી,

તારીખ ૨૧ મી ફેબરવારી ૧૮૭૧ ને દીને

મુંબઈના નામદાર ગવરનર સાહેબ

સર ઉલીએમ રાબરટ સીમોર વીસી ફીટઝરલડ. જી. શી. એસ. આઈ.

બાહાદુરે પોતાને હાથે બેસાડ્યો.

બાયગસાલી નર, જે પાલે દુઃખી દુઃખીઆરાં,
આપે અન ને કેળવણી, ને કરે તેમને સુખીઆરાં.

નામદાર ગવરનરે રૂપાંની થાપી તથા રૂપાંથી મઢેલું હાથીદાંતનુ સાંધન અને ઓલંબો હાલના નેકબખ્ત બારોનેટ સર જમશેદજીના હાથમાથી લઈને ચુનો પાંથરી તથા તે ઊપર તખ્તી કોતરેલો પથ્થર તેની બેઠક પર ગોઠવેઆ પછે ઓલંબો તથા સાંધન લગાડી તથા રૂપાંથી મઢેલી હાથીદાંતની હથોડી વરે તેને થોકેઓ તારપછે તે પથ્થરને દરોબસત મેલેઆ વીશેની વધાંમણી હાજર રહેલી મીજલસને જે કહી સંભલાવી તેજ વખતે તેની મુબારકબાદીમા ખુસાહલીના સરોદા સરવે તરફથી નીકલેઆ, અને પાયો પુરવાનુ શુભ મુહરત સંમપુરણ રીતે પસાર થયું.

કેલવણી ખાતાંના આ માહભારત મકાંણનું બાંધકાંમ જે વખતે થોડુંજ બાકી રહેલું હતું, તે ટાંકણે હીંદુસતાનની હકુમતનો નામદાર સરસુબો બારંણ નારથબરૂક જે આપણી ભેટ માટે અતરે પધારેઓ હતો, તેને પણોતે હાથે વાસમહુરત કરાવાની નેક ધારણા રાખીને એ ખાતાંના પરમુખ ધી હાંનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સી. એસ. આઇએ, જે ઇછા નામદાર વાઈસરાએને જણાવી હતી, તે મોટા હરખથી કબુલ કરીને રોજ ૧ લો માહ ૩ જો શેહનસાહી સાલે ૧૨૪૨ ય૦ ની સહવારે પોતાની સાથે આપણા ગવરનર સર ફીલીપ ઓડાહુસ, મેજર જનરલ નારમણ, લારડ દેનોગમોર, હાનરેબલ મી૦ ટકર, ડાકતર જાંણ વીલસન, મી૦ લી વારનર તથા એડીકાંગોને લઈ બીરાજેઆ હતા; અને ઉપર જણાવેલા પરમુખની સાથે સ્કુલ ખાતાંની મંડલીના માનવંતા અકાબરો તથા બીજા કેટલાક દેશી શેઠીઆઓબી તાંહાં હાજર રહેલા હતા; જેઓની હજુરમા પરોફેસર બરજીશે* આ કેલવણી ખાતાંની ઉતપંતીનો હએવાલ જે વાંચી સંચલાવેઓ, તે ઉપરથી જણાઈ આવેઊચ કે, આ સખાવતની સાહેતાથી મુંબઈમાં તરણ અને દેસાવરોમા ૮ મલીને ૧૧ સ્કુલો મધે ૧૪૩૦ છોકરાઓ, અને બેહુ ઠેકાંણેની તેટલીજ બીજી ૧૧ સ્કુલોમાં ૧૨૮૦ છોકરીઓ મલી કુલે ૨૭૧૦ જરતોસતી છોકરાંઓ કેલવણી પામેછે; જેમા ૧૬૦૦ જણા મુંબઈમાં અને ૧૧૧૦ જણાઓ દેસાવરો ખાતે કેહવામાં આવેછે; અને તે ઉપરાંત બીજું ખુશી ઉપજવા જોગ એમબી કહી સંભલાવેઊ હતું કે, એજ કેલવણી ખાતાં મધેથી અગાઉ ઘણાક નીસાલીઆઓ પાહવરદા થાઇને જે બાહેર પડેઆછે, તેઓ આબરૂથી પોતાનું પોસન પણ કરી સખેછે; અને તે માહેલા કેટલાકો તો માનવંતા ઓહધાઓ ઉપરબી બીરાજેછે. આવી ઉપીયોગી બાબદનું વરણન વીસતારીને કહેઆ પછે, આ નવાં મકાંણને હુંઘાડતી વેલા નાંમદાર વાઈસરાએ પોતાની અતીઅંત ખુશી જણાવીને માન સહીત રૂખસત લીધી હતી. આ મકાંન સઘલું સમપુરણ હાલતમા તઇઆર થાઈ ચુકેઆ પછે રોજ ૧૪ મો માહ ૫ મો શેહનસાહી સાલે ૧૨૪૨ ય૦ ને

---

* આ ગરહસથ ચાકરી છોડી ગયા પછે તેમનો ખાલી પડેલો પરીનશીપાલનો માનવંતો ઓહધો મી૦ ડોસાભાઈ નસરવાનજી વાડીઆને ઈ૦ સને ૧૮૭૩ ના ડીસેમબરની ૧ લી તારીખથી દર માશે રૂ ૩૦૦ ને પગારે મલેઆછે. નો૦ લે૦

મુકાબલે તા૦ ૧ લી ફેબરવારી ૧૮૭૩ ઈસવીથી નીસાલીઆઓની કેલવ-ણીના ઉપીયોગ માટે જે વાપરતું થાયુંચ, તેની કેફીએત નીચલા ફકરાથી જણાઈ આવશે.

સ્કુલવાલી નવી હવેલી જમીનની સપાટીથી તે છેક મોભ સુધી ૮૦ ફુટની ઊંચાઇએ જે ઉભેલીછે, તેણે લંબાઇમા ફુટ ૧૭૨, અને પોહલાઈમા આગલી તરફથી ફુટ ૮૯ તથા પાછલી તરફથી ફુટ ૪૨ ની જગેઆ બાંધકાંમમા લપેટાવી લઈ બધી જમીનને ૧૬૯૭ ચોરસવારના વીસતારમા ઘેરી રાખીછે (જેમા એમારતે રોકેલી ૧૩૨૨, તથા ગલી અને ચોકની ખાલી જગેઆ ૩૭૫ જાંણવી;) અને તે અમલાની અંદર જેટલાં મકાંણો જુદા જુદા ભાગોમા વેહચેઆંચ, તેની તફશીલ હેઠલની વીગત મુજબ જણાઈ આવીછે.

ભોંએતલીએ—રસતા આગલ ઉભાં કીધેલાં આરકાંઓની ૧૨ ફુટને છેટે આવેલી સીડીડીપરથી ચહડી જતાં આગલી તરફ વચોવચમા એક કોસાદ ઓટલો, અને તેની બેહુ બાજુએ એકેક ઓવડો દેખાએછે. વચલા ખનમા દક્ષીણ દરાએ જે ટાકમા મરહુમ સર જમશેદજીનું શોભાવંતું બાહવલું બેસાડઊંચ, તાંહાંથી તે માહપુરૂસના દરસન લઈને માલા-પર ચહડવાનો દાદર, અને બાકીની સલગ ચાલ રાખેલીછે. પા-છલા ખનમા પેસતાં ડાહવી બારુએ બે ઓવડા બનાવીને, તેની પડખે તેટલીજ જગેઆ કસરતશાળા માટે કાહડેલી કેહવાએછે, અને તેની સનમુખ આવેલી (જમની તરફ) ખાલી જગેઆ રમ-તને વાસતે ("પલે ગ્રાંઊંડ" તરીકે) એલાહેદી રાખીછે.

પેહલા તથા બીજા માલા ઉપર આગલી તરફ તરણ, તથા પાછલી તરફ ચાર મલી દરેક ઠેકાંણે સાત સાત ઓવડાઓ કીધાછે.

તરીજે માલે—આગલી તરફ સલગ દીવાણખાનું રાખીને, પાછલીગમ પાંચ ઓવડાઓ બનાવેલા, હવડાંતો ધરમ ખાતાંના મેતા મુતસદીઓના વપરાસમા આવેછે; પણ તેની મુલ મતલબ હેવી માલુમ પડીચ કે, શીખનારાં છોકરાંઓની સંખીઆમા વખત જતે હાલ કરતાં વીશેસ વધારો થાએ* તારે તેઓની સગવડ સાચવવાને સવલ પડે.

આગલી તરફના મોટા દાદરો ઉપરાંત છેક ભોંએતલીએથી તે તરણ મજલાઓ સુધી પાછલા ભાગના ઓવડાઓની વચોવચ એકેકો દાદરો, અને સરવેથી છેડના ભાગપરખી તેટલાજ દાદરા જે મેલવામા આવેલાછે, તે એટલા માટે કે સેંકડોબંધ છોકરાંઓને સ્કુલમા આવતી, તથા તાંહાંથી છુટી લઇને ઘેરે જતી વખતે ચહડવા ઉતરવાની અડચણ

* એનો દાખલો હવડાંથીજ એવો દેખાયોછે કે, દરેક ઠેકાંણેના ઓવડાઓ ભરાયાને લીધે તેવા વરગોના છોકરાંઓને વાસતે ભોંએતલીએથી તે બે માલ સુધી-ની ચાલો અંદર એકેક પરદો કરી લઇ તાંહાં તેઓને બેસાડઆંછે. નો૦ લે૦

નહીં પડતાં છોકરાઓ તથા છોકરીઓ મેલામેલ થઈને એક બીજા સાથે મેલાપ કરી સએજ નહીં. અને બાંધકામનો દેખાવ દીપાવવાની મતલબથી દરેક મજલે આગલી તરફ મોટી, અને પાછલી તરફ નાધલી ગેઆલરીઓ પણ કાહડીછે, કે જેથી કરી હવા તથા ઉજાસનો સરખો લાભ સરવેને મલતો રેહ.

હાવી રીતના જુદા જુદા બનો જે બનાવેઆય, તેમા ભોંઓતલીએ ગુજરાતી શીખનારા છોકરાઓના બધા વરગો જેમ ગોઠવેલાછે, તેમજ પેહલા આઓ માલ બધી છોકરીઓના વરગો વાસતે રોકીને બીજા માલાપર અંગરેજી અભેઆસવાલાઓના વરગોનો સમાસ કીધેલો જણાએછે. ઉપલી તરતીબથી સેંકડો બંધ છોકરાંઓનો સમાસ જેમ સગવડ સાથે સચવાયોગ્ય, તેમ તેઓની કુદરતી હાજતોબી પુરી પાડવા સારૂં છેક ભોંઓતલીએથી તે તરણ માલો તુલીક પાએખાના, તથા તેઓનીજ પડએના દરેક ઓરડામા મોરી પણ બનાવેલીછે; અને તેથી કરી કોઇ રીતની અડચણ જોવા તથા જાંણવામા આવતીજ નથી. આ સખી સાહેબની સખાવતથી તઇઆર થઇને ભપકામા ઉભેલાં ધરમ ખાતાંના માહભારત પણ અતી રોનકદાર, અને મજબુતાઇમા સંપુરણ બાંધનીના મકાંનનો નકસો બનાવનાર મી૦ દીનસાહ દોરાબજી ભતુસાહ, અને તે ઉપરથી રલીઆંમણી હવેલી બાંધી આપીને પોતાના કીસબમા ફતેહ મેલવનાર મીસતરીઓ નામે જીવનજી જાંમાસપજી, તથા દોરાબજી શોરાબજીની કાબેલીઓત જે પરખાઈ આવીય, તેની નોધબી મોટાં માનથી હીંઆં લઇએછે.

ખરી દીલસોજીથી જીગરમાં રાખેલી ખાએસ મુજબનુ આ અતીધણું શુભ કાંમ, જારથી સરૂથયુંચ; તારથી તેજ ધોરણ ઉપર ઉસતવાર રહીને આજની ઘડી સુધી થાપણનાં સંભાલ સાથે જેમ સચવાતું ચાલેછે, તેમજ પારશીની પંચાએતના હસતકમાં રેહેલી બીજી પુંજીનાં વહીવટ સંબંધીનો બંદોબસત પણ એજ સાહેબે પોતાની સાથેનાં બીજા અકાબરોના અનુમતથી પુખત પાએ જે કરી આપેઓછે, તેબી તેજ રીતે હવડાંની મુઆફેક જો ચાલેઆ કરશે તો ઇનસાઅલા જરથોસતી અંતજુમનની હવે પછેથી વધતી જતી પુંજીને કશીએ ધોકો લાગનાર નથી; માંટે એ બાબેનાં સધલાં રૂડાં વાના નેક નામદાર, અને માંહધરમી દાતાર, મરહુમ સર જંમશેદજીનીજ અતીધણી દીલશોજી ભરેલી કોશેસનાં બચીત વીચારીને તે પાકજાદના અશો રવાંણ ઉપર હજારો દરૂદ અને લાખો શેપારા દરપલે પોંહચાડવાની અંતજુમનનાં મોટાથી તે નાધલા સુધીના સરવે સાહેબોને સજાવર બલકે ફરજછે; અને તેવીજ શોકર ગુજારી તેમની પછે થાઇ ગએલા એ કાંમના મદદગાર સાહેબો વીશેબી ચાહતી વેલા, હાલના આગેવાંણો ઉપરાંત, હવે પછે થનારાઓને વાસતેબી એ કાંમની મદદગારી સંબંધી નેક હેદાયતની બખશેશ તે પરમકુરપાલુ પરમેસવરની દરધાહથી માંગવી યોગીઅછે.

આ નાંમવર ઉમરાવ થોડાક પગભર થયા પછે પરથમતો બાહેરકોટ

“અબદુલ રેહમાન સ્ત્રીટ” નામનાં મોહલામાં રેહતા હતા; જાંહાં ઘણી મુદત
ગુજારેઆ પછે કોટ મધે “હારંબી રો” આગલ ગોલવારની ગલી પાશે
દખણ બાજુએ મરહુમ શેઠ નવરોજજી કાવસજી નારીએલવાલાની (દાદી
બરજોરવાલી અસલી) મોટી હવેલી વેચાતી લઇને તે જગો ઉપર નવે પાએથી
બાંધેલા સુંદર મેહલ મધે સાલે ૧૨૦૩ થી પોતાના પરીવાર સહીત આવી
વશેઆ હતા; તે વાતને હવડાં લગભગ ૪૦ વરસ થયાં.

ધરમખાતે ગરીબ લોકોને સખાવત કરવાની ચાલતો આ દયાલુ દીલનાં
દાતાર શેઠીઆમા અસલથીજ રેવાજ પાંમેલી હતી; તો જોકે તે વેલા તેવંન
પાશે મોટો દરવીઅ નોહતો; તો પણ તેની વકીએ થોભી રેહવા કરતાં હાથમો
જેબી આવતું તેમાંથી, થોડાક ભાગ ખોદાનાં નામ ઉપર ગરીબોને ખેરાત
સારૂં ખરચતા હતા; તે એટલે તુલીક કે બાહેરકોટથી જારે પગે ચાલીને દર-
રોજ કોટમાં આવતા તારે મેદાંન મધે હારેકતાર બેઠેલા મીસકીનોને તે વખતની
ગુંજાએસ મુજબ એકેક અરધીનુ દાંન બખસતા હતા; તે વીશે હેવું જાંણવામા
આવેછેકે, હીંઆંથીજ તેમની સખાવતે સરૂઆત કીધેલી હતી; અને તારથીજ
એક સાધરણ રીતે બાટલીવાળા શેઠને નાંમે તે લોકોમાં તેવનની પીછાંનતબી
થાએલી આજની ઘડી સુધી એક સનદ તરીકે છાપો મારી રહેલીછે;
તો જોકે બારોનેટનો નાંમીચો એલકાબ હાંશેલ થયો તોબી રઇએતને મોહડે
ચડેલા એતાબમાં કસું અપમાંન જેવું આ સાહેબ સમજતા નોહતા; અને તેહવાં
દાંનની બરકતથી જેમજેમ રોજીમાં વધારો થતો ચાલેઓ, તેમ તેનાની સખાવ-
તેબી પગતી દરપગતીએ ચહડવા માંડઊં; અને તેપછે જોકે, આપણા આ દીલેહાતેમ
ઊંમરાવ વેપારી મંડલીમાં મોટું માંન મેલવતા રહીઆ તોપણ આ ટાપુની
સઘલી વસતીના ઓલખાનમા ૪૦ સને ૧૮૨૨ સુધી જાહાજા પરએઆત
જણાતા નોહતા; પણ તે સાલમાં તેવણના વડા પુતર (ખોદાએ આપણે વાસતે બર-
કરાર રાખેલા હાલનાં બારોનેટ સાહેબ) શેઠ ખરશેદજીનાં પેહલાં લગન મોટી ધાંમ-
ધુમથી કીધાં, તેની ખુસાલીમાં કાળેટી જેલ મધે કેટલાએક હલકાં દેવાં માટે પડેલા
કેદીઓને તેમનુ કરજ આપી છોડવેઆ, તારથી સરફરાજી હાંશેલ કરતા રહેઆ;
એટલુંજ નહી પણ એ સાલ પછેથી જમશેદજી શેઠની પાદસાહી સખાવત નાંધલાં
નાલાંમાથી વેહતી નીકલીને નદીના મોટા રોહની સુઆંરેક રેલાતી ચાલી અને
તે માંહેલી વલી કેટલીકતો હેવા મજબુત પાએઆ પર ઉસતવાર રાખી ગએ-
આચ કે જાવો ચંદરો કાલસુધી જેઓના લાભ માંટે જે છે તેમાંથી તેઓ
કભુબી નીસફળ થાશેજ નહી. આ સાહેબની સખાવતથી પેહલાંતો પોતાનાં
ગરીબ સગાંઓને, પછી હમજાતીઓને શંતોસથી પાલવા લાગા; તેમાં કેટલાક
જણાઓને તો ખાંનગી રીતે હેવું ગુપત આપતા કે, તે વીશે પોતાના ફરજં-
દોબી તદન અણજાંણેઆ રહેલા સંભલાયાછે; અને તે બાબેની ચોકસ ગણતરી
નહી મલેલી પડત રાખીને હેઠલ જણાવેલી વીગત મુજબ માહભારત જાહેર
ધરમખાતાંની પરજા ઉપીઓગી સખાવત જે બધી વરણ માટે રેલાઇચ
તેનીજ માતરે નોધ મોટી ખુશી સાથે લઇએછે.

૧૧૯૧ ય૦ મા ઉપર જણાવેલાં લગન તાંકણે, તથા તારપછે ૧૧૯૫ અને ૧૨૧૧ મા હલકી રકમના દેવાદારોને છુટકો તેઓની વતી કરજ આપીને કરાવેઓ હતો તેમા ખરચેલા કુલે રૂપીઆ.. ૩,૦૪૦

૧૧૯૭ મા, રોજ ગાથા પેહલાથી દર શાલના છ ઘહમબારો માહેલો દર વખતનો એક દાહડો જસણ કરીને મુંબઈથી તે ભરૂચ, સુરત, નૌસારી, ઉદવારે, ગણદેવી, બીલીમોરા, વલસાડ તથા પુણા સુધીના જરથોસતી અનજુમનને (જેમા કેટલેક ઠેકાણે વરસના ૬ અને કોઈ જગોએ એકજ વખત) જમાડવા માટેના ખરચ થકી અલાહેધી કાહડેલી થાપણમા રોકેલા.......................... ૧,૭૫,૦૦૦

૧૨૦૫ મા, રોજ ૧૫ મો માહ ૧૧ મો મુંબઈ મધે પારશીઓના ગરીબ તથા નાવારેસ છોકરાઓને જંદ અવસતા શીખાડવા માટે એક કામ ચલાઉ મકતબ શેઠો ફરાંમજી કાવસજી બનાજી, તથા જીજીભાઈ દાદાભાઇની સાથે ભેગા રહીને આ સાહેબે પેહલવેહલી હુંઘાડી આપી હતી, તેના ખરચ માટે પોતાની તરીજી પાંતીમાં ભરેલા ૩,૦૦૦

૧૨૦૭ મા, મુંબઈ ખાતે અનજુમનના ખરચથી એક દોખમું બાંધવાની જારે અગત જણાઇ, તારે તે વખતપર જાહેરમાં થએલાં હુધરાંણાની ટીપમા ભરીને આપેઆ હતા; પણ તે દોખમું તો મરહુમ શેઠ કાવસા બીસનીએ બંધાવેઉં તેથી હુધરાતની એખટી કીધેલી બધી રકમ અનજુમન તરફથી વહીવટ ચલાવનારા અકાબર સાહેબો હસતક સચવાઈ રહેલી સંભલાએછે. ૧૧,૬૫૦

૧૨૦૮ મા, રોજ ૨૪ મો માહ ૫ મો, બાહેરકોટ ખાતે આ ઉમરાવના અશલ રેહઠાણની સાંમણે એક કોસાદ જગેઆ ઉપર જરથોસતીઓને સરઅવસરે જમનવાર તથા કીરીઆ મારગના કાંમોમા વાપરવા સારૂં બાંધી આપેલી એમારત જેનુ નામ "અલાહીબાગ" રાખીને ધરમ ખાતાંનો વહીવટ ચલાવનારા તરસતીઓના સવાધીનમાં સોંફી દીધી અને એજ મકાંણપર ય૦ ૧૨૧૨ ના રોજ ૧૬ મો માહ ૧૦ મોં ગેહનશાહીથી પોતાને તાંહાંના ઘહમબારોનુ જસણબી સરૂ કરેઉં છે જેની આગમજ કોટ ખાતે મરહુમ શેઠ માંણેકજીની વાડીમા સદા થતું હતું. આ નવી એમારત ઉપર સઘલા મલીને જે ખરચાયા તેની સંખેઆ ૭૦,૦૦૦

૧૨૧૩ મા, રોજ ૨૬ મો માહ ૮ મો પુણાની પરજાને પાંણીની ઘણીજ તંગી ભોગવવી પડતી હતી, તે થકી તેઓનો આતમા સંતોશાવા સારૂં મુલા નદીનુ પાંણી નલવાટે ગાંમમાં લાવી આપેઉં તે ઉપર ખરચેલા ૧,૮૦,૨૭૦

૧૨૧૪ મા, રોજ ૩ જો માહ ૩ જો પુણા ખાતે જરથોસતીઓની સગવડ માટે આતસઆદરાંણ કરાવી આપેલ, તથા જમનવાર માટેના મકાંણો બાંધી દીધાં તેઓ ઉપર સઘલા મલીને ખરચેલા ૪૫,૦૦૦

૧૨૧૪ મા, રોજ ૧૧ મો માહ ૭ મો, ગણદેવી ખાતેના જરથોસતી રેહવાશીઓને હરેક તીરથસર જમનવાર સારૂં તરાંબાના વાંસણો મેલવવાની ભારે અડચણો જે નડતી હતી, તે બાબે તેઓની અરજ ઉપર આ મયાળુ દીલના મેહરબાન ઉમરાવે ધેઆન પુગાડીને જોઇતાં વાંસણોની ફરાગાત કરી આપી તેની લાગટ ૧,૦૦૦

૧૨૧૪ મા, રોજ ૧૩ મો માહ ૭ મો, માંહીમ તથા વાંદરાની વચે આવેલા દરીઆવની ઉપર એક મજબુત પુલ બાંધી છારાટીને મુંબઇ સાથે જોડી લીધી. એ કાંમ ઇનજીનીઅર ખાતાંના કપતાંન કરૂકસાંકના ઉપરીપણા હેઠલ રોજ ૧૩ મો માહ ૫ મો શાલે ૧૨૧૨ થી શરૂ થયું હતું; જે ઉપર કુલ રૂ ૨૦૩,૮૫૩-૦-૫ પઈ ખરચાઇ, તેમાં રૂ ૪૮,૦૫૩-૦-૫ પઇ નામદાર સરકારે, અને બાકીની મોટી રકમ નેકનામ લેડી આવાંબાઇને નામે આ હાતમ ઉમરાવે આપીને તે પુલ એજ બખતાવર બાઈ સાહેબની યાદગારીમાં પરજાના ઉપીયોગ સારૂં મોટી ફીરીઆ કરી આલો મેલેઆથી દરશાળના ચોમાંસાં ટાંકને સેંકડો ઇનસાંનો દરીઆવની મુશીબતમાથી ડુબતાં બંચી સએઆંછે ૧,૫૫,૮૦૦

૧૨૧૪ મા, રોજ ૬ ઠો માહ ૮ મો, બાબુલાના તલાવ તથા ભાંએખલ્લાની વચે આવેલી એક કોસાદ જગેઆ ઉપર સઘલી વરણના દરદીઓને તનદરોસતી બખસવાના કારણસર બંધાવેલી "જમશેદજી હાસપીટાલ" જે તઇઆર થઇને રોજ ૩ જો માહ ૯ મો શાલે ૧૨૧૪ થી પરજાને માટે વપરાસમાં આવવા માંડીછે, તે ઉપર સરકારની આગેવાંનીપણામે રૂ૨૯૨,૪૨૮ જે ખરચાયા તે મધે આ નામવર નરે પોતાનો સખી દસત લંબાવીને આપેલા ૧,૬૦,૫૦૦

૧૨૧૪ મા, એજ હાસપીટાલના ચોક મધે એક શુંદર એમારત ઉભી કરીને તેમાં "ગરાંટ મેડીકલ કાલેજ" નામની મકતબ દેશી લોકોને વઇદાંનો એલમ તથા હોનર શીખાડવાના હેતુથી જે ચાલુ કીધી, તેના બાંધકાંમ સારૂં નામદાર સરકાર તથા પરજા તરફથી અપાએલાં નાણાં ઉપરાંત એક શુવાનડખાનું તેજ ઠેકાંણે બંધાવી આપેલ તે ઉપર આ શખી શેઠીઆએ પોતાને ખાસ ખજાંનેથી આપેલા રૂપીઆ તરીસ હજાર

માલુમ પડેઆછે. [ઉપલી હાસપીટાલ ઉપર રૂ૨૯,૦૦૦ તથા આ કાલેજ ઉપર રૂ ૧૫,૬૦૦ મલી દર શાલના ખરચ સારૂ રૂ ૪૪,૬૦૦ નાંમદાર સરકાર તરફથી જાથુક અપાતા રેહચ, તે સરવે રૂડાં વાના આ ધરમી દાતાર શેઠીઆની ભલી કોશેશનાં પરકાશેછે] ૩૦,૦૦૦

૧૨૧૪ મા, રોજ ૧ લો માહ ૧૨ મો, વાંહાંણ "લારડ કેઆસટલ રે"ના મરહુમ કપતાંન ટાંકસની લાચાર થઇ પડેલી વીધવા માટે ઉભાં થએલાં હુધરાંણાની ટીપ મધે જાહેરાંતમા આ સાહેબે રૂ૧૦૦૦ ભરી આપેઆ ઉપરાંત બીજા રૂ૬૦૦૦ એ બાઈ ઉપર પરભારા મોકલાવીને ચીઠીની મારફતે તેણીને હેવું જણાવેલ હતું કે "મરહુમ કપતાંને અગાઉ બજાવેલી ચાકરીને હસાબે હમારી પાશે એટલા બાકી રહેલા હતા તે તમારે લેવા." આ સબાવત હેવી હીકમતથી કીધામા આવી કે તે લેવા સારૂં પેલી વીધવાને કશી અડચણ પોંહતીજ નહીં, અને વલી તેની હોરમતબી અછી જાલવીને જે આપેઆ તે સઘલા મલીને........ ૭,૦૦૦

૧૨૧૪ મા, માહીમના અગર આગલ મરહુમ વાડીઆજી શેઠ જાંગીરજી નશરવાંનજીની વાડીપરથી છેક પુલ સુધીનો એક પાધરો નવો રસતો પરજા માટે બંધાવી આપીને તેનુ નામ "લેડી જમશેદજી રોડ" રાખીલછે તે ઉપર ખરચેલા.... ૨૨,૦૦૦

૧૨૧૫ મા, રોજ ૨૨ મો માહ ૭ મો શેહનશાહીએ આ સાહેબના બેન નવાજબાઈ ગુજરેઆં, તારે તેણીના જાથુક પુણ માટે એક રકમ પંચાએતના સવાધીનમાં સોંફીને હેવો કરાર કરાવી લીવોછે કે, મુદલ રૂપીઆ અનામત રાખીને તેનુ દરશાલ ઉપજતું વીઆજ નૌસારી ખાતે નાવારેસ જરથોસતીઓ ગુજરે તેના મોહોત ઉપર ખરચવા, અને તે ઉપરાંત આંધલા પાંગલા તથા લાચાર જરથોસતીઓની પરવરેશી માટે મુસારો બાંધી આપવાના કારણસર તે તરફ જાથુક વાલવું અને તે બાબે પંચાએતના દફતરમાં એ મરહુમ બાઈને નામનુ ખાતું પડાવીને જમે કરાવેઆછે........................ ૫,૧૦૦

૧૨૧૬ માં, ૧૬ મો, રોજ ૮ મો, પારસી વતરોગે સઘલી વરણના ગરીબ આંધળા, પાંગલા, તથા તેહવાજ લાચાર નાવારેસ લોકોને આસાએસથી રાખીને તેમની પરવરેશી સરકારનાં ઉપરી પણામા ડંકણરોડને નાકે અને બેલાશીસ રોડપર જવાના રસતાની ડાહવી બાજુએ, આવેલી "દીસતરીકટ બેનીવોલેંટ" નાંમની ધરમશાલા જે ઈસવી સને ૧૮૩૪ નાં મે મહીનાની ૯ મી તારીખથી પેહલવેહલી ચાલુ થાઇ હતી; પણ તેમાં પુરતા આરારાની ખુટને લીધે કામ હાલ હવાલ

થાતું જોઈ, આ નાંમવર ઊંમરાવે તેજ ઠેકાંણે એક શોભા-એમાન મકાંન બંધાવી આપેલું, તથા તેમાં રેહનારાઓની પરવરેશી થકી થાએલાં ઉગરાંણાની ટીપ મધે બીજા ભરી આપેઆ તે સરવે મલીને.................... ૧,૫૦,૦૦૦

૧૨૧૭ માં, રોજ ૨૨ મો, માહ ૯ મો, "ગરાંટમેડીકલ કાલેજ" મધે તબીબપણાની કેલવણી લેનારાઓ માહેલા પરીક્ષામાં જે ચહડતા નીવરે, તેઓને ઇનાંમો આપવાની નેક ધારણાથી બખશેસ કીધેલા ૧૫,૦૦૦

૧૨૧૭ માં, રોજ ૭ મો, માંહ ૧૨ મો, આ મરહુમ બારોનેટનાં અતલગ ઈસટમીતર, સુરતવાલા અસલી શોદાગર શેઠ મન-ચેરશાહ એદલજી ધનજી મેતાના મુંબઈમાં ગુજરી ગયા, તારે તેવનના પુન માટે સુરતની જરથોસતી અનજુમનના હસતકથી તે મરહુમને નામે દરસાલ બાથુક ધરમનાં કાંમો કરવા સારૂં રૂપીઆ ૯૦) ખરચાઈ સકે તેટલું ટકા ૦।। લએનુ વીઆજ ઉપજનારી થાપણ તેઓને સવાધીન કરી દીધી.. ૧,૫૦૦

૧૨૧૭ માં, નોસારી મધે જરથોસતીઓને માટે સર અવસરે જમ-નવારનુ એક મોટુ મકાંન, તથા તેને લગતી ચાલ બંધાવી આપી તે ઉપર ખરચેલા.................... ૨૦,૦૦૦

૧૨૧૮ માં, રોજ ૧ લો માહ ૨ જો, પોતીકા વડા ભાઇ મરહુમ શેઠ માંણેકજી જીજીભાઈ વાછાનાં વહુ મીઠીબાઈ મરણ પાંમેઆં, તારે તેનીના પુન સારૂં નોસારી ખાતેનાં આંધલા, પાંગલા ગરીબ જરથોસતીઓની પરવરેશી કરવા માટે એક થાપણ અલાહેધી કાહડીને મુંબઇની પારસી પંચાએતના હવા-લામાં આપીછે તેના ૨૦,૦૦૦

૧૨૧૮ મા, મુંબઈના પારશીઓને વાસતે કીધેલી સખાવતના ધરમ ખાતાંનુ એક ફંડ સથાપેલું તેમા ૪,૪૦,૦૦૦

૧૨૧૯ માં, નોસારી ખાતે વસનારા ગરીબ પારસીઓને માંથે ગાએકુવારી સરકારે "અંનતોબાનો વેરો" એવે નાંમનો એક જુલમી કર જે નાખેલો હતો, તે આપવાની સાંમરથી તેઓમાં ન હોવાને લીવે આ સાહેબ પોતાને ખજાંનેથી દર સાલે મોક-લીને તેઓ ઉપરનું દુખ ટાલતા હતા; પણ જારે એ સાલમા મરહુમ માહરાજા ગણપતરાવ મુંબઈમાં આવેઆ, તારે તે નામદારની સાથે સહમજુતી કરીને આ વેરાની માંફી ચંદ-રોકાલ સુધીની લખાવી લઇને તેના અવેજમાં એકેદમ આપેલા ૧૭,૦૦૦

૧૨૨૦ મા, રોજ ૪ થો માહ ૨ જો, પોતાના મરહુમ ઇસ્ટિ મી-તર, અને આગલા ભાગીઆ શેઠ મોતીચંદ અમીચંદના

પુન સારૂં એક ધરમ ખાતું પોતે ઉભું કરીને મુંબઈની પાંજરાપોલની રખેવાલી કરનારી મંડળીના સવાધીનમા હેવી સરતથી સોંફી આપેલછે કે, તેની ઉપજ માતરે દરશાલે સુરત તથા ખંભાએતના ગરીબ અને લાચાર હીંદુઓની પરવરશી સારૂંજ ખરચવી, અને મુદલને સંભાલી રાખવા; એ કારણ માટે આપેલા ૩૦,૦૦૦

૧૨૨૫ માં, મુંબઈના મેદાંન મધે એક કોશાદે કુઓ બંધાવી આપેઓ તે ઉપર બેઠેલા ૨,૧૦૦

હેઠલ જણાવેલી માહભારત રકમો જે ધરમ ખાતે અપાએલીછે તેનો સંને તથા રોજ માહ મલી સખેઓ નથી.

મુંબઈની પારશી પંચાએતના પરચુટન ધરમ ખાતાંઓમાં જુદી જુદી વખતે ભરી આપેલા કુલે	૧૫,૦૦૦
સુરતના પારશીઓને વાસતે કીધેલી સખાવતનાં ધરમખાતાંનુ એક ફંડ સ્થાપેલ તેમા	૧,૨૫,૦૦૦
સુરત, તથા નૌસારી ખાતેની પારશી અનજુમનના ફંડમાં જુદી જુદી વખતે ભરેઆ ઉપરાંત, સુરતમા મોટી આગ લાગી તે વેલા રવાંણે કીધેલી બખશેસ, તથા ગુજરાતના ગરીબ પારશીઓના ફાએદા સારૂં આપેઆ તે સરવે મલીને......	૨,૫૦,૦૦૦
જુદાં જુદાં દેશાવરો મધે અગીઆરીઓ તથા દોખમાઓ બંધાવા સંબંધી થએલાં હુંધરાંણાની ટીપમા ભરી આપેલા કુલ ..	૪૭,૦૦૦
મુંબઈમાં પાંજરાપોલની સ્થાપના આ સાહેબની ભલી કોશેસથી થઈ તારથી તે પોતાની હઈઆતી તુલીક દરશાલે ઠેરવેલા લવાજમા મુજબ પોંચતા કીધેલા કુલ..........	૭૩,૦૦૦
પાતન ગાંમની પાંજરાપોલ ખાતે મદદ તરીકે મોકલેલા	૩,૦૦૦
દેશીઓના કુટંબને આપેલા આસરામા..................	૪૪,૦૦૦
ભીંએખલાના રસતા ઉપર દીકવાલો એક પુરાંણો તલાવ, જે ઘણી માઠી હાલતમા આવેઓ હતો, તેને નવેસરથી બંધાવી આપેઓ તે ઉપર ખરચેલા	૨૩,૦૦૦
પુણે જતાં બોરઘાટની ઉપર ખંડાલા ગાંમ મધે બંધાવેલી ધરમશાળા ઉપર	૨૦,૦૦૦

મુંબઈ મધે ચીતાર તથા બીજી ઉમદા કારીગરીનો ઉતમ હોનર દેશી લોકોને શીખાડવા માટે ઉભી કીધેલી "સ્કુલ આવ આરટસ" ને માથે જે રકમ રોકાઈછે, તે હોનરશાળાનુ કાંમ સુમારે ૧૨૩૪ થી સરૂ થએલું સહમજાએછે, પણ તે માટેનુ ચોકસ મકાંણ હજીસુધી તઈઆર નહીં હોયાને લીધે પરથમ બાહેરકોટ તરફ આ મરહુમ સાહેબને રેહવાના જુના

ઘેર મધે રાખેલું હતું; જાંહાંથી કાહડીને પછે મેદાંણ માહેલી કરાફરડ મારકેટમાં લાવેઆ; અને તે જગેઆ પણ બદલીને શાલે ૧૨૪૧ ના મેહેર મહીનામા ધોબીતલાવ આગલથી કોટ તરફ જવાના વચલા રસતાની ડાહવી બાજુએ આવેલા સરકારી છાપડાંની લાંમબી હારવાલાં મકાંણની એક જગોએ લાવીને જે રાખેલીછે તે બાતું જાથુક નીભી રેહવાની નેમથી સરકારને આપેલા..................	૧,૦૦,૦૦૦
મુંબઈ બાતેની પરચુટણ જગોએ જોઇતા કુવાઓ તથા તલાઓ બંધાવી આપેઆ તે ઉપર ખરચેલા.................	૧૫,૦૦૦
સુરતની નજદીકના ભાઠાં ગાંમ મધે બંધાવેલા પુલ ઉપર ખરચેલા.	૭,૩૦૦
એલફીનસટન કાલેજ મધે "પરોફેસરસીપ" ના ફંડ મધે બખશેલા.	૧૧,૦૦૦
નૌસારીના પારશીઓને વાસતે કીધેલી સખાવતનાં ધરમ બાતાંનુ એક ફંડ સ્થાપેલું તેમા	૬૨,૫૦૦
નૌસારીના ગરીબ આંધલા પાંગલાઓના ફાએદા માટે આપેલા..	૫,૦૦૦
નૌસારી બાતેના પારશીઓને વાસતે ધરમ સંબંધી બાબદમા બંધાવી આપેલી એમારત ઉપર ખરચ કીધા	૮,૪૦૦
નૌસારીનાં દોખમાંઓની ચારે બોરદુ ફરતી દીવાલ બંધાવી તે ઉપર.	૮,૬૦૦
નૌસારી મધે બંધાવેલા "જમશેદ બાગ" ઉપર થએલી બેઠક....	૨૨,૫૦૦
નૌસારીમા મકતબને માટેની એમારત બંધાવી આપી તે ઉપર....	૧૨,૦૦૦
નૌસારીની કાલીઆવાડી તરફ નવો રસતો બાંધેઓ તથા વીકટોરીઆ ડીસપેનશેરી બાંધી તે ઉપર....................	૨૧,૪૦૦
નૌસારીમાં કરવા ધારેલાં દવાખાના માટે અલાહેધા કાહડી રાખેલા.	૬૫,૦૦૦
ગણદેવી ગાંમના ગરીબ પારશીઓના રવાંણોને અવલમનજેલ પોંહચાડવાનાં ખરચની થાપણ મધે ભરી આપેઆ	૫,૦૦૦
સુરતના રસતમપરાં મધે બંધાવી આપેલી ધરમશાળા ઉપર	૩,૪૦૦
સુરતના રસતમપરાની અગીઆરીમાં થાતી ધરમની કીરીઆને આસરો આપવા થકી મોકલાવેલા................	૫૫,૦૦
સુરતના કરારીમતવા (બારકસના હજીરા આગલ) નામની જગોએ એક ધરમશાળા બંધાવી આપી તેમા ખરચેલા	૪૫૦
યુરોપીઅન મરદોને બેઠા મુસારા તથા તેજ ગનાતની વીધવાઓને આસરો આપવા બાબે થએલી ઉઘરાંણાની ટીપ મધે ભરેલા.	૫,૦૦૦
ભોંએખલા વાલી અંગરેજી સ્કુલની થાપણમાં મોકલેલી મદદના.	૧,૦૦૦
મુંબઈ બાતે આંધલા પાંગલાઓની પરવરેશી કરનારી થાપણમાં.	૧૦,૦૦૦
મુંબઇ બાતે બંધાએલાં "શેલરસ હોમ"નાં ફંડમાં ભરી આપેલા.	૨,૦૦૦
ટાંઇમસનાં માજી અધીપતી મરહુમ ડાકટર બીઉસતના હસતકથી સીવરી બાતે જે ઉદીયોગ સાલા પેહલવેહલી હુંઘડી હતી, તેને મદદ કીધેલા........................	૧,૫૦૦

કલકતા ખાતે ચાલતી ધરંમની સ્કુલના ફંડમા આપેલા······	૨,૦૦૦
વેલાત ખાતેનાં દુકાલ ટાંકણે સ્કાચ તથા આઈરીસ લોકોને મદદ આપવાના હુંદ્યરાંણા મધે કીધેલી બખશીસ ··········	૧૦,૦૦૦
દીવાન પોરત ખાતેની "નેવલ સ્કુલ"ના ફંડ મધે··········	૧,૦૦૦
નામદાર ફીલડ મારસલ ડીઉક આવ વેલીંગટનની ઇઆદગારી કાએમ રાખવા માટે થાએલાં હુંદ્યરાંણાની ટીપમાં ભરી આપેલા ································	૭,૦૦૦
ગરીબ લાચાર લોકોને માટે થએલાં "પેટરીઆટીક" નામના ધરંમ ફંડમાં ··························	૫,૦૦૦
સંકટમાં સપડાએલાઓનો છુટકો કરનારાં "રીલીફ ફંડ"માં ····	૨,૦૦૦
મરહુમ જનરલ હેવલાકની ઇઆદગારીના ફંડમાં આપેલા ····	૧,૦૦૦
વાંદરા મધે એક નવો રસતો બંધાવેઓ તે ઉપર ખરચાએલા··	૩,૧૨૦
વાંદરામાં એક તલાવ બંધાવેઓ તે ઉપર ૬૫૦૦ તથા એરલા પારલાની બીન ઉપર પુલ બંધાવેઓ તેના રૂ ૪,૦૦૦ મલીને.	૧૦,૫૦૦
બેલાશીસ રોડ આગલની "દીસતરીકટ બેનીવોલેંટ શોસાઈટી" નાંમની ધરમસાલા જે આ મરહુ શેઠે બંધાવી આપી તેની બાબદમાં બીજા વધારે બખશીસ કીધા················	૨૦,૦૦૦
ગરાંટ મેદીકલ કાલેજનાં વીદેઆરથીઓને "સ્કાલરશીપ" આપવા માટે.	૪,૪૫૦
ઇરાંન દેશનાં ગરીબ જરથોસતીઓ ઉપર તાંહાંની ઇસિલાંમી સરકાર જજીઆનો જાલમીકર જે રોજે અવલથી લેતી આવેચ, તેનુ ભરનું કેટલાક અસકત લોકોથી થાઇ નહી સખાયાને લીધે, હીંઆંવાલા જરથોસતી સાહેબો તેઓની વટી જે વાલતા રેહચ, તેના હુંદ્યરાંનાની ટીપ મધે આ સાહેબે સખી દીલથી ભરેલી રકમ કાંઇક ગેર સમજુતીને લીધે અપાઇ નોહતી, તે પોતાની હઇઆતીમાં (મરતી વખતે) આપવાનો હોકમ પોતીકા વારેશોને કરી ગયા હતા, તે મુજબ પાછલથી અપાએલા.	૨૫,૦૦૦
"એજ હારે શીઆતે ઇરાંન" નામના પુસતકને પાંને ૫૬ મા જણાવેઆ મુજબ ઇરાંન તરફના ગરીબ જરથોસતીઓ વચે વેહચી આપવા માટે રૂ ૫૦૦ નુ કાપડ આ સાહેબે પરથમ મોકલાવેલું હતું, અને તે પછે તેમની મરહુમ પોતરી જીવનબાઇની નઇઅતે તાંહાંની કુંવારી કનેઆંઓની કદખુદાઇ કરાવી આપવાના એરાદાથી રૂ ૫૦૦૦ ની સખાવત બખશી તે મલી કુલ ································	૫,૫૦૦

આ સાહેબથી હઇઆતી સુધી થાએલી સખાવતનો સરવાલો. રૂ૨૬,૩૪,૦૮૦

સકરમી માબાપના સપુતો જારે હાવી રીતનાં માહભારત કાંમો ઉઠાવી લેવાની હીંમત કરે, તારે તેહવા નરોને મોટાંમાં મોટી હોરમત આપવાની રાજ કરતાઓ ઉપર કુદરત તરફથી ફરજબી ઉતરેછે. આ સખી શેઠીઆએ

સઘલી વરણના પોતીકા ભાઈબંદુઓ તરફ બીનગરજે રૂડી સોચણાથી કીધેલી ઊમદા સખાવતનો બુલંદ આવાજ જારે ગરેટબરીટેનની માહબલવંત, અને મોટા દરજાની મલીકા નેક નામદાર માહરાંણીને કાંને પોંચેઓ, તારે હીંદ ખાતે વસનારી પોતાની પરજાના પંદર કરોડની સંખીઆમાથી એક કોહેનુરના જેવા ઝહલકતા આ માહપુરૂસને ચુંટી કાહડી, તેમને વાસતે તાજ તરફથી "નાઈટહુદ" નો નાંમીચો અંમીરી એતાબ* તે નામવર માંવતરે પેઆરની ઈઆદદાસત તરીકે મોટી મેહરબાંણી સહીત હેનાયત કીધો. એ વીશેની પેહલવેહલી ખુસ ખબરી તા૰ ૪ થી મે ૧૮૪૨ ઇસવીએ આલમમા આસકાર થઈ, અને તાર-બાદ તેની સતા ભરેલી સનદ જારે મુંબઇમાં આવી પોંહચી, તારે તેજ મહીનાની ૨૫ મી તારીએ તે વખતનાં કાંમ ચલાઉ ગવરનર ધી હાંનરેબલ મી૰ આંનદરસને પરેલના સરકારી મેહલ મધે દેશી તથા યુરોપીઅન ધરહસ-થોની એક દબદબા ભરેલી સભા મેલવીને, તેઓની હજુરમાં આપણા આ સખીવજુદ શેઠ જમશેદજીને તેમની બેમુલી સખાવતના બદલામાં આવેલો બાહ-ધુરીનો અધીઓ એક સુભાખીત ભાસાંણ કરીને સોંફી આપેઓ, તે દાહાડાથી શેઠમાં લેખાએલા "સર જમશેદજી જીજીભાઈ નાઇટ" કેહવાતા રહેઆ.

આપણે માંથે રાજકરતા કોઇ ઘણા રાજાઓ ગરેટબરીટનની ગાદી ઉપર બીરાજી ગયાચ, તેના વણસવસીલાથી ઉતરી આવીને સઘલા ધરમનો સંભાલ કરનારી નેક નાંમદાર માંહરાંણી વીકટોરીઆ તરફથી આખી હીંદનાં કોઈબી સખસને "નાઇટહુદ" નો પેહલવેહલો એતાબ જો બખસાયો હોએતો (જે માટે મોટી ખુશી સાથે મુસતાક રહીને હમો કહીએચ, અને વાંચનારા સાહેબોએબી પરછી લીધુંચ કે) તે કોઇનેજ નહી પણ આ માનવંતા શેઠ જમ-શેદજીનેજ મલેઓછે; જેની મુબારકબાદીમાં તેજ દીને એક મોટી પાદસાહી ઢપની જીઆફત એજ પરેલનાં સરકારી મેહલમધે આપણા આ હીંદી ઉમ-રાવે આપીને એ કારણસર તસદી લઈ સભાની અંદર બીરાજેલા યુરોપીઅ-નોનો પાડ વાલેઓ હતો.

જોકે આટલાં બધાં માહભારત કાંમો માંથે ઉઠાવેઆ સાથે પોતાનાં ઓહોલા રોજગારની રોકાંણમા સદા મસગુલ રહેઆ છતાં, આ નાંમદાર ઉમરાવે એક ગરંથકારીની સંફમાંબી પોતાનુ મુબારક નામ નોધાવેઊછે. એ વાત કોઇથી છાંની તો નહીંજ હશે કે "ઓલાસએ પંચાત" નામનુ એક નાદર પુસતક પોતાની કલમથી તઈઆર કરીને "જાંમે જમશેદ"નાં યંતરખાનામા છપાવેઆ પછે રોજ

---

*એની ઘણા વરસ આગમજ દેશી ગરરહસથો પેહલવેહલા પીટીટ, અને તે પછે ગરાંડજુરીમા જારથી બેસવા લાગા; તારથી આ સાહેબબી મુખીઅ અધીકારી તરીકે તેમા બીરાજતા રહેઆ; અને સુલેહના અંમલદારનો ઓહદો પણ તેજ વ-ખતે પોતાના જેવા બીજા મોહભાદાર શેઠીઆઓની સાથે પેહલવેહલો તેનાએજ હાથ કીધેલો હતો. "રાએલ એશીઆટીક શોસાઇટી"ની અતરે ઉભી થએલી મંડલી અંદર તેના યુરોપીઅન અધીકારીઓએ એજ સાહેબને ઇ૰ સને ૧૮૪૦ મા માન-વંતા સભાસદ તરીકે દાખલ કીધા હતા. નો૰ લે૰

૨૨ મો માહ ૮ મો શેહનસાહી સાલે ૧૨૧૨ ય૦ એ બાહેર પાડેલું હતું. તે કેતાબની અંદર પારશીની અનજુમનના આગલા સાહેબોની સલતનત વખતે જે કાંઈ બનેલ તેની નોંધ પંચાતના પુરાંના દફતરો ઉપરથી ઉતારી લઇને તેજ ટોલાની સંસારી બાબદોને લગતી બીજી કેટલીક ઉપીઓગી બીના વીસતારી જણાવેલીછે; પણ તેની નકલો હવડાં ઘણીજ કમઇઆબ નજર આવેઆ ઉપરથી આ પુણીઆતમા સાહેબના સપુતો માહેલો કોઈબી સજ્જણ જો કદાપી ફરીને છપાવી આસકાર કરશે, અથવા તે બાબે કોઈ તરાહેત સખસને છુટથી પરવાંનગી આપશે તો, તેથી આ મરહુમ બારોનેટની એક સારી ઇઆદદાસત આપણી વસતીમાં પાછી તાજી થાશે.

"નાઈટહુદ"નાં નામીચા એતાબની મોટાઇને માંન મલવા માટે આપણી નામદાર રાણીએ સોનાનો એક સુંદર ચાંન (જેની એક બોરહુએ તે મલકાણે મલીકાની સવરૂપી તસવીર, અને બીજી તરફ "સર જમશેદજી જીજીભાઇને તેવનની સખાવત તથા દેશહીતકારી પણાના માન દાખલ બરીટીસ સરકારે ભેટ આપેઓછે" હેવી રીતના લાએક સબદો કોતરાવીને) રાજ તરફથી ભેટ મોકલાવેઓ હતો, તે આપવા માટે પરેલવાલા સરકારી મેહલમધે ફરીને એક મોટી ભપકાદાર સભા તા૦ ૧૫ મી ડીજેમબર ૧૮૪૩ ને દીને તે વખતનાં નાંમદાર ગવરનર સર જારજ આરથર બારોનેટે ભરી હતી; જેમાં ગાંમનાં દેશી તથા યુરોપીયન ઘરહસથો ભેગા કલકતાનો બાબુ દુઆરકાનાથ ટાગોર અતરે આવેલો હતો. તે પણ પોતાના રસાલા સહીત એક મેહમાંન દાખલ તાંહાં હાજર હતો. સભા જારે સમપુરણ ભરાઇ તારે તેઓની હજુરમાં આપણા પણોતા હાકમે મીઠા સબદોથી એક સુભાખીત ભાસાણ કરીને તે ચાંન આ સાહેબને સપુરદ કીધો; અને તેની મુબારકબાદીમાં મુંબઈનાં જરથોસતી ગરહસથોએ પોતપોતામા રૂ ૧૫,૦૦૦ હુઘરાવીને તે થાપણથી "સર જમશેદજી જીજીભાઈ તરાંનસલેસન ફંડ" હેવાં નાંમથી પુસતકો પરશીધ કરાવા સારૂં એક ખાતું જે ઉભું કીધું, તે હજીસુધી નીભેલું નજર આવેછે.

સર જમશેદજી નાધપણમા એકવાર નૌસારી તરફ જઇ આવીને જારનાં મુંબઇમા રેહઠાંણ કરી રહેઆ, તે વાતને જોકે અડધી સદી ઉપર ગુજરી ગઇ તાંહાંતુલીક, કોઇબીવાર તે તરફ પાછા ગયાજ નોહતા; પણ અન અને જલ ચાખવાની સરજત જેવી થાઇ તેવોજ તાંહાંનો એરાદો દીલમા દાખલ કરીને રોજ ૨૭ મો માંહ ૫ મો શેહનસાહી સાલે ૧૨૧૯ ય૦ એ પોતાના બોહોલાં કુટુંબ પરીવાર, તથા દોસત આસનાઓ વીગેરેનો એક મોટો રાંઘ સાથે લઇને સાહની મુંઆફેકના દબદબાથી ગાએકુવારી રાજીઅની ધરતી ઉપર પોતાના ભાએગસાલી કદમ મુબારક કરવા સારૂં શીધારેઆ હતા; જાંહાં ૨।। મહીનાસુધી થોભી રહીને તેટલા અરસામાં રૂપીઆ લાખ પાંચની રકમ લોકોને સરશોગાત ઉપરાંત એરએરાત, અને જમનવાર કીધામા સખાવતપણાથી ખરચીને, તેના બદલામાં તાહાંની ગરીબ વસતી પાસેથી અંતકરણના રૂડા આશીરવાદનો ઉતંમ અધીઓ પાંમેઆ હતા; એટલુંજ નહી પણ ઉપલાં કારણસર પોતે ધારેલી

મુરાદમા અમનોઅમાંન સહીત જે ફતેહરૂપ થયા તે વીશેની કીરતી ભરેલી નેકનાંમી હાંશેલ કરી લીધા પછે, તાંહાંથી પાછા ફરેલા રોજ ૧૦ મો માહ ૮ મો શેહણસાહીએ મુંબઈ ખાતે આવી મલેઆ હતા.

આ હીંદી નાઈટે છડકાવેલી બેહદ સખાવતની કદર જેમ હીંઆંની પરજાએ બુજીછે, તેમજ આપણથી ઘણાજ દુરદરાજ, અને મોટી રાજધાણીનાં શેહર લંડન ખાતે વસનારા અંગરેજ ગરહસથોએબી ખરોહેતુ પીછાંણીને, પોતાના શેહરમાં ભોગવાતા છુટાપણાનો ઘણોજ નાંમીચો, અને આબરૂ ભરેઓ "ફ્રીડમ આવ ધી શીટી આવ લંડન" નાંમના સવતંતરપણાનો હક તા૦ ૧૪ મી એપરેલ ૧૮૫૫ ને રોજે તાંહાંની "કાંમન કાંઉનશીલ" નાંમની દરબાર મધે તે સભાના અધીકારીઓએ સર જમશેદજી જેહવા પંકાએલા માહપુરૂસને આપેઓ, તારે તે પરસંગે આલદરમેન કેનેડીએ, ડપીઉટી ડાકીને, મી૦ ડવીશે, મી૦ એનદરસને, અને મી૦ રોઝે એકેકથી સરસ સબ્દોમાં જે નાંમાકીત ભાસાંનો કહી સંભલાવેઆં હતાં, તે સંઘલાંઓનો સાર હેવો ખેંચી લઈને અતરે દાખલ કરીએછે કે, જે પરમારથી પુરૂસ પોતાના આદમજાતી મધે ટુકાં નસીબના સખસોને સારૂં દાનાઇથી પોતીકો પઇશો ધરમખાતે ખરચે, અને ઇસાઈ, હીંદુ, મુસલમીન, તથા પારશીઓને પેદા કરનારા સખતીમાન એકજ ઈસવરની પરારથના કરે, એટલુંજ નહી પણ મુંબઇમાં જે મંડલી મલી હતી તેમાં પોતીકા હોટની ઉપર નાંમદાર રાંણીના નામપર ફીદા થાઇને ઇમાનદારીથી આપણી બાહદુર ફોજ, તથા વાંહાંણખાતાંના માણસોની વીધવાઓ ઉપરાંત બાપવીનાના બચાંઓ સારૂં પોતાના હાથમા એક ઉમરાવ સરીખી બખશેસ સાથે આવી બીરાજે;* તેહવાં માણસની આબરૂમાં વધારો કરવા જેવી કોઇ માનભરેલી ચીજ રાંણી આપી સકે તેહવી તેણીની પાશે નથી. રાંણીની છાતી ઉપર હેવો કોઈ તારો ચમકતો જણાતો નથી કે, જે તેણાને આપેઆથી તેવણની આબરૂછે તે કરતાં વીશેસ દીપે; માટે હેવા સકલગુણી સખસ કે જેની હકીગતથી મગરૂર રહીને તેઓનાં દેશી રેહવાશીઓના નાંમાકીત દફતરોમા મોટમોટા રાજ કારભારીઓ ઉપરાંત ગાજી મરદો, અને કાબેલીએત ધરાવનારા વીદવાનો જોકે સમાઈ રહેલાછે, તોપણ (તેઓએ જણાવેઉં કે) આ મુંબઈ વતની પારશી વેપારીના વખણાએલાં કાંમ કરતાં વધારે લાએક નાંમનો બીજો કોઈજ મલવાનો નથી. ભાસાંણો થઈ રહેઆપછે કીધેલી દરખાસત સરવે સભાસદોના ખુશી ભરેઆ એક વીચારથી બાહલ રહેઆ મુજબ, કસબાનાં મે-

---

*આપણી ટાપુખાતે "પેતરીઆટીક ફંડ" નાંમની એક થાપણ જાહેર હુંઘરાતથી હુભી કરવા માટે ઇ૦ સને ૧૮૫૫ નાં જાંનેવારીમાં જે મોટી સભા ટાંઉનહાલ મધે નાંમદાર ગવરનર મરહુમ લારડ એલફીનસટનના પરમુખપણાથી મલી હતી તે વખતે આ બાહાદુર નાઈટ સાહેબ જઈફીને લીધે તાંહાં આવી સએઆ નોહતા; પણ જે કાગલ તેનાએ લખી મોકલાવેલો તેમના બેટા શેઠ શોરાબજીએ વાંચી સંભલાવેઓ હતો, તે ઉપરથી સભામા થાએલાં ઘણાક સુભાખીત ભાસાંણો કરતાં આ ઉમરાવના લખાનમા રાંણીની ઉપર વીશેસ ચાહ રાખીને દુખ પાંમનારાઓને સારૂં જેટલી દયા દેખાડી; તેટલી બીજા કોઈથી સાંભલવામા આવી નોહતી. નો૦ લે૦

તાની સહી સાથે નકશીદાર શેણાંમા શીંગારેલો ઉપલો એલકાબ જે એનાયત થાઈ આવેઓ, તે સવતંતરપણાની નાંમીચી ભેટ આ માંણવંતા સાહેબે પોતાની જીંદગી સુધી જાહોજલાલીથી જાલવી રાખી હતી.

સર જમશેદજીએ પોતીકી ન્યાત ઉપરાંત બીજી બધી વરણનો ફાએદો ઇછીને જે માહભારત અને નાંમીચાં કાંમો બીનગરજે કીધાં, તેની વફાદારી બતલાવવા માટે આપણી ટાપુના સઘલા યુરોપીઅણો તથા દેશી લોકોની સરવેથી એક મોટી જાહેર સભા આ માહપુરૂસનું સુંદર બાહવલું બનવાવી મંગાવીને લાએક જગોપર ગોઠવવા સારૂં રોજ ૩ જો માહ ૧૦ મો શેહનસાહી સાલે ૧૨૨૫ ય૦ એ ટાંઉનહાલમાં મલી હતી, તારે તેના સરનસીનની બેઠક આપણા નેક નાંમદાર માજી ગવરનર લારડ એલફીનસટને મોટી દીલશોજીથી બાહાલ રાખીને સભા અંદર જે સમાચાર સુભાખીત સબદોથી કહી સંભલાવેઆ હતા, તે સર જમશેદજીને ઘણાંજ માંન આપનારા તથા પરજાને અતીઅંત ખુશી ઉપજનારા વીચારી હેઠલ નોંધી લઈએછે.

"આ સભામા ખુરશી લેવાની જે અરજ મને કરવામા આવી તે કબુલ
"રાખતી વખતે હું અતીઅંત ખુશી ઉપજાઉંચ, કારણ કે આજે સર જમશેદજી
"જીજીભાઈને માંન આપવા સારૂં આપણ જે મતલબથી હીંઆં ભેગા મલેલા
"છઈએ, તે સઘલાઓને પસંદ પડશે તો જે સાહેબો આ દેશાનાં રેહવાશીઓની
"હાલત સુધારવાનાં કાંમ પછવાડે ઉલટ લીએચ તેઓ તેમાં વીશેસ મદદ
"પાંમશે. જે વખતે સવદેશીઓ પોતાની રાજી ખુશીથી તેમના વતની એક
"પરોપકારી ભરેઆ સખી નરનાં કાંમોની કદર પીછાંણી તેને માંન આપવા
"કાજે સભા ભરી મોટી ઉલટથી તેમા સાંમેલ રહેઆ, એ સારા વખતની
"ઉતંમ નીસાંનીછે; એટલુંજ નહી પણ તેટલા માટે તેઓ પોતાના દીલનેબી
"મોટી જેબ આપતા જણાયાછે. આ સભા આજે એખીટી થાઈચ તે
"પોતાનીજ મેલે એોલી રીતે કહી આપેચ કે, સર જમશેદજી જીજીભાઈ
"ઉપર લોકો કેહવી રીતનો ચાહ રાખી તેમનાં નાંમને તેઓ કેટલુક મોટું માંન
"આપેછે; અને તે માંન એ ઉમરાવે જે હાંશેલ કીધુંચ તેનો સઘલો આધાર
"તેમની સખાવત ઉપરછે. એ ઉંમરાવની સખાવતથી ફકત આએજ
"ટાપુનાં રેહવાશીઓને ફાએદો થયોચ, એટલુંજ નહી પણ આખા ઈલાકાનાં
"લોકોએ તેનો બેહદ લાભ જે હાંશેલ કીધોછે, તે બાબે બોલીને તમારો
"કીમતી વખત રોકવા હું ચાહતો નથી; પણ ટુકમા એટલુંજ જણાવવાની
"રજા લઉંચ કે, તેનાએ પચીસ લાખ રૂપીઆ* સખાવતનાં કાંમ પછવાડે
"જે ખરચેઆછે, તેવી પાદશાહી સખાવતનો દાખલો આપણને કહેઆં દેસની
"અંદર, અને કહેઆ જમાંનામા એથી બીજો વધારે તે શું મલી આવશે?
"આપણી ટાપુ ખાતે પાંણી લાવવાનાં બાંધકાંમ સારૂં ખરચનો અડસટો
"પચીસ લાખ રૂપીઆનો જે અટકલાયોછે,† તેની આગમજ બે કરોડ

---

* સરવાલો તો તેથી વધારે કેહછે. નો૦ લે૦

† પાંણીતો તે પછે ઉપલી કરતાં દુબરાલથીબી વધારે રકમ ખરચાઈને આવેઉછે. નો૦ લે૦

"રૂપીઆની મોટી દોલત ખરચીને ગરેટ લીવરપુલ, માંનચેસતર, અને ગલા-
"સગો મલી ત્રણે નાંમીચાં સેહરો મધે પાંણી લાવવાનાં બાંધકાંમ તઈઆર
"કીધામા આવેઆંચ. એ ત્રણે શેહરોની દોલત આપણી ટાપુ માહેલી દોલત
"કરતાં આઠ ઘણી વધારેછે ખરી, પણ તે શેહરો મધેથી એવો કોઈ એકબી
"નર પરકાશી નીકલેઓ નથી કે, જેણે સખાવત પછવાડે પચીસ લાખની
"મોટી રકમ સર જમશેદજીની મુઆફેક ખરચી હોએ. સર જમશેદજી
"જીજીભાઈ વીશે જે સારો વીચાર માંહારોછે, તે કાંઈ એ ઉમરાવની ફકત
"સખાવતમાં ખરચાએલી મોટી સંખેઆને લીધે નહી, પણ તેમાં કોશેસ કર-
"વાની ભલી રીતથી છે. બે હજાર વરસની વાતપર ખુબ ધરંમ પાલનારા
"લોકો તથા થોડીક સદીની વાતપરનાં ખરીસતીઅનો પોતાના ઘેરબાર તથા
"કુટંબો તજીને જાતભાઈઓનુ કલેઆંન કરતા, તથા પોતાની દોલત જે બખ-
"શેસ આપતા હતા; તેની સાથે સર જમશેદજીની સખાવતનો મુકાબલો
"કરવાનો માંહરો વીચાર નથી. સર જમશેદજીની સખાવતનાં સઘલાં જાહેર
"કાંમો 'પારશી બેનીવોલેંટ ઈનિસટીટીઉસન' વતરોગે એપ્પીલા પારશીઓનેજ
"સારૂ નથી, પણ હીંદુ, મુસલમીન, કરીસટીઅન, યાહુધી, અને તે ઉપરાંત
"બીજી ઘણીક વરણુના લોકો સારૂં હુભાં કરવામા આવેઆંછે. સર જમશે-
"દજી જીજીભાઈની સખાવતના ઉપલા સારા ગુણને લીધે, તથા તે સખાવત
"જે ગરીબ ગુરબાંનાં દુખ ટાલવાની ધારનાથી કીધામા આવીછે, તેને લીધે
"એ ઉમરાવનું નેક નાંમ સઘલે ઠેકાંણે પંથરાઈ ગએઉછે; અને તે નામને
"સઘલી કોમના લોકો એક સરખી રીતે માંનબી આપેછે; માટે હાવા અમીરી
"ખવાસના ગરહથને માંન આપવા કાજેજ આપણ સઘલાંઓ આ જગોપર
"આજે એખટા મલેઆ છઈએ. જેવી મોટી સખાવતથી આ ગરહસથે પોતાનુ
"નાંમ પરશીધ કીધુંચ, તેહવીજ રીતે તેમનું નાંમ દુનીઆંમા વખણાએલુંછે.
"પરમાણીકપણાથી પોતાના ધંધામા જાતી ઉદીયોગ અને ચાલાકી વાપરીને,
"તેનાએ મોટી દોલત મેલવીછે; તે ઉપરથી કેહવાને બની આવેચ કે દોલત
"મેલવવાનો રસતો એવા ઉમદા ગુણો ખુલ્લા કરેછે તે બાબે સર જમશેદજી
"જીજીભાઈનો દાખલો એક નકલ કરવા લાએકનો થડછે; આ ગરહસથને
"આપણે સામાટે માંન આપવું જોઈએ, તે બાબે માહરે જેટલું બોલવું ઘટે
"તે કરતાં હું ઘણુ થોડું બોલેઓછું; તોપણ એ નાંમીચા ગરહસથની ઈઆદ-
"દાસત કેહવી રીતે કાએમ રાખવા સારૂં આપણ આજે આ સભામા આવે-
"આચ, તે બાબે થોડાક ખોલાશો કરવાની તમો પાશેથી હું રજા માંગી લેઉંચ.
"માંહરા સાંભલવામા આવેઉંચ કે કેટલાક લોકોનો વીચાર સર જમશેદજીના
"કોઈક ઈઆદદાસત કાએમ રાખવા માટે તેમનું એક પુતલું બનાવવાનો નથી;
"પણ તેના બુજોરગ નાંમને જેબ આપે એવાં કોઈ પરોપકારી કાંમ માટે
"જોડવાનો જે વીચારછે, તે સાથે માહારો અભીપરાએ મલતો આવતો નથી;
"કારણ કે એ ઉંમરાવ ગરહસથે દરેક પરોપકારી કાંમની અંદર પોતાને હાથેજ
"પોતાંની સખાવત કાંમે લગાડેલીછે; જેહવી કે હાસપીટાલ, કેળવની ખાતાંની

"નીસાલો, કુવા તથા તલાવો, પુલો અને તે ઉપરાંત બીજાં ઉપીયોગી કાંમો
"પોતાની જાતી કમાઈના પઈસાથી બંધાવી ચુકાછે; અને તે સઘલાં એ ઉમ-
"રાવની યાદદાસત કાએમ રાખશે; પણ ટાંઉનહાલ મધે તથા મોહલાઓમાં
"જે માંહાં પુરૂશોનાં પુતલાં મુકવામા આવેઆંછે, તેઓની સંફમાં આ પરએ-
"આત નરનું એક સુંદર બાહાવલું ગોઠવવાનો વીચાર મને ઘણોજ પસંદછે.
"સર જમશેદજીએ સઘલી કોમના લોકોને સારૂં જે ફાએદા કીધાચ તે તથા
"સકમાંહથી મેલવેલા પઈસાનો રૂડો ઉપીયોગ કેમ કરવો, તેનો એક ઝહલ-
"કાટ ભરેઓ ચીતાર, આ ઉમરાવનું બાહાવલું આવતા જમાંનાના લોકોને
"બતલાવશે. અસલી તથા હાલ જમાંનેના લોકોમા નાંમાકીત તથા ખુબી-
"વંતા પુરૂશોને માંન આપવા કાજે તેઓને જાહેર જગેઆમાં ગોઠવી બેસાડ-
"વાની જે ચાલ પડલીછે, તે મુજબ સર જમશેદજીનું બાહવલું તેમના દેશીઓની
"પરીતી સાથે ભેલાએલા જાતીગુણોની એક અછી યાદદાસત આવતી
"અઓલાદ માટે જેબ આપશે." આવા કીમતી વીચારથી આ સાહેબના માહા
પરતાપી કાંમોની યાદગારીમાં સઘલી વરણના નાંધલાથી તે મોટા લોકો
સુધીના હુઘરાતને આધારે તેવણનાં આખાં કદનું બનેલું સંગેમરમનુ એક
શોહાંમનું બાહાવલું આપણી ટાંઉનહાલ મધેની લાએક જગોએ (આપણા માંજી
ગવરનર સર જાંન મલકમનાં બાહાવલાંની સાહમને) તા૰ ૨૩ મી જુલાઈ
૧૮૫૯ ને દીનેથી ગોઠવી બેસાડઉંછે; જાંહાં તે સાહેબની ગંભીરાઈ ભરેલી
સવરૂપી શીકલ જોઇ હાલની વસતીના લોકો જેમ આનંદ પાંમેછે, તેમજ
હવે પછેની અઓલાદનેબી તેથી કાંઈ ઓછી ખુશી હાંશેલ થાશે નહી. આ
બાહવલાંની બેઠકના પથર ઉપર "સર જમશેદજી જીજીભાઇ બારોનેટ ૧૮૫૭"
એવી રીતે કોતરેલી તખતી જે જોવામાં આવેચ, તે, તેને સમપુરણ હાલતમાં
તઇઆર થયાનો સને સહમજાએછે. એ ઉપરાંત તેવનની સવરૂપી શીક-
લના બીજાં બાહવલાંઓ જે જુદી જુદી જગોપર જેબ આપતાં ગોઠવાયાંચ,
તેમા એક ગરાંટ મેડીકલ કાલેજમાં બીજું આ સાહેબની સખાવતથી બંધાઇને
વપરાતી કોટ વાલી મોટી શીખસક શાલા અંદર, અને તરીજું સુરત ખાતે
એજ સખી નરના સપુત શેઠ શોરાબજીની સુરત વાલી સ્કુલમા નજર પડેછે,
અને તે તરણો શેઠ શોરાબજીનાજ પઈસાથી બની આવેલાં કેહછે.

"નાઇટહુદ"નો બેતાબ જોકે ઘણો માંન ભરેલો માણવામાં આવેછે, પણ
જેને એ એલકાબ મલેચ તેનો ભોગવાટો તેની જીંદગી સુધીજ કાએમ રહેઆ
ઉપરાંત તેનાં કુટંબીઓ તેનો લાભ લઇ સખતા નથી. હાવા સબબને લીધે
સર જમશેદજીએ કીધેલાં એકેકથી સરસ કાંમોની હોરમત તેવણના વંશેસ
પરમપરા ચાલુ રેહ તેટલા સારૂં નેકનાંમદાર રાંણીએ તે કરતાં એક પદવી
ચહડતો "બારોનેટ"નો બેતાબ રોજ ૧૬મો માહ ૧૧ મો શેહનસાહી સાલે
૧૨૨૬ ય૰ એ જે બખશેઓ, તે આ નાંમવરનાં પરીવારમાં વડા દીકરાથી
તેમની હઇઆતીબાદ ચાલુ રહેઓછે; અને તે અંમીરી બેતાબના ભોગવટા
મારે પચીસ લાખ રૂપીઆની એક મોટી થાપણ, તથા મજગાંમ કેઆસતલ

નાંમનો મેહલ પોતાની ખાસ પુંજીમાંથી છુટો પાડી આપેઓ; અને તે વીશે હીંદુસતાંનની ધારા બાંધનારી સભાએ બાંધી દીધેલા સતા ભરેઆ કાએદાથી હેવો બંદોબસત મુકરર કીધોછે કે, રોકડ પુંજીની દરસાલે રૂપીઆ એક લાખની જે ઉપજ થાએ તે બારોનેટનો એલકાબ ધરાવનારને જાથુક મલેઆ કરે; અને ઉપલા મેહલમાજ તે રીહે સઈ.

સર જમશેદજી જીજીભાઇ બારોનેટની ખરી મોટાઇ દુનીઆંની સપાતીપર જે ચોતરફ ફેલાવો પાંમી ચુકેલીછે, તે વીશેની ખુબીમાં અવલ એકે તેમની બોહોલી સખાવત, બીજું તેણાની સાથે સંબંધ રાખનારાઓનો પેઆર મેલવી લેવા લાએકના સારા ગુણો, તરીજું પોતાની તેમજ પરાઈ કોમના કુટંબો વચે પડેલા બીકટ તંટાઓમાં ગુચવાએલાં કાંમોનો આરાંની સાથે પતાવસ કરી આપતા હતા; એટલુંજ નહીં પણ કોક વખતે તેહવા કોઈ ગુંથારામાં પોતાની ગીરેથી કાંઇ નાંણા વઠીકબી આપીને સમાધાનીપર લાવી દેતા; અને ચોથું અથવા છેલ્લું એકે તંગદસત હાલતની મુશીબતમાં ફશી પડેલા પોતાના ઘણાક દોસતો, અને ખાંનદાનવાલા બીજા તરાહેતોને તેઓના કુટંબ સહીત પાલતા હતા; અને તે સઘલાં ગુનગારાં કાંમો પોતીકી હઈઆતીની છેલ્લી ઘડી સુધી આ નામવરે જે ચાલુ રાખેલાં હતાં તેટલી તેણાની અપાર ખુબીની યાદગારી ચંદરોકાળ સુધી કોઇથીબી હરગેજ ભુલી જવાશેજ નહીં.

જેવી મોટાઈ ઉપલાં કારણોથી આ માનવંતા માહ પુરૂશે મેલવી લીધી હતી, તેવીજ મયાળુ દીલની તાશીરબી એજ ઉંમરાવ પોતીકાં જીગરમાં હેવી તો ગંભીરાઇથી સાચવી રાખતા હતા કે; તે સરવેનુ વરણન વીસતારી કહેઆ કરતાં માંતરે આ એકજ વાત જે ખરેખરી બનેલી કેટલાક સાહેબોની યાદીમા હજીસુધી સમાએલીજ હશે તે નોધી લઇએચ કે, ઇસવી સને ૧૮૫૧ માં એક દાહડે સાંહજરે વેલાતી મોટા ખુબસુરત ઘોડાની જોડી જોતરેલી સુંદર રથમાં બેશીને આ સાહેબ પોતાનાં નાંધલાં દોતરાંઓની સાથે માહલક્ષમી તરફથી કોટનાં મેહલ ખાતે જતા હતા, તે વખતે ગીરગાંમના રસતા આગલ આવી પોંહચતાં કાંદાવાડીની ગલીમાંથી નીકલેલી એક ભાડુતી બગી બેદરકારપણે સાંહમની દોડી આવીને તેવનના ઘોડાઓ સાથે હેવી તો જોરમાં અથડી કે, તેથી કરી તે બગીનો પુલ તે માહેલા એકની છાતી અંદર પેશી ગએઆથી બીચારૂં અશીલ જાનવર તેજ જગોએ લોહીલોઆન થયું અને તેથી થોડ દાહાડ તે મરણબી પાંમેઉ હતું. એ સમે જોકે સર જમશેદજીનો પેઆરો જીવ તેમના ભુલકાંઓ સહીત ઘણા ધાસતી ભરેઆ જોખંમમા આવેલો જણાએઓ હતો; પણ બારેહકતાલાની પુર બખશેસથી, અને રાહદારીઓ ઉપરાંત ગાડી ઘોડ ફરનારાઓ ટાંકણાસર આવી પોંહતાથી એટલી તો મદારત થાઇ કે તે કીમતી ઘોડાજ માંતરે જખમ પાંમેઆ શીવાએ બીજી વાતે ખેર ગુજરી હતી. હાવા ધભરાટની વખતે પોલીસખાતું જે તાંહાં હાજર હતું તેણે અપરાધ કરનાર બગીવાલાને તેના બારકસ સહીત પકડી લીધો, અને ઈનસાફમાં અલબતાં તે તકશીરવાર થાઇને મોટી સજા ભોગવતે તેમાંબી કશો સંધે નોહતો; પણ તેની ઉપર આ સાહે-

બની જેહવી નજર પોંહતી તેવુંજ પોતાનું મયા ભરેઉં મન દેખાડી સંકટના સપાટામાંથી તેને સજર બંચાવીને એકદમ છોડાવી મેલૂઓ, તારે આ માનવંતા સાહેબને બેહુ હાથે પગે લાગીને મોટી ઓાજરઆઇથી માફ માંગતા ચાલી ગયો; અને પોતેબી પેલાં ભુલકાંઓ સહીત તાંહાં હાજર હોએલા શેઠ ફરદુનજી હોરમજજી લસકરીની નાનકરી ગાડીમાં બેશી માહલક્ષ્મી તરફ પાછા ફરેઆ હતા. પોતાનુ સંકટ ભરેઉં ચોઘડીઉં આ સખી નરે સંતોસ પકડેઆથી જેહેવું સંમાધાંનીની રાહે પસાર થયું તેવાજ તેના શોકર ગુજારતા ખરા અપરાધીને દુખ દીધાને બદલે તે ઉપર જે દયા દેખાડી તેમાંજ તેનાંની ખરી ખુબીએ ઉંતમ કીરતી પમાંડી હતી.

પરજા ઉપીયોગી જાહેર કાંમોમાં જાંહાંસુધી સરીરની મજબુતાઈ તેવણની સાથે સરીક રહી, તાંહાં તક દરવીય તથા દેહથી લોકોને મદદ આપનારબી એજ ઉંમરાવ આગેવાન હતા. મુંબઈ ઉપરાંત બીજાં દેસાવરો ખાતે જરથોસતી અનજુમનની ધરમાદા પુંજી આજે ઘણીજ સલાંમતી ભરેલી સચવાઈ રહીચ, અને તેના સંભાલ માંટે ખરી દીલશોજીએ જે પુખત બંદોબસત થએઆચ, તે કાંમોબી એજ બુજોરગવારની રૂડી કોશિસથી બનેલાંછે. પોતાની કોમના બાલકો તથા બાલકીઓને કેલવણી આપવાનાં કાંમની આગેવાણી કરનારાઓનાં ઉપીયોગી મીતરબી એજ સર જમશેદજી થાઈ રહેલા હતા, તે સઘલાંની જીવતી સાખશીઓ આપણી આંખો હજુર હઇઆત રહેલી જોઇને સરવે વાંચનારા સાહેબોમાંથી જેબી કોઈ આ ઉંમરાવના સદગુણોનું ગનાન જીગરમાં ગોખી ચાલવા ચાહશે તો ઇનસાઅલા ચંદરોજમાં તેમનાં જેવી બુલંદ હોરમતે પોંહચી દુનીઆંને દરેમીઆંન આસકાર થાઇ સખશે.

આ એક કેહવત મુજબ હરેક સારાં વાનાને માંથે જેમ સતરૂઓ સદા લાગેલા હોએછે, તેમજ સર જમશેદજી પોતાની સઘલી ખુબી છતાં કેટલાંક વરશોની વાતપર બે હુમલે હંમદીનોમાં લગરીક અનગમતા જે થઇ પડેઆ હતા, તેનાં મુલ કારણો તો તેજ વખતે કોઇનેબી માલુમ પડેલાં નહીં જણાયાને લીધે, પારશી ટોલાના ઘણાક લોકોએ હુલકાંન મચાવી મેલીને હાવા માહ પરતાપી પુરૂસના રેહમદીલને ફોકટનો કચવાટ આપેઓ હતો. એ બે કારણોમા એકતો ઇશાવી સને ૧૮૩૨ માં કુતરાં મારવા બાબેનું મોટું હુલડ, અને તેની પુઠે તારપછે બેએક દાએકે ૧૮૫૧ મા મુસલમાનોનુ પારશીઓ સાંમણે ઉસકેરાએલું જહનુન ભરેઉં રમખાંન પરબેઆત થઇ ગયુંછે. આ માહેલી પેહલી તકે પરજાને માંથે આગેવાંન નહીં થતાં લોકોના કેહવા મુજબ આ ઉંમરાવે સરકારને મદદ કીધી હોએ તો, તેમાં ઘણુંજ ઉંમદા ડાહપણ વાપરેલું પાછલથી તેઓનેજ માલુમ પડેલું જોઇએ કે, ૧૮૩૨ ની આગમજ ઘણા ખરા હલકે વાંગેના પારશીઓ લુછા લોકોની સંગતમાં રહીને પોતાના ટોલાને હીનપસતીમાં નાખવા જેવો ફીસાદ મચાવતા હતા, તેમાંથી તેઓને સેહ ખવાડીને સારી હાલતપર લાવવાની આ શેઠીઆએ ઘણું થએઉં રાખેલી ધારણા તેહવે પરસંગે દરોબસત બંધ બેથી; અને તારથીજ તેઓમાં રફતે રફતે જેમ

સુધારો પેસતો ગયો, તેમ ગીલ્લો કરનારાઓનેબી તે વીશેનું થોડુંક ગ્નાન મલતું રહેલું. અને તેહવીજ મતલબથી પાછલી બાબદમાંબી જોકે જાહેર રીતે બખેડાની વચે નહીં આવેઆ, તોપણ છુપી ગોઠવણ હેવી બંધ બેસાડી હતી કે, તેનુ શેવટબી સરકારી મોટા અમલદારોને હાથે લેવાડીને તેનાએજ સમાધાંની કરી આપી; માટે હુલેરાઈની વચે જાહેરાંત નહીં આવેઆથી પોતાના જાતભાઈઓને તેવણ કદાપી અનગમતા થઈ પડઆબી હોએ, તોપણ તેમના અતીઘણા બીજા ગુણોને મેલવી જોતાં તો તે બાબે એક રતીભારનો ડપકો સર જમશેદજીને અંગે લાગી સખતો નથી; કેમકે જે લોકો અગાઉ ફકત એટલાંજ કારણથી નરસ બોલતા હતા, તેજ લોકો પાછલથી પોતાની ભુલ જોઈને વીશેસ પેઆરથી આ માહપુરૂસને માંન આપવાનું ભુલેઆજ નોહતા.

આ સખી દાતારની કીરતીનુ બયાંન સમાપત થાએ તેની આગમજ આટલું તો હમારે નોંધી લેવું જોઈએચ કે, જે સાહેબ એલમને વધારવાનો ચાહ રાખનાર, અને એલમનીજ વાતો ધીરજથી સાંભલીને તેના ફેલાવા માટે પુસતકો છપાવી બાહેર પાડવાનો બાએસદાર, એટલુંજ નહીં પણ જે ધણીએ હજી બીજાં ઘણાંક રૂડાં કાંમો કરવાની વીશેસ ઉલ્લટ રાખેલી તેજ માનવંતા નરની જીંદગીને જારે અજલના હલકારાએ મગરેબ તરફ ખેંચવા માંડી; તારે જહલંદરના મરજની થોડા દીવસ સખત બીમારી ભોગવીને રોજ ૨૨ મો માહ ૭ મો શેહનશાહી શાલે ૧૨૨૮ ય૰ ની રાતરે કલાક ૨ ને અમલે આપણા હાતમ સરીખી હીંમતના હીંદી ઉમરાવ ૭૫॥। વરસની ઉપર ૨૨ દાહડામા થોડાજ કલાક ઓછાની વએ પુરી કીધા પછે, આપણી આબાદ વસતીને એકાએક જાંહાંબી કરી નાંખી; એટલે જે તેમનુ પાક રૂહ બાકી કાલબુદમાંથી નીકલીને હંમેસગીના મોટાં રોસન બેહસતને મકાંણે જે શીધારેલું, તેની માહેતમ પોસીમાં નીચલી કવીતા અંદર જણાવેલી ચેતવણી મુજબ જે નરે અતી મોટી દોલત ખરચીને લાખો માણસોનો પરતીપાલ કીધો, અને જે નરે એક માબાપ તરીકે મોહતાજોને મદદ આપી; તે બુજોરગવાર જો પણ હાવી પાકી ઊંમરે પોંહચીને ફુલગુજારી પાંમેઆ; તોપણ તેમનાં મોહોતનો સંતાપ કોઈનેબી લાગેઆવના જેમ તે વખતે રહેઓ નોહતો, તેમ કોઈ કાલેબી ભુલાવો જોઈએજ નહીં.

મેલવેઓછે કીરતીમા જબરો ટેકો—બેસકછે કે તેપર ન પડશે છેકો.
હેવો નરબી અંતે તો ગયો ઉઠી—છોડી દીધી દુનીઆંની માયા જુઠી.
વરશોને જુગોબી જશે વહી—તાંહાં તક તેવણ કોઈથી ભુલાશે નહીં.
મોહતાજો તે માટે રડઆ કરેચ—તેહવા નરને જગમા સોધતા ફરેચ.
જે મલે તેની ઉપર ચાહાજો દુવા—કે થાએ તેહવા સખીના લાંમબા ઉવા.

ગંભીરાઈની ઘટામા લંમપટ થાઇને આ સાહેબ જે ચાલી ગયા, તેની ગંમખારીના સોગની એક છેલી યાદગારી જે નોંધી રાખવાજોગ જણાઈ હતી, તે એકે આ નામવર ઉમરાવનું અશો રવાંણ અવલમનજલ પોંહચેલું તે દાહડે, તથા તેની બારવને ઉઠમનાને દાહડે મલી આખા બે દીવસ સુધો બધા પારશી

વેપારીઓ તથા દુકાંનદારોએ પોતાનો ધંધો બંધ રાખેઓ હતો; એટલુંજ નહીં પણ પેહલે દીવશે તો બધી બેંકો ઉપરાંત સંધી વરણની ગાંમઠી તથા યુરોપીઅન પેહડીઓ, અનાજવાલાઓના જથાઓ, રૂઇના સ્કુરૂઓ, નીશાળો અને તે વીગેરે સરવે વહીવટના જાહેર મથકો જેમ બંધ રહેલાં હતાં; તેમજ સચકારની દબદબા ભરેલી પાદશાહી સવારી જારે સેવટની જગોએ જવા સારૂં આ નેક નામદારના કોટ માંહેલાં મેહલ મધેથી રવાંણે થાઈ, તારે દેવલનાં મોહલાને નાકે તે વખતપર સલાંમત ઉભેલા શેહરી દરવાજાઓ પસાર કરીને બાહેર નીકલતાં જોયા તો સઘલી વરણના તથા દરએક કીસમના કાંમદારો તે ઠેકાંણેથી તે છેક ધોબીતલાવની હધસુધીના રસતાની બેહુ બોરદુએ સફ ખેંચીને હેવાતો ગંભીરાઇથી હારબંધ હુભેલા જણાયા હતા કે, જાંણે કોઇ મોટા અમલદારના આવકાર માટે લશકર આવેલું હોએ, તે કરતાંબી સરસ ઢપથી જેમ જેમ રવાંણુ તેઓની નજદીકથી પસાર થાતું ચાલીઉં તેમ તેઓ દરએક જણાઓ પોત પોતીકાં કાંમનાં હથીઆરો ખાંધ ઉપર ઉંચલી તે મરહુમ ઉંમરાવના સચકારને નમી નમી છેલો નમસકાર કરતા આ નોધ લેનારે તથા પાઓદસ સાથે બીરાજેલા હજારો જરથોસતીઓએ જોયા હતા; અને તે ઉપરાંત વલી આટલું કાંમબી ઘણુંજ નેક થએલું હતું કે, ઘેરને આંગણેથી તે થેઠની મનજલે પોંહચતાં સુધી; આ મરહુમના માંન સારૂં તેમની પદવી લાએક પોલીસ તરફના બંદોબસતે મારગ હેવો તો મોકલો રાખેઓ હતો કે, તેથી કરી પારકી કોમનું કોઈબી ઇનસાંન વચમાં ફટકી શએઉંજ નોહતું; જે બાબે તે વખતના ધુંધી કોટવાલ મી૦ ચારલસ ફારજેટનો મોટો ઉપકાર જરથોસતી ટોલાને માંથે ચોંટી રહેલો કોઇ કાલેબી ભુલાવવો તો જોઈએજ નહીં.

સખાવતનાં શાહ સર જમશેદજીએ કીધેલી વશીએત મુજબ તરીજે દાહડે તેમનાં ઉઠમણાની કીરીઆ પુરી થઇ રહેઆ પછે, તે નામવરનાં પણોતા પુતરો માહેલા શેઠ શેરાબજીએ મીજલસની અંદર બીલંદ આવાજે એક અંનજુમન પતર વાંચી સંભલાવેઓ હતો; તેની કેફીએત પરમાંણે તારપછે આ મરહુમ સાહેબને નાંમના હેઠલ જણાંવેલાં બીજાં નેકી ભરેઆં ધરમના છેલાં કાંમો જે સંમપુરણ રીતે પાર ઉતરેઆંછે તેમાં ખરચાએલી રકમને એજ નાંમદારની હઈઆતી છતાં તેણાને હાથે થએલી સખાવતની ગંજાવર સંખીઆમા હુંમેરી લઇએછે.

આ પુસતકને પાને ૬૮૦ થી શરૂ થાઇને ૬૮૬ સુધીમાં સમાઇ ચુકેલી સખાવતનો સરવાલો ૨૬,૩૪,૦૮૦

૧૨૨૮ મા, રોજ ૨૪ મો માહ ૭ મો, ગોદીનાં સુથારોને બેઠો મુસારો આપવા બાબે થાએલાં હુધરાંણાની ટીપ મધે ભરી દીધેલા ૫,૦૦૦

૧૨૨૯ મા, રોજ ૨૨ મો માહ ૭ મો, મુંબઈના કોટ મધે ગોદાવરા મોબેદોને ઘણાંક વરસોની વાતપર પંચાએતે બાંધી આપેલી દરેમેહરનુ મકાંણ, વસતીના પરમાંણ મુજબ હાલને

સમે સંકડાસ ભરેલી જણાએલી હતું; એટલુંજ નહીં પણ તે ભાગવા જેવી બીસમાર હાલતે દેખાયા ઉપરથી પાશેની બીજી જગેઆ લઇને નવેસરથી મોકલાસ ભરેલી મકાંણ બંધાવી આપેલી, તેની લાગટ હીંઆં જણાવેલીછે, પણ એ દરેમેહરની જોઇતી મરાંમત ઉપરાંત તેલ, લાકડાં વગેરે દરરોજના ચાલુ ખરચ માટે વરસ દાહડે રૂ ૭૦૦ થાએચ તે, આ નેક નાંમે પરથમ જરથોસતીઆને સારૂં કીધેલી સખાવતની થાપણ મધેથી જાથુક પોંહચાડવા સંબંધી ઘેડવી આપેલા બંદોબસત મુજબ મલતું રેહછે ૩૨,૨૦૯

૧૨૩૨ મા, રોજ ૧૨ મો માહ ૫ મો, નૌસારીના દોખમાં આગલ જવા સારૂં વચે આવેલી ખાડી ઉપર એક મજબુત પુલ બાંધવાની પરથમ ધારનાં હતી; પણ તે બાબે પાછલથી ચોકાશી કરતાં હેવું માલુમ પડેલું કે, ફકત ચોમાસાંને ટાંકણે કોઇ વેલા જારે ઘણો જોરમા વરસાદ પડેચ, તારેજ બે અથવા તરણ દીવસ સુધી ખાડીમાં પાંણીનો પુર ચહડેછે; અને તેહવે સમે કોઇબી રવાંણ જો નહી થાએલી હોએ તો તે બાંધેલો પુલ કસાબી ઉપીયોગમાં આવેજ નહી; માટે તે ઉપર ફોકટનો ખરચ કરેઆ કરતાં બીજા કોઇ એોતંમ ધરમનું કાંમ શોધીને તે મરહુમ બારોનેટ સાહેબની ડાવેજર લેડી જમશેદજીએ પોતીકા એહસતનસીન ખાવંદની નેક નાંમીને વધારવાની શોચનાથી અતરે વસનારા જરથોસતી મોબેદોનાં છોકરાંઓને જંદ, પેહલવી, તથા ફારશી વગેરે વીદઆની પુખત કેલવણી સાથે દીન ધરમના રૂડા કાએદા કાંણુનો શીખાડવા માટે રૂ ૪૦,૦૦૦ ની થાપણ પારસી પંચાએતની પુંજી સાચવી રાખનારા સાહેબોનાં સંભાલ પણામાં શોંફી આપીને "જરથોસતી મદરેસા" ચાલુ કરાવી; જેનું પેહલવેહલું સુભ કાંમ ઉપલા દીવસથી સરૂ થાએલુંછે. એ કારંણસર ઉપલી થાપણને વધારે મજબુતી પર રાખવાનાં હેતુથી જે જે સાહેબોએ મરહુમ બારોનેટના પુનની ઇઆદગારીમાં નાંણા આપેઆં તેઓ મધે મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ જે તે વખતપર હઇઆત હતા, તેનાએ પેહલાં તરણ વરસ તુલીકના ખરચ માટે દર મહીને રૂ૧૦૦ લખે આપતા કીધા હતા; અને તે ઉપરાંત શેઠ ખરશેદજી ફરદુનજી પારખે બે વાર મલીને સરકારી ટકા ૫ વાલી વીઆજુકી નોટો રૂ ૫૫,૦૦૦ ની, તથા શેઠ નોશેરવાંનજી બહમનજી મોદીએ ટકા ૪ વાલી નોટ એક રૂ ૫૦૦૦ ની જે આપી તે ઉપલી થાપણમાં હુંમેરતાં કુલે રૂ ૧૦૦,૦૦૦ ની

સારી પુંજી થાઇ, તોપણ તેમાં સર અવસરે જરથોસતી ટોલાનાં કોઈબી સાહેબો તેઓની ખુશીથી જેબી રકમ મોકલેચ, તે તેમના ઉપકાર સાથે લેવાની છુટ રાખેલીછે; કે જેથી ફરી હાવું નેક કાંમ ચંદરોકાલ સુધી નીભાએલું રેહ. એ મદરેસા મધે શીખવા આવનારાઓને બેસવા માટે વાડીઆજી હોરમજજી બહમનજીનાં આતસ બેહરાંમના ચોક માહેલાં એક મકાંણને મથાલે કોસાદ જગો તે કેબલાના મુતવલી સાહેબે વગર લવાજમે વાપરવા આપી તાંહાં આજ દન તુલીક કાએમ રહેલીછે.................. ૪૦,૦૦૦

૧૨૩૮ મા, રોજ ૨૯ મો માહ ૩ જો શેહનશાહી, મુંબઇના દોખમાંઓની આજુ બાજુએ ખંબાંલા તરફના ડુંગરની ખાલી જગોઆઓ જે હતી, તે વેચાતી લઇને પંચાએતના સવાધીનમાં શોંફી આપી, તથા તે તરફથી એક નવો રસતો ગાડી ઘોડાઓ શેહલથી થેઠ ઉપર સુધી જઈ સકે તેહવો બંધાવીને વપરાતો કીધો તે ઉપર ખરચાએલા........ ૩૩,૭૨૫

મરહુમ સર જમશેદજીએ કીધેલી જાહેર સખાવતની સંખેઆ રૂ ૨૭,૪૫,૦૧૪ ની ચોકસ થાએલી સહમજાઈછે, પણ તે સાહેબનાં ગુપતદાંનની ખબર તો તે નામવરનાં વારેશોનેબી ધારેઆ પરમાંણે થાહવી ન હોવાને લીધે કોઈના જાંણવામા આવીજ નથી; તોહોબી તે મરહુમ સાહેબના હાતેમ સરીખા દીલગુરદા ઉપરથી આટલુંતો અટકલાઈ સખાએછે કે ઊપલી સંખેઆના સરવાલાને લગભગ મલતી તેટલીજ રકમોથી તો ઓછી હશેજ નહી.

આ માહપુરૂશે, જેવું માન પોતાની હઈઆતીમા માહભારત કાંમો બજાવી મેલવેઊં હતું, તેવીજ તેમના જીગરની ખરી સોચના જરથોસતી અનજુમનના દફતરોની અંદર એક યાદદાસત તરીકે નોંધી રાખવા માટે રોજ ૨૦ મો માહ ૮ મો શેહનશાહી શાલે ૧૨૨૮ ય૦ એ નાંધલી મોટી અનજુમન આ મરહુમ ઊંમરાવના "અલાહીબાગ"મા ભરાઇ હતી, તાંહાં તેમની ખુબી વીશેની ઘણીજ નાદર વાખવાખી આપણા અકાબર સાહેબોએ જાહેર કીધી હતી; એટલુંજ નહીં પણ સઘલી બાબદોમાં તે માનવંતા મરહુમે આપેલી મદદનો અતીઅંત ઉપકારબી જાહેરમાં કહી સંભલાવેઓ હતો; અને તે સાથે આ સાહેબના મરણથી જે દુખ આખી આલમ ઉપરાંત તેમના કુટુંબીઓમાં ઉપજેઊં, તે બાબેનો એક દીલાસા પતર લખી તેમના સાહેબજાદાઓ ઉપર મોકલવાનો થેડાવ નકી કરી ઉઠેઆથી, આ માંનવંતા માહપુરૂસની કીરતીનુ વરણન હીંઆંજ સમાપત થઈ રેહછે.

વઊંસાવલીની ટીપ તપાસતાં આ નાંમવર ઉમરાવને તાંહાં પરવરદગારે મુબલક ફરજંદોની બખશેસ કીધેલી કેહવાએછે, પણ તે માંહેલાં ઘણા ખરાં તો છેક નાંધપણથીજ એકેકની પુઠે મરણ પાંમેઆં હતાં; અને જે

સકરમી શેઠીઆઓ તેમના મરણ વખતે સલાંમત હતા, તેઓએ, પોતાના મેહરબાંણ મુરબીનાં કાબુતલે મોઠી હોરમત સાચવીને સઘલી તરેહના ગુણો મેલવી લીધેલા આપણી નજરમાથી જે બીસનાર નથી તેથીજ કરી જઈફીની વખતે આ માહપુરૂસને અખુટ દરવીઅની સાથે દીલને ખુશ કરનારા તરણ દીકરાઓ, ઉપરાંત તેઓને તાંહાં વધેલી વસતીનુ સંતોસ ભરેલ સુખબી હાંસેલ થાતું હતું. એ દીકરાઓ મધે વડા શેઠ ખરશેદજી (જે સાહેબ હવડાં સર જમશેદજી જીજીભાઈ બીજા બારોનેટનાં એતાબથી આપણી વસતીને જેબ આપેછે), વચલા શેઠ રૂસતમજી (જેવણ થોડુંક થયું આલમને મયા લગાડી મરણ પાંમેઆછે), અને નાધલા શેઠ સોરાબજી ઉપરાંત દીકરીમાં સરવેથી છેલ્લી જનમ પાંમેલી શેઠાંણી પીરોજબાઈ, મલી તે વખતપર હઈઆત રેહેલાં આર ફરજંદો, તથા તેઓને તાંહાં ખોદાતાલાએ બખશેલી બોહોલી વસતીવારીની આબાદી પોતાની પાછલ સલાંમત મેલીને ફકત નેકીમાં ભરપુર કીધેલાં મુબલક ધરમી કાંમોના પુણનો માહભારત અધીઓ સાથે લઈને જીનતમાં શીધારેઆચ તો ખરા; પણ તેથી તેવણનુ નેકનાંમ ખતમ થયાને બદલે ખચીત કરીને જે બે બાબદોથી સદા અંમર રહેલુંછે, તેમાં એકતો આ સાહેબને મલેલા બારોનેટનો નાંમીચો એલકાબ જે તેવણના વડા પુતરને ભાગ્યે જેમ હવડાં ચોટેઓછે, તેમજ તે પછેનો વારસો તેવણના વડા પુતરને, અને તેની પુઠે તેજ રીતે પેદરપે વંશપરંમપરા ઉતરી આવનારા વારેશોને જાંહાંતુલીક તેમના બોહોલાં પરીવારને પાક પરવરદેગાર બરકરાર રાખશે તાંહાંતુલીક ઉતરતો રેહશે. અને બીજું એકે ભાંએખલાપર ઉભેલી ગંજાવર હાસપીટાલે આ બુજોરગવારનુ મુબારક નાંમ જે લીધેલુંછે, તે મધે અ.સરો મેલવવા માટે જનારાઓની બાબદ હેવી તો જોડાઈ રહીચ કે, દરરોજનો એક કલાકબી હેવો નહીં ગુજરતો કે તેમા સર જમશેદજીનુ સુભાખીત નાંમ કોઈને મોહડેથી લેવાયાવીના બાલી જતો હોએ; માટે ઉપર જણાવેલી મુસતકીમ યાદગારીઓ હસતીમા સલાંમત અસતાં સુધી તો પારસી ટોલાના આ માહપરતાપી માંજી બારોનેટ સાહેબ આખી દુનીઆની આસપાસ સરવેની હજુર જીવતાજ રહેલા ખચીત જણાશે.

ઈનસાનની જીંદગી આકેબત સુધી સદા બરકરાર નહીં રેહવાનો વીચાર દોડાવીને આ મરહુમ બારોનેટ સાહેબે પોતાની હઇઆતીમા કીધેલું વશીએત નાંમુ જે તે વખતની આપણી સુપરીમ કોરટમાં નોધાએલ હતું તે ઉપરથી આ માહપુરૂસની પુંજીમાં; (મેલવેલા દરવીઅનો ઘણી રૂડીપેરે લાંમબી મુદત સુધી મનમાંનતો ઉપીયોગ કીધા પછે) ૮પાા લાખ રૂપીઆ રહેલા માલુમ પડેઆ હતા; અને તે રકમને હેઠલ જણાવેઆ મુજબની વેહચણી પણ કરી દેખાડી હતી, જે મધે:—

બારોનેટનો એતાબ વંશપરંમપરા કાએમ સચવાઇ રેહવા માટે મજગાંમ કેઆસતલ નામના નાંમીચા મેહલ ઉપરાંત, દર શાલે એક લાખ રૂપીઆની ઉપજ થાએ તેટલી રકમ અલાહેધી કાહડી આપીને નાંમદાર સરકારનાં સંભાલપનામા આ-

ગમજથીજ સોંફી હતી, તે બાબેના આંક ૨૦ મા વાલો એક ખાસ ધારો ઈ૦ સને ૧૮૬૦ નામે મહીનામા પસાર થયોછે તે મુજબ ભરેલા રૂપીઆ	૨૫,૦૦,૦૦૦
પોતાન વડા પુતર શેઠ ખરશેદજી (હાલના બીજા બારોનેટ) એ તેમનાં કાંમકાજમા અતીશીઅ દીલસોજી બતાવી હતી, તેના બદલામા તેણાને બખશેલા	૩,૦૦,૦૦૦
પોતાના કુટંબીઓ તથા બીજાઓને વારસા દાખલ વેંહચી આપવા ફરમાવેલા........................	૩,૫૦,૦૦૦
તરણ બેટાઓને સરખે હીશે આપેલા........................	૫૪,૦૦,૦૦૦
જુમલે	રૂ ૮૫,૫૦,૦૦૦

એ ઉપરાંત લંડન ખાતે આ નામદાર સાહેબની મીલકત ૧,૮૦,૦૦૦ રૂપીઆની જે જણાઈ હતી; તેનો ઉપીયોગબી વારેસો વચે થાએલો સંભલાયોછે.

સર જમશેદજીના બીજા બે ભાઈઓમા શેઠ માંણેકજી જે સરવેથી વડા હતા, તેણાનુ થોડુંક વરણન હેઠલ જણાવવામા આવશે; અને વચલા ભાઈ રૂસતમજી, જેવણ કલકતે જઈને તાંહાંથી શાલે ૧૧૯૨ મા પાછા મુંબઈ આવતાં તાંહાંની ખાડીમાજ ડુબી ગએલાં વાંહાંણની સાથે રોજ ૨૧ મો માહ ૧૨ મો શેહનશાહીએ ફરજંદની કાંઇબી નીશાંણ મેલેઆવના જલવાશી થઈને હકની દરઘાહે શીધારેઆ તારે તેમના પાલક આપણા આ માંનવંતા બારોનેટ સાહેબ થયા હતા. જે ઉપરથી ધરમની જાહેર કીરીઆ તથા ઉઠમણાની મીજલશોમા તે સાહેબનુ નામ જમશેદ બેહદીન રૂસતમ કરી લીધામા આવેછે.

શેઠ માણેકજી જીજીભાઈ વાછા.

આ ગરહસથના પરીવારો પોતાના નામની સાથે હવડાં વાછાની અટક જે દાખલ કરતા દેખાએચ, તે ઘણુ કરીને તેઓના એક વડવાના અસલ નામ ઉપરથી તો ચોકસજ થડછે; પણ વચમા કોઈ હેવો સબબ બનેઓ હોએકે તેની અડચનથી અટકની ઇઆદી તેમના પાછલાં પરીવારો તદન ભુલી ગયાં; કેમકે પુરતી રીતની તપારા ઉપરથી સાબેત થાએલું સહમજાએછે કે, આ સાહેબ પોતે મરણ પાંમેઆં તાંહાંતુલીક તેમના નામ સાથે વાછાની અટક જે વલગેલી નોહતી, તે બાબે તેવનના ઊઠમનામા ભરાએલા ધરમખાતાંના રૂપીઆની નોધ તે વખતપર પંચાએતના હીસાબમા એમ લેવાએલીછે કે, "ભાઇ માણેકજી જીજીભાઇની નઇઅતે રૂ ૩૦૦ ભરેઆછે;" માટે તેહવે ટાંકણે વાછાની અટક તે સાહેબો માહેલા કોઇનેબી ખબર હતે તો પોતાના નામ સાથે તેઓ જારી રાખતે; પણ ઉપર જણાવેગેંચ તેમ કોઇ હોનારતથી ભુલાઈ હોએ તો તેની જાગરૂતી આ નોધ લેણારના મરહુમ બપાવાથીજ થાએલી

માલુમ પડેછે. હમારા તે બુજોરગવારનુ નામ એદલજી કરી હતું, અને તે સાહેબ છઠી પેહડીએથી વાછાની ઓલખ ધરાવતા હતા; એટલુંજ નહીં પણ તેમના બાપ બપાવાઓ નૌસારી કસબાની અંનજુમનમા પર-બેઆતબી થઈ ગયાચ, તેમના નબીરા (જે એદલ વાછાને નામે મુંબઈમા સરવેની પીછાણમા હતા) પાશે આ સાહેબના કોઈ વડવાને હાથનો લખેલો એક દસતાવેજ સચવાઈ રહેલો હતો, તે આજથી છેંતાલીસ વરસની વાતપર તેનાએ માનવંતાં સર જમશેદજીને સપુરદ કીધા ઉપરથી, પોતીકા નેઆગાં-નોની ગુમ થએલી પીછાંણત તેઓને હાથ આવીછે.

શેઠ માણેકજીના જનમ તથા તેવનને મુંબઇમા આવી રહેઆ વીશેની ચોકસ નોધતો મલી નથી, પણ આટલુંજ માલુમ પડેછેકે હીંઆં આવીને રોજી શોધવા માંટે ધાંધીની દુકાંણ ગંમબાના કુવા સાહમને પુંરવ તરફની ગલીમાં જાંહાં હવડા ધાંધીઓ બેશેચ તે માંહેલાં એક મકાંણમાં માંડીને ઘણા વરશોવેર આબરૂથી ધંધો ચલાવતા હતા; તે રોજગાર તેમના ભાએગસાલી, અને સરીમંત ભાઇએ' મેલાવીને બાકીનો સઘલો વખત તેનાને પોતાની પના-હમા સંભાલી રાખેઆ હતા, એટલુંજ નહી પણ તેવન જારે રોજ ૧૧ મો માહ ૯ મો શેહણસાહી સાલે ૧૧૯૬ ય૦ માં ગુજરી ગએઆ, તારપછેથી તેવણના સંઘલાં પરીવારોનેબી સારી રવેસથી તેનાએ પાલીપોશીને દરવીઆવાન કરી દીધા હતા.

આ શેઠના બોહોલાં પરીવારમાં માતરે તરણ દીકરાઓ હતા. જેઓ કીરતીવાન કાકાની કુંમકથી થોડા ઘણા પરબેઆત થાએઆ પછે બાર મહી-નાના ટુક અરસામા એકેકની પુઠે જે મરણ પાંમેઆંચ, તેઓ મધે સરવેથી નાધલા દાદાભાઈ રોજ ૪ થો માહ ૨ જો સાલે ૧૨૩૯ ને દીંને વરસ ૫૩ ની ઊંમરમાં એક પુરા દીકરાની ખતમ થાએલી જીંદેગીનો ધાહ ખાધા પછે ઘણે વરશે ગુજરેઆથી તેનાની પાછલ પાલક શીવાએ કોઈજ વારેસ નહી હોયાને લીધે, પોતાની દોલતનો મોટો ભાગ (શુમારે એક લાખ રૂપીઆ) પારશીઓને લગતાં જુદાં જુદાં ધરંમખાતાંઓમાં આપવાનુ વશીએત કરી ગએઆછે. જીવાજી નામનાં વડા રોજ ૯ મો માહા ૧૦ મો સને ૧૨૩૯ મા ગુજરેઆ તારે તેનાની વએ ૬૦ વરસની જણાઈ હતી; અને તેમની પાછલ સને ૧૨૪૦ નાં પેહલા મહીનાને ૬ ડે રોજે વચલા ભાઈ બરજોરજી ૫૮ વરસની ઊંમરે બેહસત-નસીન થાએઆ પછે હવડાં જે વસતી રહેલી જણાએચ, તે તેઓ માહેલા પેહલા અને બીજા ભાઈઓને તાંહાંની સમજવી જોઇએ.

ડોવેજર લેડી આવાંબાઈ.

ધણીના ઘેરમાં લીલાંલેહેર કરનારાં આ પતીવરતા, અને સદગુણી શેઠાંણીનો જનમ જારે નૌસારી કસબાના મલેસર ફરીઆ મધે રોજ ૯ મો માંહ ૫ મો શેહનસાહી શાલે ૧૧૬૨ ય૦ માં થયો, તારે, અને તે દીનથી તેનીનાં નેક નાંમ પીતા શેઠ ફરાંમજી નોશેરવાંનજી બાટલીવાલાને તાંહાં ખરે ખરી એક લક્ષ્મી માતાના રૂડાં પગલાં નજર આવવા માંડ્યાં હતાં; જે વીશે વધારે સરાહગાત જણાવેઆ કરતાં, તેનીના જાહોજલાલી ભરેઆ નામવર ખાવંદની સાથે મેલાએલી કીરતીથીજ સઘલી વાતની સાબેતી પરજામા જે પરસીધ થાઇ ચુકેલીછે, તેનેજ મુબલક વીચારી હીંઆં નોધી લઇએછે.

એક માહ ધરમી દાતાર, અને દયાલું ભરથારની ખાસ મોહરદાર, તથા એક દરવીઅવાન બોહલાં કુટંબના મેહરબાંન માતા; આ દુનીઆંમા આસકારાં થયાં તેની આગમજ એ વર બઇએરનું જોડું બચગી વએથીજ ગરીબી હાલતમાં હતું, તારથી સનસારમાં સરજાએલી કડવાસ તથા મીઠાસ તેઓએ સાથેજ ચાખેલી હતી; તે વાતને છેલી ઘડી સુધી હરગેજ નહી ભુલતાં જેમ અગાઉ ગરીબી હાલતમા, તેમજ પાછલથી સરીમંતને દરજેની જાહો જલાલીમાં આ માહબાંનું શેઠાંણી એક સરીખી રીતે સરવે ઉપર સારી નીઘેહદાસતી રાખતાં હતાં.

એ ઉપરાંત તેનીની વધારે કીરતી જે જે સખાવતમાં દોડીચ, તે તેનીનાં પરીઅ પરેમી ભરથારનાં સખી પણાની એક બીજી નકલ પરકાસતી રહીચ; કેમકે પારસીની કોમમાં તો જોકે સખાવત કરનારા અગાઉ ઘણાબી ગરહસથો નાંમવરી પાંમી ગએલા આપણ સાંભલતા આવીએચ, તોપણ સર જમશેદજીનો બરોબરીઓ આજ સુધી કોઇજ સાહેબ જેમ નીવરેઓ નથી, તેમજ બાંનુઓમાં શેઠાંણી આવાંબાઈ કરતાં વીશેસ દરવીઅવાન બીજી બાઇઓ હોવા છતાં તેનીના સરીઓ પરજા ઉપીયોગી સખી દસતબી કોઈએ લંબાવેઓ નથી.

આગલાં વરશોપર જારે હજારો રૂપીઆ લાખોમા લખાઇને ખરા લક્ષાપતીઓ થોડાજ સાહેબો કેહવાતા હતા, તારથી આ શેઠાંણી બાઈનું ઉદાર મન જે પરકાસતું રહેઉં તેની સાબેતી કેટલાક દાખલાથી પમરતી માલુમ પડેછે. માહીમ તથા વાંદરા વચે એક માઇલથીબી વધારે લંબાઈને તફાવતે બોહોલો દરીઆવ હોવાને લીધે, હોડીઓની મારફતે આવજાવ કરનારા રાહદારીઓ માંહેલા કોઈ સેંકડો આસાંમી તોફાંન વખતે હેરાંણગતી ભોગવીને કેટલાકોતો ડુબી પણ જતા હતા; તે બાબે પેહલો વીચાર સાલે ૧૨૦૬ ય૦ મા મરહુમ શેઠ ખરશેદજી કાવસજી બનાજીનાંની આગેવાંણી હેઠલ પુલ બાંધવા ઉપર જારે થયો, તારે તે વખતે તેના ખરચનો અટકલો રૂ ૬૭,૦૦૦ નો કીધામા આવેઓ હતો; પણ તેની અડધ રકમબી તે પછેનાં પાંચેક વરસસુધી હુંધરાતથી હુભી થાઈ ન શકીઆને લીધે તે વાત તાંહાંજ અટકી રહી. થોડીક

મુદત વહી ગયા પછે આસરે વીશેક હોડીઓ તેમા બેઠેલા પરાંણી સહીત તદન ડુબી ગયા વીશેની દુખ ભરેલી ખબર આ દયાળુ દીલના માવતરને કાંને પોંહચી, તારે તે નાંમવર નારીએ પોતીકો સખી દસત લંબાવીને તાંહાં માહભારત પુલ બંધાવાનુ પુનવંતુ કાંમ ય૦ ૧૨૧૪ ના શેહનશાહી ૭ મા મહીનાને ૧૩ મે રોજે સરંનજાંમ પોંહચાડી આપેઊં; જેના ખરચની રકમ નામદાર સર જમશેદજીના ધરમ ખાતાંની ટીપમાં જે દાખલ થઈ ચુકેલીછે, તે ઉપરથી જણાઈ આવેચ કે, એકતો લાખો રાહદારીઓનાં આશીરવાદ તેણીને મલતા રહેઆ અને બીજું એકે આ મુંબઈ જે એક ટાપુમાં લેખાતી હતી, તે વાંદરાનો છેલો પુલ બંધાયા પછેથી સઘલી છારાટી તેની સાથે જોડાઇ ગયાને લીધે છેક કોલાબાની દીવાદાંનડી આગલથી તે થાના અને ગોરબંદરના છેડા સુધી હવે એક શેહરમા તે મસહુર થઈ રહેઊંછે. આ પુલને પેહલવેહલો હુંઘાડવાની ક્રીઆ થાતી વખતે નેક નાંમદાર ગવરનર સર જારજ આરથરે પોતાની ગાડી મધે મરહુમ સર જમશેદજીને જમની બોરદુપર બેસાડી લઈ મોટાં સરઘસની સાથે ધીમી ચાલે પુલ પસાર કીધો; અને વાંદરા આગલ જાંહાં લેડી આવાંબાઈની સવારી થોભેલી હતી, તાંહાં જઇને તે નામવર માહબાંનુની સાથે મોટાં આદરમાંનથી રાજવંશી દરજ્જા ભરેલી મુલાકાત લીધી. જે પછે ખાણાનો સુફરો તાંહાં તઈઆર રાખેલો હતો, તે ઉપર સરવે સાહેબો બીરાજીને આ પુલની મુબારકબાદીમા લેડી આવાંબાઈની પેહલી સલાંમતી લેવાડતાં જે સુભાખીત ભાસાણ આપણા લાએકીવાલા હાકમે કીધું હતું, તે વીશે તાંહાં હાજર રહેલા સાહેબોએ મોટી ખુશી ઉપજાવી હતી. આ બાઈ સાહેબને એ માંન કાંઈ પેહલવેહલુંજ મલેઊં નોહતું, પણ તેની આગમજ ઘણીવાર થઈ ગએલા; અને તે પછે આવી ગએલા ગવરનરો તથા ગવરનર જનરલો વટીકોએ તેણીની મુલાકાત માટે તેણીને ઘેરે તસદીઓ લીધી હતી; વાસતે હાવું માહભારત માન મલેલું આખાં મુંબઈ શેહરમાં કોઈને માટે જો કહીજીએ તો, એખલાં એજ કુટંબને રાજની તરફથી જેવું અપાતું આવેઊંચ, અને આજતુલીક જેહવું તે કાએમ રહેલુંછે, તેમજ ચાહીએચ કે ચંદરોકાળ સુધી તેઓમા પરકાસતું રેહ.

આટલુંજ કાંમ કરીને આ શેઠાંણી બાઈ ધરાયાં નોહતાં, પણ તેપછે લાચાર આંધલા પાંગલાઓની પરવરેશી કાજે સર જમશેદજીએ "ડીસતરીકટ બેનીવાલેંટ સોસાઇટી" નામની જે ધરમશાળા ડુંકનરોડને નાંકે બાંધવા સારૂં આપેલા પચાસ હજાર રૂપીઆમા આ નામવર બાંનુએ બીજા વીશ હજાર હુંમેરી દીધા હતા; અને તેની પુઠે એજ સખાવતી શેઠાંણીએ જરથોસતીઓના લાભને લગતાં ખાતાંને વધારે મજબુતી આપવાના હેતુથી, રૂપીઆ સવાલાખ ઉપરાંત મરહુમ બારોનેટની યાદગારી સારૂં જંદ તથા પેહલવી શીખાડનારી મદરેસાને રૂ ૫૦ હજારની નાંમીચી ભેટ કીધી હતી. જરથોસતીઓના રવાંણોને અવલ્મનજલ પોંહચાડવાના ખરચ વીશે પાછલથી જે હુઘરાંનુ થયું તેમાંબી મોટો આસરો આએજ પરમારથી લેડી આવાંબાઇએ રૂ ૬,૦૦૦ મોકલીને જે આપેઓ હતો; તે સઘલાંની સંખેઆ રૂ ૨,૦૧,૦૦૦ ની થયા ઉપરાંત

હેઠલ જણાવેલાં બીજાં ધરમખાતાંઓણી આ નેકબખત નારીનો મોટો આભાર માંનેછે; અને તેની ટીપ જે હાથ આવીચ તેને હીંઆં ઉતારી લઈએચ.

ઉપલી વીગત પરમાણે થએલી સખાવતની સંખેઆ ૨,૦૧,૦૦૦

૧૨૩૩ મા, સુરત ખાતે ચાલેલી મોઘવારી ટાંકને ગરીબ લોકોને મદદ આપનારાં હુધરાંણાની ટીપમા ભરી દીધેલા ૧,૫૦૦

૧૨૩૪ માં, કલકતા મધે થએલાં ભયંકાર તોફાનથી જે લોકોની ઉપર સંકટ નીપજેઉં હતું, તેઓને આસરો મલવા માટે ટીપમાં ભરી આપેલા........................ ૭,૫૦૦

૧૨૩૪ માં, ઉદવારા ખાતે એક ધરમસાલા બંધાવી તેના કારનસર નાંમદાર સરકારને સવાધીન કીધા હતા, જે મકાંન તઈઆર થયા પછે રોજ ૧૦ મો માંહા ૪ થો શેહનશાહી સાલે ૧૨૩૯ થી વાપરવામા આવેછે તેની લાગટના.............. ૨૭,૦૦૦

૧૨૩૫ માં, સર જમશેદજીએ સ્થાપેલી હોનર સાલાને વીશેસ મજબુતી મલવા માટે સરકારનાં સવાધીનમાં શોંફી આપેલા.. ૧,૫૦,૦૦૦

૧૨૩૬ મા, રોજ ૧૯ મો માહ ૧૦ મો શેહનશાહીએ પોતાની બીજી વહુ નામે શેઠાંણી સુનાંબાઈ સવરગવાસ થયાં, તારે તેનીના પુન માટે નામદાર સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની સખાવતથી હીંઆં ઉભી થઈને ચાલુ રહેલી નીસાલોમા શીખનારી છોકરીઓમા જે લાએક જણાએ તેનીઓને "સુનાબાઈ સકાલરસીપ" આપવા માટે ટકા ૪ વાલી વીઆજુકી નોટ સરકારને સપુરદ કીધી............ ૧,૫૦૦

આ નેક નામ લેડી આવાંબાઈએ હઈઆતીમા કીધેલી સખાવતમા ૩૩,૮૮,૫૦૦ ની સંખીઆ જાહેરાંતમા ઘણીજ ઉપીયોગી ગણાઈછે; પણ સાંભલેઆ પરમાણે તે ઉપરાંત ગુપતદાંનની બીજી મુબલક રકમો લોકોને જે આપતાં હતાં, તે વીશે ફકત લેણાર શીવાએ બીજા કોઇનેબી ખબર પડેલી જણાઈજ નથી; અને તે બાએ આલંમમા સંતોસ માતરે એટલોજ રહેલોછે કે, પોતીકે હાથે કીધેલી સખાવતના ફલ હઈઆતીમાંજ આ સદગુણી શેઠાંણી જોવા પાંમીને તે બાએનું પુરતું માનબી તેવણ હાંશેલ કરી ચુકાં હતાં.

પણ આવી જાહો જલાલીનાં ભોગવટા સાથે મોટું દબદબત ધરાવેઆ છતાં ઘડપણને ટાંકણે સવપનેબી કોઈએ નહી ધારેલું દુખ એકાએક તેનીનાં ઉપર જે ઉતરી પડેઉં, તેમાં એકતો તે બાઈની સાથે બચગીથી કદખુદાઈનો સંબંધ જોડીને સુખ પાંમતા છતરપતી ધણી સર જમશેદજી ગુજરી ગયા, તારથી શોહવાસન પણાનો સવરૂપી સીંનગાર ઓહવાયો; જેનાં ગમથી જેમ તેમ કરી પેઆરાં પરીવારનું સુખ જોવાની ઉલટમાં લગાર ફરાગત પાંમેઆં, તેટલાં જીંદગી ખતમ કરનારો જમદુત આવી ઉભાથી થોડીક માંદગી ભોગવીને રોજ ૫ મો માહ ૫ મો શેહનશાહી સાલે ૧૨૩૯ ય૦ એ પોતાની ઉંમરથી ૭૭ વરસની

અંદર ૪ દીન કમતી રાખીને પોતાનો પેઆરો આતમાં તે કીરતારની રેહમતને સવાધીન શોંફી દીધો, અને નેકનાંમીની ખુસબો હીંઆં પમરતી મેલીને એવી દુનીઆંનાં સદા રેહવાસન થયાં કે, જાંહાં પાદશાહ તથા અમીરો, અને શોદાગરોથી તે ફકીરો સુધાં સરવે સખશો પોત પોતાની કીરતીનો કર હાંશેલ કરી રાખેછે. અને એ સરજત તો સઉની ઉપર રોજે અવલથીજ ચોંટેલી આપણ સદા જોતા આવીએચ કે આકેબત સરવેને એકવાર મરવું તો છેજ, પણ એક પરોપકારી અને સઘલી ખુબીઓથી ભરપુર માંનવીના જીવેઆમા હજારો પરાંણીને લાભ પરાપત થતા હોએ, તેહવા નર અથવા નારીના મરણથી તો ખચીત મોટો તોટો કોઈથી ખમાઈ સખાએજ નહીં; કેમકે તેનાં ઉપર જારે જમદુત આવીને ચુંગાળ નાખે, તારે સંધે નથી કે ઘણોજ ગંમગીની ભરેઓ બનાવ બનેછે.

આ બાઈ સાહેબની નઈએતે તેણીની પુંજીમાથી રૂ ૧૦,૦૦૦ હેઠલ જણાવેલાં ધરમ ખાતાંઓની મદદ સારૂં ૫૦ ૧૨૪૦ ના શેહનશાહી ૬ ઠા મહીનાને બીજે રોજે પંચાએતના નાણાં સાચવનારા તરસતી સાહેબોના સંભાલપણામાં સોંફીને હેવી સોચના કીધેલી કેહવાએછે કે, તેનુ ઉપજતું વીઆજ દર શાળ તેઓના પરમાણ પરમાણે અપાતું રેહ; અને મુદ્દલને કોઈ છેડેજ નહીં.

નામદાર સર જમશેદજીની યાદગારી માટે ઉભી કરેલી જરથોસતી મદરેસાની થાપણ ખાતે	૫,૦૦૦
જરથોસતી જંદ અવસતાની નીશાળ ખાતે	૨,૦૦૦
મુકતાદ ટાંકણે દેશાવરો ખાતેના ગરીબ જરથોસતીઓને વેંહચી આપવા સારૂં	૧,૨૦૦
કુલ જરથોસતી રવાંણોને અવલમનજલ પોંહચાડવા માટે	૧,૦૦૦
શેહનશાહી ગાહંમબારની થાપણમાં આપેલા..............	૮૦૦

આ બાઈથી થએલી સખાવતની ઉપલી સંખીઆમા .... રૂ ૧૦,૦૦૦ જે ઊંભેરાયા તે મલી કુળ રૂ ૩,૯૮,૫૦૦ જાણવામા આવેઆછે.

જરથોસતી કોમમાં પેહલા દરજાનુ નાંમ રાખનારી આ માનવંતી માવતર આવાંબાઈનાં દુખદાએક મરણથી તેમના ઓલાદાર કુટુંબ ઉપરાંત જરથોસતીની આખી કોમે સખાવતી ખાંણને જે ખોહી દીધીચ, તે તેમને હાથ પાછી આવતાં કોઈ જુગ વહી જવો જોઈએ. પણ એક ઊંમેદ તેમની બરખુરદાર બેટી પીરોજબાઈના થોડાક સદગુણ જે હવડાં વખનાએલા જણાએછે; તે ઉપરથી આસા રેહચ કે, જો કદાપી તે બાઈની હઈઆતી ઓદાતાલા બરકરાર રાખે, અને રેહમનો અંશ તેણીનાં પવીતર જીગરમાં પેવસ થયા કરે તો આગલ ચાલતાં પોતાના નામવર માતાજી સાહેબે હાશેલ કીધેલી કીરતીનો વારશો શેહજમાં તેવણ ઉપાડી સખશે.

શેઠ ખરશેદજી જમશેદજી

અને તેપછે

ધી હાંનરેબલ સર જમશેદજી જીજીભાઇ (બીજા) બારોનેટ, શી. એસ. આઈ.

શકલ ગુણી બાપના આ શકરમી બેટાનો જનમ રોજ ૩ જો માહ ૧ લે શેહનશાહી શાલે ૧૧૮૧ ય० એ મુંબઈમા મુબારક થએલો મુકરર કેહવાએછે. આ પણોતા પુતની પીછાંણુત વીશે કેટલાક અનુભવી સાહેબો હેવું કેહતા આવેઆચ કે, એવણ જનમ પાંમવાની તઈઆરીમાં હતા તારથીજ મરહુમ બારોનેટ સાહેબની દશાખી દનપરદન ચહડતી કલાએ પોંહચવા માંડી હતી. આ સાહેબની કારકીરદીમાં તેવણથી બનેલાં કાંમોની કેફીએત જાહેર કીધા આગમજ આટલું તો કબુલ રાખવું જોઇએચ કે જે ધરંમ ખાતાંઓ તેમના મરહુમ પીતાની સખાવતથી પરકાસતાં રહેઆંચ તેના સંભાલ ઉપર ઘણીજ દીલશોજીથી કોશેસ લેતા માલુમ પડેછે; એટલુંજ નહીં પણ તે સાથે ઈનસાંનપણાની ખરી લાએકાતને આધીન રહી સઘલી વરણની મંડલીઓમાં, તથા સરકાર દરબારમા જે અતીઅંત માન મેલવેચ તે વાતબી આલમમા આસકાર થઈ રહેલીજછે.

એવણના પીતા બેહસતનસીન થયા પછેથી તે મરહુમનો નાંમીચો (બારોનેટનો) બેતાબ સવાધીનમાં લીધો, તેનુ માન બખસનારી આપણી નામવર મલકાંનેમલીકા નામદાર માહરાંણીનો ઉપકાર માનવા માટે આ સાહેબે પોતાના જનમારામાં પેહલવેહલીજ સફર ઈંગલાંડ દેશની કીધી હતી; અને ફકત તેટલાંજ કારણસર રોજ ૬ ઠો માહ ૮ મો શેહનશાહી શાલે ૧૨૨૯ ય० એ ઉપડલી મેલબોટમાં સવાર થઈને થલ મારગ ઓલાંગતા ડેઠ પાએતખતના શેહર લંડન ખાતે શીધારેઆ હતા; જાંહાં સહી વ સલાંમત પોંહચેઆ પછે, ઈંડીઆ ખાતાંના "સ્ટેટ સેક્રેટેરી" સર ચારલસ ઉડ (હવડાં લારડ હાલીફાકસને નામે ઓલખાએછે) ની મારફતે રોજ ૨૯ મો માહ ૯ મો શેહનશાહીએ નેક નામદાર માહરાંણી વીકટોરીઆના દરસણ લીધાં; અને તેહવીજ ભેટ તારબાદ સ્કાટલાંડના પાએતખત શેહર એડીનબરો ખાતે મોટાં આદરમાંનથી એ નામવરે બીજી વાર લીધી હતી; પણ તે માંનમાં એક અચરતી ભરેઓ હુંભેરો અનચીતઓ હેવો થયો કે, તાંહાંની ૭૮ મી હાઈલાંન્ડર (ઘાઘરાવાલી) રીજમીટના સઘલા અમલદારો તથા સોલજરો, આ હીંદી ઊંમરાવની મુલાકાતે તેમના મકાંનપર ગયા હતા. એ ઉપરાંત તાંહાંના કેટલાક ઊંમરાઓ, તથા નાંમાકીત ગરહસથોની મુલાકાતથી આ મુસાફર સાહેબને અછી રાહેત હાંસેલ થાતી હતી. તે તરફની જાહેર સભાઓ તથા અચરતી પામવા જોગ મકાંણો વગેરેની ભેટથીબી આ સાહેબે દરએક ઠેકાંણે મોટું માન મેલવેઊં હતું; એટલુંજ નહીં પણ છ મહીનાની ટુંક મેહમાનદારી અગણીત હોરમત સાથે પસાર કરીને તાંહાંથી રવાંણે થાએલા ૧૨૩૦ ના શેહનશાહી ૪ થા મહીનાને ૪ થે રોજે પોતાના પેઆરાં પરીવારમાં ખુશી ભરેઆ પાછા આવી મલેઆ હતા.

બીજી મુસાફરી કલકતા ખાતે જારે આપણી માનવંતી માહરાંણીનો બીજો પુતર નેક નાંમદાર શાહજાદો આલફરેડ હોંદની પેહલવેહલી ભેટ માટે આવેઓ તારે તેના દીદાર જોવા તથા તેને મુંબઈ પધારવા માટે પરજા તરફનુ નોતરૂં દેવાના હેતુથી પોતાના બે દીકરાઓ શેઠ માંણેકજી તથા કાવસજીને સાથે લઇ રોજ ૧૬ મો માહ ૩ જો શેહનશાહી શાલે ૧૨૩૯ ય० એ આગ ગાડીની મારફતે શીધારેઆ હતા; જાંહાં સઘલે ઠેકાંણે પોતાના દરજ્જા પરમાંણેનુ મોટું માંન મેલવીને તાંહાંથી હીંદુસ્થાંન માંહેલાં નાંમીચાં શેહરોની શેલગાહ માટે તે તરફ નીકલી ચાલિઆ હતા; પણ મારગમા કોઇક ઠેકાંણે તેવણના મેહરબાંન માતાજી સાહેબ (ડોવેજર લેડી આવાંબાઇ) ની બીમારી એકાએક ઘણી વધી ગયાની દલગીરી ભરેલી ખબર તેવણને જેહવી મલી, તેહવાજ બધી મોજ મજાહ પડતી નાખીને પરભારા મુંબઈ ખાતે રોજ ૩० મો માહ ૪ થે પાછા ફરી આવેઆ પછે, તરીજીવારની લાંમબી મુસાફરી કરવાનો સબબ હેવો થયો કે, નામદાર ગવરનર જનરલ બારણ નારથબરૂકે આગરા ખાતે રાજવંશી-ઓની મોલાકાત લેવા માટે જે દબદબા ભરેલી દરબાર ભરી હતી, તેની રચ-નામા સાંમેલ રેહવા સંબંધી તે નામદારે કીધેલાં નોતરાંને સવીકારી પોતાના તરણ દીકરાઓ ઉપરાંત પીછાંણવાલા પુરૂશોના રીસાલા સહીત ય० ૧૨૪૩ ના શેહનશાહી બીજા મહીનાને ૨૧ મે રોજે, આગ ગાડીમા સવાર થઈ શીધારેઆ હતા; જાંહાં આપણા લાએકીવાલા સરસુબાએ, તથા અનેક કીસમના અમલ-દારોએ, અને કેટલેક ઠેકાંણેના રાજીઅ કરતાઓએ આ ઉમરાવની માનપુરવક મુદારા કીધેલી કેહવાઇછે. એ ટાંકણે સારો અવકાશ મલેઆથી આ સાહેબ હીંદુસતાનના ઘણાક જાણીતાં દેશો તરફ ફરી વલીને દોહડેક મહીના સુધી તાંહાંની આબાદીથી ખુશી હાંસલ કરી લીધા પછે પોતાના પરીવારોમા હસતે મુખડે આવી ભેટેઆ.

માન ભરેઆ ખેતાબના દરજ્જાની જાલવણી માટે આગમજથી નોખા કાહડેલા ઉપરાંત બાપીકા વારસામા આવેલી સાથે પોતાની પાશેનો ખાંનગી દઊલત જે હોએ તે સુધાં આપણા આ બીજા બારોનેટ સાહેબ લગભગ અધ કરોડની નાંમીચી પુંજીનાં ખરા માલેક થયા હતા; અને તે પુંજી વલી દર વરશે મુબલક ઉપજ ઘેરમાં ચાલી આવે તેહવી કીસમની દુહજતી ગાએ જેવી હતી; જે સહ્રલી સચવાઇને વધેઆ કીધી હોતતો, તેમાંથી મોકલે હાથે ફરાગતી સાથે સારાં કાંમોમા ખરચતાંબી આજ દનસુધી તે દરવીયનો દરંગ કરોડની ઉપરનુ કઉઅત પકડતે; પણ આ લખનારને જેમ અતીઅંત દલગીરી ઉપજેચ, તેમાં સાચાંનાં સરીગતોબી સાંમેલ થયાવના નહીંજ રેહતાં હશે કે, પેલા નાસકારક અને એબલગાંમના સટ્ટાના પરપોટાઓ હુભા કરનારા કેટલાક ગારોરીની નજર બંદીમાં પોતાની જાતી ચંચલાઈ સાથે ઘણા વરસો તુલીક જોએલા કચકાંઈ કાવાદાવાનો અનુભવ તેમના ભાએગે ભુલાવેઆથી એકેદમ ફસી પડેઆને લીધે જે શુલતું હતું, તેનુ ઉલતું હેવું બનેઊં કે શેહજવારમા દોલતનો મોટો ભાગ ઘસડાઈ ગયાથી પોતીકા મરહુમ પીતાના પગલાંપર ચાલીને કેટલાંક નેકનાંમીના

રૂડાં કાંમો કરવા ધારેલી સઘલી ઊંમેદ તેમનાં દીલની અંદરજ રહી ગઇ. હાવાં ફસાંનમાથી નીકલવા બાબેનો પતાવસ કરતાં આ અશીલ તોખમનાં ગંભીર ઊંમરાવને અતીઅંત મેહનતમાં થોડુંક સુધી જે વીટલાવવું પડેશે, તેમા ખોદાતાલાની બખસેસ તથા મરહુમ બારોનેટ સાહેબના માહપરતાપી પુણની ઇઆરીથી બની તેટલી જાતી કોશેસ વગે લગાડીને પોતાને માંથે ભમેલું તોફાંની વાદલ વીખરી નાંખેશેં, માટે સત રેહમતછે તેમની હીંમતને કે ગઈ ગુજરેલીનો કશોબી ગંમ યાદમાં નહીં લેતાં પોતાના ખેતાબને જેબ આપનારી થાપણ જે કાએદા મુજબ સચવાઈ રહેલીછે, તે ઉપરજ કનાહેત પાંમીને મોઠી જાહોજલાલી ભરેલી હોરમત સાથે સંસાર ચલાવતાં પોતાની તથા પરાઇ કોમને સદા રાહેત આપેછે.

શેહર સુધરાઈ ખાતાંની સંફમા આ સાહેબ જોકે ઘણી મુદતથી સુલેહના અમલદાર તરીકે સમાઈ રહેલાજછે, પણ તે ઉપરાંત મુંબઇની પરજા માંહેલો મોટો ભાગ એવી ખાએસ દેખાડવા લાગો કે, આપણા આ હીંદી બારોનેટ સાહેબ કોઈબી રાજદુઆરી ખાતાંમા અતલગનો સંબંધ રાખે તો તેથી જરથોસતી ટોલાને આ નાંમવરનાં માંહધરમી પીતાની ઓહધ ખુબીથી જે માંનછે, તેમાં બેવડો હુંનેરો થાએ; અને બીજું એકે સઘલી પરજાનાં હકબી સચવાએ. મુરાદ મુજબ તેહવો હીંગાંમ જારે આવી પોંહતો તારે રોજ ૨૪ મો માંહ ૧૧ મો શેહનસાહી સાલ ૧૨૩૯ ને દીનેથી આપણાં માનવંતા ગવરનર નેક નાંમદાર સર શીમોર ફીટઝરલડનાં દાહાપણ ભરેઆ ઊંમદા થેડાવથી આ ઊંમરાવને મુંબઇની "લજીસલેટીવ કાંઉનશીલ" ઇઆને દેશનાં બંદોબસત સારૂં સરકારી ધારા બાંધનારી પવીતર સભા અંદર મોટી ખુશી સાથે દાખલ કીધા; અને તાંહાંની બેઠક મલેઆથી તેવણનાં ખેતાબમાં "ધી હાંનરેબલ" નો એક માંન ભરેઓ બીજો વધારો થયો; અને તે વીશેની ખુશખબરી આલમે જારે જાંણી તારે આ ગંભીર સવભાવના માનવંતા અકાબર સાહેબને તે વીશેની ખરાં દીલથી મુબારકબાદી આપવામાં આવી; એટલુંજ નહીં પણ સરવે કોઈ એકી આવાજે કેહવા લાગા કે, બીજા શેઠીઆઓ સાથે સરખાવતાં કાંઉનશીલના ઓહધા ઉપર બીરાજવાનો સઉથી પેહલો હક સર જમશેદજીનોછે; અને તેહવો હક વાજેબીની રાહે તેવણને મલેઆથી જોવાનુ માતરે એટલુંજ બાકી હતું કે, આ સાહેબ કાંઉનશીલર તરીકે હવે કેહવો આકાર પકડશે; અને તે માટે હેવીબી આસા રખાઇ હતી કે, હાવા મોટા ઓહધાની રૂહે શેહરી ભાઇઓના હક સંભાલી તેઓની જોઇતી હાજતો બાબે રાજકરતાઓને વાકેફ કરવામાં પણ સવતંતરપણાથી પુરતી ચાલાકી બતલાવતા રહી ગરીબ આલમ ઉપર જેહવી મીઠાસ ભરેલી રેહમ નજર આપણા મરહુમ બારોનેટ સાહેબ કરી ગયાચ, તેહવીજ નેક નજરથી તેમના આ રાપુત અને શકરમી સાહેબજાદા સરવેની દાદને પોંહચશે. પણ આ સાહેબની પેહલી નેમણુકની મુદત પુરી થઈ તાંહાંતુલીકની કારકીરદીમાં ગરીબોના રક્ષણ માટે રખાએલી આસા જાહેરમા આવેલી હકીકતેથી જે નીસફલ ગઇછે, તેમાં એકતો શેહર શુધરાઈ ખાતાંના માજી કમી-

સનર મી° કરાફરડે કરી મેલેલા કેટલાક ધુંટાલાની વીરૂધ સુલેહના અમલદારોની સભા અંદર જોસા જોશીપર ચાલતી ભાંજગડવેલા પરજા-મત હેવું બોલાયું હતું કે, બનેઊં તાંહાંસુધી આ સાહેબે તેનીજ પક્ષ ખેંચેઆથી આલમના લાભની કાંઇજ દરકાર કીધી નહીં; અને બીજું એકે ધારા બાંધનારી સભામાં બે વરસની મુદતસુધી બેશુમાર કાએદાઓ પસાર કરવા સંબંધી થએલી તકરારો વચે આ સાહેબે પરજાની તરફમા પોતાનો મેહરબાંણી ભરેઓ આવાજ બીલકુલ કાહડેલો કદી સંભલાયોજ નોહતો. એ બાબદસર હમારી તરફથી કાંઇબી કહીએ, તે કરતાં આપણી ટાપુ બાતે સરવેથી પુરાંના અને પેહલવેહલાં પરશીધ થએલાં "મુંબઇ સમાચાર" નામના ગુજરાતી પતર મધે તા° ૧૭ મી જુલાઇ ૧૮૭૨ નાં આંકમાં તેના ચાલાક અધીપતીએ "મુંબઇ ઇલાકાની ધારા સભા, અને દેશી સભાસદો" નાં સંબંધમાં સમાવેલી બીના માહેલાજ ફકરાને આ નોંધમાં દાખલ કરવાનુ દુરસત વીચારીએછે. એ ફકરાની સરૂઆતમાં ધી હાંનરેબલ સર અબદલ્લા દાઉદસાસુન શી. એસ. આઇ. ની કારકીરદીનુ થોડુંક વરણન કરી રહેઆ પછે, તેમની પાશે આપણા આ સરીમંત સાહેબને લેતાં હેવું જણાવેઊછે કે "તેમને જાતે ઓલખનારા સાહેબો જેવા કે "મી° જમશે-"દજી પાલનજી કાપડીઆ તેમની કાબેલીએત માટે ગમે તેહવી અજમાએસ "ધરાવતા હોએ તોપણ તેઓને જેટલા ગવરનર સાહેબને રાજી કરવાને ખંતી "આપરે જોયાછે, તેટલા પરજાના લાભ બાતર ખંતી જોયા નથી. આ લા-"એકીવાલા પારશી બારોનેટને મંડલીના શીનગાર તરીકે કબુલ રાખીને, તથા "તેમની તરફનુ પુરતું માન ધરાવીને હમો જણાવીએછે કે, તેમને માટે પરજાનુ "ખરૂં, અને અંદરખાંનેનુ મત જોતાં પરજાના લાભ સંબંધમાં સરકારના મતની "વધારે દરકાર કરતાં તેવણ વારંમવાર જોવામાં આવેછે; અને ધારા સભામા "તેનાએ (પેહલી નેમણુકની) બેઠક લીધા પછે તે (પોતાના આગલાં) મતને "ફેરવવાનો સબબ આપેઓ નથી."

આ બાબદમાં ઉપલાં મતને મલતો પરજા તરફનો આવાજ જે ચોમેર ફેલાઇ ચુકેલોછે, તે મરમાંણે તેવણનનાજ વીચારથી દેશીઓના વાજબી હકને જો હરકત પોંહચી હોએ તો, તેનો બંગ વાલી આપવા થકી એક બીજી તક તે નાંમદારને તારબાદ જે પાછી હાથમાં આવી, તેનુ થોડુંક પરીણામ રૂડીપેરે પાર ઉતરેલું આપણ જોઇબી શકેઆચ કે, સભાસદોની મુદત પુરી થયા પછે બીજા અધીકારીઓની નવી નેમણુક કરતાં નામદાર સર ફીલીપ ઓડહાઉસની ડાહપણવાલી સરકારે એજ સાહેબને પાછા પસંદ કરી ધારા બાંધનારી સભા અંદર રોજ ૨૩ મો માહ ૧૧ મો શેહનશાહી શાલે ૧૨૪૧ થી બીજીવારની બેઠક આપેઆ પછે, શેહર સુધરાઈ સંબંધી ઇ° સને ૧૮૬૫ માં બંધાએલો બીજો ધારો પાછલથી ખામી ભરેલો જણાયાને લીધે ૧૮૭૩ નો તરીજો ધારો જારે નવેસરથી બાંધવામાં આવેઓ, તારે તેની તપાસ માટે બીજા સભાસદોની મુઆફેક આગલી બેઠકોમાં આ માનવંતા સાહેબ પોતાની ઉપર કુટંબ સંબંધી અકસમાત આવી પડેલાં દુખને લીધે હાજર થઈ રાખેઆ નોહતા; તોપણ

સાંભલ્યા પરમાંણે તે અંનગમતા નવા ધારાની સઘલી કલમો બેવાર વંચાયા ઉપર પરજા તરફથી ધી હાંનરેબલો મી૦ ફારબસ, બાઇડલ, મંગલદાસ નથુભાઈ અને નારાએણ વાશુદેવજીએ ડાહપણ ભરેઆ દાખલા દલીલોથી જે ઘટતી રીતે બાથ લીધી હતી, તે મતને આ સાહેબે સઘલી પાંતીએ સવીકારેઆં હતાં; તો જોકે તેહવું છતાંબી સભાસદોનાં વધુ મતથી તેઓની ઘણી ખરી તકરારો પસાર થઈ નોહતી. એજ પ્રકારે પડેલું બીલ ફરીથી તરીજીવાર તા૦ ૧૭મી અકટોબર ૧૮૭૨ ને રોજે જારે વંચાયું, તારે તે વખતે ઉપર જણાવેલાઓ માહેલા બે હીંદુ ગરહસથો બીમારીને લીધે ગેરહાજર હતા; પણ આ નામવર નરે બીરાજીને જે કારણસર આગલી બેઠકમાં નહીં અવાયાની ખોલાસા સહીત દલગીરી દેખાડ્યા પછે, પોતાના સવતંતર વીચારો કહી સંભલાવેઆ કે "આ "બીલની તરફેન મત તેનાઓ આપી સખતા નથી; અને લોકોની મરજી વી- "રૂધનો હાવો ધારો પસાર કરવાની જરૂરબી નથી." એટલું છતાં પણ જો કે ઉપર જણાવેલો પરજાને અનગમતો ધારો તરીજીવાર વંચાઇને વધુ મતથી પસાર થયો; તોપણ તે માહેલી કેટલીક બાબદોમાં પાછલથી જે ફેરફાર કીધેલો કેહવાએચ, તેના રૂડાં વાનાનો પરતાપ કંઈક દરજે આ શાકરમી સાહેબની કોશે-સથી સહમજીને સઉએ સંતોસ પકડવો જોઇએ. તાર બાદ ધારા બાંધનારી સભામાં, મરણ પામેલાંઓની લાસને ઠેકાણે પાડવાની જગાઓ નકી કરવાને લગતું એક બીલ રૂજુ થયું હતું તારે તે બીલની ખામીઓ ઉપર સખત ટીકા કરતી વેલા કેહચ કે આ બાહાદુર બારોનેટ સાહેબે પોતાનાં બોલવા તથા ટીકાને મજબુત કરવા માટે પારસીઓનાં દોખમાં બાબે ઈ૦ સને ૧૮૫૫ માં નીકલેલું એક હોકમનાંમું પણ સભાની હજુરમાં વાંચી સંભલાવી તે બીલની સાંમે જબરી બાથ ભીડી હતી.

પેહલીવારની બેઠકના બે વરસ સર જમશેદજીએ સુગે સોહડે જેમ પસાર કીધેલાં કેહવાયાંચ, તેમ બીજીવારની નેમણુક તેહવીજ રીતે અકારત નહીં ગયા વીશેના દાખલામાં તેણાનો ઉપર જણાવેલો આવાજ પરજાની તરફેન જે પેહલવેહલો ઉતરેઓછે, તેજ સાખશી તેમની કીરતી ગજાવવાને કાંઇ કમતી નથી.

ઉપર જણાવેઆ મુજબ કાંઉનશીલરની પેહલી નેમણુક બરકરાર થઈ, તેની વલતે શાલ ૧૨૪૦ ય૦ ની અધવચમાં આપણી નેક નામદાર માહરાંણી તરફથી આ ઉમરાવના માનને છાજતો "કંમપેનીઅન આરડર આવ ધી સતાર આવ ઈનડીઆ"નો નામીચો, અને જેબદાર બેતાબ જે એનાએત થયો તેથી તેમનાં અગણીત દરજ્જામા આટલો વધારો વીશેરા હુંભેરાએઓ; અને તે દાહાડા પછેથી આ સાહેબ "ધી હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારો-નેટ, શી. એશ. આઇ. ના એલકાબથી સરસવતીની પીછાણમાં જેમ આવી ચુકા, તેમ તેટલા એલકાબો ઘણી લાંમબી જીંદગી સુધી સુખચેનથી જીવીને સદા ભોગવતા રેહ. એ છેલ્લો બેતાબ સપુરદ કરવાની કીરીઆ રોજ ૧૩ મો માહ ૮ મો શેહણશાહી શાલે ૧૨૪૧ ય૦ એ પરેલખાતેના સરકારી મેહ-લમાં એક દબદબા ભરેલી દરબારની હજુર તે વખતપર ઓહવો છોડી જનારા આપણા માનવંતા ગવરનર ધી રાઇટ હાનરેબલ સર સીમોર ફીટઝીર-

લઈ નવા આવેલા (હવડનાં) ગવરનર સર ફીલપ ઓડાહુરાને પોતાની પાશે રાખી કીધી હતી; જેની માન ભરેલી નીશાણીનો ચાણ પેહરાવતી વેલા આ નામવરના કુટંબની લાએકી ભરેલી સ્તુતી કહી સંભલાવતાં એ એતાબને લાંમબી ઉંમર સુધી જીવીને ખુશી સાથે વાપરવાની નેક દુવા ચાહી હતી; અને તેનાં બદલામાં આ સાહેબે સુભાખીત ભાશાણથી મેહરબાણ માહરાણીનો બેહદ ઉપકાર માણીઓ હતો.

સખાવતનાં બાબમાં જો કે આ સરીમંત સાહેબ પરજાના વીચારેઆ પરમાણે જાહેરમા જાહાજા દેખાયા નથી; તોપણ જેટલી ખબર હમારી જાંણમાં આવેલી છે, તે ઉપર સંતોશ પામીને કેટલીક બાબદસર જે કાંઈ રકમો સખીપણાના ઉપીયોગ સારૂં તેનાએ વાપડી છે, તેની હાથ આવેલી એક ટીપ વાંચનારી આલમની વાકેફકારી માટે નીચે નોંધી લઈએછે.

૧૨૨૪ મા, લંડનખાતે પેટરીઆટીક ફંડની મદદમાં પોતાના મરહુમ પીતાની હઈઆતી છતાં આપેલા..............	૨,૫૦૦
૧૨૨૯ મા, લંડનખાતે "રાએલ નારાનલ લાઈફબોટ ઇનસ્ટીટીઉશન"ની મદદસારૂં મોકલાવેઆ હતા, પણ તેની સંખીઆ સાંભલવામા આવી નથી....	
૧૨૩૦ મા, વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજી મરણ પામેઆ તારે તેવનનાં પુન માટે ગોદીખાતેનાં ગરીબ સુથારોને વખતસર ઓડો મુસારો મલવા માટે ઉભી કીધેલી થાપણની મદદમા આપેઆ.........................	૧,૧૦૦
૧૨૩૦ મા, મરહુમ સર જમશેદજીને લંડન શેહરના શીટીજેનનો માન ભરેઓ આજાદગીનો એતાબ મલેઓ હતો, તેની ઇઆદગારી માટે આ સાહેબ જારે લંડનખાતે હતા તારે તાંહાંના લારડ મેઅર ઉપર જુદાં જુદાં ધરમખાતાંઓમા વેંહેંચી આપવાસારૂં મોકલી આપેલા પાંઉડ ૨૦૦ તેના....	૨,૦૦૦
૧૨૩૩ માં, પોતાના પરમારથી પીતાની સખાવતથી દેશાવરો ખાતે ચાલુ કીધેલી શાખા સ્કુલોમાથી લાએક વીદેઆરથીઓ જે મુંબઈની મુખીઅ સ્કુલમા અભીઆસ કરવા આવે, તેઓને માટે ચાર સકાલરસીપની સ્થાપણાસારૂં સખીદીલથી આપેલા.	૧૦,૦૦૦
૧૨૩૪ મા, કલકતાખાતે થાએલા ગજબનાક તોફાનમાં તાંહાંના લોકો જે બીરગસત હાલતે પોંહતા, તેઓને આસરો આપવાનાં હેતુથી ટાઉનહાલમા ભરાએલી એક દબદબા ભરેલી સભાનાં સરનશીનની ખુરશી સઘળા સભાસદોનાં એકમતથી આ સરીમંત સાહેબને આપવામાં આવી હતી; જે વીશે રેવરેંદ મી૦ ફલેચરે હેવી ઉલટથી કહી સંભલાવેઉં હતું કે "હાવી મોટી સભામાં જાંહાં મોટા દરજ્જાના યુરોપીઅનો, "તથા દેશી શેઠીઆઓનો બેસુમાર જમાવડો થયોચ, "તેમાંથી હાવો એક નામીચો નર પરમુખની ખુરસીએ બી-	

"રાજેઓ તેનો આ પેહલવેહલો* દાખલો બનેઓછે; એટ-
"લુંજ નહી પણ તેથી ગેયા એક નવો સને ચાલુ થયોછે."
એ સભાનુ કામ આ ઉમરાવે ઘણીજ ચંનચલાઈ સાથે
ચલાવેઆ પછે થએલાં ઉઘરાણીની ટીપમાં પોતાની તરફથી
જે રકમ તેનાએ ભરી હોએ, તેપણ માલુમ પડી નથી ....

૧૨૩૪ મા, ખરીસતી લોકોનાં નાતાલના તેહવાર ઉપર ભાંએખ-
લાની સ્કુલમા શીખનારા ખરીસતીઓના છોકરાઓને ખંડા-
લાની શેહલઘાએ ગંમત માટે મોકલાવેઆ તેના ખરચ સારૂ
સખીપનાથી આપેલા ૫૦૦

૧૨૩૭ માં, પુણા મધે દખણ કાલેજની એમારત બંધાઇને તા૦
૧ લી જાણીવારી ૧૮૬૮ થી વીદ્દઆરથીઓના ઉપીયોગ માટે
ખોલ્લી મેલવામાં આવી, જે આ સાહેબની એક ઉતમ
ઇઆદગારીને જેબ આપતી જણાએ છે તે ઉપર ખરચાએલા. ૧,૨૫,૦૦૦

૧૨૪૧ માં, સર કાવસજી જાંગીર નાઈટ; શી. એશ. આઈ. નુ
બાહવલું બનાવી મંગાવાસારૂ થએલાં જાહેર ઉઘરાણાની
ટીપમાં ભરેલા ૫૦૦

કેટલાંક પરચુટણ ખાતાંઓને નાહાની રકમો બખશેશ તરીકે આપેલી
જણાઇચ તેની એકંદર સંખીયા...................... ૮૫૦

જેટલી રકમો જાહેરમા અપાએલી જણાઈચ તેનો સરવાળો રૂ ૧,૪૨,૪૫૦
નો માલુમ પડેઓછે; અને તે ઉપરાંત જે સખાવત વધુ થઈ હોએતો તે બ-
ચીત કરી જુદીજ કેહવાવી જોઇએ.

આ ઉમરાવના માનમાં જેમ જેમ વધારો થતો દેખાએચ, તેમ
પરજાને સારી રાહેતખી ઉપજતી જણાવવી જોઇએ કે હાલનો આપણો નવો
સરશુબો બારણ નારથબરૂક પોતાની હકુમતપર બીરાજવા માટે કલકતે જવા
સારૂ શાલે ૧૨૪૧ ય૦ મા પેહલવેહલો અતરે પધારેઓ હતો, તે વખતે શેઠ
રૂસતમજીના મરણનો અતીશીઅ સોગ હોવાને લીધે દબદબા ભરેલી રીતે જા-
હેરના મેલાવડામા આ સાહેબ મલી શખેઆ નોહતા; પણ તે નામદારની રવાં-
ણગી ટાંકને સાંભલેઆ પરમાંણે સરકારની ખાએશ ઉપરથી પોતીકા બે બેટાઓને
સાથે લઇ પરેલના સરકારી મેહલમાં ખાંનગી રીતે મુલાકાતે ગયા હતા; જાંહાં
એકાદ કલાક સુધી બેહુ નામદારોએ એખલાસથી વાતચીત કરતાં, તેમનાં
પેઆરા ભાઈના મરણ વીશે લારડ સાહેબે પોતાની ઘણી દલગીરી જણાવેઆ
પછે તે બેહુ સાહેબો એક બીજાથી છુટા પડેઆ હતા; અને જેવું માંન આ-
પણા આ હીંદી બારોનેટને મેહલમાં દાખલ થતાં આપેલું, તેહવીજ હોરમત
સહીત તાંહાંથી તેમને રૂખસદ કીધા હતા.

* જાહેરની મોટી સભા અંદર સરનશીનપણાનુ પેહલવેહલું માન આ સરીમંત
સાહેબને ઇ૦ સને ૧૮૬૪ ના મારચની ૯ મી તારીખે મલેલું હતું. જોવો આ પુસ-
તકને પાંને ૯૨ નો બીજો ફકરો. નો૦ લે.

પારશીઓનાં ધરમ ખાતાંની પુંજી જાલવનારા અકાબર સાહેબો મધે મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈનુ પેહલું નાંમ હતું, તે તેવણના ગુજરી ગયાથી ખાલી પડેલી જગેઆ પુરવા સારૂં બાકી હઈઆત રેહેલા તરસટી સાહેબોએ તે મરહુમ શેઠના આ માનવંતા વડા ભાઇ સાહેબને એકમતથી ચુંટી કાહડેઆ; અને તે સંબંધી તેવણ ઉપર એક લાએકી ભરેઓ પતર લખીને હેવી સોચના ગુજારી હતી કે "તમો નાંમવર સાહેબના નેકબખત "કુટંબો તરફથી ધરમ ખાતાંની પુંજીને મોટો આસરો મળતો આવેલોછે, તેની "યાદગારીમાં હાલનો વહીવટ ચલાવવા માટે તેઓની સાથે સાંમેલ રેહવાનુ "કબુલ રાખવું." એના જવાબમાં આ ખુબીવંતા બારોનેટે એક ઘટતો કાગલ લખી ઉપલો અધીકાર, ઉપકાર સાથે બાહાલ રાખતાં હેવો ખોલાશો કીધો હતો કે "પંચાએતના ફંડના તરસટી તરીકે સાંમેલ રેહવામાં તેવણની પોતીકી ફરજ "છે, અને જરથોસતી અનજુમનની ખીદમત બજાવવામા તેવણ મોટું માન "સહમજેછે." આ લાએકીવાલા ઊંમરાવનો હાવો વીચાર તે વખતે ઘણોજ તારીફ લાએક થડેઓ હતો, તે એટલા ઉપરથી કે તેમનુ પંકાએલું ખાનદાન અસલથીજ જરથોસતી ટોલાને માથે એક સરદાર તરીકે જે વખણાતું આવેચ તેમા આ સરીમંત સાહેબની સાંમેલગીરીથી તો હમદીનોને સારી સોભા સદા મલતીજ રેહશે; અને તેમ થતુંબી દેખાએછે, પણ વચમા નડેલી એક દુખ ભરેલી વાતથી તે ફીરકાને હીનપસતી પોંહતેલી જાહેરમા જે જણાઈ આવીચ, અને તે બાબેનો દોસ આ શેઆનપતના શાહને સર ચોંટાડવાનુ જેઓ ચુકેઆ ન હોએ, તેઓને વાસતે દરએકના વીચારને વસવસામા નાખવાની કશીબી મતલબ ધરાવેઆ વીના, અને આ બીલંદ શીતારેના બારોનેટ સાહેબ તરફ પુરતું માન રાખી સહમજ સકતી મુજબનો ખોલાશો કરવા ચાહીએચ, અને બુધીવંતા બાહોસ સજનોએ તેને સવીકારવુંબી જોઈએ કે, જરથોસતીઓના રવાંણોને શેવટની મનજલે પુગાડવાના સરવેથી પવીતર મકાંણો જે દોખમાઓને નામે પરખેઆતછે, તેના ચોકમા ફકત એજ મજહબવાલાઓ શીવાએ કોઈબી કોમના સખસથી તે મકાણના મુતવલીઓની પરવાંનગી મેલવેઆવના દાખલ થઈ સકવાનો કાએદા મુજબ કશો હક અથવા અખતેઆર હોએજ નહીં; તાંહાં આપણી પંકાએલી પોલીસના સુપરીનટેનડેંટ મી૦ શુટર જેવો શેઆંનો સરદાર, જે જગા ઉપર ઓઠી ખતપટ ઉઠાવનારાઓની વાત સારી પથે જાંણેઆ છતાં, દીન દુસમેન દાવાદારોની ઉસકેરની* ઉપરથી પોતાની ફોજ લઈને બેધડક ઘુશી ગયો, અને નામદાર માહરાંણી તરફ સદા વફાદારી દેખાડનારી અશીલ કોમના કેટલાક જરથોસતીઓ જે બંદગી કરવા માટે તાંહાં ભેગા થયા હતા, તેઓને બલવાખોર તરીકે પકડી બેહોરમતી સાથે કેદ લઇ ગયો હતો. આ બાબદનો ફેસલો તો જોકે ફોજદારી મોટી અદાલતમા બધા બંધવાઓની તરફ થયાથી તેઓની શોભા સારી પેડે સચવા-

* એ બાબેની વીગતવારે ખીના આ મુંબઇના બાહરનાં બીજાં પુસતકમાં તેની ઘટતી જગોએ વીસતારી દાખલ કીધામા આવશે. નો૦ લ૦

ઇછે, પણ જે લોકોએ ધરમના ઉપલાં મકાંનમા જઈને આ સાહેબના આખા ફીરકાને હીનપસતી ભરેલ આપમાન આપલ, તે બાબે નામદાર સરકારની શેવામા ફરીઆદ ગુજારવાની અરજ પાંચ હજાર પારશીઓએ તેઓની અનજુમનનાં માનવંતા પાંચ અકાબરો (જેઓમા આ સરીમંત સાહેબ પરમુખછે) ને જે કીધી હતી, તેનો તેઓ તરફથી ફરી વલેલો જવાબ અરજદારોને જેમ બીલકુલ નાપસંદ પડીઓ, તેમ તેઓની ઇચ્છા મુજબ અકાબર સાહેબો નહીં ચાલીઆ તેમાબી એક સાચો સબબ સમાએલો એવો સહમજાએચ કે, નામદાર સરકારે પોતીકા શેવકના હએવાલો આગમજથી સાંભલીને તેઓની બાહાધુરીના ફુકાએલાં બાંકાં સંબંધી જે સાબાશીઓ આપેલી હતી, તેહવા તાતા હીંગાંમપર આ સાહેબે કદાપી કાંઇબી ઉપાએ લીધો હોતતો તે કોઇબી રીતની રૂડી અસર કરી સકતેજ નહીં. આટલુંતો બઇછે કે તેઓના હસતકમા આવેલાં ધરમના મકાંણો માહેલા જે ભાગને જબરીથી કબજ લેણારા દાવાદારો તરફથી રમખાન ઉભું થવાની તઇઆરી જારે માલુમ પડી, તારે લોકોના વીચારવા મુજબ તેજ તકે આ માનવંતા સાહેબે નામદાર ગવરનરના કાનપર વાત લઇ જઇને પોલીસ ખાતાંને તે તંટામા લાભ લેતી અટકાવાની તાકીદ કીધી હોતતો તેનાની રૂડી કોશેસથી જરથોસતીઓની જાહો જલાલીને કશી જાંહાંખ પોંહચતેજ નહીં. વધણમા પડેલી જગેઆ બાબેનો દેવાંની દાવો જે સાહમના સખશો ઉપર ચાલેછે, તે મુકદમા સંબંધી સાંભલવા પરમાણે જારથી બએડો સરૂ થયોચ, તારથી બીજા ભાઇબંધ અકાબરોની સાથે સાંમેલ રહીને આ સાહેબ સરવેથી સરસ મેહનત એવીતો ઉલટથી લીએછે કે, તેનુ પરીણામબી વકી રાખેઆ મુજબ અંતે રૂડીજ પેરે તેવણ લાવી આપશે; અને તેટલાજ માટે તેની આગમજ એક તરફની વાત સાંભલેઆથી ઉસકેરાએલી સરકારની સાંહાંમને સીંગડાં દેખાડવાનુ ના મુનાશેબ સહમજી અરજદારોને એવો જવાબ વાલેઓ હોત કે "ભાઇઓ આ દુખ ભરેલી ભાંજગડ બાબેના "દાવાનો ફેસલો થયા પછે જો જરૂર જેવું જણાશે તો, તમારી એલતેમાસને "અમલમા લાવવા ઉપર ધેઆણ આપવામા આવશે, માટે તેટલા વખત સુધી "સંતોસ પકડવો જોઇએ;" તો તેથી તેઓને મોટો સધીઆરો, અને આ સકરમી સાહેબને તે બાબેની સાબાશીબી મલતે; પણ પરજાના પારલબે તેથી ઉલટો સંજોગ ઉતારેઓ, તેની ખફગી પકડેઆ કરતાં આ નામીચા નરની રૂડી કોશેસથી વાંધામા ફશેલી જગેઆ ઉપર તેઓનો વાજેબી હક કાએદાની રેહે ઉસતવાર થાએ તે બાબે પરમેસવરની પરારથના ગુજારવી સરવેને સજાવારછે.

હીંદ ખાતેની અંગરેજી હકુમતનો સરસુબો નાંમદાર બારણ નારથબરૂક, જોકે પેહલવેહલી પધરાંમનીમાંજ એકવાર પોતાના નેક દીદા આપણને જે દેખાડી ગયો હતો, તેહવોજ રૂડો હેતુ જીગરમાં ધારીને પોતાના ઓહધાની રેહે આખું હીંદુસતાંન ઓલાંગતો આપણી ભેટ માટે બીજીવાર ઇ૦ સંને ૧૮૭૨ નાં નવેમબરની ૧૪ મી તારીખે હીંઆં આવેઓ, તારે તે વખતની રચણાંમાં આપણા આ હીંદી ઉંમરાવે જાહેર રીતે સારો ભાગ લીધો હતો. તાર બાદ

મજકુર ગવરનર જણરલ હીંઆંથી છેલી રૂખસત લઈને પુણે શીધારેઓ, તાંહાં તેજ મહીનાની ૨૫ મી તારીખની સાંહાંજરે લસકરની લડાએક રમત જોયા પછે નામદાર ગવરનર સર ફીલીપ ઓડાહુસ તથા રેસાલાના અમલદારો સહીત આપણા આ લાએકીવાલા ઊંમરાવ (જે હીંઆંથી તેજ વખતે તાંહાં શીધારેલા હતા) ના મેહલમા તેની મુલાકાતે પધારેઓ હતો; જાંહાં આગમજથી નોતરેલા કેટલાક દેશી શેઠીઆઓબી તેમાં સાંમેલ રહેલા હતા; અને તેથી કરી તે વખતનો મેલાવડોબી દબદબા સાથે રઅણા ભરેઓ શોભેઓ હતો; કારણ કે જેમ મેહલની અંદર તેમજ બાહેરના બગીચામા રોશાણીને થારેથાર ગોઠવેઆથી ઘણીજ દીપક દેખાડેલી હતી. લારડ સાહેબે સઘલાઓની મુલાકાત ઘટતા દરજજાથી લીધા પછે પોતાના આ મેજબાંન બારોનેટ સાહેબની સાથે થોડાક વાર સુધી અરસ પરસ ગોફતેગો ચલાવી, ફુલપાંણનુ માંન પાંમીને તાંહાંથી રવાંણે થયા હતા; જેથી કરી આપણને મગરૂબી ધરાવવી જોઈએચ કે, પારશીની પુરાંણી કોમને ખરેખરી શોભા હાંશેલ થાઈછે; અને એ માંન અકાબરના એક તુરાને જે મલેઊં, તે જાંને આખી અનજુમણને હેનાઈએત થયું હતું.

પોતીકા નેક નામ પીતાના પગલાં ઉપર ઉસતવાર રહી કીરતીને જેબ આપવાના હેતુથી આ બારોનેટ સાહેબ ય० ૧૨૪૨ ના શેહનસાહી તીર મહીનામા ઉદવારા ખાતે હીંદના સરવેથી પુરાતંમ અને પેહલવેહલા "ઈરાંનસાહ" નામના આતસ બેહરાંમ સાહેબના કેબલાને શેજદો કરવા સારૂં બરખુરદાર બેટાઓ તથા અતલગ મીતરો લઈને શીધારેઆ હતા; તે વખતે તાંહાંના તથા આશેપાશેના ગાંમડાંઓના ગરીબ જરથોસતીઓને પેઆરથી નોતરીને સુફીઆંની મેજબાંણી સાથે સરવેને રૂપાંનાણાની ભેટથી ખુશી કીધા હતા; અને તેજ સુઆંકૂક તેઓને તાંહાંના બઈરાં છોકરાંઓને પણ જમાડીને જેના ભાએગની જેહવી સરજત હતી, તેવી આશોદાદ આપી આશીરવાદને આધીન થયા, તે ઉપર સાંભલેઆ પરમાણે આ સખી નરે સારી રકમ ખરચી હતી; પણ તેની સંખીઆ જણાઈ નથી. એજ સાહેબે પોરતુગીઝની સલતનતનાં શેહર દંમણનીબી ભેટ લીધી તારે તાંહાંના નામદાર ગવનાદોરે તેમના દરજજા લાએકનુ ઘણું સારૂં માન તેવનને આપેઊં હતું.

પારશી કોમના પેસવા અને બરીટીસ તાજને તાબેના હીંદની સર જમીનપર બીરાજતા આ ઊંમરાવને આપણા તથા પરાયાં રાજીઅ કરતાઓ તરફથી દર જોગવાઈએ જે માન મલતાં રેહચ, તે તેવણની ખરી લાએકીના ઉતંમ પુરાવા માટે સરવે દેશીઓએ સંતોશ પાંમી પરમેશાવરની પરારથના ગુજારવી જોઈએ કે તે સાહેબની હોરમતમા કુદરતી બખશેસથી વધારો થઈને તેમના વઊંસ પરંમપરા તેનો વારશો ઉતરતો રેહ; અને આ સકરમી સાહેબની જીંદગી સુધીમા કોઈ પરોપકારી ભરેઆં અગણીત કાંમો તેવણથી બનીને પરજાના લાભ સારૂં પાર ઉતરતાં રેહ. (આંમીન).

શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ.

આ હીંમતે બાહાદુર શેઠીઆ વીશે અસલથીજ પરજામત હેવું ઠસાઈ રહેલું હતું કે, પોતીકા મરહુમ પીતાની જગેઆ એવન કભુ ખાલી પડવા દેશેજ નહી; અને તેમ જારે થોડુંક સુધી બનીરહેઊં, તારે તે બાબેની ઇઆદગારી ભરેલી કીરતી પોતાનીમેલે દીપી નીકલી હતી. આપણા મરહુમ બારોનેટની બીજી* ચેરાગ તે આએજ નર, કે જેણે રોજ ૨૨ મો માહ ૪ થો શેહણસાહી સાલે ૧૧૯૩ ય० એ આ દુનીઆંમા રોસની છડકાવી હતી. બાપના લાડમા ઉછરીને જેમજેમ ઊંમરે પોંચતા ગએઆ, તેમ સણસાર સરજવા જેઠલી તરબીએતબી લેતા રહેઆ; અને જારે ૨૧ વરસની વએ પસાર કરીચુકા તારે રોજ ૮ મો માંહા ૧૧ મો શેહણસાહી સાલે ૧૨૧૩ ય० થી તેમના મેહરબાંન મુરબીની નાંમીચી પેડીખાતે એક ભાગીઆ તરીકે સાંમેલ રહીને વેપારવણજના બોહલાં કાંમકાજમાં સારી ચાલાકી દેખાડવા લાગા. વેપાર ખાતાંએ ઉપજાવેલાં મોટા નફામાથી પોતાનો હીશો હાંશેલ કીધા ઉપરાંત બાપીકા વારસામાથી જે મલેઊં તે લઇને એક દોલતમંદ શેઠીઆ ગણાએઆ.

આ તુજાર શેઠનાં માહધરમી કાંમો માહેલું સરવેથી પેહલવેહલું નેકનાંમી ભરેઊં, અને પોતાના હજારો ગરીબ હમદીનોથી આશીરવાદ પાંમનારૂં એક અતી ઉપીઓગી કાંમ હેવું તો ચાલું થાએલુંછે કે, ખોદાની મેહરબાંણીથી જાંહાંસુધી તે સાહુચેતીના રૂડા ઉપાએથી નીભેઊં રેહશે, તાંહાંતુલીક એવણના નાંમની ઇઆદગારીને હરગેજ ઝાંહાંખ પોંચશે નહીં; કારણ કે તેવા ઉપાએ પોતાની કોમના અસકત લોકોને માંથેથી એક મોટા જુલમાત ભરેઓ મરણનો કર સદનતર નાબુદ કીધોછે. લાંમબી મુદતથી હેવો રેવાજ પડેલો હતો કે, તેઓમાં મરણ પાંમેલાં રવાંણોને શેવટની મંજલે પોંહચાડનારા નસાસાલારો, પંચાએતનાં હસતકમાં રહેલી ધરમખાતાની પુંજીમાથી પગાર લીધા ઉપરાંત ગરીબ અથવા તવંગરનો કશોબી ફરક સમજેઆવના સરવે પાશેથી ઊંચ-કાંમનીની મજુરી તરીકે દર રવાંણ દીઠ રૂ ૧૫ થી ૩૦ સુધી, અને કોઇવાર તો તેથી બી વધારે રકમ જબરદસતી ચલાવી લેતા હતા; અને તેમાં સખતી-વાલાઓ તો તેમની આબરૂ સાચવવા માંટે જોકે થોડા ઘણા કગલીનેબી આપતા પણ જેઓમાં તેવી જુરરાત નહીંજ હોએ તેવાઓનાં દુખની ઉપર તે બોજો ડાંહાંમ દેવાયા જેવો દેખાતો હતો; અને તે બાબે ઘણાંક વરશો થયાં જોસથી ફરીઆદો ચાલેઆ છતાં કશોબી બંદોબસત કોઈજ કરી સએઊં નહીં, તેથી તવંગરો કરતાં ગરીબો ઉપર ઘાતકી પણાનો શેતમ વીશેસ ગુજરતો હતો; જેનાં અટકાવસારૂં બાહેરકોટના રેહનારા કેટલાક વચલે વાંગેના જરથોસતીઓએ ગરીબોના દુખમા સરીગત થાઇને તે વીશેની વાત આ શેઠીઆના કાન ઉપર

* વંશાવલીની ટીપ તપાસતા તો આ સાહેબ છઠા કેહવાવા જોઇએ, પણ એવણના જનમની આગમજ કેટલાક ભાઇઓ નાહની વયમાં ગુજરી ગયાને લીધે હયાત રહેલાઓમા બીજા ગણાયા હતા, નો० લે०

જારે આણી, તારે મોટી ઉલટથી આ સાહેબે પંચાતનાં બીજા અકાબરોની સાથે સાંમેલ થાઈ તે બાબેની આગેવાંણી પોતે બાહાલ રાખી; એટલુંજ નહી પણ બીજા કેટલાક શેઠીઆઓ ઉપરબી તેવીજ ફરજ ઉતારીને, તે કારણસર હુંધરાંણાની પેહલવેહલી એક ટીપ ફરતી કીધી, તેમાં સરવેથી મોટી રૂ ૭,૦૦૦ ની રકમનો આસરો પોતે આપેઆ ઉપરાંત બીજાઓ પાશેથી ભરાવી લીધેલા મલી કુલ રૂ ૨૦,૧૫૦ ની એક મોટી પુંજી જમાવી દીધી. અને વલી તે સાથે અકાબરોનાં અનુમતથી બીજો એક ઠેડાવ હેવોતો પસાર કરાવેઓ કે, હરેક જરથોસતી સર અવસરે ધરમખાતે પોતાની ગુંજાએસ મુંઆફેક જેબી મવસર થાએ તે ભરતો રેહ. હાવી રીતના ઠેડાવથી દરસાલે તેની થાપણ વધવાના ઉપાએ લીધા, પણ કામ તતકાલ ચાલુ કરવા સારૂં જમાવ કીધેલી પુંજીની ઉપજ, ખરચ પુરતી નહીં જોઇને આ સખી નરે તરણ વરસ સુધી તેમાં જેબી ઘટાડો થાએ તે પુરી દેવાની જારે કબુલાત પોતે આપી, તારે તે કારણસર નસાસાલારો, તથા ખાંધીઆઓ વગેરેને પંચાતના આગેવાનો તરફથી જાથુકના મુસારેદાર થેડવીને તેઓ સાથે પકાં લખતથી હેવો બંદોબસત કીધો કે, થેડવી આપેલા પગાર ઉપરાંત કોઇબી મરણ પાંમેલાને ઘેરથી ઊંચકાંમનીને બાહાંને, અથવા બીજી આડકતરી રીતે દાકડો એક લીએ નહી; અને જો કદાપી બંદોબસતથી જેબી કોઇ ઉલતો ચાલે તેને માંથે મોટા દંડની સજા થેડવીને આ સાહેબે ગરીબ હમજાતી ઉપર બીજી એક ઘણીજ મોટી મેહરબાંણી એ કીધી કે, હરકોઇ જરથોસતીને તાંહાં જે મરણ પાંમે તેની લાસ ઊંચકાંમણી મોટી ગેહાંનને માટે રૂ ૫ નાંધલી એક દાંનડાવાલી માટે રૂ ૨ તથા પતરાંને માટે રૂ ૧ નો ગરીબ અથવા તવંગરો પાશેથી એકજ સરીઓ લવાજમો ડુંગરવાડી આગલ તે થાપણનો વહીવટ ચલાવનાર તરફથી રાખેલો એક પારશી કારભારી વસુલ કરીને તેની સતા ભરેલી પોંહચ લખી આપે. હેવી રીતે સઘલું નકી કરીને એ રેવાજ રોજ ૨૩ મો માંહા ૮ મો શેહણસાહી સાલે ૧૨૨૯ ય० થી અમલમાં લાવેઆ, તેનુ સઘલું માન ખચીત કરી આ શેઠીઆને તથા તેવનની સાથે સંપજથી સાંમેલ રહેલા સઘલા અકાબર સાહેબો તથા તે કારણ માટે અથાગ મેહનત લેણારા મરહુમ શેઠ જીવાજી માણેજી વાછા ઉપરાંત બાહેરકોટના એક ગરહસથ પેસતનજી પાલનજી માકાબચાના (જેવન પેસીભાઈને નામે પરખેઆત છે) ને ઘટેછે, અને તે બાબે તે સાહેબોનો સરખી રીતે ઉપકાર ગરીબ જરથોસતીઓ ઉપર થાએલોછે. આ વાતને જોકે એક દાએકા ઉપર થોડાંક વરસો થયાંછે, પણ તેટલા ટુંક અરસામા પંચાતના અકાબર સાહેબોની રૂડી કોશેસથી તે ખાતાંમા, સંવત ૧૯૨૮ ના આશો વદી ०)) સુધીનો હસાબ છપાઇને બાહેર પડેઓચ તેમા જણાવેલી વીગત મુજબ, પોણા તરણ લાખ રૂપીઆની થાપણ ફાજલ પડેલી જોવામા આવેછે; અને દર સાલ તેની ઉપજ જે વધતી જશે તે બાબે અનજુમનમાથી તેવનની ઇઆદગારી હરગેજ ભુલાશે નહીં.

આ સાહેબની બીજી સખાવત એ થાએલી જણાઇછે કે, નૌસારી મધેનાં ગરીબ દરદી લોકોને દવા તથા વઇદકની સલાહ મુફત મલવાના હેતુથી ય०

૧૨૨૯ ના મેહર મહીનામા બંદોબસત કરીને એક પારશી ગરાડીઉએટ નાંમે રૂસતમજી હોરમજજી હાથીરાંમને તે તરફ મોકલાવેઓ; અને તેનો પગાર તથા દવા દારૂ વીગેરેના કારણ માટે આ શેઠીઆએ કુલ રૂપીઆ પાંચેક હજાર ને આસરે ખરચેઆ હતા; માટે ગરીબ દરદીઓની દુઆ હાંશેલ કરવાનો એથી બીજો કોઈજ સરસ ઉપાએ મલી સએજ નહીં. આ કારણસર જોકે આપણા મરહુમ બારોનેટ સાહેબે પરથમ રૂ ૬૫,૦૦૦ ની એક પાદસાહી રકમ અલાહેધી કાહડેલી તેમના સખાવત ભરેઆં કાંમોની ટીપમા બીરાજેલીછે, તો પણ તેનો આરંભ મુસતકીમ પાએ થાએ તેટલાં ગરીબોનાં સંભાલની રૂડી શોચના તેમના આ સપુત સાહેબજાદાએ કરીને અતી મોટું માંન મેલવેલ હતું.

પોતાના મરહુમ પીતાના જેહવો સખીપણાનો ખવાસ રાખી ચાલનારા આ શેઠીઆનો શીતારો એકવાર હેવીતો બીલંદીએ પોંહતો કે, અમેરીકામા ચાલેલી માહોમાહેની લડાઈને સમે રૂઉનો અતી મોહલો વેપાર ફેલાવેઓ તેમાં લાખો લાખ રૂપીઆના નફાની રેહલચેલ તેણાને જારે હાંશેલ થઈ, તારે તે વખતપર અચરતી સાથે લોકો હેરત પાંમી કેહતા હતા કે જેમના બાપે લગભગ અધડી સદી સુધીની હેજગારી ભરેઆ રોજગારમા જેટલું મેલવેલ હતું તે કરતાં ચોઘણું નાંણું માતરે બે તરણ વરસના ટુક અરસામા તેમના આ બેટાએ ઘણીજ શેહલાઈથી સંઘરહ કીવું; અને તેથી તેવણ એક ખરા કરોડપતી ખચીત ગણાઈને તેની ખુસાલીના પુર બાહારમા જે જે નેકનાંમીના જાહેર કાંમો બજાવી દીધાં હતાં તેની કેફીએત હવે પછેનો ફકરો જારે કહી આપશે તારે તેમની કીરતીની યાદગારી દરએક વાંચનારના જીગરમાથી જીનહાર જુદાઈ પાંમશે નહીં.

ગાએકુઆરી હકુમતનો નોસારી કસબો જે આ શેઠીઆના વડવાઓની જનમભુમી કેહવાએચ, તેને જેબ આપવા માટે શાલે ૧૨૩૨ મા પોતીકા હેતુસરીગત શેઠ ખરશેદજી ફરદુનજીની સંગાથે, અને તે પછે બીજીવાર ૧૨૩૩ મા પોતાના મેહરબાંન માતાજી સાહેબ ડાવેજર લેડી આવાંબાઈ ઉપરાંત કુટંબ કબીલા તથા દોસત આસનાઓનુ લઈને છેક ગુજરાત સુધીની શેલઘાહ સારૂં શીધારેઆ, તારે તે તરફ સખાવતનાં કેટલાંક સારાં કાંમો સંમપુરણ રીતે બજાવીને સઘલી જગોએથી સાબાશીના જેજેકાર ભરેઆ આશીરવાદ પાંમેઆ હતા; તે માહેલાં કેટલાંક જાહેર કાંમોની નોંધ તો જેટલી હાથ આવીચ તેટલીજ તેમના ધરમખાતાંની ટીપ મધે સમાવી લીધીછે; પણ તે ઉપરાંત સાંભલેઆ પરમાણે ખાનગી રીતે ઘણાકોને છુપી મદદ પોંહચાડી તથા બીજી રીતે આપવામાં આવેલ હોએ, તેની ચોકસ વીગતો જોકે ભરંમમા રહી તોપણ તેવનના દુલ્લા દીલગુરદાની શાહદત ઉપરથી એટલુંબી કેહવાઈ સખાએછે કે બે લાખ રૂપીઆની અંદરતો હશેજ નહી.

ય૦ ૧૨૩૫ ના સાંલમાં આ નામવર શેઠ પોરટીઉગીસની રાજધાંણીના શેહર ગોઆખાતે શેલઘાએ શીધારેઆ હતા, તાંહાંથી રાજદુઆરી અમલદારો તથા દેશી ગરહસથો તરફથી સારૂ માંન મેલવીને પાછા ફરતી વખતે સદાની ઉદારતા

મુજબ રૂપીઆ પચીસ હજારની એક રકમ તાંહાંનાં ગવરનર જણરલના સવાધીનમા શોંકીને હેવી ખાએસ દેખાડી હતી કે, તે માંહેલા રૂ ૧૨,૫૦૦ ગોવેકરીઓનાંજ ફાએદા સારૂ કોઈ જાથુકનાં ઉપીઓગી કાંમમા રોકવા, અને બાકીની તેટલીજ રકમ લાચારી હાલતમા આવી પડેલાં આબરૂદાર કુટંબીઓમાં વેંહચી આપવામાટે વાપરવી; જે મુજબ સાંભલેઆ પરમાંણે કીધામા આવેઆથી તાંહાંનાં લોકોના આશીરવાદબી આ સાહેબ પાંમેઆ હતા. એ રકમ માહેલા રૂ ૭,૧૦૦ જાહેરનાં ધરમખાતાંની ટીપમા જણાયા ઉપરથી હેવું અનુમાંન થાએચ કે, બાકીનાં ખાંનગી રીતે આપેઆ હશે તો તે ઉદારતા ખરેખરી વખાનવા લાએક થએછે; અને હેવીજ છુપી સખાવતની ખુસખબરી જાંણેઆ ઉપરથી પોરટીઉગાલના રાજાએ આ સાહેબને માટે પોતાના રાજીઅ તરફથી "તોરેસ તથા એસપેડાનાં નાઈટ"નો નાંમીચો એતાબ પણ હેનાઈએત કીધો હતો.

એ એતાબની ઈઆદગારીના એક ચાંણની ભેટ તે નામદાર રાજાએ જે મોકલી હતી, તે રોજ ૧ લો માહ ૧ લો શેહેણશાહી સાલે ૧૨૩૪ ય૦ એ નાંમદાર મરહુમ સર જમશેદજીવાલા કોટના મેહલ મધે પોરટુગીસ ગણાતના ગરહસથો તથા દેશી શેઠીઆઓ વગેરેની એક દરબાર ભરીને તેઓની હજુરમાં પોરટુગાલનાં કોણસલે હેનાએત કીધો હતો એજ તાંકને ગોવાના વાઈસરાએ પેઆરની નીસાંન તરીકે બે પીતલી ટોપો જે ભેટ આપી હતી તે બાબેનુ સાંભલતાંજ તેના પાદસાહે એ ઈઉકતી સાબાશીના સરોદથી પસંદ રાખી હતી.

આ સખી નરની સખાવતના બુલંદ આવાજો સાંભલેઆ ઉપરથી તેની ઈઆદગારી માટે લંડન ખાતેનાં સાહશીક રેહવાશીઓએ પોતાના પાદસાહી શેહરનુ જે "ફરીદંમ" ય૦ ૧૨૩૩ મા આપેલું હતું, તેનો અરથ આજાદગી અથવા સવતંતરનો થાએછે; અને હાવું માંન અગત કરી ધરમાતુઓનેજ તાંહાંવાલા સાહેબો મોટી ખુશી સાથે સદા આપતા રેહચ, માટે આપણા આ હમદીન અકાબરને તેમાં ભેલાએલા જોઈ સઘલાઓનાં દીલને અતીશીઅ રાહેત ઉપજી હતી.

હીંદુસતાંનની અંગરેજી હકુમત નાંમદાર કુંપની સરકાર પાશેથી તાજને તાએબે આવેઆ પછે, તરણ ઠેકાંણેના વડાં મઠકો (કલકતા, મધરાજ તથા મુંબઈ) ખાતે ધારા બાંધનારી જુદી જુદી કાંઊંશીલોની જે નેમનુક થાઈ, તેમા દર કોમ માથી મોટે વાધેના એક દેશી શેઠીઆનેબી સાંમેલ કરવાની પરવાંણગી મલી હતી, તે ઉપરથી પારશીઓની તરફનાં અધીકારી તરીકે આ નેકનાંમ શેઠીઆને તે વખતનાં નાંમદાર ગવરનર સર જારજ રસલ કલારકે પેહલવેહલા ચુંટી કાહડેઆ મુજબ, "ધી હાંનરેબલ"નો માંન ભરેલો એતાબ ધારણ કરીને રોજ ૧ લો માંહા ૫ મો શેહણશાહી સાલે ૧૨૩૧ ય૦ થી મુંબઈની લેજીસલેટીવ કાંઉનશીલમા બીરાજવા લાગા હતા.

ઉપલી બેઠકમા બીરાજવા બાબે ઠેડવાએલી મુદત જારે પુરી થવા આવી, તારે બીજી વખતના સભાસદોની નેમનુક કરતી વેલા નામદાર ગવરનરે એવણનીજ પસંદગી બતાવીને રોજ ૧૫ મો માહ ૬ ઠો સાલે ૧૨૩૫ ને રોજે

તેમાં પાછા દાખલ કીધા હતા; પણ કાયાની અસુખાકારીને લીધે દરબારમા હાજર રેહવાનુ બની નહી સબેબ્આનાં સબબથી તેજ સાલનાં ૯ મા મહીનાને ૧૧ મે રોજે માંન ભરેલા ઓહદો પોતાની ખુશીથી છોડ્યો, અને તે બાબેનુ રાજી નાંમુ નાંમદાર ગવરનરની દરબારે ઘણી દલગીરાઈ સાથે કબુલ રાખેઊં હતું.

ઇનરાંનોના જીગરમા જેમ તેના વડીલોનો ખવાસ એક વારસા દાખલ ઉતરતો આવેચ, તેમજ આ સખી નરની સખાવતનુ પરમાણબી તેમના પરોપકારી (મરહુમ) પીતાંના માહપરતાપી કાંમોને જેબ દેનારૂં દુનીઆંની દરસટી પડઊં છે; તેનો સંઘરહ પમરતો રાખવાના હેતુથી આ સફાઓ ઉપર સમાવીએછે.

કેલવણી ખાતાંમા વીદ્યા તથા હોનરોને ઉતેજન આપવાના હેતુથી કીધેલી સખાવત.

મુંબઈ* તથા ગુજરાત પરાંતમા સ્કુલની સથાપના માટે, અને તેજ કારણસર દંમણ મધે એક એમારત બંધાવી આપી તેનાં મલીને કુલે રૂપીઆ....	૧,૫૯,૦૦૦
મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટને નાંમે ચાલતી હોનર શાલાની મદદ માટે આપેલા.	૧,૫૩,૦૦૦
શેલાંન તરફનો જે દેશી વીદ્યારથી કલકતે જઈને તાંહાંની મેડીકલ કાલેજમાં તબીબપણું શીખે તેને સ્કાલરશીપની મદદ આપવાસારૂં બખશેસ કીધેલા.	૩૧,૦૦૦
કલકતા, મધરાજ અને મુંબઈ મલી તરણે ઠેકાંણેથી એકેક ગાંમઠી વીદ્યારથી વેલાત જઈને બારીસટરના ધંધામા પસાર થાએ તેઓની મદદ માટે†	૩૦,૦૦૦
યુરોપ ખંડના હોનરોનો ફેલાવો મુંબઈમા આંણવાના હેતુથી સખાવત કીધેલા	૨૩,૦૦૦

---

* નામદાર સર જમશેદજી જીજીભાઈએ પારશીઓને વાસતે કીધેલી સખાવતના ધરમ ખાતાંને લગતી છોકરાઓની સ્કુલ અંદર શીખનારાઓની સંખીઆ ય० ૧૨૩૨ મા જારે વધતી જણાઇ, તારે તેની અસલ થાપણને વધારવાની મકસદથી આ સખી નરે રૂ ૭૦,૦૦૦ સરકારને સવાધીન કીધેલા ઉપલી રકમમા દાખલ થયાછે; અને તેની ઉપજમાથી ચંદનવાડી ખાતેની એક સાખા સ્કુલ જે ચાલુ રહીચ તેનુ, તથા મુખીઅ સ્કુલને મલતી મદદનુ માહ પુણ એવનનેજ ઘટેછે.
નો० લે०

† આ નામવરની સખાવતના સાહેઆ તલે રહીને આપણી ટાપુ તરફથી પેહલવેહલા મી० પીરોજશાહ મેહરવાંનજી મેતા, ઈ० સને ૧૮૬૪ ના ડીજેમબરમા, અને કલકતા ખાતેથી તાંહાંની હાઇકોરટના વકીલ બાબુ ગીરીસચંદર બાંનરજીના બેટા મી० ડબલીઉ. શી. બનારજી ઈ० સને ૧૮૬૭ ના જુલાઈમા, મલી બે સાહેબો વેલાત શીધારેલા સાંભલેઆ હતા; પણ તે પછે જે કોઈ ગયા હોએ તે વીશેની વાત જાહેરમા જણાઈ નથી.
નો० લે०

સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલેંટ ઇન સટીટીઉસન મધે શીખનારી છોકરીઓને સ્કાલરશીપ આપવા માટે કાહડેલા............	૮,૦૦૦	
સુરત ખાતેની ફારશી મકતબનાં ફંડમધે ભરી આપેલા.	૬,૦૦૦	
મુંબઇની નેટીવ જનરલ લાઇબ્રેરી નામનાં પુસતક ખાંતાને નવી કેતાબો પોંહચતી પાડવાના કારણસર આપેલી મદદનાં	૨,૦૦૦	
મુંબઇની એલફીનસટન કાલેજને મદદ તરીકે આપેલા.	૧,૭૦૦	
માંગરોલ ખાતેની સ્કુલનાં ફંડમા.............	૭૫૦	
સુરત ખાતેની એંદરૂસ લાઇબરેરીનાં ફંડમાં......	૩૦૦	
		૪,૧૪,૭૫૦

સઘલી વરણના બીન સકતીવાલા લાચાર લોકોને આસરો આપવા માટે કીધેલી સખાવત.

દખણ તરફ પડેલા સકત દુકાલ વખતે થએલાં હુલરાંણાની ટીપ મધે ભરેલા રૂ ૧૦૦,૦૦૦ ઉપરાંત બંગાલી ચોખાની સાત હજાર ગુણ ધરમ ખાતે મોકલી આપી હતી તેની કીંમત રૂ ૫૦,૦૦૦ મલી જુમલે રૂપીઆ.....................	૧,૫૦,૦૦૦
સુરતના જરથોસતીઓ તથા બીજી ગનાતવાલાઓને વેહચી આપવા થકી મોકલેલાં..........	૩૭,૦૦૦
માંનચેસટરના વણકર લોકો અમેરીકાની લડાઇ ટાંકણે બીન રોજગાર થાઈ પડઆ હતા તારે તેઓને આસરો આપવાનાં ફંડમા ભરી દીધેલા	૩૬,૦૦૦
લંડન તરફ જુદાં જુદાં ધરમખાતાંઓના આસરા માટે મોકલી આપેલા કુલ	૩૪,૦૦૦
કલકતા મધે થએલાં સખત તોફાંનથી હેરાંણ પાંમેલાઓને મદદ માટેનાં ફંડમા રૂ ૧૫૦૦૦ તથા તાંહાંના સપેસીઅલ ફંડ આવ ધો શેલર હોમને આસરો આપવાની ફરતી ટીપમા ભરી આપેલા રૂ ૧૦,૦૦૦ મલી જુમલે રૂપીઆ	૨૫,૦૦૦
મધરાજ ખાતેના વણકરોની બેરોજગારીને મદદ આપવા મોકલેલા	૧૨,૫૦૦
બુંદેલખંડના દુકાલમા થએલાં હુલરાનાની ટીપ મધે ભરી આપેલા	૧૦,૦૦૦
કલકતાના તોફાનથી ભાગેલાં વાંહાંણોના ખલાશીઓ વગેરેને આસરો આપવાના ફંડમા	૭,૫૦૦

ગોઆ ખાતેનાં ગરીબ લોકોમાં વેંહચી આપેલા....	૭,૧૦૦	
પુના ખાતેના પરચુટણ ધરમ ખાતાઓમાં ભરેલા..	૪,૭૦૦	
દંમન ખાતેના ગરીબોને વેંહચી આપેઆ	૪,૭૦૦	
મછલીપાટાંમનાં ગરીબોની મદદ માટે થાએલાં હુધ-ધરાંણાંની ટીપ મધે ભરેલા............	૨,૦૦૦	
પોરબંદર ખાતેના આંધલા તથા પાંગલાઓની પર-વરેશી સારૂં મોકલાવેલા	૧,૫૦૦	
કછમાંડવી તરફનાં દુકાલમાં આપેલી મદદના	૧,૦૦૦	
પરાયા લોકો જેઓ "સ્ટ્રેનજર" કેહવાએછે તેઓની મદદ માટે આપેઆ	૧,૦૦૦	
ડીસતરીકટ બેનીવાલેંટ શોસાઇટીનાં ફંડમા ભરેઆ..	૧,૦૦૦	
મુંબઇખાતેનાં શેલર હોમ મધે મોકલાવેઆ......	૧,૦૦૦	
મુંબઇની ગોદીના ગરીબ સુંથારોનાં પેનશંન ફંડમા મર-હુમ વાડીઆ નવરોજજી જમશેદજીના પુણ સારૂં આપેલા	૭૫૦	
મલબારકોસતા તરફના રીલીફ ફંડ મધે ભરી આપેઆ.	૫૦૦	
		૩,૩૭,૨૫૦

બીમારોને આસરો આપનારી હાસપીટાલો તથા તેને લગતાં દવાખાનાંઓની મદદ માટે કીધેલી સખાવત.

મુંબઇખાતે સર જમશેદજી હાસપીટાલના ચોક મધે રગતપીતના દરદીઓને અલાહેધા રાખવાની એક એમારત બંધાવી આપી તે ઉપર થાએલી લાગ-ટનાં કુલ	૮૫,૦૦૦	
વેલાતખાતે જુદી જુદી ૧૨ ઠેકાંણેની હાસપીટાલો માટે મોકલાવેલા	૮૧,૦૦૦	
તેજ તરફ ૮ ઠેકાંણેનાં દવાખાનાંઓની મદદ સારૂં મોકલાવેલા	૨૮,૦૦૦	
ઉદવાડા તથા દંમણ ખાતેનાં દવાખાનાંઓને મદદ તરીકે આપેલા	૧૨,૦૦૦	
બીલીમોરાના રેહવાશીઓને માટેના દવાખાંના સારૂં મોકલાવેલા	૪,૯૦૦	
નૌસારી મધેની "વીકટોરીઆ ડીસપેનશેરી" નાંમના દવાખાનાંનુ કાંમ તેમના નેક બખ્ત મરહુમ પીતાને નાંમે સરૂ થયા આગમજ તાંહાંના લોકોને દવાઇ પુરી પાડી હતી તેનાં કુલે	૪,૭૦૦	
		૨,૧૫,૬૦૦

ખરજા ઊપીઓગના જાહેર મકાંણો તથા મુસાફર ખાનાઓ વગેરે બંધાવી આપીને કીરતી મેલવી તેની કીંમત.

પુણા ખાતે સર જમશેદજીએ બંધાવેલા બંદને ફરીથી સુધારેઓ તથા તેમા નવું સાંચાકાંમ કરાવેઊં તે ઉપર થાએલો ખરચ કુલ રૂપીઆ........	૭૧,૦૦૦	
ગુજરાતપરાંતમા જુદે જુદે ઠેકાંણે કુવા તથા તલાવો બંધાવી આપેઆ તેના................	૨૯,૫૦૦	
ભરૂચ ખાતે રેલવેના મઠક આગલ બંધાવેલી ધરમ સાલા ઉપર	૨૦,૦૦૦	
ભાથાં ગાંમ મધે પુલ બંધાવી આપેઓ તેમાં ખરચેલા	૧૪,૬૦૦	
મુંબઇ ખાતેની વીકટોરીઆ ગેઆરદન નાંમનાં જાહેર બગીચા સારૂં થાએલાં હુઘરાંણાંની ટીપ મધે ભરી આપેલા	૧૦,૨૫૦	
મુંબઇ ખાતે બરોડા રેલવેના ગરાંટરોડ ઉપર કીધેલાં મઠક આગલ મુસાફરોની સગવડ સાચવવા માટે બાંધેલી ધરમ સાળા ઉપર	૧૦,૦૦૦	
પારડી ગાંમના રેલવે મઠક આગલ બંધાવી આપેલી ધરમસાળા ઉપર	૧૦,૦૦૦	
બંડાલા મધેનો તલાવ સુધારી અપાવેઓ તે ઉપર થાએલો ખરચ	૭,૦૦૦	
		૧,૭૨,૩૫૦

હેઠલ જણાવેલાં ગાંમો મધે ઢોરોની પરવરેસી માટે સથાપેલી પાંજરા પોલને મદદ આપી તેની વીગત.

ઘોઘા તથા ભાવનગર ખાતે મલી દરએક ઠેકાંણે પાંચ પાંચ હજાર મોકલેઆ	૧૦,૦૦૦	
રાંધનપોર ખાતે રૂ ૩,૭૫૦ તથા વધવાંન તરફ રૂ૨,૫૦૦ મોકલેઆ તે મલી કુલ	૬,૨૫૦	
માંગરોલ ખાતે રૂ ૨,૦૦૦ તથા મહવવા ખાતે રૂ ૧,૫૦૦ મોકલીઆ તે મલી કુલ	૩,૫૦૦	
ધરાંગધરા, લીમડી, અને સાએલા તરફ મોકલેલા એકેક હજાર તેના કુલ	૩,૦૦૦	
		૨૨,૭૫૦

જરથોસતી ધરમની જાલવણી માટે આપેલી મદદ.

મરણ પાંમનારાં રવાંણોને અવલમનજલ પોંહચાડવાની બાબદ આ પુસતક પાંને ૭૨૬ મા જે વીસતારી જણાવીચ તે કારણસર પેહલવેહલી મદદ આ સાહેબથી થાઈ હતી, અને તે ઉપરાંત બેરન બેરને આપેઆ કીધા તે મલીને કુલ રૂ	૩૨,૭૦૦
મરચુટણ ઘણાક ધરમ ખાતાંઓમાં છુટક આપેઆ તેનો જુમલો	૫,૦૦૦
ઈરાંન દેસનાં લાચાર જરથોસતીઓના છોકરાંઓને સુદરેહ કુસતી પેહરાવવા તથા પરણાવી આપવાના કારણ સર ખરચેલા	૪,૦૦૦
બીલીમોરા ખાતેનાં દોખમાઓની આશે પાશે ફરતી દેવાલ બંધાવી તેના	૪,૦૦૦
મરહુમ સર જમશેદજી જીજીભાઈ ની યાદગારી માટે ઉભી થાએલી મદરેસાની મદદમા	૩,૦૦૦
ગણદેવીના નસાસાલારો માટે થાએલાં ફંડને મદદ કીધી તેનાં	૨,૩૦૦
ગણદેવીમાં દોખમુ બાંધવાના કાંમને મદદ આપવા સારૂં.	૧,૫૦૦
નવસરી ખાતે બંધાએલાં દોખમાની ટીપમા ભરી આપેલા	૫૨૫
બીલીમોરાની સમસત અનજુમનના ફંડ મધે ભરેલા.	૫૦૫
	૫૩,૫૩૦

હમાએ મેલવેલી ખબર મુજબ આ નાંમવર શેઠને હાથે થાએલી રૂ૧૨,૧૬,૨૩૦ ની સખાવત જે જાહેરમાં જણાઈઅ, તેમાં તો કાંઈજ સંધે નથી; પણ તે ઉપરાંત આ સાહેબે ગુપત રીતે ઘણા લોકોને જે સંતોશીઆય, તે વીશે આલમના અલંકાર ભેગો કરી લેતાં બીજા એટલાજ રૂપીઆ તેમાં હુંમેરાવા જોઈએ. એક નેકનાંમ નરના આ મયાવંતા બેટાએ પોતાની જાહોજલાલીના વખત ઉપર લગભગ પચીસ લાખનુ સુખ પોતાના માણવી ભાઈ બંધોને આપેલું જેમ ઘણુજ વખણાયુંછે, તેમ જો કદાપી તેવંનની જાહોલાલી જેહવી ને તેહવીજ રૂડી હાલતમાં બરકરાર રહેલી હોત તો, આજદન સુધી અધ કરોડની ઉપર તેનાની સખાવત આ સરૂસવટોને બચીત જેબ અપેઆવતા હરગેજ પછાત રેહતેજ નહીં; પણ જમાનાની ગીરદેશીનુ કાલું વાદલ ઈનસાંનોને માથે જે ભમતું ફરેચ, તેનુ કસુંએ ભાંન આ સાહેબથી રહી નહી સખાયાને લીવે જારથી તેની ચુંગાલમા એવણ ફશી પડઆ, તારથી પોતાના વેહવારની વલાંણ હેવી તો ઉલતપાલ થાઈ કે, બાપના

મરણ પછે છએક વરસની અંદર કરોડપતીને દરજજે જેટલી તારીફે પોંચેઆ તેટલીજ ઉતાવલથી ઘણી તંગ હાલતમા આવેઆ; અને તે વેદનાનો જબરો ગમ પકડીને પોતાનાં અમીરી ખવાસને હેવો તો અફસોસની અંદર એકાએક લાવી મેલ્યો કે, ઉપર જણાવેલાં પરજા ઉપીઓગી કાંમો જે એવનની સાહેતાથી બની ચુકાં તે વીશેની કોઈબી વાત જાહેરમા આવેતો તે સાંભલતાંજ ઘણો કઅવાટ ઉપજાવવા લાગા; અને જે વાત હમારા સાંભલવામા આવીચ તે મુજબ તો એ સંબંધી જેટલી સતુતી તે વખતનાં વરતમાંન પતરો મધે છપાતી હતી, તેને પણ જાહોજલાલીના હીંગાંમપરઅી પોતે જારે પસંદ કરતાજ નોહતા; તારે પાછલા સંકટ ભરેઆ સમેમા હમારી આ નોંધ તે સાહેબની હઇઆતીમાં છપાઇને બાહેર પડી હોત તો તેનાને તે ખચીત ઘણીજ અનગમતી લાગેઆવના રેહત નહી; પણ હાવાં નેક કાંમોની ચોકસ ઇઆદગારી, હવે પછેનાં જમાનાંમા પરકાસતાઓને એક ઘડો ધેઆનમાં ગોખી રાખવા માટેની સોચના ઉસકેરાયાથી આ સબી નરના નેક કાંમોની નોંધ હીંઆં દાખલ કરવાનીજ માતરે ઉલટ હમોએ લીધીછે,

આસમાનનાં જાલમી દોરનુ ચકર, ફરતાં ફરતાં જેમને નહીંજ ઘટે તેહવા આ ગરીબનાં દુખ ભંજન શેઠીઆને માથે હેવુંતો સખત આવી બેઠું કે તેની વેદનાંમા પેહલાં તો કાગ્રાથી મછડાઇને ઘાસતી ભરેઆં દરદને આધીન થયાને લીધે પોતાનો બોહોળો વહીવટ જે સંકટમા સપડાયો તેનો હુડલો કરવાની કસી નીઘેહદારાતી તેવનથી રહીસખી નહી; અને જારે પુર તંનદરોસતી પાંમેઆં તારે તેહવા ગુઅવાડામાથી નીકલવાનો ઉપાએ શોધતા હતા, તેટલાં કોઈ મતલબીઆઓની મસલતે એવું ગોંદલ દેખાડેઉં કે તેથી (અફશોસછે—એ બેવફા જમાંના તાહરી ગીરદી ઉપર કે કોઇએબી તુને જીનહાર જીહતી લીધી નથી.) બાપીકી સકમાઈની મીરાસ મવેથી મલેલા મુબલક વારસા ઉપરાંત રોસંન ભાએગે ભેગું થાએલું સઘલું એકેદંમ કાંહાંને કાંહાં શેહજ વારમાં ઘસડાઇ જઇને સાંહમની કરજની જીહુસડી ગલે ઓલવાઈ. માંઠા બનાવ બાબેનો ઠપકો ગાંમનાં લોકોથી આ સાહેબને જે મલ્યો હતો, તેમાં તેટલી વાત કરનારાઓની મોટી ભુલ જણાઇ આવીછે; કેમકે કોઈબી જમાંનાંમા નહીં બનેઉં હોએ તેહવો તે સમો હેવોતો લોભ ભરેઓ વહી ગયોચ કે, તેની ચુંગાલમાં ભલ્લા ભલ્લા યુરોપીયન તથા દેસી સાહુકાર અને શોદાગરો સાથે, ધારાની બારીકીને સહમજી લોકોને ફતવા આપનારા વકીલ બારેસટરો ઉપરાંત, સંભળાયુંચ કે ત્યાની પવીતર ખુરશીએ બીરાજી નરરાં કાંમ કરનારાઓને શાસંણ આપનારા કેટલાક નેઆએઆધીશો વઠીકબી ફસી પડેઆ હતા; તેહવા આફત ભરેલા હીંગાંમમા એબીલા રૂસતમજી શેઠ જેવા એક ભોલા મનનાં ધરમી પુરશનુ કશુંએ ચલણ નહીં રહેલું બેસકછે. હમો ખચીત થાઇને કાંઈ હેવું કેહવા માંગતા નથી કે તે હીંગાંમમાં સુંબઇ સેહરની વસતીનાં બધા લોકો દટવાઈ ગયા હતા, મણ જેની ઉપર પરમેશાવરની પુર બખશેસ ઉતરેલી તે લોકોજ ઇઆતો હેવા લોભી કાંમથી સદંનતર દુર રહેઆ, અથવા તો તેહવાં ફસાંણમાથી થોડું ઘણું

બમીને તતકાલ નીકલી ગયા હોએ, તેજ માંતરે બંચી સએઆ ઊપરથી તેઓની કોઈબી ચનચલાઈ નહીંજ પણ ફકત ભાએગની ઇઆરી તેનાને કાંમ આવેલી સહમજવી જોઈએ. ખરૂંછે કે ઘણે સારે સારે ઘેરમાં કોઈ મુદત સુધી સંઘરહ થાઈ રહેલો દરવીઅ લોભમા લલચાયાને લીધે તેઓને તાંહાંથી એકેદમ જે નીકલી ગયો, તેમાં તો કશો સંધે નહીં જાંણતાં આલમને મોટો અફશોસ અને ભારે કકલાટ ઉપજેઓચ કે, તેઓ માંહેલાં સખાવતે બાહાદુર, અને માહ ધરમી દાતાર મરહુમ સર જમશેદજીનાં ઘેરનો સઘલો દરવીઅ જો કદાપી તે નાસકારક પાપી પવણના જહપાટામાથી બંચીને સલાંમત રહેલો હોતતો તેનાં આધારથી પુનનાં બીજાં ઘણાંક કાંમો જે હજીતક બજા-વવાનાં બાકી રહેલાં હતાં તે તેમનાં નેક બખત પુતરોને હાથે સંપુરણ રીતે પાર ઉતરી સખતે; પણ તેહવી સખાવત પાંમનારી ગરીબરી પરજાનાં રૂડાં ભવીસની ગેરહાજરીને લીધે હાવાં પુણવંતાં સકરમી ઘેરનેબી નહી ધારેલો મોટો ધોકો પોંહચેઓ તેથી સઘલી ઉમેદ બરાટ થાઈ પડીછે.

જે નર નાંમીચી સખાવતથી પુરૂથવીનાં સઘલા ભાગમાં મોટી નાંમવરી પાંથરી ગયા, અને જેમની મીરાસ મધેથી હીસશે પડતું લઈને તે સાથે તેમનાં સબીતબેહ ભરેલા દીલનો વારશો એક નવાઈ જેહવી રીતે મેલવેલા આ શેઠ• રૂસતમજી પોતાના ટોલા ઉપરાંત પરલોકોમાંબી મોટું હએસાંણ કરીને મરહુમ પીતાની જગેઆ સાચવી રાખવાની દીલશોજી દેખાડતા રહેઆ; તેહવા એક ઉદાર મનનાં શેઠીઆનુ સંકટ જોકે એટલાંમાથીજ ખતંમ થાઇને અટ-કેઊ નહી, પણ તે ઉપરાંત કેહવતછે કે દુખની ઉપર ડાંહાંમ પડે, અને નબલે દાહાડે વીપત નડે; તેહવો એક બીજો ગજબ એવોતો ઉતરેઓ કે, હાવા બારીક વખતમાં તેમને દીલાસાથી સુખ આપનારી નેક કેરદાર, અને અશો ખસલ-તની પેઆરી મોહરદાર જે પતીવરતા બાનુંનુ નાંમ સુનાબાઈ હતું; તે બાપડી થોડાક દીવસ સુધી ભયંકાર પાઠાંનાં દરદની મુશીબતે પોંહચેઆ પછે ૪૨ વરસની ઉમરે રોજ ૧૯ મો માંહા ૧૦ મો શેહનશાહી સાલે ૧૨૩૬ ય० એ પોતાનાં પેઆરા અને સરવેથી વાહલા ભરથારને વેદનાંનાં વમલમા હોમાતો મેલીને આ જંજાલી જાંહાંનની જુસડી છોડી જીંનતવાશી થાઈ ગયાં; તેથી પણ આ શેઠીઆ મલતાં તેમના બોહોલાં કુટંબ, તથા પારસીની સમસત અનજુમનને મોટો સંતાપ ઉપજેઓ; અને તેઆરથીજ આ સાહેબની તબીએતબી સદા બીગડેલી જે ચાલુ રહી, તેમાં કોઈ પખવાડીઉ એવું નહીં ગયું હશે કે, રૂસતમજી શેઠે પુર તનદરોસતી મેલવી હોએ; તો જોકે તે વાતને એકાત વરસ ઉપરની મુદત વહી ગયા પછે, દુણીઆંને શીરેસતે તનની બીજી ભાગીયનબી એક અશીલ કુલ અને ઉનચાં ખાંનદાંનમાથી એમને હાથ આવી હતી; તોપણ જે ગઇ તેની જગો તો ખાલીજ રહેલી કેહવાઈ. એક લાએક બાએડી તેનાં દીલપસંદ ભરતારને આખી દુનીઆંનાં અખુટ ખજાણાં કરતાંબી બેસુલી હોએછે, અને એક શાંહનશાહતનાં સરીખું રાજ જવાથી જેટલું તેને નહી લાગે. તે કરતાં જેની એક શાહબતન જતી રેહ તો તેની જુદાઇથી કાલજાંમા

કારી ધાહનાં વીશેસ ચોબા પેવરા થાએ; તો જોકે પેહલી ખુટતો રૂડી કોશેસ કીધાથી કોઈવાર પાછી પુરતાં કાંઈજ વીલંમ લાગે નહી; પણ બીજીની રવાનગીથી તો એક સુખી કબીલામા હમેસનો ખાડો પડી રેહછે; ઇઆને દોલતની ગેરહાજરીથી ઉપજતી બેચેની અથવા ખમાંતું દુખ જીંદેગીની સલાંમતી હોએ તાંહાં વુલીક તો શેહજમાં મટાડી સખાએ, અને તેહવી આશેઆ દીલના દીલાસા સાથે મનને ધીરજબી આપવામા ઉપીયોગી થાએછે; પણ હીંઆંતો શેઠ રૂસતમજીનાં હાંથમાથી ઉપર જણાવેઆ મુજબની બેહુ બખશેશો બોહવાઇ ગઇ તેમાં એબીલા પારસી ટોલાનાંજ નહીં પણ આખી મુંબઇનાં કમનશીબ સહમજવાં જોઇએ. આ મરહુમ શેઠાંણી સુંનાબાઈની અશીલાઈ, વફાદારી તથા ગરીબોની ઉપર એક માનવંતી માવતર તરીકેની રેહમની નજરે જોવા વીશે પારસી લોકોને મોહડેથી ઘણીજ તારીફ સંભલાઇછે; અને તે સાથે એવુંબી કેહવાતું આવેછેઅ કે પોતાનાં ખાવંદનાં સારા વખતમા જેમ તેવનનું સુખ વધારવામા તેમજ તેમનાં સંકટમાં સરીગત થાઇને દુખ ઘટાડવાની સરવેથી પેહલી અને પાકીજેહ ફરજ તેવન બજાવતાં હતાં. આવા એખલાસમા એકાએક હરકત નડેઆથી આ શેઠને પોંહચેલી દુબરાલ બોટની *ગીરેફતારીએ સરવેનાં જીગરમા દુખ પેસાડેલ તો ખરૂં પણ જાંહાં કુદરતનીજ સરજત હોએ તાંહાં માનવીનાં સઘલા વીચારો સદા વેઅરથ જાએછે; માટે તેની શોકરગુજારીમાં કાંઇજ નહી પણ તે મરહુમ બાઇનાં અશો રવાંણ ઉપર બાહરેતાલાની રેહમત ચાહેઆ વના બીજો કશો એલાજ રહેઓ નથી.

જારે રૂસતમજી શેઠ દરવીઅથી ભરપુર, અને બોહોલા વેપારમાં ચકચુર હતા તારે હજારો જણાંઓ પછે શું થોડા કે ઘણાં માતબરો તેમની આશેપાશે બીહારાની ઉપર માંખીપેરે હેવાતો ભંમતા હતા કે, તેઓ માંહેલા કોઇનેબી દીવસમાં એકાત વેલા આ શેઠની ભેટ નહીંજ થાઈ સખી હોએ તો તેની ઇનતેજારીમાં રહીને મુલાકાત મેલવવા માટે હરતરેહની કોશેસ કરતા હતા; અને તે સાથે કેટલાક વેપારીઓ તથા વેઆજખોરાઓ પોતાની ઉપજ શેહલથી વધારવાની ઉલટમાં તેમને તાંહાં હજારો અને લાખો રૂપીઆની થાપણ તેબી ઘણીજ મીનતજારીથી ખુશી થાઈ મેલી જતા કે જેની તેમને કોઈવાર તો કશી ગરજબી નહીં હશે; તે છતાં પોતાનો ગંભીરી ભરેઓં અમીરી ખવાસ વાપડીને તેઓ ઉપર હએસાંણ ઉતારવાનાં હેતુથી લઈ રાખતા, એટલુંજ નહી પણ જારે રૂઉના ભાવ કોઇએ સવપણેબી નહીજ ધારેઆ જેટલા ઉનચા ચડેઆ, તારે તેવનને જે જે લોકોએ ઓછા ભાવમાં વાએદાનો હજારો ખાંડી માલ આવતો દેવો કીધેલો હતો, તે લોકોને માલની અછતને લીધે તે શોદામા અવીઘણી નુકસાંણી પોંહચી ગઈ; અને તો જોકે તે ખમી સખે તેહવી સધર આસાંમી હોએઆ છતાં પણ તેઓએ કાકલુદી કરી માંગી લીધા મુજબ રેહમ દીલથી લાખો રૂપીઆની સખાવત ભરેલી છુટ સાંભલેઆ પરમાણે આ સાહેબે મેલી હતી; તેનુ હએસાંણ, એવણ જારે અફલાકની ગીરદશીથી સંકટમાં સપડાએઆ, તારે તેજ લોકો માહેલા કેટલાકો તદન ભુલી જઇને પોતાનું લેણું

વશુલ કરી લેવા માટે સખત ઉપાએ શોધવાની યુકતી ચલાવવા લાગા; પણ ખોદાતાલાની અપરમપાર કીરપાથી આપણા મરહુમ ઉંમરાવ સર જમશેદજીનાં કીરતી ભરેલાં પુણો આડે આવેઆમા તેહવાઓની કોઈબી કપટ યુકતી પેસ નહીજ પડઆ છતાં થોડી ઘણી વીપત ગુજરેઆ પછે સઘલો વહીવટ ઈસવી સને ૧૮૬૬ ના કાએદા મુજબ તરસટ પણાંમા જે શોંફાએઓ હતો, તેહમાંબી કોઈ મુલતાંનીએ કેટલાક અદેખાઓની ઉસકેરનીને ભોગે ચહડી આ ગંભીર શેઠને ગેરવાજબી પણે સતાવવાની ધારનાંથી બે વાર કોરટમાં ઘસડી લઈ ગએઓ હતો; જાંહાંથી નીસફલ થયા ઉપરાંત સાંહમની તરફના ખરચનો બોજો માથે હોરીને બદનાંમીનો દાહાઘ બીચારો કપાલે ચોંટાડી બેઠો; અને વધુ મેલવવાની લાલચમાં હોમાઈને જેટલો ખરચ ફોકટમાં ઘુમાવેઓ, તેટલું મલેલા ફાલા માથી તે ઓછુંજ પાંમેઓ; માટે એબી કુદરત તરફની શાખસાનો એક ચાંણાક ભરેઓ ધડો બીજા સાહેબોએ શીખવો જોઈએચ કે, કજા એલાહીથી કોઈબી પરમાણીક સખસ કદાપી સંકટમા આવી પડે, તારે તેમનાં માંગનારા, અથવા તેમની સાંહમને આગલી પાછલી દુસમેની ધરાવનારાઓને સજાવાર બલકે ફરજછે કે; તેમાંથી બને તેટલા રૂડા ઉપાએ વાપડી તેનો સંભાલ રાખવો; કે જેથી કરી એક તો તેહવા દેણદારોને પુરતો આસરો મલે, અને બીજું એકે તેહવાં કાંમમા મદદ કરનારાઓની કીરતી દુણીઆમા વખણાતી રેહ.

હમારા સાંભલવામા હેવુંબી આવેઉંચ, અને તે ખચીત કરી નોંધી રાખવા જોગછે કે, જેટલા લોકો આ શેઠને સંકટમાં સતાવવાની જેમ પેરવીમાં હતા, તેમ વલી કેટલાક સદગુણી સાહેબો તેમની ખેરખાહી ઈછનારાબી ટાંકણાં સર જે મલી આવેઆ, તે રૂડાંવાંણાં તેમનાં પુણની ઈઆરીનાં જણાયાંછે; અને જે જે સાહેબોએ કાંઈજ નહી પણ આ ધરમી શેઠના કચડાઈ ગએલા વહીવટનો ગુચવાડો ઘણાજ સંભાલથી સફાઈ કરી આપેઆમા સેવટ સુધી ખરી દીલશોજી બતાવી, તે સાહેબોને પરજા તરફથી અગણીત સાબાસી પોંહચવી જોઈએ; અને તેટલા માટે તેઓની વતી આ નોંધ લેણાર ફોદવી ખરા હેતુથી તેહવા સાહેબોનો ઉપકાર માંનવાનુ ભુલતો નથી.

આ સાહેબે પોતાનાં ઘણા સારા વખતમાં સુભ મતલબ જાચીને પોરટીઉગીસ તાબેનાં શેહર દંમણ મધેની વસતીનાં લોકોને શીખવા માટે એક સ્કુલ બંધાવાની સરૂ કરાવી હતી; તે મકાંણ સારાં ભાગ્યેગે સમપુરણ બંધાઈને જારે તઈઆર થયું, તારે તેને ધારેલા ઉપીઓગમા લાવવાની કીરીઆ રોજ ૯ મો માંહા ૫ મો સાલે ૧૨૩૬ ૫૦ એ તાંહાંનાં માનવંતા ગવનાદોરે (ઈઆને સુબાએ) મોટી ધાંમધુમથી કીધી હતી જે ઉપર આ માંનવંતા માજી હાંનરેબલ સાહેબને થાએલી બેઠક ધરમ ખાતાંની ટીપ મધે જણાવેઆમો આવેલીછે અને તે મકાંનનુ નાંમ પોરટીઉગાલના નામદાર રાજા "ડાન લુઈસ પરેમીઅર ઈંગલીસ સ્કુલ" આ નાંમવર શેઠની ખાએસથી આપેઉંછે. એ ઉપરાંત સ્કુલ ચાલુ રાખવાનો ખરચબી આ સાહેબની હઈઆતી તુલીક તેવનનીજ પદરથી પોંહચેઆ કરતો હતો, પણ જાણવાથી મોટી દલગીરી ઉપજે છે કે, તેવણ બેહસતનસીન થયા

પછે હેવું બનેઊં કે, તાંહાંના માસતરનો પગાર જારે નહી મલવા લાગો, તારે શીખ્વવાનુ કાંમ તે બંધ કરી બેઠો. જાંહાં સુધી આ સાહેબની સખાવતનો આસરો પકડી જે લોકો ધરમ ખાતે કેલવણીનો લાભ લેતા હતા, તાંહાંતુલીક તો તેઓને સવલ પડેઊં; પણ તે કાંમમા અકસમાત અટકાવ થયાથી સાંભલવામા આવેઊંચકે માસતરના ઠેડાવ પરમાણે પગાર આપનારાઓનાજ થોડાક છોકરાઓ શીખી સખેછે; અને જેના મા બાપો પોતાનુ તથા પરીવારોનુ પોસન કરવાને કેવલ અસકતછે, તેઓનાજ બચાંઓ તેથી બેનસીબ રેહચ; માટે તાંહાંની સરકાર કાંઈ યુકતી વાપડીને તે ધરમ ખાતું ચાલુ રાખે તો કેલવાએલી પરજાથી તેના રાજીઅને ઘણોજ ફાએદો હાંશેલ થશે.

આટલી વાત સાંભલેઆ ઉપરથી આ માનવંતા મેહરબાન શેઠના સુભ ઘરેહ પાછા સજીવંત પાંમવાના ચીનેહનો એક અડસટો હેવો દેખાઈ આવેઓ હતો કે, કલકતા મધે ચાલતી "રીલાયંસ મરીણ ઈનશુરેંસ" નામની વીમાઈ પેહડી હસતકથી મુંબઈ ખાતેના એક ખાસ આડતીઆ રોજ ૧૭ મો માહ ૮ મો શેહણસાહી સાલે ૧૨૪૦ ય૦ થી તેનાઓ થડેઆ હતા; પણ તે ઉપરાંત બીજા કોઈબી ઉપીઓગી ઉદંમ તેઆર બાદ તેવણનો સરીગત થએલો નહીં જણાયાને લીધે પરજાએ તે વખતપર જાયેલી રૂડી વકી જાંહાંની તાંહાંજ ઠરી રહી.

શેઠ રૂસતમજીને ૧૮૭૨ નાં જાંનીવારીની ૨૭ મી તારીખે ગાડીમાં બેશીને કેયે જતાં આ નોધ લેનારે છેલ્લા નજરે નજર જારે જોયા, તારેજ તેવનનો ચેહરો ઉદાશીની નોબતપર ઉડતો જણાયો હતો; પણ તે ઉપરથી કાંઈ એવી વકી રખાઈ નોહતી કે, તે પછેનાં તરણેક મહીનાંની અંદર તેનાની જીંદગી છેક મગરેબને છેડે જઈ પોંહચશે. આ સાહેબની તબીએત કેટલુંક થાયું કચરાએલી ચાલેઆજ કરતી હતી, પણ નભરવસ પણામા રેહનારાઓને સજર ભુલાવો ખવાડીને શેહજ બીમાંરીમાથી જાલમ જહલંદરનાં પલીદ રોગે એવુંતો ઘેર મજબુત કીધું કે, તેમનાં જીગરમાથી પાકીજેહ હવા લીધા વના તે બાહેર નીકલેઓજ નહી. આટલુંતો ચોકસ જાંણવું જોઈએચ કે ઈનસાંન જાદની જીંદગીનુ શેવટ આઇનદે મોહતથીજ આવેછે; અને આકેબતનો છુટકારોબી તેથીજ પાંમી સકાએછે; વ લેકીન તેને આધીન રેહતાં મોટાંમા મોટા એક અમીરી ખવાસના માંનવીની મોહબતે, અને કીરતીનાં કાંમો તરફની નગાહએ આલમને એવાંતો દરદમંદ કીધાંચ કે, જરથોસતી ટોલાના અશીલ અકાબરોમાહેલો એક ઝહલકાટ ભરેઓ હીરો ઝાંહખ માંરીને દુનીઆંની નજર આગલથી ય૦ ૧૨૪૧ ના શેહનશાહી ૭ મા મહીનાના ૨૫ મા રોજની પાછલા પોહરે જે ગુમ થાઈ ગયો, તેનાં દુખ ભરેઆં મરણની ગમખારીમાં નીચલા મરશીઆને કવીતાનો આકાર આપી પરજાની હજુર ધરેઆ શીવાએ તેમનાં કુટંબીઓના સધીઆરા સારૂં એ કરતાં બીજો કશો ઉપાએ હમોને શુજતો નથી.

ઓદા તાહરી કુદરતની તુને ખબર–ફાએદા તાહરાપર રાખી સબર.
આ માહેતંમ પોશીનું કરતાં બયાંન–તું સરજનારની હીકમતનું ધરતાં ધેઆંન.

દેખાએછે કરાંમત જગને અપાર–હોનારત કુંટાવેછે સઉના કપાર.
પણ તે કીધામાબી વલતું નથી–કલાપીટથી કાંઇએ મલતું નથી.
જોઇએચ તો રૂસતમ આ હતો કેહવો–ન થાયો ને થાશે જગમાં તેહવો.
ખરૂંછે કે તેથીબી હતા સરસ–હયાતોબી કેહવાતા નથી નરસ.
પણ જાએ તેની જગેઆ તો ખાલીજ થાએ–તારેજ તેની વખાંણબી જગમા ગવાએ.
હતો તે ખુબીનો એવો ભરેલો–ખલકતે ખુશીથી પસંદ કરેલો.
સરીમંતનો સાથી ને વેપારનો કોટ–સખાવતમા દરવનો રલેઓછે ધોત.
પરેહજગારીમા જાંણે કે પીરાંણ પીર–નમનતાઇમા ખવાસ રાખતો અમીર.
બેટો સર જમશેદજી જીજીભાઈનો–તે સાથે લેડી આવાં બાઈનો.
જનમથીજ પાંમતોતો બીશીઆર સુખ–ભોગવેઊંછે પાછલા દાહાડામા દુખ.
ઇનસાનતો પોતે રૂડું ચાહેછે–પણ કુદરતનું કરવું અંતે થાએછે.
ગણાયાતા રૂસતમ સરીમંત શાહ–પકડીતી કચ કંઇએ તેમની પનાહ.
ભવીસના લેખ જારે ગયા ભુસાઈ–તદબીરબી તારે તેવણથી રૂસાઈ.
ગયો તેમનો દરવ હવાપર ઉડી–નાપેકાર દરદબી આયું કુદી.
જહલદર તેમનો થયોતો જંમ–ઉપજેઓછે તેનો સરવેને ગંમ.
૧૩ મી એપરેલ ને સનીનો વાર–પાછલે પોહોરના વાગેલા ચાર.
અઢારશેને બોંહોતેર ઇસવી સને–તે સાથે જો યજદે જરદી ગણે.
જણાયો તે બારશો એક પર ચાલીસ–ઊંમર જેની અઢારની ઉપર તીસ.*
મેહર મહીનાનો અરશે સંગરોજ,(શેહનશાહી)–બાંવેઓ આહીંમત બાહદુરે બોજ.
ભલું નામ મેલીને ગયોછે સહી–નેકી તેની દુનીઆંમા પરકાસતી રહી.
કાલબુદતો મટીમા મલી ગયું–પણ રૂહ તેનુ જીનતમા અંમર થયું.
આ લખનાર કેહછે તે સાંભલો ભાઇ–સ્તુતી તેવણની જેઓથી થાઇ.
કે અદનાને આલો ધણી એક વાર–જતાતા કામસર તેમને દુઆર.
જાંહાં તેવણથી મલતુતું સરવેને માન–ગવાઇછે નેકીની જબરી વખાંણ.
બોલાયુંછે તેમની નમનતાઈ વીશે–જે જાએ તેઓ તાંહાંથી ન વેહલા બીશે.
ઇઆદીમા રહેઊંચ તેમનુ હએસાન–થતું નહીં ખુબીનું વીશેસ બયાંન.
પણ આટલું તો બચીત કહીએછે ખરા–કે પાછલથી પરજામા પહજરેછે જરા.
એવો નર ફરી નહીં કોઇબી જોશે–મયા તેમની ઇઆદીમા સદા રોશે.
શેઠીઓ સવભાવે હતો ધીરો–અનજુમને બોયો ઝહલકતો હીરો.
તે સાથે ભાઇઓની બાજુ તુટી–જનમની મોહબત જોડાએલી છુટી.
ગરીબોની થઇછે જે પુરી અભાગ–તેઓ તો શોધશે કેયેબી થાગ.
પણ વીધવા બીચારીનો હેવો વીલાપ–મલેઓછે ધુલમા ધણીનો મીલાપ.
લીધો સુખ ખાતર ફરી શીણગાર–ભવીશે તજાવેઓ હઇડાંનો હાર.
કરમમા ન સરજેલું સનસારી સુખ–બેહુ ઘરના એખલાશમા પાંમીછે દુખ.

* ઇઆને ૧૨૪૧ ય૦ મા ૪૮ વરસની વએ ઉપલી કવીતાથી જણાએછે, પણ તે સાહેબના જનમ દીવસનો મુકાબલો મેલવતાં તેની ઉપર તરણ મહીના ને ૪ દાહડા વધારે પસાર થયા હતા. નો૦ લે૦

પણ કુદરતનો એવોજ છે કાએદો—ન જોતાં ગમીમા કાંઈ ફાએદો.
પ્રારથના કરવી ઇસવરની પાસ—જે ખાલેક પુરેછે સરવેની આસ.
આહો યારો ઘરડા, અઢાર ને જવાન—કે ખુશી રાખે જીંનતમા તેમનુ
તે સાથે કુટંબપરથી ઉતારે કેહર—કુદરત કરે તેઓપર મેહર.
એટલીજ છે મીસકીનની ખરી અરજ—તે માટેની અદા કરીછે ફરજ.

એ ઉપરાંત આપણી વસતીમા વખણાએલા શેઠ શોરાબજી શા બંગાલીએ પોતાની કસાએલી કલમ વટે આ મરહુમ શેઠની યાદગારીમા અ રેલા ટુક દોહેરા જે તારીખ ૨૧ મી એપરેલ ૧૮૭૨ ના "રાસતગોફતાર અંદર છપાએલા હમારા જોવામા આવેઆચ, તેને પણ થોડાક ફેરફાર સાથે નોધ તરીકે એટલા માટે હીંઆં દાખલ કરીએચ કે, તે કાબેલ કવીની જે નીના થોડાજ સબદોમાથી માહભારત મતલબો સહમજાઇ સકાએછે.

લાખો ખરચી, લાખો ખવાડી, ને લાખો કીધા બખશેસ,
તાહડક દીધી હજારોને, પણ તેશે તેને કલેસ.
બાપના કદમ પર ચાલી, ને લીધો તેનો વેસ,
પીતા જેહવો નહી ભાએગ સાલી, થયો દુખી દરવેસ.
ખોદાએ કીધી એટલી રેહમ, કે ટાલેઊ તેમનું દુખ,
બોલાવી લીધો જીંનતમાં, આલેઊ અખઈ સુખ.

આ મરહુમ શેઠે સારા સમેમાં સઘલાંઓની સાથે અનેક તરેહની ખુબીઓ જે કીધી હતી, તેની ઈઆદી પાછલનાં પાતલા વખત પર જોકે ભુલાતી ચાલેલી આપણ સાંભલતા હતા; તોપણ તે સાહેબની તેહવી અપાર ખુબીનો જેટલો પરકાસ હવે ચોમેર ફેલાતો જાએચ, તેટલો સંતોસ તેમના માંનવંતાં કુટુંબીઓને બસ થાતો હશે. આ સાહેબે જેટલાં પરોપકારી કાંમો જાહેરમાં કરી દેખાડેઆં હતાં, તેટલાંની ઈઆદી બનીચ તેટલી કોશેસથી મેલવીને આ નોધમાં દાખલ કીધેલીછે; પણ તે ઉપરાંત ગુપત દાંનમા તેનાએ અચરતી પમાડવા જેહવી દયા ખરેખરા ગરીબોની મદદ માટે જે વરસાવી હતી, તેથી તો આલમનો મોટો ભાગ અણજાંણેઓ હોએ તેની કાંઇજ નવાઈ નથી; કારણ કે આ સાહેબ પાશે દોલતનો દરંગ થાયો તારથીજ પોતાનાં સગાં સંમદીઓ ઉપરાંત દોસત આસનાઓ, અને નોકરોમાંજ નહી, પણ પોતાની સાથે બાલપણમા નીસાલે બેસીને સીખનારાઓ વઠીકનેબી સાંભલેઆ પરમાણે સખાવત કરવાનુ તેવન ભુલેઆ નોહતા; જેની સાબેતીનો એકજ દાખલો વરતમાંન પતરોની મારફતે જાહેર પડેઆ ઉપરથી જણાઈ આવેઊંચ કે, (એક દાહાડે આ શેઠ પોતાની ગાડીમાં બેશીને જતા હતા તેહવામાં તેમનો એક નીસાલીઓ જે રસતામા ચાલતો મલેઓ, જેણે વાંકોવલી સલાંમ કરતાંજ તતકાલ પીછાંનીને ગાડી થોભાવી પોતાની આગલ બોલાવી તે સાથે વાતો કરવા માંડી; અને પુછપરેછથી તેનાને માંલુમ પડેઊં કે, આ સાહેબ જારે પાદસાહી દોલત ધરાવેચ તારે તેનાનો આ ગરીબ નીસાલીઓ પેટના રોટલા માટે જુદે જુદે ઠેકાંણે મેહતાગરીનુ વહીતરું શોધતો ફરેછે; જે ઉપરથી આ

ા માતબર નીસાલીઆએ બીજે દાહાડે પોતીકે ઘેર તેને બોલાવીને ાગવે બે હજાર રૂપીઆની નોટ એક પરબીડાંમા બીડીને ભેટ દાખલ ાતી.) આ તો માતરે એટલુંજ થયું, પણ તે ઉપરાંતબી હેવા ઘણાક દોસતોને જે ઈઆદ કીધા હતા તેની કશી ઈઆદી કોઈ પાશેથી ાસબી નહી. આ શેઠ જારે ગુજરાત તરફ ફરવા શીધારેઆ હતા, તારે સુરત શેહરમાંજ આગલની જાહોજલાલી બોહી બેઠેલા કેટલાક મોહતા- નાંમો મેલવીને ગુપત રીતે દસથી તે પાંચ, અને બબે હજાર રૂપીઆ ાની રકમો આપી હતી; તે વલી હેવી સંતલેસથી કે તે લેનારાઓને પોતાના ાની કશી નીસાંણી બી ઓલે પડવા દીધી નોહતી. આપણા શેહર મવે ાગલા વખત પર મોટી દોલત સાથે માહભારત મીલકતોની માલેકી ભોગ- ારો એક આબરૂદાર ગરહસથ જે હાદેસાના દોરમા કચડાઇ બેઠોછે તેનાને ાટે કેહચકે, આ સખી શેઠીઆએ પોતાની જાહોજલાલી વખતે દર મહીને ાક હજાર રૂપીઆનો પગાર બાંધી આપેઆ ઉપરાંત, રેહવા માટે એક બંગલો ાણ વગર ભાડે દીધો હતો; જે વાતને તે સાહેબ હજીસુધી સંતોસથી ઈઆદ કરતા રેહછે) અને હેવી હેવી ગુપત સખાવતોથી ઘણા આબરૂદાર મુફલેસ કુટં- બોને જે સંતોસતા હતા, તેનુ બયાંન થાઈ સખાતુંજ નહી; માટે હાવી સખાવતનો આવાજ તેમનાં મરણ પછે બાહેર પડે, તેમાં આ મરહુમની અપાર ખુબીઓ રોસની પકડતીજ જાએછે. મુંબઇથી તે છેક ગુજરાત, કોકન, અને દખણના છેડાસુધી એટલુંજ નહી પણ તે ઉપરાંત યુરોપખંડના રેહવાશીઓ વટીક તેનાંની સખાવતની સતુતી ગાવામા ભુલતા નહી. આ સખી શેઠના મરણની દુખ ભરેલી ખબર સાંભલેઆથી જગોજગોનાં જરથોસતીઓએ ગમખારી બતાવીને તેમના ઉઠમનાંની કીરીઆઓ કીધી હતી; અને કેટલાક પંઠકવાલા અથોરનાનો એ તો અનજુમનની એલટેમાસને બાહાલ રાખીને જાહેરની કીરીઆ વખતે લેવાતાં બુજોરગવારોની આરાધનાં સાથે આ મરહુમ દાતારનુ નાંમ પણ લેવાનુ સરૂ કીધુંછે; માટે જાંહાંસુધી જરથોસતી તોલાની સલાંમતી હકતાલા સાચવી રાખશે, તાંહાં તુલીક તેમનાં અશો રવાંણની ઈઆદી મોબેદોનાં મુખમાથી દનરોજ લેવાતીજ રેહશે.

પંચાએત પાશે પાંરશી અનજુમનની સચવાએલી પુંજી સંબંધી દરસાલના શીરેસતા મુજબ સંવત ૧૯૨૮ ના હીસાબની ચોપડીઓ જે છપાઇને બાહેર પડીછે, તેમા આ સવરગવાશી શેઠના મરતીઉક બાબે તેવણના હમસરીક અકાબરોએ કીધેલી ઘણી મોતેબર નોંધો જોવા ઉપરથી જણાઈ આવેછેંચ કે, આ મરહુમ શેઠનો સંબંધ પંચાએતના એક અધીકારી તરીકે પેહલવેવલો ય० ૧૨૨૩ મા જોડાયો હતો; અને તે પછે તેવણ ૧૨૨૮ ના શેહનશાહી બહમન મહીનાના બેહરાંમ રોજથી પંચાએત હસતકની પુંજીના તરસટી પણામાં સાંમેલ રહીને તેનો અધીકાર હઇઆતીની છેલી ઘડી સુધી દીલશોજીથી માન સહીત જાલવી રાખતાં પોતીકા ભાઇબંધ અકાબરો સાથે ભારે ઉલટથી ધર- મખાતાંઓનો વહીવટ ચલાવેઓ હતો.

આ સખીવજુદ નરે નીપજાવેલાં સારાં કાંમોની એક ઉતંમ ઇ
આકેબત સુધી પુખતપાએ નીભાવી રાખવાના ખરા હેતુથી તેનાનેજ ન
ઉમદા ધરમ ખાતું ઉભું કરવા માટે જરથોસતી અનજુમનની સભાએ
માનવંત સુનસીઓ શેઠ અરદેસર ફરાંમજી મુસ, તથા શેઠ કુંવરજી રૂસ
મોદીએ તા० ૧૫ મી મે ૧૮૭૨ થી હુંડરાંણુ લેવા માડઊઁ હતું, તા
૧૮૭૪ ના જાંનીવારીની ૧૫ મી તારીખે છેલ્લો હીસાબ તેઓએ છપાવી
કીધો, તાંહાંતુલીક ટીપમા ભરાવેલા રૂ ૨૭,૧૪૪–૧૪–૪ પઈને પેટે, રૂ ૨
૧૪–૪ પઈ જે વસુલ થઇ ચુકા, તેની કેમેટીના તરણ સાહેબોને નાંમે વી
ચહડતી સરકારી નોટો લઈ રાખેલી છે; અને હુંડરાંણી બાકીના રૂ ૫૪૫
જે લોકો ઉપર લેણા બોલતા કેહચ તેપણ ટુંક વખતમા મલી રહેઆ
અથવા તેની અગમજ તે બાબેનો કોઈ રૂડો ફેડાવ થવાની વકી હવે કાંઇ
વેગલી જણાતી નથી. બીન સવારથથી બજાવેલાં આ માહાસુભ કાંમન
અંદર ઉપલા બે બુધીવાન ગરહસથોએ દીલ શોજીથી કીધેલી કોશેસ જેવી મા
લાએક વખણાઈચ, તેવુંજ તેનુ પરીણામબી કેમેટીના માનવંતા અધીકારીએ
પાર ઉતારી આપીને સાબાસીનો અધોઓ સંઘરી લેશે, તારે આ મરહુમ શે-
ઠીઆની ઇઆદગારી ખચીત પરકાસતીજ રેહેશે. પોતીકા આ માહધરમી
હમદીન અકાબર ઉપર આકેબત સુધીનો પેઆર નીભાવી રાખવાની ઈઆદીમા
ચીનના જરથોસતીઓએ જે હુંડરાંણુ અપસ અપસ વચે કીધું હતું, તેમાથી
રૂ ૧,૨०० હીંઆંની થાપણમા હુંમેરવા મોકલેઆ, તે ઉપલી સંખીઆમા સમાઇ
ચુકેઆછે; અને બાકી રકમ ખરચીને આ મેહરબાન દીનદોસતની આખાં
કદની એક સુંદર તસવીર ચીતરાવીને જે અરપણ કીધી, તે હીંઆં સહી
સલાંમત પોંહતા પછે રોજ ૯ મો માહ ૪ થો શેહનસાહી સાલે ૧૨૮૨
ય० એ વાડીઆજી શેઠ હોરમજજી બંમનજીવાલાં આતસબેહરાંમ સાહેબના
દીવાનખાનામા મેલાયાથી, એકતો દુરદરાજ દેસમા બીરાજતા હમદીન ભાઈ-
ઓના સારાં કામની કીરતી, અને બીજુંતો ચીનાઈ હોનરની કમાલીએત
વખણાઇ રહીછે.

રૂડી વરતણુકને લીધે આ સાહેબ આપણી સરકારી સેવીંગબેંકમા એક
નામીચા અધીકારી તરીકે ઘણી લાંમબી મુદતથી નેમાએલા હતા; તે જગેઆ
તેવણના કવખતના મરણે જે ખાલી પાડી, તેથી તાહાંના વહીવટદારોએ હેવી
તો ગમગીની ઉપજાવી હતી કે, તે બાબેનુ બયાંન જેટલું લખાએ તેટલું થોડુંજ
કેહવાયા વીના રેહ નહીં.

આ આશો નરની કોઈ ઉતમ ઈઆદગારી ઘણું કરી જરથોસતીઓએ
પોતામાજ કાએમ રાખવાની કલપનાથી, પરકોમના કોઈબી સખસને સાંમેલ
કીધાવીના, જે સભા મેલવી હતી, તે વીશે પરથંમ હેવી ચરચા ચરવાએલી
જણાઇ કે બધી વરણના લોકોની એક માહભારત મંડલી મેલવી હોતતો, આ
સખી શેઠની સખાવતે કોઈબી નાંતજાતનો કશો તફાવત નહીં જોયાની ઈઆદ-
ગારીમા તેમના માન લાએક મોટી રકમ શેહજમા જમાવ થઈ સકતે.

"વાસતે ઓ! કરીમે કારસાજ ઓ! બનદેહનવાજ આએ વખતે હમો
…રી દરગાહમા આજેજી કરતા આવીએચ અને એખલાસથી તાહરી જના-
…મા બંદગીને વાસતે હમારૂં સર નમાવીએચ. અએ! બખશેસ તથા દાદના
…વંદ હમો ભારે ફરૂતની તથા સરમીનદગીથી હમારા કરેલા ગુનાહોની તો-
…સ ચાહીએચ–હમો એટલા સુધી તાહરા ફરમાનથી દુર ગયાચ કે જે
… કરવા ફરમાંવેલ તે મારગ તદન છોડી દઈને જે મારગ ગુમરાહી તથા
…દકારીનો હતો તે એખતીઆર કરેઓચ તેથી આ પરસંગે હમો એટલા તો
સરમ તથા લાજથી ગરક થાઈ ગયાચ કે તાહરી દરગાહ તરફ આએ હમારી
આંખો ઉઠાવી નેઘાહ કરી નહીં સકીએ–લેકીન અએ દયાલુ સરવ સકતી-
વાન દાતાર હમો જાંણીએચ કે તું પેઆરમા પુરો અને દયામા રૂડોછે અને
"જે ગુનેહગારો પોતાનુ સીહા મોહડું તાહરી દરઘાહ તરફ કરેચ તેઓને તું તાહરા
"સરવદા રેહેમથી માફી બખશેછે. તેહેવી હમારાં નાપાકી ભરેલાં દીલને ધીરજ
"આપીને ભારે નમનતાઈ તથા ઓજરખાહીથી હમારા દીલની મુદઆ તાહરેથી
"ચાહીએચ તે તું બર લાવશે–તુહને ભુલી જવાથી તથા પાપના કરમો કરવાથી
"હમોએ હમારી ઉપર તાહરો કોફ ખેંચી લીવો તેના અવેજમા હમારી ઉપર
"કેહર ગુજરેઓ અને હજારો બલકે લખો પરાંણીઓ આ ભુમી ઉપર સમસેર
"તથા તુફંગનો ભોગ થઈ પડઆ અને તેમ થવાથી સંગલા પરાંણીઓમા ગોયા
"એક આફત પડી અને કોઈને કશું સુજ પડેલ નહી પણ જેવારે તું ગુના-
"હોના બખસનાર ખાવંદની દરઘાહમા તાહરા કમીના બંદાઓએ ભારે નમન-
"તાઈથી ઘટતો પસતાઓ કરી બંદગી ગુજારી તેવારે અએ! રેહમના સાગર-
"તુંએ તાહરો કેહર નરમ પાડઓ અને તાહરી બે ઈનતેહા બખશેસથી
"હમોને પાછા હમારા દુખમાથી છોડવી મોકલા કરેઆ–અને આએ સર જમીન
"ઉપર તુંએ પાછી સુલેહ તથા સંપજ બખશી અને હમો હવડાં તાહરી અપ-
"રમપાર બખશેસ તથા રેહમતથી પાછા અમનો અમાન ભરેલા થયા છઈએ
"એટલુંજ નહી અએ! કેરદેગાર તુંએ તાહરા ગએબના ખજાંનાથી હમારે
"વાસતે વરસાદ વરસાવીને આએ આફત તથા બલામા આવી પડેલી જમીનના
"માથાં ઉપરથી સઘલી કીસમના દુખ તથા દરદનુ નીવારણ કરીને સરવે
"રીતે હમારાં નાતવાંન તન ઉપરથી જેહમત તથા દરદ દુર કરેલ અને
"તાહરા લુતફથી હમારાં દુખીઆરાં દીલને ખુશીથી પાછાં તાજાં કરેઆં–તેની
"સુકર ગુજારીમા હમો સઘલા એક દીલથી તાહરી બારગાહમા એક આવાજે
"તાહરી બંદગી કરીએચ.

"ઓ! દાવરે દાદગર–ઓ કીરપાલુ સાહેબ હમારા ગુનાહોથી દર ગુજરથા
"અને હમોને નેક તથા ભલે મારગે ચાલવાની પાછી હેદાયત બખસ કે તેમ
"થવાથી હમોને ભુંડાં કરતુકોથી દુર રહીને તાહરી બખશેસથી જે આએ
"જીંદેગાંની ભોગવીએચ તે તાહરી ઇબાદ તથા સારાં કાંમો કરવા પછવાડે
"ગુજારવામા આવે.

"અએ! પરવરદેગાર હમારી નામદાર રાંણીને વાસતે તાહરી બાર-

"ગાહમા હમો બેહુ હાથ જોડી બંદગી કરીએચ અને હેવી દુવા માંગીએચ
"કે જેઓ તેના હાથ તલે સતા ધરાવેચ તેઓ તાહરાથી બીહીને સારે મારગે
"ચાલે અને હમો તાહરી જનાબમા એક દીલથી બીજી એ અરજ ગુજારી-
"એચ કે તમામ ખલકતના તાહરા પરાંણીઓ તાહરા હોકમના ફરમાન મુજબ
"સારી તથા પાક દેઆનતથી ચાલને સુલેહ સંપજમા રહી તાહરા પાક નામની
"હરદમ તથા હરઘડી જપના કરતા રેહ; આમીન. સદહજાર આમીન.
"આમીન આમીન."

સખી બાપે દીધેલા સકમાઇનાં વારસા મધેથી આ સાહેબને હાથબી તેમની તરીજી પાંતીઓ મોટી દોલત આવેઆ પછે, તેનો રૂડો ઉપીઓગ કરવામા સઘલી વાતે તેવણ લાએક હતા; અને તેથી કરી પોતાથી બનેશ તેહવી રીતે જાહેરમાં ધરમનાં રૂડાં કાંમો પછવાડે સારી રકમો ખરચતા હતા; જે બાબે આલમને મોહડેથી એકવાર હેવીબી આવાજ નીકલતો હતો કે, સખાવતનાં કાંમમાં મરહુમ બારોનેટ સાહેબ પેહલાં એબીલા હતા, પણ તેવણની પછે તો તેમના તરણો સકરમી સાહેબજાદાઓ જે સવતંતર થાઇને જાહેરમાં આવેઆચ, તેઓ સખી પણાની ચહડાઇ, એકેકથી સરસ કીસમની હવે શોધતા રહીને પોતાના મરહુમ પીતાની કીરતીમાં ખચીત વધારે રોસની આપશે. હાવી આગાહીની સરૂ-આતબી થાઈ હતી, પણ ગરીબડી પરજાના માઠાં ભાએગ વચે નડીઆથી, સટાની જેહરી હવા ફરતી ફરતી એક સકરમીના સબકતાં પગલાંની ગેરહાજરે આ સુધાં તરણે એખલાશી ભાઇઓના ચંચલ મન ઉપર બીન ધારેલી પેશી ગએઆને લીધે, બાપના મરણ પછે, એક દાએકાની ટુક મુદત પુરી થએઆ આગમજ તે સઘલાઓ પાશેથી એક પાદસાહી ખજાંણો આલમની આંખ ચોલવીને હેવો તો ઉતાવલે રૂખસત પાંમી ગયો કે, તેને અટકાવી રાખવાનો કોઈબી એલાજ તરણો માહેલા એકબી ભાઇને સુજેઓ નહી; અને તેથી કરી લોકોને સદાવરતુ આપનારા સખી ઘેરના આ ગંભીર શેઠની ધારેલી નેક મુરાદ તેમના મનમાંજ રહી. આ સાહેબને માથે, પારશેની પુંજી પેસી જતાં મોટી રકમનુ દેવું થાએલું સંભલાયું હતું; જેના પતાવસ માટે સાલે ૧૨૩૫ અથવા ૧૨૩૬ માં ખાનગી તરસતીઓ જે નેમાયા, તે સાહેબોએ ઘણી સારી તરતીબ વાપડી તેમના કચડાંએલાં કાંમનો ફડચો કરી આપેઓ હતો; તેથી કરી આ શેઠ હવડાં સઘલી કફારતમાથી મોકલા રહેલા જણાએછે.

દરવીઅના દુખ સાથે સરીર સાંણતીમાબી બીરગસતે દાહાડે સાંભલેઆ પરમાણે આ શેઠ હેવી તો બેજારી જોતા રેહચ કે, તેમાંથી સુખ પાંમવાના દરેક મહીનામા થોડાજ દીવસ ભાએગે તેમને મલતા હશે. દુનીઆંની કેહવત મુજબ સુખની પાછલ આવતું દુખ જે દેખાએચ તેને પણ અંગેજી લઇને સંતોસથી એવણ સહણ કરી સખે છે, માટે બારે હકતાલા તેમાથી તેવણને આસાની શાથે સંભાલીને પુર તનદરોસતી બખશે, હેવી પરારથના પરજા તરફથી થવી જોઇએ.

લી બાબત બોલવામા જો સચાઈ સમાએલી હોતતો, જે વખતે પાર- સબબ સમજાયો તેજ ટાંકણે તેહવી દલગીરી દેખાડનારા સાહેબોએ રએકની કોમ ઉપર આ શેઠીઆએ કીધેલાં અગણીત હએસાનનો બ- લી આપવાના હેતુથી, બધાઓ ભેગા મલી એક થાપણ જરૂર ઉભી કરી , અને તેટલી વાત તેહવાઓની સાહમણે કાંઈજ મુસકેલ જણાતેબી પણ પારસીઓના આલાહેધાપણાનુ ખાલી બાહાંનુ વચે લાવી ભલાં કાંમની ી મેલવવાથી જેઓ બેનસીબ રહેઆ, તેઓની મુકતી ખરેખરી ઠપકા ક જણાઈ આવેઆ વીશેની દલગીરી સાથે આ માનવંતા મરહુમ શેઠી- ના હએવાલની હીંઆં સમાપતી લાવીએછે.

શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ.

આપણા મરહુમ બારોનેટના આ સરવેથી નાંધલા પુતરનો જનમ રોજ ર૦ મે માહા ૧ લો શેહનશાહી સાલે ૧૧૯૫ માં થાએલો મુકરર જણાયોછે. આ સાહેબ જોકે પોતીકા તોજાર બાપના રાજમાં ખરા લાડથી હુલરીને જેમ ખુશી વ ખુરમી ભોગવતા હતા, તેમજ વીદેઆની રૂડી કેલવણીબી હાંશેલ કરવામા મનને સદા રોકી રાખવાની કશી આલસાઇ રાખતા નોહતા; અને તેથી કરી પુખત ઉંમરે પોંહચેઆ પછે ગરંથકારીઓની સંફમાં પોતાનુ ભાએ- ગસાલી નામ નોધાવીને બીજા દરવીઅવાન શેઠીઆઓના દીકરાઓ માટે કાબે- લીએતનો એક શીકાર નમુનો જાહેર પાડએછે. કેહચ કે આ સાહેબે જીંદગીની સુખવાશી હાલતમાં, અને તે પછે મલીને સઘલાં ૫ પુસતકો પોતાની ખુદ કલંમથી લખી પરશીધ કીધાં; તે કાંઇ રોજી મેલવવાની મતલબે નહીંજ, પંણ રાખતી ખેંચીને રાંધરેલી વીદેઆના જાહાડ મધેથી નીપજાવેલાં હીકમતી ફલનો થોડા શવાદ પોતાના માનવી ભાઈબંદોને ચખાડવાની માતરે હોંશ પુરી પાડવા માટે માલુમ પડેલુંછે. એ પુસતકો મધેઃ—

શરવેથી પેહલવેહલું "ફીલીદે દાંનેશ" નામનાં એક ફારશી રેશાલાનો ગુજરાતીમાં તરજુમો કરીને ય૦ ૧૨૧૮ માં બાપના આશરા હેઠલ પરગટ કીધું, અને તેનુ નામ "તોહફએ જમશીદ" રાખેલું હતું.

બીજું—"તકવીઅતે દીને માજદીઅરાના" નાંમનુ ૧૨૨૧ મા.

તરીજું—"રાહેપારશા" ૧૨૨૨ મા.

ચોથું—"જોહરે જીંદગાંની" ૧૨૨૫ મા.

પાંચમુ—"તૌસીફે જરથોશત" ઈઆને પારશીઓના પેગાંમબર સત જરથોશતની તારીફમાં કેટલાંક ફારશી બેહતો જોડાએલાં હતાં, (જે માહેલાં ૩૭ નો અસલ બનાવનાર તો બેહરાત બેહરે દશતુર મુલ્લાં ફીરોઝ હતા; અને બાકીનાં બીજાં બેહતોનો બાંની તરજુમો કરનારને માલુમ પડેઓ નોહતો) તે સઘલાઓનો તરજુમો ગુજરાતીમાં રચીને

સાલે ૧૨૩૮ મા બાહેર પાડેલું એક પુસતક કોઈ એવા સ
અરપણ કરવામાં આવેલું જણાયુંછે કે, આ સાહેબના
વીપત અને સંકટના દાહડાઓ ઉપર તેમની સાથે એક દોસત
ખરા હેતુ થાઇ પડેઆ હતા; માટે પોતાનુ ભલું ઇછિનાર મદદગ
અગણીત હએસાંન માંનેઆ છતાં, તેહવા ઇસતમીતરનું નાંમ તે
મરજીને આધીન રહી જાહેરમા લાવેઆજ નહીં.

છઠું—"તજકરીએ ડાસાભાઈ શોરાબજી મુનશી" ઇઆને મરહુમ ડા
ભાઈ મુનશીના જનમારાનો એહેવાલ "ઇલસટ્રેટેડ લંડન નીઉ
નામના અંગરેજી પતરમા છપાયો હતો તેના પોતે કીધેલા તરજુમા
ચોપાંણીઆં ય૦ ૧૨૪૧ માં.

આ ઇઆદી કાંઈ ગરંથમા ગણાઈ નથી, પણ કાબેલીએતની એક ઉતમ
નોધ તરીકે જણાઇછે કે ઇ૦ સને ૧૮૫૭ મા હીંદની આખી અંગરેજી
સલતનત સાહાંમણે તેમના નીમકહરાંમ લસકરી સીપાઇઓએ નાફરમાન થઇને
ગજબનાક બલવો જે કીધો હતો, તેનું સમાધાન મોટી મુસકેલે આવેઆ બાબે
જગત કરતા પરમ કુરપાલુ પરમેશાવરનો ઉપકાર માનવા માટે આપણે માથે
હકુમત ચલાવનારાઓના વડા, વાઇસરાએ કીધેલા ઢંઢેરા મુજબ આ ટાપુ
ખાતે સગલી વરણના વફાદાર લોકોએ પોતપોતાના ધરમ મકાંણોમા એખીતા
થઈ જાહેરમા પ્રારથના જેમ ગુજારી હતી, તેમ પારશી અંનજુમનના અદનાથી
તે આલા સાહેબો રોજ ૭ મો માહ ૧૧ મો શેહનસાહી સાલે ૧૨૨૮ ને પેહલે
પોહરે કલાક ૯ ને અંમલે વાડીઆજી શેઠ હોરમજજી બમનજીના આતસ-
બેહરામમા એખીતા થયા હતા; જાંહાં તેઓના મજહબને મલતી જસનની
પવીતર કીરીઆ પુરી થયા પછે, આ માનવંતા શેઠીઆએ પંચના અકાબર
સાહેબોની અરજથી ગુજરાતીમા પોતે જોડેલી બંદગી બુલંદ આવાજે જે
વાંચી સંભલાવી હતી તેની નકલ નીચે મુજબ જાહેર વરતમાન પતરોમા
છપાએલી જોવામા આવીચ.

બંદગી.

"ઓ! સરવ સકતીવાંન દયાલુ દાતાર—તું હમેસગીનો એક ઓદાછે—અને
"તુંજ એક ખરો અને પરસતેસને લાએકનો સાહેબછે—અને તાહરા જેવો
"બીજો કોઈ નથી અને તાહરા શીવાએ બીજો ઓદા પણ નથી—તું એબાદત
"તથા બંદગી સરજાવનારનો સરવેથી મોટો ખાવંદછે—તાહરી જાતે પુર સીફાત બે
"મીસલો માનીનદછે અને સરવેને માથે સાહેબીનો કરનાર તુંજ એક ખરો
"ખાવંદછે—શું બેહસતમા ઇઆ શું આએ જેહાનમા વસનારા લોકો ઉપર તાહરી
"મરજીમા આવેછે તે અએ સાહેબ તું કરેછે—તાહરી કુદરતના હાથને કોઇની
"મકદુર નથી કે અટકાવી સકે અથવા કોઈની તાકાત નથી કે તુહને એમ
"કહી શકે કે "તું શું કરેચ" ઓ! ખાલેક બેનીઆજ તાહરી સરૂઆત
"તથા આખેરત છેજ નહીં અને તું હમેસગીનો સાહેબ હતો તથા છે અને
"હવે પછે રેહશે. તાહરી જાત પાકીમા બુલંદ તથા વખાણ નહીં થાઇ સકે તેહવીછે.

સખાવતના કાંમોમા આ સાહેબે સખી દીલથી ખરચેલી રકમો વીશેની ચોકસ સંખીઆ તો તેવણુના જીગરનેજ રોસન હોવી જોઇએ; પણ જેટલી વાત જાહેરમા આવીચ, તેટલીનેજ હીંઆં નોધી લેતાં જોકે તેનો એકંદર સરવાલો રૂ ૧,૬૫,૩૫૫ નો જણાએછે, તોપણ તેટલાંથીજ તે સંપુરણ થએલી કેહવામાટે હમો લગરીક અચકાઇએછે; કેમકે તેથીબી વીશેસ ગણાવવી જોઇએ, પણ વીગત વીના માલુમ પડી સકેજ નહીં

૧૨૨૪ મા, લંડન ખાતે "પેટરીઆટીક" ફંડની મદદ માટે મોકલેલા રૂ ૨,૫૦૦

૧૨૨૮ મા વીકટોરીઆ મીઉઝીએમ તથા ગારડનના હુધરાંણામા ભરી આપેલા ૧૨૫

૧૨૨૯ મા, પોતાના મરહુમ પીતાની વરશીને દાહડે મુંબઈની સમાલ-કાઝ કોરટના હોકમનામાથી કરજ માટે કેદખાને પડેલા ૩૬ જણાઓને છોડવેઆ તેમા આપેલા રૂ ૬,૦૦૦ અને તે પછે ૧૨૩૧ મા એજ સાહેબની ચોથાં વરસની ખાજને દાહાડે કેટ-લાકોનો કરજમાથી છુટકો કરી આપેઓ તે સખાવતની સંખીઆ રૂ ૩૦૦૦ ની જણાઇછે તે મલી ૯,૦૦૦

૧૨૩૦ મા, મરહુમ વાડીઆજી સાહેબ નવરોજજી જમશેદજીના પુણ માટે ગોદી ખાતેના ગરીબ સુંથારોનાં પેણસન ફંડમા ભરી આપેલા ૭૫૦

૧૨૩૨ મા કછમાડવી તરફ લાગેલી આગ અંદર પાએમાલ પાંમેલા-ઓને ઘેરો બાંધી આપવાની મદદ માટે રૂ ૫,૦૦૦ તથા ખોરાકી પોંહચાડવી તેમા ખરચાએલા રૂ ૧,૫૦૦ મલી કુલ.. ૬,૫૦૦

૧૨૩૨ મા સેંટવીનસેંટ-ડી-પાલના હુધરાંણાની ટીપમા ભરી આંપેલા. ૭૦૦

૧૨૩૨ મા વરોડરા ખાતે અમરોલી ઉતરાણના રેલવે મકક આગલ "લીટરેરી તથા મીકાંનીકસ ઇનસટીટુટ" વાલાઓના માગેઆ મુજબ "હારમોણીઆં" નામનુ વજનતર અપાવેલું તેના .. ૭૦૦

૧૨૩૨ મા કલકતા ખાતેના સીપચાંડલર કપતાન ગારદન તથા તેની બાએડી મરણ પાંમેઆને લીધે તેઓના છોકરાંઓ જે બીન આસરાના થઈ પડઓં હતાં, તેઓની પરવરેશી માટે થાએલાં જાહેર હુધરાણાની ટીપમા ભરી આપેલા................ ૧,૦૦૦

૧૨૩૩ મા નામદાર સર જમશેદજી વાલી, તથા એલફીનસટન હાઇ સ્કુલના પારશી છોકરાઓને ટાંઉન હાલની અંદર ભેગા કરીને, અંગરેજી ગવઇઆઓએ કીધેલી ગમત દેખડાવી તેનો ખરચ એનાએ આપેઓ ૧,૦૦૦

૧૨૩૩ મા, આ સાહેબ જારે વરોડરાની શેહલઘાએ શીધારેઆ હતા, તે વખતે વરતાલ નામની જગેઆ આગલનો એક પુરાંણો તલાવ જે ઘણીજ બીસમાર હાલતમા જણાયો, તેની મરાંમત કરાવી આપી ૧,૦૦૦

૧૨૩૩ મા, જમશેદી નારોજની ખુશાલીમા વરોડરા ખાતેની જેલમા પડેલા ગરીબ દેવાદારોને તેઓનુ કરજ આપી છોડવેઆ, તથા તે ઉપરાંત શેહરમા, અને લસકરી મઠક આગલ એકેકી ધરમશાલા બંધાવી આપી તેના મલી બધા.............. ૧૫,૦૦૦

૧૨૩૩ મા, નૌસારી કસંબા પાશેના ટવરી ગાંમમાં બંધાએલું નવું દોખમું શેહનશાહી ૭ મા મહીનાને ૨૯ મા રોજે ઈજાયું, તે વખતે જસણમા સાંમેલ થએલા પારસીઓને માટે રેલવેની આવતી તથા જતી તરેણો આ સાહેબે મેલાવેઆ કીધી, તથા તે ઉપરાંત તીરથ ટાંકણે ગાંમની નેઆત જમાડી તેના.... ૧,૫૦૦

૧૨૩૩ મા, આમદાવાડની "વરનાકીઉલર શોસાઇટી"ના શીકરેટેરી મી૦ ટી. બી. કરટીસને એક રકમ સપુરદ કરતાં હેવું ફરમાવેલું હતું કે, જે વીદ્દીઆરથી સરસ નીબંધ લખે તેને દરસાલે રૂ ૧૦૦ નુ ઇનામ (આ શેઠના નામથી) હેનાયત કરે. [આ કરાર મુજબ કેહચકે ૧૨૩૬ મા ગુજરાતી ભાશાની ઉતપંતી સંબંધી સરસ નીબંધ લખનારા તાંહાંના શાસ્ત્રી વીરજલલા કાલીદાસને રૂ ૧૦૦ નુ એક ઇનામ આપવામા આવેલું હતું, અને તે મુજબ બીજાઓનેબી આપેલું તો હશેજ પણ તેની ખબર માલુમ પડી નથી.] ઇનામની રકમ ઉપજે તેટલા આપેલા.. ૨,૫૦૦

૧૨૩૩ મા, આંમદાવાદ તરફ જનારા પારસીઓના ઉતારા માટે એક ધરમશાળા બંધાવી તથા તેમા સામાન સરંજાંમ ગોઠવી આપેઓ તેના મલી કુલે આપેલા........................ ૧૦,૦૦૦

૧૨૩૩ મા, સુરતની જેલ અંદર હલકી કીસમના કરજદારો જે કેદ હતા, તેઓના છુટકારા માટે કીધેલી સખાવતના.......... ૧,૫૦૦

૧૨૩૩ મા, રાંદેલ તથા વરોડરાની સ્કુલ ફંડમા નીમોનીમ ભરી આપેલા.................................. ૧૦,૦૦૦

૧૨૩૩ મા, ભરુચ ખાતે હાસપીટલ બંધાવી આપી તે ઉપર ખરચેલા ૩૦,૦૦૦

૧૨૩૩ મા, પુણાખાતે મલકમના તલાવની પછવાડે આવેલી રોમન લોકોની "કેઆથોલીક કનવેંટ" મધે રેહનારા ગરીબ ખરીસટીઓના છોકરાંઓને પોતાની વરસ ગાંઠને દાહડે નવાં કપડાં કરાવી આપેઆં તેમા ખરચાએલા રૂ ૨૫૦૦, તથા તે મકાણના ફંડ માટે મદદ તરીકે આપેલા રૂ ૧,૦૦૦ મલી કુલ...... ૩,૫૦૦

૧૨૩૩ મા, સીઆવક્ષ બીન હોરમજદીઆર નામનો ઇરાંની જરથોસતી, જે આ શેઠને ફારસી શીખાડનારો મુનસી હતો, તેને મટુંગાંની વાડીના તથા અનજીર બાગના જાહડપાણો ઇજારે આપેલાં હતાં, તેની બધી પેદાએસ પોતે પચાવી દીધા છતાં કરાર મુજબ નાણા નહી ભરેઆં તેની માફી બખશેલા ૩,૦૦૦

૧૨૩૩ મા, અમદાવાદ ખાતે હેમાભાઇ ઈનસટીટુટની મદદ માટે રૂ ૧,૫૦૦, તથા તેની અંદર અંગરેજી વીદ્દેઆનો અભીઆસ કરનારાઓ માહેલા સરસ નીવરે તેઓને ઈનામ તરીકે વેંહેચી આપવાના રૂ ૫૦૦ મલી કુલે ૨,૦૦૦

૧૨૩૫ મા, ઓરીસા તરફ પડેલા ભયંકાર દુકાલ ટાંકણે તાંહાંના રીલીફ ફંડમા ભરી આપેલા ૨૦,૦૦૦

૧૨૪૧ મા, સુરત ખાતે એક લાએક નીસાલ આ સખી નરના આસારાથી બંધાઇને તઇઆર થઈ, તેની બીના હેઠલના અલાહેધા ફકરામા વીસતારી જણાવેઆમા આવશે, તે ઉપર એવણથી ખરચાએલાની વીગત નીચે જાહેર કરીએછે.

મકાણ બાંધવા માટે સરકારને શોંફી આપેલા ૩૫,૦૦૦

સ્કુલ તઇઆર થવા આગમજ જે ઘેરની અંદર ગરીબના છોકરાઓ સરકારને આસરે શીખતા હતા, તેનુ ભાડું દર મહીને રૂ ૩૦ લેખે તરણ વરસાવેર જાથુક આપેઆ કીધું તેના કુલ ૧,૦૮૦

નવું મકાણ બાંધવા માટે લેવાએલી જગેઆ ઉપર અસલમા કાટપીતેઆ લોકો જે રેહતા હતા, તાંહાંથી તેઓને કાહડી બીજે ઠેકાણે રેહવા માટે આ શેઠે બંધાવી આપેલાં ઝુપડાંઓ ઉપર ખરચેઆ. ૩,૦૦૦

———— ૩૯,૦૮૦

આ શેઠીઆની જાહેર સખાવતમા જણાઈ આવેલા રૂપીઆ ૧,૬૫,૩૫૫

સુરત શેહરમા જાહેર કેલવણી માટે સ્કુલની સરૂઆત, સાંભલવા પરમાણે ઈ◦ સને ૧૮૪૨ ના જાંનીવારીની ૨૭મી તારીખથી થઈ હતી, જે વેલા આપણા માનવંતા હીંદુ મીતર મી◦ દાદોબા પાંડુરંગના હસતકમા માસતરનુ વડાપણું જારે શોંફાણું, તારે તેમની પાશે શીખવા આવનારાઓની સંખીઆ ૩૦ ની હતી. ૧૮૪૩ મા જારે મરૂહુમ મી◦ ગરીને તેનો હવાલો લીધો, તારથી છોકરાઓ વીશેશ આવતા રહીને પેહલાં ૫૮ જણાયા, પણ તે પછે ૧૮૪૪ થી દરસાલે વધારો થતાં ૧૮૪૮ મા વડા શીખસંકે સુરત છોડઊં તે વખતે બધા મલી ૩૦૦ છોકરાઓ તેમા સમાઈ રહેલા કેહવાયા હતા. એ વખતપર કેહચકે, તાંહાં ગણીતનુ ગનાન બહુ અપાયાને લીધે ઉપલી સંખીઆમાખી વીશેસ વધારો થઈ ૧૮૫૬ મા મી◦ ગરીને તાંહાંનો હલાલો બીલકુલ છોડ્યો તાંહાંતુલીક ૪૧૪ છોકરાઓ ઉભાઈ જવા લાગા; પણ તેના શીધારેઆ બાદ પાછી તેમા ઓટ થતી જણાઈ. ૧૮૫૮ તથા ૧૮૫૯ મા મી◦ નંદશંકર પાશે સ્કુલના હવાલા વખતે ૩૪૧ છોકરાઓ આવતા માલુમ પડતા હતા એજ વખતે મુંબઈ ખાતે યુનીવરસીટી નામની મોટી મદરેસાની સથાપણા થયાને લીધે ગણીત વીગેરેનો કેટલોક અભીઆસ જો પણ તાંહાંની સ્કુલમાંથી ધસડાઈ જવા લાગો તો પણ કેલવણી એટલી તો જહડફથી ચપલ ચાલતી હતી કે તે માહેલા પેહલા ૪

છોકરાઓએ ૧૮૬૩ મા મેટરીકીઉલેસનની પરીખસા પસાર કીધી હતી; એજ વરસમા તે સ્કુલની બે સાખા થેડવીને તે માહેલી એક ગોપીપરાં મધે કાહડી હતી, તેઆરથી તે ૧૮૭૧ સુધીમાં કેહચકે સઘલા મલીને સુરતની શીખસક સાલાએ ૮૪ છોકરાઓને મેટરીકીઉલેસનની પરીખસામા પસાર કરાવેઆ હતા, જેઓ માહેલા ૨૮ જણાઓએ જે પદવી મેલવી તેની વીગત નીચે આપીએ છઈએ.

૩ એમ. એ. ની.	૪ એલ. એલ. બી. ની.
૧ એલ. શી. ઈ. ની.	૯ બી. એ. ની.
૧૧ એફ. એ. ની.	
૨૮	

હાવી રીતનુ માંન મેલવનારાઓ ઉપરાંત કેટલાક જણાઓ ડેપીઉટી માજેસટરેટ વીગેરેનાં ઓહધા ભોગવેછે, એટલુંજ નહી પણ આખી ગુજરાતમાં ઘણુ કરીને સુરતીઓજ સરકારી નાંધલા મોટા ઓહધાનો હક મેલવી સકેઆછે; કેમકે તે લતામા કેલવણીનુ બીઇ પરથમ તેઓના શેહેરનીજ રોપણીમા વવાએલું હતું.

હાવી માહભારત કેલવણી લેવા આવનારાઓના સમાસ માંટે એક જાથુકનાં મકાંણની જે ખુટ દેખાઇ, તે પુરી પડવાનુ સરવેથી પેહલવેહલું માંન આપણાં હીંદી ઉમરાવનાં આ હાતમ દીલના નાધલા પુતરે જે હાંશેલ કીધું, તેમ જો તેવનનો સખી દસત લંબાયો ન હોત તો તે રૂડુ કાંમ કદાચજ પાર ઉતરતે. તે મીલકતનુ કાંમ વલી હેવા વખતપર જારી કીધામા આવેશ હતુ કે, એમારતોનાં બાંધકાંમના સઘળા સરનજાંમ ઉપરાંત કારીગરો તથા બેગારીની અતીઅંત મોંઘવારી ચોતરફ ચાલુ રહેલી હતી, તોપણ આ સુરા શેઠ શોરાબજીએ પેહલવેહલાં જે રકમ ઉદાર મનથી સરકારને હવાલે શોંફી, તે સઘલી બાંધકાંમમા પેસી જતાં વધારે નાંણા જે જોઇતાં હતાં, તેપણ બીજી વાર આપીને ઉપલી ટીપમા જણાવેઆ મુજબ રૂ ૩૫,૦૦૦ ની એક પાદસાહી રકમ સુરતી ભાઈબંદોના સુખ સારૂ સદકે કીધી, તેથી આ પુનવંતા ગરહસથની નાંમદારી તેમના વંશપરંમપરા તુલીક વખાંણ પાંમતી રેહશે.

એ મદરેસાને માટે મકાન બાંધવાનુ કાંમ ઈ૰ સને ૧૮૬૯ થી સરૂ કીધામા આવેઆ પછે ૧૮૭૧ ની આખરીએ સઘલું સમાંપત થયું તેમાં શેઠ શોરાબજી તથા નાંમદાર સરકાર પાશેથી મલેલી નીમોનીમ રકમે રૂ ૭૦,૦૦૦ ઉપરાંત તાંહાંના લોકલ ફંડમાથી ૧૨,૦૭૩, જે લેવા પડેઆ, તે હુંભેરતાં કુલ રૂ ૮૨,૦૭૩ ની કીમતે એ સકુલ ગણાયા પછે તેના વાસ મહુરતની કીરીઆ તા૰ ૮ મી જાણીવારી સને ૧૮૭૨ ને રોજે મોટી ધાંમધુમથી તાંહાં થાઇ હતી; જે વખતે હાવાં સુભ કાંમને પેહલવેહલું ઉંચકી લેણારા શેઠ શોરાબજીની સતુતી ઘણા માનથી ગવાઈ; અને તાંહાંના કાબેલ કવેસર મી૰ નરમદા સંકરે દોહેરાના આકારમા જે ભાસાન કહી સંભલાવેશ હતું, તે માહેલો છેલ્લો એકજ દોહેરો જે ગુજરાત મીતરે છાપી દીધોચ તેની નોધ મોટા હરખથી અતરે લઈજીએચ.

મંદીરના વસતુંતણું; પુરણ થાઈઉં સુભ કાજ,
નરમદ કહે જેમ્ય જેમ્ય ભણો, સરસવતીનું આજ.

સ્કુલની ભપકાદાર એમારત વીશે તાંહાંના લોકો એટલીતો તારીફ કરેચ્ય કે, આખાં સુરત શેહરમા એ જેહવું શોભાએમાંન અને સુંદર મકાંન બાજું કોઈજ જોવામા આવતું નથી; અને તેમાં બીજી શોભા એ સમાઈચ્ય કે એ સ્કુલના મોટાં દેવાંનખાંના મધે આપણા હાતમસાની મરહુમ ઉમરાવ સર જમશેદજી જીજીભાઇ બારોનેટનુ એક રલીઆંમનુ બાહવલું* મોટાં આદરમાન સહીત ગોઠવાયુંચ્ય; જાંહાં પોતાની હયાતી વખતે તેમને હાથથી તથા તેઆર બાદ તેવનના બરખુરદાર બેટાઓથી થાએલાં ધરમનાં અગણીત કામોની એક ખરી ઈઆદદાસતનો ઉતંમ નમુનો રોજે રસતા એજતાંહી બીરાજતો રેહશે.

આ શેઠ જેમ સુલેહના અંમલદારોની સંફમા ઘણી મુદતથી સમાએલાછે, તેમ યુનીવરશીટીના ફેલોઝનુ કીરતી ભરેઉં માનબી મેલવતા રેહછે; અને તે ઉપરાંત બીજા કોઈ ઉપીયોગી ઓહધા તેવન ધરાવતા હોએ તેની ખબર જાહેરમા જણાતી નથી.

શેઠ શોરાબજી સારી વરતણુકની સભીઅતા સાથે સવતંતરપણું જે અસલથીજ દેખાડતા આવેચ્ય, તેના કોઈ બેસુમાર દાખલાઓમાથી હાલનો છેલોજ જાહેરમા મેલશું તો તેથી બધાની સાહદત એકજ સરીખી સહમજાઈ સકાશે. પારશીઓના દોખમાવાલાં પવીતર મકાંણની અંદર આપણા પોલીસ ખાતાંએ ઇ૦ સને ૧૮૭૩ ના મારચની ૨૭ મી તારીએ મજદીઅસની મજહબનો કાએદો તોડીને બેધડક દાખલ થયાથી એ પુરાતંમ કોમને જે અતીઅંત દુખ ભરેઉં અપમાન પોંહચાડેઉં, તે બાબેની ફરીઆદ નામદાર સરકારની હજુરમા નમનતાઈની રાહે મેલવા બાબે અનજુમન તરફથી આ સાહેબે વાડીઆજી શેઠ નવરોજજી માણેકજીને પોતાની સાથે ભેગા રાખી જે આગેવાણી ઉંચકી લઈને પાંચ હજાર સહીનુ એક રેકુવીજીસન પંચના માનવંતા પાંચ અકાબર સાહેબોની શેવામા મોકલેઉં હતું; તેનો તાંહાંથી આવેલો જવાબ જાહેરમા ખાતરી ભરેઓ નહીં જણાયા ઉપરથી એજ હીંમતવાન શેઠે, જોકે પંચના પરમુખ તરીકે પોતાના વડા ભાઇસાહેબ હોવા છતાં, સારી સલુકાઇને સવાધીનમા સાચવી રાખી પરજાનીજ પક્ષ ખેંચવામા શેવટ સુધી સાંમેલ રહેલા સંભલાયાછે. એ જવાબ ઉપર વીચાર કરવા સારૂં સપટેમબરની ૧૨ મી તારીએ શેઠ શોરાબજીએ થોડાક ગુણવંતા ગરહસથોને પોતાને દોલ્લતખાને નોતરેઆ હતા, તે વખતે તેઓની હજુરમા (આવનારા સાહેબોનો અવલમા ઉપકાર માણેઆ પછે) જે ભાસાંણ વાંચી સંભલાવેઉં તે નીચે મુજબ માલુમ પડેઉંછે.

---

* એ ઉપરાંત બીજાં બે બાવલાંઓ શેઠ શોરાબજીના ખાસ ખરચથી બનેલાં જુદે જુદે મકાણે મેલાએલાં જે માલુમ પડેચ્ય, તેમા એક સર જમશેદજી હાસપીટલ અંદરની ગરાંટ મેડીકલ કાલેજમા, અને બીજું સર જમશેદજીની સખાવતથી કોટમા બંધાએલી મોટી સ્કુલની અંદર જોવામા આવેછે. નો૦ લે૦

"આપણા જરથોસતી ફીરકાની તરફથી ૫૦૦૦ સહીનુ જે "રેકવીજીસન"
"આપણા માનવંતા અકાબર સાહેબો ઉપર પારસીની પંચાએતના ફંડના તરસ-
"ટીઓ દાખલ તા૦ ૬ ઠી આગસટ (૧૮૭૩) ને દને રવાંણા કરવામા આવેઉં
"હતું, તેનો જવાબ ચાલતા માસ (સપટેમબર)ની ૪ થી તારીખે વાડીઆજી
"શેઠ નવરોજજી માણેકજી તથા હમારા જોગનો પુગાથી તરસટી સાહેબોના
"માંગવા મુજબ હમોએ ગુજરાતી તથા અંગરેજી વરતમાન પતરોની મારફતે
"પરસીધ કરાવેઓ. તેવાર પછે હમારા જોવામા આવેઉં કે તરસટી સાહે-
"બોના વાલેલા જવાબથી આપણા રાંક તથા એક મારગી ટોલાના ઘણા બરા
"ભાગના દીલ દરદમંદ થઇ આવેઆં અને ચોમેરથી પોકાર ઉઠેઓ કે આપણી
"દાદ પંચાએતના ફંડના તરસટી સાહેબોએ કશી લીધી નહીં.

"એ સાહેબોને "જે રીકવીજેસન" આપણે મોકલેઉં તે મધે કોઇબી રીતનુ
"દબાંન એઓ ઉપર આપણા તરફથી મુકવામા આવેઉં નોહતું. આપણે
"એવણ સાહેબોને આપણી કોમના આગેવાંન સહમજી જે માગણી લાએકી
"ભરેલી રીતે કરી હતી તેથી તમો સરવે સાહેબો જાંણીતાછો. આપણે જે મત-
"લબ ધારી હતી તે એઓ સાહેબોની મરજી ઉપર રાખી હતી, તેમા આપણી
"મતલબ એ હતી કે આલબલેશ બાગમા એક જાહેર સભા બોલાવવી અને
"જો તેમ કરવાનુ તરસટી સાહેબોની નેક નજરમા દરૂરાત નહીં દીશે તો
"ડુંગરવાડીની મીલકતના તરસટીઓ દાખલ તમોએ નામદાર સરકારની ઉપર
"મોકલવા, એક અરજી તઇઆર કરાવીને જેમ તેઓ સાહેબોને સલાહ મલે
"તેમ તે અરજી ઉપર તેઓએ પોતે સહી કરીને અથવા તેઓ સાથે અન-
"જુમનના બીજા કેટલાકોની સહી લઇને આપણી નામદાર સરકારના ઉપર
"મોકલી આપવી.

"હવે હાવી સલુકાઈ ભરેલી આપણી અરજને જારે તરસટી સાહેબોથી
"વકી નહી રાખેલા જેવો વગર આકારનો જવાબ મલે તારે કોઈબી શેઆણા
"પુરૂસનુ દીલ દુખેઆ વના રેહ નહી. તરસટી સાહેબોએ હાવી કીસમનો
"જવાબ મોકલવાનો સબબ આપણને કાંઈ માલુમ પડતો નથી તેથી કરીને
"આપણી માંગણી રદ જવા બાબે જે ગુચવારો પેદા થાએછે તથા આપણા
"ટોલામા જે નારાજી પેદા થઇછે તે ઉપરથી આપણને સજાવારછે કે અતરે
"ભેગા મલી અપસ અપસમા ખાનગી રીતે ઘટતી મસલેહત કરવી તથા
"હવડાંજ ઇઆ હવે પછે કાંઈ ઘટતો બોલાશે મેલવવા અથવા ટોલાનાં લોકોને
"ધોરજ પેદા થાએ હેવા કાંઇ ઉપાયો વીશે વીચાર કરવા તમોને તસદી આપીચ,
"તે ઉપાયો શું કરવા તે હમો પોતે જણાવા માંગતા નથી; લેકીન તે બાએ
"તમારી નેક સલાહ તથા મસલેહતની ઉમેદ રાખી જણાવીએચકે તમો દર
"એક સાહેબોએ છુટથી જે કાંઇ મુનાશેબ મારગ દીશે તે વીશે વીચાર આપવા.
"આ જગોએ હમોને જણાવવાની ફરજછે કે આ માંગણી જે હમોએ તમો
"સાહેબો આગલ રજુ કરીચ તેની મુલ મતલબ માતર તરસટી સાહેબોના
"તરફથી મલેલા જવાબની ઉપરજ વીચાર આપવા વીશેછે."

નીખાલસ મનથી શેઠ શોરાબજી બોલી રહેઆ પછે બીજા ઘણાક સાહેબોએ પોતપોતાના છુટ ભરેઆ અભીપરાએ કહી સંભલાવેઆ, તેમાથી સાર અંતે હેવો નીકલેઓકે પેહલાં "રેકુવીજીસન" ઉપર સરવે સહી કરનારા, તથા તે લખાંણની મતલબને મલતા બીજા સાહેબોની એક જાહેર સભા આએજ શેઠીઆએ બોલાવવી.

ઉપલા ઠેડાવ પરમાણે આ શેઠીઆએ તેમના હમસરીક વાડીઆ નવરોજજી માણેકજીની સાથે જાહેર ખબરની મારફતે જરથોસતીઓને તારીખ ૨૨ મી સપટેમબરે આલબલેસ બાગમા હાજર રેહવાના નોતરાં કીધાં; જેને માન આપી બે હજાર સખશો તાંહાં આવી મલેઆ હતા. જોકે એ વખતે ધરમની પવીતર જગાપર પોંહોંચેલાં અપમાનનુ દુખ ખમનારા બધી કીસમના (જેમા પેહલા તથા બીજા વાંગાનો ભાગ વીશેસ સંભલાયોછે) પારશીઓનો જુસશો જબરો ઉસકેરાયલો કેહવાતો હતો, તોપણ સત રેહમતછે તેઓના ગંભીરી ખવાસને કે હાવા જથામા જમાવ થએલા ગહરસથોએ સરૂઆતથી તે શેવટ સુધી એકજ સરીખી રીતે તારીફ લાએકની ચુપકીદી પકડીને સભાની અંદર કેટલાક સાહસીક સખશો હસતકથી થતું કાંમ સાંતપણે જે સાંભલેઆ કીવું, તે બાબેના આગમજથી કરી રાખેલા બંદોબસત વીશેની બધી સાબાશી સભા મેલાવનારા આ બેહુ સાહેબોને મલેલી માલુમ પડેછે.

સરવે સભાસદો પોતપોતાની બેઠક પર બીરાજેઆ પછે સરનસીનનુ માન આ સકરમી શેઠને મીજલસ તરફથી જેવું હીનાયત થયું, તેવાજ પરમુખની ખુરશી લઈ સભાનુ કાંમ હેઠલ જણાવેઆ પરમાણે પોતે સરૂ કીવું.

"મીજલસના સાહેબો,

"આજ રોજે તમોને તસદી આપવાનો સબબ જાહેર ખબરો તથા "હેંડબીલોની મારફતે તમો સાહેબોને બાખુબી રોસન થયો હશે, અને હમો "આસા રાખીએછે કે તમો પોતે કબુલ કરશો કે, જે કારણસર આપણે "આજ દને અતરે ભેગા મલેઆ છઈએ તે સવભાવીક રીતે જોતાં, ગંભીર "અને જોખમ ભરેલો સબબછે. જોખમ ભરેલો કાંઇ એમ નહીં કે તે "કારણને હાર પાડતાં આપણે કાંઈબી ધાસતીમા આવી પડતા હોઈએ ઇઆ "આપણા સર ઉપર કોઈનો દરોકો ઇઆ ડર હોએ; પણ હમો આજના મેલાવ"ડાને જોખમ ભરેલો એટલાજ માટે ગણીએછે કે, અપણા એક મારગી અને "અસરાફ ટોલામાના ચોકસ માનવંતા ગરહસથો જેઓ તરફ આપણ સરવે "ઘટતી રીતે આબરૂ તથા ઇજતની નજરથી જોઈએ છઈએ, અને જેઓ "તરફ હમારી પરીતી તથા ચાહ અકસર કરીને દોડેછે, તે સાહેબોની મર"જીથી વેગલા જઈને તેઓની રાહ અને તેઓના મતથી ઉલટા વીચારો "જાહેર પાડવાને આપણ અતરે મલેઆ છઈએ; તેથી કરીને મીજલસના "સાહેબો, આપણ એક તરેહનો જોખમ માંથે લઇએ છઈએ. અને તે "જોખમને ધેઆનમા રાખીને આજનુ કાંમ જેમ કરીશું તેમ, તે કાંમને "વધારે આસાંનીથી તથા વગર ધાસતીએ સરંજામ પોંચાડવાને આપણ સાંમ-

"રથવાન થઈશું. જે આગેવાન સાહેબોના આવેલા જવાબ ઉપર આપણ વીચાર "કરવાને એખતા મળેઆ છઇએ, તે સાહેબોની સાહમે એવી રીતનુ જાહેર "સભા ભરી કદીબી પગલું ભરાએલું નહીં હોએ એવું હમો હમારી સાધારણ "અજમાએસ ઉપરથી કહી સકીએછે. તે સાથે આપણ હીંદુસતાંનમા આવેઆ "પછેની આ પેહલીજ અને હમો આસા રાખીએછે કે છેલી સભા હશે.

"બીજું આપણા ટોલાની તવારીખમા હેવું કદમ ભરેલું પણ નહીં હશે, "વાસતે હેવું એક કદમ પેહલી અને હમોએ ઉપર જણાવેઞ તે મુજબ છેલી "વેલા ભરતી વખતે, આપણને ઘણી ફીકર અને ભારે સંભાલ રાખવાની "જરૂરછે. આપણને આ માનવંત અકાબર સાહેબોની આબરૂ ઇજત તથા "હોરમતનો પુખત વીચાર ધેઆનમા રાખવો સજાવારછે; એ સાહેબો આપણા "ટોલાંનાં ફંડો તથા આપણા ફીરકાની મીલકતો, જે આપણા બુજોરગવારો "એકઠી કરી ગયાછે, તે સઘલાંની દેખરેખ વગર હાંસલે રાખીને તેનો વહી- "વટ કેહવી મનમાનતી રીતે ચલાવેછે, તે તરફ નેગાહ પોંહચાડતાં, આપણને "એ સાહેબોની જાહેર બજાવેલી શેવાને યાદ કરી તેમના તરફ મમતાની નજરથી "જોવું ઘટમાનછે. આપણા નેઆગાંનોની તથા હવે પછે થતી આપણી છેલી "આરાંમગાહની મીલકતો ઉપર ગુજરેલી જાસતીની વેલા, આપણા ટોલાના "ફસી પડલા ભાઈબંદોની મદદ તથા તેવણુની યારીએ પોંહચવાને વાસતે, એ "તરસટી સાહેબોએ જે જેહમત ઉઠાવી ખરચ કરેઓછે, તેનુ હેસાંન આપણે "ભુલી જવું ન જોઇએ. એવી તેઓની સઘલી સફકતો તથા મેહરબાંનીઓ "સાથે આપણે યાદ રાખવું કે, એવા બીન ગરજાઉ માનવંત તરસટી સાહેબોથી "એલાહેધા પડી મસવરત કરવા માટે આપણે જે ભેગા મલીઆ છઇએ, તે "બાબે આપણી પાશે પુરતાં અને ખાતરી ભરેલાં કંઇ મજબુત કારણ હોવાં "જોઇએ. આપણા ફીરકાની હાલત કેટલોક વીચાર કરી જોતાં બારીક માલુમ "પડેછે. આપણા જરથોસતી ટોલાને માંથે કંઈ મુસકેલી ઇઆ ધાર આવી પડી "હોએ તેમ ઘણી તરફથી ઇનતેજારી બતાવેઆમા આવેછે; તેહવા મુસીબત "ભરેઆ હઇઆંમમા આપણા તરસટી સાહેબોને એ દુખ ભરેલી બાબદ સાથે "અતલગનો સંબંધછે તેઓથી જુદા પડતાં આપણથી જાંહાંસુધો બને તાંહાંસુધી "પરહેજ રેહવું; અને એમ કરતાં આપણી અતલગની ફરજ અદા કરવા જતાં "કદાચ આપણને તે સાહેબોના વીચાર તથા તેઓની મરજી વીરૂધ જવું પડે "તો, તેમ કરવા જતાં પણ ઘણીજ સંભાલ રાખી લાએકી ભરેલી રીતે "વરતવું સજાવરછે.

"હમોને જણાવવાને ભારે દલગીરી ઉપજેછે કે માઠાં ભાગ્યેગે હાલ જે "સબબથી આપણ એકઠા મલીઆ છઈએ, તે સબબ એક હેવી કીસમનો થઈ "પડઓછે કે, તેની ફરજ આપણેસર આવી પડઆથી આ મોટી સભા મેલ- "વવાની જરૂર પડીછે. આપણા ૫૦૦૦ સહીના રેકુવીજીસન તથા તરસટી "સાહેબો તરફથી તેનો ફરી વલેલો જવાબ અતરે તમો માહરા મેહરબાંણોની

"સાંમે વાંચવાની હમો રજા લઈએછે, કે જેથી આ સમે તેની મતલબ "તમારાં મગજમા તાજી થાએ.

(આ શેઆંના સરનશીન સાહેબે ૫૦૦૦ સહીવાલું રેકુવીજીસન તથા તેનો તરસટી સહેબો તરફથી આવેલો જવાબ જે વાંચી સંભલાવેઆ, તે બેહુ દસતાવેજો બીજાં પુસતકની અંદર તેની ઘટતી જગોએ દાખલ કીધામા આવશે.)

"એ બનાવથી તમો સાહેબો વાકેફ થયાછો એટલુંજ નહીં, બલકે આખા "હીંદુસતાંન તથા આપણી પુરાતમ સરજમીન ઇરાંનના જરથોસતી ભાઇઓનુ "ધેઆંણ પણ એ અગતના દસતાવેજ ઉપર ખેંચાયુંછે—તે હીંઆં વેર કે, એક "વરતમાન પતરના જણાવેઆ મુજબ, ઇરાંનના સાહે આપણી તરફના રેકુવી- "જીસનની બીના સાંભલવા પછે, પોતાના વજીરને એવી મરજી જણાવીછે કે, "આપણી ડુંગરવાડીને લગતી સઘલી બીનાનો અંગરેજીમાથી ફારશી જુબાનમા "તરજુમો કરી તે નામવર પાદશાહને વાકેફ કરતો રેહ. ડુંગરવાડીની આપણી "મીલકત ઉપર કુલે પારશી આલમનો હક તથા ઇલાકો પોંહચેછે એટલુંજ "નહીં, પણ હમે આગલ જણાવેઊં તે મુજબ, આપણા માનવંતા બુજોરગવારો તથા "એસાવંદોના અશો રવાંણોએ એ આપણી પવીતર મીલકત ઉપર વાશો કરે- "એછે, તેથી કરીને એ જગા ઉપર ઉડેલા બબેડાથી આપણો આખો ટોલો "એ મીલકત તરફ ભારે અદબ—માન—અને પાક મનસનીથી જુએછે. એટલાજ "માટે તરસટી સાહેબોને મોકલી આપેલાં આપણાં પાંચ હજાર સહીના રેકુવી- "જીસન ઉપર કુલે જરથોસતી આલમની ઇનતેજારી વધીછે, તેમા હમો કો- "ઇબી પરકારની નવાઇ જોતા નથી. આપણી એ ધરમસંબંધી મીલકત ઉપર "જે જાસતી ગુજરીછે, જેમા ચાર જુદદીનવાલા સખશો નહીં પણ સરકારી "ખાતાંના કેટલાક આસાંમીઓએ તેમા ભાગ લીધોછે, તે જોઈ તેવા સતાવા- "લાઓની સાંમે ફરીઆદ કરાવવા તથા ઘટતી દાદ ચાહવા એ મીલકતના "રખેવાલ તરીકે તરસટી સાહેબોને આપણે રેકુવીજીસન કરેઊં હતું, અને "તેનો જવાબ એ માનવંતા સાહેબો તરફથી જે ફરી વલેઓછે તે હમોએ વર- "તમાન પતરોની મારફતે પરશીધ કરાવેઓ હતો, અને તે હમણાજ તમો "ભાઇઓની હજુર હમે વાંચી સંભલાવેઓ કે તે ઉપર તમો સાહેબોને પોતાના "નેક વીચારો બાંધવા તથા જણાવવાની જોગવાઈ મલે. અને હમો ઉમેદ "રાખીએચ કે તે મુજબ કરવાને સરવે સાહેબોને પુરતો વખત મલેઓ હશે, "અને અતરે તે વાંચી સંભલાવેઓ તેથી તમો ભાઇઓની યાદદાસત તાજી "થઈ હશે. વાસતે તમો સાહેબોને વગર વખત ઓહવે મત બાંધવાને બની "આવેઆ વના રેહશે નહીં હેવી હમારી પકી ખાતરીછે. હવે આસપાસ નજર "કરતાં હેવું માલુમ પડેછે કે, એ જવાબ વકી રાખેઆ જેવો બીલકુલ આ- "પણી કરેલી અરજીને મલતો નથી. હેવો ખેઆલ એ જવાબ મલવા પછે "હમોને પણ ઉતપંત થયો હતો, તેથી હમારા મીતર ભાઈ નવરોજજી માણેકજી "વાડીઆની સાથે મસવરત કરવા ઉપરથી હેવો સાર માલુમ પડેઓ કે, હમારા "માહલક્ષ્મીના રેહવાના બંગલામા એ રેકુવીજીસન ઉપર સહી કરનારા, તથા

“જે સાહેબોને ટુક અરસાને લીધે તે ઉપર સહી કરવાને બનેલું નહીં હોએ-
“તોએ પણ આપણી તરસઠી સાહેબોને કરેલી અરજીને મલતા હોએ-તેઓની
“એક સભા બોલાવવી, તે મુજબ ચાલતા માસ (સપટેમબર ૧૮૭૩) ની૧૨ મી
“તારીખે થોડાક સાહેબો હમારાં કરેલાં નોતરાંને તે વખતે માન આપી તે
“જગોએ બીરાજેઆ હતા, અને કેટલીક તકરાર કરેઆ બાદ હેવી સલાહ
“મલી કે, એ આવેલા જવાબ ઉપર શું કરવું તે બાબે ખાનગી રીતે વીચાર કરવા
“કરતાં એ રેકવીજીસન ઉપર સહી કરનારા તથા તે માહેલી મતલબને મલતા
“વીચાર ધરાવનારાઓની એક ખાસ સભા “આલબલેસ બાગ”મા બોલાવવી,
“અને તાંહાં સરવે એકઠા મલેલા સાહેબો ઘટતા તથા લાએકી ભરેઆ ઉપાયો
“બતલાવે તે ઉપર અમલ કરવો. એ મસલતને માન આપી હમોએ તથા
“ભાઇ નવરોજજી માણેકજી વાડીઆજીએ તેમ કરવાને વાજેબી વીચારેલું,
“અને તમો મેહેરબાંણોને તસદી આપીછે. હવે જેવારે આપણે આપણા
“રેકવીજીસન તરફ એક બારગી ખુબ ધેઆન આપી વીચાર કરીએછે અને
“તે સાથ તરસઠી સાહેબોના આપેલા જવાબને આપણી સનમુખ ધરીએછે,
“તારે હેવું દીસેછે કે, એ જવાબ કોઇબી રીતે મનમાનતો તથા ખાતરખાહી
“ભરેલો નથી, અને હમો હેવું ધારીએછે કે, સગલા અતરે મલેલા સાહેબોને
“પણ તેમજ લાગતો હશે. ભાઇઓ આપણા લાએકી ભરેલા તરસઠી સાહે-
“બોએ વાલેલો જવાબ કેઈ રીતે મનમાનતો તથા ખાતરખાહી ભરેલો નથી?
“તેમા વાંધો કાહડવા જોગ શુંછે? ખાંમીઓ કેહવી અને કેટલીછે? તે સગલાં
“વીશે લંબાણથી વીસતારીને હમો હમારી તરફથી જણાવવા માંગતા નથી. એ
“જવાબની વીરૂધ ઇઆ તરફેનની દલીલો રજુ કરવાનુ કાંમ આ સભાનુછે,
“અને જે સાહેબો અતરે જુદી જુદી દરખાસતો કરવાના હોએ તેમને સર
“એ ફરજ હમો સપુરદ કરીએ છઇએ. તેમજ તરસઠી સાહેબોના ફરી વલેલા
“જવાબ ઉપરથી હવે આપણે શું મારગ અખતીઆર કરવો તે કેહવાનુ પણ
“આ સભાનુ કાંમછે, તે જેઓ મરયાદાથી બજાવે તેનો અટકાવ હમો કોઇ બી
“રીતે કરવા ચાહતા નથી. લેકીન હમારી કમ સમજ મુજબ એકાદ વીચાર
“હમોને સુઝ્યો પડેછે તે કહી જણાવવાની રજા લીજીએછ.

“હમારી નાકેસ અકલમા હેવું આવેછે કે, આપણી ડુંગરવાડીની મીલ-
“કતના આપણા માનવનતા તરસઠી સાહેબોની તરફથી આપણા પાંચ હજાર
“સહીનાં રેકવીજીસનનો જવાબ મલેઓછે, તે કોઇ પણ રીતે હેવો નથી કે
“તે જવાબ લઇ આપણ અમોલા શોભા સાથ બેશી સકીએ. હમો કહીએ
“છઇએ મીજલસના સાહેબો, કે એવો એક જવાબ લઈ બેશી રેહવાંમા
“આપણી ઇજત અને આપણા માનને ખીશજતું બનશે નહીં. આપણે ભારે
“નમનતાઈ સાથે જે માંગણી કરી હતી, તે માંગણીને બાહાલ રાખવાની
“અગર તરસઠી સાહેબોની મરજી નહીં હતી તો, તેઓએ તેમ ખુલેખુલ્લું
“કેહવું હતું કે ભાઇઓ, તમારી કરેલી અરજ બાહાલ રાખવાનુ હમારી નજરમા
“વાજબી દીસતું નથી, તેથી હમો કાંઈ કરી સકતા નથી ઇઆ તેમ કરવા

"ના સબબેથી આપણને વાકેફ કરવા હતા; પણ તરસઠી સાહેબોએ જારે "આપણી અરજ બાહલ નહીં રાખી તો તેની સાથે આપણને પોતાના વીચારો- "થી બે નસીબ રાખેઆ તે વાતથી સરવે કોઈ દલગીર થતું હશે. હાવો "જવાબ આપણને મલવા બાદ જો આપણે મુગા બેશી રહીએ તો, તેથી આપણી "ચુપકીદી અખતીઆર કરી રેહવાના તરેહવાર અરથો કરવામા આવશે કોઈ "એમ કેહશેકે આપણે વગર વીચારે કરેલી માગણીની ભુલ હમના જોઈ "તેથી અમોલા બેઠા. બીજી તરફથી હેવું કેહવાશે કે આપણા ઉપર ગુજરેલા "શેતમની જે જે ફરીઆદો આપણે કરી હતી તે સરાહગાતથી ઈઆ વધારીને "ઈઆ ખોટી કરી હતી તેથી આપણને ખામુશી અખતેઆર કરવી પડી "તરીજી તરફથી હેવું ગુમાન લઈ જવામા આવશે કે, પાંચ તરસઠી સાહેબોના "વીચાર આપણથી વેગલા હોવા છતાં આપણ તે સાહેબોથી દબી ગયા છઈએ. "ચોથી તરફવાલાઓ હેવું અનુસરશે કે, આપણે આપણી ઘટતી ફરીઆદનો "પોકાર ઉઠાવવામા કોઈ ચોકસ તરફનો ડર કરી ઈઆ ધાસતી ખાઈ આપણી "હીંમત હારી બેઠા છઈએ. હેવા બેઆલેઆમનો અટકાવ કરવાની જરૂરછે "તેથી આ ન ધારેલા જવાબને ચુપકીદીથી પસાર થવા દેવો નહીં, પણ તેના "તરફની ના પસંદગી તથા ગીશંની તે સાથે આપણા આખા રંક તથા અસરાફ "ટોલાને ઉપજેલું દુખ અને દરદ ઘટતી રીતે તરસઠી સાહેબોને જાહેર કરવું "અને તેમ કરતાં સારી સલુકાઈ તથા નમનતાઈ વાપરવી આપણને સજાવાર, "લાએક, તથા ઘટમાનછે.

"મીજલસના સાહેબો તમો મેહરબાંણોએ આ મોટી તથા દબદબા "ભરેલી શભાના શરનસીનની કુરશી હમોને અરપણ કરી મોટું માન બખશેલું, "તેને માટે હમો તમારો ભારે આભાર માણીએ છઈએ, લેકીન તમો મેહરબાં- "ણોએ હમોને જેવારે આ મરતબો એનાયત કરેઓ તેવારે હમારી પુરતી "ખાતરી છે કે, આ શભાના કાંમને હેવીજ લાએકી, ખુબી તથા ઈજત "ભરેલી રીતે વરતણુક કરી શલાહ શંપજથી પારપાડશો. તે શાથે આ "સભામા શમાધાની તથા મજલશનો તરીકો જાલવવામા તમો શાહેબો હમોને "મદદ કરશો. આપણને ગમે હેવો જુશશો ઉતપંત થતો હોએ અને ગમે "હેવાં દુખ ભરેલાં કારણ શારૂ આપણ ભેગા મલેઆ હોઈએ, તોપણ તમો "શરવે દાનાવ, અકલમંદ તથા વીચારવાલા શાહેબો મજલશના તરીકાને શહ- "મજનારા, માઠાં પરીણામની બુજ તથા ડાહાજ ધરાવનારાછો, માટે હમો પકી "ખાતરી તથા ઉમેદ રાખીએ છઈએ કે, તમો સાહેબો, જે બાબત સર આપણ "અતરે ભેગા મલેઆછઈએ તેજ બીનાને વલગી રહી બીજી તકરાર વચે "લાવવા વગર તે ઉપર પુરતી સલુકાઈ તથા માન ભરેલી રીતે સભાનુ કાંમ "બજાવી તમારી ઈજતમા વધારો કરશો, એટલુંજ નહીં બલકે તે બારેહક- "તાલાની તમામ ખલકતનો પેઆર મેલવવાની આ તક જે હાથ લાગીછે તેનો "પુરતી રીતે લાભ લઈ બીજી ગનાતના સાહેબોને તમારી કદી નહી ભુલી "જવાએ તેવી નેકચાલનો દાખલો નકલ કરવાનો મારગ ખુલ્લો કરી આપશો."

આ સકરમી શેઠીઆએ પોતાના શુભાખીત ભાસાણમા મીજલસનો તરીકો જાલવવા બાબે ઓજરબાણીથી સભાસદોને કહી સંભલાવતાં જેટલું સવતંતર પણું સંભારેઊં, તેટલી સાબાશી તેઓ તરફની તાલી વચે પાંમેઆથી પોતીકા પરોપકારી મરહુમ પીતાની પીછાંણતને જોકે પારશી કોમમા પાછી તરોતાજગી બખશી દીધી; તોપણ તેનાની હાવી દીલશોજીનુ પરીણામ નીચલી બીના મુજબ નીવરેઊં, તેટલીજ વાત વાંચનારા સાહેબોથી સંતોસકારક સહમજાશે નહી.

ઉપલી સભાની અંદર આ શેઠની પુઠે બીજા ઘણાક સાહેબો અપક્ષપાત બોલી રહેઆ પછે સરવેના અનુમતથી હેવો ઠેડાવ નીસચે થયો કે તરસટી સાહેબોએ મોકલાવેલા જવાબની ના પસંદગી અનજુમન તરફથી તેઓને જાહેર કરવી, તથા તે બાબેનો પરોતેસટ પંચના દફતરમા નોધાવી રાખવો; પણ તેની વીરૂધ વાત હેવી જણાઈ કે આ સાહેબે પોતીકા હમસરીક શેઠીઆની સહી શીકેનો જે કાગજ તરસટી સાહેબો ઉપર રવાંણે કીધો તેનેબી અકાબર સાહેબોએ કાંઈજ વજણ આપેઊં નહીં; તેથી પરજા તરફનો પોકાર તો જોકે જેમનો તેમ રહેઓ, તોપણ તેઓ તરફથી આ શેઠીઆએ અંગેજી લીધેલી આગેવાનીની કીરતી આકેબત સુધી દરેક પારશીના જીગરમાથી ભુલાવવી મુસકેલછે.


શેઠ શેરાબજીની જીંદગી (જે વીશે આપણે અંતકરણથી ચાહવું જોઈએ કે) બારેહકતાલા ઘણી લાંમબી મુદત સુધી બરકરાર રાખે અને તેટલા અરસામા પરજા ઉપોઆગી બીજાં ઘણાંક રૂડાં કાંમો સારૂં તેવન પાશે સચવાએલું સવતંતરપણુ વાપડીને પોતાના માન તથા સનસારી સુખમા જેજેકારી પાંમે. આ ગુનીવાન ગરહસથનો દાખલો બીજા સરીમંત સાહેબો લેતા રેહતો, પારશી કોમમા હાલના જેહવી બીન ધારેલી પીડા કભુબી પેવસ થાએજ નહીં. જે કારણ માટે આ સાહેબની કીરતી પામેલી કમાલ કોશેસની ઇઆદીને હીંઆં પરકાસતી દેખાડઆ ઉપરાંત તેવણની હઈઆતી બાકીનો બીજો હએવાલ તેટલા સમા સુધી જે અધુરો રેહશે, તેને સમપુરણ કરનારા કોઇબી ભાએગસાલીના સુભ વીચાર ઉપર શોંકુતી વેલા હમોએ બજાવેલી ફરજ સાથે આ મેહરબાન શેઠની શેવામા હમારી સલામ પોંહચાડીએછે.

શેઠાંણી પીરોજબાઇ.

સર જમશેદજીના ખુદ ફરજંદો માહેલી આ બખતે બીલંદ બાંનુ પીરોજબાઈ (જેનીને પોરોજા આઈ કરી કહીએ તો તે વધારે જેબદાર ગણાએ) સરવેથી છેલ્લી બેટીનો જનમ બાહેરકોટના જુનાં ઘેર મધે રોજ ૫ મો માહ ૪ થો શેહણસાહી સાલે ૧૨૦૩ ય૦ એ થએલો સાંભલવામા આવેએછે. પોતાના મરહુમ મામા ધનજીભાઈ ફરાંમજી બાટલીવાલાના તરીજા (પણ હાલ હઇઆત રહેલાઓમા ગણાતા બીજા) બેટા મી૦ સાપુરજીની સંગાથે પરણેઆ પછે, કુદરતની બખશેસથી આજે ઓહલાં બચાંઓની એક ભાએગસાલી માતા ઉપરાંત, તેઓ માહેલી તેનીની કોઈ કોઈ દીકરીઓને પેટે અવતરેલાં છઇઆંઓના મોઠાંમાએ પણ થએલાં માલુમ પડેછે

સખી.નરના સકરમી છોકરાંઓને સખાવત કીધાથીજ જેવી સરફરાજી સરજાએલી સંભલાતી આવેચ તેહવા વરગમા આ સદગુણી બાંનુ બી પોતીકા ભાએગવંતા ભાઇઓની પેઠે સમાએલાં માલુમ પડેછે; પણ તે બાએની શોધ કરતાં આ બાઇનુ દાંન ઘણુંકરી ગુપત થતું સંભલાયાથી જાહેરની બાતમી જાહાજી નહીં મલેઆને લીધે. તે સંબંધી પુરેપુરો ઇનસાફ આપવાનો અટકાવ થયા છતાં, જે કાંઈ જણાયુંચ તેનેજ હીંઆં નોધી દેખાડીએચકે, ય૦ ૧૨૨૯ મા જરથોસતી રવાંણોને અવલમનજલ પોંહચાડવાનુ કાંમ અનજુમનના અકાબર સાહેબોએ પુખત બંદોબસતથી અતરે ચાલુ કીધું, તારે તે બાએની પુંજીને મદદ આપવાની મકસદથી પોતીકા માનવંતાં મેહરબાંણ માતાજી (મરહુમ ડોવેજર લેડી આવાંબાઇ) ની સાથે ભેગાં રહી રૂ ૧૨,૦૦૦ પોંહચતા કીધા, તેમા નીમોનીમ રકમ તેનીએ ભરેલી જે કેહવાએચ તેના રૂ ૬,૦૦૦ તથા ૧૨૪૦ મા ઇરાંન તરફ પડેલા જબરા દુકાલની આફત ખમનારા ગરીબ જરથોસતીઓની મદદ માટે થએલાં હુલરાંણાંની ટીપમા ભરી આપેલા રૂ ૧,૦૦૦ મલી કુલ સાત હજારની સખાવત આ પીરોજાઆઈ જેવાં મે બાદાર નારીના દીલ ગુરદા આગલ ઘણીજ અધુરી નજર આવેછે; પણ તેની સંપુરણતાઈ સારૂં સાંભલેલી વાતને નોધી રાખીએચ કે, ઉપર જણાવેલી સનતલસ મુજબ ગરીબગુરબાંઓની બરદાસ ઘણી સારી રીતે તેવણ લીએછે; અને તેમા ખરચાએલી રકમનો સરવાલો જે લાખની ઉપર થવા જાએચ, તેટલીજ હકીકત વાંચનારા સાહેબોની સનમુખ સંતોસ પાંમનારી સહમજીને સર જમશેદજી ના ઘેરની કીરતી ભરેલી નોધ અતરે સમાપત કરતાં, આ અશો ખસલતની સકરમી બાઇને તેનીની વસલી વારી સહીત સદાનુ સુખ ખરા અંતકરનથી જે ઇછીએચ તે તેનીને આંમીન થાએ.

પીટીટખાનદાનની વંશાવલી·



પીટીટ ખાનદાનનો પીછાંનત.

સુરત શેહેરમાં રેહનારા શેઠ નોશેરવાનજી કાવસજી પીટીટ ય૦ ૧૧૫૪ ના સાલમાં પેહલવેહલા મુંબઇ ખાતે આવી વશેલા માલુમ પ્રડેઆછે. એ સાહેબનાં વહીવટની ઉતપંતીનો હએવાલ એવો જણાયોછે કે, હીંઆં આવતાંને વાર પરથમ કોઇને તાંહાં ચાકરીએ રહીને જાતી મેહેનતથી થોડાક અનુભવ મેલવેઓ હતો. યુરોપ ખંડ તરફથી આવતાં અંગરેજી તથા ફરેંચ વાવટાવાલાં વેપારી વાંહાંણોના નાંધલા અમલદારો સાથે જારે ઓલખાન થઇ તારે ચાકરી છોડીને તેઓનુ કાંમ એક દુબાસ તરીકે કરવા લાગા; અને જાતે મજબુત બાંધાના મેહનતુ હોવાને લીધે, તેજ ધંધામાં પલોટાઇને તેનાને કાંમ શોંપનારાઓ તરફથી ઘણીજ સાબાશી હાંસલ કરતા રહેઆ. એ સાહેબની અસલ ઓલખ વીશેતો કાંઇજ માલુમ પડઊં નથી, મગર પોતે હાડે ઘણાંજ ઠીંગનાં, અને વલી ઉપર જણાવેઆ મુજબ ફરેંગ વાંહાંણોના નાંધલા અમલદારોનુ ઘણું ખરૂં કાંમ કરતા હતા, તેથી તેઓ પોતીકી ભાસામાં તેનાને "પીટીટ" (જેનો અરથ નાધલાનો થાએછે) કરી જે કેહતા હતા તે ઉપરથી એ ખાંનદાનની ઓલખ એજ સબદો સાથે આજ દન સુધી જોડાઈ રહેલીછે.

આ શેઠીઆની સાથે બીજી વારના પુનરવીવાહમાં આવેલાં ધણીઆંનીના બાવા શેઠ જમશેદજી બકરા કરી હતા, તેવન કલકતામાં ગુજરી ગયાથી તે મરહુમના વહીવટનો સંભાલ લેવા માટે નજદીકના એક એસી તરીકે તાંહાં જવાની તેનાને જે ફરજ પડી, તેને લીધે કેહચ કે દુબાસનુ કાંમ છોડી દઇને અથવા તો કોઇ સગીગતનાં સવાધીનમાં શોંફી આપીને પોતે તે તરફની સફર સારૂં સાલે ૧૧૬૦ મા પેહલવેહલા શીધારેઆ હતા; જાંહાં થોડાં વરસ ગુજારીને પાછા મુંબઇ આવી રહેઆ પછે, નવા ધંધામા અછો અનુભવ મલેઆને લીધે તેજ પરાંત સાથે પોતાનો રોજગાર ચાલુ રાખેઓ હતો; અને તેની બરકતથી થોડાક સુખવાશી હાલતમાંની આવેલા જણાએઆ હતા; પણ પાછલથી આસમાંણી ચકરનુ ભયંકાર દખાંન એકાએક એવું આવી પડઊં કે, જે વાંહાંણમાં એ સાહેબનો માલ ચહડેલો હતો, તે બારકસ મુંબઇ આવતાં મારગમાં કજાએલાીએ જોખમાઇને તદન ડુબી ગએઊં; જેનો વીમો જોકે તે વખતની રીત પરમાંણે એક સઘર પારસી વેપારીને તાંહાં આગમજથી ઉતરાવી રાખેલો હોયા છતાં મતું કરનારે આ સાહેબને ફાંદામાં રમાંડીને કેહચ કે નુકસાંણીના નાણા તદન આપેઆંજ નહી. જોકે તે બાએ અરસપરસ ઘણો જઘડાઓ વધી પડેઓ હતો, પણ સાંભલેઆ પરમાંણે મતું કરનારના હાથમાં કોક સંજોગે વીમાની પાલેશી કબજ થાઈ પડેઆને લીધે શેઠ નસરવાનજીથી કશો ચોકસ પુરાવો અપાઈ સકાયો નહી, તેથી ખરા હકનુ સાબકું નાંખું ખોહીને સાહમનાં કરજદાર થયા હતા.*

* આ શેઠના સકરમી બેટા શેઠ માણેકજીએ પોતાની હાલત જેમ સારી જોઇ, તેમ બનતી કોશેસથી બાપના દેવાંનો પટાવસ તેમની હઇઆતી બાદ કરી દઇને પાકીજેહ ફરજ બજાવી હતી. નો૦ લે૦

આવા ટુક હએવાલ ઉપરથી કુદરતના બનાવની ચમતકારીક તાશીર એવી પરખાઈ આવીછે કે જે ગરહસથ અવલમાં ગરીબી હાલતમાંથી નીકલીને એક વાર વેપારી થયા તેજ સખસનો દરજજો એક ઇનસાંનના તાકેલથી હાવી મુશીબતે પોંહતા; અને તેનાં દુખની ગીરેફતારીમાં થોડીક મુદત પસાર કરતાં જારે જીંદેગી ખતંમ થવાનો વખત નજદીક આવેઓ, તારે સાંતપણે સર નમાવીને રોજ ૧૭ મો માંહ ૩ જો શેહનશાહી સાલે ૧૧૮૯ ૫૦ એ વરસ ૫૦ ની વએમા બેહસતનસીન થયા.

શેઠ નોશેરવાનજીને તાંહાં અસલ બે દીકરાઓ જનમેલા હતા; જે માહેલા વડા બમનજીતો બાપની હઈઆતી અસતાંજ નાંહાંની ઊંમરમાં ગુજરી ગયા; અને એક દીકરો તેવન રાખી ગએલા જે જાણવામા આવેઆય, તેનાની જીંદેગીના હએવાલ તરફ રજુ થવા ચાહીએછે.

શેઠ માણેકજી નોશેરવાનજી પીટીટ.

આ શેઠ, આપણી, ટાપુ ખાતે, રોજ ૨૨મો માંહ ૧૧મો શેહણશાહી, શાલે, ૧૧૭૨ ૫૦ એ જનમ પાંમેઆ હતા. બાપના લાડમા સંતોરાથી ઉછરીને તે વખતની રીત પરમાંણે થોડીક વીદેઆ જે હાંશેલ કરતા હતા, તેટલાં તેમને માથેનુ છતર એકાએક ઉઠી ગયા ને લીધે બાલ વએમાં પોતાનો સંશાર ચલાવતાં થોડીક મુશીબત તો અલબતાં ખમવી પડીજ હશે; પંણ શારાં ભાએગે મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈની વડી દીકરી સંગાથે, એવણની શગાઇ જે સંધાએલી હતી, તેથી તેમના આશરાએ તેનાને જાહાજુ દુખ શેહન થવા દીધુંજ નહીં.

મરહુમ શેઠ નોશરવાંનજી જે જે વાંહાંણોનુ દુબાસપણું કરતા હતા, તે માહેલાં એક બારકશનો કપતાંન, વાહબીઓ ઉપર ચહડાઇ લઈ જનારી અંગરેજી મંનવારોના કાફલાની સંગાથે ચોખાનો જોડો ભરીને મશકત તરફ વેચવા જવાની ધારણાથી અતરે આવીને, પોતીકા વીશવાશુ દુબાસની શોધ કરતો હતો; પણ આ શેઠ માણેકજીથી તેને હેવું માલુમ પડઊં કે, તે શાહેબતો થોડાજ દાહાડા થયા ગુજરી ગયાછે; જે વાત તે કપતાંને જાણતાં વાર ઘણી દલગીરી ઉપજાવી, અને તેનાને બદલે આ શેઠને પોતાની સંગાથે માલ વેચવા કાજે જારે જવા કહેઊં, તારે તેનાએ પોતીકા શશરા શેઠ જીજીબાઈની આગનેઆં મેલવીને શાલે ૧૧૮૯ માં પેહલવેહલા અરબસતાંનની શફરે તેવણ શીધારેઆ; જાંહાં ચોખાનો જથો જડતે નફે વેચાયાથી તેજ વાંહાણની શાથે થોડા મહીનામાં મુંબઇ તરફ પાછા ફરી આવી મે કપતાંન પાશેથી મલેલી હકશાઇનો રૂડો ઉપીઓગ કરતા રહેઆ; અને તે પછે જલ અથવા થલ મારગની કોઇબી મુશાફરીએ આ શાહેબને કેડેબી જવા દીધાવના તેમનાં શશરાએ તેજ શાલથી પોતાની પક્ષમાં રાખીને મીઃ સાટંણ મલકમની આફીશ ખાતે એક શીખાઉ દાખલ લાવી બેસાડેઆ હતા;

જે વાતની શાખેતી હમો ધારીએચ કે આપણી ટાપુ ખાતે વખનાતા બુજોરગ અકાબર શેઠ ફરાંમજી નોશેરવાંનજી પટેલ શારી પખે આપી શાખશે; કેમકે તે શાહેબની એમની સંગાથે તેજ ટાંકણે તાંહાં ચાકરી કરતા હતા.

બાલ અવશથામા રગડાયા પછે મોટા થાઇને શરીમંતની સંફમાં બીરાજવાનુ આ શેઠીઆએ પોતે તો શું, પણ બીજા કોઇએબી કભુ વીચારેલ નહીંજ હશે; પણ કુદરતની અપાર બખશેસ તેહવીજ ઉતરવાની શરજતે હેવી અગંમ ચેતી દેખાડી હતી કે, જારથી તેવણ ઉપલી આફીશમાં પેહલવેહલા શીખવા બેઠા તારથીજ હરેક કાંમકાજમા રગડાવવા થકી પોતાની ઉલટ વધારો દેખાડવા લાગા; અને નહીં બનતું કાંમબી બજાવવાનો અખેઆરા મેલવવામા કશી કોતાઇ ન રાખેઆ ઉપરથી, પોતાને માટે દરવીઅના દરવાજા ખોલ્લા થવા સંબંધી શશાની શાહેતાએ જોકે આગાહી તો દીધી, પંણ તેની ભીતરમાં પેશાવા થકી માંતરે અજવાલું મલવાની જે ખોટી હતી, તે માટે જારે ઘણી કોશેશ કીધી તારે ભાગ્યેગનાં જોગથી તેમાં શાંઘલીવાતે તેવંન ફલદરૂપ થયા, અને ઉપલી આફીશમાં પાંચ વરશ ગુજારેઆ પછે ય૦ ૧૧૯૪ ના શાલમાં જારે મી૦ દાએરંમ કેઆરટરની કુંપનીને નાંમની અંગરેજી પેહડી પેહલ વેહલી અતરે ચાલુ થાઇ, તારે તેની દલાલીનુ કાંમ શેઠ જીજીભાઇ પાશે આવેઆ ઉપરથી તેનો વહીવટ ચલાવવા માટે આ શેઠને તે જગોએ ગોઠવી બેશાડેઆ હતા; અને તે દાહાડાથી તેવન પરખેઆત થતા રહીને થોડીજ મુદતમાં દેશીઓ તથા યુરોપીઅનોની સંફમાં બીરાજીને શારૂં માન મેલવવા લાગા, એટલુંજ નહીં પંણ ચપલ બુધીના બલથી ઘણાએક દેશી ગરહશથોનાં કાંમ કાજની આગેવાણી કરવામાં સરવેથી પેહલા આગલ પડવા, તથા તેઓનાં ઘણાક બીકટ ગુચવાટાઓ શેહલ રીતની તદબીરથી શફાઇ કરી આપવામાં આ શાહેબે જે જસ મેલવેઓછે, તેની ઇઆદગારી હજી તક તેમા ઇલાકો રાખનારાઓ હરગેજ ભુલેલા જણાતા નથી.

ઇરાંન દેશથી વાખાના મારેલા આવી પડેલા ગરીબ જરથોશતીઓના સંભાલ શારૂં ધરંમ ખાતાંની જે શભા અતરે હુભી થાએલીછે, તેમાં આ માંનવંતા શેઠ માંણેકજી પણ એક મેહરબાંણી ભરેઆ મીજલશી, અને તેના શરનસીન તરીકે શદા લાગુ રહીને તેઓ માટેનાં શારા બંદોબશત કરતાં હતા અને તે ઉપરાંત એ બીચારાઓ ઉપર જજીઆનો જાલમી કર દર શાલે જે શેતંમ ગુજારતો રહેલોછે; તેનુ નીવારન લાવવા માટે બીજા સભાસદોની સાથે આ શાહેબ ઘટતા ઇલાજો લેવામા સાંમેલ રહીને હુન્નરાતથી ઉભું કીધેલું નાણું અતરેથી તેઓને હશાબે તેહરાંનની દરબાર ખાતે દરશાલે જાથુક મોકલવાની રૂડી ગોઠવંણ બંધ બેશાડવામાં જીંદગી શુધી મુખીઅ હતા.

પારશીઓમાં રેવાજ પાંમેલી આગલી પંચાએતનો અધીકારબી આ શાહેબે થોડાં વરશવેર શવતંતર પણાથી બજાવેઓ હતો; અને તે નાતાંથી કેટલીકવાર લોકેનાં ઘરગતુ કુથલાનાં કંટાલો ઉપજતા કજીઆઓ પંણ બનતી કોશેશથી સમાંધાંનીની શાહે શરંજાંમ પોંહચાડી આપવામાં તે વખતે પરખેઆત થાઇ

પડ્યા હતા. આ બાબદમાં વારસા હીસા, તથા લગણ તલ્લાક સંબંધી ચોકસ ધારાઓની જારે અતી' અગત માલુમ પડી; તારે એજ કોમનાં બીજા અકાબર સાહેબોની સાથે સંપજથી સાંમેલ રહીને નાંમદાર સરકાર પાસેથી સતા ભરેલા કાએદાઓ બંધાવી લેવાના ઉપીઓગી કાંમમાં અનજુમનની તરફથી ઉભીકીધેલી કારોબાર મંડલીએ જે સબ કમેટી થેડવી હતી, તેના પરમુખ. પણાનો માન ભરેલો ઓહદો રોજ ૭ મો માહા ૯ મો શેહનશાહી સાલે ૧૨૨૭ ય૦ થી સવા-ધીનમાં લઈને આ સકરમી શેઠીઆ જે સાચવી બેઠાહતા, તે કાંમ જોકે તેવન ગુજરી ગયા પછે કેટલીક મુદતે પાર પડીને ચાલુ થયું; તો પંણ તે વખતે તેનાએ બજાવેલી મંનમાંનતી સેવાની ઉતંમ ઈઆદગારીમા તેનાનુ નેક નાંમ તો બચીત.જોડાઈ રહ્યુંછે.

આપણી ટાપુ ખાતે રૂઉનો રોજગાર જારે વધતો ચાલિઓ, તારે તેની ગાંસડીઓ ચાંપવાના સ્કુરૂઓની જેમ તંગાસ પડવા લાગી તેમ તેના દરમાં અતીશીઅ વધારો થતો રહેઆથી વેપારીઓ ઘણાજ કંટાલેલા જણાયા; અને તેઓને તેમાં સગવડ તથા કીફાએત કરી આપવાની સોચના રાખીને આ શેઠીઆએ પોતાની સાથે કેટલાક અંગરેજ તથા દેશી વેપારીઓને સાંમેલગી-રીમા લઈને "કોલાબા લાંડ" નામની દરીઓ પુરીને તઈઆર કીધેલી જગા પર નવી ઢપના સાંચાઓથી રૂઉની ગાંસડીઓ દાબવા માટેના સ્કુરૂઓ ગોઠવાવી દીધા; જેની સરૂઆત ય૦ સાલ ૧૨૧૩ થી કરીને તે બાબેની આગેવાંણીનુ માનબી ઘણું કરીને તેનાએજ મેલવેલું હતું.

"ઓરીએનટલ સ્પીનીંગ કુંપની" નામનુ સાંચાથી સુતર વણવાનુ એક કારખાંણુ ૧૨૨૧ થી કેટલાક ભાગીદારોની સાસમાં જે ચાલુ થયું તે તારદેવ આગલ હજીતુલીક સારી હાલતમાં નીભી રહેલુંછે. એ કારખાનાને હસતીમા આંણનારાબી પેહલવેહલા ગરહસથ એવણ હતા, અને પોતાની આગેવાની હેઠલ તેનો વહીવટ ઘણી સારી તદબીરથી અટોપી રાખીને ભાગીદારોને જે સારો નફો કરી દેખાડ્યો, તેના બદલામાં કેહચ કે આ સાહેબ ગુજરેઆ પછે તે વખતના સઘલા ભાગીદારોએ એકમતથી પસાર કીધેલા ડેઅવ મુજબ તેણાનુ આખા કદનુ એક શુંદર બાહવલું તેઓએ વેલાતથી બનાવવી મંગાવીને તેજ કારખાંણાના મુખરા આગલ રાહદારીઓની સદા નજર પડે તેહવી રીતે તેમના ભલાં કાંમની ઉતમ યાદગારી દેખાડતું મોટા દબદબાથી ગોઠવી રાખેલુંછે.

આ વાત આપણ હજી ભુલતા નથી કે કેટલાક હલકે વાંગેના મુસલ-માંનોએ ય૦ ૧૨૨૦ માં એક નજીવે બાંહાંણે પારશીના આખા ટોલા ઉપર વેરભાવીક બલવો ઉઠાવીને કેટલીક જગોએ લુંટફાંટ ચલાવી હતી; તે વખતે એ જહનુની લોકોને જેર કરવા માટે આપણી તરફના પોલીસ ખાતાંનો રાહ-ગાટ અંધેરપણાને લીધે ઘણો નબલો જણાયા ઉપરથી આ હીંમતવાન શેઠીઆએ સાંભલેઆ પરમાણે મરહુમ સર જમશેદજીની સાથે ભેગા રહીને સરકારની મદદ મેલવવામાં સરવેથી પેહલી આગેવાંણી જારે લીધી, તારે તે દુખ ભરેલા બખેડાની સમાધાંની થાઈ; અને તે બાબે એનાએ લીધેલી મેહનતબી રૂડીપેરે

વખનાઇ હતી; એટલુંજ નહીં પણ તેટલા ટુક અરસામાં બાહેરકોટ તરફના કેટલાક અગવડ ભરેલા લતાઓ ઉપર રેહનારા અશક્ત પારશીઓને બીજા ધરમાતુ સાહેબોની પેઠે પરમાણીકપણાથી સઘલી વાતનો આસરો આપતાબી સંભલાયા હતા.

ઉપર જણાવેલાં સાહસીક કામો જોકે આ ટાપુ તરફ બધી વરણના લોકોને માટે તેનાએ બજાવેલાં દેખાયાંછે, પણ તે ઉપરાંત બાહેર દેશાવર ખાતેના જરથોસતીઓની સગવડ સાચવવાનો હેતુ ઇછીને કેટલેક ઠેકાંણેની ઊમેદ બર લાવી આપવામાં ઘણીજ કીરતી ભરેલી આગેવાંણી લેવાથી હરગેજ પછાત રહેઆ નોહતા; અને તે સગવડમાં સુખીઆ કરી તેઓને વાસતે એબાદતખાના અને કીરીઆ મારગને લગતાં મકાંણો, તથા ગુજરેલાંઓને ઠેકાંણે પાડવા સારૂં આસાએસની છેલી જગેઆ જેને દોખમાં કેહછે તે બંધાવી આપવાના ખરચ તથા મેહનતમાં પોતાની સાથે બીજા હમદીન ભાઇઓને સાંમેલ કરી લેવા સારૂં આ સાહેબે મોટું કાંમ બજાવેલું કેહવાએછે; તે સંબંધી સઘલી વીગતો જો હાથ આવી હોતતો આ નોધમા ખુશી સાથે સમાવી સખતે.

હાવા રૂડા ગુણના બદલામા આ સાહેબને કુદરતથી જે બખશેસ ઉતરેલી હતી, તેમાં આપણી નામદાર સરકાર તરફથી પણ તેમની વરતણુક સારી રીતે પીછાંણીને પરજાનો હક જાલવનારાં શેહર સુધરાઇ ખાતાંમાં સુલેહના અમલદાર, તથા ફોજદારી ઇનસાફ ખાતાંમા તે વખતપર ચાલતી ગરાંડજુરીનો અધીકાર મલીને બે ઓહદાઓ જે સોંફવામાં આવેઆ હતા, તેબી તેનાએ ફતેહની જેજેકારી સાથે પાર ઉતારીને રાજ તથા રઇએત તરફથી સારો ચાહા મેલવતા હતા.

આ શેઠીઆએ પોતાનાં રૂડાં ભાએગે ભેગા કીધેલા દરવીઅનો કેટલોક ભાગ સખાવતી સોચનાથી જાહેરના ઉપીયોગ માટે અલાહેદો કાહડી આપેઓચ તેની વીગત સોધ કરતાં હમારે હાથ જેટલી આવી તેટલીની એક યાદી આ નોંધમાં દાખલ કરવાની વાંચનારા સાહેબો પાશે રજા માંગીએછે.

નીચે જણાવેલી ટીપ ઘણા પાછલા વખતની સખાવત સંબંધી માલુમ પડેછે, પણ આ સાહેબના સખીતબેહ ભરેઆ દીલગુરદા ઉપર નેધા પોંહચાડતાં તેની આગમજ તથા તારપછેનાં વરશોની વચે બીજી ઘણીક રકમો જે નવાજેસ થએલી સંભલાઇચ તે વીશે હેવું કેહવાયુંછે કે તે વાતમાં કુદરતથી સરજાએલી ફરજ સહમજીને હાથનુ કીધેલું હઇડાંમાંજ સમાવી રાખેઆ ઉપરાંત કોઇને જણાવવાનુ આ સાહેબ સુનાશેબ સહમજતા નોહતા; માટે તેટલી રકમોને તેની ગેરહાજરીમાં રેહવા દીધા શેવાએ બીજો કશો એલાજ જોતા નથી.

૧૨૨૦ મા, આ સાહેબના મોહરદાર, શેઠાંણી હમાંબાઇ ગુજરી ગયાં તારે જરથોસતી ટોલાને લગતાં કેટલાંક ધરમનીમના કાંમોની મદદ માટે રૂપીઆ તરીસ હજારની એક થાપણ અલાહેધી કાહડીને પોતાની પાશે જે રાખી હતી; તેની ઉપજમાંથી જોઇતો ખરચ ઘણુક સુધી જાથુક કીધા પછે જારે તેનો હીસાબ પા-

છલથી ઉપજાવેઆ તારે કેહચ કે તેની મુબલક આવકમાથી મોકલે હાથે ધરમ ખાતે ખરચ કરતાં અશલ થાપણ સાથે રૂ ૪૪,૦૦૦ જે ભેગા થયા તેમાં આ બેહસતન બાઈના બરખુરદાર બેટાઓ, શેઠ દીનશાજી તથા નોશેરવાંનજીએ બાર હજાર હુંમેરીને કુળ રૂ ૫૬,૦૦૦ ની એક મોટી પુંજી દીપાવી દેખાડી; અને તે રકમને એક મીલકતમાં રોકીને વરશે દાહડે રૂ૪,૮૦૦ જે ઉપજતા કીધા, તેમાથી જરથોસતી ધરમને લગતો હેઠલ જણાવેઆ મુજબનો ખરચ આ મરહુમ બાઈ સાહેબના પુન સારૂં દર વરશે જાથુક થાતો રેહછે તેની વીગત.

નીરંગદીન બનાવવા ઉપર થાતી કીરીઆ સારૂં	૩૦૦
હમાએસત નાંમની કીરીઆ કરાવવામાં	૨૦૦
પરચુટણ પઢાંમની માટે આપતા કીવેલા	૨૫૦
એજ ટોલાના ગરીબ આંધળા, પાંગળાઓને દર મહીને રૂ ૫૦ સુધી વેંચી આપવા	૬૦૦
લાચાર ઇરાંનીઓની હાલત સુધારવાની થાપણમા દરસાલ તેના વહીવટદારોને પોંહચતા કરવાનાં....	૧૫૦
ભીમજી જીવણજી શાંડલીઆ જે સઘલી વરણના ગરીબોના ભાગેલાં તથા લચકાએલાં હાડ દુરસત કરેછે તે કાંમમાં ઉતેજન આપવાનાં હેતુથી દર વરશે તેને તાંહાં મોકલવાનાં..................	૧૦૦
ગરીબ છોકરીઓ, તથા છોકરાઓને મજહબના ફરમાંન મુજબ સુદરો પેહરાવવા, તથા પરણાવી આપવા ઉપરાંત મરણ પાંમતાંઓને ઠેકાંણે પાડવા, અને હઇઆત રહેલાઓની પરવરેશી કરવામા..............	૧,૫૦૦

આટલાં કારણ માટે દર વરસે જાથુક અપાતા રૂ ૩,૧૦૦ હમો ધારીએચ કે બાકીની રકમો બીજાં કોઈ ઉપીઓગી ધરમમા ખરચાતી હશે; અથવા અસલ થાપણમાં જો હુંમેરાતી હોએ તો, તેથી કરી આગલ ચાલતાં એ ધરમ ખાતાંની પુંજી ઘણા મજબુત પાયાપર ઉસતાવર રહેલી સહમજીને આ શેઠ પાસેથી અપાએલી અસલ રકમ અતરે જણાવીએછે ૩૦,૦૦૦

૧૨૨૬ મા રોજ ૧૨ મો માંહા ૭ મો શેહણસાહીએ ઇરાંન દેસનાં ગરીબ જરથોસતીઓની હાલત સુધારવાની થાપણને મદદ આપવા માટે રૂ ૭,૦૦૦ ની ટકા પાંચ વાલી નોટો લઈને હેવી સરતથી તેના વહીવટદારોને સપુરદ કીધીચકે, અસલને અણાંમત સાચવી રાખવી, અને તેનુ જે વીઆજ ઉપજે તે દરસાલ ઉપીઓગમાં લેવું. ઉપલી નોટની લાગત રૂ ૭,૨૫૦ ની થાયછે;

અને તે ઉપરાંત ઇરાન ખાતેના રાજદુઆરી અમલદારોને અગત સર નજરાંણાં મોકલવા માટે થએલાં હુંધરાંણાની ટીપમા રૂ ૧૦૦ ભરેઆ, તે મલીને કુલ રૂપીઆ જે આપેઆછે તેની સંખીઆ ૭,૩૫૦

૧૨૨૮ મા રોજ ૨૬ મો માહ ૫ મો શેહણસાહી; ઇરાંન દેસમાં રેહનારા ગરીબ જરથોસતીઓના છોકરાંઓને પરણાવી આપવાની મદદ માટે ઉપલીજ સરત પરમાણે બખશેલા............ ૨,૦૦૦

૧૨૨૮ મા રોજ ૬ ઠો માહ ૭ મો શેહણસાહીએ વીકટોરીઆ મીઉઝીએમ તથા ગારદનના ફંડમાં આપેલા ૧,૦૦૦

કુલે રૂપીઆ ૪૦,૩૫૦

ચાલીસ હજારની જાહેર સખાવત ઉપરાંત કેટલાંએક ગુપત દાંનો જે કોઇને જણાવેઆ વના કીધાં તે સઘલાં પુણનો હમબેરો સાથે લઇને થોડુંક સુધી અંગરોગની પીડા ભોગવેઆ પછે, આ માનવંતા શેઠ માંણેકજી પીટીટ વરસ ૫૫ ની ઉપર ૯ મહીના અને આઠ દાહાડાની ઉંમરમાં રોજ ૨૯ મો માહ ૮ મો શેહનશાહી સાલે ૧૨૨૮ ય૦ ની રાતરે બારેહકતાલાની જનાબમાં પોતે બજાવેલી ફરજનો હીસાબ આપવા થકી શેઠ દીનસાજી તથા નોશેરવાંનજી જેહવા બે દીપતા દીકરાઓને હીંઆં હસતીમા રાખીને જંનતવાસ થયા.

આ મરહુમ સાહેબનાં પુન માટે તેમના સપુંતો, અને સકરમી સાહેબ જાદાઓએ રૂ ૫૦,૦૦૦ ની એક રકમ પોતાને મલેલા વારસામાથી એલાહેધી કાહાડીને ધરંમ ખાતાંના ઉપલાં પેટાંમા જણાવેલા રૂ ૫૬,૦૦૦ ની પેહલી રકમ અંદર આમેજ કીધા; અને તેની ઉપજમાંથી ઉઠમનાની મીજલેસમાં જાહેરાંત કહી સંભલાવેઆ મુજબ દર સાલે ૩,૧૦૦ રૂપીઆ જે ખરચાએછે, તે ઉપરાંત વધતી જતી પુંજીને સારાં કાંમોમા વાપડવાના હેતુથી એક દરેમેહર બંધાવી આપવાનો વીચાર પરથમ કીધો હતો; પણ તે કાંમ માતરે એકજ કોમના ઉપીયોગમાં થાતું જોયા ઉપરથી આગલી ધારણા ફેરવીને સઘલી વરણના લોકોની સગવડ સાચવવા સારૂં બાહેર કોટની માડવી તરફ રેહનારા લોકોમાં જેઓ દરદી હોએ, તેઓની સરીર સાંણતીને સંભાલવાની શોચનાથી સાલે ૧૨૩૪ માં એક દવાખાનુ ઉઘાડીને સઘલી કીસમનુ અઉશદ તાંહાં જાથુક પોંહચતું પાડઆ ઉપરાંત, એક કાબેલ તબીબને મુસારેદાર થેડવી રાખેઓ; અને તે શીવાએ બીજો ખરચ મલી સાંભલેઆ પરમાંણે દર સાલે રૂ ૫,૦૦૦ નુ પુણ પોતાના મરહુમ મા બાપને એ સાહેબો પુગાડતા રેહછે.

આ શેઠીઆનુ વશીએતનાંમુ જારે માંજી સુપરીમ કોરટમા ધારા પરણાંણે પુરવાર થયું તારે તે વખતે સઘલી મલીને તેમની ૨૪ લાખ રૂપીઆની અસકેઆંમત નોંધએલી જે જાંણવામાં આવી હતી, તે ઘણીક મુદત સુધી ખેંચેલી રંજ ભરેલી હેજગારીના પરીણાંમમાં કાંઇજ નહી પણ પોતાની જીંદગીનાં પાછલાં પંદરેક વરસની માંયા પુંજી એખીતા કીધેલી કેહવાઇ; જેમાંથી પોતીકા

વારેશોની વસતીમાં (દોતરાંઓને) રૂ ૨૭,૦૦૦ ઉપરાંત, બેહન તથા ભાંણજાઓ વચે રૂ ૧૨,૦૦૦ વરસા દાખલ અપાવેઆ, અને બાકીનુ દઈવત બેહુ ભાઈઓએ સરખે હીશે વાંટી લેવાનો હોકમ ફરમાંવીને આ દુનીઆંથી જેણાઓ દુરી પકડી ચાલી ગયા, તેનાની જીંદગીનો ટુક હેવાલ અતરે સમાપત થાઇ સમેલો સમજવો.

શેઠ દીનસાજી માંણેકજી પીટીટ.

આપણી આબાદ ટાપુને જેબ આપનારાઓની સંકમાં સચવાએલા બે ભાઇઓ માંહેલા આ વડા શેઠનો જનમ રોજ ૩૦ મે માંહા ૯ મો શેહેનશાહી સાલે ૧૧૯૨ ય૦ એ મુબારક થએલો વીચારવામા આવેછે. આ જવાન શેઠની જીંદગી જોકે સકરમી બાપનાં સારાં સુખમાં સમાઈને ઉછાલો પાંમીછે, તોપણ સનસારની સરજતમાં જારથી લાગુ પડ્યા, તારથી વેપાર વણજની વલાંણમાં ઘણી તરેહની વલગણો જે આડ આવેછે, તેટલું વટીક જોયાવના તો એવણ શેહલ રીતે તેમાંથી કબુ પસાર થયા નહીજ હશે.

બાપની હઈઆતીનાં વખતથીજ પોતાના માંનવંતા ભાઈની સાથે એક સંપી એખલાસમા સાંમેલ રહીને આ સાહેબ વેહવારીક ઉપીયોગ એવીતો ચલાવતા રહેઆ કે, તેના પરતાપથી નાંમદારીએ પોંહચવાની નોબત જાંણેઆ છતાં પોતાનુ છતર માથાં ઉપર સલાંમત હતું તાંહાં તુલીક તો તેમનીજ તાબે-દારીમાં સાબેત કદમપર ઉસતવાર રહીને કુદરતે બખશેલી વફાદારી જે જાલવી બેઠા હતા, તેના રશીલાં ફલ આજે ઘણાંજ સંતોસથી તેવન ચાખતા માલુમ પડેછે.

આવી ચપલ બુધીને લીધે સઘલી કીસમના શોદાગરી, તથા સરાફી કાંમોમાં પરમાંણીક પણાથી આ સાહેબ એવીતો ચાલાકી ચલાવતા દેખાએચ કે, તેના બલથી આપણી ટાપુ ખાતે ઘણીક બેંકો, તથા સપીનીગો, અને વીમાઈ પેહડીઓ વગેરેની બીજી ઘણીક જાહેર મંડલીઓને, વારંમવાર એવનની જરૂર પડેછે, અને તેટલાજ ઉપરથી જણાઇબી આવેછે કે, આ શેઠીઆ કાંઈ થોડાં માંન લાએકના થડતા નથી. "ઓરીએનટલ સપીંનીંગ કુંપની" નાંમનુ સુતર વણવાનુ એક કારખાંનુ આ શેઠીઆના મરહુમ પીતાએ પરથમ સ્થાપેલું હાલ જે ચાલેછે, તેનીજ પડોસમાં આ સખી નરે સુતર તથા કાપડ વનવાનુ એક બીજું કારખાંનુ ઈ૦ સને ૧૮૬૧ માં કેટલાક ગરહસથોની રાસમાં પોતે આગેવાંન થાઈને જે ચાલુ કીધું, તેનુ નાંમ "માંણેકજી પીટીટ સપીનીંગ એંડ વીવીંગ કુ૦" નુ આપેલુંછે જાંહાં શેકડો ગરીબોની જગાડેલી રોજીના રૂડા આશીરવાદ તેવન દરરોજ લેતા જણાએછે.

આપણા શેહર સુધરાઇ ખાતાંની દેખરેખ માટે નાંમદાર સરકારે દેશી શેઠીઆઓને જે સુલેહના અમલદારો થેડવેલાછે, તેમાં પણ આ માંનવંતા શેઠની નેમણુક ઘણા વરશોથી થએલીછે પણ તેનો સને માલુમ પડતો નથી.

પરજા ઉપીયોગીના કોઇબી કાંમમાં આ સાહેબની આગેવાંણી સમાએલી હોએ તો પોતીકા અધીકારના હકથી પેટીશેસણ નાંમની ફોજદારી નાંહાંની કોરટમાં કોઈ કોઈ વાર મેજેસટરેટની સાથે બીરાજીને ઇનસાફના કાંમમા જે ચાલાકી દેખાડેચ તે ઘણીજ કીમતી કેહવાએછે.

જમાંણો જેમ પસાર થાતો જાએચ, તેમ તેની સાથે નવી નવી સખાવતોનો પરકાસબી પુરૂથવીપર પંથરાતો આવેછે; માટે તેટલી વાત પરજાને જેવી સંતોસ કારક સહમજાએચ, તેવીજ તે સખી નરોને રાહેત પમાડનારી પણ જણાઇ આવેઆ ઉપરથી આ ઉદાર મનના શેઠીઆની સકમાઇનો દરવીઅ જે સારે મારગે જાહેરાંતમા વપરાયોછે, તેનુ વરણન હીંઆંથી હવે સરૂ કરવાંની રજા લઇએછે.

૧૨૨૦ મા, સરવેથી પેહલવેહલી સખાવત પોતાના મેહરબાંન માંતાજી અમાબાઇના પુણ માટે પરથમ મરહુમ શેઠ માણેકજીએ સથાપેલાં ધરમખાતાંની પુંજી વધારવાના હેતુથી કીધી તેમા આપેલા	૬,૦૦૦
૧૨૨૮ મા નેકનામ બાવાજી બેહસતનસીન થયા તારે તેમની નઈઈએતે ધરમખાતે વાપરવાની ધારણાથી તેમની ઉપલી થાપણ મા લાગુ પાડી દીધેલા	૨૫,૦૦૦
૧૨૩૬ મા રોજ ૨૧ મો માહ ૮ મો શેહણસાહીએ છોકરાઓની શેહાદી થઇ તેની મુબાકરબાદીમા મુકતાદ ટાંકણે દેસાવરોખાતેના ગરીબ જરથોસતીઓને વેંહચી આપવાથકી મોકલવા માટે રૂ ૫,૦૦૦ ની સરકારી નોટ પંચાએતની પુંજી રાખનારા સાહેબોને શોંપીને તેના વીઆજનો ઉપીઓગ કરવો તથા મુદલને સંભાલી રાખવાની ફરમાસ જણાવીછે	૫,૦૦૦
૧૨૩૬ મા "નેટીવ જણરલ લાઇબરેરી" ને કેટલીક કેતાબો લઇ આપી તેમા ખરચેલા	૧,૦૦૦
૧૨૩૬ મા મુંબઇની કસરતસાલાને કીધેલી બખશેસ	૫૦૧
૧૨૪૦ મા ઇરાંનમા પડેલા દુકાલની આફત પાંમી આવેલા ગરીબ જરથોસતીઓના આસરા માટે થએલાં હુગરાંણાની ટીપમા પોતીકે નામે રૂ ૧,૦૦૦ તથા શેઠાણી સાકરબાઇને નામે પોતે આપેલા રૂ ૫૦૧ મલી........................	૧,૫૦૧
૧૨૪૦ મા સર કાવસજી જાંગીરજી રેડીમણી નાઇટનુ બાહાવલું બનવાવી મંગાવવા સારૂં થએલાં જાહેર હુધરાણામા ભરી આપેલા.	૫૦૦
૧૨૪૦ મા ચીકલીના દોખમાનો ટાંણો પુરાએલો જોવા સારૂં આ સાહેબ જારે તે તરફ ગયા, તારે તાંહાંથી પાછા ફરતી વખતે વલસાડમા હેઠલ જણાવેલાં કાંમો બનાવી દેવા થકી આપેઆ તેની વીગતઃ—	
દવાખાના કાજે એક મકાંણ પોતીકા નામથી બાંવધા માટે	૪,૦૦૦

પરજાની પેઆસછીમાએ તેવા બે કુવા બાંધવા સારૂં·· ૪૦૦
તાંહાંના પુસતક ખાંનાને બખશેસ કીધેલા ········ ૫૧

૧૨૪૧ મા રોજ ૧૧ મો માહ ૨ જો શેહનશાહીથી વરસ એક સુધી ઇરાંનથી દુકાલનુ દુખ પાંમી આવેલા ગરીબ જરથોસતીઓની પરવરેશી કરનારા કાહરોબારીઓને દર માશેરૂ ૧૨૫ લેખે તે કારણમા ખરચવા સારૂં આપેઆ કીધા તેની એકંદર સંખીઆઃ ························ ૧,૫૦૦

૧૨૪૧ મા રોજ ૭ મો માહ ૬ ઠો શેહનશાહીએ આ સાહેબને તાંહાં બીજાં છોકરાંઓની શેહાદી મુબારક થઈ, તેની ખુસાલીમા મુંબઈની બાહેર જુદે જુદે દેસાવરે ખાતે ગરીબ જરથોસતીઓ જે વશેછે તેઓને દર સાલે મુકતાદ ટાંકણે પોંહચતા કરાવાની મકસદથી રૂ ૫,૦૦૦ તથા નારગોલના જરથોસતી બાલકોને માટે જંદ અવસતાની નીસાલ નીભાવી રાખવાના હેતુથી રૂ ૨,૫૦૦ મલી કુલ રૂ ૭,૫૦૦ ની ટકા ૪ વાલી સરકારી નોટો તે કાંમના વહીવટદારોને સવાધીન આપીને એવી ફરમાસ કીધીછે કે, તેની ઉપજ માતરે ઉપીયોગમા લેવી, અને મુદલ રકમને સલાંમતી સાથે સાચવી રાખવી. ૭,૫૦૦

૧૨૪૧ મા મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈની ઇઆદગારીના હુંધરાંણામા પોતે તથા પરીવારોને નામે ભરી આપેલા ૯૦૦

૧૨૪૨ મા નાસક તથા ખાનદેસ ખાતે રેલથી પાએમાલી પાંમેલા લોકોને મદદ આપવાના હુંધરાણાની ટીપમા પોતાને, ધણીઆંનીને તથા દીકરાઓને નામે ભરી આપેલા કુલ······ ૯૦૦

૧૨૪૨ મા તારાપોર તરફ દવાખાનુ ચાલુ કરવાના એરાદાથી પરથમ રૂ ૧૦,૦૦૦ ની એક રકમ આપવા ધારી હતી, પણ સાંભલેઆ પરમાણે તેમની ગોઠવનને આપણી નામદાર સરકાર એક મલતી નહીં ઉતરેઆને લીધે તે સાબદી રકમ વલસાડખાતે વસનારા ગરીબોના દરદનુ નીવારણ કરવા માટે કાંમે લગાડી; જે વીશે તારીખ ૨૯ મી જાંનીવારી ૧૮૭૩ નાં "જાંમે જમશેદ" ઉપરથી જાણવામા આવેઊંચકે તે ધરમ ખાતું ગયા અથવાડીઆંથી તાંહાં ચાલું થયુંછે ········ ૧૦,૦૦૦

૧૨૪૩ મા રોજ ૧૭ મો માહ ૧લો શેહણસાહીએ દોખમાઓની અંદર દર રાતરે દીવાનો ઉજાસ પોંચતો પાડવા માટે મરહુમ શેઠ હીરજીભાઈ વલદે વાછા ગાંધી નામના માનવંતા મોદીએ ગયાં બશો વરસની વાતપર બંધાવેલી સગડી, તેના મુતવલીઓએ ભંજાવીને હાલના વખતને શોભા આપવા લાએકની જે નવી બંધાવી, તેનીજ પડોસમા જરથોસતીઓને એબાદત કરવા માટેનુ એક કોસાદ દીવાનખાનુ આ સખી શેઠે પોતાના મર-

હુમ પીતાની નઇઅતે બનવાવીને મજહબની કીરીઆ કરાવેઆ પછે પંચને હવાલે શોંફી દીધું તે ઉપર સાંભલેઆ પરમાણે ખરચેલા	૧૮,૦૦૦
૧૨૪૩ મા, દંમન ખાતે તાંહાંના શેઠ માણેકજી હસતકથી ઉભાં થએલાં દવાખાનાની ટીપમાં ભરી આપેલા	૧,૧૫૦
જાહેરમા થએલી સખાવતના	૨૮૩,૯૦૩

ની શંખીઆ આ શખી શેઠ દીનસાહજીના દીલ ગુરદાને સુકાબલે મેલવતાં હમો જો માહભારત કહીએ તો તેની અંદર બીજી તરણ ઘણીથીબી વીશેશ રકમો સમાએલી હોવી જોઇએ; પણ શાંભલેઆ પરમાણે તે શાહેબ પોતાકે હાથે થતી શખાવતને બનતાં શુધી જાહેરમા લાવવાનુ લાએક ગણુતા નહી, તેથી આટલીજ બાબદોની શોધ ઉપર સંતોશ પાંમેઆ છઇએ; અને તેમાંબી વખતે કાંઇ વધઘટ જેવું દેખાએ તો તેનો ઓલાશો ખુદ માલેકના મન શીવાએ કોઇને માલુમ પડેજ નહીં.

આ શાહેબે ય૦ ૧૨૪૧ની શાલમા કીધેલાં છોકરાંઓના લગણુ ટાંકણે તેવણને મોકલે હાથે જે ખરચ થયો, તેમા એકજ વાતની ઉતમ ઇઆદગારી હેવીતો જેબ આપતી માલુમ પડી હતી કે, ઇરાંન તરફથી દુકાલની પીડા ભોગવીને આવી પડેલા સેંકડો ગરીબ જરથોશતીઓને ધરમશાલામાથી આંમની બસોની અંદર બેશાડાવીને વાલકેશવર ખાતે પોતાના દરીઆઈ મેહલમા જીઆફત માટે બોલાવેઆ હતા; અને જેવી તરહુદથી બીજા માલેતોજારોની મદારત કીધામા આવી, તેજ મુંઆફેકની માહવજત શાથે તે ગરીબ હમજાતીઓની હજુરમા પોતે હાજર રહી તેઓને સંતોશેઆ એટલુંજ નહીં પણ ખુરશીએ બેશાડીને મેજ ઉપર મુકાવેલાં મીથાઈ તથા મેવા શાથે અનેક તરેહના સુતરાં ભોજણથી દરએકને તરૂપત કીધા હતા; અને તેટલા વખત શુધી તેમની સંગાથે બીજા સરીમંત શેઠીઆઓમા તેમના ભાઈ નશરવાંનજી, શેઠ બેરાંમજી જીજીભાઈ, વાડીઆજી શાહેબ અરદેશાર હોરમજજી બમનજી, તથા શેઠ મનચેરજી હોરમજજી કાંમાંજી, અને તે ઉપરાંત બીજા ઘણાક ગરહશથોએ આ નવા મેહમાણોની જેહલબમા ખડેપગે ઉભા રહીને ઉદાર મનની મેહરબાંણીથી તેઓની ઇચ્છા પુરી પાડી હતી. બીચારા દુર દરાજથી તરતના આવેલા અંજાંણેઆ હોવાને લીધે ઉપલા શાહેબોને તેઓ તદન પીછાંણતા નોહતા, તેથી તેઓની ઓલખાંણ આગા અરદેશાર મેહરબાંણ નામના ઇરાંની ગરહશથે સઘલા મેહમાંણો વચે કરાવી હતી; અને તે દુખીઆરાઓને હાવી બીન ધારેલી હોરમત તેઓના આખા જનમારામાં મલી હોએ તો આ પેહલવેહલીજ મદારતથી જે હાંશેલ થઈ, તેના બદલામા હજાર દરહજાર તરેહની સોકર ગુજારીને આ મેજબાંણ તથા તેમની સંગાથે હાજર રહેલા શેઠીઆઓના હકમા અંતકરણના આશીરવાદ દેતા જેવી જાહોજલાલીથી જમવા ગયા, તેવીજ ઉલટ ભરેઆં ખુશી દીલથી પોતપોતાને મકાંણે પાછા ફરેઆ હતા. આ વાતમા શેઠ દીનસાજીએ ચંદરોકાલ શુધીની ખરેખરી નેકનામી જે હાંશેલ કીધી, તે તેઓથી કદાપી કોક સંજોગે ફરાંમોશ થવાએ,

તોપણ તે બાબેની કીરતી ભરેલી નોંધ આ રાફા ઉપરતો શદા શચવાઈજ રેહશે; અને તે ઉપરાંત બીજાં અગનીત ઉપીઓગી કાંમો જે તેનાએ ધારેલાં હોએ, તે સંમપુરણ રીતે પારપડવા માટે પરજા તરફથી પરમેશાવરની પ્રારથના થવી-જોઈએચ કે, તેમની જીંદેગીને સરવે પાંતીના શુખ શાથે લાંમબી મુદત શુધી તે ખાવંદ સંભાલી રાખે.

શેઠ નસરવાનજી માણેકજી પીટીટ.

મરહુમ શેઠ માણેકજીના આ બરખુરદાર બીજા બેટા, કેહચકે રોજ ૯ મો માહ ૬ ઠો શેહણસાહી સાલે ૧૧૯૬ ય૦ ને મુબારક ફાલે જનમ પાંમેઆ હતા. વડા ભાઈનીજ પેઠે એવનની જીંદેગીબી બારેહકતાલાએ સુખવાસી હાલતમા બખશેલીછે; અને તેવીજ રીતે ઉછરેઆ છતાં સરવે સાથે બચગીના વખતથી હેવાતો પલોટાઈ રહેઆ હતા કે, તેટલી અશીલાઈની બરકત મલેઆને લીધે મોટા થઈને સણસારી વહીવટમા પડેઆ તારથીજ મેહરબાણ દીલની મીલનસારી પોતાની પાશે જે જાલવી રાખેલી સંભલાતી આવેચ, તેની વખાણ ગરીબો તથા તવંગરો વચે એક સરખી રીતે થતી રેહેઆ ઉપરથી હેવું સમજાએચકે, સકરમીના સારા ગુણો જાંણે જનમતીવેલાજ પોતાની સાથે એવન લેતા આવેઆ હેવી સાહદત મલેછે.

શેઠ દીનસાજીના હએવાલમા જેમ જણાવેઊંચ તેમ આ શેઠ પોતીકા પરમ કીરપાલુ પીતાની હઈઆતીમાજ તેવનના કાંમકાજ બાબે વડા ભાઈની સાથે સારા એખલાસથી ભેલાઈ રહીને પુરતી રીતે મદદ કરતા હતા; અને તેનાજ તોફેલથી હાલની આપણી વસતી અંદર એક લાએકીવાલા લબેસરી શેઠીઆ તરીકે પરબેઆત થએલા જણાએછે.


સખાવતના બાબમા આ શેઠીઆએબી બનતી કોશેસથી જેટલો હાથ લમબાવેલો કેહવાએછે, તેટલો તેનો ચોકસ હએવાલ જાણવા બાબે આ નોધ લેણા-રની શોધ નીસફલ ગયા છતાં જાહેરમા આવી ચુકેલી વાતને સંતોસથી હીંઆં દાખલ કરીએચ, તોપણ તેમના દીલ ગુરદાનુ વજણ તપાસતાં તેમા બીજા બે ભાગતો બચીતકરી આંમેજ થવાજ જોઈએ.

૧૨૨૦ મા પોતાના મરહુમ માતાજી અમાબાઈના પુણ સારૂ શેઠ માણેકજીએ પરથમ સથાપેલાં ધરમખાતાંની પુંજી વધારવાની શેચનાથી જે આપેઆ તેની સંખીઆ ૬,૦૦૦

૧૨૨૮ મા પોતાના બાવા બેહસતનસીન થયા તારે તેમની નઈએતે ધરમખાતે વાપરવાની ધારણાથી તેમની ઉપલી થાપણમા ઊમેરેલા ૨૫,૦૦૦

૧૨૩૩ મા રોજ ૨૯ મો માહ ૮ મો શેહણસાહીએ પોતાના દીકરા જમશેદજીને સુદરો પેહરાવેઓ તેની ખુસાલીમા ઈરાંન

બીશાની ખાનદાનની વંશાવલી.



દેસના ગરીબ જરથોસતીઓની હાલત સુધારનારી મંડલીને રૂ ૨૫૦૦૦ જે શેઠે ફ્યા, તે બાબે હેવી સરત જણાવીચ કે તેની ઉપજ તાંહાંની બોરદીંગ સ્કુલના ખરચ સારૂં જાથુક આપવી અને મુદ્દલને સાચવી રાખવા ૨૫,૦૦૦

૧૨૪૦ મા ઈરાંનખાતે પડેલા ગજબનાક દુકાલની આફ્ત ખમનારા ગરીબ જરથોસતીઓની મદદ માટે થએલાં હુન્નરાણાની ટીપમા ભરી આપેલા ૧,૦૦૦

૧૨૪૧ મા રોજ ૧૧ મો માહ ૨ જો શેહણુસાહીથી વરસ એક સુધી હીંઆં આવી પડેલા ગરીબ ઈરાંનીઓની પરવરેશી કરવાના હેતુથી તેના વહીવટદારોને દર માશે રૂ ૧૨૫ લેખે જે આપતા કીધા હતા તેની સંખીઆ ૧,૫૦૦

૧૨૪૧ મા મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇની ઇઆદગારી રાખવા માટે થએલાં હુન્નરાંણાની ટીપમા ભરી આપેલા. ૬૦૦

આ શેઠની જાહેર સખાવત જે જણાઈચ, તેની સંખીઆનો સરવાલો રૂ ૫૯,૧૦૦ નોજ હીઆં લેવાઈ શકાયોછે, પણ તેનાની પાએદારી સાથે હઈઆતીને બારે હકતાલા બરકરાર રાખતાં તુલીક ઉપલી સંખીઆમા વીશેસ વધારો થતો રેહશે તો તેટલી નેકનામીનો વીશેસ આવાજ સારી કીરતી પાંમશે; અને તેવો રૂડો દાહડો જોવા તથા જાણવાની આશેઆથી આ કુટંબીઓની હકાએતને હવે હીંઆં અટકાવીએછે.

બીસની ખાંનદાનનું બયાંન.

શુરત શેહરની શલતનતને શવાધીનના નાહનપરાંમા રેહનારા ઉપલી અટકવાલા શેઠ બેરાંમજી રતનજીને તાંહાં બે બેટાઓ જે હતા, તેમા વડા એદલજી ય૦ ૧૧૩૮ મા, અને નાંધલા રતનજી ય૦ ૧૧૪૮ના શેહણશાહી બારમા મહીનાની પાછલ આવતા ગાથા ધહંબારને પાંચમે દાહડે જનમ પાંમેલા જાણવામા આવેઆછે.

ગરીબી હાલતને લીધે આ બેહુ ભાઇઓ સાથે અથવા એકેકની પછે મુંબઈ આવેઆ વીશેની વાત જોકે તેહકીકથઈ રાખતી નથી, તોપણ આટલુંતો ચોકસ કેહવાયુંચ કે વડા શેઠ એદલજીએ જારે ય૦ ૧૧૫૪મા હીંઆંની ભેટ પેહલવેહલી લીધી તારે ૧૬ વરસની વએના તેવણ હતા.

ઉપર જણાવેઆ જેટલી ઉંમર વાલાઓ હવડાં ઘણુકરીને વીદ્દેઆ અભીઆસ ઊપર પોતાના મનને રોકતા રેહછે, પણ આગલા વખતમા તેટલા જવાંણીઆઓ આવી પડેલા સંણસારનું સંકટ દુર કરવાની શોચનાથી હરકોઈ ધંધામા ધેઆણ લગાડી રોજી શોધવા શારૂં છેક દુર દરાજ દેશાવેરથી કુટંબ પરીવારોમા મેલવાતો પેઆર તજીને જેઓ હીંઆં આવી વશેઆચ, તેહવા વરગમા આ શેઠ એદલજી બીશનીખી દાખલ થએલા માલુમ પડેઆછે.

ખીરાનીના આ બેહુ બેટાઓ મુંબઈ આવીને કહેઆ ધંધામા મસગુલ રહેઆ, તે વાત જાહેરની જાંણમા સચવાએલી નથી; પણ પેહલાંતો તેઓ હીંઆંજ રહીને વેપારીના વરગમા રફતેરફતે પરખેઆત થયા હતા. આ માહેલા નાધલા ભાઇએ કલકતા, ચીન, બરમા, તથા મલાઈ કોસતાઓની મુસાફરી કરતાં તે તરફના વેપારમા ઘણા વરશો ગુજારેઆં, અને તે પછે છેલ્લું મથક કલકતાનુ પસંદ કરી તેવણ તાંહાંના જાથુક રેહવાશી થઈ પડેઆ હતા.

(આ સાહેબો, ઉપર જણાવેઆ મુજબની અસલી અટક ઉપરાંત "કાપીસ બાઉ"ના એલકાબથી જે ઓલખાતા રહેઆચ, તે બાબેની શોધ કરતાં હેવું સાંભલવામાં આવેછે કે શેઠ એદલજી ઉપર કોઇ માંગનારે અતરેની કોરટમાં ફરીઆદી માંડીને પકડવા સારૂં "રીટ આવ કેઆપીઅસ" નામનુ હોકમનાંમુ મેલ-વેઊં; પણ કેહચ કે તેવણ એટલાતો હીંમતવાન હતા કે તેને કશી રીતે ગણ-કાવેઆવગ઼ા ઘણી મુદત સુધી જાહેરમા ફરતા રહી માગનારને હીકમતથી જે હંફા-વેઆ કીધો, તે ઉપરથી ગાંમમા અચરતી સાથે હેવી વાતો ફેલાઈ કે આ પારશી જબરો કે કેઆપીઅસનેબી બાઈ ગયો; અને તેમ બોલતાં ઉચ્ચાર બદલાઇને "કાપીસ બાઉ" જે કેહવાતા રહેઆ તે અટકબી તેમના પરીવારોમા સાધારણ કેહવાતીછે, પણ લખેઆમાતો બીસનીજ લેવાતી માલુમ પડછે.)

આ બેહુ ભાઇઓ જારે સુખવાશી હાલતે પોંહતા, તારે પોતાની જનમ ભુમીના નાહનપરાંમા અગત જણાયા ઉપરથી તેઓએ નીમોનીમ પઇસા કાહ-ડીને આતસ આદરાંનનો એક પવીતર કેબલો બનવાવા માંડેઓ; અને તેનુ બાંધકાંમ સમાપત થઇ રહેઆ પછે મજહબને મલતા કીરીઆ સાથે ય૦ ૧૨૦૭ ના શેહનશાહી તીર મહીનાને સરોસ રોજે આદરાંન સાહેબને તખત-નસીન કરાવી તાંહાંની જરથોસતી અનજુમનની સગવડ સાચવી લીધાથી તેટલી કીરતી તેઓના નામ સાથે તાંહાં જાથુક જોડાઇ રહેલીછે.*

* એ ધરમના મકાંનનો જોઇતો ખરચ, બેહુ ભાઇઓ પોતાની હઈઆતી સુધી જેમ નીમોનીમ પોંચતો પાડતા હતા તેવોજ રવઇઓ તેઓના પરીવારો તરફથીબી ઘણું સુધી ચાલુ રહેઓ હતો; પણ આટલી વાત નોંધી લેતાં દલગીરી ઉપજેછે કે શેઠ રતનજીના તરણે સાહેબજાદાઓ પાશેથી દઈવત બોહવાઈ ગયાને લીધે, ઉપલાં ધરમી કાંમમા તેઓ સાંમેલ રહી ન શકેઆથી શેઠ એદલજીના બે નબીરાઓ નામે એદલજી તથા બેરાંમજી ઉપર તે પાક મકાણને સંભાલવાનો બધો બોજો જે પડેઓછે, તેને ય૦ ૧૨૩૯ ના શાળથી તે સાહેબો નીભાવતા રહીને પોતીકા વડવા-ઓના પુનને સાચવી લેતા જણાએછે. એ મકાણના સંભાલપણાનો પુખત બંદો-બસત આ સકરમી સાહેબોએ જો આગમજથી કરી રાખેઓ હશે તો ઘણુ નેકછે, નહીતર તેઓને એટલીજ એલતેમાસ કરીએચ કે, તે કેબલાંના ખરચ સારૂં પુરતી ઉપજ થાએ તેટલી એક થાપણ પોતાના સારા વખતમા અલાહેધી કાહડીને તરસટ પણામા શોંફશે તો, તેથી તેઓની કીરતીબી વડવાઓના નામ સાથે જોડાઈ રેહશે.

ના૦ લ૦

શેઠ એદલજી તથા રતનજીએ પોતપોતાનો રોજગાર નોખો ચલાવીને એકેકથી સરસ રીતે સવતંતર પણું એવુંતો સાચવેલું સંભલાયુંચ કે, હરેક બાબદમા ભલા ધનેતરોનીબી રાખરખાવત અથવા ખરખુસાંમદ નહીં કરતાં વાજબી વીચારથી તેઓ હરગેજ વેગલા જતા નોહતા. આટલી ઈઆદગારી રાખી જણારા આ બેહુ ભાઈઓ જેમ એક બીજાની પુંઠે જનમ પાંમીને દુણીઆંની હસતીમા આવેઆ હતા, તેમ એકેકની પછે જીંદગીને જે ખતમ કરી ગયા તેમા વડા ભાઈ રોજ ૫ મો માહ ૧૦ મો શેહનશાહી સાલે ૧૨૦૮ ય૦ એ વરસ ૭૦ ની વએ પુગીને આ ટાપુ ખાતે, અને નાધલા જે કલકતે રેહઠાણ કરી રહેલા હતા તાંહાં રોજ ૧૭ મો માહ ૨ જો શેહનશાહી સાલે ૧૨૨૯ ય૦ એ વરસ ૮૦ ની ઉપર એક મહીનો ને ૧૮ મે દાહાડે મરણ પાંમેઆછે.

શેઠ કાવસજી એદલજી બીસની.

ગંભીર બાપના આ ધવેર બેટાનો જનમ ય૦ ૧૧૭૯ ના સાલમા આપણી ટાપુ ખાતે મુબારક થએલો માલુમ પડેઓછે.

વીશેક વરસની વએ પોંહતા તારે બાપીકા રોજગારની આડત લઈને ય૦ ૧૧૯૯ મા પેહલવેહલા ચીનની સફરે શીધારેલા જે સંભલાયા, તાંહાં ઘણી લાંમબી મુદત તેનાએ ગુજારી હતી. થોડુંક સુધી બાપનાં સંભાલપણામા રહીને, તથા તે પછે પોતાને ખાનગી હસાબે વેપાર વધારી જોકે સારો દરવીઅ ભેગો કરી લીધો, તે છતાં મુંબઈ આવવાપર પોતાના મનને લલચાવેલુંજ નોહતું; પણ એક તરફથી ચીનની સરકારે પરદેશી વેપારીઓ પાશેનુ અફીન લઈ તેઓને કનતાનમાથી કાહાડી મેલેઆ, અને બીજી બારદુપર તેમના પીતાના મરણની ખબર પોંહતી, તેથી પોતાના વહીવટની સફાઈ કરી લઈ તાંહાંથી તેર વરશે રખસુદ થએલા ય૦ ૧૨૦૯ મા મુંબઇખાતે આવી રેહેઆ; અને તે પછે તાંહાંનો કસદ કોઈવારબી તેનાએ કીધોજ નોહતો.

આ ગરહસથ મુંબઇમા આવેઆ તારે તે વખતે મરણ પાંમતા પારશીઓને માટે એક નવું દોખમું બાંધવાની અગત જણાયા ઉપરથી અનજુમનમા હુધરાંણાની જે ટીપ ફરતી હતી, તે એવણ પાશે જારે ગઈ, તારે તેમાં કાંઈબી ભરેઆવીના તે વખતની પારશી પંચાએતના એકાદા અકાબર આગલ પોતીકા મરહુમ બાપની નઈઅતે દોખમુ પોતે ખુદ ખરચથી બાંધી આપવાની ખાએસ દેખાડી; અને તે બાબે પંચ તરફથી જેવી પરવાંણગી મલી, તેવુંજ તેનુ કાંમ ચાલુ કરીને એક લાખ રૂપીઆના ખરચથી તેને સરંજાંમ પોંહચાડઉ.

જરથોસતી મજહબની કીરીઆ મુજબ તે પવીતર મકાણને રોજ ૧૨ મો માહ ૮ મો શેહણસાહી સાલે ૧૨૧૩ ય૦ એ, નાહની મોટી અનજુમનની હજુર ઈજાવીને તેઓના વપરાસ સારૂં પંચાએતના સવાધીનમા જે શોંપી આપેયું

તે આ માનવંતા શેઠ કાવસજીની કીરતીના પરકાસ સાથે (પરજાતને પેટથી અવતરેલાં, આપઘાતથી તથા ફાંશીથી મરણ પાંમેલાં રવાંણોને તેમા નહીં નાખવાનો જે બંદો બસત કીધેલો કહેવાએચ તે વતરોગે) સરવેના ઉપીઓગમા આવેછે.

સપુત કેહવાઈ કાવસસાએ, બાપનુ નામ ઉગાડેઉં,
લાખ રૂપઈઆ ખરચી, તેમનુ જીંનત રૂહ પુગાડેઉં.
કીરતી રહીછે નેકનાંમીની, ભુલતા નથી કોઈ,
આંણનદ પાંમેચ રવાંણોના, એશી જગેઆ જોઈ.
આરામઘાહને માટે જેથી, થયોચ બહુ ઉપકાર,
બોદા રાખે ખુસબખતીમા, તેમનુ પરીવાર.
જે હોએ જગમા ધરસી, તેથીજ પુણ લેવાએ,
જીંદગી તેની ખતમ થતાં, તે જીવતો કેહવાએ.

શેઠ કાવસજી બીસનીએ આટલાંજ માહ ઉપીઓગી કાંમની સાથે પોતાનુ નામ જોડી રાખતાં જીંદગીનો જારે અંત આવતો જોયો, તારે કુદરતી કાએદા સાંહમે સર નમાવીને રોજ ૧૯ મો માહ ૧૦ મો શેહણસાહી સાલે ૧૨૨૬ ય૦ એ વરસ પચાસની ઊંમરમા બે બેટાઓને સુખવાસી હાલતમા હઈઆત મેલી તેવણ મીનોઈ જાંહાંન તરફ કુચ કરી ગયાછે.

શેઠ નવરોજજી શોરાબજી ઊમરીગર.

ગંભીર ખવાસના આ ગરહસથ આપણા શેહરની સભાઓમા સમાએલા શેઠ શોરાબજી સાપુરજી બંગાલીના બુજોરગ બપાવા હતા. આ સાહેબનો જનમ સુરત શેહરની પડોસમા આવેલાં ઉમરા ગાંમની અંદર ય૦ ૧૧૪૯ મા થયો હતો, અને તેથી કરી તેમના પરીવારોની પીછાંણત પરથમમા મથાલે જણાવેલી ઓલખથી આપણ વચે બોલાતી હતી; પણ પાછલથી ઘણો વખત કલકતા તરફ કાહડવાથી "બંગાલી" ની અટકે તેવણ જે ઓલખાવા લાગા તેજ રીતે તેમના ઉપલા નબીરાને હાલ પરએઆત થએલા આપણ જોઈ સખીએછે.

આ શેઠનુ ખાનદાન કેહચકે ઉમરા મધે નરસંગ પટેલના એલકાબથી ઓલખાતું હતું; અને તે કુટુંબના ઘણાક સખશો આજે ઊંમરા, સુરત, અને મુંબઇમા બીરાજેછે.

શેઠ નવરોજજી જારે સાતેક વરસને સુમારેની વએના બાલક હતા, તારે માબાપની સાથે ય૦ ૧૧૫૬ મા આ ટાપુ ખાતે પેહલવેહલા આવેઆ; જાંહાં તેમનુ પરતીપાલ કરનારાઓ ઘણીજ ગરીબ હાલતમા હોવાથી પોતાના દીકરાને ગુજરાતી પંતુજીની નીસાલે બેસાડઆ ઉપરાંત તેઓ વધુ કાંઈજ કરી સકતે નહીં; પણ આ શેઠને ઈઆદ રાખવા જોગ બનાવથી અંગરેજી વીદેઆની જે કેલવણી મલી હતી, તે હેવી સનતલેસથી કે, નવરોજજીના માતાએ પોતાના ખાવંદને એક દાહડે કાંઈ નાણું આપી વરસ દાહડાનો અનાજ

ઘેરમા ભરી રાખવા સારૂં ખરીદ કરવા કાજે બજારમા મોકલેઆ, પણ તેવનનો સવભાવ હેવો હતો કે પોતાના ધેઆંણમા કોઈ વાત આવી જાએ તો તેજ પરમાણે કાંમ બજાવતા હતા; તેથી રૂપીઆ હાથમા આવેઆ તારે મનમા હેવું વમાશેઊં કે છોકરાને અંગરેજી શીખવું. હાવા વીચારથી અનાજ વાલાની દુકાંણે જવાને બદલે પોતીકા આ બાલક દીકરાના પંતુજીની પાથસાલે ગયા, જાંહાંથી શેઠ નવરોજજીને તેડી લઈ અંગરેજ બજારમા કોઈ માસતરની એક નાધલી સ્કુલ હતી તેની સાથે લવાજમાનો બંદોબસત કરી દીકરાને અંગરેજી શીખવા સારૂં તાંહાં બેસાડેઆ, અને પોતાના હાથમા અનાજ લેવા માટેના જે રૂપીઆ હતા, તે પઢણના પેટાંમા માસતરને આગમજથી લાગલા આપી દીધા. ઘેરમા જારે દાખલ થયા તારે બણીઆંનીએ અનાજ વીશે પુછેઊં, તેનો જવાબ હેવો આલેઓ કે "હું તો છોકરાને અંગરેજી સ્કુલમા બેસાડી "આવેઓ, અને તે રૂપીઆ તો માસતરને આપેઆ." જોકે ગરીબી હાલત પરમાણે હેવી રીતે એકાએક વાપડેલું નાણું અલબતાં તેણીને મુસકેલ સરીખું માલુમ પડેઊં, પણ તેનુ ફલ પાછલથી સારૂંજ જડેઊં; અને તે વીશે આ નવરોજજીના માંએ ઘણી વખતે પોતાના કુટંબમા વાતો પણ કીધી હતી.

આગલા વખત પર કેહચકે થોડાજ પારશીઓ અંગરેજી ભાસા શીખતા હતા, અને જેઓ શીખેઆ તેઓ હરેક રીતે આગલ વધેઆ હતા. આ નવરોજજી શેઠ જારે વીસ વરસની વએના નકી થયા તેટલાં ઈ૦ સને ૧૮૦૦ ની સાલમા શેઠ હોરમજજી સાપુરજી ડોલાખાઉની સાથે ચીનખાતે મેહતા ગીરીની ચાકરી ઉપર પેહલવેહલા ગયા હતા. આ સાહેબે પોતાની એકાદી સફર આપણા હીંદી ઉમરાવ મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ ભેગા એકજ વાંહાંણની અંદર ઉતારૂ દાખલ કીધેલી કેહવામા આવેછે.

ચીનતરફની થોડીક સફરો કીધા પછે આ શેઠને મરહુમ વાડીઆજી શેઠ હોરમજજી બંમનજીની સાથે પીછાણ થયાથી એક બીજા વચે આડતનુ અરસપરસ કાંમ થોડુંકશુધી ચલાવતા રહેઆ. આ શેઠ હેવાતો ગુણવંતા માલુમ પડેઆ કે પોતાની છેલ્લી ઘડી શુધી જેમ તેમના આગલા માલેક ઉપર મમતા દોડાવતા રહેઆ, તેમજ વાડીઆજી મજકુરને પોતાના મુરબી તરીકે ગણવાનુ હરગેજ ભુલેઆંજ નહીં; અને તેવોજ ચાહ તેનાએબી એવણ ઉપર રાખેલો હતો. હાવી પરીતી ભરેલી પાએદારી ઉપરથી શેઠ નવરોજજીને ય૦૧૧૭૯ ની સાલમા પરબેઆત થવાની એક સારી જોગવાઈ હેવી મલી કે, મી૦ ફારબસની કુંપનીના વડા સર ચારલસ ફારબસ બારોનેટે પોતીકી પેહડીનાં સંબંધમા કલકતા ખાતે મીસીઉઅરસ હટનની કુંપનીને નામે એક પેહડી જે સથાપી હતી, તેમા આ શેઠને એક ભાગીઆ બેડવી દીધા, અને હેવી માહભારત પેહડી અંદર પોતાના ભાગજોગું નાણું આપવાની આ શેઠમા તે વખતે જુરરાત નોહતી, તેથી તે પણ સર ચારલશે તેવનની વટી આપેઊં હતું.

સરવેમા જાંણીતુંછે કે સર ચારલસ ફારબસ આપણા દેશીઆનો એક ખરો બેરખાહ દોસત હતો, જેની ઈઆદગારીમા તેનુ સંગે મરમરનુ બાહાવલું

આપણી ટાંઉનહાલ મધે ગોઠવાએલુંછે, તેવીસે કોઈબી સખસ ફરાંમોસતો હસેજ નહીં. એ મરહુમ અંગરેજ ઉમરાવના ગુજરીગયા પછે તેવખતપર અતરે પરગટ થતાં "જગતપરેમી" નામના ચોપાંણીઆં અંદર તેનો બનાવનાર આ શેઠ નવરોજજીનો જે નબીરો થાએચ, તે મી૰ શોરાબજીની કલંમથી ૯ઃ સને ૧૮૫૦ના ફેબરવારીના આંકમા તેની જીંદગીનો હએવાલ જે આપેઆમા આવે- એચ, તેમા આપણા દેશીઓ તરફ તેની ખેરખાહી ભરેલી રૂડી વરતણુકનુ વાજેબી વરણન વીસતારી જણાવેલુંછે.

મી૰ હટનની કુંપનીની પેહડી ઘણા વરસ શુધી કલકતામા તેના ભાગી- દારોને લાભકારી રીતે ચાલી હતી, અને તેનાજ શંબંધમા આ શેઠ મજકુરે તે તરફ એક દેશી વેપારી તરીકે ઘણું સારૂં માનબી મેલવેઉંહતું.

૫૦ ૧૧૮૯ની સાલમા શેઠ નવરોજજી મુંબઇ ખાતે આવેઆ હતા, પણ થોડાજ મહીના રહેઆ પછે પાછા કલકતે ગયા. તે તરફ જરથોસતીઓની વસતી વીસેસ થતી જોઇને કજા એલાહીથી તેઓ માહેલા મરણ પાંમતાંઓને માટે એક દોખમુ બાંધવાનુ શુભકાંમ આ સકરમી શેઠીઆએ સરૂ કીધું; અને તેમા કાંમ લાગે તેવા પથરનો સંગલો સરંજાંમ મુંબઇથી તઈઆર કરાવી મંગાવેઓ હતો. એ દોખમું બંધાઇને તમામ થયું તારે તેના ખરચનો સરવાલો રૂ ૩૫,૦૦૦ નો ગણવામા આવેઓ હતો, અને તે આકેબતની આસાએસનુ પવીતર મકાન જરથોસતી મજહબને લગતી કીરીઆ રોજ ૨૭ મો માહ ૪ થો શેહણસાહી સાલે ૧૧૯૧ ૫૦ એ મુંબઇથી બોલાવેલા મોબેદો પાશે કરાવીને પોતીકા હમદીન ભાઇઓની અગત વેલાના ઉપીઓગ માટે જે વાપરતું રાખેઉં, તેને આજે ૫૨) વરસ વહી ગયાં, તારનુ તે સારી હાલતપર સચવાઇને હસતીમા આણનારની કીરતીને જેબ આપેછે; એ દોખમાના સંબંધમા એક સગડી પણ તારપછે તેમનાજ કુટંબીઓએ તાંહાં બંધાવી આપેલી હજીસુધી બીરાજેછે.

આ શેઠીઆ ગરીબાઈમાથી નીકલીને તવંગરીના દરજજાને પોંહચેઆ, તે છતાં આગલી હાલતની કદરને ઘણી સારી રવેશે પીછાંણતા રહેઆ; અને તે સાથે એક ખરા ધરમાતુ હોવાથી સાહલેસાહી પણ સાચવીને જેમ પોતાની તેમજ પરાઇ કોમના કેટલાક લોકોની બનતી કોશેસથી બરદાસતબી તેવન રૂડી પેરે લેતા હતા.

પોતાની સકમાઈના પઈસામાથી ઉપલાં માહભારત કાંમની કીરતી જાંહાં હાંશેલ કીધી તાંહાં કજા જારે સાહમને આવી પોંહચી, તારે થોડાક કલાક માંદ- ગી ભોગવી ૫૦ ૧૧૯૪ ના શેહણસાહી પેહલા ગાથાને રોજે ૪૫ વરસની વએમા ગુજરી ગયા; અને તે વખતે તેમના બે દીકરાઓ નામે દાદાભાઈ તથા સાપુરજી મલી હાજર હતા.

આ મરહુમ શેઠની નેકનાંમીનુ વરણન તેમના મરણની નોધ લેતાં તારીખ ૩૦ મી સપટેમબર ૧૮૨૫ ઈસવીના "બેંગાલ હરકારૂ" નામના અંગરેજી વરત- માન પતર મધે જે દાખલ થયુંચ, તેની સાબદી નકલ એક સાહદત તરીકે નીચે ઉતારી લીધાથી ધારીએચકે તેમના પરીવારોને તેથી સારો સંતોસ પરાપત થશે.

"He was a Parsee Merchant, and one of the first of his nation "that settled in Calcutta. His career in life was fortunate, and he "evinced a peculiar shrewdness of mind and quickness of talent in all "the situations of trust in which he was placed. In Bombay, in Canton, and in Calcutta, he formed friendship with Natives, Chinese, "and Europeans, and was deservedly held in great respect.

"Whatever may be the peculiarities of different forms of religion, "it may be generally remarked that the man who sincerely and "piously observes the ordinances of his faith will be a good member "of Society. Nowrojee was a striking illustration of this fact. He "lived in the most strict observance of the forms of his religion and "most of his leisure was devoted to the sacred offices which are held "in importance by the Parsees. That he spared no expense in his "attention to these matters is best evinced by the very liberal share "he contributed towards the establishment of a burying ground for "his nation in Bengal, a piece of duty which cost him no less than "35,000 Rupees. Pious without cant, liberal without affectation, he had "the dignity and urbanity of the gentleman, and he was no less re-"markable for the generosity of his disposition which procured him the "gratitude of many distressed Christians as well as other objects of "compassion, than he was for those mild and respectful manners "which gained him the esteem of the Mercantile Community of this "place, and his Memory will long be cherished with feelings of un-"mingled regret."

બંગાલી બાજુના વરગમા વખણાઈ ગએલા આ ગરહસથના બે બેટાઓના નામો જે ઉપર જણાવેઆંછે, તે સાહેબો બાપના મરણ પછે મુંબઈમા આવી વશેઆ હતા; અને તે માહેલા નાધલા રોજ ૨૭ મો માહ ૮ મો શેહણસાહી સાલે ૧૨૦૧ ય૦ એ વરસ ૨૪ ની ભરજવાંનીમા સવા વરસને આસરેનુ એક દુધમલ બાલક હસતીમા રાખીને, તથા તેમની પુઠે ઘણેક વરશે તેવનના વડા ભાઈ રોજ ૪ થો માહ ૮ મો શેહણસાહી સાલે ૧૨૨૭ ય૦ એ છપણ વરસની વએ સુખમા ગુજારતાં વગર વારશે મરણ પાંમેઆ પછે, ફકત એકજ નામ-વર નબીરા શીવાએ તેમની અઓલાદમા બીજો કોઈબી નર વારસ હવે હયાત રહેલો ન હોવાને લીધે તેનાને તાંહાંની વંસાવલી આંગલીપર ગણાએ તેટલી બી જાહેર કરવાનો અટકાવ થઈ પડેઓછે; અને જે નબીરા વીશેનો એસારો જણાવેઓચ તેમની જીંદગીનો હએવાલ એક ભલા મીતરની મેહરબાંણીથી હાથ આવેઓચ તેને ખુશી સાથે નીચે નોધી લઈએછે.

શેઠ શોરાબજી સાપુરજી બંગાલી.

કેલવણીની અખુટ ખાંણમાથી પરકાશી નીકલેલા આ નામવરનો જનમ રોજ ૧૭ મો માહ ૫ મો શેહણસાહી સાલે ૧૨૦૦ ય૦ એ આપણી ટાપુ ખાતે મુબારક થયલો માલુમ પડ્યોછે; પણ સવા વરસની વએ પસાર કરી રહેઆ તેટલાં તેવણ હેવાતો કમ ભાગ્યેગના ગણાયાકે, પોતીકા પેઆરા પીતાનુ મરણ નીપજેઆને લીધે તેમનો ખુસનુમા ચેહરો તથા એખલાસ ભરેલો લાડ વટીક જોવા જેટલીબી સખતી પાંમીઆજ નોહતા.

તે વખત પર કેહવાએલું બાપ વીનાનુ આ બાલક પોતાની મેહરબાણ મા તથા મરહુમ મામા ફરાંમજી મનચેરજી ગાંમડીઆના સાહેઆ હેઠલ ઉધરીને જેમ મોટું થયું, તેમ સારાં ધેઆંણ સાથે હઈડાંની ચોકાશી ચાલુ રાખી, મનની ઉલટથી કેલવણી પાંમવા લાગું.

આ હએવાલની સરૂઆતમા જણાવેલી કેલવણીની અખુટ ખાંણ જે પેહલાં "એડીઉકેસન શોસાઇટી", અને પાછલથી "એલફીનસટન હાઇ સ્કુલ" ને નામે પરખેઆત પાંમેલી છે, તે મકતબમા આ સાહેબ કેઆરે દાખલ થયા, અને વીદેઆનો ખજાંણો હાંશેલ કરી લઈને તાંહાંથી કહેઆં સાલમા બાહેર પડઆ, તેટલી ઈઆદી જોકે હાથ આવી નથી, તોપણ અટકલથી ધારી સખાએછે કે ઓછાંમા ઓછાં ૮ અથવા ૧૦ વરસ તાંહાં રોકીને ચાહિલી સુરાદે પોંહતા હશે.

અંગરેજી વીદેઆ હાથ કરી લીધાપછે સતર વરસની વએ પર આવેઆ તારે કેહચકે, પેહલવેહલી ચાકરી શેલાન બેંકની સાખા મી૰ જેમીસન હસતક ચાલુ હતી તાંહાં દર મહીને રૂ ૧૫ ના પગારથી મેલવી લીધી, અને તે પછે કમરશીઅલ બેંકમા બુક કીપરના ઓહધાપર જઈ રહેઆ હતા. કેલવણીની ખુબી સાથે નસીબની વલાંણ વલગી રહેઆથી જેમ ચહડતી દસા દેખાવા લાગી, તેમ બે થેકાંણા પસાર કરી ચુકા પછે મરકેણતાઈલ બેંક ખાતે આકાંઉનતંટનો ઓહધો જે હાથ આવેઓ તેબી તેનાએ ઘણી ચાલાકીથી ચલાવેઓ હતો. આ ગરહસથના ગંભીરાઈ ભરેલા સવભાવની સાથે કાંમકાજમા તેનાની કાબેલીએત જારે મી૰ ગરાહાંમ કુંપનીના અંગરેજ ભાગીઆઓએ જોઇ, તારે તે બેંકમાંથી તેનાને કાહડી લઈ પોતાની નામીચી પેહડીમા દર માશે રૂ ૫૦૦ નો પગાર આપતો કરી તેઓએ લાવી રાખેઆ, અને માલ વેચવાનુ ખાતું તેવણને સપુરદ કરી દીધું.

રૂડી શોચણાથી એકજ થેકાંણે ગોઠવાઈ રેહેતાં રફતે રફતે પગારમા વધારો કરી લીધા પછે, વખત જારે પુર જોરપર પોંહચેઓ, તારે તેજ પેહડીખાતાંના સરીમંત દલાલો શેઠ વરજીવનદાસ તથા નરોતમદાસ માધવદાસની સાથે પંતીઆલાપણામા જોડાઈ રહેલા જાંણવામા આવેઆછે; અને સરૂઆતથી તે અતાર તુલીક સારી મનસની સાચવીને ખરી મેહનતે મેલવેલા પઇસાનો ઉપીયોગબી પરમારથ પણે કરતા કેહવાએછે.

આ ગરહસથે જેમ ગનાન મેલવેઊં તેમ તેનો લાભ જાહેરનેબી ચખાડતા રહેઆમા તેનાની કાબેલીએતનુ કઉઅત અતીઅંત પરકાસ પાંમેઊંછે. કેહચકે સરવેથી પેહલાં "મુંબઇ સમાચાર" નામના પુરાતમ ગુજરાતી વરતમાન પતરનુ લખાંણ કરવા લાગા, અને તેનાજ સંબંધમા રોજ ૭ મો માહ ૪ થો શેહસાહી સાલે ૧૨૧૯ ય० થી "જગત મીતર" નામનું એક માહવારી ચોપાંણીઊં પરવરતાવા માંડેઊં હતું; જે ૧૨૨० ની આખેરીસુધી ચલાવેઆ પછે તે કાંમ ઉપલાં યંતરખાંનાને સપુરદ કરી દઇને "જાંમે જમશેદ"ના કરખાનાની કશોતી હાથમા લીધી; અને તાંહાંથી "જગત પરેમી" નામના બીજાં માશીક ચોપાંણીઆંને જનમ આપી પોતાની કમાલીએતને તેમા કસતા રહેઆ.

શેઠ શોરાબજીની સાંમરથી કાંઈ એટલાંથીજ સમપુરણ થાઈ નથી, પણ કેલવણી તથા સુધારાના બીજાં ઘણાંક ખાતાંઓની અંદર ભિલાઇને અસરકારક લખાંણો જે તેનાએ કીધાંછે તેમા:—

ઉપલાં બે ચોપાંણીઆંઓ ઉપરાંત "રાહનુમાએ માજદીઅસની" સભાના* સંબંધમા ઘણાક રીસાલાઓ રચેલાછે. તે લખાણ તરીજું.

જરથોસતીઓના ધરમ પુસતકો, તેઓની ભાશા, તથા પુરાતંમ પણા વીશે કીવેલું લખાંણ જુદા જુદા ૬ બાબમા જે શીનગારેઊંછે તેમા:—

જંદ, પેહલવી, પાજંદ અને ફારશી ભાશાઓની બાબદમાં.

ધરંમ પુસતકો સંબંધી થાએલી શોધ વીશે.

ધરમ પુસતકો વીશેની વીશેસ શોધ કરવા, તથાં તેઓના જીગરમા ધરમની માહીતી સારી રવેશે પેસાડવા વાસતે કેહવા એલાજો લેવા જોઈએ તે બાબેનું વરણન.

આ લખાંણ શેઠ શોરાબજીએ સાંભલેઆ પરમાણે પંચાત હસતકથી ઈનામના રીશાલા તરીકે કીધું હતું.

પારશીઓના વારસા હીસા, તથા લગન તલાક સંબંધી સતાવાલાઓએ બાંધેલા ધારાનુ પુસતક અંગરેજી તથા ગુજરાતી ભાશાથી છપાવીને ય० ૧૨૩૭ ની સાલમા પરસીધ કીધુંછે.

એ ઉપરાંત બીજાં ઘણાક પુસતકો, ચોપાંણીઆંઓ તથા રીશાલાઓ તેનાએ રચેઆ હશે, પણ તેની ચોકસ ટીપ ન મલેઆથી આ હએવાલ હમોને અધુરો લાગેછે. "રાસત ગોફતાર" પતરના એકવાર આ શેઠ અધીપતી, અને પાછલથી તેના માલેકબી તેવણ થયા હતા; પણ તાર પછે વેપાર ખાતાંના આરાબામા પડેઆને લીધે તેમાથી પોતાનો હક તથા ઇલાકો બીલકુલ છોડી દીધો હતો. એવુંબી કેહવામા આવેઊંચ કે પારશીની આગલી પંચાએતની વીરૂધમા આડકાતરાં લખાંણો જારે અતીઅંત થવા લાગાં, તારે આ ગંભીર ગરહસથે તેને દાખલા દલીલોથી દોદરાંડાં કરી તે માનવંતી મંડલીનો સારો બંચાવ કીધો હતો; અને

* એ મંડલીના મીજલેશી, મુનશી તથા સરનસીનના ઓહધાઓબી ઘણી ચાલાકીથી કેટલીક મુદત સુધી તેનાએ ચલાવેઆ હતા. નો० લે०

તે પછે એજ કોમને લગતા સતા ભરેઆ ધારાઓ સરકાર પાશેથી બંધાવી મંગાવનારી માહાભારત સભાના શીકરેતેરી પણાનો ઓહદો બી આ સકરમી શેઠીઆએ મી૦ નવરોજજી ફરદુનજીની સાંમેલગીરીમા સરૂઆતથી તે (તેમની ગેરહાજરીએ) શેવટ સુધી સચવાઇ રહીને બીન ગરજે મોટી ચંચલાઈ સહીત જે ચલાવેઓચ, તે વાતને હીંઆં ખુશી દીલથી હમો નોધી રાખીએછે.

શેઠ શોરાબજી બંગાલીને સરાફી કાંમકાજ, તથા કુનેહ કલામા મલેલી સહમજ એટલીતો સરસ વખાણાએલી વીચારીએચ કે, જે વખતે સેરસટ્ટાનુ ઘેલાપણું મુંબઈમા ફેલાવા માંડેઊં, તેની સરૂઆત થતાં પેહલાં તરક દોડાવીને તે હીંગામના ગવરનર સર બારટલ ફરીઅર જોગ જે પતર લખેઓ, તેમા સરકારની જાંમીનગીરી વાલી જુની મુંબઈ બેંકને માઠું પરીણામ નીપજવાની ચેતવણી આપી હતી;* તે ઉપર જો કદાપી તે નામવર હાકમે ધેઆંણ પુગાડી સાહુચેતીના ઉપાએ લીધા હોત તો, તે બેંકની ખરાબી સાથે તેના ભાગીદારોની પાએમાલી હરગેંજ થાત નહીં.

વેપાર વણજની સાથે પરજા ઉપીયોગીના ઘણાક કાંમોની પોતા પાશે અતીસીઅ ધમાલ છતાં, આ શેઠીઆએ તેમાથી કેટલોક અવકાસ મેલવીને કલકતા, દખણ તથા વેલાત† વેરની મુસાફરી જોકે પોતાના શોખ ખાતર કીધી હતી, તોપણ તાંહાંનો અનુભવબી તેનાને ઘણોજ કીંમતી થઈ પડેલો કેહવાયોછે.

આપણી ટાપુ ખાતે ચાલુ થએલી દેશી છોકરીઓની બધી પાઠસાલાઓ જે કેલવણીના બાબમા સ્ત્રી શીખસક વીના આગલ વધી સકતી નોહતી, તે વાત ઉપર આ શેઠીઆએ સાંભલેઆ પરમાણે ખંતીપણાથી સારૂં ધેઆણ પુગાડીને ગરીબોની કેટલીક છોકરીઓને પોતાની સંભાલમા લાંમબી મુદત સુધી શીખતી રાખી, અથવા તેહવાં કાંમના બીજા આગેવાંણો સાથે ભેગા રેહેઆ, તો તેનીઓની હાજરીથી આજે થોડીક સ્કુલોની અંદર તેહવી બાઈઓના હસતકમા શીખવા આવેલી બાલકીઓ આગલની માફક દશેક વરસની ઊંમર થતાં તાંહાંથી હવે ઉઠી જતી માલુમ પડતી નથી; માટે આ સાહશીક શેઠીઆની એ મદદબી પરવરદેગારની પીરોજગરીથી અંતે પાર પડેલી પરજાએ સહમજવી જોઈએ.

શેઠ શોરાબજી વીશે હેવુંબી સાંભલેઊંચ કે, ધરમ સંબંધી કેટલીક કીરીઆ મારગની તેવણને છીટછે, પણ અજમાએસ ઉપરથી તો તે સાહેબ એક ખરા જરથોસતી, અને માનવંતા મજદીઅસની જે માલુમ પડેચ, તેની સાબેતી સારૂં આ એકજ દાખલો હીંઆં ટાંકી દેખાડેલો બસ થાશે કે, ખરીસતી ઉપાધીઆ

---

* એજ બાબદમા વેલાત ખાતેની એક અંગરેજી નામીચી પેહડીનો વડો ભાગીઓ જે તે વખતપર પારલામેંટનો મેમબર હતો તેની સાથેબી સંધેસા ચલાવેલા સાંભલેઆ છે. નો૦ લે૦

† ઈંગલાંડની સફરે ૧૮૬૩ ના મેની ૨૪ મી તારીખે ઉપડેલી મેલ બોટ સાથે થલ મારગે શીધારેઆ હતા. નો૦ લે૦

ડાક્ટર મીચલ તથા "બામદાદ"નુ ચોપાંણીઉં બનાવનાર સાથે એવનને જારે તકરારો ચાલી, તારે જરથોસતી ધરમની સચાઈ વીશે તેનાએ સારી રીતે ખોલાશો કરી તેહની જહલથી સાહમના સખશોની જાંહાંખી પડેલી આંખોને રોસણી દેખાડી હતી; માટે એ બાબે વધારે લમબાંણ લખવાની કશીબી મેહનત નહીં લેતાં આટલું તો ચોકસ કેહવું જોઈએચ કે, શેઠ શેરાબજી બાતેનમા દીન આસીદારી ઉપર જેત્રા ચુસતછે, તેવા કદાપી જાહેરમા નહીં જણાતા હોએ તો તે બાસે કોઈબી રીતનો વસવાશો અથવા વેહમ વીચારવો જોઈએજ નહીં.

આ મયાલુ દીલના શેઠ શેરાબજીની વખાણ વીશે બીજું આટલું પણ વધારે બોલાએછે કે, કેલવણીની કદર બુજીને તેની મદદ માટે છુપી રીતે લોકોને ઘણી સારી રકમો આપેછે; એટલુંજ નહીં પણ જેબી કોઈ ગરીબ સખસ તેમની નજરે પડેચ, અથવા તેવા વીશે કોઈથી કાંઈ સાંભલેચ તો તેને પણ બનતી કોશેસ મુજબ સંતોસવાને તેવણ પછાત રેહતા નથી.

આજ કેટલુંક થયું તેવન જેમ સુલેહના અમલદાર થએલાછે, તેમજ યુનીવરશીટીના ફેલોઅનુ ફતેહ ભરેલ માનબી પોતાની લાએકાતથી તેનાએ એખતેઆર કીધેલું કેહવાએછે.

શેહર સુધરાઇના સંઘલાં ખાતાંઓમા માજી કમીસનર મી॰ કરાફરડની કારકીરદી ટાંકણે ઠીસાબોમા કે ઘણોજ ધુંટાલો થઈ પરેઓ હતો, તે બાબેની શકી શોધ કીધા પછે પરજાનો હક સંભાલવા સારૂં તેઓની તરફથી ધરમના એક વકીલ તરીકે આ શેઠ* આગેવાણ થઈ. વગર ધોંધાટે જે ભોપાલાં જાહેરમા આણીઆં હતાં, તેનો ખોલાસા ભરેઓ પુરાવો નહીં આપતાં મી॰ કમીસનેર મજકુર આજારીનુ બાંહાંનુ કાહડી જાહેરને ખબર પડવા દીધાવના અંતે મુંબઈ છોડી તતકાલ વેલાત તરફ જતો રેહેઓ; તે વાતને, હમો ધારીએચ કે, તેનાજ વખતથી જુલમાત ભરેઆ કેટલાક કરના બોજામા પીલાતી પરજા હજીસુધી ફરાંમોસબી થતીજ નથી.

આલમનાં વેઆણમાથી આટલી વાત તો હજીસુધી ભીસતીબી નહીંજ હશે કે, ઉપલાં ખાતાંઓની તપાસ માટે જે કમીટી નામદાર સરકારે નેમી હતી તેની અંદર આ ગરહસથને પણ તેમની ચાલાકી તથા બાહોશીને લીધે સામેલ કીધા હતા; જેઓના રીપોરટ ઉપરથી અંતે બનેઉં એટલુંજ કે, કમીસનરના હાથમાથી બધી સતા જતી રહી; અને નવી ધોરણ મુજબ સરકારી તથા સુલેહના અમલદારો ઉપરાંત પરજા માહેલા કેટલાક ગરહસથોની "ટાંઉનકાંઉનશીલ" તથા કારપોરેસણની સભાએ નવો જનમ લીધો; માટે આ બાબદમા પરજા પક્ષ ખેંચનાર તરીકે આલમે કોઈનોબી ઉપકાર માનવોજ હોએતો, આ

---

* એવનનીજ પેઠે જબરી બાથ લેણારા મી॰ જે. એ. ફારબસ, મેજર બારસ, શેઠ નવરોજજી ફરદુનજી તથા રાવસાહેબ વીશવનાથ નારાયણ મંડલીકબી હતા માટે તે સાહેબોનો ઉપકારબી પરજાએ ભુલવો જોઈએ નહીં. નો॰ લે॰

સકલગુણી શેઠ શોરાબજી બંગાલી શીવાએ બીજા કોઈને હમો જેમ દેખાડતા નથી, તેમ પરજા માહેલા જેબી સબશો પોતાના વીચારથી કબુ જોઈ નહી સખતા હોએ તો આ નીચલી કવીતા ઉપર તેઓએ નજર દોડાવીનેઃ—

કરજો હજારોને લબો શેપાસ-કે મલઓ તમોને આ ભલો દોસત ખાસ.
ન લાગતીતી જાંહાં તમને કેથેબી દાદ-તાંહાં લઈ ગયો તમારી આ શેઠ ફરીઆદ.
ધરમની દેખઈતી જાંહાં શોરતી-કરમના હતી તાંહાં ગઈ દોરતી.
જાતે મરદ જે હતો સુરો-તે રાબક્ષી સભાનેબી પડેઓ પુરો.
ચતુરોબી હતા બીજા પહરેલા-બીશીઆર કાબેલા બુધી ભરેલા.
તેમાથીજ નીકલી આ પડેઓ બાહેર-ભરમના ભોપાલાં કીધાં જાહેર.
લીધો તેને હીંમતી ફાંડો હાતમા-બાંધેઓ કમીસનરને હરેક વાતમા.
કંટાલી તેણેબી રબસુદ લીધી-હુજત પક્ષ ખેંચતારે છોડી દીધી.

સાચાં મનથી બેઠા કરજો, તમો ઈસવરને ઈઆદ,
કે તેજ કીરતાર હરજગોએ, લીએ તેમની દાદ.
બીન ગફલતથી જો લેતા રેહશો, હરદમ તેનુ નામ.
તો કીધીચ જેને નેકી, તેને પોંહચશે તાંહાંયીજ દાંમ.

શેઠ શોરાબજીની જીંદગી જેટલી હવડાં પસાર થઈચ, તેટલીજ બીજી ચાહીએચ કે, બારેહકતાલા તેમને વાસતે સાચવી રાખે; અને અણેક તરેહનાં રૂડાં કાંમોમા જેમ બીન ગરજે તેવન આગેવાંણી લીએછે, તેમ તેનાને તેટલા વખતસુધી જસ જેજેકાર થાએ, એટલુંજ નહીં પણ મરહુમ શેઠ તવરોજજી શોરાબજી ઉંમરીગરના નામ લેણા સારૂં તે કીરતારે કારસાજની અપાર બખશેસથી તેમને તાંહાં નર વારેશોની વરધીબી પરકાસ પાંમે; એટલોજ હમારાં અંતકરણનો આશીરવાદ જાહેરમા પોકારી આ હએવાલની સમાપતી હીંઆં લાવીએછે.

થયુંછે પુરૂં આ પુસતક પેહેલું,
તેની પુંઠે બીજુંબી મલશે વેહેલું.